AKHAND ANAND 1954 G.K.V.

029537

Stock Verification-2[illegible]

Stock Verification-2[illegible]

Acc No. RT-089.

अखंडा·आनंद

१९५८

અખંડ આનંદ

-૭-૧૯

079537

079537

સસ્તું સાહિત્ય

એક રૂપિયો

ો. ૫૦ અમદાવાદ

CROWN BRAND
GURANTEED PURE

CROWN BRAND
GURANTEED PURE

એલ્યુમિનિયમ નાં વાસણો

★

વાસણોનો
વિચાર આવતાંજ ક્રાઉન માર્કાની યાદ તાજી થાય છે. બનાવટની ઉત્તમત્તા, ઉપયોગિતા માટેનું સંશોધન, ભાવોનું વ્યાજબીપણું અને વ્યવહારની નિયમિતતાનું એ સાચું પરિણામ છે.

★

એલ્યુમિનિયમનાં વાસણો વજનમાં હલકાં જલ્દી ગરમ થાય તેવાં અને કીમતમાં કીફાયત હોય છે. કલાઇ કરવાની જરૂરજ નથી પડતી.

★

દૂધના હાન્ડા, ટીફીન કેરીયર, કીટલી, થાળી, ગ્લાસ, પ્લેટો, બદના, લોટા, ટોપ, હાન્ડી વિ. કરોડો માણસો સંતોષથી વાપરે છે.

તમારી જરૂરીયાતો માટે લખો અથવા મળો



જીવનલાલ (૧૯૨૯) લિમિટેડ

કલકત્તા • મુંબઇ • મદ્રાસ • રાજમહેન્દ્રી • દિલ્હી • એડન • રંગુન •

આટલું તમે જાણો છો કે?

- ★ એટલું તમે જાણો છો કે કેનેડાની વિશ્વવિખ્યાત કંપની

"ક્રાઉન લાઈફ"

અનેક પ્રકારની આકર્ષક વીમાની યોજનાઓ આપવા ઉપરાંત, માત્ર પાંચ જ વર્ષનાં પ્રીમિયમો ભર્યા છતાં મોટા ભાગની ઉંમરોમાં વીસ વીસ વર્ષ સુધી પૂરેપૂરી રકમનો વીમો ચાલુ રાખે છે ?

- ★ એ સમય દરમ્યાન અવસાન થતાં લહેણાં પ્રીમિયમો કે વ્યાજ, એમ કશું પણ બાદ કર્યા સિવાય મૂળ વીમાની આખી રકમ વારસોને ચૂકવવામાં આવે છે અને હયાતિ હોય તો ઉંમરના અને ભરણાના પ્રમાણમાં નક્કી કરેલી ચોક્કસ રકમ પાછી આપે છે.
- ★ આ અને આવી બીજી અનેક આકર્ષક યોજનાઓનું મનન કરવા, પૂરતી વિગતો માટે, તમારી ઉંમર વગેરેની હકીકત સાથે પુછાવો તો જરૂર તમોને લાભ જ થશે.

ચાલુ વીમા ડોલર

૮૦૦,૦૦૦,૦૦૦.૦૦થી વધુ

હિંદના જનરલ એજન્ટ :
ટી. ડબ્લ્યુ. બ્રાફ

હિંદના ડે. જનરલ એજન્ટ :
સી. ટી. શાહ જે. પી.

THE
CROWN LIFE
INSURANCE CO.,
OF CANADA

(INCORPORATED IN CANADA WITH LIMITED LIABILITY.)

હિંદની વડી ઑફિસ : ફ્લોરા ફાઉન્ટન, કોટ, મુંબઈ.

પેટ ભરીને જમો!

ગેસહર પીલ્સ : ગેસ ચડવો થવો, બાદી, વાયુ, શૂળ, પેટમાં પવનનું ગુંચાવું, મંદાગ્ની, ઓછી ભૂખ, ખાધા પછી પેટનું ભારી થવું, ગભરામણ થવી, છાતીમાં મુંઝારો, થકાવટ, ગોળો, ઓડકાર, પલપીટેશન, બ્લડપ્રેશર, મગજમાં અશાંતિ, ઊંઘ ન આવવી, દસ્તની રૂકાવટ વગેરે દૂર કરી **દસ્ત હમેશાં નિયમિત સાફ** લાવે છે. અન્ન પાચન કરી ભૂખ કકડીને લગાડે છે. શરીરમાં લોહી વધારી શક્તિ આપે છે. **લીવર, બરોળ, આંતરડાં** તેમજ પેટના કોઈપણ રોગ માટે બીનહરીફ ઇલાજ છે. કિં. નાની શીશી ગોળી ૫૦ રૂા. ૧ાા : મોટી શીશી ગોળી ૧૫૦ રૂા. ૪

તાકાત આપનારી દવા

દુગ્ધાનુપાન ગોળીઓ : અશક્તિ, મગજની નબળાઈ, કબજિયાત, સુસ્તી, કળતર, છાતીનો દુખાવો વગેરે ફરિયાદ દૂર કરી બળ, બુદ્ધિ અને આરોગ્ય આપે છે. લોહી વધારી વજન વધશે. કિં. ગોળી ૩૨, નાની શીશી રૂા. ૧ાા : મોટી શીશી ગોળી ૯૬ રૂા. ૪ાા

વી. પી.થી મંગાવવા જામનગર લખો :

દુગ્ધાનુપાન ફાર્મસી, ૧. જામનગર (કાઠિયાવાડ)

સુરમો

નયન અભા : જામનગરનો સાચા મોતીનો આ સુરમો આંખની તમામ વ્યાધીઓ ફૂલું, મોતીયો, પડળ, છારી, વેલ, આંખની ગરમી, આંખ ઊઠવી, ટુંકી નજર, Short Sight વ. દૂર કરી આંખની રોશની વધારે છે. કીં. શીશી રૂા. ૧ા ઊંચી જાત રૂા. ૨ાા
વી. પી. અલગ.

કાનના

ભયંકર દરદો કાનમાંથી પરુ-રસી જવી, શૂળ, ચસ્કા, સોજો, શું શું અવાજ થવો, બહેરાપણું વ. કાનનાં દરદો માટે **રસિક કર્ણબિન્દુ-કાનનાં ટીપાં** કિંમત શીશી એકના રૂા. ૧ાા ત્રણ શીશીના રૂા. ૪ા વી. પી. જુદું. ત્રણ શીશી વાપરવાથી સાફ સંભળાય છે.

મુંબઈ-વીંછી બ્રધર્સ કાં. ૭૯, પ્રીન્સેસ સ્ટ્રીટ. **અમદાવાદ**-પંડિત શાહની કાં. ત્રણ દરવાજા **સુરત**-સી. એન. બ્રધર્સ, કણપીઠ. **વડોદરા**-એ. રોયની કાં., રાવપુરા. **મોમ્બાસા**-મોમ્બાસા સ્ટોર્સ, પો. બો. ૧૪૨

અનેક વરસોથી સ્ત્રીઓએ અપનાવેલું

—: સુપ્રસિદ્ધ સુગંધીદાર :—

દરબાર ગંધ

(રજીસ્ટર્ડ)

सौभाग्य अलंकार
सुवासित
दरबार गंध
दरबार गंध
रामबीर आणि कंपनी मुंबई ४.

તેમજ અમારું અતિ પ્રખ્યાત "નયન અમૃત" કાજળ મંગાવો.

બનાવનાર:- રામબીર કું.
[illegible] ગલી, (હીરાબાગ પાસે) મુંબઈ-૪.

જથાબંધ ભાવ માટે લખો અથવા મળો.

હરસ, મસા તથા ભગંદર

સાટે

અકસીર ઉપાય

અમૂલ્ય

હનુમાન પ્રસાદી

દવા:-માત્ર ચોપડવાથી જ લોહી પડતું, પરૂ આવતું બંધ કરી દરદને શાંત કરી સંપૂર્ણ આરામ આપે છે.

કિં. શીશી ૧ના રૂા. ૬ાા

પોસ્ટેજ જુદું. વી. પી. માટે લખો :

ધી હનુમાન ફાર્મસી

સલુણ દરવાજા બહાર, નડીયાદ (ગુજરાત)

"લક્સ ટૉયલેટ સાબુ
મારો સૌંદર્યોપચાર છે"

ગીતશ્રી કહે છે.

આ સુરમ્ય સુવાસિત
સફેદ તથા શુદ્ધ
સાબુથી આપની
ચામડીને પણ
સુરમ્ય રાખો!

LUX
LUX
TOILET SOAP

ચિત્ર-તારિકાઓનો સૌંદર્ય સાબુ

LTS. 293-X30 GJ

રાષ્ટ્રધનની નક્કર યોજનામાં સાથ આપતી

વીજળિક સંસ્થા

ધી એમલગમેટેડ ઇલેક્ટ્રિસિટિ કું૦

(બેલગાંવ), લિ૦

★ ઓછા ખર્ચમાં વધુ લાભ આપતી
★ રાષ્ટ્રના કૃષિપ્રશ્નને હળવો બનાવતી
★ ઉત્પાદનશક્તિમાં મોખરે ગણાતી
★ આમજનતાને નાણાં રોકવા અંગૂલિનિર્દેશ કરતી

અને

છેલ્લાં ૨૫ વર્ષથી જનતાને સેવા આપતી

શાખાઓ—અજમેર બેલગાંવ માલેગાંવ
વલસાડ ચાલીસગાંવ દાહોદ
જલગાંવ ભુસાવળ ભીવંડી

આવક	૧૯૫૧	...	૩૪.૪૦.૮૨૪
યુનિટ્સ વેચાણ		...	૧,૩૬.૧૬.૨૯૪
ગ્રાહકો		...	૯૬.૧૪૪
ડિવિડન્ડ ટકા :		...	૭ાા ઓર્ડિનરી ૫ાા પ્રેફરન્સ

મેનેજિંગ એજન્ટ્સ-ધી કોન્સોલિડેટેડ ઇલેક્ટ્રિક એજન્સિઝ, લિ૦

૧૨ × × ×

મેનેજિંગ ડિરેક્ટર :

એન. સી. જવેરી, જે. પી.

ટેલિફોન નં. : ૩૨૮૮૯-૯૦ ● ટેલિગ્રામ : CONELECTRO

તે આલ્હાદક છે . . .

હિમાલયા
બુકે

ટૉયલેટ તથા ટૅલ્કમ પાવડરની

શીતળ સુવાસ

સુવાસિત અને મુલાયમ હિમાલયા બુકે પાવડર આપના સૌંદર્યોપચાર માટે આદર્શ છે, અને તે આપની ચામડીને સુખચેન બક્ષે છે. તેમની આલ્હાદક, ચિરસ્થાયી સુવાસ આપને પ્રફુલિત રાખે છે.

Himalaya Bouquet
Himalaya Bouquet
TOILET POWDER

બે ઉત્કૃષ્ટ
ઇરેસ્મિક ઉત્પાદન

HBP. 3-X30 GJ

ઇરેસ્મિક કું. લિ૦ લંડન માટે ભારતમાં બનાવેલ

થોભો અને તમારા ભવિષ્યનો વિચાર કરો. ભવિષ્ય માટે જેઓ તૈયાર હોય છે તેમને જ ભવિષ્ય પ્રતીતિજનક નીવડે છે. ભારતવર્ષની સૌથી મોટી જુદાજુદા પ્રકારના વિમાનું કામ કરતી ઈન્શ્યુરન્સ કંપનીને, તમને તથા તમારાં આપ્તજનોને મદદ અને રક્ષણરૂપ થવા દો...દરેક પ્રસંગને બંધબેસતી તમામ જાતની પૉલિસીઓ અમારી પાસે છે.

વિગતો માટે લખો અથવા મળો :

ન્યુ ઇન્ડિયા એશ્યુરન્સ
કંપની લિમિટેડ

(સ્થાપના : ૧૯૧૯)

ન્યુ ઈન્ડિયા એશ્યુરન્સ બીલ્ડિંગ, મહાત્મા ગાંધી રોડ,
મુંબઈ.

કેશ

- ★ તેને હવે બનાવવાને ભલે કેશવર્ધિની મદદરૂપ થાઓ, કે જે તમારી મુખાકૃતિને સુઘડ અને આકર્ષિત રાખે છે.
- ★ માથામાં ઓછા કેશ હોવા તેથી વધુ બીજી કરૂણતા નથી, પણ સુંદર કેશ અને યુવાની કેશવર્ધિની જ પાછાં લાવે છે. તે ચોક્કસ છે.
- ★ સર્વે સુંદર નથી પણ હવે સર્વેને સુંદર કેશ હોવા જોઈએ.
- ★ આપ કેશવર્ધિનીથી ગયેલા કેશને સંપૂર્ણપણે સુસજ્જિત રાખી શકો છો જો આપની જિજ્ઞાસાવૃત્તિ પૂર્ણ ન થાય તો કેશવર્ધિનીથી મેળવો.
- ★ કેશવર્ધિની વાળના ગુચ્છને વધારે છે એમ નથી પણ વધુ સુંદર કેશ રાખે છે.

વાળને ખરતા અટકાવવા અને નવીન સૌંદર્ય પ્રાપ્ત કરવા માટે

કેશવર્ધિની

નો આજથી જ ઉપયોગ કરો.

કેશવર્ધિની ... ... રૂા. ૦-૧૪-૦
કેશવર્ધિની શેમ્પુ... રૂા. ૦-૧૪-૦

(માર્ગવ્યય અલગ)

દરેક પ્રખ્યાત વેપારીઓ પાસેથી મળી શકશે.

લખો :

સાઉથ ઇન્ડિયા કેમિકલ્સ
કોઈમ્બતુર (દક્ષિણ)

મુંબઈ અને સી. આઈ.ના એજન્ટ :
મે. નેશનલ સેલ્સ એન્ડ સર્વિસ કાં.,
૧૨, રામપાર્ટ રોડ, ફોર્ટ, **મુંબઈ-૧**

રેડિયો શિક્ષણ

ટપાલ દ્વારા ઘેરબેઠાં સરળ **ગુજરાતીમાં** પૂરો અભ્યાસ કરાવવામાં આવે છે. વિદ્યાર્થીઓને **ટેસ્ટિંગ** અને **રીપેરિંગનાં** સાધનો આપવામાં આવે છે. કાગળ લખવાથી વિનામૂલ્યે સંસ્થાની પુસ્તિકા **તમે અને રેડિયો** મોકલી આપવામાં આવશે. પરદેશના વિદ્યાર્થીઓને અભ્યાસના પાઠો **એરમેલથી** મોકલાય છે.

લખો:—પ્રિન્સિપાલ **હરિવદન આર. દીક્ષિત**
R. E. E. (U. S. A.)

રેડિયો ટેલીવિઝન એન્ડ સાઉન્ડ સિસ્ટમ ઈન્સ્ટીટ્યૂટ
રાયપુર, હજીરાની પોળ, **અમદાવાદ** (ઈન્ડીઆ)

થોડાક વણમાગ્યા અભિપ્રાયો:-

'પાઠોમાં આકૃતિઓ સાથે સમજાવવાની રીત ઉત્તમ પ્રકારની છે, તેથી સમજવામાં કંઈ મુશ્કેલી પડતી નથી.' —**એન. પી. મનજી** (યુગાન્ડા)

'...એક આદર્શ સંસ્થા છે...મેં કન્ટીન્યુટી ટેસ્ટર, તેમ જ બેટરીથી ચાલતો રેડિયો ફક્ત રૂા. ૪૦)માં બનાવેલો છે.' —**એલ. બી. પટેલ** (અમદાવાદ)

—: ટોયલેટ સાબુઓમાં પુરવાર થયેલ સર્વશ્રેષ્ઠ —

કામીનીઆ મૃગ કસ્તૂરી સોપ (રજીસ્ટર્ડ) :

શરીરની ત્વચા માટે સુંદર **તેમજ** મુલાયમ સાબુ. જે વાપરવામાં આહ્લાદકારક છે. અને સુવાસમાં અજોડ છે. એક જ વખત વાપરવાથી નિયામત વાપરતા થઈ જશો.



દિલબહાર સોપ (રજીસ્ટર્ડ) :

આ સાબુ માટે વિશેષ વખાણની જરૂર નથી. વાપરવાની સાથે ફૂલોના ગુચ્છા માફક સુગંધ પ્રસરી રહે છે.

કામીનીઆ ખસ સોપ (વેટીવર્ટ) : (રજીસ્ટર્ડ)

ખસનાં સુગંધોથી જેઓ પરિચિત છે, તેઓને ઉનાળાના દિવસોમાં આ સાબુ જ વિશેષ પ્રિય થઈ પડે છે; તેમ જ તેનાથી ત્વચાને કોમળ રાખે છે, ત્વચાના ઉપદ્રવો થવા પામતા નથી.

— આ ઉપરાંત "કામીનીઆ" સાબુઓ જેવા કે :—

કામીનીઆ વ્હાઇટ રોઝ-સોપ, કામીનીઆ સેન્ડલ સોપ,
કામીનીઆ લવેન્ડર સોપ, કામીનીઆ ટરકીશ બાથ સોપ.

ઉપર જણાવેલ સાબુઓ હિંદભરમાં પ્રત્યેક પરફ્યુમરી અને પ્રોવિઝનના વેપારીઓ પાસેથી મળી શકશે, ન મળે તો નીચેના સરનામે લખો.

સોલ એજન્ટ :—**ધી એંગ્લો ઈન્ડિયન ડ્રગ એન્ડ કેમિકલ કો.**
૨૮૫, જુમામસીદ માર્કેટ મુંબઈ નં. ૨

નેશનલ ઈન્ડીઅન

લાઈફ ઈન્સ્યુરન્સ કંપની લી.

માં તમારું ભાવિ સલામત છે.

વિગત તથા એજન્સી માટે લખો :

એન. એલ. અમીન, પ્રાન્ત્ય મેનેજર

મુંબઈ શાખા : **નેશનલ** ઈન્ડીઅન ઇન્સ્યુરન્સ બીલ્ડિંગ, કાળા ઘોડા, કોટ, મુંબઈ-૧

સ્થાપના : ૧૯૦૬

હિંદભરમાં શાખાઓ અને એજન્સીઓ છે.

—: એજન્સી અગર પ્રોસ્પેકટસ માટે લખો યા મળો :—

શ્રી કે. ડી. પટેલ, મૉરનીંગ
ચીફ ઓર્ગેનાઈઝર, **નાર** (વાયા આણંદ)

સફેદ
ધોએલાં છે...
ઉજળાં
ધોએલાં છે...
તે સનલાઇટ સાબુને લીધે છે
SUNLIGHT SOAP

ધોકા માર્યા વિનાજ વસ્ત્રોને સફેદ અને ઉજજવળ બનાવે છે!

S. 153-50 GJ

ભારત સિલ્ક મિલ્સ લિમિટેડ

આગ્રારોડ, કુર્લા—મુંબઈ. ● ફોન નં. ૮૭૦૬૮

અમારી સ્પેશિયાલીટીઓ

ટાફેટા ● ચુમકી ● ગોલ્ડ સીલ્વર ● સીઆઝ
સાટીન ● ટાફેટા ફ્લાવર ● સાટીન ફ્લાવર
ઓસ્કી ● પ્યોર સિલ્ક ● મલમલ

રંગવાનું, છાપવાનું અને ધોવાનું
ઘરાકોનું કામ સંતોષકારક રીતે કરી
આપવામાં આવશે.

અમારા સેલિંગ એજન્ટસ :

જે. પી. જમનાદાસ એન્ડ કંપની

નવા રેશમ બજાર, કાલબાદેવી પોસ્ટ ઑફિસ સામે, મુંબઈ-૨
ટેલિફોન નં. ૨૩૯૯૭



Supplement
your **meagre**
Rations with
Health-giving
Madhu
MANGO JUICE
Only the best is canned
PURE PRODUCTS & MADHU CANNING LTD.
Bombay 18
NAS. 671

૩૫ વર્ષોથી વપરાતી બાળકોના
દરેક દર્દો માટે
સર્વોત્તમ
બાલસાથી
બાળકોની
બરાધ-વાવળી, સસણી,
તાવ, હાંફરો, ઉધરસ, રતવા,
આંચકી, પેટ ચઢવું વી. તમામ
દર્દો ખાત્રીબંધ મટાડે છે.

દરેક દવાવાળા બાલસાથી વેચે છે.

મળો અથવા લખોઃ-
વૈદ્ય જગન્નાથજી. વરાધ ઑફીસ, નડીયાદ.

આ હાથ કેટલા સ્ફૂર્તિથી કાર્ય કરે છે, પરંતુ...



...સ્ફૂર્તિમય હાથ પણ મેલા થઇજ જાય છે!

LIFEBUOY
SOAP
LIFEBUOY
SOAP

મેલા હાથમાં
ગુપ્ત ભય
રહેલો છે!
મેલના અદૃશ્ય જંતુઓને લીધે!
લાઇફબૉયથી વારંવાર ધુઓ

લાઇફબૉય સાબુ

મેલના જંતુઓથી આપનું રક્ષણ કરે છે!

L. 184-50 GJ

બહુજ ઝડપથી અને સસ્તામાં

કામ કરવા માટે



હાથ-પાવડા :

ત્રણ જાતમાં મળે છે. એના હાથાનું લાકડું ઘણું જ મજબૂત અને ટકાઉ છે. સમતોલ રચનાને લીધે વાપરવામાં સુગમ છે. ઊંડાં પાનાં વિશેષ બોજ ઉપાડે છે.



હથોડા :

હથોડા જુદા જુદા કદમાં મળે છે. એ સખત પથ્થર તોડવાના, મોટા ખીલા ઠોકવાના તથા ‘ ક્રીઈંગ હેમર ’ના કામમાં વપરાય છે. આ હથોડા ખાસ વિધિપૂર્વક તપાવેલા પોલાદના બનાવેલા છે.



કોદાળી અને ઘણુ :

ચાર મૂળ નમૂનાના મળે છે. ખાસ કરીને રસ્તા બનાવનાર અને ખાણમાં કામ કરનાર એને બહુજ પસંદ કરે છે. વિશેષ મજબૂત અને ધારદાર કાપતી અણીથી સારી રીતે કામ થાય છે.

મજબૂત અને ટકાઉ

તાતા એગ્રીકો

ઓજારો વાપરો

ધી તાતા આયર્ન એન્ડ સ્ટીલ કં૦ લી૦
સેલ્સ ઓફીસ :
૨૩ બી, નેતાજી સુભાષ રોડ, કલકત્તા

શાખાઓ : મુંબઈ, મદ્રાસ, નાગપુર, અમદાવાદ, કાનપુર, સીકંદરાબાદ, વીજયનગરમ્ કેન્ટોન્મેન્ટ, જલંદર કેન્ટોન્મેન્ટ.

રેફ્રીજરેશન

કિંમતમાં અનહદ ઘટાડો

રેફ્રીજરેટર: સાત ક્યુબીક ફીટ, ઇંગ્લીશ રેફ્રીજરેટર. પાંચ વર્ષની ગેરન્ટી, લેઇટેસ્ટ ડીઝાઈન. કિંમત ફક્ત રૂા. ૧૭૦૦/-

આઈસ પ્લાન્ટ: અડધો ટન કમ્પલીટ આઈસ પ્લાન્ટ હાજર સ્ટોકમાંથી મળશે. કિંમત ફક્ત રૂા. ૭૦૦૦/-

આઈસક્રીમ ફ્રીજર: ઈલેક્ટ્રીકથી ફક્ત વીસ મિનિટમાં આઈસક્રીમ બની જાય તેવાં નાનાં અને મોટાં મશીનો મળશે. હોટલ-થિયેટર-ક્લબ કેન્ટીન માટે વધારે ઉપયોગી.

વોટર કુલર્સ: ફિલ્ટર થયેલું ઠંડું પાણી એકધારું મળ્યા કરશે. હોટલ, ફેક્ટરી, મિલ્સ, સ્કૂલ, કૉલેજ, ક્લબ, સીનેમા થિયેટર વગેરે માટે ઘણું જ લાભદાયી અને ઉત્તમ. નાની-મોટી સાઈઝમાં મળશે.

આઈસ બોક્સ: ઈલેક્ટ્રીક વગર ઠંડાં થઈ શકે તેવાં આઈસ બોક્સ ચાર સાઈઝમાં મળશે.

તા. ક.:- ઉપરનાં દરેક મશીનો અમેરિકન મશીનથી ફીટ કરેલાં છે. ઉપરાંત એક વર્ષની ગેરન્ટી ધરાવે છે. **ગેસ-ટ્યુબીંગ-યુનિટ્સ-સ્પેર પાર્ટ્સ હાજર સ્ટોકમાંથી મળશે.**

એજન્સી આપવી છે.

રેફ્રીજરેશનનો ધંધો કરતા હોય તેઓએ જ ફક્ત લખવું.

રેફ્રીજરેશન ઇન્જિનિયર્સ:

વીબજ્યોર ટ્રેડિંગ કંપની

લોટસ બીલ્ડિંગ, ભોંયતળીએ, ઈવન્સ ફ્રેઝરની બાજુમાં, કોટ, મુંબઈ-૧
ફોન ૨૪૭૩૨



DICTIONARY
LION
HYDROGENATED
GROUNDNUT AND TIL OIL
मुंगफलि और तिलीका
जमाया हुआ तेल
INDIAN VEGETABLE PRODUCTS LTD. BOMBAY

શબ્દ-રચનાનો ઉકેલ જો જડે,
પાંચ દસ હજારનો તડાકો પડે.
આવીઓ ઝાઝીને ઉકેલ એક,
જીતવું હારવું કિસ્મતનો ખેલ.
કહો 'વનસ્પતિ'માં ઉત્તમ જાત,
એવો સાદો પ્રશ્ન જો પૂછાત.
જરૂર જીતત હું પ્રથમ ઇનામ,
બતાવી "સિંહ" છાપ સાચું નામ!

આઈ. વી. પી.

સિંહ છાપ

(લાયન બ્રાન્ડ) વનસ્પતિ

૨, ૫ અને ૧૦ રતલી
ડબાઓમાં સર્વત્ર મળે
છે. આજેજ એક ડબો
ખરીદો અને આવતી
કાલથીજ સ્વાદિષ્ટ ભોજ-
નનો આનંદ મેળવો!

ઇન્ડીયન વેજીટેબલ પ્રોડકટ્સ લી૦
મેનેજીંગ એજન્ટો:— ફૉર્બ્સ ફૉર્બ્સ કેમ્પબેલ એન્ડ કું, લી. પોસ્ટ બોક્સ ૭૯, મુંબઇ

ધી વલ્કન ઈન્શ્યુરન્સ
કંપની લિમિટેડ

સ્થાપના : ૧૯૧૯

★

● આગ ● મોટર ● અકસ્માત

● દરિયાઈ ● વર્કમેન્સ કોમ્પેન્સેશન

● એમ્પ્લોયર્સ લાયેબિલિટી

વગેરે વિમાનું કામકાજ લખવામાં આવે છે.

★

ડાયરેક્ટર ઈન ચાર્જ :

શ્રી. વી. સી. સેતલવડ

જનરલ મેનેજર :

કે. સી. દેસાઈ

બ્રાન્ચ તથા એજન્સી ઑફિસો હિંદભરમાં છે;
તેમ જ બ્રિટિશ ઈસ્ટ આફ્રિકા અને બર્મા.

હેડ ઑફિસ : ૭૩, ચર્ચગેટ સ્ટેશનની સામે, ઈન્ડસ્ટ્રીયલ
એશ્યૂરન્સ બીલ્ડિંગ, કોટ, મુંબઈ નં. ૧

ભિક્ષુ અખંડાનંદની ૧૦મી પુણ્યતિથિ પ્રસંગે

સસ્તા મૂલ્યે પુસ્તકો મેળવો !

તા. ૪-૧-'૫૨થી તા. ૪-૨-'૫૨ સુધી સદ્ગત સ્વામીજીની પુણ્યતિથિ પ્રસંગે નીચેની પાંચ યોજનાઓ મુજબ પુસ્તકો સસ્તા મૂલ્યે અપાશે. પુસ્તકોના ઓર્ડર ક્રમ પ્રમાણે નોંધી લઈને તે પ્રમાણે પુસ્તકો મોકલાશે. વહેલી તકે નાણાં મોકલીને ઉપલી મુદત પહેલાં નામ નોંધાવી દેવા વિનતિ છે.

- બહારગામના ગ્રાહકોએ અમદાવાદ કાર્યાલયમાં જ લખવું.
- ટપાલખર્ચ કે રેલવે નૂર તથા સેલ્સ ટેકસ (નિયમ મુજબ લેવાતો હશે તે સ્થળો માટેનો) પુસ્તકો મંગાવનારે ભરવાનો રહેશે.

યોજના નંબર ૧—જુદાજુદા ત્રણ ભાગમાં

યોજના નં. ૧નાં કુલ ૪૫ પુસ્તકો જુદીજુદી ત્રણ રીતે નીચેની વિગતે અપાશે. દરેક પુસ્તકની **એકસો નકલો** આપવાની હોઈ તે પૂરી થયા પછી મળશે નહિ માટે તુરત જ નામ નોંધાવી દો. દરેક પુસ્તકનું ટપાલ અને રવાનગી ખર્ચ જુદું લાગે છે.

[૧]

નીચેનાં ૨૧ પુસ્તકોની છૂટક ખરીદીમાં પણ **૨૫ ટકા** વળતર અપાશે.

રામચંદ્ર દત્ત ને નાગમહાશય	૩૩૬	૧-૦-૦
વિદુરનીતિ-અર્થ સાથે ...	૧૬૮	૧-૦-૦
વિભુની વાટે ને રામા૦ રત્ન૦	૧૬૪	૦-૪-૦
સ્વામી રામતીર્થ-ગ્રંથ ૧લો	૫૬૪	૩-૦-૦
,, ,, -ચરિત્ર	૬૭૨	૩-૮-૦
બ્રહ્માનંદ ને શિવાનંદ-ચરિત્રો	૪૨૪	૧-૬-૦
યોગીશ્વર યાજ્ઞવલ્કય ...	૮૮	૦-૮-૦
સમયસાર નાટક ...	૩૭૨	૩-૦-૦
વનરાજ ચાવડો	૩૨૦	૨-૮-૦
ગુલિસ્તાં (સુબોધપુષ્પવાટિકા)	૧૩૬	૦-૫-૦
સ્વર્ગની કૂંચી-પઢિયાર કૃત	૩૭૨	૨-૦-૦
સ્વર્ગની સીડી ,, ,,	૩૬૦	૨-૦-૦
સ્વર્ગનું વિમાન ,, ,,	૩૭૨	૨-૦-૦
સ્વર્ગનો આનંદ ,, ,,	૩૬૦	૨-૦-૦
સ્વર્ગનો ખજાનો ,, ,,	૩૧૨	૨-૦-૦
સ્વર્ગનો પ્રકાશ ,, ,,	૩૩૬	૨-૦-૦
સાચું સ્વર્ગ ,, ,,	૪૯૨	૨-૦-૦
સંસારમાં સ્વર્ગ	૩૪૮	૨-૦-૦
શુભસંગ્રહ-ભાગ ૨જો ...	૫૪૪	૩-૦-૦
શુભસંગ્રહ-ભાગ ૯મો ...	૭૩૬	૩-૦-૦

[૨]

નીચેનાં ૧૦ પુસ્તકોની છૂટક ખરીદીમાં પણ **૩૧ા ટકા** વળતર અપાશે.

ભગવદ્ગીતા-શાંકરભાષ્ય	૪૪૮	૪-૦-૦
સંત તુકારામ-ચરિત્ર ...	૬૪૮	૩-૦-૦
પરમ પૂજ્ય બાપુ	૧૪૪	૧-૦-૦
રામકૃષ્ણ વાર્તાલાપ (૨)	૩૧૨	૨-૦-૦
વેદાન્ત રસબિંદુ	૯૬	૦-૧૨-૦
મોક્ષમાળા (રાજચંદ્ર) ...	૧૯૨	૧-૪-૦
તંત્રકથા-સચિત્ર	૧૬૮	૧-૮-૦
પ્રીતમની વાણી	૫૬૦	૩-૦-૦
શારદામણિ દેવી	૧૦૪	૦-૮-૦
સ્વરૂપવિચાર...	૧૦૪	૦-૧૦-૧

[૩]

નીચેનાં ૧૪ પુસ્તકોની છૂટક ખરીદીમાં પણ ૩॥ ટકા વળતર અપાશે.

એકનાથી ભાગવત : ...	૬૦૦	૫-૦-૦
વિવેકાનંદ-ભક્તિયોગ : ...	૩૮૪	૨-૦-૦
તુકારામગાથા-ભાગ ૧લો	૮૩૨	૩-૦-૦
તુકારામગાથા-ભાગ ૨જો	૯૩૬	૩-૦-૦
સૂર્યકાન્ત	૨૭૨	૨-૦-૦
આદર્શ દષ્ટાંતમાળા-ભા. ૧લો	૪૩૨	૨-૮-૦
આદર્શ દષ્ટાંતમાળા-ભા. ૨જો	૪૯૬	૨-૮-૦
રમણ મહર્ષિ	૨૧૬	૨-૦-૦
મોહમુદ્ગર-મોટું	૧૬૮	૧-૦-૦
શતશ્લોકી-શંકરાચાર્ય ...	૨૦૦	૦-૧૨-૦
સ્તોત્રસંગ્રહ	૨૨૦	૦-૧૦-૦
સર્વવેદાંત સિદ્ધાંતસાર સંગ્રહ	૨૨૪	૧-૪-૦
વિવેકચૂડામણિ	૧૬૦	૦-૧૨-૦
ઉપદેશ સારસંગ્રહ	૩૮૪	૧-૮-૦

યોજના નં. ૨-સર્વોપયોગી સાહિત્યશ્રેણીનો સેટ

આ શ્રેણીમાં હાલ નીચે જણાવેલાં ૪૪ પુસ્તકો મળે છે અને તેમની કિંમત રૂ. ૪૨॥≈ થાય છે. એકી સાથે બધાં પુસ્તકોનો આખો સેટ લેનારને સેલ્સટેક્સ સાથે માત્ર રૂ. ૩૫।)માં મળશે.

પ્રકાશનાં પગલાં : (સચિત્ર)	૦-૧૦-૦
રાખની ઢગલી : (સચિત્ર)	૦-૧૦-૦
હાસ્યતરંગ : (સચિત્ર) ...	૦-૧૦-૦
જીવનની કલા :	૦-૧૦-૦
જીવનપરિવર્તન : (સચિત્ર)	૦-૧૦-૦
ઇતિહાસને અજવાળે : (સચિત્ર)	૦-૧૨-૦
ગામડું બોલે છે : (સચિત્ર)	૦-૧૦-૦
ગૃહજીવનની કલા : (સચિત્ર)	૦-૧૦-૦
ગૃહજીવનનાં દશ્યો : (સચિત્ર)	૦-૧૦-૦
મારો ભારત દેશ : (સચિત્ર)	૦-૧૦-૦
ભગવાનનાં છોરું : (સચિત્ર)	૦-૧૦-૦
ગુજરાતના સેવકો : ...	૦-૧૨-૦
પટલાઇના પેચ-ભાગ ૧લો :	૦-૧૦-૦
પટલાઈના પેચ-ભાગ ૨જો :	૦-૧૦-૦
ગ્રામરચના : (સચિત્ર) ...	૧-૪-૦
કંકુ અને કન્યા :	૧-૪-૦
પરમ પૂજ્ય બાપુ :... ...	૧-૦-૦
બાળકોની માવજત : ...	૦-૧૦-૦
ખોળાનો ખૂંદનાર : ...	૦-૧૦-૦
પ્રકૃતિનાં લાડકવાયાં પંખીઓ :	૧-૪-૦
ગૃહ, ગૃહિણી અને ગૃહસ્થ :	૧-૪-૦
મહાત્મા ટૉલસ્ટૉય : ...	૧-૪-૦
બાળક :	૧-૪-૦
ભીમનાં પરાક્રમો :	૧-૮-૦
વિશ્વની વિચિત્રતાઓ : ...	૦-૧૦-૦
ગૌતમ બુદ્ધ :	૧-૪-૦
મીરાં દાસી જનમ જનમકી :	૦-૧૨-૦
ગુજરાતનાં તીર્થસ્થાનો : ...	૧-૪-૦
સોનાનો સૂરજ :	૧-૪-૦
હિતોપદેશ :	૧-૪-૦
ઇન્સાન મિટા દૂંગા : ...	૧-૪-૦
ગુજરાતનાં લોકગીતો : ...	૧-૪-૦
કોઈને કહેશો નહિ : ...	૧-૪-૦
શ્રીમત્ શંકરાચાર્ય : ...	૦-૧૦-૦
જગન્નાથપુરી ને ઓરિસ્સાના પુરાતન અવશેષો : ...	૦-૧૦-૦
આરોગ્યની બારમાસી : ...	૧-૮-૦
શાકભાજી અને બીજા લેખો :	૦-૧૨-૦
વનવગડામાં વસનારાં : ...	૦-૧૨-૦
આંખનું આરોગ્ય : ...	૧-૪-૦
અદાલતને આંગણે : ...	૧-૮-૦
પૃથ્વીની કથા :	૦-૧૨-૦
રશિયા :	૧-૮-૦
અમેરિકા :	૧-૮-૦
સૌભાગ્ય સુંદરી અને બીજાં નાટકોનું નવનીત : ...	૧-૮-૦

ઉપરનાં ૪૪ પુસ્તકોની કિંમત રૂ. ૪૨-૧૦-૦ થાય છે. પરંતુ આખો સેટ લેનારને તે રૂ. ૩૪-૦-૦માં મળશે. સેલ્સ ટેક્સના રૂ. ૧-૧-૦ તથા રૂ. ૧-૩-૦ પેકિંગ વગેરે ખર્ચના મળી કુલ રૂ. ૩૬-૪-૦ મોકલનારને રેલવે પાર્સલથી મોકલી અપાશે. નજીકનું રેલવે સ્ટેશન જણાવવું. ટપાલ રસ્તે મંગાવનારે રૂ. ૪૦-૮-૦ મોકલવા. પરદેશો માટે કુલ રૂ. ૪૩।) થશે.

યોજના નં. ૩—આમ—સાહિત્યશ્રેણીનો સેટ

જ્ઞાન-ચારિત્ર્ય-વર્ધક અને નિર્દોષ આનંદ મેળવી શકાય તેવું સાહિત્ય જૂજ કિંમતથી પૂરું પાડવાના ઉદ્દેશથી, નાની પુસ્તિકાઓ પ્રસિદ્ધ કરવાનું શરૂ કર્યું છે. ગરીબ પણ સંસ્કારી વર્ગ પોતાની ગુંજાશ પ્રમાણે નાંની શી લાયબ્રેરી વસાવી શકે એવો આશય છે. આ શ્રેણીમાં પ્રકટ થયેલાં પૈકી નીચેનાં ૯૯ પુસ્તકો મળે છે. આખો સેટ રૂ. ૨૭૦ાાનો થાય છે, તે માત્ર રૂ. ૨૧ાામાં મળશે.

ધર્મ અને તત્ત્વજ્ઞાન

હસ્તામલકસ્તોત્ર ને વાક્યસુધા: સરળ અર્થ સાથે	૩૨	૦-૨-૦
પ્રશ્નોત્તરમાળા અને **જીવન્મુક્તઆનંદલહરી**	૪૮	૦-૩-૦
ભગવત્ પ્રસાદ (પ્રાર્થના)	૮૮	૦-૪-૦
શિક્ષાપત્રી	૧૦૪	૦-૬-૦
વ્યવહારમાળા	૧૧૨	૦-૮-૦
ગીતાંજલિ	૧૦૪	૦-૬-૦
તૈત્તિરીય ઉપનિષદ	૪૮	૦-૩-૦
શ્રીવિષ્ણુસહસ્રનામ	૧૨૮	૦-૪-૦
દૃગ્-દૃશ્યવિવેક	૨૪	૦-૨-૦
યક્ષ અને **યુધિષ્ઠિર**	૬૪	૦-૩-૦
દત્તાત્રેય (અવધૂત)	૮૦	૦-૩-૦
પરવાળાં	૪૮	૦-૩-૦
પ્રેમપન્થ-ભાગ ૧ લો	૬૪	૦-૩-૦
પ્રેમપન્થ-ભાગ ૨ જો	૧૦૪	૦-૪-૦
નીતિશતક (શ્રીભર્તૃહરિકૃત)	૮૦	૦ ૪-૦
વૈરાગ્યશતક (શ્રીભર્તૃહરિકૃત)	૯૬	૦-૪-૦
શિવમહિમ્નઃ સ્તોત્રમ્	૧૨૮	૦ ૬-૦
કણ્ઠાભરણમ્	૬૪	૦-૩-૦
તંત્રની સાધના	૭૨	૦-૪-૦
ગીતાસાર—લે૦ કાકા કાલેલકર	૮૦	૦-૪-૦
ગીતાપોથી	૧૦૪	૦-૬-૦
ગીતાસંકલન	૫૨	૦-૩-૦
શ્રીમદ્ ભગવદ્ગીતા અ૦ ૧૨,૧૫	૪૮	૦ ૩-૦
ઉત્તરગીતા	૬૪	૦ ૬-૦
મણિરત્નમાળા	૧૬	૦-૧-૬
પરમ પુરુષાર્થ	૧૨૦	૦-૬-૦
નારદનાં ભક્તિસૂત્રો	૬૪	૦-૩-૦
જ્ઞાનનાં ઝરણાં-આવૃત્તિ ત્રીજી	૬૪	૦-૩-૦
ઉચ્ચ જીવન	૫૬	૦-૩-૦
ધ્યાન અને **જ્ઞાન**	૪૮	૦-૩-૦
બંસીમાં ભગવાને શું ગાયું?	૬૪	૦-૩-૦
સ્વપ્નાં	૧૧૨	૦-૮-૦
જ્ઞાનલહરી	૧૦૪	૦-૮-૦
વિચારસૂર્યોદય	૬૪	૦-૪-૦
સત્સંગમાળા	૯૬	૦-૬-૦
મેનાવતી અને **ગોપીચંદ, ભર્તૃહરિ** ને **વિક્રમ**	૪૮	૦-૩-૦
જેસલ-તોરલ તથા **જાલંધર** ને **ગોપીચંદ**	૫૬	૦ ૩-૦

સંતવાણી-ભજનો

પ્રબોધબાવની	૮૦	૦-૪-૦
કેશવકૃતિ ૪૮ ભજનો	૬૪	૦-૪-૦
રવિ, ભાણ અને **મોરાર સાહેબની વાણી**	૮૮	૦-૪-૦
દોહારત્નાવલી	૬૪	૦-૩-૦
તુલસીદાસની સાખીઓ	૭૨	૦-૪-૦
હરિપાઠ-શ્રીજ્ઞાનદેવ રચિત	૩૨	૦-૨-૦
ભક્ત સૂરદાસનાં પદો	૮૦	૦-૫-૦
ધીરા ભગતનાં પદો	૮૦	૦-૪-૦
છોટમની વાણી	૭૨	૦-૪-૦
કબીરસાહેબની સાખીઓ	૮૦	૦-૪-૦
સો ભજનો	૬૪	૦-૬-૦
તુકા મ્હણે	૧૨૦	૦-૫-૦
ઋષિરાજનાં પદો	૬૪	૦-૪-૦
ધ્રુવાખ્યાન	૮૦	૦-૬-૦
ભોજાભગતના ચાબખા	૯૬	૦-૬-૦

ટૂંકાં ચરિત્રો

સંત મૂળદાસ	૧૧૨	૦–૬–૦
વિશ્વામિત્ર અને હરિશ્ચંદ્ર	૬૪	૦–૪–૦
ગોસ્વામી તુલસીદાસ	૧૨૮	૦–૬–૦
ચંદ્રહાસ-ચરિત્ર	૬૪	૦–૩–૦
સુદામાચરિત્ર પ્રેમાનંદ કૃત	૬૪	૦–૩–૦
સતી સાવિત્રી	૫૨	૦–૪–૦
શ્રી તૈલંગસ્વામી	૮૮	૦–૪–૦
સ્વામી રામતીર્થ (કિશોરોના)	૭૨	૦–૪–૦
શ્રીરામકૃષ્ણ પરમહંસ	૮૮	૦–૬–૦
નાનભટ્ટ બાપા	૬૪	૦–૪–૦
નાનક (આવૃત્તિ બીજી)	૧૦૪	૦–૬–૦
શ્રી શુકદેવજી	૬૪	૦–૪–૦
જડભરત	૪૮	૦–૩–૦
બાળકોના વિવેકાનંદ	૮૦	૦–૪–૦
કબીર સાહેબ	૧૧૨	૦–૬–૦

વૈદક તથા વિજ્ઞાનના ગ્રંથો

ક્વાથ-ઔષધિ (નવી. આ.)	૮૦	૦–૬–૦
વૈદકના અકસીર ઉપાયો	૧૧૨	૦–૬–૦
જીવનચર્યા	૮૦	૦–૬–૦
માંદગીનાં કારણો	૯૬	૦–૬–૦
ચૂર્ણ-ઔષધિ	૭૨	૦–૪–૦
ખોરાકમાં ઝેર	૮૦	૦–૪–૦
માંદગીમાં ઉપવાસ	૧૧૬	૦–૬–૦

વાર્તાઓ

મદન-મોહના	૫૬	૦–૪–૦
એ ડોસાની જાત્રા	૬૪	૦–૪–૦
શ્રમણ નારદ ને પાંડુ ઝવેરી	૫૨	૦–૩–૦
મદાલસા અને અલર્ક	૯૬	૦–૫–૦
ધાવણની ધાર ને બીજી વાતો લે. ચૂનીલાલ મડિયા	૭૬	૦–૩–૦
દુષ્યન્ત ને શકુન્તલા અને બીજી વાતો	૯૬	૦–૬–૦
ગુજરાતની રંગભૂમિ	૮૦	૦–૬–૦
સમીસાંજની વાતો (સચિત્ર)	૮૦	૦–૬–૦
દગ ગુ માતા	૮૦	૦–૪–૦
સદ્‌ગુણી પુત્રી	૯૬	૦–૪–૦
સમ્રાટ શ્રેણીક ને દેવી નંદા	૬૪	૦–૩–૦
કેરીની મોસમ અને બીજી વાતો: શ્રી. 'શયદા'ની કસાયેલી કલમે લખાયેલી વાતો	૭૬	૦–૫–૦

કાવ્ય

કવિ ગંગ કહે	૫૬	૦–૩–૦
મનને (આવૃત્તિ બીજી)	૩૨	૦–૩–૦
શ્રીમંતોનો સડો: લે. શ્રી. ઈશ્વર ધોળકીઆ	૬૪	૦–૪–૦

બાળકો માટે

બાળકોની વાતો-ભા. ૧લો	૧૩૬	૦–૬–૦
બાળકોના આચાર	૪૮	૦–૩–૦
બાળકોની રીતભાત	૪૮	૦–૩–૦
બાળકોનો આનંદ	૯૬	૦–૬–૦
કુણાલ- મોટા અક્ષરમાં	૭૨	૦–૮–૦
ભીમભાઈનું પહેરણ ,,	૩૨	૦–૪–૦
સૌથી પહેલા દાદાજી ,,	૭૦	૦–૬–૦
આકાશના તારા ,,	૪૮	૦–૬–૦
વસંતનું આગમન ,,	૩૨	૦–૪–૦
અમારા માધવકાકા ,,	૮૦	૦–૬–૦

નોંધ: ૯૯ પુસ્તકોના આખા સેટની કિં. રૂા. ૨૭–૪–૬ થાય છે તે માત્ર રૂા. ૨૧–૧૨–૦માં મળશે. સેલ્સટેક્સના રૂા. ૦ાા≈ તથા પેકિંગ ખર્ચના રૂા. ૦ાાા– મળી કુલ રૂા. ૨૩–૪–૦ મોકલવા.

આખો સેટ ટપાલ રસ્તે મંગાવનારે કિંમત તથા સેલ્સટેક્સના રૂા. ૨૨ા≈ ઉપરાંત ટપાલ ખર્ચના રૂા. ૩ા– તથા પરદેશ માટે રૂા. ૫ાા– વધુ મોકલવા.

યોજના નં. ૪—સંસ્થાનાં સઘળાં પુસ્તકો સસ્તા મૂલ્યે

રૂ. ૪૪૬-૧૧-૬નાં પુસ્તકો માત્ર રૂ. ૩૬૫)માં

પોતાના ઘરની લાયબ્રેરીમાં તથા સાર્વજનિક પુસ્તકાલયોમાં સંસ્થાનાં બધાં પુસ્તકોનો સેટ વસાવવા ઇચ્છનારને લાભ મળે એ માટે અગાઉની ત્રણ યોજનાઓનાં પુસ્તકો તથા સંસ્થાનાં બાકી રહેલાં નીચેનાં ૧૨૧ પુસ્તકો મળી કુલ ૩૦૯ પુસ્તકોના સેટની કિંમત રૂ. ૪૪૬ાા=ા થાય છે તે માત્ર રૂ. ૩૬૫)માં મળશે.

યોજના નં. ૧ના ત્રણે વિભાગનાં પુસ્તકો	**નંગ ૪૫**	**૮૩-૧૫-૦**
યોજના નં. ૨નાં પુસ્તકો	**નંગ ૪૪**	**૪૨-૧૦-૦**
યોજના નં. ૩નાં પુસ્તકો	**નંગ ૯૯**	**૨૭-૪-૬**
યોજના નં. ૪ ઉપરની ત્રણે યોજનાઓ સિવાયનાં તમામ પુસ્તકો નીચે મુજબ	**નંગ ૧૨૧**	**૨૯૨-૧૪-૦**
પુસ્તકો	**નંગ ૩૦૯,**	**૪૪૬-૧૧-૬**

આગળની ત્રણ યોજનામાં નહિ આવેલાં પુસ્તકો :

મહાભારત સંપૂર્ણ સાત ગ્રંથોમાં સંપૂર્ણ	૫૨૦૦	૫૨-૦-૦
વાલ્મીકિ રામાયણ	૧૩૬૪	૧૨-૦-૦
તુલસીકૃત રામાયણ	૧૨૮૨	૧૦-૦-૦
ગિરધરકૃત રામાયણ ...	૭૬૨	૪-૮-૦
શ્રીમદ્ ભાગવત	૧૨૦૮	૧૦-૦-૦
એકાદશ સ્કંધ ભાગવતનો	૪૭૨	૧-૪-૦
જીવન્મુક્તિવિવેક	૨૨૦	૧-૪-૦
વિચારસાગર	૪૦૦	૩-૦-૦
મહાવાક્ય-રત્નાવલિ ...	૧૮૪	૦-૧૨-૦
અષ્ટાવક્રગીતા	૭૨	૦-૮-૦
અવધૂતગીતા	૧૪૪	૧-૪-૦
સ્વર્ગની સડક...	૪૬૮	૨-૦-૦
શ્રી સત્યનારાયણની કથા	૧૨૮	૦-૧૦-૦
મનુસ્મૃતિ	૮૦૮	૪-૮-૦
વૈદિક વિનય...	૮૪૦	૩-૧૨-૦
બળવાન બનો	૧૧૨	૦-૧૨-૦
આત્મસાક્ષાત્કારની કસોટી	૨૦૮	૧-૪-૦
પંચીકરણ	૨૬૪	૨-૦-૦
સંતની વાતો	૨૬૪	૧-૮-૦
પ્રભુમય જીવનનું રહસ્ય	૧૬૮	૧-૦-૦
પ્રભુમય જીવન	૧૯૨	૦-૧૨-૦
પરમાનંદની પ્રાપ્તિ ...	૨૬૪	૧-૮-૦
આખ્યાનમાળા-ભાગ ૧લો	૭૦૮	૩-૦-૦
આખ્યાનમાળા-ભાગ ૨જો	૭૨૦	૩-૦-૦
મનુષ્યધર્મ	૨૪૦	૨-૦-૦
ચંડીપાઠ મૂળ સાથે	૩૫૨	૧-૪-૦
શ્રી વેદાન્ત માર્ગદર્શિની	૩૨૮	૧-૮-૦
સુબોધરત્નાકર	૩૦૦	૧-૮-૦
ધમ્મપદ	૧૯૨	૧-૦-૦
સદાચાર અને **સુખ** ...	૨૦૦	૧-૮-૦
સંત-ગુરુનો પરિચય ...	૩૫૨	૨-૦-૦
એકાદશ ઉપનિષદ ...	૪૫૨	૩-૦-૦
બૃહદારણ્યક ઉપનિષદ ...	૨૪૮	૨-૦-૦
સો ઉપનિષદો	૭૪૪	૫-૦-૦
રાજયોગ, પાતંજલયોગ સૂત્ર અને **જ્ઞાનયોગ** ...	૫૬૦	૨-૦-૦
જ્ઞાનયોગ (વિવેકાનંદ) ...	૨૩૬	૦-૧૨-૦
રાજયોગ ,, ...	૧૩૬	૦-૧૨-૦
વિવેકાનંદસાર	૨૬૪	૨-૦-૦
પુરુષાર્થબોધિની ગીતા ...	૧૦૬૮	૧૨-૮-૦
શ્રીમદ્ ભગવદ્ગીતા મોટા અક્ષર	૨૫૬	૦-૧૨-૦
જ્ઞાનસત્રગીતા (સંસ્કૃત) ...	૩૬૮	૧-૪-૦
જ્ઞાનસત્રગીતા (ગુજરાતી)	૩૬૮	૧-૪-૦
શ્રીમદ્ ભગવદ્ગીતા ...	૩૬૮	૦-૮-૦
પંચરત્ન ભગવદ્ગીતા સૂળ સૂળ	૩૩૨	૦-૮-૦
મીરાંબાઈનાં ભજનો ...	૮૦	૦-૧૨-૦
નરસિંહ મહેતાનાં ભજનો	૮૦	૦-૧૨-૦

ભજનસંગ્રહ	૨૪૦	૧-૦-૦
પરિચિત પદસંગ્રહ	૪૦૦	૧-૧૨-૦
દીવાને સાગર	૪૮૦	૪-૮-૦
અખાની વાણી	૪૯૬	૩-૦-૦
તુલસી રામાયણનાં મહાવાકયો	૯૬	૦-૮-૦
દલપતરામની કવિતા	૧૦૨	૦-૧૦-૦
શામળના છપ્પા	૧૬૦	૦-૧૨-૦
કર્મગાથા	૨૪૦	૧-૦-૦
પાકશાસ્ત્ર	૨૦૦	૨-૮-૦
નળાખ્યાન	૧૩૬	૧-૦-૦
કમળકુમાર	૧૨૦	૦-૧૨-૦
સાઈબાબા	૪૦૮	૩-૦-૦
હંસ મહારાજ	૨૮૦	૨-૮-૦
સ્વામી આત્માનંદ સરસ્વતી	૧૯૨	૧-૮-૦
મહર્ષિ દયાનંદ	૧૫૨	૧-૮-૦
ભિક્ષુ અખંડાનંદ	૪૭૮	૩-૦-૦
રામકૃષ્ણ પરમહંસ	૬૦૮	૨-૮-૦
સ્વામી વિવેકાનંદ	૭૮૪	૪-૦-૦
ચૈતન્ય મહાપ્રભુ-ભાગ ૧લો	૬૭૨	૩-૦ ૦
,, ,, -ભાગ ૨જો	૩૦૪	૨-૮-૦
,, ,, -ભાગ ૩જો	૫૦૩	૩-૦-૦
જ્ઞાનેશ્વર મહારાજ અને સ૦ એકનાથનાં (ચરિત્રો)	૫૦૪	૨-૮-૦
સ્વામીશ્રી નિત્યાનંદ	૧૨૮	૦-૮-૦
મહાત્મા સરયૂદાસજી, ભૂધર ભક્ત ને જાનકીદાસ-(ચરિત્રો)	૨૫૬	૦-૧૦-૦
ભક્તચરિત્ર	૫૨૮	૨-૮-૦
બૂકર ટી. વૉશિંગ્ટન	૨૧૬	૧-૮-૦
આદર્શ ચરિત્રસંગ્રહ (૨)	૬૨૪	૩-૦-૦
અંતર નિરીક્ષણ	૨૦૮	૧-૦-૦
કિસા ગોતમી અને બીજાં સ્ત્રીરત્નો	૨૦૬	૧-૪-૦
રૂપસુંદરી ને બીજાં સ્ત્રીરત્નો	૨૪૦	૧-૪-૦
સુલતાના ચાંદબીબી અને બીજાં સ્ત્રીરત્નો	૨૯૪	૧-૪-૦
રાજમાતા જીજાબાઈ અને બીજાં સ્ત્રીરત્નો	૨૭૪	૧-૪-૦

મહારાણી લક્ષ્મીબાઈ અને બીજાં સ્ત્રીરત્નો	૨૭૪	૧-૪-૦
ભગિની નિવેદિતા અને બીજાં સ્ત્રીરત્નો	૨૬૦	૧-૪-૦
વિક્રમની વાર્તાઓ	૩૪૮	૨-૮-૦
બિરબલ અને બીજા	૨૮૦	૨-૦-૦
ટૂંકી વાર્તાઓ-ગ્રંથ ૧લો	૫૮૮	૨-૮-૦
,, ,, -,, ૨જો	૫૭૬	૨-૮-૦
,, ,, -,, ૩જો	૭૨૦	૨-૮-૦
કાકાનો સંજય (સચિત્ર)	૩૨૦	૧-૧૨-૦
બાલભારત	૨૮૮	૧-૮-૦
બાલ સદ્બોધ	૧૨૮	૦-૮-૦
સદ્ગુણી બાળકો	૧૩૬	૦-૧૦-૦
સુશ્રુત-આયુર્વેદ (મૂળ સાથે)	૧૩૭૨	૧૫-૦-૦
આરોગ્યની કૂંચી	૩૦૦	૨-૮-૦
ઘરઘરનો વૈદ્ય	૧૯૨	૧-૮-૦
વૈદક સંબંધી વિચારો (૨)	૪૩૨	૧-૧૨-૦
ઝેર ઉતારવાના તાત્કાલિક ઉપાયો	૯૬	૦-૧૦-૦
આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન	૧૨૮	૦-૧૦-૦
ખોરાકના ગુણદોષ	૧૦૦	૦-૧૦-૦
સુખ, સામર્થ્ય અને સમૃદ્ધિ	૪૮૦	૩-૦-૦
ગુલાબસિંહ	૪૧૬	૪-૦-૦
સુવર્ણયુગ	૯૨	૦-૮ ૦
સ્વામીશ્રી અખંડાનંદજીના પત્રો	૨૪૮	૧-૪-૦
આત્મનિરીક્ષણ અને સંકલ્પ	૧૬૮	૧-૦-૦
સાહિત્ય પ્રારંભિકા	૧૪૪	૧-૦-૦
ગુજરાતની ગઝલો	૧૮૦	૧-૦-૦
કહેવતો (કહેવતોનો સંગ્રહ)	૧૫૬	૧-૪-૦
આગળ ધસો	૪૬૮	૩-૦-૦
કતલખાનું (ધી જંગલ)	૬૯૬	૩-૦-૦
ખેતીનાં મૂળ તત્ત્વો-ભાગ ૧	૧૧૬	૧-૦-૦
,, ,, ,, -ભાગ ૨	૧૧૨	૧-૦-૦
,, ,, ,, -ભાગ ૩	૧૬૮	૧-૮-૦
,, ,, ,, -ભાગ ૪	૧૮૪	૧-૧૨-૦

ઉપરનાં પુસ્તકો : **૧૨૧ : રૂ. ૨૯૨-૧૪-૦**

ઉપર મુજબ સંસ્થાનાં બધાં પુસ્તકોનું મૂલ્ય રૂા. ૪૪૬-૧૧-૬ થાય છે. પણ બધાં પુસ્તકો એક સાથે મંગાવનારને માત્ર રૂા. ૩૬૫-૦-૦ માં મળશે. સેલ્સટેક્સ અને પેકિંગ ખર્ચ શુમારે રૂા. ૧૦) જેટલો થાય છે, તે સંસ્થા ભોગવી લેશે.

યોજના નં. ૫—બાળોપયોગી પુસ્તકોનો સેટ

કિશોરો તથા બાળકોને ઉપયોગી નીચેનાં ૨૩ પુસ્તકોનું મૂલ્ય રૂા. ૧૪–૬–૦. થાય છે તે માત્ર રૂા. ૧૧)માં અપાશે.

બાલભારત (સચિત્ર) …	૨૮૮	૧–૮–૦
બાલસદ્‌બોધ … …	૧૨૮	૦–૮–૦
સદ્‌ગુણી બાળકો …	૧૫૪	૦ ૧૦–૦
શ્રીશારદામણિદેવી …	૧૦૪	૦–૮–૦
* દયાળુમાતા … …	૮૦	૦–૪–૦
* સદ્‌ગુણી પુત્રી … …	૯૬	૦–૪–૦
* બાળકોના વિવેકાનંદ …	૮૦	૦–૪–૦
* શ્રીરામકૃષ્ણ પરમહંસ …	૮૮	૦–૬–૦
* સ્વામી રામતીર્થ …	૭૨	૦–૪–૦
* બાળકોનો આનંદ (સચિત્ર)	૯૬	૦–૬–૦
* બાળકોની રીતભાત …	૪૮	૦–૩–૦
* બાળકોનો આચાર (સચિત્ર)	૪૦	૦ ૩–૦
વિક્રમની વાતો … …	૩૪૮	૨–૮–૦
બીરબલ ને બીજા …	૨૮૦	૨–૦–૦
કાકાનો સંજય (સચિત્ર)	૩૨૦	૧–૧૨–૦
* આકાશના તારા (સચિત્ર)	૪૮	૦–૬–૦
* વસંતનું આગમન (સચિત્ર)	૩૨	૦–૪–૦
* અમારા માધવકાકા (સચિત્ર)	૮૦	૦–૬–૦
* કુણાલ (સચિત્ર) …	૭૨	૦–૮–૦
* ભીમભાઈનું પહેરણ (સચિત્ર)	૩૨	૦–૪–૦
* સૌથી પહેલા દાદાજી (સચિત્ર)	૭૨	૦–૬–૦
* સમીસાંજની વાતો (સચિત્ર)	૮૦	૦–૬–૦
* બાળકોની વાતો ભાગ ૧લો (સચિત્ર)	૧૩૬	૦–૬–૦

નોંધ : ઉપરનાં ૨૩ પુસ્તકોનું છાપેલું મૂલ્ય રૂા. ૧૪–૬–૦ થાય છે, તે માત્ર રૂા. ૧૧)માં મળશે. સેલ્સટેક્સના રૂા. ૦–૫–૬ અને ટપાલખર્ચના રૂા. ૧–૧૦–૬ જુદા સમજવા. પરદેશથી મંગાવનારે રૂા. ૧૩–૧૨–૦ મોકલવા.

* આ ફૂદડી મૂકેલાં પુસ્તકો આમ સાહિત્ય શ્રેણીના સેટમાં આવી જાય છે; એટલે યોજના નં. ૩નો સેટ ખરીદનારને આ યોજનામાંથી ફૂદડી સિવાયનાં બાકીનાં પુસ્તકોનો સેટ પંદર ટકા વળતરથી મળશે.

છેલ્લાં ૩૯ વર્ષથી ચાલતી ગુજરાતની સૌથી જૂની ને લોકપ્રિય

વિવિધ ગ્રંથમાળા

દેશમાં રૂા. ૬-૮]   વાર્ષિક લવાજમ   [પરદેશમાં રૂા. ૧૦]

આજે જ ગ્રાહક બનીને વરસે દિવસે ૧૬૦૦ પાનાંનું વિવિધ વિષયોનું વાચન ૯થી ૧૦ પુસ્તકો દ્વારા ઘેરબેઠાં મેળવો.

જુલાઈથી નવું વર્ષ શરૂ થઈ ગયું છે. પહેલા હપ્તામાં (૧) **મનુષ્યધર્મ**, (૨) **ગુજરાતનાં તીર્થસ્થાનો**, (૩) **સં. ૨૦૦૮નું પંચાંગ** અને બીજા હપ્તામાં (૪) **કાકાનો સંજય** અને (૫) **આરોગ્યરક્ષા** મોકલાયાં છે અને તે પછી બીજાં પ્રસિદ્ધ થશે તેમ મોકલાશે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય }
ભદ્ર પાસે, અમદાવાદ
કાલબાદેવી, મુંબઈ-૨


અમારે ઘેર અમો રાંધવા માટે હમેશાં
ડાલડા જ પસંદ કરીએ છીએ
-તે અમારી રોજીંદી શક્તિની
પુનઃ પ્રાપ્તિમાં સહાય કરે છે!
DALDA
HYDROGENATED GROUNDNUT AND TIL OIL
मूंगफली का जमाया तेल और तिल का तेल
डालडा
સમતોલ ખોરાકમાં આપને જોઇતા સ્નિગ્ધ-પદાર્થ પૂરો પાડે છે

HVM. 144-X30 GJ

વીજળીની શક્તિ (પાવર)

☞ રાષ્ટ્રીય ઝળનો પાયો છે.

વીજળીની જ્યોત ઉદ્યમ અને સૌખ્ય માટે જરૂરી છે.

૨૫ વર્ષથી જનતાની સેવા કરી રહેલી

પૂના ઇલેક્ટ્રિક સપ્લાઇ કું૦ લિ૦

નાસિક દેવલાલી ઇલેક્ટ્રિક સપ્લાઇ કું૦ (લિમિટેડ)

ભરૂચ ઇલેક્ટ્રિક સપ્લાઇ કું૦ લિ૦

મેનેજિંગ ડાયરેક્ટર:
ગોકળચંદ દ્વારકાદાસ મોરારકા
સ્ટેન્ડર્ડ બીલ્ડિંગ, હોર્નબી રોડ, મુંબઈ.

કપડાં વધુ ચમકદાર રાખો.

આજકાલ કપડાં બહુ ખર્ચાળ છે તમારે તેની સંભાળ લેવી જોઈએ, જેથી તે વધુ ટકે અને છતાં તમને ચપળ દેખાડે તેવાં ઉજ્જવળ અને સ્વચ્છ હોવાં જોઈએ.



લાંબો સમય પહેરો.

૭૭૭ ધોવાના સાબુ સ્વસ્તિકના સતત સાબુ બનાવતા પ્લાંટમાં બનાવવામાં આવે છે. અહીં અદ્યતન યંત્રો મૂળભૂત પદાર્થોની પ્રમાણસર મેળવણી કરે છે. આવો પ્લાંટ સમગ્ર એશિયામાં એક જ છે.

સ્વસ્તિકના ૭૭૭ ધોવાના સાબુઓ તેથી માલની બાબતમાં વધુ ઉમદા, ધોવામાં વધુ સલામત અને પરિણામમા વધુ ઉજ્જવળ હોય છે



હમણાં જ માગો.
હમેશાં તેની માગણી કરશો.

777

ધોવાના
સાબુઓ

[illegible]. 192

સ્વસ્તિક ઓઈલ મિલ્સ લિ૦ વડાલા-મુંબઈ.

PLATO

પેન્સ


Always at your Command
arrow clip
No.36
Rs.3/12
It's main Features
other varieties
PLATO

'પ્લેટો' વાપરનારના શાહીથી હાથ બગડતા નથી; લખતી વખતે પેન ઝાટકવાની જરૂર પડતી નથી. ઈરીડીયમ નીબ હોવાનો કારણે વર્ષો સુધી ટાંક જેવી ને તેવીજ રહે છે. જુદા જુદા પ્રકારના આકર્ષક રંગોમાં મળે છે.

પ્લેન ટાપીંડો
મેટલ કેપ
બોલ કલીપ

બનાવનારાઓ :
મ્હાત્રે પેન એન્ડ પ્લાસ્ટીક ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ.

વધુ માહિતી માટે નીચેના ઠેકાણે લખો :
બેસ્ટ ફાઉન્ટન પેન ડીપો.
આનંદ ભુવન, [illegible] મુંબ[illegible]

"સાધુ" સીવવાના દોરા ની

કસોટી

સાધુ સીવવાના દોરાને ગૂંથીને બનાવેલું દોરડું જ્યારે ગજગ્રાહ વગેરે રમતોમાં વાપરવામાં આવે છે, ત્યારે તેની અદ્‌ભુત મજબૂતાઈ સાબિત થઈ જાય છે. આ આખા દેશના દરજીઓ પોતાના અનુભવ ઉપરથી જાણે છે કે આ 'સાધુ' દોરા સિવાય બીજા કોઈ પણ દોરા સ્ટીચીંગ માટે વધારે સારા નથી. જે લોકોને સરસ કામ આપવું હોય છે, પછી ગમે તો તે દરજી હોય કે ગૃહિણી હોય પણ તે તો હંમેશ 'સાધુ' દોરા જ કે જે મજબૂત અને ટકાઉ છે તે જ વાપરશે.

કોહીનૂર મિલ્સ કું૦ લિ૦

એજન્ટો :
કીલીક ઈન્ડસ્ટ્રીઝ લિ૦
સોન યાર્ન સેલીંગ એજન્ટો :
નહાલચંદ લલ્લુચંદ લિ૦

COPY RIGHT (Stronachs)

ચિક્કાર [illegible] છે.... ....

રોક્ષી–જયહિંદ અને રિવોલી–મુંબઈ

ટૂંક સમયમાં રજૂ થશે : કૃષ્ણ સિનેમા–અમદાવાદમાં



ASARWA
COVERS THE
WHOLE FAMILY

Specialities

SHIRTING, PATTO & DRILS,
DHOTIES, SARIES, PRINTED
MULMUL & CHINTZS

ASARWA MILLS LTD.
AHMEDABAD II.

ગ્રાહકોને

૧ 'અખંડ આનંદ' અંગ્રેજી માસની પહેલી તારીખે પ્રસિદ્ધ થાય છે અને ગ્રાહકોને પોસ્ટ થાય છે.

૨ વાર્ષિક લવાજમ **રૂ. ૮॥**, બ્રહ્મદેશ માટે **રૂ. ૯**, પરદેશ માટે **શિ. ૧૬** અથવા **રૂ. ૧૦॥** છે.

૩ 'અખંડ આનંદ'નું નવું વર્ષ નવેમ્બર માસથી શરૂ થઈ ઑક્ટોબર માસમાં પૂરું થાય છે. વર્ષમાં ગમે તે માસથી ગ્રાહક થઈ શકાય છે. એક વર્ષથી ઓછી મુદ્દત માટે ગ્રાહક નોંધાતા નથી.

૪ પૂરતી તપાસ કર્યા બાદ ગ્રાહકોને અંક રવાના કરવામાં આવે છે, છતાં કોઈને અંક દર મહિનાની તા. ૧૫મી પહેલાં ન મળે તો વિભાગની પોસ્ટ ઑફિસે ફરિયાદ કરવી અને ત્યાંથી જે જવાબ મળે તે અમને મોકલવો, જેથી ઘટતું થઈ શકે.

૫ સરનામું બદલાયાની ખબર ઓછામાં ઓછા પંદર દિવસ પહેલાં આપવી અને સાફ અક્ષરોમાં ગ્રાહક નંબર, નવા કે જૂના ગ્રાહક તથા નામ અને ઠેકાણું બરાબર જણાવવું. મહિના બે મહિના માટે સરનામું બદલવું હોય તો પોતાના પોસ્ટ માસ્તરને જણાવી વ્યવસ્થા કરી લેવી. સરનામું ફેરવ્યાની જાણ થતાં પહેલાં અંક જૂના સરનામે રવાના થઈ જશે, તો ફરી અંક મફત મોકલવામાં આવશે નહિ.

૬ એક રૂપિયો મોકલવાથી નમૂનાનો અંક મોકલવામાં આવે છે; ગ્રાહક થયા બાદ એ અંક પાછો મોકલવામાં આવે, તો એક રૂપિયો પરત કરવામાં આવે છે.

૭ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનું નામ–સરનામું અને ગ્રાહક નંબર અવશ્ય લખવો જોઈએ.

૮ લવાજમ મનીઑર્ડરથી મોકલવું સલાહભર્યું છે; કારણકે વી. પી. થી મંગાવનારને રજિસ્ટર ખર્ચ સાથે **રૂ. ૮–૧૪–૦** નું વી. પી. થશે, તેમ જ વી. પી. થી મોકલાતા અંકો મોડા મળે છે. પરદેશમાં વી. પી. થતું નથી. **ચેક અગર ડ્રાફ્ટ 'સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ'ના નામનો મોકલવો.**

૯ લવાજમ મોકલતી વખતે જૂના ગ્રાહકોએ પોતાનો નંબર લખવો અને નવા ગ્રાહક થનારે '**નવા ગ્રાહક**' એમ લખવું આવશ્યક છે. મનીઑર્ડરની કૂપન પર સ્પષ્ટ અક્ષરોમાં પૂરેપૂરું નામ, સરનામું, રકમ અને રકમ મોકલ્યાનો ઉદ્દેશ લખવાં.

૧૦ 'અખંડ આનંદ' સાથે પુસ્તકો મોકલાતાં નથી.

૧૧ વ્યવસ્થા અંગેનો સર્વ પત્રવ્યવહાર **અમદાવાદના કાર્યાલય** સાથે કરવો.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર, **અમદાવાદ** ને કાલબાદેવી, મુંબઈ–૨

લેખકોને

'અખંડ આનંદ' કોઈ ચોક્કસ વિષય કે વર્ગનું માસિક નથી, એ સર્વદેશીય અને સર્વોપયોગી થાય એવા અમારા પ્રયત્નો છે. સાહિત્યના કોઈ પણ પ્રકારને–વાર્તા, નાટક, જીવનચરિત્ર, ધર્મકથા, પ્રસંગકથા, રેખાચિત્ર, પત્ર, નિબંધ, પરિચય, પ્રવાસવર્ણન, કાવ્ય વગેરે કોઈ પણ રૂપમાં માનવજીવનને ઊંચે લાવનારા, પ્રેરણા આપનારા, ઉપયોગી વિચારો ગૂંથાયા હોય તેવાં તમામ પ્રકારનાં લખાણો 'અખંડ આનંદ' માટે સ્વીકારવામાં આવે છે. એ અભ્યાસયુક્ત અને કલામય છતાં સાદી ભાષામાં ને સરળ શૈલીમાં આલેખાયેલાં હોવાં જોઈએ.

તંત્રી તરફથી સામાન્ય રીતે લેખના સ્વીકાર–અસ્વીકારનો જવાબ એક પખવાડિયામાં તો અપાય જ છે; પરંતુ લેખ ચોક્કસ કયા માસમાં પ્રસિદ્ધ થશે તે કહેવાનું મુશ્કેલ હોય છે. માસિકમાં વૈવિધ્ય, દરેક વિષયનું પ્રમાણ અને પ્રાસંગિક લેખોનું મહત્ત્વ જળવાય એ દૃષ્ટિએ સંપાદન થાય છે. કોઈ પણ કૃતિની જવાબદારી તો લેખકની જ રહે છે.

લેખ પ્રસિદ્ધ થતાં લેખકને અંક, યોગ્ય પુરસ્કાર અને લખાણની છૂટી પાંચ પ્રતો મોકલી આપવામાં આવે છે.

અસ્વીકાર પામેલા લેખની સાથે તેનાં કારણો આપવાનું અતિ મુશ્કેલ છે. એથી ચર્ચામાં ઊતરવું પડે છે. કેટલાક લેખકોને માઠું પણ લાગે છે; એટલે અનુભવ પછી 'અસ્વીકાર્ય' એવી નોંધ સાથે લખાણ પાછું મોકલવાનું નક્કી કરવું પડ્યું છે. લેખકો આ બાબતમાં ગેરસમજ ન કરે એવી વિનતિ છે. સ્વીકાર-અસ્વીકારના જવાબ માટે અને અસ્વીકાર પામેલું લખાણ પાછું મેળવવા માટે ટપાલખર્ચ મોકલવું આવશ્યક છે. જેનું ટપાલખર્ચ ન મળ્યું હોય તે લખાણને એકાદ માસ પછી રદ કરવામાં આવે છે.

લેખકની કૃતિ શાહીથી, કાગળની એક જ બાજુએ સારા અક્ષરે લખેલી હોવી જરૂરી છે. અંગ્રેજી, સંસ્કૃત કે બીજી કોઈ ભાષાનાં અવતરણો મૂકવાં હોય તો તેનું ગુજરાતી ભાષાંતર આવશ્યક છે.

તંત્રી સાથેનો તમામ પત્રવ્યવહાર કરવાનું અને લેખ મોકલવાનું સરનામું નીચે પ્રમાણે છે:

તંત્રી : 'અખંડ આનંદ'
ગુલબહાર, બેરેક રોડ, મુંબઈ–૧

: અનુક્રમ :

	લેખ	લેખક	પૃષ્ઠ
૧	ભૂલ થયા પછી	શ્રી	૩
૨	માનવ ખંડિયેર (કાવ્ય)	શ્રી બાદરાયણ	૪
૩	શ્રી અરવિંદ સાથે	શ્રી દિલીપકુમાર રૉય	૫
૪	બાપુને આંગણે	શ્રી પ્રભુદાસ ગાંધી	૧૮
૫	વેરઝેર વિરુદ્ધ હેતપ્રીત	શ્રી બ. ક. ઠાકોર	૨૧
૬	સમાજમાં વૃદ્ધોનું સ્થાન	શ્રી દી. બ. હીરાલાલ લલ્લુભાઈ કાજી એમ. એ., બી. એસસી., જે. પી.	૨૯
૭	માબાપની ફરજ	ડૉ. એમ. ડી. આડતિયા એમ. ડી. એફ. સી. પી. એસ., બી. એસસી., ડી. જી. ઓ.	૩૭
૮	આમ્રપાલી (નૃત્યરૂપક)	અધ્યા. પ્રેમશંકર હ. ભટ્ટ એમ. એ.	૪૩
૯	દરજીઓ હડતાલ પર જાય તો?	અધ્યા. મનસુખલાલ ઝવેરી એમ. એ.	૫૦
૧૦	કલમી કપાસ	શ્રી ગ. વા. દેવધર એમ. એસસી.	૫૨
૧૧	શિયાળાની રાતે (વાર્તા)	શ્રી જયંત વસા	૫૪
૧૨	ભગવતી ચંદ્રભાગા	શ્રી શિવશંકર પ્રા. શુક્લ	૬૦
૧૩	નબળાઈ	શ્રી રતિલાલ ચૂનીલાલ દીવાન	૬૩
૧૪	મૃત્યુપારનું જીવન	અધ્યા. શશિન્ ઓઝા એમ. એ.	૬૬
૧૫	સાચું સુખ	મુનિશ્રી ચંદ્રપ્રભ સાગરજી	૭૨
૧૬	અભાગણી (વાર્તા)	શ્રી પ્ર. હ. મહેતા બી. એ.	૭૫
૧૭	આંબળાં (આરોગ્ય)	વૈદ્ય જયકૃષ્ણ હરિલાલ ભટ્ટ 'ભિષગ્વર'	૮૨
૧૮	શ્રી એકનાથ (જીવનરેખા)	શ્રી ન. ર. ફાટક	૮૬
૧૯	જમણો હાથ	શ્રી ગોવિંદભાઈ કા. પરમાર	૮૯
૨૦	સરળ વર્ગીકરણ પદ્ધતિ	શ્રી માધવ મો. ચૌધરી	૯૨
૨૧	જીવક (ધર્મકથા)	શ્રી 'ઉગ્રરશ્મિ'	૯૬
૨૨	સમયસૂચકતા	શ્રી રમેશચંદ્ર હ. શેઠ	૧૦૭
૨૩	વૈજ્ઞાનિક આસ્તિક બને છે	શ્રી લલિત ભટ્ટ બી. એસસી.	૧૧૧
૨૪	સંપાદકીય	સોપાન	૧૧૫
૨૫	સંસ્થા સમાચાર	કાર્યાલય	૧૨૦

* * *

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી તંત્રી : સોપાન
મુદ્રક અને પ્રકાશક : ત્રિભુવનદાસ ક૦ ઠક્કર,
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સસ્તું સાહિત્ય મુદ્રણાલય, રાયખડ–અમદાવાદ

અખંડ આનંદ

વર્ષ ૫, અંક ૩] તંત્રી : સોપાન [જાન્યુઆરી ૧૯૫૨

ભૂલ થયા પછી

જીવનમાં જેણે કદી ભૂલ ન કરી હોય એવો માનવી મળવો દુર્લભ. ભૂલ તો થવાની જ. મહાપુરુષોએ પણ ભૂલો કરી છે. ભૂલ કરનારાઓમાં જેઓ પોતાના જીવન વિષે જાગૃત છે ને સતત વિકાસની ઝંખના રાખે છે તેઓને માટે દરેક ભૂલ શિખામણનો એક પાઠ બની જાય છે, જ્યારે બીજાઓ પ્રત્યેક ભૂલે વધુ ને વધુ નબળા બનતા જાય છે. નવું કામ હાથમાં લઈએ કે નવો રસ્તો ખેડીએ, ત્યારે માની જ લેવું કે ભૂલો થવાની, અણધાર્યાં અંતરાયો પણ આવવાના. સીધો સરળ માર્ગ તો દેવોને ય દુર્લભ છે.

નાના બાળકનું અવલોકન કરીએ. એ ઊભું થવા જ્યારે પ્રયત્ન કરતું હોય છે ત્યારે અનેક વાર પડી જાય છે, પરંતુ દરેક વખતે એ પોતાની ભૂલ સમજી જાય છે. ક્યાં કેટલું વજન આપવું જરૂરી હતું તેનું ભાન એના બાલમાનસમાં પ્રગટે છે. એ પોતાની ક્રિયા વિષે એકાગ્ર હોય છે, આસપાસની દુનિયાને એ ઘડીભર ભૂલી જાય છે, આવી એકાગ્રતાને કારણે એ પોતાની ભૂલ પકડી પાડે છે. આપણે મોટાઓએ જો ભૂલમાંથી શીખવું હોય તો પ્રત્યેક પ્રવૃત્તિ ચિત્ત પરોવીને કરવી જોઈએ. જે પોતાની ભૂલ શોધી શકે, તે તેનાં કારણો શોધવા સહજ રીતે પ્રયાસ કરે અને એ કારણો જાણ્યા પછી તે દૂર કરવા પણ મથે જ.

ભૂલ થવાની જ છે એમ પ્રથમથી સમજી લેવું, પરંતુ એકવાર ખાડામાં પડ્યા પછી પણ જે આંખ ઉઘાડીને ન ચાલે તે ફરી વધુ સહેલાઈથી ખાડામાં ગબડી પડે એ સ્વાભાવિક છે. ‘મનુષ્ય માત્ર ભૂલને પાત્ર,’ એ સૂત્ર ફરીફરી ભૂલો કરવા કે તે સાંખવા માટે નથી, પણ વિકાસનો એક નિયમ બતાવવા માટે છે. ભૂલમાંથી જો શિક્ષણ ન લઈએ તો ઈશ્વરે આપણને જે વિવેકશક્તિ આપી છે તે વૃથા નીવડે. પ્રામાણિક ભૂલથી શરમાવાનું ન હોય, શરમ તો એ ભૂલમાંથી આપણે કંઈ જ ન શીખીએ તો તેમાં છે. વિકાસ ચાહનારે પોતાની ભૂલ ઉપરાંત બીજાની ભૂલમાંથી પણ શીખવું જોઈએ. આ દુનિયામાં જેમણે ઝડપી પ્રગતિ સાધી હોય એવી વ્યક્તિને, એવા સમાજને, એવી સંસ્થાને, એવા રાષ્ટ્રને ધ્યાનથી જોઈશું તો તેઓ બીજાની ભૂલમાંથી કેટલું શીખ્યા છે તે જણાઈ આવશે. બીજાનું જોવાની અને તે વિષે વિચારવાની ઈશ્વરે માણસમાં સહજ પ્રેરણા મૂકેલી છે. એ પ્રેરણાનો જે ઉપયોગ કરે છે તે પોતાના જીવનમાં બહુ ઓછી ભૂલો કરે છે, અને તેની પ્રગતિમાં પણ વેગ આવે છે.

શ્રી

માનવ ખંડિયેર

અહીં જ્યોતની ઝાકઝમાળ હતી,
અહીં ઊર્મિ તણી વણઝાર હતી,
અહીં જીવનપુષ્પ સુવાસ હતીઃ
અહીં ભવ્ય મહાલય શોભતો’તો, એના ખંડે ખંડેય ઉજાસ હતા;
અહીં માનવતા તણા મંદિરમાં, સાચી માનવતા તણા વાસ હતા !
ભર્યાં નેત્રમાં નર્તનનૂર હતાં,
અને વાણીમાં સર્જનપૂર હતાં,
ઉરતાર લયે ચકચૂર હતાઃ
ગાન, તાન, પ્રકાશ ને આનંદના, રવ વ્યાપી બધે નીત ગાજતા’તા;
એને ઝીલતાં ઝીલતાં માનવીઓ, મશગૂલ બની એમાં રાચતા’તા.
એમાં જીવનના જયકાર હતા,
એમાં ચેતનના ચમકાર હતા,
અને શ્વાસ તણા થડકાર હતાઃ
એમાં ઊંડા નિસાસાની આગ જલી, તેની રાખ પડી ઢગલો થઈને;
એના આતમના ગૂંગળાટ તણા, પડઘા પડતા હજુયે શ્રવણે.
એવા દિન પછી દિન કંઈક ગયા,
અને માસ પછી કંઈક માસ વીત્યા,
થયાં વર્ષો વિદાય, ન પાછા વળ્યાંઃ
બધાં આથમ્યાં નૂર ને ઓસર્યાં પૂર, ને ગાનના સૂર બધા ય શમ્યા;
તેને આશરે આવતા પંથીઓ છોડીને, આજ બધા ય વિદાય થયા.
એનાં માળખાં વેરવિખેર થયાં,
એના રંગનાં તેજ વિલીન થયાં,
એના જ્ઞાનપ્રદીપ બુઝાઈ ગયાઃ
એની ભાવનાની બધી ભીંત ખવાઈને જીર્ણ થઈ,
એમાં ઊર્મિનાં જાળાંની હાર બધે પથરાઈ ગઈ.
એમાં કોઈએ ન કો’દીએ વાસ કરે,
એનો સૌએ સદા ઉપહાસ કરે,
એના અંતરનો છેલ્લો શ્વાસ ઢળેઃ
એના જીર્ણવિશીર્ણ આ દેહના માળખાને હવે કોઈ દુભાવશો ના;
એની એકલતામાં એ રાચે ભલે, એની પાસ જઈ ભડકાવશો ના.
એને જોઈ કો આંસુડાં સારશો ના,
એનું ભાંગેલું ઉર વિદારશો ના,
એની બૂઝેલ આગ ચેતાવશો નાઃ
એમાં બાઝેલ ઊર્મિનાં જાળાંને, વેદનાના થર કોઈ ઉખેડશો ના;
એની સુંદરતાને સજાવવાને, એની જીર્ણતાને અભડાવશો ના.

‘બાદરાયણ’

શ્રી અરવિંદ સાથે

લેખક :
શ્રી દિલીપકુમાર રૉય

મહાયોગી શ્રી અરવિંદના આશ્રમમાં ઘણા યાત્રીઓ દેશવિદેશથી મુલાકાત માટે આવતા અને અનેક પ્રશ્નોનું સુખદ સમાધાન પામી જીવનપાથેય મેળવી જતા. શ્રી અરવિંદની વાણી સામાન્ય જનને સહજ સમજાય એટલી સરળ લાગતી નહોતી; એમને સમજવા માટે માનસિક ને આધ્યાત્મિક ઉચ્ચ ભૂમિકાની જરૂર રહેતી હતી. કંઈક ગૂઢ તત્ત્વ જાણે પ્રબોધાઈ રહ્યું હોય એવું લાગતું. શ્રી અરવિંદ આ જગત ઉપર વિજ્ઞાનમય ચેતનાશક્તિનું અવતરણ કરવા માગતા હતા. શ્રી અરવિંદ સાથેની લેખકની અહીં રજૂ થતી મુલાકાતમાં જીવનને ઉચ્ચ ભૂમિકાએ પહોંચાડનારા, ચેતનાનો વિકાસ દર્શાવનારા, શ્રેયસાધકને ઉદ્‌બોધનારા કેટલાક પ્રશ્નોની પ્રમાણમાં વિસ્તૃત ચર્ચા છે. પ્રથમ વાચને કંઈક અઘરું લાગે તોય ફરી ને ફરી આનું વાચન ઇષ્ટ બનશે. શ્રી અંબાલાલ પુરાણીએ ‘ અખંડ આનંદ ’ના વાચકો માટે આ લેખ સંક્ષિપ્ત કરીને મોકલ્યો છે.

મારી મુલાકાતોનું વર્ણન શરૂ કરતાં પહેલાં સૂક્ષ્મ ભૂમિકાની એક ઘટના વિષે થોડો ઉલ્લેખ કરવો આવશ્યક છે. ઘટના આ પ્રમાણે હતી: મારી એક સ્ત્રી-મિત્રને ઓમની બસમાં મુસાફરી કરતાં થ્રોમ્બોસીસનો—હૃદયવ્યાધિનો—ઓચિંતો હુમલો થયો. એને એમ જ લાગ્યું કે હું મરી જ જઈશ. એણે તે વખતે શ્રી અરવિંદ અને શ્રી માતાજીને પ્રાર્થના કરી અને ચમત્કાર બન્યો. એ બચી ગઈ! એટલું જ નહિ પરંતુ પાંચ મિનિટમાં એની સઘળી શારીરિક નબળાઈ પણ પૂરેપૂરી દૂર થઈ ગઈ! એના મન ઉપર આ ઘટનાની ઘણી ઊંડી અસર થઈ, કારણકે એ તો સુવિદિત છે કે થ્રોમ્બોસીસનો હુમલો થયા પછી દર્દી ખૂબ જ નબળો પડી જાય છે.

મેં આ ઘટના વિષે શ્રી અરવિંદને પત્ર લખીને પૂછ્યું કે આ બાબત એ બાઈની કલ્પના માત્ર છે, કે પછી એણે મદદ માગી તેની શ્રી માતાજીને ખરેખર ખબર પડી હતી?

૨૪ માર્ચ ૧૯૪૯ના પત્રમાં એમણે આ પ્રમાણે ઉત્તર આપ્યો : ‘ એના અનુભવ વિષે જણાવવાનું કે એણે મદદ માટે શ્રી માતાજીને સાદ કર્યો તે નિશ્ચયપૂર્વક શ્રી માતાજીને પહોંચ્યો હતો, જો કે એના પત્રમાં એણે જે વિગતો (પોતાના વિષે) જણાવી છે તે કદાચ શ્રી માતાજીના સ્થૂલ મનમાં હાજર ન હોય એ શક્ય છે. એ પ્રકારના ઘણા સાદો શ્રી માતાજી પ્રત્યે આવતા હોય છે—કેટલીક વાર એક પછી એક, એમ સેંકડો પણ—અને હમેશાં એમના પ્રત્યુત્તર અપાય છે. પ્રસંગો જુદાજુદા, અનેક પ્રકારના હોય છે, પરંતુ જે જરૂર પૂરી પાડવા માટે સાદ થાય છે, તે પ્રત્યેકનો પ્રત્યુત્તર આપવા માટે શક્તિ હમેશાં હાજર હોય છે. સૂક્ષ્મ ભૂમિકા ઉપર આ કાર્યનો મૂળ સિદ્ધાંત એ છે. એ કામ સામાન્ય માણસના કર્મમાં એવું મુદ્લે નથી હોતું, અને જે કોઈ સાદ કરે તેના તરફથી લેખિત કે મૌખિક વાણીના વ્યવહારની જરૂર પડતી નથી. ચૈત્ય ભૂમિકામાં આપલે થાય. એટલાથી જ દિવ્ય શક્તિ પોતાના કાર્યનો આરંભ કરી દે છે. વળી એ પણ નોંધવું જોઈએ કે એ શક્તિ કોઈ નિર્વ્યક્તિક—નિરાકાર શક્તિ છે, અથવા તો કોઈ પણ સાદ કરે તેને પ્રત્યુત્તર અને સંતોષ આપવાને સદા તત્પર એવી પ્રભુની દિવ્ય શક્તિ

છે એમ પણ માનવાનું નથી. એ શક્તિ શ્રી માતાજીની એક અંગત શક્તિ છે; અને આ પ્રકારની શક્તિ અને તેનું કાર્ય તેમનામાં હોય નહિ તો એમને અહીં જે કાર્ય કરવાનું છે તે તેઓ કરી શકે નહિ. પરંતુ શ્રી માતાજીનું ગૂઢ કાર્ય અને સ્થૂલ ભૂમિકા ઉપરનું એમનું બાહ્ય કાર્ય–જ્યાં એમની પદ્ધતિ જુદી જ હોય છે–તે બન્ને એકબીજાથી તદ્દન જુદા પ્રકારનાં છે. અને છતાં એમનું સ્થૂલ કાર્ય અને ગૂઢ પ્રકારનું–સૂક્ષ્મ કાર્ય–બન્ને એકઠાં મળી શકે છે અને સૂક્ષ્મ ભૂમિકા ઉપરનું કાર્ય એમના સ્થૂલ કાર્યને વધારેમાં વધારે અસરકારક બનાવે છે.'

*

શ્રી અરવિંદને હું પહેલવહેલો ૧૯૨૪માં મળ્યો. એમની મુલાકાત લઈને જ્યારે હું પાછો ફર્યો, ત્યારે મારી મનોદશા ઘણી નિરાશામાં ડૂબેલી હતી, મારો આત્મવિશ્વાસ પણ ડગી ગયો હતો; કારણકે ગુરુદેવ મને નજીકના ભવિષ્યમાં યોગદીક્ષા આપે એવી કોઈ આશા દેખાતી ન હતી. ગમે તેટલો પ્રયત્ન કરવા છતાં એમણે મને છેવટના જે શબ્દો કહ્યા હતા તેના ઉપર મારું મન વારંવાર વિચાર કરવા લાગી જતું, તેને હું અટકાવી શકતો ન હતો: 'તમારી જિજ્ઞાસા કોઈક માનસિક છે; મારી યોગસાધના કરવા માટે એનાથી કાંઈ વધારેની જરૂર છે!' એટલે કે જીવનમાં એવો બીજો કોઈ ઉદ્દેશ કે હેતુ હોવો ન જોઈએ જે સાધકના મનને ઈશ્વર સિવાય બીજી દિશામાં આકર્ષે–આ યોગના સાધકે સંપૂર્ણપણે અનન્યાર્થી થવું જોઈએ.

હું કલકત્તા ગયો. ત્યાં આ સમય દરમિયાન શ્રીરામકૃષ્ણ મિશનના સ્વામી અભેદાનંદનું ભાષણ મેં સાંભળ્યું. એમણે 'વૈરાગ્યમેવાભયમ્'–જીવન પ્રત્યે વિરાગ પ્રાપ્ત કરવાથી જ સર્વ ભય અને બંધનમાંથી મુક્તિ મળે છે એ વસ્તુ ઘણા ભારપૂર્વક સમજાવી. હું એમની પાસે દીક્ષા લેવા ગયો. એમણે 'હા' પણ કહી. પરંતુ શ્રી અરવિંદનો એક શિષ્ય અને મારો મિત્ર એ અણીની પળે વચમાં આવ્યો. એ અમુક સિદ્ધિઓવાળા એના એક યોગીમિત્ર પાસે મારા ભાવિ વિષે પ્રશ્નો પૂછવા માટે મને લઈ ગયો. તેઓ ઘણા દૂરના એક ગામડામાં રહેતા હતા. ત્યાં એક રાત અમે એમના અતિથિ બન્યા.

મેં એમના આગળ ગુરુ માટેની મારી તીવ્ર જરૂર જણાવી અને એમની સલાહ માગી.

'બેસો અને તમારી આંખો બંધ કરો'–એટલો જ એમણે ઉત્તર આપ્યો. મને પણ જરા કુતૂહલ થયું અને મેં તે પ્રમાણે કર્યું.

થોડીવાર પછી મારા મિત્રે મને જાગ્રત કર્યો ત્યારે મેં જોયું કે એ યોગી મારી તરફ સસ્મિત જોઈ રહ્યા હતા.

'પણ તમે ગુરુની શોધમાં શા માટે રખડો છો, શ્રી અરવિંદે તમને શિષ્ય તરીકે સ્વીકાર્યા છે પછી?' એમણે મને પૂછયું.

મેં પૂછયું: 'પણ એ કેવી રીતે બને? મેં તમને કહ્યું નહિ કે એમણે મને સ્વીકાર્યો નથી?'

'પણ હું કહું છું કે એમણે તમને શિષ્ય તરીકે સ્વીકાર્યા છે,' યોગીએ ઉત્તર આપ્યો.

હું વિચારમાં પડી ગયો. મેં કહ્યું: 'મને કાંઈ સમજણ પડતી નથી. જરા વધારે વિસ્તારથી સમજાવો તો કૃપા થશે.'

'પણ એ તો તદ્દન સાદીસીધી વાત છે,' એમણે કહ્યું. થોડી વાર મારી સામે તાકીને જોઈ રહ્યા અને પછી કહ્યું: 'શ્રી અરવિંદ હમણાં જ તમારી પાછળ હતા અને મને સલાહ આપી કે એને નાદ જોવાને કહો.' એમણે મને કહ્યું કે 'એને (દિલીપને) કહો કે એની તૈયારી થશે એટલે હું એને બોલાવી લઈશ.' હવે સ્પષ્ટ થયું?' એમણે

પ્રશ્ન કર્યો.

મને આમાંનું કાંઈ જ સમજાયું નહિ. હું ગૂંચવાઈ ગયો. એ યોગી મારા પ્રત્યે હસતા હતા !

પછી એમણે મને પૂછયું: 'વારુ, તમને હજી વધારે ખાતરી થાય એવી વાત કહું ?'

હું તો એમની સામે જોઈ જ રહ્યો! થોડી વાર વિચાર કરીને એમણે કહ્યું: 'કહો જોઈએ, તમારી જમણી બાજુના પેઢમાં તમને કોઈ વ્યાધિ છે ?'

હું વિસ્મિત થઈને એમના તરફ જોઈ જ રહ્યો! 'પણ તમને કયાંથી ખબર પડી ?' મેં પૂછયું.

'મને ખબર ન હતી—એટલે કે, એમણે કહ્યું તે પહેલાં.'

'કહ્યું ? પણ કોણે કહ્યું ?' મારાથી પૂછયા વગર રહેવાયું નહિ.

એ તો સ્મિત કરતા હતા: 'તમારા ગુરુ સિવાય બીજો કોણ હોય ? એમણે મને કહ્યું કે એનો રોગ મટે ત્યાંસુધી યોગસાધના શરૂ કરવાનું મુલતવી રાખવાની એમણે તમને સલાહ આપી છે.'

'પણ વ્યાધિ શો છે ?' એમણે પૂછયું.

'એ તો સારણગાંઠ છે. દોરડું ખેંચવાની રમતમાંથી એ દર્દ થયું છે,' મેં જણાવ્યું.

એમને આનંદ થયો. 'હવે સમજાય છે; કારણકે યોગસાધનામાં શરીરનાં મર્મસ્થાનો પર દબાણ થાય છે, તેથી એવું દર્દ મટે ત્યાંસુધી વાટ જોવાની એમણે સલાહ આપી હશે.'

'પણ તમારી કાંઈ ભૂલ થાય છે,' મેં કહ્યું. 'એમણે મને એમ કહ્યું કે મારી જિજ્ઞાસા હજી કેવળ માનસિક છે.'

મારી અને શ્રી અરવિંદ વચ્ચેની એવી વાતચીતનું વર્ણન ધ્યાનપૂર્વક સાંભળીને એમણે કહ્યું: 'એ તો બધું સ્પષ્ટ છે. તમે પોતે એમને તમારા ગુરુ તરીકે સ્વીકારો ત્યાંસુધી એમણે તમને વાટ જોવાનું કહ્યું છે. આજે તમે એમને તમારા ગુરુ તરીકે ઓળખતા નથી એ તો સ્પષ્ટ છે; કારણકે નહિ તો, તમે બીજા કોઈ ગુરુ પાસે જવાનો સ્વપ્ને પણ વિચાર કરત નહિ.'

એમણે મને શ્રી અરવિંદની મહત્તા સમજાવી અને એમ પણ કહ્યું કે જે વિજ્ઞાનમય શક્તિનું અવતરણ તેઓ કરાવવા માગે છે તેને માટે હજી આ પૃથ્વી તૈયાર નથી. એમણે કહ્યું કે શ્રી અરવિંદ 'યુગાવતાર' છે. એમણે પોતે સૂક્ષ્મમાં શ્રી અરવિંદને અને શ્રી માતાજીને પણ જોયાં છે. શ્રી અરવિંદની યોગવિભૂતિનો લાભ લેવાને એમણે સંપૂર્ણ આત્મસમર્પણ કરવાની મને સલાહ આપી.

મને ઘણો આનંદ થયો; કારણકે આવી ગૂઢ આધ્યાત્મિક શક્તિના પ્રયોગના પ્રત્યક્ષ પરિચયમાં હું કદી આવ્યો ન હતો. વળી શ્રી અરવિંદના એક શિષ્ય યોગી—સુરેશ ચક્રવર્તી—એ મને પત્ર દ્વારા શ્રી અરવિંદની જે સલાહ મોકલી હતી તે, ને આ યોગીની સલાહ બન્ને એક હતી, તેથી પણ હું ઘણો ખુશ થયો.

*

૧૯૨૭માં હું પાછો યુરોપ ગયો અને ત્યાંથી મારું મન ફરી પાછું પોંડીચેરી તરફ વળ્યું. ત્યાં ફ્રાંસમાં મોં. પોલ રીશાર સાથે મેળાપ થયો. એમણે મને શ્રી અરવિંદની મહત્તા વિષે કહ્યું એટલે મારો વિચાર દૃઢ થયો. અલબત્ત, મારાં સગાં અને મિત્રો મારે વિષે શું ધારશે એનો મને ભય તો હતો જ. આખરે હું કોઈ ખાસ ધંધા વગરનો, પરોપજીવી એક માણસ હતો અને જીવનમાં હું નિરુદ્દેશપણે ભમતો હતો, અને મારા જેવા બીજા થોડાએક પરોપજીવી લોકોને કદાચ હું સંતોષ આપતો હતો

એટલું જ. અહીં મને પ્રતીતિ થઈ કે નકામી મહત્ત્વાકાંક્ષા અને ઉત્તેજનાવાળું જીવન, કીર્તિ વગેરે ક્ષુલ્લક વસ્તુઓ માટે જે જીવન મને ગમતું હતું, જે મેં પોતે પસંદ કર્યું હતું અને જે ખરેખર જીવવા જેવું હતું, તેનો હું ત્યાગ કરતો હતો! જીવનમાં પ્રભુના ચાકર થઈને રહેવાનું સાચું જીવન હું જીવતો ન હતો અને જીવન નકામું ગુમાવતો હતો, એમ મને થયું. એકવાર મીરાંબાઈની પેઠે એની વાંસળીનો સૂર મને સંભળાયો હતો. ત્યાર પછી એમાંથી ઊતરતા પ્રકારનું સંગીત ખરું જોતાં મારે સાંભળવું જ જોઈતું ન હતું. આ વસ્તુ મારા મનમાં સ્પષ્ટ થઈ.

૧૯૨૭ના નવેમ્બરમાં હું હિંદ પાછો ફર્યો. હજી મારા મનમાં સમવિસમ હતી. પોંડીચેરી જવું હતું ખરું, પણ જાણે એકદમ નહિ, એમ મનમાં થતું.

આખરે ૧૯૨૮ના ઑગસ્ટમાં હું પોંડીચેરી ગયો, પરંતુ ૧૯૨૬ના નવેમ્બરની ૨૪મી તારીખ પછી શ્રી અરવિંદ એકાંતમાં ગયા હતા અને વર્ષમાં ફક્ત ત્રણ દિવસ જ બધા એમની આગળ થઈને નમસ્કાર કરીને લાઈનમાં–કતારમાં–પસાર થતા હતા. કોઈને તેઓ મળતા ન હતા અને વાતચીત પણ કરતા ન હતા. એમને હું મળી શકયો નહિ તેથી ઘણો નિરાશ થયો.

પરંતુ શ્રી માતાજી આશ્રમમાં બધાંની દેખરેખ રાખતાં હતાં અને દોરતાં હતાં. એટલે દર્શનના દિવસ પછી એમને મળવાની મેં માગણી કરી. એમણે તે સ્વીકારી. એમને મળીને મને ઘણો આનંદ થયો. મુલાકાતને અંતે મેં એમને ફરિયાદ કરી કે બધા લોકો જેને યોગનો 'અનુભવ' કહે છે એવો કશો અનુભવ મને હજી સુધી થયો નથી અને તેથી યોગના વાસ્તવિકપણા વિશે મારા મનમાં હમેશાં શંકા રહ્યા કરે છે. એમણે સ્મિત કરીને કહ્યું: 'પ્રયત્ન કરી જોઈશ.'

એમણે રાત્રે નવ વાગે હોટેલની મારી ઓરડીમાં ધ્યાન કરવા બેસવાની મને સૂચના કરી અને પોતે તે જ વખતે પોતાની ઓરડીમાં ધ્યાન કરશે એમ પણ જણાવ્યું.

હું ખૂબ સાવધ હતો. કોઈ પણ 'અનુભવ' આવે તે ન સ્વીકારી લેવાનો લગભગ મેં નિશ્ચય કર્યો, કારણકે મારે કાંઈ શ્રદ્ધાળુ ધાર્મિક વૃત્તિવાળા માણસો પેઠે અનુભવ જોઈતો ન હતો! તેમ સ્વસૂચન ગણી શકાય એવો કોઈ અનુભવ થાય તો તે મને પૂરતો સપ્રમાણ ન લાગે એ પણ નક્કી હતું!

આમ છતાં મારી અંદર એક શક્તિ કાર્ય કરી રહી છે એમ હું અનુભવી શકયો અને તે અનુભવ પ્રત્યક્ષ હતો.

૨૨મી નવેમ્બર ૧૯૨૮ને દિવસે–ત્રણ મહિના પછી–હું પોંડીચેરી પાછો આવ્યો! અને મારું સર્વસ્વ મેં શ્રી અરવિંદ અને શ્રી માતાજીને સમર્પણ કર્યું.

*

ફેબ્રુઆરી ૪, ૧૯૪૩ની મુલાકાત: આ દિવસે હું એમના ઓરડામાં દાખલ થયો, જેમાંથી ૧૯૨૬ પછી શ્રી અરવિંદ કદી બહાર નીકળ્યા જ નથી! મેં એમને પ્રણામ કર્યાં. એમણે આશીર્વાદ આપ્યા.

માયાળુતાભરી દૃષ્ટિ મારા તરફ કરીને બોલ્યા: 'કેમ હવે સારું છે ને?'

થોડી મુશ્કેલી અનુભવી મેં કહ્યું: 'હા.' મને ખૂબ લાગણી થઈ આવી. એમણે મારા ઉપર એમની નજર ઢાળી પણ મારે મોઢે એકે શબ્દ આવી શકયો નહિ! આવી સ્થિતિ મારે માટે અસાધારણ અને નહિ બનવા જેવી હતી; કારણકે હું એમ તો ભાથું ભરીને સવાલોનાં બાણોથી સજ્જ થઈને આવ્યો હતો! છેવટે તેઓ જ મારી સામે

આવ્યા. નીરવતાનો એમણે ભંગ કર્યો એટલે હું જરા સ્વસ્થ થઈ શકયો.

'આજે સવારે તમે કેટલાક લેખિત પ્રશ્નો મોકલ્યા છે,' એમણે કહ્યું: 'આપણે પહેલાથી શરૂ કરીએ તો–' મેં ડોકું ધુણાવી હા કહી અને ધ્યાનપૂર્વક સાંભળવા હું આતુર બન્યો.

'પહેલા પ્રશ્ન વિષે: સામાન્ય રીતે બે રસ્તાઓ છે: એક ગૌતમ બુદ્ધનો છે. બુદ્ધ એમ માનતા કે તમને ગુરુ કે અન્ય કોઈ પાસેથી થોડીઘણી મદદ કે દોરવણી મળી શકે, તોપણ તમારો માર્ગ તો તમારે એકલા જ કાપવાનો છે. એટલે કે તમારા પ્રયત્ન ઉપર મદાર બાંધીને તમારે જીવનરૂપી જંગલ કાપીને તમારો માર્ગ કરી લેવાનો છે. એ જૂનો તપસ્યાનો માર્ગ છે. બીજો ગુરુને પ્રભુના પ્રતિનિધિ તરીકે સ્વીકારવાનો રસ્તો છે. એમાં ગુરુ જ માર્ગનો ભોમિયો હોય છે, એટલે બીજાઓને માર્ગ બતાવવાનો તે અધિકારી હોય છે. અહીં આશ્રમમાં આ બીજો માર્ગ સ્વીકારાયેલો છે. એ ગુરુવાદનો માર્ગ છે.'

'પરંતુ મારો પ્રશ્ન એ હતો કે ગુરુની માનવ તરીકેની મર્યાદાઓ જ્યારે શિષ્યને બાધારૂપ લાગે, ત્યારે શું કરવું? કેવું વલણ લેવું જોઈએ?' મેં પૂછ્યું.

'એનો ઉત્તર મેં તમને પહેલાં આપેલો છે, જેમાં એ પણ જણાવેલું છે, કે પ્રભુના વાહક તરીકે ગુરુની પોતાની શક્તિ થોડીઘણી મર્યાદાઓ, કાંઈક અંશે ઊભી કરે છે તોપણ શિષ્યની–એની મદદનો સ્વીકાર કરનારની–શક્તિથી તે ઘણા વધારે પ્રમાણમાં મર્યાદિત થાય છે.'

તેઓ થોડીવાર અટકયા. સ્મિત કરીને પછી આગળ ચલાવ્યું: 'આવા પ્રશ્નમાં આજકાલનું માનસ ઘણીવાર માનસિક છબરડો કરે છે. એનું કારણ એ છે કે આધ્યાત્મિક કાર્યમાં જે શક્તિનો પ્રયોગ થાય છે તે માનસિક તર્કની રીતે કાર્ય કરીને પરિણામ લાવતી નથી. એથી કરીને માનવની બુદ્ધિ આ સાદી બાબત સમજી શકતી નથી, કે એકવાર શિષ્ય પોતાના ગુરુને પ્રભુના પ્રતિનિધિ તરીકે સ્વીકારે છે ત્યારે પ્રભુ પણ ગુરુ દ્વારા એનો સ્વીકાર કરે છે: એટલે કે જ્યારે શિષ્ય પોતાની ચેતના ગુરુ પ્રત્યે ખુલ્લી કરે છે, ત્યારે તે તેને પ્રભુ પ્રત્યે ખુલ્લી કરે છે. આમ પોતાની 'માનવતાની મર્યાદાઓ' છતાં ગુરુ તેને મદદ કરી શકે છે, કારણકે ગુરુના વ્યક્તિત્વ દ્વારા શિષ્ય પ્રભુની શક્તિનું આવાહન કરે છે અને એ શક્તિ કાર્ય કરે છે. એ શક્તિ ગુરુની માનવ તરીકેની મર્યાદાઓથી મર્યાદિત થતી નથી. હું ધારું છું કે મેં તમને લખ્યું પણ હતું કે ગુરુની અપૂર્ણતાઓ શિષ્યને માટે બાધારૂપ નીવડવી જોઈએ એવું આવશ્યક નથી. અને ગુરુ પોતે પ્રભુનો સંબંધ સાધી શકે તે પહેલાં શિષ્ય ગુરુ દ્વારા પ્રભુના સંબંધમાં આવી શકે છે. આખરે તો પ્રભુ સાથે શિષ્યનો સંબંધ કરાવી આપવાની ગુરુની આધ્યાત્મિક શક્તિની કિંમત છે–એની માનવ તરીકેની મર્યાદાઓની નથી. સમજાય છે?'

મારો બીજો પ્રશ્ન ઉત્થાપન–જમીન પરથી અદ્ધર થવાની ક્રિયા–અને સૂક્ષ્મમાંથી વસ્તુઓ સ્થૂળમાં પ્રગટ થઈ શકે છે એ વિષેનો હતો.

'પણ એ વિષે બહુ બીવા જેવું નથી. યોગનો છેવટનો ઉદ્દેશ પ્રભુનો સાક્ષાત્કાર કરવાનો તથા દિવ્ય જીવન પ્રાપ્ત કરવાનો છે. સૂક્ષ્મ ભૂમિકાની એ બધી સિદ્ધિઓ ગૌણ વસ્તુઓ છે, એટલે આધ્યાત્મિક અનુભવ માટે કાંઈ એમની આવશ્યકતા નથી. એમનામાં તમારી માન્યતા હોય કે ન હોય એ તમારા મનના ઉપર આધાર રાખે છે.'

એમણે કહ્યું.

'મને બીક એ હતી કે ગુરુના અભિપ્રાયો સ્વીકારવાની અશક્તિ ગુરુની દોરવણીથી લાભ ઉઠાવવાની નાલાયકાત તરીકે ગણાશે.' મેં કહ્યું.

'એ વિષે નિશ્ચિંત રહો; કારણકે હું જે કાંઈ લખું છું તે મારી શોધ કે મારું દૃષ્ટિબિંદુ સમજાવવા કે રજૂ કરવા માટે લખું છું. બીજાને માટે તે બંધનકર્તા હોવું જોઈએ એવો મારો મુદ્દલે આગ્રહ નથી. મને સરમુખત્યાર થવાનું પસંદ નથી અને બધાના અભિપ્રાયો મારાથી નિયામાવા જોઈએ એવો મારો બિલકુલ આગ્રહ નથી.'

થોડીવાર પછી પાસે એક બ્રોંઝનું પૂતળું હતું તે બતાવીને બોલ્યા: 'ઉદાહરણ તરીકે મને આ મૂર્તિ સુંદર લાગે છે, પરંતુ તમે એ અભિપ્રાય સાથે સંમત ન થાઓ તેમાં મને શેનો વાંધો હોય ?'

'પરંતુ તમારા અભિપ્રાયથી જુદા પડતાં પણ મને દુઃખ થાય છે. ઉદાહરણ તરીકે, સૂક્ષ્મ ભૂમિકાની શક્તિ વડે સ્થૂળ પદાર્થ બની શકે એ વિચાર સ્વીકારતાં મને મુશ્કેલી નડે છે. છતાં મારા દૃઢ થઈ બેઠેલા સંસ્કારોને દૂર કરવા ખાતર પણ એમાં માનવાનું મને મન થાય છે. ટૂંકામાં મારી બુદ્ધિ પોતાના સિંહાસનનો ત્યાગ કરે એમ હું વાંછું છું, પણ એનું સ્થાન લે એવો નવો રાજા ક્યાં છે ?' મેં પૂછ્યું.

'એ નવી જ્યોતિ પ્રાપ્ત થવી સહેલી છે, જો તમારું મન-તર્કશક્તિ સવ કાર્ય કરવા માટે પર્યાપ્ત છે, શક્તિમાન છે, એમ માનવાનું મૂકી દે તો. આખરે તો સ્થિતિ એ જ આવીને ઊભી રહે છે, કે 'સઘળા અનુભવોનો ન્યાયાધીશ આપણું મન છે.' આધ્યાત્મિક અનુભવ એની સાફ ના પાડે છે. કેવળ મનથી કશાનું પણ વાસ્તવિક જ્ઞાન મેળવી શકાય તેમ નથી. મનનું બંધારણ જ એવું છે કે દિવ્ય સત્ય અને તેના કાર્યનો ઘણો થોડો અંશ જ સમજી શકે તેમ છે. દિવ્ય સત્યના કાર્યનો એક પ્રદેશ ગૂઢ ઘટનાઓનો બનેલો છે. ત્યાં મનની ગતિ નથી. એનું કાર્ય મનની અશક્તિના ઉદાહરણરૂપ છે. એ બધી ઘટનાઓ છેતરપિંડી છે એમ કહીને એમને દૂર ફેંકી દેવાને બદલે તમે એમનો ન્યાય તોળવાને અધિકારી બનો ત્યાંસુધી નિર્ણય કરવાનું તમારે મુલતવી રાખવું જોઈએ. કોઈ વધારે મહાન ચેતનાનો વિકાસ થયા પછી જ પ્રભુના દિવ્ય કાર્યને આ પાર્થિવતાના પરદા પાછળ કે ગૂઢ શક્તિઓના કાર્યના વેશમાં સમજી શકાય તેમ છે.'

'તર્કની એક દલીલ તરીકે તમે કહો છો તે ઠીક છે, પરંતુ બિજય ગોસ્વામી એક જગાએ કહે છે કે એમના ગુરુ એમની પત્નીને આકાશમાર્ગે ઘણા દૂરને સ્થળે લઈ ગયા હતા—એ વાત બનવા જેવી કે સપ્રમાણ લાગે છે ?'

'એમની પત્નીની બાબતમાં તેઓ કહે છે તે પ્રમાણે બન્યું હતું કે નહિ તે વિષે હું કાંઈ કહી શકું તેમ નથી, પરંતુ ઉત્થાપનની ઘટના શક્ય તરીકે જોવામાં આવી છે અને યોગીઓ પ્રત્યક્ષ અનુભવથી એની પરીક્ષા પણ કરી શકે છે. વળી એ વિષેની ખાતરી પણ કરવામાં આવેલી છે; તો પછી તેને એકદમ અશક્ય કહીને કેવી રીતે ટાળી શકાય ? મનને જેની સમજૂતી મળતી નથી એવી ઘટનાઓના તો હજારો પુરાવાઓ આપણા અનુભવો આપે છે. ગમે તે કહો, પણ આખરે તો અનુભવ જ વાસ્તવિકતાની કસોટી છે અને હોવી પણ જોઈએ. અનુભવ કહે છે કે ઉત્થાપન અગર સ્થૂળ વસ્તુઓનું

સૂક્ષ્મમાંથી પ્રાકટ્ય શક્ય છે.'

'એવી તો ઘણી ઘટનાઓ વિષે આપણે સાંભળીએ છીએ. સૂક્ષ્મમાંથી સ્થૂળમાં વસ્તુનું પ્રાકટ્ય શક્ય છે ખરું? અત્યાર સુધી એવી ઘટના નજરે જોઈ હોય એવું કોઈ મને મળ્યું નથી! આપણી પાસે વિશ્વાસપાત્ર સાબિતી હોવી જોઈએ, ફક્ત શબ્દો નહિ.' મેં કહ્યું.

'ત્યારે હવે મેં મારી નજરે જે જોયું છે તે સાંભળો. અને એ ઘટના બની તેના બીજા અડધો ડઝન માણસો પણ સાક્ષી હતા. સૂક્ષ્મ ભૂમિકાના ગૂઢ નિયમો છે અને એના વિષે પ્રયોગો થઈ શકે છે એ બાબતના પુરાવા તરીકે તમારે આ ઘટના ગણવાની છે. એ વસ્તુઓ કલ્પના કે ભ્રમ કે છેતરપિંડી નથી, પરંતુ સાચેસાચી હકીકત પણ હોઈ શકે છે.

'૧૯૨૧ના શિયાળામાં 'ગેસ્ટ હાઉસ' નં. ૧૦. ફાંસ્વા માર્તે-માં પથ્થરો પડ્યા: પથરા પડવાની ક્રિયાનો આરંભ બહુ જ થોડા પથ્થરો રસોડા તરફ પડ્યા ત્યારથી થયો. બહારથી જોતાં એમ લાગે કે સામી અગાશીમાંથી કોઈએ નાખ્યા હશે. પણ ત્યાં અગાશીમાં કોઈ હતું નહીં. આ ઘટના ઘણુંખરું સાંજે શરૂ થતી અને શરૂઆતમાં અર્ધો કલાક ચાલતી. પરંતુ દિવસે દિવસે એના ગાળામાં વધારો થતો ગયો. પથ્થરો મોટા થયા અને વધારે જોરથી પડવા લાગ્યા, એમની ઝડપ પણ વધી. પછીથી થોડા કલાકો સુધી એ મારો ચાલુ રહેવા લાગ્યો. આખરે મધરાતને સમયે તો રીતસર બંદૂકના મારા જેવું થઈ પડ્યું અને તે પણ રસોડા પર મર્યાદિત નહોતો, બહારના વરંડામાં પણ પથ્થરો પડવા લાગ્યા. શરૂઆતમાં તો અમે કોઈ માણસોની રચેલી બાજી હશે એમ ધારીને પોલીસને ખબર મોકલી. પણ એમની શોધ બહુ જ થોડો વખત ચાલી. અને જ્યારે પોલીસોમાંના એકના બે પગ વચ્ચે થઈને એક પથ્થર 'સૂ' કરતો અમારા વરંડામાંથી પસાર થયો ત્યારે ભયભીત થઈને પોલીસે શોધ કરવી પડતી મૂકી! અમે અમારી રીતે તપાસ કરી. પણ જ્યાંથી પથ્થરો આવતા જણાતા કે આવી શકે તેમ હતું તે બધી જગાએ પૂરતી તપાસ કરતાં જણાયું કે ત્યાં કોઈ જગોએ માણસો જ હતાં નહીં.

'આખરે જાણે કે અમારા ઉપર દયા કરીને અમને સર્વ પ્રકારની શંકાથી મુક્ત કરવા ખાતર હોય નહીં તેમ, બંધ કરેલા ઓરડામાં પણ પથ્થરો પડવા લાગ્યા! એમાંનો એક ખાસ્સો મોટો હતો. તે પડ્યા પછી તરત જ મેં જોયો, ત્યારે તે લાંબો થઈને નેતરના ટેબલ પર નિરાંતે પડ્યો હતો! જાણે એને આરામ લેવાની જગો એ ટેબલ હોય નહીં! આ પ્રમાણે પથ્થરો વધારે ને વધારે જોખમ ભરેલી રીતે પડવા લાગ્યા. બિજયની ઓરડીનાં બારણાં પર પથ્થરો જોરથી પડતા, એ સિવાય અત્યાર સુધી કંઈ વધારે નુકસાન થયું ન હતું. છેલ્લા દિવસની આગલી રાતે હું એનું નિરીક્ષણ કરતો હતો. પથ્થરો અંતરિક્ષમાં-હવામાં જમીનથી થોડા ફૂટ ઊંચે જોવામાં આવતા. તે દૂરથી આવતા નહીં, પરંતુ ઓચિંતા પ્રગટ થતા. અને જે દિશામાંથી તે આવતા જણાતા તે પરથી તો અમારા ખુલ્લા ચોકમાંથી કે અમારા વરંડામાંથી જ કોઈ તે નાખતું હોય એમ લાગતું. પરંતુ એ આખી જગામાં પ્રકાશ હતો અને મેં જોયું કે ત્યાં કોઈ હતું નહીં-હોવાની શક્યતા જ ન હતી. છેવટે તદ્દન મૂર્ખ એવો એક છોકરો નોકર હતો, જેના પર આ હુમલા કેન્દ્રિત હતા, તેને બિજયે પોતાની ઓરડીમાં આશ્રય આપ્યો હતો, તેના શરીર પર પથરા પડવા માંડ્યા! અને બંધ બારણાં-

વાળી ઓરડીની અંદર પ્રગટ થયેલા પથ્થરના ઘાથી એને લોહી નીકળવા લાગ્યું. બિજયે મને બોલાવ્યો, એટલે હું ગયો અને છેલ્લો પથ્થર એ છોકરા પર પડતો મેં નજરે જોયો. એ અને બિજય પાસેપાસે બેઠા હતા અને એમની સામી બાજુથી પથ્થર આવ્યો હતો, પણ નાખનાર કોઈ હતું નહીં.

'અત્યાર સુધી અમે નિરીક્ષણ કરતા હતા અને તપાસ ચલાવતા હતા પણ હવે હદ થઈ લાગી. ઘટના જોખમભરેલી બની હતી, અને કાંઈ કરવું જ જોઈએ એમ અમને લાગ્યું. શ્રી માતાજીને આ ગૂઢ વિદ્યાઓનું જ્ઞાન હતું તે પરથી એમણે નક્કી કર્યું કે ઘરમાં જે છોકરો નોકર હતો, તે અને ઘર બંને વચ્ચેના સંબંધને લઈને આ ઘટના બનવા પામે છે. એટલે એ ગાંઠ તોડવામાં આવે, અને છોકરાને ઘરથી જુદો કરવામાં આવે તો પથ્થરો પડવા બંધ થવા જોઈએ. અમે એ છોકરાને રીશીકેશને ઘેર મોકલી દીધો એટલે એકદમ પથરા પડવા બંધ થઈ ગયા! ત્યાર પછી એક પણ પથરો પડ્યો નથી.

'આથી જોઈ શકાય છે કે ગૂઢ શક્તિઓની ઘટનાઓ વાસ્તવિક હોય છે અને ભૌતિકશાસ્ત્રની ઘટનાઓ જેમ અમુક નિયમ કે પ્રક્રિયા પર આધાર રાખે છે તે જ પ્રમાણે એમનાં પણ નિયમ અને ચોક્કસ પ્રક્રિયાઓ આવી રહેલી છે, જેમના વડે એ ઘટનાઓ ઉપજાવી શકાય છે એટલું જ નહીં પણ તેમને અટકાવી કે છેક વિનાશ પણ પમાડી શકાય છે.'

આ ઘટનાના સાક્ષી બારિન્દ્રકુમાર ઘોષ, ઉપેન્દ્રનાથ બેનરજી, રીશીકેશ કાંજીલાલ, બિજયકુમાર નાગ, સત્યેન, અમૃતા વગેરે હતાં.

વત્તલ કરીને એક રસોઇયો હતો તેને નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યો ત્યારે તેણે ધમકી આપી હતી, કે 'હું તમને બતાવીશ કે તમે અહીં કેવા રહી શકો છો?' એણે એક મુસલમાન ફકીરની મદદ લઈને મેલી વિદ્યાનો પ્રયોગ કરાવ્યો. જે છોકરો નોકર હતો તેને માધ્યમ તરીકે વાપર્યો. જ્યાં જ્યાં એ છોકરો ઘરમાં જતો ત્યાં ત્યાં પથ્થરો પડતા. ઉપેન્દ્રનાથ બેનરજી તો એવી ગૂઢ ઘટનાની શકયતાને પણ હસી કાઢતા હતા. હાથમાં લાઠી અને લેન્ટર્ન લઈને રાત્રે અગાસી પર દોડાદોડ કરતા હતા ત્યારે પણ પથરા તો પડયે જતા હતા!'

પછી સાત દિવસને અંતે જ્યારે શ્રી માતાજીએ છોકરાને બીજે ઘેર (રીશીકેશને ઘેર) મોકલી દીધો અને પોતાની શક્તિ વડે એ પ્રાણમય શક્તિને પાછી ફેંકી ત્યારે વત્તલની સ્ત્રી દોડતી–રડતી આવીને શ્રી અરવિંદ અને શ્રી માતાજીને પગે પડી. જેણે પ્રયોગ કર્યો હતો તેના ઉપર એ શક્તિએ હુમલો કર્યો હતો અને વત્તલ ઓચિંતો મરણતોલ માંદો પડી ગયો હતો. શ્રી અરવિંદે ક્ષમા આપી અને એ જીવ્યો.

'એટલે તમે જોઈ શકો છો,' એમણે વર્ણનને અંતે કહ્યું: 'કે માતાજીને ગૂઢ ભૂમિકાઓનું જ્ઞાન ઉત્તર આફ્રિકામાં મળ્યું હતું. તેને લઈને તેઓ આ ઘટનાને બરાબર સમજી શક્યાં હતાં.'

'અને તમે?' મેં પૂછ્યું.

'મને પણ એવી ગૂઢ ભૂમિકાના સેંકડો અનુભવો થયા છે,' એમણે ઉત્તર આપ્યો.

'ઉત્થાપન વિષે તમે શું કહો છો?'

'હું ઉત્થાપન થઈ શકે એ વિચારને સ્વીકારું છું; કારણકે પ્રકૃતિની શક્તિઓનો એવા પ્રકારનો અનુભવ થયો હતો કે જો એ શક્તિઓનો વિકાસ કરવામાં આવે તો પરિણામે ઉત્થાપન થાય. અને મને એવો સ્થૂલ અનુભવ પણ થયેલો છે. ઉત્થાપનનો સિદ્ધાંત સાચો ન હોય તો શકય જ નથી.'

'તો પછી આજકાલનું માનસ એવા

અનુભવોને સત્ય તરીકે સ્વીકારવાને શા માટે આટલો બધો નિશ્ચયાત્મક વિરોધ કરે છે?' મેં પૂછ્યું.

'મારાં લખાણોમાં મેં એ પ્રશ્નોનો પણ ઉત્તર આપેલો છે. અને ત્યાં મેં જણાવ્યું છે કે માનવ–મન જ્ઞાન પ્રત્યે વિકાસ પામી રહેલું અજ્ઞાનનું કરણ છે. એનો અર્થ એવો નથી કે આધ્યાત્મિક જીવનમાં મનને બિલકુલ સ્થાન જ નથી. પરંતુ એ જીવનમાં તે મુખ્ય કરણ થઈ શકે તેમ નથી એટલું તો નક્કી છે. તો પછી એ એવી પ્રમાણભૂત શક્તિ તો કયાંથી જ ગણાય, જેના નિર્ણયને પ્રભુએ તથા અન્ય સર્વ વસ્તુઓએ પણ તાબે થવું જોઈએ? સામાન્ય માનસ એમ ધારે છે કે સામાન્ય ચેતનાથી ઉપરની જે વસ્તુ છે, તેના વિષે સામાન્ય ચેતનામાં પડ્યા રહીને પણ પોતે નિર્ણય બાંધી શકે તેમ છે તે બરાબર નથી. ખરી વસ્તુ એ છે કે માણસે પોતાની ચેતનાનો વિકાસ કરવો જોઈએ, જેથી કરીને મનથી ઊર્ધ્વમાં રહેલાં સત્યોનો સાક્ષાત્કાર થઈ શકે. એ પ્રમાણે ચેતનાનો વિકાસ તમે કરી શકો અને તમારા ચૈત્ય પુરુષને એટલે કે અંતરાત્માને તમારી પ્રકૃતિને દોરવાનું કામ કરવા દો તો યોગ્ય સમયે તમે જેની માગણી કરો છો તે વસ્તુ પ્રત્યે તે તમને દોરી જશે, અને ત્યાં અર્ધ પ્રકાશવાળું મન તમારી દૃષ્ટિને મર્યાદિત કરી શકશે નહિ; કારણકે ઊર્ધ્વ ભૂમિકાઓમાંથી નીચે ઊતરતો પ્રકાશ તમારા મનનું સ્થાન લેશે અને ઊર્ધ્વમાંથી જ્ઞાનનો પ્રવાહ વહેતો થઇ જશે. છેવટે અધિ–મનસ અને અતિ–મનસ સુધી તમે પહોંચી શકશો.'

'હું એ સમજી શકું છું કે માનસિક નિઃસ્પંદ અવસ્થા જો માણસ મેળવી શકે તો તે ઘણી મદદગાર થઈ પડે. પણ મારી મુશ્કેલી એ છે કે મારું તોફાની મન પોતાની સત્તા રાજીખુશીથી છોડી દે તેમ નથી. વળી ઘણીવાર મને એમ પણ લાગે છે કે મનના બૌદ્ધિક પ્રશ્નો પણ આખરે કાંઈ ઉપયોગના હશે, એમનો પણ કોઈ હેતુ હશે. શંકાઓ આપણને મદદગાર પણ કેમ ન હોય; એવો પ્રશ્ન પણ મને થાય છે.'

'શંકાઓથી એટલે કે કેવળ શંકાઓ અને સંશયોથી હું નથી ધારતો કે કશો લાભ થઈ શકે; માનસિક પ્રશ્નો લાભદાયક બને ખરા, પણ તે એ શરતે કે પ્રશ્નો સત્યની ગવેષણા–શોધ–ને માટે હોવા જોઈએ. પરંતુ સંશયવાદીપણું કાયમ રાખવા માટે પ્રશ્નો કર્યા કરવા યા તો વિરોધ કરવા ખાતર કે ઇન્કાર કરવા ખાતર જ પ્રશ્નો ઊભા કરવા, એને પરિણામે જો આત્માના આધ્યાત્મિક સત્યની સામે એનો પ્રયોગ કરવામાં આવે, તો કાં તો ભૂલ થાય છે, અથવા તો સદાની અનિશ્ચિત મનોદશા જ પરિણામમાં મળે છે. જયારેજયારે દિવ્ય જયોતિ આવે, ત્યારેત્યારે હું હમેશાં સવાલો જ કર્યા કરું અને એ સત્યદર્શન કરાવવાની દરખાસ્ત કરે તેનો ઇન્કાર કરું, તો એ પ્રકાશ મારા અંતરમાં રહી શકે નહિ, સ્થાપન થઈ શકે નહિ એ દેખીતું છે. છેવટે પોતાનો અસ્વીકાર થવાથી અને મારા મનમાં એનો પાયો જામતો ન જણાતાં તે સત્ય પાછું ફરી જશે. સાધના કરતાં આપણે શંકાઓવાળી અવસ્થા પસાર કરવાની આવે એ શકય છે, પણ તે આપણી મરજીને લઈને કે ઇચ્છાપૂર્વક નહિ પરંતુ આપણા જ્ઞાનમાં અપૂર્ણતા હોય છે તેને લઈને.'

ત્યાર પછીનો મારો પ્રશ્ન આ હતો: 'માનસિક વિકાસ અમુક સંજોગોમાં અંતરાત્માના આધ્યાત્મિક વિકાસમાં બાધારૂપ થઈ શકે કે નહિ?'

'થઈ શકે અને ઘણીવાર થાય છે પણ, ખાસ કરીને સાધકનું વલણ ખોટું હોય તો..

એટલે કે મન જ આપણા વ્યક્તિત્વનું આખરી કારણ છે એમ માણસ માની લે તો એ બાધાકારક નીવડે છે. આપણી ઉત્ક્રાંતિને વેગ આપવા માટે ઊર્ધ્વ ભૂમિકાની જે જ્યોતિ આવે છે તે આપણી પાસે સહકારની માગણી કરે છે, પરંતુ મન અને પ્રાણનું અભિમાન એ જ્યોતિ માટે જગા કરવા ના પાડે તો તે ઊર્ધ્વ જ્યોતિ પ્રવેશ જ કરી શકતી નથી. ઉદાહરણ તરીકે જે લોકો માનસિક કે પ્રાણમય જીવનમાં સંતોષ માનતા હોય છે તેઓ ઘણુંખરું પોતે મનોમય કે પ્રાણમય કે શારીરિક પ્રાણીઓ છે એમ જ માનતા હોય છે. આત્મા કે અંતરાત્મા જેવી વસ્તુનું અસ્તિત્વ સ્વીકારવાની એમને પ્રેરણા જ થતી નથી. બહુબહુ તો એમને મન આત્મા એટલે શરીરના વિલય પછી જીવતી રહેનાર કોઈ વસ્તુ હોય છે. જ્યાંસુધી અંતરાત્મા પ્રકૃતિનાં કાર્યોની પાછળ રહે છે ત્યાંસુધી એ પ્રમાણે જ ચાલે છે.'

'તમે મને લખ્યું હતું, કે વિકાસની અમુક ભૂમિકા પ્રાપ્ત ન થાય ત્યાંસુધી અંતરાત્માને એ પ્રમાણે પરદા પાછળ રહીને કાર્ય કરવું પડે છે.' મેં કહ્યું.

'ત્યાંસુધી અંતરાત્માને વાટ જોવી પડે છે, અને વ્યક્તિત્વના વિકાસમાં તે પાછળ રહીને સહાય કરે છે. એ વચલા સમયમાં માનવનું મન જો નમનીય રહી શકે તો તે ઘણી મદદ કરી શકે. અર્થાત્ મને અંતરાત્માના કરણ તરીકે, નહિ કે એના માલિક તરીકે વર્તવું જોઈએ.'

'પણ સમજવું એક વસ્તુ છે અને સમજ્યા પ્રમાણે આચરણ કરવું એ જુદી જ વસ્તુ છે. તમે કહો છો તે પ્રકારની માનસિક નમનીયતા મેળવવી મને અતિશય મુશ્કેલ લાગે છે. એ કેવી રીતે કરવું એ વિષે થોડી વ્યવહારુ સૂચના આપશો?' મેં પૂછ્યું.

'પણ મેં તમને કેટલીયે વાર આપી છે ને? તમારા અંતરાત્મા સાથે સંબંધ સ્થાપન કરવા માટે, અંતરમાં જીવન જીવવા માટે, કવિતા અને સંગીત એ બે પ્રવૃત્તિની મદદ લેવા માટે મેં તમને લખ્યું નથી? એ વસ્તુ તમારી ભક્તિને મદદરૂપ છે અને સાચું વલણ ધારણ કરવામાં તમને સહાય કરે છે તેટલા માટે એમનો આશ્રય લેવાનું મેં નથી સૂચવ્યું? અંતરાત્માનો માર્ગ સૂર્યના પ્રકાશવાળો સરળ અને સીધો માર્ગ છે. જેમજેમ અંતરાત્મા તમારી પ્રકૃતિમાં આગળ આવશે, તેમતેમ માનવપ્રકૃતિનું દિવ્ય પ્રકૃતિમાં રૂપાંતર વધારે ને વધારે સહેલું બનશે. તેટલા માટે ભક્તિ, સેવા અને કર્મનો માર્ગ અનુસરવાનું હું તમને કહેતો આવ્યો છું.'

'હું તે સમજું છું, પણ હું અંતરાત્માનું વલણ જાળવી શકતો નથી, તેનું શું? શા માટે હું નથી કરી શકતો?' મેં પૂછ્યું.

'કારણકે તમારો પ્રાણ અધીરાઈને લઈને અસ્થિર થઈ જાય છે અને પછી તમારું મન સવાલો પૂછવા માંડે છે અને કંટાળી જાય છે.'

'પણ મનને શાંત કેવી રીતે કરવું?'

'એને માટે જુદાજુદા ઉપાયો છે; સાધકોને માટે અલબત્ત એક તો વિવેકાનંદે વાપર્યો તે ઉપાય છે. શાંત બેસીને મનને દોડવા દેવું, એની ક્રિયા તો આપોઆપ ચાલ્યા જ કરતી હોય છે; વાંદરાની પેઠે મન તો ચારે તરફ કૂદાકૂદ કરતું હોય છે. એને કૂદવા દો, તમે એને જોયા કરો અને વાટ જુઓ. એ પ્રમાણે છૂટી લગામ મૂકશો તો તમને જણાશે કે મન વધારે ને વધારે શાંત થતું જાય છે, આખરે સંપૂર્ણ કાબૂમાં આવી જશે.

'બીજો, લેલેએ બતાવ્યો તે માર્ગ છે; મનને શાંત કરો એટલે કે મનની ક્રિયામાં,

વિચારની ક્રિયામાં તમે પોતે ભાગ લો નહિ. તમે જોશો કે તમે, વિચારો તમારા પોતાના છે એમ માનો છો તે ભૂલ છે. ખરું જોતાં વિચારો બહારથી તમારા મનમાં આવતા હોય છે. જેમ વિચારો આવતા જણાય તેમ તેમને બહાર ફેંકી દો. એટલે તમારું મન શાંત થશે. એ પ્રમાણે કરતાં મેં જોયું કે વિચારો ખરેખર બહારથી આવતા હતા! અને મારા મનમાં પ્રવેશ પામે તે પહેલાં જ મેં તેમને બહાર નાખી દીધા. આમ ત્રણ દિવસમાં મારું મન સર્વ વિચારોથી મુક્ત થઈ ગયું. મારું મન વિશાળ, વિરાટ અને મુક્ત બન્યું અને જે વિચારો મનમાં આવતા તેમના ઉપર મારો કાબૂ રહેવા લાગ્યો, કારણકે કયા વિચારને આવવા દેવો ને કોનો ત્યાગ કરવો એ નક્કી હું કરતો હતો.'

'હું પણ પ્રયત્ન કરું છું, સંગીત અને કવિતા દ્વારા સાચું વલણ સ્થાપન કરવાનો પ્રયત્ન કરું છું, પરંતુ એ પ્રવૃત્તિઓ મને સંતોષ આપતી નથી. એ બધી નિરર્થક છે એવા સંસ્કારનો હું ત્યાગ કરી શકતો નથી. કોઈ રમત જેમાં આપણને રસ પડતો ન હોય, છતાં દેખાવ કરવો પડે કે રસ પડે છે તેના જેવી એ પ્રવૃત્તિઓ લાગે છે.' મેં કહ્યું.

'એ તમારા માનસ ઉપર જૂની–વૈરાગ્યના સંસ્કારની અસર છે. હું પોતે વૈરાગની દરકાર કરતો નથી. એના કરતાં હું ગીતાનો સમતાનો માર્ગ પસંદ કરું છું. એમાં સાધક કશાને આસક્ત થતો નથી, કશાના બંધનમાં પડતો નથી,' એમણે ઉત્તર આપ્યો.

'પણ એવું કેમ બને છે કે હું પોતે જ્યારે પ્રાણની ક્ષુબ્ધ અને મનની શંકાશીલ અવસ્થામાં હોઉં છું, ત્યારે ઘણા લોકો મારું સંગીત સાંભળીને ખૂબ જ પ્રભાવિત થાય છે. અને હું જાણે શ્રદ્ધા, આનંદ, આધ્યાત્મિક સામર્થ્ય વગેરેની જ્વલંત મૂર્તિ હોઉં એ પ્રમાણે બોલે છે. ખરું જોતાં હું શોકમગ્ન, નિર્બળ અને એકાકી હોઉં છું.' મેં પૂછ્યું.

'એવું ઘણીવાર બને છે. લોકો તમારા અંતરાત્માનો સ્પર્શ પામે છે અને અંતરાત્મામાં એ બધા ગુણો રહેલા છે.'

'આધ્યાત્મિક જીવનમાં આવી ઘટનાઓ ઘણીવાર બને છે. મન એવી વસ્તુઓની કલ્પના પણ ભાગ્યે કરી શકે છે. કેટલીક વાર એવું પણ બને છે કે ગુરુ શિષ્ય કરતાં ઓછો હોય છે–પોતે જેનો સાક્ષાત્કાર કરેલો નથી એવી વસ્તુ તે પોતાના શિષ્યને આપી શકે છે! ઘણીવાર આધ્યાત્મિક શક્તિ જે માણસ એનું વાહન બને છે તેનાથી અજ્ઞાતપણે પોતાનું કાર્ય કરે છે.'

'એવી આધ્યાત્મિક શક્તિ, જેનો પ્રયોગ કોઈ ગુરુ કે સિદ્ધ કરતો હોય તે સઘન (અં. કોંક્રીટ) અને પ્રત્યક્ષ હોય છે ખરી?' મેં પૂછ્યું.

'સઘન! તમે સઘન કોને કહો છો? આધ્યાત્મિક શક્તિની એની પોતાની સઘનતા હોય છે. એ શક્તિ પોતે રૂપ પણ ધારણ કરી શકે છે. ઉ. ત. પ્રવાહનું રૂપ. વળી એ પ્રવાહ વિષે માણસ સચેતન બની શકે છે, તથા એને પોતે ધારે તે પદાર્થ તરફ દોરી શકે છે–મોકલી શકે છે. આધ્યાત્મિક ચેતનામાં આ શક્તિ સહજ હોય છે–આ એના વિષેની હકીકત છે, ઘટના છે. પરંતુ આધ્યાત્મિક ચેતના સિવાય પણ બીજી સૂક્ષ્મ શક્તિઓ રહેલી છે, જેમનો જગતમાં અમુક ઠેકાણે અમુક પરિણામ લાવવા માટે સંકલ્પપૂર્વક પ્રયોગ કરી શકાય છે. જેમ કોસ્મિક આંદોલનો કે વીજળીના પ્રવાહો વગેરેની સ્થૂળ શક્તિનાં બનેલાં મોજાંઓ તરંગો હોય છે તે જ પ્રમાણે માનસિક શક્તિના પ્રવાહની ઊર્મિઓ, વિચારનાં મોજાંઓ, ભાવનાં આંદોલનો–ક્રોધ વગેરેનાં પણ–હોય છે, અને

વ્યક્તિમાંથી એ બધાં બહાર પસરતાં હોય છે તથા બીજા લોકોના ઉપર એમના અજાણતાં અસર પણ કરે છે. એ લોકો એ ઊર્મિઓ ક્યાંથી આવે છે કે આવે છે કે નહિ તે પણ જાણતા હોતા નથી. એ લોકો તો પરિણામ અનુભવે છે. જેને ગૂઢ ભૂમિકાઓનું જ્ઞાન હોય છે તે ઊર્મિઓને આવતી તથા પોતાના પર હુમલો કરતી અનુભવી શકે છે. કોઈ ઇરાદા વગર–સ્વાભાવિક રીતે, એ પ્રકારની અસરો પ્રસર્યાં કરતી હોય છે, પરંતુ ઇરાદાપૂર્વક પણ એમનો પ્રયોગ કરી શકાય છે. વળી હેતુપૂર્વક, અમુક ઉદ્દેશને ખાતર પણ આધ્યાત્મિક કે અન્ય પ્રકારની શક્તિ ઉત્પન્ન કરી શકાય છે. કોઈ પણ બાહ્ય કર્મ, વાચા કે બીજા કોઈ પણ સાધનની મદદ લીધા સિવાય પણ સંકલ્પશક્તિનો કે વિચારનો અસરકારક પ્રયોગ કરી શકાય છે. એવા પ્રયોગમાં ઉપર જે 'આધ્યાત્મિક સઘનતા' કહી તે નથી હોતી તોપણ તે અસર ઉપજાવે છે. આ બધી બાબતો કલ્પના, તરંગ, ભ્રમણા કે ગપાષ્ટક નથી, પરંતુ ખરેખરી ઘટનાઓ છે.'

એમની સામે બેસીને સાંભળતાં મને પણ એમની શક્તિની અસર થઈ ગઈ. શંકાશીલ, અશ્રદ્ધાળુ દિલીપમાંથી હું એકદમ પ્રતીતિવાળો દિલીપ બની ગયો! શંકાનો અંધકાર મને એટલો તો વિદેશી લાગવા માંડ્યો, અને શ્રી અરવિંદ જેવી મહાન દિવ્ય વિભૂતિની સમક્ષ હું એમના શબ્દોનું પાન કરી રહ્યો છું એ ભાનથી તો મને એક પ્રકારનો નિશો, આશ્ચર્ય અને ઉન્નયનતાનો ભાવ જાગ્રત થયો. શક્તિનો અને જ્ઞાનનો સાક્ષાત્ અવતાર મારી સાથે વાતો કરે છે એ લાગણીથી હું આશ્ચર્ય પામ્યો. આવા જ્યોતિના અને પ્રેમના અવતાર સાથે મશ્કરી કરવા માટે, બરોબરિયા પેઠે વિચારોની આપ–લે કરવાની ધૃષ્ટતા માટે અને એમની સાથે દલીલબાજી કરવા માટે મને ઘણું લાગી આવ્યું. હું નમ્રતાના ભારથી દબાઈ ગયો.

પછી કોણ જાણે શું થયું કે થોડી મિનિટ અમે બન્ને મૂગા રહ્યા અને ઓચિંતો મારાથી, મારી મરજી સિવાય, પ્રશ્ન પુછાઈ ગયો: 'તમે બહાર ક્યારે આવો છો?'

શ્રી અરવિંદે સ્મિત કર્યું અને કહ્યું: 'તે હું નથી જાણતો.'

'એ કેમ બની શકે? તમને ખબર હોવી જ જોઈએ.' મેં કહ્યું.

શ્રી અરવિંદ હસી પડ્યા: 'તમે જાણો છો તે રીતે હું નથી જાણતો.' પછી મારા તરફ તીક્ષ્ણ દૃષ્ટિથી જોઈ રહ્યા. થોડી વાર જોઈને કહ્યું: 'કારણકે હું માનસિક ભૂમિકા પર ઊભેલો નથી, હું મન વડે કશો નિર્ણય કરતો નથી.'

'પણ, તમે એમ તો નથી કહેવા માગતા કે તમારા જેવી ઓજસ્વી વ્યક્તિ આ નાના સરખા ઓરડામાં કાળના અંત સુધી પુરાઈ રહેશે?'

'પણ મેં તમને કહ્યું ને કે મારી બાબતમાં પહેલેથી નક્કી કરેલી એવી કોઈ વસ્તુ નથી હોતી.' સ્થિર અવાજે શાંતિપૂર્વક એમણે કહ્યું, 'હાલને માટે એટલું બસ છે, કે હું લોકોની મુલાકાતો લીધા કરું તો મારે જે કરવાનું છે તે કરી શકું નહિ. મારા છેવટના સમયના પત્રોમાં થોડેઘણે અંશે હું હમણાં શું કરી રહ્યો છું તે મેં સમજાવ્યું તો છે. અને એ સિવાય પણ બીજી ઘણી જાતના વિરોધોને મારે જીતવાના છે એ તમે પોતે પણ સમજી શકશો.' એમણે ઉમેર્યું.

'તમે જે જ્યોતિના આગમન માટે પ્રયત્ન કરો છો તેનું આગમન થશે એનો તમારી પોતાની પાસે કોઈ પ્રકારનો સીધેસીધો પુરાવો છે ખરો?'

અર્ધસ્મિત કરીને એમણે કહ્યું: ‘ હા, છે.’

‘ તો પછી શું અતિ-મનસ અવતરણ કરવા બાબત ગંભીર છે,-ખરેખર અવતરવા માગે છે એમ? એટલે મારા જેવા કેવળ માનવને માટે તે અવતરવા તૈયાર છે એમ માનવું ?’

‘ હા,’ એમણે ઉત્તર આપ્યો, ‘ ફક્ત એનું અવતરણ કરાવવાનું કામ મારું છે, લોકોનું નથી. એટલું યાદ રાખશો.’

‘ પણ એનો અર્થ એવો થાય ખરો કે આસુરિક શક્તિઓના ઉપર વિજય મળતાં અતિ-મનસનું અવતરણ થશે ?’

‘ એવો વિજય પોતે એ અવતરણ નહિ લઈ આવે.’ દૂર ભાવિમાં દૃષ્ટિ કરી એમણે ઉમેર્યું: ‘ પરંતુ એનું અવતરણ શક્ય બને એવી પરિસ્થિતિ તે ઉત્પન્ન કરશે.’

‘ તમારું ખરું કાર્ય આ અતિ-મનસનું આવાહન કરવાનું છે ?’

‘ હા,’ એમણે તદ્દન સરળતાપૂર્વક ઉત્તર આપ્યો. ‘ હું એને માટે આવ્યો છું.’

અને છતાં આ હું એમના કાર્યને હસતો હતો, મજાક કરતો હતો, એમની જોડે એ વિષે દલીલ કરતો હતો, એમનું દૃષ્ટિબિંદુ તપાસતો હતો, અને એમની અનંત કરુણાને લઈને એમણે મને આ હક્ક આપ્યો હતો તેનો હું આવો ઉપયોગ કરતો હતો!!!

અર્જુનને થયો હતો તેવો પશ્ચાત્તાપ ‘સખેતિ મત્વા પ્રસભં યદુક્તમ્’ મને થયો. રજા લેતાં પહેલાં એમનાં ‘ અહના ’ કાવ્યની આખરની પંક્તિઓ વાંચી સંભળાવવાની મેં પ્રાર્થના કરી. એમણે તુરત તે સ્વીકારી અને યોગ્ય ચડ-ઊતરવાળા અવાજ સાથે સુંદર રીતે એ ભાગ મને વાંચી સંભળાવ્યો.

☆

પૂ. બાપુના મુખમાં અંતિમ શબ્દો ‘હે રામ’ હતા એ આપણે જાણીએ છીએ. આખાયે જીવન દરમિયાન જેનું રટણ હોય, રોમેરોમની જે અજ્ઞાત ઝંખના હોય છે તે જ શબ્દો ઓલવાતી જિંદગીના ઝાંખે અજવાળે જિહ્વા પર ચડે છે. બધાના એ શબ્દો નોંધાતા નથી હોતા, પણ નીચે એવા કેટલાક દાખલાઓ જોઈએ:

ઝેર પીધા પછી અંતિમ પળોએ સોક્રેટીસ બોલ્યા હતા: ‘મિત્ર ક્રીન્ટો, ઈસ્ક્યુલેપિયસનું એક મરઘાનું દેવું છે તે ચૂકવી દેજે.’

બર્નાર્ડ શૉ: ‘હું બહુ જ થાકી ગયો છું, હવે મારે ઊંઘવું છે.’

નેલ્શન: ‘પ્રભુનો પાડ માનો, હું મારી ફરજ બજાવી શક્યો છું.’

સર વૉલ્ટર રેલે: (લાકડા પર માથું મૂકતાં પહેલાં મારાની ફરસી રસપૂર્વક તપાસતાં) ‘આનાથી મને ભય લાગતો નથી; મારાં સર્વ દુઃખોમાંથી મુક્ત કરનાર આ તો તેજીલી દવા છે.’

રોબર્ટ લુઈસ સ્ટીવન્સન: ‘ગભરાશો નહીં, જો આ જ મૃત્યુ હોય તો મારે માટે ઘણું સહેલું બની રહેશે.’

જગવિખ્યાત નર્તિકા પાવલોવા: ‘અંતિમ નૃત્ય માટેનો શણગાર લાવો.’

માર્સેલ પ્રાઉસ્ટ નામક એક લેખકે છેલ્લી વખતે નોકર પાસે [illegible]ની હસ્તપ્રતનું એક પાનું, જેમાં કોઈ એક પાત્રની મૃત્યુ સમયની યાતના પોતે વર્ણવી હતી તે મંગાવતાં, કારણમાં કહ્યું:

‘મારે એમાં ઘણા ફેરફારો કરવાના છે; કારણ કે હવે જ સાચી પરિસ્થિતિ અનુભવી રહ્યો છું.’

×

દિવાળી ને બેસતું વર્ષ

બાપુને આંગણે

લેખક :

શ્રી પ્રભુદાસ ગાંધી

પૂ. બાપુની સ્મૃતિ કરોડો હૈયાંમાં ભારતની સમગ્ર ધરતી ઉપર સંઘરાયેલી છે છતાં 'સેવાગ્રામ'નું નામ લેતાં તેનું કંઈક વિશેષ ભાન જાગે છે. દિવાળી ને બેસતા વરસે ત્યાં પૂ. બાપુની સાથમાં રહેનારાઓ જીવનશોધન માટે મળ્યા હતા. આ પ્રસંગના આંતરસ્વરૂપનો, કહો કે અંતરના ભાવનો, પરિચય શ્રી પ્રભુદાસ ગાંધીએ અહીં આપ્યો છે. 'જીવનનું પરોઢ' વાંચનાર એમની કલમ અને નિષ્ઠાથી પરિચિત હશે. આજે આ શબ્દચિત્ર ઈસુના નવા વરસે રજૂ થાય છે ને આ જ માસમાં પૂ. બાપુની પુણ્યતિથિ પણ આવે છે. આનું વાચન પાવનકારી નીવડશે એવી આશા છે.

ઘેરેઘેર, ગામેગામ, મંદિરોનાં શિખરો પર, હવેલીની અગાશીઓ પર, ચોકમાં, શેરીમાં અને ગરીબડી ઝૂંપડીને ઉંબરે પણ દિવાળીની સાંજે દીપમાળાઓ અને કોડિયાંઓ પ્રગટાવી, સૃષ્ટિ પર પથરાયેલા અંધારાને તેમ જ હૈયાંને ભીંસી રહેલા શોકભારને ઓગાળી નાખવામાં જયારે જગત મશગૂલ હતું, ત્યારે સેવાગ્રામના સંતની ઝૂંપડીને આંગણે એક પણ દીપક પ્રગટાવ્યા વિના સો જેટલાં આશ્રમવાસી ભાઈબહેનો સમીસાંજના અંધારાનો આનંદ અનુભવતાં બેઠાં હતાં. એ મોટા વિશાળ આંગણામાં જાડી વેકૂર પથરાયેલી હતી. બાપુની ઝૂંપડીની દિશામાં આંગણાની વચ્ચે વળીના બે કટકા થોડે અંતરે એક હાથ જેટલા ઊંચા ખોડવામાં આવ્યા હતા. એ થાંભલીને અઢેલીને, ઘાસના એક કળામય ચાકળા ઉપર અંધારામાં યે પૂનમની ચાંદની જેમ ચળકી રહેલી શુભ્ર ખાદીની નાનકડી ગાદી પાથરવામાં આવી હતી. એ ગાદીથી પાંચેક હાથ છેટે ડાબી બાજુએ ત્રણચાર હારમાં ખાદીધારી બહેનો બેઠી હતી. તેમને ગાદીની સામે તેમ જ જમણા હાથ તરફ દસ–બાર હારમાં ભાઈઓ બેઠા હતા. આશરે દોઢસો ભાઈબહેનોનો એ સમૂહ પોતાના માનીતા બાપુની રાહ કાગને ડોળે જોઈ રહ્યો હોય એવો આભાસ આવતો હતો. કલ્પનાની આંખોને એવું સુખસ્વપ્ન દેખાતું હતું કે: 'એ! બાપુજી પોતાની ઝૂંપડીમાંથી બહાર આવ્યા; ઉતાવળે પગલે ગાદી તરફ આગળ વધ્યા, અને એ પાથરી રાખેલી ગાદી ઉપર બેસી ધ્યાનાવસ્થિત બની ગયા.' ગોસાંઈ તુલસીદાસજીએ કહ્યું જ છે ને કે જયાં જયાં જયારે જયારે રામકથા ચાલશે ત્યારે ત્યારે હનુમાનજી ત્યાં ઉપસ્થિત રહેવાના જ. એવી જ રીતે જયાં આશ્રમ–પ્રાર્થના નિષ્ઠાપૂર્વક ચાલે ત્યાં બાપુજી આવીને વિરાજમાન–અપ્રત્યક્ષરૂપે–થતા હોય તો એ કંઈ ન માનવા જેવી વાત ન ગણાય.

એકતારા અને મંજીરાના સ્વરો સાથે પ્રાર્થનાના મંત્રો, શ્લોકો, ભજન અને ધૂન ચાલ્યાં, દિવાળીના દીવાઓની હારની શોભા કરતાં યે કેટલું વધારે મધુર સંગીત એ સેંકડો કંઠોમાંથી એકસરખા સ્વર અને લયમાં ઝરવા માંડ્યું! ઉપર આકાશના અસંખ્ય તારાઓનો શાંત પ્રકાશ તથા નીચે અનેક કંઠોમાંથી ઝરતો એકધારો મધુર નિનાદ એકબીજા સાથે સમરસ બની ગયા, આખું વાતાવરણ પ્રસન્નગંભીર બની રહ્યું.

ગીતા, કુરાન, બાઈબલ, ઝંદાવસ્તા અને નાનકશાહ આદિની પ્રાર્થનાઓ એક પછી એક કરવામાં આવી. 'વૈષ્ણવ જન'નું હૃદયને

અજવાળી મૂકતું ભજન ગવાયું. રામધૂનથી આકાશ ગુંજી ઊઠયું અને છેવટે તુલસી-રામાયણનાં સંગીત તથા ઉપદેશામૃતથી હૈયામાં અનેરો ઉમળકો પ્રગટ્યો.

×

પ્રાર્થના પૂરી થતાં ભાઈબહેનોનો એ ધન્યભાગી સમાજ એકેએકે કરી મૌનપૂર્વક ત્યાંથી વિખરાયો. એ સમાજમાં આખા ભારત દેશના પ્રાંતપ્રાંતના માનવીઓ હતા. જર્મન, અંગ્રેજ વગેરે ગોરાં ભાઈબહેનો પણ ખાદીનાં ધોતિયાં–સાડીમાં સુશોભિત બની આવેલાં હતાં. અને વિવિધ ધર્મોના પાકા પ્રતિનિધિઓ પણ હતા. પૂજ્ય બાપુ અને બાની સાથે એમની ઊગતી જુવાનીના દિવસોથી માંડી બુઢાપા સુધી રાતદિવસ તનતોડ મહેનતપૂર્વક કામ કરનાર વૃદ્ધ વ્યક્તિઓ એમાં હતી. અને બાપુએ પ્રબોધેલી પાયાની કેળવણી લેવા આવેલાં દૂધિયા દાંતનાં કિશોર-કિશોરીઓ પણ એમાં હતાં.

આજે દિવાળીની સાંજ છે, બીજો કોઈ ભવ્ય ઉત્સવ જગતમાં ઉજવાઈ રહ્યો છે એનું કોઈને સ્મરણ સરખું જણાતું ન હતું. સૌને હૈયે માત્ર એટલી જ સ્મૃતિ ઊભરાઈ રહી હતી, કે આજે ત્રીસમી તારીખની સંધ્યા છે. આ તારીખ, બાપુજીએ પોતાના દેહમાંથી વિદાય લીધાની તારીખ છે અને વિદેહ થયેલા બાપુની પાસે આપણે સૌએ આજે ખાસ ઉપસ્થિત થવાનું છે.

×

બાપુજીના જીવનકાળમાં અનેકવાર સેવાગ્રામ આવવાની અને આ આંગણામાં જ પૂ. બા, બાપુ, મહાદેવભાઈની સોડે બેસી સાંજની પ્રાર્થનાનો લાભ લેવાની મોંઘેરી તક મળતી. એમના નિર્વાણ પછી મને પોતાને પહેલીવાર સાંજની એ પ્રાર્થનાનો લાભ લેવાનો અવસર મળ્યો. મનને એવો અનુભવ થયો કે પ્રાર્થના ચાલી એટલો સમય બાપુજી પોતે એ ખાલી ગાદી ઉપર આસન જમાવી બેસી ગયા; સૌને દિલાસો આપી ગયા અને એમનાં ચીંધેલાં કામો ધમધોકાર આગળ વધારવાનું બળ સૌને હૈયે જગાડી ગયા !

આજ ચારચાર વરસનાં વહાણાં વીતી ગયાં અને એ જ રીતે એક પછી એક પચીસ, પચાસ, સો અને એથી યે વધુ વરસો વીતી જશે તો પણ જ્યાં લગી બાપુજીએ શીખવેલી આ ઉપાસના સમૂહગત રીતે ચાલુ રહેશે, ત્યાં લગી લોકો બાપુનું સાન્નિધ્ય અને સામીપ્ય ખોશે નહીં.

×

દિવાળી આવી અને ગઈ. અને આજે નવા વરસનું વહાણું બેઠું. ગઈ મધરાતે ઠેરઠેર લક્ષ્મીપૂજન થયું હશે. ચોપડાઓને ચાંદલા કરી વેપારીઓએ જૂના વહેવાર પતાવી નવા વહેવાર હાથ ધર્યા હશે.

પૂજ્ય બાપુજી પણ દિવાળીનો દિવસ વિસરતા નહીં. એના મહત્ત્વ ઉપર ખાસ ભાર મૂકતા અને બાળકને તથા મોટાંઓને પોતાના જીવનનું સરવૈયું કાઢવાની પ્રેરણા આપતા. નવા વરસ માટે નવેસરથી કેડ કસી આગળ વધવા માટે પીઠબળ આપતા.

> ‘उठ जाग मुसाफिर भोर भई,
> अब रैन कहां जो सोवत है.
> जो सोवत है वो खोवत है,
> जो जागत है वो पावत है.’

એ બાપુજીના શબ્દો નવા વરસની પ્રભાતે વિશેષે કાનમાં ગુંજી રહ્યા છે.

વરસને હિસાબે આજે નવું વરસ ગણાય પણ દિવસને હિસાબે રોજ સૂરજ ઊગે ત્યારે નવો દિવસ જ ગણાયને ?

જો સ્મૃતિ જાગૃત રહે તો અનંત કાળ માપવાનું આ ઘડિયાળ ડગલે ને પગલે

આપણને પ્રેરણા આપે. થોડી થોડી વારે આશ્રમના ને મંદિરોના ઘંટ વાગે છે. એ વાગ્યા પહેલાં યે આપણે સચેત રહી શકીએ. આપણા કામમાં જો એ રીતે સતત જાગૃતિ અને ચેતના વધતાં રહે તો, અને તો જ, આપણે બાપુનું નામ લઈએ–તેમનું સ્મરણ કરીએ–એ કામનું.

ખરી રીતે આપણું જીવન ત્યારે જ કામનું જયારે દિવસ ઊગે, વરસ ઊગે ને આપણામાં ચેતના, કાળજી, શીઘ્રતા, એકાગ્રતા, ચિંતન, કર્તવ્યનિષ્ઠા અને સરવાળે એકધારો પ્રેમ વધે.

બાપુએ શીખવ્યું છે કે બધી જાગૃતિ, બધા પ્રયત્નો, બધી કુશળતા આખરે પ્રેમની પૂર્ણતામાં જ પરિણમવાં જોઈએ અને એ કંઈ બાપુએ નવી વાત નથી કહી. જો પ્રેમ જ સર્વશ્રેષ્ઠ ન હોય, એને સૌની ઉપર સ્થાપવાનો ન હોય, તો બેસતા વરસની પરોઢે સૌ એકબીજાને મળવા શા માટે દોડે? શા માટે એકબીજાની ક્ષમા માગી ઉલ્લાસે, ભેટે, પરસ્પર હળેમળે?

એ પ્રેમ તે કયો? પૂજયો પ્રત્યે નમ્રતાપૂર્ણ; સખ્યો અને મિત્રો પ્રત્યે સહાયતાપૂર્ણ; વત્સો પ્રત્યે ઉલ્લાસ અને શિક્ષણપૂર્ણ; અજાણ્ય પ્રત્યે સત્કારપૂર્ણ; પાડોસી પ્રત્યે હિતેચ્છ અને હિતકાર્યપૂર્ણ અને પોતાના કર્તવ પ્રત્યે નિષ્ઠા, દક્ષતા અને પ્રસન્નતાપૂર્ણ.

પૂજય બાપુ પ્રેમનું જે ગીત ગાઈ ગયા જીવન જીવી ગયા, તે આ રીતનો પ્રેમ હતો આજ સુધી બાપુની છત્રછાયામાં રહેત છતાં આ વાત ઉપર ઝાઝું વિચાર્યું ચિંતન કર્યું નથી. આજે સેવાગ્રામન બાપુની ઝૂંપડીએ નવા વરસની સુપ્રભા ગઈ કાલની સાંજની પ્રાર્થનાના પ્રકાશમ આ વાત સૂઝી છે તો આ ચિંતન અ રસ્તે પગલાં માંડવાનો સંકલ્પ હૃદયમાં દ બને એ જ ઈશ્વર પ્રત્યે પ્રાર્થના–અભ્યર્થના છે

અને તો પછી જીવન ખૂટતું જાય છે એવા ખેદને ક્ષણભર પણ મનમાં આવવ દેવાનું કારણ રહેતું નથી.

★

થોડાંક વર્ષો પહેલાંની વાત છે.

ગાંધીજીની મુલાકાતે આવેલા એક વેપારીએ પ્રશ્ન કર્યો:

‘બાપુ, બ્રિટિશ શાસનકર્તાઓ જેવી જબરદસ્ત પ્રજા સામે બાથ ભીડવામાં આપણે કેવી રીતે ફાવી શકવાના હતા?’

ને પછી તો આ જ દલીલને કેન્દ્રમાં રાખીને એ ભાઈએ તો આપણી નિર્બળતા ને એ પ્રજાની બહાદુરી, કૌવત ને તાકાત એમ અનેક રીતે બંને વચ્ચેનો તફાવત એમણે બતાવવા માંડ્યો. ખૂબ સ્વસ્થતાથી સાંભળ્યા બાદ બાપુ આટલું જ બોલ્યા:

‘એ તો ભાઈ, એમને આપણે જબરા માનીએ તો આપણે બનીએ નબળા અને આપણને જબરા માનીએ તો એ લોકો આપણે મન નબળા!’

×

વર્ષો પહેલાં સ્વ૦ જમનાલાલ બજાજના સુપુત્ર શ્રી કમલનયન બજાજ અભ્યાસ માટે પરદેશ જતા હતા, ત્યારે પૂજ્ય ગાંધીજીએ એમને આવા આશીર્વાદ આપ્યા હતા:

(૧) ઓછું બોલવું. (૨) બધાનું સાંભળવું, પણ જે સત્ય હોય તે જ કરવું. (૩) ક્ષણેક્ષણનો હિસાબ રાખવો અને ક્ષણનું કામ તે ક્ષણે જ કરવું. (૪) ગરીબની માફક રહેવું. ધનનો કદી ગર્વ ન કરવો. (૫) પાઈએ પાઈના ખર્ચનો હિસાબ રાખવો. (૬) એકાગ્રતાથી અભ્યાસ કરવો. (૭) તે જ રીતે નિયમિત કસરત કરવી. (૮) મિતાહારી થવું. (૯) નિત્યનોંધ રાખવી.

×

‘હું મરીશ ત્યારે હવામાં ઊડી નહિ જાઉં, પણ કસદિનાની જમીનમાં ખાતર થઈશ.’—ગાંધીજી

×

વેરઝેર વિરુદ્ધ હેતપ્રીત

લેખક :
શ્રી બ. ક. ઠાકોર

વય અને જ્ઞાનમાં વૃદ્ધ સાક્ષરશ્રી બળવંતરાય ઠાકોરનું નામ 'અખંડ આનંદ'ના વાચકોને અજાણ્યું નથી. એમની કલમની પ્રસાદી અવારનવાર આ માસિકને પ્રાપ્ત થાય છે. એમણે એક આરબી કથાનો અનુવાદ અંગ્રેજીમાં (સ્ટેપલ્સ મૉડર્ન રીડિંગ, આંક ૮મો-૧૯૪૦; ન્યૂયોર્ક, શેરંટો, લંડન: શિ. શા. પૃ. ૫૬) વાંચ્યો, એમના ચિત્ત ઉપર તેની અસર થઈ અને 'અખંડ આનંદ'ના વાચકો માટે, તેને આધારે આ કથા એમણે લખી છે.

અમીર ઈમાદ એની વિશાળ વાડીને એક ખૂણે નજીકમાં જ માંડમાંડ પેટિયું કૂટી કાઢતા સુલેમાનનો જરીપુરાણો થીગડાથીગડીએ બેડોળ તંબૂ હતો. તેમાં એ, એની વહુ મરિયમ અને છ છોકરાં રહેતાં હતાં. બેદ્રિન આરબ જાતનો સુલેમાન ઘેટાંબકરાં ચારીને કુટુંબનું ભરણપોષણ કરતો. ઘેટાંબકરાંના વાળ–ઊન, ચામડાં ને હાડકાંની નાનીમોટી વસ્તુઓ પણ બનાવતો. ઘેટાંબકરાં વેચતો–ખરીદતો ય ખરો. ચારા માટે એને એનાં ઘેટાંબકરાંના ટોળા પાછળ રાની અને વગડાઉ ડુંગરા, કોતરો ને મેદાનોમાં ઠેકાણે ઠેકાણે ભટકવું પડતું હતું. લોકો એની દૃઢ, કરડી અને લૂઝરતા તડકાથી પણ ટેવાયેલી નજરથી શેહ પામતા, પણ એની તાકત, એના ટેકીલા મિજાજ અને એના નમાજીપણાને લઈને એને માન પણ આપતા; અને આસપાસનાં ગામડાં, વાડીઓ અને વાસોમાં સૌ એને અબૂ આરબનું હુલામણું ઉપનામ આપતા. એ હતો કદાવર વિશાળ ખભાવાળો, દીઠે મલ્લ જેવો મર્દ અને એનાં સંગીન હાડ ઉપરની છેક સૂકીલૂખી ચામડી તંગ મઢાઈ ગઈ હતી. ધોળો મોટો ધાબળો ઓઢીને એ લાંબે ઉતાવળે પગલે ચાલ્યો આવતો હોય ત્યારે છેટેથી કોઈ ઊંટ આવી રહ્યું હોય એમ લાગતું. અને એ રમતી ચાલે ચાલતો કોઈ માનીતું ગીત ગણગણતો હોય, વચ્ચે હોકલીના દમ ખેંચતોમૂકતો ત્યારે એમ જ લાગતું કે બાજુએથી કોઈ વિલપતો વરુ જતો હોવો જોઈએ. સુલેમાન પલકમાં તપી જતો, કોઈ સામે થવા જાય તો વિફરેલા સાંઢ જેવો મારકણો જ લાગતો, પણ એ પાછો શાંત પણ પડી જતો પલકમાં, અને એની સાથે અનુકૂળ રહીને વર્તતાં આવડે તે સૌની હારે તો એ ઘેટાંબકરાંની જેમ હળી જતો, અને તેવાં માણસોને જ ખબર પડતી કે અબૂ આદમ તો ખૂબ હસમુખો, ગમતી અને માયાળુ પણ હતો.

પોતાનાં છ બાળકો ઉપર સુલેમાન તેમની જનેતા જેટલું જ વહાલ કરતો. વળી એણે એક કૂતરો ઉછેરીને પાળ્યો હતો તે ય એના અંતરનો એવડો જ ભાગીદાર હતો. કૂતરો હતો કાળિયો, લાંબા વાળવાળો અને કદરૂપો. મોટો થતાં તે થયો પણ વિકરાલ, પણ સાથે એના માલેક જેવો માયાળુ અને વફાદાર પણ હતો. એ ઊછરી આવ્યો તે પહેલાં એને જણનારી મરી ગયેલી, અને બિચારો ભૂખે મરી જાત, ત્યાં એ સુલેમાનની નજરે પડ્યો. તેણે એને ઉપાડી ગોદમાં લઈ લીધો અને બડી કાળજીથી ઉછેર્યો અને કેળવ્યો. જતે દિવસે તે સુલેમાનનાં ઘેટાંબકરાંની રખેવાળીમાં એક્કો થઈ પડ્યો અને રાતે એના તંબૂની ચોકીમાં ય તે એટલો જ સાવધ

રહેતો હતો. સુલેમાને આ પોતાની હાથલાકડી અને વહાલા નાયબનું નામ પણ દિલોજાન પાડ્યું.

વાડીના ધણી ઈમાદ બે અને એની બીબીને ખોટનો એક જ બેટો હતો, નામે હમીદ. તેઓ વાડીમાંની એમની બિહામણા પણ બિસમાર કિલ્લા જેવી હવેલીમાં રહેતાં. અને માબાપ હમીદને ભાતભાતનાં લાડ લડાવ્યા જ કરતાં. એ દશેક વર્ષના બાળકને બાળારાજા તો શું કોઈ દેવબાળકની મૂર્તિ હોય એમ પૂજતાં. હમીદની તહેનાતમાં એક નવજુવાન રખેવાળ નીમેલો હતો, તે એનો શિક્ષક અને કાયમનો સાથી પણ હતો, જેની સોબતમાં હમીદ ફાવે ત્યાં ભટકતો, ઝાડે ચડી પંખીના માળા વીંખતો, ખિસકોલીઓ સામે ફળ ધરી તેમને ગબડાવી પાડતો. ગળ કે જાળ નાખીને માછલાં પકડતો, બકરાંઘેટાંને પથરા મારી હોકારા કરીકરીને ત્રાસ આપતો અને છૂટાં પાડી નાખીને જુદી જુદી દિશામાં તગડી મૂકતો. એકલદુકલ વટેમાર્ગુને ખોટે રસ્તે ચડાવી દઈ બડી મજા માનતો. આમ હમીદ અને તેનો સાથી અબદુલ ડુંગરા, વગડા અને કોતરો ખૂંદી વળતા અને વહેતી નહેરોના કાંઠેકાંઠા માથે કરતા.

એટલે દિલોજાન અને હમીદ વચ્ચે કરડું ખડાષ્ટક જામી જતાં વાર ન લાગી. હમીદ છેટે નથી એવો દિલોજાનને વહેમ જાય અને એના કાન સચિંતતામાં તંગ થઈ જતા, તે ચોગમ સૂંઘવા માંડતો, અને હમીદ નજરે ચડે ત્યાં તો તે ભસવા ને ઘૂરકવા મંડી પડતો. હમીદ પણ સોબતીઓના સાથમાં હોય અને દિલોજાનને જુએ ત્યાં એના ઉપર એક પછી એક ધારાળા પથરા વરસાવતો, અને દિલોજાન સામે થવા આવતાં સોબતીઓ વચ્ચે ભરાઈ જતો. એ આખા જૂથના પથરાઈંટકા ખાતો અને તેમનાથી જાતને બચાવી લેતો, દિલોજાન અત્યારે લાગ નહીં મળે એમ જોઈને જંગમાંથી ખસી જતો, પણ હમીદ સામેનો દ્વેષભાવ આવી દરેક નાસીપાસીએ તેની ઊકળતી છાતીમાં વધારે કડક બનતો.

દસ્તૂર મુજબ હમીદ એક દિવસ અબદુલ સાથે રખડપટ્ટીએ નીકળ્યો ત્યાં બીજું કોઈ જ જણાતું નહોતું. ડુંગરા ચડતાઊતરતા બંને દોસ્ત લહેરમાં આગળઆગળ જઈ રહ્યા હતા, ત્યાં એક ઢાળ તળે વહી રહેલી નહેરને કાંઠે–પાછલા પગ કાંઠે અને આગલા છીછરા પાણીમાં–એમ દિલોજાન લપલપ પાણી પીતો દેખાયો. હમીદનો હાથ ચળવળી ઊઠ્યો અને તેણે એક ધારાળો પથ્થર બરાબર તાકીને જોરથી ફેંકયો, તે પાણી પીતા દિલોજાનને કાન પાછળથી આવીને જડબાના ઉપલા ભાગને ચીરતો પાણીમાં પડ્યો. આંખ સહેજમાં જ બચી ગઈ એટલો એ નસીબદાર પણ લોહીની ટસર તો ફૂટી જ. દિલોજાન રોષે ભરાઈ ઊછળ્યો, જાણે ગાંડો બની ગયો. એ ઘા બીજા કોઈનો ના હોય હમીદનો જ, એમ એને ખાતરી હતી. તો પણ અપરાધીને નજરોનજર જોવાને ચોગમ ઘૂમી રહ્યો અને હમીદ–અબદુલની જોડીને દેખતાં જ તેણે જંગલી ગેંડાની જેમ દોટ મૂકી. હમીદ અબદુલ માર્યા તો, એમ સફાળા ઊંચા ઊંચા ડુંગરાઓ ભણી નાઠા. ચઢાણથી વિફરેલા કૂતરાનો વેગ ઘટતો નહોતો એમ પામી જતાં અબદુલ હમીદ જરા આગળ હતો તેને ખબર ન પડે એમ બીજી બાજુએ ફંટાઈ ગયો. દિલોજાને એને ગણકાર્યો પણ નહિ. છેક ટોચે પહોંચતાં હમીદ શ્વાસે ભરાઈ ગયો અને જુએ છે તો. લોહીનીતરતા કાળકરાળ કૂતરાને ધસધસાટ આવતો દીઠો. તેણે ચોતરફ નજર ફેરવી લીધી પણ અબદુલ

पुस्तकालय 0791537

ક્યાં ય જણાયો નહીં. એટલે એ તો પથ્થર પર પથ્થર ફેંકવા લાગ્યો. દિલોજાનને કોઈ કોઈ ઘા વાગતો ય હતો પણ તેને તણખલાં જેમ અવગણીને પૂરપાટ ધસ્યો આવતો હતો. ટપકટપક થતું લોહી આખા ચહેરા અને ગરદનને બિહામણાં બનાવી આગળ લટકતી જીભથી જાણે રસ્તે–કેડી છાંટી રહ્યું. કૂતરો અટકતો જ નથી એ જોતાં હમીદ વ્યાકુળ થયો. એની છાતી બેસી ગઈ. અબદુલને હાકલ કરતો ખરાડા પર ખરાડા પાડવા લાગ્યો. બેચાર પળમાં જ અવાજ તરડાઈ ગયો. પથરા ફેંકતો હાથ પણ થાક્યો, આંખે ચડતા તડકાની ઝાળે અંધારાં આવશે કે શું એમ થયું. પણ કૂતરો પચીસ જ કદમ દૂર હશે ત્યાં એ છોકરામાં નવી હિંમતનો સંચાર થયો. ટટાર થઈ તેણે લાંબો શ્વાસ લીધો પછી હોઠ બીડી દરેક સ્નાયુને ધનુષની પણછ જેમ ખેંચી એક પત્થર ઉપાડ્યો. દિલોજાન પણ વેરી સામે પલકમાત્ર ઊભો. ધગધગતા કોયલા જેવી આંખ ફાડીને એણે સ્થિર ઉભેલા શિકારને નખશીખ જોઈ લીધો. અને ચિત્તા જેવી છલંગ મારી પણ હમીદ વધારે ચપળ નીવડ્યો. એણે જમણા હાથમાંનો પત્થર પૂરેપૂરી તાકતે ફેંક્યો, તે ઘાથી કૂતરો હજી બે હાથ દૂર હતો ને તેની ખોપરી તૂટી ગઈ અને તે તમ્મર ખાઈ ભોંયે પડ્યો. મોંમાંથી લોહીનો કોગળો થયો તો પણ એ પાછો ઊઠવા ગયો ત્યાં બીજો પત્થર પાંસળી તળે પેસી ગયો, અને તે લથડ્યો. લોહી વહેતું જાય અને એ નિરુપાય ગબડતો જાય, ટિચાતો જાય એમ ડુંગર તળે પહોંચતાં પહેલાં જ એના રામ રમી ગયા. હમીદને પણ એ વહેતું લોહી અને ડગલેડગલે વધતી ઝડપે ગબડતું કલેવર જોઈ રહેતાં ચીતરી ચડી ચક્કર આવ્યાં, ગોઠણ આપોઆપ ડગી ગયા, અને ધોળી પૂણી જેવો થઈ ધબ દઈને ભોંય પર બેસી ગયો. આંખો પણ મિંચાઈ ગઈ. ત્યાં તો દોડતો દોડતો અબદુલ આવી પહોંચ્યો, એને પોતાની બાથમાં દબાવી લીધો. તેનું આખું ડીલ ચાંપતો જાય, કાલુંકાલું લવતો જાય અને ‘હમીદ! હમીદ!’ એમ એના નામનો જપ જપતો જાય. આવી હૂંફ અને સારવારથી થોડીવારે હમીદ પાછો ઠામ આવ્યો, આંખ ઉઘાડી અને અબદુલને ભેટી પડ્યો. માથું એને ખભે નાખી દઈ કેટલાક વખત લગી એને વળગી જ રહ્યો. વધતા જતા તાપે બે ય તપવા લાગ્યા. અને એમ આખરે ઊભા થઈ ધીરેધીરે વાડી તરફ વળી ગયા.

સુલેમાન તંબૂએ આવતાં તેમાં પેસતાં પહેલાં જ અંદર સૌની રોકકળનો અવાજ એને સંભળાયો, પણ પગ ઉપાડીને એ દાખલ થયો ત્યાં તો સૌને સ્તબ્ધ થઈ ગયેલાં દીઠાં. શી મોટી આફત આવી પડી હશે એ વિશે એણે પૂછવા માંડ્યું, પણ કોઈ કશું બોલે કે ચાલે! મરિયમની સોડે ગૂંચળું વળીને છોકરાં તો બધાં ય હતાં પણ એકે એની આંખ સાથે આંખ મળે એમ ઊંચું પણ ન જુએ, અને બધા જ ચહેરા શોકમાં ડૂબેલા. એ બહાર નીકળ્યો. પોતાનાં ઘેટાં–બકરાં ચરતાં હતાં તે આખું ટોળું જોઈ વળ્યો. બધાં ય હતાં; એક નહોતો દિલોજાન. તેને ધ્રાસકો પડ્યો. પાછા આવી એણે તો રાડ પાડી–‘દિલોજાન ક્યાં?’ મરિયમને ડૂસકું આવ્યું, છોકરાં રોઈ પડ્યાં. ‘હં! તમે સૌ એને રોઈ રહ્યાં છો?’ મોટા બેટાએ ડોક નમાવી મૂગી હા કહી. ‘એ કેમ મુઓ? કયે અભાગીએ એનો જાન લીધો?’ મરિયમ ઊઠી એની કને આવી અને તેને બેસાડ્યો. એ સરુ જેવી ઊંચી ને પાતળી હતી. ઊઠીને આંખો ધોઈ આવી અને સુલેમાનને પાણી પાઈ ખૂબ નરમાશથી બોલી: ‘બનવાનું તે બની

ગયું સુલેમાંન, શાંત પડો.' સુલેમાન મિજાજને કંઈક કાબૂમાં રાખતો બોલ્યો: 'પણ કંઈ વાત તો કરશોને? એ કેમ બની ગયું, કોને હાથે?' વહુએ બહુ જ નરમાશથી હળવેહળવે જણાવ્યું કે હમીદના ઘાથી ઘવાતાં દિલોજાન સામે ધસ્યો, વિકરાળ વરુના જેવો એનો ધસારો કેમ કર્યો અટકાવાયો નહિ, અને હમીદને એ ફાડી નાખત, કેમકે અબદુલ તો લાગ મળતાં જ ભાગી છૂટેલો, પણ છેલ્લી ઘડીએ હમીદમાં અજબ મરદાની ઊછળી આવી તે એના એક ઘાએ દિલોજાનની તાલકી તૂટી ગઈ, ને પોતે ઊગરી ગયો. અંતઘડી દિલોજાનની આવેલી, હમીદની નહીં, બીજું શું!'

પરંતુ વહુના બોલની કોમળતા કે તેના દિલની સમાધાનિયા વલણ અત્યારે સુલેમાનને ટાઢો પાડી ન શક્યાં. દિલોજાન ગયો તે જાણે પોતાનું કાંડું જ કપાયું હોય એમ એને સાલતું હતું. આખો હાથ ઘવાઈ લોહીલુહાણ થઈ ગયો હોય ને એટલું પોતાના વહાલા વિશ્વાસુ નીડર સાથીનું ઘા ઉપર ઘાએ મોત એને સાલતું હતું અને તેના રોષમાં ને દુઃખમાં એ તો તડૂકી ઊઠ્યો: 'મારા દોસ્તને આમ હું ગેરહાજર તે લાગ સાધીને આવી ઘાતકી રીતે પૂરો કરે એમ? અરે એ અમીરનો બેટો ભલે ને હોય,–ભાઈ દિલોજાન, તું જ્યાં ગયો હો ત્યાં નચિંત રહેજે: તને તારા એ ઘાતકી મારાએ જે ભીષણ મોતે પૂરો કર્યો, તેનું હું વેર વાળીશ. તને કોલ દઉં છું, દિલોજાન, કે હું સુલેમાન એ નાપાકને એ ઈમાદબેના ફાટેલા બે–' સુલેમાનની વહુ ધ્રૂજી ઊઠી. વાક્ય પૂરું થતાં પહેલાં જ એણે પોતાની હથેળી ખાવિંદના મોં પર દાબી દીધી. 'તોબા! તોબા! માલેક, જરા વિચાર તો કરો ભલા. શોક ને રોષ ને દર્દ માઝા મૂકે, ત્યારે પણ જે વિવશ ના બને ને પોતાની માણસાઈને રક્ષે, તે મર્દ: તે જ અલ્લાનો માનીતો! આ શું? આમ ઘેલાં તે કઢાય! તમે કોણ? તમે અબૂ આરબ!'

પરંતુ વાક્ય અધૂરું બોલાયું તેથી શું ઊણું રહી ગયું? કોલ તો પૂરેપૂરો દેવાઈ ચૂક્યો હતો. અને આપણી સાથે હરીફરી સુખદુઃખ દેતાંલેતાં આપણા જ જેવાં સ્ત્રી-પુરુષને રૂબરૂ આપેલ કોલ વધારે ચીવટથી પાળવાના, કે કોઈ અન્ય ભોમવાસી થયેલ અગોચર વહાલાંને તેમના સાંત્વન માટે આપેલ ગણીએ તેવા કોલ વિશેષ બંધનકર ગણાય એવીએવી મૂર્તામૂર્ત વચ્ચેની તુલના તો–આપણા પગ ત્યારે મૂર્તસૃષ્ટિના કલાણકીચડે અને આપણું માથું જુઓ તો ન જાણે કયા આસમાનમાં, એવાં મૂર્તામૂર્ત માનવજંતુડાં આપણે–કરવાનાં જ શી રીતે? પતંગિયાં જો વડ અને તેમાં માળા બાંધીને મોસમભર રહેતી પંખીયોનિઓનાં સુખદુઃખ, નીતિઅનીતિ આદિનાં માપ લઈ શકે, તો આપણે માણસો આવાં આવાં વિજાતીય મૂલ્યોને મૂલવી શકીએ! સૌ સૌએ પોતપોતાને સાચો વસે તે ધર્મ બને તેટલો પાળવો અને બીજાં ભાઈબહેનોની કૂથલી ન કરવી, એ જ મહાજનોએ ફરીફરીને સેવેલો ધોરી રસ્તો છે.

કેટલાક મહિના વહી ગયા. સુલેમાનના કૂતરાની અસ્તિનાસ્તિ વિસારે પડ્યાં. પણ હમીદના પથરાના ઘા દિલોજાનની સાથેસાથે પોતાને ય વાગેલા હોય એવી લાગણીવાળો સુલેમાન સ્મરણોને સંકોરીસંકોરીને આતશ અસલ જેવો પ્રજ્વલિત રાખી રહ્યો હતો. એણે તો ગુપચુપ ઇમારતની જૂની ખખ વચ્ચેવચ્ચે ખંડેર જેવી હવેલીની આસપાસ નિયમિત પરકમ્માઓ માંડી હતી. સાંજના વધતા અંધકારમાં ફરે, પો ફાટતા પહેલાંના

મોંસૂઝણામાં ફરે, નીરવ નિર્જન મધરાતમાંય ફરે. અને વરુ જેમ શિકાર કરવો, તે પ્રાણીને વહેમ સરખો ન જાય એમ લાગ, સમય, સ્થલ આદિ અન્યોન્યપૂરક જમાવટ નક્કી કરતાં કેટલો કાળ વીતે છે, કેટલી તકલીફ પડે છે તે ગણ જ નહીં, એ જ પ્રમાણે સુલેમાન વર્ત્યો.

માણસ ધારે છે એક, સંજોગાધીન બનાવ બને છે બીજો જ.

આખો પેંતરો સો રતી કુંદન લાગ્યો એટલે એક રાતે તે વહેલો જ વાડીમાં ઘૂસી હમીદને સૂવાની મેડીએ બારીની સામે પાસે જ ઊગેલ એક ઝાડ પર ચડી, તેની ડાળીઓનાં આમલી જેવાં ભરચક પત્રઝૂમખાંઓના બુરખા પાછળ ભરાઈ ગયો અને વાટ જોતો બેઠો. કંઈક ઝોકાં પણ ખાઈ લીધાં કેમકે હજી સારી જેવી વાર લાગશે એમ જાણતો જ હતો. સાથે ધારાળા નાનામોટા ઘાટઘાટના વીણેલા પથ્થર પણ ફાંટ ભરીને લાવ્યો હતો. કલાકેકમાં તે સાવધ થઈ ગયો અને શકરાબાજ જેવી આંખ ઓરડા ઉપર જ માંડેલી રાખી. બારી ઊંચી અને પહોળી હતી, ઓરડાનો ખૂણેખૂણો પોતે જાણે અંદર જ હોય એમ સુલેમાન સ્પષ્ટ જોઈ શકતો હતો. ત્યાં તો હમીદ એ ઓરડામાં આવ્યો અને પછી કેટલાક વખત લગી પોતાની અખૂટ રમતો રમતો અંદર આવે. વળી બહારના મોટા ઓરડામાં ચાલ્યો જાય, એમ એ ચંચળ છોકરો કરવા લાગ્યો, ઠરીને ન બહાર બેસે, નહીં અંદર. અને સુલેમાન જાણતો જ હતો કે અબદુલ અહીં આવતો નહીં. હમીદ એકલો જ ઊંઘતો નહીં; એ પણ તે જાણતો હતો.

આખરે હમીદ અને એની મા ફાતમા સાથે અંદર આવ્યાં. માતાએ હમીદને ઉપાડી ચૂમીને ઢોલિયામાં સુવાડ્યો. તેના વાંસા પર અને આખે ડીલે હાથ ફેરવવા મંડી, ત્યાં તો હમીદ એને વળગી પડ્યો અને તેને ચૂમીઓથી નવરાવી રહ્યો. કાનમાં ગણગણતો જાય અને માને ચૂમતો જાય, તેની ડોકફરતા હાથ તો એણે જકડ્યા જ હતા. ફાતમાએ એના પગ પણ કમ્મરે વળગાડી એને ઉપાડી લીધો, છાતી સાથે જકડી લીધો અને ચસચસીને લાંબી ચૂમીઓ ભરવા લાગી. પછી ઢોલિયાની આસપાસ ટહેલતાં-સેલતાં એ મંદમંદ નાચવા લાગી અને સાથે અતિકોમળ સ્વરે લાંબાલાંબા રાગનું ગાવા લાગી. હમીદ પણ પગની એડીઓ વડે એના ડીલ પર તાલ દેવા લાગ્યો. ચૂમે, ચક્કરચૂમતાં ગાતી જાય અને ઢોલિયામાં બેસાડી અખૂટ વહાલથી ચંપી રહેતી વળી ચૂમીઓ વરસાવે, વળી તેને ઉપાડી લેતી ઢોલિયા ફરતી તાલબંધ કદમે અને કલરવની મધુરતા ફેલાવતી ચૂમે. હમીદનો બાળક જેવો ખિલખિલાટ પણ સુલેમાન ઝાડમાં સરાઈને બેઠો હતો ત્યાં લગી સંભળાય. વચ્ચેવચ્ચે તો માદીકરા બેયની હરખઘેલી ધૂન અને ઉલ્લસતી ખુશાલી આખો ઓરડો ગજવી મૂકે.

આપણા દેશમાં શિવરાત્રિ; જન્માષ્ટમી કે નાનકજયંતીએ ભજનમંડળીઓ જૂનાં-નવાં ભજનો ગાતી અને આખ્યાનો લલકારતી આખી રાતનાં જાગરણ કરે છે અને તેમાં ધૂન જામતાં અત્રતત્ર બેચાર સ્ત્રીપુરુષો નાચી પણ ઊઠે છે. ભક્તિસુધારસના ઘૂંટડે ઘૂંટડે એમને એવો આનંદ વ્યાપી રહે છે કે તેટલો વખત તેમને નથી આવતી ઊંઘ, નથી વર્તાતો થાક. આ માદીકરાના યુગલનું હેત-રસપાન પણ અખૂટ લાગતું હતું અને એ ચુંબન, એ ગુંજન એ એકબીજામાં સકલ વેદિતવ્યની પરિસમાપ્તિ, એ જીવનમાત્રનો અત્તર જેવો અર્ક, બારીવાટે સુલેમાન લગી પણ પહોંચી શક્યો. ઝાડને હૃદય

હોય તો તેને પણ પિગળાવવાની શક્તિવાળો એ હેતરસ–તેજાબ સુલેમાનનેય સ્પર્શ્યા વિના ન રહ્યો.

સુલેમાન કંઈ જડ નહોતો. એ નહોતો ઝાડ, નહોતો પથ્થર, એનું હૃદય સ્નેહાનુભૂતિના અભાવે છોડ કે કાષ્ટ પણ થઈ ગયેલું નહોતું. એના નિર્મળ મધ જેવા સુગાઢ હેતનાં પાત્ર મરિયમ અને છ છોકરાં, ઉપરાંત એનો તંબૂ, એનાં ઘેટાંબકરાં, અને એનો દિલોજાન થયાં હતાં. ત્યારે આટઆટલાં વર્ષ આટલા હેતભાવના **અનુભવ**માં ગાળેલાં તથાપિ આજે રાતે આ માદીકરાની–અન્યોન્ય હેતપ્રીતનાં અસાધારણ અણધાર્યાં દર્શને પણ એના હૃદય ઉપર અપૂર્વ અસર ઉપજાવી એ કેવું કહેવાય ?

જોતાં અજાયબીમાં ડૂબી જવાય, આ કેમ બન્યું હશે તેનો પત્તો જ ના લાગે, એવું એવું કરી બતાવી આપણને હેરત કરનાર કોઈ કોઈ જાદૂગર નીકળી આવે છે ખરા, પરંતુ એ પણ દરેકે દરેક કબૂલ કરે છે એટલું જ નહીં, ઢોલ–તાંસાં પીટીપીટીને સૌને જણાવ્યા કરે છે કે આ મારો ઈલમ કેવળ છેતરપિંડી છે, પ્રેક્ષકની આંખમાં ધૂળ છાંટવાની જ કળા છે, પ્રેક્ષક જે જેમ બનતું દેખે છે તેમ એ કશું જ નથી બનતું, શું શી રીતે બને છે એ ગમે તેટલો ચકોર પ્રેક્ષક પણ પરખી ન શકે એમાં જ આ ઈલમ કે ચાલાકીનો વિજય છે. એમાંના ઉત્તમોત્તમ તો વિનમ્રતાની મૂર્તિ જેવા પણ હોય છે. સર્વશક્તિમત્તા અથવા ઐશ્વર્ય અને સર્વજ્ઞતા અથવા જાતે સાક્ષાત્ શારદા કે ગાયત્રી હોવાને કે પોતાને માથે એનો હાથ હોવાના દાવા અને તે પ્રમાણેનું વર્તન કરનારા ય કયારેક જોવામાં આવે છે ખરા; પરંતુ તે ય ફિલસૂફ, કથક કે વૈજ્ઞાનિકના વર્ગમાં પાકતા જ નથી. પરંતુ આ એકે વર્ગની શક્તિ અને આવડતમાં ઊંડા ઊતરી તેનું પૃથક્કરણ કરી તેની ઇયત્તા માપવાનું આ સ્થાન નથી. હું તો એક નાચીજ નવલિકા જ લખી રહ્યો છું અને તેને પૃથક્કરણના ભારે કે આવી કોઈ ચર્ચાના અપ્રસ્તુતને મારે ગૂંગળાવી મારી નથી નાખવી. એટલે હું સ્વીકારી લઈશ કે રગેરગે વેર વાળવાનો નિર્ણય જામી ગયેલી એવી સ્થિતિમાં સુલેમાન અહીં આવેલો, તથાપિ એનું એ વલણ અહીં આ માદીકરાના અસાધારણ સ્નેહાતિરેકનું એની કલ્પનામાં પણ નહીં એવું દૃશ્ય જોતાં તે પીગળ્યો એટલે લગી કે તેનો વેરભાવ જાણે આખો ય સરી ગયો અને એ કાર્ય પાર ઉતારતાં તો હું પુત્રવત્સલ નિર્દોષ માતાનો ખૂની પણ બનું એવું ઘોર 'મહાપાતક વહોરું' એવું ભાન એના ચિદાકાશમાં ઊગી એટલું પ્રબળ બન્યું કે તેનો આગલો નિર્ણય પીગળી ગયો. આ ચમત્કારિક હૃદયપલટો કેમ બન્યો તે મને જ પૂરેપૂરું નથી સમજાતું તો તે વાચકને સમજાવવાની શક્તિ પણ મારામાં ન જ હોય. એવા ચમત્કાર કોઈ કોઈ વાર બને છે ખરા અને અહીં પણ એ બન્યો, એ જ મારે કહેવું છે. આવા ચમત્કારો ગમે તેટલા અણધાર્યા લાગે તથાપિ કાળ, સ્થળ, પાત્રત્રિપુટીના સમુચિત સંગમે બની આવે છે એવી વાચકને પ્રતીતિ ઉપજાવવામાં જ કલ્પના–કલાપ્રવૃત્તિ અને સાહિત્યનો વિજય પણ છે.

આ સત્યની આપણને સૌથી સહેલી રીતે અને સૌથી વધારે ચોખ્ખી ખાતરી થઈ જાય છે, સાહિત્યની નાટ્યજાતિમાં. કાવ્યનવલાદિ શબ્દ વાટે–કાનવાટે જ–આપણા અંતરમાં પ્રવેશે છે. નાટકજાતિનું સાહિત્ય દૃશ્ય પણ હોય છે. મુખ્યત્વે દૃશ્ય છે. અને આપણે જાતે ઘણીવાર અનુભવી ચૂકયા હોઈએ તે ને તે રંગભૂમિ ઉપર કુશલ નટનટીના યથાયોગ્ય અભિનય અને સુંદર કવિત્વમય સંવાદો સાથે ભજવાતું જોવામાં આવતાં

સવિશેષ ચોટદાર બની જાય છે; આપણો અનુભવનો ‘લાડુ’ અને એ નાટકનાં પાત્રો આરોગતાં હોય તે ‘લાડુ’ હોય છે એક ને એક, કદ અને મીઠાશમાં એકસરખા, તથાપિ આપણે ભાણે તે માત્ર લાડુ, એ પારકા નાટકી ભાણામાંનો તે ‘મોદક,’ એમ જાણે એ પરાનુભૂતિ (‘ઑબ્જેક્ટિવ એક્સપિરિયન્સ’) સ્વાનુભૂતિ (‘સબ્જેક્ટિવ એક્સપિરિયન્સ’) કરતાં વિશેષ અને ઑર સ્વરૂપ ધરે છે. ‘પારકે ભાણે લાડુ મોટો’ એ જાણીતી મામૂલી કહેવત માત્ર ઈર્ષ્યાની સાર્વત્રિકતાનું કથન નથી, એમાં આવું ફિલસૂફીમય રહસ્ય પણ રહેલું છે, કેમકે એ પરાયા પાત્રમાંનો લાડુ આપણે માત્ર આરોગતા નથી, તેનું આપણે ચર્વણ કરીએ છીએ (એને વાગોળીએ છીએ) તેમાં કલ્પના અને સ્થળ, પાત્ર, સંજોગ અને કવિતાની સપ્રમાણ સમીચીન મિલાવટ પણ થયેલી હોય છે.

એટલે જ હેતપ્રીતના પુષ્કળ ઊંડા અનુભવવાળા સુલેમાનનો પણ આ દશ્ય જોતાં-જોતાં હૃદયપલટો થઈ આવ્યો. માબેટાના એ સવાદોઢ કલાકના સ્નેહાતિરેકના અકલ્પ્યાનુપમ દેખાવે સુલેમાનનું હૃદય પીગળતું-પીગળતું સાત્ત્વિક બનવા પામ્યું અને પોતાને જાણે કોઈ નવો જ આંચકો લાગતો હોય એમ તેને થયું. દિલોજાન હ્રેંસાઈ ગયો તે દિવસથી પોતે રાત પડતાં વાડીમાં આવી બારી સામેના આ ઝાડ ઉપર લપાયો ત્યાંલગી સુલેમાનના મગજમાં મિત્રના ઘાતકી ખૂની તરફ ઊંડું ઝેરવેર જ વ્યાપેલું હતું. એ વેર વાળવાની ક્ષણ ચાલી જ આવે છે એમ તે ઝાડ પર લપાયો ત્યારે ઉત્સાહમાં પણ હતો. હમીદ અપરાધીને યોગ્ય સજા પોતે ન્યાયાધીશ પોતાને હાથે કરશે, એ ખૂની વધારે વખત છટકવા નહીં જ પામે, એવી નિરાંતમાં તો એ પોણો કલાક–કલાક ઝોકાં ખાઈ લઈને પણ તાજો બનેલો હતો. અને એની ટાંપી રહેલી નજર આગળ ઊકલ્યો તે તો આ તદ્દન અણધારેલો નાટકી પડદો. અણધારેલો તથાપિ પૂરેપૂરો સમજાતો અને સાચા કુંદન જેવો કુદરતી; કેમકે હમીદ ફાતમા જે કરી રહ્યાં’તાં તે નાટકી અભિનયના ભેળે દૂષિત જરા પણ નહોતું, કેવળ કુદરતી ઊભરા જ વહેવડાવી રહ્યાં હતાં અને તેના મગજમાં જુદું જ બીજું સ્થાન પામ્યું. એ હમીદ તો એની માતા ઉપર આટઆટલો સ્નેહ કરે છે, માતાના સ્નેહનું પણ એવું તો અજોડ પાત્ર છે, કે બેટો મરતાં માતા ય મરી જાય, આમ બેટાનો ખૂની માતાનો ખૂની પણ. અને તે માતા પણ છેક નિર્દોષ, આટઆટલી વત્સલ. દિલોજાનના ખૂનીનું ખૂન કરું એ તો ન્યાય, એ મહાપાતકને એ જ બદલો ઘટે; પણ–પણ–પણ–આ વિશેષ હત્યાનું મહાપાતક વહોરવું તે કઈ રીતે ન્યાય્ય ?

જો ફાતમાના ખૂનના ઘોર પાતક વિના દિલોજાનના ખૂનનું વેર વાળવાનું બની જ શકતું નથી, તો એ વેર વાળવાનું પણ શી રીતે ? અને કુરાને શરીફની પેલી અમર સુરા એના ચિદાકાશમાં વીજળીની જેમ ઝબૂકી ઊઠી—‘અલ્લાહતઆલાનું ફરમાન છે, કે વેર વાળવાનું કર્તવ્ય મારું છે, મારું જ છે!’ (‘વેન્જન્સ ઇઝ માઈન, માઈન એક્સ્ક્લૂઝિવલી; સેથ ધી લૉર્ડ!’)

રાત વધતાં અને હેતપ્રીતના ઊભરા ઉપર ઊભરાનો કંઈક થાક વરતાતાં હમીદ ઊંઘરાટો થયો અને મા તેને ઢોલિયામાં પોઢાડી એના રક્ષણ માટે અલ્લાહની બંદગી કરીને ચાલી ગઈ. હમીદ અને સુલેમાન અને અલ્લાહ સિવાય ત્યાં કોઈ જ રહ્યું નહિ; હમીદ ઢોલિયે, સુલેમાન ડાળીઓના પડદા પાછળ, અલ્લાહ સર્વત્ર.

આટઆટલા મહિના જે કર્તવ્ય પાર પાડવાની ધૂનમાં એને જણાયા પણ નહોતા, તેનો વિચાર એને ફરીફરી ડંખવા લાગ્યો. એ વિચાર આવે, ફાતમાની નિર્દોષ વત્સલતાનો વિચાર આવે, અલ્લાહના ચોખ્ખા ફરમાનનો વિચાર આવે, ફાંટમાંથી બેત્રણ પથરા કાઢવા, દશ–અગિયાર વર્ષના નિદ્રાવશ છોકરા પર ઘા કરી તેની તાલકી ફોડી નાખવી, પૂરેપૂરી ખાતરી માટે બીજા કે ત્રીજા જ ઘાએ ધારાળો પથ્થર પાંસળી તળે હુલાવી દેવો, અને સટ ઝાડ પરથી સરી જઈ જામેલી રાતના અંધારામાં અલોપ થઈ જવું, એમાં સુલેમાન જેવા પંચહત્યામલ્લને કશી યે મુશ્કેલી પડે એમ નહોતું અને આવો વિચાર ફરકતાં તેનું મોં જરા મલકયું પણ ખરું; પણ માથું યે હાલી ઊઠયું; કેમકે એ જ અત્યારે એને માટે અશકય થઈ પડ્યું હતું. દિલોજાનનો વિચાર આવે અને ભ્રૂકુટી તણાય. વળી આ ઊલટા જ વિચાર આવે, એમ એને બેચાર વાર થઈ ગયું. પણ એ હતો સાચો નમાઝી. અલ્લાહતઆલાના સ્પષ્ટ ફરમાનને ય વિસ્મરે કે અવગણે અને પોતાની માનુષી પાશવી લાગણીઓને વશ વર્તે એવો મુસ્લિમ એ નહોતો જ. વિચારાંદોલનોથી મુઝાતાં તેણે આંખો બંધ કરી અને આંખો બંધ થતાંની સાથે, બનેલી આદતના અનુયોગે દષ્ટિ અંતર્મુખ બની અને તે બંદગીમાં પડ્યો. અલ્લાહતઆલાની રહમને નાલાયક નથી જ બનવું એવા નિર્ણય સાથે આંખ ખોલી તે ઝાડ ઉપરથી સરી પડ્યો. ફાંટમાંના પથરાને થડની આસપાસ ખામણું ગોઠવતો હોય એમ ખડકી દીધા અને ઘેરી રાતના અંધકારમાં અલ્લાહતઆલાના ફરમાનની રોશની જોતોજોતો ચાલ્યો ગયો.

☆

મેટ્રિકમાં ભણતા એક વિદ્યાર્થીને વિનોબાએ પૂછ્યું :

‘કેમ, તમે પછી શું કરવાના છો ?’

‘પછી શું એટલે ? પછી કૉલેજમાં જવાનો.’

‘હા, કૉલેજમાં તો જવાના ખરા, પણ તે પછી શું ? એ સવાલ તો રહે છે જ !’

‘પ્રશ્ન રહે છે ખરો, પણ તેનો અત્યારે જ શા માટે વિચાર કરવો ? આગળ ઉપર જોઈ લેવાશે.’

ત્રણ વર્ષ પછી એ જ વિદ્યાર્થીને એ જ પ્રશ્ન પૂછવામાં આવ્યો.

જવાબ મળ્યો : ‘હજી કશો વિચાર થયો નથી.’

‘વિચાર થયો નથી એટલે ? પણ તમે વિચાર કર્યો હતો ખરો ?’

‘ના ભાઈ, વિચાર કર્યો જ નથી. શો વિચાર કરવાનો ? કશું સૂઝતું નથી. હજી દોઢ વરસ વાર છે, પછી જોઈ લેવાશે.’

‘પછી જોઈ લેવાશે’ના શબ્દો તો ત્રણ વર્ષ પહેલાં ઉચ્ચાર્યા હતા તે જ હતા, પણ તે વખતના અવાજમાં બેફિકર વૃત્તિ હતી; આજના અવાજમાં થોડીક ચિંતાની છાયા હતી.

દોઢ વર્ષ પછી ફરીથી પ્રશ્ન પુછાયો. એ વખતે ચહેરો ચિંતાક્રાંત હતો. અવાજનું બેફિકરપણું સાવ ઊડી ગયું હતું, પણ ત્યારે ય એ પ્રશ્નનો જવાબ તો તેની પાસે નહોતો જ. —‘મધુકર’

×

એક વખત એક નવો વકીલ થયેલ હરિજન ગાંધીજી પાસે આવ્યો ને હિંદુશાસ્ત્રમાં અસ્પૃશ્યતા નથી એ દર્શાવતાં એણે પુષ્કળ શ્લોકો ટાંકી બતાવ્યા. ગાંધીજીએ એની ભૂલો બતાવ્યા પછી વકીલે સતત ધ્યાનમાં રાખવા યોગ્ય એક સૂત્ર કહ્યું. એ બોલ્યા :

‘આપણી વસ્તુ હોય તે કરતાં પણ કાંઈક હળવી રીતે મૂકવી એ વસ્તુની યથાયોગ્ય રજૂઆત છે. અતિશયોક્તિ કરવાથી આપણી વસ્તુની કિંમત ઘટે છે. સારા વકીલે આ વસ્તુ હંમેશ યાદ રાખવી. એમ કરવાથી આપણો કેસ ન્યાયાધીશ ઉપર સારી રીતે ઠસાવી શકાય છે.’

×

સમાજમાં વૃદ્ધોનું સ્થાન

લેખક :
દી. બ. હીરાલાલ લલ્લુભાઈ કાજી
એમ. એ., બી. એસસી., જે. પી.

આજના સંક્રાંતિકાળમાં સમાજને અનેક પ્રશ્નો મૂંઝવી રહ્યા છે. તેનો ઉકેલ સહેલો કે સરળ નથી. અનુભવ અને વિચારથી પરિપક્વ બનેલા વૃદ્ધોનાં સૂચનો પ્રવૃત્તિમય પ્રૌઢોને ગ્રાહ્ય નીવડતાં નથી અને યુવાનોને બિલકુલ ગળે ઊતરતાં નથી. તેમના દૃઢ મત પ્રમાણે વૃદ્ધોનાં સૂચનો માત્ર ભૂતકાળનાં સ્મરણો ઉપર જ રચાયાં છે અને વડીલો યુગપ્રવાહથી વિમુખ રહી પોતે જોયેલું પુન: સજીવન કરવા મથે છે. આ માન્યતામાં સત્ય નથી. વડીલોના વિચારો યુગપ્રવાહ લક્ષ્યમાં રાખી અને જૂનાનું રહસ્ય જાળવી રાખી નવીન યુગનાં સંસ્કારી અને પ્રગતિમય તત્ત્વો સંકલિત કરી માર્ગસૂચન કરે છે, તે તુચ્છકારવા યોગ્ય નથી; પણ લક્ષ્યમાં રાખવા જેવાં છે.

અનેક મૂંઝવનારા પ્રશ્નોમાંનો એક અતિ વિકટ પ્રશ્ન વડીલોના સ્થાનનો છે. જાહેર જીવનમાં વૃદ્ધોનું સ્થાન શું હતું, શું છે અને શું હોવું જોઈએ એ પ્રશ્ન અતિ અગત્યનો છે. કુટુંબમાં વૃદ્ધોનું સ્થાન એ પ્રશ્ન કાંઈ ઓછી અગત્યનો નથી. જાહેર જીવનમાં, વેપારધંધામાં, સમાજમાં અને ગૃહમંદિરમાં સર્વ સ્થળે વડીલો અગમ્ય, નડતરરૂપ, આડખીલી જેવા, બિનજરૂરી, ફાલતુ મનુષ્ય (અં. સુપર ન્યુમરરી) ગણાય છે. ચાલુ યુગમાં ફક્ત અમેરિકા કે ઇંગ્લાંડમાં જ નહિ પણ સારાયે જગતમાં આયુષ્ય લાંબાં થતાં જાય છે. પચાસ–સાઠ વર્ષનો મનુષ્ય હવે વૃદ્ધ ગણાતો નથી. સાઠ ઉપરના તો હિંદમાં પણ ઘણાયે દેખાય છે અને પાંસઠ, છાસઠ પછી જ વૃદ્ધાવસ્થાની અશક્તિ વગેરે જણાય છે. બાળમરણનું પ્રમાણ ઓછું થતું જાય છે અને જીવનદોરી લંબાતી જાય છે. એટલે સમાજમાં વૃદ્ધોના સ્થાનનો પ્રશ્ન વધુ અગત્યનો થતો જાય છે.

પુરુષ પચાસેક વર્ષનો થાય ત્યારે એનો જીવનનો વિકાસ એના પ્રમાણમાં સારો થયો હોય. જીવનસીડીના છેલ્લા કે અધવચના પગથિયાથી લગભગ એને શક્ય હોય તેટલી ઊંચાઈ સાધી હોય. ઑફિસોમાં કારકુન, હેડ ક્લાર્ક થયો હોય; વધારે નિપુણતા હોય તો બેચાર ઑફિસમાં પર્યટન કરી મેનેજરશીપ સાધી હોય; શિક્ષક હોય તો હેડ માસ્તર કે ઇન્સ્પેક્ટર થયો હોય; લેક્ચરરમાંથી અધ્યાપક થઈ, આચાર્ય થયો હોય; સીનીયર એડવોકેટ થયો હોય; મોટો ડૉક્ટર થયો હોય; યુવાન શેઠ મોટાશેઠ થયો હોય. આવક પણ વધી શકે તેટલી વધી ચૂકી હોય; પ્રતિષ્ઠા જામી હોય, સૌ સૌના મંડળમાં સત્કાર અને સન્માન પામતો હોય. જ્ઞાતિમંડળનો મંત્રી કે અધ્યક્ષ થઈ ચૂકયો હોય, ક્લબમાં જતો હોય તો સમિતિનો સભ્ય કે કોઈ ઊંચો અધિકાર પામ્યો હોય. ઘેર પણ વડીલો મરી પરવાર્યા હોય, એટલે પોતે કુટુમ્બનો મુખ્ય પુરુષ થયો હોય. મુખ્ય કમાનાર હોઈ, સ્ત્રીને સ્વભાવ કે ગુણ પ્રમાણે માયાથી કે કઠોરતાથી ખખડાવતો હોય, છોકરાંઓને ધાકમાં રાખતો હોય; નોકરોને ધમકાવતો હોય. નોકરિયાત જેવા વર્ગને માટે પિસ્તાળીસથી પંચાવનની ઉંમર જીવન–સાફલ્યની અવધી ગણી શકાય. પંચાવન થયાં એટલે સરકારી નોકરીમાંથી નિવૃત્ત થવું પડે, ખાનગી નોકરીઓમાં કદાચ સાઠ સુધી ટકવા દે; પરંતુ શરીરની નિર્બળતા અને પોતાથી

નીચેનાની ‘કયુ’નો પ્રબળ ધક્કો નિવૃત્તિને શરણે ધકેલે છે.

પ્રથમ દૃષ્ટિએ પ્રવૃત્તિની ધમાલ પછી નિવૃત્તિની શાંતિ મીઠીમીઠી લાગવી જોઈએ, પરંતુ શરૂઆતના બે–ચાર મહિનાની મીઠાશનું કડવાશમાં પરિવર્તન થાય છે. ઘેર તેમ જ બહાર ધૂંવાપૂંવા કરનારો હવે કચકચ કરનારો અને ડાકું મારનારો ગણાય છે. સવારનો વખત તો ઠીક, પણ બપોરે બહાર જવાનું ન હોવાથી ઘરકામમાં વધુ રસ લેવાનું સ્વાભાવિક છે, પરંતુ સ્ત્રીમંડળને એ નકામી કનવાર કરાવનારો લાગે જ. તેઓ નિવૃત્ત પુરુષને કહે છે, કે ‘તમે જરા બહાર જાઓ ને! ઘરમાં શું બેસી રહો છો?’ પરંતુ બહાર તે કયાં જાય? પોતાની જૂની ઓફિસમાં પણ નડતર જેવો લાગે અને પોતે તે પેઢીના નિવૃત્ત શેઠ હોય તો પણ એની સ્થિતિ કઢંગી થાય છે. પેઢી ચલાવનાર પોતે નહીં હોવાથી અને ફક્ત દિવસના બે–ત્રણ કલાક જ ત્યાં જતો હોવાથી પેઢીના કામકાજથી પૂરો વાકેફ હોઈ શકે નહીં; એટલે ઘણેભાગે એને પેઢીમાં જઈને બેસી રહેવું પડે. કારભાર પોતાનો પુત્ર ચલાવતો હોય, તેમાં ખાસ ભાગ લઈ શકે નહીં, કદાચ લેવા જાય તો ડાકું માર્યા જેવું લાગે.

આ બાબત એક પ્રચલિત નાનકડો ટુચકો વાંચેલો યાદ આવે છે: પેઢીમાં શેઠની સાથે કોઈકોઈ વાર એનો બાળકપુત્ર પણ આવતો. એક દિવસ બાળકે બારીમાંથી એક ઝાડ ઉપર કાગડો બેઠેલો જોયો. તે બોલ્યો: ‘બાપા, કાગડો.’ શેઠ કામમાં હતા, છતાં ડોકું ધુણાવ્યું અને કહ્યું: ‘હા ભાઈ, કાગડો.’ આ કાગડામાં બાળકને શું નવાઈ લાગી તે કોણ જાણે, પણ બાળકે પંદર–વીસ વાર બોલ્યા જ કર્યું કે ‘બાપા, કાગડો.’ બાળકને નહીં

વઢતાં શેઠે જવાબ આપ્યે રાખ્યો, ‘
ભાઈ, કાગડો.’ શેઠ ચતુર હતા એ
રોજમેળના ચોપડામાં આ સવાલ–જવા
લખી રાખ્યા. મોટી ઉંમરે એ બાળક પેઢી
ચાલક થયો અને પિતા નિવૃત્ત થયા; છ
બપોરને સમયે શેઠ પેઢીમાં જતા ખરા. પેઢી
કામકાજમાં કંઈક બોલવા જાય તો છોકરો કો
કે ‘બાપા! તમે હવે બધી વાત જાણો નહી
શું કામ માથું મારો છો?’ આવું કેટલી
વાર બન્યું હશે તેથી નિવૃત્ત શેઠે એક દિવ
બારીમાંથી દેખાતા ઝાડ ઉપર કાગડો જોયે
એટલે એણે કહ્યું: ‘ભાઈ, કાગડો.’ યુવા
શેઠે કહ્યું: ‘હા બાપા, કાગડો.’ શેઠે બોલ
જ રાખ્યું, કે ‘ભાઈ, કાગડો.’ ત્રણ–ચા
વખત પિતાનું માન પુત્રે જાળવ્યું; પણ પછ
રહેવાયું નહીં અને તેણે કહ્યું કે, ‘બાપા
તમે નાહક આવો લવારો કરીને કામ કરવ
દેતા નથી. આ સાંજનું પેપર છે તે વાંચોને.
મોટા શેઠે જૂના મુનીમને બોલાવ્યો. પચીસ વ
પહેલાંનો ચોપડો કઢાવ્યો, પેલું પાનું ઉઘડાવ
અને પુત્રને બતાવ્યું અને પુત્ર તે વાંચી શરમા
ગયો. પિતાના વાત્સલ્યપ્રેમનો પોતે કે
બદલો આપી રહ્યો હતો તેનું એને ભાન થયું

આ ટુચકો તો ઠીક પરંતુ એમાંથી એ
અતિ અગત્યનો પાઠ શીખી શકાય છે. બચપ
અને ઘડપણ એ બંને સરખાવનારાઓની ભૂ
સમજાય છે. બાળકની બધી ખામીઓ
અપૂર્ણતાઓ માતપિતાને મીઠી લાગે છે, પરં
વૃદ્ધ માતાપિતાની ખામીઓ કે અપૂર્ણતાએ
પુત્રોને કડવી લાગે છે. આ પરિસ્થિતિમ
આશ્ચર્ય જેવું કાંઈ જ નથી, પુત્રોનો દોષ નથી
બાળકમાં પ્રગતિની સ્ફૂર્તિ છે; વૃદ્ધ નિવૃત્તિન
મૂર્તિ છે. બાળકમાં વિકસતી શક્તિ છે; વૃદ્ધમ
વિરમતી ગતિ છે. બાળક ખીલતું પુષ્પ છે
વૃદ્ધ ખરતું પાન છે. બાળકમાં ભવિષ્યન
આશા, ભાવિની છાયા સમાયેલી છે; વૃદ્ધોમ

ભૂતકાળનાં સ્મરણો જ, પડછાયા જ છે. બાળક ઇષ્ટસાધક લાગે છે; વૃદ્ધ કષ્ટદાયક થતો જાય છે. બાળક રોગમુક્ત થતું જાય છે; વૃદ્ધનું શરીર રોગયુક્ત થતું જાય છે. બાળકમાં જીવનનો ઘસારો છે; વૃદ્ધમાં જીવનનો ઘસારો છે. બાળકમાં ચડતાં પાણી દેખાય છે; વૃદ્ધમાં ઊતરતાં પાણી છે. બાળકમાં જીવનની શરૂઆત છે; વૃદ્ધમાં જીવનનો અંત છે.

આ પ્રમાણે જીવનના બે છેડા બચપણ અને ઘડપણમાં મૂળ ભેદ છે. વૃદ્ધોએ પુત્રોનો દોષ કાઢવો વાજબી નથી. વૃદ્ધને ઘરમાં પોતાનું સ્વમાનભંગ જણાય ખરું; જે ઘરમાં પોતાનું આધિપત્ય હોય, જ્યાં આખું તંત્ર પોતાની દોરવણી ઉપર ચાલતું હોય, તે જ ઘરમાં નિવૃત્તિનો સમય આવતાં વધતી જતી પરાધીનતા સ્વીકારવી પડે એ સાલે તો ખરું. ડોસી જીવતી હોય ત્યાંસુધી તો ડોસા મન વાળી શકે, પરંતુ દુર્ભાગ્યે ડોસી ગઈ તો ડોસાને જીવન ભારે થઈ પડે છે. વર્ષો જતાં આંખમાં મોતિયો પાકે કે ઝામરનાં પાણી ઊતરે અને આંખે ઓછું દેખાવા માંડે; કાને પણ ઓછું સંભળાય; મગજની ગતિ પણ મંદ પડી હોય એટલે ઘણી બાબતોમાં 'હેં! હેં! શું કહ્યું?' એમ પૂછ્યા કરવું પડે; કાઠી કે લાઠી વિના ચાલવામાં કષ્ટ પડે; કપડાં પરિધાન કરવાં કઠિન લાગે એટલે ઘરમાં બધાને એને અકારા થવું પડે. ઘણુંખરાં આપણાં હિંદુ સંસ્કારી ઘરોમાં હેતાળ પુત્રો પિતાને ઓછું આવવા ન દે, પરંતુ દિવસનો ઘણોખરો ભાગ પુત્રને બહાર કામધંધે જવું પડે, પુત્રવધૂ ગમે તેટલી સુશીલ હોય તોપણ સદ્‌ગત ડોસીની માફક ડોસાને સાચવી લઈ શકે નહીં જ. આ સ્થિતિમાં રોષ કે દોષ કેવળ અસ્થાને છે—જે પ્રાકૃતિક છે તેમાં દોષ કોનો?

આવી સ્થિતિ આવતી અટકાવવાનો વૃદ્ધ પ્રયત્ન કરે છે. નિવૃત્ત થતાં પહેલાં સારી કમાણી હોય તો પાંચ પૈસા બચ્યા હોય; અને પેન્શન કે પ્રોવિડન્ટ ફંડવાળી નોકરી હોય તો તે બે મળીને નિવૃત્તિપણામાં ઘરનો ખર્ચ ચલાવવા જેટલી આવક કદાચ મળી શકે, પરંતુ પેન્શન પગારથી માત્ર અડધું જ હોય અને પ્રોવિડન્ટ ફંડની રકમમાંથી પોતાના પગાર જેટલી આવક તો ન જ મળે. એટલે નિવૃત્ત થતાં, પહેલાં કરતાં એની આર્થિક સ્થિતિ એકદમ નબળી પડી જાય છે. સરકાર એના વૃદ્ધ પેન્શનરોને ઘણો અન્યાય કરે છે. બધાને મોંઘવારીનું ભથ્થું મળે, રૂા. ૨૦૦૦–૩૦૦૦નો માસિક પગાર મળતો હોય તો પણ તેને મોંઘવારી ભથ્થુ મળે, પણ રૂા. ૧૦૦–૨૦૦ના માસિક પેન્શનવાળાને અસહ્ય મોંઘવારી છતાં પણ કાંઈ પણ રાહત નથી મળતી. એકદમ ઓછી થઈ ગયેલી આવકની અસર ઘરના કારભાર ઉપર થયા વિના રહે જ નહીં. ભટ, ચાકરમાં કદાચ કાપ મૂકવા પડે. મોટરકાર હોય તો કદાચ કાઢી નાખવી પડે. ઉનાળામાં કે રજાના દિવસોમાં માથેરાન, મહાબળેશ્વર કે એવાં કોઈ હવા ખાવાનાં સ્થળો ત્યજવાં પડે, નિવૃત્તિમાં અને વધતી જતી નિર્બળતામાં આરામ, આનંદનાં સાધનોમાં વૃદ્ધિ થવી જોઈએ તેને બદલે ઓછી થયેલી આવક કરકસરની ફરજ પાડે છે અને ડોસા–ડોસીના મનની શાંતિનો ભંગ થાય છે. આવી સ્થિતિ કાંઈક અંશે ખાળવા, નિવૃત્ત થતો પુરુષ બીજી નોકરી મેળવવાનાં ફાંફાં મારે છે. પહેલા જેટલો પગાર તો કોણ આપે? સ્વમાનનો ભંગ ગળી જઈ જે મળે તે સ્વીકારવા વૃદ્ધને તત્પર થવું પડે છે. મારી જાણમાં રૂા. ૧૫૦૦થી વધુ માસિક પગાર કમાનાર એક અમલદારે રૂા. ૬૦૦ના પગારની બીજી નોકરી સ્વીકારી. ભોગવેલા અધિકારની ટેવો એકદમ છૂટતી નથી અને નવી નાની

નોકરીમાં તે નડતરરૂપ નીવડી. રૂ. ૬૦૦ની નોકરી ગુમાવી અને ત્યાર પછી રૂ. ૧૫૦ની નોકરી સ્વીકારવી પડી. બીજા એક ભાઈએ રૂ. ૧૦૦૦ની નોકરીમાંથી નિવૃત્ત થતાં જ રૂ. ૧૫૦ની નોકરી સ્વીકારી. આ ભાઈઓને મેં ટોકયા ત્યારે બન્નેના ઉત્તરનો ભાવાર્થ એક જ હતો: 'તમે મારી સ્થિતિ કયાંથી જાણો ?' રૂ. ૩૫૦એ કે રૂ. ૪૦૦એ પહોંચેલો હેડકલાર્ક રૂ. ૭૫ કે રૂ. ૧૦૦એ રહી જાય છે. રૂ. ૧૦૦ કે રૂ. ૧૫૦ કમાનારને તો રૂ. ૫૦ કે રૂ. ૬૦ની નોકરી પણ મીઠી લાગે છે. ફાંફાં માર્યાં છતાં ઘણા વૃદ્ધોને આવી નોકરીઓ પણ મળતી નથી. તેથી કેટલાએક નાઇલાજે શેરબજારનો આશરો લે છે. કોઈ મોટા શેરદલાલના ચાર-છ આની ભાગવાળા કોઈક માણસ એની જ ચાલીમાં રહેનાર મળી આવે છે. વૃદ્ધનું શેરબજાર તરફનું આકર્ષણ આવા પેટાદલાલના સહેવાસથી વિકસે છે અને તે ધીમેધીમે નાને પાયે તેજી-મંદી અને બદલીના પાઠ શીખે છે. શેરબજાર મોટા યોદ્ધાઓનું ધામ છે; ફુટકળિયા ડોસાઓનું કામ નથી. આ તો અનેક કરકસર કરી કાંઈક પાંચ પૈસા ભેગા કર્યા હોય તે જીવનના અંતભાગમાં ગુમાવવાનો પ્રસંગ આવે છે.

આવી અનેક રીતે આવક વધારવાનાં ફાંફાં મારતા થાકે અને બપોરના ત્રણ વાગ્યા પછીનો સમય ઘરમાં જ ગાળી આસમંડળીને આડી ખીલી જેવા ન લાગવું પડે અને પોતાને કાંઈક ગમે, તે માટે વૃદ્ધ આ સંસારની માયા છોડી ઈશ્વરમાં મન પરોવતો જાય છે. બપોર પછી, પહેલાના યુગમાં તો કોણ જાણે, પણ હાલ અનેક મંદિરોમાં વધતા પ્રમાણમાં કોઈ વિદ્વાન સ્વામીનાં કે સાધુઓનાં ગીતાજી ઉપર ઉત્તમ વિવેચનો કે અધ્યયનોના પ્રબંધ થાય છે. આ સાંભળવા અને સાથે-સાથે કઢંગા ફાલતુ સમયનો કાંઈક સ ઉપયોગ કરવા આવાં પ્રવચનો સાંભ નિવૃત્ત વૃદ્ધોનો ઠીકઠીક જમાવ થતો છે. સંસારની જુઠ્ઠી માયામાંથી મન દૂર ભગવાનનું સ્મરણ થાય એ મોટો લા અને વળી વૃદ્ધોનાં આવાં સંમેલનો થાય વૃદ્ધોના મિત્રમંડળ(અં. ઓલ્ડ મેન્સ કલબ કાંઈક અંશે ગરજ સારે. કેટલાએક વૃ આવી કથાઓમાં કે પ્રવચનોમાં રસ પ નથી અને તેઓ અન્ય માર્ગ શોધે છે. કો જાહેર લાયબ્રેરીઓમાં જઈ દૈનિકો ઉપ સામયિકોમાં મન પરોવે છે અને જા ખબરોની પણ દરેક લીટી ધ્યાનપૂર્વક વાંચે કોઈક ધોરી રસ્તા ઉપર આવેલી કોઈ સ્નેહીની દુકાને જઈ ત્યાં બેસે છે; જા આવતાં વાહનો ને લોકો જુએ છે; આવ ગ્રાહકોના રંગ જુએ છે; મિત્ર સાથે જ તરા ટોળટપ્પા કરે છે અને આનંદ મેળવે

મુંબઈમાં કેટલાએક પોતાને ફાવે ખુલ્લી હવાવાળા વિરામસ્થાનનો આ લે છે. પારસીઓના વૃદ્ધોની મોટી સં ચર્ચગેટના જાણીતા કૂવાની બાજુ પર બાં ઓની લાઈન ઉપર બપોરના પાંચ વાગ્ય અડ્ડો જમાવી બેઠેલી જોવામાં આવે છે. મ બાર હીલ ઉપરના હેંગિંગ ગાર્ડનમાં પો અને પોતાના મિત્રમંડળને સુગમ પડી હોય એવા બે-ત્રણ બાંકડા ઉપર પા વૃદ્ધો પોતાની મંડળી જમાવે છે. સુરત રાણીના બાગમાં બે-ચાર બાંકડાઓ આ રીતે વૃદ્ધો પોતાની મંડળી માટે અનામત છે. કેટલાએક બાગ આગળની તાપી કિના ની પાળ ઉપર પગ વાળીને બેસ બાંધી જાતની વગરપૈસાની ડોલતી ખુરશી બના ઝોલાં અને ઝોકાં ખાય છે. વડોદરામાં બાગમાં વૃદ્ધોનો જમાવ થાય છે. પૂનામાં વિશિષ્ટતા એ છે કે ત્યાં એક 'પેન્શનર્સ' ક

છે. તે નિવૃત્ત વૃદ્ધોનું સંધ્યાવિહાર સ્થાન છે. ત્યાં અનેક તાત્યાસાહેબો, અન્નાસાહેબો અને દાદાસાહેબો ખુલ્લી હવામાં આરામખુરશી ઉપર વિરામતા અને હળવીહળવી ગોષ્ઠી કરતા આનંદ અનુભવે છે. આ પ્રમાણે દિવસનું આથમતું પર્વ ખુલ્લી હવામાં શાંતિથી પસાર કરી અંધકાર ગાઢ થતાં વૃદ્ધો ડોલતી શિંગડીએ પોતાના ઘર તરફ સિધાવે છે.

પુત્ર પણ એટલામાં ઘેર આવ્યો હોય. એટલે બાપ–દીકરાને એક–બે વાતો કરવાની હોય તે કરી શકે છે. વાળુપાણી કરી વૃદ્ધને હવે કાંઈ બીજું કામ હોય નહિ, માટે પૌત્ર-પૌત્રી હોય, તો તેને રમાડવા કાંઈક નાની-મોટી વાર્તાઓ કહે છે. કોઈકકોઈક વાર પોતાના જીવનમાંથી એકાદ બે રમૂજી બનાવોની રૂપરેખા આપી ગૃહમંડળને કાંઈક આનંદ આપવા પ્રયત્ન કરે છે. આમ નિર્દોષ ગમ્મતમાં કલાકેક થાય એટલે સારાં સંસ્કારી ઘરોમાં પુત્ર કહે, કે 'ચાલો હવે! દાદાને ત્રાસ ન આપો. એમને સૂવા દો.' ગૃહમંડળી વિખરાઈ જાય અને સૌ સૂવાની કે તે પહેલાની કાંઈ વાંચવા–લખવાની પ્રવૃત્તિમાં પડે.

બધી જગ્યાએ કાંઈ આવું વ્યવસ્થિત જીવન હોઈ શકતું નથી. પૌત્ર–પૌત્રીઓ ઘરમાં ધમાચકડી કરતાં હોય, અને ઘોંઘાટ મચાવી રહ્યાં હોય. સાધારણ રીતે બધી શક્તિઓ સતેજ હોવા છતાં વૃદ્ધોથી બહુ ઘોંઘાટ ખમાતો નથી. એટલે છોકરાઓ ઉપર કદાચ ચિડાઈ જવાય અને તેમને ધમકાવાય, પરંતુ તે છોકરાઓની માતાને ન ગમે એ સ્વાભાવિક છે. સવારના પહોરમાં વૃદ્ધને સૂતાં-સૂતાં જ એકાદ બે ભજનો લલકારવાનું મન થઈ આવે છે. નરસિંહ મહેતાનાં પ્રભાતિયાં 'જાગને જાદવા,' 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ' કે 'પઢો રે પોપટ રાજા રામના' કે 'જગાવે જશોદા મૈયા, નંદના કુંવર જાગો' કે 'ઊઠી પ્રભાત સમરીએ શ્રી ગણેશ દેવા,' એવું કંઈક ભાંગ્યાતૂટ્યા થરથરતા અવાજે ગાવાનું મન થાય. ઊઠી દાતણપાણી કરી, નાહીધોઈ, સંધ્યા–પૂજામાં મન પરોવે, પરંતુ કેટલાંએક ગૃહોમાં આજે, કોણ જાણે કેમ, રેડિયોની ઘેલછા લાગી છે. પોતાના ઘરમાંથી તો શું, આસપાસનાં ઘરોમાંથી પણ રેડિયોના કર્કશ ધ્વનિ આવે છે. કોઈ 'ખાન' કે 'જાન' કંઈ ગાયનો લલકારતાં હોય છે; કયાં તો કોઈ દક્ષિણી સંગીતશાસ્ત્રી ગાયનની એકજ લીટી વીસ–પચીસ વાર જુદીજુદી રીતે બોલી પોતાની કળાનિપુણતા દર્શાવે છે. કેટલીક વાર એમ થાય છે કે સવારના પહોરમાં આ કોઈને કાંઈ કામધંધો હશે કે નહિ. સ્ત્રીમંડળને ઘરનાં કામકાજ, છોકરાંઓને શાળાના પાઠ અને પુરુષવર્ગને ઑફિસ–ધંધાનાં કામકાજ માટેની તૈયારી કરવાની હોય જ. છતાં રેડિયો કોને વગાડવાનું મન થતું હશે તે સમજાતું નથી. બિચારા વૃદ્ધને માળા ભજતાં-ભજતાં પણ આ ચાલુ જમાનાનો સ્વાદ લેવો પડે છે. એ અકળાય છે, મૂંઝાય છે, પણ શું કરે? કદાચ પોતાને ઘેર તો રેડિયો બંધ કરાવી શકે; પણ કાંઈ પાડોશીને ઓછું કહેવા જવાય છે?

વૃદ્ધો કંઈ ઓછા સંગીતપ્રેમી હોતા નથી. પરંતુ કવખતનો મહાનાદ એમને ગમતો નથી. સારું સંગીત સાંભળવાનો શોખ તો ઘણાને હોય. સુરતમાં લોકો અવારનવાર પોતાને ઘેર 'ગમ્મત' કરાવતા. એટલે કે કોઈ 'મહાલુ' જેવો નગરપ્રસિદ્ધ હારમોનિયમ માસ્તર અથવા તે મોંઘો પડે તો કોઈ મહોલ્લાનો મગન સુંદર જેવો કોઈક શિક્ષક પોતાની મંડળી લાવે અને કલ્યાણથી માંડીને ભૈરવી, કાલિંગડાના સમય સુધી ચલાવે રાખે. આવી 'ગમ્મતો'માં કાંઈ યુવાનો જ રસ લેતા એવું નહોતું, પરંતુ

જેમ રાત જતી જાય તેમ ડોસાઓને શૂર છૂટતું અને કહેતા, કે ‘ અલ્યા મ્હાલુભાઈ, કાંઈ એકાદ મઝેની સોહિણી તો થવા દો.’ માતાની આઠમને દિવસે, મને યાદ છે કે, ભજનને માટે એક વખત સુરતની અતિ મશહૂર હિંમત–સૂર્યાની જોડીનો પ્રબંધ રાખ્યો હતો. હિંમત સારંગીમાં એક્કો અને સૂર્યા જેવો તબલચી જ નહીં. ભજનનો રસ ખૂબ જામે. પરંતુ આ બે કળાકારોને જોશ આવી જતું. સારંગી વગાડતાવગાડતા હિંમત કાંઈ-કાંઈ રાગ કે તાલ બદલે પણ સૂર્યો કેમ ચૂકે? તેમ કોઈક વખતે સૂર્યો તબલાં એવાં ચલાવે કે હિંમતનો ગજ ખાય નહીં. આવી સ્પર્ધામાં યુવાનોને રસ પડતો નહિ. વૃદ્ધો જ ‘ વાહ હિંમત, વાહ વાહ સૂર્યા, વાહ,’ એમ પ્રશંસાના ધ્વનિ કાઢતા અને આનંદ–મોજ માણતા. વળી કોઈક સ્થાનિક સંગીતરસિક ગૃહસ્થ પાસે પણ સંગીત સાંભળવાનો આગ્રહ કરતા. તે બિચારાને હિંમત–સૂર્યા જેવાની આગળ ગાતાં શરમ લાગતી, પરંતુ હિંમત-સૂર્યા પણ ઉત્તેજન આપતા, કે ‘ ચાલો મગનભાઈ, ચાલો! તમારી ગળી શું મીઠી છે! ચાલવા દો, ચાલવા દો.’ એટલે મગનભાઈ ‘ જમના તટ બંસરી બાજ રહી,’ એમ એકાદ ઠુમરી લલકારતા.

સંગીત પ્રાસંગિક આનંદ છે, દરરોજનો નહીં. પરંતુ રેડિયો હાથમાં આવતાં સમજુ અને અણસમજુ, નાનો અને મોટો, શેઠ કે નોકર, રેડિયોની સ્વીચ ફેરવી વોલ્યુમ મોટું રાખી પોતાને અને આખા મહોલ્લાને ઉત્તમ સંગીતનો સ્વાદ, મરજી હોય કે ન હોય તોપણ બધા મળી સવારથી રાતના દશેક વાગ્યા સુધી, ચખાડવાનું ચૂકતા નથી.

ઓછાવધતા પ્રમાણમાં વૃદ્ધોનું જીવન સ્થિતિ અનુસાર ગોઠવાઈ જાય છે. કેટલાક પિતાઓ, બેત્રણ પુત્રો હોય અને તેઓ જુદાંજુદાં શહેરમાં વસતા હોય તો એક જ પુત્રના ઘરમાં ઓછાવધતાં ભારરૂપે પડી રહેવું, તેના કરતાં બેચાર મહિના એક પુત્રને ત્યાં તો બીજા બેચાર મહિના બીજા પુત્રને ત્યાં એમ ફેરફાર કર્યા કરે. પિતા પોતાને ઘેર આવવાના છે, એવો પત્ર મળતાં ઘણાખરા પુત્રોને તો હર્ષ થાય જ. તે તરત જ છોકરાઓને બોલાવીને કહે, કે ‘ અલ્યા રંજન! કાલે દાદા આવવાના છે.’ રંજનની માતા પૂછે: ‘ કોણ સસરાજી આવે છે?’

‘ હા.’

‘ એમને આપણે ત્યાં કેમ ફાવશે?’

‘ કેમ શું છે તે નહિ ફાવે? આપણે ઘેર નહિ ફાવે તો શું પારકાને ઘેર ફાવશે?’

શ્રીમતી કહે: ‘ ના, ના, એમ નહીં. એઓ જૂના વિચારના એટલે એમને રેડિયો–સિનેમા ફાવે નહિ. છોકરાંઓને આખો દિવસ ધર્મનીતિના બોધરૂપી વાર્તાઓ કહે...’

‘ જે હોય તે પણ મારા બાપા છે એ ભૂલતી નહીં.’

આ સંબંધમાં શ્રી દેશી નાટક સમાજના ‘ સંતાનોના વાંકે’માંનું દૃશ્ય ખ્યાલમાં આવે છે. સસરા આવવાના સમાચાર મળતાં કેળવાયેલી અને સંસ્કારી પરંતુ નવીન યુગમાં મહાલતી પુત્રવધૂએ પોતાના ઉદ્‌ગારો નીચેના ગાયનમાં કાઢ્યા:

આવશે આંગણીએ મહેમાન, અણગમતો.
માગશે ડગલે ડગલે માન,
એ મહેમાન, અણગમતો.
મિજાજ તીખો, કરમાં માળા,
લાકડી, લાળા અને નીમાળા;
એનાં હશે ગુમાન, એ
મહેમાન, અણગમતો.
એકની રીસ બીજા પર કાઢે;
ઠોં ઠોં કરી એ ઊંઘ બગાડે;
ઘરના સૌને રાત જગાડે;
દહાડાનો દરવાન, એ
મહેમાન, અણગમતો.

ગમે તેવો વૃદ્ધ હોય, અશક્ત હોય, અપંગ હોય તોપણ પુત્રને તેને માટે માન કે હેત જતું નથી. પૌત્ર–પૌત્રીઓને પણ દાદા મીઠા લાગે છે. સુશીલ પુત્રવધૂને કાંઈ વૃદ્ધ સાલતો નથી, પરંતુ એને ઊર્મિ શેની થાય ?

બની શકતું હોય તો વડીલો નિવૃત્ત થઈને પોતાને વતન જઈ રહેવાનું પસંદ કરે છે. પુત્રો મુંબઈ જેવા શહેરમાં નોકરીએ હોય તો તેમને સાધારણ પગારમાંથી જેમતેમ પોતાનું અને સ્ત્રી–સંતાનનું ગુજરાન ચલાવવાનું હોય. રહેવાને માટે જુદીજુદી ચાલીઓમાં એક જ રૂમવાળી કે ડબલ રૂમવાળી ખોલી હોય છે. વૃદ્ધ માતાપિતા આવે તો તેમને ક્યાં બેસાડવાં, સુવડાવવાં વગેરે પ્રશ્ન સર્વને અતિ મૂંઝવનારા થઈ જાય છે. મોટા શહેરમાં એવું મોટું મકાન હોય કે માતાપિતા માટે સગવડ કરી શકાય એમ તો બહુ જ ઓછું સંભવે. માટે શાણાં માબાપો વતનમાં જ રહેવાનું પસંદ કરે છે. પરંતુ આવી ઘટનામાં, માતાનું મરણ થાય તો વૃદ્ધ પિતાનું શું થાય તે કલ્પી શકાતું નથી. પુત્રોને ત્યાં જગ્યાનો અભાવ અને વતનમાં એમની સેવા કરનારનો અભાવ.

વૃદ્ધોને કાંઈકાંઈ અનુભવો થાય છે. સુપુત્રો હોય તો થોડીઘણી અગવડ પડે, પણ ઠેકાણે પડી જવાય અને ટેવાઈ જવાય. પરંતુ પુત્ર કે ભાર્યા બહુ સમજદાર ન હોય તો સ્થિતિ કઢંગી થાય છે. એક ભાઈને તેમનો શોકમય દેખાવ જોઈ પૂછતાં તેમણે કહ્યું, કે 'ભાઈ! હું તો બૈરીનો અને છોકરાનો ગુલામ છું.' પુત્ર હજી નાનો હતો એટલે પગાર તો રૂા. ૧૨૫નો લાવતો અને ઘરખર્ચ બાપની પૂંજીના વ્યાજમાંથી ઘણેભાગે નીકળતો. છતાં પિતાને ગુલામી જેવું લાગ્યું એ આશ્ચર્યજનક ! ખરું કારણ જ, વૃદ્ધની અશક્તિ, પોતાને જરાજરામાં કાંઈક મદદ જોઈએ. નવરાશ હોવાથી કદાચ ખાવાપીવાનો કાંઈક ચસકો થઈ આવે તે પોતાની સ્ત્રીને પણ ન ગમે. કામકાજ કરવું નહીં અને ઘેર બેઠાબેઠા આ લાવ અને તે લાવ, આજે ભજિયાં કરજો અને કાલે પાતરાં, એક દિવસ પૂડા તો બીજે દિવસે ખાંડવી, એમ માગ્યા કરવું તે સ્ત્રી ને પુત્રને ગમે નહીં. એક સંસ્કારી પિતાનો એક કરુણ પ્રસંગ સાંભરે છે. પૈસેટકે તદ્દન સુખી. કેટલીયે વાર એમ બનતું કે સાંજે પુત્ર મૉટર લઈ જાય કે પુત્રવધૂ સમાજસેવાની સભામાં જવા માટે લઈ જાય અને ડોસાજી લટકતા રહે. એક વખત પુત્ર ગરમીના દિવસોમાં કોઈ શીતળ સ્થાને ગયો; ડોસાની તબિયત બરાબર સ્વસ્થ ન હોવાથી એ કાંઈ જઈ શકે એવું ન હતું; એટલે એ તો એકલા રહ્યા, અનેક સામાજિક પ્રવૃત્તિઓમાં મન પરોવતા; એટલે એમના દિવસો તો ઠીકઠીક આનંદમાં જતા. એક રાત્રે નોકરચાકરો પરવાર્યા પછી ડોસા બારીબારણાં વાસી કરી સૂતા. તાવ જેવું લાગતું હતું; તાવ વધ્યો, ઊલટી થઈ, ઝાડા બેચાર થયા. આ બધું પથારીમાં જ તો. અર્ધબેશુદ્ધ સ્થિતિમાં પડ્યા રહ્યા; કાંઈક ભાન આવતાં બૂમ મારી. નોકર આવ્યો, ત્યારે ઠેકાણું પડ્યું. પુત્રોને ખબર મળતાં બધું બરાબર થઈ ગયું; પરંતુ આવા કિસ્સાઓ વૃદ્ધોની કઢંગી, અપંગ સ્થિતિનો સચોટ ખ્યાલ આપે છે.

એક બીજા પિતાએ પુત્ર નાનો હોવાથી ભાણેજને થોડોક ભાગ આપી પોતાના ધંધામાં લીધો. પુત્ર મોટો થયો એટલે પિતાએ પોતાના મોટા ભાગમાંથી પુત્રને ભાગ કરી આપ્યો. નાનો છોકરો પોતાના કરતાં મોટો ભાગીદાર થયેલો જોઈ ભાણાભાઈ તડૂક્યા અને સ્થાને કે અસ્થાને મામાજીને અપશબ્દો કહેવાનું બાકી ન રાખ્યું. આઠદસ મહિના

થયા એટલે પુત્રે પોતાને પરિપકવ માની લીધો અને પિતાને નિવૃત્તિ લેવાનું સુઝાડ્યું. આમાંથી ઝઘડો થયો. એકલવાયા ડોસાને જુદે ઘેર રહેવું પડ્યું અને ભાણાના અને પુત્રના ત્રાસથી એનું જીવન ચૂંથાઈ ગયું.

વૃદ્ધ પિતાની મુશ્કેલીઓ ઘણી છે. વૃદ્ધ માતાનું કેમ ? માતાને પિતાના જેટલી મુશ્કેલી નડતી જણાતી નથી. માતાને પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ જેવો સંક્રાંતિકાળ આવતો જ નથી. પહેલેથી ઘરનો કારભાર ચલાવતી હોય તે ધીમેધીમે ઓછો થાય. તોપણ પોતાના જેટલું કામકાજ તો એ કરી શકે છે. પિતાની માફક માતા પરાધીન કે પરવશ થઈ જતી નથી. પૌત્ર–પૌત્રીઓને રમાડવાં, રાખવાં, સંભાળવાં તેને ગમે છે. વળી પુત્રીઓ અવારનવાર મળવા આવે એટલે પણ ડોસીને ગમે; એથી પુત્રના ઘરમાં વૃદ્ધ માતાનું સ્થાન સારું જ રહે છે. પુત્રને તો માતા ઉપર પ્રેમ હોય જ. પુત્રવધૂને પણ માતા નડતી નથી. ઊલટી ઠીકઠીક કામમાં આવે છે, પોતાને બહાર જવુંઆવવું ફાવે છે. છોકરું-છૈયું જરાક માંદુ પડ્યું તો તેની નાની બિન-અનુભવી માતા તો કદાચ ગભરાય, પણ અનુભવી દાદીમા કાંઈક ચાટણ ચટાડી, પાન લગાડી, શેક કરી, આંખ–કાનનાં દરદોમાં કાંઈકાંઈ રસ્તો કાઢી બાળકને સાજું કરવામાં બહુ કામ લાગે છે. કોઈકોઈ વૃદ્ધાઓ આખા મહોલ્લાની વૈદ બની જાય છે. કોઈ માજી કહે, કોઈ કાકી કહે, કોઈ બા કહે, જે જેને યોગ્ય હોય તે કહે; પરંતુ મહોલ્લાની ઘણીખરી માતાઓને અતિ ઉપયોગી વ્યક્તિ બની રહે છે: મહોલ્લાને નહીં તો સગાંવહાલાંઓને તો કામમાં આવે જ; અને તે પણ નહીં, તો પોતાના ઘરમાં કામકાજમાં મદદ કરે જ છે. કોઈને નડતી નથી પોતે પોતાનું નિવેડે છે. ડોસી વિનાનો ડોસો લાંબાં વર્ષ કાઢી શકતો નથી પરંતુ ડોસા વગરની ડોસી તો લાંબા કાળ સુધી ટકી રહે છે. આપણામાં અખં સૌભાગ્યને સ્ત્રીઓનું પરમ સુખ ગણવામ આવે છે. મને તો એવો ભાસ થાય છે, પુરુષો માટે અખંડ સૌભાગ્યનું વરદાન માગી શકાતું હોય તો ઘણું સારું. ડોસી જતાં ડોસાનું ઘર ભાંગે, ડોસો જતાં ડોસીને એવી ખાસ ઊણપ આવતી નથી. છતાં વૃદ્ધ સ્ત્રીઓની મુશ્કેલીઓ અને દુઃખો સ્ત્રીહૃદય સમજી શકે, એટલે કોઈ વિદુષી સન્નારી આ વિષય ઉપર કાંઈક મંતવ્યો જણાવે તો સારું.

વૃદ્ધ પિતાની સ્થિતિ કઢંગી તો છે જ. એની નથી સરકારને જરૂર; એની નથી સમાજને જરૂર; એની નથી ગૃહમંદિરમાં જરૂર. એવા ફાલતુ પુરુષ માટે શો માર્ગ કાઢી શકાય તે સહેલાઈથી સમજાતું નથી. વૃદ્ધોની આધિ, વ્યાધિ, ઉપાધિનો, અંતર્ન સમાધિ સિવાય કોઈ સુમાર્ગ શું શોધી ન શકાય ? વૃદ્ધગૃહો કાઢવાં ? અશક્ત ગણી અશક્તાશ્રમોમાં ધકેલવા ? અનાથ ગણી અનાથાશ્રમમાં મોકલવા ? વૃદ્ધો માટે એક જાતની સુધરેલી, નિયમિત અને વ્યવસ્થિત પાંજરાપોળો કરવી ? દરેક વ્યક્તિ, દરેક ગૃહ પતિ પોતપોતાને અનુકૂળ માર્ગો ગ્રહણ કરતા રહેશે, પરંતુ સમાજે આ પ્રશ્નના ઉકેલ માટે કશું કરવું જ નહિ ? આપણા ગુજરાતમાં જ નહિ, આપણા હિંદમાં જ નહિ, સારા જગતમાં, સંસ્કૃતિના શિખરે પહોંચેલા મનાતા અમેરિકામાં પણ ‘ વૃદ્ધોનો પ્રશ્ન ’ દિન પ્ર દિન એના વિચારકોને મૂંઝવી રહ્યો છે આપણા વિચારકો પણ આપણી રહેણીકરણી ને અનુકૂળ માર્ગોના શોધનમાં તત્પર થ એમ આશા ન રાખી શકાય ?

★

બાળકના વિકાસમાં

માબાપની ફરજ

લેખક :
ડૉ. એમ. ડી. આડતિયા
એમ. ડી. એફ. સી. પી. એસ.,
બી. એસસી., ડી. જી. ઓ.

'કુદરતની કૃપાથી અવતરનાર બાળક પ્રત્યે તે વળી માતપિતાની વિશેષ ફરજ હોઈ શકે ખરી? એ તો એની મેળે કુદરતી રીતે જ મોટું થયા કરશે. આપણે એને માટે શું જોવાનું હોય?' કંઈક આવા પ્રકારની મનોદશા હજી પણ જોવા મળે છે. પરાપૂર્વથી ચાલી આવેલી આ માન્યતા અજ્ઞાનમૂલક છે, બાલદેવતાને આજ પર્યંત એથી આપણે અન્યાય કર્યો છે. બાળકના સૂક્ષ્માતિસૂક્ષ્મ વિકાસ માટે માતપિતાએ કેટલાં સજાગ રહેવાનું છે તેનો ખ્યાલ આ લેખ ઉપરથી આવી શકશે. લેખક અચ્છા તબીબ છે. એમના અનેકવિધ અનુભવોનો પરિપાક અહીં મળે છે.

પળેપળ પ્રગતિ સાધતા માનસશાસ્ત્રમાં ગઈ કાલની આપણી કેટલીક વ્યાપક માન્યતાઓ આજે કેવળ ભ્રમણા થઈ રહે છે. પહેલાં મનાતું કે નવજન્મ પામેલાં બાળકોને એનાં માતાપિતાની બુદ્ધિ અને સંસ્કારનો વારસો મળે છે. એનો બુદ્ધિવિકાસ અને એના વ્યક્તિત્વનું આયોજન આ વારસાગત બુદ્ધિધન ઉપર આધાર રાખે છે. આજે હવે આપણે માનીએ છીએ કે બાળકનો વિકાસ આનુવંશિક સંસ્કારો કરતાં પણ એના પાંગરતા જીવન દરમિયાન એને મળેલા કાળજી અને ઉછેર ઉપર વધુ આધાર રાખે છે. મનુષ્યના બાળકને જંગલમાં જંગલી પ્રાણીઓની વચ્ચે ઉછેર માટે મૂકી આવીએ તો તેનો બુદ્ધિવિકાસ નહિ જેવો હશે, એનું ભાષાજ્ઞાન શૂન્ય હશે અને એની જિંદગીમાં પ્રાણીજન્ય વૃત્તિઓ પ્રધાનપદ ભોગવતી હશે.

પરંતુ ઉચ્ચ વાતાવરણમાં અને શિષ્ટ સમાજમાં ઊછરેલું બાળક સર્વાંગી વિકાસ પામે છે અને તેનું ભાવિ જીવન અને કાર્યક્ષેત્ર સમાજ તથા દુનિયાને વધુ ને વધુ ઉપયોગી બની રહે છે.

બાળકના જન્મ સાથે જ તેના ભાવિ જીવનની મહાન જવાબદારી તેનાં માતાપિતા ઉપર આવી પડે છે. તેના ચારિત્રના ઘડતરમાં પોતાનો પણ પૂરો હિસ્સો છે અને તેને માટે પૂરતો પ્રયત્ન કરવો જરૂરી છે, એવું જો સમજીને તેને ઉછેરવામાં આવે અને તેના વિકાસમાં માબાપ શકય તે દરેક પ્રયત્ન કરીને યોગ્ય દોરવણી આપે તો જરૂર તેને માટે મગરૂબ થવાનો અને યશસ્વી બનવાનો તેમને પ્રસંગ મળે છે.

માતા ગર્ભાવસ્થામાં જે સંયોગોમાંથી પસાર થાય છે, તેની ગર્ભ ઉપર અસર થયાં વગર રહેતી નથી. એકાએક થતાં કોલાહલ, ધડાકા, આઘાત, ચિંતા, રોષ કે ભયના કારણે માતા ચમકી જાય છે. ગર્ભના હૃદયના ધબકારા વધી જાય છે અને તેના અવયવો અનિયમિત રીતે સંકોચાય છે. અત્યંત ભય કે શોકના આઘાતથી ગર્ભસ્રાવ પણ થઈ જાય છે. વારંવાર થતા આવા પ્રત્યાઘાતોથી જે શક્તિ બાળકના શરીર તથા મનના બંધારણમાં ઉપયોગી થવી જોઈએ, તે નિરર્થક વેડફાઈ જાય છે; પરિણામે તે નિર્બળ બને છે. માતાના મનમાં ઉદ્ભવતા માનસિક ઘર્ષણની પણ એવી જ અસર બાળક ઉપર થતી હોવી જોઈએ એમ માનવાને કારણ મળે છે. માતા તરફથી મળતા પોષણમાં

આ ખેંચતાણને લીધે જે આંતરિક ફેરફારો થાય છે તેના પ્રત્યાઘાતની સૂક્ષ્મ અસર બાળક ઉપર પડે તે સંભવિત છે. આ સંબંધમાં સંશોધન થાય છે, છતાં એટલું તો સ્પષ્ટ છે કે દેહ અને મન બંને નીરોગી અને બળવાન હોય ત્યાં બાળકના બંધારણનો પાયો નખાય તે વધુ પ્રશંસનીય છે; કેમકે માતાપિતાનાં દેહ તથા મનનો અમુક વારસો બાળકને પણ મળે છે. તેના જન્મ પહેલાં જો આ બાબત પર ધ્યાન આપવામાં આવે તો તેના વિકાસ માટે સુંદર અને અનુરૂપ ભૂમિકા તૈયાર થઈ શકે.

એકંદરે જોઈએ તો બીજાં પ્રાણીઓની સરખામણીમાં માનવબાળ એ નિરાધાર પ્રાણી છે. તેને પોતાની દરેક જરૂરિયાત માટે બીજાના ઉપર આધાર રાખવો પડે છે. બીજાં પ્રાણીઓની જેમ તે પણ પ્રેરણાવશ બની વર્તે છે, છતાં આજુબાજુની પરિસ્થિતિ ઉપર તેના ચારિત્ર્યનો ઘણો આધાર રહેલો છે. તેનામાં કુદરતે મૂકેલી શક્તિઓનો કયા પ્રકારે કેટલો વિકાસ થાય તે આસપાસના વાતાવરણ અને સંજોગો ઉપર અવલંબે છે.

સૌથી પ્રથમ તો માબાપે બાળકને પોતાની માલિકીની વસ્તુ સમજી તેના પર પોતાની મરજી મુજબ હક્ક બજાવી શકાય તેવી નીતિ અખત્યાર ન કરવી જોઈએ. માબાપ બાળકનાં વાલી છે; તેનું રક્ષણ કરવાને બંધાયેલાં છે. પોતાના અનુભવોને આધારે તેઓ તેને યોગ્ય દોરવણી આપી શકે, પણ પોતાની માન્યતાઓ કે આદર્શો તેના પર ઠોકી બેસાડવાનો તેમને કંઈ જ અધિકાર નથી. બાળકને પણ પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ હોય છે, તે ખીલવવાની તક તેને પણ મળવી જોઈએ.

બાળકના જીવનના પ્રારંભમાંનાં પાંચથી સાત વર્ષ તેના જીવનઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. તે સમયે તેના કુમળા મન ઉપર પડેલા સંસ્કારોની છાપ તેના જીવન પર્યંત ટકી રહે છે અને તેના શરીર અને મન ઉપર પણ તેની કાયમી અસર રહી જાય છે. આ સમયે જે પાયો નખાય છે તે તેના ભાવિ જીવનના ચણતરમાં ઉપયોગી બની રહે છે. તેનામાં રહેલાં શ્રેષ્ઠ તત્ત્વોને બાળપણમાં જો યોગ્ય પોષણ મળે, તો તે તેના જીવનના ઘડતરમાં અગત્યનો ભાગ ભજવે અને સમાજને તથા દુનિયાને પણ તેનાથી તે વધુ સમૃદ્ધ બનાવે છે.

દરેક બાળકની પ્રાથમિક જરૂરિયાતો જેવી કે હૂંફ, રક્ષણ, પોષણ વગેરે હોય છે અને એ પ્રાકૃતિક હોય છે. બાળક પ્રેરણાવશ થઈને તેને પૂરી પાળવાનો પ્રયત્ન પણ કરે છે. આપણે આ પ્રેરણાઓને યોગ્ય માર્ગદર્શન આપીને બાળકને સહાય આપવી જોઈએ. આ ઊર્મિઓ જો અયોગ્ય રીતે સંતોષાય અથવા તો અતૃપ્ત રહે તો તેની માઠી અસર બાળકના કુમળા મગજમાં એક ઊંડી છાપ પાડીને સુપ્ત સ્થિતિમાં કાયમ માટે રહે છે અને કુટેવનું મૂળ બને છે.

હૂંફ, રક્ષણ અને પોષણ જન્મ પહેલાં તો બાળકને વિનાપ્રયત્ને મળી રહે છે, પણ હવે તે જે દુનિયામાં છે તેમાં તેને માટે પ્રયત્ન કરવો પડે છે. પોતાની જરૂરિયાત મેળવવા માટે નવા જન્મેલા બાળકને રુદન સિવાય હજુ કંઈ આવડતું નથી હોતું. તેને પૂરી સમજણશક્તિ હોતી નથી, પરંતુ ગ્રહણશક્તિ બહુ જ તેજ હોય છે. માટે જ તેની સાચી કેળવણી પહેલા દિવસથી જ શરૂ થાય છે. માતાની પ્રાથમિક ફરજ છે કે તેણે પહેલેથી જ બાળકમાં સલામતી અને વિશ્વાસની લાગણી ઉત્પન્ન થાય એમ વર્તવું જોઈએ. બાળકના રુદનને સમજીને તેની જરૂરિયાત પૂરી પાડવી જોઈએ અને એને પૂરો સંતોષ આપીને બાળકનો વિશ્વાસ સંપાદન કર

લેવો જોઈએ. બાળકની આ જરૂરિયાતો જ્યારે પૂરી સંતોષાય છે, ત્યારે તે આરામથી સૂઈ રહે છે અને ઘડીઘડીમાં ઊઠીને રડતું નથી. તેને સ્નેહની હૂંફ મળી રહે છે અને જ્યારે પોતાની માગણી સમજીને પૂરી સંતોષાય છે, ત્યારે તે માતામાં પૂરા વિશ્વાસથી જુએ છે.

બાળકને અશિક્ષિત આયાઓ અથવા નોકરોના હાથમાં આપવાથી તેનામાં પૂરી સલામતી અને વિશ્વાસ ઉત્પન્ન થતો નથી. તેમાંયે અસ્વસ્થ મનોવૃત્તિવાળા નોકરો તેની માગને પૂરી સમજી શકતા નથી તેથી ઘડીઘડીમાં ગરમ થાય છે ને બૂમાબૂમ કરે છે. આથી બાળક અસ્વસ્થ બનતું જાય છે. તેમાં તેના પર ગરમ થવાથી અથવા તો તેની પાસે એકાએક ઘોંઘાટ કરી મૂકવાથી તે ચમકી જાય છે અને ગભરાય છે. બાળક આ અકુદરતી ઉછેરના પ્રત્યાઘાતરૂપે અસહાય બને છે; હિંમત કે વિશ્વાસ કેળવી શકતું નથી અને બીકણ બને છે.

બાળકને કેવી આદતો અનુકૂળ થાય તેની રૂપરેખા પ્રથમથી જ નક્કી કરવી જોઈએ. માબાપે પોતાના કડવામીઠા અનુભવો પર વિચારણા કરી અને પોતાના સંજોગોને અનુકૂળ એવી ભૂમિકા રચીને બાળકની આદતોનો પાયો પહેલેથી જ સંગીન થાય એમ પ્રયત્ન કરવો જોઈએ. તેને પોતાની મેળે ઊંઘવાની ટેવ પાડવી જોઈએ. તેને કેટલા કલાકે ખોરાક આપવો તે પુસ્તકિયા જ્ઞાન મુજબ દરેક બાળકને માટે નક્કી કરી શકાય નહીં. માતાએ પોતે જ થોડા દિવસ અજમાયશ કરીને તે યોજના નક્કી કરી લેવી જોઈએ. કારણ વગર રડવાની તેને ટેવ પડવા દેવી નહીં. તેના રડવાનું કારણ શોધીને તેને પંપાળીને સ્વસ્થ બનાવવાનો પ્રયત્ન કરવો, જેથી તેને સાંત્વન મળે. એ જ રીતે નિયમિત ધવરાવવું, સુવરાવવું, મળમૂત્ર કરાવવું વગેરે ટેવો તેને જેટલીજેટલી જલદી પાડવામાં આવે, તેટલું માતા અને બાળક બન્નેને માટે ફાયદાકારક છે. એ રીતે તેની નિયમિત અને સ્વતંત્ર રીતે કાર્ય કરવાની ટેવ કેળવાય છે.

ધાવણ બાળકને શારીરિક તેમ જ માનસિક બન્ને રીતે લાભકર્તા છે. તેની બરાબરી કરી શકે તેવો કુદરતી ખોરાક બીજો એક પણ શોધાયો નથી. તે બાળકને જે કોમળતાની જરૂર છે તેને સંતોષે છે. તેની ઊણપ બાળકને ભવિષ્યમાં જ્ઞાનતંતુની બીમારીના ભોગ થઈ પડવામાં કારણરૂપ બને છે. ધાવણથી બાળકને હૂંફ અને સંતોષ સારા પ્રમાણમાં મળે છે. ઉપરાંત બાટલીના દૂધ કરતાં ધાવવામાં તેને વધુ પ્રયત્ન કરવો પડે છે. તેને લીધે મુખના સ્નાયુઓને કસરત પણ મળી રહે છે. છતાં માતા જ્યારે ઘણી જ ચિંતાતુર કે વિષાદગ્રસ્ત હોય તેવે સમયે બાળકને ધવરાવવું હિતાવહ નથી; કેમકે તેની આ લાગણીઓની અસર બાળક ઉપર થયા વગર રહેતી નથી. માતાએ બાળકને ધાવણ આપતી વખતે શાંત અને સ્વસ્થ બનવા પ્રયત્નશીલ થવું જોઈએ. તેની માતા થવાની યોગ્યતા તે બાળકને કેવું પોષણ આપે છે તેના ઉપર આધાર રાખે છે, એ તેણે બરાબર સમજવું જોઈએ. પહેલી વખત ધાવણ આપવામાં આવે, ત્યારે કેટલીક વખત બાળક તે લેવા તત્પર નથી હોતું. તેવે સમયે ધીરજ રાખીને તે પોતાની મેળે લેવા પ્રેરાય તેમ કરવું જોઈએ. માતાએ તેને અનુકૂળ પડે તેવી રીતે આપવાનો પ્રયાસ કરવો, જેથી તેને પોતાની સલામતીની ખાતરી થાય. માતાની માનસિક સ્થિતિ ઉપર બાળકનું અવલંબન હોય છે. તેથી જ્યાંસુધી તેને ધાવણ આપવામાં આવે ત્યાંસુધી માતાએ

ખોટું ધાંધલ, ઉદ્વેગ કે માનસિક ઉશ્કેરાટથી દૂર રહેવું અને આનંદિત બનવું એ બાળક માટે જરૂરી છે. માતાએ બાળકના હિતનો સમગ્ર રીતે વિચાર કરવો એ જ તેનું મુખ્ય કર્તવ્ય છે અને તે જ સર્વોપરી રહેવું જોઈએ.

બાળકની પ્રાથમિક જરૂરિયાતોનો પૂરો સંતોષ થાય છે તો તે બાકીના વખતે આરામથી સૂઈ રહેલું જ જણાય છે, પરંતુ ધીમેધીમે જેમ સમજણું થતું જાય છે, તેમ તે પોતાની આસપાસના વાતાવરણમાંથી નવું-નવું ગ્રહણ કરવાનો પ્રયત્ન કરે છે. દરેક દિવસ તેના માટે નવો અનુભવ લાવે છે. તેમાં એકાએક થતો ફેરફાર તેને સતાવે પણ છે અને તેનો પ્રત્યાઘાત તેના ભાવિ જીવન ઉપર કાયમી અસર પણ પાડે છે. બાળકને કોઈ પણ નવી વ્યક્તિ કે અજાણ્યા માણસના અનુભવમાં આસ્તેઆસ્તે આવવા દેવું જોઈએ. કોઈ વખત અજાણ્યા માણસો બાળક જેનાથી ટેવાયું ન હોય તેવી રીતે તેને કુદાવે કે ઉછાળે છે, તો આથી તેનામાં ડર કે બિનસલામતીની લાગણી પેદા થાય છે. માટે તેમ થવા દેવું નહીં. ધીમેધીમે તેને એ જાતનો ડર છોડાવવાનો પ્રયત્ન કરવો. તેને ખોટાં લાડ કે વારંવાર ચુંબનો કરીને અકળાવવું નહીં. દરેક અજાણી વસ્તુનો તેને ધીરેધીરે પરિચય કરાવવો, જેથી તે ભડકી ન જાય, પણ વિશ્વાસની લાગણી અનુભવે.

બાળકમાં જન્મથી જ સૂક્ષ્મ ગ્રહણશક્તિ રહેલી છે અને દિવસાનુદિવસ તેની એ શક્તિ વિકસિત થતી જાય છે, પણ તેને તે વ્યક્ત કરી શકતું નથી. દરેક વસ્તુને પકડવા કે મોઢામાં નાખવાનો તેનો પ્રયત્ન પણ કુતૂહલજન્ય હોય છે. એ રીતે તે દરેક વસ્તુને પોતાની રીતે સમજવા મથે છે અને દરેક વસ્તુમાં રહેલો ભેદ પણ એ રીતે જ તે જાણવા પ્રયત્ન કરે છે. જીવનના પહેલા ત્રણ મહિના સુધી જીભ અને મોઢું એ જ એનું સમજણ અને ગ્રહણશક્તિનું પ્રાથમિક સ્થાન હોય છે.

બાળકની દર્શનશક્તિ પણ ત્રણ મહિના પછી વિકાસ પામે છે, પરંતુ તે પહેલાં તેની ઘ્રાણેંદ્રિય સતેજ થયેલી હોય છે. માતાને તેની વાસથી તે ઓળખી કાઢે છે. તેની શ્રવણશક્તિ પણ ચોથા મહિનાથી શરૂ થાય છે. આ શક્તિઓ સંપાદન થયા પછી બાળક અનેક વસ્તુઓને જોવા, જાણવા અને અનુભવવાને અધીરું થઈ જાય છે અને પોતાની મેળે બધું જાણવા પ્રયત્ન કરવા માંડે છે.

શરૂઆતમાં બાળકને ચત્તા સૂઈ રહેવું ગમે છે, પરંતુ ચાર મહિના પછી તેને ટેકો મળતાં બેઠા થવાનું તે વધુ પસંદ કરે છે. છ મહિનાનું થતાં બાળક માને, પારણાને, ખાટલીને કે બાબાગાડીને વગેરે વસ્તુઓને ઓળખતાં શીખી જાય છે અને ભાંગ્યાતૂટ્યા શબ્દો બોલતાં પણ શીખે છે.

બાર મહિનાનું બાળક તો ગોઠણિયાભેર ચાલતું થઈ જાય છે. હવે તો તે તેના ઘરને, માબાપને અને કુટુંબનાં બધાંને ઓળખે છે. આખા ઘરમાં તે હોંશથી ફરે છે અને પોતાનું ઘર અને તેના વાતાવરણને સારી રીતે પિછાનતું થઈ જાય છે.

બે વર્ષનું થતાં બાળક સહેલાઈથી ચાલી શકે છે, મીઠુંમીઠું બોલી શકે છે અને આ વખતે તેની શક્તિ ઘણી જ સતેજ હોય છે.

આ વયે તેની શીખવાની અને જાણવાની સાહજિક વૃત્તિ બહુ જ બળવાન થતી જાય છે અને અનેક વસ્તુઓને જાતે પકડીને મોઢામાં નાખીને તથા અનુભવીને ઓળખવાનો પ્રયત્ન કરે છે.

શરૂઆતમાં જડ કે ચેતન પદાર્થો વચ્ચે તેને મન કાંઈ ફરક હોતો નથી. પણ ધીમે

ધીમે દરેક વસ્તુનો પરિચય થતાં તેને વાસ્તવિકતાનું ભાન થાય છે. બાળક સ્વપ્રયત્નથી કાંઈ પણ શીખવા માગતું હોય, તો તેને પ્રોત્સાહન આપવું જોઈએ, નહીં તો તે હતાશ થઈ જાય છે. વધુપડતું સંરક્ષણ કે જેને માબાપ પ્રેમ સમજે છે તે ઘણી વખત બાળકમાં અણગમો પ્રગટાવે છે. એ વયમાં કુદરતી રીતે જ બાળકમાં નવું જોવાજાણવાની જિજ્ઞાસા વધુ હોય છે. દરેક વસ્તુને તે પોતાની જાતે જ સમજવા માગે છે. તેનાથી તેની સમજશક્તિનો વિકાસ થાય છે, એટલું જ નહીં પણ તેનામાં આત્મશ્રદ્ધા પ્રગટે છે અને પોતાની જાતે શીખ્યાનો આનંદ તેનામાં ઉત્સાહ પ્રેરે છે. એ સમયે દોડીને પ્રોત્સાહન માટે તે વડીલો પ્રત્યે જુએ છે અને તેમના તરફથી ઉત્તેજન મળે તો જ તે આગળ વધવા પ્રેરાય છે.

તેના કાર્યમાં ડખલ ન કરતાં તેને સાચી પદ્ધતિ શીખવવા પ્રયાસ કરવો જરૂરી છે. તેનું દરેક કાર્ય જેવું કે ખાવું, પીવું, કપડાં પહેરવાં, રમકડાં યથાસ્થાને મૂકવાં, સૂવું વગેરે તે પોતાની જાતે જ કરતાં શીખે તેવી ટેવ પાડવી જોઈએ. આથી તે સ્વાશ્રયી બનવા ટેવાય છે. બાળક ચાલતાં કે ઊભું રહેતાં શીખે ત્યારે વારંવાર પડી જવા છતાં તેની દરકાર કર્યા વિના તે ફરીફરીને પ્રયત્ન કરે છે. જો માબાપ કે કોઈ બૂમાબૂમ ન કરે તો ભાગ્યે જ તે તરફ તેનું ધ્યાન ખેંચાય છે. એવે પ્રસંગે તેને રડારોળ કરવાની ટેવ ન પાડતાં પોતાની જાતે ઊભા થવાની કે દવા લગાડવાની ટેવ પાડવામાં આવે તો તે વધુ સારું છે. એ રીતે તેનામાં ધાર્યું કામ પાર પાડવાની એકાગ્રતા અને સાહસિકતા કેળવાય છે.

કોઈ વખત બાળક જક્કી કે દુરાગ્રહી બને છે, તેમાં મુખ્યત્વે આસપાસની પરિસ્થિતિ જવાબદાર હોય. છે. એવે પ્રસંગે તેના પર દબાણ લાવવું નહીં અથવા તેની મરજી વિરુદ્ધ કરવાની તેને ફરજ પણ પાડવી નહીં. નજીવી બાબત ઉપર ધાંધલ કરીને તેના મન પર કાંઈ ઠસાવવાને કદી પ્રયત્ન કરવો નહીં, એથી તે વધુ જિદ્દી બને છે અને કજિયા કરતાં શીખે છે. આવે સમયે બુદ્ધિપૂર્વકની સમજાવટથી કામ લેવું અને તેને શાંત પાડીને, બને તો તેની જીદનું કારણ જાણી લેવું. શકય હોય તો પ્રતિકૂળતા દૂર કરીને તેને પોતાની ભૂલ સમજાય તેવું વાતાવરણ ઊભું કરવું, કે જેથી ફરી એવો પ્રસંગ ઉપસ્થિત ન થવા પામે: આમાં ઘણી ધીરજની જરૂર પડે છે, છતાં તેને સીધે માર્ગે દોરવાની તે જ પદ્ધતિ છે.

એ બોલતાં શીખે ત્યારે તેને ધીમેથી સાચા ઉચ્ચાર કરતાં શીખવવું જોઈએ. ઘણી વખત બાળક વારંવાર પ્રશ્નો પૂછીને વડીલોને કંટાળો આપે છે. તેવે પ્રસંગે તેને ઠપકો ન આપતાં સત્ય હકીકત સમજાવવી જરૂરી છે. તેની જિજ્ઞાસા જ્ઞાન મેળવવા માટે હોય છે અને તેને દબાવી દેવાથી તેની મનોવૃત્તિ સંકુચિત બની જાય છે. આસપાસની પરિસ્થિતિ સમજવા માટેની અધીરતા તેનામાં કુતૂહલ પ્રેરે છે, તેને અઘટિત રીતે દબાવી દેવાથી તેની વિચારશક્તિ રૂંધાઈ જાય છે, જેથી તેનો યોગ્ય વિકાસ થઈ શકતો નથી. પરિણામે બાળક ભવિષ્યમાં કાંઈ રચનાત્મક કાર્ય કરી બતાવવાને અશક્ત નીવડે છે અને ખાલી ખણખોદ કરવાનો તેનો સ્વભાવ પડી જાય છે. કોઈ વખત તે ભાંગફોડ કર્યા કરે છે. માબાપ તેવે પ્રસંગે ગુસ્સે થઈને તેને ધમકાવે છે, પણ તેના મૂળમાં વૈજ્ઞાનિક શોધખોળ કરવાની વિચારણા રહેલી હોય છે. તે એ રીતે વસ્તુને તોડીફોડીને તપાસે છે. તેના આ અખતરાને ન સમજતાં માબાપ તેને મારી પણ બેસે છે. પણ બાળકને કદી પણ મારવું

ન જોઈએ. તેને બદલે તેને સાચી વસ્તુસ્થિતિ સમજાવી તે પદાર્થનો ઉપયોગ કરતાં શીખવવો.

ગમે તે રીતે નુકસાન કરીને તે જિજ્ઞાસા સંતોષે તેના કરતાં તમે પ્રેમથી બુદ્ધિપૂર્વક સમજાવો તો તેનું તાત્પર્ય તે જલદી ગ્રહણ કરી શકે છે અને નુકસાન થતું અટકાવી શકાય છે.

બાળક માટેનાં રમકડાં પણ તેમાંથી કાંઈ જાણવાનું મળે તેવાં અને ટકાઉ પસંદ કરવાં જોઈએ. એ રમતમાં મશગૂલ હોય ત્યારે એકાએક તેને સૂવા કે ખાવા માટે દબાણ કરીને રમત છોડાવવા પ્રયાસ ન કરો. તેની જગ્યાએ તમે હો તો કેવી લાગણી અનુભવો તેનો વિચાર કરીને ડગલું ભરો. ધીમેથી પ્રેમપૂર્વક સમજાવીને હેતુ પાર પાડવો એ યોગ્ય છે. એને રમવાની ચીજો પણ વ્યવસ્થિત રાખવાની તેને પ્રથમથી જ ટેવ પાડવી, જેથી તેની વ્યવસ્થાશક્તિ કેળવાય.

બાળક બાર માસનું થાય પછી શકય હોય તો તેને માબાપથી દૂર રાખવાની ટેવ પાડવી એ સારું છે; જેથી એકલું પડતાં ગભરાય કે ડરે નહીં. બાળકને ઉચ્ચ કક્ષાનું બનાવવા માગતાં હોઈએ તો તેના પ્રત્યે સારું જ વર્તન રાખવું જરૂરી છે. 'તું ખરાબ છોકરો છે, કોઈને ગણકારતો નથી,' એમ કહેવાને બદલે 'તારા જેવા સારા છોકરા આવું ન કરે,' એમ કહેવાની ટેવ પાડીએ તો તેના મગજમાં તે વાત જલદી ઊતરી જાય છે.

પોતાના મનોવિકારનો ચેપ તેને ન લાગે માટે માતાપિતાએ સાવધ રહેવું. તેની આજુબાજુના વાતાવરણમાં રહેલ ભય, ત્રાસ, તિરસ્કાર કે અણગમો ઇત્યાદિ લાગણીઓ ચેપી રોગ કરતાં પણ વધુ ઝડપે તેને સ્પર્શે છે. સમજુ માબાપ એનાં લક્ષણ પારખી શકે છે. તે એટલ સૂક્ષ્મ છતાં એવી ગંભીર છાપ તેના માન ઉપર પાડે છે, કે લાંબે સમયે વિકાસ પામત તે કરુણતામાં પરિણમે છે. ભવિષ્યમાં થત અનેક શારીરિક અને માનસિક દર્દોનું મૂ બાળપણમાં અનુભવેલા આવા આઘાતોમ રહેલું છે, એમ માનસશાસ્ત્રીઓએ શોધ ખોળ દ્વારા પુરવાર કર્યું છે. ઘણાં હઠીલ અને ન સમજાય તેવાં દર્દો સાથે આ રીત બાલ્યવયના પ્રત્યાઘાતો સંકળાયેલા મળ આવે છે. બાળકને તેનાથી દૂર રાખવ પ્રયત્નશીલ બનવું.

બાળક જ્યારે ઘરની સાંકડી દુનિયા છો બહારની વિશાળ દુનિયામાં પ્રવેશે, ત્યારે મા બાપને એટલી ખાતરી હોવી જોઈએ કે તેમણે જે સંસ્કારો બાળકમાં રોપ્યા છે, તે એટલા સંગીન છે કે હવે બહારના પ્રત્યાઘાતોથ તેના જીવનને કાંઈ આંચ આવે તેમ નથી.

માબાપ એક રીતે જોતાં સમાજનાં પ્રતિનિધિ છે. જે સમાજમાં તેઓ રહેતાં હોય તેમાંથી પોતાના દરજ્જા અનુસાર કેળવણી, સંસ્કાર, આદર્શો કે રીતભાત તેમણે અપનાવ્યાં હોય છે. તેમણે એ રીતે મેળવેલા સંસ્કારો તેઓ જાણ્યે કે અજાણ્યે પોતાના બાળકમાં પણ રોપે છે. પણ તે રોપતી વખતે તેમણે પોતાના જ્ઞાનનો અને વિવેકબુદ્ધિનો ઉપયોગ પણ કરવો જોઈએ કે તેમાંથી બાળકને કેટલું પ્રગતિકારક નીવડશે. પોતાના જમાના પ્રમાણે તેને પણ દોરવણી આપવી નિરર્થક છે એ પણ તેમણે સમજવું જોઈએ. બાળકની કેળવણી સતત ધ્યાન, અભ્યાસ અને વિચારણા માગી લે છે.

(આવતે અંકે સંપૂર્ણ થશે.)

બાપુ એટલે સત્ય, બાપુ એટલે અહિંસા, બાપુ એટલે સેવાઃ આટલું તો બધા જાણે છે, આચરવાનું બાકી રહ્યું છે.

—વિનોબા ભાવે

×

નૃત્યરૂપક

આમ્રપાલી

લેખક :

અધ્યા. પ્રેમશંકર હ. ભટ્ટ

એમ. એ.

દર્શન પહેલું

સૂત્રધાર :

અંભોધિ કાળનો ગાજે, તરંગો લખ આથડે;
ઝંઝાની ઝાંઝરી વાગે, સામ્રાજ્યો ઊથલે, પડે.
સામ્રાજ્યો ગયાં, આવ્યાં; નામશેષ થયા ગિરિ;
અબૂઝી માનવી હૈયે રહી પ્રેમની દીવડી.
વૈશાલી નગરી કેરી આમ્રપાલી તણી કથા;
ઝિલાશે વાણીના પાત્રે, ઊંડી મૂર્તિમતી વ્યથા?

(નર્તકનર્તિકા-વૃંદ પ્રવેશે છે.)

વૃંદ :

ધન્ય, ધન્ય આંબાનું ઝાડ,
ધન્ય, ધન્ય વનરાજી વિશાળ;
કાળ પ્રવાહે વર્ષ વીત્યાં છો આજ હજાર;
ધન્ય, ધન્ય વૈશાલી ગામને;
આમ્રપાલીના ધન્ય નામને;
સફળ કીધો જેણે અવતાર!
ધન્ય ખીલી જીવનની વેલ,
જોબન ખીલ્યું રંગભરેલ;
ધન્ય ખીલ્યા ફૂલ કેરા પરાગ,
ભમરા કરતા મધુર ગૂંજાર;
પ્રીતરંગમાં ખેલી ફાગને,
સોંપ્યું હૈયું બિંબિસારને;
રે, ભિખ્ખુણી બનીને ચાલી એ તો,
માયાને સમજી નિઃસાર;
ધન્ય, ધન્ય સઘળો સંસાર!
ધર્મ શરણ છે સત્ય, સનાતન;
માનવજીવન કેરો સાર;
ધન્ય, ધર્મનાં ગાઓ ગાન!
ધન્ય, ધન્ય આંબાનું ઝાડ!

(પડદો ઊઘડે છે: ઘોર મધરાત અને ભેંકાર જંગલનું દૃશ્ય)

વૃંદ :

રજનીનો કાજળ-કાળો,
ફરકે સાળુ રૂપાળો: રજનીનો૦
આજ અષાઢી મેઘલ રાતે,
વાદળનું ધણ ડોલે;
વનમાં વાયુ વેણુ વગાડે,
વીજળી મત્ત શી દોડે: રજનીનો૦
આવા ઘોર અહાબીડ ટાણે,
કોણ અભાગી નારી;
ભૂલી પડીને ભવની વાટે,
અહીંથી તહીં ભટકાતી? રજનીનો૦
અણઊઘડ્યાં ફૂલ જેવું કોમળ,
મૂક્યું બાળક એણે;
વનખૂણે પેખી નિર્જન સ્થળ,
ચમક્યાં આંસુ નેણે: રજનીનો૦

નર્તકવૃંદ :

વીતી રાત, ઊગ્યું પરભાત; વીતી રાત.
વ્યોમપટેથી તારકરત્નો,
સોનલ છાબે સૂક્યાં;
ઉષા-રાણીએ હેત કરીને,
અધઊઘડ્યાં ફૂલ ચૂમ્યાં: વીતી૦
વનપંખી વાયુને પૂછે,
હૈયે વાત ન માતી;
'આ બાળક કોનું છે?' બોલી,
ફૂલ સૌરભ છલકાતી: વીતી૦
સૂરજ ઊગ્યો વધાઈ દેતો,
તેજ બધે પથરાયું;
કરકિરણે બાળકને સ્પર્શી,
મુખ એનું મલકાયું: વીતી૦

(અશ્વ પર સવાર થઈને વૈશાલીના લોકસંથાગારનો અધિપતિ મહાનામ અને અન્ય યોદ્ધાઓ મૃગયા રમવા નીકળે છે.)

વૃંદ :

લોકસંઘ વશાલી કેરો
વિશ્વમહીં વિખ્યાત હતો,
સંઘપતિ મહાનામ તણો તો
સઘળે જયજયકાર થતો.

પૃથ્વી દળતાં, હય હણહણતાં,
જંગલની ખૂંદે છે વાટ;
ટોપ, કવચ, ને બખ્તર, ભાલાં,
ઝીલે સૂર્યકિરણની ભાત.
મહાનામ મૃગયાએ નીકળ્યો,
દીઠું બાળક ઝાડ તળે;
અંગૂઠેથી અમૃત ચૂસી,
અમથું અમથું એહ હસે.
અટક્યા અશ્વો, થંભ્યા વીરો,
ઉછંગમાં બાળકને ગ્રહે;
આંબા હેઠળ બાળ મળ્યું તે
આમ્રપાલી સૌ એને કહે.

દર્શન બીજું

(મહાનામના પ્રાસાદમાં ઉત્સવ થઈ રહ્યો છે.)

નર્તકવૃંદ :

રૂડા ચંદરવા બંધાવો, મીઠી શરણાયું ઘૂંટાવો,
રંગે મૃદંગનાદ બજાવો;
દેવે સૂનાં પારણિયાં કીધાં ઝૂલતાં!
લાવો ઝાંઝ ને પખાજ, લાવો સાસૈયાના સાજ,
ગાઓ ઉત્સવ કેરાં ગાન;
દેવે સૂનાં પારણિયાં કીધાં ઝૂલતાં!
ઓઢી ધરતીએ રંગલીની ચૂંદડી,
વગડે પે'ર્યા વાઘા, ને પે'રી પાઘડી;
વેણું વાયુ વગાડે, ભમરા સેલતાં,
હોંશે ફાગણિયો ફાગ સઘળા ખેલતા;
—રૂડા ચંદરવા બંધાવો૰
હૈયા ખરલે આનંદરંગ ઘોળો,
મોંઘા આયખાને એમાં ઝબોળો;
આજે જોબનિયે માંડ્યો છે મેળો,
ઊલી જાય તે મોર ખૂબ ખેલો!
—રૂડા ચંદરવા બંધાવો૰

(વૃંદ નૃત્ય કરતુંકરતું ચાલ્યું જાય છે.)

ગાયકવૃંદ :

ફૂટતી કળીને જેમ, વેલી અંગે હુલાવતી,
હૈયાવેલે મહાનામ તણા પાલી વિરાજતી.
દિન ને રાત્રિનો રહેંટ નિરંતર ઘૂમ્યા કરે,
આમ્રપાલી તણું નિત્યે રૂપતેજ વધ્યા કરે.
વિદ્યાકલા તણી એને હૈયે ધૂન સદા રમે,
સરખે સરખી બાલા શિક્ષા નૃત્ય તણી ગ્રહે.

(નૃત્યગુરુ સર્વને નૃત્યશિક્ષણ આપે છે.)

દર્શન ત્રીજું

ગાયકવૃંદ :

પૃથ્વીએ સૂર્યની સોળ કીધી પ્રદક્ષિણા ફરી,
યૌવન આવ્યું બાલાને, ખીલી પૂર્ણપણે કળી.
પ્રકૃતિચક્ર ઘૂમે છે, પૃથ્વી પરે નિરંતર,
ઋતુઓ પાંગરી અર્પે સૌન્દર્યશ્રી સુમંગલ.
પૃથ્વીની છલકે છાબ, સમૃદ્ધિ અઢળે ઢળે,
વસંત પગલાં માંડી, સૃષ્ટિને રસથી મઢે.
વસંત ઋતુમાં શ્રેષ્ઠ, આયુષ્યે વર યૌવન,
બંને કેરા થતાં મેળ બને ધન્ય જ જીવન.

(પડદો ઊઘડે છે : સ્થળ સંથાગાર)

નર્તક-નર્તિકાવૃંદ :

આવી વસંતઋતુ આજ!
સોહે કેવો અનંગરંગ સાજ!
—આવી વસંતઋતુ૰
વૃક્ષો પર પર્ણ નવાં, સૌરભભર મસ્ત હવા,
ધરતીને હૈયે ઉમંગ;
પંચમ સ્વર કોકિલના, ખેલાવે મધુરપના,
જનગણમન સાથે કુરંગ;
—આવી વસંતઋતુ૰
મધુકર પરાગ ચૂસે, ધરતી પર આભ ઝૂમે,
વાયુની વાગે શરણાઈ;
ચેતન-જડ સૃષ્ટિ બધી, પુલકે રોમાંચ ભરી,
ગાતાં વસંતની વધાઈ;
—આવી વસંતઋતુ૰
મનના માનેલ દેવ! ભટકું હું ઠેર ઠેર,
વનરાયું મ્હેંકમ્હેંક થાય;
હૈયાનાં આસન પર, પાડો જો ચરણરજ,
જીવતર આ ધન્ય બની જાય;
—આવી વસંતઋતુ૰

(આમ્રપાલી પ્રવેશે છે : નૃત્ય આરંભે છે.)

આમ્રપાલી :

રસરંગની છલકે છાબ,
ખેલો હો, રસિયાં ફાગ!
—રસરંગની છલકે૰

કલિ કલિ પર મધુકર ગુંજે,
કોકિલ બંસી બજાવે;
મલયાનિલની પાંખ પલાણી,
પરાગ વસંત વધાવે;
—રસરંગની છલકે૦

ફૂલ્યો ફાગણ, ને ધરતીએ
રંગ કેસરી ચોળ્યો;
હૈયા વાટકડે સેંચે તે,
પ્રીતરંગને ઘોળ્યો;
—રસરંગની છલકે૦

પ્રણયસિતારી બજી મધુરું,
સચરાચર પુલકાવે;
અણદીઠી, અણતોષી ઝંખા,
અંતરને છલકાવે;
—રસરંગની છલકે૦

હૈયાનું આસન છે સૂનું,
પિયુ ચરણરજ પાડો;
ભવભવની હું ઘેલી ઝંખું,
મીટ નેહની માંડો;
રસરંગની છલકે૦

દૃશ્ય ચોથું

(સ્થળ : પ્રાસાદમાંનું આમ્રપાલીનું નૃત્યભવન)

ગાયકવૃંદ :

શુક્લ પક્ષ મહીં વ્યોમે નિત્યે ચંદ્રકળા વધી,
પૂર્ણેન્દુ બનીને સોહે સૃષ્ટિ અમૃતથી રસી.
મહાનામ તણા અંકે ઝીલી વાત્સલ્ય ધારને,
હેમવલ્લી સમી કાયા મ્હોરી પૂર્ણપણે હવે.
રૂપ ને ગુણની ગાથા પ્રસરી સત્વર દેશમાં,
કૈંકે નિદ્રા ત્યજી, કૈંક લવતાં 'પાલી' સ્વપ્નમાં!
શિરના મુકુટો રોળી પાલીની પહેરણએ,
કૃતાર્થ બનવા ઝંખે બિંબિસાર સમાન કૈં.

(પરિચારિકા પ્રવેશે છે.)

પરિચારિકાવૃંદ :

રે, એક પરદેશી આંગણે આવ્યો,
ભેગી પૂતળિયું બાંધી લાવ્યો;
—રે, એક પરદેશી૦
બજવી મૃદંગ એ તો નાચ નચાવે,
પૂતળિયું નાની મોટી;
જાગે હૈયામાં એનાં ગીત, તાલ, તાને,
શમણાં અદીઠ કોટિ કોટિ.
—રે, એક પરદેશી૦

(કઠપૂતળીવાળો પ્રવેશે છે : મહાનામ, અભયરાજ વગેરે પણ પ્રવેશ કરે છે.)

કઠપૂતળીવાળો :

દેખો, કઠપૂતળિયું નાચે,
જગ દેખી દેખી રાચે;
—દેખો, કઠપૂતળિયું૦
આ પૂતળી છેલછબીલી,
નાની નાર સુહાગી;
જીવન એનું છે ગંઠાયું,
એક બૂઢિયા સાથ અભાગી;
—દેખો, કઠપૂતળિયું૦
ખોં ખોં કરતો બુઢ્ઢો ચાલે,
છમ્મ છમ્મ કરતી નારી;
ઘડી ઘડી બેઉ લડી ઝઘડતાં,
વાહ, બન્નેની બલિહારી!
—દેખો, કઠપૂતળિયું૦
એક દિવસ કો પરદેશીએ,
દીઠી નાર રૂપાળી;
એણે દીઠો પરદેશીને,
પ્રીતદોર ઉરે બંધાણી;
—દેખો, કઠપૂતળિયું૦
નસીબ ફૂટ્યાં, બુઢ્ઢો રોતો
હાથ દઈને માથે;
ઘરની નારી મને મૂકી ગૈ,
પરદેશીની સાથે;
—દેખો, કઠપૂતળિયું.

(નૃત્ય પૂરું થયે કઠપૂતળીવાળો સહુને નમન કરી, આમ્રપાલીને એક પૂતળી ભેટ આપે છે.)

કઠપૂતળીવાળો :

કળાને જિંદગાનીનું સરવ ઉત્તમ મેં ગણ્યું,
ધરું એ આપને પાયે, સ્વીકારો, ધન્ય હું બનું.

(આમ્રપાલી ભેટ સ્વીકારતાં સ્મિત કરે છે, ને ત્યાંથી સહુ ચાલી જાય છે.)

અભયરાજ : (મહાનામને)

વાત કહું મહાનામ! સાંભળો,
પૂતળીવાળો આવ્યો અહીં;

હસી, ખેલી, એ પાલી સાથે
વાત કરે તે શોભે નહીં.
હતાં નેન એ રાગ ભરેલાં,
મીઠું મોં પર સ્મિત છાયું;
ખેલ માંડીને કઠપૂતળીનો
પાલી ઉરને લુબધાવ્યું.
મહાનામ તણી પુત્રીને પૂતળીવાળો કેમ વરે?
વૈશાલી વીરો પાલીને ઝંખી ચરણે હૃદય ધરે!
હું ય વીરોમાં ઉત્તમ, મારી સમૃદ્ધિનો પાર નથી;
હસ્ત યાચું છું પાલીનો, ઘો કન્યા મુજને
આપ તણી.

મહાનામ :

સૂરજ ને ચંદરના દીવડા બુઝાય,
વળી સમદર માઝા મૂકી ધરતી પે ધાય,
આભ ઊંચા ડુંગરાઓ ધરાશાયી થાય;
તો યે અભય! આ વેણ તારું હુંથી ન પળાય!
વીર તો યે વૃદ્ધ હું, ને ઊઘડતા ફૂલ જેવી
પાલી સુકુમાર છે; અમરત સરવાણી
રણમાં ઢોળાય શે?
બંધ કર બોલવું, રે! બોલ આ ખમાય શે?

(મહાનામ ચાલ્યો જાય છે : અભયરાજ અત્યંત
ક્રોધિત થાય છે.)

અભયરાજ : (રુદ્ર રૂપ ધારણ કરીને)

હું ટેક ન મૂકું મારી,
ઝંખે ઉર પાલી! પાલી!
—હું ટેક ન મૂકું૦
વેર ઝેર યજ્ઞ પ્રગટાવી,
મહાનામ બલિ હોમું;
છો ભરખાય વૈશાલીનગરી,
હું વિનાશબીજો રોપું!
—હું ટેક ન મૂકું૦

દર્શન પાંચમું

(સ્થળ: મીનાક્ષી માતાનું મંદિર, આમ્રપાલી અને
સખીઓ મીનાક્ષી માતાની પૂજા કરે છે.)

આમ્રપાલી અને સખીવૃંદ :

હો રે, માઝમ રાતનાં કોડિયે,
કોક પેટાવી નવલખ વાટ,
–ગેબ ગજવીને ગરબે ઘૂમે છે.
હો રે એના માથે મૂકેલા, મોડિયે,
સોહે શશિયર ને સૂરજની ભાત,
–ગેબ ગજવીને ગરબે ઘૂમે છે.
સાગર બજવે મૃદંગ,
ઝંઝા વગાડે ચંગ,
તાલી દેતા ભૂકંપ,
એના નાદ નવ ખંડ સાથે ઝૂમે છે,
—ગેબ ગજવીને ગરબે ઘૂમે છે.
યુગની ઊભી અબોલ,
કંદરાઓ ઝીલે બોલ,
દિગ્પાળો મૂકી તોલ,
હૈયાખરલે સૂરસોહની ઘૂંટે છે.
—ગેબ ગજવીને ગરબે ઘૂમે છે.
ડુંગરનાં આભ ઊંચાં,
સિંહાસન છોડી સૂનાં,
રમતી મા જગદંબા,
છેડો ચૂંદડીનો ધરતી ચૂમે છે,
—ગેબ ગજવીને ગરબે ઘૂમે છે.
જેવી કો વીજછટા,
કંપાવે ઘનની ઘટા,
તેવાં નૂપુરનાદ બાજે છે,
એના પડઘા ત્રિલોકમાં ગાજે છે,
—ગેબ ગજવીને ગરબે ઘૂમે છે.
રૂપ આવું રળિયાત,
કેમ નયને સમાય?
કાળ લીધા વણ શ્વાસ,
દૃશ્ય દેખીને મૂંગું મલકે છે;
—ગેબ ગજવીને ગરબે ઘૂમે છે.
પૃથ્વી ને આભ ઘાટે,
કોટિ કિરણોની વાટે,
સોહંતો ઝગમગાટે,
માથે મૂકીને ગરબો ઘૂમે છે.
—ગેબ ગજવીને ગરબે ઘૂમે છે.

(અજાણ્યા સૈનિકોનું ધાડું ધસી આવે છે ને સહુ
નાસાનાસ કરે છે.)

ગાયકવૃંદ :

અધૂરે ગરબે મોટું અજાણ્યા શત્રુઓ તણું,
ધાડિયું ધસતું આવ્યું, કંપે, નાસે ત્યહીં સહુ.
અભયે મોકલ્યું સૈન્ય, આમ્રપાલી હરી જવા,
મીનાક્ષીમંદિરે એના વૈરાગ્નિને શમાવવા.

પારધિ નીરખી નાસે, ટોળું બાલહરિણીનું.
તે વિધે ચોદિશે નાસ્યું, વેગે વૃંદ સખી તણું.

(પૂતળીવાળો પ્રવેશે છે.)

અચાનક ચઢયો આવી, પૂતળીવાળો તે સ્થળે,
દૃષ્ટિ અભય ને એની તીક્ષ્ણ શસ્ત્ર સમી મળે.
દૃષ્ટિયુદ્ધ થતાં પૂરું; શસ્ત્રયુદ્ધ મચી રહે,
કુંજરદળને માથે, વનરાજ તૂટી પડે.
નાસે અભયનું સૈન્ય હાહાકાર મચી રહે,
ઝીલીને ઘાવ અંગાંગે પૂતળીવાળો ઢળી પડે.

(મહાનામ પ્રવેશે છે.)

ભયની સાંભળી બૂમો મહાનામ ગયો ધસી,
વૃત્તાંત સુણીને ખેંચે ક્રોધે મ્યાન થકી અસિ.
સાંભળી શૌર્યની વાતો અજાણ્યા નટની બહુ,
મહાનામ વદે વાણી 'સંચરો ગૃહમાં સહુ.'
(પૂતળીવાળાને બેભાન અવસ્થામાં લઈને સહુ જાય છે.)

દર્શન છઠ્ઠું

(સ્થળ: મહાનામના રાજમહેલમાં શયનખંડ,
ઘાયલ પૂતળીવાળો સૂતો છે.)

ગાયકવૃંદ : (આમ્રપાલી પ્રવેશે છે.)

ઘાયલ નટની પાસે, ધીમેથી પાલી સંચરે,
વર્ષાવી પ્રેમની ધારા, આશ્લેષ દૃષ્ટિથી કરે.
પાલીના તનની વેલે, રોમાંચ કૈંક પાંગરે,
નીરખે મુખને, સ્પર્શે, અધરે અધરો અડે.
નટ તો ઢોંગથી સૂતો, જાણે ગાઢ સુષુપ્તિમાં,
પાલીનું ધડકે હૈયું, ડોકે હાર નિહાળતાં.

આમ્રપાલી :

રે, મન તું કોને ઝંખે છે?
હૈયે મધુરપ ડંખે છે,
—રે મન તું૦
ફૂલ કમળનું સૂરજ ઝંખે,
ચકોર ચંદ્રપિયાસી;
મેઘદરશને તલસે ચાતક,
વન વન ફરત ઉદાસી;
—રે, મન તું૦
દૂર દૂરથી મૂગા સાદે
કોણ મને બોલાવે?
ભાનસાન સઘળું ભુલાવી,
હૈયું ઘેને ડોલાવે!
—રે, મન તું૦
પરદેશીની પ્રીત નકામી,
નેહતાંતણો કાપી;
પ્રભાત થાતાં પંથે પળશે,
સામગરી સઘળી બાંધી;
—રે, મન તું૦
ફૂલ તણા મોંને પંપાળી,
વાયુ કરશે વાલું;
અમરતપાન વિછોડી, મૂરખ
મૃગજળ પાછળ ધાતું!
—રે, મન તું૦

(પૂતળીવાળો જાગ્રત થાય છે.)

ગાયકવૃંદ :

મગધ રાજ્યનું ચિહ્ન, ને મુદ્રા બિંબિસારની-
પેખીને નટની, એને કશી શંકા રહી નહિ.

આમ્રપાલી અને બિંબિસાર :

ઉર બીન મધુરું બોલે,
મન મત્ત બનીને ડોલે.
—ઉર બીન મધુરું૦
રજની-ચંદ્રની પ્રીત મધુરી,
આજ યુગોથી સોહે;
ધ્યાન ધરી પ્રિયનું ઉર માંહે,
સાગર ધરતી પર સોહે;
—ઉર બીન મધુરું૦
જેવી વર્ષા ચંગ બજાવે,
વીજળી મત્ત શી દોડે;
ઘન પ્રીતમને હૈયે ચાંપી,
એ નર્તન કરતી કોડે;
—ઉર બીન મધુરું૦

બિંબિસાર :

તુજ કારણ મેં તજ્યું છત્ર, ને
નચવી કાષ્ઠપૂતળીઓ;
તવ નેત્રઇશારે હવે હું નાચું,
જાતે બની નાચણિયો;
—ઉર બીન મધુરું૦

(અભયરાજ તથા મહાનામ ગુપ્ત રીતે બંનેને નિહાળે છે: મહાનામ ખડ્ગ ખેંચે છે; અભયરાજ એને વારે છે : રંગમાં ભંગ પડે છે.)

દર્શન સાતમું

ગાયકવૃંદ :

દાવાનળ તણી જ્વાળા ભીષણ વાયરે બને,
લિચ્છીવીઉરમાં તેમ અભય વૈરને ભરે.
પાલીની રૂપમોહિની ભાળી મત્ત બની જતો,
સ્પર્ધામાં લડતાં ભેટે, મોતને ય જુવાન કો.

(અંદરોઅંદર લિચ્છવી યુવાનોનું યુદ્ધ થઈ રહ્યું છે.)

ગાયકવૃંદ :

અભયે તક સાધીને સંથાગારમહીં બધી
ઐક્ય ને હિતનું ઓઠું ધરી વાત રજૂ કરી.

(સ્થળ : સંથાગાર)

અભયરાજ :

નગરશ્રેષ્ઠી! રાજા! ઉપરાજા! અધિપતિ!
સહુ સાંભળજો,
વેણ કહું બે કઠોર તમને દેશ કાજ તે કાન ધરો!
મહાનામની તનયા પાલી રૂપગુણમાં
પૂર્ણેન્દુ સમી,
ચરણરેણુને ચૂમવા એની જુવાન ઝંખે
કૈંક અહીં.
એ રૂપમૂર્તિ પ્રેરે આજે દેશ વિશે મહા વૈરાગ્નિ,
વિનાશ થાશે પ્રજા તણો, ગણતંત્ર જશે
ધૂળમાંહી ભળી.
મહાનામ છે અધિપતિ, આ પ્રજાતણું છે
સંથાગાર,
જનતાને નામે હું યાચું, શોચો, શોચો
કૈંક ઉપાય!

ગાયકવૃંદ :

દારુણ વેદના હૈયે મહાનામ તણી ઊઠે,
કંપતી કાય, ને વેણો ધીમે સ્વરથી એ વદે.
દહતી આભનું ઉર વીજળી, તોય તે ઘન
વરસે જળની ધારા, મહાનામ વદે ત્યમ.
કારુણ્ય, વેદના, દુઃખ શમાવી ઉરને વિશે:
'પ્રવેણીપુસ્તકે શોધો આજ્ઞા!' એટલું ઉચ્ચરે.
રત્નથી શોભતું આવ્યું પુસ્તક ધર્મતણું મહા,
ધર્માજ્ઞા જાણવા કાજે ઉત્સુક સર્વે થૈ રહ્યા.

(નગરશ્રેષ્ઠી પ્રવેણીપુસ્તકમાંથી ધર્માજ્ઞા વાંચે છે.)

'દૈવવાણી તેના ચોથા મંડળની નવમી ઋચામાં આ પ્રમાણે આજ્ઞા કરે છે: લિચ્છવી ગણતંત્રમાં, જો કોઈ રૂપસુંદરીના રૂપને કાજે પ્રજામાં કલહ જાગે તો એ સ્ત્રીની હત્યા ન કરવી. સ્ત્રીહત્યા શૂરવીર પ્રજાને લાંછનરૂપ છે. લિચ્છવી ગણતંત્રને સજીવ રાખવા, તેના આધારસ્થંભ જેવા જુવાનોમાં સંપ પ્રેરવા, એ જુવાનોના આમોદપ્રમોદ અર્થે, આવી સ્ત્રીએ વારાંગના બનવું...

'એ સ્ત્રીનું આવું પગલું પ્રજાના હિતાર્થે અપાયેલું મહાન બલિદાન લેખાશે. જો એ સ્ત્રી આ નિર્ણય ન સ્વીકારે, તો એણે સંસારનો ત્યાગ કરવો.'

દર્શન આઠમું

(સ્થળ : આમ્રપાલીનું શયનગૃહ)

આમ્રપાલી :

મનના ઓ મૂગા પંખી!
તું ઝૂરે કોને ઝંખી?
—મનના ઓ મૂગા૦
ઘોમરણે મૃગજળ ઝગતું તે,
કંઠ કદી ન છિપાવે;
દીપકજ્યોતે કૂદી પતંગા,
કાયા નિજની જ જલાવે;
—મનના ઓ મૂગા૦
ગગન પાલખે ચડી ચંદ્ર,
સાગરને નૃત્ય કરાવે;
અમાસરાતે યે સમદર તો,
ભરતીનું બીન બજાવે;
—મનના ઓ મૂગા૦
સરવર જળમાં હંસ સેલતાં,
નિત મોતીચારો ચરે;
ગ્રીષ્મતાપમાં જળ સુકાતાં,
એ ત્યાગ જ સરનો કરે;
—મનના ઓ મૂગા૦
સમજી, શોચી, ડગ ભરજે મનવા!
નટવે માંડ્યા ખેલો;

માયા રંગ મહીં મોહ્યો તો,
જગ ગણશે તુંને ઘેલો!
—મનના એ મૂગા૦

(મહાનામ પ્રવેશે છે.)

ગાયકવૃંદ :

વજ્રપાત થયે જેવો મહા દુર્ગ ઢળી પડે,
મહાનામ તણી કાયા તેવી લથડે, આથડે.
પેખીને મુખનું દૈન્ય, નેત્રની કરુણા, અને
હૈયાની વેદના ગૂઢ, પાલી મર્મ બધો કળે.

પ્રવક્તા :

આમ્રપાલીના સુકોમળ હૃદયમાં ઉગ્ર મનોમંથન મચી રહ્યું. એની સમક્ષ બે જ માર્ગ હતા. એણે કાં તો બિંબિસારના પ્રેમને ભૂલી દરેકે દરેકની પ્રિયતમા થવું–સામાન્ય દેશનર્તિકા બનવું–અથવા સંસારત્યાગ કરવો...

એના હૈયામાં દારુણ વેદના પ્રગટે છે. યૌવન, ધન, પ્રેમ, સંસાર સઘળું તુચ્છ છે, નિરર્થક છે, નિઃસાર છે. ભગવાન તથાગત જાણે એને સાદ પાડી રહ્યા છે:

'આમ્રપાલી! તું ચાલી આવ. અહીં તારા હૃદયને ચિર શાંતિ મળશે; તારું જીવન ધન્ય બનશે. જીર્ણ વસ્ત્રોની જેમ સંસારનો ત્યાગ કરી નાખ. સઘળું દુઃખમય છે, ક્ષણિક છે, પાપમય છે.

કાળની પાંખ વીંઝાતાં સમુદ્રો, ગરએ ,
પીંપળ પાંદ શાં ધ્રૂજે, કાયા કેરો હિસાબ શો?
સૂર્યતાપે વિલાયે છે બિંદુ ઝાકળનું જ્યમ,
યૌવન, ધન, ને માયા વિલાશે પળમાં ત્યમ.

આમ્રપાલી! આવ, તું સંસારનો ત્યાગ કરી અહીં ચાલી આવ...

અરણ્યે ભવના, પંથી! ભૂલી વાટ ક્યહીં ભમે?
પથને ચીંધતી જ્યોતિ ધર્મની શાશ્વતી ઝગે.

(સ્વરાકાર...બૌદ્ધ ભિખ્ખુઓ અને ભિખ્ખુણીઓ ચાલ્યાં જતાં હોય છે....)

વૃંદ :

धम्मं सरणं गच्छामि ।
संघं सरणं गच्छामि ।
बुद्धं सरणं गच्छामि ॥

(બુદ્ધ ભગવાનની ધ્યાનસ્થ મૂર્તિનું છાયાચિત્ર ને એની સમક્ષ પ્રણામાંજલિ ધરતો ભિખ્ખુ-ભિખ્ખુણીઓનો સંઘ તથા આમ્રપાલી. જવનિકા પડતાં લગી बुद्धं सरणं गच्छामिનું સમૂહગાન ચાલુ રહે છે.)

★

ગાંધીજીએ ચશ્માં છોડવાનો વિચાર ૬૪મે વર્ષે કર્યો હતો. એ માટેનાં એકબે પુસ્તકો પણ એમણે વાંચેલાં ને જેલમાં હતા ત્યારે અમેરિકાના એક દાક્તર મિત્ર મી. ગ્રેટ સાથે પત્રવ્યવહાર પણ થતો હતો.

એ માટે પુષ્કળ ઝીણવટથી ને ઉલટસુલટ પ્રશ્નો પૂછતા જોઈ મહાદેવભાઈને થયું: 'બાપુને હજી કેટલો બધો લોભ છે? હવે આ ઉંમરે ચશ્માં ઊતરે તો ય શું ને ન ઊતરે તો ય શું? એ માટેની ફોગટ આશા શા માટે રાખવી જોઈએ? કેટલુંક જીવવું છે!'

ત્યાં તો એમના જ વિચારોનો જાણે જવાબ આપતા હોય તેમ: બાપુએ પોતાના એક બીજા સાથીને કહ્યું:

'આ વસ્તુ પર થોડો સમય આપવા જેવું છે. કારણ કે એ વસ્તુ સાચી જ હોય તો એમાંથી કેટલા યે માણસોને લાભ થાય ને હજારો રૂપિયા બચી જાય!'

મહાદેવભાઈ પોતાની ડાયરીમાં નોંધે છે: '૬૪ વર્ષે ચશ્માં ઉતારવાની કળા શીખવામાં બાપુની આ દૃષ્ટિ હતી!'

×

નાનપણમાં ગાંધીજીએ લંડન મેટ્રિકની પરીક્ષા આપી ત્યારે સામાન્ય જ્ઞાનના અનેક પ્રશ્નો સાથે એક આ હતો: 'સુવર્ણ કરતાં વધારે સુવર્ણમય શું?' ગાંધીજીએ ત્યારે લખેલું:

'સત્ય!'

×

દરજીઓ હડતાલ પર જાય તો?

લેખક :

અધ્યા. મનસુખલાલ ઝવેરી

એમ. એ.

રોજ સવાર પડે છે ને કોઈ ને કોઈ હડતાળના સમાચાર સાંભળવા મળે છે. આજે અમદાવાદમાં મજૂરો હડતાળ પર ઊતરે છે તો આવતી કાલે બનારસમાં ધોબીઓ હડતાળ પાડે છે. કોઈક દિવસ વાળંદો–એમને વાળંદ શા માટે કહેવામાં આવે છે, નાયી બ્રાહ્મણ શા માટે નહિ, એ કારણ આપીને હડતાળ પર ઊતરવાની ધમકી આપે છે. તો કોઈક દિવસ કલકત્તા કે પટણા કે મદ્રાસના વિદ્યાર્થીઓ પરીક્ષાના પ્રશ્નપત્ર સામેના વિરોધરૂપે હડતાળ પર ઊતરવાનું જાહેર કરે છે. લેખકોને ય પોતાની કલ્પનાને બહલાવવા માટેનું નવું ક્ષેત્ર મળ્યું છે ને ગૃહિણીઓ ને બાળકો, ઘાટીઓ, વૈદ્યો ને ડૉક્ટરો, ઘાંચી ને મોચી, બ્રાહ્મણ ને ભિસ્તી, હડતાળ પર જાય તો શું થાય તેના તરંગો ને તુક્કા અજબગજબની રીતે ઉઠાવવામાં આવે છે.

પણ વાંક એમાં કોઈનો નથી. આ જમાનો જ એવો છે. કોઈએ એમ કહ્યું છે કે આ કલિયુગ છે, એટલે કે કળ–યુગ છે, યંત્રયુગ છે. અને રાજ્ય અત્યારે બ્રાહ્મણોનું, ક્ષત્રિયોનું કે વૈશ્યોનું નહિ, પણ શૂદ્રોનું ચાલે છે. મને એમ લાગે છે કે રાજ્ય અત્યારે કોઈનું નથી ચાલતું, કારણ કે કોઈનું પણ રાજ્ય ચાલતું હોય તો એ રાજ્યને અનુકૂળ હોય તેવી વ્યવસ્થા, નિયમો, કાયદાકાનૂન વગેરેનું તંત્ર તો હોય ને? એવી કોઈ વ્યવસ્થાનું તંત્ર દેખાય છે અત્યારે?

અત્યારે ચોતરફ દેખાય છે માત્ર અવ્યવસ્થા ને એનું કારણ શોધવા જઈએ તો માત્ર એટલું જ છે કે સૌને આપવું છે ઓછામાં ઓછું, લઈ લેવું છે વધારેમાં વધારે; હક્ક ભોગવવો છે એકેએક, ફરજ બજાવવી નથી એક પણ. આવતી કાલ ઊગશે કે કેમ ને ઊગશે તો કેવી ઊગશે તેની કોઈને ખબર નથી; એટલે આજની અને અત્યારની ઘડીએ મળે તેટલું મેળવી લેવાનો લોભ સૌને લાગ્યો છે. માણસોનાં દિલ એવાં તંગ થઈ ગયાં છે કે વાતોમાં માત્ર સંભળાય છે ફરિયાદ, લાગણીઓમાં અનુભવાય છે માત્ર હાયવરાળ.

હડતાળ પર ઊતરવાનું કેટલું બધું સહેલું થઈ પડ્યું છે? શાક જરા મોડું આવે તો ગૃહિણી હડતાળ પર ઊતરે, પ્રશ્નપત્ર પોતાને અઘરો લાગે તો વિદ્યાર્થીઓ હડતાળ પર ઊતરે; પગાર જરા મોડો મળે તો ઘાટી હડતાળ પર ઊતરે. હડતાળ પર નથી ઊતરી શકતી એક બિચારી હડતાળ પોતે; ને બીજા–બીજા દરજીઓ!

દરજીઓ હડતાળ પર જાય તો? સરસ વિચાર આવ્યો. ઘાટી હડતાળ પર જાય તો ગૃહિણીની તબિયત સુધરે, ગૃહિણી હડતાળ પર જાય તો ગૃહપતિ સ્વાશ્રયી બને. વિદ્યાર્થીઓ હડતાળ પર જાય તો શિક્ષકો ને પરીક્ષકો ઘણું ય કચરા જેવું વાંચવા–તપાસવાની માથાકૂટમાંથી ઊગરી જાય. મજૂરો હડતાળ પર ઊતરે તો માલનું ઉત્પાદન ઓછું થતાં, વેપારીઓની કમાણી વધે ને મજૂરનેતાઓનું અહં સંતોષાય. હડતાળનાં ખરાબ પરિણામો ગણવા બેસીએ તો પાર આવે તેમ નથી, પણ સાથેસાથ આ બધા લાભોને પણ ગણતરીમાં લીધા વિના કેમ ચાલે? વાદળું કાળું ઘોર ભલે રહ્યું, પણ અંગ્રેજીમાં કહેવાય છે તેમ, એનેય એની રૂપકડી રેખા નથી હોતી એમ નહિ.

દરજીઓ હડતાળ પર જાય તો શ્રીમંત કુટુંબો અને તેમાં ય ખાસ કરીને તેના સ્ત્રીવર્ગને સૌથી વધારે આઘાત લાગે. સામ, દામ, ભેદ, દંડ અને રમણભાઈ એ બતાવેલ

છે તે અશ્રુપાતના ઉપાયો અજમાવીને ય એ લોકો હડતાળ તોડવાનો પ્રયત્ન કરે. સામાન્ય વર્ગના લોકો કપડાં જાતે સીવતાં શીખવા લાગે ને સીવેલાં કપડાંને સાચવી-સાચવીને પહેરતાં શીખે. કરોડો અકિંચનોનો તો પ્રશ્ન જ નથી; કારણ કે જિંદગીમાં એમને દરજીની દુકાન માત્ર દૂરથી જ જોવાની હોય છે: બાકી એમનો ઘણોખરો વ્યવહાર માગ્યાં-ભીખ્યાં કપડાં પર જ ચાલતો હોય છે.

દરજીઓ હડતાળ પર જાય એટલે કાપડની જરૂર રહે નહિ; અને તેથી રૂ ઉગાડવાનું બંધ થાય. તેને બદલે તે જમીનમાં અનાજ અથવા ફળઝાડો ઉગાડી શકાય. અને મિલો કામ કરતી બંધ થઈ હોય એટલે મજૂરો પોતાને ગામડે જઈ ખેતી કરવા લાગે. દેશનો અનાજની તંગીનો પ્રશ્ન આમ ટળી જાય; અને બીજું કંઈ નહિ તો શ્રી મુનશીનો ડંકો વાગી જાય!

પણ આ હડતાળ જો સાચેસાચી હડતાળ હોય, તો એ બીજી કોઈ પણ હડતાળ કરતાં સમાજને વધારે લાભકારક નીવડે એમ મને લાગે છે. એક રીતે કહીએ તો આપણી વર્તમાન સંસ્કૃતિ આચ્છાદન-સંસ્કૃતિ છે—રૂડીરૂપાળી વાતો તળે સડી ગયેલા આત્માને ઢાંકી દેતી સંસ્કૃતિ છે. દરજીઓ હડતાળ પર જાય તો આચ્છાદન મળે નહિ, ને આપણાં દૂબળાં ને બેવડાં વળી ગયેલાં, નિસ્તેજ ને કંતાઈ ગયેલાં શરીરો પ્રગટ થઈ જાય. એ શરમમાંથી ઊગરી જવા માટે આપણે સૌ આપણાં શરીરોને સ્વાસ્થ્યભરપૂર બનાવવા માટે મથીએ. સાચું સૌંદર્ય બહારનાં કશાં ભૂષણોમાં નહિ પણ સ્વાસ્થ્યમાં રહ્યું છે એ હકીકતનું ત્યારે જ આપણને ભાન થાય.

દરજીઓ હડતાળ પર જાય તો આ રીતે, આપણને શરીરસ્વાસ્થ્યનો મહિમા સમજાય એ તો ખરું, પણ સાથેસાથ એક બીજો અને વધારે મહત્ત્વનો લાભ પણ આપણને થાય. અત્યારે તો આપણે વસ્ત્રો પરથી સુધરેલા ને સંસ્કારી દેખાવાનો પ્રયત્ન કરતા હોઈએ છીએ, પણ એ સગવડ મળતી બંધ થાય એટલે સંસ્કારી કે અસંસ્કારી, ઉચ્ચ કે નીચ, શ્રીમંત કે રંકના ભેદો બતાવતું બાહ્ય સાધન કશું ન રહે. એક તરફ ગણવેશ જેમ એ બધા ભેદોને ભૂસી નાખીને માણસમાત્રની એકતાને પ્રગટ કરે છે, તેમ બીજી તરફ આ વસ્ત્રહીનતા પણ એ જ એકતાનું ભાન જગાડે છે, અને માણસ સંસ્કારી છે કે નહિ તે જોવા માટેની એક જ કસોટી ત્યારે આપણી પાસે રહે છે, એનું વર્તન. આપણે તદ્દન મૂર્ખ ન હોઈએ તો, આ આચ્છાદન-સંસ્કૃતિમાં પણ આપણી અંતિમ કસોટી તો આ જ હોય છે. દરજીઓ હડતાળ પર જાય તો સત્યના માર્ગમાં કશું વિઘ્ન કે વિક્ષેપ ન રહે ને એ સરળતાથી ને સહજ રીતે પ્રગટ થઈ શકે.

અજ્ઞાન એટલે માત્ર જ્ઞાનનો આત્યંતિક અભાવ જ નહિ; અયથાર્થજ્ઞાન એટલે જે વસ્તુ જેવી ન હોય તેવી તેને ધારવી કે માનવી એ પણ ખરું. બીજા શબ્દોમાં કહીએ તો અજ્ઞાન એટલે ભ્રાન્તિ અને ભ્રાન્તિ એટલે માયા, એમાંથી મુક્તિ મેળવવી એ મનુષ્યના જીવનનો મોટામાં મોટો પુરુષાર્થ છે. એ મુક્તિ મળે માત્ર જ્ઞાનથી, કોઈ પણ જાતની ભ્રમણામાં રહ્યા વિના પદાર્થના યથાર્થ સ્વરૂપને જાણી લેવાથી. આમ જ્ઞાન એટલે સત્યદર્શન ને સત્યદર્શન એટલે મુક્તિ. દરજીઓ હડતાળ પર જાય તો આપણે મનુષ્યને, લાક્ષણિક અને યૌગિક બંને અર્થમાં, એના યથાર્થ સ્વરૂપમાં જોઈ શકીએ. દરજીઓની હડતાળ આ રીતે આપણી મુક્તિનું સાધન બને!

★

કલમી કપાસ

લેખક :
શ્રી ગ. વા. દેવધર
એગ. એસસી.

ભારતમાં હજારો વર્ષથી કપાસનું વાવેતર ચાલ્યું આવ્યું છે. જયારે દુનિયાના બીજા દેશોમાં કપાસ વિષે કંઈ પણ જ્ઞાન નહોતું, ત્યારે આપણા દેશમાં સારામાં સારું કાપડ વણવામાં આવતું; એટલું જ નહિ પણ જુદાજુદા રંગવાળા રૂ આપનારા છોડવાઓ વિષે પણ આપણને માહિતી હતી અને તેમાંથી અનેક પ્રકારનું રંગીન કાપડ પણ બનતું. ઢાકાની મલમલ વિષે તો સૌ જાણે જ છે. આ મલમલનું સૂતર સરાસરી ૩૪૦ નંબરનું રહેતું, પરંતુ તેની ઉત્તમ જાત તો ૪૨૫ નંબર સુધીની રહેતી. તેમાં વપરાયેલા રૂનો તાંતણો (અં. સ્ટેપલ) ૧.૦, ૧.૧ ઇંચ લાંબો રહેતો. આ રૂ યંત્ર દ્વારા કપાસથી જલદી છૂટું થઈ શકે તેવું ન હોવાને કારણે આધુનિક યંત્રયુગની સ્પર્ધામાં તે પાછળ પડ્યું અને રૂની બીજી જાતો આગળ આવી ગઈ. અત્યારે તો એવી સ્થિતિ થઈ ગઈ છે કે આપણને રૂ વિષે લગભગ પાંચ હજાર વર્ષ અગાઉથી માહિતી હોવા છતાં દુનિયાનું સારામાં સારું રૂ અમેરિકા અને આફ્રિકામાં થાય છે!

કપાસનો છોડ મૂળ રાની (અં. વાઈલ્ડ) હતો. આવા રાની છોડનાં કાલાંઓમાં રૂ બહુ જ ઓછું, લગભગ નહીં જ, કપાસિયાને સખત રીતે વળગી રહેતું, ટૂંકું અને વળ વગરનું રહેતું; એટલે ટૂંકમાં સૂતર કાઢવા માટે તદ્દન નકામું હતું. પરંતુ કુદરતની અહેતુક અને માનવીની સહેતુક યોજનાઓથી આવા રાની છોડવાઓમાંથી અનેક નવીનવી ઉપયુક્ત જાતો અસ્તિત્વમાં આવી. સારું રૂ અને તેટલા લાંબા તાંતણાવાળું, કપાસિયાઓથી જલદી છૂટું થઈ શકે તેવું, વળવા અને સફેદ હોવું જોઈએ. રાની કપાસના છો ઘણે ભાગે બહુ વખત જીવનારા હોય છે. વાવેત માટે કપાસના છોડ હંગામી (અં. સીઝનલ પાકવાળા હોય તો સારું. આવા કપાસ પાક સૂકી હવા (અં. ડ્રોટ) અને હિમપાત (અં. ફ્રોસ્ટ)ને ટાળીને ચોમાસામાં થઈ શ છે; તેમ જ કીટકનિરોધ (અં. પેસ્ટ કંટ્રોલ પણ સારી રીતે કરી શકાય છે. આમ રા જાતોના સંકરમાંથી ઉત્પન્ન થતા નવા છો વાઓમાંથી ચૂંટીને, અનેક પેઢીઓ સુધ જોઈએ તેવું ખાસ ગુણધર્મવાળું રૂ આ શકે તેવી જાતો (અં. સ્ટ્રેઈન્સ) તૈયાર કર વામાં આવે છે. આ જ પદ્ધતિથી સી આઈલેં અને ઈજીપ્શિયન રૂની જાતો નિર્માણ થઈ છે

સી આઈલેંડ અથવા ઈજીપ્શિયન રૂ બીજ આપણે ત્યાં વાવવાથી પહેલો પા લાંબા તાંતણાનો થાય છે, પરંતુ આગળ દરેક પેઢીમાં આ તાંતણો ટૂંકો થઈ જાય અને લગભગ ચોથી પેઢીએ તદ્દન સાધાર થઈ જાય છે એવો અનુભવ છે.

વનસ્પતિના સારા ગુણો ટકાવી રાખ ખાતર તેની કલમ કરવાની પદ્ધતિ પણ છે કપાસ માટે આ પદ્ધતિનો પણ કેમ ઉપયોગ કરી શકાય એવો સ્વાભાવિક પ્ર ઉત્પન્ન થાય છે. કલમ માટે બહુ-વર્ષજી છોડવાઓ ચૂંટી કાઢવાથી એક છોડ પાંચ સાત વર્ષ સુધી ટકી શકશે અને તેટલ સમયમાં લગભગ બારેક વખત પાક મળ શકશે. આમ કરવાથી શરૂઆતમાં થોડ ખર્ચ અને ત્રાસ પણ થશે; પરંતુ પછી ખર બહુ જૂજ થવાથી અને ઉત્તમ રૂનો વધ

ભાવ મળવાથી શરૂઆતમાં થયેલા ખર્ચનો અને ત્રાસનો મોંબદલો મળી જશે. કલમ કરેલા કપાસના બીજમાંથી સારું રૂ મળવું શકય છે. એમ થાય તો એક એકર કલમી કપાસમાંથી એક ઋતુમાં ઉત્પન્ન થનારાં બિયાંમાંથી ઉત્તમ પ્રકારના કપાસનું વાવેતર લગભગ પાંચસો એકર અને ફરીથી તેમાંથી ઉત્પન્ન થનાર બીજું ઊતરતી કક્ષાનું વાવેતર લગભગ ૨૫૦,૦૦૦ એકર થઈ શકે. આ બિનકલમી ઝાડોનું વાવેતર હંગામી થઈ શકશે. કલમી કપાસના વાવેતર માટે કિટક-નિરોધનનો સવાલ છોડી દઈએ તો હિમની બીક ન હોય એવા અને આખું વર્ષ પાણીની સગવડ મળી શકે એવા પ્રદેશો શોધી કાઢવા મુશ્કેલ નથી.

ઉપર પ્રમાણે વિચાર કરીને મેં પ્રયોગ કરવાનું નક્કી કર્યું. મારા એક મિત્ર પાસેથી મને સી આઈલેંડ–જગતમાં સૌથી લાંબા તારવાળા કપાસનું બીજ મળ્યું. તે વાવીને ઊગેલા છોડની કલમ દેવકપાસના છોડ ઉપર કરી. કલમી છોડને આવેલું રૂ મારા તજજ્ઞ મિત્રોને બતાવતાં તેમણે તે મૂળ સી આઈલેંડ જેટલું જ સારું છે એવો અભિપ્રાય આપ્યો.

યજમાન છોડનો એકાદ ફણગો રહી જવાથી તેમાંથી નીકળનારું રૂ અને ઉપરના છોડનું રૂ ભેગું થવાથી તેની જાત બગડે નહિ એટલા માટે યજમાન છોડ રાની હોય તો સારું એવો વિચાર કર્યો. આવો છોડ સૌરાષ્ટ્રમાં થાય છે, તેને ‘જંગણી વોંણ’ કહે છે. તેનું બી મને રાજકોટના એક મારા મિત્ર પાસેથી મળ્યું, તેમાંથી છોડ ઉગાડીને તેના ઉપર સી આયલેંડની કલમ કરી. તેના ઉપર હમણાં જ કાલાં આવ્યાં છે!

આ વિષયની બાબતમાં હજુ ઘણા પ્રયોગો કરવા જોઈએ. તેમાંના કેટલાક ચાલુ કર્યા છે.

★

આચાર્ય વિનોબા ભાવેના યૌવનકાળનો એક પ્રસંગ છે.

એમણે ઘર છોડયું ત્યારે કૉલેજના બીજા વર્ષમાં એ હતા. ઘણા મિત્રોએ બાકીનાં બે વર્ષો પૂરાં કરી બી. એ થઈ જવાની સલાહ આપી, પણ એ બધાને એક જ ઉત્તર મળતો હતો: ‘મારી વિચાર કરવાની રીત આ નથી.’

ઘર છોડતાં પહેલાં જુદાજુદા વિષયોનાં એમને ઘણાં પ્રમાણપત્રો મળેલાં તે ચૂલા પાસે બેસીને તાપતાંતાપતાં એમણે સળગાવવા માંડ્યાં.

માતાએ પ્રશ્ન કર્યો:

‘આ શું કરે છે?’

‘પ્રમાણપત્રો સળગાવું છું.’

‘કેમ?’

‘એની મારે શી જરૂર છે?’

‘જરૂર ન હોય તોપણ પડ્યાં રહે તો શી હરકત છે? બાળે છે શા માટે?’

આગળ ઉપર ક્યારેક એમનો ઉપયોગ કરવાની જરૂર પડે એટલા માટે એ રાખવાની માતાની ઇચ્છા હતી, પણ એમણે તો એ બધાં જ બાળી દીધાં. આ પ્રસંગ બાદ વર્ષો પછી ચૂંટણી આવી, એમાં સરકારે મેટ્રિક પાસ થયેલાઓને મતાધિકાર આપેલો હતો. એમને એ મળી શકે તેમ હતો, પણ એમની પાસે પ્રમાણપત્ર ક્યાં હતું? એક રૂપિયો ખરચે તો એની નકલ મળી શકત, પણ એમણે વિચાર્યું:

‘એ પ્રમાણપત્રોનું શું પ્રયોજન છે? પાંત્રીસ કરોડમાંથી ત્રણ કરોડને મતાધિકાર મળ્યો છે. બાકીના બત્રીસ કરોડને નથી મળ્યો. હું એમની સાથે કેમ ન રહું?’

—‘મધુકર’

×

શિયાળાની રાતે

લેખક :

શ્રી જયંત વસા

સ્ટેશન પર આવ્યો ત્યાં ખબર પડી કે ગાડી તો ચાર કલાક મોડી છે. ને એ ચાર કલાક શું કરવું તેનો વિચાર કરવામાં પાએક કલાક ગઈ. અત્યારે રાતના દશ વાગે ફરી પાછું સંબંધીને ત્યાં જવું ને એકાદ વાગ્યા સુધી તેમને પાછો ઉજાગરો કરાવવાનું ઠીક ન લાગતાં મેં સ્ટેશનની બાજુમાં આવેલી ધર્મશાળા તરફ પગ ભર્યાં.

નસીબજોગે ત્યાંનો રખેવાળ મારો ઓળખીતો નીકળ્યો. એનું નામ રાણો રબારી. હું ફોજદારી કરતો ત્યારે એ ગામનો પસાયતો હતો. પણ પછી તો એની ઉંમર થઈ ને ઘડપણમાં ગામમાં ચોકી કરવી ન ફાવે એ હિસાબે આ શહેરની ધર્મશાળામાં બેઠાળુ નિરાંતની નોકરી લઈ લીધી.

મને જોઈને એ પહેલાંની જેમ લળીલળીને સલામ કરવા લાગ્યો: મેં કહ્યું: 'રાણા! હવે હું ફોજદાર નથી કે જેથી તારે મારાથી બીતાં ફરી આમ સલામું કરવી પડે.'

રાણો હસીને બોલ્યો, 'ના રે સા'બ! એવું હોય! પણ ગમે તેમ પણ તમે તો અમારા ઉપરી ના.' રાણાએ મને ધર્મશાળામાં દોર્યો.

ઓરડીમાંથી એક ગાદલું તથા બે ઓશીકાં લાવી તેણે ઓસરીમાં પાથર્યાં. એક કાળા પોટાવાળું ફાનસ પણ મૂકી ગયો. પછી પાણીનો કળશો ભરી લાવ્યો ને મને આપતાં પૂછ્યુ: 'સા'બ! ચા બનાવું કે દૂધ?'

'રે'વા દે ને! અટાણે ક્યાં માથાકૂટ કરીશ?'

'એમ તી હોય? એમાં માથાકૂટ શાની? દૂધ તો બકરાનું છે એટલે નહિ ફાવે. ચા જ બનાવું.'

મેં હા પાડી ને થોડીવારે બે કપ ચા લઈ એ આવ્યો. એક મારી પાસે મૂક્યો ને બીજો પોતે પીવા લાગ્યો.

'ફોજદારી મૂકયે તો સા'બ તમને ચાર વરસ થઈ ગયાં, કેમ?' રકાબીમાં ચા ઢાળવતો એ બોલ્યો.

'હા. આ આવતા મહિને ચાર પૂરાં થશે.'

'અટાણે હવે તો....'

'નિરાંતે બેઠો છું. છોકરો મહાલકારી થઈ ગયો. એટલે હવે મારે શી ચિંતા? સગપણ સારુ આમ નીકળી આવ્યો. ત્યાં તારો ભેટો થઈ ગયો. ફાવે છે ને આ નોકરી? કે પછી...'

'હોવે. ફાવે નૈ શું કરવા? હથડાં છે. પણ સાચું કહું તો સા'બ, પશાયતા જેવો મજો આમાં નથી હોં. શું એ વખત! તમારા જેવો ફોજદાર થાવો મુશ્કેલ હો સા'બ! આજ માણુમાં હિંમત ક્યાં છ?'

હું હસ્યો. આ રાણો ભારી બંડલ ફેંકવાવાળો. આજ પણ મારી ખુશામત કરવા એણે જૂઠાપણાનો આશરો લીધો. ટેવ પડી ગઈ છે ને?

ચા પિવાઈ ગઈ. મેં ખિસ્સામાંથી સિગારેટનું પાકીટ કાઢ્યું. એક રાણાને આપી ને એક મેં સળગાવી.

સિગારેટનો પા ભાગ મોઢામાં ઘાલી દીવાસળી ચાંપતો રાણો બોલ્યો: 'બાકી ભારી મજો હો સા'બ, આ સિગારેટમાં. તમારા જેવા મોટા માણસો રોજ પીએ. અમારા રાંચાના નસીબમાં તો કયાંથી હોય? આ તમારા જેવા મોટા દિલના કોક દી આપે તયેં ભાળીયે.'

રાણો પસાયતો હતો ત્યારે મારી સામે આટલી છૂટથી ભાગ્યે જ બોલ્યો હશે. વિચાર કરતાં લાગ્યું કે એની આ નોકરી જ એવી

હતી. બોલકાપણું ને ખુશામત જો ન હોય તો ધર્મશાળામાં ઊતરતા મુસાફરો એચાર આની ફેંક્યા વગર જ ચાલ્યા જાય. આવી હિસાબી ગણતરીથી રાણામાં આ ફેરફાર આવ્યો હતો, તે હું જાણી ગયો.

થેલીમાંથી એક પુસ્તક 'ભૂતપ્રેતની વાતો' કાઢી મેં પાનાં ફેરવવા માંડ્યાં. એ જોઈ રાણો બોલ્યો: 'થોડીવાર સા'બ સૂવું હોય તો સૂઈ જાવ. ગાડી તો કહે છે કે ચાર કલાક 'લેટ' છે. દોઢ વાગે હું ઉઠાડીશ.'

'ના રે. બપોરે ખૂબ ઊંઘ્યો છું તે અત્યારમાં ઊંઘ નહીં આવે. થોડીવાર વાંચું છું. હમણાં એક વાગી જશે.'

મેં પુસ્તકનું જે શરૂ કરવાનું હતું તે પ્રકરણ કાઢ્યું. અચાનક રાણાને મેં પૂછી નાખ્યું, 'ભૂતબૂતમાં રાણા, તું માને ખરો ?'

રાણો થોડી વાર કંઈ બોલ્યો નહિ. પછી એ બોલ્યો: 'તમે માનો છો સા'બ ?'

'હા રે. જોને આ વાર્તા લખી છે. એ ભૂતની જ વાત છે. પણ રાણા તેં કોઈ દી ભૂતને જોયું છે ખરું ? ગામડામાં રહ્યો છો એટલે કદાચ...'

'હા સા'બ, એક વખત જોયેલું.' રાણો હસીને બોલ્યો.

'નજરોનજર ? ભેટો થઈ ગયેલો ?' મેં સાશ્ચર્ય પૂછ્યું.

'હા સા'બ! આ મારી સગી આંખે. તયેં તો હું બાવી વરસનો જુવાનજોધ હતો.'

'ક્યાં જોયેલું ?'

'ભીમરડીમાં મારો બાપ પસાયતું કરતો તયેં. આજ એને ચાલી વરસ થયાં.'

'એમ, તયેં તેં ભૂત જોયું છ, એમ ?'

'હા સા'બ ! તમારે ઈ વાત સાંભળવી જ છે ?' રાણાએ સિગારેટનો ઠૂચો ફળિયામાં ફેંકતાં કહ્યું.

'હા; હા. વાત કરતાં વખત જલદી નીકળી જાય.'

રાણાએ પલાંઠી વાળી ને કડિયાના ખિસ્સામાંથી કાવડિયાની ચારવાળી બીડી કાઢી એ હોઠની વચ્ચે મૂકી દીવાસળી સળગાવતાં એ બોલ્યો :

'તયેં તો હું જુવાનજોધ હો સા'બ ! બાવી વરસનો. આભમાંથી તારલા તોડી લાવવાની વાતું કરિયે.'

ને પછી બીડીનો જોરથી દમ લેતાં એ બોલ્યો : 'ભીમરડી ગામમાં તયેં એક ખાંટ રહેતો. બાવો એનું નામ. ગામમાં બધાં એને બાવલો ડાકણો કહીને બોલાવતા. એ ડાકણો હતો એમ કહેવાતું. કોઈને વળગ્યો'તો કે કેમ એ તો કોઈ નો'તું જાણતું. પણ મામો સંધાયને બીક ભારી બતાવે. ગામમાં રાડ પડે એની. વેપારી ખાતે માલ ન આપે તો આંખ લાલ કરે ને પછી હોઠ ફફડાવી મનમાં એવું તો બોલવા માંડે કે વેપારીની કાછડી પોચી થઈ જાય, ને પછી કાકો કહીનેઈ બાવલાને માલ આપે. ઉઘરાણી પણ ઈની પાસે ન થાય. એની મેળાયે પૈસા આપી જાય તો ભલે, નહીં તો રામરામ. ફળિયામાં ઈ બાવલો આવે તો બાઈડિયું છોકરાંવને રાંધણિયામાં સંતાડી દે. કે'વાતું કે ઈ બાવલો કાળીચૌદશના સમશાનમાં જાતો ને કાંઈક મંત્ર શીખતો. એવા એ બાવલાને ઘડપણ નજીક દેખાયું ને સા'બ, મેલી વિદ્યાના જાણકારો મરતાં પહેલાં એ વિદ્યાના વારસને ગોતી કાઢે. એમ ન કરે ને જો કોઈને એ વિદ્યા ન આપી જાય તો ઈનો જીવ સદ્ગતિ ના પામે. મરીને ભૂત થાય. એટલે બાવલાએ પણ પોતાની વિદ્યા પોતાના જ દીકરાને વારસામાં આપવા વિચાર કર્યો. જુવાનજોધ એનો દીકરો મકનો. અડધી વિદ્યા મકનાને શિખવાડી ને અચાનક બાવલો મરી ગયો. અધૂરી વિદ્યા હેરાન કરી નાખે હો સા'બ, એમ કહેવાય છે.

અધૂરી વિદ્યાથી મકનો ગાંડો થઈ ગયો. ઈ વાતમાં કેટલું તથ્ય ઈ તો રામ જાણે, પણ એટલું તો સાચું કે મકનો ગાંડો થઈ ગયેલો. અધૂરી વિદ્યાથી હોય કે પછી રામ જાણે શાનાથી? એ મકનો તો હજી જીવે છે. ઊભી બજારે હાથની મૂઠિયું વાળી દોડ્યા કરે છે. પણ આપણે એની સાથે નિસબત નથી. બાવલો અચાનક મરી ગયો તેથી માણાને થયું કે નક્કી એ ભૂત થયો. વાતને ટેકો મળ્યો. બે-ચાર જણાએ સમશાનના ખીજડા પાસે ઊભેલો જોયો. ઈ વાતમાં તથ્ય કેટલું ઈ રામ જાણે. પણ માન્યતા થઈ ગઈ કે બાવલાનું ભૂત ખીજડામાં થાય છે. ધીરેધીરે ઈ ખીજડો—જ્યાં એને બાળવામાં આવ્યો હતો—પણ બાવલા મામાવાળો ખીજડો કહેવાતો થઈ ગયો.'

વાતમાં ઠરી ગયેલી બીડી રાણાએ ફરીથી સળગાવી ને પછી ધુમાડાના ગોટા કાઢી બોલ્યો: 'મેં કીધું ને સા'બ, કે તયેં તો અમારી ચઢતી જુવાની. અમારી સાત જણાની એક ટોળી હતી. બધા જ માથાના ફરેલા. એક દિવસ અમારે ભૂત વિષે વાત થઈ ને એમાંથી બાવલાની વાત નીકળી.'

'એલા બાવલો ભૂત થયો ઈ વાત સાચી કે પછી...'

'હા રે!' કોઈ બીજો બોલ્યો, 'મામો થયો છે,' તો સા'બ, કોઈ કહે કે 'મેઘા પટેલના છોકરાએ એને દીઠેલો ખેતરે જતાં.' પણ સા'બ, મને ઈ વાતમાં બૌ વિશ્વાસ નો'તો, એટલે મેં તો કીધું, 'ના રે, ભૂતબૂત કેવાં વળી? ગપ્પા સંધાય બીજું શું!' મારી વાત સાંભળી પોપટ લુવાર બોલી ઊઠ્યો: 'તયેં ભડનો દીકરો હો તો કાળીચૌદશ પાસે આવે છ. સૂઈ દે ઈ ખીજડા નીચે સમશાનમાં.' બીજાએ વાતને ટેકો આપ્યો, પરિણામે સા'બ, વાત વટે ચડી. મારી છાતી કઠણ હો સા'બ! એટલે મનમાં કાંઈ બૌ બીક જેવું નૈ. મેં કહ્યું: 'ઈમાં શું વળે? શરત મારો દશદશ રૂપિયાની! સૂઈ આવું ઈ ખીજડા નીચે. પછી આખરે શરત મુકાઈ. હું સૂઈ આવું તો એ છએ જણા મને દશ રૂપિયા આપે ને જો બીકનો માર્યો પાછો ભાગી આવું તો મારે આપવા.'

મને એક વાત ન સમજાણી. 'પણ રાણા! તું સ્મશાનમાં સૂવા તો જા. પણ પછી આખી રાત સૂતો રહ્યો એ વાતની તારા ભેરુબંધને ખાતરી કેવી રીતે થાય?'

'વિશ્વાસની વાત છે સા'બ! ઈ મને સ્મશાનથી થોડે નજીક મૂકી જાય. સવારે ચારપાંચ વાગે આવે તયેં મને દૂરથી બોલાવે, તયેં હું ખીજડા નીચેથી આવું તો માને કે હું આખી રાત ત્યાં જ હતો. હા એમ નક્કી થયું. ને કાળીચૌદશનો દિવસ આવ્યો ને સાંજ પણ પડી. મારા મનમાં જરાજરા બીક તો હતી. ભૂત થતું હશે તો? મન પણ ગભરાવા લાગ્યું. પણ વળી વિચાર કર્યો કે એવા વિચાર જ ન કરવા. નકામું મન પોચું પડી જાય. રાતના દશ વાગ્યા ને અમે સંધાય ભેગા થયા. ગામ અને સમશાનની વચ્ચે એક નાનકડું તળાવ છે—ત્યાં લગી બધાય મને મૂકવા આવ્યા. 'એલા રે'વા દે હો રાણા! ક્યાંક...' કોઈકે મને વાળવા પ્રયત્ન પણ કર્યો સા'બ! મારું મન પણ શંકાથી પાછું ભરાઈ ગયું. પણ છેવટે ભૂત થતું હશે તો કરીકરીને શું કરશે? કડિયાળી ડાંગ તો પાસે છે-! એમ નક્કી કરી હું તો ઊપડ્યો ખીજડા તરફ. થોડું ચાલીને મેં પાછળ જોયું તો ભાઈબંધોના ઓળા દેખાતા બંધ થયા હતા!

'મારા પગ, સા'બ, ધીમા પડ્યા. ઊભા રહીને મેં આસપાસ જોયું. પણ ચારે બાજુ કાળો અંધકાર; સગો હાથ ન દેખાય એવો. આસપાસનાં ઝાડ જાણે ભૂતાવળ જેવાં ભાસતાં

હતાં. બધે સૂમસાન હતું. હા, માત્ર તમરાંનો અવાજ એ શાંત વાતાવરણને અશાંત કરતો હતો. મેં ફરી પગ ઉપાડ્યા. હિંમત ભેગી કરી. દૂરથી શિયાળવાંનો અવાજ સંભળાયો ને ફરી મારા પગ થંભી ગયા. પાછા ફરવાનો વિચાર મારા મનમાં ઝબકી ગયો. ધાર્યાં દશ રૂપિયા! આમ જિંદગી જોખમમાં...પણ સા'બ મારું મન અંદરથી મને કહેતું હતું, 'ફટ રે બીકણ! ડંફાસ મારતો હતો કે કોઈ બીજું...જુવાનજોધ થઈ...ને, સા'બ, મેં કંઈ પણ વિચાર્યા વગર પગ ભરવા માંડ્યા. ખીજડા પાસે આવી પહોંચ્યો. આસપાસ સમશાનમાં નજર કરી. અંધારામાં એક ભડકો થઈ પાછો ઓલવાઈ ગયો. મેં તો હિંમત કરી મનમાં હનુમાનજતીના જાપ જપતાં, માથેથી ફાળિયું ઉતાર્યું ને પાથરીને સૂતો. પડખે જ જગ્યા હતી, જયાં બાવલા ડાકુણાને બાળવામાં આવ્યો હતો. ઊંઘી જવા વિચાર તો ખૂબ કર્યો પણ સા'બ, કાંઈ સમશાનમાં નીંદર આવે? ને ન જાણે કયાંથી, નાનપણામાં સાંભળેલી ભૂતોની વાતો મને અત્યારે યાદ આવવા માંડી. કયાંય સુધી વિચાર કરતો સૂતો રહ્યો. ઉપર કાળું ધબ આભ ને નીચે કાળું ધબ વાતાવરણ. થાણામાં બેના ડંકા પડ્યા. એવામાં ખીજડા ઉપરથી ધબ કરતુંકને કાંઈક નીચે પડ્યું. એક પળ મારું હૃદય બંધ પડી ગયું. મેં ધડકતે દિલે જોયું તો કાંઈક મીંદડી જેવું જાનવર દોડી ગયું. કાંઈ ન હોય તો યે સા'બ એવે વખતે મનમાં શંકા થયા જ કરે. મને પણ શંકા થઈ–આ બાવલો તો મીંદડીનું રૂપ લઈ નહીં પડ્યો હોય! પાએક કલાક વિચારતો રહ્યો પણ મીંદડીને પાછી ન જોઈ એટલે મનમાં નિરાંત વળી. ને પછી તો સા'બ...'

'કેમ અટકયો?' મને વાર્તારસ અટકયો એ ન ગમ્યું.

'અમથો તો, પણ સા'બ–મારી પાસે બીડી નથી એકેય,' કહી રાણો હસ્યો.

મેં તેને સિગારેટ આપી ને મેં પણ એક સળગાવી. 'કહે પછી શું થયું?'

રાણો હસ્યો: 'પછી તો સા'બ, બેસતા શિયાળાની રાત હતી કે વાતું? મજાનો પવન આવી રહ્યો'તો.'

'એનું શું છે? ભૂતબૂત તેં જોયું કે નહિ એની વાત કર ને?' મારી જૂની ફોજદારી રીતથી મેં કહ્યું.

'પછી તો સા'બ...મારા તો ધારણ જ વળી ગયા. અંધારામાં બરોબર ભાળી તો નો'તો શકતો, પણ જયાં બાવલાને બાળ્યો હતો–બરાબર એ જગ્યાએથી એક ઓળાને આળસ મરડી ઊભો થતો મેં જોયો. પહેલાં તો મને લાગ્યું કે ભરમ છે. પણ ના સા'બ, ભરમ નો'તો, વાત સાચી જ હતી. ઓળાને મેં મારા તરફ આવતો જોયો. હૃદય બંધ પડી જશે કે શું એવા ધબકારા વધી ગયા. આંખ ફાટી રહી. એવામાં તો ઓળો મારી કને આવી બેસી ગયો ને મારે ખભે હાથ મૂકી બોલ્યો: 'બીડી છે?' એનો હાથ અડતાં જ હું બેઠો થઈ ગયો, મારાથી ચીસ નખાઈ ગઈ ને પછી યંત્રવત્ મેં બીડી કાઢી તેને આપી. ચકમકથી દેવતા કર્યો ને એના તેજમાં મેં શું જોયું સા'બ? મોટી દાઢી, કાળું–કયાંકકયાંક શીળીનાં ચાકાંવાળું મોઢું, બિહામણી મોટી લાલચોળ આંખ ને લાંબા વાળ. હું સમજી ગયો. બાવલો જ એ હતો. મેં તો સા'બ! ચકમક ને કેડું ત્યાં જ રહેવા દઈ ભાગવા પ્રયત્ન કર્યો. પણ મારું કેડિયું બાવલાએ પકડી લીધું ને હું પાછો જમીન ઉપર પછડાઈ પડ્યો. મારું મન કામ કરતું ન હતું. હું તો પાછું વાળી જોયા વગર બેઠો રહ્યો. એવામાં તો એણે મારો વાંસો થાબડ્યો: 'રાણા! મારી સામે જો.' હું તો સા'બ,

ગભરાઈ ઊઠ્યો. ત્રાંસી આંખે જોયું. બાવલાને બદલે નાનું છોકરું મારી પડખે બેઠું હતું ને બીડી પી રહ્યું હતું. હું સમજી ગયો. આનું નામ જ મામો. ઘડીકમાં વધે ને ઘડીકમાં ઘટે એનું નામ મામો, એવી વાત મેં સાંભળેલી. મારા ભોગ લાગ્યા હતા તે સા'બ આવી કાળીચૌદશે હું આંહીં સમશાનમાં આવ્યો! પણ હવે રસ્તો ન હતો. બાવલા મામાનું નાનું રૂપ જોઈ મારા મનમાં સાડીબાર ગણી જવાનો વિચાર આવ્યો ને એવો જ મેં અમલમાં મૂકયો. હું તો દોડ્યો, સા'બ, ઊભો થઈ ને. મારી પાછળ પણ પગલાં પડતાં હતાં. મેં જોયું તો ઊંચો તાડ જેવડો બાવલો જ હતો. એક ઘડીમાં તો તેણે મને પકડી પાડ્યો ને કડિયું ખેંચી ઘસડીને મને પાછો ખીજડા નીચે લાવ્યો. તે બોલ્યો: 'એલા, હવે આવીશ ખીજડા પાસે કોઈ દી? મારો વાલીડો આંય સૂવા આવ્યો છ. ઘરબાર નથી? જો રાણા! આ ખીજડો મારું ઘર છે, આંય કોઈ દી ફરકયો જ છે ને તો...'

હું તો સા'બ એને પગે પડ્યો, 'નહીં આવું બાવાભાઈ. મને જીવતો જવા દે!' બાવલો ખળખળાટ હસી પડ્યો. મેં જોયું તો એનું મોઢું ઠેઠ આભમાં પહોંચ્યું હતું: 'એલા તું તો ભડનો દીકરો છે ને? આમ ડરી જાઈ કાંઈ તારા જેવાને શોભે?' શેનોક ખળખળાટ થયો ને મેં જોયું તો બાવલો ન મળે. એક કૂતરું હાડકું કરડતું હતું. મેં તકનો લાભ લઈ દોટ મૂકી ને તળાવ પાસે પોં'ચી ગયો. પણ એવામાં જોયું તો બાવલાનો હાથ મારે ખભે પડ્યો. મેં પાછળ જોયું. બાવલો ન હતો. પણ તેનો હાથ મારે ખભે હતો. એટલો લાંબો હાથ કે સા'બ મારી તો આંખ ફાટી રહી. ઠેઠ ખીજડા પાસે ઊભા રહી તેણે હાથ લંબાવ્યો હતો અહીં ઠેઠ તળાવ સુધી: હાથ ખેંચાતો ગયો તેમતેમ હું પણ ખેંચાતો ગયો ને પાછો આવી પડ્યો બાવલાના પગ પાસે. મને જોઈ એ બોલ્યો: 'જો હવે ભાગ્યો છે તો જીવતો નૈ મેલું.' કહી એણે મારો ખભો છોડી દીધો. કૂદકો મારી ખીજડે ચડી ગયો. મેં ખીજડામાં જોયું તો ઠેઠ ટચલી ડાળે એક નાનું છોકરું ટિંગાઈ રહ્યું છે. સાચું કહું તો સા'બ ટાઢા પોરમાં પણ મને પરસેવો છૂટી ગયો હતો. મને લાગ્યું કે હવે હું જીવતો ઘેર નહીં પોં'ચું. એવામાં મને એક વિચાર આવ્યો. ભૂતની ચોટલી કાપી લીધી હોય તો એ વશ થઈ જાય, આવું મેં નાનપણમાં સાંભળેલું. હું તો સજ્જ થઈ ગયો. થયું કે આમે ય એકવાર મરવું તો છે ને? તો શા માટે પ્રયત્ન ન કરવો? મેં તો સા'બ ઈ ન દેખે તેમ ખિસ્સામાંથી આગલે દિવસે જ પોપટ લુહાર કને સજાવેલી સૂડી હાથમાં લીધી ને પાંખિયાં ખોલી તૈયાર રાખ્યાં. બેટમજી આવે એટલી જ વાર. હવે મને સા'બ હિંમત આવી ગઈ, પરંતુ એટલામાં તો ડાળીએ ટિંગાતા છોકરાનો હાથ લાંબો થતો ગયો. કેવડો લાંબો, સા'બ, ઠેઠ જમીને અટકે એવડો. મને એણે એ હાથથી ઉપર ખેંચ્યો. હું ખેંચાતો ગયો ને પાછો નીચે લાવ્યો. આમ ખળખળાટ હસતો ઈવડો ઈ મને જાણે ડોલ સમજી પોતાના લાંબા રાંઢવા જેવા હાથથી કૂવામાં ઉતારતો ખેંચતો ન હોય એમ કરવા લાગ્યો. હું ચીસું પાડતો રહ્યો તેમતેમ તે વધારે હસતો ગયો. થોડીવાર આમ ચાલ્યું. પણ મને જમીન ઉપર મૂકી તેણે ધબ કરતો ઠેકડો માર્યો ને મારી પડખે ઊભો રહ્યો. ને મોઢું ફાડ્યું! કેવું મોટું સા'બ જાણે કાંઈ...ભોંયરું જોઈ લ્યો. મને મોઢામાં લેવા માંગતો હોય તેમ તેણે લંબાવ્યું ને મારાથી ચીસ નંખાઈ ગઈ. હું તેને પગે પડ્યો, 'તારી ગાય બાવાભાઈ, મને જીવતો જવા દે. કોઈ દી નૈ આવું આંય.'

'એક શરતે' કહેતાં પોતાનું અસલ રૂપ ધારણ કર્યું. જાણે અસલનો જ બાવોભાઈ!

'શી?'

'મારી વિદ્યાનો વારસ કોઈ નથી. મારો દીકરો તો અધૂરી વિદ્યાથી ગાંડો થઈ ગયો. તારે રોજ રાતે બાર વાગે આંય શીખવા આવવું. છ મહિનામાં હું તને મારી વિદ્યા શીખવી દેશ. છે કબૂલ?' સા'બ, હું તો સાંભળતાં જ ધ્રૂજવા લાગ્યો. મેલી વિદ્યા? ના રે બાપ! પણ એમ ના પાડયેથી તો મારું મોત હતું. કાંઈક બુદ્ધિ દોડાવવી પડશે એમ થયું. મેં તો કહી નાખ્યું કે કબૂલ બાવાભાઈ, રોજ રાતે આંય આવીશ. બાવલાએ મારો વાંસો થાબડતાં કહ્યું: 'શાબાશ! પણ જો નથી આવ્યો ને તારે ઘેર આવી જીવતો પકડી લાવીશ.' મેં કહ્યું: 'કબૂલ' ને પછી, સા'બ, ખિસ્સામાંથી બીડી કાઢી મેં કહ્યું: 'લ્યો બાવાભાઈ, લ્યો.' બાવલાએ લીધી ને જમીન ઉપર પડેલા ચકમક ને રૂ લઈ દેવતા કરવા લાગ્યો. મને થયું કે લાગ આવ્યો છે. મેં સૂડી બરાબર પકડી. ને જેવું બીડી સળગાવવા માથું નમાવ્યું એવી જ મેં એની હવામાં ફરફરતી વાળની લટ હાથે પકડી લીધી. બાવાએ ઊંચે જોયું. ઘડી પહેલાંની તેની વિકરાળ આંખમાં હવે નમ્રતા આવી ગઈ. મને થયું કે ઠીક ઝપટમાં આવ્યો છે. ચોટલી કાપ્યા વગર છોડું જ નહિ ને! પણ અરરર...... સા'બ! તેના મોવાળાને દબાવતાં મને લાગ્યું કે તીણી સોયું મારા હાથમાં ભોંકાય છે. જાણે મોવાળાને બદલે માથે બોરડીના કાંટા ન ઊગ્યા હોય. પણ મને તો થયું કે ભલે કાંટા હાથમાં ભોંકાય, ભલે લોહી નીકળે પણ એના વાળ હવે તો ન છોડવા. મેં તો મુઠ્ઠી જોરથી દાબી ને મારાથી ચીસ નંખાઈ ગઈ.' રાણો અટક્યો.

'કેમ? ચીસ શું કામ નાખી? કેમ અટકયો?'

રાણો હસ્યો, 'સા'બ! મારાથી ચીસ નંખાઈ ગઈ ને હું જાગી ઊઠ્યો જોયું તો મારી મુઠ્ઠીમાં ખીજડાની પાસે ઊગેલ બોરડીની એક ડાળ હતી. ને મારા હાથમાં બોરડીના કાંટા ખૂંચી ગયા હતા.'

'તો-તો શું તેં આ બધું સ્વપ્નમાં જોયેલ?'

'હા જ તો! તમે તયેં શું સમજ્યા?'

ને અમે બન્ને ખડખડાટ હસી પડ્યા. મેં કહ્યું: 'તયેં તો રાણા, તું છાતીવાળો નીકળ્યો. સ્મશાનમાં નીંદર આવી ગઈ?'

'બેસતા શિયાળાની રાત હતી ને સા'બ!'

'શાબાશ! દશ રૂપિયા તો મળ્યા હશે પછી?'

'હા. પણ રૂપિયા કરતાં મને એ બહાદુરીના બદલામાં વધુ મળ્યું. અમારી પડખે એક રબારી રહેતો-પરગામનો મૂળ તો. એની કંકુની પૂતળી જેવી દીકરી કંકુ મારા પ્રેમમાં પડી ગઈ, મારી બહાદુરી સાંભળીને સા'બ!'

ઘડિયાળમાં જોયું તો પોણા બે વાગ્યા હતા. મેં જલદી મારો સામાન લીધો ને હું સ્ટેશન તરફ દોડ્યો.

☆

બાપુ ૭૮ વર્ષ ઉપરાંત જીવ્યા એ સમય દરમિયાન બાળપણ બાદ કરતાં એમની એકેએક ક્ષણ એમણે જીવી જાણી છે. છેલ્લાં ૫૦ ઉપરાંત વર્ષોમાં એમણે નથી રવિવાર જોયો કે નથી તહેવાર જોયો. એ ખાવા બેસતા ત્યારે પણ દેશનું કામ કરતા, જાજરૂ જતા ત્યારે પણ દેશનું કામ કરતા. એમણે શરીરને, મનને એવાં ઘડ્યાં કે ચોવીસે કલાક ખડે પગે કામ આપે. એ નિરાંતે કદી ઊંઘ્યા નહિ અને સતત દેશની સેવા કરી. એમ કહેવાય છે કે યોગીઓનું આયુષ્ય ચારસો વર્ષનું હોય છે. એ પ્રમાણે બાપુએ ખરેખર ચારસો વર્ષનું કામ કર્યું. પછી ભગવાનને થયું કે આ દેહની પાસે ખૂબ કામ લીધું, હવે એનું કામ પૂરું થયું અને પૂજ્ય બાપુને એણે લઈ લીધા.

—રવિશંકર મહારાજ

×

ભગવતી ચંદ્રભાગા

લેખક :

શ્રી શિવશંકર પ્રા. શુકલ

અમદાવાદ આવ્યા પછી પૂ. બાપુએ જે ધન્ય ઘડીએ ભારતના પ્રથમ કાર્યક્ષેત્ર તરીકે દધીચિ આશ્રમને પોતાના નવા સ્થાનક તરીકે પસંદ કર્યો તે ઘડીથી અમદાવાદની સાથોસાથ ગુજરાતમાં–પછી ભારતમાં–ચેતનસંચાર થયો ને એ બડભાગી બની ગયા એ સાચું, પરંતુ વિશેષ બડભાગી તો બન્યાં હશે એમની નિત્ય કામગીરીનાં સ્થળો. ભૂતકાળનાં બાપુ સાથેનાં અનેક સંસ્મરણો હૃદયમાં સંઘરી વહી જતી ચંદ્રભાગાને ભગવતી વિના બીજું કયું યોગ્ય વિશેષણ આપી શકાય? આ લેખમાં ચંદ્રભાગાના સૌંદર્યવર્ણનની સાથોસાથ પૂ. બાપુનાં સ્મરણોની પણ નોંધ મળે છે. પૂ. બાપુની પુણ્યતિથિ માસમાં એનું ખાસ મહત્ત્વ છે.

નદી જરાક શશીલેખાકારે વળે કે તેને ચંદ્રભાગા કહેવાનું ગગનવિહારીને સહેજે મન થઈ આવે. એમ તો ભારતમાં બીજી બેત્રણ નદીઓ પોતાના નામ ઉપરાંત અમુક સ્થળે ચંદ્રભાગા કહેવાય છે. પંઢરપુર પાસે ભીમા ચંદ્રભાગા બને છે, પણ સાબરમતીની આ નાનકડી સખીનું તો એક જ નામ છે ચંદ્રભાગા.

પુરાણમાં એનો ઉલ્લેખ મળે છે, પણ તેનું સ્મરણ તો તેથી યે ઘણુંઘણું દૂર જાય છે. દધીચિએ એ સંગમસ્થાને તપ કર્યું હતું અને તેમનાં હાડકાંનું ધનુષ્ય બનાવવા માટે ઇંદ્રને તે રાજીખુશીથી આપી દીધાં હતાં. બીજા કશાથી ન હણાતો વૃત્રાસુર એ તપેસરીનાં અસ્થિધનુષ્યથી પરાસ્ત થયો. દધીચિનું જીવન કૃતકૃત્ય થયું અને એ જીવનની સંસ્મૃતિ બે જણે સાચવી રાખી: કાળપ્રવાહે ને ચંદ્રભાગાના જલપ્રવાહે.

ત્યાર પછીનો આધુનિક ઇતિહાસ આશાવળ ને કર્ણાવતીથી શરૂ થાય છે. સંગમસ્થાને જમણા હાથ પર વાડજ વસ્યું છે...નદીને પાર કરવાનો ધોરી માર્ગ અહીં થઈને જ પસાર થતો હતો. વાડજ એક કાળે શ્રીમંત પરું હતું. ઓશવાળ વાણિયાઓની સારીસારી દુકાનો હતી, વસ્તુપાળ ને તેજપાળનું મોસાળ અહીં હતું અને ઉસમાનપુર ને વજીપુર સાથે એ અખંડ સંકળાયેલું હતું....એ બધાંમાંનું ઘણુંખરું આજે દટંતર થઈ ગયું છે.

ગાંધીજી અમદાવાદમાં વસ્યા પછી એક દિવસ એલિસપુલ ઉપરથી ડૉ. હરિપ્રસાદ સાથે પસાર થતા હતા... 'પેલો દધીચિ આશ્રમ,' ડૉકટરે કહ્યું ને દધીચિની વાત કહી ને ગાંધીજીએ કહ્યું: 'આપણે પણ એવું કંઈ કરી બતાવવું છે.' એ જ સ્થાનકે એમના નવા આશ્રમની સ્થાપના થઈ. ત્યાં જ ભારતવર્ષનો છેલ્લો ઇતિહાસ ઘડાયો. ત્યાં જ ભારતમાતાની બેડીઓ તૂટી. કકળી ઊઠેલો દેશ જે કોઈ એક અવતારી વિભૂતિની ઝંખના કરતો હતો, તેનું ઘડતર ત્યાં જ થયું. દધીચિનાં હાડકાંએ વૃત્રને હણ્યો, ગાંધીજીનાં હાડકાંએ સામ્રાજ્યશાહીનો અંત આણ્યો.

અહોભાગ્ય કે હું પણ ચંદ્રભાગાને તીરે ગાંધીજીના એ આશ્રમમાં થોડો વખત રહ્યો છું. બે નદીઓ મળે એટલે એ પવિત્ર સ્થાન બને અને મરણ પછી ત્યાં દટાવાં કે બળવાની સહેજે ઇચ્છા થાય. તેમ આ સંગમસ્થાને પણ મરણનું અખંડ કાવ્ય વાંચવા મળે છે. ગાંધીઆશ્રમને ઘસાઈ સાબરમતી બે ડગલાં આગળ વધે છે ત્યાં પોતાનો પાતળો પ્રવાહ

લઈ અંદ્રભાગા તેને આવી મળે છે. ચંદ્રભાગાના પુલથી જરા ઉપલાણમાં ફરીએ તો સંન્યાસીઓની સમાધિઓ ને કયાંક કબરો દેખાય છે. લીલોતરી ને પીળી માટીમાં એ નાની દેરીઓ જાણે વાછરડાં બેઠાં હોય એવી લાગે છે. પુલ આગળ સતીઓના બેત્રણ હાથ છે. કંકણવિભૂષિત એ પતિવ્રતાઓનાં સ્મરણચિહ્નો જોઈ માથું સહેજે નમી પડે છે. બાજુમાં સાબરમતીના એકદમ કિનારા ઉપર બાળકોને દાટવામાં આવે છે. નાનાં કુમળાં બાળકોને ધરતીમાતાની ગોદમાં સદાને માટે ઢબુડાઈ જતાં જોઈએ, ત્યારે કેવી કરુણ લાગણીઓ ઉછાળા મારે? વળી એના હાથમાં પૈસો કે બાજુમાં રમકડાં મૂકેલાં હોય ત્યારે આંખ ભીની થયા વગર રહે કે? અને તેથી ય આગળ ગયા એટલે જમણી બાજુએ જરાક છેટે ભડભડાટ કરતી ચિતાઓ પોતાની પીળી જવાળાઓ ફેલાવી રહી હોય. તેના પડછાયા પાસે થઈને વહેતી નદીમાં પડે. કાળમીંઢ રાતે તે કંઈ જુદી જ દેખાય. અજવાળી રાતે જુદો જ દેખાવ. ભવાટવીના આધિ, વ્યાધિ ને ઉપાધિથી તપ્ત થઈ ગયેલા કેટલાયે દેહ ત્યાં ચિરકાળ શાંતિ પામતા હોય! એ બધો સ્મશાનઘાટ.

સાબરમતીને સામે કિનારે મિલોનાં ભૂંગળાં, દરિયાખાનનો ઘૂમટ અને અમદાવાદને ઘેરઘેર પાણી પહોંચાડતી દૂધેશ્વરની ટાંકી ચંદ્રભાગા દૂરથી જુએ છે. સાબરમતીના પટમાં ખોદાયેલાં કૂવામાં પોતે પણ પાણી આપવા ધસતી હોય એમ દેખાય છે.

આ વાતાવરણમાં ગાંધીજીએ પોતાનો આશ્રમ બાંધ્યો. અમે રહેતા ત્યારે એક ચીનો યુવક ત્યાં આવ્યો હતો. તેનું નામ શાંતિ પાડવામાં આવ્યું હતું. તે ને હું અમારા ઘરની પેલી બાજુ ચંદ્રભાગા વહી રહી હતી અને એનાં વાંઘાં વિસ્તરેલાં હતાં ત્યાં ઘણી વાર ફરવા જતા. શરપંખો, આવળ, ગાડરિયા, ઘાબાજરિયાં ને આકડાના છોડવા છવાયેલા હોય કે કેટલેક ઠેકાણે માત્ર કોરીકટ માટી જ હોય. ચાલતાંચાલતાં છેક જેલ સુધી ને આશ્રમના ચર્માલય સુધી જઈ પહોંચતા. ઉનાળામાં નદી ઘણે ઠેકાણે સુકાઈ ગઈ હોય, પણ આશ્રમ પાછળથી તે જેલ સુધીનો એનો ધરો અંખડ ભર્યોભાદર્યો રહેતો. હમણાં બેત્રણ વખત ફરીથી હું પાછો એનો કિનારો ખૂંદવા નીકળ્યો, ત્યારે શાંતિનું સ્મરણ સતાવી રહ્યું.

ગાંધીજી હતા ત્યારે દેશદેશાંતરના અનેક લોકો ચંદ્રભાગા ઓળંગીને આશ્રમમાં આવતા. પણ પછી ૧૯૩૦ની દાંડીકૂચ થઈ. તે પહેલાં એકવાર ચંદ્રભાગાના પુલની મરામત થતી હતી ત્યારે બાપુજીએ મણિબહેન સાથે ચંદ્રભાગાનાં પાણીમાંથી નદી પાર કરી હતી. હું પણ તેમની સાથે હતો. નદીના આભલામાં પડેલું ગાંધીજીનું પ્રતિબિંબ આજે પણ ત્યાંથી પસાર થાઉં છું ત્યારે યાદ આવે છે.

દાંડીકૂચ વખતે બાપુજીએ આશ્રમની છેલ્લી વિદાય લીધી. સાબરમતી ને ચંદ્રભાગાએ પણ સજળ નયને વિદાય આપી. કાળ સિવાય બીજા કોને ખબર હતી કે માતા પોતાના પુત્રને છેલ્લી વિદાય આપે છે! જે દિવસે મહાવીર ગાંધી પોતાના ૭૯ સૈનિકોને લઈ સ્વાતંત્ર્યસીતાની શોધમાં નીકળ્યા, તે રાત ને પ્રભાત જે વ્યક્તિઓએ જોયાં છે, તેમને જ ચંદ્રભાગાના ઉલ્લાસનો ખ્યાલ આવશે: સાગર સુધી પહોંચતાં બાપુએ ગુર્જરીમૈયાની હૃદયોર્મિઓ જેવી કેટલીયે નદીમાતાઓના આશીર્વાદ લીધા, પણ પહેલાં ઓવારણાં તો ચંદ્રભાગાએ જ લીધાં. એની આંખો તે દૂરદૂરના વેદકાળમાં મંડાઈ ગઈ; તેજ:પુંજ સમા એક દધીચિ; બીજા આ-

કળિયુગને સતયુગ બનાવનાર ગાંધીજી! ચંદ્રભાગાએ એ બેને આશ્રયસ્થાન આપી ધન્યતા અનુભવી.

ગાંધીની કુંકુમપગલીઓ છેક દાંડી સુધી પડતી ગઈ. પછી પાછી સારાયે દેશમાં પડતી રહી. ભારતને મુક્તિ મળી...ચંદ્રભાગાનો સપૂત ગોળીએ વીંધાયો. કારુણ્યની છાયા ફરી વળી.

પોતાના મોહનની રાખ જયારે સંગમસ્થાને પધરાવા આવી, ત્યારે બન્ને નદીઓનાં લોચનમાંથી આંસુ ટપકતાં હતાં; પણ જયારે એમણે એ ક્ષણભરના વિષાદને હટાવી દી દેશને આવો સપૂત આપ્યાનો સંતોષ અનુભવ્યો, ત્યારે તેમની આંખો ઝબકારા લેતી દેખાઈ ને એમણે એમનાં અસ્થિને છેક સાગર સુધી પહોંચાડવા માટે પોતાના તરંગો ફેલાવી દીધા.

આજે આ સંગમસ્થાન જગતના હજારો યાત્રીઓનું યાત્રાસ્થાન બન્યું છે. જે સ્થાને ગાંધીજીના એક દાયકાની તપશ્ચર્યા સંઘરી એની રજનો અણુએ અણુ માથે ચડાવી ભવિષ્યનો માનવી ધન્યતા અનુભવશે.

* * *

મીઠું છોડવા વિષે ગાંધીજી લખે છે:

'એનો ભભરો તો થતો જ નથી. જ્યારે લઉં છું ત્યારે એ ગમે છે, પણ જે ક્ષણે મને ખબર પડે કે અમુક વસ્તુ મારે માટે નુકસાનકારક છે, તે ક્ષણથી જ એ મને ગમવી પણ બંધ થઈ જાય છે.'

બાપુના આખા ચરિત્રની કૂંચી આમાં રહે છે. શ્રેય અને પ્રેયનો અભેદ જમાનાઓ થયાં એમણે સાધેલો છે અને શ્રેય એ જ પ્રેય છે એ સૂત્રને એમણે જીવનમાં વણી લીધું છે.

×

ગાંધીજી એક વખત શરીરે માલિશ કરાવતા હતા; ચંદ્ર સામે જોઈ એમણે મહાદેવભાઈને કહ્યું: 'આજે ચંદ્રમા સરસ દેખાય છે, એને તો હિલાલ જ કહેતા હશે ને?'

મહાદેવભાઈ: 'હિલાલ તો બીજના ચંદ્રમાનું નામ કહેવાય છે ના? હિલાલે ઈદ કહેવાય છે.'

બાપુ: 'ઈદનો હિલાલ તેમ ત્રીજનો હિલાલ નહીં કહેવાય?'

એટલે વલ્લભભાઈ કહે: 'હલાલ એટલે તો એકે સપાટે બે કરી નાંખે એ જ ને?'

આ જવાબથી ગાંધીજી અને સર્વ ખડખડાટ હસી પડ્યા. —**'મહાદેવભાઈની ડાયરી'**

×

મારી માન્યતા છે કે મનુષ્યોને દવા લેવાની ભાગ્યે જ જરૂર રહે છે. પથ્ય અને પાણી, માટી ઇત્યાદિના ઘરગથ્થુ ઉપચારોથી એક હજારમાં નવસો નવ્વાણું કેસ સારા થઈ શકે છે. ક્ષણેક્ષણે વૈદ્ય, હકીમ ને દાક્તરને ત્યાં દોડવાથી ને શરીરમાં અનેક વસાણાં અને રસાયણો ભરવાથી મનુષ્ય પોતાનું જીવન ટૂંકું કરે છે; એટલું જ નહીં પણ પોતાના મન ઉપરનો કાબૂ ખોઈ બેસે છે, તેથી મનુષ્યત્વ ખોઈ બેસે છે અને શરીરનો સ્વામી બનવાને બદલે શરીરનો ગુલામ બને છે.

—**ગાંધીજી**

×

'**વડીલના** બળનું અનુકરણ કરીએ, તેમની નબળાઈનું કદી નહિ. વડીલોની લાલ આંખમાં અમી નિહાળીએ, તેના લાડથી ભાગીએ. મોહમયી દયાને વશ થઈને તેઓ ઘણું યે કરવાની રજા આપે, ઘણુ યે કહે, ત્યારે લોખંડ જેવા થઈને તેનો ઇન્કાર કરીએ. હું એકવાર કહું, હરગિજ અસત્ય ન બોલજો, પણ ભીડમાં આવી અસત્યની સામે આંખ મીંચી જતો હોઉં, તો મારી આંખ પાંપણ પકડીને જોરથી ઉઘાડવામાં તમારી ભક્તિ હોય, દરગુજર કરવામાં દ્રોહ હોય.'

—**ગાંધીજી**

×

નબળાઈ

લેખક :
શ્રી રતિલાલ ચૂનીલાલ દીવાન

'મનુષ્યમાત્ર ભૂલને પાત્ર'ની કહેવત યોજનારે એક પ્રકારે તો આપણી નબળાઈનો જ ખુલ્લંખુલ્લો એકરાર કર્યો છે; લેખકે અહીં સ્પર્શેલી નબળાઈ આરોગ્યની નથી, એ તો છે માનસની, જેનાં દૃષ્ટાંતો રોજ-બ-રોજ આપણા જીવનમાં મળતાં રહે છે. વિકૃત બનેલી કેટલીક વૃત્તિઓનો ઉલ્લેખ કરીને એના નિવારણ માટે પણ આ લેખમાં વ્યવહારુ સૂચનો આપવામાં આવ્યાં છે. કેળવણીકાર તરીકે ગુજરાત એમને સારી રીતે પિછાને છે.

મનુષ્યમાં બુદ્ધિબળ છે, અને તેનામાં અસંખ્ય નબળાઈઓ છે. એ કારણે તે જનતાને ભયરૂપ પણ છે. નીચે આપેલી કેટલીક નબળાઈઓ તેનામાં વારંવાર દૃષ્ટિગોચર થાય છે :

(૧) પોતાનું ગાયું ગવાય એવી વાસના : મનુષ્યનો સ્વભાવ એવો છે કે જ્યાં સુધી પોતાનું ગાયું અન્ય આદમી ગાયા કરે ત્યાં સુધી તે તેને સારો લાગે છે. જે પળે તે બીજી વ્યક્તિ તેનું ગાયું બંધ કરી દે કે ન્યાયસર પણ તેના અભિપ્રાયનો સહેજ વિરોધ કરે તો તેને તેનો અણગમો થાય તેમ જ રોષ પણ ચઢે છે.

નિવારણ : આ નબળાઈ તે માણસની મોટાઈની વાસનાને લીધે જ છે. ખુશામત કરાવવાની હોંશ જ તે માટે જવાબદાર છે. જો મનુષ્ય ન્યાયવૃત્તિ કેળવે તો આવી અણછાજતી વાસનાનો અંત આવી રહે જ. જે પોતાને પ્રિય લાગે તે અન્યને ન પણ લાગે. દરેકને પોતાની સમજ પ્રમાણે વર્તવાની છૂટ છે એમ સમજાય તો ગાયું ગવડાવવાની કુટેવમાંથી જલદી મુક્ત થવાય.

(૨) બડાશખોરી : મનુષ્યને પોતાની બડાશ મારવી બહુ ગમે છે. તેમ કરતાં અન્યને ઉતારી પાડવાની કુટેવ પણ જોરદાર બને છે.

નિવારણ : આ ત્રુટિ મનુષ્યના મિથ્યાભિમાન પર અવલંબે છે. એમાં અસત્યનો પણ જબરો મેળ થઈ રહે છે. જો માણસ નમ્રભાવ કેળવે અને દુનિયામાં પોતા કરતાં ઘણી શ્રેષ્ઠ વ્યક્તિઓ છે એમ સમજતાં શીખે તો આ અધમ વૃત્તિ દૂર થઈ શકે.

(૩) અસત્ય બોલવાની કુટેવ : મનુષ્ય જરાજરામાં અસત્ય વદે છે. પોતાના ઘરમાં કુટુંબીજન સાથે, ઘર બહાર મિત્રમંડળમાં અને સમાજમાં તે કેટલીયે વાર વિના સંકોચે જૂઠું બોલ્યે જાય છે.

નિવારણ : આ નબળાઈના પોષક તરીકે મોહ અને લોભ છે. તે કારણે અન્યને છેતરવાની ઇચ્છામાં હિચકારાપણું પણ પોષાઈ જાય છે. જે પળે મોહ અને લોભનો ત્યાગ તમે કરો તે જ ક્ષણે અસત્ય તમારાથી દૂર ભાગશે એટલે તમે ભયરહિત બની જશો. મનુષ્ય જેટલો વહેલો સ્વાર્થત્યાગ કરે તેટલો વહેલો સત્યને પંથે પળતો રહે જ.

(૪) ઈર્ષ્યા : મનુષ્ય સ્વભાવે ઈર્ષાખોર પણ છે.

નિવારણ : અન્ય કોઈ વ્યક્તિનું શ્રેય કે સુખ ન જોઈ શકાય એવી મલિન વૃત્તિને કારણે મનુષ્ય ઈર્ષાળુ બની જાય છે. દરેક એમ સમજી લે કે ઈર્ષા પ્રથમ ઈર્ષા કરનારને જ બાળે છે. એ અગ્નિમાંથી બચવા ખાતર એણે એમ વિચારવું ઘટે કે આ જગતમાં સ્થૂળ કે સૂક્ષ્મ સુખ કે લાભ મેળવવા માટે દરેક જણ પોતાના પુરુષાર્થથી હકદાર બને છે. જે કોઈ ભાગ્યવાન હોય તે

ભલે એ સુખ પ્રાપ્ત કરે અને ભોગવે. ઈર્ષાખોર માણસ આ રીતે પોતાની વિચારશ્રેણી બદલતો રહે તો એનામાં વિવેકબુદ્ધિ અને ઔદાર્યનો વિકાસ થશે અને તેમ થતાં આવી બદીમાંથી ભડભડ બળતો એ બચી જશે.

(૫) વારંવાર ક્રોધ કરવાની એબ: ઘણા માણસ નાની નાની બાબતમાં પણ સહેલાઈથી ક્રોધવશ થઈ જાય છે. ક્રોધ ઘણાં કારણોને લીધે આવે. કોઈ આપણી વસ્તુ બગાડે કે લઈ લે તો ગુસ્સો આવે. કોઈ આપણું ધારેલું કે કહેલું ન કરે અગર ન કરવા દે તોયે ક્રોધ આવે. કોઈ આપણું ભૂંડું બોલે કે અન્યને બોલવા દે તોપણ ભવાં ચઢી જાય. કોઈ આપણી સામે તરકટ કરે કે કરાવે તોયે પિત્તો ઊકળે.

નિવારણ: ક્રોધ એ અર્ધગાંડપણ છે. આ અપલક્ષણ દૂર કરવા માટે મન ઉપર કાબૂ મેળવવાની ખાસ જરૂર છે. સંયમ કેળવાય તો ક્રોધ ઠેકાણે આવી જાય. આપણી દૃષ્ટિએ જો કોઈ ખરેખર કંઈ ખોટું કરી રહ્યાં હોય તો શાંતચિત્તે તેમની ભૂલ શી છે, શાને લીધે થાય છે, એની સમજ પ્રથમ ભૂલ કરનારને પાડવી, અને એથી આપણને નુકસાન થયું હોય તો મોટા દિલથી તે માટે ક્ષમા પણ એકાદ વાર આપવી. સુજ્ઞ મનુષ્ય હશે તો તે પોતાનો દોષ તરત જોઈ શકશે અને તમારી ક્ષમાવૃત્તિની તેના ઉપર ચમત્કારિક અસર થશે, અને તે સુધરી જશે. તેમ થતાં ક્રોધ માટે અવકાશ ભાગ્યે જ રહેશે.

(૬) ડર રાખ્યા કરવો: મનુષ્ય ઘણે અંશે બીકણ છે. એનું ડરપોકપણું સ્વાર્થાંધતાને લીધે જ પોષાય છે. કાં તો પોતાના સ્થૂલ શરીરને, કાં તો પોતાની મિલકતને હાનિ પહોંચે એમ એ ઇચ્છતો નથી. કાં તો પોતાના કુટુંબીજન કોઈથી ત્રાસ પામે એમ એ ખાએશ રાખતો નથી. એ બધી આપત્તિને પહોંચી વળવા માટે એનામાં નથી શરીરની તાકાત અને મનની હિંમત. એટલે એ ભયગ્રસ્ત જીવન ગુજારે છે.

નિવારણ: જે ક્ષણે એ પોતાના સ્વાર્થનો ત્યાગ કરી રહે એ જ પળે એનામાં નીડરતારૂપી બળ આપોઆપ આવી રહેશે. ભલે સ્થૂળ વસ્તુઓને નુકસાન થાય, પણ સામનો કર્યા સિવાય એ લૂંટાઈ જવા દેવી એ તો સ્વમાનને ઘાતકર્તા છે એમ એ સમજી શકશે. તેમ સમજતાં એનામાં પડકાર આપવાની શક્તિ આવશે. એની સ્વમાનવૃત્તિ જીવંત થતાં એ સાહસ ખેડશે અને બીકણ મટી બહાદુર બનશે. દરેક યાદ રાખે કે જેમ શરીર વિશેષ સશક્ત અને ચિત્ત વધુ નિર્મળ તેમ તેનામાં વિશેષ વીરતાનો સંચય થાય છે, તે વડે આપણું તેમ જ અન્યનું શ્રેય સાધી શકાશે.

(૭) દુરાગ્રહ: મનુષ્ય વારંવાર દુરાગ્રહી બને છે. આ નબળાઈના મૂળમાં એનું જડસાપણું મુખ્યત્વે છે. એથી એ ન્યાયવૃત્તિથી ઘણી બાબતોમાં વિગતોનું તોલન કરતો નથી. જો તેમ કરે તો તો તેને ખરી વસ્તુસ્થિતિ સમજાઈ જ જાય. પણ દુરાગ્રહી મનુષ્ય પોતાના સ્વચ્છંદને પોષે છે અને તે અંગે વાંધાયુક્ત તમામ અસ્ત્રશસ્ત્ર પોતાનો કક્કો ખરો ઠેરવવા વાપરે છે. એનું પરિણામ તો અનિષ્ટરૂપ જ નીવડે. કાં તો તે સામા પક્ષને અન્યાય કરે છે, કાં તો તે તેને જુલમ કરી દાબી દે છે. પોતે ખોટું આચરણ કરે છે અને પોતે સત્તાધીશ હોય તો અન્ય પાસે બળાત્કારે પોતાની ઇચ્છા મુજબ કરાવી શકે છે. આ કારણે દુરાગ્રહી મનુષ્ય ઓછેવત્તે અંશે જુલમી બને છે. આગ્રહી મનુષ્ય તો આગ્રહ કરે ખરો, પણ ખોટો આગ્રહ ન જ કરે. સત્યાગ્રહી હંમેશાં સત્યના પાલન માટે

આગ્રહ કરે, પણ દુરાગ્રહી તો અસત્ય માટે પણ પોતાની વાત પકડી રાખે છે.

નિવારણ : સારાસાર, વિવેકાવિવેકનો વિચાર મનુષ્ય ઠંડે કલેજે કરે તો તે જિદ્દે ભરાઈ દુરાગ્રહ ન કરે. તો જ સમાજ કે દેશને નાહકની જફામાંથી ઉગારી શકાય.

(૮) રોફ મારી અન્યને દબડાવવો: મનુષ્યને ઘણે અંશે નબળાં માણસો ઉપર રોફ મારવાની અને દમથી તેમને સતાવીને વશ રાખવાની કુટેવ છે. રોફ મારવાની વૃત્તિ અન્યની અશક્તિનો લાભ કેમ કરીને લેવો એવી હલકી મનોદશા ઉપર રચાઈ હોય છે. એ એના ગર્વની, અહંભાવની પ્રતીતિ કરાવે છે; એટલું જ નહિ, પણ તેની ગુંડાગીરીની પણ સાક્ષી પૂરી રહે છે. આવી જાતનો મનુષ્ય દંભ અને દમામથી સમાજમાં વર્તે છે અને તેની મનોદશા અધમ તેમ જ દયાપાત્ર છે.

મનુષ્યનો સ્વભાવ એવો છે કે પોતે ગમે તેવી નાની કે મોટી ભૂલ કરે તો તે માટે ભાગ્યે જ પોતાને દોષ દે છે. બીજો કોઈ ભૂલ કરે અને જો તે સામાજિક દરજ્જામાં પોતાથી ઊતરતો હોય તો તે ભૂલ માટે એ તેને દબડાવે છે. ભૂલ થઈ હોય તો ભલે તેને ઠપકો આપે એ તો ઠીક લેખાય. પણ કેટલીક વખત તો ભૂલ થઈ પણ ન હોય તોયે મનુષ્ય પોતાના ઠાલા રુઆબથી સામાને આંજી નાંખી તેને કટુ વેણ સુણાવી, જાણે ગઢ જીત્યો એમ પોતે માની શેહ પાડવા મથે છે. ગરીબ સ્થિતિનો અને સ્વભાવે નરમ હોય એવો માણસ તો તેની સામે થતો નથી પણ જો તેનો બરોબરીઓ અગર તેને પહોંચી વળે તેવો માણસ તેની સામે થઈ જઈ પોતાના ડોળા ઘુરકાવે તો તરત જ પેલા દાંભિક ગુંડાનો તોર ઊતરી જાય છે.

નિવારણ : આપણાથી નિર્બળ માનવીઓ પ્રત્યે તો હમેશાં દિલસોજી રાખવી જોઈએ. કદાચ તેમનો વાંક થયો હોય તોપણ તે શાંતિપૂર્વક તેમને સમજાવવાની આપણામાં ધીરજ રાખવી ઘટે. દરેક સમજે કે તોછડું વર્તન કોઈને જ ન ગમે, એથી તો એ સામાની લાગણી દુભાવે છે. તોછડાં વેણનો ઘા તલવારના ઘા કરતાં ઊંડો ઊતરે છે. વિવેકી મીઠાશ અન્યનાં હૃદય જીતી શકે. તે સાથે ક્ષમાવૃત્તિનો સંયોગ થઈ જાય તો જનસમાજનું કલ્યાણ ખરે સાધી શકાય. એવું કલ્યાણ કદી પણ માત્ર ઠાલી દમદાટીથી નહિ સધાય. એથી તો ઊલટું, ભારે અહિત થાય છે; તે એ કે સામો મનુષ્ય લઘુગ્રન્થિથી પીડાતો થાય છે, અને તેથી તો દેશને ભારે ગેરલાભ થાય. આટલું જો બરોબર સમજાય તો રોફ મારી ખાવાની કુટેવ છૂટે.

જનતાનો મોટો ભાગ ઉપર્યુક્ત બદીઓમાં સપડાઈ રહ્યો છે. એ નબળાઈઓમાંથી નથી મુક્ત રાજા કે પ્રજા, નથી મુક્ત સ્ત્રી કે પુરુષ, નથી મુક્ત કોઈ વિદ્વાન પંડિત કે અભણ, નથી મુક્ત કોઈ શહેરી કે ગામડિયો, તેમ જ નથી મુક્ત કોઈ સેવાભાવી કે સહેલાણી. થોડે ઘણે અંશે બધાં તેના પાશમાં બંદીવાન થઈ રહ્યાં છે. જો કોઈ મુક્ત હોય તો તે છે છ માસની ઉમ્મરનું અણસમજુ બાળક કે ઉચ્ચ કક્ષાનો કોઈ સંત. બાળકની સરળતા અને સંતની સાધુતા જો દરેક જણમાં હોય તો આ સૃષ્ટિ સ્વર્ગ સમી થઈ રહે. એ હેતુ સિદ્ધ કરવા સૌએ કમર બાંધવી ઘટે. દરેક મનુષ્યની ફરજ છે કે પોતાના તેમ જ સમાજ અને રાષ્ટ્રના હિતાર્થે પોતે પોતાની નાડ બરાબર તપાસે અને જયાં જયાં સદરહુ નબળાઈઓ પોતાને સતાવી રહી હોય ત્યાં ત્યાંથી તેમને જડમૂળથી ઉખેડી નાખવા સંકલ્પપૂર્વક સતત પ્રયત્ન કરતો રહે.

★

સાહિત્યમાં

મૃત્યુપારનું જીવન

લેખક :
અધ્યા. શશિન્ ઓઝા
એમ. એ.

જીવનના પેલા કાંઠા પરની ગૂઢતા ઉકેલવાનો પ્રયાસ માનવે આદિકાળથી કર્યો છે. મૃત્યુ પછી જીવ ક્યાં જશે,' એનું શું થતું હશે તેની વિચારણા દરેક વિચારશીલ પુરુષને થાય છે. સાહિત્યમાં એની અભિવ્યક્તિ પણ થતી રહે છે. પૂ. બાપુના નિર્વાણ-માસમાં આનું ચિંતન યોગ્ય લેખાશે.

મારે જાવું છે પેલે પાર,
માછીડા હોડી હંકાર. કવિ ન્હાનાલાલ

માનવ સર્જીને અને એ માનવને બુદ્ધિનું મહામોંઘું દાન કરીને ઈશ્વરે હાથ ધોઈ નાખ્યા છે. એ માનવબુદ્ધિ નિત્ય નવાનવા પ્રદેશોની ખોજ કરતી રહી છે; કંઈ અકળ અને ગહન રહસ્યોને સુગમ બનાવી રહી છે. આદિ માનવને મન ચમત્કાર, અંધશ્રદ્ધા કે અતીન્દ્રિય શક્તિના આવિષ્કારરૂપ બનેલ વસ્તુના પણ કાર્યકારણરૂપ અંકોડા મેળવી આ માનવ બુદ્ધિની સર્વોપરિતા સિદ્ધ કરવા મથી રહ્યો છે. એની જિજ્ઞાસા અનંત આભથી માંડી અતળ પાતાળમાં ઘૂમે છે, પ્રસન્નસ્મિત શીકરે ઊછળતા જીવનથી માંડી કરાળદંષ્ટ્ર મૃત્યુ સુધીના પ્રદેશોને સ્પર્શવા એ પ્રયત્ન કરે છે.

'કેમ? શું? શા માટે?'ના પ્રશ્નો એણે પ્રકૃતિને નિહાળતાં પૂછ્યા જ કર્યા અને આ પ્રશ્નોત્તરીમાંથી જ તેણે માનવજાત માટે કહેવાતી અમર્યાદ સુખસમૃદ્ધિ સર્જી અનેક વૈભવો ખડા કર્યા, ને આ ઐહિક સુખસાહ્યબી, વૈભવ અને પ્રગતિના વિજયમાં આળોટતો માનવી અહંકારવિમૂઢ બની 'મારા જેવો કોણ છે?'ના પોકારો કરે ન કરે ત્યાં તો એ નામશેષ બની જાય છે. કોઈ અકળ તત્ત્વ તેનો ગ્રાસ કરી જાય છે. જાણે કોઈ અટ્ટહાસ્ય કરી તેને કહે છે: 'પામર માનવી! તું તો શું પણ તારા જેવા અનેકગણા વધારે શક્તિશાળી નરવીરો, રાજામહારાજાઓ, સાધુસંતો, શેઠસોદાગરો, શ્રીમંતો ને લાખોપતિઓ-કંઈકને એક ક્ષણમાં મેં નહિવત્ બનાવી દીધા છે, એમના 'છે'ને મેં 'હતું'માં ફેરવી નાખ્યું છે. તો તું તે કોણ માનવમગતરું! 'कालोऽस्मि लोकक्षयवृत् प्रवृत्तः।' બધેથી તું છટકીશ, પણ મારી પાસેથી નહિ છટકી શકે. મારું નામ મૃત્યુ!'

પણ આપણાં હિંદુ ધર્મશાસ્ત્રોએ કદાપિ મૃત્યુને કોઈ અનિષ્ટ, અમંગલ કે ભયંકર તત્ત્વ તરીકે જોયું નથી. પણ હમેશાં મૃત્યુમાં પણ માંગલ્ય અને નવજીવનનાં દર્શન કર્યાં છે. એની કરાળતામાં પણ કોમળતા નિહાળી છે. એ ભીષણતા અને રુદ્રતામાં પણ મધુરતા અને સુરમ્યતા જોઈ છે. મૃત્યુની એને મન વિસાત નથી. 'जीर्णानि वस्त्राणि यथा विहाय नवानि गृह्णाति नरोऽपराणि' (ગીતા) 'જૂનું પહેરણ ઉતારી નવું પહેરણ પહેરવું' એટલો જ એ મૃત્યુનો અર્થ કરે છે. એટલું જ નહિ પણ કોઈકોઈ વાર તો ઇહજીવનને હિસાબે પણ પરલોકના જીવનને એણે વધુ મહત્ત્વ આપ્યું છે. આ દશ્યમાન જીવન તેને મર્યાદિત, ચારેકોરથી બંધાયેલું અને પરિમિત વિકાસક્ષેત્રવાળું લાગે છે. જ્યારે મૃત્યુની પારનું જે જીવન છે એ જ ખરું જીવન છે. આત્માની અનંત શક્તિને વિસ્તરવા અને વિકસવા માટેનું સુવિશાળ ક્ષેત્ર ત્યાં જ સાંપડી શકે એમ છે. કવિશ્રી નરસિંહરાવની

જેમ એ પણ કહે છે:

'મર્ત્ય જીવન તો ખરે માત્ર પૂર્વાલાપ છે;
પૂર્ણ ગીતસમૃદ્ધિ તો પરકાલ સંગીતે વસે.'

ઐહિક જીવન એને અધૂરું લાગે છે. ચારે બાજુની ભીંત ઉપર અથડાઈ તેની ગીતસૂરાવલિ ભગ્નાશ બની પાછી ફરે છે. તેના જીવનસંગીતના એકેએક સૂર અને એકએક રાગિણી મનોહર સુસંવાદી રીતે અને મુક્ત રીતે ગાઈ શકે એવું જીવન તો ઇહલોકની પાર છે, મરણોત્તર !

*

અને આ મૃત્યુનું રહસ્ય શોધવાને માટે પણ માનવે ઓછા પ્રયત્ન નથી કર્યા. મૃત્યુ પછી આત્માનું શું થાય છે? મૃત્યુ પછી બીજો જન્મ થાય છે કે નહિ? આ લોક સિવાય બીજો લોક વિશ્વમાં છે કે નહિ?—આ બધા પ્રશ્નો વિષેની જિજ્ઞાસા આર્યહૃદયમાં પહેલેથી જ સેવાતી આવી છે. માનવહૃદયની આ જિજ્ઞાસા ઠેઠ નચિકેતાના સમય જેટલી જૂની છે.

પોતાના પિતાના રોષનો ભોગ બની બાળક નચિકેતા યમરાજનો અતિથિ બને છે. આ નિર્દોષ બાળકની ભક્તિ, નમ્રતા અને સત્યનિષ્ઠાથી યમરાજા પ્રસન્નતા અનુભવે છે અને તેને ત્રણ વરદાન માગવા કહે છે. એ ત્રણ વરદાનોમાં છેલ્લું વરદાન નંચિકેતા આ માગે છે:

येयं प्रेते विचिकित्सा मनुष्येऽस्तीत्येके नास्तीति चैके।
एतद्विद्यामनुशिष्टस्त्वयाऽहं वराणामेष वरस्तृतीयः॥

कठो० ॥ २० ॥

''જ્યારે માનવ મૃત્યુ પામે છે ત્યારે કોઈ કહે છે, 'તે (મૃત્યુ પછી) જીવે છે' ત્યારે કોઈ કહે છે, 'નથી જીવતો' આમ શંકા ઉપસ્થિત થાય છે. એનું રહસ્ય તમે મને કહો. આ હું ત્રીજું વરદાન માગું છું.'

યમરાજ સર્વપ્રથમ આ માગણીથી આશ્ચર્યસ્તબ્ધ બને છે અને એ રહસ્ય જાણવાની જિજ્ઞાસા નચિકેતા છોડી દે તો બીજી અનેક સમૃદ્ધિ આપવાનાં પ્રલોભનો તેની સમક્ષ મૂકે છે અને તેની પરીક્ષા કરે છે, પણ નચિકેતા તેના નિર્ણયમાં અચળ છે. શ્રેય અને પ્રેયનો વિવેક કરી નચિકેતા મૃત્યુનું રહસ્ય જાણવાની પોતાની મનીષા જ વ્યક્ત કરે છે. અને છેવટ મૃત્યુના દેવ યમરાજ નચિકેતાને મૃત્યુ વિષે ઉપદેશ કરે છે.

આમ મૃત્યુનું જ્ઞાન પ્રાપ્ત કરવું એ ઈશ્વરના એક ગહન રહસ્યને હસ્તગત કરવા સમું છે અને એ રહસ્યનું મૂલ્ય કરોડો ધનવૈભવ કરતાં પણ અનેકગણું વધારે છે. અને તેથી ઈશ્વરે પણ આ પ્રશ્ન ઉપર મહાન અંધારો પડદો ઢાંકી દઈ તેને સહજોપલબ્ધ થતાં અટકાવ્યું છે. માત્ર સૂક્ષ્મ આધ્યાત્મિક દૃષ્ટિવંતા માનવો, અથવા આરૂઢ યોગાભ્યાસીઓ જ પોતાની ક્રાન્ત દૃષ્ટિ દ્વારા આ નેપથ્યની આરપાર જોઈ મૃત્યુનું રહસ્ય અવગત કરી શકે છે.

આ મૃત્યુપારના જીવન વિષે પણ વિવિધ ધર્મપંથાનુયાયીઓમાં જુદીજુદી માન્યતા પ્રસરેલી જોવામાં આવે છે. હિંદુઓ આત્માની અમરતામાં માને છે. તેઓ કહે છે કે, મૃત્યુ પછી જીવાત્મા નરક અથવા સ્વર્ગમાં કંઈક કાળ રહે છે. અથવા સ્વસ્વના કર્માનુસાર સુખદુ:ખની અનુભૂતિ કરે છે અને બાકી રહેલાં કર્મો ભોગવવા આ અવની ઉપર દેહ ધારણ કરે છે. જે નાશ પામે છે તે તો દેહ. બાકી આત્મા તો અમર છે. 'नायं हन्ति न हन्यते हन्यमाने शरीरे।'

દયાનંદ સરસ્વતી (આર્ય સમાજ) કહે છે કે, જેઓ મુક્તિ કે મોક્ષ માટે લાયક થયા નથી એવા જીવાત્માઓ એક શરીરમાંથી છૂટી તરત બીજા ગર્ભસ્થ શરીરમાં પ્રવેશ કરે છે. મુસ્લિમ ધર્માનુયાયીઓ માને છે કે મૃત્યુ પછી જીવાત્મા તેના કર્માનુસાર

બેહિસ્ત (સ્વર્ગ) અથવા દોજખ (નરક)માં જાય છે. આમ તેઓ મરણ પછીની આ જાતની સ્થિતિમાં માને છે, પણ પુનર્જન્મમાં તેઓ માનતા નથી.

ઉપર્યુક્ત બધી જ માન્યતાઓની બરાબર સામે પાટલો નાખી જડવાદીઓ અને વૈજ્ઞાનિકો બેઠા છે. તેઓ કહે છે કે, અમુક પરમાણુએ અમુક રીતે એકત્રિત થાય તેનું નામ જીવન. અને એ જ પરમાણુઓ પાછા છૂટા પડી જાય એનું નામ મરણ. જ્યાં કોઈ વસ્તુ જ બાકી નથી રહેતી ત્યાં શુભ કર્મ અને અશુભ કર્મ, તે પ્રમાણે મળતાં સુખદુઃખ, પુનર્જન્મ વગેરે પોકળ માન્યતાઓને અવકાશ જ ક્યાં રહ્યો? 'नास्ति मूलं कुतः शाखा?' જ્યાં મૂળ જ ન હોય ત્યાં શાખા ક્યાંથી શક્ય બને? આપણા મહાન નાસ્તિક ચાર્વાક પણ આ જ ઇહવાદી મતનો પુરસ્કાર કરે છે. તે કહે છે:

यावत् जीवं सुखं जीवेत् ।
ऋणं कृत्वा घृतं पिबेत् ॥
भस्मीभूतस्य देहस्य पुनरागमनं कुतः ॥

જ્યાં સુધી જીવીએ ત્યાં સુધી લહેરથી જીવીએ. માથે દેવું કરીને પણ રોજ લાડુ ઉડાવીએ. આ શરીરની એકવાર રાખ થઈ ગઈ પછી ક્યાં પાછું આવવાનું છે?

આ નાસ્તિક જડવાદી વિચારસરણી ધરાવનારાઓને ઉત્તર આપતા હોય એમ પશ્ચિમમાં આત્મવિદ્યામાં રસ ધરાવતા સર ઑલિવર લૉજ, સર વીલિયમ ક્રુકસ, આર્થર કૉનન ડૉઈલ, લેડબીટર, અંડરહીલ વગેરે અનેક વિદ્વાનોં અને વૈજ્ઞાનિકોએ આ ક્ષેત્રમાં વિવિધ પ્રયોગો કરી મરણોત્તર જીવન અને આત્માની અમરતાનું નિઃસંદિગ્ધ રીતે પ્રતિપાદન કર્યું છે. આત્મવિદ્યા (અં. સ્પિરિચ્યુઆલિઝમ)માં રસ લેતા આ વિદ્વાનો પ્રેતાત્માને બોલાવવાના પ્રયોગો કરે છે. કોઈ પણ માધ્યમ (અં. મીડિયમ) કે યંત્ર દ્વારા આવા આત્મા સાથે સંબંધ બાંધે છે. તેમની સા વાર્તાલાપ કરે છે. તેમના હસ્તાક્ષર, ફોટ વગેરે પ્રાપ્ત કરે છે. અને મૂળ અસલ સા સરખાવતાં, એ બંને વચ્ચેનું અચૂક સામ નિહાળી આપણે આશ્ચર્યમુગ્ધ બની જઈ છીએ. આ વિદ્વાનોના મત અનુસાર ગતાત્માઓ અમુક કાળ પર્યંત વાયુમંડળમાં વિચ રણ કરતા રહે છે. 'અધ્યાત્મ વિદ્યાનો ઇતિહાસ' નામના પોતાના ગ્રંથમાં સર આર્થ કૉનન ડૉઈલે તેમ જ 'રેયમોન્ડ રીવાઈઝુડ' નામક પોતાના ગ્રંથમાં સર ઑલિવર લૉ ગતાત્માઓ વિષેના પોતાના પ્રત્યક્ષ અનુ ભવનાં અનેક આશ્ચર્યકર ઉદાહરણો નોંધ્યાં છે.

પણ ગળથૂથીમાં જ ભારતીય તત્ત્વચિંતન ની પયઘૂંટ પીનારા હિંદુઓને મન પુનર્જન્મ મરણોત્તર જીવન આત્માનું અવિનાશીપણું વગેરે પ્રશ્નો સૂર્યના અસ્તિત્વ જેટલા સહજ અને સિદ્ધ છે. પરંપરાથી એ પુનર્જન્મ અને મરણોત્તર જીવનમાં માનતા આવ્યા છે અને સાહિત્યમાં પણ આ માન્યતાના પડઘા પુનરપિ પુનઃ ઊઠ્યા છે. આપણી તત્ત્વચિંતનસમૃદ્ધિની ખાણ સમ ગીતા અને ઉપનિષદ, કાળ સામે ટક્કર ઝીલત અને હજી પણ આપણા જીવનમાં પ્રેરણ અને પ્રોત્સાહન સિંચતાં અમર મહાકાવ્ય રામાયણ અને મહાભારત આત્માનું અજ અમરત્વ ને મરણોત્તર જીવનની ભાવનાને બુલંદ લલકાર કરે છે. બાણની કાદંબર

---

*વધુ માટે જિજ્ઞાસુએ લેડબીટરનું 'ધી અધ સાઈડ ઑફ ડેથ'–મૃત્યુની બીજી બાજુ, હીલનું 'સ્પિરિ ચ્યુઆલિઝમ'–અધ્યાત્મવાદ, લૉજનું 'ધી સર્વાઈવ ઑફ મૅન'–માનવનું જીવનવર્ધન; વિલિયમ જેમ્સ 'ધી વેરાયટીઝ ઑફ રીલિજીઅસ એક્સીપિરિયન્સીઝ ધાર્મિક અનુભવોની વિવિધતા; એવલીન અંડર હીલ 'મીસ્ટીસીઝમ'–ગૂઢ વિદ્યા તેમ જ મિસિસ ઍ બેસંટના ગ્રંથો વાંચવા.

આખી જન્મ અને પુનર્જન્મની કહાણીથી જ સભર ભરી છે. કવિ કાળિદાસે પણ પોતાની અમર નાટ્યકૃતિ 'શાકુંતલ'માં દુષ્યંતના મુખમાં મુકાયેલ रम्याणि वीक्ष्यવાળા રમણીય શ્લોકમાં પણ જન્માંતરની ભાવનાને પુષ્ટિ આપી છે :

આ ઉપરાંત भूयो यथा मे जननांतरेऽपि त्वमेव भर्ता न च विप्रयोगः। એ અમર પંક્તિમાં આર્યતા-છલોછલ ભાવનાવંત સંદેશો લક્ષ્મણ સાથે રામને કહેવડાવતી करुणस्य मूर्ति સીતાનાં વચનો તેમ જ 'कालो अयं निरवधिर्विपुला च पृथ्वी' એ ભવભૂતિના શબ્દો પણ જીવનસાતત્યમાં જ શ્રદ્ધા વ્યક્ત કરે છે. જિંદગીના જન્મ-મરણ પર્યન્તનાં પચાસ કે સો વર્ષમાં જ જીવન પર્યાપ્ત થઈ જાય છે એવી ટૂંકી દષ્ટિને બદલે કવિની દષ્ટિ શેકસપિયર કહે છે તેમ 'ફ્રોમ અર્થ ટુ હેવન'–ધરતી અને ધરતી-પારનાં જીવન ઉપર ફરી વળે છે. અંગ્રેજી સાહિત્યમાં પણ શેકસપિયર, મિલ્ટન, શેલી, ટેનિસન, બ્રાઉનિંગ, બ્લેક, બ્રીજી વગેરેની કવિતાઓ પરજીવનની ભાવનાઓથી અલંકૃત બની છે.

આપણા આદ્ય કવિ નરસિંહે પોતાનાં અનેક પદોમાં ભવભવાંતરોની ભાવટ ભાંગવા 'નરસૈયાચા સ્વામી'ને પ્રાર્થના કરી છે. મુક્તિ કરતાં પણ ભક્તિને શ્રેષ્ઠ ગણી આ ભક્તવર 'હરિના જન' 'જન્મોજન્મ' અવતાર માગે છે અને 'જન્મ પ્રતિ જન્મ' 'હરિને જ જાચું' એવી ઇચ્છા વ્યક્ત કરે છે. મૃત્યુ પામતાં માણસને વરરાજાનું રૂપક આપી 'લાલબાઈ દીકરી રે, ચિંતા કુંવરીનું નામ' તેની સાથે પરણાવવાની કલ્પના કરી, આ મહાન ભક્તશિરોમણિએ મૃત્યુમાં પણ કેવા માંગલ્યનાં દર્શન કર્યાં છે! કવિવર ટાગોર આથી ઊલટી રીતે મૃત્યુને વરરાજા ગણે છે અને મરણાસન્ન માનવીને 'વહુરાણી' કલ્પે છે. કન્યા પોતાના પ્રિયતમને જે પ્રેમ અને ઉલ્લાસથી વરમાળા આરોપે એવા જ ઉલ્લાસથી માનવ પોતાના મૃત્યુરૂપી પ્રિયતમનું સ્વાગત કરે છે. નીચેની પંક્તિઓમાં એ અદ્‌ભુત રમ્ય કલ્પના આપણે જોઈ શકીએ છીએ:

'પુષ્પો ગૂંથ્યાં છે અને પ્રિયતમને માટે વરમાળા તૈયાર થઈ ગઈ છે. લગ્ન પછી કન્યા પોતાનું ઘર ત્યજીને રાતના શાંત એકાકી સમયે એકલી જ પોતાના પતિને મળશે.' **(ટાગોર: 'ગીતાંજલિ')**

આ તરફ 'હરિની લાડલી મીરાં' પણ પૂર્વજન્મ અને ભવાંતરના ભાવને પોતાના કાવ્યમાં વણી લે છે. આ 'દેહલગ્ન'ના સ્વામી રાણાને એ સામો પ્રશ્ન પૂછી પોતાની લાચારી વ્યક્ત કરતી કહે છે:

'પ્રીત પૂરવનીને શું કરું? ઓ રાણાજી!
મારી પ્રીત પૂરવનીને શું કરું?'

મારા પૂર્વજન્મની આ કૃષ્ણ કનૈયા સાથે પ્રીત છે. હવે શું થાય? બીજો ઉપાય જ નથી. 'કેમ કરી વીસરું રામને મારા ભવભવના ભરથાર.' એ તો મારા ભવેભવના પ્રિયતમ છે અને 'હું એની જનમજનમની દાસી' છું. એમ એ પૂર્વજન્મની પ્રીત આગળ કરે છે, તો સાથોસાથ આ ક્ષણિક તુચ્છ જીવન માટે એને જરા પણ મમત્વ નથી. એની દષ્ટિ તો ઇહજીવનની પારના અખંડ અને અમર જીવન ઉપર જ વળગેલી છે ને તેથી જ એ કહે છે:

સંસારીનું સુખ કાચું, પરણીને રંડાવું પાછું;
તેને ઘેર શીદ જઈએ રે?
પરણું તો પ્રીતમ પ્યારો, અખંડ સૌભાગ્ય મારો;
રાંડવાનો ભે ટાળ્યો રે, મોહન પ્યારા.

પણ એવું અખંડ સૌભાગ્ય આ પૃથ્વી ઉપર નથી ને તેથી આ 'જગને ખારો' ગણી એ 'ગોવિંદા'ની ઝંખના કરે છે.

આમ પ્રાચીન યુગના નરસિંહ, મીરાં, ધીરો, ભોજો, પ્રીતમ વગેરે કવિઓની દષ્ટિ

ઘણે અંશે પરભવનું ગાણું ગાવામાં જ લીન થયેલી આપણે જોઈએ છીએ. તેમની કવિતા જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય અને પરભવના સંકુચિત વર્તુલમાં જ રમ્યા કરે છે, પણ પછી ધીમેધીમે આપણી ગુર્જર કવિતા બાહ્યાભ્યંતર ક્રાંતિ કરે છે–અનેક દૃષ્ટિએ પ્રગતિ કરે છે, પણ પેલો દિવ્ય અસંતોષ દૂર થતો નથી. અર્વાચીન કવિની દૃષ્ટિ પણ આ સીમિત સૃષ્ટિથી તુષ્ટ થતી નથી, પરિમિત અને દૃશ્ય જગતમાં જ બંધાઈ રહેતી નથી, પણ અંગ્રેજી કવિ શેલીની જેમ આ જગતમાં નથી જડતું એને શોધવા માટે વલખાં માર્યાં કરે છે. તેથી પારલૌકિક સૃષ્ટિનું આકર્ષણ, પરલોકપ્રીતિ, દિવ્યલોકની પિપાસા, મરણોત્તર જીવન વગેરે વિષયો અર્વાચીન કવિતામાં પણ જોવા મળે છે. ઇહલોકની ક્ષણભંગુરતાથી શોકાતુર બનતા અને 'અભેદના રાજ' ઝંખતા સ્વ. મણિલાલ નભુભાઈ તેમ જ સ્વ. કવિ મલબારી, સ્વ. કવિ નરસિંહરાવ, સ્વ. કવિ ન્હાનાલાલ, કવિ ખબરદાર વગેરેમાં દિવ્ય લોકોત્તર જીવન પ્રત્યેનો ઊંડો અનુરાગ આપણે નિહાળી શકીએ છીએ. કવિશ્રી નરસિંહરાવને–

'આ માનવીજીવનની ઘટમાળ એવી
દુઃખપ્રધાન સુખ અલ્પ થકી ભરેલી.'

લાગે છે: આ જિંદગીનાં સુખો બધાં તેમને ક્ષણિક, ક્ષુલ્લક અને મોહક ચળકાટવાળા છતાં અલ્પજીવી લાગે છે, પણ ખરું ચિરકાળ ટકે એવું સુખ તો આ લોકની પેલે પાર જ રહેલું છે. એ જ માનવીની ખરી વિકાસભૂમિ છે, એમ તે માને છે અને કહે છે:

'મૃત્યુ નવ પૂરું કરે,
જીવનું જીવન અહીં;
અધિક અધિક વિકાસની
છે ભૂમિ અન્ય જવું તહીં.'

સ્થૂળ દૃષ્ટિએ જોતાં માનવને લાગે છે કે મૃત્યુ આવ્યું એટલે જાણે તેની અશેષ પ્રવૃત્તિઓનો અંત આવી ગયો, પણ સૂક્ષ્મ દૃષ્ટિથી જોતાં તેને સંત તુકારામની જેમ લાગે છે, કે 'मरण मांझे मरोनी गेले, भज केले अमर:' 'મૃત્યુ મરી ગયું રે લોલ.'–મૃત્યુ જ સ્વયં મરી ગયું છે, બાકી હું તો અમર છું.

પોતાની 'અમૃતમય આત્મજા, તાતધન ત્હેમીના'ના મૃત્યુ પાછળ સુદીર્ઘ મહાકાવ્ય સમી 'દર્શનિકા' લખનાર કવિશ્રી ખબરદારને મન મૃત્યુ પણ જીવન જેટલું જ મહત્ત્વનું છે. એ કહે છે:

'જીવનનું ગાન છે પરમ મોહે ભર્યું,
તો નથી મૃત્યુનું નૃત્ય કમતી;
એકના સૂર તનતાર જગવે બધા,
અન્યની લયલીલા શાંત રમતી.'

એટલું જ નહિ પણ મૃત્યુ ન હોત તો આ બધું જીવન કોહવાઈ જઈ દુર્ગંધ મારતું બની ગયું હોત. 'જગે મૃત્યુ થકી જ આ જીવન તાજું રહે.' અને આ મૃત્યુના માર્ગેથી કૂચ કરીને જ આત્મા પેલા–

'સૂર્યના રંગોમાં પાંખો છે ઘોળી
રજનીનાં ચૂંટયાં છે ફૂલ:
આણુ પંખી! હજી ઊંચાં છે ઊડવાં હો!
જોની, ઊઘડે નવલા દેશ!'

આવા પૃથ્વીલોકથી ઊંચેરા ઊર્ધ્વલોક પ્રતિ સાનંદ ઉડ્ડયન કરે છે ને એ 'નવલા દેશ'માં નિવાસ કરે છે.

એ જ યુગના કવિશ્રી ન્હાનાલાલ તો પરમ ભાવનાવાદી કવિ તરીકે સુખ્યાત છે. છંદનાં ઝાંઝર પણ કવિતાદેવીને બંધન સમાન છે, એમ તેમને લાગ્યું ને છંદનાં બંધન તોડી કાવ્યદેવીને નર્તન માટે ડોલનશૈલીમાં સુવિશાળ ક્ષેત્ર ઉઘાડી આપ્યું. આવા ભાવનાવિહારી ને કલ્પનોડ્ડયનમાં રાચતા કવિને આ રાગદ્વેષાદિયુક્ત અને ક્લેશકંકાસે

ભરેલી સૃષ્ટિથી સંતોષ કેમ જ થાય? તેમનો આત્મા ‘અનંતનાં ન્હોતરાં’ને આવકાર આપે છે ને પોતાની જીવનનૈયાના માછીને સોલ્લાસ લલકાર કરીને કહે છે:

‘હલકી હેલે આયુષ્ય ઊછળે,
જગના વાય સમીર;
આ આરે મારી આશાની કુંજો,
ત્યાં છે પ્રેમ મંદિર,
મારે જાવું છે પેલે પાર,
હવે માછીડા! હોડી હંકાર.’

આ જ યુગના કવિ અને અનન્ય ખંડકાવ્યોના રચયિતા કવિ કાન્તનો માનીતો રસ તે, ભવભૂતિની જેમ, કરુણ રસ. એમનાં કાવ્યોની અંદર કવિ કાન્તે પણ ઇહજીવનની મર્યાદા ગાઈ છે. પ્રણયની પૂર્તિ માટે આ મર્ત્યભોમમાં જરા ય અવકાશ નથી. એ પ્રણયનું શાશ્વત સુખ તો મૃત્યુપારના જીવનમાં જ મળી શકે છે. ‘ચક્રવાકમિથુન’ નામના તેમના ખંડકાવ્યમાં ચક્રવાકીના મુખમાં નીચેની પંક્તિઓ મૂકી ઇહજીવન પ્રત્યેનો અસંતોષ અને પરકાળ પ્રત્યેની ભાવના કવિએ અભિવ્યક્ત કરી છે:

‘પાષાણોમાં નહિ નહિ હવે આપણે નાથ રહેવું,
શાને આવું નહિ નહિ જ, રે! આપણે નાથ રહેવું!
ચાલો એવા સ્થળ મહિં લસે સૂર્ય જેમાં સદૈવ,
આનાથી કૈં અધિક હૃદયે આર્દ્ર જ્યાં હોય દૈવ.’

કવિ કાન્તે પોતાનાં કાવ્યોમાં જીવનની વિષમતાઓ અને વિધિની ક્રૂરતા નિરૂપી છે. આ જગત ઉપર તેમને કોઈ સ્થળે પરમ શાશ્વત આનંદ સાંપડતો નથી. એ કેવળ સાંપડશે મૃત્યુની પારના પ્રદેશમાં. એ શ્રદ્ધા કવિએ આ જ કાવ્યની છેલ્લી પંક્તિમાં—

‘ક્યહીં જ ચેતન એક દીસે નહીં’
એ ફેરવીને
‘ક્યહીં અચેતન એક દીસે નહીં’

એ પ્રમાણે મૂકીને વ્યક્ત કરી છે. મૃત્યુ પછીના જીવનમાં કવિને બધે ચૈતન્ય જ દેખાય છે.

આમ આ પૃથ્વીપારના જીવન પ્રત્યેનું આકર્ષણ ઠેઠ પ્રાચીન યુગથી માંડી આજ સુધીની કવિતાની અંદર વણાઈ ગયેલું માલૂમ પડે છે. કવિને આ જગત હમેશાં સાંકડું લાગ્યું છે, કોઈ વેળા અકારું પણ લાગ્યું છે અને ત્યારે કવિ કલાપીની જેમ તેનો આત્મા

‘નથી નથી મુજ તત્ત્વો વિશ્વથી મેળ લેતાં,
હૃદય મમ ઘડાયું અન્ય કો વિશ્વ માટે.’

—એવી પંક્તિઓમાં વેદનાભર્યો ચિત્કાર કરી ઊઠે છે. અને એ પણ સાચું કે વેદમાં જેને ‘अमृतस्य पुत्राः’ કહ્યા છે, એ અમરધામના નિવાસી માનવને આ ક્લેશકંકાસ, ક્ષુદ્રતા અને પાપપ્રપંચથી ભરપૂર મર્ત્યલોકમાં ક્યાંથી જંપ વળે? પગ પૃથ્વી ઉપર છે છતાં એની મીટ તો અહર્નિશ એ ઊર્ધ્વલોક ઉપર જ છે. અહર્નિશ જેની ઝંખના એના દિલમાં છે એ અપૂર્વ જ્યોતિ અને શાશ્વત આનંદના લોકને માટે વ્યથાપૂર્વક એ તલસ્યા કરે છે. તેની મૂળ ભોમની યાદ એને સતત સતાવ્યા કરે છે. ચિરપિપાસુ ચાતક જેમ વર્ષાના જલબિંદુ માટે ઝૂરે એમ એ એની અસલ ભોમકા માટે અહોનિશ તરફડ્યા કરે છે. એ દેશમાં પહોંચવું એ માનવીની ચિર વાંછા છે. આ ચિરવ્યથિત મનોદશાને સ્વર્ગસ્થ કેશવ હ. શેઠે કેવી સુંદર રીતે વ્યક્ત કરી છે!

‘ઊગે સૂરજ વળી આથમે એવી
ન્હોતી મારી મૂળ ભોમ;
તેજ અખંડ ઝગે જ્યહીં, જેનાં
તેજ ઢળે વીંધી વ્યોમ.
રે! કોઈ સંત બતાવોજી વાટ.’

⁂

સાચું સુખ

લેખક :

મુનિશ્રી ચંદ્રપ્રભ સાગરજી

જગતમાં દરેક પ્રાણી જીવનભર સુખની ઝંખના કરે છે. એ અપ્રાપ્ય સુખને પ્રાપ્ત કરવા માનવી જગતના એકેએક ખૂણે ફરી વળે છે. એ સુખ પ્રાપ્ત કરવા માટે આકાશ–પાતાળ એક કરતો હોય છે; છતાં એ સાચું સુખ મેળવી શકતો નથી. કારણ કે મનુષ્ય સાચા સુખની સ્પષ્ટ વ્યાખ્યા સમજી શકયો નથી. સાચા સુખનું કલ્પનાચિત્ર એની પાસે સ્પષ્ટ નથી. અને એનું સ્પષ્ટ ચિત્ર ન હોવાને કારણે જ માનવી આજે દુ:ખી છે. માનવી હજારો ને લાખો વર્ષોથી સુખને મેળવવા માટે પરિભ્રમણ કરે છે, પ્રવાસ ખેડે છે, વિપત્તિ સહે છે; છતાં સાચું સુખ મેળવી શકયો નથી.

સાચું સુખ મેળવવા માટે મન, વચન ને કાયા એ ત્રણ મહાન ને અદ્ભુત સાધનો છે. સુખનું સાધન જગતમાં કયાંય શોધવાની જરૂર નથી. એ આપણી પાસે જ છે. આ મન, વચન, ને કાયાનો વિવેકપૂર્વક ઉપયોગ કરવામાં આવે તો એ દ્વારા અદ્ભુત સાચું સુખ પામી શકાય ને એનો વિવેકવિહોણો ઉપયોગ થાય તો આપણા જ હાથે દુ:ખના ડુંગરા ખડકાઈ જાય. આટલાં વર્ષોને અંતે પણ માણસ સુખ મેળવી શકયો નથી એનું કારણ એક જ છે કે, સંપત્તિમાં ને વિપત્તિમાં મન, વચન ને કાયાના યોગને સમાનભાવે રાખવા જોઈએ તે રાખી શકયો નથી. સુખમાં એ ઉન્મત્ત બન્યો ને દુ:ખમાં મૂંઝાઈ ગયો; આ દ્વિધા ચંચળપણાને લીધે જ માણસનું જીવન સુખવિહોણું ને અસમતોલ બન્યું છે. સુખ મેળવવા ઇચ્છતા પ્રાથમિક સાધકે જીવનમાં વિચારપૂર્વકનું સમતોલપણું જાળવવું જોઈએ.

પણ કમભાગ્યે, માણસની સુખની ઇચ્છા મૃગજળ જેવી છે. રણના મૃગની જેમ માણસે પણ જગતના ધનિક માણસોનું માત્ર બાહ્ય સુખ જોઈ, એમાં જ સાચા સુખની કલ્પના કરી એ મેળવવા માટે જીવનભર દોડ લગાવે છે. પરિણામે નથી તો એ મેળવતો બાહ્ય સુખ, કે નથી જાળવી શકતો પોતાનું મૂળ સ્થાન. જીવનભર એ સુખ શોધવા ભમ્યા જ કરે છે. એક ઇચ્છા પૂર્ણ ન થાય, ત્યાં તો બીજા સુખની ઇચ્છા જન્મી જાય છે. બીજી ઇચ્છા પૂર્ણ કરવા માણસ પ્રયત્ન કરે છે ને અર્ધે માર્ગે જાય છે ત્યાં વળી કોઈ ત્રીજી જ કલ્પના આવે છે; આમ માણસ એ અપૂર્ણ સુખોને પૂર્ણ કરવાની વ્યર્થ ઝંખનામાં જીવન વેડફી નાખે છે. એ ઝંખના અવાસ્તવિક ને અસૈદ્ધાંતિક છે.

જગતમાં સુખનાં સ્વપ્નાં સેવનારા વિવિધ પ્રકારના મનુષ્યો વસે છે: કોઈને ખૂબ જ ધન મેળવવાની ઇચ્છા હોય છે, તો કોઈને પુત્ર મેળવવાની ઝંખના હોય છે; કોઈને પ્રિયજન મેળવવાનો તલસાટ હોય છે, તો કોઈને વૈભવમાં મહાલવાની કામના હોય છે; કોઈને જગવિખ્યાત ઉજજવળ કીર્તિ પ્રાપ્ત કરવાની અભિલાષા હોય છે, તો કોઈને સત્તાનું સિંહાસન પ્રાપ્ત કરવાની મહેચ્છા હોય છે. આવી ક્ષણિક સુખની ઝંખના હોય છે, તેમ સાથેસાથે અનેક પ્રકારની અર્થહીન ચિન્તાઓ પણ વસેલી હોય છે: વિદ્યાના ક્ષેત્રમાં હોય તો કોઈ બેરિસ્ટર બને અગર કોઈ મોટી ડિગ્રી મેળવે, તો બીજાને અદેખાઈ આવે છે. વેપારના ક્ષેત્રમાં હોય તો કોઈ ખૂબ પૈસાદાર થાય અગર વેપારમાં ફાવી જાય તો બીજાને ઈર્ષા થાય છે. રાજકારણના

ક્ષેત્રમાં કોઈ પ્રધાન થાય અગર ઉચ્ચ હોદ્દા પર જાય તો બીજાને બળતરા થાય છે. ત્યાગવિહોણી સાધુસંસ્થામાં કોઈ પૂજાય અગર લોકમાન્ય થાય ત્યારે અન્યને એ જોઈ, અગન લાગે છે. એટલે ટૂંકમાં તાત્પર્ય એ કે જેમ માણસ વાસ્તવિક સુખ સમજી શકતો નથી ને મેળવી શકતો નથી, તેમ અન્યનું બાહ્ય સુખ શાંતિથી જોઈ પણ શકતો નથી.

સાચા સુખને શોધનાર માણસે દુઃખી જગત ઉપર પણ એકવાર નજર નાંખવાની જરૂર છે. જગત આજે દુઃખથી ભરેલું છે. કેટલાય એવા મનુષ્ય છે કે જેઓ પેટનો ખાડો પૂરવા માટે દિવસભર કાળી મજૂરી કરે છે, છતાં એ મનુષ્યો પેટપૂરતું ખાવાનું અન્ન પણ મેળવી શકતા નથી, શરીર ઢાંકવા માટે પૂરતાં વસ્ત્રો પણ મેળવી શકતા નથી, માંદગીમાં રિબાતા હોવા છતાં દવાનું એક બિંદુ પણ મેળવી શકતા નથી, નિરાધાર રખડતા હોવા છતાં રહેવા એક ઝૂંપડું પણ પામી શકતા નથી. આવાં દૃશ્યો જોવા છતાં એમનાં દુઃખનો વિચાર સરખોય કર્યા વિના, દરેક માણસ પોતાના જ દુઃખની વાત કરે છે!

આજે આપણું આ દેખાતું સુખ, એ લગ્નપ્રસંગે ઉછીના માગી લાવેલા દાગીના જેવું છે. આ ભાડૂતી સુખને લીધે આપણે ઉન્મત્ત બન્યા છીએ પણ આપણે જીવનમાં ઊંડો વિચાર કરવો જોઈએ, કે 'આપણે જે માન મેળવીએ છીએ, જે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરીએ છીએ, તે આપણા આત્મિક વ્યક્તિત્વ કે પૂર્ણત્વના પ્રભાવથી મેળવ્યું છે? બાહ્ય આડંબરને લીધે મળેલાં માન ને સ્થાન આપણાં નથી. આપણી પાસેથી એ ક્યારે જતાં રહે એનો ભરોસો નથી, વિશ્વાસ નથી.' માટે માણસે એવી રીતે પૂર્ણતા ને પ્રતિષ્ઠા, સુખ ને આનંદ મેળવવાં જોઈએ કે આ બધી ક્ષણિક વસ્તુ કદાચ ચાલી જાય તોપણ માણસાઈ હમેશાં દીપતી રહે ને સુખ ને આનંદને દુઃખનો પટ ન લાગે.

બાહ્ય વસ્તુઓ આપણને કદી ય વાસ્તવિક શાંતિ આપશે ખરી? આડંબરથી મેળવેલી પ્રતિષ્ઠા ને પૂજા, આપણી વિદાય વેળાએ મુખ પર સ્મિતની સુરખી લાવશે ખરી?

એક વખત એવો હતો કે હિટલરના માન ને સ્થાનની જગતના સત્તાધિશોને ઈર્ષા આવતી. એ જ હિટલરનો આજે પત્તો પણ નથી. થોડાં જ વર્ષો પૂર્વે એ આ આખા વિશ્વને ધ્રુજાવતો હતો, એની પાસે લાખ્ખો રણવીર યોદ્ધા હતા, મહાન મુત્સદ્દીઓ હતા, મર્દ સેનાનીઓ હતા, અજોડ વ્યૂહરચયિતાઓ હતા, ચિંતકપ્રચારકો હતા અને એની પાસે આધુનિક અનેકવિધ યુદ્ધની વિશાળ ને વિરાટ સામગ્રી હતી. એના વચન પર આખું જર્મની પોતાનું ઊનું ઊનું લોહી રેડવા તૈયાર હતું. જગત કહેતું કે–'હિટલરનો જય જ હોય, પરાજય તો સ્વપ્નમાં પણ ન હોય!' પણ એ જ જગતને સાંભળવું પડ્યું ને જોવું પડ્યું કે જગતનો એ અજોડ મહાસત્તાધીશ હિટલર ઘડીના છઠ્ઠા ભાગમાં ક્યાંય ફેંકાઈ ગયો. એનું આજે વિશ્વના પટ પર જાણે નામનિશાન પણ નથી. એનું નામ ભુસાઈ ગયું. એની પાછળ એના સંસ્મરણની એક ખાંભી ઊભી કરનાર પણ કોઈ નથી. કહો, જે સુખને માટે લોકો ઈર્ષાની અગનમાં બળતા હતા એ હિટલર ને એનું સુખ ક્યાં ગયું? દુનિયાના કોઈ પણ માણસને કહેવું જ પડશે કે એ સુખ પોતાનું ન હતું પણ પારકું હતું, માગી લાવેલું હતું–ક્ષણભંગુર હતું, સંધ્યાના રંગ જેવું અલ્પજીવી હતું!

માણસ પાસે સત્તા, સિંહાસન કે કરોડ રૂપિયા હોય, તોપણ એ આત્મિક વૈભવ વિના સુખી હોતો નથી. બહાર એ ભલે

સુખી દેખાતો હોય પણ એના આંતરિક જીવનમાં અશાંતિનો દાવાનળ સળગતો હોય છે, ચિંતાઓ એના પર ગીધની જેમ ભમતી હોય છે, ફફડાટ એના હૈયાને કીડીની જેમ કોરી ખાતો હોય છે.

સુખ પૈસા કે વસ્તુમાં નથી પણ આપણા હૃદયમાં હોવું જોઈએ. આપણા હૃદયમાં સુખ હશે તો જગતની દરેક વસ્તુ આનંદના બજાર જેવી લાગશે. એટલે જ જીવનશોધકોએ કહ્યું કે આપણો આનંદ આપણા હૈયામાં છે. આપણા હૈયામાં આનંદનું સરોવર ભરેલું પડ્યું છે પણ અંધ મન એ જોઈ શકતું નથી ને તરસ્યું બની આખા વિશ્વમાં આનંદજળ પીવા દોડે છે. જેમ કસ્તૂરી મૃગની ડૂંટીમાં જ હોય છે પણ એ જાણતું નથી ને આખા વનમાં ભટકે છે, જે દિશાથી પવન આવે છે તે દિશા તરફ દોડે છે અને માને છે કે આ દિશામાં કસ્તૂરી હશે, પણ ખરી રીતે એ એની પોતાની પાસે જ છે. તેવું જ આજે આખા જગતનું બન્યું છે. જગત બહાર સુખ શોધે છે પણ અંતરમાં તો કદી તલાસ કરતું જ નથી. સાચું સુખ મેળવવું હોય તો બાહ્ય પદાર્થોમાંથી મન પાછું વાળવું જોઈએ, ઇંદ્રિયો પર વિજય મેળવવો જોઈએ, જીવનમંથન કરવું જોઈએ, ચિત્ત સ્થિર બનાવવું જોઈએ અને મનના વધતા વેગને અટકાવવા આત્મનિરીક્ષણ કરવું જોઈએ. આ રીતે સાધના કરીશું તો જ આપણે સાચું સુખ મેળવી શકીશું.

આત્મિક સુખને પૂર્ણ રીતે નહિ સમજનાર જાપાનીઓએ પણ ઇંદ્રિયજય માટે અનેક પ્રયોગો કર્યા છે. જાપાનના ટોકિયો શહેરના ત્રણ દરવાજા પર ત્રણ મહાકાય વાંદરાનાં પૂતળાં મૂકયાં છે. અને એ ત્રણે પૂતળાં ઇંદ્રિયજયનો બોધપાઠ આપે છે: એક વાંદરાએ આંખ બંધ કરી છે. આંખ બંધ કરીને એ એમ કહેવા માગે છે, કે 'સારી વસ્તુઓ જોજો અને ખરાબ વસ્તુઓ જોવાનો પ્રસંગ આવે તો મારી જેમ આંખ બંધ કરજો!' બીજા વાંદરાએ પોતાના કાન બંધ કર્યા છે. એ એમ ચેતવે છે કે, 'સારી વાત સાંભળવાનો પ્રસંગ આવે તો સાંભળજો અને ખરાબ વાત સાંભળવાની વેળા આવે તો મારી જેમ કાન બંધ કરજો!' ત્રીજા વાંદરાએ પોતાનું મોઢું બંધ કર્યું છે. એ એમ સૂચવે છે કે, 'સારું બોલવું અને ખરાબ બોલવાનો પ્રસંગ આવે કે નિંદા કરવાની વેળા આવે તો મારી જેમ મોં બંધ કરી મૌન સેવવું.' આ રીતે બાહ્ય આ ત્રણ ઇંદ્રિયો પર વિજય મેળવનાર પણ સુખ મેળવે છે તો સંપૂર્ણ રીતે ઇંદ્રિયો પર કાબૂ આવી જાય તો સાચું સુખ મળે એમાં આશ્ચર્ય પણ શું છે?

ઇંદ્રિયો પર સંયમ ને બાહ્ય વસ્તુઓનો ત્યાગ આ બે વસ્તુઓ દ્વારા જ સુખનો સાક્ષાત્કાર થાય છે. એમાં પણ ત્યાગથી જે જીવનતૃપ્તિ થાય છે તે અલૌકિક છે. મહાવીર, બુદ્ધ ને રામના પ્રસંગો આપણને એ જ સૂચવે છે કે આશા–અભિલાષાને કચડીને પણ જે ત્યાગ કરે છે તે જ ઉચ્ચ આદર્શના શિખરે પહોંચે છે. જો આશા કે અભિલાષા વિના સંપૂર્ણ ત્યાગ કરાય, તો તો પછી પૂછવું જ શું?

ઇંદ્રિયો પર કાબૂ મેળવવાથી આત્મા શાંત બને છે ને ત્યાગ કરવાથી આત્મા, નિર્લેપ બને છે. આ બે અજોડ સાધનોના પ્રતાપે આત્મા આત્મામાં જ સુખનો ખજાનો જુએ છે.

*

અભાગણી

લેખક :

શ્રી પ્ર. હ. મહેતા

બી. એ.

'ઑફિસેથી આવીને શાહી અને કાગળ બગાડવા સિવાય કંઈ ધંધો છે કે નહિ?' આમ કહેતી કંઈક ખિજાયેલી લાગતી એક સાધારણ સ્વરૂપવાન સ્ત્રી ઉઘાડે માથે અંદરના ઓરડામાંથી બહારના દીવાનખાનામાં આવી.

બહારના ઓરડામાં ખૂણામાં ટેબલખુરસી પડેલ હતાં. તેના પર એક અત્યંત સ્વરૂપવાન લાગતો, ત્રીસથી પાંત્રીસ વર્ષની વચ્ચેની વયનો એક બલિષ્ઠ માણસ એકાગ્રચિત્તે કંઈક લખી રહ્યો હતો.

યુવકનું નામ હતું સુરેશ અને તેની પત્નીનું નામ હતું ચંદ્રા. ખૂબ જ પાસે આવી, ટેબલના ખૂણા પાસે ઊભી રહી ચંદ્રા બોલી: 'કહું છું, આ કરતાં કોઈ ઠેકાણે નામું લખવા જાઓ. નાટક લખવાવાળા ઘણા ય છે. તમે નહિ લખો તો નાટકની દુનિયા ફરતી બંધ થઈ જશે એમ માનવાનું નથી. આમ નાટક ન લખાય!'

સહેજ નજર ઊંચી કરી સુરેશે ચંદ્રા સામે પળભર જોઈ પાછું લખવાનું શરૂ કરી દીધું.

વધારે ઉશ્કેરાઈ ચંદ્રા બોલી: 'તમારામાં નાટક તો શું એક સારો મજાનો પત્ર પણ લખવાની શક્તિ નથી.'

'તારામાં એ સમજવાની શક્તિ નથી.'

'મને અણસમજુ કહો છો? મને? અને તમે મોટા સમજણવાળા? જુઓ, જુઓ આમની સમજણ! થોડોઘણો પગાર લાવી હાથમાં મૂકી દીધો એટલે મારું ઘર ચાલશે—આ છે તમારી સમજણ! પૂરું થતું નથી એ ખબર છે છતાં ય મારા બાપુની કોઈ પેઢીમાં સારા પગારે નોકરીએ રહેવાની ચોખ્ખી 'ના' પાડી દીધી. ભારે સમજણંવાળા માણસ છો તમે ય! તમે મારા બાપુની પેઢીમાં નોકરી કરશો એવી એમને આશા હતી. જો આવી ખબર હોત...'

સુરેશે લખતાં લખતાં કહ્યું: 'તો?'

'તો એમણે મને અહીં આપી ન હોત!'

'એટલે કે તું અહીં આવી ન હોત!'

'એમ ગણો તો એમ. એમાં કંઈ ખાસ તફાવત નથી. એમણે આપી ન હોત તો હું અહીં આવી ન હોત.'

કલમ નીચે મૂકી, તેની સામે જોઈ સુરેશે કહ્યું: 'તું તો એક દિવસ મને કહેતી હતી કે, 'આખી દુનિયાનો વિરોધ, અપમાન, મશ્કરી સહન કરીશ, પણ તમને નહિ છોડી શકું, એ મારાથી સહન નહિ થાય.' યાદ છે તને?'

ઉગ્ર અસંતોષના ભાવ મોં પર લાવી ચંદ્રા બોલી: 'યાદ છે, બરાબર યાદ છે. એ વખતે એવું ગાંડપણ સ્વાભાવિક હોય છે. એ વખતે હું ધનના ઢગલા પર બેઠી હતી અને એટલે જ એની મને કાંઈ કિંમત નહોતી. આજ તમારા સો રૂપિયાના પગારમાં સમાજમાં આબરૂભેર રહેવું કેવી રીતે? મારો નાનો ભાઈ ભણતોભણતો પાંચસો કમાઈ લે છે. એ તો ઠીક છે કે મારા બાપનું ઘર અહીં છે, એટલે કંઈ ખબર પડતી નથી. છતાં ય આજે તમને ફરીથી કહું છું, કે સાંજે પાંચ વાગે છૂટીને સીધા ઘેર આવો છો એના કરતાં તે વખત પછી બેત્રણ કલાકની નોકરી શોધી લો. મને તો એવું સાંભરતું નથી કે મારી કોઈ બેનપણીનો પતિ રાતના બાર વાગ્યા પહેલાં ઘેર આવતો હોય. ત્યારે

સમાજમાં રહી શકાય. ભૂખડી બારસની જેમ હવે હું નહિ રહી શકું.'

કાગળિયાં ગોઠવતાંગોઠવતાં સુરેશે કહ્યું: 'ઠીક, ઠીક. તારે મોટરમાં મહાલવું છે–એ જ વાત છે ને? વારુ, આ નાટક...'

'વળી પાછું નાટક! કહું છું નાટક, નાટક કરો છો તે નાટક લખીને કોઈ મોટો થયો છે? કોઈ પૈસાદાર થયો છે? એક નામ તો લો.'

'જી. બી. શો.'

'બીધાંબીધાં હવે! બી જઈશું એમ? જુઓ મશ્કરી કરવાની નથી. અમે તો જાણે પૈસા જોયા જ નહિ હોય!'

'હું મશ્કરી નથી કરતો. જી. બી. શો. એટલે જ્યોર્જ બર્નાર્ડ શો!'

કંઈક શરમાઈને ચંદ્રા બોલી: 'તે શો–ફોની વાત જવા દો. મારે એ કંઈ સાંભળવું નથી. અત્યારે કામ કરવાની ઉંમર છે. ઉપરાંત ભવિષ્યનો પણ ખ્યાલ તો રાખવો જ જોઈએ ને?'

આ જ વખતે આધુનિક ફેશનમાં સજ્જ થયેલી ઓગણીસ વર્ષની એક યુવતીએ ઘરમાં પ્રવેશ કરી કહ્યું: 'ચંદ્રાબેન–અરે ચંદ્રા–ઓહ તમે છો?' કહી સુરેશને નમસ્કાર કરી ચંદ્રા તરફ ફરીને કહ્યું: 'શોપિંગ કરવા નીકળી હતી તે થયું કે વખત રહેશે તો ચંદ્રાબેનને સાથે લઈને સિનેમા જોવા જઈશું.'

ચંદ્રા આવેલ યુવતીનો હાથ પકડી અંદરના ઓરડામાં લઈ ગઈ. અર્ધા કલાક પછી જતાંજતાં ચંદ્રા સુરેશને કહેતી ગઈ: 'પાછું આવતાં મને મોડું થશે. જમવાનું કંઈક પડ્યું હશે. ચલાવી લેજો. હું મારી સગવડ કરી લઈશ.'

×

સુરેશ ચાની કંપનીમાં નોકરી કરતો હતો. નોકરી સિવાયના વખતમાં એ નાટકો લખતો. તેનાં નાટકો પણ ઠીકઠીક આદરપાત્ર થઈ પડ્યાં હતાં, એટલે નાટક કંપનીઓના માલિકોનો તે પ્રિયપાત્ર અને ઉપયોગી હતો. ઉપયોગી ન હતો માત્ર તેની પત્ની ચંદ્રાને. સુરેશ એ જાણતો હતો અને એ પણ જાણતો હતો કે એમાં ચંદ્રાનો કંઈ દોષ નથી. ધનવાન માબાપની લાડકી છોકરીને એના પ્રમાણમાં પોતે રાખી શકતો નથી, એટલે એને બેચાર કડવાં વેણ સંભળાવવાનો હક્ક છે અને એવાં વેણ પ્રતિકાર કર્યા સિવાય સાંભળી લેવાને તે લાયક છે એમ પોતે માનતો. કોઈ કોઈ વખત બન્ને વચ્ચે તડાતડી બોલી જતી. પણ સુરેશના અસામાન્ય ઠંડા સ્વભાવને લીધે જેટલી ત્વરાથી બન્ને વચ્ચે અણબનાવ થઈ જતો તેટલી જ ત્વરાથી એકબીજાનો વ્યવહાર ફરીથી શરૂ થઈ જતો.

આમ છતાં ય પતિ–પત્ની વચ્ચે નિકટતા સધાવાને બદલે ઊલટાનું અંતર વધતું ગયું. જેમજેમ સુરેશનો સ્વભાવ નમ્ર, મહેનતુ અને સહનશીલ બનતો ગયો, તેમતેમ ચંદ્રાનો સ્વભાવ વધારે અભિમાની, વધારે આળસુ અને વધારે અસહિષ્ણુ બનતો ગયો. ચંદ્રા ક્યાં જાય છે, શું ખર્ચ કરે છે, ક્યારે આવે છે, શું ખાય છે–ખવડાવે છે તેની સુરેશ કદી ય પંચાત કરતો નહિ. પોતાના બાપની પાસે સારી નોકરીની માગણી કરતા નથી એમાં સુરેશની માત્ર મૂર્ખાઈ છે અને સમાજમાં આબરૂભેર રહી શકાય એટલું પોતે કદી ય નહિ કમાઈ શકે–આ બે વાત જ્યારે જ્યારે તક મળે, ત્યારે ચંદ્રા સુરેશને સંભળાવ્યા વગર છોડતી નહિ.

એક સાંજે ઘેર આવી સુરેશે ચંદ્રાને કહ્યું: 'લે, આ વાંચ.'

ચંદ્રાએ ઊંચું જોયા વગર કહ્યું: 'શું છે?'

'મારા લખેલા છેલ્લા નાટકનું વિવેચન છે, વાંચ.'

'એમાં શું લખ્યું હશે એ હું વાંચ્યા વિના કહી શકું એમ છું. તમને એ લોકો બરાબર ઓળખી ગયા છે. વખાણના શબ્દો છાપી તેઓ તમને છેતરે છે. નાટક લખનારની આબરૂ ય કેટલી? જાઓ, ફાઈલમાં બીજી એવી જ કાપલીઓની સાથે ગુંદર વડે સંભાળપૂર્વક આને પણ ચોંટાડી આવો.'

'લે, આટલા પૈસા પણ મળ્યા છે.'

એકદમ મોં ઊંચું કરી, પૈસા લઈ, ગણી કહ્યું: 'ત્રણસો રૂપિયા? ત્રણ મહિના ઉજાગરા કર્યા ત્યારે ત્રણસો રૂપિયા? મારા બાપની પાસે અર્ધો કલાક માત્ર ઊભા રહેનારને સો રૂપિયા મળી જાય છે. હું તો આ રકમ જોઈને લાજી મરું છું.' થોડીવાર પછી બોલી: 'આમાંથી સો રૂપિયા મારાં કપડાંની સિલાઈના આપવા પડશે.'

'સો રૂપિયા? સિલાઈના?'

અત્યંત તિરસ્કારભર્યું હસી ચંદ્રા બોલી: 'વધારે લાગે છે નહિ? વધારે જ લાગે! જેણે સારાં કપડાં પહેર્યાં નથી એને એની સિલાઈ વિષે ખબર ન જ હોય! ખેર, એનો ખ્યાલ તમને આપવો નકામો છે, છતાં દુનિયામાં ઝભ્ભા–ધોતિયાં સિવાય પણ પહેરવાની અનેક ચીજો છે એ કેમ ભૂલી જાઓ છો?'

'ભૂલી નથી ગયો. ધોતિયાં–ઝભ્ભા સિવાયની પણ પહેરી શકાય એવી બધી ચીજોની યાદી છે.'

'તો સારાં લૂગડાં પહેરતા કેમ નથી?'

ખુરસી પરથી ઊઠી સુરેશ બોલ્યો: 'તને ખરાબ લૂગડાં પહેરવાનો વખત ન આવે એટલે.'

ક્રુદ્ધ થઈ ચંદ્રા બોલી: 'મને એવાં કયાં સારાં લૂગડાં પહેરાવી દીધાં એ કહેશો? ખેર, મને એવી જીભાજોડી કરવી ગમતી નથી. કપડાંની વાત નીકળી જ છે ત્યારે ભેગાભેગી એક વાત કહી રાખું છું. પંદર દિવસ પછી મારા મોટાભાઈના પુત્રની વરસગાંઠ છે. તે પ્રસંગે ઝભ્ભો–ધોતિયું પહેરી મને એટલા માણસોમાં શરમાવશો નહિ, કહી દઉં છું.'

'તારે એવી બીક રાખવાની જરૂર નથી, ચંદ્રા, હું ત્યાં આવીશ જ નહિ.'

આશ્ચર્યભાવે ચંદ્રાએ કહ્યું: 'એ તો કહેવાની વાત. અરે, એ ઘરના ઉત્સવમાં વગર નિમંત્રણે પણ ભાગ લેવામાં લોકો ગૌરવ સમજે છે!'

'મૂર્ખ–'

'તમે એટલા બધા નીચા છો કે મોટા માણસોની મોટાઈ તમે જોઈ શકતા નથી અને નથી જોઈ શકતા એટલે ખિજાઈને ગાળો ભાંડો છો. ગરીબને અમારા ઘરના ઉત્સવમાં ભાગ લેવો એટલે શું એ ખ્યાલમાં જ ન આવે. તમે ત્યાં આવો શાના? તમને પોતાને પણ કંઈ શરમ જેવું હશે ને?'

થોડીવાર બન્ને પતિપત્ની ચૂપ રહ્યાં. સુરેશ જે બારી પાસે ઊભો હતો ત્યાંથી આવી ખુરસી પર બેસી ગયો. તે બેઠો કે તરત જ ચંદ્રા જે ખુરસીને પકડીને ઊભી હતી તે બારી પાસે ઊભી બહાર કંઈક જોવા લાગી. એકાએક સુરેશ સામે જોઈ પૂછ્યું: 'મારી તમારી વચ્ચે શું કદી ય મેળ નહિ ખાય?'

સુરેશે ખિન્ન ભાવે કહ્યું: 'એ મારા હાથની વાત નથી.'

'છે, તમારા જ હાથની વાત છે. તમને પહેલી વાર જોઈને જ મારા હૃદયને ખાતરી થઈ ગઈ હતી કે તમે ગમે ત્યાં જશો, લક્ષ્મી તમારી પાછળ આવશે. તમે મોં બગાડો છો પણ એ સિવાય હું તમને બીજી કઈ વાત કરી શકું એમ છું? મારી બધી બહેનોને, બહેનપણીઓને મોટરોમાં, સારાં ઘરેણાં–લૂગડાંમાં અને આબરૂદાર માણસોની વચ્ચે હરતાંફરતાં જોઈ મને શું થાય છે એ હું

તમને કેમ સમજાવું? મેં ધાર્યું હોત તો હું ય એવું જીવન જીવી શકત, છતાં ય તમને પરણીને મારી શક્તિ ઉપરવટ હું નીચે ઊતરી છું. હવે વધુ મારાથી નીચે નહિ ઊતરી શકાય. તસુભાર પણ નહિ. મારે પણ હૃદય છે. મને ય સુખચેનમાં રહેવાની હોંશ હોય. સારું મજાનું ઘર, નોકરચાકર, ગાડી–પણ એ દિવસો કયાં?'

નીચું મોં રાખી સુરેશે કહ્યું: 'પસ્તાવો થાય છે, નહિ?'

'થાય તો ય શું?'

એક ઊંડો નિસાસો નાખી સુરેશ ખુરશી પરથી ઊઠી ગયો.

એક રાત્રે મોડામોડા સુરેશ ઘેર આવ્યો. જોયું તો ચંદ્રા તેને પિયર ગઈ હતી. વૃદ્ધ નોકર ગોપાલને, એ કયારે આવવાનું કહી ગઈ છે એમ પૂછતાં જવાબ મળ્યો કે એને એવી કંઈ ખબર નથી.

'તેં કંઈ ખાધું?'

'કંઈ રાંધ્યું જ નથી.'

'હં'–કહી સુરેશે કોટ કાઢ્યો. થોડીવાર પછી બૂમ પાડી: 'ગોપાલ!' ગોપાલ પાસે આવીને ઊભો રહ્યો ત્યારે થોડા પૈસા આપીને સુરેશે કહ્યું: 'થોડો નાસ્તો કરી આવ અને મને એક ગ્લાસ પાણી પા.'

પાણીનો પ્યાલો આપતાંઆપતાં ગોપાલે કહ્યું: 'પાણીનો ગ્લાસ પીને તમે સૂઈ શકો છો. હું એ વિના રાત ખેંચી કાઢીશ. તમે સૂઈ જાઓ.' કહી ગોપાલ પોતાની જગ્યાએ જઈ, માથે ઓઢી સૂઈ ગયો.

કેટલીવાર સુધી વિચારમાં ને વિચારમાં સુરેશ બેસી રહ્યો. ટાઢના દિવસો હજી શરૂ થતા હતા છતાં ય રાતના બેએક વાગે ઠીક ઠંડી લાગી. સુરેશે આગલી પરસાળમાં આવીને જોયું તો ગોપાલ શરીર સંકોડીને પડ્યો હતો. માથે કોણ જાણે કેટલાં વર્ષનું જૂનું જીર્ણ ગોદડું હતું. સુરેશ ઘરમાં ગયો, એક ગરમ કામળો લાવી, તેને ઓઢાડી પાછો ઘરમાં આવી સૂઈ ગયો.

બીજે દિવસે સવારના નવ વાગે આવી ચંદ્રાએ કહ્યું: 'ખરેખર, ધાર્યા કરતાં બહુ જ મોટા પ્રમાણમાં જન્મોત્સવ ઊજવવાનું નક્કી કર્યું છે. કેટલાં માણસોને આમંત્રણ અપાણાં છે! કેટલો ખર્ચ!'

સુરેશની નજર ચંદ્રાએ પોતાની સાથે લાવેલા એક બંડલ પર પડી. પૂછ્યું: 'આ બંડલમાં શું છે?'

'હા, જુઓ. એ તો કહેવાનું ભૂલી ગઈ. પેલા બસો રૂપિયામાંથી તમારે માટે આ ગરમ કાપડ લાવી છું. ઉત્સવને જેટલા દિવસો બાકી છે એટલા દિવસોમાં કોટ–પાટલૂન સિવાઈ જશે. ઠંડીનો વખત છે અને રાત્રે જાગવું પડે. શરીરને ય સાચવવું જોઈએ ને! અને જુઓ, મારે તો આજ સાંજથી જ ત્યાં રહેવાનું છે. કેટલાં માણસોની વ્યવસ્થા કરવાની છે એ તો તમે ત્યાં આવીને જોશો ત્યારે ખબર પડશે!'

સુરેશ કંઈ બોલ્યો નહિ.

થોડી વાર પછી ચંદ્રા બોલી: 'તો પછી તમારે જમવાનું શું થશે? એમ કરજો ઑફિસથી છૂટી તમે આ થોડા દિવસ ત્યાં આવી જમી જજો. નોકરને હું સાથે લેતી જઉં છું.'

'નોકરની ત્યાં ખોટ નથી.'

'ખોટ નથી એ તો હું ય જાણું છું. અને ખોટ હોય તો ય આ તમારો ઘરડો ગોપાલ ત્યાં કંઈ ખપમાં આવે એમ પણ નથી. તેને કંઈ ખાવુંપીવું તો પડે છે ને?'

સુરેશ કંઈ બોલ્યો નહિ એટલે ચંદ્રાએ કહ્યું: 'તો એમ જ નક્કી.'

'ના. મારાથી નહિ અવાય. ગોપાલને લઈ જજે.'

'હું પૂછું છું કે આમ અતડા રહેવાથી ફાયદો શું?'

'મેં એનો વિચાર નથી કર્યો.'

'તમને કઈ બાબતનો વિચાર છે? ઠીક, તમારે ફાયદો ન જોઈએ તો રહ્યું, બીજાની આડે શા માટે પડો છો?'

'ફાયદો ઉઠાવવાની બીજાંને મેં મનાઈ નથી કરી,' કહી સુરેશ બહાર જવા ઊઠ્યો. ચંદ્રા મોં ચડાવી રસોઈ કરવા રસોડામાં પેઠી.

તે રાત્રે જ્યારે સુરેશ ઘેર આવ્યો ત્યારે ઘરડા નોકર ગોપાલને ઘરમાં જોઈ, નવાઈ પામી પૂછ્યું: 'કેમ ગોપાલ, તું ગયો નથી?'

'ગયો હતો, પણ પાછો આવતો રહ્યો.'

'કેમ?'

નોકરે કંઈ જવાબ આપ્યો નહિ. સુરેશ પણ કંઈ આગળ બોલ્યો નહિ. ગોપાલ પણ નિરર્થક આમથી તેમ આંટા મારતો રહ્યો. થોડીવાર પછી સુરેશે ગોપાલને કહ્યું: 'ગોપાલ, તારા કુટુંબમાં કોણ કોણ છે?'

ગોપાલ ખુશ થઈ બોલ્યો: 'ત્રણ છોકરા જુવાન છે. મોટા છોકરાને ઘેર એક દીકરો છે. ત્રણે ય ખેતી કરે છે અને સાથે રહે છે.'

'તેઓ તને ત્યાં આવવાનો આગ્રહ કરે છે કે નહિ?'

'ખૂબ કરે છે ભાઈ, પણ અહીંથી તમને છોડીને જવાનું મન થતું નથી.'

થોડીવાર સુધી સુરેશ વિચારતો રહ્યો. પછી કહ્યું: 'હવે તારે ત્યાં જઈ શાંતિથી રહેવું જોઈએ ગોપાલ. નોકરી બહુ કરી. હવે થોડો વખત પોતાના કુટુંબમાં જઈ આરામ કરવો જોઈએ. જો, ગોપાલ આજે કંઈ આનાકાની કરવાની નથી. તારે હવે ત્યાં જવું જ જોઈએ.'

ગોપાલ આશ્ચર્યથી સામે જોઈ રહ્યો.

ખિસ્સામાંથી પૈસા કાઢી તેની સામે મૂકતાં કહ્યું: 'આટલું લઈ જા. અને જો, આ પણ સાથે લઈ જા. શિયાળાનો વખત છે. છોકરાંઓને ઓઢવા કામ લાગશે. કાલ વહેલી સવારની ગાડી ચૂકતો નહિ.' કહી ચંદ્રાએ આપેલા ગરમ કાપડનું બંડલ ગોપાલને આપી દીધું.

ગોપાલની આંખ ભીની થઈ ગઈ.

*

ચંદ્રાના મોટાભાઈના પુત્રના જન્મોત્સવને દિવસે ચંદ્રાનો સંદેશો સુરેશ પર આવ્યો કે જો એ નહિ આવે તો પોતાને ખૂબ ખૂબ માઠું લાગશે. ઘણો વિચાર કર્યા પછી સુરેશ પોતાના સસરાને ઘેર જવા નીકળ્યો. ત્યાં પહોંચીને જોયું તો ખરેખર, બહુ મોટા પ્રમાણમાં ધામધૂમ હતી. ચંદ્રાએ જે જાતનું વર્ણન આપ્યું હતું તેવો જ ભવ્ય સમારંભ ગોઠવાયો હતો. સગાંવહાલાં, મિત્રો, ઓળખીતા-ન ઓળખીતા વગેરેનો મોટો સમુદાય ભેગો થયો હતો. રાત્રે નાચગાન જેવું પણ રાખવામાં આવ્યું હતું. ચંદ્રાની બીજી ત્રણ બહેનો, તેમના પતિઓ બધાં જ ઉલ્લાસમાં હતાં. વાતાવરણમાં એક પ્રકારની માદકતા પ્રસરી હતી.

રાત પડી એટલે એક મોટા દીવાનખાનામાં બધાં યથાસ્થાને બેસી ગયાં. ચંદ્રાના પિતાની રાહ જોવાતી હતી. સુરેશ ઊઠવાનું કરતો હતો પણ જઈ ન શક્યો.

ચંદ્રાના પિતાએ આવી ચારે તરફ જોયું. બધાં શાંત થઈ ગયાં. છેલ્લામાં છેલ્લી ફેશનમાં સજ્જ થયેલાં સ્ત્રી-પુરુષોમાં સુરેશ ચંદ્રાના પિતાને આંખના કણાની જેમ ખટક્યો. એક તીવ્ર નજર તેના તરફ ફેંકી, પોતાના બીજા જમાઈઓ સાથે વાતે વળગ્યા. મોટી છોકરી સુરૂપાના પતિને કહ્યું: 'કેમ, વેપાર-પાણી સારાં ચાલે છે ને?'

અત્યંત નમ્રતાથી એણે જવાબ આપ્યો: 'જી આપની કૃપા છે.'

બીજાએ કહ્યું: 'એમાં ખોટું શું?'

ત્રીજાએ કહ્યું: 'આપ તો ઉદ્યોગના રાજા છો.'

ચંદ્રાના પિતા આત્મગૌરવથી પ્રસન્ન

થઈ ગયા. સુરેશની સામે નજર મિલાવવા તેમણે એક પ્રયત્ન કરી જોયો, પણ સુરેશનું ધ્યાન તેઓ ખેંચી શકયા નહિ. અત્યંત તિરસ્કારભરી એ દૃષ્ટિ તેણે નીચે ઢાળી દીધી.

બધું પૂરું થયા પછી બધાંનો આભાર માનતા પોતે બોલ્યા: ‘પ્રસંગ છે એટલે એક બીજું કામ પણ પતાવી લઉં. આશા છે કે તમે બધાં ખુશી થશો. મારી સૌથી નાની પુત્રી ચંદ્રાને કોઈ બાબતમાં મૂંઝાવું ન પડે અને સમાજમાં મારી પુત્રીને લાયક જિંદગી ગાળી શકે એ માટે મારા સૌથી નાના જમાઈને રૂ. પચાસ હજારનો એક ચેક આપું છું.’

મોટા જમાઈએ એ ચેક સુરેશની સામે ધર્યો. બધાં વાહવાહ પોકારી ઊઠ્યાં. સ્ત્રી વર્ગમાંથી એક આનંદની દબાયેલી ચીસ પણ સંભળાઈ. થોડાકનાં મોં વીલાં પણ થઈ ગયાં અને આવો ભાગ્યશાળી કોણ છે એ જોવા બધાંની નજર સુરેશ તરફ વળી.

અશાંતિનું એક ભયંકર મોજું સુરેશના મોં પર ફરી વળ્યું, પણ ક્ષણભરમાં એણે પોતાની જાતને સંભાળી લીધી. તેણે ચારે તરફ બધાંની સામે જોયું, પછી સ્ત્રીવર્ગ તરફ જોયું—હાસ્યથી ઉજજવળ બનેલા ચંદ્રાના મોંની સામે પળભર જોયું, પછી ચેકની સામે જોયું. સુરેશ શું કરવા ધારે છે એની કોઈને ખબર ન પડી એટલે બધાં ઊંચા શ્વાસે સુરેશની ક્રિયાઓ જોઈ રહ્યાં. સુરેશે પછી બહુ જ શાંતિથી ચેક લઈ લીધો, તેની ગડી વાળી પોતાના ગજવામાં મૂકી દીધો. પછી ચૂપચાપ તે પોતાની જગ્યાએ બેસી ગયો. એનો સ્વભાવ ઓળખનાર માણસો ધારતાં હતાં કે આવું ભયંકર અપમાન સુરેશ નહિ સાંખે. ચેક ફાડી નાખશે—બાળી નાખશે—ગમે તે કરશે પણ ગડી વાળી ખિસ્સામાં તો નહિ જ મૂકે. પણ એવું કંઈ ન બન્યું એથી એ લોકો અવાચક બની એકબીજા સામે અર્થસૂચક દૃષ્ટિથી જોઈ રહ્યાં.

મોડી રાતે બધાં વિખેરાયાં પછી ચંદ્ર સુરેશ પાસે આવી. એણે કહ્યું: ‘મેં તમ ઓળખ્યા નહિ, મને માફ કરો.’

સુરેશે ઊંડઊંડેથી જવાબ આપ્યો: ‘હું મને તેં ઓળખ્યો?’

‘પૂરેપૂરા. મને તો એમ જ હતું કે તમે તે કંઈનું કંઈ કરી મૂકશો. પણ તમારી બુદ્ધિ કંઈ સ્થિર થઈ છે અને સ્થિર કેમ ન થાય સામે પચાસ હજાર જેટલી રકમ! પૈસાન મોહ કોને ન હોય? મને તો અત્યાર સુધી નવાઈ લાગતી હતી કે તમે કંઈક અમારાથ જુદા છો પણ હવે લાગે છે કે એવું કંઈ જ નથી, અમારામાંના જ એક છો. કંઈ જ તફાવત નહિ—તલભાર પણ નહિ.’

‘તું ખુશી છો?’

‘ખૂબ જ. અને જુઓ, બરાબર તકે દારી રાખજો.’

ગઈ રાતના જાગરણને લઈને ચંદ્રા ખ મોડી ઊઠી. ઊઠતાંવેંત નોકરે તેના હાથમ એક કવર મૂકયું. ઉઘાડીને જોયું તો એ કાગળ અને ગઈ કાલનો ચેક એમાંથી નીકળ્યાં. કાગળમાં લખ્યું હતું:

‘ચેક બરાબર સંભાળી લેજે. આટલું કદાચ મારી જિંદગીભરની નોકરીમાં હું કમાઈ શકત. પણ એ કમાતાં મારે ઘણ ભારે કિંમત આપવી પડી છે. પૈસાની દૃષ્ટિએ આની મારે મન કંઈ કિંમત નથી, ત ખૂબ છે. એની કેટલી ભારે કિંમત મેં ચૂકવ છે એ ન સમજાય તો કંઈ નહિ પણ તે રાત્રે મેં ચેક શા માટે સ્વીકારી લીધો એ તો હવે તને સમજાશે જ. તું સુખી થા એવ આશિષ.’

પત્ર વાંચી ચંદ્રા જડ જેવી થઈ ગઈ આંખના પલકારા બંધ થઈ ગયા અને હો કંઈ બોલવા માગતી હોય પણ એક શબ્દ ન નીકળતો હોય તેમ ધ્રૂજવા લાગ્યા. બધ

ભેગાં થઈ ગયાં. બધાંને વાતની જાણ થતાં વાર ન લાગી. વાત સાંભળી ચંદ્રાના પિતા બેબાકળા ચંદ્રા પાસે આવી, બહુ જ નાજુકાઈથી તેને પકડી અંદરના ઓરડામાં લઈ ગયા.

સુરેશને ઘેર તપાસ કરવા મોકલેલા નોકરે આવી જવાબ આપ્યો કે તે ઘેર સુરેશચંદ્ર ગયા જ નથી. વસ્તુઓ બધી જેમની તેમ પડી છે. જમીન પર પગલાંની છાપ પણ નથી.

ચંદ્રાના બાપે સુરેશની તપાસ કરવાની હિલચાલ શરૂ કરી કે તરત જ ચંદ્રાએ કહ્યું: 'રહેવા દો બાપુ, હવે એ કદાપિ નહિ આવે.'

આમ એકાદ મહિનો વીતી ગયો. ઠંડી હવે સખત પડતી હતી. એક રાત્રે ચંદ્રાએ પોતાના પિતાના ઓરડામાં પગ મૂકયો. જોયું તો તેના પિતા વિચારમગ્ન દશામાં નીચું જોઈ બેઠા હતા. આવી દશામાં ચંદ્રાએ પોતાના પિતાને કદી ય જોયા નહોતા. ચંદ્રા પાસે આવી ઊભી રહી, બહુ જ ધીમેથી બોલી: 'બાપુ–'

ફરીવાર સાદ પાડ્યો: 'બાપુ!'

એકાએક જાગતા હોય તેમ તેના બાપે કહ્યું: 'કોણ?'

'એ તો હું છું બાપુ, ચંદ્રા.'

'કંઈ કામ છે બેટા–?'

'હા, બાપુ.' કહી ચંદ્રાએ પેલો ચેક તેની સામે ધરી દીધો. પછી ચૂપચાપ ઊભી રહી. થોડીવારે એ ચેકના થોડા અક્ષરો શાહીના સ્વરૂપમાં ફેરવાઈ ગયા. ચંદ્રાએ પોતાના બાપની આંખો પર હાથ ફેરવ્યો. 'બાપુ, તમે રુઓ છો?'

ગળગળા અવાજે એણે કહ્યું: 'આનું કારણ હું જ છું, બેટા, હું જ છું. મેં જાણી જોઈને તને આ ન પુરાય તેવા નુકસાનમાં ઉતારી છે, બેટા, મેં જ...'

ચંદ્રાએ નીચે જોઈ બહુ જ નમ્રતાથી કહ્યું: 'ના બાપુ, એનું કારણ તમે નથી. એનું કારણ અભાગણીનું ફૂટેલું નસીબ છે. બાપુ, તમે એક દિવસે મને કહ્યું હતું ને કે સાચો હીરો જિંદગીમાં કોઈ જ વાર હાથ લાગે છે અને તેને ખોઈ નાખ્યા સિવાય તેની કિંમત સમજાતી જ નથી. મને એવો હીરો સાંપડ્યો અને એને ખોઈને હું તેની કિંમત જાણી શકી છું. આજે મને દુનિયાભરની કોઈ ચીજની કંઈ કિંમત નથી. બાપુ, એનું સમસ્ત માન, મર્યાદા મારા ચરણે મૂકી મને એ ખબર પડે તે પહેલાં જ એ ચાલ્યા ગયા. એનું કારણ તમે નથી, કોઈ નથી. મારું ફૂટેલું નસીબ છે.'

બાપ–દીકરી ઘણા વખત સુધી આંખોમાંથી પાણી પાડતાં રહ્યાં.

છેલ્લા બનાવો પછી ચંદ્રાના પિતામાં બહુ જબ્બર પરિવર્તન થઈ ગયું. તે રાતનો જે બનાવ બન્યો એવું બને કે નહિ એની એને કલ્પના પણ નહોતી. અને ન હોય એ સ્વાભાવિક છે. જેણે જિંદગીભર પોતાની આજુબાજુ મૂઠી પૈસા માટે નિર્લજ મોં કરી ફરતાં માણસો જોયાં હોય આવી એને કલ્પના કયાંથી આવે? તેને મનમાં ને મનમાં એક જ પ્રશ્ન થતો: 'પૈસાની કિંમત શું?'

પોતાનો સ્વભાવ અભિમાની અને ઉદ્ધત હતો એનું કારણ માત્ર પૈસા હતું. આજે એની કંઈ કિંમત ન રહેતાં તેના સ્વભાવમાં પણ મોટો ફેરફાર થઈ ગયો.

જે વસ્તુની કંઈ કિંમત નથી એને ગળે વળગાડીને આજ સુધી તેનો બોજો ઉપાડી ફર્યો, પણ એ બોજો હવે અસહ્ય થઈ પડ્યો. એટલે જ જયારે એક દિવસે ચંદ્રાએ યાત્રાએ જવાની પોતાની ઇચ્છા દર્શાવી ત્યારે તેણે ગદ્‌ગદ અવાજે કહ્યું: 'મને પણ સાથે લઈ જા બેટા!

* * *

ભારતનું શ્રેષ્ઠ ફળ

આંબળાં

લેખક :

વૈદ્ય જયકૃષ્ણ હરિલાલ ભટ્ટ

'ભિષગ્વર'

સામાન્યતઃ શિયાળાની ઋતુમાં આપણે શ્રીમંત અને મધ્યમ વર્ગ શક્તિ પ્રમાણે નવજીવન પામવા માટે મોંઘાં વસાણાં નાખી–બનાવી શિયાળુપાક લે છે. કુદરતે આપણે માટે જે અનેક પૌષ્ટિક ફળો આપ્યાં છે તેમાંના એક ઉત્તમ ફળ–આંબળાંને આ ઋતુમાં કોઈ રીતે વિસારે પાડી શકાય તેમ નથી. આ ઋતુમાં એ વધારે પાકે છે. એ વપરાય છે ત્રિફળા, રસાયનચૂર્ણ, વાળ વધારવા તથા સામાન્ય શક્તિ માટે. આંબળાંનો મુરબ્બો, જીવન, આમલકી રસાયન તથા આમલકી સ્વરસ આપણને આ ઋતુમાં પૌષ્ટિક બની રહે છે. એને ઔષધિરૂપે વાપરવાની સરળ બનાવટની પણ લેખકે અહીં માહિતી આપી છે. જીર્ણત્વને આરે પહોંચેલા ને ન પહોંચવા ઇચ્છતા પ્રત્યેક કુટુંબે આ લેખ વાંચી એનો ઉપયોગ કરવો જોઈએ. લેખક અનુભવી વૈદ્યરાજ છે.

આંબળાં એ આપણા હિંદુસ્તાનનું શ્રેષ્ઠ ફળ છે. એના ગુણ એટલા બધા છે કે વર્ણન કરવા બેસીએ તો પાર આવે એમ નથી. આપણાં ભાઈઓ અને બહેનો જો આંબળાંનું યુક્તિપૂર્વક સેવન કરે તો કુટુંબમાં ઘણા રોગ જે ઘર કરી બેસે છે અને જેને લીધે ખર્ચામાં ઊતરવું પડે છે એમાંથી મુક્ત થઈ શકાય.

આંબળાનું ઝાડ ભારતખંડમાં ઘણે ઠેકાણે થાય છે. ડુંગરી જમીનમાં તળેટીમાં પણ આંબળાનાં વૃક્ષ થાય છે. ઝાડનું કદ દાડમડી કે જમરૂખી જેવડું થાય છે અને એનાથી સહેજ મોટું પણ થાય છે. તેનાં પાંદડાં ખીજડાના ઝાડ જેવાં થાય છે અને બહુ લીલાશવાળાં હોય છે. દૂરથી જોતાં વૃક્ષ એકદમ લીલું દેખાય છે. પ્રથમ ઝીણા રાઈના દાણા જેવડાં પીળાં ફૂલ આવે છે અને ફૂલ બેસી ગયા પછી બેત્રણ મહિના પછી આંબળાં થવા માંડે છે. આંબળાંનાં ઝૂમખાં થયા બાદ ભાદરવા–આસો માસથી આંબળાંનાં ફળ થવા માંડે છે અને તે લગભગ પોષ–માહ સુધી આંબળાં મળ્યા કરે છે. ગુજરાતમાં નડિયાદ તરફ સારાં મોટાં આંબળાં થાય છે. નડિયાદ કરતાં પણ કાશી–હરદ્વાર તરફ ખૂબ મોટાં આંબળાં થાય છે, આંબળું જેમ મોટું અને દળદાર તેમ વધારે ગુણકારી. આંબળું પાકે ત્યારે આછા ગુલાબી પીળા રંગનું થાય છે. સૂકા આંબળા કરતાં લીલાં આંબળાનું સેવન વધારે ગુણકારી થાય છે. આંબળાને ભાંગીએ ત્યારે તેના ઠળિયાના ત્રણ ભાગ થાય છે અને આંબળાં ઉપર બારીક રેસા દેખાય છે. ઉત્તરમાં હરદ્વાર–કાશી તરફ એકએક આંબળું ત્રણથી ચાર તોલા સુધીના વજનનું થાય છે. આંબળાં હરીતક્યાદિવર્ગમાં આવે છે અને તેનાં નામ ગુજરાતીમાં આંબળાં, મરાઠીમાં આંવળે, સંસ્કૃતમાં-ધાત્રીફળ, અને હિંદીમાં આંવરા છે. ભાવપ્રકાશમાં કહ્યું છે કે:

'આંબળાંનું ફળ હરડેના ફળ જેવું જ છે; પણ તેમાં વિશેષ ગુણ એ છે કે આંબળું રક્તપિત્ત તથા પ્રમેહને મટાડનાર છે, વીર્યને અત્યંત વધારનાર છે અને રસાયન છે. આંબળું ખાટું હોવાને લીધે વાયુને હણે છે, મધુર અને ટાઢું હોવાને લીધે પિત્તને હણે છે અને રુક્ષ તથા તૂરું હોવાને લીધે કફને હણે છે, આવી રીતે આંબળું ત્રણે દોષોને જીતનાર છે.'

દરેક સંસ્કૃત વૈદક ગ્રંથકાર ખાતરીથી એમ માને છે કે સામાન્ય રીતે દરેક ખાટા

પદાર્થ વડે પિત્તની વૃદ્ધિ થાય છે; આમ છતાં આંબળું ખાટું હોવા છતાંયે તેનાથી પિત્તની વૃદ્ધિ થતી નથી, બલકે પિત્તની શાંતિ થાય છે. આંબળાંનો આ એક વિશિષ્ટ ગુણ છે.

આપણા દેશી વૈદો ઉપરાંત મુસલમાન હકીમોએ પણ તેની ઉપયોગિતા સ્વીકારી છે તથા પશ્ચિમના તથા અહીંના ઘણા વિદ્વાન ડોકટરોએ પણ તેની ઉપયોગિતા સ્વીકારી છે. બ્રિટિશ ફાર્માકોપિયા ઈન્ડીકામાં આંબળાંને સન ૧૮૯૪થી સ્થાન આપવામાં આવ્યું છે અને તેની ઉપયોગિતા પણ સ્વીકારી છે.

ભાવપ્રકાશે કહેલાં આંબળાંના ગુણધર્મ ઉપરાંત તેના વધારાના ગુણમાં તે શીતકર, અમ્લપૌષ્ટિક, નેત્ર્ય અને કેશ્ય છે તથા પ્રમેહ, જ્વર, ઊલટી, તરસ, રક્તવિકાર, અરુચિ અને અજીર્ણ ઉપર ફાયદો કરે છે. તે ખૂબ પૌષ્ટિક છે અને રસાયન છે. લીલાં આંબળાં કરતાં સૂકાં આંબળાં સહેજ સ્તંભક છે.

ત્રિફળા: હરડે, બહેડાં અને આંબળાં આ ત્રણે ફળો સરખે ભાગે લઈ, એકાદ બે દિવસ તડકામાં સૂકવી તેને બારીક ખાંડી વસ્ત્રગાળ ચૂર્ણ કરવાને ત્રિફળા કહે છે. ત્રિફળા બનાવવામાં લીલાં આંબળાં લેવાતાં નથી, સૂકાં આંબળાં જ લેવાં. આ ત્રિફળા ચૂર્ણ કફ તથા પિત્તને મટાડે છે. પ્રમેહ અને કોઢને મટાડે છે. રાતે સૂતી વખતે સાકર સાથે લેવાથી કબજિયાતને મટાડે છે. અગ્નિને પ્રદીપ્ત કરે છે, રુચિ ઉપજાવે છે. ત્રિફળાના ચૂર્ણને રાતે એક ત્રાંબાના કળશિયામાં પાણીમાં પલાળી રાખવું. સવારમાં કપડાથી તે પાણી ગાળી આંખમાં છાંટવાથી આંખનું તેજ વધે છે. એ જ પાણીના સવારમાં કોગળા કરવાથી મોઢું આવી ગયું હોય તો ફાયદો થાય છે.

રસાયન ચૂર્ણ: ગળો, ગોખરુ અને સૂકાં આંબળાં સમભાગે લઈ, ખાંડી તેના વસ્ત્રગાળ ચૂર્ણ કરવાને રસાયન ચૂર્ણ કહે છે. વૈદકમાં રસાયન ચૂર્ણના ખૂબ ગુણો કહ્યા છે. અશક્તિમાં ખાસ કરીને ફાયદો આપે છે. હસ્તદોષથી થયેલી નબળાઈને રસાયન ચૂર્ણ દૂર કરે છે. શરીરમાં નવું ચેતન લાવે છે. સવારમાં જો રસાયન ચૂર્ણ ઘી-મધની સાથે પોતાની પાચનશક્તિ પ્રમાણે દૂધ સાથે લેવામાં આવે તો ઘણી શક્તિ પ્રાપ્ત થાય છે. ઘી-મધનું પ્રમાણ સમભાગે ન હોવું જોઈએ. લાંબો વખત સેવન કરવાથી વાળ કાળા થાય છે. સ્ત્રીના શ્વેતપ્રદરમાં રસાયન ચૂર્ણ સાકર સાથે આપવાથી જરૂર ફાયદો થાય છે. પ્રમેહમાં પણ સાકર સાથે લેવાથી ફાયદો થાય છે. પેશાબમાં ગરમી રહેતી હોય અને તે થોડો થોડો આવતો હોય તો સોડાબાયકાર્બ સાથે રસાયન ચૂર્ણ આપવાથી ફાયદો થાય છે.

વાળ વધારવા માટે: જેને માથે વાળ ઓછા થઈ ગયા હોય તે જો આંબળાંના ચૂર્ણને દૂધમાં કાલવી, જાડી થેપલી જેવું કરી રાતે સૂતી વખતે માથે તાળવે બાંધી રાખે તો વાળ વધે છે. મગજમાં ગરમી રહેતી હોય તો ગરમી મટે છે અને જેની નસકોરી વારેઘડીએ ફૂટતી હોય તે પણ મટે છે.

જે માણસ શામળો હોય, મોઢું દેખાવડું ન હોય તે જો આંબળાંના ચૂર્ણને હળદરના ભૂકા સાથે મેળવી, દૂધમાં કાલવી નાહતી વખતે મોઢે ઘસીને નહાય તો લાંબા વખત પછી માણસ દેખાવડો થાય છે. આ અનુભવસિદ્ધ પ્રયોગ છે. ગરમ પાણીમાં આંબળાંનો ભૂકો નાંખવો અને પાણીને ઉકાળવું. આ પાણીથી જો રોજ નાહવામાં આવે તો ચામડી મુલાયમ થાય છે. વાળ સુંદર અને ચકચકતા થાય છે.

કોઈ સ્ત્રીને ખૂબ શ્વેતપ્રદર હોય તો ચૂનાની આશમાં આંબળાનું ચૂર્ણ પલાળી જો ડૂશ લેવામાં આવે અથવા દિવસમાં ૪-૫

વખત પ્રક્ષાલન કરવામાં આવે તો પ્રદર ઘણા જ ટૂંકા સમયમાં મટે છે. કોઈ માણસ દાઝી ગયો હોય તો ત્રિફળાને લોયામાં શેકી નાંખવું અને પછી કોપરેલ તેલમાં તેને કાલવી મલમ જેવું બનાવી દાઝયા ભાગ ઉપર ચોપડવાથી જલદી રૂઝ આવે છે. ખસ ઉપર ચોપડવાથી પણ ફાયદો થાય છે.

શક્તિ માટે: આંબળાંના ચૂર્ણને તથા કાળા તલને સમભાગે એકત્ર કરી તેનું બારીક ચૂર્ણ કરવું અને પછી ઘી–મધમાં ચાટવું અને ઉપર દૂધ પીવું. આનું સેવન કરવાથી વૃદ્ધત્વ અવશ્ય દૂર થાય છે.

આંબળાંનો મુરબ્બો: લીલાં આંબળાં ૫ શેર (રતલ) મોટાં લાવી તેને દાતણની અણી કાઢી ટોચી નાખવાં અને પછી તેને દસ શેર પાણીમાં બાફી નાખવાં. જેમ આપણે બટાટા બફાઈ ગયા છે કે નહિ તે તપાસીએ છીએ તેમ આંબળાંને તપાસી જોવાં. બફાઈ ગયાં લાગે એટલે ઉતારી લેવાં અને એક ટોપ ઉપર ધાબળી કે ધોયેલું સ્વચ્છ ગૂણપાટ બાંધી તેના ઉપર આંબળાં પાથરી દેવાં. આમ કરવાથી આંબળાંમાં રહેલું પાણી ચુસાઈ જશે. પછી આંબળાંથી બમણી સાકર લઇ તેની ચાસણી કરવી. જયારે ચાસણી ચોતારી થાય ત્યારે અંગૂઠો અને પહેલી આંગળીથી ચાસણી જોઈ લેવી અને ચાર વખત તાર જેવું બંધાય ત્યારે સમજવું કે ચાસણી થઈ ગઈ. પછી ચાસણી ઉતારી લેવી અને પછી પેલાં નીતરી રહેલાં આંબળાં ચાસણીમાં ખુડાડી દેવાં અને બિલોરી કાચની બરણીમાં ભરી લેવાં. પછી તેમાં જો નાંખવાં હોય તો કેસર, એલચી, લવિંગ, તજ વગેરે સ્વાદ માટે નાંખવાં. આ પ્રમાણે મહિનો દોઢ મહિનો આંબળાં ચાસણીમાં ખુડાડી રાખ્યા પછી ખાવા જેવાં થાય છે. આ આંબળાંનો મુરબ્બો પિત્તશામક, ઠંડો, પ્રમેહ ઉપર, અતિસારમાં ખોટી ગરમી રહેતી હોય તે ઉપર તથા સ્મૃતિ માટે ઘણો જ ઉપયોગી છે. આ મુરબ્બો લાંબો વખત રહેતાં પણ બગડતો નથી. ફક્ત ચાસણી બરાબર કરવી જોઈએ. જો ચાસણી કાચી રહી ગઈ હોય તો ફૂગ થાય છે. પણં પાછી ચાસણી સુધારી શકાય છે. બજારમાં મુરબ્બો ખૂબ મોંઘો મળે છે પણ ઘરમાં બનાવીને રાખવાથી ખૂબ સસ્તો પડે છે.

આંબળાંનું તેલ: આપણે ત્યાં તો ઘણાં કુટુંબોમાં ઘેર તેલ પાડવાનો રિવાજ હોય હોય છે. આંબળાંનું તેલ માથા માટે ખૂબ જ ગુણકારી છે. મગજને ઠંડક આપે છે, વાળ વધારે છે. જો દસ શેર આંબળાંનું તેલ બનાવવું હોય તો નીચે પ્રમાણે વસ્તુઓ લેવી:

એક રતલ લીલાં આંબળાં (લીલાં ન મળે તો ૦॥ રતલ સૂકાં આંબળાં પણ ચાલે), ૫ તોલા સુગંધી વાળો, ૫ તોલા જટામાંશી, ૫ તોલા કપૂરકાચલી, ૫ તોલા સુખડનાં છોડીઆં અને ૨॥ તોલા મેંદી: આટલાં વાનાં લઈ થોડા પાણીમાં બે દિવસ પલાળી રાખવાં. બરાબર પલળી રહે પછી બધો મસાલો આંબળાંની સાથે તેલમાં નાખી દેવો અને ધીમે તાપે તેલને ઉકાળવું. પાણી બળી ગયા પછી તેલને ઉતારી લઈ જાડા કપડાથી ગાળી લેવું અને ઉપયોગમાં લેવું. આની સાથે બ્રાહ્મી તથા કડવો લીમડો પણ નખાય છે અને તે નાખવાથી વધારે ગુણકારી તેલ થાય છે એમાં શંકા નથી.

જીવન: આંબળાંનું જીવન ઘણું જ પૌષ્ટિક છે, તે લોહી વધારે છે અને શક્તિ આપે છે. વિદ્યાર્થીઓ, વકીલો વગેરે જે માણસો ખૂબ મગજનો બોજ વહેતા હોય તેને દૂધ સાથે લેવાથી જીવન ઘણો ફાયદો આપે છે.

નીચે પ્રમાણેની પદ્ધતિથી એ બનાવી શકાય છે: પ્રથમ ૨ શેર પાકાં આંબળાંને

લઈ બટાટાની જેમ બાફી નાખવાં. આંબળાં બફાઈ જાય એટલે એક ટોપને (કલાઈવાળા) મોઢે ધાબળી કે ગૂણપાટ બાંધી જેમ આપણે શિખંડ છણીએ એમ છણી નાખવાં. એટલે કૂચા ઉપર રહેશે અને આંબળાંનો માવો નીચે ટોપમાં રહેશે. પછી આંબળાંનો માવો એકઠો કરી શિખંડ જેમ બાંધીએ છીએ તેવી રીતે માવો ત્રણચાર કલાક બાંધી રાખવો; એટલે તેમાંથી પાણી નીકળી જશે. (નીકળેલું પાણી બહુ જ ઉપયોગી છે એટલે નાખી ન દેવું.) પછી એક બીજા કલાઈવાળા ટોપમાં ત્રણચાર તોલા ઘી મૂકી માવાને શેકી નાંખવો. માવો આછો ગુલાબી અને સહેજ રાતો થાય એટલે સમજવું કે માવો શેકાઈ ગયો. પછી એમાં જ ૪ શેર સાકર નાખી દેવી અને ધીમાધીમા તાપ ઉપર હલાવ્યા કરવું. એકાદ કલાક હલાવ્યા પછી સગડી ઉપરથી ટોપ ઉતારી લેવો. ખાસ ધ્યાન રાખવાનું છે કે બહુ તાપ ન આપવો અને હલાવ્યા કરવું; નહિ તો ટોપમાં નીચે દાઝી જશે. અને જો વધારે તાપ હશે તો તણાઈ જવાનો ભય છે; માટે સાવચેતીથી ધીમેધીમે કરવું. બીજું એક ધ્યાન રાખવાનું છે કે કલાઈવાળો ટોપ તથા તવેતો પણ કલાઈવાળો જ જોઈએ અથવા લાકડાનો તવેતો પણ ચાલે લોઢાનો તવેથો હશે તો જીવન કાળું થઈ જશે. આંબળાંને લોઢું અડાડાય જ નહિ એ ધ્યાન રાખવાનું છે. ત્યાર પછી એમાં તજ–તમાલપત્ર, એલચી, નાગકેસર, બરાસ, સૂંઠ, મરી, પીપર, દરેક બબ્બે તોલા અને કેસર, સોનું, રૂપું વગેરે આપણને પોષાય અને માફક આવે એવાં ઔષધો બબ્બે વાલ નાખવાં. આ જીવનને રોજ સવારે અને રાતે દૂધ સાથે એકએક ચમચી લેવું. આ પ્રમાણે લેવાથી શરીરમાં કૌવત આવશે, લોહી વધશે, ગરમી મટશે અને બીજા ઘણા ફાયદા થશે. સ્ત્રીઓ તથા બાળકો પણ લઈ શકે છે. કાંઈ નુકસાન નથી અને કોઈ પણ આ બનાવી શકે છે. આંબળાંના માવાને ખાંડની ચાસણી કરી તેમાં બનાવી લેવું અને ઓસડિયાં નાખવાં એ પણ એક રીત છે..

આમલકી રસાયન: સૂકાં આંબળાંને ખાંડી બારીક વસ્ત્રગાળ ચૂર્ણ કરી જીવન બનાવતાં જે આંબળાંનું પાણી વધ્યું હોય એની ભાવના આપી ખરલમાં લઢવું. જેટલી વધારે ભાવના અપાય એટલું વધારે સારું. તે સુકાઈ ગયા પછી તે ચૂર્ણ ૩ માસાથી ૬ માસા સુધી સાકરવાળા દૂધમાં લેવાથી કૌવત આવે છે. વીર્યવૃદ્ધ થાય છે, લોહી વધે છે. વૃંદમાં સો ભાવના આપવાનું લખ્યું છે. પણ સો ભાવના ન અપાય અને થોડી અપાય તોપણ કંઈ ખોટું નથી.

આમલકી સ્વરસ: આંબળાંના સ્વરસની અંદર હળદર મેળવી મધમાં આપવાથી સર્વ જાતના પ્રમેહ દૂર થાય છે.

મીઠી પેશાબના દરદ ઉપર: હરડે, બહેડાં, આંબળાં, કડવા લીમડાની અંતરછાલ, મામેજવો અને જાંબુના ઠળીઆનું ચૂર્ણ સમભાગે લઈ સવારસાંજ પડીકાં લેવામાં આવે તો ફાયદો થાય છે.

આંબળાંમાં પ્રજીવક क મુખ્ય છે. ઔષધ તરીકે તો આંબળાંનો ઉપયોગ થાય છે પણ ચામડાં રંગવા તથા બીજા પાકા રંગો બનાવવામાં પણ આંબળાંનો ઉપયોગ થાય છે.

આંબળાં, હરડે, અને સલ્ફેટ ઑફ આયર્ન મેળવી કાળો રંગ અને શાહી બને છે.

વાળ કાળા કરવાનો કલપમાં પણ આંબળાં અને લોઢાનો કાટોડો મુખ્યત્વે કરી આવે છે.

આપણે ત્યાં લગભગ વિનામૂલ્યે મળતાં આ આંબળાંના કેટલા બધા વિવિધ ઉપયોગ છે! આપણે હંમેશ યાદ રાખીએ કે આંબળાનું રાસાયણિક સેવન નવજીવન બક્ષે છે.

✲

શ્રી એકનાથ

લેખક :

શ્રી ન. ર. ફાટક

ગમે તે સ્થળના હોય, ગમે તે સમયના હોય, ગમે તે જાતિના હોય, પરંતુ સંતપુરુષોનું જીવનચરિત્ર, અને એમણે પ્રબોધેલો ઉપદેશ હરહંમેશ એટલા જ તાદાત્મ્યવાળાં ને પ્રેરક રહેવાનાં. એમના જીવનની આસપાસ ગુંથાયેલા અદ્ભુત લાગતા ચમત્કારો બાદ કરી નાખીએ, તો એમના જીવનનું કાર્ય એક જ શબ્દમાં વ્યક્ત કરી શકાય: માનવસેવા. દક્ષિણ ભારતના સંતશ્રેષ્ઠ શ્રી એકનાથના જીવનનું અહીં પ્રસિદ્ધ થતું રેખાંકન ધર્મ ને માનવસેવામાં લગભગ એટલી જ ઉચ્ચ કોટીએ પહોંચેલા પૂ. બાપુના પવિત્ર મહિનામાં આપણને માનવસેવાનો આદર્શ બની રહો. આ સંસ્થા તરફથી પણ શ્રી એકનાથનાં 'એકનાથી ભાગવત,' 'જ્ઞાનેશ્વર મહારાજ ને મહાત્મા એકનાથ' વગેરે પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે ને તે મૂળનો જ રસ જાળવી રાખે એટલાં સરળ છે. આકાશવાણીના મુંબઈ કેન્દ્રના મરાઠી વિભાગના સૌજન્યથી આ વાયુપ્રવચન અહીં પ્રસિદ્ધ કરીએ છીએ.

મહારાષ્ટ્રના સંતશિરોમણિ શ્રી એકનાથનો જન્મ પૈઠણમાં* જ થયો, અને એમનું અવસાન પણ ત્યાં જ થયું. એમની જન્મસાલ વિષે મતભેદ છે, છતાં સામાન્ય રીતે ગણતાં એ ઈ. સ. ૧૫૩૦થી ઈ. સ. ૧૬૦૦ સુધીનાં સિત્તેર વર્ષના ગાળામાં થઈ ગયા હતા એમ કહેવાય છે. એ વખતે પૈઠણ વિસ્તાર અહમદનગરના નિઝામશાહી રાજ્યમાં હતો. ઇતિહાસ પ્રમાણે જોઈએ તો એકનાથના અવસાન પર્યંત આ વિસ્તારને મુસ્લિમ સામ્રાજ્યશાહીના પ્રભાવથી ઉદ્ભવેલી ધર્માભિમાનીઓની આપત્તિ ભોગવવી પડી હોય એવો કોઈ પુરાવો મળતો નથી. ઈ. સ. ૧૫૯૫માં અકબર બાદશાહના લશ્કરે અહમદનગર જીત્યા બાદ પૈઠણ પર હુમલો કર્યો, ત્યારે પૈઠણ તીર્થને રાજ્યક્રાંતિની અસર ભોગવવી પડી. સારાંશ એ કે એકનાથના જીવનનાં ઘણાં વર્ષો કોઈ પણ રાજકીય વાતાવરણની ઉથલપાથલ વિના શાંતિથી પસાર થયાં એમ માનવામાં ભૂલ થવાનો સંભવ નથી.

આપણા સાધુસંતોના ચરિત્રમાં ગુરુ સાન્નિધ્ય કે તપશ્ચર્યા અને તીર્થયાત્રા એ એ પ્રકારનાં કાર્યો અવશ્ય પ્રથમ જોવામાં આવે છે. તે પ્રમાણે એકનાથે બાળપણથી જ ગુરુની શોધ માટે ગૃહત્યાગ કર્યો. દોલતાબાદના કિલ્લા પર જનાર્દન સ્વામી એમને ગુરુ તરીકે મળ્યા અને એ ત્યાં જ રહ્યા. ગુરુને ઘેર વિદ્યાપ્રાપ્તિ પૂરી કરી, ગુરુકૃપાથી ઈશ્વરદર્શન થયું ને તે પછી તે તીર્થયાત્રા માટે નીકળી પડ્યા. અહીં પૈઠણમાં એમના દાદા તથા દાદી પૌત્ર ગુમાવ્યાથી, આઘાત સહન કરીને દિવસો કાઢતાં હતાં. એકનાથના જન્મ પછી માતાપિતાનું સુખ એમને મળ્યું નથી. દાદાદાદીએ એમનું લાલનપાલન કરીને એમને ઉછેર્યા; પરંતુ પૌત્ર ચાલી ગયા બાદ એમના પર દુ:ખનો ડુંગર ઢળી પડ્યો. કાળાંતરે વિદ્યાસંપન્ન ને તપસ્વી બનેલો પૌત્ર તેમને આવી મળ્યો. દાદાદાદીના મમત્વને લીધે સંસારમાં પડવાની એકનાથની અનિચ્છા છતાં યે દાદાદાદીએ ગુરુની આજ્ઞા મંગાવી શ્રી એકનાથને ગૃહસ્થાશ્રમી બનાવ્યા.

એકનાથના ગુરુ જનાર્દન સ્વામી સાક્ષાત્કાર પ્રાપ્ત થયેલા સંત હતા અને દોલતા

---

* આપણે જેમ કાશીને મહત્ત્વ આપીએ છીએ તેમ મહારાષ્ટ્રમાં પૈઠણને મહત્ત્વ અપાય છે.

આદના કિલ્લા પર મુસલમાનોની નોકરી કરતા હતા. ગુરુની આજ્ઞા અનુસાર એકનાથે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યો. દાદાદાદીને પોતાનો પૌત્ર પોતાની પાસે રહેશે એવી આશાથી આનંદ થયો. એકનાથે ગૃહસ્થાશ્રમમાં રહીને પરમાર્થ સાધ્યો. એમના ઉપદેશોમાં ગૃહસ્થાશ્રમનો તિરસ્કાર કોઈ પણ સ્થળે નથી. ઊલટું ગૃહસ્થાશ્રમ તો પરમાર્થનું ક્ષેત્ર છે એમ તે માનતા હતા. પરમાર્થના પાઠ ગૃહસ્થાશ્રમમાં પોતાથી પણ શિખાય છે અને બીજાને પણ શીખવતાં આવડે છે; એવો એમના ઉપદેશોનો સાર છે.

શ્રી એકનાથના ચરિત્રમાં ઘણા અદ્દભુત ચમત્કારો ભરેલા છે. એ છોડીને એમણે પ્રાપ્ત કરેલા ઉચ્ચ માનવગુણો પર ધ્યાન આપીએ તો એકનાથના જીવનની મહત્તા દેખાઈ આવે છે. જયાં દુ:ખ, દારિદ્રય, સીતમ, દૈન્ય, કપટ કે અન્યાય દેખાય ત્યાં ત્યાં દોડી જઈને આ પીડામાંથી લોકોને બચાવવા એ એકનાથની પ્રવૃત્તિ હતી. એમની નજરમાં મનુષ્ય ને પશુ એવા જીવસૃષ્ટિના ભેદો નહોતા. કાશીની ગંગા રામેશ્વર સુધી એંચી જવા કરતાં, રસ્તામાં તરસથી વ્યાકુળ ગધેડાને જોતાં તે પાણી ગધેડાને પાયું અને પોતે રામેશ્વરને પામ્યા હોય એવી કૃતાર્થતા વ્યક્ત કરી, એ પ્રમાણેની કથા સુપ્રસિદ્ધ છે. પિતૃઓના પ્રતિનિધિ રૂપ બ્રાહ્મણોએ એકનાથને ઘેર શ્રાદ્ધને દિવસે જમવાની ના પાડી ત્યારે તેમને માટે તૈયાર કરેલું ભોજન મહારોને× ખવડાવી એકનાથે સાર્થક કર્યું, એવી કથા પણ સર્વવિદિત છે. મહાર એ માણસનો અંત્યજ, તો ગધેડો એ પશુનો અંત્યજ. આ બંને અંત્યજો માટે બ્રાહ્મણ જેવો અને ગાય જેવો પ્રેમ જો કોઈના ચરિત્રમાં જોવામાં આવતો હોય, તો તે એકનાથના ચરિત્રમાં જોવા મળે છે; આ એમના ચરિત્રની એક અવિસ્મરણીય વિશેષતા છે. વ્યવહારનો આ પ્રકાર એકનાથના માહાત્મ્યની નિશાની રૂપે છે. પરંતુ એકનાથનો ગ્રંથ એ એમના કાર્યવૈભવનો જીવંત સાક્ષી છે. કયારેય પણ આપણને એમનું અજરામર ચરિત્ર મળી શકે એમ છે. એકનાથનું ભાગવત* અને રામાયણ એ ઘણા મોટા ગ્રંથો છે. રુકિમણીસ્વયંવર એ તેની સરખામણીમાં ઘણું નાનું પુસ્તક હોવા છતાં તેના કરતાં નાનાં ધ્યેયલક્ષી પ્રકરણો એમાં ઘણાં છે.

ભાગવત અને રુકિમણીસ્વયંવર એમણે કાશીમાં લખીને પૂરા કર્યા. ભાગવતના પ્રથમ પાંચ અધ્યાય લખી રહ્યા પછી સંસ્કૃત ગ્રંથોનું મરાઠી ભાષાંતર કરવું એ મહાપાપ છે એવું માનનારા સંસ્કૃતાભિમાની પંડિતોના સમાધાન માટે એકનાથને કાશી જવું પડ્યું હતું એવી એક દંતકથા છે. એકનાથે સંસ્કૃત વિરુદ્ધ મરાઠીનું કરેલું સમર્થન આ દંતકથાને ટેકા રૂપ છે. ભાગવત એટલે તે પુરાણના અગિયારમા સ્કંધની મરાઠી ટીકા, મૂળ સંસ્કૃતનો જેને આધાર નથી એવી સ્વતંત્ર કવિતા : એમાં અસંગત તથા નકામું એવું થોડું જ છે.

આ સર્વ ગ્રંથોમાં ઉપદેશનું તાત્પર્ય એક જ છે. ઈશ્વરની ભક્તિ એ મુખ્ય કર્તવ્ય હોવા છતાં તેનું સાફલ્ય સમાજના ઉદ્ધારથી થાય છે. એટલે લોકોદ્ધારનું કાર્ય એકનાથે જરાય દૃષ્ટિ બહાર જવા દીધું નથી. મુસલમાની રાજયાધિકાર દરમિયાન પોતાના ધર્મો અને ઈશ્વર વિષયક હિંદુ સમાજમાં દેખાતી શિથિલતા—ઉદાસીનતા નષ્ટ કરીને એકનાથને ઈશ્વર અને ધર્મના અભિમાનને

× મહારાષ્ટ્રમાં હલકી મનાતી હરિજન જેવી જાતિ.

* આ પુસ્તકનું ગુજરાતી મળે છે. કિં રૂા. ૪–૦–૦

પુષ્ટ કરવું હતું. ઇસ્લામ ધર્મના પ્રભાવનું પરિણામ એકનાથના ગ્રંથમાં ઠેકઠેકાણે જોવા મળે છે. સામાન્ય કવિતામાં આ પ્રકાર વધારે દેખાઈ આવે છે. ઈશ્વર એટલે શું, ધર્મનું ખરું સ્વરૂપ કયું એ એકનાથે લોકોને બતાવ્યું. આપણા સમાજમાંથી જાતિવૈષમ્ય, સ્પૃશ્યા-સ્પૃશ્યતા વગેરે દોષો કાઢી અને ઈશ્વર અને ધર્મ પ્રમાણે આખા સમાજમાં એકતા સ્થાપવી એ એકનાથના ઉપદેશનો તદ્દન સ્પષ્ટ ઉદ્દેશ છે. ઈશ્વરના ભક્તને તે અસ્પૃશ્ય હોય તો પણ બ્રાહ્મણથી મોટો માનવો અને અભક્ત બ્રાહ્મણને ચાંડાળ સમજી દૂર રાખવો એવું શ્રી એકનાથે અનેક વખત કહ્યું છે.

ઈશ્વર અને ધર્મ પર યોગ્ય જ્ઞાનને અભાવે વેઠ તથા રૂઢિથી જામેલી ગંદકી કાઢી નાખી તેનું ખરું હિતકારી સ્વરૂપ. જનતાને બતાવવા માટે સંતો અવતાર લે છે, એ સિદ્ધાંત એકનાથે પોતે પોતાના જીવનથી ખરો કરી બતાવ્યો છે.

જ્ઞાનેશ્વરની આળંદીમાં આવેલી સમાધિનો જીર્ણોદ્ધાર તથા જ્ઞાનેશ્વરી ગીતાનું સંશોધન કરી શુદ્ધ પ્રત તૈયાર કરવી : આ બે ઉલ્લેખનીય કાર્યો એકનાથે કર્યાં. જ્ઞાનેશ્વરીનો અભ્યાસ મંદ પડ્યો હતો; તેને પરિણા અજ્ઞાનનો ફાંસો જ્ઞાનેશ્વરના ગળાની આસપા -વીંટળાયેલો હતો; શુદ્ધ પ્રત પ્રસિદ્ધ કરી જ્ઞાનેશ્વરી ગીતાનાં શુદ્ધ પ્રવચનોથી એકના જ્ઞાનેશ્વરના ગળામાંનો આ ફાંસો કાઢ્યો. જ્ઞાનેશ્વરી ગીતાની છાયા એકનાથના ભાગવત પ ઘણા મોટા પ્રમાણમાં પડી છે એવું દેખાય છે.

આ પ્રમાણે ગીતાના ઉપદેશનો પ્રવા શ્રી એકનાથે વહેતો કર્યો. એથી એકનાથ જ્ઞાનદેવનો અવતાર હતા એવી વાત વારક સંપ્રદાયમાં પ્રચલિત છે. આ ઉપરથી સં એટલે ફક્ત મંજીરાં વગાડી નામજપ કર નાર અડાણી લોકો નહીં પણ વિદ્યાસંપ વ્યવહારચતુર અને લોકોદ્ધારની સમયાનુકૂ ધૂંસરી નિઃસ્વાર્થપણે પોતાની ખાંધે ઊચ અખંડ લોકસેવા કરનાર સત્પુરુષને આ સંત શબ્દ શોભે છે એમ કહેવામાં હરકત નથી. જ્ઞાનેશ્વર પછી નામદેવે મહારાષ્ટ્રમાં સ્વધર્મરક્ષણનું કાર્ય કર્યું. એમના પછી બસો વર્ષનો અંધકાર માલૂમ પડે છે. એકનાથે પોતાના તેજથી આ દીર્ઘકાલી અંધકારનો નાશ કર્યો. ઈશ્વર અને ધર્મના અભિમાનને વાચા ફૂટી અને એમાં શક્તિ આણી

*

વહેતા પાણી પર ગમે તેટલા લીટા ખેંચો, પરંતુ એક પણ લીટો પડવાનો નથી; એ જ પ્રમાણે સત્ત્વશુદ્ધિ વિના આત્મજ્ઞાનનું એક પણ કિરણ પ્રગટશે નહિ.

જે પોતાની સત્તા છોડીને પરાધીનતામાં ફસાયો, તેને સ્વપ્નમાં પણ સુખ મળતું નથી.

અહીં કોઈની નિંદા કે કોઈનાં ગુણગાન કોઈ શું કરશે ! 'હું જ વિશ્વ છું' એ જ્ઞાન જ્યારે થયું, ત્યારે નિંદા-સ્તુતિ ક્યાં રહી ?

જે ધનના લોભમાં ફસાયેલો છે, તેને કલ્પાંતે પણ મુક્તિ નથી મળી શકતી. જે સર્વથા સ્ત્રીલોલુપ છે, તેને પરમાર્થ અથવા આત્મજ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી.

સત્ય સમાન કોઈ તપ નથી, સત્ય સમાન કોઈ જપ નથી. સત્યથી સદ્રૂપ પ્રાપ્ત થાય છે. સત્યથી સાધક નિષ્પાપ બને છે

વર્ણોમાં કોઈ સર્વથી શ્રેષ્ઠ ભલેને હોય, પરંતુ તે જો હરિચરણથી વિમુખ હોય તો તેનાથી તે ચાંડાળ શ્રેષ્ઠ છે, કે જે પ્રેમથી ભગવદ્ભજન કરે છે.

અંતઃશુદ્ધિનું મુખ્ય સાધન હરિકીર્તન છે. નામના જેવું બીજું કોઈ સાધન જ નથી.

—શ્રી એકનાથ

×

જમણો હાથ

લેખક :
શ્રી ગોવિંદભાઈ કા. પરમાર

માનવશરીરને બે ભાગમાં વહેંચવામાં આવે તો બન્ને પડખાંના અવયવોની શક્તિ સમાન જ હોય છે, છતાં માનવીએ જમણા હાથને મહત્ત્વ શાથી આપ્યું હશે ? પ્રાણી, વનસ્પતિ, આકાશી તત્ત્વો, પૃથ્વી પરના પદાર્થો, સર્વ જમણા હાથથી સવળા પડે તેવી એક જ દિશાની ગતિને અનુસરે છે, પણ આ હાથ પર પક્ષપાત બતાવ્યાથી આપણને કેટલો બધો ગેરલાભ થયો છે! પૂ. બાપુ ડાબે હાથે પણ લખી શકતા હતા, અને એ રીતે જમણા હાથને રાહત આપી શકતા હતા એ તો જાણીતી વાત થઈ ચૂકી છે.

માણસ સંપૂર્ણ બબ્બે ભાગવાળું પ્રાણી છે. જો તેના શરીરની વચ્ચેથી બે ભાગ કરવામાં આવે તો ડાબા અને જમણા ભાગમાં આબેહૂબ સરખા અવયવો આવે. સામાન્ય રીતે બંને ભાગના અવયવોની શક્તિ અનુક્રમે સમસરખી હોય છે, છતાં માનવી એક અગત્યના નિયમની જેમ જમણા હાથનો ઉપયોગ ડાબા હાથ કરતાં વિશેષ કરે છે. આ વસ્તુ પાછળ રહેલાં મૂળ કારણ શોધવાનો આપણે પ્રયાસ કરીએ.

બીજાં પ્રાણીઓ પણ પોતાના આગલા ભાગના જમણા પગનો ઉપયોગ વિશેષ કરતાં માલૂમ પડે છે. દાખલા તરીકે બિલાડી તથા કૂતરો પોતાના શિકાર માટે કે ગાય, ભેંસ, બકરી ને ઘોડા જમીન ખોતરતી વખતે એ જ પગનો વધુ ઉપયોગ કરે છે.

આપણાં જૂનવાણી તેમ જ આધુનિક સામાજિક જે જે કાર્યોમાં ચક્કર ફરવા કે ફેરવવાની વાત આવે છે, ત્યારેત્યારે ચોક્કસ એક જ દિશા ગ્રહણ કરવામાં આવે છે. તે ઘડિયાળના કાંટાથી ઊલટી દિશા હોય છે. કુંભારનો ચાકડો તથા દળવાની ઘંટી, એ જ દિશામાં ફેરવવામાં આવે છે. ભવઈનો ડાગલો, રંગમંચની નર્તિકા અને ચક્કરડી ચાંદલો રમતી બાલિકાઓ એ જ દિશામાં ફરે છે. ઘાણીનો બળદ, રાસ–ગરબા રમનાર રમણીઓ તથા હુતાશનીની પ્રદક્ષિણા ફરનાર ભાવિકો એમજ ફરે છે.

સાપ કે અજગર જે વસ્તુને ભરડો લે છે અથવા ફીંડલું વળે છે ત્યારે તેની દિશા ઘડિયાળથી ઊલટી જ હોય છે. શંખલાં તથા અનેક જાતની છીપો ઉપર એક જાતનો વળ હોય છે. એ વળની દિશા પણ એકજ અને તે ઉપર કહી તેવી જ છે. આપણામાં એક દંતકથા પ્રચલિત છે કે, આ સામાન્ય શંખલાં કરતાં ઊલટા વળવાળો શંખ જો કોઈને મળે તો તે યશ અને લક્ષ્મીનો સ્વામી બને. આ વસ્તુ માત્ર દંતકથામાં જ છે. કોઈએ નજરે એવો શંખ જોયો નથી. વાતો ઘણાએ સાંભળી હશે.

વનસ્પતિની બાબતમાં પણ આ વળની બાબતમાં એક સર્વસામાન્ય નિયમ પ્રવર્તે છે. વૃક્ષનાં થડ કે ડાળીને વીંટળાતી વેલીની દિશા તથા મરડાશીંગી નામની શીંગનો મરડ તથા એક જાતની રંગીન કરેણની શીંગનો મરડ આ બધાની એક જ દિશા હોય છે અને તે ઘડિયાળથી ઊલટી જ.

બે કે વધુ અને સમવળવાળા રેસા કે તારને વિજાતીય વળ સાથે રાખી આપવાથી મજબૂત દોરો બને છે. સજાતીય વળ આપવાથી દોરો વળતો નથી. રેંટિયાનું ચક્ર તથા ત્રાક અને તકલીની દિશા ઘડિયાળના કાંટાની જેવી હોય છે; કારણ કે ઊન તથા રૂના રેસાનો મૂળ કુદરતી વળ ઘડિયાળથી ઊલટો હોય છે. એ રેસા મુલાયમ અને તેમનો મૂળ વળ ઘણો ઓછો હોય છે. તેથી

તેને સમવળ આપવાથી પણ તાર બને છે, પરંતુ તેની મજબૂતી ખૂબ જ ઓછી આવે છે. આથી રૂ અને ઊન કાંતવા માટે આંતરરાષ્ટ્રિય એક જ રીત હસ્તીમાં આવી છે, એ જ રૂ તથા ઊનના કુદરતી વળની સાબિતીરૂપ છે.

આ બધી કુદરતી વસ્તુના ફરવા–ફેરવવાની રીત પાછળ એક અદૃશ્ય છતાં મહાન નિયમ પ્રવર્તતો હોય એમ લાગે છે. એનો હેતુ દરેક સજીવ તેમજ નિર્જીવ વસ્તુને ઘડિયાળથી ઊલટી આ ચોક્કસ દિશામાં ફરતા–ફેરવતા રાખવાનો હશે એમ ઉપરના દાખલા પરથી જણાય છે.

હિંદુ ધર્મપુસ્તકોના મતાનુસાર તારા, સૂર્ય તથા આકાશ સહિત આખા વિશ્વને બ્રહ્મ કહેવાય છે. પૃથ્વી તે બ્રહ્માંડ એટલે બ્રહ્મનું ઈંડું. માનવ એ બ્રહ્માંડનો સંપૂર્ણ અંશ છે; જેમ પૃથ્વીનો દરેક પદાર્થ તેનો અંશ છે. દરેક મહાન પદાર્થ નાના પદાર્થને આકર્ષે છે. નાનો પદાર્થ એના તરફ આકર્ષાય છે અને તે અનુકરણ કરે છે. આમ એક નાની વસ્તુ તેની નજીકમાં નજીકની સૌથી મોટી વસ્તુ તરફ આકર્ષાય છે અને તેનું અનુકરણ કરે છે. આથી પૃથ્વી પરના દરેક જીવિત અને નિર્જીવ પદાર્થનો સ્વભાવ પૃથ્વીના ગુણો મુજબ વર્તવાનો છે. પૃથ્વી ઉપરની રચનામાં માનવીની રચના સર્વોત્તમ છે. તે બીજી બધી કુદરતી રચનાઓ કરતાં પૃથ્વીને વિશેષ જાણે, સમજે અને અનુસરે છે.

આપણે અહીં ગતિની જ વાત લઈએ. પૃથ્વીનો ઉત્તર ધ્રુવ માનવીના મસ્તક સાથે સરખાવીએ અને દક્ષિણ ધ્રુવ તેના પગનાં તળિયાં ગણીએ. આમ અવકાશમાં ઊભી રહેલી પૃથ્વી પોતાની ધરીની આસપાસ ફરે છે અને સાથેસાથે તે સૂર્યની આસપાસ પ્રદક્ષિણા પણ કરે છે. આ બંને દિશા ઘડિયાળથી ઊલટી છે. ચંદ્ર પણ પૃથ્વીની પ્રદક્ષિણા એ જ દિશામાં એ જ રીતે કરે છે. જે સંબંધ-નિયમ સૂર્ય, પૃથ્વી અને ચંદ્ર વચ્ચે પ્રવર્તે છે તે જ સંબંધ–નિયમ સૂર્ય અને બીજા ગ્રહો-ઉપગ્રહો વચ્ચે પ્રવર્તે છે. આથી એ બધાની ફરવાની રીત પણ આવી જ હોવી જોઈએ.

આથી પૃથ્વી પરનો દરેક પદાર્થ જ્યારે ફરવા–ફેરવવાની વાત આવે છે, ત્યારે આ તેના મૂળ રૂપ મહાન પદાર્થોનું અનુકરણ કરે છે અથવા આ મહાન પદાર્થો આ નાના પદાર્થોને પોતાની જેમ ફરવા–ફેરવવાની ફરજ પાડે છે એમ કહીએ તોપણ ખોટું નથી. આથી પૃથ્વીનાં શંખલાં, વનસ્પતિ તથા પ્રાણી અને માનવીઓ ઉપર દર્શાવ્યું તેમ ફરે કે ફેરવે, એ સ્વાભાવિક બન્યું છે.

જો આપણે એક જ સ્થળે ઊભા રહી ઘડિયાળથી ઊલટી દિશામાં ફરીએ તો આપણો જમણો હાથ સવળી ગતિ ધારણ કરશે; ડાબો હાથ અવળી ગતિ ધારણ કરશે. ઉપર જણાવ્યું તેમ આમ ફરવું એ આપણને સ્વભાવગત અને સહેલું પડશે. આથી જે હાથથી થતું કાર્ય સવળું અને લાભકારક છે તે જમણો હાથ; અને જેનું કાર્ય અવળું અને નુકસાનકારક છે તે ડાબો હાથ છે. આમ ફાયદાકારક કામ આપતા જમણા હાથનું મહત્ત્વ ડાબા હાથ કરતાં વિશેષ થયું.

બીજી રીતે આપણે ચક્કરમાં ફરીએ– સ્વાભાવિક ઘડિયાળથી અવળી દિશામાં જ. ત્યારે આપણા જમણા હાથની ગતિ ડાબા હાથની ગતિના કરતાં ઓછી હોય છે. આથી જમણા હાથથી કરાતું કાર્ય ડાબા હાથથી કરાતાં કાર્ય કરતાં વધુ ફળદાયી બને છે. આથી પણ જમણા હાથનું મહત્ત્વ વિશેષ થયું. આમ બંને રીતે જમણો હાથ આપણને

સબળો અને લાભદાયી બનતો હોવાને લીધે જ એનું મહત્ત્વ વધ્યું છે એમ કહી શકાય.

આ રીતથી આપણને ખૂબ લાભ મળ્યો અને સગવડ મળી એ નિઃશંક વાત છે. પરંતુ આના એકપક્ષી ઉપયોગને લીધે આપણને નુકસાન પણ ઓછું થયું નથી. આપણો જમણો હાથ અને ઘણુંખરું આખું જમણું અંગ ડાબા ભાગ કરતાં વધુ મજબૂત અને ચપળ હોય છે. ડાબો હાથ તદ્દન પાંગળો બની જાય છે; નિરુપયોગી બની જાય છે. ઘણી વખત જમણા અંગને વધુ ઘસારો ભોગવવો પડે છે કારણ કે આપણાં સાધનો એ હાથથી વપરાય એવી જ રીતનાં ઘણી વખત બનાવવામાં આવે છે. આથી જમણા અંગમાં થતી ખોડખાંપણ આખા શરીરમાં થતી ખોડખાંપણના એંશી ટકા જેટલી હોય છે. જેને ક્ષય જેવો ઘસારાનો રોગ થાય છે એમાંના એંશી ટકા દર્દીઓને જમણા ફેફસાથી રોગની શરૂઆત થાય છે અને વધુ રોગ એ જ ફેફસામાં હોય છે. આનું મુખ્ય કારણ આપણા શરીરના બંને ભાગના અસમ પરિશ્રમ અને ઘસારો જ છે.

ડાબા હાથને જમણા હાથ જેવી જ તાલીમ આપવામાં આવે તો ઘણી અડચણો વખતે આપણને મદદગારની ગરજ તે સારે. આમ કરવાથી આપણી કાર્યશક્તિમાં વધારો અને ચપળતા જરૂર વધે. જાપાનનાં બાળકોને આવું બંને હાથે કાર્ય કરવાનું શીખવવામાં છે. આપણે પણ અહીં એવી રીત દાખલ કરીએ તો પોતાની જાતમાંથી જ એક નવો સહાયક મળી રહેશે. એ વસ્તુ પરિશ્રમ અને ધ્યાન માગી લે છે એ નિર્વિવાદ છે.

★

‘જમણા હાથ પાસે આપણે જેમ કામ લઈ શકીએ છીએ તેમ ડાબા હાથ પાસેથી પણ લેતાં આવડતું જોઈએ,’ એ ગાંધીજીની સૂચના વિચાર કરવા જેવી છે. ડાબા-જમણા હાથમાંનો ફેર જાણે ઈશ્વરે કરી મૂકેલો છે એમ માનીને આપણે તે વિષે વિચાર જ કરતા નથી. પણ કર્મયોગનું સતત આચરણ કરનાર માણસને આ વિષમતાનું દુઃખદ ભાન થયા વિના રહેતું નથી. જેલમાં પથરા ભાંગતી વખતે ડાબે હાથે પણ પથરા ભાંગતાં આવડતું હોત તો સારું થાત એમ ક્યારેક થઈ જાય છે. પણ એ દિશામાં આપણે પ્રયત્ન કરતા નથી. દળતી વખતે જમણા હાથની જેમ ડાબે હાથે પણ ઓરીને દળતાં આવડવું જોઈએ. તે વિના સારું દળતાં આવડ્યું એમ ન કહેવાય. ડાબા હાથને યોગ્ય કેળવણી મળે તો થોડા વખતમાં વધારે કામ થઈ શકે. કપાસ લોઢવાના આશ્રમમાંના ચરખાને બંને બાજુ હાથા છે; તેથી બંને હાથ પાસે વારાફરતી કામ લઈ શકાય છે અને તેટલા જ વખતમાં લગભગ દોઢગણું કામ થાય છે એવો અનુભવ છે. શરીરનો સંપૂર્ણ વિકાસ થવા માટે આ વસ્તુ જરૂરની છે. બંને અંગોને સરખો વ્યાયામ મળે તો શરીરનો સુંદર વિકાસ થાય...મહાભારતમાંનો આદર્શ કર્મયોગી તે અર્જુન-બંને હાથે શસ્ત્ર ચલાવવાની કળા તેણે સિદ્ધ કરેલી હતી તેથી તેને મહાભારતકારે ‘સવ્ય-સાચી’ એ પદવી આપેલી છે. શિક્ષણશાસ્ત્રે આ તરફ ધ્યાન આપવું જોઈએ.’

વિનોબા ભાવે

×

એક દિવસ એક માણસ જિજ્ઞાસુવૃત્તિથી ગાંધીજી પાસે ગીતા પરત્વે ઉપદેશ ને જ્ઞાન લેવા આવ્યો.

‘તારુ, જો પેલી ઈંટો પડી છે તે તારે દરરોજ ગણી નાખવી.’ ગાંધીજી બોલ્યા.

થોડા જ વખતમાં એ ભાઈ તો કામથી કંટાળી ગયા ને સાથીદારને કહેવા લાગ્યા :

‘આ તો મજૂરનું કામ છે; મારું નહીં. હું તે ગીતાજીનો ગૂઢાર્થ સમજવા આવ્યો છું કે આવી ઈંટો ગણવા ?’

આ વાત ગાંધીજીને કાને આવી ત્યારે તે આટલું જ બોલ્યા :

‘ભલા ભાઈ, ગીતાનો ગૂઢાર્થ તમે ન સમજ્યા ? નિઃસ્વાર્થ ભાવે કામ કર્યા કરવું એ જ છે ગીતાજીનું રહસ્ય.’

×

જીવનઘડતરની દૃષ્ટિએ

સરળ વર્ગીકરણ પદ્ધતિ

લેખક :

શ્રી માધવ મો. ચૌધરી

કોઈ પણ સંસ્કારી ઘરમાં કે સારા પુસ્તકાલયમાં વિવિધ વિષયનાં ઉપયોગી પુસ્તકો હોવાં જરૂરી છે, એ જ રીતે તેના વર્ગીકરણની પણ જરૂર છે. એ પદ્ધતિ વૈજ્ઞાનિક ને સરળ, સર્વગ્રાહી અને જીવનોપયોગી દૃષ્ટિથી રચેલી જોઈએ. હવે જ્યારે બૃહદ્ ગુજરાત પુસ્તકાલય પ્રવૃત્તિ અસ્તિત્વમાં આવનાર છે, ત્યારે લેખકે અહીં રજૂ કરેલી આ પદ્ધતિ લાગતાવળગતા સર્વ કોઈને માર્ગદર્શક બનશે.

જીવનના વિકાસમાં પુસ્તકોનું સ્થાન ખૂબ મહત્ત્વનું છે: સારાંસારાં પુસ્તકોના વાચનથી જાત-કેળવણી લઈ શકાય છે, જીવન-ઘડતર બની શકે છે. દરેક ભણેલા અને સંસ્કારી ગૃહસ્થે ઘરેણાં, કપડાં ઇત્યાદિ અન્ય શોખોની જેમ પુસ્તકસંગ્રહનો શોખ અને વાચનશોખ કેળવવા જેવો છે. થાકેલા જીવનમાં સારાં પુસ્તકોનું વાચન જીવનનો થાક ઉતારી પુનરુત્સાહ બક્ષશે. સારાં પુસ્તકો સારાસારા મિત્રો કે સલાહકારોની ગરજ સારે છે., દરેક ભણેલો ગૃહસ્થ પોતાની ગુંજાશ પ્રમાણે ૨૫, ૫૦ કે ૧૦૦ રૂપિયાનાં પુસ્તકો ખરીદી આદર્શ ગૃહપુસ્તકાલય વસાવી શકે છે. આજે તો માત્ર 'સસ્તું સાહિત્ય'ની 'સર્વોપયોગી સાહિત્ય શ્રેણી' જ એક આદર્શ ગૃહપુસ્તકાલય થઈ શકે એમ છે. આ મોંઘવારીના સમયમાં પણ માત્ર ૪૦ રૂપિયા જેટલી નજીવી કિંમતમાં 'સર્વોપયોગી સાહિત્યશ્રેણી'નાં વિવિધ વિષયનાં લગભગ ૬૦ પુસ્તકો વસાવી શકાય છે. વળી 'સસ્તું સાહિત્ય'ની 'આમ સાહિત્યશ્રેણી'ની પુસ્તિકાઓ પણ વસાવવા જેવી છે. 'નવજીવન પ્રકાશન મંદિર'નાં પ્રકાશનો પણ ગૃહપુસ્તકાલયમાં આવકારી શકાય તેવાં છે. આવા નાના પાયા પરના ગૃહપુસ્તકાલયમાં પુસ્તકોની પસંદગી કરતી વખતે પુસ્તકોની વિવિધતા સચવાય-એટલે કે દરેક વિષયનાં થોડાંથોડાં પુસ્તકો ખરીદ એ ખાસ ધ્યાનમાં રાખવા જેવું છે. પુસ્ત ની પસંદગી કરવામાં પણ વર્ગીકરણ પ ઉપયોગી છે જ, પરંતુ તેનો ખરો ઉપયોગ પુસ્તકાલયમાં પુસ્તકો ગોઠવવામાં જ રહે છે. પુસ્તકાલયમાં કયા વિષયનું, કયા લેખક કયું પુસ્તક, કયાં મૂકેલું છે એ વર્ગીક પદ્ધતિ તરત કહી આપે છે. કોઈ પણ પુસ્ત લયની સફળતાનો આધાર એ એની વર્ કરણ પદ્ધતિ છે. ટૂંકામાં શ્રેષ્ઠ વર્ગીક પદ્ધતિ કોઈ પણ પુસ્તકાલયની વ્યવસ્થા ઉત્તમોત્તમ ચાવી છે.

પુસ્તકાલય પ્રવૃત્તિમાં અગ્રગણ્ય એ ભૂતપૂર્વ વડોદરા રાજ્યના કસબા અને શ્ર પુસ્તકાલયો માટે અનુક્રમે વિસ્તૃત અને ટ એવી 'દલાલ વર્ગીકરણ પદ્ધતિ' નામે પ્ર લિત બે વર્ગીકરણ પદ્ધતિઓ હતી. વર્ગીકરણ પદ્ધતિઓ સારી હોવા છતાં શ્રા પુસ્તકાલયો વાસ્તેની પદ્ધતિ સમગ્ર વિષયો સ્પષ્ટીકરણ ન થાય એટલી એ ટૂંકી છે અ વિસ્તૃત પદ્ધતિ મોટાં પુસ્તકાલયો માટે અનુકૂળ છે. વળી એ પદ્ધતિ પર મિ. ઓ નની યોજેલી વર્ગીકરણ પદ્ધતિની અસ રહ્યા જ કરી છે. બીજી, સમગ્ર જ્ઞાનસાગ દશ વિભાગમાં વહેંચી નાખતી યુરોપ અ અમેરિકામાં પ્રખ્યાત અને લોકપ્રિય થયે ડયૂઈ પદ્ધતિ પણ સમગ્ર વિષયોનું સ્પષ્ટીકર

ન થાય એટલી ટૂંકી છે.* ઉપરાંત એ વર્ગીકરણ યોજનાઓમાં જીવનઘડતરની દૃષ્ટિ ધ્યાનમાં રાખી વર્ગીકરણ પદ્ધતિ યોજાયેલી ન હોવાથી એ દૃષ્ટિએ પણ કંઈક ઊણપવાળી લાગે છે. પુસ્તકો અને પુસ્તકાલયોનો હેતુ જીવનવિકાસ કે જીવનઘડતર કરવાનો હોય છે એટલે જીવનઘડતરની દૃષ્ટિ ધ્યાનમાં રાખી યોજેલી વર્ગીકરણ પદ્ધતિ જ વધુ સારી અને શાસ્ત્રીય ગણી શકાય. ચારપાંચ વર્ષ ઉપર પુસ્તકાલયના માનદ પ્રચારક તરીકે પુસ્તકાલયોની કરેલી તપાસણી વખતે પણ મને એક સરળ વર્ગીકરણ પદ્ધતિ હોવાની જરૂર જણાયેલી. સારાંસારાં પુસ્તકો વાંચવા અને સંગ્રહ કરવાના શોખને લઈ શરૂ કરેલા ‘માધવ ગૃહપુસ્તકાલય’ના વર્ગીકરણ માટે મેં જીવનઘડતરની દૃષ્ટિએ એક સરળ વર્ગીકરણ પદ્ધતિ યોજી છે. અમદાવાદના દાદાભાઈ નવરોજી પુસ્તકાલયમાં વર્ગીકરણ સંબંધી તપાસ કરતાં વાર્તાનાં પુસ્તકો માટે વા. ઇતિહાસના પુસ્તકો માટે ઇ. એવા અક્ષરો વર્ગીકરણ માટે વપરાય છે એવું જાણવા મળ્યું છે. જો એ સત્ય હોય અને એવા પુસ્તકાલય માટે શાસ્ત્રીય વર્ગીકરણ-પદ્ધતિનો ઉપયોગ ન થતો હોય તો એ કેટલું અહિતકર ગણાય! આજના જમાનામાં વકીલો, વૈદ્ય-ડૉકટરો અને અન્ય ધંધાદારીઓને પણ તેમના ધંધાનાં પુસ્તકો વસાવવાની જરૂર હોય છે. ગ્રામપંચાયતો, શાળાઓ અને બીજી સંસ્થાઓમાં પણ તેમને ઉપયોગી પુસ્તકો હોય છે. સંસ્કારી ભણેલા ગૃહસ્થો પાસે પણ પુસ્તકો હોય છે. આવાં પુસ્તકો છૂટાંછવાયાં પડી રહે તો તેનો કંઈ જ અર્થ નથી. કાળજી વગર પુસ્તકો ખોવાઈ જાય છે કે બગડી જાય છે. આવાં પુસ્તકોનું રજિસ્ટર બનાવી વર્ગીકરણ કરી એકાદ કબાટમાં ગોઠવ્યાં હોય તો તે શોભારૂપ થઈ પડે છે. જોઈતું પુસ્તક તરત હાથમાં આવે છે અને પુસ્તકો ખોવાઈ કે બગડી જતાં નથી. વડોદરા રાજ્યની પુસ્તકાલય પ્રવૃત્તિનું વિલીનીકરણ થવાથી હવે બૃહદ્ ગુજરાત પુસ્તકાલય પ્રવૃત્તિ અસ્તિત્વમાં આવનાર છે. એવે સમયે જીવનઘડતરની દૃષ્ટિએ મહાગુજરાતનાં તમામ પુસ્તકાલયોને અનુકૂળ આવે એવી સરળ વર્ગીકરણ-પદ્ધતિ અત્રે ‘અખંડ આનંદ’ના વાચકો આગળ રજૂ કરું છું, તો મહાગુજરાતનાં પુસ્તકાલયો, પુસ્તક શોખીન સદ્‌ગૃહસ્થો, શાળા કે ગ્રામપંચાયત જેવી સંસ્થાઓ અને ગુજરાત પુસ્તકાલય મંડળ આનો લાભ ઉઠાવશે એવી આશા છે.

૧ સર્વસાધારણ વિભાગ (માહિતી)

૧ अ સર્વસાધારણ અને પુસ્તકાલય સંબંધી સાહિત્ય.
  अ સંસ્થાઓનાં નિવેદનો, રિપોર્ટ, પુસ્તકોની યાદીઓ.
  ई ખાસ અંકો, બાંધેલાં માસિકોની ફાઈલો.
  ऋ પુસ્તકાલય સંબંધી સાહિત્ય.

૨ અધ્યયન વિભાગ-શાસ્ત્રીય વિભાગ (જીવનઘડતર)

૨ क તત્ત્વજ્ઞાન અને ધર્મ (જીવનસાધના)
  क તત્ત્વજ્ઞાન, અધ્યાત્મવિદ્યા, માનસશાસ્ત્ર.
  ग નીતિ, બોધ, ઉપદેશ-શિખામણ.
  घ અન્ય ધર્મો. (હિંદુ ધર્મ સિવાય)
  ङ હિંદુધર્મ, વેદ, વેદાંત, ભક્તિ, કર્મકાંડ અને વિધિ.

---

* શ્રી ચંદ્રકાંત ગો૦ ભટ્ટનો ‘એક નવી વર્ગીકરણ પદ્ધતિ’ નામનો લેખ, ‘પુસ્તકાલય’ જાન્યુઆરી ૧૯૩૬.

૩ ચ વિજ્ઞાન (જીવનસંશોધન)
- ચ ગણિત, ખગોળ, જ્યોતિષ.
- છ પદાર્થવિજ્ઞાન, રસાયણ.
- જ કુદરતી વિજ્ઞાન: વનસ્પતિશાસ્ત્ર, જીવજંતુશાસ્ત્ર.

૪ ઝ આરોગ્ય અને વૈદક (જીવનરક્ષણ)
- ઝ શરીરરચના, ઇંદ્રિયવિજ્ઞાન, આસનો, યોગ અને આરોગ્યના સામાન્ય નિયમો.
- ઞ વૈદકનું શાસ્ત્રીય જ્ઞાન: આયુર્વેદ, એલોપેથી, હોમિયોપેથી, નેચરોપેથી અને પશુવૈદક.

૫ ટ સામાજિક શાસ્ત્ર અને શિક્ષણ (જીવન-વિકાસ)
- ટ સમાજસુધારણા: રૂઢિ, ચાલ અને સંસ્કૃતિ.
- ઠ રાજકારણ: રાજ્યપદ્ધતિ, રાજ્યનીતિ, બંધારણ અને કાયદો.
- ઢ શિક્ષણપદ્ધતિ, કેળવણી સંબંધી સાહિત્ય.
- ણ અર્થશાસ્ત્ર, નાણું, વેપાર અને શરાફી

૬ ત હુન્નરઉદ્યોગ અને કળાઓ (જીવન-સિદ્ધિ).
- ત ઉપયુક્ત કળાઓ: કૃષિ, હુન્નરઉદ્યોગ, ગૃહઉદ્યોગ, સંચાકામ.
- દ રમતો, કસરત, વ્યાયામ.
- ધ લલિત કળાઓ: શિલ્પ, ચિત્ર, સંગીત, ભરતગૂંથણ, ગાયન, વાદન.

૭ પ ભાષાશાસ્ત્ર અને વિવેચન (શાસ્ત્રીય સાહિત્ય).
- પ જોડણી, વ્યુત્પત્તિ, શબ્દકોષ, કહેવત-સંગ્રહ, વ્યાકરણ, છંદ, અલંકાર, અન્ય ભાષાઓ શીખવાનાં પુસ્તકો, તુલનાત્મક ભાષાશાસ્ત્ર.
- ફ સાહિત્યનાં ઇતિહાસ, વિવેચન, સમીક્ષા.

૩ સાહિત્ય વિભાગ–સાહિત્ય ગ્રંથો (જીવન આનંદ)

૮ બ પદ્ય સાહિત્ય.
- બ પ્રાચીન ધાર્મિક અને આધ્યાત્મિક પદ્ય.
- મ અર્વાચીન અને રસિક પદ્ય.

૯ મ નાટ્ય સાહિત્ય.
- મ નાટક, નાટિકા સંગ્રહ.

૧૦ ય વાર્તા સાહિત્ય.
- ય નવલિકા સંગ્રહ, નવલકથાઓ.

૧૧ ર ગદ્ય સાહિત્ય.
- ર ઇતર ગદ્ય સાહિત્ય, હાસ્ય, નિબંધ, લેખો અને ભાષણો.

૧૨ શ ઇતિહાસ–ભૂગોળ, પ્રવાસ અને ચરિત્ર.
- શ અન્ય દેશોનો ઇતિહાસ. (ભારત સિવાય).
- સ ભારતીય ઇતિહાસ, પ્રાચીન અને અર્વાચીન.
- ળ ભૂગોળ, પ્રવાસ, યાત્રા અને સ્થળ વર્ણન.
- ક્ષ ચરિત્ર સંગ્રહ, સ્મારક અંકો, સંસ્મરણો.
- જ્ઞ આત્મકથા, જીવનચરિત્ર.

સમજૂતી: આ વર્ગીકરણ પદ્ધતિ મુખ્ય ત્રણ ભાગમાં વહેંચાયેલી છે. પહેલો સામાન્ય માહિતી વિભાગ, બીજો અધ્યયન કે જીવન-ઘડતર વિભાગ અને ત્રીજો સાહિત્ય કે જીવન આનંદ વિભાગ છે. બીજા જીવનઘડતર વિભાગમાં જીવનસાધના, જીવનસંશોધન, જીવનરક્ષણ, જીવનવિકાસ અને જીવન-સિદ્ધિ એમ પાંચ મહામૂલા જીવનઘડતરના પેટા વિભાગો સમાયેલા છે. આ વર્ગીકરણ પદ્ધતિ બાર મુખ્ય પેટા વિભાગ અને ૩૧ સંજ્ઞાઓમાં વહેંચાયેલી છે.

વિષયની સંજ્ઞાઓ માટે ઉપર જણાવેલા અક્ષરો ઉપરાંત બાલ સાહિત્ય–માટે કૌંસમાં (अं) સંજ્ઞા અને સ્ત્રી ઉપયોગી સાહિત્ય માટે કૌંસમાં (अः) સંજ્ઞા વાપરવાથી બાલોપયોગી અને સ્ત્રી ઉપયોગી સાહિત્ય તરત જણાઈ આવશે. દા. ત. ટચૂકડી સો વાતો ભા. ૧ પુસ્તક માટે ય (अं.) એ પ્રમાણે સંજ્ઞા થાય. વળી આ વર્ગીકરણ પદ્ધતિના વિષયની સંજ્ઞાઓના અક્ષરોને ૧, ૨, ૩, ૪, ૫, એવી વિશેષ પેટા સંજ્ઞાઓ આપી આ વર્ગીકરણ પદ્ધતિ ઉપરથી કસબા અને જિલ્લા પુસ્તકાલયો માટે વિસ્તૃત વર્ગીકરણ પદ્ધતિ પણ યોજી શકાય. દા. ત. ય ૧ સામાજિક નવલકથાઓ ય ૨ ઐતિહાસિક નવલકથાઓ ય ૩ આધ્યાત્મિક નવલકથાઓ ય ૪ નવલિકાઓ ય ૫ બાલકથાઓ ઇત્યાદિ. વિષયની સંજ્ઞાઓ માટે પ્રચલિત સંજ્ઞાઓના અક્ષર સ્વીકાર્યા છે–દલાલ પદ્ધતિની પ્રચલિત સંજ્ઞાઓ સ્વીકારી છે, વ્યર્થ જુદી સંજ્ઞાઓ આપી ગૂંચવણ ઊભી કરી નથી. સંજ્ઞાઓના અક્ષરો સ્વીકાર્યા છતાં વર્ગીકરણ પદ્ધતિ યોજવામાં સરળતા અને જીવનઘડતરની દૃષ્ટિ ધ્યાનમાં રાખી છે.

હાલમાં ઘણાંખરાં પુસ્તકાલયોમાં વાર્તા, નવલકથા અને નવલિકાઓનાં પુસ્તકો વધારે પ્રમાણમાં નજરે પડે છે. પરંતુ વાર્તા સાહિત્ય કે માત્ર સાહિત્યનાં પુસ્તકો વધારે હોવાં એ એકતરફી પુસ્તકો એકઠાં કરવા જેવું છે. કોઈ પણ સારા પુસ્તકાલયમાં (૧) સર્વ–સાધારણ માહિતી વિભાગનાં પુસ્તકો કરતાં (૩) સાહિત્ય વિભાગનાં પુસ્તકો બમણી સંખ્યામાં હોવાં જરૂરી છે. અને એ બંને વિભાગનાં પુસ્તકો જેટલાં એટલે–અર્ધો–અર્ધ ભાગનાં પુસ્તકો (૨) અધ્યયન વિભાગનાં–શાસ્ત્રીય વિભાગનાં હોવાં જરૂરી છે. માહિતી કરતાં જીવન આનંદ માટે શુદ્ધ સાહિત્ય (પદ્ય, ગદ્ય, વાર્તા, ઇતિહાસ–ભૂગોળ અને જીવનચરિત્ર)ની વધારે જરૂર છે. પરંતુ એ કરતાંયે સૌથી વધારે જરૂર તો અધ્યયન વિભાગ–શાસ્ત્રીય વિભાગ કે જીવનઘડતર વિભાગના ગ્રંથોની છે એ ભૂલવું ન જોઈએ.

* * *

હું, મારી સાસુ તથા મારી પત્ની ત્રણ જણ નાસિકની ધર્મશાળામાંથી તપોવન ઉજાણી માટે સવારના નવેક વાગ્યે નીકળ્યાં. ગામ છોડયું અને થોડેક છેટે ગયાં હોઈશું ત્યાં એક ગધેડો બહુ જ બીમાર હાલતમાં પડેલો જોયો. પેટ પર મોટું ચાંદું પડેલું, કાગડાઓ એ ચાંદાને કોચ્યા કરે, તેને ઉડાડવાની પણ શક્તિ નહિ રહેલી. પીડાનો કાંઈ પાર નહોતો.

અમો ત્રણે જણે આ કરુણ દૃશ્ય જોયું પણ એ માંસના ગંધાતા ચાંદાને જોવાની કે કાગડા ઉડાડી તેનું દુઃખ ઓછું કરવાની અમારી હિંમત ન ચાલી. અમે તો ઈશ્વર એની જીવનદોરી તોડી નાખી આ દુઃખમાંથી એને મુક્ત કરે તો સારું એમ ઇચ્છી દુઃખી થતાંથતાં ઉજાણીએ ચાલી નીકળ્યાં.

સાંજે પેલા બીમાર ગધેડાવાળી જગ્યાએ પાછાં આવતાં હૃદયને હલમલાવી નાખે એવું દૃશ્ય જોયું અને તે એ, કે એક બાઈ સ્ટવ, પાણી, રૂ, તપેલું, દવાઓ વગેરે જોઈતી તમામ સામગ્રી લાવી પોતાના માણસની મદદથી તે ગધેડાના ચાંદાને ગરમ પાણીથી ધોઈ પીળા રંગની દવા છાંટી ઉપર રૂનો પોલ મૂકી ગધેડાના શરીરને પહોંચી વળે એવો લાંબો પાટો બાંધી રહી હતી !

એ બાઈને અમે અંતઃકરણથી નમસ્કાર કર્યા.

ટી. જી. શાહ

×

‘મનુષ્ય કેટલી હદ સુધી શુદ્ધ થઈ શકે છે તેનો પરિચય ગાંધીજીએ જગતને કરાવ્યો છે.’

—કવિવર ટાગોર

×

જીવક

લેખક :
શ્રી 'ઉગ્રરશ્મિ'

પાછલા ઇતિહાસથી બિલકુલ અનભિજ્ઞ માનવી થોડી વારમાં જ હેરતભરી રીતે ચપોચપ બધી વિગતો આપવા માંડે અને તે અનુમાનો સર્વથા સત્ય નીવડે, ત્યારે આપણને થાય કે સાચે જ કોઈ અદ્‌ભુત જાદુગરીનું આ પરિણામ હશે, પણ ના એ જાદુ નથી, કોઈ વિદ્યા નથી. ત્યારે? એ શું છે તે આ 'સૂચિત' વાર્તા બતાવે છે.

શક્તિશાળી યોદ્ધા રાજા બિંબિસારની અમાપ કીર્તિ સમસ્ત વિશ્વમાં વ્યાપી રહી હતી. એના સૌથી નાના પુત્રનું નામ જીવક હતું. પહેલા બે રાજકુમારો અત્યંત શક્તિશાળી અને કુશળ યોદ્ધા હતા. પહાડી જંગલી જાતિઓથી પોતાના રાજ્યનું રક્ષણ કરવામાં અને અરણ્યોમાં ભયંકર અને ક્રૂર પ્રાણીઓનો શિકાર કરવામાં પાછી પાની ન કરે એવા હતા. પરંતુ જીવક મોટા ભાઈઓથી સાવ જુદો હતો.

તે બુદ્ધિશાળી અને નમ્ર હતો. એને યોદ્ધાઓ પ્રત્યે કે શૌર્ય બતાવતાં કાર્યો પ્રત્યે વિશેષ રુચિ નહોતી. એ તો એકાન્તપ્રિય હતો. અને કોઈની સાથે બિનજરૂરી વાત ભાગ્યે જ કરતો.

બિંબિસાર આ પુત્ર માટે વિશેષ ઉદાસીન રહેતા. એકવાર એમણે જીવકને પૂછયું : 'શું જીવનમાં તારું કોઈ ધ્યેય નથી? મેં તો તને કદી તારા ભાઈઓ સાથે રમતાં નિહાળ્યો નથી અને કોઈ દિવસ એમની સાથે મૃગયા ખેલવા જવા માટે તત્પર થતો પણ નથી જોયો...'

જીવકે નમ્રતાપૂર્વક કહ્યું: 'પિતાજી, એક વિદ્વાન અને વૈદ્યરાજ બની જીવન વ્યતીત કરવાની મારી હાર્દિક ઇચ્છા છે.'

'વત્સ, 'રાજકુમારો વૈદ્ય બનવાની વૃત્તિ રાખે તે શોભાસ્પદ નથી.'

'પરંતુ, પિતાજી, કોઈ રાજકુમાર જો વિદ્વાન બનવા ઇચ્છે તો એમાં વાંધો શો છે?'

'વાંધો તો કાંઈ નથી...તારું એ કથન મને માન્ય છે. પણ મારી સમજમાં એ નથી આવતું કે આજીવિકા રળવાનું તારે ન હોવા છતાં સ્વજનોનો ત્યાગ કરી દેશાટન માટે કેમ તૈયાર થયો છે? તું બાળક છે. તારા વડીલ બંધુઓની માફક તારા સંરક્ષણ પૂરતી યોગ્યતા હજુ તારામાં નથી આવી.'

જીવકે નમ્રતાપૂર્વક કહ્યું : 'પણ પિતાજી હું વેશ બદલીને કોઈ બીજા રાજ્યમાં આશ્રય લઈશ, જ્યાં સૌ મારાથી અપરિચિત હશે. હું કોણ છું એ કોઈ નહિ જાણવા પામે. આપ મારે વિશે નિશ્ચિંત રહેજો.'

'તારા આ પવિત્ર ઉદ્દેશને હું સ્વીકારું છું, કુમાર! તું ગુરુજનો પ્રત્યે સદા હૃદયમાં વિનમ્ર ભાવ રાખજે. તારાથી જે વધુ વિદ્વાન હોય એના પ્રત્યે શ્રદ્ધા રાખવી અને દરેક પાસેથી શિક્ષણ ગ્રહણ કરવું, દરેક વસ્તુનું બારીકાઈથી નિરીક્ષણ કરવું અને પોતાની બુદ્ધિ પ્રમાણે કાર્ય કરવું. તને મારો આશીર્વાદ છે. તારી મનોકામના પૂર્ણ થજો.'

પોતાનાં માતાપિતા, ભાઈઓ તથા બાંધવોની વિદાય લઈને, જીવક પર્યટન માટે વેશ બદલીને અરધી રાતે ઘરની બહાર નીકળી પડ્યો. ખૂબ સમય ચાલ્યા બાદ માર્ગમાં એક બ્રાહ્મણની કુટિર આવી. બ્રાહ્મણે હૃદયપૂર્વક એનું સ્વાગત કર્યું અને નમ્રતાથી પૂછ્યું: 'આપ કોણ છો અને કયા ઉદ્દેશથી પ્રિયજનોનો તમે ત્યાગ કર્યો છે?'

જીવકે કહ્યું: ‘મારી અંતરની અભિલાષા છે કે હું એક વિદ્વાન બનું.’

‘અત્યંત હર્ષની વાત છે. થોડાક દિવસ સુધી મારા શિષ્ય તરીકે રહેવા બાદ તારી આ ઇચ્છા અવશ્ય પૂર્ણ થઈ શકશે.’

લગભગ એક વર્ષ સુધી બ્રાહ્મણની પાસે રહીને, તે અનેક શાંસ્ત્રોમાં પારંગત થઈ ગયો. ત્યાર બાદ તેની રજા લઈ તે આગળ વધ્યો.

વિદાય થતાં પહેલાં બ્રાહ્મણે એને કહ્યું: ‘પાસેની પહાડીઓમાં કેટલીક ભયંકર અને ક્રૂર જાતિઓ રહે છે. કેટલોક વખત તું એમની સાથે રહે. પગનાં ચિહ્નોની મદદથી શ્વાપદોની શોધ કરવામાં તેઓ અત્યંત નિપુણ છે. આ વિદ્યાથી તને જરૂર લાભ થશે. આ ઉપરાંત તું મારા ભાઈનો આશ્રય લે. તે એક પ્રખ્યાત વૈદરાજ છે. વનૌષધિઓની સહાયથી ખોપરી ખોલીને મસ્તકની વિકૃતિઓ દૂર કરી દેવામાં તે ખૂબ નિપુણ છે. આ વિદ્યા પ્રાપ્ત કરવા ઉપરાંત ચમકતા મરકતની શોધમાં જવું જોઈએ. એની સહાયતાથી તું એ સરલતાપૂર્વક જાણી શકીશ કે દુઃખી વ્યક્તિને કઈ જાતનું કષ્ટ છે. એની વેદનાનું કારણ પણ તું સહેલાઇથી તરત જ જાણી શકીશ. હું તને આશિષ આપું છું. તું તારાં કાર્યોમાં સફળ થજે.’

બ્રાહ્મણની આજ્ઞા માથે ચડાવી, જીવકે એનું બરાબર પાલન કર્યું. કેટલોક સમય તે પર્વત-નિવાસી જંગલી જાતિઓની સાથે રહ્યો. જ્યારે તે લોકોએ જોયું કે જીવક અત્યંત સુશીલ અને સદાચારી છે, ત્યારે તેમણે હૃદયથી તેનું સ્વાગત કર્યું. તેમણે પગનાં ચિહ્નો પરથી પ્રાણીની ઓળખ અને તેની શોધનો રસ્તો શિખવાડ્યો. ત્રણ વર્ષ સુધી આ જંગલી જાતિઓ સાથે રહી તે આ વિદ્યામાં પણ નિષ્ણાત થઈ ગયો.

આ જંગલી જાતિઓની વિદાય લઈને તેણે એક બ્રાહ્મણ ભિષગ્‌નો આશ્રય લીધો. અહીં બે વર્ષ રહી, મસ્તક ખોલીને એની કઠિન બીમારીઓનો ઇલાજ કરવાની વિદ્યા તેણે પ્રાપ્ત કરી લીધી. બ્રાહ્મણ ભિષગ્ પોતાના આ ચતુર, કુશાગ્ર બુદ્ધિવાળા અને નમ્ર શિષ્યથી અત્યંત પ્રસન્ન હતો; વિદાય દેતી વખતે એણે જીવકને કહ્યું: ‘હવે તારે વૃક્ષના ગર્ભમાં ઢંકાઈ રહેતા, જ્યોતિર્મય મરકતની શોધ કરવી જોઈએ. એની છાલ હંમેશાં પરિમલયુક્ત રજથી પૂર્ણ રહે છે. અને એનાં લાકડાં લોઢા જેવાં કઠણ અને ભારે હોય છે.’

પોતાના ગુરુનો આશીર્વાદ લઈને જીવક દક્ષિણ દિશામાં ચાલ્યો. અનેક મેદાનો, નદી-નાળાં અને જંગલો પાર કરીને તે એક વૃદ્ધ બ્રાહ્મણની ઝૂંપડી પાસે પહોંચ્યો. બ્રાહ્મણ પોતાની પ્રાતઃકાળની પૂજા-અર્ચનાથી નિવૃત્ત થઈ ઝૂંપડીની સામે સડક પાસે બેઠો હતો.

નમ્રતાપૂર્વક જીવક એની પાસે જઈ બેઠો. થોડી વાર સુધી બન્ને ભગવદ્‌ભક્તિ વિષયક ચર્ચા કરતા રહ્યા. પછી જીવકે પોતાનું મૂળ નામ છુપાવીને પોતાના ભ્રમણનો ઉદ્દેશ અને સંપૂર્ણ વૃત્તાંત તેને કહ્યો.

બધું સાંભળી પછી બ્રાહ્મણે કહ્યું: ‘તારી વાતોથી લાગે છે કે તું એક નિષ્ણાત નિરીક્ષક છે. હું તારી વિદ્વત્તાની પરીક્ષા લઉં. શું તું એ બતાવી શકીશ કે આજ સવારથી કયું કયું પ્રાણી આ ઝૂંપડી પાસેથી નીકળ્યું છે?’

‘જી! હું તુરત જ આપને આ વિષય પર કહી શકીશ.’ અને સુમધુર મંદ હાસ્યની એક સુંદર રેખા જીવકના ઓષ્ઠ પર ખેલવા લાગી.

કેટલીક ક્ષણો સુધી માર્ગનું સૂક્ષ્મ નિરીક્ષણ કરીને તે પાછો આવ્યો. અને કહેવા લાગ્યો, ‘આજે સવારે એક કઠિયારો આ બાજુથી નીકળ્યો હતો. એના મસ્તક પરનો બોજ એને માટે ખૂબ જ ભારે હતો, કારણ

કે તે અશક્ત અને અત્યંત દુર્બળ હતો.'

'તારી વાત સાચી છે.'

'ત્યાર બાદ અહીંથી એક સાંઢણી ગઈ છે, અને કોઈ સ્ત્રી એને લઈ ગઈ છે. એ સાંઢણી લંગડી હતી. એનો પાછલો ડાબો પગ જખમી હતો અને જમણી આંખ ફૂટી ગઈ હતી, એના ઉપર એક બાજુ ઘઉં લાદ્યા હતા અને બીજી બાજુ મધ હતું.'

'તદ્દન સાચું કહી રહ્યો છે તું.' બ્રાહ્મણના આશ્ચર્યની સીમા ન હતી.

ધીમું હસતાં જીવક આગળ કહેવા લાગ્યો: 'થોડી વાર પછી એક માણસ બળદગાડી ચલાવતો અહીં આવ્યો. ઉતાવળ હોવાને લીધે બળદોને કોરડાથી તે ફટકારી રહ્યો હતો. એની પાસે એક કૂતરો પણ હતો. જે ઊછળીઊછળીને બળદ પ્રતિ ભસી રહ્યો હતો.'

'જો એ સમયે તમે મારી પાસે બેઠા હોત, તો જે કાંઈ તમે કહ્યું છે એથી વધુ કાંઈ દેખાત નહીં.'

'પછી,' જીવકે કહેવું પુનઃ શરૂ કર્યું, 'એક ચોર પાસેની ઝાડીમાંથી બહાર નીકળ્યો. જ્યારે તેણે તમને જોયા ત્યારે ક્ષણભર તો તે સ્તબ્ધ બની ગયો. પણ તમે ધ્યાનસ્થ હોવાને લઈને એને તમે ન દેખી શકયા ને એ ચૂપચાપ ચાલ્યો ગયો. પણ એ ઘાયલ હોવાને લીધે વધુ દૂર નહિ ગયો હોય....'

'હું એ ચોર વિષે કંઈ પણ નથી જાણતો,' બ્રાહ્મણે હજુ આટલું કહ્યું ન કહ્યું ત્યાં તો ત્રણ સિપાહીઓ ઝાડીમાંથી એકદમ સામેના માર્ગ પર આવી ઊભા. ખુલ્લી આંખે બેય બાજુ બરાબર જોવા છતાં કઈ દિશામાં જવું એ કેટલીક ક્ષણો સુધી નક્કી ન કરી શકયા.

ક્ષણવાર વેધક દૃષ્ટિથી તેમને જોઈ, જીવકે આગળ ચલાવ્યું, 'રાત્રે રાજમહેલમાં ચોરે પ્રવેશ કર્યો હતો. આ ત્રણ સેવક રાજ રીઓમાંના છે. તેમણે તેનો પીછો પ અને એને જંગલમાં પ્રવેશતો દેખી એમ એકે બાણથી એને ઘાયલ કર્યો. પરંતુ ચો ઝાડીઓમાં છુપાવી, આ પ્રહરીઓને પ્રકારે ભુલાવી ચોરે પોતાનો ઘા બાંધી લીધે

બ્રાહ્મણ અને જીવકને સામે બેઠેલા એ ત્રણે દોડતા તેમની પાસે આવ્યા કહેવા લાગ્યા: 'તમે કોઈ માણસને અહી જતો દેખ્યો છે?'

બ્રાહ્મણે ડોકું હલાવી 'ના' પાડી દી પણ જીવક તુરત જ બોલી ઊઠ્યો, ' ગયાને હજુ એક ઘડી પણ નથી થઈ. એક ચોર છે જેને તમે શોધી રહ્યા છો. બાણથી ઘાયલ પણ થયો છે. તમે જંગલમાંથી શા માટે ભાગી જવા દીધો!

'તમે ચોર સાથે આ વિષે વાત કરી છે?' એક સંત્રીએ પૂછયું.

'ના, મેં તો એને દેખ્યો ય નથી.'

'તો પછી તમે કેવી રીતે જાણી કે અમે ચોરને જ શોધી રહ્યા છીએ એ ચોર ઘાયલ પણ છે?'

'એ બધું હું તમને પછી કહીશ. તુરત જ આ ડાબા માર્ગે જાઓ. ચોર દૂર નહિ ગયો હોય, તમને આટલામાં કયાંક મળી જશે.'

'તમે ભલે કબૂલ ન કરો પણ તમે એ વિષે કંઈક વધુ જાણો છો,' એક સં કહેવા લાગ્યો, 'તમે અમારી સાથે ચાલો

'જેવી તમારી ઇચ્છા,' નમ્રતાથી કહ્યું અને તેમની સાથે જવા માટે તૈ થયા પછી બ્રાહ્મણ તરફ ફરી કહ્યું: 'હું જયાં પાછો ન આવું, ત્યાં સુધી કૃપા કરી અહીં જ રહેજો.'

એ પછી માર્ગનું નિરીક્ષણ કરતાં ચાલ તે પ્રહરીઓની આગળઆગળ

લાગ્યો. પ્રહરીઓ એને જાતજાતના પ્રશ્નો પૂછવા લાગ્યા, પણ ચોર સાવધ થઈ જાય એ ભયે તેણે તેમને શાંત રહેવાનો ઇશારો કર્યો અને પછીથી તેમની બધી શંકાઓનું નિવારણ કરવાનું વચન આપ્યું.

એ બધા ચૂપચાપ તેની સાથે ચાલવા લાગ્યા. થોડી વાર બાદ એક ખંડિયેર પાસે આવી પહોંચ્યા. જીવકે તેમને શાંત રહેવાનું કહી, પેલા ખંડિયેર ભણી ઇશારો કર્યો. તે ત્રણે ય ધીમેધીમે ચૂપકીથી એ તરફ આગળ વધ્યા. ત્યાં પ્રવેશતાં જ તેમણે ચોરને એક ખૂણામાં ગાઢ નિદ્રામાં સૂતો નિહાળ્યો. સંત્રીઓએ તેને તુરત જ કેદ કરી લીધો અને બહાર લઈ આવ્યા.

‘ તું ચોરીને લાવ્યો છે એ રત્ન કયાં છે ? ’ એક પ્રહરીએ પૂછયું.

‘ કેવું રત્ન ? ’ મુખ પર ભોળપણના ભાવ લાવી તે કહેવા લાગ્યો, ‘ તમારો આશય હું સમજયો નહીં. તમારે મારી પાસેથી શું જોઈએ છે અને શા માટે મને આ રીતે કેદ કર્યો છે ? ’

‘ તેં રાજમહેલમાંથી જાદુનું રત્ન ચોર્યું છે.’

‘ હરગિજ નહીં. તમે ભૂલ કરી રહ્યા છો. તમે એક બિલકુલ અજાણ વ્યક્તિને કેદ કરી લીધી છે.’

‘ અજાણ કેમ ? તારો જ શું પીછો અમે જંગલમાં નહોતો પકડ્યો ? અને જાંઘમાં તીર લાગવાથી શું તું ઘાયલ નહોતો થયો ? હવે તેં એ ઘા બાંધી લીધો છે.’

‘ કમભાગ્યે હું જ તે માણસ છું, જેને તમે ઘાયલ કર્યો હતો. પણ વિશ્વાસ રાખો, હું આપના ચોરાયેલા રત્નની બાબતમાં કાંઈ પણ નથી જાણતો. એ સમયે હું જંગલમાં સૂઈ રહ્યો હતો. તમારા દોડવાનો અવાજ સાંભળી હું તમને લૂંટારા સમજયો અને મારા જીવના રક્ષણ માટે નાસ્યો. પણ નાસતી વખતે જયારે તમે મને ઘાયલ કરી દીધો, ત્યારે વિવશ બની મારે ઝાડીનું શરણું સ્વીકારવું પડ્યું. મને ડર હતો કે તમે મને પકડી પાડશો, તો મારો જીવ પછી બચાવી શકાશે નહિ.’

પ્રહરીઓને એની વાત પર વિશ્વાસ બેસી ગયો. એમાંના એકે કહ્યું. ‘ આ સાચેસાચ જો ચોર નહિ હોય, તો આપણને આપણી મૂર્ખતા માટે દંડ મળશે.’

જીવક અત્યાર સુધી શાંત હતો. તે ઘૂંટણભેર એ માણસ પાસે બેસી ગયો અને તેના હાથપગનું બારીકાઈથી નિરીક્ષણ કરવા લાગ્યો. પછી એનો ઘા ખોલી એણે એમાં એક પ્રકારની વનસ્પતિ મસળીને લગાવી દીધી અને પછી સાવધાનીપૂર્વક પટ્ટી બાંધી દીધી.

આ પર કેદીએ મુક્તકંઠે આશીર્વાદ દેતાં કહ્યું : ‘ મને ઘાની હવે જરા જેટલીયે પીડા નથી થતી.’

‘ શું તમે આને ઓળખો છો ? ’ જીવકને એક પ્રહરીએ પૂછયું.

જીવકે કહ્યું, ‘ આ પહેલાં મેં આ માણસને કદી દેખ્યો પણ નથી, તોપણ એના વિષે હું જે કાંઈ જાણું છું એ સર્વ તમોને કહું છું. આ એક કુંભાર છે. પાછલી રાતે રાજઉદ્યાનમાં પ્રવેશ કરી એક અશોકવૃક્ષ પર ચઢી એણે અર્ધી રાત સુધી પોતાની જાતને એની શાખાઓમાં છુપાવી રાખી. ત્યારબાદ ધીરેધીરે નોકરોની ઝૂંપડીઓની બાજુમાં થઈને રાજમહેલમાં ઘૂસ્યો. મુખ્ય રસોઇયા પાસે તે હંમેશાં ઘડા વેચવા જતો હતો એથી માર્ગથી તે પરિચિત જ હતો. એ જયાં રત્ન રાખ્યું હતું એ ખંડમાં ચૂપચાપ રાતના અંધારામાં ચાલ્યો ગયો. ખંડ મૃગચર્મોથી ભર્યો છે. રત્ન પ્રાપ્ત થયા બાદ તે બારીવાટે મહેલની બહાર નીકળી આવ્યો અને પાસે જ લટકતી વૃક્ષની એક

ડાળી પકડી ઊતરવા લાગ્યો. પણ દુર્ભાગ્યે એ શાખા તૂટવાથી એ ધબ કરતો નીચે પડ્યો. પળવાર એ અસહાય અવસ્થામાં આવી જ રીતે પડ્યો રહ્યો. પછી મહેલમાં શોરબકોર સાંભળતાં જ એ બગીચાની દીવાલ કૂદી જઈ જંગલ તરફ નાસ્યો.

'વાદળોથી મુક્ત થઈ ચંદ્ર હવે સ્પષ્ટ રીતે પ્રકાશી રહ્યો હતો. એના અજવાળામાં એ તમને દેખાયો અને તમે તેનો પીછો પકડ્યો. જંગલમાં પ્રવેશ કરતાં તમે ઘણાં તીર છોડ્યાં, જેમાંના એકે તેને ઘાયલ કરી દીધો. એની જાંઘમાં જખમ થયો. તુરત જ એક ગીચ ઝાડીની તેણે ઓથ લીધી. જ્યાં તમે એને શોધતા ત્યાંથી આગળ નીકળી ગયા, ત્યારે તે ઊભો થયો અને પોતાના ઘાને બાંધી રાજમાર્ગ તરફ આગળ વધ્યો. રસ્તામાં એક ઝૂંપડીની સામે એક બ્રાહ્મણને બેઠેલો જોઈ એ ઝૂંપડીની પાછળ છુપાઈ ગયો. પટ્ટી ઢીલી થઈ જવાથી તેણે બરાબર બાંધી. પણ વધુ લોહી વહેવાથી તે અશક્ત થઈ ચૂકયો હતો. પાસે જ આ ભગ્નાવશેષ ખંડિયેરને જોઈ તેમાં તેણે છુપાવાનો નિશ્ચય કર્યો, પણ ખંડિયેરમાં પ્રવેશતાં પહેલાં જ તેણે એ રત્ન માટીના ખાડામાં છુપાવી દીધું છે.'

ચોર આશ્ચર્યચકિત બની જીવક તરફ જોઈ રહ્યો હતો. તે એકાએક ચીસ પાડી ઊઠ્યો, 'તમે જરૂર કોઈ જાદુગર છો!'

જીવકે કહ્યું: 'હવે કૃપા કરીને અમોને એ સ્થાન પર લઈ જા, જ્યાં તેં રત્ન છુપાવ્યું છે.'

પ્રહરીઓએ તેને મુક્ત કર્યો અને ચૂપચાપ ઊઠીને તે ઝૂંપડીની પાછળ એક ખાડા પાસે જઈ ઊભો રહી ગયો. એ ખાડા પરનો પથ્થર હઠાવી, ભીની માટીનો એક ગોળો તેણે બહાર કાઢ્યો. એ ગોળાના બે ટુકડા કરતાં જ તે રત્ન બહાર નીકળી આવ્યું. જીવકે એ લઈને પ્રહરીઓને સોંપી દીધું

પ્રહરી અને સાથે ચોર પણ જીવક
વિદ્વાન પુરુષનો સાક્ષાત્કાર થવાથી આ
થી પરેશાન થઈ રહ્યા હતા. ખૂ
આદર સાથે તેઓ એને બ્રાહ્મણ પાસે
લઈ ગયા.

બ્રાહ્મણે પૂછયું, 'તમને ચોર પા
ખોવાયેલું રત્ન પાછું મળી ગયું ને?'

'હા, ગુરુદેવ! પણ જો આ વિ
મહાપુરુષ અમારી સાથે ન હોત તો
કદી પણ સફળ ન થઈ શકત.' પછી
તરફ ફરીને તે કહેવા લાગ્યા: 'કૃપા
આપનો પરિચય આપી અમને કૃતાર્થ

એની સાથે ચાલતાં ચાલતાં તે
પોતાનું એક નવું જ નામ આપી
કહેવા લાગ્યો, 'તમારું કામ હું કરી
કૃપા કરી હવે મને આજ્ઞા આપો.'

પ્રહરીઓએ શ્રદ્ધાપૂર્વક એને પ્રણામ
પછી તેઓ ત્યાંથી ચાલ્યા ગયા.

જીવક બ્રાહ્મણની પાસે જઈ બેસી

થોડીવાર પછી બ્રાહ્મણે પૂછયું, '
કૃપા કરીને હવે મને સંપૂર્ણ વૃત્તાંત સંભળા

જીવકે આદિથી અંત સુધી સ
વૃત્તાંત સંભળાવ્યું:

'પરંતુ તને કઠિયારો, સાંઢણી
ગાડીવાન અહીંથી ગયા એ વાતની
કેમ પડી?'

જીવકે કહ્યું: 'કોઈ પણ વસ્તુનું
નિરીક્ષણ કરવાનો મને અભ્યાસ જ થઈ
છે. હમણાં મેં જે કાંઈ તમને કહ્યું છે
બધું રસ્તા પર મારી આંખોથી પ્ર
નિહાળ્યું છે. એ કઠિયારાના પગનાં ચિહ્
મેં નિરીક્ષણ કર્યું. એડીનાં નિશાન ઘેરાં
એથી એમ માલૂમ પડતું હતું કે એના
કૃશ હતા, એથી મેં ધાર્યું કે એ કઠિ
ખૂબ જ દુર્બળ હશે. માર્ગમાં ચાલતાં ચા

તે આમતેમ ઘૂમતો જતો હતો. એ એના મસ્તક પર ભાર હોવાનું પ્રમાણ હતું અને એ કઠિયારો હતો એ મેં એવી રીતે જાણ્યું કે અહીંતહીં લાકડાની છાલના ફટકા વેરાયા હતા.'

'ઠીક છે, પરંતુ કઠિયારાની પછી સાંઢણી અહીંથી ગઈ, એ તેં કેમ જાણ્યું?'

'આ તો ખૂબ સરળ પ્રશ્ન છે, ગુરુદેવ! એ કઠિયારાનાં પદ-ચિહ્નો પર ક્યાંકક્યાંક સાંઢણીનાં પદ-ચિહ્નો પડ્યાં હતાં.'

'એ સાંઢણીનાં જ પદ-ચિહ્નો છે એ કેમ માલૂમ પડ્યું?'

'એ તો એ ચિહ્નોના નિરીક્ષણ પરથી.'

'પરંતુ સાંઢણી લંગડી છે, એ તેં કેમ જાણ્યું?'

'કારણ કે એના પાછલા ડાબા પગનાં ચિહ્નો બીજા પગનાં ચિહ્નોની સાથે સરખાવતાં અસ્પષ્ટ હતાં. એનાથી સ્પષ્ટ થતું હતું કે એના ડાબા પગમાં જરૂર કંઈક ચોટ લાગી છે.'

'પણ એની જમણી આંખ ફૂટેલી છે, એ કેમ જાણ્યું?'

'જે બાજુથી તે ગઈ હતી, એ બાજુની ડાબી કિનારી પરનાં વૃક્ષોનાં પર્ણો તેણે ખાધાં છે, પણ જમણી બાજુનાં વૃક્ષો એમ ને એમ સલામત છે. એ બાજુનાં પાંદડાં કે શાખા તેણે કાપી નથી.'

'અને એક સ્ત્રી તેને લઈ જઈ રહી હતી એ કેમ જાણ્યું?

'કારણ કે સ્ત્રીઓના પગનાં નિશાન પુરુષના પગનાં નિશાન કરતાં તદ્દન જુદાં જ હોય છે.'

'સાંઢણી પર એક બાજુ ઘઉં અને બીજી બાજુ મધ હતું એ કેમ જાણ્યું?'

'અહીંથી થોડે દૂર સાંઢણી ઝૂકી હતી. ત્યાં આસપાસ થોડા ઘઉંના દાણા વેરાયેલા હતા અને બાજી બાજુ કીડીઓની હાર લાગી હતી. તેમ જ થોડી મધમાખો ઊડી રહી હતી. સ્ત્રી ત્યાંસુધી તો સાંઢણી પર જ બેઠી હતી પણ ત્યારબાદ તે સાંઢણીને દોરીને લઈ ગઈ. વળી સ્ત્રી સગર્ભા હતી, કારણ કે પેશાબ કરતી વખતે ભૂમિ પર તેણે પોતાનો હાથ ટેકવ્યો હતો!'

'વારુ, મને એ બતાવ કે તને એ કેમ ખબર પડી કે સાંઢણીના ચાલ્યા ગયા બાદ અહીંથી એક ગાડું પસાર થયું હતું?'

'કારણકે ક્યાંકક્યાંક સાંઢણીના પગનાં નિશાનો ગાડાનાં પૈડાંથી કચરાયાં છે.'

'અને એ કેમ ખબર પડી કે ઉતાવળમાં હોવાને લીધે ગાડાવાળો બળદોને ફટકારી રહ્યો હતો?'

'કારણ કે બળદની ખરીઓનાં નિશાન બધી જગા પર સરખા અંતરે નથી. જ્યારે ગાડાવાળો તેમને ફટકારતો હતો, ત્યારે તેઓ ઊછળી-ઊછળીને ભાગતા હતા, જેથી ખરીઓનાં નિશાન કંઈક પાસેપાસે અને વધુ ઘેરાં બન્યાં છે. કૂતરાના પગનાં નિશાનોથી એ સહેલાઈથી માલૂમ પડતું હતું કે તે ઊછળી-ઊછળીને બળદ તરફ ભસી રહ્યો છે. આથી પગનાં નિશાનોનું સૂક્ષ્મ નિરીક્ષણ કરીને હું એ નિર્ણય પર આવ્યો કે ક્રોધી અને ઉતાવળો ગાડાવાળો ઉતાવળે તેમને હાંકવા ઇચ્છતો હતો અને એથી એને ફટકારતો જતો હતો. અને સાથે જ પોતાના કૂતરાને એના તરફ ભસવા પ્રેરતો હતો.'

'હવે આ બધું કેટલું સહેલું લાગે છે!' બ્રાહ્મણ કહેવા લાગ્યો, 'પણ મારી સમજમાં એ નથી આવતું કે એ ચોરના વિષયમાં તું સઘળું કેવી રીતે જાણી શક્યો? એ તેં કેમ જાણ્યું કે એ ઝાડ પર છુપાઈને બેઠો હતો અને નોકરોની ઝૂંપડીઓના માર્ગે મહેલમાં ઘૂસ્યો હતો અને જે ખંડમાં રત્ન

રાખ્યું હતું, એ મૃગચર્મોથી ભરેલો હતો ? કૃપા કરીને મને એ બતાવ કે તેં કેમ જાણ્યું કે બારી બહાર નીકળી વૃક્ષની શાખાની મદદથી તે નીચે ઊતર્યો અને એના એકાએક તૂટવાથી પૃથ્વી પર પડી કેટલીક ક્ષણો એમ જ પડ્યો રહ્યો અને પછી ઊઠીને જંગલની બાજુ નાસ્યો. અને એ કેમ જાણ્યું કે માર્ગમાં મારી કુટીર સમીપ તે આવ્યો અને મને ધ્યાનસ્થ જોઈ એ માટીના ખાડા તરફ ગયો, જ્યાં તેણે રત્નને ભીની માટીના ગોળામાં સંતાડી પોતે ખંડિયેરમાં જઈ છુપાયો ?'

જીવક કહેવા લાગ્યો. 'સૌથી પહેલાં મેં એના પગનાં નિશાનોનું નિરીક્ષણ કર્યું, જે જંગલથી શરૂ થઈ રાજમાર્ગ સુધી ગયાં હતાં. બળદની ખરીઓનાં નિશાનો ઓળંગી તે પંજા પર દોડતો રહ્યો, જેથી મને એ જાણવામાં જરા પણ મુશ્કેલી ન પડી કે તે ગાડાના ગયા બાદ આવ્યો હતો. તમને ધ્યાનાવસ્થામાં બેઠેલા દેખી રસ્તામાં તે ત્રણ વાર અટકીને ઊભો રહી ગયો હતો અને જ્યાંજ્યાં તે આમ ઊભો રહ્યો હતો, ત્યાં તેના પગનાં સંપૂર્ણ નિશાન અંકિત થઈ ગયાં હતાં અને જ્યારે એણે ભાગવું શરૂ કર્યું ત્યારે કેવળ એના પંજાનાં જ નિશાન અંકિત થયાં, એડીઓનાં નિશાન નહીં. એને ગુનેગાર પુરવાર કરવા એ પૂરતાં છે. તમે એને જોઈ શકતા હતા, પણ તમે જોયો નહિ, એથી મેં નિર્ણય બાંધ્યો કે એ સમયે જરૂર તમે ધ્યાનસ્થ રહ્યા હશો.'

'આશ્ચર્ય, ખૂબ આશ્ચર્ય ! પણ હવે મને એ બતાવ કે જ્યારે તું ખંડિયેર પાસે પહોંચ્યો, ત્યારે બધી ઘટનાનો તને ખ્યાલ કેમ આવી ગયો ?'

'મેં ખૂબ જ બારીકીથી એનાં શરીર, હાથ, પગ, વાળ, નખ વગેરેનું અવલોકન કર્યું, સાથે જ મેં એના ઘાની અને એ પર બાંધેલી પટ્ટીની એટલી જ સૂક્ષ્મ તપાસ કરી.'

'પરંતુ એથી તું એ નિર્ણય પર કેવી રીતે આવ્યો ?'

'એના જમણા હાથની ચીકણી હથેળી જોઈ મેં અનુમાન કર્યું કે તે જરૂર કુંભાર હશે. એના ડાબા હાથની હથેળી ખડબચડી હતી. કુંભાર પોતાના ચાકને ડાબા હાથે જ ઘુમાવે છે અને એ રીતે તેની હથેળી ખડબચડી અને કઠણ થઈ જાય છે. એના વાળમાં અશોકનાં બીજ વિખરેલાં પડ્યાં હતાં. રાજઉદ્યાન સિવાય ક્યાંય પણ અશોકવૃક્ષ મળવું અસંભવિત હતું અને જ્યાંસુધી કોઈ વસ્તુ એની સાથે ન અથડાય ત્યાંસુધી એ બીજ ખરતાં નથી. તેથી એના કેશમાંનાં બીજને જોઈ હું એ નિર્ણય પર આવ્યો કે તે જરૂર ઉદ્યાનના અશોકવૃક્ષ પર ચડ્યો હશે અને એની શાખાઓ સાથે મસ્તક અથડાયું હશે. મુખ્ય દ્વારથી મહેલમાં પ્રવેશવાની એની હિંમત ન થાય; કારણ કે ત્યાં સશસ્ત્ર દ્વારપાળો ચોકી કરે છે. એવી જ રીતે દરેક દ્વાર પર દ્વારપાળો હોવાને લીધે એ સિદ્ધ થાય છે કે જરૂર તે કોઈ દીવાલની ઓથે મહેલમાં પ્રવેશ્યો હશે. એના પગનાં અંગૂઠાઓમાં લાલ માટી ભરી પડી હતી અને મહેલમાં સેવકોનાં ઘરની આસપાસ રોજ લાલ માટી પાથરવામાં આવે છે. આ ઉપરાંત એ કુંભાર હોવાના કારણે મેં ધાર્યું કે જરૂર તે ઘડા વગેરે વેચવાના બહાને મુખ્ય રસોઇયાને મળતો રહ્યો હશે. રાજમહેલમાં વારંવાર આવજાને કારણે સેવકોના મુખે એ રત્નની વિગત પણ તેને માલૂમ પડી હશે.'

'મહેલમાં પ્રવેશ કર્યા બાદ તે કાંઈક ગભરાઈ ગયો, જેથી તેનું શરીર પરસેવે નાહી રહ્યું. એના શરીરનું નિરીક્ષણ કરતાં મેં જોયું કે તેના શરીર પર જ્યાંત્યાં મૃગચર્મના

વાળ લાગેલા છે. અંગૂઠા પર પણ આ જાતનાં વાળ લાગ્યા હતા. જરૂર તે મૃગચર્મો પર કેટલીક ક્ષણો સૂતો હશે, તે એટલે સુધી કે એના ઘાને બાંધેલી પટ્ટીમાં પણ એ વાળ ચોંટેલા હતા.'

'પરંતુ તે બારી દ્વારા મહેલની બહાર નીકળ્યો એ કેમ જાણ્યું?'

'એના બંને હાથો હરિત, લીલા અને લાલ રંગથી રંગાયા હતા, જે એનાં પાન અને પુષ્પોના કચડાવાથી થયા હશે. એ ઉપરાંત તેના ડાબા હાથની બે આંગળીઓ અને જમણા હાથની એક આંગળી એવી રીતે કપાયેલી હતી કે જાણે કોઈએ એને દોરીથી ખૂબ મજબૂત બાંધી હોય. લતા જેવી કુમળી ચીજ દ્વારા કોઈ ઊતરવા ચાહે તો એ તૂટે જ. મારી આ વાતની સત્યતાની ખાતરી કરવા મેં એના બંને થાપાના ઉપરના ભાગની તપાસ કરી. તેની ડાબી કોણી અને ડાબા કાન પર પડ્યાનાં સ્પષ્ટ ચિહ્ન હતાં. કયાંક કયાંક થોડા છોલાયા પણ હતા. એના મસ્તક પર ડાબી બાજુ લાગેલી કાળી માટીએ મારા એ અનુમાનને પુષ્ટિ આપી કે જરૂર તે ત્યાંથી પડીને જમીન પર કેટલીક ક્ષણો એમ ને એમ પડ્યો રહ્યો હશે; નહિ તો કાળી માટી એના વાળમાં આ રીતે ચોંટત નહિ. જો તેને જોરથી વાગ્યું ન હોત તો તે કદાપિ આ રીતે નિશ્ચલ પડ્યો ન રહ્યો હોત.'

'અદ્ભુત ! અદ્ભુત !! રોજિંદા વ્યવહારમાં તારી આ અવલોકનશક્તિ અને તર્કશક્તિ જોઈ હું અત્યંત પ્રસન્ન થયો છું.'

જીવક ફરી કહેવા લાગ્યો: 'મેં એના ઘૂંટણ પર છોલાવાનાં નિશાન જોયાં, જે મૃગચર્મ પર સૂવાને લીધે વધુ દુઃખદાયક થઈ પડ્યાં હશે. મૃગચર્મોના વાળ એને બરાબર ચોંટી ગયા હતા. એથી મેં નિર્ણય બાંધ્યો કે તે ઉતાવળે દીવાલ પર ચઢ્યો હશે. મેં એ પણ જોયું કે તેના જમણા પગની આંગળીઓના ત્રણ નખ અંદરની બાજુ વળી ગયા હતા. એમાં ચોંટેલી લાલ માટી જોઈ મેં તર્ક બાંધ્યો કે મહેલ છોડ્યા બાદ એ આમ વળી ગયા હશે. દ્વાર પર પ્રહરી સજાગ પહેરો દઈ રહ્યા હતા, એથી સ્વાભાવિક છે કે તે દીવાલ ઓળંગવાનો પ્રયાસ કરે અને જોખમ આવે છે એવી શંકા પડ્યા વિના આટલી જલદી દીવાલ કોઈ ન ઓળંગત.'

'પણ તેં એ કેમ જાણ્યું, કે દીવાલ ઓળંગ્યા બાદ જ ચંદ્રોદય થયો?'

'એ તો તદ્દન સામાન્ય વાત છે. પહેલાં તો પ્રહરી અંધારામાં એને કદી દેખત નહિ; બીજું, અંધારામાં કોઈ કદી બાણ ચલાવે નહિ અને આ માણસ તીરથી ઘાયલ થયો હતો.'

'વાસ્તવિક રીતે તારો તર્ક અદ્ભુત છે. એણે પોતાનો અપરાધ કબૂલ કરી લીધો એમાં કાંઈ નવાઈ પામવા જેવું નથી. એ તો જરૂર તને કોઈ જાદુગર સમજ્યો હશે. હવે મારી માત્ર એક જ શંકા છે, એનું પણ સમાધાન કરી દે.'

'પૂછો.'

'તેં કેમ જાણ્યું કે તેણે એ રત્ન ખાડામાં છુપાવી દીધેલું છે? તું તો એ ખાડા પાસે ગયો પણ ન હતો.'

'કેટલાંક વર્ષો પહેલાં જયારે હું અહીંથી નીકળ્યો હતો, ત્યારે યે એ ખંડિયેરની પાછળ ખાડો જોયો હતો. એ ખાડાની બીજી બાજુ પણ કેટલાંક જીર્ણ મકાનો છે. આગળના વખતમાં કેટલાક કુંભાર પોતાનાં બાળબચ્ચાં સહિત એ મકાનોમાં રહેતા હતા, પરંતુ ત્યાંની માટી જયારે વાસણ બનાવવાને યોગ્ય ન રહી, ત્યારે બીજી જગાએ ચાલ્યા ગયા. આ કુંભારચોરનો જન્મ કદાચ એમાંના જ કોઈ મકાનમાં થયો હશે.

અને જન્મે કુંભાર હોઈ એ અમૂલ્ય રત્ન છુપાવવાને માટીનો ખાડો ઉપયોગી સમજે તો આશ્ચર્ય નહિ.'

'હું અત્યંત પ્રસન્ન છું કે તું આ પ્રકારે તર્કની સહાયથી સત્ય હકીકતનો પત્તો લગાવી શક્યો. હવે મારી એક હાર્દિક ઇચ્છા છે અને તે એ કે કેટલોક કાળ તું મારી સાથે રહે, જેથી હું સ્વેચ્છાપૂર્વક તારી સાથે વાતો કરી શકું. ભોગજોગે ઘણાં વર્ષો બાદ તારા જેવા વિદ્વાન યુવકની આજ ભેટ થઈ.'

'પણ ગુરુદેવ, હમણાં મને ક્ષમા કરો. પાસેની ધર્મશાળામાં જવું મારે માટે બહુ આવશ્યક છે. કારણ કે એ દૂબળો કઠિયારો જે લાકડાનો ભારો લઈ ગયો તે હું ખરીદવા ઇચ્છું છું.'

'પણ તું એને ખરીદીને શું કરીશ?'

'મારી સાથે ચાલો; તમને આપમેળે માલૂમ પડી જશે.'

બ્રાહ્મણ જીવક સાથે ચાલ્યો. જ્યારે તેઓ ધર્મશાળામાં પહોંચ્યા, ત્યારે તેમણે જોયું કે દૂબળો માણસ સામે જ બેઠો છે. બેઠોબેઠો ખૂબ જ દીનતાપૂર્વક રસ્તા ભણી નજર કરી રહ્યો હતો કે કોઈ એનાં લાકડાંનો ખરીદનાર મળે તો જ તે અન્ન ભેળો થાય.

જીવકે તેને પૂછયું, 'આ ભારી વેચવી છે?'

'હા, માલિક.'

'શું કિંમત લઈશ?'

એથી એણે જે કિંમત બતાવી તે જોકે વધારે હતી તોપણ જીવકે એ ભારે ભારી વેચાતી લઈ લીધી અને એને લઈ એ બ્રાહ્મણને ઘેર પાછો આવ્યો. ઘેર આવીને તે એકેએક લાકડું ધ્યાનથી જોવા લાગ્યો. અંતે તેણે એક લાકડું પસંદ કરી કાઢયું. એને ફાડતાં જ એ જેની શોધમાં હતો એ મણિ તેને મળ્યો.

બ્રાહ્મણના આશ્ચર્યની સીમા ન રહી. 'આ કયું રત્ન છે?' તેણે પૂછયું.

'આ એક અમૂલ્ય મણિ છે. જેની પાસે આ મણિ હોય છે તે એક મહાન વૈદરાજ થઈ જાય છે. દર્દીના શિર પર આ રાખતાં જ એ વીજળીની માફક ચમકવા લાગે છે અને રોગીને થતાં કષ્ટોની જાણ સરળતાથી થઈ શકે છે.'

'મારી ઇચ્છા છે કે એકવાર આ મણિની પરીક્ષા કરું.'

એની પરીક્ષા માટે બ્રાહ્મણને વધુ સમય રાહ ન જોવી પડી. થોડી જ વારમાં એક ભિખારી ચીસો પાડતો અને માથું ધુણાવતો ત્યાં આવી પહોંચ્યો.

એને રોતો જોઈ બ્રાહ્મણે પૂછયું, 'ભાઈ, શેનું દુઃખ છે તને?'

પેલાએ કહ્યું, 'ઓહ! મારા મસ્તકમાં ખૂબ જોરથી વેદના થઈ રહી છે. જાણે કોઈ અંદર ને અંદર સેંકડો સોયા ન ભોંકતું હોય.'

'શું તું મને તારા મસ્તકની પરીક્ષા કરવા દઈશ?' જીવકે ઉત્સુકતાથી પૂછયું.

તે મનુષ્ય ચૂપચાપ જીવકની પાસે આવીને બેસી ગયો. અને જીવકે એ મણિ એના મસ્તક પર રાખી દીધો. કેટલીક ક્ષણો બાદ તે કહેવા લાગ્યો, 'એક કાનખજૂરો કાનમાં થઈ અંદર ઘૂસી ગયો છે અને મગજ ફોલી રહ્યો છે.'

'ઓહ! મને બચાવો, મહારાજ મારી રક્ષા કરો.'

જીવકે એક ખાડો ખોદી તેને તેમાં ઊભા રહેવા કહ્યું. પછી એ વ્યક્તિના ગળા સુધી એ ખાડાને માટીથી ભરી દીધો જેથી તે હલીચલી ન શકે. પછી વનૌષધિઓ લગાવી એના માથાને ઉપરથી ખોલી નાના ચીપિયાની મદદથી કાનખજૂરાને પકડી બહાર ફેંકી દીધો અને પછી સાવચેતીપૂર્વક પટ્ટી બાંધી દીધી. જ્યારે એ માણસને ખાડામાંથી બહાર

કાઢી કાંઈ પથ્ય ખોરાક આપવામાં આવ્યો ત્યારે એણે કહ્યુંઃ 'હવે મને આરામ છે.' સ્વસ્થ થતાં તે જીવકને સેંકડો ધન્યવાદ દેતો પોતાને રસ્તે પડ્યો.

બ્રાહ્મણે કહ્યુંઃ 'હજુ એ મણિની એકાદ વાર પરીક્ષા કરી હોય તો?'

એમ બોલે છે એટલામાં જ ત્યાંથી એક માણસ બૂમબરાડા નાખતો નીકળ્યો. બ્રાહ્મણે તેને બોલાવ્યો અને પૂછ્યું, 'ભાઈ, તને વળી શાનું કષ્ટ છે?'

એ માણસ બોલ્યો, 'હું ઢેઢગરોળી ગળી ગયો છું, મને પીડા થઈ રહી છે. વેદનાથી હું કંપી રહ્યો છું. કોઈ ઉપાય બતાવશો? ભલભલા વૈદ્યો અને ભિષગોને મળ્યો તોયે ઉપાય મળ્યો નથી એટલે હવે આ નગર છોડી બીજે જઈ રહ્યો છું.'

જીવકે તેની ચિકિત્સા કરવાની ઇચ્છા દર્શાવી. પેલો માણસ તુરત જ કબૂલ થયો. જીવકે તેના શરીરનું બારીક અવલોકન કર્યું. તેના મસ્તક પર પેલો મણિ રાખી જોયો ને જરા મૂંઝવણમાં પડ્યો. પછી પૂછ્યું, 'તને બરાબર ખબર છે કે તું ઢેઢગરોળી ગળી ગયો છે?'

'મહારાજ, લાચાર છું કે પાછળથી ખબર પડી કે ઢેઢગરોળી ગળી ગયો...'

જીવકે જોયું. કાંઈક વિચાર કરી લીધો અને પછી ઝૂંપડીમાં ગયો. ત્યાં જોયું. બહાર થોડે સુધી જઈ આવ્યો. એ દરમ્યાન બ્રાહ્મણ પેલા માણસ સાથે વાતો કરતો રહ્યો.

એટલામાં જીવક આવ્યો. પેલા માણસને કાંઈક વનૌષધિ ખવડાવી. તુરત જ તે માણસને ઊલટી થઈ. જીવકે એક થાળીમાં એને ઊલટી કરવા કહ્યું હતું. બ્રાહ્મણે અને એ માણસે જોયું તો ખરેખર ઊલટીમાં એક મરેલી ઢેઢગરોળી નીકળી હતી. એ માણસે કહ્યુંઃ 'હાશ, હવે મને આરામ થયો. ભાઈ, ઈશ્વર તમારું કલ્યાણ કરે!' અને જીવકને આશીર્વાદ દેતોદેતો પાછો નગર ભણી ચાલ્યો ગયો.

એના ગયા બાદ બ્રાહ્મણે જીવકને પૂછ્યું, 'આવડી મોટી ઢેઢગરોળી એ કેવી રીતે ગળી ગયો હશે?'

'ગુરુદેવ, વાત એમ હતી કે તેણે ઢેઢગરોળી ગળી જ નહોતી. મેં ખૂબ જ અવલોકન કરીને જોયું હતું.'

'તો પછી ઊલટીમાં ઢેઢગરોળી નીકળી ક્યાંથી?'

'હવે જો એ માણસને કહી દઉં કે એ તો માત્ર ભ્રમ છે અને વસ્તુતઃ તું તો સાજો સારો છે તો એ વાત એને ગળે ઊતરે એમ નહોતી, એટલે હું આટલામાં તપાસ કરી એક મરેલી ઢેઢગરોળી શોધી લાવ્યો અને તેને ઊલટી કરાવી ઊલટીમાં તે ન જાણે તેમ ઢેઢગરોળી સરકાવી દીધી.'

'ઓહો! ત્યારે એનો રોગ શારીરિક નહિ પણ માનસિક હતો!'

'હા, ગુરુદેવ.'

'જો કોઈ રાજાને આ વાતની જાણ થઈ જાય તો તે તને જરૂર તેનો પ્રધાન રાજવૈદ્ય બનાવે.'

બ્રાહ્મણે હજુ આટલું કહ્યું ન કહ્યું ત્યાં તો ત્રણે પ્રહરી જે થોડી વાર પહેલાં ચોરને લઈને ગયા હતા, તે દોડતા દોડતા એ ઝૂંપડી પાસે આવ્યા. એના સરદારે જીવકને નમ્રતાપૂર્વક કહ્યું, 'તમારા આ અનોખા નિરીક્ષણ કૌશલ્યની વાત સાંભળતાં જ અમારા મહારાજે આપને તુરત જ તેમની સમક્ષ તમોને લઈ જવા આજ્ઞા કરી છે. તમને મળવાને તેઓ બહુ જ આતુર છે. શું તમે કૃપા કરી અમારી સાથે આવશો?'

'જરૂર જરૂર.' અને તે બ્રાહ્મણની વિદાય લઈ પ્રહરીઓની સાથે રાજમહેલ તરફ ચાલી

નીકળ્યો.

રાજાને અર્બુદ થઈ ગયું હતું, જેથી મસ્તક ખૂબ જ મોટું દેખાઈ રહ્યું હતું. સઘળા રાજવૈદ્ય હતાશ થઈ ગયા હતા. કોઈ તેને સારો નહોતા કરી શકતા.

જ્યારે જીવક રાજાની પાસે પહોંચ્યો ત્યારે રાજાએ તેને પૂછ્યું, 'શું તમે તુરત જ વ્રણ સારા કરવાની કોઈ ઔષધિ જાણો છો?'

'જી, સમ્રાટ, જાણું છું,' નમ્રતાથી પણ અવાજ બદલાવીને જીવકે કહ્યું, કારણ કે તેને ભય હતો કે સમ્રાટ તેને કદાચ ઓળખી જાય.

સૌથી પહેલાં જીવકે એ અર્બુદને પકાવવા પોટીસ તૈયાર કરી અને પછી મણિની સહાયથી એ જાણ્યું કે કયા વખતે એને સરળતાથી કાઢી શકાય એમ છે. અર્બુદ હવે ઠીકઠીક મોટું થઈ ગયું હતું. તેણે તુરત જ સમ્રાટને સ્નાનાગારમાં લઈ જઈ સ્નાન કરવા આદેશ આપ્યો. જ્યારે સમ્રાટ સ્નાન કરવા લાગ્યા ત્યારે તેણે એક પ્રકારની વનસ્પતિ મેળવેલું ગરમ પાણી રેડવું શરૂ કર્યું. આશ્ચર્યની વાત, એની મેળે જ બહાર નીકળી આવ્યું! સમ્રાટને જરા પણ માલૂમ ન પડ્યું કે નસ્તરનો પ્રયોગ થયો છે. એને કોઈ જાતનું કાંઈ જ કષ્ટ થયું નહિ.

'હવે તમે મસ્તક પર હાથ ફેરવી જુઓ,' તેણે સમ્રાટને કહ્યું.

અને રાજાએ મસ્તક પર હાથ ફેરવ્યો તો તેના આશ્ચર્યની સીમા ન રહી. અર્બુદનું ત્યાં નામનિશાન નહોતું. તેણે તુરત
દર્પણ મંગાવ્યું અને જોયું. પણ ઘણા પ્ર
કરવા છતાંયે મસ્તક પર ક્યાં અર્બુદ
એ એને દેખાયું નહિ.

ભોજન બાદ રાજાએ પોતાની સભા
સભ્યોને કહ્યું, 'આ યુવકભિષગે મને સ્વાસ્
અર્પ્યું છે. હવે હું સંપૂર્ણ સ્વસ્થ છું.
કોઈ જાતનું કષ્ટ નથી. હું આજથી
મારો પ્રધાન રાજવૈદ્ય નીમવા ઇચ્છું છું.

પછી જીવકને પોતાની સભામાં બોલાવ
સમ્રાટે કહ્યું, 'હે માનનીય ભિષગ, આજ
હું તને મારા રાજવૈદ્ય તરીકે નિયુક્ત
છું. મારા અમૂલ્ય રત્નને શોધીને ચો
કેદી બનાવવામાં તેં જે સહાય કરી
તેનો યોગ્ય બદલો પણ દઈશ. હવે
કરીને મને એ બતાવ કે તું કોણ
ક્યાંથી આવે છે અને આ કિશોરાવસ્થા
આટલી વિદ્યા તું ક્યાંથી શીખ્યો?'

'સમ્રાટ, મારા પિતાજીની આજ્ઞા
બરાબર પાલન કરવાથી હું આ વિદ્યા પ્રા
કરી શક્યો. એમની આજ્ઞા હતી કે દેશ
વિદેશમાં ભ્રમણ કરીને વિદ્યા ઉપાર્જન ક
અને પ્રત્યેક વસ્તુનું નિરીક્ષણ કરીને મા
બુદ્ધિ તીક્ષ્ણ બનાવું.'

'કોણ છે તારા પિતા? શું છે એમ
શુભ નામ?'

ત્યારે સમ્રાટના ચરણો પાસે મસ્તક
નમાવી, જીવકે કહ્યું: 'સમ્રાટ, હું જીવક છું.

આ સાંભળતાં જ સમ્રાટના હર્ષની સીમા
ન રહી!

*

સુધારો

'અખંડ આનંદ'ના ડિસેમ્બર ૧૯૫૧ના અંકમાં અગિયારમે પાને આવેલા ફકરામાં 'સરોજિનીદેવીનાં તુરતમાં જ લગ્ન થયાં હતાં. ને એ ગાંધીજી પાસે આશીર્વાદ લેવા માટે આવ્યાં હતાં.' એ વાક્ય ખોટું હતું. એને બદલે 'સરોજિનીદેવી તુરતમાં જ લગ્ન થયેલ નવદંપતીને ગાંધીજી પાસે આશીર્વાદ લેવા લાવેલ' એમ જોઈએ.

સમયસૂચકતા

પ્રયોજક :
શ્રી રમેશચંદ્ર હ. શેઠ

જીવનમાં અણધારી પળે આફતથી ઘેરાઈ ગયાં હોઈએ, આગ અથવા મોટા અકસ્માતનો ભય આવી પડે કે મૃત્યુ નજર સામે આવી ઊભું હોય એવું જણાય ત્યારે સામાન્ય માનવી મૂંઝાઈ જાય છે અને બુદ્ધિચાતુર્યને અભાવે દુઃખદાયક પરિણામને વહેલું નોતરે છે. આવા પ્રસંગે માણસે કેવી સમયસૂચકતા વાપરવી જોઈએ તેનાં, મૂળ અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલાં, કેટલાંક સાચાં દૃષ્ટાંતો અહીં રજૂ થયાં છે.

સમયસૂચકતા એટલે સમયને પારખીને એ મુજબ વર્તવાનું ડહાપણ! ગભરાવી દે અને મૂંઝવી દે એવા પ્રસંગમાં પણ મગજ સ્થિર રાખીને શાંતિપૂર્વક વિચાર કરવો, કંઈક ઉકેલ શોધી કાઢવો, એ સમયસૂચકતા. સમયસૂચક માણસ એકાએક ઉપસ્થિત થયેલી કટોકટીના પ્રસંગે હતાશ બનીને હાથ હેઠા નહિ મૂકે, પણ મગજને કાબૂમાં રાખી ધૈર્ય અને શાંતિથી કંઈક નિવેડો શોધવાનો પ્રયત્ન કરે છે.

સમયસૂચકતાનાં થોડાં દૃષ્ટાંત આપ્યાં નીચે છે. એ દૃષ્ટાંતો પરથી જોઈ શકાય છે કે ગમે તેવા પ્રસંગોમાં પણ માણસ જો બધું ભગવાનને હાથ છોડી ન દેતાં પ્રયત્ન કરે, તો અવશ્ય મુશ્કેલીમાંથી બચી શકે છે.

એક મોટા મકાનને રંગરોગાન દેવાતાં હતાં. ઊભા અને આડા વાંસ ઠેઠ સુધી બાંધ્યા હતા ને એના પર ચડીને કડિયાઓ રંગ દઈ રહ્યા હતા.

આમાં ચોથે માળે રંગ દેતા બે કડિયાઓએ જોયું કે તેમનો એક સાથીદાર કામ પડતું મૂકીને એક પહોળા પાટિયા ઉપર રીંગણાં જોખતો હતો. એણે બંને હાથે વાંસને બાંધેલી સીંદરી પકડી હતી, પણ એક ઝોકું આવે તો હાથ છટકી જાય ને સીધો નીચે જાય એમ હતું. આથી પેલા એના બંને સાથીદાર એકદમ ચમકી ગયા ને ગભરાઈ ગયા. એમણે તરત જઈને એને જગાડવાનો વિચાર કર્યો, પણ વળી એમને યાદ આવ્યું કે જયારે એને જગાડવામાં આવે છે ત્યારે એ એકદમ ઝબકીને જાગી ઊઠે છે. એટલે જો અત્યારે પણ એ આ પ્રમાણે કરે તો જાગીને પણ તરત એ સમતોલપણું સાચવી ન શકે અને નીચે પડે; વળી એ બેમાંના એકાદને પકડવા જાય તો એનેય સાથે નીચે લેતો જાય!

વળી એમણે જોયું કે વિચાર કરતા બેસી રહેવાથી કંઈ વળે એમ નથી. તરત એક જણે એક ઉપાય બતાવ્યો: એણે સૂચવ્યું કે એને ઢંઢોળીને એકદમ ન જગાડતાં, ધીરેધીરે એ ભાનમાં આવે એમ કરીએ. બંને નજીક ગયા ને પેલાની બંને બાજુએ એકેક જણ બેઠો. પછી બંને મોટેથી પેલાને રસ પડે એવી વાતો કરવા લાગ્યા. વાતો કરતાં સાથે બૂમો પણ પાડે ને પેલાને ગાલ ઉપર ધીમા તમાચા પણ મારતા જાય. પેલાએ આંખો ખોલીને આ બંનેની વાતોમાં એનું ધ્યાન પરોવાયું. ધીરેધીરે એ સંપૂર્ણ ભાનમાં આવ્યો ને લાકડું પકડીને સરખી રીતે બેસી ગયો. આ બંનેએ એને એની બેદરકારી માટે ઠપકો આપ્યો ને પછી ત્રણે કામે વળગ્યા.

*

એક વખત જાદુના ખેલનો 'શો' હતો. ખેલ કરનાર પ્રોફેસર બહુ જાણીતો ને પરદેશોમાં પણ નામના મેળવીને આવેલો હતો, એટલે દરરોજ થિયેટર ઉપર ખૂબ ભીડ રહેતી. આજે પણ થિયેટર ચિકાર ભર્યું

હતું. પ્રોફેસર એક પછી એક ખેલ બતાવતો જતો હતો, ને પ્રેક્ષકો એના કરામતભર્યા ખેલો ને અદ્‌ભુત હાથચાલાકી જોઈને આશ્ચર્યમુગ્ધ બનતા હતા.

એક ખેલ ચાલતો હતો એ દરમ્યાન પ્રોફેસરે ઊંચે જોયું ને થોડી વાર આમતેમ જોયા પછી તરત, ઉતાવળે એણે એક માણસને બોલાવ્યો, ને એને કંઈક કહીને રવાના કર્યો. પછી પોતાની ઘડિયાળ સામે જોતાં એ બોલ્યો: ‘બાનુઓ અને સજ્જનો, મેં આજે તમને ‘દોરડાનો પ્રયોગ’–પરદેશીઓ જેને ‘ઈન્ડીઅન રોપ ટ્રીક’ કહે છે, એ બતાવવાનો નિર્ણય કર્યો છે. એ ખેલમાં વાર લાગશે, ને સમય પણ પૂરો થવા આવ્યો છે એટલે હું આ પ્રયોગ અધૂરો મૂકી દઉં છું. દોરડાનો પ્રયોગ બહાર–થિયેટરના ચોગાનમાં સારી રીતે થઈ શકશે, માટે આપ ઉતાવળે પણ પદ્ધતિસર બહાર નીકળીને ચોગાનમાં બેસવા માંડો. પહેલાં છેલ્લે હારમાં બેઠા છે એ લોકો બહાર નીકળી જાય...હં, આભાર થયો! હવે એના પછીની હાંર...મહેરબાની કરીને જરા ઉતાવળ રાખો...’

ને ચારેક મિનિટ પછી ‘આગ...આગ... થિયેટરમાં આગ!’ એવી બૂમો પડી ત્યારે લગભગ આખું થિયેટર ખાલી થઈ ગયું હતું. પ્રોફેસરનો જાદુના ખેલો કરવાનો સરસામાન પણ બહાર નીકળી ગયો હતો. બીજી થોડી મિનિટોમાં બંબા આવી પહોંચ્યા. પેલા માણસને બોલાવીને પ્રોફેસરે એને બંબાખાને ટેલિફોન કરવાનું કહ્યું હતું. આગ તરત કાબૂમાં આવી ગઈ ને કંઈ જાનહાનિ ન થઈ.

પ્રોફેસરને આગની ગંધ આવતાં તરત એણે આજુબાજુ, ઉપર–નીચે જોયું હતું. એણે ધુમાડા નીકળતા પણ જોયા. આ વખતે ‘આગ, આગ’ની બૂમો પાડી હોત તો લોકો એકદમ ગભરાઈને નાસાનાસી, ભાગાભાગી કરત. ને એ કોલાહલ ને અંધેરમાં લોકોને બહાર નીકળતાં ઊલટાનો વધુ સમય લાગત ને પ્રોફેસર પોતાનો જાદુનો સરંજામ પણ બહાર કઢાવી ન શકત ને કોઈને બંબાને બોલાવવાનું ય સૂઝત નહિ. આમ જાનમાલનું વધારે નુકસાન થાત અને દોડાદોડીમાં કચરાવાથી ને આગમાં જાનહાનિ થવાનો પણ સંભવ રહેત. પણ પ્રોફેસરની સમયસૂચકતાથી એ કંઈ ન થયું.

*

ભયના કંઈ ભણકારા સંભળાય કે તરત જ ભય જાણે સાવ નજીક આવી ગયો છે એમ માનીને, હાંફળાફાંફળા થઈ જવાની લોકોને આદત હોય છે. હાંફળાફાંફળા થવાથી એકે સાચો રસ્તો જડતો નથી ને એથી મુશ્કેલીમાં ફસાવું પડે છે.

ઘણીવાર કંઈ મુશ્કેલી આવતાં સાવ હતાશ થઈને માણસ વિચારે છે, કે ‘થઈ રહ્યું! હવે આમાંથી બચવાનો કોઈ આરો નથી–દુર્દૈવને આધીન થયા સિવાય આપણાથી કંઈ થઈ શકે એમ નથી; પ્રભુ બચાવે તો છે!’ પ્રભુ તો સહુને બચાવે છે, પણ એના તરફથી મળતી સહાયનો જેને ઉપયોગ કરતાં આવડે એ બચી શકે!

એક વાર એક વકીલ પોતાની પત્ની સાથે કોઈ મિત્રને ત્યાં અમુક પ્રસંગે ગયેલો. ખાણીપીણી ને જલસો છેક મોડી રાત સુધી ચાલ્યાં. પછી વકીલ એની પત્ની સાથે પાછો ઘેર જવા નીકળ્યો.

વચ્ચે થોડો માર્ગ તદ્દન નિર્જન ને ભેંકાર આવતો હતો. મોડી રાત હતી ને વકીલની પત્નીએ અન્ય ઘરેણાં ઉપરાંત એક મહામૂલો સોનાનો હાર પણ પહેર્યો હતો. વળી એની પત્નીની તબિયત છેલ્લા કેટલાક વખત થયાં ઠીક રહેતી ન હતી; માનસિક નબળાઈ પણ એનામાં ઘણી હતી. એટલે રાત્રીને વખતે એવા ભેંકાર રસ્તા ઉપર

કોઈ ગઠિયા ભેટી જાય ને લૂંટી લ્યે તો એ પ્રસંગ એના મન ઉપર બહુ જ ખરાબ અસર કરે એમ હતો–એ આઘાત એના માટે લગભગ અસહ્ય થઈ પડે એમ હતું.

તેઓ જતા હતા. ત્યાં વકીલે જોયું કે થોડે દૂર ઝાડની નીચે અંધારામાં એક માણસ ઊભો છે. તેઓ નજીક ગયા કે તરત પેલો માણસ આગળ આવ્યો ને એણે પિસ્તોલ ઊંચી કરીને તાકી.

વકીલે પોતાની પત્નીને ઊભી રાખી ને જરાં પણ ધડકયા વગર એ આગળ વધ્યો. મક્કમ પગલે પેલા માણસની નજીક જઈને એના પિસ્તોલવાળા હાથ ઉપર પોતાનો હાથ મૂકયો: 'પિસ્તોલ તારી પાછી મૂકી દે,' એણે ધીમા, સત્તાવાહી સ્વરે કહ્યું, 'ને બોલ, તારે શું જોઈએ છે?' ને પછી એણે મક્કમ સ્વરે પોતાની પત્નીની તબિયત અત્યારે કેવી છે ને એનું કંઈ પણ વર્તન એના મન ઉપર કેવી અસર કરશે વગેરે સમજાવ્યું. 'તારો ઇરાદો લૂંટવાનો છે, પણ કોઈનો જાન લેવાનો તો નથી ને!...તો બસ. તારું કંઈ પણ વર્તન એને આઘાત પહોંચાડે એમ છે ને એથી એનું નબળું હૃદય અટકી પડે એવો સંભવ પણ છે. માટે મારી પાસે અત્યારે જેટલું–'કરન્સી' નોટોમાં ને રોકડમાં–નાણું છે એ લઈને ગડબડ કર્યા વગર ચાલ્યો જા...'

ને પેલો માણસ વકીલની (પ્રસંગને ઓળખીને એ મુજબ વર્તવાની) હિંમતથી તાજુબ થયેલો તરત ત્યાંથી ચાલ્યો ગયો.

*

ટેકરી પરથી જતા રસ્તાનો અમુક ભાગ ખરેખર બહુ ભયજનક હતો. એ સ્થળે રસ્તો સાંકડો હતો ને વળી વળાંક લેતો હતો. ત્યાંથી જતું વાહન જો જરા ચૂકે તો સીધું નીચે પાણી ભરેલા વહેળામાં જઈ પડે. વહેળો મોટો હતો ને બે–એક માથોડાં તો પાણી હતું.

આ રસ્તા પર ખાસ કરીને શનિ ને રવિવારે વાહનવ્યવહાર ઘણો રહેતો. અઠવાડિયાની આખરે રજાઓ ગાળવા જતા લોકોની અવરજવર ઠીકઠીક રહેતી.

એક શનિવારે એક મોટર જરા ઉતાવળે વળાંક લેવા જતાં, સીધી પાણીમાં જઈને પડી. મોટરમાં માતાપિતા ને બે બાળકો એમ ચાર જણ હતાં. બાપ પોતે મોટર હાંકતો હતો. મોટર ઓચિંતી પાણીમાં પડી ને તરત તળિયે જઈને બેઠી. અંદર બેઠેલા ગભરાઈને ચીસો પાડવા લાગ્યા. પણ બાપે શરૂઆતના ગભરાટને શમાવીને પાછી સ્વસ્થતા પ્રાપ્ત કરી. ગભરાટમાં બારણું ખોલતાં બંને છોકરાંને એણે અટકાવ્યાં ને એમને અને પોતાની પત્નીને શાંત પાડીને એણે કહ્યું: 'ગભરાવ નહિ, આપણને કંઈ થવાનું નથી, બારીના કાચ ચડાવેલા જ છે એટલે અંદર પાણી આવ્યું નહિ ને હવે પણ એકદમ જલદી આવી શકશે નહિ. મોટરમાં જેટલી હવા છે એટલી હું ધારું છું કે આપણને અરધાથી પોણા કલાક સુધી તો ચાલશે જ. ને આપણને પાણીમાં પડતાં સેંકડો માણસોએ જોયાં છે, એટલે મદદ આવતાં વાર નહીં લાગે. માટે કંઈ પણ આંધળિયાં ન કરતાં શાંતિ રાખો...' ને ખરેખર ચાલીસેક મિનિટ પછી–જે અંદર બેઠેલાંને તો ચાલીસ યુગ જેવડી લાગી–જ્યારે મદદ આવી ત્યારે એ બધાં સલામત હતાં! પહેલાં તો બે ડૂબકી મારનારા શોધતા શોધતા મોટરની નજીક આવ્યા. ત્યાર પછી સાંકળ ઊતરી ને મોટર ઉપર ખેંચી લેવામાં આવી. બાપ પોતે તરતાં જાણતો હતો પણ એણે માત્ર પોતાનો જ વિચાર ન કરતાં પત્ની અને બાળકો (જે કોઈને તરતા આવડતું ન હતું) એનો પણ વિચાર કર્યો ને એમને કંઈ મુશ્કેલી આવી નહિ!

*

ન્યૂયોર્કની એક મોટી હોટલના નવમે માળે એક દિવસે એકાએક જબરદસ્ત આગ ફાટી નીકળી. આગ અચાનક જ લાગી ને એણે થોડી જ વારમાં ઉગ્ર સ્વરૂપ પકડ્યું. સીડી અને લીફ્ટ જ્યાં હતાં એ સ્થળ તો શરૂઆતમાં ઝડપાયું હતું એટલે લોકોને મકાનમાંથી નીકળીને નાસી જવાની તક મળી નહિ. આગ વધતી જતી હતી ને એમાં સપડાયેલા ગાંડાની જેમ ચીસો પાડતા હતા, ઘણાએ તો નવમા માળની બારીઓમાંથી પડતું જ મૂક્યું.

આ વખતે એક નિવૃત્ત થયેલો કર્નલ પોતાની પત્ની સાથે એ નવમા માળની એક રૂમમાં રહેતો હતો ને આગ લાગી ત્યારે બંને જણ રૂમમાં જ હતાં. કર્નલની પત્ની એબાકળી થઈ ગઈ ને એણે સીડીને આગથી ઝડપાયેલી જોઈ એટલે તરત એ બારી પાસે દોડી ને બીજાઓની જેમ એ પણ ઠેકડો મારવા તૈયાર થઈ. કર્નલે તરત દોડી જઈને એને અટકાવી ને એક તમાચો માર્યો. ‘અહીં નવમા માળેથી તું પડીશ; અને તું બચીશ એમ તું ધારે છે?’ એણે ઠપકો આપ્યો: ‘બચવું હોય તો હું કહું એમ કરતી જા.’

પછી એ બન્નેએ શું કર્યું એ આપણે જોઈએ. પહેલાં એમણે ઓરડીનું બારણું બંધ કરી દીધું ને ઓરડીમાં ને ઓરડીની પાછળના બાથરૂમમાં જેટલી ખાળ હતી ત્યાં કપડાના ડૂચા દઈ દીધા. ઓરડીમાં અને બાથરૂમમાં બે–એમ કુલ ત્રણ હતા. એ ત્રણે એકદમ ખોલી નાખ્યા. ઓ ડીમાં પાણી ભરાવા લાગ્યું ને પાંચેક મિનિ માં તો અરધા ફૂટથી ઉપર પાણી ચડી

આ દરમ્યાન આગ તો વધતી જ હતી અને ઓરડીની નજીક આવતી હતી. ચારે બાજુ ધુમાડાના ગોટેગોટા ળતા હતા. આગ નજીક આવી અને એમ ઓરડીનું બારણું હમણાં જ ઝડપાશે લાગ્યું.

કર્નલે એક જાડું ગોદડું કાઢ્યું, ભરાયેલા પાણીમાં નાખ્યું. ગોદડું બરા ભિજાઈ ગયું એટલે ઉપાડીને અંદરના ભાગ બારણાં ઉપર લગાવ્યું. ગોદડું એમ ને એ બારણાં સાથે રહે એ માટે નીચે એક ટે એની સાથે દબાવીને રાખ્યું ને ટેબલ ઉ એક ખુરશી એ જ પ્રમાણે રાખી. પા ભરીભરીને વારંવાર એમણે ગોદડા ઉપર દીવાલો ઉપર છાંટ્યા કર્યું.

વીસેક મિનિટમાં બંબા આવી પહોંચ ને આગને કાબૂમાં લાવવાના પ્રયત્નો થ લાગ્યા. બારમા માળેથી એક દોરડાની સી આ લોકોની બારી પાસે થઈને નીચે એ પ્રમાણે નાખવામાં આવી અને બન્ને સલામત નીચે ઊતરી ગયાં.

*

*

‘**શરીર** ને આત્માની વાત મેં સાંભળી; તમે **શું** એમ માનો છો કે ઈસુ ખ્રિસ્તને ફાંસીને માંચ જ્યારે ચડાવવામાં આવ્યા હશે, ત્યારે એમને બિલકુલ જ શારીરિક દુઃખ નહીં થયું હોય?’

શિષ્યના પ્રશ્નના જવાબમાં ગુરુએ કહ્યું:

‘લીલાં ને સૂકાં નાળિયેર તો તેં જોયાં હશે. લીલું નાળિયેર ફોડીએ તો સાથોસાથ એનો ગ પણ અંદરથી તૂટી જશે; પણ જો સૂકું ફોડવામાં આવે તો ઉપરની એકલી કાચલી ભાંગશે; પ અંદરનો ગોટો તો એમ ને એમ જ આખો નીકળશે; કેમકે એ કાચલીથી જુદો થઈ ગયો છે. એ પ્રમાણે જેના આત્માને દેહ ઉપર તલમાત્રયે આસક્તિ ન હોય તેને દેહનું દુઃખ આવી પડે તો દુઃ થતું નથી; ઈસુને જરા પણ દુઃખ થયું નહીં હોય, કારણકે દેહ ને આત્માને તેઓ ભિન્ન માનતા હતા.

×

વૈજ્ઞાનિક આસ્તિક બને છે

અનુવાદક :
શ્રી લલિત ભટ્ટ
બી. એસસી.

વિજ્ઞાનના બાળપણથી માંડી છેક આજ સુધીના વિકાસનો ઇતિહાસ ઊડતી દૃષ્ટિએ નિહાળીએ તો સત્તરમી અને અઢારમી સદીમાં રૂઢિવાદીઓ અને વૈજ્ઞાનિકો વચ્ચે અવારનવાર જાગતી અથડામણો આપણું તરત જ ધ્યાન ખેંચશે. વિજ્ઞાનની સાચી અને ક્રમબદ્ધ પ્રગતિ તો ઓગણીસમી સદીમાં જ શરૂ થઈ કહેવાય. કુદરતનાં કાર્યોને ધીમેધીમે વિજ્ઞાનના સિદ્ધાંતો પર સમજાવી લોકોમાં પ્રવર્તી રહેલા ખોટા વહેમોને વિજ્ઞાને દૂર કરવા માંડ્યા, એવી રીતે લોકોમાં પ્રવર્તતા અનેક ખોટા વહેમોને દૂર કરી ધાર્મિક વહેમોની રૂઢિરૂપી જંજીરમાં જકડાયેલી વિદ્યા અને ધર્મના મૂળભૂત સ્વરૂપનું વિજ્ઞાને ખરું દર્શન કરાવવા માંડયું. આમ વિજ્ઞાનના વિકાસની પાપાપગલી મંડાઈ અને એ દિવસથી માંડી આજ સુધીમાં તો વિજ્ઞાને પ્રગતિપંથની લાંબી મજલ કાપી નાખી છે. આધુનિક યુદ્ધોમાં વપરાતા એટમબોમ્બે લોકોને ભયમૂક બનાવી દીધા છે. સૌ આજે વિજ્ઞાન પર મુગ્ધ ભાવે દૃષ્ટિ માંડે છે, છતાં સાચું કહીએ તો આપણને વૈજ્ઞાનિક યુગનું માત્ર પરોઢ જ દૃષ્ટિગોચર થયું છે. અને એ પરોઢે ફૂટતા પ્રકાશનું એકએક કિરણ જગત આખું કોઈ પરમ બુદ્ધિશાળી સૃષ્ટાનું સર્જન છે એની આપણને વધુ ને વધુ પ્રતીતિ કરાવતું જાય છે. ઘણા વૈજ્ઞાનિકો પણ આજે આવી કોઈ શક્તિના સંચાલનમાં સંમત થતા જાય છે, પણ એમની આ માન્યતા કે શ્રદ્ધા બિલકુલ પાયાવિનાની નથી, ઊલટું આ સૃષ્ટિ પર જોવા મળતા નૈસર્ગિક જીવનમાંથી જ ઊંચકેલાં ઘણાં દૃષ્ટાંતો એમની આ માન્યતાના પાયામાં પડેલાં છે: કારણ કે વૈજ્ઞાનિકોને તો પ્રયોગ કે દાખલાદલીલોની નક્કર જમીન પર જ આગળ વધવાની ટેવ છે. એક વૈજ્ઞાનિકે પોતાની આવી શ્રદ્ધા માટે આપેલાં કારણો આપણે જોઈએ.

આ જગત એટલા બધા ચોકસાઈભર્યા નિયમો પર ચાલે છે કે એને માત્ર આકસ્મિક ગણીને અવગણી શકાય નહિ, ઊલટું એના પરથી તો એમ માનવાનું મન થાય કે આ સૃષ્ટિની રચના અને સંચાલન એ કોઈ અદ્‌ભુત ઇજનેરી બુદ્ધિપ્રતિભાવાળી શક્તિનું જ કાર્ય હોવું જોઈએ. દા. ત. પૃથ્વી પોતાની ધરી પર કલાકના ૧૦૦૦ માઈલની ગતિથી ફરે છે. જો એ ૧૦૦૦ને બદલે ૧૦૦ માઈલની ગતિથી ફરતી હોત તો આપણા બારબાર કલાકના રાત અને દિવસ આજે છે તેના કરતાં દશ ગણાં વધારે લાંબાં થઈ જાત. પૃથ્વી પરની બધી વનસ્પતિ એવડા લાંબા દિવસના બળબળતા સૂર્યના તાપથી દિવસે બળીને ભસ્મસાત્ થઈ જાત અને એમાંથી બચી તે લાંબીલચ રાતની ઠંડીથી ઠરી જાત !

આપણા જીવનશક્તિ-દાતા સૂર્યની સપાટીનું ઉષ્ણતામાન લગભગ ૧૨૦૦૦ ડીગ્રી ફેરનહાઈટ છે. ઈશ્વરે પૃથ્વીને સૂર્યની બરાબર એટલા અંતર પર જ રાખી છે કે એને સૂર્ય તરફથી યોગ્ય તેટલા પ્રમાણમાં જ ગરમી મળી રહે—ન વધારે, ન ઓછી. સૂર્યથી આપણને જે ગરમી અત્યારે મળે છે તેના કરતાં જો અરધી મળતી હોત તો આપણે ઠરીને ઠીકરું થઈ જાત અને અત્યારે જે ગરમી મળે છે તે ઉપરાંત જો લગભગ અરધી વધારે મળતી હોત, તો એ ગરમીમાં આપણે શેકાઈ જાત..

પૃથ્વી સૂર્ય આસપાસ ફરે છે ત્યારે ફરવાની કક્ષા (અં. ઓરબીટ) સાથે તેની ધરી (અં. એક્સીસ) ૨૩ ડીગ્રીનો ખૂણો રાખે છે અને તેને લીધે આપણે એક પછી એક ઋતુના ફેરફારો જોઈએ છીએ. જો પૃથ્વીની ધરી આ રીતે ૨૩ ડીગ્રીનો ખૂણો ન રાખતી હોત તો મહાસાગરમાંથી વરાળરૂપે આભે જતાં પાણીનું વહન ઉત્તર અને દક્ષિણ તરફનું થઈ જાત અને પૃથ્વી પરનાં દરિયાનાં પાણી થીજીને પૃથ્વીની સપાટી પર હિમાચ્છાદિત ભવ્ય પ્રદેશો ઊભા થઈ જાત.

પૃથ્વી અને ચંદ્રની વચ્ચે અત્યારે જે અંતર છે તેને બદલે એની વચ્ચે જો પચાસ હજાર માઈલનું જ અંતર હોત તો દરિયામાં આવતી ભરતી એટલી પ્રચંડ હોત કે દિવસમાં બે વાર દુનિયાના બધા ખંડો એ ભરતીના પાણી નીચે જ ડૂબેલા રહેત. પર્વતો પણ એ ભરતીના પાણીની છોળોથી ધોવાઈ જઈ નીચે બેસી જાત.

પૃથ્વીનો પોપડો અત્યારે છે તેના કરતાં માત્ર દસ જ ફૂટ વધારે જાડો હોત તો જગતમાં જેને લીધે પ્રાણીઓ જીવે છે તે પ્રાણવાયુ જ ન હોત.

અત્યારે પૃથ્વી પરના મહાસાગરો છે તેના કરતાં હજુ દસ ફૂટ વધારે ઊંડા હોત તો વાતાવરણમાં રહેલો બધો પ્રાણવાયુ તથા કાર્બનડાયોકસાઈડ દરિયાના પાણીમાં જ શોષાઈ જાત અને ધરતી પરની વનસ્પતિનું જીવન લગભગ અશક્ય બની જાત.

પૃથ્વીની આસપાસનું વાતાવરણ અત્યારે છે તેના કરતાં વધારે પાતળું હોત તો આકાશમાંથી અવારનવાર ખરી પડતા તારાઓ અનેક જગ્યાએ આગો લગાડી જગતને ખુવાર કરી મૂકત.

ઉપર જોયા એવા અનેક દાખલા પરથી એક વસ્તુ તો ફલિત થાય છે કે પૃથ્વી પરનું જીવન આકસ્મિક નથી, પરંતુ સુયોજિત

જીવન એ શું તત્ત્વ છે એ તો કોઈ પામી શક્યું નથી. જીવનતત્ત્વને નથી વ કે નથી કદ, પણ એમાં બળ તો છે જ નક્કી. ખૂબ જ નાના સ્વરૂપમાંથી વિ પામતું ઝાડનું મૂળ જ્યારે બહાર આ મથે, ત્યારે ખડકનું પેટાળ ફોડીને પણ બહાર આવે છે. એ દાખલો આ જીવનત ની પાછળ રહેલા બળને પિછાનવા પૂરતો

જીવનતત્ત્વે તો ઉદધિ, આભ ધરતીને પણ નાથ્યાં છે. અને એ જીવનત કેટલાં અવનવાં સ્વરૂપે આપણી સમક્ષ આ ષ્કાર પામ્યું છે? એક શિલ્પી તરીકે જી દરેક વસ્તુને એ સૌંદર્યમંડિત સ્વરૂપ આ છે; એક કલાકાર તરીકે એ વૃક્ષોની ળોમાં, ફૂલોમાં અને પર્ણઝૂમખે કલાત્ રંગમિલાવટ કરે છે; એક સંગીતકાર ત એને પિછાનો તો એ તત્ત્વે પક્ષીગણને એ પ્રણયગાન ગાવા કેટલો સુંદર કંઠ આ છે! અને નાના જંતુઓ પણ એકબી સાદ દેતાં કેટલો મધુર ગુંજારવ કરી છે? અને છેવટે આ જીવનતત્ત્વને એક ર યનશાસ્ત્રી તરીકે પિછાનીએ તો? વૃક્ષ ઝૂલતાં ફળોમાં સ્વાદ કે ફૂલોમાં મનોહર સૌ એ જ મૂકે છે ને? અને બીજી બાજુથી જોઈ તો માત્ર જળ અને કાર્બોનિક એસિડમાં શર્કરા અને કાષ્ઠનું સર્જન કરી એ પ્રાણવા ને મુક્ત કરે છે અને એ રીતે સૌને જ એવો પ્રાણવાયુ પૂરતા પ્રમાણમાં પૂરો પાડે

જેલી સ્વરૂપના, ધીમી ગતિવાળા અ સૂર્ય પાસેથી શક્તિસિંચન પામતા અદ પ્રોટોપ્લાઝમના બિંદુકણનો તો વિચાર ક જુઓ. સૂક્ષ્મ અને પારદર્શક એવા આ બિં કણમાં જ જીવનનું તત્ત્વ–જીવનનું બીજ સમ યેલું છે. એ કણની અંદર સુપ્ત પડેલી તાકા માનવી કે પશુઓમાં રહેલી તાકાત કર

અનેકગણી બળવત્તર છે; કારણ કે બધાંનો મૂળ ચેતનદાતા એ સૂક્ષ્મ કણ જ છે. આમ જીવન-ચેતન (અં. લાઈફ) એ કોઈ દિવ્ય શક્તિદત્ત વસ્તુ છે એમ માનવાને મન પ્રેરાય છે.

માનવીના પગ નીચે નિ:સહાય બની ચગદાઈ જતાં અનેક ક્ષુદ્ર જીવોમાં રહેલી સહજ બુદ્ધિ (અં. ઈન્સ્ટિંકટ) ઈશ્વરનું અસ્તિત્વ કેવી સુંદર રીતે આપણી સમક્ષ રજૂ કરે છે! અરે, બધાં શું–માત્ર એક સામન માછલીના જીવનક્રમનો જ વિચાર કરો ને! એ નાનકડું જળચર દરિયાના પાણીમાં આવીને વર્ષો સુધી વસ્યા પછી પણ પાછું પોતે જ્યાંથી આવ્યું હોય એ જ મુખ્ય નદીમાં આવીને ઊભું રહે છે અને ત્યાંથી પણ આગળ ચાલી એ નદીને મળતી કોઈ નાનકડી ઉપનદીમાં પોતાનું જન્મસ્થાન હોય તો બરાબર ત્યાં જઈને જ એ અટકે છે! અને કદાચ આપણે એને ખોટે માર્ગે ચડાવી દઈએ તોપણ એને પોતે ભૂલી પડી છે એ વસ્તુ તરત જ ખ્યાલમાં આવી જાય છે અને અનેક કષ્ટો વેઠીને પણ એ પોતાના મૂળ સ્થાન પર આવ્યે જ રહે છે! આટલી બધી ચોકસાઈ એવડા પ્રાણીમાં કોણે મૂકી હશે?

ઈલ્સ માછલીનો દાખલો તો વળી આનાથી પણ અદ્‌ભુત છે. એ માછલીઓ જ્યારે સહેજ પુખ્ત ઉંમરે પહોંચે છે, ત્યારે પોતપોતાના જળપ્રદેશમાંથી નીકળી બેર્મ્યુડા નજીકના ઊંડા જળપ્રદેશમાં જવા ઊપડે છે. યુરોપના કિનારા પરની આવી ઈલ્સ માછલીઓને તો બેર્મ્યુડા પહોંચવા હજારો માઈલની મુસાફરી કરવી પડે છે. નિ:સીમ ઉદધિના દૂરદૂરના સ્થળથી તેઓ આ જગ્યાએ આવે છે. અહીં તેઓ પોતાનું પોષણ મેળવે છે, જીવે છે અને છેવટે અહીં જ મૃત્યુશરણ થાય છે–અને પાછળ રહે છે માત્ર તેમનાં અનાથ નાનાં બચ્ચાં! પરંતુ કુદરતનું ખરું સ્વરૂપ આપણને હવે જ જોવા મળે છે. આ બચ્ચાં બેર્મ્યુડાના ઊંડા જળપ્રદેશ પરથી પાછાં પોતાનાં માબાપો જ્યાંથી આવ્યાં હતાં તે જ પ્રદેશ તરફ જવા માટે ઊપડે છે અને બરાબર ત્યાં જ જઈને ઊભાં રહે છે–પછી ભલે ને એ જગ્યા હજારો માઈલ દૂરની કોઈ નદી, નાળું કે દરિયા સમું કોઈ નાનું સરોવર હોય! આ બચ્ચાંઓ ભૂલા પડ્યાં હોય એવો દાખલો હજુ કદી નોંધાયો નથી. અમેરિકાની નજીકના દરિયાની માછલી કદી યુરોપની નજીકના દરિયાકિનારેથી પકડાઈ નથી–ન તો યુરોપની નજીકના દરિયાની માછલી અમેરિકાની નજીકના દરિયામાં! અરે, એનાથી પણ અદ્‌ભુત વાત તો હજુ એ છે કે યુરોપના દરિયાની માછલીઓ બીજી બધી માછલીઓ કરતાં એક વર્ષ મોડી પુખ્ત ઉંમરે પહોંચે છે! એમને એટલો સમય વધારે મળ્યો છે, કારણ કે આગળ કહ્યું તેમ બેર્મ્યુડા પહોંચવા એમને લાંબો સમય જોઈએ છે. કુદરત કેટલી સંભાળ રાખે છે!

સાથેસાથે એક ત્રીજો દાખલો પણ જોઈ લઈએ–ભ્રમરકીટનો.

આ ભ્રમરકીટ (અં. વોસ્પ) તીડ પર હુમલો કરી શકે છે અને તીડને બરાબર એવી રીતે કરડે છે, કે જેથી તીડ સાવ બેભાન બની પડી રહે છતાં મૃત્યુ ન પામે! જમીનમાં દર કરીને પેલા બેભાન તીડને ત્યાં ગોઠવે છે અને પછી આ ભ્રમરકીટ ત્યાં ઈંડાં મૂકે છે અને એમાંથી જન્મતાં બચ્ચાં પેલા મૃતઃપ્રાય પડેલા તીડના શરીરમાંથી પોષણ મેળવી લે છે. એક વસ્તુ અહીં નોંધવા જેવી છે કે તીડને પેલા કીટ સાવ મારી નથી નાખતાં; કારણ કે સાવ મૃત્યુ પામેલા તીડનું માંસ પોતાનાં બચ્ચાં જો ખાય તો એ ખતરનાક નીવડે છે. કીટમાતા ઈંડાં મૂકીને મૃત્યુ પામે છે. આ જ રીતે આજે

વર્ષોથી ભ્રમરકીટો જન્મે છે, ઊછરે છે અને પોતાનો વંશવેલો આગળ ચલાવે છે. કોઈ શક્તિ જ એને આ રીતે કાર્ય કરવા પ્રેરણા આપતી હશે એમ માનવાનું કે બીજું કંઈ?

ઑસ્ટ્રેલિયામાં ઉગાડવામાં આવેલ એક જાતના થોરનો એક સુંદર દાખલો છે. પ્રથમ તો આ થોરને ખેતર ફરતી વાડ કરવા માટે ઉગાડવામાં આવેલો, પણ ધીમેધીમે આ થોર એટલા મોટા પ્રમાણમાં ઊગવા માંડ્યો, કે એને લીધે ઑસ્ટ્રેલિયાની પુષ્કળ જમીન વિના કારણ રોકાવા માંડી અને કલ્પના ન આવે એટલો બધો વિસ્તાર આ રીતે નકામો-પડવા માંડ્યો. જે ખેતરો ફરતી વાડ કરવામાં આવી હતી તે ખેતરમાં પણ થોરના વધી પડેલા પ્રમાણને લીધે પાક બગડવા માંડ્યો અને થોરને લીધે ખેતરની વધારે જમીન દબાવા માંડી. આવી વિચિત્ર ઉપાધિથી બચવા માટે જંતુશાસ્ત્રીઓએ અવનવા પ્રયોગો આદર્યા. છેવટે તેમને એક જંતુ એવું મળી આવ્યું કે જે માત્ર આ થોર સિવાય બીજું કશું ખાતું જ નહિ! વળી સામાન્ય રીતે નાના જીવજંતુને બીજાં મોટાં પંખી વગેરેનો ઘણો ભય હોય છે, પણ સદ્ભાગ્યે બન્યું એવું કે આ મળી આવેલા જંતુને ઑસ્ટ્રેલિયાના કોઈ પણ પશુપંખીનો ભય નહોતો, એટલે આ જંતુઓને ઑસ્ટ્રેલિયામાં ખાસ હેતુપૂર્વક લાવવામાં આવ્યાં અને તેમને પેલા વધી પડેલા થોરના ઝુંડ પર છોડી મૂકવામાં આવ્યાં. થોડા સમયમાં જ વધી પડેલા થોર પર અંકુશ આવી ગયો!

આગળ ચાલીએ. જેને આપણે ‘જેનીસ’ તરીકે કહીએ છીએ તે આપણા સૂક્ષ્માતિસૂક્ષ્મ પિંડકણો વિષે જરા ઊંડો વિચાર કરી જુઓ. જગતમાં અત્યારે હયાતી ધરાવતા માનવોના દેહને ચેતનમય રાખતા આ કણોને એકઠા કરો તોપણ એ જથ્થો ખૂબ અલ્પ થાય. અને એટલા સૂક્ષ્મ હોવા છતાં તેઓ માનવ, પશુ કે વનસ્પતિના જીવનની લાક્ષણિકતાદર્શક એક અગત્યની ચાવીરૂપ છે.

ત્યારે આપણને પ્રશ્ન એ ઉદ્ભવે છે કે આવા અતિસૂક્ષ્મ કણમાં માનવના અનેક પૂર્વજોની વંશગત લાક્ષણિકતા અને માનસનું પ્રતિબિંબ શી રીતે ઝિલાઈને સચવાઈ રહેતું હશે? એકાદ માનવીમાં બંધાઈ રહેલા બે અઢીલાખ પરમાણુઓ સૃષ્ટિ પરના જીવન પર સામ્રાજ્ય ચલાવી શકે છે એ બિના જ એની પાછળ કાર્ય કરી રહેલી સર્જક બુદ્ધિપ્રતિભાની પ્રગલ્ભ બુદ્ધિમત્તા અને યોજનાશક્તિનો સબળ પુરાવો છે. એને માટે બીજું કોઈ માનસિક સમાધાન કરાવે એવું અનુમાન થઈ શકે તેમ નથી.

માનવી સિવાય જગતનાં બીજાં પ્રાણીઓમાં આપણને બુદ્ધિ, વિચારશક્તિ કે કલ્પનાશક્તિનો અભાવ દેખાય છે, જ્યારે માનવીએ તો પોતાની આ શક્તિઓ વડે જગતનો દીદાર પલટી નાખ્યો છે. આજે આપણે જે કક્ષાએ પહોંચ્યા છીએ અને જે રીતે જીવીએ છીએ એ બધું કોઈ પરમ બુદ્ધિપ્રતિભાવાળી શક્તિને આભારી છે એટલે સુધીનું ચિંતન આપણે કરતા થયા છીએ અને જેમજેમ આપણી ઉપરોક્ત શક્તિઓ વધારે વિકસિત થતી જાય, તેમતેમ આપણી દૃષ્ટિ સમક્ષ નવી જ ભૂમિકા ઊઘડતી જાય છે અને આ જ શક્તિઓ દ્વારા આપણે સમજીએ છીએ કે ‘જૂજવે રૂપે અનંત ભાસતો’ ઈશ્વર બ્રહ્માંડમાં ભલે વિહરતો હોય પણ આપણા અંતરમાં એ જેટલો નજદીક છે એટલો તો બીજે ક્યાંય નથી!

*

સંપાદકીય

શ્રી સોપાન

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે અશાંતિ ચાલુ જ છે, છતાં જેમ સમય જાય છે તેમ લડાઈનો ભય ઓછો થતો જાય છે. બધા પક્ષો વધુ ને વધુ તૈયારીઓમાં પડ્યા છે પણ લડાઈનું જોખમ ખેડવા કોઈ તૈયાર નથી. કોરિયાની લડાઈ જેવી મંદ ગતિએ ચાલતી હતી તે કરતાં વધુ મંદ ગતિએ યુદ્ધબંધીની વાટાઘાટો ચાલે છે. નજીવી બાબતોમાં મતભેદ પડે છે ને દિવસો વીતી જાય છે. નાતાલ પહેલાં યુદ્ધબંધી થઈ જવાની આશા હવે વધુપડતી છે, છતાં બંનેની એવી ઇચ્છા જ હશે તો ખેંચાખેંચ કરીને પણ કામચલાઉ સમાધાન થઈ શકશે. કોરિયાનું યુદ્ધ હવે વિશ્વયુદ્ધ પેદા કરે એવો ભય રહ્યો જ નથી, છતાં ત્યાં જો હથિયારો હેઠાં મુકાઈ જાય તો શાંતિની દિશામાં મોટું પગલું ભરાય એમાં શંકા નથી.

ઈરાનની પરિસ્થિતિ

મધ્યપૂર્વનો મામલો કોરિયાના પ્રમાણમાં આજે વધુ ચિંતાજનક છે. ઈરાનમાં બ્રિટિશ સરકારે નમતું મૂકી અથડામણ ટાળી, પણ તેણે પોતાના અધિકારો જતા કર્યા નથી. ઈરાનના વડાપ્રધાન મુસાદ્દિકની સામે વિરોધનો વંટોળ ઊઠ્યો છે તેની પાછળ બ્રિટિશ મુત્સદ્દાગીરીનો કંઈ હિસ્સો છે કે કેમ તે નક્કી કરવું મુશ્કેલ છે, પરંતુ એટલું નક્કી છે કે મુસાદ્દિકની સરકાર જો તૂટી પડે તો આ પ્રશ્ન વળી નવું રૂપ લે. ઈરાનની સરકાર બ્રિટિશ હિતોને ફગાવી દેવામાં સફળ થઈ છે, પરંતુ તે પછી તેલઉદ્યોગને એ જ ધોરણે જાળવી શકી નથી. અમેરિકા તરફ એણે આશાની મીટ માંડેલી તે પણ નકામી નીવડી છે. રશિયાની મદદ લેવાની એની હિંમત નથી. એકવાર પણ એ રશિયાની સોડમાં ભરાય તો ત્યાંથી નીકળી શકે નહિ અને અમેરિકા સાથે તો દુશ્મનાવટ જ થાય એ મુસાદ્દિકની સરકાર સમજે છે. આ સ્થિતિમાં ઈરાનની દશા અત્યારે મૂંઝવણભરી છે. ઈરાનમાં નવી ચૂંટણી શરૂ થઈ છે તેનું ગમે તે પરિણામ આવે, પણ તેલ બાબતની નીતિ પલટાશે નહિ એમ લાગે છે.

ઈજિપ્તની અથડામણો

ઈજિપ્તના મામલામાં શાંતિનાં કોઈ ચિહ્નો દેખાતાં નથી. મામલો ગંભીર બની ગયો છે. શરૂઆતમાં અથડામણો થઈ અને તેમાં ઈજિપ્તને જ સહન કરવું પડ્યું. બ્રિટને તો સુએઝની બાબતમાં ભારે મક્કમતા રાખી છે. કોઈ સંયોગોમાં એ સુએઝ વિસ્તારની સત્તા ઈજિપ્તના હાથમાં સોંપવા તૈયાર નથી. મધ્યપૂર્વના સંરક્ષણને નિમિત્તે અમેરિકા, બ્રિટન, ફ્રાંસ, તુર્કી અને ઈજિપ્તના સંયુક્ત રક્ષણ નીચે સુએઝને મૂકવા બ્રિટન તત્પર છે, પરંતુ એ ઇજિપ્તને મંજૂર નથી. ઈજિપ્ત વાજબી રીતે એવો ભય ધરાવે છે કે એકલા બ્રિટનને જો હઠાવવું મુશ્કેલ છે તો આ ચાર સત્તાઓ, જેમાં અમેરિકા પણ છે તેને કેમ હઠાવી શકાય ? અત્યારે તો ત્યાં મડાગાંઠ ઊભી થઈ છે અને તેનો ઉકેલ નજીકના ભાવિમાં દેખાતો નથી. એમાંથી કોઈ સશસ્ત્ર અથડા-

મણુ ઇચ્છતું નથી એટલે જો બંને બાજુએ કંઈક નમતું મુકાય તો સમાધાનનો માર્ગ મળી આવે, પરંતુ નમતું મૂકવામાં નિર્બળતા ગણાઈ જશે ને એ રીતે વધુ નમતું મૂકવું પડશે એમ બંને પક્ષ માનતા જણાય છે.

મધ્યપૂર્વનું માનસ

મધ્યપૂર્વની સમસ્યા જો બ્રિટન–અમેરિકા ઉકેલવા ઇચ્છતાં હશે તો સર્વ પ્રથમ એમણે એ પ્રજાના અત્યારના માનસને સમજી લેવું જોઈશે. આજની અથડામણ અમુક વર્ગ કે વ્યક્તિના આગ્રહને કારણે ઊભી નથી થઈ, પણ પ્રજાના હૃદયમાં શાહીવાદ સામે તિરસ્કાર પેદા થયો છે તેનું આ પરિણામ છે. આ તિરસ્કાર એટલો ઉગ્ર છે કે તેઓ શક્તિ બહારનું જોખમ ખેડવા પણ આજ તૈયાર થઈ ગયા છે. ઈરાન, ઇજિપ્ત અને મધ્યપૂર્વના દેશોને જો એવી ખાતરી કરાવવામાં આવે કે એમના ઉપર સીધી કે આડકતરી સત્તા સ્થાપવાનો કે આર્થિક રીતે તેમને ચૂસવાનો પ્રયાસ કરવામાં નહિ આવે, તો તેઓ આજે પણ લોકશાહી રાષ્ટ્રોના મિત્રો બની શકે એમ છે. પશ્ચિમી રાજ્યો આમ કરવામાં નિષ્ફળ જશે તો મધ્યપૂર્વના દેશો મરણિયા બનીને પણ તેમની સામે ઝૂઝશે ને અંતે રશિયાને જ એથી લાભ થશે.

સ્વમાનને પડકાર

દક્ષિણ આફ્રિકાએ રંગભેદની પરાકાષ્ઠા બતાવવા માંડી છે. જૂથવિસ્તારધારાનો વિસ્તાર વધતો જાય છે અને તેનો અમલ પણ શરૂ થઈ ગયો છે. ડરબન શહેરના દોઢ લાખ જેટલા હિંદીઓને એમના રહેવાના અને ધંધાના સ્થાનેથી ખસેડવાની યોજના અમલમાં આવી રહી છે. દક્ષિણ આફ્રિકાના મૂળ વતનીઓ તો એમની ભૂમિમાં પરાયા બન્યા છે અને જે રંગીન પ્રજાઓએ દક્ષિ આફ્રિકાનો વિકાસ સાધ્યો તેને પણ એ ભૂ ઉપર પ્રતિષ્ઠાપૂર્વક રહેવાનો હક્ક આપવા આવતો નથી. આ વિશાળ પ્રદેશમાં ગોરા વસે છે, તે ત્યાંના રાજકર્તાઓ છે અને જ ત્યાંની સાચી 'પ્રજા' છે! ગોરા લોકોન હાથમાં બધા જ મહત્ત્વના ધંધારોજગા આવી જાય, તેઓ જ સુખસગવડથી ર શકે, તેઓ ઉચ્ચ અને બીજા બધા નીચ એ સિદ્ધ કરી શકાય એ રીતે મલાનની સરકા અત્યારે વર્તી રહી છે.

દક્ષિણ આફ્રિકાની સરકારને રાષ્ટ્રસંસ્થા નો મુદ્દલ ડર નથી. એના ઠરાવો તે ઘોળી પી જાય છે ને સામે ચેતવણી ઉચ્ચારે છે ગોરી પ્રજાના પ્રતિનિધિઓનાં દિલમાં પા હોય તેમ તેઓ આકરાં પગલાં લેવા તૈયા નથી. આ સ્થિતિમાં દક્ષિણ આફ્રિકામાં વસત હિંદીઓને બીજી પ્રજાઓ માટે સ્વમાનભે જીવવાનો માર્ગ એક જ છે અને તે પૂ. ગાંધ જીના સુપુત્ર શ્રી મણિલાલ ગાંધી પોતાન વર્તનથી બતાવી રહ્યા છે. એમણે માન હક્કની રક્ષા અર્થે સત્યાગ્રહનો–સવિન ભંગનો માર્ગ લીધો તે સાચો માર્ગ છે. માર્ગે વેગભર કદમ ઉઠાવવાની હિંમ આફ્રિકાની તમામ રંગીન પ્રજાઓમાં આ એ જરૂરનું છે. ક્ષુદ્ર સ્વાર્થને ખાતર આજે પોતાના સ્વમાનનો ભોગ આપશે તે ભાવિ પ્રજા માટે ગુલામીની બેડીઓ તૈયાર કરવા પાપ વહોરશે.

ચૂંટણીનાં મંડાણ

આ અંક પ્રગટ થશે ત્યારે આપ દેશમાં ચૂંટણીનું વાતાવરણ પ્રસરી ગયું હશે આપણા દેશનાં કુલ ૨૬ રાજ્યોમાં હિમાચલ પ્રદેશની ચૂંટણી પૂરી થઈ અહીં ધારવામાં આવ્યું હતું તેમ કોંગ્રેસ

ચોખ્ખી બહુમતી મળી છે. ધારાસભાની કુલ ૩૬ બેઠકોમાંથી ૨૪ બેઠકો કૉંગ્રેસે મેળવી છે. ૮ બેઠકો સ્વતંત્ર ઉમેદવારોને ફાળે ગઈ છે. ૩ બેઠક પ્રજાપક્ષને અને ૧ દલિત મંડળને મળી છે. સમાજવાદી ને કોમવાદી પક્ષો એક પણ બેઠક મેળવી શકયા નથી, એટલું જ નહિ પણ એમણે એમની અનામત પણ ગુમાવી છે. આવા પહાડી અને અજ્ઞાન વિસ્તારમાં સરેરાશ ૩૨ ટકા મતદાન થયું તે સાનંદાશ્ચર્ય ઉપજાવનારું ગણાય. કૉંગ્રેસને કુલ મતના ૪૭થી વધુ ટકા મળ્યા તે પણ સંતોષજનક લેખાવું જોઈએ. અનેક પક્ષો અને મોટી સંખ્યાના સ્વતંત્ર ઉમેદવારો વચ્ચે મતો વહેંચાઈ જાય એ સ્વાભાવિક છે. સ્થાનિક કૉંગ્રેસ સમિતિના પ્રમુખના નિવેદન પ્રમાણે સ્વતંત્ર સભ્યોમાંથી ત્રણથી ચાર કૉંગ્રેસ પક્ષમાં જોડાઈ જવાનો સંભવ છે. આમ થતાં હિમાચલ પ્રદેશમાં પ્રથમ વિધાનસભામાં કૉંગ્રેસ ઘણી મોટી બહુમતિમાં રહેશે અને સ્થિર રાજતંત્ર રચી શકશે.

હિમાચલ પ્રદેશ પછી દક્ષિણને છેડે ત્રાવણકોર–કોચીનમાં ચૂંટણી શરૂ થઈ છે. તા. પાંચમી સુધી આ ચૂંટણી ચાલવાની છે, એટલે છેવટનાં પરિણામોની ખબર જાન્યુઆરીની અધવચ્ચે પડશે. આ લખાય છે ત્યાં સુધીમાં કૂલ ૧૦૮માંથી ૩૭ બેઠકોનાં પરિણામો બહાર પડ્યાં છે. આમાં કૉંગ્રેસે ૧૯ બેઠકો મેળવી છે. સામ્યવાદી વિચારના જૂથે ૧૦ બેઠકો પ્રાપ્ત કરી છે. સમાજવાદી પક્ષે શરૂઆતમાં વિના વિરોધે ૧ બેઠક મેળવી હતી તેમાં ૨નો ઉમેરો થયો છે. લોકસભાની બે બેઠકનું પરિણામ પ્રગટ થયું છે અને તે કૉંગ્રેસને પ્રાપ્ત થઈ છે. પ્રચાર એવો થતો હતો કે આ રાજયમાં કૉંગ્રેસે લોકો ઉપરની લાગવગ ગુમાવી છે, અને કૉંગ્રેસમાંથી છૂટા થયેલાઓના સહકાર વડે સમાજવાદી પક્ષ બળવાન બન્યો છે. આ રાજયમાં સમાજવાદીઓ ચોખ્ખી બહુમતી મેળવી સરકાર રચી શકશે એવો પ્રચાર, પક્ષના નેતાઓ જોરશોરથી કરતા હતા, પરંતુ આજ સુધીમાં જે પરિણામો પ્રગટ થયાં છે તે એટલું તો નિશ્ચિતપણે બતાવે છે કે સમાજવાદીઓની આ આશા ફળવાની નથી.

શ્રી નહેરુનો પ્રવાસ

આવતા આઠ દિવસમાં અનુક્રમે ઓરિસ્સા, પેપ્સુ, હૈદ્રાબાદ, મધ્યપ્રદેશ અને પંજાબમાં અને જાન્યુઆરીના પહેલા અઠવાડિયામાં બાકીનાં લગભગ બધાં રાજયોમાં ચૂંટણીઓ શરૂ થશે. આખરી પરિણામો જાન્યુઆરીના અંત પહેલાં જાણી શકાશે. દેશના વિવિધ ભાગોમાંથી જે સમાચારો આવે છે તે ઉપરથી એમ લાગે છે કે સર્વત્ર કૉંગ્રેસનો વિજય થશે. લોકોનાં દિલમાં કૉંગ્રેસ પ્રત્યે અસંતોષ છે, પરંતુ અત્યારે જે પક્ષો છે તેમાં કૉંગ્રેસ શ્રેષ્ઠ છે એવો વિશ્વાસ પણ પેદા થયો છે. કોઈ પણ દેશની પ્રગતિ માટે સર્વપ્રથમ સ્થિર રાજતંત્ર આવશ્યક છે: આવું તંત્ર કૉંગ્રેસ સિવાય કોઈ પક્ષ કે પક્ષસમૂહ રચી શકે એમ નથી.

ચૂંટણીમાં કૉંગ્રેસને મત આપવા માટે પ્રમુખ શ્રી નહેરુએ વાયુવેગે પ્રવાસ કરવા માંડ્યો છે. એમની દિવસભરની પ્રવૃત્તિ જોતાં એમ લાગે છે કે શ્રી નહેરુને નવી જુવાની પ્રાપ્ત થઈ છે. દેશના એકથી બીજે છેડે તેઓ ઊડે છે. તમામ પ્રકારનાં વાહનોનો ઉપયોગ કરે છે. રાતદિવસ જોયા વિના રોજનાં સંખ્યાબંધ ભાષણો કરે છે, આમ છતાં એમનાં પ્રવચનોમાં સ્વસ્થતા, સંયમ, બુદ્ધિની તીવ્રતા અને વિવેક–જાગૃતિ દેખાઈ આવે છે. કૉંગ્રેસને વિજય અપાવવામાં શ્રી નહેરુનો ફાળો ઘણો મોટો હશે. હજારો પ્રચારકો જે

ન કરી શકે તે શ્રી નહેરુ આજે કરી રહ્યા છે. કોમવાદ સામેની જેહાદ પ્રચંડ છે. શ્રી નહેરુએ આવો જંગ ન માંડ્યો હોત તો આ દેશમાં કોમવાદીઓ અને પ્રત્યાઘાતીઓ ઘણા બળવાન બન્યા હોત અને એમની તાકાતથી આપણી રાજકીય, સામાજિક તથા આર્થિક પ્રગતિમાં ગંભીર અવરોધો ઊભા થયા હોત. અત્યારનું વાતાવરણ એમ બતાવે છે કે કોંગ્રેસને અપાયેલો એકેએક મત શ્રી નહેરુના હાથ મજબૂત કરનારો છે અને દેશના ભાવી માટે ઉજજવળ આશા પ્રગટાવનારો છે.

અયોગ્ય જોડાણો

આ ચૂંટણીમાં કોંગ્રેસને હરાવવા માટે જે જાતનાં જોડાણો થઈ રહ્યાં છે તે અત્યંત ખેદજનક છે. ગાંધીજી અને સર્વોદયની વાત કરનારા પ્રજાપક્ષે તો હદ કરી નાખી છે. હિંસક સામ્યવાદીઓ સાથે જોડાણ કરતાં તેઓ અચકાયા નથી. પ્રત્યાઘાતીઓ અને કોમવાદીઓ સાથે પણ તેમણે મહોબ્બત બાંધી છે. ડૉ. આંબેડકરના દલિતપક્ષે અન્ય પક્ષોના કોંગ્રેસ તરફના દ્વેષનો યુક્તિપૂર્વક લાભ ઉઠાવ્યો છે. સમાજવાદી પક્ષ પણ તકવાદી બની તેની જાળમાં ફસાયો છે. ડૉ. આંબેડકરની ચાલ દલિતોને હંમેશ જુદા રાખી પોતાનું નેતૃત્વ કાયમ કરવાની છે. એ પ્રત્યાઘાતી છે, કોમવાદી છે, કાશ્મીરના ભાગલાની હિમાયત કરે છે અને અમેરિકાની છાવણીમાં ભારતને ધકેલવા ચાહે છે, છતાં સમાજવાદી પક્ષે તેની સાથે જોડાણ કર્યું છે તે અત્યંત દુઃખદાયક છે.

કાશ્મીરનું શું ?

કાશ્મીરના પ્રશ્નના સમાધાનની જે આશા ઉદ્ભવેલી તે નષ્ટ થતી હોય એમ લાગે છે. રાષ્ટ્રસંસ્થાના પ્રતિનિધિ ડૉ. ગ્રેહામ તરફ અહેવાલ તૈયાર થઈ ગયો છે અને હવે આ સવા ફરીને સલામતી સમિતિ સમક્ષ જવાનો છે કાશ્મીરની બાબતમાં ડૉ. ગ્રેહામે ઘણી મહે નત કરી છે, પરંતુ બીજાઓની પેઠે એમ દૃષ્ટિ પણ ભારત અને પાકિસ્તાનને એક કક્ષાએ મૂકવાની રહી છે. જયાં સુધી આ દૃ બદલાય નહિ ત્યાં સુધી સમાધાન માટે આશા રાખી શકાય નહિ. ભારતે કાશ્મીર અંગે જે વલણ રાખ્યું છે તે ન્યાયી છે. ભારતીય પ્રજાનો તેને ટેકો છે અને વિટંબણાઓ પણ પણ આ પ્રશ્નમાં ભારત મક્કમ રહેશે તો તેને જ વિજય થશે એમાં શંકા નથી. ન્યાય અને નીતિની સાથે આંતરરાષ્ટ્રીય સંજોગો પણ ભારતની તરફેણમાં જ છે.

ડૉ. ગ્રેહામે તૈયાર કરેલા અહેવાલમાં નિષ્ફળતાનાં કારણો વર્ણવ્યાં છે, પરંતુ હજી એમણે આશા છોડી નથી. તેઓ નવું સૂચન કરે છે તે સ્વીકારાય એમ લાગતું નથી. એમની નવી દરખાસ્ત પ્રમાણે ભારત-પાકિસ્તાનનાં સૈન્યો ખસેડવા માટે યુદ્ધબંધી વખતનું ધોરણ સ્વીકારવામાં આવ્યું છે. આ રીતે ભારતનાં દળો વધુ પ્રમાણમાં રહી શકે ખરાં, પરંતુ પાકિસ્તાનનો પગ ત્યાંથી ખસે નહિ. કાશ્મીર માટે ભારત સમાધાન ચાહે છે એટલે ન્યાયી ને મુક્ત લોકમતની ખાતરી માટે, આઝાદ કાશ્મીર ઉપરનો લોખંડી પડદો હઠે, શેખ અબ્દુલ્લાની સરકારની હકૂમતને આંચ ન આવે અને કાશ્મીરના રક્ષણ અંગે કોઈ જાતના ભયને કારણ ન રહે તો એવી બાબતોમાં ભારત સંમત થાય. સલામતી સમિતિ પાસે બીજો કોઈ માર્ગ નથી એટલે ડૉ. ગ્રેહામના સૂચનનો ત્યાં તો સ્વીકાર થવાનો સંભવ છે.

૨૨-૧૨-'૫૧

★

જાન્યુઆ

મ તરફ
આ સવા
વાનો
ઘણી મ
ઠે એમ
ા એક
ી આ દ
ાટે આશ
ીર અ
ભારતી
ાઓ પ
શે તો તે
ન્યાય અ
જોગો પ

અહેવાલમ
પરંતુ હ
નવું સૂચ
ગતું નથી
રત–પાકિ
યુદ્ધબં
વ્યું છે. અ
ાં રહી શ
ત્યાંથી ખ
ાધાન ચા
ની ખાતર
ાખંડી પડ
ા હકૂમત
રક્ષણ અ
હુ તો એવી
. સલામત
નથી એટલે
ા સ્વીકા

૨–૧૨–'૫

તારાઓમાંનો એક જ તારો



ZENITH

ઝેનીથ પ્રીસીશન ઘડીઆળ

ઝેનીથ ઘડીઆળો ન્યુચટલ ઓબ્ઝર્વેટરીમાં તેમની નિયમિતતા માટે પ્રતિવર્ષે નવો રેકર્ડ નોંધાવે છે. ફાવર–લુબાની ગમે તે શો રૂમમાં અથવા તેના પ્રમાણિત વેપારીઓને ત્યાં તે જુઓ. ચિત્રનો મોડલ નં. ૧૪૦૩ છે. ● આકર્ષક ● વોટરપ્રુફ ● શોકપ્રુફ ● એન્ટીમેગ્નેટિક ઘડીઆળ, સ્ટેઈનલેસ સ્ટીલના કવર સાથે. ૧૦½" ના કદમાં ચિત્રમાં બતાવ્યા પ્રમાણે સેન્ટર સેકન્ડ, પ્લેન ડાયલ સાથે માત્ર હાલમાં મળે છે. **કિંમત રૂ. ૩૧૦/-**

FAVRE-LEUBA

ફાવરે–લુબા એન્ડ કું. લિમિટેડ, મુંબઈ અને કલકત્તા

LAS. (B)



સંસ્થા સમાચાર

વિવિધ ગ્રંથમાળા

આ માળાના પહેલા હપ્તાનાં (૧) મનુષ્યધર્મ, (૨) ગુજરાતનાં તીર્થસ્થાનો અને (૩) સં. ૨૦૦૮નું પંચાંગ આ ત્રણ પુસ્તકો સપ્ટેમ્બર માસમાં મોકલી આપેલાં. તે પછીના બીજા હપ્તાનાં નીચેનાં બે પુસ્તકો તા. ૧૫-૧૨-'૫૧ના રોજ ગ્રાહકોને મોકલી અપાયાં છે: (૧) **આરોગ્ય રક્ષા** અને (૨) **કાકાનો સંજય** (સચિત્ર):

વરસે દિવસે ૧૬૦૦ પાનાંનું વિવિધ વિષયનું વાચન ૯થી ૧૦ પુસ્તકો દ્વારા આ માળા દ્વારા ઘેરબેઠાં આપવામાં આવે છે. આ માળાના ગ્રાહક બનીને બહુ જ સસ્તા મૂલ્યે પુસ્તકો મેળવવાનો લાભ મેળવી શકાશે.

નવાં પ્રકાશનો

આર્યભિષક્ અથવા

હિંદુસ્તાનનો વૈદરાજ : (નવી ૧૧મી આવૃત્તિ) જેમાં ૬૦૦ વનસ્પતિઓના ગુણદોષ, ઓળખાણ અને જુદાજુદા વ્યાધિઓ ઉપર તેમને વાપરવાની વિધિઓ તથા સુમારે ૧૦૦ ધાતુ-ઉપધાતુઓનું શોધન-મારણ અને તેના જુદાજુદા રોગો ઉપર જુદાંજુદાં અનુપાનો છે; અને આશરે ૧૨૫ વ્યાધિઓનાં લક્ષણ, કારણ તથા ઉપા છે. આમાં જુદાજુદા પાક, ચૂર્ણો, ગુટિ અવલેહ, ચાકૂતી ઇત્યાદિ સેંકડો બ વટો આપવામાં આવેલ છે.

પાન ૮૬૪ : કિં. ૬

વતાલની વાતો : પ્રયોજક : પ્રો. બિ ચંદ્ર ઝવેરી........કવિ શામળ ભ વિખ્યાત 'વૈતાલ પચ્ચીસી' પ લોકોને ગમે એ રીતે આજની સા અને પ્રવાહી શલીમાં તૈયાર થયેલું પુસ્ત

પાન ૨૦૮ : કિં. ૧

ઠંડા પહોરની વાતો : લે. હરરાય દેસાઈ: બાળકોને રમૂજ સાથે આપતી સચિત્ર પ્રાણીકથાઓ.

પાન ૧૦૪ :: કિં. ૦-

સનાતન ધર્મ : સ્વ. મણિલાલ નભુ દ્વિવેદીએ કરેલું આધ્યાત્મિક ગ્રંથોમાં ધર્મનું સાચું સ્વરૂપ બતાવતાં સૂ સંકલન. અનુવાદ સાથેની નવી આવૃ

પાન ૨૦૦ : કિં. ર

આરોગ્યરક્ષા : તંદુરસ્તી માટેના આ વિચાર, દિનચર્યા-ઋતુચર્યા, આહા વિહાર અને રોજિંદાં ઉપયોગી ૬૦ ગુણદોષની સમજ.

પાન ૧૨૮ : કિં. ૦-

સૌભાગ્ય સુંદરી અને બીજાં નાટકોનું નવનીત : (સર્વો૦ શ્રેણી) ગુજરાતી રંગભૂમિ પર ભજવાયેલાં, સમાજજીવનની આરસીરૂપ નાટકોના સફળ લેખક **કવિશ્રી મૂલાણીની** સમર્થ નાટ્યકલાનાં પ્રતીક સમાં નાટકોમાંથી સર્વોત્તમ સોળ નાટકોના સારા પ્રવેશો ચૂંટી, તેની આગળ–પાછળ વાર્તારૂપ સાર મૂકી તૈયાર કરવામાં આવેલું પુસ્તક.

પાન ૨૪૦ : કિં. ૧–૮

ગજેન્દ્રમોક્ષ : (આમશ્રેણી) દેવ–ગંધર્વોની પણ ઈર્ષ્યામય હરીફાઈથી થતી દુર્ગતિ આલેખતું પુરાણપ્રસિદ્ધ ગજેન્દ્રમોક્ષનું આખ્યાન. મૂળ પાઠ સાથે.

પાન ૮૦ : કિં. ૦–૬

સદ્બોધ વાટિકા : (આમશ્રેણી) જે બોધક કવિતાઓ અને ભજનો વર્ષો સુધી અનેક બાળકો અને મોટેરાંઓનાં મુખે સાંભળવામાં આવે છે તેનો સંગ્રહ.

પાન ૪૦ : કિં. ૦–૩

મીરાં દાસી જનમજનમકી : (સર્વો૦ શ્રેણી) : જન્મોજન્મ પ્રભુની દાસી બનવાની ઝંખના કરતાં મીરાંબાઈના જીવનની ટૂંકી અને ક્રમબદ્ધ ચરિત્રકથા.

પાન ૧૧૨ : કિં. ૦–૧૨

બાળકોની રીતભાત : (આમશ્રેણી) આવતી કાલનાં નાગરિકોને–બાળકોને ઘરમાં જ સંસ્કાર અને શિસ્તની તાલીમ મળે તથા ભવિષ્યમાં તેમને ઉન્નતિ સાધવામાં મદદરૂપ થાય એ રીતે તૈયાર કરાયેલી સચિત્ર પુસ્તિકા.

પાન ૩૨ : કિં. ૦–૪

વિશ્વજ્યોતિ : (આમશ્રેણી) મહાત્મા ગાંધીજીના પવિત્ર અને પ્રેરણાદાયી જીવનનું સરળ કવિતામાં આલેખન, કાકા કાલેલકરના આમુખ સાથે.

પાન ૪૮ : કિં. ૦–૪

સિંદબાદનાં સાહસો : (આમશ્રેણી) જીવસટોસટનાં સાહસો ખેડતા એક માનવીની અદ્ભુત કથા. (અરેબિયન નાઈટ્સ ઉપરથી)

પાન ૯૬ : કિં. ૦–૮

ભક્ત પ્રહ્લાદ : (આમશ્રેણી) ભક્ત પ્રહ્લાદનું પ્રેરણાદાયી ચરિત્ર.

પાન ૬૪ : કિં. ૦–૪

શ્રી શુકદેવજી : જન્મથી જ જ્ઞાની એવા વ્યાસના પુત્ર પ્રેમમસ્ત પરમહંસનો પરિચય તથા બોધક પ્રસંગો.

પાન ૬૪ : કિં. ૦–૪

જડભરત : જન્મમરણનાં રહસ્યોનો આબેહૂબ ચિતાર આલેખતું જીવનવૃત્તાંત.

પાન ૪૮ : કિં. ૦–૩

માંદાનો આહારવિહાર : (આમશ્રેણી) આવૃત્તિ ૨જી. માંદા માણસ માટે જરૂરી આહારવિહાર અને તેની સમજ આપતી ઉપયોગી પુસ્તિકા.

પાન ૫૬ : કિં. ૦–૪

ચૂર્ણ–ઔષધિ : (આમશ્રેણી) આયુર્વેદના ગ્રંથોમાં આપેલાં અનેક ચૂર્ણોમાંથી ઉપયોગી સો ચૂર્ણો બનાવવાની રીત તથા તેનો ઉપયોગ. (આવૃત્તિ ૩જી)

પાન ૭૨ : કિં. ૦–૪


Rexona
Rexona
BLENDED WITH CADYL

ઉત્તરોત્તર
ખીલતું સૌંદર્ય

રેકસોનામાંનું 'કૅડિલ'
આપની ચામડીને
અધિક લાવણ્યમયી
અને નિર્મળ બનાવે છે.

રેક્સોના

માત્ર એકજ 'કૅડિલ' ધરાવતો સાબુ

* ચામડીને મુલાયમ બનાવનારાં તેલોના ખાસ
મિશ્રણ માટેનું એક માલીકી હકવાળું નામ

રેક્સોના પ્રોપાઇટરી લિ૦, માટે ભારતમાં બનાવેલ RP. 71-X30 GJ

આ નંબર યાદ રાખો

સીંગર ૧૯૩ K ૧૦

સીવાનો સંચો



- ★ સાંકળી સીલાઈ
- ★ એકજ સોય
- ★ સીવવાનો ચક્રગતિ હૂક
- ★ ઉલટાવી શકાય એવું ડ્રોપ ફીડ

આ મશીન તેના ઝડપી, હળવા સીવણકામ માટે બીનહરિફ છે. તે દરજીઓ તથા તૈયાર કપડાં બનાવનારાઓ દરેક જાતના વસ્ત્રો બનાવી શકે તે માટે ખાસ બનાવવામાં આવ્યુ છે. હોટલો, લૉન્ડ્રીઓ, હોસ્પીટાલો તથા શાળાઓ માટે વિશેષ કરીને તેની ભલામણ કરવામાં આવે છે.

વિશિષ્ટ ગુણો

સહેલાઇથી અને અટચંણ દિન કાર્ય બનાવવા તેમજ મઝબૂત સીવણ માટે સીવવાનો ચક્રગતિ હૂક. યંત્રના સહાયકારી ભાગ (ફીડીંગ) ની ગતિ વિના વિલંબે ઉલટાવી શકાય છે. પગથી ચલાવવાના પડેલને (પ્રેસર ફૂટ) હાથથી અથવા યોગ્ય રીતે જડેલા ધુંટણીયા (નીલીફ્ટર) થી ઉંચે ચઢાવી શકાય છે. આગળ અથવા પાછળનું સીવણ, ટકાઉ ઓટણ તથા ખીસ્સાં મૂકીને સુદૃઢ સીવણ માટે તથા બીજા ઘણાંએ કાર્યો માટે ઉત્તમ.

સીંગર*

* ધી સીંગર મૅન્યુફેકચરીંગ કંપનીની ટ્રેડ માર્ક.

LAS. (B)

SIROLIN
ROCHE
ROCHE

તમારા બાળકની ખાંસી
ભયંકર
પણ નિવડે

સીરોલીન "રોશ" થી તે અટકાવો
— સલામત ઘરગથ્થુ ઇલાજ !

બાળકોની ખાંસીની બાબતમાં જરાય જોખમ ખેડશો નહિ— અને તે મટાડવાને જે ઉપાય યોજો તેમાં પણ. જગમશહુર સીરોલીન "રોશ" તત્કાળ ખાંસી મટાડે છે અને સુઝેલા ગળાને શાન્ત પાડે છે છતાંય નાનામાં નાના બાળક માટે તે સંપૂર્ણ સલામત છે! હમેશાં તમારા ઘરમાં એક બાટલી રાખો!"

સઘળા દવાના વેપારીઓ અને જાણીતા સ્ટોર્સ વેચે છે.

સીરોલીન
"રોશ"

રોશની
બનાવટ

રેમી સ્નો

REMY PRODUCTS
Remy
INDIA
Remy
Remy
SNOW
Remy
SNOW

રેમી સ્નો—તમારા ચહેરાને વધારે સ્વચ્છ, વધારે સુંદર અને વધારે મુલાયમ બનાવે છે.

દરેક ઋતુમાં સંપૂર્ણ રક્ષણ આપે છે.

આજે જ વાપરી ખાતરી કરો.

હરેક જગ્યાએ વેચાય છે.

સોલ ડિસ્ટ્રીબ્યુટર્સ :
એ. વી. આર. એ. એન્ડ કું૦
નં. ૬. લુહાર ચાલ મુંબઈ નં. ૨

સ્ટેબ્રાઈટ

એટલે જેની ચમક ઝાંખી પડતી નથી અને હમેશ અરીસાની જેમ સાફ અને પૉલિશવાળા દેખાય છે.

★ ★ ★

વાસણો ● કટલરી ● ઈસ્પિતાલ અને ● કેન્ટિનને લગતી જરૂરિયાતો

હરેક ઠેકાણે હોવાં જ જોઈએ.

સાંધાસૂંધ કરવી પડતી નથી ● કલાઈની કડાકૂટ નથી ● ભાંગતાં નથી,

અનેક વર્ષો સુધી ચાલે છે.

હમેશ પૉલિસ દેખાડતી

સ્ટીલ વાસણો માટે લખો :

દેવીદયાલ એન્ડ સન્સ

સેલ્સ ડીપાર્ટમેન્ટ
મેટલ હાઉસ, બીજો ભોઈવાડો, મુંબઈ-નં. ૨ :: ટે. નં. ૨૫૫૮૬

ધી યુનાઇટેડ કોમર્શિયલ બેંક લિ૦ કલકત્તા

THE UNITED COMMERCIAL BANK LIMITED.

મૂડી (સત્તાવાર)	રૂા. ૮ કરોડ
,, (ઉઘરાવેલી)	રૂા. ૪ કરોડ
ભરી દીધેલી મૂડી	રૂા. ૨ કરોડ
અનામત ફંડ	રૂા. ૬૦ લાખ

ડાયરેક્ટરોની બોર્ડ:

શ્રી. ઘનશ્યામદાસ બિરલા (પ્રમુખ)

શ્રી. ઈશ્વરીપ્રસાદ ગોએન્કા
(ઉપપ્રમુખ)
,, અનંતચરણ લો
,, બૈજનાથ જાલન
,, ગોવિંદલાલ બાન્ગૂર
,, પી. ડી. હિંમતસિંગકા
,, રામેશ્વરલાલ નોપાણી

શ્રી. રમણલાલ જી. સરૈયા
(ઉપપ્રમુખ)
,, મહાદેવ એલ. દહાણૂકર
,, મદનમોહન આર. રૂઈયા
,, મોહનલાલ એલ. શાહ
,, મોતીલાલ તાપુરિયા
,, નવીનચંદ્ર મફતલાલ

મેનેજર : શ્રી. ટી. ઠાકુર

હિંદ, બર્મા, પાકિસ્તાન અને મલાયાનાં બધાં અગત્યનાં નગરો અને શહેરોમાં આ બૅંકની શાખાઓ છે તથા દુનિયાભરમાં એજન્સીની સગવડો સાથે પોતાની સારામાં સારી સેવાઓ આપવા માટે બૅંક પૂરેપૂરી અદ્યતન સામગ્રીથી સુસજ્જ છે.

દેનાબેંક તમને નાણાંની
બચત કરવા માટે જે સેવા
આપે છે તે તમને ભવિષ્ય
માટે મદદ કરશે



દેના બેંક

DEVKARAN NANJEE BANKING CO. LTD.

હેડ ઓફિસ : મુંબઈ અને ૫૩ શાખાઓ
બેંકીંગને લગતું દરેક કામકાજ કરવામાં આવે છે.

શ્રી રામકૃષ્ણ મિલ્સ   શ્રી વિવેકાનંદ મિલ્સ
અમદાવાદ

आपकी पसंदगी

★ અદ્યતન સજાવટની આકર્ષક રેશમી કિનારેવાળી મુલાયમ સાડીઓ, ઝીણા તેમજ ટકાઉ પોતની રેશમી કિનારેવાળી ધોતી, મુલાયમ મલમલ વગેરે.

★ આપના શોખ અને ખીસાને સર્વદા અનુકૂળ અમારી આ અવનવી સુપરફાઈન જાતો આપની પ્રથમ પસંદગી પામશે.

★ સમાજના તમામ વર્ગને પોષાય તેવી છેલ્લી ઢબની કળા અને કુમાશભરી ડીઝાઈનની સાડીઓ, ટકાઉ પોપલીન, ધોતી વગેરે.

★ સુખ અને સવલત માટે અવશ્ય આગ્રહ રાખો.

આપની જરૂરિયાત મેળવવા

અમારી રાયપુર ચકલામાં, પોલીસચોકી સામે આવેલી છૂટક કાપડની દુકાનની મુલાકાત અવશ્ય લેશો.

- ★ ટ્રાવેલ
- ★ ક્લીઅરીંગ
- ★ શીપીંગ
- ★ વેરહાઉસીંગ
- ★ ઈન્સ્યોરન્સ
- ★ ટ્રાન્સપોર્ટ
- ★ બેગેજ

LEMUIR SERVICES

લી એન્ડ મ્યુરહેડ
(ઇંડીઆ લિ૦)

ટે. નં. ૨૪૧૩૩–૩૩૭૮૩

નં. ૧૨, રેમ્પાર્ટ રોડ, ફોર્ટ, મુંબઈ

શાખા:–રેવડી બજાર–અમદાવાદ, તથા મારમાગોઆ.
એજન્ટસ:–દુનિયાના દરેક દેશમાં


Going Strong
Madhu
MANGO JUICE
delicious and
rich in vitamins
Only the best is canned
NAS. 473
PURE PRODUCTS & MADHU CANNING
BOMBAY 16

ઝીંક બ્લોકો
તથા
રબ્બરના સિક્કા

કાર્ડ, કંકોત્રી, નોટપેપર, લેટર હેડ, બિલ બુક તથા પાઠ્યપુસ્તકોના કવર પેજના તથા બીજા બ્લોકો તુરત જ ઓર્ડર મુજબ બનાવી આપીશું. તે ઉપરાંત દેવદેવીઓના ટ્રેડમાર્કો ના વિવિધરંગી બ્લોકો બનાવીએ છીએ.

આજે જ લખો અથવા રૂબરૂ મળો:

રવિ પ્રોસેસ સ્ટુડિયો
દરેક પ્રકારના લાઈન તથા હાફટોન બ્લોકો
અને સીને સ્લાઇડ આકર્ષક રીતે બનાવનાર,
૨૫૨૧/૨, ભાટવાડો, શાહપુર, અમદાવાદ

વૉયલમાં સમાયેલું લાવણ્ય (નં. ૨)

ખટાઉ
સૌંદર્યોપચુક્ત
વૉયલ

ધી ખટાઉ મકનજી સ્પીનીંગ એન્ડ વીવીંગ કંપની લિમિટેડ.
મીલ્સ: ભાયખલા, મુંબઇ ઑફીસ: લક્ષ્મી બીલ્ડીંગ, બેલાર્ડ પીઅર ફોટ મુંબઇ.
કાપડની દુકાન: મુલજી જેઠા મારકેટ. ગોવિંદ ચોક. મુંબઇ ૨.

SISTA'S KM-(S)-49

PRIMOVERS' is everyman's BOILER!

બોઇલરોને એક ખાસ બોઇલર એટેન્ડન્ટ રાખવા અને તેનું નામ રજિસ્ટર કરાવવા જેવા બોઇલર એક્ટના નિયમો લાગુ પડે છે.

પરંતુ પ્રાઈમોવરોને એવા નિયમો લાગુ પડતા નથી. આમ છતાં પ્રાઈમોવર એ ખરેખર દરેક માણસનું બોઇલર છે; કારણકે દરેક માણસ, બોઇલર એક્ટથી મુક્ત રીતે, કોઈ પણ સમયે અને કોઈ પણ સ્થળે તેનો ઉપયોગ કરી શકે છે.

તેનું વધુમાં વધુ ઇવેપરેશન દર કલાકે ૬૦ રતલ હોય છે. તેનું વર્કિંગ પ્રેશર દર ચોરસ ઇંચે ૬૫ રતલ હોય છે.

સિલ્ક અને ઓઇલ મિલ્સ, પ્રોસેસિંગ વર્ક્સ, હોસ્પિટલો વગેરે માટે અત્યંત અનુકૂળ.



VERTICAL SMOKE
TUBE BOILER

મફત સાહિત્ય માટે લખો.

સ્ટોકમાંથી મળી શકશે.
સોલ સેલિંગ એજન્ટો:

BATLIBOI & CO.
ENGINEERS AND MACHINERY IMPORTERS
H. O. Forbes Street - Fort - Bombay
Madras Calcutta Delhi
Ahmedabad Coimbatore

હમામથી તાજગી મેળવો!



૧ આપનું સ્નાન અધિક મજેદાર બનાવો. તાજાં પુષ્પ જેવી હમામની સુવાસ દિલ જીતી લે છે.

૨ આપનો ચહેરો ઉજ્જ્વલ બનાવો. હમામનાં શુદ્ધ વનસ્પતિ તેલો તેને મુલાયમ અને કાંતિમાન રાખે છે.

૩ આપની ત્વચા સ્વચ્છ કરો. હમામનું ભરપૂર ફીણ આપની ત્વચા સ્વચ્છ અને તાજી બનાવશે.

એ તાતાની બનાવટ છે.

ધી તાતા ઓઈલ મિલ્સ કાં૦ લિમિટેડ.

THE BEST
TOOTH DECAY
AND OTHER
TOOTH TROUBLES
ANTISEPTIC AND
FRAGRANT

સનટોન
ટુથ પાવડર

દાંત સાફ કરવા રોજ વાપરો.

મોંની ખરાબ વાસ દૂર કરે છે

પેઢામાંથી નીકળતું લોહી બંધ કરે છે.

કોલસો કે ચૉક નથી

દાઢનું દર્દ, દુખતા દાંત તથા પાયોરિયા મટાડે છે.

ટેલિગ્રામ : સીડ્સ ★ ટેલિફોન : ૨૬૫૦૬

ધી કેસર શ્યુગર વર્કસ લિ૦

૪૫, ૪૭ એપોલો સ્ટ્રીટ, મુંબઈ નં. ૧

હાલની પ્રવૃત્તિઓ :

બહેડી–યુ. પી.

- ★ ખાંડ અને તેમાંથી બનતી મીઠાઈઓ
- ★ મીથીલેટેડ સ્પિરિટ
- ★ પાવર આલ્કોહોલ, રેક્ટિફાઈડ સ્પિરિટ, મોલાસીસ શેરવો

ગોરેગાંવ–મુંબઈ

- ● ફોટોગ્રાફી અને ટેનિંગ માટે હાઇપો
- ● અને ફોટોગ્રાફી માટે સોડા સલ્ફાઈટ
- ● ટેક્સ્ટાઈલ તથા ટેનેરીઝ માટે સોડા બાઈ સલ્ફાઈટ
- ● હાઈડ્રોક્વીનોન
- ● ક્રોમ એલમ પોટાશ
- ● ક્રોમિક એસિડ ઇલેક્ટ્રોપ્લેટિંગ સાફ

વ્યાપાર સાથે સંબંધ ધરાવતી પૂછપરછ પર પૂરતું ધ્યાન આપવામાં આવે છે.

કોઢ

આ ચેપી–ભયંકર, કિંમતી જીવન બરબાદ કરતી દર્દ "કોઢ" વર્ષોની જહેમત બાદ શોધેલા અનુભવસિદ્ધ આંતરિક ઉપચારથી તદ્દન જડમૂળથી નાબૂદ કરીએ છીએ.

[Internal Treatment
સારવાર ઘેરબેઠાં લેવાય છે.]

જડમૂળથી કોઢ મટાડનાર કોઢનું દવાખાનું

વધુ વિગત માટે લખો :

લ્યુકોડરમા ક્લીનીક

જનરલ હોસ્પિટલ સામે, વડોદરા.

હવે મોતીયાંનું ઓપરેશન

કરાવવાની જરૂર નથી. કારણ 'મોતીબિન્દુનાશક' નામની વનસ્પતિની દવાથી હજારો માણસોને મોતીયા વગર **ઑપરેશને** માત્ર દવાથી જ મટી ગયા છે સિવાય ખીલ, વેલ, ઝામર, શોર્ટ–સાઈટ, તાપોડીયા, છારી, પડળ, રતાંધળાપણું, આંખોની બળતરા, લાલાશ વ૦ ખાત્રીથી મટે છે ઓપરેશનથી બગડેલી આંખોમાં નાખવાથી પણ સારો લાભ થાય છે. ફાયદો ન થાય તો માગો તેટલા રૂપિયા પાછા આપવાની શરતે દવા વેચાય છે. **બાટલી** રૂ. **પાંચ** ટ. ખ. જુદુ. લખો :

મધુસુદન કંપની

ત્રણબત્તી, વલ્લભનિવાસ, જામનગર

શ્રી રામ મિલ્સ લિ૦

બારીક સુતરમાંથી ફેન્સી

મર્સીરાઇઝડ કાપડ

જેવાં કે:

↓↓↓

● ધોતિયાં ● સાડીઓ (પ્લેન, ડોબી તથા જેકાર્ડ બૉર્ડર), ● વૉયલ્સ (પ્લેન તથા ચેક) ● જાતજાતની કલર શર્ટિંગ્સ ● પૉપલીન ● મલમલ તથા ● લૉંગક્લોથ વગેરે

બનાવનાર

મિલ તથા ઑફિસ: ફરગ્યુસન રોડ, પરેલ

મુંબઇ

હિન્દુસ્તાનમાં

સૌથી મોટી સંસ્થા

● ● ●

સર્વે જાતનું લીથોનું કામકાજ

લેબલ

કાપડના તાકા
કાંડીનાં બૉકસ
પરફ્યુમરી
સોડાલિંબુ
સીગારેટના ડબ્બા
બીડી–મીઠાઈનાં
બાકસો–વગેરે

(બધી જાત અને સાઈઝનાં)

બાકસો

શુઝ–બેટરી
સાબુ–ટુથપેસ્ટ
તેલ–સીગારેટ
દવાઓ–સાડીઓ
ઘડિયાળો–ઝવેરાત

રંગીન કામ

કેલેન્ડર–શો કાર્ડ
કારટૂન–શેર સર્ટિફિકેટ
નોટ પેપરો–બીલ ફોર્મ
ચેકબૂક વગેરે

જાહેર ખબરનાં અને સીનેમાનાં પોસ્ટરો

★ તમારું કામ સૌથી સારું અને દીપી નીકળે તેવુંજ થવુ જોઈએ.
★ સારો માલ દમામદાર અને દેખાવડાં બાકસોમાં ભરવો જોઈએ.
★ જાહેરાત ધ્યાન ખેંચે તેવી જોઈએ.

તમારી જરૂરિયાતો માટે અમારી સલાહ લ્યો.

મહમદી ફાઈન આર્ટ લીથો વર્કસ

ગનપાઉડર રોડ, મઝગામ,—મુંબઈ. ૧૦

બળ-બુદ્ધિ-તેજ
વધારનાર

'ઝંડુ'
ચ્યવન પ્રાશ

આયુર્વેદનું
અનુપમ ઔષધ

—સૌને : શક્તિ આપનાર—
આજથી જ અજમાવો

જીવનમાં અતિ આવશ્યક
સ્વાદિષ્ટ—પૌષ્ટિક ખોરાક

એ જ જીવન
લીલાં આંબળાં સાથે બીજાં પાચક અને
લોહી વધારનારાં ઔષધો મેળવી બનાવેલ.

સાધારણ નબળાઈ અને મગજની નબળાઈમાં સંગીન કામ કરનાર સાત્ત્વિક ઉપાય.

સર્વત્ર વેચાય છે.

ગામેગામ અમારા એજન્ટો છે.
તમારા ગામના એજન્ટ પાસેથી આજે જ મેળવો..

ઝંડુ ફાર્મા. વર્કસ લિ૰, મુંબઇ નં. ૧૪

—: અમદાવાદના એજન્ટ :—
ભોગીલાલ બ્રધર્સ, ગાંધી રોડ
અમારી આયુર્વેદિક દવાનું સૂચિપત્ર મંગાવો.

ક્લીઅરિંગ ● ફોર્વર્ડિંગ ● સીપિંગ ● વીમો
ફ્રેઈટ ● બેગેજ અને ● વેરહાઉસિંગ એજન્ટસ

ચીફ એજન્ટસ :
એટલાસ એસ્યુરન્સ કું૰ લિ૰
આગ ★ દરિયાઈ ★ મોટર અને ★ અકસ્માત

બેંકોના મુકાદમ
તુલસીદાસ ખીમજી

૪૬ ચર્ચગેટ સ્ટ્રીટ, કોટ, મુંબઈ.

ટેલીગ્રામ :
Nachiketa

ટેલીફોન :
૩૨૦૮૪ (ત્રણ લાઈન)



ફર્ગ્યુસન

૨૪ હો. પા.
(વેપોરાઈઝ્ડ ઓઈલ)
ટ્રેક્ટર

બારે માસ બીનખર્ચાળ રીતે કામમા આવતાં ફર્ગ્યુસન ટ્રેક્ટર ને ઓજારો સિવાય આજનો ખેડૂત બિલકુલ ચલાવી શકે નહિ. ખેડૂતને સદાં, મજબૂત અને સહેલાઈથી કામમાં લઈ શકાય એવાં ટ્રેક્ટરો અને ઓજારોની જરૂર છે. ઓજારોની વિગતો પાસેના ડીલર પાસેથી આજે જ મેળવો.

એક્ષ ડીલર્સ સ્ટેશન
રૂ. ૭૧૦૦/-

K
સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ :
કમાણી ઈન્જીનીયરિંગ કોર્પોરેશન લિ.
કમાણી ચેમ્બર્સ, નીકલ રોડ, બેલાર્ડ એસ્ટેટ, મુંબઈ.

ડીલર્સ :
૧. ભારત ઓટો-ટ્રેક્ટર કું. છોટાલાલ બીલ્ડિંગ નં. ૨, રીલિફરોડ, અમદાવાદ ને નવજીવન રોડ, કલોલ.
૨. ભારત મશીનરી હાઉસ, ગેંડીગેઈટ રોડ, વડોદરા ને સ્ટેશન રોડ, આણંદ.
૩. મીકેનાઈઝડ એગ્રીકલ્ચર હાઉસ. સ્ટેશન સામે, બીલીમોરા.
૪. વિકાસ કોરપોરેશન, પટેલ બીલ્ડિંગ, રાજકોટ.
૫. ચંપકલાલ જી. મહેતા એન્ડ કું. રેઈલ રોડ, અમરેલી.
૬. ઈન્ટરનેશનલ ગેરેજ, કચ્છ-માંડવી.

K B. Ltd./F3

કોલેરા, ઝાડા, શરદી,
સાંધિવા, ખાંસી, શુળ,
અમુંઝણ, દરેક જાતના
તાવ તથા અનેક
- જાતના દરદો
માટે અમુલ્ય
ઔષધી

જીવનધારા

રજી. ટ્રે. મા. "બેનસો" નં. ૩૦૨
બધે મળે છે.

જે. એન. શેઠના
જીવનધારા ઓફીસ, નડીઆદ (ગુજરાત)

સ્ટોકિસ્ટ : કંચનલાલ વાડીલાલ કું૦
પ્રિન્સેસ સ્ટ્રીટ, મંગળદાસ રોડ, મુંબઈ-૨
ભોગીલાલ એન્ડ બ્રધર્સ
ગાંધી રોડ, અમદાવાદ

લોકપ્રિય જખમેરૂઝ ગુલાબી મલમ બનાવ
ભાવસારનું
કફેરોલ સીરપ
પીવામાં મીઠું, સ્વાદિષ્ટ અને લહેજતદાર
ખાંસી દમ સળેખમ કાંસ ઉધ
શ્વાસ શરદી સસણી કફ હાં
ગળાની નળીનો સોજો વરાધ
નાના બાળકોની જીવલેણ ચેપી ઓખ
યાને કુકડીયા ખાંસી પરનાં દરદો કફેરો
સીરપથી દૂર થઈ છાતીનાં ફેફસાં મજ
કરી પૂરતી ઊંઘ લાવી શરીર નિરોગી બનાવે
બાટલી ૧ની કિંમત-૨ ઔંસ રૂા. ૧-૮-
૪ ઔંસ રૂા. ૨-૮-૦, ૮ ઔં
રૂા. ૪-૮-૦, ૧૬ ઔંસ રૂા. ૮-૦-
—દરેક દવા વેચનાર પાસેથી ખરીદ કરો—
બનાવનાર :
ધી ભાવસાર કેમીકલ વર્કસ-બ્યા
(ટી. વી. રેલવે)

An invitation to comfort . . . .



વેસ્ટ એન્ડ હોટેલ

West End Hotel
BOMBAY

One of the best in the Eas

Fitted with Radio and
Telephone in all Rooms

Air Conditioned Dining Room

MOST BEAUTIFULLY DECORATED AND FURNISHED ROOF GARDEN AVAILABLE FOR WEDDINGS, MARRIAGE RECEPTIONS, DANCES, CONFERENCES AND OTHER SOCIAL FUNCTIONS.

Grams :—" BESTHOTEL "
Phone :—26246, 32096

હૃષ્ટ પુષ્ટ
બચ્ચાંઓ માટે

આપ આપના બચ્ચાંને ગ્લૅકસો આપો છો ત્યારે આપ તેના હાથ પગની સુદૃઢતા, મજબૂત દાંત તથા નક્કર સ્નાયુઓના વિકાસમાં સહાય કરો છો. શ્રેષ્ઠ પ્રકારના ગાયના દૂધમાં વિટામિન 'ડી' તથા લોહ મિશ્રિત ગ્લૅકસોમાં સ્વસ્થ અને સશક્ત વૃદ્ધિ માટે આવશ્યક એવાં બધાંએ જીવન – તત્વો રહેલાં છે — કોઇપણ માતા તરફથી બચ્ચાંને અપાતી આ સર્વોત્તમ ભેટ છે.

Glaxo

ગ્લૅકસો બચ્ચાંઓ માટે દુગ્ધજ ખાદ્ય

ગ્લૅકસો લેબોરેટરીઝ (ઇન્ડિઆ) લિ. મુંબઈ • કલકત્તા • મદ્રાસ

Copyright LAS. (B)

ધી મૈસુર પ્રીમિયર મેટલ ફેકટરી

અને

ધી હિંદુસ્તાન મેટલ રીફાઇનરી

એન્ડ

રોલિંગ મિલ્સ

(સંસ્થાપક : હીમચંદ કે. શાહ)

મદ્રાસ

પ્રખ્યાત સૂર્યમાર્કાનાં એલ્યુમિનિયમ, પિત્તળ, તાંબા તથ સ્ટેનલેસ સ્ટીલનાં ઉત્તમ કોટીનાં તદ્દન નવી ડીઝાઈનનાં અને ઉત્તમ પ્રકારનાં સફાઈવાળાં તેમ જ ચકચકિત વાસણો બનાવનાર તથા વેચનાર

ટેલિફોન : ૨૫૩૫] ● [ટેલિગ્રામ : SUNBRAND

તમારી જરૂરિયાતો માટે લખો અથવા મળો :
નં. ૧૨૪, મિન્ટ સ્ટ્રીટ, મદ્રાસ

મેનેજિંગ પાર્ટનર :
કેશવલાલ કે. શાહ

તમે મૅકલીન્સ વડે આજે તમારા દાંત સાફ કર્યા?

"…દાંતનો મારો
દાક્તર મને
કહે છે કે મારૂં
મુખ સૌથી
વધુ નીરોગી છે
આનો યશ
મેકલીન્સનો છે."

મેકલીન્સ પેરોકસાઇડ ટૂથ પેસ્ટ દબાવીને તમારા ટૂથ બ્રશ પર થોડુંક લો—અને તમારા દાંત સાફ કર્યા પછી તમારૂં મુખ કેટલું આશ્ચર્યજનક મધુર છે તેનો અનુભવ કરો. મેકલીન્સ પેરોકસાઇડ ટૂથ પેસ્ટ સડો ઉત્પન્ન કરતા પેલા મોંઢાના નુકસાનકારક એસીડોને તરતજ ઓગાળી નાંખે છે, બેડોળ ડાઘાને દૂર કરે છે અને તમારા દાંતને સાફ કરીને તમારા શ્વાસને મધુર બનાવે છે.

નીરોગી મુખ માટે, શ્વેત આકર્ષક દાંત માટે મેકલીન્સ પેરોકસાઇડ ટૂથ પેસ્ટ દરરોજ બે વાર વાપરો. તેની શુદ્ધિ માટે ખાત્રી આપવામાં આવી છે.

આજેજ મૅકલીન્સ ખરીદો!



MTY 6 GUJ.

વેપારી પૂછપરછ માટે લખો:- જે. એલ. મોરીસન, સન એન્ડ જોન્સ (ઇન્ડિયા) લિ.
મહાલક્ષ્મી મંદીર સામે, ગોર્ડન રોડ, મુંબઇ ૨૬.

સ્ત્રીઓના ગર્ભાશયનાં તમામ દર્દો માટે

જોમેશ્રી

ડૉક્ટરનાં પ્રિસ્ક્રિપ્શન સિવાય મળે છે. ★ સંપૂર્ણ લાભકારી છે.

બીજી નિષ્ફળ દવા પાછળ પૈસા બગાડશો નહિ. બધા દવાવાળા વેચે છે.

પુરૂષો માટેની સર્વોત્તમ શક્તિવર્ધક દવા

રજી. નં.

જોબન્દા

★ તાકાતની ઉત્તમ દવા! નિરાશ ન થાવ. એક જ બાટલી આ જોબન્દા વાપરો. તમે તેના અજબ જેવા ગુણથી જરૂર ખુશી થઈ જશો. તમારી રગેરગમાં તાકાત અને સ્ફુર્તિ વ્યાપશે.

★ રૂા. ૧૦) અને એવી જ મોંઘી કીંમતે વેચાતી બીજી કોઈપણ શક્તિની દવા સાથે જોબન્દાની સરખામણી કરી જોશો. વધારે ગુણ અને ઓછી કીંમત એ રીતે બેવડો લાભ લેવા માટે તમે જોબન્દા વાપરો, બાટલી ૧ના વી પી.થી કિંમત રૂા. ૪-૩-૦

બધા દવાવાળા વેચે છે.

લખો: **જસમાઇન એજન્સી-નડીઆદ**

એજન્ટો: કંચનલાલ વાડીલાલ કું૦, મંગળદાસ રોડ, મુંબઈ.

ઊંચી જાતના કાપડ માટે હંમેશાં યાદ રાખો

ધી ન્યુ છોટાલાલ મિલ્સ લિ૰

સ્થાપના : ૧૯૩૩

વિશિષ્ટતાઓ :

છાપેલી છીંટ ★ વાયલ ★ સુશી ★ શર્ટિંગ્સ
ધોતીજોટા ★ ક્રેપ ★ ટવીલ ★ ચાદર ★ ટર્કીશ ટુવાલ
★ ટોઅેલકો વગેરે.

સ્પીન્ડલ્સ ૬૯૦૫૬ : : એજન્ટ્સ : : લુમ્સ ૪૧૮

છોટાલાલ હીરાચંદ એન્ડ સન્સ

કડી : (ઉત્તર ગુજરાત) તાર : 'ગ્લોરીયસ'

ધી ન્યુ ગ્રેટ ઈન્શ્યુરન્સ

કંપની ઑફ ઈન્ડિયા લિમિટેડ

સત્તાવાર થાપણ	... રૂ. ૨,૫૦,૦૦,૦૦૦
બહાર પડેલી ને ભરાયેલી થાપણ ...	... રૂ. ૧,૨૫,૦૦,૦૦૦
વસૂલ થયેલી થાપણ	... રૂ. ૩૨,૫૦,૦૦૦

ડાયરેક્ટરોની બોર્ડ

શેઠ તુલસીદાસ કીલાચંદ (ચેરમેન)

શેઠ ધરમશી મૂળરાજ ખટાઉ	શેઠ ગુલાબચંદ હીરાચંદ
શેઠ જહાંગીર પેસ્તનજી પટેલ	શેઠ આનંદલાલ હીરાલાલ
શેઠ અંબાલાલ કીલાચંદ	શેઠ વ્રજલાલ છોટાલાલ

જનરલ મેનેજર : મગનલાલ જી. મોદી

રજિસ્ટર્ડ ઑફિસ :
બૅંક બીલ્ડિંગ, માંડવી, વડોદરા.

હિન્દ સંઘમાં મુખ્ય ઑફિસ :
૪૫-૪૭, ઍપોલો સ્ટ્રીટ, કોટ, મુંબઈ.

—: શાખાઓ :—

અમદાવાદ, અમૃતસર, અલેપ્પી, કલકત્તા, જલગાંવ, દિલ્હી, ધનબાદ, નાગપુર ભાવનગર, મદ્રાસ, મેંગ્લોર, લખનૌ, શિલૉંગ, સુરત, હૈદ્રાબાદ.

★ જિંદગી ★ આગ ★ અકસ્માત અને ★ દરિયાઈ વીમાનું કામકાજ લેવામાં આવે છે.


NEW RESEARCH & DEVELOPMENT LABORATORIES

સંશોધન દ્વારા પ્રગતિ



ઔષધિઓને રાસાયણિક દવાઓ બનાવવા માટે ૧૯૩૫માં શરૂ કરેલું **સીપ્લા** પ્રગતિમાન વ્યાપારી ઉદ્યોગ-ધંધાઓમાં આજે મગરુરીભર્યું સ્થાન ભોગવે છે. સંશોધનનું મહત્ત્વ અમે સ્વીકાર્યું છે; તેથી વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક (શોધખોળો) સંશોધનનું **સી**પ્લા એક મહત્ત્વનું અંગ બની ગયું છે. વિકાસ અને સંશોધન માટે એક નવું મકાન પોતાની કંપનીમાં વધારી વિજ્ઞાન તથા ઉદ્યોગોમાં બીજા દેશો જે પ્રગતિ સાધી રહ્યા છે, તેની હરોળમાં ઊભા રહેવામાં **સીપ્લા** કંપની હિન્દુસ્તાન(ભારતભૂમિ)ને મદદ કરી રહ્યું છે. **સીપ્લા**માં બનેલી દરેક દવા તેની ઉત્તમતા માટે મશહૂર બનેલી છે અને દુનિયામાં સારામાં સારી ચીજો **જેવી જ** પૂરવાર **થઈ** છે.

NUTROTONE
VITAAL
TOTALIN B
Qinarsol
CALCI

Cipla

BOMBAY-8

અણમોલ રત્ન

- આપણું આ પંચભૂતાત્મક શરીર તેમ રહેલા પ્રત્યેક અવયવો અણમૂલ રત્ન સમા છે અને તેમા ય આંખો એ તો ખરેખર અણમૂલ રત્ન છે.
- આ સર્વ રત્નોના સંરક્ષણ માટે પરોપકારી ઋષિમુનિઓએ મહાન પરિશ્રમ કરી "આયુર્વેદ" નામનું "અણમૂલરત્ન" આપણા શારીરિક ઉત્કર્ષ માટે આપણને અર્પણ કરેલ છે.
- અમારા એ "આયુર્વેદ"ના અભ્યાસ અને અનુભવને અંતે અમો કેટલાંક "અણમૂલ રત્નો" જનતા સમક્ષ મૂકી યશ સંપાદન કરવા ભાગ્યશાળી બન્યા છીએ;

એ રત્નો પૈકી એક રત્ન—"**વગર ઑપરેશને મોતીઓ**" ઊતરી જાય તેવી, ચશ્માંના નંબર દૂર કરે તેવી ડોકટરોના ઑપરેશનથી બગડેલા કેસોમ ફાયદો કરે તેવી, આંખનાં દર્દો માટેની "અણમૂલ રત્ન" સમી—

નિર્ભય નેત્ર જ્યોતિ એક જ બાટલીથી આરામ થાય છે.

ઝાંખ, ઝામર, પડળ, ફૂલું, ખીલ, વેલ, ડોળ, છારી, તપોડીઆં, રતાશ વગેરે આંખોના તમામ રોગો મટાડે છે. આંખો ચોખ્ખી બની જાય છે.

કિંમત બાટલી ૧ના રૂા. ૧૦ દશ, પોસ્ટેજ જુદું.

અસાધ્ય દર્દોમાંથી મુક્ત બનો!

★ કોઢ ★

આ રોગ એટલો ભયંકર છે કે આ રોગનો ભોગ બની અનેક માણસો સમાજથી બહિષ્કૃત બને છે. આ રોગની અસર પોતાના કુટુંબ અને મિત્રોમાં પણ ધીરેધીરે પ્રસરે છે. આ રોગમાં ચામડીનો રંગ વિવર્ણ બની રાતાં, કાળાં, અથવા સફેદ ચાઠાં પડે છે અને ચામડી ઊતરી જાય છે.

અમે વનસ્પતિનો સતત અભ્યાસ તથા સંશોધન કરી આ રોગને માટે અકસીર દવા બનાવી છે. અનેક દર્દીઓને રોગમાંથી મુક્ત કર્યા છે.

સંપૂર્ણ વિગત જાણ્યા બાદ સારવાર થઈ શકે છે.

ગોલ્ડન વોટર

બાળકના જન્મથી જ આ વા પાવાથી અમૃત સમાન અસર થશે. બાળશોષ (Ricket), આંકડી, ઝાડા, ભરાઈ જવું વગેરે રોગોને મટાડી શરીરના સ્વાભાવિક વિકારને બલવત્તર બનાવે છે. તંદુરસ્તી અને ખુશમિજાજ વધારે છે. ૧૦ ટીપાં સવાર-સાંજ પાવાં. **ચાર ઔંસની બાટલીની કિં. ૧-૪-૦**

★

ગોલ્ડન ટોનીક પીલ્સ

કોઈ પણ કારણસર આવેલી નબળાઈ દૂર કરી શક્તિ અને સ્ફૂર્તિ ઉત્પન્ન કરે છે. જીવનમાં અનુપમ આનંદ આપે છે.

ગોળી ૬૦ના રૂા. ૩૦–ત્રીસ. ગોળી ૨૦ના રૂા. ૧૦–દશ. પોસ્ટેજ જુદું.

નિર્ભય કેમીકલ વર્ક્સ, દિગ્વિજય પ્લૉટ, જામનગર.

આપ જ્યાં હો ત્યાં...


Erasmic
HIMALAYA BOUQUET SNOW

હિમાલયા બુકે સ્નો

આપને માટે એક બહેતર ક્રીમ છે

કારણકે ભારતીય આબોહવા માટે
તે ખાસ બનાવેલો છે

પહાડોની તાઢમાં કે મેદાનોના તાપમાં—જ્યારે એક જગ્યાએ સૂકું વાતાવરણ હોય અને બીજી જગ્યાએ વરસાદ વરસતો હોય—ભારતમાં આપ જ્યાં હો ત્યાં હિમાલયા બુકે સ્નો આપની ચામડીને મખમલ જેવી, સ્વચ્છ અને તાજગીભરી રાખશે. તેની સુવાસ આપને અત્યંત પ્રિય થઇ પડશે.

એક બીજું ઉત્કૃષ્ટ ઇરેસ્મિક ઉત્પાદન

ઇરેસ્મિક કું. લિ૦ લંડન માટે ભારતમાં બનાવેલ

HBS. 3-50 GJ

ધી ડન એલ્યુમિનિયમ ફેકટરી

ટે. નં. ૪૧૬૧૮ ... ૨૨૫, તાડદેવ રોડ, મુંબઈ.૭.


સ્ટેઈનલેસ સ્ટીલ
તાંબા પીત્તળ
એલ્યુમિનિયમ
જરમન સીલ્વર

LALLUBHAI AMICHAND
GUARANTEED PURE
TRADE MARK
BOMBAY. No. 2

LALLUBHAI AMICHAND
QUEEN BRAND
TRADE MARK
BOMBAY. No. 2

એલ્યુમિનિયમ,
જરમન સીલ્વર,
તાંબા, પીત્તળ તેમજ
સ્ટેઇનલેસ સ્ટીલનાં વાસણોની
ખરીદી માટે એક અને અનોખું વિશ્વાસ પાત્ર સ્થાન...

લલ્લુભાઈ અમીચંદ લી.

ટે.નં.૨૨૨૨૦ · ૫૫૪, કંસારા ચાલ, પાયધોણી મુંબઈ · પો.બો.૨૧૦૦


HIND CYCLES LIMITED
HIND
BOMBAY

એક જમાનામાં દર વર્ષે આપણા દેશની રાષ્ટ્ર સંપત્તિ કરોડો રૂપીઆમાં પરદેશ તણાઈ જતી હતી. પરંતુ ભારતમાં હિન્દ સાઈકલોના ઉત્પાદન [illegible] વધવા સાથે (જે અમારું વાર્ષિક એક લાખ સાઈકલો જેટલું છે) આપણા રાષ્ટ્રની તિજોરીમાં દર વર્ષે કરોડો રૂપીઆનો વધારો થાય છે. ભારતમાં વેચાતી ઉંચી જાતની સાઈકલોમાં હિન્દ સાઈકલની કિંમત ઓછામાં ઓછી છે.

ASP/HC-57

અખંડ આનંદ



સસ્તું સાહિત્ય

એક રૂપિયો

પો. બો. ૫૦, અમદાવાદ

TELEGRAM :
" CROWNALUCO "

CROWN BRAND
GURANTEED PURE

CROWN BRAND
GURANTEED PURE

એલ્યુમિનિયમ
નાં વાસણો

વાસણોનો વિચાર આવતાંજ ક્રાઉન માર્કાની યાદ તાજી થાય છે. બનાવટ ની ઉત્તમત્તા, ઉપયોગિતા માટેનું સંશોધન, ભાવોનું વ્યાજબીપણું અને વ્યવહારની નિયમિતતાનું એ સાચું પરિણામ છે.

એલ્યુમિનિયમનાં વાસણો વજનમાં હલકાં જલ્દી ગરમ થાય તેવાં અને કીંમતમાં કીફાયત હોય છે. કલાઇ કરવાની જરૂરજ નથી પડતી.

દૂધના હાન્ડા, ટીફીન કેરીયર, કીટલી, થાળી, ગ્લાસ, પ્લેટો, બદના, લોટા, ટોપ, હાન્ડી વિ. કરોડો માણસો સંતોષથી વાપરે છે.

તમારી જરુરીયાતો માટે લખો અથવા મળો



જીવનલાલ (૧૯૨૯) લિમિટેડ

૩૧, નેતાજી સુભાષરોડ, પો. બો. નં. ૨૨૩૭, કલકત્તા

• કલકત્તા • મુંબઇ • મદ્રાસ • રાજમહેન્દ્રી • દિલ્હી • એડન • રંગુ

VEGETABLE
Godrej
Vatni
Toilet Soap
GODREJ SOAP
Godrej Vatni

Vatni વતની
સાબુ આપણા
વતનની પસંદગી છે

હિંદીઓનેજ હાથે હિંદમાંજ હિંદીઓ માટે લાંબી અજમાયશ પછી ખાસ પસંદ કરેલા પદાર્થોમાંથી નવી શોધાયેલી ખાસ પદ્ધતિથી બનાવવામાં આવેલા ગોદરેજના વતની ટૉયલેટ સાબુની ખાસ વિશિષ્ટતાઓ નીચે મુજબ છે:-

૧ એ શ્રેષ્ટ હોવા સાથે કરકસરભર્યો છે. એ કઠણ હોવા છતાં મુલાયમ છે. એમાં ન તો ચીરા પડશે કે ન તો વપરાસમાં ઓગળી જશે.
છેલ્લી કરચ સુધી એ ભરપુર, ઘાડું (મુલાયમ) અને સુવાસિત ફીણ આપે છે.

૨ એ અસાધારણ મુલાયમ છે-બાળકોની કોમળ ચામડી માટે ખાસ ઉપયોગી છે.

૩ સ્વચ્છ અને સાફ કરવાના એના ગુણમાં એ મોખરે છે.

૪ તાજુબીભરી ઓછી કીંમતે એ વેચાય છે.

બીનહરીફ ગુણોવાળો રાષ્ટ્રીય સાબુ

બીલકુલ શુદ્ધ — પ્રાણીની ચરબીથી મુક્ત હોવાની ગેરંટી.
નાની સાઇઝની ગોટીઓ પણ મળી શકે છે.

ગોદરેજ સો. પ્ર. લી.

અમદાવાદ : માણેક ચોક-ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ અને રજપુતાના માટે ઑફીસ.
વનસ્પતિક તેલના સાબુઓના આગેવાન બનાવનારાઓ

રેફ્રીજરેશન

કિંમતમાં અનહદ ઘટાડો

રેફ્રીજરેટર: સાત ક્યુબીક ફીટ, ઇંગ્લીશ રેફ્રીજરેટર. પાંચ વર્ષની ગેરન્ટી, લેઇટેસ્ટ ડીઝાઈન. કિંમત ફક્ત રૂ. ૧૭૦૦/-

આઈસ પ્લાન્ટ: અડધો ટન કમ્પલીટ આઈસ પ્લાન્ટ હાજર સ્ટોકમાંથી મળશે. કિંમત ફક્ત રૂ. ૭૦૦૦/-

આઈસક્રીમ ફ્રીજર: ઈલેકટ્રીકથી ફક્ત વીસ મિનિટમાં આઈસક્રીમ બની જાય તેવાં નાનાં અને મોટાં મશીનો મળશે. હોટલ-થિયેટર-ક્લબ કેન્ટીન માટે વધારે ઉપયોગી.

વોટર કુલર્સ: ફિલ્ટર થયેલું ઠંડું પાણી એકધારું મળ્યા કરશે. હોટલ, ફેકટરી, મિલ્સ, સ્કૂલ, કૉલેજ, ક્લબ, સીનેમા થિયેટર વગેરે માટે ઘણું જ લાભદાયી અને ઉત્તમ. નાની-મોટી સાઈઝમાં મળશે.

આઈસ બોક્સ: ઈલેકટ્રીક વગર ઠંડાં થઈ શકે તેવાં આઈસ બોક્સ ચાર સાઈઝમાં મળશે.

તા. ક.:-ઉપરનાં દરેક મશીનો અમેરિકન મશીનથી ફીટ કરેલાં છે. ઉપરાંત એક વર્ષની ગેરન્ટી ધરાવે છે. ગેસ-ટ્યુબીંગ-યુનિટ્સ-સ્પેર પાર્ટ્સ હાજર સ્ટોકમાંથી મળશે.

એજન્સી આપવી છે.

રેફ્રીજરેશનનો ધંધો કરતા હોય તેઓએ જ ફક્ત લખવું.

રેફ્રીજરેશન ઇન્જિનિયર્સ:

વીબજ્યોર ટ્રેડિંગ કંપની

લોટસ બીલ્ડિંગ, ભોંયતળીએ, ઇવન્સ ફ્રેઝરની બાજુમાં, કોટ, મુંબઈ-૧
ફોન ૨૪૭૩૨

[illegible]


ઇન્ડીઆનું સર્વોત્તમ સાઇકલ ટાયર



સુપર
ઇન્ડીઆ
લાલ ધાર જોઈને ખરીદો

ઇન્ડીઆ ટાયર એન્ડ રબ્બર કું., (ઇન્ડીઆ) લી.

અમદાવાદ – બેંગ્લોર – મુંબઈ – કલકત્તા – દિલ્હી – જોરહત –
લખનૌ – મદ્રાસ અને નાગપુર

જરૂરી શક્તિ



તમારા માટે મેળવવા

વૉટરબરીઝ કમ્પાઉન્ડ

વાપરો

જ્યારે તમે તમારા રોજીંદા ખોરાકની શક્તિદાયકતા રૂચિકર-સ્વાદવાળા વોટરબરીઝ કમ્પાઉન્ડ વડે વધારશો ત્યારે તમને જણાશે કે, તમે જરૂરી શક્તિ અને સ્ફૂર્તિ આશ્ચર્યજનક ટૂંક સમયમાં મેળવી રહ્યા છો. શક્તિ આપનારાં તત્ત્વોથી સમૃધ્ધ, વોટરબરીઝ કમ્પાઉન્ડ તમારી શરીર રચનામાં સ્ફૂર્તિ ઉમેરે છે...થાકનો સામનો કરવામાં મદદ કરે છે અને શરદી તથા ખાંસી સામે વધારે સારૂ રક્ષણ આપે છે. યુવાન તેમજ વૃધ્ધ માટે સંપૂર્ણ શક્તિદાયક દવા !


SHAKE THE BOTTLE
Waterbury's Compound
WITH Creosote and Guaiacol
ALCOHOL
Contains the products obtained by the enzymotic action of pancreatic ferments upon cod liver oil and upon livers and ... Malt Extract Unfermented Hypophosphites Compound Creosote and Guaiacol Extract Iron Wild Cherry, Eucalyptus and Aromatics
INDICATED IN
Coughs, Colds, Bronchitis; a General Tonic following Pneumonia or Fevers, Summer Complaints and Bowel Irregularities among Children

વૉટરબરીઝ કમ્પાઉન્ડ

તમને નિરોગી રાખે છે

NAS 737

ઓપરેશન પછી

- ★ અકસ્માત અગર બીજા આઘાતોથી તમે વાળ ખોઈ બેસો એ નિશ્ચિત છે. એકલો આઘાત નહિ પરંતુ ઘર કરી રહેલા રોગો તથા દર્દો અને સુવાવડમાં પણ વાળ નષ્ટ થતા જાય છે.
- ★ ઘણી વખત અડધા કે ચોથા ભાગના રહે છે અને એ રીતે નિરંતર ઓછા થતા જવાથી ટાલ પડી જાય છે. તેનાથી બચવા માટે, માથાની ચામડી ખુલ્લી ન થઈ જાય તે માટે **કેશવર્દ્ધિની**નો ઉપયોગ કરો.
- ★ ખરતા વાળ એ ખરાબ છે પરંતુ તે ખરાબી માંદગીમાં **કેશવર્ધિની**થી અટકાવી શકાય છે.

વાળને ખરતા અટકાવવા અને નવીન સૌંદર્ય પ્રાપ્ત કરવા માટે

કેશવર્ધિની

નો આજથી જ ઉપયોગ કરો

કેશવર્ધિની ... ... રૂ. ૦-૧૪-૦
કેશવર્ધિની શેમ્પુ... રૂ. ૦-૧૪-૦

(માર્ગવ્યય અલગ)

હરેક પ્રખ્યાત વેપારીઓ પાસેથી મળી શકશે.

લખો :

સાઉથ ઇન્ડિયા કેમિકલ્સ

કોઈમ્બતુર (દક્ષિણ)

મુંબઈ અને સી. આઈ.ના એજન્ટ :
મે. નેશનલ સેલ્સ એન્ડ સર્વિસ કં.,
૧૨, રામપાર્ટ રોડ, ફોર્ટ, **મુંબઈ-૧**

રેડિયો શિક્ષણ

ટપાલ દ્વારા ઘેરબેઠાં સરળ **ગુજરાતીમાં** પૂરો અભ્યાસ કરાવવામાં આવે છે. વિદ્યાર્થીઓને **ટેસ્ટિંગ** અને **રીપેરિંગનાં** સાધનો **આપવામાં** આવે છે. પરદેશના વિદ્યાર્થીઓને અભ્યાસના પાઠો **એરમેલથી** મોકલાય છે.

વધુ વિગત માટે લખો :
પ્રિન્સિપાલ **હરિવદન આર. દીક્ષિત**
R. E. E. (U. S. A.)

રેડિયો ટેલીવિઝન એન્ડ સાઉન્ડ સિસ્ટમ ઈન્સ્ટીટ્યૂટ

રાયપુર, હજીરાની પોળ, **અમદાવાદ** (ઈન્ડીઆ)

થોડાક વણમાગ્યા અભિપ્રાયો:-

'આપે બતાવ્યા પ્રમાણે, રેડિયોમાં...યોજના કરી નાંખી છે, ખરેખર **આપની સમજાવવાની રીત ઘણી જ સુંદર** છે.

ડૉ. એસ. એમ. મરઝબાન (તા. પાદરા)

'પાઠો સમજાવવાની રીત ઘણી જ સહેલી છે...ભાષા સરળ છે. સમજ સારી રીતે પડે છે.'

ડી. કે. મિસ્ત્રી (બ્રિટિશ ઈસ્ટ આફ્રિકા)

'આપ સારા રેડિયો એન્જિનીયર છો...ટપાલથી પણ આપ અમને સમજાવી શકો છો.'

ટી. એ. ઠાકોર (અમદાવાદ)

ધી યુનાઇટેડ કોમર્શિયલ બેંક લિ૦ કલકત્તા

THE UNITED COMMERCIAL BANK LIMITED

મૂડી (સત્તાવાર)	....	રૂ. ૮ કરોડ
,, (ઉઘરાવેલી)	...	રૂ. ૪ કરોડ
ભરી દીધેલી મૂડી	....	રૂ. ૨ કરોડ
અનામત ફંડ	...	રૂ. ૬૭½ લાખ

ડાયરેક્ટરોની બોર્ડ:

શ્રી. ઘનશ્યામદાસ બિરલા (પ્રમુખ)

શ્રી. ઈશ્વરીપ્રસાદ ગોએન્કા (ઉપપ્રમુખ)	શ્રી. રમણલાલ જી. સરૈયા (ઉપપ્રમુખ)
,, અનંતચર્ણ લો	,, મહાદેવ એલ. દહાણૂકર
,, બૈજનાથ જાલન	,, મદનમોહન આર. રૂઈયા
,, ગોવિંદલાલ બાન્ગૂર	,, મોહનલાલ એલ શાહ
,, પી. ડી. હિંમતસિંગકા	,, મોતીલાલ તાપુરિયા
,, રામેશ્વરલાલ નોપાણી	,, નવીનચંદ્ર મફતલાલ

મેનેજર : શ્રી. ટી. ઠાકુર

હિંદ, બર્મા, પાકિસ્તાન અને મલાયાનાં બધાં અગત્યનાં નગરો અને શહેરોમાં આ બેંકની શાખાઓ છે તથા દુનિયાભરમાં એજન્સીની સગવડો સાથે પોતાની સારામાં સારી સેવાઓ આપવા માટે બેંક પૂરેપૂરી અદ્યતન સામર્થ્યથી સુસજ્જ છે.

કેટલી તાજગીદાયક છે...

હિમાલયા બુકે

ટૉયલેટ તથા ટૅલ્કમ પાવડરની

શીતળ સુવાસ


ERASMIC
Himalaya Bouquet
TALCUM POWDER
ERASMIC
Himalaya Bouquet
TOILET POWDER

સુવાસિત હિમાલયા બુકે પાવડર આપના સૌંદર્યોપચાર માટે આદર્શ છે. તે રેશમ જેવા મુલાયમ છે તથા આપની ચામડીને સુખ-ચેન બક્ષે છે. અને તેમની ઉત્કૃષ્ટ, ચિરસ્થાયી સુવાસ આપને તર રાખે છે.

એ ઉત્કૃષ્ટ
ઇરેસ્મિક ઉત્પાદન

HBP. 4-X30 GJ

ઇરેસ્મિક કું. લિ૦ લંડન માટે ભારતમાં બનાવેલ


NEW RESEARCH & DEVELOPMENT LABORATORIES
CIPLA

સંશોધન દ્વારા પ્રગતિ

ઔષધિઓને રાસાયણિક દવાઓ બનાવવા માટે ૧૯૩૫માં શરૂ કરેલું **સીપ્લા** પ્રગતિમાન વ્યાપારી ઉદ્યોગ-ધંધાઓમાં આજે મગરૂરીભર્યું સ્થાન ભોગવે છે. સંશોધનનું મહત્ત્વ અમે સ્વીકાર્યું છે: તથા વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક (શોધખોળો) સંશોધન **સીપ્લા** એક મહત્ત્વનું અંગ બની ગયું છે. વિકાસ અને સંશોધન માટે એક નવું મકાન પોતાના કંપનામાં વધારી વિજ્ઞાન તથા ઉદ્યોગોમાં બીજા દેશો જે પ્રગતિ સાધી રહ્યા છે, તેની હરોળમાં ઊભા રહેવામાં **સીપ્લા** કંપની હિન્દુસ્તાન(ભારતભૂમિ)ને મદદ કરી રહ્યું છે. **સીપ્લામાં** બનેલી દરેક દવા તેની ઉત્તમતા માટે મશહૂર બનેલી છે અને દુનિયામાં સારામાં સારી ચીજો **જેવી જ** પુરવાર થઈ છે.




NUTROTONE
TOTALIN-B
VITA
VITA-PAN
Qinarsol
CIPALON
CALCIO
TOTALIN B
PHOSTROTON

Cipla
BOMBAY-8

આ હાથ સૌંદર્યનું સર્જન કરે છે, પરંતુ...



...સર્જક હાથ પણ મેલા થઈજ જાય છે!

મેલા હાથમાં

ગુપ્ત ભય

રહેલો છે!

LIFEBUOY
SOAP
LIFEBUOY SOAP

મેલના અદશ્ય જંતુઓને લીધે
લાઈફબૉયથી વારંવાર ધુઓ

લાઈફબૉય સાબુ

મેલના જંતુઓથી આપનું રક્ષણ કરે છે!

L. 177-50 GJ

મનોહર અને ફૂલ-

પાંખડી જેવી સુકુમાર ઊંડા પ્રક્ષાલનથી

તાજગીભરી સુંદર ત્વચા મૃદુ, મનોહર અને ફૂલ-પાંખડી જેવી સુકુમાર હોય છે. 'એન ફ્રેન્ચ' પ્રક્ષાલન દૂધ છિદ્રોમાં ઊંડે ઊતરીને ચામડીની અંદર ઢંકાએલી મલિનતા દૂર કરીને તમારી ત્વચાને સુંદર નિર્મળ બનાવે છે. ધૂળ અને મેક-અપના રજકણોની આ મલિનતા સાધારણ ક્રીમ અથવા સાબુ અને પાણી દૂર કરી શકતા નથી; અને પરિણામે ખીલ તેમજ કાળા ડાઘથી ચામડીની સુંદરતા નાશ પામે છે.

'એન ફ્રેન્ચ' પ્રક્ષાલન તમારું નિત્યકર્મ બનાવો અને મનોહર, ફૂલ-પાંખડી જેવી સુકુમાર કાન્તિ મેળવો.

'ANNE FRENCH'
Cleansing Milk

'એન ફ્રેન્ચ'

પ્રક્ષાલન દૂધ

દરેક સારા સ્ટોરમાં મળે છે

ઊંચી જાતના કાપડ માટે હમેશાં યાદ રાખો

ધી ન્યુ છોટાલાલ મિલ્સ લિ૦

સ્થાપના : ૧૯૩૩

વિશિષ્ટતાઓ :

છાપેલી છીંટ ★ વાયલ્સ ★ સુશી ★ શર્ટિંગ્સ
ધોતીજોટા ★ ક્રેપ ★ ટવીલ્સ ★ ચાદર ★ ટર્કીશ ટુવાલ
★ ટોબ્લેકો વગેરે.

સ્પીન્ડલ્સ ૧૯૦૫૬ :: એજન્ટ્સ : :: લુમ્સ ૪૧૮

છોટાલાલ હીરાચંદ એન્ડ સન્સ

કડી : (ઉત્તર ગુજરાત) તાર : 'ગ્લોરીયસ'


LUX
LUX
TOILET SOAP

"લક્સ
ટૉયલેટ સાબુ
મારી ચામડીનું સૌંદર્ય જાળવે છે"

કુલદીપ કહે છે

આ સુરમ્ય સુવાસિત સફેદ તથા શુદ્ધ
સાબુથી આપની ચામડીને પણ
સુરમ્ય રાખો!

ચિત્ર - તારિકાઓનો સૌંદર્ય સાબુ

LTS. 321-X30 GJ

હિન્દુસ્તાનમાં

સૌથી મોટી સંસ્થા

• • •

સર્વે જાતનું લીથોનું કામકાજ

લેબલ

કાપડના તાકા
કાંડીનાં બોકસ
પરફ્યુમરી
સોડાલિંબુ
સીગારેટના ડબ્બા
બીડી-મીઠાઈનાં
બાકસો-વગેરે

(બધી જાત અને સાઈઝનાં)

બાકસો

શુઝ-બેટરી
સાબુ-ટુથપેસ્ટ
તેલ-સીગારેટ
દવાઓ-સાડીઓ
ઘડિયાળો-ઝવેરાત

રંગીન કામ

કેલેન્ડર-શો કાર્ડ
કારટૂન-શેર સર્ટિફિકેટ
નોટ પેપરો-બીલ ફોર્મ
ચેકબૂક વગેરે

જાહેર ખબરનાં અને સીનેમાનાં પોસ્ટરો

★ તમારું કામ સૌથી સારું અને દીપી નીકળે તેવું જ થવું જોઈએ.
★ સારો માલ દમામદાર અને દેખાવડાં બાકસોમાં ભરવો જોઈએ.
★ જાહેરાત ધ્યાન ખેંચે તેવી જોઈએ.

તમારી જરૂરિયાતો માટે અમારી સલાહ લ્યો.

મહમદી ફાઈન આર્ટ લીથો વર્કસ

ગનપાઉડર રોડ, મઝગામ,—મુંબઈ. ૧૦

સ્વાદિષ્ટ
દમ ગોબી



ડાલ્ડામાં બનાવેલી

દરેક જણને ડાલ્ડા પ્રિય છે કારણકે તે દરેક જાતના રાંધણ માટે અનુકુળ છે. કારણકે તે સ્વાદિષ્ટ છે અને વળી પૌષ્ટિક પણ છે. શુદ્ધ તથા ઉત્પાદન દરમ્યાન હસ્તસ્પર્શરહિત હોઇને તે સીલબંધ ડબ્બામાં તાજું અને સ્વચ્છ હોય છે.

DALDA
HYDROGENATED GROUNDNUT AND TIL OIL
मूंगफली व जमाया तेल और तिल का तेल
ડાલ્ડા
CONTAINS VITAMIN

આ રીત સરળ અને ઝડપી છે:

એક આખું કોબી-ફુલ લઈને તેને ધોઇ નાંખો. પાણી ખખેરી નાખશો નહિ. મીઠું ચોળો. વાટેલો [illegible] મસાલો તથા ડાલ્ડા તેની ઉપર અને નીચે [illegible] તપેલીમાં મૂકો. તપેલીને ઢાંકીને લોટથી બંધ કરી દો. ધીમે તાપે રાંધો. થોડી થોડી વારે હલાવતા રહો. મસાલા વગર પણ સ્વાદિષ્ટ લાગે છે.

અંગ્રેજીમાં, નવી ડાલ્ડા પકવાન પોથી
—સચિત્ર—આર્ટ પેપર—૮૦ પાનાં
અખિલ ભારતીય અને યુરોપીયન વાનગીઓ
બનાવવાની ૩૦૦ રીતો—સ્વાસ્થ્ય, આરોગ્ય-
શાસ્ત્ર અને રસોઇગૃહ વિષે સૂચનાઓ—માત્ર
એક રૂપીઆમાં, ટપાલ ખર્ચ આઠ આના.

ધી ડાલ્ડા ઍડવાઇઝરી સર્વિસ
પો. બૉક્ષ નં. ૩૫૩, મુંબઇ ૧

[illegible]

ગુજરાતનાં સન્માનિતો કહે છે:

અમને 'મિલાપ' ગમે છે

રવિશંકર મહારાજ
સ્વામી આનંદ
કાકા કાલેલકર
કિશોરલાલ મશરૂવાળા
નાનાભાઈ ભટ્ટ (શિક્ષક)
બબલભાઈ મહેતા (ગ્રામસેવક)
અનંતરાય મ. રાવળ (અધ્યાપક)
રવિશંકર મ. રાવળ (કલાકાર)
બચુભાઈ રાવત (તંત્રી : કુમાર)
ઈશ્વર પેટલીકર (વાર્તાકાર)
જિતુભાઈ મહેતા (કલમયાત્રી)
ગુલાબદાસ બ્રોકર (વાર્તાકાર)
કરસનદાસ માણેક (તંત્રી : સારથિ)
દિલીપ કોઠારી (તંત્રી : શ્રીરંગ)
સુન્દરમ્ (લેખક)
છોટુભાઈ સુથાર (ખગોળશાસ્ત્રી)
કિશનસિંહ ચાવડા (લેખક)
વિનોદિની નીલકંઠ (લેખક)
સરોજિની મહેતા (લેખક)
પીતાંબર પટેલ (લેખક)
નગીનદાસ પારેખ (તંત્રી : બુદ્ધિપ્રકાશ)
મણિલાલ પ્ર. વ્યાસ (તંત્રી : પુસ્તકાલય)
રમણલાલ ના. શાહ (તંત્રી : બાલજીવન)
ઈશ્વરભાઈ પટેલ (તંત્રી : બાલમિત્ર)

★

૧૯૫૦–૫૧ દરમિયાન
ગુજરાતમાં પ્રગટ થતાં તમામ સામયિકો–પુસ્તકોમાંથી અને ભારતની બીજી ભાષાઓના તથા વિદેશોના સાહિત્યમાંથી સામાન્ય માણસને રસ પડે, સમજાય ને ઉપયોગી થાય તેવાં

બસો લેખકોનાં

ચેતનવંતાં, જીવતાં લખાણો ચૂંટીને આપનાર
જગમશહૂર 'રીડર્સ ડાઈજેસ્ટ'ની ઢબનું
ગુજરાતનું અનોખું માસિક

મિલાપ

તંત્રી : મહેન્દ્ર મેઘાણી

★

નમૂનાનો અંક મફત મંગાવો અથવા જાન્યુઆરીથી ડિસેંબર સુધીના વર્ષનું લવાજમ આઠ રૂપિયા મોકલીને આજે જ ગ્રાહક બનો.

લોકમિલાપ કાર્યાલય, નૉર્થ કુરલા, મુંબઈ.

ચહેરાને
વધુ મુલાયમ,
અને સુંદર
બનાવવાની
બેવડી રીત

જો તમે પૉન્ડસની બે ક્રિમોથી આ સર્વમાન્ય બે પ્રકારની સૌન્દર્ય સાધના કરશો તો તમારો ચહેરો વધારે મોહક અને સુંદર બનશે.

દરેક ચહેરાને બે ક્રિમની જરૂર છે-એક ચહેરો સ્વચ્છ કરવાને અને બીજી તેનું રક્ષણ કરવાને. રાત્રે તમને જરૂર છે દિવસની ધુળ અને મેલ સ્વચ્છ કરનારી ઉમદા તૈલી ક્રિમ-પૉન્ડસ કોલ્ડ ક્રિમ.સવારે તમને જરૂર છે ત્વચાને ઝાંખી પાડતાં સુર્યનાં પ્રખર કિરણોથી ચહેરાનું રક્ષણ કરનારી મૃદુ, અદૃષ્ય પૉન્ડસ વેનીશીંગ ક્રિમ.


POND'S
POND'S
COLD CREAM for Cleansing
POND'S
POND'S
VANISHING CREAM
Protection and Powder Base

પૉન્ડસ

એકલા જ એજન્ટ :

જ્યોફ્રે મેનર્સ એન્ડ કૃાં૦ લિમિટેડ

મુંબઈ – કલકત્તા –દિલ્હી – મદ્રાસ

શ્રી રામ મિલ્સ લિ૦

બારીક સુતરમાંથી ફેન્સી

મર્સરાઇઝ્ડ કાપડ

જેવાં કે:

↓↓↓

● ધોતિયાં ● સાડીઓ (પ્લેન, ડોબી તથા જેકાર્ડ બોર્ડર), ● વોયલ્સ (પ્લેન તથા ચેક) ● જાતજાતની કલર શર્ટિંગ્સ ● પોપલીન ● મલમલ તથા ● લૉંગક્લોથ વગેરે

બનાવનાર

મિલ તથા ઑફિસ :: ફરગ્યુસન રોડ, પરેલ

મુંબઇ

ધી

ઇન્ડિયન ગ્લોબ ઇન્સ્યુરન્સ કું. લિ.

હેડ ઑફિસ : ૩૧૫–૩૨૧, પ્રોસ્પેકટર ચેમ્બર્સ, હોર્નબી રોડ, કોટ, મુંબઈ.

આગ ● અકસ્માત ● જીંદગી ● મોટર

દરિયાઈ ● વર્કમેન્સ કોમ્પેન્સેશન

વગેરે સર્વ પ્રકારનું વીમાનું કામકાજ સરળ શરતે કરવામાં આવે છે.

વિમા કામ માટે :—

લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને સંતોષકારક
મહેનતાણું પોતાની લાયકાત દર્શાવતાં મળી શકે છે.

ચીફ ઓરગેનાઈઝર :

મણિલાલ કે. આડતિઆ

ઑફિસ :
ટે. નં. ૬૧૩૯૧
માંડવી ચેમ્બર્સ, સેમ્યુઅલ સ્ટ્રીટ,
ખોજા ગલી, મુંબઈ–૨

રહેઠાણ :
ટે. નં. ૪૪૩૧૮
ભાઉદાજી રોડ નં. ૧૧, પ્લોટ
નં. ૪૧૮, કીંગ્ઝ સર્કલ, માટુંગા

દસ્તાવેજ વગેરે અગત્યના કાગળોના ફોટા પ્રીંટ તથા એન્લાર્જમેન્ટ, પ્રીંટીંગ બ્લોક, ડીઝાઈન તથા સીનેમા સ્લાઈડ માટે

રવિ પ્રોસેસ સ્ટુડિયો

દરેક પ્રકારના લાઈન ત્થા હાફટોન બ્લોકો
અને સીને સ્લાઈડ આકર્ષક રીતે બનાવનાર
૨૫૨૧/૨, ભાટવાડો શાહપુર, અમદાવાદ

આંખના દરેક દરદો માટે અકસીર

"રસીક"

આઈડ્રોપ્સ વાપરો

C. D. L. No. 1374

દરેક ઠેકાણે દવાવાળા, ગાંધી અને
સ્ટોર્સમાં વેચાય છે.

બાટલી ૧ની કિંમત રૂા. ૦–૮–૦
દવા મૂકવાની ડ્રોપર સાથે.

સોલ એજન્ટ :
શા. પીતાંબરદાસ શિવલાલ
દવાવાળા
ઝંડા બજાર, પેટલાદ.



સુખદાયક પસંદગી

માતાની તેના બચ્ચા માટે ગ્લૅકસોની પસંદગી એ એક સુખદાયક નિર્ણય લેખાય છે, કારણકે ગ્લૅકસો બચ્ચાંના સ્વાસ્થ્ય અને સૌખ્યના ઘડતર માટે એક આદર્શ ખોરાક છે. સર્વશ્રેષ્ઠ ગાયના દૂધમાં વિટામિન 'ડી' તથા લોહ મિશ્રિત ગ્લૅકસો, સુદૃઢ સ્નાયુઓ, મજબૂત હાડકાં એને સરસ દાંતના વિકાસ માટે આવશ્યક એવાં દરેક તત્વો ધરાવે છે. અને તે એટલું સહેલાઇથી પચી જાય છે કે બચ્ચાંને શાંત નિદ્રા તથા સંતોષની ખાત્રીત પ્રાપ્તિ થાય છે.

Glaxo

ગ્લૅકસો બચ્ચાંઓ માટેનું પ્રથમ ખાદ્ય

ગ્લૅકસો લૅબોરેટરીઝ (ઇન્ડિઆ) લિ. મુંબઈ · કલકત્તા · મદ્રાસ

Copyright LAS

નવી રેકૉર્ડો

HIS MASTER'S VOICE

The Hallmark of Quality

ચિત્રજગતની લોકપ્રિય
પ્લેબેક ગાયિકા
અમીરબાઈ
અને પાર્ટીની ખાસ નવી રેકૉર્ડ

એન ૮૮૦૦૫ { ગાયોના રખવાળા ગોવાળ
તું તો જઈને વસ્યો પરદેશ
કવિ રમેશ ગુપ્તાકૃત

★ ★

રમૂજના રાજા
મા. ધુલિયા
અને પાર્ટીની નવી કૉમિક રેકૉર્ડ

એન ૮૮૦૦૬ { ઊડતી રાણી ભાગ ૧
,, ,, ,, ૨
કવિ રઘુનાથ બ્રહ્મભટ્ટકૃત

'હિઝ માસ્ટર્સ વ્હૉઈસ'નાં ગ્રામોફોન વિશ્વવિખ્યાત છે. તેમાં ય પોર્ટેબલ મોડેલ ૧૦૨ ની લોકપ્રિયતા અનેરી છે.

કિંમત રૂ. ૨૫૦
ઉપરાંત સરકારી કર

• દરેક મહિને બહાર પડતી અમારી નવી રેકૉર્ડોની પુસ્તિકા જો તમને ન મળતી હોય તો તે મેળવવા અમને લખો.

'હિઝ માસ્ટર્સ વ્હૉઈસ'

કલકત્તા • મુંબઈ • મદ્રાસ • દિલ્હી.

વધુમાં વધુ માઈલેજ માટે

હમેશ તમારાં

Firestone

ટાયરોની દરકાર લ્યો.

હવાનું દબાણ તપાસો





ઘણી જ ઓછી હવા

કિનારીને અથડાતી વસ્તુની વચ્ચે ટાયર ચગદાઈ જાય છે ને કોર્ડ ફેબ્રીક ઘસાઈ નબળી પડી જાય છે તેથી ભડાકો થઈ તૂટી જાય છે. ગતિ અનિયમિત રહે છે.

ઘણી જ વધારે હવા

જ્યારે ટાયરની સાથે કોઈ પણ ચીજ અથડાય છે ત્યારે કોર્ડ બહુ બરડ બની જાય છે અને તરત તૂટી જાય છે અને મધ્યમાં એકદમ ગતિ ઝડપી બની જાય છે.

તપાસની ગોઠવણી



લાઈનની બહારનાં પૈડાં ટાયરની બે બાજુએ ખેંચ ઉત્પન્ન કરે છે. આમ ગતિ ઓછી થાય છે.

ચક્રાકાર ટાયરો



સામાન્ય રીતે પાછળના જમણી બાજુનાં ટાયરો ઉપર બહુ ઝડપી ઘસારો થાય છે. જ્યારે આગળનાં ટાયરો તો કાટખૂણે રહેલાં હોય છે. બધાં ટાયરોને પડતો આ ઘસારો એક સરખો બનાવવા માટે ચક્રાકારે ફેરવો.





તા. ૨૬મી જાન્યુઆરીથી ચાલુ છે ... ★ કૃષ્ણ સિનેમા-અમદાવાદ

ગીરદી વચ્ચે ચાલુ છે-

રોક્ષી-જયહિંદ-રિવોલી-મુંબઈ

જેમિનીનું



સંસાર

સહકુટુંબ જોઇ શકાય તેવું તેજસ્વી ચિત્રપટ......

બળ-બુદ્ધિ-તેજ
વધારનાર

'ઝંડુ'
ચ્યવન પ્રાશ

આયુર્વેદનું
અનુપમ ઔષધ

—સૌને શક્તિ આપનાર—
આજથી જ અજમાવો

જીવનમાં અતિ આવશ્યક
સ્વાદિષ્ટ—પૌષ્ટિક ખોરાક

એ જ જીવન

લીલાં આંબળાં સાથે બીજાં પાચક અને લોહી વધારનારાં ઔષધો મેળવી બનાવેલ.

સાધારણ નબળાઈ અને મગજની નબળાઈમાં સંગીન કામ કરનાર સાત્ત્વિક ઉપાય.

સર્વત્ર વેચાય છે.

ગામેગામ અમારા એજન્ટો છે.
તમારા ગામના એજન્ટ પાસેથી આજે જ મેળવો.

ઝંડુ ફાર્મા. વર્કસ લિ૦, મુંબઇ નં. ૧૪

—: અમદાવાદના એજન્ટ :—
ભોગીલાલ બ્રધર્સ, ગાંધી રોડ
અમારી આયુર્વેદિક દવાનું સુચિપત્ર મંગાવો.

હમેશ સૌથી આગળ

જિંદગીના વિમાનું કામ કરતી હિંદભરની સર્વ કંપનીઓએ કરેલી પ્રગતિમાં 'હિંદુસ્તાન' પહેલાંની જેમ આજે પણ અગ્રસ્થાને છે. ૧૯૫૦ના ૪૪મા વાર્ષિક રીપોર્ટમાં એ કંપનીની સદ્ધરતા, પ્રામાણિકપણું અને અગાધ શક્તિ એકવાર ફરીથી દેખાઈ આવે છે, જે આ સોસાયટીની કાયમની વિશિષ્ટતાઓ છે.

ચાલુ વિમાઓ	રૂા. ૭૩,૧૬,૬૦,૫૯૭
કુલ એસેટો	,, ૧૭,૭૦,૭૦.૬૨૪
જિંદગીનું વિમાફંડ	,, ૧૫,૯૭,૪૭,૫૪૮
પ્રિમિયમની આવક	,, ૩,૪૦,૪૭.૩૩૮
ચૂકવેલાં નાણાં (૧૯૫૦)	,, ૭૨,૯૨,૮૫૦
નવું કામકાજ	રૂા. ૧૩ ૭૫,૩૯,૮૫૧

પણ બધાં એસેટ્સમાં 'હિંદુસ્તાન' જેને માટે મગરૂર છે, તે છે તેનામાં જનતાનો અટલ વિશ્વાસ, જેને લીધે તેની ઉત્તરોત્તર પ્રગતિ થઈ રહી છે.

હિંદુસ્તાન કો-ઓપરેટીવ
ઈન્સ્યુરન્સ સોસાયટી લિ૦
મુંબઈ શાખા : કમીશેરીએટ બીલ્ડિંગ, હોર્નબી રોડ, કોટ.
બ્રાંચ મેનેજર : મિ. એસ. સી. સીરકર
હેડ ઑફિસ : હિંદુસ્તાન બીલ્ડિંગ્સ, કલકત્તા-૧૩

જીવનભર પેન્શન

તમે પેન્શન નહિ મળે તેવી નોકરી, ધંધો અથવા વ્યવસાય કરો છો? તમને પણ આ "આપ-મદદ" રોકાણ યોજના દ્વારા જીવનભર પેન્શન મળી શકશે.

જુઓ, આજથી ૧૨ વર્ષ સુધી દર મહિને રૂ. ૧૫૮નું બાર-વર્ષીય નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ ખરીદ્યા કરો. આ સર્ટિફિકેટો સને ૧૯૬૩થી દર મહિને પાકતાં જશે. એટલે ત્યાર પછી દર મહિને એકેક સર્ટિફિકેટ વટાવતા જાઓ. વધારાના રૂ. ૭૫ પેન્શન તરીકે રાખીને મુદ્દલ રકમ રૂ. ૧૫૭ ફરી રોકો. આ રીતે સને ૧૯૬૩થી તમને દર મહિને રૂ. ૭૫ની રીતસરની આવક થશે અને તમારાં આશ્રિતો માટે મુદ્દલ રકમ ભેગી થઈને રૂ. ૨૧,૬૦૦ બનશે. આજથી શરૂ કરો અને આવતાં ૧૨ વર્ષ સુધી દર મહિને એકેક સર્ટિફિકેટ ખરીદતા જાવ.

નેશનલ
સેવિંગ્સ
સર્ટિફિકેટ

જે ઓ ભાવિનો વિચાર કરે છે
તેમને માટે સલામતીનું સાધન

નેશનલ સેવિંગ્સ કમિશનર, વિત્ત મંત્રાલય, ગૉર્ટન કૅસલ, સિમલા દ્વારા પ્રકાશિત

AC-292 G

વૈદ્ય, હકીમ અને ડૉક્ટરો માટે

અમૂલ્ય ગ્રંથ

સુશ્રુત આયુર્વેદ

પાન ૧૩૭૨] બે ગ્રંથો [કિં. ૧૫)

મૂળ સાથે સરળ ભાષાંતર–વિસ્તૃત ટિપ્પણો સાથે. પ્રત્યેક વૈદ્ય–ડૉક્ટરે વસાવી લેવા જેવા આ ગ્રંથમણિમાં શલ્યશાસ્ત્ર (Surgery) તથા શારીર-ચિકિત્સાનો તેમ જ શલ્ય, શાલાક્ય, કાયચિકિત્સા, ભૂતવિદ્યા, કૌમારભૃત્ય, અગદ, રસાયન અને વાજીકરણ તંત્રનો પણ આમાં સમાવેશ થાય છે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર પાસે, **અમદાવાદ**

બાળોપયોગી–સેટ

આકાશના તારા … …	
વસંતનું આગમન … …	૦-૬
અમારા માધવકાકા (મોટું)	૦-૪
અમારા માધવકાકા (નાનું)	૦-૬
કુણાલ … … …	૦-૩
ભીમભાઈનું પહેરણ	૦-૮
સૌથી પહેલા દાદાજી …	૦-૪
બાળકોના આચાર … …	૦-૬
બાળકોના રીતભાત… …	૦-૩
બાળકોનો આનંદ … …	૦-૩
સમીસાંજની વાતો … …	૦-૬
બાળકોની વાતો ભા. ૧ …	૦-૧
કાકાનો સંજય … …	૦-૬
બાલભારત … … …	૧-૧૨
બાલસદ્‌બોધ … …	૧-૮
સદ્‌ગુણી બાળકો … …	૦-૮
	૦-૧૦

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ઠે. ભદ્ર પાસે, અમદાવાદ અને કાલબાદેવી રોડ,
મુંબઈ–૨



તારનું સરનામું "મણીબાલા"

NCL

ફોનઃ ૨૧૯૯૯
૨૪૩૬૬

ઈન્ડસ્ટ્રીયલ કેમીકલ્સ

ટેક્ષ્ટાઈલ ડાઈઝ

સલ્ફર્સ (ગંધક)

અને

ફર્ટીલાઈઝર્સ (ખાતર)

ના

ભરોસાપાત્ર ઈમ્પોર્ટર્સ અને સ્ટોકીસ્ટસ

નાણાવટી એન્ડ કંપની લિમિટેડ

સ્થાપના–૧૯૨૧

૧૬, એપોલો સ્ટ્રીટ, કોટ મુંબઈ ૧

શાખાઓ: અમદાવાદ • દિલ્હી
કલકત્તા • મદ્રાસ અને ઇંદોર

વેપારીઓ ● એક્સપોર્ટર્સ ● ઈમ્પોર્ટર્સ

☛ તમારે વિમાનું કંઈ પણ કામ હોય
ત્યારે યાદ રાખજો

જયભારત
ઈન્સ્યુરન્સ કં. લિમિટેડ

હેડ ઓફિસ: ૨૨, એપોલો સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૧

જિંદગી ★ આગ ★ દરિયાઈ ★ અકસ્માત

રાષ્ટ્રનું એક અગત્યનું અંગ ● રાષ્ટ્રના વેપારીઓ માટે

An invitation to comfort... ... ...



વેસ્ટ એન્ડ હોટેલ

West End Hotel
BOMBAY

One of the best in the East.

Fitted with Radio and
Telephone in all Rooms.

Air Conditioned Dining Room

MOST BEAUTIFULLY DECORATED AND FURNISHED ROOF GARDEN
AVAILABLE FOR WEDDINGS, MARRIAGE RECEPTIONS, DANCES,
CONFERENCES AND OTHER SOCIAL FUNCTIONS.

Grams :–"BESTHOTEL"

Phone :–26246, 32096


વૉયલમાં સમાયેલું લાવણ્ય (નં. ૬)
ખટાઉ
વૉયલ

ધી ખટાઉ મકનજી સ્પીનીંગ એન્ડ વીવીંગ કંપની લિમિટેડ.
મીલ્સ: ભાયખલા, મુંબઇ ઓફીસ: લક્ષ્મી બીલ્ડીંગ, બેલાર્ડ પીઅર ફોર્ટ મુંબઇ.
કાપડની દુકાન: મુલજી જેઠા મારકેટ. ગોવિંદ ચોક. મુંબઇ ૨.

KM(S)-50


સફેદ
ધોએલાં છે...
ઉજળાં
ધોએલાં છે...
તે
સનલાઇટ
સાબુને
લીધે છે
SUNLIGHT SOAP
Rs 10,000 Reward!
ધોકા માર્યા વિનાજ વસ્ત્રોને સફેદ અને ઉજજવળ બનાવે છે!
S. 194-50 GJ



ફર્ગ્યુસન

૨૪ હો. પા.
(વેપોરાઈઝડ ઓઈલ)
ટ્રેક્ટર

બારે માસ બીનખર્ચાળ રીતે કામમાં આવતા ફર્ગ્યુસન ટ્રેક્ટર ને ઓજારો સિવાય આજના ખેડૂત બિલકુલ ચલાવી શકે નહિ. ખેડૂતને સાદાં, મજબૂત અને સહેલાઈથી કામમાં લઈ શકાય એવાં ટ્રેક્ટરો અને ઓજારોની જરૂર છે. ઓજારોની વિગતો પાસેના ડીલર પાસેથી આજે જ મેળવો.

એક્ષ ડીલર્સ સ્ટેશન

રૂા. ૭૩૦૦/-

K

કમાણી ઈન્જીનીયરિંગ કોર્પોરેશન લિ૦
કમાણી ચેમ્બર્સ, નીકલ રોડ, બેલાર્ડ એસ્ટેટ, મુંબઈ.

ડીલર્સ :

૧. ભારત ઓટો-ટ્રેક્ટર કું. છોટાલાલ બીલ્ડિંગ નં. ૨, રીલિફરોડ, અમદાવાદ ને નવજીવન રોડ, કલોલ.
૨. ભારત મશીનરી ના. મ. ગેંડીગેઈટ રોડ, વડોદરા ને સ્ટેશન રોડ, આણં
૩. મીકેનાઈઝડ એગ્રીકલ્ચર હાઉસ. સ્ટેશન સામે, બીલીમોરા.
૪. વિકાસ કોરપોરેશન. પટેલ બીલ્ડિંગ, રાજકોટ.
૫. ચંપકલાલ જી. મહેતા એન્ડ કું. જેઈલ રોડ, અમરેલી.
૬. ઈન્ટરનેશનલ ગેરેજ કચ્છ-માંડવી.

FERGUSON SYSTEM

K B. Ltd./F3

ગ્રાહકોને

૧ 'અખંડ આનંદ' અંગ્રેજી માસની પહેલી તારીખે પ્રસિદ્ધ થાય છે અને ગ્રાહકોને પોસ્ટ થાય છે.

૨ વાર્ષિક લવાજમ **રૂા. ૮ાા**, બ્રહ્મદેશ માટે **રૂા. ૯**, પરદેશ માટે **શિ. ૧૬** અથવા **રૂા. ૧૦ાા** છે.

૩ 'અખંડ આનંદ'નું નવું વર્ષ નવેમ્બર માસથી શરૂ થઈ ઑક્ટોબર માસમાં પૂરું થાય છે. વર્ષમાં ગમે તે માસથી ગ્રાહક થઈ શકાય છે. એક વર્ષથી ઓછી મુદ્દત માટે ગ્રાહક નોંધાતા નથી.

૪ પૂરતી તપાસ કર્યા બાદ ગ્રાહકોને અંક રવાના કરવામાં આવે છે, છતાં કોઈને અંક દર મહિનાની તા. ૧૫મી પહેલાં ન મળે તો વિભાગની પોસ્ટ ઑફિસે ફરિયાદ કરવી અને ત્યાંથી જે જવાબ મળે તે અમને મોકલવો, જેથી ઘટતું થઈ શકે.

૫ સરનામું બદલાયાની ખબર ઓછામાં ઓછા પંદર દિવસ પહેલાં આપવી અને સાફ અક્ષરોમાં ગ્રાહક નંબર, નવા કે જૂના ગ્રાહક તથા નામ અને ઠેકાણું બરાબર જણાવવું. મહિના [illegible] મહિના માટે સરનામું બદલવું હોય તો પોતાના પોસ્ટ માસ્તરને જણાવી વ્યવસ્થા કરી લેવી. સરનામું ફેરવ્યાની જાણ થતાં પહેલાં અંક જૂના સરનામે રવાના થઈ જશે, તો ફરી અંક મફત મોકલવામાં આવશે નહિ.

૬ એક રૂપિયો મોકલવાથી નમૂનાનો અંક મોકલવામાં આવે છે; ગ્રાહક થયા બાદ એ અંક પાછો મોકલવામાં આવે, તો એક રૂપિયો પરત કરવામાં આવે છે.

૭ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનું નામ–સરનામું અને ગ્રાહક નંબર અવશ્ય લખવો જોઈએ.

૮ લવાજમ મનીઑર્ડરથી મોકલવું સલાહભર્યું છે; કારણકે વી. પી. થી મંગાવનારને રજિસ્ટર ખર્ચ સાથે રૂ. ૮–૧૪–૦ નું વી. પી. થશે, તેમ જ વી. પી. થી મોકલાતા અંકો મોડા મળે છે. પરદેશમાં વી. પી. થતું નથી. **ચેક અગર ડ્રાફ્ટ 'સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ'ના નામનો મોકલવો.**

૯ લવાજમ મોકલતી વખતે જૂના ગ્રાહકોએ પોતાનો નંબર લખવો અને નવા ગ્રાહક થનારે **'નવા ગ્રાહક'** એમ લખવું આવશ્યક છે. મનીઑર્ડરની કુપન પર સ્પષ્ટ અક્ષરોમાં પૂરેપૂરું નામ, સરનામું, રકમ અને રકમ મોકલ્યાનો ઉદ્દેશ લખવાં.

૧૦ 'અખંડ આનંદ' સાથે પુસ્તકો મોકલાતાં નથી.

૧૧ વ્યવસ્થા અંગેનો સર્વ પત્રવ્યવહાર **અમદાવાદના કાર્યાલય** સાથે કરવો.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર, **અમદાવાદ** ને કાલબાદેવી, **મુંબઈ–૨**

લેખકોને

'અખંડ આનંદ' કોઈ ચોક્કસ વિષય કે વર્ગનું માસિક નથી, એ સર્વદેશીય અને સર્વોપયોગી થાય એવા અમારા પ્રયત્નો છે. સાહિત્યના કોઈ પણ પ્રકારને–વાર્તા, નાટક, જીવનચરિત્ર, ધર્મકથા, પ્રસંગકથા, રેખાચિત્ર, પત્ર, નિબંધ, પરિચય, પ્રવાસ–વર્ણન, કાવ્ય વગેરે કોઈ પણ રૂપમાં માનવજીવનને ઉંચે લાવનારા, પ્રેરણા આપનારા, ઉપયોગી વિચારો ગૂંથાયા હોય તેવાં તમામ પ્રકારનાં લખાણો 'અખંડ આનંદ' માટે સ્વીકારવામાં આવે છે. એ અભ્યાસયુક્ત અને કલામય છતાં સાદી ભાષામાં ને સરળ શૈલીમાં આલેખાયેલાં હોવાં જોઈએ.

તંત્રી તરફથી સામાન્ય રીતે લેખના સ્વીકાર–અસ્વીકારનો જવાબ એક પખવાડિયામાં તો અપાય જ છે; પરંતુ લેખ ચોક્કસ કયા માસમાં પ્રસિદ્ધ થશે તે કહેવાનું મુશ્કેલ હોય છે. માસિકમાં વૈવિધ્ય, દરેક વિષયનું પ્રમાણ અને પ્રાસંગિક લેખોનું મહત્ત્વ જળવાય એ દૃષ્ટિએ સંપાદન થાય છે. કોઈ પણ કૃતિની જવાબદારી તો લેખકની જ રહે છે.

લેખ પ્રસિદ્ધ થતાં લેખકને અંક, યોગ્ય પુરસ્કાર અને લખાણની છૂટી પાંચ પ્રતો મોકલી આપવામાં આવે છે.

અસ્વીકાર પામેલા લેખની સાથે તેનાં કારણો આપવાનું અતિ મુશ્કેલ છે. એથી ચર્ચામાં ઊતરવું પડે છે. કેટલાક લેખકોને માઠું પણ લાગે છે: એટલે અનુભવ પછી 'અસ્વીકાર્ય' એવી નોંધ સાથે લખાણ પાછું મોકલવાનું નક્કી કરવું પડ્યું છે. લેખકો આ બાબતમાં ગેરસમજ ન કરે એવી વિનતિ છે. સ્વીકાર–અસ્વીકારના જવાબ માટે અને અસ્વીકાર પામેલું લખાણ પાછું મેળવવા માટે ટપાલખર્ચ મોકલવું આવશ્યક છે. જેનું ટપાલખર્ચ ન મળ્યું હોય તે લખાણને એકાદ માસ પછી રદ કરવામાં આવે છે.

લેખકની કૃતિ શાહીથી, કાગળની એક જ બાજુએ સારા અક્ષરે લખેલી હોવી જરૂરી છે. અંગ્રેજી, સંસ્કૃત કે બીજી કોઈ ભાષાનાં અવતરણો મૂકવાં હોય તો તેનું ગુજરાતી ભાષાંતર આવશ્યક છે.

તંત્રી સાથેનો તમામ પત્રવ્યવહાર કરવાનું અને લેખ મોકલવાનું સરનામું નીચે પ્રમાણે છે:

તંત્રી : 'અખંડ આનંદ'
ગુલબહાર, બેરેક રોડ, મુંબઈ–૧

PRIMOVERS'
is a [illegible]
BOILER!

બોઈલરોને એક ખાસ બોઈલર એટેન્ડન્ટ રાખવા અને તેનું નામ રજિસ્ટર કરાવવા જેવા બોઈલર એકટના નિયમો લાગુ પડે છે.



VERTICAL SMOKE TUBE BOILER

પરંતુ પ્રાઈમોવરોને એવા નિયમો લાગુ પડતા નથી. આમ છતાં પ્રાઈમોવર એ ખરેખર દરેક માણસમું બોઈલર છે; કારણકે દરેક માણસ, બોઈલર એકટથી મુક્ત રીતે, કોઈ પણ સમયે અને કોઈ પણ સ્થળે તેનો ઉપયોગ કરી શકે છે.

તેનું વધુમાં વધુ ઇવેપરેશન દર કલાકે ૬૦ રતલ હોય છે. તેનું વર્કિંગ પ્રેશર દર ચોરસ ઇંચે ૬૫ રતલ હોય છે.

સિલ્ક અને ઓઈલ મિલ્સ, પ્રોસેસિંગ વર્ક્સ, હોસ્પિટલો વગેરે માટે અત્યંત અનુકૂળ.

મફત સાહિત્ય માટે લખો.

સ્ટોકમાંથી મળી શકશે.
સોલ સેલિંગ એજન્ટો:

BATLIBOI & CO.
ENGINEERS AND MACHINERY IMPORTERS
H. O. Forbes Street - Fort - Bombay
Madras - Calcutta - Delhi
Ahmedabad - Coimbatore

: અનુક્રમ :

	લેખ	લેખક	પૃષ્ઠ
૧	સેવાની સુવાસ	શ્રી	૩
૨	પારકું મકાન (કાવ્ય)	સરોદ	૪
૩	પત્રો અને પ્રશ્નોત્તર	શ્રી કિશોરલાલ ઘ. મશરૂવાલા	૫
૪	મહાભારત અને જૈન આગમ (સંશોધન)	પં. બેચરદાસ દોશી	૧૦
૫	સાચો માર્ગ	શ્રી રવિશંકર મહારાજ	૧૮
૬	સોમવલ્લી (ચર્ચા)	શ્રી દુર્ગાશંકર કે. શાસ્ત્રી	૨૧
૭	વનપ્રવેશ (હાસ્ય)	શ્રી જ્યોતીંદ્ર દવે	૨૩
૮	નાસ્તા પહેલાં	શ્રી રેહાના તૈયબજી	૨૮
૯	વામન અને વિરાટ	શ્રી વાસુદેવ પટેલ	૩૬
૧૦	હોમિયોપથી	શ્રી સુંદરમ્	૪૧
૧૧	ઊર્મિલા (રેખાચિત્ર)	અધ્યા. મધુકર રાંદેરિયા એમ. એ.	૪૫
૧૨	બા બિચારાં ! (વાર્તા)	શ્રી છગનલાલ પરમાર	૫૦
૧૩	દૃષ્ટિની કેળવણી	સ્વામી ચિદાનંદ સરસ્વતી	૫૫
૧૪	રંગોનું મનોવિજ્ઞાન	ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી	૫૯
૧૫	પરિવર્તન (વાર્તા)	મૂ. લે. શ્રી 'વનફૂલ' અનુ. અધ્યા. સુરેશ હ. જોષી	૬૪
૧૬	સ્વપ્નાં (માનસશાસ્ત્ર)	શ્રી ઈશ્વરલાલ મગનલાલ દેસાઈ એમ. એ; બી. ટી; કોવિદ	૬૮
૧૭	દાદાજી (નાટિકા)	શ્રી પ્રાગજી જ. ડોસા	૭૧
૧૮	સિંહલદ્વીપની સંસ્કૃતિ (ઇતિહાસ)	શ્રી જનાર્દન પ્રભારકર	૭૬
૧૯	ઝેરી જનાવર (વાર્તા)	શ્રી વિષ્ણુકુમાર કૃ. પંડ્યા	૮૦
૨૦	કંકોત્રી (હાસ્ય)	શ્રી પ્રબોધ જોશી બી. એસસી.	૮૬
૨૧	મોહપટ (દૃષ્ટાંતકથા)	અધ્યા. અરુણોદય ન. જાની એમ. એ; 'કાવ્યતીર્થ'	૮૮
૨૨	માબાપની ફરજ (સમાજશાસ્ત્ર)	ડૉ. એમ. ડી. આડતિયા એમ. ડી. બી. એસસી.	૯૦
૨૩	આવડત (વાર્તા)	શ્રી રણછોડલાલ દાઠી	૯૭
૨૪	માથાનાં દર્દ	શ્રી મુકુંદ એચ. દલાલ	૧૦૧
૨૫	વહેમ	શ્રી રંભાબહેન ગાંધી	૧૦૪
૨૬	સત્સંગનો મહિમા	શ્રી વામનરાવ પ્રા. પટેલ બી. એ. એલએલ. બી.	૧૦૯
૨૭	સંપાદકીય	સોપાન	૧૧૪
૨૮	સંસ્થા સમાચાર	કાર્યાલય	૧૧૯

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી તંત્રી : સોપાન
મુદ્રક અને પ્રકાશક : ત્રિભુવનદાસ લ૦ ઠક્કર,
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સસ્તું સાહિત્ય મુદ્રણાલય, રાયખડ–અમદાવાદ

કલામય
કાપડ
માટે અજોડ
નામ.... ....

અમારૂં કાપડ સૌરાષ્ટ્ર,
ગુજરાત તથા દેશભર-
માં વપરાય છે.

તમે એક વખત વાપરી
ખાતરી કરો.

● ● ●

ધી રૂસ્તમ જહાંગીર
વકીલ મિલ્સ લિમિટેડ
અમદાવાદ

THE RUSTOM JAHANGIR
VAKIL MILLS LTD.
MANUFACTURERS OF SUPERIOR FABRICS
AHMEDABAD

અખંડ આનંદ

વર્ષ ૫, અંક ૪] તંત્રી : સોપાન [ફેબ્રુઆરી ૧૯૫૨

સેવાની સુવાસ

પરોપકારની પ્રવૃત્તિ કરતા હોઈએ તો તે શા માટે કરીએ છીએ તેની અંતરમાં ખોજ કરવી જોઈએ. જેઓ પોતાના સ્વાર્થ સિવાય બીજું કશું જોઈ કે કરી શકતા ન હોય તેમના કરતાં પરોપકારની પ્રવૃત્તિ કરનારા ચડિયાતા ગણાય. આપણે ધારીએ તો ઘણું કમાઈ શકીએ છતાં સમય અને શક્તિ પરોપકારમાં ખરચીએ, ત્રેવડ પ્રમાણે બીજાના સુખ માટે પૈસા વાપરીએ, એ સારું જ છે, પરંતુ આપણા પોતાના મનની શી સ્થિતિ છે તે જાણવું જોઈએ. ત્યાં સંતોષ છે? શાંતિ છે? ઈર્ષ્યાનો અભાવ છે? જનકલ્યાણ એ જ એક હેતુ છે કે જનકલ્યાણ પણ આપણા એકલાને હાથે જ થવું જોઈએ, એટલે કે એનો યશ આપણને એકલાને જ મળવો જોઈએ એવી ઇચ્છા પણ સાથે પડેલી છે?

લોકોપકારક પ્રવૃત્તિમાં ઘણે ઠેકાણે આ દોષ દેખાય છે. સંકટગ્રસ્તોને રાહત આપવાનું જ કામ લો. રાહત આપવી એ જ જેનો ઉદ્દેશ હોય તે તો ગમે તે વ્યક્તિ કે પક્ષની રાહતને આવકારશે ને તેની પ્રશંસા પણ કરશે, પરંતુ કેટલાકનું ધ્યાન તો આપનાર કોણ છે તે તરફ જ વિશેષ રહેતું હશે. આ સ્થિતિ સારી ન ગણાય.

ગામડાંની સેવા કરવી છે, ગ્રામસેવક વિદ્યાલય શરૂ કરવું છે, રેંટિયા ચલાવવા છે, પાયાની કેળવણી આપવી છે, પરંતુ એવું કામ બીજું કોઈ કરે તો હર્ષને બદલે ગ્લાનિ થાય તો ખચિત માનીએ કે સેવામાં પણ સ્વાર્થની–કીર્તિની વૃત્તિ પેઠી છે ને તેથી સેવા દૂષિત બની છે. સેવા પણ મારા જ હાથે ને મારે જ નામે થાય એવી ઇચ્છા જો મનમાં રમતી હોય, તો આપણે એટલા પ્રમાણમાં પામર છીએ એમ સમજવું રહ્યું.

શા માટે આમ થાય છે તે જાણવા માટે મનોવૃત્તિનું પૃથક્કરણ કરવું જોઈએ. પરમાર્થની પ્રવૃત્તિ કરવાની પ્રથમવાર ઇચ્છા જાગી ત્યારે મનની શી સ્થિતિ હતી તે વિચારીએ. બીજા કોઈ સેવકની પ્રશંસા સાંભળીને તો સેવા કરવાનું મન નહોતું થયું? કોઈનું દુઃખ જોઈ દ્રવ્યા હતા કે કોઈ લાચારી ને ખુશામતથી સેવા કરવા પ્રેરાયા હતા? જૂનું કંઈ યાદ આવતું ન હોય તો આજે, આ ક્ષણે મનની સ્થિતિની તપાસ કરીએ ને પછી અંતરાત્માને પૂછીએ કે છેવટ સેવા દ્વારા મેળવવું છે શું?

માણસની બધી ઇચ્છાઓ તો પૂરી થતી નથી, પરંતુ જો થતી હોય તોયે સેવા દ્વારા કીર્તિની જ કામના રાખવી એમાં શાણપણ છે? કીર્તિ તો સેવા કર્યા વિના પણ મળી શકે. વધુ ને વધુ સ્વાર્થ સાધનારાઓ પણ કીર્તિવંત હોય છે. બીજા કરતાં આપણી પાસે રૂપ,

બળ, લક્ષ્મી કંઈ પણ વધારે હોય તો આપણને કીર્તિ મળે જ. આવી કીર્તિ માટે સેવા, જેનું ઉદ્‌ભવસ્થાન હૃદય છે, આત્મા છે, તે ખર્ચવાનું વાજબી છે? જે વસ્તુ ખરચીએ તેનું મૂલ્ય મેળવીએ. રૂપિયો ખરચીને કોડીનો માલ લેવામાં મૂર્ખતા નથી?

સેવા દ્વારા કંઈક ઘસાવું તો પડે જ છે. આ ઘસારો આપણે ન ભોગવીએ તો જીવન-માં સ્થૂળ સુખોની વૃદ્ધિ પણ થવાની. એ રીતે પૈસા, શ્રમ, સમય વધુ બચશે; તેથી વધુ પૈસા ને વધુ કીર્તિ પણ મેળવાશે. સેવાથી જો કીર્તિ જ પ્રાપ્ત કરવી હોય તો આવો અવળો મા શા માટે લેવો જોઈએ? સેવક રહીએ તો આપણાં જીવન અને કાર્ય વિશે લોકોને ટી કરવાનો પણ અધિકાર મળશે. કીર્તિની ઝંખના હશે તો બીજાની ઈર્ષ્યાના ભોગ પણ બનવું પડશે. સમય જતાં એમ પણ લાગશે કે આપણાં ત્યાગ ને સેવાની કોઈ કદર કરી શકતું નથી.

સેવાનો શ્રેષ્ઠ બદલો તો અંતરની શાંતિ છે. બીજાને સુખ આપ્યાનો પરમ પવિ સંતોષ છે. સેવાનો જન્મ નમ્રતામાં થાય છે, થવો જોઈએ. સ્વાર્થી જીવનમાં જે ભાર લાગે તે ઓછો કરવા માટે સેવાની ભાવના પ્રગટે. સેવાનો આ છે સાચો બદલો. કીર્તિની પાછળ પડ્યા હોઈશું તો આ અપૂર્વ આનંદનો અનુભવ નહીં થાય. સેવાને ક્ષેત્રે પણ આપણે કીર્તિના સોદાગર બની જઈશું તો ત્યાગના પરમ સુખનું સ્વપ્ન પણ નહીં અનુભવાય. કીર્તિની ઝંખના છોડી એકવાર સેવાની સુગંધ ભોગવીએ ને જોઈએ, કે આપણો આત્મા પણ કેવી:સુવાસથી મહેકી ઊઠે છે!

શ્રી

પારકું મકાન

પારકું છે મકાન

તન આ પારકું છે મકાન જી.
ધરા કેરી માટી લઈ આ રચ્યું છે કમઠાણ જી;
સજડ કીધું સલિલથી, મહીં પવનનો પૂર્યો પ્રાણ.
તન આ પારકું છે મકાન જી.

પાંચ મૂક્યા ગોખલા, મહીં પેટાવેલ પ્રકાશ જી;
શેષ ભાગ રહી ગયો, ત્યાં અવતાર્યું આકાશ.
તન આ પારકું છે મકાન જી.

પથ અનંતે ચાલતાં તારો ક્ષણિક આ વિશ્રામ જી;
એવું તારું લાગતું જાણે એ જ છે અંતિમ ધામ!
તન આ પારકું છે મકાન જી.

ઉતારો એ અવનીમાં, એની માયા છે મહોકાણ જી;
કર તું તારી સોઈ, પણ ખાલી કરતાં દુ:ખ ન આણ.
તન આ પારકું છે મકાન જી.

સરોદ

પત્રો અને પ્રશ્નોત્તર

લેખક :

શ્રી કિશોરલાલ ઘ. મશરૂવાલા

શાહ રતિલાલ મફાભાઈએ શ્રી કિશોરલાલભાઈની સંમતિ મેળવી આ પત્રો પ્રસિદ્ધિ માટે મોકલ્યા હતા. અમે તે ફરી જોઈ જઈ યોગ્ય સુધારાવધારા કરવા માટે શ્રી કિશોરલાલભાઈને મોકલેલા એમણે અમારી વિનતિ સ્વીકારી ઘટતું કરી આપ્યું છે. આ પત્રો અને પ્રશ્નોત્તર 'અખંડ આનંદ'ના જિજ્ઞાસુ વાચકોને ઉપયોગી નીવડશે એમ માન્યું છે.

વર્ધા તા. ૧૩–૧૦–'૩૪

ભાઈશ્રી,

તમારો તા. ૬ઠ્ઠીનો કાગળ મળ્યો. પૂ. બાપુજીના પ્રશ્નો એમને આપ્યા છે. એમની નવરાશે તેઓ તે જોશે અને પછી ઘટતું કરશે.

તમને મારા વિચારો ગમે છે, પણ તેને પરિણામે તમારા પિતાશ્રીનો મારા પ્રત્યે અણગમો રહે છે, એ સાંભળી દિલગીરી થાય છે. તમારા વર્તનમાં એવું કશું નહિ હોય કે જે તમે મારા લખાણમાંથી લીધું હોય અને જે એમને આઘાત પહોંચાડનારું હોય. તમારી અને તમારા પિતાશ્રીની વચ્ચે દૃષ્ટિભેદ હોય, કેટલોક બાહ્ય કર્મકાંડ તમે છોડી દીધો હોય અને તે તેમને પસંદ ન હોય એ શક્ય છે. પણ તે છતાં તમારા જીવન અને વર્તનમાં એવું ઘણું દેખાવું અને હોવું જોઈએ, કે જેથી એકંદરે તેમને તમારાથી સંતોષ લાગવો જોઈએ, અને તેમ થવામાં જો હું કોઈ રીતે નિમિત્ત થયો હોઉં, તો મારે વિષે સદ્‌ભાવ લાગવો જોઈએ. જેઓ 'ઉદાર વિચારના અને સ્વતંત્ર પ્રકૃતિવાળા' હોય, તેમની બાબતમાં તો આ વિશેષ સાચું થાય. અસ્તુ.*

જૈન ધર્મમાં 'કર્મ'નો ઘણો સૂક્ષ્મ વિચાર થયેલો છે તે હું જાણું છું. એનો અભ્યાસ કરવાની મને બરાબર તક મળી નથી. કારણ એ છે કે જ્યાં સુધી અમુક પ્રશ્ન મારા જીવનમાં કાંઈક મુશ્કેલી ઊભી ન કરે, ત્યાં સુધી કેવળ કુતૂહલ કે જ્ઞાનવૃદ્ધિ માટે મારાથી કઠણ વિષયોમાં રસ લઈ શકાતો નથી. અને જ્યારે એ પ્રશ્ન મારી સામે ઊભો થાય, ત્યારે પણ એ પ્રશ્નના ઉકેલ પૂરતો જ એમાં ઊતરી એ વિષયના મૂળ પાયા અને વિશાળ ભાવો સમજી લઈ, એને પછી હું મારી રીતે વિચારવા મંડી પડું છું. આથી જેટલે અંશે મને 'કર્મ'નો વિષય વિચારવાનું આવશ્યક થયું છે, તેટલે જ અંશે મેં તેને વિચાર્યો કે છણ્યો છે. આથી એ વિષય પરના મારા વિચારો તમને અધૂરા લાગે તો તેમાં કાંઈ આશ્ચર્ય નથી. 'કર્મ' ઉપર સાંગોપાંગ નિબંધ લખવાનું મને કદી પ્રાપ્ત થાય, તો કદાચ એ અધૂરાપણું નીકળી જાય. આ તો મેં એની એકાદ કે બીજી બાબતનો જ છૂટોછૂટો વિચાર કરેલો છે.

હવે તમારા પ્રશ્નો :

પ્રશ્ન (૧) : બિહારના ધરતીકંપ અંગે મહાત્માજીના મંતવ્ય સામે કવિવર ટાગોરજીએ જે પુણ્યપ્રકોપ ઠાલવ્યો છે, તેમ જ ગાંધીજીની મૂળ વિચારસરણીમાં એમણે દોષ જોયો છે તો તે બાબત આપનો અભિપ્રાય શો છે તે જણાવશો. ધરતીકંપ લોકોના કર્મનું કારણ નથી તો કોના સંકલ્પનું કારણ ?

ઉત્તર (૧) : ગાંધી–ટાગોર વાદ ઉત્પન્ન

---

* હાલ (૧૯૫૨માં) મારા પિતાશ્રી, જે પ્રથમ શ્રીમદ્ રાજચંદ્ર તથા મશરૂવાળા વિષે ભૂલભરેલા વિચારો ધરાવતા, તેઓ આજ બન્ને પ્રત્યે ખૂબ જ સદ્‌ભાવ ધરાવે છે; એટલું જ નહિ પણ ૭૬ વર્ષની ઉંમરે પણ ભારે ક્રાંતિકારક વિચારો કેળવી શક્યા છે.—રતિલાલ

થયો ત્યારે તે ઉપર લખવાનો વિચાર તે વખત થયો હતો. પણ તે વખતે મારી તબિયત સારી નહોતી અને પછી ઘણા દિવસ થઈ ગયા, એટલે માંડી વાળ્યું અને થોડું લખેલું તે ફાડી નાખ્યું. આવા વાદો સૃષ્ટિના અંત સુધી ચાલ્યા કરવાના છે. આમાં શ્રદ્ધા અને તર્ક, અથવા અશ્રદ્ધા અને તર્ક સિવાય એક યા બીજા પક્ષમાં બીજું કોઈ સ્પષ્ટ કે અનુભવજન્ય પ્રમાણ મળવું જ શકય નથી. ગાંધીજી જયારે આ બાબતમાં સૌથી પ્રથમ બોલ્યા, ત્યારે 'અસ્પૃશ્યતાના પાપને લીધે આ ધરતીકંપ થયો છે' એવો અર્થ સમજાય એ રીતે બોલ્યા હતા. રવીન્દ્રને આ ખટકયું; પણ પાછળથી ગાંધીજીએ પોતાનું કહેવું સુધાર્યું અને 'મનુષ્યોનાં પાપને લીધે આવા ઉત્પાતો થાય છે' એ અર્થનું એમનું કહેવાનું થયું. આ બે કથન વચ્ચે બહુ ફરક છે અને આખી વિચારસરણી જ બદલાઈ જાય છે.

ધરતીકંપ જેવો બનાવ બનવામાં કોઈ જીવના સંકલ્પનું કારણ ન જ હોય એમ કહેવાને હું તૈયાર નથી, હોવું જ જોઈએ એમ પણ કહી શકતો નથી. અનેક કારણોમાં કોઈક જીવનો બળવાન સંકલ્પ એ પણ કારણ બની શકે છે.

'બ્રહ્માંડનો સંકલ્પ' એ શબ્દો વાપરતી વખતે જ મેં તેની નીચે ટીપ આપી છે કે અહીં 'બ્રહ્માંડ' એટલે પોતા સિવાયનું આખું વિશ્વ સમજવું; એમાં જડ-ચેતન બધું આવ્યું. પોતા સિવાય બીજા કોઈ પણ જીવનો સંકલ્પ તે બ્રહ્માંડનો સંકલ્પ અને જેને લોકો 'જડ' સૃષ્ટિ માને છે, તેને પણ હું ચૈતન્યરૂપ જ સમજતો હોવાથી મારી દૃષ્ટિએ એ 'જડ' પણ સંકલ્પહીન નથી.

'હું' અને 'બ્રહ્માંડ'ના વિભાગ છે, એ તો કેવળ પોતાના વ્યક્તિત્વના ભાનનું પ્રતિબિંબ છે. તટસ્થ દૃષ્ટિએ 'હું' પણ બ્રહ્માંડ એક ભાગ જ છે. બધું યે એક-એકબીજા સંકળાયેલું-છે. બ્રહ્માંડના ગમે તે-ખૂણામાં ઉત્પન્ન થયેલી ગમે તે પ્રકારની શક્તિની અસ બ્રહ્માંડના બીજા ભાગો ઉપર-એટલે બી જીવો ઉપર થાય છે-થઈ શકે છે. હું દુઃખો ભોગવું છું, તે મારાં જ કર્મોનું સંકલ્પનું ફળ છે એમ માનવાને કશો આધાર નથી-અનુભવ નથી; એ બ્રહ્માંડના કોઈ બી ભાગોમાં ઉત્પન્ન થયેલાં બળોનું પરિણામ હોય એ શકય છે. એ બળ મારા પાડોશીન સંકલ્પ હોય, મારા પૂર્વજોનો હોય, માર સમાજનો હોય, મારા શત્રુનો હોય, કો પશુ-પંખીનો હોય, જેને 'જડ' ગણતા હોઈએ તેવા કોઈ તત્ત્વનો હોય. આપણે આપણાં જ કર્મનાં-એટલે કે સંકલ્પ ઊપજેલી કોઈ શક્તિનાં-ફળ ભોગવીએ છીએ એ એકાંગી વિચાર છે. આટલું જ માર કહેવાનું છે. એને 'કર્મશાસ્ત્ર'ની પરિભાષામાં કેમ ગોઠવાય એ તો કોઈ જૈન પંડિત જ કહી શકે.×

પ્રશ્ન (૨): કોઈ એકાદ યા થોડા વધા જીવોના સંકલ્પને કારણે સમગ્ર બિહાર ભોગવવું પડે એ વાત બુદ્ધિમાં કેમ ઊત શકે? શું લોકોના સંકલ્પ નિર્બળ હશે એની અપેક્ષાએ લોકો પોતાનાં જ આ પૂર્વજન્મનાં કર્મોનું ફળ ભોગવે છે એ કહેવામાં શો વાંધો આવે?

ઉત્તર (૨): સંકલ્પબળને જીવો સંખ્યા સાથે અનિવાર્ય સંબંધ નથી એક માણસનો સંકલ્પ ૩૫ કરોડના સંક

× આ બાબતમાં તા. ૬-૧૦-૫૨ના 'હરિ બંધુ'માં 'દુકાળના ઓછાયા' નામે લેખ પણ લો આ વિષે અવકાશ મળ્યે શ્રી કિશોરલાલભાઈનો કાં વધુ ચર્ચા કરવાનો વિચાર છે એમ જાણવા મળે —તં

કરતાં બળવાન હોઈ શકે અને એકાદ જીવ જેને આપણે વધારે પૂર્ણ માનતા હોઈએ તેના કરતાં કોઈ અધમ જીવનો ય એકાદ સંકલ્પ બહુ બળવાન હોય એમ પણ બને. એ શક્તિઓ છૂટ્યા પછી બ્રહ્માંડમાં કેવી રીતે એકબીજા જોડે અથડાતી કે સહકાર કરતી હશે, તેનો આપણે ખ્યાલ કરી શકતા નથી. જે કરીએ તે કેવળ તર્ક જ. આથી કયું ફળ નીપજવામાં કયાં કારણો હતાં તે સર્વે જાણી શકાતાં નથી. અનેક નિમિત્તોમાંથી કેટલાંક જાણી શકાય એમ બને. માટે જ કોઈયે કારણને વિશેષ કારણ ન માનતાં સર્વેને નિમિત્તકારણ કહેવામાં જ સલામતી રહેલી છે.

પ્રશ્ન (૩): જો વૈધવ્ય કન્યાના કર્મનું પરિણામ નથી, પણ એના પિતાના સંકલ્પનું પરિણામ છે, તો પછી બાળકનું ખૂન કે બાળા પરના બળાત્કાર જેવા પ્રસંગમાં પણ એ બીજાના સંકલ્પનું ફળ ભોગવે છે એમ કહીએ તો તો કર્મસિદ્ધાંતનો ઉપયોગ જ શો રહ્યો?×

ઉત્તર (૩): ત્રીજા પ્રશ્નમાં તમે જે વાકય ટાંક્યું છે, તેમાંથી તમે પાછલી દલીલો કેવી રીતે ઉપજાવો છો તે મારા સમજવામાં આવ્યું નથી. એક તો તમે મારું વાકય બરાબર ઉપજાવ્યું નથી, એમાં વાત બાળલગ્નની છે. ૪ વર્ષની બાળાનું લગ્ન કરનાર પિતા તે બાળા વિધવા થાય તો તેના વૈધવ્ય માટે જવાબદાર છે. એમ કહેવું કે એ બાળા પોતાને કર્મે વિધવા થઈ છે, તો તે કર્મસિદ્ધાંતનો દુરુપયોગ છે. એ બાળા પોતાના કર્મનું ફળ ભોગવતી નથી, પણ પિતાના કર્મનું ફળ ભોગવે છે. પણ એ બાળા ૪ વર્ષની ન હોય, પણ ૨૪ વર્ષની હોય, છતાં જો એને બળાત્કારે પરણાવવામાં આવી હોય અને પછી તુરત એ વિધવા થાય, તો યે એ જ વાત લાગુ પડે. વૈધવ્ય એ વિવાહનું પરિણામ છે. જેણે વિવાહનો સંકલ્પ કર્યો તે વૈધવ્યને માટે (જો કોઈને જવાબદાર ગણવો ઘટતો હોય તો) જવાબદાર છે, એટલું જ મારું કહેવાનું છે. એમાં ખૂન–વ્યભિચારનું કેવી રીતે સમર્થન થઈ શકે એ મારા સમજવામાં આવ્યું નથી. જરૂર હોય તો વધારે સ્પષ્ટ કરશો.

હું જોઈ શકું છું કે તમારી વિચારસરણીની પાછળ પૂર્વજન્મના વાદના સંસ્કારો છે. હું પૂર્વજન્મને રૂઢ પદ્ધતિથી જુદી રીતે વિચારું છું, એટલે તમને મારું કહેવું અપૂર્ણ લાગે એમાં આશ્ચર્ય નથી. એટલે આ બાબતમાં તમે મારી સાથે સંમત ન થઈ શકો તેથી દુઃખ પામવાનું કારણ નથી. જેટલું તમારી બુદ્ધિ અને હૃદય સ્વીકારે, તેથી વધારે સ્વીકારવાની તમારી ઉપર ફરજ છે જ નહિ. એજ.

લિ. **કિશોરલાલના વંદેમાતરમ્**

[૨]

વર્ધા, તા. ૧૪–૧૧–'૩૪

ભાઈશ્રી,

તમારા તા. ૧૬–૧૦–'૩૪ના કાગળનો જવાબ મારાથી આજ સુધી આપી શકાયો નહિ માટે ક્ષમા કરશો. કોંગ્રેસના કામમાં તથા પછી માંદગીમાં પડવાથી અને એક ઠેકાણે ન હોવાથી વિલંબ થયો.

કર્મવાદ વિષે વધારે ચર્ચા કરવાની જરૂર જોતો નથી, છેવટે સૌ બુદ્ધિના જ તર્કો છે. સ્યાદ્વાદનો અહીં અમલ કરીશું. તમે કહો છો તે પણ સાચું હોય, હું કહું છું તે પણ સાચું હોય. કોણે કયારે કયો સંકલ્પ કર્યો, એ સંકલ્પનું ધીમેધીમે શું થયું એ બધું ઇંદ્રિય–ગોચર નથી, એનો ઇતિહાસ જાણી શકાય

× આનો સંબંધ 'જીવન શોધન'ના 'કર્મવાદ' નામના પ્રકરણ સાથે છે.

એમ નથી, એટલે એનો પુરાવો મળી શકવાનો નથી.

તમે જે બીજા પ્રશ્નો પૂછ્યા છે તે વિષે:

પ્રશ્ન : (૧) સુખદુ:ખ મળવું એ જો બીજાના સંકલ્પનું પરિણામ પણ હોય તો પૂર્વજન્મનાં કર્મોનો મેળ કેવી રીતે મળે ? એ નિષ્ફળ જાય ?

ઉત્તર : (૧) પૂર્વજન્મ વિષેની મારી વિચારસરણીનો કંઈક ઈશારો 'જીવનશોધન'ના 'મરણોત્તર સ્થિતિ'વાળા પ્રકરણમાં છે. 'જીવ' એ વ્યક્તિરૂપે અનાદિ અને નિત્ય છે એમ માનવા તરફ મારું હાલનું વલણ નથી. આથી પુનર્જન્મની રૂઢ માન્યતા વિષે હું સાશંક છું. એ વિષે મેં ચોક્કસ મતો બાંધી નાખ્યા નથી, એટલે એ મારું હાલનું વલણ જ છે એમ સમજવું.

પ્રશ્ન : (૨) જો નૃત્ય એ ઉપયોગી વસ્તુ નથી તો ઉચ્ચ કોટીના ભક્તોએ પણ એનો ઉપયોગ કેમ કર્યો હશે? એથી એ ચઢ્યા હશે કે અટક્યા હશે ?

ઉત્તર : (૨) 'નૃત્ય' ઈશ્વર–પ્રાપ્તિ માટે જરૂરી છે એમ નહિ કહું. કોઈ અમુક વ્યક્તિનો ભલે નૃત્ય દ્વારા આધ્યાત્મિક ઉત્કર્ષ થયો હોય કે થઈ શકતો હોય, પણ હું જેને આધ્યાત્મિક ઉત્કર્ષ સમજું છું, તે માટે એને હું આવશ્યક લેખતો નથી. આધ્યાત્મિક ઉત્કર્ષ માટે જે વસ્તુની આવશ્યકતા છે, તે નૈતિક ગુણો છે–સત્ય, દયા, વ્યવસ્થા, પ્રેમ, નીતિ વગેરે. એ નૃત્ય દ્વારા વધે જ એમ ન કહેવાય. પણ જેને 'નૃત્ય' એ સ્વાભાવિક ધર્મ અથવા સ્વકર્મરૂપે પ્રાપ્ત થયું હોય તે માણસ નૃત્ય દ્વારા પોતાની શક્તિઓ ખીલવી શકે અને સાધક હોય તો तं स्वकर्मणा तमभ्यर्च्य सिद्धि મેળવી શકે.

પ્રશ્ન : (૩) શ્રી કૃષ્ણમૂર્તિ વિષે આપે વાંચ્યું છે? એમના વિષે આપનો શો અભિપ્રાય છે ?

ઉત્તર : (૩) કૃષ્ણમૂર્તિનું મેં વધુ વાંચ્યું છે એમ ન કહી શકું. છૂટક કોઈ કોઈ વ્યાખ્યાનો અને પ્રવચનો વાંચ્યાં છે. મને એમની ખાસ શું દૃષ્ટિ છે તે ખબર નથી. જેટલું વાંચ્યું છે તેટલું સારું લાગ્યું છે. એમણે ઠીક વિચાર કર્યો છે એટલું તો જણાય છે જ.

પ્રશ્ન : (૪) અશરીરી જેવી કોઈ યોનિ છે? આપની માન્યતા શી છે?

ઉત્તર : (૪) કંઈક વહેમ છે, કંઈક વિચારવા જેવું છે.

પ્રશ્ન : (૫) જડ પરમાણુઓ કે જીવો એ બધા એક જ બ્રહ્મના વિભાગ છે કે એક જ બ્રહ્મ એ રૂપે દેખાય છે ?

ઉત્તર : (૫) હું આત્મા સિવાય બીજું કશું તત્ત્વત: નથી એટલું જાણું છું. પણ એ તો કેળના થડ જેવી વાત થઈ. એનાં પડ ઉખેડીએ ત્યારે કશું રહેલું દેખાય નહિ. છતાં કોઈ પણ પડને કેળ કહી શકાય નહિ; છતાં એમાં ઓતપ્રોત જ કેળ છે, તેમ કંઈક સમજો. એ રીતે રહું છું એમ કહેવું એ અસત્ય થાય અને એ રીતે નથી રહેતો એમ કહું તો તત્ત્વત: એ પણ ખોટું જ છે, કારણ કોઈ પણ આત્મતત્ત્વથી અલગ રહી શકતું જ નથી. એમ કહેવાય કે સ્મૃતિપૂર્વક આત્મજ્ઞાન રહેતું નથી.

પ્રશ્ન : (૬) આત્મા (બ્રહ્મ) તો અદૃશ્ય છે, પણ જડ જેને તમે બ્રહ્મરૂપ કહો છો તે તો દૃશ્ય છે, તો પછી આત્મા (બ્રહ્મ) દૃશ્ય હોય ?

ઉત્તર : (૬) અદૃશ્ય એક રીતે. પણ જે દૃશ્ય છે તે પણ આત્મા જ છે.

પ્રશ્ન : (૭) અને એવું જડ તત્ત્વ પણ બ્રહ્મરૂપ કહીએ તો શું બ્રહ્મ જડત્વને પામતું હશે ખરું ?

ઉત્તર : (૭) આત્મતત્ત્વ 'જડત્વ'ને પામતું નથી. જેને આપણે જડ સમજીએ છીએ તે વસ્તુતઃ જડ નથી, પણ એનું ચૈતન્ય (એટલે જ્ઞાનધર્મ) એટલું ઓછું વિકસિત છે કે આપણે એનું ચૈતન્ય જોઈ શકતા નથી અને તેથી જડ–ચેતનના ભેદ પાડીએ છીએ. જેનામાં જ્ઞાનતંતુની કોઈ જાતની વ્યવસ્થા નથી, તે આપણી દૃષ્ટિએ જડ છે.

જેટલું સમજાય, ગળે–બુદ્ધિમાં ઊતરે તેટલું ઉતારવું. દ્વૈત, વિશિષ્ટાદ્વૈત અને અદ્વૈત–ત્રણે દૃષ્ટિઓ યથાસ્થાને બરાબર છે.

તમારે પોતાને વિષે જે માહિતી આપી તે જાણી. ધ્યાન કે ભક્તિ જેમાં સહજપણે ચિત્ત ચોંટે તે સારું. . રડવું આવતું નથી, તેમાં કશો દોષ નથી. શા માટે રડવું આવવું જોઈએ? કેટલાક મોટા ભક્તો ખૂબ રડતા, ભક્તિસૂત્રમાં પણ ભક્તનાં એવાં લક્ષણ ગણાવ્યાં છે માટે? ધ્યાનની કે ભક્તિની કોઈ પણ વૃત્તિ કે અવસ્થાને કૃત્રિમપણે–પરાણે બનાવવા–મેળવવા પ્રયત્ન કરશો નહિ. રડવાનો સમય પણ આવે–ન આવે એમ નહિ. તે દિવસે પોકેપોક મૂકીને રડશો, છતાં કોઈ છાનું રાખનાર પણ નહિ મળે. પણ એ દશા સર્વેને આવવી જોઈએ, એ આવશ્યક નથી; એટલું જ નહિ, પણ એ આવે છે કારણ કે કંઈક ભૂલો થતી હોય છે, અને તેમાંથી કોઈ કાઢનાર મળતું નથી. પ્રસૂતિની વેદના સામાન્ય રીતે સ્ત્રીઓને થાય છે, પણ તેથી જેને વેદના ન થતાં પ્રસૂતિ થાય તે શું અપૂર્ણ માતા ગણાશે? વેદના થાય છે તેનું કારણ કાંઈક ગર્ભ-ધારણની ખામીઓ છે. પણ વેદનાને આપણે વધાવીએ છીએ કારણ કે અંતે તો પરિણામ સારું કલ્પીએ છીએ.

લિ૦ સેવક **કિશોરલાલના વંદેમાતરમ્**

*

ઈબ્રાહીમ આદમ પહેલાં બલ્ખના પર રાજ્ય કરતા હતા. તેઓ ધર્મિષ્ઠ હતા. કહે છે કે એકવાર રાજમહેલના સહુથી ઉપલે માળે એ બેઠા હતા, ત્યારે એમણે કોઈકનો અવાજ સાંભળ્યો. એમણે પૂછ્યું : 'કોણ છે?'

આગંતુક બોલ્યો : 'હું ચોર નથી, તેમ તમારો દુશ્મન પણ નથી, પરંતુ મિત્ર છું.'

'તો કેમ આવ્યો છે?'

'મારું ઊંટ કશેક ગૂમ થઈ ગયું છે, તે શોધવા માટે હું આવ્યો છું.'

'ભલા માણસ, આટલે ઊંચે તે ઊંટ શોધવાનું હોય ખરું?'

આવનારે કહ્યું : 'તમે આટલે ઊંચે રાજમહેલ ઉપર સુવર્ણના સિંહાસન પર આરૂઢ થઈને, કીમતી વસ્ત્રો પરિધાન કરીને ખુદા શોધવા ઇચ્છો છો ને? તમારું કાર્ય પણ મારા જેવું નથી?'

કહે છે કે રાજા મર્મ પામી ગયો ને પાછળથી એણે ફકીરી સ્વીકારી લીધી.

×

'દેવપૂજા અને દેવતાઓનું મહત્ત્વ વધારવાને નિમિત્તે વિકસતી કળા વિશે આપને શું લાગે છે?' શ્રી કેદારનાથજીને એક શિષ્યે પ્રશ્ન કર્યો.

એમણે જવાબ આપ્યો :

'એમાં મને માણસનો વિકાસ થતો દેખાતો નથી. ઊલટું કંઈક અંશે અજ્ઞાન જ જણાય છે. આપણામાં રહેલી વાસનાઓનું દેવમાંયે આપણે આરોપણ કરીએ છીએ અને તે વાસનાઓ આપણામાંથી નીકળી ગયેલી માનીને બીજી તરફથી તેનું પોષણ કર્યે જઈએ છીએ. દેવને કે બીજા કોઈને ય નામે વાસનાને પોષવી ન જોઈએ, એને જ્ઞાનપૂર્વક કાઢી નાખવી ઘટે.'

×

મહાભારત અને જૈન આગમ

લેખક :
પં. બેચરદાસ દોશી

આમ તો મહાભારત બ્રાહ્મણ પરંપરાનો ગ્રંથ છે અને જૈન આગમો જૈન પરંપરાનાં છે. એ બે વચ્ચે હોય તો વિરોધ જ હોય પણ કશી સમાનતા કે સગાઈ તો ન જ હોય એવી સાધારણ માન્યતા છે. શ્રમણ અને બ્રાહ્મણ વચ્ચે પાછલા કેટલાક સમયથી મેળ નથી, બલ્કે વિરોધ છે એવું તે તે શાસ્ત્રો દ્વારા પણ લોકો જાણે છે. જેમનું નિત્યવેર હોય એવા સમાસના પ્રયોગોના દાખલામાં श्रमणब्राह्मणम् એવું એક ઉદાહરણ ઘણા સમયથી બન્ને પરંપરાના વ્યાકરણ ગ્રંથમાં ચાલ્યું આવે છે અને ‘ જોગી જતિને વેર, વેર સતી વેશ્યાને ’ એવી શામળ ભટ્ટની લોકોક્તિ પણ એ જ વેરની સમર્થક છે.

આ હકીકત ખોટી નથી પણ માત્ર એક જ આંખે અને તે પણ માત્ર ભેદ કે વિરોધ શોધવાની દષ્ટિએ જોવાથી ઊભી થયેલી છે. સમભાવે અને એકબીજાની સગાઈ શોધવાની દષ્ટિએ બીજી આંખે પણ જોઈએ, તો બ્રાહ્મણ અને શ્રમણ વચ્ચે જેટલો ઘનિષ્ઠ સંબંધ છે તેટલો બીજાઓ વિશે દેખાતો નથી. બે સગા ભાઈઓ હોય છતાં જો દોષદષ્ટિથી જ એકબીજાને જોતા હોય તો તેમાં પણ દ્વેષ કે વેર સિવાય બીજો કોઈ ભાવ દેખાશે નહીં, અને જો ગુણદષ્ટિએ અને સમાધાનભાવે જોઈશું તો ગમે તે બે તદ્દન જુદાજુદા લાગતા મનુષ્યોમાં પણ ભારે સંગતતા અને ઘનિષ્ઠતા માલૂમ પડે છે, તો પછી બે સગા ભાઈની તો વાત જ શી? સમાજનું ધારણપોષણ અને સત્ત્વસંરક્ષણ કરવું હોય, પ્રજામાં સદ્ભાવ અને પ્રેમ વધારવા હોય તો જુદાઈમાં તો શું વિરોધમાં પણ સંગતતા જોવાની દષ્ટિ કેળવવાની જરૂર છે; તેમ કર્યા સિવાય વ્યક્તિ અને સમાજ બંનેને હાનિ છે. કેવળ ભેદ કે વિરોધદષ્ટિથી જ જોવાની ટેવ પાડીએ તો કદાચ એકલી વ્યક્તિને થોડોઘણો ફાયદો થાય, પણ તે ફાયદાના મૂળમાં સંતાપ અને કલેશ સિવાય બીજું કશું જ દેખાશે નહીં. માટે સમાજના અને વ્યક્તિનાં હિતવાંછુએ પ્રધાનપણે સમાધાનની દષ્ટિ કેળવવાની વિશે જરૂર છે અને તે રીતે ભિન્નભિન્ન મતોને, જુદાજુદા અભિપ્રાયોને, ભિન્નભિન્ન ગ્રંથોને તથા વિધવિધ સંપ્રદાયોને જોવાથી એ બધામાં વિશેષ સંગતતા, ઘણી ઘનિષ્ટતા અને જાણે કે એ બધા એક જ હોય એમ આપણે પ્રામાણિકપણે જોઈ શકીશું.

બ્રાહ્મણ ગ્રંથકારોએ વેદબાહ્ય લોકોને નિંદ્યા છે, જૈન ગ્રંથકારોએ મહાભારત વગેરે મહાગ્રંથોને મિથ્યા ગ્રંથો કહીને વગોવ્યા છે, પણ તેમાં કેવળ એમણે એક જ આંખનો ઉપયોગ કરેલો અને કેવળ સંકુચિત સાંપ્રદાયિક દષ્ટિને જ કેળવેલી. પણ હવે આપણે બધા—પછી ગમે તે ધર્મના, ગમે તે ભાષાના, ગમે તે ધંધાના વા ગમે તે કુળ યા ગોત્રના હોઈએ તોપણ એક જ છીએ; એક રહેવાના અને આપણી ભાવી પ્રજાને પણ એજ એક સંદેશો તેમના વારસામાં આપી જવાના. આ એક ઉદ્દેશ વા દષ્ટિને ધ્યાનમાં રાખીને આ નીચે મહાભારતની સાથે જૈન આગમ ઉત્તરાધ્યયન સૂત્રની તુલનાત્મક રીતે વિવેચના કરવામાં આવી છે. એ વિવેચનામાં કલ્પના નથી, પણ નક્કર સત્ય છે.

વાત એમ છે કે ઘણા જૂના સમયમાં બ્રાહ્મણ પરંપરા કર્મકાંડપ્રધાન હતી, એટલે યજ્ઞો કરવા પછી ભલે તેમનાં નરબલિ એ પશુબલિ ચડાવવામાં આવતો હોય.

યજ્ઞો સ્વર્ગમાં પહોંચાડનારા છે એમ પણ વેદોને નામે કહેવામાં આવતું. 'सौत्रामण्यां सुरापानम्' એટલે સૌત્રામણિ યજ્ઞમાં સુરાનું પાન કરવું એમ કહીને પશુહિંસાની સાથે મદ્યપાનને પણ વેદોને નામે ટેકો આપવામાં આવતો.

આ રીતે વેદોને નામે એક કાળે ઘણા અનાચારોને પોષણ મળેલું. આ પરિસ્થિતિથી ઘણા બ્રાહ્મણો પણ અકળાયેલા અને એ અકળામણમાંથી જ ઉપનિષદો જન્મ્યાં છે અને માઠર જેવા બ્રાહ્મણપરંપરાના પુરસ્કર્તાએ તો એમ પણ કહેલું છે, કે वृक्षान् छित्वा पशुन् हत्वा कृत्वा रुधिरकर्दमम् । पराश्रय गम्यते स्वर्गः नरकः केन गम्यते (માઠરવૃત્તિ–પાનું આઠમું. ચૌખંબા ગ્રંથમાળા) અર્થાત્ જો યજ્ઞમાં પશુઓને મારીને સ્વર્ગમાં જઈ શકાય તો પછી નરકમાં જવાનો બીજો કયો માર્ગ છે? અથવા આવા હિંસકો સ્વર્ગમાં જાય તો પછી નરકમાં કોણ જાય? ગીતાના સમર્થક પુરુષોત્તમ શ્રીકૃષ્ણે પણ એવા હિંસાપ્રધાન વેદો તરફ તાકવાની પોતાના સખા અર્જુનને સાફ ના પાડેલી અને એ રીતે એમણે પણ અહિંસા અને સંયમનું જ સમર્થન કરેલું છે. ગીતાજીમાં શ્રીકૃષ્ણે જે વચનો વેદો વિશે કાઢેલાં છે તે આ પ્રમાણે છે:

यामिमां पुष्पितां वाचं प्रवदन्त्य विपश्चितः ।
वेदवादरताः पार्थ नान्यदस्तीति वादिनः ॥८२॥
कामात्मानः स्वर्गपरा जन्मकर्मफलप्रदाम् ।
क्रियाविशेषबहुलां भोगैश्वर्यगतिं प्रति ॥८३॥
भोगैश्वर्यप्रसक्तानां तयाऽपहृतचेतसाम् ।
व्यवसायात्मिका बुद्धिः समाधौ न विधीयते ॥८४॥
त्रैगुण्यविषयो वेदा निस्त्रैगुण्यो भवार्जुन ।
निर्द्वन्द्वो नित्यसत्यस्थो नियोगक्षेम आत्मवान् ॥८५॥

શ્રી ગીતાજીના બીજા અધ્યાયમાં આ ચાર શ્લોકો આપેલા છે. એ શ્લોકો જ બતાવી આપે છે; કે ગીતાજીના સમયમાં વેદોનો કેવો અનુચિત ઉપયોગ પુરોહિતો કરતા હતા. શ્રીકૃષ્ણ પોતે વેદનો આ જાતનો દુરુપયોગ જોઈને જ પોતાના સખા અર્જુનને વેદવાદ તરફ જોવાની સાફસાફ ના પાડે છે.

આ ઉપરાંત अपुत्रस्य गतिर्नास्ति અર્થાત્ 'અપુત્રિયાની સદ્ગતિ થતી નથી' એવો વેદવાદ છે. વેદોનું અધ્યયન કરવું, પ્રજા પેદા કરવી, બ્રાહ્મણોને જગાડવા વગેરે પણ વેદવાદ છે. કર્મકાંડપ્રધાન પરંપરાનું રહસ્ય નથી સમજવામાં આવતું, ત્યારે જે અનર્થો થાય તે બધા એ પરંપરામાં થાય એ સ્વાભાવિક છે.

એક પુરોહિત બ્રાહ્મણ એ કર્મકાંડપ્રધાન પરંપરાનો અનુગામી છે, ત્યારે એનો પુત્ર એ પરંપરાથી જુદો પડે છે અને અહિંસા-સંયમપ્રધાન પરંપરાને અનુસરવા તત્પર થાય છે. એવા એ બન્ને પિતાપુત્રનો સંવાદ મહાભારતમાં આપેલો છે અને એવો જ સંવાદ જૈન આગમ ઉત્તરાધ્યયનમાં પણ આપેલ છે. આ નીચે એ બન્ને સંવાદોનો અનુવાદ આપું છું અને પછી એ બન્નેનાં મૂળ પદ્યો પણ ટાંકી બતાવું છું, જેથી વાંચનાર જોઈ શકશે કે તે બન્નેના અનુવાદમાં કેટલી બધી સમાનતા છે, એટલું જ નહીં, પણ પદ્યોમાં પણ કેટલી બધી અક્ષરશઃ પણ સમાનતા જળવાયેલી છે.

મહાભારત*માં બારમું શાંતિપર્વ છે. તેમાં ત્રીજું મોક્ષધર્મપર્વ છે. તેમાં સળંગ ચાલ્યા આવતા ૧૭૫મા અધ્યાયમાં રાજા યુધિષ્ઠિર અને ભીષ્મ પિતામહ વચ્ચેનો સંવાદ છે.

શરૂઆત 'युधिष्ठिर उवाच' અર્થાત્ 'યુધિષ્ઠિર બોલ્યા' એમ કરીને થાય છે.

'તમામ પ્રાણીઓના ક્ષયને કરનારો આ

---

* અહીં વાપરેલું મહાભારત પૂનાની આવૃત્તિ છે.

કાળ ચાલ્યો જાય છે તો હે પિતામહ! તમે મને કહો કે અમે શ્રેયસ તરીકે શું સ્વીકારીએ? ૧'

પછી 'भीष्म उवाच' અર્થાત્ ભીષ્મ પિતામહ બોલ્યા:

'આ સ્થળે પણ હે રાજા યુધિષ્ઠિર! પિતા-પુત્ર વચ્ચે એક સંવાદ પુરાતન ઇતિહાસરૂપ થયેલ છે, તેને જ ઉદાહરણરૂપે કહેવામાં આવે છે, તેને તું જાણ.' ૨

અર્થાત્ તારા પ્રશ્નનો જવાબ એ સંવાદમાંથી જડી જશે.

'હે પાર્થ એટલે પૃથાના—કુંતીના—પુત્ર રાજા યુધિષ્ઠિર! સ્વાધ્યાયપરાયણ કોઈ બ્રાહ્મણનો મેધાવી નામે બુદ્ધિશાળી પુત્ર જન્મ્યો હતો. ૩

'મોક્ષ અને ધર્મની સમજમાં કુશળ તથા સમગ્ર લોકતત્ત્વ જાણનારા તે મેધાવીએ સ્વાધ્યાય કરવામાં તત્પર એવા તે પોતાના પિતાને કહ્યું.' ૪

पुत्र उवाच। પુત્ર બોલ્યો:

'હે પિતાજી! માનવોનું આયુષ્ય ઝપાટાબંધ ચાલ્યું જાય છે, તો સમજદાર ધીરપુરુષે પોતાના શ્રેય માટે શું કરવું ઘટે? પિતાજી! તમે મને અનુક્રમે યથાર્થ હકીકત કહો જેથી હું ધર્મનું આચરણ કરવા માંડું.' ૫

पिता उवाच। પિતા બોલ્યા:

'હે પુત્ર! બ્રહ્મચર્ય ધારણ કરીને વેદોને ભણીને આપણાં પૂર્વજ—પિતૃઓને પાવન કરવા માટે પુત્રોને ઇચ્છવા જોઈએ અર્થાત્ બ્રહ્મચર્ય સાથે વેદોને ભણ અને શ્રાદ્ધ માટે પુત્રોને પેદા કર.

'અગ્નિની સ્થાપના કરીને વિધિપૂર્વક યજ્ઞો કર અને પછી વાનપ્રસ્થ થયા બાદ મુનિ થવાની ઇચ્છા કર.'૬

(મેધાવીનો પિતા કર્મકાંડપ્રધાન બ્રાહ્મણ પરંપરાનો છે અને મેધાવીની આસ્થા એ કર્મકાંડપ્રધાન એવી બ્રાહ્મણ પરંપરાથી ઊઠી ગઈ હોય એમ લાગે છે, એ ધ્યાનમાં રાખવા જેવું છે.)

पुत्र उवाच। પુત્ર બોલ્યો:

'સમગ્ર સંસાર આ રીતે ભારે પિસાઈ રહ્યો છે અને અનેક દુઃખોથી ઘેરાયેલો છે તથા આયુષ્યને હરવામાં સફળ એવી રાત્રીઓ વીતતી જાય છે, તેવે વખતે હે પિતા! તમે આવું ધીરના જેવું કેમ બોલો છો અર્થાત્ જ્યારે જગત આખું મૃત્યુના જડબામાં ફસાયેલું છે અને આધિવ્યાધિ તથા ઉપાધિઓથી ઘેરાયેલ છે, તેવે વખતે વેદોને ભણવાની, પુત્રોને પેદા કરવાની તથા યજ્ઞો કરવાની સલાહ શી રીતે આપો છો? કાલની તો કોઈને ખબર નથી.' ૭

पिता उवाच। પિતા બોલ્યા:

'દીકરા! આ તું શું કહે છે? આ સંસાર કેવી રીતે પિસાઈ રહ્યો છે? દુઃખોથી કેવી રીતે ઘેરાયેલો છે? કઈ સફળ રાત્રીઓ વીતતી જાય છે? જાણે કે તું શું મને બિવરાવી રહ્યો છે!' ૮

पुत्र उवाच। પુત્ર બોલ્યો:

'લોક બધા મૃત્યુથી આઘાત પામેલા છે, જરાના રોગથી ઘેરાયેલા છે અને આપણું આયુષ્યને ઘટાડનારાં આ રાતદિન ચાલ્યાં જાય છે. આ બધું હે પિતા! તમે કેમ જાણતા નથી? ૯

'આયુષ્યને ગળી જનારી આ કાળરાત્રીઓ રોજ ને રોજ આવે છે અને જાય છે. વળી હું જ્યારે એ જાણું છું કે મૃત્યુ ઊભું રહેતું નથી, ૧૦

ત્યારે જ્ઞાન સમ બખ્તરથી નહીં ઢંકાયેલો હું કેવી રીતે વાટ જોઈને બેસી રહું? ૧૧

(અર્થાત્ પ્રતિક્ષણ આયુષ્ય ઘટતું રહે છે અને મૃત્યુનો ભય ઊભો જ છે, તેવે વખતે વેદોને ભણવાનું, પુત્રોને પેદા કરવાનું અને

યજ્ઞો કરવાનું મને કેમ સૂઝે ?)

'જેમજેમ રાતો વીતે છે, તેમતેમ આયુષ્ય અલ્પ, અલ્પતર અને અલ્પતમ થતું રહે છે. પંડિત પુરુષે આવી સ્થિતિમાં વીતી જતા સમયને નિષ્ફળ માનવો જોઈએ.

'આવી દુઃખમય પરિસ્થિતિમાં કયો માણુસ સુખ પામે? ઓછા પાણીમાં જેમ માછલું તરફડે, તેમ માણુસો દુઃખમાં તરફડી રહ્યાં છે. માણુસની ધારેલી વાસનાઓ પૂરી નથી થતી, ત્યાં તો મનુષ્યને મૃત્યુનું તેડું આવી જાય છે. ૧૨

'વાસનાઓમાં મનને પરોવીને માણુસ હજુ ફૂલોને ચૂંટતો હોય છે, ત્યાં જ મૃત્યુ તેને ઉપાડીને ચાલતું થાય છે, જેમ વરુ ગરીબ ઘેટાને ઉપાડીને ચાલતું થાય છે તેમ. ૧૩

'તું આજે જ તારું શ્રેય જે થાય તે કરી લે, તને આ મૃત્યુ–કાલ દબાવી ન જાય, કરવાનાં કાર્યો અણકર્યાં રહેશે અને ખરેખર તને મૃત્યુ ખેંચી જશે. ૧૪

'આવતી કાલે કરવાનું આજે જ કરી લે, સાંજે કરવાનું બપોરે જ કરી લે. આણે પોતાનું કામ કર્યું છે કે નથી કર્યું એ રીતે મૃત્યુ કોઈની વાટ જોતું નથી. ૧૫

'એમ કોણ જાણી શકે છે કે આજે કોનું મરણ થવાનું છે? માટે યુવાન માણુસે જ ધર્મશીલ થવું જોઈએ. જીવન અનિત્ય છે.

'ધર્માચરણથી કીર્તિ થશે. ઉપરાંત આ લોકમાં અને પરલોકમાં પણ સુખ જ થશે. ૧૬

'મોહથી ઘેરાયેલો માનવી પુત્રો અને સ્ત્રીઓ માટે ઉદ્યત થાય છે અને કરવાનું કે ન કરવાનું કામ કરીને પણ એમને પોષણ આપે છે. ૧૭

'પુત્ર અને પશુઓની સંપતવાળા તથા વિશેષ આસક્ત મનવાળા પુરુષને, જેમ સૂતેલા હરણને વાઘ ઉપાડીને ચાલ્યો જાય છે, તેમ મૃત્યુ ઉપાડીને ચાલ્યું જાય છે. ૧૮

'મોહના ઘેનમાં પડેલા, હજુ સંચય કરવાની શરૂઆત કરતા અને વાસનાઓથી અતૃપ્ત રહેલા માનવને, જેમ વાઘ પશુને લઈને ચાલ્યો જાય છે, તેમ મૃત્યુ ઉપાડીને ચાલ્યું જાય છે. ૧૯

'આ કામ કર્યું છે, આ કામ કરવું બાકી છે અને બીજું પણ ઘણું કર્યું છે અને કરવાનું છે, એ રીતે જે માનવ અસુખમાં આસક્ત રહે છે, તેને મૃત્યુ પોતાને તાબે કરે છે. ૨૦

'જે જે કર્મો એટલે કાર્યો માણુસે કરેલાં છે તેનું ફળ હજુ તેને મળ્યું નથી, ત્યાં તો એ ખેતર, હાટ અને ઘરમાં આસક્ત થયેલા મનુષ્યને પકડીને મૃત્યુ ચાલ્યું જાય છે.૨૧

'માણુસ ભલે દૂબળો હોય કે બળવાન હોય, શૂરવીર હોય કે બીકણુ હોય, જડ હોય કે કવિ–પંડિત હોય–એ બધા પોતપોતાની વાસનાઓને હજુ પૂરી ન કરી શક્યા હોય તોપણ તે બધાને ઉપાડીને મૃત્યુ ચાલ્યું જાય છે. ૨૨

'હે પિતા! આ શરીરમાં મૃત્યુ, જરા, વ્યાધિ અને બીજાં અનેક દુઃખો ભરેલાં છે, છતાં તમે તદ્દન સ્વસ્થ જેવા કેમ બેઠા છો?

'જન્મેલા પ્રાણીને જ યમરાજ ઉપાડી જાય છે, જરા ઘેરી વળે છે. મરણ અને જરાથી જગતનાં તમામ સ્થાવરજંગમ પ્રાણીઓ ઘેરાયેલાં છે. ૨૪

'જે માણુસને આ ગ્રામ્ય સુખોમાં એટલે દેહ ઇંદ્રિયોનાં સુખોમાં ચેન પડે છે, તે મૃત્યુનું જ મુખ છે. અને જે માણુસ એ ગ્રામ્ય સુખોને તજી દઈને અરણ્યમાં વાસ કરે છે, તે દેવોનો જ ગોષ્ઠ છે અર્થાત્ ત્યાગ સાથેનો અરણ્યવાસ સ્વર્ગ સમાન છે. ૨૫

'ગ્રામ્ય સુખોમાં જ ભરાઈ રહેવું તે એક જાતનું મોટું બંધન છે. જે સુકૃતિ મનુષ્યો છે તેઓ એ બંધનને છેદી નાખે છે અને

જેઓ દુષ્કૃતિ છે તેઓ એ બંધનને છેદી શકતા નથી. ૨૬

'જે મનુષ્ય મનસા, વાચા અને કર્મણા કોઈ પ્રાણીની હિંસા નથી કરતો, તેને ક્રૂરમાં ક્રૂર પ્રાણી પણ મારી શકતું નથી. ૨૭

'સત્ય વિના બીજું કોઈ પણ તત્ત્વ, સામે ધસી આવતી મૃત્યુની સેનાને રોકી શકતું નથી; માટે અસત્યને તજી દેવું જોઈએ. સત્યમાં અમૃત ભરેલું છે. ૨૮

'સત્યનો સાચો મહિમા સમજીને માનવીએ સત્યવ્રતનું આચરણ કરવું જોઈએ, સત્ય–યોગમાં તત્પર થવું જોઈએ તથા સત્ય-શાસ્ત્રના અનુગામી બનવું જોઈએ, દાન્ત થવું જોઈએ અને સત્ય વડે જ મરણને જીતવું જોઈએ. ૨૯

'અમૃત અને મરણ એ બન્ને આ માનવ-દેહમાં જ રહેલાં છે. મોહને લીધે મરણ આવે છે અને સત્યને લીધે અમૃત સાંપડે છે. ૩૦

'માટે હે પિતાજી! હું અહિંસક બનીશ, સત્યાર્થી થઈશ, કામ અને ક્રોધને મારી મનમાંથી બહાર કાઢી મેલીશ, દુઃખ અને સુખમાં સમદૃષ્ટિ રહીશ, આ રીતે ક્ષેમવાળો થઈને અમર્ત્યની–દેવની–પેઠે હું મૃત્યુને તજી દઈશ. ૩૧

'મારો પશુયજ્ઞ કે નરયજ્ઞ નહીં હોય, હું તો શાંતિના યજ્ઞમાં તત્પર બનીશ, મારાં ઇંદ્રિયો અને દેહને અંકુશમાં રાખીશ. એ રીતે બ્રહ્મયજ્ઞમાં સ્થિર એવો મુનિ થઈશ તથા પ્રણવજપનો મારો વાણીયજ્ઞ ચાલશે, ગુરુસેવા વગેરે સદનુષ્ઠાનોનો મારો કર્મ-યજ્ઞ ચાલશે, મનનો જય કરવાનો મારો મનોયજ્ઞ પ્રવર્તશે; એ રીતે હું દેવયાનના માર્ગમાં ચાલીશ. ૩૨

'જેમાં પશુઓને મારી નાખવામાં આવે છે એવા ઘોરહિંસક પશુયજ્ઞો વડે મારા જેવો ભાનવાળો સાવધાન થયેલો મનુષ્ય શા માટે યજ્ઞો કરે એટલે દેવોની પૂજા કરે?

'એ હિંસક યજ્ઞો તો નાશવાન છે, મા હું પિશાચની પેઠે એવા યજ્ઞો શા મા કરું? ૩૩

'જેનાં વાણી અને મન હમેશાં બરાબ સ્વસ્થ છે, જે તપ કરે છે, ત્યાગ કરે અને સત્યને આચરે છે, તે ખરેખર બધું પામે છે. ૩૪

'વિદ્યા જેવી કોઈ બીજી આંખ નથી સત્ય વચન જેવું કોઈ બીજું તપ નથી રાગ જેવું બીજું કોઈ દુઃખ નથી અને ત્યાગ જેવું બીજું કોઈ સુખ નથી. ૩૫

'હે પિતાજી, હું પ્રજાવગરનો રહીશ છતાં આત્મનિષ્ઠ બનીશ–આત્મામાં જ પરાયણ રહીશ. પ્રજા મને તારી શકે એમ નથી અર્થાત્ પુત્રોત્પત્તિથી મારું ત્રાણ થઈ શકે તેમ નથી. ૩૬

'સર્વત્ર અભેદવૃત્તિ, સમતા અને સત્ય વાણી, શીલ, સ્થિરતા, હિંસાનો ત્યાગ અને સરળતા–એના જેવું બ્રાહ્મણનું બીજું કોઈ ધન નથી અર્થાત્ સમતા વગેરે જ બ્રાહ્મણનું ધન છે, માટે પ્રપંચવાળી પ્રવૃત્તિઓથી અટ કવું એ જ ઉત્તમ છે. ૩૭

'હે બ્રાહ્મણ! તારે ધનનું શું કામ છે! બંધુઓનું શું કામ છે? સ્ત્રીઓનું પણ તારે શું કામ છે? તું મરવાનો છે.

'જે ગુહામાં પેઠેલો છે એવા આત્માને તું શોધ અને વિચાર કર કે તારા પિતામહ અને પિતા ક્યાં ગયા છે?' ૩૮

અર્થાત્ પેલો મેધાવી પુત્ર પોતાના પિતાને કહે છે કે યજ્ઞો કરવાની, વેદો ભણવાની અને પ્રજોત્પત્તિ કરવાની તમારી સલાહ વખત સરની નથી. મૃત્યુને તરવામાં એ યજ્ઞો એ વેદાધ્યયન કે એ પુત્રો કશી સહાયતા કરી શકતા નથી; માટે હું તો ત્યાગી થઈશ અને આત્મશોધ જ કરીશ.

भीष्म उवाच।

અર્થાત્ આ પિતાપુત્રનો સંવાદ પૂરો થતાં હવે ભીષ્મ પિતામહ રાજા યુધિષ્ઠિરને કહે છે, કે 'હે રાજા! પોતાના મેધાવી પુત્રનું એ જાતનું વચન સાંભળીને જેમ પિતાએ કર્યું, અર્થાત્ જેમ પિતા આત્મનિષ્ઠ બનવા તૈયાર થયા, તેમ તું પણ સત્ય ધર્મપરાયણ થઈને તારું વર્તન કર.' ૨૯

*

હવે પછી જૈન પરંપરાના આગમરૂપ ઉત્તરાધ્યયન સૂત્રમાં આવેલા ચૌદમા ઉસુયારિજ્જ (ઈષુકારીય) નામના અધ્યયનમાં જે હકીકત આવે છે તેનો આ નીચે ક્રમશઃ અનુવાદ આપું છું:

એક પુરોહિત, તેના બે પુત્રો, પુરોહિતની જસા નામની પત્ની, પ્રસિદ્ધ કીર્તિવાળો ઈષુકાર નામે રાજા અને તેની રાણી કમલાવતી દેવી–એમ છ પાત્રોનો સંબંધ આ અધ્યયનમાં છે. દેવલોકના જેવા રમ્ય, પ્રખ્યાત, સમૃદ્ધિવાળા અને પુરાતન કાળથી વસેલા ઈષુકાર નામના નગરમાં એ છ જણાનો સંવાદ થયેલો છે. પુરોહિતના બંને પુત્રો જ્યારે બરાબર સમજણા એવા જુવાન થયા, ત્યારે તેમણે જુવાનીમાં જ સંસારના પ્રપંચપૂર્ણ ચક્રમાંથી દૂર થવાનો નિર્ણય કર્યો, અર્થાત્ કર્મકાંડપ્રધાન પરંપરામાં તેઓ જન્મેલા હતા છતાં તેમના કોઈક વિશિષ્ટ સંસ્કારબળને લીધે તેઓ નાનપણથી જ ત્યાગવૃત્તિ તરફ વળ્યા. તેમણે ગૃહસ્થાશ્રમ ન માંડ્યો, યજ્ઞો ન કર્યા, વેદોનું અધ્યયન પણ છોડી દીધું અને બ્રાહ્મણોને જમાડવા નહીં તેમ પોતાના પિતૃઓનું શ્રાદ્ધ પણ કરવું તેમને યુક્તિરહિત લાગ્યું.

તે બંને પુત્રોએ પોતાના પુરોહિત પિતાને જણાવ્યું, કે 'હે પિતાજી! જન્મદુઃખ, જરાદુઃખ અને મરણદુઃખ એ ત્રિવિધ દુઃખોને લીધે અમે ત્રાસી ગયા છીએ; માટે જ આ ભિક્ષુનો–શ્રમણનો–સંન્યાસીનો માર્ગ સ્વીકારવા તૈયાર થયા છીએ અને સંસારના ચક્રથી છૂટી જવા માટે અમે કામગુણોનો ત્યાગ કરીએ છીએ.' ૪

જ્યારે પુરોહિતે પોતાના પુત્રોને કામભોગોથી વિરક્ત જોયા અને મોક્ષની તેમની આકાંક્ષા વધતી જોઈ, ત્યારે તેને ભારે વિષાદ થયો. વૈરાગ્યના રંગથી રંગાયેલા તે બંને પુત્રોએ પોતાની વાત પોતાના પિતાને આ પ્રમાણે કહી બતાવી: ૬

'આ સંસારનાં સુખો સ્થાયી નથી, તેમ જ તે ઘણાંઘણાં વિઘ્નોથી ભરેલાં છે. વળી અમારું આયુષ્ય પણ એટલું બધું લાંબું નથી, માટે હે પિતાજી! અમે ગૃહસ્થાશ્રમનાં સુખને મેળવવાનો પ્રયત્ન કરવાના નથી, મુનિવ્રત આચરવાના છીએ અને એ માટે તમને પણ આમંત્રણ આપીએ છીએ.' ૭

પુરોહિતને આ વાત સાંભળીને ભારે આંચકો લાગ્યો અને પોતાના પુત્રો વેદો ન ભણે, યજ્ઞો ન કરે અને ગૃહસ્થાશ્રમ માંડીને પુત્રોને પેદા ન કરે, એ બધું તેને પોતાની કર્મકાંડપ્રધાન પુરાણકાળથી ચાલી આવતી પ્રણાલિકાથી તદ્દન ઊંધું લાગ્યું. એથી પુત્રોની સાધનામાં બાધા કરવા માટે તે આ પ્રમાણે બોલ્યો:

'હે પુત્રો! તમે આ શું બોલો છો? જેઓ વેદવિદો છે તેઓ એમ કહે છે કે અપુત્ર મનુષ્યની સદ્ગતિ થતી નથી ('इमं वयं वेयविओ वयंति जहा न होइ असुयाण लोगो') અર્થાત્ તમે પુત્રવિનાના રહેશો તો તમારી અસદ્ગતિ થશે એમ વેદવિદોની વાત તમારે માનવી જોઈએ. ૮

'માટે તમે વેદોને ભણો, બ્રાહ્મણોને પીરસો એટલે જમાડો અને હે પુત્રો! ઘરમાં તમારી ગાદી ઉપર પુત્રોને બેસાડો તથા સ્ત્રીઓ સાથે ભોગોને ભોગવીને તમે અરણ્યવાસી પ્રશસ્ત એવા મુનિ થજો.' ૯

પોતાના પુત્રોનો સંન્યાસ લેવાનો વિચાર

જાણીને પિતા પુરોહિત શોકથી સળગી ઊઠે છે અને તેમાં મોહ તેને અધિક સતાવે છે તેથી તે વધારે દલીલ કરે છે. ૧૦

ધનની લાલચ બતાવીને અને પુત્રોત્પત્તિનું વેદવિધાન બતાવીને પુત્રોને સમજાવવા તૈયાર થયેલા પોતાના પુરોહિત પિતાને તે છોકરાઓએ આ પ્રમાણે કહ્યું: ૧૧

'હે પિતાજી! વેદોને ભણવાથી અમારું ત્રાણ થવાનું નથી. જમાડવામાં આવેલા બ્રાહ્મણો ઊલટું અમને અંધારામાં જ લઈ લઈ જાય છે. જન્મેલા પુત્રો પણ અમને બચાવી શકવાના નથી તો હે પિતાજી! તમારી એ વાતને કોણ માને? ૧૨

'સ્ત્રીઓ સાથેના ભોગો તો ક્ષણમાત્ર માટે જ સુખકર છે, વિશેષ દુઃખથી ભરેલા છે અને ભારે અનર્થરૂપ છે તથા મોક્ષમાર્ગમાં ભયંકર વિઘ્ન સમાન છે. ૧૩

'ધન કમાવા માટે ધમાધમ કરતાં અને એ માટે રાતદિવસ સંતાપ પામતા પુરુષને એક વખત જરા ઘેરી વળે છે અને મૃત્યુ તેની પાસે પહોંચી જાય છે. ૧૪

'આ મારું છે, આ મારું નથી; આ કરવાનું છે, આ નથી કરવાનું; એવી રીતે લપલપાટ કરતાં પુરુષને મૃત્યુના દૂતો આવીને ઝપાટાબંધ ઉપાડી જાય છે, માટે પ્રમાદ શા માટે કરવો?' ૧૫

આ સાંભળીને પિતા પુરોહિત બોલ્યો: 'વત્સો! ઘરમાં ધન ઘણુંય છે, કામભોગોની સામગ્રી પણ અખૂટ છે, સ્ત્રીઓ પણ રમણીય છે. વળી જેને માટે બીજા લોકો તપ તપીતપીને મરી જાય છે, તે બધું સંસારનું ભોગસુખ તમને સહેલાઈથી મળેલું જ છે, તો પછી શા માટે ભિક્ષુ થવાનો વિચાર કરો છો?' વળી પિતા કહે છે, કે 'પુત્રો, આત્મા જ નથી. જે છે તે આ બધું પ્રત્યક્ષ જ દેખાય છે: તો તેને જ ભોગવી લ્યો અને પરલોકને ભરોસે રહીને કોણી ઉપરનો ગોળ ચાટવા જેવું શા માટે કરો છો?' ૧૬

આ સાંભળી પુત્રો બોલ્યા: 'પિતાજી, ધર્મની સાધનામાં ધનનું શું કામ છે? તેમ જ કામગુણોનું પણ કશું જ કામ નથી. અમે તો ગુણધારી એવા શ્રમણો થઈશું અને ભિક્ષા દ્વારા નિભાવ કરીને અરણ્યવાસી બનીશું. ૧૭

'હે પિતાજી! જેમ અરણીના લાકડામાં અગ્નિ રહેલો છે, દૂધમાં જેમ ઘી રહેલું છે અને તલોમાં જેમ તેલ રહેલું છે, તેમ આ શરીરમાં આત્મા રહેલો છે. એ આત્મા રૂપ, રસ, ગંધવાળો ન હોવાથી ઇંદ્રિયો દ્વારા સમજાતો નથી અને અમૂર્ત હોવાથી જ તે સ્થાયી–નિત્ય છે. ખોટા સંસ્કારોને લીધે તે બંધાય છે અને એવું બંધન જ તેના સંસારનું કારણ છે. ૧૮,૧૯

'પહેલાં તો અમે ધર્મના વાસ્તવિક સ્વરૂપને સમજતા નહોતા અને તેથી જ અમે અનેક પાપકર્મો કરેલાં, પણ હવે ધર્મની ખરી સમજણ પામ્યા પછી ફરીફરીને અમે એવાં હિંસામય અનુષ્ઠાનો કરવાના નથી; તમે અમને ગમે તેટલા રોકવા તૈયાર થાઓ તોપણ અમે હવે ક્ષણ પણ રોકાવાના નથી. ૨૦

'સમસ્ત લોકો ભારે આઘાત પામેલા છે અને દુઃખોથી ચારે બાજુ ઘેરાયેલા છે. આ બધી રાત્રીઓ સફળ થઈને ચાલી જાય છે, માટે હે પિતાજી, હવે અમને તમારી વાતમાં રસ રહેતો નથી.' ૨૧

પિતાએ પૂછ્યું:

'લોક કોનાથી આઘાત પામેલ છે? અને કયાં દુઃખોથી ઘેરાયેલા છે? વળી આ રાત્રીઓ સફળ થઈને ચાલી જાય છે એ શું છે? હે પુત્રો તમારાં વચનથી હું ચિંતામાં પડ્યો છું, માટે મને સમજાવો.' ૨૨

'પિતાજી! લોકો મૃત્યુથી આઘાત પામેલા છે, જરાથી ઘેરાયેલા છે અને આપણું આયુષ્ય હરી લેનારી આ રાત્રીઓ–કાળરાત્રીઓ પોતાનું કામ પતાવીને ચાલી જાય છે. ૨૩

પિતાજી! તમે આ બધું સમજો.૨૩

‘પિતાજી! જે જે રાત ચાલી જાય છે તે કદી પાછી આવતી નથી. જે મનુષ્ય અધર્મનું આચરણ કરે છે, તેની તે રાત્રીઓ નિષ્ફળ જાય છે અને જે મનુષ્ય ધર્મનું આચરણ કરે છે, તેની તે રાત્રીઓ સફળ જાય છે.૨૪–૨૫

‘પિતાજી! જેની સાથે મૃત્યુની ભાઈબંધી છે અથવા જે મૃત્યુથી ભાગીને છૂટી શકે છે અથવા ‘હું મરવાનો નથી’ એવી જેને ખાતરી છે, તે માણસ જ એમ કહે કે હું આવતી કાલે કરીશ. પિતાજી! અમે તો આજે જ આ શ્રમણધર્મને સ્વીકારવાના છીએ, જેના આચરણથી અમે ફરી જન્મવાના નથી એવી અમને ખાતરી છે; એટલે હવે અમે રાગદ્વેષ તજી દઈને જે નક્કી કર્યું છે તે જ કરવાના છીએ.’૨૬–૨૭–૨૮

આ પછી પુરોહિત, તેની પત્ની, રાજા અને રાજાની રાણી અને પેલા બે પુરોહિતપુત્રો–છએ જણા બોધ પામીને શ્રમણધર્મને સ્વીકારે છે એ બધી હકીકત ગા૦ ૨૯થી ૫૩ સુધીમાં ચર્ચેલી છે.

આ લખાણને હવે આથી વધારે લાંબું ન કરવું જોઈએ એ દૃષ્ટિથી અહીં મહાભારતના અને ઉત્તરાધ્યયન સૂત્રના તમામ શ્લોકો આ નીચે નથી આપવામાં આવતા, પરંતુ તે બે વચ્ચે જે અસાધારણ સમાનતા છે તે ઉપરના અનુવાદથી જ જણાઈ આવે છે; માટે આ નીચે તે બંને ગ્રંથોનાં એવાં જ પદ્યો આપું છું, જેમની વચ્ચે શબ્દરચનાની દૃષ્ટિએ પણ અસાધારણ સમાનતા છે:

મહાભારત

પિતાનું વચન

वेदानधीत्य ब्रह्मचर्येन पुत्र
पुत्रानिच्छेत् पावनार्थं पितृणाम् ।
अग्निनाधाय विधिवश्चेष्टयज्ञो
वनं प्रविश्याथ मुनिर्बुभूषेत ॥

પુત્રનું વચન

एवमभ्याहते लोके समन्तात् परिवारिते
अमोघासु पतन्तीषु किं धीर इव भाषसे ॥

પિતાનું વચન

कथमभ्याहतो लोकः केन वा परिवारितः
अमोघाः काः पतन्तीह किंनु भीषयसीवमाम् ॥

પુત્રનું વચન

मृत्युनाऽभ्याहतो लोको जरया परिवारितः
अहोरात्राः पतन्त्येते ननु कस्मान्न बुध्यसे ॥

પુત્રનું વચન

यदाहमेतज्जानामि न मृत्युस्तिष्ठतीति ह ।
सोऽहं कथं प्रतीक्षिष्ये ज्ञानेनाऽपि हितैश्चरन् ॥
आत्मन्येव भविष्यामि न मां तारयति प्रजा

મહા૦ શાંતિપર્વ–મોક્ષધર્મપર્વ અ૦ ૧૭૫ પૃ. ૩૦૦

ઉત્તરાધ્યયનસૂત્ર

પિતાનું વચન

अहिज्जवेडा परिविस्स विप्पे
पुत्ते परिट्टप्प गिहंसि जाया॥
भोच्चाण भोडा सह इत्थियाहिं
आरण्णगा होह मुणी पसत्था ॥

પુત્રનું વચન

अब्भाहयम्मि लोगम्मि सव्वओ परिवारिए ॥
अमोहाहिं पडन्तीहिं गिहंसिन रइंलभे ॥

પિતાનું વચન

केण अब्भाहओ लोगो केणवा परिवारिओ ।
का वा अमोहा वुत्ता जाया! चिंतावरो हु मे ॥

પુત્રનું વચન

मच्चुणाऽब्भाहओ लोगो जराए परिवारिओ ।
अमोहा इयणी वुत्ता एवं ताय! वियाणह ॥

પુત્રનું વચન

जत्सऽत्थि मच्चुणा सक्खं जस्स अत्थि पलायणं ।
जो जाणइ न मरिस्सामि सो हु कं खे सुए सिया॥
जायाय पुत्ता न हवंति तानं कीणाम ते अणुमन्नेज्ज एयं॥

ઉત્તરાધ્યયનસૂત્ર ઈષુકારીય અધ્યયન ચૌદમું

સાચો માર્ગ

લેખક :
શ્રી રવિશંકર મહારાજ

સમાજમાં દવાખાનાંની જરૂર છે. તેમાં મધ્યમ વર્ગના અને સામાન્ય માણસોને મોટી ફી આપી રોજ ટાંપાં ખાવા કરતાં સહેલાઈથી ને ઓછા ખર્ચે સારી દવા મળે એ વાત સારી છે; પરંતુ હું તો એ સિવાય બીજું જ કહું: પોલીસનાં થાણાં ગામેગામ વધે તેમ ગામની પ્રતિષ્ઠા નથી વધતી, પણ એ ગામ તો ચોર કહેવાય.

તે જ પ્રમાણે દવાખાનાં વધે તેથી ખુશી થવા જેવું નથી; પરંતુ તેથી તો એમ સાબિત થાય છે કે આપણને જીવતાં જ આવડતું નથી; આપણા જીવનની રહેણીકરણી સારી નથી.

પ્રભુએ આપણને જે કંઈ સામગ્રી આપી છે તે તો તંદુરસ્ત રહેવા, તંદુરસ્ત થવા આપી છે. હા, આપણી ભૂલ થઈ જાય અને તે માટે દાક્તરો કે વૈદોનું માર્ગદર્શન જોઈએ; પણ મહોલ્લેમહોલ્લે દવાખાનાં થાય તેવી પરિસ્થિતિ તો નીકળી જ જવી જોઈએ. દાક્તરો ને વૈદો દવાને બદલે સલાહ આપી એવો રસ્તો બતાવે કે તંદુરસ્તી પાછી આવે. આવું થાય તો જ આપણો શ્રમ સફળ ગણાય. આજે આપણે એવી પરિસ્થિતિમાં ગોઠવાયા છીએ કે આપણે સાજા રહીએ જ નહીં; કારણ આજે સાજા રહેવાની સામગ્રી નથી. આપણા વિચાર, વર્તન બધું ખરેખરું એવું છે કે એ આપણને એ ક્યાં લઈ જશે તે કંઈ કહેવાય નહીં.

બજારનો ખોરાક પણ આપણને ભારે હાનિ પહોંચાડે છે. આજે એવો કોઈ છોકરો ભાગ્યે જ નીકળશે કે જે બજારનો ખોરાક નહીં ખાતો હોય. આથી આપણે માંદા ન પડીએ તો શું થાય? અને છતાં એવો ખોરાક ખાવામાં આપણે મગરૂબી લઈએ છીએ. માબાપ છોકરાંઓને પૈસા વાપરવા માટે આપે છે. હું નાનો હતો ત્યારે વરસેદહાડેય પૈસો નહોતો મળતો. આજે છોકરા એ પૈસાવડે બજારમાંથી જે તે ખાય છે, સ્કૂલોની બહાર ખૂમચાવાળા ઊભા હોય છે અને છોકરાં નિશાળમાંથી છૂટે કે તેઓ ખૂમચાવાળાની આસપાસ મધમાખીની માફક બણબણે છે. મેં એક છોકરાને પૂછેલું કે તું આવું શા માટે ખાય છે? તેણે મને કહ્યું: 'ટેસ' આવે છે! અરે, માબાપ પણ આવું ખાય છે. આપણે હોટલોમાં ગંદી ચા પીએ છીએ, મને તો તેથી કંપારી છૂટે છે. બહારગામથી દૂધ આવે છે. એ દૂધના હાંડા ઉપર જોડા મુકાય છે. આવાં દૂધ ને ચા પિવાય જ કેમ? આ બધી પ્રસાદી સુંદર ડામરના રસ્તાવાળા શહેરમાં આપણે પામીએ છીએ.

ગામડાંના લોકો દોડતા શહેરમાં આવે છે, પણ જો આ રીતે જીવવાનું આપણે નહીં બદલીએ તો દવાખાનાં વધશે. આપણો પોશાક પણ જુઓ ને? વાંચન પણ એવું જ ગંદું હોય છે. બાળકો પાસે હું ઇંદ્રિયોને ઉશ્કેરી મૂકે તેવી નવલકથાઓ સિવાય બીજું કશું દેખતો નથી. ધોબીએ ધોયેલાં ઇસ્ત્રીબંધ સફેદ કપડાં પહેરીને ફરતો હોય અને પાછળથી બીડીના ધુમાડા કાઢતો હોય; આમાં આપણો આરો ક્યાંથી આવે? એને સ્વાસ્થ્યની પડી નથી, પરિશ્રમની પડી નથી. ગુજરાતની કે ભારતની પડી નથી.

જીવન માટે પુરુષાર્થ છે; પણ કેમ જીવવું, શા માટે જીવવું અને કઈ રીતે જીવવું, તેની એને ખબર નથી. અગાઉ

શિક્ષણ વાતો દ્વારા અપાતું, પણ હાલ તેનું સ્થાન પુસ્તકોએ લીધું છે. તેમાં ય નવલકથા મુખ્ય છે. જીવનનો ખોરાક ચિંતવનમાંથી મેળવવો જોઈએ. એક વખત એવો હતો કે લોકો ભૂખે મરે પણ કોઈની ચીજ પર આંખ નહોતા કરતા. પશુને ભૂખ લાગે ત્યારે ખાય છે, પણ શું ખાય છે, કોનું ખાય છે, તેનું તેને ભાન નથી. તેવી જ રીતે ભલેને કોઈને નુકસાન થતું હોય, પણ વાંદરો તો કૂદવામાં જ સમજે છે; આમ ભય, નિદ્રા, મૈથુન વગેરે પ્રાણીમાં એકસરખાં હોય છે, પણ માનવીમાં વિવેક હોવાથી બીજાં બધાં પ્રાણી કરતાં એ જુદો પડે છે.

પાકિસ્તાન હિંદ પાસે ૫૫ કરોડ રૂપિયા માગતું હતું તે પણ પૂ. ગાંધીજીએ અપાવ્યા, તે સંસ્કૃતિ. પહેલાં તો એક વેપારી પાસે ખેડૂતના પૈસા જમા હોય અને વેપારી દેવાળું કાઢે તો રૂપિયા ખેડૂતને પાછા આપે અને ત્યારપછી જ તેનાથી દેવાળું કાઢી શકાતું, પણ હાલ તો વેપારીના દેવાળાની સાથે ખેડૂતના પૈસા પણ જાય છે.

આપણે જીવવાની રીતો બદલવી પડશે અને પ્રજાને નવી રીતે ઘડવી પડશે. નવી પ્રજા સંસ્કારી થાય, શાંતિથી જીવે અને સંસ્કૃતિ પસરાવે તે અગત્યનું છે. જરૂરિયાતો કમી કર્યે કમી થતી નથી, પણ ઉત્પન્ન કરીને વાપરવાથી કમી થાય છે. સંયમ ગોખ્યે નથી આવતો, કાર્યથી સંયમ આવે છે. પુરુષાર્થ એટલે આત્માના કલ્યાણ માટે જીવવું. ઉદ્યોગ એટલે ઊંચા પ્રકારનો યોગ. જેમજેમ પુરુષાર્થ, ઉદ્યોગ અને શ્રમનો નાશ થતો જાય છે, તેમતેમ પાપો આપણામાં ઘૂસતાં જાય છે.

વહાણું વાય છે તેમ તેમ મધ્યમ વર્ગ વધતો જાય છે. છોકરો નિશાળમાં ગયો કે તે મધ્યમ થયો સમજવો. મધ્યમ વર્ગ એટલે એક કમાય ને ખાય પાંચ-સાત. મજૂરીમાંથી આપણી ભક્તિ ઊડી ગઈ છે. શ્રદ્ધા, ધર્મ, કર્તવ્ય ઊડી ગયું છે અને વૈતરું જ રહ્યું છે. જીવનમાં ઉદ્યોગ હશે તો જ ટકી શકાશે. ભણેલા લોકો વર્ધા-યોજનાને 'અર્ધા યોજના' કહે છે. વર્ધા-યોજના ગર્ભાધાનથી શરૂ થઈ, અંત પર્યંત ચાલે છે. જીવનમાં જેને કશી ચિંતા ન હોય એવો કાબૂ તે વર્ધા-યોજના. ચિંતા માત્ર ઈશ્વરની જ હોય. ચોપડીનું જ્ઞાન તે જ્ઞાન નથી. ક્રિયા મારફત જ્ઞાન અને તે મજૂરી જેવું કે વૈતરા જેવું નહિ, પણ કર્તવ્ય, ભક્તિ, શ્રદ્ધા અને ધર્મ સાથે ક્રિયા કરાય તેને જ પુરુષાર્થ કહી શકાય. ભાવ સાથે ક્રિયા તે શ્રમ. માળા ફેરવવી ખરી પણ કંઈ કામે હોય તો જેમતેમ પૂરી કરી દેવી તેમાં ભક્તિ નથી, તે માત્ર વૈતરું થયું.

મહેનત કરો. જીવવાથી સંયમ આપોઆપ આવી જાય છે. દાખલા તરીકે પાણી ભરીને નાહનારને ખબર પડી જાય છે કે કેટલું પાણી ઢોળવું જોઈએ. આ સંયમ થયો. અમેરિકામાં ઘરમાં નોકર નથી. આવું જીવનનું શિક્ષણ કોણ આપે? આચાર્ય—આચાર કરે તે. કોઈ પણ એક વસ્તુ બજારમાંથી એક મણ ખાવા માટે લઈ આવવી હોય તો શરમ લાગે, પણ કસરત વખતે મણ નહિ પણ બે મણ વજન ઊચકતાં શરમ ન લાગે એવું ઉપલકિયું આપણું વર્તન થઈ ગયું છે!

આપણે ઉદ્યોગ કરીને બાળકોને પદાર્થપાઠ આપવાનો છે. શિક્ષકમાં પોતાનામાં જીવનશિક્ષણની વાત રૂંવેરૂંવે ઊતરી જાય તો તે બાળકોને તો ભણાવશે, પણ સાથોસાથ તે પહેલાં તેનાં માબાપને પણ ભણાવશે, સમજાવશે અને ખરો પ્રચારક બનશે.

અહિંસા દ્વારા, ઉદ્યોગ દ્વારા, શ્રમ ને પ્રયત્નથી જીવન જીવવું જોઈએ એમ ગાંધી-

જીએ કહ્યું છે. જે માણસ પરિગ્રહ કરે છે તે ચોરી કરે છે અને અહિંસા, સત્ય, સંયમ વગેરે પાળી શકતો નથી અને શ્રમ વગર અપરિગ્રહ થઈ શકતો નથી. જ્ઞાન અને કર્મ ભેગાં થાય તો જ દસ થાય—એકડા ઉપર મીંડું ચડી જાય.

ઘર અને નિશાળ, આચાર્ય અને માતા-પિતા—આ બધાંનો મહિમા શાસ્ત્રથી શીખવાડવો જોઈએ. ત્યારે જ તે પંતૂજી મટી પંત (મોટો) બનશે. માબાપ એ શિક્ષકનું સાહિત્ય બનશે. પોતે લે અને બાળકને આપે એ જ જીવન-શિક્ષણ. શિક્ષણનો ધંધો પૈસા કમાવાનો નથી પણ કલ્યાણ કરવાનો છે, મોક્ષ મેળવવા માટે છે. લડાઈમાં જતી વખતે જેમ સૈનિકો પૂરી તૈયારી કરે છે, માથું આપવાનો સંકલ્પ કરે છે, તેવી જ રીતે કોઈ પણ ધંધો લેતાં પહેલાં આપણે સંકલ્પ કરવાનો છે. તે ધંધામાં તદાકાર થવાનું છે. જીવનનું ધ્યેય શું? સમાજકલ્યાણ કે આત્મકલ્યાણ? કોઈના જીવનમાં હરકત નાખ્યા વગર જીવવું તે જ જીવનનું ધ્યેય હોવું જોઈએ. જેનામાં વિચારશક્તિ છે, વિવેક છે તે જ આવું જીવન જીવી શકે!

સર્જન અને સંરક્ષણ એ ઈશ્વરનાં બે જ કાર્ય છે. ચિંતન, મનન, પ્રાર્થના, પૂજા, એ માત્ર બોલવા પૂરતાં ન થવાં જોઈએ. પણ જે કાર્ય કરીએ તેમાં અન્યને કામમાં મદદ કરવી એ જ ચિંતન છે, પૂજા છે, મનન છે. ઈશ્વરનું નામ લેવા કરતાં ઈશ્વ સર્જેલા બગીચાને ખીલવવામાં—પાણી પાવાના કર્તવ્યમાં જ ઈશ્વરની ભક્તિ છે, નામ છે. પ્રવૃત્તિમાં નિવૃત્તિ ન હોય તો તે પ્રવૃત્તિ નથી અને પ્રવૃત્તિ વિના નિવૃત્તિ (શાંતિ) નથી.

જીવનનું ધ્યેય સુખ, સંતોષ મેળવવાનું નથી પણ શ્રેય મેળવવાનું છે, કલ્યાણ સાધવાનું છે અને એ જ સાચો માર્ગ છે.

* * *

પચાસ વર્ષની ઉંમરે પહોંચેલા મારા એક મિત્રને મેં પૂછ્યું: 'જગમોહનભાઈ, આપની ઉંમર કેટલી?'

જવાબ મળ્યો: 'છ વર્ષ.'

હું વિચારમાં પડી ગયો. ૪૨ વર્ષ થયાં હશે અને ૪ અને ૨નો સરવાળો કરી છ કહેતા હશે. ૫ વર્ષ થયાં હશે અને ૫ અને ૧નો સરવાળો કરી છ કહેતા હશે. ૪૨ કરતાં ૫૧ વર્ષ મને યોગ્ય લાગ્યાં અને મેં કહ્યું: 'હં, ૫૧ વર્ષ.'

તેમણે કહ્યું: 'ના. તમે ભૂલો છો.'

વળી વિચારમાં પડ્યો. ખૂબ બુદ્ધિ લડાવી, પણ સૂઝ ન પડી.

તેમણે કહ્યું: 'તમારા જેવા મારી સાથે રોજ સહવાસમાં રહેનારા મિત્રને તુરત યાદ આવવું જોઈતું હતું. સને ૧૯૪૬ના ડિસેમ્બરની ૬ઠ્ઠી તારીખે મેં અનાજ છોડી ફળાહાર શરૂ કર્યો તે જ દિવસોને હું ખરેખરા મારા જીવનના દિવસો સમજું છું. ફળાહાર શરૂ કર્યા બાદ જે શારીરિક અને માનસિક સુ ભોગવી રહ્યો છું, તે એટલું બધું અનુપમ છે કે હવે મને અન્ન લેવાની લેશમાત્ર ઇચ્છા થતી નથી.'

મેં કહ્યું: 'તો ૬ઠ્ઠી ડિસેમ્બરે તમારા આખા કુટુંબને મારે ત્યાં જ જમવાનું છે. આપણે બધા તે દિવસે સાથે રમશું, જમશું અને તમારી જન્મગાંઠ ઊજવીશું.'

તેમણે કહ્યું: 'જગત જે રીતે ઊજવે છે તે રીતે મારે નથી ઊજવવી. મારો વિચાર તો પ ડિસેમ્બરના રાતના ૮ વાગ્યાથી ૭મી ડિસેમ્બરના સવારના ૮ વાગ્યા સુધી બરાબર ૩૬ કલાકનો ઉપવા કરવાનો છે અને તેટલો જ સમય મૌન રાખી દિવસના ભાગમાં એકાદ એકાંત ખૂણામાં બેસી પ્રભુભક્તિ કરી એ દિવસ ઊજવવાનો છે.'

મેં કહ્યું: 'તમે જે રીતે ઊજવશો તે જ રીતે અમે પણ ઊજવીશું.' અને તેમણે, મેં તથા મારી પત્નીએ એ જ રીતે એ દિવસ ઊજવ્યો.

—ટી. જી. શાહ

સોમવલ્લી

લેખક:
શ્રી દુર્ગાશંકર કે. શાસ્ત્રી

‘અખંડ આનંદ’ના ડિસેમ્બરના અંકમાં ડૉ. બિપિનચંદ્ર હી. કાપડિયાનો ‘સોમરસ’ ઉપર એક લેખ છે. લેખકે સોમરસ માટે ઋગ્વેદના કેટલાક મંત્રોમાં થયેલા ઉલ્લેખો ટાંકીને, સોમરસના ઉપયોગથી માણસ કદાપિ મદોન્મત્ત બનીને છાટકો બનતો ન હતો એવું સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે. લેખકે ‘સોમરસના પ્રભાવથી મનુષ્યો શક્તિબહારનાં અતિમાનુષી કૃત્યો કરવા પ્રેરાતાં’ તેમ જ ‘સોમરસમાં ઉત્તેજક તથા શક્તિદાયી પ્રભાવ હતો’ એવું પણ લખ્યું છે; પણ એનો શો અર્થ કરવો? મદ્યના ગુણો વર્ણવતાં પણ આવા કે આ અર્થના શબ્દો વાપરવામાં આવે છે. પછી એને માદક શા માટે ન કહેવાય? એટલી વાત ખરી છે કે વેદમાં યજ્ઞપ્રસંગમાં જેમ સોમરસના નિર્દેશો છે તેમ બીજા પ્રસંગોમાં સુરાના નિર્દેશો છે. સુરાથી સોમરસ ભિન્ન હતો એ ચોક્કસ. સોમરસ પીવાથી જે ઉત્તેજક અથવા શક્તિ આપનાર અસર થતી તે સુરાની અથવા આધુનિક મદ્યની ઉત્તેજક અસરથી કેટલી જુદી હતી તે આજે જાણવાનું કાંઈ સાધન નથી. પણ અહીં એક ઐતિહાસિક હકીકત નોંધવા જેવી છે. વેદકાળ પછી તરતના સમયમાં રચાયેલા આયુર્વેદના ગ્રન્થોમાં–પ્રાચીનતમ ચરક સંહિતામાં મદાત્યય એટલે દારૂ અતિ પ્રમાણમાં પીવાથી જે રોગિષ્ઠ સ્થિતિ થાય, તેની ચિકિત્સાનો આરંભ કરતાં મદ્યની ચરકાચાર્યે જે પ્રશંસા કરી છે, તે આજના દારૂબંધીના જમાનામાં રમૂજ આપે એવી છે. એમાંથી લાંબો ઉતારો કરવાની જરૂર નથી પણ ઉત્તેજક અથવા માદક પીણાં તરીકે સુરાની સોમ સાથે સમાનતા બતાવતા જે શબ્દો વાપર્યા છે તે નીચે ઉતારું છું:—

या देवानमृतं भूत्वा स्वधा भूत्वा पितृंश्चया ।
सोमो भूत्वा द्विजातीन् या
युङ्क्ते श्रेयोभिरुत्तमैः ॥
आश्विनं या महत्तेजो
बलं सारस्वतं च या ।
वीर्यमैन्द्रं च या सिद्धा
सोमः सौत्रामणौ च या ॥

ચરક ચિ. અ. ૨૪

અર્થ: જે સુરા દેવોને અમૃતરૂપે, પિતૃઓને સ્વધારૂપે અને બ્રાહ્મણોને સોમરૂપે ઉત્તમ કલ્યાણોથી તૃપ્ત કરે છે, વળી જે અશ્વિનોનું તેજ છે, જે વિદ્યાનું બળ છે, જે ઇંદ્રની શક્તિ છે અને સૌત્રામણિ યજ્ઞમાં જે સોમરૂપ છે, તે સુરા આ રીતે પીવી.

મારી કહેવાની મતલબ એટલી જ છે કે, વૈદિક ઉલ્લેખોથી સોમરસમાં જે માદકતા અર્થાત્ ઉત્તેજકપણું હોય એમ દેખાય છે તે ઉત્તેજકપણું સુરા–મદ્યને એટલું મળતું આયુર્વેદના આચાર્યોને લાગ્યું હતું કે, ઉપર ટાંકેલા શ્લોકમાં ‘જે સોમ તરીકે યજ્ઞમાં પિવાય છે તે સુરા છે’ એવું કહ્યું છે; છતાં સોમરસ અને સુરા એક નથી. સોમરસ કોઈક વનસ્પતિને વાટીને તથા ગળી લઈને તૈયાર કરાતો; ત્યારે સુરા તો અનાજ, અમુક ફળો, અમુક ફૂલો વગેરેમાંથી અમુક પ્રક્રિયા દ્વારા આથો આવવા દઈને તૈયાર કરવામાં આવતી.

સુરા સાથે સોમની સમાનતા ચરકના ઉપલા વચનમાં કહી છે. તેમાં સુરાની પ્રશંસાર્થે અતિશયોક્તિ કરી હશે. પણ અહીં મોટી મુશ્કેલી એ છે કે સોમરસ જેમાંથી કાઢવામાં આવતો તે વનસ્પતિનો આજે ચોક્કસ પત્તો લાગતો નથી. વૈદિક

વર્ણનો ઉપરથી એ ઘણું કરી હિમાલયના પર્વત ઉપર થતી કોઈ વનસ્પતિ હોવી જોઈએ એમ લાગે છે. પણ જૂના કાળમાં જ એની ઓળખાણ બંધ થઈ હતી. સુશ્રુતમાં (ચિ. અ. ૧૯) સોમલતાના ચોવીશ ભેદો કહીને જે વર્ણન કર્યું છે તે ઉપરથી કોઈ વનસ્પતિને એ લાગુ પાડવાનું આ દેશના વૈદ્યોથી કે વનસ્પતિવિદોથી બન્યું નથી. વળી ચાલીશ વર્ષ પહેલાંના અથવા મારાથી આગલી પેઢીના વૈદ્યો તો સોમ નામની કોઈ વનસ્પતિને ઓળખતા કે વાપરતા નહોતા. પણ કેટલાંક વર્ષો પહેલાં કેટલાક અહીંના તથા પરદેશી વનસ્પતિશાસ્ત્રીઓએ કેટલીક વનસ્પતિઓને સોમવલ્લી ઠરાવી. કોઈએ ખાખચીને સોમવલ્લી કહી, કોઈએ ગળોને કહી, કોઈએ બ્રાહ્મીને કહી પણ એમાંથી કોઈને સોમવલ્લી માનવાનું કાંઈ કારણ નથી.

પછી નિઘંટસંગ્રહના વિદ્વાન લેખક રૂગનાથજી ઇંદ્રજીએ થોરવેલ કે સાંઢિયાવેલને સોમવલ્લી કહી. જયકૃષ્ણ ઇંદ્રજીના કહેવા પ્રમાણે એ થોરવેલ થોરની જાતનો વેલો છે. અને તેને તોડતાં છીર નીકળે છે. એ આકડાની જાતની વનસ્પતિ છે. એનું શાસ્ત્રીય નામ છે: Sarcostemma bravistigma આ થોરવેલને સોમવલ્લી માનીને તેને મહાત્મા નથુરામ શર્માએ જયકૃષ્ણ ઇંદ્રજી પાસેથી મગાવેલી.* એનું શું પરિણામ આવ્યું તે બહાર નથી આવ્યું. પછી આ વર્ગની એક બીજી વેલ જેનું કચ્છી નામ ખીપ શાસ્ત્રીય નામ Periploca aphyla છે, પણ સોમ કહી શકાય એમ જયકૃ ઇંદ્રજી ડીમકને આધારે કહે છે.

હવે પારસીઓ હોમ (સં. સોમ તરીકે જે વનસ્પતિની ડાંખળીઓ ઈરાન લઈ આવે છે, તેને વનસ્પતિશાસ્ત્રીઓએ વાર ઉપર કહેલી ખીપ ગણવાનો તો બીજી વા કુમ્બલની એફેડ્રા વલ્ગરીઝ જાતની ગણવા મત આપ્યો છે. અને પાછળથી અર્થાત્ છે કેટલાંક વર્ષોથી આને જ વૈદ્યો સોમવલ્લી છે. આ વનસ્પતિ હિમાલયમાં–કાશ્મીર પુષ્કળ થાય છે. એમાંથી અને એ કુટું બીજી જાતોમાંથી જે ગુણકારી તત્ત્વ કાઢવા આવે છે તે એફેડ્રીન દમના રોગ ઉપર ઘણી અસરકારક દવા હમણાં મનાય અને સર્વત્ર ખૂબ વપરાય છે. વળી અહીં વૈદ્યો મૂળ છોડને સોમલતા નામથી કાશ્મીર મંગાવીને ચૂર્ણરૂપે કે કાઢારૂપે દમના રોગ હવે વાપરે છે. વૈદિક સોમવલ્લી આ હોય ન હોય પણ આ અતિ કીમતી ઔષધ છે. માદક કદાચ ન કહેવાય. હું પોતે એફે વાપરું છું. અલબત્ત, લોહીનું દબાણ વધારવા ગુણ એમાં છે અને તે મોટા પ્રમાણમાં લેવા લોહીનું દબાણ વધી જતાં કાંઈક જેવી અસર થતી હોય તો ઈશ્વર પણ વૈદિક કાળની સોમવલ્લી આ જ એની ક્યાં ખાતરી છે?

---

* જુઓ કચ્છની વનસ્પતિઓ, પૃ. ૧૬૬, ૧૬૭.

★

ગાંધીજી એક વખતે વાઈસરોયને મળવા ગયેલા. જે કાર્ય માટે ગયા હતા તેના ઉપર બંને એક થઈ શક્યા નહિ ને સમાધાન શક્ય નહોતું. વાઈસરોયે પ્રશ્ન કર્યો :

'મિ. ગાંધી, તમે ત્યારે હવે સેવાગ્રામ ક્યારે જનાર છો?'

ગાંધીજી બોલ્યા :

'જો તમને વાંધો ન હોય તો આજ સાંજે જ જાઉં, સેવાગ્રામમાં કેટલાક દરદીઓ મારી આતુરતાપૂ રાહ જોઈ રહ્યા છે!'

×

વનપ્રવેશ

લેખક :

શ્રી જ્યોતીંદ્ર દવે

વનપ્રવેશ !

જંગલમાં ગયા વગર, સંન્યાસી થયા સિવાય, પૂર્વસ્થિતિમાં જરા ય પરિવર્તન કર્યા વિના મેં વનપ્રવેશ કર્યો !

પણ એમાં પરાક્રમ મારું નથી. બે અકસ્માતને કારણે મેં આટલી સહેલાઈથી 'વનપ્રવેશ' કર્યો. પહેલો અકસ્માત હું પચાસ વર્ષ પહેલાં જન્મ્યો તે અને બીજો હું ગુજરાતી ભાષા બોલનાર કુટુંબમાં જન્મ્યો તે. પચાસ વર્ષ પછી બધાં માણસો 'વનપ્રવેશ' કરી શકતાં નથી–પચાસ વર્ષ પૂર્વે એ જન્મ્યાં હોય તોપણ. એ ખૂબી આપણી ભાષાની છે. 'પચાસ' પછી કંઈ બધી જ ભાષામાં 'એકાવન' આવતો નથી. એ 'એકાવન'ના એક્કામાં બેસી મેં 'વનપ્રવેશ' કર્યો.

'ભાઈ, હવે તમારે થોડાં નવાં ખમીસ ને પહેરણ સિવડાવવાં પડશે,' મારી પુત્રીએ કહ્યું.

'કેમ? ખમીસ ને પહેરણ તો મારી પાસે જોઈએ તેટલાં છે. કોટ ને પાટલૂન સિવડાવવાનાં થયાં છે,' મેં જવાબ દીધો.

'પણ હવે જૂનાં ખમીસ ને પહેરણ નહિ ચાલે, એ નાનાં પડી જશે,' એણે જવાબ દીધો.

'નાનાં પડી જશે! મને તો એવું કાંઈ લાગતું નથી. હું જાડો થયો હોઉં એવું તને લાગે છે?' મેં મારાં શ્રીમતીને પૂછ્યું.

'જાડા? જરા ય નહિ. ઊલટા, કંઈક સુકાયા હો એવું લાગે છે,' શ્રીમતીએ જવાબ દીધો.

'ત્યારે ખમીસ ને પહેરણ નાનાં પડી જવાની વાત આ કેમ કરે છે? તું શા પરથી કહે છે કે ખમીસ ને પહેરણ નાનાં પડી જશે? કપડું ધોયા પછી ચડી જાય છે? નહિનહિ તો પંદરવીસ વાર ધોવાયાં હશે, પણ મને તો ખમીસ કે પહેરણ ટૂંકાં થઈ જતાં હોય એમ લાગ્યું નથી,' મેં મારી પુત્રીની સામે જોઈને પૂછ્યું.

'કેમ, કાલે તમે બા સાથે વાત કરતા'તા ને કે 'હવે થોડા વખત પછી મને એકાવનમું બેસશે. મારો 'વનપ્રવેશ' થશે, એ વેળા કંઈ સમારંભ–બમારંભ જેવું થશે ખરું,' તે પરથી કહું છું.' એણે જવાબ દીધો.

'પણ તેને ખમીસ ને પહેરણ સાથે શો સંબંધ? હું કંઈ સમારંભમાં પહેરણ અથવા ખમીસ પહેરીને જવાનો નથી,' મેં કહ્યું.

'એટલે એકલો કોટ પહેરીને જ જશો, ખમીસ વગર?' મારી પુત્રીએ પૂછ્યું.

અત્યાર સુધી ડાહીડમરી બનીને ઘરમાં ફરતી મારી એ પુત્રી કૉલેજમાં ગયા પછી જાતજાતના સવાલો પૂછીને અથવા પુછાયેલા સવાલના વિચિત્ર ઉત્તરો આપી કે સ્વગત બોલતી હોય તેમ પણ બધા સાંભળે એવી રીતે કોઈક વક્રોક્તિનો ઉદ્‌ગાર કાઢી પ્રાધ્યાપકોને મુઝવવાની કળા શીખી ગઈ છે અને એ કળાનો પ્રયોગ એણે હવે મારા પર કરવા માંડ્યો.

'મૂરખ જેવી વાત ન કર,' મેં કહ્યું.

'સાચું કહું છું. જૂનાં ખમીસ હવે નહિ ચાલે,' એણે કહ્યું.

'પણ કંઈ કારણ?' મેં પૂછ્યું.

'તમારો સમારંભ ઉજવાશે ત્યારે લોકો તમારાં વખાણ કરશે,' એણે કહ્યું.

'એ તો કરે જ ને!–જો કે લોકો મારાં વખાણ કરે તે–

'–મને ગમતું નથી' એમ હું સભામાં કહીશ,' મારી પુત્રીએ વાક્ય પૂરું કર્યું અને પછી ઉમેર્યું, 'તમને વખાણ નથી ગમતાં. એ તો અમે બધાં જાણીએ છીએ,

પણ તમારાં વખાણ તમે સાંભળશો; તમારે પરાણે પણ સાંભળવાં તો પડશે જ ને! એટલે ખમીસ ફાટી જશે, બટનની પણ બેત્રણ જોડ લેવી પડશે,' એણે કહ્યું.

'એટલે તું એમ ધારે છે કે હું ફૂલીને ફાળકો થઈ જઈશ!' મેં પૂછ્યું.

'એ તો કોણ જાણે, પણ ખમીસ જરૂર નવાં ને મોટા માપનાં કરાવવાં પડશે એટલું જાણું છું,' એણે જવાબ દીધો.

'છોકરી, મજાક ન કર, પણ શું શું થશે, તમને શું લાગે છે?' શ્રીમતીએ પૂછ્યું.

'સભાઓ થશે, મારા વિષે લેખો આવશે, કોઈક ઠેકાણેથી માનપત્ર પણ મળશે,' મેં કહ્યું.

'પણ 'પર્સ' જેવું કંઈક થશે કે નહિ?' શ્રીમતીએ પૂછ્યું.

'હા, એ પણ થાય, પણ એને માટે જરા મહેનત કરવી જોઈએ,' મેં કહ્યું.

'ત્યારે કરોની મહેનત. બીજું બધું તો ઠીક, પણ તમને 'પર્સ' મળે તો...પણ કેટલાક રૂપિયા ભરાશે 'પર્સ'માં? તમે શું ધારો છો?' શ્રીમતીએ પૂછ્યું.

'અગિયાર રૂપિયા!' મારી પુત્રીએ મારે બદલે જવાબ દીધો.

'તું મૂગી રહે છે કે નહિ? કામની વાત કરતાં હોઈએ ત્યાં પણ મજાક!' શ્રીમતીએ એના પ્રત્યે જરા ડોળા કાઢી કહ્યું.

'એ તો કેમ કહેવાય? પણ જો બરાબર પ્રયત્ન કરવામાં આવે તો સારી રકમ ભેગી થાય એમ ધારું છું,' મેં કહ્યું.

'તો કરોની પ્રયત્ન. બેપાંચ ઠેકાણે વધારે ભાષણ આપવા જાઓ. 'હમણાં તબિયતનું કે કામનું બહાનું કાઢી કોઈને 'ના' કહેતા નહિ.' કોઈ પણ ઠેકાણે ભાષણ કરવા જવાનું મારે આવે ત્યારે 'તમે તો કોઈને પણ ના પાડી શકતા નથી. કાછિયા, મોચી, હજામ, ધોબી, કૂતરા, બિલાડા જે કોઈ ભાષણ કરવા બોલાવે તેને 'હા' જ કહેવાના,' એમ કહી હમેશ મારો વિરોધ કરનારી શ્રીમતીએ આ વખતે જુદી જ સલાહ આપી, અને પછી પૂછ્યું: 'દશબાર હજાર તો સહેજે થશે, નહિ?'

'શું રૂપિયા કે આના?' મારી પુત્રીએ સરળ ભાવે પૂછ્યું.

'પાઈ,' મેં કહ્યું.

'પંદરેક હજાર ભેગા થાય તો મારે હીરાનાં લવંગિયાં લેવાં છે, આ ફર્નિચર જૂનું થઈ ગયું છે તેને બદલે નવું લેવું છે અને લોખંડનાં બેએક કબાટ પણ લેવાં પડશે.' શ્રીમતીએ પાણી પહેલાં પાળ બાંધવાની ડાહ્યા પુરુષોની સલાહને અનુસરીને રૂપિયા આવ્યા પહેલાં એનો ઉપયોગ કેમ કરવો તેની વિચારણા શરૂ કરી.

'મારે માટે કંઈ રાખશે ખરી કે નહિ?' મેં પૂછ્યું.

'તમારે માટે હિસાબ લખવાનું રાખશે,' મારી પુત્રીએ કહ્યું.

'તમારે માટે શું રાખવાનું છે? આ બધું તમારું જ છે ને!' શ્રીમતીએ કહ્યું.

'પણ મને એક ભય રહે છે,' મેં કહ્યું.

'શો?' શ્રીમતીએ પૂછ્યું.

'ખમીસ વેળાસર સિવાઈને નહિ આવે તો?' મારી પુત્રીએ કહ્યું.

'મને એમ થાય છે કે કદાચ કોઈ કંઈ નહિ કરે તો?' મેં કહ્યું.

'તો શું નવાં ખમીસ નહિ કરાવવાં પડે,' મારી પુત્રીએ કહ્યું.

'નહિ કેમ કરે? તમે કેટલા બધાનું કર્યું છે? હમણાં કેટલી બધી જયંતીઓ ને વનપ્રવેશો ને સમારંભો ઉજવાયાં! તે બધામાં તમે આગળ પડતો ભાગ નહોતો લીધો? કેટલાયે મોટા માણસની જયંતી ઉજવાવવા માટે તમે મહેનત કરી છે

બેત્રણ જણ માટે આપણે 'ફંડ'માં પૈસા પણ ભર્યા છે,' શ્રીમતીએ કહ્યું.

'એ સાચું, પણ એમાં તો એ લોકો જાતે મહેનત કરતા હતા. હું થોડો પોતે આમાં મહેનત કરું છું?' મેં શંકા રજૂ કરતાં કહ્યું.

'પણ તે કરોની. તમને ના કોણ કહે છે?' શ્રીમતીએ કહ્યું.

'આપ સમાન બળ નહિ ને મેઘ સમાન જળ નહિ,' મારી પુત્રીએ કહ્યું.

'પણ સાચું કહું? મને—'

'મારાં વખાણ કરવાં પસંદ નથી,' મારી પુત્રી બોલી.

'ના, છેક એમ તો નહિ પણ મને જરા શરમ લાગે છે,' મેં કહ્યું.

'એમાં શરમ શાની?' શ્રીમતીએ કહ્યું.

'પરમારથ કે કારન, માંગત ના'વે લાજ,' મારી પુત્રીએ કહ્યું.

'એ જ વાત છે ને! આમાં તો સ્વાર્થ માટે માગવાનું છે,' મેં કહ્યું.

'સ્વાર્થ શાનો? 'પર્સ'ના પૈસાનો ઉપયોગ તમારે માટે થોડો જ થવાનો છે? એ તો હીરાનાં લવંગિયાં, લોખંડનાં કબાટ, ફર્નિચર એવું બધું વસાવવામાં વપરાઈ જશે અને તમારે ભાગે તો ફક્ત હિસાબ લખવાનું આવશે,' મારી પુત્રીએ કહ્યું.

બીજે કે ત્રીજે દિવસે મુંબઈના પરાના ચાર-પાંચ શ્રીમંત શેઠિયાઓ મને મળવા આવ્યા. એમની શાળામાં સ્નેહસંમેલન ઉજવાવાનું હતું. ત્યાં જઈને ભાષણ કરવાનું મને એમણે નિમંત્રણ આપ્યું ને કહ્યું: 'તમને કોઈ રીતની તકલીફ નહિ પડે, લઈ જવા તથા પાછા મૂકી જવા માટે મોટરનો બંદોબસ્ત કરીશું.'

'પણ કાર્યક્રમ છેક ચાર વાગ્યાથી સાડા નવ સુધી ચાલશે. એટલે મારે સાંજના જમવા માટે બહુ મોડું થઈ જશે,' મેં વાંધો દર્શાવતાં કહ્યું.

'એ તો અમે શરબત ને ચા જેવું રાખ્યું છે એટલે વાંધો નહિ આવે.' સૌથી મોટી ઉંમરના જણાતા ભરાવદાર મૂછવાળા એક શેઠિયાએ કહ્યું.

'અને એક ટંક ઓછું ખાશો તો દેશહિતનું કામ થશે.' એમની બાજુમાં બેઠેલા બીજા શેઠિયા બોલ્યા.

'દશ વાગ્યા સુધીમાં તો તમે ઘેર આવી જશો. રાતની રસોઈ જરા મોડી કરવાનું કહેજોની ઘરમાં, એટલે તમે આવીને નિરાંતે જમી શકશો,' ત્રીજા ગૃહસ્થ બોલ્યા.

'મને બહુ મોડું જમવું નથી ફાવતું, તેમ જ પહેલાં ભૂખ્યો રહેતો તે ચાલી જતું. હવે ઉંમર થઈ એટલે–'

'કેટલીક ઉંમર હશે તમારી?' પહેલા શેઠિયાએ મારા મુખ સામું જોઈને પૂછયું.

'હમણાં જ પંચાસ પૂરાં થશે,' મેં કહ્યું અને પછી ઠીક મોકો મળી ગયો છે એમ વિચાર આવતાં ઉમેર્યું: 'આ જુઓની, આવતા ઓકટોબરમાં હું 'વનપ્રવેશ' કરીશ એકવીસમી તારીખે.'

'હજી તમને પચાસ જ થયાં છે?' બીજા શેઠિયાએ પૂછયું.

'દેખાવ પરથી તો સાઠની નજદીક હો એવું લાગે છે,' ત્રીજા ગૃહસ્થે કહ્યું.

વાત આડે પાટે ઊતરી જાય છે એમ જોઈ મેં કહ્યું: 'ના મુરબ્બી, આવતા ઓક્ટોબરમાં પચાસ પૂરાં કરી હું 'વનપ્રવેશ' કરવાનો છું.'

'ત્યારે તમે, અમે ધારતા હતા તે કરતાં નાની ઉંમરના છો.' બીજા ગૃહસ્થ બોલ્યા.

'આપણે ત્યાં હમણાંહમણાં 'વનપ્રવેશ'ને ઠીક મહત્ત્વ મળવા માંડ્યું છે.' મેં કહ્યું.

'એટલે?' પહેલા શેઠિયાએ પૂછયું.

'એટલે એમ કે, કોઈ જાણીતા સાહિ-

ત્યકાર, દેશસેવક, સંગીતકાર કે વેપારી પચાસ વર્ષ પૂરાં કરી એકાવનમાં પ્રવેશ કરે ત્યારે તેને માનપત્ર આપવાનો, તેને માટે ફંડ ઉઘરાવી સારી રકમ ભેગી કરી 'પર્સ' આપવાનો સમારંભ ગોઠવી ભાષણો કરવાનો રિવાજ હમણાં આપણે ત્યાં શરૂ થયો છે. મને પોતાને એવી ધમાલ ગમતી નથી, પણ 'સ્નેહીઓ' ને 'પ્રશંસકો' આગ્રહ કરીને મોટા માણસોના વનપ્રવેશ ઊજવે તેની એમનાથી ના કેમ પાડી શકાય? અને એક રીતે લોકોને કદર કરવાનો–પોતાના કલાકારો પ્રત્યે સ્નેહ ને સદ્‌ભાવ દર્શાવવાનો મોકો આ રીતે મળતો હોય તો તેમાં ખોટું શું?' મેં કહ્યું.

'હા, એમાં ખોટું કંઈ નહિ. વારુ ત્યારે તમને તેડવા મોટર ક્યારે મોકલીએ?' પહેલા શેઠિયાએ મારી વાતમાં રહેલા ધ્વનિ પ્રત્યે બિલકુલ ધ્યાન આપ્યા સિવાય કહ્યું.

'મોકલજોની સભાના સમય કરતાં અડધોક કલાક વહેલી.' અને પછી સૂચના છેક મારી ન જાય તે માટે ઉમેર્યું: 'પણ મેં કહ્યું તેમ હવે હું 'અડધે રસ્તે' પહોંચ્યો છું, એટલે તકલીફ બહુ વેઠાતી નથી.'

'અરે! તમને જરાય તકલીફ નહિ પડે.' બીજા શેઠિયાએ કહ્યું.

આ પછી બેચાર વાર મારા 'વનપ્રવેશ' વિષે મેં ગર્ભિત રીતે ઇશારો કર્યો પણ અભિમન્યુના જેવો એ ઇશારો ગર્ભદશામાં જ પડી રહ્યો.

મારી પાસે લેખ લેવા આવેલા ચારપાંચ સાહિત્યરસિક મિત્રોને પણ વાતવાતમાં મેં મારા આગામી 'વનપ્રવેશ'ની માહિતી આપી.

'હવે કંઈક થશે ખરું,' મેં શ્રીમતીને કહ્યું.

'એમ? શા પરથી કહો છો? સમિતિ નિમાઈ ગઈ?' એણે પૂછ્યું.

'દરજીને ખમીસનું માપ આપી આવ્યા?' મારી પુત્રીએ પૂછ્યું.

'હજી સમિતિ તો નથી નિમાઈ, પણ મેં પાંચસાત ઠેકાણે વાત કરી છે, પાણીમાં પથરો નાખ્યો છે. જોઈએ હવે શું થાય છે?'

'પથરો પાણીમાં ડૂબી જશે,' મારી પુત્રીએ કહ્યું.

આખરે 'વનપ્રવેશ'નો દિવસ આવ્યો, આવ્યો ને પૂરો પણ થઈ ગયો અને કૂતરું પણ ભસ્યું નહિ!

'કોઈએ કંઈ કર્યું નહિ,' શ્રીમતીએ નિરાશ વદને કહ્યું.

'કેમ, ચારપાંચ પેપરોમાં નોંધ આવી છે ને?' મારી પુત્રીએ કહ્યું.

'હા, આગ, લૂંટ, ચોરી ને ખૂનના સમાચાર છાપે તેવી રીતે પાંચસાત વર્તમાનપત્રોએ હું પચાસ પૂરાં કરી વનમાં પેઠો તેવા સમાચાર છાપ્યા છે ખરા,' મેં કહ્યું.

'કંઈ નહિ, બહારના ભલે કંઈ ન કરે, આપણે ઘરમાં ઊજવીશું.' શ્રીમતીએ મને પ્રોત્સાહન આપતાં કહ્યું અને અમે કાર્યક્રમ ઘડી કાઢ્યો.

મારી વર્ષગાંઠને દિવસે રાતે ત્રણચાર મિત્રોને સહકુટુંબ જમવા બોલાવવા. જમ્યા પછી સૌએ ભેગા બેસી મને એક પછી એક અભિનંદન આપવાં ને જેટલા બને તેટલા પૈસા ઘરમાંથી જ ભેગા કરી એક 'પર્સ' આપવી એવો નિર્ણય અમે કર્યો. 'પર્સ'માં મેં જ સૌથી પહેલાં અગિયાર રૂપિયાની રકમ શુકન લેખે ભરી.

મિત્રોને જમવા આવવા માટે નિમંત્રણ મોકલાવ્યાં, પણ એ દિવસની આગલી રાતે જ ખબર મળી કે નજદીકના સગામાં મૃત્યુ થયું છે એટલે જેનેજેને કહાવી શકાય એમ હતું તેમને કહાવી દીધું કે 'પાસેના સગામાં મરણ થયેલું હોવાથી ભોજન મુલતવી રાખ-

વામાં આવ્યું છે.' આમાં બહારગામથી આવેલા એક મિત્રને સંદેશો પહોંચાડી શકાયો નહિ એટલે બીજા કોઈ નહિ તો એ તો જમવા આવશે જ, પણ આપણે મીઠાઈ જેવું નહિ રાખતાં સાધારણ વાનગીઓ જ કરીશું એમ નક્કી કરી સવારનું જમવાનું માંડી વાળી રાત્રે બધાં સાથે જમીશું એમ અમે નક્કી કર્યું.

સાંજે 'ઑફિસ'થી હું જરા વહેલો ઘેર આવ્યો. ચોપાટી કે 'હેંગિંગ ગાર્ડન' સહકુટુંબ જઈ આવીને પછી જમીશું એવો કાર્યક્રમ ઘડ્યો હતો, પણ ઘેર આવ્યા પછી શ્રીમતીએ વધામણી ખાધી: 'મારાથી અવાય એમ નથી.'

'નહિ? ત્યારે હું રમા (મારી પુત્રીનું એ નામ છે) સાથે જઈશ.'

'ના, એનાથી પણ આવવાનું નહિ બની શકે.' શ્રીમતીએ કહ્યું.

'કેમ?'

'એને રસોઈ કરવાની છે. એ રાંધશે નહિ તો ખાશો શું?'

'બરાબર છે ત્યારે, હું પણ માંડી વાળું છું.'

જમવાનું થઈ ગયું. બહારગામથી આવેલા પેલા મિત્ર હવે આવી પહોંચવા જોઈએ એમ ધારી અમે રસોડામાં પાટલા વગેરે ગોઠવી, એ આવે કે તરત જમવા બેસી જવાય એવી ગોઠવણ કરી. પણ એમના આવવાનાં કંઈ ચિહ્ન જણાયાં નહિ. કલાક થયો, બે કલાક થયા પણ એ ન આવ્યા. એટલે આખા દિવસનાં ભૂખ્યાં એવાં અમે રાતના દશે જમવા બેઠાં.

પાછળથી પેલા મિત્રને મળતાં પોતે જમવા કેમ ન આવ્યા તેનો ખુલાસો કરતાં એમણે કહ્યું હતું, કે 'મને મહેતા અચાનક મળી ગયા હતા, એમને પણ તમે જમવા બોલાવ્યા હતા, પણ પછી જમવાનું માંડી વાળ્યું છે એવો સંદેશો તમે એમને પહોંચાડ્યા હતો એની મને એમની પાસેથી ખબર મળી એટલે હું ન આવ્યો.'

આમ તે દિવસે વનપ્રવેશ તો મારો ઊજવવાનો આઘો જ રહ્યો, પણ ઉદરમાં અન્નપ્રવેશ પણ ઘણો મોડો થયો!

જમી રહ્યા પછી બધાંએ ભેગાં થઈ મને અભિનંદન આપવાં એવો જે કાર્યક્રમ ઘડ્યો હતો તે સૌને ખૂબ થાક લાગેલો હોવાથી રદ્દ કરવો પડ્યો, પણ મારી પુત્રીએ મને 'પર્સ' આપી–એમાંથી બધા જ પૈસા કાઢી લઈને.

'હવે ભાઈ, તમારે નવાં ખમીસ સિવડાવવાં નહિ પડે.' મારી પુત્રીએ બીજે દિવસે કહ્યું.

'ના, સિવડાવવાં તો પડશે, કારણકે ધોબીને ગયે વખતે ચાર ખમીસ ધોવા આપ્યાં હતાં, તેમાંથી એક એણે ખોઈ નાખ્યું છે, બે ફાડી નાખ્યાં છે ને એકના પર અસ્ત્રીના ડાઘા પાડી લાવ્યો છે,' મેં કહ્યું.

'પણ માપ બદલાવવું નહિ પડે.' મારી પુત્રીએ કહ્યું.

'હા, માપમાં ફેર નહિ પડે. એ જ પુરાણું માપ ચાલશે,' મેં કહ્યું.

મેં વનપ્રવેશ કર્યો, પણ રે! બેકદર ગુજરાત! તેં કંઈ કર્યું નહિ? મારા માપમાં ફેર પડે એવું કશું જ કર્યું નહિ! થોડાક મિત્રોના અભિનંદનપત્ર આવ્યા એટલું જ? તું કેટલું કરી શકત ને તેં કેટલું થોડું કર્યું?

અને મારે પોતાને માટે પણ કોઈ આ પ્રસંગે કહે, કે 'તું કેટલું કરી શકત ને તેં કેટલું થોડું કર્યું?' તો તે બરાબર નથી?

★

નાસ્તા પહેલાં

લેખિકા :
શ્રી રૈહાના તૈયબજી

૧૯૫૧ના દીપોત્સવી અંકમાં મર્હૂમ અબ્બાસ સાહેબની સુપુત્રીના આ ધ્વન્યાત્મક બોધક પ્રસંગોનો પહેલો હપ્તો આપ્યો હતો. પૂ. બાપુને પગલે સેવા કરતાં અનુયાયીઓમાંનાં એક શ્રી રૈહાનાબહેનના બે વધુ પ્રેરણાદાયી પ્રસંગો અહીં આપીએ છીએ. 'અખંડ આનંદ'ના વાચકો સમક્ષ આવા પ્રસંગો અવારનવાર રજૂ થતા રહેશે.

[૩]

ચિરાગ

એક આલીશાન નગરીના અજાણ્યા ખૂણામાં એક ગલી છે. તોબા! તોબા! કેવી ગલી! આબેહૂબ ગંદકીનું જ ઘર! એ લત્તામાં ગરીબ લોકોનો વાસ છે. શ્રીમંત લોકો તો ત્યાં કદી ડોકિયું પણ કરતા નથી. સરકાર પણ જાણે કે એ લત્તાને ભૂલી ગઈ હોય એવું લાગે છે... પગ મૂકો તો જરા જોઈ–સંભાળીને મૂકજો! ...આ કોઈ રાજમાર્ગ નથી કે સભ્યતા અને સફાઈના નિયમો બળજબરીથી પાળવા પડે. બાપડી આ ગલી તો આસપાસનાં તૂટ્યાં-ફૂટ્યાં ઘરો અને ગલીચ ઝૂંપડીઓની કચરાપેટી બની ગઈ છે. તેમાં દાખલ થતાં જ ગંદકી જોઈને ચીતરી ચઢે છે અને મન ચકળવકળ થવા લાગે છે. ત્યાં એક પ્રકારની એવી ભયંકર દુર્ગંધ આવે છે કે માથું જ ભમવા લાગે......

આ ગલીમાં રાતે એક બત્તી બળે છે. બત્તી તો કહેવાની એટલું જ; થાંભલા ઉપર ટાંગેલું એક નાનકડું ફાનસ છે. જેવા ગલીના હાલ છે તેવા જ આ બત્તીના હાલ છે. તેમાં કાચ પર મેલના થર જામ્યા છે અને કાચ કાળો મેશ થઈ ગયો છે. બત્તીની મંદ જ્યોત આ મેલને લીધે વધારે મંદ દેખાય છે. જોનાર દરેક જણ તેને દીન, હીન અને તુચ્છ માને છે.

કોઈ કોઈ તો આ બત્તીની મજાક ઉડાવતાં કહે છે: 'અરે! આ બત્તી સામે નજર તો કરો! ભારે સરસ બત્તી, ભાઈ! દીવો લઈ ગોતવા નીકળો તોપણ તેનું અજવાળું ગો નહિ જડે!'

વળી કોઈ તેને શાપ આપતાં કહે છે: 'આ કમબખ્ત બત્તીથી તો તોબા, ભાઈ! અરે, એના કરતાં તો આગિયા સારા! એ મુડદાલ બત્તીથી તો અંધારા સિવાય બીજું કંઈ જ નજરે પડતું નથી! અંધકારને વધાર દશ્યમાન કરે છે એટલું જ. સરકારની પ્રામાણિકતા ન જોઈ હોય તો જોજો જરા! અમારા પૈસા તો હજમ કરી જાય છે, પણ સમ ખાવા પૂરતો એકાદ વીજળીનો દીવો પણ મુકાવતી નથી! ...'

જે હોય તે! પણ બત્તીને એ બધી વાત સાથે ક્યાં લેવાદેવા હતી? તેનું કામ તો બળ્યા કરવાનું હતું. બસ, તે રાતભર બળ્યા જ કરતી. ન તો તે કોઈના હસતા મુખની પરવા કરતી, ન તો તે કોઈના ગુસ્સાથી ગભરાતી, ન તો તે ચિડાતી, ન તો ખિજાતી. તેને તો પોતાના કામ સાથે કામ હતું. પછ દુનિયાને જે કહેવું હોય તે ભલેને કહે!

રાત્રિનો અંધકાર જામ્યો હતો. ઓહો! ઘનઘોર અંધકાર! આસમાન જાણે કે કાજળનો અનંત સાગર! કાજળ–કાળાં વાદળાંઓએ ચાંદામામાનો ચમકતો ચહેરો જાણે કે કાળીકાળી ચાદરોમાં છુપાવી દીધો હતો. આ ભયાનક ખેલથી ગભરાઈને તારાઓ છુ થઈ ગયા હોય એમ લાગતું હતું. એક પણ તારો નજરે પડતો ન હતો. એકલી બત્તી

શાંત ભાવે ચૂપચાપ ઝળહળી રહી હતી.

અંધકારની ભયાનકતા ચીરીને આવતો કોઈ નાનકડા બાળકનો વ્યાકુળ અવાજ સંભળાયો : ‘બા ! ઓ બા !’

એક ડૂસકું પણ સંભળાયું.

ફરી આક્રંદભરી ચીસ :

‘ઓ... બા !’

ફરીથી હીબકાં......!

નાજુક નાની હલકીફૂલ જેવી પગલીઓનો સંચાર થયો.

તે ઘડીક દોડતો હતો, ઘડીક લથડિયાં ખાતો હતો, તો ઘડીક અટકી જતો હતો...

બાળક અજવાળા તરફ આવતું હતું. આખરે બત્તી નજીક અજવાળામાં પહોંચી જઈને તે ઊભું રહી ગયું.

બાળકનું ભલું-ભોળું ગભરાયેલું મુખડું જોઈને બત્તી પ્રેમના આવેશમાં ચમકી ઊઠી. બાળક ઊંચું મુખ કરીને બત્તી સામે જોવા લાગ્યું. ઊભરાતા વહાલથી મલકમલક થતી જ્યોત બાળકની મોટી કાળીકાળી કીકીઓમાં નાચી રહી. બાળકનું ધડકતું હૃદય કંઈક શાંત થયું. તેના ચહેરા ઉપરનો ભય કંઈક ઓછો થયો. થાકીને લોથપોથ તો તે થયેલું હતું જ. બત્તીના થાંભલાને ટેકે તે બેસી પડ્યું.

ત્યાં તો હવાની ઠંડી લહેર શરૂ થઈ. બાળકનું મુખ હસુંહસું થઈ રહ્યું. તેનું મોહક સ્મિત જોઈને બત્તી રંગમાં આવી ગઈ. તેની જ્યોત નાચવા લાગી. બાળક ખિલખિલાટ હસી પડ્યું. તે છાયા અને પ્રકાશનું નાટક જોવામાં તલ્લીન થઈ ગયું. તેના નાજુક નાનકડા હાથ વડે, સંતાકૂકડી રમતી છાયાને પકડવા કોશિશ કરતાંકરતાં તે ત્યાં જ ઢળી પડ્યું. પોપચાં ઢળતાં જ તે મનગમતા પરીપ્રદેશમાં મનગમતો વિહાર કરવા પહોંચી ગયું.

બત્તી સ્થિર બની ગઈ.

અંધારામાં ફરી પાછો પગસંચાર થયો.

એક સૂરીલો અવાજ ગુંજી ઊઠ્યો: ‘અરે ભગવાન ! આજ તો સાસુજી ચામડી જ ઊતરડી નાખશે !’

જવાબમાં બીજા મધુર અવાજે પૂછ્યું: ‘શું કામ ?’

પહેલો અવાજ : ‘તેમણે ખાસ ઠસાવી-ઠસાવીને કહેલું કે નવ વાગતાં સુધીમાં ઘેર આવી જજે. ખબર પણ નથી પડતી કે અત્યારે કેટલા વાગ્યા હશે !’

બીજો અવાજ : ‘પણ રસ્તામાં લાઈટ જ ગુલ થઈ ગઈ, પછી આપણે કરીએ શું ?’

પહેલો અવાજ : ‘હા, એવું અંધારું ઘોર થઈ ગયું ! પછી તેમાં કોઈ રસ્તો ન ભૂલે તો બીજું થાય પણ શું ? હે પ્રભુ ! કેવું ઘનઘોર છે ! હાથે-હાથ સૂઝતું નથી ! ભલા ! પણ આપણે છીએ ક્યાં ?’

બીજો અવાજ : ‘જો પેલી બત્તી દેખાય, ત્યાં જઈએ. કદાચ કાંઈક પત્તો લાગી જાય...’

અને અહીં !....રોશનીએ બન્યું તેટલું તમામ બળ એકઠું કરીને દૂરદૂર સુધી તેનાં કિરણો ફેંક્યાં. બે જુવાન સ્ત્રીઓ દોડતી-હાંફતી બત્તી નીચે આવી પહોંચી. મુખ ઉપરથી બુરખો દૂર કરીને બંને તીક્ષ્ણ નજરે આસપાસ જોવા લાગી. થોડી ક્ષણ આમ પસાર થઈ. પછી એક સ્ત્રી આનંદથી પોકારી ઊઠી : ‘ઓહો ! આપણે ક્યાં પહોંચી ગયાં ! કેવી તાજુબીની વાત છે !...જે થયું તે ! આપણે ક્યાં છીએ, તેનો હવે મને ખ્યાલ આવી ગયો. પાછાં ફરો પાછાં ! આપણા ઘરનો રસ્તો તો પાછળ રહી ગયો.’

બીજી સ્ત્રીએ કહ્યું, ‘હાશ ! હવે કાંઈક જીવ હેઠો બેઠો ! ભલું થજો આ બત્તીનું ! ભગવાન !...’

બુરખાધારી બંને સ્ત્રીઓ અંધકારમાં ડૂબકી મારીને અદૃશ્ય થઈ ગઈ. તેમનાં દૂર જતાં પગલાંનો મંદમંદ અવાજ ધીરેધીરે

વિલીન થઈ ગયો.

હવે તો માત્ર બત્તી અને નિદ્રાધીન બાળક ત્યાં બાકી રહી ગયાં...

બત્તી સ્થિર બની ગઈ.

આકાશમાં મેઘમાળા ઘટ્ટ બનતી ગઈ. ઘનઘોર મેઘલી રાત જામી. હવા સ્થિર થઈ ગઈ. અંધકાર કાળમીંઢ પથ્થરના જેલખાનાની યાદ આપતો હતો. તેની દીવાલોને ભેદતો કોઈ પુરુષનો અવાજ એકાએક ગુંજી ઊઠ્યો: 'સંભાળ, મા! અરે, અરે, આ પડી! કહેતો હતો કે મારો હાથ પકડ...!'

ફરી એક ડોશીના રુદનનો પોકાર આવ્યો:

'વોય! ઓ, અલ્લાહ!...ઓ મા!... મારો પગ ભાંગી ગયો!'

પુત્ર: 'હિંમત રાખ હિંમત, મા!...લે હું તને તેડી જ લઉં છું...'

મા: (દર્દથી નિસાસા નાખતી) 'ઓ મા! ઓ પાક પરવરદિગાર!...વોય રે!... મારો પગ...!'

પુત્ર: 'મા!...મા!...(ગભરાઈને) અરે! બેભાન થઈ ગઈ! યા અલ્લાહ! હવે શું કરું?...(આનંદ પામતો) ઓહો! સામે બત્તી છે ને શું? ઓ ખુદા! તારો કેટલો પાડ માનું!...'

ઝડપી પગલાંનો ખટકખટક અવાજ નજીકનજીક આવતો ગયો. ફરફરતી ઈજાર, ખમીસ, બંડી અને માથા ઉપર લાલ ગેંડા ટોપી પહેરેલી એવો એક કદાવર જુવાન લગભગ દોડતોદોડતો બત્તીના પ્રકાશ સુધી પહોંચીને અટકી ગયો. તેના બેઉ હાથમાં એક બેભાન બનેલો કૃશ દેહ હતો. તેણે તે દેહને, નાના બાળકની માફક, છાતી સરસો ઊંચકી લીધો હતો. બત્તીની બરાબર નીચે પહોંચતાં જ, તેણે પોતાના પગ વડે પથ્થર જરા દૂર કરી જમીનને ઠીક કરી. પછી બહુ જ સંભાળપૂર્વક પોતાની માને તે સ્થાને સુવડાવીને, પોતે પાણીની તપાસમાં દો

થોડી વારમાં જ તે આવી પહોંચ્યો તેના સંગાથમાં થોડા બીજા લોક પણ આવ્ એકના હાથમાં ફાનસ હતું. બીજાના હાથ પાણીનો લોટો અને પ્યાલો હતા. બીજા જણ એક નાનકડો ખાટલો લાવતા હતા.

એટલી વારમાં બૂઢી મા ભાનમાં આ ગઈ હતી. તે ઊઠીને બેઠી થઈ અને પા પીધું. પછી આવેલા લોકોએ તેને ઊંચકી ખાટલા પર સુવડાવી દીધી. બધો સરસામા સંપેટીને અને ડોશીમાને લઈને આ પર લોકો જવા લાગ્યા.

એટલામાં ડોશીમાના પુત્રની નજર પે સૂઈ રહેલા નાનકડા બાળક ઉપર પડી.

ધમાલથી જાગી જઈને તે તેની મોટીમો ભયભીત આંખોથી આ બધો તમાશો જો રહ્યું હતું. યુવક પોકારી ઊઠ્યો: 'અરે! આ છોકરો કોનો છે? અહીં એકલોએકલો કરે છે?'

જવાબમાં બાળક રડી ઊઠ્યું. તે જોર પોકારી ઊઠ્યું: 'બા!'

યુવકે નીચે નમીને વાત્સલ્યપૂર્ણ શબ્દો પૂછ્યું, 'બેટા! તારું નામ શું?'

બાળકે તીવ્ર ચીસ પાડી: 'બા!'

ચીસ સાંભળતાં જ અંધારામાં કોઈક દોડવાનો અવાજ આવ્યો. એક સ્ત્રીની પુ સંભળાઈ: 'બેટા! બેટા! મારા લાલ એ...આ...વી...ક્યાં છો તું?'

બાળક આનંદથી ઊછળવા લાગ્યું. આ તેણે બૂમ પાડી, 'બા! બા! બા!'

તે પ્રેમાળ યુવકે તે બાળકને તેડી લીધું અને થોડાં પગલાં આગળ જઈને જોરથી બૂ મારી: 'બહેન બા! આ તરફ આવો આપનો દીકરો અહીં છે.'

'ક્યાં છો ભાઈ? ક્યાંથી સાદ કરો છો!'

'આ તરફ આવો બહેન! બત્તી તરફ!'

હરખથી બાવરી બની ગયેલી એક સુંદર યુવતી અર્ધી રડતી અને અર્ધી હસતી દોડતી-દોડતી બત્તીના પ્રકાશ પાસે આવે છે. મા પુત્રને જુએ છે, પુત્ર માને જુએ છે.

'બેટા!'

'બા!'

જાણે કે જન્મોજન્મથી છૂટા પડી ગયા પછી મળતાં હોય, એમ મા–દીકરો એક-બીજાંને વળગી પડે છે......

આનંદનો ઊભરો જરા શમે છે એટલે યુવાન માતા પેલા મુસલમાન યુવકને કહે છે, 'ભગવાન તમારું ભલું કરે, ભાઈ! કેટલા ય કલાકથી હું આને શોધું છું. એકાએક લાઈટ બુઝાઈ ગઈ અને અકસ્માત્ આ મારાથી છૂટો પડી ગયો. પેલી પાછળની ગલીમાં...કલાકોના કલાકો સુધી તપાસમાં ને તપાસમાં હેરાન–પરેશાન થઈ ગઈ. બારણે-બારણે સાદ પાડ્યો, રસ્તે જનાર દરેકને ભાળ પૂછતી ગઈ, પણ કયાં ય પત્તો જ ન મળ્યો ને!'

એક માણસે હસતાંહસતાં કહ્યું: 'લો, કરો વાત! એક બાજુ મા બિચારી હેરાન-હેરાન થઈ ગઈ અને આ ભાઈસાહેબ તો આરામથી બત્તી નીચે જામ્યા હતા.'

યુવાન માતાએ બાળકને છાતી સરસો ચાંપીને ગદ્ગદ કંઠે પ્રાર્થના કરી: 'આ બત્તીનું ભલું કરજો, ભગવાન!'

બે મિનિટ પછી તો એકલી બત્તી મનમાં ને મનમાં વાત કરતી બાકી રહી ગઈ. તે પોતે તો બિચારી દીન–હીન અવસ્થામાં હતી. પ્રત્યેક માણસ તેની મજાક ઉડાવતો હતો. અનેક જણ તેના પર શાપ પણ વરસાવતા હતા. પરંતુ તેમાં કેટલાક એવા પણ હતા કે જે તેને યાદ કરીને, તેના પર અંતઃકરણના આશિષ વરસાવતા હતા...

બત્તી રાજીરાજી હતી કે આથી વધારે તે વળી જગતમાં કોઈને શું મળી જવાનું છે?

×

રાત વીતી ગઈ. સવાર પડી. થોડી ક્ષણ ઝગમગઝગમગ થઈને બત્તી ઓલવાઈ ગઈ, પરંતુ તે પોતાની મધુર યાદ કેટલાંક કૃતજ્ઞ દિલોમાં હમેશને માટે મૂકતી ગઈ!

[૪]

ન્યાયકોર્ટ

એક દિવસે પરોઢિયે ચાર વાગ્યે બાગનાં પંખીઓએ એવો તો હાહાકાર મચાવ્યો કે રેહાનાની આંખો ઊઘડી ગઈ અને તેની ઊંઘ પણ ઊડી ગઈ. પથારીમાંથી ઊભી થઈને શું છે તે જોવા તે બારીએ ગઈ અને ઘટાટોપ આંબલીની ડાળીઓ તરફ ગુસ્સાભરી નજરે એકીટશે જોઈ રહી.

કેવો શોરબકોર! કેવો કળેળાટ! કેવી લડંલડા! ચીં ચીં!......કિલ–કિલ!......કો–કો!......

રેહાના ગભરાઈને વિચારવા લાગી કે આ થયું છે શું? આ નાનકડાં–નાજુક પંખીઓની દુનિયા પર એવી તે કઈ આફત ઊતરી આવી છે કે તે બધાં બેચેન અને આકુળ–વ્યાકુળ બની ગયાં છે? તેમને કોઈને ય આજે જંપ શાને નથી?

તેણે જલદી કોગળો કરી મોઢું સાફ કરી લીધું. માથા પર અને ખભા પર દુપટ્ટો લપેટી લીધો, પગ ચંપલમાં ઘુસાડી દીધા (એ પણ ન જોયું કે ચંપલની ક–જોડ છે!) અને દાદરાનો દરવાજો ઉઘાડતીક ને ચપ-ચપ અવાજ કરતી નીચે દોડી ગઈ...... બાગમાં દોડવા લાગી......દોડતીદોડતી તે બાગના ફાટક સુધી પહોંચી ગઈ. તેણે જોયું તો ત્યાં એક અજબ પ્રકારનો તમાશો ચાલી રહ્યો હતો.

બહારના વિશાળ મેદાનમાં હજારો પંખી

એકઠાં થયાં હતાં અને તેમની વચ્ચે લડાલડ અને ફડાફડ જામી પડી હતી. પોપટનું ઝુંડ શોર મચાવી રહ્યું હતું. મેનાઓની કિકિયારીઓથી હવા જાણે કે કંપી ઊઠી હતી. કબૂતરોનું એક મોટું ટોળું એક ખૂણામાં ભરાઈને 'ગટર-ગૂં, ગટર-ગૂં' અવાજ કાઢીને રોકકળ કરી રહ્યું હતું. બાકીનાં અસંખ્ય પંખીઓ પણ બહુ જ જોરશોરથી કલ્પાંત, ગુસ્સો, લાચારી અને દ્વેષની ઉશ્કેરાટભરી લાગણી વ્યક્ત કરી રહ્યાં હતાં.

જાણે કે પંખીઓના પ્રલયકાળની ઘડી આવી પહોંચી હતી!

રૈહાનાએ એક મેનાને પૂછયું: 'અરે, બેન! કહે તો ખરી, આજે આ બધું છે શું?'

મેના બોલી: આજે આ કોયલ ઉપર કેસ ચાલવાનો છે.

'કેસ?'

'હા, હા, કેસ, ખટલો, મુકદ્દમો! આપના પિતા તો જજ છે અને કેસ શું કહેવાય તેની આપને ખબર નથી?'

'સમજી ગઈ, બરાબર સમજી ગઈ... કેસ માંડ્યો છે કોણે?'

મેના: કાગડાઓએ

રૈહાના: પણ અહીં તો એકેય કાગડો મારી નજરે પડતો નથી.

મેના: જુઓ ને, હમણાં જ કોયલને ગિરફતાર કરીને, તેઓ આવતા હોવા જોઈએ.

રૈહાના: ન્યાયાધીશ કોણ છે?

મેના: સફેદ ગીધ.

રૈહાના: સફેદ ગીધ? પેલો જુલમગાર અને જુઠ્ઠાનો સરદાર?

મેના: જુલમગાર હશે! ભલે, જુઠ્ઠો પણ હશે! પરંતુ છે તો ઊજળો વર્ણ ને?

રૈહાના (હસીને): તો શું ઊજળો રંગ છે, એટલે તેમાં બધું આવી ગયું?

મેના (ભોળા-ભલા આશ્ચર્યભાવથી) ત્યારે બીજું વધારે શું જોઈએ?

રૈહાનાએ મનમાં ને મનમાં વિચાર ક 'લો, આ ઊજળાપણાનો રોગ અમને-મનુ જ નહિ પણ આ પંખીઓને પણ લાગુ પ લાગે છે. એક પલ્લામાં બધા સદ્ગુણો મૂ અને બીજા પલ્લામાં ગોરી ચામડી મૂકો ગોરી ચામડીવાળું પલ્લું જ નમતું રહેવાનું અરે, બાબા! અમે પૃથ્વી પરનાં પ્રાણી કેવાં બેવકૂફ છીએ! ઠીક છે!...... પણ કેસ તો જરૂર સાંભળવો પડશે.'

આમ વિચાર આવતાં, તે બગીચાન ફાટકની પાસે જ જમીન ઉપર પલાંઠી વાળ બેસી ગઈ. એક લૂમઝૂમ સીતાફળીની ડા માથા ઉપર ઝઝૂમી રહી હતી. નીચે લીલુંછ ઘાસ હતું-જાણે મખમલનો ગાલીચો!

રૈહાના પ્રતીક્ષા કરતી બેઠી. પૂર્વાકાશમાં પ્રભાતની ગુલાબ-રંગી પતાકા ફરફરવા લાગી. ઊંચે જાંબુડાની ડાળીઓમાં પોઢેલો પ્રાતઃ સમીર પણ જાગ્રત બન્યો અને ધીમેધી ચૂપાચૂપ બગીચામાં ફરવા લાગ્યો.

ત્યાં તો એકાએક હૃદયને થંભાવી તેવી નિઃસ્તબ્ધતા છવાઈ ગઈ. બધો શોર બકોર એકીસાથે શમી ગયો. અસંખ્ય ગરદનો એકીસાથે ઊંચી થઈ. અસંખ્ય ચમકતી આંખો એકીસાથે આકાશ ઉપ મંડાઈ ગઈ. રૈહાનાએ પણ માથું ઊંચું કરી આકાશ તરફ જોવા માંડ્યું અને જોયું તો... એક પ્રચંડ સફેદ ગીધ નજરે પડ્યું. પોતાની મોટીમોટી પાંખો પ્રસારતું કોઈ અજબ ભવ્યતાથી તે તીરની માફક સુસવાટ કરતું ધરતી પર ઊતરી રહ્યું હતું. પંખીઓએ એક ઊંડો શ્વાસ લીધો અને ફરરરર ફરરરર કરતાં એક બાજુ સરવા લાગ્યાં. જોતજોતામાં તેમની વચ્ચે જ જજસાહેબને માટે સારી એવી

જગ્યા થઈ ગઈ.

બસ, ગીધ મહાશયના આગમનની જ રાહ જોવાતી હતી. મેદાનની ચોતરફ આવેલા મોટા-મોટા વડલાઓમાંથી કાગડાનું એક કાળું-કાળું ઝુંડ નીકળી આવ્યું. ઝપાટાબંધ ઊડતું-ઊડતું તે પંખીમંડળની પાસે ન્યાયસભામાં આવી પહોંચ્યું. તેઓ ગીધરાજની સમક્ષ આવીને ધરતી પર બેઠા, ત્યાં તો તેમની વચ્ચોવચ પીંખાઈ ગયેલી પાંખવાળી એક કોયલ પણ નજરે પડી. તોફાનથી ચમકતી તેની આંખ આજે કોઈ ગભરાયેલા શિકારની માફક ચકળવકળ થતી હતી, છતાં પણ તે કંઈ કાચીપોચી ન હતી. બહુ ચતુર હતી. આવતાં જ સડપ કરતી તે ન્યાયાધીશ સાહેબની પાસે જ ઘૂસી ગઈ. એટલામાં રૈહાના પણ સરકતીસરકતી જજના આસનની પાછળ પહોંચી ગઈ હતી. તેણે કાન જરા સરવા કર્યા તો એક અજબ પ્રકારનો સંવાદ સાંભળ્યો. પોતાની પાંખોમાં ચાંચ છુપાવીને અને રોવાનો ડોળ કરીને કોયલે ધીમા, ગભરાટભર્યા અવાજે કહ્યું: 'હજૂર, ગરીબના બેલી, દીનદયાળ, આપ તો અમારાં માબાપ છો. રહેમ કરો. હું-ગરીબ ઉપર મોટું મન રાખો. મને બચાવો. હું આપને શરણે આવી છું.'

ગીધ: હં!

કોયલ: ઓ દીનબંધુ!

ગીધ (પોતાની પાંખોને ચાંચ વડે સફાઈદાર કરતાં): હં! બહુ મુશ્કેલ!

કોયલ (આજીજીથી): આપને વળી શું મુશ્કેલ, માલિક?

ગીધ: હં!...શું આપીશ?

કોયલ: મુલાકાત થશે ત્યારેત્યારે સાત-સાત સલામનું માન આપીશ.

ગીધ: હં! ઠીક છે. બોલ બીજું શું આપીશ?

કોયલ: આપની નિંદા અને ટીકા કરનારા વિરોધીઓને હેરાન-પરેશાન કરી મૂકીશ.

ગીધ (માથું હલાવીને): અને બીજું વધારે કંઈ?

કોયલ: હંમેશાંને માટે આપની ચરણ-રજ બનીશ.

ગીધ: બીજું કંઈ આપી શકે તેમ છે?

કોયલ (આંખ મિચકારીને): આપને બધા નવાનવા ખબર પહોંચાડતી રહીશ! આ લોકોની....

ગીધ: ઠીક છે! જો ભૂલ ન થાય!

કોયલ: શું વાત કરો છો, પ્રભુ? કદી પણ એવું બને જ નહિ ને!

ગીધ: જો...બરોબર જાસૂસી કામ કરવાનું છે હોં!

કોયલ (વિનતિભર્યા સ્વરે): ઈશ્વરને માથે રાખીને કહું છું!

×

જજસાહેબે સૌ સાંભળે તેવા બુલંદ અવાજે કહ્યું: કાકમંડળ નજીક આવે!... ...તમે આ કોકિલા વિરુદ્ધ ફરિયાદ કરી છે?

કાકમંડળ (એકી અવાજે): જી, હજૂર.

પછી કાકસરદાર આગળ આવ્યો અને કોયલ તરફ ઘૂરકતો બોલ્યો: ગરીબના બેલી! આ કમબખ્ત કોયલ—

જજસાહેબ: ઑર્ડર, ઑર્ડર...... ગાળાગાળી વગર વાત કરો.

કાકસરદાર: આપની માફી માગું છું, નામદાર!...હું તો કહેતો હતો કે આ કોયલ બહુ તોફાની, ખરાબ અને તકરારી બાઈ છે. તેને તો બાગમાંથી જ હાંકી કાઢવી જોઈએ.

જજસાહેબ: આ કોયલ તોફાની, ખરાબ અને તકરારી છે એમ તમે કહો છો. તે વાતનો તમારી પાસે શો પુરાવો છે?

કાકસરદાર: નામદાર, એ કોયલનો અમને થયેલો અનુભવ જ પુરાવારૂપે છે!

જજ : કોનેકોને તેવો અનુભવ થયો છે?

કાક : અમારામાંથી કેટલાયને, નામદાર!

જજ : કયા પ્રકારનો અનુભવ? જરા ખુલાસો કરો.

કાક : બહુ દુઃખદ અનુભવ છે, નામદાર!

જજ : વિગત આપો જોઈએ.

કાક : નામદાર, આ કોયલની ઉપર ઘણા આરોપ છે. એ બહુ કૃતઘ્ન છે. તદ્દન ઉદ્ધત છે. ઘણી જ જુલમગાર છે.

જજ : સાબિતી આપો.

કાક : એ એક જગ્યાએ સ્થિર રહી જ શકતી નથી. તેનાં ઈંડાં અમારા માળામાં ઘુસાડી જાય છે અને પછી ઘડીક અહીં અને ઘડીક ત્યાં, એમ ફરતી ફરે છે. એ તો જાણે ઠીક. અમે આ બાબતને જતી પણ કરીએ, પરંતુ પોતાનાં બચ્ચાંને માટે જગ્યા કરવા માટે અમારાં બચ્ચાંને ચાંચ મારીને જમીન ઉપર ફેંકી દે છે. નામદાર! જુલમની પણ હદ હોય છે! તેને રોકવા જઈએ તો ખિજાઈ જાય છે. સમજાવવા જઈએ તો ઊલટાની અમારે ગળે પડે છે અને હાહાકાર મચાવી મૂકે છે. ખોટેખોટી કકળી ઊઠે છે કે 'હું, ગરીબ ઉપર બધા ભેગા થઈને અન્યાય કરો છો!' પછી તો પાછી એવી છૂ થઈ જાય છે કે ભૂલેચૂકેય પોતાનાં બચ્ચાંની ખબર પણ કાઢતી નથી.

જજ : બસ, એટલી જ વાત છે?

કાક (આશ્ચર્ય સહિત) : જી, નામદાર!

જજ : આ રજૂઆતમાં તો મને જુલમ, ઉદ્ધતાઈ કે કૃતઘ્નતા–કંઈ પણ દેખાતું નથી.

કાક (કરુણ સ્વરે) : નામદાર!!

કોયલ (ખુશીથી ફુલાતી) : કૂ...ઉ...ઉ, કૂ...ઉ...ઉ, કૂ...ઉ...ઉ!

જજ : તમારો પહેલો આરોપ એ છે કે આ કોયલ એક જગ્યાએ સ્થિર નથી રહી શકતી. હવે આ તો સ્વભાવની વાત થઈ. એમાં કોયલનો શો દોષ? ફરિયાદ જ હોય તો દુનિયાના સર્જનહારની સામે આરોપ બીજો એ છે કે તે પોતાનાં તમારા માળામાં મૂકી જાય છે. બિચા એમ ન કરે તો બીજું કરે પણ શું? ગળે વળગાડીને કેમ કરીને ફરી શકે? વાતમાં તો મને તમારો જુલમ દેખાય ...... અને હવે બાકી રહી કૃતઘ્નતાની હું કહું છું કે ખરેખરા કૃતઘ્ન તો તમે

કાકમંડળ (ચકિત થઈને): હેં!

જજ (શાંતિપૂર્વક): તેમાં શંકા જેવું જ શું છે? આ જગતમાં પુણ્યથી મોટી દોલત બીજી કોઈ છે ખરી? દાન કરનારના કરતાં વધારે મોટું કારી કાર્ય કરનાર બીજો કયો માણસ શકે? કોયલ તેનાં બચ્ચાંને તમને સોંપી પોતે પુણ્યદાતા બની જાય છે. તેનાં બચ્ચાં સંભાળ લઈ તમે કેટલું બધું પુણ્ય મેળ છો! જરા વિચાર કરો તો ખરા! પોતા બચ્ચાંને તો સૌ સંભાળે, તેમાં કયું મો પુણ્ય થઈ જાય? એ તો હરકોઈ કરી અને સૌ કરે જ છે, પરંતુ પરાયાં બાળક પાલન–પોષણથી તો......ઓ હો હો પુણ્યના કુબેર–ભંડાર ખૂલી જાય છે. માનો આ કોયલનો કે તેના પ્રતાપે પુણ્યભંડાર તમને પ્રાપ્ત થાય છે...— તમે? પાડ માનવો તો એક બાજુએ રહ્યો ઊલટાના તેના ઉપર કેસ માંડી બેઠા છો! હવે તમે જ કહો, કૃતઘ્ન કોણ છે? તમે કે

કાકમંડળ (સુધબુધ વગર): કો...કો...કો...

જજ (પ્રસન્ન થઈને): વાહ! સમ ગયા ને? બુદ્ધિશાળી કાકભાઈઓ! તો આપણે આ નિર્ણય ઉપર આવીએ છીએ ને કોયલ ખરાબ નથી? તે ખરેખર ભલી કારણ કે તે પુણ્યદાતા છે; અને પુણ્યદા

કદી ખરાબ હોઈ શકે જ નહિ.......અને તે કૃતઘ્ન પણ નથી. ભાઈઓ ! કૃતઘ્ન તો તમે છો ! બસ ? સમજી ગયા ને ? હવે બચ્ચાંની વાત કરીએ. તમે કહો છો કે તે તમારાં બચ્ચાંને ચાંચ મારીમારીને માળામાંથી બહાર ફેંકી દે છે. હવે તમે જ બોલો, તેનો આ ગુનો કોણે નજરોનજર જોયો છે ?

કાકસરદાર (હતાશ અને ચિડાયલો): અમારાં દેખતાં તો તે થોડું જ એમ કરે ? એવી બેવકૂફ તે હોઈ શકે ખરી ?

જજ: તો પછી તમારી પાસે પુરાવો શો છે કે તે તમારાં બચ્ચાંને નીચે પાડી દે છે ? બીજા કોઈએ તેને તેમ કરતાં જોઈ છે ખરી ?

કાક: જોયું તો બધા યે છે પણ આ જલ્લાદની વિરુદ્ધ સાક્ષી આપવાની હિંમત કોણ કરે ?

જજ: નકામી વાત કરો નહિ. સાક્ષી લાવતા નથી અને આડીઅવળી વાતોથી અમારો કીમતી સમય બગાડી રહ્યા છો ! અમને તો આ આરોપ ખોટો લાગે છે. યાદ રાખો કે કોઈના પર ખોટો આરોપ મૂકવો તે કાયદાની દૃષ્ટિએ ગુનો બને છે. તમે સજાને પાત્ર ઠરો છો, તે નહિ ભૂલતા. કોયલ બિચારી કંઈ ઉદ્ધત-બુદ્ધત નથી. તમે ખોટા આરોપ મૂકો છો અને તે 'ના' કહે છે. બસ, એટલી જ વાત છે ને ? કેસ ડિસ્મિસ !......એ તો અમારા હૃદયમાં દયા છે તેથી તમને સખત સજા નથી કરતા ! બસ, ત્યારે જુઓ. સાબિત થાય છે કે કોયલ બહુ ભલી, સજજન અને પરોપકારી મહિલા છે અને તમે જ ખોટા અને જુલમગાર છો ! જાઓ !.........

ક્રોધથી મૂઢ બની ગયેલ સભા ચૂપચાપ વીખરાવા લાગી. ગીધમહાશયે પાંખો ફેલાવી, અહીંતહીં નજર કરી, વીજળીની ઝડપે એક નાના ગભરુ પક્ષીને પંજામાં ઝપેટી લીધું; અને તે જોતજોતામાં આકાશને માર્ગે રવાના થઈ ગયા.

પંખીઓમાં હાહાકાર મચી ગયો. બધાં ચીસ પાડી ઊઠ્યાં: 'કમબખ્ત ! જુલ્માનો સરદાર ! જાલિમ ! ડાકુ ! નહિ જોયો હોય તો !'

રૈહાનાએ એક ક્રોધે ભરાયેલા કાગડાને પૂછ્યું, 'અરે, ભાઈ, તમને એવું તે શું સૂઝ્યું કે આ ગીધને ન્યાયાધીશ તરીકે પકડી લાવ્યા ?'

કાગડો (શરમ અને ગુસ્સાથી ધ્રૂજતો): એનો રંગ સફેદ હતો ને ? એટલે !

રૈહાના: સફેદ રંગ જોઈને તમારા મનમાં એમ વસી ગયું કે તેનું હૃદય પણ સફેદ હશે ?

કાગડો: બહેન બા ! અમે મોટા બેવકૂફ બન્યા ! હવે ફરીથી આવી ભૂલ નહિ થાય.

રૈહાના: જાણો છો ને કે આ કોયલ તો ગીધની જાસૂસ બની ચૂકી છે. તેનું હવે શું કરશો ?

કાગડો (ચમકીને): એમ ? એવી વાત છે ?......અરે ભાઈઓ અને બહેનો ! જરા વાર ઊભાં રહો ! આ કોયલનો મામલો વીફરે તે પહેલાં આપણે જ તેનો પાર લાવી દઈએ ! આપણામાં સંગઠન હોય તો કોઈની તાકાત છે કે આપણું કંઈ બગાડી શકે ?

બધાં પંખીઓએ પાંખો ફફડાવીને આ વાતમાં પોતાની સંમતિ આપી અને ફરીથી પોતપોતાની જગ્યાએ ગોઠવાઈ ગયાં. મહામુનિ ઘુવડના પ્રમુખપદ નીચે એ જ જગ્યા ઉપર બીજી વાર સભા થઈ. રૈહાનાને તો જવું પડ્યું તેથી તે સભામાં હાજર રહી શકી નહિ, પરંતુ પાછળથી તેને જાણવા મળ્યું કે કોયલનો સંપૂર્ણ બહિષ્કાર થવાથી તે એવી તો ગળોગળ આવી ગઈ કે તેણે માત્ર તે બાગ જ નહિ પણ તે પ્રાંત પણ છોડી દીધો. ચાલો ત્યારે ઈશ્વરની કૃપા અપાર છે ! ભગવાન કરે ને કોયલે પોતાની કુટેવ છોડી દીધી હોય તો કેવું સારું !

★

વામન અને વિરાટ

લેખક :
શ્રી વાસુદેવ પટેલ

કલ્પકલ્પાન્તરો વહી ગયા અને સૂર્યસુતા યુવા વસુંધરાને ઉર આંખે અદશ્ય એવા એક જીવકોષના કણુ દેખા દીધી. સર્જન, જીવન અને ધ્વંસની અવિશ્રાંત ઘટમાળ શરૂ થઈ અવનવા દેહો સર્જાયા, જીવ્યા અને વિલુપ્ત થયા. યુગયુગાન્તરો વહી ગયા. વામનકાય માનવે વિરાટ પ્રજ્ઞાઆયુધ સહ ધરાતટે દેખા દીધી. પ્રજ્ઞાઆયુધથી વામણા માનવીએ વિજયયાત્રા આરંભી. જીવનના દરેક ક્ષેત્રમાં વિજય મેળવવા જતાં અનંતને આરે પહોંચવાના યત્નો ભાંગફોડની રીતે શરૂ કર્યા.

પદાર્થની ભાંગફોડ કરતાં અતિ સૂક્ષ્મ કણુ 'અણુ' હાથ લાગ્યો છે. અણુમાં પદાર્થના બધા જ ગુણધર્મો હાજર હોય છે. વિશ્વની સીમાને આંકડા વડે ઘેરવા જતાં જેમ એકડા પાછળ વીસ–પચીસ મીંડાં મૂકવાં પડે છે, તેમ આ ક્ષુદ્રતમ અણુની બહુલતા વિષે છે. અણુ એટલો નાનો છે કે અર્ધા શેર પાણીમાં ૧૮૯×૧૦^{૨૩} (૧૮૯ની પાછળ ૨૩ મીંડાં) જેટલા અણુઓ સમાય. એનો વ્યાસ છે ૦·૦૦૦૦૦૦૦૦૪૬ સેં. મી. મતલબ કે અર્ધા શેર પાણીના અણુઓને હારબંધ બેસાડીએ તો પૃથ્વીની ફરતા વીસ કરોડ આંટા થાય. ખેતરમાં બી વાવવાની જેમ એમને વાવીએ તો પૃથ્વી પરના દરેક ચોરસ ઇંચમાં દસ કરોડ અણુઓ આવે !

અણુ જેટલો વામનકાય છે, એટલી જ વિરાટ એની ઝડપ છે. હવાનો અણુ સેકંડના પંદરસો ફૂટની ઝડપથી દોડે છે. બોઇલરમાંની વરાળના અણુઓ સેકંડના ત્રણ હજાર ફૂટની ઝડપથી દોડે છે. હાઇડ્રોજનનો અણુ સેકંડના ૬૦૦૦ ફૂટની ઝડપથી દોડે છે. પણ આટલા વેગથી દોડતો અણુ માં એના વ્યાસ કરતાં પાંચસોગણો જાય છે, ત્યાં તો જાતભાઈ સાથે ભટકાઈ પડે છે. અને અણુ એક સેકંડમાં આમ કેટલી વખત ભટકાઈ પડે છે, એ જાણો છો ? માત્ર ત્રણ અબજ વખત !!

આવા ભયંકર વૈચિત્ર્ય ધરાવતા અણુને પણ તોડવામાં આવ્યો છે. અણુ તૂટતાં 'પરમાણુ' હાથ લાગ્યો છે. સમસ્ત વિશ્વમાં બધા મળી માત્ર ૯૬ સ્થાયી પરમાણુઓ છે. આ પરમાણુના સરવાળા અને બાદબાકીથી જ અખિલ વિશ્વ રચાયું છે.

અણુથી વધુ અજબ આ પરમાણુ છે. પરમાણુ કલ્પનામાં પણ ન આવે એટલો હલકો છે. એક અધોળ દ્રવ્યમાં ૧૬×૧૦^{૨૧} પરમાણુ હોય છે. ખૂબીની વાત એ છે કે આટલો સૂક્ષ્મ પરમાણુ અંદરખાને સાવ પોલો છે.

પરમાણુની દેહરચના લગભગ સૂર્યમંડળના જેવી છે. પરમાણુના કેન્દ્રમાં વજનદાર ધનાણુ હોય છે. આ કેન્દ્રની આસપાસ પુષ્કળ ખાલી જગા છે અને એ ખાલી જગામાં કેન્દ્રથી દૂર, કેન્દ્રની આસપાસ સેકંડના સેંકડો–હજારો માઈલના વેગથી પરકમ્મા કરતા ઋણાણુ ફરે છે. આટલા વેગથી ચક્કર મારતા ઋણાણુ કેન્દ્રથી દૂર ભાગી ન જાય માટે કેન્દ્રમાં ધન વિદ્યુતભાર અને ઋણાણુમાં ઋણ વિદ્યુતભાર હોય છે. વિદ્યુતભારનું જેટલું આકર્ષણ છે તેટલું જ જબ્બર સમાન વિદ્યુતભારનું આકર્ષણ છે. એક ગ્રામ ધનાણુઓને પૃથ્વીના ધ્રુવ ઉપર મૂકીએ તો તેઓ વિષુવવૃત્ત ઉપર છસો મણ જેટલું અપાકર્ષણનું દબાણ દાખવશે !

ધનાણુના વજનના હિસાબે ઋણાણુનું વજન નહિવત્ છે. અઢારસો ચાલીસ ઋણાણુ ભેગા થાય ત્યારે એક માંડ ધનાણુ જેટલું વજન દાખવે છે.

ઋણાણુ કરતાં પરમાણુનો વ્યાસ એક લાખગણો અને કદ દસલાખ અબજગણું છે. આમ પરમાણુનું બધું વજન કેન્દ્રમાં છે અને તે અંદરના ભાગે ભયંકર રીતે પોલો છે. પરમાણુનું આ પોલાણ કોઈ રીતે સંપૂર્ણપણે મિટાવી દેવામાં આવે–ધનાણુ અને ઋણાણુઓને એકબીજાની અડોઅડ કરી દેવામાં આવે, તો હાથી જેવું પ્રાણી ધૂળના એક અતિ સૂક્ષ્મ કણ જેવું બની જાય. અને છતાં ય એ ધનાણુના આકર્ષણ અને ઋણાણુના તાંડવનૃત્યથી સમસ્ત વિશ્વ-જગત ચાલી રહ્યું છે. એમનાં કાર્યો થંભતાં જગતમાં કશું જ નહિ સંભવે.

*

સૂક્ષ્મને છોડી થોડી મોટાની વાત કરીએ.

પૃથ્વી પરનું લાંબામાં લાંબું અંતર વિષુવવૃત્તના કંદોરાનું છે–૨૫,૦૦૦ માઈલ. છ ફૂટના માનવી કરતાં બે કરોડ વીસ લાખગણું. એક કલાકના ચાર માઈલના હિસાબે એ કંદોરાની પગપાળા પ્રદક્ષિણા કરતાં બસોસાઠ દિવસ થાય; કલાકના સાઠ માઈલ કાપતી ગાડીને સત્તર દિવસ લાગે અને ચારસો માઈલની ઝડપવાળા એરોપ્લેનને લગભગ અઢી દિવસ લાગે. પણ આ અંતર સૂર્યમંડળનાં અંતરોના હિસાબે નહિવત્ છે. સૌથી નજીકનો આપણો પડોશી ચંદ્ર લગભગ અઢી લાખ માઈલ દૂર છે, જ્યારે સૂર્ય નવ કરોડ ત્રીસ લાખ માઈલ દૂર છે. બે હજાર માઈલ કરતાં સહેજ વધારે વ્યાસવાળા અને ૮૦×૧૦^{૧૮} ટન વજનવાળા ચંદ્રને સાથે લઈને આઠ હજાર માઈલના વ્યાસવાળી અને ૬૬×૧૦^{૨૧} ટન વજનવાળી પૃથ્વી એક સેકંડના સાડા અઢાર માઈલની ઝડપથી સૂર્યની પરકમ્મા કરે છે.

પૃથ્વી સિવાય બીજા આઠ ગ્રહો પોતાના ચંદ્રો સમેત વિવિધ વેગથી સૂર્યની પરકમ્મા કર્યા કરે છે. આ ગ્રહમંડળની પૂરી દુનિયાને સૌર જગત યા સૂર્યમંડળ કહે છે.

અનેક ગ્રહોને ગુરુત્વાકર્ષણના બળથી પોતાની આસપાસ ફેરવનાર સૂર્ય પૃથ્વી કરતાં લગભગ તેર લાખગણો મોટો છે. પરાર્ધો–અણુઓના સંયોગથી બનતા પરાર્ધો રજકણો કરતાં પણ કેવડા વિશાળ !!

સૂર્ય આટલો મોટો હોવા છતાં અને સૂર્યમંડળ અવકાશમાં ખૂબ મોટી જગ્યા રોકતું હોવા છતાં ય આકાશગંગામાં માત્ર બિન્દુવત્ છે.

*

સૂર્યમંડળને છોડીને હવે અવકાશની વાત કરીએ. અવકાશી મુસાફરી સરળ નથી. સૂર્યને છોડ્યા બાદ અવકાશમાં ૨૫,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ માઈલની યાત્રા કરતાં આપણી સૌથી નજીકનો ઘર–પાડોશી તારક ‘જય’ આવશે. અંતરનો કેવો મોટો આંકડો ! અને છતાંય વૈજ્ઞાનિકો આ અંતરને ટૂંકું અંતર કહે છે ! ખગોળની મોજણીમાં આપણી પૃથ્વી પરનો કોઈ પણ માનદંડ ચાલી શકે એમ નથી. માટે જ ખગોળશાસ્ત્રીઓએ એક નવો માનદંડ શોધી કાઢ્યો છે. એ માનદંડનું નામ છે ‘પ્રકાશવર્ષ.’ પ્રકાશવર્ષ એ અંતર છે, સમય નથી. એક સેકંડના એક લાખ અને છયાસી હજાર માઈલની ઝડપથી ચાલતાં પ્રકાશ એક વર્ષમાં જેટલું અંતર (૧,૮૬,૦૦૦ × ૩૬૫ દિવસ × ૨૪ કલાક × ૬૦ મિનિટ × ૬૦ સેકંડ =૫,૮૮૦,૦૦૦,૦૦૦,૦૦૦ માઈલ !!!) કાપે તેને પ્રકાશવર્ષ કહે છે.

દૂર દક્ષિણ તરફના સ્વર્ગદ્વારના રક્ષક 'જય–વિજય'ની જોડીમાંના 'જય' તારા પાસે, પ્રકાશની પાંખે ઊડીને જતાં ૪·૨૭ વર્ષ લાગે એટલો એ દૂર છે, જયારે આકાશપટ પર સૌથી તેજસ્વી અને ભૂરા રંગે ઝબકતો અને અનેક રંગપલટા લેતો 'વ્યાધ' (क શ્વાન) ૮·૬ પ્રકાશવર્ષ દૂર છે. વીણામંડળનો યોગ તારો 'અભિજિત' ૨૭ પ્રકાશવર્ષને અંતરે છે. ભૂતેશનો લાલ 'સ્વાતિ' ૩૮ પ્રકાશવર્ષ દૂર છે, જયારે યયાતિમંડળમાંનો રૂપવિકારી 'અહગૂલ' ૧૦૦ પ્રકાશવર્ષ દૂર છે. 'જય'નો જોડીદાર 'વિજય' બસોએંશી પ્રકાશવર્ષ દૂર બેઠો છે. મધ્યાકાશમાં આવતાં પુનિત હરણાંનો આગલો જમણો પગ અને કાલપુરુષનો જમણો ખભો રક્ત 'આર્દ્રા' ત્રણસો પ્રકાશવર્ષ દૂર છે, જયારે વૃશ્ચિકરાજની સવારી સાથે પધારતા અને પરવાળા જેવા રક્તરંગી 'પારિજાતક'નું અંતર ત્રણસોત્રીસ પ્રકાશવર્ષ છે. મૃગ(હરણાં યા કાલપુરુષ)નો પાછલો ડાબો પગ નીલશ્વેત રંગે ચમકતો 'બાણરજ' છે. એનું અંતર છે સાડા પાંચસો પ્રકાશવર્ષ. ઉત્તરમાં સ્વર્ગમંદાકિનીમાં સ્નાન કરતો 'હંસપુચ્છ' સાડા છસો પ્રકાશવર્ષ દૂર છે. દૂર દક્ષિણપંથમાં વિહરતા નૌકાયાનના પિતા 'અગસ્ત્ય' સાતસો પ્રકાશવર્ષના અંતરે બિરાજે છે. કેટલાક તારકો તો એથી પણ વધુ દૂર છે.

નજીક અને દૂર બેઠેલા આ બધા તારકોના પ્રકાશના વર્ગીકરણ પ્રમાણે છ વર્ગ પાડવામાં આવ્યા છે. આંખને પ્રથમ નજરે જ પકડી રાખતા વીસ તેજસ્વી તારાઓને પહેલા વર્ગમાં મૂકયા છે, અને બાકીનાને પ્રકાશના અનુક્રમે છઠ્ઠા વર્ગ સુધીમાં વહેંચી નાખ્યા છે. નરી આંખે પરાણે દેખાતા તારાઓ છઠ્ઠા વર્ગના છે.

શ્વાનનો અધિષ્ઠાતા અને મૃગની પાછળ દોડતો વ્યાધ એટલો પ્રકાશિત છે કે એનો વર્ગ પહેલો નહીં પણ શૂન્યની પેલે પાર –૧·૫૮ મૂકયો છે. દક્ષિણમાં સંસ્કૃતિ રેલાવનાર અગસ્ત્યનો વર્ગ (–૦·૮૬) પણ શૂન્યથી ઓછો છે. નરાશ્વના જયનો વર્ગ +૦·૦૬, શ્રવણઘાતક 'દશરથ' યા 'અભિજિત'નો +૦·૧૪ અને રથીમંડળનો 'બ્રહ્મહૃદય'નો વર્ગ +૦·૨૧ છે.

આ તો નરી આંખે દેખાતી તેજસ્વિતાની વાત થઈ, પણ તેમની સાચી તેજસ્વિતા (તેજાંક) સૂર્યની સરખામણીમાં કેટલા ગણી વધારે છે.

પારિજાતક દેખાય છે સાવ નાનો અને વ્યાધ કરતાં ઓછો ચળકતો, પણ એનું સાચું તેજ સૂરજના તેજ કરતાં ૧૯૦૦ગણું છે. રક્ત આર્દ્રાનો તેજાંક ૩૬૦૦ છે, જયારે હંસપુચ્છનો બાર હજાર. નરી આંખે દેખાતા તારાઓમાં બાણરજ સૌથી વધુ તેજસ્વી છે. એનો તેજાંક ૨૧૦૦૦ છે, પણ સમગ્ર તારાવિશ્વની વાત કરીએ તો असीमीन મંડળનો એક તારો આ બધા તારા કરતાં ખૂબ તેજસ્વી (કદાચ સૌથી વધુ તેજસ્વી) માલૂમ પડ્યો છે. એ તારો સૂર્ય કરતાં લાખગણું તેજ ધરાવે છે.

પણ આ ચળકતા તારકોને સામે છે બેસે એવા અનેક ઝાંખા તારકો પણ આકાશમાં મોજૂદ છે. આ તારકો એટલા ઝાંખા છે કે એને લગભગ કાળા તારકો કહી શકાય. આવો અતિખ્યાત તારો 'બી. ડી.+૪ ૪૦°૪૮'નો સાથી તારક છે. એ તારો સૂ કરતાં પાંચલાખમા ભાગનો પ્રકાશિત છે. સૂર્યને સળગતી મીણબત્તી જેવો ગણીએ તો આ તારકો આગિયા ગણી શકાય, જ્યારે असीमीनના પેલા તેજસ્વી તારાને સળગતી આગ કહેવી પડશે. આ આગ–તારાને સૂર્ય

સ્થાને મૂકીએ તો ક્ષણાર્ધમાં પૃથ્વી ઉપરની બધી વસ્તુઓ ઓગળીને વાયુરૂપ થઈ જશે અને એનું ઉષ્ણતામાન લગભગ ૭૦૦૦° સે. સુધી પહોંચી જશે. પણ આ પરથી એમ ન માની લેતા કે એ અતિ વિરાટ તારક હશે. એના કરતાં યે વિરાટ તારકો અવકાશમાં પડ્યા છે.

'પારિજાતક' સાડાત્રણ કરોડ સૂર્યને પોતાના પેટાળમાં સમાવી દે એટલો મોટો છે, જયારે તિમિંગલનો અદ્ભુત 'મીરા' અને હરણાંનો 'આર્દ્રા'-(બન્ને) સૂર્ય કરતાં લગભગ સાડાનવ કરોડગણા મોટા છે. આ બધાને ટપી જાય એવડો અતિ વિરાટ તારક છે શૌરીમંડળનો क શૌરીમંડળનો મુખ્ય તારો. એ એવો મોટો છે કે એના દેહમાં આપણા સૂર્ય જેવા ૫૧ કરોડ સૂર્ય સમાઈ જાય!!

અતિ વિરાટની સામે આવે એવા અતિ 'વામન' તારકો પણ છે. 'વાન માનેન'નો તારક પૃથ્વી કરતાં સહેજ નાનો છે, જયારે 'એ. સી.+૭૦ ૮૨૪૭' નામે ઓળખાતો તારક આપણા ચંદ્ર જેવડો જ છે!

આ ઉપરથી એમ ન માનતા કે અતિ-વિરાટ તારકો ખૂબ વજનવાળા હશે અને વામન તારકો ખૂબ હલકા હશે. ખરી હકીકત તો એથી ઊલટી છે.

સાડાત્રણ કરોડ સૂર્યને પોતાના પેટાળમાં સમાવનાર પારિજાતકનું વજન સૂર્યવજન કરતાં માત્ર ત્રીસગણું વધારે છે. એથી ઊલટું વ્યાધનો સાથી તારક સૂર્ય કરતાં સત્તાવીસ હજારગણો નાનો છે, પણ એનું વજન સૂર્યવજનના ૪/૫ જેટલું છે. 'એચ. ડી. ૬૯૮' તારકનું વજન એકસો તેર સૂર્ય-ભાર જેટલું છે.

પણ આ થઈ તારાઓના વજનની વાત. એમના ઘટત્વની વાત જુદી જ છે. ઘટત્વની દૃષ્ટિએ તો આશ્ચર્ય પમાડે એવા તારકો અવકાશમાં પડ્યા છે.

વ્યાધનો સાથી તારક તો આમ ખૂબ નાનો છે, પણ એનું ઘટત્વ આશ્ચર્યજનક છે. એનું દ્રવ્ય ચાના પ્યાલામાં ભરીએ તો એનું વજન સહેજે પાંચ-સાત ટન થાય. સૂર્યની ઘનતા (સરખા કદના પાણીના હિસાબે વજન) દોઢ છે, ત્યારે આ ભાઈસાહેબની ઘનતા સાઠ હજાર છે. 'વાન માનેન'નો તારક પૃથ્વી કરતાં યે નાનો છે. એનો વ્યાસ છે માત્ર છ હજાર માઈલ, પણ એની વામનતાના હિસાબે એનું ઘટત્વ પાંચ લાખ સાઠ હજાર છે. આનેય ટપી જાય એવો 'કૂઈપર'નો તારક છે. એનો વ્યાસ છે ચાર હજાર ત્રણસો માઈલ, પણ એનું ઘટત્વ છે છત્રીસ કરોડ! એક ચાના પ્યાલામાં સમાય એટલું આ તારાનું દ્રવ્ય ઉપાડવા છાસઠ હજાર મજબૂત માણસો જોઈશે.

બબ્બે, ત્રણ-ત્રણ, ચાર-ચાર કે છ-છના જૂથમાં ફેરફૂદડી ફરતા યુગ્મતારકો, રૂપ-વિકારી, સફેદ વામન, લાલ દાનવ, તેમ જ તારકઝૂમખાં અને તારા-વાદળોને સમાવતી આપણી આકાશ-ગંગા ઘણી ઘણી મોટી છે.

નરી આંખે આકાશમાં જે તારા દેખાય છે તે અને આકાશ-ગંગાનો સફેદ પટો મળીને 'આકાશ-ગંગા-વિશ્વ' બને છે. આકાશ-ગંગા-વિશ્વમાં સૂર્ય જેવા બે અબજ તારા છે. આટલા નિરવધિ તારકોને સહેલાઈથી સમાવતા આકાશ-ગંગા-વિશ્વની લંબાઈ એક લાખ પ્રકાશવર્ષ અને પહોળાઈ વીસ હજાર પ્રકાશ-વર્ષ છે.

આટલી વિરાટ આકાશ-ગંગા-બીજા-વિશ્વ પણ અવકાશમાં પથરાયેલાં તારા-વિશ્વોની સરખામણીમાં મધ્યમ છે. આપણા વિશ્વની બહારનું અને આપણી સૌથી નજીકનું તારાવિશ્વ છે 'મોટું તારામેઘ.' પ્રકા-

શની પાંખે ઊડી એને પહોંચતાં પંચોતેર હજાર પ્રકાશવર્ષ લાગે. આનાથી જરા દૂર છે 'નાનું તારામેઘ.' એનું અંતર છે પંચ્યાશી હજાર પ્રકાશવર્ષ. આથી આગળ દોઢ લાખ વર્ષ સુધીની વધુ મુસાફરી કરતાં સવાબે લાખ પ્રકાશ વર્ષની અંતરે આવેલી શિલ્પીમંડળની નિહારિકામાં પહોંચાશે. 'દેવયાની'ની નિહારિકા (મે. ૩૧) આપણાથી સાડાસાત લાખ પ્રકાશ વર્ષ દૂર છે. એ તારાવિશ્વ પાંસઠહજાર પ્રકાશવર્ષ લાંબું અને નવહજાર પ્રકાશવર્ષ પહોળું છે. એ પોતાની ધરી આસપાસ એક કરોડ સાઠ લાખ વર્ષે એક આંટો મારે છે. આથી દૂર છે સિંહપુચ્છમાંની નિહારિકાઓ. એ પાંચ કરોડ પ્રકાશવર્ષ દૂર છે. 'ખગાશ્વ'ના (ભાદ્રપદા) ચોરસમાંનાં ૧૯૨ તારાવિશ્વ દસકરોડ પ્રકાશવર્ષ દૂર છે. જયારે 'સપ્તર્ષિ'ના ચોરસના ઊંડાણનો તાગ જ નથી મળતો. સમગ્ર વિશ્વમાં આવેલી નિહારિકાઓ પૈકી વીસ લાખ કરતાં યે વધારે નિહારિકાઓ જડી છે. આશ્ચર્યની વાત એ છે કે આ બધી નિહારિકાઓ વચ્ચેનું અરસપરસનું સરેરાશ અંતર લગભગ પંદરલાખ પ્રકાશવર્ષનું છે. અવકાશ પણ કેવું અકલ્પ્ય વિરાટ છે!

વૈજ્ઞાનિકો માને છે કે સમસ્ત વિશ્વ (બ્રહ્માંડ) વિરાટ થતું જાય છે, એટલે કે નિરવધિ તારાવિશ્વો (નિહારિકાઓ) અકલ્પ્ય ગતિથી એકબીજાથી દૂર ને દૂર જાય છે. કહે છે કે દોઢ અબજ વર્ષે બ્રહ્માંડનો વ્યાસ બમણો થાય છે.

વામન માનવી પ્રજ્ઞાઆયુધથી વિશ્વનિયંતાના अणोरणीयान् સ્વરૂપ જેવા અણુ–પરમાણુ સુધી પહોંચી ગયો છે અને महतो महीयान्‌સ્વરૂપ જેવા બ્રહ્માંડને જોઈ કલ્પી શકયો છે. વિરાટ બ્રહ્માંડમાંનો વામન માનવી અનંત વિશ્વના એક અણુભાગ પર વસતો અને અપરિમેયકાળના નિમિષમાત્રમાં જીવતો એક સાચો વામન છે. પણ એ વામન દેહમાં વસેલો વિરાટ ચેતનનો વામન અંશ અનંત વિશ્વને પ્રજ્ઞાઆયુધથી અખંડરૂપમાં જોઈ–સમજી લેવા ઇચ્છે છે, અપરિમેયકાળને માપવા ઇચ્છે છે. પણ વિશ્વને પોતાનું સ્વરૂપ બતાવવું ગમતું નહીં હોય, એટલે કદાચ 'नेति नेति' કહેતું એ વધુ ને વધુ વિરાટ થતું જાય છે. અને ત્યારે વિરાટ થતા વિશ્વને સમજવા વામન (માનવી) પણ વિરાટ ને વિરાટ થતો જાય છે–પણ બને છે:

'यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह।

જયાં માનવીની વાણી વિરમી જાય છે અને મન તેને મેળવી શકતું નથી.'

અને ત્યારે કહેવું જ રહ્યું કે

'नान्तं न मध्यं न पुनस्त्वमादिम्।
पश्यामि विश्वेश्वर विश्वरूप॥

હે વિશ્વરૂપ વિશ્વેશ્વર, તમારા અંતને, મધ્યને કે આદિને હું નથી જોઈ શકતો.'

કયાં અસીમ વિશ્વ અને કયાં ક્ષુદ્ર પરિમિત માનવી!

★

એક કંજૂસ હતો. એક વખત બહારથી ફરીને ઘેર આવતાં એનું મોં કાળું પડી ગયું. એટલે પત્નીએ સ્વાભાવિક રીતે જ પ્રશ્ન કર્યો:

'કેમ આજે આટલા બધા ઉદાસ છો ને મોઢું પડી ગયું છે? શું કશું ખોવાઈ ગયું કે સારી એવી કોઈ ચીજ કોઈને આપાઈ ગઈ?'

'એમાંનું કશું ય થયું નથી,' એ બોલ્યો, 'રસ્તામાં આવતાં એક દાતાને દાન કરતો જોયો એટલે મારું મુખ શ્યામ બની ગયું છે.'

પત્ની શું બોલે?

×

હોમિયોપથી

સંપાદક :
શ્રી સુંદરમ્

'હોમિયોપથી'નો પ્રચાર ધીમેધીમે વધતો જાય છે. આપણા દેશમાં પણ તેને સ્થાન મળ્યું છે. અહીં શ્રી સુંદરમે પોતાની પ્રસ્તાવના સાથે એમના ડૉક્ટર-મિત્રનો એક પત્ર રજૂ કર્યો છે. તેમાં 'હોમિયોપથી'ની ચિકિત્સા–પદ્ધતિની પાછળ કઈ દૃષ્ટિ રહેલી છે તેનું વિવરણ કરવામાં આવ્યું છે. આયુર્વેદ અને એલોપથી અંગે જે વિચારો રજૂ થયા છે તે ઘણાને ચર્ચાસ્પદ લાગશે, પરંતુ આ પત્રનો મુખ્ય મુદ્દો એ નથી. મુખ્ય મુદ્દો તો 'હોમિયોપથી'ના મૂળભૂત સિદ્ધાંતની સમજણ આપવાનો છે. આ વિષે પત્રવ્યવહાર કરવા ઇચ્છનારે શ્રી સુંદરમ્‌ને, અરવિંદ આશ્રમ, પોંડિચેરીને સરનામે લખવું.

આજે હરેક સામાન્ય માણસે હોમિયોપથી વિષે કંઈક સાંભળ્યું તો છે જ. એ ચિકિત્સાપદ્ધતિ પશ્ચિમના દેશોમાં ઘણી વ્યાપક અને શાસ્ત્રીય પાયા ઉપર મુકાયેલી છે. હિંદ સરકાર તરફથી પણ તે આયુર્વેદની માફક હવે રાજમાન્ય ચિકિત્સાપદ્ધતિ બનેલી છે. જીવનમાં રોગનો ભોગ થયા વિના તો ભાગ્યે જ કોઈ રહે છે. અને રોગમાંથી મુક્ત થવાની એ કઠણ ક્રિયામાં જ્યાં બીજી પદ્ધતિના ઉપચારો નિરાશાજનક નીવડેલા છે, ત્યાં હોમિયોપથીનો ઉપચાર ચમત્કારિક પરિણામ લાવનારો જણાયો છે. અત્યારે આપણે ત્યાં એલોપથી સૌથી વ્યાપક ઉપચારપદ્ધતિ છે. આપણી પરંપરાપ્રાપ્ત આયુર્વેદપદ્ધતિ પણ એટલી જ વ્યાપક છે. એ બેમાં હોમિયોપથીનો ઉમેરો હવે ધીરેધીરે થવા લાગ્યો છે, અને જેમણે જેમણે એ પદ્ધતિનો આશ્રય લીધો છે, તેઓ તેની અસરકારકતાથી મુગ્ધ બન્યા વિના નથી રહ્યા. આ ચિકિત્સાપદ્ધતિઓનો હું કોઈ અભ્યાસી તો નથી, માત્ર તેમનો થોડોએક અનુભવી છું. જીવનમાં જે થોડાક રોગોના ભોગ બનવાનું થયું છે, તેમાંથી મુક્ત થવામાં આ હોમિયોપથીએ જે સુખદ સહાય આપી છે, તેવી સહાય બીજી પદ્ધતિઓમાંથી નથી મળી. આ પરિચયમાંથી તેના એક નિષ્ણાત ઉપચારક ડૉક્ટરમિત્રની સાથે આ વિષે મારે વાતચીત થતાં તેમણે હોમિયોપથીના સ્વરૂપને સમજાવતા પત્રો મને લખ્યા છે. એ પત્રો સર્વસામાન્ય વાચકોને પણ જ્ઞાનપ્રદ હોઈ તે નીચે આપું છું:'

દવા એટલે શારીરિક યંત્રને તેના કુદરતી નિયમન મુજબ ચાલતાં જે અટકાયતો આવતી હોય તેને દૂર કરી તે યંત્રને ચાલતા રહેવા માટેનો રસ્તો સુગમ કરી આપવો તે. તંદુરસ્તી એટલે સુવ્યવસ્થિત મેટેબોલીઝમ (શરીરની વ્યવસ્થિત રીતે ચાલતી પોષણક્રિયા). આ ક્રિયા બે પ્રકારમાં વહેંચાયેલી હોય છે:

(૧) પ્રાણતત્ત્વને માટે જરૂરનો સરંજામ હવા, ખોરાક, પાણી વગેરેમાંથી ખેંચી તેની જરૂરત પ્રમાણેની વહેંચણીનું નિયમન કરવું.

(૨) વપરાશને કારણે શરીરના અવયવોમાં આવતી ખાધને ભરપાઈ કરવી.

આ ક્રિયાઓની વહેંચણી શરીરના જે જે અવયવોના માથે નાખવામાં આવી હોય, તે અવયવોની કાર્યશક્તિમાં જ્યારે કોઈ શિથિલતા આવે છે અને તેમાંથી જે ક્ષતિ ઊભી થાય છે, તે રોગરૂપે દેખાય છે.

આયુર્વેદશાસ્ત્રમાં એ ક્ષતિનું નિદાન કરી જે અવયવમાં ખાધ આવી હોય તેને ઉત્તેજિત કરી તેની પાસેથી કામ લેવાની પદ્ધતિ છે. આયુર્વેદને આપણે અવયવોને ઉત્તેજિત કરવાની એક વ્યવસ્થિત પદ્ધતિ કહી શકીએ. એલોપથીમાં પણ એ રીતે જ નિદાન કરી નક્કી કરેલ અવયવોને ઉત્તેજિત કરવાની પદ્ધતિ છે, પરંતુ તે ક્રિયા આયુર્વેદ જેટલી પદ્ધતિસરની નથી હોતી. અવયવોને ઉત્તેજિત કરવાની એ એક અવ્યવસ્થિત પદ્ધતિ છે. એટલે આયુર્વેદિક ચિકિત્સામાં અવયવ પહેલી નજરે ખોટવાયેલો

દેખાય તે આસ્તે આસ્તે દવા મારફતે મળતા ધક્કાથી પોતાના ગજા ઉપરાંતનું કામ આપવા પ્રેરાય છે અને પરિણામે તે અવયવની બધી શક્તિનો ધ્વંસ નિર્માયો ગણાય. જે કારણસર અવયવમાં ક્ષતિ ઉત્પન્ન થાય છે તે કારણ નાબૂદ કરવાની કોઈ પદ્ધતિ હોતી નથી. समं शामयति અને विषस्य विषमौषधम् એને સિદ્ધાંત તરીકે બહુ જ ઊંડા અને રોગનિવારણના મુખ્ય મુદ્દા પરના મહાન સૂત્ર તરીકે લેખી શકાય. એ સૂત્રને વ્યવહારમાં મૂકવાના બીજા મુદ્દાઓ मर्दनं गुणवर्धनम् અને सूक्ष्ममात्राના નિયમો બહુ જ રસપ્રદ અને મુદ્દાસરના છે. એ બધા મુદ્દાઓ હોમિયોપથીના પણ મૂળ સિદ્ધાંતો તરીકે ગણાય છે, પરંતુ આયુર્વેદમાં રહેલી એક જબરી મર્યાદાને કારણે ઉપરના સિદ્ધાંતની વ્યાવહારિક ઉપયોગિતા પૂરી કાર્યસિદ્ધિ મેળવી શકી નથી. મેં ઉપર કહ્યું તે મુજબ આયુર્વેદનું શાસ્ત્ર શરીરયંત્રની સર્વસામાન્ય ઉત્તેજનાના સિદ્ધાંત ઉપર (જનરલ એકસાઈટમેન્ટની થિયરી ઉપર) ઊતરી પડ્યું. આયુર્વેદ દરેક દવાનાં સામાન્ય લક્ષણો તથા ગુણદોષોનો સામાન્ય ખ્યાલ આપે છે. જેમકે અમુક દવા લીવર ઉપર કામ આપે, અમુક દવા પેશાબની ક્રિયામાં વધારો કરે કાં તો ઘટાડો કરે, હૃદયના ધબકારાને વધારે કે ઓછા કરે, આંતરડાંને વધુ કામ કરતાં કરે કે તેમાં મંદતા લાવે, એ રીતે દરેક અવયવ ઉપરની દવાની અસરના ખ્યાલો સંખ્યાબંધ હિસાબે મેળવવામાં આવ્યા છે. પરંતુ હરેક દવા માણસના શરીરમાં પ્રવેશી તેમાં રહેલા પ્રાણતત્ત્વ ઉપર કાબૂ મેળવી તે પ્રાણતત્ત્વ દ્વારા થતા નિયમન ઉપર પોતાનો અધિકાર જમાવે છે અને તે અધિકાર દ્વારા આખી શારીરિક ક્રિયાને પોતાની પદ્ધતિ અનુસાર ચલાવવાનું નક્કી કરે છે. એટલે દરેક દવાનાં સામાન્ય (ક્રુડ) લક્ષણોના ખ્યાલ ઉપરાંત એ દવા પ્રાણતત્ત્વને કઈ જાતનો ઘાટ આપે છે અને તેના સ્વરૂપમાં, તેની ક્રિયામાં કઈ જાતનો તફાવત કરે છે તેનો સંપૂર્ણ ખ્યાલ મેળવવાનો રહે છે. દાખલા તરીકે કોઈ બે દવાની અસર લીવર પર લગભગ સમાન હોય, પરંતુ તે દરેકની અસર બીજા અવયવો ઉપર જુદા જ પ્રકારની હોય અને જુદા જુદા માધ્યમ દ્વારા તેની અસરમાં અમુક રીતનો ભિન્ન પ્રકાર દેખા દેતો હોય તો પછી એ દવાઓ એક જ જાતનું સ્વરૂપ ધરાવે છે અને તેની ઉપયોગિતા એક જ પ્રકારની છે એમ ગણી ન શકાય. અર્થાત્ દરેક દવા જુદી જુદી રીતે પ્રાણતત્ત્વને ઘાટ આપે છે અને એ રીતે દવાનું સ્વરૂપ નક્કી થવું ઘટે છે. દવા અને રોગ વચ્ચેનો સંબંધ આમ ઠેઠ પ્રાણતત્ત્વ સુધીનો રહેલો છે એ ખ્યાલ આયુર્વેદમાં ન હોવાના કારણે તેમાં પ્રિક્રિપ્શનમાં દવાઓનું મિશ્રણ કરવું, તેમ જ રોગના નામ પ્રમાણે દવાની ઉપયોગિતાનું વિવરણ આપવું એના જેવી તેના મૂળ સિદ્ધાંતથી વિરુદ્ધની બિનાઓ ઘૂસી જવા પામી છે. દવા એ પોતે જ રોગનું સ્વરૂપ નક્કી કરે છે. એટલે એક રોગીમાં દેખાતાં પચીસ લક્ષણો માટે એક જ સ્વરૂપ પ્રગટાવી શકે એવી એક જ દવાનો ઉપયોગ કામ લાગી શકે. આ રીતે ચિકિત્સક માટે દરેક રોગી એ એક સ્વતંત્ર કોયડા સમાન બની રહે છે. આ ખ્યાલ મુજબ પેટન્ટ દવા એ કુદરતના મૂળભૂત સિદ્ધાંતની વિરુદ્ધ લેખાય. પેટન્ટ દવાનું ચલણ એ ચિકિત્સાના મૂળભૂત સિદ્ધાંતોનું ઉલ્લંઘન કહેવાય. આ ઉપરથી સમજી શકાશે કે આયુર્વેદમાં રહેલી ક્ષતિ એના અદ્ભુત સિદ્ધાંતોને કાર્યમાં ઉતારી નથી શકતી.

એલોપથીમાં તો દવાનાં સામાન્ય લક્ષ-

ણના ખ્યાલનો પણ અભાવ જોવામાં આવે છે. એ પદ્ધતિમાં દવાની પ્રાણતત્ત્વ પરની પદ્ધતિસરની અસર અને તેની પાછળથી નીપજતી વિક્રિયાનો ખ્યાલ કરવાની તસ્દી લેવામાં આવતી નથી. રોગના એક આગળપડતા લક્ષણને રોગનું નિદાન ગણવામાં આવે છે. પ્રાણતત્ત્વમાં પ્રસરેલા રોગના એકધારા સ્વરૂપનું તેના જુદા જુદા અવયવોમાંથી દેખાતાં ભિન્ન ભિન્ન લક્ષણો પ્રમાણે અલગ અલગ નામે નિદાન કરવામાં આવે છે. ટાઈફોડ નક્કી કર્યા પછી તેની સાથેના છાતીના ઉપદ્રવને ન્યૂમોનિયા તરીકે અલગ રોગ ગણવામાં આવે છે, હૃદયની ગતિના ફેરફાર પ્રમાણે તેને હૃદયના દર્દ તરીકેનું અલગ નિદાન કરવામાં આવે છે અને તે દરેક અવયવ માટે ભિન્ન ભિન્ન દવાઓનો ઉપયોગ કરવો જરૂરી ગણવામાં આવે છે. પણ સાથે સાથે એક અવયવ માટે વપરાશમાં લેવાયેલી દવા શરીરના બીજા અવયવ પર શી અસર કરશે તે વાતનો ખ્યાલ તો કદી કરવામાં આવતો જ નથી.

મૂગાં પ્રાણીઓ પર કરવામાં આવેલા દવાના અખતરાના પરિણામે બહુબહુ તો સૂક્ષ્મતમ યંત્રો દ્વારા તે પ્રાણીના શરીર પર થતી અસર જ વરતી શકાય છે, પરંતુ એ રીતે દેખાતી અસરને જ દવાના લક્ષણ તરીકે નક્કી કરી લેવી એ અધૂરું જ્ઞાન છે. માનવના જીવનનો મુખ્ય આધાર તો વૃત્તિ અને સંવેદન ઉપર છે. દવાના પરિણામે આ બે તત્ત્વોમાં જે ફેરફારો થાય છે તે સમજવાની શક્તિ યંત્રમાં કદી હોય છે ખરી ? અથવા તો મૂક પ્રાણી પાસેથી એ બાબતોનો ખ્યાલ મેળવવા માટે બીજી કોઈ પદ્ધતિ સંભવી શકે ખરી ? જ્યાં સુધી ચેતનમાં થતા ફેરફારોનો સમગ્ર ખ્યાલ ન લાવી શકાય, ત્યાં સુધી રોગના પરિણામરૂપ ઉપલકિયા નિદાનમાં દેખાતાં લક્ષણો દ્વારા જ માત્ર રોગનું નિદાન કરવું એને કોઈ પણ રીતની પદ્ધતિસરની ચિકિત્સા ભાગ્યે જ કહી શકાય.

આ રીતે આ પદ્ધતિઓ કોઈ પણ એક અવયવ પર થતી દવાની જાથૂક અસરના હિસાબે તે અવયવને ઉત્તેજિત કરી તેની પાસેથી હદઉપરાંતનું કામ મેળવી લઈ રોગમાં તાત્કાલિક રાહત બતાવી આપે છે, પણ તેઓ સાથે સાથે લાંબે ગાળે એક એવું નુકસાન કરી આપે છે, કે જે કદી નિવારી શકાય તેવું રહેતું નથી. આ રીતની રોગચિકિત્સા સમાજને કેટલી ઉપયોગી નીવડે એ વાત કોઈને પણ સહૃદયતાથી વિચારતાં સમજાશે અને આ પદ્ધતિઓની ભૂલ સમજી શકાશે. રોગીઓ પણ સજાગપણે પોતાના પર થતી એવી દવાઓની અસરની નોંધ રાખશે અને તેના પરિણામની લાંબે ગાળે તારવણી કાઢશે તો તેમને પણ સમજાશે કે દવા લીધી તે પહેલાં અને તે પછી તેમની સ્થિતિમાં શો તફાવત પડેલો છે.

હોમિયોપથિક પદ્ધતિમાં આયુર્વેદના ઉપર ગણાવ્યા એ મુદાઓને ધ્યાનમાં રાખવામાં આવે છે અને સાથે સાથે દવાના જ્ઞાનમાં રહેતી ક્ષતિને દૂર રાખવામાં આવે છે. આ પદ્ધતિ કુદરતના સિદ્ધાંતો મુજબ રોગનું પદ્ધતિસરનું નિદાન કરે છે. અને એ દ્વારા રોગને પદ્ધતિસર નિર્મૂળ કરવાની વ્યવસ્થા કરે છે. આ પદ્ધતિ એ વાત ધ્યાનમાં રાખે છે કે પ્રાણતત્ત્વ સાથે મેળ મેળવવાની શક્તિ દવામાં કેટલી રહેલી છે, સૂક્ષ્મ માત્રા, પ્રાણતત્ત્વમાં ફેરફાર કરવાની શક્તિ દવામાં કેટલી છે, તેનો સંપૂર્ણ ખ્યાલ રાખીને તે રોગના નિદાનની એક સરળ પદ્ધતિ ઉપજાવે છે. અને એ કારણે હોમિયોપથી રોગચિકિત્સાના ક્ષેત્રમાં એક અજોડ સ્થાન ધરાવે છે.

હોમિયોપથી એ જીવનનું એક સાચું

તત્ત્વજ્ઞાન છે. એમાં સ્થૂલના ઘણા સ્તરો વટાવીને પ્રાણમય કોષ સુધીનો ખ્યાલ મેળવી લીધેલો છે. અને તે મુજબ રોગ વિષે અને તેના નિવારણ માટેના પ્રયોગો યોજેલા છે. માણસ જે યંત્ર બનાવે છે તે પૂરેપૂરી સર્વદેશીય ચોક્કસતા માગી લે છે. તેમાં જરા પણ ભૂલ કે ગફલત થતાં યંત્ર તદ્દન ખોટવાઈ જાય છે યા તો અસ્તવ્યસ્ત થઈ જાય છે. તે અવસ્થામાં તેની ઉપયોગિતા જળવાઈ રહેતી નથી. એને સમારકામ કરી મૂળ સ્થિતિ પર લાવવામાં આવે ત્યાં સુધી એ નકામું બની રહે છે. શરીર એ પણ બેશક એક યંત્ર જેવું છે, પરંતુ એનું સંચાલન એક એવી વિચિત્ર ગોઠવણીથી થાય છે કે તેની અંદર ભાગ ભજવી રહેલા દરેક અવયવ એકબીજા પર આધાર રાખે છે. એટલું જ નહિ પણ એક અવયવ કે ક્રિયાની નિષ્ક્રિયતા કે વિક્રિયાને બને ત્યાં સુધી નભાવી લેવાની ગોઠવણ કરવામાં આવેલી હોય છે. એટલે કે આ આખું તંત્ર એડજસ્ટમેન્ટ–સહકાર્યના સિદ્ધાંત ઉપર ચાલી રહેલું હોય છે. અને તેથી શરીર સંપૂર્ણ તંદુરસ્તીથી ઘણું દૂર હોવા છતાં તેનું અસ્તિત્વ ટકી રહે છે. વળી દરેક અવયવ પોતામાં રહેલી શક્તિની છેલ્લી માત્રા સુધી કામ આપી પોતાનો સહકાર નોંધાવે છે, અને તે અવયવની ઉપયોગિતા (અં. વિટલ ઈમ્પોર્ટન્સ) મુજબ એ શારીરિક ક્રિયામાં ફેરફારો નોંધાવે છે.

રોગની ઉત્પત્તિ પ્રાણતત્ત્વ પર થતી અસરના કારણે છે. એ અસર જુદા જુદા અવયવો પર પોતાની પદ્ધતિ મુજબ વ્યક્ત થાય છે. બાહ્ય ઉત્તેજનાથી લેવાયેલા (ટોનિક કે બીજી દવાઓના ઉપચારથી) વધારેપડતા કામના કારણે, અગર તો અરસપરસના સહકાર્યની વ્યવસ્થાના કારણે રોગગ્રસ્ત અવયવમાં શક્તિનો સંચાર તો માલૂમ પડે છે, પરંતુ રોગ જ્યાં સુધી નિર્મૂળ કરવામાં ન આવ્યો હોય ત્યાં સુધી એ અસર, એ સહકાર્ય અસરકારક નથી બની શકતું. એ તાજગી પ્રાણતત્ત્વ મારફત સંચાલિત નથી હોતી. એટલે એ અવયવ પર પડતા ઉત્તેજનાના બોજના પરિણામે નીપજતી પ્રાણતત્ત્વની ક્ષીણતાના હિસાબે, અથવા સહકાર્યની ક્રિયામાંથી નિર્વિવાદ આપનારી મંદતાના કારણે, એ અવયવ જે સારું કામ આપતો જણાય તે રોગની આંતર્વૃદ્ધિના આવિર્ભાવને વશ થઈ એક દિવસે ખોટવાઈ જશે. આ જ નિયમના આધારે કસરત, પ્રાણાયામ વગેરેનો મહાવરો કેળવી પૌષ્ટિક ખોરાકની વ્યવસ્થા કરી તૈયાર કરેલ શરીર પણ અમુક ગાળે અચાનક ક્ષીણતા અનુભવશે, અને એ ક્ષીણતા અટકાવવી અશક્ય બનશે. આથી ઊલટું એ પ્રાણતત્ત્વની રોગગ્રસ્ત સ્થિતિનો સંપૂર્ણ ખ્યાલ લાવી દરેક અવયવ પર થતી એની અસરને સમજી, તે અસરને નિર્મૂળ કરવામાં આવે, તો પ્રાણ કે જે સત્ચિદાનંદસ્વરૂપ, અનંત શક્તિશાળી તેજોમય બિંદુસ્વરૂપ છે તેની મારફત સંચાલિત યંત્રને યથેચ્છ ગતિ યથેચ્છ સમય સુધી આપી શકાશે. એટલે પ્રાણતત્ત્વ પર રોગના હુમલા (અં. કોમ્પ્લેક્સ) મારફત જે જાતનો વળાંક આવ્યો હોય તેને સહજભાવે નિર્મૂળ કરવાની પદ્ધતિ જ સાચી તંદુરસ્તી નિર્માણ કરી શકે છે. યંત્રના એક એક અવયવને એક અલગ એકમ તરીકે અલગ ગણી, તેના સંચાલન માટે બાહ્ય મદદની વ્યવસ્થા કરવી, અને તે રીતે મળેલી અલ્પજીવી તાજગીને તે અવયવની તંદુરસ્તી સમજવી એ ભૂલ છે.

* * *

ઊર્મિલા

લેખક :

અધ્યા. મધુકર રાંદેરિયા

એમ. એ.

‘ભિજાયેલા ઉરેથી જગત ભીંજવતા સ્નેહભીના કવિ’ બોટાદકરે એને માટે કેવી ઊર્મિલતાથી લખ્યું છે:

‘અજાણી આપત્તિ વિધિરચિત આળો શિર પડે,
રડી કે રાચીને સહન સહું તે માનવ કરે;
પરંતુ ઇચ્છાથી વિપદનલમાં કૂદી પડવું,
અને એ સંતાપો સહન કરતાં મૌન ભજવું—
અને એ તો કોઈ વિરલ જનનાં માનસ વડે,
કરી તેં દર્શાવ્યું જનકતનયે! આ જગ વિષે!’

પરંતુ પતિવિયોગની વિપત્તિના મૂક સહનની યોગ્ય સ્તુતિ કરતાં યે દિલમાં એક વસવસો તો કવિને થાય જ છે કે:

‘તથાપિ ના તારી
કદર જગતે કો દિન કરી!
નહિ નામે તારું
મનુજ-ગણ જાણે મન થકી.’

હા, પુણ્યશ્લોક શ્રીરામચંદ્ર અને પતિતપાવની જનકનંદિની સાધ્વી સીતાની ગુણકથા ગાતા રામાયણમાં, લક્ષ્મણ–ભરતના બંધુભાવને અંજલિ છે, પરંતુ મૂગે મોંએ, ચૌદ વરસના પતિવિરહને કેવળ ધર્મબુદ્ધિથી પરાણે સહી લેતી એ ઊર્મિલાની કેવી ક્રૂર ઉપેક્ષા થઈ છે! ક્રૌંચ પક્ષીના યુગલમાંથી એકને તીર છોડી પારધીએ મારી નાખ્યું તેનાથી એ આદિકવિનું દિલ ઘવાયું, ને એવું તે એ કોમળ હૈયું કેવુંક કઠોર કે અતિ સૌમ્ય, ને યૌવનાવસ્થાને ઉંબરે હજી હમણાં જ પગ માંડતી ઊર્મિલાની હૃદયવ્યથા એ પારખતું જ નથી? ઓ રે કવિ, સીતા રામચંદ્રને વીનવે, કૌશલ્યામાની આજ્ઞા મેળવે ને વનમાં પતિ સાથે પરવરે; લક્ષ્મણ બંધુપ્રેમના પ્રેર્યા બેઉની પૂંઠે જાય, તો પછી લક્ષ્મણની પત્ની ઊર્મિલા, બહેન સીતાનું ઉદાહરણ લઈ, શા માટે પતિ સંગાથે ન સંચરે? રે, કોઈ એના દિલની વરાળ તરફ નજરે નથી માંડતું, એવું તે કેવું એ ગૃહરાજ્ય ને કેવુંક એ કવિનું કાવ્યરાજ્ય?

આ પહેલું ચિત્ર મંડપનું.

હિમાચલે મહાદેવને પાર્વતી આપી ને સમુદ્રે વિષ્ણુને લક્ષ્મી આપી, તેમ જનક રાજાએ રામચંદ્રને સીતાજી સોંપ્યાં, ને વિદેહી હતા જે, તે વળી વધુ વિ–દેહી થઈ ગયા!

આ વળી જનક રાજા મુનિ વસિષ્ઠની આજ્ઞા લઈ રહ્યાં છે, ને વિવાહસામગ્રી તૈયાર કરે છે. સામેથી આવે છે મંદમંદ પગલે ચાલતી જનકરાજાના ભાઈ કુશધ્વજની પુત્રીઓ માંડવી ને શ્રુતકીર્તિ ને તેમની પોતાની કન્યા ઊર્મિલા. સંપૂર્ણ વિધિપૂર્વક ને આદર સહિત માંડવી ભરતને સોંપાય છે, શ્રુતકીર્તિ શત્રુઘ્નને અને ઊર્મિલા–સીતાની નાની બહેન રૂપવતી સ્ત્રીઓના શિરમણિ લક્ષ્મણને.

એક જ મંડપમાં સુંદર વર્ણવાળાં ચાર વર અને ચાર વધૂઓ શોભી રહ્યાં છે: જીવના હૃદયરૂપી સ્થાનમાં જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરિયા અવસ્થાઓ, વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞ અને બ્રહ્મ નામના પોતપોતાના સ્વામી સહિત શોભે છે તેમાં વિદાયની વેળા થાય છે.

રાજરાણીઓ પુત્રીઓને ખોળે લઈ શિખામણ દે છે: ‘પતિનાં પ્રેમપાત્ર થજો;’ ને આશિષ દે છે: ‘તમારું સૌભાગ્ય અખંડિત રહેજો.’ સખીઓ પ્રીતિવશ થઈ, મીઠે શબ્દે કહે છે: ‘સાસુ, સસરા ને ગુરુની સેવા કરજો; સ્વામીની ઇચ્છા જોઈ, એની આજ્ઞાનું પાલન કરજો.’

અને સૌ વિદાય થાય છે: જનકપુરી સ્નેહને વશ થઈ એવી વિકલ થઈ ગઈ છે જાણે ત્યાં કરુણા ને વિયોગ જ વસતાં હોય!

અને આ બીજું ચિત્ર અયોધ્યાનું.

ચારે પુત્રોને નીરખીને–નવવધૂ સહિત નીરખીને–માતાઓના આનંદ માતો નથી. વેદરીતિ તથા કુલાચારને અનુસરી, અર્ઘ્ય આપી, વસ્ત્રો પાથરી, તેઓ તેમની આરતી ઉતારે છે. સિંહાસનો પર પુત્રોને ને પુત્રવધૂઓને બેસાડે છે, આદર સહિત એમના પવિત્ર ચરણો પખાળે છે. ધૂપ, દીપ ને નૈવેધથી મંગળના નિધિરૂપ વરવધૂની પૂજા કરે છે, વળીવળીને આરતી ઉતારે છે ને મસ્તકે ચમ્મરો ઢાળે છે.

આમ કરતાં કરતાં પાંચ ઘડી રાત વીતે છે. રાજા દશરથ રાણીઓને પોતાની કને તેડે છે, ને મધુર વચને કહે છે: ‘ જુઓ, આ ચારેય વહુઓ અત્યંત બાળક છે, પારકે ઘરે આવેલી છે માટે એને નેત્ર ને પલકની માફક જાળવજો, ને છોકરાઓ થાકી ગયા છે, નિદ્રાને વશ થયા છે, માટે તેમને જઈને સુવાડી દો. ’

સોનાના પલંગ ઉપર ‘ સુભગ સુરભિપયફેનુ સમાના ’ તળાઈઓ, ઓશીકાં, પુષ્પમાલાની સુગંધ, રત્નની દીવડીઓ, ઉજજવળ ચંદરવા: શયનખંડમાં જઈ ચારે ભાઈઓ સૂઈ જાય છે. ને રાણીઓ પણ પછી સૂઈ જાય છે, સુંદર વધૂઓને સાથે લઈને–જાણે મસ્તકના મણિને હૃદય સાથે ચાંપીને નાગણો સૂતી.

પછી વર્ષો વીતે છે:

અને ચિત્ર બદલાય છે. ત્રીજું ચિત્ર દીવાલ પર આલેખાય છે: રામચંદ્રના રાજ્યાભિષેકના દિનનું.

ચૈત્ર માસની પગલીઓ પડવામાં છે. દશરથ રાજા નિર્ણય કરે છે: રામને યુવરાજપદ દેવાનો. પણ વિધિનો નિર્ણય કંઈ જુદો છે. દાસી મંથરા રાણી કૈકેયીના મનમાં ઝેર રેડે છે. કૈકેયી દશરથ કને જૂનાં વરદાન માગે છે. ને માગી માગીને શું માગ્યું એણે: રામને ચૌદ વર્ષ અરણ્યવાસ ને ભરતને રાજગાદી!

બીજી બાજુ પુરોહિત વસિષ્ઠ મુનિ સુમંત્ર મંત્રીને તેડીને કહે છે: ‘ બધું તૈયાર છે; બધાં આવી ગયાં છે; સમય પણ થઈ ગયો છે. મહારાજને જલદી સમાચાર આપો, કે રામને યુવરાજપદ આપીએ. ’

અને આ રામ જાય છે દશરથ કને, કૈકેયીના તેડ્યા. બધી વાત જાણે છે. કૈકેયી આટલું જ બોલી: ‘ બાપુ વાત બીજી કાંઈ નથી. તમારા પિતાએ અગાઉ મને બે વરદાન આપ્યાં હતાં, તે હું આજે માગું છું. એક તો એ કે તમે માથે જટા ધારણ કરીને વલ્કલ પહેરી ચૌદ વર્ષને માટે દંડક વનમાં જાઓ; અને બીજું એ કે આજે જે સાહિત્ય તૈયાર થયું છે તેનાથી ભરતનો અભિષેક થાઓ. બેટા, તમે રાજ્યનો લોભ છોડી દો. શીઘ્ર વનમાં જાઓ, વિલંબ ન કરો. તમે જશો નહીં ત્યાં સુધી મહારાજ સ્નાન કે આહાર કરશે નહીં! ’

ને રામ ચાલ્યા...રામની આગળ આગળ થઈને દોડતી જાણે આ વનવાસની વાત આખા અયોધ્યામાં ફરી વળી. પુરજનો શોકાતુર થઈ ગયા. કંઈક ઉગ્રમનાઓએ કૈકેયીને ભાંડી પણ ખરી.

આ રામ ને આ માતા કૌશલ્યા. બેઉને કંઠે ડૂમો છે. રામનું શિર, આશીર્વાદ પામતું કૌશલ્યાને ચરણે ઢળ્યું છે. પ્રયત્ન કરી રામ સમજાવે છે: ‘ મા, તમેં મને ધર્મકાર્ય કરતાં અટકાવશો નહિ. ચૌદ વર્ષ તો આંખ મીંચીને ઉઘાડતામાં પૂરાં થઈ જશે; ને ફરી આવી વાર હું તમારી ચરણસેવા કરવા આવી રહીશ. ’ ને માની પદરજ લઈ રામ સીતા

પાસે પહોંચે છે.

ઉદ્વિગ્ન રામનું મુખ જોઈ સીતા આશ્ચર્ય પામ્યાં. શું થયું છે, આજે રામભદ્રને શુભ દિવસે? ને જે થયું હતું તે રામચંદ્રે સીતાને કહ્યું. સીતાનો ઉત્તર એક ને અફર હતો:'આર્યપુત્ર, હું ય તમારી સાથે જ આવવાની. તમે વનમાં દુઃખો વેઠો, ને હું મહાલયમાં વસી આનંદ માણું? ના, ના, ત્રિકાળે ય નહિ. જ્યાં તમે ત્યાં હું.' આંસુભરી સીતાની આંખો-એ રામચંદ્રને વધુ ન બોલવા દીધા. 'વારુ ત્યારે, ચાલો. જેવી રીતે હું રહીશ, તેવી રીતે તમે રહેજો. આપણું જે કાંઈ છે તે બ્રાહ્મણોને, ચાકરોને ને દુઃખી ગરીબોને વહેંચી દઈ ચાલો, આપણે સત્વર વનમાં પહોંચી જઈએ.'

રામચંદ્ર ને સીતાદેવી ઊપડે તે પહેલાં તો લક્ષ્મણ આવ્યા. એમની એક આંખમાંથી પિતાના અવિચારી કૃત્ય પ્રત્યે રોષ ટપકે છે; બીજીમાંથી પ્રાણથી યે પ્રિય એવા ભાઈના વનવાસગમનની વાતથી આંસુ ઝરે છે. પણ લક્ષ્મણે ય નિશ્ચય કરી લીધો છે: 'હું, તમારી સાથે જ આવવાનો છું, મારાં ધનુષ-બાણ લઈને. તમારા સિવાય હું આવા ઠાઠમાઠ વચ્ચે કેમ કરીને જીવીશ, ભાઈ? ને કોઈની કશી ચિંતા આપણે કરવાની જરૂર નથી. મા કૌશલ્યા આપણાં માણસોને સંભાળે છે, એ મા સુમિત્રાને ય સંભાળશે. ના, ના, હું તો આવવાનો; ને હું માથે નથી પડવાનો. હું રોજ ફળફૂલ લઈ આવીશ. તમારી સેવા કરીશ, ભાભીની રખેવાળી કરીશ.'

લક્ષ્મણના આ શબ્દોનો પ્રતિકાર કેમે કર્યો થાય એમ નથી. એને પણ સાથે લેવાનું રામચંદ્ર નક્કી કરે છે; ને ત્રણે જણ રાજા દશરથની ચરણવંદના કરવા જાય છે.

પણ આ એક નવું ચોથું ચિત્ર આલેખાતું આવે છે.

બારીમાં એ ઊભી છે. પડખેના ખંડમાં જે બન્યું છે તે એણે જોયું છે, સાંભળ્યું છે. શોકાવેશથી એનું હૈયું ભરાય છે, ભીતિથી એ કંપે છે, ચિંતાથી જળી રહી છે, સંભ્રમે વ્યગ્ર થાય છે, એની વિવશતા એની આંખોમાં ઊભરાઈ રહી છે. એના કાનો પર બહેનનાં–જેઠાણીનાં વચનોના પડઘા પડે છે: 'આર્યપુત્ર! આ શરીર, ધન, ધામ, પૃથ્વી તથા જગતનું રાજ્ય સઘળું પતિ વિના મને શોક સમાન છે; ને સ્વામિન્! તમારી સાથે રહેતાં, પક્ષી તથા મૃગો એ કુટુંબીરૂપ થશે. વન નગરરૂપ થશે. વલ્કલ રેશમી વસ્ત્રરૂપ થશે. પર્ણશાળા સ્વર્ગનાં સુખો દેનારી થશે. વનની દેવીઓ ને દેવતાઓ સાસુસસરાના જેવું હેત કરશે. આપની સાથે કુશ તથા કોમળ પત્રનું બિછાનું કામદેવની શય્યા સમાન લાગશે અને બીજું શું કહું હું? આપ વનમાં જઈ તપ કરો, ને હું આપની ચરણોની દાસી, અહીં ભોગ ભોગવું એ શું યોગ્ય છે?' ને એ વચનો પર એનું મન ચિંતન કરવા લાગે છે.

એને સાંભરે છે જનકપુરીમાંથી વિદાય લેતી વેળા સખીઓએ કહેલા શબ્દો: 'સાસુ, સસરા ને ગુરુની સેવા કરજે. સ્વામીની ઇચ્છા જોઈ, એની આજ્ઞાનું પાલન કરજે.'...તો પછી સીતાજી વનમાં જવાનો આવડો દુરાગ્રહ કેમ કરે છે? એમનો ધર્મ નથી પતિને અચિંત બનાવવાનો? એમની ફરજ નથી વૃદ્ધ સસરા અને સાસુઓની સેવા કરવાની? પતિપ્રેમ અને સ્નેહના ગર્વ આગળ...અને વધુ એનું કુમળું મન કાંઈ વિચારી શકતું નથી; બલકે જે વિચારે છે તે પણ યોગ્ય ને મર્યાદાયુક્ત છે કે નહિ તેની પણ એ દ્વિધામાં પડે છે. પરંતુ સીતાજીએ રામચંદ્રને કહેલાં વચનો યોગ્ય હોય તો પછી પોતે પોતાના આર્યપુત્ર સાથે કાં ન જાય? આર્યપુત્ર! આ આવે એના આર્યપુત્ર, હાથમાં ધનુર્બાણ

સાથે, વનનો વેશ સજીને. એમના પગમાં ઉત્સાહ પણ વરતાય છે. આ દૃશ્ય જોઈને કોડભરી એ યુવતીને હૈયે ફાળ પડે છે. બારીમાં ઊભેલી એ, દ્વાર ભણી દોડે છે, ને બારસાખને પકડી જેમ તેમ સ્વસ્થ ઊભી રહે છે, ત્યાં આવે છે લક્ષ્મણ. એને જોઈ લક્ષ્મણને મુખે, કોઈ અપરાધીને મુખે હોય તેવી રેખાઓ કેમ ફરી વળે છે? પણ હવે તો બધું પતી ગયું છે. વનમાં જવાની છેલ્લી ઘડીઓ ગણાઈ રહી છે–હવે આ બધા વિચારને સ્થાન કેવું? દૃઢ ચિત્ત કરી, લક્ષ્મણ ઊર્મિલાને કહે છે:

'મોટાભાઈ વનમાં જાય છે, ઊર્મિલે, ને સાથે ભાભી પણ જાય છે; મા કૈકેયીની એવી આજ્ઞા છે. સીતાજીને વાર્યાં તોય એ રહે એમ નથી. કોણ જાણે વનનાં દુઃખો એ કેમ કરી સહન કરશે! ને મોટાભાઈએ પણ વનની આપત્તિઓ ક્યારે જોઈ છે? હું એટલે જ જાઉં છું સાથે, એમની સેવા કરવા, એમને હમેશ સહાયરૂપ થવા. પણ તને કહેવા આવ્યો છું કે, તું અહીં રહી, સૌની યોગ્ય રીતે સેવા કરજે. કોઈને ભારરૂપ થઈશ નહીં. બનશે ને?'

ને લક્ષ્મણ ઊર્મિલાની આંખોમાં આંખો પરોવે છે. એ આંખોના ખૂણાઓમાં આંસુ લાગેલાં છે, પણ સ્વામી મંગલ કાર્ય માટે જતા હોય ત્યારે આંસુ પાડી અમંગલ ન કરવું ઘટે એ કારણે એણે આંખને પડદે જ આંસુને ઝુલાવી રાખ્યાં છે–નીચે પડવા દીધાં નથી. એ કશું બોલી શકતી નથી. લાકડાની પૂતળી પેઠે સ્તબ્ધ થઈ ગઈ છે. આમ કેમ? નથી એ આર્તરવે સીતાજીની પેરે કશું કહેતી, નથી કરતી સ્નેહની કોઈ ચેષ્ટા! કે પછી પેલા કવિએ કહ્યું છે તેમ સ્નેહનો ગર્વ જેને નથી, તેને સ્નેહનો શોક પણ નથી હોતો? હા, એમ જ છે. માથે તૂટી પડતા આભને હૈયે ઝીલી લેવાની શક્તિ ઊર્મિલામાં એથી જ આવી ગયેલી જણાય છે.

લક્ષ્મણ એના હૈયાભાવ પારખે છે. ચહેરા પર કંઈક સૌમ્યતા, આર્દ્રતા અને વહાલપની રેખાઓ સાથે, ઊર્મિલા પ્રત્યે અપેક્ષાભરી મીટ એ માંડી રહ્યો છે; ને ઊર્મિલા બોલી:

'હા, બનશે આર્યપુત્ર. નહીં બને એમ ઊંડેઊંડેથી કોઈ કહી રહ્યું છે, પણ આર્યપુત્રની એવી ઇચ્છા છે તો તે અવશ્ય બનશે. હા, તમે સિધાવો. ભાઈ–ભાભીની સેવા કરવાનો તમારો ધર્મ તમને જેમ આજ્ઞા કરતો હોય તેમ કરો. હું એમાં આડી કેમ આવું! તમારા વિયોગમાં મને આ મહેલ અરણ્ય જેવો જ છે ને? પછી તમારી ચિંતાનો ભાર વધારવા ખરેખર અરણ્યમાં શા માટે સાથે આવું? ને મારા આર્યપુત્રનું રટણ તો પળે પળે શ્વાસોચ્છ્વાસ કર્યાં જ કરે છે–પછી એના મુખદર્શનનો કે એનાં મિષ્ટ વચનો સાંભળવાનો લોભ શાને કરું? મારી હૈયાસગડીનો દેવતા તમારે હૈયે મૂકી, તમને સચિંત કાં બનાવું? એના કરતાં... એના કરતાં... ચૌદ વરસનો વિજોગ જાતે વેઠી લઈ, મારા જ ચિત્તને એકાકી, કાં ન ચિરાવા દઉં?'

ઊર્મિલા સ્વસ્થ થવાનો પ્રયત્ન કરે છે. તૂટતી લગામને જાળવી લે છે, ને લક્ષ્મણની આંખોમાં આંખ પરોવી, મોં પર આછા સ્મિત સાથે એ જ શબ્દો બોલે છે: 'હા, પધારો દેવ, મારી ચિંતા કદી કરશો નહીં. તમારો પ્રેમ છે તેવો રાખજો... ને, બીજું તો શું પ્રાર્થું? પ્રભુ તમને માર્કણ્ડ આયુષ્ય બક્ષે.' બસ, આથી વિશેષ એકે શબ્દ નહીં. મૌન... માત્ર મૌનના નેજા વાતાવરણમાં ફરફરી રહ્યા. ઊર્મિલા લળી... આર્યપુત્રને ચરણે ઢળી... પદરજ લઈ, શિરે ચડાવી, તે ફરી ગઈ.

એ નારી–હૈયાના ઉત્પાતો ને કંપ લક્ષ્મણ જોઈ જ રહ્યો. એના હૈયામાં એક આવેશ આવ્યો... ફરી ગયેલી ઊર્મિલાની પૂંઠે જઈને

ઊભો. બે હાથે એના બે ખભા પકડી, એનું મોં પોતા તરફ ફેરવ્યું. દઢ ભુજપાશમાં એણે ઊર્મિલાને ભીડી. પળ, બે પળ, ગાંભીર્યભર્યું મૌન, આવેગભર્યો ઉચ્છ્વાસ, ને નિષ્ક્રમણ.

જતા લક્ષ્મણનાં પગલાં ભણી, ભારી આંખે ઊર્મિલા જોઈ જ રહી. એને સાંભર્યા તે દિવસો, જ્યારે પહેલી વાર રામચંદ્ર ને લક્ષ્મણ જનકપુરી આવ્યા હતા. ફૂલવાડીમાં આ બે ભાઈઓને જોઈ ઊર્મિલાની સખીનું શરીર રોમાંચિત થઈ ગયું હતું. ઊર્મિલાએ એને પૂછયું હતું: 'અલી, આવડા હર્ષનું કારણ શું છે?' ને સખીએ ઉત્તર વાળેલો: 'શી વાત કરું બહેન? કોઈ બે કુંવરો બાગ જોવા આવ્યા છે. કિશોર વયના છે. સર્વ પ્રકારે સુંદર છે. તે શ્યામ અને ગૌરવર્ણના છે. એમનું હું તે શું વર્ણન કરું? મારી વાણીને નેત્ર નથી, ને નેત્રોને વાણી નથી!'

ને પછી ઊર્મિલાએ લક્ષ્મણને જોયેલા:

'ભાલ તિલક શ્રમબિંદુ સુહાએ,
શ્રવન સુભગ ભૂષન છવિ છાએ,
વિકટ ભ્રકુટિ કચ ઘૂંઘરવારે,
નવસરોજ લોચન રતનારે.
ચારુ ચિબુક નાસિકા કપોલા,
હાસ બિલાસ લેત મનુ મોલા,
સુખછવિ કહીં ન જાઈ મોહિ પાહીં,
જો બિલોકી બહુ કામ લજા હીં.'

અને આજના આ લક્ષ્મણ: અંગે એ રેશમી વસ્ત્રો નથી, આભૂષણો નથી. માથે જટા બાંધી છે, વલ્કલ ઓઢ્યું છે. હાથે ધનુષ્ય-બાણ ધારણ કર્યાં છે. ને એ જવાના વનવગડામાં, કંકર-કંટકોની વચ્ચે, મૂર્તિમંત ભયની સામે વાસ કરવા. ને સ્વાભાવિક રીતે એની આંખ મીંચાઈ ગઈ. મનમાં ને મનમાં એ પોતાના આર્યપુત્રના દીર્ઘાયુની પ્રાર્થના કરવા લાગી.

એને સાંભર્યાં પોતાની માતાઓનાં ને સખીઓનાં વિદાયવચનો: પતિનાં પ્રેમપાત્ર થજો ને તમારું સૌભાગ્ય અખંડિત રહેજો.

ઊર્મિલાને એ શબ્દોમાં આશ્વાસન લાધ્યું: 'હા, મારું સૌભાગ્ય અખંડિત રહેવાનું. એમનું અભય વચન કદી મિથ્યા નહીં થાય. અહીં રહી હું સાસુ, સસરા ને ગુરુ જનની સેવા કરીશ ને સ્વામીની ઇચ્છાને અનુકૂળ થઈ, એની આજ્ઞાનું પાલન હું કરું છું, એ ધર્મપરાયણતા મને મારું મનોવાંછિત નહીં આપે શું?'

નવી પરિસ્થિતિને અનુરૂપ થવા માટે એ મન જોડે વાત કરી રહે છે. પણ એ મનના ઊભરા, એ મનનાં શમન, એ મૂંઝવણો ને એના ઉકેલ–સૌ સમાઈ જાય છે એ ખંડની ચાર દીવાલો વચ્ચે. ઊર્મિલાનાં તન, મન ને હૃદય પર કોઈ જાણે પડદો ઢાળી દે છે.

અયોધ્યાપુરવાસીઓ રામ, લક્ષ્મણ ને સીતાની વાતો કરતા ધરાતા નથી. પ્રિયવિરહના અગ્નિમાં સળગતી ને પ્રિયના કુશલ વર્તમાનની ચિંતામાં જાત ગાળતી, અને કઠિન તપમાં દિવસો ગુજારતી ઊર્મિલાનું નામ કોઈની જીભે ચડ્યું નથી. છતાં ઊર્મિલાને એનો વસવસો નથી. પોતે જેનો ત્યાગ કર્યો છે–સ્વેચ્છાએ મૂગાં રહીને–એને જગત ભલે સમજી ન શકે, ભલે એના હૈયાનાં છાનાં ડૂસકાંનો કોઈ સાક્ષી ન હો, એને એક હૈયાધારણ તો છે જ. એણે ને એના આર્યપુત્રે પોતાનો ધર્મ રૂડી રીતે બજાવ્યો છે; પોતે એને માટે ચિંતાનું કારણ બની નથી; સર્વસ્વનો ત્યાગ કરી એ વધુ સમૃદ્ધ બની છે. સૌ એને ભૂલશે ભલે, પણ હા, કવિ કહે છે એ સાચું જ છે:

'ભવતુ, ભવતુ, દેવિ, વિશ્વ છોને વિસારે,
પણ સુરગણ તારી નિત્ય કીર્તિ ઉચ્ચારે;
નહિ જગમહીં તારી મૂર્તિ કો સ્થાન માંડી,
પણ પ્રણયી જનોના જીવ સામે જડેલી–

★

બા બિચારાં !

લેખક :
શ્રી છગનલાલ પરમાર

વાતમાંથી વાત નીકળી ત્યારે જ બાએ જણાવ્યું કે જયસુખનું વેવિશાળ કર્યું. સાંભળીને હું સ્તબ્ધ થઈ ગયો. મારી જીભ સિવાઈ ગઈ. આનું કારણ બા કળી ગયાં. તેમણે મને રૂડું લગાડ્યું.

‘ તમારી રાહ તો બહુ જોઈ.’

‘ વેકેશન આખું બહારગામ ગાળવાનું કહીને તો ગયો હતો, એ વખતે તમે કશી વાત જ ન કરી !’ મારા અવાજમાં માઠું લાગ્યાનો ધ્વનિ આવી ગયો.

‘ ઓચિંતું થયું. બ્રાહ્મણે કહ્યું, મુહૂર્ત સારામાં સારું છે. એટલે કર્યાં કંકુના.’

બા મને બનાવી રહ્યાં છે એ હું સમજી ગયો. કેમ ઉતાવળ કરી એ પણ સમજી ગયો. ક્યાં કર્યું હશે એનું અનુમાન બાંધી લીધું. છતાં ચોકસાઈ ખાતર પૂછ્યું:

‘ ક્યાં કર્યું ?’

‘ બસ ત્યાં જ.’

‘ ક્યાં ?...મૂળરાજ શેઠને ત્યાં ?’

‘ હા, પન્ના વેરે.’

‘ એકબીજાની લેણાદેણીની વાત છે, એ કોઈ થોડી ટાળી શકાય છે ?’ મારા જ મનને મનાવતો હોઉં એમ હું બોલ્યો. પછી વિવેક કર્યો: ‘ સારું ! બહુ સારું ! જે થયું તે સારું જ થયું.’

અને જરૂર પૂરતી વાતો કરીને ઊઠ્યો.

જયસુખના પિતા વૃંદાવન ને હું સહાધ્યાયી. અમારે ઘર જેવો નાતો. કૉલેજના દિવસોમાં તો હું એને ઘેર જ ઘણે ભાગે રહેતો. હું ગરીબ હોવાથી મારો બધો ખર્ચ એના પિતા મોરારજી શેઠ પૂરો પાડતા. આ પાછળ એમની દૃષ્ટિ હતી–પોતાના સુખાળવા વૃંદાવનને પ્રેરણાત્મક સંગાથ આપવાની. આવી સ્વાર્થ ને પરમાર્થના સુયોગવાળી પ્રથા તેમણે મહારાષ્ટ્રના કુટુમ્બજીવનમાં જોઈ હતી.

બી. એ. થયા પછી બેરિસ્ટર બનવા બેઉને વિલાયત મોકલવાનું તેમણે નક્કી કર્યું. પણ પ્રભુએ જુદું જ ધાર્યું હશે તે તેમનું એકાએક અવસાન થયું. પછી તો વૃંદાવન એમની પેઢીએ બેસી ગયો ને હું હાઈસ્કૂલમાં શિક્ષક થઈ ગયો.

પરંતુ વૃંદાવન ભરજુવાનીમાં ગુજરી ગયો. પોતાની પત્ની અને એકના એક પુત્ર જયસુખની દેખભાળ કરવાની મને ખાસ ભલામણ કરતો ગયો. પેઢી ચાલુ રાખવાની મેં સલાહ આપી, પણ વૃંદાવનની પત્નીએ, ગરીબ માવતરની દીકરી હોવાથી, પેઢી સંકેલી લીધી. વ્યાજમાંથી ને ત્રણચાર મકાન હતાં તેનાં ભાડામાંથી એટલી બધી આવક આવતી કે છોકરાનાં છોકરાં ખાય તો ય ન ખૂટે. ઘરમાં બે જ માણસ–મા ને દીકરો. એમાં વળી મા કંજૂસ નીકળ્યાં. દીકરા માટે ગમે તેટલું ખરચી નાખે, પણ બીજા માટે રાતી પાઈ ન ખરચે.

એ કુટુમ્બનું મારા પર ઋણ હતું. જયસુખ કૉલેજમાં ગયો ત્યાં સુધી મેં તેને ટ્યુશન આપ્યું, ને મારા જેવું તેના ઘરનું કામકાજ કરતો રહ્યો, બધું સાવ મફત. એને હું મારી ફરજ સમજતો. જયસુખનાં બા પણ એમ જ સમજતાં. જયસુખ એમને બા કહેતો; એટલે આદર બતાવવા હું પણ એમને બા કહેતો થયો. અને આ સંબોધન એમને રુચ્યું પણ ખરું.

એક દિવસ કહે: ‘ વજુભાઈ, તમે મૂળરાજ શેઠની દીકરી પન્નાને ભણાવવા જાઓ

છો ને? કેમ છે એ?’

‘ચપળ ને ચકોર છે. કેમ પૂછવું પડ્યું?’

‘અમસ્તું જ.’ અને તેઓ કૈંક વિચારતાં રહ્યાં.

એ વિચાર પાછળનો મુદ્દો બે દિવસમાં જ પન્ના પાસેથી જાણવા મળ્યો.

‘તમે સાહેબ, વૃંદાવન શેઠને ઘેર જાઓ છો ને?’

‘હા. કેમ?’

‘ગઈ કાલે હું ત્યાંથી નીકળી તો એમનાં વહુએ મને બોલાવી ને પરાણે ઘરમાં લઈ ગયાં.’

‘શી વાત કરી?’

‘તમારી વાત કરી. પોતાના દીકરાની પણ વાત કરી. એનો તો ફોટો બતાવવા લાગ્યાં. મેં કહ્યું: ‘એમને મેં જોયા છે.’

‘પછી પૂછયું કંઈ?’ મારું કુતૂહલ વધ્યું.

‘ના, પૂછયું તો નહિ, પણ હું એના વિશે કૈંક કહીશ એવી આશાએ મારા મોં સામું જોઈ જ રહ્યાં.’

‘તો એમની આશા કેમ પૂરી ન કરી?’ પન્નાનું માનસ તાગવા મેં મજાક કરી.

‘શું પૂરી કરે? છોકરામાં કયાં એટલો માલ છે? આમ તો ઘણો રૂડોરૂપાળો છે, પણ સાવ સાદોસીધો ને ભલોભોળો! કોઈ જાતનો પ્રભાવ ન મળે.’ તડ ને ફડ કહી નાખવાનો પન્નાનો સ્વભાવ ડોકિયું કરી ગયો.

‘એ તો ઊલટું સારું. આપણું એના પર ચલણ રહે.’

‘હા, એ ખરું!’ કહેતાં કહેતાં પન્નાના હસતા ગુલાબી ચહેરા પર ગાંભીર્યની આછી છાયા ફરી વળી.

હું ચમકયો. મને તો એમ હતું કે ‘ના રે, એમાં શી મજા આવે?’ એવો જવાબ આપશે. પતિ પર શાસન ચલાવવાનું નહિ, પણ સ્નેહ ને સામર્થ્યવાળા પતિ વડે શાસિત થવું સ્ત્રીને ગમે છે. પોતાથી શ્રેષ્ઠ વ્યક્તિત્વવાળા પુરુષને સ્ત્રી ઝંખે છે, ને તેને પોતાનું સર્વસ્વ સમર્પી જીવનની સાર્થકતા અનુભવે છે. પણ પન્નાનો ઉત્તર સાંભળી આ નિયમના નિરપવાદ હોવા વિશે શંકા જાગી.

હું ઊઠ્યો ત્યારે પન્નાએ સૂચના કરી:

‘મેં કહ્યું, એ ડોસીને કહેતા નહિ, હોં!’

બીજે વખતે બાએ જ વાત મૂકી:

‘પન્નાએ તમને કશી વાત કરી?’

‘હા, બધી વાત કરી.’

‘આપણા જયસુખ વિશે કશું કહ્યું?’

‘ખાસ કશું નહિ,’ મારે જરા જૂઠું બોલવું પડ્યું.

‘આપણા જયસુખનો ત્યાં સંબંધ કરીએ તો? આ વરસે જયસુખ એલ. એલ. બી. થઈ જશે, ને પન્ના મેટ્રિક.’

‘જયસુખને પૂછી જોયું?’ મારો મત આપવાને બદલે પ્રથમ મેં જયસુખને આડો ધર્યો.

‘એમાં એને શું પૂછવું? મારો જયસુખ મારું કર્યું ન ઉથાપે. છોકરી નાજુક ને ફૂટડી છે. ઘર પણ આપણા જોગ છે. મૂળરાજ શેઠ દાયજો સારો કરશે. જયસુખને પણ શેઠની ઓથ રહેશે.’

‘ઘરની સ્થિતિ કરતાં માણસનો સ્વભાવ જોવો વધુ જરૂરનો છે. આ જમાનામાં સ્વભાવની વિચિત્રતા વધતી જાય છે.’ મેં હળવેકથી મારી વાત મૂકી.

‘સ્વભાવ શું વળી? આપણા ઘરમાં આવે એટલે આપણા સ્વભાવની.’

‘એવું નથી. આજે છોકરાંઓ મોટી ઉંમરે પરણે, ત્યારે એમના સ્વભાવના ઢાળા ઢળી ગયા હોય એમાં પછી ભાગ્યે જ તોડમરોડ થઈ શકે. આપણા જયસુખભાઈનું હાડ છે હાથીનું, પણ હૈયું છે બકરીનું. ત્યારે પન્ના આમ છે નાજુકડી નાર, પણ મિજાજે

છે લોખંડનો કટકો જાણે !'

મેં ચોખ્ખું ને ચટ કહી દીધું, પણ બાને રુચ્યું હોય એમ ન લાગ્યું. મેં એથી વાતમાં ચોટ મૂકી :

'જુઓ બા, તમારો જ દાખલો લો. મોરારજી શેઠ કાંઈ ગાંડા હતા ? પુત્રવધૂ તરીકે તમને આ ઘરમાં લાગ્યા ત્યારે સ્થિતિ જોઈ હતી કે સ્વભાવ ? એટલે જ તો ભરજુવાની ને અઢળક વૈભવ વચ્ચે યે વિધવા છતાં તમે આ ઘરની આબરૂ જાળવી શક્યાં. હું બીજું કશું કહેતો નથી, પણ તમે કહ્યું ને કે 'મારો જયસુખ મારું કર્યું ન ઉથાપે,' તો મારે એ કહેવાનું છે, કે જયસુખ ઉથાપે કે ન ઉથાપે; પન્ના ઉથાપી નાખશે.'

બા કશું બોલ્યાં નહિ. નીચું જોઈ ગયાં. એમની આંખ ભરાઈ આવી હતી. મારા બોલવામાં એમને કદાચ અનૌચિત્ય ને અકૃતજ્ઞતા ભાસ્યાં હશે.

એથી જ તો તેમણે વેવિશાળ ત્યાં જ કર્યું અને એ પણ મારી ગેરહાજરીમાં–હું વેકેશનમાં બહારગામ ગયો એ લાગ ખોળીને. છતાં લગ્નના કામકાજમાં હું ઊભો રહ્યો ને પછી પણ અનુકૂળ વાતાવરણ સર્જવામાં સહકાર આપતો રહ્યો.

થોડો સમય તો બધું સમુંસૂતર ચાલ્યું, પણ પછી ઘર્ષણ શરૂ થયું, તણખા ઝરવા લાગ્યા ને એક દિવસ ભડકો થઈ ઊઠ્યો.

'તું કેમ બધાં કામમાં બાને પૂછતી નથી ?' જયસુખે કહ્યું.

'જરૂર પડે ત્યારે પૂછું છું. વાતવાતમાં કોઈને પૂછવા જવું મને ન ગમે.' પન્નાના સ્વતંત્ર મિજાજે માથું ઊંચક્યું ને નાકનું ટેરવું ચડાવ્યું. અવારનવારના એ અભ્યાસની અસરે એના નાક પર અભિમાનની અણી ઊપસી આવી હતી.

'બા તારે મન કોઈ છે એમ ને ? બા હતાં, તો હું થયો ને તો જ તારાં પગલાં આ ઘરમાં થયાં.'

'તમે વકીલને બદલે શિક્ષક થયા હોત તો ઠીક થાત. ભૂતકાળ ભણી જ મોઢું ભરી રાખશો કે ભવિષ્ય ભણી મીટ માંડશો ? તો તો તમે પ્રત્યાઘાતી જ રહેશો, પ્રગતિશીલ નહિ બનો.'

'મારી સામે દલીલ ન જોઈએ. હું દલીલનો કાયર છું.' સામી દલીલ નહિ સૂઝતાં કે પછી બાની ખાનગી શીખવણીથી જયસુખે પન્ના પર પતિપણું આદર્યું.

'ઓહો ! એમ છે ત્યારે ? હવે સમજાયું, તમારી વકીલાત કેમ નથી ચાલતી એ !' પન્ના જરાય ન દબાણી. તેને તો મજાક સૂઝી આવી ને હાથ–મોંનો લટકો કરીને લહેકેદાર સૂરે સંભળાવી પણ ખરી.

'મારી મજાક ઉડાવે છે ? કહેવા દેજે બાને.' હારી જઈને જયસુખે હથિયાર હેઠાં નાખી દીધાં ને પન્નાને બાની બીક બતાવી.

પતિની પરવશતા જોઈ પન્નાને દયા આવી. 'વાતે વાતમાં બાનું શરણું શોધશો ! એમાં જ તમારું વ્યક્તિત્વ વણખીલ્યું રહી ગયું. મને તો હૈયાઉકલતે ને આપમેળે જ વર્તવાનું......'

'તારું આપમેળે વર્તવાનું અમારા ઘરમાં નહિ ચાલે.' પાસેના જ ખંડમાં ઊભીને ગુપચુપ સાંભળી રહેલાં બા એકાએક ધસી આવ્યાં, આંખમાંથી અંગારા ખેરવવા લાગ્યાં, ને તોતું તીર ફેંકીને પન્નાનું વાક્ય છેદી નાખ્યું.

પન્ના ઘડીભર તો ડઘાઈ ગઈ, પરંતુ તરત જ તેના સ્વાભિમાને મોરચો માંડ્યો :

'તમારું ઘર એમ ને ? મારું તો કશું નહિ ને ?'

'ના, ના. તારું શેનું ? હજી છ મહિના પૂરા થયા નથી, ત્યાં તારું

જાય ? તારું ચલણ ચાલે તારા બાપને ત્યાં, અહીં નહીં !'

'બહુ સારું ત્યારે, હું તો મારું ચલણ ચાલે ત્યાં રહેવાની. આ ચાલી મારા બાપને ત્યાં.' અને નાકનું ટેરવું ચડાવી પહેરેલે જ કપડે પન્ના ઘરનાં પગથિયાં સડસડાટ ઊતરીને ચાલી ગઈ.

માદીકરો હેબતાઈ ગયા જેવાં જોઈ જ રહ્યાં.

થોડા દિવસ જવા દઈને મેં સમાધાનની વાત વહેતી મૂકી. પણ બાના મિજાજનો પારો ચડેલો લાગ્યો:

'એ વાત વજુભાઈ, કરતા નહિ. મારે એ વહુ હવે ધોળે ઘરમેય ન ખપે. એમ ભાગી ગઈ એમાં અમારા ઘરની આબરૂ શી ? મારા જયસુખને હું બીજી કરાવીશ.'

માતૃભક્ત જયસુખે પણ સૂર પૂર્યો : 'બાને ન ખપે એ મને પણ ન ખપે !'

મેં હળવેક રહીને મુશ્કેલી મૂકી : 'તમે તો જયસુખભાઈ, ધારાશાસ્ત્રી છો. જાણો છો કે સ્ત્રી રાજીખુશીથી છૂટાછેડા ન લે, ત્યાં સુધી હવે બીજી થઈ શકતી નથી.' અને બા સામે ફરીને : 'અને મૂળરાજ શેઠ કાંઈ ગાંડા છે કે સોનાની કૂકડી જેવું તમારું ઘર હાથ આવ્યું, છતાં છૂટાછેડા સ્વીકારે ? વહુમાં એવો દોષ નથી કે તમે છૂટાછેડા માગી શકો.'

'તમારી એ વાત સાચી, વજુભાઈ! ચારિત્ર્યમાં તો જાણે સોનાનો કટકો ! અને આમેય જયસુખ માટે મરી પડે. ભાઈબંધ–દોસ્તો જયસુખની મશ્કરી કરે તો એમને એવી સંભળાવે કે બધા ય બોલતા બંધ. એની મશ્કરી કરવાની તો કોઈ હિંમત જ શેના કરે ?...પણ એ અમારી સામે મિજાજ ભોગવે એ અમને ન પાલવે.'

'ત્યારે શું કરવું ?'

મારો પ્રશ્ન સાંભળી બા મૂંઝાઈ ગયાં, પણ જયસુખે તડ દઈને જવાબ વાળ્યો :

'મારે વહુ વગર પણ ચાલ્યું જશે.'

જયસુખની માતૃનિષ્ઠા પર વારી જઈને કે પછી તેના સાંસારિક સંયમથી સ્તબ્ધ થઈને બા તો તેના સામું જોઈ જ રહ્યાં.

મોકો મેળવીને મેં મૂળરાજ શેઠ પાસે પણ વાત મૂકી. એમનો મિજાજ તો ચડેલો જ રહેતો.

'એ ડોસી જીવે છે ત્યાં સુધી હું પન્નાને નહિ મોકલું.'

'પણ ડોસી તો હજી કડેધડે છે. એમ જાય એવાં નથી.'

'હા, એ ખરું. મારી દીકરીને કાઢીને જાય એવી છે, પણ તો ડોસીથી જયસુખ જુદા રહે.'

'એ તો, તમે જાણો જ છો, જયસુખથી બને એમ નથી.'

'એ ય ખરું. દીકરી દઈને અમે પસ્તાયાં. છોકરો સાવ માવડિયો નીકળ્યો.' શેઠની હૈયા–વરાળ બહાર નીકળી આવી.

'પણ એથી જ તો આગળ જતાં એના પર પન્નાનું ચલણ રહેશે,' પળ બે પળ મૌન રહીને મેં હળવેકથી સૂચન મૂક્યું.

'પણ ક્યારે ?'

'સ્ત્રીનો પૂર્ણ અધિકાર ઘરમાં જ્યારે જામે છે ત્યારે.'

મારો માર્મિક ઉત્તર શેઠ સમજ્યા ને હસી પડ્યા. 'તમે વજુભાઈ, શિક્ષક છો, પણ ગજબ છો, હો ! જાણે વકીલ !'

અને આમ બેચાર મહિને ગાડી પાછી પાટે ચડી ગઈ. પન્ના જયસુખને–કહો કે બાને–ઘેર ગઈ. કોઈ કોઈ વાર ભાણાં તો ખખડી જતાં, પણ પાછાં શાંત થઈ જતાં.

ઉનાળાનું વેકેશન આવતાં મારે લાંબે પ્રવાસે જવાનું થયું ત્યારે હું સૌને સલાહ-સૂચના દઈ આવ્યો. પાછો ફર્યો તેની વળતી

જ સવારે બાને ઘેર પહોંચ્યો.

બા ઘરના આંગણામાં જ સામાં મળ્યાં. બહાર જતાં લાગ્યાં. સવારના પહોરમાં કદી બહાર નીકળતાં નહિ હોવાથી મને આશ્ચર્ય થયું.

'અત્યારમાં શીદ ચાલ્યાં, બા?' એ પ્રશ્નનો 'દર્શને જાઉં છું,' એવો ઉત્તર મળતાં મારું આશ્ચર્ય વધ્યું. જયસુખને છોડીને ભગવાન તરફ ઢળવાનો એમને અવસર જ નહોતો આવ્યો. મેં પૂછ્યું: 'એ વળી ક્યારથી શરૂ કર્યું?'

'થોડા દિવસથી જ. સવારસાંજ બેઉ ટાણાં બપોરે જમીને જરા લંબાવી જાઉં. રાતે ભાગવત થોડુંક વાંચીને ઊંઘી જાઉં.' કહીને બા હસ્યાં પણ ખેદભર્યું.

મારું આશ્ચર્ય પરાકાષ્ઠાએ પહોંચ્યું. હજી તાગ મળતો નહોતો. 'જયસુખ શું કરે છે?'

'એ રહ્યો ઘરમાં. વહુ ઊબકા કરે છે તે તહેનાતમાં ઊભો છે.'

'કેમ? વહુની તબિયત નથી બરાબર?'

'તબિયત તો એ...ને રાતી રાણ જેવી છે! હમણાં તો વળી ફાલે.' જરા રહીને ઊમેર્યું: 'વહુને આશા છે.'

'ત્યારે તો ઘરમાં તમારી ખાસ જરૂર.'

'ના રે! એમ કાંઈ કોઈ વગર થોડું પડ્યું રહે?'

'ત્યારે તો મેં અગાઉ કહેલું એ ખરું પડ્યું ને?' એવા શબ્દો મારા હોઠ લગી આવી ગયા, પણ એ તો દાઝ્યા પર ડામ જેવું થશે એમ માનીને એ શબ્દો પાછા હૈયામાં ઉતારી મેં બાને બાની રીતે ચેતવ્યાં:

'પણ તમે આમ બહાર ફરતાં રહેશો તો તો જયસુખ વહુઘેલો થઈ જશે.'

પરંતુ બાના જવાબે એમના સ્વભાવનું બીજું પાસું બતાવી દીધું: 'છો ને થઈ જતો. મારી આંખ ટાઢી. એ બેઉ રાજી રહેતાં હોય તો હું ખસી માર્ગ દઉં. મારે વળી ભગવાન જેવડો ધણી.'

આમ કહેવા છતાં યે એમનાથી ડુંગર જેવડો નિસાસો નખાઈ ગયો, ને દર્શને જવા પગ ઉપાડ્યો ત્યારે એમની આંખમાં આંસુ આવી ગયાં હતાં.

હું એમની પીઠ પાછળ જોઈ રહ્યો. મારાથી બોલાઈ જવાયું: 'બા બિચારાં!'

* * *

'હેં ભાણાભાઈ, મલક આખો આવે છે ને તમે કેમ વ્યાખ્યાન સાંભળવા આવતા નથી? રજા પર આવ્યા છો તેથી વખત પણ જશે ને વ્યાખ્યાન યે સાંભળવા મળશે!'

મેં કહ્યું: 'સાચું બોલવું, કોઈની નિંદા ન કરવી વગેરે સામાન્ય વાતો જેમ બીજા બધા જાણે છે તેમ હું પણ જાણું છું. પણ જેટલું જાણું છું તેટલું બધું આચરી શકતો નથી, ત્યાં નવો ભાર માથે ક્યાં લાદું? પણ મામી, તમે આટલા દિવસથી રોજરોજ વ્યાખ્યાનમાં જાઓ છો, પણ તમારા ઉપર વ્યાખ્યાનની કંઈ અસર થઈ હોય તેમ મને તો દેખાતું નથી. પછી રોજરોજ જવાનો શો અર્થ?'—

અભણ પણ ધર્મભાવનાવાળાં મામીએ તરત જવાબ દીધો:

'એ તો એવું છે ને કે સો કાંકરી મારવામાં આવે તો બધી ભલે ન લાગે, પણ એકાદ તો જરૂર લાગી જાય!'

એમનો કહેવાનો ભાવાર્થ એ હતો કે ભલે વ્યાખ્યાનની અસર દરેક વખતે ન થાય, પણ કોક દિવસ તો સુવાક્યની અસર થયા વિના રહેશે જ નહીં.

મને થયું: 'આવી ધર્મભાવના જીવંત છે ત્યાં સુધી તો સંસ્કૃતિ, સહિષ્ણુતા અને કોઈ પણ સંયોગો સામે ટકી શકવાની શક્તિ જીવંત રહેશે જ.'

—જયંતીલાલ સંઘરાજકા

*

દૃષ્ટિની કેળવણી

લેખક :
સ્વામી ચિદાનંદ સરસ્વતી

વિચારશીલ માણસને ઘણી વાર વિચાર આવ્યા કરતા હોય છે કે આ કાર્યકારણરૂપ સુખદુઃખમય સંસાર અનાદિ કાળથી ચાલ્યો આવે છે તેનું કારણ ભલા શું હશે? વિચાર તો ઘણાને આવતો હશે પણ તેની શોધ કરવામાં પ્રવૃત્ત તો કોઈક વિરલો જ થાય છે.

શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં સંસારવૃક્ષનું વર્ણન કર્યું છે અને તેનું મૂળ પણ બતાવ્યું છે એટલું જ નહિ પણ તે મૂળને કાપવાનું શસ્ત્ર પણ બતાવ્યું છે. પણ ત્યાં અર્થ-ગાંભીર્ય બહુ હોઈ તે સમજવું સામાન્ય માનવીને મુશ્કેલ પડે છે.

પાતંજલ યોગદર્શનમાં આ વાત સર્વસાધારણ માનવી પણ સમજી શકે, તેવી રીતે મૂકી છે; તો તે જ જોઈએ. આ પ્રસંગમાં ભગવાન પતંજલિ કહે છે કે:

'दृष्टदृस्ययोः संयोगो हेयहेतुः ।' એ અર્થાત્ દ્રષ્ટા જે આત્મા તેનો દૃશ્ય એવું જે શરીર તેની સાથે જે સંયોગ થયો છે એટલે કે તાદાત્મ્ય સંબંધ થઈ ગયો છે તે જ સંસારરૂપી દુઃખનું કારણ છે અને તેને લીધે જ જન્મમરણનો પ્રવાહ ચાલુ રહે છે.

'સંયોગ થયો છે,' એનો અર્થ એટલે જ કે પરસ્પર વિરોધી સ્વભાવવાળા પદાર્થોના સ્વભાવનું એકબીજામાં આરોપણ. આત્માના ધર્મ અનાત્મા શરીરમાં કલ્પી લેવા, એટલે કે આત્મા પરમ પવિત્ર છે, તેને બદલે શરીર કે જે અપવિત્રતાનું ધામ છે તેને પવિત્ર માનવું. આત્મા અવિનાશી છે, તેને બદલે ક્ષણભંગુર શરીરને અવિનાશી માનવું. આત્મા સ્વભાવે જ સુખરૂપ છે, તેને બદલે દુઃખરૂપ એવા શરીરને સુખી કરવા એટલે કે સુખરૂપ બનાવવા આખી જિંદગી પ્રયત્ન કરવો. આત્મા ચેતનસ્વરૂપ છે એને બદલે જડ શરીરને ચેતનરૂપ જાણવું વગેરે વગેરે. તેવી જ રીતે શરીરના ધર્મોનું આત્મામાં આરોપણ થાય છે. જેમ કે શરીર દૂબળું હોય તો આત્મા કહેશે, હું દૂબળો છું; શરીર વૃદ્ધ હોય ત્યારે આત્મા કહેશે, હું વૃદ્ધ છું. શરીર જન્મે ત્યારે આત્મા પોતાને જન્મતો માને અને શરીરના મૃત્યુથી આત્મા પોતાને મૃત્યુ પામતો માને. 'આત્માનું મૃત્યુ માનીને અજ્ઞાની મૃત્યુ પામતો.' આવી રીતે, જો કે આત્મા અને શરીર તદ્દન વિલક્ષણ છે. તેમ જ વિરુદ્ધ ધર્મવાળાં છે, છતાં પણ ઈશ્વરની માયાથી બંને એકરૂપ થઈ જાય છે અને તેને લીધે જ સંસારચક્ર ચાલુ રહે છે.

આ સંયોગ દૂર કરવા માટે માણસે પોતાની દૃષ્ટિને ઠીક કરવી જોઈએ. આત્માના ધર્મો જોવા–જાણવા માટે દિવ્ય દૃષ્ટિ કે જ્ઞાન દૃષ્ટિ કેળવવી જોઈએ; જ્યારે શરીરના અને સંસારના ધર્મો સમજવા માટે વ્યાવહારિક દૃષ્ટિ કેળવવી જોઈએ. કારણ શરીર અને સંસાર વ્યાવહારિક સત્તાવાળાં છે. જ્યારે આત્માની સત્તા પારમાર્થિક છે.

પારમાર્થિક તેમ જ વ્યાવહારિક દૃષ્ટિ ભિન્નભિન્ન કેળવવી જોઈએ અને એક દૃષ્ટિએ વિચાર કરતા હોઈએ ત્યારે બીજી દૃષ્ટિએ તે વાત વિચારાય નહિ, કારણ બંને દૃષ્ટિઓની ભૂમિકાઓ ભિન્ન ભિન્ન છે. આ બે દૃષ્ટિ વચ્ચે જ્યારે સંકર થઈ જાય છે, ત્યારે યથાર્થ બોધ થતો નથી એટલું જ નહિ પણ ઊલટી સમજણ (વિપર્યય) થઈ જાય છે. આ બંને દૃષ્ટિને નિરનિરાળી રાખવી જરૂરની છે તે બતાવવા માટે માણસને સૃષ્ટિકર્તાએ બે આંખ આપી છે. ભાવ એમ છે

કે જ્યારે પારમાર્થિક દૃષ્ટિએ વિચાર કરતા હોઈએ ત્યારે વ્યાવહારિક આંખ બંધ કરી દેવી જોઈએ, અને તેવી જ રીતે જ્યારે વ્યાવહારિક દૃષ્ટિએ જોતા હોઈએ ત્યારે પારમાર્થિક આંખ બંધ કરી દેવી જોઈએ. આ વાતના પ્રતીકરૂપે સ્થૂલ શરીરમાં બે આંખ છે.

આ વાત માટે ઉદાહરણ લઈએ. ચાર પાંચ માણસો સાથે બેસી વાતો કરે છે. આ પાંચમાં એક માણસને તાવ આવે છે. આથી એક બીજા ભાઈ કે જે વૈદક વિદ્યા જાણે છે તે કહે છે કે, 'ભાઈ, કડુ, કરિયાતું ને કલંભો રાતે પલાળી રાખી સવારે પીતા જાઓ એટલે તમારો તાવ ઊતરી જશે.' ત્યાં વળી બીજા ભાઈ બોલી ઊઠે છે, 'એટલી બધી માથાકૂટ શું કામ કરવી જોઈએ? આખરે તો બધું બ્રહ્મરૂપ જ છે ને? એટલે કડુ, કરિયાતું પણ બ્રહ્મરૂપ જ છે અને આ ધૂળની ચપટી પણ બ્રહ્મરૂપ જ છે. માટે તાવ તો ધૂળની ચપટીથી પણ ઊતરી જશે.' વળી ભૂમિતિના નિયમથી પણ સમજાવે છે કે:

'કડુ કરિયાતું = બ્રહ્મ
ધૂળની ચપટી = બ્રહ્મ
એટલે કડુ કરિયાતું = ધૂળની ચપટી.'

હવે અહીં દૃષ્ટિનો સંકર થવાથી યથાર્થ જ્ઞાન થતું નથી, પણ જ્ઞાનનો અવળો અર્થ થાય છે. કડુ-કરિયાતું વગેરેથી તાવ ઊતરવો એ વાત વ્યાવહારિક દૃષ્ટિની છે જ્યારે સર્વ બ્રહ્મરૂપ છે એ વાત પારમાર્થિક દૃષ્ટિની છે, માટે જે ભૂમિકા ઉપરથી આપણે વાત કરતા હોઈએ તે જ દૃષ્ટિથી તે વાત જોવી જોઈએ. તે સ્થાને દૃષ્ટિભેદ થાય તો પરિણામ બહુ ખરાબ આવે.

આ વિષય સમજાવતાં શ્રી સુબોધિનીજીમાં ઉદ્ધવજીને શ્રીકૃષ્ણ ભગવાન કહે છે:

शुद्ध्यशुद्धी विधीयेते समानेष्वपि वस्तुषु ।
घर्मार्थं व्यवहारार्थं यात्रार्थमपि चानघ ॥

તત્ત્વદૃષ્ટિએ તો તમામ પદાર્થ બ્રહ્મરૂપ જ છે; ભગવદ્રૂપ જ છે. પરંતુ વ્યવહારકાળમાં તેને પૃથક્ પૃથક્ સમજવા જોઈએ.

એનું કારણ એમ છે કે દરેક પદાર્થનો ધર્મ જુદો જુદો છે. ધર્મ એટલે સ્વભાવ કે ગુણ. એટલે વ્યવહારકાળમાં તો જ્યાં કડુ જોઈએ ત્યાં બીજો પદાર્થ ન ચાલે. વળી ગુણ જુદા જુદા હોઈ તેનો ઉપયોગ પણ જુદી જુદી રીતે થવો જોઈએ. કારણ જીવન-યાત્રાને માટે એટલે કે જીવનના નિર્વાહને માટે આમ કરવું અતિ આવશ્યક છે. આ બાબત ધ્યાનમાં રાખવામાં ન આવે તો શરીરનો નાશ થઈ જાય.

આથી ઊલટું દૃષ્ટાંત લઈએ. એક ભાઈ વેદાન્ત સમજાવતાં કહે છે: 'બ્રહ્મમાંથી જ ઉત્પન્ન થયું છે એટલે જે આ જાગ્રતાદિ પ્રપંચ દેખાય છે તે બધું બ્રહ્મરૂપ જ છે.' આ સાંભળી એક બીજા ભાઈ બોલી ઊઠે છે કે 'જે દેખાય છે તે બધું બ્રહ્મરૂપ જ હોય તો પછી લીમડો કડવો કેમ લાગે છે અને સાકર ગળી કેમ લાગે છે? એક જ બ્રહ્મ એક ઠેકાણે કડવા અને બીજે ઠેકાણે ગળ્યા લાગે તો તો બ્રહ્મ વિષમ કહેવાય. માટે તમારી આ વાંત બરાબર નથી.'

હવે જુઓ. અહીં પણ દૃષ્ટિનો સંકર થવાથી યથાર્થ બોધ થતો નથી, પણ ઊલટું વિપર્યય બોધ થાય છે, એટલે કે અન્યથા જ્ઞાન થાય છે. બધું બ્રહ્મરૂપ જ છે એ નિરૂપણ એ આધ્યાત્મિક ભૂમિકાનો વિષય છે, જ્યારે સાકર ગળી લાગવી અને લીમડો કડવો લાગવો તે વ્યાવહારિક ભૂમિકાની વાત છે. એટલે આધ્યાત્મિક અર્થાત્ પારમાર્થિક દૃષ્ટિએ વાત થતી હોય ત્યાં વ્યાવહારિક ક્ષેત્રનાં ઉદાહરણો કામ ન લાગે, કારણ

તેથી તો દૃષ્ટિનો સંકર થાય અને તેમ થવાથી તો વિપરીત જ્ઞાન થાય, યથાર્થ જ્ઞાન થાય નહીં.

આ તો લૌકિક સાધારણ દૃષ્ટાંતો જોયાં. હવે એક સ્મૃતિનું દૃષ્ટાંત લઈએ. ગીતામાં કહ્યું છે કે :

विद्याविनयसंपन्ने ब्राह्मणे गवि हस्तिनि ।
शुनि चैव श्वपाके च पंडिताः समदर्शिनः ॥

વિદ્વાન બ્રાહ્મણ, ગાય, હાથી, કૂતરો તેમ જ ચાંડાલમાં જ્ઞાની પુરુષો સમાન દૃષ્ટિ રાખે છે.

'समदर्शिनः' શબ્દ બતાવે છે કે આ પ્રસંગ પારમાર્થિક દૃષ્ટિનો છે. એટલે કે જે માણસે તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેની દૃષ્ટિમાં શારીરિક ભિન્નતા પ્રકૃતિનું કાર્ય હોઈ મિથ્યા છે અને તેથી તે, બધાંએ પ્રાણીઓમાં એક જ આત્માને જુએ છે. આ બધાં પ્રાણીઓનાં શરીરો તેમ જ સ્વભાવો જુદા જુદા છે, પણ તે બધામાં ચેતન સત્તા તો એક જ આત્માની છે, એમ જાણી જ્ઞાની પુરુષ પારમાર્થિક દૃષ્ટિએ તે બધાંને આત્મારૂપ જુએ છે; પણ વ્યાવહારિક દૃષ્ટિએ તો એટલે શરીરના વ્યવહારકાળમાં આવા જ્ઞાનીને દૂધ જોઈતું હોય તો ગાયનું જ કામ લાગે, કૂતરીનું નહીં. સવારી કરવી હોય તો હાથી ઉપર જ બેસાય, ગાય કે કૂતરા ઉપર બેસાય નહીં; ખેતરનું રખોપું કરવું હોય તો ત્યાં કૂતરો જ કામ લાગે, ગાય કે હાથી ત્યાં કામ ન લાગે. આટલા માટે જ પ્રસ્તુત શ્લોકમાં 'समदर्शिनः' શબ્દ વપરાયો છે, 'समवर्तिनः' શબ્દ નથી વપરાયો. એટલે ગીતા કહે છે કે જ્ઞાનીએ પણ, તત્ત્વજ્ઞાન થયા પછી પણ, બન્ને દૃષ્ટિને ભિન્નભિન્ન કેળવવી બહુ જરૂરી છે. કારણ તેને પણ શરીર છે ત્યાં સુધી શરીરના વ્યવહાર પણ છે, અને શરીરના વ્યવહાર છે ત્યાં સુધી સંસાર પણ છે. એટલે તેણે પણ વ્યવહારકાળમાં તો, વ્યાવહારિક દૃષ્ટિએ જ પોતાના વ્યવહાર યથાયોગ્ય શાસ્ત્રમર્યાદા પ્રમાણે કરવા જોઈએ. દૃષ્ટિનો સંકર ન થવા દેવો જોઈએ, જો થઈ જાય તો મહાન અનર્થ ઊભો થાય, ને મન-બુદ્ધિ જ્ઞાનીને પણ પાપાચરણમાં એક વાર તો ધકેલી દે.

એક વાત અહીં સમજી લઈએ. વ્યાવહારિક જગત છે તે પ્રકૃતિનું કાર્ય છે અને તેથી ત્યાં તો વિષમતા રહેવાની જ છે. પ્રકૃતિની વિષમતાથી જ સંસારની રચના છે. પ્રકૃતિની સામ્યાવસ્થા થતાં સૃષ્ટિ ટકી શકે નહીં. પ્રકૃતિના ત્રણ ગુણો સત્ત્વ, રજ અને તમ જ્યારે સામ્યાવસ્થામાં હતા ત્યારે કંઈ જ ન હતું, બધું જ અવ્યક્ત હતું. પણ પરમાત્માની દૃષ્ટિ પડતાં જ ગુણોમાં ક્ષોભ થયો, અને તે વિષમતા પામતાં તેમાંથી સૃષ્ટિની રચના થઈ. એટલે સૃષ્ટિમાં તો વિષમતા અનિવાર્ય જ છે, કારણ વિષમતા જ એનો સ્વભાવ છે. એટલે જ્ઞાનીને પણ વ્યવહાર તો શાસ્ત્ર પ્રમાણે યથાયોગ્ય જ કરવા જોઈએ, જો કે જ્ઞાનદૃષ્ટિએ તો બધું પોતાના આત્મારૂપે જ તે જોતો હોય.

શ્રી રામકૃષ્ણ પરમહંસ આ વાત ઉપર બહુ જ ભાર દેતા અને બંને દૃષ્ટિને અલગ અલગ કેળવવા ખાસ સમજાવતા. તેઓ એમ કહેતા કે જ્ઞાનદૃષ્ટિએ કે પારમાર્થિક દૃષ્ટિએ તો ચોર, અગ્નિ, સર્પ અને સિંહ પરમેશ્વરરૂપ જ છે, કારણ તે જુદાં જુદાં શરીરોમાં એક જ પરમેશ્વર બિરાજે છે, અને તેનું નિયમન કરે છે. પરંતુ વ્યવહારકાળમાં તેઓને પરમેશ્વર જાણીને ભેટવા જઈએ તો આપણા શરીરનો નાશ થઈ જાય. વધારે સમજાવતાં કહેતા કે ચોર નારાયણરૂપ જ છે પણ તે જ્ઞાનદૃષ્ટિએ, વ્યવહારકાળમાં તેની ભાઈબંધી ન કરાય પણ છેટેથી જ નમસ્કાર કરાય, નહિતર આપણો નાશ કરી નાખે. તેવી જ રીતે અગ્નિ પણ નારાયણનું જ સ્વરૂપ છે એમાં

ના નહીં, પણ તેની સાથે વ્યવહાર તો ઉષ્ણતા મેળવવા પૂરતો જ કરાય. પરમેશ્વરનું રૂપ જાણી ભેટવા જઈએ તો બળી જવાય. તે જ પ્રમાણે સર્પ-સિંહાદિ પ્રાણીઓ પણ જ્ઞાનદૃષ્ટિએ તો નારાયણરૂપ જ છે, પરંતુ વ્યવહારકાળમાં તો તેનાથી આપણી જાતનું રક્ષણ કરવું જોઈએ.

બીજું એક શાસ્ત્રનું રમૂજી પણ સચોટ દૃષ્ટાંત છે તે સમજી લઈએ. એક ગુરુજી હતા તે પાઠશાળામાં અમુક વિદ્યાર્થીઓને વેદાન્ત સમજાવતા હતા. તેમાં એક પ્રસંગ આવ્યો કે 'જે જે દૃષ્ટિથી દેખાય છે તે તે મિથ્યા સમજવું.' હવે આ વાત થઈ જ્ઞાનદૃષ્ટિની. તે વાતને વ્યવહારમાં લાગુ પાડીએ તો અનર્થ થાય. બે ચાર દિવસ પછી એવું બન્યું કે એક હાથી ગાંડો થઈ ગયો હતો. અને તે ઊભી બજારે દોડતો જતો હતો. ગુરુજી તે વખતે બજારમાં હતા અને તેમને આ વાતની જાણ થતાં, તે રક્ષણ શોધવા દોડવા મંડ્યા. તેના એક શિષ્યે ગુરુજીને દોડતા જોઈ, પોતે પોતાના સુરક્ષિત સ્થાનમાંથી બોલ્યો કે 'गुरो गजो मिथ्या' એટલે કે ગુરુજી, નકામા દોડવાનો શા માટે ત્રાસ વેઠો છો? હાથી તો મિથ્યા છે એમ તમે જ અમને ભણાવ્યું હતું. ગુરુજીએ દોડતાં દોડતાં જ જવાબ આપ્યો કે ભાઈ 'पलायनमपि मिथ्या।' એટલે કે હું દોડું છું તે પણ મિથ્યા જ છે હવે! અહીં પણ દૃષ્ટિનો સંકર છે અને તેથી શિષ્યનું જ્ઞાન યથાર્થ નથી પણ વિપરીત છે. હાથી મિથ્યા છે તે આધ્યાત્મિક દૃષ્ટિની વાત છે. પણ વ્યવહારકાળમાં તો હાથી સાચો છે, હાથી ગાંડો થયો છે એ પણ સાચું છે અને તેથી રક્ષણ મેળવવું તે પણ એટલું જ સાચું છે અને તેથી જરૂરી પણ છે. ગુરુજીએ જવાબ દીધો કે જે દૃષ્ટિએ જેમ હાથી મિથ્યા છે તે દૃષ્ટિએ મારું દોડવું પણ મિથ્યા જ છે એટલે કે જ્ઞાનદૃષ્ટિએ જેમ હાથી મિથ્યા છે, તેમ દોડવાની ક્રિયા પણ મિથ્યા છે; અને વ્યવહારકાળમાં હાથી સાચો છે એટલે દોડવું પણ સાચું છે. ગુરુનું જ્ઞાન સંશય વિપર્યય રહિત હતું એટલે તેની દૃષ્ટિમાં ભેદ નહોતો પડતો, જ્યારે શિષ્યનું જ્ઞાન કેવળ વાતો કરવા પૂરતું જ હતું એટલે તેણે બન્ને દૃષ્ટિની સેળભેળ કરી દીધી.

હવે આ નિબંધની શરૂઆતમાં આપણે કહ્યું હતું કે દ્રષ્ટા અને દૃશ્યના ધર્મોનો તાદાત્મ્ય સંયોગ થઈ ગયો છે તેથી જ આ સર્ગ-વિસર્ગની ઘટમાળ ચાલ્યા કરે છે એટલે કે જન્મ-મરણનું ચક્ર અનાદિ કાળથી ચાલતું આવે છે. આ સંયોગ દૂર થાય ત્યારે આ ઘટમાળનો અંત આવે. આ સંયોગ દૂર કરવો હોય તો જ્ઞાનદૃષ્ટિથી દૃશ્ય આત્માના ધર્મો બરાબર સમજી લેવા જોઈએ અને પછી તે ધર્મોનું દૃશ્ય શરીરમાં આરોપ પણ કરવું ન જોઈએ. તેવી જ રીતે વ્યાવહારિક દૃષ્ટિથી શરીરના જન્મ, મૃત્યુ, જરા અને વ્યાધિ વગેરે ધર્મો સમજી લેવા જોઈએ અને તે ધર્મો આત્માના નથી તેમ નક્કી કરી તેને આત્મામાં આરોપિત ન કરવા.

શ્રી શંકરાચાર્યે એક નાના વાક્યમાં આ વાત બહુ જ સરસ રીતે કહી છે 'देहेऽहंमतिः उज्झ्यताम्' એટલે કે દેહમાં જે આત્મબુદ્ધિ કરી લીધી છે તે છોડી દે, અને પછી આત્માના ધર્મો જાણી, પોતે આત્મા છું એવો નિશ્ચય કરી, આત્મસ્વરૂપમાં સ્થિર થઈ જા.

'હું માણસનો ગુલામ બનીશ પણ મારા મનનો ગુલામ નહિ બનું. મનના ગુલામ બનવા જેવું એકે પાપ નથી.' —ગાંધીજી

×

રંગોનું મનોવિજ્ઞાન

લેખક :

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

સૂર્યના ઉજજવળ પ્રકાશ, વૃક્ષોનો લીલો રંગ, પુષ્પો અને ફળોના ચકચકિત કે આછા રંગો, આકાશમાં વિધવિધ રંગોના પટવિસ્તારો, મેઘધનુષના સાત રંગો, પક્ષીઓનાં પીંછાંની મનોહર રંગભભક, જંતુઓના દેહના મૃદુ કે ભપકા મારતા રંગો અને પથ્થર, માટી કે શંખછીપોના ભાતીગળ રંગો જોઈ માનવીની રસવૃત્તિ પોષાઈ છે. આનાથી આકર્ષાઈ એણે વસ્ત્રોમાં રંગોનું આકર્ષક વૈવિધ્ય આણ્યું છે. કદી ઝાંખી નહીં પડનારી સોના–ચાંદીની ધાતુઓનાં અને રત્નોનાં આભૂષણોથી દેહ શણગારવા માંડ્યો છે અને બંધિયાર નિવાસસ્થાનોમાં કુદરતનાં સૌંદર્ય અને ઉજજવળતા ઉતારવા માટે તેને માટી, ચૂનો અને રંગો વતી રંગવાનું સ્વીકાર્યું છે.

રસવૃત્તિ પોષવા આપણે અમુક રંગોનાં વસ્ત્રો પસંદ કરીએ છીએ. ઘરની ભીંતો અને લાકડાં સફેદ, લીલા, પીળા કે આસમાની રંગથી રંગાવીએ છીએ. રંગવા પાછળ દૃષ્ટિ હોય છે ઘરમાં ભભક આણવાની, પણ રંગોની પસંદગી પાછળ નથી હોતી કશી વિચારદૃષ્ટિ કે નથી હોતી સમજ. તો પછી રંગવામાં આયોજન તો હોય જ શાનું?

રંગો આપણા મન ઉપર વિશિષ્ટ અસરો ઉપજાવે છે તેની આપણને જાણ તો છે જ. લાલ રંગ આપણને કાર્યમાં પ્રવૃત્ત કરાવનારો અને ઝટ નિર્ણય કરવાને ઉત્તેજિત કરવાવાળો છે, જયારે લીલો રંગ–કુદરતનો રંગ–શીત અને આહ્લાદક છે. આસમાની રંગના ઓરડામાં માણસને ગરમી ઓછી લાગે છે પણ લાલ રંગના ઓરડામાં વધારે. કાળા રંગની પેટીઓનું વજન મજૂરોને ભારે લાગે છે પણ એજ પેટીઓ આછા લીલા રંગે રંગવામાં આવે તો તે ઓછી વજનદાર લાગે છે. રંગોના આવા ભ્રાંતિજનક અને અસરકારક સામર્થ્યની વિજ્ઞાનને તો ઘણા વખતથી જાણ છે. તેનો લાભ લઈ છેલ્લાં પંદર વર્ષ થયાં અમેરિકામાં રંગ આયોજનના સિદ્ધાંતો મોટા પાયા ઉપર અમલમાં મૂકવામાં આવ્યા છે.

એક કારખાનાનું ઉષ્મામાન (અં. ટેમ્પરેચર) ૭૨ અંશ હતું, છતાં યે તેમાં કામ કરનારી સ્ત્રી–કામદારો ઠંડી લાગવાની ફરિયાદ કરવા લાગી, પણ જયાં કારખાનાની દીવાલોનો વાદળી રંગ બદલીને ગાઢો લાલ કરવામાં આવ્યો કે તરત જ તે ફરિયાદ બંધ થઈ ગઈ. જો કે કારખાનાનું ઉષ્મામાન તો અગાઉના જેટલું જ કાયમ હતું!

રંગ–વિજ્ઞાનીની સૂચના અનુસાર ન્યૂયોર્કના એક રેસ્ટોરાંનો રંગ રાખોડીઓ–લીલો બદલી લાલ અને પીળો કરવામાં આવ્યો. રંગબદલાથી અજબ જેવો જાદુ થયો. અગાઉ ઘરાકો આ માનીતા રેસ્ટોરાંમાં લાંબો વખત બેસી રહેતા હતા એને બદલે હવે તેમની ઝડપી અવરજવર થવા માંડી અને માલિકને ઘરાકીમાં પચાસ ટકાનો વધારો થયો તે જુદો!

એક પેટ્રોલ કંપનીએ પેટ્રોલનું વેચાણ વધારવા રંગ આયોજન વિજ્ઞાનનો આશરો લીધો. એક પંપિંગ પંપને લાલ રંગ લગાડ્યો અને બીજા બધા પંપોને લીલો. તાજા લગાડેલા રંગથી પેટ્રોલ પંપોનું વેચાણ પંદર ટકા વધી ગયું, પણ લાલ રંગના પંપનું વેચાણ તો ૫૦ ટકા વધી ગયું. રંગનો નજીવો ફેરફાર અને વેપારમાં અકલ્પનીય વધારો!

લંડનનો બ્લેક ફ્રાયર્સ પુલ આપઘાત

કરવા માટે નામીચો બનેલો હતો. પુલનો રંગ કાળો હતો, પણ તેને તેજસ્વી લીલા રંગથી ફરી રંગવામાં આવ્યો. પરિણામ અદ્ભુત આવ્યું. આપઘાતનું પ્રમાણ ૧/૩ કરતાં પણ વધારે ઘટી ગયું!

જાણવા જેવું છે કે બીજા વિશ્વયુદ્ધ વખતે ઉદ્યોગોનાં ક્ષેત્રોમાં વૈજ્ઞાનિક ઢબે રંગોનું સંપૂર્ણ આયોજન કરવામાં આવ્યું હતું. આના પરિણામે ઉત્પાદનમાં પંદરથી ત્રીસ ટકા જેટલો વધારો થયો હતો. રંગ–વિજ્ઞાનશાસ્ત્રી ફેબર બિરેને લોખંડના એક કારખાનામાં આ પ્રમાણે રંગોની રચના કરી હતી. મશીનના બહારના ભાગો ઉપર ક્ષિતિજના જેવો ભૂખરો રંગ, ગતિમાન ભાગોનો ક્રીમ રંગ, છત સફેદરંગી, આઠ ફૂટ સુધીની દીવાલો અને થાંભલાઓનો રંગ આછો ભૂખરો લીલો, આગ ઓલવવાનાં સાધનો ઉપર લાલ રંગ, દવા–સારવારની પેટીઓનો લીલો રંગ, જમીનનો આછો રાતો પીળો (અં. બફ) રંગ, ઠોકરે ચઢે અને અથડાય એવી વસ્તુઓ ઉપર પીળા રંગમાં કાળા ચટાપટા અને સ્વીચબોક્સ તથા લીવરોને વાદળી રંગ કરવામાં આવ્યો. આ રંગોની ગૂંથણી આકર્ષક અને સુમેળ છે. આમાં મનપસંદગી જાળવવા કરતાં તેની ઉપયોગિતાનું ધોરણ જળવાયેલું છે.

રંગોની આવી રચનાને લીધે દીવાઓનો પ્રકાશ વેડફાઈ ન જતાં ખંડમાં સોગણો વધ્યો, કામદારો પ્રસન્ન રહેવા લાગ્યા, કામમાં ૪૦ ટકાની ચોકસાઈ વધી, ૬૦ ટકા જેટલી ગેરહાજરી ઘટી! અને સૌથી નોંધપાત્ર તો અકસ્માતોનું પ્રમાણ ૨૦થી ૪૦ ટકા જેટલું ઓછું થયું. રંગસજાવટનું અદ્ભુત પરિણામ આથી બીજું શું હોઈ શકે?

તેજસ્વી રંગો સિવાય ફક્ત સફેદ અને કાળા રંગોના વૈજ્ઞાનિક આયોજનથી પણ અનેરી અસર ઉપજાવી શકાય છે. કાળો રંગ ગરમી શોષે છે અને સફેદ રંગ [illegible] નિવારે છે. આ ભૌતિક નિયમ અનુસાર [illegible] રંગોના ઉપયોગ અમેરિકાના એક કારખાનામાં થાય છે. ઉનાળાની સખત ગરમી વખતે પતરાંના કાળા રંગ ઉપર પાણી મિશ્રિત સફેદ રંગનું પોતું ફેરવવામાં આવે છે, આથી કારખાનામાં ઓછી ગરમી વરતાય છે. શિયાળો બેસતાં-બેસતાંમાં તો ધોળો રંગ ખરી પડે છે અને ઠંડીમાં ગરમી શોષી લેતાં પતરાંના કાળા રંગનો લાભ લેવાય છે.

રંગો માનવીનાં મન, કાર્યશક્તિ અને વાતાવરણ ઉપર આશ્ચર્યજનક અસરો ઉપજાવે છે તે આપણે જોઈ ગયા. હવે આપણાં નિવાસસ્થાનોમાં વૈજ્ઞાનિક દૃષ્ટિએ રંગો લગાડવાથી ઊપજતી માનસિક અસરો અને ચમત્કાર વિષે વિચારીએ.

રંગોથી ઉત્પન્ન થતી અસરો મુજબ વિજ્ઞાન રંગોને બે વિભાગમાં ગણાવે છે: ઉષ્ણ અને શીત. ઉષ્ણ રંગો પીળો, લાલ અને નારંગી છે, જ્યારે આસમાની, લીલો અને જાંબલી રંગો શીત છે. પહેલા વિભાગના રંગોથી વિશાળ અને કઢંગા ખંડનો દેખાવ નાનો હોવાનો ભ્રમ પેદા થાય છે. શીત રંગોથી ખંડ વિશાળ હોવાની અસર ઊભી થાય છે. આપણાં મકાનો મધ્યમસરનાં હોવાથી શીત રંગોનો વપરાશ થવો આવશ્યક છે. આમાં આછા અને મૃદુ રંગોમાં બદામી, હાથીદાંત જેવો સફેદ–પીળો અને સફેદ રંગો છે. આ રંગો પ્રકાશને પાછો ફેંકે છે એટલે એમના વપરાશથી વિશાળતાની ભાવના ઉત્પન્ન થાય છે.

દેખાવમાં ખંડની ઊંચાઈ વધારવી હોય તો છત અને દીવાલો બધું એક જ રંગમાં રંગાવવાં જોઈએ. આથી વિરુદ્ધ અસર

દીવાલના રંગમાં નીચે કે ઉપરથી પટા પાડવાથી ઊભી થાય છે. પણ એટલું તો જાળવવું જ જોઈએ કે છતનો રંગ જેમ બને તેમ આછો રાખવો જોઈએ. આ માટે ઝાંખો બદામી, રાખોડી અને સફેદ રંગોમાંથી પસંદગી કરવાની છે. જો છતમાંથી પ્રકાશ આવવાની ગોઠવણ હોય તો આ રંગો સિવાય બીજા રંગો વાપરવાથી પ્રકાશનું પરાવર્તન ઓછું થાય છે, આથી ખંડ પૂરતો પ્રકાશિત થતો નથી.

બારણાં, બારીનાં લાકડાં અને ખંડનું લાકડકામ દીવાલના રંગો સાથે સુમેળ સાધે એવા રંગોથી રંગાવવાં જોઈએ; નહીં તો ખંડનો નયનાભિરામ દેખાવ બગડી જઈ ભમરાળતા પેદા થાય છે. આમાં ફૂલદાની, પડદા, ફોટોફ્રેમો વગેરે તેજસ્વી રંગોથી રંગાયેલાં હોય તો ખાસ વાંધો નથી આવતો, પણ આમાં ખંડના રંગો સાથે આ બધાનો કેવો સુમેળ સધાય છે એ તો ધ્યાનમાં રાખવું જ જોઈએ.

રંગની સજાવટ રસવૃત્તિ કે પૈસાનું અભિમાન પોષવા માટે નહીં, પણ ઘરમાં ઉજજવળતા, ઠંડક કે ઉષ્ણતા અને સુખાનંદ પેદા કરવા માટે હોવી જોઈએ. આ દૃષ્ટિએ વિચારતાં ઘરની દિશા મુજબ યોજનાપૂર્વક રંગની સજાવટ હોવી આવશ્યક છે. પૂર્વ અને પશ્ચિમ મુખવાળાં મકાનોમાં શીત અને ઉષ્ણ બંને રંગોનો સુમેળ સધાય એવી રચના કરવી જોઈએ. દીવાલો ઉપર હોલા જેવો રાખોડીઓ, ઝાંખો વાદળી કે લીલો રંગ કરવો જોઈએ અને આની સમતુલા જાળવવા માટે રાચરચીલા ઉપરના ઓછાડો અને સોફાના ગલેફો તેજસ્વી રંગના અને પડદા તથા શેતરંજી ઝાંખા સફેદ કે આછાપીળા રંગવાળાં હોવાં જોઈએ. દખણાદાં મકાનોમાં સૂર્યનો પ્રકાશ અને ગરમી વધારે આવતાં હોવાથી શીત રંગોની પસંદગી કરવી જોઈએ, જયારે ઉતરાદાં મકાનોમાં સૂર્યનો પ્રકાશ સીધો આવતો નહીં હોવાથી પ્રકાશ અને ઉષ્ણતા આણવા કાજે ઉષ્ણ રંગો વાપરવા જોઈએ.

પણ આ રંગોથી ખંડ નાનો હોવાનું દેખાય છે. આવા સંજોગોમાં ઝાંખા ઉષ્ણ રંગો જેવા કે આછો ગુલાબી, ગાઢો ગુલાબી, બદામી, ક્રીમરોઝ, કેનેરી પીળો વગેરેમાંથી એકાદની પસંદગી કરવી જોઈએ. દીવાલના રંગમાં નીચે કે ઉપર પટા ન પાડવા અને છત સફેદરંગી રાખવી. આથી ખંડ વિશાળ અને પ્રકાશવંતો દેખાય છે.

પણ જો ખંડ વિશાળ હોય તો લાલ કે નારંગી રંગો વાપરવાથી ઉષ્ણતા સાથે ખંડ નાનો હોવાનું દેખાય છે. સાથેસાથે ઉષ્ણ રંગોની ગાઢી અસર ઓછી કરવા માટે ખુરશી કે સોફાના ગલેફો તથા પડદા લીલા કે બદામી રાખવા. શીતરંગી ખંડોમાં વૈવિધ્ય, આહ્લાદ અને ભભકો આણવા કાજે દીવાના ઢાંકણની કે ટીપોયની લાલ કે લીલા રંગની સજાવટ કરવી જોઈએ.

જાણવા જેવું છે કે જંતુઓ પણ રંગથી પ્રભાવિત થાય છે. મચ્છરો આસમાની રંગથી આકર્ષાય છે, જયારે માખો આ રંગથી દૂર ભાગે છે. મચ્છરો અને જીવડાં નારંગી અને સફેદ રંગથી આઘાં ને આઘાં રહે છે.

આપણાં ઘરોમાં ઓસરી–મેડાની કે ભોંયતળિયાની–બેસવા માટે અગત્યનું સ્થાન છે, કારણ કે અહીં પ્રકાશ, હવા અને ઠંડકનો સરસ સુમેળ જામે છે. આ બેઠકમાં દિવસના શીતળતા અને સ્વસ્થતા અને સાંજના આહ્લાદ સાથે હુંફાળતા અનુભવાય એવા રંગોની સજાવટ હોવી આવશ્યક છે.

આ માટે ઓસરીની દીવાલો ઉપર શીત અને ઉષ્ણ રંગોનું સંમિશ્રણ કરવું જોઈએ.

એક ભીંત આસમાની રંગની, બારણાં લીલા રંગનાં, થાંભલા પીળા રંગના, ગોખ નીચેની દીવાલ ગુલાબી રંગની, છત સફેદ અને જમીન આછા લાલ કે પીળા રંગની રાખવાથી ઓસરીમાં બેસવાથી આહ્‌લાદ અને હૂંફ અનુભવાય છે.

રસોડામાં તેજસ્વી રંગો રાખવાથી ચોખ્ખાઈમાં સરળતા સાથે વધારો થાય છે. આ માટે ધોઈ શકાય એવા તેલી ડીસ્ટેમ્પર-(ઓઈલ બાઉન્ડ વૉશેબલ ડીસ્ટેમ્પર ઑફ હાઈ લાઈટ રિફ્લેકલેન્સ)નો ઉપયોગ થવો જોઈએ, જેથી ધુમાડી અને ચીકાશ કે બીજા ડાઘાડબકા સહેલાઈથી ધોઈ શકાય.

મકાનની બહારની દીવાલો ઉપર ઊઘડતો આસમાની કે લાલ રંગ હોય તો કેવો સારો લાગે! આપણે ત્યાં મોટા ભાગે ચૂનો કે પીળી માટી જોવામાં આવે છે. આના કરતાં આછો કે ગાઢો લીલો અગર બદામી રંગ હોય તો ઘરને રક્ષણ ઉપરાંત આંખને ગમે એવી શોભા આપવાનું પણ કામ થાય.

રંગોની અસર જાણ્યા બાદ વ્યક્તિઓની રંગપસંદગી પાછળ કયું મનોબળ કામ કરી રહ્યું છે તે જાણવું રસપ્રદ થઈ પડશે. રંગોની પસંદગી સ્વભાવપ્રેરિત હોય છે. આની પાછળ માનવીનું આંતર વ્યક્તિત્વ કામ કરતું હોય છે. માનસવિજ્ઞાનીઓ કહે છે કે રંગની પસંદગી જાણવાથી માનવીના વ્યક્તિત્વનાં સહજમાં દર્શન થાય છે.

આસમાની રંગ પસંદ હોય તે વ્યક્તિ બોલવામાં, પહેરવેશમાં અને કામકાજમાં સાવધ–દક્ષ હોય છે. મનોવિકાર અને ઉત્સાહ જેવી વૃત્તિઓ ઉપર કાબૂ ધરાવે છે. સ્વભાવે રૂઢિચુસ્ત અને સહૃદયી હોય છે. ઠાવકાશ અને ગાંભીર્યપ્રિય હોય છે અને બીજાઓમાં આની અપેક્ષા રાખે છે.

બુદ્ધિશાળી વિચારોથી ભરપૂર અને આદર્શવાદીઓને પીળો રંગ પસંદ છે. આમ તો સત્તાવાહી સ્વભાવ હોવા મિત્રતા વિના નભતું નથી. પોતાની સદા ખરી માનનારા છતાં યે આ સાચા અને વિશ્વાસુ મિત્રો હોય છે.

લાલ રંગ પસંદ કરનારા સાહસી, અને આશાભરેલા હોય છે. સ્વભાવ ચંચળ વૃત્તિ હોવાથી મિત્રતા બાંધે ઘડીકમાં છોડી દે છે. આનું કારણ એ પ્રેમવૃત્તિ પણ છે. પણ તેઓ તમન્ના કાર્યવૃત્તિથી તરવરતા હોય છે.

તમને ગુલાબી રંગ પસંદ છે? જો હોય તો તમને કપડાં પહેરવાનો અને તાનો ભારે શોખ છે. વટમાં રહેવાનો જાતને ઊંચી ગણાવવાનો મોહ છે. સ્વભાવે તો માયાળુ છે. માણસોનાં દિલ તમ ભણી આકર્ષાય તેમ છે.

અચ્છા સાથીદાર બને તેવાઓ અને સ માં રહેવાના ગુણવાળાઓને નારંગી રંગ હોય છે. બીજાઓની ખાતર ભલભલું કરવાનો ઉમદા ગુણ હોવાની વિશેષતા છે.

લીલો રંગ પસંદ કરનારાઓ સહિ શ્રદ્ધાળુ અને ઉદાર મતવાદી હોય છે. બાબતમાં ખૂબ વ્યવહારુ, પણ કૃપણ ઉચ્ચ જીવન, પ્રવાસ, મિત્રતા અને મે ડાનો શોખ હોય છે.

મન અને શરીરથી એદી, બીજા ભરોસો રાખનાર અને સ્થિરભાવી લોકો તપખીરીઓ–બદામી રંગ તરફ પસંદ હોય છે. સંજોગાનુસાર વર્તવાનો હોવા છતાં યે એક વાર કાર્ય મન લીધું હોય તો તે કોઈ ફેરવી ન શકે.

જાંબુડીઆ રંગ તરફ વલણવાળા ગહન અને રહસ્ય ભરેલા હોય છે, સ્વભાવે ઉત્સાહી કે આગ્રહી નહીં હોવાથી ગમે તે સંજોગોમાં નભી શકે છે.

રંગો નિશ્ચિત અર્થ વ્યક્ત કરવાનું સાધન છે, તેના પણ ગુણ અને સંકેતાર્થ હોય છે. પ્રાથમિક ત્રણ રંગોના ગુણ આવા છે: લાલનો અર્થ ઉષ્ણતા, પીળાનો પ્રકાશ અને આસમાનીનો શાંતિ અગર શીત. શિલ્પશાસ્ત્ર મુજબ કાળો રંગ શૃંગારનો વ્યંજક છે, જ્યારે પીળાશ પડતો સફેદ વીરરસ અને પીળો રંગ દિવ્યતા અને અને અદ્‌ભુતતાનો દર્શક છે.

લોહી અને અગ્નિનો રંગ લાલ છે. તે જીવન, ગતિ, વાસના અને ક્રોધ સાથે સંકળાયેલો છે. તે ભયસૂચક પણ છે. આગ ઓલવવાનાં સાધનો અને વાહનવ્યવહારમાં ભય દર્શાવવાનાં સિગ્નલો લાલ રંગનાં હોય છે.

લાલ રંગ સંવેદનદર્શક છે તો આસમાની રંગનું દર્શન બૌદ્ધિક છે. બાઈબલમાં આ રંગને નિશ્ચય અને ન્યાયનો પ્રતીક લેખ્યો છે. બૌદ્ધ ગ્રંથોમાં એનાથી મનની શાંતિ અને સ્થિરતા પ્રાપ્ત થવાના ઉલ્લેખો છે.

બધા રંગોમાં પીળો રંગ ચમકદાર છે. તેને સૂર્યના પ્રતીક સમ લેખવામાં આવે છે. તે ઐક્ય સૂચવે છે. આપણે ત્યાં તે વિવાહાદિકનો રંગ છે. હળદર, કેસર, ચંદન વગેરે પીળાં નથી હોતાં?

લીલો રંગ સૌભાગ્ય, માંગલ્ય અને અમરતાનો વ્યંજક છે. જાંબુડીઓ રંગ ડહાપણ દાખવતો રંગ છે, જ્યારે સંતપ્ત મનને શાંત કરનાર તપખીરીઓ રંગ છે. નારંગી રંગ પ્રવૃત્તિ, પ્રસન્નતા અને આનંદનો સૂચક છે.

⁂

પ્રમુખ લિંકન પોતાના દુશ્મનો પ્રત્યે જે રીતે વર્તાવ રાખતા હતા, તે જોઈને ધૂંધવાઈ રહેલા તેમના એક મિત્રે કહ્યું:

'તમે એમને મિત્રો કેમ બનાવો છો? તમારે તો ઊલટું દુશ્મનોનો નાશ કરવો જોઈએ.'

ઠંડે કલેજે હસતાંહસતાં લિંકને કહ્યું:

'ભાઈ, હું દુશ્મનોને મિત્રો બનાવું છું એથી દુશ્મનોનો નાશ નથી કરતો તો બીજું શું કરું છું?'

×

સૌરાષ્ટ્રના એક ખંડિયેરનો ભાગ બતાવતો ભોમિયો મુસાફરને કહેવા લાગ્યો:

'સાહેબ, આ કિલ્લો છસો વર્ષનો જૂનો છે. પણ એના એકે પથ્થરને કોઈ અડક્યું નથી, એમાં કોઈએ કશાય ફેરફાર કર્યા નથી; કોઈ પણ વસ્તુની ફેરબદલી થઈ નથી.'

પ્રવાસીએ જણાવ્યું:

'ત્યારે તો મને મળ્યો છે તેવો જ આ સ્થાનનોય મકાનમાલિક હશે!'

×

માબાપ બંને બહાર ગયાં હતાં. ઘરમાં નાનાં છોકરાંઓને બાળપણથી જ જવાબદારીનું કામ શીખવવું જોઈએ એમ બંને માનતાં હતાં. ઘરમાં ત્રણ છોકરાં હતાં. ઘેર આવ્યા પછી એ ત્રણેયને માતાએ પૂછવા માંડ્યું:

'બોલ જોયે કાંતિ, અમારી ગેરહાજરીમાં તેં શું કર્યું?'

'મેં કાચનાં વાસણ માંજ્યાં!'

'ને તેં નવનીત?'

'મેં એ બધાં લૂછી નાખ્યાં'તાં.'

પછી નલિની તરફ ફરીને પૂછ્યું: 'ને તેં શું કર્યું નલિની?'

'મેં ટુકડા ઊઠાવી લીધા!'

×

પરિવર્તન

મૂ૦ લે૦ : શ્રી 'વનફૂલ'

અનુ : અધ્યા. સુરેશ હ. જોષી

ખજૂર અને ગોળનો સંદેશ × ખાઈને મારું આખું મોઢું કડવું થઈ ગયું. સંદેશ જો કે બન્યો હતો બહુ સરસ.

તો તમને વાત માંડીને જ કહું.

હરિમોહન બહુ મોટો માણસ હતો. પૈસાટકાની ખોટ નહોતી, તેથી બેકાળજીથી કે સારવાર ને દવાદારૂના અભાવે એ મરી જવાનો નથી તે પણ હું જાણતો હતો. પૈસા ખરચીને જે કાંઈ કરી શકાય તે કરવામાં કશું બાકી નહિ રાખવામાં આવે. થયું પણ એમ જ. બહુ જ હોશિયાર ને પ્રખ્યાત એવા બે દાક્તર દરરોજ બે વાર આવીને હરિમોહનને તપાસી જતા. બે નર્સને પણ સારવારને માટે રાખી શકાઈ હોત, પણ સરમા–હરિમોહનની સ્ત્રી એમ કરવાને કોઈ રીતે ય રાજી નહોતી. એણે પોતે જ સેવા–ચાકરી કરવા માંડી. એ કામમાં એની નિપુણતા જોઈને દાક્તરોને પણ કહેવું પડ્યું કે, દર્દીની માવજતમાં કશાની સહેજસરખી ય ખામી નથી. પગારદાર નર્સ એટલું બધું કરી શકી હોત કે કેમ, કોણ જાણે.

પણ રોગ જીવલેણ નીકળે એવો હતો, ક્ષયનો રોગ. મોઢામાંથી લોહી પડતું હતું, દરરોજ તાવ પણ આવતો હતો. કફ પણ તપાસાવ્યો હતો ને એમાં ક્ષયનાં જંતુઓ જોવામાં આવ્યાં હતાં. સહેજસરખી શંકાને સ્થાન નહોતું. પૈસાને પ્રતાપે સારવારમાં વાંધો નહિ આવે એ ખરું, પણ પરિણામ સારું જ આવશે એમ તો કહી શકાય નહીં. એથી ઊલટું એના જીવનનાટકનો પડદો પડી જવાની તૈયારીમાં હોય એવું જ દિવસેદિવસે લાગતું જતું હતું.

હરિમોહન મારો લંગોટિયો દોસ્ત. વર્ગમાં અમે બન્ને પાસેપાસે બેસતા ને એને પરિણામે અમારી ઘનિષ્ઠતા મૈત્રીમાં પરિણમી હતી; કેમ તેની તો ખબર નથી, પણ હજુ ય એ મૈત્રી અતૂટ રહી છે ખરી. સંજોગો તો એવા હતા કે એ ભાગ્યે જ અતૂટ રહી શકે. પૈસાદાર ને ગરીબ વચ્ચેનો પ્રેમ ઘણો ભંગુર હોય છે. પણ અમારી મૈત્રી કેમ ટકી રહી કોણ જાણે! એ જે હોય તે. હું દરરોજ એની ખબર લેવા જતો, નહીં તો ય મારે ખાસ જવું જ પડ્યું હોત; કારણ કે, હરિમોહનને પૈસા અને પત્ની સિવાય દુનિયામાં પોતાનું કહી શકાય એવું કશું નહોતું. ગોળ હોય ત્યાં મંકોડા આવવાના જ. ઘણા મંકોડાએ આવજા શરૂ પણ કરી દીધી હતી, પણ જ્યાં ક્ષયનો જ રોગ છે એની ચોક્કસ ખાતરી થઈ કે તરત જ એ બધા ધીમેધીમે અદૃશ્ય થઈ ગયા. કદાચ બીજી ગોળની ગોદામની શોધમાં ચાલ્યા ગયા હશે. હું એકલો જ રહી ગયો. સરમાની સાથે મિત્રની પત્ની તરીકે જે સાધારણ વાતચીતનો વ્યવહાર હતો તે આ કારણે વધારે ને વધારે ગાઢ થતો ગયો. હવે મનમાં થાય છે કે એમ ન બન્યું હોત તો સારું થાત.

હરિમોહન બેઠોબેઠો ઉધરસ ખાતો હતો. ક્ષયની છાતી ફાડી નાખે તેવી ઉધરસ! ઉધરસ સહેજ અટકતાં બોલ્યો: 'ગળું ખૂબ ખરાબ થઈ ગયું છે. દવા પીપીને ને કોગળા કરીકરીને હું તો હેરાન થઈ ગયો. ઉધરસ કેમે કરી ઓછી જ કેમ નથી થતી, કહે તો.'

મેં કહ્યું: 'થશે ભાઈ થશે, આટલો બધો ગભરાય છે શા માટે?'

'હું સહેજમાં ગભરાઈ જાઉં એવો માણસ

× બંગાળની એક મીઠાઈ

નથી. તો ય કોણ જાણે કેમ ધીમેધીમે ઉધરસ બહુ કંટાળો આપે છે.' થોડું બોલ્યો ન બોલ્યો ત્યાં એને ફરી ઉધરસ આવવા માંડી. થોડી વાર સુધી અમે બંને ચૂપ રહ્યા.

હરિમોહને કહ્યું: 'થૂંકની તપાસમાં કશું નીકળ્યું નહીં, સાંભળ્યું ને તેં? એ તો હું પહેલેથી જ જાણતો હતો. સહેજ ઈન્ફ્લ્યુએન્ઝાનો હુમલો થયો છે, બીજું શું?' હાથમાં દૂધનો પ્યાલો લઈને સરમા ઓરડામાં દાખલ થઈ.

ખાંસી પૂરી થતાં હરિમોહન બોલ્યો:

'વળી શું લાવી?'

'દૂધ.'

'વળી પાછું દૂધ?'

'દાક્તરો દૂધ આપવાનું કહી ગયા છે તે.'

'કેવી આફત! તમે લોકો મને સહેજ જંપવા દો. જુઓ ને વળી–' ફરી ઉધરસ શરૂ થઈ. ઉધરસ ખાવાનો પ્રયત્ન કરતો-કરતો એ બોલવા લાગ્યો: 'થોડા વખત પહેલાં દવા પીધી, પછી કોગળા, પછી સ્પ્રે, પછી ફળનો રસ ને હમણાં ને હમણાં દૂધ!'

'દાક્તરોએ કહ્યું છે, કે જરા સરખી રીતે ખોરાક લેશો તો જલદીજલદી સારા થઈ જશો. કાંઈ વધારે દૂધ તો લાવી નથી. લઈ લો ને.'

સરમાએ પ્યાલો એના મોઢા આગળ ધર્યો. બે ઘૂંટડા પીને હરિમોહન બોલ્યો: 'બસ, હવે નહીં, પગે લાગું તને, પેટમાં જરાય જગા નથી.'

'ના ના, થોડુંક પી જાઓ. તમે જરા કહો ને એમને.'

મેં આગ્રહ કરવા માંડ્યો.

'ઠીક એક ઘૂંટડો તારા આગ્રહને કારણે પી લઉં છું.'

અરધા પ્યાલાથી સહેજ પણ વધારે એણે કેમે કરીને દૂધ પીધું જ નહીં.

સરમા પ્યાલો ઉપાડીને પાસેના ઓરડામાં જતી રહી. હું પણ ઊભો થયો. રાત પડી ગઈ હતી. સરમાને એક સૂચના આપતા જવાની હતી. દાક્તરોએ કહ્યું હતું, કે કેટલો તાવ છે તે વાત હરિમોહનના જાણવામાં ન આવે તેની ખાસ તકેદારી રાખવાની છે.

હરિમોહનને કહ્યું: 'નવ વાગી ગયા છે, ચાલ ત્યારે, હું ય જાઉં. કાલે આવીશ પાછો.'

'વારુ.'

હરિમોહન પડખું ફેરવીને સૂઈ ગયો.

×

હું પાસેના ઓરડામાં ગયો. જઈને જે જોયું તેનાથી મારી આંખ સ્થિર જ થઈ ગઈ. જોયું તો સરમા હરિમોહનનું પીધેલું દૂધ પી રહી હતી. મેં પૂછ્યું: 'આ શું કરી રહ્યાં છો તમે?' પકડાઈ જવાને કારણે સરમા સહેજ શરમાઈ ગઈ. શરમથી લાલ મુખે એણે કહ્યું: 'ના ના, કશું નહીં.'

ત્યાર પછી એકાએક પોતાની જાતને કાબૂમાં લઈને સ્થિર અવાજે બોલી: 'તમે જયારે જોઈ જ ગયા છો ત્યારે કહ્યા વિના છૂટકો નથી, પણ કહેશો નહીં કોઈને.'

'ભલે, એમ હશે તો કોઈને નહીં કહું, પણ એઠું દૂધ શા માટે પીતાં હતાં?'

સહેજ હસીને સરમા બોલી: 'પતિનું એઠું પીવામાં દોષ શો?'

દોષ શો!

ક્ષયના ચેપીપણા વિશે હું જેટલું જાણતો હતો તેટલું એને કહી નાખ્યું. સરમાએ પહેલેથી તે છેલ્લે સુધી બધું સાંભળ્યું. ત્યાર પછી એકાએક એની ઝગારા મારતી બે આંખોને મારા પર ઠેરવીને બોલી: 'એ બધું તો જાણે સમજી, પણ એક વાત તમે મને સમજાવી શકશો? જો એઓ ન બચી શકે તો પછી મારા જીવવાનો કશો અર્થ છે? એકાદ છોકરું હોત તો વળી વાત જુદી હતી!'

ઘણા વખત સુધી ઘણી ઉપદેશની વાત એને કહી. નત મસ્તકે હસતે મોંએ કશું

બોલ્યા વિના એ બધી એણે સાંભળી લીધી. પ્રતિવાદ સુદ્ધાં કર્યો નહીં.

હરિમોહનનો વ્યાધિ ધીમેધીમે વિફરતો જ ગયો. એને ક્ષય થયો છે એ વાત એનાથી વધારે વાર છાની રાખી શકાઈ નહીં. એ ફળી ગયો ને ખૂબ ગભરાઈ ઊઠ્યો. સારવાર કરનારા બે દાક્તરો પણ મૂંઝાઈ ગયા ને બીજા બે દાક્તરોને સલાહ માટે બોલાવ્યા. ચારે જણે મળીને નક્કી કર્યું કે થોડાક 'એકસ-રે'ના ફોટા લેવાની જરૂર છે. યથા સમયે તે પણ થયું. ફોટામાં જોયું તો એક જ ફેફસું બગડેલું જણાયું. બીજું તદ્દન સારું હતું. સેનેટોરિયમમાં જઈને ઑપરેશન કરાવવામાં આવે તો પરિણામ સારું આવવાનો સંભવ હતો.

પૈસાની તો કાંઈ ખોટ હતી જ નહીં. આથી વિના વિલંબે હરિમોહન ધરમપુર જતો રહ્યો. સરમા પણ સાથે ગઈ.

×

ત્યાર પછી ઘણા વખત સુધી હરિમોહનના કશા સમાચાર જાણવા મળ્યા નથી. થોડા વખત સુધી તો કાગળપત્રનો વ્યવહાર ચાલ્યો, પણ વખત જતાં એ પણ અટકી ગયો. હરિમોહનને પહેલાં કરતાં સારું છે. એટલું જ સાંભળ્યું હતું. ત્યાર પછી હરિમોહન વિશેનું કુતૂહલ પણ ધીમેધીમે ઓછું થતું ગયું ને હરિમોહને પણ મારી ખાસ ખબર રાખી નહીં. એકાએક એક દિવસે ખબર મળ્યા કે હરિમોહન સ્વીટ્ઝર્લૅન્ડ જઈ રહ્યો છે. શા માટે, તબિયત કેમ છે, કશું જ જાણી શકયો નહીં. મને થયું કે પૈસા છે તો શા માટે ન જાય?

નિત્યનિયમ મુજબ હું કારકુની કરવા લાગ્યો, હું આદુંનો મોટો વેપારી! બોટ પર મળવા જવાની મને ફુરસદ કયાંથી હોય? અનુકૂળતા પણ નહોતી. હરિમોહન કશું સરનામું પણ આપી ગયો નહીં.

દશ વરસ વીતી ગયાં છે.

હરિમોહનની વાત લગભગ ભૂલી જ ગયો હતો, એવામાં એકાએક એક દિવસ એનો પત્ર મળ્યો.

બે જ લીટીનો કાગળ—

'ભાઈ નરેશ,

આવતા મંગળવારે કલકત્તા આવી પહોંચીશ. બની શકે તો મળજે. હરિમોહન.'

જોયું તો કાગળ એણે દેશમાંથી જ લખ્યો છે. એ કયારે દેશમાં આવી પહોંચ્યો? હું તો કશું જ જાણતો નહોતો.

મંગળવારને દિવસે ઑફિસેથી પાછા ફરતાં એને ઘેર ગયો. એ ઘરે જ હતો. ખૂબ આગતાસ્વાગતા કરીને મને બેસાડ્યો. હરિમોહનનો ચહેરો જોઈને આશ્ચર્યમાં પડી ગયો. સ્વસ્થ તંદુરસ્ત ભરાઉ મોં—કોણ કહી શકે કે એને જ ક્ષય થયો હતો?

મેં કહ્યું: 'બિલકુલ સારો થઈ ગયો ને?'

'હા, તદ્દન સારો થઈ ગયો છું.'

જે જે દાક્તરોની સારવારથી ને કુશળતાથી એ બિલકુલ નીરોગી થઈ ગયો તેમની વાત કરતાંકરતાં એ ઉલ્લાસમાં આવી ગયો.

'તું સ્વીટ્ઝર્લૅન્ડ ગયો હતો, ખરું ને?'

'હા.'

'કેવું લાગ્યું?'

'ખૂબ જ સરસ, ચોપડીમાં જે વર્ણન વાંચીએ છીએ તેનાથી તો હજારગણું સુંદર. ચાલ, ચાલ, ઉપર તો આવ.'

અમે ઉપર ગયા. ઉપર જતાં જ હરિમોહને સાદ દીધો: 'અરે સરમા કયાં છે! નરેશ આવ્યો છે, ચા-નાસ્તો લાવ તો. બેસ, બેસ.'

કીમતી સોફા ઉપર હું જરા અચકાતો અચકાતો બેઠો.

હરિમોહન બોલવા લાગ્યો: 'ત્યાર પછીના તારા શું ખબર છે? તું પણ ખૂબ

બદલાઈ ગયો લાગે છે ને! કાન ઉપરના વાળ તો ખાસ્સા ધોળા થઈ ગયા છે. અત્યારમાં ઘરડો થઈ ગયો? એ દેશમાં તો પચાસ વરસે જુવાની શરૂ થાય–સમજયો?'

'શરૂ થાય' શબ્દો ઉપર એણે ભાર મૂકયો.

મને પણ દરરોજ થોડોથોડો તાવ આવવો શરૂ થયો હતો ને દાક્તરને મારે વિશે પણ ક્ષયની જ શંકા હતી, એ વાત મેં પછી એને કહી જ નહીં. કહેવાથી કશો લાભ નહીં. માત્ર એટલું જ બોલ્યો: 'એ દેશ ને આ દેશમાં તો આભ–જમીનનો ફેર, ભાઈ! તે સિવાય, બીજી એક વાત તું કેમ ભૂલી જાય છે? વીસ વરસની ઉમ્મરથી એક-સરખી કારકુની કરતો આવ્યો છું–શ્વાસ ખાવાનો વખત નથી મળ્યો.'

'તે—તેથી શું થઈ ગયું? મહેનત-મજૂરીથી કાંઈ માણસ માંદો થોડો જ પડે?' કહીને હરિમોહન હીહી કરતો હસી પડ્યો. આખું ઘર ધ્રુજાવી નાખે એવું હાસ્ય તે હરિમોહનની વિશેષતા છે. હસવાનું જોર લગારે ઓછું થયું નથી, ઊલટું વધ્યું છે. એના શરીરની તંદુરસ્તી ને મનની જુવાની જોઈને મને ઈર્ષ્યા થવા લાગી. પચીસમા વરસ પછી જાણે એની ઉમ્મર વધી જ નથી.

સરમા આવી. હાથમાં નાસ્તાની રકાબીઓ હતી.

સરમાને જોઈને તો વધારે અચંબામાં પડી ગયો. દશ વરસમાં માણસમાં આટલો બધો ફેરફાર થઈ જઈ શકે?

મારી ભવાં સંકોરેલી નજરને એના પર મંડાયેલી જોઈને સરમાને સહેજ સંકોચ થયો હશે.

'—ચા લઈ આવું.' નાસ્તાની રકાબીઓને સામેની ટિપાઈન પર મૂકી દઈને એ ચાલી ગઈ. આ કોણ હશે?

હરિમોહનને કહ્યું: 'સરમા તો એકદમ ઓળખાતી ય નથી ને આ દશ વરસમાં તો ખૂબ જ બદલાઈ ગઈ લાગે છે.'

હરિમોહન સ્થિર દૃષ્ટિએ થોડી વાર સુધી મારા તરફ જોઈ રહ્યો. ત્યાર પછી બોલ્યો: 'હા, બદલાઈ જ ગઈ છે. તેં જેને જોઈ હતી તે એ નથી–તે બીજી સરમા. તે સરમા તો બહુ વખત પહેલાં મરી ગઈ છે. તેને ય ક્ષય થયો હતો બંને ફેફસાંમાં. થોડો વખત ચૂપ રહીને બોલ્યો: 'છેલ્લે તો આંતરડાં ય બગડી ગયાં હતાં. બહુ ખરચ કર્યો પણ કેમે કરી બચી શકી નહીં.'

અમે બંને થોડા વખત સુધી કશું બોલ્યા નહીં, હરિમોહને જ ફરી બોલવા માંડ્યું: 'વધારે વખત વિધુર રહી શકયો નહીં; બીજી વાર લગ્ન કરવાં જ પડ્યાં. શોધતાંશોધતાં આખરે સરમા નામની જ એક છોકરી મળી આવી. એ નામ જ મોઢે ચઢી ગયું છે. જે ગઈ છે તે તો પાછી આવવાની નથી, તે જાણું છું, તો ય નામ તો–' બોલતાં અટકી ગયો. સરમા બારણાં આગળ ચાનો સરંજામ લઈને આવી રહી હતી. હરિમોહન આગળ અનેક જાતની વાનીઓથી ભરેલી રકાબી મૂકતાં હરિમોહને કહ્યું: 'આટલું બધું હું ખાવાનો નથી, કેટલું બધું ભરી દીધું છે!'

મેં સાંભળ્યું–સરમા કહી રહી હતી: 'દાક્તરે તમને સારા પ્રમાણમાં ખોરાક લેવાનું કહ્યું છે. આજકાલ તમે કાંઈ ખાતા જ નથી. તમે જરા કહી જાઓ ને તમારા મિત્રને.'

હરિમોહને કહ્યું: 'નરેશને માટે ખજૂર ને ગોળનો સંદેશ લાવી છે ને? એને ખજૂર ને ગોળનો સંદેશ ખૂબ જ ભાવે છે.'

'હા. લઈ આવી છું.' કહીને હસતાં-હસતાં એણે ખજૂર ને ગોળના સંદેશની રકાબી મારી આગળ મૂકી દીધી!

★

સ્વપ્નાં

લેખક :
શ્રી ઈશ્વરલાલ મગનલાલ દેસાઈ
એમ. એ; બી. ટી; કોવિદ

‘સ્વપ્ના જેવો સંસાર’ એવાં વાકયો આપણે ઘણી વાર સાંભળીએ છીએ. સંસારને સ્વપ્નાની ઉપમા આપનાર આપણા મહાન વેદાંતીઓ હતા. જેમ સ્વપ્ન કોઈક વાસ્તવિક સત્ય વસ્તુનું વિકૃત સ્વરૂપ છે, તેમ સંસાર પણ કોઈક પરમ સત્યનું વિકૃત રૂપ છે, વસ્તુના પડછાયા જેમ. વસ્તુ એકની એક હોય પણ પ્રકાશની જુદીજુદી સ્થિતિ પ્રમાણે તેના પડછાયા અનેક રૂપો ધારણ કરે છે. આ જગત પણ કયાં બધાને સરખું દેખાય છે? સત્ય-બ્રહ્મનું માયાસ્વરૂપ તે જગત. સ્વપ્નસૃષ્ટિ પણ એક માયા છે. જગતને સમજવાની જેટલી જરૂર છે તેટલી જરૂર આપણાં સ્વપ્નો સમજવાની પણ છે.

જેને કદી સ્વપ્ન ન આવ્યું હોય એવો મનુષ્ય હજી પૃથ્વી પર જન્મ્યો નથી. કેટલાકને એ યાદ ન રહે એમ બને. એ એક સામાન્ય અનુભવ છે. અને દરેકને એને વિષે જાણવાનું મન થાય છે. સ્વપ્ન સમજવા માટે પહેલાં મનને સમજવું આવશ્યક છે.

મનુષ્યનું મન એ એક અદ્‌ભુત ચીજ છે. સંસ્કૃત મન્ ધાતુ ઉપરથી મનુષ્ય શબ્દ બને છે. જે વિચારી શકે તે મનુષ્ય. એ મન વડે મનુષ્ય અનેક વસ્તુઓનો વિચાર કરે છે, અભ્યાસ કરે છે; પણ એ મન પોતે પણ અભ્યાસનો એક સુંદર અને મહત્ત્વનો વિષય છે એ ભૂલવું ન જોઈએ. ‘તારી જાતને ઓળખ(અં.નો ધાયસેલ્ફ)’ એ ડાહ્યા માણસોના વચનમાં ખૂબ અર્થ રહેલો છે. મન સામાન્ય રીતે બાહ્ય વસ્તુઓમાં વધારે ભમે છે. કેટલાક પ્રયત્નપૂર્વક અંતર-મન થઈ શકે છે અને તેઓ સમજે છે કે, જગતમાં બૂરાઈ છે તે કરતાં વધારે બૂરાઈ પોતાનામાં જ પડી છે. ‘बूरा देखन मैं गयो मुझसे बूरा न को’ એ અનુભવવાણી એને સાચી લાગે છે.

આપણા મનની ઘણીખરી ક્રિયાઓ ઉપલા મનમાં—સચેત મનમાં—થયા કરે છે પણ એ ઉપલા મનની સપાટી નીચે ગાઢ ઊંડું અંતર-મન છે, જેની અંદર મનુષ્યની અનેક આકાંક્ષાઓ, ઇચ્છાઓ, વાસનાઓ અને આશંકાઓ ગુપ્ત રીતે રહેલી હોય છે ‘અંતર ઊંડે ઇચ્છા રહે તે કેમ કરી તજાયજી.’ અજ્ઞાત મનમાં રહેલી આ ગુ આકાંક્ષાઓ અને આશંકાઓ ઉપર સચેત મનની પ્રવૃત્તિઓનો આધાર હોય છે અને એ પ્રવૃત્તિઓ ઉપર જ મનુષ્યના જીવનના વિકાસ કે હ્રાસનો આધાર રહેલો હોય છે.

સ્વપ્નોનું ઉદ્‌ભવસ્થાન ખરું જો અજ્ઞાત મનમાં રહેલી આ ગુપ્ત અ વાસનાઓ છે. આ વાસનાઓ જાગૃત અ સ્થામાં મનમાં જ દબાઈ રહે છે, સ્વપ્નાવસ્થામાં બાહ્ય અંકુશો દૂર થ તે સ્વપ્નરૂપે પ્રગટ થાય છે. આ અ ઇચ્છાઓ અને વાસનાઓ એના યથા સ્વરૂપમાં પ્રગટ ન થતાં, વિવિધ વિ રૂપોમાં સ્વપ્નસૃષ્ટિ ખડી કરે છે. સ્વપ્ને મૂળ આમ જો કે અતૃપ્ત ઇચ્છાઓમાં ર છે, છતાં કેટલાંક બાહ્ય કારણો પણ ક લીક વાર એની ઉત્પત્તિમાં ભાગ ભજવે કોઈ વાર કંઈક અવાજથી ઊંઘમાં ખ પહોંચે અને સ્વપ્નની શરૂઆત થઈ એકવાર એક માણસનું દાંતનું

ઊંઘમાં ઓશીકા પાસેથી ખસીને એના બરડા સાથે દબાવા લાગ્યું કે તરત સ્વપ્નની શરૂઆત થઈ: 'પોતે જાણે કે કોઈ મોટા જંગલમાં ગયો છે ને વાઘે તેને પકડ્યો છે. વાઘ તેને પોતાના મોટા દાંતોથી કરડી રહ્યો છે વગેરે.' મચ્છર, માંકડ કરડે ત્યારે પણ આ પ્રકારનાં સ્વપ્નો આવે. ખુલ્લામાં ઠંડી લાગે, ઓઢવાનું ખસી ગયું હોય વગેરે કારણોથી અમુક પ્રકારનાં સ્વપ્નાં આવે છે. માંદગી દરમ્યાન આવતાં સ્વપ્નો વળી જુદી જ જાતનાં હોય છે. વધારે ખોરાક લીધો હોય તો કોઈ ગળું દબાવતું હોય એવું સ્વપ્ન (અં. નાઈટ મેર) આવે છે. ઘણી વાર દિવસે કરેલાં કામો કે વિચારોનું રાત્રે ઊંઘમાં પુનરાવર્તન થાય છે. પરીક્ષા પહેલાં અને પરીક્ષાના દિવસો દરમ્યાન પ્રશ્નપત્રોનાં સ્વપ્નો આવ્યાના અનુભવો ઘણા વિદ્યાર્થીઓને થયા છે. સ્વામી રામતીર્થ દિવસના અઢાર કલાક અભ્યાસ કરતા ને બાકીના છ કલાકમાં, ઊંઘ દરમ્યાન પણ, મન અભ્યાસની જ લગનીમાં રહેતું. ને તેઓ કહેતા કે 'હું દિવસના ચોવીશ કલાક અભ્યાસ કરું છું.' ગણિતના કઠણ દાખલાઓનાં નિરાકરણ તેમને ઊંઘ દરમ્યાન મળતાં. ઊંઘમાં પ્રશ્નોનું નિરાકરણ (સોલ્યુશન ઑફ પ્રોબ્લેમ્સ ડ્યુરીંગ સ્લીપ) એ ઘણાનો અનુભવ છે. ઘણીવાર કોઈ પ્રશ્ન ઉપર વિચાર કરતાંકરતાં ઊંઘ આવી જાય અને ઊંઘ દરમ્યાન તેનો જવાબ મળી ગયાના અનુભવ અસામાન્ય નથી.

અંતરની અતૃપ્ત ઇચ્છાઓ રાત્રે સ્વપ્નમાં જે વિકૃત સ્વરૂપો ધારણ કરીને માયાવી સૃષ્ટિ રચે છે તેના કેટલાક પ્રકારો પાડી શકાય. પ્રથમ તો સ્વપ્નો એ ઇચ્છાપૂર્તિનાં રૂપકો છે. જે ઇચ્છા જાગૃત અવસ્થામાં પૂરી ન પડી શકી હોય તેની પૂર્તિ સ્વપ્નમાં થાય. હારેલો જુગારી સ્વપ્નાસાં ખૂબ જીતે ને આનંદ માણે. ભૂખ્યો રહેલો માણસ રાત્રે ઊંઘમાં મિષ્ટાન્ન આરોગી સંતોષ ને તૃપ્તિ મેળવે. વિયોગના દુઃખે દુઃખી મનુષ્ય સ્વપ્નમાં પ્રિયજનનો મેળાપ સાધી શાંતિનું સુખ અનુભવે. કોઈ તિરસ્કૃત થયેલો કવિ કે લેખક સ્વપ્નમાં મનગમતાં માન–અકરામ પામી, પોતાની કલમને અને પોતાની જાતને ધન્યતા બક્ષે.

ઘણી વાર સ્વપ્નાં આપણી ગુપ્ત ભાવનાઓનું દર્પણ હોય છે, ને તેથી આત્મપરીક્ષાનું એ એક સુંદર સાધન બની શકે છે. જાગૃત દશામાં જે ભાવોનું નિયમન કરી તેને દબાવી શકીએ, તે ઊંઘમાં અંકુશ દૂર થતાં સ્વપ્નમાં તાદશ થાય છે અને અંતર–મનનો ભેદ ખૂલી જાય છે; જો કે દઢ સંસ્કાર પામેલું મન સ્વપ્નમાં પણ ભાવોનું નિયમન કરે છે એવા અનુભવો થયા છે.

દરેક મનુષ્યમાં બે વ્યક્તિત્વ હોય છેઃ એક સ્વાભાવિક ઇચ્છાઓની તૃપ્તિ કરનારું વ્યક્તિત્વ અને બીજું સામાજિક નિયમોનું પાલન કરવાની ઉત્કંઠા રાખનારું. જાગૃત અવસ્થામાં આ બે વ્યક્તિત્વોના સંઘર્ષથી પણ નિદ્રામાં સ્વપ્નસૃષ્ટિ રચાય છે.

જેમ જાગૃત જીવન ઉપર સ્વપ્નોનો આધાર રહે છે, તેમ સ્વપ્નો ભલે મિથ્યા ગણાતાં, પણ એની અસર ઘણી વાર જાગૃત જીવન ઉપર પડે છે. કેટલાંક ભયંકર સ્વપ્નોથી સ્વાસ્થ્ય ઉપર પણ એની અસર થાય છે અને મન નબળું પડે છે. હમેશાં વારંવાર સિનેમા જોનારાઓ વિકૃત સ્વપ્નોની પરંપરાથી નબળા મનના બની ગયાના દાખલા મળી આવ્યા છે. હમેશાં કાલ્પનિક જગતમાં વિહાર કરવાની આદતવાળા પણ ભયંકર સ્વપ્નોથી પીડાય છે. આવા મનુષ્યો ખૂબ સ્વાર્થી અને સંકુચિત મનોવૃત્તિવાળા બની જાય છે. આ માનસિક રોગમાંથી મુક્ત થવાનો ઉપાય એ છે કે એવા માણસોએ

'સામાજિક' બનવું, એટલે કે માત્ર પોતાનો જ વિચાર ન કર્યા કરતાં આજુબાજુના સમાજના હિતનો વિચાર કરતા થઈ જવું અને તે પ્રમાણે કાર્યોમાં પોતાનું ચિત્ત લગાડી દેવું. આવા માનસિક રોગીઓ, જો પોતાની જાતને પોતાના સમૂહમાં મેળવી દેવા મનથી પ્રયત્ન કરે તો સમૂહજીવન તેમને માટે આરોગ્યપ્રદ નીવડે.

સમૂહકાંતણ જેવાં નાનાંનાનાં ઉપયોગી કાર્યો સમજપૂર્વક કરાવવામાં આવે તો બાળકોની કેટલીક આવી મનોવૃત્તિઓને યોગ્ય વેગ મળે. માનસશાસ્ત્રની દૃષ્ટિએ વર્ધાયોજનાની શિક્ષણપદ્ધતિ વિચારવા જેવી છે.

નિદ્રામાં આવતાં સ્વપ્નોની માફક જાગૃત અવસ્થામાં આવતાં સ્વપ્નો–દિવા–સ્વપ્નો–(અં. ડે ડ્રીમ્સ)નો અનુભવ પણ નાનામોટા સૌને થાય છે. આ દિવાસ્વપ્નો ખાસ કરીને બાળકોના જીવન ઉપર ઘણી અસર કરે છે. શરીરની અથવા તો આજુબાજુની પરિસ્થિતિને કારણે બાળક દીનતાનો અનુભવ કરે છે ને મનમાં દુઃખી રહે છે. એટલે એ પોતાના દુઃખી, દીન, વાસ્તવિક જગતમાંથી છૂટવા અને પોતાની આકાંક્ષાઓ તૃપ્ત કરવા કાલ્પનિક જગતનો આશરો લે છે અને એમ કરીને એ એક પ્રકારની તૃપ્તિનો સંતોષ અનુભવે છે. આવી ટેવથી એ ઘણુંખરું પોતાના કલ્પના–જગતમાં વિહાર કરવામાં મશગૂલ રહે છે. આવું બાળક યોગ્ય વાતાવરણ મળે અને એની કલ્પનાશક્તિને જોઈતું માર્ગદર્શન મળે તો કવિ કે વાર્તાકાર બની શકે, પણ એથી ઊલટું જો એ શક્તિ વિકૃત થાય તો એ દાંભિક અથવા ગપ્પીદાસ બની જાય. શેખચલ્લીઓ પણ જગતમાં કયાં ઓછા છે ?

નાનાં બાળકો ઘણી વાર અકારણ જૂઠું બોલે છે. એને માનસશાસ્ત્રીઓ બાળકોનાં સફેદ જૂઠાણાં (અં.વાઈટ લાઈઝ્) કહે છે. 'સફેદ જૂઠાણાં'નું મૂળ બાળકોની આ કલ્પ પ્રિયતામાં રહેલું છે. વાસ્તવિક જગતમાં જે કામનાઓ પૂરી નથી પડતી, તેને એ સ્વ દ્વારા કલ્પનામાં સિદ્ધ કરવાનો પ્રયત્ન કરે અને એ કાલ્પનિક છે એમ જાણવા છ પોતાના સાંભળનારાઓમાં વિશ્વાસ ઉ કરી, તેનો આનંદ મેળવવા, તે વાસ્તવિક એવું સાબિત કરવા પ્રયત્ન કરે છે. એક બાળ ને મોટર મેળવવાની તીવ્ર ઇચ્છા છે. એ ઇચ્ તૃપ્ત કરવા એ એક એવી મોટરની કલ્પ માં રાચે છે કે જે હવામાં ઊડે, પાણી હોડીની માફક તરે ને જમીન ઉપર દોડે ખરી અને આમ મનમાં તે મેળવવાનો આ ભોગવે છે. આ પ્રકારનાં બાળકો કલ્પ અને સ્મૃતિ વચ્ચેનો ભેદ નથી સમજી શક અને તેથી જૂઠું બોલે છે.

ઘણી વાર અતિશય કડક શાસન અથ શિક્ષાનો ભય પણ બાળકને જૂઠું બોલવા છે ને પાછળથી એ એક ટેવ બની જાય છે તે એટલે સુધી કે કારણ વિના પણ જૂ તેને જૂઠું બોલવામાં આનંદ આવે છે સમાજમાં આપણને એવા ગપ્પીદાસ મ આવે છે કે જેઓ કાલ્પનિક મોટીમોટી વા કરીને પોતે બહુ મોટા માણસ છે એ આપણા ઉપર ઠસાવવાનો પ્રયત્ન કરે છે બાળપણમાં કલ્પનાશક્તિને યોગ્ય માર્ગે વા વામાં ન આવે તો તેનું પરિણામ પ્રકારના માનસિક રોગમાં જ આવે. શિક્ષ કાર્યને વરેલા અને કેટલેક અંશે માબા પણ બાળકોની આ કલ્પનાશક્તિ સમજ પ્રયત્ન કરે અને તેને યોગ્ય કાર્યો દ્વારા વ્ય કરવાની તક અને સગવડો કરી આપે, તો બાળકો ભવિષ્યમાં શેખચલ્લીઓ નહીં બન સમાજના બહુ કિંમતી નાગરિકો બની

★

દાદાજી

લેખક :

શ્રી પ્રાગજી જ. ડોસા

[સાંજ પડી હોય એવું લાગે છે છતાં ગોવિંદલાલના ઘરમાં દીવાબત્તી થઈ નથી. સૂર્યાસ્ત પહેલાંનો આછો પ્રકાશ બારીવાટે અંદર પ્રવેશે છે ને એ બારી પાસે પૈડાંવાળી આરામખુરશી ઉપર બેસી ગોવિંદલાલ બારી બહારના ઉદ્યાનમાં એકીટશે જોયા કરે છે. એમની ઉંમર લગભગ ૮૫-૯૦ વર્ષની છે અને બધાં એમને દાદાજી કહે છે.]

દાદાજી : સાંજ પડી છતાં ઘરમાં દીવાબત્તી કરવાનું પણ કોઈને સૂઝતું નથી. મારા પગ ચાલતા હોત તો કોઈની ગુલામગીરી ન ભોગવવી પડત, પણ હવે તો કાંઠે આવ્યો. હવે મારે તરવાનું નથી રહ્યું, ડૂબવાનું જ રહ્યું છે! હા, કાંઠે આવીને ડૂબવાનું. વૃદ્ધ થયો એટલે ગુનો કર્યો. ઘરમાં કોઈને મારી પડી નથી. બધાં જ દુષ્ટ છે, સ્વાર્થી છે, આપમતલબિયાં છે.

[એક નર્સ ગરમ પાણીની કોથળી લઈ એક બારણામાંથી પ્રવેશ કરી સામેના બીજા બારણામાં ચાલી જાય છે.]

દાદાજી : નર્સ......નર્સ......સાંભળો, નર્સ...લો, એય ચાલી ગઈ. કોઈને જાણે મારી પડી નથી, કોઈ સાંભળતું જ નથી! હા, ઘડપણ એટલે જ પરાયો આશ્રય! મૂએલાં મડદાં જેવું. જેમાં ચેતનની ચિનગારી નહીં, ફૂલોની ફોરમ નહીં, સમુદ્રની મસ્તી નહીં...પરાધીન, પરાવલંબી બની મૃત્યુની રાહ જોયા કરવી. શક્તિ હતી ત્યારે બધાંનું કરી છૂટ્યો, પણ શક્તિ ગઈ એટલે સૌ અળગાં થયાં...હા,...હા જ તો...!દુષ્ટ સ્વાર્થી...

[બહાર બગીચામાં યુવાન વયનો રામુ માલી ફરતો દેખાય છે.]

રામુ...માલી...રામુમાલી...અહીં આવ, અંદર આવ...

[રામુ અંદર આવે છે.]

રામુ : શું છે દાદાજી?

દાદાજી : જરા દીવાબત્તી તો કર, રામુ!

[રામુ બત્તી કરે છે. ગોવિંદલાલ પૈડાં ફેરવી ખુરશી આગળ લાવે છે.]

ઝાડને પાણી પાઈ દીધું, રામુ?

રામુ : હા દાદાજી, ક્યારનું યે પાઈ દીધું.

દાદાજી : રામુ, વૃક્ષ, વેલ, પાંદડેપાંદડાંમાં જીવ છે. કોઈ દિવસ એની ડાંખળી—એક પાન સુદ્ધાં પણ તોડતો નહીં. તું સમજે છે ને રામુ, આપણું એક અંગ કપાય, અરે, જરા સરખો ઘા પડે તોપણ કેટલું દુઃખ થાય છે! એમ એ પણ પ્રભુના જીવ છે, પણ મૂગા જીવ...એમને વાચા નથી...

રામુ : જાણું છું દાદાજી!

દાદાજી : આ વખતે ક્યાં ફૂલો નાખ્યાં છે?

રામુ : સૂરજમુખી, ગલગોટા અને એક નવો છોડ લાવ્યો છું દાદાજી, ડેલીયા. એ ફૂલ આવશે ત્યારે તો બગીચો જાણે ઠેકઠેકાણે તારા ઊગ્યા હોય એવી શોભા આપશે.

દાદાજી : તું તો બહુ જાણકાર છે રામુ, અને ઘરનો જૂનો નોકર. આ ઘરમાં એક તારે અને મારે બહુ બને! યાદ છે ને જ્યારે હું જુવાન હતો, પંદર–સોળ વર્ષનો... ત્યારે આપણે બન્ને પટાબાજી ખેલતા અને કુસ્તીના એક દાવમાં તો પલકવારમાં મેં તને ચીત કરી નાખ્યો હતો.

રામુ : મને? ભૂલો છો દાદાજી. એ હું નહીં પણ મારા દાદાજી હતા...

દાદાજી : એમ! હા, હા. ભૂલ્યો રામુ. દીકરા, બુઢ્ઢા થવામાં બહુ માલ નથી હોં.

જોયું ને, કાંઈ યાદ રહેતું નથી...હોય, ભૂલી પણ જવાય; પણ ભૂલી જઈએ એટલે લોકો પાગલ ઠરાવે...ચિત્તભ્રમ થયો કહે...હં, રામુ એક વાત પૂછું. તું જાણે છે કે આજે ઘરમાં કેમ કોઈ દેખાતું નથી?

રામુ (કહેતાં અચકાય છે): હું...ના, ના, હું ક્યાંથી જાણું?

દાદાજીઃ જો રામુ, તું તો મારા પૌત્ર મનોજ જેવો છે. બોલ દીકરા, આ બુઢ્ઢાને છેતરવાની કોશિશ ન કર. તું તો આખો દિવસ બગીચામાં રહે છે એટલે કોણ આવે છે ને કોણ જાય છે એ બધું જાણે.

રામુ: દાદાજી, હું કહું તો ખરો પણ મેં કહી દીધું એ વાત બહાર ન જવી જોઈએ.

દાદાજી: અરે વાત છે કંઈ? આ ઉંમરમાં એવું તો ઘણુંઘણું છુપાવ્યું છે રામુ, બુઢ્ઢાઓ એટલે ખાનગી વાતોનો ખજાનો. અમસ્તા કંઈ વાળ ધોળા થતા નથી. કહે શી બાબત છે?

રામુ: મોટાં બાઈસાહેબને સારાં લૂગડાં ને દાગીના પહેરી મોટા શેઠ સાથે જતાં જોયાં અને માલિનીબહેનના દીદારનું પૂછવું જ શું? દાદાજી, કોઈનાં લગન હોય એવો ઠઠારો હતો.

દાદાજી: એ...મ. રામુ, તારાં લગ્ન થયાં છે કે?

રામુ: ના દાદાજી, અમારા જેવા ગરીબને પરણતા પહેલાં સો વિચાર કરવા પડે.

દાદાજી: વિચાર જ માંડી વાળજે. પરણવામાં સાર નથી. પરણ્યા પહેલાં જે મઝા હોય છે તે લગ્ન પછી કોણ જાણે કયાંય ઊડી જાય છે. વર થયા એટલે ઘર જોઈએ. ઘર ચલાવવા જર જોઈએ અને જર કમાવાને જિંદગીભર વૈતરું કરવું પડે...

પછી કચ્ચાંબચ્ચાં થાય, એ માંદાં પડે, હં રામુ, તને ખબર છે પેલી નર્સ આ ઘરમાં શા માટે ફર્યા કરે છે?

રામુ: નર્સ! ના દાદાજી, મેં તો નર્સને જોઈ નથી.

દાદાજી: ત્યારે એ પણ ખાનગી! જ ખાનગી! મને કોઈ કંઈ કહેતું જ કોણ માંદું છે આ ઘરમાં? રામુ, હું થયો એટલે મસાણે પહોંચ્યો. મારી કોઈને પડી નથી. બધા જ અધમ છે, છે, સ્વાર્થી છે.

[ગોવિંદલાલનો દશ વર્ષનો પૌત્ર મનોજ સાથે પ્રવેશ કરે છે.]

મનોજ: દાદાજી, દાદાજી, મને પતંગને કની બાંધી આપો.

[રામુ જાય છે.]

દાદાજી: આવ્યો બેટા, (પાસે લઈ કરે છે) મારો દીકરો, મારો મનોજ લાવ્યો છે?

મનોજ: હા દાદાજી. જુઓને આ બાજુની દોરી બાંધવાની છે.

દાદાજી: દીકરા, હું તો આંખે ઓછું દેખું છું. બરોબર નહિ બંધાય તો મારા રાજાનો પતંગ કપાઈ જશે હોં.

મનોજ: નહીં કપાય દાદાજી. હું પેચ જાણું છું. જુઓ દાદાજી, પતંગ ઊંચેઊંચે ઊડતો હોય અને નીચેથી લડાવે તો ખૂબ ઢીલ મૂકવી અને આપણે જો નીચેથી દાવ લડાવ્યો, જુઓ દાદાજી એ...આમ કાપ્યો.

દાદાજી (હસે છે): લાવ દીકરા, કોઈ નહિ પહોંચે. (કની બાંધે છે.)

મનોજ: દાદાજી, એટલે ઊંચે કે આકાશમાં ઊડતા તારાઓ સાથે અથડાશે ને કેટલાયે તારાઓ નીચે એ વીણીને બધા હું તમને આપીશ, દાદાજી!

દાદાજી: મને આપીશ? મારો

દીકરો! બેટા, આ ઘરમાં તું જ મારો એક તારલો, મારો સહારો છે. બાકી કોઈ દાદાજીને ગણકારતું નથી.

મનોજ : હું તો તમને કોઈ દિવસ નહીં છોડું, દાદાજી!

દાદાજી : મને છોડી ક્યાંય ન જતો બેટા. મારી છેલ્લી આંખ મિચાય ત્યાં સુધી મારી પાસે જ રહેજે હોં.

મનોજ : આંખ મિચાય એટલે શું દાદાજી? હું સૂઈ જાઉં છું ત્યારે મારી તો રોજ આંખ મિચાય છે...

દાદાજી : તું તો સો વર્ષનો થજે દીકરા!

મનોજ : કહો ને દાદાજી!

દાદાજી : તને હમણાં નહીં સમજાય. દુનિયાનાં દુઃખ તારાથી હજારો ગાઉ દૂર છે. તું એક એવી દુનિયામાં વસે છે, કે જ્યાં પરીઓનો દેશ છે, આનંદના ફુવારા ઊડે છે અને એ કુંજોમાં અમૃતનાં જળ ભરેલાં છે, નિર્દોષતાથી ભરેલાં તારા જેવાં અસંખ્ય પક્ષીઓ કલ્લોલ કરે છે.

મનોજ : તો તમે અમારી દુનિયામાં શા માટે નથી આવતા, દાદાજી?

દાદાજી : હું પણ એક દિવસ ત્યાં જ હતો બેટા. વર્ષો પહેલાં, જાણે એ વાતને જુગ વહી ગયા છે. એ અવસ્થામાં આનંદ હતો, અજ્ઞાન હતું, પણ પછી ડહાપણનું જ્ઞાન પ્રગટ થયું અને એ દુનિયા છોડવી પડી!

મનોજ : હું તમને લઈ જઈશ દાદાજી!

દાદાજી : તારી શક્તિની એ બહાર છે બેટા. એ દુનિયામાં જવા માટે, મારે પહેલાં આ દુનિયા છોડવી પડશે, હંમેશ માટે!

મનોજ : જોયું, મેં તમને કહ્યું કે હું તમને છોડીને નહિ જાઉં તો હવે તમે જ મને છોડવાની વાતો કરો છો!

દાદાજી : હું તો હવે કાંઠે આવ્યો......લે આ તારી કની બંધાઈ ગઈ.

મનોજ : લાવો દાદાજી, હું હમણાં જ પતંગ ચગાવું છું અને બધાના કનકવા કાપી નાખીશ. જોજો તો ખરા. (જવા માંડે છે.)

દાદાજી : પણ બેટા મનોજ, હવે તો રાત પડવા આવી. અંધારું થયું.

મનોજ : (દૂરથી) પણ દાદાજી, આકાશના તારાઓ લાવવા માટે તો રાતે જ પતંગ ઉડાડવો જોઈએ ને! અને દાદાજી, પછી તો હું પણ ઊડી જઈશ. ઊંચેઊંચે દાદાજી, જ્યાં તમે મને પહોંચી પણ નહિ શકો...દૂર...દૂર...

[મનોજ દોડતો નાસી જાય છે.]

દાદાજી : મનોજ...બેટા મનોજ...! મને મૂકીને ક્યાં જાય છે દીકરા?

મનોજ : (અંદરથી બોલે છે.) હવે નહિ આવું દાદાજી.

દાદાજી : નહિ આવે, બેટા?...ગયો! બધાં જ ગયાં! હે પરમાત્મન્! હવે મને પણ જવા દે. હજી કેટલું બાકી છે?

(બારી પાસે જાય છે.) અંધારું થયું. મારા જીવનમાં પણ અંધકાર છવાયો છે. બગીચો દેખાતો બંધ થયો પણ મારો પંથ હજી ખૂટતો નથી.

[સંગીત ઉપર એક ધીમી સુરાવલી વાગે છે, ને દાદાજી ધીમેધીમે આંખો મીચતા ઊંઘી જાય છે. બત્તી બંધ થઈ અને સવાર પડી હોય એવો આછો પ્રકાશ ફેલાય છે, ત્યારે એમની પુત્રવધૂ શાંતા સારાં કપડાંમાં સજ્જ થઈ આવે છે. એમને ઊંઘતા જોઈ ઓઢવાનું છાતી સુધી ઓઢાડે છે, એટલે દાદાજી જાગી જાય છે.]

દાદાજી : કોણ?

શાંતા : એ તો હું છું, શાંતા.

દાદાજી : શાંતા! વહુ તમે બધાં બહાર ગયાં હતાં?

શાંતા : જી હા. આપણી માલિનીનાં આજે લગ્ન હતાં ને, ભૂલી ગયા ? તમારે માટે જ હું વહેલી ચાલી આવી. હમણાં જ વરવધૂ તમારા આશીર્વાદ માટે આવે છે.

દાદાજી: માલિનીનાં લગ્ન ? હા. બરાબર, પણ મને અહીં શા માટે છોડી ગયાં ?

શાંતા : તમારી તબિયતને કારણે, છાતીમાં દર્દ થાય છે ને ? અને લગ્નની ધમાલ, વાજાંનો અવાજ અને લોકોનો ઘોંઘાટ એ બધું સહન નહિ થાય એમ આપે જ કહ્યું હતું ને ?

દાદાજી : હા, હા. શાંતા, શરીર વૃદ્ધ થયું એટલે મગજની શક્તિ પણ ક્ષીણ થાય છે. કંઈ જ યાદ નથી રહેતું...હં. આ બત્તી કેમ બંધ કરી, કેટલા વાગ્યા ?

શાંતા : સવાર પડી.

દાદાજી : સવાર ? નહીં નહીં, મને બરાબર યાદ છે. મને ઝોકું આવ્યું એ પહેલાં તો સાંજ હતી અને આપણા રામુમાલીએ દીવો કર્યો.

શાંતા : રામુ માલી ! આ શું કહો છો ? એ ઘર બદલાવે તો આપણને સાત વર્ષ થઈ ગયાં.

દાદાજી: સાત વર્ષ ? પણ હજી હમણાં તો એ બગીચામાં હતો.

શાંતા : આ ઘરને બગીચો જ ક્યાં છે ?

દાદાજી: ક્યાં ? આ...પેલી તરફ... આ શું...ત્યાં ભીંત કોણે ચણી લીધી ?

શાંતા : તમને સ્વપ્નું આવ્યું હશે. હજી પણ આરામ લો. વડીલ, સૂઈ જાવ જોઉં.

દાદાજી : નહિ શાંતા. મને ખાતરી છે કે એ સ્વપ્ન નહોતું; મારી સાથે એણે વાતો પણ કરી. મેં એને પેલી નર્સ વિષે પણ પૂછ્યું.

શાંતા : નર્સ...કઈ નર્સ ?

દાદાજી : મારાથી શા માટે છુપાવો છો ? કહે કોણ માંદું છે ? તમે બધાં મને કંઈ કહેતાં નથી.

[પાનેતર પહેરીને માલિની આવે છે. માલિની મુખ બરાબર નર્સ જેવું જ છે. એની સાથે એનો છે. એનું મુખ બરાબર રામુ માલી જેવું જ છે. આવી દાદાજીને વંદન કરે છે.]

દાદાજી : સો વર્ષનાં થજો ને સુખી રહે મારાં બાળકો...તમો બંનેના ચહેરા મને બહુ જ...બહુ જ...પરિચિત...એટલે જાણે કે...જાણે કે હમણાં જ...એક ઘડી પહેલાં જોયાં હોય એવું જ લાગે છે.

માલિની : જે પોતાનાં હોય એ તો જાણે સદા પાસે જ હોય એવું જ લાગે ને, દાદાજી!

દાદાજી : જે પોતાનાં હોય એ જ વધુમાં વધુ દુઃખ દે છે માલુ, માટે જ તો માયા છૂટે એ ઇચ્છું છું, પણ નથી છૂટતી. જેમજેમ છોડવા મથું છું તેમતેમ ગુંચવાતો જાઉં છું. તમે એકનાં બે થયાં, બેનાં ચાર થશો ને એ બધી માયા દાદાજીને જ વળગશે.

શાંતા : તો તો ઘણું જ સારું વડીલ!

દાદાજી : શું સારું ? માયા લગાડીને આખર પસ્તાવું. કોઈ કોઈનું નથી શાંતા! પતિ અને પત્ની, માતાપિતા અને પુત્રપરિવાર, સગાંસંબંધી બધાં પોતાનાં ઉપર જ પ્રેમ કરે છે. એ માટે જ પ્રેમ દેખાડે છે. (રામને જોઈ) જો ભાઈ, તું...તું...તું કોણ!

રામ : હું રામ.

દાદાજી : રામ...રામ...રામુ ?

રામ : રામુ નહિ, રામ.

દાદાજી : તારું મુખ બરાબર રામુને મળતું છે. અહીં આવ તો બરાબર જોઉં.

[રામ દાદાજી પાસે જાય છે, જ્યારે માલિની શાંતાને બીજી તરફ લઈ જઈ પૂછે છે.]

માલિની : શું છે બા ? આજ દાદાજી આવુંઆવું શા માટે બોલે છે ?

શાંતા : ચિત્તભ્રમ અવસ્થા ! આપણે

આવ્યાં એ પહેલાં એમણે કોઈને જોયાં લાગે છે. માલી, નર્સ એવી એવી વાતો કરતા હતા.

દાદાજી : આબેહૂબ...કેટલું મળતાપણું! અને માલુ બેટા, તું આમ આવ તો.

[માલિની પાસે આવે છે, એને ધારીધારીને જોઈ]

નર્સ...ખરોખર નર્સ પણ એવી જ હતી. હમણાં જ મેં જોઈ હતી. જરૂર ઘરમાં કંઈ અણઘટતું બન્યું છે. કોઈ પણ માંદું છે. બોલો, શા માટે નર્સને રાખી છે?

શાંતા : હવે નર્સ કયાં છે વડીલ? આપણો મનોજ માંદો હતો ત્યારે આપણે છેલ્લી રાખી હતી.

દાદાજી : મનોજ માંદો હતો ત્યારે... હં...ખરોખર અને મનોજ...મનોજ...

[કોઈ કંઈ બોલતું નથી પણ શાંતા અને માલિની રડે છે.]

બોલો...કયાં છે મારો મનોજ...?

શાંતા : પરલોક સિધાવ્યો. એને તો બે વર્ષ થઈ ગયાં!

દાદાજી : શાંતા, શાંતા. ના, ના, એ ખરું નથી. મનોજ મારો લાડકો, મારો વહાલો મરી નથી ગયો. તમે બધાં જૂઠું બોલો છો!

શાંતા : શાંત થાવ વડીલ. તબિયત બગડશે.

દાદાજી : ખરું કહો, કયાં છે મારો દીકરો? હમણાં તો પતંગની [illegible]કની બંધાવી ગયો. આકાશના તારા એ નીચે પાડશે.

માલિની : એ તો ગયો દાદાજી. હું જ નર્સ સાથે એની સેવા કરતી એ ભૂલી ગયા?

દાદાજી : એટલે જ મેં તને નર્સ તરીકે જોઈ. ત્યારે રામ પણ ઘેર આવતો, મનોજ સાથે બગીચાની વાતો કરતો અને તમે બન્ને બગીચામાં સાથે ફરતાં; એટલે જ મેં રામને રામુ તરીકે નિહાળ્યો. ચિત્તભ્રમ અવસ્થા આને જ કહેતા હશે ને? (છાતીમાં દર્દ ઊપડે છે.) ઓહ!...

શાંતા : સૂઈ જાવ વડીલ. તમે અસ્વસ્થ છો.

દાદાજી : હા દીકરી...એ જ સમય આવ્યો છે. હંમેશને માટે પોઢી જવાનો.

માલિની : એવું એવું ન બોલો, દાદાજી!

દાદાજી : બોલવા દે બહેન. પછી તો... ઓહ...પછી તો તારા દાદાજીનો અવાજ પણ સાંભળવા નહીં મળે...ઓહ...આજે ખાતરી થઈ, મારો મનોજ સાચે જ ગયો. ઊંચેઊંચે આકાશમાં...પરીઓના દેશમાં... માલુ...બેટા..માયા લગાડી...આખર પસ્તાવું જ રહ્યું......માયા...બધી જ માયા...એક તરફ લગ્નનો આનંદ...અને...અને...બીજી તરફ...બીજી તરફ...મૃત્યુની કરુણતા... એ જ...એનું જ નામ...સંસાર...હે પ્રભુ... રા...મ.........[મૃત્યુ પામે છે.]

બધાં : દાદાજી! [પડદો]

*

ગામડિયા જેવા લાગતા એક માણસને અદાલતના પિંજરામાં ઊભો કરવામાં આવ્યો. શરૂઆતમાં જ સોગંદવિધિ કરતાં પહેલાં તેની અગત્ય સમજાવતાં ન્યાયાધીશે કહ્યું :

'પટેલ, સોગંદ લીધા પછી જો જૂઠું બોલશો તો શું થશે માલૂમ છે?'

'હા, જી સાહેબ, હું જાણું છું. મર્યા પછી નરકમાં જવું પડે.'

'અને તમે સાચું બોલશો તો?'

'સીધેસીધા જ જેલમાં!' ઉત્તર મળ્યો.

×

સાલગીરી પ્રસંગે મોકલેલા અભિનંદનનો જવાબ એક મિત્રે આ પ્રમાણે વાળ્યો હતો :

'એમાં અભિનંદન શેના વળી? મારી આ વરસગાંઠથી તો કશુંય વધવા પામ્યું નથી, ઊલટાનું મેં એક વરસ ગાંઠમાંથી ખોયું છે!'

×

સિંહલદ્વીપની સંસ્કૃતિ

લેખક :
શ્રી જનાર્દન પ્રભાસ્કર

રામાયણના પરિચયથી ભારતવાસીઓને રાવણની લંકાનો પરિચય છે. એનું સિંહલદ્વીપ એવું એક નામ છે અને વર્તમાન સમયમાં તે સીલોનને નામે ઓળખાય છે. ગુજરાતનો લંકા સાથે ઘનિષ્ઠ સંબંધ હતો એવું 'લંકાની લાડી અને ઘોઘાનો વર'ની પ્રસિદ્ધ ઉક્તિ ઉપરથી જણાય છે. સીલોનમાં પાછળથી બૌદ્ધ ધર્મનો પ્રવેશ થયો અને તે બૌદ્ધ સંસ્કૃતિની અસર નીચે આવ્યું. આ સિંહલદ્વીપની શિલ્પકલા, સ્થાપત્ય અને ચિત્રકલાનો આ લેખમાં પરિચય આપવામાં આવ્યો છે.

સીલોનનો એક નાનો સરખો બેટ—દક્ષિણોત્તર લાંબો આશરે ૨૭૫ માઈલ અને પૂર્વ પશ્ચિમ પહોળો ફક્ત ૧૪૦ માઈલ—પણ હિંદી મહાસાગરમાં અત્યંત મોકાની જગ્યા પર આવેલો હોવાથી તેને આંતરરાષ્ટ્રીય મહત્ત્વ પ્રાપ્ત થયેલું છે. ગયા યુદ્ધ વખતે તો લડાઈનાં સૂત્રો હલાવવામાં મિત્રરાજ્યોને એ અત્યંત ઉપયોગી થઈ પડ્યો હતો. આ બેટ ભારતખંડની જેમ હવે સ્વતંત્ર થયેલો છે. રબ્બર, ચા અને નારિયેળના વેપારમાં આ ટાપુએ ગયા યુદ્ધના સમયમાં પુષ્કળ સંપત્તિ મેળવી અને એ સમૃદ્ધિ હવે દેશના લોકહિત કાર્યમાં—પ્રગતિમાં ઉપકારક થઈ પડી છે. હવે ત્યાં બધી જાતનું શિક્ષણ મફત કરવામાં આવ્યું છે. અંગ્રેજોના અમલમાં સંસ્કૃત અથવા પાલિ ભાષાને બદલે માધ્યમિક શાળાઓમાં તેમને ગ્રીક અને લૅટિન વિષયોનો અભ્યાસ કરવો પડતો, તેમ જ સીલોન અને હિંદુસ્તાનના ઇતિહાસને બદલે યૂરોપીય રાજ્યકર્તાઓનો ઇતિહાસ જ વાંચવો પડતો. પરંતુ સારે નસીબે હવે એ સ્થિતિએ પલટો લીધો છે અને સ્વરાજ્યપ્રાપ્તિ પછી રાષ્ટ્રીય વિચારસરણી દૃઢમૂલ થતી જાય છે. આગલા વખતમાં સીલોની લોકોને એમની પરિસ્થિતિ અને ઐતિહાસિક સંસ્કૃતિને અનુકૂળ એવું શિક્ષણ નહિ મળેલું હોવાથી તેમના પર અંગ્રેજોની રહેણીકરણી અને જીવનની છાયા પડેલી હોવાનું તુરત લક્ષમાં આવ્યા વિના રહેતું નથી. તેઓ પોતાનાં નામો પણ વૉલ્ટર જયસૂર્ય, આલ્બર્ટ અભયવર્ધન એવાં રાખતા; પણ હવે નવી પેઢીમાં આ પદ્ધતિ બદલાઈને હિંદી અને સિંહલી નામો રૂઢ થતાં જાય છે. દક્ષિણ ભારતમાંના મજૂર લોકો મોટા પ્રમાણમાં સીલોનના ચાના અને રબ્બરના બગીચાઓમાં કામ કરે છે.

સીલોનની હાલની રાજધાની કોલંબો છે. કોલંબોમાંની વસતી, વ્યાપારી બંદર હોવાથી જુદા જુદા દેશોમાંથી આવી અહીં કાયમને વસવાટ કરનાર લોકોની બનેલી છે. તેમાં પુષ્કળ સેળભેળ છે. કેટલાક લોકો ઊંચા પહાડી, કાળા રંગના, વાંકડિયા વાળવાળા, તો કેટલાક ઠીંગણા, મધ્યમ વર્ણના જ્યારે કેટલાક 'બર્ગર' જેવા ગાર વર્ણના છે. આફ્રિકન લોકોના પણ અહીં વંશજો છે. કોલંબોમાંની સ્ત્રીઓ આપણે ત્યાંની ગુજરાતણો કરતાં પ્રમાણમાં ઊંચી અને મજબૂત હોય છે. પણ બંદરના અંદરના ભાગના લોકો ઠીંગણા, ઊજળા અને સાધારણ મધ્યમ બાંધાના હોય છે. સીલોન દેશમાં ૧૫-૨ હજાર ભિક્ષુઓ છે. આ ભિક્ષુઓ ભિન્ન વંશના અને ભિન્નવર્ણીય છે, . પરંતુ બૌદ્ધ

ધર્મનો સ્વીકાર કર્યાં પછી સર્વ પોતાને એક સમાન દરજ્જાના માને છે. અને ઊંચ-નીચ પર ભાર મૂકવામાં આવતો નથી.

સીલોનની હાલની રાજધાની કોલંબો છે, પરંતુ સીલોનથી ૧૨૮ માઈલ પર અનુરાધાપુર નામનું પ્રાચીન શહેર છે, તે એની પહેલી રાજધાની હોઈ સીલોનમાં બૌદ્ધ ધર્મનો પ્રવેશ થયો ત્યારથી ત્યાંના બૌદ્ધ ધર્મના ઇતિહાસ સાથે એનો નિકટનો સંબંધ છે. ઈ. સ. પૂર્વે ત્રીજા સૈકાના મધ્યમાં 'દેવાનાં પ્રિય તિષ્ય' એ રાજાની કારકિર્દીમાં ભારતમાંના સમ્રાટ અશોકે પોતાનો છોકરો મહેન્દ્ર અને કન્યા સંઘમિત્રાને ધર્મદૂત તરીકે મોકલીને આ દેશમાં બૌદ્ધ ધર્મનો પ્રવેશ કરાવ્યો, એવી આખ્યાયિકા પ્રાચીન પાલિ ગ્રંથોમાં આપેલી છે. ત્યારથી અનુરાધાપુરનો પણ સંબંધ હોઈ આ શહેરનો ઉલ્લેખ જૂના પ્રાચીન ગ્રંથોમાં આવે છે. આ શહેરમાં અનેક ભિક્ષુ રહી શકે એવા મોટા મઠ અને તેમનાં પૂજાસ્થાનો તરીકે અનેક 'સ્તૂપો' અને મંદિરો તેમજ વિહાર હોવાની સાક્ષી પૂરતા અનેક અવશેષો મોજૂદ છે.

ઈ. સ. ના પાંચમા સૈકાના આરંભમાં સુપ્રસિદ્ધ ચીની પ્રવાસી ફા–હ્યાંગ હિન્દુસ્થાન અને સીલોનમાં આવીને અનેક વર્ષો સુધી રહ્યો હતો. તેણે ત્યાંના બે સુપ્રસિદ્ધ મઠ 'મહાવિહાર' અને 'અભયગિરિ વિહાર'ને વિષે માહિતી આપેલી છે. તેમ જ બુદ્ધના દંત-ધાતુની યાત્રા અને પૂજાનો પણ ઉલ્લેખ હોઈ તે સમયમાં અભયાગરિ વિહારની બોલબાલા હતી, એવું દેખાય છે. આ બંને મઠમાંના આજે સાધારણપણે સારી સ્થિતિમાં રહેલા અવશેષરૂપે પ્રચંડ સ્તૂપો છે. મહાવિહારમાંના સ્તૂપની અનેકવાર દુરસ્તી અને દેખભાળ થવાને કારણે તે અત્યારે પણ સારી સ્થિતિમાં છે. આ સ્તૂપના શિખર પર સાંકડો થતો ગયેલો એક મિનારો હોઈને તેને શિરોભાગે સ્ફટિકનો એક ગોલક હોઈ તે બ્રહ્મદેશના બૌદ્ધ લોકો તરફથી ભેટ તરીકે મળેલો છે. આજ સ્તૂપને પ્રાચીન સાહિત્યમાં 'મહાસ્તુપ' કહેવામાં આવતો. હાલમાં તેનું 'રુવનવાલિ–સાય' એવું નામ છે. તેની આસપાસ અનેક પ્રકારના પુરાણા અવશેષો છે. આજ પ્રકારનો અભયગિરિ–વિહારમાંનો સ્તૂપ 'મહાસ્તૂપ' કરતાં સહેજ નાનો હોઈ તેના પરનો મિનારો ભાંગી ગયો છે. આવો જ 'જેતવન' વિહાર એવું નામ ધારણ કરતો નવીન મઠ સ્થાપિત કરવામાં આવ્યો અને ત્યાં પણ એક મસમોટો સ્તૂપ બાંધવામાં આવ્યો. આ મઠમાં પણ–મહાવિહારમાં રહેનાર લોકોના મત પ્રમાણે–પાખંડી લોક જ રહેતા હતા. સ્તૂપની આજુબાજુએ અનેક ઠેકાણે પ્રતિમા મંદિરો નજરે પડે છે. તેમાં બુદ્ધની પ્રતિમા અથવા સીલોનમાં બુદ્ધ ધર્મ જેણે આણ્યો તે મહેંદ્રની કિંવા તે વખતના રાજાઓની મૂર્તિઓ છે. તે તદ્દન આધુનિક હોવાની જણાય છે, ટર્પેન્ટાઈન મિશ્રિત રંગ વડે અત્યંત ચળકતી દેખાય છે.

આજ શહેરમાં પ્રાચીન 'બોધિવૃક્ષ' (પીપળાનું) ઝાડ છે. અને એવી આખ્યાયિકા જૂના પાલિ ગ્રંથોમાં ઉપલબ્ધ છે કે, સમ્રાટ અશોકે પોતાની કન્યા સંઘમિત્રા સાથે બુદ્ધગયામાંના બોધિવૃક્ષની ડાળી સીલોન દેશના રાજાને ભેટ તરીકે મોકલી અને તેજ ડાળમાંથી તૈયાર થયેલ આ વૃક્ષ છે. આ વૃક્ષનું દર્શન કરવા માટે અનેક બૌદ્ધ સાધુઓ આ ઠેકાણે આવે છે. સમ્રાટ અશોકનો પુત્ર જેઠ સુદ પૂનમને રોજ સીલોન બેટમાં આવ્યો હતો તેથી એ દિવસને ખાસ મહત્ત્વ આપવામાં આવે છે અને એ દિવસ ઉત્તમ રીતે ઊજવવામાં આવે છે. અહીંથી પાસે જ મહિન્તલે (એટલે મહેંદ્ર–તળ) નામની એક

ટેકરી છે–એ ઠેકાણે મહેંદ્ર પ્રથમ સીલોન દેશમાં આવ્યો હતો તેથી એ જગ્યાનું પણ ખાસ મહત્ત્વ છે. આ ટેકરી પર એક મોટો ખડક એક ઊંચી જગ્યાએ છે અને તે ખડક પર મહેંદ્ર આકાશમાંથી ઊતર્યો હતો, એવી ભાવિક લોકોની માન્યતા છે.

અનુરાધાપુર પછી સીલોનની રાજધાની બનેલું એક 'પોલોન્નરુઅ' નામનું શહેર છે. સીલોનના ઇતિહાસમાં દક્ષિણ હિંદમાંથી પાંડ્ય અને ચોલ લોકોએ સીલોનમાં આવીને મોટો પ્રદેશ પગ હેઠળ કાઢી નાખ્યાનો ઉલ્લેખ છે. અનેક લડાઈઓ જીતીને તેમણે રાજ્યો સ્થાપ્યાં. પણ પછી સિંહલી લોકોનું દુખાયેલું દેશાભિમાન જાગૃત થતાં તેમણે આ લોકોને પાછા હાંકી કાઢ્યા એવો ઇતિહાસ છે. આ શહેરમાંની ઇમારતોના અને મંદિરોના જે અવશેષો ઉપલબ્ધ છે તેમાં દક્ષિણ ભારતમાંની શિલ્પકળાની સ્પષ્ટ છાપ દેખાઈ આવે છે. બુદ્ધની પ્રતિમાઓ ઊંચી હોઈ કેટલીક મૂર્તિઓ તો ભવ્ય છે. કેટલીક તો કુદરતી પહાડમાંથી કોતરવામાં આવી છે. આ સિવાય 'સિંગિરિય' નામનું એક સ્થાન છે. સિંગિરિય એટલે 'સિંહ–ગિરિ.' આ ડુંગર લગભગ ૬૦૦ ફૂટ ઊંચો છે. આ ડુંગરને મથાળે સીલોનના ઈ. સ. પાંચમા શતકના એક રાજાએ પોતાના સુરક્ષિત સ્થાન તરીકે આ વિકટ ઠેકાણે રજવાડો બાંધ્યો. આ ડુંગર પર બધાથી ઊંચા ભાગ પર જવાનો રસ્તો અત્યંત વિકટ છે. જાણે સિંહના ઘણા મોટા 'આ'–કરેલા જડબામાંથી ઉપર ડુંગર પર જવાનો રસ્તો કાઢ્યો હોય એમ લાગે છે. હાલમાં તે સિંહાકૃતિ પૂર્ણાવસ્થામાં દેખાતી નથી પણ તેના કેટલાક ભગ્નાવશેષ તરીકે આગલા પગના માત્ર પંજાઓ જ દેખાય છે. અને આ બે પંજા વચ્ચે થઈને ઉપર જવાનો રસ્તો છે. આ રાજાએ પોતાના બાપને મારીને રાજ્ય છીનવી લીધેલું હોવાથી તેને અનેક દુશ્મનો ઊભા થયા હતા અને તેમનાથી બચવા માટે આ ડુંગરને મથાળે તેણે પોતાના મહેલો બાંધ્યા હતા. હવે ત્યાં ફક્ત પાયાઓ સિલકમાં છે.

આ જ ડુંગરની કોતરમાં સુપ્રસિદ્ધ રંગીત ચિત્રો ભીંત પર ચીતરેલાં છે. આબેહૂબ ત્યાં અજન્ટામાં જે પ્રકારનાં ચિત્રો છે તે જ પ્રકારનાં આ ચિત્રો છે અને વિશિષ્ટતા એ છે કે પશ્ચિમાભિમુખ હોવા છતાં તાપ, પવન, વરસાદ એમને ન જુમાનતાં આજે આશરે ૧૪૦૦–૧૫૦૦ વર્ષ સુધી ટકી રહ્યાં છે અને તેમાંના રાતા, પીળા, લીલા, કાળા અને ધોળા રંગો અદ્યાપિ કાયમ છે. એમાં માત્ર આસમાની રંગ નથી. તેમાંનાં ચિત્રો આર્યમુખી સ્ત્રીઓનાં હોઈ નાક અત્યંત સરળ અને આંખો 'આકર્ણ–નયના' પદ્ધતિની છે. દાસીના ચહેરા પણ જુદા દેખાડવામાં આવેલા હોવાથી તુરત જ જુદા તરી આવે છે. આ ચિત્રોમાંની સ્ત્રીઓની કમર હેઠળનો ભાગ પટ્ટાદાર વસ્ત્રોથી આચ્છાદિત છે અને ઉપલો ભાગ અત્યંત આછાં કપડાંથી આચ્છાદેલો છે અને કેટલેક ઠેકાણે તો આજે અનાચ્છાદિત હોય એવો જ જણાય છે. દાસીઓના શરીર પરનાં કપડાં જાડાં હોવાનું સ્પષ્ટ રીતે નજરે પડે છે. એકંદર રીતે જોતાં આ ચિત્રકલા અજન્ટાની ધરતી પર છે.

કોલંબોથી થોડા જ અંતર પર 'કેલનિયવિહાર' નામનું એક અત્યંત પ્રાચીન કાળથી અસ્તિત્વ ધરાવતું સ્થાન છે. ત્યાંનાં પ્રાચીન મંદિરો મોટેભાગે નાશ પામેલાં હોવાથી જીર્ણોદ્ધાર થઈને એક નવીન મંદિર અસ્તિત્વમાં આવ્યું છે. આ મંદિર દક્ષિણ હિંદના ગોપુરરહિત મંદિર જેવું હોઈ તેની અંદરની ભીંતો પર તદ્દન આધુનિક કાળમાં અનેક કાઢેલાં પણ જૂનાં ચિત્રોની ધરતી પર

ચિત્રો છે. તેમાં સીલોન વિષેના 'મહાવંસ' ગ્રંથમાંની અનેક આખ્યાયિકાઓ ચીતરવામાં આવી છે તેમ જ 'દુમ્બુલ્લ' નામક એક સ્થાને ગુફામાંથી કોતરેલાં પ્રાચીન ચિત્રો પણ છે. પણ 'સિંગિરિય' જેવાં આ ચિત્રો નથી. આ કેલનિય મંદિરની શિલ્પકલા 'દક્ષિણ ભારતની શિલ્પકલાની નકલ હોવાથી તેમાં અનેક હિંદુ દેવતાઓની મૂર્તિ હોઈ ગણપતિની પણ એક મૂર્તિ છે.

કેંડી શહેરમાં એક સ્થાને બુદ્ધ ભગવાનનો દાંત રાખવામાં આવ્યો છે. આ દાંત એકમાં એક એવી સાત પેટીઓમાં રાખવામાં આવ્યો છે અને તે દરેક પેટીના તાળાની કૂંચી જુદી જુદી વ્યક્તિ પાસે રાખવામાં આવે છે. આ દાંત સામાન્ય મનુષ્યના દાંત કરતાં મોટો હોઈ બુદ્ધ જેવી અસામાન્ય વ્યક્તિનો દાંત પણ અસામાન્ય આકારનો જ હોય એવો ભાવિક લોકોનો વિશ્વાસ છે! એ દાંતની કોઈને છબી પાડવા દેવામાં આવતી નથી અને અત્તર વગેરે સુગંધિત દ્રવ્યોમાં રાખવામાં આવે છે અને ખાસ પ્રસંગે બૌદ્ધ યાત્રીઓનાં દર્શન માટે તેને બહાર કાઢવામાં આવે છે અને તે 'દંતધાતૂ'નું દર્શન કહે છે.

આશરે અઢી હજાર વર્ષ પહેલાં ભારતીય લોકોએ આ દેશમાં વસાહત કરેલી. બૌદ્ધ ધર્મ ત્યાર પછી આ દેશમાં બેત્રણ સૈકામાં સમ્રાટ અશોકના સમયમાં આવ્યો. કેટલાક સૈકાઓ પછી દક્ષિણ ભારતમાંના લોકોએ પણ વસવાટ કર્યો એનો પુરાવો સીલોનના ઉત્તર તરફના ભાગમાં 'જાફના' નામના વિભાગમાં તામિલ લોકો વિશેષ સંખ્યામાં છે એ છે. પછી દરિયામાર્ગે અરબી અને મૂર વેપારીઓ સાથે સંબંધ બંધાવાથી તે લોકોનો સીલોનમાં પ્રવેશ થયો. ઈ. સ. ૧૫૮૦થી ૧૪૦ વર્ષ સુધી પોર્ટુગીઝોએ એના પર પોતાનો કબજો રાખ્યો અને ખ્રિસ્તી ધર્મનો ચંચુપ્રવેશ થયો. ત્યાર બાદ ૧૬૫૮થી ૧૭૯૬ સુધી ડચ લોકોએ એના પર રાજ કર્યું. હાલમાં 'બર્ગર' તરીકે ઓળખાતા ગૌર વર્ણના લોકો (આશરે ૪૦ હજાર) તેમના જ વંશ જ છે. પછી ૧૭૯૬થી અંગ્રેજોએ આ ટાપુનો કબજો લીધો. આ રીતે યૂરોપીય લોકો સાથે એનો ૪૦૦ વર્ષનો સંબંધ છે. આ કારણને લીધે ત્યાંના લોકો પર યૂરોપિયન લોકોના જીવનની છાપ હોય એ સાહજિક છે. યૂરોપિયન અમલમાં ખ્રિસ્તી ધર્મને ઉત્તેજન મળ્યું અને બૌદ્ધ ધર્મનો હ્રાસ થયો. પરંતુ હવે સિંહલી લોકો જાગૃત થયા છે અને યોગ્ય સંઘબળ કેળવશે તો દક્ષિણ એશિયામાંના બૌદ્ધ લોકો ઉપેક્ષિત ન રહેતાં એક પ્રચંડ શક્તિ તરીકે આન્તરરાષ્ટ્રીય ચળવળમાં પોતાનું સ્થાન મેળવી લેશે એમાં શંકા નથી. સીલોનના બૌદ્ધ લોકોમાં ભારત અને ભારતીય સંસ્કૃતિ માટે પૂર્ણ આદર છે અને બૌદ્ધ ધર્મના સંસ્થાપક ગૌતમબુદ્ધ ભારતીય હતા અને તેમણે જ અમને અમારો ધર્મ આપ્યો એ જ્ઞાનથી તેઓ સદૈવ કૃતજ્ઞ રહે છે.

સીલોનમાં બૌદ્ધ ભિક્ષુઓ માટે સમાજમાં અત્યંત આદર છે. કોઈ પણ ધાર્મિક કે સામાજિક પ્રસંગે તેમને અગ્ર પૂજાનું માન આપવામાં આવે છે. સાર્વજનિક સમારંભની શરૂઆતમાં બુદ્ધ, ધર્મ અને સંઘ એ બૌદ્ધોની રત્નત્રયીને શરણ જવું અને પાંચ પ્રકારનાં શીલવ્રતોનો બુદ્ધ ભિક્ષુના કહેવા પ્રમાણે પુનરુચ્ચાર કરવો એવો પ્રકાર અનેક ઠેકાણે જોવા મળે છે. આ ૧૫-૧૬ હજાર ભિક્ષુઓમાં જો નવજીવન ઉત્પન્ન કરીને તેમની પાસેથી કામ લેવામાં આવે તો રાષ્ટ્રીય શિક્ષણ જેવા કાર્ય માટે નિઃસ્વાર્થી સેવકો મળી આવે!

*

ઝેરી જનાવર

લેખક :

શ્રી વિષ્ણુકુમાર કુ. પંડ્યા

'પથરો !......'

ત્રણેક કલાકની પીડા પછી સવારે જયારે જશોદાને પ્રસવ થયો ત્યારે જો કે તે પૂરેપૂરી ભાનમાં ન હતી. તેમ છતાં તેના કાને પડેલો એ શબ્દ તે સાંભળી શકી હતી, સમજી શકી હતી, એટલું જ નહિ પરંતુ જાણે પોતાના પર કોઈએ પથ્થરનો ઘા કર્યો હોય તેવી તીવ્ર વેદના અનુભવી રહી હતી. એ વેદના પ્રસૂતિની વેદના કરતાં પણ અધિક હતી.

'ભાઈ! પથરો...' જયારે પોતાની વૃદ્ધ માતા પાસેથી બિહારીએ પુત્રીના જન્મના સમાચાર સાંભળ્યા, ત્યારે જો કે તે કંઈ બોલ્યો નહિ પરંતુ એના આશાભગ્ન હૃદયમાં ઉદ્ભવેલી નિરાશા એના મુખ ઉપર છૂપી ન રહી. પુત્રજન્મના સમાચાર સાંભળવાની આશાથી તે હજી પોતાની પથારીમાં બેસી રહ્યો હતો. હવે તે હાથમાં દાતણ અને પાણીનો લોટો લઈને બહાર નીકળ્યો. બહાર પાડોશીઓ દાતણ ઘસતા બેઠા હતા.

સાખપાડોશી પૂનમચંદભાઈનાં પત્નીએ બિહારીને જોતાંવેંત જ પૂછ્યું : 'કેમ બિહારીભાઈ! કંઈ......?' અને એનો તે કંઈ જવાબ આપે તે પહેલાં હાથમાં છીંકણી લઈને બહાર આવતાં મંગુડોસી કચવાતા દિલે બોલી ઊઠ્યાં : 'માંડવો !'

અને પછી તો બધા પાડોશીઓ પોતપોતાના અભિપ્રાયો વ્યક્ત કરવા મંડી પડ્યા:

'હશે. જેવી પ્રભુની ઇચ્છા !'

'અરે, ભાઈ! છોકરો કે છોકરી સૌ ભગવાનનાં જ આપેલાં છે ને ?'

'પણ આ તો બિચારા બિહારીભાઈને ચોથો માંડવો આવ્યો !'

'હોય, એમાં આપણા હાથમાં થોડું કંઈ છે ?'

'પણ ભગવાનનો આ તે કેવો ન્યાય! જેને જે જોઈએ તે આપે જ નહિ!'

'એ તો ભાઈ! આ જગતમાં એવું જ ચાલ્યા કરે છે. જુઓ ને! આ આપણા પેલા કંચનકાકા છોકરીની માટી માટે તલસ્યા કરે છે, ત્યારે ઊલટું ચાર હતા તેના પાંડવ થયા!'

'લ્યો ત્યારે, બાપડા આ બિહારીભાઈને ત્યાં એથી ઊલટું જ છે ને ? ચારચાર છોકરીઓ વચ્ચે એક છોકરાની લાળ પણ નહિ!'

'અરે, ભાઈ! બે માનવી જાતે તાજાં હશે તો કાલે ઊજળી વંસતીથી ઘર ભરાઈ જશે.'

પાડોશીઓની આ ચર્ચામાં બિહારી કે મંગુડોસી એકે માત્ર 'હુંકાર' સિવાય વિશેષ કંઈ જ સક્રિય ભાગ લઈ ન શક્યાં- બિહારી કંઈક અંશે શરમ–સંકોચ તેમ જ કંઈક અંશે નિરુત્સાહને કારણે અને મંગુડોસી છોકરીઓ પ્રત્યેના પોતાના અણગમાને કારણે.

તે જયારે ઘરમાં ગયાં ત્યારે સુવાવડના પડદાવાળા ખંડમાં 'ઉઆં...ઉઆં...' કરતું નવજાત બાળક આ ધરતી પર થયેલા પોતાના આગમનને જાહેર કરી રહ્યું હતું.

'હવે છાનાં મરો ને! જાણ્યું તમે મોટાં પધાર્યાં છો તે...' મંગુડોસીના મુખમાંથી કટાક્ષ વચનો છૂટવા માંડ્યાં. અંધારા એકાંત ખૂણામાં એક તૂટેલા ખાટલા પર ફાટેલી ગંદી ગોદડીમાં સૂતેલી કૃશકાય અને પીળી પડી ગયેલી જશોદાના હૃદયમાં એ વેણ કાંટાની પેઠે ભોંકાઈ રહ્યાં.

'અલી એ અનૂડી! ક્યાં મરી ગઈ?' મંગુડોસીએ પોતાની સૌથી મોટી પૌત્રીને તેમની હમેશની ઢબ પ્રમાણે હાંક મારી.

'કેમ મા!' કરતાંક દસેક વર્ષની ગૌરવર્ણી અને ઘાટીલા શરીરવાળી બાળા આવીને પોતાની દાદીમા આગળ ઊભી રહી.

'અહીં ટળને! આમ આખો દા'ડો ઘોડીની પેઠે ક્યાં કૂદ્યા કરે છે?' મંગુડોસીએ પોતાની નિત્યની ઠપકાભરી વાણીથી વાતની શરૂઆત કરી અને પછી પૂછ્યું: 'દાતણ-બાતણ કર્યું કે?'

'હા, મા.'

'તો પછી આ તારી માના ખાટલા નીચે પેલું દેવતાનું તગારું શેક માટે મૂક.' અને ત્યાર પછી મંગુડોસી એક પછી એક હુકમો છોડવા મંડી પડ્યાં: 'અને પેલા સુવા સાફ કરીને મને આપ...ગરમ પાણી મૂક...'

અને જેમ મંગુડોસીની જીભ ચાલતી ગઈ તેમ એમની પૌત્રીના પગ ફરતા ગયા.

'એ તો છોકરીની જાત. એને પારકે ઘેર મોકલવાની છે. આમ તૈયાર ન કરીએ તો તો પછી એને માથે ટપલાં જ પડે ને?' નાકમાં છીંકણીનો સડાકો મારતાં મંગુડોસી પોતાના એ શબ્દો જાણે બીજાને સંભળાવવા માટે જ સહેતુક ઉચ્ચાર્યા હોય એવા ભાવ સાથે બોલ્યાં.

પથારીમાં સૂતેલી જશોદાને એની સૂચકતા સમજતાં વાર ન લાગી. પોતાની બાજુમાં જ ધરતીની તાજી હવા લઈ રહેલું નિર્દોષતાના પ્રતીક સમું શિશુ સૂતું હતું. ઘરમાં બીજાંને મન ભલે એ અળખામણું હોય, પરંતુ નવ નવ માસ સુધી પોતાના પેટમાં રાખી પોષનાર અને મહાન પીડા વેઠી, જન્મ આપનાર એ જનેતાને મન તો તે પોતાના પ્રાણ કરતાં પણ અધિક પ્યારું હતું. તેમ છતાં એની આંખમાં અશ્રુ હતાં, કારણ કે દેવની દીધેલી એ ભેટને તુચ્છ ગણવામાં આવતી હતી. એની આંખમાંથી વહેતાં આંસુ સાથે ધાવણથી છલકાતા એના ભરાવદાર સ્તનમાંથી દૂધની ધારા વહી રહી હતી. સ્તનમાં દૂધ–આંખમાં અશ્રુ! પ્રભુએ નારીની શી રચના કરી છે!

મંગુડોસીના દિલમાં હવે જરાયે ઉત્સાહ કે ઉમંગ રહ્યો ન હતો. પોતાની પુત્રવધૂ સગર્ભા હતી ત્યારે તો તેમણે કંઈ કંઈ કલ્પનાઓ અને કોડ સેવ્યાં હતાં. પોતાના ઇષ્ટદેવની બાધા પણ રાખી હતી:

'હે શંકર દાદા! એક છોકરાની માટીની ખોટ છે. જો તે તું પૂરીશ તો હું પાંચ શ્રીફળનું તોરણ તારે ટોડલે બાંધીશ અને દીવો તથા દર્શન કર્યા વગર પાણી પણ નહિ પીઉં,' પરંતુ આખરે પ્રભુએ એમની એ આજીજી કાને ધરી ન હતી અને તેથી તે પોતાના કુળદેવ પર પણ ક્રોધાયમાન બની ગયાં હતાં:

'આ તે શાના ભગવાન! જોયા જોયા એ તો આજકાલના કળજુગના દેવ!' અને મંદિરે દેવદર્શન જવામાં તથા રાત્રે માળા કરવાના પોતાના નિત્યકર્મમાં પણ ઉદાસીનતા દર્શાવતાં હતાં.

જશોદાની સુવાવડમાં હવે તેમને રસ રહ્યો ન હતો. એની સારવાર પ્રત્યે દુર્લક્ષ કરવામાં આવતું હતું. ઉપરથી કડવાં વેણની. વર્ષા વરસતી રહેતી તે તો વધારાની:

'પેલી ભૂંડણની પેઠે જણતાં જ આવડે છે...એ તો અક્કર્મીનો પડિયો કાણો જ હોય ને!...આવો કચવો વસ્તાર જણવો તો તો પછી પેટ જ શું કરવા માંડવું'તું?...'

વળી જશોદા જયારે કોઈ વસ્તુ માગતી ત્યારે 'અલી એ મનુડી! ક્યાં દીસ્તી રહી?' અથવા તો 'એ ભમરાળી ભાનુડી! એ

અકર્મી અનુડી! અહીં મરોને...આ તમારી માને જુઓ શું જોઈએ છે?' એમ મોટેથી ઘાંટા પાડીને ક્રોધયુક્ત ગાળોનો મારો ચલાવ્યા જ કરતાં.

જશોદા પોતાને માટે–ઉપેક્ષા કે ઉપાલંભ બધું જ કડવા ઘૂંટડાની પેઠે ગળે ઉતાર્યે જતી હતી. પરંતુ પોતાનાં ભૂલકાંઓ પ્રત્યેના આવા તુચ્છકારથી તેનું દિલ કપાઈ જતું હતું. તેમ છતાં તે મૂગે મોઢે બધું સહી લેતી હતી. પરંતુ જ્યારે મંગુડોસી છોકરીઓને 'ઉકરડા' કહીને મારપીટ કરતાં, ત્યારે તો તેની બધી જ સહનશક્તિ ખૂટી જતી હતી. મહાપ્રયાસે સંયમમાં રાખેલી એની જીભ છેવટે થોથરાતી: 'બા! એ બિચારી છોકરીઓ પર તમે શું કામ આમ ક્રોધ કરો છો? એ તો પારકા ઘરની વસતી છે. કેટલા દિવસ આપણે ત્યાં રહેવાની છે?'

અને જ્યાં આ શબ્દો સાંભળ્યા નથી કે મંગુડોસી રોષથી ચિત્કાર કરી ઊઠ્યાં નથી! 'ઓહોહો! ન જોઈ હોય તો મોટી છોકરીઓવાળી! કંઈક કહ્યું કે જાણે આ દોડી આવ્યાં વહાલ લઈને.' પછી પોતાની હંમેશની ઢબે કેડે બે હાથ મૂકીને માથું ડોલાવતાં ડોલાવતાં કહેતાં: 'એ તો છોકરીઓની જાત! પારકે ઘેર મોકલવાની છે માટે તો આટલો કડપ રાખવો પડે છે. નહિતર ઢોર થઈ જાય ઢોર...'

જશોદા જાણતી હતી કે વાદવિવાદમાં સાસુને જીતવાનું અશક્ય હતું એટલે તે મૌન જ સેવતી. રખેને કદાચ કંઈ અર્થનો અનર્થ કરીને ન હોય તે વાત લાવી મૂકે અને રજનું ગજ કરીને ઝઘડાનું સ્વરૂપ ઊભું કરે એવી ભીતિ હંમેશાં તેને રહ્યા કરતી હતી. પોતાની સાસુ સાથેનાં છેલ્લાં દસ વર્ષનો અનુભવ તેને તેમની સાથે જીભાજોડી કરતાં અટકાવી દેતો હતો.

'સારું છે કે મારા સસરા બહારગા ગયા છે. નહિતર વળી એમનું વાજું વા તે તો જુદું.' સાસુના રોષનો ભોગ બ રડી રડીને રાતી બનાવી નાખેલી આંખ પોતાના સુવાવડના અંધારા ખૂણામાં આમ તેમ ફેરવતાં એ ચિંતાગ્રસ્ત બની જતી અને પછી પોતાની પડખે સૂતેલી બાળ તરફ પાસું ફેરવી નિસાસો નાખતી: 'આ છોકરીએ શાં પાપ કર્યાં હશે તે આ ઘેર જન્મી?'

પોતાની સુવાવડની માંદગી કરતાં સાસુની ટીકાના મારથી તે વધારે પીડાતી હતી. તે પોતાનું આ દુઃખ કોની આગ જણાવી શકે? હા, પોતાના પતિ સમક્ષ હૈયું ખોલવાનો પોતાને પૂર્ણ અધિકાર હતો. પરંતુ તે પડદા આગળ આવી શકે તો ને! આજે પોતાને પંદર દિવસ થયા હોવા છતાં તે તેની સાથે મોકળા મને વાતચીત કરી શકી ન હતી. જ્યારે જુઓ ત્યારે મંગુ ડોસી ઘરમાં હાજર ને હાજર જ. ક્યારેક વળી તે ક્યાંક આજુબાજુ આઘાંપાછાં થયાં હોય ત્યારે લાગ જોઈને બિહારી ચૂપચાપ ત્યાં આવીને ગભરાતાં ગભરાતાં વાત કરી લેતો.

પરંતુ એક દિવસ ઓચિંતાં મંગુડોસી ત્યાં આવી ચઢ્યાં હતાં અને તેમને જોતાંની સાથે જ બિહારી કોઈ અપરાધીની પેઠે નત મસ્તકે ત્યાંથી પલાયન થઈ ગયો હતો. એના ગયા પછી મંગુડોસી જાણે પૃથ્વી રસાતળમાં જઈ રહી હોય એવા હાવભાવ સાથે ગર્જી ઊઠ્યાં હતાં: 'આ તે શું કહેવાય, મારા બાપ! આજકાલનાં છોકરાંની આંખમાં શરમનો છાંટો ય ન મળે. હાય, હાય, અમારી ય પણ જુવાનીના દિવસો હતા. પરંતુ છેક આવું તો નહિ, બાપ!' અરે આમ મંગુડોસીએ કેટલા ય વખત સુધી

એ વાતને ચૂંથ્યા જ કરી હતી.

તે વખતથી જશોદા એવી તો ભોંઠી પડી ગઈ હતી કે કદાચ બિહારી પોતાની પાસે આવે તો પણ 'ના, અત્યારે નહિ. બા હમણાં જોઈ જશે તો આખું ઘર ગજવી મૂકશે,' એમ કહીને બિહારીને ત્યાંથી ચાલ્યા જવા અનુરોધ કરવા મંડી પડતી. અને બિહારી પણ પોતાની વૃદ્ધ માને માઠું ન લાગે તેટલા માટે ત્યાંથી ચાલ્યો જતો.

એમ તો જશોદા અને બિહારીને પણ મંગુડોસી જેટલી જ પુત્ર માટે દિલમાં ઝંખના થયા કરતી હતી, પરંતુ તેમને સમઝાતું ન હતું કે પોતાની એ પુત્રઝંખનામાં સાંપડતી નિષ્ફળતા અને નિરાશાનો રોષ નિર્દોષ છોકરીઓ પર શા માટે ઠાલવવામાં આવી રહ્યો છે; એટલું જ નહિ પરંતુ ખાવા-પીવામાં, પહેરવા-ઓઢવામાં, હરવા-ફરવામાં, બોલવા-ચાલવામાં દરેક બાબતમાં છોકરીઓ તરફ પૂર્વગ્રહયુક્ત અંકુશ અને અસમાનતાનો જે વર્તાવ કરવામાં આવતો હતો તે એ દંપતીને પસંદ ન હતો.

'છોકરીઓની જાતને સ્વાદ શા ? એમને વળી મોઢે ચઢાવવાની હોય કે ? કાચું-કોરું, લૂખું જે કંઈ મળે તે ખાઈ લેવાનું અને ફાટ્યું-તૂટ્યું હોય તે પહેરવાનું.' આમ મંગુડોસી પોતાની પૌત્રીઓ માટે હમેશાં ટકોર કર્યા જ કરતાં.

બિહારી ઘણો વખત કહેતો: 'બા! તમે આવા વિચારો શા માટે રાખો છો ? ભલેને એ બિચારીઓ લહેર કર્યા કરે. છોકરીઓને આપણે હલકી શા માટે ગણવી જોઈએ ?'

ત્યારે મંગુડોસી ઠાવકું મોં રાખીને જવાબ આપતાં: 'ઓ દીકરા મારા! તને ખબર નથી કે છોકરીઓનાં મા-બાપને તો કદી સુખ મળતું નથી. એ તો જીવે ત્યાં સુધી બસ 'લાવો, લાવો જ' કરવાની. ઝાઝી છોકરીઓનો બાપ મોટો ગમે તેવો તવંગર હોય તો પણ છેવટે બિચારો ઘસાઈ જવાનો.' એમ કહીને જાણે પોતાના ભૂતકાળમાં ડોકિયું કરી રહ્યાં હોય એમ ભ્રમર ચઢાવીને ભારે અવાજે એ કહેતાં: 'ભાઈ! આ તારે પાંચ બહેનો છે. અમારી બધી કમાણી એમને પોષવામાં અને પરણાવવામાં જ ગઈ. તેમ છતાં દરરોજ એમનું ખર્ચ ઊભું ને ઊભું જ.'

બિહારી: 'પણ બા! આપણી સ્થિતિ પહોંચે અને ખુશીથી આપીએ તો જ બિચારી બહેનો લે છે ને ? એ થોડી જ કંઈ આંગણે આવીને અડ્ડો જમાવી બેસે છે ?'

મંગુડોસી: 'ભાઈ! તને હજી વ્યવહારકાળનું પૂરું ભાન નથી. એ તો સંસારમાં રહ્યાં એટલે ઘર પ્રમાણે બધો જ વટ-વ્યવહાર કરવો પડે. હવે અધૂરામાં પૂરું આ તારે પણ ચાર જોગમાયાઓ થઈ,' એટલું બોલતાં બોલતાં તો જાણે પોતાના પર દુઃખના ડુંગર તૂટી પડ્યા હોય એવી વ્યથા અનુભવતાં એ કહેતાં: 'બિહારી! મારી માની હું સાતમી દીકરી હતી. એટલે છોકરીઓવાળાં મા-બાપની કેડ કેવી તૂટી જાય છે, એ હું સારી પેઠે જાણું છું. બાકી દીકરા! તને તો મેં ફૂલના દડાની પેઠે ઉછેર્યો છે. છોકરાની તો શી વાત થાય!'

પોતાની માતાનું આ પુત્રીપુરાણ સાંભળીને બિહારી ચૂપ થઈ જતો. અને એમ તો એ પોતે પણ સારી પેઠે સમજતો હતો કે હિંદુ સમાજમાં જૂના રીતરિવાજોને લીધે માબાપ માટે પુત્રી હંમેશાં બોજારૂપ જ ગણાય છે. પરંતુ આમાં તેને કંઈક અંશે મા-બાપની સ્વાર્થવૃત્તિ પણ જણાતી હતી. કેમ કે એના પિતા હંમેશાં કહેતા: 'છોકરો હોય તો મા-બાપને ઘડપણમાં સુખ મળે. છોકરીઓ તો પરણે એટલે પારકી થાય.'

અને પછી પોતાની ધોળી દાઢી પર હાથ ફેરવતાં કહેતા: 'અને છોકરો નાગો ફરે તોપણ મા-બાપને થોડું જ કંઈ લાંછન લાગવાનું હતું? જ્યારે છોકરી તો સાપનો ભારો!'

આ બધી દલીલોમાં બિહારીને રૂઢિચુસ્ત સમાજની સ્વાર્થવૃત્તિ અને સંકુચિત ભાવનાઓનું જ દર્શન થતું. જે સ્ત્રી સકળ માનવજાતની જનેતા છે તેને પુરુષ કરતાં શા માટે ઊતરતી ગણવી જોઈએ એ જ એને સમજાતું ન હતું. છોકરા-છોકરી વચ્ચેના ભેદભાવની આ જૂનવાણી વિચારસરણીનો તે પોતે વિરોધી હતો તેમ છતાં એના ઘરમાં જ એ વિચારસરણીને તે અટકાવી શકતો ન હતો. પોતાનાં માતા-પિતા આગળ તે લાચાર હતો અને એની એ લાચારીએ જશોદાને પણ વધારે લાચાર બનાવી દીધી હતી.

અને તેથી તો સુવાવડના એક મહિના દરમિયાન પોતાની સારવાર તરફ દર્શાવવામાં આવેલું દુર્લક્ષ તેણે મૂગે મોઢે સહી લીધું હતું. પૂરતી સુશ્રુષાને અભાવે તેનું શરીર અત્યંત નિર્બળ બની ગયું હતું. આંખો ઊંડી ઊતરી ગઈ હતી. શરીરનાં હાડકાં ડોકિયાં કરતાં હતાં. ધોળી પૂણી જેવો એનો દેહ સુવાવડરૂપી સ્મશાનમાંથી ઊભા થયેલા હાડપિંજર જેવો લાગતો હતો. તેમ છતાં તેને પોતાના શરીરની ચિંતા ન હતી. પરંતુ 'ઉઆં...ઉઆં...' કરતું એનું બાળક જ્યારે ધાવણ માટે રડી ઊઠતું ત્યારે એનું કાળજું કપાઈ જતું હતું. તે બાળકને છાતીએ વળગાડતી, પરંતુ એકલા હાડકાંથી ટકી રહેલા દેહમાં પોષણના અભાવે પૂરતું ધાવણ ન આવતાં બાળક વધારે ચીસો પાડી ઊઠતું.

એ વખતે 'છાની મરને!' કહેતાંક મંગુડોસી એ બાળકીથી માંડીને જશોદા અને તેનાં પિયેરનાં માણસો સુદ્ધાંને 'સ્વસ્તિ વચનો' સંભળાવવા મંડી પડતાં.

'બા! હવે તો હદ થાય છે. તમા મોઢે આ શબ્દો ન શોભે, હોં. મને ત મારાં પિયેરિયાંને ગમે તેટલી ગાળો ભાં પરંતુ બિચારી આ નખ જેવડી છોકરી પાછળ શું કામ પડ્યાં છો?'

'બેસ, બેસ હવે છાનીમાની, મોટી જોઈ હોય તો ડહાપણડાહી! શું તને જ છોકરી વહાલી છે અને અમને અળખામણી હશે? અને મરી જશે તોપણ શું નખ્ખો વળવાનું છે?'

'એવું અમંગલ નં બોલો, બા!' અ પછી તો એ સાસુ-વહુ વચ્ચે જોતજોતામાં બોલાચાલી વધી પડી.

બિહારી બહાર ગયો હતો. બે દિવ પહેલાં જ બહારગામથી પાછા ફરેલા એ પિતા ઓચિંતા ઘરમાં આવી ચઢ્યા સાસુ-વહુ વચ્ચે જામેલું વાગ્યુદ્ધ તેમણે થો વાર તો બહાર એક ખૂણામાં ઊભા ર સાંભળી લીધું.

'કોઈ દિવસ નહિ ને આજે આ વ કેમ આમ મોંફાટ બોલવા મંડી છે!' ઘડીભર તો એ પણ વિચારમાં પડી ગ અને ખરેખર આજે જીવનમાં પહેલી જ વા જશોદાની જીભના ઘોડાની લગામ છૂ મુકાઈ ગઈ હતી.

'હવે આ પાર કે પેલે પાર. મારાં બધું સહન થશે પરંતુ ફૂલકળી જેવી ઊગ છોકરીઓનું દુઃખ હું જોઈ નહિ શકું.' આ નિશ્ચય સાથે પોતાની પુત્રીઓની વહા ચઢેલું એનું માતૃત્વ ઊકળી ઊઠ્યું હતું.

'જશોદા! આજે આ શું માંડ્યું છે કંઈ શરમ બરમ છે કે નહિ?', ઓચિં પોતાના સસરાનો અવાજ સાંભળીને જશો કંઈક ધીમી પડી ગઈ.

પરંતુ એથી મંગુડોસી તો બમણા જોસમાં આવી ગયાં. પોતાના પતિનો સહારો મળતાં તેમની વાણી નિરંકુશ બની: 'આખો દા'ડો મારી છોકરીઓ, મારી છોકરીઓ કરીને મોઢામાં જીભ-પણ ઘાલતી નથી! ને વળગાડને તારા એ હીરાઓને કોટે. જાણે એની છોકરીઓ મોટી નવાઈની ન હોય તો! કુંભારના નિભાડામાં એકાદ વાસણ ફૂટશે તો એમાં શું મોટું આભલું ઊંધું પડી જવાનું છે?'

અને એ શબ્દોએ જશોદાના માતૃત્વના મર્મસ્થાન પર ઊંડો જખમ કર્યો. એ ક્ષણે પોતાની નાની બાળકીને હૃદય સરસી ચાંપી દીધી. રખેને કદાચ સાસુનો એ અભિશાપ સાચો પડે એવી ભીતિ તેના વદન પર પથરાઈ ગઈ.

'તરત જ તે ત્યાંથી ઊઠીને બીજા ખંડમાં ચાલી ગઈ અને ધ્રુસકે ધ્રુસકે રડવા માંડી –ખૂબ રડી!

'પણ થયું શું એ તો કહે. આમ એકસામટી રડ્યા કેમ કરે છે?' બિહારીએ રાત્રે તેના રુદનનું કારણ જાણવા ખૂબ પ્રયાસ કર્યો. પરંતુ જશોદાનું હડધૂત થયેલું માતૃત્વ તો પોતાના બાળકમાં જ મગ્ન બની ગયું હતું. તે સજળ નયને પોતાની બાળકીને વધારે બળથી આલિંગન દઈ રહી હતી. એના દુભાયેલા હૈયામાં જેમ વધુ આક્રંદ ઊઠતું હતું તેમ તે પોતાની પુત્રીમાં વધારે એકરસ થઈ જઈ રહી હતી.

એ રાત્રે બિહારીની વારંવારની પૃચ્છાના પ્રત્યુત્તરમાં 'કંઈજ થયું નથી. એ તો ઘર છે તે બોલવા–ચાલવાનું થાય. એમાં તમને શું કહું?' એ સિવાય એણે કંઈજ ન કહ્યું. ગૃહક્લેશનું તે કારણ બનવા ઇચ્છતી ન હતી. જેમ એનું માતૃત્વ એના બાળકને માટે પ્રાણાર્પણ કરવા તત્પર હતું તેમ એનું ગૃહિણીપદ જાતે દુઃખ વેઠીને પણ ઘરમાં સૌની વચ્ચે સુમેળ જાળવી રાખવા માટે જાગૃત હતું.

મોડી રાત્રે છેવટે થાકીને બિહારી તો નિદ્રાધીન થઈ ગયો. પરંતુ જશોદાની આંખમાંથી ઊંઘ ઊડી ગઈ હતી. તેણે બે ત્રણ વખત દીવો પેટાવીને પોતાની બાળકપુત્રીના દૂધથી ભર્યાભર્યા રૂ જેવા નરમપોચા દેહને ધરાઈને નિહાળી લીધો હતો. પોતાની સાસુએ ક્રોધમાં કહેલું પેલું અમંગલ વેણ: 'કુંભારના નિભાડામાં એકાદ વાસણ ફૂટશે તો એમાં શું મોટું આભલું ઊંધું પડી જવાનું છે?' તેના અંતરમાં ફડફડાટ મચાવી રહ્યું હતું. આખી રાત અનિદ્રા અને અજંપામાં તરફડિયાં મારતી તે પથારીમાં પાસાં ઘસતી પડી રહી.

છેક વહેલાં પરોઢિયે એની આંખ સહેજ મિચાઈ–ન મિચાઈ ત્યાં તો 'હાલ, બાપલા! હાલ!' એમ કહીને ખેતર ભણી જઈ રહેલા ખેડૂતોના મીઠા ડચકારા અને બળદોની ઘંટડીઓના મધુર રણકારે તેને જગાડી દીધી. સૌ પ્રથમ તેની નજર તેની પુત્રી તરફ ગઈ. તેણે પયપાન કરાવવા એણે ખોળામાં લેતાં જ તે ચમકી ઊઠી. બાળકી ઠંડી હિમ પડી ગઈ હતી. હરણફાળ ભરતાંક તે ખાટલામાંથી નીચે કૂદી પડી. આંખના પલકારામાં દીવો કર્યો. દીકરી સામે ધર્યો ન ધર્યો ત્યાં તો 'ધબ્' કરતોક એ દીવો એના હાથમાંથી નીચે પડી ગયો. દીવાની જ્યોત પહેલાં જ દીકરીની જીવનજ્યોત બુઝાઈ ગઈ હતી.

આખું ઘર જાગી ઊઠ્યું. પાડોશીઓ દોડી આવ્યાં. આવતાંવેંત બાળકીને જોઈ બધાં હેબતાઈ ગયાં: 'છોડીને કંઈ ઝેરી જનાવર કરડી ગયું છે. જુઓને! લીલીછમ થઈ થઈ ગઈ છે ને?' એ જ વખતે જશોદા ફાટી આંખે મંગુડોસી તરફ જોઈ રહી!

★

કંકોત્રી

લેખક :

શ્રી પ્રબોધ જોશી

બી. એસસી.

લગ્ન એ એક એવો વિષય છે કે જેની સાથે ધન, વિદ્યા, કીર્તિ, સુખ, દુઃખ વગેરે બધા જ પ્રશ્નો સંકળાયેલા છે. પણ લગ્ન સાથે એક વિભાગ રહી ગયાનો ખ્યાલ મને મારા પ્રિન્ટિંગ પ્રેસના ધંધામાંથી આવ્યો.

થોડા વખત પર એક મિત્ર મળ્યા. મને પૂછ્યું : 'કેમ, મહેરબાન હમણાં હમણાંના તમારા લેખ કંઈ દેખાતા નથી ?' મેં કહ્યું : 'ભાઈ લેખકજીવનમાં લાગેલા કડવા અનુભવો પછી મેં પ્રિન્ટિંગ પ્રેસનો ધંધો...'

'એમ કે ? સરસ સરસ ! તેં ઘણું સારું કર્યું. મારે મારા લગ્નની કંકોત્રી છપાવવી હતી. નકામો ખર્ચ થાત, હવે તો તું જ છાપી આપજે.'

પ્રિન્ટિંગ પ્રેસના ધંધાને લગ્નજીવનની શરૂઆતની જાહેરાત સાથે આટલો મોટો સંબંધ છે, તેની મને ત્યારે જ ખબર પડી.

કંકોત્રી જેવા મહાન વિષયને ગુજરાતી સાહિત્યમાં સ્થાન–નહિવત્ સ્થાન અપાયું છે જાણીને મને દુઃખ થયું. કંકોત્રીને કેટલાક આમંત્રણપત્રિકા ગણે છે. અલબત્ત ! એ આમંત્રણ તો છે જ પણ તેમાં લખ્યા મુજબ 'શોભામાં અભિવૃદ્ધિ' કરવાનું નહિ, પણ લગ્નના ખર્ચના ફંડમાં ચાંલ્લા દ્વારા મદદે આવવાનું.

આપણે લોકો જૂઠા થઈ ગયા છીએ. મારો એક સાચાબોલો મિત્ર એના લગ્નની કંકોત્રી છાપવા આપી ગયો ત્યારે કહી ગયો કે તેનો 'ડ્રાફ્ટ' તું જ લખજે અને બધી વિગતો સાચી જ આપજે. તેની કંકોત્રી મેં આ રીતે લખી હતી:

'રા. રા.

વિ. વિ. જે અમારા પુત્ર ભાઈ
રમણલાલનું શુભ લગ્ન ફલાણા મહિના
ઢીંકણી તારીખે, ફલાણાની પુત્રી ઢીંકણી
જોડે, ફલાણી પોળના ઢીંકણા ખાંચામાં
ફલાણા નિવાસમાં, ઢીંકણા ટાઈમે થશે.
ફલાણા ઠેકાણે વરઘોડાના ટાઈમે ઢીંકણા
સાથે આવી જશો.

લિ. ફલાણા

તા. ક. ચાંલ્લો લેવાનો છે.'

દેખીતી રીતે જ મારે તે મિત્રની
મફત છાપવાની હતી એટલે ચાંલ્લો લેવાનો
નથી. ને બદલે 'છે' નો તેમણે વિશેષ
કર્યો અને પ્રિન્ટરની ભૂલ ગણાવી વહેંચી
તેના મિત્રો અને સગાંવહાલાંમાં
સારી એવી અસર પડી અને તેને ચાંલ્લો
સારો આવ્યો. મને લાગે છે કે દરેક કંકોત્રી
આવું જ લખાવું જોઈએ.

પણ કંકોત્રીમાં સાચું જ લખવાની
પડી જાય તો આવા જમાનાની રીતભાત
હીલચાલ અને પ્રવૃત્તિઓનો અભ્યાસ
મને લાગે છે, કે મારા પ્રેસમાં મારે
મુજબની કંકોત્રીઓના નમૂનાઓ રાખવા

(૧)

રા. રા.

વિ. વિ. સાથે જણાવવાનું કે
પુત્ર ચિ. મહેશચંદ્ર કે જેઓએ અગાઉ
કાંતિલાલની પુત્રી રમા સાથે પરણવા
ફાંફાં મારેલાં તેમનાં લગ્ન શેઠ સુમંતભાઈ
પુત્રી સુમિત્રા કે જેણે શેઠ નાનુભાઈના
પ્રકાશ સાથે પરણવા પ્રયત્નો કરેલાં
તેની સાથે પરણવા મુકુંદરાયે ફાંફાં
તેની સાથે ફલાણે દિવસે થશે.

(૨)

રા. રા.

અમારા ચિ. ભાઈ ગિરીશનાં લગ્ન તા. ૧લી એપ્રિલે સાંજે ૭ વાગે ડાંગ મુકામે થશે.

લિ......

તા. ક. લગ્નનું સાજન જાનરૂપે જવાનું છે. બધાંને અમે સાથે લઈ જઈ શકીએ તેમ નથી અને બધાંને આવવાની જરૂર પણ નથી. જેની જરૂર છે તે ચાંલ્લો ૩૧મી માર્ચ સુધીમાં ઉપરને સરનામે આપી જવો.

(૩)

તા. ક. જમણમાં ૨૪થી વધારે જમાડવાની મનાઈ હોવાથી અમે માત્ર રૂા. ૫૧ ઉપરનો ચાંલ્લો કરનારને જ જમવા આમંત્રવાનું નક્કી કર્યું છે. ૨૪ માણસ થઈ જાય તે પહેલાં તમારા ૫૧ રૂપિયા આપી આમંત્રણ મેળવી લેવાની તક ગુમાવશો નહિ.

તા. ક. ની તા. ક. ૨૪ માણસની બીજી પંગત બીજાને ઘેર બેસાડવાની યોજના વિચારાઈ રહી છે. વધુ માહિતી માટે રૂા. ૧૧ ઉપર ચાંલ્લો કરવાની ઇચ્છાવાળાએ રૂબરૂ મળી જવું.

(૪)

તા. ક. અમે જેમને ત્યાં ચાંલ્લો કર્યો છે તે સર્વને આ કંકોત્રી દ્વારા ખબર આપીને જણાવવાનું કે અમારે ત્યાં આ એક માત્ર ટાણું હોઈને અમે ચાંલ્લો લેવાનું નક્કી કર્યું છે તેની ખાસ નોંધ લેવી.

(૫)

તા. ક. અમે ચાંલ્લો ચાર રીતે સ્વીકારીશું: (૧) રૂબરૂમાં, (૨) મનીઑર્ડરથી, (૩) ચેકથી, (૪) પ્રેઝન્ટના રૂપમાં.

(૬)

તા. ક. ચાંલ્લો લેવાનો છે.

તા. ક. ની તા. ક. ઈન્કમટેક્સના લફરા અંગે અમે આ લગ્નમાં ખોટ બતાવવા ઇચ્છતા હોઈ કોઈને પણ ચાંલ્લાની રસીદ આપવામાં આવશે નહિ.

(૭)

વિ. વિ. સાથે જણાવવાનું કે અમારા મોટાભાઈ મુ. પ્રકાશચંદ્ર(ઉ. વ. ૩૭)ના લગ્નનું મુહૂર્ત ચૈત્ર સુદ નોમને દિવસે આવે છે. તો જો કોઈ કન્યા કુંવારી હોય અને પરણવા તૈયાર હોય તો નીચેના હોલમાં લઈને આવવું. અમે વરઘોડો લઈને ત્યાં આવીશું.

(૮)

તા. ક. ચાંલ્લો લેવાનો છે તે તો તમે જાણતાં જ હશો. પણ એક વિશેષ જાહેરાત એ કરવાની કે જો અનિવાર્ય સંજોગોને લીધે લગ્ન બંધ રહેશે તો ચાંલ્લો પાછો આપવાને અમે બંધાતાં નથી.

(૯)

અમારી પુત્રી કુ. સુલતાનાં લગ્ન રવિવારે સવારે નિરધાર્યાં છે. તેનાં લગ્ન રમેશ અથવા તો ભોમેશ સાથે થશે. વર નક્કી કરવા શનિવારે તેઓ વચ્ચે નીચેની હરીફાઈઓ યોજાશે: (૧) ટેનીસ, (૨) બેડમીન્ટન, (૩) પીંગપોંગ, (૪) હુતુતુતુ, (૫) સરબાજી–પત્તાંની. દરેક રમતનું એક પોઇંટ ગણાશે. ત્રણ પોઈંટ મેળવનાર સાથે સુલતા પરણશે.

તા. ક. એ હરીફાઈ જોવા આવો ત્યારે ચાંલ્લો લાવવાનું ભૂલતાં નહિ.

(૧૦)

તા. ક. ચાંલ્લો કરનારની અપૂર્વ તક. જો આ યુગલ છૂટાછેડા લેશે તો ચાંલ્લાના પૈસા પાછા આપવાની અમે ગેરંટી આપીએ છીએ.

(૧૧)

તા. ક. અમારે ત્યાં આવેલા ચાંલ્લાનો પાંચમો ભાગ બિહાર અન્નસંકટ રાહત ફાળામાં આપીશું. દેશના કાર્યમાં મદદ કરવા અમારી ચાંલ્લાની થેલીઓ છલકાવી દો.

★

મોહપટ

લેખક :
અધ્યા. અરુણોદય ન. જાની
એમ. એ; 'કાવ્યતીર્થ'

તત્ત્વજ્ઞાનના વિષયમાં સૌથી મોખરે રહેવાનું માન જો કોઈ પણ દેશને આપવામાં આવે, તો તે ભારત વર્ષને જ મળે. વેદકાળથી માંડીને આપણે ત્યાં ચિંતનની ધારાઓ વહેવા માંડી છે. એ ધારાઓ ઉપનિષદોમાં ઉત્તમ કોટિ પ્રાપ્ત કરે છે. ઉપનિષદો ભારતવર્ષમાં જ નહિ પરંતુ સમગ્ર વિશ્વના સાહિત્યમાં તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ અદ્વિતીય સ્થાન ધરાવે છે. તેના ઊંડા અને સચોટ તત્ત્વજ્ઞાને શૉપેન હાવર જેવા પાશ્ચાત્ય વિદ્વાનોને પણ મુગ્ધ કરી દીધા છે. તત્ત્વજ્ઞાનના કોઈ પણ અભ્યાસીને ઉપનિષદોનું અધ્યયન અનિવાર્ય છે. ઉપનિષદોની તત્ત્વજ્ઞાન સમજાવવાની પદ્ધતિ પણ હૃદયંગમ છે. અઘરામાં અઘરું તત્ત્વજ્ઞાન–ઝીણામાં ઝીણી બાબત પણ એકાદ નાનકડા દૃષ્ટાંત દ્વારા સચોટ રીતે પ્રતિપાદન કરવાની કળા ઉપનિષદોમાં ખૂબ સુંદર રીતે વિકાસ પામી છે. આ કળાનો એક નમૂનો આપણને છાંદોગ્ય ઉપનિષદના છઠ્ઠા અધ્યાયના ચૌદમા ખંડમાં નજરે પડે છે.

અરુણના પુત્ર ઉદ્દાલકને એક પુત્ર હતો. તેનું નામ હતું શ્વેતકેતુ. શ્વેતકેતુ બાર વર્ષનો થયો પરંતુ એને અધ્યયન પ્રત્યે અભિરુચિ નથી એમ પિતાએ જાણ્યું. પિતાએ પુત્રને બોલાવી મૃદુ ઠપકો આપ્યો, 'બેટા! જે બ્રાહ્મણ વિદ્યા મેળવીને વિદ્વાન થતો નથી, તે બ્રાહ્મણ કહેવાતો નથી. એ તો બ્રહ્મબંધુ–નામનો જ બ્રાહ્મણ કહેવાય. આપણા કુળમાં હજુ સુધી આવો કોઈ પણ બ્રહ્મબંધુ પાકયો નથી. તું જો વેદાભ્યાસ નહિ કરે તો આપણા કુળનું ગૌરવ હણાશે. લોકો તને બ્રહ્મબંધુ કહેશે; આપણે નીચે જોવું પડશે.'

પિતાના શબ્દોની ધારી અસર શ્વેત
ઉપર પડી. બાર વર્ષનો બાળક અભ્યા
કરવા માટે ગુરુને ઘેર ગયો. બાર
સુધી વેદ, વેદાંગ વગેરેનો અભ્યાસ
ચોવીસ વર્ષની ઉંમરે પોતાને ઘેર પા
ફર્યો. પરંતુ આ શ્વેતકેતુ મૂળનો શ્વેત
રહ્યો ન હતો. આ શ્વેતકેતુના મસ્તકમાં
વિદ્યાનો ઘમંડ, એની બુદ્ધિમાં હતો અ
માનનો કીડો, એના વર્તનમાં હતો ભારોભા
અવિવેક. ગુરુગૃહેથી આવી પિતાને પ્રણા
પણ કર્યા નહિ. એને થયું પિતા કરતાં
મારું જ્ઞાન અધિક છે. પુત્રની આ સ્થિ
જોઈ પિતાએ નિર્ણય કર્યો, કે એણે જે વિ
પ્રાપ્ત કરી છે, તે સાચી વિદ્યા નથી. જો એ
ન હોત તો બાળકમાં અવિનય પ્રવેશ્યો
હોત. પિતાએ એક દિવસ પુત્રને પૂછ
'વત્સ! તું ભણ્યો, પરંતુ તેં એવું જ્ઞાન પ્રા
કર્યું છે, કે જેમાં માત્ર એક જ વસ્તુ
જ્ઞાનથી જગતની સર્વ કોઈ વસ્તુનું જ્ઞા
થાય?' પંડિતંમન્ય પુત્રનું અભિમાન આ
જ પ્રશ્ને ખંડિત કર્યું. એને સાચું ભા
આવ્યું. એણે પોતાનું તે વિષયનું અજ્ઞા
કબૂલ કર્યું. પિતાની પાસે નમ્ર બની પોતા
આ જ્ઞાન આપવા પ્રાર્થના કરી. પિતાએ
પુત્રને સમજાવ્યું: 'જો! જેમ માટીના એ
પિંડને ઓળખતાં માટીની સર્વ વસ્તુઓ
સમજાય છે, જેમ સોનાની એક લગડી
જ્ઞાનથી સોનાના દરેક પદાર્થનું જ્ઞાન થા
છે, અને જેમ નખ કાપવાની લોખંડની એ
નરેણીને ઓળખતાં લોખંડની બધી વસ્તુઓ
જ્ઞાન થાય છે તેમ એક બ્રહ્મને ઓળખવા

જગતના દરેક પદાર્થનું જ્ઞાન થાય છે. બ્રહ્મ-જ્ઞાન જ સર્વજ્ઞાનની ચાવી છે.' પુત્રને આમાં ખૂબ રસ પડ્યો. એણે પિતાને કહ્યું: 'ખરેખર, પિતાજી મારા ગુરુ આવું જાણતા નહિ હોય, એટલે જ એમણે મને આવું જ્ઞાન ન આપ્યું. હવે તો આપ જ મને આ વિષયમાં વધુ ઉપદેશ આપો.' અને પછી તો પિતાએ શ્વેતકેતુને એક सत्‌માંથી કેવી રીતે સૃષ્ટિની ઉત્પત્તિ થઈ, એ सत्‌तत्त्व જગતના સર્વ પદાર્થોમાં કેવી રીતે વ્યાપીને રહ્યું છે વગેરે સચોટ દૃષ્ટાંતો આપીને સમજાવ્યું.

આ सत्‌तत्त्वને પ્રાપ્ત કરવાનું સાધન શું હોઈ શકે? એ સમજાવવા પિતાએ તેને નીચેનું સમજવા જેવું દૃષ્ટાંત આપ્યું:

ગંધાર (કાબુલમાં આવેલું હાલનું કંદહાર) દેશના એક માણસને કેટલાક ચોર લોકોએ એક સમયે પકડ્યો. તેની આંખો ઉપર એક મજબૂત પાટો બાંધી દીધો, જેથી તે પોતાને કયે માર્ગે લઈ જવામાં આવે છે તે જોઈ ન શકે. ત્યાર બાદ આ ચોરો તેને દૂરદૂર લઈ ગયા અને તેને એક ભયંકર જંગલમાં રખડતો મૂકીને ચોર લોકો નાસી ગયા. બિચારો ગાંધાર પુરુષ! હાથપગ બાંધેલા છે, આંખે પાટો હોવાથી રસ્તો દેખાતો નથી. ભૂખ અને તરસ એને પીડી રહ્યાં છે. જંગલમાં કોઈ માણસ નથી. કેવળ વાઘ, સિંહ જેવાં જંગલી પ્રાણીઓના અવાજો વારંવાર સંભળાય છે. ગાંધાર પુરુષ અકળાઈ ગયો. એણે ચારે બાજુએ બૂમો પાડવા માંડી: 'અરે કોઈ મને બચાવો, મને કોઈ છોડાવો. મને ચોર લોકો ગંધાર દેશમાંથી આંખે પાટો બાંધી લાવ્યા છે. મને આ જંગલમાં છોડી દીધો છે. મને મારા વતનનો માર્ગ બતાવો!'

સદ્‌ભાગ્યે એક દયાળુ માણસ ત્યાંથી નીકળ્યો. ગાંધાર પુરુષની આંખનો પાટો તેણે દૂર કર્યો અને તેને માર્ગદર્શન કરતાં કહ્યું: 'ભાઈ! તારો ગંધાર દેશ આ દિશામાં આવ્યો. તું આ દિશામાં જા.' ગાંધાર પુરુષને રસ્તો મળ્યો. લોકોને પૂછતો પૂછતો આ બુદ્ધિશાળી પોતાને વતન પહોંચ્યો.

ભાષ્યકાર શ્રીશંકરાચાર્ય આ દૃષ્ટાંતનું રહસ્ય સમજાવતાં લખે છે કે—ગંધાર દેશ તે બ્રહ્મલોક,—सत्‌तत्त्व; અને ગાંધાર પુરુષ તે જીવાત્મા. આ અસલ વતનમાંથી જીવાત્માના પાપપુણ્યરૂપી તસ્કરો તેની આંખે મોહરૂપી પાટો બાંધી તેને આ પાંચ ભૂતોથી બનેલા દેહરૂપી જંગલમાં લાવે છે. એટલે કે મુક્ત થયેલો જીવાત્મા પોતાના પાપપુણ્યના યોગે સંસારમાં પ્રવેશી દેહ ધારણ કરે છે. ત્યાં પત્ની, પુત્ર, મિત્ર, બંધુ વગેરે અનેક વિષયપાશોથી તે બંધાય છે. તેનું સાચું જ્ઞાન નાશ પામે છે. તે પોતાનું મૂળ સ્વરૂપ ભૂલી જાય છે. તેનાં નયનો ઉપર મોહનું પડળ છવાઈ જાય છે. પોતે અસંગ હોવા છતાં તેને લાગે છે કે, 'હું તો અમુકનો પુત્ર છું, અમારા બંધુઓ છે, હું સુખી છું, હું દુ:ખી છું,' વગેરે અને 'મારો પુત્ર મરી ગયો, મારું ધન હરાઈ ગયું, અરેરે! હું મરી ગયો. હવે મારું શું થશે? મારું રક્ષણ કોણ કરશે?' આ પ્રમાણે તે આર્તનાદ કરે છે. એવામાં એના પુણ્યના પ્રતાપે એને કોઈ બ્રહ્મવેત્તા પુરુષ—ગુરુ—મળી જાય છે. તે તેને સમજાવે છે: 'ભાઈ! તું સંસારી નથી. કોઈ તારો પિતા નથી. કોઈ તારો પુત્ર નથી. તું તો તે જ પરમ सत्‌तत्त्व છે, જેમાંથી આ જગત ઉત્પન્ન થયું છે.' ગુરુનાં વચનોથી तत्त्वमसि વાક્યથી તેનો મોહપટ ખસી જાય છે. એનું મનન, નિદિધ્યાસન કરીને તે પોતાના અસલ વતન सत्‌तत्त्वને પામે છે, બ્રહ્મમાં લીન થાય છે.

★

બાળકના વિકાસમાં

માબાપની ફરજ

[ગતાંકથી સંપૂર્ણ]

લેખક :

ડૉ. એમ. ડી. આડતિયા

એમ. ડી. બી. એસ. સી;

બાળકને કોઈ પ્રકારની ફરજ પાડવાને બદલે તમારા ચારિત્ર્ય દ્વારા પ્રેરણા આપો. કોઈ વખત તમને તેનું વર્તન કંટાળાજનક થઈ પડે ત્યારે તમે સૂક્ષ્મતાથી ચોમેરની પરિસ્થિતિનું અવલોકન કરો અથવા તે જેના ગાઢ સંબંધમાં રહેતું હોય, તેનો અભ્યાસ કરો અને તમને તેનું સચોટ કારણ મળી આવશે. 'તને કાંઈ આવડતું નથી,' એમ કહેવાને બદલે 'તેં આ સારું કર્યું છે, પણ વધુ પ્રયાસ કરીશ તો આથી સરસ કરી શકીશ,' એમ કહેવાની આદત પાડવી. તેને ઉતારી પાડવાને બદલે આ રીતે પ્રોત્સાહન આપવાથી તેના પર સચોટ અસર થાય છે, અને તેના હક્ક ઉપર તરાપ નહીં મારો તો એ બીજાના હક્કનો પણ વિચાર કરતાં શીખશે. આ રીતનું પ્રત્યક્ષ જ્ઞાન તેને ભવિષ્યમાં પણ ઉપયોગી થશે. જો તે પોતાના સ્વમાનની કિંમત સમજતાં શીખશે તો બીજાનું સ્વમાન સાચવવું તેને મુશ્કેલ નહિ લાગે. માટે તમારા પ્રત્યેક વર્તનની જવાબદારી સમજીને તમે તેની સમક્ષ તમારો આદર્શ મૂકશો, તો જ સફળતા મેળવશો. તેને ઘડતાં પહેલાં પોતાની જાતને ઘડવાની અગત્ય વિશેષ છે.

બાળક પર આપણે સમજી શકીએ તે કરતાં પણ વધુ જોખમ, તેના મન ઉપર જે દૃઢ સંસ્કારો બાળપણ દરમ્યાન પડે છે તેનું હોય છે. જ્યારે સામાન્ય કુતૂહલથી તે પોતાની દુનિયાને સમજવા કોશિશ કરે છે, તે સમયે માતાપિતા વચ્ચેની અથડામણો તેને ગૂંચવણમાં નાખી દે છે. તેના કુમળા મગજ પર તેની જે પ્રથમ છાપ પડે છે, તે બિનસહમતીની હોય છે ને તેના મનમાં અવિશ્વાસ જગાવે છે, તેને લીધે તે અસ્વસ્થ બની જાય છે. દરેક તબક્કામાંથી પસાર થતાં મનુષ્યને કેટલાય કડવા અનુભવો થાય છે, પણ બાળપણના જેટલા આઘાતજનક નથી નીવડતા. એ સમયે પડેલા સંસ્કારો જીવન પર્યંત લુપ્ત થતા નથી, તેને પરિણામે બાળકને ભવિષ્યમાં શારીરિક કે માનસિક રીતે કાંઈ ને કાંઈ શોષવું પડે છે. આ રીતે માતાપિતાની વિકૃતિનું અજાણ્યે પણ નર્દોષ બાળક કેવી રીતે ભોગ થઈ પડે છે, એ સમજવું અગત્યનું છે.

બાળક પ્રત્યે સ્નેહનો ગમે તેટલો દંભ કરવામાં આવે, છતાં ય તે કુટુંબમાં પોતાનું સ્થાન કેવું છે તે બરાબર સમજી શકે છે. કેટલીક વખત બાહ્ય આડંબરથી માબાપ છેતરાય છે, પણ બાળક કદી એવી ભૂલ કરતું નથી. તેની આસપાસના વાતાવરણમાં રહેલા વિકારો જેવી રીતે તેને સ્પર્શે છે, તે પ્રમાણે પ્રેમ, વિશ્વાસ કે આદર જોવામાં આવે તો તેને પણ તે એ જ પ્રમાણે ગ્રહણ કરે છે. તદ્દન નાનું બાળક પણ આ સહેલાઈથી સમજી શકે છે. કોઈ વખતે ઉશ્કેરાટમાં માતા બાળકને ધવરાવે છે તો તે દૂધ ઊલટી દ્વારા નીકળી જાય છે અથવા બાળક પાચન કરી શકતું નથી. તેની આસપાસના વાતાવરણની અશાંતિ બાળકને પણ બેચેન બનાવે છે.

અનિચ્છાએ ઉત્પન્ન થયેલાં બાળકો માતાપિતાની અવગણનાથી આવી જ અશાંતિ અનુભવે છે. તેમનો અનાદર કે ઉપેક્ષા

તેમના મનમાં વિમાસણ ઉપજાવે છે. પરિણામે તેઓ એકાંતપ્રિય બનતાં જાય છે. તેમની નાજુક ઊર્મિઓ કચડાઈ જાય છે, તેને લીધે તે નિરુત્સાહી અને લાગણીશૂન્ય થતાં જાય છે. વારંવાર થતા કડવા અનુભવોથી તે નિર્બળ, નિસ્તેજ, બીકણ અને અસ્થિર બનતાં જોવામાં આવે છે. પ્રોત્સાહનને અભાવે તેમનો માનસિક વિકાસ પણ યોગ્ય રીતે થઈ શકતો નથી; તેને લીધે તેઓ સંકુચિતતા અનુભવે છે. બીજાં બાળકોને પોતાના કરતાં વધુ લાડ અને આદર પામતાં જોઈને તેઓ ઈર્ષાળુ પણ બને છે, તેમ જ માતાપિતા પ્રત્યે પણ તેમના દિલમાં આદર ઉત્પન્ન થતો નથી. પરિણામે કાં તો તે બંડખોર બને છે અથવા તો દબાઈ જવાને લીધે જડબુદ્ધિ થઈ જાય છે. આવા કટુતાભર્યા અનુભવો, કે તિરસ્કારની લાગણી તેમના કુમળા દિલ પર પ્રહાર કરે છે અને તેના માનસિક પ્રત્યાઘાત તેમને સમાજના શત્રુરૂપે બદલો લેવાને ગુનેગાર થવા પ્રેરે છે. કેટલાય ઝનૂની ગુનાખોર માણસો માતાપિતાના આવા અનાદર કે અન્યાયમાંથી જ ઉત્પન્ન થતાં હોય છે, તે કોઈ સમજી શકતું નથી. બાળકને આવા પ્રકારની વિકૃતિમાંથી બચાવવા માટે તેના પ્રત્યે સ્નેહભર્યો વર્તાવ રાખો. શરીર બળવાન હોય તેનું મન પણ તેવું જ બળવાન હોય તેવો કોઈ નિયમ નથી. શારીરિક જરૂરિયાતોની ઉપેક્ષાને લીધે જેમ શરીરને હાનિ પહોંચે છે, તેજ પ્રમાણે માનસિક જરૂરિયાતો પ્રત્યે દુર્લક્ષ કરવાને લીધે પણ એવાં જ ગંભીર પરિણામો નીપજે છે. પછી ભલે તે આપણને તરત પ્રત્યક્ષ ન થાય, છતાં ગમે તેટલો લાંબા સમયે પણ જેને માટે પોતે જવાબદાર નથી તેવું નિર્દોષ બાળક તેનો–સંસ્કારોનો ભોગ બન્યા વગર રહેતું નથી. ઘણાં માતાપિતા બાળકની સ્વચ્છતા, તેનો પૌષ્ટિક ખોરાક, અભ્યાસ એ બધાં તરફ ધ્યાન આપવાની પોતાની ફરજ સમજે છે અને તે તરફ ધ્યાન આપે છે, છતાં તેથી પણ વધુ મહત્ત્વની બાબત છે તે તેના માનસિક પોષણની અગત્યતા, તે તેમને કદી સમજાતી નથી. બાળકને પ્રફુલ્લિત ને વિશ્વાસુ બનાવે તેવું સ્નેહભરપૂર વાતાવરણ, લાગણી, આદર, શ્રદ્ધા અને હૂંફ જે તેની માનસિક જરૂરિયાત તરીકે આવશ્યક છે, તેની તેઓ કદર કરી શકતાં નથી. પરિણામે જે વિસંવાદી વાતાવરણમાં બાળક ઊછરે છે, તેનો પ્રતિકાર ન કરી શકતાં બાળક તેની કમનસીબીનો ભોગ થઈ પડે છે.

સામાન્ય રીતે માતાપિતા તેમની વચ્ચેની કોમળ લાગણીઓ બાળકની દૃષ્ટિએ પડે તેમ ઇચ્છતાં નથી, પરંતુ તેથી વધુ નુકસાનકારક, પરસ્પર વિરોધ કે કટુતાની લાગણી બાળક જુએ તો તેમને તેમાં કાંઈ અનિચ્છનીય લાગતું નથી. આને લીધે બાળકની દૃષ્ટિએ તેમની એક જ–વિરોધની જ બાજુ ખડી થાય છે, અને તેની વિપરીત અસર તેના મન ઉપર પડે છે. બાળકને મન આખી સૃષ્ટિનું કેન્દ્ર તેનાં માતાપિતા જ હોય છે. તેનાથી વધુ મહાન કે શક્તિશાળી તેને બીજું કોઈ એ સમયે લાગતું નથી. તેમને આદર્શ ગણીને તે હંમેશાં તેમનું અનુકરણ કરવા ઇચ્છે છે. જ્યારે તેમનો કલહ કે ગુસ્સાનો આવિર્ભાવ તે પ્રથમ નિહાળે છે, ત્યારે તેને આઘાત થયા વિના રહેતો નથી. તે પ્રથમ તો એથી સ્તબ્ધ બની જાય છે. પણ પછી ટેવાઈ જતાં તેમના પ્રત્યે એટલી આદરની ભાવના તેના દિલમાં રહેતી નથી; એટલું જ નહીં, પણ લગ્નજીવન વિષેના તેના ખ્યાલો પણ તેનાં માતાપિતાના જીવનના આધારે જ તે બાંધે છે. આથી તેના ભાવિ જીવનમાં પણ આની અસર પડે

છે. શરૂઆતમાં બંધાયેલા પૂર્વગ્રહો એકાએક દૂર થઈ શકતા નથી અને બાળકને આની છાપ જીવનભર સાલે છે.

બીજાં પ્રાણીઓની જેમ મનુષ્ય-બાળક પણ આફત સમયે ભય અનુભવે છે. કોઈ તેના માર્ગમાં આવે કે તેનું કાંઈ છીનવી લે તો તે ગુસ્સે થાય છે કે લડવાની મનોવૃત્તિ અનુભવે છે. અજાણી વસ્તુ જોતાં તેનામાં કુતૂહલ જાગે છે અને તેને તપાસી જોવાની તેને ઇચ્છા થાય છે. પોતાની જાતને સુખ મળે અને બીજાઓ કરતાં હું વધુ સારું છું એમ દેખાડવાની તેને વૃત્તિ થાય છે. છતાં દરેક વખતે પોતાના આવેગ પ્રમાણે તે વર્તી શકતું નથી. આ બધી બાળક-માત્રની સાહજિક-પ્રાકૃતિક ઊર્મિઓ છે. સૌની એ જ જાતની વૃત્તિ હોય છે. જાનવરો આવી વૃત્તિઓનું બુદ્ધિપૂર્વક નિયંત્રણ કરી શકતાં નથી; જ્યારે માનવબાળને સંજોગાનુસાર આ બધી ઊર્મિઓનું નિયંત્રણ કરતાં શીખવી શકાય છે અને બાળપણથી જ નિયંત્રિત થયેલી આ ઊર્મિઓને યોગ્ય દિશા-સૂચન કરી વધુ સારા ઉદ્દેશ માટે વાળવામાં આવે, તો તે તેના ભાવિ જીવનમાં ઘણી જ મદદરૂપ થઈ પડે છે અને તેનો સમાજના હિત માટે ઉપયોગ કરવાની પ્રેરણા આપણે બાળપણથી આપી શકીએ છીએ.

ભયમાં કાયરતા હોય તો તે દૂર કરવી જોઈએ, પણ તેને સ્થાને દુરાચારની બીક કે સમાજમાં અપ્રતિષ્ઠિત થવાની કે અપ્રમાણિક બનવાની બીક કેળવીએ તો તે એક કિંમતી સદ્‌ગુણ બની જાય છે; માટે બીકનું રૂપાંતર આ રીતે કરાવવું જોઈએ.

એ રીતે ગુસ્સો કે આક્રમણની લાગણીનો પણ સમાજની કુરૂઢિઓ કે બૂરાઈ સામે ઉપયોગ થવો જોઈએ. નિર્બળના રક્ષણ માટે પણ તેનો ઉપયોગ થાય તે ઇચ્છવાજોગ છે. આ પ્રમાણે આ લાગણીનું પરિવર્તન સા જિક હિતમાં કરી શકાય.

કુતૂહલને પણ આપણે વધુ સારા કા માં વાળી શકીએ. સામાજિક ઉન્નતિ કેવા પ્રયોગો કરવા તેની જિજ્ઞાસા ધરા તે સારું છે, એ જ પ્રમાણે વૈજ્ઞાનિક શો ખોળો કરવામાં પણ જરૂર તેને વાળી શક

આ રીતે બાળપણથી આવેગોનું નિયં કરીને તેને વિવેકપુર:સર યોગ્ય માર્ગે વા વાની કેળવણી મળે, તો તેનો સદુપયોગ ગણી શકાય. જો ધાકથી આ બધા આવે દબાવી દેવામાં સફળતા મેળવાય તો કદ બાળક પ્રામાણિક સજજન બની શકે, તેનાથી તે પોતાના ક્ષેત્રમાં અગ્રણી થવ કે કોઈ કાર્યમાં ફતેહ મેળવી નામના કા વાની યોગ્યતા પ્રાપ્ત કરી શકે નહિ. માટે તો તેનો સ્વતંત્ર રીતે વિકાસ થ તેવી દોરવણી મળે તો જ તે પ્રગતિ સા શકે. સમજપૂર્વકનું નિયંત્રણ અને યો સૂચનો કે દૃષ્ટાંત દ્વારા જ તેમાં સફ મેળવી શકાય અને તે તેના જીવનને ઉ બનાવવામાં સહાયભૂત નીવડે.

ખોટી ધમકી અથવા તો કડકાઈ બતા બાળકને કદી દબાવી ન દેવું. એથી માનસ સ્વતંત્ર રીતે કાર્ય કરવા શક્તિ થતું નથી અને તેનો વિકાસ રૂંધાઈ છે. તેને કાંઈ કરતું રોકવા માટે ડરાવવ પદ્ધતિ પણ ખોટી છે. નાનપણમાં ઘણાં મા પિતા 'બાવો કે પોલીસ લઈ જશે,' બીક બતાવે છે, જેને પરિણામે તે ડર બની જાય છે. ઘણાં બાળકો એને લીધે થયા પછી પણ અંધારામાં એકલાં ડરે છે. એ જ રીતે વધુપડતો શિસ્તપાલ આગ્રહ રાખવો પણ નિરર્થક છે. તેને પડતું આજ્ઞાંકિત બનાવી દેવાથી તેની સ્વ વિચારશક્તિ કેળવાતી નથી અને તેમ

વલંબી બનવાની ટેવ પડી જાય છે, જે તેને ભવિષ્યમાં આગળ વધતાં અટકાવે છે. તેને યંત્રવત્ અનુસરવાની ટેવ કદી પણ પાડવી નહિ. દરેક કાર્ય ભૂલ થાય, છતાં તેને પોતાની શક્તિ અનુસાર કરવાની આદત પાડવી. ભૂલ થાય તે પ્રત્યે તેનું ધ્યાન ખેંચીને માર્ગદર્શન કરાવવું એ યોગ્ય છે, પણ જાતે કરી આપવાની ટેવ ન પાડવી. તેના જીવનમાં શિસ્તપાલનની અગત્ય છે, પણ તે તેના પર બોજારૂપ ન હોવું જોઈએ. નિયમિત દરેક કાર્ય કરવાની ટેવ પાડવી તે સારું છે, છતાં સંજોગાનુસાર તેમાં ફેરફાર કરવો પડે તો [illegible] ન કરવું. આ બધું શિક્ષા કે ધમકીના ભયથી નહિં, પણ સ્વાભાવિક રીતે થવું જોઈએ. તેની સાથે સ્વચ્છતાનું પાલન કરાવવું જરૂરી છે, છતાં જયારે તે બાગમાં કે ખુલ્લા મેદાનમાં રમતું હોય, ત્યારે તેનો આગ્રહ રાખવો નિરર્થક છે. પોતાની તકલીફ બચાવવા તેના દરેક વર્તનની જવાબદારી તેના પર ન નાખવી, નહીં તો તે અસ્વસ્થ બની જશે. તેને મુક્ત રીતે રમવા દેવું તેમ જ એકલા રહેવાની પણ ટેવ પાડવી. તમારું કે બીજાનું અનુકરણ કરવા તેને શીખવવું નહિ. તેને પોતાની જ રીતે આગળ વધવાની તક આપવી તે સારું છે. ભૂલ કરે તો શિક્ષા ન કરતાં તેનું પરિણામ તેને ભોગવવા દેવું. એ રીતે જાતઅનુભવથી મેળવેલું શિક્ષણ તેના પર કાયમની અસર પાડશે અને તેની પ્રગતિમાં મદદરૂપ નીવડશે.

જે બાળક માતાપિતાને એક જ હોય અથવા ઘણાં વર્ષો સુધી એકલું રહેવા ટેવાયું હોય તે ઘણી વખત દુરાગ્રહી કે સ્વાર્થી બની જાય છે. કુટુંબના પ્રેમનો એકલા જ ઉપભોગ કરવાને કારણે તે બીજાને સહી શકતું નથી. બીજાને કાંઈ આપવામાં પણ તે સંકુચિતતા કે ઈર્ષ્યા અનુભવે છે. દરેક વાતમાં પોતાને જ કેન્દ્ર ગણીને તે વર્તે છે. પોતાની મરજી વિરુદ્ધ કાંઈ થતાં તે બૂમાબૂમ કે રોકકળ કરી મૂકે છે. તેને જો બીજાં બાળકોના સહવાસમાં રહેવાની ટેવ પાડવામાં આવે તો સારું છે.

એકલા રહેવાને ટેવાયલું બાળક જો તેના કુટુંબમાં બીજા બાળકનું આગમન થાય છે તો તેની પણ સ્પર્ધા કરે છે. તેના પ્રત્યે આદર બતાવવામાં આવે, તોપણ તે અદેખાઈ કરે છે. રખેને તે પોતાનું સ્થાન લઈ લેશે એવો અપ્રકટ ભય તે સેવે છે. આને પરિણામે ઘણી વખત તેને આપેલા શિક્ષણથી વિરુદ્ધ વર્તન તે કરે છે, જે તેની બંડખોર વૃત્તિનું સૂચન કરે છે. તે અશાંત અને ચીડિયું પણ ઘણી વખત બની જાય છે. આવે સમયે તેની સાથે વધુ માયાળુ અને ઉદાર વર્તાવ રાખીને તેને તમારા સ્નેહનું ભાન કરાવશો, તો તે આપોઆપ શાંત થઈ જશે: તેનામાં વિશ્વાસ અને સલામતીની લાગણી જાગૃત કરો; તેમ જ બીજા બાળક પ્રત્યે પણ તેના દિલમાં પ્રેમ અને આદર જાગે તેવા સંસ્કાર પાડો.

બાળકને જાતીય શિક્ષણ આપવાની વાત ઘણાને વિચિત્ર લાગશે, છતાં તે અગત્યની બાબત છે તેનો ઇન્કાર થઈ શકે નહીં. જાતીય આવેગ જે મનુષ્યને બળપૂર્વક અગમ્ય દિશાઓમાં ઘસડી જાય છે, તે બાળપણમાં પણ અસ્તિત્વ ધરાવે છે; છતાં તે સમયે તે સુપ્ત દશામાં હોવાથી આપણે તે સમજી શકતા નથી. ઉંમરના વધવા સાથે તે પણ વૃદ્ધિ પામે છે.

બાળકને આપણે જેમ તેના બીજા અવયવો અથવા તો પદાર્થોનું જ્ઞાન આપીએ છીએ, તે રીતે જ સ્વભાવિકતાથી તેને આ સંબંધી માહિતી આપવામાં આવે તે જરૂરી છે. તેને વાસ્તવિકતાનું ભાન થાય તો

પોતામાં કાંઈક ન જાણવા જેવું ગંદું કે રહસ્યમય છે એમ તેને ન લાગે. બાળકને કુદરતી રીતે જ વસ્ત્રહીન રહેવું ગમે છે. તેમાં કાંઈ અયોગ્ય પણ નથી. પણ બાળપણથી જ તેને પોતાની જાતિનું ભાન હોય છે. છતાં તે સંબંધી તે કાંઈ પૃચ્છા કરે તો વડીલો તેને ધમકાવે છે અગર ઢાંકપિછોડો કરે છે, તે યોગ્ય નથી. તેના સ્વાભાવિક કુતૂહલને રોકવાને પરિણામે તે જાણવાને તે વધુ ઉત્તેજાય છે અને સીધો માર્ગ ન મળતાં તે અકુદરતી રીતે સમજવા પ્રયાસ કરે છે, જે તેને માટે અનર્થકારક નીવડે છે. માબાપ ગમેતેમ અને અધૂરું સમજાવે તો પરિણામે તેમના પરથી તેનો વિશ્વાસ ઊઠી જાય છે. આ બાબતનું જ્ઞાન મેળવવા તે ગેરરસ્તે દોરવાય છે, છતાં અંદરખાનેથી તે જાણવામાં કાંઈ ગુનો કરતો હોય તેવી લાગણી અનુભવે છે; અર્થાત્ પોતાની જાત સંબંધી વાસ્તવિક જ્ઞાન આપવામાં આવે તો તે તરફ તેનું લક્ષ વધુ ન ખેંચાય તેમજ શારીરિક અને માનસિક રીતે તે વધુ તંદુરસ્ત બને.

જે બાળકને પૂરતી હૂંફ કે સ્નેહ નથી મળતો તેને ગુપ્ત ભાગો સાથે રમત કરવાની ટેવ પડી જાય છે અને એ રીતે તે સંતોષ મેળવવા મથે છે. માટે બાળકને તમારા પ્રેમથી વંચિત ન રાખો. કદી ખરાબ સોબતને લીધે તે કુટેવનો ભોગ બની જાય, તો એવે પ્રસંગે સ્નેહ અને વિશ્વાસથી તેને એવી ટેવ છોડાવવી અને ખરાબ સોબતથી દૂર રાખવા પ્રયાસ કરવો. હલકા નોકરોના હાથમાં તેને કદી મૂકવું નહીં, કેમ કે તેમની ટેવોનું તે પણ અનુકરણ કરવા પ્રેરાશે. જો તેનું મન કોઈ રમત કે પ્રવૃત્તિમાં રોકવામાં આવે તો એવી કુટેવો છૂટી જાય છે.

આ જ પ્રમાણે બાળક ખરાબ સોબતથી કે બીજાનું અનુકરણ કરવાથી ચોરી કે જૂઠાણું કરતાં પણ શીખે છે. તેના પ્રત્યેના તેના આવા વર્તન પ્રત્યે બેદરકારી બતા નહીં. તેથી તો તેને એમ કરવાને આડકત રીતે ઉત્તેજન મળે છે. નાનપણમાં એવી બૂરી આદતો જો પ્રથમથી દૂર કરવા ન આવે તો બાળકનું ભવિષ્ય પણ પાયમ થઈ જાય છે. એવે પ્રસંગે તેને ઠપકો આપતાં તેનું મૂળ શોધવાનો પ્રયાસ કરે એ ઉંમરમાં બાળક જે કાંઈ ગેરવર્તન છે, તેમાં તેની કાંઈ જવાબદારી હોતી નથી કેમકે તે તો ફક્ત તેની આસપાસના વાત વરણનો જ પડઘો પાડતું હોય છે. પોતે કાંઈ કરે છે તે સમજવાની કે સારાનરસા વિચારણા કરવાની તેની શક્તિ તે સમ પૂરી કેળવાઈ નથી હોતી. તે જૂઠું બો કે તેવું આચરણ કરે ત્યારે તમારી જાત નિરીક્ષણ કરો કે તમે તો તમારી એવી રીત ભાતથી તેને ઉત્તેજન નથી આપતા ને ઘણી વખત વડીલોની અત્યંત સખતાઈ લીધે તેમના ડરથી પણ બાળક પોતાના દે છુપાવવા તેવું વર્તન કરે છે. માટે તેના વધુ ઉદાર બનો કે જેથી તમારી સમક્ષ કબૂલતાં તે ડર ન પામે. પોતાની એક છુપાવવા તેને બીજી કેટલીયે ભૂલો ક પડે છે. તેને રોકવાનો માર્ગ તમારા અવલંબે છે. તેના વર્તનની ટીકા ન કર તેને તેના વર્તનનું પરિણામ સમજાવો. સારી વાર્તાઓ કે સોબત દ્વારા એવી ટે ભુલાવો. તમારી રીતભાતમાં પણ યોગ્ય ફે ફાર કરો. વધુ પ્રેમભર્યો વર્તાવ અને નિ લસતા તેને સીધે રસ્તે લાવવામાં મદદ થશે. તેની જરૂરિયાતો પર ધ્યાન આ બીજાની વસ્તુનું પ્રલોભન દૂર કરો. જેવું તેને બનાવવા ઇચ્છો તેવો આદર્શ તે સમીપ ખડો કરવો જોઈએ.

વાર્તાઓનું પણ બાળકના જીવનમાં સ્

હોવું જોઈએ. તે મનોરંજન કરે છે, એટલું નહીં, પણ તેની કલ્પનાશક્તિને પણ વિકસાવે છે. એકલી વાસ્તવિકતા તેના જીવનને નીરસ અને સંકુચિત બનાવશે. વાર્તાનો પ્રવાહ તેની કલ્પનાઓને ઉત્તેજે છે અને તેને વાર્તાના કોઈ વીર નાયકના જેવા પરાક્રમી થવાને પ્રેરે છે. તેનામાં પણ તેવાં અદ્ભુત કાર્યો કરવાનો ઉત્સાહ અને સાહસિકતા પ્રગટાવે છે. તેના માનસિક વિકાસ માટે આ અગત્યનું છે. વાર્તાના વિવિધ રસમાં બાળકને જ્ઞાન અને ગમ્મત બંને મળી રહે છે, અવનવું જાણવાની તેની જિજ્ઞાસા પણ સંતોષાય છે, છતાં તેને કલ્પના અને વાસ્તવિકતા વચ્ચેનો તફાવત પણ સમજાવવો જોઈએ, કે જેથી તે એકલા તરંગોમાં રાચતાં ન શીખે. વાર્તાઓ દ્વારા તેને આદર્શ મનુષ્યોનાં ધ્યેય ગ્રહણ કરવાને પ્રેરવું, તેનામાં આદર્શને સિદ્ધ કરવાનું સામર્થ્ય પ્રગટાવવું એ જ તેનો મુખ્ય ઉદ્દેશ હોઈ શકે.

કેટલાંક માબાપો નાનપણથી બાળકમાં ધર્મસંસ્કાર રોપવા માગે છે. તેમાં જો સાવધાની રાખવામાં ન આવે તો ઘણી વખત તેમાંથી પણ અનિષ્ટ નીપજવાનો સંભવ છે. તેના કુમળા દિલ પર ઈશ્વર માટે ગુનેગારોને સજા કરનાર પોલીસ જેવી અથવા તો તે ભયંકર કોઈ શક્તિ છે એવી છાપ ન પાડવી જોઈએ. પણ ઈશ્વરને તેમના રક્ષક અને સર્જક તરીકે ઓળખાવવો જોઈએ. તેમને મદદ કરવાને તે તેમની સમક્ષ હાજર થાય છે અને તેમનામાં સત્કૃત્યો કરવાનું તે બળ પ્રેરે છે, એવી ભાવના તેમનામાં પ્રગટાવવી જોઈએ. દિવસ દરમ્યાન તેમણે કરેલાં સારાં કામો અને તેમને મળતી તે માટેની તકો કે બીજી સુખ–સગવડો માટે આભારની લાગણી વ્યક્ત કરવાને તેમને શીખવવું કે માનવસમાજના કલ્યાણ માટે પ્રાર્થના કરવાને પ્રેરવું એ સારું છે, પણ 'હું બહુ જ પાપી છું, અધમ છું,' એ જાતની પ્રાર્થના કરતાં તેમને ન શીખવો. આ જાતની ભાવનાથી તેમનું સ્વમાન દબાઈ જાય છે અને તે કોઈ ગુનો કર્યાની લાગણી અનુભવે છે, જે તેના માનસને નિર્બળ બનાવે છે, તેમ જ આત્મશ્રદ્ધા પણ ઘટાડે છે. કાંઈ ભૂલ થતાં તે પાપ કરે છે એવી માન્યતા તેમનામાં ગુનેગારની લાગણી પેદા કરે છે. તેને લીધે તે જોઈએ તે કરતાં વધુ પસ્તાવો અનુભવે છે. આ જાતનો બોજો તેના મન ઉપર પડે તે યોગ્ય નથી. તેને લીધે તે ભયભીત અને અસ્વસ્થ બની જાય છે. અદૃષ્ટ સત્તાના ભયથી તેનું દિલ અશાંત બને છે અને શિક્ષા ચાહે છે. તેમ ન બને તો તેનો વિશ્વાસ ઊઠી જાય છે અને તે અશ્રદ્ધાળુ બની દુરાચારને પંથે પણ દોરાય છે.

આદર્શ બાળક માટેના આપણા ખ્યાલો જરા વિચિત્ર હોય છે. બાળક પુખ્ત વયના માણસની જેમ શાંત ગંભીર થઈને બેસે અને પૂછે તેના વિનયથી જવાબો આપે, સુઘડ તથા વ્યવસ્થિત રહે અને આજ્ઞાંકિત બને તે જ આપણી દૃષ્ટિએ આદર્શ ગણાય છે. બાળક તે રીતે કદાચ તેમને સંતોષ ન આપી શકે. પૂતળાની જેમ તે માતાપિતાને અનુસરે તેના કરતાં ચંચળતા વધુ સારી છે.

આદર્શ બાળક હિંમતભેર આગળ વધે છે. સામી વ્યક્તિથી અંજાયા વગર નીડરતાથી તે સ્પષ્ટ વાત કરી શકે છે. તેની સ્વમાનની લાગણી વધુ તીવ્ર હોય છે તેમ જ હંમેશાં કાંઈક નવું જાણવા અને કરવા તે આતુર રહે છે. કયે પ્રસંગે કેમ વર્તવું તે એ બરાબર જાણે છે. તેનામાં ચપળતા અને ઉત્સાહ વધુ હોય છે.

કેટલીક વખત માબાપ બાળકને એકદમ

હોશિયાર બનાવી દેવાના ઉત્સાહમાં તેની વય પ્રત્યે ધ્યાન આપ્યા વિના જ તેને કેળવણી આપવાની શરૂઆત કરી દે છે. તેની મગજશક્તિનો પૂરો વિકાસ થાય તે પહેલાં જ તેના ઉપર ગજા ઉપરાંત બોજો પડવાને પરિણામે તે કુંઠિત બની જાય છે. આ રીતના અસાધારણ દબાણથી તે તેની સ્વાભાવિક ચપળતા, ગ્રહણશક્તિ ને ઉત્સાહ ગુમાવી બેસે છે. પરિણામે તેની પ્રગતિ અટકી પડે છે ને તેની ભવિષ્યની તેજસ્વી કારકિર્દીનો અકાળે જ લોપ થાય છે.

બાળક પર અકારણ બોજો લાદવાના માબાપના વિપરીત પ્રયાસોથી તેના માનસમાં વિકૃતિ પેદા થાય છે. તેના પરિણામે માતાપિતા પ્રત્યે અજાણ્યે તે કડવાશ કે તિરસ્કારની લાગણી અનુભવે છે. કૌટુમ્બિક વિખવાદોનું મૂળ અજાણ્યે પણ આવા પ્રસંગોમાંથી ઉત્પન્ન થતું જણાય છે. પોતાની માન્યતા અનુસાર બાળકને ઘડવા માટે તેઓ જે બળજબરીનો ઉપયોગ કરે છે, તેનો બાળક તે સમયે તો નિર્બળ હોવાથી સામનો શકતું નથી, પણ તેના મનમાં અજાણ્યે થયેલા સંસ્કારો માબાપની ધારણાને બનાવે છે. એ રીતે તેમને નાસીપાસ વામાં સફળતા મેળવી પોતાની નિષ્ફળ દ્વારા તે તેમના ઉપર બદલો લે છે.

દરેક માબાપ સમજીને વિચારપૂર્ આચરણ કરે તો અનેક અનિષ્ટોમાં બાળકને બચાવી શકાય. બાળકની પ્રાથમિ વૃત્તિઓનું યોગ્ય નિયંત્રણ કરીને તેને સા સંસ્કારવાળું અને ઉચ્ચ ચારિત્ર્યવાળું બના શકાય. જ્ઞાનતંતુઓના અયોગ્ય ઉશ્કેરાટ થતો કાર્યશક્તિમાંનો વિક્ષેપ અને તેથી ની જતા અનર્થો નિવારી શકાય. જે અનિચ્ નીય સંયોગોમાંથી માબાપ પસાર થ હોય તેમાંથી બાળકને ઉગારી શકાય દરેક બાળકને વિકાસની પૂરી તક આપ ઉત્તમ સંસ્કારવાળું તથા ઉચ્ચ ચારિત્ર્યવા બનાવીને સમાજ તથા રાષ્ટ્રની સુધાર માટે પ્રેરણાવંત બનાવી શકાય.

★

નીચેની પંક્તિ વાંચી જુઓ:

સબસે દિયા અનૂપ હૈ, દિયા કરૌ સબ કોય;
ઘરમેં ધરા ન પાઈયે, જો કર દિયા ન હોય.

કેટલા અર્થ છે એનો વિચાર કરી લો:

આના ત્રણ અર્થ થઈ શકે છે ને તે આ પ્રમાણે:

(૧) દીવો સર્વમાં અનુપમ ચીજ છે, માટે બધાએ દીવો કરવો જોઈએ; જો દીવો ન કર્યો હો તો ઘરમાં મૂકેલી ચીજવસ્તુઓ મેળવી શકીએ નહીં.

(૨) દિયા-એટલે કે દાન દેવું-સર્વમાં અનુપમ છે, માટે બધાએ દાન કરવું જોઈએ. જો-કરને હાથ વડે દીધું નહીં હોય તો ઘરમાં-બીજા જન્મમાં આવી મળતું નથી.

(૩) બધામાં દયા એ અનુપમ વસ્તુ છે માટે દયા રાખવી જોઈએ. જેના દિલમાં દયા ન હો તો ઘરમાં-ધરા-વૈભવ (પડેલું) પ્રાપ્ત થશે નહીં.

*

કોઈ કાપડની દુકાનમાં એક જાડી સરખી સ્ત્રી ઘણા વખતથી નોકરોને હેરાનપરેશાન કરી રહી હ એને કશું જ માફક આવતું નહોતું. છેવટે ઘરાકે પૂછયું:

‘મને બંધ બેસે એવું કશું ય ‘રેડીમેડ’ (તૈયાર) નથી?’

‘છે,’ નોકર બોલ્યો, ‘છત્રીઓ ને રૂમાલો!’

×

આવડત

લેખક :

શ્રી રણછોડલાલ ઠાઠી

દશેક વર્ષની વાત પર હું મિસ્ટર ભટ્ટને મળેલો. બંદરની ખિલવણીનો પ્રશ્ન સરકારને મૂંઝવી રહ્યો હતો. અને તેની ચર્ચા કરવા અમુક કમિટી બંદર પર આવી તપાસ કરવાની હતી. મારે તે કમિટીના સભ્યોને આવકારવા જવાનું હતું. મિસ્ટર ભટ્ટનો સ્ટીમર પર ભેટો થયો. વીસ બાવીસ વર્ષના જુવાન, ચાલાક અને આનંદી સ્વભાવના એ ભાઈ હતા. મારા જેવા સ્વભાવનાને એ કાંઈક ઉદ્ધત લાગતા. પોતાની પધરામણી બોટ પર શાને આભારી હતી તે સમજાવતાં જ્યારે એમણે કહ્યું કે મારા અને એના કામનો પ્રકાર બંદરમાં જવાનો એક જ છે, ત્યારે મને પોતાને તો ખૂબ જ નવાઈ લાગી.

પરીક્ષામાં ગોથાં ખાઈ ખાઈને બહાર પડેલા આ બિરાદરમાં ખાસ કાંઈ જવાહર તો નહોતું જ, અને ઉમ્મર પણ મારા કરતાં પાંચ છ વર્ષ કમી હોવાથી મને એના પર રુઆબ કરવો ફાવે એમ હતું. મારે માથે ચડી બેસે એ તો ફિકર જ નહોતી. પણ આ ઑફિસમાં વૈતરાંનો જ્યાં પાર નથી ત્યાં આ રમકડું ક્યાંથી પોષાયું એ જ મને વિચાર આવ્યા કરતો.

ભટ્ટનો સ્વભાવ મળતાવડો ઘણો. બધા સાથે એને ફાવી જતું. મને ક્યાં યે ટપી જવાનો નથી એટલી ખાતરી થયા પછી મને પણ એની સાથે ઠીક ફાવી ગયું. જે કામ માટે અમને બંનેને મોકલવામાં આવ્યા હતા તે મારે મન તો સાધારણ હતું. રોજના કાળજીપૂર્વક મારા જેવા કામ કરનારને જરાયે ચિંતાનું કારણ નહોતું. પણ ભટ્ટને તો હમેશાં કામ સાથે વેર! એને કામનો ઉકેલ જ નહીં, કોઈ દિવસ માથું મારી કામ શીખી લેવાની દાનત જ નહીં. એને રખડી ખાવાની ટેવ હતી. પોતે જે કાંઈ કામ કરે તેમાં ભૂલ રહી ગઈ કે નહીં તેની કાળજી એ કદી ન કરે અને તેથી એનું કર્યું બધું કામ મારે ફરીથી જોઈ જવું પડતું અને એમાં પારાવાર ગફલતી જોઈ મારે પણ અનેક વેળા એને કહેવું પડતું કેઃ 'મિસ્ટર ભટ્ટ, આ આંકડા તમે ઊંઘમાં તો નથી જ નોંધ્યા ને? આમ ને આમ ઊંઘમાં જ ખેડ્યા જશો અને જાગશો નહીં તો શ્રોફ સાહેબ કોઈ દિવસ તમને આગળ નહીં પાડે.'

'મારે આગળ પડવું જ નથી! આ પ્રકારનું કામ જ મારે ન જોઈએ. મારે કલાર્કનું વૈતરું કરવું નથી!' ભટ્ટ કોઈની કશાની યે પરવા વિના ઝટ રોકડું પરખાવતો.

'એમ, ત્યારે મેનેજર થયો, કેમ?' મેં એને ટોકવા પ્રયત્ન કર્યો.

'મેનેજર થયો નથી; થઈશ! અને તમારા શ્રોફ સાહેબની અહીં કોને પડી છે? એ શું કરી શકે એમ છે?' એણે પોતાની રીતે કહ્યું.

'કેમ, શું કરી શકે? ધારે તો ઘણું કરી શકે. ધારે તો તારી આવકમાં ઉમેરો થાય, પાંચ–પંદર રૂપિયાની પ્રાપ્તિ થાય એવું કામ તને આપે!' મેં કહ્યું.

'આપ્યાં હવે એવાં કામ. એને કહેજે કે પાંચ–પંદર જોઈતા હોય તો મારી પાસેથી લઈ જાય! એને પોતાને જ બધી દિશાથી તાણવાની ટેવ તે એ શું આપવાનો હતો? એને પોતાને જ એવા કોઈ કામની ખબર હોય એમ લાગતું નથી તો બીજાને આપે ક્યાંથી?'

એની આ રીત મને ખૂંચતી. સાહેબ માટે આમ ગમે તેમ બોલે એ કાંઈ રીત છે? ગમે તેમ પણ શ્રોફ સાહેબ ઉપરી રહ્યા, એને સલામ ભરીએ તો જ ઊંચા અવાય ને? પણ મારે કયાં આ ભટ્ટ સાથે ચર્ચા કરવી હતી? મેં કહ્યું: 'ભલે! મને તો વધારો મળવા પૂરતું કામ એ આપે છે એટલે બસ છે.'

'બસ ને? એટલું જ ને? જો તમને એટલું જ બસ હોય તો તમારા શરાફ સાહેબ મારા હાથ નીચે કામ કરવા આવશે ત્યારે હું એને કહીશ કે તમારી આવકમાં વધારો થાય એવું કામ તમને આપે! થયું?'

મારી ધીરજ ખૂટતી હતી. 'કેમ અક્કલવિનાનું હાંક્યે રાખે છે?' મેં કહ્યું. હું જયારે ખૂબ ગુસ્સે થાઉં છું ત્યારે નીચું જોઈ મારા કામમાં ગૂંથાઉં છું, સામે જીભાજોડી કરવાનો મારો સ્વભાવ જ નથી. હું મારા કામમાં ગૂંથાયો. ભટ્ટના તૈયાર કરેલા કાગળિયા પર નજર ફેરવવા માંડી. એની કામ કરવાની રીત જોઈને જ એના કામ પરથી મારો વિશ્વાસ ઊઠી ગયો હતો, તેથી એના ગણ્યા દરેક આંકડા હું ફરીથી ગણી જતો.

'એ...ભટ્ટ! સાલો ગધેડો! આંક ભણ્યો હતો, કોઈ દિવસ કે નહીં? આ શું? તેર સતાં...કેટલા?' ગુણાકારમાં નિશાળિયા જેવી ભૂલ કરેલી જોઈ મેં એને કહ્યું.

'જરા ધ્યાનથી ગણી કાઢો!' ભટ્ટે નિરાંતથી ઠંડે કલેજે ઉત્તર વાળ્યો, 'અને આવતી કાલે સવારમાં રિપોર્ટ મોકલજો! કાલે સવારમાં જ જોઈએ, હોં!' મશ્કરી કરતાં એણે કહ્યું.

અને પછી તો ભટ્ટ જે કાંઈ કરે તે કામ મારે ફરીથી જોઈ જવું પડતું; બધું જ ફરીથી કરવું પડતું. શ્રોફ સાહેબે જાતે બે ત્રણ વખત તો ભટ્ટના કામમાં ભૂલ કાઢેલી. અને પછી તો એને કામ સોંપવાનું જ બંધ કર્યું. બધી જ મજૂરી મારે કરવી પ
અને બદલામાં શ્રોફ સાહેબનો મિજાજ
પડતો. 'આમ નહીં ચાલે; કામ
નીકળ્યા છો, કે મશ્કરી કરવા? નિ
બેસો પાછા જઈને! તદ્દન ગધેડા
છો!' વગેરે સાંભળવું પડતું. કોઈક વાર
આંકડા ગણવાની સરળ અને સહેલી
પણ બતાવે, તો કોઈક વાર 'પેલા મિ
ભાવે પાસે જઈ શીખી આવો,' એમ

'પેલા તાતીયા પાસે?' ભટ્ટને મેં
કરી ત્યારે એણે તિરસ્કારથી કહ્યું: 'આ
બાવીસ વર્ષમાં જે હું શીખ્યો છું તેથી
તો ભાવેનો બાપ પણ મને શીખવે એમ ન
એ ભાવે કે તમારો શરાફ મારી
આવે તો મારે એને શું શું શીખવવું
વિચાર કરું!'

'શા...બા...શ! ભલા માણસ, આ
શ્રોફ સાહેબનો મેં અભિપ્રાય કહ્યો;
પોતાનો નથી કહ્યો કે આ લાંબું ભા
બોલી ગયો!'

'અરે હા, યાર! પણ એ અભિ
તો તમને કહ્યો છે; મને નથી કહ્યો.
શરાફ જાણી જ ગયા છે કે એના અભિ
જાણવાની મારે જરૂર જ નથી! અને
જો મારી ચા વધારે ઠંડી થશે તો
અભિપ્રાય તમારે અને તમારા સાહે
સાંભળવો પડશે!' આમ કહી ભટ્ટ ઉ
હસતો ચાલ્યો ગયો. આ માણસની ઉદ્ધ
અને નાલાયકી માટે મારા મનમાં સજ
ગાંઠ પડી ગઈ.

બંદરની ખિલવણીની તપાસ કમિટીના
લનો સમય સાધી આવવાની હતી. કા
તો બહાનું હતું, પણ એ બહાના
નાતાલના રજાના દિવસોમાં સહેલ માણ
વૃત્તિ હતી. પણ આવું તો બધે જ ચાલે છે
આ કમિટી તપાસ કરી, રિપોર્ટ સરકા

કરે, તે પર સરકાર વિચાર કરે, ઠરાવ પર આવે તે પછી બંદરની ખિલવણી થવાની!

અને આ કમિટીના સભ્યો ખાસ સુખ-સગવડ વાળી મોટી બોટમાં બંદરે આવી પહોંચ્યા હતા. સાંભળ્યું હતું કે એમાં શ્રી માસ્તર પણ આવવાના છે. શ્રી માસ્તર માટે ઘણું સાંભળેલું: એમનું શીપીંગ માટેનું જ્ઞાન અગાધ, એમની જીભે આંકડા તો મદારીનાં માંકડાં માફક નાચે; નાનામાં નાની વિગત જાણી લેવાની એમની ખાસ ખંત; શીપીંગ માટે કામ કરનારા બધા જ નાનામોટાને ઓળખી લેવાનો એમનો ઉત્સાહ; દરેકનું માપ જાતે કાઢી લેવાનો એમનો અજબ શોખ; જગતભરમાં આ ઉદ્યોગને લગતી જે કાંઈ વિગત મળે તે મેળવી લેવાની એમની કુનેહ: આવું આવું તો બધા ઘણા વખતથી જાણતા, અને મેં પણ બહુ રસથી આ વિગત સાંભળેલી. પણ શ્રી માસ્તરને નજરે નિહાળવાનો, પરિચયમાં આવવાનો જે અવસર આજ સુધી નહોતો આવ્યો તે નજદીકમાં આવશે જાણી જિજ્ઞાસા સતેજ રહેતી. અને એ જિજ્ઞાસા સાથે, ઉત્સાહ સાથે ક્ષોભ પણ હતો જ...

અમે–હું, ભટ્ટ અને બીજા કેટલાક–સ્ટીમર પર મહેમાનને આવકારવા ગયા. બધા એકબીજાની મુલાકાતથી રાજી થયા. બંદર પર તેમને માટે આવકારની યોજના અમે એમને કહી અને સૌ એ મહેમાનગીરી માણવા બંદરે ઊતર્યા. શ્રી માસ્તરને કાંઈક રિપોર્ટ ઘડવાનો હોવાથી એ સ્ટીમર પર જ રહ્યા. પોતાના કામમાં ગૂંથાય તે પહેલાં એમની નજર અમારા પર પડી. એમણે 'હલ્લો!' કહીને આવકાર્યા. એમનું આવકારભર્યું હાસ્ય જોઈને જ મારી બીક તો જતી રહી, ક્ષોભ મટી ગયો. હું મારું કામ બરાબર જાણતો હતો તેથી મારામાં હિંમત હતી, કોઈ પણ પ્રશ્નથી મુઝાવવાની વાત જ નહોતી. એમણે 'કેમ છો?' ને 'અહીં શું કામ કરો છો?'થી પ્રશ્ન શરૂ કર્યા. ઘણા પ્રશ્ન પૂછ્યા. હું જાણી ચૂક્યો હતો કે એમની વિગતની ભૂખ સહેજે સંતોષાય એમ નથી. બે ત્રણ વખત તો મારે એમને કહેવું પડ્યું કે 'સાહેબ, ચોક્કસ તો કેમ કહેવાય? એ ગણતરી હજુ અમે નથી કાઢી.' માસ્તર સાહેબને કાંઈક નિરાશા ઊપજી હોય એમ લાગ્યું. એમના મોં પર રંગ અણગમતી અજાયબીનો દેખાયો. પણ એટલામાં ભટ્ટ બોલ્યો: 'સત્તર લાખ, પાંસઠ હજાર, સાહેબ.' અને માસ્તર સાહેબ અજાયબીથી એના તરફ મોં ફેરવે એટલામાં તો એણે ઉમેર્યું: 'કાલે સાંજે જ મેં ગણતરી કરી: મારા શોખ પૂરતી જ, ઑફિસ કામે નહીં.' વાક્ય પૂરું કરતાં તો શ્રી ભટ્ટના મોં પર શરમના શેરડા દીપી રહ્યા!

'એમ? સારું, ઘણું સારું. પણ ત્યારે મિસ્ટર ભટ્ટ–ભટ્ટ, ખરુંને?–તો તો તમે એ પણ કહી શકો કે...'

અને મિસ્ટર ભટ્ટ બધું જ કહી શક્યા; એને બધી જ ખબર. દરેક સ્ટીમર ક્યાં અને ક્યારે અને કેટલે ખર્ચે બંધાઈ તે એને ખબર; કેટલા મુસાફર દરેક સ્ટીમરમાં કયે બંદરે દર વર્ષે ઊતરે છે અને આવકના આંકડા ક્યાં ઊગે છે તે એને ખબર; કંપનીને કેટલો નફો થાય છે, કેટલો ખર્ચ થાય છે, કેટલું તેલ વપરાય છે, તે એને ખબર; આ બંદરે શાનો વેપાર છે, કોની વસ્તી છે, કેટલી વસ્તી છે, કેટલાં સ્ત્રી, પુરુષ અને બાળકો છે, છેલ્લી વસ્તીગણતરી વેળા કેટલાં હતાં, આજે કેટલાં છે અને હવે કેટલાં થશે તે એને ખબર; ત્યાં કેટલાં નદી–નાળાં છે, આસપાસમાં ગામડાં કેટલાં છે અને કેટલાં દૂર છે, વસ્તી એ ગામડાંની આબાદ છે કે કંગાળ, જમીન ફળદ્રુપ છે કે નહીં, દૂર

દેખાતા ડુંગરાની ઊંચાઈ કેટલીક હશે, તે એને ખબર; કેટલા કુદરતી મોતથી મરે છે, અને કેટલા અકસ્માતથી, તેના આંકડા પણ એને ખબર અને–એને મોઢે તૈયાર ! માસ્તર સાહેબ પ્રશ્ન પર પ્રશ્ન પૂછતા ગયા અને અમારા ભટ્ટ સાહેબ ઉત્તરના ઢગ કરતા ગયા !

અને આ મુલાકાતને અંતે અમે છૂટા પડ્યા ત્યારે માસ્તર સાહેબે હસીને, માથું હલાવી મારી સલામ ઝીલી; ભટ્ટનો વાંસો થાબડી કહ્યું : 'વારુ, ત્યારે મિસ્ટર ભટ્ટ, આપણે ખૂબ વાત કરી; તમને તસ્દી ખૂબ આપી, ખરું ને ?'

'અરે ના રે, સાહેબ એમાં શું ?' ભટ્ટે વિનય અને વિવેકથી કહ્યું.

અને આ બધામાંથી પરવારી મેં ધડાકો કર્યો : 'શાબાશ, મિસ્ટર ભટ્ટ ! પણ ઉલ્લુ, સાધારણ ગ[illegible]ં હાંક્યું હોત તો ચાલ્યું જાત, પણ તારા આંકડા તો...'

'ઘરાકનો સંતોષ એ અમારો મુદ્રાલેખ છે, સમજ્યા સાહેબ !' ભટ્ટે વચ્ચેથી જ તોડ્યું. 'માસ્તર સાહેબ જેવાએ વિગત માગી તો હું ના કહેનાર કોણ ? એમણે જે જાણવા માંગ્યું તે મારે તો કહેવું જ જોઈએ ને ?'

'વારુ છોડ હવે ચાલાકી તારી,' મેં તોછડાઈથી એને ઉધડો લીધો, 'પણ જે આંકડા તું ફેંકી ગયો તે તપાસી જોશે, અથવા કોઈ જાણકાર પાસે વિગત માંગશે ત્યારે તારા શા હાલ થશે તેનો ખ્યાલ છે ?'

'જુઓ,' ભટ્ટે ઠંડે કલેજે કહ્યું, 'આ ઊકળવાની જરૂર નથી. મેં જે એમને ક તે એમને યાદ રહ્યું નથી. મને પોતાને પ યાદ નથી રહ્યું કે મેં એમને શું કહ્યું ! જાણું છું કે માસ્તર સાહેબ મારી આપે વિગત પર બેઠા નથી. એમને જે વખતે વિગ ની જરૂર હશે તે વખતે કારકુનની આ પલટણ એ કામને માટે રોકતાં કોઈ એમ અટકાવે એમ નથી. પણ એમને જે યા રહી ગયું તે તો હું અને તમે : બીજું કાં નહીં !'

'એમ ?'

'હા, એમ જ ! એમને યાદ રહ્યું મા એ કે આ કંપનીમાં ભટ્ટ નામનો એ હોશિયાર, મહેનતુ અને અજબ આવડતો એક માણસ છે અને માગી વિગત તરત પૂરી પાડવાની તાકાત ધરાવે છે અ બીજો એક છે તે સામાન્ય આવડતો કામમાં રસવિનાનો, વિગતથી અજાણ અ નાના નજીવા કામને જ લાયકનો !'

'બરાબર, બરાબર ! ભટ્ટ સાહેબ !' મેં કડવાશથી એને કહ્યું.

×

થોડા દિવસ પછી મેં સાંભળ્યું કે ભટ્ટ એક નવી શીપીંગ કંપનીમાં મોટે એ નિમાયા.

અને હું–હું આજે, વર્ષો પછી પણ એ એ જ પદવી ઉપર રહી ઘસડબોરો રહ્યો છું !

* * *

શિક્ષક : 'બોલ જોઈએ મંજુ, જો બાર ઘેટાં ખેતરમાં ચરતાં હોય ને એમાંનાં પાંચ વાડ કૂદી તો બાકી કેટલાં રહે ?'

'એકે નહીં સાહેબ.'

'કેમ, એકે ન રહે, શું વાત કરે છે ?'

'ના, જી એકે નહીં. ઘેટાંનો સ્વભાવ એવો છે સાહેબ !'

×

માથાનાં દર્દ

લેખક :

શ્રી મુકુંદ એચ. દલાલ

માથું દુખવાના દર્દ પાછળ ઘણાં કારણો હોય છે. તેમાંથી જે કારણ હોય તે જોઈ એ મુજબ નીચેના ઉપચાર કરવાથી મટી જઈ શકે. વધુ ચિકિત્સાની જરૂરવાળાં દર્દો માટે વિદ્વાન વૈદ કે ડૉકટર પાસે જવું. આ લેખમાં સેંકડો વખત અજમાયશ કરેલા અને પરિણામે સત્ય લાગેલા છે એજ ઉપચારો જોઈશું. બિલકુલ કડાકૂટ વગરના અને તાત્કાલિક ઉપયોગમાં લઈ શકાય તેવા સહેલા અને નિર્દોષ પ્રયોગો જોઈશું, જેથી સર્વસામાન્ય જનસમૂહે ખાસ ખર્ચ કે સમય ગુમાવ્યા વગર લાભ લઈ શકે. સાધારણ રીતે આમાંની કેટલીક દવાઓ પુસ્તકો કે લેખોમાં એક યા બીજા રૂપે પ્રગટ પણ થઈ હોય, છતાં જનતામાં એક એવી ટેવ છે કે પ્રયોગ, ટુચકો અથવા જડીબુટ્ટી એટલે કંઈક ગુપ્ત વસ્તુ. પરંતુ ખરી રીતે તેમ હોતું નથી. અને આ સ્થિતિમાં અમૂલ્ય એવી સાધારણ ચીજ વાંચવા કે જાણવા છતાં તેના ઉપર વિશ્વાસ કે શ્રદ્ધા ન રાખતાં સમય, પૈસા અને હેરાનગતી લોકો ભોગવે છે. લાભ થવા–ન થવા બાબત પ્રશ્ન રહેતો નથી. બતાવેલી દવા તેના કારણમાં આવી જતી હોય તો અવશ્ય લાભ કરવાની જ છે. માટે તેમ કરવાની જરૂર પડયે અવશ્ય ઉપયોગ કરવો જોઈએ, જેથી મહેનત સફળ થાય.

દર્દો પેદા થવા માટેનાં કારણો આપણે જ ઉત્પન્ન કરીએ છીએ, તો તેનું શમન (ઉપચાર) પણ આપણે જ કરવું જોઈએ. જ્યાં કારણ ન સમજાતું હોય અથવા ઘણાં કારણ હોય, ત્યાં તમામ દુખાવા માટેની વસ્તુ વાપરવી. જો કબજિયાત કારણ હોય તો જુલાબ લેવો. ઠંડો પવન કે ઠંડી લાગવાનું કારણ હોય તો સૂંઠ, તજ કે લવિંગમાંથી એક ચીજ પાણીમાં વાટી ગરમ કરી ચોપડવી. જો તડકામાં ફરવાથી કે તાપથી માથું દુખતું હોય, તો મેંદીનાં ફૂલ ગુલાબજળમાં વાટીને ચોપડવાં; અથવા સુખડ ઘસી ચોપડવી. જો મગજમાં જીવાત થવાના કારણે માથું દુખતું હોય (આ દુખાવો ભયંકર હોય છે), માથું જરા હલાવવાથી ઘણી પીડા થતી હોય તો તમાકુમાં અથવા બારીક રાખમાં મૂળાનો ક્ષાર જરા જેટલો મેળવી તે સૂંઘવાથી કીડા નીકળી જઈ આરામ થાય છે, અથવા લીંબોળીનું તેલ કે સરસવનું તેલ અથવા ટરપેન્ટાઈનનાં બેચાર ટીપાં નાકમાં નાંખી સૂંઘવાથી તે મટે છે.

કઢાયો નામનો માથાનો ભયંકર દુખાવો હોય તો પ્રથમ દર્દીને પથારીમાં બરાબર સુવડાવવો અને સારી રીતે મોટી જોઈ ડુંગળી નંગ બે લઈ ઉપરનાં સૂકાં ફોતરાં દૂર કરી બાકીના ભાગને વાટવો. અર્ધો કલાક વાટવાથી મલમ જેવું અને એકરસ થશે. જેમ વધુ વખત વાટો તેમ વધુ શક્તિથી કામ આપે છે. તે મલમને દર્દીના પગના તળિયામાં ચોપડવો અને દર્દીને પવન મળે તેમ બંદોબસ્ત કરી ત્યાં કોલાહલ કે ઘોંઘાટ–અવાજ થવા ન દેવો. દિવસરાત માથું પછાડનાર દર્દી નિરાંતે સૂઈ જશે અને ઊઠશે ત્યારે દર્દ હશે નહીં. કદીક જરા અસર રહી હોય તો બીજી વખત એ મુજબ કરવું.

આધાશીશી કે ગમે તે કારણથી માથું દુખતું હોય તો સુખડ, સૂંઠ, સિંધાલૂણ, એ ત્રણેને વાટી ચોપડવાથી મટી જશે. જો ધાતુની ઉષ્ણતા કે કમીપણાથી માથું દુખતું હોય તો ચોખ્ખા દૂધમાં સાકર, એલચી ને બદામ નાખી

કઢવું અને એકથી બે તોલા તેમાં ચોખ્ખું ઘી નાંખી પીવું. આમ કેટલાક દિવસ કરવાથી માથાની ગરમી, માથાનો દુખાવો, અંધારાં આવવાં, મગજશક્તિનું કમીપણું, અનિદ્રા ઇત્યાદિ મટે છે. ગરમ હવા (લૂ) લાગવાથી માથું દુખતું હોય તો છાશ, દહીં, આંબલીનું પાણી કે ઘી ઘસવું. આધાશીશી અને માથાના દુખાવા માટે ડાંડલીઆ થોરનું તાજું ક્ષીર બન્ને લમણે રૂપીઆ જેટલી ગોળાઈમાં ચોપડવું અને દર્દ મટી ગયે ત્યાંથી ધોઈ સાફ કરી ઘી લગાડવું.

જો રતવા કે એવા કારણથી ગરમી કે દુખાવો થતો હોય તો મુગલાઈ બેદાણા રાત્રે પલાળી સવારે ગાળી તેમાં સાકર નાંખી પીવું. અથવા ધાણા, વરિયાળી, કાળી દ્રાક્ષ પલાળી તેમાં સાકર નાંખી પીવું અથવા એકલી કોથમીરનો રસ કાઢી સાકર નાંખી પીવાથી આંખ સહિત માથાની પીડા મટે છે. જો ઉજાગરાથી માથું દુખતું હોય તો માથામાં તેલ ખૂબ ઘસવું અને સૂઈ જવું. ગરમ ચીજોના અતિ સેવનથી કે ઉનાળાની સખત ગરમીથી માથું દુખતું હોય તો ઘી અથવા બદામનું તેલ લમણા ઉપર અથવા કપાળે અથવા માથે ઘસવાથી દર્દ મટી જાય છે. જો માથામાં જીવાતના કારણે દુખતું હોય તો સૂંઠ, મરી, પીપર, કરકચ તથા સરગવાનાં બીને બકરીના મૂત્રમાં વાટી સૂંઘે તો જીવાત નીકળી જઈ દર્દ મટે છે.

આધાશીશીમાં ગોળ અને ઘી મેળવી ખાય અથવા ગરમાગરમ ભોજન કરે, માલપૂડા કે જલેબી (સાચા ઘીની હોય તો જ) ખાય તો તે મટે છે અથવા ઘી સૂંઘવાથી મટે છે અથવા દૂધ અને ઘી પીવાથી મટે છે.

સાચું ષડબિંદુ તેલ મળે તો તેનાં બે-ચાર ટીપાં નાકમાં નાંખી સૂંઘવાથી ગમે તે કારણનો માથાનો દુખાવો મટે છે. હરડાં, બહેડાં, આંબળાં, હળદર, કરિયાતું, લીં ડાની અંતરછાલનો કવાથ કરી તેમાં ગો નાંખી તે નાકમાં થોડાં ટીપાં નાંખી સૂંઘે ભ્રમર, લમણાં, આંખ, કાન અને આધા શીશીના સણકા મટે. દાડમના દાણાનો રસ કાઢી તેમાં સાકર નાંખી પીએ તો મટે આંબાની અંતરછાલને પાણીમાં વાટી લે કરે અને ચોપડે તો ભયંકર પીડા-દર્દ મટે અતિ વાચન, અતિ મનન કે નબળાઈ માથું દુખતું હોય તો દૂધમાં ઘી, સાકર, બદામ, પિસ્તાં, કેસર તથા એલચી નાં પીવાથી તે મટે છે. જેઠીમધ, બદામ, ચારો તથા ખસખસ વાટી તેનો માવો ચોપડવા તથા તેમાં સાકર નાંખી પીવાથી નબ ળાઈનો દુખાવો મટે છે. માથામાં બળ તરા અને સખત દુખાવો થતો હોય, જો આંખ તથા હથેળી અને પગનાં તળિ ગરમ થતાં હોય તો મેંદીનાં ફૂલ તોલો અને કતીરા ગુંદ બે આનીભાર ઠં રાત્રે પલાળી સવારે મસળી ગાળી તેમ સાકર નાંખી પીવું. એમ ત્રણચાર દિવ કરવાથી મટે છે. અતિ શોક, અતિ ક્રોધ, કબ જિયાત, ગરમી અથવા કવીનાઈનના અ સેવનથી કે બીજી ગરમ દવાઓના કાર જો માથામાં ભયંકર પીડા ઊપડે, તો દહીં બારીક છૂંદી કપડામાં મૂકી કપાળ આ આખા માથામાં બાંધી દેવાથી મટી જ અથવા તળાવની માટી, ધોળી ધૂળ, ખેતર માટી, જાંબુનાં પાન, એરંડનાં પાન વગે માંથી ગમે તે એક એ મુજબ બાંધવાથી છે. આંબળાનાં બીજ અને હીમેજ અ એકલી હીમેજ દૂધમાં વાટી લેપ કરવા મટે છે. શિરોત્પાત નામનો રોગ, જેનું અંખ છે તેથી પણ ખાસ વધુ પીડા માથા થાય છે. આ તંતુવેદના છે.

કોઈ ઉપાય કામ ન કરે ત્યારે

અને ઘી મેળવી માત્ર આંખમાં આંજવાથી મટી જાય છે. જેમ શિરોત્પાત, અનંતવાત, કઢાપો, જન્તુજન્ય દુખાવો વગેરે મહાભયંકર માથાના દુખાવા છે, તેમ ઝામરવા પણ ભયંકર પીડા કરનારો છે અને પરિણામે એકાદ આંખ કે મગજને અતિ નુકસાન કરનારો, લાંબો સમય ચાલનારો અને અસહ્ય દુઃખ આપનાર દુખાવો છે. એ માટે એરંડાનાં પાંદડાંનો રસ ખાટલો એક કાઢવો. તેમાં ફુલાવેલી ફટકડી થોડીક તથા બેથી ત્રણ ઝેરકોચલાં ઘસી ઉતારવાં. તે ઉપરના રસમાં નાંખી હલાવી તે રસ દર્દીની આંખ કે મોઢામાં ન જાય તેમ આખા માથામાં ચોપડવો તથા તેમાં કપડું બોળી તે આખા માથા ઉપર બરાબર બાંધી દેવું. થોડા જ કલાકમાં માથાની પીડા શમી જશે. પછી ઠંડો એક જુલાબ લેવો તથા સાકર અને જીરાના ભૂકાની ફાકી લેવી. અથવા જીરું, ધાણા, કાળી દ્રાક્ષ, વરિયાળી, તીખાં, ગુલાબનાં ફૂલ: એ ચીજોમાંથી મળે તેટલી પલાળી, ગાળી, સાકર નાંખી પીવું. પછી ગુલકંદ કે આંબળાંના મુરબ્બાનું સેવન કરવું. દાડમના દાણાનો રસ કે પાનનો રસ, અથવા જાંબુનાં પાન કે જાંબુ અથવા આંબાની અંતરછાલ અથવા પાન અથવા આંબાની ગોટલીનો ગર્ભ સાકર નાંખીને પીવો તથા ઘસી કપાળે ચોપડવું. વળી આંબાની ગોટલી નંગ એક હીમેજ તોલો એકને દૂધમાં વાટી આખા માથામાં લેપ કરવાથી પણ તે મટે છે. નંદવાયુ નામનો માથાનો ભયંકર કોપકારી દુખાવો, જે ખાસ પ્રસૂતા સ્ત્રીને થાય છે તે માટે અનંતમૂળ અને ભારંગમૂળ અથવા અનંતમૂળ એકલું ઘસી ચોપડવું અથવા આધાશીશીના ઉપચાર કરવાથી પણ તે મટે છે.

વળી તાવથી માથાનો દુખાવો, કાન કે આંખની એવી બીમારીથી, લોહીના દબાણથી, ધાતુદોષથી, લોહીની ઉષ્ણતાથી વગેરે ઘણાં કારણોથી માથાનો દુખાવો ઊપડે છે, ત્યાં એ મુજબ ઉપચાર કરવાથી મટે છે. ઉપરના દરેક પ્રયોગનો અનેક વખત ઉપયોગ કરેલો છે અને તે કારગત નીવડેલો છે.

* * *

અમદાવાદની એક વેપારી પેઢીએ મુંબઈની એક વેપારી પેઢી પાસે ઈલેક્ટ્રિકની ફ્લોરેસન્ટ ટ્યુબોનો ઑર્ડર મૂક્યો ઑર્ડર તાકીદનો હતો, તેથી રેલવે મારફત માલ ન મંગાવતાં, એરોપ્લેન મારફત મંગાવવો, એમ નક્કી હતું. ઑર્ડર પછી તરત જ એક અઠવાડિયામાં 'એરઈન્ડીઆ'ના વિમાન મારફત માલ અમદાવાદ પહોંચી ગયો, પરંતુ અમદાવાદમાં 'એરઈંડીઆ'ની ઑફિસે માલની ડિલીવરી લેતી વખતે માલૂમ પડ્યું, કે ત્રણ ટ્યુબો તૂટી ગઈ હતી. નફાની વાત તો બાજુએ રહી, આ તો ઊલટું નુકસાન થયું. અમેં તરત જ ત્યાંના અધિકારીને એ માલ બતાવ્યો ને નુકસાની માટે કશું વળતર આપવાની વિનંતી કરી. તેમણે અમને મુંબઈની તાતા એરઈંડીઆની ઑફિસે લખવા જણાવ્યું. અમે તરત જ અમને માલ મંગાવતાં થયેલા નુકસાનની વાત, વિગતવાર બેંકના, પેઢીના અને અમદાવાદની તેમની ઑફિસના અધિકારીના પુરાવાઓ સાથે મુંબઈની ઑફિસે લખી મોકલી. ત્યારપછી થોડાક જ દિવસોમાં અમારી અજાયબી વચ્ચે, ત્રણ ટ્યુબોની કિંમતના નુકસાનીના રૂ. ૨૭-૦-૦ નો ઇમ્પીરિયલ બેંક ઑફ ઇડીઆનો ચેક ટપાલમાં આવ્યો. સાથે લખ્યું હતું: 'અમને તમારો માલ મંગાવતી વખતે સહકાર આપતા રહેશો !'

જગદીશ મહેતા

×

એક પોલીસે પૂરઝડપે મોટર હંકારી જતા એક મોટર ડ્રાઈવરને અટકાવી ગુસ્સાથી કહ્યું :

'કેમ, શો વિચાર છે ?'

'વાત એમ છે ભાઈ, કે મારી બ્રેક બરાબર કામ આપતી નથી એટલે કોઈ અકસ્માત થાય તે પહેલાં કામકાજ પતાવીને પાછો ફરી જવાની ઉતાવળમાં છું !'

×

વહેમ!

લેખિકા :
શ્રી રંભાબહેન ગાંધી

આજે સવારે ઊઠતાં જ, દિલીપે આંખો ખોલતાં જ મોઢું જોયું મોતીનું–ને ઊઠતાં જ કંઈક વાત કરતાં નામ લઈ લીધું મુમણશેઠનું–ને બસ આવી બન્યું. દિલીપની પત્ની રેણુએ તેને ચેતવી દીધો કે આજે જરૂર કંઈક નવાજૂની થશે. જયારે પણ મોતીનું મોઢું જોવાઈ જાય છે, ત્યારે દા'ડો એટલો ખરાબ જાય છે કે ન પૂછો વાત!...ને બાકી હતું તે પાછું સાથે જ નામ લીધું મુમણશેઠનું!–એટલે બાર વાગ્યા પહેલાં રોટલા ભેગા થવાનાં જ નહિ!

દિલીપે રેણુના આ વહેમને–અને આ વાતને હસી કાઢી. દિલીપ વહેમમાં માનતો નહોતો. એ તો રોજની માફક ઊઠીને તૈયાર થવા લાગ્યો–ને સાથે સાથે રેણુને કહ્યું પણ ખરું કે તારો વહેમ આજે ખોટો ન પાડું તો કહેજે! નકામી બિચારીના મોઢાને વગોવે છે–ને મુમણશેઠના નામને બટ્ટો લગાડે છે! રેણુએ પણ જવાબમાં એટલો જ ભાર મૂકી કહ્યું:

'જોજે ને! કંઈક નવાજૂની ન થાય તો મને કહેજે.'

દિલીપે એ વાતને પણ હસી કાઢી...કારણ કે રેણુ તો રોજ આવા વહેમો કાઢ્યા જ કરતી'તી; કે આજે મારી જમણી આંખ ફરકે છે–જરૂર કંઈક નવાજૂની થશે–અને હા, એકવાર એવું બન્યું'તું પણ ખરું; દિલીપને યાદ આવ્યું. પણ એ તો હવે કાગને બેસવું ને ડાળને પડવું–એ વાળો ઘાટ થયો હતો ને બીજીવાર કહ્યું હતું કે મારી ડાબી આંખ ફરકે છે, જરૂર કાંઈક સારું થશે ને દિલીપને યાદ આવ્યું...હાં–તે દિવસે શેઠે એને બોનસ આપ્યું હતું! પણ એને અને આંખને શો સંબંધ? સારું કામ જોઈને શેઠે આપ્યું–ને એ તો આંખ ન ફરકી હોત તોયે આપત જ ને! ના રે ના... આ બધા વહેમ જ છે–ને રેણુ તો વહેમી જ છે. દિલીપને થયું: 'જો ને, વહેમને લઈને કેવી ડરપોક બની ગઈ છે? કંઈ પણ કરતાં ડરે! કાં એની આંખ ફરકે ને કાં એને બિલાડી આડી ઊતરે ને કાં શુકન ખરાબ થાય! આવું તો એનું ચાલ્યા જ કરે છે–ને એના એ વહેમો એ મારા પર પણ લાદી જ દે છે ને! ખાવાનું નામ લઈને એ ભૂલથી પણ મને બહાર જવા દેતી નથી. ખાવાનું નામ લીધું તો પછી ખાધે જ છૂટકો થાય–ને હાં–એકવાર મારું એમ થયું'તું ખરું...કે મેં ખાવાનું નામ દીધું ને પછી કંઈક કામ આવ્યું–તે ખાધા વિના જ જવું પડ્યું ને કંઈક ઉતાવળથી ચાલતાં કેળાની છાલ પરથી સરી પડ્યો ને પગ મચકોડાયો, પણ એને અને વહેમને શો સંબંધ? ને એવે સમયે કેળાની છાલ પરથી તો રોજ કેટલાયે માણસો સરી પડે છે તો શું એ બધા જ થોડા કંઈ ઘેરથી ખાવાનું નામ લઈને નીકળતા હશે! અરે, આ બધા તો વહેમ છે વહેમ! નકામી રેણુ પાછળ લાગી છે. એ વહેમીલી છે પણ હું ભણેલોગણેલો થઈને આવું માનું તો તો થઈ જ રહ્યું ને! ઊલટું હું તો રેણુને દેખાડી આપીશ કે તેના આ બધા જ વહેમો ખોટા છે.

આવા અનેક વિચારો મોઢું ધોતાં ધોતાં ને બ્રશ કરતાં કરતાં દિલીપના મગજમાં વહ્યા...અને હજી કદાચ વિચારધારા ચાલત, ત્યાં જ રેણુની બૂમ સંભળાઈ:

'હું નહોતી કહેતી કે જરૂર કંઈક નવાજૂની થશે?'

'પણ અત્યારમાં શું થયું?' દિલીપે

પૂછ્યું.

'દૂધ ફાટી ગયું: હવે ચા શેના બનશે ?

'એ તો તમે મુમણશેઠનું નામ લીધું ત્યારથી જ મારી તો ખાતરી હતી !'

'તો શું મુમણશેઠનું નામ ખટાશની કે ફટકડીની ગરજ સારે છે, કે નામ લેતાં જ દૂધમાં ખટાશ પડી જાય છે ?' દિલીપે હસીને જવાબ દીધો ને ઉમેર્યું:

'બીજું દૂધ બહારથી મંગાવી લે.'

'આટલું મોડું દૂધ ક્યાં મળે? ને વાગ્યા છે કેટલા તે તો જુઓ.'

'આઠ...ઓ બાપરે...તો એમ કર... પાડોશીને ત્યાંથી થોડું મંગાવી લે.'

રેણુ પોતે જ દૂધ લેવા ગઈ...પણ દૂધ ન મળ્યું–કારણ કે આજે પાડોશીને ત્યાં પણ દૂધ ફાટી ગયું હતું...દિલીપે એ તક ઝડપીને રેણુને કહ્યું:

'શું એ બધાએ પણ મુમણશેઠનું નામ લીધું હતું ?'

'મને નથી ખબર !' કહીને રેણુ છેડાઈ પડી...

દિલીપે આખરે ચા વિના ચલાવ્યું. કારણ કે એને મોડું થતું હતું. ઘડિયાળમાં જોઈને રેણુને કહ્યું: 'મારે આજે ૯–૩૦ની ગાડી લેવાની છે, તો જમવાનું જલદી કરી આપ.' આટલું કહીને એ બાથરૂમમાં ગયો ને હજામત કરવી શરૂ કરી. ઉતાવળને કારણે હોય...કે ચા વિના કાંટો ઠેકાણે નહોતો આવ્યો તે કારણે હોય...કે આજે નવી બ્લેડ કાઢી હતી તે કારણે હોય...કારણ તો ગમે તે હોય પરંતુ હા–દાઢી કરતાં બે–ચાર જગ્યાએ મોટા એવા લિસોટા થઈ ગયા ને એકાદ બે જગ્યાએ તો લોહી પણ એટલું નીકળ્યું કે બંધ થતાં ખાસ્સી મજાની વાર લાગી! દિલીપને નવાઈ લાગી કે આજે આમ કેમ? રોજનો અસ્ત્રો વાપરનાર હું આજે આમ કેમ ખત્તા ખાઈ ગયો? શું સવારમાં પેલી મોતીનું મોઢું જોયું...ના ના...એને અને આને કશો જ સંબંધ નથી. એ તો નવી બ્લેડ હતી ને જરા ઉતાવળ કરી નાંખી તેજ કારણે આમ થયું. પણ બ્લેડ તો નવી જયારેત્યારે વાપરું જ છું ને? પણ આવું તો કોઈ દિવસ નથી થતું. ખેર! એ તો જરા ધ્યાન ન રહ્યું...' એમ કહીને નાહવા બેઠો ને નાહીને બહાર નીકળતાં એણે રેણુને બૂમ મારી: 'જમવાનું પીરસ, ...મારે મોડું થાય છે!'

પણ રેણુ બાબાના કામમાં પડી હતી. એમનો બાબો સુરેશ–હા, એ સુરેશે અત્યારે જ બધો ગંદવાડ કરી મૂકયો હતો ને રેણુ એને સાફ કરતી હતી...સુરેશને બેચાર દિવસથી જરા તાવ પણ આવતો હતો. એટલે એનું ધ્યાન વધારે રાખવું પડતું હતું, આ કારણે હજી ચૂલા પર દાળ ખદબદતી હતી...ચોખા તો હજી થાળીમાં જ પડ્યા હતા–શાક હજી શીકામાં હતું ને થાળીમાં કાઢેલો લોટ હવાને કારણે આમતેમ થોડો ઊડી રહ્યો હતો. દિલીપે આ બધું દશ્ય જોઈને એક નિસાસો નાંખ્યો–જરા ગુસ્સો તો આવ્યો પણ વિચાર કર્યો કે જો આજે કંઈક બોલાચાલી થઈ ગઈ તો રેણુનો વહેમ મજબૂત થવાનો...માટે આજે સંભાળી લેવું. આમ વિચારી એણે એટલું જ કહ્યું: 'તું ઉતાવળ કરતી નહિ. આજે હું બહાર જ જમી લઈશ.' એમ કહીને એ કપડાં પહેરવા લાગ્યો. પતિ એમ ને એમ જાય તે રેણુને ગમે? એણે કહ્યું: 'થોડો નાસ્તો તો કરતા જ જાઓ !'

દિલીપે ઘડિયાળ સામે જોયું. પાંચ જ મિનિટ! જો એ દોડે તો જ ટ્રેન પકડી શકે. એણે ના કહીને ભાગવા માંડ્યું...પણ એમ જવા દે તો રેણુ શેની? ખાવાનું નામ દીધું પછી તો ખાવું જ પડે! દિલીપને એક ઘડી પણ

રોકાવું પોસાય તેમ નહોતું. પણ એને થયું ...હા–જરૂર...એને પણ ઊંડે ઊંડે...થયું કે એ વાત તો સવારે બની ચૂકી છે. વળી આ ત્રીજીનો ક્યાં ઉમેરો કરું? ને એણે રેણુએ આપેલી મીઠાઈ ખાઈ લીધી ને જલદી પાણી પીને એ ભાગ્યો.

આ બધામાં એની પાંચ મિનિટ તો ચાલી જ ગઈ. છતાંયે તે દોડ્યો–પણ સ્ટેશનથી એ હજી દૂર હતો ત્યાં જ ગાડી પ્લેટફોર્મ પર આવી ગઈ હતી...છતાંયે તે દોડ્યો–પણ તે પહેલાં તો ગાડી ઊપડી ગઈ હતી!

'ઓહ! પ્રભુ, હવે શું થશે? શેઠ શું કહેશે? આજે તો એક માણસ સાથે વેપારની વાટાઘાટ કરવાની હતી. અને તેથી તો શેઠે ખાસ વહેલા આવી જવાનું કહ્યું હતું. આજે શેઠે ખાસ કહ્યું ને આજે જ નહીં પહોંચાય? કોણ જાણે શેઠ કેવા બબડશે?' ત્યાં એના કાનમાં રેણુના શબ્દો અથડાયા: 'આજ કંઈ નવાજૂની ન થાય તો મને કહેજો.' હં...વહેમ છે વહેમ...એમ કહીને મગજમાંથી એ વાતને હડસેલવા દિલીપે પ્રયત્ન કર્યો પણ જે વાતને આપણે ભૂલવા માગીએ છીએ તે વાત બમણા વેગે આપણી યાદદાસ્તની ભૂમિકા પર આક્રમણ કરે છે. દિલીપે બેઠો હતો ત્યાંથી ફરવા માંડ્યું, ને ફરતાં ફરતાં સ્ટેશન પરની ઘડિયાળ સામે નજર ગઈ... 'હેં...આ શું? આમ બને જ કેમ? તો શું મારી ઘડિયાળ અર્ધા કલાકથી બંધ થઈ ગઈ છે! તો શું આ ૧૦ની ટ્રેન ગઈ! પણ મારી ઘડિયાળનો ટાઈમ જોઈને તો પાડોશીઓ પોતાની ઘડિયાળનો ટાઈમ ગોઠવે છે! ને આજે આમ કેમ! સેકન્ડે સેકન્ડનો ટાઈમ રાખનારી ઘડિયાળને આજે જ બગડવાનું સૂઝ્યું?' ને પાછા રેણુના શબ્દો કાન સાથે અફળાયા... 'આજ કંઈ નવાજૂની ન થાય તો મને કહેજો!' ઓ...હ...! આજે શું થવા બેઠું છે? કોઈ દિવસ નહિ ને આજે જ નવી બ્લેડે લોહી કાઢ્યું... આજે જ દૂધ બગડ્યું, આજે જ ખાવાનું ન મળ્યું, આજે જ ઘડિયાળ અટકી પડી, ને આજે જ શેઠે ખાસ કામે વહેલો બોલાવ્યો ત્યારે મોડો પડ્યો! આજે જ આ બધું થવાની શી જરૂર હતી? તો...શું...રેણુની વાત...રેણુનો વહેમ...ના ના એને અને આને કશો જ સંબંધ નથી. એ તો બધું બનવાનું હશે માટે બન્યું.' આ વિચારધારા બીજી ટ્રેન આવતાં અટકી પડી ને દિલીપ કૂદીને ડબ્બામાં ચડી ગયો ને એક ખૂણામાં ગોઠવાઈ ગયો. મોડું થવાની ચિંતા તો હતી જ પણ શું થાય? એ શેઠને મોડું થવાનું કારણ આપશે પછી કંઈ વાંધો નહિ આવે.

ટ્રેન તો રોજ ચાલતી હતી તેમ જ આજે પણ ચાલતી હતી, છતાંયે દિલીપને લાગ્યું કે ટ્રેન આજ જાણે ધીમી ચાલે છે. ને દરેક સ્ટેશને થોભે છે પણ વધારે. આ વિચાર ચાલતા હતા ત્યાં ટિકિટ ચેક કરવા ટિકિટ કલેકટર દિલીપ પાસે આવીને ઊભો રહ્યો ને દિલીપે પાસ કાઢવા ખિસ્સામાં હાથ નાંખ્યો. પણ અરે... આમ કેમ! ખિસ્સામાં પાસ કેમ નથી? દિલીપને યાદ આવ્યું. એણે આજે કોટ બદલ્યો હતો ને પેલા જૂના કોટમાંથી પાસ લઈ લેવાનું ભૂલી ગયો હતો! હવે? દિલીપ બિચારો અકળાયો. ટિકિટ માસ્તર એની સામે જોઈ રહ્યો ને કોઈ વગર ટિકિટે મુસાફરી કરનાર છે તેમ માનીને ધમકાવીને બોલ્યો: 'મિસ્ટર! શું ફાંફાં મારો છો? ક્યાં છે ટિકિટ?'

'હું આજે ઉતાવળમાં પાસ ભૂલી ગયો છું.'

'ભૂલી ગયા છો?' ટિકિટ કલેકટરે એ શબ્દો સાથે કટાક્ષભર્યું હાસ્ય કર્યું ને કહ્યું: 'મિસ્ટર પાસ ભૂલી ગયા હો તો પૈસા કાઢો. તમારા જેવા ઊજળા ઠગો તો બહુ જોયા.'

દિલીપને આ વચનો બાણ જેવાં લાગ્યાં. શરમનો પાર રહ્યો નહિ. પાછા ખિસ્સામાં હાથ નાંખ્યા, પણ શું નીકળે? પાસ સાથે પૈસાનું પાકીટ પણ પેલા જૂના કોટમાં જ રહી ગયું હતું! બિચારો લાચાર બની ગયો. ટિકિટ કલેકટરે તો તેને નીચે ઊતરી જવાનું કહ્યું ને તે વખતે પાછા દિલીપના કર્ણપટે રેણુના પેલા શબ્દો સંભળાયા: 'આજ કંઈ નવાજૂની ન થાય તો મને કહેજો!'

ઓહ...હવે! આ જ વખતે સદ્‌ભાગ્યે દિલીપનો મિત્ર નરેશ બીજું સ્ટેશન આવતાં એ જ ડબ્બામાં ચડ્યો ને દિલીપે તેની પાસેથી પૈસા લઈને ટિકિટ કરાવીને છુટકારાનો દમ ખેંચ્યો ને કપાળ પર આવેલા પરસેવાનાં બિંદુઓ લૂછ્યાં.

નરેશ સાથે વાત કરવાનું પણ આજે મન ન થયું. એટલે એક–બે વાકયો બોલીને સવારનું છાપું ખોલીને તે વાંચવા લાગ્યો. પણ આ શું? ટ્રેન ધીમી કેમ પડી? અહીં સ્ટેશન તો નથી. તો પછી? કોઈને બોલતાં સાંભળ્યો કે 'ઈલેક્ટ્રિક લાઈન બગડી ગઈ લાગે છે!' બાપરે... તો શું થશે? દિલીપને ધ્રાસ્કો પડ્યો! આજે શું થવા બેઠું છે! ઘડિયાળનો કાંટો તો ચાલ્યે જ જતો હતો ને ટ્રેન તો અટકી પડી હતી. શું રસ્તામાં જ પડ્યું રહેવું પડશે! ત્યાં પાછા રેણુના શબ્દો કાને અથડાયા:

'આજ કંઈ નવાજૂની ન થાય તો મને કહેજો!'

દિલીપ અકળાયો. શું રેણુ જેમ વહેમે એના પર પણ સામ્રાજ્ય જમાવી દીધું છે? પણ એ જવાબ મળે તે પહેલાં જ ટ્રેન ચાલી. કશું જ ખરાબ થયું નહોતું. એ તો લાઈન પર મજૂરો કામ કરતા હતા, એટલે જરા ધીમી કરવાની જરૂર પડી હતી!

દિલીપ ઑફિસે મોડામોડો પણ પહોંચ્યો ખરો. પણ આજના બનેલા બનાવોએ એને એવો બનાવી મૂકયો હતો કે જ્યારે એ ઑફિસમાં દાખલ થયો, ત્યારે સૌને એમ લાગ્યું કે એ રોજનો દિલીપ નહોતો. દિલીપને ડર લાગ્યા જ કરતો કે હજી ઑફિસમાંયે જરૂર કંઈક નવાજૂની બનશે. ગઈ કાલ સુધી વહેમને ન ગણકારનાર દિલીપ આજે શું વહેમનો ભોગ બની ગયો હતો? શું ડરી ગયો હતો?

દિલીપ જુવાનિયો હતો–વહેમને હસી કાઢનારો હતો, તેના જીવનમાં વહેમને અને ડરપોકપણાને સ્થાન નહોતું. જીવનમાં શંકા-આશંકા થાય તેવું કશું ય બન્યું ન હતું. તે ભણવામાં સારો હતો. નિષ્ફળ થવાનું સમજયો જ નહોતો. નોકરી પણ સરસ હતી, શેઠ કદરદાન હતો, પગાર સારો હતો, પરિણીત જીવન સુખી હતું. રેણુ પ્રેમાળ ને ઘરરખ્ખુ હતી, પારણે ઝૂલતું બાળક હતું. એની પાસે બધું જ હતું. એના જીવનમાં કયાંય શંકા–આશંકા ને નિરાશાને સ્થાન નહોતું. પણ આજે એને દુનિયા જુદી જ લાગવા માંડી...આજે એને દરેક ક્ષણે જાણે કોઈ પણ ખૂણામાંથી ભય એના પર આવી તૂટી પડશે, તેમ ડર લાગવા માંડ્યો હતો. આજે એ આમ કેમ ડરપોક બની ગયો? આ બનેલા બનાવોને કારણે? એમ જ હશે ને? આજે દિલીપે એકેએક પગલું વિચારીને ભરવા માંડ્યું. દૂધનો દાઝ્યો છાશ ફૂંકીને પીએ તેમ સંભાળી સંભાળીને ડગ ભરવા માંડ્યો. આમ કેમ બન્યું? દિલીપના મનમાં પણ વહેમ ઘૂસી ગયો કે શું?

ઑફિસમાં પહોંચતાં ટાઈપિસ્ટે દિલીપને ખબર આપ્યા કે શેઠ આવીને ગયા ને પેલા મળવા આવનાર પણ અર્ધો કલાક બેસીને ચાલ્યા ગયા. દિલીપ આ સમાચાર આપનાર પર છેડાઈ ગયો. ટાઈપિસ્ટ છોકરીને નવાઈ લાગી કે રોજનો હસમુખો દિલીપ

આજે આમ વગર કારણે કેમ છેડાઈ ગયો! ને છેડાવા જેવું એણે કર્યું હતું પણ શું? એણે તો એની ફરજ પ્રમાણે ખબર આપી તેમાં ખોટું શું કર્યું? દિલીપને પણ તેના આવા અવિવેકી વર્તન માટે પસ્તાવો તો પછી થયો, પણ થૂંકયું કંઈ ગળાય? બોલ્યું ન બોલ્યું કંઈ થાય છે? દિલીપ હજી એ વિચાર કરતો હતો, ત્યાં મિસ સ્લેઈડે ટેબલ પર ફાઈલો મૂકીને સાથે જ ખબર આપ્યા: 'સાહેબ! તમારા ઘેરથી અત્યાર સુધીમાં ત્રણ વાર ફોન આવી ગયા.' 'મા–રા–ઘે–રથી? ત્રણ વાર ફોન? યુ મીન (તમે એમ કહેવા માગો છો કે)...મિસિસ દિલીપના ફોન?' માંડ માંડ આમ ત્રૂટક ત્રૂટક શબ્દો બોલી શકયો. ટાઈપિસ્ટ દિલીપનો ગભરાટ સમજી ન શકી.

દિલીપને ડર લાગ્યો કે ઘેર પણ જરૂર કંઈક નવાજૂની થઈ હશે; નહિ તો આટલી વારમાં રેણુ ત્રણવાર ફોન કરે જ નહિ. ગભરાટમાં દિલીપે રીસીવર હાથમાં લીધું ને ફોન જોડ્યો. હાથ ધ્રૂજતો હતો. કોણ જાણે શાયે ખબર હશે?

તેણે આંખ મીંચી દીધી. એક હાથ કપાળે મૂકયો. બીજા ધ્રૂજતા હાથે રીસીવર કાને ધરી રાખ્યું ને પાછા તે જ વખતે રેણુના શબ્દો કાને અથડાયા: 'આજ કંઈ નવાજૂની ન થાય તો મને કહેજો!' ઓહ ભગવાન! આજે શું થવા બેઠું છે?

પેલીનું મોઢું જોયું માટે જ! ના, ના, પણ તો પછી આજે આમ કેમ? આ જ વખતે રેણુનો અવાજ ફોનમાં સંભળાયો: દિલીપ તો ગભરાટમાં બસ એટલું જ પૂછી શકયો: 'બા–બા–ને–કેમ છે!' રેણુ દિલીપના ગભરાટનું કારણ ન સમજી શકી. એને શી ખબર કે વહેમની જડે દિલીપને હચમચાવી નાંખ્યો છે? એણે તો સામુ પૂછયું: 'આજે તમ અવાજ આટલો ધ્રૂજે છે કેમ? અરે ભા તો મજામાં છે!'

દિલીપને સહેજ હિંમત આવી ને બોલ 'તો પછી તેં ત્રણ વાર ફોન કર્યો...'

રેણુ હસી પડી. 'ઓહો...એમાં આટ ગભરાયા? મેં તો એમ કહેવા ફોન ક હતો કે તમે પેલો વહેમ રાખશો નહિ, તો સવારે મારી સહેજ ભૂલ થઈ ગઈ હતી... મોતીનું મોઢું તો સારું છે. એનું મો જોવાથી તો ઊલટો ફાયદો થાય છે–ખરા મોઢું તો પેલી પોતીનું છે–ને હા પેલું ના મુમણશેઠ નહિ...એ તો ગૂંગણશેઠનું ના લેવાથી બાર વાગ્યા સુધી રોટલા ભેગા થવાય. સમજયા ને! એ કહેવા જ તમ ફોન કર્યો હતો કે તમને નકામી ચિં ન થાય...ને...'

'ઓહ યુ! (અરેરે તું!)...' કહીને રે વહેમની કંઈ પણ વધારે વિગતો સમ તે પહેલાં જ દિલીપે રીસીવર નીચે મૂ દીધું...ને...હા...શ કરીને છુટકારાનો દ ખેંચ્યો ને કપાળે આવેલો પરસેવો લૂછયો. સવારથી જે વહેમની પકડમાં સપડાઈ ગ હતો તેનાં બંધનોમાંથી છૂટવા હાથ પ્રસરાવ્યા ને વહેમની રજ સહેજ પણ ચો ન રહે માટે ઊભો થઈ ગયો. જરા છાતી કા જરા ટાઈ ઠીક કરી એકાદ ખોંખારો ખાધો પછી અરીસા સામે જઈને ઊભો રહ્યો. જ વાળ ઠીક કર્યા ને જરા મૂછમાં હસ્યો પોતાના જ પ્રતિબિંબને જાણે પૂછી રહ્યો: હું વહેમમાં માનું છું? જરાયે નહિ!' પ્ર બિંબે જાણે સામેથી પૂછયું: 'કેમ તો આજે આખો દિવસ શું કર્યું?' જવ આપ્યો: 'એ તો જરા ગભરાઈ ગયો, બ કોણ કહે છે કે મને વહેમ છે?'

★

સત્સંગનો મહિમા

લેખક :

શ્રી વામનરાવ પ્રા. પટેલ

બી. એ. એલએલ. બી.

અનેક જન્મો ધારણ કરી પોતાનો વિકાસ થતાંથતાં છેવટે ચોર્યાસી લાખ નંબરવાળો જન્મ જે આવે તે મનુષ્યજન્મ આવે છે એમ કહેવાય છે; આથી આ માનવજન્મ દુર્લભ ગણવામાં આવે છે, છતાં એવો દુર્લભ જન્મ ધારણ કરનારાઓની સંખ્યા પણ કાંઈ ઓછી નથી. આ માનવસૃષ્ટિ અતિ વિશાળ છે અને આપણા અનુભવથી આપણે જાણીએ છીએ, કે કોઈ પણ માણસ બીજા માણસ સાથે રૂપે, રંગે, સ્વભાવે ને કૃતિએ ભાગ્યે જ મળતો આવે છે. મુંડેમુંડે મતિર્ભિન્ના, એ સંસ્કૃત કહેવત છે, એટલે સામાન્ય રીતે મનુષ્યોના સ્વભાવ યા કૃતિનાં યથાયોગ્ય ને સંપૂર્ણ વર્ણન કરવાં અશક્ય ભાસે છે; છતાં તત્ત્વજ્ઞાનીઓએ આ દિશામાં ઠીકઠીક પ્રયાસ કર્યો છે ને સમસ્ત માનવજાતનાં ગુણકર્મને અનુસરી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર ને અંત્યજ, એવા મુખ્ય પાંચ વિભાગ પાડ્યા છે. સ્વામી રામતીર્થે પણ વૃત્તિને અનુસરી પાંચ પ્રકારના મનુષ્ય વર્ણવ્યા છે. પહેલા કેવળ સ્વાર્થી, ચક્કર લેતા ભમરડા જેવા; બીજા ઘોડદોડ શરતના ઘોડા જેવા કેવળ કુટુંબ પોષનારા; ત્રીજા પશુ જેવા, પોતાની ને પોતાની જ ન્યાતજાતના હિત માટે પ્રવૃત્તિ કરનારા; ચોથા રીતસરના માણસ જે કેવળ પોતાના દેશના ભલા માટે પ્રયત્નશીલ રહે તે સ્વદેશાભિમાની ને પાંચમા માણસમાત્રના કલ્યાણ માટે સતત મચ્યા રહેનારા દૈવી અવતારી પુરુષ. પ્રકૃતિને અનુસરી બે જ વિભાગ પડી શકે. દૈવી (મહાત્માઓ), અને આસુરી (દૈત્ય, દાનવ, રાક્ષસ).

સૂક્ષ્મ નિરીક્ષણ કરનાર જાણે છે કે મનુષ્ય ગમે તે વર્ગનો હોય, અધમમાં પણ અધમ હોય, છતાં એના હૃદયના કોઈ એક ખૂણામાં ઈશ્વરની ભાવના–અમર તત્ત્વ પ્રત્યે માન હોવાની ભાવના–મોજૂદ છે ને તેને અનુસરી તેના પોતાના ગમે તેવા હલકા ધંધામાં પણ તે અમુક પ્રકારનાં વ્રત, નીતિ, નિયમ અચૂક પાળે છે; આનું કારણ દેખીતું છે. ખરું અમર તત્ત્વ એટલું બધું સૂક્ષ્મ, અદૃશ્ય, અતર્ક્ય, અચિંત્ય છે, કે દેહ અને દેહના સંબંધીઓના મમતાભર્યાં રક્ષણ–પોષણના કાર્યમાં તે તત્ત્વને વારંવાર વીસરી જવાય છે ને એ વીસરી જઈ અધોમાર્ગે ન ઘસડાઈ પડાય તે માટે જ કહેવાતો નીચામાં નીચો યા અધમ વર્ગ આટલી સાવચેતી રાખે છે. કયા વખતે આ શરીર પરનાં મમતાપ્રેરિત કાર્યો સફળ રીતે પાર પાડવાની કામના માણસને, ક્રોધના, સંમોહના, સ્મૃતિવિભ્રમ યા સ્મૃતિભ્રંશના, બુદ્ધિનાશના અને વિનાશના ખાડામાં ધકેલી દે ને માણસને માણસ મિટાવી પશુ યા પશુથી પણ બદતર બનાવી દે, તેનો કોઈ નિયમ નથી; એ વાતથી હૃદયમાં રહેલો ઈશ્વર અધમાધમને પણ જાગ્રત રાખે છે.

આથી જ સંતકોટિના તુલસીદાસ જેવાને પણ ગાવું પડ્યું છે:

મૈં કેહિ કહૌં બિપતિ અતિ ભારી,
શ્રી રઘુબીર દીન હિતકારી.
મમ હૃદૈ ભવન પ્રભુ તોરા,
તહઁ આઇ બસે બહુ ચોરા.
અતિ કઠિન કરહિં બરજોરા,
માનહિ નહિં વિનય નિહોરા.

તમ, મોહ, લોભ, અહँકારા,
મદ, ક્રોધ, બોધ-રિપુ મારા.
અતિ કરહિં ઉપદ્રવ નાથા,
મરદહિં મોહિં જાનિ અનાથા.
મૈં એક અમિત બટપારા,
કોઈ સુનૈ ન મોર પુકારા.
ભાગેઉ નહિં નાથ ઉબારા,
રઘુનાયક ! કરહુ સઁભારા.
કહે તુલસીદાસ સુનુ રામા,
લૂટહિં તસ્કર તવ ધામા.
ચિન્તા યહ મોહિં અપારા,
અપજસ નહિં હોઈ તુમ્હારા.

'દીનોનું હિત કરનારા હે શ્રી રઘુવીર, આ અતિ ભારી વિપત્તિનું કેવી રીતે બરોબર વર્ણન કરી શકું ? હે પ્રભુ! મારું હૃદય તો તારું ભુવન (રહેઠાણ બનેલું) છે; તેમાં ઘણા ચોરોએ આવી વસવાટ કર્યો છે. તેઓ ખૂબ બળજબરી કરે છે, અરજી–વિનતિ સાંભળતા નથી; તમ, મોહ, લોભ, અહંકાર, મદ, ક્રોધ, જ્ઞાનશત્રુના મારાઓ આવી હે નાથ, મને એકલો જાણી, ખૂબ ઉપદ્રવ કરે છે. હું એકલો ને આ તો અસંખ્ય લુટારુઓ છે; તે કોઈ મારો પોકાર નથી સાંભળતા. હે નાથ! હું દોડી નથી જઈ શકતો, મને બચાવો. હે રઘુનાયક! આપ સંભાળ કરો. તુલસીદાસ કહે છે: હે રામ ! સાંભળો ! તમારું ધામ ચોર લૂંટી જાય છે. મને આ જ ચિંતા છે, કે તેઓ જો લૂંટી જાય તો રખેને બેઆબરૂ તમારી થાય !'

અર્જુને પણ શ્રીમદ્ ભગવદ્ગીતામાં એ જ ભાવાર્થનું કહ્યું છે: 'હે શ્રી કૃષ્ણ, મન અતિ ચંચળ અને કોઈ પણ પ્રતિજ્ઞા સિદ્ધ ન થવા દેનાર બળવાન અને અભેદ્ય છે. તેનો નિગ્રહ કરવો એ વાયુને અટકાવવા સમાન દુઃસાધ્ય છે, એમ હું માનું છું.' તેના જવાબમાં અર્જુન નરવીર હતા તેને શ્રીકૃષ્ણે ફક્ત એ પ્રસંગમાં યોગ જ કહ્યો: 'મન ચંચળ હોવાથી તેનો નિગ્રહ અતિકઠિન છે એમાં કાંઈ શંકા નથી, વૈરાગ્ય અને અભ્યાસના યોગે તે પણ સ્વાધી થઈ શકે છે (કારણ મનનો એક સદ્ગુણ એ કે જેની એને ચટક લાગે છે, તેમાં જ તે નિરં રહેવા ઇચ્છે છે. માટે તું એને યોગથી આત્મા આનંદ એકવાર ચખાડ).'

પણ બીજા એક પ્રસંગમાં શ્રીકૃષ્ણે એમ વહાલા ભક્ત ઉદ્ધવને બહુ જ સહેલો ને સર માર્ગ આ રીતે બતાવ્યો હતો. તેમણે ક હતું: 'અષ્ટાંગ યોગ, પ્રકૃતિ–પુરુષનો વિવે સાંખ્ય યોગ, અહિંસાદિ ધર્મ, વેદાધ્યયન તપ, યજ્ઞ, દાન, વ્રત, તીર્થયાત્રા, યમ, નિય વગેરે સાધન સત્સંગ સિવાય મને વશ કર સમર્થ નથી. સાધનમાત્ર સંત દ્વારા મારી પ્રાપ્તિ કરાવે છે. હે નિર્દોષ ઉદ્ધવ કેવળ સાત્ત્વિક મુમુક્ષુઓ જ નહિ, પણ જ મૂઢ અને તામસ યોનિમાં જન્મેલા દૈત્યો રાક્ષસો, મૃગો, પક્ષીઓ, ગંધર્વો, અપ્સ રાઓ, નાગો, સિદ્ધો, ચારણો, યક્ષો, વિદ્યા ધરો, વૈશ્યો, શૂદ્રો, સ્ત્રીઓ અને અંત્ય રજોગુણી તથા તમોગુણી પ્રકૃતિવાળા હો છતાં સત્સંગથી જ મારા પદને પામ્યા છે વૃત્રાસુર, પ્રહ્લાદ, વૃષપર્વા, બલિ, મ દૈત્ય, બિભીષણ, સુગ્રીવ, હનુમાન, જાં વંત, જટાયુ, તુલાધાર વગેરેને સત્સં થીજ એ આનંદની પ્રાપ્તિ થઈ હતી.'

પાપમૂર્તિ ધર્મવ્યાધને, કુબ્જાને ને અજ્ઞા ગોવાળણોને શ્રીકૃષ્ણ મહાત્માના સંગથી ભગવદ્પ્રાપ્તિ થઈ હતી. માટે જેમનાથી યોગ યાગ, વ્રત, તપ, દાન, વેદશાસ્ત્રનો અભ્યા વગેરે ન થઈ શકતાં હોય તેમણે તો અવશ્ આ સત્સંગ પોતાના આત્મહિત મા કરવો જોઈએ.

સુંદરવિલાસમાં સંતકવિ 'સુંદર' ક છે: 'સંતસમાગમ કરવો; બીજા (બધા ઉપાયો છોડવા. સંતોની સંગતમાં આ

ઘણાનો ઉદ્ધાર થઈ ગયો છે. જેને હરિને મળવાની સુરતા (સદ્દભક્તિ–પ્રીતિ) છે તેણે સત્સંગ કરવો; સત્સંગથી વગર પરિશ્રમે અભંગ (આખો, સંપૂર્ણ) દેવ અવગત થાય (જાણી લેવાય) છે. સંત મુક્તિના ચોરિયા (દ્વારપાળ) છે. તેમના પર પ્રેમ કરવો. એમના હાથમાં મુક્તિની કૂંચી છે; તે જ મુક્તિનું દ્વાર ખોલે છે.

'સંતસમાગમ દુર્લભ છે; ખરા સંતોનો સમાગમ થવો કઠિન. બાપ મળે, મા મળે, ભાઈ મળે ને સુખ આપનારી સ્ત્રી પણ મળી શકે. રાજ્ય, હાથી, વાજાં, જે જે મન ઇચ્છે તે તે સર્વ સામગ્રીઓ પણ પ્રાપ્ત થાય. આ લોક મળે, દેવલોક (સ્વર્ગ) મળે, બ્રહ્માનું ધામ મળે, વૈકુંઠ પણ મળે. સુંદર કહે છે, બધાં સુખ મળે પણ સંતસમાગમ દુર્લભ છે.'

મોક્ષમાર્ગે ચડેલા સાધકો પૈકી ભાગ્યે જ કોઈ એટલા અજ્ઞાન હોય કે તે સંતસમાગમનો મહિમા ન જાણતા હોય. ઘણા તો સંતોની શોધમાં ફર્યા જ કરે છે. ઘણી વખત એવા મુમુક્ષુઓને કેટલીક વખત નિરાશ થવું પડે છે; સંતો ન મળ્યાથી નિરાશા ઊપજે એ તો સ્વાભાવિક છે, પણ ઘણી વખત ધારી લીધેલા સંતોમાં ખરા સંતનાં લક્ષણ હોતાં નથી, તેથી તેવાની પાછળ પડનાર માણસને વહેલું–મોડું પસ્તાવાનું થાય છે ને તેની શ્રદ્ધાને એવી તો હાનિ પહોંચે છે, કે પછી સાચા અને ખોટા સંતોનો વિવેક કરવાની તથા તેમની પાસેથી પરલોક–સાધન મેળવવાની વૃત્તિ લુપ્ત થઈ જાય છે. આથી સાચા સંતો કેવી રીતે પારખવા, તે વિષે ભાગવતકારે તથા બીજા સંતોએ તેમનાં લક્ષણોનાં વર્ણન કર્યાં છે, તે આપણે જાણવાં જોઈએ.

सन्तोऽनपेक्षा मच्चित्ताः प्रशान्ताः समदर्शिनाः ।
निर्ममा निरहंकारा निर्द्वंद्वा निष्परिग्रहाः ॥ श्री भागवत

'અપેક્ષા વિનાના, મારામાં ચિત્તવાળા, અતિશય શાંત, સમદૃષ્ટિવાળા, મમતા તથા અહંકારથી રહિત, દ્વંદ્વ–બેના જોડકાવાળી માયામાં નહિ પણ એક બ્રહ્મમાં જ રાચનારા, પરિગ્રહ નહિ કરનારા (જ સંત સમજવા).'

તુકારામ મહારાજ 'સંતસંગ સિવાય દેવ, પરમેશ્વર નથી ઓળખાતો' એમ કહી, સંતો પારખવાની ચાવી આ પ્રમાણે દેખાડે છેઃ

'કષ્ટ પામેલા, રંજાડ પામેલા, થાકેલાને જે પોતાનાં ગણે તેને જ સાધુ જાણવો. ત્યાં જ દેવનો વાસ છે. જે બહાર ને અંદર અંતરમાં માખણ જેવું મૃદુ (નરમ) હોય છે, તેવું જ એ સજ્જનોનું ચિત્ત છે. જેનું રક્ષણ કરવાવાળું કોઈ નથી એવા અનાથને જે હૃદય સરસા ચાંપે છે, જે જેટલી દયા પોતાના પુત્ર પર કરે તેટલી જ દયા પોતાના દાસ-દાસી પર કરે (તે જ સંત છે). તુકા કહે, હવે વધુ શું કહું? એજ ભગવાનની મૂર્તિ છે.

'તેનું અંતર નિર્મળ ને વાચા રસાળ હોય, તેના ગળામાં તુલસીમાળા હોય કે ન પણ હોય; તેણે આત્માનુભવનો માર્ગ ઉજાળ્યો હોય, તેને માથે જટાભાર ન પણ હોય; પરસ્ત્રી પ્રત્યે જે નપુંસક વૃત્તિવાળો હોય, તેણે શરીરે રાખ ચોળી હોય કે ન ચોળી હોય; પરદ્રવ્ય પ્રત્યે જે અંધ ને નિંદામાં જે મૂગો હોય તેને સંત જાણો.'

નામા નામના બીજા સંત કહે છે, સંતોને ઓળખવાનાં ચિહ્નો આ છેઃ 'જે પોતાના દેહ તરફ ઉદાસીન છે; જેનું હૃદય સતત ઈશ્વર–પ્રેમમાં તરબોળ હોય છે; જેની જીભ પર હંમેશ રામકૃષ્ણ વસે છે; અહંતાનું નિકંદન કરી ભૂત(પ્રાણી)માત્રમાં જે એક વાસુદેવ દેખે છે; તેને તમારે નક્કી સાધુ–સંત જાણવા. બાકીના બધા માયાબદ્ધ છે એમ હું કહું છું, તે ધ્યાનપૂર્વક સાંભળજો. તેમની પ્રવૃત્તિ શી હોય છે? દીનજનોનો ઉદ્ધાર કરવા એ બોલતીચાલતી સંતરૂપી બ્રહ્મમૂર્તિ

જગતમાં અવતરેલી છે. બ્રહ્માદિ દેવો પણ તેને પગે પડે છે; તેનું નામ મુખે લેતાં સર્વ દોષોનો નાશ થાય છે. ગમે તેવો દુરાચારી વિષયી હોય પણ તેના પર સંતકૃપા થતાં જ તેનો તરત જ ઉદ્ધાર થાય છે; હું પોતે રાતદિવસ અખંડ એવાની રાહ જોઉં છું, એની સત્સંગતિનું ધ્યાન ધરું છું.'

તુલસીદાસજી પણ એમનાં રામાયણમાં સંતોનાં લક્ષણો આ પ્રમાણે કહે છે:

'વિષયોથી અલિપ્ત, શીલ અને સદ્‌ગુણના કેવળ ભંડાર, બીજાનું દુઃખ જોઈ પોતે દુખિત અને ને સુખ જોઈ સુખી થાય, સમદર્શી, અજાતશત્રુ (જેમને કોઈ શત્રુ નથી), ઉન્માદ વિનાના, વિરક્ત, લોભ, ક્રોધ, હર્ષ, ભયનો ત્યાગ કરનારા, કોમલ ચિત્તવાળા, દીનવત્સલ, કાયાવાચાથી મારી ભક્તિ કરનારા, અહંકાર વગરના, સર્વનું જ આદર ને સન્માન કરનારા ને પોતે માનની લેશ પણ ઇચ્છા ન રાખનારા હોય તે સંતો છે. હે ભરત! એ સંતો મને પ્રાણ જેટલા જ પ્રિય છે. હરેક પ્રકારની કામનારહિત, મારા નામના કીર્તનપરાયણ, શાંતિ, વૈરાગ્ય, વિનય અને પ્રસન્નતાના જ એકલા રહેઠાણ; ક્ષમા, સરળતા, મૈત્રી, બ્રાહ્મણો પ્રત્યે પ્રેમ રાખનારા, ધર્મને પોતાની માતા સમજનારા, જેમનાં શમ, દમ, નિયમ અને નીતિ કદી પણ ચલાયમાન નથી થતાં તેવા પ્રકારનાં લક્ષણોનું જેમનું અંતઃકરણ નિવાસસ્થાન છે, તેમને જ નિરંતર ખરા સંતો જાણવા. નિંદા-સ્તુતિ સમાન હોઈ જેમનો પ્રેમ કેવળ મારા જ ચરણકમળમાં ચોંટેલો છે, તે જીવંત ગુણમંદિર તથા સુખનિધાન (ભંડાર) છે, એવા સંતો મને મારા પ્રાણ જેટલા પ્રિય છે.'

અર્વાચીન (સમાધિસ્થ) શંકરરાવ સત્સાધુનાં જે લક્ષણો કથે છે, તે પણ ધ્યાનમાં રાખવા યોગ્ય છે:

'તે એક જ સત્‌સાધુ છે, જેનું હૃદય
બોધસ્વરૂપ છે; જેણે સદ્‌ગુરુને શરણે
પોતાના સ્વરૂપનું ઓળખાણ કરી લીધું
જેનું અજ્ઞાનરૂપી ગાંડપણ શ્રવણ, મન
નિદિધ્યાસનથી નાશ પામ્યું છે; જેની વિષ
વાસના અસ્ત પામી ગઈ છે; જેના હૃદય
કેવળ શાંતિ જ છે; જે દ્વૈત-અદ્વૈત ઉભ
ભૂલી જઈ સહજ આનંદમાં મસ્ત બન્યો
તે સત્‌સાધુ છે.'

પૂર્વ પુણ્યથી ખરા સંતોનો સમાગ
કોઈ ભાગ્યશાળીઓને થાય છે. તે સમ
સંતોની પાસેથી જે અમૂલ્ય ચીજ પ્રા
કરવાની હોય છે, તે કેટલાક નથી માંગ
પણ વિષયસુખવાળી સંસારની ચીજો માં
છે ને તે મળે તેટલાથી જ સંતોષ મા
સ્વસ્થ રહે છે. સુત, સ્ત્રી, ધન, વિદ્યા, ય
રિદ્ધિસિદ્ધિ, વ્યાધિનિવારણ, મલીન બાધ
નિવારણ વગેરે માંગનારાની સંખ્યા જ લગ
ભગ ૯૦ ટકા જેટલી હોય છે; બાકીના
ઘણા એ સત્‌શાસ્ત્રનાં શ્રવણ એમને ગ
કરનારા હોય છે; પણ એ સતનું શ્રવ
થયા પછી તેનાં મનન-નિદિધ્યાસન
ખરા સંત બની જનાર તો કોટિ અ
યાયીઓમાંના ગણ્યાગાંઠ્યા વિરલ જ હો
છે. ભગવાન પણ ભગવદ્‌ગીતા(૭-૧૬)
એમને ભજનારા લોકોના ચાર પ્રકાર વર્ણ
છે: ૧ રોગાદિકથી પીડિત, ૨ ભગવત
જાણવા ઇચ્છનારા, ૩ ભોગોની ઇચ્છાવાળા
૪ જ્ઞાની. ને પછીના શ્લોકોમાં એ સર્વ
જ્ઞાની નિરંતર મારામાં રત રહી એ
નિષ્ઠાથી મારી ભક્તિ કરે છે,-તેથી તે શ્રે
હોઈ મને પ્રિય છે, એમ કહી શ્લોક ૧૯
અનેક જન્મોને અંતે જ્ઞાનીને મારી પ્રા
થાય છે તથા અન્યત્ર જે સિદ્ધો
દિશામાં પ્રયત્ન આદરી રહ્યા છે તેમાં
કોઈક જ મને તત્ત્વતઃ ખરી રીતે જાણે છે,

કહી એવા સંતોની વિરલતા જણાવે છે.

સુંદરવિલાસમાં સુંદરદાસજી કહે છે; જે દિવસથી મને સત્સંગ મળ્યો છે, તે દિવસથી જ મારો ભ્રમ ભાંગીને ભૂકો થઈ ગયો છે, બધા ઉપાયો એ દિશામાં વ્યર્થ નીવડેલા છે. સંતે મને અદ્વય જ્ઞાન આપ્યું છે.

जो दिनते सतसंग मिल्यो तव,
ता दिनते भ्रम भाजि गयो ।
और उपाय थके सवही तब,
संतनि अद्वय ज्ञान दियो है ॥

વળી કહે છે; જે કોઈ સંત પાસે જઈ તેનો સત્સંગ કરે છે, તે પવિત્ર થઈ જાય છે, હરિરંગે રંગાઈ જાય છે; બધાં દોષ ને કલંકો ભુસાઈ સાફ થઈ જાય છે. જેમ જળ બહુ મેલું હોય પણ તે ગંગાના જળ સાથે જઈ મળે એટલે તે મેલું નથી રહેતું પણ ગંગાજળ બની જાય છે, તેમ સત્સંગ તુરત જ શુદ્ધ કરી નાખે છે ને નીચને ઊંચ બનાવે છે. માટે આ જગતમાં સત્સંગ બહુ મોટો પ્રભાવશાળી છે.

સૂર્યનો ઉદય થતાં અંધારું નાશ પામે છે; પરંતુ સૂર્ય અસ્ત પામે એટલે પાછું અંધારું જ થઈ જાય છે. તેવું આ સત્સંગનું નથી. એક વાર સંતરંગે રંગાયલા ઉપર કદી અજ્ઞાનનો અંધારપટ ફરી વળતો નથી તેથી સૂર્યના કરતાં સત્સંગનો મહિમા વધુ ચડિયાતો છે. વળી પારસમણિથી પણ સત્સંગ ચઢી જાય છે; કારણ પારસમણિ ગમે તે ધાતુનું સોનું બનાવે છે; તે ધાતુને પારસમણી નથી બનાવતો જયારે સંતોનો आपणा सारीखा करिती तत्काळ એમનો સંગ કરનારને પોતાના જેવા સંત જ બનાવી દે છે.

જે સાધકને સંતોનો ખરેખરો લાભ ઉઠાવી કૃતકૃત્ય થવું હોય તેણે સત્સમાગમ સમય દરમ્યાન બહુ જ સાવચેત રહેવાની જરૂર હોય છે. સર્વે સંતોના બાહ્ય આચાર, રહેણીકરણી એક જ પ્રકારનાં નથી હોતાં. કોઈ સામાન્ય નાગરિક જેવા, તો કોઈક ખેડૂત જેવા, તો કોઈ ભિખારી જેવા ચીંથરેહાલ પહેરવેશ કરે છે, તો કોઈ જનસમાજથી દૂર કૌપિન લંગોટીભર, તો કોઈ વળી દિગંબર જ રહે છે. ઘણા સંતોની આસપાસ સમાજનાં અનિષ્ટ તત્ત્વો ભક્તોના વેશમાં જોવામાં આવે છે. તેઓ સાધકોને અનેક પ્રકારનાં પ્રલોભનો દેખાડી ઘણી વખતે આડે રસ્તે દોરી જાય છે; કોઈક અતકર્ય માયાજાળમાં ફસાવે છે ને પરમાર્થ બાજુએ રહી જાય છે. સંસારી પ્રલોભનો સંતો દ્વારા મેળવી આપવાની શક્યતા એમના મોં આગળ રજૂ કરી સંતોની પીઠ પાછળ લોકોને ઠગે પણ છે. જેણે પોતાનું ધ્યેય નક્કી કરેલું છે ને જે સંપૂર્ણ વીતરાગી છે, તે આ પ્રલોભનોમાં ફસાતો નથી ને પરમાર્થ સિવાય બીજી કોઈ વસ્તુ પર લક્ષ આપતો નથી, એ તો નિર્વિવાદ છે; પરંતુ બધા આ કોટિના નથી હોતા.

બીજી બાબત એ છે, કે ઉપર કહ્યા પ્રમાણે સંતોની કેટલીક વખતે રહેણીકરણી વિચિત્ર, જનસમાજના વ્યવહારથી ઊલટી માલૂમ પડે છે. કોઈ વખત બાળક પેઠે, કોઈ વખત ઉન્મત્ત (ગાંડા) પેઠે તો કોઈ વખત પિશાચ જેમ કેટલાક સંતો વિહરે છે. સાધકે જાણવું જોઈએ કે એમની આ કેવળ બાહ્ય રીતભાત ગ્રહણ કર્યાથી એ સંત બની શકતો નથી એટલું જ નહિ પણ એથી એ તો સંતની મશ્કરી કરી રહ્યા જેવું થાય છે તેથી પણ જ્ઞાનપ્રાપ્તિ બાજુએ રહી જાય છે. સંતો તો લોકોની ભીડ ન થાય તે માટે આવી અનેક કરણી કર્યા કરે છે જ, પણ સાધકે તો હંમેશાં સંતો કહે તેટલું જ આચરવાની સાવચેતી રાખવાની છે. કરે તેમ કરવાની ભૂલ ન કરવી જોઈએ. (અપૂર્ણ)

સંપાદકીય

શ્રી સોપાન

આ અંક પ્રગટ થશે ત્યારે દેશના મોટા ભાગના પ્રદેશોની સામાન્ય ચૂંટણીનાં પરિણામો પ્રગટ થઈ ગયાં હશે. આજ સુધીમાં જે પરિણામો પ્રગટ થયાં છે, તેમાં કોંગ્રેસ મોખરે છે. લોકસભાની ચૂંટણી રાજયોના પ્રમાણમાં ઘણી જ મહત્ત્વની ગણાય. આપણા બંધારણ પ્રમાણે સાચી સત્તા કેન્દ્ર પાસે છે. રાજયોની સરકારોના અધિકારો પણ મર્યાદિત છે. લોકસભામાં કોંગ્રેસ ઘણી મોટી બહુમતી મેળવશે એમ લાગે છે. જે રાજયોમાં કોંગ્રેસે ચોખ્ખી બહુમતી નથી મેળવી, ત્યાં પણ લોકસભાની બેઠકો વિશેષ પ્રમાણમાં તેણે જીતી લીધી છે. આનો અર્થ એ કે દેશને સુસ્થિર રાજતંત્રની ખાતરી મળી રહેશે. લોકશાહીમાં વિરોધ પક્ષ હોવો જોઈએ, એ માન્યતામાં વજૂદ છે. આપણે ત્યાં આ ચૂંટણીને અંતે સંસદમાં સબળ વિરોધ પક્ષ હશે કે કેમ તે શંકાસ્પદ છે. કોંગ્રેસ ૨૫થી ૩૦ ટકા બેઠકો માંડ ગુમાવશે અને તે પણ અનેક પક્ષોમાં વહેંચાયેલી હશે, એટલે વિરોધ પક્ષનો લાભ સંસદને મળી શકશે નહિ એમ લાગે છે, પરંતુ તેમાં દોષ કોંગ્રેસનો નહિ હોય.

હવે કસોટી થશે

મધ્યસ્થ સરકારમાં હવે કોણ આવશે તે કહેવું મુશ્કેલ છે, પરંતુ અત્યારના વાતાવરણ ઉપરથી એમ લાગે છે કે અત્યારે જે પ્રકારના માણસો છે તેમાં ખાસ ફેરફાર નહિ થાય. આજ સુધીના વહીવટથી પ્રજાને સંતોષ નથી એ નક્કર હકીકત છે. કોંગ્રેસે સ્થિર રાજતંત્ર આપ્યું; જૂનાગઢ, હૈદરાબાદ, કાશ્મીર જેવા સવાલોમાં મુત્સદ્દીગીરી અને શક્તિ બંને દાખવ્યાં, વિદેશમાં વિશ્વશાંતિ દિશામાં અન્ય રાષ્ટ્રોને ખેંચી જવા પુરુષાર્થ કર્યો અને ભારતનું ગૌરવ વધાર્યું આ દેશમાં કાયદો ને વ્યવસ્થા જાળ તથા કોમવાદ અને હિંસાનાં બળોને દબાવ્યાં આર્થિક ક્ષેત્રે કેટલીક સારી યોજનાઓ અને કાયદાઓ પણ કર્યા. નિર્વાસિતોને ઠેકા પાડવા કરોડો રૂપિયા ખર્ચ્યા. પાકિસ્તાનનં મેલી મુરાદો બર આવવા ન દીધી. આ બ માટે સરકાર અભિનંદનને પાત્ર છે, પરં આર્થિક ક્ષેત્રે અનેક ભૂલો કરી છે અને દેશ લોકોને અન્ન, વસ્ત્ર અને રહેઠાણ આપવામાં સફળ થઈ નથી. નવી સરકાર પાસે પ્ર સર્વપ્રથમ જીવનની પ્રાથમિક જરૂરિયાતો અપેક્ષા રાખે એ સ્વાભાવિક છે. શ્રી. નેહરુ સરકારની સફળતા–નિષ્ફળતાનું માપ હ તો એના ઉપરથી ગણવામાં આવશે.

રાજયોની સ્થિતિ

રાજયોની ધારાસભાઓનાં આજ સુધી આવેલાં પરિણામો એમ દર્શાવે છે, કે હિ ચલ પ્રદેશ, મુંબઈ અને મધ્ય પ્રદેશમાં મોટી બહુમતીથી કોંગ્રેસની સરકારો રચા મુંબઈ રાજયમાં તો કોંગ્રેસે આશ્ચર્યકાર વિજય મેળવ્યો છે. કોંગ્રેસ સામે સમાજવા પક્ષ, લોકપક્ષ, શેતકરી કામદાર પક્ષ બધા કોમી તથા સમાજવાદી પક્ષો નિ ગયા છે. ડૉ. આંબેડકર, શ્રી અશોક મહે શ્રી ડાંગે, શ્રી જેધે પોતપોતાના પક્ષ સર્વોપરી નેતા છે. આ બધાને મુંબઈ રાજ્ય હાર ખમવી પડી છે. મધ્ય પ્રદેશમાં ઓરિસ્સા લગભગ એવું જ બન્યું છે.

આસામ, સૌરાષ્ટ્ર, બિહાર વગેરે રાજયોમાં અત્યારે કૉંગ્રેસ આગળ છે અને રહેશે એમ લાગે છે. હૈદરાબાદ તથા મદ્રાસમાં વિરોધ પક્ષોના સંયુક્ત મત કરતાં તે પાછળ છે. ત્રાવણકોર–કોચિનની ચૂંટણીનાં તો બધાં જ પરિણામો બહાર આવી ગયાં છે ને તેમાં કૉંગ્રેસ ચોખ્ખી બહુમતી મેળવી શકી નથી. આજ સુધીનું વાતાવરણ જોતાં એમ લાગે છે કે બીજાં બેત્રણ રાજયોમાં પણ કદાચ આવી સ્થિતિ પેદા થાય.

પ્રજામતનું પ્રતિબિંબ

કૉંગ્રેસે જયાં ચોખ્ખી બહુમતી નથી મેળવી ત્યાં સમાજવાદી પક્ષે કે પ્રજાપક્ષે સારો દેખાવ નથી કર્યો. તેઓથી કૉંગ્રેસ નબળી બની, પરંતુ તેઓ બળવાન બની શકયા નહિ. દક્ષિણનાં રાજયોમાં તો કૉંગ્રેસ પછીનું સ્થાન સામ્યવાદી ઉદ્દામોએ મેળવ્યું છે. આ વિજયને પરિણામે સામ્યવાદીઓ હિંસાનો માર્ગ છોડી લોકશાહીના માર્ગે વળે તો એમનો આ વિજય દેશ માટે લાભદાયી નીવડવાની આશા રાખી શકાય, પરંતુ સામ્યવાદીઓની આજ સુધીની નીતિરીતિથી આવો વિશ્વાસ પ્રગટતો નથી. દેશના કોઈ ભાગમાં તેઓ રાજ કરે એવી સ્થિતિ તો છે જ નહિ, કારણ કે પક્ષવાર સ્થિતિ જોઈએ, તો એમના કરતાં કૉંગ્રેસ પક્ષનું સંખ્યાબળ ઘણું વધારે છે. સામ્યવાદી રંગના ઉદ્દામ પક્ષો સંયુક્ત મોરચો રચીને પણ બેઠકો તો ૨૫થી ૩૦ ટકા જેટલી જ મેળવે છે અને એમના ઉપર બીજા કોઈ પક્ષને વિશ્વાસ નથી એટલે તેઓ વિરોધ પક્ષે જ બેસી શકશે. એક સવાલ ઊઠે છે કે જયાં કોઈ પક્ષ ચોખ્ખી બહુમતીમાં નથી, ત્યાં સ્થિર સરકારની આશા રાખી શકાશે ? મુખ્ય પક્ષ હોવાને કારણે સર્વ સ્થળે કૉંગ્રેસની સરકારો રચાશે, પણ અંતે નવી ચૂંટણીનો આશ્રય લેવો પડશે. આ નવી ચૂંટણીમાં કૉંગ્રેસને બહુમતી મળશે; 'કારણ કે ચોખ્ખી બહુમતી વિના સ્થિર સરકાર અશકય છે, એમ પ્રજા સમજી ગઈ હશે.

ચૂંટણીનાં પરિણામો ગમે તે આવ્યાં હોય, પરંતુ આજ સુધી ચૂંટણી ખૂબ શાંતિપૂર્વક અને તમામ પક્ષોને સંતોષ થાય એ રીતે ચાલી છે. આ માટે ચૂંટણીતંત્રના નિયામકો, સંચાલકો, પક્ષના નેતાઓ અને પ્રજા ખરેખર અભિનંદનને પાત્ર છે.

કાશ્મીરની સમસ્યા

કાશ્મીરનો સવાલ રાષ્ટ્રસંસ્થા સમક્ષ આવ્યો છે. ડૉ. ગ્રેહામના અહેવાલ ઉપરની ચર્ચા વખતે રશિયાએ પહેલી જ વાર કાશ્મીરના પ્રશ્નમાં પોતાનો અભિપ્રાય ઉચ્ચાર્યો છે. એણે ખુલ્લી રીતે બ્રિટન–અમેરિકા ઉપર આક્ષેપ કર્યો છે કે કાશ્મીરમાં યુદ્ધમથક મેળવવા માટે જ તેઓ આ સવાલને ગૂંચવી રહ્યા છે. ભારતમાં પણ ઘણા આમ માને છે. બ્રિટન અને અમેરિકા પ્રથમથી જ આ સવાલમાં પાકિસ્તાનની તરફેણ કરતું વલણ ધરાવે છે. તે સ્પષ્ટ છે. સર ઓવન જેવાએ પાકિસ્તાનને આક્રમક ઠરાવવા છતાં રાષ્ટ્રસંસ્થાએ એ વિષે મૌન રાખ્યું છે. કાશ્મીરના નિરાકરણ માટે જેટલા માર્ગો શોધાય છે તે બધામાં તેઓ ભારત અને પાકિસ્તાનને એક જ કક્ષામાં મૂકે છે, એટલે આ કોયડાનો ઉકેલ થતો જ નથી. રશિયાના આક્ષેપને કારણે નહિ, પણ સ્વતંત્ર રીતે જોઈએ તો પણ એટલું સાફ દેખાઈ આવે છે, કે બ્રિટન–અમેરિકા આ સવાલનો વિચાર ન્યાયની દૃષ્ટિએ નહિ, પણ પાકિસ્તાન શું સ્વીકારી શકે એમ છે એ જોઈને જ કરે છે. બ્રિટન–અમેરિકાની આવી પક્ષપાતભરી દૃષ્ટિ

ન હોત તો કાશ્મીરનો સવાલ ક્યારનો પતી ગયો હોત.

ડૉ. ગ્રેહામે રજૂ કરેલો અહેવાલ નિષ્ફળતાનો એકરાર કરે છે ને નવા ઉપાયનું સૂચન કરે છે. મુદ્દો છે હવે લોકમતની ભૂમિકા તૈયાર કરવા માટે લશ્કર ખસેડવાનો. આ બાબતમાં ડૉ. ગ્રેહામ ભિન્ન ભિન્ન યોજનાઓ મૂકે છે, પણ તે દરેકમાં પાકિસ્તાનને કાશ્મીર પંચના ઠરાવોને પરિણામે જે ગૌણ સ્થાન અપાયું છે, તે સ્થિતિ પલટવામાં આવે છે. એ ઠરાવો પ્રમાણે પાકિસ્તાને જ પ્રથમ પોતાનું બધું લશ્કર ખસેડી લેવાનું છે, જ્યારે ડૉ. ગ્રેહામની દરખાસ્તમાં બંને પક્ષે સાથે જ લશ્કર ખસેડવાનું સૂચન છે. લશ્કરના પ્રમાણ અંગે પણ ડૉ. ગ્રેહામનું સૂચન ભારત–પાકિસ્તાને સ્વીકારેલા કાશ્મીરપંચના ઠરાવોની વિરુદ્ધ જાય છે. આ સ્થિતિમાં, મડાગાંઠના ઉકેલ માટે આશા ઊપજે એવું કંઈ દેખાય નહિ એ સ્વાભાવિક છે.

વિશ્વશાંતિની વાતો

જગતમાં શાંતિ સ્થાપવા માટે એક બાજુ અમેરિકા, બ્રિટન, ફ્રાંસ વગેરે રાજ્યો અને બીજી બાજુ રશિયા અને તેના સાથીઓએ આ મહિના દરમિયાન ઘણાં ભાષણો કર્યાં છે, પરંતુ પરસ્પરના અવિશ્વાસમાં લેશમાત્ર ઘટાડો ન થયો હોવાથી તેનું કશું ફળ આવ્યું નથી. બંને બાજુએ એવી યોજના રજૂ થાય છે કે જેને પરિણામે બીજો પક્ષ મૂંઝવણમાં મુકાય. શાંતિ માટે નહિ, પણ બીજા પક્ષને બદનામ કરવા માટે જ શાંતિયોજનાઓ ઘડાતી હોય એમ લાગે છે. કોરિયામાં યુદ્ધબંધી અંગે લાંબા સમયથી વાટાઘાટો ચાલે છે, છતાં કશું નક્કર પરિણામ આવતું નથી, તે એમ દર્શાવે છે કે ત્યાં પણ રમત જ રમાઈ રહી છે. ના નાના મુદ્દાઓ ઉપર વાંધા ઉઠાવાય ને વ્યૂહરચનાની દૃષ્ટિએ પોતાનો પક્ષ કેમ મજબૂત રહે, તે ઉપર જ લક્ષ રહે તો શાંતિની આશા રાખી શકાય નહિ.

મંત્રણાને અંતે

ગયા મહિનામાં પ્રમુખ ટ્રુમેન અને શ્રી ચર્ચિલ વચ્ચે મુલાકાત થઈ અને તેને પરિણામે સંરક્ષણને સ્પર્શતા તમામ મુદ્દાઓ અંગે સંયુક્ત યાદી પ્રગટ થઈ તે મહત્ત્વનો બનાવ લેખાય. વિશ્વયુદ્ધ વખતે શ્રી ચર્ચિલ જે જોર હતું તે આજે નથી. આજે એ દેશ આર્થિક રીતે ભાંગી ગયો છે, લશ્કરી દૃષ્ટિએ નબળો પડ્યો છે, પક્ષીય દૃષ્ટિએ તે બળ ઓછું થયું છે. બીજી બાજુ અમેરિકાની મદદ વિના કોઈ દેશ સંરક્ષણની જં યોજનાઓ પાર પાડી શકે એમ નથી અં લડાઈ થાય તો પોતાનું રક્ષણ પણ કં શકે એમ નથી. શ્રી ચર્ચિલને પક્ષે એક મહત્ત્વની બાબત છે. અમેરિકા રશિયા સામે યુદ્ધ યુરોપમાં લડવા માગતું હોય અને યુ થાય તો શરૂઆતમાં એમ જ, બને તે તેણે બ્રિટન સાથે સારું રાખવું જ જોઈએ રશિયાના પૂરને ખાળવાનું શક્ય તો ફ્રાં માંથી જ છે, પરંતુ ફ્રાંસની નબળાઈ જગજાહે છે અને બ્રિટન યુરોપનું અગ્રણી રહ્યું છે આવી સ્થિતિમાં બન્ને દેશો પરસ્પર કંઈ નમતું મૂકે ને એકમેકને સંતોષ આપે તે સ્વાભાવિક છે, વિશેષમાં બ્રિટનના પ્રજામત જીતવા માટે પણ અમેરિકા તેને કંઈક લા આપવા પ્રેરાય.

આ દૃષ્ટિએ બંને દેશના નેતાઓની મં ણાનું પરિણામ જોઈએ તો તેનું ઠીક આવ્યું છે એમ લાગે. ચીનની બાબત બ્રિટન અમેરિકા પાસે ઝૂકી ગયું હોય એ

લાગે છે. બીજી બાજુ ઈરાન અને ઈજીપ્તની બાબતમાં થોડે અંશે બ્રિટન અમેરિકાનો ટેકો મેળવી શક્યું છે. મધ્યપૂર્વના સંરક્ષણ માટે એકમતી સધાઈ છે અને ઇંગ્લાંડની અંદરના અમેરિકાનાં યુદ્ધમથકો અંગે બ્રિટનનું સ્વમાન જાળવવાનો દેખાવ થયો છે. બ્રિટનની આજની મુશ્કેલી સંરક્ષણ માટે નાણાંની છે. બ્રિટન પોતાનું સંરક્ષણખર્ચ નિભાવવાની સ્થિતિમાં નથી. આ બાબતમાં ધ્યાન ખેંચે એવી કોઈ મદદ મળી હોય એમ લાગતું નથી. જો શ્રી ચર્ચિલ કોઈ પણ નિમિત્તે નાણાંકીય સહાય ન મેળવી શકે, તો તેનો ફેરો પચાસ ટકા તો નિષ્ફળ જ ગયેલો ગણાશે.

દ. આફ્રિકાનો રંગદ્વેષ

દક્ષિણ આફ્રિકાનો રંગદ્વેષ દિવસે દિવસે બહેકતો જાય છે. રાષ્ટ્રસંસ્થાએ તેની સામે ઠરાવો કર્યા છે, પણ મલાનની સરકાર એ ઠરાવને ઠોકરે મારે છે. જૂથવિસ્તાર ધારાનો અમલ દ. આફ્રિકાની સરકારે શરૂ કરી દીધો છે, છતાં રાષ્ટ્રસંસ્થા તો હજી પંચની રચનાનો જ વિચાર કરે છે. રાષ્ટ્રસંસ્થા પોતાના ગોરા સભ્યોની સામે કડક હાથે કામ લઈ શકતી નથી તેનો આ પુરાવો છે. દ. આફ્રિકાની બાબતમાં રાષ્ટ્રસંસ્થા જે નબળાઈ બતાવે છે, તેથી એ સંસ્થાના પાયા જ નબળા બને છે. આ સંયોગોમાં દ. આફ્રિકાના અન્યાય પામેલા હિંદીઓ ને બીજા રંગીન પ્રજાજનો માટે તો શ્રી. મણિલાલ ગાંધી જે માર્ગ ખેડી રહ્યા છે, તે જ ઉત્તમ લાગે છે. દ. આફ્રિકાની ભૂમિ ઉપર સત્યાગ્રહનો જન્મ થયો છે. રંગીન પ્રજા એ માર્ગે જ પોતાનું સ્વમાન અને પોતાના અધિકારો જાળવી શકે એમ છે.

સ્વ. બળવંતરાય ઠાકોર

ગુજરાતના પીઢ સાક્ષર શ્રી. બળવંતરાય ઠાકોર 'અખંડઆનંદ'ના વાચકોને સુપરિચિત હતા. એમનો છેલ્લો લેખ છાપવાનું સદ્‌ભાગ્ય 'અખંડ આનંદ'ને પ્રાપ્ત થયું હોય એમ લાગે છે. ગયા અંકમાં એમની જે વાર્તા છપાયેલી, તે હતો તો અનુવાદ, પણ એમની રુચિ અને દૃષ્ટિનો પરિચય એમાંથી મળી રહે છે. એમનું અવસાન ૮૨ વર્ષની વૃદ્ધ વયે થયું. જીવનભર એમણે સાહિત્ય અને સંસ્કારની પ્રવૃત્તિ કરી હતી. મૃત્યુ થયું તે દિવસની સવારે પણ એમણે નિયમસર લેખન–વાચનની પ્રવૃત્તિ કરી હતી. લાંબો આરામ લેવાનો એમને હક હતો, છતાં એમના જવાથી ગુજરાત ગરીબ બન્યું છે, એમ તો લાગે જ છે. તેઓ વૃદ્ધ છતાં પ્રયોગવીર હતા. નવીનતાની ઝંખનાથી એમના જીવનનું તેજ છેવટ સુધી જળવાયું હતું. અનેક લેખકો, કવિઓ અને સંસ્કારપ્રેમીઓના તેઓ માર્ગદર્શક હતા. એમના મૃત્યુથી ગુજરાતમાં ઘણાને એક પિતા અને ગુરુ ગુમાવ્યાનું દુઃખ થશે.

તા. ૨૦–૧–'૫૨

*

ઑફિસ અધિકારી: 'જુઓ મિ. દિનકર, આજે ફરીથી તમે વીસ મિનિટ મોડા આવ્યા. આ ઑફિસમાં આપણે કામ ક્યારે શરૂ કરીએ છીએ તેની તમને ખબર નથી ?'

નવો કારકુન: 'જી, ના સાહેબ, હું આવું છું ત્યારે તો બધા કામ કરતા હોય છે. એટલે ક્યારે કામ શરૂ થાય છે તેની ખબર પડતી નથી !'

×

ભારતમાં એક અપૂર્વ


80 MICRONS 14 CT. GOLD
★
નં. ૯૩૩૧
રૂા. ૨૫૩/-
ETERNA
ROLLED GOLD WATCHES
સામાન્ય કેસ
૧૦ અથવા ૨૦ માઈક્રોન્સ
૮૦
માઈક્રોન્સ
કેસ

ઘણાખરા રૅાલ્ડગોલ્ડ ઘડિયાળોને ૨૦ અથવા ૧૦ જ માઈક્રોન્સ સોનાનું કોટીંગ હોય છે. જ્યારે ફાવરે-લ્યુબાએ તો ભારતમાં પહેલવહેલાં જ ૪થી ૮ ગણા જાડાં સાચાં સોનાનાં પડવાળા ઈટર્ના રોલ્ડગોલ્ડ ઘડિયાળો દાખલ કર્યાં છે. આ ઈટર્ના રોલ્ડગોલ્ડ કેસ બીજાં ઘણાંખરાં નક્કર સોનાનાં ઘડિયાળોથી વધારે મજબૂત હોય છે, કારણ કે સોનું મજબૂત પોલાદના પાયા ઉપર રોલ કરવામાં આવે છે. આ પ્લેટીંગની જાડાઈથી સોનું તેનો ચકચકાટ ઘણાં વર્ષોના વપરાશ પછી પણ રાખી શકવાની ખાતરી આપે છે અને આજુબાજુના છેડા ઉપરથી પણ તે ઘસાઈ જતું નથી. આ કેસની ચઢિયાતાપણાની સાથે ઈટર્ના મુવમેન્ટની અદ્‌ભુત કારીગરી પણ નોંધવા લાયક છે. લાંબી વપરાશ, સુંદર દેખાવ ને સર્વોપરી નિયમિતતા તે આ **ફાવરે-લ્યુબા રોલ્ડગોલ્ડની** ખાસ વિશિષ્ટતા છે.

*** નં. ૯૩૩૧.** ચિત્રમાં બતાવ્યા મુજબ સાધારણ વળાંક, બેવેલ્ડ કાચ, કાંટા અને આંકડાઓ ગીલીટ કરેલા.

FAVRE-LEUBA

ફાવરે-લ્યુબા એન્ડ કાં. લિ૦
મુંબઈ ને કલકત્તા



સંસ્થા સમાચાર

સસ્તા મૂલ્યે પુસ્તકો

સ્વામીજીની પુણ્યતિથિ પ્રસંગે, આ વરસે પણ જુદીજુદી પાંચ યોજનાઓ દ્વારા સસ્તા મૂલ્યે પુસ્તકો અપાય છે. તેનું સૂચિપત્ર આ માસિકના ગયા અંકમાં છપાયું હતું. આ અંક ગ્રાહકબંધુઓના હાથમાં પહોંચ્યા પછી જેમણે આ યોજનાનો લાભ લેવો હોય તેઓ તે લાભ લઈ શકે તે સારુ યોજનાની મુદત લંબાવીને ચાલુ માસની તા. ૧૦મી સુધીની રાખવામાં આવી છે; એટલે આ પુસ્તકો સસ્તી કિંમતે વસાવી લેવાની તક જતી નહિ કરવાની વાચકબંધુઓને વિનતિ છે.

નવાં પ્રકાશનો

સાહિત્ય પ્રવેશિકા : લે. હિંમતલાલ ગ. અંજારિયા : ગુજરાતી ભાષા–સાહિત્યના ઇતિહાસમાં પ્રવેશ કરાવતા આ પુસ્તકમાં ગુજરાતી ભાષાની ઉત્પત્તિથી માંડીને આજ દિવસ સુધીનો તેનો ઉત્તરોત્તર વિકાસ આપેલો છે.

પાન ૪૧૬ :: કિં. ૨–૮

નિત્યપાઠ : સં. વામનરાવ પ્રા. પટેલ : સવારમાં ઊઠીને નિત્યપ્રાર્થના કરવા માટે જુદાજુદા ધર્મગ્રંથોમાંથી ઉત્તમ પ્રાર્થનાઓનું સંકલન.

પાન ૧૬૨ :: કિં. ૦–૧૨

ધર્મકથાઓ : (સર્વો૦ શ્રેણી) તત્ત્વજ્ઞાનના ગહન વિષયને સચોટ અને સરળ રીતે સમજાવતી ઉપનિષદ્-કથાઓ.

પાન ૨૪૦ :: કિં. ૧–૮

માટીની મૂર્તિઓ : (સર્વો૦ શ્રેણી) લે. મોહમ્મદ માંકડ : ગામડાની ધરતીના સામાજિક પ્રશ્નોની છણાવટ કરતો રસપ્રદ વાર્તા–સંગ્રહ.

પાન ૧૨૦ :: કિં. ૦–૧૨

આર્યભિષક્ અથવા
હિંદુસ્તાનનો વૈદરાજ : (નવી ૧૧મી આવૃત્તિ) જેમાં ૬૦૦ વનસ્પતિઓના ગુણદોષ, ઓળખાણ અને જુદાજુદા વ્યાધિઓ ઉપર તેમને વાપરવાની વિધિઓ તથા શુમારે ૧૦૦ ધાતુ–ઉપધાતુઓનું શોધન–મારણ અને તેના જુદાજુદા રોગો ઉપર જુદાંજુદાં અનુપાનો છે અને આશરે ૧૨૫ વ્યાધિઓનાં લક્ષણ, કારણ તથા ઉપાયો છે. આમાં જુદાજુદા પાક, ચૂર્ણો, ગુટિકા, અવલેહ, ચાકૂતી ઇત્યાદિ સેંકડો બનાવટો આપવામાં આવેલી છે.

પાન ૮૬૪ :: કિં. ૬–૦

વૈતાલની વાતો : (સર્વો૦ શ્રેણી) પ્રયોજકો : પ્રો. બિપિન ઝવેરી અને પુરુષોત્તમ જી૦ મિસ્ત્રી : કવિ શામળ ભટ્ટની વિખ્યાત ‘વૈતાલ પચ્ચીસી’

પરથી લોકોને ગમે એ રીતે આજની સરળ અને પ્રવાહી શૈલીમાં તૈયાર થયેલું પુસ્તક.

પાન ૨૦૮ :: કિં. ૧-૮

ઠંડા પહોરની વાતો : લે. હરરાય અ. દેસાઈ: રમૂજ સાથે જ્ઞાન આપતી સચિત્ર બાળોપયોગી પ્રાણીકથાઓ.

પાન ૧૦૪ :: કિં. ૦-૧૨

સૌભાગ્ય સુંદરી અને બીજાં નાટકોનું નવનીત: (સર્વો૦ શ્રેણી) લેખક કવિશ્રી મૂલાણીની સમર્થ નાટ્યકલાનાં પ્રતીક સમાં, રંગભૂમિ પર ભજવાયેલાં નાટકોના સારા પ્રવેશો વાર્તારૂપ સાર સાથે.

પાન ૨૪૦ :: કિં. ૧-૮

ગજેન્દ્રમોક્ષ : (આમશ્રેણી) મહાભારતનું અમોલું રત્ન ગજેન્દ્રમોક્ષનું આખ્યાન. મૂળ પાઠ સાથે.

પાન ૮૦ :: કિં. ૦-૬

બાળકોની રીતભાત : (આમશ્રેણી) આવતી કાલનાં નાગરિકોને—બાળકોને ઘરમાં જ સંસ્કાર અને શિસ્તની તાલીમ મળે તથા ભવિષ્યમાં તેમને ઉન્નતિ સાધવામાં મદદરૂપ થાય એ રીતે મોટા અક્ષરોમાં તૈયાર કરાયેલી સચિત્ર પુસ્તિકા.

પાન ૩૨ :: કિં. ૦-૪

ઝેર ઉતારવાના તાત્કાલિક ઉપાયો : (સુધારેલી આવૃત્તિ ૭મી) અનેક પ્રકારનાં જીવજંતુઓ કરડવાથી તથા અન્ય કોઈ રીતે ચઢેલા વિષને ઉતારવાના સાદા અને ઘરગથ્થુ ઉપાયો.

પાન ૯૬ :: કિં. ૦-૧૦

ચંદ્રહાસ : (આમશ્રેણી) સુધારાવધા
સાથે ૨જી આવૃત્તિ: મહર્ષિ જૈમિ
કૃત 'પાંડવાશ્વમેધપર્વ'માંથી ભક્ત ચં
હાસની કથા મૂળ સાથે સરળ વાર્તારૂ

પાન ૬૪ :: કિં. ૦-

નાનક : (આમશ્રેણી) સર્વમાન્ય સંત
ભક્ત નાનકદેવનું સરળ જીવનચરિત્ર.

પાન ૧૧૨ :: કિં. ૦-

મેનાવતી અને ગોપીચંદ તથા ભર્તૃહરિ
ને વિક્રમ : (આમશ્રેણી) (આવૃ
૪થી) સ્વ૦ કવિ કલાપિકૃત સ
અને બોધક સંવાદો.

પાન ૪૮ :: કિં. ૦-

સાહસકથાઓ : (આવૃત્તિ ૨જી
(સર્વો૦ શ્રેણી) સાહસશૂરા જવાંમર્દો
સચિત્ર પ્રવાસકથાઓ.

પાન ૧૧૨ :: કિં. ૦-૧

વિશ્વજયોતિ : (આમશ્રેણી) મહાત્
ગાંધીજીના પવિત્ર અને પ્રેરણાદા
જીવનનું સરળ કવિતામાં આલેખ
કાકા કાલેલકરના આમુખ સાથે.

પાન ૪૮ :: કિં. ૦-

સિંદબાદનાં સાહસો : (આમશ્રે
જીવસટોસટનાં સાહસો ખેડતા
માનવીની અદ્‌ભુત કથા: (અરેબિ
નાઈટ્સ ઉપરથી)

પાન ૯૬ :: કિં. ૦-

ભક્ત પ્રહ્‌લાદ : (આમશ્રેણી)
પ્રહ્‌લાદનું પ્રેરણાદાયી ચરિત્ર.

પાન ૬૪ :: કિં. ૦

ઉત્તરોત્તર ખીલતું સૌંદર્ય



રેકસોનામાંનું 'કૅડિલ'
આપની ચામડીને અધિક
લાવણ્યમયી અને નિર્મળ
બનાવે છે.


Rexona
Rexona
BLENDED WITH CADYL

રેક્સોના

માત્ર એકજ 'કૅડિલ'* ધરાવતો સાબુ

*ચામડીને મુલાયમ બનાવનારા તેલોના ખાસ મિશ્રણ માટેનું એક માલીકી હકવાળું નામ
રેકસોના પ્રોપ્રાઇટરી લિ., માટે ભારતમાં બનાવેલ

R.P. 85-50 GJ

ચિરકાળ ટકવા માટે
એસીસી સીમેન્ટ
વાપરીને બાંધેલી


સેન્ટ્રલ ડેરી ફાર્મ,
આરે, મુંબઈ.

આવું મોટું કામ
અથવા આવું નાનું કામ...



એસીસી સીમેન્ટ
અચૂક પાર પાડે છે

ધી સીમેન્ટ માર્કેટીંગ કંપની ઓફ ઇન્ડીઆ લીઃ

ACC ધી એસોસીએટેડ સીમેન્ટ
કંપનીઝ લી૦,ના સેલ્સ મેનેજરો

CMI5353

ASARWA
COVERS THE
WHOLE FAMILY
Specialities

SHIRTING, PATTO & DRILS,
DHOTIES, SARIES, PRINTED
MULMUL & CHINTZS.

ASARWA MILLS LTD.
AHMEDABAD II.

PLATO

પેન્સ


Always at your Command
arrow clip
No.36
Rs.3/13
It's main Features!
other varieties
PLATO

'પ્લેટો' વાપરનારના શાહીથી હાથ બગડતા નથી; લખતી વખતે પેન ઝાટકવાની જરૂર પડતી નથી. ઇરીડીયમ નીબ હોવાને કારણે વર્ષો સુધી ટાંક જેવી ને તેવીજ રહે છે. જુદા પ્રકારના આકર્ષક રંગોમાં મળે છે.

પ્લેન ટાપીંડો
મેટલ કેપ
બોલ ક્લીપ

બનાવનારાઓ:
મ્હાત્રે પેન એન્ડ
પ્લાસ્ટીક ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ.

વધુ માહિતી માટે નીચેના ઠેકાણે લખો:
બેસ્ટ ફાઉન્ટન પેન ડીપો.
આનંદ ભુવન, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨.


દાંત, સ્મિત અને સૌંદર્ય માટે
SANTONE
દાંતને સ્વચ્છ અને નિરોગી રાખે છે.
કીમતી વનસ્પતિનું બનાવેલું
સનટોન
ટુથ પાવડર

★ દાઢનું દર્દ, દુ:ખતા દાંત તથા પાયોરિયા મટાડે છે.

★ મ્હોંની ખરાબ વાસ દૂર કરે છે.

★ પેઢામાંથી નીકળતું લોહી બંધ કરે છે.

★ જંતુવિનાશક, ખુશબોદાર તથા સ્વાદિષ્ટ છે.

આવો અધિક અનાજ પકાવો,
પડતર જમીનમાં ખેતિ કરાવો !
નાનાં મોટાં કાંધ મિલાવો,
રાષ્ટ્રનું અન્ન સંકટ નિવારો !
આનંદ મંગળ ગીત ગવરાવો,
'સિંહ' છાપનાં પકવાન બનાવો !
જમો જમાડો ઉજવો ઉજાણી,
આઝાદ ભારતની જય પોકારો !

આઈ. વી. પી.

સિંહ છાપ

(લાયન બ્રાન્ડ) વનસ્પતિ

૨, ૫ અને ૧૦ રતલી ડબાઓમાં સર્વત્ર મળે છે. આજેજ એક ડબો ખરીદો અને આવતી કાલથીજ સ્વાદિષ્ટ ભોજનનો આનંદ મેળવો !


LION
HYDROGENATED
GROUNDNUT AND TIL OIL
मूंगफली और तिल्ली का
जमाया हुआ तेल
INDIAN VEGETABLE PRODUCTS LTD. BOMBAY

ઇન્ડીયન વેજીટેબલ પ્રોડક્ટસ લી૦

મેનેજીંગ એજન્ટો :— **ફૉર્બ્સ ફૉર્બ્સ કેમ્પબેલ એન્ડ કું., લી.** પોસ્ટ બોક્સ ૭૯, મુંબઇ.

IVP 5460

ધી વલ્કન ઈન્શ્યુરન્સ
કંપની લિમિટેડ

સ્થાપના : ૧૯૧૯

★

● આગ ● મોટર ● અકસ્માત
● દરિયાઈ ● વર્ક્મેન્સ કોમ્પેન્સેશન
● એમ્પ્લોયર્સ લાયેબિલિટી

વગેરે વિમાનું કામકાજ લખવામાં આવે છે.

★

ડાયરેક્ટર ઈન ચાર્જ :

શ્રી. વી. સી. સેતલવડ

જનરલ મેનેજર :

કે. સી. દેસાઈ

પ્રાન્ચ તથા એજન્સી ઑફિસો હિંદભરમાં છે;
તેમ જ બ્રિટિશ ઈસ્ટ આફ્રિકા અને બર્મા.

હેડ ઑફિસ : ૭૩, ચર્ચગેટ સ્ટેશનની સામે, ઈન્ડસ્ટ્રીયલ
એશ્યુરન્સ બીલ્ડિંગ, કોટ, મુંબઈ નં. ૧

નેશનલ ઈન્ડીઅન
લાઈફ ઈન્સ્યુરન્સ કંપની લી.

માં તમારું ભાવિ સલામત છે.

વિગત તથા એજન્સી માટે લખો :

એન. એલ. અમીન, બ્રાન્ચ મેનેજર

મુંબઈ શાખા : **નેશનલ ઈન્ડીઅન ઇન્સ્યુરન્સ બીલ્ડિંગ,** કાળા ઘોડા, કોટ, મુંબઈ–૧

સ્થાપના : ૧૯૦૬

હિંદભરમાં શાખાઓ અને એજન્સીઓ છે.

—: એજન્સી અગર પ્રોસ્પેક્ટસ માટે લખો યા મળો :—

શ્રી કે. ડી. પટેલ, મૉરનીંગ

ચીફ ઓર્ગેનાઈઝર, નાર (વાયા આણંદ)

-: ટોયલેટ સાબુઓમાં પુરવાર થયેલ સર્વશ્રેષ્ઠ -

કામીનીઆ મૃગ કસ્તૂરી સોપ (રજીસ્ટર્ડ) :

શરીરની ત્વચા માટે સુંદર તેમજ મુલાયમ સાબુ. જે વાપરવામાં આહ્લાદકારક છે. અને સુવાસમાં અજોડ છે. એક જ વખત વાપરવાથી નિયમિત વાપરતા થઈ જશો.

દિલબહાર સોપ (રજીસ્ટર્ડ) :

આ સાબુ માટે વિશેષ વખાણની જરૂર નથી. વાપરવાની સાથે ફૂલોના ગુચ્છા માફક સુગંધ પ્રસરી રહે છે.

કામીનીઆ ખસ સોપ (વેટીવર્ટ) : (રજીસ્ટર્ડ)

ખસની સુગંધીથી જેઓ પરિચિત છે, તેઓને ઉનાળાના દિવસોમાં આ સાબુ જ વિશેષ પ્રિય થઈ પડે છે; તેમ જ તેનાથી ત્વચાને કોમળ રાખે છે, ત્વચાના ઉપદ્રવો થવા પામતા નથી.

— આ ઉપરાંત "કામીનીઆ" સાબુઓ જેવા કે :—

કામીનીઆ વ્હાઇટ રોઝ–સોપ, કામીનીઆ સેન્ડલ સોપ,
કામીનીઆ લવેન્ડર સોપ, કામીનીઆ ટરકીશ બાથ સોપ.

ઉપર જણાવેલ સાબુઓ હિંદભરમાં પ્રત્યેક પરફ્યુમરી અને પ્રોવિઝનના વેપારીઓ પાસેથી મળી શકશે, ન મળે તો નીચેના સરનામે લખો.

સોલ એજન્ટ :—ધી ઍંગ્લો ઈન્ડિયન ડ્રગ એન્ડ કેમિકલ કાં.

૨૮૫, જુમામસ્જીદ માર્કેટ મુંબઈ નં. ૨

કોઢ

આ ચેપી-ભયંકર, કિંમતી જીવન બરબાદ કરતી દર્દ "કોઢ" વર્ષોની જહેમત બાદ શોધેલા અનુભવસિદ્ધ આંતરિક ઉપચારથી તદ્દન જડમૂળથી નાબૂદ કરીએ છીએ.

[Internal Treatment
સારવાર ઘેરબેઠાં લેવાય છે.]

જડમૂળથી કોઢ મટાડનાર કોઢનું દવાખાનું

વધુ વિગત માટે લખો :

લ્યુકોડરમા કલીનીક

જનરલ હોસ્પિટલ સામે, વડોદરા.

૩૫ વર્ષોથી વપરાતી બાળકોના
દરેક દર્દો માટે
સર્વોત્તમ

બાલસાથી

બાળકોની
વરાધ-બાવળી, સસણી,
તાવ, હાંફરો, ઉધરસ, રતવા,
આંચકી, પેટ ચઢવું વી. તમામ
દર્દો ખાત્રીબંધ મટાડે છે.

હરેક દવાવાળા બાલસાથી વેચે છે.

મળો અથવા લખો:-
વૈદ્ય જગન્નાથજી. વરાધ ઑફીસ

પેટ ભરીને જમો!

ગેસહર પીલ્સ : ગેસ ચડવો-થવો, બાદી, વાયુ, શૂળ, પેટમાં પવનનું ગુંચાવું, મંદાગ્ની, ઓછી ભૂખ, ખાધા પછી પેટનું ભારી થવું, ગભરામણ થવી, છાતીમાં મુંઝારો, થકાવટ, ગોળો, ઓડકાર, પલપીટેશન, બ્લડપ્રેશર, મગજમાં અશાંતિ, ઊંઘ ન આવવી, દસ્તની રૂકાવટ વગેરે દૂર કરી **દસ્ત હમેશાં નિયમિત સાફ લાવે છે.** અન્ન પાચન કરી ભૂખ કકડીને લગાડે છે. શરીરમાં લોહી વધારી શક્તિ આપે છે. **લીવર. બરોળ, આંતરડાં** તેમજ પેટના કોઈપણ રોગ માટે બીનહરીફ ઇલાજ છે. કિં. નાની શીશી ગોળી ૫૦ રૂા. ૧ાા : મોટી શીશી ગોળી ૧૫૦ રૂા. ૪

તાકાત આપનારી દવા

દુગ્ધાનુપાન ગોળીઓ : અશક્તિ, મગજની નબળાઈ, કબજિયાત, સુસ્તી, કળતર, છાતીનો દુખાવો વગેરે ફરિયાદ દૂર કરી બળ, બુદ્ધિ અને આરોગ્ય આપે છે. લોહી વધારી વજન વધશે. કિં. ગોળી ૩૨, નાની શીશી રૂા. ૧ાા : મોટી શીશી ગોળી ૯૬ રૂા. ૪)

વી. પી.થી મંગાવવા જામનગર લખો :

દુગ્ધાનુપાન ફાર્મસી, ૧. જામનગર (કાઠિયાવાડ)

સુરમો

નયન પ્રભા : જામનગરનો
મોતીનો આ સુરમો આંખની
વ્યાધીઓ ફૂલું, મોતીયો; પડળ,
વેલ, આંખની ગરમી, આંખ
ટુંકી નજર, Short Sight
કરી આંખની રોશની વધારે
શીશી રૂા. ૧ા ઊંચી જાત રૂા.
વી. પી. અલગ.

કાનના

ભયંકર દરદો કાનમાંથી
જવી, શૂળ, ચસ્કા, સોજો,
થવો, **બહેરાપણું** વ. કાનનાં દરદો
રસિક કર્ણબિન્દુ-કાનનાં
કિંમત શીશી એકના રૂા.
ત્રણ શીશીના રૂા. ૪ા વી. પી.
ત્રણ શીશી વાપરવાથી સાફ

મુંબઈ-વીંછી બ્રધર્સ કાં. ૭૯, પ્રીન્સેસ સ્ટ્રીટ. **અમદાવાદ**-પંડિત શાહની કાં. ત્રણ
સુરત-સી. એન. બ્રધર્સ, કણપીઠ. **વડોદરા**-એ. રેચની કાં., રાવપુરા. **મોમ્બાસા**-મોમ્બાસા સ્ટોર્સ, પો.



બહુજ ઝડપથી અને સસ્તામાં

કામ કરવા માટે



હાથ-પાવડા :

ત્રણ જાતમાં મળે છે. એના હાથાનું લાકડું ઘણું જ મજબૂત અને ટકાઉ છે. સમતોલ રચનાને લીધે વાપરવામાં સુગમ છે. ઊંડાં પાનાં વિશેષ બોજ ઉપાડે છે.



હથોડા :

હથોડા જુદા જુદા કદમાં મળે છે. એ સખત પથ્થર તોડવાના, મોટા ખીલા ઠોકવાના તથા 'કીઈંગ હેમર'ના કામમાં વપરાય છે. આ હથોડા ખાસ વિધિપૂર્વક તપાવેલા પોલાદના બનાવેલા છે.



કોદાળી અને ઘણુ :

ચાર મૂળ નમૂનાના મળે છે. ખાસ કરીને રસ્તા બનાવનાર અને ખાણમાં કામ કરનાર એને બહુજ પસંદ કરે છે. વિશેષ મજબૂત અને ધારદાર કાપતી અણીથી સારી રીતે કામ થાય છે.

મજબૂત અને ટકાઉ

તાતા એગ્રીકો

ઓજારો વાપરો

ધી તાતા આયર્ન એન્ડ સ્ટીલ કં૦ લી૦
સેલ્સ ઓફીસ :
૨૩ બી, નેતાજી સુભાષ રોડ, કલકત્તા
શાખાઓ : મુંબઇ, મદ્રાસ, નાગપુર, અમદાવાદ, કાનપુર, સીકંદરાબાદ, વીજયનગરમ્ કેન્ટોન્મેન્ટ, જલંદર કેન્ટોન્મેન્ટ.



થોભો અને તમારા ભવિષ્યનો વિચાર કરો. ભવિષ્ય માટે જેઓ તૈયાર હોય છે તેમને જ ભવિષ્ય પ્રતીતિજનક નીવડે છે. ભારતવર્ષની સૌથી મોટી જુદાજુદા પ્રકારના વિમાનું કામ કરતી ઇન્શ્યુરન્સ કંપનીને, તમને તથા તમારાં આપ્તજનોને મદદ અને રક્ષણરૂપ થવા દો...દરેક પ્રસંગને બંધબેસતી તમામ જાતની પૉલિસીઓ અમારી પાસે છે.

વિગતો માટે લખો અથવા મળો :

ન્યુ ઇન્ડિયા એશ્યુરન્સ
કંપની લિમિટેડ

(સ્થાપના : ૧૯૧૯)

ન્યુ ઈન્ડિયા એશ્યુરન્સ બીલ્ડિંગ, મહાત્મા ગાંધી રોડ,
મુંબઈ.

ધી
પોદ્દાર મિલ્સ લિમિટેડ
મુંબઈ.
મેનેજિંગ એજન્ટસ:
પોદ્દાર સન્સ લિમિટેડ
"પોદ્દાર ચેમ્બર્સ"
૧૦૯, પારસી બઝાર સ્ટ્રીટ, કોટ, મુંબઈ.
બનાવનાર
★ ગ્રે ડ્રીલ ★ શીટીંગ ★ શર્ટીંગ ★ લોંગક્લોથ
★ લેપર્ડ વગેરે વગેરે.
માલની જાત અને ટકાઉપણા માટે પ્રખ્યાત
ટેલિગ્રામ :
PODARGIRNI
ટેલિફોન :
ઑફિસ : ૨૭૦૬૫ (૭ લાઈન)
મિલ : ૪૦૧૪૯

★ અસાધ્ય દર્દોમાંથી મુક્ત બનો ★

અણમૂલરત્ન જગવિખ્યાત
નિર્ભય નેત્રજ્યોતિ
"વગર ઓપરેશને મોતિયો"
ઝાંખ, ઝામર, પડળ, ફૂલું, ખીલ, વેલ, ડોળ, છારી, તપોડીઆં, રતાશ વગેરે આંખોના તમામ રોગો મટાડે છે. ચશ્માંના નંબર ઊતરી જાય છે, આંખો ચોખ્ખી બની જાય છે. ઓપરેશનથી બગડેલા કેસો આ દવાથી સુધરે છે. એક જ બાટલીથી ફાયદો થાય છે.
કિંમત બાટલી એકના રૂ. ૧૦-૦-૦ દસ.
પોસ્ટેજ જુદું.

કોઢવિનાશક દિવ્ય ઔષધિ
સફેદ કોઢ ગમે તેવો જૂનો યા નવો ગેરંટીથી મટાડવામાં આવે છે. સેંકડો માણસોને મટાડેલ છે.
શક્તિ સૌંદર્યવટી—
સ્ત્રીઓ માટે સંપૂર્ણ શક્તિની દવા—
આ દવાના સેવનથી શરીર લાલઘૂમ બને છે અને શરીરમાં અદ્ભુત શક્તિ પ્રાપ્ત થાય છે.
માસ ૧ની દવાના રૂ. ૧૦-૦-૦ દસ.
પોસ્ટેજ જુદું.

નિર્ભય ગોલ્ડન ટોનિક પીલ્સ
કોઈ પણ કારણસર આવેલી નબળાઈ દૂર કરી શક્તિ અને સ્ફૂર્તિ ઉત્પન્ન કરે છે. જીવનમાં અનુપમ આનંદ આપે છે. ગોળી ૬૦ના રૂ. ૩૦-૦-૦, ગોળી ૨૦ના રૂ. ૧૦-૦-૦ પો. જુદું.
નિર્ભય કેમીકલ વર્કસ, દિગ્વિજય પ્લોટ, જામનગર.

સ્ત્રીઓના ગર્ભાશયનાં તમામ દર્દો માટે

જેમેસ્ત્રી

ડૉકટરનાં પ્રિસ્ક્રિપ્શન સિવાય મળે છે. ★ સંપૂર્ણ લાભકારી છે.

બીજી નિષ્ફળ દવા પાછળ પૈસા બગાડશો નહિ. બધા દવાવાળા વેચે છે.

પુરૂષો માટેની સર્વોત્તમ શક્તિવર્ધક દવા

રજી. નં.

જોબન્હા

★ તાકાતની ઉત્તમ દવા! નિરાશ ન થાવ. એક જ બાટલી આ જોબન્હા વાપરો. તમે તેના અજબ જેવા ગુણથી જરૂર ખુશી થઈ જશો. તમારી રગેરગમાં તાકાત અને સ્ફુર્તિ વ્યાપશે.

★ રૂ. ૧૦) અને એવી જ મોંઘી કીંમતે વેચાતી બીજી કોઈપણ શક્તિની દવા સાથે જોબન્હાની સરખામણી કરી જોશો. વધારે ગુણ અને ઓછી કીંમત એ રીતે બેવડો લાભ લેવા માટે તમે જોબન્હા વાપરો, બાટલી ૧ના વી. પી.થી કિંમત રૂ. ૪-૩-૦

બધા દવાવાળા વેચે છે.

લખો : જસમાઇન એજન્સી-નડીઆદ

એજન્ટો : **કંચનલાલ વાડીલાલ કું૦**, મંગળદાસ રોડ, મુંબઈ.

તમે મેકલીન્સ વડે
આજે તમારા દાંત
સાફ કર્યા?

" હું હમેશા મેકલીન્સ
વાપરું છું કારણ કે
મમ્મી કહે છે કે તે
મારા દાંતને શ્વેત
અને ચમકતા
રાખે છે "

અલબત્ત તેણીએ કર્યા! તેણીના સૂર્યના કિરણુ જેવા સ્મિત અને તેણીના ચમકતા, નીરોગી દાંત તરફ જુઓ—તે મેકલીન્સ પેરોકસાઇડ ટૂથ પેસ્ટ વડે દરરોજ બે વાર સાફ કરેલા છે.

મેકલીન્સ પેરોકસાઇડ ટૂથ પેસ્ટ તમારા પેઢાંને વધુ નીરોગી, તમારા દાંતને વધુ શ્વેત અને તમારા શ્વાસને વધુ મધુર—તે પણ એકજ સમયે—રાખે છે. આ કારણને લીધે જગતભરની લાખો શાણી માતાઓ પોતાના બાળકોને દરરોજ મેકલીન્સ વડે બે વાર તેમના દાંત સાફ કરવાનું શીખવે છે.

આજેજ મેકલીન્સ ખરીદો!



MTY 1 GUJ.

વેપારી પૂછપરછ માટે લખો:- જે. એલ. મોરીસન, સન એન્ડ જોન્સ (ઇન્ડિયા) લિ.,
મહાલક્ષ્મી મંદીર સામે, ગ્રેહામ રોડ, મુંબઇ ૨૬.

વેપાર, ઉદ્યોગ અને અર્થકારણના પ્રશ્નો ચર્ચતું
અને સમજાવતું અજોડ ગુજરાતી પખવાડિક

વ્યાપાર

- **વેપાર ક્ષેત્રે**–રોજ–બ–રોજ બનતા બનાવોની તેમાં સમીક્ષા અને સમજણ અપાય છે, દેશ–પરદેશનાં બજારોનો પરિચય અપાય છે, વેપારીઓને માર્ગદર્શન અપાય છે.
- **ઔદ્યોગિક ક્ષેત્રે**–ભારતની આગેકૂચનો તેમાં ખ્યાલ અપાય છે, ઔદ્યોગિક પ્રશ્નોની છણાવટ કરાય છે, નાનામોટા ઉદ્યોગો શરૂ કરવા વિષે માર્ગદર્શન અપાય છે.
- **વેપારી** કાયદા–કાનૂનો–અને વેપારને સ્પર્શતા દેશ–પરદેશના વિવિધ નિયમો સરળ ભાષામાં સમજાવાય છે.
- **રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય** આર્થિક ક્ષેત્રે–બનતા બનાવોની સચોટ સમજણ અપાય છે.

[દર બીજા રવિવારે પ્રકટ થાય છે.]

છૂટક કિંમત : ૧ આના] [વાર્ષિક લવાજમ રૂા. ૧૦] (પરદેશમાં રૂા. ૧૨)

પ્રાપ્તિસ્થાન : વ્યાપાર કાર્યાલય, જન્મભૂમિ ભવન, ઘોઘાસ્ટ્રીટ, મુંબઈ-૧

[ભારતમાં અંગ્રેજી તેમજ અન્ય ભાષામાં પ્રસિદ્ધ થતા વ્યાપાર વિષયક સર્વ સામયિકોમાં 'વ્યાપાર'નો ફેલાવો સૌથી વધુ છે.]

ભારત સિલ્ક મિલ્સ લિમિટેડ

આગ્રારોડ, કુર્લા–મુંબઈ. ● ફોન નં. ૮૭૦૬૮

અમારી સ્પેશિયાલીટીઓ

ટાફેટા ● ચુમકી ● ગોલ્ડ સીલ્વર ● સીઓજી
સાટીન ● ટાફેટા ફ્લાવર ● સાટીન ફ્લાવર
ઓસ્કી ● પ્યોર સિલ્ક ● મલમલ

રંગવાનું, છાપવાનું અને ધોવાનું
ઘરાકોનું કામ સંતોષકારક રીતે કરી
આપવામાં આવશે.

અમારા સેલિંગ એજન્ટસ :

જે. પી. જમનાદાસ એન્ડ કંપની

નવી રેશમ બજાર, કાલબાદેવી પોસ્ટ ઑફિસ સામે, મુંબઈ–૨
ટેલિફોન નં. ૨૩૮૯૭

મુકુન્દની

તપાસ કરો

કારણ ઔદ્યોગિક કાર્યના બહોળા ફેલાવા માટે પોલાદની એ ઉત્તમ જાત છે.

- મુકુન્દની બનાવટની વીજળિક કમાનની અપૂર્વ ભઠ્ઠીઓ કોઈ પણ બનાવટને અપનાવતું તથા ગણનાપાત્ર બહોળા ઉપયોગમાં આવી શકતું પોલાદ પેદા કરે છે.
- માઈલ્ડ, કાર્બન અને એલોય વિક્રિયાઓ મારફત નિષ્ણાત વૈજ્ઞાનિક અને ધાતુશાસ્ત્ર સંશોધનવિદ્યાના નિરીક્ષણે આ મુકુન્દની બનાવટની ઊંચી જાત તથા તેની ચોકસાઈની ખાતરી આપી છે.
- જો તમારે તાત્કાલિક અને અગત્યનો સવાલ ઉકેલવાનો હોય તો મુકુન્દની શોધ કરો; કારણકે આ બનાવટમાં લાંબો અનુભવ તથા યુદ્ધના કારણે સંશોધનમાં થયેલી પ્રગતિથી તમને તેનો ઉપયોગ ઘણો જ લાભકારક નીવડશે તથા તમારા ખાસ કામમાં તમે તેનો કુશળતાપૂર્વક ઉપયોગ કરી શકશો.
- બધી જાતના ખાસ પોલાદના ગોળ સળિયા, ખૂણા અને આંકડા તથા પોલાદની સળીઓ તથા સાળની દાંડીઓ બનાવનાર.

મુકુન્દ આયર્ન એન્ડ સ્ટીલ વર્ક્સ લિ૦

એજન્ટસ : જીવણ લિ૦
હેડ ઓફિસ : મહાત્મા ગાંધી રોડ, મુંબઈ

અમદાવાદમાં

● સ્વચ્છ નિવાસ
● શુદ્ધ આહાર
અને
આધુનિક સગવડો માટે
શ્રી

જય વિજય
હિંદુ લોજ

(તદ્દન નવી મેનેજમેન્ટ)

રીડ રોડ, સ્ટેશન નજીક, **અમદાવાદ-૨**

લોકપ્રિય જખમેરૂઝ ગુલાબી મલમ બનાવનાર
ભાવસારનું

કફેરોલ સીરપ

પીવામાં મીઠું, સ્વાદિષ્ટ અને લહેજતદાર છે.

ખાંસી દમ સળેખમ કાંસ ઉધરસ
શ્વાસ શરદી સસણી કફ હાંફ
ગળાની નળીનો સોજો વરાધ

નાના બાળકોની જીવલેણ ચેપી **ઓખલી** યાને કુકડીયા **ખાંસી** પરનાં દરદો **કફેરોલ સીરપ**થી દૂર થઈ છાતીનાં ફેફસાં મજબૂત કરી પૂરતી ઊંઘ લાવી શરીર નિરોગી બનાવે છે.

બાટલી ૧ની કિંમત-૨ ઔંસ રૂ. ૧-૮-૦, ૪ ઔંસ રૂ. ૨-૮-૦, ૮ ઔંસ રૂ. ૪-૮-૦, ૧૬ ઔંસ રૂ. ૮-૦-૦

—દરેક દવા વેચનાર પાસેથી ખરીદ કરો—

બનાવનાર :
ધી ભાવસાર કેમીકલ વર્ક્સ-વ્યારા
(ટી. વી. રેલવે).


સેવા
નું
પ્રતિક
A CENTURY OF SEWING SERVICE
SINGER
SEWING
MACHINES
1851 ★ 1951
SINGER

સીંગર સીવવાના સંચાથી ટકાઉ અને શ્રેષ્ઠ કામ થાય છે. એટલુ જ નહિ, પણ દરેક જાતનું ધારેલું સીવણકામ ઓછામાં ઓછા સમયમાં ખામીરહિત કાર્ય નિપૂણતાથી બને છે. આવી કારીગરીને લીધે સીંગર સીવવાના સંચાનો પ્રાધાન્ય વિકાસ ૧૦૦ વર્ષો દરમ્યાન ચાલુ રહ્યો છે. આપ સીંગર સીવવાનો સાચો ખરીદતી વખતે કાર્યદક્ષતાની ખરીદી કરો છો।

સીંગર*

* ધી સીંગર મૅન્યુફેકચરીંગ કંપનીની એક ટ્રેડ માર્ક.

LAS. (B)

ધી મૈસુર પ્રીમિયર મેટલ ફેકટરી

અને

ધી હિંદુસ્તાન મેટલ રીફાઇનરી

એન્ડ

રોલિંગ મિલ્સ

(સંસ્થાપક : હીમચંદ કે. શાહ)

મદ્રાસ

પ્રખ્યાત સૂર્યમાર્કાનાં એલ્યુમિનિયમ, પિત્તળ, તાંબા તથા સ્ટેનલેસ સ્ટીલનાં ઉત્તમ કોટીનાં તદ્દન નવી ડીઝાઈનનાં અને ઉત્તમ પ્રકારનાં સફાઈવાળાં તેમ જ ચકચકિત વાસણો બનાવનાર તથા વેચનાર

ટેલિફોન : ૨૫૩૫] ● [ટેલિગ્રામ : SUNBRAND

તમારી જરૂરિયાતો માટે લખો અથવા મળો :
નં. ૧૨૪, મિન્ટ સ્ટ્રીટ, મદ્રાસ

મેનેજિંગ પાર્ટનર :

કેશવલાલ કે. શાહ

છેલ્લાં બાર માસનાં પ્રકાશનો

ભગવદ્ગીતા—પુરુષાર્થબોધિની બે ભાગ	૧૨-૮
વાલ્મીકિ રામાયણ—ભા. ૧,૨	૧૨-૦
આર્યભિષક્ (આવૃત્તિ ૧૧મી)	૬-૦
જ્ઞાનેશ્વરી ભગવદ્ગીતા (આ. ૪થી)	૪-૮
સાઈબાબા (આ. ૩જી)	૩-૦
સમયસાર નાટક	૩-૦
મનુષ્યધર્મ	૨-૦
કાકાનો સંજય	૧-૧૨
અદાલતને આંગણે	૧-૮
રશિયા	૧-૮
અમેરિકા	૧-૮
વેદાંતમાર્ગદર્શિની	૧-૮
સૌભાગ્યસુંદરી અને બીજાં નાટકોનું નવનીત	૧-૮
ભીમનાં પરાક્રમો	૧-૮
વૈતાલની વાતો	૧-૮
કોઈને કહેશો નહિ	૧-૪
શ્રી ચંડીપાઠ	૧-૪
આરોગ્યની બારમાસી	૧ ૮
બાળક	૧-૪
આંખનું આરોગ્ય	૧-૪
કહેવતો (આ. ૨જી)	૧-૪
સનાતન ધર્મ	૧-૦
વનવગડામાં વસનારાં	૦-૧૨
પૃથ્વીની કથા	૦-૧૨
કમળકુમાર	૦-૧૨
આરોગ્ય રક્ષા	૦-૧૨
ઇતિહાસને અજવાળે (આ. ૨જી)	૦-૧૨
બળવાન બનો (આ. ૩જી)	૦-૧૨
ગુજરાતના સેવકો (આ. ૨જી)	૦-૧૨
શામળના છપ્પા (આ. ૨જી)	૦-૧૨
નરસિંહ મહેતાનાં ભજનો (આ. ૨જી)	૦-૧૨
મીરાંબાઈનાં ભજનો (આ. ૨જી)	૦-૧૨
મીરાં દાસી જનમજનમકી (આ. ૨જી)	૦-૧૨
શાકભાજી અને બીજા લેખો	૦-૧૨
ઠંડા પહોરની વાતો	૦-૧૨
જીવન પરિવર્તન (આ. ૨જી)	૦-૧૦

જગન્નાથપુરી અને ઓરિસ્સાના પુરાતન અવશેષો	
શ્રીમત્ શંકરાચાર્ય	૦-૧૦
સદ્ગુણી બાળકો (આ. ૯મી)	૦-૧૦
તુલસી રામાયણનાં મહાવાકયો (આ. ૨જી)	૦-૧૦
જ્ઞાન લહરી	૦-૮
સ્વપ્નાં	૦-૮
વ્યવહારમાળા	૦-૮
સિંદબાદનાં સાહસો	૦-૮
ગજેન્દ્રમોક્ષ	૦-૮
અમારા માધવકાકા	૦-૬
સત્સંગમાળા (આ. ૩જી)	૦-૬
ગુજરાતની રંગભૂમિ	૦-૬
સમીસાંજની વાતો	૦-૬
ધ્રુવાખ્યાન	૦-૬
આકાશના તારા	૦-૬
સો ભજનો (આ. ૨જી)	૦-૬
ભક્ત સૂરદાસનાં પદો (આ. ૨જી)	૦-૫
ભક્ત પ્રહ્લાદ	૦-૪
બાળકોના વિવેકાનંદ	૦-૪
ઋષિરાજનાં પદો	૦-૪
શ્રી શુકદેવજી	૦-૪
વસંતનું આગમન	૦-૪
સતી સાવિત્રી (આ. ૩જી)	૦-૪
વિશ્વજ્યોતિ	૦-૪
વિચાર સૂર્યોદય (આ. ૪થી	૦-૪
તુલસીદાસની સાખી (આ. ૨જી)	૦-૪
ચૂર્ણ-ઔષધિ (આ. ૩જી)	૦-૪
ખોરાકમાં ઝેર (આ. ૨જી)	૦-૪
માંદાનો આહારવિહાર (આ. ૨જી)	૦-૪
જડભરત	૦-૩
ઉચ્ચ જીવન (આ. ૮મી)	૦-૩
કણ્ઠાભરણમ્ (આ. ૬ઠ્ઠી)	૦-૩
કબીર સાહેબની સાખી (આ. ૨જી)	૦-૪
બાળકોની રીતભાત (આ. ૨જી)	૦-૩
સદ્બોધવાટિકા	૦-૩
બાળકોનો આનંદ (સુધારેલી આવૃત્તિ)	૦-૩

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય }
ઠે. ભદ્ર પાસે, અમદાવાદ અને
કાલબાદેવી રોડ, મુંબઈ-૨



કેટલાં મૃદુ અને સુંવાળાં

સુંવાળા મૃદુ હાથ, મનોહર મુખકાન્તિ એ કેવળ સ્વપ્નાં નથી, તેમ તેમને ખૂબસૂરત રાખવાને છૂપા કિમિયાની પણ જરૂર નથી. ટોમ્કો ઓ-ડી-કોલોન સાબુનું ફીણ ઉંડામાં ઉંડાં છિદ્રોમાં પ્રવેશે છે. તેની દિલખુશ સુવાસનો પમરાટ લાંબો સમય ટકે છે. દિવસમાં અનેક વાર તે વાપરો, આપના સુંવાળા ચહેરા, મૃદુ હાથ અને તેમની દિલખુશ સુવાસથી આપ રાજી થશો.

ટોમ્કો ઓ-ડી-કોલોન સાબુ

નાજુક ત્વચા માટે


Tomco
EAU
DE
COLOGNE
SOAP
EAU DE COLOGNE SOAP

તાતાની ઉત્કૃષ્ટ બનાવટ

દેના બેંક

DEVKARAN NANJEE BANKING CO. LTD.

હેડ ઓફિસ : મુંબઈ અને ૫૪ શાખાઓ

સેફ ડીપોઝીટ વોલ્ટ્સ

નાનાં ભાડેથી
મળી શકશે

એલ્ફીન્સ્ટન સર્કલ
ઝવેરી બજાર
શેર બજાર
કોલાબા
સાંતાક્રુઝ
માટુંગા
ભાવનગર
રાજકોટ
પુના
ઘાટકોપર
વિલેપાર્લે

૩૨ વર્ષથી વધુ

લડાઈઓ, પડતી, સંકટો અને અકસ્માતો છતાં "જ્યુપીટર જનરલ" એની શક્તિમાં પ્રગતિને પંથે ચાલી છે. પોલીસી ધરાવનારાઓ તથા તેના પ્રતિનિધિઓમાં સહીસલામતીની ભાવના ઉત્પન્ન કરી છે.

તમારી સેવા માટે તે હંમેશ તૈયાર છે.

દરેક પ્રકારનું વિમાનું કામ લેવામાં આવે છે.

જિંદગી ★ આગ ★ દરિયાઈ ★ અકસ્માત ★ મોટર, વિમાનની મુસાફરી ★ ચોરી ★ વર્કર્સમેન્સ કોમ્પેન્સેશન્સ વગેરે

કુલ થાપણ રૂા. ૨,૯૪,૦૦,૦૦૦ થી વધુ

ધી જ્યુપીટર જનરલ ઇન્સ્યુરન્સ કું. લિ

બેંક સ્ટ્રીટ, કોટ, મુંબઈ-૧



ખાંસી અટકાવો

સીરોલીન 'રોશ' લઈને

સલામત ઘરગથ્થુ ઈલાજ!

સીરોલીન એકદમ ગળાનો દુ:ખાવો શાન્ત પાડે છે અને ગમે તેવી હઠીલી ખાંસીને ત્વરીત મટાડે છે. બાળકો તેને પસંદ કરે છે–અને તે એટલું બધુ સલામત છે કે પ્રમાણ કરતાં જરાક વધારે લેવાયું હોય તો પણ તે નુકશાન કરતું નથી. હંમેશાં ઘરમાં એક બાટલી જરૂર રાખો.

સઘળા દવાના વેપારીઓ અને જાણીતા સ્ટોર્સ વેચે છે.

સીરોલીન

'રોશ'

રોશની બનાવટ

VB 5030 P

SIROLIN
ROCHE

'જીવન સહકારસે, સુંદર બનાતા જા'

બોમ્બે
કો-ઓપરેટીવ
માર્કેટિંગ
સોસાયટી લિ૦
હોર્નબી રોડ, ફોર્ટ, મુંબઇ.

સલ્ફેટ ઑફ એમોનીઆ અને બીજા
ખાતર માટે સરકાર તરફથી નિમાયલા
હોલસેલ ડીસ્ટ્રીબ્યુટર્સ :

કેળાં, શાકભાજી, ફળફળાદિ, આ કેંદ્રિય-
-સંસ્થાની વિશિષ્ટતા.

ચેરમેન : દી. બ. હીરાલાલ લ. કાજી

હરસ, મસા તથા ભગંદર
માટે
અકસીર ઉપાય
અમૂલ્ય
હનુમાન પ્રસાદી

દવા:-માત્ર ચોપડવાથી જ લોહી પડતું, પરૂ આવતું બંધ કરી દરદને શાંત કરી સંપૂર્ણ આરામ આપે છે,

કિં. શીશી ૧ના રૂ. ૬)
પોસ્ટેજ જુદું. વી. પી. માટે લખો :
ધી હનુમાન ફાર્મસી
સજ્જુણ દરવાજા બહાર, નડીયાદ (ગુજરાત)

★ ટ્રાવેલ
★ ક્લીઅરીંગ
★ શીપીંગ
★ વેરહાઉસીંગ
★ ઈન્સ્યોરન્સ
★ ટ્રાન્સપોર્ટ
★ બેગેજ

LEMUIR SERVICES

★ લી એન્ડ મ્યુરહેડ ★
(ઇંડીઆ લિ૦)
ટે. નં. ૨૪૧૩૩-૩૩૭૮૩

નં. ૧૨, રેમ્પાર્ટ રોડ, ફોર્ટ, મુંબઈ

શાખા:-રેવડી બજાર-અમદાવાદ, તથા મારમાગોઆ.
એજન્ટસ:-દુનિયાના દરેક દેશમાં

ક્લીઅરિંગ ● ફોર્વર્ડિંગ ● સાપિંગ ● વીમો

ફ્રેઈટ ● બેગેજ અને ● વેરહાઉસિંગ એજન્ટસ

ચીફ એજન્ટસ :

એટલાસ એસ્યુરન્સ કું૦ લિ૦

આગ ★ દરિયાઈ ★ મોટર અને ★ અકસ્માત

બેંકોના મુકાદમ

તુલસીદાસ ખીમજી

૪૬ ચર્ચગેટ સ્ટ્રીટ, કોટ, મુંબઈ.

ટેલીગ્રામ : Nachiketa

ટેલીફોન : ૩૨૦૮૪ (ત્રણ લાઈન)

શ્રી રામકૃષ્ણ મિલ્સ શ્રી વિવેકાનંદ મિલ્સ

● **અમદાવાદ** ●

आपकी पसंदगी

★ અદ્યતન સજાવટની આકર્ષક રેશમી કિનારીવાળી મુલાયમ સાડીઓ, ઝીણા તેમજ ટકાઉ પોતની રેશમી કિનારીવાળી ધોતી, મુલાયમ મલમલ વગેરે.

★ આપના શોખ અને ખીસાને સર્વદા અનુકૂળ અમારી આ અવનવી સુપરફાઈન જાતો આપની પ્રથમ પસંદગી પામશે.

★ સમાજના તમામ વર્ગને પોષાય તેવી છેલ્લી ઢબની કળા અને કુમાશભરી ડીઝાઈનની સાડીઓ, ટકાઉ પોપલીન, ધોતી વગેરે.

★ સાખ અને સવલત માટે અવશ્ય આગ્રહ રાખો.

આપની જરૂરિયાત મેળવવા

અમારી રાયપુર ચકલામાં, પોલીસચોકી સામે આવેલી છૂટક કાપડની દુકાનની મુલાકાત અવશ્ય લેશો.

વીજળીની શકિત (પાવર)

☛ રાષ્ટ્રીય બળનો પાયો છે.

વીજળીની જ્યોત ઉદ્યમ અને સૌખ્ય માટે જરૂરી છે.

૨૫ વર્ષથી જનતાની સેવા કરી રહેલી

પૂના ઈલેક્ટ્રિક સપ્લાઇ કું૦ લિ૦

નાસિક દેવલાલી ઇલેક્ટ્રિક સપ્લાઇ કું૦ (લિમિટેડ)

ભરૂચ ઈલેક્ટ્રિક સપ્લાઇ કું૦ લિ૦

મેનેજિંગ ડાયરેકટર:
ગોકળચંદ દ્વારકાદાસ મોરારકા
સ્ટેન્ડર્ડ બીલ્ડિંગ, હોર્નબી રોડ, મુંબઈ.


KOHINOOR MILLS Co Ltd BOMBAY
LIGHT OF THE WORLD
THE KOHINOOR MILLS Co Ltd BOMBAY
THE KOHINOOR MILLS Co Ltd BOMBAY
મદન જ મદન
NOOR MILLS Co Ltd BOMBAY
INDIA
LLICK INDUSTRIES LTD. AGENTS
BEST QUALITY
MADE IN INDIA
BLUE BIRD

ઊંચી જાતની ખાતરી

આ જાણીતા માર્કાઓ, અમારા ભરતકામ અને સીવવાના દોરાઓની મજબૂતાઈ તથા પાકા રંગની ખાતરી આપે છે. આ માર્કાઓથી વેચાતા ભરતકામ અને સીવવાંના દોરાઓની ખાસ વિશષ્ટતા એ છે કે તેની અંદર જુદા જુદા સુંદર શેડના રંગો તથા ટકાઉપણું મુખ્યપણે છે.

KOHINOOR MILLS CO., LTD.

કોહીનૂર મિલ્સ કું૦ લિ૦
એજન્ટસ :
ફીલીક ઈન્ડસ્ટ્રીઝ લિ૦
સોલ યાર્ન સેલિંગ એજન્ટસ :
નહાલચંદ લલ્લુચંદ લિ૦

COPYRIGHT

LAS. (B) 6


વધારે સારો સાબુ
SWASTIK
KANTI TOILET SOAP
KANTI
KANTI
વધારે મોટી ગોટી

અને તેટલા માટે જ તમારા અને તમારા ઘરને માટે ઉત્તમ

'કાન્તિ' સાબુ વધારે સારો છે; કારણ કે તે આખાયે એશિયામાં ફક્ત એક જ એવા સૌથી આધુનિક અવિરત પ્લાન્ટમાં તૈયાર થાંય છે.

કાન્તિની ગોટી બીજી લોકપ્રિય છાપોવાળી ગોટી કરતાં વધારે મોટી એટલા કારણસર છે કે ઉત્પાદનમાં થતી બચત આપને સરખી જ કિંમતમાં વધારાના સાબુના રૂપમાં આપવામાં આવે છે.

વધુમાં 'કાન્તિ' આનંદદાયક સુવાસથી ભરેલો છે કે જે તમારી ત્વચાને કોમળતા અને તાજગીભરી રાખે છે.

સ્વસ્તિકનો

કાન્તિ

નાહવાનો સાબુ

તમારી આરોગ્યમય ચામડી અને યુવાનીભર્યા ચહેરા માટે

સ્વસ્તિક ઓઈલ મિલ્સ લિ૦ વડાલા, મુંબઈ.

ધી ડન એલ્યુમિનિયમ ફેકટરી

ટે. નં. ૪૧૬૧૮ • • • ૨૨૫, તાડદેવ રોડ, મુંબઈ.૭


સ્ટેઈનલેસ સ્ટીલ
એલ્યુમિનિયમ
તાંબા પીત્તળ જરમન સીલ્વર
LALLUBHAI AMICHAND
GUARANTEED PURE
TRADE MARK
BOMBAY No.2
LALLUBHAI AMICHAND
BOMBAY No.2

એલ્યુમિનિયમ,
જરમન સીલ્વર,
તાંબા, પીત્તળ તેમજ
સ્ટેઈનલેસ સ્ટીલ નાં વાસણો ની
ખરીદી માટે એક અને અનોખું વિશ્વાસ પાત્ર સ્થાન...

લલ્લુભાઈ અમીચંદ લી.

ટે.નં.૨૨૨૨૦ • ૫૫૪, કંસારા ચાલ, પાયધોણી, મુંબઈ • પો.બો.૨૧૦૦



એક જમાનામાં દર વર્ષે આપણા દેશની રાષ્ટ્ર સંપત્તિ કરોડો રૂપીઆમાં પરદેશ તણાઈ જતી હતી. પરંતુ ભારતમાં હિન્દ સાઈકલોના ઉત્પાદન થવા સાથે (જે અમારું વાર્ષિક એક લાખ સાઈકલો જેટલું છે) આપણા રાષ્ટ્રની તિજોરીમાં દર વર્ષે કરોડો રૂપીઆનો વધારો થાય છે. ભારતમાં વેચાતી ઉંચી જાતની સાઈકલોમાં હિન્દ સાઈકલની કિંમત ઓછામાં ઓછી છે.

HIND CYCLES LIMITED BOMBAY

ASP/HC-57

ાંડુ આનંદ

मार्च १९५२



નું સાહિત્ય

પો. બો. નં. અમદાવાદ.

૩.૧

CROWN BRAND GURANTEED PURE

CROWN BRAND GURANTEED PURE

એલ્યુમિનિયમ નાં વાસણો

વાસણોનો

વિચાર આવતાંજ ફ્રાઉન માર્કાની યાદ તાજી થાય છે. બનાવટની ઉત્તમત્તા, ઉપયોગિતા માટેનું સંશોધન, ભાવોનું વ્યાજબી પણું અને વ્યવહારની નિયમિતતાનું એ સાચું પરિણામ છે.

એલ્યુમિનિયમનાં વાસણો વજનમાં હલકાં જલ્દી ગરમ થાય તેવાં અને કીમતમાં કીફાયત હોય છે. કલાઇ કરવાની જરૂરજ નથી પડતી.

દૂધના હાન્ડા, ટીફીન કેરીયર, કીટલી, થાળી, ગલાસ, પ્લેટો, બદના, લોટા, ટોપ, હાન્ડી વિ. કરોડો માણસો સંતોષથી વાપરે છે.

તમારી જરૂરીયાતો માટે લખો અથવા મલો



જીવનલાલ (૧૯૨૯) લિમિટેડ

પ્રેરણા

૩૧, નેતાજી સુભાષ રોડ ★ પોસ્ટ બોક્ષ નં. ૨૨૩૭ ★ ક

તારનું ઠેકાણું : 'CROWNALUCO'

આટલું તમે જાણો છો કે?

★ એટલું તમે જાણો છો કે કેનેડાની વિશ્વવિખ્યાત કંપની

"ક્રાઉન લાઈફ"

અનેક પ્રકારની આકર્ષક વીમાની યોજનાઓ આપવા ઉપરાંત, માત્ર પાંચ જ વર્ષનાં પ્રીમિયમો ભર્યા છતાં મોટા ભાગની ઉંમરોમાં વીસ વીસ વર્ષ સુધી પૂરેપૂરી રકમનો વીમો ચાલુ રાખે છે?

★ એ સમય દરમ્યાન અવસાન થતાં લહેણાં પ્રીમિયમો કે વ્યાજ, એમ કશું પણ બાદ કર્યા સિવાય મૂળ વીમાની આખી રકમ વારસોને ચૂકવવામાં આવે છે અને હયાતિ હોય તો ઉંમરના અને ભરણાના પ્રમાણમાં નક્કી કરેલી ચોક્કસ રકમ પાછી આપે છે.

★ આ અને આવી બીજી અનેક આકર્ષક યોજનાઓનું મનન કરવા, પૂરતી વિગતો માટે, તમારી ઉંમર વગેરેની હકીકત સાથે પુછાવો તો જરૂર તમોને લાભ જ થશે.

ચાલુ વીમા ડૉલર

૮૦૦,૦૦૦,૦૦૦.૦૦થી વધુ

હિંદના જનરલ એજન્ટ :
ટી. ડબલ્યુ. બ્રૂફ

હિંદના ડે. જનરલ એજન્ટ :
સી. ટી. શાહ જે. પી.

THE CROWN LIFE INSURANCE CO., OF CANADA

(INCORPORATED IN CANADA WITH LIMITED LIABILITY.)

હિંદની વડી ઑફિસ : : ફ્લૉરા ફાઉન્ટન, કોટ, મુંબઈ.



ઇન્કમટેક્સનાં આવ્યાં હેણ,
ધબકે અમ હૃદયને નેણ,
સર્વ ચીજોના વધતાં ભાવ,
મુશ્કેલ થયો કરવો નિભાવ.
વનસ્પતિ એક એવી ચીજ,
આનો ન જાતો વધારે નિજ.
"સિંહ" છાપ એમાં પ્રખ્યાત,
પકવાન એનાં બધે વિખ્યાત।

આઈ. વી. પી.

સિંહ છાપ

(લાયન બ્રાન્ડ) વનસ્પતિ

૨, ૫ અને ૧૦ રતલી ડબાઓમાં સર્વત્ર મળે છે. આજેજ એક ડબો ખરીદો અને આવતી કાલથીજ સ્વાદિષ્ટ ભોજનનો આનંદ મેળવો !


LION
HYDROGENATED
GROUNDNUT AND TIL OIL
मुंगफलि और तिलीका
जमाया हुआ तेल
INDIAN VEGETABLE PRODUCTS LTD. BOMBAY

ઇન્ડીયન વેજીટેબલ પ્રોડકટ્સ લી૦

મેનેજીંગ એજન્ટો:— ફૉર્બ્સ ફૉર્બ્સ કેમ્પબેલ એન્ડ કું. લી. પોસ્ટ બોક્સ ૭૦, મુંબઈ.

IVP

PLATO

પેન્સ

Always at your Command
arrow clip
No.16
Rs.3/8
It's main Features
other varieties
PLATO

'પ્લેટો' વાપરનારના શાહીથી હાથ બગડતા નથી; લખતી વખતે પેન ઝાટકવાની જરૂર પડતી નથી. ઇરીડીયમ નીબ હોવાને કારણે વર્ષો સુધી ટાંક જેવી ને તેવીજ રહે છે. જુદા પ્રકારના આકર્ષક રંગોમાં મળે છે.

પ્લેન ટોપીડો
મેટલ કેપ
બોલ ક્લીપ

બનાવનારાઓ :
મ્હાત્રે પેન એન્ડ પ્લાસ્ટીક ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ.

વધુ માહિતી માટે નીચેના ઠેકાણે લખો:
બેસ્ટ ફાઉન્ટન પેન ડીપો.
આનંદ ભુવન, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨.

રેડિયો શિક્ષણ

ટપાલ દ્વારા ઘેરબેઠાં સરળ **ગુજરાતીમાં** પૂરો અભ્યાસ કરાવવામાં આવે છે. વિદ્યાર્થી ભાઈ-બહેનોને **ટેસ્ટિંગ** અને **રીપેરિંગનાં** સાધનો આપવામાં આવે છે. પરદેશના વિદ્યાર્થીઓને અભ્યાસના પાઠો **એરમેલથી** મોકલાય છે.

વધુ વિગત માટે લખો:
પ્રિન્સિપાલ **હરિવદન આર. દીક્ષિત**
R. E. E. (U. S. A.)
રેડિયો ટેલીવિઝન એન્ડ સાઉન્ડ સિસ્ટમ ઈન્સ્ટીટ્યૂટ
રાયપુર, હજીરાની પોળ, અમદાવાદ (ઈન્ડિયા)

થોડાક વણમાગ્યા અભિપ્રાયો:-

'આપના મોકલેલા પાઠ મળ્યા છે. પાઠો બહુ સરળતાથી લખાયા છે, અને ઘણી જલ્દીથી અને આસાની સાથે સમજમાં આવી જાય છે.'

યુસુફ નુરૂદીન (પંચમહાલ)

'...રેડિયો શીખવા ઇચ્છતા દરેક જણને પૂરેપૂરું જ્ઞાન આપે છે...વ્યક્તિગત કાળજી રાખીને ખંતથી શીખવે છે...'

એન. એચ. મહેતા (મણિનગર)



હરેક પ્રકારના સીવણકામની જરૂરિઆત પૂરી પાડે છે

સીંગર ૨૦૬ કે ૧૦

સીવવાનો સંચો

આ સીવવાનો સંચો, જે પોતાની અજોડ ઉપયોગિતા માટે સુવિખ્યાત છે, તેમાં નીચે જણાવેલાં કામો કરવા માટે ખાસ ગોઠવણ રાખવામાં આવી છે: રફૂકામ, વિયના કામ, ઓવરએજિંગ, વેલબુટ્ટીદાર સીવણ, ઝાલરકામ, ગાજ પાડવા, મશીનથી બટન ટાંગવાં, લેસ જોડવી, લેસ ઉપર મશીનનું સીવણકામ, શેલ અને રોલ સીવણ, રિશલૂ કામ, ભરતકામ, અપલિક કામ, વગેરે.

તેથી આ સંચો દરજીઓ, નિશાળો, સ્ત્રીઓનાં ફેન્સી કપડાં બનાવનારાઓ, ઇસ્પિતાલો, વગેરે માટે ખાસ જરૂરી છે.

સીંગર *

A CENTURY OF SEWING SERVICE
SINGER SEWING MACHINES
1851 · 1951

* સિંગર મૅન્યુફેક્ચરિંગ કંપનીનો ટ્રેડમાર્ક.

LAS. (B)

સફેદ
ધોએલાં છે
ઉજળાં
ધોએલાં છે
તે સનલાઈટ
સાબુને લીધે છે
SUNLIGHT
SOAP
Rs.1000 Reward!
GUARANTEED
SUNLIGHT SOAP

ધોકા માર્યા વિનાજ વસ્ત્રોને સફેદ અને ઉજ્જવળ બનાવે છે!

S, 180-50 GJ

શ્રી રામકૃષ્ણ મિલ્સ **શ્રી વિવેકાનંદ મિલ્સ**

● **અમદાવાદ** ●

—आपकी पसंदगी—

● અદ્યતન સજાવટની આકર્ષક રેશમી કિનારોવાળી મુલાયમ સાડીઓ, ઝીણા તેમ જ ટકાઉ પોતની રેશમી કિનારોવાળી ધોતી, મુલાયમ મલમલ વગેરે.

● આપના શોખ અને ખીસાને સર્વદા અનુકૂળ અમારી આ અવનવી સુપરફાઈન જાતો આપની પ્રથમ પસંદગી પામશે.

● સમાજના તમામ વર્ગને પોષાય તેવી છેલ્લી ઢબની કળા અને કુમાશભરી ડીઝાઈનની સાડીઓ, ટકાઉ પોપલીન, ધોતી વગેરે.

● સુખ અને સવલત માટે અવશ્ય આગ્રહ રાખો.

●——આપની જરૂરિયાત મેળવવા——●

અમારી રાયપુર ચકલામાં, પોલીસચોકી સામે આવેલી છૂટક કાપડની દુકાનની મુલાકાત અવશ્ય લેશો.

ધી ન્યુ ગ્રેટ ઈન્શ્યુરન્સ

કંપની ઑફ ઈન્ડિયા લિમિટેડ

સત્તાવાર થાપણ	... રૂ. ૨,૫૦,૦૦,૦૦૦
બહાર પડેલી ને ભરાયેલી થાપણ ...	... રૂ. ૧,૨૫,૦૦,૦૦૦
વસૂલ થયેલી થાપણ	... રૂ. ૩૨,૫૦,૦૦૦

ડાયરેક્ટરોની બોર્ડ

શેઠ તુલસીદાસ કીલાચંદ (ચેરમેન)

શેઠ ધરમશી મૂળરાજ ખટાઉ	શેઠ ગુલાબચંદ હીરાચંદ
શેઠ જહાંગીર પેસ્તનજી પટેલ	શેઠ આનંદલાલ હીરાલાલ
શેઠ અંબાલાલ કીલાચંદ	શેઠ વ્રજલાલ છોટાલાલ

જનરલ મેનેજર : **મગનલાલ જી. મોદી**

રજિસ્ટર્ડ ઑફિસ :	હિન્દ સંઘમાં મુખ્ય ઑફિસ :
બૅંક બીલ્ડિંગ, માંડવી, વડોદરા.	૪૫-૪૭, ઍપોલો સ્ટ્રીટ, કોટ, મુંબઈ.

—: શાખાઓ :—

અમદાવાદ, અમૃતસર, અલેપ્પી, કલકત્તા, જલગાંવ, દિલ્હી, ધનબાદ, નાગપુર ભાવનગર, મદ્રાસ, બેંગ્લોર, લખનૌ, શિલોંગ, સુરત, હૈદરાબાદ.

★ જિંદગી ★ આગ ★ અકસ્માત અને ★ દરિયાઈ વીમાનું કામકાજ લેવામાં આવે છે.

આ હાથ કેટલી કુશળતાથી કામ કરે છે, પરંતુ..



. . . કુશળ હાથ પણ મેલા થઈજ જાય છે !

મેલા હાથમાં

ગુપ્ત ભય

રહેલો છે !

મેલના અદશ્ય જંતુઓને લીધે

લાઇફબૉયથી વારંવાર ધુઓ


LIFEBUOY
SOAP
LIFEBUOY SOAP

લાઇફબૉય સાબુ

મેલના જંતુઓથી આપનું રક્ષણ કરે છે !

L. 178-50 GJ

G.E.C.
RADIO



સુપ્રસિદ્ધ બનાવટના
ઉચ્ચ કલાના
નમૂના જેવા
૧૯૫૨ના નવા
મોડેલો
એ. સી., એ. સી. ડી. સી.
અને બેટરી રેડીઓઝ
જોવા અને સાંભળવા
આપના જી. ઈ. સી.
ડીલરને પૂછો.
ડિસ્ટ્રિબ્યુટર્સ :
વાસુદેવા
લિમિટેડ
ઓપેરા હાઉસ, મુંબઈ-૪
૧૫/૫, ચૌરંગી સ્ટ્રીટ
કલકત્તા.

FES

ટેલિગ્રામ : સીડ્સ ★ ટેલિફોન : ૨૬૫૦૧

ધી કેસર શ્યુગર વર્ક્સ લિ૦

૪૫, ૪૭ એપોલો સ્ટ્રીટ, મુંબઈ નં. ૧

હાલની પ્રવૃત્તિઓ :

બહેડી-યુ. પી.

★ ખાંડ અને તેમાંથી બનતી મીઠાઈઓ

★ મીથીલેટેડ સ્પિરિટ

★ પાવર આલ્કોહોલ, રેક્ટિફાઈડ સ્પિરિટ, મોલાસીસ શેરવો

ગોરેગાંવ-મુંબઈ

● ફોટોગ્રાફી અને ટેનિંગ માટે હાઇપો
● અને ફોટોગ્રાફી માટે સોડા સલ્ફાઈટ
● ટેક્સ્ટાઈલ તથા ટેનેરીઝ માટે સોડા બાઈ સલ્ફાઈટ

● હાઈડ્રોક્વીનોન
● ક્રોમ એલમ પોટાશ
● ક્રોમિક એસિડ ઈલેક્ટ્રો-પ્લેટિંગ સારુ

વ્યાપાર સાથે સંબંધ ધરાવતી પૂછપરછ પર પૂરતું ધ્યાન આપવામાં આવે છે.

વધારે સારો સાબુ


SWASTIK
KANTI TOILET SOAP
KANTI
KANTI

વધારે મોટી ગોટી

અને તેટલા માટે જ તમારા અને તમારા ઘરને માટે ઉત્તમ

'કાન્તિ' સાબુ વધારે સારો છે; કારણ કે તે આખાયે એશિયામાં ફક્ત એક જ એવા સૌથી આધુનિક અવિરત પ્લાન્ટમાં તૈયાર થાય છે.

કાન્તિની ગોટી બીજી લોકપ્રિય છાપોવાળી ગોટી કરતાં વધારે મોટી એટલા કારણસર છે કે ઉત્પાદનમાં થતી 'બચત આપને સરખી જ કિંમતમાં વધારાના સાબુના રૂપમાં આપવામાં આવે છે.

વધુમાં 'કાન્તિ' આનંદદાયક સુવાસથી ભરેલો છે કે જે તમારી ત્વચાને કોમળતા અને તાજગીભરી રાખે છે.

સ્વસ્તિકનો

કાન્તિ

નાહવાનો સાબુ

તમારી આરોગ્યમય ચામડી અને યુવાનીભર્યાં ચહેરા માટે

સ્વસ્તિક ઓઈલ મિલ્સ લિ૦ વડાલા, મુંબઈ.

તમે મેકલીન્સ વડે આજે તમારા દાંત સાફ કર્યા?

તમારા સુખી અને નીરોગી સ્મિતને જાળવી રાખવા માટે મેકલીન્સ પેરોકસાઇડ ટૂથ પેસ્ટ વાપરો. તમને જણાશે કે મેકલીન્સ તમારા પેઢાંનું સંરક્ષણ કરે છે, તમારા શ્વાસને મધુર બનાવે છે, અને તમારા દાંતને ચમકતા શ્વેત બનાવે છે—તે પણ એકજ સમયે.

મેકલીન્સ પેરોકસાઇડ ટૂથ પેસ્ટ એકહથ્થુ ફોર્મ્યુલામાંથી બનાવવામાં આવ્યું છે અને તેની પૂરેપૂરી શુદ્ધિની ખાત્રી આપવામાં આવે છે. આ કારણને લીધે જગતભરમાં લાખો લોકો દરરોજ મેકલીન્સ બે વાર વાપરે છે.

> "છેલ્લા કેટલાક વર્ષથી હું તમારૂં મેકલીન્સ ટૂથપેસ્ટ વાપરતી આવી છું અને ત્યારથી હમેશા દરેક જણ મારા દાંતની પ્રશંસા કરે છે."

આજેજ મેકલીન્સ ખરીદો!



વેપારી પૂછપરછ માટે લખો:- જે. એલ. મોરીસન, સન એન્ડ જોન્સ (ઇન્ડિયા) લિ.
મહાલક્ષ્મી મંદીર સામે, વોર્ડન રોડ, મુંબઇ ૨૬.

મારી ચામડીના સૌંદર્ય માટે **લક્સ ટૉયલેટ સાબુ** અનુપમ છે!

ભારતી દેવી

કહે છે.


LUX
LUX
TOILET SOAP

આ સુરમ્ય સુવાસિત સફેદ તથા
શુદ્ધ સાબુથી આપની ચામડીને પણ
સુરમ્ય રાખો!

ચિત્ર-તારિકાઓનો સૌંદર્ય સાબુ

LTS. 323-X30 GJ

ઊંચી જાતના કાપડ માટે હમેશાં યાદ રાખો

ધી ન્યુ છોટાલાલ મિલ્સ લિ.

સ્થાપના : ૧૯૩૩

વિશિષ્ટતાઓ

છાપેલી છીંટ ★ વાયલ ★ સુશી ★ શર્ટિંગ્સ

ધોતીજોટા ★ ક્રેપ ★ ટવીલ ★ ચાદર ★ ટર્કીશ ટુવાલ

★ ટેબ્લેક્લોથ વગેરે.

સ્પીન્ડલ્સ ૧૯૦૫૬ : : એજન્ટ્સ : : : લુમ્સ ૪૧૮

છોટાલાલ હીરાચંદ એન્ડ સન્સ

કડી : (ઉત્તર ગુજરાત) ● તાર : 'ગ્લોરીયસ'

વેપાર, ઉદ્યોગ અને અર્થકારણના પ્રશ્નો ચર્ચતું
અને સમજાવતું અજોડ ગુજરાતી પખવાડિક

વ્યાપાર

- **વેપાર ક્ષેત્રે**–રોજ–બ–રોજ બનતા બનાવોની તેમાં સમીક્ષા અને સમજણ અપાય છે, દેશ–પરદેશનાં બજારોનો પરિચય અપાય છે, વેપારીઓને માર્ગદર્શન અપાય છે.
- **ઔદ્યોગિક ક્ષેત્રે**–ભારતની આગેકૂચનો તેમાં ખ્યાલ અપાય છે, ઔદ્યોગિક પ્રશ્નોની છણાવટ કરાય છે, નાનામોટા ઉદ્યોગો શરૂ કરવા વિષે માર્ગદર્શન અપાય છે.
- **વેપારી** કાયદા–કાનૂનો–અને વેપારને સ્પર્શતા દેશ–પરદેશના વિવિધ નિયમો સરળ ભાષામાં સમજાવાય છે.
- **રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય આર્થિક ક્ષેત્રે**–બનતા બનાવોની સચોટ સમજણ અપાય છે.

[દર બીજા રવિવારે પ્રકટ થાય છે.]

છૂટક કિંમત : ૬ આના] [વાર્ષિક લવાજમ રૂા. ૧૦ (પરદેશમાં રૂા. ૧૩)

પ્રાપ્તિસ્થાન : વ્યાપાર કાર્યાલય, જન્મભૂમિ ભવન, ઘોઘાસ્ટ્રીટ, મુંબઈ-૧

[ભારતમાં અંગ્રેજી તેમજ અન્ય ભાષામાં પ્રસિદ્ધ થતા વ્યાપાર વિષયક સર્વ સામયિકોમાં 'વ્યાપાર'નો ફેલાવો સૌથી વધુ છે.]


અમે કેવળ ડાલડા માંજ
રાંધીએ છીએ અને
અમારી રોજીંદી
શક્તિને ટકાવી
રાખીએ છીએ
DALDA
HYDROGENATED GROUNDNUT AND TIL OIL
मूंगफली का जमाया तेल और तिल का तेल
डालडा
ડાલ્ડા આપને સમતોલ
ખોરાકમાં જોઈતો શક્તિદાયક
સ્નિગ્ધ પદાર્થ પૂરો પાડે છે
HVM. 165-50 GJ

ધી વલ્કન ઈન્શ્યુરન્સ
કંપની લિમિટેડ

સ્થાપના : ૧૯૧૯

★

● આગ ● મોટર ● અકસ્માત
● દરિયાઈ ● વર્કમેન્સ કૉમ્પેન્સેશન
● એમ્પ્લોયર્સ લાયેબિલિટી
વગેરે વિમાનું કામકાજ લખવામાં આવે છે.

★

ડાયરેક્ટર ઈન ચાર્જ :
શ્રી. વી. સી. સેતલવડ
જનરલ મેનેજર :
કે. સી. દેસાઈ

બ્રાન્ચ તથા એજન્સી ઑફિસો હિંદભરમાં છે; તેમ જ બ્રિટિશ ઈસ્ટ આફ્રિકા અને બર્મા.

હેડ ઑફિસ : ૭૩, ચચગેટ સ્ટેશનની સામે, ઈન્ડસ્ટ્રીયલ
એશ્યુરન્સ બીલ્ડિંગ, કોટ, મુંબઈ નં. ૧


Rexona
Rexona
BLENDED WITH CADYL

ઉત્તરોત્તર
બહલાતું લાવણ્ય

રેક્સોનામાંનું 'કૅડિલ' આપની ચામડીને અધિક નિર્મળ તથા સુંદર બનાવશે. દિવસમાં બે વાર રેક્સોના સાબુ વાપરો.

રેક્સોના

માત્ર એકજ 'કૅડિલ'* ધરાવતો સાબુ

* ચામડીને મુલાયમ બનાવનારા તેલોના ખાસ મિશ્રણ માટેનું એક માલીકી હકવાળું નામ
રેક્સોના પ્રોપ્રાઇટરી લિ૦, માટે ભારતમાં બનાવેલ

RP. S6-50 GJ

રાષ્ટ્રધનની નક્કર યોજનામાં સાથ આપતી

વીજળિક સંસ્થા

ધી એમલગમેટેડ ઇલેક્ટ્રિસિટિ કું૦
(બેલગાંવ), લિ૦

- ★ ઓછા ખર્ચમાં વધુ લાભ આપતી
- ★ રાષ્ટ્રના કૃષિપ્રશ્નને હળવો બનાવતી
- ★ ઉત્પાદનશક્તિમાં મોખરે ગણાતી
- ★ આમજનતાને નાણાં રોકવા અંગૂલિનિર્દેશ કરતી

અને

છેલ્લાં ૨૫ વર્ષથી જનતાને સેવા આપતી

શાખાઓ—	અજમેર	બેલગાંવ	માલેગાંવ
	વલસાડ	ચાલીસગાંવ	દાહોદ
	જલગાંવ	ભુસાવળ	ભીવંડી

આવક	૧૯૫૧	...	૩૪,૪૦,૮૨૪
યુનિટ્સ વેચાણ		...	૧,૩૬,૧૬,૨૯૪
ગ્રાહકો		...	૨૬,૧૪૪
ડિવિડન્ડ ટકા :		...	૭ા ઓર્ડિનરી ૫ા પ્રેફરન્સ

મેનેજિંગ એજન્ટ્સ-ધી કોન્સોલિડેટેડ ઇલેક્ટ્રિક એજન્સિઝ, લિ૦

મેનેજિંગ ડિરેક્ટર :

એન. સી. જવેરી, જે. પી.

ટેલિફોન નં. : ૩૨૮૮૯-૮૦ ● ટેલિગ્રામ : CONELECTRO


THE KOHINOOR MILLS Co Ltd
BEST QUALITY
MADE IN INDIA
THE KOHINOOR MILLS Co Ltd BOMBAY
INDIA
KILLICK INDUSTRIES LTD. AGENTS
THE KOHINOOR MILLS Co Ltd BOMBAY
મદન ૭ મહન
THE KOHINOOR MILLS Co Ltd BOMBAY
बाल मुकुंद
KOHINOOR MILLS Co Ltd BOMBAY
LIGHT OF THE WORLD

તમારાં
નાણાંની
કિંમત ।

એમ્બ્રોઈડરી અને સીવવાના દોરાઓ માટે ઉપરની જાતો માગો. અને તમારાં નાણાંની પૂરેપૂરી કિંમત મેળવો. એમ્બ્રોઈડરી અને સીવવાના દોરાઓની લોકપ્રિય છાપો મજબૂત છે. અને સુંદર પાકા રંગોમાં મળી શકે છે.

કોહિનૂર મિલ્સ કું. લિ૦

એજન્ટસ:–કીલીક ઈન્ડસ્ટ્રીઝ લિ૦
સોલ ચાર્જ સેલીંગ એજન્ટસ : નહાલચંદ લલ્લુચંદ લિ૦

COPYRIGHT.

L.A.S. (B)

ખાસ ખબર

અમો તમારી નીચેની જરૂરિયાત કીફાયત ભાવે તેમજ ભરોસાપાત્ર રીતે પૂરી પાડીશું.

દરેક જાતનાં **ઑઈલ એન્જીન,** તેને લગતા **સ્પેરપાર્ટ્સ, સેન્ટ્રીફ્યુગલ પંપ, ઇલેકટ્રીક મોટરો, પટા, પુલીઓ, શાફટીંગ, બોલબેરીંગ, પાઈપ ફીટીંગ, હાર્ડવેર, મીલજીન સ્ટોર** તથા દરેક ગ્રેડનું **મોબીલ ઑઈલ – ગ્રીઝ** વગેરે

મળો અગર લખો:

અમદાવાદ મર્કન્ટાઈલ કોર્પોરેશન

રીલીફ રોડ–જૂના કડીયા બીલ્ડિંગ, અશોક
નિવાસ સામે, **અમદાવાદ.**
હેડ ઓફિસ: ૨૩૩/૩૫ શેખ મેમન સ્ટ્રીટ, **મુંબઈ.**
બીજી ઓફિસો: કોલ્હાપુર–બેલગામ

રક્તપિત્ત, વાતપિત્ત, કોઢ, દમ, ક્ષય–

આવાં ભયંકર દર્દો તથા ગમે તે સ્ત્રી પુરુષનાં દર્દો માટે

મળો યા પત્રવ્યવહાર કરો:

સલાહના **પાંચ રૂપિયા** મોકલવા વિનંતી છે.

રસ ચિકિત્સા નરહરિ નારાયણ ઔષધાલય

ર. નં. ૧૪૮૭
મુ. પો: **ડભાસી,** વાયા બોરસદ.
(જિ. ખેડા–ગુજરાત)

દેના બેંક

DEVKARAN NANJEE BANKING CO. LTD.

હેડ ઓફીસ: મુંબઇ અને ૫૪ શાખાઓ

ખાનાં ભાડેથી મળી શકશે

સેફ ડીપોઝીટ વૉલ્ટ્સ

એલ્ફીન્સ્ટન સર્કલ
ઝવેરી બઝાર
શેર બઝાર
કોલાબા
શાંતાક્રુઝ
પુના
ઘાટકોપર
રાજકોટ
ભાવનગર
માટુંગા
વિલેપાર્લે


કે. કે. કશ્યપ
KOLYNOS
KOLYNOS
DENTAL
CREAM
REGISTERED
A SCIENTIFIC
L CREAM

'કોલીનોસ' સ્મિતમાં આરોગ્ય ભરેલું છે!

'કોલીનોસ' બીજી કોઇ પણ ડેન્ટલ ક્રિમ કરતાં વિશેષ કરકસરભરી છે–કારણ કે સુકા બ્રશ ઉપર અર્ધો ઇંચ તદન પુરતી છે.

ફીણનેજ બધો ફરક આભારી છે!

ભારતમાં બનાવનારાઓ:
જ્યોફ્રે મેનર્સ એન્ડ કંપની લી૦, મુંબઇ ૧
શાખાઓ: કલકત્તા - મદ્રાસ - દિલ્હી

છેલ્લાં બે વર્ષમાં પ્રસિદ્ધ થયેલા ગ્રંથો

પુસ્તકનું નામ	પાન	કિં.
મહાત્મા ટૉલસ્ટૉય : રશિયન સંતનું પ્રેરણાદાયી જીવનચરિત્ર ...	૧૭૬	૧-૪
ગૌતમ બુદ્ધ : ભગવાન બુદ્ધનું વિસ્તૃત ચરિત્ર ને ઉપદેશ ...	૨૦૦	૧-૪
મીરાં દાસી જનમજનમકી : મીરાંનું જીવનચરિત્ર	૧૧૨	૦-૧૦
શ્રીમદ્ શંકરાચાર્ય : આદ્ય શંકરાચાર્યનું જીવનચરિત્ર ઉપદેશો સાથે	૧૪૪	૦-૧૦
પ્રકૃતિનાં લાડકવાયાં પંખીઓ : જુદાંજુદાં ૧૪૦ પક્ષીઓનો સચિત્ર પરિચય	૨૭૨	૧-૪
ગૃહ, ગૃહિણી અને ગૃહસ્થ : ગૃહકુટુંબના ફૂટ પ્રશ્નોનો સરળ ઉકેલ	૨૭૨	૧-૪
બાળક : બાળજીવનનાં વિવિધ પાસાંઓ ઉપર ૧૩ નિબંધો ...	૧૭૬	૧-૪
ભીમનાં પરાક્રમો : ભીમસેનની હાસ્ય રસથી ભરપુર કથા ...	૨૨૪	૧-૮
વિશ્વની વિચિત્રતાઓ : જગતની અજાયબ વાતોનો સચિત્ર સંગ્રહ	૧૭૬	૦-૧૦
સોનાનો સૂરજ : લે૦ શ્રી પિતામ્બર પટેલ : ગામડાંની પ્રજાને માર્ગદર્શન	૨૩૨	૧-૪
ગુજરાતનાં તીર્થસ્થાનો : ગુજરાતનાં તીર્થસ્થાનોની માહિતી...	૨૪૮	૧-૪
હિતોપદેશ : કથારસ સાથે નીતિ-જ્ઞાનની કથાઓ	૨૪૦	૧-૪
ગામડું બોલે છે : હિંદના નમૂનારૂપ એક ગામડાનું જીવન ...	૧૪૪	૦-૧૦
ગુજરાતનાં લોકગીતો : જન્મથી મરણયાત્રાના પ્રસંગો રજૂ કરતાં સરળ લોકગીતો ને કથાઓનો સંગ્રહ ...	૨૭૨	૧-૪
ઇન્સાન મિટા દૂંગા : ઇ. સ. ૧૯૩૦ ના જેલજીવનમાં ડોકિયું કરાવતી વાર્તા અન્ય વાર્તાઓ સાથે	૧૭૬	૧-૪
જીવન-પરિવર્તન : લે૦ સોપાન જીવનપલટાની કરુણ-મંગળ વાર્તા	૧૪૦	૦-૧૦
કોઈને કહેશો નહિ : કુટુંબ ને સમાજમાંના દૂષણો પર કટાક્ષયુક્ત માર્ગદર્શન કરાવતો નાટક સંગ્રહ ...	૧૬૮	૧-૪
જગન્નાથપુરી ને ઓરિસાના પુરાતન અવશેષો : ભારતની સાંસ્કારિક એકતાનું દર્શન કરાવતું સચિત્ર પુસ્તક ...	૯૬	૦-૧૦
શાકભાજી ને બીજા લેખો : શાકભાજી તથા બીજાં ઉપયોગી તૂલો સંબંધી	૧૧૨	૦-૧૨
ઇતિહાસને અજવાળે : ઇતિહાસની પરાક્રમી વ્યક્તિઓની જીવનરેખા	૧૩૬	૦-૧૨
ગુજરાતના સેવકો : ગુજરાતના ૪ મૂકસેવકોનાં જીવનચરિત્રો	૧૧૬	૦-૧૨
પૃથ્વીની કથા : પૃથ્વીની ઉત્પત્તિ ને વિકાસની કથા... ...	૧૨૮	૦-૧૨
અદાલતને આંગણે : લે૦ કેશવલાલ મ. શાહ	૧૬૮	૧-૮
રશિયા : પુરુષાર્થ ને સમૃદ્ધિના શિખરે પહોંચેલા આ બન્ને રાષ્ટ્રોનાં ઉત્ક્રાંતિ તથા વિકાસનો ટૂંકો ઇતિહાસ	૧૯૨	૧-૮
અમેરિકા	૨૪૮	૧-૮
સૌભાગ્ય સુંદરી : અતિપ્રિય નાટકોમાંથી ચૂંટેલા પ્રવેશોનો સંગ્રહ	૨૪૦	૧-૮
વૈતાલની વાતો : કવિ શામળભટ્ટની વિખ્યાત 'વૈતાલ પચ્ચીસ' પરથી સરળ શૈલીમાં તૈયાર થયેલું પુસ્તક... ...	૨૦૮	૧-૮
આરોગ્યની બારમાસી : બારે માસનાં પર્વોના આહારવિહાર ને બીજા લેખો	૨૬૪	૧-૮
આંખનું આરોગ્ય : આંખનું આરોગ્ય જાળવવા અને ચશ્માં તથા બીજા રોગો દૂર કરવા માટેનું માહિતીપૂર્ણ પુસ્તક	૧૬૮	૧-૪

બૂકર ટી. વૉશિંગ્ટન : હબસી વીરની પ્રેરક ને બોધક આત્મકથા	૨૨૪	૧-૮	૦-૪
સાઈબાબા : જીવનચરિત્ર	૪૦૮	૩-૦	૦-૪
મનુસ્મૃતિ : પ્રાચીન આર્યપ્રણાલિકાનો મહાન ન્યાયગ્રંથ	૮૧૬	૪-૮	૦-૫
સંતગુરુનો પરિચય : બોધક પ્રસંગો	૩૬૮	૨-૦	૦-૩
ગીરધરકૃત રામાયણ : હસ્તપ્રત ઉપરથી ત્રીજી આવૃત્તિ	૭૬૪	૪-૮	૦-૮
ભગવદ્ ગીતા-મોટા અક્ષરની : સરળ ભાષાંતર સાથે	૨૫૬	૦-૧૨	૦-૨
અંતર નિરીક્ષણ : અંતર નિરીક્ષણમાં માર્ગદર્શન આપતું પુસ્તક	૨૨૪	૧-૦	૦-૨
શ્રીમદ્ ભગવદ્ગીતા : (ગુટકો) : સરળ ભાષાંતર સાથે	૩૫૨	૦-૮	૦-૨
અખાની વાણી : અઘરા શબ્દોના અર્થ સાથે	૪૯૬	૩-૦	૦-૩
સદાચાર ને સુખ : જૈન સંસ્કૃતિની બોધક વાતો	૨૦૦	૧-૮	૦-૨
સ્વામી નિત્યાનંદ : ઉપદેશો સહિત સંક્ષિપ્ત ચરિત્ર	૧૨૮	૦-૮	૦-૨
સ્વામી રામતીર્થ : વિસ્તૃત ચરિત્ર તથા ઉપદેશો	૬૭૨	૩-૮	૦-૭
વાલ્મીકિ રામાયણ : ભાગ ૧,૨	૧૩૬૪	૧૨-૦	૧-૧૫
ચંડીપાઠ : મૂળ સાથે સરળ ગુજરાતી ભાષાંતર	૩૫૨	૧-૪	૦-૨
સમયસાર નાટક : જૈન તત્ત્વજ્ઞાન સમજાવતું પુસ્તક	૩૭૨	૩-૦	૦-૪
બળવાન બનો : પં. સાતવલેકરજી કૃત	૧૧૨	૦-૧૨	૦-૨
શ્રીમદ્ ભગવદ્ગીતા પુરુષાર્થબોધિની : પં. સાવતલેકરજી કૃત (બે ગ્રંથોમાં)	૧૦૬૯	૧૨-૮	૧-૬
મનુષ્ય ધર્મ : ધર્મ વિષે ઉપનિષદો, સંતો ને મહાત્માજીનાં વચનો	૨૪૦	૨-૦	૦-૪
નરસિંહ મહેતાનાં ભજનો : ૧૮૮ ભજનોનો સંગ્રહ	૮૦	૦-૧૨	૦-૨
જ્ઞાનેશ્વરી ગીતા : જ્ઞાનેશ્વર મહારાજની ટીકા સાથે	૭૧૨	૪-૮	૦-૯
વેદાંત માર્ગદર્શિની : વેદાંતના કઠિન પ્રશ્નોત્તરો ગુરુ-શિષ્યના સંવાદરૂપે	૩૨૮	૧-૮	૦-૩
મીરાંબાઈનાં ભજનો : ૨૨૦ ભજનોનો સંગ્રહ	૮૦	૦-૧૨	૦-૨
તુલસી રામાયણના મહાવાકયો : અર્થ સાથે	૯૬	૦-૮	૦-૧
સનાતન ધર્મ :		૧-૦	૦-૨
સાહિત્ય પ્રવેશિકા :		૨-૮	૦-૮
વિક્રમની વાતો : સિંહાસન બત્રીસીની ૩૨ વાર્તાઓનો સંગ્રહ	૩૪૮	૨-૮	૦-૪
કાકાનો સંજય : મિસરની સંસ્કૃતિનો પરિચય (સચિત્ર)	૩૨૦	૧-૧૨	૦-૩
કમળકુમાર : એક સળંગ રસભરી વાર્તા	૧૨૦	૦-૧૨	૦-૨
ઠંડા પહોરની વાતો : સચિત્ર બાલોપયોગી પ્રાણીકથાઓ	૧૦૪	૦-૧૨	૦-૨
આરોગ્યની કૂંચી : રોગના અધિકારમાં શું કરવું તેની સમજ	૩૦૦	૨-૮	૦-૪
આરોગ્યરક્ષા : આરોગ્યની બાળપોથી સમું પુસ્તક	૧૨૮	૦-૧૨	૦-૨
આર્યભિષક્ : અથવા હિંદુસ્તાનનો વૈદ્યરાજ	૮૬૪	૬-૦	૧-૧
સુખ સામર્થ્ય ને સમૃદ્ધિ : નિરાશ થયેલાઓને ઉત્સાહ ને ચેતના પ્રેરક	૪૯૬	૩-૦	૦-૪
સદ્ગુણી બાળકો : ૬૯ દૃષ્ટાંતોનો સચિત્ર સંગ્રહ-સરળ શૈલીમાં	૧૫૪	૦-૧૦	૦-૨

વધુ વિગત માટે વિસ્તૃત સૂચિપત્ર મંગાવો :

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય } ઠે. ભદ્ર પાસે, **અમદાવાદ** અને
કાલબાદેવી રોડ, **મુંબઈ-૨**


Firestone
SUPER BALLOON
Gum-Dipped

Firestone

ફાયરસ્ટોન

ફક્ત એક જ ગમ-ડીપ્ડ ટાયર

LAS. (B)

કેટલીક માતાઓ આ નથી જાણતી !

હા, ભાઈ, તને તકલીફ જણાય છે-ગરમી પડે છે, પસીનો ઉતરે છે અને તારાં કપડાં પણ ચોંટી જાય છે- પરંતુ રડવા સીવાય તારાથી બીજું શુ થઈ શકે તેમ છે?

પણ મારી દશા આવી નથી, કારણ કે મારી માને જોન્સન્સ પાઉડર વિષે ખબર છે. તેનું એવું કહેવું છે કે અત્યંત મુલાયમ ત્વચા માટે તે બનાવવામાં આવ્યો છે એટલે નાહ્યા પછી અને હર વખત કપડાં બદલવામાં આવે ત્યારે તે મને આ પાઉડર છાંટે છે. તેનાથી મને ઘણો આરામ મળે છે।

તારી માને પણ કોઇ આ કેમ કહેતું નથી?

મા !

તમારૂં બાળક બોલી તો શકતું નથી—પરંતુ તકલીફ થવાને કારણે તે રડશે જરૂર. જોન્સન્સ પાઉડરમાં રહેલાં ખાસ દ્રવ્યો કોમલ શરીરો માટે ઘણાંજ સુખદ અને સૌમ્ય હોય છે—એ કારણેજ આટલી સંખ્યામાં માતાઓ (અને પિતાઓ) પોતાને માટે પણ તે વાપરે છે. આજેજ એક ડબો ખરીદો—બાળક અને તમારા માટે। બાળક માટે ઉત્તમ—તમારા માટે પણ !


Johnson's
BABY
POWDER
મોટો ડબો ખરીદો. તેમાં બે ઔંસ પાઉડર વિશેષ મળે છે —મફતમાં !
Johnson's
BABY
POWDER

Johnson's BABY POWDER
Regd. Trade Mark

જોન્સન્સ બેબી પાઉડર

મુખ્ય ડીસ્ટ્રીબ્યુટરો : આઈસીઆઈ. (ઈન્ડીઆ) લીમીટેડ

ઊંડા પ્રક્ષાલનથી
નિર્મળ સુંદર ત્વચા

નિર્મળ સુંદર ત્વચા એ 'એન ફ્રેન્ચ' પ્રક્ષાલન દૂધથી થતી ઊંડી સફાઈનું પરિણામ છે. 'એન ફ્રેન્ચ' છિદ્રોની અંદર ઊંડે ઊતરીને ધૂળ અને મેક-અપના રજકણોથી ચામડીને મુક્ત કરે છે. આ કાર્ય સાધારણ ક્રીમ અથવા સાબુ અને પાણી કરી શકતાં નથી. 'એન ફ્રેન્ચ'નું પ્રક્ષાલન તમારુ નિત્યકર્મ બનાવો. અને સુંદર, તાજગીભરી તેમ જ નિર્મળ ત્વચા હંમેશા તમારી જ રહેશે.

'ANNE FRENCH'
Cleansing Milk

'એન ફ્રેન્ચ'
પ્રક્ષાલન દૂધ
દરેક સારા સ્ટોરમાં મળે છે

LAS. (B)

એમ્પાયર ઓફ ઈન્ડિયા
લાઈફ ઈન્સ્યુરન્સ કંપની લિમિટેડ
(સ્થાપિત : ૧૮૯૭)
હેડ ઓફિસ : મુંબઈ
૧૯૫૦ના કામકાજના બોલતા આંકડા

લાઈફ ફંડ	….	….	રૂા. ૮,૮૮,૦૦,૦૦૦ થી વધુ
અનામત	….	….	,, ૧,૦૮,૦૦,૦૦૦ થી વધુ
કુલ ભંડોળ	….	….	,, ૧૦,૪૦,૦૦,૦૦૦ થી વધુ
કુલ ચાલુ કામકાજ	….	….	,, ૨૯,૯૭,૦૦,૦૦૦ થી વધુ

આર્થિક સદ્ધરતા ● સંતોષકારક સેવા ● દાવાઓની ઝડપી પતાવટ
આકર્ષક યોજનાઓ ● ઓછાં પ્રિમિયમના દરો ● કરકસરભરી વ્યવસ્થા

તમારી જરૂરીઆતો ને અનુકૂળ યોજનાઓની વિગત માટે તથા એજન્સીની શરતો માટે લખો :

ધી બ્રાન્ચ સેક્રેટરી, ચાર રસ્તા, ખાડિયા **અમદાવાદ.** અથવા
ધી મેનેજર, એમ્પાયર હાઉસ, કોટ, **મુંબઈ.**

ઇતિહાસ પ્રસિદ્ધ હિંદ

મિનાક્ષીનું ભવ્ય મંદિર – મદુરા

આ જમણી બાજુ પર જે ચિત્ર છે તે મદુરાના ભવ્ય મંદિરનું ઉચ્ચ શિખર છે. આ મંદિરના એક ભાગમાં શિવની અને બીજા ભાગમાં શિવની પત્ની મીનાક્ષીની પ્રતિષ્ઠા કરવામાં આવી છે.

અહીંની સ્થાનિક ચ્હાની દુકાનોમાં યાત્રાળુઓ ચ્હાના એક કપથી તાજગી તેમ જ વિસામો લે છે, પરંતુ ખરેખર તાજગી તેમ જ સુંદર ખુશબો મેળવવા માટે તમારે બ્રુક બૉન્ડ ચ્હાનો જ આગ્રહ રાખવો જોઈએ.




Darjeeling
Brooke Bond Tea
Blend
Brooke Bond Tea
તાજીજ ચ્હાનો
આગ્રહ રાખો

બ્રુક બૉન્ડ ચ્હા

ભારતની શ્રેષ્ઠ ચ્હા ભારતના ઉત્તમ પેકેટોમાં

BBT. 5/17

રેફ્રીજરેશન

કિંમતમાં અનહદ ઘટાડો

રેફ્રીજરેટર : સાત ક્યુબીક ફીટ, ઇંગ્લીશ રેફ્રીજરેટર. પાંચ વર્ષની ગેરન્ટી, લેઇટેસ્ટ ડીઝાઈન. કિંમત ફક્ત રૂા. ૧૭૦૦/-

આઈસ પ્લાન્ટ : અડધો ટન કમ્પલીટ આઈસ પ્લાન્ટ હાજર સ્ટોકમાંથી મળશે. કિંમત ફક્ત રૂા. ૫૦૦૦/-

આઈસક્રીમ ફ્રીજર : ઈલેક્ટ્રીકથી ફક્ત વીસ મિનિટમાં આઈસક્રીમ બની જાય તેવાં નાનાં અને મોટાં મશીનો મળશે. હોટલ-થિયેટર-ક્લબ કેન્ટીન માટે વધારે ઉપયોગી.

વોટર કુલર્સ : ફિલ્ટર થયેલું ઠંડું પાણી એકધારું મળ્યા કરશે. હોટલ, ફેક્ટરી, મિલ્સ, સ્કૂલ, કૉલેજ, ક્લબ, સીનેમા થિયેટર વગેરે માટે ઘણું જ લાભદાયી અને ઉત્તમ. નાની-મોટી સાઈઝમાં મળશે.

આઈસ બોક્સ : ઈલેક્ટ્રીક વગર ઠંડાં થઈ શકે તેવાં આઈસ બોક્સ ચાર સાઈઝમાં મળશે.

તા. ક. :-ઉપરનાં દરેક મશીનો અમેરિકન મશીનથી ફીટ કરેલાં છે. ઉપરાંત એક વર્ષની ગેરન્ટી ધરાવે છે. ગેસ-ટ્યુબીંગ-યુનિટ્સ-સ્પેર પાર્ટ્સ હાજર સ્ટોકમાંથી મળશે.

એજન્સી આપવી છે.

રેફ્રીજરેશનનો ધંધો કરતા હોય તેઓએ જ ફક્ત લખવું.

રેફ્રીજરેશન ઇન્જિનિયર્સ :

વીબજ્યોર ટ્રેડિંગ કંપની

લોટસ બીલ્ડિંગ, ભોંયતળીએ, ઈવન્સ ફ્રેઝરની બાજુમાં, કોટ, મુંબઈ-૧
ફોન ૨૪૭૩૨.

વીજળીની શક્તિ (પાવર)

☛ રાષ્ટ્રીય બળનો પાયો છે.

વીજળીની જ્યોત ઉદ્યમ અને સૌખ્ય માટે જરૂરી છે.

૨૫ વર્ષથી જનતાની સેવા કરી રહેલી

પૂના ઈલેક્ટ્રિક સપ્લાઈ કું૦ લિ૦

નાસિક દેવલાલી ઈલેક્ટ્રિક સપ્લાઈ કું૦ (લિમિટેડ)

ભરૂચ ઈલેક્ટ્રિક સપ્લાઈ કું૦ લિ૦

મેનેજિંગ ડાયરેક્ટર:
ગોકળચંદ દ્વારકાદાસ મોરારકા
સ્ટેન્ડર્ડ બીલ્ડિંગ, હોર્નબી રોડ, મુંબઈ.

સંકટ સમયની સાંકળ

રેલવેના દરેક ડબ્બાઓમાં જરૂર પડે અને ઉપયોગી થઈ પડે તે માટે સાંકળ રાખવામાં આવે છે, જો કે તે કોઈ પેસેન્જરોને હંમેશ ખેંચવાની જરૂર પડતી જ નથી, છતાં હોવી જરૂરી છે. 'ચરક ભંડાર'ની **"પવનમુક્તાદીવટી"** એ પણ ભલે રોજ લેવાની જરૂર ન હોય તો પણ દરેક કુટુંબોએ તેની નાની અથવા મોટી બાટલી ઘરમાં રાખવી જરૂરી છે. કારણ કે તે ગેસથી થતા હૃદયરોગ માટે સર્વોત્તમ છે, એટલું જ નહિ પણ આ ગોળીથી ખોરાકનું પાચન થઈ ગેસ થતો અટકે છે. વાયુના કારણે હૃદય ઉપર દબાણ વધી જઈ, હાર્ટ નબળું પડતું હોય—કાયમી ગેસની ફરિયાદ રહેતી હોય, ખોરાક ન પચતો હોય, પેટ ફૂલી જતું હોય, તેવા કોઈ પણ દર્દમાં આ ગોળી ઉપયોગી છે. આ ગોળીથી જુલાબ સાફ આવે છે, તેની આદત પડતી નથી. જેમ રેલવેના ડબ્બામાં 'સંકટ સમયની સાંકળ' રાખવી જરૂરી છે, તેવી જ રીતે દરેક ઘરમાં 'ચરક'ની **"પવન મુક્તાદીવટી"** એક નાની બાટલી પણ સ્ટોકમાં રાખવી જરૂરી છે. તેની કિંમત કંઈ વધારે નથી. ૪૦ ગોળીની બાટલીના રૂા. ૧-૪-૦ અને ૨૦૦ ગોળીની બાટલીના રૂા. ૫–૦–૦ છે. મુંબઈમાં 'ચરક ભંડાર' વડી કચેરી મુંબઈ નં. ૭. પાયધુની બ્રાંચઃ–ધનજી સ્ટ્રીટ, નવનિધાન ભુવન, મુંબઈ નં. ૩. મુંબઈ તેમ જ પરાંના સોલ ડીસ્ટ્રીબ્યુટર્સઃ–મેસર્સ આર. એમ. શાહની કું., ૧૩૫, મસ્જિદ બંદર રોડ, મુંબઈ ૩. ચરક ભંડારની શાખાઓ–લક્ષ્મી નિવાસ, સયાજી રોડ, નવસારી. કોટસફીલ રોડ, સુરત. રીલીફ રોડ અને સરસપુર, અમદાવાદ, તેમ જ હિંદભરના તમામ જાણીતા દવાવાળાઓને ત્યાંથી મળશે. વલસાડના એજન્ટઃ– કોઠારી બ્રધર્સ, મહાત્મા ગાંધી રોડ. મદ્રાસના એજન્ટઃ–જે. બાલાભાઈની કું, ૨૬૦, નેતાજી સુભાષચંદ્ર બોઝ રોડ. કલકત્તાના એજન્ટઃ–ત્રિલોક એન્ડ કું. પી. ૩૩, પોલોક સ્ટ્રીટ. રામગઢ(ડીસ્ટ્રી–હજારી બાગ)ના એજન્ટઃ–મેસર્સ અમૃતલાલ દુર્લભજી અને સૌરાષ્ટ્રના ડીસ્ટ્રીબ્યુટર્સ મેસર્સ ફેવરીટ સ્ટોર્સ, પરા બજાર, રાજકોટથી પણ છૂટક તથા જથ્થાબંધ મળી શકશે. અમદાવાદના ડીસ્ટ્રીબ્યુટર્સઃ–ચીમનલાલ માધવલાલની કું. ત્રણ દરવાજા, અમદાવાદ.

ગ્રાહકોને

૧ 'અખંડ આનંદ' અંગ્રેજી માસની પહેલી તારીખે પ્રસિદ્ધ થાય છે અને ગ્રાહકોને પોસ્ટ થાય છે.

૨ વાર્ષિક લવાજમ રૂ. ૮।।, બ્રહ્મદેશ માટે રૂ. ૯, પરદેશ માટે શિ. ૧૬ અથવા રૂ. ૧૦।। છે.

૩ 'અખંડ આનંદ'નું નવું વર્ષ નવેમ્બર માસથી શરૂ થઈ ઑક્ટોબર માસમાં પૂરું થાય છે. વર્ષમાં ગમે તે માસથી ગ્રાહક થઈ શકાય છે. એક વર્ષથી ઓછી મુદત માટે ગ્રાહક નોંધાતા નથી.

૪ પૂરતી તપાસ કર્યા બાદ ગ્રાહકોને અંક રવાના કરવામાં આવે છે, છતાં કોઈને અંક દર મહિનાની તા. ૧૫મી પહેલાં ન મળે તો વિભાગની પોસ્ટ ઑફિસે ફરિયાદ કરવી અને ત્યાંથી જે જવાબ મળે તે અમને મોકલવો, જેથી ઘટતું થઈ શકે.

૫ સરનામું બદલાયાની ખબર ઓછામાં ઓછા પંદર દિવસ પહેલાં આપવી અને સાફ અક્ષરોમાં ગ્રાહક નંબર, નવા કે જૂના ગ્રાહક તથા નામ અને ઠેકાણું બરાબર જણાવવું. મહિના બે મહિના માટે સરનામું બદલવું હોય તો પોતાના પોસ્ટ માસ્તરને જણાવી વ્યવસ્થા કરી લેવી. સરનામું ફેરવ્યાની જાણ થતાં પહેલાં અંક જૂના સરનામે રવાના થઈ જશે, તો ફરી અંક મફત મોકલવામાં આવશે નહિ.

૬ એક રૂપિયો મોકલવાથી નમૂનાનો અંક મોકલવામાં આવે છે; ગ્રાહક થયા બાદ એ અંક પાછો મોકલવામાં આવે, તો એક રૂપિયો પરત કરવામાં આવે છે.

૭ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનું નામ–સરનામું અને ગ્રાહક નંબર અવશ્ય લખવો જોઈએ.

૮ લવાજમ મનીઑર્ડરથી મોકલવું સલાહભર્યું છે; કારણકે વી. પી. થી મંગાવનારને રજિસ્ટર ખર્ચ સાથે રૂ. ૮–૧૪–૦ નું વી. પી. થશે, તેમ જ વી. પી. થી મોકલાતા અંકો મોડા મળે છે. પરદેશમાં વી. પી. થતું નથી. **ચેક અગર ડ્રાફ્ટ 'સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ'ના નામનો મોકલવો.**

૯ લવાજમ મોકલતી વખતે જૂના ગ્રાહકોએ પોતાનો નંબર લખવો અને નવા ગ્રાહક થનારે '**નવા ગ્રાહક**' એમ લખવું આવશ્યક છે. મનીઑર્ડરની કૂપન પર સ્પષ્ટ અક્ષરોમાં પૂરેપૂરું નામ, સરનામું, રકમ અને રકમ મોકલ્યાનો ઉદ્દેશ લખવાં.

૧૦ 'અખંડ આનંદ' સાથે પુસ્તકો મોકલાતાં નથી.

૧૧ વ્યવસ્થા અંગેનો સર્વ પત્રવ્યવહાર **અમદાવાદના કાર્યાલય** સાથે કરવો.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
ભદ્ર, અમદાવાદ ને કાલબાદેવી, **મુંબઈ–૨**

લેખકોને

'અખંડ આનંદ' કોઈ ચોક્કસ વિષય કે વર્ગનું માસિક નથી, એ સર્વદેશીય અને સર્વોપયોગી થાય એવા અમારા પ્રયત્નો છે. સાહિત્યના કોઈ પણ પ્રકારને–વાર્તા, નાટક, જીવનચરિત્ર, ધર્મકથા, પ્રસંગકથા, રેખાચિત્ર, પત્ર, નિબંધ, પરિચય, પ્રવાસ-વર્ણન, કાવ્ય વગેરે કોઈ પણ રૂપમાં માનવજીવનને ઊંચે લાવનારા, પ્રેરણા આપનારા, ઉપયોગી વિચારો ગૂંથાયા હોય તેવાં તમામ પ્રકારનાં લખાણો 'અખંડ આનંદ' માટે સ્વીકારવામાં આવે છે. એ અભ્યાસયુક્ત અને કલામય છતાં સાદી ભાષામાં ને સરળ શૈલીમાં આલેખાયેલાં હોવાં જોઈએ.

તંત્રી તરફથી સામાન્ય રીતે લેખના સ્વીકાર-અસ્વીકારનો જવાબ એક પખવાડિયામાં તો અપાય જ છે; પરંતુ લેખ ચોક્કસ કયા માસમાં પ્રસિદ્ધ થશે તે કહેવાનું મુશ્કેલ હોય છે. માસિકમાં વૈવિધ્ય, દરેક વિષયનું પ્રમાણ અને પ્રાસંગિક લેખોનું મહત્ત્વ જળવાય એ દૃષ્ટિએ સંપાદન થાય છે. કોઈ પણ કૃતિની જવાબદારી તો લેખકની જ રહે છે.

લેખ પ્રસિદ્ધ થતાં લેખકને અંક, યોગ્ય પુરસ્કાર અને લખાણની છૂટી પાંચ પ્રતો મોકલી આપવામાં આવે છે.

અસ્વીકાર પામેલા લેખની સાથે તેનાં કારણો આપવાનું અતિ મુશ્કેલ છે. એથી ચર્ચામાં ઊતરવું પડે છે. કેટલાક લેખકોને માઠું પણ લાગે છે: એટલે અનુભવ પછી 'અસ્વીકાર્ય' એવી નોંધ સાથે લખાણ પાછું મોકલવાનું નક્કી કરવું પડ્યું છે. લેખકો આ બાબતમાં ગેરસમજ ન કરે એવી વિનતિ છે. સ્વીકાર-અસ્વીકારના જવાબ માટે અને અસ્વીકાર પામેલું લખાણ પાછું મેળવવા માટે ટપાલખર્ચ મોકલવું આવશ્યક છે. જેનું ટપાલખર્ચ ન મળ્યું હોય તે લખાણને એકાદ માસ પછી રદ કરવામાં આવે છે.

લેખકની કૃતિ શાહીથી, કાગળની એક જ બાજુએ સારા અક્ષરે લખેલી હોવી જરૂરી છે. અંગ્રેજી, સંસ્કૃત કે બીજી કોઈ ભાષાનાં અવતરણો મૂકવાં હોય તો તેનું ગુજરાતી ભાષાંતર આવશ્યક છે.

તંત્રી સાથેનો તમામ પત્રવ્યવહાર કરવાનું અને લેખ મોકલવાનું સરનામું નીચે પ્રમાણે છે:

તંત્રી : 'અખંડ આનંદ'
ગુલબહાર, બેરેક રોડ, મુંબઈ–૧

ઉત્તમ ગ્રંથો....

જીવનનો મર્મ સમજવા
આજે જ વસાવી લ્યો

વાલ્મીકિ રામાયણ: (નવી ચોથી આવૃત્તિ) બે ગ્રંથોમાં...	૧૩૬૪	૧૨-૦	૧-૧૨
ગિરધરકૃત રામાયણ: હસ્તપ્રત ઉપરથી મોટા અક્ષરોમાં	૭૬૨	૪-૮	૦-૮
મહાભારત ભાષાંતર: દળદાર સાત ગ્રંથોમાં, કદ ૭॥×૧૦, ૨૭ ચિ.	૫૧૮૮	૫૨-૦	૬-૮
શ્રીમદ્ ભાગવત: આવૃત્તિ ૧૨મી, ભાષાંતર, બે ગ્રંથોમાં ૨૭ ચિત્રો.	૧૨૦૮	૧૦-૦	૧-૧૦
એકનાથી ભાગવત: મહાત્મા એકનાથકૃત, જેમાં ગીતા કરતાં પણ વધારે વિસ્તૃત શ્રીકૃષ્ણનો છેલ્લો બોધ આપવામાં આવ્યો છે.	૬૦૦	૫-૦	૦-૬
પુરુષાર્થબોધિની ગીતા: બે ગ્રંથોમાં, મૂળ શ્લોકો, પદચ્છેદ, અર્થ તથા પંડિત સાતવલેકરજીની વિસ્તૃત ટીકા સાથે.	૧૦૬૮	૧૨-૮	૧-૬
શ્રીમદ્ ભગવદ્ગીતા: (શાંકરભાષ્ય)–શ્રી શંકરાચાર્યના ભાષ્યના સરળ અનુવાદ સાથે	૪૪૮	૪-૦	૦-૫
અષ્ટાવક્ર ગીતા: મૂળ સાથે સરળ ભાષાંતર	૭૨	૦-૮	૦-૧
અવધૂત ગીતા: સુધારાવધારા સાથેની બીજી આવૃત્તિ ...	૧૪૪	૧-૪	૦-૨
સુશ્રુત આયુર્વેદ: બે ગ્રંથોમાં	૧૩૭૨	૧૫-૦	૧-૧૨
આર્યભિષક અથવા હિંદુસ્તાનનો વૈદ્યરાજ: ...	૮૬૪	૬-૦	૦-૧૫
ઉપનિષદો (૧૧૨) નીચે પ્રમાણે ત્રણ ગ્રંથોમાં:			
૧. એકાદશ ઉપનિષદ: ઇશ, કેન, કઠ ઇત્યાદિ ૧૧ ઉપનિષદો મૂળ સાથે સરળ ભાષાંતર	૪૫૨	૩-૦	૦-૫
૨. સો ઉપનિષદો: જેમાં પ્રથમનાં ૨૩ ઉપનિષદોનું પૂરું ભાષાંતર છે અને બાકીનાનું સારરૂપ છે.	૭૪૪	૫-૦	૦-૭
૩. બૃહદારણ્યક ઉપનિષદ: મૂળ સાથે સરળ ભાષાંતર...	૨૪૮	૨-૦	૦-૩
મોહમુદ્ગર ને બીજાં દશ રત્નો: સરળ અર્થ સાથે ...	૧૬૮	૧-૦	૦-૨
શતશ્લોકી ને બીજાં ચાર રત્નો: સરળ અર્થ સાથે ...	૨૦૦	૦-૧૨	૦-૨
સ્તોત્રસંગ્રહ: ભક્તિ ને વેદાંતનાં સ્તોત્રો અર્થ સાથે ...	૨૨૦	૦-૧૦	૦-૨
સર્વ વેદાંત સિદ્ધાંત-સારસંગ્રહ: ભાષાંતર સાથે ...	૨૨૪	૧-૪	૦-૩
વિવેકચૂડામણિ: સરળ ભાષાંતર સાથે	૧૬૦	૦-૧૨	૦-૨
ચંડીપાઠ: સરળ ભાષાંતર, પાઠવિધિ ને ઉપયોગી સ્તોત્રો સાથે	૩૫૨	૧-૪	૦-૨
વેદાંત-રસબિંદુ: સંત મંગળનાથકૃત વેદાંત-બોધ ...	૯૬	૦-૧૨	૦-૨
વેદાંતમાર્ગદર્શિની: પંચીકરણ, વિચારસાગર વગેરે ગ્રંથોના વેદાંતના કઠિન પ્રશ્નોની ગુરુ-શિષ્યના સંવાદરૂપે સમાલોચના	૩૨૮	૧-૮	૦-૩
સૂર્યકાંત: મુમુક્ષુઓ માટે અત્યંત ઉપયોગી ગ્રંથ	૨૭૨	૨-૦	૦-૩
ગુલાબસિંહ: સ્વ. મણિલાલ નભુભાઈ દ્વિવેદી કૃત અધ્યાત્મ વિચારપ્રેરક નવલકથા	૪૧૬	૪-૦	૦-૫
પંચીકરણ: મુમુક્ષુઓના આત્મબોધ માટે સર્વોત્તમ ગ્રંથ દૃષ્ટાંતો સાથે	૨૬૪	૨-૦	૦-૪
મનુસ્મૃતિ: પ્રાચીન આર્યપ્રણાલીકાઓનો મહાન ન્યાય ગ્રંથ	૮૧૬	૪-૮	૦-૫
વિદુર નીતિ: સરળ અનુવાદ સાથે	૧૬૮	૧-૦	૦-૨

વધુ વિગત માટે વિસ્તૃત સૂચિપત્ર મંગાવો.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય: ઠે. ભદ્ર પાસે, અમદાવાદ અને
કાલબાદેવી રોડ, મુંબઈ-૨

: અનુક્રમ :

	લેખ	લેખક	પૃષ્ઠ
૧	જય-પરાજય	શ્રી	૩
૨	મમતા	શ્રી 'સાધક'	૫
૩	રામાયણની શંકાઓ	દી. બા. હીરાલાલ લલ્લુભાઈ કાજી એમ. એ; બી. એસસી; જે. પી.	૧૦
૪	સ્ત્રીનું કર્તવ્ય	સાધ્વીશ્રી ઉજ્જ્વળકુંવર	૨૦
૫	જીવનજળ ઝાંઝવાં (કાવ્ય)	બાદરાયણ	૨૬
૬	ક્રિકેટ અને જીવન (કટાક્ષલેખ)	શ્રી જ્યોતીંદ્ર દવે	૨૭
૭	પ્રારબ્ધની લીલા ! (ધર્મકથા)	શ્રી કરસનદાસ માણેક	૩૧
૮	નિસર્ગોપચાર	ડૉ. જે. એમ. જસાવાલા એન. ડી; ડી. ઓ; ડી. સી. (ઇંગ્લેંડ)	૩૭
૯	નવલિકાની કલા	શ્રી ગુલાબદાસ બ્રોકર	૪૨
૧૦	પરીક્ષામાં ચોરી	અધ્યા. ભાઈલાલ પ્ર. કોઠારી એમ. એ.	૪૬
૧૧	અવાજ (વિજ્ઞાન)	શ્રી અવિનાશ ગજાનન મુનશી એમ. એસસી.	૫૨
૧૨	શીંગ (સંશોધન)	શ્રી મૂળચંદ ઉ. પારેખ બી. એસસી.	૫૫
૧૩	હૃદયપલટો (વાર્તા)	શ્રી સુરેંદ્ર છબીલદાસ ધોળકિયા	૬૩
૧૪	શેરી (રેખાચિત્ર)	શ્રી ભગવત રામચંદ્ર ભટ્ટ બી. એ; એસ. ટી. સી.	૭૦
૧૫	પ્રકૃતિનો સાદ (વાર્તા)	શ્રી હીરાલાલ ફોફલિયા	૭૩
૧૬	તરંગરંગ (વિચારકણિકાઓ)	શ્રી 'મોહિનીચંદ્ર'	૮૬
૧૭	અજ્ઞાત આઘાતો (માનસશાસ્ત્ર)	શ્રી હરરાય અમુલખરાય દેસાઈ બી. એ; એસ. ટી. સી.	૮૯
૧૮	છેલ્લા જુહાર (વાર્તા)	શ્રી જયંત મહેતા એમ. એ.	૯૩
૧૯	આગ (વાર્તા)	શ્રી વૈકુંઠ શાહ	૯૬
૨૦	અનુભવની વાણી	શ્રી ટી. જી. શાહ	૯૮
૨૧	જીવન હે ! (નૃત્યનાટિકા)	શ્રી જગદીશ ઓઝા	૧૦૪
૨૨	જોયેલું ને જાણેલું		
	ગધેડાં-દાક્તર	શ્રી ગોવરધન જોલાપ્રા	૧૦૯
	બાપુની ઝીણવટ	શ્રી દેવરામ જ. ચૌહાણ	૧૧૦
	ગેબા સહાય	શ્રી હીરાલાલ ચૂનીલાલ બી. એ. એલએલ. બી.	,,
	ન જાને !	શ્રી કિશોર સોલંકી	૧૧૨
	માનવતાનાં દર્શન	શ્રી હીરાલાલ ચૂનીલાલ શાહ બી. એસસી; બી. ટી. ડીપ્લો. બી. એડ.	૧૧૩
૨૩	ચૂંટણીની સમીક્ષા	શ્રી સોપાન	૧૧૪
૨૪	સંસ્થા સમાચાર	કાર્યાલય	૧૨૧

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી તંત્રી : સોપાન
મુદ્રક અને પ્રકાશક : ત્રિભુવનદાસ ક૦ ઠક્કર,
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સસ્તું સાહિત્ય મુદ્રણાલય, રાયખડ-અમદાવાદ.


તમને દરેક ઠેકાણે વખતસર
પહોંચાડે છે.
હિન્દ સાઈકલ
HIND CYCLES LIMITED
BOMBAY

અખંડ આનંદ

વર્ષ ૫, અંક ૫] તંત્રી: સોપાન [માર્ચ ૧૯૫૨

જય-પરાજય

વિજય વખતે અભિમાનથી મુક્ત રહેવું અને પરાજય વખતે હતાશાથી બચવું એ ખરેખર કઠિન છે. કેટલાક ધીર પુરુષો પ્રથમથી માનસિક શક્તિ એકત્ર કરી જય-પરાજયની અસર સામે ટકી શકે છે, પરંતુ એવું દેખાયું છે કે સમય જતાં એવા ધીર માનવીઓમાંથી પણ ઘણા મનની જાગૃતિ ગુમાવી બેસે છે. માણસે મનને મજબૂત કરી રાખ્યું હોય તો વિજયના સમાચાર મળતાં એ નમ્ર બને અને કુદરતની કૃપા તરીકે તેને વર્ણવે, પરંતુ પરિચિત-અપરિચિત વ્યક્તિઓ જયારે તેને અભિનંદન આપવા માંડે ને એમનો વિજય કેવો ગૌરવવંતો છે તે વર્ણવી બતાવે, ત્યારે અભિમાનથી મુક્ત રહેવાનુ મુશ્કેલ બની જાય છે. આવી કસોટીમાંથી જે પાર ઊતર્યા હોય તે પણ છેવટ સુધી ટકી જ રહે છે એમ નથી. વિજયને પરિણામે નિત્યજીવનના વ્યવહારમાં સ્થાન અને માનમાં જે ફેર પડવા માંડે છે, તે માનવીના મન ઉપર અસર કરી જાય છે. વિજયના સમાચાર અને પ્રશંસાથી પણ જે અભિમાનમુક્ત રહે છે તે મોટેભાગે સ્થાન-માનના પરિવર્તનથી તેમાં સપડાઈ જાય છે. વિજયનો એકવાર પણ પોતાની મહત્તા તરીકે સ્વીકાર થયા પછી અભિમાનમાંથી બચવું મુશ્કેલ છે. ઘણા દાખલાઓમાં એ પછી વાણીમાં નમ્રતા રહે છે, પરંતુ અંતરના ભાવો તો બદલાઈ જ જાય છે. આ બધી કસોટીમાંથી પાર ઊતરે એવા વિજયી તો કોઈ વિરલા જ હશે અને એમને માટે તો સમગ્ર પૃથ્વીની સમૃદ્ધિ પણ તુચ્છ જ હશે.

પરાજયનું પણ એવું છે. પરાજયથી ભાંગી પડનારાઓ ઘણા છે; પરાજય માટે બીજાઓને અને સંયોગોને દોષ આપી માનસિક શક્તિ જાળવવાનો મિથ્યા પ્રયત્ન કરનારાઓનો પણ તોટો નથી. પરાજય સામે અડગ રહી સ્મિતથી તેનો સ્વીકાર કરે એવા કેટલા હશે! પરાજિતોમાં પણ મનને મજબૂત કરી રાખી તેનું સ્વાગત કરનારાં મળી આવે છે, પરંતુ જયારે એ પરાજયને કારણે આપ્તજનો સહાનુભૂતિ બતાવવા માંડે ને વિરોધીઓ હાંસી ઉડાવે ત્યારે તેની સામે ટકવું મુશ્કેલ બને છે. જેમ વિજયની તેમ પરાજયની પણ નિત્યજીવનના વ્યવહાર ઉપર અસર પડે જ છે અને ત્યારે ઠરતો ઘા જેમ વધુ પીડા કરે તેમ પરાજયની લાગણી તીવ્ર બની ચિત્તને વિષાદથી ભરી દે છે. આ

ત્રણેય અવસ્થામાં પરાજયથી હતાશા ન અનુભવે એવો તો કોઈ વિરલ જ હશે. એવાને આ જગતમાં કોઈ પરાજિત કરી શકે પણ નહિ.

જય-પરાજયની અસરમાંથી છૂટવા માટે મનોબળ જરૂરી છે જ, પરંતુ સર્વાંશે મુક્ત થવું હોય તો વિવેકની જ મદદ લેવી જોઈએ. માણસ જો વિચારે તો તરત જ અને પરાજયનાં કારણો શોધી શકે. વિજય મળ્યો હોય અને અભિમાન પ્રગટતું હો ત્યારે એ વિજયમાં કોણે કેટલો ભાગ ભજવ્યો છે તેનું પૃથક્કરણ કરવું જોઈએ. જીતમાં પણ બીજાની ભાગીદારી હશે જ; કેવળ આપણા બળ ઉપર કેટલું થઈ શકે? મોટો વિજય મળે ત્યારે જો તેના યશભાગીઓ શોધીએ તો સૌથી મોટો હિસ્સો કુદરતનો ઈશ્વરનો, સંયોગોનો જણાયા વિના રહેશે નહિ: એ પછી મિત્રોએ મદદ કરી હશે તે વિરોધીઓની નિર્બળતા પણ વિજય માટે કારણભૂત બની હશે. વિજયના યશની આપણે વહેંચણી કરવા બેસીશું તો ખાતરી થશે કે અભિમાન સેવવા જેટલું આ ભાગે રહેતું નથી.

પરાજયનાં કારણોની મીમાંસા કરતાં પણ કંઈક એવું જ પરિણામ નજરે ચ આપણા પુરુષાર્થ કરતાં વિપરીત સંયોગો વધુ બળવાન નીવડ્યા હોય, અણધારી ખતો આવી હોય, નવા શત્રુઓ ફૂટી નીકળ્યા હોય, મિત્રો છેહ દેનાર કે બેદરકાર હોય, જેને આધારે ઇમારત ઊભી કરી હોય એ આધાર જ ખસી ગયો હોય. પરાજય કારણો શોધીએ તો એમ લાગે કે પરાજય માટેની જવાબદારી આપણા એકલાની ન એ પરિણામનાં બધાં અશુભ ફળો આપણે જ માત્ર ભોગવવાં પડે એમ પણ બનતું ન આપણી સાથે જે પ્રગટ-અપ્રગટ હોય તે સૌને એની અસર ભોગવવી પડે છે. દેખીતી પરાજય આપણો જ થયો હોય છતાં અનેકને એ કારણે સહન કરવું પડે છે તે ધ્યાન બહાર ન જવું જોઈએ. કોઈ પણ દુઃખમાં જયારે સહભાગીઓ મળે છે, ત્યારે તીવ્રતા ઘટ્યા વિના રહેતી નથી.

આપણી વિવેકબુદ્ધિ જો જાગૃત હોય તો આટલા પૃથક્કરણથી જ અટકીએ પૃથક્કરણમાં જે દેખાયું હોય તે આપણે માટે અનુભવની મૂડી બને. વિજયમાં આ હિસ્સો ઓછો હોય કે વધુ પણ તે વધારવા તરફ વલણ થાય જ. પરાજય માટે તત્ત્વો કારણભૂત હોય, તેનાથી દૂર થવાનું જ્ઞાન આપણામાં પ્રગટે જ. વિજય અને પરાજ વિવેકદૃષ્ટિએ અવલોકીએ તો ગર્વ કે હતાશાને બદલે જ્ઞાન અને નવું બળ આપણને થાય અને એ દ્વારા આપણા વિજયનો માર્ગ સરળ બનતો જાય. આવા વિજ અભિમાન નહિ, પણ આત્મવિશ્વાસ પ્રગટે અને એના જોર ઉપર આપણે કાર્યો કરવા શક્તિમાન થઈએ. પરાજય મળ્યો હોય તો આપણી શક્તિ-અશક્તિ આસપાસના સંયોગોનું સાચું ભાન આપણામાં પ્રગટે. શક્તિ વિષે ભ્રમ હોય તો જાય, અશક્તિનું જ્ઞાન થતાં શક્તિ મેળવવાની વૃત્તિ બળવાન બને. ગમે તે રીતે વિચારી જય-પરાજયનો વિવેકદૃષ્ટિએ વિચાર કરીએ, તો આપણા જીવનવિકાસમાં વેગ અંતરાયો હઠાવવાનું બળ પ્રગટે. અલ્પ આત્મસંતોષના બંધનમાંથી પણ આપણે છૂટી

શ્રી

મમતા

લેખક :
શ્રી 'સાધક'

શ્રી વિષ્ણુપુરાણનો શ્લોક છેઃ

ममेति मूलं दुःखस्य निर्ममेति निर्वृतिः ।
शुकस्य विगमे दुःखं न दुःखं गृहमूषिके ॥

ભાવ એમ છે, કે મમતા એ જ દુઃખનું મૂળ છે અને ક્યાંય મમતા ન બાંધવી તે જ પરમ સુખશાંતિનો ઉપાય છે. માણસ પોપટ પાળે છે, તેને ખવડાવે-પિવડાવે છે અને પોતાના પુત્રવત્ તેમાં મમતા રાખે છે. આથી પોપટનું મૃત્યુ થતાં માણસ શોક કરે છે. પક્ષીઓ તો રોજ હજારો મરી જતાં હશે, પોપટ પણ કેટલાયે મરતા હશે, પણ તેનું કોઈને દુઃખ થતું નથી; છતાં પોતે પાળેલો પોપટ જ્યારે મરી જાય છે, ત્યારે માણસ શોક કરે છે. ઉંદર પણ ઘરમાં રહે છે પરંતુ તેના મરણથી કોઈ શોક કરતું નથી; કારણકે તેમાં માણસે મમત્વ સંબંધ બાંધેલો હોતો નથી. એટલે મમતા એ જ દુઃખનું મૂળ છે એમ આ શ્લોકનું તાત્પર્ય છે.

હવે મમતા એટલે શું અને તે કેમ બંધાય છે તે જોઈએ. 'મમ' એટલે મારું અને મારાપણાનો જે ભાવ તે મમતા. જે 'મારું' ન હોય તેમાં પણ જો 'મારું છે' એવો ભાવ થઈ જાય, તો તેમાં મમતા બંધાઈ જાય છે, અને મમતાના વિષયના વિયોગથી દુઃખ થયા વગર રહેતું નથી.

મમતા કેમ બંધાય છે તે સમજવા માટે શાસ્ત્રોએ જગતને બે ભાગમાં વહેંચી નાખ્યું છે. તે આ પ્રમાણે:

ईक्षणादिप्रवेशान्ता सृष्टिरीशेन निर्मिता ।
जाग्रदादिविमोक्षान्तः संसारः जीवकल्पितः ॥

પરમાત્મા યોગનિદ્રામાં પોઢ્યા હતા. જાગીને જોયું તો કંઈ જ નજરે ન પડ્યું. તુરત જ સંકલ્પ સ્ફુર્યો 'एकोऽहं बहु स्याम्–' એકલો છું તે અનેકરૂપ થાઉં. આ સંકલ્પ પ્રકૃતિ ઉપર પ્રતિફલિત થતાં, તેના ગુણોમાં ક્ષોભ થયો, અને તેમ થતાં, વિવિધ રચનાવાળી સૃષ્ટિ ઉત્પન્ન થઈ. સૃષ્ટિ ઉત્પન્ન તો થઈ પણ તેમાં કંઈ ક્રિયા કે ગતિ દેખાઈ નહીં, તેથી સૂર્ય જેમ પોતાનાં અનંત કિરણોથી સારાંયે બ્રહ્માંડને પ્રકાશિત કરે છે, તેવી જ રીતે પરમાત્માએ પોતાના અનંત અંશોથી સૃષ્ટિમાં પ્રવેશ કર્યો. આમ થતાં આખીયે સૃષ્ટિ ચેતનવંતી બની ગઈ અને સૌ પોતપોતાનો વ્યવહાર કરવા લાગ્યાં.

હવે આ સૃષ્ટિની રચના પ્રકૃતિથી થઈ છે એટલે તે સ્વભાવે જ વિકારવાળી હોય. આનો અર્થ એટલો જ કે પદાર્થોમાં રૂપાંતર થયા કરે. એક પ્રાણી ઉત્પન્ન થાય, થોડો વખત રહે અને પાછું નાશ પામી પોતાના ઉપાદાન કારણમાં મળી જાય. શાસ્ત્રોએ આ વિકારની છ અવસ્થા બતાવી છે, પણ આપણે તો ત્રણ વિકાર સમજશું તો ચાલશે: ઉત્પન્ન થવું, જીવવું અને મરી જવું.

હવે આ ઈશ્વરનિર્મિત એટલે કે ઈશ્વરે રચેલી સૃષ્ટિમાં કંઈ નવું ઉત્પન્ન થતું નથી, તેમ જ કંઈ નાશ પણ પામતું નથી. માત્ર રૂપાંતરો થયા કરે છે, તેને આપણે ઉત્પત્તિ–વિનાશ કહીએ છીએ. દાખલા તરીકે એક ઘઉંનો દાણો જમીનમાં વાવ્યો. તે જમીનમાં મળી ગયો અને તેમાંથી એક છોડ થયો, અને તે છોડમાંથી કેટલાક ઘઉંના દાણા ઉત્પન્ન થયા. પંચમહાભૂતમાંથી ઉત્પન્ન થયેલો દાણો પાછો પંચમહાભૂતમાં મળી ગયો અને પંચમહાભૂતમાંથી છોડ ઉત્પન્ન થયો; અને તેમાંથી પાછા ઘઉંના દાણા ઉત્પન્ન થયા. આવી રીતે જેમ સમુદ્રના તરંગો ઉત્પન્ન થતા અને વિનાશ પામતા દેખાય છે, તેમ પંચમહાભૂતના તરંગો પણ ઉત્પન્ન થતા અને

વિનાશ પામતા દેખાય છે, છતાં કશું જ ઉત્પન્ન થતું નથી તેમ જ વિનાશ પણ પામતું નથી. આ વાત થોડાંક દૃષ્ટાંતોથી સમજીએ તો બરાબર બોધ થાય.

એક ગાય છે. તે ચરતી ચરતી જંગલમાં દૂર નીકળી ગઈ અને એક વાઘે તેને મારી નાખી. ગાયના મરણથી ઈશ્વરની સૃષ્ટિમાંથી કંઈ જ ઓછું થયું નથી. પંચમહાભૂતમાંથી ગાયનું શરીર ઉત્પન્ન થયું હતું, તે પાછું પંચમહાભૂતમાં મળી ગયું. વાઘે ખાધેલા ભાગ વિષ્ટા થઈ પૃથ્વીમાં મળી જશે, અને બાકીના અંશો આપોઆપ પોતપોતાનાં ઉપાદાનમાં મળી જશે. ચેતનસત્તા તો એક જ, અવિનાશી અને સર્વવ્યાપક હોઈ તેમાં તો વધઘટ સંભવે જ નહીં, એટલે ગાયના મૃત્યુથી ઈશ્વરરચિત સૃષ્ટિમાં કંઈ જ ફેરફાર થયો નથી. પંચમહાભૂતનો એક તરંગ ગાયરૂપે દેખાયો હતો. તે થોડો વખત રહી પાછો પંચમહાભૂતમાં મળી ગયો.

હવે આ જ ગાયમાં જે માણસને મમતા છે, એટલે કે 'આ ગાય મારી છે' એમ માને છે અને તેમાંથી સુખ મેળવે છે, તે માણસને ગાયના વિનાશથી દુઃખ થયા વગર રહેશે નહીં. હવે અહીં દુઃખ થવાનું કારણ ગાયનું મૃત્યુ નથી. માણસે જે મમતાની છાપ પોતાના અંતઃકરણમાં પાડી રાખી હતી, તે છાપનો નાશ થતાં તેને દુઃખ થાય છે, અને તે છાપ જેટલી વધારે ઘેરી તેટલું દુઃખ પણ વધારે થવાનું. આ વાત શાસ્ત્રમાં આ પ્રમાણે સમજાવી છે :

> चिन्तां कुर्यान्न रक्षायै विक्रीतस्य यथा पशोः ।
> तथाऽर्पयन् हरौ देहं विरमेदस्य रक्षणात् ॥

જ્યાં સુધી ગાય આપણા કબજામાં છે ત્યાં સુધી તેને ખવડાવવા-પિવડાવવાનું, તેને દોહડાવવાનું તેમ જ તેનું રક્ષણ કરવાનું આપણે શિર છે; પરંતુ કોઈ કારણસર તે ગાયને વેચી કે દાનમાં આપી દીધી, તો તે વિ તેના વિષેની આપણી બધી ચિંતા ટળી છે. ગાયનો વિયોગ તો અહીં પણ થયો પણ આપણે સ્વેચ્છાએ તેનો ત્યાગ હોવાથી, આપણે આપણા ચિત્તમાંથી આ છાપ આપણે હાથે જ ભૂંસી નાખી છે; આ ગાયનો વિયોગ આપણને દુઃખ આપતો ન તેવી જ રીતે માણસ જો જ્ઞાનદૃષ્ટિ કે પોતાનાં શરીર સહિત, તમામ પ્રાણીપદા ઈશ્વરનાં છે તે ઈશ્વરને સોંપી દે, અંતઃક ઉપર મમતાની છાપ ન પડવા દે, તે તે પ્રાણીપદાર્થના વિયોગથી તે માણ દુઃખ થાય નહીં.

'तत्र को मोहः कः शोक एकत्वमनुपश्य' એ શ્રુતિનું તાત્પર્ય પણ આ જ છે. એક ઈશ્વર જ્યારે અનેકરૂપે થઈ ગયો છે, એ જે જ્ઞાનીને સાક્ષાત્ પ્રતીતિ થઈ ગઈ છે, કયા પ્રાણી કે પદાર્થમાં મમતા બાંધી મારું કહે, અને કયા પ્રાણીપદાર્થને પરા ગણી તેનાથી દ્વેષ કરે? સમુદ્ર કયા તરં પોતાનો ગણી તેમાં મમતા બાંધે અને ક તરંગને પારકા ગણી તેને દૂર રાખે? કા બધાયે તરંગો સમુદ્રરૂપ છે, તેમ સર્વ ઈશ્વરરૂપ જ છે.

એક માણસે એક ઘર બંધાવ્યું. જેમ તે ઘર તૈયાર થતું જાય છે, તેમ તેમ માણસના ચિત્તમાં તે ઘર વિષે મમતા છાપ પડતી જાય છે. ઘર તૈયાર થતાં છાપ પણ ખૂબ ઘેરી પડી ગઈ. દૈવયોગે છ માસમાં એ મકાનને આગ લાગી અને ઘર નાશ પામ્યું. આ મકાન જ્યારે તૈ થયું ત્યારે ઈશ્વરકૃત સૃષ્ટિમાં કંઈ વ નહોતો થયો; કારણકે પંચમહાભૂતના વિવિધ પદાર્થો જ ઘરરૂપે થયા હતા. જ રીતે ઘરનો નાશ થવાથી તેમાં ઓછું થયું નથી. જે પંચમહાભૂતના

ઘરરૂપે દેખાયા હતા, તેણે તે રૂપ છોડી દીધું અને બીજારૂપે રહ્યા. પણ મકાનમાલિકને શોક થયા વગર રહે નહિ. કારણકે તેણે તે ઘરમાં મમતા બાંધી હતી કે આ ઘર મારું છે. જેટલી મમતાની છાપ ઘેરી હશે, તેટલું દુઃખ પણ વધારે થશે.

હવે એમ માનો કે ઘર તૈયાર થયું અને તુરતમાં જ કોઈ સારો ઘરાક મળી જતાં, તે માણસે તે ઘર વેચી નાખ્યું. વેચી નાખ્યા બાદ તે ઘરને આગ લાગી. પણ તેનાથી તે માણસને કશું જ દુઃખ નહિ થાય, કારણકે તેણે તે મકાન માટેની મમતાની છાપ પોતાના ચિત્ત ઉપરથી ભૂંસી નાખી હતી. જો ઘરનો વિનાશ થવાથી દુઃખ થતું હોત તો તો તે માણસને બંને પ્રસંગમાં દુઃખ થવું જોઈતું હતું. આમ 'અન્વય–વ્યતિરેક યુક્તિ'થી સિદ્ધ થાય છે કે મમતાને લીધે જ દુઃખનો અનુભવ થાય છે. અન્વય એટલે જયાં મમતા છે ત્યાં દુઃખ પણ છે, એટલે પહેલા પ્રસંગમાં ઘર વેચ્યા પહેલાં આગ લાગી ત્યારે ઘરમાં મમતા હતી એટલે દુઃખ પણ થયું હતું; અને વ્યતિરેક એટલે અભાવ એટલે કે જયાં મમતા નથી ત્યાં દુઃખ પણ નથી. એટલે ઘર વેચાયા બાદ્ આગ લાગવાથી તેમાં મમતા ન હતી, એટલે તે વખતે દુઃખ પણ ન હતું.

વળી એક બીજું દૃષ્ટાંત સમજીએ: એક ગૃહસ્થ છે. તેને એક દીકરો છે. તેને ભણાવી-ગણાવી તૈયાર કર્યો, અને અહીંની કેળવણી પૂરી થતાં તેને વધારે ભણવા પરદેશ મોકલ્યો. ત્યાં તે ભણે છે અને આનંદ કરે છે. પણ કોઈ દુશ્મને એવા ખબર મોકલ્યા કે તે દીકરો મરણ પામ્યો છે. આવા ખબર મળતાં પિતાના હૃદયમાં પુત્ર તરફની મમતાની જે છાપ હતી તે નાશ પામી અને તેમ થતાં તેના દુઃખનો પાર ન રહ્યો; હવે આથી ઊલટું દૃષ્ટાંત લઈએ. દીકરો ખરેખર મરી ગયો છે, પણ તે વિશેના સમાચાર તેના પિતાને કોઈએ મોકલ્યા નથી. આ પ્રસંગમાં દીકરો મરી ગયો છે, પણ પિતાના ચિત્તમાં જે મમતાની છાપ છે, તે નાશ નથી પામી અને તેથી તેને કોઈ જાતનું દુઃખ પણ નથી થયું. તે તો સ્વાભાવિક રીતે ખાય છે, પીએ છે અને આમોદપ્રમોદ કરે છે. હવે જો દીકરાના મૃત્યુથી જ દુઃખ થતું હોત તો, આ વખતે દુઃખ થવું જોઈતું હતું, અને પહેલા પ્રસંગમાં ખોટા સમાચાર મળ્યા ત્યારે દુઃખ થવું જોઈતું ન હતું. આથી એમ સિદ્ધ થાય છે કે દુઃખ થવાનું કારણ પુત્રનો વિયોગ નથી પણ મમતાની છાપનું ભૂંસાઈ જવું જ છે.

એ જ છોકરો પરદેશમાં ભણે છે. પણ ત્યાં તેણે પરાયો ધર્મ સ્વીકાર્યો છે, અને ત્યાં જ લગ્ન કરી તે સ્થિર થઈ જવા ધારે છે, અને માતાપિતાનું મોઢું જોવા પણ માગતો નથી, એવા સમાચાર તેના પિતાને મળે છે. આમ થતાં પિતાને ક્ષણિક આઘાત તો થાય છે, પણ તે પોતાના ચિત્ત ઉપરથી તેને વિષે મમતાની જે છાપ હતી તે ભૂંસી નાખે છે. આમ થતાં પુત્ર જીવે કે મરી જાય તે બાબત તે ઉદાસીન બની જાય છે. માટે મમતા એ જ દુઃખ થવાનું કારણ છે,

આટલે સુધી આવતાં આપણે જોયું કે ઈશ્વરનિર્મિત સૃષ્ટિમાં કંઈ જ વધઘટ થતી નથી, કેવળ રૂપાંતરો થયા કરે છે. નામરૂપના તરંગો પંચમહાભૂતના સમૂહમાં થયા કરે છે અને નાશ પામ્યા કરે છે; અને તે તરંગોને નચાવનાર ચેતનસત્તા તો એક અને સર્વવ્યાપક છે. દુઃખ થાય છે તે કેવળ મમતાને લીધેજ. જો ઈશ્વરનાં પ્રાણી–પદાર્થોમાં માણસ મમત્વસંબંધ ન બાંધે તો દુઃખ થવાનું બીજું કોઈ કારણ જ નથી.

હવે જીવ પોતાનો સંસાર કેમ રચે છે

તે જોઈએ.

जाग्रदादिविमोक्षान्तः संसारः जीवकल्पितः ।

આનો અર્થ એટલો જ કે જીવ સ્થૂલ શરીર ધારણ કરી, માતાના ઉદરમાંથી બહાર પડીને, છેક મરણ સુધી, મારું મારું કરીને પ્રાણીપદાર્થોનો સંગ્રહ કરે છે, તે જીવની કલ્પનાનો સંસાર છે. હવે આ કેવી રીતે થાય છે તે જોઈએ. ઈશ્વરે પૃથ્વી બનાવી તો માણુસે, પોતે સાચવી શકે તેટલી જમીનને વાડ કરી, આ ખેતર મારું, આ વાડી મારી એવું મમત્વ બાંધ્યું. બીજા માણુસે પણ તે મુજબ કર્યું અને પછી કહે: ‘ આ ખેતર–વાડી મારાં અને આ તારાં.’ પછી ઈશ્વરનિર્મિત જમીનના નાના નાના ટુકડાઓ ઉપર માણુસોએ ઈશ્વરે ઉત્પન્ન કરેલાં સાધનો વડે જ ઘર બાંધ્યાં, અને તેમાં પણ આ ઘર મારું અને આ તારું અને પેલું બીજાનું એમ મમત્વનો વ્યવહાર થઈ ગયો. આગળ ચાલતાં ઈશ્વરની જ સૃષ્ટિમાંથી પદાર્થો મેળવી મેળવી, તેમાં વિવિધ રૂપાંતરો કરી અનેક જાતનાં સુખનાં સાધનો, તેમ જ જુદી જુદી જાતનાં રંજાડવાનાં અને વિનાશ કરવાનાં સાધનો બનાવ્યાં, અને તેમાં પણ મારાં–તારાંનો વ્યવહાર ચાલુ થઈ ગયો. માણુસથી નવું ઉત્પન્ન તો એક તણુખલું પણ થઈ શકતું નથી. સૃષ્ટિમાં જ જે સામગ્રી છે, તેમાં રૂપાંતરો કરી કરી વિવિધતા બનાવે છે, અને ગર્વ કરે છે કે ‘ આ મેં કર્યું.’ આવી રીતે ઈશ્વરે બનાવેલ તત્ત્વોમાં રૂપાંતરો કરી, માણુસ મારાં-તારાંનો સંસાર રચે છે. આ તો વાત થઈ જીવ પદાર્થોનો સંગ્રહ કેમ કરે છે તેની; હવે પ્રાણીઓનો સંગ્રહ તે કેવી રીતે કરે છે તે જોઈએ. જીવ જ્યારે મનુષ્યશરીર ધારણ કરી માતાના ગર્ભમાંથી બહાર પડે છે ત્યારે તે સર્વાંશે બેભાન દશામાં હોય છે, એટલે પરમાત્મા તેની સંભાળ રાખવા તેને એક માતા સોંપે છે. બાળક જરા મોટો થાય ત્યારે તેને પરમાત્મા પૂછે છે: ‘ ભાઈ, કોણ છે?’ જવાબમાં કહે છે: ‘એ તો મારી છે.’ ત્યાર પછી વળી પરમાત્મા તેને ભાંડરડાં આપે છે. અને પછી પાછા પૂછે ‘ ભાઈ આ કોણ?’ જવાબમાં કહે છે: ‘ મારાં ભાઈબહેન છે.’ પછી તો પરમાત્મા એક સ્ત્રી પરણાવે છે અને તેને પેટે બાળકો આપે છે અને પછી પૂછે છે, ‘ આ કોણ છે?’ જવાબમાં કહે છે: ‘હું જઈને આ સ્ત્રી પરણી લાવ્યો તે તમે જોયું કે આમ પૂછો છો? અને વળી સ્ત્રીને પેટે અવતરેલાં બાળકો વિશે પૂછવાનું શું હોય?’ આવી રીતે જીવ પ્રા ઓનો સંગ્રહ કરતો કરતો અનાદિ કાળ ચાલ્યો આવે છે, અને જ્યાં સુધી જે ઈશ્વર છે તે ઈશ્વરને નહીં સોંપે ત્યાં સુધી તે ભટકવાનો આરો નહીં આવે.

હવે જીવરચિત સંસાર તો તેની કલ્ માત્ર છે, એટલે તેમાં વધઘટ થયા જ વાની, અને તેથી પોતાના સંસારમાં વધ થતાં આનંદ માને છે અને હાનિ હાય હાય કરે છે. એક વખત પરમાત્ આ માણુસની સ્ત્રીની જરૂર પડી. તેને પોતા સૃષ્ટિમાં બીજું કામ સોંપવાનું હતું પરમાત્મા તેને કહે છે, કે ‘ તને આપેલી મારે પાછી જોઈએ છીએ.’ પેલો કહે: ‘તે મારી છે. હું તમને તે શેનો આપું?’ પરમાત્મા તેને થપાટ મારી તેની સ્ત્રી પા લઈ લે છે, અને પેલો માણુસ તો વકાસી રોતો રોતો ઊભો રહે છે.

હવે જુઓ, પેલા માણુસના સંસારમાં એક માણુસ ઓછું થયું, પણ તેથી ઈશ્વર સૃષ્ટિમાં કશો ફેરફાર થયો નથી; કારણ કે તે સ્ત્રી પાછો નવો દેહ ધારણ કરી, તેના વેશમાં ઈશ્વરની સૃષ્ટિમાં,, કોઈક સંસાર

હશે જ.

ઈશ્વરકૃત સૃષ્ટિ અને જીવકલ્પિત સંસારને, એક નાટકની ઉપમા આપીએ તો, બરાબર સમજાય તેવું છે. આખુંયે નાટક તે ઈશ્વરનિર્મિત સૃષ્ટિ, અને તેનો એક એક પ્રવેશ તે જીવ વિશેષનો સંસાર. એક નાટકમાં પ્રવેશો તો કેટલાયે હોય, તેવી રીતે પ્રત્યેક જીવનો સંસાર જુદો જુદો હોય છે. કોઈ પ્રવેશ દરમિયાન પાંચ માણસ વધારે પણ આવે, અને કોઈ પ્રવેશમાં, હોય તેમાંથી બેચાર માણસ ચાલ્યા પણ જાય. કોઈ પ્રવેશમાં જન્મ થાય તો કોઈમાં મરણ પણ થાય. કોઈમાં લડાઈ થાય, તો કોઈમાં ઉત્સવ ઊજવાય. આવી રીતે પ્રવેશોમાં તો વિવિધતા રહેવાની જ અને તેમાં વધઘટ, હાનિલાભ, સુખદુઃખ, માનઅપમાન, જન્મમરણ વગેરે થયા જ કરવાનાં, ન થાય તો એનું નામ નાટક નહીં; પરંતુ આખાયે નાટકનો વિચાર કરો તો ક્યાંય વધઘટ વગેરે દ્વંદ્વો દેખાશે નહીં; કારણકે વધઘટ જે પ્રદેશોમાં દેખાતી હતી તે સાચી ન હતી, પણ મમતાને લીધે જીવે પોતાની મેળે કલ્પી લીધેલી હતી.

હવે જીવકલ્પિત સંસાર કેવળ જીવની કલ્પના જ છે, તેથી પોતપોતાની કલ્પના પ્રમાણે પ્રત્યેક જીવનો સંસાર જુદો જુદો જ હોવો જોઈએ. હવે આ સંસાર જો સાચો હોત, તો શરીરના મરણથી, જીવનો પોતાના સંસાર સાથેનો સંબંધ છૂટી જાત નહીં. પણ આપણે તો પ્રત્યક્ષ દેખીએ છીએ કે શરીર છૂટી જતાં, તે શરીર દ્વારા રચેલો સંસાર પણ છૂટી જાય છે; અને જીવ જયારે બીજું શરીર ધારણ કરે છે, ત્યારે ત્યાં પણ નવો સંસાર રચે છે, અને ગત શરીરના સંસારની તેને સ્મૃતિ પણ રહેતી નથી. આપણને બધાયને, ગયે જન્મે આપણી કલ્પના મુજબના...સંસાર હશે જ, પણ આજ તેની સ્મૃતિ પણ નથી, તેથી એમ સમજાય છે કે જીવના રચેલા સંસારમાં, તેની પોતાની કલ્પના સિવાય બીજું કશું જ નથી.

હવે જુઓ, ઈશ્વરકૃત સૃષ્ટિ કંઈ બંધનકારક નથી. તે તો શરીરના નિર્વાહમાં તેમ જ સાચી સમજણ પ્રાપ્ત કરવામાં મદદરૂપ છે. બંધનકારક તો છે મારાતારાની કલ્પના. જે ઈશ્વરનું છે તે 'મારું' માનીને સંસાર રચવો તે જ બંધન કરાવે છે. આનું નામ જ માયા, અને જયાં સુધી જીવ માયાને ન છોડે, ત્યાં સુધી તેનાં જન્મમરણ બંધ ન થાય.

શ્રી તુલસીદાસજી કહે છેઃ 'मैं अरु मोर तोर ते माया' એટલે કે 'આ હું અને આ મારું' 'આ તું અને આ તારું' એટલું જ માયાનું સ્વરૂપ છે 'હું અને મારું' છોડી દઈ, બધું જ ઈશ્વરનું છે એમ માને તો માયાનાં બંધનમાંથી જીવ મુક્ત થઈ જાય.

શ્રી શંકરાચાર્ય કહે છે: 'अहं ममेति चाज्ञानम्' એટલે કે 'હું અને મારું' એવી કલ્પના એ જ અજ્ઞાન છે, અજ્ઞાન એટલે અવિદ્યા કે માયા.

જ્ઞાન–અજ્ઞાનની પરિભાષા કરતાં શ્રી રામકૃષ્ણ પરમહંસ કહેતા કે 'હું અને મારું' એ જ અજ્ઞાન અને 'તું અને તારું' એ જ જ્ઞાન.

શ્રુતિ ભગવતી પણ કહે છે: ममेति बध्यते जन्तुः निर्ममेति विमुच्यते।' એટલે કે 'હું અને મારું' એ જ જન્મમરણરૂપ બંધનનું કારણ છે; અને બધું જ–પોતા સહિત–ઈશ્વરનું છે એમ માને તેનું નામ મુક્તિ.

મમતા એટલે બંધન અને મમતાનો ત્યાગ એટલે ભવબંધનની મુક્તિ.

★

રામાયણની શંકાઓ

લેખક :
દી. બા. હીરાલાલ લલ્લુભાઈ કા
એમ. એ; બી.એસસી; જે. પી.

રામાયણને આપણે ધર્મગ્રંથ માન્યો છે ને તેથી તે વિષે શંકા ઉઠાવાય જ નહિ એવી કંઈક માન્યતા પ્રવર્તે છે. અહીં જે શંકાઓ ઉઠાવવામાં આવી છે તે ભક્તની શંકાઓ છે, નાસ્તિકની નથી. અભ્યાસી વાચકો આ શંકાઓ અંગે જવાબ મોકલશે તો તેમાંથી એક જે શ્રેષ્ઠ લાગશે તે 'અખંડ આનંદ'માં પ્રગટ કરીશું. 'અખંડ આનંદ'માં ચર્ચાને સ્થાન નથી, એટલે વધુ જવાબો આપી શકાશે નહિ તેની નોંધ લેવા વિનતિ છે.

શ્રી રામચંદ્રજી હિંદુ ધર્મના દશાવતારમાંના એક મહાન અવતાર તરીકે સર્વત્ર પૂજાય છે. એમનુ નામ લગભગ દરેક હિંદુને મોઢે કંઈ કંઈ પ્રસંગે બોલાઈ જાય છે. થાકયા હોઈએ તો 'અરે રામ' શબ્દ નીકળી પડે છે; ગભરાટમાં આવી ગયા હોઈએ તો 'રામ રામ' બોલી જવાય છે; સૂઈને ઊઠતાં, આળસ ખાતાં 'અરે રામ'નો ઉચ્ચાર થાય છે. વૈષ્ણવ હોઈએ તોપણ મૃત્યુશય્યા પર 'શ્રી રામ'નો અંતિમ ધ્વનિ સગાંવહાલાં કર્ણમાં પહોંચાડવા મથે છે; મૃત દેહની અંતિમ યાત્રા વખતે પણ ડાઘુઓ શ્રીરામનું નામ જોશથી ઉચ્ચાર્યે જાય છે. ગુજરાતીઓમાં કહેવત છે તેમ, 'સુખે સોની, દુઃખે રામ.' મહાત્મા ગાંધીજી જેવા યુગપુરુષ ચુસ્ત વૈષ્ણવ હતા. 'વૈષ્ણવ જન તો તેને કહીએ' એમનું પ્રિય ભજન હતું. છતાં જીવનના અંતસૂચક છેલ્લાં બે–ત્રણ વર્ષ એમને પણ રામધૂનની સચોટ અસર લાગી. 'રઘુપતિ રાઘવ રાજા રામ' એ ધૂન ગાયા–ગવડાવ્યા વિના એમને ચેન પડતું નહિ. જીવનની છેક અંતપળે પણ ગોળી વાગતાં 'હે રામ'નો ઉચ્ચાર કર્યો. કયા કારણથી દુઃખના પ્રસંગે આપણે શ્રી વિષ્ણુ ભગવાનના બીજા મહાન અવતાર શ્રી કૃષ્ણને યાદ કરતા નથી તે સમજવામાં આવતું નથી. મહાદેવજી શંકર ભગવાન જગત્રાતા શ્રીબ્રહ્માજીને કોઈ યાદ કર જણાતું નથી. કારણ ગમે તે હો; પરં દુઃખીના બેલી તરીકે શ્રી રામચંદ્રજીને આપ માનતા આવ્યા છીએ. એ દૃષ્ટિએ એમ લગતા મહાન શાસ્ત્રીય ગ્રંથ 'રામાયણ' વર્ણવેલા પ્રસંગો અને પાત્રો વિષે આપણ શંકા લવાય જ નહિ, તેમાં જ શ્રદ્ધા હોય પરંતુ 'રામાયણ' વાંચતાં ધર્મની શ્રદ્ધા ભાવ કાંઈક હળવો કરી તેને એક સું કથારૂપે સમજીએ તો કાંઈક કાંઈક શં કોઈક કોઈક પ્રસંગે ઉત્પન્ન થાય છે. કે પંડિતો કે શાસ્ત્રીઓને પૂછતાં ઉત્તરમાં સા રણ માણસ સમજી શકે એવું કથન મ નથી; કેટલાએક શ્લોકો અને આધ્યાત્મિ જ્ઞાનની પ્રસાદી આપણા આગળ ધરવા આવે છે. શંકાનું સમાધાન થતું નથી અ ગૂંચવાડો મનમાં રહી જાય છે, એવી કેટલી શંકાઓ અત્રે રજૂ કરવાનું હું સાહ કરું છું.

૧

શ્રવણકુમાર

શ્રવણકુમાર પિતૃભક્તિની મૂર્તિરૂપ આપણ માં ગણાતો આવ્યો છે. ઘરડાં, લૂલાં, આંધ માબાપને પોતાને ખભે કાવડમાં બેસાડ

અડસઠ તીરથ કરાવ્યાં, અને ગંગા–જમનાનાં પાન કરાવ્યાં, એ સેવા અમાપ જ કહી શકાય. પરંતુ માબાપની આવી સેવા કરવામાં શ્રવણે પોતાના સુખનો કે કર્મનો કેટલો ત્યાગ કર્યો એની કંઈ આપણને માહિતી મળતી નથી. એના મૂળ વતનમાં એનાં ઘરબાર હતાં ? એ પરણેલો હતો ? છોકરાંછૈયાં હતાં ? કંઈ ધંધો–રોજગાર હતો ? કે તે યુગના બ્રાહ્મણકુમારોની માફક વેદાધ્યયન, શાસ્ત્રાભ્યાસ કરવામાં પોતાની કૌમાર અવસ્થા પસાર કરતો હતો અને ભિક્ષાવૃત્તિથી ચલાવી લેતો હતો ? જો બીજું કંઈ ખાસ કામકાજ ન હોય અને બીજાં કંઈ અન્ય સંસારબંધન ન હોય તો માતાપિતાને કાવડમાં લઈ જવાં અને તીરથ-તીરથ ફરવું એ મોટી સેવા તો ખરી જ, પરંતુ આશ્ચર્ય ઉપજાવે એવી નહિ. વૃદ્ધ માબાપનું વજન ખાસ ભારે ન હોઈ શકે અને તીર્થપર્યટન એક જાતનો આનંદ આપનારો પ્રવાસ માની શકાય. પોતાનાં ઘરબારનું આકર્ષણ ન હોવાથી, માતાપિતા અને પોતે, એટલે એક જાતના સ્થિર ઘરને બદલે ફરતા ઘરનો અનુભવ લીધો. શ્રવણકુમારે માતાપિતાની સેવા નથી કરી એવું મારું કંઈ કહેવાનું નથી, ફક્ત એટલું જ કે બીજાં સંસારનાં બંધનોના અભાવે હું એની સેવાને અપ્રતિમ લેખી શકું નહિ અને એક આદર્શ પિતૃભક્ત તરીકે સ્વીકારી શકું નહિ. આજના યુગમાં તો કોણ જાણે પરંતુ તે યુગમાં બીજા અનેક બ્રાહ્મણકુમારો આવી સેવા કરવા તત્પર હોઈ શકે અને ત્રણ–ચાર મહિનાનો આવો પ્રવાસ સહેલાઈથી કરી શકે એવો મને ભાસ થાય છે.

૨

મહારાજા દશરથનાં બે વચનો

મહારાણી કૈકેયીને મહારાજા દશરથે બે વચનો આપ્યાં હતાં. તે વચનો આપ્યાને ઘણાં વર્ષો થયાં. ત્રણે મહારાણીઓને પુત્રયજ્ઞના યોગથી સંતાનપ્રાપ્તિ થઈ. શ્રીરામચંદ્ર, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન–ચારે કુંવરો મોટા થયા; ચારેનાં લગ્ન થયાં; મહારાજા દશરથ વૃદ્ધ થયા અને જયેષ્ઠ પુત્ર શ્રીરામને યુવરાજપદ આપી રાજકાર્યમાંથી પોતે નિવૃત્ત થવાનું નક્કી કર્યું. ભરત અને શત્રુઘ્ન ભરતને મોસાળ ગયા હતા. રાજ્યાભિષેકની સર્વ તૈયારી થવા માંડી અને તેની આગલી રાત્રિએ સર્વત્ર આનંદ પ્રવર્તી રહ્યો હતો. તે વખતે દાસી મંથરાની શિખવણીથી મહારાણી કૈકેયીની મતિ ફેરવાઈ. કામકાજથી પરવારી મહારાજા તેના મહેલે પધાર્યા ત્યારે એણે રિસામણાં લીધાં, અને મહારાજાના અતિ આગ્રહ પછી પેલાં જૂનાં બે વચનો યાદ અણાવ્યાં. મહારાજાએ કહ્યું કે ખુશીથી માગો. મહારાણીએ શ્રીરામનો વનવાસ અને ભરતને યુવરાજપદે રાજ્યાભિષેક માગ્યો. મહારાજાને ઘણો આઘાત થયો અને બીજું કાંઈ માગવા વિનતિ કરી, કાલાવાલા કર્યા. પણ મહારાણી એકનાં બે થયાં નહિ. મહારાજા બેશુદ્ધ જેવા થઈને જમીન ઉપર પડ્યા રહ્યા. સવાર પડી, મહારાજા કેમ ઊઠ્યા નહીં તેની શોધાશોધ થઈ. આખરે મહારાણી કૈકેયીને મહેલે શ્રીરામ ગયા ત્યારે પિતાની દુર્દશા જોઈ એમને ઘણું લાગ્યું. પૂછતાં મહારાણીએ વચનની વાત કહી સંભળાવી. એટલે શ્રીરામ આજ્ઞા માથે ચઢાવી વનમાં જવાને તૈયાર થઈ ગયા.

આ પ્રસંગમાં મહારાજા દશરથે કૈકેયીની માગણી આખરે સ્વીકારી એવું કંઈ પ્રમાણ

મળતું નથી. કૈકેયીએ માગણી કરી, દશરથ બેભાન થઈને પડ્યા; એટલે સર્વેએ માની લીધું જણાય છે કે દશરથ રાજાએ એ માગણી સ્વીકારી. આ વચનોની બાબતમાં એ શંકા ઊભી થાય છે. પિતાના કહ્યા સિવાય આવી કઢંગી આજ્ઞા માની લેવી એ ઘણું વિચિત્ર લાગે છે. પિતાએ માગણી સ્વીકારી જ નહીં; શ્રીરામને મોઢે કાંઈ જ કહ્યું નહીં; છતાં કૈકેયી, જે એમના બૂરામાં હતી, તેનું કહેલું માનવું એ કયાંની રીત તે સમજ પડતી નથી. કૈકેયી ખોટું બોલે જ નહીં, એમ જો રામચંદ્રજીનું માનવું હતું, તો આવી અયોગ્ય માગણી એ કરે જ નહીં, એ પણ એમણે માનવું જોઈતું હતું. અયોગ્ય માગણી કરનારને મોઢે પિતાએ નહીં ઉચ્ચારેલો સંદેશ સ્વીકારવો એ નીતિ કંઈ સમજી શકાતી નથી. એ માની લીધેલી પિતૃઆજ્ઞાનો તાત્કાલિક અમલ કરવામાં કેટલા જીવોને દુઃખ અપાય છે, એનો ખ્યાલ રામચંદ્ર જેવા અવતારી પુરુષને ન થયો હોય એ કેમ મનાય?

વળી વચન અપાયાં તે વખતે જે સ્થિતિ અસ્તિત્વમાં ન હતી; જેનો તે વખતે ખ્યાલ જ ન આવે એવી માગણી કરવી એ કેવળ અન્યાય છે. પોતાને પેટે સંતાન જ નહીં; બીજી રાણીઓને પણ કાંઈ સંતાન નહીં, તે વખતનાં મળેલાં વચનો પાછળથી થયેલા કુંવરોને કેવી રીતે લાગુ થઈ શકે તે સમજી શકાય તેવું નથી. તે યુગમાં કોઈ વકીલ, બૅરિસ્ટર કે સૉલિસિટર હોત તો જરૂર આવાં વચન રદ ગણાવી શકત.

વળી મહાપુરુષો વચનો આપે છે, 'માગ, માગ, જે માગે તે આપું,' તેમાં પણ એક અણુબોલ મર્યાદા હોય જ છે. વરદાન પામનારે એવું માગવું જોઈએ કે જે નીતિની મર્યાદામાં હોય. શ્રી બ્રહ્માજી, શ્રી શંકર ભગવાન, શ્રી વિષ્ણુ ભગવાન જેવા મહાન દેવો વરદાન આપે છે તેમાં પણ આવી અણુબોલ મર્યાદા છુપાયેલી હોય જ છે. હિરણ્યાકશ્યપે અમરપદ માગ્યું, બ્રહ્માજીએ આપ્યું? રાવણે અવિનાશ જીવન માગ્યું. બ્રહ્માજીએ આપ્યું? કુંભકર્ણે ઇંદ્રાસન માગ્યું, ઉચ્ચારના ગોટાળાનો લાભ લઈ તેને નિદ્રાસન આપ્યું, એ વચન પાળ્યું? બાણાસુરે શંકર ભગવાન પાસે પુત્ર માગ્યો અને મળી પુત્રી. કોઈ બળવાન લડનાર માગ્યો તે ન આપતાં, તેનો જમાઈ જ નાશરૂપ નીવડશે, એવું વરદાન મળ્યું. બાણાસુરની મદદે આવવા શ્રી શંકરે કબૂલ કર્યું હતું. ઓખા-અનિરુદ્ધના પ્રસંગમાં શ્રીકૃષ્ણ અને તેની યાદવસેના સાથે યુદ્ધ જામ્યું ત્યારે બાણાસુરે શંકર ભગવાનને પોતાની મદદે બોલાવ્યા. વચન આપ્યું હતું એટલે મહાદેવજી આવ્યા તો ખરા. હરિહર યુદ્ધ જામ્યું; દેવતાઓ ગભરાયા. બ્રહ્માએ સ્તુતિ કરી અને પરિણામે શ્રીકૃષ્ણે લડવાનું ચાલુ રાખ્યું, પણ શ્રીશંકર ભગવાન પલાયન કરી ગયા. આ કહેવાનો અર્થ એટલો જ છે કે અયોગ્ય માગણી ભગવાન પણ સ્વીકારતા નથી. છતાં કૈકેયીની માગણી મહારાજા દશરથે સ્વીકારી માની લઈએ તોપણ એ સ્વીકારવામાં જ નીતિ નહોતી. જે માગણી પ્રજાનું અહિત થાય, રાષ્ટ્રમાં ઉલ્કાપાત થાય, કુટુંબમાં કલેશ થાય-એવી માગણી સ્વીકારી શકાય જ નહીં.

વળી દેવોની વાત છોડી દઈએ અને કાયદાની વાત છોડી દઈએ, તોપણ એક બીજી અણુબોલ મર્યાદા દરેક વચનમાં સમાયેલી જ છે તે બાબતનો એક પ્રસંગ વાંચેલો સાંભરે છે. વિશ્વવિજેતા નામાંકિત શા સિકંદરની સામે એક બહારવટિયાને કરવામાં આવ્યો. સવાલ-જવાબ સિકંદરને લાગ્યું કે બહારવટિયો

બહાદુર, કાર્યકુશળ અને નવાજવા જેવો છે. તેથી તેમણે તેને કહ્યું કે તારી ઇચ્છા હોય તે માગ. બહારવટિયાએ જવાબ આપ્યો કે તમારું રાજ મને સોંપી દો. શાહ સિકંદરે તરત જ કહ્યું કે આ માગણી તારી યોગ્યતા કરતાં વધારેપડતી છે. બહારવટિયો બોલ્યો, 'એમ છે તો મને ફલાણી વસ્તુ આપો,' અને કોઈ નજીવી વસ્તુનું નામ લીધું. સિકંદરે કહ્યું કે આ માગણી મારી યોગ્યતા કરતાં ઓછી છે, એમ કહીને તેણે એ બહારવટિયાને પોતાના અંગરક્ષકના સરદાર તરીકે નીમ્યો.

ગમે તે દૃષ્ટિએ ગણીએ પરંતુ કૈકેયીને મળેલાં વચનો મિથ્યા જ ગણવાં જોઈએ. રામચંદ્રજી જેવા મહાપુરુષે શા માટે આ વચનો સ્વીકાર્યાં એ શંકા રહી જ જાય છે.

૩

લક્ષ્મણ અને ઊર્મિલા

શ્રીરામચંદ્રે શિવધનુષ્ય ઊચક્યું, ચડાવ્યું અને તોડ્યું. સીતાએ એમને વરમાળ આરોપી. લગ્ન ઊજવવા માટે જનક રાજાએ તૈયારીઓ કરવા માંડી. મહારાજા દશરથને જાન લઈ પધારવા વિનતિ કરી. આ મોટા પ્રસંગનો લાભ લઈ જનકે પોતાની નાની દીકરીનાં—સીતાની બહેનનાં લગ્ન લક્ષ્મણ સાથે કર્યાં. પોતાના ભાઈની બે પુત્રીઓનાં લગ્ન ભરત અને શત્રુઘ્ન સાથે ઊજવાયાં. ચારે કુમારોનાં લગ્ન થયાં અને મહારાજા દશરથ જાન લઈ પાછા ફર્યા. કુંવરોને દશરથ રાજાએ જુદા જુદા મહેલો આપ્યા અને એમનું પરિણીત જીવન વ્યવસ્થિત કર્યું.

કેટલોએક સમય વીત્યો. રામચંદ્રજીનો યુવરાજપદે રાજ્યાભિષેકનો ઉત્સવ આવ્યો. ઉત્સવ શોકમાં ફેરવાયો અને શ્રીરામચંદ્ર ચૌદ વર્ષ વનમાં જવા તૈયાર થયા. સીતાજીએ અત્યંત આક્રંદ કર્યું અને અતિ આગ્રહ કર્યો, અને પતિ સાથે વલ્કલ ધારણ કરી વનમાં જવા તૈયાર થયાં. લક્ષ્મણનું રામચંદ્રજી ઉપર હેત અપાર. રામ વિના લક્ષ્મણને એક ઘડી પણ ચેન પડે નહીં. એણે પણ વનમાં સાથે જવાનો નિર્ણય કર્યો. રોક્યો રોકાયો નહીં અને આખરે સુમિત્રા માતાને સંમતિ આપવી પડી.

આ પ્રસંગે લક્ષ્મણની પત્ની ઊર્મિલાનું કંઈ નામનિશાન જણાતું નથી. ઊર્મિલા પણ જનકવિદેહીની પુત્રી અને રામની લગભગ બરોબરિયા લક્ષ્મણ જેવાને પરણેલી. તેણે આ પ્રસંગે લક્ષ્મણની સાથે જવાની માગણી સુદ્ધાં કેમ ન કરી? પછી હઠ કરવાની તો વાત જ ક્યાં રહી? આર્ય સ્ત્રીનો ધર્મ સીતાની નાની બહેન ન જાણે એ કેમ મનાય? જનક જેવા મહા જ્ઞાની બાપની પુત્રી સતીધર્મમાં કેમ ચૂકે? રામ, સીતા અને લક્ષ્મણ કરતાં એને વનવાસમાં અગવડ ઓછી નડત. બે ભાઈઓ અને એમની પત્ની—બે બહેનો એ ઘણું સગવડવાળું થઈ શકત. છતાં આશ્ચર્યની વાત છે કે આ પ્રસંગે ઊર્મિલા છેક જ વિસરાઈ ગઈ છે. લક્ષ્મણે બંધુધર્મની સીમા દાખવી; પરંતુ પત્નીધર્મ ચૂક્યો; અને ઊર્મિલા સતીધર્મ ચૂક્યાં.

નાસિકની પંચવટીમાં આ મહાન ત્રિપુટીએ વનવાસનો મુખ્ય ભાગ વ્યતીત કર્યો. છેવટના ભાગમાં શૂર્પણખાનો પ્રસંગ વર્ણવેલો છે. આ બે આર્યકુમારો ઉપર આ રાક્ષસી મોહિત થઈ. રામને સમજાવ્યા. પરંતુ રામે તો કહ્યું કે મારી પત્ની મારી સાથે છે. શૂર્પણખાએ સીતાનો નાશ કરવાનું માથે લીધું, જેથી રામ સાથે પોતે લગ્ન કરી શકે. શ્રીરામે પોતાનું એકપત્નીવ્રત આગળ ધર્યું અને સુઝાડ્યું કે 'તું મારા આ ભાઈ લક્ષ્મણને કેમ કહેતી નથી? એની સ્ત્રી અહીંયાં

નથી.' શૂર્પણખાએ લક્ષ્મણને કહ્યું; લક્ષ્મણે વાત હસી કાઢી; પાછી રામ પાસે હડસેલી; રામે લક્ષ્મણ પાસે મોકલી; એમ હાસ્યરંગ જમાવ્યો. આ વખતે સીધેસીધી ના કહેવાને બદલે રામ-લક્ષ્મણ જેવા મહાન દૈવી પુરુષો આમ મશ્કરી-ઠઠ્ઠા કરે એ ઠીક લાગતું નથી. રામ જેવા એકપત્નીવ્રતના ઉપાસક મશ્કરીમાં પણ લક્ષ્મણને શૂર્પણખા સોંપે એ કેટલું વિચિત્ર! બાર-તેર વર્ષના વનવાસમાં ઊર્મિલા શું છેક વિસરાઈ ગઈ? આટલેથી ન પત્યું અને મશ્કરી-ઠઠ્ઠા કરતાં રામની ઇશારતથી લક્ષ્મણે રાક્ષસકન્યાનાં-રાવણની બહેનનાં નાક-કાન કાપી નાખ્યાં. આ કૃત્ય અતિ નિંદ્ય લાગે છે. તે ઉપરાંત બન્ને ભાઈઓની નાદાની બતાવે છે. લંકાપતિ રાવણ જેણે કૈલાસ ધ્રુજાવ્યો, જેણે કુબેર પાસેથી પુષ્પક વિમાન લીધું, જેણે સર્વ દેવો ઉપર વિજય મેળવ્યો, એવા મહાબળિયા સાથે વિના કારણ વેર બાંધવું એ કઈ રાજનીતિ?

શ્રીરામચંદ્રને અયોધ્યા પાછા તેડી લાવવા માટે ભરત લાવલશ્કર, રસાલો લઈ, ગુરુ, મંત્રી ને માતાઓને લઈ ચિત્રકૂટ ગયો ત્યારે પણ ઊર્મિલાનું નામનિશાન વાંચવામાં આવતું નથી. ઊર્મિલાની વિસ્મૃતિ રામાયણની અજબ ખામી જણાય છે.

વિજય પ્રાપ્ત કરી રામ, સીતા, લક્ષ્મણ અયોધ્યા પાછા ફર્યાં, તે પ્રસંગે પણ ગરીબ બિચારી ઊર્મિલાનું કંઈ નામનિશાન જણાતું નથી. પાછળથી એમ જણાય છે કે ભરત અને શત્રુઘ્નને રામચંદ્રજીએ કંઈ નાનાંનાનાં રાજ્યો કાઢી આપ્યાં હતાં. જ્યારે રામચંદ્રજી સ્વર્ગે સિધાવ્યા, ત્યારે તેમની સાથે અયોધ્યાના કેટલાએક પ્રજાજનો તથા ભરત, શત્રુઘ્ને પણ દેહત્યાગ કર્યો. તે વખતે ઉલ્લેખ કરવામાં આવે છે કે એમણે એમના પુત્રોને પોતાનાં રાજ્યો સોંપી દીધાં. લક્ષ્મણને જુદું રાજ્ય નહિ, અને ઊર્મિલાને પેટે કંઈ સંતા નહિ હોય એમ ધારી શકાય. શ્રીરામચં જ્યારે લક્ષ્મણનો ત્યાગ કર્યો ત્યારે પ લક્ષ્મણ સીધો સરયુ નદીને કિનારે ચાલ્યો ગયો અને દેહ તજ્યો. એવી અંતિમ વેળાએ પણ ઊર્મિલાને લક્ષ્મણ મળ્યો નહિ, એની વિદાય લીધી નહિ, એ કેટલું વિચિત્ર?

મારીચ રાક્ષસ સુવર્ણમૃગ બની રામને દૂર ખેંચી ગયો. મરતાં મરતાં એણે 'હે લક્ષ્મણ,' 'હે સીતા' એમ પ્રચંડ ચીસ પાડી. સીતાજીએ એ ચીસ સાંભળી અને તેઓ આકુળવ્યાકુળ થઈ ગયાં. એમણે લક્ષ્મણને રામની મદદે જવા કહ્યું, પરંતુ સીતાને એકલાં મૂકીને લક્ષ્મણ કેમ જાય? રામની મનાઈ હતી અને વળી પોતાની બુદ્ધિ પણ સીતાને એકલી મૂકીને જવા દેતી ન હતી. સીતાએ આખરે મેણાં માર્યાં અને એમ પણ કહ્યું કે લક્ષ્મણ રામના બૂરામાં જ રાજી છે, અને જો રામનું મૃત્યુ થાય તો સીતાને પોતે પરણી શકે. સીતા જેવી સાધ્વી સ્ત્રી-જગતની માતા-તે ગમે તેવી વ્યાકુળતાની અવધિએ પહોંચી ગઈ હોય તોપણ દિયેરવટાની કલ્પના તેને આવી શકે જ કેમ? અને લક્ષ્મણ કંઈ સાધારણ દિયર નહોતો, એનો સગો બનેવી હતો. આ પ્રસંગ પણ બિચારી ઊર્મિલાની સંપૂર્ણ વિસ્મૃતિ સૂચવે છે.

કદાચ એમ તો ન હોય કે વનવાસે જતાં પહેલાં ઊર્મિલાનું મૃત્યુ થયું હોય! એ સિવાય એની સંપૂર્ણ વિસ્મૃતિ સમજી શકાતી નથી.

૪

રામ-લક્ષ્મણની જોડી

આપણામાં બે ભાઈઓને એકબીજા માટે ઘણું જ હેત હોય અને એકબીજાથી જુદા ન પડતાં સાથે જ હરતાફરતા હોય

તેવા ભાઈઓને 'રામ-લક્ષ્મણની જોડી'ની ઉપમા આપવામાં આવે છે. એક રીતે જોતાં આમાં કાંઈ ખાસ અસત્ય દેખાતું નથી. રામ અને લક્ષ્મણને એકબીજા વિના ચાલતું નહિ. એ બહુ વિચિત્ર અને સત્ય હકીકત છે, કે સુમિત્રામાતાના બે પુત્ર, લક્ષ્મણ અને શત્રુઘ્ન, એકબીજાઓ ઉપર નહિ, પરંતુ પોતાના ઓરમાન ભાઈઓ પર પ્રીત રાખતાં શીખ્યા–લક્ષ્મણ રામની સાથે અને શત્રુઘ્ન ભરત સાથે. લક્ષ્મણને રામચંદ્ર ઉપર અગાધ પ્રેમ હતો અને એની સાથે વનવાસ જઈ એણે ભ્રાતૃપ્રેમની પરિસીમા બતાવી. વનવાસમાં પણ ચૌદ વર્ષ ભાઈ અને ભાભીની અતુલ સેવા કરી. ચિત્રકૂટ, દંડકારણ્ય, કિષ્કિંધા–સર્વ સ્થળે મોટા ભાઈની સાથે રખડ્યો, રઝળ્યો. લંકાના યુદ્ધમાં પરાક્રમ દાખવ્યું; ઇંદ્રજિત, કુંભકર્ણ અને રાવણ જેવા મહાન યોદ્ધાઓ સામે ઝઝૂમ્યો. એના રામચંદ્ર પ્રત્યેના પ્રેમની સાબિતી માટે કાંઈ અગ્નિપરીક્ષાની જરૂર ન હતી. વિજયડંકા વગાડતા શ્રીરામચંદ્ર અયોધ્યા પાછા ફર્યા, ત્યારે પણ લક્ષ્મણ સાથે ને સાથે જ. નંદીગ્રામમાં ભરતમિલનનાં રસમય વર્ણનો વાંચીએ છીએ; પોતાને સહાય કરનારને રામચંદ્રજીએ અનેક ભેટસોગાદો આપી પોતાની કૃતજ્ઞતા દાખવી. પરંતુ વીરા લક્ષ્મણ માટે બે મીઠા બોલ કહ્યા હોય એમ સાંભરતું નથી. કદાચ સીતાજીની માફક લક્ષ્મણને પોતાનું જ અંગ ગણ્યું માનીએ, તો એ સમજી શકાય એવી બાબત છે.

લક્ષ્મણની કદર હિંદુઓ તો કરતા આવ્યા છે. શ્રીરામમંદિરોમાં એકલી રામની મૂર્તિ હોતી નથી; રામ, લક્ષ્મણ ને સીતા એમ ત્રણેની મૂર્તિઓ હોય છે. શંકા એ જ થયા કરે છે કે લક્ષ્મણ નાના ભાઈ તરીકે અપ્રતિમ હતો, પરંતુ શ્રીરામને અજોડ મોટા ભાઈ તરીકે ગણી શકાય કે કેમ? વનમાં ભાઈભાભીની ઘાસ, પાન, ફૂલ વગેરેની શૈયા લક્ષ્મણ તૈયાર કરતો અને રાત્રિને સમયે ચોકી રાખતો; પણ રામચંદ્રજીએ કોઈ વખત એમને હેતથી ટોકયા હોય ને પોતે એ સેવા કરી લઈ નાના ભાઈને વિશ્રાંતિ આપી હોય, એવું યાદ આવતું નથી. નાનો ભાઈ સેવા કરે એ યથાર્થ છે; પરંતુ મોટા ભાઈ વહાલથી નાનાની સંભાળ લે એ પણ યથાર્થ છે. એમ ન થાય તો નાના ભાઈ અને અંગરક્ષકમાં ભેદ શો રહે? શૂર્પણખાની મશ્કરી પોતે ન કરી, પણ લક્ષ્મણ પાસે કરાવી, એ ઠીક લાગતું નથી.

સૌથી વધારે અન્યાય જેવો તો લક્ષ્મણના દેહત્યાગનો પ્રસંગ છે. કાળ ભગવાન શ્રીરામચંદ્રજીને મળવા આવ્યા અને ખાનગી વાતચીત કરવાની માગણી કરી. રામચંદ્રજી કાળ ભગવાનને લઈને એક ખંડમાં ગયા. લક્ષ્મણને દ્વાર પર ચોકી કરવાનું કહ્યું. વધારામાં જણાવ્યું કે 'અમારી વાતચીત પૂરી થાય નહિ ત્યાં સુધી કોઈએ પણ અમારા ખંડમાં આવવું નહિ. જે આવશે તેને દેહાંતની શિક્ષા મળશે.' બિચારા લક્ષ્મણનું કમભાગ્ય કે ક્રોધી અને શાપ દેવા અતિ તત્પર એવા દુર્વાસાઋષિ તે વખતે ચડી આવ્યા. લક્ષ્મણને કહ્યું કે 'રામચંદ્રને ખબર આપ.' લક્ષ્મણે રામઆજ્ઞા જાહેર કરી, પરંતુ ક્રોધી ઋષિએ હઠ છોડી નહિ અને અયોધ્યાનો નાશ કરવાની ધમકી આપી! બિચારો લક્ષ્મણ નિરુપાયે ખંડમાં ગયો અને દુર્વાસાઋષિના આગમનની ખબર આપી. તે જ પળે કાળ ભગવાનની સાથે વાર્તાલાપ પૂરો થયો હતો અને તેઓ બહાર જ નીકળતા હતા, છતાં પણ રામઆજ્ઞાનો ભંગ તો થયો કહેવાય એટલે મોટા ભાઈએ નાના ભાઈને નદીકિનારે જઈ દેહત્યાગ કરવા

સૂચન કર્યું. આ કેવળ અન્યાય લાગે છે, છતાં એ શિક્ષા વાજબી ગણીએ તોપણ લક્ષ્મણ જેવો ભાઈ ગુમાવતાં, દશરથને રામને માટે થયું, તેવું કાંઈક મહાદુઃખ થયાનો ઉલ્લેખ જણાતો નથી. લક્ષ્મણની સાથે થોડે સુધી સાથે ગયા હોત તો શું? તેને મળી ભેટી પાછા ફર્યા હોત તો શું? મોટા ભાઈ તરીકેનો ધર્મ શ્રીરામચંદ્રે બરાબર બજાવ્યો કે કેમ તે બાબત શંકા રહી જાય છે.

૫

ભરતચરિત્ર

ભરતના ભ્રાતૃપ્રેમની ઘણી પ્રશંસા કરવામાં આવે છે. રામચંદ્રજીને વનવાસ મળ્યો તે વખતે એ ભાઈ પોતાને મોસાળ ગયા હતા. રામને સ્થાને એનો રાજ્યાભિષેક કરવાનો હતો એટલે મોસાળથી એમને એકદમ તેડી મંગાવ્યા. આવતાં આવતાં, એમને સમીપ આવતા સંકટનો કંઈક ભાસ થયો. અયોધ્યા પહોંચતાં બધું ચૂપચાપ જોયું, લોકો નિસ્તેજ દેખાયા ,અને ભરતનો સંદેહ વૃદ્ધિ પામતો ગયો. પૂછતાં કોઈએ કંઈ બરાબર ઉત્તર આપ્યો નહિ. કૈકેયી માતાના મહેલમાં ગયો ત્યારે એને બધી વસ્તુસ્થિતિ સમજમાં આવી. રામનો વનવાસ, સીતા અને લક્ષ્મણનું સાથે જવું, અતિ શોકમાં ડૂબેલા પિતાનો સ્વર્ગવાસ થવો, એ બધું સાંભળતાં ભરતને અતિ ગ્લાનિ ઊપજી. માતા ઉપર તિરસ્કાર આવ્યો; તેને ન કહેવાના શબ્દો કહ્યા અને પોતે રાજગાદી પર બેસવા સારુ ના પાડી. આખરે વસિષ્ઠ જેવા કુળગુરુએ આગ્રહ કરતાં ભરતે પિતાની અંતિમ ક્રિયા કરી, રાજવહીવટ મંત્રીઓને સોંપ્યો અને પોતે રામને વનમાંથી પાછા અયોધ્યા તેડી લાવવા માટે નીકળી પડ્યો. રાજ્યલોભ ઉપર ભ્રાતૃપ્રેમે વિજય મેળવ્યો અને તે રામને મનાવવા ચાલ્યા. સાથે વસિષ્ઠ ઋષિ, ત્રણે માતાઓ અને પ્રજાજનો પણ સારી સંખ્યામાં એમની સાથે નીકળ્યાં. સાથે મોટું લશ્કર પણ લીધું. આ પ્રમાણે ભરતની સવારી રામચંદ્રજીની શોધ કરવા નીકળી. રસ્તે ભીલરાજાનો ભેટો થયો. તે રાજા રામનો સ્નેહી હોઈ તેને ભરત માટે શંકા થઈ. લાવલશ્કર લઈને ભરત કેમ રામની પાછળ નીકળ્યો છે? ભરતે પોતાનો હેતુ સમજાવ્યો એટલે તે રાજાએ ભરત અને તેના માણસોને ગંગાપાર ઉતારવા માટે મદદ કરી. એમ કરતાં કરતાં આ સરઘસ ચિત્રકૂટ પાસે જઈ પહોંચ્યું. ચિત્રકૂટ ઉપર રામ, સીતા ને લક્ષ્મણ એક પર્ણકુટિ બાંધી શાંતિમાં સમય વ્યતીત કરતાં હતાં. સમીપ આવતા સરઘસનો અવાજ તેમને કાને પડ્યો અને ધૂળ ઊડતી નજરે પડી. આ લશ્કર લઈ કોણ આવતું હશે એ રામ–લક્ષ્મણને સમજાયું નહિ. ભરતના લશ્કરે મુકામ કર્યો એટલે તેની પાછળ એક બીજું લશ્કર પણ આવતું જણાયું. અને તપાસ કરતાં ભરતને માલૂમ પડ્યું કે એ લશ્કર મિથિલાના રાજા જનક વિદેહીનું હતું. દીકરી–જમાઈના સમાચાર મેળવવા અને અયોધ્યાના ઉલ્કાપાતમાં દીકરી–જમાઈને જરૂર હોય તો સહાય કરવાનો હેતુ મિથિલાનરેશનો હતો. રામ, લક્ષ્મણ ને સીતા આ દૃશ્યો જોઈ વિસ્મય પામ્યાં. આખરે થોડાએક મનુષ્યો ડુંગર ઉપર ચડતા જણાયા. જરા પાસે આવતાં રામ–લક્ષ્મણે ભરતને ઓળખ્યો, અને લક્ષ્મણ તડૂકી ઊઠ્યો, કે ‘ગાદી લઈ લીધી, અયોધ્યામાંથી હાંકી કાઢ્યા, તો ય હજી ભરત ધરાતો નથી શું?’ ચઢતા ભરતના ઉપર બાણવૃષ્ટિ કરવાની લક્ષ્મણે રામની આજ્ઞા માગી, પરંતુ રામે તેને શાંત પાડ્યો અને કહ્યું કે ‘એને આવવા તો દો. એનું શું કહેવું છે તે જાણવા

પછી જે કરવું હશે તે થઈ શકશે.'

ભરત આવ્યો, રડી પડ્યો, પગે પડ્યો. રામે ઉઠાડ્યો. બે ભાઈઓ ભેટ્યા; ત્રણે માતાઓ પણ એટલામાં આવી પહોંચી હતી, તેમને પણ આ ત્રિપુટી–રામ, લક્ષ્મણ ને સીતા–ભેટી. કુળગુરુને પ્રણામ કર્યાં અને પિતાના કુશળ સમાચાર પૂછ્યા. પિતાનો સ્વર્ગવાસ થયો જાણી એમને બહુ દુ:ખ થયું; બેભાન જેવા થઈ ગયા. પછી ભરતે વિનતિ કરી અને રામને પાછા ફરવાનો આગ્રહ કર્યો. રામે પિતૃઆજ્ઞાનું પાલન એ પુત્રનો પરમ ધર્મ છે એમ હઠ પકડી અને અયોધ્યા જવાની ના પાડી. વાટાઘાટ પછી રામ–લક્ષ્મણ–સીતાએ વનવાસનાં ચૌદ વર્ષ પૂરાં કરવાં, તે દરમ્યાન ભરતે અયોધ્યાનું રાજ્ય સંભાળવું, સિંહાસન ઉપર રામચંદ્રની પાદુકા મૂકવી અને અયોધ્યાથી થોડે દૂર આવેલા નંદીગ્રામમાં રહીને મંત્રીઓને જરૂર પ્રમાણે સૂચનાઓ આપવી એમ ઠર્યું.

ભરત અને સાથ સર્વે પાછા ફર્યાં. પરંતુ રામ, લક્ષ્મણ ને સીતાને ચિત્રકૂટ રહેવું સલામત લાગ્યું નહિ. તેઓ ત્યાંથી નીકળી પડ્યાં અને તેમણે વિંધ્યાચળ, સાતપુડા ઓળંગી નાસિક પાસેના દંડકારણ્યમાં ગોદાવરીતીરે વસવાટ કર્યો. પંચવટીમાં રહેતાં, વનમાં તપ કરતા ઋષિ–મુનિઓનો સમાગમ સાધતાં અને રાક્ષસોનો નાશ કરતાં આ ત્રણે જણાંઓએ વનવાસનો ઘણોખરો ભાગ અહીં જ વ્યતીત કર્યો.

આ પ્રસંગમાં ભરતના ભ્રાતૃપ્રેમનું કે એની રાજ્યનીતિનું દર્શન થાય છે તે સમજી શકાતું નથી. ભાસ એવો થાય છે કે મોસાળથી પાછા ફરતાં ભરતને એમ જણાયું હશે કે પ્રજાજનોમાં ઘણો અસંતોષ હતો. રામના શોકથી દશરથરાજાનું મૃત્યુ, છેલ્લી પળનું કૈકેયીનું કાવતરું, રામની ઉચ્ચ પ્રતિષ્ઠા, આ બધાંની પ્રજામાં એવી ઊંડી છાપ હતી કે ભરતને રાજગાદી ઉપર બેસી જવું સલામત જણાયું નહિ. માતા સાથે વિરોધ, પિતા માટે શોક અને રામચંદ્ર માટે પ્રેમ બતાવી પ્રજાજનોનો શોક હળવો કર્યો. છતાં રાજ્યલોભ કોને નથી હોતો ? રામને પાછા તેડી લાવવાનો હેતુ જાહેર કરી એ અયોધ્યા છોડી નીકળી પડ્યો. સાથે રામના અનુયાયીઓ સામેલ થયા, પરંતુ લશ્કરને પણ સાથે રાખવાનો હેતુ સમજાતો નથી. રામ ક્યાં હતા તેની તો શોધ કરવાની હતી. સામૈયું અને પાછા પધારતા રામચંદ્રજીના સન્માનાર્થે લશ્કર અને રસાલો તો નંદીગ્રામ જેવા પાસેના સ્થળથી સંભવે. રસ્તે જતાં જતાં ભીલરાજા, જનકનું સૈન્ય–મિથિલા સેના, એવાં એવાં ચિહ્નો ઉપરથી ભરતે રામની વિરુદ્ધ વર્તન કરવા કરતાં તેમની સાથે કંઈક પ્રકારની સંધિ કરવી એમ ઉચિત ધાર્યું. એ સંધિ પ્રમાણે રામચંદ્રજી પિતૃઆજ્ઞા પાળ્યા કરે અને એ દરમ્યાન ચૌદ વરસ સુધી ભરત રાજ્ય ચલાવ્યા કરે–ભલે નંદીગ્રામથી; ભલે સિંહાસન ઉપર પાદુકા મૂકીને. ભરતે ધાર્યું હશે કે ચૌદ વરસ કોણે જોયાં ? વનનાં અનેક સંકટોમાંથી રામ જીવતા રહી પાછા આવે ત્યારે જોઈ લેવાશે. શ્રી રામને અયોધ્યા પાછા ફરવું સલામત લાગ્યું નહિ હોય; એમને ચિત્રકૂટ રહેવું સહીસલામત લાગ્યું નહિ હોય; માટે તેઓ છેક વિંધ્યાચળ સાતપુડાની પર્વતમાળા ઓળંગી દક્ષિણ હિંદમાં દંડકારણ્યમાં ચાલ્યા ગયા. વનવાસ દરમ્યાન કંઈ ખાસ જાણવા જેવું બન્યું નહિ. અને જો એવી જ રીતે વનવાસ પૂરો થયો હોત અને જેવાં ગયાં તેવાં જ આ ત્રણ જણ અયોધ્યા પાછાં ફર્યાં હોત, તો નંદીગ્રામમાં ભરતમિલનનાં કથન કંઈ નિરાળાં જ હોત. પરંતુ વનવાસના અંત સમયમાં સીતાહરણ થયું. રામ–લક્ષ્મણ આકુળવ્યાકુળ બની દક્ષિણ-

માં રખડતા ચાલ્યા તે વખતે પણ સીતાની શોધ કરવામાં રામે ભરતની મદદ માગી હોય એવો કંઈ ઉલ્લેખ મળતો નથી. કિષ્કિંધા-(નીલગિરી)માં સુગ્રીવને મદદ કરી વાલીને હણ્યો અને એક સશક્ત મિત્રરાજ્ય સ્થાપ્યું. ત્યાંથી લંકામાં ગયા. રાવણ જેવા મહાબળિયા તરીકે આખા આર્યાવર્તમાં પ્રસિદ્ધ રાજવીને અને તેના અજિત જેવા લેખાતા ઇંદ્રજિત, કુંભકર્ણ આદિ યોદ્ધાઓને હણ્યા અને લંકાનું રાજ્ય વિભીષણને સોંપી રામચંદ્રે આખા દક્ષિણ હિંદ ઉપર પોતાની સત્તા તો કોણ જાણે પણ પોતાનાં મિત્રરાજ્યો ગોઠવ્યાં. ચૌદ વર્ષ પૂરાં થતાં રામ, લક્ષ્મણ ને સીતા અયોધ્યા એકલવાયાં પાછાં ફર્યાં નહિ. એમના મહાન વિજયનો પ્રસરેલો દિવ્ય પ્રકાશ, પુષ્પક વિમાનમાં દબદબાભેર બેસવું, લંકાપતિ વિભીષણ, કિષ્કિંધાપતિ સુગ્રીવ અને યુવરાજ અંગદ તથા મહાબાહુ રામભક્ત હનુમાનજીને સાથે લીધા. આવી રીતે પાછા ફરતા શ્રી રામચંદ્રજીને ભરત હેતથી સત્કારે એમાં કાંઈ આશ્ચર્ય જેવું નથી.

ભરતચરિત્રમાં આ પ્રમાણે શુદ્ધ ભ્રાતૃપ્રેમનું દર્શન થાય છે કે રાજ્યકળાનિપુણતાનો ભાસ થાય છે, એ શંકા રહી જાય છે.

૬

રામબાણ

રામબાણ ખાલી જાય જ નહિ; જેના ઉપર તાકયું હોય તેને અચૂક વાગે એમ આપણે માનતા આવ્યા છીએ. શ્રીરામચંદ્ર મહાધનુર્ધારી હતા એવું તો કંઈ ખાસ સાંભરતું નથી. અર્જુને મહાબાણાવળી તરીકે પ્રતિષ્ઠા મેળવી હતી; એના 'ગાંડીવ'નો ટંકાર રિપુદળનાં ગાત્ર ઢીલાં કરી નાખતો. પરંતુ શ્રીરામચંદ્રે જનક-દરબારમાં શિવધનુષ્ય તોડ્યું તે વખતે પણ એમની બાણાવળી તરીકે ખાસ પ્રશંસા થઈ ન હતી. એમનાં શૌર્ય તથા પરાક્રમે સર્વને દિંગ કર્યા પરંતુ શર સાંધવાનો ત્યાં કંઈ પ્રસંગ ન હતો. લગ્ન કરી દશરથરાજા જાન લઈ અયોધ્યા પાછા ફરતા હતા ત્યારે શ્રીરામને શ્રીપરશુરામનો ભેટો થયો. ક્રોધમાં આવી જઈ પરશુરામે રામને શ્રીવિષ્ણુધનુષ ચડાવવા પડકાર કર્યો. શ્રીરામે વિષ્ણુધનુષ જોતજોતામાં ઊંચકયું અને બાણ ચડાવ્યું. પરશુરામને પૂછયું કે 'બોલો ભૂદેવ, આ બાણ કોના ઉપર છોડું? કહો તો તમારો સ્વર્ગનો માર્ગ રોકી દઉં કે પૃથ્વીનો માર્ગ રોકી દઉં.' પરશુરામ કંઈ બોલ્યા નહિ, એટલે શ્રીરામે કહ્યું કે 'ઋષિજી! કેમ કંઈ બોલતા નથી? મારું બાણ ખાલી ન જાય; નહિ બોલો તો તમારા ઉપર છોડીશ.' પરશુરામ ગભરાઈ ગયા. વસિષ્ઠ, વિશ્વામિત્ર, દશરથ રાજા વચ્ચે પડ્યા અને પરશુરામ નિસ્તેજ થઈ મહેન્દ્ર પર્વત તરફ ચાલી નીકળ્યા. એમનું અવતારકૃત્ય સમાપ્ત થયું અને શ્રીરામાવતાર શરૂ થયો એમ સ્વીકારાયું. આ પ્રસંગમાં પણ બાણાવળી તરીકે શ્રીરામની ખાસ કુશળતા જોવામાં આવતી નથી.

શ્રીરામચંદ્રે રાક્ષસોનો સંહાર કર્યો. તાડિકા, એના બે ભાઈઓ, મારીચ વગેરે અનેક રાક્ષસોને એમણે હણ્યા. તે પ્રસંગે શ્રીરામની પ્રશંસા કરવામાં આવી છે પણ રાક્ષસસેનાનો એમણે એક જ બાણે કચ્ચરઘાણ કાઢી નાખ્યો એમ કહેવાય છે. દંડકારણ્યના રક્ષણકર્તા તરીકે એમણે સારી ખ્યાતિ મેળવી હતી, અને રામબાણ અસરકારી અને કાતિલ છે, એમ રાક્ષસોને જણાવ્યું શૂર્પણખાનું વેર રાવણ લેશે એમ ધમકી આપનારને પણ કહેવામાં આવતું કે એ બાણના પ્રહારથી શ્રીરામચંદ્ર સઘળી સેનાનો નાશ કરી નાખશે.

છતાં કિષ્કિંધાકાણ્ડમાં સુગ્રીવને દેખીતી રીતે સહાય ન કરતાં, બે ભાઈઓને દ્વંદ્વ-યુદ્ધ કરવા દીધું. સુગ્રીવને હારતો જોઈ શ્રીરામે ઝાડની ઓથે છુપાઈને વાલીને બાણ માર્યું અને એને પાડ્યો. આ પ્રસંગમાં ભલે ઊંડી ફિલસૂફી કે રાજનીતિ હોય, પણ મહાધનુ-ર્ધારીની પ્રતીતિ થતી નથી.

લંકામાં જયારે મહાયુદ્ધ થયું ત્યારે કેટલાયે દિવસ સુધી એ ભયંકર હત્યા-કાંડ ચાલુ રહ્યો. આ પ્રસંગોમાં શ્રીરામનું કૌશલ્ય કંઈ ખાસ દેખાતું નથી. અલબત્ત એઓ મહાન યોદ્ધા હતા એમાં શંકા નથી; મહાપરાક્રમી હતા; પ્રખર નેતા હતા; પરંતુ એમનું અચૂક બાણ હતું છતાં રાવણ પોતે રણે ચડ્યો છતાં મરાયો નહિ. એમના ભાઈ કુંભકર્ણે વાનરસેનામાં ગભરાટ ફેલાવ્યો; સુગ્રીવને બગલમાં ઘાલી ખેંચી ગયો. મહાન-વીર ઇંદ્રજિતે બે-ત્રણ વાર શત્રુસેનાને મૂર્છામાં નાખી અને ખુદ રામ-લક્ષ્મણ પણ મરણતોલ થઈ ગયા. વિભીષણની સૂચનાથી હનુમાન ઊડ્યા અને મેરુપર્વત ઔષધિ સાથે ઊંચકી લાવ્યા ત્યારે ઠેકાણું પડ્યું. છેવટે રાવણ અને રામનું યુદ્ધ થયું ત્યારે રાવણે અતુલ પરાક્રમ દાખવ્યું અને આખરે રામને હાથે મરાયો. આ લંકાયુદ્ધમાં અચૂક અને અફર રામબાણનું કથન કેમ નથી એ સમજાતું નથી.

રામબાણનું ખરું રહસ્ય શું છે તે બાબત શંકા રહી જાય છે. કોઈ ભયંકર રોગ મટાડવા અમુક દવા બહુ સારી ગણાતી હોય તો આપણામાં એમ કહેવાય છે કે એ રામબાણ ઇલાજ છે. આમાં પણ રામનું બાણ અચૂક અને અફર છે એમ અલંકારયુક્ત અર્થ સમાયેલો છે. મને તો ખરો અર્થ એમ લાગે છે કે રામબાણ એટલે શ્રીરામના ધનુષ્યમાંથી છૂટેલું બાણ નહિ, પરંતુ એમના પ્રત્યે અન્યનું આકર્ષણ, પ્રેમ અને ભક્તિભાવનું તીર એ જ રામબાણ. સાચે જ ધનો ભક્ત કહે છે:

‘રામબાણ વાગ્યાં હોય તે જાણે.’

જેવી શ્રીકૃષ્ણની મુરલી તેવા શ્રીરામનાં બાણ.

એકનાથના જીવનનો એક પ્રસંગ છે:

એક દિવસ આગઝરતી લૂ વરસી રહી હતી ત્યારે કેટલાક બ્રાહ્મણો સાથે એ પણ ગોદાવરીતીરે સંધ્યાપૂજા કરતા હતા. એ જ વખતે માતાને શોધવા નીકળેલો એક બાળક નદીકિનારા પર આવીને જોરશોરથી રડી રહ્યો હતો. કિનારા પરના કાંકરા ને પથરાથી એ સખત દાઝતો હતો. બધાંએ આ દૃશ્ય જોયું; પણ એ બાળક હરિજનનું હતું એટલે એના પ્રત્યે ‘આઘો ખસ, આઘો ખસ’ કરી તિરસ્કાર બતાવીને પોતાની બપોરની સંધ્યામાં એ સહુ મગ્ન હતા. એકનાથથી આ જોયું ગયું નહીં. સંધ્યા કરવી રહેવા દઈ તુરત જ એ બાળક પાસે જઈ પહોંચ્યા; સ્નેહથી એને ઊંચક્યું. અને ગોદાવરી નદીના પાણીમાં ગોદમાં લીધેલા બાળકના બળબળતા પગ બોળી દીધા. બ્રાહ્મણો ચિત્કાર કરી ઊઠ્યા: ‘ઢેડને એકનાથ અડકે? અરે, ગોદાવરીમાં સ્નાન પણ કરાવે?’

આ સર્વેને એકનાથનો ઉત્તર એક જ હતો:

‘કોણ સ્પૃશ્યાસ્પૃશ્ય? આ તો માનવરચિત છે, ઈશ્વરની દુનિયામાં આપણે બધા જ એક છીએ.’

×

કબીરે એક સ્થળે કહેલું કથન ચોવીસે કલાક યાદ રાખવા જેવું છે. પોતાની જ જાતને ઉદ્દેશી એ કહે છે:

‘હે કબીર, તારી ઝૂંપડી કસાઈના મકાન પાસે છે તેની તારે શા માટે પરવા કરવી જોઈએ? જે જેવું કરશે તેવું ફળ ભોગવશે. તારે શા માટે ઉદાસ રહેવું જોઈએ?’

×

સ્ત્રીનું કર્તવ્ય

વ્યાખ્યાતા :
સાધ્વીશ્રી ઉજ્જ્વળકુંવર

વિદ્યા જોઈએ ત્યારે માણસ સરસ્વતીની પૂજા કરે છે; સંપત્તિની ઇચ્છા હોય તો લક્ષ્મીની સ્તુતિ કરવામાં આવે છે; શક્તિ માટે માતા કાળીને પ્રસન્ન કરાય છે. આમ વિદ્યા, સંપત્તિ કે શક્તિ સ્ત્રીપૂજામાંથી પ્રાપ્ત થાય છે. આ પૈકી એકેયની પ્રાપ્તિ માટે કોઈ દેવની પૂજા કરવામાં આવતી નથી; પશુઓમાં પણ સ્ત્રીજાતિની પૂજા થાય છે. સર્વ કોઈ ગાયમાતાની પૂજા કરે છે; કોઈ બળદને પૂજતું નથી. ગાય પવિત્ર મનાય છે અને તેમાં તેત્રીસ કરોડ દેવતાઓનો સમાવેશ કરવામાં આવે છે. આ રીતે દેવોમાં અને પશુઓમાં સ્ત્રી-પૂજા જ થાય છે; તેવી જ રીતે આર્ય સંસ્કૃતિએ મનુષ્યજાતિમાં સ્ત્રીજાતિને જ મહત્ત્વ આપેલું છે. સીતા–રામ, રાધા–કૃષ્ણ, ગૌરી–શંકર, આ બધાં નામોમાં સીતા, રાધા, ગૌરી વગેરે સ્ત્રીઓનાં નામો પ્રથમ છે અને પછી મહાન પુરુષોનાં નામો છે. 'માતા–પિતા' શબ્દમાં પણ પ્રથમ માતાનું નામ છે અને પિતાનું નામ પછી છે. સર્વ કોઈ માતા–પિતા, મા–બાપ, બા–બાપુ, એમ બોલે છે; પણ કોઈ પિતા–માતા, બાપ–મા, બાપુ–બા, એમ નથી બોલતું.

આ સર્વ જોતાં એમ લાગે છે કે સર્વત્ર સ્ત્રીઓ જ અગ્રસ્થાન ભોગવે છે. આપણા કવિઓ પણ એ જ વાત ગાઈ ગયા છે :

यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः ।
જ્યાં સ્ત્રી પૂજાય છે, ત્યાં દેવતાઓ ક્રીડા કરે છે.

લોકો સ્ત્રીજાતિને અબળા તરીકે સંબોધે છે. તેને અબળા તરીકે ઓળખવી, એ તેનું અપમાન કરવા બરાબર છે. સ્ત્રી એક મહાન શક્તિ છે, અબળા નહિ પણ સબળા છે. જો બળનો અર્થ પશુબળ કરવામાં આ તો પુરુષની અપેક્ષાએ સ્ત્રીમાં ઓછું બળ છે, એમ માનવામાં હરકત ન પરંતુ બળનો અર્થ નૈતિક બળ ઘટાવવા આવે તો પુરુષ કરતાં સ્ત્રી વધારે શ શાળી છે, એમ કબૂલ કરવું પડશે. અહિં સાની શક્તિ પુરુષ કરતાં સ્ત્રીમાં વધારે મહાત્માજી અહિંસક બળની આશા પુ કરતાં સ્ત્રી પાસેથી વધુ રાખતા હતા; પોનું મગજ ભલે વધારે વિકસિત હોય, પરંતુ સ્ત્રીના હૃદય-વિકાસને પહોંચી શકે તેમ નથી. સ્ત્રીનાં હૃદયમાં લાગણી અને સહાનુભૂતિનાં જે તત્ત્વો છે, તે તત્ત્વો પુરુષમાં બહુ ઓછા પ્રમાણ જોવામાં આવે છે. એક વિદ્વાને બરાબર કહ્યું છે કે પ્રેમ એ સ્ત્રીઓનો ખાસ ગુણ સ્ત્રીઓમાં સહજપણે આ ગુણ ખીલે જોવામાં આવે છે. એ રીતે નૈતિક બળ અહિંસક બળની દૃષ્ટિએ સ્ત્રી અબળા પણ સબળા જ છે.

સ્ત્રીનું આટલું બધું મહત્ત્વ હોવા આજે સ્ત્રીજાતિનું આટલું બધું પતન થવા પામેલું છે, તે પ્રશ્ન વિચારણીય આજની સ્થિતિ માટે કેટલેક અંશે અને અમુકાંશે પુરુષ જવાબદાર છે. પો શક્તિનું ભાન આજે સ્ત્રી ગુમાવી બેઠેલી પશ્ચિમની સંસ્કૃતિથી અંજાઈને તેનું આં અનુકરણ આજની સ્ત્રીજાતિ કરી રહેલી વિલાસસાગરમાં ડૂબી જઈને, પો કર્તવ્યનું તે ભાન ભૂલી ગયેલી છે. જાતિની આ દશા થવામાં પુરુષોએ સારો એવો ભાગ ભજવ્યો છે. સ્ત્રીને પો ગુલામ બનાવી રાખવા માટે તેને

શક્તિનું ભાન થવા દીધું નથી.

બહેનો એક સમયે સુષુપ્ત અવસ્થામાં હતી અને પુરુષોના ભોગવિલાસનું સાધન બની બેઠી હતી, પરંતુ મહાત્મા ગાંધીજીએ વિવિધ ક્ષેત્રોમાં આણેલી ક્રાંતિથી બહેનો પણ અલિપ્ત રહી શકી નથી. બહેનોમાં આજે ક્રાંતિ આવેલી છે, માત્ર જરૂર છે તે ક્રાંતિને યોગ્ય દિશામાં વાળવાની.

આ સ્ત્રીજાગૃતિનું બીજ આફ્રિકામાં મહાત્મા ગાંધીજીએ શુભ પળે વાવ્યું અને તે આજે આટલું વિકસિત થયું છે. આફ્રિકાની સરકારે કાયદો કર્યો કે ખ્રિસ્તી ધર્મ પ્રમાણે જેનાં લગ્ન થયાં હોય તે જ સ્ત્રી કાયદેસર પરણેલી ગણાય અને તેનાં જ બાળકો વારસાનાં હક્કદાર ગણાય. આ કાયદાથી હિંદીઓને ભારે નુકસાન થાય તેમ હતું; તેથી મહાત્માજીને થયું કે આ કાયદો રદ કરાવવો જોઈએ; પરંતુ આ કાર્યમાં સ્ત્રીઓ ભાગ લે તો સત્યાગ્રહ વધુ બળવાન બને, એમ મહાત્માજીને લાગ્યું. મહાત્માજીએ કસ્તૂરબાને આ દૃષ્ટિએ કહ્યું: ‘ અરે ! તું તો મારી રખાત છે ! ’

બાએ ચિડાઈને કહ્યું: ‘ એમ તે વળી કોણ કહે છે ? ’

બાપુએ બધી હકીકત સમજાવી અને પૂછયું: ‘ હવે તમે શું કરશો ? ’

બા કહે: ‘ અમે સ્ત્રીઓ તે વળી શું કરી શકીએ ? ’

બાપુ બોલ્યા : ‘ પુરુષો જેલમાં જાય છે તેમ તમે પણ તમારું ગૌરવ સાચવવા જેલમાં જાઓ અને કષ્ટ સહન કરો. ’

બાને આ શબ્દોથી શૂરાતન ચઢ્યું અને તેઓ તથા અન્ય સ્ત્રીઓ આ લડતમાં સામેલ થઈ અને જેલમાં પણ ગઈ. બાપુના આ શબ્દોથી જ સ્ત્રીજાગૃતિનું બીજ વવાયું છે અને આજે તો આટલું બધું ફાલ્યુંફૂલ્યું છે.

આજકાલ વિશ્વમાં સમાનતાની હવા ફેલાઈ રહી છે; આજે સ્ત્રીઓમાં પણ તે પ્રકારનું વાતાવરણ ફેલાતું જાય છે અને તેઓ પણ પુરુષોની બરોબરી કરવાનો પ્રયાસ કરે છે. આ અંગે બહેનોને મારે ચેતવણી આપવાની રહે છે. બહેનોનું કાર્ય પુરુષોની બરોબરી કરવાનું છે જ નહિ; પુરુષો કરતાં વિશેષ ગૌરવવંતું અને દિવ્ય કાર્ય બહેનોને સોંપાયેલું છે અને તે કાર્ય યથાયોગ્ય રીતે અદા કરવામાં જ બહેનોની મહત્તા છે.

પુરુષોની હિંસક વૃત્તિને પ્રેમનું જળ સીંચીને અહિંસક બનાવવાનું કાર્ય સ્ત્રીઓનું છે. સ્વચ્છંદી પુરુષોને સંયમી બનાવવાનું, નીતિમય વ્યવહાર પ્રતિ આદર કેળવવાનું કાર્ય સ્ત્રીઓનું છે. પુરુષ સમોવડી બનીને નહિ, પરંતુ પોતાને સોંપાયેલાં આ વિશિષ્ટ કાર્યો અદા કરીને જ સ્ત્રીઓ આ દુનિયાને સ્વર્ગ સમ બનાવી શકશે.

એક જમાનામાં ગાર્ગી અને મૈત્રેયી જેવી વિદુષી સ્ત્રીઓ હતી, જેમની પાસે પુરુષો પણ જ્ઞાન લેવા માટે જતા. ઝાંસીની રાણી જેવી સાહસિક વીરાંગનાઓનાં પરાક્રમો પણ ઇતિહાસમાં સુપ્રસિદ્ધ છે. આજે પણ રાજકુમારી અમૃતકુંવર હિંદની મધ્યસ્થ સરકારના પ્રધાનપદે છે. સરોજિની નાયડુએ ગવર્નર તરીકેનું સ્થાન શોભાવ્યું હતું; વિજયાલક્ષ્મી પંડિતે અમેરિકા ખાતેના હિંદી એલચી તરીકે હિંદનું ગૌરવ વધાર્યું હતું. બહેનોએ આ આદર્શોને દૃષ્ટિ સમીપ રાખીને, વિલાસને તિલાંજલિ આપવી જોઈએ; ઘરના ક્ષુદ્ર કજિયા–કંકાસમાં અટવાઈ જવાને બદલે, પોતાને સોંપાયેલી વિશિષ્ટ ફરજો અદા કરવા તત્પર બનવું જોઈએ.

પુરુષોની બુદ્ધિનું આજે દેવાળું નીકળી ચૂકયું છે. પચીસ વર્ષના ટૂંકા ગાળામાં બે વિશ્વયુદ્ધ લડાઈ ચૂકયાં છે અને ત્રીજા વિશ્વ-

યુદ્ધના ભણકારા વાગી રહ્યા છે. અણુબૉમ્બ અને હાયડ્રોજન બૉમ્બની વાતોમાત્રથી આજે દુનિયા ત્રાસી રહી છે. પુરુષોએ આજે આર્થિક-અસમાનતા ઊભી કરી છે અને તેને પરિણામે એક બાજુ ધનના ઢગલા અને બીજી બાજુ બટકું રોટલો મેળવવાનાં ફાંફાં જેવી વિષમ પરિસ્થિતિ પ્રવર્તી રહી છે. પ્રેમમય વાતાવરણ અને નીતિમય વ્યવહારનો આજે અભાવ જોવામાં આવે છે. આ પરિસ્થિતિમાં સ્ત્રીઓ પુરુષોની સમોવડી બનીને, વિષમ પરિસ્થિતિને શું વધુ વિષમ બનાવવા ઇચ્છે છે? સ્ત્રીઓનું કાર્ય પુરુષ સમોવડી બનવાનું નથી, પરંતુ પુરુષોએ બગાડેલા કામને સુધારવાનું છે.

આજે પુરુષોનું નૈતિક પતન થઈ રહ્યું છે; તેમાંથી તેમને બચાવવાનું કાર્ય સ્ત્રીજાતિનું છે. ભારતની ધર્મપરાયણ બહેનો વિચારે કે તેમને મોજશોખમાં રાખવા માટે, તેમના પતિદેવો પૈસો કેવી રીતે મેળવે છે? કેટલાં પાપો વડે તેનું ઉપાર્જન થાય છે? કેટલા ગરીબો અને અસહાય માણસોનું શોષણ કરીને તે પૈસો મેળવાય છે? આ બાબતનો જો બહેનો વિચાર કરે તો રેશમી કપડાંથી પોતાનું અંગ તેમને દાઝતું લાગશે; હીરા–મોતીના દાગીનાઓમાંથી ચિનગારીઓ ખરતી દેખાશે; મોટા મોટા બંગલાઓમાં રહેવું તેમને અસહ્ય જણાશે. આ રીતે મેળવાયેલા પૈસા વડે મેળવેલ ભોગાવલાસ માણવા કરતાં બહેનો સાદું જીવન જીવવું વધારે પસંદ કરશે; એટલું જ નહિ, પરંતુ નીતિ વડે જ ધન ઉપાર્જન કરવાની વૃત્તિ પોતાના પતિમાં કેળવશે.

બહેનોએ સમજવું જોઈએ કે કાળા બજારના પૈસાનો પોતે ઉપભોગ કરે છે, તેથી તે પાપની પોતે પણ ભાગીદાર બને છે. બહેનો નિશ્ચય કરે કે કાળા બજારની એક પાઈ પણ પોતાના ઘરમાં ન આવવી જોઈ તો કાળા બજાર, અનીતિ, અપ્રામાણિક વગેરે આવતી કાલે અદૃશ્ય થાય અને ભા તનું નૈતિક ઉત્થાન ફરી થવા પામે.

સ્ત્રી સ્નેહ, સેવા અને સહિષ્ણુતાની મૂ છે. નીરાશ બનેલાં હૃદયોમાં સ્ત્રી ઉત્સાહ રે શકે છે. નીરસ બનેલાં હૃદયોમાં પ્રાણસંચા કરનાર સ્ત્રી છે. પુરુષોનું વિશ્રામસ્થાન સ્ત્રી ઘવાયેલા હૃદયની સંજીવની પણ એ જ છે.

એક વાર શ્રી જવાહરલાલ નહેરુએ બહેનોની સભામાં કહ્યું હતું, કે 'હિંદ જખમી હૃદયનો ઇલાજ માત્ર સ્ત્રીઓ જ ક શકે તેમ છે. શરીર પરના ઘા રૂઝવવા દાક્તર મદદગાર બની શકે છે, પણ હૃદય જખમો તો સ્ત્રીઓ જ રૂઝવી શકે તેમ છે. શરીરના જખમો તો સમયના પ્રવાહ સાથે અદૃશ્ય થાય છે, પરંતુ હૃદયના ઘા રૂઝ વવાનું કાર્ય અત્યંત કઠિન છે. આ કાર્ય સ્ત્રી સિવાય કોઈ કરી શકે તેમ નથી; ભાંગેલ દિલને રાહત પહોંચાડવાનું કાર્ય સ્ત્રીઓ જ છે; પુરુષનાં મહત્ત્વનાં કાર્યો કરતાં સ્ત્રીનું આ કાર્યક્ષેત્ર અનેકગણું મહત્ત્વનું છે.

બહેનોની સૌથી મોટી જવાબદારી બાળ કોમાં ધાર્મિક સંસ્કારો નાખવાની છે. આપણો દેશ ધર્મપ્રધાન દેશ છે, પણ આ પશ્ચિમની સંસ્કૃતિના ચેપથી આપણી ધર્મ ભાવના ઘસાતી જાય છે. આજે જાણે આ ધર્મભાવનાને ક્ષયરોગ લાગુ પડ્યો હો તેમ તે દિન-પ્રતિ-દિન ક્ષીણ થતી જાય છે. ધર્મભાવનાને જીવતી રાખવી હોય તો કામ બહેનો જ કરી શકે તેમ છે. બહેનો હૃદયમાં હજુ તે ભાવના થોડેઘણે અં જાગૃત જોવામાં આવે છે. ધર્મ અને ની હિંદની મૂડી છે અને બહેનોનું હૃદય મૂડીને સાચવવાની તિજોરી છે. જો તમારા હૃદયની તિજોરીમાંથી ધર્મની મૂડી ચોરા

જશે તો ધર્મને સાચવવાનું સુરક્ષિત સ્થાન બીજું કયું રહેશે? ધર્મ સિવાય જીવન કે સમાજ ટકી શકે નહિ. આવતી પેઢીમાં ધર્મની ભાવના જવલંત રાખવાની તમારી જવાબદારીનો તમે ખ્યાલ રાખજો. પહેલાં તમારા હૃદયમાં ધર્મ પ્રતિ દૃઢ શ્રદ્ધા જન્માવો અને પછી એ ધર્મશ્રદ્ધા તમારાં સંતાનોમાં આપોઆપ ઊતરશે. અત્રે નિર્દેશ કરવાની આવશ્યકતા છે કે તમારી ધર્મશ્રદ્ધા અંધશ્રદ્ધા ન હોવી જોઈએ, પણ ખૂબ સમજણપૂર્વકની હોવી જોઈએ. સમજણપૂર્વકની શ્રદ્ધા જ ભારતને જીવંત રાખી શકશે, કેમકે ધર્મ એ જ ભારતનો પ્રાણ છે.

સ્ત્રીજાતિનું બીજું મહત્ત્વનું કાર્ય બાળકોમાં સંસ્કાર રેડવાનું છે. ભાવિ પ્રજાના ઘડતરનો બધો આધાર માતા પર જ છે; કેમકે બાળકનો બાલ્યકાળ માતાની ગોદમાં વીતે છે. તે ખાય છે માતાના ખોળામાં, રમે છે માતાની ગોદમાં અને સૂએ છે પણ માતાની સોડમાં. બાલ્યકાળમાં બાળક વધુમાં વધુ માતાના સહવાસમાં જ રહે છે; તેથી બાળકના જીવનનિર્માણનું કાર્ય માતા પર અવલંબે છે.

બાળકનું હૃદય કેમેરા જેવું હોય છે: સામે જે જે દૃશ્યો હોય તે તે કેમેરામાં પ્રતિબિંબિત થાય છે, તેમ બાળક જે જે જુએ છે તે તે પ્રમાણે તેનું જીવન ઘડાતું જાય છે. બાળકોનું હૃદય અનુકરણશીલ છે, તેથી માતાના વર્તનની અસર બાળક પર થાય છે. માતા જે પ્રમાણે વર્તશે તેનું અનુકરણ બાળક પણ કરશે. માતા ઇચ્છે તો પોતાના આચરણથી પુત્રને સદાચારી, શાંત, વીર અને ગંભીર બનાવી શકે. આચરણ એ દિવ્ય શક્તિ છે. માતાનું યોગ્ય આચરણ બાળકને પણ સ્વયંકર્તવ્યપ્રેરિત કરે છે.

કોમળ વસ્તુઓ પર પ્રભાવ શીઘ્ર પડે છે. કોમળ છોડવાને માળી ઇચ્છે તેમ વાળી શકે છે. માટીના કાચા વાસણને કુંભાર ઇચ્છાનુસાર આકૃતિ આપી શકે છે. કાચા વાંસને જોઈએ તેમ વાળી શકાય છે; તે જ પ્રમાણે માતા ઇચ્છે તે મુજબ પુત્રને બનાવી શકે છે. બાળકોની બુદ્ધિ, પ્રકૃતિ અને હૃદય સરળ હોય છે. સફેદ વસ્ત્ર પર જોઈએ તેવો રંગ ચડાવી શકાય છે, તેમ બાળકના હૃદય પર પણ જોઈએ તેવો રંગ ચડાવી શકાય છે. માતા બાળક પર ચડાઈને કે તેને મારીને પરાણે સદાચારી નહિ બનાવી શકે; પોતાના સદાચરણથી જ તે તેને સદાચારી બનાવી શકશે. બાળકનું જીવન તો ધાતુના રસ જેવું છે. માતાપિતાના જીવનરૂપ સંચો જેવા આકારનો હશે તેવા આકારમાં બાળકનો જીવનરસ રેડાશે. જો સામે દેવમૂર્તિનો સંચો હશે તો બાળકનો જીવનરસ તે સંચામાં ઢળી દેવમૂર્તિનો આકાર લેશે; સામે કોઈક પશુના આકારનો સંચો હશે તો તે રસ તેવો આકાર લેશે. રસ તો એકસરખો જ હોય છે, પણ તેના ભાવિ આકારનો આધાર સામેના સંચા પર છે. તેવી જ રીતે બાળકોનાં હૃદય સમાન રીતે પવિત્ર હોય છે, પણ તેમના ભાવિ ઘડતરનો આધાર માતાના જીવન પર રહે છે.

બાળકને સંસ્કારી બનાવવા માટે માતાએ સવારસાંજ બાળકને પાસે બેસાડી પ્રાર્થના કે પ્રભુસ્મરણ કરવું જોઈએ; બાળકોને ધર્મસ્થાનકમાં લઈ જવાં જોઈએ; સંત પુરુષોનાં દર્શન કરાવવાં જોઈએ; દીન–દુ:ખીને તેમને હાથે અન્ન–વસ્ત્રાદિ દેવડાવવાં જોઈએ. પશુપક્ષીઓની દયા તથા જીવજંતુઓના જતનના સંસ્કારો પણ રેડવા જોઈએ. બાળકોને વાતો સાંભળવાનો બહુ રસ હોય છે, તેથી તેમને મહાપુરુષોની

વાર્તાઓ કહેવી જોઈએ; મહાપુરુષોની વાતો તેમના જેવા બનવાની પ્રેરણા આપે છે.

સ્વામી વિવેકાનંદ નાના હતા, ત્યારે તેમના ઘરમાં રોજ બપોરે એક ડોશીમા રામાયણ, મહાભારત, ભાગવત આદિ ધર્મગ્રંથ વાંચતાં. વચ્ચે વચ્ચે બીજી ધર્મકથાઓ પણ કહેતાં. ઘરની અને આસપાસની સ્ત્રીઓ, ઘરના તમામ નોકર-ચાકર અને નાનાં બાળકો નિયમિત કથા સાંભળવા આવતાં. સ્વામી વિવેકાનંદ પણ કથા સાંભળતા અને ઘણીવાર તો કેટલીયે સાંભળેલી કથાઓ માતાને તે ફરી સંભળાવતા. આમ નાનપણમાં તેમને ધાર્મિક કથાઓ દ્વારા ધાર્મિક સંસ્કારો પડેલા. આ રીતે આજે દરેક ઘરમાં આવી ધર્મકથા વાંચવાનો રિવાજ હોય તો બાળકનું જીવન કેવું સુંદર ઘડાય! પણ ખેદની વાત છે કે માતાઓ આજે બાળકોને ધર્મકથાઓ સંભળાવવાને બદલે, તેમને થિયેટરોમાં તેડી જાય છે, જ્યાં મોટેભાગે બાળક કુસંસ્કાર ગ્રહણ કરે છે; ઘણાયે ચારિત્ર્યહીન અને બીડી આદિના વ્યસનવાળા માણસો તેની નજરે ત્યાં પડે છે અને તે વાતાવરણના સંસ્કારો બાળકના હૃદયમાં જાણ્યેઅજાણ્યે ઘર કરી બેસે છે. માતા પોતાના બાળકમાં સુસંસ્કાર રેડવા ઈચ્છતી હોય તો તેણે બાળકને આવા વાતાવરણથી દૂર રાખવું જોઈએ.

ઘણીવાર બાળકો શેરી કે મહોલ્લાનાં અસંસ્કારી બાળકો સાથે રમવાથી અપશબ્દો બોલતાં શીખી જાય છે; તેવાં બાળકોની સંગતમાંથી પણ બાળકોને બચાવી લેવાં જોઈએ. કુસંગત બાળક પર બહુ જ માઠી અસર કરે છે, માટે તેમને કુસંગતથી દૂર રાખવા માટે માતાએ જાગૃતિ સેવવી જોઈએ. હસીને, ધીમેથી અને મીઠાશથી બોલવાની ટેવ બાળકમાં પાડવી જોઈએ.

શિવાજી અને મહારાણા પ્રતાપને સિક બનાવનાર માતાઓ જ હતી; રાચાર્યને જ્ઞાનને શિખરે ચડાવનાર માતા જ હતી. મહાત્માજીને પણ કોણે બનાવ્યા? તેમની માતાએ જ. ત્માજી જ્યારે ભણવા માટે વિલાયત રહ્યા હતા, ત્યારે તેમની માતા તેમને દાસજી નામના એક જૈન સાધુ પાસે ગયાં અને માંસાહાર તથા દારૂના ત્યાગ તથા એકપત્નીવ્રત પાળવાની પ્રતિજ્ઞાઓ અપાવી. મહાત્માજીને માતાએ આ પ્રતિજ્ઞાઓ ન લેવડાવી હોત અને કદાચ વસ્તુઓના પાશમાં તેઓ ફસાઈ ગયા હો તો તેઓ મહાત્માજી બની શકત ખરા! રાણી મદાલસાનો દાખલો સુવિખ્યાત છે. તેણે પોતાના સાત પુત્રોને મહાન ત્યા બનાવ્યા હતા. પારણામાં બાળકોને સુવાડ વખતે તે ત્યાગ અને આધ્યાત્મિક ભાવનાનાં હાલરડાં ગાતી. ખવડાવતી વખતે અને ડતી વખતે પણ તેવી જ ભાવનાનાં સંભળાવતી. આ રીતે તેણે સાત બાળકો ત્યાગના સંસ્કારો રેડ્યા અને સાતેયને ત્યા મહાત્મા બનાવ્યા. પોતાનાં સંતાનોને ઉ ચારિત્ર્યશીલ બનાવવા માટે બહેનોએ લસાનો આદર્શ અપનાવવો ઘટે છે.

બહેનોએ ઘરકામમાંથી નિવૃત્ત થયા મધ્યાહ્નનો ફુરસદનો સમય રચનાત્ કાર્યક્રમમાં પસાર કરવો જોઈએ; ગામગ ટામાં સમય વેડફી નાખવો કોઈ રીતે કારદાયક નથી. પ્રૌઢશિક્ષણ અથવા સેવાકાર્યોમાં ફુરસદનો સમય વ્યતીત જોઈએ.

બહેનોએ ઘર સ્વચ્છ, સુઘડ અને સ્થિત રાખવું જોઈએ. કોઈ વસ્તુ બગડે કે તેમાં જીવજંતુ ન પડે તેની ધાની રાખવી જોઈએ. દરેક કર્તવ્ય

બજાવવું જોઈએ. પ્રેમથી અને ધીરજથી પુરુષો રસ્તો ભૂલતા હોય ત્યારે તેમને પ્રેમથી સન્માર્ગે લાવવા પ્રયત્ન કરવો જોઈએ; સાસુ-સસરાની યથાયોગ્ય સેવા કરવી જોઈએ, તેમની સેવાની તકને જિંદગીનો અમૂલ્ય લહાવો સમજવો જોઈએ. દેરાણી, જેઠાણી અને નણંદો પ્રત્યે નાની-મોટી બહેન સમાન વર્તન રાખવું જોઈએ. ઘરનાં અને કુટુંબનાં સર્વ માણસોને વિનય તથા પ્રેમથી પોતાનાં બનાવી લેવાં જોઈએ. ગુલાબના પુષ્પ જેવાં બનીને, સારાયે કુટુંબમાં પ્રેમની સુવાસ ફેલાવવી જોઈએ.

ઘરને નંદનવન બનાવવા માટે પ્રેમ, ત્યાગ, વ્યવંહારકૌશલ્ય અને સ્વભાવના માધુર્યની જરૂર છે. મૂળ વસ્તુ પ્રેમ છે. પ્રેમ ઓછો હોય તો પાયો કાચો રહી જાય. ત્યાગ ન હોય તો ચણતર નબળું પડે. વ્યવહારકૌશલ્ય ન હોય તો સુખસગવડો પૂરતી ન મળે; સ્વભાવનું માધુર્ય ન હોય તો સૌંદર્યની ખામી રહે. આ ચાર વસ્તુનો સુમેળ થાય તો બહેનો ઘરને નંદનવન બનાવી શકે.

આ સ્થળે મારે પુરુષોને પણ બે શબ્દો કહેવાના છે: આજે સ્ત્રીઓને મોટેભાગે ભણાવવામાં આવતી નથી. 'સ્ત્રીને ક્યાં નોકરી કરવા જવું છે?' એમ કહીને બે ચોપડી બહેનો ન ભણે ત્યાં તેમને ઉઠાડી લેવામાં આવે છે. આ માન્યતા બરાબર નથી. સ્ત્રીજાતિને સોંપાયેલી વિશિષ્ટ ફરજો તે યથાયોગ્ય રીતે અદા કરી શકે તેટલું જ્ઞાન તો તેને આપવું જ જોઈએ.

જેમ રથ બે પૈડાં વગર ચાલી શકે નહિ, તેમ સ્ત્રીના સહકાર વિના એકલા પુરુષથી કોઈ કાર્ય થઈ શકે નહિ. સ્ત્રીજાતિને અશિક્ષિત રાખવામાં આવશે તો ગૃહસ્થાશ્રમરૂપી રથની ગતિ મંદ પડી જશે; માટે સ્ત્રીજાતિને આવશ્યક શિક્ષણ આપવાની વૃત્તિ પુરુષવર્ગે કેળવવાની જરૂર છે. જો કે આજે પુરાણી મનોવૃત્તિમાં પલટો આવ્યો છે, પરંતુ તેનું પ્રમાણ બહુ જૂજ છે અને સ્ત્રીઓનો મોટો વર્ગ આજે અશિક્ષિત અવસ્થામાં જ છે; માટે ગૃહસ્થાશ્રમી જીવનને સુખી અને પ્રગતિશીલ બનાવવા માટે બહેનોને આવશ્યક શિક્ષણ આપવાની જરૂર છે.

છેલ્લે મારે એ જ કહેવાનું છે કે બહેનો, તમે જ્ઞાન સંપાદન કરી, સરસ્વતી બનો; પરિશ્રમ અને ઉદ્યોગ કરી, લક્ષ્મી બનો; શક્તિ પ્રગટાવી પવિત્ર કાળી બનો; પ્રેમ અને માધુર્ય વડે સંસારને સ્વર્ગ બનાવો અને આ રીતે તમારાં જ્ઞાન, ઐશ્વર્ય તથા શક્તિનો વિશ્વને પરિચય આપો.

★

સુપ્રસિદ્ધ અમેરિકી નાગરિક ને ફોર્ડમોટર કંપનીના માલિક શ્રી હેનરી ફોર્ડને એના પાછલા દિવસોમાં એક પત્રકારે પૂછ્યું:

'આપને સર્વ પ્રકારનું સુખ છે. ધન છે, કીર્તિ છે, મોટાંમોટાં કાર્યો કરવાનું આપને ગૌરવ છે. છતાં શું કોઈ એવી ચીજ છે ખરી, જે આપ માનો છો કે આપને નથી મળી?' શ્રી ફોર્ડે જણાવ્યું:

'હા, મને ધન ને કીર્તિ મળ્યાં છે, પણ મૈત્રી નથી મળી શકી. મારા ધનને લીધે હું જનતાથી અલિપ્ત થઈ ગયો છું, આજે મારો કોઈ સાચો મિત્ર નથી. જો મારે ફરીથી જીવન શરૂ કરવાનું હોય તો પહેલું કામ હું સાચા મિત્રોની શોધનું કરું. પૈસા આપીને મિત્ર ખરીદાતો નથી, એ તો ખરીદાય છે, કેવળ આપણી જાત એને અર્પણ કરવાથી જ. હું એ કરી શક્યો નથી. વૃદ્ધાવસ્થામાં દિલ ખોલીને મારી સાથે મનભર વાતો કરે; સાહિત્ય, સમાજ ને રાજકારણની ચર્ચા કરે એવું કોઈ આજે મારી પાસે નથી; મને આમ મિત્રો તો મળ્યા, પણ તે કોઈને હું મારા પોતાના ન બનાવી શક્યો.'

×

જીવનજળ ઝાંઝવાં

પણે દૂરે દૂરે દેખાય, જીવનજળ ઝાંઝવાં રે;
કેમ આતમરસ છિપાય? જીવનજળ ઝાંઝવાં રે.

મારે દોડી દોડી દૂર ધાવું રહ્યું,
એનાં નીરને કો’દી ન રહાવું રહ્યું;

સરું હું ત્યમ સરતાં એ જાય, જીવનજળ ઝાંઝવાં રે;
ધસું હું ત્યમ ધસતાં એ જાય, જીવનજળ ઝાંઝવાં રે.

હવે પાયમાં જોર જરી યે નથી,
અને અંતરમાં યે ઉમંગ નથી;

તો ય દોડવું મારે સદાય, જીવનજળ ઝાંઝવાં રે;
દેહ થાકયે ન હુંથી થકાય, જીવનજળ ઝાંઝવાં રે.

મારો મારગ ક્ષણ ક્ષણ દીર્ઘ થતો,
દીસે કયાં ય વિરામનું ના સ્થળ કો;

મારી દૃષ્ટિ તો ત્યાં જ દોરાય, જીવનજળ ઝાંઝવાં રે;
જુએ જુએ ને પાછી મિચાય, જીવનજળ ઝાંઝવાં રે.

હૈયે જનમ જનમની તૃષા પ્રગટી,
એને પીવા ન અંજલિ એક મળી;

તો ય લેવા એ ધસવું સદાય, જીવનજળ ઝાંઝવાં રે;
એનો યોગ તો કદી યે ન થાય, જીવનજળ ઝાંઝવાં રે.

મારે જોવું ને દોડવું નિત્ય મથી,
હવે પાછા ય વળવાની હામ નથી;

ભલે પાંચે ય પ્રાણ વિલાય, જીવનજળ ઝાંઝવાં રે;
અને આતમરસ વિલાય, જીવનજળ ઝાંઝવાં રે.

‘બાદરાયણ’

ક્રિકેટ અને જીવન

લેખક :

શ્રી જ્યોતીંદ્ર દવે

રોજ કસરત કરવાનું છોડી દીધા પછી કેટલીક વાર કોક પહેલવાન કુસ્તી કરવા નીકળી પડે છે, તેમ ક્રિકેટ રમવાનું લાંબા વખતથી છોડી દીધા છતાં હું કોઈક કોઈક વાર મેચ રમવા ઊતરી પડું છું. થોડા દિવસ પહેલાં હું મેચમાં ઊતર્યો હતો. રમનારા બધા અલબત્ત મારા જેવા જ હતા. કેટલાક તો મારા જેવા પણ નહોતા. ક્રિકેટની રમતના મુખ્ય ત્રણ વિભાગ છે: બૅટિંગ એટલે બૅટ હાથમાં ઝાલી દાવ લેવાનું કાર્ય, બૉલિંગ એટલે દાવ લેનારની સામે બૉલ નાખવાનું કાર્ય અને ફિલ્ડિંગ એટલે મેદાનમાં ઊભા રહી રમનાર ફટકા મારે તેને અટકાવવાનો ને ફટકો ઊંચો હોય ત્યારે ક્વચિત્ તેને ઝીલી લેવાનો પ્રયત્ન કરવાનું કાર્ય. આમાં મારી કુશળતા શામાં છે તે હજી સુધી નક્કી થઈ શકયું નથી, પરંતુ પસંદગીની દૃષ્ટિએ કહું તો પહેલા વિભાગ પ્રત્યે મારી અભિરુચિ સૌથી વધારે હોય છે. બૉલ કોઈક વાર નાખવા મને ગમે છે. 'ફિલ્ડિંગ' કરવી એ બજારમાં જઈને શાકભાજી લઈ આવવા જેવું મને લાગે છે. માથે પડે તો કરું છું, પણ બનતા સુધી એ ટાળું છું; પરંતુ 'ફિલ્ડિંગ' એ કવિએ જેને માટે 'ટાળ્યાં તે કોઈનાં નવ ટળે, રઘુનાથનાં ઘડિયાં' એમ કહ્યું છે તે પ્રકારનું કર્મ છે, એટલે મારે ઘણી વખત અનિચ્છાએ પણ એ કાર્ય બજાવવાનું રહે છે. એવે પ્રસંગે રમનારથી ઘણે દૂર, તડકો ન આવતો હોય એવે સ્થળે, ઊભો રહીને સૃષ્ટિસૌંદર્યના નિરીક્ષણમાં હું ચિત્ત પરોવું છું. આપણે જે કામ કરતા હોઈએ તેમાં જ આપણું બધું ધ્યાન રોકી રાખવું, મનને, બીજે ભમવા ન દેવું એમ ડાહ્યા માણસો કહે છે. હું કબૂલ કરું છું કે હું પામર મનુષ્ય છું; મારાથી ચિત્તની આવી એકાગ્રતા સાધી શકાતી નથી. હું જે કામ કરતો હોઉં છું, તે સિવાય બીજા વિષય પ્રત્યે મારું ધ્યાન વારંવાર જાય છે. પણ તેનો અફસોસ મને થાય છે, તેના કરતાં બીજાઓને વધારે થાય છે.

મેચમાં ફિલ્ડિંગ ભરતી વેળા દૂર ઝાડ પર બેઠેલા કાગડાની લીલા નિહાળવામાં મને રોકાયેલો જોઈને અમારા પક્ષના નેતાને થયું, આને કંઈ કામ સોંપ્યું હોય તો એનું ધ્યાન રમતમાં રહે. આ કારણે તેમ જ જેને બૉલ નાખતાં આવડતા હતા તે બધા બૉલ નાખી નાખીને થાકી ગયા હતા અને કામ ન કરતો હોઉં ત્યારે થાકી ગયેલો હોઉં એવો દેખાતો હું આ પ્રસંગે બીજાઓના પ્રમાણમાં ઓછો થાકેલો દેખાતો હતો તેથી ઈર્ષ્યાની વૃત્તિથી પ્રેરાઈને એણે બૉલ નાખવાનું કાર્ય મને સોંપ્યું.

બૉલ નાખતાં મને નથી આવડતા એમ નહિ; રમનારની સામી બાજુના સ્ટમ્પ્સ આગળ ઊભા રહીને રમનારની દિશામાં બૉલ નાખવાના હોય છે અને તે એવી રીતે કે રમનાર બૉલને મારવા જતાં ચૂકી જાય ને બૉલ એની પાછળ રહેલા સ્ટમ્પ્સને અથડાય; એમ આ કંઈ બહુ મુશ્કેલ કામ નથી એમ મને લાગતું—બીજાને બૉલ નાખતાં જોતો ત્યારે; પણ હું પોતે જયારે બૉલ હાથમાં લઈને ફેંકતો, ત્યારે બધા શાણા પુરુષો સંજોગોમાં ફેરફાર થતાં પોતાના જૂના અભિપ્રાયનો ત્યાગ કરે છે, તેમ મારે મારો

અભિપ્રાય બદલવો પડતો. રમનારને તાકીને, તેના શરીરને બોલ કદાચ લાગી જાય તો પણ વાંધો નહિ, એમ બોલને કે બોલ ફેંકનારને કશું નુકસાન થવાનું નથી એવી શ્રદ્ધાથી બળપૂર્વક હું બોલ ફેંકતો. મારા બોલ રમનારની દિશામાં જતા—અચૂક જતા. પણ માણસને ઈજા કરવી એ મારો ધર્મ નથી એમ જાણે બોલને પોતાને લાગતું હોય તેમ એ રમનારથી બહુ દૂર રહીને ચાલ્યા જતા. ફાટક આગળ કોઈ ઊભો હોય ને ટ્રેનને પસાર થતી જોઈ રહે તેમ રમનાર પોતાની દિશામાં આવીને—છતાં દૂર દૂર ચાલ્યા જતા બોલને જોઈ રહેતો.

પહેલેથી જ આ જાતના બોલ ફેંકવાની મને ફાવટ આવી ગઈ છે, અને કોઈકવાર અલબત્ત, કોક જ વાર મને એમાં અણધારી સફળતા પણ મળતી. રમનાર અસાવધ રહેતા. બોલ મારી પાસે આવવાના જ નથી એવી ખાતરી થયેલી હોવાથી રમનાર, હું બોલ નાખતો હોઉં ત્યારે કોઈક જુદા જ વિચારમાં પડી જઈને બેધ્યાન બની જતો. અચાનક એકાદ બોલ સીધો પડી જતો. બેધ્યાન બનીને ઊભેલો રમનારો બોલને છેક એના મોં સુધી આવી પહોંચેલો જોઈને ગભરાઈ જતો, 'હેં! હેં!' એવો ઉદ્ગાર કાઢીને એ બોલને પહેલાં ફટકાવવા, પછી એ બને એમ નથી એમ લાગતાં એને અટકાવવા ને એ રીતે પોતાનો દાવ ટકાવવા પ્રયત્ન કરતો. પણ એ મોડો પડતો અને બોલ સ્ટમ્પ્સમાં સીધો ઘૂસી જતો. આમ કેમ બન્યું એ એનાથી સમજાતું નહિ. કોઈથી—મારાથી પણ સમજાતું નહિ, પણ અવારનવાર એમ બની જતું ખરું.

બોલ તો સીધા યે પડે ને વાંકા પણ પડે; સારા તેમ જ નઠારા બંને જાતના બોલ નાખરાઓના, પણ એમની વચ્ચે ફેર એટલો જ છે કે સારા બોલરના કોઈક જ વાંકા પડે છે અને નઠારા બોલરના જ સીધા પડે છે.

ક્રિકેટની રમત ઘણુભાગે માનવવ્ય જેવી છે. જે હમેશ સાચું બોલતો હોય જૂઠું નહિ બોલે એવી શ્રદ્ધા સૌને રહે છે તેમ જ મોટેભાગે જૂઠું બોલતો હોય છે સાચું નહિ બોલે એમ આપણને લાગે છે. પણ આમાં આપણે છેતરાઈએ છીએ. આપણને ખબર ન પડે તેમ સાચું બોલના કોકવાર જૂઠું બોલી નાખે છે, તો હમેશ અસત્યવાદી કોકવાર સાચું પણ કહી દે છે. જે હંમેશ સીધા બોલ નાખતો હોય તે બોલ આડા નહિ જાય એવી ખાતરી રમનારને હોય છે એટલે તે ખૂબ સાવધાનીપૂર્વક રમે છે. પણ મારી પેઠે જેના બોલ મોટે ભાગે વાંકા જતા હોય છે તેનો કોઈ પણ બોલ સીધો ન પડે એમ માનવાની એ ભૂલ કરે છે. બોલનારની વાણી કયારેક સત્યનો ઉ કાઢે છે ત્યારે સત્ય બોલવા ખાતર એ વ ઉચ્ચારાયાં હોતાં નથી. એ બોલનારને આ સાચું છે એમ ખબર હોતી ન આકસ્મિક રીતે જ એના મોંમાંથી વચનો નીકળી જાય છે. એના પૂરતાં તો સત્ય વચનો એના પહેલાંના ઉદ્ગારો જ અસત્ય હોય છે અને સાંભળનાર એને અસત્ય તરીકે જ ગણી કાઢે છે. જ પ્રમાણે જેના હાથમાંથી વાંકા પડતા હોય છે, તેના બોલ કોકવાર પણ પડી જાય છે. પણ એ સીધા બોલ રીતે વાંકા જ હોય છે. એના હાથ છટકીને બોલ ગમે ત્યાં જાય છે. સ્ટમ્પ દિશામાં એ જાય છે, પણ સ્ટમ્પ્સની જવાનો એનો ખાસ ઉદ્દેશ હોતો ન એની આજુબાજુ ત્રણ સાડાત્રણ ફૂટ ગમે ત્યાં એ જાય છે. એમ કરવામાં

સ્ટમ્પ્સ સાથે એના મેળાપ પણ થઈ જાય છે. ઘડિયાળનું લોલક આમતેમ ગતિ કરતાં મધ્યબિંદુએ આવી પહોંચે છે, તેમ સ્ટમ્પ્સની ડાબી તથા જમણી બાજુએ ગતિ કરતાં કરતાં કોકવાર સ્ટમ્પ્સ સાથે એ ભટકાઈ પણ પડે છે.

ક્રિકેટની રમતનું આ ઊંડું રહસ્ય કોઈ પણ શીખનારને એના શીખવનારે શીખવ્યું હોતું નથી. કયા બૉલને કેવી રીતે રમવો એનું આખું શાસ્ત્ર છે, પણ તે બધાની પાછળ બૉલ નાખનાર હમેશાં સીધા બૉલ જ નાખશે એમ ધારી લેવામાં આવ્યું હોય છે. મારા જેવા અણઘડના હાથમાં બૉલ સોંપવામાં આવશે એવી ક્રિકેટના શીખવનાર કે એની શાસ્ત્રીય ચર્ચા કરનારને કલ્પના યે હોતી નથી; આમ સારો રમનાર પણ મારા જેવા નઠારા બૉલરને હાથે હાર ખાઈ જાય છે.

પણ આવું ક્વચિત્ બને છે. મોટેભાગે તો મારા બૉલ વાંકા જ પડે છે. આ જાતની દડા ફેંકવાની ક્રિયાને ક્રિકેટની પરિભાષામાં 'નેગેટિવ બૉલિંગ' કહે છે. ઘણા સારા બૉલરો પણ અમુક પ્રસંગે એનો આશ્રય લે છે. જ્યારે સામાવાળા રન ન કરી શકે તેમ જ જેમ બને તેમ વધુ વખત બગડે એવી યુક્તિ કરવાની હોય, ત્યારે આ પ્રકારના બૉલ નાખવાથી દાવ અપાવનાર પક્ષને ફાયદો થાય છે. રમત પૂરી થવા માટે વખત ઓછો હોય છે અને એટલા ટૂંક વખતમાં દાવ લેનારને સારા પ્રમાણમાં રન ભેગા કરવાના હોય છે, પણ બૉલ નાખનાર બૉલ એવી રીતે નાખે છે કે રમનારથી એ દૂરના દૂર રહે છે અને એનાથી ફટકો મારી શકાતો નથી.

આ જાતની 'નેગેટિવ બૉલિંગ'નો આશ્રય લેવો એ સારા ખેલાડીઓને શોભતું નથી. એને લીધે દાવ લેનારને પૂરતી તક મળતી નથી અને એને રમતમાં રાખીને રમવાનો લાભ ન મળે, એવી યુક્તિ કરવાથી રમત રમત રહેતી નથી, પણ રમતનો આભાસ માત્ર બની જાય છે એમ કેટલાકો કહે છે. આથી રમનારાઓ તેમ જ જોનારાઓ બંનેને અસંતોષ થાય છે. આવી મતલબની કેટલાક ટીકા કરે છે.

પરંતુ જરા ઊંડા ઊતરીને આપણે વિચાર કરીશું તો જણાઈ આવશે, કે આ વિષયમાં જ નહિ, પણ જીવનના લગભગ બધા જ વિષયમાં 'નેગેટિવ બૉલિંગ'ની જરૂર પડે છે, એટલું જ નહિ, પણ એનાથી સરવાળે સૌ કોઈને લાભ થાય છે. જેને લીધે મનુષ્યને સામાન્ય રીતે અસંતોષ થાય છે, તે જ કેટલીક વેળા એના સંતોષનું કારણ થઈ પડે છે.

નેગેટિવ બૉલિંગને લીધે હાથમાં બૅટ પકડીને રમનારને બૉલને ફટકાવવાની કે અટકાવવાની તક મળતી નથી એ જેટલું સાચું છે તેટલું જ એ પણ ખરું છે કે એથી એને દાવ ટકાવવાની પણ તક મળે છે. બૉલ સીધો પડે ત્યારે જેમ રમનારને માટે રન કરવાનો સંભવ રહે છે, તેમ એના 'આઉટ' થવાનો પણ સંભવ રહે છે.

માણસને જે મળે છે તેનાથી એને સંતોષ થતો નથી, પણ જે ન મળ્યું હોય તેની ઝંખના સતત એના દિલમાં રહે છે. प्राप्तं प्राप्तं उपासीत–જે જે મળી આવે તે બધું ભોગવો એમ મહાભારતકારે આપણને સલાહ આપી છે. જે જે મળે છે તે તો આપણે ભોગવીએ છીએ; પણ જે નથી મળતું તે આપણને ભોગવે છે. મળેલાનો કબજો આપણે લઈએ છીએ, અણમળ્યું આપણો કબજો લઈ બેસે છે. આથી હોય તેનાથી યે અને ન હોય તેનાથી યે એમ બેવડો અસંતોષ રહે છે. 'આ મને કેમ ન મળ્યું,'

એમ સુંદર સ્ત્રીને જોઈને અસંતુષ્ટ થયેલું પુરુષનું મન ઘરમાં ફરતી ગૃહિણીને નિહાળીને 'આ મને કાં મળી?' એમ બે રીતે દુઃખી થાય છે.

પણ અપ્રાપ્ત અને પ્રાપ્ત હમેશ અસંતોષ ઉપજાવે છે એવું નથી. એ તો જે રીતે જે મનુષ્ય એને જુએ તેના પર આધાર રાખે છે.

'આજે બીજી તારીખ છે એટલે આનંદની વાત છે;' મેં ઑફિસેથી ઘેર આવતાં શ્રીમતીને કહ્યું.

'એમાં આનંદ જેવું શું છે?' શ્રીમતીએ પૂછ્યું.

'આજે પહેલી નથી તે.'

'પણ આજે બીજી છે, એટલે પહેલી હોય જ નહિ.'

'બસ એ જ મારા આનંદનું કારણ છે.'

'તમે શું કહેવા માગો છો, તે સમજાતું નથી.'

'હું એમ કહેવા માગું છું કે આજે પહેલી તારીખ નથી અને બીજી છે, એથી આપણને ઘણો ફાયદો થયો છે. આજે બસમાં આવતાં મારું પાકીટ ઊપડી ગયું છે.'

'હેં? હેં? શું કહો છો?...પાકીટમાં પૈસા હતા?'

'અલબત્ત હતા જ.'

'પૈસા ગયા તો યે તમને આનંદ થાય છે?'

'ના, વધારે ન ગયા તેનો મને આનંદ છે.'

'એટલે? વધારે જાય એમ તમે ઇચ્છતા'તા?'

'ના હું ઇચ્છતો નહોતો, પણ વધારે જઈ શકયા હોત.'

'તે તો નાનું છોકરું પણ સમજી શકે એમ છે, એમાં તમે કહેવા શું માગો છો? પાકીટમાં વધારે પૈસા હોત તો વધારે જાત.'

'પણ વધારે ક્યારે હોત? મને વધારે પૈસા મળ્યા હોત તો. ગઈ કાલે જ મારી પાસે વધારે પૈસા હતા, કારણ કે મળ્યો હતો. આટલા જ માટે કહું છું આજે પહેલી નથી ને બીજી તારીખ છે મારા આનંદનો વિષય છે. ગઈ કાલે પા ઊપડી ગયું હોત તો આખો પગાર આજે આઠદસ કે બારપંદર કે પછી પચીસ જેટલા રૂપિયા ગયા હશે.'

'એટલે કેટલા રૂપિયા ગયા એ તમને ખબર નથી?'

'ના, બરાબર ખબર તો નથી, એટલી ખબર છે કે આખો પગાર ગયો નથી

શ્રીમતીને આથી બહુ સંતોષ થયો એમ લાગ્યું નહિ, પરંતુ મને પોતાને પાકીટ ગયું તેનું દુઃખ થવાને બદલે ગઈ ન ગયું તેનો આનંદ વધારે થયો.

આ પ્રમાણે જેનો યોગ જીવનમાં આ ને થતો નથી, તેનો વિયોગ પણ કેટલીક સમાધાનનું કારણ થઈ પડે છે. ટ્રેનમાં ભીડ હોય અને સ્ત્રીઓ માટે રીઝર્વ રા ડબામાં ઘણી જગ્યા ખાલી હોય ત્યાં 'હું સ્ત્રી નથી,' તેનું ભાન મને દુઃખદા લાગે છે. આખી રાત ગાડીમાં ઊભા કાઢવાને બદલે 'બૈરાંના ડબ્બામાં નિ સૂતાસૂતા જવાની કેવી લહેર પડત!' કે વિચારે, 'હે ભગવાન! તેં મને સ્ત્રી કેમ બનાવી,' એમ પણ કોઈક વાર મનમાં મનમાં હું બોલ્યો હોઈશ. પણ જ્યારે બાપનું ઘર છોડી પરણીને સાસરે કોઈક કન્યકાને કે સંતતિથી વીંટળા આધેડ ઉંમરની નારીને હું નીરખું છું ખાસ કરીને મારે કોઈને માટે રસોઈ બ વવી પડતી નથી–ખુદ મારે માટે પણ ન ત્યારે 'હું સ્ત્રી નથી' એનો મને સ્વાભા રીતે જ આનંદ થાય છે.

આમ ક્રિકેટની પેઠે જીવનમાં 'નેગેટિવ બૉલિંગ'નો આશ્રય આવશ્યક

પ્રારબ્ધની લીલા!

લેખક :

શ્રી કરસનદાસ માણેક

આખા ભારતવર્ષમાં જેની પાસે મૃતસંજીવની વિદ્યા હોય એવો તે એક જ હતો. ગમે તેટલા ભયંકર વિષના પણ ઉપચાર તેની પાસે હતા.

એનું નામ હતું કાશ્યપ.

એકવાર તેને કાને એક સમાચાર અથડાયા: 'મહારાજ પરીક્ષિતને થોડાક જ દિવસોમાં તક્ષક કરડવાનો છે.'

પહેલાં તો આ વાત તેના માન્યામાં જ ન આવી. મહારાજ પરીક્ષિત, અભિમન્યુ અને ઉત્તરાનો પુત્ર, ગાંડીવધન્વા પાર્થનો પૌત્ર, હસ્તિનાપુરના સિંહાસનનો સ્વામી, ભારતનો ચક્રવર્તી... એમ ક્યાં રેઢો પડ્યો છે એ કોઈ સામાન્ય માણસની પેઠે, કે કોઈ એરુ એને આભડી જાય! અને વળી તક્ષક કૈં આગળથી નોતરું આપીને ઓછો જ કરડવા આવવાનો હતો, વાજતેગાજતે!

કાશ્યપે તપાસ કરવા માંડી—'જાણકાર અને વિશ્વાસપાત્ર વર્તુલો'માં, તો એ વાત એમ નીકળી કે મહારાજ એકવાર મૃગયા કરવા ગયા હતા, ત્યાંથી મૃગને બદલે શાપ ઉપાડતા આવ્યા હતા.

એ જમાનામાં નર્મવૃત્તિ (અં. સેન્સ ઑફ હ્યુમર) કેંક ઓછી. ઋષિમુનિઓમાં તો નહિ જ, નારદ જેવા એકાદ બે અપવાદ સિવાય. શૃંગીઋષિની સમાધિસ્થ ડોકમાં મરેલા સર્પનો હાર વીંટાળતી વખતે, ભારતના સમગ્ર ઋષિકુલનો કે સમગ્ર બ્રાહ્મણવર્ણનો કે શૃંગીઋષિના કુટુંબનો કે છેવટે ખુદ શૃંગીનો પણ, દેહાંતદંડને પાત્ર કોઈ મહાભયંકર અપરાધ પોતે કરી રહ્યા છે એવું પરીક્ષિતને ભાન જ નહોતું! કેંક ચીઢમાં અને કેંક વિનોદમાં તેણે આમ કર્યું હશે. તે થાકેલો હતો, ભૂખ્યો અને તરસ્યો હતો; ઉતાવળો પણ હતો; તેનો શિકાર તેને હાથતાળી દઈને છટકી ગયો હતો—તેના બાણસોતો; અને શિકાર—મૃગયા એ તો ક્ષત્રિય તરીકે અને રાજવી તરીકે એનો ધર્મ હતો. શૃંગીઋષિ પાસેથી તેણે આમ પોતાના એક ધર્મકાર્યમાં જ મદદ માગી હતી. અને વળી મદદે ય તે એવડી શી મોટી હતી, જે એના બાણથી વીંધાયેલો પેલો મૃગ શૃંગીના આશ્રમની પાસે થઈને નાઠો હતો; તે કઈ દિશામાં ગયો તે જાણવા પૂરતી જ તો!

પણ ઋષિ હતા પોતાના ધર્મમાં રત, સમાધિસ્થ. આવે વખતે આશ્રમની નજીક થઈને કોઈ વીંધાયેલ મૃગ તો શું, પણ કોઈ મત્ત માતંગરાજ પણ નીકળે, તો તેની સુદ્ધાં તેમને ખબર ન પડે! ખબર નહિ શા માટે? કાલિદાસે દુષ્યંતની અનંગ-મૃગયા માટે

જ સમાધાનકારક થઈ પડે છે. એને લીધે ક્રીડાંગણ પર ધ્રૂજવાનું મળતું નથી તે સાચું, પણ આઉટ થવાનો ભય પણ ઓછો થાય છે; ન રમવા છતાં રમતનો આભાસ ચાલુ રાખી શકાય છે. દાવ લેનાર હવામાં બેટ ફેરવીને, બોલ નાખનાર વાંકા બોલ નાખીને, ફિલ્ડિંગ કરનાર બોલ અટકાવવાની તકલીફ લીધા વિના રમત રમ્યાનો આનંદ માણી શકે છે. આમાં જોખમ કશું હોતું નથી. જગત આભાસ માત્ર છે, તો આ જીવન-લીલાને આભાસ સમી જ ગણી એમાંથી મળતો આનંદ આ રીતે પણ કાં ન લેવો?

★

રંગમંચ સાફ કરવાના હેતુથી કુલપતિ કણ્વને આશ્રમની બહાર તગડી મૂક્યા હશે! એટલું કામ તો કણ્વને સમાધિમાં બેસાડ્યા હોત, તોપણ થઈ જાત!

બિચારા શૃંગી! એમને બાપડાને તો આ બધી રામાયણની કે ભાગવતની ખબર પાછળથી જ પડી. સમાધિમાંથી જાગ્યા પછી ચિરંજીવી શમીકે બધીયે વાત એમને માંડીને કરી, ત્યારે!

પરીક્ષિતે એમને, એટલે કે એમના સમાધિસ્થ શરીરને મૃગની દિશા પૂછી, સમાધિસ્થ શરીરે એ પૃચ્છાની સ્વાભાવિક રીતે જ ઉપેક્ષા કરી. રાજા ચિઢાયો, પણ તેની ધર્મવૃત્તિ સતેજ જ રહી. એ સતેજ ન રહી હોત, તો રાજાની ચીઢ તો બીજી અનેક રીતે અને વધુ હિંસક રૂપે વ્યક્ત થઈ શકી હોત!

રાજાએ એક મરેલા સર્પને ઋષિની પાસે પડેલો જોયો. કયાંથી આવ્યો હશે એ સર્પ બરાબર આ જ વખતે, ઋષિની નજીકમાં જ મરીને અનેકને મારવા માટે! અને મર્યો કેવી રીતે હશે તે? ઋષિના તપપ્રભાવથી સ્તો! ઓછામાં ઓછું, પરીક્ષિતને તો એમ લાગ્યું જ હોવું જોઈએ! સમાધિમાં બેઠાબેઠા પણ, આવા સર્પોને સંહારીને પોતાનું રક્ષણ કરી શકો છો, પણ આશ્રમની નજીક થઈને જતા-આવતા મૃગોની ખબર રાખી શકતા નથી, કાં? તો લ્યો!

પરીક્ષિતની પેઠે શમીકમાં પણ નર્મવૃત્તિ સતેજ હોત તો આ વાત આટલેથી જ અટકી જાત અથવા ઓછામાં ઓછું, આવડું ભયંકર રૂપ તો તેણે આપ્યા કર્યું ન જ હોત! પણ જગતથી દૂર રહેતા જુવાનિયામાં, જમાનાના ખાધેલા કોઈ ખુઢ્ઢા જેટલી સમતોલતા, સ્વસ્થતા, ઔચિત્યાનૌચિત્ય વિવેકવૃત્તિ કયાંથી હોય? બાપના ખભા ઉપર સાપનું મૃત શરીર જોઈને જ એ તો છેડાઈ પડ્યો. પિતા સમાધિ થી ઊઠે અને કૈંક પ્રકાશ પાડે તેની જોવા પણ એ ન રોકાયો; અધૂરામાં તેની પાસે તેના થોડાક સમવયસ્ક પણ હાજર હતા; બળતામાં ઘી હોમ આ મિત્રોની પાસે તેણે ઘણીયે વાર મારી હશે, પોતાના તપોબળની. પોત સામે, પોતાના સ્વજનની સામે કોઈ આં પણ ઊંચી કરે, તો એ આંગળી પણ એક જ ભ્રૂકુટિભંગથી સરગવાની એક શીંગમાં પલટી નાખવાની!

આ સ્થિતિમાં પિતાની ડોકે ઝૂલતા સર્પહારની સામે આંખ આડા કાન તે રીતે કરી શકે? અને એ કરવા ધારે તો દોસ્તદારો કરવા જ શાના દે! તેમને વગરખર્ચનું નાટક જોવાની એક અમૂલ તક સાંપડી ગઈ હતી, ઘેરબેઠાં! કોઈ કુ નાટકકાર રચી શકે એથી યે સરસ સંવિ અહીં રચાઈ ચૂકયું હતું, દેવાધિદેવ અકસ તને હાથે! નહિતર કયાં સમાધિસ્થ અને કયાં મૃત સર્પ અને કયાં એ યોગ કરાવી આપનાર પરીક્ષિત! પરા આણવા માટે હવે ફક્ત તેમના શબ્દોની જ જરૂર હતી. એ તેઓ શા પૂરા ન પાડે?

તેમાંના એકનું નામ હતું કૃશ. લાક ખડકલો ભાળ્યો કે હોળી ચેતાવવી જ, તેની ટેવને કારણે જ કદાચ એ સદા લકડી-કૃશ રહેતો હશે!

શમીકનો ઉશ્કેરાટ કૈંક ઓસરે પહેલાં જ આ કૃશ એને મેણાં ઝીંકવા માંડ 'તારા તેજસ્વીપણાની અને તપની ઠેકડી આ દશ્ય જો, ભાઈ શમીક! કયાં ગઈ મર્દાનગી? કયાં ગઈ દર્પભરી તારી એ ડંફા

બસ થઈ રહ્યું: જામગરીમાં તણખો ગયો. 'આજથી સાતમે દિવસે' પરીક્ષિ

પ્રાણ તક્ષક લે, એવી વ્યવસ્થા થઈ ગઈ.

કાશ્યપે એ આખી કથા, કટકે કટકે, સાંભળી અને એને પોતાની મૃતસંજીવની વિદ્યા યાદ આવી. એ સિદ્ધિ આવે વખતે કામ નહિ આવે, તો પછી કયારે આવશે? કીર્તિ અને કંચન-બંને, તેને લાયક પોતાની તમામ શકયતાઓનું પ્રદર્શન ભરીને ઊભાં હતાં. સંજીવનીનો ચમત્કાર તે બતાવે એટલી જ વાર! પછી એ આખાય પ્રદર્શનનો માલિક તે પોતે જ.

તે હસ્તિનાપુરની નેમ નોંધીને ચાલી નીકળ્યો. માર્ગ ઉપર મુસાફરોની ઠીક ઠીક અવરજવર હતી. શમીકના શાપની વાત ઘણાખરાની જીભ ઉપર ચઢી ગઈ હતી. એ સુલભક્રોધ મુનિપુત્રે ભૂતકાળમાં કેવા કેવા ચમત્કારો કર્યા હતા, તે તે ચમત્કારોનાં સર્જન વખતે પોતે જાણે હાજર જ ન હોય, એવી રીતે કોઈ કોઈ એમને વર્ણવતા જતા હતા. કોઈ 'એવા ભામટા તો અનેક પડ્યા છે; એમ જો શાપ ફળતા હોત, તો ભારતમાં કેવળ ભામટા જ બાકી રહેત અને છેવટે તેઓ પણ એકમેકને શાપ આપીને ખતમ જ થાત,' એવી મશ્કરીઓ કરતા કરતા પંથ કાપતા હતા; કોઈ વળી 'એ જ લાગનો છે, એ!' એમ કહી, પરીક્ષિતને મળેલા શાપનું સમર્થન કરતા હતા, તો કોઈ 'આટલો નાનકડો અપરાધ, અને આવડી મોટી સજા!' એમ કહીને જગતની રચનામાં પ્રવર્તતા અન્યાય સામે તત્ત્વજ્ઞ પણ લાચાર આંગળી ચીંધી રહ્યા હતા.

ટૂંકમાં બધાય જાણે પોતે કોઈ, અઘટિત ઘટના બની હોય ને પોતે પ્રારબ્ધલીલાના અસહાય સાક્ષીઓ હોય એવી રીતે વર્તતા હતા.

'પણ હું પોતે પણ કયાં પૃથગ્જનોનાં આ ટોળાંથી કોઈ જુદી જાતનો છું?' હસ્તિનાપુર અને પોતા વચ્ચેનું—અથવા કહો કે કંચનકીર્તિ અને પોતાની લોલુપતા વચ્ચેનું અંતર ઝપાટાભેર ઓછું કરી રહેલા કાશ્યપે પોતાના મન સાથે વાર્તાલાપ કરવા માંડ્યો.

'તું?' મન તેને પડકારવા માંડ્યું; 'તારામાં અને આ ટોળામાં હાથી-ઘોડા જેટલો ફરક છે!'

'કેવી રીતે?' જાણે મનને સામો સવાલ પૂછયો.

'કેવી રીતે!' મન જાણે તેના ચાળા પાડતું હોય તેમ બોલી ઊઠ્યું: 'આ ટોળું તો ખરેખર અસહાય છે. તક્ષકના વિષની સામે પોતાના મહારાજાનું રક્ષણ કરવાની તેમની હાર્દિક ઇચ્છા હોત તોપણ તે તેમ કરી શકતું નથી. ત્યારે તું તો વૈદરાજ છે: તારી પાસે તો કાતિલમાં કાતિલ સર્પદંશનો અમોઘ પ્રતિકાર છે.'

'એ છે માટે તો હું નીકળ્યો છું, ઘરમાંથી...મહારાજાનું જીવન બચાવવાનો સંકલ્પ કરીને,' એક આંખને સહેજ વાંકી કરીને તેણે પોતાનો બચાવ ઉચ્ચાર્યો—બીતાં બીતાં...

'હું આખા જગતને છેતરનાર, તેને તું છેતરી શકીશ?' મન ત્રાડી ઊઠ્યું.

'તું મહારાજાનું જીવન બચાવવા દોડ્યો છે કે કંચન કમાવા?'

'એક કાંકરે અનેક પક્ષીઓ મરતાં હોય તો વાંધો શો છે?' તેણે દુન્યવી ડહાપણની ફિલસૂફી ફેંદવા માંડી.

'વાંધો? વાંધો એક જ અને મોટામાં મોટો. એક કાંકરે અનેક પક્ષીઓને મારવા નીકળનારાઓ આખરે તો પોતાની જાતને જ મારે છે—એ જ કાંકરાથી!'

આજે તેનું મન કંઈક વધુપડતું વેદિયું બની ગયું હતું, એમ તેને લાગ્યું. તે તેને બોધ આપ્યે જ જતું હતું:

'અમૃતનો એક જ ઉપયોગ હોઈ શકે: મૃતને પુનર્જીવન બક્ષવાનો. એ વખતે કીર્તિ

અને કંચનની ગણતરી કરવા બેસવું એ અમૃતનું અપમાન કરવા બરાબર છે !’

‘ચૂપ રહે વૈદિયા ઢોર !’ દલીલથી કંટાળેલા કાશ્યપે મનને એક તમાચો મારીને શાંત કરવાનો પ્રયત્ન કર્યો.

પણ મન જેનું નામ. તમાચાઓથી એની ખંધાઈ કે વાચાળતા ઓછાં જ ઓછાં થવાનાં હતાં !

પડછાયાની પેઠે કાશ્યપની પાછળ પાછળ ચાલતાં, તે માંડ્યું બડબડવા :

‘વાહ રે ધન્વન્તરિ વાહ ! વાહ રે સંજીવનીના સાધક વાહ ! સૃષ્ટિમાં સર્પદંશ શું આ પહેલીજ વાર થાય છે, તારા જીવન દરમ્યાન ? તે દિવસે પેલો ડોસો, બળબળતા બપોરે, ચોરને કાંધ મારવા ટાણે, ખેતરમાં હળ હાંકતો હતો, અને કોઈક કાળોતરાએ એને ફટકાવ્યો...અને...એનો ભત્રીજો દોડતો ને હાંફતો, તારે ઘેર પહોંચ્યો...ત્યારે...’

‘ત્યારે હું વામકુક્ષી કરવાની તૈયારી કરતો હતો. આંખો ઉપર શ્રીખંડના જમણનું ઘેન હતું...અને, અને...તું રકઝક કરતો રહ્યો...”

‘અને ડોસો મારી દવા વગર ઢીમ થઈને ઢળી પડ્યો, એ જ ને...સાચું છે ! અક્ષરશઃ સાચું છે. પણ મારે ય તે પેટ છે. ભાઈ ! મહામુસીબતે મેળવેલી વિદ્યાને એમ ચોરે અને ચૌટે ખળે અને ખેતરે વેરતો ફરું તો...’

‘વાટે ને ઘાટે, ના રે ના; તારી વિદ્યા તે કૈં વેરવા માટે છે ! એ તો છે વેચવા માટે–રાજાઓના મહેલોમાં અને શ્રીમંતોની હવેલીઓમાં.’

‘તું ગમે તેમ કહે,’ કાશ્યપે હાર્યા ભારતીયનું છેવટનું શસ્ત્ર ઉગામ્યું, ‘પણ તૂટીની કોઈ બૂટી નથી. એ ડોસાની બાજરી ખૂટી હશે માટે જ તો મારાથી વામકુક્ષીના મોહ નહિ મુકાયો હોય. નહિતર ક્યાં તેદી મો શ્રીખંડ ખાવો અને ક્યાં બળબળતે બપો એ ડોસલાને હળ હાંકવાની કુમતડી સૂઝી... અને ક્યાં એવે કટાણે ખેતરપાળનું ત્યાં નીકળવું...અને ક્યાં...! બધી પ્રારબ્ધની લી છે, ભાઈ !’

જિદ્દી મન સાથેના વાદવિવાદથી કાશ્ય એટલો બધો કંટાળી ગયો હતો કે છેલ્લ શબ્દો તેનાથી મોટેથી બોલાઈ જવાયા.

‘કાં મહારાજ, કેમના ?’ પ્રવાસી દેખાતા એક નવજુવાને આ ઉદ્ગારોનો લા લઈને કાશ્યપની સાથે વાર્તાલાપમાં ઝુકાવ્

કોણ જાણે ક્યારનો યે એની પાછળ પાછ ચાલ્યો આવતો હશે, એ !

‘આ...હસ્તિનાપુર તરફ !’ સહપ્રવાસી ને બેચાર નિમેષ પગથી તે માથા સુધી નીરખી લઈને કાશ્યપે જવાબ આપ્યો.

‘મહારાજ, પરીક્ષિતની વાત તો સાંભળ્ ને ! મોત નજીક હશે એટલે જ એને આવું સૂઝયું.’

‘જગત્ત જરૂર એમ ધારે !’ બીજાએ નથી જાણતા, એવું કંઈક પોતે જાણે છે એવા ભાવથી કાશ્યપે કહ્યું.

‘જગતને જવા દો, મહારાજ ! તમે ધારો છો ?’ સાથીએ જિજ્ઞાસા દાખવી.

‘હું ?’ પોતાના મન સાથે થોડીક મં લત કરીને કાશ્યપે જવાબ દીધો, ધારું છું કે મહારાજ પરીક્ષિતનું મો નજીક નથી !’

‘એટલે ? શું તક્ષક શમીકના શ્રા પ્રમાણે...?’

‘તક્ષક જરૂર શમીકનું વચન રાખશે... અને છતાં...’

‘અને છતાં પરીક્ષિત જીવતો રહેશે ! તો જબરા આશાવાદી લાગો છો, મહારાજ !’ હસતાં હસતાં સહયાત્રીએ ખડખડાટ

ટકોર કરી.

'જબરો કે નબળો, કોઈ પણ પ્રકારનો હું આશાવાદી નથી, બંધો,' સહયાત્રીના અટ્ટહાસ્યથી સહેજ પણ ડઘાયા વગર કાશ્યપે પોતાની જાત વિષે માહિતી આપવા માંડી: 'હું તો વાર-તકવાદી છું નર્યો!...પણ જવા દો. હવે ક્યાં ઝાઝા દિવસની વાર છે? જે થશે, તે આખું જગત જોશે!'

કાશ્યપે પોતાની ગતિને વધારી મૂકી. પણ પેલો નવો સહયાત્રી એમ ક્યાં તેનો કેડો મૂકે એમ હતો?

'જરા ધીરે ચાલો, મહારાજ! મને રસ પડે છે તમારી વાતમાં,' દોડીને સાથે થઈ જતાં તેણે કાશ્યપને આજીજી કરી.

'જગત શું જોશે?'

'ચમત્કાર!'

'કયા પ્રકારનો?'

'કે તક્ષકનો કરડ્યો પણ જીવી શકે છે!'

'કોણ સાધશે એ ચમત્કાર?'

'તેનું તમારે શું કામ છે? તમે નથી પરીક્ષિત કે નથી શમીક...?'

'પરીક્ષિત અને શમીક કરતાં પણ, તમે કહો છો તેવા ચમત્કારમાં મને વધુ રસ છે, મહારાજ!'

'કારણ?'

'કારણ કે હું તક્ષક છું. મારી હિંસક શક્તિને નિષ્ફળ બનાવે એવો...'

'એવો એક નુસખો મારી પાસે છે!' સંપૂર્ણ સ્વસ્થતા સાથે તક્ષકનું અધૂરું વાક્ય કાશ્યપે પૂરું કર્યું. 'જોવું હોય તો અબઘડી બતાવી દઉં! ડંખ દો...આ લીલાકુંજાર વડલાને!...તમે ખરેખર તક્ષક હો તો!'

આખા જગતની આંખ સામે એક ગંભીર ગજગ્રાહમાં ઊતરતાં પહેલાં પોતાના પ્રતિપક્ષીની તાકાત માપી લેવાની આ અણધારી તક તક્ષકને ઝડપવા જેવી લાગી. બ્રાહ્મણનો વેષ છોડીને તેણે પોતાનું અસલ રૂપ ધારણ કર્યું...અને જોતજોતામાં...

એક મહાભયંકર નાગના દંશથી પેલું લીલુંકુંજાર વૃક્ષ રાખનો ઢગલો થઈને પૃથ્વી પર પડ્યું.

'લ્યો મહારાજ! હવે બતાવો તમારો ચમત્કાર!' ફરી નકલી બ્રાહ્મણનું રૂપ ધારણ કરી તક્ષકે પડકાર ફેંક્યો.

અને એ પડકારનો છેલ્લો શબ્દ હજુ તક્ષકના મોંમાંથી હજુ પૂરો બહાર પણ નહોતો નીકળ્યો, ત્યાં તો રાખના ઢગલામાંથી પેલું લીલુંકુંજાર વૃક્ષ પ્રગટ પણ થઈ ગયું.

'અભિનંદન, મહારાજ! લાખ લાખ અભિનંદન મારાં!' અંતરની આગને અંતરમાં જ છુપાવીને તક્ષકે કાશ્યપનો વાંસો થાબડ્યો.

'રાખો રાખો હવે, તક્ષકજી! અત્યારથી હવે આપ મારા પર આમ ઓળઘોળ થવા માંડશો તો હસ્તિનાપુરમાં શું કરશો? સાચાં અભિનંદન તો તમારે મને હજુ હવે આપવાનાં છે—પરીક્ષિતને સજીવન કરીશ ત્યારે!'

'એ પણ આપીશ, વખત આવશે ત્યારે, મહારાજ!' કાશ્યપનું પાણી માપવાના એક મહાપ્રયાસ સાથે તક્ષકે આગળ ચલાવ્યું: 'પણ એવાં અભિનંદનોથી તમારું દળદર ઓછું ફીટવાનું છે? આમ જુઓ,' અવાજને બિલકુલ ધીમો કરી નાખીને તેણે પેટ ખોલવા માંડ્યું, 'પરીક્ષિત અંતે તમને શું નિહાલ કરી નાખવાનો છે?'

'લાખેક સોનામહોરો તો સહેજે જ આપશે,' કાશ્યપની લોલુપતાએ પોતાના માલિકની કીમત આંકી આપી!

'કબૂલ, પણ હું તમને દશ લાખ સોનામહોર આપું તો?...તમે સમજી ગયા હશો, મહારાજ, આ મારી પ્રતિષ્ઠાનો સવાલ છે.'

'તો જેવું પરીક્ષિતનું પ્રારબ્ધ!' તક્ષકની 'ઑફર'નો તત્કાળ સ્વીકાર કરતાં કાશ્યપે કર્મનો સિદ્ધાંત સમજાવવા માંડ્યો, 'એની આજરી હશે તો એ મારા નુસખા વગર પણ...'

અને દશ લાખ સોનામહોરોનું ગાડું ભરીને પ્રારબ્ધની લીલા ગાતો ગાતો કાશ્યપ હસ્તિનાપુર જવાને બદલે પોતાને ગામ પાછો ફર્યો...

અને શમીકના શાપ અનુસાર, તક્ષકના વિષથી મૃત્યુ પામેલા પરીક્ષિતને, પ્રારબ્ધની લીલા ગાતું ગાતું તે વખતનું ભારત બેચાર દિવસ સંભારીને વીસરી ગયું!

આ વાતને, પુરાણકારોની ગણતરી પ્રમાણે, આજ લગભગ પાંચ હજાર વરસ વીતી ગયાં છે...

પણ મૃતસંજીવની સમી પોતપોતાની સિદ્ધિઓને પ્રારબ્ધની લીલા ગાતાં ગાતાં વધુમાં વધુ દ્રવ્ય આપનારને વેચીને, કાશ્ય વિષ વમતા તક્ષકોને મોકળું મેદાન આપનાર કાશ્યપોનો વંશવેલો હજુ એવો ને એવો લીલો છે...

ભારતીય સંસ્કૃતિની આધ્યાત્મિક અને સાત્ત્વિકતાની ગૌરવગાથા ગાતાં આપ જીભ કદી ધરાતી જ નથી...

પણ દધીચિ અને શિબિ, જનક અ ભગીરથ, ગાર્ગી અને મૈત્રેયી યાજ્ઞવલ્ક્ય પત્ની આદિની સાથે સાથે...આવા કાશ્ય નું નામસ્મરણ પણ કદી કદી કરતા રહે જોઈએ...આપણી નમ્રતાને ટકાવી રાખ માટે.

☆

ચીનમાં એક વાત અતિ પ્રચલિત છે:

ચીનની એક સિપાહી-ટુકડી યાત્રા કરી રહી હતી. એક સાંજે તેઓ એક સુકાઈ ગયેલા નાળા નજીકમાં રહ્યા. રાત્રે જ્યારે બધા સૂતા હતા ત્યારે અચાનક એમણે આકાશવાણી સાંભળી:

'આ ગરનાળાની નીચેથી મુઠ્ઠીભર પથ્થર ઉઠાવી લો. આમ કરવાથી તમને સુખ પણ મળશે ને દુઃખ પણ!'

સૈનિકોએ એમ કર્યું. બીજે દિવસે સહુએ મુસાફરી શરૂ કરી દીધી. બપોરે જ્યારે જમવા ને આરામ માટે મુસાફરી થંભી, ત્યારે એમાંના એક સૈનિકે પોતાના ખિસ્સામાંથી પેલો પથ્થર ઉપાડ્યો. સૂર્યપ્રકાશ અડકતાં જ એણે જોયું કે એ પથ્થર નથી પણ લાલ હીરો છે. બીજા સિપાહીએ પણ ગજવામાં જોયું પણ હીરો જ હતો; ત્યારે એણે વિચાર કર્યો:

'જે કોઈએ પણ એમ કહેલું કે આ મુઠ્ઠીભર પથ્થરથી સુખ પણ થશે ને દુઃખ પણ મળશે સાચું છે. એ વખતે તો આપણે આ પથ્થરોનો અર્થ સમજતા નહોતા, પણ હવે એ સ્પષ્ટ થઈ ગયું

એ ખુશ હતા કે એમને હીરામોતી મળ્યાં, પણ દુઃખ એ વાતનું હતું કે એ માત્ર મુઠ્ઠીભર મેળવી શકાયાં!

×

એક ધનવાન ખેડૂતના મૃત્યુ બાદ વારસામાં મળેલા મોટા ખેતરના ભાગ માટે એના બે વચ્ચે ખૂબ જ તકરાર થતી રહી. એ ખેતરના ભાગ કેમ પાડવા તેને માટે મહિનાઓ સુધી ઝઘડા એક સંબંધીએ ગામના એક ભગત પાસે જવાની સલાહ આપી.

'શું તમે બંને જણ મારો નિર્ણય માન્ય કરશો?' ભગતે વાત સાંભળી પ્રશ્ન કર્યો.

બંને પુત્રોએ એકમેકની સામે જોયું ને અંતે સલાહ શિરોમાન્ય ધરવાનું વચન આપ્યું; ભગત બોલ્યા:

'આ માટે કોરટ-દરબારે ચડવાની જરૂર નથી. સાવ સહેલો ઉપાય છે. તમારા બેમાંથી ગમે તે ભાઈ ખેતરનો ભાગ પાડો અને કયો ભાગ લેવો તેની પસંદગીનો પહેલો હક બીજાને આપો!'

×

નિસર્ગોપચાર

લેખક :
ડૉ. જે. એમ. જસાવાલા
એન. ડી; ડી.ઓ; ડી. સી. (ઇંગ્લેંડ)

નિસર્ગોપચારનો આશય કુદરતી બળો તથા શરીરની સંરક્ષણાત્મક રચના સાથે સહકાર કરીને દરદના ઉપચાર કરવાની બધી પદ્ધતિઓને સમગ્રપણે લાગુ પડવાનો છે. નિસર્ગોપચાર, આરોગ્ય અને દરદના પોતાના તત્ત્વજ્ઞાન ઉપર રચાયેલી વિશિષ્ટ ચિકિત્સાપદ્ધતિ છે. સામાન્યપણે લોકો માને છે તેમ નિસર્ગોપચાર ધૂન કે ગાંડપણભર્યા વિચારોનો સંચય નથી, તેમ જ જંગલમાં ફરી વસીને રાની જીવન ગાળવાની એ કોઈ યોજના પણ નથી. વ્યાખ્યા કરવી હોય તો તે આરોગ્યની પુનઃપ્રાપ્તિ અને જાળવણી માટે તથા ઝેરી દવાઓના ઉપયોગ કર્યા વિના શારીરિક વ્યાધિઓ મટાડવા માટેની નિયત ભૌતિક, રાસાયણિક, પ્રાણીશાસ્ત્રીય, માનસિક તથા આધ્યાત્મિક નિયમોને અનુસરતી કળા, વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને પદ્ધતિ છે.

વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને ધર્મમાં જે કાંઈ સારાં તત્ત્વો છે તેની પ્રતીતિ અને અમલ કુદરતી ઉપચારમાં છે. તંદુરસ્તી એ માનવપ્રાણીનો સૌથી મહાન આશીર્વાદ છે. માનવસુખનો એ સરવાળો છે. કોઈ પણ નિરીક્ષક પોતાના ઓળખીતાઓના વર્તુળમાંથી દાખલા ટાંકીને પુરવાર કરી શકશે, કે શરીરની તંદુરસ્તી વગર ધન, સિદ્ધિ, કીર્તિ બધું સુખ મેળવવા માટે નકામું છે. આ સુખ નિસર્ગોપચારથી ટકે છે ને વૃદ્ધિ પામે છે.

આરોગ્યની જાળવણી તથા પુનઃપ્રાપ્તિ માટે કુદરત જે મુખ્ય સાધનો વાપરે છે, તે ખોરાક, આરામ, કસરતો, સૂર્યપ્રકાશ અને તાજી હવા છે. જળોપચાર, વિદ્યુતોપચાર, માલિશ, શરીરનાં હાડકાં વગેરે બેસાડવાં (અં. કરેકિટવ મેનિપ્યુલેશન) અને અંગકસરત એ બધા ઉપચારો સામાન્ય શરીરચિકિત્સા(અં. ફિઝિયો થેરેપી)ની અંદર આવી જાય છે; અને કુદરતી ઉપચારને સહાય કરવા તથા વેગ આપવા માટે જ યોજાયેલ છે.

લોહીના હલનચલન પર એમની જે સ્વાભાવિક ક્રિયા થાય છે તેના વડે કુદરતને કેટલી સહાય મળે છે તેના પર આ ઉપચારોની અસરનો આધાર રહે છે.

નિસર્ગોપચારના મુખ્ય વિજ્ઞાનના સિદ્ધાંતો સંક્ષેપમાં નીચે મુજબ આપી શકાય :

દરદનું માત્ર એક જ કારણ હોય છે; જો કે દરદ જુદાંજુદાં ઘણાં સ્વરૂપોમાં દેખાવ દે અને તેની ઉગ્રતાની માત્રા પણ જુદીજુદી હોય. શરીરના અમુક ભાગમાં દરદ દેખાય છે તેનો તથા દરદના બાહ્ય રૂપનો આધાર વારસાગત અસરો, વય, વ્યવસાય, રહેઠાણ, ખોરાક અને આબોહવા પર રહે છે.

ઈજા તથા માનવજીવન માટેનું હાનિકારક વાતાવરણ બાદ કરતાં બધાં દરદોનું મૂળ કારણ કુદરતી નિયમોનો ભંગ હોય છે. વિચારમાં, શ્વાસ લેવામાં, ખાવામાં, પીવામાં, વસ્ત્રપરિધાનમાં, કામ કરવામાં, આરામ લેવામાં તેમ જ નૈતિક, સામાજિક અને જાતીય વર્તાવમાં આ નિયમોનો ભંગ કરવામાં આવે છે; તેને પરિણામે અમુક દરદ દેખાવ દે છે. વારસાગત રોગો અંગે કોઈને પણ લાગે છે કે રોગનું મુખ્ય

કારણ વારસો છે, પરંતુ હકીકતમાં તે પ્રાથમિક કારણ નહીં, પરંતુ અસર હોય છે. જો માતાપિતા સારી જીવનશક્તિ અને શુદ્ધ, તંદુરસ્ત રક્ત અને રેસાઓ ધરાવતાં હોય અને જો તેઓ તેમનાં બાળકોના જન્મ પહેલાં અને જન્મ પછીના ઉછેરમાં જરૂરી દીર્ઘ દૃષ્ટિ અને જ્ઞાન દાખવે, તો રોગના વારસાનો પ્રશ્ન જ ઊભો થાય નહીં. જેમાં વારસાગત વિકૃત વૃત્તિઓ પડી હોય તેવા કિસ્સાઓમાં માબાપો અથવા તેમના બાપદાદાઓએ અજ્ઞાનપણે કે બેફામ રીતે કુદરતના કાનૂનોનો ભંગ કર્યો હોવો જોઈએ. આવા ભંગને પરિણામે શક્તિ ઘટે છે અને લોહી તથા રેસાઓમાં બગાડો થાય છે. માનવ-શરીર તેના લાખો કોષો અને કોષસ્થાનો સાથે, ભિન્નત્વ પામતા જતા પુનઃઉત્પાદક (અં. રિપ્રોડક્ટિવ) કોષોની વૃદ્ધિને પરિણામે વિકાસ પામે છે.

શરીરની રચનામાં, કોષ–પદાર્થોમાં અને ક્રિયાવૃત્તિઓમાં રહેલી વિકૃતિઓનું પણ તેનાં સામાન્ય અંગોની પેઠે જ પુનઃઉત્પાદન થાય છે.

વારસાગત રોગની હકીકતો સ્થાપિત થઈ ગયા પછી પણ એક આશ્વાસન રહે છે: જો બાળકની નિસર્ગોપચારની પદ્ધતિ મુજબ સારવાર કરવામાં આવે, તો તેની વારસાગત વિકૃતિઓ ને ખોડખાંપણો તથા વૃત્તિઓ થોડાંક વર્ષમાં નાબૂદ કરી શકાય છે. જો બાળકને જીવનના ક્રમ તથા કુદરતના કાનૂનોને અનુરૂપ રહેણીકરણી અને સારવાર મળે તો તેનું જીવન પૂર્ણતાની વધુમાં વધુ નજદીક પહોંચી શકે.

'મને તાવ આપો અને હું દરેક રોગ મટાડી શકીશ,' એમ કહીને તબીબી શાસ્ત્રના પિતા હિપોક્રેટસે આજથી બે હજાર વર્ષ પૂર્વે રોગનિવારણનો મૂળભૂત કાનૂન હતો. નિસર્ગોપચારની હિલચાલના ડૉ. હેન્રી લિન્ડલેહરે પણ નીચેના આ જ કાયદો દર્શાવ્યો છે: 'દરેક ભારે કુદરતના શુદ્ધિ અને રોગમુક્તિ માટેના સોનું પરિણામ છે.'

આ કાયદાને લાગુ કરીને આપણે તારવીએ છીએ કે સાદી શરદીથી ને ઓરી, ગૂમડાં, જવર, ડિફ્થેરિયા, ન્યૂમોનિયા વગેરે બધા ભારે રોગો હાનિકર્તા ઝેરી પદાર્થને શરીરમાંથી કાઢવાના કુદરતના પ્રયત્નો જ છે. શબ્દોમાં માનવજીવનને સાનુકૂળ એવી સ્થિતિમાં રહેનારના તદ્દન તંદુરસ્ત માં ભારે રોગો થઈ શકે નહીં. દરેક વિકૃતિ જેવી કે ગૂમડાં, વિસ્ફોટકો નો અર્થ એ છે કે શરીરમાં રહેલા નકામા, હાનિકારક કે ઝેરી હોય એવા ર્થને જીવનબળ બહાર ધકેલી રહ્યું છે. એ કુદરતના સ્વશુદ્ધિના પ્રયાસોનો વિશિષ્ટ પ્રકાર છે. જેમાં તે શરીરમાં થયેલા કચરા કે ગંદા પદાર્થને પ્રવાહી વીને મળદ્વાર વાટે સહેલાઈથી બહાર નાખે છે. કુદરત બારીક રાસાયણિક મૂત્રપિંડ વાટે પેશાબ તરીકે અને છિદ્રો વાટે પ્રસ્વેદ અને ફેફસાં વાટે વાયુ જે ઝેર અને કચરાનો નિકાલ કરે છે તે શકાય એવાં ઓછાં છે.

નિસર્ગોપચાર આધુનિક સમયમાં શરીરના આગળ વધેલા જ્ઞાનને નથી તેમ જ ખોટી રીતે રોગજીવાણુ ઓળખાતા સૂક્ષ્મ જીવાણુઓના પણ ઇન્કાર કરતો નથી; પરંતુ તે તો છે કે આ રોગજંતુઓ રોગની નથી કરતાં, પરંતુ જ્યાં ખરાબ પદાર્થ છે, ત્યાં તેઓ દેખા દે છે અને ફાવે છે.

સુધી રોગને ફાલવાફૂલવા માટેની જમીન ન મળે, ત્યાં સુધી ચેપી રોગ લાગુ પડતો નથી.

એવો પ્રશ્ન પૂછી શકાય, કે 'જો ઉગ્ર રોગો કુદરતના રોગનિવારણના પ્રયત્નો બતાવે છે, તો લોકો તેને પરિણામે શા માટે મરે છે?' આનો જવાબ એ છે કે જીવનશક્તિ ઘણી જ ઓછી હોય, થયેલી ઈજા કે શરીરમાં વધી ગયેલો કચરો કે સજાતીય પદાર્થ વધારેપડતા હોય અથવા દરદીને અપાતી સારવાર અપૂરતી કે હાનિકારક હોય; તો કુદરત યુદ્ધમાં હાર પામે છે. છતાં પણ એ સત્ય છે કે ઉગ્ર રોગો દરદનાં કારણો દૂર કરવાના અને ત્યાર બાદ પૂર્વવત્ આરોગ્ય સ્થાપવાના કુદરતના પ્રયાસો સૂચવે છે.

આજે તબીબી વ્યવસાય પાસે જે ઘણી દવાઓ, મલમો, રસી, ઈંજેકશનો તથા નકામી શસ્ત્રક્રિયાઓ છે, તેના વડે કુદરતના રોગનિવારણના પ્રયત્નો ગૂંચવાઈ જાય છે; અસ્તવ્યસ્ત બને છે અથવા તો દબાઈ જાય છે. આ બધા ઉપાયોથી રોગ જડમૂળમાંથી જતો નથી, પરંતુ તેને બદલે ઉપરનાં ચિહનોમાં ફેર પડે છે કે તે દબાઈ જાય છે. કુદરતને થોડા સમય માટે મૂંઝવી શકાય, પરંતુ તે વહેલી કે મોડી ભારે દંડ વસૂલ કરે છે. આધુનિક સમયમાં જે જીર્ણ રોગો તથા વિકૃતિઓની વૃદ્ધિ દેખાય છે, તે કુદરતના રોગનિવારણના પ્રયત્નોને કૃત્રિમ સાધનો વડે દબાવવા, બદલાવવા કે અટકાવવા માટેની ભરપાઈ કરવામાં આવતી કીમત છે.

પરિણામે નિસર્ગોપચાર માને છે કે કુદરતના સ્વશુદ્ધિના વલણની આડે આવતા અંતરાયોને શકય એટલા દૂર કરીને તથા આખીયે શરીરરચનાની કક્ષા અને સ્થિતિને ઊંચી આણીને કુદરતના માર્ગને મોકળો કરી બધા પ્રકારના રોગો તથા અનારોગ્ય નાબૂદ કરી શકાય છે, જેથી કુદરતનો સ્વશુદ્ધિ અને પુનઃરચનાનો સિદ્ધાંત સલામતીથી અને સંપૂર્ણપણે પોતાનું કાર્ય કરી શકે.

માનવશરીર પાસે તેની પોતાની આત્મોપચારક શક્તિઓ છે. આરોગ્યની પુનઃપ્રાપ્તિ માટેની જરૂરી શરતોનું પાલન કરવામાં આવે અને તે માટે જરૂરી વસ્તુ મળતાં શરીર પુનઃરચનાની યોજના પાર પાડવા લાગે છે અને આના કુદરતી પરિણામરૂપે આરોગ્ય પ્રાપ્ત થાય છે. શરીરને તક આપવામાં આવે તો તે પોતાના રાસાયણિક પદાર્થો તૈયાર કરે છે. આ પદાર્થો કૃત્રિમ રીતે શરીરમાં દાખલ કરવાના પ્રયત્ન કાયમ માટે અસરકર્તા નીવડી ન શકે.

કુદરતની સ્વશુદ્ધિની જે વૃત્તિ છે તેને મદદ કરીને જ રોગનો ઉપચાર થવો જોઈએ.

નિસર્ગોપચાર માને છે કે રોગો અને દરેક પ્રકારનું અનારોગ્ય કુદરત માટે રસ્તો મોકળો કરવાથી જ નાબૂદ થઈ શકે તેમ જ અટકાવી શકાય. આને માટે કુદરતની સ્વશુદ્ધિની ક્રિયાને બાધક હોય એવા બધા અંતરાયો જેમ બને તેમ જલદીથી દૂર કરવા જોઈએ; તથા આખીયે શરીરરચનાની કક્ષા તથા સ્થિતિને ઊંચે આણવી જોઈએ, જેથી આ નૈસર્ગિક સ્વશુદ્ધિ અને પુનઃરચનાનો સિદ્ધાંત મુક્તપણે અને સંપૂર્ણ રીતે પોતાનું કાર્ય કરી શકે.

આપણે તંદુરસ્ત બનવા માટે જંગલી બનવાની જરૂર નથી, પરંતુ શરીરની જરૂરિયાતોની ઊંડી સમજ અને આધુનિક વૈજ્ઞાનિક સિદ્ધિઓના ડહાપણભર્યા ઉપયોગ વડે દરેક માણસ ગુલાબી તંદુરસ્તી અને દીર્ઘ જીવન પ્રાપ્ત કરી શકે છે.

નિસર્ગોપચારની સારવારમાં વપરાતી, આરોગ્ય પ્રાપ્ત કરવાની કેટલીક રીતિઓ નીચે મુજબ છે:

ખોરાક: આપણો સામાન્ય ખોરાક મરીમસાલાથી ભરપૂર હોય છે અને તે પોષણ આપવાને બદલે તેને રૂંધે છે; તેનાથી શરીરને સત્ત્વ મળતું નથી, માત્ર પેટ ભરાય છે અને પરિણામે શરીરમાં કચરો જામે છે. આ કચરો ક્રમશઃ આખીયે શરીરરચનાને બગાડે છે અને અનેક નવાં ચિહ્નોને જન્માવે છે.

આનો અર્થ એ નથી કે આરોગ્યની પુનઃપ્રાપ્તિ માટે કુદરત જે ખોરાક આપે તે જ ખાવાનું શરૂ કરી દેવું અને માત્ર કાચો જ રાંધ્યા વગરનો ખોરાક ખાવો. પરંતુ એનો અર્થ એ છે કે આપણે ખોરાકને રાંધવાનું, સાફ કરવાનું (અં. રિફાઈનિગ) અને એકત્રિત (અં. કોન્સન્ટ્રેટિગ) કરવાનું ક્રમશઃ ઓછું કરવું જોઈએ અને છેવટે આપણો સામાન્ય ખોરાક મુખ્યત્વે ફળફળાદિ ને કુદરતે તૈયાર કરેલો હોય એવો જ રહેવો જોઈએ.

ઉપવાસ: ઉપવાસની યોગ્ય સમજ મેળવીને તેનો પ્રયોગ કરવામાં આવે તો આરોગ્યની પ્રાપ્તિ માટે એના જેવો બીજો એક પણ ઉત્તમ ઉપાય નથી. આનો અર્થ એવો નથી કે દરેક દરદી માટે ઉપવાસ આવશ્યક કે ઇચ્છનીય છે. ઘણા કેસોમાં ખોરાકમાં ફેરફાર કરવાથી પણ સારાં પરિણામ મેળવી શકાય છે. દરદીને એવો ખોરાક લેવાની સલાહ આપવી જોઈએ કે જેથી શરીરમાં વધી પડેલા કચરાની સાફસૂફીના કાર્યને ઉત્તેજન મળે.

ઉપવાસ વિષે એટલી બધી ગેરસમજૂતી ફેલાયેલી છે, કે એ બતાવવું જોઈએ કે તે માત્ર શરીર તથા પાચનક્રિયાનો આરામ છે; જે દરમિયાન શરીર પોતાની બધી શક્તિ અંદર એકઠા થયેલા નકામા ઝેરી કચરાના નિકાલમાં રોકે છે. તે કોઈ પણ અર્થમાં ભૂખમરો નથી.

જળોપચાર: ઘણા પ્રાચીન કાળથી
નિવારણ અર્થે પાણીનો ઉપચાર કરવા
આવે છે. જળોપચારના વિવિધ પ્રકારો
જેવા કે ભીના પાટા મૂકવા, પેટ પર
ટુવાલ વીંટાળી રાખવો, સાદું અને
સ્નાન, ફુવારાસ્નાનને હુશ. જળોપ
યોગ્ય રીતે કરવામાં આવે અને તેની
શુદ્ધ સાત્ત્વિક ખોરાક લેવામાં આવે, તો
બીજા કોઈ પણ ઉપચાર કરતાં વધુ
કારક નીવડે છે.

માલિશ: માલિશ એક પ્રકારની
કસરત ગણાય છે. તે સખત થઈ ગયેલા
સૂજી ગયેલા ભાગોને નરમ અને ઢીલાં
છે. માલિશ રેસાઓમાંથી બંધિયાર
અશુદ્ધ લોહીને બહાર કાઢે છે અને
વાયુ તથા ખોરાકનાં તત્ત્વોથી ભરેલું
તાજું લોહી આણે છે; પરિણામે શરી
ઉદ્દીપનની ક્રિયા ઝડપી બને છે અને
વિજાતિય દ્રવ્યોનો નિકાલ સંપૂર્ણપણે થાય

**પદ્ધતિસરની શ્વાસોચ્છ્વાસની ક્રિયા
કસરતો:** જીવવું એટલે શ્વાસ લેવો
હલનચલન કરવું. શક્તિ સામાન્ય
માનવામાં આવે છે. તેમ માત્ર ખોરાક
નહીં, પરંતુ મુખ્યત્વે શ્વાસોચ્છ્વાસમાંથી
છે. કસરત યોગ્ય અને પૂરતી હોવી
સંપૂર્ણ રીતે યોગ્ય ખોરાક તથા તેની
બીજા ઉપચારો કરવાથી જ લાલચૂમ
રસ્તી પ્રાપ્ત થઈ નથી જતી, પરંતુ
વિકાસની પૂરતી તક આપવી જોઈએ.
શ્વાસોચ્છ્વાસ અને કસરત શરીર માટે
દાયી છે; એટલું જ નહિ, પરંતુ તેથી
પણ ફાયદો થાય છે. કસરતથી શરીર
નકામો કચરો એકઠો થયો હોય છે તે
જાય છે, નાશ પામે છે. તેની
રણની શક્તિ પણ આમાં જ સમાયેલી

વિદ્યુત અને લોહચુંબકત્વ: બધી

રચનાના પાયામાં આ બળો રહેલાં છે અને બધાં મહત્ત્વનાં અને જ્ઞાનતંતુઓનાં ચિહ્નોમાં એ અગત્યનો ભાગ ભજવે છે. વિદ્યુતનો ઉપયોગ કરવાની અસંખ્ય રીતોમાં લાલ પ્રકાશ, સૂર્યકિરણો, વિદ્યુતના ઉચ્ચ પ્રવાહો અને અન્ય વીજળિક ચિકિત્સા, વિદ્યુતપ્રસારિત ઉષ્ણ જળસ્નાન (અં. રેડિયન્ટ હીટ-બાથ), રંગીન કિરણો, ક્ષ-કિરણો વગેરે છે.

ઔષધો : નિસર્ગોપચારકો સામાન્ય ઔષધ-ચિકિત્સા, ઇંજેકશનો કે રસી મૂકવાનું સ્વીકારતા નથી; પરંતુ છોડ-મૂળના ઉપચારો, હોમિયોપથિક અને બાયોકેમિક ક્ષારો, માત્ર ઉપરનાં ચિહ્નોની સારવાર કરવા માટે નહીં, પરંતુ દરદીની મૂળભૂત સ્થિતિ સુધારવા માટે આપે છે.

નિસર્ગોપચાર દરેક દરદ અને કેસને માફક આવે તેવો છે; કારણકે કુદરતના રોગ મટાડવાના જેટલા ઉપાયો છે તેમાંનાં બધાં સારાં તત્ત્વોનો તેમાં સમાવેશ થયેલો છે. હઠીલાં દરદોમાં જો ધીમી પ્રગતિ થાય અને દરદ મટતાં સમય લાગે, તો નિસર્ગોપચારનો તેમાં કશો દોષ નથી. દરદના પ્રકાર તથા તે આગળ વધી જતા સુધી કુદરતી ઉપચાર લેવાને કારણે જ આ મુશ્કેલી ઊભી થાય છે.

જીર્ણ રોગ વર્ષો સુધીની કૃત્રિમ અને ખોટી રહેણીકરણી અને અવિચારીપણાનું પરિણામ છે અને તે એક દિવસ કે મહિનામાં મટી શકે નહીં. એનો અર્થ એવો નથી કે તે અસાધ્ય છે; કારણકે નિસર્ગોપચાર અને નૈસર્ગિક જીવનમાં સંપૂર્ણપણે સાજા થવાની દરેક તક હોય છે.

કુદરતી ખોરાકથી લોહીને પોતાનાં સ્વાભાવિક, જરૂરી તત્ત્વો યોગ્ય પ્રમાણમાં મળશે. જળોપચાર, માલિશ, રોગનિવારક કસરતો, ખુલ્લી હવા અને સૂર્યસ્નાન દ્વારા લોહી શુદ્ધ બને છે અને માનવશરીરનો દરેક કોષ વધુ સજીવ અને ક્રિયાશીલ બને છે અને આખાયે શરીરતંત્રને વિનાશ કરતા અને લોહીના માર્ગને રૂંધતા વિજાતીય, ખરાબ પદાર્થોને બહાર ફેંકી દેવા માટે જાગૃત કરે છે.

જીવનની મહાન શક્તિનું કાર્ય બરાબર થઈ શકે તે માટે માનસિક વલણ અને ઊર્મિતંત્ર પણ તેને અનુરૂપ અને પુરસ્કર્તા હોવાં જોઈએ. આના પર આખીયે માનવશરીરરચનાની શુદ્ધિ અને પુનર્જીવનનો આધાર છે.

દરેક કેસમાં પરિણામનો આધાર દરદીના સહકારભર્યા પ્રયત્ન પર રહેલો છે. તમે સાજા હો કે માંદા હો, પરંતુ નિસર્ગની સાથે તાદાત્મ્ય સાધીને જીવન જીવો.

*

રંગભૂમિ પર નાટક ચાલતું હતું. એક નટને ભાગે નીચેની પંક્તિ બોલવામાં આવી :

'ફક્ત એક અશ્વ, મારા રાજ્યના બદલામાં એક અશ્વ !' ઉપર બાલ્કનીમાં બેઠેલા શ્રોતામાંથી એક મશ્કરાએ પૂછ્યું :

'ગધેડો ચાલશે ?'

ચાલાક અભિનેતાએ જવાબ દીધો: 'હા, આવી જાઓ નીચે !'

*

નવલિકાની કલા

લેખક :

શ્રી ગુલાબદાસ બ્રોકર

અત્યારનાં ગદ્ય રૂપોમાં કદાચ સૌથી નવીન અને અત્યંત આકર્ષક રૂપ નવલિકાનું છે. તે જેટલું આકર્ષક છે એટલું જ રસદાયક છે, એટલે એ વિશે વિચાર કરનારને નવલિકાના વાચન જેટલો જ રસ એ પૂરો પાડે તેમ છે.

એનું નામ જ ઘણુંબધું સમજાવી દે છે. નવલિકા એટલે કે ટૂંકી વાર્તા. હવે વાર્તા એટલે શું તે તો આપણે બધાં જ સમજીએ છીએ. શ્રી. રામનારાયણ પાઠક કહે છે, કે ‘જીવને રસ વાર્તાનો.’ જીવનનો એ રસ તો આપણે બધાં છેક બાલપણથી માણતાં આવ્યાં છીએ; એટલે વાર્તા એટલે શું એ સમજાવવાની કંઈ કોઈને જરૂર પડે તેમ નથી. તેમાં શું શું આવે તે પણ આપણને ખબર હોય છે જ. તેમાં પાત્રો આવે: પછી ભલે તે છેક નાનપણમાં ચકાચકીનાં કે ઉંદરમામાનાં કે પરીનાં કે રાજકુમારીનાં હોય, કે કિશોરવયમાં લડવૈયાનાં ને શૂરવીરોનાં, ને જુવાની આવતાં સુંદરીઓનાં કે પ્રેમીઓનાં હોય; પણ વાર્તામાં પાત્રો આવે તે તો આપણે જાણીએ છીએ જ. ને પાત્રો બિચારાં એકલાં આવીને પણ શું કરે? તે એકલાં એકલાં, કશું તેમને બન્યા સિવાય કંઈ વાર્તામાં આથડતાં ન હોય. એમ એ આથડે તો આપણને તેમનામાં રસ પણ શો આવે? રસ તો કશું કંઈ ચમત્કારિક કે આનંદદાયક કે રસિક કે છેવટે કરુણ પણ બને તો જ આવે. ને કદી કોઈ પણ વાર્તા એવી હોય છે કે જેમાં કંઈ ને કંઈ બનતું જ ન હોય? એટલે વાર્તામાં બનાવો આવે એની પણ આપણને ખબર હોય છે જ.

પણ પાત્રો યે જુદાં ને બનાવો યે જુદા એવું કંઈ બને ખરું? એક બાજુ અમુક પાત્રો વાર્તામાં આવતાં હોય અને બીજી બાજુ કંઈ ને કંઈ બનાવો વાર્તામાં બનતા હોય, જેને એ પાત્રો જોડે કશો સંબંધ ન હોય, એવું તે કંઈ થાય? તો તો ગરબડગોટાળો થઈ જાય ને વાર્તામાં કંઈ અર્થ પણ ન રહે. બધું ગાંડું ગાંડું લાગે. એ તો વાર્તામાં જે પાત્રો આવતાં હોય અને જે બનાવો બનતા હોય તે અરસપરસ એકબીજા સાથે સંકળાયેલાં હોય તો જ વાર્તા બને. એવી પાત્રો અને બનાવોની અરસપરસની સાંકળ વિનાની કૃતિને વાર્તા કહેવાય જ શી રીતે?

એટલે એ બધું તો આપણે સમજીએ જ છીએ કે વાર્તામાં પાત્રો આવે, બનાવો આવે, એ બનાવો પાત્રો જોડે અને પાત્રો બનાવો જોડે સંકળાયેલાં હોય. એમાં કશું નવું નથી.

પણ અહીં જ કદાચ એક પ્રશ્ન ઊઠે. એ બધું તો ખરું, એ તો આપણે બધાં જ સમજીએ છીએ કે વાર્તામાં પાત્રો આવે, પ્રસંગો આવે, વસ્તુ આવે. પણ એટલે કંઈ નવલિકા થઈ જાય? નવલિકા એટલે શું?

એ પ્રશ્ન સાચો છે. પણ એમ તો કોઈ ક્યાં કહે છે કે પાત્રો, પ્રસંગો અને વસ્તુ કોઈ વાર્તામાં આવે એટલે એ નવલિકા કે ટૂંકી વાર્તા બની જાય? કહેવાનું તો એટલું જ છે કે વાર્તામાં આ બધું આવવું જોઈએ. ને નવલિકા પણ વાર્તા છે એટલે એમાં પણ એ બધું આવે જ.

પણ નવલિકા એટલે ટૂંકી વાર્તા. વાર્તા ખરી પણ તેનું નામ કહે છે તેમ ટૂંકી, લાંબી નહિ. વાર્તાઓ બધી, વાર્તાઓ હોવા

છતાં લાંબી લાંબી, મોટી મોટી યે હોય છે. 'સરસ્વતીચંદ્ર' કે 'ગુજરાતનો નાથ' જેવી, ને 'મુકુંદરાય' કે 'શ્રેષ્ઠ ત્યાગ' જેવી ટૂંકી ટૂંકી, નાની નાનીયે હોય છે, એ કોણ નથી જાણતું? એ મોટી વાતોને આપણે નવલકથા કહીએ છીએ અને આ નાનીને ટૂંકી વાર્તા અથવા નવલિકા.

પણ તો શું નવલિકા એ પેલી મોટી વાર્તા-નવલકથાની-નવલની, ટૂંકાણવાચક 'ઇકા' પ્રત્યય લગાડીને બનાવેલી નાની-એવી આવૃત્તિ જ માત્ર છે? 'ગુજરાતનો નાથ'ની વાતનો સાર ટૂંકાણમાં કરી જઈએ એટલે એ નવલકથામાંથી નવલિકા બની જાય?

ના, એમ ન જ બને. એ બન્ને એક-બીજાને આવરી લે એવા વાર્તાના પ્રકારો નથી પણ બન્ને તદ્દન સ્વતંત્ર કલાપ્રકારો છે. પણ આ 'નવલિકા' શબ્દ કોઈકવાર એવો ભ્રમ ઉત્પન્ન કરે એવો ભ્રામક છે એટલે તો આપણા ઘણાખરા ઉત્તમ વિવેચકો 'નવલિકા' શબ્દનો ઉપયોગ જ નથી કરતા, પણ એને માટે 'ટૂંકી વાર્તા' શબ્દ જ વાપરે છે. નવલકથા અને ટૂંકી વાર્તાના નમૂના જોવાથી એ બન્ને વચ્ચેનો ભેદ ઊડીને આંખે વળગે એવો સ્પષ્ટ દેખાય છે.

દાખલા તરીકે 'ગુજરાતનો નાથ' જુઓ: કેટલાં બધાં પાત્રો એમાં આવે છે? કાક, મંજરી, મીનળ, મુંજાલ, ત્રિભુવનપાલ, જયસિંહ, પ્રસન્ન, હેમચંદ્રાચાર્ય, ખેંગાર, રાણક, મંત્રી ઉદયન વગેરે અનેક ને બનાવો? પારવિનાના ને વર્ણનો? અદ્‌ભુત! જાણે વાંચતાં જ રહીએ ને ન ધરાઈએ એવાં અને એટલાં. ને વાર્તાનો પટ પણ કેટલો લાંબો પથરાયેલો છે? જાણે આપણે જીવનના એક લાંબા વિસ્તારપૂર્ણ ભાગને ન જોતાં હોઈએ! કેટલી બધી લાગણીઓનાં એમાં આપણને દર્શન થાય છે! કેટલી બધી વાતો આવે છે! કેટલા બધા બનાવોથી સમૃદ્ધ વર્ષો, એક પછી એક પોતાની લીલા ખેલતાં આપણી નજર સામેથી પસાર થતાં જાય છે!

અને 'મુકુંદરાય' જુઓ કે 'શ્રેષ્ઠ ત્યાગ' જુઓ. તેમાં શું આવે છે? પાત્રો તો છે 'મુકુંદરાય'માં મુખ્ય ત્રણ જ. મુકુંદરાય, ગંગા ને રઘનાથ ડોસા. બાકીનાં તો અમસ્તાં ઓડાં જેવાં આ ત્રણની વાતને શણગારવાને જાણે આવે છે. ને 'શ્રેષ્ઠ ત્યાગ'માં તો બે જ: પંડિત રઘુનાથ અને તેનો મિત્ર નિમાઈ. આચાર્યદેવ આવે છે, પણ તે તો નામના જ. ને બનાવો પણ બંને વાર્તામાં કેટલા થોડા આવે છે? વર્ણનો તો નામનાં જ. ને કથાનો પટ પણ કેટલા ટૂંકા ગાળાનો છે? વચ્ચે લાંબો ગાળો બતાવવો હોય તો તેયે કેટલું ટૂંકાણમાં એમાં પતાવી દેવામાં આવ્યું છે! ને છતાં...ને છતાં, એ વાંચીએ ત્યારે યે આપણાં હૃદય કેવાં હલી જાય છે, પેલી મોટી નવલકથા વાંચતાં હલી જાય છે તેમ જ!

એટલે એ બધાંથી એક વાત સિદ્ધ થાય છે કે નવલકથા હોય કે નવલિકા, પણ એની અસર સીધી આપણા હૃદય ઉપર થાય છે અને એ અસર બંને પોતપોતાની જુદી જુદી રીતે ઉપજાવે છે. આ વાત જરા સમજવા જેવી છે.

વાર્તા દ્વારા હૃદયને અસર થાય છે; કારણકે તે માણસજાતનાં સુખદુઃખ વિશે વાત કરતી હોય છે. માણસમાત્રમાં બીજાને દુઃખે દુઃખી થવાની અને સુખે સુખી થવાની, બીજાના ભાવો અનુભવવાની, તેની સાથે તાદાત્મ્ય અનુભવવાની એક જાતની કુદરતી શક્તિ છે. એ રીતે એ જીવનને સમજે છે અને તેનો મર્મ પકડે છે. એ જીવનનો મર્મ સમજાવવાનું, તેનું સૌંદર્ય પારખવાનું કલા નામનું સબળ વાહન માણસ જાતે વિકસાવ્યું છે અને સમૃદ્ધ કર્યું છે. એ વાહનના અનેક

પ્રકારોમાંનો વાર્તા પણ એક પ્રકાર છે.

વાર્તાના–નવલકથાના સ્વરૂપ દ્વારા એ વાહન જીવનના એક મોટા પટને પોતામાં સમાવે છે, અનેક માણસોનાં સુખદુઃખની, રાગદ્વેષની, જય-પરાજયની વાત એ આપણને લંબાણપૂર્વક કહે છે અને એ રીતે આપણને એ સુખદુઃખમાં ઓતપ્રોત કરીને પણ એ સુખદુઃખનાં ભાગીદાર જેવાં બનાવી દે છે અને આપણા હૃદયને અનેક ભાવોથી ભરી દઈ એ હોય એથી વધારે કોમળ, વધારે સમજદાર, વધારે સમભાવ અને સહાનુભૂતિભર્યું બનાવે છે. એ રીતે જીવનને સમજવામાં, તેના પ્રત્યે આર્દ્ર થવામાં એ આપણને મદદ કરે છે.

પણ નવલકથા તો જેની વાત કરતી હોય તેની જ કરે ને? વાત કરે મંજરીની અને કાકની અને એમને જેની સાથે લાગતું-વળગતું હોય એવાં પાત્રોની. ત્યાં એમાં વચ્ચે કંઈ બીજી આડીઅવળી વાત તો થોડી જ લવાય? નવલકથાકાર તો મોટો વિશાળ પટ લઈને વાત કહેવા બેઠો હોય એટલે એમાં આવતી બધી વાત તો એ કરે, પછી જીવનનો પટ તો એટલો બધો વિશાળ છે ને સાથે સાથે અટપટો અને અનેક પાસાંવાળો છે, કે ગમે તેવો સમર્થ માણસ વાત કરવા બેસે તો યે જીવનને સમજવાની અનેક નાનીમોટી વાતને એ એક જ જાતની વાતમાં કે વાર્તાઓમાં શી રીતે સાચવી શકે?

એ કામ ટૂંકી વાર્તા કરે છે. અનેક નાની વાતો હોય, જેમાં સમજવા જેવું ઘણું હોય, પણ જે નવલકથાના વાર્તાપ્રવાહમાં ગૂંથાઈ ન શકે, એનું વસ્તુ પોતે જ એટલું નાનું હોય કે એને નવલકથાનો ઘાટ આપી શકાય નહિ; છતાં એ કહેવા જેવું એવું હોય કે એ કહેવાથી જ જીવનનું આપણી સમજણમાં ઉમેરો થાય અને આપણું હૃદય વધારે સંસ્કૃત બને. તો એ કહેવાની કળા તે ટૂંકી વાર્તાની કળા.

જે વાત ટૂંકાણમાં કહેવાય એવી હોય એને લાંબી કરવાથી કંટાળો આવે એટલે ટૂંકી વાર્તાની કળાનું પહેલું નિશાન એ કે વાતને બને એટલી ટૂંકાણમાં જ કહેવી; જેથી વાંચનારને કંટાળો ન આવે, ને વાતનું પોતાનું જે વક્તવ્ય છે તે સચોટ રીતે કહેવાઈ જાય. વાત જ ટૂંકી કરવાની હોય ત્યાં લાંબાં લાંબાં વર્ણનો લેખક કરવા બેસે તો કેમ ચાલે? એટલે ટૂંકી વાર્તામાં વર્ણનો ઓછામાં ઓછાં હોય. વાત ટૂંકી ને પાત્રો ઝાઝાં એ તે કેમ પાલવે? એટલે ટૂંકી વાર્તામાં પાત્રો બને એટલાં ઓછાં જ આવે. સારો વાર્તાલેખક બે પાત્રથી ચાલતું હોય તો ત્રીજું એમાં ન ઉમેરે. ને ઓછાં પાત્રો, ઓછાં વર્ણનો, ઓછા શબ્દો જેમાં આવતા હોય એમાં બનાવોનો બોજો તે કેટલોક લાદી શકાય? એટલે ટૂંકી વાર્તામાં બનાવો પણ વાર્તાવસ્તુને સ્પષ્ટ કરવા જેટલા ઓછામાં ઓછા, જોઈએ તેટલા જ આવે. કેમકે આપણે ઉપર જોયું તે પ્રમાણે વાર્તાકારે વાર્તા કહેવી તે તો માત્ર બહાનું જ છે, માત્ર એક ઢાલ જ છે. જેથી આપણે એને કહેવું છે તે સાંભળી શકીએ; રસપૂર્વક સાંભળીએ એટલા માટે એણે વાપરેલી એક યુક્તિ જ માત્ર છે, પણ તેણે કરવાનું તો એ છે કે જીવન વિશે આપણી સમજણને વધારે ઊંડી કરવી અને જગત પ્રત્યે આપણા હૃદયને વધારે આર્દ્ર બનાવવું. વધારે કોમળ, વધારે સમભાવભર્યું બનાવવું. કોઈ પણ પાત્ર કે પ્રસંગ જોઈને એના હૃદયને એવો ભાવ થયો હોય ત્યારે એવો ભાવ આપણા હૃદયમાં ઉત્પન્ન કરવાનો

પ્રયત્ન એ વાર્તાના માધ્યમ દ્વારા કરે છે. નવલકથામાં મોટા પટ ઉપર એ એમ કરતો હોય છે એટલે બધી વાત બહેલાવી બહેલાવીને કહે છે; ટૂંકી વાર્તામાં પટ નાનો હોય છે અને મહત્ત્વની તો તેને કહેવાની વાત હોય તે જ હોય છે, એટલે એ ઓછામાં ઓછા શબ્દોમાં, ઓછામાં ઓછાં પાત્રોથી, ઓછામાં ઓછા બનાવોનું એવું ટૂંકું અવલોકન કરે છે, કે એમાંથી એણે જોયેલા જીવન વિશે એણે મેળવેલો ખ્યાલ આપણા હૃદયમાં સીધો પેસી જાય. એ ખ્યાલને સ્પષ્ટ કરવા, જેટલી સામગ્રીની જરૂર પડે તેટલી જ તે વાપરે છે.

આ વાતને આપણે દાખલાઓથી સ્પષ્ટ કરવા પ્રયત્ન કરીએ. ‘ મુકુંદરાય ’ જુઓ: લેખકના મનને ચોટ લાગી છે એક વાતની. કેટલાક વિદ્યાર્થીઓ પોતાની મોટાઈ બતાવવામાં, બીજા આગળ સારા દેખાવાનો ડોળ કરવામાં, પોતાની શક્તિ ન હોય તેવા પૈસાદાર હોવાનો દંભ કરવામાં, સારાનરસા લાગવાના તેમના તુચ્છ ખ્યાલોમાં કેટલા હૃદયહીન બની જાય છે, કે નથી તેમને પોતાના વૃદ્ધ પિતા વિશે કે તેમને માટે પ્રાણ પાથરતી તેમની વિધવા બહેન માટે કશી પડી હોતી. અને એમાંથી કેવી હૃદયભેદક કરુણા સર્જાય છે! કેટલા થોડા પ્રસંગોથી, પાત્રોથી, વર્ણનોથી, શબ્દોથી લેખક આ ભાવને આપણા હૃદયને હલમલાવી નાખે અને આપણી આંખોમાં પાણી લાવે એ રીતે કહી શકયા છે! એ રીતે ‘ શ્રેષ્ઠ ત્યાગ ’ની વાર્તા પણ જુઓ: છ પાનાંની એ નાની વાતમાં લેખક અહંકારની નિરર્થકતાનું અને હૃદયની ઉદારતાનું કેવું સચોટ દૃષ્ટાંત મૂકતા ગયા! માણસ બીજું બધું મૂકી દે છે પણ એની પાછળ એક સૂક્ષ્મ વાસના તો કામ કરતી હોય છે જ: કીર્તિની, સારા ગણાવાની વાસના. એનો પણ ત્યાગ એ તો સૌથી મોટો ત્યાગ છે, ને એ ત્યાગ, ખરો ત્યાગી માણસ કેટલી સહેલાઈથી કરી દે છે! એ વાંચતાં આપણા હૃદયમાં પણ ‘શ્રદ્ધા, ભક્તિ અને વિનમ્રતાનો ત્રિવેણીસંગમ’ ઉદ્ભવે છે.

એટલે ટૂંકી વાર્તા વિશે વિચારતાં આપણે યાદ રાખવું એ જ જરૂરી છે, કે વાચકના ચિત્તમાં એક સબળ સચોટ છાપ મૂકી જવી એ ટૂંકી વાર્તાનું કર્તવ્ય છે. અને એ છાપ જીવનનું કંઈ ને કંઈ રહસ્ય સ્પષ્ટ કરનારી, જીવન વિશે આપણને વધારે ઊંડી સમજ અને સમભાવથી જોવા ટેવ પાડે તેવી હોવી જોઈએ; એટલું કરવા માટે તેણે એ છાપ સ્પષ્ટ ઊઠે એ રીતે જ વાર્તાનાં પાત્રો-પ્રસંગો વગેરે ગોઠવવાં જોઈએ અને તે ઓછામાં ઓછાં રાખવાં જોઈએ. આ અને આથી વિશેષ ઘણુંયે ટૂંકી વાર્તાના સ્વરૂપ વિશે સમજવાનો એક માત્ર ઉપાય તે, જગતસાહિત્યની ઉત્તમ ટૂંકી વાર્તાઓનું અધ્યયન નિરંતર કરતાં રહેવું એ છે.

★

મારા એક કાકા ઘણા મશ્કરા છે, બાળકો સાથે ખૂબ હળીમળી જાય છે. એક દિવસ કોઈ એક છોકરાની વરસગાંઠના માનમાં એક સમારંભ ગોઠવવામાં આવ્યો હતો. એમાં એમને પણ આમંત્રણ મળ્યું હતું. ઘણા બધા નાનકડા મિત્રોને આનંદથી મળવાનો પ્રસંગ કેમ જતો કરી શકાય! એ તો ઘરમાં દાખલ થયા, બારણું ઉઘાડનારને કહી દીધું કે પોતે આવ્યા છે તેની જાણ કોઈને પણ કરવી નહીં. પછી બાજુના ખંડમાંથી છોકરાઓની વાતચીત આવતી હતી તે દરવાજો ખોલ્યો અને બે હાથ નીચા રાખી, ચાર પગે ચાલતા પ્રાણીની માફક એ ચાલવા લાગ્યા; ને ઘોડાની માફક હણહણવા લાગ્યા. ખંડમાં સ્મશાનશાંતિ પથરાઈ ગઈ હતી. એમણે ઊંચે જોયું પાંચ-છ માણસો અત્યંત આશ્ચર્ય ને કુતૂહલતાથી એમને જોઈ રહ્યા હતા! ઉત્સાહના આવેગમાં કાકા ઘર જ ભૂલ્યા હતા!

×

વિદ્યાર્થીઓની
પરીક્ષામાં ચોરી

લેખક :
અધ્યા. ભાઈલાલ પ્ર. કોઠારી
એમ. એ.

પ્રાથમિક, માધ્યમિક કે ઉચ્ચ શિક્ષણની પરીક્ષાઓમાં ચોરી થાય છે તેમ જ છેતરપિંડીના અનેક નવા પ્રયોગો યોજાય છે એ ઘટના આ દેશમાં નવી નથી. કેવળ હિંદમાં જ નહિ પણ દુનિયાના ઘણા દેશોમાં, જ્યાં જ્યાં શિક્ષણ સાથે પ્રવર્તમાન પરીક્ષાપદ્ધતિ સંકળાયેલી છે, ત્યાં ત્યાં ઓછે-વત્તે અંશે આ માનવસહજ નિર્બળતા જોવા મળે છે. જુદા જુદા દેશોના કેળવણીકારો અને આ વિષયમાં રસ લેતા નીતિમીમાંસકો આ પ્રશ્નની પ્રસંગાનુસાર છણાવટ કરતા રહ્યા છે; પરંતુ આ વિષે વિદ્યાર્થીઓનાં મંતવ્યો શાં છે, એ જાણવાના પ્રયત્નો આપણા દેશમાં હજી સુધી થયા હોય એમ મારા જાણવામાં નથી. અમેરિકા જેવો દેશ કે જ્યાં મનોવિજ્ઞાનશાસ્ત્રે પ્રયોગો દ્વારા ઘણી પ્રગતિ સાધી છે, ત્યાં આ વિષયને અંગે વિદ્યાપીઠના વિદ્યાર્થીઓનાં મંતવ્યો જાણવાનો પ્રયત્ન ત્યાંની આલ્બિયન કૉલેજના અધ્યાપક થોમસ એમ. કાર્ટરે કર્યો છે. આ પ્રશ્ન આપણા દેશના શિક્ષણને અંગે પણ ખૂબ મહત્ત્વનો હોઈ અધ્યા૦ કાર્ટરનાં અવલોકનો× આપણને ઉપયોગી થઈ પડશે એમ ધારું છું.

લેખક તરફથી પોતાની કૉલેજમાં ઉચ્ચ શિક્ષણનાં છેલ્લાં બે વર્ષોમાં અભ્યાસ કરતા ૪૪૩ જેટલા વિદ્યાર્થીઓ સમક્ષ નીચેની પરિસ્થિતિ રજૂ કરવામાં આવી હતી અને તે ઉપર તેમના અભિપ્રાય જાણવા માટે પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા:

'એકબીજાની બિલકુલ પાસે બેઠેલા બે વિદ્યાર્થીઓ એક પછી એક ત્રણ પરીક્ષાઓમાં પુછાયેલા એક જ પ્રકારના અમુક પ્રશ્નોના જવાબો એકસરખી રીતે આપે છે. જ્યાં એક ભૂલ કરે છે ત્યાં બીજો પણ તેજ ભૂલ કરે છે.'

ઉપર જણાવેલી પરિસ્થિતિને અંગે નીચેના સવાલો તેમને પૂછવામાં આવ્યા હતા:

(૧) માનો કે તમે શિક્ષક છો અને એક વિદ્યાર્થીએ બીજાના લખાણમાંથી ચોરી કરી છે એ વાત નિઃશંકપણે પુરવાર થઈ છે, તો તમે તેમની સામે શાં પગલાં લેશો?

(૨) આ પ્રકારની ચોરીને તમે પૈસાની ચોરી જેવી જ ચોરી ગણશો?

(૩) આવી ચોરી કરવામાં કયાં કારણો જવાબદાર છે?

આપણે પહેલો પ્રશ્ન લઈએ. 'માનો કે તમે શિક્ષક છો અને બે વિદ્યાર્થીઓએ ચોરી કરી છે એમ પુરવાર થયું છે, તો શિક્ષક તરીકે તમે તેમની સામે શાં પગલાં લેશો?'

૨૩૩ વિદ્યાર્થીઓએ આ પ્રશ્નના એવા જવાબો આપ્યા હતા કે જેમનો કાંઈ ઉપયોગ થઈ શકે. ચૌદ જણાએ કહ્યું કે આખા વર્ગ સમક્ષ આ પ્રશ્નની ચર્ચા કરી વર્ગનો અભિપ્રાય જાણવો જોઈએ. તેઓ એમ માનતા હતા કે ચોરી કરનારા સામેનો આખા વર્ગનો અભિપ્રાય એ જ ચોરી નિર્મૂળ કરવાનો ઉત્તમ ઉપાય છે. વિદ્યાર્થી પોતાના સહપાઠીઓના પોતાના વિષેના વિરુદ્ધ અભિપ્રાયથી ડરે છે અને આથી જ સંસ્થાનાં લેખિત કે વણલખ્યાં ધારાધોરણો વિરુદ્ધ વર્તન કરતા પહેલાં એનાં પરિણામોનો પણ વિચાર કરે છે.

× એ 'ધી ઇંટરનેશનલ જર્નલ ઓફ એથિક્સ'માં ૧૯૨૯માં પ્રસિદ્ધ થયાં છે.

સાડત્રીસ વિદ્યાર્થીઓએ સૂચવ્યું કે અમારા જેવો મત ધરાવતા બારેક વિદ્યાર્થીઓ આ બંને જણને અલગ અલગ મળે અને તેમણે કરેલા ગુનાની ગંભીરતા તથા તેનાથી થતી આખા વર્ગની શિસ્ત પર થનારી વિઘાતક અસર તેમના મન પર ઠસાવવાનો પ્રયત્ન કરે. જેણે પોતાના લખાણમાંથી બીજાને ચોરી કરવા દીધી તે પણ ચોરી કરનાર જેટલો જ ગુનેગાર છે એમ તેના મન પર ઠસાવી બંને કૃત્યો સરખી રીતે ધિક્કારપાત્ર લેખાવાં જોઈએ. શિક્ષકે આ વસ્તુ અંગે તે બંનેની વ્યક્તિગત જવાબદારીનું ભાન તેમને કરાવવું જોઈએ; એટલું જ નહિ, પણ સમસ્ત વર્ગની તેમ જ શાળાની શિસ્ત અને નીતિમત્તા સાથે તે કેટલી નિકટપણે સંકળાયેલી છે, તે પણ તેના ધ્યાન પર લાવવું જોઈએ.

પચીસ વિદ્યાર્થીઓનો મત એવો હતો કે આવી મુલાકાત માત્ર ચોરી કરનારની સાથે જ યોજવી જોઈએ અને તેમાં તેને ઠપકો તો આપવો જ જોઈએ, પણ તે સાથે શિક્ષકે, જો તે વિદ્યાર્થી ભવિષ્યમાં આવી ભૂલ નહિ કરે તો તેના આ ગુનાનો ક્ષમાદૃષ્ટિએ વિચાર થશે, એવું પ્રોત્સાહન પણ તેને આપવું જોઈએ. વળી આ મુલાકાતનું રહસ્ય બીજા વિદ્યાર્થીઓથી ગુપ્ત રહેવું જોઈએ, જેથી ચોરી કરનાર વિદ્યાર્થીને એમ લાગે કે પોતાના સહયોગીઓ પાસે માનભંગ થવાના કપરા પ્રસંગમાંથી પોતે બચી ગયો છે અને એ વાત માત્ર પોતે અને શિક્ષક બે જ જણ વચ્ચેની રહી છે. આ રીતે પેલા બાર વિદ્યાર્થીઓ ગુનેગારને પહેલા ગુના માટે શિક્ષા ન કરીને સુધરવાની એક તક આપે છે. આવા સંજોગોમાં કડક શિક્ષા કરવાથી કદાચ વિદ્યાર્થી ગુનો કરતો અટકી જાય પણ તેથી તેના માનસમાં કોઈ સુધારો થવાનો અવકાશ રહેતો નથી; એટલું જ નહિ, પણ એના મનમાં એક પ્રકારનો રોષ પોષાય છે, જે ભાવિ જીવનમાં કોઈ ક્ષેત્રમાં સત્તાને પડકારતા એક ઉદ્દંડ તત્ત્વ તરીકે બહાર પડે એવો પણ સંભવ છે.

અઠ્ઠાવન વિદ્યાર્થીઓએ સૂચવ્યું કે એ બંને વિદ્યાર્થીઓને મળતા ગુણ (અં. ક્રેડિટ્સ) ઓછા કરવા. ચોરી કરાવનાર પણ ચોરી કરનાર જેટલો જ ગુનેગાર છે, જેથી બંનેને શિક્ષા કરવાથી આખા વર્ગ પર તેની સારી અસર થશે. ચોરી કરાવનાર વિદ્યાર્થી પોતાનું લખાણ બીજાઓને ચોરી કરવા પ્રેરે તેવું ઊંચા પ્રકારનું છે, એ ખ્યાલથી પોતાનો અહંકાર પોષે છે.

ત્રણ વિદ્યાર્થીઓ એ મતના હતા કે આ બંને ગુનેગારોએ આખા વર્ગની માફી માગવી જોઈએ, જેથી બીજાઓ તેમ કરતા અટકી જાય.

ત્રીસ જણાએ સૂચવ્યું કે આ બાબત વિદ્યાર્થીસભા (અં. સ્ટુડન્ટ કાઉન્સિલ)ને સોંપો, જેથી તેનાં ધારાધોરણો અનુસાર તે સભા આ વિદ્યાર્થીઓને ઘટતી સજા કરશે. એમણે એમ તર્ક કર્યો કે આ વિદ્યાર્થીઓએ સંસ્થાના નિયમો વાંચ્યા છે; એટલે તેમનો ભંગ કરવાનાં જે પરિણામો હોય તે તેમણે સહન કરવાં જ જોઈએ. સંસ્થાના નિયમોનો યોગ્ય અમલ ન થાય તો એ નિયમો નિયમો જ મટી જશે.

સોળ વિદ્યાર્થીઓએ સૂચવ્યું કે શિસ્ત સભા (અં. ડિસિપ્લીન કમિટી) દ્વારા આ વિદ્યાર્થીઓને સંસ્થામાંથી દૂર કરવા જોઈએ; કારણકે તેમનાં કૃત્યોની હાનિકારક અસર વર્ગ ઉપર જ નહિ, પણ વિદ્યાર્થીસમાજ ઉપર પણ થશે, જે સંસ્થાએ ચલાવી લેવું ન જોઈએ. જો વિદ્યાર્થી આ જ રીતે પાસ થવાનો હોય તો એ વર્ગમાં હાજર હોય કે ન હોય એ, સરખું જ છે; માટે એને સંસ્થામાં ન

રાખવો જોઈએ. હવે આ કાઢી મૂકવાના પ્રશ્નની બાબતમાં એક પક્ષે એમ કહ્યું કે સંસ્થા આવા વિદ્યાર્થીને કાઢી મૂકે એનો અર્થ તો એટલો જ થાય કે સંસ્થા નૈતિક પ્રશ્નોનો ઉકેલ લાવી શકવા અસમર્થ છે અને જેઓ ચારિત્ર્યશીલ છે તેમને જ શિક્ષણ આપી શકે છે. એટલે કે વિદ્યાર્થીના ચારિત્ર્યઘડતરમાં જેનો ફાળો મહત્ત્વનો છે, તે જ સંસ્થા તે ચારિત્ર્ય ઘડવાની જવાબદારી પોતે ન અદા કરતાં બીજાના માથા પર નાખે છે. શાળા કે કૉલેજ જેવી સંસ્થા જો આ જવાબદારી સ્વીકારવાની તૈયારી ન બતાવે, તો બીજી કઈ સંસ્થા તે એટલી સારી રીતે કરી શકવાની હતી?

હવે આપણે બીજો સવાલ લઈએ. 'તમે એમ માનો છો કે પરીક્ષામાં ચોરી કરવાનો અપરાધ પૈસાની ચોરી કરવાના અપરાધ જેવો છે?'

આ સવાલના ઉપયોગ કરી શકાય તેવા જવાબો માત્ર ૧૪૭ વિદ્યાર્થીઓ આપી શકયા હતા. આમાંના એકસઠ વિદ્યાર્થીઓએ જણાવ્યું કે આ બંને કૃત્યો સમાનપણે અનૈતિક છે. તેમની વિચારસરણી આ પ્રમાણે હતી: છેતરપિંડી અને પૈસાની ચોરીમાં એક જ પ્રકારનો હેતુ રહેલો છે, અને તે છે વગરમહેનતનો લાભ. પરીક્ષામાં ચોરી કરનાર પૈસા ચોરીને સહેલાઈથી છટકી જઈ શકે તેમ હોય તો તે પણ કરશે. આ બે ક્રિયાઓમાં તફાવત સિદ્ધાંતનો નથી, પણ ચોરેલી વસ્તુનો છે. એકમાં માણસ પૈસા ચોરે છે, બીજામાં વિચારો. જ્ઞાન કે અમુક વિષયની માહિતી પણ દ્રવ્યની જેમ માણસ સ્વપ્રયત્ન દ્વારા પ્રાપ્ત કરે છે અને તેના પર બીજા કોઈની માલિકી નથી. માણસને પૈસાથી ખરીદી શકાય એવી કોઈ વસ્તુ જોઈતી હોય અને તેટલા પૈસાની તે ચોરી કરે એ બાબત તો કૉલેજના વર્ગમાં અમુક ગુણ મેળવવા માટે એક વિદ્યાર્થી બીજા વિદ્યાર્થીના લખાણનો ચોરી કરી ઉપયોગ કરે તેટલી જ નિષિદ્ધ અને નિંદ્ય છે.

દસ વિદ્યાર્થીઓએ જણાવ્યું કે પૈસાની ચોરીની અપેક્ષાએ પરીક્ષાની ચોરીનો તો ઘણો ઓછો બચાવ થઈ શકે. પોતાના મંતવ્યના સમર્થનમાં એમણે જણાવ્યું કે જે શિક્ષણસંસ્થામાં ગુણપદ્ધતિ (અં. ક્રેડિટ સીસ્ટમ) દ્વારા વિદ્યાર્થીની પ્રગતિ મપાતી હોય ત્યાં પરીક્ષામાં ચોરી કરનાર વિદ્યાર્થી, જેના લખાણમાંથી પોતે ચોરી કરે છે તેને જ નહિ પણ આખા વર્ગને અન્યાય કરે છે; કારણકે આથી વર્ગની સરાસરીનો આંક ઊંચો જાય છે અને જે બિચારાઓએ પ્રામાણિકપણે મહેનત કરી હોય તેમને ઓછા ગુણ મળે છે! આમ આવો ગુનેગાર ચોરી તો કરે છે, પણ તે ઉપરાંત છળકપટ પણ આદરે છે. પોતાનામાં જે લાયકાત નથી તે હોવાનો તે કેવળ દેખાવ કરે છે. પૈસાની ચોરી કરનાર પોતે પ્રામાણિક હોવાનો દાવો નથી કરતો.

છ વિદ્યાર્થીઓએ જણાવ્યું કે જેઓ બધી જ પરીક્ષાઓ ચોરી કે છળકપટથી પસાર કરે છે, તેઓ પૈસાચોરની જ કોટિના ગણાય; પણ કેટલાક વિદ્યાર્થીઓને અમુક અણગમતા વિષયો લેવા જ પડે છે અને જેમાં તેમને રસ હોતો નથી, એવાઓને એ કોટિમાં ન મૂકી શકાય. જ્યારે માણસ પોતાના પ્રાપ્તવ્યને માટે આવશ્યક છે તેટલો સાચો પ્રયત્ન જ ન કરે અને કેવળ છેતરપિંડીનો જ આશ્રય લે, ત્યારે જ તેને અપરાધી માનસવાળો ગણી શકાય.

સિત્તેર વિદ્યાર્થીઓ એ મતના હતા કે પરીક્ષાચોરીને પૈસાની ચોરી જોડે બેસાડી ન શકાય. તેમની વિચારણા પ્રમાણે ઓછી

વતી પરીક્ષાચોરી કરીને પાસ થયેલા ઘણા માણસો જીવનમાં ઘણા સારા વેપારીઓ અને ઉદ્યોગસંચાલકો બન્યા છે, અને પૈસા ચોરવાનો તો એમને ખ્યાલ સરખો આવ્યો નથી. પૈસાની ચોરી કરનાર જેના પૈસાની ચોરી કરે છે તેને પૈસા વિનાનો બનાવી મૂકે છે, પણ પરીક્ષામાં ચોરી કરનાર તેવું કશું કરતો નથી; કારણકે જેના લખાણમાંથી તે ચોરી કરે છે તે લખાણ કાંઈ ઓછું થતું નથી. હા, આવી પરીક્ષાચોરી કરનાર માણસ પોતાનું અહિત જરૂર કરે છે. વળી પૈસા ચોરનારને જેવી પૂર્વ તૈયારી કે પૂર્વ વિચારણા કરવાની હોય છે તેવી પૂર્વ તૈયારી પરીક્ષા–ચોરીમાં હોતી નથી. પરીક્ષામાં ચોરી કરનારને એવો ખ્યાલ પણ નથી હોતો કે પોતે કાંઈ ગંભીર દુષ્કૃત્ય કરી રહ્યો છે. સમાજ જો પરીક્ષાચોરીને પૈસાચોરી જેટલો જ અક્ષમ્ય અપરાધ ગણવા માંડે, તો એ આજે ગણાય છે તેના કરતાં બહુ મોટું નૈતિક અધઃપતન જરૂર લેખાય.

પરીક્ષા વિદ્યાર્થીના મનમાં એક પ્રકારનો ગભરાટ ઉત્પન્ન કરે છે અને ઘણીવાર વિદ્યાર્થી એટલો તો ભયભીત થઈ જાય છે, કે એણે કેટલીય સારી રીતે તૈયાર કરેલા મુદ્દા તે તે વખતે ભૂલી જાય છે. અને પરિણામે પોતાના વિષયને જોઈએ તેટલો સારો ન્યાય આપી શકતો નથી. આવી પરિસ્થિતિમાં એને લાગે છે કે પડોશી પાસેથી જરા જેટલું સૂચન મળી જાય તો બાકીનું એની સ્મૃતિમાં આપોઆપ આવી જાય અને પછી તો બેડા પાર! આવા સંજોગોમાં પરીક્ષાચોરીને પૈસાની ચોરી નહિ પણ ઉચાપતની કક્ષાએ મૂકી શકાય.

હવે આપણે ત્રીજો અને છેલ્લો પ્રશ્ન લઈએ:

'માની લઈએ કે પરીક્ષામાં વિદ્યાર્થી ચોરી કરે જ છે; તો એ કરવામાં તમારા મત પ્રમાણે કયાં કયાં કારણો જવાબદાર છે?'

આ પ્રશ્નનો ઉત્તર દરેક વિદ્યાર્થીએ આપ્યો હતો:

પંચાશી વિદ્યાર્થીઓના મતે નાપાસ થવાનો ડર ચોરી કરવામાં ખાસ કારણભૂત હતો. નાપાસ થવાનો ડર જાતે જ પરિણામ તેમ કારણ બને છે. નાપાસ થવાની ઘટના સાથે જેનો વિદ્યાર્થીને મોટો ડર છે એવી કોઈ અસુખકર ઘટના જરૂર સંકળાયેલી હોવી જોઈએ. નહિ તો જેઓ નાપાસ થાય તેમને તે વિષે ભયભીત થવાનું હોય નહિ. આ પંચાશીમાંના આડત્રીસે સ્પષ્ટતા કરી કે પોતાના સહપાઠીઓ સાથે સ્નાતક થવાય નહિ તો માનભંગ થવાય અને સંસ્થામાં ફરી પ્રવેશ મળે નહિ એ પરિસ્થિતિ ચોરીનું મુખ્ય કારણ છે.

ઓગણીસ વિદ્યાર્થીઓએ માબાપ કે વાલીઓનો ઠપકો સાંભળવો ન પડે તેને, બીજા અઠ્ઠાવીસ જણે વિદ્યાર્થી પોતે મૂર્ખ છે એમ બીજાઓને લાગે તો તેમનો તેના વિષેનો હલકો મત બંધાય તેને, પોતાના માનીતા શિક્ષકની નજરમાં હલકા પડી જવાય તથા પોતે મંદબુદ્ધિ છે એ વાતનો સ્વીકાર કરવાની હિંમતના અભાવને ચોરીનાં કારણો તરીકે રજૂ કર્યાં.

ઉપરના વર્ગમાં ગમે તે રીતે જવાની લાલસા, હરીફાઈ દ્વારા ઇનામો જીતી જવાની અદમ્ય ઇચ્છા, શાળા પ્રત્યેના મમત્વના કારણે ત્યાંનાં ઉચ્ચ શિક્ષણ–ધોરણો જાળવી રાખવાની વૃત્તિ–આ સૌ પણ વિદ્યાર્થીને ચોરી કરવા ઉત્તેજે છે, એમ એકસો ચૌદ વિદ્યાર્થીઓએ જણાવ્યું.

મહેનત કરવાની વૃત્તિનો અભાવ તો એક સબળ કારણ છે જ, પણ તે ઉપરાંત સમાજમાં નૈતિક અને આચારવિષયક સુનિશ્ચિત ધોરણોનો અભાવ તથા કુટુંબમાં યોગ્ય પ્રકારની તાલીમ નહિ મળવાથી સારા–

સાર વિવેકબુદ્ધિ અને વિશુદ્ધ અંતઃકરણની ખામીને પણ ચોરીને માટે જવાબદાર ગણાવવામાં આવ્યાં.

શાળાઓમાં વિદ્યાર્થીસંખ્યાનું વધતું જતું પ્રમાણ અને વ્યક્તિગત દોરવણીનો અભાવ પણ વિદ્યાર્થીને ચોરી કરવા પ્રેરે છે; એટલું જ નહિ, પણ એ વસ્તુ ‘ હવે એ તો બધા કરે છે,’ એ સ્વરૂપમાં સ્વીકૃતિ પણ પામે છે, એમ પણ જણાવવામાં આવ્યું.

વળી સત્ર દરમિયાન વિદ્યાર્થીઓ પાસે વધારેપડતું કામ લેનાર તથા વિષયને અંગેના અગત્યના નહિ પણ ‘ ખૂણામાંના ’ પ્રશ્નો પૂછનાર, અભ્યાસમાં જેમનો સમાવેશ પોતાની સફાઈ–ક્ષમતાને કારણે ન કરી શકાયો હોય એવા પ્રશ્નો પૂછનાર અને ભણતરની પ્રક્રિયાને એક વેઠ તરીકે ગણતા અને પરિણામે વર્ગમાં નિરુત્સાહ અને અણગમો જન્માવતા શિક્ષક પ્રત્યેની માનવૃત્તિના અભાવને પણ ચોરીનું કારણ ગણાવવામાં આવ્યું.

આ ઉપરાંત નીચેની પરિસ્થિતિઓ પણ પરીક્ષાચોરીના સંજોગો તરીકે રજૂ થઈ:

પરીક્ષાખંડમાં અનુભવાતી ગભરામણ ગમે તેવા બુદ્ધિમાન વિદ્યાર્થીને પોતાનાથી ઓછી આવડતવાળા સહપાઠીના ઉત્તરપત્રમાં ડોકિયું કરવા પ્રેરે છે, પણ એ સ્થિતિમાં સાચો ઉત્તર કયો અને ખોટો કયો એ સમજવાની એની વિવેકશક્તિ જાગૃત હોય છે. આથી પોતાની સ્મૃતિને તાજી કરવા પૂરતો જ તે તેના લખાણનો ઉપયોગ કરે છે.

કેટલીકવાર વિદ્યાર્થીઓની સત્ર દરમિયાનની હાજરી અને વિષયને સમજવાના તેમના પ્રયત્નો કરતાં તેમણે મેળવેલા ગુણને જ વધારેપડતું મહત્ત્વ અપાય છે. આથી વિદ્યાર્થીનો સાચો વિકાસ માપી શકાતો નથી; એટલું જ નહિ, પણ એ પરિસ્થિતિ તેને પોતાની દૃષ્ટિએ સાચા અર્થમાં શૈક્ષણિ હોય એવી જુદી જ શિક્ષણપદ્ધતિ અ ત્યાર કરવા પ્રેરે છે. આથી જૂની પદ્ધતિ પાસ થવા પૂરતો તે ચોરીનો આશ્રય લે છે.

કેટલીકવાર ચબરાક અને ચપળ વિદ્યા રમતગમત કે વિવાદસભા વગેરે પ્રવૃત્તિઓ એટલો તો પરોવાયેલો હોય છે, કે એ નિયમિત અભ્યાસ માટે વખત મળતો નથી વિદ્યાર્થીસંઘે પોતાને માથે નાખેલી ફરજો કર્તવ્યબુદ્ધિથી અદા કરનાર જવાબદાર વિદ્યાર્થી તરીકે એને લાગે છે, જે શૈક્ષણિ લાયકાત બીજાઓએ નિયમિત અભ્યાસ દ્વારા પ્રાપ્ત કરી છે તે લાયકાત પોતે એ ઇતર પ્રવૃત્તિઓના સંચાલન દ્વારા કરી છે. અભ્યાસક્રમવિષયક લાયકાત માટે ગુ આપવાની પ્રથા છે અને ઇતર પ્રવૃત્તિઓમાં કાર્યશીલતા માટે ગુણ આપવાની પ્રથા નથી. આવો વિદ્યાર્થી ચોરી કરવામાં વ્યાપ અર્થમાં પોતે કશું ખોટું કરે છે એમ નહિ પણ એક અપૂર્ણતાવાળી શૈક્ષણિક પરિસ્થિતિનો સામનો કરે છે, એમ માને છે. પરીક્ષામાં ચોરી કરવી એને કેટલાક વિદ્યાર્થીઓ ચાલાકીનું લક્ષણ ગણે છે. ચોરી કર્યા સિવાય પણ તેઓ પાસ થઈ શકે એમ હોય છતાં તેમ કરવામાં તેઓ એક પ્રકારનો રોમાંચ અનુભવે છે. પૈસાદાર માણસ પૈસાને ચોરી કરવામાં જે પ્રકારનો આનંદ કે રોમાંચ અનુભવે, તેની સાથે આવા આનંદની તુલના થઈ શકે.

હવે મુદ્દાઓ તારવીએ: (૧) આ ચો અભિપ્રાયો વિચારતાં કેટલીક બાબતોની સ્પષ્ટતા આપણને જરૂર થાય છે. સમાજ સ્વીકૃત નીતિનાં ધોરણો પ્રમાણે ન ચાલનાર વિદ્યાર્થી તરફ વિદ્યાર્થીજનતાનું વલ વિવિધ પ્રકારનું રહ્યું છે. એક પક્ષે એવું કૃ નિંદ્ય ગણ્યું છે અને તેણે તેને શિક્ષા કરવા

સૂચવ્યું છે, જેથી તેની સારી અસર બીજા
વિદ્યાર્થીઓ ઉપર પણ પડે.
વિદ્યાર્થીની આ
બીજો પક્ષ કહે છે કે
સમાજતંત્રની અપૂર્ણ-
અપૂર્ણતાઓ વસ્તુતઃ
માથે જ સર્વ
તાઓ છે, માટે વિદ્યાર્થીને
ન્યાય્ય નથી. જો
દોષનું આરોપણ કરવું
દોષાર્હ સમાજવ્યવસ્થાનું
વ્યક્તિની વર્તણૂક
પરિણામ હોય, તો તે સમાજે આંતરદર્શન
દ્વારા તે પરિસ્થિતિનો સ્વીકાર કરી તે
વ્યક્તિની ક્ષમા-પ્રાર્થનારૂપે તે પરિસ્થિતિની
સુધારણાના ઉપાયો યોજવા જોઈએ અને
નહિ કે તે વ્યક્તિને શિક્ષા કરીને જ અટકી
જવું જોઈએ.

૨. અમુક એક પરિસ્થિતિના મૂલ્યાંકનમાં વિદ્યાર્થીઓમાં મોટા પ્રમાણમાં મતભેદ જોવામાં આવે છે. કદાચ એક જ ક્ષેત્રમાં કામ કરતાં મોટી વયનાં માણસોમાં મતભેદનું પ્રમાણ આવડું મોટું ન હોય. કેટલાકને મતે પરીક્ષાચોરી એ તો દ્રવ્યચોરી કરતાં પણ મોટો ગુનો છે, જ્યારે બીજા કેટલાકને મતે તેની ગંભીરતા સામાજિક સભ્યતાની કોઈ ક્ષતિ કરતાં કાંઈક વિશેષ છે.

૩. ચોરી કરવા પાછળનાં કારણો પણ તે દ્વારા અનુભવાતા રોમાંચ ઉપરાંત અન્યાયી કે અપૂર્ણ શિક્ષણપ્રણાલી સામેના પ્રતિકાર સુધીનાં ગણાવવામાં આવ્યાં છે. વળી પોતાના માનીતા અધ્યાપકના પોતાના વિષેના મૂલ્યાંકનમાં ઓછા ન ઊતરવાથી માંડીને વિદ્યાર્થીઓના અધ્યાપક પ્રત્યેના અણગમા સુધીનાં કારણો પણ પરીક્ષાચોરી માટે રજૂ કરવામાં આવ્યાં છે. વળી એક પક્ષ આળસને પરીક્ષાચોરીના મૂળ કારણ તરીકે આગળ કરે છે, તો બીજો વિદ્યાર્થીના માથા પરના અભ્યાસક્રમથી ઇતર પ્રવૃત્તિ (જે તેને મન પરીક્ષાપ્રવૃત્તિ કરતાં પણ વધારે શૈક્ષણિક મહત્ત્વની હોય છે)ના બોજાને ગણે છે.

૪. ત્યારે આ ઉપરથી એક વિધાન તારવી શકાય કે લેખકો કે વક્તાઓ જેનો ઉલ્લેખ કરે છે તેવું ‘કૉલેજ-વિદ્યાર્થીનું માનસ’ જેવી કોઈ વસ્તુ છે જ નહિ, કે જેની સાથે કૉલેજમાં પ્રથમ પ્રવેશ કરતો વિદ્યાર્થી એકરૂપ થઈ જાય. એક જ પ્રશ્ન અંગેના વિદ્યાર્થીઓ તરફથી જે જુદાજુદા અભિપ્રાયો રજૂ થયા, એ જોતાં તેમના કોઈ પણ પરિસ્થિતિ વિષેના માનસિક પ્રત્યાઘાતો એક જ પ્રકારના નથી હોતા એ પણ સ્પષ્ટ થાય છે.

૫. વળી આ અભિપ્રાયો જોતાં એક બીજી બાબત ઉપર પણ પ્રકાશ પડે છે. કેટલાક કૉલેજ-પ્રિન્સિપાલોની એવી માન્યતા છે કે કૉલેજોમાં આવતા વિદ્યાર્થીઓ તેમની હાઈસ્કૂલ-દશામાં જ પરીક્ષામાં ચોરી કરવા સામાન્યતઃ ટેવાયેલા હોય છે, અને હાઈસ્કૂલોમાં ચોરીના ગુનાને ગંભીર અપરાધ ગણવામાં આવતો નથી તેમ એ વિષે યોગ્ય પગલાં પણ લેવાતાં નથી. અહીં ભેગા કરેલા અભિપ્રાયો જોતાં આ વિદ્યાર્થીઓ પ્રિન્સિપાલોનાં મંતવ્ય સાથે સહમત થતા નથી. અહીં ભેગી કરેલી સામગ્રીનો વિચાર કરીએ તો જે સંજોગોમાં વિદ્યાર્થી કૉલેજ-પરીક્ષામાં ચોરી કરવા પ્રેરાય છે, એ જ સંજોગો હાઈસ્કૂલોમાં પણ પ્રવર્તતા હોય છે અને તે ઉપરાંત કૉલેજ-કક્ષાએ બીજા વધારે બળવાન સંજોગો ઉમેરાય છે.

જો કે આ બધા અભિપ્રાયો અમેરિકાની કૉલેજના વિદ્યાર્થીઓના છે અને ત્યાંની શૈક્ષણિક પરિસ્થિતિને અંગે રજૂ થયા છે, તોપણ આપણે ત્યાં જે એથી ય વધુ ગંભીર પરિસ્થિતિ પ્રવર્તે છે, તે જોતાં આ સૌ અભિપ્રાયો આપણા દેશનાં શિક્ષણપ્રેમી ભાઈબહેનોને પણ વિચાર કરતાં કરી મૂકે તેવા જરૂર છે. અત્યારે આપણા દેશમાં શિક્ષણપ્રણાલી સામે તેમ જ શિક્ષણતંત્ર સામે જે

અવાજ

લેખક :
શ્રી અવિનાશ ગજાનન મુનશી
એમ. એસસી.

માનવી જેમ હવા વિના રહેતો નથી, તેમ કદાચ એ અવાજ કાઢ્યા વિના કે સાંભળ્યા વિના પણ નહીં રહેતો હોય. ભાષણ, રોજિંદી બોલચાલ ને સંગીત-સર્વ સાથે સંકળાયેલા નિત્ય પરિચિત આ ધ્વનિ વિશેની વૈજ્ઞાનિક દૃષ્ટિએ થોડીક વાતો અહીં કહેવાઈ છે.

અવાજ એટલે ધ્વનિ. અવાજ વિનાની દુનિયા કલ્પવી મુશ્કેલ છે–આજે તો ખાસ. આજના યંત્રયુગે ઘણું ઘણું આપણને આપ્યું છે; સાથે સાથે અવાજ પણ આપ્યો છે.

ભીંતે લટકતું ઘડિયાળ પણ અવાજ કરે છે. મોટર, ટ્રામ કે ઍરોપ્લેન અવાજ ઉત્પન્ન કર્યા વિના રહી શકતું નથી. લોટ દળતી ઘંટી પણ એકધારો અવાજ સર્જી રહી હોય છે. કારખાનાં કે એવાં જ કોઈ સાંચાકામ ચાલુ હોય એવાં મહાલયો અવાજથી તરબોળ બની ગયેલાં જ હોય છે.

પંચમહાભૂત–પૃથ્વી, પાણી, તેજ, વાયુ ને આકાશની ઉત્પત્તિની સાથે જ અવાજની પણ ઉત્પત્તિ થઈ છે.

કુદરતી બળો પણ એકધારો અવાજ ઉત્પન્ન કરે છે. મહાન વિસ્તરેલો સાગર પણ એકધારો અવાજ ઉત્પન્ન કર્યે જાય છે. નાનું બાળક ઊઠીને નાચવા માંડે એમ ધરતીમાંથી ફૂટી કૂદતું ઝરણું પણ અવાજની એક પરંપરા ઊભી કરે છે. પેલો પવન પણ એની હજાર હજાર આંગળીઓથી વૃક્ષોનાં વાજિંત્રો વગાડી સૂરાવલિઓ જન્માવ્યે જ જાય છે.

આમ જગત-વિસ્તરતી સૂરાવલિઓ સર્જાતી જ જાય છે.

જ્યાં જ્યાં આંદોલનો શકય છે, ત્યાં ત્યાં અવાજનું ઉત્પન્ન થવું પણ શકય છે; કારણકે આંદોલનમાંથી જ અવાજ ઉત્પન્ન થાય છે. તે ઉપરાંત હવાની પણ જરૂર રહે છે. અવાજનાં મોજાં હવામાં જ જઈ શકે છે. શૂન્યમાંથી અવાજ પસાર થઈ શકતો નથી. પ્રકાશ અને અવાજ વચ્ચેનો આ એક તફાવત સમજવા જેવો છે. અવાજને એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટે હવાની કે એવા બીજા કોઈ પણ માધ્યમની જરૂર પડે છે, જ્યારે પ્રકાશની બાબતમાં એવું નથી. પ્રકાશ શૂન્યમાંથી પણ પસાર થઈ શકે છે.

આથી જ કરોડો માઈલ દૂરથી પણ

વિરોધના તીવ્ર સૂરો હિંદના જુદાજુદા પ્રાંતોમાંથી ઊઠ્યા છે અને દેશ સમસ્તના શિક્ષણના પ્રશ્નોએ રાજયોની અને મધ્યસ્થ સરકારનું પણ ધ્યાન ખેંચ્યું છે, તે જોતાં ભાવિ પુનર્ઘટનામાં કેળવણીવિષયક દૂષણો જેમ બને તેમ ઓછાં થાય અને પરીક્ષાચોરીનું માનસ જ ન કેળવાય એવી કોઈ પદ્ધતિ યોજવાની આવશ્યકતાનો સ્વીકાર સૌ કોઈ કરશે. સમસ્ત કેળવણીતંત્રને બદલવાની જરૂર છે એમ ભલે આપણે ન સ્વીકારીએ પણ એને એવું તો જરૂર બનાવી શકીએ કે જેથી આપણા દેશના જીવનોત્કર્ષમાં તે ઉપકારક બને અને એ દ્વારા આપણા દેશના યુવાનોમાં આત્મશ્રદ્ધા ફરી જાગે.

★

તારાઓનો પ્રકાશ આપણી પૃથ્વી ઉપર આવી શકે છે, જ્યારે અવાજ આવી શકતો નથી. ઘણે દૂરથી બોલતો માણસ આપણાથી સાંભળી શકાતો નથી. મુંબઈમાં બોંબ ફૂટે તો તેનો અવાજ અમદાવાદમાં રહેનારથી નથી સાંભળી શકાતો. આનાં કારણો બે છે: એક તો પ્રકાશને પસાર થવા માટે કોઈ માધ્યમની જરૂર નથી, જ્યારે અવાજને જરૂર છે; અને બીજું, પ્રકાશની ગતિ અવાજની ગતિ કરતાં ઘણી જ વધારે છે. પ્રકાશ એક પળમાં ૧,૮૬,૦૦૦ માઈલ કાપી શકે છે, જ્યારે અવાજને એક માઈલ કાપતાં ચારથી પાંચ પળ લાગે છે.

આ અવાજ આંદોલનમાંથી ઉત્પન્ન થાય છે. પદાર્થનું એક જગ્યાએથી ખસી બીજી જગ્યાએ જઈ પાછા અસલ જગ્યાએ આવી જવું, એ ક્રિયાને આંદોલન કહેવામાં આવે છે. આ આંદોલનની ક્રિયાને સમજવા માટે હીંચકો કે ઘડિયાળનું લોલક જોવું. એની ગતિ એ આંદોલન છે.

આવાં આંદોલનો આપણે દરેક પદાર્થમાં ઉત્પન્ન કરી શકીએ એમ છીએ. એક લાંબી લાકડાની પટી અગર એક એવો જ લાંબો પાતળો સળિયો લેવો અને એનો એક છેડો સ્થિર રાખવો અને બીજો છેડો થોડે સુધી ખેંચી જઈ છોડી દેવો. તો એ બીજો છેડો ધ્રૂજતો જણાશે. આ આંદોલનો છે. આવાં આંદોલનો આપણે જોઈ શકીએ છીએ. કેટલાંક આંદોલનો બહુ સૂક્ષ્મ હોય છે અને એમની સંખ્યા પણ એટલી બધી મોટી હોય છે કે નરી આંખે જોવું શક્ય નથી.

જ્યારે આવી રીતે કોઈ પણ પદાર્થમાં આંદોલનો ઉત્પન્ન કરવામાં આવે છે, ત્યારે એ આંદોલનોમાંથી અવાજ ઉત્પન્ન થાય છે. આવો ઉત્પન્ન થયેલો અવાજ વાતાવરણમાં પ્રસરે છે. વાતાવરણમાં અવાજનાં મોજાં ઉત્પન્ન થાય છે. અને આ મોજાં દૂર દૂર સુધી પ્રસરે છે.

શાંત પાણીમાં જેમ કાંકરો નાખીએ અને વમળો ઉત્પન્ન થાય છે, એવું જ અવાજ વિષે છે. સહેજ પણ અવાજ ઉત્પન્ન થતાં વાતાવરણરૂપી પાણીનાં મોજાં ઉત્પન્ન થાય છે. આ મોજાંઓ જ્યારે આપણા કાન ઉપર અથડાય છે, ત્યારે આપણે સાંભળીએ છીએ.

આપણે જ્યારે બોલીએ છીએ ત્યારે આપણા ગળામાં રહેલા તંતુઓની વચમાં થઈને હવા પસાર થાય છે. તેથી એ તંતુઓ ધ્રૂજી ઊઠે છે અને એ ધ્રૂજારાથી અવાજ ઉત્પન્ન થાય છે.

વાજિંત્રોમાં પણ આવી જ રચના હોય છે. પણ વાજિંત્રોમાં ઉત્પન્ન થતાં આંદોલનમાં એક ખાસ ભેદ રહેલો છે.

આંદોલનો બે જાતનાં હોય છે: નિયમિત અને અનિયમિત. પહેલી જાતનાં આંદોલનથી ઊપજતા અવાજને સંગીત કહેવામાં આવે છે; કારણકે એ અવાજમાં એક જાતની મધુરતા રહેલી છે. જ્યારે બીજી જાતનાં આંદોલનથી ઊપજતો અવાજ કર્કશ હોય છે. એને માત્ર ઘોંઘાટ જ કહેવાય.

પણ કેટલાંક આંદોલનો એવો અવાજ ઉત્પન્ન કરે છે કે જે આપણાથી સંભળાય જ નહિ.

કેટલાંક વાજિંત્રોમાં અવાજ ઉત્પન્ન કરવા માટે એક પળમાં ૨૭થી માંડીને ૪૧૮૬ આંદોલનો ઉત્પન્ન કરી શકાય છે. આપણા ગળામાંનાં આંદોલનો આપણે ૬૦થી માંડીને ૧૩૦૦ સુધી લઈ જઈ શકીએ છીએ. એવી જ રીતે અમુક હદ સુધીનાં આંદોલનમાંથી ઉત્પન્ન થતો અવાજ આપણે સાંભળી શકીએ છીએ. સામાન્ય માણસ એક પળનાં ૨૯,૦૦૦ આંદોલનથી ઉત્પન્ન થતો અવાજ સાંભળી શકે છે. આથી વધારે આંદોલનથી ઉત્પન્ન થતો અવાજ સંભળાતો નથી.

વળી અવાજનું પરાવર્તન પણ કરી શકાય છે. અરીસાની મદદથી જેમ પ્રકાશનું પરાવર્તન કરી શકાય છે, એમ જ અવાજનું પણ પરાવર્તન થઈ શકે છે. પરાવર્તન પામેલા અવાજને આપણે 'પડઘો'ના નામથી ઓળખીએ છીએ.

અવાજનું મોજું કોઈ પણ સપાટીને અથડાઈને પાછું ફરે છે, ત્યારે આપણે હૂબહૂ અવાજ સાંભળી શકીએ છીએ. આ પડઘા છે; પણ કેટલીક વસ્તુની સપાટીઓ એવી હોય છે જે અવાજને પાછી મોકલતી નથી. પણ અવાજનાં મોજાંને પોતાનામાં સમાવી લે છે. દાખલા તરીકે માણસનું શરીર, કપડાં, ગાલીચા વગેરે અવાજને પાછો નથી મોકલતાં.

જો કોઈ જાહેર ખંડમાં ભાષણ કરતું હોય અને તે વખતે ખંડ ખાલી હોય તો ભાષણ કરનારના અવાજના પડઘા પડે, પણ જો ખંડ માણસોથી ભરેલો હોય તો એવું નહિ જણાય. એનું કારણ માત્ર એ જ હોય છે કે ભીંતો અવાજને પાછો મોકલવાની શક્તિ ધરાવે છે, જ્યારે માનવીનાં—શ્રોતાજનનાં—શરીર એ શક્તિ નથી ધરાવતાં, અર્થાત્ અવાજનાં મોજાં એમનાં શરીરમાં સમાઈ જાય છે એટલે કે ત્યાં નાશ પામે છે.

અવાજ એ શક્તિનું એક રૂપ છે. આથી અવાજને એક રૂપમાંથી બીજા રૂપમાં ફેરવી શકાય છે. એટલે કે અવાજને પ્રકાશના રૂપમાં અથવા ગરમીના રૂપમાં ફેરવી શકાય છે. આ હકીકતને લીધે અવાજની છબી પણ પાડી શકાય છે. આનો ઉપયોગ ખાસ કરીને ચલચિત્રોમાં થાય છે.

ફિલ્મની પટીની કોર ઉપર જ અવાજની છબી હોય છે. યંત્ર અને વીજળિક બળ વતી અવાજનાં મોજાંને પ્રકાશનાં મોજાંમાં ફેરવવામાં આવે છે. આથી આવાં મોજાંની સહેલાઈથી છબી પાડી શકાય છે. પછીથી જ્યારે ફિલ્મ બતાવવામાં આવે છે, ત્યારે પાછાં એ પ્રકાશનાં મોજાં અવાજનાં મોજાંમાં ફેરવાઈ જાય છે અને તેથી ચિત્રમાંનાં માણસો આપણને બોલતાં, ગાતાં સંભળાય છે.

વળી ગ્રામોફોન રેકર્ડ ઉપર પણ આપણે અવાજને બાંધી શકયા છીએ. એવી જ રીતે આપણે કચકડાની પટી ઉપર પણ અવાજને કાબૂમાં લઈ શકયા છીએ. ટ્રાન્સમિટર્સ મારફત આપણે અવાજને વીજળિક રૂપ આપી ગમે તેટલા અંતરે મોકલી શકીએ છીએ. રેડિયો સેટ્સ બનાવી આપણે અવાજને ધારીએ ત્યારે સાંભળી શકીએ છીએ અને ધારીએ ત્યારે બંધ કરી શકીએ છીએ. વળી 'લાઉડ-સ્પીકર' મારફત આપણે અવાજને નાનો-મોટો પણ બનાવી શકીએ છીએ.

હાલમાં ન સાંભળી શકાય કે ન જોઈ શકાય એવાં ધ્વનિકિરણો શોધાયાં છે. આવાં અવાજનાં કિરણોમાં અપ્રતીમ શક્તિ રહેલી હોવાનું માનવામાં આવે છે. આ અવાજ-કિરણો વડે નાની માછલીઓ અગર સૂક્ષ્મ જંતુઓનો નાશ કરી શકાય છે. વળી પાણી અને તેલ જે આમ સામાન્ય રીતે મળી શકતાં નથી, તે આ કિરણોની મદદથી મેળવી શકાય એમ છે. આવાં કિરણોને 'સુપર-સોનિક રેઝ' કહેવામાં આવે છે.

આમ અવાજમાં રહેલી ગુપ્ત શક્તિને આપણે આપણા કાબૂમાં લેતાં જઈએ છીએ પણ આપણે અવાજના કાબૂમાં ન જઈ રહીએ એ જોવાનું છે. કોઈ વાર અનધિકારને લીધે એવી મહાશક્તિના વહેણમાં આપણે જ તણાઈ જઈએ છીએ. સચ્ચાઈ, તપ અને શ્રદ્ધાથી આપણે જરૂર એવી મહાશક્તિઓનાં મહાવહેણ માનવતાના ભલા માટે વાળી શકીએ.

★

શીંગ

લેખક :
શ્રી મૂળચંદ ઉ. પારેખ
બી. એસસી.

સસ્તી હોવાને કારણે જેનું મૂલ્ય આપણે ઓછું આંકીએ છીએ તે શીંગનું વધુમાં વધુ વાવેતર ભારતમાં જ થાય છે અને આજે દુનિયાનો એ મહત્ત્વનો ખોરાક થઈ પડ્યો છે. દુષ્કાળ જેવી આજની સ્થિતિ માટે ખોરાક તરીકે ૧૧ લાખ ટન શીંગખોળનો લોટ પણ વાપરી શકાય તેમ છે. તેલરહિત દાણાદાર ખોળનો આપણે ખાતર તરીકે ઉપયોગ કરવા જેવો છે. ખોળમાંથી તેલ ન કાઢી લઈએ તો દર વર્ષે આશરે સોળ કરોડ રૂપિયાનું તેલ આપણે ધૂળમાં નાખી દઈએ છીએ. ખોળમાં રહી જતા સાતથી આઠ ટકાનું તેલ વૈજ્ઞાનિક પદ્ધતિથી કાઢી લેવામાં આવે તો લાખો એકર જમીન બીજા પાકને માટે ફાજલ પાડી શકીએ. મગફળી વિષે આવશ્યક એવું બધું આ લેખ કહી દે છે. લેખક વ્યવહારુ વિજ્ઞાનની દૃષ્ટિવાળા અનુભવી ઉદ્યોગપતિ છે.

‘શીંગ એ તો ગરીબ માણસની બદામ છે.’
—ગાંધીજી

શીંગનું બીજું નામ છે મગફળી: શીંગ ભોંય-જમીનમાં થતી હોવાથી તેને ભોંયશીંગ પણ કહેવામાં આવે છે. અંગ્રેજીમાં શીંગને ‘ગ્રાઉન્ડ નટ’ અથવા ‘પી નટ’ કહેવામાં આવે છે. તેનું લેટિન નામ ‘આરચીઝ હાઈપોજ્યું’ છે. શીંગનું વાવેતર ચોમાસામાં કરવામાં આવે છે. કેટલેક ઠેકાણે પીત મોલ તરીકે શીંગ ફેબ્રુઆરી માસમાં પણ વાવવામાં આવે છે. શીંગ માટે બહુ સારી જમીનની ખાસ જરૂર હોતી નથી. સૌરાષ્ટ્રની કાળી જમીન શીંગના વાવેતર માટે અનુકૂળ છે. સૌરાષ્ટ્રમાં બધે શીંગ થાય છે. જુવાર-બાજરીના ચાસ કરતાં શીંગના ચાસ વધારે પહોળા-મોટા હોય છે. શીંગના છોડ નાના થાય છે. શીંગ પાકે ત્યારે તેને હળથી ખોદવામાં આવે છે. પછી તેનાં ઝૂમખાં જુદાં પાડવામાં આવે છે. થોડો વખત શીંગને ખેતરમાં રાખી સૂકવવામાં આવે છે. ફોતરાંવાળી આખી શીંગ લાંબા વખત સુધી બગડતી નથી. શીંગદાણા ખોરા થઈ જાય છે. ખોરા દાણામાંથી તેલ પણ ખરાબ નીકળે છે.

શીંગનું બી ક્યાંથી લાવવામાં આવ્યું તે જાણી શકાયું નથી, પરંતુ દક્ષિણ અમેરિકામાં બ્રાઝિલમાં ૧૮૩૬ની સાલમાં વાવવામાં આવેલું; ત્યાંથી દરિયારસ્તે આફ્રિકા, સ્પેન લઈ જવામાં આવેલું. આપણે ત્યાં શીંગ સ્પેનમાંથી આવેલ હોય તેવો સંભવ છે. ચિનાઈ શીંગ આપણે ત્યાં કહેવાય છે એટલે ચીનથી શીંગ આવી હોય તો તે પણ સંભવિત છે.

સૌરાષ્ટ્રમાં બે જાતની શીંગ વાવવામાં આવે છે: એક જાડી અને બીજી ઝીણી અગર મગડી. જાડી શીંગમાં તેલનું પ્રમાણ સહેજ ઓછું હોય છે પણ ખાવામાં મીઠી હોય છે, જ્યારે મગડી શીંગમાં તેલનું પ્રમાણ સહેજ વધારે હોય છે. ઝીણી શીંગ સ્પેનનું બી હોય તેમ જણાય છે.

ઉત્પન્ન : પોણોસો વર્ષ પહેલાં જંગલમાં કે વગડામાં છૂટોછવાયો જે છોડ ઊગતો હતો તે શીંગનો છોડ આજે ખોરાકની મુખ્ય વસ્તુ દુનિયાભરમાં બની ગયો છે. અત્યારે દુનિયામાં શીંગનું ઉત્પાદન એક કરોડ ટન જેટલું થાય છે, જેમાં ભારત એકલામાં સૌથી પહેલે નંબરે ૩૫ લાખ ટન થાય છે. ભારત-

ની પંચવર્ષીય યોજનામાં શીંગનું ઉત્પાદન ૬૦ લાખ ટન કરવાની ભલામણ થયેલી છે. ભારત શીંગના ઉત્પાદનમાં આ રીતે પ્રથમ સ્થાન ભોગવે છે. ભારત પછી ચીન ૩૨ લાખ ટન ઉત્પન્ન કરનાર દેશ છે. એટલે દુનિયાભરમાં એશિયા શીંગના પાકમાં સૌથી મોખરે છે. બીજે નંબરે અમેરિકા આવે છે, જ્યાં લગભગ બાર લાખ ટન શીંગ થાય છે. ચોથે નંબરે આફ્રિકા આવે છે.

એક એકર જમીન માટે આશરે ૪૦ રતલ બી જોઈએ છીએ. એક એકરમાં સાધારણ રીતે સારી ખેતી હોય તો ૨૦થી ૨૫ બંગાળી મણ શીંગ થાય છે, પરંતુ હવે તો એવી જાતનાં સારાં બીની શોધ થઈ છે, કે એકર દીઠ ૩૫૦૦ રતલ—લગભગ ૪૪ મણ બંગાળી પાક થઈ શકશે.

દુનિયામાં મોટામાં મોટો પર્વત હિમાલય ભારતમાં છે, તેમ દુનિયામાં શીંગનું મોટામાં મોટું વાવેતર ભારતમાં છે. દુનિયાભરમાં ભારત સૌથી વધારે તેલીબિયાં ઉગાડે છે. ૨૩ કરોડ એકર જમીન ઉપર તેલીબિયાં ઉગાડવામાં આવે છે; એટલું જ નહિ, પણ દુનિયાના બીજા ભાગ કરતાં ભારતમાં વધારે જાતનાં તેલીબિયાં ઊગે છે. ભારતની જમીન અને ખેતી તેલીબિયાં માટે સરસ ગણાય છે. દુનિયામાં તૈયાર થતાં તેલીબિયાં પૈકી સાડી એકસઠ ટકા શીંગ ભારતમાં ઊગે છે: તલ ૨૭ ટકા અને એરડી ૨૦ ટકા ઊગે છે.

ભારત સૌથી પ્રથમ નંબરે આવતો હોવા છતાં આપણે એ કબૂલ કરવું જોઈએ કે શીંગના પાક તરફ જેટલું લક્ષ્ય આપવું જોઈએ તેટલું આપણે આપ્યું નથી. આફ્રિકાનો નંબર ત્રીજો હોવા છતાં શીંગ પાછળ ઘણી શોધખોળ થઈ રહી છે. શીંગના વધારે ઉપયોગ માટે પણ દિનપ્રતિદિન યંત્રોની શોધ થયા કરે છે. ભારતમાં શીંગનું વાવેતર છેલ્લા બેત્રણ દસકામાં જ વધ્યું છે. તેમ જ ખોરાકમાં શીંગ ઘણી મહત્ત્વની ચીજ છે તેની આપણને ધીમે ધીમે પ્રતીતિ થવા લાગી છે.

ભારતમાં શીંગનું વાવેતર હૈદ્રાબાદ, મદ્રાસ અને સૌરાષ્ટ્રમાં મુખ્ય છે. હૈદ્રાબાદમાં ૧૮૫ મિલો છે, જેમાં ૫૨૫ એકસપેલરો અને ૫૩૦ રોટરી મિલો ચાલે છે. આ ધંધામાં સાડાસાત કરોડની મૂડી રોકવામાં આવી છે. ૧૯૪૪ની સાલમાં લગભગ ૧૦ લાખ ટનની પેદાશ હતી, જે ઘટીને પાંચેક લાખ ટન થઈ. હૈદ્રાબાદ સિવાય બીજાં બધાં રાજ્યોમાં શીંગનું વાવેતર વધ્યું છે. મદ્રાસમાં આશરે ૪૦ લાખ એકર જમીન ઉપર શીંગ વવાય છે. સોળ લાખ ટન શીંગ થાય છે. ૧૯૪૫ની સાલમાં મદ્રાસ રાજ્યમાં ફક્ત ૩૦૦ એકસપેલરો હતા, જ્યારે ૧૯૫૦માં ૧૪૦૦ એકસપેલરો અને ૩૫૦૦ જેટલી રોટરી મિલો ચાલે છે. સૌરાષ્ટ્રમાં ૪૦૦ એકસપેલરો અને ૨૬૫ રોટરી મિલો છે. સાડાત્રણ કરોડ રૂપિયાની મૂડી આ ધંધામાં રોકાયેલી છે. બાર હજાર મજૂરોને રોજી મળે છે. સૌરાષ્ટ્રમાં બેત્રણ દસકા પહેલાં શીંગનું વાવેતર નહિ જેવું હતું, પરંતુ શીંગનું વાવેતર બીજા કરતાં વધારે નફાકારક હોવાથી ખેડૂતો ધીમે ધીમે શીંગનું વાવેતર વધારતા જાય છે. અત્યારે સૌરાષ્ટ્રમાં દર વર્ષે લગભગ બે લાખ ટન શીંગ તૈયાર થાય છે. બે લાખ ટનમાંથી ૮૦-૮ હજાર ટન શીંગ સૌરાષ્ટ્રને જોઈએ છે. બાકીની શીંગ એમ ને એમ અગર તે તરીકે નિકાશ થાય છે.

શીંગનો ઉપયોગ: ભારતમાં શીંગનો ઉપયોગ ખોરાક તરીકે ઓછો થાય છે. મોટે ભાગે શીંગ પીલવામાં આવે છે અને તેમાંથી નીકળતું તેલ ખાવાના ઉપયોગમાં આવે છે.

જ્યારે બાકી રહેતો ખોળ ઢોરના ખાણુ અને ખાતર તરીકે વપરાય છે. અમેરિકા કે જ્યાં શીંગ ઉપર ખૂબ શોધખોળ થઈ રહી છે અને યંત્રથી કામ થાય છે, ત્યાં શીંગને એમ ને એમ તાવડામાં શેકવામાં આવે છે. શેકવાનાં યંત્રો(અં. રોસ્ટિંગ મશીન)માં શીંગ દાઝતી નથી અને એકસરખી શેકાય છે. આ યંત્રોમાં શીંગ શેકવા માટે પોણોથી એક કલાક લાગે છે. મોટાં યંત્રોમાં જ્યાં વધારે ગરમી આપી શકાય છે, ત્યાં માત્ર ૧૫થી ૨૦ મિનિટમાં શીંગ શેકાઈ જાય છે. ગરમાગરમ શીંગ વેચવાવાળા ફેરિયા આપણે ત્યાં માટલીમાં દેવતા રાખી ગરમ શીંગ વેચે છે. અમેરિકામાં પણ ફેરીવાળા ગૅસથી બળતી સગડીમાં ધાતુની રકાબીમાં શીંગ શેકીને ગરમાગરમ વેચે છે. વીજળિક ગરમીથી શેકી શકાય તેવાં નાનાં યંત્રો–ફક્ત ૪½ રતલ શીંગ સમાય તેવડાં નાનાં ઘરગથ્થુ યંત્રો પણ અમેરિકામાં બનાવવામાં આવ્યાં છે, જે સ્વસંચાલિત હોવાથી અમુક ગરમી પછી આપોઆપ તેની ચાવી બંધ થઈ જાય છે. શીંગ નાખી બટન દબાવવાથી શીંગ શેકાવા માંડે છે અને શેકાઈ જાય એટલે આપોઆપ ગરમી બંધ થઈ જાય છે. મોટાં યંત્રોમાં અઢી મણ શીંગ શેકવાનો એક રૂપિયો લગભગ પડે છે. કૉફી શેકવાનાં યંત્રોમાં શીંગ શેકી શકાતી હોવાથી અમેરિકામાં કૉફી શેકવાવાળા પણ શેકેલી શીંગ વેચે છે.

ખારી શીંગ : આપણે ત્યાં ખારી શીંગ વેચાય છે પણ તે થોડો વખત પડી રહે તો ખોરી થઈ જાય છે. અમેરિકામાં નીચે દબાણ આપી શીંગમાં મીઠાનું પાણી અંદર જવા દેવાથી અંદરની શીંગ ખારી થઈ જાય છે. આમ ખારી શીંગ લાંબો વખત સુધી બગડતી–ખોરી થતી નથી. શેકેલી અને ખારી શેકેલી શીંગ એમ બન્ને જાતની શીંગ વેચાય છે. મુંબઈની અંદર 'શીંગા ગંડેરી'વાળો ખારી બાફેલી શીંગ વેચે છે, તેમ અમેરિકામાં પણ બાફેલી શીંગ વેચાય છે.

તળેલી શીંગ : આપણે ત્યાં તળેલી શીંગ એમ ને એમ તેમ જ ચેવડામાં અને ભેળમાં વપરાય છે. તેમ અમેરિકામાં પણ તળેલી શીંગ ખૂબ વપરાય છે. આપણે તાવડામાં તેલ ઊનું કરી શીંગ તળીએ છીએ. અમેરિકાની અંદર તેલ ઊનું કરવા માટે એકસરખી ગરમી લાગે તેવાં યંત્રો બનાવવામાં આવે છે. ૩૫૦ અંશ ફેરનહાઈટ ગરમીવાળા તેલમાં લગભગ ૧૫૦ રતલ શીંગદાણા નાખવામાં આવે છે, જેને લીધે તેલની ગરમી ૩૫૦માંથી ૨૭૫ અંશ થઈ જાય છે. આટલી ગરમીથી શીંગદાણામાં રહેલી ભીનાશ ઊડી જાય છે. ધીમે ધીમે ગરમી વધતી જાય છે અને ૩૨૫ અંશ થાય ત્યાં સુધી દાણા તેલમાં રહેવા દેવામાં આવે છે, જેથી દાણા બરાબર તળાઈ જાય છે. આમ તળવાથી બધા દાણા એક જ રંગના નીકળે છે. ૧૫૦ રતલ દાણા તળવામાં લગભગ ૫ા કલાક લાગે છે. આવી રીતે તળેલા દાણાને મીઠું લગાડવામાં આવે છે. અઢી મણ દાણાને માટે એકથી અઢી રતલ મીઠું વપરાય છે. દાણા ચમકતા લાગે અને મીઠું બરાબર ચોંટી રહે તેટલા માટે અમેરિકામાં ગ્લુકોઝ, ગુંદર વગેરે છાંટવામાં આવે છે. કેટલાક તળેલા શીંગદાણાને મીઠું છાંટ્યા પછી ઠંડા તેલમાં ફરીને બોળવામાં આવે છે, જેથી મીઠું બરાબર ચોંટી રહે અને સ્વાદમાં સારા લાગે.

અમેરિકામાં તો ખારી અને તળેલી શીંગ એટલી બધી વપરાય છે કે જેમ આપણે ત્યાં ચેવડો, ગાંઠિયા, શેવ, દાળિયા વગેરે સર્વત્ર વેચાય છે, તેમ અમેરિકામાં ઠેકઠેકાણે તે વેચાય છે. ત્યાં તો એકબે આનાની કિંમતના જીલેટીન પેપરની કોથળીમાં આ ચીજો

સ્ટોર-રેસ્ટોરાં વગેરેમાં ખૂબ જ વેચાય છે. ગરીબ તેમજ તવંગર બધા આ ખોરાકની ચીજ મુસાફરીમાં ખૂબ ખાય છે. આપણે ત્યાં શીંગનો ખોરાક તરીકે ઓછો ઉપયોગ થાય છે, જેથી તેને માટે યંત્રો વપરાતાં નથી. પરંતુ અમેરિકામાં શીંગનો એમ ને એમ ખોરાક તરીકે વધારે ઉપયોગ થતો હોવાથી ત્યાં જુદી જુદી જાતનાં નાનાંમોટાં યંત્રો તે કામ માટે દાખલ થતાં જ જાય છે.

સફેદ દાણા: શીંગદાણાની લાલ ફોતરી કાઢી નાખવા માટે જુદી જુદી જાતનાં યંત્રો અમેરિકામાં વાપરવામાં આવે છે. આંગળીની ચપટીથી જેમ આપણે ફોતરી કાઢી નાખીએ છીએ, તેમ યંત્રમાં બે બ્રશ વચ્ચે રાતા શીંગદાણા આવે છે અને બ્રશથી લાલ ફોતરી નીકળી જાય છે. આ યંત્રમાં બહુ જ ઓછા દાણા ભાંગી જાય છે અને મોટેભાગે આખા દાણા આવા યંત્રમાંથી મળે છે. આવા સફેદ શીંગદાણા બદામ, કાજુ, અખરોટ વગેરે સાથે હરીફાઈમાં ખૂબ વેચાય છે અને વપરાય છે. કાજુ, અખરોટ અને એવી બીજી તેલી ચીજો કરતાં શીંગ સસ્તી તેમ જ બધી રીતે ઘણી જ પૌષ્ટિક અને ઉપયોગી હોવાથી તેની વપરાશ વધારે થાય છે. આમ છતાં અમેરિકાની અંદર હિંદમાંથી આવતા કાજુ શીંગની સાથે હરીફાઈ કરે છે.

ગળીમીઠી શીંગ: ઉપર જણાવ્યા મુજબ સફેદ શીંગદાણાને મીઠી શીંગ તરીકે ચાસણીમાં નાખી કાઢી લઈને વેચવામાં આવે છે. આપણે ત્યાં આ ચીજ ઓછી વેચાય છે, પણ અમેરિકામાં તો મીઠી શીંગ કાચની બાટલીઓમાં પેક કરીને વેચાય છે. આ રીતે શીંગ ખાવાથી એક ઉત્તમ ખોરાકની ગરજ સરે છે. આવી રીતે ચાસણી ચડાવેલા ગળ્યા શીંગદાણા લાંબા વખત સુધી બગડતા નથી અને આપણે ત્યાં જેમ ગળ્યા એલચીદાણા વેચાય છે તેમ ગળ્યા શીંગદાણા અમેરિકામાં વેચાય છે.

શીંગનું માખણ: આપણે ઉપર જોઈ ગયા તેમ આપણે શીંગનો ઉપયોગ કરીએ છીએ તેવો જ ઉપયોગ અમેરિકામાં મોટા પાયા ઉપર થાય છે; પરંતુ આપણે ત્યાં મુદ્દલ નથી થતું અને અમેરિકામાં સૌથી વધારે વપરાય છે તે શીંગનું માખણ-જેને એ લોકો 'પીનટ બટર' કહે છે. ૧૮૯૦ની સાલમાં નબળા માણસોના ખોરાક તરીકે અમેરિકામાં શીંગના માખણની શરૂઆત થઈ, પરંતુ હવે તો શીંગનું માખણ અમેરિકામાં એટલું બધું પ્રચલિત થઈ ગયું છે કે શીંગનો સૌથી મોટો ઉપાડ બીજી બધી ચીજો કરતાં શીંગના માખણમાં વધારે થાય છે. અમેરિકામાં જેટલી શીંગ તૈયાર થાય છે તેનો લગભગ અડધોઅડધ માલ તો શીંગના માખણ માટે વપરાય છે. આને માટે લાલ ફોતરી કાઢેલ સફેદ શીંગદાણા વપરાય છે. તેમાં દોઢથી ત્રણ ટકા મીઠું ઉમેરવામાં આવે છે. કોઈ કારખાનાવાળા સહેજ સ્વાદની ખાતર અંદર સાકર પણ નાખે છે અમેરિકામાં મોટા પાયા ઉપર શીંગનું માખણ બનાવવાનાં મોટાં કારખાનાં યાંત્રિક બળથી ચાલે છે. હવા ન લાગે તેવા ડબામાં પેક કરેલ માખણ ઘણા મહિના સુધી બગડતું નથી. સાધારણ રીતે મોટી શીંગ માખણ બનાવવામાં વપરાય છે; કારણકે એમાં તેલનું પ્રમાણ ઝીણી શીંગ કરતાં ઓછું હોય છે. માખણ બનાવવાવાળા કેટલાય બન્ને જાતની જાડીઝીણી શીંગ અડધોઅડધ વાપરે છે. માખણ બનાવવામાં સફેદ દાણા વપરાય છે. તેમ જ દાણાની વચમાં જે બીજ હોય છે તે પણ કાઢી નાખવામાં આવે છે. લોટ દળવાની ઘંટી જેવા યંત્રમાં એકદમ સાફ કરેલ લાલ ફોતરી અને

ખી વગરના દાણા નાખવામાં આવે છે અને તેમાંથી માખણ નીકળે છે. આપણે ત્યાં આ પ્રયોગ ઘંટુલામાં કરી શકાય. આપણે મગની દાળનાં વડાં કરવા માટે જેમ મગની પલાળેલી દાળને ભરડીએ છીએ, તેમ શીંગને ભરડવાથી માખણ નીકળી શકે. આ દિશામાં ભારતમાં કોઈ પ્રયાસ થતા નથી, પરંતુ માખણ કરવા જેવી એ ચીજ છે. પ્રશ્ન એક જ છે: કદાચ આપણા ગરમ દેશમાં આ માખણ બગડી જવાની દહેશત રહે. જૂના વખતમાં તલની ઘાણીમાંથી આપણે અધકચરેલ તલ–તલની રેડી–વાપરતા અને આ તલની રેડી ખૂબ જ કસ દેનારી ગણાતી. શિયાળામાં તાકાત લાવવા માટે એ હજુ પણ ગામડામાં વપરાય છે. આ તલની રેડીને મળતી આ ચીજ શીંગનું માખણ છે. માખણમાં શીંગની બધી વસ્તુ આવી જાય છે. ફક્ત અર્ધપ્રવાહી સ્થિતિમાં તે હોવાથી તેનો ઉપયોગ ઘણે ઠેકાણે થાય છે. શીંગનું માખણ ઘણું પૌષ્ટિક ગણાય છે. માંસ કરતાં તેમાં ત્રણગણું પૌષ્ટિક તત્ત્વ છે. એમ કહી શકાય કે શાકાહારી માણસો માટે તો ઉત્તમમાં ઉત્તમ ચીજ છે. એક રતલ શીંગ–માખણમાંથી ૨૮૦૮ કેલોરી (ગરમી) મળે છે એમાં ૧૧૮ ગ્રામ પ્રોટિન છે અને ૨૧૭ ગ્રામ ફેટ–ચરબી છે. તે ઉપરાંત થોડા પ્રજીવકો મળે છે. કેલ્શિયમ, ફોસ્ફરસ, લોખંડ વગેરે પણ ઠીકઠીક પ્રમાણમાં બીજા કરતાં વધારે મળે છે.

શીંગનું દૂધ: અમેરિકામાં નથી અને આપણે ત્યાં જેના પ્રયોગ થાય છે, તે છે શીંગનું દૂધ. ભારત સરકારના બેંગલોર ખાતેના શોધખોળ ખાતાએ શીંગનું દૂધ બનાવ્યું છે અને એમ કહેવામાં આવે છે કે જેવી રીતે સોયાબીનનું દૂધ બનાવી શકાય છે તેમ શીંગદાણાનું દૂધ બને છે. તે ગાયના દૂધ જેવું થાય છે. બનાવવાની રીત પણ સાદી છે. શીંગદાણાથી એવડા પાણીમાં દાણા દોઢ કલાક પલાળવા. દર અડધી કલાકે પાણી ફેરવતા જવું. ભીના થયેલ દાણાને ઘસવાથી તેના ઉપરની ગુલાબી ફોતરી–છાલ નીકળી જશે અને એકદમ સફેદ દાણા મળશે. આ દાણાને ઘંટુલામાં અગર ખરડમાં લઢવા. તેમાં રાાથી ઉગણું પાણી નાખવું. પા કલાક દાણા અને પાણીને ખૂબ લઢવા, પછી ઝીણા કપડામાંથી પાણી ગાળી લેવું. કપડા ઉપર જે ભૂકો રહે તેમાં ફરીને રાાથી ઉગણું પાણી નાખવું અને ઉપર પ્રમાણે ફરીને કરવું; આમ કરવાથી લગભગ એક રતલ દાણામાંથી ૬ રતલ દૂધ મળશે. આ દૂધને ગાયના દૂધની જેમ ઉકાળવું. ઉકાળેલું દૂધ ૪૮ કલાક સુધી બગડતું નથી. દૂધ સુગંધે–સ્વાદે સારું થાય છે. આ દૂધનું દહીં પણ કરી શકાય છે. ગાયના દૂધ જેવો સ્વાદ આવે છે. લગભગ પા ભાગનો કચરો રહી જાય છે, જેને સૂકવી તેની ચટણી, વડાં વગેરે બનાવી શકાય છે. આમ શીંગદાણાનો મોટો પ્રયોગ કરી શકાય. આ દિશામાં બેંગલોરનું સરકારી ખાતું વધારે પ્રયોગ કરી રહ્યું છે.

શીંગતેલ: એકાદ દસકા પહેલાં માણસોની માન્યતા એવી હતી કે શીંગતેલ ખાઈએ તો ખાંસી થઈ જાય. આપણે પહેલાં તલનું તેલ ખાતા. તલ સિવાય કેટલેક ઠેકાણે સરસિયું, કોપરેલ તેલ વપરાય છે. પણ છેલ્લા એકાદ દસકામાં શીંગતેલનો ઉપયોગ કૂદકે અને ભૂસકે વધવા માંડ્યો છે. ભારત એકલામાં નહીં પણ દુનિયાના બીજા બધા ભાગમાં શીંગ તરફ વધારે લક્ષ્ય આપવામાં આવે છે; કારણકે શીંગ એક ઉત્તમ ખોરાકની ચીજ છે, એમ પ્રતીતિ થવા માંડી છે. આફ્રિકામાં શીંગ ઉગાડવાની એક વિશાળ યોજના હાથ ધરવામાં આવી હતી, જે યોજના ફળીભૂત થઈ નહિ; પરંતુ એ બતાવે છે કે

શીંગ તરફ માણસોનું ધ્યાન દિવસે દિવસે વધતું જાય છે. શીંગનો તેલ તરીકેનો ઉપયોગ ભારતમાં સૌથી વિશેષ થાય છે. આપણે ઉપર જણાવ્યું તેમ અમેરિકામાં તેલમાં થોડા ભાગની શીંગ વપરાય છે. અમેરિકામાં એક વખત એવો હતો કે જ્યારે તેલ માટે શીંગ પિલાતી જ નહોતી.

શીંગનું તેલ અત્યારે મોટેભાગે વનસ્પતિની બનાવટો બનાવવામાં વપરાય છે. શુદ્ધ કરેલું તેલ (અં. રીફાઈન ઑઈલ) પણ ઠીકઠીક પ્રમાણમાં વપરાય છે. આધુનિક સાધનોને લીધે શીંગતેલ સાફ કરીને ડબા ભરી રાખવાથી ઘણા લાંબા વખત સુધી તેલ બગડતું નથી. પચવામાં બીજાં બધાં તેલ કરતાં સારું છે. ખાવામાં વપરાતા તેલના પચવાનું પ્રમાણ આ મુજબ છે: ઘીના ૧૦૦ ટકાની ગણતરીએ શીંગતેલ ૯૯ ટકા, તલનું તેલ ૯૮ ટકા, કોપરેલ ૯૮ ટકા અને સરસિયું તેલ ૯૫.૮ ટકા આવે છે. ઘી ખાવાથી માણસનું શરીર વધે તે ગણતરીએ ઘી એક ટકો ગણીએ તો બીજા તેલની સ્નાયુવર્ધન શક્તિ નીચે મુજબ છે:

શીંગ તેલ ·૯ ટકા, તલનું તેલ· ૬૫ ટકા,
સરસિયું ·૭૭ ટકા, કોપરેલ ·૭૫ ટકા.

ઉપરની હકીકત ઉપરથી આપણને જણાય છે કે ઘી પછી કોઈ પણ બીજું તેલ વધારે ઉપયોગી અને સારું હોય તો તે શીંગતેલ છે. આપણી જૂની માન્યતા મુજબ તલનું તેલ સારું ગણાતું, પણ હકીકત પુરવાર કરે છે કે તલના તેલ કરતાં શીંગનું તેલ સારું છે, અને તેથી જ દુનિયામાં આજે શીંગ તરફ વધારે લક્ષ્ય અપાઈ રહ્યું છે. ભારતમાં વેજીટેબલની બનાવટો બાબત જે ઊહાપોહ થઈ રહ્યો છે, તે વૈજ્ઞાનિક દૃષ્ટિએ જોઈએ તો વાસ્તવિક નથી. ઘીની સાથે થતી ભેળસેળ અટકાવવા માટે વાજબી પગલાં લેવાં જોઈએ, તે સિવાય તો વેજીટેબલ પ્રોડક્ટ એ દુનિયામાં વૈજ્ઞાનિક શોધખોળોને પરિણામે ઉત્તમ ખોરાક તરીકે જરૂરિયાતની ચીજ ગણાય છે.

લડાઈ પહેલાં વનસ્પતિ ૪૮૦૦૦ ટન થતું હતું, હાલ ૨,૦૦,૦૦૦ ટન થાય છે. આ વનસ્પતિ એકલીમાં જ શીંગતેલ ૧,૧૯,૦૦૦ ટન વપરાય છે. સાબુમાં ૧૦૦,૦૦૦ ટન તેલ વપરાય છે, જેમાં મોટેભાગે શીંગ તેલ વપરાય છે; કારણકે તે બીજાં તેલ કરતાં સસ્તું છે. શીંગતેલ મનુષ્ય માટે સારો ખોરાક હોવાથી સરકારે સાબુની અંદર શીંગતેલનો ઉપયોગ સદંતર બંધ કરવો જોઈએ. સાબુમાં તો જે જાતનાં તેલો ખાઈ ન શકાય, તેવાં તેલો જ વાપરવા દેવાં જોઈએ. આમ થાય તો જ તેલના ભાવ નીચા રહે અને મનુષ્યખોરાક તરીકે તેલની વધુ કિંમત આવે.

શીંગખોળ : શીંગદાણામાંથી તેલ કાઢી લીધા પછી જે વસ્તુ વધે છે તેને આપણે ખોળ કહીએ છીએ. આપણે આખી શીંગ એમ ને એમ ખોરાક તરીકે થોડેઘણે અંશે જુદી જુદી રીતે ઉપર જણાવ્યા પ્રમાણે વાપરીએ છીએ; પરંતુ તેલ કાઢ્યા પછી જે ખોળ રહે છે તે આપણે ખાતા નથી. આ ખોળ તો ઢોર જ ખાય અગર તેનું ખાતર થાય, તેવી માન્યતા છે. આમ શા માટે? આનું મુખ્ય કારણ એ છે કે જે રીતે દાણા માંથી તેલ કાઢવામાં આવે છે, તે રીત ખૂબ જ વાંધા ભરેલી છે. ખોળ માણસના ખોરાક તરીકે વાપરવાનો છે એમ જો ઘાણી પીલવાવાળા જાણે અગર માને, તો શીંગખોળ બનાવવાની રીત જુદી જ હોય; પરંતુ ખોળ તો ઢોરના ખાણ માટે અગર ખાતર માટે જ વપરાવાનો છે, તેથી શીંગ પીલવાવાળા તેની બનાવટમાં બેદરકાર રહે છે.

કાઢવા માટે શીંગદાણા સાથે આખી શીંગ અગર શીંગની ફોતરી નાખવામાં આવે છે. આમ કરવાનું કારણ ખોળનું વજન વધે અને ખોળ બરાબર 'બંધાય.' આને પરીણામે ચોખ્ખો ખોળ મળતો નથી. ઉપરાંત ખોળની હેરવણી-ફેરવણી જે રીતે કારખાનામાં કરવામાં આવે છે તેમાં પણ કચરો, કસ્તર, કાંકરા, ફોતરાં, ધૂળ વગેરે આવી જાય છે. આવો ખોળ ખાવાનો વિચાર પણ ક્યાંથી કરી શકાય? પરંતુ જો તદ્દન ચોખ્ખા; કાંકરી, ફોતરી, ડાંખળા વગરના શીંગદાણા પીલવામાં આવે અને ખોળને વાસણમાં લઈ ધૂળ કે કાંકરામાં, જમીન ઉપર એમ ને એમ ફેંકી દેવામાં ન આવે, તો તેવો સાફ ખોળ માણસના ખોરાક માટે વાપરી શકાય. ખોળનું પૃથક્કરણ નીચે મુજબ છે:

પ્રોટીન (પૌષ્ટિક તત્ત્વ) ૫૦ ટકા, તેલ ૭થી ૮ ટકા, કાર્બોહાઈડ્રેઈટ (મેંદો) ૨૫ ટકા.

આ ત્રણ મહત્ત્વનાં તત્ત્વો ઉપરાંત ફોસ્ફરસ, લોખંડ, ચૂનો વગેરે પ્રજીવકો તેમાં છે, તે ઉપરથી જણાશે કે ખોળ એ માણસ તેમ જ ઢોર માટે ઉત્તમ ખોરાક છે.

ખોળની અંદર ૭થી ૮ ટકા તેલ, અત્યારે જે રીતે ઘાણા અગર ઘાણીઓમાં તેલ કાઢવામાં આવે છે, તેથી રહી જાય છે. આવો તેલવાળો ખોળ હવામાં એકાદ માસ રહેવાથી ખોરો થઈ જાય છે. આવો ખોળ ફેટી ઍસિડ (એક જાતનો તેજાબ) થઈ જાય છે. આવો ખોરો ખોળ માણસ ખાઈ જ ન શકે, પરંતુ ઢોરને ખવડાવવામાં આવે તો ઢોરને ગરમ પડે છે અને ઢોર છેરે છે. આવો ખોળ જો વધારે પ્રમાણમાં ઢોર ખાય તો તેને પાણી પીવાની હોંશ થાય છે અને પાણી પીવાથી ઢોરને આફરો ચડે છે અને કેટલીયે વખત આફરો ચડવાથી તે મરી પણ જાય છે. ખોળની અંદર ૭થી ૮ ટકા તેલ હોય છે, તેટલું તેલ પણ ઢોરને પચતું નથી. અન્ય દેશોમાં કરેલા પ્રયોગ ઉપરથી માલૂમ પડ્યું છે કે એકાદ ટકા તેલથી વધારે તેલ ખોળમાં હોય તો ઢોરના છાણમાં એમ ને એમ એ તેલ નીકળે છે. આવા તેલવાળો ખોળ ખાતરમાં વાપરવાથી પણ તેલ એળે જાય છે અને જીવાત થાય છે. ખોળમાં રહી જતું તેલ કાઢી લેવા માટે અમેરિકા-યુરોપમાં યંત્રની મદદ લેવાય છે પરિણામે બાકીના ખોળમાં ફક્ત એક જ ટકો તેલ રહી જાય છે. આવો તેલરહિત દાણાદાર ખોળ ગમે તેટલો વખત રહે તોપણ ખોરો થતો નથી એટલે બગડતો નથી. તે ઢોરને ખવડાવી શકાય છે; કારણકે તેમાં પ્રોટિનનું પ્રમાણ વધારે છે જેનાથી ઢોરને 'કસ' પુરાય છે. તેલ ઓછું હોવાથી તેમ જ ખોળ બાફેલો હોવાથી બરાબર પચી જાય છે અને ઢોરને આવો ખોળ ગરમ પડતો નથી. ભારતમાં ખોળમાંથી તેલ કાઢવાનાં ફક્ત બે કારખાનાં છે. એક મોટું કારખાનું દરરોજનું ૫૦ ટન ખોળ વાપરતું વરતેજમાં અને બીજું નાનું દરરોજનું લગભગ ૨૫ ટન વાપરતું કલ્યાણમાં. કલ્યાણના કારખાનામાં મોટેભાગે મહુડાખોળમાંથી તેલ કાઢવામાં આવે છે. જયારે વરતેજના કારખાનામાં શીંગખોળમાંથી તેલ કાઢવામાં આવે છે. આ તેલ રીફાઈન-સાફ કરવામાં આવે છે અને તે ખાવાલાયક બને છે. ખાતર તરીકે ૭-૮ ટકાવાળો ખોળ વાપરવાથી જે તેલ ધૂળમાં જતું હતું, તે તેલ આવાં કારખાનાંથી બચે છે અને માણસના ખોરાક તરીકે ઉપયોગમાં આવે છે. રોજના ૫૦ ટન ખોળ વાપરવાથી જેટલું તેલ મળે તેટલું તેલ દર વર્ષે મેળવવા માટે દસ હજાર એકર જમીન ઉપર શીંગ વાવવી પડે.

હિંદમાં જો આવાં કારખાનાં વધારે હોય તો લાખો એકર જમીન બીજા પાક માટે ફાજલ પડે અને શીંગ વાવ્યા વગર આપણને તેલ મળે.

ભારતમાં દરવર્ષે આશરે સાડાતેર લાખ ટન ખોળ થાય છે, જેમાં સોળ કરોડ રૂપિયાનું તેલ હોય છે. આટલું તેલ ધૂળમાં–જમીનમાં ખાતર તરીકે જાય છે અને તેથી પાકને ફાયદો થવાને બદલે નુકસાન થાય છે. એક કરોડ રૂપિયાનું તેલ કાઢવા માટે સરકારે એવો હુકમ બહાર પાડવો જોઈએ કે ખાતર તરીકે તેલવાળો ખોળ વાપરવા દેવામાં આવશે નહિ, પરંતુ તેલરહિત ખોળ જેમાં એક ટકાથી વધારે તેલ ન હોય તેવો દાણાદાર ખોળ જ ખાતર તરીકે વાપરી શકાશે. આમ કરવાથી દેશના એક કરોડ રૂપિયા બચી જશે. તેલરહિત દાણાદાર ખોળમાં નાઈટ્રોજનનું પ્રમાણ વધારે હોવાથી ખાતર તરીકે તેની વધારે કિંમત આવે છે, એક બાજુ શીંગ વાવ્યા વગર તેલ મળે છે બીજી બાજુ વધારે કિંમતી ખાતર મળે છે. સરકારે આ બાબત તરત જ લક્ષ્યમાં લેવા જેવી છે.

બનાવટી ચોખા: બનાવટી ચોખા બનાવવાનું કામ બેંગલોરમાં સરકારી ખાતાએ હાથ ધર્યું છે. સરકારની ખોરાકખાતાની પ્રયોગશાળામાં તેલરહિત ખોળનો લોટ બનાવવામાં આવે છે. દાણાની લાલ ફોતરી કાઢી જ ખોળ બને તે નાખી તેલ રહિત બનાવવામાં આવે તો તેનો લોટ પરસુદી જેવો સફેદ થાય છે. આવો શીંગના ખોળનો લોટ અને ટોપીઆકો, સાબુચોખામાંથી બને છે, તે બન્નેને મિશ્ર કરી તેમાંથી બનાવટી ચોખા બનાવવાનો અખતરો લગભગ સફળ થયો છે. ગણતરી પ્રમાણે આ રીતે બનાવેલ ચોખાની કિંમત રતલના ત્રણથી સાડા ત્રણ આના પડશે. ચોખાની ખેંચ જ્યારે ભારતમાં આપણે ભોગવી રહ્યા છીએ, ત્યારે કુદરતી ચોખા જેવા જ આ બનાવટી ચોખા ખૂબ જ ઉપયોગી થઈ પડશે.

પૂ. મહાત્મા ગાંધીજી હંમેશાં કહેતા કે શીંગ એ તો ગરીબ માણસની બદામ છે. આ કથન તદ્દન ખરું છે; એટલું જ નહિ, પણ બદામ કરતાંયે શીંગ ઉત્તમ છે એમ વૈજ્ઞાનિક અખતરાથી પુરવાર થયું છે; એટલે શીંગ ગરીબ તેમ જ તવંગર બધાંને માટે ઉત્તમ ખોરાક છે. શીંગખોળનો 'મુખ્ય ઉપયોગ અત્યારે ખાતર તરીકે થાય છે, આ અફસોસની વાત છે. જે ચીજ માણસના ખોરાકમાં લઈ શકાય તેવી છે, જે ચીજ ઉત્તમ ખોરાકની ગરજ સારે એવી છે, જ્યારે દેશમાં દાણાની ખેંચ છે અને કરોડો રૂપિયા ખર્ચી બહાર દેશાવરથી દાણા મંગાવવા પડે છે. ત્યારે આ ઉત્તમ ખોરાક ખાતરમાં જતો અટકાવવો એ સરકારની મુખ્ય ફરજ થઈ પડી છે. સરકારે આ દિશામાં પ્રયત્નો શરૂ કર્યા છે, પરંતુ એ પ્રયોગો અને પ્રયત્નો બહુ જ ધીમા ચાલે છે. આપણે દુષ્કાળના પંજામાં પડ્યા છીએ ત્યારે આ દિશામાં ત્વરિત પગલાં ભરી માણસો દુષ્કાળમાં ભરખાઈ ન જાય તે કરવાની જરૂર છે. અત્યારે ભારતમાં તૈયાર થતો બધો ખોળ તેલરહિત કરવામાં આવે તો આપણને અગિયાર લાખ ટન શીંગનો લોટ મળે; જે ઘઉંના લોટ સાથે દસથી પંદર ટકા મેળવીને વાપરવામાં આવે. તો અમેરિકામાં થયેલા પ્રયોગ મુજબ ઘઉં કરતાં વધારે પૌષ્ટિક અને સ્વાદિષ્ટ બને છે. આવા મિશ્ર લોટની રોટલી, પૂરી, બિસ્કિટ વગેરે બને છે અને એકલા ઘઉં કરતાં વધારે સ્વાદિષ્ટ બને છે. શા માટે આ દિશામાં વિલંબ કરવો જોઈએ? આપણું ધન ધૂળમાં જઈ રહ્યું છે તેને બચાવવા સરકાર તેમ જ પ્રજાએ કટિબદ્ધ થવાની ખાસ જરૂર છે.

✶

હૃદયપલટો

લેખક :

શ્રી સુરેંદ્ર છબીલદાસ ધોળકિયા

મહેશ હજુ પથારીમાં આળસ મરડતો હતો ત્યાં જ ટપાલીએ કાગળ આપ્યો. પત્ર પરના ભાંગ્યાતૂટ્યા અક્ષરો પહેલાં તો તે ઓળખી ન શકયો. પત્ર ખોલ્યો, તેની મા, આ શહેરથી ૨૦૦ માઈલ દૂરના ગામડામાંથી આ પત્ર લખી રહી હતી. બાળક જેવા અક્ષરો અને શૈલી પણ. પ્રેમના ઉમળકાથી લખાયેલ એ પત્ર વાંચી મહેશ આંસુ રોકી ન શકયો. પત્રમાં લખ્યું હતું :

'વા'લા દીકરા,

તું તો હવે શે'રમાં રહેનારો થઈ ગયો પણ અમે તને વીસર્યાં નથી. તારા બાપુજીની તબિયત હવે સાવ લથડતી જાય છે, છતાંયે ગામના દર્દીઓની સારવાર માટે ફર્યા જ કરે છે. થોડા દી પહેલાં મુંબઈ ગયેલા અને છાતીનો ફોટો પડાવી આવ્યા છે, હું તો મૂંઝાઈ ગઈ છું. અમારી આંખની કીકી સમો એકનો એક તું દૂર બેઠો છે. તું અહીં ન આવી જા ?

તારી માતાજીની
શુભાશિષ.'

મહેશે ઘડિયાળમાં જોયું. હજુ નવ થયા હતા. દશની ગાડી પકડી શકે તો ?! માએ કોઈ દિવસ તેને પત્ર લખ્યો ન હતો, તેનો આવો આજીજીભર્યો પત્ર મેળવી તેને તેના આગલા દિવસો યાદ આવી ગયા. આંખનાં ઝળઝળિયાં લૂછતો લૂછતો ઝપાટાબંધ તૈયાર થઈ ઇસ્પિતાલના વડા દાક્તર પાસે રજા લેવા ગયો.

'મારે રામપુર જવું પડશે–બાપુજી બીમાર છે.'

'કેમ, ડૉ. મહેશ, ફરી ગામડામાં જવું છે? મનમાં નિશ્ચય તો હવે કરી લો!'

'નહિ, નહિ, હું પાછો આવીશ, મને કૃપા કરી બે અઠવાડિયાંની રજા આપો...'

'ભલે મહેશ, બાપુજીની સારવાર બરોબર કરજો. પણ તમારા જેવા હોશિયાર ડૉકટરને હું ગુમાવવા નથી ઇચ્છતો...' વડા દાક્તરે રજા આપી.

સ્ટેશને આવી ગાડીમાં બેઠો. છ કલાકની મુસાફરી હતી. તેના મનમાં વિચારો ઘોળાવા લાગ્યા. તેનું શૈશવ યાદ આવ્યું. એ તેના ૬૦ વર્ષના દાક્તર–પિતાનો એકનો એક પુત્ર હતો. તેના બાપુજીએ રામપુરમાં દાક્તર તરીકે આખું જીવન ગાળ્યું હતું. ગામનાં નાનાંમોટાં તેમને 'ઈશ્વરબાપુ' તરીકે જ પિછાનતાં. મહેશને તેના શાળાના દિવસો યાદ આવ્યા. બાપુજીએ કેટલી મહેનત અને સંભાળથી તેને ભણાવ્યો હતો! દર વર્ષનાં પરિણામો પછી તેના પર કેટલો બધો ઉત્સાહ અને ઇનામો વરસાવવામાં આવતાં! મહેશને ગામના શબ્દો યાદ આવ્યા :

'ઈશ્વરબાપુ, મહેશભાઈનેય તમ જેવા દાક્તર જ બનાવજો હો! અમને ગામડાગામમાં તમ વિના ન હાલે!' ને બાપુજીની પણ એ જ ઝંખના હતી... 'મારો મહેશ, ડૉકટર થાય ને આ ગામડામાં રહી ગામની સેવા કરે. ભણીને અહીં આવી મારા વધતા જતા કામમાં મદદરૂપ બને!'

મહેશને તેનું વિદ્યાર્થીજીવન યાદ આવ્યું. તે ભણવામાં હોશિયાર હતો. શહેરની કોલેજમાં રહી તેણે દાક્તરી વિદ્યા ભણવા માંડી. બાપુજીએ તેને પૈસા ને પુસ્તકો મોકલાવવામાં જરાયે કચાશ ન રાખી. તે રજામાં ઘેર આવતો ત્યારે બાપ–દીકરો, કોઈ ભયંકર દર્દના વિજ્ઞાન વિષે ચર્ચામાં ઊતરી પડતા.

પુત્રની તેજસ્વિતા જોઈ તેની ભોળી માને ખૂબ જ સંતોષ થતો. રજામાં તેનું તે ખૂબ જ જતન રાખતી. એણે આજનું ભણતર મેળવ્યું ન હતું, પણ તે સાંભળતી કે 'ભણવામાં તો પરીક્ષાઓ આવે, રાતદિવસ જાગવું પડે, ખાવાપીવાનું ઠેકાણું નહિ–ખર્ચ તો થાય–મગજ ખવાઈ જાય...' તેથી જયારે મહેશ ઘેર આવતો ત્યારે તેની મા તેને કોઈ પણ રીતે અગવડ ન વેઠવા દેતી. 'મારે મન તું હજુ બાળક છો...' એમ ઉમળકાભર્યે અવાજે મા બોલતી ને ઘણીયે વાર માના ખોળામાં માથું મૂકી મહેશ સૂઈ જતો; તે મોડી રાત સુધી પણ પોતાના વહાલા પુત્રને ખલેલ ન પડે માટે એ એમ જ બેઠી રહેતી. ગામના લોકો મહેશની પ્રતિભા અને હોશિયારીની પ્રશંસા કરે એ ય તેને ઓછું ગમે; રખેને કોઈની નજર લાગશે તો?'

'મારું એકનું એક રતન કેવું પોતાની મહેનતથી ભણે છે...' એ વિચારે તેને વાત્સલ્યભર્યા ઉમળકા આવી જતા.

મહેશને દાક્તરી પરીક્ષા સંપૂર્ણ રીતે પસાર કર્યા પછીના દિવસો યાદ આવ્યા. તેની વિચક્ષણતાથી ખુશ થયેલા શહેરના વડા દાક્તરે પોતાની સાથે જ મોટી સરકારી ઇસ્પિતાલમાં કામ કરવા આમંત્રણ આપ્યું. આવા ઊગતા દાક્તર માટે એ ઘણું ઊંચું માન હતું. તે આમંત્રણ મેળવી રામપુર પહેલો આવ્યો હતો ત્યારની વાતો યાદ આવી:

પહેલી વાત મા પાસે મૂકી:

'મા, એક વધામણી આપું?'

'બેટા, શું છે?' હરખાતાં મા બોલી.

'મને સરકારી ઇસ્પિતાલમાં, મોટા દાક્તરે પોતાની સાથે કામ કરવા બોલાવ્યો છે...!'

'એટલે શું તું ફરી પાછો શહેરમાં જઈશ...?' માતાની છાતીના ધબકારા વધી ગયા. તેને એમ હતું કે અભ્યાસ પૂરો કર્યા પછી તો પુત્ર પોતાની સાથે જ રહેશે.

'હા, મા, એ તો બહુ મોટું માન ગણાય...મારાથી શિખાશે પણ ઘણું...ને મુંબઈમાં રહેવાની પણ મજા આવે ને!... કાં, મા, બોલતી નથી...?'

'તારા બાપુજીને પૂછી જોજે; મને ખબર ન પડે...' આંખ આડે છેડો દેતાં મા આગળ ન બોલી. આપણા સમાજની માતા વધુ શું બોલે?

મહેશને યાદ આવ્યું, કે માનું આ વલણ તેને જરાયે સમજાયું ન હતું. 'આવું માન મળે તો શહેરમાં શા માટે ન રહેવું? બાર મહિને એકાદ વાર આવતો જઈશ પછી શું! મને હૃદયનાં દર્દોના નિષ્ણાત થવાની હોંશ છે, મા એમાં ન સમજે. બાપુજી સમજશે.'

થોડી વારે જ તેણે માને બાપુજી સાથે વાત કરતાં બાજુના રૂમમાં સાંભળી:

'આપણો બેટો ફરી મુંબઈ જવાની વાત કરે છે!'

'મુંબઈ? હવે શા માટે? મેં તો તેના માટે મારી ઇસ્પિતાલમાં જગ્યા પણ કરી રાખી છે...ને તેના નામનું પાટિયું પણ બનાવવા આપી દીધું છે...!' બાપુજી જાણે વર્ષો જૂની ઝંખના સિદ્ધ કરી રહ્યાનો સંતોષ અનુભવતા હોય તેમ બોલ્યા.

'પણ આજે બેટો કહેતો હતો કે તેને મુંબઈની ઇસ્પિતાલમાં મોટું માન મળવાનું છે...ને કંઈક હૃદયના રોગનું ભણવાનું કહેતો...!' માએ ધડકતે હૈયે વાત મૂકી. તેને કદાચ થયું હશે કે દીકરો માના હૃદયનો 'રોગ' કયારે પારખશે?

'બેટાને મોહ લાગ્યો છે શહેરનો...! બધાંને એવું થાય છે! હું જયારે પાસ થયો ત્યારે મને પણ કહેતા. 'શહેરમાં ઓળખાણ વધે, 'નિષ્ણાત' થવાય, સાધનસગવડો ! બધું ય મળે અને કમાણી પણ પુષ્કળ...

ઠીક, પણ આ ગામડાનું કોણ? આપણે અહીં રહેવા આવ્યા ત્યારે કેટલાંયે દર્દીઓ વિના દોષે પીડાતાં. ને એવાં સામાન્ય દર્દોમાં ‘સ્પેશ્યાલિસ્ટ’ની જરૂર નથી હોતી...! ઠીક બેટો એમ કહે છે! ત્યારે...’

‘પણ હવે આપણાથી દૂર તેને કેમ રખાય? બિચારો ભણે ત્યારે દુખી હોય– હવે ઘેર કાં ન રહે...?’ માના હેતાળ વદન પર વિષાદરેખા સ્પષ્ટ બનતી ગઈ.

‘જો મને તો હતું કે આપણા છોકરાને દાક્તર બનાવી આ ગામને ચરણે જ ધરવો છે! મારી સાથે રાખી દર્દોનો અને દર્દીઓનો જાણીતો કરવો હતો! મારી અવસ્થા થઈ છે. છોકરો હોશિયાર પણ છે. એવી બાહોશ બુદ્ધિ સિવાય આ વિશાળ ક્ષેત્ર કોઈ સંભાળી શકે નહિ...! ...જો સમજી? હું તેને સમજાવીશ. ચિંતા ન કર. પ્રભુની મરજી હશે તેમ થશે!’

મહેશે આ સાંભળ્યું હતું. તેને યાદ આવ્યું કે ત્યારે તેના મનમાં કેવો વિચારોનો સમુદ્ર ઊછળી પડ્યો હતો! ‘બાપુજીની વાત ખરી છે, પણ...પણ...મારા જેવો હોશિયાર દાક્તર ગામડામાં ફસાઈ પડે તો દાક્તરી વિજ્ઞાન આગળ કેમ વધે? ને ઊગતી યુવાનીમાં તો આગળ વધવાના વિચારો કેમ રોકાય...? નહિ નહિ. બાપુજીને હું સમજાવીશ ...!’

બાર માસ પહેલાંની વિચારવાટિકામાં અટવાયેલ મહેશે ગાડીની બહાર જોયું. ગાડી તો ધસમસાટ જતી હતી પણ મહેશને ધીમી લાગતી હતી. આજે તેને જલદી પહોંચવું હતું! તેને બાપુજી સાથે કરેલી છેલ્લી ચર્ચા યાદ આવી:

‘જો બેટા, તું તારી જવાબદારી સમજે છે. તને યોગ્ય લાગે તેમ કર. હું તને ગામડામાં રહેવાનું કહું છું તે સ્વાર્થ માટે નહિ, પણ આપણા ધંધા–દાક્તરીના પાયારૂપ માનવતા માટે કહું છું. કદાચ તારી ઝગમગતી શહેરી ઇસ્પિતાલના મોહમાં અહીંની દાક્તર વિનાની કારમી અને દર્દમય ગ્રામ્ય જિંદગી તું કલ્પી નથી શકતો! તારી મહેચ્છાની આડે હું નહિ આવું. પણ ડૉકટરની મહેચ્છા એટલે માનવતાની સેવા એ ભૂલતો નહિ,’ એમ ગળગળે અવાજે બોલતા બાપુએ શહેરમાં જવા રજા આપેલી. તેણે વિદાય વખતે માને કહેલું: ‘બે–પાંચ વર્ષમાં જ હું ત્યાં ઠરીઠામ બેસીશ ને સરસ ઘર લઈ તમને બોલાવીશ. આપણે સાથે રહેશું હો, મા!...’

માને આવા શબ્દો હવે સંતોષ આપતા ન હતા. પણ ‘પ્રભુ તને જ્યાં હો ત્યાં સુખી રાખે,’ એમ ડૂસકાં ભરતે સાદે માએ વિદાય આપેલી. મહેશ પાસે મહેચ્છા, કીર્તિની છૂપી લાલસા, યુવાની, હોશિયારીનો ગર્વ–નાં શરવાકયો આ લાગણીવેગથી પર લઈ જવા પૂરતાં હતાં. મહેશ બાર માસ પહેલાં આવી જ એક ગાડીમાં શહેર આવ્યો હતો તે યાદ આવ્યું.

રામપુરનાં હરિયાળાં ખેતરો દેખાવા લાગ્યાં ને મહેશને બાળપણ યાદ આવ્યું. ગામડાના ભોળા લોકો–નિષ્ખલેલ વાતાવરણ સાંભર્યું. બાપુજી દર અઠવાડિયે નાનાં બાળકોને, યુવાનોને સરઘસ આકારે ગોઠવી ‘મેલેરિયાનું મોં બાળો’ની હાક પુકારતા અને મોટાં ચિત્રો દ્વારા ચોખ્ખાઈ ને સ્વાસ્થ્યના પાઠો સમજાવતા આ ગામમાં ફરતા, તે દિવસોનો તેનો ઉત્સાહ યાદ આવ્યો! મુંબઈની ધમાલ ખૂની ભૂતાવળ જેવી લાગવા માંડી! ત્યાં તો રામપુર આવ્યું.

ગામમાં ઊતરતાં જ ‘મહેશભાઈ! તમે અહીં?’ના પુકારો ઊઠ્યા. ગામમાં ઘણાંયે તેને ઓળખતાં પણ તે તો સીધો જ ઘેર પહોંચ્યો. ત્યાં બારણું ઠોકતાં માએ જ ઉઘાડયું.

'મહેશ, બેટા! તું...?' મા હેતથી ભેટી પડી.

'મા, હું આવી ગયો હો!'

માની આંખોમાંથી આનંદનાં આંસુ ખરી પડયાં.

'બાપુજી કયાં છે?'

'કો'ક દર્દીને જોવા હમણાં જ ગયા. અમને ખબરે ન હતી કે તું આવશે!' માએ નાસ્તો કયારનો યે સામે ધરી દીધો હતો.

'મા! તારો કાગળ આવે ને હું ન આવું?' આસપાસ જૂના પણ હેતાળ લાગતા ઘરમાં જોઈ દીકરો બોલ્યો.

'સુખી રહે બેટા, ભલે આવ્યો! બાકી તારા બાપુજી બહુ જ નંખાઈ ગયા છે. તને તો ખૂબ સંભારે! એ...હા...' એમ આજુબાજુ ચુપકીથી જોતાં દીકરાને હાથ પકડી દોરવા લાગી. 'આમ આવ તો! આ મુંબઈવાળો તારા બાપુજીની છાતીનો ફોટો બતાવું. તારા બાપુજી આવે તે પહેલાં...!' એમ કહી બાપુજીના કબાટમાંથી ધીમેથી એક્ષ-રે ફોટો મહેશને આપ્યો. 'તુંયે દાક્તર છો, કાં બેટા! એ તો મને કાંય કે'તા નથી, કે આ ફોટો શું કામનો છે?' વિષાદમય આતુરતાભર્યાં નયનોએ મા બોલી ઊઠી.

મહેશે ફોટો પ્રકાશમાં જોયો. જેમ વધુ ને વધુ ધ્યાનથી જોવા લાગ્યો તેમ તેના ચહેરા પરની રેખાઓ ફરતી ગઈ.

'કાં બેટા, શું છે એમાં?'

'ના, કંઈ નહિ. ચાલ મા મને ભૂખ લાગી છે,' માને ફોટા વિષે કંઈ કહેવાની હિંમત ન ચાલી. તે પોતે યે ચિંતાતુર બની ગયો હતો.

મા પાછી ફોટો જેમ હતો તેમ ગોઠવવા લાગી. રખે ને બાપુજીને ખબર પડી જાય તો!

ત્યાં ઉધરસ સંભળાઈ. 'કેટલા દિવસથી તાવ આવે છે?'...બાપુજીનો સાદ હતો, એક દર્દીને તપાસી આવી તરત જ બીજાની સંભાળ લેતાં લેતાં જ ઘરમાં દાખલ થતા હતા.

મહેશને જોતાં જ તેમને નવાઈ તો લાગી.

'કાં બેટા, તું આવ્યો કે? ભલે આવ્યો. મજામાં છો ને? તબિયત સુધરી દેખાય છે!' કહેતાં'કને ઇસ્પિતાલમાં ચાલ્યા ગયા. મહેશ પાછળ પાછળ ગયો. બાપુજીના શ્વાસમાં રહેલું દર્દ તે પારખી ગયો હતો. તેમના શરીરની નિર્બળતાએ તેને કંપાવ્યો હતો. તેને માનો કાગળ યાદ આવ્યો. તેમાં તેને અતિશયોક્તિ ન લાગી.

ઇસ્પિતાલમાં એક સ્ત્રી બાપુજીને પોતાને ઘેર પતિને તપાસવા આવવા કહી રહી હતી. બાપુજી દવાઓ તૈયાર કરતા હતા. મહેશે પૂછયું: 'બાપુજી, હું સાથે આવું?'

'ચાલને બેટા!'

ને દાક્તર–બાપદીકરો જાણે ગામનાં દર્દીનું આવી જ બન્યું હોય એવા જોરથી ઊપડી ગયા. મા તો મહેશને બોલાવતી જ રહી.

દીકરાને દાક્તર થયા પછી બાપ સાથે દર્દીને ઘેર જવાનો આ પહેલો જ પ્રસંગ હતો. દર્દીના ઘરની ગંભીરતાએ તેને ઘેરી લીધો. દર્દી પિતાનાં ત્રણ નાનાં છોકરાંઓ લાચારભાવે તાકી રહ્યાં હતાં. બાપુજીએ તો કુટુંબીની જેમ જ દર્દી સાથે વાતો કરવા માંડી.

'ઇશ્વરબાપુ, ત્રણ દિવસ થયાં તાવે પડયો છું.'

'હં, મુઝાવ મા!' બાપુજીના હાથમાં નાડી હતી. પહેલાં બાપે, તે પછી દીકરાએ દર્દીને તપાસ્યો. ઇશ્વરબાપુએ દવા આપી, ખાવાપીવાની સૂચનાઓ આપી, 'કંઈ હરકત નથી. જલદી સારું થઈ જશે,' કહી રજા લીધી.

ત્યાં તો દર્દીની સ્ત્રી આડી ઊભી રહી.

'ઈશ્વરબાપુ, તમે તો પૈસાનું બોલશો નહિ, પણ એ ન ચાલે; આજનું શું થશે?'

'ધનજી ક્યાં કામ કરે છે...?' તરત જ બિલ આપનાર શહેરી દાક્તર મહેશને બાપુજીનો આ પ્રશ્ન વિચિત્ર લાગ્યો.

'હમણાં અડવાડિયાથી કામ પર નથી. હું કામ પર જાઉં છું....'

'પૈસાની જરૂર નથી. દરરોજ મને તબિયતના સમાચાર આપતાં જજો. દવા નિયમિત પિવડાવજો. જરૂર પડે તો મને બોલાવજો. ફિકર ન કરજો.'

'પણ...ઈશ્વરબાપુ...'

વધુ સંભળાય એ પહેલાં તો ઈશ્વરબાપુ ચાલ્યા ગયા હતા!

રસ્તે ચાલતાં બાપુજીએ પૂછ્યું :

'કેમ, તને ત્યાં ફાવે છે ને?' બાપુજીએ ઉધરસ ખાધી.

'હા, બાપુજી, શીખવાનું ઘણું મળે છે. વડા દાક્તર પણ મારા પર ઠીક હેત રાખે છે ને નવાં સાધનો તો આવ્યાં જ કરે...!' દીકરાને શહેરના બચાવનો આ ઠીક મોકો લાગ્યો.

'ઘણું સારું. આ ગામડાંમાંયે સાધનો હોય તો ઉપયોગી થઈ પડે, પણ અનુભવથી ઘણું જાણી શકાય છે–સાધનો વિના પણ.'

ત્યાં તો ઘર આવ્યું, બાપુજી ખૂબ થાકી ગયા હતા. માએ જમવાનું તૈયાર રાખેલું. વાતવાતમાં માએ કહ્યું:

'મહેશ મુંબઈથી મોસંબી લાવ્યો છે.' માએ કંડિયો બતાવ્યો.

'હા, બાપુજી,' મને એમ થયું કે રામપુરમાં મળતી નથી તો લઈ જાઉં.'

'મોસંબી લાવ્યો છે?' બાપુજી કંઈક ચમકારથી બોલ્યા.

'મહેશ, એક કામ કરીશ? હમણાં ગયા હતા એ ઘર યાદ છે ને? એ ધનજીથી કંઈ ખાઈ શકાય તેમ નથી, તો તું આમાંથી બે મોસંબી રાખી બીજી એને ઘેર આપી આવ.'

મહેશ કંઈ નવું જ અનુભવી રહ્યો હતો. તેણે કરંડિયો ઉપાડ્યો.

'ને...મહેશ, રસ કાઢવા સંચો લઈ જજે હો! તેમને સમજાવજે કેમ રસ કાઢવો તે! કાઢી બતાવજે! જા બેટા!'

'ભલે, બાપુજી.'

ને મહેશ શેરીમાં ઊપડ્યો. ઊજળાં કપડાંમાં ફરતા એ શહેરી દાક્તરને ગામડાની ગંદી શેરીમાં કરંડિયો ઉપાડીને ફરતાં જરા શરમ તો આવી, પણ કંઈક નવા જ જોમમાં આવેલો મહેશ ઝડપથી એ કામ કરી આવી પણ ગયો.

રાત્રે બાપુજીના શરીરમાં તાવ ધગધગતો હતો. દાક્તર દીકરો અને ભોળી માતા એ સેવાઘેલા પિતાની સંભાળ લેતાં હતાં.

બાપુજીને સુવાડી, પુત્ર વિચારમાં પડી ગયો. સાંજે જોયેલા એક્ષ-રે ફોટાએ તેને હચમચાવી મૂકયો હતો. તેના બાપુજીને ક્ષયનો રોગ ભયંકર દશામાં છે, એમ તેનું જ્ઞાન ફોટા પરથી સૂચવી રહ્યું હતું. એ ફોટો જોયા પછી બાપુજીની શારીરિક દશા જોઈ નવાઈ ન લાગી. દિવસ દરમ્યાનના બનાવોએ– દર્દીની દવાના પૈસાના અને મોસંબીના બનાવોએ તેની સમક્ષ નવી જ દષ્ટિ રજૂ કરી હતી. દાક્તરી જ્ઞાન ઉપરાંત કોઈ નવી જ દષ્ટિ તેને ખીલવવાની જરૂર પહેલી જ વાર લાગી, જે તેણે કોઈ વિદ્યાલય કે શહેરી ઈસ્પિતાલમાં શિખવાતી હોય તેવું યાદ આવ્યું નહિ. તે વિચારતો પડી રહ્યો હતો, ત્યાં તો મા આવી.

'બેટા, જોયાને તારા બાપુજીને! દરરોજ આમ રાત્રે તાવમાં સૂએ, સવારમાં ઊઠી માંડે કામ કરવા! મારો તો જીવ ફફડાટમાં

રહે, ભઈલા!'

'મા, તું ચિંતા ન કર, હવે હું તો આંહીં છું ને! કંઈ નહિ થાય બાપુજીને! આવતી કાલથી હું ઊઠવા પણ નહીં દઉં એમને, પછી કેમ?'

'અરે, જોજ તો ખરો! દર્દીઓનાં ટોળાં ઊભરાય છે. તેઓ ઊઠ્યા વિના રહે ખરા? ના કહીએ તો કહેશે, દાક્તર જીવતો હોય ને દર્દી પીડાય એ ખોટું... હેં બેટા! એમને કંઈ થાશે તો નહિ ને?...' માની આંખો, અવાજ, વદન ચિંતાતુર હતાં.

'ના હો, મા! હું યે દાક્તર છું ને! બધાં દર્દીઓની હું સંભાળ લઈશ. તો ખરોખર ને? જા મા, તું રોજ જાગતી હોઈશ, સૂઈ જા. નહિતર તું યે લથડી પડીશ, મા!' માનું પીળું પડી ગયેલું શરીર દાક્તર-પુત્રને ચિંતાજનક લાગ્યું.'

એમ મા-દીકરા વચ્ચે બાપુજીની તબિયતની ચિંતા-આશ્વાસનની આપલે ચાલ્યા કરતી.

મહેશે મનમાં નિશ્ચય કરી લીધો. 'બસ! બાપુજીને સંપૂર્ણ આરામની જરૂર છે. હવે હું જ અહીંની ઇસ્પિતાલમાં બેસીશ. થોડી વધુ રજા મંગાવી લઈશ...!' મહેશને સંતોષ તો થયો કે પોતે સમયસર આવી પહોંચ્યો છે.

દિવસો પસાર થવા લાગ્યા. બાપુજીને તદ્દન કામ વિના રાખવા એ વાત અશક્ય હતી. છેવટે બાપ-દીકરો બંને ઇસ્પિતાલમાં બેસતા. ને દીકરો-દાક્તર ગામમાં તપાસવા પણ જતો. બાપુજીની સાથે તે ઇસ્પિતાલમાં જેમ જેમ વધુ સમય ગાળતો ગયો, તેમ તેમ તે 'ઈશ્વરબાપુ'ના સંબોધનની યથાર્થતા સમજતો ગયો. નાનાં-મોટાં ગરીબ ગ્રામજનો કેવી શ્રદ્ધાથી એ દાક્તર પાસે આવતાં! એ દાક્તર તેમને 'ઈશ્વર' જેવો જ લાગતો! તે 'બાપુ' સમા પ્રેમથી તેઓની સંભાળ-સારવાર કરતો. એના પિતાએ જમાવેલું લોકહૈયામાં સ્થાન તેના પુત્રને નવી જ પ્રેરણા આપી રહ્યું.

હવે ઈશ્વરબાપુની તબિયતમાં કંઈ ફેર પણ આવતો જતો હતો. મહેશે ઘણીયે નવી વૈજ્ઞાનિક સંશોધનથી પુરવાર થયેલી દવાઓ મંગાવીને પિતાની આધુનિક દાક્તરી સારવાર કરતો. માને પણ મનમાં સંતોષ વધતો જતો હતો.

એક સાંજે એ નાનકડું, દુઃખમાં યે સુખી લાગતું કુટુંબ આગળની વાતો કરતું બેઠું હતું ત્યાં બારણું ઠોકાયું. માણસોનું ટોળું હતું. એક જુવાનીઓ ઝાડ પરથી પડી ગયો હતો. ત્યાં તેને સર્પ પણ કરડી ગયો હતો, હાડકું ભાંગી ગયું હતું.

બાપુજી ઊઠવા ગયા. ત્યાં તો મહેશ દવાઓ લઈ આવ્યો. 'બાપુજી, તમે પાસે બેસો. હું સંભાળ લઈશ.'

'પણ બેટા, તેં શહેરમાં આવું કંઈ કર્યું નથી...'

'ના, બાપુજી, તમે થાકી જશો. મને આવડશે જ!...' ને દાક્તર મહેશ સારવારમાં મંડી પડ્યો. દોઢ કલાકના દાક્તરી ઉપચાર પછી ને મહેશની કુનેહભરી સંભાળથી એ બેભાન યુવાન ભાનમાં આવ્યો. ધીમેથી બોલ્યો:

'ઈશ્વરબાપુ! હું જીવું છું, હો!...'

માણસો બોલ્યા: 'અરે! આ ઈશ્વરબાપુ નહિ પણ મહેશબાપુએ જિવાડ્યો છે.'

લોકોનાં આ ઉન્માદભર્યાં યશછાંટણાં મહેશે અનન્ય સંતોષ અનુભવ્યો. આ સંતોષ ને આનંદ અત્યાર સુધી દે દાક્તરી કામમાં મળ્યાં ન હતાં.

એ દર્દીના ગયા પછી બાપુજીએ પોતા દાક્તર-પુત્રની પીઠ થાબડી.

'વાહ
મહેશ! અ
કરીશ તો ઘ
બાપે
કાતા શ્રમિ
નજરે નીર
મૂંઝવી રહ્
'બેટા
ને એવા જ
ખોળામાં મ
માથે હાથ
'બેટા,
એકલાં મૂકી
પુત્રના
હતાં. એણે
મા, હવે તો
માની આંખ
બાપુજીની પ્રે
જાણે પાછો
તે બોલી: '
રામપુર તા
કેમ રહી શ
પર સંતોષ
તેઓ કંઈ
બોલવું યોગ્ય
ચૂપ રહ્યા-અ
ભૂતભવિષ્યન
સવારે
પૂછ્યું: 'બેટ
કેમ થઈ? મ
યે એમ હતુ
'બાપુજી
સજળ બની.
તમારો એક્ષ
કે તમે તમાર

'વાહ! બહુ સરસ કામ કર્યું હો! મહેશ! આવી ધીરજ ને સમજથી કામ કરીશ તો ઘણો જ સરસ દાક્તર બની શકીશ.'

બાપે આપેલી સોનેરી શાબાશીથી મલકાતા શ્રમિત પુત્રને વાત્સલ્ય અને ગર્વભરી નજરે નીરખતી માને એક પ્રશ્ન કયારનો યે મૂંઝવી રહ્યો હતો. માએ પૂછી નાખ્યું :

'બેટા, તું હવે મુંબઈ પાછો નહિ જા ને?' ને એવા જ મલકાતા મુખે બેટાએ માના ખોળામાં માથું ઢાળી દીધું. મા ઉત્સુકતાથી માથે હાથ ફેરવતી પૂછી રહી.-

'બેટા, બોલ ને! હવે તો તું અમને એકલાં મૂકીને નહિ જા ને?'

પુત્રના શહેરમોહનાં બંધન તૂટી ગયાં હતાં. એણે 'બુદ્ધ'ની જેમ ઉચ્ચાર્યું: 'ના મા, હવે તો હું તારે ખોળે જ રહીશ...!' માની આંખમાં હર્ષનાં આંસુ છલકી રહ્યાં. બાપુજીની પ્રેમભરી વર્તણૂકથી પોતાનો દીકરો જાણે પાછો મળ્યો હોય, તેવું તેને લાગ્યું. તે બોલી: 'ભગવાન તારું ભલું કરે, બેટા! રામપુર તારી મા છે. તારા વિના આ ગામ કેમ રહી શકે?' ઈશ્વરબાપુના વૃદ્ધ ચહેરા પર સંતોષ અને ઉલ્લાસ તરવરી રહ્યા. તેઓ કંઈ બોલવા જતા હતા પણ હમણાં બોલવું યોગ્ય ન લાગ્યું હોય તેમ ખંચકાઈ ચૂપ રહ્યા—આનંદઘેલી મા તો પછી—કેટલીય ભૂતભવિષ્યની વાતો કરવા મંડી પડી.

સવારે વાતો કરતાં પુત્રને બાપુજીએ પૂછ્યું: 'બેટા, તારી અહીં રહેવાની ઇચ્છા કેમ થઈ? મને ગમી છે હો! મને તો કયારનું યે એમ હતું કે તું અહીં રહે!'

'બાપુજી, કહી દઉં?...' પુત્રની આંખો સજળ બની. તે આગળ બોલ્યો, 'મને માએ તમારો એક્ષ-રે બતાવ્યો છે. મને ખબર છે કે તમે તમારું દર્દ જાણો છો. તમારા દર્દને જોયા પછી હું કેમ તમને છોડી શકું?'

બાપુજી સ્તબ્ધ થઈ ગયા.

'તારી મા તો નથી જાણતી ને?' કંઈક ચિંતાથી પૂછયું.

'ના જી.'

'તો સારું, બેટા! મરવાનું એક વાર છે, વહેલુંમોડું, પણ...પણ...મારા સારુ કરીને તારી મહેચ્છાઓ ડુબાડતો નહિ હો!...' બાપુજીને ઉધરસ આવી. પુત્રના ખભા પર માથું મૂકતાં કહ્યું: 'જો...તારી સ્વતંત્ર ઇચ્છા જાણ્યા પછી મેં તને અહીં રહેવા વિષે દબાણ કર્યું નથી...ને મારું શરીર તો આજે છે ને કાલે નથી. અહીં રહેવા માટે તન, મન ને ધનથી સેવાભાવની જરૂર છે. ક્ષણિક ઊર્મિવેગથી આ નિર્ણય પાળવો કપરો પડશે. નહીંતર શહેર સારું! એ તો તું સમજે છે ને, બેટા!...' બાપુજીના અવાજમાં શ્રમ જણાતાં બેટાએ અટકાવ્યા.

'બાપુજી, તમે થાકી જશો, પણ મારામાં ખરેખર માનસિક ફેરફાર થયો લાગે છે. મેં અહીં માણસો દર્દોમાં પીડાતાં પણ જોયાં છે ને તમારો પ્રેમભર્યો વર્તાવ પણ જોયો છે. મને તમારા શબ્દો 'ડૉકટરની મહેચ્છા એટલે માનવતાની સેવા' સાચા લાગ્યા છે. તમારા જેવા પિતાનો સાચો વારસદાર બની મારે અહીં જ જીવન ગાળવું એમ મને ચોક્કસ લાગે છે,' પુત્ર વધુ ન બોલી શકયો.

ગળગળે અવાજે વૃદ્ધ પિતા બોલી ઊઠ્યા:

'બેટા, મને ઘણો સંતોષ છે તારા જેવા પુત્રથી! તારામાં બુદ્ધિશક્તિ ઉપરાંત જે માનવભાવની જરૂર હોય તે દેખાય છે. તારી માની મને ચિંતા રહેતી. તેને તારી મહેચ્છાઓ સમજાવવી મુશ્કેલ બનતી. ગામના લોકો મને પૂછતા: 'મહેશભાઈ કયારે આવશે?!' એનો જવાબ મારી પાસે ન હતો. પણ આજે...!' એમ બોલતાં પુત્રના ખોળામાં

આજની અને ભૂતકાળની

શેરી

લેખક :

શ્રી ભગવત રામચંદ્ર ભટ્ટ

બી. એ; એસ. ટી. સી.

‘શેરી વળાવી સજજ કરું મારે ઘેર આવો ને!’

નોરતાના દિવસે દૂર પવનની પાંખ પર ચઢી આવતો અવાજ આજ કેમ વિચિત્ર લાગ્યા કરતો હશે? તેમાં જે શેરીને વાળીઝૂડી સ્વચ્છ કરવાની હોંશ દર્શાવાય છે તે શેરીની આજ શી દશા છે? એનો ભૂતકાળનો ઇતિહાસ દિવસે દિવસે ભૂંસાઈ જવા બેઠો છે. આજની સંસ્કૃતિની આંગળીએ વળગી જ્યાં જ્યાં નગરરચનામાં ફેરફારો થયા છે કે જ્યાં જ્યાં નવાં શહેરો ઉદ્ભવ્યાં છે; ત્યાં ત્યાં શેરી, ફળિયાં, પોળ, ચોકઠાં વગેરેનો નાશ થતો જોયો છે અને એને લીધે એક ફળીનાં માણસો વચ્ચેનો માનવભાવ, સખ્ય, પડોશીધર્મ બધાં દિવસે દિવસે ઓસરી જઈ તેને બદલે વ્યક્તિવાદ, અહમ્, અતડાપણું, નિર્લેપતા પેદા થઈ રહ્યાં નથી?

ઈશ્વરને ભાવભર્યું આહ્વાન આપતું ઉપલું ગીત સાંભળીએ છીએ ત્યારે મનમાં વિચાર સ્ફુરે છે કે સૌમાં ઈશ્વરનો અંશ જોવાને ટેવાયેલી આપણી આર્ષદૃષ્ટિને લીધે શેરીએ શેરીએ ‘ભલે પધાર્યા’નાં પાટિયાં ચો અજાણ્યાનું ય પ્રેમભર્યું આહ્વાન થતું માનવપ્રેમની એક ઉત્તમ શ્રેણીનું ઉદાહરણ તેને બદલે હાલમાં જૂનીપુરાણી શેરી કે પોળને નાકે વિચિત્ર પાટિયાં મારેલાં ય વાંચવામાં આવે છે: ‘ફેરિયાઓએ અંદર આવવું નહિ,’ ‘વાહનને આવવાની મનાઈ છે,’ ‘સરિયામ રસ્તો નથી.’

અને છતાં શેરીમાં કોણ પેસી નથી ગયું? લોકોપયોગી થવાના બહાના હેઠળ પાણીના નળ, વીજળીના થાંભલા, ટેલિફોનના તાર, રેડિયોનાં દોરડાં તો એમાં ખસૂસ પ્રવેશી ચૂકયાં છે અને તે વાસ્તે શેરીઓ પહોળી કરી નાખવામાં આવતાં હવે ચક્રવાળાં વાહનો પણ મોજથી અવરજવર કરી શકે છે.

એથી આજ શેરી, શેરી નથી રહી. પહોળી થતાં ઘણેખરે ઠેકાણે રાજમાર્ગો બની ગઈ છે. તે રાજમાર્ગો અને તેનાં નાકાં શહેરનું નાક ગણાય છે. ભાડાં ખાવા લોકોએ ભીંત તોડાવી ભગંદર જેવી દુકાનો કઢાવી છે. ત્યાં આજે લોટ પીસવાની ચક્કી, પેટ્રોલપં

પિતાએ માથું ઢાળી દીધું. ત્યાં તો માએ ટપાલનો એક કાગળ આપ્યો.

‘મુંબઈના વડા દાક્તરનો કાગળ છે!’

‘ગુજરાતીમાં વાંચ ને બેટા!’ માએ માગણી કરી; પુત્રે વાંચવા માંડ્યું: પત્ર ટૂંકો હતો.

‘ડૉકટર મહેશ.

તમારો મનોમંથનભર્યો પત્ર મળ્યો. તમારું અહીં માટેનું રાજીનામું દિલગીરી સાથે મારે સ્વીકારવું પડે છે, પણ સાથે હું તમને અભિનંદન આપું છું કે તમે માણસના શરીરનો અભ્યાસ કર્યા પછી માણસના આત્માનો અભ્યાસ કરવા ગામડાંમાં રહેવાનું નક્કી કર્યું છે. તમારી યશસ્વી કારકિર્દી ઇચ્છું છું—ડૉકટર...’

પુત્રનાં પસ્તાવારૂપ આંસુઓ પિતાના સમજુ સેવાભાવને જાણે અંજલિ આપતાં હોય તેમ ખરી પડ્યાં!

★

ચિનાઈ માટીનાં કુપરકાબી ખખડાવતાં આરામગૃહો, ધમાલિયો વાહનવ્યવહાર, મોટાંમોટાં શણગારેલાં, સાધનસામગ્રી ભરપૂર બજારો સઘળાંની આંખને હરી ચિત્તને મૂર્છા પમાડી રહ્યાં છે.

ત્યાં નિશ્ચિતતાથી ચાલવાનો તેનો અધિકાર માણસ ગુમાવી બેઠો છે. પહોળી થયેલી શેરીઓમાં ય હૈયે હૈયાં દળાય એવી ગીરદી, મોટરનાં ભૂંગળાંનો કર્કશ અવાજ, ગાડીવાળાઓના હોંકાટા વચ્ચે રસ્તો જો પાર કર્યો તો ઠીક; નહિ તો બધા રસ્તા દુનિયાને છેડે દોરી જાય છે તેમ કેટલાક અફળાતાકુટાતા બાદ કરતાં સાચે જ દુનિયાને છેડે પણ પહોંચી જાય છે. આમ પગપાળાઓની દૃષ્ટિએ પ્રાચીન જંગલની કેડીઓ પરથી ડામર અને સિમેન્ટ–કોન્ક્રિટના સરિયામ રસ્તા સુધીની ઉત્ક્રાંતિનો ઈતિહાસ બહુ કરુણ છે.

પહેલાં શેરીમાં વાહનોની ધમાચકડી અને ભીડની વાત જ શી? મનુષ્યની અવરજવર નહિવત્. રોજના જનારઆવનાર બધા જ દૃષ્ટિ તળે એટલે બધાંની હિલચાલ માલૂમ. અજાણ્યો બિચારો તરત અતડો પડી આવે. ત્યાં અથડાઅથડી કે અકસ્માતોના બનાવોનો અભાવ. આસાનીથી ચાલવાફરવાનું. ચાલતી વેળા વસ્તીની ભીડનો પ્રશ્ન નહિ કે નહિ સામેથી આવતાને માર્ગ કરી આપવાની જરૂર.

શેરી એટલે તો નાનું ગોકુળિયું ગામ. સવારસાંજ છોકરાં રમે ગેડીદડા, ઝાલકો દાવ અને ધમણગાટીલો. કોઈક વળી રમે હુતુતુ, ખોખો, સંતાકૂકડી, લંગડી વગેરે. હોળીટાણે હોળી ખોદાય. લાકડાં અને છાણાંના હારડા ભેગા થાય. જતાઆવતા પાસેથી પૈ–પૈસો માગે ને ન આપે તો રંગ છંટકાય, પિચકારીઓ છૂટે. હોળી પ્રગટે ને ધાણીચણા વહેંચાય. હોળીમાં પધરાવેલું બળતું નારિયેળ કાઢી કોપરું ઉડાવાય. ધૂળેટીએ ગુલાબસ્નાન ચૈત્ર અને શ્રાવણના પવિત્ર મહિનાઓમાં શાસ્ત્રી પુરાણી કથા–કીર્તનકાર આવી કેવી મઝેની ધર્મ સાથે જ્ઞાનગમ્મતની વાર્તા કહે! અધિક માસના ઓરતા જુદા, આસો માસે નોરતાંમાં માતાના ચાચર ખોડાય, પુરુષો પણ ત્રિતાલ ગરબે ઘૂમે. શરદપૂનમે સ્ત્રીઓ ગરબે રુમેઝૂમે. દિવાળીમાં ઘરઘર દીવા થાય અને ફટાકડા ફટફટ ફૂટે.

શેરીમાં આડેતેડે વારે મદારી આવી ડગડગ ડમરુ વગાડે. સાપનોળિયાની લડાઈ દેખાડે, હેરત પમાડે એવા જાદુના ખેલ કરે. ગારુડી આવે, બજાણીઆ આવે, ગોડિયો પણ આવે. વાંસની ઊંચી ઘોડી પર લટકતા દોર પર નમણો નટ કરામત કરી દેખાડે. નીચે ઢોલ જોરથી ઢિબાઈ રહે: ધીબાંગ, ધીબાંગ, ઘડીબાંમ. નટ દોરડા પર દોડી, કૂદી, ઊછળી છલંગો દઈ નીચે વાગતા પટહની સાથે તાલમેળ રચી રહે. શેરીમાં કોકવાર માતાજીનો સેવક આવે, થાળી વગાડે ને માતા ધૂણે: હુહુહુ! હુહુહુ!!

‘બોલ સેવક, શું દઉં? દીકરો માગ, પૈસા માગ.’

સેવક કંકુ ને નાડાછડી, ચૂંદડી, ચૂડી ને નારિયેળ માગે. એ બધું કાઢી આપી ખેલ કરી દીવાનું ઘી અને સીધું માગે.

રાતે વાળુ કર્યા પછી શેરીના ચોગાનમાં કોઈકને ઓટલેથી હારમોનિયમ અને તબલાંના સૂર પણ સંભળાય અને તેની વચ્ચે ત્રાંબાની ગાગર પર વિછૂઆ ખખડતાં ‘વૈશંપાયન એણી પેર બોલ્યા, સૂણ જનમેજય રાય’થી માણભટ્ટની કથાનો આરંભ થાય, ત્યારે લોકોની ઠઠનો પાર ન રહે. જે ઘરનું નોંતરું અપાય તેનાં વચ્ચે ગુણાનુગાન અને જયજયકાર બોલાવાય.

લગ્નપ્રસંગ જેવા મંગળ પ્રસંગે ઢોલી શેરીને નાકે બેસાડાય. એક ઘેર લગ્ન પણ આખી શેરીમાં મહાલામહાલ. ન્યાત પણ છડેચોક બેસે. જમવા બેસેલી ઘાલમાં કૂતરાં ન પડે એથી શેરીના મુખે પાટ નંખાય. રેશનિંગની ધાડથી બચવા છાનીછપની ન્યાત જમાડવા માટે શેરીનો ગુનાહિત ઉપયોગ તે દિવસોમાં નહિ. યજ્ઞાદિ અને ભજનમંડળીના કાર્યક્રમમાં સારી ય શેરીનો ફાળો. આજે પોતાના ચોકઠામાં વ્યાયામપ્રવૃત્તિ ચાલે છે ખરી; ભાષણો, વાર્તાલાપો ગોઠવાય છે, અભ્યાસવર્તુળો પણ યોજાય છે, એમાં જોનારને કેટલી બધી ચાંપલાસ વરતાય છે?

શેરીને નાકે શેરીના શણગારરૂપ નાની નાની દુકાનો હતી, તેમાં નામનો અસબાબ, માત્ર વેચવાની વસ્તુનો ખડકલો નહિ. ઘણીખરી દુકાનોમાં વસ્તુને ઘડવા–બનાવવાનું કામ સતત ચાલ્યા કરતું હોય. કંસારો વાસણ ઘડતો હોય, મોચી ચામડાં કોચતો હોય; દરજી કાં તો દરજણ બખિયા મારતાં હોય કે બટનના ગાજ કરતાં હોય.

શેરીમાં રહેનાર શેરીને જ પોતાનું જગત માનતા. શેરીમાં બનતા બનાવને દેશપરદેશના મહાન બનાવો જેટલા અગત્યના ગણતા. ત્યાં અજાણ્યાને ઝટ ઘર જડતા, ઘેરઘેર નામનાં પાટિયાં લગાડવાની જરૂર પડતી નહિ.

આવી શેરીઓ આજે ય અસ્તિત્વ ધરાવે છે, પણ મૃત:પ્રાય દશામાં. તે જ્યાં અસલ સ્વરૂપમાં સચવાઈ રહી છે ત્યાં માત્ર નાના નેળિયા કે સાંકડા રસ્તામાં પુરાઈ નથી પણ ઘણાંખરાં ઘરોની એબને ઢાંકતી ઊભી છે. પૂરતા હવાઉજાસના સૌખ્યનું દાન કરતી, અજવાળાં પાથરતી, ટાઢતડકાને સમધાત બનાવતી, પ્રખર વાયુવંટોળ અને વરસાદથી રક્ષણ કરતી જોવામાં આવે છે. તે સુખેદુઃખે સમભાગી થવાનો તેમાં વસવાટ કરી રહેલાઓને બોધપાઠ ભણાવે છે, અને પડોશધર્મ વધારે છે. પોતાનું અસલ ગૌરવભર્યું સ્થાન જાળવી રાખતી, એના રહેવાસીઓની ખાસિયતથી અંકાયેલી છતાં સંકુચિતતાને પડકારતી; સુંદરતા, સ્વચ્છતા, સુઘડતા પ્રદાન કરતી ઊભી નજરે ચઢે છે. ખરે જ, કેટલાક માને છે એમ શેરી સંકુચિત વાડાનો નહિ, સમાજ અને નગરના વિભાગીકરણનો ઉમદા નમૂનો છે.

★

એક વેપારીને ધંધામાં ઘણી જ ખોટ આવી. રૂપિયા કોઈ સગાસંબંધી કે મિત્ર તરફથી ઉધાર ન મળે તો વેપાર સદંતર બંધ કરી દેવો પડે એવી સ્થિતિ આવી ગઈ. એને આવેલી ખોટની વાત સર્વ જાણતા હતા. છેવટે પોતાના એક મિત્ર પાસે હિંમત એકઠી કરીને એ ગયો. મિત્રે એને જરૂરી રૂપિયા આપ્યા. અમુક સમય પછી એનો વેપાર ખીલ્યો અને એ મિત્રના બધા જ રૂપિયા પાછા આપવા ગયો ત્યારે કહ્યું:

'ભાઈ, હું તારો કેટલો બધો આભાર માનું? કોઈપણ પ્રકારની બાંહેધરી વિના તેં મને રૂપિયા ધીર્યા...'

'મારે બીજી કોઈ બાંહેધરીની જરૂર જ નહોતી,' મિત્રે જણાવ્યું, 'તારા અવાજમાં મેં આશા ને દઢ વિશ્વાસ જોયાં; બીજી કોઈપણ પ્રકારની ખોળાધરી કરતાં મારે મન એનાં મૂલ્ય વિશેષ હતાં, તે એટલે જ તું ફરીથી સફળ થઈ શક્યો છે.'

×

શ્રી શંકરભાઈ ઓ. પટેલ ઉપર બેસતા વર્ષે આશીર્વાદ મોકલાવતાં, વિદ્યાર્થી વિષે, શ્રી કિશોરલાલભાઈએ આ પ્રમાણે કહ્યું હતું:

'ઈશ્વરમાં શ્રદ્ધા રાખવી. માતા–પિતા ગુરુજનોની સેવા કરવી. પરિશ્રમ કરવો. અધ્યયનશીલ રહેવું. બુદ્ધિ ખુલ્લી રાખવી. વીર્યની રક્ષા કરવી. બ્રહ્મચર્યમાં દઢ રહેવું. નમ્રતા જાળવવી'

×

પ્રકૃતિનો સાદ

લેખક :

શ્રી હીરાલાલ ફોફલીઆ

કેડી વધુ ને વધુ સાંકડી બનતી જતી હતી. આવી કેડીઓ પર ચડવાની થોડા દિવસની પાકી 'પ્રેક્ટિસ' ન હોત તો ક્યારનો ય હું પાછો વળી ચૂક્યો હોત; પણ મારા પગમાં થોડા દિવસોએ આણેલ અનુભવજન્ય જોમ હતું.

આભની અભિસારિકા વસ્ત્ર બદલી રહી હતી. ક્ષિતિજ તરફ અદ્ધર ટિંગાઈ રહેલાં કુમકુમવર્ણાં વાદળાં હવે સુવર્ણ–છંટકારે કંચનમય બનતાં, ઘૂંઘટ ખોલી સૂર્યદર્શન કરાવી રહ્યાં હતાં. દિગ્મૂઢ બનેલાં મારાં નેત્રો પ્રાચી દિશામાં ઠલવાતા અદ્દભુત રૂપ-સૌંદર્યનું પાન કરવા લાગ્યાં. થોડીવારે આશ્ચર્યમૂર્ચ્છામાંથી મને ભાન આવ્યું ત્યારે બીજે ક્યાંય સ્પષ્ટ નજર કરી શકવા જેટલી શક્તિ હું ખોઈ બેઠો હતો. અનિમેષ નયને અને એકીટશે આભ તરફ એકાગ્ર દૃષ્ટિ કરી ચૂકેલાં મારાં નેત્રો એ પ્રકાશથી એટલાં બધાં છલકી ઊઠ્યાં હતાં, કે બીજી તરફ નજર કરતાં કાળું ધાબું દૃષ્ટિમર્યાદા અવરોધવા લાગ્યું.

હું આગળ વધ્યો પણ વિકટ પગદંડી ખરેખરી તો હજી હવે શરૂ થતી હતી, એટલે ચોપગો બની ચોતરફ ટેકાયેલા પથ્થરોનો સહારો શોધતો હું ઊંચે શ્વાસે ઊંચો ચડવા લાગ્યો. એક અણીદાર પથ્થરનો છેડો પકડી હાથ ટેકવવા મેં પ્રયત્ન કર્યો પણ પેલા કાળા ધાબાએ દગો દીધો અને હવાતિયાં ખાતા હાથે મારી સમતુલા સેરવી નાખી. દડાની જેમ દડબડતો હું દસ–બાર ફૂટ નીચે પડ્યો.

સદ્દભાગ્યે મને ખાસ વાગ્યું નહિ પણ મારી પાણીની ચંબુડી કપડાં પલાળતી ઢોળાઈ ગઈ.

મને તરસ ખૂબ લાગી હતી. સીધું ચડાણ ચડવાથી મારો શ્વાસ ભરાઈ આવેલો તેથી ગળું સુકાતું હતું; પણ પેલું ધાબું હવે ચાલ્યું ગયું હતું તેથી સ્પષ્ટ જોઈ શકાતું હતું. થોડેક ઊંચે પર્ણકુટિર જેવું કંઈક આછું આછું દેખાતું હતું એટલે, ત્યાં પહોંચવાથી તરસ વહેલા છિપાવી શકાશે એ ગણતરીએ હું ફરી ઊંચે ચડવા લાગ્યો. હવે તો તરસ છિપાવવાનો ઉદ્દેશ પણ સાથે ભળ્યો હોવાથી મારી ઝડપ ખૂબ વધી ગઈ અને પાંચેક મિનિટમાં તો વાદળથી વીંટળાયેલી પેલી ઝૂંપડી પાસે જઈ પહોંચ્યો.

મેં બારણું ખખડાવ્યું અને એક ક્ષણ રાહ જોઈ પણ પગરવ સંભળાયો નહિ. મને શંકા પેઠી. શું કોઈ બહાર ગયું હશે કે પછી ઝૂંપડી ઘણા વખતથી અવાવરુ પડી હશે?

બારણું અમસ્તું જ અડકાવેલું છે એ ખ્યાલ આવતાં, હળવેથી ખોલી હું અંદર પેઠો.

કોઈ યોગી જેવા દેખાતા વૃદ્ધ ધ્યાનસ્થ સ્થિતિમાં બેઠા હતા. એ જીવતા હશે કે સમાધિસ્થ સ્થિતિમાં મરણ પામ્યા હશે એની શંકા ઉદ્દભવે એટલી બધી નિશ્ચળ અડગતાપૂર્વક પદ્માસન એમણે જમાવ્યું હતું. જટા ન કહી શકાય પણ ઓડિયાંની કક્ષામાં મૂકી શકાય એવા ગરદન પર ઢળકતા સફેદ વાળ પવનના ફરફરાટથી ઊડી રહ્યા હતા. શરીરે ભસ્મ–ભભૂતિ કે ટીલાં–ટપકાંને બદલે, દૃઢ રીતે ભિડાયેલ ભ્રકુટિ વચ્ચે ફક્ત એક ચંદનનું ત્રિપુંડ કરવામાં આવ્યું હતું. કૃશ થઈ ગયેલ શરીર પર એક જનોઈ અને ટૂંકી પોતડી સિવાય એક પણ વસ્ત્ર નહોતું છતાં આ હિમાદ્રિના થથરાટથી એ અલિપ્ત

હોય એવા સ્થિર અને શાંત બેસી રહ્યા હતા.

મેં સાષ્ટાંગ પ્રણામ કર્યા અને બેએક મિનિટ હું એમ ને એમ બેસી રહ્યો; પણ એમનું ધ્યાન ખેંચાયું હોય એમ લાગ્યું નહિ. તરસે ગળું સુકાતું હતું એટલે પાણી શોધી કાઢવાના વિચારમાં હું હતો ત્યાં એમણે ધીરેથી પોપચાં ખોલ્યાં અને મોં પરનો ભાવ બદલવા દીધા વિના પ્રશ્ન કર્યો: 'કૌન હો બચ્ચા? ક્યું આયે હો? ક્યા ચાહિયે?'

'બહુત પ્યાસ લગી હય, બાબા! દો ઘૂંટ પાની મિલ જાય તો બડી કૃપા હોગી.'

'પીલો,' કહી એમ ને એમ બેઠા રહી, એમણે આંખની ઇશારતથી પાણીનું મટકું ચીંધતાં, હું ઊઠ્યો; કોઈ નિર્મળ ઝરણાનું મધુરતમ પાણી, પેટ તણાયું ત્યાં સુધી ઢીંચી લીધું અને છલકાયું ત્યાં સુધી ચંબુડીમાં ભરી લીધું.

મોં લૂછી હું તેમની સામે બેઠો અને બે હાથ જોડી મસ્તક નમાવતો બોલ્યો: 'બહુત આભાર હુઆ.'

સ્થિર નેત્રે જરાંવાર મારી તરફ તાકતા રહી એ ગુજરાતીમાં જ બોલ્યા, 'ક્યાંથી આવો છો?'

'મુંબઈથી,' હું બોલ્યો, આવી એકલતામાં કોઈ સ્વજન અણચિંતવ્યું આવી મળ્યું હોય એવું આનંદાશ્ચર્ય મને થયું.

'ક્યાંના રહીશ?'

'પરબડી–ગીરમાં.'

'નાની કે મોટી?'

'મોટી.'

મને આગળ વધવા વિષય મળતાં મેં પૂછ્યું: 'આપ ક્યાંના?'

એ જરા હસ્યા અને બોલ્યા: 'આ આખી પૃથ્વી પરમેશ્વરની છે, તેમાં આ ગામ મારું અને આ બીજાનું એમ કોણ કહી શકે?'

એ જવાબ ઉડાવતા હતા પણ મારી કુતૂહલવૃત્તિ સતેજ થઈ હતી. એટલે મેં આડકતરી રીતે પૂછ્યું: 'એ તો ખરું જ; પણ આપ મારા ગામને આટલી ઝીણવટથી જાણો છો એટલે કોઈવાર એ તરફ પધાર્યા તો હશો જ.'

'કોઈવાર? નહીં નહીં તોય પચ્ચીસ વાર!'

હું ચમક્યો, 'ત્યારે તો હવે આપ આપનું મૂળ ઠામઠેકાણું નહિ આપો એ નહિ જ ચાલે!'

'પણ બેટા, તારે જાણીને ય શું કરવું છે? સંસારજીવનમાં હું કોણ હતો, શું કરતો એ બધું અત્યારે ઉખેડ્યે શો સાર નીકળવાનો છે? મારા મનથી તો એ બધી ગઈ ગુજરી–મારી સંસારલીલા મેં સંન્યાસ લીધો ત્યારથી સંકેલાઈ ગઈ છે. હવે એ બધાં ચૂંથણાં ચૂંથ્યે શું વળવાનું હતું ભાઈ!'

'ક્ષમા કરજો, બાબા! હું તો અમસ્તું કુતૂહલ ખાતર જ પૂછતો હતો; પણ આપને જો એમ હોય કે આપના પરિચયની મને ખબર પડી જતાં હું આપને માટે કોઈ અગવડકારક પ્રસંગ ઉપસ્થિત કરીશ, તો એવી શંકા સેવશો નહિ.'

'એવું નથી બેટા, કોઈ જાણે એનો મને ભય નથી. મેં થોડો જ કોઈ ચોર કે ખૂનીની જેમ સજાથી સંતાવા આ સ્વાંગ પહેર્યો છે! અને જેનો મેં ગુનો કર્યો છે એ અંતર્યામી તો સર્વવ્યાપક છે. એનાથી સંતાવાનું થોડું જ બની શકે?'

મેં આજીજી કરી: 'મને ન કહો, બાબા! કોણ જાણે છે કે એવું પાપ હું પોતે પણ ન કરતો હોઉં? તમારા જીવનમાંથી કંઈ બોધપાઠ મળશે તો મારું કલ્યાણ થશે.'

'મારા જીવનમાંથી બોધપાઠ? ભગવાનનું નામ લે બેટા, મુજ પાપીના જીવનનો દરિયો ડહોળ્યે એમાંથી કાદવ સિવાય શું નીકળવાનું હતું વારુ? છતાં તારો આગ્રહ જ છે તો સાંભળ:

'તારા ગામથી દસ ગાઉ દૂર આવેલ

સામતિયાળી…'

'રાજખાવાળી ?'

'હા. ત્યાં હું રહેતો. પરમાત્માની કૃપાથી પાંચ પૈસે પહોંચતો પામતો હતો. મોટું ઘરાશ-દુઝાણું અને બીજી તમામ રીતે મારા જેવા સુખી આખોડપાખોડપમાં ય ઓછા હશે. વધુમાં વહાલસોયા વડીલની છત્રછાયા, ઘરરખ્ખુ ગૃહિણી અને ફૂલ જેવાં છોકરા-છોકરીનો પરિવાર, આમ મને કોઈ વાતની તમા નહોતી. સ્વભાવ મૂળથી લાગણીપ્રધાન ખરો પણ ગર્ભશ્રીમંતાઈમાં આમ ને આમ ઊછરતાં જીવનનાં પિસ્તાળીસ વરસ ટાઢ-તડકો વેઠ્યા વિના ક્યાં વીતી ગયાં તેનું તો પૂરું સ્મરણે હવે રહ્યું નથી.

'મારા પિતા છબીલદાસ–છબા દોશી ત્યારે પાંસઠ વરસના ધરમના અવતાર જેવા. આખા ગામમાં એમની ધર્મનિષ્ઠા પંકાય. માણસ પ્રભાતે ઊઠી પ્રથમ એમનું નામ લે એવા પવિત્ર અને પરગજુ માણસ.

'અમારા ગામથી ત્રણ ગાઉ છેટે વગડાના મધ્યમાં રણછોડરાયનું એક પુરાતન મંદિર આવેલું. મૂર્તિ બહુ જ પ્રભાવશાળી હતી અને ચમત્કારિક મનાતી. કહેવાય છે કે સોએક વરસ પહેલાં એની ચોતરફ મોટું શહેર વસતું પણ એક વખત દૈવકોપથી દટ્ટણપટ્ટણ થઈ ગયું. ફક્ત આ એક મંદિર જ ઊભું રહી ગયેલું.

'મારા પિતા સમજણા થયા ત્યારથી એક વ્રત લીધેલું: રણછોડરાયનાં દર્શન કર્યા વિના પાણીનું ટીપું કે અનાજનો કણ સુદ્ધાં મોંમાં મૂકતા નહિ. જુવાનજોધ હતા ત્યારે તો પરોઢિયે વહેલા ઊઠી એટલો પંથ પગ-પાળા જ કાપી નાખતા પણ જેમ જેમ પ્રૌઢતા આવતી ગઈ તેમ પછી થાક વર્તાવા માંડતો અને રણછોડરાયની કૃપાથી ઠામ–ચાડીકે સુખી થયા હતા, એટલે પછી ઘોડે ચડીને જવા લાગ્યા. બગલાની પાંખ જેવું કકડતું કેડિયું અને રજવાડી ફેંટો પહેરી ઘોડો રમાડતા દર્શને જતાઆવતા. વહેલી પ્રભાતે એ નીકળતા ત્યારે ધરમમૂર્તિનાં દર્શન પામતું લોક ધન્યતા અનુભવતું.

'પાંસઠ વર્ષની અવસ્થા છતાં દાંતથી ગોળનું ભીલું ઊંચકી લેતા. કોઈ ગંભીર બીમારી એમને ઓરી પણ નહોતી આવી. એક દિવસ પણ એવો નહિ ગયો હોય કે એમના નિયમમાં ભંગ પડ્યો હોય. સૂરજ ઊગવા અને આથમવા જેટલો જ નિશ્ચિત એમનો મંદિરનો આંટો મનાતો.

'ઘણી વખત ભાવિક યાત્રીઓ રણછોડરાયની યાત્રાએ જતાં કે વળતાં અમારા ગામમાં આવી ચડતા, ત્યારે દાયકાઓ સુધી એક પણ દિવસનો ખાંચો પડવા દીધા સિવાય દર્શન કરવા જનાર છબા દોશીના ટેકની સુવાસ સાંભળતાં એમનાં દર્શનનો લહાવો લેવા અમારે ત્યાં આવી પહોંચતા અને પ્રભુ-મહિમાના બે શબ્દો સાંભળી કૃતકૃત્યતા અનુભવતા, વિદાય થતા.

'થોડા વખતથી વહીવટની તમામ લગામ મને સોંપી એઓ નિવૃત્તિપરાયણ બન્યા હતા. પ્રભાતે દર્શનના એક આંટા સિવાય બહારની દુનિયા સાથેના તમામ સંબંધો ધીરે ધીરે ઓછા કરતા રહી એ વધુ ને વધુ સમય પ્રભુભજનમાં ગાળતા થઈ ગયા હતા. કોઈ આવી ચડે તો ય ધર્માર્થ સિવાયની બીજી ચર્ચા એ ભાગ્યે જ કરતા.

'તેટલામાં બે દિવસ એમને મેલેરિયા મૂંઝવી ગયો; છતાં ધાણી ફૂટે એવા ધગધગતા તાવ વચ્ચે પણ ઘોડે ચડી દર્શને જવાનું એ ચૂક્યા નહિ. મંદિરે જવા માટે પૂરી ગાડાવાટે નહોતી.

'મને ખૂબ દુઃખ થયું. આટલી રિદ્ધિ હોવા છતાં હું એમને દુઃખી થવા દઉં એમાં મને

ગુનો થતો લાગ્યો. એમની અત્યંત આનાકાની છતાં મેં વહેલામાં વહેલી તકે મોટર વસાવી લીધી અને ઠેઠ મંદિર સુધીની કાચી સડક તૈયાર કરાવી લીધી. આખા ગામના નાનાથી મોટા તમામે એ સડક તૈયાર કરાવવા પાછળ પારવગરનો ભોગ પ્રેમથી આપ્યો. મને ય ખર્ચ મામૂલી લાગ્યું અને મારી સાથે આખા ગામને રસ્તાની આપદા ટળી ગઈ.

'અમારા ગામમાં એ પહેલી મોટર!

'પહેલાં જણાવ્યું તેમ મોટરનો મારો વિચાર એમને જરા ય પસંદ પડેલો નહિ. એ તો કહેતા જ રહ્યા હતા: 'જરા ય કષ્ટ ન પડે એવી યાત્રા શા કામની?'

'પણ મોટર આવ્યા પછી ઘણું સુખ થઈ ગયું. પૂરેપૂરા આરામ સાથે, બહુ જ ટૂંકા સમયમાં આવજા થઈ શકતી. ઘણીવાર સાંજે આરતી ટાણે જવું–આવવું હોય તો બીજો આંટો પણ બની શકતો. મોટર આવી ત્યારથી સવારના આંટામાં એમને સાથ દેવાનો મારો તો લગભગ નિયમ જ બની ગયો હતો; એટલું જ નહિ, પણ કોઈ ઓળખીતા દર્શનાકાંક્ષી રસ્તે મળે તો મોટરમાં જગ્યા હોય ત્યાં સુધી એમને પણ લાભ અપાવવાનું અમે ચૂકતા નહિ. કોઈને કંઈ અંતરિયાળ કામે આવવું–જવું હોય તોપણ મોટરનો ઉપયોગ છૂટથી કરવા આપતા એટલે મોટરનું આગમન આખા ગામ માટે એક આશીર્વાદરૂપ થઈ પડ્યું હતું.

'હવે બનવા કાળ છે તે એક વખત અમારી પડોસના જ એક ખેડૂત–જગા પટેલની વહુ માંદી પડી. ઘરગથ્થુ ઘણા ઉપાયો કર્યા પણ બીમારી ઘટવાને બદલે વધતી જ ચાલી. એટલે થોડેક દૂર આવેલા શહેરના ડૉકટરને એમણે તેડાવ્યો. ડૉકટરે તપાસી ચોખ્ખા શબ્દોમાં ચેતાવ્યા: 'આને 'તીક્ષ્ણ એપેન્ડિસાઈટિસ'ની બીમારી છે. શસ્ત્રક્રિયા કરવા માટે પહેલી તકે હૉસ્પિટલમાં ખસેડવી પડશે; નહિ તો ક્યારે અંદર ફૂટી જશે અને શરીરમાં ઝેર વ્યાપી જશે એ કંઈ કહી શકાય નહિ. માટે વહેલામાં વહેલો હૉસ્પિટલમાં ખસેડવા પ્રબંધ કરો; નહિતર સો ટકા જોખમ છે.'

'સૌથી નજીકનું શહેર–કે જ્યાં શસ્ત્રક્રિયા થઈ શકે એમ હતું તે ખાસ્સું ચાલીસ માઈલ પર આવેલ હતું. ગાડામાં નાખી આસ્તે. આસ્તે લઈ જતાં દોઢ દિવસ થાય, જ્યારે મોટર તો આરામ સાથે ચાર કલાકમાં આંટો કરી આવે એમ હતી. બધાને મોટર સાંભરી અને જગો પટેલ મોટર માગવા મારી પાસે આવી લાગ્યો.

'પ્રભાતના સાડા–પાંચ છનો સુમાર હશે. હું મોડેથી સૂતેલો એટલે સફાળો જાગી ઊઠ્યો. બધી વાત સાંભળી.

'છેલ્લા ત્રણ–ચાર દિવસથી બાપા સખત તાવથી હેરાન હતા. પરોઢે ત્રણ વાગે, થોડો તાવ ઓછો થયા બાદ, માંડ આંખ ભેગી કરી હતી એટલે તે વખતે એમને જગાડી, મંદિરનો આંટો પતાવી નાખવાનું કહેવાનું તો હું વિચારી શકું એમ જ નહોતો. છ-સાત વાગે એ જ્યારે ઊઠે, ત્યારે તરત જ એ દવાનું પડીકું એમને આપવાનું હતું તે પણ એઓ દર્શન કરી આવ્યા પહેલાં મોંમાં મૂકે એમ નહોતા; એટલે એઓ ઊઠતાંવેંત પહેલું કામ મોટરનું પડવાનું હતું.

'વળી, શહેરનો રસ્તો પણ બરાબર ન હતો. ઠેરઠેર ધૂળાટની બની ગયેલ ખાડાટેકરાવાળી ખરાબ સડક પર દર્દીને લઈ સંભાળપૂર્વક મોટર ચલાવતાં, પાછા આવતાં નહિ નહિ તો ય ચાર–પાંચ કલાક થાય. એક તો દવા આપવા માટે એટલું મોડું કરવું પરવડે એમ નહોતું અને બીજું ન કરે નારાયણ ને મોટર ક્યાંક અટકી

તો બાપાને આ બીમારી વચ્ચે નિર્જળો ઉપવાસ થાય અને દવાદારૂ પણ લેવાય નહિ. આવી વિકટ પરિસ્થિતિ દેખાતાં, મેં જગા પટેલને જણાવ્યું: ‘ ભાઈ, મોટર અત્યારે તો નહીં મળે. કલાક–દોઢ કલાકમાં બાપા જાગશે કે ઝટપટ દર્શન પતાવી આવશું. પછી તમે તમારે જ્યાં જવું હોય ત્યાં ખુશીથી લઈ જજો.’

‘હું જ જવાબ આપ્યા સિવાય નીચું માથું કરી એ ચાલતો થયો.

‘લગભગ સાડાઆઠે બાપા જાગ્યા કે તરત દર્શને જઈ આવી, હું જગા પટેલને ઘેર પહોંચ્યો તો જાણવા મળ્યું કે મોટરનો ભરોસો ન પડતાં અને ધીરજ ન રહેતાં, મોટર નવરી થઈ આવે તો મોકલવાનું કહી પેલી બાઈને ગાડે નાખી એ લોકો ચાલતા થયા હતા.

‘દસનો સુમાર થવા આવ્યો હશે. માર માર કરતી મોટર લઈ જવાનું કહી, મેં ડ્રાઈવરને મોટર સાથે ગાડા પછવાડે દોડાવ્યો.

‘અગિયાર વાગ્યે ધૂળથી છવાયેલી ખાલી મોટર પાછી આવી. દસ વાગ્યે પેલી બાઈએ ચાલતે ગાડે પ્રાણ છોડ્યા હતા. મોટર એમને મળી ત્યારે એ લોકો મડદું ગાડે નાખી, પગપાળા વળતીઆ થઈ ચૂક્યા હતા. મોટર એમણે એમ ને એમ પાછી વાળી હતી.

‘મને ખૂબ શોક થયો, પણ, ‘દૈવેચ્છા, બીજો કોઈ ઉપાય જ નહોતો,’ એમ માની મનને મનાવ્યું.

‘ચાર–છ દિવસ એમ ને એમ પસાર થઈ ગયા. પેલી બાઈનાં રવડી પડેલાં નાનાં અને નમાયાં છોકરાંઓની હૃદયદ્રાવક બેહાલી હું જોતો કે અંતરમાં અનુકંપાનો સાગર ઉછળી આવતો. શકય તે રીતે તેમને સહાય કરવા મેં પ્રયત્ન કરી જોયો, પણ જગો પટેલ ભારે સ્વમાની–જરા અભિમાની કહી શકાય એવો માની હતો. કેમ જાણે એની સ્ત્રીની હત્યા મેં કરી હોય એવા તુચ્છકારપૂર્વક મદદ આપવા લંબાતા મારા હાથને એ તરછોડી –તગડી મૂકતો.

‘બાપાની તબિયત તદ્દન બરાબર થઈ ચૂકી હતી. આ બનાવ બન્યાને બરાબર સાતમે દિવસે બપોરે હું દુકાનેથી ઘેર જમવા આવ્યો. પાટલા પર બેસતાં જ એમણે મને સીધો પ્રશ્ન કર્યો: ‘ ભાઈ, જગા પટેલને તેં મોટર ન આપી એ ખરી વાત છે ?’

‘ મેં કૈં ના નહોતી પાડી,’ મેં કહ્યું. તે દિવસના બનાવની વાત મેં એમને નહોતી કરી–કરવા જરૂર નહોતી જણાઈ.

‘ પણ તે વખતે તો ના જ પાડેલ ને ?’ ઝીણવટપૂર્વક મારી ઊલટતપાસ લઈ રહ્યા હોય એમ ઝીણી આંખો કરી મારા મોં પર ટેકવતાં તેમણે પૂછ્યું.

‘ આપણે દર્શન કરી આવ્યા કે તરત જ મોકલી આપેલી.’

‘ પણ તે જ વખતે આપવા તો ‘ ના ’ પાડેલી ને ? જરા ટાણું તો જોવું’તું ?’

‘ પણ મારા મનમાં એમ કે......’

‘ તારા મનમાં એમ કે મારી ટેક તૂટી પડશે ? કે પછી ડોસો લાંઘણ ખેંચી બેસશે તો ક્યાંક લાંબો થઈ જશે ! ફટ છે, ભૂંડા ! અભિમાનના તોરમાં માણસાઈ પણ ખોઈ બેઠો ? કદાચ એક દી નકોરડો ખેંચવો પડ્યો હોત તો ય શું ખાટુંમોળું થઈ જવાનું હતું ? આ શરીરે પચાસ–સાઠ નિર્જળા એકાદશી ખેંચી નાખી છે, તો સમજવું’તું કે સડસઠ ભેળી અડસઠ. અને કોઈ દીન-દુખિયાંની સહાય કરવા જતાં એક દિ’ રણછોડરાયનાં દર્શન ન થાત તો કયું આભ તૂટી પડવાનું હતું ?’

‘ પણ મને શી ખબર કે આમ જોત-જોતામાં–બે કલાક વહેલુંમોડું થવામાં બાઈ

ચાલી નીકળશે ?'

'તને શી ખબર !' એમનો પુણ્યપ્રકોપ પ્રજળી ઊઠ્યો, 'જગા પટેલે સમજાવીને બધી ય વાત નહોતી કરી ?'

'એણે કહ્યું તો ખરું, પણ એ ડૉકટર જરા ગભરાટિયો છે. એટલે મને એમ કે ઠાલા ઊંચો જીવ કરાવતો હશે.'

'ડૉકટર કરતાં ય તું ડાહ્યો ! મૂરખા, બીજા કોઈને નહિ ને મોતને ભરોસે રિયો ! તારી માની કૂખ લજવી અને મારો ધરમ બોળ્યો. હું કોઈને શું મોં બતાવીશ ?'

'આટલું કહેતાં, ગુસ્સાથી લાલચોળ બનેલ મોં એમણે બે હાથ વચ્ચે છુપાવી દીધું.

'સુડતાળીસ વરસમાં પહેલી જ વખત સાંભળેલ બાપાની આગઝરતી વાણી મારાં હાડોહાડ સળગાવી ગઈ. જીવનના પાંચમા દાયકામાં સમજુ માણસને આટલો ઠપકો ય બસ હોય છે.

'સંધ્યાનો સમય થવા આવતાં, શીતળ હવાથી મનને ઠંડું પાડવા અને રણછોડરાયની ક્ષમા માગવા–એમ બેવડા ઉદ્દેશથી, હું મોટરમાં બેસી મંદિરને માર્ગે નીકળી ચૂકયો.

'ટાઢિયા તાવની દાંત કકડાવતી ટાઢ ઊપડી હોય ત્યારે ઉપરથી ગમે એટલાં ગોદડાં ઢાંકો તો ય ગરમી કયાંથી આવે ? ઉકળાટ અંતરનો હતો ત્યાં શીતળ હવા થોડી જ ઠંડક આપી શકવાની હતી ! જબરદસ્ત આગ લાગી હોય ત્યારે પવનના ફૂંફાડા એને ઓલવવાને બદલે વધુ ને વધુ પ્રદીપ્ત કરે એમ જોશભેર વાતો ઠંડો પવન મારા અંતરની આગને ભભુકાવી રહ્યો, વિચારવાયુના દાહક ઉન્માદથી મને ગળે શોષ પડવા માંડ્યો. આંખે ઝાંઝવાં વળવા લાગ્યાં અને અણુએ અણુમાંથી અસ્વસ્થતા ઝબકવા લાગી.

'બેબાકળા બની મેં ઊંચે આભ તરફ જોયું તો ત્યાં સંધ્યા લોહીની પિચકારી વડે હોળી ખેલી રહી હતી. આખું આભ ઠેરઠેર રક્તછાંટણાંથી અભડાઈ ચૂક્યું હતું.

'આહ !' કરતાં મેં આંખો મીંચી દીધી.

'મંદિર આવી લાગતાં આજુબાજુ જોયા સિવાય પૂજારી પાસે પહોંચી મેં પાણી માગ્યું. મારી અસ્વસ્થતા જોઈ એને ય આશ્ચર્ય તો અવશ્ય થયું જ હશે, એટલે એણે બોલ્યા-ચાલ્યા વિના ચુપચાપ પાણીનો લોટો લાવી મારી સામે ધરી દીધો. ત્રણ પ્યાલા ઝડપભેર હું ગટગટાવી ગયો ત્યારે કૈંક શાંતિ વળતી લાગી.

'અંદર સંધ્યાની ઝાલર ઝણઝણી ઊઠી હતી. અંદર પહોંચી, હું આરતીમાં ભળ્યો. ત્યાં રણછોડરાયના ચમત્કારનો મને પ્રથમ સાક્ષાત્કાર થયો. એમને જમણે–ડાબે અહર્નિશ અખંડ રીતે બળતી રહેતી બે દીવડીઓ પર નજર પડતાં હું ચમક્યો. એક એક ક્ષણને અંતરે એની જ્યોત વધઘટ થયા કરતી, શૂન્યવત્ બની જતી હતી. આરતી પર ગોઠવેલ દીપકમાળા પવનના ફરફરાટ વગર પણ થરથરતી–થડકતી લાગી. મેં રણછોડરાયના મુખકમળ પર દૃષ્ટિ નાખી તો ત્યાંય સદા વિલસતા સત્-ચિદ્-આનંદસ્વરૂપ નિર્મળ હાસ્યને સ્થાને, મેં 'ઠપકા'નો ભાવ પારખ્યો. મારી આંખ ઝળઝળિયાંથી ઊભરાઈ ગઈ અને ગદ્ગદ કંઠે બોલી જવાયું: 'ક્ષમા કરો નાથ ! હું પાપી છું. ઉદ્ધરો પ્રભુ–પતીતપાવન દીનદયાળ, અનાથના નાથ...'

'મારાથી વધારે બોલી ન શકાયું. ગળે ડચૂરો બાઝતાં મારો કંઠ રુંધાઈ રહ્યો હતો. એટલે ફક્ત અંતરમાં પ્રાર્થના ચાલુ રાખી. મેં ફરી એમની સામે દૃષ્ટિ કરવા હિંમત બીડી, પણ હજી ય ઠપકાનો ભાવ બદલાયો નહોતો.

'એ ને એ અવસ્થામાં હું કેટલો વખત પડી રહ્યો હોઈશ એ પ્રભુ જાણે. આખરે મંદિર બંધ કરવાનો સમય થઈ જતાં પૂજારીએ આવી હાથ પકડી મને ઉઠાડ્યો અને મોટર પાસે લઈ જઈ તેમાં બેસાડ્યો. ઘોરતમ અંધકાર વચ્ચે વિચારમૂઢ સ્થિતિમાં હું યંત્રવત્ ઘેર આવ્યો.

'ઓછીવત્તી અશાંતિમાં થોડા દિવસો વહી ગયા, કે એક દિવસ મને અચમુચ સાંભરી આવ્યું કે રણછોડરાયનું મંદિર જર્જરિત સ્થિતિમાં કાળચક્રનો સામનો કરતું માંડમાંડ ઊભું રહ્યું હતું. કંઈ મરામત નહિ થાય તો ઘણાં વર્ષ નહિ ટકી શકે. શકય એટલા વહેલાં જીર્ણોદ્ધાર કરાવવાની તાત્કાલિક અગત્ય અને જરૂરત હતી.

'અમારી પાસે ઠીકઠીક સંપત્તિ હતી; તેનો આથી વધારે સદુપયોગ કયો હોઈ શકે?

'મારા વિચારો મેં બાપાને જણાવ્યા. એમણે મારી પીઠ થાબડી, પોતાને ત્યાર લગણ એ વિચાર કેમ ન આવ્યો તે બદલ નવાઈ પ્રદર્શિત કરી અને અત્યંત ઉલટ અને ઉમળકાભેર એ સત્કાર્યમાં સંમતિ આપી.

'ચાર-છ દિવસમાં જ એ શુભ કાર્યનું મંગલાચરણ મેં કરાવી દીધું. સવાર-સાંજ જાતદેખરેખ માટે હું કલાક-કલાક ખડે પગે ઊભો રહેતો. બરાબર આઠ મહિના કામ ચાલ્યું અને સત્તાવીસ હજારનું ખર્ચ થયું, પણ મંદિર એવું સુંદર બન્યું કે કેમ જાણે તદ્દન નવું જ ન બંધાવ્યું હોય!

'મંગલ-મુહૂર્ત શોધી મંદિરની પુનઃ-પ્રતિષ્ઠાનો મહોત્સવ ગામલોકોએ ધામધૂમથી ઊજવ્યો. હજારો દર્શનાર્થીઓનાં ટોળાં ઊમટ્યાં. અપૂર્વ સંતોષથી મારો આત્મા નાચી ઊઠ્યો.

'પૂર્વવત્ સ્વાભાવિક અને આનંદમય સ્થિતિમાં દિવસો પર દિવસો, મહિનાઓ એમ કરતાં ચાર વર્ષ વહી ગયાં. દરમ્યાન બીજું વિશ્વયુદ્ધ શરૂ થઈ ચૂકયું હતું. મોંઘવારી વધતી જતી હતી એ ખરું, પણ શરૂ-શરૂનાં વર્ષોમાં મોંઘવારીથી વધેલ ખર્ચ કરતાં ધંધામાં વધેલ વળતર અને રોકાણનું વધેલ મળતર અત્યંત વિપુલ પ્રમાણમાં હતું. ગરાશ-ચાસ-જમીન-અનાજના ભાવો ભળતા થઈ જતાં, હું તેમ જ ગામના બીજા ત્રણેક વેપારીઓ-ખેડૂતો વગેરે પણ ભળતું કમાવા લાગ્યા.

'જરા જૂની થવા આવેલી મારી મોટરની માવજત તો હું બરાબર કરાવતો, છતાં કોઈક દિવસ થોડો ત્રાસ આપવાનું એણે શરૂ કરેલું. જેથી કયારેક સાવ અટકી ન પડીએ તે માટે અગમચેતી વાપરી મેં એક બીજી-નાની મોટર-પણ વસાવી લીધી. એ અરસામાં ગામમાં બીજી બે મોટરોનાં પગરણ પણ થઈ ચૂકયાં હતાં. પણ કોઈ ડૉકટરને ધામા નાખવાનું ન પરવડી શકે એવી આદર્શ કક્ષા પર ગામનું સ્વાસ્થ્ય હજી ય જળવાઈ રહ્યું હતું.

'એટલામાં બાપા ગંભીર બીમારીથી પટકાઈ પડ્યા.

'જીર્ણ-મેલેરિયા સામે પાંચ વર્ષથી નિષ્ફળ લડત ચલાવતાં, એમની અડીખમ કાયાનું એકેએક મિજાગરું ખખડી ગયું હતું. મહિને માસે તીક્ષ્ણ જવર અચૂક આંટો મારી જતો અને એમના વૃદ્ધ શરીરનું હીર જળોની જેમ ચૂસી જતો. આ વખતે તો છ છ દિવસ થયા છતાં તાવ ઊતરવાનું કોઈ ચિહ્ન દેખાતું નહોતું.

'ડૉકટરની દોડાદોડમાં હું પૈસા પાણીની જેમ વાપરતો રહ્યો, પણ કોણ જાણે કેમ કોઈ પણ ટ્રીટમેન્ટને તેમનું શરીર મચક આપતું નહોતું.

' અગિયારમે દિવસે ડૉકટરે હાથ ખંખેરી કહી દીધું: ' જવરનું મૂળ કારણ કંઈ કળ્યામાં આવતું નથી. જેટલી શકયતાઓની કલ્પના કરી શકયા, તે તમામના ઇલાજ અજમાવી જોયા, પણ કોઈ કારગત નીવડતા નથી. બહેતર એ છે કે તેમને શહેરમાં લઈ ચાલીએ. ' એક્ષ-રે 'થી અને લોહી-થૂંક-પેશાબ-ઝાડો વગેરેની સૂક્ષ્મ તપાસથી કદાચ સૂઝ પડે. આવી નિર્બળ સ્થિતિમાં એમને અહીંથી ખસેડવા એ જરા જોખમભર્યું તો છે જ, પણ અંધારામાં અથડાતાં વધુ સમય ગાળવા કરતાં વહેલી તકે રવાના થઈ જઈએ એમાં ઓછું જોખમ છે.'

'ડૉકટરોના અભિપ્રાય મેં એમને જણાવ્યો. એમણે બે દિવસ માટે બહાર નીકળવાના હળવા સૂચનનો પણ સખત વિરોધ કર્યો: ' બેટા, આ ગામની માટીથી જ આ હાડચામ ઘડાયાં, આ બોતેર વર્ષમાં આ ગામ છોડી પરગામનું મોં સરખુંય જોયું નહિ, તે હવે છેક છેલ્લા દિવસોમાં તું જનમભોમ છોડાવવા માગે છે? ભાઈ, તું મારું મન હજી નથી પારખી શકયો. આ ગામની માયામાં એ કેટલું જકડાયેલું છે એ તને નહિ સમજાય. મારી તો આ છેલ્લી બીમારી છે. ભલે ચાર દીથી લાચાર અવસ્થા અંગે રણછોડરાયનાં દર્શને નથી જઈ શકયો, પણ હવે એ તો મારા અંતરમાં જ આવી વસ્યા છે. મને પરમ આનંદ છે. એમાં જ સુખેથી મરવા દે, ભાઈ! નકામા ઉધામા ન ઉપાડતો. સંસારમાં તૂટી તેની બૂટી નથી, સમજયો ?'

' પણ હું ન સમજયો-અર્ધ જાગૃત અને નિદ્રિત અથવા બેભાન અવસ્થામાં ત્રીજે દિવસે એમની પાસેથી ' હા ' ભણાવીને જ રહ્યો. અને મુસાફરીની તૈયારી કરવા માંડી.

' જૂની મોટર રિપેર માટે પખવાડિયા પહેલાં શહેરમાં મોકલાવેલી એટલે નવી નાની મોટરમાં પછવાડે સંભાળભરી જરા ય આંચકા ન આવે તેમ તેમના રને ગોઠવ્યું. હું અને ડૉકટર ડ્રાઈવર બાજુમાં સંકોડાતા ગોઠવાયા અને ગતિએ શહેર તરફ જવા રવાના થયા.

' અર્ધોએક કલાક થયો હશે કે મજલ કાપતી મોટર સાવ બંધ પડી ત્રણ કલાક સુધી એને ચાલુ કરવા માટે જુદા જુદા ભાગ તપાસવા અને સાફ વાથી માંડીને ધક્કા મારવા સુધીના પ્રયત્નો, ડ્રાઈવરે, મેં અને ડૉકટરે કરી જોયા, પણ હાય કિસ્મત! એ શયતાની ચરખો ચસ્યો તે ન જ ચસ્યો.

' મને પારાવાર ગભરામણ થવા લાગી. ગાઢ જંગલમાં કોઈ બીજો માર્ગ સૂઝે એ નહોતું. મુખ્ય રસ્તે, હજી ય સામતિયાળી સૌથી નજીક હતું. પસાર થતી પ્રત્યેક પળ કીમતી હતી. વધુ વિચારોમાં સમય ગુમાવ્ સિવાય ડૉકટરને એમની સંભાળ ભળાવ ગામ તરફ પાછા પહોંચવા મેં દોટ મૂકી બાવન વર્ષ સુધી ચોખ્ખા દહીંદૂધથી પોષ યેલ શરીરે અણીને ટાંકણે ખરી મદદ દીધી જુવાનને ય શરમાવે એવી ઝડપથી દોડતો તો ઘડી હાંફતાં હાંફતાં ધીરું ચાલતો હું જોતજોતામાં સામતિયાળી આવી લાગ્યો.

' મેં સીધા ધનાશેઠને ત્યાં પહોંચી બારણું ખખડાવ્યાં. પણ એમની મોટર કોઈ અમલદારની વરદીમાં બહારગામ ગઈ હતી અને સાંજ સુધી પાછી આવે એમ નહોતું.

' બીજી એક જ મોટર રહી. પ્રભુ કરે અને એ તો જરૂર મળી જ જાય પ્રાર્થના કરતો હું જગા પટેલને ત્યાં પહોંચ્યો બીજો કોઈ સમય હોત તો! મને સંકોચ થયો હોત પણ આ સમો જ ભીડનો હતો કે શરમનો વિચાર સરખો આવે નહિ.

'જગા પટેલ પાસે પહોંચી મેં બધી વાત કરી. એમણે તે સહાનુભૂતિપૂર્વક સાંભળી અને બોલ્યા: 'વાહ! મારી મોટર તે તમારી જ છે એમ સમજો ને! એવાં મારાં ભાગ્ય ક્યાંથી કે બબ્બે મોટરુંવાળાને મારી મોટરનો ખપ પડે? તમે ઘડીક નિરાંતે બેસો, ચાપાણી પીઓ અને થાક ઉતારો. અબઘડી વંડીમાં જઈ, મોટર કઢાવી આવું છું.'

'ચપટી વગાડતાં એ ચાલતા થયા. એમના અવાજમાં રહેલ ક્રૂર મશ્કરીનો ભાવ હું તે વખતે પારખી શક્યો નહિ. કહેવત છે ને કે 'અર્થીને અક્કલ નથી હોતી!'

'પા કલાક થયો. ચા આવી તે મેં વગર મને પી લીધી.

'અર્ધો કલાક થયો કે મારી ધીરજ ખૂટી અને એમની વંડીમાં હું જઈ પહોંચ્યો. જોયું તો ત્યાં જગા પટેલ નિરાંતે બીડી ફૂંકતા, જેઠુજી સાથે ટાઢે પેટે તડાકા મારતા બેઠા હતા. એમની ટાઢાશ જોતાં મારા પેટમાં ઊકળતું તેલ રેડાયું, પણ મારા પર નજર પડતાં તે તરત જ બોલ્યા: 'આવો, આવો. આ તમારા જ કામ પાછળ છું. ડ્રાઈવર ક્યાંક બહાર નીકળી ગયો લાગે છે. તેને બોલાવી લાવવા એક માણસ તો ક્યારનો ય મોકલ્યો છે,' આટલું કહી જેઠુજી તરફ ફરી તેને ઉદ્દેશી બોલ્યા, 'જરા જો ને જેઠુજી! કેમ થયું! પાછો દોડતો આવજે.'

'દોઢ કલાક એમનો એમ વીતી ગયો. દરમ્યાન, જગા પટેલ કૈંક અલકમલકની વાતો વેતરતા હતા. મને કીડિયારું ચડી રહ્યું હતું, પણ સમય ગમ ખાઈ જવાનો હતો એટલે હું ફક્ત બેધ્યાન બની તેમની વાતમાં હુંકારો પુરાવતો, વંડીના ઝાંપા તરફ એકીટશે જોઈ રહ્યો.

'આખરે ડ્રાઈવર આવી પહોંચ્યો. મારા જીવમાં જીવ આવ્યો. પૂછગાછમાં સમય ગુમાવવા દીધા સિવાય ડ્રાઈવરનો હાથ પકડી ગાડી પાસે પહોંચી હું અંદર ગોઠવાયો અને મોટર જલદી ઉપાડવા સૂચના આપી.

'ગાડી ચાલુ કરવા ડ્રાઈવરે પગ લંબાવ્યો કે જગા પટેલ આવી પહોંચી ડ્રાઈવરને પૂછવા લાગ્યા: 'ગાડી છે તો બરાબર ઑર્ડરમાં ને?'

'હા, ભાઈ.'

'શું હા ભાઈ?' તેના ચાળા પાડતા હોય એમ જગા પટેલ બોલ્યા, 'હજી ગઈ કાલે જ બગડી ગયેલી તે ભૂલી ગયો?'

'હેં...? ડ્રાઈવરે સૂનાઈથી પૂછયું પણ પછી જાણે કે સાંભરી આવ્યું હોય તેમ ઉમેર્યું: 'હા, હા ભાઈ. કાંક 'મિસ્ટક' લાગે છે.'

'તો જોઈ લે બરાબર, ક્યાંક રસ્તામાં ન રખડાવતો. શેઠને એ મોટરે તો રખડાવ્યા. ક્યાંક પાછું એવું ન થાય.' પછી, મારા તરફ ફરી બોલ્યા: 'હું તો કહું, સાવચેતી સારી. કાં શું કહો છો?'

'ખરું છે,' હું બોલ્યો પણ જગા પટેલના વલણની વિચિત્રતા મને ખૂંચવા લાગી.

'કઈ ખબર શો ખોટીપો હશે તે અર્ધો કલાક બીજો ય નીકળી ગયો. પણ મોટર 'ઑર્ડર'માં ન આવી. મને હવે જગા પટેલની દાનત બાબત પૂરો વહેમ આવ્યો એટલે ધીરજ ખોઈ હું બોલ્યો: 'એમ કરો હું ગાડું લઈ જાઉં છું. મોટર ઠીક થાય તો પાછળ મોકલી આપજો. આવે તો ઠીક છે નહિતર એમને ગાડે સુવાડી પાછા લાવવા પડશે, શું થાય!'

'આખા ગામમાં વખણાતું એક નંબરનું ગાડું કરી, હું ચીલઝડપે મોટર તરફ જવા ઊપડ્યો. અર્ધે રસ્તે પહોંચ્યો હોઈશ ત્યાં જગા પટેલની મોટર આવી પહોંચી.

'હાશ! હવે શહેર જરૂર પહોંચી શકાશે,' એવા આશાના છેલ્લા તરણા પર લટકતો

હું પૂરઝડપે, મોટર તરફ જવા ઊપડ્યો.

'પવનનું એક પ્રચંડ મોજું આવ્યું અને અવકાશમાં ધૂળની આંધી ફેલાવી ગયું. આભમાં વાદળાં દોડાદોડ કરવા મંડી ગયાં અને ઘડી-તડકો ઘડી-છાંયડાનો ગેબી ઘટાટોપ ગોઠવતાં દિવસને ઝાંખો-અપશુકનિયાળ બનાવી ગયાં.

'પાંચ મિનિટમાં જ મોટર પાસે અમે જઈ પહોંચ્યા. મોટર પૂરી ઊભે તે પહેલાં જ બારણું ખોલી હું બહાર કૂદ્યો અને છલાંગ ભરતો આગલી મોટર પાસે પહોંચી ગયો.

'પણ હાય! છબા દોશી-મારા વહાલા પિતા સાથે મોં-મેળા થવાનું ય નસીબમાં નહોતું. બેભાન બની એમના શબ પર હું ફસડાઈ પડ્યો!

'ડૉકટરના તાત્કાલિક ઉપચાર બાદ અર્ધા કલાકે મને શુદ્ધિ આવી.

'ડૉકટરે અથથી ઇતિ બધી વાત કરી. ઘડી રણછોડરાય તો ઘડી મારા નામની માળા છેવટ લગી જપતાં, મારા આવવાની ફક્ત પાંચ મિનિટ પહેલાં એ સ્વર્ગે સંચર્યા હતા.

'મારાં આંસુ આંખોમાં જ સમાઈ ગયાં, જડવત્ મોટરમાં ગોઠવાઈ અમે પાછા આવ્યા અને એમનો અગ્નિસંસ્કાર કર્યો.

'વળતે દિવસે પ્રભાતનો પહોર હતો.

'ઊંઘ વગરની લોહિયાળ આંખે, મેડીની બારીએ ઊભોઊભો દૂરદૂર દેખાતાં જંગલ અને ઝાડવાં તરફ શૂન્યદષ્ટિએ હું જોઈ રહ્યો હતો, ત્યાં નીચે મોટર આવી ઊભી રહી.

'મંદિરે જવાનો સમય થઈ ચૂકયો હતો. પણ બાપા! બાપા કયાં???

'મારું મન વિચાર કરતું થંભી ગયું. જીભ સિવાઈ ગઈ. જબાન ખૂલી શકી નહિ.

'નીચે ઊતરી ડ્રાઈવરની બૂમાબૂમનો જવાબ આપ્યા સિવાય મંદિર તરફ જવા મેં મુઠ્ઠીઓ વાળી દોટ મૂકી. આખો રસ્તો કે રીતે પસાર કર્યો એ યાદ નથી પણ ત્ય પહોંચ્યો ત્યારે મગજના તંતુએ તંતુ લો ના દબાણથી ધમધમતા પવન માટે તરફડિ મારી રહ્યા હતા.

'મૂર્તિ સમક્ષ પહોંચતાં હું ઢગલો થ પડી ગયો.

'પેલી અખંડ દીવડીઓ ફરી પાછી વધ ઘટ થતી વિલય પામવા લાગી.

'રણછોડરાય પર દૃષ્ટિ પડતાં હું છળ ઊઠ્યો. માત્ર ઠપકો જ નહિ પણ ઘોર તિરસ્કારનો ભાવ મને ડારી રહ્યો.

'મેં ચીસ પાડી આંખો મીંચી દીધી, તે કાનમાં કોઈ ચિચિયારીઓ પાડતું બે અવાજે ગણગણવા લાગ્યું:

'અધમાધમ! ખૂની!! હત્યારો!!!'

'અધમાધમ! ખૂની!! હત્યારો!!!'

'અધમાધમ! ખૂની!! હત્યારો!!!'

'મારા દાંત દોઢિયાં વળી કકડવા લાગ્યા. મેં રણછોડરાય તરફ નિઃસહાય દૃષ્ટિ નાખ તો ફરફરતા લાલ હોઠમાંથી લોહી ટપ રહ્યું હતું.

'મેં આંખો મીંચી દીધી તો ફરી પેલ ત્રણ શબ્દો કાનમાં ઉપરાઉપરી સિસો વગાડી રહ્યા.

'હું નાઠો-નાસતો જ રહ્યો. બસ, નાસ તો જ રહ્યો. કઈ દિશા! કયે રસ્તે! કઈ બાજુ! એનું ભાન રહ્યું નહોતું.

'કયાંક મોટરનું ભૂંગળું વાગતું હતું.

'મને ઝનૂન ચડી આવ્યું. બધા અનર્થનું મૂળ-એ મોતની કાર જ નહોતી?

'ભૂંગળાના અવાજની દિશા તરફ અ થિંવ બળ સાથે હું ધસ્યો. શયતાન ચક્કરનો ટોટો પીસી નાખવા મારાં મુઠ આંગળાં પૈશાચિક પ્રેરણાનો પોલાદી મુ વાળી રહ્યાં.

'ધૂળના ગોટેગોટ ઉડાડતી મોટર મારી સામે આવી પહોંચતાં જ તે પર ચિત્તાની જેમ ત્રાટકી પડવા હું કૂદ્યો. કોઈકની હૃદયવિદારક ચીસ મેં સાંભળી ને હું બેભાન બની ગયો.

'ચીસ હતી તો મારી પોતાની જ પણ તે વખતે મને એમ જ લાગેલું કે બીજા કોઈની ચીસ મેં સાંભળી. હું બેભાન થતો જતો હતો. ત્યારેય મને તો એમ ભાસેલ કે મારો આત્મા ખોળિયું છોડી કાળા ડિબાણ અંધકારમાં ક્યાંક જઈ રહ્યો છે.

'જાગ્યો ત્યારે કોઈ હૉસ્પિટલના ખાટલા પર પાટાપિંડી અને બંધનવશ સ્થિતિમાં હું પડ્યો હતો. પણ મેં દૃઢ રીતે માની જ લીધું કે મારાં કુકર્મોની સજા માટે પ્રભુએ મને દુર્ગંધથી ખદબદતા યમસદનમાં મોકલી આપ્યો છે. મારી ચોતરફ શ્વેત સાયામાં સંતાયેલા શયતાનો ચોકી કરી રહ્યા છે; અને તરેહવાર શસ્ત્રો સજતા જઈ મને પીંખી નાખવાની તૈયારી કરી રહ્યા છે.

'હું બરાડી ઊઠ્યો કે કોઈ યમદૂતે આવી મારા મોંમાં ડૂચો મારી દીધો. હું અકલ્પ્ય વ્યથા અનુભવવા લાગ્યો, પણ મારા હાથ-પગ બંધનવશ સ્થિતિમાં હોવાથી વ્યક્ત ન કરી શક્યો; નહિતર ગૂંગળામણનો અનુભવ કરાવનારાં કેદી જેવાં કપડાં મેં ફાડી નાખ્યાં હોત અને નર્કવ્યથા પહોંચાડી રહેલા જ્ઞાનતંતુઓને શરીરમાંથી ચીરી ચીરી બહાર ફેંકી દીધા હોત.

'મારી ખોપરી' અને બંને પહોંચામાં તો ગજબની વેદના જાગ્યા કરતી હતી. હું નાક વાટે 'ઉંહકારા' બોલાવવા લાગ્યો એટલે શસ્ત્રસજ્જ બની ચૂકેલ શયતાનના બુરખાધારી શાગીર્દો મારી આંખ દબાવવા લાગ્યા અને નાક પર દુર્ગંધનો મહાસાગર રેડતા ગૂંગળાવવા લાગ્યા. ડૂબતા માણસની જેમ શ્વાસ માટે વલખાં મારતો હું ફરી બેભાન બની ગયો.

'જાગ્યો ત્યારે સેંકડો વીંછી વળગ્યા હોય એવા દર્દથી હું ચિત્કાર કરી ઊઠ્યો કે એક દૈત્યે આવી મારા શરીરમાં અણીદાર સોયો ઘોંચી દીધો.

'મને લાગ્યું કે યમરાજ મને મારી નાખવા નથી ચાહતા, પણ રિબામણી અને યાતનાની પરાકાષ્ટાનો કપરો અનુભવ કરાવવા માગે છે. એટલે એમાંથી ઉગારવા હું પ્રભુને પ્રાર્થના કરવા લાગ્યો.

'એટલામાં હાથમાં કાગળનો થોકડો અને પેન્સિલ પકડી કોઈ બે જણ આવી પહોંચ્યા. મને લાગ્યું કે ચિત્રગુપ્તને ચોપડે મારા ખાતામાં જમા-ઉધાર થયેલ પાપ-પુન્યનો હિસાબ થઈ રહ્યો છે. પણ હું કૈં સ્પષ્ટ રીતે બોલી શકું તે પહેલાં આગંતુકોમાંના એકે મારી બગલમાં ઠંડી છરી ભોંકી દીધી.

'મને ઝોકાં આવતાં હતાં છતાં કાને ઢાંક આવી જાય એવી જબરી રાડ મેં પાડી હતી, એ મને અત્યારેય યાદ છે. મારા પોતાના મનમાં તે વખતે નર્કની વાત એટલે ઊંડે સુધી ઘૂસી ગયેલ કે ઑપરેશન, ઇન્જેકશન અને થરમૉમિટર–એ ત્રણેયને મેં નારકીય સ્વરૂપે જ જોયાં હતાં.

'સવારે હું ઊઠ્યો ત્યારે પીડા અર્ધી ઓછી થઈ ગઈ હતી; એટલે થોડી રાહત મેં અનુભવી. પંદરેક દિવસ એ જ સ્થિતિમાં પસાર થયા. તે દરમ્યાન તરેહવાર ચિત્રવિચિત્ર અને વિલક્ષણ કલ્પનાઓ કરતો હું મૂગો જ રહ્યો. કોઈની સાથે એક અક્ષરે બોલ્યો હોવાનું સ્મરણમાં નથી.

'તે પછી મારાં બંધનો ખોલી નાખવામાં આવ્યાં અને ધીરે ધીરે મારું મગજ પણ ઠેકાણે આવવા લાગ્યું. મને પહેલી જ વખત ખ્યાલ આવ્યો કે કેવી ભયંકર ભ્રમ-

જાળમાં હું ફસાયો હતો !

‘ધીરે ધીરે જેમ મેં પૂર્વવત્ બોલવાનું શરૂ કર્યું અને મારી માનસિક સ્થિરતા પાછી આવતી ગઈ, તેમ તેમ મને વધુ ને વધુ જાણવા મળતું ગયું. તેમાં ય બે બાબતોએ તો મારા મગજને અભૂતપૂર્વ આંચકો આપ્યો–પણ અલબત, જુદી જ જાતનો : ઊર્ધ્વીકરણની દિશામાં.

‘મારી આવી ગંભીર બીમારી વખતે મારી પત્ની કે મારો પુત્ર બન્નેમાંથી કોઈ પણ પહેલા બે દિવસ પછી ભાગ્યે જ ડોકાતાં. એમણે એમ માની જ લીધેલું કે હું બચીશ નહિ–બચીશ તોપણ જન્મભર કોઈ ગાંડાની હૉસ્પિટલના કેદી તરીકે જ. એટલે ઘરરખ્ખુ ગૃહિણી ઘરની જંજાળમાં જ અટવાયેલી રહી હતી. અને પિતાની અઢળક સંપત્તિનો વારસ પુત્ર તે વખતે ચાલતા અંધાધૂંધ કમાણીના સમયની વહેતી નદીમાં હાથ ધોઈ લેવા રોકાઈ ગયો હતો.

‘સંસારની સ્વાર્થાંધતા પર મને ધિક્કાર વછૂટ્યો. સંસારમાં કોઈ કોઈનું નથી; કંઈ સાથે આવવાનું નથી; બધું છોડી ખાલી હાથે જવાનું છે. આવા વિચારોનાં પૂર ચડતાં સંસાર પરનો મારો તમામ મોહ સર્પની કાંચળીની જેમ સરી ગયો.

‘વૈરાગ્ય–ભાવનાને હિંડોળે હીચકતાં મેં સંસારત્યાગ કરવાની મજબૂત ગાંઠ વાળી લીધી.

‘હું સાજો થવા માંડતાં પત્ની–પુત્રનો અવરજવર વધવા માંડ્યો હતો; પણ મને હવે તેમાં રસ રહ્યો નહોતો. રજા મળતાં જ ઘેર પહોંચી, સહુથી પહેલાં હું એકલો રણછોડરાયનાં દર્શને પહોંચી ગયો અને એમના મલકતા મુખડા સામે હાથ જોડી કરગર્યો :

‘તારે શરણે આવું છું, દેવાધિદેવ ! તારા સ્વરૂપમાં સમાવી લેજે.’

‘અને એ જ રાત્રે જ્યારે સારો સંસાર ગાઢ નિદ્રામાં જંપી ગયેલો, ત્યારે કુટુંબને અને સંસારને છેલ્લા નમસ્કાર કરી, ફક્ત લંગોટભેર, હું અલખ જગાવવા ચાલી નીકળ્યો.’

એમણે વક્તવ્ય પૂરું કર્યું.

થોડાં વર્ષ પહેલાં વર્તમાનપત્રમાં વાંચેલી એક જાહેરાત મારા સ્મરણપટ પર તરી આવી :

‘અમારા પૂજ્ય પિતાશ્રી મનમોહનદાસ છબીલદાસ દોશી મગજની અસ્થિર હાલતમાં ગઈ રાત્રે કોઈને પણ કહ્યા સિવાય ચાલ્યા ગયા છે, તો આથી સર્વને ખબર આપવામાં આવે છે કે અમારી કે અમારી પેઢીની વતી તેમની સાથે કૈં લેતીદેતી કરવી નહિ, તેમ છતાં કોઈ કરશે તો તેના જવાબદાર અમે રહીશું નહિ.’

લિ. વૃંદાવનદાસ મનમોહનદાસ દોશી
સામતિયાળી (કાઠિયાવાડ)

એમનું જ નામ મનમોહનદાસ હોવા વિષે મને શંકા ન રહી.

સ્ફટિક જેવું એમનું નિર્મળ હૃદય હું આરપાર જોઈ શક્યો હતો, પણ મારે મારી જીવનકિતાબ ઉઘાડવી નહોતી. સામતિયાળીની બધી મોટરો મારી મારફત જ મોકલાઈ હતી એ કૈં ગુનો નહોતો, છતાં એનો એકરાર કરતાં મને ડર લાગતો હતો.

તેમની શુભાશિષ લઈ, મેં ઉતાવળે વિદાય લીધી.

છેલ્લી વખત તેમનાં દર્શન કરી લેવાની લાલચથી બારણું બંધ કરતી વખતે મેં અંદર નજર નાખી તો એ ફરી ધ્યાનસ્થ બની સમાધિમાં બેસી ગયા હતા, પણ આ વેળાએ તેમની આંખો ખુલ્લી અને સ્થિર હતી. મને ફરી એમની સ્થિરતા લાગતી હતી.

જોતાં શંકા થઈ પણ તેને એમ ને એમ દાબી દઈ, હું પાછો વળ્યો.

પશ્ચિમે આવેલી એક ખીણને અડતા પર્વત પર રાક્ષસી કદનો કાંઈ કાળો આકાર મેં દોડતો જોયો. પણ મને તરત ખ્યાલ આવ્યો કે પર્વતના પડછાયાની એ પ્રકૃતિ-લીલા જ હતી.

અચાનક કોઈ હિંસક પ્રાણીના ઘુરઘુરાટ જેવો ધ્વનિ સંભળાયો. હું થથરી ઊઠ્યો. ચમકી ચોતરફ જોયું.

કોઈ નહોતું. પર્વત પર પછડાટ ખાઈ પાછો ફરતો સૂસવતો પવન એવો ભ્રમ ઉત્પન્ન કરી રહ્યો હતો.

ઓવરકોટનું ઉપરનું બટન પણ મેં ભીડી દીધું.

કોઈકનો પગરવ સંભળાતાં ધ્રૂજતા પગે અને ધડકતા હૃદયે મેં એ તરફ જોયું. પણ એ તો, પવનવીંઝણે તીડની જેમ ટોળે મળી, ડમરીએ ઊપડતાં સૂકાં પાંદડાંનો ખખડાટ હતો.

શંકાનું સમાધાન થયું હોવા છતાં, શી ખબર, કેમ પગની ધ્રુજારી અને હૃદયની ધડક બંધ પડતાં નહોતાં.

સામેથી કાળા પહાડ જેવું જબરદસ્ત વાદળું હવામાં તરતું જોશભેર ધસતું આવી રહ્યું હતું, જાણે બારે મેઘ હમણાં જ તૂટી પડશે.

ડગમગતા હાથપગ સંભાળપૂર્વક ટેકવતાં, ચોપગો બની પેલી વિકટ કેડીનાં પગથિયાં હું ઊતરવા લાગ્યો.

*

શિષ્ય બનતાં પહેલાં એક જણે પોતાની સર્વ દોલતનું ઓલિયા ફકીરોને છૂટે હાથે દાન કરી દીધું. એ પછી ઘણે વખતે એમાંના એક ફકીરને દ્રવ્યહીન દશામાં જોઈ શિષ્યે કહ્યું : 'હે ખુદા, મારી પાસે હજી પણ દ્રવ્ય હોત તો હું ફરીને આ ઓલિયાઓમાં છૂટે હાથે દાન કરી દેત.'

મહાત્મા જુનુને કાને આ શબ્દો પડચા. એમને થયું કે ફકીરો ને ઓલિયાઓનો ધર્મ હજી આને ધ્યાનમાં આવ્યો નથી; એને મન દ્રવ્યની કિંમત જ અધિકાધિક છે.

તુરત જ શિષ્યને બોલાવીને એમણે કહ્યું:

'ગામમાં ગાંધીની દુકાને જઈને બે તોલા ચૂર્ણ લઈ આવ.'

શિષ્યે ઔષધ આણ્યા પછી એને વાટી નખાવી તેલ ભેળવી તેની ત્રણ ગોળીઓ બનાવડાવી ને એની અંદર કાણાં પડાવ્યાં.

આ ત્રણ ગોળીને પોતાના હાથમાં ઝાલી મહાત્મા જુનુને ફૂંક મારી કે તુરત જ, કહે છે કે, એ ત્રણ માણેક બની ગયાં !

'આ વસ્તુને બજારમાં વેચવી છે, માટે ઝવેરીને ત્યાં જઈ એનો ભાવ કેટલો આવશે તેની ખબર કાઢી લાવ.'

શિષ્યે બજારમાં તપાસ કરી આવી મહાત્માને જણાવ્યું:

'ઝવેરીઓએ ત્રણેય માણેકની લાખ લાખ મુદ્રાની કિંમત કરી છે.'

'વારુ, હવે આ ત્રણેયને વાટી નાખ ને એનો ભૂકો પાણીમાં ભેળવી દે.'

શિષ્ય આશ્ચર્યથી સ્તબ્ધ બની ગયો, એટલે મહાત્મા જુનુને કહ્યું:

'તારે જાણી લેવું ભાઈ, કે સઘળા ઓલિયાઓ ને ફકીરો પાસે ધન ન હોવાથી તેઓ કદી દુઃખી થતા નથી, અને દ્રવ્યના બંધનમાં લપટાઈને સ્વેચ્છાચારી બનવા કરતાં, તેઓ તપ ને ધર્મમાં વધુ સુખ અનુભવે છે.'

×

તરંગરંગ

લેખક :
શ્રી 'મોહિનીચંદ્ર'

માણુસની પ્રકૃતિ જ એવી છે કે તેને દુઃખ ગમે છે. કોઈ કહેશે : 'આમ કેમ ?' પણ સાચી વાત આ છે. નવાઈની વાત એ છે કે એને દુઃખ ગમે છે છતાં એ દુઃખથી ભાગવાનો પ્રયત્ન કરે છે અને જેમ એ દુઃખથી ભાગવા માંડે છે તેમ પેલું દુઃખ તેની છાતી ઉપર ચઢીને–સવાર થઈને ઊભું રહે છે. એને દુઃખ ગમે છે; કારણુ સુખની પળભરની છાયા એને અકળાવી નાખે છે અને બીજી જ ક્ષણે દુઃખને ઉત્તેજે એવી એ ક્રિયા કરવા માંડે છે અને તે પરોક્ષ રીતે દુઃખ તરફ ઘસડાયે જાય છે. માણુસની વિચારસરણી તથા કાર્યપદ્ધતિ આ જ પ્રકારની છે. જગતના વંશવારસોની પરંપરાનો આ અબાધિત નિયમ છે. માણુસ જેમ દુઃખથી પીડાય છે તેમ સુખથી પણુ અકળાય છે. અને સુખ જેમ એ ભોગવે છે તેમ સુખ પ્રત્યે તેને અભાવ–અરુચિ પેદા થાય છે. પરિણામે તે દુઃખ માગે છે, જયારે તે અગાઉ ભોગવેલા સુખની કિંમત આંકી શકે છે. માણુસની ક્રિયા તથા વિચારણા–આચરણ અને ભાવના વચ્ચેનો આ સૂક્ષ્મ ભેદ છે. આખરે ભાવના ક્રિયામાં એકરૂપતા પામે છે અને તેની ભાવના મુજબ તે સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે. માટે જ કહ્યું છે કે यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी ।

*

ઓ જગતના લોકો ! જરા પાછું વળી જુઓ. તમે કયાંથી આવો છો ? કયાં જવું છે ? કેટલો માર્ગ તમે કાપ્યો છે ? અને કેટલો બાકી છે ? જે દિશા તરફ તમે પ્રયાણુ કરો છો તે દિશા સાચી છે કે ? ભૂલભરેલી તો નથી ને ? આટલું સિંહાવલોકન કર્યા પછી જ તમે આગળ વધજો.

*

પુરુષાર્થ એ સાચો પારસમણિ છે. જેને એ સ્પર્શે છે તેને તે સુવર્ણ બનાવી મૂકે છે. આ પુરુષાર્થ પાંગળો ન હોય, કે પોલો ન હોય. એ હોય સંગીન અને સભર. દિલની સચ્ચાઈ અને આત્મીયતા એકમેક થઈ જ્યારે એમાં ભળે છે, ત્યારે પુરુષાર્થ વર્ષાઋતુના ફૂલમણિની જેમ પાંગરી ઊઠે છે. તે સર્વક્ષમ, સમર્થ અને બલવત્તર બને છે. આવો પુરુષાર્થ જ સાચા પારસમણિની ગરજ સારે છે.

*

પરાજય પામેલા ઓ વીર યોદ્ધા ! તારી તલવાર મ્યાન કરીશ નહિ. તું પરાજય પામેલો છે માટે જ તારા માટે વિજયનો બહોળો અવકાશ રહેલો છે. શરીર પર ચડેલો મેલ જેમ પાણીથી નિવારી શકાય છે, રાત્રિની કાલિમા જેમ ઉષાના પ્રકાશમાં લોપ પામે છે, તેમ તારો પરાજય ઘડીના છઠ્ઠા ભાગમાં વિજયની લાલિમામાં પરાભૂત થશે અને તારી તલવાર વિજયની કલગી ધારણ કરી સૂરજમુખી ઉષાની જેમ એક વાર ફરી હસી ઊઠશે !

*

ઓ નગાધિરાજ ! તારી તળેટીમાં નાનાંમોટાં અસંખ્ય ઝરણાં કલકલ કરતાં હવાની લહેરમાં ઊડતાં, પોતપોતાના પંથે કરીને, આનંદી ગીતો ગાતાં કેવાં ચાલ્યાં જાય છે ! અને તું–તું તેમની પળેપળની સુંદર પ્રવૃત્તિનું પૃથક્કરણ કરતો શાંત, સ્વસ્થ તપસ્વી સમો, પિતાના વાત્સલ્ય-ભાવે સૌના ઉપર મમતાપૂર્વક મૂક આશીર્વાદ

ઉચ્ચારતો છતાં નિર્લેપ બની ગંભીર મુખાકૃતિ ધારણ કરી કેવો ઊભો છે!

*

લોકોક્તિ છે કે લક્ષ્મી અને સરસ્વતીનો મેળ ખાતો નથી. લક્ષ્મી હોય ત્યાંથી સરસ્વતી ભાગી જાય છે અને સરસ્વતી હોય ત્યાં લક્ષ્મી ડોકાતી જ નથી. આ લોકોક્તિ સામે બીજી પણ વાત વિચારવા જેવી છે. જે સરસ્વતી લક્ષ્મીની અપેક્ષા રાખે છે, એ સરસ્વતી શાની? અથવા કહો કે સરસ્વતી આટલી અપૂર્ણ-કાચી-પાંગળી છે. સરસ્વતી પોતે જ સ્વયંસિદ્ધ-સ્વયંસંપૂર્ણ-સાચી હોય તો તેને લક્ષ્મીની અપેક્ષા રહેતી જ નથી. તેવી જ રીતે જો લક્ષ્મી પોતે સ્વયંસિદ્ધ-સંપૂર્ણ-સાચી હોય તો તેને પણ સરસ્વતીની અપેક્ષા હોતી નથી. એટલે કે જે માણસ પાસે સાચું-પૂરું જ્ઞાન હોય તેને પગે પડતી લક્ષ્મી આવે જ છે. કારણ તેને લક્ષ્મીની કંઈજ પડી હોતી નથી. તેવી જ રીતે જે માણસ પાસે સાચી લક્ષ્મી હોય તેને પણ સ્વયંમેવ જ્ઞાન સ્ફુરી રહે છે. હવે જરા વધારે ઊંડા ઊતરીએ તો માલૂમ પડશે કે સાચી સરસ્વતી અને સાચી લક્ષ્મી બંને એક જ છે. એમની વચ્ચે કંઈ પણ ભેદભાવ નથી. જે ભેદભાવ છે તે તદ્દન પ્રાકૃત-પાર્થિવ છે.

*

જગતમાં પાર વગરના માણસો એવા છે કે જેઓ કેવળ નિતાંત સુખ માગે છે, તેથી થોડા માણસો એવા છે કે જેઓ સુખદુઃખ બંને માગે છે; તેથી પણ જૂજ સંખ્યામાં માણસો એવા છે કે જેઓ દુઃખ જ કેવળ માગે છે. અને આ છેલ્લા પ્રકારના માણસો વિરલ હોય છે. પરિણામે મોટા ભાગના માણસો દુઃખી હોય છે, તેથી થોડા દુઃખી અને સુખી હોય છે પરંતુ અતિશય ઓછા માણસો સુખી હોય છે. પરંતુ આ ત્રણે પ્રકારના માણસોને ટપી જાય એવા માણસોનો ચોથો પ્રકાર છે, કે જેમાં માણસો કંઈ પણ ન ઇચ્છતાં પ્રાપ્ત પરિસ્થિતિમાં સ્વયંસંતુષ્ટ રહે છે. આવા માણસો જ વિરલ છે અને અસામાન્ય છે, અને સાચા માણસો આ જ છે. ગીતાજીમાં શ્રીકૃષ્ણ ભગવાને જેમને 'સમશીતોષ્ણ' કહ્યા છે તે આ જ છે.

*

એક બાબત ચોક્કસ ધ્યાન રાખજો કે જે માણસ સાચું બોલે છે, તે ભલે કડવું બોલનારો હોય પણ તે નિખાલસ છે, તેનું અંતર ચોખ્ખું હોય છે. તેના પેટમાં કંઈજ છુપાયેલું ન હોવાથી તે હલકું ફૂલ હોય છે, જે તેને આ દુસ્તર ભવસાગર તરી જવા માટે મદદરૂપ બને છે. પણ જે માણસ સત્યને છુપાવે છે, પેટમાં પાપ રાખે છે તે માણસના પેટમાં પાપનો ભાર હોવાથી તે એક મોટા પાણા જેટલો તેને સાલે છે, જે તેને આ દુસ્તર ભવસાગર તરી જવામાં વિશેષ હરકતરૂપ નીવડે છે. આ પાણો તેને દુસ્તર ભવસાગરને તળિયે જ ડુબાડી દે છે. માટે જ કહ્યું છે કે सत्यमेव जयते-સત્યનો જય થાય છે.

*

કોઈ પણ જગ્યાએ તમે જાવ ત્યારે તમારું મુખ સહેજ હસતું રાખજો, તમારી આંખમાંથી અમી વરસાવતા રહેજો, તમારું મનોબળ મક્કમ રાખજો, તમારી અડગ શ્રદ્ધાને પ્રદીપ્ત થવા દેજો: તમારો બેડો પાર છે-તમારો વિજય ચોક્કસ છે.

*

આપણું આયુષ્ય એ વહેતા વહેળા જેવું છે, એમ આપણે બધાય કહીએ છીએ. પરંતુ વહેતા વહેળાનું પાણી કેટલું સ્વચ્છ તથા પારદર્શક હોય છે તેનો આપણે કદી ખ્યાલ કર્યો છે ખરો? આવું સ્વચ્છ અને પારદર્શક આપણું જીવન ઘડવાનો આપણે કદી પણ પ્રયાસ કર્યો છે? સાચે જ આપણે આપણાં જીવનઘડતરમાં કદી પણ પ્રામાણિક થયા છીએ

ખરા ? પરંતુ એ અવશ્ય માનજો કે આવું જીવનઘડતર કરવામાં સતત પ્રયત્નશીલ રહેનાર પુરુષાર્થી માણસ કદી પણ નિષ્ફળ જતો નથી. સિદ્ધિ તેનું બારણું ઠોકતી આવે છે અને તેના પગે પડે છે.

*

આકાશનો તારો આ પૃથ્વીને અભિમુખ થઈને કેવો ઝંખી રહ્યો છે! આ ઝંખના જયાં સુધી શમતી નથી, ત્યાં સુધી માનવની ઝંખના વિરામ પામવાની નથી.

*

માણસ ધારે તો એક નાનામાં નાના કણમાંથી પણ ઉત્તમ બોધ તારવી શકે. એટલા માટે જ એક સ્થળે કવિતામાં કહ્યું છે કે :

'નાની ને વણકામની ચીજ
કદી આવે મહાકામમાં.'

ઘણી વખત એક ડુંગર જે આપણને કહી શકતો નથી તે એક કણ કહી જાય છે. જો કે જગતની આ વ્યવસ્થાપુર:સરની યોજનામાં એક કણ અને એક ડુંગરને સરખું જ મહત્ત્વ અપાયેલું છે. કણ વગર ડુંગરનું આયોજન નિષ્ફળ નીવડે છે, તેમ જ ડુંગર વગર કણનું અસ્તિત્વ કયાં છે? ડુંગર કણથી શોભે છે, કણ ડુંગરની મહત્તા પ્રાપ્ત કરી શકે છે.

*

જયારે માણસ પોતાના વિચારમાં તલ્લીન બની જાય છે, ત્યારે તે પોતાની આસપાસના જગતને વીસરી જાય છે. પરંતુ જયારે તે આસપાસના જગતમાં આસક્ત બને છે, ત્યારે તે પોતાની જાતને જ વીસરી જાય છે. આ બેમાંથી કઈ સ્થિતિ તમે પંસદ કરો છો?

*

કોઈની સાથે તમે વાત કરો તે પહેલાં સામા માણસનું કથયિતવ્ય બરાબર સમજી લેજો. તેને જવાબ આપવામાં તમારા શબ્દોનો તોળીતોળીને ઉપયોગ કરજો. તમે જે જવાબ આપો તે જવાબથી તમે કયો હેતુ બર લાવવા માગો છો તેનો નહિ, પરંતુ તે જવાબથી સામા માણસના દિલ પર કયા પ્રકારની છાપ પડે છે તેનો પહેલો ખ્યાલ રાખજે.

*

જય અને પરાજય એ અકસ્માત હોય છે. પુરુષાર્થ એ જ સાચી શક્તિ છે.

*

ઘણા માણસો જાહેરમાં આવવાનું પસંદ નથી કરતા. કારણ તેમનામાં હીર નથી એમ નહિ, પરંતુ તેઓ પોતાના હીરને વટાવવા નથી માગતા એ છે.

*

રેતીના કણ જેટલી અસંખ્ય તકો તમારે માટે અવકાશમાં પથરાયેલી છે. તમે તે સૌ ઝડપી લો. નિરાશ કાં થાવ ?

*

શરીરમાં વસેલો આત્મા છીપમાં રહેલા મોતી જેવો છે. ભલા માણસ! મોતી છોડીને છીપની કાં આટલી બરદાસ કરો?

*

શારીરિક કરતાં માનસિક પાપ વધારે ભયંકર હોય છે; એટલું જ નહિ એ સૌથી વધારે પ્રાણઘાતક છે. આજનો માનવ પળે પળે માનસિક મૃત્યુ પામે છે. માંણસ પોતાના મનનું લાઘવ દર્શાવે છે, એથી એનું આયુષ્ય ટૂંકું થાય છે. ક્ષણેક્ષણે આવું ટૂંકું આયુષ્ય અનુભવતો સંકુચિત મનવાળો માણસ શારીરિક આયુષ્ય ગમે તેટલું ભોગવવા છતાં પણ માનસિક દૃષ્ટિએ મૃત્યુ પામેલો જ છે. તે ઉપરાંત તે સમસ્ત માનવજાતિના વિધ્વંસનું કારણ બની તે સમગ્ર માનવજાત માટે સૌથી મોટા કલંકરૂપ છે: મનની સંકુચિતતા એટલે મનનું પાપ.

★

બાળકો પર પડતા

અજ્ઞાત આઘાતો

લેખક :

શ્રી હરરાય અમુલખરાય દેસાઈ

બી. એ.; એસ. ટી. સી.

પડવાઆખડવાથી ચામડી છોલાય; હાથ, પગ, માથું વગેરે ભાંગે કે બીજા ઘા પડે પણ તે ઘાની બરાબર સારવાર કરે એટલે ત્યાં રૂઝ આવે અને તે ભાગ પાછા હતા તેવા થાય; પણ બાળકોને નાનપણથી કેટલાંક ઘરોમાં એવા તો જોરથી માનસિક ઘા પડે છે કે તે ઘા કદી રુઝાતા નથી; અને તેથી તે બાળકોનું માનસ વિકૃત થાય છે. જો માબાપ અને વડીલો એક હકીકત યાદ રાખે, કે ભવિષ્યની પ્રજાના માનસનો આધાર બાળકો પ્રત્યે નાનપણથી જેવું વલણ રાખ્યું હોય તેના ઉપર છે, તો તેઓ જાણેઅજાણે નાનાં બાળકોનાં કુમળાં મગજો ઉપર કારી ઘા કરતા અટકશે. આવા કેટલાક ઘા કેમ થાય છે તે જોઈએ :

પોતાનાં સમોવડિયાં બાળકોનાં સારાં રમકડાં, સારાં કપડાં, તેમની સુંદર ગાડીઓ, તેમની સારી સ્થિતિ, તેમની ચામડીનો સુંદર ગૌર રંગ અને છેવટે તેમની જાતિ જોઈને કેટલાંક બાળકોને ઈર્ષા થાય છે. આ ઈર્ષાથી તેમનું માનસ ઘવાય છે, અને તે એમ માનવા લાગે છે કે તેમને ઈશ્વરે અન્યાય કર્યો છે અને બીજાં બાળકો ઉપર વધારે-પડતી મહેરબાની કરી છે. જો આવે વખતે માબાપ કે વડીલો આ ઈર્ષાની અસર તરત ભુસી નાખવા પ્રયત્ન ન કરે, અને સારી સ્થિતિવાળાં બાળકો અને પોતાનાં બાળકો વચ્ચે સરખામણી કરી પોતાનાં બાળકોની માઠી દશા ઉપર બળાપો કરે તો તેઓ આ ઈર્ષાની આગના ભડકા મોટા કરશે. આ રીતે કરવાથી જે ડાઘ તેમનાં બાળકોના માનસ પર પડે છે, તેથી તે બાળકો પાછળથી સમાજવિરોધી થવા સંભવ છે. જો માબાપો પોતાનાં બાળક આગળ, બહારથી દેખાતા સુખી લોકો અંદરખાને દુઃખી હોય છે, એવી કેટલીક વાતો જો કહે તો તેમની અસરથી તેમના મનમાં ઉત્પન્ન થતી ઈર્ષા સમાઈ જાય. આવી વાર્તાઓ ઘણી છે. તેમાં લંગડો શેઠિયો અને ગરીબ છોકરાની વાત કહી શકાય. તે છોકરાને પહેલાં ઈર્ષા તો થઈ પણ જયારે તેણે તે શેઠને ગાડીમાંથી ઊતરતી વખતે બે પગે ખોડવાળો જોયો, ત્યારે તેના મનમાં ઈર્ષાને બદલે દયાનું સ્થાન આવ્યું અને પોતાને ભાન થયું કે ઈશ્વરે તેના ઉપર ખૂબ મહેરબાની કરી છે. બીજી વાતમાં તવંગર છોકરો પોતાના નોકરોની બડાશ હાંકે તેને ચૂપ કરવા ગરીબ છોકરાએ પોતાના વીસ નોકરોની વાત કરી તે કહી શકાય. તે છોકરાએ કહ્યું કે તેનાં વીસ આંગળાં તેનું બધું કામ કરે છે, એટલે તે સ્વાશ્રયી છે અને તવંગર છોકરાનું કામ તેના નોકરો ન કરે તો તે દુઃખી થાય એમ છે; કારણકે તે પરાશ્રયી છે. જો કાળા, ગોરા, ઘઉંવર્ણા એવા રંગની વાત થાય અને ગોરા માણસનાં વખાણ સાંભળી બાળકના મનમાં ઈર્ષા થાય, તો કાળા કૃષ્ણની વાત કહી શકાય. તે સાથે જાપાન, હિંદ, આફ્રિકા વગેરે દેશોની રંગીન પ્રજાના મહાન પુરુષોની વાતો કરી શકાય અને બાળકોના મનમાં ઠસાવી શકાય કે ઊજળું તે બધું દૂધ નથી. જો જાતીય ભેદથી છોકરીઓના મનમાં છોકરાઓ પ્રત્યે ઈર્ષા ઉત્પન્ન થાય, તો જાણીતાં સ્ત્રીરત્નોની વાત કહી, સ્ત્રીઓ કોઈ પણ પ્રકારે પુરુષથી ઊતરતી નથી એમ

બાળાઓના મનમાં ઠસાવાય. આવી રીતે બાળકોનાં મગજ ઉપર કદી કદી ઘા પડે તો તેમને તરત સમાવી દેવા માબાપોએ પ્રયત્ન કરવો જ જોઈએ.

માબાપોની ભૂલથી ભાઈભાંડુઓમાં અદેખાઈ થાય છે. તેવી ભૂલ માબાપો હાથે કરીને નથી કરતાં, પણ જાણેઅજાણે તેવી રીતે ભૂલ તેમનાથી થઈ જાય તો ઘણાં માબાપો તે ભૂલ સુધારી નથી લેતાં. અને પોતાના ઘરમાં કાયમનાં વેરઝેરનાં બી રોપે છે. બે કે વધારે છોકરાંનાં માબાપોએ આવું પોતાનાં ઘરોમાં જોયું હશે. કોઈને એક બાળક હોય અને તે બેએક વર્ષનું થવા આવે તેટલામાં તે ઘરમાં બીજા બાળકનો જન્મ થાય. આ વખતે કુદરતી રીતે જ માતાને બીજા બાળક પાસે ઘણો વખત ગાળવો પડે અને તે પહેલાંની માફક પોતાના પહેલા બાળક તરફ લક્ષ ન આપી શકે. આથી તે બાળકને લાગે કે પોતાની માની પાસેનું પોતાનું સ્થાન આ નવા બાળકે છીનવી લીધું, તેથી તેને અત્યંત દુઃખ થાય અને ત્યારથી તે નવા બાળકની અદેખાઈ કરવા લાગે છે. કેટલીક વખતે તે મોટું બાળક આ નવા હરીફ ઉપર એટલું બધું ગુસ્સે થાય છે, કે તેને કોઈ પ્રકારની શારીરિક ઈજા પણ કરી બેસે છે.

આવા પ્રસંગે માબાપે ઘણી કાળજીપૂર્વક વર્તવું જોઈએ. પહેલા બાળકને તેની માતાએ વારેઘડીએ પોતાની પાસે બેસાડવું અને તેના પર વહાલ કરવું જોઈએ, તેની સાથે પ્રેમથી વાત કરવી જોઈએ અને તે પોતાના નાના ભાઈ કે બહેનને રમાડે એવી સ્થિતિ તેણે ઊભી કરવી જોઈએ. તે બાળકના પિતાએ તેને પોતાની પાસે બેસાડીને રમાડવો જોઈએ. તેને બહાર ફરવા લઈ જવો જોઈએ અને બીજી અનેક રીતે તે બાળકના મનમાં એમ ઠસાવવું જોઈએ, કે તેના તરફ બધાંને પહેલાંની માફક જ પ્રીતિ છે. આમ થવાથી તે મોટું બાળક નવા બાળકની અદેખાઈ નહિ કરે. કેટલાંક માબાપો પોતાનાં નવા અને જૂના બાળકની વચ્ચે સરખામણી કરી નવું બાળક પહેલાંના બાળક કરતાં સારું છે, એમ જૂના બાળકને કહ્યા કરે છે, પણ આવા ટોણાની માઠી અસર તે બાળક પર થાય છે, તે માબાપ ભૂલી જાય છે. આમ સરખામણીમાં ઉતારી પાડવામાં આવતું બાળક સમસમી રહે છે અને બચપણથી જ પોતાના ભાંડુને ધિક્કારતું થાય છે. કોઈ પણ વખતે માબાપે પોતાનાં જ છોકરાં વચ્ચે આવી સરખામણી કરી એકને બહુ ઊંચું ચડાવવું નહિ અને બીજાને નીચું પાડવું નહિ. જેમને તે ઊંચે ચડાવે તે ફૂલણજી બને છે અને તે પ્રમાણે તે બગડે છે અને જેમને તે ઉતારી પાડે છે, તેમનામાં લઘુતા આવે છે અને તે પેલા ફૂલણજીને ધિક્કારતો થાય છે. બંને પર આમાં માનસિક ઘા પડે છે અને તે સહેલાઈથી રુઝાતા નથી.

કેટલાંક ઘરોમાં અનેક જાતના વ્યવસાયમાં રોકાયેલાં માબાપો ઘેર આવે તે પહેલાં એટલાં કંટાળી જાય છે કે તે સહેજ સહેજમાં બાળકો તરફ દાંતિયાં-ચીડિયાં કરે છે. આવાં માણસોથી પોતાનાં બાળકોનાં નિર્દોષ હાસ્ય અને અવાજો ખમાતા નથી. તેઓ પોતાનાં બહારનાં કામથી થતી અકળામણનો ભાર પોતાનાં બાળકો ઉપર ઠાલવે છે અને તેમને ન કહેવાના અનેક બોલો કહી સંભળાવે છે. આવાં તિરસ્કૃત વચનોના પ્રહાર બાળકોનાં મન પર થયા કરે ત્યાં તેમનાં મનનો આનંદ, ઉત્સાહ વગેરે ઓસરી જાય અને તેમનાં મનમાં લઘુતા આવે તેમાં કંઈ નવાઈ નથી. કેટલીક વખતે જ્યારે તે

બાળકો પોતાના માબાપને કહેતાં સાંભળે કે 'મૂઆ મરતાં નથી અને ઝંપવાં દેતાં પણ નથી' કે 'આવાં છોકરાં કરતાં વાંઝિયાં હોઈએ તો સારું,' ત્યારે તે બાળકોનું જીવન અકારું થઈ પડે છે. જેમના તરફથી બાળકો પ્રેમની આશા રાખે, તેમનાં મોંમાંથી આવા શબ્દો નીકળે તે જોઈ તે બિચારા ડઘાઈ જાય છે. કોઈક વખતે માબાપ કોઈ અગત્યનાં કામમાં રોકાયા હોય અને અણસમજુ બાળકો પોતાની હમેશની રીત પ્રમાણે માબાપ પાસે જા-આવ કરે, તેમને બોલાવબોલાવ કરે, ત્યાંથી તેઓ જવા કહે તોપણ તે જાય નહિ, ત્યારે કદાચ અકળામણમાં ઉપર જેવા શબ્દો બોલાઈ જવાય ખરા, પણ તે જ વખતે માબાપોએ પોતાની ભૂલ સુધારી લેવી જોઈએ. તે વખતે તેમના મનમાં નથી હોતું કે તે છોકરાં મરી જાય. તેમને કંઈ છોકરાં વહાલાં નથી એવું પણ નથી. થયેલી ભૂલ તરત સુધારી લેવા સારુ તેમણે પોતાનાં બાળકોને પોતાની પાસે લઈ લેવાં, જરાક થાબડવાં, તેમની સાથે જરાક હસવું અને તેમના ઉપર વહાલ દેખાડવું; એટલે તેમના બોલેલા શબ્દોની અસર ઉપરચટી થશે ને તે ભુલાઈ જશે. જેમના ઘરમાં સાવકાં-ઓરમાયાં હોય તેમણે આવે વખતે બોલવામાં ખાસ સાવચેતી રાખવી જોઈએ અને કદાચ જીભ વાંકુંચૂંકું વેતરે તો તરત તેથી થયેલી ભૂલ સમારી લેવી. ઓરમાન માએ યાદ રાખવું જોઈએ કે તેની જીભથી પોતાના ઘરમાં કાયમી વેરઝેરનાં બી રોપાશે, તેથી તેણે પોતાની જીભ ઉપર ઘણો અંકુશ રાખવો જરૂરી છે.

બાળકોની ઇચ્છા પોતાના વડીલો જે કામ કરતાં હોય તે કામ કરવાની સ્વાભાવિક રીતે જ થાય છે. તેઓ પાણીનાં પવાલાં લઈ આવે; તેઓ પાટલા, થાળી વગેરે ગોઠવે; તેઓ ચાનાં પવાલાં-રકાબીઓ ખાળે મૂકવા જાય; તેઓ રોટલી, પૂરી વણવાનો પ્રયત્ન કરે, તેઓ પોતાનાં કપડાં ધુએ પણ ખરાં અને સાબુનો કચ્ચરઘાણ કાઢે. જો માબાપો તેમને તેવાં કામ કરવા દે અને તેમનાથી કંઈક નુકસાન થાય તે વેઠી લે તો તે બાળકો ઘરમાં ઉપયોગી અંગ બનશે, પણ જો તેમની આવી સારી વૃત્તિઓને માબાપ ધમકાવીને દાબી દે તો તે બાળકોનાં મનમાં ક્ષોભ થાય અને તેમને એમ લાગે કે તે અશક્ત અને નકામું છે. તેમનામાં આથી લઘુતા આવશે અને તેમનામાંથી સ્વાશ્રય દબાઈ જશે અને તે પરાવલંબી થશે. વળી ધીમે ધીમે બીજાને ઉપયોગી થવાની તેમની વૃત્તિ દબાઈ જશે અને તે પોતાનાં અને બીજાનાં નાનાંમોટાં કામ કરવામાં હીણપત ગણતાં થશે. પણ જો તેમને નાનપણથી પોતાનું અને ઘરનું બીજું કામ કરવામાં ઉત્તેજન મળે, તો તે તેવાં કામ ઉમંગ અને ઉત્સાહથી કરતાં થશે અને ઘરમાં માબાપ તથા ભાઈભાંડુને અને બહાર પાડોશી તથા સગાંવહાલાંને ઉપયોગી થતાં શીખશે.

આ પ્રમાણે બાળક જ્યારે સદ્‌ગુણો ખીલવતું હોય ત્યારે તેને દબાવી દેનાર માબાપ તેને ઘોર અન્યાય કરે છે અને તેને સમાજનું ઉપયોગી અંગ થતાં અટકાવે છે.

દરેક ઘરમાં જાતીય પ્રશ્ન શરૂથી ઊભા થવાના. જ્યારથી ઈશ્વરે છોકરો અને છોકરી પેદા કર્યાં ત્યારથી જ તે પ્રશ્નની શરૂઆત થઈ. એ બે વચ્ચે ફેર દેખીતો છે. એ ફેર જોઈને નાનાં બાળકો સહેજ સમજવા માંડે એટલે પ્રશ્નો પૂછવાના. પોતપોતાનાં તેમ જ બીજાનાં બાહ્ય અંગો જોઈને તે જ્યારે પ્રશ્નો પૂછે, ત્યારે તેમનો જવાબ માબાપોને જ આપવાનો છે. બાળકોની

જિજ્ઞાસાને તૃપ્ત કરવાનું કામ તેમનું છે. તે જો આ વખતે શાંતિ રાખે અને વગરસંકોચે કહે કે એને લીધે છોકરાઓ ઓળખી શકાય તો તેમને સંતોષ થશે, પણ જો આવા પ્રશ્નો પૂછનાર બાળકો ઉપર તે ગુસ્સે થાય કે તેમને યોગ્ય જવાબ ન આપે, તો તે બાળકો તે વખતે મૂગા રહેશે ખરા, પણ પોતાના પ્રશ્નોના જવાબ તે બીજા બિનઅધિકારી માણસો પાસેથી મેળવવા પ્રયત્ન કરશે. જો નોકરચાકરને તેઓ પૂછે તો તેઓ કદાચ બીભત્સ જવાબ આપશે. જો તેઓ પોતાથી ઘણાં મોટાં બાળકોને પૂછે તો તેઓ ફાવે તેવો જવાબ આપશે.

કેટલાંક ઘરોમાં છોકરાઓ તરફ વધારે પક્ષપાત દેખાડાય છે અને છોકરીઓ તરફ જરાક અણગમો દેખાડાય છે. કેટલેક ઠેકાણે તો તેમને 'સાપના ભારા,' 'પાપ' વગેરે વગેરે કહે છે, ત્યારે છોકરાઓ અહંકારી બને છે અને છોકરીઓને મનમાં પોતાની જાતને માટે હીણપત લાગે છે.

છોકરા–છોકરીઓનાં શરીર અનેક રીતે ખીલતાં જાય છે અને તેમ તેમ તેમનાં મનમાં અનેક પ્રશ્નો ઊઠતા રહે છે. જ્યાં શરૂના તેમના પ્રશ્નોના જવાબ માબાપોએ આપ્યા ન હોય ત્યાં તેઓ પાછળથી પોતાના સંબંધી વાત પોતાનાં માબાપ આગળ કહેતાં અચકાશે, ને તેમને કંઈ પૂછશે નહિ; પણ તે પોતાના સંબંધી જ્ઞાન મેળવવા બીજાનો આશરો લેશે; ને લોકો તેમના મનનું સમાધાન કેવી રીતે કરશે તેનો ખ્યાલ સં માબાપોએ પોતાના અનુભવ પરથી આ જોઈએ. માબાપો જ્યારે છોકરા–છોક અંગો સંબંધી વાત તેમની સાથે કરે, ત તેમાં વાસનાની વાત નહિ હોય પ્ર અવયવો અને તેમનાં લક્ષણો અને અધિ રની સંસ્કારી વાત હશે. આવી વાત પોતાનાં બાળકોનાં મન ઉપર સારી છા પડશે. જો માબાપોએ સમજીને પોતાં બાળકોનાં મિત્ર તરીકે નાનપણથી જ વર્ત માંડ્યું હોય, તો તે બાળકો તેમના તર જાતીય બાબતની પણ સલાહની આ રાખતા થશે અને ગમે તેની ગમે તેવી વા સાંભળીને ઊંધે માર્ગે નહિ ચડે. આમાં વળી યુવાનીમાં પ્રવેશ કરતી બાળાઓ શરીરમાં થતા ફેરફારની વાત કરતી વ મા કે બાપે સ્ત્રીવર્ગ તરફ કટાક્ષ બીજા કોઈ પણ જાતના માનસિક ઘા કરવા. જો તેઓ તેમાં ચૂકે અને તે બા ઓનાં મન પર જબરજસ્ત ઘા કરે, તે તેની અસરથી તેઓ પુરુષવર્ગ તરફ ગુસ્સે અને અદેખાઈ કરતી થશે.

પોતાનાં છોકરાંના મગજ ઉપર તેમ પોતાના સ્નેહીઓ અને સગાંઓનાં છોકરાં મગજ ઉપર ઘણા લોકો આવા ન એવા ઘા કરે છે, જેની માઠી અસર કાય રહે છે. આટલું મોટાઓ સમજે અને બાળ સાથેની પોતાની વર્તણૂક યોગ્ય રાખે કેવું સારું!

★

સૌરાષ્ટ્રમાં શંકરલાલ શાસ્ત્રી નામે એક વિદ્વાન હતા; સંસારમાં રહીને પણ એ સાધુજીવન જી હતા. એક વખતે ઘેર માગવા આવનાર કોઈ ભિક્ષુકની મતિ ભ્રષ્ટ થઈ અને નીચે ઘરમાં કોઈ નહિ તેનો લાભ લઈને પડેલો એક લોટો લઈને એ ભાગવા માંડ્યો. માળ ઉપર બેઠેલ શાસ્ત્રીએ આ નીચે આવી, એ ભિક્ષુકને ઘેર પાછો લઈ આવ્યા ને કહ્યું: 'ભાઈ, આ કેવળ એક જ લોટાથી તારું દળદર ફીટશે? લે, આ થાળી, ને એમાં આ સીધું ભરેલું છે; ને લાવ તારો લોટો; એમાં તને ઘી ભરી આપું

×

છેલ્લા જુહાર

લેખક :

શ્રી જયંત મહેતા

એમ. એ.

બીજલની લૂંટારુ ટોળીએ કાઠિયાવાડમાં હાહાકાર બોલાવી દીધો. નાનું છોકરું પણ બીજલનું નામ પડે કે ભયનું માર્યું છાનું રહી જતું. કાઠિયાવાડના ટેકરિયાળા પ્રદેશમાં દિ' આથમ્યા પછી ભમવાનું કામ સહેલું નહોતું. ખરે બપોરે સીમમાં જાતવાન ઘોડીના તડબડાટ સંભળાતાં જુવાનજોધ આદમીઓની છાતીના ધબકારા વધી જતા તો રાતની વેરાન વાટમાં કોની મગદૂર છે કે એ પંથક પર ગામતરું કરવા કોઈ બહાર પડી શકે?

પણ સુરુભાની છાતી વજ્રની હતી. ભગરી ભેંશોના શેડકઢા દૂધે ઘડેલી એની પડછંદ કાયામાં પુરાયેલો ગરાશિયાનો ભડ આત્મા કોઈની પણ પરવા કરતો નહિ.' બીજલની રાડ બોલ્યા પછી ય તે સુરુભા એકલા રાત્રે ગામતરાં કરતા. સાથે નાની હોકલી રાખતા ને હોકલીના ગુડગુડાટ બોલવતા ઠંડે કલેજે વાટ કાપતા. ત્યારે કેટલાયને શંકા થતી કે જરૂર સુરુભા બીજલના સાગરિત હશે, અને લોકો વાતો પણ કરતાં કે કેટલાં ય ગામો ભંગાવવામાં સુરુભાનો પણ હાથ છે. આવી વાતો સુરુભાના કાન પાસે પણ આવવા લાગી ત્યારે એ એની ભરી મૂછોના થોભિયામાં હાસ્ય છુપાવી કહેતા :

'અલ્યા, મલક બધો તો ગાડરિયો પ્રવાહ છે. એને વળી કાન આલવાના હોય? આ સુરુ તો દેવનો–ભગત માણહ છે. બચાડાં ભલાભોળા આદમીઓને ઠાર કરી, લૂંટ કરવામાં એનું મન કોઈ દિ' વળે તો તો થઈર્યું ને...આ વાળા ગરાશિયાની શાખ જાય શાખ...અમે તો રાજવંશી કહેવાઈએ.'

એમ બોલી કપાળ સાથે ટાપલી કૂટતા અને કહેતા: 'આ તો અમારાં કરમ ફૂટલાં તે...' અને પછી એક લાંબો નિઃશ્વાસ નાખી તેની પ્યારી હોકલીના ઘૂંટ પર ઘૂંટ લેવા માંડતા.

પણ લોકોને એની વાત ગળે ઊતરતી નહિ. વળી એમાં સુરુભા ને બીજલ બન્ને નિશાળે સાથે એકડો ઘૂંટેલા એવી પણ વાત બહાર આવી ત્યારે તો સૌને એમ થતું: 'ના, સુરુભા તો આપણને ઊંઠાં ભણાવે છે.'

એ ચાંદલિયો ગુલાબી સાફો ને લાંબી કાયા પર સફેદ દૂધ જેવી ઊજળી શેરવાણી અને પગના સ્નાયુને તંગ કરતી સૂરવાળ–એ ચમચમ થતા લાલ ફૂમતાવાળા જોડા–અને એ ગૌર વર્ણના ચહેરા પર મૂછોના પૂળા નીચે રમતા લાલ કસૂંબલ હોઠ; સુરુભા ખરેખર વગરરાજ્યે પણ દરબાર જેવા લાગતા અને એટલે જ સૌને વહેમ પડતો કે સુરુભા જરૂર કોક દિ' નામચીન લૂંટારુ બની જશે.

પણ સુરુભાની લૂંટ કંઈ જુદા જ પ્રકારની હતી એની લોકોને શું ખબર?

પેલાં ઝાડોનાં ઝુંડમાં છુપાયેલું તલસરું–કેવું મોહક ગામ છે! એને શેઢે દોઢ દોઢ માથોડાં લગી ઊંચા બાજરાના મોલ હિલોળા લે છે. એવું એક ખેતર કોસના 'કિચૂડ...કિચૂડ' અવાજથી ને ચકલા–પારેવાના કલબલાટથી ભરાઈ રહે છે. એ ખેતરના ઝાકળિયામાં રૂપાં હમેશ આવે છે, ગરાસણી હોવા છતાં–લોકોની મરજાદ મૂકીને. બાપ વિનાની એ ગરાસણી પોતાની ખેડને અજબ ખેવનાથી સંભાળે છે. પોતાના ખેડુ જરા જેટલું ધાન પણ ચોરી જવા ન પામે

ત્યાં સુધીની તકેદારી રાખે છે.

એ રૂપાં આજ સુરુભાના હૈયામાં વરસોથી વસી ગઈ છે. રૂપાંના બાપે મરણપથારી પર પણ તેની માતાને કહેલું:

'ભગવાન કરે ને મારી રૂપાં સુરુભા જેવો રૂડોરૂપાળો વર પામે...'

દિવસોની વણજાર ચાલી.

બીજલની બૂમરાડ વધી પડી અને તેની સાથે સુરુભાનું નામ પણ જોડાવા લાગ્યું એટલે રૂપાંના સુકુમાર હૈયામાં ભડકો ઊઠ્યો. રૂપાંની માએ દીકરીને ચેતવી:

'સુરુભાને ખેતરે આવવા દેશ નૈં... દીકરી! એ તો બીજલની ટોળીમાં ભળી ગયા છે. એની સાથે કાંઈ સંબંધ રાખતી નહિ. હા પછે કીધું નૈં વળી... નૈં તો આપણું બાપદાદાનું એકનું એક ખેતર જપતીમાં ચાલ્યું જશે...'

પણ છતાંય રૂપાં સુરુભાને મળતી, કારણ એને સુરુભામાં વિશ્વાસ હતો. એકવાર સુરુભા તેના ખેતરે આવ્યા ત્યારે તેણે પૂછ્યું:

'સુરુભા! સાચું કે'જે હં, તું બીજલની ટોળીમાં તો નથી ભળી ગયો ને? મારા સમ છે તને સાચું ના કે' તો!'

'નહીં રે રૂપાં!' લાડથી રૂપાંની દાઢી હલાવતા સુરુભા બોલ્યા: 'કોઈ નહિ ને તું આજ આવું બોલે છે તેથી મને અચરજ થાય છે.'

'સુરુ, મને કાંઈ બોલવાનું મન નથી થાતું, પણ મલક હંધુંય વાતો કરે છે કે સુરુ ને બીજલ તો ગોઠિયા છે... હાય... હાય... મારાથી તો એવું ન સંભળાય બા!' બે કાનમાં આંગળીઓ ખોંચી રૂપાંએ કહ્યું.

એ આંગળીઓને કાન પાસેથી ખેસવતા સુરુભા બોલ્યા: 'દુનિયા તો એવી ઘણી વાતો કરે, એનું આપણે શું? રામાવતારથી દુનિયાનો એ ધંધો છે, એણે કેટલાયના સંસાર પર પાણી ફેરવ્યાં છે, રૂપાં, તું એની બધી વાતોમાં રખે વિશ્વાસ મૂકતી. તું કે' તો આવતા માગશરમાં આપણાં લગ્ન નક્કી કરીએ. બોલ, રૂપાં! કેમ ઢીલી પડી ગઈ?'

રૂપાં વિચારતંદ્રામાંથી જાગતી હોય તેમ આંખ ઊંચી કરી બોલી: 'સુરુ! જો પછી... મોટરનું ભૂંગળું વાગે છે. સરકારની પોલીસ હમણાંથી આ પંથક પર બહુ આંટાફેરા કરે છે. મને તો બીક છે કે તને ક્યાંક એ લોકો પકડી ન જાય...'

'એવી ખોટી. બીક રૂપાં, તારા જેવી ગરાસણીને શોભે? કાળજું તો કઠણ રાખવું જોઈએ......'

ત્યાં તો કોણ જાણે કેમ એકાએક બધી વાતો અટકી પડી. રૂપાંના ખેતરની બહાર એક જીપકાર આવીને ઊભી રહી હતી. અને એમાંથી બે પોલીસો ઊતરી રુઆબભેર રૂપાં ને સુરુભા તરફ આવતા હતા.

ખેતરનાં કૂતરાંઓ આ યુનિફોર્મવાળા પોલીસોને જોઈ દૂરના વડલા નીચે ઊભા રહી પૂંછડી હલાવતા 'વાઉ...વાઉ' કરતા જીભ કાઢી હાંફવા લાગ્યા.

રૂપાંનું હૃદય ધડકવા લાગ્યું. એનો વિશ્વાસ ચાલ્યો ગયો. સુરુભા જુઠ્ઠો છે એવું તેને લાગ્યું. એ બેબાકળી બની ગઈ. તેના ખેતરમાં પોલીસોના પગરવ સંભળાતાં એનું માથું ચકરચકર ભમવા લાગ્યું. અને એની સાથે સાથે એ ખેતરની રસાળ ભૂમિ અને એના મોલ ખૂંદતા પેલા પોલીસો સમસ્ત ખેતરની લીલી સૃષ્ટિ જાણે કે ચાકડે ચડી હોય તેમ ડોલવા લાગી. એ સડાક કરતી ઊભી થઈ ગઈ અને સુરુભાને એકલો મૂકી વેગભરી ગતિથી ઘર ભણી દોડવા લાગી.

ઘરે આવી ત્યારે માએ પૂછ્યું:

'દીકરી! કેમ આટલી બધી ગભરાટ

કરે છે? શું કોઈની નજર પડી કે બોલી કંકુ ઢેઢડીનો જીવ પડ્યો? બોલ તો ખરી, રૂપાં, આ તને શું થયું?'

'બા...,' જોરથી શ્વાસ લેતી ધ્રૂજતા સ્વરે રૂપાં બોલી: 'આજ મેં નજરોનજર જોયું કે સુરુ બીજલની પંગતનો આદમી છે. આપણા ખેતરમાં પોલીસો તેને પકડવા આવ્યા છે...બા! આજથી હરામ છે એ સુરુભાનું મોઢું જોઉં તો હવે...' અને હીબકે હીબકે રૂપાં રોવા લાગી. એનું પેટ શૂળ આવે તેમ ઊકળતું હતું. એની આંખોમાંથી વડલાના ટેટા જેવાં બિંદુડાંઓ ટપકતાં હતાં. તેની માએ ફડાક કરતાં ઘરનાં બારણાં વાસી દીધાં.

દૂર પેલા ખેતરમાં સુરુભાનું મન પણ ચકડોળે ચડ્યું હતું. 'પોલીસો શા માટે આવતા હશે?' એ પ્રશ્ન કરતાં તેને મન 'રૂપાં બેબાકળી બની એકાએક કેમ નાસી ગઈ હશે?' એ પ્રશ્ન વધારે મોટો હતો. પણ ત્યાં તો પેલા પોલીસો તેની પાસે આવ્યા; તેમાંના એક ઊંચા ભરાવદાર પોલીસે કહ્યું:

'દરબાર! અમે રસ્તો ભૂલી ગયા છીએ. અમને આ નજીકના મોટા ગામ પાસે મૂકી જાવ. ચાલો જોઈએ,' પોલીસે સુરુભાનું બાવડું પકડ્યું.

સુરુભા કંઈ બોલે તે પહેલાં બન્નેએ એમને બરાબર પકડી મોટર સુધી ચલાવ્યા. મોટા પોલીસે સાંત્વન આપ્યું:

'મૂંઝાશો નહિ ભા! અમને સીધે રસ્તે મૂકી જાવ એટલે તમને છોડી દેશું.'

'ભલે ભાઈ,' સુરુભાએ કહ્યું. એમની છાતી ધડકતી હતી–પોલીસના ડરથી નહિ, પણ રૂપાંના ચાલ્યા જવાથી.

*

પોલીસોને માર્ગ બતાવી સુરુભા રૂપાંના ખેતરે આવ્યા. પણ સમી સાંજે ખેતર પર રૂપાં ન મળે. એટલે એ તો સીધા પહોંચ્યા તેના ઘરે. સુરુભા ઘરની સાંકળ ખખડાવતા સાદ કરવા લાગ્યા.

'રૂપાં! રૂપાં! કમાડ ઉઘાડ તો. હું સુરુ, તારી શંકા દૂર કરવા આવ્યો છું. રૂપાં! મને પોલીસ પકડી ગયા નથી. એ તો બિચારા આપણા પંથકમાં ભૂલા પડ્યા'તા, તી રસ્તો પૂછવા આવ્યા'તા. હું એમને રસ્તો બતાવીને પાછો ફર્યો છું, રૂપાં, બાર ઉઘાડ. તારું મોં એકવાર બતાવ તો મારા હૈયામાં ટાઢક વળે. રૂપાં ખોલ બાર!' ટપ–ટપ–ટપ સુરુભા બારણા પર હાથ પછાડવા લાગ્યા.

ઘરમાં રૂપાં ને તેની મા બન્ને ધ્રૂજતાં હતાં. ખરેખર સુરુભા ખરા લૂંટારુ છે એવું તેમને લાગવા માંડ્યું. પેલા બંદૂકધારી પોલીસોના હાથમાંથી છટકીને સુરુભા નાસી આવ્યા છે એમ બન્ને માનવા લાગ્યા.

ઘરની અંદરથી રૂપાંનો રૂંધાયેલો અવાજ બારણાંની તરડોમાંથી ગળાઈને સુરુભાના કાન સાથે અફળાયો:

'સુરુભા! આજથી આપણો નાતો તૂટે છે. આપણી બધી વાતો, આપણાં બધાં વચન ફોક છે, એમ ગણજો. મારા હૈયામાં હોળી ભડકે બળે છે, દરબાર! હું તમારું મોં પણ જોવા માગતી નથી...ચાલ્યા જાવ અહીંથી. હવે ફરી આવશો નહિ મારી પાસે. જાવ સુરુભા! ડેલીએ હાથ દીધા છે તો તમારી વાત છે...જાવ...મારા છેલ્લા જુહાર છે તમને!' અને ભડભડ કરતું રૂપાનું માથું બારણા સાથે ત્રણવાર પટકાયું.

સુરુભા બારણાની તડમાંથી બેબાકળી રૂપાંનો વિકૃત ચહેરો જોઈ હૃદય હારી બેઠા. અને ત્યાંથી ખાલીખમ હૃદયે એકાએક નાસી ગયા.

થોડા દિવસ પછી ગામમાં વાતો પ્રસરી. 'સુરુભા બીજલની ટોળીમાં ભળી ગયા...'

*

આગ

લેખક :
શ્રી વૈકુંઠ શાહ

ઝળહળાં થઈ રહેલી રોશનીથી શ્યામપ્રસાદનો સફેદ બંગલો અંધારી રાતે અનોખો જ દેખાઈ આવતો હતો. રાત્રિના શાંત વાતાવરણમાં ધીમા સંગીતથી રંગ પુરાતો હતો. આકાશમાં ઝબકતા તારાઓ શોભામાં વૃદ્ધિ કરતા હતા.

બંગલાના ઉત્તર ખૂણામાં આવેલી માળીની ઓરડીમાંથી નવા જન્મેલા બાળકના રુદનનો તીણો અવાજ સંભળાયો. શાલિની ઝડપથી ઝરૂખામાં ગઈ. ઘડીભર એ દિશામાં કાન માંડી ખાતરી કરી લીધી.

'રાઘુ...'

'જી,' કહેતો રાઘુ ઓરડીમાંથી દોડી આવ્યો.

'વિજીની તબિયત કેમ છે?'

'તમારા આશીર્વાદથી છોકરો આવ્યો, બા,' વધારેપડતી નરમાશ બતાવી રાઘુએ કહ્યું.

'તબિયત કેમ છે?'

'સારી છે, બા!'

'કામ હોય તો કહેજે.'

શાલિની અંદર ચાલી ગઈ પણ એનું મન ચકડોળે ચઢ્યું: 'જો મારા આશીર્વાદથી જ છોકરાં આવતાં હોય, તો મારો જ ખોળો ખાલી રહે?' તે જરા હસીને મનમાં બબડી: 'મૂર્ખો નહિ તો બીજું શું?' અને હતાશ થઈ ઉમેર્યું: 'આંથી મોટું દુઃખ, મોટી નિરાશા માણસને હોઈ શકે ખરી?'

પ્રભુએ શાલિની તથા શ્યામપ્રસાદને છૂટે હાથે સુખની લહાણ કરી હતી. સ્વબળે જમાવેલી આયાત–નિકાશની પેઢી ધમધોકાર ચાલતી હતી. જોતાંની સાથે ઈર્ષા આવે એવા સુંદર બંગલામાં રહેતાં હતાં, બે મોટરગાડી દોડાદોડ કરતી હતી, ઈશ્વરે બંનેને સુંદરતા આપી હતી. એકને બદલે અનેક વીંટાઈ વળે એવું મિત્રમંડળ હતું અને પતિપત્નીનો સ્વભાવ એવો મિલનસાર અને નિરભિમાન હતો, કે એમની સાથે મૈત્રીમાં સૌ ગર્વ લેતા હતા.

પણ ઈશ્વર એવો કંજૂસ હતો કે સુખનું એક આસન ઉજ્જડ રાખ્યું હતું. લગ્નને સાત વર્ષ થઈ ગયાં પણ શાલિનીનો ખોળો ખાલી જ રહ્યો હતો.

બાળક વિનાનું આ બધું સુખ શા કામનું? શાલિની બબડી: 'એકડા વિનાના મીંડા જેવું જ ને!'

શ્યામપ્રસાદ ધંધાર્થે અમેરિકા ગયા હતા. આ મોટા બંગલામાં શાલિનીનું કોઈ સ્વજન ન હતું. તેના વિહ્‌વળ મનને વિષયફેર કરાવી શાંત કરે એવું કોઈ જ ન હતું, એટલે તેની વિચારપરંપરાને વધુ વેગ મળ્યો.

'લક્ષ્મી ઓછી હોય તો ચાલે, પોતાના બંગલાને બદલે ભાડાના ઘરમાં રહેવાનું મને દુઃખ નથી, પણ બાળક વિનાનું ઘર! કેટલું વિચિત્ર! કેટલું શોકમય! જાણે પક્ષી વિનાનું પાંજરું!'

શ્યામપ્રસાદને તો આ ઊણપ બહુ ન લાગતી, પણ વાત્સલ્યભાવે થડકતું શાલિનીનું હૈયું તો એવી ભગ્નતા અનુભવતું, કે બાળકની લગનીએ તેના હૃદયમાં ઈર્ષાને કેવી રીતે સ્થાન આપ્યું તે તેને ન સમજાયું.

'ત્રીસ રૂપરડી કમાતો અમારો રાઘુ બે બાળકનાં પેટ તો ભરી શકતો નથી, તેને પ્રભુએ ત્રીજું બાળક આપ્યું, કેવો છે એ ન્યાય!' શાલિની સહેજ ઉશ્કેરાઈ ગઈ.

'ચિંથરેહાલ અને અર્ધનગ્ન સ્થિતિમાં તેનાં બાળકોને લઈ વિજીને જતી જોઉં છું, ત્યારે મારું અંતર સાચેસાચ ઈર્ષાથી ચિરાય જાય છે અને આજે ભગવાને તેને ત્રીજો દીકરો દીધો!' ઈશ્વરનો ઉપહાસ કરતી હોય એમ એમ શાલિનીએ કહ્યું.

*

આ વાતને બાવીશ વર્ષ વીતી ગયાં. એ સમયમાં શ્યામપ્રસાદે મૂડી પર એકાદ-બે મીંડાં ચઢાવી દીધાં. શાલિનીએ અગ્રગણ્ય કાર્યકર તરીકે અજોડ સ્થાન પ્રાપ્ત કર્યું, પણ ઈશ્વરે તેનો પૂકાર ન સાંભળ્યો તે ન જ સાંભળ્યો. તેનો બંગલો સૂનો જ રહ્યો.

એક દિવસ શાલિની બજારમાંથી પસાર થતી હતી, ત્યારે તેની નજર રાઘુ પર પડી. દશ-બાર વર્ષથી રાઘુ બીજે ઠેકાણે નોકરીએ રહ્યો હતો. તેને જોતાં જ શાલિનીએ પૂછ્યું:

'કેમ રાઘુ, તું તો કોઈ દિવસ દેખાતો જ નથી. આમ ઉતાવળો ક્યાં જાય છે?'

'એ મરવા સૂતી છે, તેને માટે દવા લેવા જાઉં છું.'

'તારા છોકરાને મોકલ તો ન ચાલે? હવે તો તારા છોકરાઓ મોટા થઈ ગયા હશે.'

રાઘુ મૂંગો રહ્યો.

'કેમ બોલતો નથી?'

'શું બોલું, બા?' રાઘુની આંખમાં પાણી આવ્યાં: 'છબીલ કોગળિયામાં ગયો, નાથુએ ધાડ પાડી એટલે કાળાપાણીએ ગયો અને નાનાને એવી કજાત બાયડી મળી છે, કે એની સાથે મોઢું જોવા વે'વાર નથી.'

'અરર,' શાલિનીએ સહાનુભૂતિથી કહ્યું, 'ત્યારે તો તું બહુ દુઃખી થઈ ગયો.'

'દુઃખની તો શું વાત કરું, બા?' આંસુ લૂછતાં રાઘુએ કહ્યું: 'છોકરાં ન હોય તો માનીએ કે ભગવાને એ સુખ ન દીધું, પણ બા, આ તો છતે દીકરે પાણી દેનાર કોઈ નથી, છતે દીકરે! એથી ભૂંડું દુઃખ કયું?'

રાઘુ આવેશમાં આવી લથડતે પગલે આગળ ચાલ્યો ગયો.

બાવીશ વરસથી શાલિનીના દિલમાં ભડકતી અસંતોષ અને ઈર્ષાની આગ ઘડીક માત્રમાં ઠરી ગઈ અને તેને પોતાનું જીવન બહેતર લાગ્યું.

☆

यथा व्यालगलस्थोऽपि भेको दंशानपेक्षते ।
तथा कालाहिनाग्रस्तो लोको भोगानशाश्वतान् ॥

(અધ્યા૦ રામા૦ અયો૦ કાંડ સર્ગ ૪, શ્લોક ૨૧)

સાપ મુખે સરી દેડકો, ઇચ્છે મચ્છર ભોગ;
કાળ મુખે સરી ભોગવે, ક્ષણિક ભોગ સૌ લોક.

×

—ચૂનીલાલ રામચંદ્ર શેલત

એક સ્નેહીને ત્યાં સારા પ્રસંગે કંઈક ભેટ આપવા માટે કંઈક ખરીદવા માટે કાંતિલાલ બજારમાં નીકળ્યા હતા.

'ગયે વર્ષે તમે શું આપેલું?' રસ્તામાં મળેલા એક મિત્રે પૂછ્યું.

'ગયે વર્ષે આ જ સ્નેહીને ત્યાં એક પ્રસંગે મેં એવી સુંદર ભેટ આપી કે તેઓ ખુશ થઈને બોલેલા: આભાર માનવાને મારી પાસે કોઈ શબ્દો નથી!'

'ત્યારે આ વખતે શું આપવા ધારો છો?' પ્રશ્ન પુછાયો.

'વિચારું છું કે શબ્દો શોધવા માટે 'શબ્દકોશ' આપું!'

×

અનુભવની વાણી

લેખક :
શ્રી ટી. જી. શાહ

બહેરાંને આશીર્વાદરૂપ સાધન

થોડા વખત પહેલાં જગજીવન શિવશંકર ત્રિવેદી નામના લગભગ ૬૫ વર્ષની વયે પહોંચેલા અને ખૂબ બહેરા થઈ ગયેલા એક અનુભવી વૈદરાજ મારે ત્યાં આવેલા. હું ઈલેક્ટ્રિક લાઈનનો અનુભવી હોવાથી તેમણે કાને સાંભળવાનું ઈલેક્ટ્રિક મશીન હરકોઈ ખર્ચે મેળવી આપવા મને સૂચવ્યું. મેં તેમને સાથે લઈ જઈ કાલબાદેવી રોડ ઉપર તથા કોટમાં એમ ચાર જગ્યાએ હલકાં–ભારે મશીન બતાવ્યાં. આ મશીનો ૨૫૦થી ૬૦૦ રૂપિયાની કિંમત સુધીનાં હતાં. તેઓ એટલા બધા બહેરા હતા કે આમાંનું એકે મશીન તેમને ઉપયોગી નીવડ્યું નહિ. એટલે આણંદથી મુંબઈ સુધીનો ધક્કો નકામો ગયો સમજી નિરાશા સાથે અમો બન્ને ઘેર પાછા આવ્યા.

'કંઈ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે,' એ ઉક્તિ પ્રમાણે મને એક અખતરો કરી જોવાનું સૂઝી આવ્યું.

બહેરા માણસના કાન પાસે આપણું મોં રાખી મોટેથી બોલતાં કેટલાક બહેરા સાંભળી શકે છે. આ વખતે બોલનારના અવાજનો મોટો ભાગ ચારે તરફ હવામાં વેડફાઈ જાય છે. તમામ અવાજ કાનમાં જતો નથી માટે જ મોટેથી બોલવું પડે છે. પણ જો તમામ અવાજ કાનમાં જાય એવી યુક્તિ કરી હોય તો આવડી મોટી રાડો પાડવાની જરૂર ન રહે અને ધીમેથી તેમ જ દૂરથી બોલેલું પણ સાંભળી શકાય.

ઉપર મુજબ વિચાર આવતાં પહેલી બજારમાંથી આનાની કિંમતની ઘાસલેટ પૂરવાની ગળણી ખરીદી. ત્યારબાદ ૦ા ઇંચ અંદરના ગાળાની ૮ ફૂટ લાંબી રબ્બરની પોલી નળી એક રૂપિયામાં ખરીદી અને ત્રીજે દવા બજારમાંથી એનીમા લેવાની પોલી ભૂંગળી છ આનામાં ખરીદી. (આ ભૂંગળીને ઇંગ્રેજીમાં 'નોઝલ' કહે છે.) રબ્બરની નળીને એક છેડે ગળણી બેસાડી અને બીજે છેડે એનીમા લેવાની ભૂંગળી બેસાડી.

નોઝલનો પાતળો છેડો કાનમાં નાખી ગળણીના પહોળા ભાગમાં મારું મોં રાખીને બહુ જ ધીમેથી વાતો કરવા માંડી જે તેઓ શબ્દે શબ્દ સાંભળતા હતા અને પોતે બરાબર સાંભળી રહ્યા છે તેની ખાતરી કરવા મારું બોલેલું ફરી બોલી જતા હતા અને મારા પૂછેલા પ્રશ્નોના બરાબર જવાબ આપતા હતા.

આમ એક રૂપિયો અને દસ આનામાં ઘણા જ દૂંકા ખર્ચમાં ૬૦૦ રૂપિયાના મશીનને ટક્કર મારે તેવું કર્ણક (ધ્વનિવાહક યંત્ર) બનતાં જગજીવનભાઈ એવા તો ખુશ થયા, કે તેઓ ઊભા થઈ નાચવા લાગ્યા. આ કર્ણકને નિભાવવાનો કશો જ ખર્ચ નહિ. વરસો સુધી કામ આપે. જ્યારે સેંકડો રૂપિયાની કીમતનાં પરદેશી મશીનમાં કોઈ વખત માઈક્રોફોન ખરાબ થઈ જાય ત્યારે સુધરાવવો પડે અને બેટરી તો વારવાર ખલાસ થઈ જાય ત્યારે બદલવી પડે એટલે શહેરમાંથી ગામડાંમાં તો મળે નહિ વારંવાર મંગાવવી પડે.

આજ સુધીમાં આવાં દશેક યંત્રો બનાવી આપ્યાં છે અને એ દશે જણ વાપ

ખુશ થયા છે.

બહેરી જનતા પોતાની મેળે આવાં કર્ણુંક બનાવી વાપરે, તો તેમને ભોગવવી પડતી હાડમારીઓ મોટે ભાગે દૂર થઈ જાય.

બોલનારે મોં સામે ગળણી પકડી રાખવાની અને સાંભળનારે ભૂંગળીનો છેડો થોડાક કાનમાં નાખી ભૂંગળી પકડી રાખવાની.

રબ્બરની નળી પોતાને અનુકૂળ આવે તેટલી લાંબી રાખી શકાય.

છાતીના ધબકારા સાંભળવા માટે દાકતર લોકો સ્ટેથસકોપ વાપરે છે તેનો ઉપયોગ નોઝલની જગ્યાએ કરાય તો બંને કાને એટલું બમણું સાંભળી શકાશે અને તેને પકડી રાખવાની જરૂર નહિ રહે. આ સ્ટેથસકોપ દવા બજારમાંથી મળી રહેશે.

ઓછું દેખતી આંખને માટે જેટલાં ચશ્માં આશીર્વાદને પાત્ર નીવડ્યાં છે, તેટલાં જ બહેરા કાનને માટે આ કર્ણુંકો આશીર્વાદને પાત્ર નીવડશે.

‘ કર્ણુંક ’ શબ્દ મેં શોધી કાઢ્યો છે; કોઈ ભાષાશાસ્ત્રી વધારે અનુકૂળ શબ્દ સૂચવશે તો આભારી થઈશ.

ભૂત અને અંધશ્રદ્ધા

નાનપણમાં મેં ભૂતપ્રેતની ઘણી વાતો સાંભળેલી અને તેથી બીકણ થઈ ગયેલો. અંધારામાં કદાચ ભૂત હોય એ બીકે ગોદડું ઓઢી કેટલીયે વાર જાગતો ખાટલામાં પડ્યો રહેતો અને પુષ્કળ સમય બરબાદ જતો.

સહેજ મોટી ઉંમરે કોણ જાણે કેમ પણ ભૂત એકવાર નજરે જોવાની ઇચ્છા જાગેલી. ભૂત જોવા વર્ષો સુધી ફાંફાં માર્યાં પણ ક્યાંય ભૂત દેખાયું નહિ.

મારા ગામ વઢવાણથી વઢવાણ કેમ્પ (હાલનું સુરેંદ્રનગર) જતાં ત્રીજી છાપરી પર રોજ ભૂત થાય છે, એમ ઘણા પાસેથી સાંભળેલું; તેથી એકવાર અંધારી રાત્રે બે વાગે વઢવાણ કેમ્પથી વઢવાણ ચાલતો આવ્યો પણ ક્યાંય ભૂત જોવામાં આવ્યું નહિ.

વઢવાણની ભોગાવા નદીની વચમાં આવેલા પીંપળિયા કૂવા પાસે થઈને ગેમલશા પીરની સવારી દર શુક્રવારે એટલે જુમ્માને રોજ પસાર થાય છે એવું સાંભળતાં ત્યાં ગયો, પણ કશું જ જોવામાં ન આવ્યું.

અમદાવાદના ભદ્રના દરવાજાના મોટા ગોખલામાં રોજ ભૂત આવે છે એવું સાંભળતાં ત્યાં ગયો હતો, એક ઘરબાર વગરનો ભિખારી રાત્રે ત્યાં આવી સૂઈ જતો. ઓઢવાનું કાંઈ જ સાધન નહિ હોવાથી કાગળ અગર કંતાનના ટુકડા શરીર પર નાખી ટૂંટિયું વાળી સૂઈ રહેતો અને ટાઢથી થરથરતાં ઉહુહુહુ ઉહુહુહુ એવો અવાજ મુખમાંથી નીકળી જતો. વટેમાર્ગુ આને ભૂત સમજી પલાયન થઈ જતા. હું પણ આને ભૂત સમજ્યો. પણ વહેલી સવારે આવી તપાસ કરી તો ભૂતને બદલે ભિખારી નીકળ્યો.

કરાંચીના લાંભી નામના સૌથી ભયંકર સ્મશાનમાં કાળી ચૌદશની આખી રાત ગાળવા જ્યારે હું તૈયાર થયો, ત્યારે વિદ્વાન જૈનમુનિ શ્રી વિદ્યાવિજયજી મહારાજે ત્યાં ન જવા ઘણી શિખામણ આપી, પણ મેં તે માની નહિ અને આખી રાત એક હાથમાં લાકડી અને બીજા હાથમાં પેટ્રોમેક્સની બત્તી લઈ ફક્ત લાંભી જ નહિ પણ કરાંચીનાં પાંચે સ્મશાન એક મોટરની મદદ લઈ ખૂંદી કાઢ્યાં પણ ક્યાંય ભૂત ભાળવામાં ન આવ્યું.

આવી આવી અનેક વાતો મુંબઈમાં રહેતા મારા ભાઈબંધના ઘરમાં ભૂતની બીકથી ડઘાઈ ગયેલાં છોકરાં સમક્ષ કરી રહ્યો હતો, ત્યારે ઘરધણી ચૂનીભાઈએ કહ્યું: ‘ તમે ભૂતમાં માનતા નથી તો આજ રાત્રે

તમને ભૂત બતાવું. આ આપણા બીલ્ડિંગની પાછળ આ સીઝનમાં રોજ ભૂત થાય છે અને રોજ રાત્રે પથરા ઉછાળે છે. પણ અમને કોઈને એથી કશું નુકસાન આજ સુધી થયું નથી. રાતના નવેક વાગ્યાથી શરૂ થાય છે અને આખી રાત પથરા ઉછાળ્યા જ કરે છે.'

રાત પડી, નવેક વાગ્યાનો શુમાર થયો, અને પથરાનો અવાજ સંભળાવા લાગ્યો. ચૂનીભાઈ અને હું બન્ને ગેલેરીમાં બે કલાક સુધી થોડી-ઝાઝી વારે અનિયમિત રીતે આવતો આ અવાજ સાંભળતા બેસી જ રહ્યા. અગિયાર વાગ્યાનો શુમાર થયો એટલે ચૂનીભાઈને સૂઈ જવાનું કહી હું ગેલેરીમાં આનું કારણ શોધતો એકલો બેસી રહ્યો.

એક વાગ્યા સુધી જયારે કોઈ પણ કારણ જડયું નહિ, ત્યારે જે જગ્યાએ પથરા પડે છે તે જ જગ્યાએ જવાનો મેં નિશ્ચય કર્યો અને પથરા કદાચ શરીર પર આવે તો વાગે નહિ તે ખાતર જાડો ઓવરકોટ પહેરી લીધો અને માથે કામળી વીંટાળી.

જેમ જેમ આગળ વધતો ગયો, તેમ તેમ અવાજ વધારે સ્પષ્ટ આવવા લાગ્યો અને મને ચોક્કસ લાગ્યું કે હું એ અવાજવાળી જગ્યાની બરાબર નજીક જઈ રહ્યો છું.

જયારે છેક નજીક આવ્યો ત્યારે મેં શું જોયું ? એક પાકેલ મોટા જાંબુડાનું ઝાડ અને તેની બરાબર નીચે એક પતરાનું છાપરું. રાત્રે સહેજ પવન વાય કે પંખી ઊડે ત્યારે ઝાડ પરથી જાંબુડાં ખરે અને પેલા પતરાના છાપરા પર પડે એટલે પથરા જેવો અવાજ આવે.

અજવાળી એ રાત હતી. એક પછી એક જાંબુડાં પતરા પરથી રળી રળી નીચે પડતાં હતાં. ચાર જાંબુડાં મેં ઝીલી લીધાં અને તે લઈ ચૂનીભાઈને ઘેર પાછો આવ્યો ત્યારે રાતના બેએક વાગ્યા હશે.

ઘેર આવી જોરથી બૂમો મારી 'ચૂનીભાઈ ઊઠો, વજીબહેન ઊઠો, હું ભૂત પકડી લાવ્યો છું.' તેઓએ સાચું જ માન્યું કે હું ખરેખર ભૂત પકડી લાવ્યો હોઈશ. મારી બૂમોથી માળાના ઘણા માણસો જાગી ગયા હશે, પણ ભૂતને જોવાની કે તેને મહાત કરવા માટે મને મદદ કરવાની કોઈની હિંમત ચાલી નહિ અને કોઈ રૂમ ઉઘાડી બહાર નીકળ્યું નહિ. મારી બૂમો સાંભળતા સૌ પથારીમાં પડી રહ્યા.

આખરે સાચી વાત જણાવી ત્યારે ટપો-ટપ એક પછી એક સ્ત્રી–પુરુષ બહાર નીકળવા માંડ્યાં અને જોતજોતામાં પુષ્કળ માણસો જમા થઈ ગયાં અને સાચી વસ્તુસ્થિતિ સમજવાની આટલાં વર્ષ સુધી કોશિશ ન કરવા માટે ખૂબ પસ્તાવા લાગ્યાં.

એ માળામાં રહેતાં આશરે ૨૦૦ માણસો આ વહેમનો ભોગ વર્ષો સુધી બન્યાં એ થોડા દુઃખની વાત નથી !

બીક એ અડધું મોત છે. બી, બીને રહેવું એ અર્ધમૃત્યુ દશામાં રહેવા બરાબર છે. જે માણસો આવા વહેમને ફેલાવે છે, તે કાચા હૈયાનાં માણસોને બીકથી ફફડાવી મારવાનું મહાભયંકર પાપ વહોરે છે.

સને ૧૯૧૧માં જયારે મેં મારી વીજળીની દુકાનની અમદાવાદમાં શરૂઆત કરી, ત્યારે તેલ કે દીવાસળી વગર ફક્ત ચાંપ દબાવતાંની સાથે જ ઝગમગતો દીવો થાય અને તે ગજવામાં રહી શકે એ વસ્તુસ્થિતિ અજ્ઞાન જનતાને આશ્ચર્યજનક લાગતી હતી. ગામડાંમાં તો તે ભૂતના ભડકા મનાતા હતા. પ્રખ્યાત જાદુગર મહમદ છેલ લોકોને આશ્ચર્યચકિત કરવા માટે મારી દુકાનેથી પુષ્કળ દીવા ખરીદી જતા હતા.

વીજળીના દીવા, ટેલિગ્રાફ, રેડિ

ઍરોપ્લેન વગેરે વગેરે આધુનિક સાધનો વડે જે મહાન કાર્યો જગતમાં થઈ રહ્યાં છે, તેની પાછળ વૈજ્ઞાનિક સબળ કારણો છે; કારણ વિના કાર્ય બનતું જ નથી. કાર્ય જોતાં જ તેનું કારણ તપાસવાની જિજ્ઞાસા જાગે અને હરકોઈ ભોગે કારણ શોધી કઢાય તો એકે એક વહેમ આપોઆપ દૂર થઈ જાય અને જનતા નીડર અને સુખી થાય.

મૂઠ

અડદના દાણા મંતરી દુશ્મન ઉપર નાખી તેને ગાંડો બનાવવો અગર પોતાને વશ કરી લઈ એની પાસે પોતાનું ધાર્યું કરાવવું એ ક્રિયાને મૂઠ નાખવાની ક્રિયા કહે છે.

મને આ ક્રિયા કેવળ ધતિંગ લાગી છે.

અમુક માણસની જનતા ઉપર બિવડાવનારી છાપ પાડવા માટે આવી ગપ ગામડાંઓમાં ખૂબ ફેલાવવામાં આવે છે. જનતા આવા માણસોથી ખૂબ બીએ છે અને બીકના માર્યા જે કાંઈ તે માગે તે તુરત આપી દઈ તેનાથી છુટકારાનો દમ ખેંચે છે.

અમદાવાદ પાસેના સાણંદ નામના એક ગામના ચોકમાં એક ગારુડી મોરલી બજાવી એક જબરા સાપને પોતાની સામે ડોલાવી રહ્યો હતો. જ્યારે રમત પૂરબહારમાં હતી અને સેંકડો માણસો આ તમાશો એકીટશે જોઈ રહ્યા હતા, બરાબર તે જ વખતે તેની મોરલી એકાએક વાગતી બંધ પડી ગઈ. ગમે તેટલી ફૂંકો મારે પણ મોરલી વાગે જ નહિ. તેથી તેણે ખૂબ ગુસ્સે થઈ જોનારાને સંબોધીને કહ્યું કે, 'તમારામાં મારો દુશ્મન સંતાઈ રહ્યો છે. તેણે મારા પર મૂઠ નાખી છે, તેથી મારી મોરલી વાગતી બંધ પડી ગઈ છે અને મારી જામેલી રમતમાં ભંગ પાડ્યો છે.' એમ બોલતાં બોલતાં તે ગધેડાની માફક ભૂંકવા લાગ્યો. કોઈ દુઃખી ગધેડો ભૂંકે તેમ તેણે વળ ખાઈ ખાઈ ભૂંકવા માંડ્યું. દશેક મિનિટ બાદ શુદ્ધિમાં આવતાં તેણે કહ્યું: 'જેણે મારા પર મૂઠ નાખી મારી મોરલી બંધ કરી, મારી રમતમાં ભંગ પાડ્યો અને મને ગધેડાની માફક ભૂંકાવ્યો, તેને જો કૂતરો ન બનાવું તો હું ગારુડી નહિ.' એમ કહી એણે થોડા અડદના દાણા મંતર્યા અને જનતા તરફ ફેંકતાની સાથે જ એક દુઃખી કૂતરાની માફક ભસતો એક માણસ એ ગારુડીએ કરેલા કૂંડાળાની વચમાં આવીને પડ્યો. દશેક મિનિટ ભસી તે જ્યારે શુદ્ધિમાં આવ્યો, ત્યારે વળી પાછા મંત્રેલા અડદના દાણા ફેંકી ફરી ગારુડીને ભૂંકતો કરી મૂકયો. વેરથી વેર વધે છે એ નિયમ પ્રમાણે બન્ને જણ સામસામા મૂઠ નાખી એકબીજાને વધારે ને વધારે હેરાનગતિમાં મૂકતા ગયા.

અંતે સાણંદનું દયાળુ મહાજન વચમાં પડી બન્નેને અમુક અમુક રૂપિયા આપવાનું ઠરાવી છૂટા પડવાનું સમજાવી રહ્યા હતા, તેવામાં મને સૂઝી આવ્યું કે આ બન્ને એક બીજાના દુશ્મનો નથી પણ મિત્રો છે અને ભોળી પ્રજા ઉપર ત્રાસદાયક વાતાવરણ ફેલાવી તેમનામાં દયાની લાગણી ઉશ્કેરી તેનો લાભ લેવા માગે છે.

મેં મહાજનને કહ્યું, કે 'આ બન્ને જણ મૂઠ નાખવામાં કુશળ છે તો મારા ઉપર તેઓ મૂઠ નાખે અને જો હું ગધેડા માફક ભૂંકવા માંડું કે કૂતરાં જેવું ભસવા માંડું, તો આ ૧૦૧ રૂપિયા બન્ને જણને સરખે હિસ્સે વહેંચી આપજો,' એમ કહી મારા પાકીટમાંથી રૂા. ૧૦૧ કાઢી મહાજનના હાથમાં મૂકયા. 'હવે તમારે કોઈને પૈસા આપવાની જરૂર નથી. મને આ લોકો ઠગ લાગે છે. બન્ને એકબીજાના દુશ્મનો નથી પણ મિત્રો છે અને ત્રાસદાયક વાતાવરણ

પેદા કરી આપણી કોમળ લાગણીને ઉશ્કેરી પૈસા પડાવવાની બાજી અગાઉથી ગોઠવીને અહીં આવ્યા છે.'

તેમને ચકાસી જોવાનો મારો દૃઢ નિશ્ચય જોઈ 'તમ જેવા મોટા માણસ પર અમારાથી મૂઠ ના નંખાય,' એ મતલબનું બેચાર વાર બોલી જુદી જુદી દિશામાં બન્ને જણુ પોબારા ગણી ગયા.

બન્ને ઠગોએ કરેલી આશરે દોઢ કલાક સુધીની મહેનત આમ બરબાદ ગઈ અને જનતા આવા ઠગ માણસોથી ચેતતી થઈ ગઈ.

ઝેરીલો આદમી

દેવલાલીમાં મને સ્વભાવે શાંત અને પ્રેમાળ એવો એક આદમી મળ્યો. તે એટલો બધો ઝેરીલો હતો કે કોઈ પણ પ્રાણીને બચકું ભરે કે તુરત તે પ્રાણી એનાં ઝેરથી મરી જાય.

મેં તેને પૂછ્યું: 'આટલું બધું ઝેર તમારામાં શી રીતે આવ્યું?'

તેણે જવાબ આપ્યો: 'ઝેરકોચલાં ચાવી ચાવીને. મારા ગજવામાં ઝેરકોચલાં કાયમ રાખું છું,' એમ કહી પોતાના ગજવામાંથી ૮–૧૦ ઝેરકોચલાં મને કાઢી બતાવ્યાં. 'આને સોપારીની માફક રોજ ચાવ્યા જ કરું છું, તેથી મારા શરીરમાં ઝેરનો વધારો થતો જ જાય છે.'

મેં પૂછ્યું: 'આટલા બધા ઝેરીલા થવાનું કારણ?'

તેણે કહ્યું: 'હું કાંઈ ભણ્યો નથી. કમાવું તો જોઈએ ને? કમાવા ખાતર જંગલમાં જઈ સાપને પકડી લાવું છું. સાપના ડંશની મને લેશમાત્ર બીક લાગતી નથી; કારણ સાપના કરતાં હું અનેકગણો વધારે ઝેરીલો છું. આવા સાપ ભરસભામાં મારી જીભ પર કરડાવું છું, છતાં જયારે મને કંઈ જ થતું નથી, ત્યારે ભગવાન શંકરની માફક મારી ઝેર પચાવવાની શક્તિ જોઈ મારા પર જનતા આફરીન થાય છે અને મને સારાં સારાં ઈનામો આપે છે. એના ઉપર મારું ગુજરાન સુંદર રીતે ચાલ્યે જાય છે.

દુનિયાનાં ઘણાંખરાં ઝેરો મારે માટે ઝેર નથી રહ્યા પણ તેઓ મારો ખોરાક થઈ ગયાં છે.'

ધન કમાવા માણસો શું નથી કરતા?
કેવું અદ્‌ભુત કમાવાનું સાધન!

પગી

ધરતી પર પડેલાં પગલાં પરથી અમુક માણસને શોધી આપે તેનું નામ પગી. કોઈને ત્યાં ચોરી થઈ હોય ત્યારે એ ચોરને શોધી કાઢવામાં પગી લોકો ભારે પાવરધા ગણાય છે. ચોરી કરીને ચોર જયાં ગયો હોય ત્યાં આ પગીઓ તેનાં ભોંય પર પડેલાં પગલાં જોઈ જોઈને પહોંચી જાય છે અને ખરા ચોરને ત્યાંથી શોધી કાઢે છે. આ ક્રિયાને 'સગડ' કાઢ્યો કહેવાય છે. પોલીસ ખાતામાં થોડા આવા પગીઓની પણ ભરતી કરવામાં આવે છે. વઢવાણ શહેરની મારી દુકાને બે પગીઓ માલ લેવા આવ્યા. એક પગીને જોઈતો માલ અમારી વખારમાં સારો હોવાથી મારા કાકા તેને વખારે લઈ ગયા. બીજો પગી પોતાને જોઈતો માલ લેવા દુકાને જ બેસી રહ્યો. જયારે તેનું કામ પતી ગયું ત્યારે ઊઠીને સીધો અમારી વખારે આવીને ઊભો રહ્યો. મેં તેમને પૂછ્યું: 'તમે અમારી વખારે પહેલાં કોઈ દિવસ આવ્યા હતા?'

તેણે કહ્યું: 'ના, પહેલી જ વાર આવું છું.'

મેં પૂછ્યું: 'તમને કોઈ વખાર બતાવવા તો આવ્યું નથી, તો એકલા કેવી રીતે આવ્યા?'

તેણે કહ્યું: 'ભાઈનો સગડ જોઈ જોઈને.'

મને બહુ આશ્ચર્ય થયું.

ગળાની અંદર ગીનીઓ

વરસો પહેલાંની વાત છે. પાયધૂની પાસેની પોલીસ ચોકી ઉપર પોલીસો એક બદમાસને પકડી લાવ્યા, ત્યારે હું ત્યાં જ બેઠો હતો. આ બદમાસ એટલો બધો હોશિયાર કે હરવખત પોલીસને કે ચોકીમાંના સારજંટને ઊંધુંચત્તું સમજાવી છૂટી જાય. આ વખતે પણ તેણે એક યુક્તિ અજમાવી અને આબાદ છૂટી ગયો.

તેણે સારજંટને કહ્યું : 'સાહેબ, જો તમે મને આ વખતે છોડી મૂકવાનું વચન આપો, તો જેલની અંદર ચોરો કેવી રીતે રોજ મોજ ઉડાવે છે, તેનું રહસ્ય સમજાવું.'

સારજંટ કહે: 'અમે તેની પૂરેપૂરી ઝડતી લઈ ફક્ત જેલનાં કપડાં પહેરાવી જેલમાં મોકલીએ છીએ, છતાં કોણ જાણે તેઓ કયાંથી પૈસા લાવે છે? પોલીસને લાંચો આપે છે, બીડીઓ પીએ છે, નશા કરે છે, સારુંસારું ખાવાનું ખાય છે અને મોજ ઉડાવે છે.'

બદમાસ કહે: 'એ તો આપને હું સમજાવવા માગું છું, પણ મને તદ્દન છોડી મૂકવાનું વચન આપો તો જ.'

સારજંટે કહ્યું: 'કહે, છોડી મૂકીશ.'

બદમાસે કહ્યું: 'જો જો સાહેબ, પછી ગરીબ માણસને છેતરશો મા.'

મેં કહ્યું: 'નહીં છેતરે, નહીં છેતરે.' મને એ રહસ્ય જાણવાની તાલાવેલી લાગી ગઈ.

સારજંટે કહ્યું: 'નહિ છેતરું, મારું વચન છે, તુરત છોડી મૂકીશ.'

બદમાસે કહ્યું : 'અમે લોકો તમારી જડતીમાં હાથ ન આવે તેવી રીતે ગળામાં ગીનીઓ રાખી મૂકીએ છીએ.' એમ કહી પાંચે આંગળાં ભેગાં કરી ગળા પર ઠોકયાં એટલે અંદરથી અવાજ નીકળ્યો, પછી તેણે નીચેથી ધક્કો મારી એક પછી એક એમ આઠ ગીનીઓ કાઢી બતાવી.

અમે કહ્યું: 'પણ તમારા ગળામાં આટલી બધી ગીનીઓ સમાઈ શી રીતે?'

બદમાસે કહ્યું: 'અમે પહેલાં સીસાની એક ગોળી દાઢ અને ગાલની વચમાં રાખી મૂકીએ છીએ. ગોળીના વજનથી વખત જતાં એ જગ્યાએ ખાડો પડી જાય છે પછી તેના પર બીજી ગોળી મૂકીએ છીએ. એટલે એ ખાડો વધારે ઊંડો જતો જાય છે. બે ગોળી સમાય એટલો ખાડો થાય ત્યારે તેના પર ત્રીજી ગોળી મૂકીએ છીએ. આસ્તે આસ્તે ત્રણ ગોળીઓ સમાય એટલો ખાડો થાય એટલે ગોળીઓ કાઢી લઈ તે ખાડામાં જેલ જતાં પહેલાં ગીનીઓ ભરી લઈએ છીએ, આથી આખી જેલ દરમિયાન અમારી ટેવો નભે છે.'

સારજંટે વચન આપ્યા પ્રમાણે આ બદમાસને છોડી મૂકયો અને અમે બન્ને આ લોકોની જેલમાં પૈસા લઈ જવાની કરામત જોઈ દિગ્મૂઢ બન્યા.

હવે તો ઘણે ઠેકાણે આવા બદમાસોને એકસ–રેના ટેબલ પર સુવાડે છે, કે જેથી કોઈ પણ ધાતુ તેના શરીરમાં હોય તો તુરત જ જણાઈ આવે, પણ જયાં એકસ–રેની સગવડ ન હોય ત્યાં તેઓ હજીયે ફાવી જતા હશે.

*

એક શાળામાં વર્ગશિક્ષકે નિબંધ લખવાનો આપ્યો. વિષય હતો : ક્રિકેટમેચ. બધા જ છોકરાઓ પોતાના આ પ્રિય વિષય ઉપર સારામાં સારી રીતે વધુમાં વધુ લખાય તે માટે કામમાં મગ્ન બની ગયા હતા. પણ છેલ્લી પાટલી પર બેઠેલો એક વિદ્યાર્થી પેન્સિલ હાથમાં ઝાલી બેસી રહ્યો. નિુબંધ લખવા માટે અપાયેલા સમયને હવે છેલ્લે બેત્રણ મિનિટ જ રહી, ત્યાં ઓચિંતા પેલાએ કંઈક લખ્યું, ને શિક્ષકને આપી દીધું. નિબંધ ઉઘાડતાં શિક્ષકે વાંચ્યું : 'મૂશળધાર વરસાદ. ક્રિકેટ રમાઈ નહીં.'

×

જીવન હે!

(નૃત્યનાટિકા)

લેખક :
શ્રી જગદીશ ઓઝા

સમય : શરદની એક મધરાત.

સ્થળ : મા ભારતીની ચોખૂંટ ભોમ.

[કહેવાય છે કે શરદ અને શારદા બંને સાથે જ વસે છે, પરંતુ શારદાએ તો હમણાં ક્યારથી ય વિદાય લીધી છે. અને શરદ ? એ તો સાવ ક્ષીણ બની ગઈ છે. નથી એ ચાંદની ઢોળતી કે નથી એ અનિલલહરીને નચાવતી. એના ઉત્સવ–પૂજનને બદલે દુષ્કાળ અને દુર્દશા પ્રસરી રહ્યાં છે. વિનાશને વાણી ફૂટી હોય તેમ અનેક સીમાઓ અને ખડકો ખડખડ હસી રહ્યાં છે.

એવા જ એક ખડક પર મા ભારતી બેઠાં છે. એમના છૂટા, વીંખાયેલા કેશ, લાંબી નિર્બળ કાયા, તપ્ત લલાટ અને નિસ્તેજ આંખો વાતાવરણની ભયાનકતામાં વધારો કરે છે. પુનઃ પુનઃ દીર્ઘ નિઃશ્વાસ વહી રહ્યાં છે.]

ભારતી : (કંઈક શોધતાં) જીવન ? ક્યાં છે આજે ? વર્ષો થયાં હું જીવનને શોધી રહી છું, પણ એ તો મને સદા તરછોડે છે. આ શરદ જ જુઓ ને. મારી સાથે એક પણ શબ્દ બોલે છે ? વર્ષા કટુ બની ગઈ, વસંત રિસાઈ ગઈ અને હું સાવ એકલી–અટૂલી, ભૂખી–તરસી જીવનને શોધી રહી છું. પરંતુ મહારણ્યના વિશાળ તરુઝુંડમાં કોકિલાનો આલાપ શોધવા જઈએ, ત્યાં એકાએક એ જેમ શમી જાય, તેમ જીવન–માનવીને મહાશક્તિ અર્પતું જીવન–પણ દર્શન આપતાં આપતાંમાં જ વિમુખ બની જાય છે. જીવન ક્યાં ન હતું ? કલકલ વહેતી નિર્ઝરિણીના અપૂર્વ ગુંજનમાં, રૂમઝૂમ વહી જતી વર્ષાની વાદળીના અભિરામ ચાપલ્યમાં, ઉષામાં, સંધ્યામાં, વિભાવરીમાં, જ્યોત્સ્નામાં, પ્રિયતમનાં નયનોમાં અને પ્રિયતમાના સ્મિતમાં : સર્વમાં જીવન હતું. પરંતુ આજે ? છે માત્ર વિષાદ, વિભ્રમ, વિનાશ અને વહ્નિ. અહો, પહેલાં એનું કેવું મહત્ત્વ હતું ! એનું કેટલું પૂજન થતું ! એનું નિરંતર પૂજન કરતી, ભક્તિભાવે એનાં મંગલ સ્તોત્ર ગાતી, આ રહી એ કલ્પના-કુસુમની કળી સમી સૌમ્ય બાલિકાઓ...

[બાલિકાઓ પ્રવેશ કરે છે.]

બાલિકાઓ :

હે જીવન !
સૃષ્ટિ સકલના મનમોહન !
કેમ કરું તવ પૂજન ?
હું કેમ કરું તવ પૂજન ?
નવ રસમૂર્તિ જહીં મન શોધે;
લોચનને આંસુ અવરોધે;
કાં ન તથાપિ તું પથ ઉદ્‌બોધે ?
હે રાજન્ !
હૃદયહૃદયના ઋજુ સાજન !...કેમ૦
અમ ઉર તવ હો વિજયસિંહાસન,
સદૈવ તવ હો અભંગ શાસન;
પલ પલ તવ હો વિમલ સુ-કીર્તન.
હે શોભન્ !
રુદ્ર-રુક્ષ, મૃદુ-મુગ્ધ, સુ-ચેતન !...કેમ૦

[જાય છે.]

ભારતી : (ઝબકીને) ગઈ ? વહી ગઈ એ બાલિકાઓ ?... ભલે ગઈ. સ્મૃતિમાં રહી છે એ પણ કંઈ ઓછું છે ? પરંતુ આ શું ! સ્મૃતિની તો એક વિશાળ હાર હૃદયમાં રચાઈ ગઈ છે–જાણે વિધવિધ સૌરભવીચિની એક તરંગમાલા. હૃદયના નાનકડા રથ પર સ્મૃતિ સવાર બને ત્યારે ? એને કેમ રોકાય ? (ઘડી પછી) કાળની અગમ્ય કેડીએ મેં અનેક સંસ્કૃતિની બાલિકાઓને વહી જતી નીરખી છે. હજુ યે કહાન અને રાધિકાની મૂર્તિ નંદનવનમાં પ્રણય કરતાં કરતાં સહુને આમંત્રીને કહી રહી છે : ‘ જીવન એટલે જોબન. આવો, આવો, અને માણી શકાય એટલું

માણી લ્યો. પ્રણય અને ભક્તિ એ જ જીવનની અવિરત ઝંખના હો!' અને પેલી બાજુ, સહજ દૂર, જ્યાં જમુનાજીનાં જળ અસ્ખલિત વહી રહ્યાં છે ત્યાં આગળ, કેટલીયે બાલિકાઓ અને યુવતીઓ રંગભરી ચૂંદડી ઓઢી, મોતીની ઈંઢાણી લઈ, હેલ પર હેલ ચડાવતી હરિવરને ભજી રહી છે. જમુનાજી જ જાણે એમનું મિલનસ્થળ ન હોય! આ રહી એ પનિહારીઓ...

[પનિહારીઓ પ્રવેશ કરે છે.]

પનિહારીઓ :

હું તો બની રે પનિહારી, હરિવર,
 હું તો બની રે પનિહારી;
સાંજ ને સવાર મને સાદ કરે દૂરથી,
 યમુનાનાં નીલમધુ વારિ!...હું તો૦
સ્વપ્નની સવાર મારે, રાત સદા કેલિની,
 નેન નેન ચંદ્રિકાને ન્હાળી;
જોબનને વાયરે રે ગાગર ડોલી જતી,
 રટતી હું મનમાં વનમાળી!...હું તો૦
મનડાની મોરલીના છેડીને તાર સહુ,
 નટવર તો નીરને નચાવે;
ઘેલી અધીર હું વ્યાકુલ બની રે તોય,
 કાનાજી પાસ નહીં આવે!...હું તો૦
સરિતાનાં નીર મેલાં હસતાં કાનાની સંગ,
 પિયુજીની પ્રીતને પીછાણી;
જળ રે જમુનાનાં મારે ભરવાનાં આજ થકી,
(ત્યાં તો) ઉરની સૌ ગાગર છલકાણી!...હું તો૦

[જાય છે.]

ભારતી: વાહ! જમુનાજીનાં જળ ન ભરવાનું નક્કી કર્યું ત્યારે તો હૈયાની ગાગર જ છલકાઈ રહી! આજે તો એ જીવન અલભ્ય છે. આજે નથી કૃષ્ણ, નથી રાધિકા: નથી ગોપ, ગોપિકા: કે નથી હૈયાની આરપાર ઊતરતું, સૂર સાંભળતાં જ મદનાકુળ બનાવતું, પેલી પ્રણયસુંદરીનું મધુમંજુ ગીત. અહો, નિતાંત રમણીય, મુગ્ધ કુસુમની કલાન્વિત વેણી અને પુષ્પમાલા ગૂંથી, પૂર્ણ શૃંગાર સજી, આ જ ભૂમિ પરથી પ્રણયસુંદરી અને વિલાસનું સ્વપ્નસુકોમળ યુગલ પસાર થતું–જાણે સાક્ષાત્ રતિ અને કામદેવ. હજુયે એ ગીતગુંજન અને નુપૂરઝંકૃતિમાં હું એટલી જ તન્મયતા, એટલી જ માર્દવતા અનુભવું છું. (આવેશમાં) અરે, એ જાય, એ જાય, જુઓ, એ જ આ યુગલ...આ રહી પેલી રતિ અને એની પાછળ જ આવતો પેલો કંદર્પ...

[પ્રણયસુંદરી પ્રવેશ કરે છે.]

પ્રણયસુંદરી :

 હું તો પ્રણયસુંદરી ઘેલી,
  હું તો પ્રણયસુંદરી ઘેલી!
 નિશા તણા બાદલના અધરે,
 શશિયરની સુષમા મૃદુ પ્રસરે;
 રૂપલહરો ને રસ સુરભીની
  તદા બની જઉં કેલિ!...હું તો૦
 પિયુ-મિલનની આતશ પ્રગટે,
 ઉરે જલદ અધીરાઈના ઊમટે;
 સ્વપ્નનિકુંજે ઝંખનાની ત્યાં
  વરસું આષાઢી હેલી!...હું તો૦
 પુલક પુલક પમરાટે મલકે,
 હૃદય અતલ અનુરાગે ધબકે;
 પલ સ્પંદનના કુસુમથી જાણે
  નમતી ત્યાં તનુ વેલી!...હું તો૦
 પ્રણયમુકુટ મુજ શિર પર નિવસે;
 સ્મિતકલગી તહીં અભિનવ વિલસે;
 કવનકાનને હસતી વિલાસનું
  સંગીત મંજુલ રેલી!...હું તો૦

[પ્રણયસુંદરી જાય છે. થોડી વાર પછી વિલાસ પ્રવેશ કરે છે.]

વિલાસ :

  યૌવનપુંજે
 સુરભી સમીરને પૂજે;
સમીર વન-વન મુરલી બજાવે,
સુરભી લાસ્ય મહીં કંઈ ગાવે,
 પ્રણય પથે પમરાવે...પુયૌવનંજે.

આતમકુંજે
ભ્રમર મધુર રવે ગુંજે;
ચંચલ કલી જરી અભિનયે ડોલે,
પરિમલ-પાલવ તહીં વિલોલે
સરી નિજ અંતર ખોલે...આતમકુંજે
સ્વપ્નનિકુંજે
મત્ત કોકિલા કૂજે;
શશાંકના મૃદુ બિમ્બની ત્યારે
રજની ધીરે લટને સમારે
અભિનવ રે શૃંગારે...સ્વપ્નનિકુંજે.

[જાય છે.]

ભારતી : (દુઃખપૂર્વક) એ પવન સમું પ્રસન્ન, અશ્રુ સમું નિર્મળ, અવકાશ સમું ઉજ્જવલ યુગલ પણ આખરે ખંડિત બન્યું. ઉન્મત્તતાનો એક નફટ, નિર્લજ, મહાકાય ઝંઝાવાત કોણ જાણે કયાંયથી ઊમટી આવ્યો. પ્રયણસુંદરીને એ ઉડાવી ગયો અને વિલાસને કોઈ પિશાચી રોગમાં સપડાવતો ગયો. દિગ્-દિગ્માં મહામાયાનું સામ્રાજ્ય વ્યાપી ગયું... અરેરે, એ વાતને પણ કેટલાં વર્ષો વીતી ચૂકયાં? એ વખતે મને થયેલું કે હું જે જીવન શોધું છું એ મને પ્રાપ્ત થયું છે. મારા નાનકડા ખોળામાં સારીએ માનવજાત કિલ્લોલી રહી હતી. આર્યત્વને આંગણે પીયૂષ અને પુષ્પની સદાય વૃષ્ટિ થતી. સૌભાગ્યના ચિહ્ન સમી રાજપૂતીની બિંદી કપોલ પર હસી રહી હતી. ધરણી આખી ધાન્યથી લચી રહી હતી. પંખીઓનું ગુંજન અવિરત મહેકતું. કવિઓએ કલ્પનાને પૃથ્વી પર ઉતારી હતી. શિલ્પીઓના ટાંકણામાં કોઈ અજબ સામર્થ્ય હતું. ચિત્રકારની પીંછીમાંથી અભિજાત માધુર્ય વહેતું હતું. કોઈ રોગી નહીં, કોઈ દુઃખી નહીં. આટઆટલા શ્રમ પછી મારી શોધ સફળ નીવડી—જીવન પ્રાપ્ત થયું, એમ માની મેં એક મહોત્સવ આરંભ્યો. કિન્નરીઓ હસુંહસું થઈ રહી હતી. આ રહ્યો એ કોકિલાઓનો મંજુલ ટહુકાર...

[કિન્નરીઓ પ્રવેશે છે.]

કિન્નરીઓ :

આજ મારું મંન હસી જાય,
મારું મંન હસી જાય,
મંન હસી જાય!
અંબરને અંગ અંગ
અત્યૂષના રસે રંગ;
મુગ્ધ સ્મિતના તરંગ
ઉષા-ગાલ પરથી ત્યાં પ્રસન્ન લસી જાય,
એવું મંન હસી જાય!...આજ૦
પ્રિયતમના અર્ચને
નેન નસે નર્તને;
આણુ લહીં સ્પંદને
ફફરાવી મસ્તીમાં પવંન હસી જાય,
એવું મંન હસી જાય!...આજ૦
અંતર વેરી જતી,
મંદ મંદ ગુંજતી,
સ્વપ્નમાં વિહારતી,
રમણીના ઘેનનું જોબંન હસી જાય,
એવું મંન હસી જાય!...આજ૦
છૂપી છૂપી વીજળીને હૈયે વસી જાય,
એવું મંન હસી જાય!
ઝીલ્યું ના ઝિલાતું, જરી મંન હસી જાય,
મારું મંન હસી જાય!...આજ૦

[જાય છે.]

ભારતી : પરંતુ એ મહોત્સવ મહોત્સવની જગાએ રહ્યો. કોઈને ખબર પણ ન પડે તેમ પેલા ગોરાઓ આવ્યા. આવ્યા એવા જ સિંહાસન પર ચડી બેઠા. પેલી મહામાયા કરતાં પણ વિકરાળ ગુલામીની સાંકળ માનવીની ગરદન પર જડી દીધી. ઘોર હિંસા, સુષુપ્તિ, જુગુપ્સા અને ઝેર-વેરમાં હું જકડાઈ ગઈ. ભાઈ ભાઈનો ન રહ્યો. અરે, ખુદ મારાં સંતાન જ મારાં ન રહ્યાં ને! પછી પૂછવું જ શું? ચોતરફથી વેદનાનાં વાદળો ઊમટી આવ્યાં. મારો આત્મપ્રદીપ ઝાંખો પડી ગયો. આ રહી એ સમયની ઘેલી, અકાળે વૃદ્ધ

બનેલી કુંઠિત, હતભાગી ભારતી...

[વૃદ્ધ બાલિકા સમી ભારતી પ્રવેશે છે.]

ભારતી :

આશાને કોડિયે રે
દીપ મારો ઝાંખો પડ્યો,
ઝાંખો પડ્યો...
ઘેરા આક્રંદનાં જે અંધારાં કાપતો,
ઝંઝાની ભેદી જે આંધી ધ્રુજાવતો,
એ દીપ મારો ઝાંખો પડ્યો...આશાને૦
કાળા જે અગ્નિ કેરી કાયા પંપાળતો,
ચેતન ને મુક્તિનાં જે ગીતો વહાવતો,
એ દીપ મારો ઝાંખો પડ્યો...આશાને૦
આજે નિઃશ્વાસના જલમાં જે ડૂબતો,
ઝેરી વિષાદ કેરા સાગરે વિરામતો,
આ દીપ મારો ઝાંખો પડ્યો...આશાને૦

[જાય છે.]

ભારતી : પરંતુ ત્યાં તો મુક્તિની ઝંખના જાગી. સ્વાર્પણનાં દુંદુભિ વાગ્યાં. સ્વાતંત્ર્યનો યજ્ઞ આરંભાયો. એમાં યે પેલા શયતાનોએ કંઈક કાવતરાં રચ્યાં. સહુને આપસઆપસમાં ઝઘડાવ્યાં. કરાલતાની કેડીએ સંકટના કંટક રહી ઉમેરાયાં, છતાં ય કોઈ દિવ્ય પ્રકાશની આભા ઢોળાઈ રહી હતી. મારામાં નવું ચેતન પ્રકટ્યું. મારી શોધ માટે હું પુનઃ જાગ્રિમતિ બની. જીવન છે માત્ર મુક્તિમાં એ મને સમજાયું. જીવન એટલે પ્રમોહ નહીં, પ્રસ્વેદ. અને પ્રણય એટલે પુષ્પ નહીં, પરાગ. જીવનને પામવા હવે જ ખરેખરા મહોત્સવનો આરંભ થયો. એક વિશાળ માનવમહેરામણ ત્યાં ઊભરાયો. એ મહોત્સવમાં સહુ કોઈ ભેખધારી હતા. કોણ પ્રથમ જીવન સમર્પણ કરે એ જ પ્રશ્ન હતો. સ્ત્રી કે પુરુષ, બાળક કે વૃદ્ધ: સર્વ સમાન હતા. આ રહ્યાં એ ભેખધારીઓ...

[ભેખધારીઓ પ્રવેશ કરે છે.]

ભેખધારીઓ :

ધારી મેં તો ભારતને ત્યાં ભેખ,
ક્રાંતિ ને કુરબાની મારાં જીવન સરજ્યાં લેખ,
મારાં જીવનસરજ્યાં લેખ !
અખિલ વિશ્વને પ્રાંગણ નિર્મલ,
ઐક્ય પ્રદીપ જ્વલાવું ઉજ્જ્વલ;
ચડી મુક્તિનાં શિખરશિખર,
હું ગજવું ગાન અનેક...ધારી૦
બંધન ના, ક્રંદન ના ઘેરા,
માનવ સૌ મજદૂર અનેરા;
અલેખભા મિલાવી હર્ષે,
લૂછે અંગ-પ્રસ્વેદ...ધારી૦
સ્વાર્પણની ઉષ્મા પમરાવું,
પુનિત પ્રેમના સ્રોત વહાવું;
શહીદીની આહુતિમાંથી,
અગાધ ચહું સંદેશ...ધારી૦

[જાય છે.]

ભારતી : (ઉન્નત મસ્તકે) એ અસંખ્ય શહીદોની શહાદતથી ગુલામી ગઈ, ભીરુતા ગઈ, સુષુપ્તિ ગઈ; ખરેખર, માનવી મહાન હતો અને મહાન જ રહેશે. એને અંતરે વસી છે એક મહામાંગલ્યની પુનિત પ્રજ્ઞા. એમાં જ એનું સર્વસ્વ સમાયેલું છે. માનવી છે એક મહાજોગંદર, અને જીવન છે એક જોગ. એ બંનેનાં સંગમથી જગત બની રહેશે એક નંદનવન, લૌકિક અને અલૌકિક, પાર્થિવ અને અપાર્થિવ, ક્ષણિક અને સનાતન; ત્યાં નહીં હોય આવાં શબ્દજાળાં, ત્યાં હશે માત્ર નિઃસીમ અનુકંપાની નિર્મૂક વાણી. પરંતુ હજુ તો એ મહોત્સવનો માત્ર પ્રારંભ જ થયો છે. હજુ માત્ર મુક્તિ જ મળી છે. માનવઐક્યની સાધના હજુ બાકી છે. છતાં ય જીવનનો સાચો અર્થ સમજતાં, એનું ગૌરવ વધારતાં, નૂતન સંસ્કૃતિને દ્વારે દ્વારે માનવઐક્યનાં તોરણો બંધાઈ ચૂક્યાં છે એ નક્કી. મહાકલ્યાણની પ્રફુલ્લ આરસીમાં પ્રણયદીપ પણ પ્રદીપ્ત બન્યા છે. હવે તો જયારે વિશ્વશાંતિની વીણા દિગ્દિગાન્તરે

ગુંજી ઊઠશે, અને એક દિવસ એ જરૂર ગુંજી ઊઠશે, ત્યારે જ સહુ મહોત્સવના રંગે રંગાઈ જશે (ઘડી પછી) જુઓ ને, કેવું મધુર પ્રભાત ખીલી રહ્યું છે! એને અંગે અંગે શરદની સુધાધવલ કાન્તિ વિલસી રહી છે. આજે સહુ કોઈ જીવનને લળીલળીને અભિવન્દી રહ્યાં છે. લ્યો, પેલી દિશાસુંદરીઓ પણ એનું પૂજન કરવા આવી રહી છે ને શું?...

દિશાસુંદરીઓ :

હે ઉરગાયક !
તિમિરવિદારક !
નવસર્જનના પ્રથમ વિધાયક !
હે, જીવન હે !
અખિલ વિશ્વ ગોકુલ બની રાચે,
સરિત ત્વરિત અહીં પ્રેમની નાચે,
કૃપાવારિ તવ માનવ યાચે;
તવ ઉરપ્રાંગ
અમ વૃન્દાવ
વસો ચિરંતન, હે સંજીવન!
હે, જીવન હે!
આત્મવિજયની ઉષા ઉઘડતાં,
રમ્ય સ્ફૂર્તિની લહર પ્રસરતાં,
સહા મુક્તિ ગુંજારવ કરતા
હે કુસુમાકર!
તવ ગીત મર્મર
જહો નિરંતર અમ રસકાનન.
હે, જીવન હે!

[દિશાસુંદરીઓ પ્રણમે છે. ભારતીથી મસ્તક નીચું નમાવી દેવાય છે. એ સહુને આશી આપતા ભગવાન સૂર્ય સહુના મસ્તક પર પોતા કિરણાંગૂલિ રમાડી રહ્યાં છે.]

[પડદો]

* * *

કવિ કાલિદાસ ભિખારી વેશે ભોજરાજા પાસે જાય છે, તે સમયનો આ પ્રસંગ છે:

રાજા : ભાઈ, તમારી આ કંથા સાવ જીર્ણ થઈ ગઈ લાગે છે; તેમાં જ્યાં ત્યાં કાણાં પડી ગયાં દેખાય

ભિખારી : નહિ રાજન્! એ કંથા નથી, પરંતુ એ તો માછલાં પકડવાની જાળ છે.

રાજા : શું તમે માછલાં ખાઓ છો?

ભિખારી : હું તો દારૂ પણ પીઉં છું, એટલે તેની સાથે માછલાં વગર મારે ન ચાલે. (રાજાનું આશ્ચર્ય વધતું જાય છે.)

રાજા : ત્યારે શું તમે ભિક્ષુ થઈને દારૂ પીઓ છો ?

ભિખારી : હા રાજન્ ! પણ હું એકલો નથી પીતો, પણ ગણિકાના સંગમાં દારૂ પીઉં છું.

રાજા : શું તમે ગણિકાને ઘેર પણ જાઓ છો ?

ભિખારી : મારે કેની બીક છે? શત્રુની છાતી ઉપર પગ મૂકીને જાઉં છું. (રાજાનું આશ્ચર્ય એકદ વધી જાય છે.)

રાજા : અમારે રાજાઓને તો દુશ્મન હોય, પણ તમ જેવા ભિક્ષુને પણ દુશ્મન હોય એ તે નવાઈની વાત છે.

ભિખારી : દુશ્મન થવાનું કારણ એવું છે કે હું ચોરી પણ કરું છું અને તેથી સહજ વૈર થાય

રાજા : હાય! હાય!! શું તમે ચોરી પણ કરો છો?

ભિખારી : હા રાજન્! હું જુગાર રમું છું તેમાં પૈસા તો જોઈએ ને? તેથી તે મેળવવા ચોરી કરું છું. (રાજાના આશ્ચર્યનો પાર રહેતો નથી).

રાજા : ત્યારે તો દુર્ગુણોની આખીએ પરંપરા તમારામાં એકી સાથે જ આવી વસી લાગે છે.

ભિખારી : હા રાજન્! માણસ જ્યારે મર્યાદાનું એક પગથિયું ચાતરે છે ત્યારે પછી તે છેક છેલ્લે પગથિયે પહોંચી જાય છે; વચમાં ક્યાંય શોભાતું નથી. नास्ति भ्रष्टे विचारः

—સ્વામી ચિદાનંદ સરસ્વ

×

જોયેલું ને જાણેલું

ગધેડાં-દાક્તર

સિંધના કપાસના કારખાનામાં કારીગરોને અકસ્માત થવો સ્વાભાવિક છે. મારો ભત્રીજો જે 'સો જીન' પર કામ કરતો હતો તેનો હાથ પટા ને પૂલીની વચ્ચે આવી જવાથી ભાંગી ગયો. કોણી ને કાંડા વચ્ચેનું હાડકું બેત્રણ જગ્યાએથી ભાંગી ગયું હતું. ગામડામાં શો ઇલાજ થાય? સરકારી દવાખાનામાં ગયા તો દાક્તરે ચોખ્ખું કહી દીધું કે 'હાડકું બેત્રણ જગ્યાએથી ભાંગેલું છે. એને મીરપુરખાસ લઈ જાવ ને ત્યાં હાથ કપાવવો પડશે, હું કશું જ કરી શકું એમ નથી!'

હવે શું થાય? પણ મજૂરોના જમાદાર વલીમહમદે કહ્યું, કે યુસુફ કુંભારને બોલાવીએ. એ સારું કરી આપશે. ઊંચી ડીગ્રી ધરાવતા દાક્તરે ના કહી ત્યાં આ અભણ કુંભાર શું કરશે?

ગધેડા પર બેસીને યુસુફ કુંભાર આવ્યો. ગધેડાને બહાર બાંધી છોકરા પાસે આવ્યો. હાથને જોયો ને તરત જ આશ્વાસનના શબ્દો ઉચ્ચાર્યા:

'ભાઈ! ઠીક થઈ જશે!'

હું આ સાંભળી હસ્યો. અર્ધો કલાક પહેલાં દાક્તરે કહ્યું કે કપાવા સિવાય ઇલાજ નથી તેના બદલામાં આ અભણ કુંભાર કહે છે: 'ઠીક થઈ જશે.'

યુસુફ મારું હસવું સમજી ગયો લાગ્યો, એટલે બોલ્યો:

'સાહેબ! અત્યારે તું હસે છે! રાખ ખુદા પર, થોડા દિવસ બાદ જોજે.'

હું તો કંઈ પણ બોલ્યા વગર બેસી રહ્યો.

યુસુફ કુંભારે છોકરા સામે બેઠક લીધી. હાથને પકડ્યો ને આસ્તે આસ્તે ભાંગેલા હાડકાંને હાથ વતી ઠીક ગોઠવ્યાં. વલીમહમદને ભાંગેલા હાથને આધાર આપી પકડવા કહ્યું ને પોતે પોતાંની કોથળીમાંથી લાકડાનાં ખાપિયાં, માણસના માથાના વાળ ને સરસથોડું તેલ ને મેટની માટી કાઢી. માથાના વાળને તેલમાં ભીંજવીને હાથ પર ચારે બાજુ પાથર્યા. ને તેના પર મેટની માટીમાં પલાળેલું કપડું લપેટ્યું. તેના પર લાકડાનાં ખાપિયાં રાખીને મજબૂત રીતે કપડાનો પાટો બાંધ્યો.

કામમાંથી પરવાર્યા બાદ હાથ ધોઈને યુસુફ કુંભાર મારી સામે બેઠો. દસ મિનિટની વાતચીત પરથી હું જાણી શક્યો કે હાડકાં સાંધવાનો ધંધો યુસુફના બાપદાદાનો છે. યુસુફની ચાલીસ વર્ષની જિંદગીમાં હજારો ગધેડાં, ઘોડાં, બળદ, ગાય અને માણસોનાં હાડકાં તેણે ઠીક બેસાડીને જોડેલાં છે. યુસુફને ખાલી ખબર પડે કે ફલાણાનું હાડકું ભાંગેલું છે તો તે બોલાવ્યા વગર હાજર થઈ જાય ને પોતાની બનતી મહેનત કરે.

દિવસે દિવસે સારું થતું ગયું. વીસેક દિવસ પછી એક વખત યુસુફ હાથમાં તેલ લઈને માલિસ કરવા જતાં જતાં સફાળો ઊભો થઈ ગયો ને રાડ પાડી:

'એ ભાઈ! તું ત્યાં જ ઊભો રહે! હું હમણાં જ આવું છું,' એમ કહેતોકને દોડ્યો.

એક લંગડાતા ગધેડાને લઈને માણસ આવતો હતો. યુસુફ કુંભાર ગધેડા પાસે ગયો. પગને તપાસ્યો ને ત્યાંથી દોડતો આવીને અમારી પાસે જે તેલ તથા લાકડાનાં ખાપિયાં પડ્યાં હતાં તે ઉપાડીને લઈ ગયો.

મારા ભત્રીજાની જેવી સારવાર કરી હતી તેવી જ એણે એ ગધેડાની કરી. ને પછી ત્યાંથી આવી મારા ભત્રીજાની સારવાર કરવા લાગ્યો. ને બોલ્યો:

'બિચારો ગધેડો! જો અહીં સુધી આણવામાં આવ્યો હોત તો જિંદગીની ખોટ લઈ બેસત.'

એ પછી મારા ભત્રીજાને સંપૂર્ણ સારું થઈ ગયું એટલે મેં યુસુફને પૂછ્યું:

'શું આપું?'

યુસુફે જવાબ દીધો:

'સાહેબ! ખુદાએ મને ઘણું આપ્યું છે. અલ્લાહના શુક્ર છે કે તમને ભરોસો આવી ગયો છે, કે યુસુફ ગધેડાંનો પૂરેપૂરો દાક્તર છે!'

—ગોવર્ધન જોલાપ્રા

બાપુની ઝીણવટ

૯-૨-'૧૯૪૬નો દિવસ હતો. સેવાગ્રામમાં વહેલા પ્રભાતે વિવિધ કાર્યમાં અમે એટલા બધા મસ્ત થઈ ગયા હતા, કે 'પૂ. બાપુ આજે અમારા વિદ્યાલયનું નિરીક્ષણ કરવા માટે પધારવાના છે,' એવી રાત્રે મળેલી સૂચનાનો ખ્યાલ જ ન રહ્યો.

વિદ્યાલય જોયા પછી બાપુને નરહરિભાઈએ છાત્રાલય જોવાની વિનતિ કરી.

બાપુએ કહ્યું: 'રહેવા દો ને! મારી નજર બહુ ખરાબ છે. મારાથી વળી કંઈ જોવાઈ જશે અને કહેવાઈ જશે. હું વિદ્યાર્થીઓની ટેવોને બરાબર જાણું છું!' પરંતુ નરહરિભાઈ ન માન્યા. છેવટે બાપુએ છાત્રાલય જોવાનું સ્વીકાર્યું અને તે તરફ વળ્યા.

છાત્રાલયના પહેલા રૂમમાં બાપુએ, અમને આપવામાં આવેલ નાના કબાટ, ટેબલ તથા સૂવા માટેના પાટ જોયા. એક વિદ્યાર્થીનું કબાટ ઉઘાડીને અંદરની વ્યવસ્થા પણ જોઈ. ત્યાંથી બીજા રૂમમાં જઈ ત્રીજામાં ગયા. મારી બેઠક પાસે ઊભા રહી આજુબાજુ જોયું; ત્યાં અમારા સૂવાના પાટના પાયા અને પાટિયાં વચ્ચે મૂકેલ ખૂણિયાએ તેમનું ધ્યાન ખેંચ્યું કે તરત જ પ્રશ્ન કર્યો:

'આ ખૂણિયા શા માટે મૂકવામાં આવેલ છે?'

'પાટની મજબૂતાઈ માટે,' જવાબ મળ્યો.

'ત્યારે ખૂણિયામાં જે કોતરકામ છે તે તો શોભા માટે જ હશે!' બાપુએ ફરી સવાલ કર્યો.

જવાબ હકારમાં મળ્યો ત્યારે તેઓએ કહ્યું: 'આ શોભા કરવામાં કેટલો વખત ગયો હશે? જેટલો વખત ગયો તેટલા પૈસા ગયા. વખત ગુમાવવો એ પૈસા ગુમાવવા બરાબર છે!' આમ કહેતા કહેતા તેઓ રૂમ બહાર આવ્યા. બહાર એક નાનું ટેબલ જોઈ તે ઉપાડી બરાબર ધ્યાનથી તપાસ્યું અને સવાલ કર્યો:

'આ ટેબલ શા માટે છે?'

અમારા આચાર્ય શ્રી નરહરિભાઈએ જણાવ્યું:

'વિદ્યાર્થીઓ ટટ્ટાર બેસીને લખી-વાંચી શકે માટે આપવામાં આવ્યું છે.'

'પગ ઉપર પાટિયું કે પૂંઠું રાખીને લખતાં-વાંચતાં જેટલું ટટ્ટાર બેસી શકાય છે તેટલું આ ટેબલમાં જળવાતું નથી, એવો મારો અનુભવ છે,' બાપુએ કહ્યું અને ફરી પ્રશ્ન કર્યો:

'ત્યારે આ આટલું મજબૂત શા માટે બનાવ્યું

'એ તો વિદ્યાર્થી એના ઉપર બેસે, કોઈ વસ્તુ લેવા ચઢે તો તૂટે નહિ, વધારે વખત એટલા માટે જ. ઇંગ્લેંડમાં પણ ટેબલ-ખુરશી મજબૂત બનાવવામાં આવે છે,' પ્રત્યુત્તરમાં આ જીએ જણાવ્યું.

'ઇંગ્લેંડ તો આપણા પૈસા ઉપર મોજ એટલે એને પાલવે; આપણને તે ન પોસાય. તમે વિદ્યાર્થીને કઈ ચીજ બેસવાની કે ઊભવાની તે શીખવવાની એક અમૂલ્ય તક ગુમાવી આટલું બોલી બાપુ મેદાનમાં આવ્યા અને કહ્યું:

'હું નહોતો કે'તો કે મારી આંખો બહુ છે, પરંતુ તમે ન માન્યા. હું ટીકા કરવા નથી,' વળી હસતાં હસતાં ઉમેર્યું: 'ટીકા એટલે ન સમજતા.'

અમે બધા હસી પડ્યા અને તેઓ પણ હસતા પોતાની ઝૂંપડી તરફ જવા ઊપડ્યા.

આ બધા સમય દરમિયાન હું તો બાપુને તેમનું દર્શન કરવામાં, તેમની અમૃતવાણી ઝીલ મશગૂલ બની ગયો હતો. બાપુ ઝૂંપડી તરફ વળ્યા મને મારું રસોડું યાદ આવ્યું અને હું બા કહેલા શબ્દોને મનમાં ગૂંથતો, મંથન કરતો શાક સંભાળવા રસોડે ગયો.

—દેવરામ જ. ચૌહા

ગેબી સહાય

પ્રભુમય જીવન ગાળનાર, અમદાવાદની પોળમાં રહેતા તીકમ ભગતને કિરતારનું તેડું આ તે સ્વર્ગે સિધાવ્યા. તે વખતે હું કોલેજમાં

પાછળ માત્ર રૂખીબહેન-સંતાન કાંઈ નહિ.

તીકમ ભગતના ગુજરી ગયા પછી લગભગ છ- વર્ષે (સને ૧૯૨૩-૨૪માં) રૂખીબહેન કાંઈક કા લઈને મારી પાસે આવ્યાં. હું તેમનો જ્ઞાતિભાઈ બે વર્ષનો તાજો નવો વકીલ.

રૂખીબહેને કહ્યું, કે 'જુઓ ને ભાઈ, આ છે?' કાગળિયાં વાંચીને મેં તેમને સમજ કે 'તમારા ધણીએ પોતાની હયાતીમાં ફલાણી આ તમારું ઘર કોઈ સોનીને ત્યાં પંદરસો રૂ ગીરો આપ્યું છે. તે વાતને આજ અગિયાર

થઈ ગયાં. તેનો વ્યાજ સાથે અઢી હજાર રૂપિયાનો ને સોનીએ દાવો કર્યો છે.' રૂખીબહેનને અચંબો થયો ને બોલ્યાં: 'ભાઈ, એમણે તો આ વાત મને કોઈ દહાડો કરી નથી અને અમારે કોઈ વખત આવડી મોટી રકમની જરૂર પડી નથી. તમે તો એમને જોયેલા. આ રૂપિયા એ લે એવા હતા? જરૂર શી? આ સોની કોણ છે. ને ક્યાં રહે છે તે પણ હું જાણતી નથી.' મેં સમજાવ્યું: 'બહેન, આ તો રજિસ્ટર્ડ થયેલો દસ્તાવેજ છે, છતાં જોઈશું. કોર્ટમાંથી દસ્તાવેજની નકલ લીધા પછી વાત.'

રૂખીબહેન જિંદગીભરમાં કદી હસેલાં નહિ અને વળી આવી આઘાતકારક નવી અણધારી આફત આવી એટલે તે તો બિચારાં ગમગીન થઈને ગયાં.

દસ્તાવેજની નકલ આવી ગઈ. તે વાંચતાં માલૂમ પડ્યું કે કોઈ મંદિરના બાવાને પેલા સોનીએ પંદરસો રૂપિયા આપેલા તેમાં તીકમ ભગત જામીન થયેલા અને તેથી સોનીએ તીકમ ભગત પાસે તેમના ઘરનો આ ગીરો-દસ્તાવેજ લખાવી લીધેલો. પૈસા લીધેલા બાવાએ અને ઘર ગીરો મૂક્યું તીકમ ભગતે!

રૂખીબહેન દસ્તાવેજમાં સહી કરનાર બીજા બેને પણ ઓળખતાં નહોતાં, તે ક્યાં રહે છે તે પણ જાણતાં નહોતાં. મરી ગયા છે કે જીવતા છે તે પણ એમને ખબર નહિ. વાદી-આ દસ્તાવેજ સાબિત કરે ને જીતી જાય તો ખર્ચ સાથે સુમારે ત્રણેક હજાર રૂપિયાનું હુકમનામું થઈ જાય ને તીકમ ભગતનું ઘર વેચાય એમ હતું. ઘરની કિંમત પણ ચારેક હજારથી વધારે ન ગણાય.

કોર્ટ બેસતાં જ પહેલો આ કેસ લેવાયો. બંને ક્ષના વકીલોનાં નામો બેલીફે પોકાર્યાં. હું હાજર થઈ ગયો. વાદી-સોની ને તેનો વકીલ ન આવ્યા. જજ સાહેબે ફરીથી તે બંનેનાં નામો પોકરાવ્યાં. કોઈ ન આવ્યા. મેં જજ સાહેબને કહ્યું, 'હું ક્યાં સુધી બેસી રહું, સાહેબ? બીજી કોર્ટમાં જાઉં ને ત્યાં ભરાઈ પડું તે વખતે આ કેસ નીકળે તો કેમ થાય?'

જજ સાહેબે થોડીવાર રાહ જોવાનું કહીને તે કેસના કાગળો ટેબલ ઉપર એક બાજુએ મૂક્યા. બીજો કેસ લેવાયો. મારે બીજી કોર્ટમાં જવાની ઉતાવળ હતી છતાં હું તો અહીં જ બેસી રહ્યો, પણ એક કેસ ચાલતો હોય ત્યારે વચ્ચે બોલાય નહિ. મને ડર લાગતો હતો કે વિલંબ વધારે થશે તો સામા પક્ષવાળા આવી પહોંચશે. હું તો જજ સાહેબ સામે આતુર નયને એકાગ્ર ચિત્તે બેઠો બેઠો જોયા જ કરું. આમ પંદરેક મિનિટ પસાર થઈ હશે ને પેલા કેસનો અંત આવ્યો. સામા પક્ષવાળા આવ્યા છે કે નહિ તેની ખાતરી કરવા મેં ચારે બાજુ નજર ફેરવી. કોઈ નહોતું. તુરત જ મારા કેસ તરફ મેં જજ સાહેબનું ધ્યાન ખેંચ્યું. જજ સાહેબના કહેવાથી શિરસ્તેદારે વાદી-સોની અને તેના વકીલનાં નામો ફરીથી પોકરાવ્યાં. કોઈ હાજર નહિ. બીજી પાંચેક મિનિટ સુધી વધુ રાહ જોઈને સોનીનો દાવો-સોની તથા તેના વકીલની ગેરહાજરીના કારણે-કાઢી નાખ્યો.

બપોરે ત્રણના શુમારે આવીને વાદી-સોનીએ પોતાને મોડું થવાનાં કારણો દર્શાવતી-કેસ પાછો ફાઈલ ઉપર લેવાની-લેખિત અરજી આપી. મને સાંભળ્યા સિવાય તે અરજી મંજૂર કરીને કેસ ફરીથી ફાઈલ પર લેવાની કોર્ટને સત્તા નહોતી. મારું નામ પોકારવામાં આવ્યું છતાં હું ન ગયો. જાઉં તો જજ સાહેબ મને શરમાવે ને?

આ નવી અરજી બાબત રૂખીબહેન ઉપર કોર્ટે નોટિસ કાઢી. મુદ્દત પડી. રૂખીબહેનને આ નોટિસ બજી. અમે આનો જવાબ પણ તૈયાર કરીને કોર્ટમાં રજૂ કર્યો. વાદી-સોની સમાધાન કરવા મારી પાસે આવ્યો અને રૂ. ૧૫૦૦) લઈને કેસ માંડી વાળવાની આતુરતા બતાવી. રૂખીબહેનને મેં આ વાત કરી. કોર્ટમાં કેસ ફરીથી ફાઈલ પર લેવાય ને ચાલે તો? કાલની કોને ખબર છે? વગેરે નિરાશાજનક વાક્યો વાપરીને મેં રૂખીબહેનને ખૂબ સમજાવ્યાં ત્યારે રૂ. ૧૦૦૦)ની માંડ માંડ તે સવડ કરી શકે એમ બોલ્યાં. બિચારાં રૂખીબહેન તો મને એક હજાર રૂપિયા આપી ગયાં. પણ સોની મહાજન પંદરસોથી હેઠા ઊતરે નહિ. છેવટે મુદ્દતને દિવસે વાદી-સોનીની આ નવી અરજી પરત્વે બંને વકીલોની દલીલો સાંભળીને કોર્ટે તે પણ કાઢી નાખી-રદ કરી. રૂખીબહેનને મેં રૂપિયા પાછા આપ્યા!

વાદી પણ કાંઈ જાય તેવા નહોતા. એમણે તો ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં અપીલ કરી કે એમનો કેસ ફરીથી ફાઈલ પર લેવાવો જોઈએ અને તે અપીલ પણ મુદ્દતના દિવસો વીતી ગયા પછી ચાર દિવસ મોડી કરી. આ ચાર દિવસનો વિલંબ દરગુજર કરવા સારુ સોનીને બીજી અરજી પણ કરવી પડેલી. તે વખતે ડિસ્ટ્રિક્ટ જજ મિ. બ્રુમ્ફીલ્ડ હતા (જે પછીથી મુંબઈ

હાઈકોર્ટના જજ થયેલા.). મેં તો અમારી કેફિયત અંગ્રેજીમાં ટાઈપ કરાવીને રજૂ કરેલી. એક હજાર રૂપિયા રૂખીબહેન પાસેથી ફરીથી માંગી લઈને મેં મારી પાસે રાખેલા. ડિસ્ટ્રિક્ટ જજ સાહેબે રૂબરૂ ચોક્કસ કરેલી તારીખે કેસ નીકળવાની તૈયારી હતી. બંને પક્ષના વકીલો હાજર હતા. કેસ નીકળતાં અગાઉ કોર્ટમાં મારી ખુરશીની બાજુમાં નીચે બેસીને વાદી મારો જીવ ખાય ને રૂા. ૧૨૦૦) બારસો સુધી આવ્યા. કેસ નીકળ્યો ને સોનીના ઘરડા વકીલ દલીલ કરવા ઊભા થયા. પરંતુ જજ સાહેબ મારી ટાઈપ કરેલી કેફિયત વાંચવામાં રોકાયેલા હોવાથી તે વકીલ સાહેબ મૌન ધારણ કરીને ઊભા રહ્યા. મારી કેફિયત વાંચીને તે વકીલ સાહેબને જજ સાહેબે કહ્યું: 'આઈ ડોન્ટ વોંટ ટુ હિયર યુ' (હું તમને સાંભળવા માંગતો નથી)—એમ કહીને સોનીમહાજનની અરજી રદ કરી. મારે તો બોલવાનો વખત જ ન આવ્યો ને હું ઊઠીને ચાલતો થયો. આગળ કાંઈ પગલાં વાદી લઈ શકે એવો કાયદામાં પ્રબંધ નહિ હોવાથી વાદી મને શોધતાશોધતા બીજી કોર્ટમાં આવ્યા અને રૂા. ૧૦૦૦) લેવાની પોતાની ખુશી દર્શાવી. પણ ફિલ્મ ફરી ગઈ હતી એટલે ઇશારો કરીને મેં તેમને વિદાય કર્યા!

સાંજે હું ઘેર ગયો ત્યારે રૂખીબહેન મારી રાહ જોઈને જ બેઠાં હતાં. તેમની ને મારી વચ્ચે નીચે મુજબ વાર્તાલાપ થયો:

હું: લો રૂખીબહેન, આ તમારા એક હજાર પાછા.

રૂખીબહેન: કેમ એ નથી માનતો? કેટલા માગે છે?

હું: એ તો ૧૫૦૦માંથી ૧૨૦૦ સુધી આવ્યો અને ૧૨૦૦થી ૧૦૦૦ સુધી આવ્યો.

રૂખીબહેન: તો આપીને પતાવી નાખવું'તું ને?

હું: એમ કાંઈ ફોગટના આપી દેવાય?

રૂખીબહેન: તો હવે?

હું: હવે શું? હવે કાંઈ નહિ.

રૂખીબહેન: એટલે?

હું: કોર્ટમાં તે હાર્યો ને તમે જીત્યાં!

રૂખીબહેન: શી રીતે? દસ્તાવેજ બનાવટી નીકળ્યો?

હું: ના રે બહેન. દસ્તાવેજનાં દર્શન કરવા વખત જ ક્યાં આવ્યો છે? પણ આ બધી કોર્ટની લીલાઓની તમને સમજ નહિ પડે. તમે તમારે છાનાંમાનાં ઘેર જાઓ. લાપશી રાંધીને ખાઓ. આ તો ઓલિયા તીકમ ભગતની ભક્તિ ફળી. શામળિયાએ

રૂખીબહેન સંતુષ્ટ થઈને ઘેર ગયાં. મને ભજન યાદ આવ્યું:

'હરિને ભજતાં હજી કોઈની–
લાજ જતાં નથી જાણી રે

—**હીરાલાલ ચૂનીલાલ**
બી. એ; એલએલ.

ન જાને!

થોડા માસ પૂર્વે અમને શાળામાં રજા આ આવી; કારણકે અમારા વયોવૃદ્ધ કળાશિ શાળામાં આવતાં ટ્રેનમાંથી પડી જવાથી મૃત્યુ હતું. હું પણ એક વર્ષથી તેમના માયાળુ હાથ હતો તેથી સ્વાભાવિક રીતે હું પણ દિલગીર પરંતુ પાછળથી મારા વર્ગશિક્ષક પાસેથી તે ઘટના વિષે વધારે જાણવા મળ્યું ત્યારે તે મને ખૂબ આશ્ચર્ય થયું.

એ ગોઝારા દિને હમેશની માફક શાળાએ શિક્ષક પોતાના નિવાસસ્થાનેથી થાણા સ્ટેશને ટ્રેન આવી અને તેઓ તેમાં બેઠા. ટ્રેન ઊપડી એક યુવાન દોડતો દોડતો આવ્યો અને જેમતેમ ચાલતી ગાડીએ ચડ્યો. પોતે જરા સંકોચાઈને બેસવાની જગ્યા કરી આપ્યા પછી અમારા તેને અનુકંપાથી શિખામણ આપી:

'અરે! આટલી ઝડપી ગાડીએ ચડતાં પગ જાત તો? આ ગાડી નહિ તો એના પછીની મળત! થોડી ઉતાવળ ખાતર જાનને શા માટે માં મૂકવો? તું તો હજુ જુવાન છો!'

પેલો યુવાન ખરેખર શરમાઈ ગયો બોલ્યો નહિ.

થોડીવાર પછી શિક્ષકે પોતાની આદત પાનની થેલી કાઢી અને પાન બનાવીને મૂક્યું. થોડીવારે થૂંકવા માટે તેઓ બારી જવાય તેમ ન હોવાથી દરવાજા પાસે આવ્યા થૂંક્યા પછી વૃદ્ધાવસ્થાને લીધે કે ગિરદીને તેમણે શરીરનું સમતોલપણું ગુમાવ્યું. અને ગાડીમાંથી નીચે ઊથલી પડ્યા!

થોડી જ ક્ષણ પૂર્વે ઈશ્વરે તેમને 'મોઢે યુવાનને ચેતવણી અપાવી હતી, પરંતુ ત્યારે થોડા જ સમય પછી પોતા પર આવનારી ક્યાં ખબર હતી!

—કિશોર

માનવતાનાં દર્શન

૧૯૫૧ના ડિસેમ્બર-જાન્યુઆરીમાં મારી કૉલેજની કેટલીક બહેનો સાથે અમે ઉત્તર હિંદના પ્રવાસે નીકળ્યાં હતાં. બપોરની ગાડીમાં મથુરા ગયાં અને ત્યાંની એક મોટી ધર્મશાળામાં મુકામ કર્યો.

તે દિવસ હતો શનિવારનો. અનાજ લેવા માટે અમે ઉતર્યાં હતાં તે વૉર્ડની રેશનિંગ ઑફિસે પહોંચ્યાં, ત્યારે લગભગ પોણાપાંચ થવા આવ્યા હતા. ત્યાં ઑફિસો શનિવારે પાંચ વાગે બંધ થાય છે.

વૉર્ડ રેશનિંગ ઑફિસર સાહેબ કંઈક જરૂરી કામે બહાર ગયા હતા. તેથી મેં ત્યાંના મુખ્ય કારકુનને વાત કરી કે 'મારે ત્રણ દિવસ માટે મારી લગભગ ૮૦ બહેનો માટે રેશનની પરમીટ જોઈએ છે.' તે ભાઈએ કહ્યું: 'અમે તો ફક્ત ૨૦ જણની જ પરમીટ કાઢી શકીએ. એથી વધુ સત્તા અમારી ઑફિસને નથી.' ત્યાર બાદ તે ભાઈએ અમને મુખ્ય રેશનિંગ અધિકારીને મળવાની સલાહ આપી.

અમે તાબડતોબ મુખ્ય અધિકારીની ઑફિસે ગયા ત્યારે તે બંધ થવાનો વખત હતો.

મેં ત્યાંના મુખ્ય કારકુન તરફથી સંતોષકારક ઉત્તર ન મળતાં મુખ્ય અધિકારીને અમારી જરૂરિયાત સમજાવી. તેમણે અમે ક્યાં ઉતર્યાં છીએ તેની માહિતી મેળવી તે વૉર્ડના રેશનિંગ અધિકારી પર ટેલિફોન જોડ્યો, પણ તે ત્યાં મળ્યા નહિ. તેમણે થોડીક ક્ષણો વિચાર કરી એક પટાવાળાને પત્ર આપી સાયકલ પર તે ઑફિસે મોકલી, ઑફિસ બંધ ન કરવાનું કહેવડાવ્યું. અમને પણ તે ઑફિસે જવા કહ્યું અને જણાવ્યું કે, 'તમને તે ઑફિસમાંથી અત્યારે જ પરમીટ કાઢી આપવા મેં હુકમ મોકલ્યો છે.' વળી કહ્યું કે, 'તમને અનાજની પરમીટમાં સાથે ખાંડ તો મળશે, પણ જો તમારે વધારેની જરૂર હોય તો હું તમને 'ખાસ પરમીટ' કાઢી આપું.' મેં અમારી જરૂરિયાત વિચારીને ૧૦ શેર ખાંડની માગણી કરી. તેઓશ્રીએ તરત જ ૧૦ શેર ખાંડની ખાસ પરમીટ ફાડી આપી અને અમને વૉર્ડ ઑફિસે જવા કહ્યું.

અમારા જેવા દૂરના પ્રવાસીઓને ઑફિસ સમય બાદ પણ ખૂબ તકલીફ લઈને મદદ કરવા બદલ મેં તેમનો ખૂબ ખૂબ આભાર માની વિદાય લીધી.

અમે વૉર્ડ ઑફિસે પહોંચ્યા ત્યારે પેલો પટાવાળો અમારી રાહ જોઈને ત્યાં ઊભો હતો. કમનસીબે એવું બન્યું કે તે પટાવાળો ત્યાં પહોંચે તે પહેલાં જ તે ઑફિસ બંધ થઈ ગઈ હતી. તેથી તે પટાવાળો અમને તે વૉર્ડના રેશનિંગ ઑફિસરને ઘેર લઈ ગયો.

તે ભાઈ પણ મુખ્ય અધિકારી જેમ વિનયી અને માયાળુ હતા. અમારી વાત સાંભળીને કહ્યું: 'તમે ત્યાં શું કામ ગયા? મારી ઑફિસે આવ્યા હોત તો તમને આટલી બધી તકલીફ ન પડત. હું તમને તરત જ પરમીટ કાઢી આપત.'

મેં કહ્યું: 'સાહેબ, અમે પહેલાં આપની જ ઑફિસે આવ્યા હતા. પણ તમે હતા નહિ તેથી તમારા મુખ્ય કારકુને અમને મોટી ઑફિસે મોકલ્યા.' તેમણે કહ્યું: 'ખેર, જે બન્યું તે ખરું. જુઓ હું તમને અત્યારે પરમીટ કાઢી આપું, તો પણ તમને આજે અનાજ મળી શકે તેમ નથી; કારણકે અનાજની દુકાનો તો ક્યારની બંધ થઈ ગઈ છે. એટલે કાલે રવિવાર છે, ઑફિસ બંધ છે, છતાં યે મારો માણસ વહેલી સવારે તમારે ઉતારે આવીને પરમીટ કાઢી આપશે. આપ એ બાબત હવે બિલકુલ ફિકર ચિંતા કરશો નહિ.'

બીજે દિવસે વહેલી સવારે સ્નાન વગેરેથી પરવાર્યાં પણ ન હતા ત્યાં તો એક રેશનિંગ ઇન્સ્પેક્ટર અમારે ઉતારે આવી પહોંચ્યો. અમારાં સહુનાં નામ લખી વીસવીસ જણની ચાર પરમીટો કાઢી આપી; એટલું જ નહિ, પણ રેશનિંગની દુકાન પર ખાસ પત્ર લખી આપ્યો, કે 'આ પરમીટનું અનાજ, ખાંડ વગેરે આ પરમીટ લઈ આવનારને તાકીદે આપજો!'

અમે એમનો કયા શબ્દોમાં આભાર માનીએ?

—હીરાલાલ ચૂનીલાલ શાહ

બી. એસસી; બી. ટી. ડીપ્લો. બી. એડ.

★

'સાહેબ,' બીતાંબીતાં કારકુને વ્યવસ્થાપક આગળ કહ્યું, 'સાહેબ, મારા પર દયા કરો. મારો પગાર વધારી આપો....સાહેબ....હું હમણાં જ પરણ્યો છું....'

'હું ઘણો જ દિલગીર છું ભાઈ,' વ્યવસ્થાપકે ઊંચી ડોક કરી કહ્યું, 'અહીંની નોકરીના સમય બહારના વખતમાં બનતા અકસ્માતોની જવાબદારી ઑફિસ લઈ શકે નહિ!'

×

સંપાદકીય

ચૂંટણીની સમીક્ષા

લેખક :
શ્રી સોપાન

દેશની સામાન્ય ચૂંટણી લગભગ પૂરી થવા આવી છે. મધ્યસ્થ લોકસભા અને ઉત્તર પ્રદેશની ધારાસભાનાં થોડાંક પરિણામો બાકી છે, પરંતુ આ લખાય છે ત્યાં સુધીમાં જાહેર થઈ ગયેલાં પરિણામો ઉપરથી પરિસ્થિતિનો સંપૂર્ણ ખ્યાલ મળી રહે એમ છે. 'અ,' 'બ' અને 'ક' વર્ગનાં કુલ ૨૯ રાજ્યોમાંથી બિલાસપુરને માત્ર લોકસભાની એક બેઠક મળે છે અને કચ્છ, મણિપુર અને ત્રિપુરાને લોકસભાની બબ્બે બેઠકો ઉપરાંત ૩૦ સભ્યોનું ચૂંટણીમંડળ રચવાનું છે. આ રાજ્યોમાં ધારાસભાઓ રચાવાની નથી. બાકીનાં ૨૨ રાજ્યોમાંથી સાત રાજ્યો–મુંબઈ, મદ્રાસ, ઉત્તર પ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ, પંજાબ અને મહિસૂરમાં વિધાન–પરિષદ એટલે કે ઉપલી ધારાસભાની રચના પણ થવાની છે અને તેની ચૂંટણી બાકી છે. માર્ચની શરૂઆતમાં એ ચૂંટણીઓ થશે. આ ચૂંટણી વિધાનસભા એટલે કે નીચલી ધારાસભા, સુધરાઈ, સ્નાતકો અને શિક્ષકોમાંથી થશે. માર્ચની આખરે ચૂંટણીઓ સંપૂર્ણ બનશે. કેન્દ્રમાં રાજસભાની ચૂંટણી રાજ્યોનાં ધારાગૃહોમાંથી પ્રમાણસરના પ્રતિનિધિત્વ પ્રમાણે થશે અને રાષ્ટ્રપતિ ૧૨ બેઠકો માટે નિમણૂંક કરશે. અત્યારની ગણતરી પ્રમાણે જ્યાં વિધાન-પરિષદ છે એવાં સાત રાજ્યોમાં એપ્રિલના પહેલા અઠવાડિયામાં અને જ્યાં માત્ર વિધાન-સભા જ છે એવાં પંદર રાજ્યોમાં માર્ચના આરંભમાં નવી સરકારોની રચના થશે. રાષ્ટ્રપતિની ચૂંટણી મેમાં થશે.

લોકસભા અને ૨૨ રાજ્યોનાં ચૂંટણી પરિણામો એમ દર્શાવે છે કે દેશે મોટે ભાગે કોંગ્રેસને ટેકો આપ્યો છે. આપણા દેશનું બંધારણ જોઈએ તો રાજ્યો કરતાં કેન્દ્રની ચૂંટણીનું મહત્ત્વ કેટલું વધારે છે તે તરત સમજાય, છતાં આ ચૂંટણીમાં તો લોકોનું ધ્યાન વધારે રાજ્યોની ચૂંટણીઓ ઉપર રહ્યું હોય એમ લાગે છે. આપણું બંધારણ આમ તો સમવાયી ધોરણનું છે છતાં કેન્દ્રના હાથમાં એટલી મોટી અને વિશિષ્ટ સત્તાઓ મૂકવામાં આવી છે, કે કોઈ રાજ્ય તેનાથી વિરુદ્ધ વર્તી શકે નહિ. દેશ-દુનિયાની પરિસ્થિતિ જોતાં એ સારું જ છે. કેન્દ્રના હાથમાં વિશેષ સત્તાઓ ન હોય તો આ દેશની એકતા જાળવવાનું અશક્ય બને અને આર્થિક નીતિ અંગે પણ ઘર્ષણ થાય. 'અ' વર્ગનાં રાજ્યો 'બ' અને 'ક' વર્ગ કરતાં વિશેષ સત્તાઓ ધરાવે છે, છતાં મુખ્ય સત્તાઓ કેન્દ્રના જ હાથમાં છે. ચૂંટણીનાં પરિણામો જોઈએ તો રાજ્યોમાં કોંગ્રેસે ઓછોવત્તો ટેકો મેળવ્યો છે, પરંતુ કેન્દ્રની લોકસભામાં તો અસાધારણ બહુમતી મેળવી લીધી છે. આ લખાય છે ત્યારે કુલ ૪૯૭ બેઠકોમાંથી ૪૫૫નાં પરિણામો જાહેર થયાં છે અને તેમાં કોંગ્રેસને ૩૩૧ બેઠકો મળી છે. એમ લાગે છે કે તમામ પરિણામો જાહેર થતાં કોંગ્રેસ લગભગ ૭૫ ટકા મેળવશે. આટલી મોટી આશા તો કદાચ કોંગ્રેસના નેતાઓએ પણ નહિ રાખી હોય.

લોકસભાની આ મોટી બહુમતી સ્થિર સરકારની ખાતરી આપે છે; એટલું જ નહિ

પણ વિકટ સંયોગોમાં બંધારણમાં ફેરફાર કરવાનું સરકાર વિચારે તો તેમ પણ કરી શકે એમ છે; કારણ કે એ માટે જરૂરી હોય તે કરતાં પણ વધારે બહુમતિ કોંગ્રેસ પક્ષને મળી છે. ખેદ એટલો જ થાય છે કે લોકશાહીના વિકાસ માટે અને સરકારને સદૈવ જાગૃત રાખવા માટે વ્યવસ્થિત વિરોધપક્ષ ઊભો થવો જોઈએ તે બન્યું નથી. લોકસભામાં વિરોધપક્ષે ૧૪૦ જેટલા સભ્યો હશે ખરા, પરંતુ તેઓ એટલા બધા પક્ષોમાં વહેંચાયેલા હશે કે અસરકારક કાર્ય કરી શકશે નહિ. આપણા દેશની આ પહેલી ચૂંટણીમાં સ્પષ્ટ તથા ભિન્ન ધ્યેય અને કાર્યક્રમને કારણે નહિ, પણ કોંગ્રેસનો વિરોધ કરવા ખાતર જ પક્ષો રચાયા હોય એમ દેખાયું છે.

આ લખાય છે ત્યારે વિરોધપક્ષે ૧૨૪ સભ્યો ચૂંટાયા છે, પરંતુ તેમની વહેંચણી જોતાં અફસોસ થાય એવું છે. આ ૧૨૪માં સૌથી મોટી સંખ્યા એટલે કે ૩૪ તો સ્વતંત્ર સભ્યો છે, અને તેમાં વિવિધતાનો કોઈ પાર નથી. બીજે નંબર સામ્યવાદીઓ અથવા તેમની સાથે મળતા થાય તેવા પક્ષોનો છે. એમની કુલ સંખ્યા માત્ર ૨૭ છે. એ પછી સમાજવાદી પક્ષ ૧૩, પ્રજાપક્ષ ૧૦, ગણતંત્ર પરિષદ ૫, તામિલનાડ ટોઈલર્સ પક્ષ ૪, અકાલી દળ ૪, જનસંઘ ૩, હિંદુ મહાસભા ૪, રામરાજ્ય પરિષદ ૩, કોમનવીલ પક્ષ ૩, શેતકરી કામગાર પક્ષ ૨, દલિત મહામંડળ ૨, લોકસેવક સંઘ ૨, ફોરવર્ડ બ્લોક ૧, મુસ્લિમ લીગ ૧, ક્રાંતિકારી સમાજવાદી ૧, સંયુક્ત સમાજવાદી સંગઠન ૧, કૃષક લોકપક્ષ ૧ અને તામિલનાડ પક્ષ ૧ છે. આ ચિત્રો જરા યે આશા ઊભી કરનારાં નથી.

રાજ્યોની ચૂંટણીમાં કેટલીક વિશિષ્ટતાઓ અને વિચિત્રતાઓ દેખાયાં છે. કેટલાંક રાજ્યોમાં કોંગ્રેસે ધાર્યા કરતાં ઘણી વધારે સફળતા મેળવી, જ્યારે કેટલેક સ્થળે આશ્ચર્યજનક પરાજય સાંપડ્યા. ‘અ’ વર્ગનાં નવ રાજ્યોમાંથી મુંબઈ, ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્ય પ્રદેશ, પંજાબ, પશ્ચિમ બંગાળ અને આસામમાં ઘણી સારી બહુમતી કોંગ્રેસને મળી. આમાં પંજાબ અને પશ્ચિમ બંગાળનાં પરિણામો સુખદ આશ્ચર્ય ઉપજાવનારાં ગણાય, તેમાં યે પંજાબે તો કમાલ કરી કહેવાય. બાકીનાં બે રાજ્યોમાં ઓરિસ્સામાં કુલ ૧૪૦ માંથી કોંગ્રેસને ૬૮ બેઠકો મળી છે, પરંતુ સ્વતંત્ર સભ્યોમાંથી ૬ કોંગ્રેસમાં જોડાઈ જતાં સંખ્યાબળ ૭૪નું થયું છે, સામી બાજુએ કુલ ૬૬ સભ્યોમાં વહેંચણી એવી વિચિત્ર છે કે કોંગ્રેસને સ્થિર સરકાર રચવામાં કશી મુશ્કેલી આવશે નહિ. ઓરિસ્સામાં વિરોધ પક્ષોમાં પ્રત્યાઘાતી રાજાઓ અને જાગીરદારોથી માંડીને સામ્યવાદીઓ સુધી છે, એટલે સમય જતાં કોંગ્રેસનો મધ્યમ માર્ગ લોકો ઉપર સારી અસર ઉપજાવશે એવી આશા રહે છે.

‘અ’ વર્ગનાં રાજ્યોમાં કોંગ્રેસ માટે શરમજનક સ્થિતિ મદ્રાસની છે. અગાઉની ચૂંટણીઓમાં સૌથી વધુ મોટી બહુમતી કોંગ્રેસને મદ્રાસમાં મળતી હતી. આ વખતે ત્યાં તેને ચોખ્ખી બહુમતી પણ મળી શકી નથી. મદ્રાસની ૩૭૫ બેઠકોમાંથી કોંગ્રેસને ૧૫૨ બેઠકો મળી છે. ચોખ્ખી બહુમતી માટે ૩૬ બેઠકો વધુ જોઈએ. આવી સ્થિતિમાં કોંગ્રેસે ત્યાં સરકાર રચવાની અનિચ્છા જાહેર કરી છે તે યોગ્ય છે. મદ્રાસ રાજ્યનું અત્યારનું વાતાવરણ જોતાં જો કોંગ્રેસ પક્ષ સરકાર રચવા જાય, તો તેની પ્રતિષ્ઠાને ધક્કો લાગે એવું છે. વિરોધ પક્ષે શંભુમેળો છે, છતાં તેઓ કોંગ્રેસને પાડવા માટે એક થઈ જાય એવો સંભવ છે. એક બાજુ ૧૫૨ અને બીજી બાજુ ૨૨૩ એ ગાળો ઘણો મોટો છે.

પ્રશ્ન એ ઉદ્‌ભવે છે કે આ સ્થિતિમાં મદ્રાસનું થશે શું? આ લખાય છે ત્યારે કેટલાક વિરોધ પક્ષો એકત્ર થઈ 'ઓછામાં ઓછા કાર્યક્રમ'ના સિદ્ધાંત ઉપર સંયુક્ત બનવાનો પ્રયાસ કરી રહ્યા છે, પરંતુ તમામ સંયોગોનો સાથે વિચાર કરતાં એમ લાગે છે કે તેમને સફળતા મળશે નહિ.

મદ્રાસ રાજયમાં કૉંગ્રેસે ચોખ્ખી બહુમતી મેળવી નથી, પરંતુ સૌથી મોટો–ઘણો મોટો પક્ષ એ છે અને સંગઠિત છે. કૉંગ્રેસનું બળ ૧૫૨ સભ્યોનું છે, જયારે બીજો નંબર મેળવતો સામ્યવાદી પક્ષ માત્ર ૬૧ બેઠકો ધરાવે છે. એ પછી પ્રજાપક્ષ ૩૫, કૃષક લોકપક્ષ ૧૫, સમાજવાદી પક્ષ ૧૩, સ્થાનિક પક્ષો કુલ ૩૪, દલિત મંડળ ૨ અને સ્વતંત્ર સભ્યોએ ૬૩ બેઠકો મેળવી છે. આ છેલ્લા આંકડા ઉપર સૌની નજર છે, પરંતુ તે એટલો અવ્યવસ્થિત છે કે તેને આધારે કોઈ પક્ષ આગળ વધવાની હિંમત કરી શકે નહિ, લોકશાહી પ્રણાલિકા અનુસાર ગવર્નર તો સૌથી મોટા પક્ષ તરીકે કૉંગ્રેસને જ સરકાર રચવાનું આમંત્રણ આપશે. એ ઇનકાર કરશે એટલે બીજા પક્ષોના નેતાઓને બોલાવશે. અત્યારે પ્રજાપક્ષ અને સામ્યવાદી પક્ષના આગેવાનો એવી આશા દર્શાવે છે, કે તેઓ બિનકૉંગ્રેસી પક્ષોનો સંયુક્ત મોરચો બનાવી સરકાર રચી શકશે. તેઓ પોતાને પક્ષે ૧૯૮ સભ્યો હોવાની ખાતરી પણ ઉચ્ચારે છે, પરંતુ આ બધી પ્રચારમાયા છે. એમની સાથે કૃષક લોકપક્ષ નથી, સમાજવાદી પક્ષ નથી, કોમનવીલ પક્ષ નથી, અનેક સ્વતંત્ર સભ્યો પણ દૂર રહ્યા છે. આ સ્થિતિમાં તેઓ પ્રધાનમંડળ રચી શકે એવી આશા નકામી છે.

'બ' વર્ગનાં આઠ રાજયોમાં જમ્મુ અને કાશ્મીર રાજયનો પ્રશ્ન નિરાળો છે. બાકીનાં સાતમાં સૌરાષ્ટ્ર, મહિસુર અને મધ્ય ભારતમાં કૉંગ્રેસને મોટી બહુમતી મળી છે. હૈ રાબાદમાં સ્થિર સરકાર રચી શકવા સ્થિતિમાં એ છે. રાજસ્થાનમાં તદ્દન નજી છતાં ચોખ્ખી બહુમતી પ્રાપ્ત થયેલી છે. પ યાળા અને પૂર્વ પંજાબ રાજયોનો સં એટલે કે પેપ્સુમાં કૉંગ્રેસને બહુમતી મ નથી. કુલ્લે ૬૦ બેઠકોમાંથી કૉંગ્રેસને ૨૫ બેઠ પ્રાપ્ત થઈ છે. મુખ્ય હરીફ અકાલી પક્ષ બેઠકો મેળવી શકયો છે. કૉંગ્રેસના નેતાએ એવી આશા પ્રગટ કરી છે, કે સ્વતંત્ર સભ કૉંગ્રેસમાં જોડાતાં તે ચોખ્ખી બહુમતી મેળ સરકાર રચી શકશે. અકાલી દળ પંજાબમાં સખત રીતે પાછું પડયું તેની અસર પેપ્સુ પણ થઈ છે. એટલે અત્યારે તો જોડાણ કરી સરકાર રચવાની હિંમત તેમનામાં દેખા નથી, છતાં આ રાજયમાં સ્થિર સરકા કૉંગ્રેસ પણ રચી શકશે કે કેમ તે સવા છે. ત્રાવણકોર કોચીનમાં ચાલુ સરકા રાજીનામું આપી દીધું છે. ત્યાં કૉંગ્રેસ સહુ મોટો પક્ષ છે, પણ તેની પાસે ચોખ્ખી બ મતી નથી, તેથી મદ્રાસ જેવું જ વલણ અ ત્યાર કરવામાં આવ્યું છે. અહીં વિરોધ સરકાર રચી શકે એમ છે જ નહીં; કાર કે બાર સભ્યોનું સંખ્યાબળ ધરાવતા સ જવાદી પક્ષે એવા જોડાણમાં સામેલ થવા સ્પષ્ટ ના પાડી દીધી છે. મદ્રાસ, ત્રાવણકો કોચીન અને પેપ્સુ એ ત્રણેય જગ્યાએ કૉંગ્રેસ સરકાર રચવા માટે આગળ ન આ અને વિરોધપક્ષ પણ સંયુક્ત મોરચો રચી શકે, તો નવી ચૂંટણી અનિવાર્ય બની જાય

'ક' વર્ગનાં દસ રાજયોમાંથી અજમે ભોપાળ, કુર્ગ, દિલ્હી, હિમાચલ પ્રદેશ વિંધ્ય પ્રદેશને મર્યાદિત સત્તાવાળી ધારાસ મળવાની છે. આ બધા પ્રદેશોમાં કૉંગ્રે ચોખ્ખી બહુમતી છે. આ પ્રદેશોમાં કૉં સ્થિર સરકાર રચી પ્રગતિ કરી

પરંતુ એ પ્રદેશનાં વસ્તી, વિસ્તાર અને આર્થિક સ્થિતિ જોતાં નજીકના ભવિષ્યમાં કંઈક જોડાણો થશે. ચૂંટણીમંડળ ધરાવતાં ત્રણ રાજ્યો કચ્છ, મણિપુર અને ત્રિપુરામાંથી માત્ર કચ્છમાં કોંગ્રેસને મોટી બહુમતી મળી છે, બીજાં બન્ને રાજ્યોમાં કોંગ્રેસની નબળાઈ દેખાઈ આવી છે. ‘ક’ વર્ગનાં રાજ્યોમાં દિલ્હી અને વિંધ્ય પ્રદેશમાં કોંગ્રેસને જે વિજય મળ્યો, તે વિશેષ ગણનાપાત્ર છે. ત્રાવણકોર-કોચીનની પેઠે વિંધ્યપ્રદેશ વિષે પણ સમાજવાદીઓ બહુ આશાવાદી હતા; પરંતુ તેમની આશા ફળી નથી.

ચૂંટણીનાં પરિણામોનું અવલોકન કરતાં, જ્યાં કોંગ્રેસને ચોખ્ખી બહુમતી નથી મળી, તે પ્રદેશનો પ્રશ્ન આગળ આવે છે. એમ લાગે છે કે આ પ્રદેશોમાં નવી ચૂંટણી કર્યા વિના ચાલશે નહિ. નાના નાના પક્ષો અને કેટલાક સ્વતંત્ર ઉમેદવારો કોંગ્રેસ સાથે જોડાય તો તે બહુમતી મેળવી શકે, પરંતુ કોંગ્રેસ તરફથી તેમને જોડવાનો પ્રયત્ન થાય તો તેઓ પોતાની કિંમત માગે અને કોંગ્રેસ જાહેરનામાના સિદ્ધાંતોનો ભોગ આપ્યા વિના એ કિંમત ચૂકવી શકે નહિ. આ સંયોગોમાં કોંગ્રેસે સરકાર નહિ રચવાનો નિર્ણય કર્યો છે તે આવકારદાયક છે. આ નિર્ણયને પરિણામે વિરોધપક્ષો સરકાર રચવા પ્રયત્નો કરે અને તેમાં તેઓ નિષ્ફળ થાય, તે પછી કોઈ સામે ચાલીને જ કોંગ્રેસમાં જોડાવા આવે, એટલે કે કશી યે શરત વિના કોંગ્રેસપક્ષનું બંધારણ માન્ય રાખે તથા ચૂંટણીના જાહેરનામા ઉપર સહી કરે, તો કોંગ્રેસ તેનો સ્વીકાર અવશ્ય કરે અને એ રીતે બહુમતી મળે તો સરકાર પણ રચે; પરંતુ આ પ્રકારે રચાયેલી સરકાર પાંચ વર્ષ સુધી જીવી શકે કે કેમ તે વિચારવાનું રહે છે. નવી ચૂંટણી બાબતમાં એક એવો ડર દર્શાવવામાં આવે છે, અને તેમાં તથ્ય પણ છે, કે પરિણામ આવું ને આવું આવે તો શું થાય ? વિરોધ પક્ષો આજના કરતાં વધુ બેઠકો મેળવે એવો સંભવ દેખાતો નથી, કારણ કે એ પક્ષો એકબીજાથી ઊલટા પ્રકારનું ધ્યેય ધરાવે છે, અને તે દરેકની શક્તિ ઘણી મર્યાદિત છે. આ સંયોગોમાં પ્રજા કોંગ્રેસ તરફ વિશેષ પ્રમાણમાં ખેંચાય એ સ્વાભાવિક છે. કોંગ્રેસ પોતાની નબળાઈઓ સમજી લે, વિશેષ બળ એકત્ર કરે અને પ્રજાને પણ ખાતરી થાય કે કોંગ્રેસ સિવાય સ્થિર સરકારની આશા રાખી શકાય એમ જ નથી, અને સ્થિર સરકાર નહિ હોય તો વિકાસ મુશ્કેલ છે, તો પ્રજા કોંગ્રેસને મત આપવા જરૂર પ્રેરાય. તમામ સંયોગોનો એક સાથે વિચાર કરતાં એમ લાગે છે કે વહેલેમોડે આ રાજ્યોમાં પણ કોંગ્રેસની જ સરકાર રચાશે.

આ ચૂંટણીમાં કોંગ્રેસે ભૂલો નથી કરી એમ નહીં, સર્વ સ્થળે કોંગ્રેસનું પ્રચારધોરણ એકસરખું રહ્યું નથી તે પણ ખરું, છતાં બીજા બધા પક્ષો કરતાં કોંગ્રેસ વધુ સિદ્ધાંતનિષ્ઠ દેખાઈ છે. કોંગ્રેસે અયોગ્ય જોડાણો કર્યાં નથી. સમાજવાદી પક્ષે દલિતમંડળ સાથે જોડાણ કરી પોતાની પ્રતિષ્ઠા ખોઈ. પ્રજાપક્ષે તો સિદ્ધાંતોનું લિલામ જ કર્યું. બીજા પક્ષો વિશે તો કંઈ કહેવા જેવું જ નથી; કારણકે તેઓ તકવાદ માટે જાણીતા છે. ચૂંટણી પૂરી થયા પછી સમાજવાદી પક્ષ વિરોધીઓના શંભુમેળાથી દૂર રહ્યો છે તે સારું છે, જ્યારે પ્રજાપક્ષ તો તીવ્ર સત્તાલાલસાનો શિકાર બન્યો હોય તેમ ગમે તે ભોગે અને ગમે તેની સાથે જોડાઈ જવા તત્પર બન્યો છે.

સમાજવાદી પક્ષે કોંગ્રેસ પછી વધુમાં વધુ સંખ્યામાં ઉમેદવારો ઊભા રાખ્યા હતા, પરંતુ સર્વ સ્થળે તેને ઘોર નિષ્ફળતા મળી

છે. પ્રજાપક્ષની પણ એ જ દશા થઈ છે. કોંગ્રેસપક્ષે કેટલાક પ્રધાનો અને જાણીતા નેતાઓ હાર્યા છે, પરંતુ વિરોધ પક્ષોમાં તો એક જનસંઘના નેતા ડૉ. શ્યામપ્રસાદ મુખર્જીના અપવાદ સિવાય બધા કરુણ રીતે પરાજય પામ્યા છે.

ચૂંટણીનાં પરિણામોનું સમગ્ર રીતે અવલોકન કરતાં એમ દેખાય છે કે કોંગ્રેસને જેટલા પ્રમાણમાં બેઠકો મળી છે, તેટલા પ્રમાણમાં મતો મળ્યા નથી. કોંગ્રેસવિરોધીઓ આ વસ્તુને બહુ મહત્ત્વ આપે છે અને એમ ઠસાવવા પ્રયત્ન કરે છે, કે દેશની બહુમતીએ કોંગ્રેસની તરફેણમાં મત આપ્યો નથી. આ વાત બરાબર નથી. જ્યારે ઉમેદવારો ઘણા હોય ત્યારે મતની આ પ્રકારે વહેંચણી થયા વિના રહે નહીં. અનેક પક્ષો અને સંખ્યાબંધ ઉમેદવારો એકબીજામાં ભાગ પડાવે જ. જોવાનું એટલું જ છે કે બીજા સહુની સરખામણીમાં લોકોએ કોંગ્રેસ પ્રત્યે વધારે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે નહીં. કોંગ્રેસને ચાળીસ કે પિસ્તાળીસ ટકા મત મળ્યા હોય તો બીજા દરેક પક્ષને કેટલા મળ્યા તે પણ જોવું જોઈએ. કોઈ પક્ષને દસ ટકા મત મળ્યા હોય તો તે એમ સ્વીકારવા તૈયાર છે કે નેવું ટકા જનતાનો તેની સામે વિરોધ છે? જનતાનો પ્રેમ સંપાદન કરવા ઇચ્છનાર આ દૃષ્ટિએ વિચારે તો તેમાં કશું ખોટું નથી, પરંતુ કોંગ્રેસના વિજયને ઝાંખો દેખાડવા માટે આવી દલીલનો ઉપયોગ ન થવો જોઈએ. કોંગ્રેસીઓ પોતે આત્મનિરીક્ષણ માટે, પોતાની નબળાઈ શોધવા માટે અને જ્યાં નિષ્ફળતા મળી હોય ત્યાં સફળતા મેળવવા માટે શું કરવું જોઈએ તે વિચારવા માટે મતદાનના આંકડાઓનો ઝીણવટથી અભ્યાસ કરે એ તો જરૂ છે જ.

વિચારપ્રવાહોની બાબતમાં એવું દેખા છે કે કેટલાક પ્રદેશના લોકો પ્રત્યાઘાતીઓ તરફ ખેંચાયા છે, જ્યારે કેટલાક સામ્યવાદીઓ તરફ. કોમવાદીઓને કરુણ નિષ્ફળતા મળી છે એ આ દેશનું સદ્ભાગ્ય ગણાય, પરંતુ રાજાશાહી અને જાગીરદારશાહીને ટેકો આપનારાં તત્ત્વો છાનાં કોમવાદીઓ જ છે તે આપણે ભૂલવું ન જોઈએ. સમાજવાદી પક્ષને આવડી મોટી હાર કેમ મળી તેની તેમણે તપાસ કરવી જોઈએ. અમારી દૃષ્ટિએ કોંગ્રેસ પછી સમાજવાદી પક્ષની પસંદગી થવી જોઈતી હતી, પરંતુ તેમ બન્યું નથી. એ સ્થાન સામ્યવાદી પક્ષ લઈ ગયો છે, તે કમનસીબી જ ગણાય. સામ્યવાદીઓની તાકાત વિશે કોંગ્રેસ અને બીજા બધા ઘણા ગાફેલ હતા એમ આ ચૂંટણીમાં દેખાઈ આવ્યું છે. કોંગ્રેસને સત્તા મળી છે, તેથી તે જો વિશે ગાફેલ બનશે તો અંતિમવાદીઓનું 'જો વધવાનું છે એમાં શંકા નથી. કોંગ્રેસ અને સમાજવાદી પક્ષ આ અંતિમવાદીઓની તાકાત તોડવા માટે જો એકત્ર બને, તો તે દેશનું પરમ સદ્ભાગ્ય ગણાય. એમ ન બને તો કોંગ્રેસે વિશેષ જાગૃતિ અને પુરુષાર્થ દાખ એ કાર્ય કરવું જોઈએ. ચૂંટણી પછી એટલું સમજી લેવાની જરૂર છે કે આ સ્થિ મિટાવવા માટે જો માત્ર પ્રચારનો જ આશ્ર લેવાશે, તો તેનું કશું પરિણામ આવશે નહીં. જનતા જે મુસીબતો ભોગવે છે તે દૂર કર-વાના ઉપાયો યોજાય તો જ અંતિમવાદીઓની તાકાત તૂટે. આપણી નવી સરકારો દિશામાં પ્રયત્ન કરે એમ ઇચ્છીએ.

તા. ૧૮-૨-

★

૧૪,૦૦૦થી વધુ દાકતરો કહે છે—

કેડબરીનું બોર્ન-વીટા પીઓ

તે તમને મજબૂત બનાવે છે!...તે તમને ફાયદો કરે છે!

કેડબરીનું બોર્ન-વીટા સંપૂર્ણ અને શાસ્ત્રીય રીતે પ્રમાણસર કરેલો પ્રવાહી ખોરાક છે. તમને જણાશે કે બોર્ન-વીટાનો દરેક પ્યાલો શરીરમાં પાછી શક્તિ લાવે છે અને શરીરને નીરોગી તથા રોગનો અટકાયત કરી શકે એવું શકિતશાળી બનાવે છે. કેડબરીનું બોર્ન-વીટા યુવાન તથા વૃદ્ધને માટે જરૂરી પ્રવાહી ખોરાક છે. તમે તે પીઓ છો ત્યારે તમને ફાયદો થતો લાગે છે! આને લીધેજ દાકતરો કહે છે "સ્વાદિષ્ટ બોર્ન-વીટા પીઓ."—તે તમને મજબૂત બનાવે છે!...તે તમને ફાયદો કરે છે.

દરેક પ્યાલામાં:

કાર્બોહાઇડ્રેટસ દૂધની મલાઇ ડાયાસ્ટેઇસ	વિકાસ અને શકિત માટે
પ્રોટેઇન્સ કોકો બટર	શરીરના ઘડતર માટે
ખનીજ ક્ષારો	હાડકાનાં વિકાસ માટે
પ્રજીવક તત્ત્વો અ અને ડ	રોગની અટકાયત માટે

બોર્ન-વીટા

પોષક પ્રવાહી ખોરાક


PLEASE REPLACE LID
Cadbury
Cadbury's
BOURN-VITA
THE IDEAL FOOD DRINK
MADE BY CADBURY'S SPECIALISTS IN FOOD DRINKS FOR 100 YEARS
1 LB. NET
CFY-9 GUJ.

દરરોજ

બોર્ન-વીટા

પીને તમારૂં આરોગ્ય વધારો!

કેડબરી-ફ્રાય (ઇન્ડિયા) લિમિટેડ
મુંબઇ · કલકત્તા · મદ્રાસ

હિમાલયા
બુકે
ટૉયલેટ તથા ટૅલ્કમ પાવડરની
મધુર સુવાસ
આપને ખરેખર ગમી જશે

બે ઉત્કૃષ્ટ
ઇરેસ્મિક
ઉત્પાદનો

HBP. 5-X30 GJ

ઇરેસ્મિક કું. લિ૦, લંડન, માટે ભારતમાં બનાવેલ

સાર
એક પ્રકાર
સસ્તી આ
વધે અને
સંસ્થાની
તેમણે
આ માળા
ઘેરબેઠાં અ
સને
અને તે
લોકોપકારક
તે પછી તે
આગળ ધપ
તેમણે
અને ' આ
અનેક ઉપ
છેલ્લાં પાંચ
સર્વો
આમ સાહિ
અત્ય
મંડળના પ્ર
છે. તે ઉપર

ધમ

વાલ્મીકિ રામ
પુરુષાર્થબોધિ
નરસિંહ મહે
મનુષ્યધર્મ

સંસ્થા સમાચાર

સારા ગ્રંથોનો સહવાસ એ પણ લોકશિક્ષણના અનેકવિધ ઉત્તમ પ્રકારમાંનો જ એક પ્રકાર હોવાથી તે સહવાસ લોકોને સહેલાઈથી મળી શકે એવી સારા સારા ગ્રંથોની સસ્તી આવૃત્તિઓ અને ગ્રંથમાળાઓ કાઢીને લોકોની શુભ વાચન ઉપર અભિરુચિ વધે અને આકર્ષણ રહે એવા શુભ ઉદ્દેશથી પ્રેરાઈને સ્વામી અખંડાનંદજીએ આ સંસ્થાની શરૂઆત સને ૧૯૦૭(સંવત ૧૯૬૩)માં કરી હતી.

તેમણે સને ૧૯૦૭માં શરૂ કરેલી વિવિધ ગ્રંથમાળા અદ્યાપી પર્યંત ચાલુ છે. આ માળામાં દર વરસે ૧૬૦૦ પાનનાં પુસ્તકો વાર્ષિક લવાજમ માત્ર રૂ. ૬-૮-૦માં ઘેરબેઠાં આપવામાં આવે છે.

સને ૧૯૪૨ સુધી સ્વામીજીએ એકલે હાથે આ સંસ્થાનું સુકાન સંભાળેલું; અને તે દરમિયાન ધર્મ, નીતિ, ઐતિહાસિક, જીવનચરિત્ર, આરોગ્ય અને બીજા લોકોપકારક અનેક નાનામોટા ગ્રંથો સસ્તા મૂલ્યે લાખોની સંખ્યામાં પ્રસિદ્ધ કરેલા. તે પછી તેના ટ્રસ્ટીઓએ સંસ્થાનાં પ્રકાશનોમાં વિવિધતા ઉમેરીને સંસ્થાના કાર્યને આગળ ધપાવ્યું છે.

તેમણે વિવિધ ગ્રંથમાળા ચાલુ રાખવા ઉપરાંત '**સર્વોપયોગી સાહિત્ય શ્રેણી**' અને '**આમ સાહિત્ય શ્રેણી**' એવી બે નવી 'શ્રેણી' ચાલુ કરી અને તે દ્વારા અનેક ઉપયોગી વિષયનાં પુસ્તકો ઘણા જ સસ્તાં મૂલ્યે પ્રસિદ્ધ કર્યાં છે. એ ઉપરાંત છેલ્લાં પાંચ વર્ષથી આ 'અખંડ આનંદ' માસિક ચલાવવામાં આવે છે.

સર્વોપયોગી સાહિત્ય શ્રેણીમાં અત્યાર સુધીમાં ૭૨ પુસ્તકો પ્રકટ થયાં છે અને આમ સાહિત્ય શ્રેણીમાં ૧૪૨ પુસ્તકો પ્રકટ થયાં છે.

અત્યારની મોંઘવારીમાં પણ લોકોને ઉપયોગી સાહિત્ય મળે એ માટે ટ્રસ્ટી મંડળના પ્રયત્નો ચાલુ છે. ગયા વરસમાં સંસ્થાએ નીચે પ્રમાણે ૭૬ પુસ્તકો પ્રકટ કર્યાં છે. તે ઉપરથી સંસ્થાના એક વર્ષનાં પ્રકાશનોની વિવિધતાનો ખ્યાલ આવી શકશે.

ધર્મનીતિ

વાલ્મીકિ રામાયણ
પુરુષાર્થબોધિની ગીતા ભા. ૧લો
નરસિંહ મહેતાનાં ભજનો
મનુષ્યધર્મ
જ્ઞાનેશ્વરી ગીતા
મીરાંબાઈનાં ભજનો
સમયસાર નાટક
ચંડીપાઠ
સનાતન ધર્મ
કબીર સાહેબની સાખી
સત્સંગમાળા
વિચાર સૂર્યોદય
ભક્ત સૂરદાસનાં પદો
સ્વપ્નાં
જ્ઞાન-લહરી
બળવાન બનો



જે સર્વોત્તમ છે
તેજ સૌથી વધુ
શુદ્ધ હોય છે

ગ્લૅક્સો બાળકો માટે સંપૂર્ણ આહાર છે. તે ઉષ્ણ દેશોનાં બાળકો માટેનો પ્રમાણસર યુક્ત અને આદર્શ આહાર છે. ગ્લૅક્સો હાનિકારક જંતુઓ રહિત હોવાથી સાદા દૂધના ઉપયોગથી જે ચેપી રોગો થવાનો સંભવ હોય છે તેનાથી બાળકોનું જતન કરે છે. ગ્લૅક્સોમાં વિટામિન ડી અને લોહનું મિશ્રણ હોવાથી પાંડુરોગ અને બાળશોષ (રિકેટસ) જેવા રોગોથી બાળકોનું રક્ષણ કરે છે. તમારું બાળક ગ્લૅક્સો પીવાથી સશક્ત અને સુંદર બનશે.

Glaxo

ગ્લૅક્સો બાળકો માટે પરમ શુધ્ધ આહાર છે.

Copyright

LAS. (B)



ગ્લૅક્સો લેબોરેટરીઝ (ભારત) લિ. મુંબઈ · કલકત્તા · મદ્રાસ

તુલસીદાસની
વ્યવહારમાળા
ઓધવાણી
ઋષિરાજનાં
પ્રુવાખ્યાન
સો ભજનો
કણ્ઠાભરણમ્
પરવાળાં
તુલસી રામાયણ
ભક્તકવિ રહિ
ગજેન્દ્ર મોક્ષ

વૈ

આર્યભિષક્
આરોગ્યની બ
ખોરાકમાં ઝેર
આંખનું આરે
આરોગ્યરક્ષા
ચૂર્ણ-ઔષધિ
માંદાનો આહ

ચ

શ્રીમદ્ શંકરા
સાંઈબાબા

ધર્મ,
તથા બાળોપ
સંસ્થા દ્વારા
હાલ મળતા
માહિતી મળ

'દરેક
તો ચિંતા ન
હોવા જોઈ

તુલસીદાસની સાખી
વ્યવહારમાળા
ઓધવાણી
ઋષિરાજનાં પદો
ધ્રુવાખ્યાન
સો ભજનો
કણ્ઠાભરણમ્
પરવાળાં
તુલસી રામાયણનાં મહાવાક્યો
ભક્તકવિ રહિમ ને જમાલ
ગજેન્દ્ર મોક્ષ

વૈદક

આર્યભિષક્
આરોગ્યની બારમાસી
ખોરાકમાં ઝેર
આંખનું આરોગ્ય
આરોગ્યરક્ષા
ચૂર્ણ-ઔષધિ
માંદાનો આહારવિહાર

ચરિત્રો

શ્રીમદ્ શંકરાચાર્ય
સાંઈબાબા
ગુજરાતના સેવકો
સતી સાવિત્રી
શુકદેવજી
જડભરત
મીરાં દાસી જનમ જનમકી

વાર્તા—નાટકો

કોઈને કહેશો નહિ
ગુજરાતની રંગભૂમિ
બે ડોસાની જાત્રા
કમળ કુમાર
સૌભાગ્ય સુંદરી
સિંદબાદનાં સાહસો
વૈતાલની વાતો
ઠંડા પહોરની વાતો

ઐતિહાસિક

જગન્નાથપુરી અને ઓરિસ્સાના
પૂરાતન અવશેષો
ઇતિહાસને અજવાળે
પૃથ્વીની કથા
રશિયા
અમેરિકા

પ્રકીર્ણ

શાકભાજી ને બીજા લેખો
વનવગડામાં વસનારાં
અદાલતને આંગણે
સાહિત્ય પ્રવેશકો
કહેવતો
શામળના છપ્પા
સં. ૨૦૦૮નું પંચાંગ.
વિશ્વજ્યોત
ભક્ત પ્રહ્લાદ

બાળોપયોગી

બાળકોની રીતભાત
કાકાનો સંજય
અમારા સાધવકાકા
બાળકોનો આનંદ
બાળકોની રીતભાત
સમીસાંજની વાતો
બાળક
ભીમનાં પરાક્રમો
બાળકોના વિવેકાનંદ
સદ્‌ગુણી બાળકો
વસંતનું આગમન
આકાશના તારા
સદ્‌બોધ વાટિકા

ધર્મ, નીતિ, આરોગ્ય, સંતવાણી, જીવનચરિત્રો, સામાજિક વાર્તા—નાટકો, સ્ત્રી તથા બાળોપયોગી તથા ઐતિહાસિક ગ્રંથો તેમ જ બીજા ઉપયોગી વિષયો ઉપર આ સંસ્થા દ્વારા અત્યાર સુધીમાં સુમારે ૭૦૦ નાનામોટા ગ્રંથો પ્રસિદ્ધ થયા છે. તે પૈકી હાલ મળતા ૩૪૦ ગ્રંથોનું વિસ્તૃત સૂચિપત્ર સંસ્થામાંથી મંગાવવાથી તે વિષે પૂરી માહિતી મળશે.

> 'દરેક કુટુંબમાં ઉત્તમ પુસ્તકોનો સંગ્રહ કરવો જોઈએ. તે નાના પ્રમાણમાં હશે તો ચિંતા નહિ; પણ જુદાજુદા ઉત્તમ ઉત્તમ ગ્રંથકારોના સારા સારા ગ્રંથો તેમાં અવશ્ય હોવા જોઈએ, શક્તિના પ્રમાણમાં એ સંગ્રહ વધારતા જવું.'

વૉયલમાં સમાયેલું લાવણ્ય (નં. ૬)
ખટાઉ
વૉયલ

ધી ખટાઉ મકનજી સ્પીનીંગ એન્ડ વીવીંગ કંપની લિમિટેડ.
મીલ્સ : ભાયખલા, મુંબઇ ઓફીસ : લક્ષ્મી બીલ્ડીંગ, બેલાર્ડ પીઅર ફોટ મુંબઇ.
કાપડની દુકાન : મુલજી જેઠા મારકેટ. ગોવિંદ ચોક. મુંબઇ ૨.

KM(S)-50

છેલ્લા બે માસમાં નીચેનાં પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે :

અક્ષયપાત્ર : (સર્વો૦ શ્રેણી) લે. 'સારંગ' બારોટ : સમાજ–જીવનના ધબકારાને શબ્દદેહ આપતો ભાવવાહી વાર્તાસંગ્રહ.

પાન ૨૬૪ :: કિં. ૧–૮

સાહિત્ય પ્રવેશિકા : લે. હિંમતલાલ ગ. અંજારિયા : ગુજરાતી ભાષા–સાહિત્યના ઇતિહાસમાં પ્રવેશ કરાવતા આ પુસ્તકમાં ગુજરાતી ભાષાની ઉત્પત્તિથી માંડીને આજ દિવસ સુધીનો તેનો ઉત્તરોત્તર વિકાસ આપેલો છે.

પાન ૪૧૬ :: કિં. ૨–૮

નિત્યપાઠ : સં. વામનરાવ પ્રા. પટેલ : સવારમાં ઊઠીને નિત્યપ્રાર્થના કરવા માટે જુદાજુદા ધર્મગ્રંથોમાંથી ઉત્તમ પ્રાર્થનાઓનું સંકલન.

પાન ૧૬૨ :: કિં. ૦–૧૨

ધર્મકથાઓ : (સર્વો૦ શ્રેણી) ઉપનિષદોનું ગહન તત્ત્વજ્ઞાન ઘણી જ સાદી ને સરળ ભાષામાં સમજાવતો વાર્તાસંગ્રહ.

પાન ૨૪૦ :: કિં. ૧–૮

માટીની મૂર્તિઓ : (સર્વો૦ શ્રેણી) લે. મોહમ્મદ માંકડ : ગામડાની ધરતીના સામાજિક પ્રશ્નોની છણાવટ કરતો રસપ્રદ વાર્તાસંગ્રહ.

પાન ૧૨૦ :: કિં. ૦–૧૨

વૈતાલની વાતો : (સર્વો૦ શ્રેણી) પ્રયોજકો : ડૉ. બિપિન ઝવેરી અને પુરુષોત્તમ જી૦ મિસ્ત્રી : કવિ શામળ ભટ્ટની વિખ્યાત 'વૈતાલ પચ્ચીસી' પરથી લોકોને ગમે એ રીતે આજની સરળ અને પ્રવાહી શૈલીમાં તૈયાર થયેલું પુસ્તક.

પાન ૨૦૮ :: કિં. ૧–૮

સૌભાગ્ય સુંદરી અને બીજાં નાટકોનું નવનીત : (સર્વો૦ શ્રેણી) લેખક–કવિ શ્રી મૂલાણીની સમર્થ નાટ્યકલાનાં પ્રતીક સમાં, રંગભૂમિ પર ભજવાયેલાં નાટકોના પ્રેરક પ્રવેશો વાર્તારૂપ સાર સાથે.

પાન ૨૪૦ :: કિં. ૧–૮

આર્યભિષક્ અથવા

હિંદુસ્તાનનો વૈદરાજ : (નવી ૧૧મી આવૃત્તિ) જેમાં ૬૦૦ વનસ્પતિઓના ગુણદોષ, ઓળખાણ અને જુદાજુદા વ્યાધિઓ ઉપર તેમને વાપરવાની વિધિઓ તથા શુમારે ૧૦૦ ધાતુ–ઉપધાતુઓનું શોધન–મારણ અને તેના જુદાજુદા રોગો ઉપર જુદાંજુદાં અનુપાનો છે અને આશરે ૧૨૫ વ્યાધિઓનાં લક્ષણ, કારણ તથા ઉપાયો છે. આમાં જુદાજુદા પાક, ચૂર્ણો, ગુટિકા, અવલેહ, ચાકૂતી ઇત્યાદિ સેંકડો બનાવટો આપવામાં આવેલી છે.

પાન ૮૬૪ :: કિં. ૬–૦

ઠંડા પહોરની વાતો : લે. હરરાય અ. દેસાઈ: રમૂજ સાથે જ્ઞાન આપતી સચિત્ર બાળોપયોગી પ્રાણીકથાઓ.

પાન ૧૦૪ :: કિં. ૦–૧૨

ભક્તકવિ રહીમ અને જમાલનાં અને બીજાં બોધપ્રદ કાવ્યો : (આમશ્રેણી) સંપાદક અનવર આગેવાન.

પાન ૮૦ :: કિં. ૦–૪

મા અને હું સંમત થઈએ છીએ...

કે દુનિયાના બાળકોના ખોરાકના સૌથી મોટા નિષ્ણાતો નેસલ્સનું બાળકો માટે ખાસ રીતે તૈયાર કરવામાં આવેલું લેકટોજન અમે પસંદ કરીએ છીએ. મા તેને પસંદ કરે છે કારણ કે તે સંપૂર્ણ ખોરાક છે કે જેને વધારાના વિટામીન્સ અને લોહ તત્વનો સમાવેશ કરીને યોગ્ય પૌષ્ટિકતા મળે તેવો બનાવવામાં આવ્યો છે.

વિટામીન 'એ' સામનો કરવાની શકિત બળ આપવા માટે, વિટામીન 'ડી' હાડકાંને મજબુત કરવા માટે અને દાંતને સુદર બનાવવા માટે, લોહ તત્વ પાડુ રોગની સામે મારૂં રક્ષણ કરવા માટે.

હુ તેને પસંદ કરૂં છુ કારણ કે તે સ્વાદિષ્ટ છે, અને તેનાથી મને કોઈ પણ વખત પાચન ક્રિયાની બહુ ખરાબ ગોલમાલ થતી નથી. તે વળી સહેલાઈથી અને જલદીથી બનાવી શકય છે, કે જેને લઇને મને ભૂખ લાગે છે ત્યારે મારે બહુ ખોટી થવું પડતું નથી! મારા ઘણાખરા મિત્રો કહે છે કે તેઓ લૈકટોજન પસંદ કરે છે અને આ એક બાબતમાં—ખાસ કરીને તેમની માતાઓ પણ સંમત થાય છે! તમે શો અભિપ્રાય આપો છો?

NESTLE'S LACTOGEN

LACTOGEN
NESTLE'S
MODIFIED POWDERED MILK

'બાળકો માટે વધારે
સારી જાતનું દુધ'

અમારૂં મફત આપવામાં આવતું લેકટોજન ચોપાનિયું વાંચો.
તમારૂં નામ અને ઠેકાણું આ કુપનમાં લખીને ટપાલ દ્વારા
નેસલ્સ પ્રોડક્ટસ (ઈંડિયા) લિ૦
પો. ઑ. બૉક્સ ૩૧૫, મુંબઇ
ને આજેજ મોકલી આપો.

નામ..............................
સરનામું..............................
....

સાંઈ દીનદરવેશ : (આમશ્રેણી) સંપાદક અનવર આગેવાન : ભક્તકવિ દીનજીના પ્રેમ-શૃંગાર, જ્ઞાન-વૈરાગ્ય ને ભક્તિની છોળો ઉછાળતા કુંડલીઆઓનો સંગ્રહ.

પાન ૫૬ :: કિં. ૦-૪

પ્રૌઢ વાચનપોથી : (આમશ્રેણી) પ્રયો૦ સોમાભાઈ ભાવસાર : ઓછું ભણેલા પ્રૌઢો અને નાનાં બાળકોને વાંચવી સુગમ પડે એ દૃષ્ટિએ તૈયાર કરેલી સચિત્ર પુસ્તિકા.

પાન ૪૮ :: કિં. ૦-૪

ગજેન્દ્રમોક્ષ : (આમશ્રેણી) મહાભારતનું અમોલું રત્ન-ગજેન્દ્રમોક્ષનું આખ્યાન, મૂળ પાઠ સાથે.

પાન ૮૦ :: કિં. ૦-૬

જગતમાં જાણવા જેવું : (સર્વો૦ શ્રેણી) સુધારેલી ત્રીજી આવૃત્તિ: અદ્દ્ભુત ઘટનાઓથી ભરેલા વિશ્વનો સચિત્ર અને રસદાયી પરિચય.

પાન ૧૬૦ :: કિં. ૦-૧૨

ઓખાહરણ : (નવી આવૃત્તિ) ઘેરેઘેર વંચાતું, મહાકવિ પ્રેમાનંદ કૃત આખ્યાન, અઘરા શબ્દોના અર્થ સાથે.

પાન ૧૧૨ :: કિં. ૦-૮

મેનાવતી અને ગોપીચંદ તથા ભર્તૃહરિ ને વિક્રમ : (આમશ્રેણી) (આવૃત્તિ ૪થી) સ્વ૦ કવિ કલાપિકૃત સરળ અને બોધક સંવાદો.

પાન ૪૮ :: કિં. ૦-૩

સાહસકથાઓ : (આવૃત્તિ ૨જી) (સર્વો૦ શ્રેણી) સાહસશૂરા જવાંમર્દોની સચિત્ર પ્રવાસકથાઓ.

પાન ૧૧૨ :: કિં. ૦-૧૨

વિશ્વજ્યોતિ : (આમશ્રેણી) મહાત્મા ગાંધીજીના પવિત્ર અને પ્રેરણાદાયી જીવનનું સરળ કવિતામાં આલેખન, કાકા કાલેલકરના આમુખ સાથે.

પાન ૪૮ :: કિં. ૦-૪

સિંદબાદનાં સાહસો : (આમશ્રેણી) જીવસટોસટનાં સાહસો ખેડતા એક માનવીની અદ્દ્ભુત કથા. (અરેબિયન નાઈટ્સ ઉપરથી)

પાન ૯૬ :: કિં. ૦-૮

નીચેના ગ્રંથો હાલ છપાય છે

સત્વરે બહાર પડશે

શિવમહાપુરાણ : ઘણા સમયથી અપ્રાપ્ય રહેલા આ ગ્રંથની સાતેય સંહિતાઓનો મોટા અક્ષરોમાં અક્ષરશ: ગુજરાતી અનુવાદ.

વાગ્ભટ્ટ—અષ્ટાંગહૃદય : આયુર્વેદિક ચિકિત્સાનો મહાન ગ્રંથ; જેમાં શલ્ય, શાલાક્ય, કાયચિકિત્સા, ભૂતવિદ્યા, કૌમારભૃત્ય, અગદતંત્ર, રસાયનતંત્ર અને વાજીકરણતંત્રનો મૂળ સાથે સરળ અનુવાદ. વાચકોને આયુર્વેદના જ્ઞાનનું રહસ્ય સમજાય એવી ઉપયોગી સમજૂતી સાથે.

વનસ્પતિશાસ્ત્ર : લે. જયકૃષ્ણ ઇન્દ્રજી ઠાકર : વૈદક અને વનસ્પતિશાસ્ત્રના તદ્દવિદો તથા સામાન્ય અભ્યાસીઓને પણ રસદાયી થઈ પડે તેવો, ઘણા સમયથી અપ્રાપ્ય ગ્રંથ.

★

THE NEW INDIA INDUSTRIES LTD., BARODA

Our products are famous for quality & durability. We carry large stocks for immediate requirements.



Best Egyptian Cotton Healds, Steel Reeds, Striking Combs, Healdyarn, Heald Piecing yarn, Harness, Elastic Healds, etc.

Selling Agents:

W. H. BRADY & COMPANY LIMITED.

42, Churchgate Street, Fort, BOMBAY.

ધી

ઇન્ડિયન ગ્લોબ ઇન્સ્યુરન્સ કું. લિ.

હેડ ઑફિસ : ૩૧૫-૩૨૧, પ્રોસ્પેક્ટસ ચેમ્બર્સ, હોર્નબી રોડ, કોટ, મુંબઈ.

આગ ● અકસ્માત ● જીંદગી ● મોટર

દરિયાઈ ● વર્કમેન્સ કોમ્પેન્સેશન

વગેરે સર્વ પ્રકારનું વીમાનું કામકાજ સરળ શરતે કરવામાં આવે છે.

વિમા કામ માટે :—

લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને સંતોષકારક મહેનતાણું પોતાની લાયકાત દર્શાવતાં મળી શકે છે.

ચીફ ઓરગેનાઈઝર :

મણિલાલ કે. આડતિઆ

ઑફિસ :
ટે. નં. ૭૧૩૯૧
માંડવી ચેમ્બર્સ, સેમ્યુઅલ સ્ટ્રીટ,
ખોજા ગલી, મુંબઈ-૧

રહેઠાણ :
ટે. નં. ૪૪૩૧૮,
ભાઉદાજી રોડ નં. ૧૧; પ્લોટ
નં. ૪૧૮, કીંગ્ઝ સર્કલ, માટુંગા



અધિક સુંદર
અધિક આકર્ષક
...પૉન્ડસની બે ક્રિમોથી

તમારો ચહેરો સુંદર અને સુંવાળો રાખવાને રાત્રે અને સવારે તમારે બે પ્રકારની સૌન્દર્ય સાધનાની જરૂર છે. રાત્રે વાપરવાને તમને જરૂર છે બીજા દિવસ માટે તમારો ચહેરો સ્વચ્છ અને મુલાયમ રાખવા માટે તૈલી ક્રિમ–પૉન્ડસ કોલ્ડ ક્રિમ. સવારે વાપરવાને તમને જરૂર છે ત્વચાને ઝાંખી પાડતાં સૂર્યનાં કિરણોથી તમારૂં રક્ષણ કરવા માટે ચિકાસ વગરની મૃદુ ક્રિમ–પૉન્ડસ વેનીશીંગ ક્રિમ.


PONDS
POND'S
COLD CREAM
for
Cleansing
PONDS
POND'S
VANISHING
CREAM
Protection
and Powder Base

પૉન્ડસ

એકલા જ એજન્ટ :
જ્યોફ્રે મેનર્સ એન્ડ કં૦ લિમિટેડ
મુંબઈ – કલકત્તા – દિલ્હી – મદ્રાસ

કેશકલાપ

કેશવર્ધિનીને તમારી અનોખી ભેટ અને તમારો શ્રેષ્ઠ શૃંગાર બનાવી શકશો.

★ હમેશાં નજરે પડતો તમારો નાસિકા અને દાઢીનો એકસરખો દેખાવ હવે જોવો ગમતો નથી; પરંતુ તમારા કેશકલાપને કેશવર્ધિની દ્વારા સુંદર રીતે શણગારી તમે અજંતાના જેવાં મનોહર સ્વપ્નાં સેવી શકશો.

★ તમારા શૃંગારમાં કેશવર્ધિનીને ઉચ્ચ સ્થાન આપો; એ સૌંદર્ય દ્વારા તમારા રૂપલાવણ્યમાં વધારો કરો.

★ અને તમારા કેશના સૌંદર્યવિધાનનો આરંભ કેશવર્ધિની દ્વારા કરો.

★ કેશવર્ધિની તમારા વાળને વધારે છે, સૌંદર્યમાં અધિક મુગ્ધતા પ્રેરે છે, તેથી કેશને શણગારવા આજથી જ વાપરો.

વાળને ખરતા અટકાવવા અને નવીન સૌંદર્ય પ્રાપ્ત કરવા માટે

કેશવર્ધિની

નો આજથી જ ઉપયોગ કરો.

કેશવર્ધિની ... ... રૂ. ૦-૧૪-૦
કેશવર્ધિની શેમ્પુ... રૂ. ૦-૧૪-૦
(માર્ગવ્યય અલગ)

દરેક પ્રખ્યાત વેપારી પાસેથી મળી શકશે.

લખો :

સાઉથ ઇન્ડિયા કેમિકલ્સ
કોઈમ્બતુર (દક્ષિણ)

મુંબઈ અને સી. આઈ.ના એજન્ટ :
મે. નેશનલ સેલ્સ એન્ડ સર્વિસ કં.,
૧૨, રામપાર્ટ રોડ, ફોર્ટ, મુંબઈ-૧

લગન નવજોત માટે
મીઠાઈથી
આપના સગાંસ્નેહીઓના મિલનને
મિષ્ટ બનાવવા મુંબઈની પચરંગી
પ્રજાના જૂના અને જાણીતા
માહીમના હલવાવાળા
અમારો અસલ માહીમનો હલ

★

રજીસ્ટર્ડ નંબર ૨૭૬

જોશી બુઢાકાક

માહીમના હલવાવાળા

૫૮, કાપડ બજાર, માહીમ, મુંબઈ નં. ૧
ફોન : ૬૨૯૦૭



Supplement your meagre Rations with *Health-giving*

Madhu

MANGO JUICE

Only the best is canned

PURE PRODUCTS & MADHU CANNING LTD.
Bombay 18.
NAL 611

વિલક્ષણ તાકાત



તમારા માટે

મેળવવા

વૉટરબરીઝ કમ્પાઉન્ડ

વાપરો


SHAKE THE BOTTLE
Waterbury's Compound
INDICATED IN

જ્યારે તમે સર્વોત્તમ સ્થિતિમાં હો, ખરેખરી રીતે તંદુરસ્તી અનુભવતાં હો, ત્યારે તમે જેની તમને જરૂર છે તે, તેજસ્વી તંદુરસ્તી ધરાવો છો. અને તંદુરસ્ત રહેવા માટે, દરરોજ લેવાતા વૉટરબરીઝ કમ્પાઉન્ડ કરતાં વધારે સંગીન ખોરાકની પૂર્તિ બીજી કોઈજ નથી. શક્તિ આપનારાં તત્ત્વોથી સમૃદ્ધ, વૉટરબરીઝ કમ્પાઉન્ડ શક્તિ આપતી સાબીત થયેલી શક્તિવર્ધક દવા છે ... તે થાક, શરદી, ખાંસી અને એવી સ્થિતિનો પ્રતીકાર કરવા માટે શરીરરચનાને વધારે સશક્ત બનાવે છે.

તમારાં સમગ્ર કુટુંબ માટે તે આજે જ ખરીદો !

વૉટરબરીઝ કમ્પાઉન્ડ

તમને નિરોગી રાખે છે

NAS 738

તાતા એગ્રીકો

ઓજારો

વધુ અનાજ ઉપજાવવામાં તેને મદદ કરે છે

મજબૂત, ટકાઉ, વાપરવામાં સુગમ, એગ્રીકો ઓજારોને દેશભરમાં ખેડુતો પ્રથમ પસંદ કરે છે-સફલ ખેતિવાડી માટે તેઓ આવશ્યક પ્રાથમિક સાધનો છે.

ખેતિવાડીના પ્રત્યેક કામ માટે ઉપયોગી એગ્રીકો ઓજાર મળે છે



પાવડા:

ભિન્ન ભિન્ન પરિસ્થીતિમાં કામ કરવાને અનુરૂપ પાંચ નમુના. બીજા સર્વ એગ્રીકો ઓજારોની માફક ઉંચા કાર્બન પોલાદના પતરામાંથી બનાવેલા અને પાણી પાયેલા છે. તેમને પાકટ લાકડાના હાથા બેસાડેલા છે.



ઘમટી:

ત્રણ પ્રકારના નમુના, સુપ્રસિધ્ધ સ્વૉન-નેક આકારસહિત તેમની તીક્ષ્ણ ધારો હોવાથી તેઓ બરાબર કામ આપવાની ખાત્રી આપે છે. સમતોલ રચનાને કારણે વાપરવામાં સુગમ થઇ પડે છે.



કોદાળી અને બીટર:

જુદાં જુદાં કામ બજાવવા માટે ચાર મુખ્ય નમુના. ધાર જળવાઇ રહે તે માટે છેડાવાળા ભાગો ખાસ મજબૂત બનાવવામાં આવ્યા છે. અત્યંત મજબૂત અને ઘણાજ ટકાઉ છે.

તાતા એગ્રીકો ઓજારો

ધી તાતા આયર્ન એન્ડ સ્ટીલ કંપની લીમીટેડ
વેચાણ ઑફીસ: ૨૩ બી, નેતાજી સુભાષ રોડ, કલકત્તા.
શાખાઓ: મુંબઇ, મદ્રાસ, નાગપુર, અમદાવાદ, કાનપુર, સીકંદરાબાદ,
વિઝયનગરમ કેન્ટોન્મેન્ટ અને જલંદર કેન્ટોન્મેન્ટ

ક્લીઅરિંગ • ફોર્વર્ડિંગ • સીપિંગ • વીમો
ફ્રેઈટ • બેગેજ અને • વેરહાઉસિંગ એજન્ટસ

ચીફ એજન્ટસ :

એટલાસ એસ્યુરન્સ કું૦ લિ૦

આગ ★ દરિયાઈ ★ મોટર અને ★ અકસ્માત

બેંકોના મુકાદમ

તુલસીદાસ ખીમજી

૪૬ ચર્ચગેટ સ્ટ્રીટ, કોટ, મુંબઈ.

ટેલીગ્રામ : Nachiketa
ટેલીફોન : ૩૨૦૮૪ (ત્રણ લાઈન)

નેશનલ ઈન્ડીઅન
લાઈફ ઈન્સ્યુરન્સ કંપની લી.

માં તમારું ભાવિ સલામત છે.

વિગત તથા એજન્સી માટે લખો :
એન. એલ. અમીન, બ્રાન્ચ મેનેજર
મુંબઈ શાખા : નેશનલ ઈન્ડીઅન ઇન્સ્યુરન્સ બીલ્ડિંગ, કાળા ઘોડા, કોટ, મુંબઈ-૧
સ્થાપના : ૧૯૦૬

હિંદભરમાં શાખાઓ અને એજન્સીઓ છે.

—: એજન્સી અગર પ્રોસ્પેક્ટસ માટે લખો યા મળો :—
શ્રી કે. ડી. પટેલ, મૉરનીંગ
ચીફ ઑર્ગેનાઈઝર, નાર (વાયા આણંદ)



ફર્ગ્યુસન ૨૪ હો. પા. (વેપોરાઈઝડ ઓઈલ) **ટ્રેકટર**

બારે માસ બીનખર્ચાળ રીતે કામમાં આવતાં ફર્ગ્યુસન ટ્રેકટર ને ઓજારો સિવાય આજનો ખેડૂત બિલકુલ ચલાવી શકે નહિ. ખેડૂતને સાદાં, મજબૂત અને સહેલાઈથી કામમાં લઇ શકાય એવાં ટ્રેકટરો અને ઓજારોની જરૂર છે. ઓજારોની વિગતો પાસેના ડીલર પાસેથી આજે જ મેળવો.

એક્ષ ડીલર્સ સ્ટેશન

રૂ. ૭૩૦૦/-

K કમાણી ઈન્જીનીયરિંગ કોર્પોરેશન લિ૦
કમાણી ચેમ્બર્સ, નીકલ રોડ, બેલાર્ડ એસ્ટેટ, મુંબઈ.

ડીલર્સ :
૧. ભારત ઓટો-ટ્રેકટર કું. છોટાલાલ બીલ્ડિંગ નં. ૨, રીલિફ
અમદાવાદ ને નવજીવન રોડ, કલોલ.
૨. ભારત મશીનરી હાઉસ, જેંડીગેઈટ રોડ, વડોદરા ને સ્ટેશન રોડ, બીલીમોરા.
૩. મીકેનાઈઝડ એગ્રીકલ્ચર હાઉસ, સ્ટેશન સામે, રાજકોટ.
૪. વિકાસ કોરપોરેશન, પટેલ બીલ્ડિંગ, જેઈલ રોડ, અમરેલી.
૫. ચંપકલાલ જી. મહેતા એન્ડ કું.
૬. ઈન્ટરનેશનલ ગેરેજ, કચ્છ-માંડવી.

FERGUSON SYSTEM

K. B. Ltd.


MADE IN INDIA
SANTONE
REGISTERED
THE HERBAL TOOTH-TONIC
CLEANSES & PRESERVES THE TEETH
DESTROYS GERMS & PREVENTS TOOTH DECAY
CURES PYORRHEA AND OTHER TOOTH TROUBLES
FREE OF CHALK & COAL
USE TWICE DAILY
ANTISEPTIC AND FRAGRANT

સનટોન
ટુથ પાવડર

દાંત સાફ કરવા રોજ વાપરો.

મોંની ખરાબ વાસ દૂર કરે છે.

પેઢામાંથી નીકળતું લોહી બંધ કરે છે.

કોલસો કે ચૉક નથી

દાઢનું દર્દ, દુખતા દાંત તથા પાયોરિયા મટાડે છે.

સ્ત્રીઓના ગર્ભાશયનાં તમામ
દર્દો માટે

જોષણી

ડૉક્ટરનાં પ્રિસ્ક્રિપ્શન સિવાય મળે છે. ★ સંપૂર્ણ લાભકારી છે.

બીજી નિષ્ફળ દવા પાછળ પૈસા બગાડશો નહિ. બધા દવાવાળા વેચે છે.

પુરૂષો માટેની સર્વોત્તમ શક્તિવર્ધક દવા

રજી. નં.

જોબન્દા

★ તાકાતની ઉત્તમ દવા ! નિરાશ ન થાવ. એક જ બાટલી આ જોબન્દા વાપરો. તમે તેના અજબ જેવા ગુણથી જરૂર ખુશી થઈ જશો. તમારી રગેરગમાં તાકાત અને સ્ફુર્તિ વ્યાપશે.

★ રૂા. ૧૦) અને એવી જ મોંઘી કીંમતે વેચાતી બીજી કોઈપણ શક્તિની દવા સાથે **જોબન્દાની** સરખામણી કરી જોશો. વધારે ગુણ અને ઓછી કીંમત એ રીતે બેવડો લાભ લેવા માટે તમે જોબન્દા વાપરો, બાટલી ૧ના વી. પી.થી કિંમત રૂા. ૪-૩-૦

બધા દવાવાળા વેચે છે.

લખો : **જસમાઇન એજન્સી-નડીઆદ**

એજન્ટો : કંચનલાલ વાડીલાલ કું૦, મંગળદાસ રોડ, મુંબઈ.

હમામથી તાજગી મેળવો !



1 આપનું સ્નાન અધિક મજદાર બનાવો. તાજાં પુષ્પ જેવી હમામની સુવાસ દિલ જીતી લે છે.

2 આપનો ચહેરો ઉજ્જવલ બનાવો. હમામનાં શુદ્ધ વનસ્પતિ તેલો તેને મુલાયમ અને કાંતિમાન રાખે છે.

3 આપની ત્વચા સ્વચ્છ કરો. હમામનું ભરપૂર ફીણ આપની ત્વચા સ્વચ્છ અને તાજી બનાવશે.

એ તાતાની બનાવટ છે.

ધી તાતા ઑઈલ મિલ્સ કં૦ લિમિટેડ.

પેટ ભરીને જમો!

ગેસહર પીલ્સ : ગેસ ચડવો–થવો, બાદી, વાયુ, શૂળ, પેટમાં પવનનું ગુંચાવું, મંદાગ્ની, ઓછી ભૂખ, ખાધા પછી પેટનું ભારી થવું, ગભરામણ થવી, છાતીમાં મુંઝારો, થકાવટ, ગોળો, ઓડકાર, પલપીટેશન, બ્લડપ્રેશર, મગજમાં અશાંતિ, ઊંઘ ન આવવી, દસ્તની રૂકાવટ વગેરે **દૂર કરી દસ્ત હમેશાં નિયમિત સાફ લાવે છે.** અન્ન પાચન કરી ભૂખ કકડીને લગાડે છે. શરીરમાં લોહી વધારી શક્તિ આપે છે. **લીવર, બરોળ, આંતરડાં** તેમજ પેટના કોઈપણ રોગ માટે બીનહરીફ ઇલાજ છે. કિં. નાની શીશી ગોળી ૫૦ રૂ. ૧ાા : મોટી શીશી ગોળી ૧૫૦ રૂ. ૪

તાકાત આપનારી દવા

દુગ્ધાનુપાન ગોળીઓ : અશક્તિ, મગજની નબળાઈ, કબજિયાત, સુસ્તી, કળતર, છાતીનો દુખાવો વગેરે ફરિયાદ દૂર કરી બળ, બુદ્ધિ અને આરોગ્ય આપે છે. લોહી વધારી વજન વધશે. કિં. ગોળી ૩૨, નાની શીશી રૂ. ૧ાા : મોટી શીશી ગોળી ૯૬ રૂ. ૪ા

વી. પી.થી મંગાવવા જામનગર લખો :

દુગ્ધાનુપાન ફાર્મસી, ૧. જામનગર (કાઠિયાવાડ)

સુરમો

નયનપ્રભા : જામનગરનો
મોતીનો આ સુરમો આંખની
વ્યાધીઓ ફૂલું, મોતીયો, પડળ,
વેલ, આંખની ગરમી, આંખ
ટુંકી નજર, Short Sight
કરી આંખની રોશની વધારે છે.
શીશી રૂ. ૧ા ઊંચી જાત રૂ.
વી. પી. અલગ.

કાનના

ભયંકર દરદો કાનમાંથી
જવી, શૂળ, ચસ્કા, સોજો, શું શું
થવો, બહેરાપણું વ. કાનનાં દરદો
રસિક કર્ણબિન્દુ–કાનનાં
કિંમત શીશી એકના રૂ.
ત્રણ શીશીના રૂ. ૪ા વી. પી.
ત્રણ શીશી વાપરવાથી સાફ સંભળાય

મુંબઈ–વીંછી બ્રધર્સ કું. ૭૯, પ્રીન્સેસ સ્ટ્રીટ. **અમદાવાદ**–પંડિત શાહની કું. ત્રણ દરવા
સુરત–સી. એન. બ્રધર્સ, કણપીઠ. **વડોદરા**–એ. રોચની કું., રાવપુરા. **મોમ્બાસા**–મોમ્બાસા સ્ટોર્સ, પો. બો.

અમદાવાદમાં

● સ્વચ્છ નિવાસ
● શુદ્ધ આહાર
અને
આધુનિક સગવડો માટે
શ્રી

જય વિજય હિંદુ લોજ

(તદ્દન નવી મેનેજમેન્ટ)

રીડ રોડ, સ્ટેશન નજીક, અમદાવાદ–૨

Going Strong
Madhu
MANGO JUICE
delicious and rich in vitamins
Only the best is canned
MAL
PURE PRODUCTS & MADHU CANNING LTD.
BOMBAY 16.


NEW RESEARCH & DEVELOPMENT LABORATORIES.

સંશોધન દ્વારા **પ્રગતિ**

ઔષધિઓને રાસાયણિક દવાઓ બનાવવા માટે ૧૯૩૫માં શરૂ કરેલું **સીપ્લા** પ્રગતિમાન વ્યાપારી ઉદ્યોગ-ધંધાઓમાં આજે મગરૂરીભર્યું સ્થાન ભોગવે છે. સંશોધનનું મહત્ત્વ અમે સ્વીકાર્યું છે; તેથી વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક (શોધખોળો) સંશોધનનું સીપ્લા એક મહત્ત્વનું અંગ બની ગયું છે. વિકાસ અને સંશોધન માટે એક નવું મકાન પોતાની કંપનીમાં વધારી વિજ્ઞાન તથા ઉદ્યોગોમાં બીજા દેશો જે પ્રગતિ સાધી રહ્યા છે, તેની હરોળમાં ઊભા રહેવામાં **સીપ્લા** કંપની હિન્દુસ્તાન(ભારતભૂમિ)ને મદદ કરી રહ્યું છે. **સીપ્લામાં** બનેલી દરેક દવા તેની ઉત્તમતા માટે મશહૂર બનેલી છે અને દુનિયામાં સારામાં સારી ચીજો **જેવી જ** પૂરવાર થઈ છે.




CIPALON
CALCI
Qinarsol
TOTALIN B
VITAPAN

Cipla
BOMBAY-8



An invitation to comfort... ... ...

વેસ્ટ એન્ડ હોટેલ

West End Hotel
BOMBAY

One of the best in the East.

Fitted with Radio and Telephone in all Rooms.

Air Conditioned Dining Room

MOST BEAUTIFULLY DECORATED AND FURNISHED ROOF GARDEN AVAILABLE FOR WEDDINGS, MARRIAGE RECEPTIONS, DANCES, CONFERENCES AND OTHER SOCIAL FUNCTIONS.

Grams :—"**BESTHOTEL**" Phone :—26246, 32096

બળ—બુદ્ધિ—તેજ
વધારનાર
'ઝંડુ'
ચ્યવન પ્રાશ
આયુર્વેદનું
અનુપમ ઔષધ
—સૌને શક્તિ આપનાર—
આજથી જ અજમાવો

જીવનમાં અતિ આવશ્યક
સ્વાદિષ્ટ—પૌષ્ટિક ખોરાક
↓
એ જ જીવન
લીલાં આંબળાં સાથે બીજાં પાચક અને
લોહી વધારનારાં ઔષધો મેળવી બનાવેલ.
↓
સાધારણ નબળાઈ અને મગજની નબળાઈમાં સંગીન કામ કરનાર સાત્ત્વિક ઉપાય.
સવત્ર વેચાય છે.
ગામેગામ અમારા એજન્ટો છે.
તમારા ગામના એજન્ટ પાસેથી આજે જ મેળવો.

ઝંડુ ફાર્મા. વર્કસ લિ૦, મુંબઇ નં. ૧૪

—: અમદાવાદના એજન્ટ :—
ભોગીલાલ બ્રધર્સ, ગાંધી રોડ
અમારી આયુર્વેદિક દવાનું સૂચિપત્ર મંગાવો.


ASARWA
COVERS THE
WHOLE FAMILY

Specialities

SHIRTING, PATTO & DRILS,
DHOTIES, SARIES, PRINTED
MULMUL & CHINTZS.

ASARWA MILLS LTD.
AHMEDABAD 11.

શ્રી રામ મિલ્સ લિ૦
બારીક સુતરમાંથી ફેન્સી
મર્સરાઇઝડ કાપડ
જેવાં કે:
↓↓↓

● ધોતિયાં ● સાડીઓ (પ્લેન, ડોબી તથા જેકાર્ડ બૉર્ડર), ● વૉયલ્સ (પ્લેન તથા ચેક) ● જાતજાતની કલર શર્ટિંગ્સ ● પૉપલીન ● મલમલ તથા ● લૉંગક્લોથ વગેરે

બનાવનાર

મિલ તથા ઑફિસ :: ફરગ્યુસન રોડ, પરેલ
મુંબઇ

★ અસાધ્ય દર્દોમાંથી મુક્ત બનો ★

અણમૂલરત્ન જગવિખ્યાત

નિર્ભય નેત્રજ્યોતિ

"વગર ઓપરેશને મોતિયો"

ઝાંખ, ઝામર, પડળ, ફૂલું, ખીલ, વેલ, ડોળ, છારી, તપોડીઆં, રતાશ વગેરે આંખોના તમામ રોગો મટાડે છે. ચશ્માંના નંબર ઊતરી જાય છે, આંખો ચોખ્ખી બની જાય છે. ઓપરેશનથી બગડેલા કેસો આ દવાથી સુધરે છે. એક જ બાટલીથી ફાયદો થાય છે.

કિંમત બાટલી એકના રૂા. ૧૦-૦-૦ દસ.
પોસ્ટેજ જુદું.

કોઢવિનાશક દિવ્ય ઔષધિ

સફેદ કોઢ ગમે તેવો જૂનો યા નવો ગેરંટીથી મટાડવામાં આવે છે. સેંકડો માણસોને મટાડેલ છે.

શક્તિ સૌંદર્યવટી—

સ્ત્રીઓ માટે સંપૂર્ણ શક્તિની દવા—

આ દવાના સેવનથી શરીર લાલઘૂમ બને છે અને શરીરમાં અદ્દ્‌ભુત શક્તિ પ્રાપ્ત થાય છે.

માસ ૧ની દવાના રૂા. ૧૦-૦-૦ દસ.
પોસ્ટેજ જુદું.

નિર્ભય ગોલ્ડન ટોનિક પીલ્સ

કોઈ પણ કારણસર આવેલી નબળાઈ દૂર કરી શક્તિ અને સ્ફૂર્તિ ઉત્પન્ન કરે છે. જીવનમાં અનુપમ આનંદ આપે છે. ગોળી ૬૦ના રૂા. ૩૦-૦-૦, ગોળી ૨૦ના રૂા. ૧૦-૦-૦ પો. જુદું.

નિર્ભય કેમીકલ વર્કસ, દિગ્વિજય પ્લોટ, જામનગર.

લોકપ્રિય જખ્મેરૂઝ ગુલાબી મલમ બનાવનાર
ભાવસારનું

કફેરોલ સીરપ

પીવામાં મીઠું, સ્વાદિષ્ટ અને લહેજતદાર છે.

ખાંસી દમ સળેખમ કાંસ ઉધરસ શ્વાસ શરદી સસણી કફ હાંફ ગળાની નળીનો સોજો વરાધ

નાનાં બાળકોની જીવલેણ ચેપી **ખોખલી** યાને **કુકડીયા ખાંસી** પરનાં દરદો **કફેરોલ** સીરપથી દૂર થઈ છાતીનાં ફેફસાં મજબૂત કરી પૂરતી ઊંઘ લાવી શરીર નિરોગી બનાવે છે.

બાટલી ૧ની કિંમત-૨ ઔંસ રૂા. ૧-૮-૦, ૪ ઔંસ રૂા. ૨-૮-૦, ૮ ઔંસ રૂા. ૪-૮-૦, ૧૬ ઔંસ રૂા. ૮-૦-૦

—દરેક દવા વેચનાર પાસેથી ખરીદ કરો—

બનાવનાર :
ધી ભાવસાર કેમીકલ વર્કસ—વ્યારા
(ટી. વી. રેલવે)

ફક્ત બે પૈસામાં રસોઈ

એક સગડી કોલસાથી ચાર જાતની રસોઈ (દાળ, ભાત, બે શાક) ફક્ત ૫૫ મિનિટમાં તૈયાર કરે છે, તેમ જ પૌષ્ટિક તત્ત્વો જળવાઈ રહે છે અને શરીર તંદુરસ્ત બને છે.


સંતોષ કુકર
વખત, મહેનત અને પૈસા બચાવે છે.
સંતોષ કુકર કં.

સ્ટૉકિસ્ટો :
અમદાવાદ : **વસ્તુપાલ તેજપાલ**, રીલીફરોડ
વડોદરા : **પ્રભુદાસ કેશવલાલ**, માંડવી રોડ
સુરત : **કૉન્ટ્રાકટર બ્રધર્સ**, કણપીઠ.
રાજકોટ : **ભારત સ્વદેશી સ્ટોર.**
જામજોધપુર : **પુરુષોત્તમ જાદવજી રાજાણી**
પેટલાદ : **કંસારા હસમુખરાય કંચનલાલ**
તા. ક.—ગ્રાહકોએ 'સંતોષ કુકર'નો માર્કો વાંચી ખરીદવો.



થોભો અને તમારા ભવિષ્યનો વિચાર કરો. ભવિષ્ય માટે જેઓ તૈયાર હોય છે તેમને જ ભવિષ્ય પ્રતીતિજનક નીવડે છે. ભારતવર્ષની સૌથી મોટી જુદાજુદા પ્રકારના વિમાનું કામ કરતી ઈન્શ્યુરન્સ કંપનીને, તમને તથા તમારાં આપ્તજનોને મદદ અને રક્ષણરૂપ થવા દો...દરેક પ્રસંગને બંધબેસતી તમામ જાતની પૉલિસીઓ અમારી પાસે છે.

વિગતો માટે લખો અથવા મળો :

ન્યુ ઇન્ડિયા એશ્યુરન્સ
કંપની લિમિટેડ

(સ્થાપના : ૧૯૧૯)

ન્યુ ઈન્ડિયા એશ્યુરન્સ બીલ્ડિંગ, મહાત્મા ગાંધી રોડ,
મુંબઈ.

હિન્દુસ્તાનમાં

સૌથી મોટી સંસ્થા

● ● ●

સર્વે જાતનું લીથોનું કામકાજ

લેબલ

કાપડના તાકા
કાંડીનાં બૉકસ
પરફયુમરી
સોડાલિંબુ
સીગારેટના ડબ્બા
બીડી-મીઠાઈનાં
બાકસો-વગેરે

(બધી જાત અને સાઈઝનાં)

બાકસો

શુઝ-બેટરી
સાબુ-ટુથપેસ્ટ
તેલ-સીગારેટ
દવાઓ-સાડીઓ
ઘડિયાળો-ઝવેરાત

રંગીન કામ

કેલેન્ડર-શો કાર્ડ
કારટૂન-શેર સર્ટિફિકેટ
નોટપેપરો-બીલ ફોર્મ
ચેકબૂક વગેરે

જાહેર ખબરનાં અને સીનેમાનાં પોસ્ટરો

- ★ તમારું કામ સૌથી સારું અને દીપી નીકળે તેવુંજ થવું જોઈએ.
- ★ સારો માલ દમામદાર અને દેખાવડાં બાકસોમાં ભરવો જોઈએ.
- ★ જાહેરાત ધ્યાન ખેંચે તેવી જોઈએ.

·તમારી જરૂરિયાતો માટે અમારી સલાહ લ્યો.

મહમદી ફાઈન આર્ટ લીથો વર્કસ

ગનપાઉડર રોડ, મઝગામ,—મુંબઈ ૧૦

—: ટોયલેટ સાબુઓમાં પુરવાર થયેલ સર્વશ્રેષ્ઠ :—

કામીનીઆ મૃગ કસ્તૂરી સોપ (રજીસ્ટર્ડ) :

શરીરની ત્વચા માટે સુંદર **તેમજ** મુલાયમ સાબુ. જે વાપરવામાં આહ્‌લાદકારક છે. અને સુવાસમાં અજોડ છે. એક જ વખત વાપરવાથી નિયમિત વાપરતા થઇ જશો.

દિલબહાર સોપ (રજીસ્ટર્ડ) :

આ સાબુ માટે વિશેષ વખાણની જરૂર નથી. વાપરવાની સાથે ફૂલોના ગુચ્છા માફક સુગંધ પ્રસરી રહે છે.

કામીનીઆ ખસ સોપ (વેટીવર્ટ) : (રજીસ્ટર્ડ)

ખસની સુગંધીથી જેઓ પરિચિત છે, તેઓને ઉનાળાના દિવસોમાં આ સાબુ જ વિશેષ પ્રિય થઈ પડે છે; તેમ જ તેનાથી ત્વચાને કોમળ રાખે છે, ત્વચાના ઉપદ્રવો થવા પામતા નથી.

— આ ઉપરાંત "કામીનીઆ" સાબુઓ જેવા કે :—

કામીનીઆ વ્હાઇટ રોઝ-સોપ, કામીનીઆ સેન્ડલ સોપ,
કામીનીઆ લવેન્ડર સોપ, કામીનીઆ ટરકીશ બાથ સોપ.

ઉપર જણાવેલ સાબુઓ હિંદભરમાં પ્રત્યેક પરફ્યુમરી અને પ્રોવિઝનના વેપારીઓ પાસેથી મળી શકશે, ન મળે તો નીચેના સરનામે લખો.

સોલ એજન્ટ :—ધી એંગ્લો ઇન્ડિયન ડ્રગ એન્ડ કેમિકલ કાં.
૨૮૫, જુમામસીદ મારકેટ મુંબઈ નં. ૨

કોઢ

આ ચેપી-ભયંકર, કિંમતી જીવન બરબાદકર્તા દર્દ "કોઢ" વર્ષોની જહેમત બાદ શોધેલા અનુભવસિદ્ધ આંતરિક ઉપચારથી તદ્દન જડમૂળથી નાબૂદ કરીએ છીએ.

[Internal Treatment
સારવાર ઘેરબેઠાં લેવાય છે.]

જડમૂળથી કોઢ મટાડનાર કોઢનું દવાખાનું

વધુ વિગત માટે લખો :

લ્યુકોડરમા ક્લીનીક

જનરલ હોસ્પિટલ સામે, વડોદરા.

૩૫ વર્ષોથી વપરાતી બાળકોના
હેરક દર્દો માટે
સર્વોત્તમ

બાલસાથી

બાળકોની
વરાધ-વાવળી, સસણી
તાવ, હાંફરો, ઉધરસ, રતવા,
આંચકી, પેટ ચડવું વી. તમામ
દર્દો ખાત્રીબંધ મટાડે છે.

હરેક દવાવાળા બાલસાથી વેચે છે.

મળો અથવા લખો:-
વૈધ જગનાથ.જી.વરાધ ઑફીસ.નડી

ધી યુનાઇટેડ કોમર્શિયલ
બેંક લિ૦ કલકત્તા

મૂડી (સત્તાવાર)	....	....	રૂા. ૮ કરોડ
,, (ઉઘરાવેલી)	....	...	રૂા. ૪ કરોડ
ભરી દીધેલી મૂડી	....	....	રૂા. ૨ કરોડ
અનામત ફંડ	....	...	રૂા. ૬૭½ લાખ

ડાયરેક્ટરોની બોર્ડ :

શ્રી. ઘનશ્યામદાસ બિરલા (પ્રમુખ)

શ્રી. ઈશ્વરીપ્રસાદ ગોએન્કા
(ઉપપ્રમુખ)
,, અનંતચર્ણ લો
,, બૈજનાથ જાલન
,, ગોવિંદલાલ બાન્ગૂર
,, પી. ડી. હિંમતસિંગકા
,, રામેશ્વરલાલ નોપાણી

શ્રી. રમણલાલ જી. સરૈયા
(ઉપપ્રમુખ)
,, મહાદેવ એલ. દહાણુકર
,, મદનમોહન આર. રૂઈયા
,, મોહનલાલ એલ. શાહ
,, મોતીલાલ તાપુરિયા
,, નવીનચંદ્ર મફતલાલ

મેનેજર : શ્રી. ટી. ઠાકુર

હિંદ, બર્મા, પાકિસ્તાન અને મલાયાનાં બધાં અગત્યનાં નગરો અને શહેરોમાં આ બેંકની શાખાઓ છે તથા દુનિયાભરમાં એજન્સીની સગવડો સાથે પોતાની સારામાં સારી સેવાઓ આપવા માટે બેંક પૂરેપૂરી અદ્યતન સામગ્રીથી સુસજ્જ છે.

ઉત્તમ અને સલામત વીમો

જે સદીઓ પર્યંતની આકરી કસોટીમાંથી
સફળ રીતે પસાર થયેલ છે, તે શું છે!

NARRONDASS MANORDASS
NM
BULLION
REFINERS ASSAYERS

સોનું

આપણા શાણા બાપદાદાઓએ વર્ષોથી સોનાને લગડીના રૂપમાં અગર ઘરેણાંના રૂપમાં સંઘરીને આપત્તિકાળમાં રક્ષણ મેળવ્યું છે. એમને અનુસરવું એ શું ડહાપણભર્યું નથી? જો ડહાપણભર્યું માનતા હો તો અમારી સોનાની લગડીઓ ખરીદી ભવિષ્ય સામે વીમો મેળવો. અમારી એક, પાંચ, દશ તોલાની સોનાની લગડી તેમ જ ૪૦૦ તોલાની ચાંદીનાં ચોરસાંઓના ચાલુ ભાવો માટે અમને પૂછો. અમો અમારી લગડીના ટચ તથા વજનની ખાતરી આપીએ છીએ. અમારી સોનાની લગડી ૯૯૫.૦ અગર તેથી સારા ટચની મળશે.

નારણદાસ મનોરદાસ

સ્થાપના : ૧૭૯૮

૬૭, મરીન ડ્રાઈવ, ફોર્ટ, **મુંબઈ–૧**

બેન્કર્સ, બુલિયન અને રૂના વેપારીઓ, કિંમતી ધાતુ રીફાઈન કરવાવાળાઓ, હિંદમાં મોટામાં મોટી ઈલેક્ટ્રોલિટિક સિલ્વર રીફાઈનરીના અમે પ્રથમ અને એક જ સ્થાપક છીએ.

સરકારની મીન્ટે અમારા રીફાઈનરીના ટચ (ફાઈનનેસ) મંજૂર રાખેલ છે.

ગૅસ વાયુ ગોળો પેટ
નાં તમામ દરદો મટે છે.
"દૈવી પાચન અર્ક"
નિયમિત પીઓ કીં. રૂા. ૨-૧૪-૦ બહારગામ
વી. પી. કરતા જ નથી. ખર્ચ સથે રૂા. ૪) અગાઉથી
ફાયદો ન થાય તો રૂા. ૧૦૦૦ પાછા

ખીલ મટે છે એક જ રાતમા
ચહેરા પરના
ગમે તેટલા જૂના યા નવા
કીં. બા. ૧ના રૂા. ૫-૦-૦ (પાંચ)
ફાયદો ન થાય તો પૈસા પાછા.
સિદ્ધ સંન્યાસી ફાર્મસી રજિસ્ટર્ડ,
રીલીફરોડ, પાંજરાપોળ, અમદાવાદ. ફોન : ૨૯૩૦

દસ્તાવેજ વગેરે
અગત્યના કાગળોના
ફોટા પ્રીંટ તથા એન્લાર્જમેન્ટ, પ્રીન્ટીંગ બ્લોક,
ડીઝાઈન તથા સીનેમા
સ્લાઈડ માટે

રવિ પ્રોસેસ સ્ટુડિયો
દરેક પ્રકારના લાઈન ત્થા હાફટોન બ્લોક
અને સીને સ્લાઈડ આકર્ષક રીતે બનાવનાર
૨૫૨૧/૨, ભાટવાડો, શાહપુર, અમદાવાદ



તારનું સરનામું "મણીબાલા"
NGL
ફોન: ૨૧૯૮૯
૨૪૩૬૬

ઈન્ડસ્ટ્રીયલ કેમીકલ્સ
ટેક્ષ્ટાઈલ ડાઈઝ
સલ્ફર્સ (ગંધક)
અને
ફર્ટીલાઈઝર્સ (ખાતર)
ના
ભરોસાપાત્ર ઈમ્પોર્ટર્સ અને સ્ટોકીસ્ટસ

નાગાવટી એન્ડ કંપની લિમિટેડ
સ્થાપના - ૧૯૨૧
૧૬, એપોલો સ્ટ્રીટ, કોટ મુંબઈ ૧
શાખાઓ:
અમદાવાદ • દિલ્હી
કલકત્તા • મદ્રાસ અને ઈંદોર

PRIMOVERS' is everybody's BOILER!



VERTICAL SMOKE
TUBE BOILER

બોઈલરોને એક ખાસ બોઈલર એટેન્ડન્ટ રાખવા અને તેનું નામ રજિસ્ટર કરાવવા જેવા બોઈલર એકટના નિયમો લાગુ પડે છે.

પરંતુ પ્રાઈમોવરોને એવા નિયમો લાગુ પડતા નથી. આમ છતાં પ્રાઈમોવર એ ખરેખર દરેક માણસનું બોઈલર છે; કારણકે દરેક માણસ, બોઈલર એકટથી મુક્ત રીતે, કોઈ પણ સમયે અને કોઈ પણ સ્થળે તેનો ઉપયોગ કરી શકે છે.

તેનું વધુમાં વધુ ઈવેપરેશન દર કલાકે ૬૦ રતલ હોય છે. તેનું વર્કિંગ પ્રેશર દર ચોરસ ઈંચે ૬૫ રતલ હોય છે.

સિલ્ક અને ઓઈલ મિલ્સ, પ્રોસેસિંગ વર્ક્સ, હોસ્પિટલો વગેરે માટે અત્યંત અનુકૂળ.

મફત સાહિત્ય માટે લખો.

સ્ટોકમાંથી મળી શકશે.
સોલ સેલિંગ એજન્ટો:

ENGINEERS & MACHINERY IMPORTERS

BATLIBOI & CO.
ENGINEERS AND MACHINERY IMPORTERS
H. O. Forbes Street . Fort . Bombay
Madras : Calcutta : Delhi
Ahmedabad Coimbatore

ધી મૈસુર પ્રીમિયર
મેટલ ફેકટરી

અને

ધી હિંદુસ્તાન મેટલ રીફાઇનરી

એન્ડ

રોલિંગ મિલ્સ

(સંસ્થાપક : હીમચંદ કે. શાહ)

મદ્રાસ

પ્રખ્યાત સૂર્યમાર્કાનાં એલ્યુમિનિયમ, પિત્તળ, તાંબા તથા સ્ટેનલેસ સ્ટીલનાં ઉત્તમ કોટીનાં તદ્દન નવી ડીઝાઈનનાં અને ઉત્તમ પ્રકારનાં સફાઈવાળાં તેમ જ ચકચકિત વાસણો બનાવનાર તથા વેચનાર

ટેલિફોન : ૨૫૩૫] ● [ટેલિગ્રામ : SUNBRAND

તમારી જરૂરિયાતો માટે લખો અથવા મળો :
નં. ૧૨૪, મિન્ટ સ્ટ્રીટ, મદ્રાસ

મેનેજિંગ પાર્ટનર :
કેશવલાલ કે. શાહ

વ્હાઈટ પ્રિંટિંગ ★ ક્રીમ લેઈડ ★ બેંક પોસ્ટ
કલર્ડ પ્રિંટિંગ ★ મેચ પેપર ★ બદામી
મેનીફોલ્ડ ★ બ્લોટિંગ ★ લેજર પેપર
કવર પેપર ★ ઈમિટેશન ક્રાફટ પેપર વગેરે
તથા
ગ્રે બોર્ડ ★ કોમ્પ્રેસ્ડ ફાઈબર બોર્ડ વગેરે

બનાવનારા:
ગુજરાત પેપર મિલ્સ લિ૦
૬૫૩, સાકર બજાર, અમદાવાદ નં. ૨ ● ટે. નં. ૨૯૫૭

પ્રો. ત્રિવેદી
(M. A. M. S.) મંત્રશાસ્ત્રી
ત્રિકાળદર્શી ગોળામાં જોઈને
ભવિષ્ય કહેનાર.
મુંબઈમાં દર શુક્ર, શની
અમદાવાદથી આવે છે.
ઠે.–જયહિંદ એસ્ટેટ નં. ૨. બીજે માળે,
બ્લોક નં. ૬, ભૂલેશ્વર, કબૂતરખાના,
સેફ ડીપોઝીટ વોલ્ટ સામે.
તમારા અનેક મુંઝવતા સવાલોના જવાબ આપે છે. હિંદની આધ્યાત્મિક શક્તિ વિષે શંકા હોય તો એક વખત અખતરો કરી શકો છો અને શ્રદ્ધા હોય તો વારંવાર તેમની સલાહ લઈ શકો છો.
ત્રણ પ્રશ્નો–ફી રૂા. ૫)
અમદાવાદ ઑફિસ:
બાલાહનુમાન સામે, ગાંધી રોડ (ત્રીજે માળે)

સંસારની સુંદરતાનો સાર...
સ્નેહભરી, સૌંદર્યભરી, સલુણી
એ જીવન સહચરી..........?
એનાં અંતરનાં અજવાળાંને,–
એનાં ઉમંગભર્યાં ઉરને,–
એનાં નેહભર્યાં નયણાંને,–
રૂપથી, રસથી અને
રંગથી રંગે છે...
અનુપમ અને અવનવા
આ લં કા રો!...
ખાખાના મોતીના સેટ, કલ્ચર્ડ મોતી,
બેનમુન ડીઝાઈનના ઝવેરાતના અલંકારો
તથા પ્રેઝન્ટેશન નોવેલ્ટીઝ માટે
મનોહર મુંબઈનું ★
★ સલુણું શૃંગારગૃહ
બી. એ. શાહની કું૦ ઝવેરી
૭૯–ઝવેરી બજાર, મુંબઈ ૨
[પત્ર લખવાથી નમૂના ઘેર જોવા મોકલીશું]

આપની સહાય
માટે
રેલ્વેને સહાય કરો

સ્વતંત્ર ભારતમાં વધારેમાં વધારે આર્થિક પ્રગતિ મેળવવા તથા દેશના ધંધાઓનો સંપૂર્ણ વિકાસ સાધવામાં રેલ્વેએ એક મહત્ત્વનો ભાગ ભજવવાનો છે.

લોકોની ઉદાર મદદ અને સહકાર સિવાય આ કાર્યની અંદર રેલ્વે પૂર્ણ અંશે સફળ થઈ શકે નહિ.

અનેક બાબતો પૈકી નીચેની બાબતોમાં પ્રજા સહકાર આપી શકે ને પ્રજાએ તે સહકાર આપવો જ જોઈએ.

યાદ રાખો

૧) રેલ્વેની આવકની ગેરકાયદેસરની મુસાફરીથી જે નુકસાન થાય છે, તેથી રેલ્વેની આર્થિક સ્થિતિને તો ખાસ કરીને નુકસાન થાય છે, પણ તેમાં કર ભરનારને પણ સામાન્ય નુકસાન થાય છે.

૨) ઢીલાં, પોચાં, ખોટાં પેકિંગ તથા અવ્યવસ્થિત માર્કાવાળા પેકિંગથી નુકસાનીના દાવા ઊભા થાય છે, જેને અંગે પ્રજાકીય તિજોરીને ખોટ ખમવી પડે છે.

૩) વેગનોમાંનાં ગુડ્સ શેડોમાં વધારે પડતા સમય સુધી માલનાં રોકાણનો અર્થ જગ્યાની નુકસાની અને વેગનોની શક્તિનો નાશ થાય છે, જે શક્તિનો ઉપયોગ વધારે ફાયદાકારક રીતે બીજી રીતે રેલ્વે વાપરી શકે.

૪) રેલ્વે ગાડીઓ અને મકાનોને સ્વચ્છ ને સાફ રાખવાથી મુસાફરી અને તંદુરસ્તીભરી હાલત ઘણે પ્રકારે સુધરી શકે છે.

વેસ્ટર્ન અને સેન્ટ્રલ રેલ્વેઝ

આપના દાંતનેજ સાફ કરવા એ *અધૂરું* કાર્ય છે...

આપના અવાળુની રોજીંદી સંભાળ તેને *પૂરું* કરે છે!

આપના દાંત સુદૃઢ તથા નિરોગી હશે તો પણ એકવાર આપના અવાળુ નબળા કે રોગીષ્ટ બનતાંજ કદાચ આપ તેઓને સહેલાઇથી ગુમાવી બેસશો. જોખમ ન ખેડશો! ગિબ્સ. એસ. આર. ટુથપેસ્ટ દિવસમાં બે વાર વાપરો. તે સોડિઅમ રિસિનોલિએટ ધરાવે છે. જે દંતવૈદ્યો અવાળુના ઉપચાર તરીકે વાપરે છે. તે દાંતને સ્વચ્છ અને ઝગમગતા સફેદ પણ બનાવે છે.


Gibbs
S.R.
TOOTHPASTE
for teeth and gums

ગિબ્સ
રજીસ્ટર્ડ
એસ.આર. ટુથપેસ્ટ

દાંતને ઝગમગતા સફેદ તથા અવાળુને પણ નિરોગી રાખવા માટે ખાસ બનાવેલી છે.

GSR. 77-50-55 GJ ડી. ઍન્ડ ડબ્લ્યુ. ગિબ્સ લિ., લંડન, માટે ભારતમાં બનાવેલ

ધી ડન એલ્યુમિનિયમ ફેકટરી
રે. નં. ૪૧૬૧૮ ... ૨૨૫, તાડદેવ રોડ, મુંબઈ.૭.


સ્ટેઈનલેસ સ્ટીલ
એલ્યુમિનિયમ
તાંબા પીત્તળ
જરમન સીલ્વર

LALLUBHAI AMICHAND
GUARANTEED PURE
TRADE MARK
BOMBAY. No 9

LALLUBHAI AMICHAND
QUEEN BRAND
TRADE MARK
BOMBAY. No 2

એલ્યુમિનિયમ,
જરમન સીલ્વર,
તાંબા, પીત્તળ તેમજ
સ્ટેઈનલેસ સ્ટીલનાં વાસણોની
ખરીદી માટે એક અને અનોખું વિશ્વાસ પાત્ર સ્થાન...

લલ્લુભાઈ અમીચંદ લી.
રે.નં.૨૨૨૨૦ · ૫૫૪, કંસારા ચાલ, પાયધોણી મુંબઈ·પો.બો.૨૧૦૦

"AKHAND ANAND" Registered No. B. 5144.



જૂની સંસ્કૃતિની

છાયામાં નવું

સમયદર્શક ઘડીયાલ

FAVRE - LEUBA

FAVRE - LEUBA
1815

ફાવર-લુબા અને કંપની, લીમીટેડ ★ મુંબઈ ★ કલકત્તા

ગાંડુ આનંદ



નું સાહિત્ય

પો. બો. ૧૮, અમદાવાદ.

CROWN BRAND GURANTEED PURE

CROWN BRAND GURANTEED PURE

એલ્યુમિનિયમ નાં વાસણો

વાસણોનો વિચાર આવતાંજ ક્રાઉન માર્કાની યાદ તાજી થાય છે. બનાવટની ઉત્તમત્તા, ઉપયોગિતા માટેનું સંશોધન, ભાવોનું વ્યાજબીપણું અને વ્યવહારની નિયમિતતાનું એ સાચું પરિણામ છે.

એલ્યુમિનિયમનાં વાસણો વજનમાં હલકાં જલ્દી ગરમ થાય તેવાં અને કીંમતમાં કીફાયત હોય છે. કલાઇ કરવાની જરૂરજ નથી પડતી.

દૂધના હાન્ડા, ટીફીન કેરીયર, કીટલી, થાળી, ગ્લાસ, પ્લેટો, બદના, લોટા, ટોપ, હાન્ડી વિ. કરોડો માણસો સંતોષથી વાપરે છે.

તમારી જરૂરીયાતો માટે લખો અથવા મલો



જવનલાલ (૧૯૨૯) લિમિટેડ

૩૧, નેતાજી સુભાશ રોડ ★ પોસ્ટ બોક્ષ નં. ૨૨૩૭ ★ તારનું ઠેકાણું : "CROWNALUC

પ્રેરણા

સ્વાસ્થ્ય માટે સમતોલ ભોજન ખાઓ


વિટામિન
MILK
પ્રોટિન
ખનિજ દ્રવ્યો
કાર્બોહાઇડ્રેટ
સ્નિગ્ધ પદાર્થો
DALDA
HYDROGENATED GROUNDNUT AND TIL OIL
ડાલ્ડા

દરેક જાતના ખાદ્યમાં જુદા જુદા ખાદ્ય તત્વો રહેલાં છે. અને તેથીજ આપણે જુદા જુદા ખાદ્યો ખાવાં જોઇએ, જેથી સ્વાસ્થ્ય અને શક્તિ માટે અતિ આવશ્યક એવાં પાંચેય ખાદ્ય તત્વો આપણને મળી રહે. આનેજ સમતોલ ખોરાક કહેવામાં આવે છે. સમતોલ ખોરાક એટલે એવો ખોરાક કે જેમાં (૧) વિટામિન, (૨) પ્રોટિન, (૩) ખનિજ દ્રવ્યો, (૪) કાર્બોહાઇડ્રેટ, (૫) સ્નિગ્ધ પદાર્થોનો સમાસ થયો હોય. પાંચે પાંચ જરૂરી છેજ. સ્નિગ્ધ પદાર્થો—જે સ્થાયી શક્તિ પૂરી પાડે છે—ની બાબતમાં ઘણુંજ અનુકુળ અને સ્વાસ્થ્યકારી સ્નિગ્ધ પદાર્થોમાંનું ડાલ્ડા એક છે. કોઇપણ જાતના રાંધણ માટે અનુકુળ એવું ડાલ્ડા આપને હમેશાં તાજું સ્વચ્છ અને સીલબંધ ડબ્બામાં મળે છે. સમતોલ ખોરાક વિષેની સંપૂર્ણ અને અતિ ઉપયોગી સૂચના, વિના મૂલ્યે મેળવવા માટે આજેજ લખો—અથવા ગમે ત્યારે.

ધી ડાલ્ડા ઍડવાઇઝરી સર્વિસ

પો. બૉક્ષ નં. ૩૫૩, મુંબઇ ૧

શક્તિ માટે ડાલ્ડામાં રાંધો

સમતોલ ખોરાકમાં આપને જોઇતા સ્નિગ્ધ [illegible]ાર્થ પૂરા [illegible] છે

HVM. [illegible]-50 GJ

રાષ્ટ્રધનની નક્કર યોજનામાં સાથ આપતી

વીજળિક સંસ્થા

ધી એમલગમેટેડ ઈલેક્ટ્રિસિટિ કું૦
(બેલગાંવ), લિ૦

- ★ ઓછા ખર્ચમાં વધુ લાભ આપતી
- ★ રાષ્ટ્રના કૃષિપ્રશ્નને હળવો બનાવતી
- ★ ઉત્પાદનશક્તિમાં મોખરે ગણાતી
- ★ આમજનતાને નાણાં રોકવા અંગૂલિનિર્દેશ કરતી

અને

છેલ્લાં ૨૫ વર્ષથી જનતાને સેવા આપતી

શાખાઓ—અજમેર બેલગાંવ માલેગાંવ
વલસાડ ચાલીસગાંવ દાહોદ
જલગાંવ ભુસાવળ ભીવંડી

આવક	૧૯૫૧	...	૩૪,૪૦,૮૨૪
યુનિટ્સ વેચાણ		...	૧,૩૬,૧૬,૨૯૪
ગ્રાહકો		...	૨૬,૧૪૪
ડિવિડન્ડ ટકા :		...	૭ા ઓર્ડિનરી પા પ્રેફરન્સ

મેનેજિંગ એજન્ટ્સ—ધી કોન્સોલિડેટેડ ઇલેક્ટ્રિક એજન્સિઝ, લિ૦

મેનેજિંગ ડિરેક્ટર :

એન. સી. જવેરી, જે. પી.

ટેલિફોન નં. : ૩૨૮૮૯-૮૦ ● ટેલિગ્રામ : CONELECTRO
ઠે. ૧૭ બી, હોર્નીમેન સર્કલ, કોટ, મુંબઈ.

સુકોમળ વાળ

Swastik
PERFUMED
CASTOR OIL

અને મોહક સૌંદર્ય માટે

સ્વસ્તિકનું

સુગંધિત
કેસ્ટર ઓઈલ

સ્વસ્તિક ઓઈલ મિલ્સ લિમિટેડ. વડાલા. મુંબઈ.

S.O.M. 173

ગ્રાહકોને

૧ ‘અખંડ આનંદ’ અંગ્રેજી માસની પહેલી તારીખે પ્રસિદ્ધ થાય છે અને ગ્રાહકોને પોસ્ટ થાય છે.

૨ વાર્ષિક લવાજમ રૂ. ૮ાા, બ્રહ્મદેશ માટે રૂ. ૯, પરદેશ માટે શિ. ૧૬ અથવા રૂ. ૧૦ાા છે.

૩ ‘અખંડ આનંદ’નું નવું વર્ષ નવેમ્બર માસથી શરૂ થઈ ઑક્ટોબર માસમાં પૂરું થાય છે. વર્ષમાં ગમે તે માસથી ગ્રાહક થઈ શકાય છે. એક વર્ષથી ઓછી મુદ્દત માટે ગ્રાહક નોંધાતા નથી.

૪ પૂરતી તપાસ કર્યા બાદ ગ્રાહકોને અંક રવાના કરવામાં આવે છે, છતાં કોઈને અંક દર મહિનાની તા. ૧૫મી પહેલાં ન મળે તો વિભાગની પોસ્ટ ઑફિસે ફરિયાદ કરવી અને ત્યાંથી જે જવાબ મળે તે અમને મોકલવો, જેથી ઘટતું થઈ શકે.

૫ સરનામું બદલાયાની ખબર ઓછામાં ઓછા પંદર દિવસ પહેલાં આપવી અને સાફ અક્ષરોમાં ગ્રાહક નંબર, નવા કે જૂના ગ્રાહક તથા નામ અને ઠેકાણું બરાબર જણાવવું. મહિના [illegible] મહિના માટે સરનામું બદલવું હોય તો પોતાના પોસ્ટ માસ્તરને જણાવી વ્યવસ્થા કરી લેવી. સરનામું ફેરવ્યાની જાણ થતાં પહેલાં અંક જૂના સરનામે રવાના થઈ જશે, તો ફરી અંક મફત મોકલવામાં આવશે નહિ.

૬ એક રૂપિયો મોકલવાથી નમૂનાનો અંક મોકલવામાં આવે છે; ગ્રાહક થયા બાદ એ અંક પાછો મોકલવામાં આવે, તો એક રૂપિયો પરત કરવામાં આવે છે.

૭ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનું નામ–સરનામું અને ગ્રાહક નંબર અવશ્ય લખવો જોઈએ.

૮ લવાજમ મનીઑર્ડરથી મોકલવું સલાહભર્યું છે; કારણકે વી. પી. થી મંગાવનારને રજિસ્ટર ખર્ચ સાથે રૂ. ૮–૧૪–૦ નું વી. પી. થશે, તેમ જ વી. પી. થી મોકલાતા અંકો મોડા મળે છે. પરદેશમાં વી. પી. થતું નથી. **ચેક અગર ડ્રાફ્ટ ‘સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ’ના નામનો મોકલવો.**

૯ લવાજમ મોકલતી વખતે જૂના ગ્રાહકોએ પોતાનો નંબર લખવો અને નવા ગ્રાહક થનારે ‘**નવા ગ્રાહક**’ એમ લખવું આવશ્યક છે. મનીઑર્ડરની કૂપન પર સ્પષ્ટ અક્ષરોમાં પૂરેપૂરું નામ, સરનામું, રકમ અને રકમ મોકલ્યાનો ઉદ્દેશ લખવાં.

૧૦ ‘અખંડ આનંદ’ સાથે પુસ્તકો મોકલાતાં નથી.

૧૧ વ્યવસ્થા અંગેનો સર્વ પત્રવ્યવહાર **અમદાવાદના કાર્યાલય** સાથે કરવો.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર, અમદાવાદ ને કાલબાદેવી, મુંબઈ–૨

લેખકોને

‘અખંડ આનંદ’ કોઈ ચોક્કસ વિષય કે માસિક નથી, એ સર્વદેશીય અને સર્વોપયોગી એવા અમારા પ્રયત્નો છે. સાહિત્યના કોઈ પ્રકારને–વાર્તા, નાટક, જીવનચરિત્ર, ધર્મકથા, કથા, રેખાચિત્ર, પત્ર, નિબંધ, પરિચય, વર્ણન, કાવ્ય વગેરે કોઈ પણ રૂપમાં માનવજીવનને લાવનારા, પ્રેરણા આપનારા, ઉપયોગી વિચારો હોય તેવાં તમામ પ્રકારનાં લખાણો ‘અખંડ માટે સ્વીકારવામાં આવે છે. એ અભ્યાસયુક્ત કલામય છતાં સાદી ભાષામાં ને સરળ આલેખાયેલાં હોવાં જોઈએ.

તંત્રી તરફથી સામાન્ય રીતે લેખના અસ્વીકારનો જવાબ એક પખવાડિયામાં તો જ છે; પરંતુ લેખ ચોક્કસ કયા માસમાં તે કહેવાનું મુશ્કેલ હોય છે. માસિકમાં વૈવિધ્ય, વિષયનું પ્રમાણ અને પ્રાસંગિક લેખોનું જળવાય એ દૃષ્ટિએ સંપાદન થાય છે. કોઈ કૃતિની જવાબદારી તો લેખકની જ રહે છે.

લેખ પ્રસિદ્ધ થતાં લેખકને અંક, યોગ્ય અને લખાણની છૂટી પાંચ પ્રતો મોકલી આવે છે.

અસ્વીકાર પામેલા લેખની સાથે તેનાં આપવાનું અતિ મુશ્કેલ છે. એથી ચર્ચામાં પડે છે. કેટલાક લેખકોને માઠું પણ લાગે છે. અનુભવ પછી ‘અસ્વીકાર્ય’ એવી નોંધ સાથે પાછું મોકલવાનું નક્કી કરવું પડ્યું છે. બાબતમાં ગેરસમજ ન કરે એવી વિનતિ છે. અસ્વીકારના જવાબ માટે અને અસ્વીકાર લખાણ પાછું મેળવવા માટે ટપાલખર્ચ આવશ્યક છે. જેનું ટપાલખર્ચ ન મળ્યું લખાણને એકાદ માસ પછી રદ કરવામાં

લેખકની કૃતિ શાહીથી, કાગળની બાજુએ સારા અક્ષરે લખેલી હોવી અંગ્રેજી, સંસ્કૃત કે બીજી કોઈ ભાષાનાં મૂકવાં હોય તો તેનું ગુજરાતી ભાષાંતર

તંત્રી સાથેનો તમામ પત્રવ્યવહાર લેખ મોકલવાનું સરનામું નીચે પ્રમાણે છે:

તંત્રી : ‘અખંડ આનંદ’
ગુલબહાર. એરેક રોડ, મુંબઈ-

સ્ત્રીઓની માદકતા પુરુષની સુંદરતા



નં. ૧૦૧૭

આ ઝેનીથની લેડીઝ વોચ સેકન્ડ કાંટાવાળી સાદાઈનું પ્રતિક છે. તેનું કેસ ૧૮ કેરેટ સોનાનું છે. કાંટા સોનાના છે અને કલાકનાં ટપકાં છે. **રૂ. ૨૮૦**

નં. ૧૧૪૩

૧૫ જ્યુવેલવાળું સુંદર ઝેનીથ કાંડા ઘડિયાળ ચકચકિત સ્ટીલ કેસવાળું **રૂ. ૧૬૦**

નં. ૧૧૪૭

દેખાવમાં ૧૧૪૩ માં બતાવ્યા મુજબ પણ ૧૮ કેરેટ સોનાનું કેસ **રૂ. ૪૦૪**



નં. ૧૧૪૭

૧૮ કેરેટ ગોલ્ડ કેસના કર્વને બંધ બેસે તે પ્રમાણે ઓપ્ટીક કાચવાળી ઘણી જ સુરેખ મીની-એચર ઘડિયાળ **રૂ. ૨૯૮**



નં. ૧૩૭૩

૧૫ જ્યુવેલવાળું આકર્ષક ઝેનીથ કાંડા ઘડિયાળ કર્વ્ડ ચકચકિત સ્ટીલ કેસવાળું **રૂ. ૧૭૦**

નં. ૧૩૭૭

દેખાવમાં ૧૩૭૩ માં બતાવ્યા મુજબ પણ કર્વ્ડ ૧૮ કેરેટ ગોલ્ડ કેસ **રૂ. ૩૮૦**

ZENITH

The Precision Watch

FAVRE-LEUBA

ફાવરે-લ્યુબા એન્ડ કું૦ લિ૦ મુંબઈ-કલકત્તા

આપની સહાય
માટે
રેલ્વેને સહાય કરો

સ્વતંત્ર ભારતમાં વધારેમાં વધારે આર્થિક પ્રગતિ મેળવવા તથા દેશના ધંધાઓનો સંપૂર્ણ વિકાસ સાધવામાં રેલ્વેએ એક મહત્ત્વનો ભાગ ભજવવાનો છે.

લોકોની ઉદાર મદદ અને સહકાર સિવાય આ કાર્યની અંદર રેલ્વે પૂર્ણ અંશે સફળ થઈ શકે નહિ.

અનેક બાબતો પૈકી નીચેની બાબતોમાં પ્રજા સહકાર આપી શકે ને પ્રજાએ તે સહકાર આપવો જ જોઈએ.

યાદ રાખો

૧) રેલ્વેની આવકની ગેરકાયદેસરની મુસાફરીથી જે નુકસાન થાય છે, તેથી રેલ્વેની આર્થિક સ્થિતિને તો ખાસ કરીને નુકસાન થાય છે, પણ તેમાં કર ભરનારને પણ સામાન્ય નુકસાન થાય છે.

૨) ઢીલાં, પોચાં, ખોટાં પેકિંગ તથા અવ્યવસ્થિત માર્કાવાળા પેકિંગથી નુકસાનીના દાવા ઊભા થાય છે, જેને અંગે પ્રજાકીય તિજોરીને ખોટ ખમવી પડે છે.

૩) વેગનોમાંનાં ગુડ્સ શેડોમાં વધારેપડતા સમય સુધી માલનાં રોકાણનો અર્થ જગ્યાની નુકસાની અને વેગનોની શક્તિનો નાશ થાય છે, જે શક્તિનો ઉપયોગ વધારે ફાયદાકારક રીતે બીજી રીતે રેલ્વે વાપરી શકે.

૪) રેલ્વે ગાડીઓ અને મકાનોને સ્વચ્છ ને સાફ રાખવાથી મુસાફરી અને તંદુરસ્તીભરી હાલત ઘણે પ્રકારે સુધરી શકે છે.

વેસ્ટર્ન અને સેન્ટ્રલ રેલ્વેઝ

: અનુક્રમ :

ક્રમ	વિષય	લેખક	પૃષ્ઠ
૧	કટુતાનું જન્મસ્થાન	શ્રી	૩
૨	લોકદીપક બુદ્ધગુરુ	પં. બેચરદાસ દોશી	૫
૩	પ્રારબ્ધ અને પુરુષાર્થ	સ્વામી ચિદાનંદ સરસ્વતી	૧૫
૪	બાપુના બે દીકરા	શ્રી પ્રભુદાસ ગાંધી	૨૧
૫	મુમુક્ષુઓને	શ્રી ભાઈચંદ વનમાળીદાસ દોશી	૨૮
૬	ત્રણ પ્રતીકો (કાવ્ય)	શ્રી અનામી	૩૪
૭	હજામના બચાવમાં	શ્રી જ્યોતીંદ્ર દવે	૩૬
૮	કાશીભાભુ (વાર્તા)	શ્રી ચૂનીલાલ મડિયા	૪૨
૯	પિતૃદેવો ભવ ! (પુરાણકથા)	શ્રી કરસનદાસ માણેક	૪૯
૧૦	ક્ષયનો પ્રતિકાર (આરોગ્ય)	ડૉ. ન. અ. બર્વે	૫૪
૧૧	રસ્તાઓ	શ્રી ગનુભાઈ શવાણી બી. કોમ.	૬૧
૧૨	મોંઅદલો (વાર્તા)	શ્રી 'સારંગ' બારોટ	૬૪
૧૩	અનુપમ કામણ	શ્રી વત્સલા મહેતા બી. એ.	૭૨
૧૪	દ્રાવિડી રામાયણ	શ્રી હરખલાલ પ્રભાશંકર બૂચ બી. એ., એલએલ. બી.	૭૮
૧૫	કેટલાક ભ્રમો	શ્રી ડુંગરસી ધરમસી સંપટ	૮૨
૧૬	આતિથ્ય	શ્રી ભદંત આનંદ કૌસલ્યાયન	૮૭
૧૭	કાશ્મીર	શ્રી હીરાલાલ મગનલાલ દેસાઈ બી. એ. જે. પી.	૯૨
૧૮	કેરીનું રક્ષણ	શ્રી કૃષ્ણદાસ ભ. કોટડાવાળા બી. એસસી., ડી. એફ. ટેક.	૧૦૨
૧૯	મહારથી કર્ણ (નાટિકા)	શ્રી શરદિંદુ શ્રોફ	૧૦૭
૨૦	જોયેલું ને જાણેલું		
	રખેવાળ	શ્રી પુષ્કર ગોકાણી	૧૧૦
	કાબેલિયત	શ્રી વ્રજલાલ નરમેરામ મહેતા બી. એ.	૧૧૧
	દુઃખ પણ શું છે ?	ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી ડૉ. ગુણવંત પી. ભટ્ટ	,,
	અતિથિ-સત્કાર	શ્રી ગુણવંત એન. મણિયાર	૧૧૩
૨૧	સંપાદકીય	શ્રી સોપાન	૧૧૪
૨૨	સંસ્થા સમાચાર	કાર્યાલય	૧૧૯

⁂

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી તંત્રી : સોપાન
મુદ્રક અને પ્રકાશક : ત્રિભુવનદાસ લ૦ ઠક્કર,
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સસ્તું સાહિત્ય મુદ્રણાલય, રાયખડ–અમદાવાદ.

ASP/HC 64.



સુંદરતા સાથે સ્પર્ધા

ભારતના પ્રત્યેક ખુણામાં, હિન્દ સાઈકલ એના સુંદર દેખાવથી પ્રખ્યાત થઈ ગઇ છે. પરન્તુ થોડાકજ માણસો જાણે છે કે ભારતની પરિસ્થીતીને અનુરૂપ થાય એવી, એની સંપુર્ણ બનાવટ, ભારતમાં જ થએલી છે. હિન્દ સાઈકલ બનાવવાને જોઈતા ભાગોમાંના ૯૫% ભાગો એમના હિન્દી કારખાનામાં જ બનાવવામાં આવે છે.

હિન્દ

ખરેખર ભારતીય છે

હિન્દ સાઈકલ્સ લિમીટેડ, મુંબઈ.

વર્ષ ૫,

સ્વીકાર્યું
કડ
કર
સેવનારા સ
કટુતાથી સ
શકતું નથી,
કેટલ
એમ માને
આ માન્યત
તો સત્યની
સત્ય જો પ્રિ
અવતારોએ
અસરકારક
વિચા
ચોખ્ખું કહી
છે. સત્ય જો
સત્ય માનવ
ઔષધ હિત
લાભ આપે
સાથે અપાય
ઔષધ કંઈક
માત્રા
ઔષધનું પ્ર
ઉચ્ચારણ થ

અખંડ આનંદ

વર્ષ ૫, અંક ૭] તંત્રી : સોપાન [મે ૧૯૫૨

કટુતાનું જન્મસ્થાન

સ્વીકાર્યું કે તમે સાચા માણસ છો, પરંતુ તે કારણે તમારે અભિમાની થવાની કે કડવાં વચનો ઉચ્ચારવાની જરૂર નથી. મીઠું બોલનારા અને લળીલળી નમન કરનારા દંભીઓ તિરસ્કારને પાત્ર છે, એ કરતાં કટુ વચન બોલનારા ને અભિમાન સેવનારા સાચા માણસો હજાર દરજજે સારા; પરંતુ ભૂલશો નહિ કે અભિમાન અને કટુતાથી સત્યનું તેજ ઝાંખું થાય છે, એ સત્ય બીજાને પૂરતા પ્રમાણમાં પ્રકાશ આપી શકતું નથી, બીજાના હૃદયમાં એ સહેલાઈથી પ્રવેશ કરી શકતું નથી.

કેટલાક સાચા માણસો અપ્રિય થવામાં પણ ગૌરવ અનુભવતા હોય છે. તેઓ એમ માને છે કે સત્ય કોઈથી સાંખી શકાતું નથી તેથી તેઓ અપ્રિય બન્યા છે, પરંતુ આ માન્યતા બરાબર નથી. સત્ય અને મીઠાશ બેમાંથી એકની જ પસંદગી કરવી હોય તો સત્યની જ થવી જોઈએ, પરંતુ તેથી મીઠાશનું કંઈ મહત્ત્વ નથી એવું માનશો નહિ. સત્ય જો પ્રિય બને તો ઓર તેજ ધારણ કરે છે. માનવજાત જેમને પૂજે છે તે સંતો ને અવતારોએ એમના સત્યને નમ્રતાથી સંસ્કારીને પ્રિય બનાવ્યું હતું અને તેથી તે વધુ અસરકારક બન્યું હતું.

વિચારો કે સત્યની સાથે કટુતા કયાંથી આવે છે? કેટલાક એમ મનાવે છે કે તેઓ ચોખ્ખું કહી દે છે, ગોળગોળ કશું બોલતા નથી, માટે અપ્રિય છે. આ માન્યતા પણ ખોટી છે. સત્ય જો કટુતા ને દ્વેષ જન્માવે તો માનવું કે એમાં કંઈક દોષ રહ્યો છે. કાં તો જેને સત્ય માનવામાં આવે છે તે સત્ય નથી, અથવા તો તેની રજૂઆતમાં ગંભીર દોષ છે. ઔષધ હિતકારી હોય પણ એ યોગ્ય માત્રામાં અને યોગ્ય મેળવણી સાથે ન અપાય તો પૂરો લાભ આપે નહિ અથવા નુકસાન પણ કરે. સત્યનું પણ એવું જ હશે? ઔષધી મધની સાથે અપાય છે તે સ્વાદ માટે નહિ, પણ મધનો ય ખાસ ગુણ છે તે માટે. સત્યનું ઔષધ કંઈક એવા પ્રકારનું છે.

માત્રાનો વિચાર પણ સત્ય ઉચ્ચારનારે કરવો જોઈએ. દરદીની સ્થિતિ જોઈ જેમ ઔષધનું પ્રમાણ નક્કી થાય છે, તેમ સંસર્ગમાં આવનાર વ્યક્તિની સ્થિતિ જોઈ સત્યનું ઉચ્ચારણ થવું જોઈએ. આમાં અસત્ય કે અર્ધસત્યનો પ્રશ્ન જ ઊભો થતો નથી. એ

તો ઔષધ જ ન ગણાય. સત્ય સાચવીને બોલવું, ધીમે ધીમે બોલવું, સામા માણ હૃદયને અભિમુખ કરીને બોલવું, એના ચિત્તને આંચકો ન લાગી જાય તેનું ધ્યાન રા બોલવું એટલો જ એનો અર્થ છે. સત્ય ઉચ્ચારવામાં કુનેહની જરૂર જ નથી માનવું નહિ. સૂર્ય જેમ હસતોરમતો ધીમેધીમે ઊગે છે, તેમ સત્યનું પ્રગટીકરણ જોઈએ. સૂર્યે ધીમો પ્રકાશ આપવા માટે પોતાનું સ્વરૂપ બદલવાની જરૂર નથી, ગતિ ઉપર જ ધ્યાન રાખવાનું છે. સૂર્ય પહેલે ધડાકે જ મધ્યાહ્નને પહોંચી જાય તો તાપ સહન થઈ શકે નહિ.

જો આપણા ઉપર એવો આક્ષેપ થતો હોય કે સત્યને કટુ બનાવીને જ બોલીએ છીએ, તો આત્મનિરીક્ષણ જરૂરી બની જાય છે. આ કટુતા સત્ય સાથે અનિ નથી જ, બલકે એ દોષ છે, ખામી છે એટલું જો સમજી જઈએ તો તેનું ઉદ્ભવ સહેલાઈથી શોધી શકાય. જ્યારે જ્યારે આપણા સત્યોચ્ચારમાં કટુતા ભળી હોય, ત્યારે વિચારીએ કે આમ કેમ બન્યું. હા, કોઈ વાર આપણી વાણી કે આપણા ભાવમાં વ્યક્ત થયેલી કટુતા આપણને પોતાને દેખાશે નહિ; આપણે એમ માનવા પણ કે કડવાશ જેવું કંઈ હતું જ નહિ. આવે વખતે આપણા ઉપર અતિ વિશ્વાસ ન રા સામી વ્યક્તિના માનસનો અને એ માનસના પ્રતિબિંબરૂપ ચહેરાનો અભ્યાસ કરવો. જો આપણી કટુતાનું પ્રતિબિંબ દેખાય તો વિચારવા યોગ્ય પરિસ્થિતિ ઊભી થઈ એમ સમજી લેવું.

આવી વ્યક્તિના ચહેરા ઉપર શ્રદ્ધા અને નમ્રતાના ભાવો પ્રગટતા હોય આપણી વાણીમાં કટુતા હોઈ શકે, કારણ કે આપણા તરફ જો આદરભાવ-પૂજ્યભાવ તો એવા ભાવો પ્રગટે, પણ સામી વ્યક્તિ આપણાં વચનોથી સમસમી ઊઠે, દબાયેલો કે તિરસ્કાર એના ચહેરા ઉપર દેખાય, આંખમાં શરમ નહિ પણ વિરોધ પ્રગટતો તો આપણી વાણી વિષે અવશ્ય વિચાર કરવો. આ રીતે વિચારવા આપણું મન જો થશે, તો કટુતાનું ઉદ્ભવસ્થાન શોધવામાં લગીરે મુશ્કેલી નહિ આવે. આપણને તરત ખાતરી થશે કે સત્યને ઝાંખું પાડતી આ કટુતા જન્મે છે આપણા અભિમાનમાંથી. એમ માની લઈએ કે હું જ બધું સમજું છું, હું જ બીજાને કહેવાને હકદાર છું, હું જ વિશુદ્ધ અને પ્રામાણિક છું, હું જ સતત જાગૃતિ સેવનારો છું, તો આ ભાવોમાંથી વચનો પ્રગટ થશે, તે અભિમાનથી વિકૃત થઈ કટુ બન્યા વિના રહેશે નહિ.

કટુતા એ સ્વભાવનો દોષ નથી, પણ અભિમાનની જ અભિવ્યક્તિ છે એ સત્ય પછી કોણ એમાં ગૌરવ લઈ શકે? કોણ એનો બચાવ કરી શકે? સત્યના પ્રકાશની અભિમાનનો પડદો હોય તો એ સત્યકિરણો અન્યના હૃદયમાં કેમ પ્રવેશી શકે! પડદો આપણે હઠાવવો જ જોઈએ. શરૂઆતમાં પ્રયાસ કરવો પડશે. બોલતાં પહેલાં ભાવોનું પૃથક્કરણ કરવું પડશે અને પછી સત્યને મૃદુતાથી રજૂ કરનારા શબ્દો શોધવા પડશે. પરંતુ આવી જાગૃતિ સદાય રાખવાની જરૂર નહિ રહે. આ પ્ર હૃદય તથા બુદ્ધિનો સહકાર હશે, તો મન અને વાણીનું વલણ જ એ પ્રકારનું થઈ

શ્રી

લોકદીપક બુદ્ધગુરુ

લેખક:
પં. બેચરદાસ દોશી

વ્યક્તિના જીવનમાં જ રથચક્રના આરાની માફક ઊર્ધ્વગતિ ને અધોગતિ આવે છે એમ નથી; એક સંસ્કૃતિથી સૂક્ષ્મ રીતે સંકળાયેલો સમસ્ત સમાજ પણ 'ચક્રનેમિક્રમેણ'-ચક્રના આરાના ક્રમ અનુસાર વર્તે છે. ચારેય બાજુથી અસત, અનીતિ, દુરાચરણ, અન્યાય, જૂઠ, અજ્ઞાન વગેરે હીન વૃત્તિઓની અરાજકતા પ્રવર્તી રહેલી હોય છે, ત્યારે કોઈ મહાવિભૂતિનું આગમન થાય છે, અને સમાજસમસ્તને એ સાચો રાહ દર્શાવે છે. ભગવાન બુદ્ધનો જન્મ પણ એવા જ મહાન કાર્ય માટે, એવા જ સંયોગોમાં થયો. પ્રચલિત માન્યતાઓ ને સુવિદિત કથાઓ કરતાં કંઈક વિશેષ અભ્યાસના પરિપાકરૂપે બુદ્ધદેવનું મૂલ્યાંકન અહીં નજરે પડે છે. આ મહિનાની નવમી તારીખે-વૈશાખી પૂનમને દિને બુદ્ધજયંતી આવે છે, તેથી આ લેખનું મહત્ત્વ વધે છે.

રથના પૈડાની પેઠે સંસારનું પૈડું—ચક્ર—ફર્યા જ કરે છે. કોઈવાર તે ઊંચે આવતું જણાય છે, કોઈવાર તે નીચે આવતું જણાય છે; તે પળવાર પણ સ્થિર રહેતું નથી. જ્યારે તે ઊંચે આવતું હોય છે ત્યારે જનતામાં વિવેકની સ્ફુરણાને લીધે અન્યાય ઓછો અને ન્યાય વધારે હોય છે, અસત્ય ઓછું અને સત્ય વધારે હોય છે. માણસ માણસ વચ્ચે સદ્ભાવ વધારે અને ઈર્ષ્યા, દ્વેષ, મત્સર ઓછાં હોય છે અને જ્યારે તે નીચે આવતું હોય છે, ત્યારે અન્યાય વધારે અને ન્યાય ઘણો ઓછો દેખાય છે. અસત્ય વધારે પ્રમાણમાં અને સત્ય ભાગ્યે જ દેખાય છે. માણસ માણસ વચ્ચે ઈર્ષ્યા, દ્વેષ, મત્સર અને સ્વાર્થવૃત્તિ તથા સ્વચ્છંદાચાર અધિક હોય છે અને સદ્ભાવ, નિ:સ્વાર્થપ્રવૃત્તિ તથા સંયમ, શીલ વગેરે ઓછાં દેખાય છે.

જે સમયે સંસારના પૈડાની ગતિ નીચી હોય છે, ત્યારે પ્રકૃતિના નિયમ પ્રમાણે એ કોઈ એવી શક્તિ જગતમાં મોકલે છે કે એ શક્તિના પુરુષાર્થ વડે વળી પાછું સંસારરથનું પૈડું ઊંચી ગતિએ આવે છે. દિવસ પછી રાત અને રાત પછી દિવસ એમ આવ્યા જ કરે છે. કેવળ પ્રકાશ જ પ્રકાશ કે કેવળ અંધારું જ અંધારું સંસારમા રહેતું નથી એવો પ્રાકૃતિક નિયમ અટલ છે.

સમગ્ર જનતા જ્યારે રૂંધાવા માંડે છે ત્યારે તેની અભિલાષા પોતાના રુંધનને દૂર કરવા એવી તીવ્ર થાય છે, કે ગમે ત્યાંથી ગમે તે રીતે એવી કોઈ શક્તિ આવીને જનતાની એ રુંધનને મટાડવા પોતાનો તમામ પુરુષાર્થ ફોરવે છે અને છેલ્લે એ શક્તિ પોતાના પ્રાણને પણ હોડમાં મૂકી જનતાના એ રુંધનને દૂર કરવા પુરુષાર્થ કરતી રહે છે. જનતાનું સંકલ્પબળ જ એ શક્તિને સંસારમાં આણે છે.

આપણા ભારતીય ઇતિહાસમાં રામ, કૃષ્ણ, વર્ધમાન મહાવીર અને સિદ્ધાર્થ બુદ્ધ એ બધી વિશિષ્ટ શક્તિઓ તે તે સમયની પિસાયેલી, ભીંસાયેલી, દબાયેલી એ દુ:ખત્રસ્ત જનતાના સંકલ્પબળના ઉદાહરણરૂપે જન્મેલી છે એમ જરૂર ગણાવી શકાય.

સત અને અસત, બ્રહ્મ અને માયા, દેવ અને દાનવ, સંત અને સેતાન કાંઈ આજકાલનાં નથી. સંસારમાં એ બધાં અનાદિથી જ પોતાનું પરિબળ બતાવતાં આવે છે. કોઈકવાર દેવ ફાવે અને કોઈકવાર દાનવ ફાવે, કોઈક વાર સંત ફાવે તો કોઈક વાર

સેતાન ફાવે.

દેહધારી માનવ જ્યારે કેવળ દેહનો ગુલામ બને છે, સ્વચ્છંદી વાસનાઓ જ તેનો કબજો લે છે અને મોટા પ્રમાણમાં આવી પરિસ્થિતિ ઊભી થાય છે, ત્યારે દાનવ ફાવ્યો ગણાય. દાનવનું જ્યારે પરિબળ હોય છે ત્યારે અસત, અન્યાય, જૂઠ, સ્વચ્છંદ, અજ્ઞાન વગેરે વૃત્તિઓ જોરમાં હોય છે; એટલું જ નહીં પણ સેતાનના રાજ્યમાં ફસાયેલી જનતા અન્યાયને ન્યાય સમજે છે, જૂઠને સાચ માને છે, હિંસાને અહિંસા ધારે છે, સ્વાર્થ માટે માણસને પણ પશુ માનવા લાગે છે, મદ્યને અમૃતનું સ્થાન આપે છે અને આમ કરીને એ ભારે ભીંસમાં આવે છે. જ્યારે પ્રાણ કંઠ સુધી આવી જાય અને પોતે સેતાનના જતરડામાં ફસાયેલ છે એવું ભાન આવતાં તે તેમાંથી છૂટવા ભારે તરફડિયાં મારે છે અને કોઈ સંતને સાદ દેવા માંડે છે, બરાબર એ વખતે તેના પ્રબળ સંકલ્પને બળે સંત પણ હાજર થઈ તે સેતાનના રાજ્યને સાફ કરવા માંડે છે અને વળી પાછાં ન્યાય, નીતિ, સાચ વગેરે પ્રજામાં આવવા માંડે છે.

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રો પોતાનાં સ્વચ્છંદ, અજ્ઞાન, સ્વાર્થ અને વિલાસવૈભવોને લીધે પોતે હેરાન હેરાન થઈ ગયેલા અને આમ આમજનતા પણ ત્રાસ પામી ગયેલી. બરાબર આવે વખતે લોકદીપક બુદ્ધનો જન્મ થાય છે. વિક્રમ પૂર્વે ૫૦૫ વર્ષે એટલે આજથી ૨૫૧૩ વર્ષ પહેલાં રાજા શુદ્ધોદનના ઘરે મહામાયાદેવીની કુક્ષિમાંથી શ્રી બુદ્ધે પોતાને પ્રગટ કર્યા એમ મહાપંડિત ત્રિપિટકાચાર્ય શ્રી રાહુલ સાંકૃત્યાયનજી પોતાની ‘બુદ્ધચર્યા’માં જણાવે છે.

નેપાળની તરાઈથી એટલે તિલૌરાકોટ, તૌલિહવાથી ૨૦ માઈલ ઉત્તરમાં કપિલવસ્તુ નામનું એક નગર છે. ત્યાં જ્યારે
શુદ્ધોદનની મહારાણી મહામાયાદેવીને
કમળને લેતો ધોળો હાથી પોતાની
પ્રવેશ કરે છે એવું સપનું આવ્યું,
આષાઢ પૂર્ણિમાનો ઉત્સવ ચાલતો
ઉત્સવ પૂર્ણિમા પહેલાં સાત દિવ
થયેલો. માતા મહામાયાદેવી બીજી
યાણીઓની જેમ શરાબી ન હતી. તે મા
સુશોભિત બનીને એ પૂનમના ઉત્સવમાં
લઈ રહી હતી. એ વખતે બરાબર ઉત્ત
નક્ષત્રમાં શ્રીબુદ્ધ માતાની કુક્ષિમાં આવ્યા
ત્યાર પછી બરાબર દસ મહિના પછી
જન્મ થયો અને તેઓ જન્મ્યા પછી
સાત દિવસે તેમની માતા મહામાયાનું
સાન થયું. આષાઢી પૂનમની પછી દસ
બાદ વૈશાખ મહિનો આવે છે અને
પણ વૈશાખી પૂનમ આવે છે એટલે વૈ
પૂનમનો દિવસ બુદ્ધગુરુનો જન્મ
ગણાય. તેમની માતા આ લોકમાંથી
વ્યા બાદ તેમની માસી મહાપ્રજાપતિ
મીએ તેમનું લાલનપાલન કર્યું અને
પુત્રવત્ ઉછેર્યા. આ મહાત્માના નામ
પણ અનેક ચમત્કારો અને અતિશયો
લાગેલી છે. એ બધાંનું કાંઈ તાત્પર્ય
તો તે આટલું જ કે બુદ્ધ મહા
અને ભારે પુણ્યશાળી હતા. જોશીઓએ
ભવિષ્ય ભાખેલું કે એ રાજકુમાર
થશે. એ સાંભળીને તેમના પિતા શુ
શાકયે તેમને ભોગવિલાસમાં તરબોળ
બધી સામગ્રી એકઠી કરી હતી
સામગ્રીઓની વચ્ચે જ તેમને રહેવાનું

તેમનો જન્મ કપિલવસ્તુમાં નહીં
પણ જ્યારે બુદ્ધ માતાની કુક્ષિમાં
ને દસ મહિના પૂરા થયા, ત્યારે
માતાને તેમને પિયર જવાનું મન
તેમનું પિયર દેવદહ નગરમાં હતું.

કપિલવસ્તુથી દેવદહ નગર સુધીનો માર્ગ સુધરાવી અને ધજાપતાકાથી સુશોભિત કરાવી રાખ્યો. પછી પાલખીમાં બેસી પોતાના મોટા પરિવાર સાથે મહારાણી મહામાયાદેવી પોતાને પિયર જવા નીકળ્યાં તે વખતે કપિલવસ્તુ અને દેવદહ નગરની વચ્ચે લુંબિની નામનું એક મંગલમય શાલવન આવતું. વર્તમાનમાં આ લુંબિનીનું નામ 'રુમ્મિન્ દેઈ' છે અને તે નૌતનવા સ્ટેશનથી (બી. એન. ડબ્લ્યુ રેલવે) પ્રાયઃ આઠ માઈલ પશ્ચિમે નેપાળની તરાઈમાં આવેલ છે. જે સ્થળે શાકયોની અને દેવદહના કોલિયોના રાજ્યની સરહદ અડતી હતી, બરાબર તે જ સ્થળે બન્ને રાજ્યોએ પોતપોતાના વિહાર–આનંદ માટે એ મંગલમય શાલઉદ્યાન તૈયાર કરાવ્યું હતું. જ્યારે તે ઉદ્યાનમાં મહામાયા પહોંચ્યાં કે તેમને તે ઉદ્યાનમાં વિસામો ખાવાની તીવ્ર ઇચ્છા થઈ આવી. રાણીની ઇચ્છા પ્રમાણે તેની પાલખીને ત્યાં થોભાવવામાં આવી. રાણી પાલખીમાંથી ઊતર્યાં અને ઉદ્યાનમાં આમતેમ ફરવા લાગ્યાં. એ લુંબિની ઉદ્યાનમાં વિશેષ સુંદર અને ફૂલોના પુંજથી લચી ગયેલું એક શાલવૃક્ષ હતું. તેની નીચે રાણી જઈને તે વૃક્ષની ડાળ પકડીને ઊભા રહ્યાં કે તરત તેમને વીણ આવવા લાગી. તેમની દાસીઓએ રાણીની આસપાસ પડદા બાંધી દીધા અને ત્યાં જ એ વૃક્ષ નીચે કુલદીપક તથા લોકદીપક શક્તિનો જન્મ થયો.

રિવાજ પ્રમાણે રાજા શુદ્ધોદને જન્મના પ્રસંગને પોતાના વૈભવને છાજે એ રીતે ઊજવ્યો અને નામકરણ સંસ્કાર વખતે તે બાળકનું નામ સિદ્ધાર્થ પાડ્યું. લગભગ આઠ વર્ષની વયે કુમાર સિદ્ધાર્થને પાટી અને વતરણું લઈને કલાચાર્યની પાસે લેખન–ગણિત વગેરે વિદ્યાઓ શીખવા સારુ મોકલવામાં આવ્યા. લલિતવિસ્તર મહાપુરાણમાં લખ્યા પ્રમાણે જે લેખશાળામાં સિદ્ધાર્થ ભણતા હતા, ત્યાં વિવિધ લિપિઓ અને વિવિધ કલાઓ સંગીત, નૃત્ય, વાદ્યવાદન વગેરે શીખવવામાં આવતી. ભણીગણીને કુમાર હવે યૌવનમાં પહોંચ્યા કે તેમને રાજકુટુંબની કન્યા યશોધરા સાથે પરણાવવામાં આવ્યા. સિદ્ધાર્થ અને યશોધરા બન્ને પરસ્પર અતુલ સ્નેહથી સંધાયેલાં હતાં. તેમને એ સ્નેહના ફળરૂપે એક 'રાહુલ' નામે પુત્ર પણ થયો.

સિદ્ધાર્થ ભારે સંસ્કારી હતા, તેથી આટલી નાની વયમાં પણ તેઓ પોતાની આસપાસની પરિસ્થિતિ બરાબર સમજી ગયા. એમણે જોયું કે ધર્મને નામે લગભગ અધર્મ જ પ્રવર્તી રહ્યો છે. જેમના હાથમાં પ્રજાનું સુકાન છે તે બ્રાહ્મણો અને ક્ષત્રિયો પોતપોતાના કર્તવ્યથી ચ્યુત થયા છે. શૂદ્રોની પીડાનો તો પાર જ નથી. વર્ણધર્મને નામે શૂદ્રો ઉપર અસહ્ય અત્યાચારો વર્તી રહ્યા છે. યજ્ઞને બાને હિંસા અને બીજી લૂંટો ચાલી રહી છે. માંસાહાર અને મદ્યપાન માટે 'प्रवृत्तिरेषा भूतानाम्' અર્થાત્ એ તો સાધારણ સ્થિતિ થઈ ગઈ છે. રાજાઓ અને બ્રાહ્મણો પ્રજાની ખાંધ ઉપર ચડીને આરામ કરી રહ્યા છે. શૂદ્રો તો લગભગ ખરીદેલા ગુલામ હોય તેમ રિબાઈ રહ્યા છે. સ્ત્રીઓ બિચારી મૂક પીડા અનુભવી રહી છે. આ રીતે મનુષ્યોનું અને યજ્ઞમાં હોમાતાં પશુઓનું ભારે દુઃખ સિદ્ધાર્થના ધ્યાન ઉપર આવ્યું. હવે તો તેની ઊંઘ જ ઊડી ગઈ. તેને એવા વિચારો આવવા લાગ્યા કે આ દુઃખનું મૂળ શું ? આ દુઃખ દૂર શે થાય ? પોતે જે રીતે આરામમાં રહે છે એ જ રીતે રહે તો એ દુઃખમાં વધારો થાય પણ ઘટાડો થવાનો નથી, કારણકે પોતે પણ પ્રજાની ખાંધ ઉપર જ ચડીને આરામ ભોગવી રહેલ છે, એવું

તેને સ્પષ્ટ ભાન થઈ ગયું હતું. આ વિચારોની પરંપરાનો તેના મનમાં પ્રબળ વેગ થયો અને એક મધરાત્રે તેણે પોતાના તમામ આરામને, પતિવત્સલ યુવતી સ્ત્રીને અને અત્યંત આકર્ષક બાળપુત્રને ત્યજી દેવાનો દૃઢ સંકલ્પ કર્યો અને આષાઢી પૂર્ણિમાને દિવસે જ તેણે પોતાના માનીતા છન્ન સારથિને સાથે લઈને મહાભિનિષ્ક્રમણ કર્યું. સંસારના તમામ ભોગોને લાત મારી, પોતાનાં અત્યંતપ્રિય પિતા, પત્ની અને પુત્રને તજી દઈને કોમળશરીરી કુમાર સિદ્ધાર્થે પોતે જોયેલ દુઃખનું મૂળ શોધવા એક વૈજ્ઞાનિકની પેઠે દેહદમનનું ઉગ્ર તપ શરૂ કર્યું. તેમના સમયમાં સાધકો સુખની શોધ માટે દેહદમન કરતા હતા, તે જ પરંપરાને અનુસરીને કુમાર સિદ્ધાર્થ પણ ભિક્ષુ બની એકાંતમાં અરણ્યમાં, પર્વત ઉપર કે નદીકાંઠે ભારે તપ તપવા લાગ્યો અને અંતર્મુખ થઈ પોતાના ધ્યેયની સિદ્ધિ માટે સતત પ્રયત્ન કરવા માંડ્યો. પોતાના નગર કપિલવસ્તુથી તે પ્રથમ ભિક્ષુને વેષે રાજગૃહ (વર્તમાન રાજગિર) પહોંચ્યો. રાજગૃહ પહોંચતાં-પહોંચતાં સાદું ખાનપાન એટલે વનફળ, કંદમૂળ વગેરેનું ભોજન અને ઝરણાં કે નદીનું ચોખ્ખું પાણી તેના ઉપર તે પોતાનો નિભાવ કરવા લાગ્યો. રાજગૃહ પહોંચી તે પ્રાચીન પરંપરા પ્રમાણે હાથમાં ભિક્ષાપાત્ર લઈને રાજગૃહના રસ્તાઓ ઉપર ફરવા લાગ્યો અને યથાપ્રાપ્ત ભિક્ષા વડે પોતાનો નિર્વાહ કરવા લાગ્યો. ભિક્ષુ સિદ્ધાર્થ ચમાર-ઢેડથી માંડીને ઠેઠ બ્રાહ્મણ સુધીની અઢારે વરણનાં ઘરોમાં ભિક્ષા માટે ફરતો. જેમ ભમરો ફૂલને ઓછામાં ઓછી પીડા ઉપજે તે રીતે તેમાંથી રસ ચૂસે છે, તેમ ભિક્ષુ સિદ્ધાર્થ પણ દાતાઓને પોતાનો બોજો ઓછામાં ઓછો લાગે તે રીતે તેમને ઘરથી કટકા–બટકાની, એટલે ખાધા પછી વધેલ
અન્નની ભિક્ષા લેવા લાગ્યો. જ્યારે એ
ભિક્ષાને લઈને રાજગૃહના પાંડવપર્વત
વળ્યો, ત્યારે તેનું પાત્ર વિવિધ અન્નથી
યેલું હતું. તે જોઈને તેને ઊબકા આ
લાગ્યા અને કેમ જાણે મોંવાટે આંત
બહાર નીકળી જતાં હોય એમ જ
લાગ્યું. આ વખતે તેને જે વિચારો આ
તે આ પ્રમાણે હતાઃ 'સિદ્ધાર્થ! તને
શું થયું? તને કોઈએ પરાણે તો
મુંડ્યો નથી; રાજવૈભવોનો તેં હસતે
ત્યાગ કરેલો છે, છતાં સૂગના આ
સંસ્કારો હજુ સુધી તારા હૈયામાં
રહ્યા છે? તેં જ્યારે જ્યારે માણસ મા
વચ્ચેનો ભેદભાવ જોયો હતો, ત્યારે તું
ઊઠ્યો અને તે દૂર કરવા સારુ તો તું
ભિક્ષુ થયો અને હવે અત્યારે આ
જાતોએ આપેલું અન્ન ખાવાનો પ્રસંગ આ
તારા મનમાં તે લોકો તરફ પ્રેમ ન પ્ર
તને સૂગ આવવા લાગી છે? સિદ્ધા
આવી ઘેલછા છોડ્યા વિના તું તારી
કરી શકવાનો નથી, એટલે તારે જો
સિદ્ધિ કરવી હોય તો રાજાના ઘરના
ચોખા અને આ હલકી જાતના
આપેલી ઘેંશ એ વચ્ચે ભેદભાવ ન
જોઈએ. આ ભેદભાવ ટળશે તો જ
ધ્યેયસિદ્ધિ સાંપડવાની છે અને જે
તું ભિક્ષુ થયેલો છે તે પણ સફળ થવાનો
આવા સંકલ્પ-વિકલ્પો થતાં સિદ્
પોતાના મનને વિશેષ દૃઢ કર્યું અને
વિવિધ પ્રકારનું પરસ્પર ભળી ગયેલું
તે હોંશેહોંશે જમી ગયો.

જ્યારે ભિક્ષુ સિદ્ધાર્થ રાજગૃહના ર
ઓ ઉપર ફરતો હતો, ત્યારે રાજગૃહના
બિંબિસારે× (શ્રેણિકે) તેને જોયો અને તે

× જૈનગ્રંથોમાં રાજા શ્રેણિકનું બીજું નામ

રાજતેજ, પ્રતાપી વ્યક્તિત્વ, ખીલતું યૌવન, લાવણ્ય વગેરે જોઈને ભારે વિસ્મય પામ્યો. તેને લાગ્યું કે આ કોઈ રાજપુત્ર જ હોવો જોઈએ અને વખાનો માર્યો મૂંડ થયો હોવો જોઈએ. તેની પ્રવૃત્તિ વિશે સમાચાર મેળવવા તેણે પોતાના દૂતોને તેની પાછળ-પાછળ મોકલ્યા અને દૂતોએ આવીને રાજાને સમાચાર આપ્યા કે એ ભિક્ષુ પાંડવપર્વતની તળેટીમાં આવેલી એક ટેકરીની છાયામાં બેઠેલો છે. આ સમાચાર સાંભળી રાજા પોતે જ પગે ચાલતો-ચાલતો તે સિંહ સમી મુદ્રાવાળા સિદ્ધાર્થ ભિક્ષુ પાસે ગયો.

ભિક્ષુએ હજુ હમણાં જ ભોજન પતાવી લીધું હતું, ભિક્ષાપાત્રને ધોઈને તડકામાં તે પલાંઠી વાળીને પોતાના આસન ઉપર શાંતભાવે બેઠો હતો. રાજા તેની પાસે જ એક બાજુએ આવીને બેઠો. એ વખતે રાજા અને સિદ્ધાર્થ ભિક્ષુ વચ્ચે જે સંવાદ* થયો તે આ પ્રમાણે હતો:

રાજા: તારા દેહનું લાવણ્ય જોતાં તું જરૂર કોઈ ઉચ્ચ કુળનો હોવો જોઈએ અને આવી તરુણ અવસ્થામાં તારે તારી રાજશ્રીનો ત્યાગ કરવાનું કારણ મને કહીશ તો તેનો કાંઈ તોડ નીકળી શકશે. તું અહીં શા માટે આવેલો છે? તને જોઈને મને એમ આપોઆપ થયું છે કે આ માણસશિરોમણિને મારી પાસે રાખવો અને તેને રાજ્યની મોટી પાયરીએ ચડાવવો. મને એમ નક્કી લાગે છે કે તું મારી સેનામાં ઘણું ઉત્તમ કામ બજાવી શકીશ.

ભિક્ષુ સિદ્ધાર્થ: મહારાજ! હિમાલયની તળેટીમાં શાક્યોનું સમૃદ્ધ રાજ્ય છે, તેની કીર્તિ તો આપે સાંભળી જ હશે. હું ત્યાંના રાજા શુદ્ધોદનનો પુત્ર છું. કોઈ પ્રકારની સંપત્તિની આશાએ મેં આ ભિક્ષુપદ નથી લીધું, પણ મેં આપણા દેશમાં ધર્મને નામે અધર્મ થતો જોયો છે; યજ્ઞોમાં મૂંગાં પશુઓનો હોમ કરીને સ્વર્ગ મેળવવાનો વહેમ આપણી પ્રજામાં ફેલાયલો જોયો છે; યજ્ઞને નિમિત્તે હિંસા ઉપરાંત ચૌર્ય અને મદ્યપાનને પણ સમર્થન આપનારા હોતાઓને મેં નજરે જોયા છે. બ્રાહ્મણો પોતાનો ધર્મ ચૂકી મહાપરિગ્રહી બની બેઠા છે. ક્ષત્રિયો પોતાનો રાજધર્મ ચૂકી વિલાસી, અભિમાની અને કજિયાખોર થઈ ગયા છે. વર્ણાશ્રમ ધર્મને નામે શૂદ્રો તો પશુ કરતાં પણ હલકા ગણાવા લાગ્યા છે. સ્ત્રીઓને ધર્મશાસ્ત્ર-વેદ શીખવાનો અધિકાર જ નહિ. લોકભાષાને પણ આ પુરોહિતો અવગણવા લાગ્યા છે તથા ઈશ્વર, આત્મા વગેરે તત્ત્વો જ સંયમનાં પોષક, માણસ માણસ વચ્ચે પ્રેમ વધારનારાં અને પ્રાણીમાત્ર પ્રત્યે મૈત્રીને જોડનારાં હતાં તેને બદલે આ વિવાદી લોકોએ તે વિશે મોટા ઝઘડા ઊભા કર્યા છે અને એના વાદો માંડ્યા છે તથા બીજા પણ અનેક વાદો પંડિતોએ ઊભા કરીને ધર્મનું સાદું રૂપ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ બધું તદ્દન ગૌણ કરીને પ્રજાને ભારે મૂંઝવણમાં નાખી છે. હું જોઉં છું કે રાજાઓ, પુરોહિતો, વૈશ્યો બધા જ ગરીબ બિચારી પ્રજાને ખાંધે ચડીને તેને ચૂસી રહ્યા છે. તેમ જ કહો ને, રાજન્! કે તમે કયો પરસેવો પાડીને આ રાજ્યપદ મેળવ્યું છે? તમારો લખલૂંટ ખર્ચ ગરીબ બિચારા મજૂરો, ખેડૂતો સિવાય તમે ક્યાંથી મેળવો છો? અને એ ખર્ચ બદલ તમે તેમની કેટલીક સંભાળ લ્યો છો? મહારાજ! વધારે શું કહું? મેં તો આ જગતમાં ચારેકોર દુઃખ, દુઃખ ને દુઃખ જ દીઠું છે. મારે એ દુઃખનું નિમિત્ત ન બનવું અને એ દુઃખના ઉપશમનો ઉપાય શોધવો એ જ એક ઉદ્દેશથી મેં મારું રાજપદ તજી આ ભિક્ષુપદ લીધેલ છે.

રાજા તો આ બધું સાંભળીને સડક થઈ

ધાર મળે છે. બૌદ્ધગ્રંથોમાં મળતું બિંબિસાર અને આ ભંભાસાર એ બંને નામો તદ્દન મળતાં છે. ભંભા એ વિજયસૂચક વાજાનું નામ છે. રાજા શ્રેણિક ભંભાને વિશેષ સારરૂપ માનતા તેથી તેમનું ભંભાસાર નામ પડ્યું છે, એવી કથા જૈનગ્રંથમાં મળે છે.

* ઉત્તરાધ્યયનસૂત્રમાં અનાથી મુનિને લગતું સંયતીય નામે એક અધ્યયન અઢારમું છે. તેમાં એક રાજા અને મુનિ વચ્ચેના સંવાદની નોંધ છે. મેં કેટલાક વૃદ્ધ મુનિઓ પાસેથી એમ સાંભળ્યું છે કે તે સંવાદ શ્રીબુદ્ધ અને રાજા શ્રેણિક વચ્ચેનો છે.

ગયો અને ભિક્ષુ સિદ્ધાર્થના નિશ્ચય જોઈ તેને કહેવા લાગ્યો, કે હે રાજકુમાર ! હવે મારે તને કશું જ કહેવું નથી, પણ તું જો તે જણાવેલા દુઃખનો ઉપશમ થાય એવો રસ્તો શોધી શકે, તો એ તું મને જરૂર બતાવજે; તો એ માર્ગને હું કાંઈક સહાયક થઈ શકું એવું જરૂર કરવા મારી વૃત્તિ છે.

આ પછી શ્રીસિદ્ધાર્થભિક્ષુ તે વખતના જે પ્રસિદ્ધ યોગમાર્ગના સાધકો આલારકાલામ ને ઉદ્દકરામપુત્રઋષિ હતા તેમના આશ્રમમાં ગયો અને ત્યાં જઈને તેમણે બતાવેલી તમામ સાધના તેણે કરી જોઈ, પણ તેના મનનું પૂરું સમાધાન ન થયું. તે આશ્રમોમાં તેણે જોયું કે આ સાધકો સમાજનાં દુઃખો તરફ બેદરકાર છે એટલું જ નહિ પણ સંસારમાં જે અન્યાય ચાલી રહ્યો છે અને ધર્મને નામે હિંસા, જૂઠ, ચોરી, પરિગ્રહ વગેરે જે અનેક અપવિત્ર પ્રવૃત્તિઓ જોસભેર બહેકી રહી છે, તે તરફ પણ આંખમિંચામણાં કરી રહ્યા છે. કેવળ થોડા વખતની સમાધિથી પોતાના મનને નિષ્ક્રિય કરવામાં જ આ સાધકો પોતાની યોગસિદ્ધિ સમજે છે. પરંતુ શ્રીસિદ્ધાર્થને લાગ્યું કે જ્યાં સુધી મન સહજ રીતે સમ ન થાય અને તે અન્યાયનો પ્રતીકાર કરવાનું જબરજસ્ત આંદોલન જગાડી જગતમાં ધર્મને નામે ચાલતો અધર્મ નાબૂદ ન કરી શકે અને આવી પ્રવૃત્તિમાં પડવા છતાં પણ પોતાની સમતુલા ન ગુમાવી શકે, ત્યારે જ ઠીક સાધના કરી એમ કહી શકાય. આ માટે તેને તે વખતના કોઈ આશ્રમોમાં જવાથી સંતોષ ન થયો, તેથી છેવટે તેણે પોતે જાતે જ પોતે ધારેલી સાધનાને સાધવાનું નક્કી કર્યું. ફરતોફરતો તે ગંગાની પાસેના ઉરુવેલા (વર્તમાન બોધગયા, જિલ્લો ગયા) નામના સ્થાનમાં આવ્યો. આ સ્થાન પ્રાકૃતિક રીતે અત્યંત મનોહર હતું અને આ ભાગમાં થઈને નિરંજના (વર્તમાન નિલાજન, ગયા) નદી વહેતી હતી. શ્રીસિદ્ધાર્થ ભિક્ષુ આ સ્થાનમાં રહીને જ પોતાની સાધ આગળ વધારવા માંડી. તેણે નિશ્ચય કર્યો ‘ભલે મારી ચામડી ઉતરડાઈ જાય, ટૂટી જાય, હાડકેહાડકું ભાંગી જાય માત્ર હાડકાંનો માળો જ બની જાઉં, શરીર, માંસ, લોહી ભલે સુકાઈ જાય, પણ જે સાધ્ય માટે હું ભિક્ષુ થયો છું, સિદ્ધિ વિના અહીંથી ખસીશ નહિ.’ સંકલ્પ કરીને સિદ્ધાર્થ ભિક્ષુએ લાગલાગ છ વરસ સુધી ઘોરમાં ઘોર તપ આદર્યું તે તપની વાત સાંભળતાં જ આપણાં રુંવાં બેઠાં થઈ જાય એવું એ ભયંકર તપ આ વિશે મજ્ઝિમનિકાય નામના ગ્રંથના સિંહનાદસુત્તમાં ભારે અદ્ભુત વૃત્તાંત તેવું અઘોર તપ તપતાં હાથપગ સૂકી જેવા થઈ ગયા, બરડાની કરોડ એક સાંકળ ની જેમ પ્રત્યક્ષ દેખાવા લાગી. ભાંગેલા ઘરની વળીઓની પેઠે એની તમામ પાંસળીઓ હચમચી ગઈ. આંખો એકદમ ઊંડી ઊતરી ગઈ અને કરમાયેલા કોળાની તેની શરીરકાંતિ તદ્દન કરમાઈ ગઈ. અને પીઠ બન્ને એકબીજાને જાણે વળગી પડ્યાં હોય તેમ તદ્દન ચોંટી ગયાં. ભરેલી સગડીને ચલાવતાં જેમ ખડખડ અવાજ થાય, તેમ તે જ્યારે હલનચલન કરતા, ત્યારે તેનાં હાડકાં ખડખડ લાગ્યાં. આ તો તે તપનું સાધારણ વર્ણન છે, પણ તેનો ખોરાક, તેનાં વિવિધ આસન તેનાં વસ્ત્રો વગેરે એવાં કઠોર હતાં, સાંભળતાં જ દિગ્મૂઢ થઈ જવાય. એમ વખતમાં આવી દેહદંડનની પરંપરા પહેલે ચાલી આવતી હતી અને સાધકો બધા રસ્તે જ ચાલતા હતા. એથી સિદ્ધાર્થ ભિક્ષુ

પણ આ કઠોરતમ દેહદંડનનો માર્ગ અજમાવી જોયો અને તે પણ બેચાર મહિના નહીં, પણ પૂરા બોત્તેર મહિના. આવું આકરું તપ કર્યાં પછી પણ તેમની સાધ્યની સિદ્ધિનો પત્તો લાગ્યો નહીં એટલે સિદ્ધાર્થ પોતાના મનમાં વિચારવા લાગ્યો કે શું આ મારા માર્ગમાં કોઈ ભૂલ હશે કે જેથી મારું સાધ્ય હજુ સુધી મને જડતું નથી. કદાચ સપાટ રણમાં કોઈ વટેમાર્ગુ ભૂલો પડે તેમ હું આ માર્ગમાં ભૂલો તો નહીં પડ્યો હોઉં? આમ વિચારતાં-વિચારતાં તેમને કઠોર દેહદંડનો માર્ગ કાંઈક અવળો લાગ્યો, તેથી તેઓ ધીરેધીરે આહાર ઉપર આવવા લાગ્યા અને આમ સાદા આહારથી ધ્યાનમાં મગ્ન થતાં તેઓ પરમશાંતિ-વીતરાગતાનું સુખ અનુભવવા લાગ્યા. પણ હજી સાધ્યની સિદ્ધિ દૂર હતી. આ વખતે ધ્યાનમાં જ્યારે તેઓ સ્થિર થતા, ત્યારે કેટલીક વાર તેના ચિત્તમાં પેલી જૂની વાસનાઓ ઊઠી આવતી: રાગની, મોહની, પ્રેમસુખની તૃષ્ણાની, ઈર્ષ્યાની આમ તરેહતરેહનાં રૂપ લઈ ચિત્તની અંદર જડ ઘાલીને બેઠેલી એ વાસનાઓની ભૂતાવળ શ્રીસિદ્ધાર્થને સતામણી કરવામાં પાછું વાળીને ન જોતી. પણ સિદ્ધાર્થ પોતાના સંકલ્પથી ડગ્યા જ નહીં અને તે બધી વાસનાઓને તેમણે પવિત્રતાના રૂપમાં ફેરવી જનકલ્યાણના સંકલ્પરૂપે, સમૂહસુખની વૃત્તિરૂપે શુદ્ધ કરી નાખી; અને ચિત્તમાં અચાનક જેમ ઝબકારો થાય તેમ તેમને પોતાનું સાધ્ય સાંપડી ગયું અને સંસારના દુઃખનું મૂળ તેમના ધ્યાનમાં આવી ગયું. ચિત્તમાં જે ન ફળી શકાય તેવી તૃષ્ણા રહે છે અને તે જ તૃષ્ણા જ્યારે સ્થૂળ આકાર ધારણ કરે છે, ત્યારે તમામ પ્રકારનાં દુઃખો ઊભાં થાય છે. વળી તે જ તૃષ્ણાને લીધે કેટલાંક કાર્યો દુઃખપરિણામવાળાં છતાં ય સુખરૂપે ભાસે છે. તેમને લાગ્યું કે સંસારમાં એ તૃષ્ણાને જ બળે માત્સ્યન્યાય ચાલી રહ્યો છે; અને માણસોનું મન પણ ઘણું જ સંકુચિત બની ગયું છે, જેને લીધે કેટલાક કલ્પિત ભેદો ઊભા કરી માણસ-માણસ વચ્ચે જુદાઈ પાડવાની વૃત્તિએ ધર્મનું રૂપ લીધું છે. કલ્પિત સ્વર્ગની તૃષ્ણામાંથી જ આ ઘોર હિંસા ચાલી રહી છે. તૃષ્ણાને લીધે જ ખૂનખાર યુદ્ધોને પણ ક્ષત્રિયો પોતાનો પરમધર્મ સમજે છે અને યુદ્ધ તરફ આકર્ષવા માટે 'हतो वा प्राप्स्यसि स्वर्गम्' અર્થાત્ 'યુદ્ધમાં હણાયેલો વીર સ્વર્ગને પામશે' એમ કહી યુદ્ધ તરફ મૂઢ લોકોને ખેંચે છે. ગ્રહણ, દિશાપૂજન, સૂર્યપૂજા વગેરે પણ જડ કર્મકાંડો તૃષ્ણામાંથી જ ઊભાં થયેલાં છે અને તૃષ્ણાને લીધે જ પુરોહિત લોકો શાસ્ત્રીય વાતો વિશે તર્ક કરવાની ના પાડે છે અને કહે છે કે વેદો તો સ્વતઃપ્રમાણ છે, એની સચ્ચાઈ વિશે કોઈ તર્કની જરૂર નથી. ભલે વેદોનાં વાક્યોનો અર્થ ન સમજાય છતાં ય તેમની સચ્ચાઈ વિશે જે કોઈ તર્ક કરશે તે નાસ્તિક કહેવાશે. શ્રાદ્ધ કરવાથી મરી ગયેલાં સ્વજનો તૃપ્ત થાય છે, નદીસ્નાનથી પવિત્રતા મળે છે વગેરે અનેક પારમાર્થિક અને વ્યાવહારિક વિવિધ કર્મકાંડો એક તૃષ્ણામાંથી જ ઊભાં થયેલાં છે અને આમ-જનતા તેમાં ભીંસાઈ રહી છે અને તેની અજ્ઞાનતાનો લાભ તૃષ્ણાતુર પુરોહિતો, રાજાઓ અને વૈશ્યો મેળવી જાય છે. જન્માંતરમાં આમ મળશે, તેમ મળશે એમ કરીકરીને પુરોહિતો લોકો પાસેથી દાનો પડાવે છે અને રાજાને દેવાંશ કહીને તેના અનાચાર તથા જુલમોનો બચાવ કરે છે. આ અને આવું બીજું બધું સંશોધન સિદ્ધાર્થ ભિક્ષુના મનમાં આપોઆપ સ્ફુરી આવ્યું. તૃષ્ણાને તેમણે જડમૂળથી ઉખાડીને ફેંકી દીધી, તેને બદલે તેને વિશ્વપ્રેમ, વિશ્વૈકતા, સમૂહનાં દુઃખોમાં

સહાનુભૂતિ વગેરે રૂપમાં ફેરવી નાખી અને હવે તે ભિક્ષુ બુદ્ધ થયા અને તેમને આ જાતનું પાકું જ્ઞાન એટલે બોધિ વૈશાખ સુદ પૂનમને દિવસે પીપળાના વૃક્ષની નીચે બેઠાંબેઠાં ધ્યાન કરતાં થઈ ગયું.

હવે તો આપણા વર્તમાન લોકો એ પીપળાની પણ પૂજા કરે છે, એટલું જ નહીં પણ પૂજા માટે પીપળાની શાખાઓ ઠેઠ લંકા–અનુરાધાપુર સુધી પહોંચાડી દેવામાં આવી છે.

આજનો આ દિવસ શ્રી બુદ્ધગુરુને બોધિજ્ઞાન થયાનો છે, માટે જ આપણે માટે એ મંગળ દિવસ છે. એમણે પોતામાં જે પ્રકાશ અનુભવ્યો તે પ્રકાશ આ દેશમાં ખૂણેખૂણે પહોંચાડવા ભારે પ્રયત્ન કર્યો, માટે જ તે લોકદીપક કહેવાયા છે. મરતાંમરતાં પણ તેઓ એ પ્રકાશની એક જ વાત કરવાનું ચૂકયા નથી.

ઉપર જે બધું વૃત્તાંત લખેલું છે, તે માટે શ્રી રાહુલજીએ લખેલ બુદ્ધચર્યા, કોસંબીજીએ લખેલ બુદ્ધલીલાસારસંગ્રહ વગેરેનો આધાર છતાં બધું સ્વતંત્ર રીતે લખેલું છે. ઉપર જે શ્રી બુદ્ધના મનના સંકલ્પોનું ચિત્રણ કરેલ છે, તે માટે ત્રિપિટક, મજ્ઝિમનિકાય, દીઘનિકાય વગેરે ગ્રંથોમાં આવતી બ્રાહ્મણોની ચર્ચા, વેદના પ્રામાણ્યની ચર્ચા, જન્મજાતિવાદની ચર્ચા, ક્ષત્રિયોની ચર્ચા વગેરેનો આધાર છે. આવું કડીબંધ લખાણ કોઈ મૂળ પુસ્તકમાં નથી, છતાં આમાં લખાયેલા વિચારો પિટકગ્રંથોમાં ઠેરઠેર મળે છે.

બીજા બીજા વાદીઓ જ્યારે સમાજનાં દુ:ખસુખની પરવા કર્યા વિના અત્યારના મુનિ–સંન્યાસીઓની પેઠે યોગસાધનાનું બાનું બતાવી, પરલોકકલ્યાણને નિમિત્ત કરી જાણ્યે-અજાણ્યે સ્વોદરપરાયણ જેવા દીસતા હતા. તે વખતે લોકદીપક બુદ્ધે સમાજનાં દુ:ખને જ મૂળભૂત તત્ત્વ તરીકે સ્થાપ્યું અને તેને જ તેઓ પોતાની મુખ્ય શોધ તરીકે
વવા લાગ્યા.

દુ:ખ તો પ્રત્યક્ષ જ છે; એ માટે
શાસ્ત્રના પ્રમાણની જરૂર નથી કે
સર્વજ્ઞના ઉપદેશની જરૂર નથી, તેમ
બ્રહ્મ–સાક્ષાત્કારની જરૂર નથી. પ્રત્યેક
દુ:ખનો સાક્ષાત્કાર છે જ; એટલે
બીજાંબીજાં અત્યંત પરોક્ષ અને
કોઈને પ્રત્યક્ષ અનુભવ નથી એવાં
આત્મા વગેરે તત્ત્વોને અવ્યાકૃત
રાખી એ માટેનો નકામો વાદવિવાદ
નહીં. દેહથી આત્મા જુદો છે અને
ધ્યાસને લીધે આપણને દેહ અને
એક લાગે છે એટલે આત્માનો
કરવો એ જ જીવનનું ધ્યેય છે, એવું
નારા વાદીઓ એ માથાકૂટમાં જ
પણ તેમની એ સાક્ષાત્કારની પ્રવૃત્તિથી
નું તલભાર પણ દુ:ખ ઓછું થતું ન
ઊલટું વધ્યા કરતું હતું; માટે જ તેમણે
વિશે કોઈ વિધિનિષેધ ન કરતાં કેવળ
દાખવી અને સકળ પ્રાણીપ્રત્યક્ષ એવાં
દુ:ખનાં કારણો, દુ:ખ દૂર કરવાનાં
અને દુ:ખનો ઉપશમ એ વિચારો ઉપર
ખૂબ ભાર મૂકયો; અને પોતાનું ધર્મચક્ર
એ તત્ત્વો ઉપર જ ઠેરાવ્યું. બીજા
વાદીઓ એમ કહેતા હતા કે આ
કર્તા, ધર્તા, પાલક અને સંહારક એક
ઈશ્વર છે, તેનું કર્યું જ બધું થાય છે,
એક તણખલું પણ હલાવી શકતા નથી.
તત્ત્વની પાછળ અને પેલા આત્મતત્ત્વ
પાછળ ઉદ્દેશ તો તૃષ્ણાત્યાગનો હતો,
માનરહિત થવાનો હતો અને રાગદ્વેષો
કરીને સર્વત્ર માણસ–માણસ વચ્ચે
પ્રાણીમાત્ર વચ્ચે સમભાવ, એકભાવ
વાનો હતો. પરંતુ પ્રજાની અજ્ઞાનતાને
અને તે તે વાદીઓના સ્વચ્છંદને લીધે

ઉદ્દેશ ભુલાઈ જઈ એ તત્ત્વના પ્રરૂપક વાદીઓ એકબીજા સામસામા ભારે વિવાદમાં ઊતર્યા અને તેવા શાસ્ત્રાર્થના અખાડા જામવા લાગ્યા. આ અખાડામાં તે વખતના ક્ષત્રિયો પણ રસ લેવા લાગ્યા અને આમ તે સમયે પ્રવર્તતો સામાજિક અન્યાય, રાજકીય અન્યાય અને એ બંને અન્યાયોને લીધે પ્રજામાં વધતી જતી હાડમારી તરફ ભાગ્યે જ કોઈનું ધ્યાન જતું. આત્મવાદીઓ કહેતા કે એ તો પ્રજાનાં કર્મનું જ ફળ છે અને ઈશ્વરવાદીઓ કહેતા કે એ તો જેવી ઈશ્વરની ઇચ્છા. આવા નિરૂપણથી અન્યાય કરનારા રાજાઓ બહેકતા એને તે તે તત્ત્વના પ્રરૂપક વાદીઓનો એ રાજાઓને ટેકો હતો. એટલે આમ રાજા અને ધર્મગુરુ બંનેએ મળીને પ્રજાને લગભગ ભીંસી નાખી હતી; એટલું જ નહીં, પણ ઈશ્વરને ખુશ કરવાને હિંસામય બીજાં બીજાં કર્મકાંડો ઊભાં કરવામાં આવ્યાં અને આગલાં કર્મોનો નાશ કરવા માટે વળી જુદો જ દેહદમનનો માર્ગ અને તેને લગતાં જડ કર્મકાંડોનું જાળું ફેલાવવામાં આવ્યું, પણ દુઃખનું પ્રત્યક્ષ મૂળ માણસમાં પોતામાં જ પડ્યું છે અને તેને માણસ ઇચ્છે તો પળવારમાં દૂર કરી શકે છે. દુઃખનાં કારણો માણસ પોતે જ ઊભાં કરે છે અને તેનો નાશ કરવાના ઉપાયો તેની જ પાસે છે. આ બધું અનુભવસિદ્ધ ન સમજાવાને લીધે પ્રજાની આંખે આત્મા અને ઈશ્વર તથા પૂર્વકર્મના પાટા બંધાવવામાં આવ્યા અને બિચારી અજ્ઞાન પ્રજા એ પાટાના ભારથી ગૂંગળાવા લાગી ને રાજાઓ તથા ધર્મગુરુઓ એ પાટા પ્રજાને બંધાવી તેના ઉપર જ મોજ કરવા લાગ્યા. જ્યાં જુઓ ત્યાં શાસ્ત્રાર્થો, વાદવિવાદો અને છછ મહિના સુધી વાદવિવાદના અખાડા ચાલતા જ હોય અને તેમાં રાજા રસપૂર્વક ભાગ લેતા હોય, ત્યારે આમ જનતા તો શૂન્યવત્ બધું જોયા કરતી અને પોતાનાં દુઃખ શે મટે તેના જ વિચારમાં ઉદાસીન બની રહેતી. એવામાં જ બુદ્ધગુરુએ દુઃખતત્ત્વની વાત કરી પ્રજાની આંખ ઉપરના પાટા ખેસવી નાખ્યા અને પ્રજાને દુઃખ દૂર કરવાને પુરુષાર્થ કરવાનું સૂઝે એવું તેને ધર્મચક્ર મળ્યું. બુદ્ધગુરુએ સાફસાફ કહ્યું છે કે કોઈ શાસ્ત્ર સ્વતઃપ્રમાણ નથી; એ તો રચનારના સત્ય-અસત્ય અનુભવ ઉપર જ ઊભું થયેલું છે અને તે દ્વારા જ તેની સત્યતા કે અસત્યતા કળી શકાય છે; તેમ કોઈ વચન ઈશ્વરનું વાક્ય નથી, જે છે તે બધી આપણા જેવા માનવીની વાણી છે, માટે તેને બરાબર ચકાસી, પરીક્ષા કરી પછી જ માનવાની છે; એટલું જ નહીં, પણ બુદ્ધગુરુએ એ પણ સ્પષ્ટ કર્યું કે હું સર્વજ્ઞ નથી, લોકોત્તર નથી કે કોઈ દિવ્યતાને ધારણ કરતો નથી, હું પણ તમારામાંનો અને તમારી જેવો જ એક માણસ છું. મને મારી ચારે બાજુ દુઃખ-દુઃખ જોઈ તે વિશે વિચારો આવ્યા અને ધર્મને નામે લગભગ બધી પ્રજામાં અધર્મ પ્રવર્તતો જોઈ, અન્યાય ચાલતો જોઈ મને ભિક્ષુ થવાની પ્રેરણા મળી. એથી મેં ઘણા લાંબા સમય સુધી જુદીજુદી સાધના કરી છેવટે હું જે નિર્ણય ઉપર આવ્યો, તે મારો જાતિઅનુભવ તમારી આગળ મારા ધર્મચક્રને નામે જણાવું છું. તે પણ જો તમને બરાબર લાગે તો જ માનજો, પણ કોઈ યોગી કહે છે કે સર્વજ્ઞ કહે છે કે આપણને ગમે તેવું કહે છે એમ ધારીને માનવાનું નથી, પરંતુ તમારી વિવેકબુદ્ધિથી તમે તેની કસોટી કરી પછી તમને જો એ વચન દુઃખ દૂર કરનારું જણાય, તો જ માનવાનું છે. આ રીતે લોકદીપક બુદ્ધે વૈશાખ શુક્લ પૂનમને દિવસે પોતાનું ધર્મચક્ર શરૂ કરતાં તે જમાનાના ઘણા ભ્રમો દૂર કર્યા. પ્રજાને માટે વિચારસ્વાતંત્ર્યનો માર્ગ ખુલ્લો કર્યો. જન્મ-જાતિવાદનો સમૂળગો

નિષેધ કર્યો અને ગુણોને લીધે શ્રેષ્ઠ વા અશ્રેષ્ઠ સમજવાનો સિદ્ધાંત લોકોને સમજાવ્યો. ઈશ્વરવાકય કે વેદવાકય કે સર્વજ્ઞવાકયની નાગચૂડમાં ભીંસાયેલી પ્રજા પુરોહિતો કે ધર્મગુરુઓ સામે ચૂં કે ચાં કરી શકતી ન હતી. જુદાજુદા પંથના આચાર્યો પોતાને ફાવે તે પ્રમાણે પ્રજાને ભરમાવતા હતા તે સામે હવે પ્રજા અવાજ ઉઠાવી શકે એવી પરિસ્થિતિ ઊભી કરી અને સૌથી વધારેમાં વધારે તો તેમણે મંગળરૂપ એ વાત આમ જનતાને સમજાવી, કે તમારી સામે જે પ્રત્યક્ષ આ દુઃખ છે, તેને દૂર કરવાના પ્રયત્નમાં જ લાગી જાઓ, પણ પરોક્ષ એવા સ્વર્ગનાં સુખોની આશામાં ન રહો અને જેનો સાક્ષાત્કાર શકય જ નથી એવા આત્મા કે ઈશ્વર પાછળ પણ વખત ન ગુમાવો. વ્યક્તિગત દુઃખ, સામાજિક દુઃખ અને સમસ્ત વિશ્વનાં દુઃખનું મૂળ માણસના પોતાના મનમાં જ છે. એ મનને ઠીક કરો, શુદ્ધ સંકલ્પ કેળવતાં શીખો એટલે એ દુઃખ આપોઆપ દૂર થશે. મૈત્રી-ભાવ સર્વત્ર ફેલાવો, કોઈ ઊંચ નથી કે કોઈ નીચ નથી, માણસમાત્ર એકસરખા જ છે. જે પ્રયત્ન કરે તે પોતાના સંકલ્પને શુદ્ધ કરી શકે છે અને તે દ્વારા સાક્ષાત્ શાંતિનું સુખ ઘણી સરળતાથી માણી શકે છે. પછી તે બ્રાહ્મણ હો, ઢેડ હો, ચમાર હો, મોચી હો, કોળી હો, વાઘરી હો, ક્ષત્રિય હો વૈશ્ય હો.

લોકદીપક શ્રીબુદ્ધગુરુએ પોતાનો તમા ઉપદેશ પોતાના સમયની આમજનતા માગધી ભાષામાં કરેલો છે, તેથી તેનો અ કાર જિજ્ઞાસુમાત્રને છે એમ પણ સમજ છે. તેમનાં પ્રવચનો અને ચર્ચા તથા પદેશો, ચર્ચાઓ, સુભાષિતો વગેરે મજ્ઝિ નિકાય, દીઘનિકાય, અંગુત્તરનિકાય, સંયુ નિકાય, ધમ્મપદ વગેરે અનેક મહાકાય લઘુકાય ગ્રંથોમાં જળવાયેલ છે. તે તમામ સંક્ષિપ્ત સાર આ નીચેની ગાથામાં આ જાય છે.

सव्वपापस्स अकरण कुसलस्स उपसंपदा।
सचित्तपरियोदपनं एतं बुद्धान सासनं॥

તમામ પ્રકારનાં પાપો ન કરવાં, તમામ પ્રક નાં કુશળ કર્મો—સત્કર્મો કરવાં અને પોતાના ચિ શુદ્ધ કરવું એ બુદ્ધોનું શાસન છે.

આ વૈશાખી પૂનમના પવિત્ર દિવસે શ્રી બુદ્ધગુરુનો જન્મ, તેમને બોધિજ્ઞાન અને તેમ નિર્વાણ પણ તે જ દિવસે થયેલ છે, એટલે આપણે સારુ આ દિવસ પવિત્રમાં પવિ છે; અને આ દિવસે આપણે એ સંતપુરુષ ગુણગાન કરી પવિત્ર બનવાનો પ્રયાસ કરીએ તો આપણે માટે આ દિવસ ધન્ય જ ગણાય

★

વચન પ્રમાણે કૃષ્ણે ઘણાયે પ્રસંગોએ પાંડવોના પ્રાણ યુક્તિપૂર્વક બચાવ્યા હતા. એમને જ પ્રતાપે પાંડવો મહાભારતનું યુદ્ધ જીત્યા હતા.

કુરુક્ષેત્રની ભૂમિ પરના છેલ્લા દિવસે છાવણી પર રથ આવ્યો, ત્યારે શ્રીકૃષ્ણે અર્જુનને રથ પરથી પહેલાં ઊતરવાનું કહ્યું. દરરોજ શ્રી કૃષ્ણ જ પ્રથમ ઊતરતા હતા, અને આજે અર્જુનને પહેલ ઊતરવાનો અનુભવ નવો હતો, પણ એણે તો આજ્ઞાનું પાલન કર્યું. અર્જુનના ઊતર્યા પછી જેવા કૃષ્ણ રથ પરથી ઊતર્યા કે તુરત જ રથની ધજા પર બેઠેલ હનુમાન અદૃશ્ય થઈ ગયા અને એ રથ અશ્વોની સાથે તુરત જ ભસ્મીભૂત થઈ ગયો. ભગવાને કહ્યું :

‘દિવ્યાસ્ત્રોના પ્રભાવથી આ રથ ભસ્મ તો કયારનોય થઈ ગયો હતો, પરંતુ મેં મારી શક્તિથી આજ સુધી એ બચાવી રાખ્યો હતો; આજે તું પહેલો ન ઊતર્યો હોત તો રથ સાથે જ ભસ્મમય બની જાત.’

પ્રારબ્ધ અને પુરુષાર્થ

લેખક :
સ્વામી ચિદાનંદ સરસ્વતી

એક મદારીએ એક સર્પ પકડી, તેને કરંડિયામાં પૂરી, પોતાની ઝૂંપડીમાં મૂકયો. સર્પ તો સ્વભાવે જ સુદામાની પેઠે 'આવી મળે તો અશન કરે, નહિ તો ભૂખ્યા સાથરે પોઢે રે!' એમ કરંડિયામાં આરામથી પડ્યો રહ્યો હતો. રાત પડી એટલે મહાપુરુષાર્થી એવા ઉંદરમામા પુરુષાર્થ કરવા બહાર પડ્યા. 'ખાસ્સાં કપડાં કરડી ખાય ને દીવાની દિવેટ લઈ જાય' અને વળી જે આવે તે ઉપાડી જાય. તેની નજરે આ કરંડિયો પડ્યો. તેણે તો તેના ઉપર પોતાનો પુરુષાર્થ અજમાવવા માંડ્યો અને જોતજોતામાં તો કરંડિયામાં કાણું પાડી અંદર પ્રવેશ કર્યો. સર્પને તો બેઠાંબેઠાં જ ભોજન મળી ગયું અને બહાર જવા માટે રસ્તો પણ થઈ ગયો. એટલે નિરાંતે ઉંદરનું ભોજન કરી, ઉંદરે કરેલ કાણાવાટે બહાર નીકળી ગયો.

આમ કેટલાક પ્રારબ્ધને બળવાન કહે છે અને પોતાના સમર્થનમાં ઉપર જેવાં ઘણાંયે દૃષ્ટાંતો ટાંકી બતાવે છે. જયારે બીજાઓ પુરુષાર્થને બળવાન બતાવે છે અને પોતાના સમર્થનમાં અનેક ઉદાહરણો આપે છે. બન્ને પક્ષનાં દૃષ્ટાંતો યુક્તિયુક્ત તેમ જ પુરાણ વગેરે સદ્‌ગ્રંથોને આધારે હોઈ સાધારણ માણસ મુઝાઈ જાય છે અને ખરેખર શું સાચું હશે તેનો નિર્ણય કરી શકતો નથી.

આના જેવી જ એક ચર્ચા મેં સાંભળી હતી. એક ભાઈ કહે કે સ્વપ્નસૃષ્ટિ બળવાન છે, જયારે બીજા કહે કે ના, જાગ્રતસૃષ્ટિ જ બળવાન હોઈ શકે. આ વાતે બહુ ઉગ્ર સ્વરૂપ પકડ્યું, તેવામાં એક જ્ઞાની પુરુષ આવ્યા. તેમણે કહ્યું, 'તકરાર કરો મા, તમે બન્ને સાચા છો.' પછી નીચે મુજબ સમજાવ્યું :

સ્વપ્નકાળમાં સ્વપ્નસૃષ્ટિ બળવાન છે, કારણ ત્યાં જાગ્રતનો કોઈ પદાર્થ કામ આવતો નથી. સ્વપ્નનો તાવ ઉતારવો હોય તો સ્વપ્નની દવા જોઈએ, જાગ્રતની કોઈ દવા કામ આવે નહીં. સ્વપ્નમાં ઓપરેશન કરવું હોય ત્યારે ત્યાં જાગ્રતનાં છરી–કાતર કામ ન લાગે, પણ સ્વપ્નનાં જ છરી–કાતર જોઈએ. માટે સ્વપ્નકાળમાં સ્વપ્નસૃષ્ટિ જ બળવાન છે. તેવી જ રીતે જાગ્રત કાળમાં જાગ્રતસૃષ્ટિ બળવાન છે. જાગ્રતકાળમાં ભૂખ લાગી હોય ત્યારે સ્વપ્નનાં પકવાન્નો કંઈ જ કામ લાગતાં નથી, તેમજ જાગ્રત કાળના મંદવાડમાં, જાગ્રતકાળનાં ઔષધો જ કામ લાગે છે. માટે જાગ્રતકાળમાં જાગ્રતસૃષ્ટિ જ બળવાન છે. તાત્પર્ય એટલું જ કે જાગ્રતકાળમાં જાગ્રતસૃષ્ટિ બળવાન છે, અને સ્વપ્નસૃષ્ટિ નિર્બળ છે, જયારે સ્વપ્નકાળમાં સ્વપ્નસૃષ્ટિ બળવાન છે અને જાગ્રતસૃષ્ટિ નિર્બળ છે.

આવી જ રીત પ્રારબ્ધ અને પુરુષાર્થની છે. પોતપોતાના કાળમાં બન્ને બળવાન છે અને બીજાના કાળમાં બન્ને નિર્બળ છે.

હવે આ વાત સમજવા માટે એક બીજું દૃષ્ટાંત જોવું જોઈશે. એક ગૃહસ્થના બંગલામાં સારો બગીચો છે અને તેના એક ભાગમાં એક જ જાતનાં ફૂલ મોટા પ્રમાણમાં છે. તે ગૃહસ્થને ત્યાં સવારમાં, એક ભાઈ મળવા આવે છે અને આ દૂધના ફીણ જેવાં સફેદ પુષ્પો જોઈ ખુશી થઈ જાય છે. દશેક વાગે એક બીજા ભાઈ આવે છે અને તે ગુલાબી રંગનાં ફૂલ જોઈને રાજી થઈ જાય છે. વળી એક ત્રીજા ભાઈ બાર વાગ્યા પછી આવે છે, તેને જાસૂસના રંગ જેવાં લાલ ફૂલ દેખાય છે, અને તેને તે દૃશ્ય બહુ સુંદર લાગે છે. બધા

સાથે બેસી વાતો કરતા હતા, ત્યાં સવારમાં આવેલા ભાઈ બોલ્યા કે 'પેલી બાજુનાં સફેદ ફૂલ બહુ રૂપાળાં લાગે છે હો!' ત્યારે દશ વાગ્યે આવ્યા હતા તે ભાઈ કહે: 'આપની આંખે ઝાંખ આવતી લાગે છે. ફૂલ તો ગુલાબી છે અને આપ સફેદ કહો છો.' ત્યાં વળી ત્રીજા ભાઈ બોલી ઊઠ્યા, કે 'તમને બન્નેને નેત્રદોષ થયો લાગે છે, ફૂલ તો ખાસ્સાં લાલ ચટક જાસૂસના જેવાં જ છે અને તમે ધોળાં અને ગુલાબી કહો છો.' ત્રણે જણા એકબીજાની દૃષ્ટિને દૂષિત ઠરાવવા મંડ્યા અને તકરાર વધી પડી. ઘરધણીએ તેમને ઠંડા પાડ્યા અને સમજાવ્યું, કે 'ભાઈઓ, તમે ત્રણે જણા સાચા છો. કોઈની યે દૃષ્ટિ દૂષિત નથી થઈ. તે એક જ ફૂલ સવારમાં ધોળાં હોય છે, દશેક વાગે તે જ ફૂલ ગુલાબી રંગનાં થઈ જાય છે અને મધ્યાહ્ન પછી તેનાં તે જ ફૂલ લાલ રંગનાં થઈ જાય છે. સમયભેદે એક જ ફૂલ જુદાજુદા રંગનાં દેખાય છે.'*

આવી જ રીતે સમયના ભેદ પ્રમાણે કર્મના ત્રણ પ્રકાર પાડવામાં આવે છે:

(૧) ક્રિયમાણ કર્મ–માણુસ સમજણો થાય ત્યારથી તે મરે ત્યાં સુધી 'હું કર્મ કરું છું,' એવી બુદ્ધિપૂર્વક જે જે કર્મ કરે છે તેને ક્રિયમાણ કર્મ કહે છે. ક્રિયમાણ શબ્દ 'કૃ' એટલે કરવું એ ધાતુનું કર્મણિપ્રયોગે વર્તમાન કૃદંત છે. એટલે તેનો અર્થ 'ચાલુ કાળમાં થાય છે એવું' એમ થાય છે. માણુસનો જીવનકાળ એ જ ચાલુ કાળ અને તેથી તેના જીવનકાળમાં જે જે કર્મો થાય તે બધાં ક્રિયમાણ કર્મો કહેવાય.

(૨) સંચિત કર્મ–ક્રિયમાણ કર્મો તો રોજ થયા કરતાં હોય, તેમાંથી કેટલાંક તો વાઈ જાય અને બાકીનાં રોજનાં રોજ કોઠારમાં ભેળાં થતાં જાય અને આવી ચિત્તરૂપી કોઠારમાં ભેળાં થયેલ-એકત્રિત થયે કર્મો તે સંચિત કર્મ કહેવાય છે. સંચિત 'સમ્' ઉપસર્ગપૂર્વક 'ચિ' એટલે કરવું એ ધાતુનું ભૂતકૃદંત છે, એટલે અર્થ 'વ્યવસ્થાપૂર્વક ભેળું કરેલું' થાય છે. આપણે રોજરોજ એકેક એક પેટીમાં મૂકતા જઈએ અને વરસ પેટી ખોલીએ તો તેમાંથી જે રૂપિયા નીક તે આખા વર્ષ દરમિયાન સંચિત થયે રૂપિયા એમ કહેવાય.

(૩) પ્રારબ્ધ કર્મ–હવે ચિત્તમાં અનેક જન્મોનાં સંચિત કર્મો બંધ પડ્યાં હોય છે. આ કર્મ પારવિના ભેળાં થયેલાં હોય છે અને સૃષ્ટિના આરં થી તે પ્રલય સુધી ભોગવતાં પણ ખૂટે ન એટલાં બધાં હોય છે. તેમાંથી માણુસ મરણ સમયે, જે જે કર્મો ફળ દેવા પાકી ગયાં હોય તેવાં જુદાં તારવી કાઢવા આવે છે અને તે કર્મનાં ફળ ભોગવવા જીવને તદનુકૂળ દેહ ધારણ કરવો પડે પ્રારબ્ધ શબ્દ 'પ્ર' અને 'આ' ઉપસર્ગપૂર્વ 'રભ્' એટલે શરૂ કરવું એ ક્રિયાપદ ભૂતકૃદંત છે. એટલે તેનો અર્થ ' કાળમાં થયેલ' એમ થાય છે. એટલે પ્રારબ્ધ કર્મનો અર્થ એટલો જ થયો કે ગત જન્મ માં કરેલાં કર્મો જેનાં ફળ આ જન્મે ભોગ વવાનાં છે. ગત જન્મનાં કર્મને જેમ પ્રારબ્ધ કહે છે, તેમ આ જન્મનાં ક્રિયમાણને કેટલી વાર અનારબ્ધ કર્મ પણ કહે છે, એટલે કે ચાલુ કાળમાં થતાં કર્મ.

આટલે સુધી આવતાં, કાળના ભેદે કર્મ ના ત્રણ પ્રકાર થાય છે તે આપણે જોઈએ અને ત્યાર હવે તે તે કર્મોનાં સ્વરૂપ જોઈએ

---

* આ ફૂલ કંઈ કલ્પિત નથી. લેખકે નજરે જોયેલ છે અને તે છોડ ઉપર હોય કે તોડીને ઘરમાં રાખ્યાં હોય, તોપણ તેના રંગ બદલાય છે.

પછી તે ત્રણે જાતનાં કર્મોનું બળાબળ સમજી શકાશે.

(૧) ક્રિયમાણ કર્મ : મનુષ્ય પોતાના જીવનકાળમાં કર્મ કરવામાં પૂર્ણ સ્વતંત્ર છે—સોળે સોળ આના સ્વતંત્ર છે. એક રજમાત્ર પરાધીન નથી, છતાં એટલું જરૂર બને છે કે ચિત્ત ઉપરના સંસ્કારો તેને તદનુરૂપ કર્મ કરવા લલચાવે છે. એટલે કે ચિત્તમાં જો અશુભ સંસ્કારો હોય, તો તે અશુભ કર્મ કરવા તેને લલચાવે, પણ આ લાલચને વશ થવું કે નહિ તે બાબતમાં મનુષ્ય પૂર્ણ સ્વતંત્ર છે. જેનો નિશ્ચય પાકો હોય તેવો માણસ પ્રલોભનોથી લલચાતો નથી, જ્યારે ઢીલા પોચા નિશ્ચયવાળો માણસ લલચાઈ જાય છે અને પરાધીન બની જાય છે. આ સમજવા માટે એક નાનકડો ટુચકો—દંતકથા નહિ પણ ખરેખર બનેલો—મેં સાંભળ્યો છે તે રજૂ કરું છું. સૌરાષ્ટ્રના એક નાના રાજ્યની જૂના જમાનાની વાત છે. બંદરના હક્કો સંબંધી કંઈક કોલકરાર અંગ્રેજ સરકાર સાથે કરવાના હતા અને તેને માટે એક અમલદાર તે રાજ્યમાં આવેલા. દીવાનને રાજ્યના હિત માટે તેમાં કંઈક છૂટછાટ કરાવવી હતી એટલે તેણે તે અમલદારને લલચાવવા પેરવી કરી અને કહ્યું કે 'આટલું કરી આપો તો આપને રૂપિયા દશ હજાર આપું.' અમલદારે નકારમાં માથું ધુણાવ્યું. દીવાને દશના વીસ હજાર આપવા કહ્યું તોપણ અમલદાર હા ભણ્યા નહિ. વીસના પચાસ હજાર આપવા કહ્યું, તોપણ પરિણામ શૂન્યમાં જ આવ્યું. દીવાનને તો કોઈ પણ રીતે કામ પાડવું જ હતું એટલે એકસામટા એક લાખ રૂપિયા આપવાનું કહ્યું. આ વખતે દીવાનના મનમાં તો એમ જ કે હવે તો અમલદાર જરૂર પીગળી જશે, અને આપણું કામ થઈ જશે. પણ અમલદારે તો વધારે નિશ્ચયપૂર્વક શબ્દોમાં નકાર જ સંભળાવ્યો. દીવાનના ગુસ્સાનો પાર ન રહ્યો અને તેથી તે ગર્જી ઊઠ્યા : 'સાહેબ, આટલું આપનાર કોઈ નહિ મળે એટલું યાદ રાખજો અને પછી ઠીક લાગે તેમ કરો.' જવાબમાં અમલદારે ઠંડે કલેજે કહ્યું: 'દીવાનસાહેબ, આટલી મોટી રકમ આપનાર તો તમે મને મળ્યા જ. વળી જરા વધારે માગું તોપણ તમે આપો એમ છો એ પણ હું સમજું છું. પણ નોંધી રાખજો કે પોતાની ટેક માટે આવડી મોટી રકમને—આવડા મોટા પ્રલોભનને ઠોકર મારનાર તમને બીજો કોઈ નહિ જ મળે.'

આથી સમજવાની વાત એટલી જ કે પ્રલોભનને વશ થવું કે નહિ તે બાબતમાં માણસ સર્વાંશે સ્વતંત્ર છે અને તેનો આધાર તેના પોતાના નિશ્ચયબળ ઉપર રહેલો છે. એટલે એક વાત નક્કી થઈ કે વર્તમાન જીવનમાં કર્મ કરવામાં પુરુષ સર્વ પ્રકારે સ્વતંત્ર છે. શુભ પુરુષાર્થ કરી સ્વર્ગની પ્રાપ્તિ કરવી હોય તો તે પણ તેના હાથમાં જ છે. અશુભ કર્મ કરી નરકમાં જવું હોય તો તેમ કરવા પણ તે સ્વતંત્ર છે અને ઈશ્વરનું ભજન કરી કે જ્ઞાન પ્રાપ્ત કરી મુક્તિ મેળવવી હોય તો તેમ કરવા પણ તે સ્વતંત્ર છે. શું કરવું અને શું ન કરવું તે પુરુષના હાથની વાત છે અને પોતાનો રાહ નક્કી કરવામાં પુરુષ સોએ સો ટકા સ્વતંત્ર છે. સાર એ જ કે વર્તમાન જીવનમાં પુરુષાર્થ પરમ બળવાન છે અને પ્રારબ્ધ કે બીજી કોઈ સત્તા તેનો માર્ગ રોકી શકતી નથી.

(૨) પ્રારબ્ધ કર્મ: હવે પ્રારબ્ધ કર્મનો સ્વભાવ જોઈએ. જે જે કર્મનાં ફળ ભોગવવા માટે જીવે યોગ્ય દેહ ધારણ કર્યો હોય, તેને કર્મનાં ફળ તેણે તે શરીરે ભોગવવાં જ પડે છે. તેમાંથી બચવાનો કોઈ

જ રસ્તો નથી. કારણ પ્રારબ્ધનો ભોગ સિવાય બીજી કોઈ રીતે નાશ થઈ શકતો નથી. આ વાત બહુ જ સમજવા જેવી છે, તેથી તે એકાદ બે સાદાં દૃષ્ટાંતથી સમજીએ.

શ્રાવણ માસમાં રાંધણછઠ, શીતળાસાતમ અને જન્માષ્ટમીના તહેવારો સાથે આવે છે. એક ગૃહસ્થને નાણાંભીડને કારણે રાંધણછઠને દિવસે ક્ષણિક વૈરાગ્ય આવી ગયો, અને તેથી તેણે ગૃહિણીને કહી દીધું કે 'આપણે સાતમને માટે ઢેબરાં અને શાક સિવાય બીજું કશુંય રાંધવું નથી.' ગૃહિણીએ તો તે પ્રમાણે કર્યું, ને સાતમને દિવસે તેના ભાણામાં ટાઢાં ઢેબરાં મૂક્યાં. તેને તો તે દિવસે માલપાણી આરોગવાની ટેવ એટલે આથી તેને દુઃખ થયું, અને કચવાતે મને પત્નીને કહ્યું: 'આજ સપરમે દિવસે આવું ખાવાનું?' ત્યારે પત્ની તેને સમજાવતાં કહે છે કે 'આ રસોઈ તૈયાર કરવા આપે જ આજ્ઞા કરેલી, અને હવે ખાવા વખતે કચવાઓ છો એ કેમ ચાલે? તમારી જ આજ્ઞા પ્રમાણે થયું છે, એટલે તમારે તો કંઈ પણ બોલ્યાચાલ્યા વગર ભાણામાં આવેલું આનંદથી ખાઈ લેવું જોઈએ. કચવાઈને જમશો તોપણ તેનાથી જ ચલાવવાનું છે. દુઃખ કર્યે કંઈ ભાણામાં ભાવતું ભોજન આવી જવાનું નથી. માટે જે પ્રાપ્ત છે તે આનંદથી જમી લો. કાલે ફરાળમાં તમે કહેશો તે કરી આપીશ. અને વળી પરમ દિવસ પારણામાં પણ તમને મનપસંદ રસોઈ કરી પીરસીશ. પણ આજ તો જે પ્રાપ્ત છે તેના ઉપર જ ચલાવવાનું છે, તેમાં કંઈ ફેરફાર થઈ શકે તેમ નથી.'

આજ પ્રમાણે જે જે કર્મનાં ફળ ભોગવવા માટે જીવે આ દેહ ધારણ કર્યો છે, તે દેહે તેણે તે તે ફળો ભોગવવાં જ પડશે. આથી દેહનું એક અર્થસૂચક નામ 'ભોગાયતન' એવું છે. એટલે કે ગત જન્મોનાં શુભાશુભ ફળ ભોગવવાનું સ્થાન જીવને વર્તમાન દે જે જે સુખદુઃખ ભોગવવાનું નિર્માણ છે, તે તો તેણે તે દેહે ભોગવ્યે જ ભાવિ જીવનનું નિર્માણ તે પોતાની પ્રમાણે કરી શકે છે, પરંતુ નિર્માણ ગયેલા ભોગમાં તેનાથી રજમાત્ર પણ થઈ શકે તેમ નથી.

આ વિષય બહુ જ સમજવાની જરૂ તેથી એક બીજું દૃષ્ટાંત લઈએ. એક નાનું એવું રાજ્ય છે. રાજાને કોઈ કારણ એવી ઇચ્છા થઈ જાય છે કે આ સાલ એકલા બાજરા સિવાય બીજું કશુંય તર કરવું નહિ, તેમ જ વાડીઓમાં શાકબકાલાં સિવાય બીજું કંઈ કરવું આ હુકમ પોતાના રાજ્યમાં જાહેર છે અને તેથી તે વર્ષમાં બાજરો અને ભાજી સિવાય બીજું કંઈ પણ ઉત્પન્ન નથી. થોડો વખત તો રાજાને પોતાના કારને લઈને ઠીક લાગ્યું, પણ રોજ ને બાજરાના રોટલા અને શાક ખાઈ તે પણ કંટાળ્યો, તેનું કુટુંબ અને સમગ્ર પણ ત્રાહિ ત્રાહિ પોકારવા માંડી. પણ ઉપાય શો? આવતા વરસ સુધી હસતાં રોતાં તેના ઉપર જ ચલાવવાનું છે. કશુંય આકાશમાંથી ઊતરે તેમ નથી. આ દુઃખથી રાજા અને પ્રજા બન્નેમાં જાગૃત થયો, અને હવે પછી ગયા વરસ અવિચારી પગલું ન ભરવા નિશ્ચય કર્યો, એવો નિરધાર કર્યો કે આ સાલ તો જાતનું અનાજ કરવું. કઠોળ કરવાં, ળામાં ઘઉં, ચણા અને શેરડી પણ કરવાં, ભાતભાતનું ખાવાનું મળે અને રાજા બધાંય સુખમાં રહી શકીએ.

આ જ પ્રમાણે જીવને પણ, જે સુખદુ છે તે તો દિક ભોગનું નિર્માણ થઈ ગયું

વ્યે જ છૂટકો છે, તેમાંથી છટકી શકાય તેમ છે જ નહિ, પણ જો દુઃખ પડવાથી વિવેક જાગૃત થાય તો ભાવિનું નિર્માણ કરવા તે સ્વતંત્ર હોઈ, સુખમય ભાવિનું નિર્માણ તે કરી શકે છે.

વધારે સમજવા એક ત્રીજું દૃષ્ટાંત લઈએ. ચોમાસાની શરૂઆતમાં મોટાંમોટાં રસદાર જાંબુ ખાવામાં આવતાં, એક માણસે જાંબુડો વાવવાનો નિશ્ચય કર્યો. અને ચોમાસામાં એક ઠળિયો વાવી પણ દીધો. ઠળિયામાંથી અંકુર ફૂટ્યો, અને તે વધવા માંડી યોગ્ય સમયે તેમાંથી મોટું ઝાડ થયું અને તેમાં જાંબુ પણ બેઠાં. ખૂબ આનંદથી, આ ભાઈએ તો તૃપ્તિ પર્યંત રોજ જાંબુ ખાધાં. રોજરોજ જાંબુ ખાવાથી તે ઓકરાઈ ગયો, અને તેને જાંબુ ઉપર અરુચિ પેદા થઈ. તે વિચાર કરવા લાગ્યો કે હવે આ ઝાડ ઉપર કેરી થાય તો ઠીક. ઘણાઘણા માણસોને પૂછ્યું પણ તેવો કોઈ ઉપાય કોઈએ બતાવ્યો નહિ, પણ ઊલટા તેની મશ્કરી કરવા લાગ્યા. એક વિવેકી માણસે તેને સમજાવ્યું કે 'ભાઈ, જાંબુડામાં તો જાંબુ જ આવે. બીજું કોઈ ફળ તે ઝાડ ઉપર બેસે નહિ. તારે કેરી જ ખાવી હોય તો એક આંબો વાવ, અને તેને ફળ લાગે ત્યારે કેરી સુખેથી ખાજે, ત્યાં સુધી તો જાંબુ સિવાય બીજું કશું જ મળે તેમ નથી.'

તેવી જ રીતે જે ભોગ આ દેહને માટે નિર્માણ થઈ ગયા છે, તે તો આ દેહમાં જીવ છે, ત્યાં સુધી તેણે ભોગવી લીધે જ છૂટકો. ભાવિ નિર્માણ કેવું કરવું તે તેના હાથની વાત છે, અને પોતાની ઇચ્છા મુજબ કરવા તે સ્વતંત્ર છે. અર્થાત્ આંબો વાવવો હોય તો તેમ પણ કરી શકે છે અને બાવળ વાવવો હોય તોપણ તેને કોઈ અટકાવી શકે તેમ નથી. પણ ભૂતકાળ તેનાથી કોઈ પણ હિસાબે ફેરવી શકાય તેમ નથી. બાવળ ઉપર, તેના લાખ પ્રયત્ન છતાં તે કેરી ઉત્પન્ન કરી શકશે નહિ.

હવે આ વાત આટલા બધા વિસ્તારપૂર્વક શા માટે સમજાવી તે જોઈએ. પુરુષને જ્યારે પાકેપાકો નિશ્ચય થઈ જાય કે મને જે દુઃખના ભોગ પ્રાપ્ત થાય છે, તે મારા પોતાના વિચારપૂર્વક કરેલાં કર્મનું જ ફળ છે, તો પછી મારાં જ કરેલાં કર્મનું ફળ ભોગવવામાં મારે શા માટે ઉદ્વિગ્ન થવું? જેમ સુખભોગ પણ મારાં જ કર્મના ફળરૂપે છે, તેમ દુઃખના ભોગ પણ મારાં જ કરેલાં કર્મનાં ફળરૂપે છે, તો પછી સુખમાં ફુલાઈ જવા જેવું શું છે? અને દુઃખમાં કરમાઈ જવા જેવું શું છે? વળી સુખદુઃખ કંઈ સદાય રહેવાવાળાં નથી, તે તો ક્ષણક્ષણમાં બદલાયા કરે છે તો પછી સુખદુઃખ બન્ને તરફ હું સમાન ભાવ કેમ ન રાખું? આખરે તો સુખ અને દુઃખ બન્ને મારી જ કૃતિ છે ને? તો પછી એક પ્રત્યે રાગ અને બીજા પ્રત્યે દ્વેષ શા માટે? આવી રીતે વિચાર કરતાંકરતાં સુખદુઃખમાં સમતા આવી જાય છે. આવી સમતા આવી જવી એ તો મોક્ષનું દ્વારજ ખૂલ્યું સમજવું. શ્રી ભગવાન કહે છે કે:

इहैव तैर्जितः सर्गो येषां साम्ये स्थितं मनः ।

એટલે કે જે પુરુષોનું મન સુખદુઃખના ભોગમાં સમતા જાળવી શકે છે, તેવા પુરુષોએ તો इहैव એટલે આ જન્મમાં જ અર્થાત્ આ શરીરે જ સંસારને જીતી લીધો છે એટલે કે જન્મમરણનાં બંધનથી મુક્ત થઈ ગયા છે. એટલે કે જીવન્મુક્તની દશાને પ્રાપ્ત થાય છે. આટલું મોટું છે પ્રારબ્ધના રહસ્યને જાણવાનું ફળ!

(૩) સંચિત કર્મ: એ તો કર્મનો અખૂટ ભંડાર છે. ભોગવવાથી તો તે કોઈ કાળે ખૂટે એમ નથી. વળી કર્મનો એક સર્વ-

માન્ય નિયમ એવો છે કે नाभुक्तं क्षीयते कर्म कोटीकल्पशतैरपि । એટલે કે કોઈ પણ કર્મ કરોડો કલ્પો વીતી જાય, તોપણ ભોગવ્યા સિવાય નાશ પામતું નથી. તો પછી જીવની મુક્તિની શી આશા ? કર્મનો ભંડાર અખૂટ છે, અને તેને ભોગવતાં જીવ અનાદિ કાળથી ચોર્યાશી લાખ જાતનાં શરીરો ધારણ કરતો ચાલ્યો આવે છે. છતાંય આ કર્મભંડાર તો હજુય અખૂટ ભરેલો જ છે. તો પછી જીવની મુક્તિનું કંઈ સાધન જ ન રહ્યું. શ્રી ભગવાન કહે છે: જીવને નિરાશ થવાની કશી જ જરૂર નથી. આનો પણ રસ્તો મેં વિચારી રાખ્યો છે.

ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात् कुरुते तथा। શ્રી ભગવાન કહે છે કે હે અર્જુન! જેમ લૌકિક અગ્નિ, લાકડાંનો ગમે તેવડો ગંજાવર ગંજ હોય તેને ક્ષણવારમાં બાળીને ભસ્મ કરી નાખે છે, તેવી જ રીતે જ્ઞાનરૂપી અગ્નિ પણ કર્મનો ગમે તેવડો મોટો ભંડાર હોય તેને ક્ષણવારમાં બાળી નાખે છે. ઘાસની ગમે તેવડી મોટી ગંજીઓ, ભલેને માઈલોના વિસ્તારમાં પથરાયેલી હોય, તોપણ તે એક જ દીવાસળી ચાંપતાં ક્ષણવારમાં ભસ્મસાત્ થઈ જાય છે; તેવી જ રીતે અનેક જન્મોનાં શુભાશુભ કર્મ જ્ઞાનાગ્નિની ચિનગારી પડતાં બળીને રાખ થઈ જાય છે.

હવે જુઓ, પ્રારબ્ધ કર્મ તો ભોગવવાથી આપોઆપ નાશ પામશે, તેમાં તો કંઈ થઈ શકે એમ જ નથી. સંચિતનો ઢગલો જ્ઞાનાગ્નિથી બળી જાય, એટલે પછી જીવને અન્ય દેહ ધારણ કરવાનું કારણ જ ન રહ્યું, એટલે સહેજે મુક્તિ મળી ગઈ. કારણ જીવને શરીર ધારણ કરવું પડે છે પોતાનાં કર્મનાં ફળ ભોગવવા માટે. પણ જ્યારે કર્મ જ ન રહ્યાં તો પછી શું અને શેનાં ફળ ભોગવવા જીવને ફરી દેહ ધારણ કરવો અર્થાત્ જ્ઞાન થયા પછી જીવને બીજું ધારણ કરવું પડતું નથી.

શ્રુતિએ પણ જીવની મુક્તિનું આ બતાવ્યું છે. તે પ્રસંગમાં કહે છે કે ज्ञानान्न मुक्तिः । એટલે કે જ્ઞાન સિવાય થતી નથી. એનું કારણ એમ છે કે આ અક્ષય ભંડારનો નાશ કરવા બીજું કોઈ સાધન જ નથી. તે તો જ્ઞાનથી જ બળી જાય છે. જ્યાં સુધી છે ત્યાં સુધી તેનાં ફળ ભોગવવા જીવને ધરવો જ પડે છે, અને વળી કર્મ તો છે અને પાછાં વધતાં જ જાય એટલે ઘટમાળમાંથી છૂટવાનો બીજો કોઈ રસ્તો નથી એમ શ્રુતિનું તાત્પર્ય છે.

હવે કર્મનું બળાબળ સહેલાઈથી શકાશે :

(૧) વર્તમાન જન્મમાં, જીવ કરવામાં સર્વ પ્રકારે સ્વતંત્ર છે, તેને રોકી શકે તેમ નથી.

(૨) જે જે કર્મનાં ફળ ભોગવવા જીવે આ શરીર ધારણ કર્યું છે તે તે થયેલાં સુખદુઃખ આ વર્તમાન તેણે ભોગવવાં જ પડશે. ભાવિનું પોતાની ઈચ્છા પ્રમાણે કરી શકે છે, ભૂતકાળના નિર્માણને તે ફેરવી શકશે નહિ.

(૩) સંચિત કર્મોનો જે અખૂટ છે તે ભોગવટાથી તો ખૂટે એમ જ માટે જો જન્મમરણની જંજાળમાંથી હોય તો હરકોઈ ઉપાયે જ્ઞાન—તત્ત્વજ્ઞાન કરી લેવું, કે જેથી કરીને જ્ઞાનરૂપી તમામ સંચિત કર્મ બળીને ખાખ થઈ અને તેમ થતાં જીવને ફરી વાર શરીર કરવું પડશે નહિ.

★

બાપુના એ દીકરા

લેખક :
શ્રી પ્રભુદાસ ગાંધી

દક્ષિણ આફ્રિકાના બનાવોએ આખી દુનિયાનું અત્યારે ધ્યાન ખેંચ્યું છે. આ લેખના લેખક 'ગાંધીકુટુંબના અને 'જીવનનું પરોઢ' નામના પુસ્તક દ્વારા પૂ. બાપુના એ કાળના સત્યના પ્રયોગોનો અચ્છો ખ્યાલ આપનારા છે. એમના જેવા અધિકારીની કલમે લખાયેલો આ લેખ આજે સવિશેષ મહત્ત્વનો બની રહે છે.

દક્ષિણ આફ્રિકામાં શ્વેતવર્ણ અને પીતશ્યામ વર્ણના માનવીઓ વચ્ચે ન્યાયને ખાતર વરસો થયાં જે સંઘર્ષ ચાલી રહ્યો છે, એમાંથી હિંસાના તણખા ઝરતા અટકે એ હેતુથી બાપુજીના દીકરા શ્રી મણિલાલ ગાંધીએ એકવીસ દિવસના ઉપવાસનું કઠોર તપ હમણાં પૂરું કર્યું. દક્ષિણ આફ્રિકા અહીંથી હજારો માઈલ છેટું છે, છતાં એ તપની વાત જાણીને આપણું મન વલોવાય અને દક્ષિણ આફ્રિકાનો રંગદ્વેષનો કોયડો આપણને પૂર્ણપ્રભુત્વવાળું સ્વરાજ મળ્યા છતાં નથી ઊકલ્યો એથી આપણે કઈ વાતે નબળા છીએ, એ પ્રશ્ન મનમાં ઊઠ્યા વિના નથી રહેતો. અઢારમી સદી સુધીની ગુલામી દુનિયામાંથી ગઈ, ઓગણીસમી સદીની અર્ધગુલામી જેવી ગિરમિટ પ્રથા ગઈ અને હવે વીસમી સદીનો ઉત્તરાર્ધ પાસે આવતો જાય છે, તેમ તેમ સબળા ગણાતા દેશના પગ તળે રગદોળાઈ રહેલા નબળા ગણાતા દેશોની ગુલામીનો છુટકારો યે પાસે આવતો હોવાનાં સ્વપ્ન માણસજાત જોઈ રહેલ છે.

છતાં સુધરેલા, સંસ્કારી અને સમૃદ્ધિથી ભર્યાભાદર્યા દક્ષિણ આફ્રિકા સમા દેશમાં સૌનું ભલું ચાહનારા નમ્ર અને સારા સંસ્કારવાળા ભારતવાસીઓનો કૂડો દ્રોહ એકધારો ચાલ્યા જ કરે એ આજના આગળ વધેલા જમાનામાં સાવ અણછાજતું છે; એટલું જ નહીં, એનો વિચાર કરતાં યે ગૂંગળામણ થાય એવું છે.

યુરોપના ગોરા લોકો વિશાળ આફ્રિકા ખંડને પચાવી પાડીને બેઠા છે. 'અમે ગોરા, તમે શામળા, તમારો ઓછાયો પડે તો અમે અભડાઈએ' એ જાતની શિરજોરી શું તેઓ એટલા ખાતર જ કરતા હશે, કે ભગવાને તેમને સોનાગેરું જેવા રતાશપડતા રંગની ચામડી આપી છે અને બીજાઓને ભૂખરી માટીના કે રાફડાની કાળી માટીના રંગથી યે ચડિયાતા કાળા રંગની ચામડી આપેલ છે?

એવા હસી કાઢવા જેવા કારણે જ જો તેઓ વાડાબંધી કરવાની મમતે ચડ્યા હોય, તો એ બહુ ટૂંકી બુદ્ધિની અને સાવ અણસમજુપણાની વાત ગણાય. સમજુ માણસો તો જુદાજુદા રંગની ને જુદીજુદી ભાતની વનસ્પતિ, માટી, પશુ–પંખી વગેરે પ્રત્યે સૂગ નથી ધરાવતા પણ દરેક વસ્તુની વિવિધતામાંથી સુમેળ સાધવામાં પોતાની શક્તિ ખરચે છે અને આવી અવનવી વાનીઓ સંસારમાં પીરસી છે એ ખાતર ભગવાનના ગુણ ગાય છે. શું આફ્રિકામાં રાજ કરનારા ગોરાઓ એટલા બધા નીરસ અને સમજણવિનાના છે, કે તેઓ વિવિધતાની અંદર રહેલી ઈશ્વરી સમૃદ્ધિને પારખી ન શકે અને તેનો આનંદ ન લઈ શકે?

આખી ને આખી એક માણસજાતિ, માણસ જેવા માણસ સમી બીજી જાતિ પ્રત્યે હડહડતો અન્યાય કરવામાં જ પોતાનું હિત જુએ એનું કારણ છીછરું ન હોઈ શકે. પોતાની ચામડીના ઊજળા રંગનું ગુમાન

માણસને ઊપજે એ નવાઈની વાત નથી. પણ જાતે વધારે રૂપાળા હોવાને કારણે જ બીજાઓને ત્રાસ આપવો અને બીજાના જીવનને જીવવા જેવું ન રહેવા દેવું એ યોગ્ય નથી. એ રીતના ખાર રાખવા પાછળ કંઈ વધારે ઊંડું કારણ અવશ્ય હોવું જોઈએ.

એટલે ખરું જોતાં શામળી અને કાળી ચામડીની મનુષ્યજાતિ પ્રત્યે જે દ્રોહ આફ્રિકાવાસી ગોરાઓએ માંડ્યો છે, તેનું મૂળ કારણ રંગદ્વેષની વૃત્તિ કરતાં યે પોતાને સબળા અને સામાને નબળા માનવાનું એમનું અભિમાન છે.

સાધન–સંપત્તિ, ભણતર–ગણતર, યંત્રો–હથિયારો, વિજ્ઞાન–કુનેહ વગેરેમાં પોતે શ્રેષ્ઠ છે અને પોતાની શ્રેષ્ઠતા તથા શક્તિ પાસે બીજી જાતના લોકો કાંકરાને તોલે આવે એવા તુચ્છ છે એવી જાતની ભ્રમણામાંથી ઊપજેલું એ ગુમાન છે. એ ગુમાન કોઈનું યે કહ્યું જોયા સાંભળ્યા વિના આંખ મીંચીને પોતાથી નબળાઓને હડસેલી તથા ચગદી નાખવાના પેંતરા લીધે જ જાય છે અને એક ઉપર બીજા ઘા ફટકાર્યે જાય છે.

સત્તા–શક્તિ અને સાધનસામગ્રીના જોરે પોતાનું બળિયાપણું અજમાવી રહેલા લોકોને એમ કરતાં અટકાવવા માટે કાં તો આપણી પાસે એમના કરતાં બેવડી કે પાંચગણી સત્તા, શક્તિ અને યુદ્ધ લડી લેવા માટેની સાધનસામગ્રી જોઈએ અથવા એમની સત્તા અને શક્તિ તથા એમની સાધનસામગ્રી ખોટકાઈ પડે, નકામી નીવડે એવો ઉપાય કરવો જોઈએ.

સાઠેક વર્ષ પહેલાં પૂજ્ય બાપુજીએ એ ઉપાય શોધી કાઢ્યો અને એને આત્માની શક્તિ તરીકે ઓળખાવ્યો. ગુમાન, ઉદ્ધતાઈ અને પાટુ મારીને ધાર્યું કરવા મથનારાઓની સામે અણનમ રહેવાનો સંકલ્પ એમણે કર્યો. સાથેસાથે એ અસભ્યતા, અમાણસાઈ અને અન્યાયના હુમલાનો વળતો જવાબ પૂરેપૂરી સભ્યતા, શ્રેષ્ઠ માણસાઈ અને દરેક પળે તથા દરેક ડગલે ન્યાયના રસ્તાને ચુસ્તપણે વળગી રહીને આપવામાં જ આપણું સબળાપણું અને આપણી સફળતા છે એમ બાપુએ ઠરાવ્યું. એ રીતે અણનમ રહેવા છતાં અણછાજતું પગલું ન ભરવાના બળને બાપુજીએ 'સત્યાગ્રહ'ના બળ તરીકે ઓળખાવ્યું. અને એ બળનો પરચો આપવા માટે, બે ડગલાં સામા ચાલીને માથે વરસતાં દુઃખ અને કષ્ટને પોતાની રાજીખુશીથી આપમેળે વધાવી લેવાની કળા એમણે જગતને બતાવી.

આ રીતે સત્તાધારી, હથિયારધારી અને છેલ્લામાં છેલ્લી ઢબે સુસજ્જ થયેલા રાજકર્તાઓ સામે માથું ઊંચું કરી આત્મબળના જોરે લડી લેવાનો સૌ પહેલો પ્રયોગ જે દક્ષિણ આફ્રિકામાં થયો અને સત્યાગ્રહની લડતને સૌ પહેલો જગજાહેર વિજય જે અન્યાયના નિવારણ માટે સાંપડ્યો, એ જ દક્ષિણ આફ્રિકામાં એવા જ અન્યાય માટે આજે ફરી એકવાર આત્મબળ પ્રગટાવવાની અને સત્યાગ્રહની રીત અજમાવવાની જરૂર ઊભી થઈ છે.

પોતાની આગેવાની નીચે સફળ નીવડેલી દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહની લડતનો નીચોડ વર્ણવતાં બાપુએ લખ્યું છે, કે જે બળથી આપણે અમુક વસ્તુ મેળવીએ, તે વસ્તુ આપણા હાથમાં એટલો વખત જ ટકી રહી શકે, જ્યાં સુધી આપણે એ અસ્ત્રબળ આપણી પાસે જાળવી રાખીએ. જે તલવારની શક્તિથી આપણે કોઈ ચીજ મેળવી હોય તો આપણી તલવાર બીજાના કરતાં સવાઈ તીખી હોય ત્યાં લગી જ. એ વસ્તુ આપણા હાથમાં રહે; એ જ પ્રમાણે સત્યાગ્રહના બળથી કોઈ વસ્તુ આપણે મેળવી હોય તો એ આપણા હાથમાં એટલો વખત જ નભી રહે, જ્યાં લગી આપણા જમા પાસામાં સત્યાચરણ અને સત્યાગ્રહ ચડિયાતાં રહે

૧૯૫૨]

ઈ. સ. ૧૯૧૪માં બાપુજીએ દક્ષિણ આફ્રિકાનો કિનારો છેલ્લી વાર છોડ્યો. એ વાતને હજુ પૂરાં ચાળીસ વરસ નથી વીત્યાં એટલા ગાળામાં આફ્રિકાવાસી ગોરાઓના મનમાં ભરાયેલું રંગદ્વેષનું ઝેર ફરી પાછું પહેલાંના કરતાં યે વધી ગયું જણાય છે. વાહનોમાં, દરિયાકાંઠે, પુસ્તકાલયોમાં, વિદ્યાલયોમાં, ભોજનાલયોમાં બધે જ ગોરી ચામડીના અને ગોરી ચામડી વિનાના માણસો માટે જુદાં સ્થાનો હતાં. ત્યાંથી વધીને હવે બજાર અને રહેઠાણના લત્તાઓ પણ જુદા પાડવાની મમતે એ લોકો ચડ્યા છે.

આ બાજુ એશિયાના મહાદેશો પોતાને ખભેથી પરદેશી રાજની ધૂંસરી ટપોટપ ઉતારી રહ્યા છે. આફ્રિકાના મૂળ વતનીઓ પોતાના દેશમાં સ્વતંત્રતા મેળવવા અને છૂટથી હરવાફરવા તથા વેપાર–રોજગાર કરવા માટે સંકલ્પ કરવા માંડ્યા છે. એટલે એક બાજુએ ચતુર તથા શક્તિશાળી અને બીજી બાજુએ જાગેલી તથા સહનશીલ માનવવૃત્તિઓ સામસામા મોરચા માંડીને દક્ષિણ આફ્રિકાના મેદાનમાં ખોડાઈ ગઈ છે. ચતુર ગોરાઓને મન એમ છે કે જો હવે કડકાઈમાં ઊણપ રહેવા દેશું, તો આ કાળાઓ આપણે માથે ચડી બેસશે અને અમનચેન-વાળો આપણો વાડો વીખાઈ જશે. અને સ્વમાન જાગ્યું છે એવા ભારતવાસીઓ, એશિયાવાસીઓ તથા આફ્રિકાવાસીઓને મન એમ છે, કે જીવવું તો માણસ ભેળા માણસ રહીને જીવવું; હડધૂત થઈને અને કચરાઈને જીવવામાં કંઈ સાર નથી. ભલે, ભલી મોત આવતું.

આ પરિસ્થિતિમાંથી ચકમક ઝરે અને ભડકા થાય એ સ્વાભાવિક જ છે. પણ સ્વમાન માટે પૂરા જોરથી ઝૂઝવા તૈયાર થયેલા ભાઈઓ પણ જો પોતાની ઊંચી ભૂમિકા પરથી લપસે, તો તેઓ આજે છે એના કરતાં યે વધારે દુર્દશામાં પટકાઈ પડે. સ્વમાન માટે કુરબાન થવાના સંકલ્પને પણ શક્તિશાળી અને અમોઘ ત્યારે બનાવી શકાય, જયારે પોતાની સારમાણસાઈને અણીશુદ્ધ રાખવાની પૂરી દૃઢતા જળવાય. જો સારમાણસાઈ ઓસરવા માંડે તો સ્વમાન ઘવાયા વિના રહે નહિ; એટલું જ નહિ, પણ સ્વમાનને બદલે ભારે અપમાન વેઠવું પડે. સામાવાળાના અત્યાચારો પાછા ઠેલાવાને બદલે વધુ ને વધુ કારમા અત્યાચારના ભોગ થઈ જવું પડે.

બાપુજીએ શીખવેલી પરિભાષામાં, વસમા અત્યાચારની વિરુદ્ધ સારમાણસાઈનું સંગઠન કરવાની લડતને આપણે હિંસા વિરુદ્ધની અહિંસક લડાઈ કહીએ છીએ. આ અહિંસાની લડાઈમાં અશુદ્ધિ ન આવે, એના ઉપર હિંસાના ઓળા પડી આપણું બળ ઓસરી ન જાય એની તકેદારી આંખમાં તેલ આંજીને રાતદિવસ કરવાની જરૂર પડે છે. પૂજ્ય બાપુજીનું પોતાનું જીવન સતત જાગૃત જીવન હતું. પોતે ક્ષણભર પણ મૂર્છિત ન થતા. દરેક પળે સાવધ રહેતા અને સાથીઓને જાગૃત રાખતા, પણ આજે બાપુજી આપણી વચ્ચે નથી એટલે ગોથું ખાઈ જવાનો વધુ ડર રહે છે. એટલે એ જોખમમાંથી બચતા રહેવા માટે કોઈકના જાગતા પહેરાની જરૂર રહે છે.

આ જાગતો પહેરો રાખવાનું બીડું બાપુજીના દીકરા શ્રી મણિલાલ ગાંધીએ ઉપાડ્યું છે. અને એ રીતે તેઓ બાપુનો વારસો દીપાવી રહ્યા છે તથા માનવજાતને બાપુએ આપેલું બળ જાળવી રહ્યા છે. ભૂલથી, ઉશ્કેરાટથી, પજવણીઓના ત્રાસથી, અથવા આંધળિયાં કરીને જો સ્વમાન માટે ઝૂઝનારો પક્ષ પોતાનાં સ્વચ્છતા, દયા અને સદા-

ચરણ ઘડીભર માટે પણ વેગળાં મૂકે, તો અહિંસાની આખી લડત વેડફાઈ જાય અને ઊંધાં પરિણામ આવે. એટલે એવી ભૂલ, ઉશ્કેરણી કે આંધળિયાપણું ખાળવા માટે સતત આત્મશુદ્ધિ અને સત્ચિંતનનો અગ્નિકુંડ પ્રજ્વલિત રાખવો જ જોઈએ. એકવીસ દિવસના ઉપવાસ કરી શ્રી મણિલાલ ગાંધીએ આત્મશુદ્ધિ તથા સત્ચિંતનનો અગ્નિ પ્રગટાવ્યો છે.

બાપુના એ સગા દીકરા છે, બાપુનું જ રક્ત એમની નાડીઓમાં વહી રહ્યું છે, અને શ્રી મણિલાલ મોહનદાસ ગાંધી તરીકે જગત એમને ઓળખે છે, એટલા ખાતર જ કંઈ તેઓ અહિંસાની આવી ભારે લડતના જાગતા માર્ગદર્શક બનવાની યોગ્યતા ધરાવે છે એમ નથી; પોતાના જીવનને એમણે યોગ્ય રીતે ઘડ્યું છે, અને અહિંસાના પાઠ શીખવા માટે પોતાના શરીરને તથા મનને ખૂબ જ કસ્યું છે, હૃદય અને બુદ્ધિને સારી રીતે કેળવ્યાં છે: એટલા ખાતર આજ સાઠ વરસની ઉંમરે તેઓ અહિંસક લડતના જાગતા સંત્રી બનવાની હિંમત ધરાવે છે.

પોતાના જીવનકાળનાં અંતિમ વરસોમાં પૂજ્ય બાપુએ પાયાની કેળવણી ઉપર જે પ્રકાશ નાખ્યો અને એ કેળવણી દ્વારા અહિંસક સમાજરચનાનો કાર્યક્રમ પાર પાડવાની એમણે જે શિખામણ સઘળા કેળવણીકારોને આપી, એ પાયાની કેળવણી પ્રત્યક્ષપણે બાપુના હાથે મેળવનારાઓમાં સૌ પહેલું નામ ઘણે ભાગે મણિલાલ ગાંધીનું જ ગણાય.

બૅરિસ્ટરીનો પોતાનો ધીકતો ધંધો તજીને બાપુજીએ જ્યારે 'સર્વોદય' દૃષ્ટિ અપનાવી અને પોતાની દિનચર્યામાં દળવાની, ખોદવાની અને એવી બીજી ઉત્પાદક મજૂરીને પ્રથમ સ્થાન આપ્યું, ત્યારે એમને સાથ આપનારાઓમાં શ્રી મગનલાલ ગાંધી અને શ્રી કેલનબેક જેવા દેશીવિદેશી મૂછાળા મરદો પાંચ–દસ હતા પણ સાવ કુમળી વયના, કદાચ દૂધિયા દાંતવાળા, બાળક ત્યારે એમની પાસે મણિલાલ ગાંધી જ હતા. પોતાની પ્રત્યે બાપુજી અત્યંત કઠોરતા રાખતા એ પોતાના શરીર તથા મનને તલભર પણ પોચું પડવા ન દેતા. અને એવું જ કઠોર અનુશાસન તેઓએ એ વખતે પોતાના પુત્રો ઉપર પણ એમની કેળવણીને ખાતર રાખવા માંડ્યું હતું. પોતે બૅરિસ્ટર છતાં પોતાના બાળકોને નિશાળે ન બેસાડવાનો આગ્રહ રાખવો એ સાધારણ વાત ન હતી અને ભણવા ન બેસાડ્યા છતાં નિશાળના કરતાં ઘરમાં એમણે ઘણી વધુ આકરી કેળવણી આપવા માંડી હતી.

બાપુની કેળવણીના એ આકરાપણાને લીધે એમના મોટા દીકરા હરિલાલ ગાંધીએ પિતાનો કઠણ માર્ગ છોડી લોકોનો ચાલતો માર્ગ લેવાનું પસંદ કર્યું અને બાપુની દોરવણીમાંથી પોતે નીકળી ગયા. એટલે પછી બીજા પુત્ર મણિલાલ ગાંધી બાપુના ઘરમાં સૌથી મોટા પુત્રને સ્થાને આવ્યા. પિતાના પ્રયોગોનો સૌ પહેલો ભાર એમને જ ઝીલવાનો રહ્યો.

ઉદ્યોગ દ્વારા કેળવણી આપવાનો બાપુજીનો અખતરો શ્રી મણિલાલ ગાંધીએ બહુ સારી રીતે ઝીલ્યો. પોતાની કિશોર અવસ્થા અને કુમાર અવસ્થામાં એમણે અનેક ઉદ્યોગો હાથ કર્યા. ફીનિક્સ આશ્રમના મોટામોટા કાર્યકર્તાઓએ પોતાને હાથે પોતાનો બગીચો ઉછેર્યો હતો તેની સરખામણીમાં પાંચ–દસ ટકા ચડે એવો સુંદર બગીચો બાપુના આંગણામાં મણિલાલ ગાંધીએ ઉછેર્યો હતો. પરોઢના ચારથી રાતના નવ–દસ સુધી બાપુજી માગે એટલી સખત મજૂરી તેઓ આપતા. કપડાં ધોવાં, પાયખાનાં સાફ કરવાં, રસોઈ કરવી,

વાસણ માંજવાં, દળવું, પાણી ભરવું અને ઘરનો ખૂણેખૂણો ઘસીઘસીને અરીસા જેવો ચળકતો રાખવો એ બધી વાતમાં શ્રી મણિલાલ ગાંધી મોટી ઉંમરના માણસને આંટે એવી કુશળતા, ઝડપ અને ચીવટ રાખતા. બહુ થોડું બોલતા અને આખો વખત કંઈક ને કંઈક ઉદ્યોગમાં મચ્યા રહેતા.

ભજનો તથા ગીતાનાં પુસ્તકો ત્યારે બાપુજી પોતાના વિદ્યાર્થીઓને ખરીદી ન આપતા. હાથે લખી લેવાનું કહેતા. મણિલાલ ગાંધીએ પોતાની પોથીમાં મોતીના દાણા જેવા એકસરખા સુંદર અક્ષરે મુદ્દલ ડાઘા કે છેકા વિના આખી ગૂજરાતી સમશ્લોકી ગીતા ઉતારી લીધી હતી અને ભજનો પણ ઉતાર્યાં હતાં. આશ્રમની પ્રાર્થના વખતે થતાં ભજનોની કોમળતા અને પવિત્રતા વધારે એવું સરસ વાદન 'પિયાનો' કે 'ઓરગન' શ્રી મણિલાલ ગાંધીને હાથે જ ત્યારે સાંભળવા મળતું. માંદાની માવજત વખતે પૂરેપૂરી ચોકસાઈ–ઝડપ અને કુશળતા એમણે એટલી ગ્રહણ કરી હતી કે બાપુજી એમને નિશ્ચિંતતાથી એ કામ સોંપી શકતા. અને બાપુના વિશાળ ઘરમાં અતિથિઓનું ઠામ સતત રહ્યા જ કરતું, એમાંયે મણિલાલને હાથે થતી સરભરામાં બાપુ ખામી જોઈ જાય એવો પ્રસંગ ન આવતો.

પાયાની કેળવણીના આ કલેવર ઉપર બાપુજીએ સંસ્કાર અને ઊંચા વિચારની કેળવણીનો પાકો રંગ ચડાવવા પુષ્કળ કાળજી રાખેલી અને પુત્રને કેળવવા માટે જાતેય વ્રત, ઉપવાસ અને એકટાણાંઓ કરેલાં. અનેકોને બાપુજીએ ક્ષમા આપી હશે પણ પોતાના દીકરાને માફી આપવામાં બાપુ બહુ જ કઠોર રહેતા ને ઠેઠ નિર્દયતાની હદ સુધી પહોંચી જતા. જરાક પ્રમાદ થાય, જરાક સત્યથી ચાતરી જવાય, જરાક જુવાનીના આવેગ મોકળા મુકાય એટલે આકરું પ્રાયશ્ચિત્ત કરાવવામાં બાપુ સંકોચ ન કરે. નાનીનાની ભૂલ માટે મહિનાઓ ને વરસો સુધી પોતાના જ દીકરાને પોતાની પાસે ન રાખતાં શ્રી કેલનબેક જેવા લશ્કરી તાલીમ પામેલા કડક શિક્ષકના હાથમાં એમને સોંપી દે.

બાળપણમાં અને ભરજુવાનીમાં સતત આવી કેળવણી મેળવ્યા બાદ અને અનેક સત્યાગ્રહોમાં આદર્શ કેદી તરીકે લાંબીલાંબી સજાઓ ભોગવ્યા બાદ શ્રી મણિલાલ ગાંધીએ અહિંસાનું બળ પ્રગટાવવા માટે પિતાને પગલે મોટું અનુષ્ઠાન આદર્યું. હજુ ગયે વરસે જ તેઓએ દક્ષિણ આફ્રિકાનો કોયડો ઉકેલવા લાંબા ઉપવાસ કર્યા હતા અને એ પહેલાંના વર્ષે સેવાગ્રામમાં વિશ્વશાંતિ પરિષદ વખતે સાત દિવસના ઉપવાસ આત્મશુદ્ધિ અને અહિંસાના પ્રાગટ્ય માટે એમણે કર્યા હતા. એ ઉપવાસો દેખાવ માટે નથી. બાપુના વારસ તરીકે પોતાને જાહેર કરવા માટે પણ નથી પરંતુ ખરેખર હિંસામય સમાજને અહિંસા તરફ વાળવાની શ્રદ્ધાભર્યા સાચા હૃદયની ઊંડી ઉત્કંઠાને લઈને છે.

બાપુજી જતાં સર્વોદય જીવનમાં ઓતપ્રોત થવા મથતા અનેક લોકો આપણા ભારત દેશમાં અને વિદેશોમાં યે છે. એ રીતે બાપુનો પરિવાર નાનો નથી, પણ એ દિશામાં શ્રી મણિલાલ ગાંધીએ પોતાને માથે જે જવાબદારી લીધી છે એ ખરેખર બાપુના કુદરતી વારસને અનેકગણી દીપાવે એવી છે.

પોતાના એ પુત્ર પાસે બાપુએ કેવીકેવી આશા રાખેલી તે નીચેના કેટલાક પત્રો પરથી કલ્પી શકાશે :

*

જોહાન્સબર્ગ, તા. ૨૭–૭–૦૯

ચિ. મણિલાલ,

× × ×

તમે 'શું કરવાના છો ?' એવા સવાલ-

થી તમે ગભરાયા. તમારી વતી હું જવાબ આપું તો એમ કહું કે તમે પોતાની ફરજ બજાવવાના છો. હાલનો ધંધો માબાપની સેવા કરવાનો છે, જેટલું ભણવાનું મળે તેટલું ભણવાનો છે અને ખેતી કરવાનો છે. × × આટલો નિશ્ચય હોવો જોઈએ કે બારિસ્ટરી કે દાક્તરી ધંધો નથી કરવાનો. આપણે ગરીબ છીએ અને ગરીબ રહેવા માગીએ છીએ. પૈસાની જરૂર માત્ર ભરણપોષણને ખાતર રહે છે. × × × માણસજાતનો ખરો ધંધો એ જ છે કે તેણે પોતાનું ચારિત્ર ઘડવું. કમાવાને અર્થે કંઈ ખાસ શીખવું પડે એમ નથી. જે માણસ નીતિનો રસ્તો કદી છોડતો નથી તે માણસ કદી ભૂખે મરતો નથી અને તેવો વખત આવે તો કદી ડરતો નથી. તમે નિશ્ચિંત રહી જે અભ્યાસ ત્યાં બને તે કરજો. આ લખતાં તમને મળવાનું અને મારી છાતીમાં ચાંપવાનું મન થઈ જાય છે અને તેમ નથી કરી શકતો તેથી આંખમાં પાણી આવી જાય છે. બાપુ તમારી ઉપર નિર્દયતા વાપરવાના નથી એ ખાતરી રાખજો. જે હું કરું છું તે તમારું ભલું સમજીને જ કરું છું. તમે બીજાઓની સેવા કરો છો એ કદી રઝળનાર નથી એમ માનજો.

—બાપુના આશીર્વાદ

*

જોહાન્સબર્ગ, તા. ૧૭-૯-૦૯

ચિ. મણિલાલ,

× × ×

પરોપકાર કરવો, બીજાની સેવા કરવી, ને તેમ કરવામાં જરા યે મોટાઈ ન માની લેવી, એ ખરી કેળવણી છે. આ તમે જેમ જેમ ઉંમરે વધશો તેમ તેમ વધારે અનુભવશો. માંદા માણસની સેવા કરવી એના જેવો ઉત્તમ માર્ગ બીજો શો હોય? ધર્મનો ઘણોખરો સમાવેશ તેમાં થઈ જાય છે.

× × ×

—બાપુના આશીર્વાદ

*

જોહાન્સબર્ગ, કાર્તિક વદ ૫, ૧૯૬૬
(ઈ. સ. ૧૯૧૦)

ચિ. મણિલાલ,

જ્યાં સુધી દૃઢ નીતિ જાળવો, તમારી ફરજ બજાવ્યા કરો ત્યાં સુધી હું તો તમારા અક્ષરજ્ઞાન વિષે નિશ્ચિંત છું. જો મારું કાર્ય મારી પાછળ નિભાવવા માગો તો તેને સારુ આપણા શાસ્ત્રમાં જે યમ-નિયમ કહ્યા છે તે જળવાય તો બસ છે. તમે શોખને અર્થે અથવા તમે વધારે લાયક થાઓ તેટલા સારુ અક્ષરજ્ઞાન વધારો તેમાં હું સહાયભૂત થાઉં. તમે તે ન કરો તો હું ઠપકો દઉં એમ નહીં બને, છતાં મનમાં એક નિશ્ચય કરો તો તેને વળગી રહેવા પ્રયત્ન કરજો. તમે પ્રેસમાં હાલ શું શું કરો છો, ક્યારે ઊઠો છો, ખેતરમાં શું કરો છો વગેરે લખશો.

—બાપુના આશીર્વાદ

*

ચિ. મણિલાલ,

તમે મિ. વેસ્ટ વગેરેની ચાકરી કરો છો એ તમારો સર્વથી ઉત્તમ અભ્યાસ છે. × × તમે લખો છો કે અભ્યાસને રજા દેવી પડી છે, એમ નથી. તમે ચાકરી કરતાં અભ્યાસ જ કરી રહ્યા છો. અક્ષરજ્ઞાનને રજા દેવી પડી છે એમ કહેવું બરાબર છે. તેમ રજા દેવામાં અડચણ નથી. અક્ષરજ્ઞાન પાછળથી મેળવાય, પણ ચાકરી કરવાનો અવસર પાછળથી આવે તેમ ન કહી શકાય. × × × સારી રહેણી રહેતાં શીખવું એ અભ્યાસ છે, બાકી બધું મિથ્યાભ્યાસ છે.

—બાપુના આશીર્વાદ

*

ચિ. મણિલાલ,

× × × તમને ભણવાનો વિચાર કુમ

૧૯૪૨]

ભણ્યા કરે છે? કમાવાને સારુ થતો હોય તો એ ઠીક નહીં; કેમકે દાણો ઈશ્વર સહુને આપે છે. તમે મજૂરી કરીને પણ પેટ ભરી શકો છો. ××× તમારે દેશને ખાતર ભણવું હોય તો તે હાલ પણ કરો છો. જો આત્માને ઓળખવાને સારુ ભણવું હોય તો તે તો સારા થતાં શીખવાનું છે. તમે સારા છો એમ સહુ કોઈ કહે છે. હવે બાકી રહ્યું તમારે વધારે કામ કરવા ભણવાનું. તેને સારુ ઉતાવળની જરૂર નથી. તમારા વિષે હું ચિંતા રાખું છું એમ જો તમને ખાતરી હોય તો તમે ચિંતા છોડજો.

—બાપુના આશીર્વાદ

*

ચિ. મણિલાલ,

તમે ×× કાગળમાં પશ્ચાત્તાપ કરો છો. ××× ગયેલાનો શોક કરવાની જરૂર નથી પણ તેમાંથી શીખવાની અગત્યતા છે. ત્યાં કર્તવ્યપરાયણ થજો અને આત્મસંયમની સાધના કરજો. ×× ત્યાં બધાની તરફ ભાવ રાખજો ને પારકાના દોષ જોવાને બદલે તેના ગુણ જોજો ને પોતાના દોષ જોજો.

વાતોના ચાપડામાં વખત ન ગુમાવતાં વિચારજો, એક ક્ષણ પણ નકામી જવા દેવી એ જિંદગીમાંથી ઓછું કરવા જેવું છે ને ઈશ્વરની ચોરી કરવા બરાબર છે. આવું જાણીને ક્ષણેક્ષણનો ઉપયોગ કરજો, શરીરને કસજો.

—બાપુના આશીર્વાદ

*

ચિ. મણિલાલ,

×× તમારે નિરાશ નહિ થવું એ તમારું કર્તવ્ય છે. મહાપ્રયત્નથી જ ચઢી શકશો; પણ જ્યારે તમે ચઢશો ત્યારે એવી ઉજ્જવળતા પામશો કે તેની હદ ન બાંધી શકાય. ×× જે આવરણો છે તે ઉખેડો એટલે તમારી શક્તિ તમે જ જોઈ શકશો. તેની ચાવી યમનિયમ છે. ××× જે વાંચો તે ખૂબ વિચારજો, વિચાર વિના એક પણ બોલ ન બોલજો, એક પણ શબ્દ ન લખજો ને એક પણ કાર્ય ન કરજો.

—બાપુના આશીર્વાદ

*

આમ મૂળ પાયાથી જ જેમને અહિંસાની ક્રાંતિકારી કેળવણી મળી છે અને સ્થૂલ અંશમાં જ નહિ સંસ્કારમાં પણ જેમણે બાપુનો વારસો બાળપણથી ઝીલ્યો છે એ બાપુના દીકરા અન્યાય પ્રત્યેના સંઘર્ષમાં અહિંસા જાળવવા પોતાની જાતને હોડમાં મૂકે એ આકસ્મિક દેખાવ નથી, પણ હાડોહાડની યોગ્યતાવાળું પગલું છે. એમના આવા ભારે પગલાને ઈશ્વર સાચો જશ આપે એ જ પ્રાર્થના!

*

ભક્ત નિદાઘે પોતાને ઘેર બ્રહ્મભોજન કરાવ્યું. સર્વેને દક્ષિણા આપતી વખતે ઋભુને એણે પૂછ્યું: 'કેમ મહારાજ, ભોજનથી તૃપ્ત થઈ ગયા ને? ક્યાં રહો છો? ક્યાંથી આવો છો? ક્યાં જવાનો વિચાર છે?' બ્રાહ્મણરૂપે આવેલ નિદાઘના જ ગુરુ ઋભુ બોલ્યા:

'હે બ્રાહ્મણ, ભૂખ અને પ્યાસ શરીરને લાગે છે, હું શરીર નથી; જ્યાં ભૂખ-પ્યાસ મને લાગતાં જ નથી ત્યાં તૃપ્તિ-અતૃપ્તિનો પ્રશ્ન જ ક્યાં રહે છે? સ્વસ્થતા અને તૃપ્તિ મનના જ ધર્મ છે, આત્મા એથી સર્વથા જુદો છે. રહેવા ને જવા વિષેના પ્રશ્નોનો ઉત્તર સાંભળો. આકાશની માફક આત્મા સર્વગત છે, એનું આવવું-જવું બનતું નથી. હું નથી આવતો, નથી જતો કે નથી એક સ્થાન પર રહેતો. આ બધા સંસારી લોકો માયાના ચક્કરમાં પડીને પોતાના સ્વરૂપને ભૂલી ગયા છે, તમે આ માયા પર વિજય પ્રાપ્ત કરો.'

×

મુમુક્ષુઓને

લેખક :
શ્રી ભાઈચંદ વનમાળીદાસ દોશી

અધ્યાત્મવિદ્યાની સાધના આજના યંત્રયુગમાં કપરી છે. આ વિદ્યામાં યત્કિંચિત્ પ્રગતિ કરી રહેલા કેટલાયે સાધકોએ પોતાના પરિચિતો પર પ્રસંગોપાત્ત આત્મભાવે પત્રો લખ્યા હોય છે; એમને માર્ગદર્શન પણ આપ્યું હોય છે; આપણા તત્ત્વજ્ઞાનની ભૂમિકા સ્પષ્ટ કરતા એ સર્વ પત્રો પ્રસિદ્ધિને યોગ્ય છતાં હમેશ પ્રસિદ્ધિનો પ્રકાશ નિહાળે છે એવું નથી. શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ ઉપર લખાયેલ લેખકનો આ પત્ર સાધનાપથ પર વિહરવાના મનોરથ સેવનારાઓને અનેક રીતે ઉપયોગી થઈ પડશે એવી આશા છે.

પ્રિય ભાઈ,

આ સંસારમાં અનેક મનુષ્યો પુણ્યયોગે મળેલા મનુષ્યદેહને જન્મ-મરણના પાશમાંથી છૂટવાનું સાધન બનાવવાને બદલે સાંસારિક સ્થૂળતામાં, સુખ કે કીર્તિ માટે ફાંફાં મારવામાં ગુમાવી નાખે છે અને જન્મમરણની ઘટમાળ વહોરી લ્યે છે. લક્ષ્મીકાન્તનું ધ્યાન મૂકીને લક્ષ્મીનું ધ્યાન ધરવું અને એમાંથી સુખ મેળવવાની આશા રાખવી એ મિથ્યા પ્રયત્ન છે. સર્વે પ્રકારની સ્થૂળતા પ્રત્યેની મમતા અને અહંતામાંથી જ જીવને ભ્રમ થયો છે અને એના સકંજામાં સપડાવાથી કરોડો વરસો સુધી દુઃખનો અંત આવતો નથી. આ એક આત્મઘાતક રોગ છે, અને સ્થૂળ સંસારમાં માનવી જેમ જેમ આસક્ત થતો જાય છે, તેમ તેમ પરમાત્માથી એ દૂર ને દૂર થતો જાય છે. સમગ્ર પૃથ્વીનું રાજ્ય મળે, ત્રણ લોકની અપ્સરાઓ મળે અને સરજનહારે સરજેલા સઘળા જ પદાર્થો મળે, તોપણ જીવને સંતોષ થતો નથી, થવાનો નથી અને આશા-તૃષ્ણાનો આરો આવતો નથી. આજે આપણી આસપાસ આપણે જેને જેને જોઈએ છીએ એ બધા એક અથવા બીજે સમયે અદૃશ્ય થવાના જ છે. જડ કે ચેતન, સૌ અદૃશ્ય સૃષ્ટિમાં અદૃશ્ય થતું જ રહેલું છે, સંકેલાતું જ રહેલું છે અને નૂતન જગત નૂતન લેબાસમાં નૂતન લીલા વિસ્તારતું જ રહેલું છે. કદાચ સમય વહેતાં માનવીને માટે આકાશને તોડી પાડવાનું, વાયુને બાંધી લેવાનું કે સમુદ્રને મૂઠીમાં સમાવી લેવાનું શક્ય બને, તોપણ આયુષ્યની સ્થિરતા રહેવા વિષેનો ભરોસો રાખી શકાય, એ તો શક્ય નથી જ નથી.

એટલા માટે જેનાથી બીજો મોટો કોઈ લાભ નથી, જે સુખથી મોટું બીજું કોઈ સુખ નથી અને જે જાણ્યા પછી બીજું કંઈ જાણવાનું રહેતું નથી, એવા સર્વના આધારરૂપ લક્ષ્મીકાંત પરમાત્મા એટલે સર્વાત્મા, અર્થાત્ સ્વ-આત્માને જાણવા અને પામવા માટે પરમ માર્ગના પ્રવાસી રહેવું એ ઉત્તમ પસંદગી છે. એ સર્વ અવસ્થાના અને સર્વ વ્યવહારો આશ્રયભૂત, દેહાદિ ઉપાધિરહિત અને ભ્રાંતિશૂન્ય છે. એના અવલંબનથી સર્વે જીવ શોકમોહથી રહિત થાય છે. સર્વ વ્યવહારમાં એ જ અવસ્થાનું અવલંબન શ્રેય સર્જનારું છે.

ભાઈ! આજે-આ જન્મે અને આ દેહે જો વિકારી મનને નિર્મળ વિચારોથી શાંત કરી શકાય નહિ, તો આવતી કાલે-બીજે જન્મે એવો સુયોગ ક્યારે મળશે? સર્વે પ્રકારનાં ઝેરમાં વિકાર એ સૌથી પ્રબળ

ક્રૂર છે; કારણકે એનાથી એક જન્મ જ નહિ પણ ભવોભવ બગડે છે. હાડ, માંસ અને દુર્ગંધી ભરેલા નાશવંત દેહમાં જ રાચવું, એ નરી મૂર્ખાઈ છે, પરંતુ એવા દેહનો સાધન તરીકે ઉપયોગ કરીને પરમ સત્યને પિછાનવામાં સાચું ડહાપણ સમાયેલું છે. ઊગેલો સૂર્ય આથમે અને આથમેલો સૂર્ય ઊગે એ સમય દરમ્યાન આયુષ્યનો સતત ક્ષય થઈ રહેલો છે. આવી સ્થિતિમાં કેટલા જન્મો પસાર કર્યાં, એ આપણાં હમેશનાં હજારો કામકાજમાં યાદ કરવાનું બની શકતું નથી. જન્મ-મરણની કષ્ટદાયી ઘટમાળ આપણી આસપાસ સતત ફરતી જોવાથી આપણે એવા ટેવાઈ ગયા છીએ, કે એ વસ્તુથી આપણને કશો ત્રાસ થતો નથી. માયા–મદિરાની મસ્તીમાં હમેશા મસ્ત બનીને પોતાનું અને અન્યનું આપણે અહિત કરી રહ્યા છીએ; શ્રેયસ્કર પરમ સત્યને માર્ગે ચાલવાનું ભાન આપણે ભૂલ્યા છીએ.

માત્ર ઉપલક રીતે ધર્મગ્રંથો વાંચી જવાથી, સદુપદેશ સાંભળ્યાથી કે જપ, તપ, વ્રત, યજ્ઞ, દાન, મૌન કે તીર્થાટન વગેરે સાધનોનો સમજ્યા વગર આશ્રય લેવાથી કોઈ સત્યની સિદ્ધિ થતી નથી, પણ લોકસમૂહ સાથે સંસર્ગમાં રહીને, સઘળા વ્યવહારોને સુંદરરૂપે વિકસાવવાની ચાલુ ગતિમાં સર્વેના આશ્રયભૂત, સર્વેશ્વર સત્યના લક્ષ્યપરાયણ રહેવામાં જ નિર્વિષયી, નિર્વિકારી અને નિષ્કામ કર્મની સિદ્ધિ પ્રાપ્ત કરવાનું સરળ બને છે. કર્મ, ભક્તિ અને જ્ઞાન એ ત્રણ માર્ગો હિંદુશાસ્ત્રમાં પ્રચલિત છે. આ દેખીતા ત્રણ ભિન્ન માર્ગોમાં ઉપદેશ તો એક જ છે; અને એ ત્રણે માર્ગો આખરે તો એક જ સચ્ચિદાનંદ સાગરમાં જ જઈને મળે છે; એટલું જ નહિ, પણ એ ત્રણેનો પરસ્પર એવો સંબંધ છે કે એકને સાધતાં બીજા બન્નેની સાધના આપોઆપ થઈ જાય છે. એકને ભક્તિમાર્ગ રુચે છે તો બીજાને કર્મમાર્ગે વિચરવું ગમે છે અને ત્રીજો જ્ઞાનમાર્ગે વિચરે છે. ભક્ત ભગવાનમાં તલ્લીન થઈ જાય છે અને એ તન્મયતામાં એની ઉપાસ્ય મૂર્તિના સ્વરૂપનું જ્ઞાન થતું રહે છે, અને જેમ જેમ સ્વરૂપજ્ઞાન વૃદ્ધિ પામે છે, તેમ તેમ સ્નેહ–પ્રેમ પણ વૃદ્ધિ પામે છે, પરંતુ સકામ કર્મથી મુક્ત થવાતું નથી. સકામ કર્મનો ક્ષય થતાં ફરી જન્મ લેવો પડે છે, જ્યારે નિષ્કામ કર્મ દ્વારા સાધક મૃત્યુના બંધનને તોડીને ઇષ્ટસિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે. સકામ કર્મ નહિ કરવાનો સઘળાં શાસ્ત્રોનો એકસરખો અનુરોધ છે. ગીતાજીમાં શ્રીકૃષ્ણ ભગવાન નિષ્કામ કર્મ કરવા માટેનો ઉપદેશ આપે છે, એ પ્રમાણે કામનારહિત સર્વ કર્મને પરાયણ રહેવામાં જ સત્યહિત પોષાતું હોય છે.

આ સંસારમાં અનેક પ્રકારનું જ્ઞાન અને સામર્થ્ય ધરાવનારા અનેક પ્રસિદ્ધ માનવીઓ ઘણી બાબતોમાં સમાજના અને દેશના નેતાઓ બનીને અનેક દિશામાં ભગીરથ પ્રયત્ન કરે છે, પણ એમના બધા મનોરથો ફળતા નથી. એનું કારણ એ જ, કે વિશ્વવ્યવસ્થાનો નિયમ જુદો જ છે. ભગવાનના ભક્ત એક વાર સંપૂર્ણ શ્રદ્ધા રાખીને પોતાનું સર્વસ્વ પ્રભુને ચરણે ધરી દઈને તેમના જ નિમિત્તરૂપે અને તેમના જ આશરે રહીને કર્મપરાયણ રહે, તો પછી એને કંઈ પણ ચિંતા કરવાની રહેતી નથી અને તેનું દરેકે દરેક કાર્ય સિદ્ધ થાય છે; કારણ કે પછી તો ભગવાન પોતે જ પોતાના અનન્ય આશ્રિત ભક્તનું પરમ હિત લક્ષમાં રાખીને તેના યોગક્ષેમનું વહન કરે છે. આ કેવળ સત્ય છે, છતાં એવા સાધકને પણ અનેક વિઘ્નો આવે અને કાર્યસિદ્ધિ ન થાય તો સમ–

જવું કે સાધક હજી ભગવાનને સર્વસ્વ અર્પણ કરતાં અને તેના ઉપર નિર્ભર રહેતાં શીખ્યો નથી, અને કોઈક પ્રકારની આસક્તિથી એ પર નથી. નહિ તો ભગવાનની ધર્મસાધનાના માર્ગમાં વિઘ્ન ટકી શકે નહિ. જો આપણે ખરેખર આસ્તિક હોઈએ અને માનતા હોઈએ કે સાક્ષાત્ જગદીશ્વર પ્રભુ પોતે જ આપણા યોગક્ષેમની સર્વ પ્રકારે ખબર રાખે છે અને આપણા ઉપર એના ચારે હાથ છે, તો પછી કોઈ પણ બાબત કે બીનામાં લેશમાત્ર ચિંતા કરવાનું કે બીવાનું આપણને કશું જ કારણ નથી. મૃત્યુ તો અનિવાર્ય છે અને એક કાંટો વાગવાથી પણ નીપજે છે, છતાં પ્રભુની ઇચ્છા જિવાડવાની હોય ત્યાં સુધી અગ્નિ, પાણી કે કોઈ અકસ્માતનો ભય નથી. ભરોસો ફક્ત એ પ્રભુ પર રખાય. ભગવાનના છોકરાઓએ ભગવાનના ઘરમાં જ રહેવું જોઈએ.

પોતાની પ્રતિષ્ઠા ઘટતી જણાય કે પોતાને કશીક હાનિ થતી જણાય, ત્યારે સકામી લોકો શું અનિષ્ટ ન કરે એ કહી શકાય નહિ. માન, પ્રતિષ્ઠા અને દ્રવ્યની લાલસા મહાન શત્રુઓ છે. લોકો ગમે એટલા ભણ્યા-ગણ્યા હોય, પ્રખર હોય, દાતા હોય, તોપણ સ્થૂળ દ્રવ્ય અને લોકપ્રતિષ્ઠા જ તેમનો ઇષ્ટદેવ હોય તો વાસ્તવમાં તો તેઓ અલ્પજ્ઞ હોઈને દયાને જ પાત્ર છે. તેમનું શ્રેય સર્જવું એ આપણું કર્તવ્ય બને છે.

અશુભ–અસત્ય ને અનિત્યમાંથી શુભ–સત્યને નિત્ય શોધવું સારું છે, પરંતુ શુભમાંથી વધારે શુભ પ્રાપ્ત કરવું એ ઉત્તમ છે. સ્થૂળ અને દૈવી સંબંધ વચ્ચે વિવેક કરવાનો એક બીજો પ્રકાર છે. શરીરનો સંબંધ હોય તોપણ વિચારની એકતા ન હોય, એ પણ હોય છતાં જીવ મળેલાં ન હોય; એ પણ હોય છતાં પ્રેમ–ભાવનાની સમાનતા ન હોય; કદાચ એ ચારે તત્ત્વોની એકતા હોય પણ આત્મીયતાની ખામી હોય, આ બધા પ્રકારનું ઐકય હોય ત્યાં જ અને ત્યારે જ દૈવી સંબંધ શકય બને છે. જે કોઈ સંપૂર્ણ સંબંધ બાંધવાની ભાવના ધરાવતા હોય તેઓ તે સર્વેનું શ્રેય સરજવાની વૃત્તિ હમેશાં ધરાવતા હોય છે અને સર્વેમાં જે કંઈ તત્ત્વ અપૂર્ણ હોય એને પૂર્ણ કરવા પ્રયત્નશીલ રહે છે, અને એવી રીતે નિષ્કામ કર્મપરાયણ રહીને પોતે કર્મમુક્તિ પ્રાપ્ત કરે છે અને સાથેસાથ સર્વ કર્મને પણ મુક્ત કરતા રહે છે. આ રીતે પ્રભુના કાર્યમાં સાથ પુરાવે છે.

પણ આજે સંબંધમાં સંકુચિતપણાની દૃષ્ટિએ અને અજ્ઞાનને કારણે ભાંડુભાંડુઓ પણ કુરકુરિયાની માફક લડે છે. અને એવી સ્વાર્થ શ્વાનવૃત્તિ લૌકિક સંબંધમાં સઘળે વ્યાપી રહી છે. શેઠ–નોકરનો સંબંધ, ભાગીદારો કે આડતિયાનો સંબંધ, પંડિત, પુરાણી કે સત્તાધીશનો સંબંધ, પિતા–પુત્રનો સંબંધ અને એવા અનેક પ્રકારના સ્થૂળ સંબંધમાં સાચી એકતા નથી રહી. સંપૂર્ણ સ્વાર્થબુદ્ધિને કારણે એ સંબંધો સાથે જોડાયેલી ફરજ ભૂલી જવાય છે. આવી વસ્તુસ્થિતિ હોય ત્યારે દૈવી સંબંધનો મહિમા સમજનારની એ ફરજ બને છે, કે સહુની પ્રત્યે હાર્દિક, પ્રેમાળ દયા અને ક્ષમાનો પ્રવાહ વહેવડાવવો.

આ સમગ્ર દૈવી સૃષ્ટિના, અરે, એના અણુએ અણુના આપણે ભાંડુવત્ સંબંધી છીએ. પરસ્પરના સંબંધથી સંકળાયેલા છીએ. આ સંબંધ મહાકાળના અનંતમાં પણ પવિત્રપણે ટકી રહેવાનો છે, તો તેને આ જન્મે જ ઓળખીએ અને પરસ્પરને શ્રેયસ્કર વિકાસક્રમમાં દૈવી નિયમોનું પાલન કરીએ. સત્યપુરુષાર્થપરાયણ રહીને સર્જનહારને શરણે રહેવાનો અભ્યાસ સેવીએ તો જ જીવનનું સાર્થક છે, કલ્યાણ છે. જે આત્મા

વ્યક્તિમાં છે, તે જ સમૂહમાં છે; પ્રાણીમાત્રમાં છે. એક જ પરમાત્મા સહુના હૃદયમાં રહેલો છે અને તે જ પૂર્ણ છે. એ પૂર્ણતાની તરફ વળાય અને સર્વ વ્યવહારમાં એકત્વ અનુભવાય તો જ સુખ છે. આનંદ એ આત્માનું જ સ્વરૂપ છે, દુઃખ તો જડ તત્ત્વ હોઈને શરીર અને મનનો ગુણ છે. ક્ષણિક સુખ પેદા કરનારી નાશવંત વસ્તુઓને પોતાના તરફ ખેંચવામાં સાચો સ્વાર્થ નથી, પણ પોતામાં અને બીજામાં રહેલું ખરું સ્વરૂપ સમજીએ એટલે પરમાત્મા તરફ વળીએ, આત્મચિંતનથી સર્વ વ્યવહાર નિષ્કામભાવે વિકસાવતા રહીએ એમાં સાચો સ્વાર્થ સિદ્ધ થયાનો આત્માનુભવ થાય છે. આમ વસ્તુઓનાં સૂક્ષ્મ કારણો સમજીને તથા સંતોના શબ્દોમાંથી પ્રેરણા લઈને શ્રદ્ધાપૂર્વક સત્ત્વગુણ વધારતાં મનુષ્ય પોતાનું અસલ સ્વરૂપ પ્રાપ્ત કરી શકે છે. તેમ જ જેમાંથી જન્મમરણના અથવા બીજા કોઈ પણ વ્યાધિ ઊભા ન થાય એવા પરમાત્મ સંયોગોને મેળવે છે; સર્વ સત્યનું છેવટનું સત્ય તેમાં જ છે. લાંબા, શુભ ચિંતનમય સત્ કર્તવ્યપાલન પછી ચિત્તશુદ્ધિ થાય છે. પોતાના એવા પ્રયાસથી અને કંઈક ઈશ્વરકૃપાથી જીવનનું સત્ય-તત્ત્વ સમજાય છે. અધ્યાત્મવિદ્યાનું, જ્યોતિષવિદ્યાનું એ જ મુખ્ય રહસ્ય છે. અને એ જ ભારતની સર્વોત્તમ શ્રેષ્ઠ સંસ્કૃતિનો મોટામાં મોટો અમૂલ્ય વારસો છે. એક જ તત્ત્વની એક જ વાત જુદાજુદા રૂપમાં સમજાવવાનો ધર્મશાસ્ત્રોમાં પ્રબંધ થયેલો છે. જડતત્ત્વરૂપી શરીરને સંબોધીને ઊભા થતા વિચારો અને ઇચ્છાઓ, સંકુચિત સ્વાર્થથી ઘેરાયેલી બુદ્ધિ અને વાસના–એ તત્ત્વોથી પર જઈને ખરું સુખ અને ખરો આનંદ સાધવા માટે મનુષ્યે પોતાનું અને જગતનું ખરું સ્વરૂપ શું છે એ સમજવાનો અને વર્તનમાં સતત ટકાવવાનો આગ્રહ રાખવો જ જોઈએ. અને તે આત્માનુભવમાં જીવ, આત્મા અને પરમાત્મામાં સમતત્ત્વમાં શુદ્ધ એક તત્ત્વના જ ચિંતવનમાં પૂર્ણ પરમાત્મા છે એવો દૃઢ નિશ્ચય સ્થાપિત કરીને તેની જ સેવા–પૂજારૂપે સર્વ સત્કર્મપરાયણ રહેવું જોઈએ.

હજારો વરસોથી પૂર્વદેશના સત્ય ધર્મ સમજાવનારા આધ્યાત્મિક ગ્રંથો અગ્રગણ્ય અને સર્વમાન્ય ગણાય છે; કારણકે તેમાં છેવટનું સત્ય કહેવાયું છે, અને બુદ્ધિના તર્કની નહિ પણ મહાપુરુષોના અંગત અનુભવોની નક્કર સાબિતી દર્શાવાઈ છે. ઉપનિષદો રચાયાં છે. ઉપનિષદો એટલે સત્યની સાથે નિશ્ચયપૂર્વક રહીને વ્યવહારુ રહેવું; ગુરુ–શિષ્ય એટલે સ્વાત્મારૂપ ગુરુની સાથે શિષ્યરૂપ મનુષ્ય જ્ઞાન, વિજ્ઞાન અને વ્યવહારની અનેક ગૂંચોનાં રહસ્યોનો ભેદ મેળવે છે તે ગૂઢ રહસ્ય. દરેક જણનું ખરું સ્વરૂપ તો એક જ છે. દરેક જણની અંદર અને બહાર એક જ તત્ત્વ રહેલું છે. ત્યાં નાનો કે મોટો, ઉચ્ચ કે નીચ, પુણ્યવાન કે પાપી, વિદ્વાન કે મૂર્ખ એવા ભેદ રહેતા નથી. ઉપનિષદ કહે છે કે જે જીવાત્મા ત્રણ ગુણથી યુક્ત છે અને ફળને માટે જ કર્મ કરનારો છે, તે તે કર્મને ભોગવનારો પણ છે. હૃદયમાં જે સૂર્ય જેવો તેજસ્વી છે અને જે સંકલ્પ અને અહંકારથી મુક્ત છે, તે જ જીવાત્મા બુદ્ધિના અને શરીરના ગુણ વડે સોયની અણી જેટલો અથવા વાળના છેડાના હજાર ભાગનો પણ સોમા ભાગ જેટલો નાનો જીવ હોવા છતાં એ જ અનંત થવાને સર્જાયેલો છે અને સમર્થ છે. ‘આત્મવત્ સર્વ ભૂતેષુ’ એ સમાનતા એટલે છેવટમાં સર્વને સમાન અધિકાર.

જીવાત્મા પરમાત્માને જ્યારે નિયંતા

તરીકે જુએ છે અને પિછાને છે, ત્યારે 'આ તો બધો એનો એ જ મહિમા હું જોઈ રહ્યો છું' એમ સમજીને શોકરહિત બને છે. એ મહાન આત્મા એકલો જ દરેકે દરેક જીવજાતિને અને સર્વે વ્યક્તિગત આકારોને નિયમમાં રાખે છે. એ એક જ દેવ સર્વે ભૂતોમાં છુપાયેલો, સર્વવ્યાપી અંતરાત્મા, કર્મને પ્રેરનારો સર્વ ભૂતોના નિવાસસ્થાન, રૂપ, ચૈતન્યસ્વરૂપ એકમાત્ર અને નિર્ગુણ છે. એક છતાં એ અનેક અચેતન વસ્તુઓને વશ રાખે છે; તે જ એક મૂળ બીજને અનેક રૂપ અને શાખા–પ્રતિશાખામાં પલટાવે છે.

આ વિચારશ્રેણીમાં સીધી અને આડી રીતે ઉપનિષદોનો ઘણો મોટો ફાળો છે એમ ઘણા તત્ત્વનિષ્ણાતોનું માનવું છે. આ ગંભીર અને અતિ મહત્ત્વનું જ્ઞાન એક પ્રજાનું કે એક પ્રદેશનું નહિ, પણ સમસ્ત માનવજાતનું છે; સનાતન સત્ય છે. મહાત્માઓના એ અનુભવસાગરમાંથી જેને જેટલું જોઈએ તેટલું લઈ શકે છે. આ એવી વિદ્યા છે કે જે બીજાને આપતાં ઘટતી નથી પણ વધે છે. આત્મસાધન, આત્મચિંતન અને આત્મદર્શનનો સરળ, નિર્ભય મહામાર્ગ સર્વને માટે સદા ખુલ્લો છે. ગીતાજીમાં આપેલો ઉપદેશ, પામર, જિજ્ઞાસુ, સિદ્ધ, યોગી, જ્ઞાની, ભક્ત, મુનિ અને જીવન્મુક્ત એ સર્વને માટે છે, એટલું જ નહિ પણ સર્વ પ્રકારના વ્યવહારપરાયણ રહેલાઓ માટે પણ છે. એ માર્ગ સાધવા માટે 'હું', 'મારું' અને સર્વ કર્મ પ્રભુ સમર્પિત કરી પ્રભુના સ્મરણમાં મસ્ત રહીને જ સઘળા વ્યવહાર વિકસાવવામાં યોજાઈ રહેવું જોઈએ. એક મહાત્માએ કહ્યું છે, કે ચિત્ત એટલે સંસાર અને સંકલ્પ અર્થાત્ વિચાર એટલે જ બંધન. નિત્ય–અનિત્ય વસ્તુના વિચાર વડે જ અનિત્ય સંસારના સુખદુઃખાત્મક બધા વિષયોમાંથી મમતારૂપ બંધનનો નાશ થઈ જાય તે કેવળ મોક્ષ કહેવાય છે. ઉપનિષદ પણ શીખવે છે કે પથ્થર, સોનું, માટી વગેરેમાંથી બનાવેલી મૂર્તિઓની પૂજા મોક્ષની ઇચ્છાવાળાને ફરી જન્મ અને ભોગ આપવાવાળી થાય છે. એટલે ફરી જન્મ ન આવે એવું ઇચ્છનારાએ એવી બહારની સ્થૂળ પૂજાના ગર્ભમાં જે સત્ય રહેલું છે એની અર્થાત્ પોતાના અને સર્વના હૃદયમાં રહેલા આત્મદેવની પૂજામાં પરાયણ રહેવું જોઈએ. સ્થૂળ પૂજાના સ્મરણમાં આત્મીય પૂજાનું વિસ્મરણ થવું જોઈએ નહિ.

મનુષ્યમાત્ર સુખ, આનંદ, મોજ અને કીર્તિને સાધી રહેલો છે. એનું સત્ય સ્વરૂપ સમજતાં જણાય કે જે ખરી વિશાળતા છે એ જ ખરું સુખ છે. ઓછાપણામાં સુખ નથી, માટે ખરી વિશાળતા સમજવી જોઈએ. પોતાનાથી કશું જુદું છે એમ માનવી કલ્પે નહિ, દેખે નહિ, જાણે નહિ કે સમજે નહિ એમાં જ ખરી વિશાળતા છે. એથી ઊલટું, જ્યાં બીજાનાથી પોતે જુદો છે એવો ભાવ હોય ત્યાં અલ્પતા અને ઓછાપણું છે. જે વિશાળપણું બતાવે છે તે અમૃત છે, વિશ્વવ્યાપી વિજય છે, સૃષ્ટિ પરની સ્વતંત્રતા છે અને જે અલ્પતા કે ઓછાપણું છે તે મરણ છે, કષ્ટદાયક ગુલામી છે, અધમ પરાધીનતા છે; સર્વ પ્રકારના ટંટા, ઝઘડા, દગા, ફટકા, દંભ વગેરેને વસવાનું સ્થાન છે; પરંતુ ખરી વિશાળતાવાળા શુદ્ધ સત્યમાં કોઈ એક જ વાદ નથી, કોઈ અન્ય વાદનો વિવાદ પણ નથી. કોઈ વ્યક્તિનો, સમૂહનો, રાષ્ટ્રનો કે કોઈ પણ સત્તાનો કે કોઈ ક્રાંતિકારી બનાવો પૈકી કોઈનો ભય નથી. કશા ય પ્રકારની હાનિનો સંભવ નથી. એ વિશાળ સત્યમાં તો સર્વસુંદર સંવાદ છે; સર્વનું કલ્યાણ છે. 'હું કોણ છું ?' એ પ્રશ્ન દરેક માણસે પોતાને પૂછવો જોઈએ, અને શુદ્ધ તત્ત્વ-

જ્ઞાનની દૃષ્ટિએ 'હું પણ નથી અને બીજા પણ નથી' એમ જાણવું જોઈએ. કૈવલ્ય એટલે આત્માનુભવ. એક જ મહાન તત્ત્વ દરેક માનવીની અંદર અને બહાર રહેલું છે; મન, જે મનુષ્યનો બંધનકર્તા બને છે તેનો તો લય અને નાશ જ થઈ જાય છે; કર્મ, જ્ઞાન અને ભક્તિ એ ત્રણે શ્રેણીઓ જે એક પદ ઉપર માણસને પહોંચાડે છે, ત્યાં છેવટે જ્ઞાન, જ્ઞાતા અને જ્ઞેય એ ત્રણેનો ભેદ જ નીકળી જાય છે; તે જ મોક્ષ, તે જ નિર્વાણ, તે જ કૈવલ્ય અને તે જ ભગવત્દર્શન છે.

પણ સૂર્યના પ્રદેશમાં રહેવું કે અસૂર્ય—આસુરી-પ્રદેશમાં, તેની પસંદગી કરવાની ફરજ અને જવાબદારી સૌની પોતપોતાની છે. જ્યાંથી ન મળે તેવે ઠેકાણે મનુષ્ય સુખ અને આનંદને શોધે છે. યુગાંતરથી આપણને સાચી શિખામણ મળી છે કે એ મિથ્યા પ્રયત્ન છે; ખરું સુખ એમાં નથી, પણ જાતે અનુભવ કર્યા વગર આપણે માટે એ શિખામણ ગ્રહણ કરવાનું અશક્ય નીવડે છે. આપણે સત્યને વિસારીને અનેક પ્રયોગો આદરીએ છીએ અને ઇંદ્રિયોને અનુભવ લેવા દઈએ છીએ; ભાવનાને બહેકાવીએ છીએ અને પરિણામે ઠોકર અને ધપ્પા ખાઈએ છીએ અને સત્યમાર્ગે પ્રગતિ કરી શકતા નથી. આપણે સત્યને જાણવું જોઈએ એવું આપણને થયા જ કરે છે. પણ યથાર્થ જ્ઞાન એ કાંઈ વાંચવાથી કે વાતો કરવાથી, વાતની વાતમાં પ્રાપ્ત થાય એવી સહેલી વસ્તુ નથી; પણ એટલું ય આપણે માની શકતા નથી તેથી પરિણામે અમુલ્ય માનવ દેહના અલૌકિક મહિમાથી વંચિત રહીએ છીએ. મનુષ્યમાત્રને સાકરનો સ્વાદ લેવાનું ગમે છે, અને એ સ્વાદ એ લઈ રહેલો છે, પણ સાકરરૂપ જીવન બનાવવાનું સમજાતું નથી ને ગમતું નથી.

નાટકના તખ્તા ઉપર ભિખારીનો પાઠ ભજવનાર અને પૃથ્વીની સપાટી પર રખડતો ભિખારી, એ બન્નેની આંતરિક સ્થિતિમાં જમીન–આસમાન જેટલો તફાવત છે. પાઠ ભજવનાર ભિખારી, ભિખારીની હાલતનો આબેહૂબ પાઠ ભજવતાં છતાં તેના અંતરમાં તેને ભિખારીપણાનું જરા ય દુઃખ હોતું નથી, જ્યારે સાચો ભિખારી અંતરથી અને બહારથી દુઃખી હોય છે. નાટકના તખ્તા પર રાજાનો કે એવો કોઈ અન્ય પાઠ ભજવનાર અને પૃથ્વી પર સાચેસાચ એવા પ્રકારનું જીવન ગાળનારાઓ વચ્ચે એવો તફાવત હોય છે. એકને પોતાના પાઠનું અને પોતાની સાચી પરિસ્થિતિનું ભાન હોય છે અને રંગભૂમિ પર રમનારા સઘળા નટોની સાથે સમાન મૈત્રી હોય છે, જ્યારે દુનિયાનાં પાત્રોને પોતાની ખરી યોગ્યતાનું અભાન હોય છે અને અન્ય સર્વ પાત્રો સાથે ભેદભાવ હોય છે, જેથી એકની બીજાને સાચી હૂંફ મળતી નથી. ઊલટું પક્ષકારી તત્ત્વ વધે છે અને પરિણામે પરસ્પરને ઓછી કે વધુ હાનિ જ ભોગવવી પડે છે. અને એ ધક્કો સમગ્ર સૃષ્ટિના શરીરને લાગે છે. જબરજસ્ત સાંકળની એક જ કડી નબળી પડતાં આખી યે સાંકળના અગાધ સામર્થ્યનો નાશ સર્જાય છે. સકામ કર્મથી પૂર્વસંચિત કરેલા દૈવી સામર્થ્યનો નાશ થાય છે, જ્યારે નિષ્કામ કર્મ પૂર્વસંચિત સામર્થ્યને અનંતમાં, એટલે દૈવીરૂપમાં સ્થાપે છે. સકામ કર્મની બાહ્ય સપાટી સુંદર લાગે છે, જ્યારે નિષ્કામ કર્મ સર્વાંગસુંદર છે.

મને લાગે છે કે આ પત્રમાં સમાયેલી વાતો વારંવાર વાંચશો અને એના પર ચિંતન કરશો તો તમે શોધો છો તે તમને મળી આવશે.

શુભેચ્છક આત્મીયબંધુ
......ના જયગુરુદેવ

*

ઋતુનાં અને કલાનાં

ત્રણ પ્રતીકો

શિયાળો, ઉનાળો ને ચોમાસાની ત્રણે ય ઋતુના મનોભાવો સાંગોપાંગ રીતે વ્યક્ત કરતાં ઋતુવાર પ્રતીકો તે અનુક્રમે લહરી, કોયલ અને વાદળી છે; એ ત્રણેયને અનુલક્ષીને લખાયેલી આ ગીતત્રિવેણીમાં આથી ય વિશેષ ગર્ભિત ધ્વનિ સમાયેલો છે. સર્જનાત્મક લલિતકલાનાં ય ત્રણ પ્રયોજન હોય છે: (૧) 'ઉદ્‌બોધન,' (૨) બ્રહ્માનંદ અને (૩) જ્ઞાનવૃદ્ધિ. જીવનને લલિતકલાના કોણથી નિહાળતાં સહજમાં જણાશે કે લહરી, કોયલ અને વાદળી અનુક્રમે પ્રેરણા, આનંદ: અને ઉપયોગિતાનાં પણ પ્રતીક છે. વિષયએકતાનો દોરો પ્રસંગોના મણકામાં પરોવવાના પ્રયત્નને પરિણામે કવિહૃદયમાંથી ઋતુ અને કલાની આ ગીતસમીક્ષાનો ઉદ્‌ભવ થયો છે. અંતે આવતો ઉપસંહાર-શ્લોક સમગ્ર વસ્તુ પર આખરી તેજ-પ્રકાશ ફેંકી લે છે, એ રસાસ્વાદના રસિયાઓને સહેજે પરખાઈ આવશે.

૧ : લહરી

લહરી હું સમીરણની
ધારા અંતરના ચેતનની !
પોષ તણે પારણિયે ઝૂલી,
વન, સાગરમાં વાચા ખૂલી,
જનમાં આજ પડી હું ભૂલી:

ભટકું ગલીએ મનની
ધારા અંતરના ચેતનની !

ધરતીને શીતલતા ભીતિ ?
રંક-પીડન શું મારી રીતિ ?
ના, નવપલ્લવતા મુજ ગીતિ:

સ્ફૂર્તિ હું કણકણની
ધારા અંતરના ચેતનની !

સાહસ, દ્વિગુણિત બળની માતા,
મમ સ્પર્શે જન રાતા તાતા,
શક્તિ, મુક્તિ નવબલ દાતા:

ચેતનધારા જનની
ધારા અંતરના ચેતનની !

૨ : કોયલ

હું તો વસંતની વાંસળી જી રે,
પંચમસૂર રેલાય-
હું તો વસંતની વાંસળી જી રે.
વાસંતી રાગ મારા કંઠમાં જી રે,
વ્હેતો પરાગ કેરી ધાર-
હું તો વસંતની વાંસળી જી રે.
વનની દેવીની હું તો લાડકી જી રે,
ખેલું વસંત-ફૂલ ફાગ-
હું તો વસંતની વાંસળી જી રે.
ઋતુના રંગ-રાગ નેનમાં જી રે,
કણકણમાં પમરે પરાગ-
હું તો વસંતની વાંસળી જી રે.
રાગે ઝમે રસમંજરી જી રે,
મંજરી અનંગરંગ બાણ-
હું તો વસંતની વાંસળી જી રે
અમથા શા ટહૂકે અમી ઝમે જી રે,
હૈયું આ હલહલ થાય-
હું તો વસંતની વાંસળી જી રે.

૩ : વાદળી

પેલા નીલુડા આભની રાણી;
હું વાદળી રંગભીની,
મારા અંતરમાં છલછલ પાણી;
હું વાદળી રસભીની.
પેલા સાગરના પારણિયે ઝૂલી;
હું વાદળી રંગભીની,
ઘેરા ગગનની ગલીએ ભૂલી;
હું વાદળી રસભીની.
પેલા ક્ષિતિજને આરે એકલી;
હું વાદળી રંગભીની,
ચઢી વાયરાના વહાણે છકેલી;
હું વાદળી રસભીની.

મારી પલટાતી પલપલ કાયા;
હું વાદળી રંગભીની,
કોણ પામે આ રૂપરંગ માયા;
હું વાદળી રસભીની.
પેલા આષાઢી આભની શ્યામા;
હું વાદળી રસભીની,
પોષ માસની રંગીલી રામા;
હું વાદળી રંગભીની.
પેલા જલધિની નમણી જાયા;
હું વાદળી રસભીની,
દુઃખી ધરતીને ધરતી છાયા;
હું વાદળી રંગભીની.

પેલા આકાશી સાગરની રાણી;
હું વાદળી રંગભીની,
કરું વરસીને ધન-ધાન લહાણી;
હું વાદળી રસભીની.

(શાર્દૂલ)

લહરી : ધારા ચેતનની સમીરલહરી : હું પ્રેરણાની પરી.
કોયલ : વાસંતી વનવાંસળી પરભૃતા : આનંદની હું તરી.
વાદળી : રંગીલી નભવાદળી દધિસુતા : કર્તવ્યમૂર્તિ નરી.
કવિ : માનો કેવલ ના પ્રતીક ઋતુનાં : સાહિત્ય વાતે ખરી!

અનામી

⁂

विषस्य विषयाणां हि दृश्यते महदन्तरम् ।
उपभुक्तं विषं हन्ति विषयाः स्मरणादपि ॥
'વિષ ને વિષયો વચ્ચે, દેખાયે બહુ અંતર;
ખાધાથી વિષ મારે છે, વિષયો સ્મરણમાત્રથી.'

×

प्राणप्रयाणपाथेयं संसारव्याधिभेषजम् ।
रोगशोकहरं पुंसां हरिरित्यक्षरद्वयम् ॥
'પરલોક જતાં ભાતું, ભવરોગ તણી દવા;
હરિ નામાક્ષરો બે તો, જન્મમૃત્યુભય હરે.'

×

હજામના બચાવમાં

લેખક :
શ્રી જ્યોતીંદ્ર દવે

મનુષ્યેતર પ્રાણીઓમાં ગધેડાને ને માનવીઓમાં હજામને આપણે સૌથી વધારે અન્યાય કર્યો છે. એ બંનેને આપણે મૂર્ખતાના પ્રતીક સમા ગણ્યા છે. અલબત્ત એ બંનેમાં ભેદ છે, પણ તે પ્રમાણનો : પ્રથમમાં મૂર્ખતાનું પ્રમાણ અધિક છે, બીજામાં એનાથી કંઈક ઓછું: અથવા પ્રથમ શબ્દને આપણે મૂર્ખતાના પૂર્ણાવતાર તરીકે અને બીજાને અંશાવતાર તરીકે ઘટાવીએ છીએ. જરા વધારે ઝીણું કાંતવું હોય તો એમ પણ કહી શકાય કે પહેલાની ગણના જ્ઞાનમાર્ગના પ્રવાસી તરીકે અને બીજાની કર્મમાર્ગના ઉપાસક તરીકે કરીએ છીએ. હજામત સિવાય અન્ય ધંધો કરનારને આપણે હજામ તરીકે બિરદાવીએ છીએ, ત્યારે કર્મરત હોવા છતાં એને કામ કરતાં આવડતું નથી એમ આપણે કહેવા માગીએ છીએ અને આકૃતિ પરથી નહિ પરંતુ કૃતિ પરથી કોઈકને આપણે ગર્દભ તરીકે સંબોધીએ છીએ, ત્યારે એનામાં કર્મકુશળતા નથી એટલું જ નહિ, પણ કામ કરવાની એનામાં ઇચ્છા જ નથી, એ જડ છે—પરમજ્ઞાની સમો નૈષ્કર્મ્યવાદી છે એમ આપણા કહેવાની મતલબ હોય છેઃ પરંતુ એ શબ્દોનો આ રીતે પ્રયોગ કરવો તે યોગ્ય છે? એમાં સત્યનો અંશ પણ છે ખરો?

ઈશ્વરે ગધેડાના પગમાં જેટલી શક્તિ મૂકી છે તેટલી કદાચ એના ભેજામાં નહિ મૂકી હોય, પણ તેથી એનામાં બિલકુલ બુદ્ધિ નથી, બધાં પ્રાણીઓમાં એ સૌથી વધારે મૂરખ છે એમ માનવું તે બરાબર નથી. શિયાળ જેવી લુચ્ચાઈ, કાગડા જેવી ચતુરાઈ કે માણસ જેવી ઢોંગાઈ એ કદાચ દર્શાવી ન શકે, પણ અખાદ્ય વસ્તુ ખાઈને ગધેડું ખચ્ચું અકાળે મરી ગયું એવા સમાચા આપણને કદી સાંભળવા મળતા નથી, જ્યા બુદ્ધિમાન ગણાતા માણસનું બાળક ન ખા જેવી ચીજ ખાઈને અકાળે અવસાન પામ્યાન અથવા સંખત રીતે માંદું થઈ જવાન કેટલાયે કિસ્સા સાંભળવામાં અથવા વાંચવામાં આવે છે. ગધેડો જિદ્દી છે, જક્કી છે, દુરાગ્રહી છે: જે કહેવું હોય તે કહો, પ એને મૂર્ખશિરોમણિ તો ભાગ્યે જ કહી શકાય

મૂર્ખતાના ઉપમાન તરીકે આપણે ગધેડાની સ્થાપના કરી છે, તેમ બિનઆવડ અકુશળતા, અણઘડપણા માટે આપણે હજામને યાદ કરીએ છીએ.

દરદીનો ‘ કેસ ’ બગાડી નાખનાર ડૉક્ટરને, ખરાબ જોડા સીવનાર મોચીને, પરીક્ષા નાપાસ થનાર વિદ્યાર્થીને, બેસ્વાદ રસો બનાવનાર રસોઇયાને, પોતાના પક્ષને અવ માર્ગે દોરનાર પક્ષના નેતાને, ‘તું ડૉક્ટ નથી, પણ હજામ છે,’ ‘સીવ્યા તેં જો હજામત કર, હજામત!’ ‘ભણવાનું મૂ દઈ હજામતનો ધંધો કર,’ ‘તને રસોઈ કયા ગધેડાએ બનાવ્યો? કડછી છોડીને અ ઝાલ, અસ્ત્રો,’ એમ કહીને આપણે તેમ તિરસ્કાર કરીએ છીએ. પોતાના ધંધા નિષ્ફળ નીવડનાર માણસની કે માથે લી કામ પાર પાડી ન શકનાર મનુષ્યની સરખામણી હજામ સાથે આપણે કરીએ છી એટલું જ નહીં, પણ એથી યે આગળ વ દાઢી મૂંડતાં કે વાળ કાપતાં કોઈક હ કદાચ આપણને ઈજા કરી બેસે, તો તેને આપણે ‘ તદ્દન હજામ જેવો છે,’ એમ અપમાનિત કરીએ છીએ.

ગધેડાને મૂરખ કેમ ગણવામાં આવ્યો હશે, તેનાં કારણની કલ્પના આપણે કરી શકીએ છીએ; પણ હજામને મૂરખ અથવા અણઘડ કેમ લેખવામાં આવ્યો હશે તે સમજાતું નથી. મૂરખાઓ સામાન્ય રીતે જડ, આળસુ, પ્રમાદી ને એદી હોય છે. આસપાસના વાતાવરણની અસર એમના પર બહુ ઓછી થાય છે. કોઈ કંઈ કહે તો એમની બુદ્ધિમાં ઊતરતું નથી. બીજાની સલાહ લેવાની કે બીજાને સલાહ આપવાની એનામાં શક્તિ કે વૃત્તિ હોતી નથી. આ દૃષ્ટિએ જોતાં હજામને મૂરખ શી રીતે કહી શકાય, તે સમજવું મુશ્કેલ લાગે છે. જડતા, પ્રમાદ, આળસ, એ ગુણોનો એમનામાં સર્વથા અભાવ હોય છે. ચંચળતા એ તો એનું પ્રધાન લક્ષણ હોય એમ લાગે છે. કાતર ને વાળનો સમાગમ સાધતી વેળા જ નહિ, પણ તે વચ્ચેના સમયમાં પણ એ હાથમાંની કાતરને હલાવ્યા જ કરતો હોય છે. વાળ કપાવાની શરૂઆત થવા પૂર્વે જ શરૂ થયેલો એના હાથમાંની કાતરનો અવાજ વાળ કપાઈ રહ્યા પછી પણ થોડા કાળ પર્યંત ચાલુ રહે છે. હાથમાં અસ્ત્રો આવ્યા પછી એના અંગેઅંગમાં ગતિ આવે છે. એના હાથ જ એકલા કામ કરતા નથી હોતા, સાથેસાથે એનું મુખ પણ કાર્યપ્રવૃત્ત બને છે. વાળ કપાવનારને તો મૂંગા થઈને બેસી રહેવું પડે છે, પણ એ તો સતત બોલતો જ રહે છે. ઘરાકની દાઢી બોડતાં કે એના વાળ કાપતાં વચ્ચેવચ્ચે એ જરા બહાર નજર કરી આવે છે. પોતાના કોઈ દોસ્ત સાથે ગપાટા મારવા બેસી જાય છે. અડધા બેઠેલા ઘરાકને એમનો એમ બેસાડી રાખી પોતાના શસ્ત્રાસ્ત્રની સાફસૂફી કરવા મંડી પડે છે. ક્ષણમાં અહીં તો ક્ષણમાં તહીં એમ વિવિધ સ્થળે ભમતો રહી એ ગતિ ને વેગનું ભાન કરાવે છે. પોતાના ધંધા સિવાયની અનેક બાબતોમાં એ રસ લે છે: એ પોતે રસ લે છે એટલું જ નહીં, પણ ઘરાકને પણ એનો સહભાગી બનાવે છે. રાજકારણથી માંડીને ભોજા ભગતના ચાબખા સુધીના વિષયો પર એ પ્રવચન કરતો રહી એ પરાણે મૂંગા બનેલા ઘરાકના કાનનો અનિયંત્રિત રીતે કબજો લે છે. આ લક્ષણો જડ કે મૂર્ખનાં નથી, પણ અતીવ ચંચળ ને બુદ્ધિમાન મનુષ્યનાં છે.

એક લેખકે કહ્યું છે કે ધોબી વગરના સુસંસ્કૃત સમાજની કલ્પના કરવી મુશ્કેલ છે, પણ હજામ વગરના સંસ્કૃત સમાજની તો કલ્પના જ થઈ શકે એમ નથી. 'સ્રષ્ટાએ સંસાર સરજી સુંદરીસંઘ ન સજર્યો હોત તો? જળસૂકી જમના જેવું જગત થાત કે નહિ?' એમ સસ્સા ને જજ્જાની વર્ણસગાઈ સાંધતાં નાનાલાલે એક સ્થળે લખ્યું છે, તેમ આપણે પણ કહી શકીએ કે 'સ્રષ્ટાનો સજર્યો સમાજ હજામની હસ્તી વિહોણો હોત તો? ઝાંખરાભર્યા જંગલ જેવું જગત થાત કે નહિ?' સુંદરીના સાથ વિના દિવસો જ નહિ, મહિનાઓ જ નહિ, પણ વર્ષોનાં વર્ષો સુધી રહેનારા કંઈક પુરુષવીરો પૃથ્વીને તટે પાકયા છે, પણ હજામ વિના મહિનાઓ સુધી સમાજમાં ભદ્ર પુરુષ તરીકે રહી શકનાર કેટલાક હશે?

ધોબી, હજામ, વૈદ્ય ને ગુરુ: સમાજને ઊજળો રાખનાર એ સૌ એક જ વર્ગના મનુષ્યો છે. વ્યક્તિ તેમ જ સમાજની બાહ્યાંતર શુદ્ધિ એમના વડે જ સચવાય છે. માણસના બાહ્યાચ્છાદન તરીકે એના શરીર પર રહેલાં કપડાંને ધોબી સાફ કરે છે, એના બાહ્ય શરીરની શુદ્ધિ હજામ વડે સચવાય છે, વૈદ્ય એના શરીરને અંદરથી શુદ્ધ કરે છે અને ગુરુ એના મનનો મેલ ધુએ છે.

આંતર શુદ્ધિ એ બહુ મહત્ત્વની વસ્તુ છે, એમ કેટલાક કહે છે, પરંતુ સમાજમાં

તો બાહ્ય વસ્તુને જ પ્રાધાન્ય મળે છે. જે છે તે કરતાં જે દેખાય છે તેનું જ વજન પડે છે. એક સંસ્કૃત કવિએ કહ્યું છે, તે જ આપણી સંસ્કૃતિ પણ કહે છે, કે 'आकृतिर्गुणान् कथयति (આકૃતિ–દેખાવ–એ ગુણ દર્શાવે છે.)' દેખાવ પરથી ગુણનું અનુમાન થાય છે; ગુણ પરથી દેખાવનું નહિ. શરીરથી માંડીને આત્મા સુધીની બધી બાબતમાં માણસ સારા દેખાવાનો જેટલો પ્રયત્ન કરે છે, તેટલો સારા થવાનો કરતો નથી. ઘર ચલાવનાર મુખ્ય પુરુષને પણ ઘણી વેળા ઘરની અંદર શું ચાલી રહ્યું છે, તેની ખબર હોતી નથી. બહારથી શરીરને મેલ લાગ્યો હોય કે કંઈક વાગવાથી ઈજા થઈ હોય, તો માણસને તરત ખબર પડે છે; પણ અંદરનાં આંતરડાં બગડ્યાં હોય તો એને લાંબા વખત સુધી તેની ખબર પડતી નથી. એ તો એને ડૉકટર કહે છે ત્યારે જ સમજાય છે. એથી વધારે એના મનના વિચારો પાછળ કામ કરી રહેલા આંતર મનની પ્રક્રિયા એનાથી કદી પણ કળાતી નથી.

માથા પરની ટોપી પરથી માણસનું મૂલ્ય આંકવા કરતાં એના માથાની અંદર શું રહેલું છે તે પરથી એના મહત્ત્વની તુલના કરવી જોઈએ, એમ એક વિચારકે કહ્યું છે; પરંતુ એવી તુલના કરવી અત્યંત મુશ્કેલ છે. કોઈના પણ માથાની અંદર શું છે તે બીજાથી ભાગ્યે જ સમજી શકાય છે, ઘણી વાર માણસ પોતે જ પોતાના માથામાં શું છે તે સમજી શકતો નથી. કોઈની અંદરની ખટપટમાં માથું મારવું નહિ એ સૂત્રનો અમલ માણસ ખુદ પોતાની બાબતમાં સૌથી વધારે સફળ રીતે કરે છે.

આ દૃષ્ટિથી જોતાં હજામનું કાર્ય શિક્ષક કરતાં પણ વધારે મહત્ત્વનું બને છે. બંનેને મસ્તક સાથે સંબંધ છે. શિક્ષક મસ્તકની અંદરની સુવ્યવસ્થા સાધવાનું કાર્ય કરે છે. મસ્તક ઉપરની સુવ્યવસ્થા હજામ કરે છે. આટલું જ નહિ, પણ શિક્ષક એકલા શિક્ષક તરીકેનું જ કાર્ય કરે છે, પણ હજામ તો બંનેનું કાર્ય કરે છે. કાતર ચલાવીને એ મનુષ્યના માથા પરનો ભાર હલકો કરે છે તેની સાથે જ જીભ ચલાવીને એ એના માથાની અંદર જ્ઞાનનો સંભાર ભરે છે. આમ માથા ઉપરનું તેમ જ અંદરનું બંને કાર્ય એ કરે છે.

હજામ શબ્દને આપણે તિરસ્કારવાચક બનાવ્યો છે અને ગૌરવ શબ્દ તો ગુરુ પરથી જ નિષ્પન્ન થયો છે; આમ છતાં ખરું જોતાં ગૌરવ કોનું વધારે કરીએ છીએ તે જોવા જેવું છે. 'ગુરુ બ્રહ્મા છે, ગુરુ વિષ્ણુ છે, ગુરુ દેવ મહેશ્વર છે' એમ કહેવા છતાં ગુરુ આગળ પોતાની મેળે મસ્તક નમાવનારા કેટલા વિદ્યાર્થીઓ હોય છે?

'ઈશ્વર સિવાય મારું માથું કોઈને નહિ નમે' એમ અભિમાનપૂર્વક ઉચ્ચાર કરનારા પોતાને માથું છે એટલું જ નહિ પણ માથા પર વાળ પણ છે અને વાળ કપાવવા હજામ આગળ જવું પડે છે એ વાત જ ભૂલી જાય છે. એવા ભલભલાઓનો ગર્વ હજામ આગળ ઓગળી જાય છે. 'કંદર્પદર્પદલને સુવીરા'–કામદેવના ગર્વનું ખંડન કરનારા વિરક્ત જતિઓ ને મુનિઓ અને સ્વમહિમામાં મસ્ત એવા અક્કડ માથું રાખીને ફરનારાઓ પણ જ્યારે હજામ સમીપ જાય છે, ત્યારે એમનાં મસ્તક એની આગળ આપોઆપ નમી જાય છે. મોટા ચમરબંધીઓ એના ચરણ પાસે નતમસ્તકે બેસવામાં નાનમ નથી અનુભવતા. મોટા અનેક સ્ત્રીપુરુષોના જુહાર સ્વીકારનારા મોટા મુગટધારીઓ પણ એની આગળ પોતાના મુગટ ઉતારી મસ્તક ઝુકાવે છે. 'હરિ ભજતાં હજી કોઈની લાજ જતી નથી જાણી રે,' એમ જે

ભક્તકવિએ કહ્યું છે, તેમ આપણે પણ કહી શકીએ કે 'નાપિતને નમતાં હજી કોઈની લાજ જતી નથી જાણી રે.' ઈશ્વરનું અનન્ય અવલંબન સ્વીકારી કોઈની આગળ પણ પોતાનું મસ્તક ન નમાવવાનો નિશ્ચય કરનારા કેટલાક સાધુસંન્યાસી ને બ્રહ્મચારીઓ કદી વાળ નથી કપાવતા તેનું કારણ પણ આ જ લાગે છે. વાળ કપાવવા હોય તો હજામ આગળ જઈને માથું નીચું નમાવવું પડે. એમ કરવા કરતાં વાળ કપાવવા જ નહિ, શરીર આખું ભલે વાળથી ઢંકાઈ જાય, જટાજૂથના વૈભવ શરીરના વૈભવને ભલે ઢાંકી દે, પરંતુ હજામ પાસે કદી જવું નહિ એવો એમણે નિશ્ચય કર્યો હોય છે.

અને કેટલી શ્રદ્ધા, કેટલો વિશ્વાસ આપણે આ હજામ પર રાખીએ છીએ! તીક્ષ્ણ અને ચળકતી ધારવાળો ખુલ્લો અસ્ત્રો હાથમાં રાખીને કોઈ અજાણ્યો પુરુષ આપણા આગળ આવીને ઊભો રહે તો આપણે ગભરાઈ જઈએ. તેમાં યે જો એ આમ જ ભયંકર ધારવાળા દેખાતા અસ્ત્રાને પાછો ચામડાના પટા પર ફરી વધારે તીક્ષ્ણ બનાવીને આપણા મોં સામે હામીને ઊભો રહે તો આપણા ભયની કોઈ સીમા જ ન રહે; પણ આવા ભયંકર શસ્ત્રને ધારણ કરનારા હજામના હાથમાં આપણે ખરેખરા અર્થમાં આપણું માથું મૂકી દઈએ છીએ. 'મારું માથું તારા ખોળામાં છે; તાર કે માર,' એમ આપણે કોઈના હાથમાં સપડાઈ જઈએ છીએ ત્યારે લાક્ષણિક અર્થમાં કહીએ છીએ, પણ અહીં તો ચાલીચલાવીને, રાજીખુશીથી, બિન-કેફ દશામાં ને અક્કલહોશિયારીથી આપણે હજામને ખોળે અથવા એના હાથમાં આપણું માથું જ નહિ, પણ માથું, મુખ ને ગળું મૂકી દઈએ છીએ—એવી પૂરેપૂરી શ્રદ્ધા સાથે, કે હજામનું કાર્ય પતી ગયા પછી આપણે પાછું માથું ઊંચકીશું, ત્યારે આપણે વાળ અને વખત સિવાય બીજું કશું ગુમાવ્યું નહિ હોય. કેટલીકવાર માણસ એકાએક ગાંડા થઈ ગયાના દાખલા બને છે. ઉઘાડા અસ્ત્રા સાથે સન્મુખ આવીને ઊભેલા હજામને જોઈને મને કોઈક વાર વિચાર આવે છે: આ એકાએક ગાંડો થઈ જાય તો ? દાઢીને બદલે ડોકા પર જ અસ્ત્રો ચલાવવાની અદમ્ય વૃત્તિ એને થઈ આવે તો ? મુખમંડળના કોઈક નાજુક ને ખાડા-ટેકરાવાળા પ્રદેશ પર એ અસ્ત્રો ચલાવતો હોય તે જ વેળા એને એકાએક ફેફરું થઈ આવે તો ? ગાંડપણ અથવા ફેફરાનો રોગ હજામને લાગુ ન જ પડે એવો થોડો નિયમ છે ? પરંતુ જગતના કેશકર્તનના ઇતિહાસમાં આવો એકે બનાવ નોંધાયો નથી. જીવના જોખમે પણ અહિંસા પાળવાનું વ્રત કોઈ પણ હજામે લીધું હોય એમ જાણ્યામાં નથી. માનસશાસ્ત્રના જાણકારો કહે છે કે શસ્ત્રનો સંઘરો કરનાર, નિરંતર શસ્ત્રાસ્ત્રની વાતો કરનાર, શસ્ત્રાદિકની સાથે સતત રમત કરનાર મનુષ્યોના મનમાં અજાણ્યે પણ હિંસાની વૃત્તિ થઈ આવે છે. કયારેક એ હિંસક બની શસ્ત્રનો ઉપયોગ કરી નાખે છે. આમ છતાં હાથમાં હંમેશ ખુલ્લું શસ્ત્ર રાખવા છતાં હિંસાનો વિચાર સરખો એને આવતો નથી. હજામ પણ માણસ છે. એને યે ઉશ્કેરાટનાં કારણો મળે છે. ઘરમાંથી કોઈક વાર લડીને ઉગ્ર વિવાદ જગાવીને એ આવ્યો હોય એમ પણ બને અને તે વખતે એકની ચીડ બીજા પર કાઢવાની માનવસુલભ નબળાઈ એનામાં આવી જાય એમાં કંઈ આશ્ચર્ય નથી. આમ છતાં પોતાને સોંપવામાં આવેલા અસ્ત્રનો ઉપયોગ વાળ સિવાય બીજા કોઈનું નિકંદન કાઢવામાં એણે કર્યો નથી, એ નવાઈ જેવું નથી ?

અત્યારે 'સર્જન' અને 'નર્સ'નું જે સ્થાન છે, તે પ્રાચીન કાળમાં આપણે ત્યાં હજામ અને એની સ્ત્રીનું હતું. હજામ માત્ર વાળ જ ન કાપતો, પણ બીજી વાઢકાપની સામાન્ય ક્રિયા પણ એ કરતો. શરીર ઉપરના વાળ દૂર કરવા માટે જ નહિ, પણ શરીરની અંદર કાંટા જેવું કંઈક ભરાઈ ગયું હોય અથવા બીજી કોઈ અણધારી વિક્રિયા થઈ હોય, તો તે દૂર કરાવવા માટે લોકો વૈદ્યો પાસે નહિ પણ હજામ પાસે જતા. કહે છે કે સુશ્રુતે માણસના બારીક વાળને પણ ઊભો બે ભાગમાં ચીરવાની ક્રિયા વર્ણવી છે ને શસ્ત્રપ્રયોગ માટેનાં ઓજારોનું પણ વર્ણન કર્યું છે, પરંતુ એ વિદ્યા કોણ જાણે કયારે ને કયાં લુપ્ત થઈ ગઈ હતી. વૈદ્યોને વાળને ઊભા જ નહિ પણ આડા ચીરતાં પણ આવડતું નહિ. કોક હજામ જેવા વૈદ્ય એ જમાનામાં પણ હશે, પરંતુ વૈદ્યો હજામનું કાર્ય કરી શકતા નહિ, પણ હજામો તો વૈદ્યોનું કાર્ય કરતા હતા. આપણા વૈદ્યો શસ્ત્રોપચારની વિદ્યા ભૂલી ગયા હતા, ત્યારે આયુર્વેદની એ શાખાની જયોત, ભલે મંદ રીતે પણ, સળગતી હજામે જ રાખી હતી. ઇસ્પિતાલ અને અન્ય સગવડને અભાવે તે વેળા પ્રસૂતિને સમયે હંમેશ હજામની સ્ત્રીને જ સંભારવામાં આવતી. લગ્ન હંમેશ અગ્નિની સાક્ષીમાં થાય છે, તેમ પ્રાચીન કાળમાં મનુષ્યનો જન્મ હજામની સ્ત્રીની સાક્ષીમાં થતો.

આજે હજામ ને હજામની પત્નીનું સ્થાન ભલે પહેલાં જેવું રહ્યું ન હોય, છતાં એની ઉપેક્ષા કરી શકાય એમ તો નથી જ. પાશ્ચાત્ય સંસ્કૃતિના સંપર્કને પરિણામે કેશકર્તનનો મહિમા વધ્યો છે. અસલ, મુખને ખેતર જેવું બનાવવામાં પુરુષાર્થ ગણાતો, હવે સપાટ મેદાન જેવું બનાવવામાં ગણાય છે. આમ કદાચ હજામનું નહિ, તો એના કાર્ય-હજામતનું ગૌરવ આપણે વધાર્યું છે. અસલ, લોકો અડવાડિયે એક વાર કે બહુબહુ તો બે કે ત્રણ વાર હજામને બોલાવી દાઢી મૂંડાવતા; આજે સદ્‌ગૃહસ્થો નિદ્રાત્યાગ પછી પુરુષાર્થનો પ્રારંભ હજામતથી કરે છે. અલબત્ત, હજામત પોતાને હાથે કરીને હજામનો બોજો એણે કંઈક હળવો બનાવ્યો છે. આજે કદાચ એવી વ્યાખ્યા પણ બાંધી શકાય કે જે પોતાને મૂંડે તે ગૃહસ્થ ને જે બીજાને મૂંડે તે હજામ. આમ હજામનું કામ કંઈક અંશે ઘટ્યું છે તો બીજે પક્ષે અસલ સ્ત્રીઓ (અલબત્ત, હજામની પોતાની સ્ત્રીનો અપવાદ બાદ કરતાં) હજામથી દૂર રહેતી. અમંગળ પ્રસંગે જ હજામને બોલાવવો પડતો, હવે અમંગળ પ્રસંગ સિવાય પણ હજામ પાસે જવાના દાખલા નારીની આલમમાં ક્યાંકક્યાંક બનવા લાગ્યા છે. બધાં ધર્મકાર્યો કરતાં પહેલાં ગણપતિનું આવાહન કરવામાં આવે છે, તેમ એવી ક્રિયાઓને પ્રસંગે હજામની પણ જરૂર પડે છે. યજ્ઞોપવીતના સંસ્કારથી માંડી પિતૃશ્રાદ્ધના પ્રસંગો સુધીના અનેકવિધ સંસ્કાર ને ધર્મક્રિયામાં હજામની હાજરી આવશ્યક લેખાઈ છે.

આમ છેક પ્રાચીન કાળથી અત્યાર સુધી વ્યક્તિ ને સમાજના સંસ્કારકાર્ય માટે આવશ્યક એવા નાપિતનો વાચક 'હજામ' શબ્દ તિરસ્કાર ને ઉપાલંભના પ્રતીક સમો કેમ બન્યો હશે, તે સમજવું મુશ્કેલ છે.

'હું ગુલામ, હું ગુલામ' એ શ્રી ઉમાશંકરના કાવ્ય પરથી પ્રતિકાવ્ય રચીને મારા એક મિત્રે મને બતાવ્યું. એની શરૂઆતની પંક્તિ આ પ્રમાણે હતી: 'તું હજામ, તું હજામ, આવડે ન એક કામ.' મેં એમને પૂછ્યું:

'તમે વાંચકને 'તું હજામ, તું હજામ' એમ કહો છો!, પણ એ તો તમને જ સંબો-

ધીને એ કાવ્ય વાંચશે કે 'તું હજામ, તું હજામ,' એમ પરસ્પર એકુબીજાને હજામની ઉપાધિ આપવાનું કંઈ કારણ?'

'કારણ તો કંઈ નહિ, પણ જરા મજાક; 'ગુલામ' સાંભળીને 'હજામ' યાદ આવ્યો,' એમણે જવાબ દીધો.

'યાદ આવ્યો એ બરાબર, પણ તેથી કોઈને હજામ કહેવાની શી જરૂર?' મેં પૂછ્યું.

'કેમ? આપણે બીજાને હજામ નથી કહેતા? કોઈ પણ માણસે બીજા માણસને એક વાર પણ હજામ ન કહ્યો હોય એવો દાખલો ભાગ્યે જ મળશે,' એમણે જવાબ દીધો.

'એ જ પ્રમાણે કોઈ પણ માણસ હજામનું બિરુદ બીજાને હાથે નહિ પામ્યો હોય એવો દાખલો પણ ભાગ્યે જ મળશે,' મેં કહ્યું અને થોડીક પંક્તિઓ નવી સૂચવી:

હું હજામ, તું હજામ,
આ વિશાળ વિશ્વમાં,
કહો ન કો બન્યો હજામ?
હું કહું તને-કહે જ તું મને ય:
'તું હજામ, તું હજામ!'
બેઉ આપણે મળી,
કદીક બોલીએ વળી:
'તે હજામ, તે હજામ.'
એમ સૃષ્ટિ આ તમામ-
હું અને તું યે તથૈવ તે
બધા ય આપણે હજામ,
સૌ હજામ-સૌ હજામ!'

આ રીતે જે શબ્દ કોઈ ને કોઈ પણ વખતે આપણને સૌને માટે વાપરવામાં આવ્યો હોય, તેને તિરસ્કારવાચક ગણવો એ આપણી પોતાની જાતનો તિરસ્કાર કરવા સરખું નથી?

*

મહાભારતનું યુદ્ધ પૂરું થયું હતું. ધર્મરાજાને સમ્રાટપદ પ્રાપ્ત થયું હતું. કુંતાજીને હવે રાજમાતા બનવાનો અવસર આવ્યો. પુત્રોના સંહારથી અતિ દુઃખી થતાં ધૃતરાષ્ટ્ર ને ગાંધારી વનમાં ચાલ્યાં ગયાં. જેની સતત ઝંખના કરતા હતા તે સુખનો દિવસ આવી પહોંચ્યો, પરંતુ જેઠ-જેઠાણી આ રીતે વનવાસ સેવે તે કુંતાજીથી સહન ન થયું, ને એ પણ એમની સેવાર્થે વનમાં જવા તૈયાર થયાં. યુધિષ્ઠિરે સમજાવ્યાં; બીજાઓએ સમજાવ્યાં, પણ એ માન્યાં નહીં, અંતે સ્પષ્ટવક્તા ભીમ બોલ્યો:

'માતાજી, છેવટે તમારે જો આમ જ કરવું હતું તો અમારા દ્વારા આટલો બધો માનવ-સંહાર શા માટે કરાવ્યો? પિતાજીના મૃત્યુ બાદ અમને નગરમાં શાને લઈ આવ્યાં?'

કુંતાજીએ શાંત સ્વરે કહ્યું:

'વત્સ ભીમ, તમે કાયર બની બેસી ન રહો, ક્ષત્રિયધર્મને ઉચિત એવો પુરુષાર્થ ત્યજી દઈ અપમાનભરી જિંદગી ન વિતાવો, તમારો સાચો અધિકાર ન ગુમાવી બેસો એટલા માટે મેં તમને સર્વેને આજ સુધી યુદ્ધ માટે પ્રવૃત્ત કર્યા છે, મારી સુખેચ્છાથી નહીં. જીવનભર મેં દુઃખ ઉઠાવ્યું છે ને કલેશ વેઠ્યો છે, એ સાચું, હવે મારે સુખનો દિવસ જોવાનો વખત આવ્યો છે એ પણ સાચું; પરંતુ મારાં જેઠજેઠાણીના સુખ પાછળ આજ સુધી મેં જોયું નથી; જેમના સો સો પુત્રો મૃત્યુના મુખમાં હોમાઈ ગયા, પુત્રવધૂઓના ચાંદલા સદાયને માટે નષ્ટ થઈ ગયા, જે જેઠજેઠાણીને દુર્યોધન દ્વારા સદાયે અપમાન જ મળ્યા કર્યું છે, તેમની સેવા આજે હવે હું નહીં ઉઠાવું તો કોણ કરશે? સંસારના સુખભોગોને સ્વેચ્છાથી ઠોકર મારી, તપ ને યમનિયમયુક્ત શેષ જીવન એમની સેવામાં ગાળીશ. વત્સ, તમે સુખચેનથી રહેજો અને પ્રજાનું પાલન કરજો!'

×

કાશીભાભુ

લેખક :

શ્રી ચૂનીલાલ મડિયા

પાછલી રાતના નીરવ વાતાવરણમાં 'મારા બાપા...રે...' કરીને ધનજીએ પ્રાણપોક પાડી, ત્યારે જ અડોશપડોશમાં–તેમજ અરધા ગામમાં પણ–જાણ થઈ ગઈ કે વૃદ્ધ વૈકુંઠબાપાનો સાચે જ વૈકુંઠવાસ થઈ ગયો છે.

'છૂટ્યા બિચારા જીવ! ઘણાં વરસથી પીડાતા હતા–' પડોશીઓએ ઘટાવ્યું.

'વૈકુંઠબાપા તો છૂટ્યા, ને કાશીભાભુને પણ છોડતા ગયા,' પ્રથમ પ્રત્યાઘાત ઉપર વિવરણ થયું, 'ધણીની સેવાચાકરી કરવા આડે બિચારાં કાશીભાભુ ધરાઈને ધાન નહોતાં ખાતાં.'

'સાચી વાત છે, ડોસા તો આજ દસ દસ વરસથી ભૂતેશ્વરના મહંતની જગ્યામાં જ પડ્યા રહેતા. કાશીભાભુ ભલા જીવ રોજ ઘેરેથી ભાણું પીરસીને સવારસાંજ વૈકુંઠબાપાને જમાડવા સારુ ભૂતેશ્વરના પલ્લા ખેંચતા. એ તો માથાના મોડ જેવા ધણીનું એટલું પેટમાં બળે એટલે જ. બાકી, ગમે તેવા બળબળતા બપોરે સોનીવાડમાંથી ઠે...ઠ ભૂતેશ્વરની ધાર લગીના બબ્બે ધક્કા ખાવા એ કાંઈ રમત વાત છે!'

'વૈકુંઠબાપો પણ ભારે ટેકીલો હતો. ભૂતેશ્વર મહાદેવની પાકી આસ્થા. મહંતમાં આ ગલઢો બાપો કોણ જાણે શું ભાળી ગયો હતો, કે જીવ્યો ત્યાં લગણ એનું પડખું સેવ્યા જ કર્યું. ઘરબાર, બાયડી–છોકરાં બધુંય છોડીને દસદસ વરસ લગી ભૂતેશ્વરને ઓટે ગાંજો ફૂંક્યા કર્યો. એવો આકરો મંદવાડ આવ્યો, હાથપગ રહી ગયા પણ ઘેરે આવવાનું નામ જ ન લિયે. અંતે અવાચક થયા પછી ધનજી પરાણે એને ઘોડાગાડીમાં ઘાલીને ઘેરે લઈ આવ્યો. દસદસ વરસ બાવાની જગ્યામાં કાઢીને ચાર દી ઘરમાં સહુની ચાકરી પામ્યા ને આજે તો દેહ છોડી દીધી...'

'ગમે તેમ દેહ છોડી પણ આપણી તો લાડવા–મેસુખની જમણવાર પાકી ગઈ–' નાતીલાંઓ આખરે મૂળ મુદ્દાની વાત ચર્ચવા લાગ્યાં.

નાતીલાંઓ જયારે પ્રેતભોજનની સંભવિત વાનીઓ ચર્ચી રહ્યાં હતાં, ત્યારે વૈકુંઠસોનીની મેડી પર કાશીભાભુ પોતાનાં સૌભાગ્યચિહ્નો ત્યાગી રહ્યાં હતાં. નાકમાંથી દાયકાઓથી કદી ન ખસેલી સોનાની ચૂંક ઉતારતાં એમને પારાવાર શારીરિક તેમ જ માનસિક કષ્ટ પડ્યું. પગમાં ચપોચપ ભિડાયેલાં નકોર કડલાં તો ખીલી ઉઘાડવા છતાં પણ નીકળી ન શક્યાં, ત્યારે ન છૂટકે અંતરિયાળ વેરવા પડ્યાં. પતિવ્રતા નારીના અનન્ય પતિપ્રેમના સાંકેતિક ચિહ્ન સમો સૌભાગ્યચંદ્રક પણ કપાળ પરથી ભુસાયો. રહ્યા માત્ર, ગામને પાદર ખીજડા હેઠળ ભાંગવા માટેના હેવાતણ–ચૂડલા.

ગૌછાણ વડે લીંપેલી ભોંય પર સાથરે સૂતેલા પતિ પાસે સૌભાગ્યનષ્ટા કાશીભાભુ સૌમ્યવદને બેઠાં હતાં, ત્યારે મોટો દીકરો ધનજી અને બીજાં સગાંવહાલાંઓ ડોસાના કારજની ચર્ચા કરી રહ્યાં હતાં.

'નાત જમાડવી પડશે–'

'નાત? નાત તો હાલીમવાલી પણ જમાડે છે. આપણે પણ નાત જ જમાડીએ તો વૈકુંઠસોનીના પાકા મરણની વશેકાઈ શી! એનો માનમોભો શો?'

'તો પછી નવનાત કરશું?...ધીમો

ભાવ ઊંચો છે.'

'થાવા દ્યિો નવનાત. ભલે ઘીનો ભાવ વધારે ઊંચો જાય–'

'હા, હા, થાવા દ્યિો આંખ મીંચીને. વહુની અઘરણી ને બાપનું કારજ કયાં બીજી વાર આવવાનાં હતાં?'

'ને પાછું આવું ઊજળું મરણ. કારજ પણ વૈકુંઠસોનીના ખોરડાને શોભે એ રીતે ઊજવવું જોઈએ ને?'

શ્વેતકેશી પતિના મૃતદેહ ભણી તાકીને કાશીભાભુ વિચારતાં હતાં : અરેરે...હું કેવા હીણા ભાગ્યની કે તમારી ચાકરીનું પુણ્ય ન પામી શકી! દસદસ વરસથી તમે બાવા-સાધુનો સંગ કરતા હતા. આવું રાજમહેલ જેવું ઘર છોડીને રણવગડા જેવી ભેંકાર જગ્યામાં પડ્યા રહેતા. મશરૂના તળાઈ–મખુદા મેલીને મહાદેવના ઓટલે તમારાં મન મોહ્યાં! ...કરમની ગતિ, બીજું શું? ધરમની આસ્થામાં સંસાર ઉપરથી સાવ મન ઊઠી ગયું. ભક્તિની ધૂનમાં ઘરસંસાર કડવો ઝેર જેવો લાગ્યો હશે...સંસારસુખ છોડવું બહુ દોહ્યલું છે, પણ તમે તો પરભવનું ભાથું બાંધી ગયા ને આત્માનું કલ્યાણ કરતા ગયા... વાંસે અમ જેવાં અભાગિયાં રહ્યાં, જે તમારી ચાકરી કરવાનુંય પુણ્ય ન પામી શકયાં...'

વહેલી પરોઢે ડાઘુઓ આવી પહોંચ્યા અને નનામી બાંધવાની તૈયારી શરૂ થઈ, ત્યારે ઘરના મોભી ધનજી અને બીજાં કુટુંબીઓ પાકે પાયે નવનાત જમાડવાના નિર્ણય પર આવી ગયા હતા :

'હા, હા, થાવા દ્યિો મારો બાપ્પો!... લાડવા ને મેસુખ...'

'ને માથે મોહનથાળ વધારાનો. ભલે ગામ આખું ધરાય–'

'ને ફરસાણમાં ખમણઢોકળા...દાઢમાં રહી જાય...'

'થાવા દ્યિો મારો બાપ્પો! આજે કાંસાની થાળીમાં આગ કાઢો એટલે અટાણુથી જ સહુને નવનાતનાં નોતરાં મળી જાય–'

અને વહેલી પરોઢે નનામી નીકળી ત્યારે મોખરે આગ લઈને ચાલનાર માણસના હાથમાં ઠીકરાની દોણી નહિ પણ કાંસાની થાળી હતી. એ થાળીની સંજ્ઞા પરથી જ લોકો સમજી ગયા કે વૈકુંઠબાપના કારજમાં જબરો જગન મંડાવાનો છે. આભડણામાં આમેય સંખ્યાબંધ ડાઘુઓ અને કાંધિયા હતા, તેમાં વળી આ કાંસાની થાળી જોઈને કારજની જમણવારનું નોતરું નક્કી કરાવી લેવા ઇચ્છતા બીજા સંખ્યાબંધ લોકોનો ઉમેરો થયો. જોતજોતામાં આ સ્મશાનયાત્રા સત્યાગ્રહયુગના જંગી સરઘસ સમી બની રહી અને 'રામ બોલો ભાઈ, રામ!'ના પોકારો પણ બ્રિટિશ–વિરોધી સૂત્રોચ્ચાર સમા બુલંદ બની ગયા.

પુરુષોની પાછળ ધડીમધડીમ છાતી પીટતું બૈરાંઓનું ટોળું આવતું હતું. કાશીભાભુ હૈયાફાટ રોતાં હતાં અને થોડાંથોડાં ડગલાં ભરીને ભોંય પર પછડાટ ખાતાં હતાં. અલબત્ત, લોકો તો કાશીભાભુના આ રુદન અને વલોપાતને કેવળ લૌકિક આચારમાં જ ઘટાવતાં હતાં, પણ કાશીભાભુ પોતે સઘળો લૌકિક આચાર વીસરી જઈને સહૃદય સાહજિકતાથી આ બધું કરી રહ્યાં હતાં. તેઓ તો ઘડીભર એ પણ વીસરી ગયાં હતાં કે અત્યારે આ આર્તરુદન હું ઘરને ખૂણે નહિ પણ જાહેરમાં કરી રહી છું. શેરીનું નાકું, પોલીસની ચોકી, ઊભી બજાર અને ગામનો ઝાંપો પણ વળોટીને સહુ પાદરના ખીજડા તળે આવી થંભ્યાં અને સૌભાગ્યકંકણ ભાંગવાના ચૂડીકર્મ માટે સહુ તૈયાર થયાં, ત્યારે જ કાશીભાભુને ભાન આવ્યું કે હું આ છાતીફાટ રુદન જાહેરમાં કરી રહી છું.

'એ જ ચૂડલા કેમ ?' વ્યવહારદક્ષ બૈરાંઓએ પૃચ્છા કરી.

પ્રશ્ન સાંભળીને સંતપ્ત મનોદશામાં પણ કાશીભાભુની આંખ ઊઘડી ગઈ. શો ઉત્તર આપવો એ સમજાયું નહિ, છતાં બોલ્યા વિના તો છૂટકો નહોતો.

થોથવાતી જીભે જે શબ્દો આવ્યા તે ઉચ્ચારી નાખ્યા: 'એ...એ જ...એ જ...છે.'

'કાશીવહુ, તેં તો ગિરધર મણિયાર પાસેથી ચાર ચૂડલી ઉતરાવી હતી ને!' કાશીભાભુ જેવાં આધેડ ઉમ્મરનાં માણસને પણ 'વહુ'ના સંબોધન વડે બોલાવી શકે એવો અધિકાર ધરાવનાર એક 'ડિપ્લોમેટ' ડોસીએ ઊલટ તપાસ કરી. એ તપાસ કરનાર હતાં ગામ આખાની તવારીખ જીભને ટેરવે રાખનાર હરખડોસી.

હરખડોસીએ પૂછેલા પ્રશ્નનો કાશીભાભુ પાસે ઉત્તર નહોતો. બીજી બે ચૂડલી ક્યાં છે, એ કાશીભાભુ પોતે પણ જાણતાં નહોતાં. ઘણાં વરસોથી એ વાત તો ભુલાઈ ગયેલી. માત્ર અત્યારે ચતુરસુજાણ હરખડોસીએ કાશીભાભુને 'ક્રોસ' કર્યાં ત્યારે જ એ પ્રસંગ આછોઆછો યાદ આવી શક્યો. વરસો પહેલાંની એ વાત. ભૂતેશ્વરના મહંત સાથે વૈકુંઠબાપાની ઊઠબેસ શરૂ થઈ એ અરસામાં પતિએ કાશીભાભુ પાસેથી બે ચૂડલી માગી લીધેલી. 'ગોદડવાળા બાપુનાં ઠકરાણાંએ ચૂડલીનો નમૂનો જોવા મગાવ્યો છે. ઠકરાણાંને પણ આ ઘાટના ચૂડલા ઉતરાવવા છે,' એમ કહીને વૈકુંઠબાપા બે ચૂડલી લઈ ગયેલા. તે દીની ઘડી ને આજનો દી. કાશીભાભુના હાથ પરથી એ ચૂડલી ઊતરી તે ઊતરી. ફરી પાછી ચડી જ શકી નહિ. પત્નીએ ઘણી વાર પતિને આ વાતની યાદ આપેલી. પણ પતિએ એક યા બીજા બહાને વાતને રોળીટોળી નાખેલી. વળી ગોદડવાળા બાપુ પોતે આ દુકાનના જૂના ઘરાક હતા તેથી એમની જોડે વૈકુંઠ સોનીને ઘરોબા જેવો નાતો હતો. કાશીભાભુને થયું કે દરબાર જેવા મોટા માણસ પાસેથી વારેવારે ઉઘરાણી કરાવવી એ ઉચિત ન ગણાય. અને પછી તો ખુદ વૈકુંઠ સોનીએ પોતે જ ભૂતેશ્વર મહાદેવની જગ્યામાં અહોનિશ ધામા નાખ્યા એટલે તો આ ચૂડલાની આખી વાત વિસારે પાડ્યા વિના કાશીભાભુને છૂટકો નહોતો.

અખબારી ભાષામાં કહીએ તો તુરત પૂરતું તો આ ચૂડલા–પ્રકરણ ભીનું સંકેલાયું. ખીજડા તળે ચૂડીકર્મ કરીને બૈરાંઓનું ટોળું ઘર ભણી વળ્યું. નનામીનો દિશાફેર કરીને ડાઘુઓ સ્મશાન તરફ આગળ વધ્યા.

ધનજીએ પિતાના મૃતદેહને દેન દીધા પછી ડાઘુઓ અહીંતહીં ધૂમલે વળીને વાતોએ ચડ્યા. મૂઈ ભેંસના ડોળાની જેમ મૃત વૈકુંઠબાપાના ગુણો પણ મોટા–અતિ મોટા–સ્વરૂપે વર્ણવાતા હતા.

'ભારે પુણ્યશાળી જીવ. કોઈક સારે ચોઘડિયે શંકરગિરિ મહંતનો ભેટો થઈ ગયો ને વૈકુંઠબાપાને વૈરાગનો રંગ લાગી ગયો. જિંદગી આખી ભૂતેશ્વરની સેવા કરીને સંસાર તરી ગયા...'

'શંકરગિરિ પણ સાચક માણસ લાગે છે. ઉંમર નાની પણ ઇલમી મોટા.'

'જ્ઞાની માણસની વાત થાય! મોટામોટા સાધુસંત આવીને શંકરજતિના પગમાં પડે છે...વિદ્યા કોઈના બાપની છે?'

'સાધુસંત શું, રાજા–મહારાજા પણ શંકરજતિની સેવા કરે છે. ગોદડવાળા દરબારની મોટર તો આઠે પહોર ભૂતેશ્વરને દરવાજે ઊભી જ હોય.'

'ફૂલભાઈ ફોજદારને પણ મહંત ઉપર ઊંડી આસ્થા છે. તાલુકાનો પોલીસ–બેડો છોડીને દી ને રાત શંકરગિરિની સેવા કર્યા

કરે છે.'

'ફૂલભાઈ ફોજદાર તો દારૂડિયો છે. દારૂબંધી થઈ તોપણ પોતે તો ઢીંચ્યા જ કરે. જ્યાંત્યાં દરોડા પાડીને ગેરકાયદે ભઠ્ઠી પકડી પાડે, પણ હાથ આવે એટલું ગંગાજળ બધું પોતે જ એકલો ઢીંચી જાય... એનો ને શંકરજતિનો કેમ મેળ ખાય છે, એ જ સમજાતું નથી.'

'સાચી સેવા તો વૈકુંઠબાપાની,' ભડભડ બળતી ચિતા તરફ જોઈને એક ડાઘુએ કહ્યું: 'રજવાડા જેવાં ઘરબાર ને પદમણી જેવી ઘરવાળીને છોડીને સ્મશાન જેવી જગ્યામાં વાસ કર્યો ને ભૂતેશ્વરની સેવા કરીને સંસાર તરી ગયા–'

'કાશીભાભુએ પણ બાપાનો ટેલટપેરો કરીને ઓછું પુણ્ય નથી બાંધ્યું, હો!'

'કાશીભાભુની વાત થાય! આવી દેવાંશી બાઈ તો પાંચસાત જન્મારે એકાદ પાકતી હોય તો ભલે. કાશીભાભુને પેટે તો અવતાર લેવાનું મન થાય–'

અને પછી ચર્ચાનો અવાજ જરા ધીમો પડ્યો. એમાં અતિ નાજુક મુદ્દો એ ચર્ચાયો કે પિતાએ બાવાસાધુનો સંગ શરૂ કર્યો એ વાત દીકરાઓને ગમતી નહોતી. વૈકુંઠસોની જેવા આબરૂદાર માણસ ગંજેરી–ભંગેરી ભેગા પડ્યા રહે એમાં આ કુટુંબની લાખ રૂપિયાની આબરૂ ઘસાતી લાગતી હતી. આ અંગે નાતીલાંઓ પણ છાને ખૂણે કેટલીક શંકા–કુશંકાઓ અને આક્ષેપાત્મક ટીકાઓ કરતાં એ બધું હરતુંફરતું પુત્રોને કાને આવતું હતું. આવે પ્રસંગે કાશીભાભુની હાજરીમાં પણ પુત્રો પિતાના વિચિત્ર વર્તન અંગે પેટે બળતાં બેએક કડવાં વેણ બોલી નાખતાં, પણ કાશીભાભુ એ બધું ખમી ખાતાં. પછી તો સમય જતાં પુત્રવધૂઓ પણ વૈકુંઠબાપાની વિરુદ્ધ થઈ ગયેલી. નવા જમાનાની એ નખરાળી વહુઆરુઓને સાધુબાવા જેવા સસરાજીના રોટલા ઘડવામાં માથાનો ઘા થતો, ત્યારે કાશીભાભુ ઘરડે ઘડપણ ચૂલે બેસતાં અને પતિ માટે રોટલા શેકતાં. અણસમજુ વહુઓને તેઓ સમજાવતાં: 'વહુ દીકરા, તમારા સસરા ગમે તેવા તો ય આપણા પંડના જ માણસ છે. આપણે થાળી ન પહોંચાડીએ તો એ તો મહંતની શેકેલી બાટી પણ આરોગી જાય. ભૂખ ન જુએ ભાખરો પણ આપણે તો સમજીએ છીએ ને! ભગવાને ઊંચા વરણનું ખોળિયું આપ્યું છે. એને એમ અભડાવા દેવાય?' આમ કહી, પ્રેમપૂર્વક થાળી પીરસી, માથે દોઢિયા સાડલાનો વહાલસોયો છેડો ઢાંકી, આંખમાં આવી ગયેલાં જળજળિયાં કોઈ જોઈ ન જાય એની સંભાળ રાખીને તેઓ ભૂતેશ્વરની વાટ પકડતાં.

વરસો સુધી ચાલેલી આ દિનચર્યા એટલી તો નિયમિત હતી કે કાશીભાભુના થાળી લઈને જવા–આવવાના સમય ગામલોકો માટે ઘડિયાળના પ્રતીક સમા બની ગયા હતા. ઘટિકાયંત્રોનો નહિવત્ વપરાશ કરનાર આ ગામમાં 'સાંતી છૂટવાટાણું,' 'નિશાળિયાંની છુટ્ટીનું ટાણું' કે 'ધણ ગામમાં ગયાનું ટાણું'ની જેમ જ 'કાશીભાભુ ભાણું લઈ ગયાંનું ટાણું' પણ એક નિશ્ચિત સમયનું સૂચક થઈ પડ્યું હતું. કડકડતો શિયાળો હોય કે બળબળતો ઉનાળો હોય, કાશીભાભુ તો એ જ કાયમી સ્વસ્થતાથી થાળી લઈને નીકળ્યાં જ હોય. ચોમાસામાં વરસતા વરસાદમાં, માથે ગૂણપાટનો મોશલો મૂકીને અરધાં ભિંજાતાંભિંજાતાં ભૂતેશ્વર તરફ જતાં કાશીભાભુને કોઈ પૂછે: 'આવા વરસાદના લપસણામાં તમ જેવાં ગલઢાં માણસ થાળી આપવા ન જાય તો ન હાલે?' ત્યારે કાશીભાભુ અજબ મીઠાશ-

થી કહેતાં: 'વરસાદ હોય કે ઉઘાડ હોય, પેટમાં રોટલો નાખ્યા વિના હાલે છે? પેટ થોડું કોઈની શરમ રાખે છે?' ભાભુના આવા અતિ સરળ ઉત્તર સાંભળનારાંઓ પાછળથી ઉપહાસ કરતાં. પછી તો ઘરનાં માણસો પણ ડોસીની આવી વેવલાઈ ઉપર ખિખિયાટા કરતાં, પણ કાશીભાભુને તો આવા ઉપહાસ કે ઉપાલંભ કશાની કયાં પરવા હતી!

'આ કળજગમાં આવું ગરવું માણસ તો કોઈકને ઘેરે જ હશે,' કર્કશા પત્નીઓથી કંટાળેલા ડાહ્યુઓએ કાશીભાભુને આખરી અંજલિ આપીને ચર્ચા આટોપી.

ધનજીએ ચેહ ટાઢી કરીને ફૂલ વીણી લીધાં.

અને અગિયારમે દિવસે, ઉઘાડે પગે ચાલતો જઈને દામોદર કુંડના પવિત્રોદકમાં પિતાનાં ફૂલ પધરાવી આવ્યો.

અને પૂર્વયોજના મુજબ વૈકુંઠ સોનીને આંગણે નવનાતની જમણવારનો જગન પણ મંડાયો. મોટું ખોરડું અને મોટું મરણ જોઈને બહારગામથી કાણ કરનારાઓ પણ સારી સંખ્યામાં આવ્યા હતા. ગોદડવાળા દરબાર પોતે ખરખરે આવ્યા હતા. પુત્રોએ પિતાના કારજનું હરખભેર ઊજવણું કરવા ધાર્યું હતું. નાણાંની કોથળીઓનાં મોં મોકળાં મૂકી દીધાં હતાં.

આ બધું જોઈને કાશીભાભુનો જીવ સંતૃપ્તિ અનુભવી રહ્યો હતો. પતિની હયાતિ દરમિયાન તેઓ શકય તેટલી બધી જ સેવા કરી છૂટ્યાં હતાં. હવે એમના નિધન બાદ ઉત્તરક્રિયા પણ ઉચિત રીતે થતી જોઈને આ પતિવ્રતા સ્ત્રીનું હૃદય પરમ સંતોષ અનુભવી રહ્યું હતું. હવે તો પતિની આખરી સદ્દગતિ માટે પોતે ચાર ધામની જાત્રા કરી આવે એટલું જ બાકી રહેતું હતું.

પણ ક્રૂર વિધાતાએ કાશીભાભુ માટે કોઈક જુદો જ જીવનક્રમ યોજયો હતો.

નવનાતની જમણવાર ચાલતી હતી ત્યાં જ ગામમાં ગોકીરો થયો:

'ભૂતેશ્વરની જગ્યામાં પોલીસે દરોડો પાડ્યો છે.' વાયુવેગે વાત ફેલાઈ ગઈ.

'પોલીસ ઈન્સ્પેકટર પોતે જાપ્તી લઈને આવ્યા છે.' એક કાનથી બીજે કાને વાત પહોંચી.

'શંકરગિરિ મહંતને હાથકડી પહેરાવી.' એકેકથી વધારે ચોંકાવનારા સમાચાર આવવા લાગ્યા.

સાંભળીને કાશીભાભુ હેબત ખાઈ ગયાં. એમને ભલા જીવને આવી ત્વરિત ઘટનાઓમાંથી કશું સમજાતું નહોતું.

પણ મોટો દીકરો ધનજી આ મિતાક્ષરી સમાચારમાંથી પણ ઘણુંઘણું સમજી ગયો હતો. આ સમાચારનો મર્મ સમજાતાં ધનજીના ટાંટિયા ધ્રૂજવા લાગ્યા હતા. ઘડીક ઘરમાં તો ઘડીક દુકાન તરફ દોડધામ કરવા લાગ્યો હતો.

જે ગામમાં દાયકાઓથી કોઈ 'બનાવ' જ બન્યો નહોતો, એ સુસ્ત વાતાવરણમાં આ બનાવ હાથીપગલા જેવો, 'શકવર્તી' ગણાય એવો હતો. કુતૂહલપ્રિય લોકોએ જમવાનું પણ માંડી વાળીને ભૂતેશ્વરની જગ્યા તરફ જવા માંડ્યું.

'મંદિરના ભોંયરામાંથી હથિયાર ને ઢગલાબંધ કારતૂસ નીકળ્યાં છે...' સમાચારોમાં ઉમેરો થતો જતો હતો.

'ને દારૂ ગાળવાની ભઠ્ઠી પણ નીકળી છે...'

'હળાહળ કળજગ આવ્યો છે,' કોઈએ વળી એક નવા સમાચાર પાઠવ્યા: 'ધરમના સ્થાનકનું હવે તો માતમ નથી રહ્યું.'

'છે શું પણ, વાત તો કરો!'

'અરે, બોલતાં જીભ કપાય છે. દેવ ગયા ડુંગરે ને પીર ગયા મક્કા. ધરમદ્વારનું

સત રહ્યું ક્યાં ?'

'પણ વાત શું છે ?'

'મહંતની મઢીમાંથી... એક કોળણુ...'

'હેં ? કોળણુ ?'

'હા. પોલીસે હાથકડી પહેરાવી... પોલીસ ચોકીએ લઈ આવ્યા છે......'

અને આખો મનખો ભૂતેશ્વરની વાટ મેલીને પોલીસ ચોકી ભાણી વળ્યો. ગેરકાયદે ગળાતો દારૂ કે ગેરકાયદે રખાયેલાં હથિયારામાંથી લોકોનો રસ ઓસરી ગયો અને આ જીવતીજાગતી વ્યક્તિ–કોળણુમાં રસ જાગૃત થયો. પોલીસ ચોકી પાસે હકડેઠઠ મેદની જામી. બજારમાં જવાનું નાકું બંધ થઈ ગયું. એ મેદનીમાં પેલાં ગામ આખાની ભોઈ–પટલાઈ કરનાર હરખડોસી મોખરે હતાં.

આ આસમાની સુલતાની જેવી આફત અંગે ટોળામાં તરેહતરેહનાં અનુમાનો થતાં હતાં:

'જથુડા બહારવટિયાને મહંતની જગામાં આશરો જડતો હતો.'

'જથુડાની ટોળી તો દી ને રાત ભૂતેશ્વરમાં જ પડી–પાથરી રહેતી હતી. કડીબંધ પુરાવા હાથ આવી ગયા છે.'

'આટઆટલાં ગામ ભાંગીને સંધું ય ઘરેણુંગાંઠું ભૂતેશ્વરમાં જ ભેગું કર્યું હતું...'

'પણ એ સંધું ય સોનું ગયું ક્યાં ?'

'શંકરગિરિએ સંઘર્યું હશે.'

'ના રે ના, એ સાધુડો શું સંઘરવાનો હતો! એ તો વૈકુંઠબાપાના ધનજીએ સંધું ય ઓગાળીને ઢાળિયો કરી નાખ્યો.'

'હોય નહિ. ધનજીનું ગજું નહિ.'

'અરે ગજું શું, ધનજીની દુકાનના મેડા ઉપર સવારોસવાર ભઠ્ઠી સળગતી ને ફૂંકણી ફૂંકાતી એ ભૂલી ગયા ?'

'તંયે તો વૈકુંઠબાપાનાં જ આ બધાં કારસ્તાન! ડોસલો ભારે પહોંચેલ નીકળ્યો. પારકાંનાં ઘર લુંટાવીને પોતાની સાત પેઢી ખાય એટલું સંઘરતો ગયો.'

'ને શંકરગિરિ બાવો પણ ક્યાં કાચી માયા નીકળ્યો ? સાધુ થઈને ઘરમાં આ કોળણુ–'

'ઈ પાપ મહંતનું નહિ પણ વૈકુંઠબાપાનું જ લાગે છે. બાઈના અણુસાર ઉપરથી તો ઓઝતના ભાઠામાં તડબૂચ વાવતી ઈ પાતી કોળણુ જ લાગે છે. પાતીને ને વૈકુંઠબાપાને બહુ જૂનો નાતો...'

આટલી વારમાં તો ભૂતેશ્વરની જગ્યા ઉપર સરકારી સીલ લગાડીને ને બારણે હથિયારબંધ પોલીસપહેરો મૂકીને ઈન્સ્પેક્ટર સીધા વૈકુંઠબાપાની ડેલીએ આવી પહોંચ્યા હતા.

ધરમનો થાંભલો ગણાતી ડેલીને બારણે ખાખી લૂગડાંવાળા અતિથિ–અભ્યાગતને બદલે ખાખી ગણવેશધારી સિપાઈઓને જોતાં કાશીભાભુના વ્યથિત હૃદયે વધારે વ્યથા અનુભવી. અત્યારે ઝડતી દરમિયાન ધનજીના ચોપડા ચૂંથાઈ રહ્યા હતા અને તિજોરી ફેંદાતી હતી એ બાબતનો આ વૃદ્ધાને એટલો રંજ નહોતો, જેટલો રંજ જમણવારને ખરે ટાંકણે રાંધ્યાં ધાન રઝળી પડ્યાંનો અને પતિ પાછળની ઉત્તરક્રિયા અટકી પડ્યાનો હતો.

'એને પીંડરુ નહિ પહોંચે તો એની સદ્‌ગતિ નહિ થાય...' આ એક જ ભય કાશીભાભુના અંતરને વલોવી રહ્યો હતો.

એક પછી એક સમાચાર આવ્યા જ કરતા હતા.

'ફૂલભાઈ ફોજદાર સસ્પેંડ થયા છે. બહારવટિયાને સંતાડવામાં એનો હાથ હતો...'

'ગોદડવાળા દરબાર ગુમ થઈ ગયા છે. પાછળ સરકારનું વૉરંટ છૂટ્યું છે.'

પણ આવા સમાચાર સાથે કાશીભાભુને કશી નિસ્બત નહોતી. એમને જે બાબત સાથે નિસ્બત હતી એ બાતમી તો પેલાં 'ડિપ્લોમેટ' હરખડોશીએ જ આપી.

'પાતી કોળણને કાંડે બે ચૂડલા છે એ કાશીવહુના જ છે.' ગામના પુરાતત્ત્વવિદ તરીકે પંકાતાં હરખડોશી પોલીસ ચોકી સુધી પહોંચી જઈને આ સંશોધન કરી આવ્યાં હતાં. પોતાની આ મૌલિક શોધના સમર્થનમાં એમણે પુરાવો પણ રજૂ કર્યો: 'ગિરધર મણિયારે ઉતાર્યા હતા એ જ ચૂડલા. એક જોડ કાશીવહુ પહેરતી ને બીજી જોડ પાતી કોળણને કાંડેથી નીકળી.'

કાશીભાભુ આ ઘટનાનો સઘળો મર્મ પામી ગયાં. એમનું ભાવુક અંતર રોષથી ભભૂકી ઊઠ્યું. એ રોષ, જેમની સેવાશુશ્રૂષામાં પોંતે કાયા ઘસી નાખેલી એ પતિની આત્મપ્રતારણા અંગે નહોતો. તેમ નહોતો એ રોષ પોતાનું સૌભાગ્ય ઝૂંટવી જનાર એ અજાણી ઉપવસ્ત્ર તરફનો, આ પતિપરાયણ વૃદ્ધાનું હૃદય તો એક જ કારણે પ્રજ્વળી રહ્યું હતું: 'મારા એ બે ચૂડલા ભાંગ્યા કેમ નહિ? પાતી કોળણે એ પહેર્યા તો ભલે પહેર્યા, પણ સોની દેવ થયા ત્યારે એ ભાંગ્યા કેમ નહિ?'

એ બે ચૂડલા અખંડ રહી જવા પામ્યા એ ઘોર અપરાધનો ડંખ કાશીભાભુના હૃદયને કોરી રહ્યો: 'સોનીની સદ્દગતિ નહિ થાય!'

☆

તાડગોળ

'**તા**ડગોળની શોધ એક અજબ વસ્તુ છે,' જ્યારે કોઈ અપરિચિતને તાડગોળ-ઉદ્યોગ વિશે માહિતી આપવામાં આવે છે, ત્યારે તે ઉપરોક્ત શબ્દ ઉચ્ચારે છે.

તાડગોળને એટલે જેમાંથી તાડગોળ બની શકે છે, તેવા તાડ-ખજૂરાને ઉચ્ચ કક્ષાના કાર્યકરની ઉપમા આપી શકાય. સારા કાર્યકરો સમાજને વધુ વળતર આપી ઓછામાં ઓછું પોતાના નિર્વાહ માટે લે છે. એવી રીતે તાડ-ખજૂરા ઓછામાં ઓછી ઉપયોગી જમીનમાં ઊછરી અને ઊછરવા માટે પણ બીજાને બોજો આપ્યા વિના કુદરતને ખોળે વિકસી સમાજને અમૃતરૂપી નીરો, જીવનને જરૂરી શક્તિ આપનાર ગોળ, ખાંડ, શર્કરા-સાકર વગેરે આપે છે. સાધારણ રીતે ગોળ-ખાંડ આપણને શેરડીના રસમાંથી મળે છે. શેરડી માટે આપણે સારામાં સારી જમીન સારામાં સારું ખાતર, સારામાં સારી મહેનત ઉપરાંત સારી એવી પૂંજી પણ રોકવી પડે છે, છતાં તાડ-ખજૂરા જે આપી શકે છે, તેથી વિશેષ કશું શેરડીમાંથી મળી શકતું નથી. બલ્કે શેરડીના ગોળ કરતાં તાડગોળ વધારે ફાયદાકારક છે અને દરેક રસોઈમાં શેરડીના ગોળ જેટલું જ સરસ કામ તાડગોળ આપે છે.

શેરડી તો દર વરસે નવીનવી જગ્યાએ વાવવી પડે, ત્યારે તાડ-ખજૂરા એકવાર ઊછરી ગયા એટલે એક ભવ સુધી નિરાંત. ગોળ-ખાંડ મળ્યા જ કરે! તાડ અને ખજૂરામાંથી રસ લ્યો. શેરડીના ગોળ માફક સાદી રીતે ગોળ બનાવો. ખાંડ જોઈતી હોય તો રસને બે તારની ચાસણી થાય ત્યાં સુધી ઉકાળો. બે દિવસ રહેવા દ્યો. દાણા પડી જાય એટલે એક નાના હાથયંત્રથી દાણા જુદા પાડો, એટલે ખાંડ મળશે. ખૂબી તો એ છે કે જેમ તાડ-ખજૂરા દોહવાતા જાય તેમ વરસોવરસ વધારે ને વધારે રસ આપતા થાય છે. અતિવૃષ્ટિ હોય કે પછી અનાવૃષ્ટિ હોય પણ તાડ-ખજૂરા ગોળ-ખાંડ આપ્યા જ કરે છે.

દીવની ખાડીમાં જ્યાં પાસે જ ખારું પાણી છે, ત્યાંય ખજૂરા ઊભા જ છે. મીઠો રસ પણ આપે જ છે. આપણે ત્યાં વિશાળ સમુદ્રકાંઠો છે.

નદી-વોંકળાને કિનારે ખાડા-ખરાબામાં તાડ-ખજૂરાં ઉછેરી દેવામાં આવે, તો થોડાંક વરસોમાં આપણે ગોળ-ખાંડ અરે, અનાજની પણ અછતમાંથી મુક્ત થઈએ. આ ઉદ્યોગ અભણ મજૂર પણ ચલાવી શકે. પૂંજી પણ નજીવી જોઈએ. વળી કેંદ્રિત ઉદ્યોગની માફક આ કેવળ પોતાનું જ ઉદર ભરનાર ઉદ્યોગ નથી, એ બીજાને પણ પોષતો જાય છે. એમાં સર્વકલ્યાણની ભાવના છે.

—છે. મૂ. દવે

×

પિતૃદેવો ભવ!

લેખક :

શ્રી કરસનદાસ માણેક

બન્ને ડોસાઓ આજે વાતોએ ચઢ્યા હતા. માણસના જીવનમાં એવા યે પ્રસંગો આવે છે, કોઈ કોઈ વાર, જયારે એનું આખું યે વ્યક્તિત્વ મૂળમાંથી હચમચી ઊઠે છે. સામાન્ય સંયોગોમાં એને મોંએથી જે વાતનો ઇશારો સરખો પણ ન નીકળે, તે વાત આવે વખતે, આપોઆપ બહાર આવી જાય છે. વરસો સુધી, દાયકાઓ સુધી, પેઢીઓ સુધી, જતન કરીકરીને જાળવી રાખેલાં રહસ્યો, આવે વખતે, ચાળણી જેવાં બની ગયેલાં હૃદયોમાંથી હજાર ધારે ટપકી પડે છે!

આ બન્ને ડોસાઓ અત્યારે મનની આવી ભૂમિકામાંથી પસાર થઈ રહ્યા હતા.

પોતાની આસપાસના જગતને તેમણે ત્રણત્રણ પેઢીઓ થયાં બરદાસ્ત કર્યું હતું. પ્રકૃતિએ નિવૃત્તિશીલ હોવા છતાં, પ્રવૃત્તિઓના મહાજટિલ વમળો વચ્ચે જ બરાબર, બન્નેએ પોતાના સુદીર્ઘ જીવનો વિતાવ્યાં હતાં–ફક્ત એક જ આશાએ, કે જગત કોક દિવસ સમજશે, કોક દિવસ સુધરશે! પણ જગત તો બગડતુંબગડતું, ગબડતુંગબડતું ઠેઠ કાળભેખડની કિનારી સુધી આવી પહોંચ્યું હતું!...

હવે તો ઘડી બે ઘડી...અને ખેલ ખતમ!

'મને તમારા ઉપર ભારે વિશ્વાસ હતો, પુરુષોત્તમ! પણ...'

'પણ હું એકલો શું કરી શકું, દેવ? મને જેનાજેના સહકારની આશા હતી, એ બધા અણીને વખતે કૈં ને કૈં બહાનું કાઢીને આઘા તરી ગયા! ધર્મનો જય થાય, એમ તો સૌ ઇચ્છતાં હતા...પણ નકરી ઇચ્છાથી શું વળે? એ ઇચ્છાને અમલમાં મૂકવી જોઈએ ને! એને માટે હાથપગ હલાવવા જોઈએ ને!'

'મારું તો હંમેશા એવું જ રહ્યું છે, પુરુષોત્તમ; સંકલ્પબળ જ ન મળે! કાર્યશક્તિ જ આખી કુંઠિત!'

'રહેવા દો હવે, દેવ! મને બનાવો મા! સંકલ્પશક્તિમાં તો આ આખા યે જગતમાં તમારો જોટો જ નથી!'

'એ જ વિચિત્રતા છે ને મારી!' ગળગળે અવાજે એણે ઉત્તર આપ્યો: 'મેં એક પ્રતિજ્ઞા લીધી...અને પાળી...એટલે જગતે મને એક મહાન પ્રતિજ્ઞાવીર માની લીધો! પણ બીજી અનેક પ્રતિજ્ઞાઓ જે મારે લેવી જોઈતી હતી, તેમાંની એક પણ લેવાની, તે પછી, મારી હિંમત જ ન રહી, તે જગત કયાં જાણે છે? એ એક પ્રતિજ્ઞાએ મને...'

'એ એક પ્રતિજ્ઞાએ તમને ભીષ્મનું બિરુદ આપ્યું, દેવ!' શ્રીકૃષ્ણે દેવવ્રતનું અધૂરું વાકય પૂરું કર્યું.

'જગતની દૃષ્ટિએ, પુરુષોત્તમ; મારી પોતાની દૃષ્ટિએ તો એ પ્રતિજ્ઞાએ મને સદંતર નિર્વીર્ય જ બનાવી મૂકયો!'

'નિર્વીર્ય?' વૃદ્ધ દેવવ્રતે પોતાને માટે પસંદ કરેલ આ વિચિત્ર વિશેષણથી આશ્ચર્ય પામીને શ્રીકૃષ્ણ બોલી ઊઠ્યા.

'નિર્વીર્ય નહિ તો બીજું શું?' ભીષ્મે ખુલાસો કરવા માંડ્યો; 'નિર્વીર્ય ન બની ગયો હોત, તો આટલા બધા અત્યાચારો બરદાસ્ત કરીને દુર્યોધનના દરબારમાં બેસી શીદને રહ્યો હોત!'

કૃષ્ણે કશો જ જવાબ ન આપ્યો.

'વિષદાન, લાક્ષાગૃહ, દ્યુત, દ્રૌપદીવસ્ત્રહરણ, વનવાસ, વચનભંગ અને છેલ્લે,... શાંતિનો સંદેશ લઈ આવેલા તમારા જેવાનો

અનાદર! ઘણી યે વાર મને એમ થાય છે, જનાર્દન, કે દુર્યોધનને એક લાત મારીને સિંહાસન ઉપરથી ઉતારી મેલું...'

'તમારે એ લાત મારવી પણ નહિ પડે, દેવ, કદાચ ઉગામવી યે નહિ પડે! તમે ફક્ત નિશ્ચય કરો એટલી જ વાર છે!'

'પણ વિચાર નિશ્ચયની ઉષ્ણતા જ કદી ધારણ કરતો નથી ને!' શ્રીકૃષ્ણનું વચન જાણે સાંભળ્યું જ ન હોય, એવી રીતે ભીષ્મે એક ઊંડા નિઃશ્વાસની સાથે બળતરા કાઢી.

'પણ શા માટે? શા માટે એવું બને છે, દેવ?'

'કોણ જાણે! કદાચ એટલા માટે, કે જીવનમાં હતી તેટલી ઉષ્મા, પેલી એક જ પ્રતિજ્ઞાના પાલનની પાછળ ખરચાઈ ગઈ!'

બન્ને હસી પડ્યા.

'એક પ્રશ્ન પૂછું, દેવ?' ભીષ્મના ખભા ઉપર સહાનુભૂતિ નીતરતો હાથ મૂકીને શ્રીકૃષ્ણ બોલ્યા.

'હું સમજી ગયો, પુરુષોત્તમ, તમે શું પૂછવા માગો છો તે! પણ...'

'પણ શું?'

'પણ...એ...એ નૈષ્ઠિક બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા મને કદી ય ખટકી નથી, પુરુષોત્તમ! નારીનો દેહ! ઠીક છે. એના સંગથી મેં મારી જાતને સ્વેચ્છાએ વંચિત રાખી છે–એટલા ખાતર હું એનો ઉપહાસ નહિ કરું, પણ નવજુવાન હતો ત્યારથી માંડીને તે ઠેઠ આજ સુધી, આ છેલ્લી આખી શતાબ્દી દરમ્યાન, જે એક વિચાર મને વખતોવખત આવ્યા કર્યો છે, પુરુષોત્તમ, તે એ છે કે...'

હોઠ સુધી આવેલી હૈયાની વાત કહેવી કે ન કહેવી તેની ગડમથલમાં ભીષ્મ બેચાર પળ શાંત રહ્યા.

અને ભીષ્મની એ ગડમથલની જાણે નોંધ જ ન લેતા હોય, એવી રીતે આંખોને અંતરમાં ઢાળીને શ્રીકૃષ્ણ નિશ્ચેષ્ટ બેસી રહ્યા. એમને એવી રીતે બેસી રહેતાં બહુ આવડતું હતું!

'પિતાજીએ મત્સ્યગંધાના મોહને જતો કર્યો હોત,...તો ઘણું સારું થાત!'

ભીષ્મે આખરે નિશ્ચય કરી લીધો લાગતો હતો–હૈયું ઠાલવી નાખવાનો.

શ્રીકૃષ્ણ હજુ એમ ને એમ જ બેસી રહ્યા હતા.

'રાજવીઓ પાસેથી આપણાં શાસ્ત્રોએ અપેક્ષા તો એવી રાખી હતી, કે તેઓ પોતપોતાના યુગને માટે આદર્શરૂપ બનશે.'

'राजा कालस्य कारणम्!' એકાંતમાં જપ કરતા હોય એમ શ્રીકૃષ્ણે હોકારો આપ્યો.

'હા, પણ છેલ્લા કેટલાય સૈકાઓનો ઇતિહાસ જુઓ, જનાર્દન! રાજવીઓએ પ્રજાકલ્યાણને બદલે ફક્ત દૈહિક સુખની જ લાલસા સદા સેવ્યા કરી છે. પેલા યયાતિનો જ દાખલો લ્યો. વૃદ્ધાવસ્થામાં રાજ્યની ધુરા પુત્રને સોંપીને વાનપ્રસ્થ લેવાને બદલે, એને શૃંગારના સબડકા સૂઝ્યા!'

'મને તો આ બધામાં પિતાઓ કરતાં પુત્રોનો જ વાંક વધારે દેખાય છે, દેવ!' ઠપકો આપતા હોય તેમ નહિ, પણ દુઃખ વ્યક્ત કરતા હોય તેવી રીતે શ્રીકૃષ્ણે કહ્યું: 'તેમણે પિતાઓની વાસનાઓને સદા પોષ્યા જ કરી છે–પંપાળ્યા જ કરી છે!'

'શું કરે બિચારા! તેમને પણ पितृदेवो ભવની શાસ્ત્ર–આજ્ઞા નજર સામે રાખવી પડતી હશે ને!'

'वितृदेवो ભવનો અર્થ આવો કરશો, દેવ, તમે ઊઠી ને? તો તો પ્રહ્લાદ અને ધ્રુવ બન્ને પિતૃઘાતક જ ઠરવા જોઈએ! પિતાની ગમે તે વાસનાને અનુકૂળ થવું, એ કેવળ પોતાની જાતને જ નહિ, પિતાને પોતાને પણ અન્યાય કરવા જેવું નથી લાગતું, દેવ? શુક-

દેવ જેમ વ્યાસજીને વખતોવખત ટપારે છે, તેમ જો બુઢ્ઢા યયાતિને તેના પુત્ર પુરુએ કોઈ વાર ટપાર્યો હોત...તો...! પણ આ તો બાપે જવાની માગી...ઇંદ્રિયોની આરાધના અર્થે...એટલે દીકરાએ ધડ દઈને... ધરી દીધી !'

'પુરુનો ત્યાગ સાવ નિષ્કામ નહોતો, પુરુષોત્તમ! યયાતિએ પુરુને તેની જવાનીના બદલામાં પોતાનું સિંહાસન આપ્યું હતું.'

'હું એ જ વાત ઉપર આવતો હતો, દેવ! જ્યાં, જે કુલમાં, જે દેશમાં, વૃદ્ધ રાજવીઓ દીકરાઓની જુવાની ઉછીની લઈને છોકરીઓ પાછળ ભમે...અને જુવાન દીકરાઓ સિંહાસનને ખાતર બુઢ્ઢા થવાનું પસંદ કરે, એ કુલનો, એ દેશનો જતે દહાડે નાશ ન થાય, તો બીજું થાય શું? અને તમે તો વળી...!'

'અટકી કેમ ગયા, પુરુષોત્તમ? મારા વિષે શું કહેવા માગતા હતા તમે?'

'એ જ કે તમે તો વળી સામે ચાલીને એ પિતૃદેવો ભવનો પંથ સ્વીકાર્યો! પિતાની વતી પુત્રે કન્યાનું માગું નાખ્યું હોય, એવો તો ઇતિહાસમાં આ પહેલો જ દાખલો, દેવ!'

ભૂતકાળનાં ખંડેરોમાં ખૂબ ઊંડા ઊતરી ગયા હોય એમ ભીષ્મ બેસી રહ્યા...નિશ્ચેષ્ટ, શૂન્યમનસ્ક.

શ્રીકૃષ્ણે પોતાની વાત આગળ ચલાવી: 'મહારાજ શંતનુ તો સંશયતુલા પર આરૂઢ હતા. એક તરફ મત્સ્યગંધાની મોહિની અને બીજી તરફ તમારા પ્રત્યેની–પોતાના લાડકવાયા પુત્ર પ્રત્યેની–ધર્મ અને રાજ્ય પ્રત્યેની–જવાબદારી. તમે વચ્ચે ન પડ્યા હોત, ગાંગેય, એક થોડોક વખત તમે એમને અનિશ્ચયાત્મકતાના દિવ્યઅગ્નિ વચ્ચે શેકાવા દીધા હોત, તો કદાચ, પ્રેયસને બદલે શ્રેયસનો પંથ લેવાની હિંમત તેમનામાં ખીલી નીકળી હોત! તો કદાચ મત્સ્યગંધાને તેઓ ભૂલી ગયા હોત!'

'મત્સ્યગંધાને ભૂલવી ઘણી જ મુશ્કેલ હતી, માધવ! તેમની ઉંમરે!'

'એટલે જ તમે, એમને પૂછ્યાગાછ્યા વગર સાજન-મહાજનને ભેળા કરીને, મત્સ્યગંધાના પિતા દાશીરાજને આંગણે પહોંચ્યા!'

'હું એમને પૂછવા ગયો હોત તો એ મને રજા ઓછા જ આપવાના હતા!' ભીષ્મે પિતાનો બચાવ કર્યો, 'આ જ તો એમની અને મહારાજ યયાતિની વચ્ચે...'

'યયાતિ તો છેલ્લે પાટલે બેઠા હતા, દેવ! એમની અને મહારાજ શંતનુની સરખામણી જ થઈ ન શકે.'

'આપણે આપણા પૂર્વજોના વર્તનની કૈંક વધુપડતી કડક ચકાસણી કરી રહ્યા છીએ, એમ નથી લાગતું, પુરુષોત્તમ!'

'સંભવ છે; પણ એ ચકાસણીનાં ધોરણનાં મૂળ તત્ત્વો અણીશુદ્ધ પ્રામાણિક છે, દેવ, એટલું તો તમે પણ કબૂલ કરશો. હું એમ કહેવા જતો હતો, દેવ, કે પુરુએ રાજને ખાતર યયાતિને પોતાની જુવાની વેચી... તેવું તમે કશું જ કર્યું નથી. તમે તો તમારા પિતા શંતનુ સાથે કોઈ પણ પ્રકારનું સાટું નથી કર્યું, દેવ, તમે તો ફક્ત આપ્યું જ...સર્વસ્વ આપ્યું! બદલામાં લીધું કશું જ નહિ!...'

'કશું જ નહિ...સિવાય કે નૈષ્ઠિક બ્રહ્મચારીની પ્રતિષ્ઠા...અને ભીષ્મનું બિરુદ!' કોઈ મારવાડી વધુપડતું વ્યાજ વસૂલ કરીકરીને દેણદારને મારી નાખ્યાનો એકરાર કરતો હોય એવો ભાવ ચહેરા ઉપર પાથરીને દેવવ્રતે કહ્યું, 'પણ એ ભીષ્મપણું મને ભારે પડી ગયું, પુરુષોત્તમ!'

'ફક્ત તમને જ નહિ, દેવ! ભારતદેશને

પણ! તમારા વ્યક્તિત્વનો લાભ, જે આખા જગતને મળવો જોઈતો હતો, તે, આ રીતે, એકલા તમારા પિતાને જ મળ્યો! આવી રીતે ભીષ્મ બનવાને બદલે, તમે જો દેવવ્રતના દેવવ્રત જ રહ્યા હો...'

'મેં આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા ન કરી હોત, પુરુષોત્તમ, તો દાશીરાજ પિતાજી વેરે સત્યવતીને–મત્સ્યગંધાને–પરણાવત જ નહિ. એમને તો શંતનુનું સિંહાસન જોઈતું હતું, પોતાના દૌહિત્ર માટે! અને ઉપરથી, એ દૌહિત્ર અને તેના વંશવારસોના અધિકાર ઉપર કુદૃષ્ટિ કરે એવા કોઈ હરીફની શકયતાને પણ ટાળવી હતી–સદાને માટે!... ડોસો જબરો મુત્સદ્દી હતો, પુરુષોત્તમ!'

'પરણાવવા જેવડી દીકરીઓના પિતાઓને મુત્સદ્દી બનવું જ પડે છે, દેવ, તેમાંય વળી તમારી આ સત્યવતી જેવી છોકરીઓના પિતાઓને તો ખાસ કરીને! કોણ જાણે કોણે એનાં આવાં નામો રાખ્યાં હશે...સત્યવતી, મત્સ્યગંધા, ગંધવતી, યોજનગંધા...! એને માટે યોગ્ય નામ તો રૂપવતી જ હતું!'

'રૂપની ગંધ જોજનો સુધી આવે છે, પુરુષોત્તમ!'

'એટલે તો પરાશર જેવા મોહેલા ને!... પણ મહારાજ શંતનુ એ પૂર્વ ઇતિહાસ...'

'પૂરેપૂરો જાણતા હતા!'

'અને છતાં...?'

'પુરુષો રૂપદાસ છે, જનાર્દન! થોડાક પુરુષોત્તમોને બાદ કરતાં... '

'...અને ભીષ્મોને પણ!'

'ભીષ્મના મનની તો એક ભીષ્મ જ જાણે છે, પુરુષોત્તમ! પિતાજીના અંતરમાં આટલી ઉમ્મરે...અને...અને...'

'અંને અષ્ટ વસુઓની જનેતા જાહ્નવી જેવી અપ્સરા સાથેના આટલા લાંબા ઘરવાસ પછી પણ, આટલી વ્યગ્રતા પ્રેરી શકે એ છોકરી કેવીક હશે...એ જોવાના કુતૂહલથી, તમે મત્સ્યગંધાને પહેલી વાર મળ્યા... ત્યારે...'

'તમે ભારે પાવરધા છો, પુરુષોત્તમ, વાત કઢાવવામાં!'

'તમે કેટલીક વાર મશ્કરીમાં મને અંતર્યામી કહો છો ને, દેવ!'

'મશ્કરીમાં નહિ, સાચેસાચ!'

'જેમ કહેતા હો તેમ; પણ મારી પાસે મિત્રો અને સખાઓની બધીએ વાતો સુરક્ષિત રહે છે...એ ચોક્કસ!'

'સખાઓની અને સખીઓની બંનેની, પુરુષોત્તમ!' નવજુવાન દેવવ્રતની પેઠે એ મુક્ત હાસ્ય હસીને વૃદ્ધ ભીષ્મે ઉમેર્યું.

'પણ મારું કુતૂહલ હજુ તરસ્યું જ છે, દેવ!'

'એ તરસ હવે કલ્પનાના નીરથી જ છિપાવી લ્યો ને, વાસુદેવ!'

'તો હું કલ્પના કરવા માંડું?' શ્રીકૃષ્ણે સ્મિત કરતાંકરતાં સંમતિ માગી–પિતામહના માનસ–વિશ્લેષણ માટે.

'જાણે કે હું ના પાડીશ, તેથી તમે અટકવાના હતા!'

'ત્યારે સાંભળો! તમને તમારી માતા સાંભરે છે, દેવ?'

'કેવો વિચિત્ર પ્રશ્ન પૂછો છો, પુરુષોત્તમ! એ એક પવિત્ર સ્મૃતિ ઉપર તો મેં આ આખું આયુષ્ય ખેંચી કાઢ્યું. મારા પિતા... મહારાજ શંતનુના હાથમાં મને છેવટની વાર સોંપતી વેળાએ,' ભીષ્મની આંખો હવે ભીની થવા માંડી હતી; 'માએ મને જમણે હાથે તેડ્યો હતો, પુરુષોત્તમ!'

'તમે તો પતિતપાવની ગંગાના સૌથી વધુ લાડકવાયા પુત્ર, દેવ!' ભીષ્મનો ગળગળો અવાજ તૂટુંતૂટું થતાં બંધ થયો કે તરત જ શ્રીકૃષ્ણે વાત ઉપાડી લીધી

'શંતનુએ કરાર તોડ્યો અને એની સ્વતંત્રતા અંગે ફરિયાદ કરવા માંડી...ત્યારે... એણે ધાર્યું હોત તો એ શંતનુની સાથે તમારો ને પોતાના માનવદેહનો પણ ત્યાગ કરી શકત! પણ તમારી માયા, એને પારાવાર હતી! શંતનુનો ત્યાગ કર્યા પછી પણ...'

'પછી વરસો સુધી અમે મા–દીકરો સાથે રહ્યાં, પુરુષોત્તમ, સરિતાના સહચારી થઈને!'

'હું એ જ કહેતો હતો, દેવ! તમારું આખું ય બાલ્યવય એ સ્નેહની સરિતા સાથે જ સંકળાયેલું છે: બુદ્‌બુદો અને ઊર્મિઓની સાથે સંતાકૂકડી રમતારમતા જ તમે મોટા થયા છો. માનવપ્રેમની આખી યે સૃષ્ટિ, તમને નિસ્બત છે ત્યાં સુધી, તીર અને નૌકાની સાથે જ ઓતપ્રોત છે!'

'જેમ તમારી ગાયો અને ગોપની સાથે ઓતપ્રોત છે તેમ!'

'મારી વાત વળી કોઈ બીજે વખતે કરીશ, દેવ! પણ મત્સ્યગંધાને તમે પહેલી વાર જોઈ, ત્યારે પ્રકૃતિ અને સંસ્કારે જે એક આદર્શ નારીની પ્રતિમા તમારા અંતરમાં કંડારી રાખી હતી, તે જ તમારાં ચર્મચક્ષુઓ સામે પ્રગટ થઈ રહી છે, એમ તમને લાગ્યું?'

'શાન્તમ્ પાપમ્, પુરુષોત્તમ! ક્યાંના ક્યાં ઊપડી જાઓ છો, તમે!'

'મનની ગતિને કોણ રોકી શક્યું છે, દેવ!'

'મેં તો મનની ગતિને પણ રોકી; રોકવાની કોશિશ કરી!'

'તમે પ્રીતિને ભક્તિમાં પલટી નાખી, દેવ, પણ કેટલું મોટું મૂલ્ય ચૂકવવું પડ્યું, એ માટે તમારે! તે પછી મત્સ્યગંધાનાં સંતાનો તમારે માટે આરાધ્ય દેવ જ બની ગયાં! ચિત્રાંગદ, વિચિત્રવીર્ય, ધૃતરાષ્ટ્ર, દુર્યોધન...તમારે માટે તો એ મત્સ્યગંધાનો વિસ્તાર...એનો જ શોણિત–સ્રોત...એનો જ પ્રેમપ્રવાહ! તમે મુંઝાઓ છો ત્યારે વખતોવખત કહો છો, દેવ, કે अर्थस्य पुरुषो दासः પણ ખરી રીતે તો તમારે प्रेम्णः पुरुषो दासः એમ જ કહેવું જોઈએ.'

'તમને પ્રેમ સિવાય બીજું સૂઝતું જ નથી, પુરુષોત્તમ!' પ્રેમ–સમાધિમાંથી બહાર આવતાંઆવતાં એક ઊંડો નિઃશ્વાસ નાખીને ભીમ બોલ્યા.

'તમારે માટે પણ દુનિયા એટલું કહી શકી હોત, દેવ, તો...'

'તો...આ આખા ય ભારતકુલનો વિનાશ આ ઘરડી આંખોએ જોવાનો વારો કદાચ, ન આવત!...હું જીવનભર, ખોટાં મૂલ્યોની પાછળપાછળ ભમ્યો, પુરુષોત્તમ!'

'પણ અંતરમાં એક સાચી જ્યોતને લઈને, દેવ!'

'પણ જે જ્યોત પ્રકાશ આપવાને બદલે દઝાડે, એ શા કામની?'

બન્ને ડોસાઓ કેટલી યે વાર સુધી એકમેકની સામે જોઈ રહ્યા.

★

એક વખત બાપુની મંડળી માટે આકાશદર્શન સારુ એક મોટું દૂરબીન જેલમાં લાવવામાં આવ્યું; પણ એ બતાવવા માટે દિવસના આવવું હોય તો આવે, એમ જેલ અધિકારીઓએ કહ્યું. સાંજ પછી ખગોળવેત્તાઓને જેલની અંદર આવવા દેવા માટે કરેલી વિનતિ નિષ્ફળ ગઈ; એટલે વલ્લભભાઈ કહે:

'ઓહો! દિવસ હોય ત્યાં આવવાનું એટલું જ છે ના? તો પછી ભલે એ લોકોને દિવસ છતાં દાખલ કરવામાં આવે; એમને બહાર ક્યારે કાઢવા એ માટે તો કોઈ નિયમ નથી ને? અને બહાર પણ ન કાઢી શકતા હોય તો સવાર સુધી ભલે રાખતા!'

×

ક્ષયનો પ્રતિકાર

લેખક :
ડૉ. ન. અ. બર્વે

માનવદેહ પૂરતું પોષણ ન મેળવે, નિત્ય વેઠવો પડતો ઘસારો એ પૂરી ન શકે, ત્યારે એને ક્ષય થાય છે. મુખ્યત્વે યૌવનકાળમાં જ થતો આ ક્ષય વંશપરંપરાગત હોય છે એવી એક માન્યતા આપણે ત્યાં હજી ય પ્રવર્તે છે. ક્ષયના દર્દીએ લેવી જોઈતી સાવચેતીપૂર્વકની સારવાર તથા શસ્ત્રક્રિયાથી અસાધ્ય મનાતા આ રોગ ઉપર માનવીએ કેવો વિજય મેળવ્યો છે, તેનું નિરૂપણ આ લેખમાં કરવામાં આવ્યું છે. મૂળ મરાઠી આ લેખનું ગુજરાતીમાં સંક્ષેપમાં રૂપાંતર કર્યું છે શ્રી. ધ. રા. ગાલાએ.

ક્ષય એ જંતુજન્ય રોગ છે. ક્ષયરોગનાં જંતુ એ એક ફુગ (છાળી) વર્ગનાં એકપેશી વનસ્પતિ પ્રકારનાં છે. ચાકના ટુકડા જેવો તેનો કમાનદાર આકાર હોય છે. તે અત્યંત સૂક્ષ્મ ૧/૩૦૦૦ ઇંચ જેટલી લંબાઈનાં હોય છે અને તે ખાસ વિશિષ્ટ પદ્ધતિથી રંગ્યા પછી જ સૂક્ષ્મદર્શકયંત્ર વડે જ ફક્ત દેખી શકાય છે. તે વનસ્પતિ વર્ગનાં હોવાથી સ્વતંત્રપણે હાલીચાલી શકતાં નથી.

આ સૂક્ષ્મ વનસ્પતિ કદી મરતી નથી. રોગીના થૂંક વાટે અને શ્વાસોચ્છ્વાસ વાટે, તેવી જ રીતે હાથ-મોં ધોતી વખતે પણ જંતુઓ બહાર પડે છે. તેવી જ રીતે જનાવરોનાં દૂધ વાટે, ક્ષયરોગીઓનાં મળ-મૂત્ર વાટે પણ બહાર પડતાં હોય છે.

ક્ષયરોગીઓનું થૂંક સુકાઈ ગયા પછી જ્યારે પવન લાગે છે, ત્યારે તે સુકાયેલું થૂંક પણ હવાની સાથે હેરફેર થાય છે. થૂંક ઉપરના હલકા અને પાતળા પડદા તૂટી જાય છે. જંતુઓ છૂટાં પડી હવાના પ્રવાહની સાથે ફરે છે અને સારા માણસના ફેફસામાં શ્વાસોચ્છ્વાસ વાટે પ્રવેશ કરે છે; પણ ફેફસાંની પ્રતિકારશક્તિ જો ઓછી કે નબળી હોય, તો જ વસવાટ કરી શકે છે, પણ નૈસર્ગિક શક્તિ સારી હોય તો આ જંતુ કોઈ ઉપદ્રવ કરી શકતાં નથી.

નાનાં છોકરાંઓને અનેક પ્રકારે સંસર્ગ થાય છે, તેમાંનો ઉપરનો એક પ્રકાર છે. રોગીઓ બાળકોને બચીઓ ભરે એ બીજો પ્રકાર છે. તેઓના કાકડા અનેક કારણોને લઈને અવારનવાર સૂજી આવતા હોય છે. તે વખતે જંતુઓ ત્યાં જઈ પહોંચે, અને કાકડાની ગાંઠોના માર્ગ વાટે મગજમાં પ્રવેશ કરી ત્યાં તેના પડદામાં સોજો પેદા કરે છે. આને –'મેનીનજીયલ ટી. બી.' કહે છે.

સ્ટ્રેપ્ટોમાઈસીન નામની નવી શોધાયેલી દવાથી ઘણાં મરતાં બચી જાય છે. ઘણાંને સહીસલામત ઉગારી શકાય છે. માત્ર આ ઉપાય થોડોક ખર્ચાળ છે.

સમાજમાં થૂંકવા સંબંધી કેટલી વિચિત્ર રીતિઓ પ્રવર્તે છે! પાન અને તંબાકુ ખાઈ ગમે ત્યાં પિચકારી મારતા હોય છે, તેમ જ જગ્યા પરથી ન ઊઠતાં, બરાબર ભીંતને લક્ષ રાખી થૂંકતા હોય છે. ટિકિટો અને પરબીડિયાં થૂંકથી ચોડવાં, પત્તાં રમતાં પત્તાંઓને સરકાવવાં કે પુસ્તક વાંચતાં પાનાંઓને ઉથલાવતાં આંગળીઓ પર થૂંક લગાડવું વગેરે કેટલાયે પ્રકાર છે. કોઈ ક્ષય-રોગીઓ ઉધરસ ખાતાં કે બોલતાં મોં આડે રૂમાલ કે કપડું પણ રાખતા નથી. તે લોકોના વાપરેલા રૂમાલ બાજુમાં હોય તોપણ આળસ કરી, બીજાઓ પાસે મંગાવે છે. રૂમાલ લઈ આવનારાઓને ખ્યાલ નથી હોતો કે હાથ તરત જ સાબુ વડે ધોઈ નાખવા જોઈએ.

ચાલુ એ કામચલાઉ જંતુનાશક જ છે, પણ આપણા લોકોમાં આળસ અને અજ્ઞાન એટલાં બધાં ભરેલાં છે, કે થૂંકવાની વાત બિલકુલ તુચ્છ લાગે છે. થૂંક માટે ડૉકટર લોકો શા માટે આટલો ઊહાપોહ કરે છે તે જ તેઓને સમજાતું નથી.

સારું તો એ જ કે થૂંકવાનું હોય ત્યારે ઢાંકણવાળા નક્કી કરેલા ડબલામાં જ થૂંકવું. ડબલાની અંદર ને ઢાંકણ ઉપર ફિનાઈલ નાખવાથી માંખો બેસે નહિ. બાકી જેઓ રોગી જ છે ને જેઓને કફ ને થૂંક વધારે આવતાં હોય, તેઓએ તો ફરવું જ ન જોઈએ; કારણકે કફ વધારે પડે એ રોગની જાગૃતાવસ્થાની નિશાની છે. બીમારી ઓછી કરવા બિછાના પર સ્વસ્થ પડ્યા રહી વિશ્રાંતિ લેવી એ જ સારું. એ એક ઉપાય છે. ગરમ પાણીમાં મીઠું નાખી ઉપરાઉપરથી કોગળા કરવાથી ગળું ઠીક રહે, ખરસ ઓછી આવે. જેને કફ વધારે આવતો હોય અથવા એકદમ સૂકો હોઈ છૂટતો ન હોય, તેણે ગરમ પાણીમાં લીંબુ નાખી ગરમ ચાની જેમ પાવું; એટલે કફ પાતળો થઈ જલદી છૂટો પડી જશે. ને એક વખત ઠીક-ઠીક કફ પડી જાય કે પછી વધારે ખાંસી આવતી નથી.

થૂંકના ડબામાં અગાઉથી થોડું ફિનાઈલ રેડવું ને એ જ ડબામાં થૂંકવું. બીજે દિવસે જમીનમાં એક ખાડો ખોદી તેમાં થૂંક નાખી ઉપર માટી વાળી દેવી. થૂંકના ડબા પર માંખો બેસે નહિ તે ખાસ ધ્યાન રાખવું; કારણકે માંખો અનાજ ઉપર, પાણી ઉપર, ફળ ઉપર અને બાળકોનાં મોઢાં ઉપર બેસતી હોય છે ને તેથી ક્ષયસંસર્ગ થવાનો સંભવ છે.

રોગીનાં થૂંક અને મળમૂત્રનો આવી રીતે બંદોબસ્ત કરવાથી કંઈક અંશે ક્ષયનો ફેલાવો અટકાવી શકાય છે, પણ તે પૂરતું નથી. ક્ષયરોગનું નિદાન થયા પહેલાં તે રોગમાં સપડાનાર વ્યક્તિ જરૂર ૮-૧૦ માણસોને તો સંસર્ગ આપતી હોય છે, ને ભવિષ્યમાં ગમે ત્યારે તે સંસર્ગ કદાચ રોગમાં પણ પરિણમે એટલે શરૂઆતમાં જ રોગ ઓળખાઈ જાય તેવી ગોઠવણ જરૂરની છે; મહત્ત્વની છે. તેવી જ રીતે રોગના ફેલાવાનો બીજો એક પ્રકાર છે. શરૂઆતમાં ઘણાંનાં ફેફસાંમાં રોગ સુપ્ત કે જાગૃત સ્વરૂપમાં હોવા છતાં તેઓને બહારનાં લક્ષણો હોતાં નથી, ને હોય છે તો અતિ-અલ્પ એટલે રોગની કલ્પના થાય નહિ ને બીજાને પણ ખબર પડે નહિ. એકસ-રે વગર આવા રોગી ઓળખી શકાય નહિ. એટલે ઑફિસો, કારખાનાં, શાળા-કૉલેજોના વિદ્યાર્થીઓ વગેરેની નિયમિત વખતે ક્ષ-કિરણ દ્વારા તપાસણી અવશ્ય કરવી જોઈએ; તેવી જ રીતે 'ટ્યુબરકયુલીન' તપાસ પણ કરાવવી જોઈએ.

ક્ષયરોગપ્રતિબંધક રસીને બી. સી. જી. કહે છે. તે રસી બાળકના જન્મ પછી દશ દિવસની અંદર ટોચાવી લેવી, અગર એક વર્ષની અંદર; એટલે તેના શરીરમાં ક્ષય-રોગપ્રતિબંધક શક્તિ તૈયાર થશે. જે તરુણ લોકોને 'ટ્યુબરકયુલિન' પોઝીટીવ હોય છે અર્થાત્ જેઓમાં પ્રતિકારશક્તિ હોય છે, તેઓને બી. સી. જી.ની જરૂર નથી; એટલે તેઓને આ ઇંજેકશન અપાતાં પણ નથી. 'ટ્યુબરકયુલીન' નેગેટીવ હોય છે તેઓને આ ઇંજેકશન ટોંચાવવામાં હરકત નહિ.

સરકારે આ કામ હાથમાં લીધું છે. શાળાઓ અને કૉલેજોમાં અવારનવાર મરજિયાત આ ઇંજેકશનો આપવાની ગોઠવણ થાય છે. તે સિવાયના લોકો આ ઇંજેકશનો લઈ શકે તે માટે મફત વ્યવસ્થા અમુક અમુક હૉસ્પિટલોમાં પણ થઈ છે. અને હવે તો ગામેગામ ડૉકટરોને મોકલવામાં આવે છે. ક્ષય માટે

આટલું પ્રથમ જરૂરી છે:

(૧) ક્ષયરોગીએ પોતે, તેનાં સગાંઓએ કે પછી તેના ડૉકટરોએ સ્થાનિક આરોગ્ય-અધિકારીને ખબર આપવી જોઈએ.

(૨) સ્થાનિક આરોગ્ય સલાહકાર મંડળે આવા રોગીને યોગ્ય સ્થળે દાખલ કરાવી દેવો જોઈએ, અથવા ત્યાં સુધી તેના ઘરે જ કુટુંબથી અલગ રાખી આરોગ્યપાલનની સૂચનાઓ આપવી જોઈએ. રોગી ગરીબ હોય તો કોઈ શ્રીમંત પાસેથી કે સાર્વજનિક ફંડમાંથી સગવડ કરાવી દેવી જોઈએ.

(૩) તેના સંસર્ગમાં આવેલાં માણસોની ક્ષ–કિરણ દ્વારા તપાસ કરાવવી જોઈએ. 'ટ્યુબરક્યુલીન' તપાસ પણ કરવી જોઈએ.

(૪) નાનાં છોકરાં અગર તરુણ વ્યક્તિઓ જેઓને 'ટ્યુબરક્યુલીન ટેસ્ટ' નેગેટીવ આવે, તેઓને બી. સી. જી. ઈંજેકશન આપવાં જોઈએ.

(૫) ગામડાંઓમાં સિનેમા, મેજિક લેન્ટર્ન, પ્રદર્શન ઇત્યાદિ રૂપોમાં ક્ષયરોગ સંબંધી રોગ કેમ થાય છે, તેનો ફેલાવો કેમ થાય છે અને તેના ઉપાય કેમ લેવા, વગેરે માહિતી અપાવી જોઈએ.

આવા ઉપાયો લેવાથી ક્ષયરોગનો પ્રતિકાર સારો થઈ શકે ને સફળતા પણ મળે.

ક્ષયરોગ વંશપરંપરાની જાતનો નથી, એટલે ક્ષયવાળી માતાને થનારી સંતતિ પણ ક્ષયરોગી હોતી નથી; માત્ર બાળક જન્મ્યા પછી તેને તેની માથી અલગ રાખી ઉછેરવું જોઈએ.

ક્ષયરોગી, પણ ગર્ભવતી સ્ત્રીઓના ત્રણ પ્રકાર કર્યા છે:

(૧) રોગનાં લક્ષણો અલ્પ, નિરુપદ્રવી, શાંત–સુપ્ત સ્થિતિમાં હોય તેવી સ્ત્રીઓ.

(૨) રોગનાં લક્ષણો જાગૃત અને ઉપદ્રવી સ્થિતિમાં હોય તેવી સ્ત્રીઓ.

(૩) રોગનાં લક્ષણો તીવ્ર અને જેનાં ફેફસાંમાં રોગ વધારે પ્રમાણમાં પ્રસરેલો છે તેવી સ્ત્રીઓ.

પહેલા પ્રકારમાં સ્ત્રીઓને વિશેષ ઉપચારની જરૂર નથી. તેમને ડૉકટરની દેખરેખ નીચે શ્રમ–વિશ્રાંતિક્રમ પ્રમાણે ચિકિત્સા કરાવવી. રોજ એકબે માઈલ સુધી ફરવું, ખુલ્લી હવામાં આંટા મારવા: સારો ખોરાક અને ભરપૂર વિશ્રાંતિ–એ રીતથી સારવાર કરવી. વચ્ચેવચ્ચે ક્ષ–કિરણ તપાસ પણ કરાવવી. જયાં સુધી રોગનાં ચિહ્નો જાગૃત નથી, ત્યાં સુધી કોઈ ઉપચારની જરૂર નથી.

બીજા અને ત્રીજા પ્રકારમાં રોગચિહ્નો જાગૃત હોતાં ડૉકટરની જરૂર રહે છે. તેને માટે કોઈ સામાન્ય નિયમ નથી. રોગલક્ષણો અને તેની તીવ્રતા, તે જ રીતે સામાજિક અને કૌટુંબિક પરિસ્થિતિ, રોગી અને તેમનાં સગાંઓની મનઃસ્થિતિ, બીજા કોઈ રોગ હોય તો તેની ગૂંચવણો, ગર્ભાધાનને કેટલા મહિના થયા, પાછળના ગર્ભાધાન વખતે કે પ્રસૂતિ વખતે કંઈ તકલીફ થઈ હોય તો તે બધી બાબતોનો વિચાર કરી ડૉકટરને નક્કી કરવું પડે છે, કે ગર્ભાધાન ચાલુ રાખવું કે ગર્ભપાતની જરૂરિયાત છે.

બીજા અને ત્રીજા કોઈ પણ પ્રકારમાં જ્યારે જયારે પ્રસૂતિનો પ્રસંગ આવે, ત્યારે ત્યારે ઢીલ નહિ કરતાં પ્રસૂતિ જલદી થાય તેવા ઉપાય (શસ્ત્રક્રિયા સહિત) યોજવા જોઈએ એટલે સુવાવડમાં વધારે ત્રાસ કે થકાવટ લાગે નહિ.

ક્ષયરોગ એ અસાધ્ય રોગ નથી, યોગ્ય ચિકિત્સા વેળાસર કરવામાં આવે તો સુસાધ્ય છે, અને ઘણી વખત કષ્ટસાધ્ય છે. પણ રોગ ઘણો જ વધી ગયો હોય, બંને ફેફસાંમાં ફેલાઈ ગયો હોય ને ક્ષતો (અં. કેવીટીઝ) પડી ગઈ હોય, અને સાથેસાથે બીજા અવયવોમાં

વધુ અસર પહોંચી હોય તો અસાધ્ય થઈ જાય છે. તેવી જ રીતે આ રોગ સાંસર્ગિક છે. તેની ઉત્પત્તિ અને સંસર્ગ કેમ થાય છે, તેનો ફેલાવો કેમ થાય છે અને તેનો પ્રતિબંધ કેમ થાય વગેરે વિચારી ગયા. હવે ક્ષયરોગમાં આધુનિક ચિકિત્સાશાસ્ત્ર કયાં સુધી પહોંચ્યું છે તે જોઈએ. ક્ષયનાં જંતુઓનો સદંતર નાશ કરે અને શરીરમાં કંઈ નુકસાની ન કરે એવું એક પણ ઔષધ હજુ નિષ્ણાતોને લાધ્યું નથી—જો કે શોધખોળ તો ચાલુ જ છે, પણ હજુ યશ મળ્યો નથી. એટલે ક્ષયની ચિકિત્સામાં ઔષધોનું પ્રાધાન્ય નથી. ફક્ત ક્ષય માટે ઉપયોગી થાય એવું સ્વતંત્ર ઔષધ હજુ સુધી બજારમાં ઉપલબ્ધ નથી એટલું લક્ષમાં રાખવું જરૂરી છે. જે કંઈ ઔષધો અને ઇંજેકશનો આજે વપરાય છે, તેનો ઉપયોગ રોગીની તાકાત વધારવામાં, રક્તની અભિવૃદ્ધિ કરવામાં, શરીરમાં ચરબીનું પ્રમાણ વધારવામાં અને રોગનાં લક્ષણો દબાવવામાં થાય છે.

હાલમાં સ્ટ્રેપ્ટોમાઈસીન નામનાં ઇંજેકશનો અસ્તિત્વમાં આવ્યાં છે, પણ તે આ રોગ પર અતિમહત્ત્વનાં જણાયાં નથી. શરૂઆતમાં જ્યારે આ શોધ હાથ આવી, ત્યારે શાસ્ત્રવિશારદોને અમૃતકુપ્પી મળ્યાનો આનંદ થયો હતો અને તે વખતે જાહેરાત પણ થઈ હતી કે ક્ષય ઉપરનું એ રામબાણ ઔષધ છે. પણ જ્યારે પ્રત્યક્ષ ઉપયોગ થયો, ત્યારે તેનો ઉપયોગ મર્યાદિત બની ગયો. અને વધારે વાપરવામાં આવે તો સાંભળવાની ઇંદ્રિયો પર બહુ જ માઠી અસર પહોંચે છે અને તે પણ લગભગ કાયમને માટે એવું જાહેર કરવામાં આવ્યું. સાથેસાથે રોગ જૂનો થયા પછી આ ઔષધ જરા ય ફાયદો કરી શકતું નથી એવું પણ જણાયું, એટલે શરૂઆતમાં આ અમૃતકુપ્પી ઔષધિનો જે હદબહાર વપરાશ થયો, તેની પર કાપ મૂકવામાં આવ્યો. સરકારી પત્રોમાં પણ આ ઔષધ અમર્યાદ વાપરવા સામે લાલબત્તી ધરવામાં આવી. નાડીવ્રણ, ભગંદર, કંઠમાળા, ક્ષયની ગાંઠો, આંતરડાંનો ક્ષય અને મગજના પડદાને થતો ક્ષય વગેરે ઉપર આ ઔષધ રામબાણ છે. હાડકાં અને સાંધાઓના ક્ષયમાં પણ ઉપયોગી છે, પણ ફેફસાનાં ક્ષયમાં તો તેનો ઉપયોગ મર્યાદિત જ છે. પણ રોગ જીર્ણ થયા પછી તો તે જરા ય પરિણામ લાવી શકતું નથી.

આ રોગમાં ઔષધોનો ઉપયોગ ફક્ત શરીરને લાગતો ઘસારો ભરપાઈ કરવા, અન્ન પચાવવા, સારું લોહી વધારવા, વિટામિનોની ખામી પૂરી કરવા, તે જ રીતે અન્નની પૌષ્ટિકતા વધારવા અને રોગનાં લક્ષણોની તીવ્રતા ઓછી કરવા થાય છે.

જેમાં લોહ, વિટામિનો મુખ્યત્વે એ, બી, સી અને ડી અને ચૂનાના ક્ષાર હોય, તેવાં ટૉનિક રોગીને ચાલુ આપવાં. તે સાથે પચવામાં હલકો, રુચિકર અને પૌષ્ટિક આહાર રાખવો. ઠંડી ને સૂકી હવા તથા સ્વચ્છ અને હલકું પાણી જરૂરનું છે. આવી રીતે બિછાના પર પડ્યાપડ્યા એક–બે મહિના સંપૂર્ણ વિશ્રાંતિ લેવી એ ક્ષયચિકિત્સાનું પહેલું પગથિયું છે.

ક્ષયની પ્રારંભિક અવસ્થામાં આટલા જ ઉપાયોથી આરામ થાય છે. તાવ અટકી જાય છે. ખાંસી બંધ પડે છે અને વજન વધવા લાગે છે. આટલું સુધર્યા પછી ડૉકટરની દેખરેખ નીચે તેની સૂચના પ્રમાણે આસ્તેઆસ્તે ઊઠવું, ઘરમાં ને ઘરમાં ફરવું, થોડુંથોડું બહાર આજુબાજુમાં ફરવું, એ રીતે શરૂઆત કરવી જોઈએ. આટલું કરતાં જો શરીરનું ઉષ્ણતામાન વધે, તો ફરીથી પૂર્વવત્ વિશ્રાંતિ થોડા દિવસ લેવી જોઈએ.

સાધારણ રીતે રોગીઓએ 'ટેમ્પરેચર' માપવા માટે 'થર્મોમિટર' ઓછામાં ઓછી ૬થી ૭ મિનિટ સુધી મોઢામાં જીભ નીચે રાખવું જોઈએ. તે વગર રોગીની ખરી ગરમી પરખાતી નથી. આવી રીતે માપતાં ગરમી ૯૯° ફે.થી ઉપર જવી ન જોઈએ. એનાથી વધારે ઉષ્ણતામાન રહે તો વિશ્રાંતિ લેવાનું ચાલુ રાખવું.

રોગીનું માનસતંત્ર કયાં સુધી બગડેલું છે તેનો અંદાજ ડૉકટરોએ લેવો જોઈએ અને તે પ્રમાણે તેને સૂચનાઓ આપી તેના મનને શાંત રાખવું જોઈએ.

ઘર કરતાં આરોગ્ય ભુવનમાં કે ક્ષયરુગ્ણાલયમાં આ બધી બાબતોનું સરળ રીતે પાલન થઈ શકે; એટલે રોગીને ત્યાં રાખવો વધુ ઇષ્ટ છે.

દરેક રોગીને ચિકિત્સકે રોગનું સ્વરૂપ, સંસર્ગ અને પ્રચાર સંબંધી માહિતી આપવી જોઈએ. સંસર્ગ અટકાવા માટે ખાસ કઈ અને કેટલી કાળજી રાખવી, તેના પર જોર દઈ સ્પષ્ટ સમજાવવું જોઈએ. તે જ રીતે રોગની સાધ્યાસાધ્યતા વિષે તેના મનમાં જે નિરાશા ઉત્પન્ન થઈ હોય, તે ક્ષયરોગમુક્ત થયેલાઓના દાખલા આપી દૂર કરવી. દેવ કોપાયમાન થયા હોય તેને લીધે કે વંશપરંપરા કે અન્ય કોઈ ખોટી કલ્પના તેના મનમાં હોય તો કાઢી નાખવી જોઈએ. તેના ડરી ગયેલા મનને સાંત્વન ને ધીરજ આપવાં જોઈએ.

રોગીના ઓરડામાં થોડી આકર્ષક સજાવટ જેવાં કે રેડિયો, ગ્રામોફોન વગેરે મનોરંજનનાં સાધન વાપરવા દેવાની છૂટ આપવી જોઈએ. તે જ રીતે રોગીને બિછાના પર સંપૂર્ણ સુવાડી રાખવાની મુદ્દત લાંબા વખતની ન રાખવી જોઈએ. એકાદ મહિના પછી જરા છૂટ આપવાથી રોગીની દૃષ્ટિએ સારું કહેવાય.

ગળા અને શ્વાસનળીને ક્ષયનો ઉપદ્રવ ન હોય તો અતિ થોડા પ્રમાણમાં બીડી કે સિગારેટ પીવાની રજા આપવી, એવો કેટલાક ડૉકટરોનો મત છે. પણ સમૂળી ન પીવી એ બહુ સારું છે. દારૂ, તપખીર કે તંબાકુ સદંતર બંધ કરાવી દેવાં. દારૂથી રોગમાં વધારો થાય છે.

રોગીને મળવા માગતા લોકોને અઠવાડિયામાં બેત્રણ વખત છૂટ આપવામાં હરકત નથી, પણ નાનાં બાળકોને તો તેની નજીક જવા જ ન દેવા જોઈએ. રોગીની આજુબાજુની હવામાં જંતુ થોડાવત્તા હોય છે. નાનાં બાળકોની કુદરતી પ્રતિકારશક્તિ ક્ષયની બાબતમાં લગભગ હોતી નથી. એટલે ક્ષયનો સંસર્ગ થવાનો ભય રહે છે ને પછી ઉપાય જ નથી.

રોગીને ઘણા લાંબા વખત સુધી સેનેટોરિયમમાં રહેવું પડતું હોય છે અને તેઓ એક પ્રકારનો કંટાળો પણ અનુભવતા હોય છે. એટલે જો રોગીના થૂંકમાં જંતુ ન હોય અને લક્ષણો પણ ન હોય અને તેની ઇચ્છા એકાદ બે દિવસ ઘેર જવાની હોય, તો જવા દેવો પણ તાકીદની સૂચના તો આપવી જ જોઈએ, કે થાક લાગે એટલું ચાલવું નહિ, ગાવા–વગાડવા કે સિનેમા જોવા જવું નહિ, ગિરદી, બજાર કે સભાઓનો ત્યાગ કરવો. દાદર પણ બહુ જ ઓછા ચડવા-ઊતરવા, બીજા લોકોને જોઈને તેમની બરોબર ચાલવું નહિ, તેમ જ તડકો હોય તો છત્રી વગર નીકળવું નહિ. તડકો એ રોગની વૃદ્ધિ માટે અનુકૂળ સાધન છે. આ ઉપરાંત મેવા-મીઠાઈ કે ઉત્તેજક પીણાં પણ વર્જ્ય રાખવાં.

પહેલાં ક્ષયરોગમાં 'કોડલિવર ઓઈલ' વાપરવાનો ડૉકટરો અતિ આગ્રહ કરતા; કારણકે તેમાં વિટામિન એ અને ડી છે, તેમ જ જલદી પુષ્ટિ આપવાનો ગુણ છે, પણ

ઘણા લોકોને તે ઉષ્ણ હોવાને લીધે કે ખરાબ સ્વાદ હોવાને લીધે ગમતું કે અનુકૂળ આવતું નથી. વળી હવે વિટામિન એ અને ડી ગોળીઓ અને ઇંજેકશનો દ્વારા તેમ જ બાળકો માટે રુચિવાળાં શરબતો વગેરે મળતાં હોવાથી, તેમ જ દૂધ અને માંસમાંનાં પ્રોટીન્સ તત્ત્વોને કૃત્રિમ રીતે અગાઉથી પચન કરી તૈયાર બનાવેલો ખોરાક પણ મળતો હોવાથી હવે કોડલિવર ઓઈલનું એટલું બધું મહત્ત્વ રહ્યું નથી. તેમ જ ડૉકટરો એટલો આગ્રહ પણ કરતા નથી.

હવે આપણે શસ્ત્રક્રિયા ઉપર આવીએ. સાધારણ રીતે જેને રોગની શરૂઆત થઈ છે, તેને તો શસ્ત્રોપચારની જરૂરજ નથી. પૂર્ણ વિશ્રાંતિ, પૌષ્ટિક ખોરાક ને શુદ્ધ હવા-પાણીથી જ સારું થઈ જાય છે.

પણ જો રોગ થોડો વધુ હોય તો શસ્ત્રોપચારનો વિચાર કરવો પડે છે. આ ચિકિત્સાનો મુખ્ય હેતુ ફેફસાંમાંના બગડેલા ભાગને વિશ્રાંતિ આપવી, તેમ જ નીરોગી ભાગની કાર્યશક્તિ વધારવી તેમજ તે ભાગમાં રોગ થાય નહિ તે જોવું તે છે.

આપણાં ફેફસાંની ઉપરની બાજુ બે આચ્છાદનો (અં. પ્લ્યુરા) હોય છે અને તે બંનેની વચ્ચે ખાલી જગ્યા હોય છે, જયારે રોગ માત્ર વિશ્રાંતિ અને આહારથી મટવો મુશ્કેલ હોય, ત્યારે ફેફસાંની ઉપર રહેલાં બે પડોની વચ્ચે હવા ભરવામાં આવે છે જેને એ. પી. (અં. આર્ટિફિશિયલ ન્યુમોથોરેક્સ) કહેવામાં આવે છે. તે હવાના દબાણથી ફેફસા ઉપર એક પ્રકારનું દબાણ આવે છે.અને તેને લઈને ફેફસાંની સંકોચ-વિકાસ ક્રિયા ઓછી થઈ જાય છે, સાથેસાથે ફેફસું સંકોચાય પણ છે. સંકોચાવાને લીધે રોગ પણ દબાય છે. રોગને મટાડવા માટે આવી રીતે અનુકૂળતા ઊભી કરાય છે, તેને લઈ ને રોગ ઘણી વખત કાબૂમાં આવી જાય છે અને ધીરેધીરે મટી જાય છે.

છાતીના અવયયોને ને પેટના અવયવોને જુદા પાડતો એક સ્નાયુમય પડદો છે, એને 'ડાયાફ્રામ' કહેવાય છે. તે પણ ફેફસાંની શ્વાસોચ્છ્વાસ ક્રિયામાં–સંકોચ-વિકાસમાં મદદરૂપ છે. ડાયાફ્રામને જોડતી નસો ગળાની બંને બાજુ આવેલી છે. જેને 'ફ્રેનિકની નસો' કહે છે. જો ફ્રેનિકની નસ, જે ફેફસું રોગી હોય તે બાજુનું ઑપરેશન કરી બહેરી ખોટી કરી દેવામાં આવે, તો તે બાજુનો ડાયાફ્રામનો પડદો કામ કરતો અટકે છે ને સાથેસાથે ઊંચો પણ ચડે છે. તે શ્વાસોચ્છ્વાસમાં મદદરૂપ હોવાથી, ફેફસાનું કાર્ય અટકે છે ને દબાણ પડે છે, જેથી રોગ સારો થવામાં મદદ થાય છે. આ ઑપરેશનને 'ફ્રેનિક ફ્રશ ઑપરેશન' કહેવામાં આવે છે. આની અસર લગભગ ૮–૧૦ મહિના રહે છે, કોઈક વખત તેથી પણ વધારે રહે છે. આટલા વખત દરમ્યાન રોગીને સારો થવાનો અવકાશ રહે છે.

જો આ શસ્ત્રક્રિયાથી રોગ દાદ ન આપે, તો પછી પેટમાં હવા ભરવાનું નક્કી કરાય છે. જેને પી. પી. કહેવામાં આવે છે (અં. ન્યૂમોપેરીટોનિયમ). આને લીધે હવા 'ડાયાફ્રામ' પર દબાણ લાવે છે. ફ્રેનિક ઑપરેશનથી ઊંચો ચડેલો 'ડાયાફ્રામ' વધારે ઊંચો ચડે છે. એ રીતે બગડેલા ફેફસા ઉપર બમણું દબાણ પડે છે અને ફેફસામાંનો ભાગ બગડે તથા ક્ષત (અં. કેવીટી) હોય તો તે પણ સંકોચાય છે. પી. પી. વડે બગડેલાની સાથે નીરોગી ફેફસું પણ થોડા પ્રમાણમાં દબાય છે. એટલે શરૂઆતમાં રોગીને વિશ્રાંતિ લેવાનું કહેવામાં આવે છે, પણ પછી આદત પડવાથી બન્ને ફેફસાં દબાયા છતાં કંઈ ત્રાસ થતો નથી. પી. પી.થી વધુ ફાયદો એ થાય છે કે

નીરોગી ફેફસું દબાવાથી તે બગવાનો બહુ ઓછો ભય રહે છે ને ક્યારેક ડૉક્ટરોની જાણ બહાર બીજા ફેફસાને સહેજ–સાજ અસર થઈ હોય તોપણ ફાયદો થઈ જાય છે. વળી દર્દ જો બેઉ બાજુ હોય તો તે વખતે એ. પી. લગભગ નકામી ઠરે છે. ને ફ્રેનિક ઑપરેશન પણ ઘણી વખત થઈ શકતું નથી, ત્યારે સફળતાપૂર્વક પી. પી.નો ઉપાય કામ લાગે છે. ફક્ત ફેફસાની છેક ઉપરના ભાગમાં ક્ષત હોય કે મધ્યભાગમાં ક્ષત હોય તો પી. પી. બહુ ઓછું કામ કરે છે. ત્યાં એ. પી. વધારે અનુકૂળ આવે છે.

હવે આપણે એ. પી. અને પી. પી.ની સરખામણી જોઈએ, તો એ. પી.માં ઘણી વખત ભરેલી હવાનું પાણી થઈ જાય છે, તેને 'પ્લ્યુરીસી' કહે છે. કેટલીક વખત તે પોતાની મેળે સુકાઈ જાય છે, તો કેટલીક વખત તે કાઢવું પડે છે. આ પાણી ચીકણું હોવાને લીધે ઘણી વખત પાણી સુકાયા પછી બન્ને પડ ચોંટી જાય છે. તેવા વખતે હવા ભરવાનું શકય બનતું નથી. કાં તો પડદા છૂટા પાડવાનું ઑપરેશન કરી તેમને છૂટા પાડવામાં આવે છે અથવા તો હવા બંધ કરવામાં આવે છે. વળી કોઈ વખત હવાનું થયેલું પાણી જો સુકાતું નથી કે વારંવાર કાઢ્યા છતાં પાછું ભરાતું હોય ને આમ લાંબો વખત ચાલે તો તે પાણી આસ્તેઆસ્તે પૂમાં ફેરવાઈ જાય છે; જે એમ્પીમા (Empyma) કહેવાય છે. આ રોગ અસાધ્ય કે કષ્ટસાધ્ય છે.

પણ પી. પી.માં આવી કોઈ તકલીફ નથી. એટલે હાલમાં તો એનો વધારે પ્રચાર છે ને ઘણી વખત તો એ. પી. કરતાં પણ વધારે યશસ્વી નીવડે છે.

પણ જેઓને એ. પી., પી. પી. કે ફ્રેનિક ઑપરેશનથી સારું થતું નથી, છાંટણાં અને ક્ષતો રુઝાતાં નથી, તેને માટે બીજી શસ્ત્રક્રિયા વિચારવામાં આવે છે.

શ્વાસોચ્છ્વાસક્રિયામાં પાંસળીઓનો પણ મહત્ત્વનો ભાગ છે તે તો આપણે જરા પણ નિરીક્ષણ કરવાથી જાણી શકીએ. જો પાંસળીઓના ટુકડા કાપી કાઢી નાખવામાં આવે, તો જે બાજુની પાંસળીઓ કાપવામાં આવી હોય, તે બાજુનું ફેફસું નિરાધાર થઈ જાય છે, એટલે કે શ્વાસોચ્છ્વાસ ક્રિયા બંધ પડે છે ને સાથેસાથે ફેફસું બહુ વધારે પ્રમાણમાં સંકોચાય છે. એટલે દર્દને મટી જવાની પૂરેપૂરી શકયતા ઊભી થાય છે. આ પાંસળીઓ ખાસ કરીને પીઠની બાજુથી કાપવામાં આવે છે. જરૂરિયાત પ્રમાણે પાંચ-સાત કે આઠ કાપવામાં આવે છે. જેટલા ભાગ ઉપરની પાંસળીઓ કાપવામાં આવી હોય તેટલો ફેફસાનો ભાગ કાયમને માટે દબાય છે. ને સાધારણ રીતે આઠ પાંસળીઓ કાપવાથી લગભગ આખું ફેફસું દબાય છે. આને લીધે એક ફેફસું કાયમને માટે જીવંત રહેવા છતાં શ્વાસ લેવાની ક્રિયામાં ભાગ લઈ શકતું નથી. પણ આને લીધે ફાયદો એ થાય છે કે તે ભાગમાં બનતાં સુધી રોગને પાછો ઊથલવાનો ભય પણ ઘણો જ ઓછો થઈ જાય છે.

તે ઉપરાંત અતિ મોટું ઑપરેશન તે ફેફસાના અમુક ભાગ કે સંપૂર્ણ ફેફસું કાઢી નાખવાનું છે અને તે થોડા પ્રમાણમાં સફળ પણ નીવડ્યું છે.

આ ઉપરાંત નાનાં બીજાં પણ થોડાં ઑપરેશનો છે. આવી રીતે ચિકિત્સાતંત્ર ઘણું જ આગળ વધ્યું છે અને એક વખત અસાધ્ય ગણાતો રોગ સાધ્ય થયો છે.

★

આપણી રાષ્ટ્રીય આવશ્યકતા

રસ્તાઓ

લેખક :

શ્રી ગનુભાઈ શવાણી

બી. કોમ.

સામાન્ય જનને પ્રથમ વિચારે રસ્તાઓ રાષ્ટ્રીય હિતનું એક ઉપયોગી અંગ ન લાગે; પરંતુ જ્યાં રેલવે પહોંચતી ન હોય, ત્યાં વરસાદના દિવસોમાં વધુ ખરાબ થઈ જતા માર્ગો વાહનવ્યવહાર માટે કેટલી મુશ્કેલી ઊભી કરે છે! મકાનની રોનકદાર બાંધણી કરતાંયે સારા માર્ગોની વ્યવસ્થિત ને આયોજનપૂર્વકની બાંધણી રાષ્ટ્રઘડતરમાં કેવો મહત્ત્વનો હિસ્સો નોંધાવી શકે, તેની ઝાંખી અહીં કરાવવામાં આવી છે.

રસ્તાઓનું મહત્ત્વ સમજવા જેવું છે. પ્રથમ દૃષ્ટિએ કદાચ એટલા ઉપયોગી અને જરૂરી નહિ જણાતા રસ્તાઓ જીવનની પ્રાથમિક જરૂરિયાતથી જરા પણ વિશેષ ઊતરતા સ્થાને નથી. રસ્તાઓને મનુષ્યશરીરમાં રહેલી રુધિરનાડીઓ સાથે સરખાવી શકાય, એટલું મહત્ત્વ આજે તેમને મળી રહ્યું છે. દેશના આર્થિક, સામાજિક–બલકે સર્વદેશીય વ્યવહારના નીરોગી અભિસરણ માટે રસ્તાઓ જમીન ઉપરનું પ્રાથમિક સાધન છે. પશ્ચિમના સુધરેલા દેશોમાં રસ્તાઓનું મહત્ત્વ સમજાયું છે અને વિકાસની કોઈ પણ યોજનામાં સર્વપ્રથમ સ્થાન રસ્તાઓની બાંધણી અને તેના નિર્વાહને મળે છે. દુર્ભાગ્યે હજી આપણે આ મહત્ત્વ અને ઉપયોગિતા નહિ સમજી શકવાને કારણે વિકાસની યોજનામાં રસ્તાઓને પાછળનું સ્થાન મળ્યું છે.

હિંદુસ્તાનની ૮૭ ટકા વસ્તી ખેતીપ્રધાન છે અને તે લગભગ છ લાખ ગામડાંઓમાં વિસ્તરી છે. દરેક ગામે રેલવે જતી નથી અને જઈ ન શકે તે પણ સમજી શકાય તેમ છે, પણ દેશમાં ઘણા ભાગો એવા છે જે વરસાદના ચાર માસ દરમ્યાન બહારની દુનિયાથી બિલકુલ છૂટા પડી જાય છે અને દરેક વ્યવહારથી વંચિત રહે છે. આ પરિસ્થિતિ ઘણી દુઃખદ અને શોચનીય છે. દેશમાં આજે ૧૭૧૦ લાખ એકર જમીનમાં વાવેતર થાય છે, તેની સામે દેશની ૧૦૬૦ લાખ એકર જમીન પડતર અને ઉજજડ પડી રહે છે; કારણ આ જમીન ઉપર પહોંચવા માટે રસ્તાઓ નથી. આ વાવેતરના અભાવને કારણે આપણે આજે લાખો ટન અનાજ અને બીજા પાકો ગુમાવી રહ્યા છીએ. એટલે દરેક એકર જમીનની અડધા માઈલની સમીપમાં કોઈ પણ પ્રકારના રસ્તાઓ આપણે જો બાંધી શકીએ, તો આપણે આર્થિક વ્યવસ્થાનાં સદ્ધર મંડાણ નાખ્યાં કહેવાશે.

રસ્તાઓની બાબતમાં આપણું દારિદ્રય નીચેના આંકડાઓથી દેખાશે:

દરેક ચોરસ માઈલે બ્રિટનમાં ૨·૦૨ માઈલના રસ્તા છે, ફ્રાંસમાં ૧·૮૪ માઈલના, અમેરિકામાં ૧·૦૩ માઈલના, જર્મનીમાં ·૯૫ માઈલના, ઈટલીમાં ·૮૯ માઈલના રસ્તાઓ છે, જ્યારે હિંદુસ્તાનમાં માત્ર ·૨૨ માઈલના રસ્તાઓ છે. મુંબઈ જેવા પ્રાંતની દશા પણ આ બાબતમાં જરા ય સારી નથી. રાજ્યના કેટલાક જિલ્લાઓના ૪૦થી ૭૫ ટકા પ્રદેશ રસ્તાઓથી બિલકુલ વંચિત છે. આધુનિક રસ્તાઓને અભાવે દેશને દરવર્ષે વાહનવ્યવહારમાં રૂા. ૬૦ કરોડનું નુકસાન થાય છે. વિશેષ ઉત્પાદનના માર્ગમાં આવતો આ અંતરાય સમજવા જેવો છે.

આપણી પાસે પુષ્કળ માનવબળ છે અને વિશાળ ધરતી છે. આ બે બળોનો યોગ્ય

ઉપયોગ કરવામાં આવે તો પડતર અને ઉજજડ દેખાતી જમીનને લીલી હરિયાળી કરવામાં ખાસ મુશ્કેલી ન પડે, પરંતુ આવા ઉત્પાદનને પ્રાણ આપવા માટે રસ્તાઓ તૈયાર કરવા જ પડે. રસ્તાઓ તૈયાર થતાં દરેક વ્યવહારની અવરજવર સહજ અને સરળ બને. એવું નક્કી થયું છે કે રસ્તાઓ બંધાતાં ૨૫ ટકા વધુ નવી જમીનમાં ખેડાણ થયું છે. રસ્તાઓ થતાં બજાર મેળવવાની સુવિધા થાય છે, વાહનવ્યવહાર-ખર્ચ ઓછો આવે છે. ગાડું સારો અને વધુ ભાર વહી શકે છે. બળદને ઓછો થાક લાગે છે. બજાર સુધી પહોંચતાં સમય પણ બચે છે. આ બચતા સમયમાં બળદને પાછા ઉપયોગમાં લઈ શકાય છે. નાની દેખાતી આ સગવડોમાં, આપણા કિસાનોના આર્થિક વ્યવહારમાં ક્રાંતિ લાવી શકે તેવાં પરિબળો સમાયાં છે. ગામડાંઓમાં આર્થિક સ્થિરતા લાવવામાં રસ્તાઓ પણ ઘણું કરી શકે એ માન્યતાને હવે સદ્ધર ટેકો મળે છે. સારા રસ્તાઓ થકી વાહનવ્યવહારનો ખર્ચ ઘણો ઓછો થાય છે. મોટરવ્યવહારમાં એ રીતસર ગણી શકાયો છે. આજે મોટરને દર એક માઈલનાં દોડાણ ઉપર બેએક .આના વધુ ખર્ચ આવે છે, તે જો સારા રસ્તાઓ બંધાય તો જરૂર ઘટી શકે. આમ થાય તો વાહનવ્યવહારનાં સાધનો સસ્તાં બને અને દેશની આર્થિક વ્યવસ્થાને સંગીન બળ મળે. સારા રસ્તાઓની ઝુંબેશ સમયે અમેરિકામાં કહેવાતું કે 'તમારી પાસે સારા રસ્તાઓ હોય કે ન હોય, તમે એને માટે પૈસા આપો છો–અને સારા રસ્તા ન હોય તો તમે વધુ પૈસા આપો છો.' આ વાત આપણને બંધબેસતી થઈ પડે છે.

૧૯૨૭માં હિંદમાંની બ્રિટિશ સરકારે રસ્તાઓની બાંધણી અને નિર્વાહ માટેની આયોજનાનો પ્રથમ પ્રયત્ન કર્યો. માર્ગ-વિકાસ સમિતિ ડૉ. જયકરના પ્રમુખપદે સ્થપાઈ. આ સમિતિએ અભ્યાસ કરીને રસ્તાઓ માટે, પેટ્રોલની વપરાશ ઉપર દરેક ગેલને અઢી આનાની આબકારી આયાત જકાત નાખીને, એક ભંડોળ ઊભું કરવાની ભલામણ કરી. આ ભંડોળમાંથી ૧૫ ટકા બાદ કરીને વર્ષને અંતે દરેક રાજ્યને બાકીનો હિસાબ પેટ્રોલની વપરાશ પ્રમાણે આપવાનું સૂચવ્યું. આ ભંડોળમાંથી મળતા પૈસા નવા રસ્તાઓ, પુલો વગેરે બાંધવા માટે રાજ્યોને છૂટ મળી. આ ભંડોળના પૈસા રાજ્યના રસ્તા ઉપર થતા વાર્ષિક ખર્ચા ઉપર મળતા હતા, તોપણ દુર્ભાગ્યે ત્યારપછીનાં વર્ષોમાં મંદી આવવાને કારણે રસ્તાઓ ઉપર જે ખર્ચ થતો હતો, તે કરતાં ફંડ થયા પછી ઓછો થયો. અને રસ્તાઓની સ્થિતિ વણસતી ગઈ. ૧૯૪૩માં નાગપુર ખાતે પ્રાંતોના વડા ઇજનેરોની એક સભા મળી. એ સભાએ 'નાગપુર–યોજના' નામે એક યોજના ઘડી. દેશના ૨ાા લાખ માઈલના રસ્તાઓને વધારીને રૂા. ૬૦૦ કરોડને ખર્ચે (અત્યારની કિંમતના હિસાબે) ચાર લાખ માઈલના રસ્તાઓ બાંધવાની સૂચના સરકારે માન્ય રાખી. નાગપુર–યોજના દેશમાં ૧૮૦૦૦ માઈલના રાષ્ટ્રીય માર્ગો, ૭૨૦૦૦ માઈલના પ્રાંતિક માર્ગો, ૧,૬૦૦૦૦ માઈલના જિલ્લામાર્ગો ને ૧૫૦૦૦ માઈલના ગ્રામમાર્ગો સૂચવતી હતી. જો કે આ યોજનાના અમલ માટેનો કોઈ સમય નિશ્ચિત ન હતો. આ યોજનાના સ્વીકાર છતાં રસ્તાઓના વિકાસની ગતિ અતિ ધીમી રહી; કારણ કે પૈસા ઉપરાંત બીજી મુશ્કેલીઓ જેવી કે જમીન, રસ્તા બાંધવાનાં યંત્રો, સિમેન્ટ, કાચો માલ, નિષ્ણાત માણસો વગેરે મળવાની મુશ્કેલીઓ અને વેગનોની તંગી હતી. ૩૧ માર્ચ ૧૯૫૦

સુધીમાં ગવર્નર રાજ્યોમાં રૂ. ૨૨૮૩.૮ લાખ, રાજપ્રમુખ રાજ્યોમાં રૂ. ૩૭૦.૨ લાખ અને ચીફ કમિશ્નર રાજ્યોમાં રૂ. ૫૭.૨ લાખ રસ્તાઓના વિકાસ પાછળ ખર્ચાયા છે. રાષ્ટ્રીય આયોજન પંચે એમના અહેવાલમાં ટાંક કરી છે, કે 'પૈસાની તંગીને કારણે નાગપુર-યોજના પ્રમાણે વિકાસ થઈ શક્યો નથી. તેમ જ તે રીતે થઈ શકે તેમ શક્ય પણ નથી; તોપણ એ એટલું જ અગત્યનું છે કે રસ્તાઓનો વિકાસ સમતોલ અને ચાલુ રહેવો જોઈએ.' આ રૂ. ૨૭.૧૧ કરોડનો ખર્ચ નાગપુર-યોજનાના હિસાબે પાંચ ટકાથી પણ ઓછો છે. રાષ્ટ્રીય આયોજન પંચે પોતાના અહેવાલમાં મધ્યસ્થ સરકાર માટે રૂ. ૨૩ કરોડની, ગવર્નર રાજ્યો માટે ૫૦.૫૯ કરોડની અને રાજપ્રમુખ તથા કમિશ્નર રાજ્યો માટે રૂ. ૨૦.૧૫ કરોડની પંચવર્ષીય ફાળવાઈ સૂચવી છે.

ચાલુ રસ્તાઓની બાંધણી વગેરે પાછળ સરકારને રૂ. ૨૦૦ કરોડથી સહેજ ઓછો ખર્ચ થયેલ છે. સરકારને વાર્ષિક રૂ. ૨૦ કરોડનું મહેસૂલ માત્ર મોટરવ્યવહારમાંથી જ મળે છે. લડાઈ પહેલાં આ મહેસૂલ રૂ. ૯ કરોડનું હતું. સારા રસ્તાઓ થવાથી વાહનવ્યવહાર વધવાની શક્યતા, સસ્તા વાહનવ્યવહાર વગેરે લાભ નાગપુર-યોજનાના પ્રયોજકોએ બતાવ્યા હતા. અને રૂ. ૬૦૦ કરોડનો ખર્ચ માત્ર ૧૫ વર્ષમાં વસૂલ થઈ રહે એ ગણતરી કરી અને એ યોજના નાણાંકીય દૃષ્ટિથી અશક્ય નથી એમ દર્શાવેલું. મોટરવ્યવહાર મારફતે મળતું મહેસૂલ વાર્ષિક રૂ. ૪૦ કરોડ સુધી વધવાની શક્યતા પણ દર્શાવાઈ હતી. રસ્તા પાછળ થતો ખર્ચ એ રોકાણ છે અને એ રોકાણમાંથી સારું વળતર મળી શકે એમ હોઈ, રસ્તાના વિકાસની કોઈ પણ યોજના નાણાંની તંગીને કારણે ન જ ટુંપાવી જોઈએ. રેલવે બાંધવા માટે જેમ ખાનગી સાહસને આમંત્ર્યાં હતાં, તેમ જ રસ્તાઓ ઉપરના પુલો વગેરે બાંધવા માટે ખાનગી સાહસને તક મળે, તો નાણાંની ભીડ બતાવાય છે એટલી કઠણ ન રહે. આવાં સાહસોને પુલોના વપરાશ માટે જે નાકાકર ઉઘરાવાય છે, તે અમુક વર્ષો સુધી વસૂલ કરવા દઈ, જ્યારે તે પુલો પાછળ રોકાયેલાં નાણાં ભરપાઈ થાય, ત્યારે તે પુલો સરકાર હસ્તક બનાવવાં જોઈએ. ઉપરાંત રેલવેની જેમ જ મોટર વ્યવહાર મારફત મળતું સઘળું મહેસૂલ રસ્તાઓના વિકાસ પાછળ જ ખર્ચાવું જોઈએ—એથી રસ્તાઓ માત્ર સ્વાયત્ત જ નહિ બને, પણ વધુ સારા થઈ શકશે. આ સિવાય રસ્તાઓને સૌથી વિશેષ નુકસાન પહોંચાડતા ગાડાંઓએ પણ રસ્તાઓના નિર્વાહ માટે યથાશક્તિ ફાળો આપવો જ રહ્યો. હિંદમાં આજે ૮૫ લાખ જેટલાં ગાડાં હોવાની ગણતરી છે. વાર્ષિક એક રૂપિયો કરનો લેવાય તોપણ રસ્તાઓને સારી રીતે સુધારી શકાય એવું જંગી ભંડોળ ઊભું થઈ જાય. રસ્તાઓ બંધાયા પછી આજુબાજુના વિસ્તાર ઉપર સુધારા-વેરો પણ વિચારી શકાય. એટલે નાણાંની મુશ્કેલી બતાવાય છે એટલી રહેવાનો સંભવ નથી. રસ્તાઓ પાછળ ખર્ચાતા પૈસા એ એક રોકાણ છે—વ્યાજી રોકાણ છે એ સમજાયા પછી રસ્તાઓનો વિકાસ નાણાંને અભાવે ટુંપાવા દેવાય ?

માટે દેશમાં જેમ બને તેમ જલદી સારા રસ્તાઓ વિકાસ પામે અને દેશના સારા ય વ્યવહારને તાજગી આપે, એ જરૂરનું છે. નહિતર ગામડાંઓમાં પહોંચવાનો કોઈ માર્ગ નથી અને રસ્તાઓ વિના કોઈ પણ યોજનાની સફળતા શંકાસ્પદ બની રહે છે.

★

મોંબદલો*

લેખક :
શ્રી 'સારંગ' બારોટ

તાલુકા આખામાં મામલતદાર મંગળભાઈની સુવાસ ફેલાયેલી હતી, અને સુવાસ કેમ ન ફેલાય ? જીવન એમનું હતું ય ઊઘડતા ફૂલ જેવું : સ્વચ્છ અને સુંદર, સુવાસિત અને સોહામણું. કદી કોઈનો પાઈ-પૈસો લેવો નહિ, કદી કોઈના ઉપર અમલદારી રોફ પાડવો નહિ, કદી કોઈના તરફ તોછડાઈ બતાવવી નહિ. ટૂંકા પગારમાં પૂરું ન થતાં ગરીબ ખેડૂતોને કનડીને લાંચ–રુશવત લેવાને બદલે એમણે જીવનની જરૂરિયાતો જ ઓછી કરી નાખી હતી. તાલુકા આસપાસનાં પચીસેક ગામોમાં એમની વાહવાહ હતી. આ ગામોમાંના દરેક ખેડૂતને મંગળભાઈ માટે ઊંડો આદર હતો અને એ આદરનું વારંવાર પ્રદર્શન પણ થતું. સીમમાં ખેતરની વાડ પર ગલકીનો વેલો પહેલવહેલું ફળ આપતો, ત્યારે એ ફળ મંગળભાઈનાં પત્ની શાંતાબહેનની કડાઈમાં જ વઘાર પામતું. ઘઉંનો દાણો દૂધે ચડે ત્યારે પહેલવહેલો પોંક મંગળભાઈને ત્યાં પહોંચતો. આમ કેરી, રાયણ અને જાંબુ, કારેલાં, કંકોડાં અને ભીંડા, રીંગણાં, મૂળા અને મોગરી, મરચાં અને મહૂડાં, ગાજર અને ગૂંદાં, આ બધું વગડાનાં વસનારાં સૌ પહેલું મંગળભાઈને ત્યાં પહોંચાડતાં. સરકાર માબાપે બક્ષેલા દરજ્જાને અને લોકપ્રિયતાને આછોપાતળો સંબંધ હશે કે કેમ એ તો કોણ જાણે, પણ મુનસફ, ફોજદાર અને વહીવટદાર આ ત્રણેયની લોકપ્રિયતાના સરવાળા કરતાં મંગળભાઈની લોકપ્રિયતા વિશેષ ઘેરી હતી. લોકોની એમના તરફ ખૂબ ચાહના હતી.

ચાહના હતી અને એવી અદ્ભુત ચાહના હતી કે ચારચાર વાર છોડેલા એમની બદલીના હુકમો લોકઆગ્રહને વશ થઈને મુલ્કી ખાતાને પાછા ખેંચવા પડ્યા હતા. સરકાર મંગળભાઈને બદલવા માગતી હતી પણ લોકો એમને બદલાવા દેતા નહિ અને મંગળભાઈ પણ બદલાવાની ઝાઝી 'ઇચ્છા' કરતા નહિ.

પણ ક્યારેક તો માનવી બદલાય છે. કદાચ એમાં માનવીના પોતાના કરતાં એના સંજોગો અને પરિસ્થિતિ વધુ જવાબદાર હોતાં હશે, પણ હકીકત છે કે ક્યારેક તો માનવી બદલાય છે, અથવા એને બદલાવું પડે છે. કોઈ એક અદૃશ્ય બળના ખેંચાણ આગળ માનવીને ક્યારેક નમતું તોળ્યા વિના ચાલતું નથી.

સળગતા સ્ટવ પર મૂકેલી તપેલીમાં ભરેલા પાણીની સ્થિર સપાટીમાં જેમ ગરમીનો સંચાર થતાં હલચલ પેદા થાય અને પછી પાણી ઊકળતાં એ હલચલ એક જબરજસ્ત આંદોલનમાં પરિણમે, તેમ એક વિચારની ગરમી અડતાં મંગળભાઈના માનસ-સરોવરના કાંચન જેવા નીરમાં હમણાંનો જરા ખળભળાટ મચી રહ્યો હતો. ઊકળતા પાણીને શાંત પાડવા તો સળગતો સ્ટવ બુઝાવી નાંખીએ એટલે ઉકળાટ ઓછો થઈને શમી જાય, પણ મંગળભાઈના મનમાં જાગેલા વિચારની ગરમીને ચાવી મરડીને સળગતા સ્ટવની જેમ બંધ કરી શકાય તેમ ન હતું.

વાત જાણે એમ હતી કે મંગળભાઈનાં પત્ની શાંતાબહેનના જાવરા શરીરમાં પાંચમી સુવાવડ પછી ક્ષયરોગે પ્રવેશ મેળવ્યો હતો. પહેલાં તો મંગળભાઈને કે શાંતાબહેનને આ જીવલેણ દુશ્મનના અસ્તિત્વની જાણ જ ન

---

* જમીન ખરીદનારે ને વેચનારે મોઢામોઢ રહી સરકારમાં તેની નોંધ કરાવવી તે.

દર્દ. જીવલેણ દુશ્મનો હમેશાં બહુ ચૂપચાપ પોતાનું સ્થાન જમાવી લેતા હોય છે. શાંતાબહેન પહેલાં સુસ્ત રહેવા લાગ્યાં, પછી જરા ખાંસી અને હાડકચરિયા તાવની શિકાયત કરવા લાગ્યાં અને છેવટે બધાંનું ધ્યાન ખેંચાય એવી રીતે ઓગળવા માંડ્યાં, ત્યારે સ્નેહીઓએ સૂચન કર્યું કે 'મંગળભાઈ, તમે તો અલ્લાના ઘરના માનવી જેવા છો, ભલા માણસ, શાંતાબહેનનું શરીર પિંજાઈ રહ્યું છે કોઈ દાક્તરને દેખાડો તો ખરા!' બીજાની વાતો ધ્યાનથી સાંભળવાની આદતવાળા મંગળભાઈએ ઘરની વાત પર ઝાઝું લક્ષ આપેલું નહિ. સ્નેહીઓનાં સૂચનો સ્વીકારી તરત જ શાંતાબહેનને તેઓ ગામના જાણીતા દાક્તર પાસે લઈ ગયા. દુશ્મન ઘર કરી ગયો હતો એટલે દાક્તરે મંગળભાઈને અમદાવાદ જઈ મોટા દાક્તરને બતાવવાનું સૂચવ્યું. મંગળભાઈ પત્નીને લઈ ધડકતા હૈયે અમદાવાદ પહોંચ્યા.

પાંચ દિવસ અને પંચ્યાશી રૂપિયાની [illegible] પછી મંગળભાઈને જાણવા મળ્યું કે શાંતાબહેનને નક્કી જ ક્ષયરોગ છે. ડૉકટરે દવાઓ લખી આપી અને કહ્યું કે 'ચારેક મહિના કોઈ હવા ખાવાના સ્થળે, બની શકે તો મીરજ, લઈ જવાથી કદાચ તબિયતમાં થોડો ફેર પડે.'

મંગળભાઈને થોડો ફેર પડયે પાલવે તેમ ન હતું. પિસ્તાળીસની ઉમ્મરે એ પાંચ સંતાનોના પિતા હતા. ઘરભંગ થાય તો મધદરિયે હોડી ડૂબ્યા જેવી ગત થાય એવી એમની પરિસ્થિતિ હતી. ગમેતેમ કરી પત્નીને બચાવ્યા વિના છૂટકો ન હતો. મહિના પછી શરૂ થનારી ગરમીની રજાઓના સંધાનમાં [illegible] માસની રજા મેળવી, છોકરાંઓને મોસાળ મોકલી પત્નીને લઈ મીરજ જવાનો મનસૂબો એમણે ઘડી નાખ્યો. મીરજમાં મડદાં બેઠાં થાય છે એવું એમણે સાંભળ્યું હતું.

નિર્ણય તો લેવાઈ ગયો પણ બચતના આંકડા સાનુકૂળ ન હતા. ઓછામાં ઓછો ખર્ચ કરે તોપણ એમની આખી બચત ઉપરાંત પાંચસો–સાતસો બીજા જોઈએ એવી હાલત હતી. અને ઓછા ખર્ચે જીવલેણ દર્દના ઉપાયો કરવામાં નરી મૂર્ખતા હતી, એ પણ મંગળભાઈ જાણતા હતા.

મંગળભાઈને જીવનમાં મૂંઝવણો ઘણી વાર થઈ હતી. કાયદાની આંટીઘૂંટીમાં માત્ર અજ્ઞાનને કારણે ફસાઈ પડેલા માનવીની સચ્ચાઈ જાણ્યા પછી કાયદાને તોડ્યા વિના પેલા ફસાયેલા માનવીને શી રીતે ઉગારી લેવો, તગાવીના પૈસાનો હપ્તો ભરવા જેવી કોઈ ગરીબ ખેડૂતની હાલત જ ન રહી હોય તો એને બેપાંચ મહિનાનો મુદતવધારો કેમ કરી આપવો, બૂરી હાલતને કારણે એકાદ વર્ષ વેરો નાહ ભરી શકનાર ખેડૂતને કાયદાની કરડી નજરમાંથી શી રીતે બચાવી લેવો વગેરે કેટલીય મૂંઝવણો એમણે અનુભવી હતી અને થોડાક વિચાર પછી દરેક મૂંઝવણનો કોઈ ને કોઈ ઉપાય એમને જડી જતો હતો, પણ આજે એમના જીવનમાં આવી પડેલી મૂંઝવણથી તેઓ સાવ અપરિચિત હતા. બેંકમાં ખાતું ખોલવા જેટલી બચત તો કદી એમની પાસે એકઠી થઈ જ ન હતી. મહિને પાંચ–પંદર બચતા તે વર્ષે એકાદ મોટો ખર્ચ આવી પડતાં વપરાઈ જતાં, છતાં કદી એમને કોઈના આગળ હાથ લાંબો કરવા દિવસ આવ્યો ન હતો. ઈશ્વરે અત્યાર લગી તો એમની આબરૂ સાચવી હતી, પણ હવે... હવે શું કરવું એ મંગળભાઈને સૂઝતું ન હતું.

મથામણ આ હતી. મૂંઝવણનાં બીજ આ નાનીશી મુસીબતમાંથી પાંગર્યાં હતાં, છતાં આબરૂ એમની સચવાતી આવી હતી:

આ મુશ્કેલ પરિસ્થિતિમાં પણ સચવાઈ રહે એવી એક શકયતા પણ મંગળભાઈને હમણાં થોડા દિવસથી દેખાઈ રહી હતી. પણ જે દિવસથી એમને આ શકયતાનાં દર્શન થયાં હતાં, એ દિવસથી મંગળભાઈની વેદના વિશેષ વધી હતી.

શકયતાને સ્વીકારું કે ઠોકરે મારું એવી દ્વિધાભરી લાગણી મંગળભાઈ અનુભવી રહ્યા હતા. વાત આમ હતી.

ગામ અડાણીયાના ઓછવ પટેલે દીકરીઓના હાથ પીળા કરવા એમનું વીસ વીઘાંનું કુવેતર ગામ ગંઠારાના ગંગુ શેઠને હમણાં જ વેચ્યું હતું. પાડાની કાંધ જેવી એ જમીનના નાખી દેતાં વીઘે બારસો–પંદરસો ઊપજે તેમ હતું, પણ ઓછવ પટેલની આંગળી ચીપટમાં આવી હતી અને જમીનની નજીકમાં આવેલાં બે ગામો અડાણીયું અને ગંઠાદરું અકર્મી માનવીઓનાં વતન લેખાતાં. બેઉ ગામ વચ્ચે એક જ સકર્મી શાહુકાર હતો અને એ ગંગુ શેઠ. એમના ચાર દીકરા મુંબઈ અને અમદાવાદમાં કે'વાતું કે મબલક વેપાર ખેડતા. ગંગુ શેઠ વતનમાં રહી પેઢીઓથી ચાલ્યો આવતો ધીરધારનો ધંધો અને પાંચ ગામમાં પુછાતી હાટડી સંભાળતા. ઓછવ પટેલની એકી શેઢે આવેલી કુવેતરવાળી વીસ વીઘાં જમીન ખરીદી શકે એવા ગંગુ શેઠ એક જ માનવી હતા. ઓછવ પટેલે દીકરીઓનાં ત્રણ વરસથી મુલતવી રખાયેલાં લગ્નથી અકળાઈને છેવટે ગંગુ શેઠ આગળ પાઘડી નાંખી અને શેઠે એ પાઘડીના છેડે પંદર હજાર બાંધી આપી વીસ વીઘાં જમીન ખરીદી લીધી. જમીન વેચાઈ ગઈ પણ મોંબદલો હજી થયો ન હતો.

મંગળભાઈ માટે આ એક તક હતી અને સોનેરી તક હતી. સોનેરી એટલા માટે કે ઓછવ પટેલની વીસ વીઘાંની જમીનમાં માપણીના થોડાક લોચા હતા. ધૂળ અને ઢેફાના ઢગલા રચી ખેતરની હદ બાંધનાં બાણુ ચોમાસામાં બેચાર ફૂટ ખસેડી નાંખવાં સહેલાં હોય છે. પાણીની માયાના ઠારે આ ફેરફાર જલદી કળી પણ શકાતો નથી. ઓછવ પટેલની જમીનની દક્ષિણે સરકારી પડતર જમીન હતી, આ જમીનમાં ઓછવ પટેલની સરહદનાં બાણુ દર પાંચ-પંદર વર્ષે ફૂટ બેફૂટ જગ્યા દબાવતાં આગળ વધે જતાં હતાં. પડતર જમીનને પોતાની કરવાનો આ કીમિયો ઓછવ પટેલના દાદાના વખતથી ચાલ્યો આવતો હતો અને એ જ કારણસર સરકારને ચોપડે સાડા સત્તર વીઘાંનું એ કુવેતર આજે વીસ વીઘાંનું બની ગયું હતું. જયારે જયારે સરકારી માપણીનો પ્રસંગ ઊભો થતો અને આ 'લોચા' તરફ માપણી કામદારનું ધ્યાન દોરાતું, ત્યારે એ ધ્યાનને બીજી દિશાએ દોરવા ઓછવ પટેલ અને એમના પૂર્વજો માપણી કામદારનું ખિસ્સું જરા ગરમ કરી દેતા. ટૂંકા પગારના સરકારી નોકરો રાજ–વહાલા થવાની છોકરમત કરતાં અચકાય છે, એમને રાજ–વહાલા થવા કરતાં ગામ–વહાલા થવામાં જ વધુ ફાયદો મળે છે.

પરિસ્થિતિ આવી હતી. ગંગુ શેઠ અને ઓછવ પટેલ મોંબદલાની અરજી દાખલ કરાવી ગયા હતા. ત્યાર પછી બેત્રણ ગાઉની મજલ કાપીને ચારપાંચ આંટા પણ ખાઈ ગયા હતા, છતાં મંગળભાઈએ હજી મોંબદલો કરાવી આપ્યો ન હતો. રોજ હસતું રહેતું એમનું મોં જયારે જયારે ગંગુ શેઠ અને ઓછવ પટેલ એમની કચેરીમાં આવતા, ત્યારે બદલાઈ જતું. બેઉ જણા શિરસ્તા મુજબની રુશવત આપવા ખુશી હતા પણ મંગળભાઈ રુશવત લેતા ન હતા. એટલે એ બાબતની વાત કરતાં બેઉ અચકાતા હતા. લાંચ પણ

ન થે અને કામ પણ ન કરી આપે એવા અમલદારને શી રીતે સમજાવવો એ ઓછવ પટેલને કે ગંગુ શેઠને સમજાતું ન હતું. ત્રણચાર વારના હેરાફેરા પછી મંગળભાઈના પેટમાં શાનો દુખાવો છે એ જાણી લેવાનું ગંગુ શેઠે નક્કી કરી નાખ્યું–જો કે એમને ય મંગળભાઈ ક્યાંય ખાવા માટે પોતાને સતાવી રહ્યા છે, એ વાત ગળે ઊતરતી ન હતી.

મંગળભાઈના મનમાં ચગડોળ ફરતા હતા. મોંબદલાનું તો જાણે ઠીક પણ અઢી વીઘાં સરકારી જમીન ખેતરમાં ભળી ગઈ છે એ જાણ્યા પછી હજાર પંદરસો પડાવી શકાય તેમ હતું. આવો મોકો જિંદગીમાં બીજી વાર મળવાનો ન હતો અને ખરે ટાંકણે, જ્યારે જરૂર હતી ત્યારે જ આવા સંજોગો સરજાયા એટલે ઈશ્વરે શાંતાની તબિયત સુધરે એ માટે જ આ નવી આવકની શકયતાનો સંકેત ઊભો કર્યો હશે, એવો એક અવાજ પણ મંગળભાઈને હૈયાના ઊંડાણમાંથી આવતો લાગ્યો. આમ હોવા છતાં આ બાબતમાં હજી એ છેવટનો નિર્ણય લઈ શકતા ન હતા. મલક પર મુલ્કી ખાતાની સ્થાપના થઈ ત્યારથી તે આજ લગી મોંબદલા વખતે મામલતદારને રાજી કરવાનો રિવાજ ચાલ્યો આવે છે એ મંગળભાઈ જાણતા હતા. આ રિવાજ નિયમ બનીને બધે ય નભી રહ્યો છે, એ પણ ઉઘાડી વાત હતી. નિયમને કયારેક અપવાદ હોય છે તેમ માત્ર મંગળભાઈની મામલતદારીમાં જ આ નિયમ અપવાદ બની રહ્યો હતો. મંગળભાઈનું મન મુસીબત વેઠી રહ્યું હતું કે અત્યાર લગી અળગો રાખેલો નિયમ અપનાવવો કે એમણે રચેલાં અપવાદને અખંડિત રાખવો.

મરણના મુખમાં ઘસડાતી જતી પત્ની, પાંચ અસહાય બની જનારાં બાળકો, મીરજની મડદાં બેઠાં કરનારી ભૂમિનાં સ્વપ્નાં- અને દરિયે ડૂબતી હોડીની ભયંકરતાથી મનને ઠીકઠીક પરિચિત કરી મંગળભાઈએ નિર્ણય લીધો કે અપવાદની અખંડિતતા ભાંગી નાખવી અને સર્વવ્યાપી નિયમને અપનાવી લેવો.

'આવો આવો ઓછવ પટેલ, તમે ભાઈ ત્રણચાર વાર ધક્કા ખાઈ ગયા, પણ તમારી અરજી કયાંક અવળા હાથે મુકાઈ ગઈ હોય તેમ જડતી જ નથી. સાળું કાંઈ મેળ જ પડતો નથી,' મંગળદાસે પાંચમી વાર એમની કચેરીમાં આવેલા ઓછવ પટેલ અને ગંગુ શેઠને આવકારતાં કહ્યું.

'હોય સાહેબ, એ તો હજારો કાગળિયાંમાં કયાંક અટવાઈ જાય. પણ સાહેબ, ભાઈસાબ, આજ તો એ જયાં હોય, ત્યાંથી ખોળી કાઢો તો ઠીક બાપલા,' ઓછવ પટેલે કહ્યું: 'ટાંટિયાનાં તોરણ થઈ ગયાં અમારાં તો!' ગંગુ શેઠ વગર બોલે જ ઓછવ પટેલના શબ્દે શબ્દને સાથ આપતા હોય એવી મુખમુદ્રા કરી ઊભા હતા.

'તે એમાં હું શું કરું ભાઈ?' મંગળભાઈએ જવાબ વાળ્યો, 'મારો કોઈ વાંક છે? આ જુઓ, હજાર લફરાં છે, માથા પર. સાલું એકલા હાથે કેટલું કામ થઈ શકે?' મંગળભાઈ કામના કાગળોની થપ્પીઓ બતાવી રહ્યા હતા. ગંગુશેઠ અને ઓછવ પટેલ 'હોય હોય સાહેબ, કામ તો હોય જ ને,' એવા ભાવથી ગરદન હકારમાં નમાવતાં મંગળભાઈની વાણી સાંભળી રહ્યા હતા. ઓછવ પટેલે કહ્યું:

'કામ તો હોય જ ને સાહેબ? આખા તાલુકાની જમીનોનો બોજ તમારા માથા પર છે એ કાંય અમે નથી જાણતા? અમારે કણબીભાઈને તો સાહેબ પાંચપંદર ગાઉની ખેપ એટલે જાણે રમત વાત, પણ આ ગંગુશેઠ બિચારા જીવ...'

‘ તે ગંગુશેઠે તો હવે આવાં કામો માટે કારભારી રાખવો જોઈએ. એમને તો ભઈ કંચનના મેહુલા વરસે છે, પછી આ જંજાળ શા માટે જોઈએ?’ મંગળભાઈએ ગંગુશેઠ તરફ જોઈ હસતાં કહ્યું અને ગંગુ શેઠે પણ હસતાં જ જવાબ વાળ્યો :

‘ કારભારીઓથી કાંઈ શાહુકારીના ભાર ખેંચાય, મંગળભાઈ સાહેબ! એ તો જેનું કામ તે જ કરે. બેચાર પેટની વાત મારે તમને કહેવી હોય કે તમારે મને કહેવી હોય તો કારભારી મારફત કાંઈ થોડી જ વાત થાય? અને ખરું કઉં મંગળભાઈ સાહેબ તો જમાનો હવે જતો રહ્યો, કે જયારે માનવીના નામ પર કામ થતાં’તાં. હવે તો સાહેબ, એ આંખની શરમ પણ ઘણીવાર નથી પડતી. તમ જેવા કોક લાખેણા હોય તો વળી આંખની ય શરમ રાખે, નહિતર આજનાં કારકુનડાં, માબાપ, કાંઈ વાત કે’વા જેવી જ નથી. અને છતાં ય સાહેબ પથારો મારો લગાર મોટો છે, એટલે એકબે માનવી તો ટાંપાંટૈયાં માટે રાખવાં જ પડે છે. પણ મોંબદલામાં તો ભઈ જાતે હાજર કર્યા વિના થોડું જ ચાલે?’

આદતને કારણે મંગળભાઈ વાતચીતની શરૂઆતમાં રાખેલું ગાંભીર્ય નિભાવી શકયા નહિ અને રોજની જેમ મળતાવડા બની વાતો કરવા લાગી ગયા. આ બાબત તરફ એમનું ધ્યાન ખેંચાયું એટલે તુરત જ એમણે મોં પરનો ભાવ બદલ્યો, ગાંભીર્ય ધારણ કર્યું અને બોલ્યા :

‘ ઠીક છે, ઠીક છે ગંગુશેઠ, હું તમારી અરજી જોઈ રાખીશ. હજી કદાચ મારા ટેબલ પર આવી જ નહીં હોય. તલાટી પાસે તપાસ કરો,’ પોતાનાથી જ ડાબા હાથે મુકાઈ હશે કયાંક, એવો એકરાર કર્યા પછી મંગળભાઈએ અમલદારી હાંકી.

‘ સાહેબ, તલાટી પાસેથી તો...’ ઓછવ પટેલે મંગળભાઈના કાન નજીક મોં લાવતાં ધીમેથી કહ્યું: ‘રૂપિયા એકાવન ભરીને તમારા પર કયારની ય મોકલી આપી છે.’

‘ એમ!’ કહી મંગળદાસ અર્થસૂચક રીતે ચૂપ રહ્યા.

‘ તમને ય રાજી કરીશું, સાહેબ,’ ગંગુ શેઠે લાગ જણાતાં સોગઠી મારી.

‘ રાજી તો કરશો જ ને શેઠ,’ મંગળભાઈએ કહ્યું: ‘સરકારી જમીનનાં અઢી વીઘાં કાંઈ મફતમાં થોડાં જ મળી જવાના છે? મને કે સરકારને, કો’કને તો રાજી કરે જ છૂટકો છે.’

ઓછવ પટેલના ચહેરા પર કાળો ઓછાયો ઊતરી આવ્યો. અરધું વીઘું જમીન તો એમણે પોતે જ એમના જીવન દરમ્યાન ‘ચોરી’ હતી. બાકીનાં બે વીઘાં માટે એમના વડવાઓ જવાબદાર હતા, પણ જવાબ તો આજે એમને જ આપવાનો હતો. એ કશું બોલી શકયા નહિ. ખૂબ હોંશથી ખરીદેલી જમીનમાં સરકારી લફરું ચોંટેલું જાણી ગંગુ શેઠ પણ ગૂંચાયા. બેઉને ચૂપ જોઈ મંગળભાઈ આગળ બોલ્યા:

‘ મેં, ઓછવ પટેલ, જૂના નકશા કઢાવીને જોયા, બીજી પણ જે તપાસ કરવી ઘટે તે કરી અને છેવટે તમારી જમીનની ફરી માપણી કરી; પછી જ મોંબદલાની અરજીનો નિકાલ કરવો એવું નક્કી કર્યું છે. દસબાર દા’ડામાં જરૂરી કાગળિયાં કરી માપણી કરવાની તજવીજ કરીશ. ઝાઝા દા’ડા ન બગડે એવું કરીશું, ગંગુશેઠ!–ભઈ, બીજું તો હું શું કરી શકું?’ છેલ્લા વાકયમાં બનાવટી ભલમનસાઈનો સૂર હતો. એ સૂરે ઓછવ પટેલના કાનના પડદા ચીરી નાખ્યા.

‘ મંગળભાઈ સાહેબ...હું ગરીબ માણસ ઠાર મરી જઈશ બાપલા...વાતને દટાયેલી જ રહેવા દો, બીજો, જે વિધિ કરવાનો

એ કરીશું,' પટેલે કહ્યું.

'હું...' કહી મંગળભાઈ ચૂપ રહ્યા.

'ભાઈ, કાયદાની રીતે મારે બધું ચોખ્ખું-ચણુક જોઈએ. આપણું તો જાણે ઠીક પણ પાછળ છોકરાંઓને કોરટનાં પગથિયાં ઘસવાં પડે એના કરતાં વાતને પહેલાંથી જ વાટી નાખવી સારી,' ગંગુ શેઠ બોલ્યા, 'આપણે મંગળભાઈ સાહેબ, તમને રાજી કરીશું. જમીન તો આ કણબીએ મારા ગળામાં ભરાવી દીધી જ છે. હવે ફરી માપણીની તરખડ ઊભી કરીને તો તમે મને દંડો છો સાહેબ; ગુનો કર્યો ઓછવ પટેલે અને ભોગવવું પડશે મારે!'

'એ તો કાયદેસર જે થતું હશે તે થશે અને જેને ભોગવવાનું આવશે એણે ભોગવવું પડશે.'

'મંગળભાઈ બાપુ, આમ નામક્કર જાઓ એ કેમ ચાલે? વાતને દાટવાની જ ગોઠવણ કરો. તમે કો' એમ કરીએ.'

'તો હમણાં જાઓ શહેરમાં, હટાણું-બટાણું કરવું હોય તો કરીને સાંજે આવો મારે ઘેર–બધી વાત પતાવી નાખીશું. અહીં કચેરીમાં તો હજાર માણસો આવે અને જાય, નિરાંતે વાત નહિ થઈ શકે.'

'ભલે એમ રાખીએ સાહેબ,' ગંગુ શેઠે કહ્યું અને બેઉ જણ ઊઠ્યા.

એ સાંજે કચેરીના કામમાંથી મંગળભાઈ રોજ કરતાં જરા વહેલા પરવાર્યા. ઘેર જતાં રસ્તામાં આવતી પાનવાળાની એક દુકાને પાન ખાવાનો એમનો રોજનો નિયમ હતો. પાન મોંમાં મૂકતાં એમની નજર સામે જ ગોઠવેલા મોટા અરીસા પર પડી. એમાં પોતાનું પ્રતિબિંબ દેખાયું. મંગળભાઈ જાણે ચમકી ગયા. એ કાચમાં દેખાતો એમનો ચહેરો આજે જાણે જુદો દેખાયો. એ જ ચહેરો હતો, એ જ ચામડી હતી, એ જ ટોપી હતી, છતાં મંગળભાઈને એમની મુખમુદ્રા વિચિત્ર રીતે બદલાઈ ગયેલી લાગી. એકાએક થયેલો આ 'મોંબદલો' મંગળભાઈને વિવશ કરી ગયો, પણ તુરત જ એમને ભાન થયું કે પોતે એક ખોટી ભ્રમણાનો ભોગ બન્યા છે. એમણે ધીમેથી ગાલ પર હાથ ફેરવ્યો અને પોતાની મૂર્ખતા પર સ્મિત કરતા આયના આગળથી ખસી ગયા. ઘેર જતાં રસ્તામાં એમને લાગતું હતું કે એમનું કાંઈક ખોવાયું છે; શું ખોવાયું છે એ એમને સમજાતું ન હતું.

મંગળભાઈ ઘેર પહોંચ્યા ત્યારે શાંતાબહેનની તબિયત થોડીક વધુ બગડી હતી. બપોર પછી ખાંસી વધી હતી અને ગળફામાં લોહી પડતું હતું. લોહી તો બેચાર દિવસે ગળફામાં એકવાર દેખાતું, પણ આજ ગળફા અને લોહી બન્નેનું પ્રમાણ વધી ગયેલું હતું. અમદાવાદના મોટા ડૉકટરની સૂચના મુજબ આવું થાય ત્યારે શું કરવું અને કઈ દવાના પ્રમાણમાં કેટલો વધારો–ઘટાડો કરવો, એ મંગળભાઈએ એક કાગળમાં લખી રાખ્યું હતું. ડૉકટરના એ સૂચનાપત્ર પ્રમાણે મંગળભાઈએ દવાઓ આપી. અરધાએક કલાકમાં ઉધરસ જરા ઓછી થઈ અને મંગળભાઈને હાશ વળી.

સાંજે ગંગુશેઠ અને ઓછવ પટેલ નક્કી થયા પ્રમાણે મંગળભાઈને ઘેર આવ્યા. હટાણું તો એમને ખાસ કશું કરવાનું ન હતું; પણ બેઉ વચ્ચે મંગળભાઈને આપવાની રકમ બાબતમાં આ સમય દરમ્યાન ચોકકસ પ્રકારની સમજૂતી થઈ હતી. થોડીક આડીઅવળી વાતો પછી ગંગુશેઠે મુદ્દાની વાતના શ્રીગણેશ કરતાં પાંચસો રૂપિયા આપવાનો પ્રસ્તાવ રજૂ કર્યો.

'અઢી વીઘાં જમીનના પાંચસો!' જમીન જાણે પોતાની હોય અને વેચવા બેઠા હોય

તેમ મંગળભાઈએ કહ્યું. એમના અવાજમાં ચડતા ગુસ્સાનો રણકાર હતો.

‘સાહેબ સાતસો આપશું, બસ હવે, નકામા આકળા થશો નહિ,’ પટેલે કહ્યું.

‘જાવજાવ ભલા માણુસ, આ તો તમને સારા માણુસ સમજી મેં હા ભણી; નહિતર આટલા વર્ષની નોકરીમાં કદી એક પાઈ પણ લીધી હોય મેં, એવું જાણ્યું છે તમે ?’

‘સાહેબ, એટલે જ તો અમે ડરીએ છીએ,’ ગંગુશેઠે કહ્યું.

‘લો જુઓ, નાખી દેતાં એ ઐઢી વીઘાં જમીનના પંદરસોના ભાવે ગણીએ તો પોણાચાર હજાર થાય, મને અડધા તો આપો !’

‘અડધા !’ ઓછવ પટેલે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

‘બે હજાર,’ ગંગુ શેઠે હિસાબીપણું આદરી આંકડો ઉચ્ચાર્યો.

‘સાહેબ, હું ગરીબ, બચરવાળ માનવી, મરી જાઉં બાપલા,’ પટેલ બોલ્યા.

‘ઠીક તો હવે, મેં જે કહેવું હતું તે કહી દીધું છે. તમે બેઉ જણુ સમજીને આંકડો નક્કી કરો એટલે વાતનો નિવેડો આવે. હું આવું, જરા ચાની ગોઠવણ કરી આવું,’ કહી મંગળભાઈ ઊઠ્યા અને બેઉ જણુને ‘અંદર અંદર સમજવા’ માટે એકલા મૂકી મેડી પરથી નીચે ઊતર્યા.

એ પાછા આવ્યા ત્યારે વાત અગિયારસોએ નક્કી થઈ હતી. મંગળદાસે ગંગુશેઠ અને ઓછવ પટેલના ‘માનને ખાતર’ આંકડો મંજૂર રાખ્યો. નક્કી એવું થયું કે ત્રણચાર દિવસમાં પૈસાની વ્યવસ્થા કરી બેઉ જણાએ રકમ પહોંચાડીને મોંબદલો કરાવી જવો.

એ રાત્રે શાંતાબહેનની તબિયત વધુ બગડી, બીજા દિવસે દવાઓ આપવા છતાં લોહી પડતું બંધ રહ્યું નહિ. રજા પર ઊતરી પત્નીને તુરત જ અમદાવાદ લઈ જવાનો વિચાર મંગળભાઈને આવ્યો પણ પોતાની ગેરહાજરીનો દુરુપયોગ કરી એમની અવેજમાં કામ કરનાર માણુસ સો-બસો ખિસ્સામાં મૂકી મોંબદલો કરાવી આપે તો હાથમાં આવેલી રકમ સરકી જાય તેમ હતું.

બીજા દિવસે શાંતાબહેનને લોહીની ઊલટી થઈ અને પછી તબિયત લથડવા માંડી. ત્રીજા દિવસે સવારે પણ હાલતમાં સુધારો થયો નહિ. સવારે કચેરીનો સમય થતાં મંગળભાઈ ગયા. પત્નીની હાલત નાજૂક હતી પણ એ દિવસે મોડામાં મોડા ગંગુ શેઠ અને ઓછવ પટેલે આવી જશે એવું નક્કી થયું હતું. પૈસા મળી જાય તો એ જ દિવસે પત્નીને લઈ મીરજ ઊપડી જવા એમનો વિચાર હતો. ઊઘડતી કચેરીએ ગંગુશેઠ અને ઓછવ પટેલ આવ્યા. પૈસા ગણી આપ્યા અને મંગળભાઈએ તૈયાર રાખેલાં કાગળિયાં પર જરૂરી સહીસિક્કા થઈ ગયા. તુરત જ મંગળભાઈ ઘર ભણી ઊપડ્યા. ‘શાંતા હવે બચી ગઈ; આજે, પાંચની ગાડીમાં જ ઊપડી જઈએ.’ મંગળભાઈ મનમાં આ વિચારનું રટણ કરતા ઘેર પહોંચ્યા.

એમના ઘેર પહોંચ્યા પછી બરાબર એક કલાકે શાંતાબહેને દેહ છોડ્યો. કડડભૂસ કરતી કોઈ ઇમારત તૂટી પડે તેમ મંગળભાઈનું દિલ તૂટી ગયું. સો-સોની અગિયાર નોટો એમની સામે આંખમિચામણાં કરી રહી. બહુ જ મુશ્કેલીપૂર્વક મગજ પરના કાબૂ સાચવતાં એમણે પત્નીનો અંતિમ સંસ્કાર કર્યો. સ્મશાનેથી પાછા ફરતાં રાત પડી ગઈ હતી.

ઘેર આવી એ અગાસી પર ચડી ગયા. ત્યાં પડેલા મુંજના ખાટલામાં એમની થાકેલી હારેલી કાયાને લાંબી કરી. નજર આસમાન પર પડી. હીરાની કણી જેવા તીક્ષ્ણ પ્રકાશથી ચમકતા તારા ભાલાની અણી બનીને મંગળભાઈના અંતરને વીંધવા માંડ્યા. પછી તારા એકસાથે બધા હસી ઊઠ્યા. મંગળભાઈએ

કાને હાથ દઈ આંખ મીંચી. પછી એ બિડાયેલી આંખોમાંથી આંસુની ધાર વહી, છાતીની ધમણ જોરજોરથી ફૂંકાવા માંડી, પશ્ચાત્તાપની જ્વાળાના ભડકા મંગળભાઈના રોમેરોમને જલાવવા માંડ્યા. મધ્યરાત્રિ વીતતાં એ તાપ અસહ્ય થઈ પડ્યો. મંગળભાઈ ઊઠ્યા, એક નજર તારાભર્યા આસમાન પર ફેરવી. ધ્રૂજતો હાથ આંસુ ટપકતી આંખ પર ફેરવ્યો અને એ અગાસી પરથી નીચે ઊતરી ગયા.

રાત્રિના બે વાગ્યાને શુમારે ગામ અડાલિયાની સીમ વીંધીને એક આકાર ઉગમણી ભાગોળેથી ગામમાં પેઠો. આકારના આગમનથી જાગી ઊઠેલાં કૂતરાંએ ઘમસાણ મચાવી મૂક્યું. લાકડીના ઠપકારાથી જાતનું રક્ષણ કરતો પેલો આકાર ઓછવ પટેલની ડેલીએ પહોંચ્યો અને સાંકળ ખખડાવી.

‘કુંણ એ ?’ અવાજ ઓછવ પટેલનો હતો. પ્રત્યુત્તરમાં ફરી સાંકળ ખખડી.

‘આવડું અસૂરું કુંણ હશે, એ ?’ ઓછવ પટેલે ફરી પૂછ્યું. ફરીવાર જવાબમાં સાંકળ ખખડી.

પટેલ ઊઠ્યા ડાંગ હાથમાં લઈ ડેલીએ પહોંચ્યા અને દરવાજો ખોલ્યો. એમની નજર સામે મંગળભાઈ ઊભા હતા :

‘સાહેબ ! બાપલા ! આ ટાણે...’

‘લ્યો પટેલ,’ મંગળભાઈએ પટેલને બોલતા અટકાવી ગજવામાં હાથ નાખી અગિયારસો રૂપિયાની નોટો એમના મોં આગળ ધરી, ‘લ્યો પટેલ, લઈ લ્યો તમારા રૂપિયા.’

‘કેમ બાપલા! મંગળભાઈ સાહેબ, ઓછા પડ્યા ?’

‘ના પટેલ, ઓછા નથી પડ્યા, પણ હવે એની જરૂરત રહી નથી.’

આટલું કહી પટેલને આશ્ચર્યમાં આળોટતા મૂકી મંગળભાઈ પાછા વળી ગયા. ચારેક દિવસ પહેલાં પાનવાળાના કાચમાં બદલાયેલું જણાયેલું એમનું મોં અત્યારે વગર આયનાએ એનું મૂળ સ્વરૂપ ધારણ કરતું હોય એવું મંગળભાઈને ઘર તરફ ડગલાં ભરતાં લાગી રહ્યું હતું.

★

એક વખત સરસ્વતી નદીના તટ પર ભેગા મળેલા ઋષિઓમાં ચર્ચા થઈ પડી કે બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ-આ ત્રણમાં મોટું કોણ ? એની પરીક્ષા માટે સર્વેએ ભેગા મળી મહર્ષિ ભૃગુને આ માટે નિયુક્ત કર્યા. સૌ પ્રથમ મહર્ષિ બ્રહ્માની સભામાં ગયા ને ત્યાં જઈ ન તો તેમને નમસ્કાર કર્યા કે ન તો આવે વખતે કરવામાં આવતી સ્તુતિ કરી. પુત્રનું આવું તિરસ્કારયુક્ત વલણ જોઈને બ્રહ્માને અત્યંત ક્રોધ ચડયો, પરંતુ પોતાના પુત્ર હોવાથી ભૃગુને એમણે ક્ષમા આપી.

એ પછી મહર્ષિ પોતાના મોટાભાઈ મહેશ પાસે ગયા. નાનાભાઈને આવતો જોઈને ખૂબ પ્રેમથી મહેશ એમને આલિંગન દેવા આગળ આવ્યા, પરંતુ ભૃગુએ એમને કડવાં વચન કહ્યાં ને આલિંગનનો અસ્વીકાર કર્યો, આથી દેવ ઘણા જ ક્રોધાયમાન થયા ને ત્રિશૂળ ઉઠાવી મારવા માટે દોડ્યા. પાર્વતીજી વચમાં પડ્યાં ને અંતે એમનો ક્રોધ શાંત થયો.

એ પછી ભૃગુ વૈકુંઠમાં ભગવાન વિષ્ણુના શયનાગારમાં ગયા. એ વખતે ભગવાન વિષ્ણુ સૂઈ રહ્યા હતા અને લક્ષ્મીજી પંખો નાખી રહ્યાં હતાં. ભૃગુએ પાસે જઈ એકદમ ભગવાન વિષ્ણુની છાતીમાં લાત મારી: વિષ્ણુ ઊઠ્યા; એમના ચરણ પર પોતાનું મસ્તક રાખી નમસ્કાર કર્યા ને બોલ્યા: ‘આવો પધારો ભગવન્; પધારો, આપના આગમનના સમાચાર નહોતા એટલે જ આપનો સત્કાર કરી શકાયો નહીં. ક્ષમા કરો. આપના કોમળ ચરણ ક્યાં ને ક્યાં મારી વજ્રકઠોર છાતી! આપને ચરણમાં કંઈ દર્દ તો થઈ નથી ને ?’ ને પછી ચરણ દબાવતાં કહ્યું, ‘હે બ્રાહ્મણશ્રેષ્ઠ, મારા પર ઘણી કૃપા કરી આપે. હવેથી આપના ચરણોની ધૂળ સદાય મારા હૃદય પર જ રહેશે.’

ભૃગુએ ઋષિમંડળીમાં જઈ પોતાનો શો અભિપ્રાય આપ્યો હશે એ જણાવવાની જરૂર છે ખરી ?

×

અનુપમ કામણ

લેખિકા :
શ્રીમતી વત્સલા મહેતા બી. એ.

સેંકડો વર્ષથી ભારતની ખડી રખવાળી કરતો નગાગાધિરાજ હિમાલય કોણ જાણે કેટલીય વાતોનો ઇતિહાસ સમાવીને બેઠો હશે! એનાં અજેય શિખરો સર કરવા માટે વિશ્વભરના પ્રવાસીઓ ને વૈજ્ઞાનિકો આવે છે ને પરાજય પામી કાળના ગર્ભમાં લુપ્ત થઈ જાય છે, પણ એનું દર્શન કરવા; સંધ્યા-ઉષાને સમયે રેલંછેલ થતા રંગના મસ્ત મહાસાગરોનાં ભરતી-ઓટ નિહાળવા માટે એને ચરણે જઈએ, તો જગતભરના સૌંદર્યનો પટવિસ્તાર આંખો ભરીભરી પીવા દે છે. અહીં આલેખાયેલો પ્રવાસ આપણને વિરાટના એક રહસ્યભરપૂર જ્યોતિનો પ્રકાશ આપી જાય છે.

નૈનિતાલની હોટલમાં બેઠાં બેઠાં સવારનો નાસ્તો ખાતાં હતાં ત્યાં સામેથી એક ભાઈ આવ્યા. પૂછ્યું:

'તમે ગુજરાતી છો? મેં હમણાં જ તમને ગુજરાતીમાં વાત કરતાં સાંભળ્યાં.'

અમે હા કહી, એટલે કહે:

'હું બાળ કાલેલકર–શ્રી કાકાસાહેબ કાલેલકર મારા પિતા થાય.' ડૉ. બાળ કાલેલકરનું નામ તો ઘણી વાર સાંભળ્યું હતું. વખાણ પણ ઘણાં સાંભળ્યાં હતાં. પ્રત્યક્ષ પરિચય થયો એટલે વધુ આનંદ થયો.

પછી તો ખૂબ વાતો કરી. બાળભાઈ મને કહે: 'અહીંથી એંશી માઈલ દૂર કૌસાની નામનું ગામ છે. ત્યાં મારા પિતાના મિત્ર અને જાણીતા દેશભક્ત સ્વામી આનંદ રહે છે. હું કાલે એમને મળવા જાઉં છું. આવવું છે? ત્યાંથી હિમાલયનું એક અજોડ દર્શન થશે.' હું તો હિમાલયના સૌંદર્યની પૂજક; તેમાં વળી સ્વામી આનંદ જેવી જાણીતી વ્યક્તિને મળવાની તક હતી; એટલે મેં તો હા પાડી. બાળભાઈ સાથે એક જર્મન ડૉકટર હતા. થોડા વખત માટે હિંદ આવ્યા હતા. અમે એમને પણ મળ્યાં. જર્મન ડૉકટર આહલગ્રીમ છ ફૂટ, પાંચ ઇંચ ઊંચા હતા અને ત્રણ ઇંચ જાડી એડીવાળા બૂટ પહેરતા!

વળતી સવારે સાડા અગિયારે ઊપડ્યાં. મોટરમાં હું, બાળભાઈ, એમના જર્મન ડૉકટર મિત્ર અને એક પટાવાળો. સામાનથી મોટર ભરાઈ ગઈ. ખબર પડી કે સાડા અગિયારે 'દરવાજો' ખૂલે છે. 'દરવાજો' ખૂલે પછી જ નૈનિતાલની બહાર નીકળાય છે. પરંતુ, ઊપડ્યા પછી પણ કાંઈ 'દરવાજો' દેખાયો નહિ. એક ઠેકાણે બે રસ્તા ફંટાતા હતા અને ત્યાં એક પોલીસ ઊભો હતો. તેણે જવાની રજા આપી એટલે માની લીધું કે આ જ 'દરવાજો' છે!

મોટર રાણીખેત તરફ જવા માંડી. નૈનિતાલ છ હજાર ત્રણસો ને પચાસ ફૂટ ઊંચું છે અને રાણીખેત પાંચ હજાર ત્રણસો ને પચાસ ફૂટ ઊંચું છે એટલે અમારે એક હજાર ફૂટ નીચે ઊતરવાનું હતું. અતિશય સારા ને સ્વચ્છ ડામરના રસ્તાં હતા, પરંતુ પહાડોમાં જવાનું એટલે ખૂબ જ વાંકાચૂંકા, આખો વખત મોટર ચક્કર ચક્કર ચાલ્યા કરે! પહાડોમાં હાંકવું એ કેટલી મુશ્કેલ વાત છે તેનો મને બરાબર ખ્યાલ આવ્યો.

થોડીવારે 'ગરમપાની' નામનું ગામ આવ્યું. જર્મન ડૉકટરે પૂછ્યું: 'ગરમપાની એટલે શું?' મેં કહ્યું: 'હૉટ વૉટર.' તે પછી એકાદ વાગે રાણીખેત આવ્યું. ડૉકટરે પૂછ્યું: 'એનો અર્થ શો?' મેં કહ્યું: 'ફિલ્ડ ઑફ ધ કવીન.' ડૉકટરને આવાં વિચિત્ર

નામો સાંભળીને ખૂબ રમૂજ ઉપજી!

રાણીખેત પસાર કરીને થોડે દૂર ગયાં. રાણીખેતથી બરફના પહાડો દેખાય છે, પણ તે તો વાદળાંમાં ઢંકાઈ ગયા હતા. બેએક વાગે રાણીખેત પસાર કરીને મોટરમાંથી ઊતરીને જમ્યાં. ચક્કર-ચક્કર જવાને લીધે માથું સખત દુખતું હતું. ખાઈને પાછા ઊપડ્યાં. બાળભાઈ એકસરખી, ભૂલચૂક વિના સુંદર રીતે મોટર ચલાવતા હતા. અમે નીચે ને નીચે ઊતરતાં હતાં; કેમકે કૌસાની છે છ હજાર ને પંચોતેર ફૂટ ઊંચું. એક ડુંગર ચડીએ. વળી એક બીજો ડુંગર ઊતરીએ. એમ કરતાં ત્રણેક વાગે ફરીથી અલમોડા દેખાયું. અમે તો અલમોડાની છેક નીચે તળેટીમાં જતાં હતાં. આખે રસ્તે અમને નાનકડી કોસીનદીનો સાથ હતો. રાણીખેત પછી ઝાડી ખૂબ ગીચ થઈ ગઈ હતી; કેમકે આ તો હતાં તરાઈનાં પ્રખ્યાત જંગલો. પાઈન અને ફરનાં પુષ્કળ ઝાડોની ઘટામાંથી અમે પસાર થતાં હતાં.

આખરે કૌસાનીવાળા પહાડની તળેટીમાં આવી પહોંચ્યાં. ચારે તરફ નાનાંનાનાં ખેતરો અને વચ્ચેથી વહેતી કોસીનદી. વચ્ચે-વચ્ચે નાનાંનાનાં ગામડાં આવતાં જતાં હતાં. પહાડો પર મોટાં રાક્ષસી પગથિયાં જેવું બનાવીને એના પર પહાડી લોકોએ ખેતી કરી હતી. અંગ્રેજીમાં એને 'ટેરેસીસ' કહે છે.

મોટર જરા ઉપર ચડી એટલે એક વળાંક આવ્યો. એને 'હાથી છીંડું' કહે છે. કહેવાય છે કે ઘણાં વર્ષો પહેલાં એ તળેટીની ખીણમાં ખૂબ મોટું સરોવર હતું, એટલે લોકોએ રાજાને વિનંતી કરી, કે 'આટલા બધા પાણીમાં અમે ખેતી શી રીતે કરીએ? માટે તમારા હાથી પાસે પહાડમાં છીંડું પડાવો કે પાણી બધું પહાડની પેલી પાર ચાલી જાય.' રાજાએ હાથી પાસે માથું મરાવીને છીંડું પડાવ્યું એટલે બધું પાણી પહાડની બીજી બાજુ ચાલી ગયું અને લોકોએ ત્યાં ખેતર કર્યાં.

લગભગ પહાડની ટોચ સુધી પહોંચ્યાં ત્યાં સુધી એક પણ બરફનો પર્વત નજરે પડતો નહોતો. એમ થયું કે અહીંથી કઈ રીતે બરફની હારમાળા દેખાશે? સાડાપાંચ થયા હતા પરંતુ અજવાળું ઓછું થઈ ગયું હતું, સંધ્યાએ પોતાના કાળા વાળથી દિવસની સ્વપ્નઘેરી આંખો ઢાંકી દીધી હતી.

મોટરે એકદમ વળાંક લીધો અને અમે પહાડની બીજી બાજુએ છેક ટોચ પર આવેલા સરકારી ડાક બંગલામાં પેઠાં. ઊતરીને સામે નજર કરી તો અહાહા! ગંજાવર મોટી ખીણની સામી બાજુએ બસો ને વીસ માઇલ લાંબી બરફના પર્વતોની હારમાળા વાદળોના ઢગલાથી ઢંકાયેલી ઊભી હતી! સંધ્યાના ઝાંખા ભૂરા તેજમાં વાદળોના ઢગલા વચ્ચેથી દેખાતી કોઈ કોઈ બરફની ટોચ પર સૂર્યનાં છેલ્લાં કિરણો ચમકીને નાસી જતાં હતાં.

ડાક બંગલાના ઓટલા પર સ્વામી આનંદ હસતે મુખે ઊભા હતા. મને તો જાણે જુગજુગથી ઓળખતાં હોય એમ હેતભરી રીતે મારી સાથે વાતો કરી. અમને તો સખત ઠંડી લાગતી હતી, પરંતુ સ્વામીજીએ તો સુતરાઉ ધોતિયું, પહેરણ અને ઉપર એક આછીપાતળી શાલ, આટલું જ પહેર્યું હતું. ગરમ પાણીથી હાથ-મોં ધોઈને સ્વસ્થ થયાં ત્યાં સુધીમાં અંધારું થઈ ગયું હતું. તરાઈનાં જંગલો વધુ ભયાનક લાગતાં હતાં. ખીણમાં આવેલાં ગામડાંઓમાં દીવા સળગ્યા હતા. વીજળી તો કૌસાની કે એની આસપાસનાં ગામડાંઓમાં હતી જ નહિ, એટલે નોકર થોડીવારે ફાનસો પ્રગટાવી લાવ્યો.

ડાક બંગલા પાસે બીજો એક બંગલો

હતો. ત્યાં મહાત્મા ગાંધીજી ઘણાં વર્ષો પર થોડા દિવસ રહેવા આવ્યા હતા. સ્વામીજીએ મહાત્માજી કાંતતા હતા, પ્રાર્થના કરતા હતા વગેરે જગ્યાઓ બતાવી. અહીંથી હિમાલયનું દર્શન કરીને મહાત્માજીએ કહ્યું હતું, કે 'આખી પૃથ્વી પર આટલું સુંદર બીજું એકે દૃશ્ય નથી.'

સ્વામીજી કહે: 'અહીંથી સીધી લીટી દોરીએ તો સામેના બરફના પહાડો ફક્ત બાર જ માઈલ દૂર છે; અને બસો ને વીસ માઈલ લાંબી બરફની બે હારમાળાઓ દૃષ્ટિમાન થાય છે.' સાંભળીને હું હર્ષિત થઈ ગઈ. આટલા પાસેથી આટલા બધા બરફના પર્વતો મેં કદી જોયા ન હતા. સ્વામીજી કહે: 'આવતી કાલે સવારે વહેલાં ઊઠીને મારે ઘેર આવજો. ત્યાંથી છ ને વીસે સૂર્યોદય થાય છે તે દેખાશે અને તે વખતે જ હિમાલયનું ખરું સૌંદર્ય ઝળકશે.' મેં પૂછ્યું: 'આપ જમવા રોકાશો ને?' તો સ્વામીજી કહે: 'હું તો છેલ્લાં ઘણાં વર્ષોથી એકલું કાચું દૂધ જ પીઉં છું, ફક્ત અઠવાડિયામાં એક જ વાર એકાદ બાફેલું શાક ખાઉં છું.' અને તેમ છતાં સ્વામીજી ચોસઠ વર્ષે પણ કોઈ યુવાનને શરમાવે એવા સશક્ત છે. હિમાલય ખૂંદવા નીકળી પડે છે, ત્યારે રોજના વીસ માઈલ ચાલવું એમને મન રમતવાત છે!

અમે જમવા બેઠાં. ડાક બંગલાના રસોઈયાને પંદરથી સોળ નંબરનાં ચશ્માં હતાં એટલે ખાવાની વાનગીઓમાં ઝીણી કાંકરીઓ સારી પેઠે આવતી હતી!

ખાઈ રહ્યાં ત્યારે નવેક વાગ્યા હતા. હું બાગમાં ગઈ. ઉપર જોયું તો સ્તબ્ધ થઈ ગઈ. આવું અદ્ભુત સુંદર આકાશ મેં કદી પણ જોયું ન હતું. આસપાસ કયાંયે વીજળીના દીવાઓ ન હતા અને કૃષ્ણપક્ષ હતો એટલે તારાઓ અજબ સુંદર રીતે ચળકતા હતા. એકેએક નક્ષત્ર ચમકારા મારતું હતું; પરંતુ સૌથી અદ્ભુત તો એ હતું કે આખું યે આકાશ કરોડો ઝીણા તારાઓથી ભરાઈ ગયું હતું. જાણે કોઈએ ગાડેગાડાં ભરીને હીરાકણી આકાશમાં ન ઠાલવી દીધી હોય! કયાંયે એક તલપૂર જગ્યા ખાલી ન હતી. આપણે જેમજેમ સમુદ્રની સપાટીથી ઉપર જઈએ, તેમતેમ તારાઓ અને ચંદ્ર વધુ પ્રકાશિત તો દેખાય જ; તેમાં અહીં તો તારાઓના તેજને ઝાંખું પાડતા ન હતા વીજળીના દીવા કે ન હતો ચંદ્ર. સમુદ્રની સપાટી પરથી ન દેખાતા કેટલાયે તારાઓનાં ઝૂમખાં હીરાનાં વિવિધ આભૂષણોની જેમ ઝળકતાં હતાં. પરંતુ, સૌથી સુંદર હતી પેલી આકાશને ભરી દેતી હીરાકણીઓ.

તરાઈનાં ગાઢાં જંગલોની વચમાં એક ઊંચા પહાડની છેક જ ટોચ પર આવેલો અમારો ડાકબંગલો; સામે બસો ને વીસ માઈલ લાંબા હિમથી આચ્છાદિત પર્વતો; ઉપર કાળા આકાશમાં ઝગમગતા અગણિત તારાઓ અને નીચે હજારો ફૂટ ઊંડી ખીણનાં ગામડાંઓમાં જાણે ઉપરના જ તારાઓ ટપકી પડ્યા હોય એમ ટમટમ બળતા દીવાઓ, કુદરતે જાણે ભીષણતા અને સુંદરતાના સ્વાંગ એકી સાથે સજી લીધા હતા!

સવારે પાંચ વાગે ઊઠ્યાં. ઠંડી અત્યારે ઓછી લાગતી હતી. આકાશમાં શુક્રનો તારો કોઈ મહામૂલ્યવાન હીરાની જેમ ઝગમગતો હતો. તૈયાર થઈને મોટરમાં સ્વામીજીને ઘેર પહોંચ્યાં. સ્વામીજી અતિશય સાદાઈથી રહેતા હતા. એમનો પુસ્તકોનો સંગ્રહ બહુ ઉત્તમ હતો. મેં રસોડામાં જઈને કૉફી બનાવી. તે અને બિસ્કિટ ખાધાં. સ્વામીજીનું ઘર છેક જ પહાડના છેડા પર આવેલું હતું. નીચે —ખૂબ નીચે ગંજાવર ખીણ અને સામે બાર જ

સામેની દૂર બરફના પહાડો !

હજી સૂર્ય ઊગવાને વાર હતી. રૂપગર્વિત હિમાલય સૂર્યનાં કિરણોમાં પોતાનું સૌંદર્ય દેખાડવાને તૈયાર થતો હતો. સદ્ભાગ્યે સ્વામીજી પાસે દૂરબીન હતું. તેમાંથી પ્રભાતના આછા પ્રકાશમાં બરફના પર્વતો દેખાતા હતા. ડાબી તરફ દૂર બદ્રિનાથ–જેને ચોખંબા (ચાર થાંભલા) કહે છે–નાં ચારે શિખરો દેખાતાં હતાં. તદ્દન સામે સૌથી ઊંચો દેખાતો હતો ત્રિશૂલ. તે પછી ત્રિશૂલ ઇસ્ટ, પછી નંદા ઘુંટિ, પછી પાછલી હારમાંનો નંદાદેવી અને તે પછી નંદાકોટ; આટલાં મુખ્ય શિખરોની આજુબાજુ બન્ને તરફ અનેક નાનાં અનામી શિખરોની બે હારમાળાઓ છેક ક્ષિતિજ સુધી પહોંચતી હતી. સૌથી ઊંચો (૨૫૦૦૦ ફૂટ) હતો નંદાદેવી; પરંતુ ત્રિશૂલ આગલી હારમાં હોવાથી સૌથી ઊંચો દેખાતો હતો.

છ ને વીસે સૂર્યોદય થયો. તેનાં પ્રથમ કિરણો ઝીલ્યાં ત્રિશૂલે. એનાં ત્રણે શિખરો એકદમ ઝળકી ઊઠ્યાં–જાણે ભગવાન શંકર સુવર્ણનું ત્રિશૂલ ન ચમકાવતા હોય! પછી કિરણો ઝીલ્યાં નંદાદેવીએ અને તે નારંગી રંગે રંગાઈ ગયો. પછી નંદાઘુંટી અને નંદાકોટ મર કિરણો પડ્યાં અને આખી હારમાળા સોનેરી રંગે ચમકી ઊઠી. આંખ અંજાઈ ગઈ–જાણે કે રોમન દંતકથાના રાજા માઈડાસે હાથ લગાડીને આખી હારમાળાને સોનાની ન બનાવી દીધી હોય! થોડીવારે દૂર બદ્રિનાથનાં ચારે શિખરો ચાર સોનાનાં થાંભલાની જેમ ઝળકી ઊઠ્યાં.

ધરાઈધરાઈને હિમાલયનું આ વિરાટ સ્વરૂપ નિહાળ્યું. મનમાં થયું: ‘અમે તો આજે આવ્યાં અને કાલે ચાલ્યાં જઈશું, પરંતુ અહીં તો અનંત કાળ સુધી દરરોજ સૂર્ય ઊગશે અને દરરોજ આ પર્વતો તેનાં કિરણો ઝીલશે. આ પહાડોનો એક પથ્થર પણ જો સજીવન થાય તો કરોડો વર્ષોનો ઇતિહાસ આપણને કહી આપે. ખરેખર! માનવજીવનની ક્ષુદ્રતાનો ભાસ કરાવવા માટે આવું એક જ અનંત દૃશ્ય બસ નથી?’

તડકો થયો; સ્વામીજી સાથે ફરવા નીકળ્યાં. આ પ્રદેશમાં સાત હજાર ગામડાંઓ છે અને તેમાં સાત લાખની કુલ વસ્તી છે. આથી દરેક ગામડામાં સરેરાશ ફક્ત સો જ માણસોની વસ્તી છે. મુખ્ય વસ્તી ખેડૂતોની છે. અમે રસ્તામાં જોયાં તેવાં પહાડ પર મોટાં પગથિયાં બનાવીને પહાડી ખેડૂતો ખેતી કરે છે. નવેમ્બર મહિનામાં ઘઉં વાવે છે. અમે હતાં ત્યારે વાવણી શરૂ થઈ ગઈ હતી. પછી પડે ઠંડી અને કોઈ વાર બરફ. ઘઉં એમ ને એમ જમીનમાં પડી રહે, માર્ચ મહિનામાં ઊગે. એપ્રિલમાં મોટા થાય; મેમાં લણી લે. જૂનમાં ખેતર સાફ કરીને જુલાઈમાં ડાંગર વાવે. તે ડાંગર પાછી ઑક્ટોબરમાં લણી લે અને નવેમ્બરમાં ઘઉં વાવે. આમ ક્રમ ચાલ્યા કરે. જુવારનો પણ અહીં સારો પાક થાય છે.

ફરતાંફરતાં રસ્તામાં થોડી ઓરડીઓ જોઈ. એમાં દસેક વર્ષથી માંડીને સોળ–સત્તર વર્ષ સુધીના છોકરાઓને રાંધતા અને ઘરકામ કરતા જોયા. સ્વામીજીના ઘરથી બસોએક ફૂટ ઉપર માધ્યમિક કેળવણીની શાળા છે. નીચે ખીણમાંનાં ગામડાંઓમાંથી આ છોકરાઓ આખો ડુંગર ચડીને ભણવા આવે છે. છ દિવસનું સીધું, લોટ, દાળ ને ચોખા માબાપ સાથે બાંધી આપે. અહીં જૂજ ભાડું આપીને બબ્બે–ત્રણત્રણ છોકરાઓ સાથે મળીને ઓરડીઓ રાખે. દરરોજ રાંધી, જમી, વાસણ માંજીને બસો ફૂટ ઉપર નિશાળમાં ભણવા જાય. દર શનિ–રવિ નીચે ખીણમાં ઘેર જાય. સોમવારે પાછા આવે.

નિશાળમાં છાત્રાલય છે, પરંતુ આ છોકરાઓમાંથી છાત્રાલયમાં રહેવા જેવી કોઈની આર્થિક સ્થિતિ નથી.

દર વર્ષે પરીક્ષા આવે ત્યારે ઘાસતેલની એક બાટલી લેવા જેટલા પૈસા માંડમાંડ ભેગા કરીને એક ફાનસ બાળીને પચાસ છોકરાઓ તેની આસપાસ વાંચે. ગયે વર્ષે ઘાસતેલની તાણ હતી. એક બાટલી ઘાસતેલને અભાવે પચાસ છોકરાઓ નપાસ થયા. એમના મનની વ્યથા કોણ કલ્પી શકે? ભણતરની પ્રાપ્તિ માટે અસંખ્ય મુશ્કેલીઓ વેઠતા આ ગરીબ વિદ્યાર્થીઓ જ ભણતરનું ખરું મૂલ્ય આંકી શકે.

ચાલતાંચાલતાં સ્વામીજીએ એક છોડ બતાવીને પૂછ્યું: 'આ છોડને ઓળખો છો?'

મેં ના કહી. તો કહે: 'આ ચાનો છોડ છે.' જેના વગર એક દિવસ પણ નથી ચાલતું તે ચાનાં પાનને પણ હું ન ઓળખી શકી! આશ્ચર્યથી મેં પૂછ્યું: 'અહીં ચા ક્યાંથી?'

સ્વામીજી કહે: 'ઘણાં વર્ષો પહેલાં અહીં ચાના બગીચા હતા. રાક્ષસી પગથિયાં જેવાં આ બધાં ખેતરોમાં ચા જ ઊગતી. અંગ્રેજ માલિકો ચારથી પાંચ હજાર માણસોને આ બગીચાઓમાં રોકતા અને માણસ દીઠ રોજના બે પૈસા મજૂરી આપતા! આમાંથી જે 'વધુ મહેનત'નું કામ કરતા તેમને મહિને ચાર રૂપિયા જેવી 'મોટી' રકમ મળતી! 'વધુ મહેનત'નું કામ એટલે મહિનામાં ચાર વખત ચાના ભારે કોથળાઓ ઉપાડીને સો માઈલ દૂર તળેટીમાં આવેલા કાટગોદામ શહેરમાં લઈ જવાના. જઈને આવે ત્યારે બસો માઈલ ચાલવાનો એક એક મજૂરને એક એક રૂપિયો મળતો! ગુલામીની પ્રથાનું આ પણ એક સ્વરૂપ જ. પહાડીઓ પણ બિચારા અસહ્ય ગરીબીમાંથી છૂટવા આ 'ગુલામી' ભોગવવા તૈયાર થતા. ઘેર બધાંને બતાવવા ચાનાં થોડાંક પાન મેં લઈ લીધાં.

એકાએક અતિશય માદક સુગંધથી નાક ભરાઈ ગયું. સુંદર સફેદ ફૂલો નજરે પડ્યાં. દરેક ફૂલની વચ્ચે એક નાજુક પીળી વાટકી જેવું હતું. સ્વામીજીએ કહ્યું: 'આ નરગિસનાં ફૂલ.' અંગ્રેજીમાં એને નારસિસસ કહે છે. ગ્રીક દંતકથા પ્રમાણે નારસિસસ એક સોનેરી વાળ અને આસમાની આંખોવાળો અતિ સ્વરૂપવાન બાળક હતો. જંગલોમાં એ સદા રખડતો અને મસ્ત રહેતો. એક વાર જંગલમાં એણે નાનાસરખા તળાવમાં પોતાનું પ્રતિબિંબ જોયું. પોતે કેવો દેખાય છે તેની બાળક નારસિસસને કદી ખબર ન હતી. આથી તે સમજ્યો કે તળાવમાં જે સુંદર મુખ દેખાય છે તે કોઈ રૂપવતી કન્યાનું છે. નારસિસસ આ બાળકી સાથે પ્રેમમાં પડ્યો; અને રાત-દિવસ તેને બહાર બોલાવવા માટે તળાવકાંઠે ભૂખ્યો ને તરસ્યો બેસી રહ્યો. અંતે થાક ને ભૂખથી ત્યાં જ નારસિસસ ઢળી પડ્યો અને મરણ પામ્યો અને એ જગ્યાએ એના મૃતદેહમાંથી નારસિસસનાં ફૂલ ઊગ્યાં.

આ દંતકથા પરથી વિખ્યાત કવિ શેલીએ લખેલી લીંટીઓ યાદ આવી ગઈ.

મોટરમાં બેસીને ફરીથી ડાકબંગલે આવ્યાં. ત્યાં જમી લીધું અને તૈયાર થઈને નૈનિતાલ જવા ઊપડ્યાં. સૂર્યના તડકામાં રૂપેરી રંગે ચમકતાં હિમઆચ્છાદિત શિખરોનાં અંતિમ દર્શન કરી લીધાં. કોણ ક્યારે ફરી આ દુર્લભ દર્શન થશે!

સ્વામી આનંદની વિદાય લઈને મોટરમાં ચાલી નીકળ્યાં. સ્વામીજીની પેઠે જંજાળો-છોડી શકાતી હોય તો છો અહીં જ રોજ રહેવું એમ મનમાં

ખરું જંજાળો છોડાય છે?

પહાડ ઊતરીને મોટર તળેટીમાં પહોંચી. શિયાળાના સૂર્યનો હૂંફાળો તડકો ઝીલતાં અનેક ખેતરો આગળથી અમે પસાર થતાં હતાં. થોડે દૂર ગયાં ત્યાં ચનૌદા ગામ આવ્યું. અહીં અખિલ ભારત ઊન કાંતણ ક્ષેત્રનો આશ્રમ છે. આખા હિંદનું સૌથી મોટું કેન્દ્ર છે શ્રીનગરમાં અને બીજે નંબરે આવે છે આ ચનૌદાનું કેન્દ્ર. એક ગુજરાતી દંપતી આ કેન્દ્ર ચલાવે છે. શાંતિભાઈ અને લક્ષ્મીબહેન બાવીસ વર્ષથી અહીં જ રહે છે ને ઊન કંતાવવાનું, વણાવવાનું વગેરે કામ કરાવે છે. આશ્રમમાં બનેલો માલ જોયો. ખૂબ ઉત્તમ માલ હતો. ખાસ કરીને પશ્મીનાની શાલો ખૂબ સુંદર હતી. આવા વનવગડામાં બાવીસ વર્ષ રહેવું એ કાંઈ સહેલી વાત નથી. બધા જ મોજશોખ છોડીને આ ગુજરાતી દંપતી અહીં રહે છે. ખરેખર! જીવનમાં એક ઉચ્ચ ધ્યેય હોય તો ગમે તેવા જંગલમાં પણ રહી શકાય અને ધ્યેય-વિનાનું જીવન ભરવસ્તીમાં ગાળવું પણ આકરું થઈ પડે.

બધું જોતાં જોતાં, ડુંગરો ચડતાંઊતરતાં, આખરે સાંજે ચાર વાગે નૈનિતાલ પહોંચ્યાં. હૉટલમાં પહોંચી ગયાં. એકબીજાની વિદાય લઈને છૂટાં પડ્યાં.

આખી પૃથ્વી પર દરરોજ સૂર્યનાં સૌથી પહેલાં અને સૌથી છેલ્લાં કિરણો ઝીલતા આ હિમાલયે અનેક પર કામણ કર્યાં છે. અનેક વાર જીવનમાં ધરાઈને આ ચિરકાલીન યુવાની ભોગવતા હિમાલયને જોયા છતાં મને કદી પણ તૃપ્તિ થતી જ નથી, તેથી એનાં આ અનુપમ કામણ મને પણ ફરીથી ત્યાં ઘસડી જશે, એવું ઊંડેઊંડે અંતરમાં લાગ્યા કરે છે.

★

રામાનુજનનો જન્મ ઈ. સ. ૧૮૮૭માં દક્ષિણ ભારતના એરોડ નામના ગામમાં થયો હતો. પંદર વર્ષની ઉંમરે તો એ કૉલેજના અઘરામાં અઘરા ગણિતોના દાખલા ગણી આપી શકતા. ગરીબ હોવા છતાં રામચંદ્રરાવ નામના એક વિદ્વાનની મદદથી ૧૯૧૪ના માર્ચમાં કેંબ્રિજ વિશ્વવિદ્યાલયમાં ભણવા ગયા. ત્યાં ઉત્તરોત્તર એમનો અભ્યાસ વધતો જ રહ્યો. ગણિતના ગમે તેવા અઘરા પ્રશ્નોના જવાબો તુરત જ મોઢામોઢ આપી શકવાની એમની અદ્‌ભુત શક્તિ હતી. આ ક્ષેત્રમાં સંશોધન દ્વારા એમની ખ્યાતિ ઘણી વધી. એક વખત એમના એક અધ્યાપક રામાનુજનને રેડિયો પર વાતચીત કરવા માટે લઈ ગયા. કોઈ પણ સંસ્થા કે વ્યક્તિ ગણિતને લગતો કોઈ પણ પ્રશ્ન પૂછે એમ કહેવામાં આવ્યું. રામાનુજન દરેકે દરેક પ્રશ્નો મોઢેથી જ જવાબ આપતા રહ્યા. એ પછી અમેરિકાની ગણિતસંસ્થા તરફથી પુછાયેલા એક પ્રશ્નનો એમણે જવાબ આપ્યો. સંસ્થાએ કહ્યું કે ઉત્તર ખોટો છે. બે-ત્રણ મિનિટ પછી પણ રામાનુજને એ જ ઉત્તર દીધો. ફરીથી સંસ્થાએ એ ખોટો હોવાનું જણાવ્યું. આથી રામાનુજન કૈંક ગુસ્સે થયા; પછી સંસ્થાએ પોતાના સવાલને ધ્યાનથી તપાસ્યો, તો જણાયું કે એ પ્રશ્ન રજૂ કરવામાં જ સંસ્થાની ભૂલ થઈ હતી!

×

શહેરની એક શાળામાંથી સ્કાઉટનું એક આનંદ પર્યટન યોજાયું. આખો દિવસ ખૂબ જ પરિશ્રમમાં પસાર થયો. શિક્ષકે કહ્યું: 'ચાલો, સ્કાઉટ વીરો! બધા લાઈનમાં ઊભા રહી જાઓ.' બધાએ તેમ કર્યું એટલે શિક્ષકે કહ્યું: 'જુઓ, તમારામાંથી જે લોકો થાકેલા હોય તેમને માટે આપણી પાસે મોટરગાડીનું વાહન છે, છતાં દસ માઈલ ચાલીને આવવું હોય તો તેમ પણ કરી શકાશે. મોટરમાં આવવું હોય તે બે કદમ આગળ આવે.'

એક છોકરા સિવાય બધા જ આગળ આવ્યા. શિક્ષકે છોકરાને શાબાશી આપતાં કહ્યું: 'વાહ, આટલા બધામાંથી પગે ચાલવા માટે તું એકલો જ તૈયાર થયો તે જોઈ હું ગર્વ અનુભવું છું; દસ માઈલ તો રમતવાતમાં નીકળી જશે.' જવાબ મળ્યો: 'દસ માઈલ? સાહેબ, બે કદમ પણ ચાલવાની શક્તિ નથી!'

×

દ્રાવિડી રામાયણ

અનુવાદક :
શ્રી હરખલાલ પ્રભાશંકર પૂચ
બી. એ. એલએલ. બી.

શ્રીરામ અને શ્રીકૃષ્ણ હિંદુ જીવનમાં એવા સાંગોપાંગ ઓતપ્રોત બની ગયા છે, કે આ બંને આરાધ્ય આદર્શોને આપોઆપ દેવસ્વરૂપ પ્રાપ્ત થઈ ગયું છે; એમના જીવન વિશે જ્યારે જ્યારે પણ જેટલું પીયૂષપાન કરવાનો અવસર પ્રાપ્ત થાય., ત્યારે ત્યારે આપણે ચૂકતા નથી: ખાસ કરીને રામના પાત્રને સંસ્કૃતમાં વાલ્મીકિએ, હિંદીમાં તુલસીદાસજીએ તથા ગુજરાતીમાં ગિરધરે જુદીજુદી દૃષ્ટિથી આપણી સમક્ષ રજૂ કર્યું છે. ત્યારે 'માનસ રામાયણ' આપણને અનોખી રીતે જ રામચરિતનો મહિમા સમજાવે છે. 'સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય' દ્વારા પ્રકાશિત થયેલ આ સર્વ રામાયણોથી 'અખંડ આનંદ'ના વાચકો મોટે ભાગે પરિચિત હશે. રામાયણની રચના દ્રાવિડી ભાષામાં કેવા પ્રકારે થઈ છે, એ જાણવું તુલનાત્મક દૃષ્ટિએ પણ કુતૂહલપ્રેરક બની રહે છે. સ્વર્ગીય શ્રી રામાનંદ ચટ્ટોપાધ્યાયના બંગાળી 'પ્રવાસી' માસિકમાં શ્રી અમૃતલાલ શીલના શ્રાવણ બં. સં. ૧૩૨૭(સને ૧૯૨૦)માં પ્રસિદ્ધ થયેલો આ લેખ એ રીતે ઉપયોગી ને રસિક વાચન પૂરું પાડે છે. વિશેષમાં, માર્ચ અંકમાં શ્રી કાજીએ ઉઠાવેલી કેટલીક શંકાઓનો જવાબ પણ અજાણતાં આ લેખમાંથી મળે છે. શ્રીકાજીના લેખના અનુસંધાનમાં મળેલા લેખોમાંથી એક આવતા અંકે પ્રગટ થશે.

ઉત્તર ભારતમાં આદિકવિ વાલ્મીકિનું રામાયણ પ્રચલિત છે, પરંતુ દ્રાવિડ દેશમાં એક બીજું રામાયણ પ્રસિદ્ધ છે—જોકે બન્ને રામાયણમાં મૂળ ઘટના વિષે ભિન્નતા નથી, તોપણ બન્નેમાં અનેક પ્રકારનો તફાવત છે. દ્રાવિડી રામાયણમાં વર્ણવેલી કેટલીક ઘટના ઐતિહાસિક છે એમ માનવું પડે છે. વાલ્મીકિ પ્રમાણે હનુમાન દેખાવમાં વાનર હતા અને તેમનું પૂછડું જરૂર પ્રમાણે ૧૨થી ૧૦૦૦ યોજનના વિસ્તારવાળું હતું, એક કૂદકે સમુદ્ર તરી ગયા હતા, સૂર્યને બગલમાં રાખ્યો હતો વગેરે. જયારે આ રામાયણમાં તેઓ વિદ્વાન, વેદજ્ઞ, રાજનીતિજ્ઞ હતા એમ વર્ણન મળે છે. દ્રાવિડ દેશના રામાયણની વાતો ઐતિહાસિક ઘટના હોય એવી સંભવિત લાગે છે.

સૂર્યવંશી રાજા સગર જયારે દિગ્વિજય કરતાકરતા દક્ષિણમાં વધતા જતા હતા, ત્યારે દ્રાવિડ દેશમાં એક રાજા જિમૂતવાહન નામનો એક સુંદર રાજકન્યા સાથે લગ્ન કરવાનો પ્રયત્ન કરતો હતો. રાજકન્યાનાં રૂપ અને ગુણની વાત સાંભળી રાજા સગરે તેનું હરણ કર્યું. આ અપમાન અને લાંછનથી રાજા જિમૂતવાહને લંકાના પ્રતાપી રાજા ભીમનું શરણ લીધું. ભીમ એક સમયે મહાબળવાન અને દિગ્વિજયી રાજા હતો, પણ આ વખતે તે સંતાન વગરનો અને વૃદ્ધ થયો હતો. તેનો કોઈ ઉત્તરાધિકારી નહોતો. તેણે જિમૂતવાહનને પુત્ર કરીને પોતાની પાસે રાખ્યો અને તેનું લગ્ન રાક્ષસ વંશમાં કરી લંકાનું અને પાતાળલંકાનું રાજ્ય તેને દાનમાં આપ્યું.

આ પછી ઘણા સમયે જિમૂતવાહનના વંશમાં ધવલકીર્તિ નામે એક પ્રતાપી રાજા લંકાનું રાજ્ય કરતો હતો. તેના સાળો શ્રીકંઠકુમાર બનેવી પાસે અન્ન મેળવવા માટે દાસ થઈને રહેવું હીણપતભર્યું માનીને પોતાને માટે અને પોતાના વંશને માટે એક

નું રાજ્ય સ્થાપવાનો યત્ન કરવા લાગ્યો. તેણે પાતાળલંકાની ઉત્તરે વાનરદ્વીપનો કેટલોક ભાગ પોતાના કબજામાં લઈ કિષ્કિંધા પર્વત પર પોતાની રાજધાની સ્થાપી. રાજ્ય સ્થાપીને તેણે પોતાના ધ્વજ ઉપર વાનરનું ચિહ્ન અંકિત કર્યું. કિષ્કિંધામાં તેણે જે વંશની સ્થાપના કરી, તેનો લાંબા કાળ સુધી આ રાજ્યધ્વજ રહ્યો હતો. શ્રીકણ્ઠના વંશમાં વજ્રકણ્ઠ, ઇંદ્રાયુધ અમરપ્રભુ અને કપિકેતુ એ નામના પ્રતાપી રાજા થયા હતા. અમરપ્રભુએ લંકાની એક રાજકન્યા સાથે પાણિગ્રહણ કર્યું હતું. કપિકેતુના બે પુત્ર હતા અને તેમનાં નામ હતાં કિષ્કિંધા અને અંધ્રક. એક વખત તેમને ખબર થયા કે વિજયાર્થ પર્વત ઉપર આવેલા આદિત્યનગરની રાજકન્યા મંત્રમાલિની સ્વયંવરથી લગ્ન કરવા ઇચ્છતી હતી. આ સમાચાર મળતાં બન્ને રાજકુમાર કિષ્કિંધા અને અંધ્રક સ્વયંવરમાં આવેલા રાજાઓ અને રાજકુમારોની વચ્ચે દાખલ થયા અને આસન પર બેઠા. આ સ્વયંવરમાં વિદ્યાધર દેશના રાજચક્રવર્તી અશતિવેગનો પુત્ર વિજય અને લંકાનો રાજકુમાર સુકેશ પણ રાજકન્યાનો હાથ મેળવવા આવ્યા હતા. રાજકન્યા બીજા બધા રાજાઓ અને રાજકુમારોને છોડીને કિષ્કિંધાને વરી. રાજ્યચક્રવર્તીનો પુત્ર વિજય આ અપમાન સહન કરી શક્યો નહિ અને કિષ્કિંધાને યુદ્ધ કરવાનું આવાહન કર્યું. સભાસ્થાનમાં જ યુદ્ધ થવા લાગ્યું. અંધ્રકનાં અસ્ત્રથી વિજય મરાયો અને કિષ્કિંધા રાજકુમારી સાથે લગ્ન કરીને પોતાના દેશમાં ચાલ્યો ગયો. વૃદ્ધ અશતિવેગ પુત્રનો ઘાત સહન કરી શક્યો નહિ અને તેણે સૈન્ય લઈ કિષ્કિંધાના રાજ્ય પર આક્રમણ કર્યું. લંકાનો રાજકુમાર સુકેશ કિષ્કિંધાનો સગાઈમાં ભાઈ થતો હતો એટલે તે પણ ભાઈની મદદે સૈન્ય લઈને આવ્યો. યુદ્ધમાં વૃદ્ધ અશતિવેગનો જય થયો અને કિષ્કિંધા અને લંકા મળતાં તેનું રાજ્ય બહુ વિસ્તાર પામ્યું. રાજકુમાર કિષ્કિંધ, અંધ્રક અને સુકેશે રાજ્ય જતાં પાતાળલંકામાં આશ્રય શોધ્યો અને દીનતાપૂર્વક જીવન વિતાવવા લાગ્યા. થોડા સમય પછી મધુ પર્વત ઉપર એક નાનું નગર વસાવી કિષ્કિંધાએ આ નગરનું રાજ્ય પોતાના બે પુત્ર ઋક્ષજ અને સૂર્યજને સોંપ્યું.

પાતાળલંકામાં રહેતા હતા તે સમયમાં સુકેશને ત્રણ પુત્ર થયા. સુકેશે તેમનાં નામ માલી, સુમાલી અને માલ્યવંત રાખ્યાં. યૌવનદશામાં આ ત્રણે ભાઈઓ ધીરવીર તરીકે પ્રસિદ્ધ પામ્યા. તેમણે વિદ્યાધરને હરાવીને પોતાના પિતાનું લંકાનું રાજ્ય પાછું મેળવ્યું. વિદ્યાધરના દેશમાં અશતિવેગનું મૃત્યુ થઈ ગયું હતું અને તેની પછી તેનો પુત્ર સહસ્રાર ગાદી પર બેઠો હતો અને તેના મૃત્યુ પછી તેનો પુત્ર ઇંદ્ર એ વખતે રાજ્ય કરતો હતો. લંકાનું રાજ્ય મેળવ્યા પછી કુમારોએ (માલી, સુમાલી અને માલ્યવંતે) ઋક્ષજ અને સૂર્યજની મદદ મેળવી વિદ્યાધરપતિ ઇંદ્રના રાજ્ય પર આક્રમણ કર્યું, પરંતુ પરાક્રમી ઇંદ્રથી પરાજિત થઈને તે પોતાના પૂર્વપુરુષોની જેમ પાતાળલંકામાં રહેવા લાગ્યા. બન્ને રાજ્યોથી વિદ્યાધરના રાજ્યનો ઘણો વિસ્તાર વધ્યો.

રાજ્ય ખોયા પછી પાતાળલંકામાં દીનતાથી તેઓ રહેતા હતા, ત્યારે સુમાલીના પુત્ર રત્નશ્રવાને ત્યાં રાવણનો જન્મ થયો. આ જ રાવણ વખત જતાં રાક્ષસવંશમાં બળવાન દિગ્વિજયી રાજા થયો. ઇંદ્રને હરાવીને રાવણે લંકાનો અધિકાર મેળવ્યો અને કિષ્કિંધા પર જય મેળવી ઋક્ષજ અને સૂર્યજનો તેના જૂના રાજ્ય પર અભિષેક કર્યો. સૂર્યજના મૃત્યુ પછી તેના બે પુત્રો વાલી

અને સુગ્રીવ રાજા થયા. લંકાનું રાજ્ય સુદૃઢ કરી તેની સુવ્યવસ્થા કર્યા પછી રાવણે લગ્ન કરવાની ઇચ્છા કરી. તેણે કિષ્કિંધા રાજ્ય મેળવી આપવામાં જે સહાય કરી હતી તેના બદલામાં વાલી અને સુગ્રીવની બહેનના હાથની તેણે માગણી કરી. વાલી આ વિવાહ કરવા માટે અસંમત હતો એટલે પોતાના નાના ભાઈ સુગ્રીવને રાજ્ય સોંપી બીજા દેશમાં ચાલ્યો ગયો. રાવણને પોતાની બહેન પરણાવી સુગ્રીવ પોતાના રાજ્યનું નિર્વિઘ્ને શાસન કરવા લાગ્યો. આ વિવાહ સ્મરણમાં રાખીને સંભવે છે કે વાલ્મીકિએ લખ્યું છે છે કે (સુંદરકાંડ ૫૧ મો સર્ગ) જ્યારે હનુમાન રાવણની સભામાં ગયા, તે વખતે રાવણને આ પ્રમાણે સંબોધન કરી કહ્યું : ‘ હે રાક્ષસેશ ! આપના ભાઈ વાનરપતિ સુગ્રીવ આપનું કુશળ પૂછે છે. ’

એક વખત સુગ્રીવને તેની સ્ત્રી સુતારા સાથે કોઈ વિષયમાં વિવાદ થયો. પરિણામે રાજધાનીથી દૂર એક સ્થાનમાં (સંભવતઃ ઋષ્યમૂક પર્વત ઉપર) અજ્ઞાતવાસમાં જઈ સુગ્રીવ રહેવા લાગ્યો. તેની ગેરહાજરીમાં એક દુષ્ટ માણસ સુગ્રીવનો વેશધારણ કરી રાજધાનીમાં આવ્યો અને રાજપાટ પર અધિકાર કરી લીધો. સુગ્રીવની સાથે એનું એટલું બધું સાદૃશ્ય હતું કે સુતારા કે રાજમંત્રીમાંથી કોઈ તેને પારખી શક્યું નહિ. આ નવો આવેલો માણસ રાજ્યનો અને રાજમહિષી સુતારાનો ઉપભોગ કરવા લાગ્યો.

સુગ્રીવને આ ખબર મળતાં બહુ ચિંતા થવા લાગી અને તે પોતાના અભિન્નહૃદયી બંધુ, હનુવર (અથવા હનુરૂહ દ્વીપ)ના રાજા પવનજયના પુત્ર રાજા હનુમાનની સાથે શું કરવું તેનો વિચાર કરવા લાગ્યો. રાજા હનુમાને પોતાના એક દૂતને મોઢેથી સાંભળ્યું કે કોઈ કારણવશાત્ નાનાભાઈ લક્ષ્મણની સાથે કોશલાધિપતિ સૂર્યવંશી રાજા રામ પાતાળલંકા પાસે વનમાં વિચરે છે. તેણે રામની મુલાકાત લીધી અને પોતે મધ્યસ્થ બનીને અગ્નિ સમક્ષ રામ અને સુગ્રીવની મિત્રતા કરાવી. બન્નેએ એકબીજાને મદદ આપવાનું કબૂલ્યું. રામે માયા-સુગ્રીવને મારીને સુગ્રીવને તેનું રાજ્ય પાછું અપાવવાનું અને સીતાની શોધ કરી મેળવી આપવાનું સુગ્રીવે કબૂલ કર્યું. માયા-સુગ્રીવની સાથે સુગ્રીવનું એટલું બધું મળતાપણું હતું કે રામે ખરા સુગ્રીવના ગળામાં એક માળા નાખીને તેને ઓળખવાનું કર્યું હતું. રામ અને હનુમાનની સહાયથી સુગ્રીવે તેનું રાજ્ય પાછું મેળવ્યું અને હનુમાન પોતાના રાજ્યમાં ગયો. સુગ્રીવના દૂતો સીતાની શોધ કરવા લાગ્યા.

સુગ્રીવના દૂત ખબર લાવ્યા કે લંકાનો રાજા રાવણ સીતાનું હરણ કરી ગયો છે. રસ્તામાં રુદન કરતી સીતાને જોઈને રાજા જટાયુએ તેને બચાવવાનો યત્ન કર્યો હતો, પણ રાવણના બળ સામે તે ટકી ન શક્યો અને મૃત્યુ પામ્યો. હવે બધાએ વિચાર કરી નક્કી કર્યું કે રાજા હનુમાનને રાવણની પાસે દૂતકાર્ય સોંપીને મોકલવા; કેમકે હનુમાન પોતે રાક્ષસવંશના હતા અને રાવણના સગા થતા હતા અને વળી તેઓ રાજનીતિજ્ઞ, બુદ્ધિમાન, મહાવીર, સંમાનનીય અને વાક્પટુતાવાળા હતા. સંભવ હતો કે રાવણ તેની શિખામણ અવગણી શકશે નહિ.

રામનું ઓળખાણનું ચિહ્ન લઈ મહેન્દ્ર પર્વત અને દધિમુખપર્વતને રસ્તે હનુમાને લંકાયાત્રા કરી અને સીતાને રામની મુદ્રિકા આપી. રાવણની સભામાં વાલ્મીકિએ હનુમાન પાસે જે કહેવડાવ્યું છે તે વાનરના મુખમાં શોભે એમ નથી. રાવણે હનુમાનનો સદુપદેશ સ્વીકાર્યો નહિ અને પરિણામે યુદ્ધની તૈયારીઓ થવા લાગી. રામની મદદ કરવા માટે

સુગ્રીવનું આમંત્રણ મળતાં દ્રવિડ દેશના નાના-મોટા ઘણા રાજાઓ સૈન્ય લઈને આવ્યા. કિષ્કિંધાથી લંકા જવાના માર્ગમાં સૈન્યને ક્ષાંધપુર, જેના પર રાજા સમુદ્રનું રાજ્ય હતું, સુવેલાચલ જેનું શાસન સુવેલ ચલાવતો હતો અને રાજા દ્રિવરદનના રાજ્ય હંસદ્વીપમાંથી પસાર થવું પડ્યું હતું. યુદ્ધનું પરિણામ તો સૌ કોઈના જાણવામાં છે અને તેની પુનરુક્તિ કરવાનું કાંઈ પ્રયોજન નથી.

આ વર્ણનમાં જે જે સ્થાનનાં નામ આવે છે, તેની ભૌગોલિક સ્થિતિનો નિર્દેશ કરવો ઉચિત છે :-

કિષ્કિંધા : મદ્રાસ પ્રાંતમાં બેલારી જિલ્લામાં હોસ્પેટ જંક્શન પાસે તુંગભદ્રા નદી પર આવેલું અનાગુંડી એ પ્રાચીન કિષ્કિંધા છે. આ નગર ઈ.સ.ના ચૌદમા અને પંદરમા સૈકામાં વિજયનગર રાજ્યની રાજધાની હતું. કિષ્કિંધાની વાયવ્ય દિશામાં મુંબઈ પ્રાંતમાં આવેલાં ધારવાડ, રત્નાગિરિ અને કોલ્હાપુર એ પ્રાચીન વિદ્યાધરનો પ્રદેશ છે.

લંકા : અત્યારનું સીલોન.

પાતાળલંકા : કન્યાકુમારીથી લઈને ગોકર્ણ સુધી પશ્ચિમઘાટ અને સમુદ્ર વચ્ચેનો પ્રદેશ. આધુનિક ત્રાવણકોર, કુર્ગ અને કાનડા જિલ્લો. લંકાનું રાજ્ય ત્રિચિનોપલ્લી સુધી અને પશ્ચિમ સમુદ્રના કાંઠા સુધી ફેલાયું હતું.

ગોકર્ણ : ગોવાની દક્ષિણે સમુદ્રતીરે.

હનુવર : અત્યારનું હોનાવર. ગોવાથી આશરે ૧૫ માઈલ દક્ષિણે સમુદ્રકાંઠે શરવતી નદી ઉપર આવેલું છે. આ શરવતીનો જલપ્રવાહ 'ગેરસપ્પાનો ધોધ'ના નામથી પ્રસિદ્ધ છે અને દુનિયામાં આવો બીજો કોઈ ધોધ નથી.)

મહેંદ્ર પર્વત : ત્રાવણકોરની પૂર્વની સીમા-પશ્ચિમઘાટમાં દધિમુખ પર્વત આની અગ્નિ દિશામાં આવેલો છે.

*

કહે છે કે હનુમાનજીએ પોતાના વજ્રનખથી પર્વતની શિલાઓ પર એક રામચરિત કાવ્ય કોતર્યું હતું. એ જોઈને મહર્ષિ વાલ્મીકિને વિચાર થયો કે જો એ કાવ્ય લોકોમાં પ્રચલિત થઈ ગયું ને લોકાદર પામી ગયું, તો મારી રામાયણને કોણ પૂછશે ? એની ગણના કોણ કરશે ? એ પછી વાલ્મીકિને સંતોષવા ખાતર, કહે છે કે, હનુમાનજીએ એ શિલાઓ સમુદ્રમાં નાખી દીધી, એમને તો કોઈ પણ રીતે પ્રભુના ચરિતને જ મહત્ત્વ આપવું હતું ને !

×

એક ધર્મપ્રેમી સજ્જન મૃત્યુ પામ્યા. જીવન દરમિયાન તેમણે અનેક પુણ્યો કરેલાં, પરંતુ એક પાપ થઈ ગયેલું, તેથી તેનું ફળ ભોગવવાને માટે યમદૂતો એમને નર્કમાં લઈ ગયા. ત્યાંના પીડિતોનો ચિત્કાર એમનાથી જોયો ગયો નહીં. નર્કમાંથી બહાર આવતા હતા, ત્યાં નર્કમાં સબડતા આત્માઓએ ખૂબ આજીજી-કાલાવાલા કરી કહ્યું :

'હજી, વધુ સમય માટે અહીં રહી જવાની કૃપા કરો. આપના અંગને સ્પર્શીને આવતી હવામાત્રથી અમારી ઘોર નર્કયાતના ફૂલરૂપ બની જાય છે, અમારા ઉપર જાણે આનંદનો વરસાદ વરસતો હોય એમ લાગે છે. કૃપા કરી વધુ રોકાઈ જાઓ !'

આ સાંભળી એણે યમદૂતોને પૂછ્યું :

'મારા અહીં રહેવાથી આ લોકોને સુખ મળવાનું શું કારણ છે ?'

યમદૂતો બોલ્યા :

'તમે પિતૃઓ, દેવતાઓ, અતિથિઓ ને આશ્રિતોનું પહેલાં ભરણપોષણ કર્યા પછી જ એમાંથી જે કંઈ વધ્યુંઘટ્યું હોય તેમાંથી તમારું ઉદરપોષણ કર્યું છે ને હરિસ્મરણ કર્યું છે, માટે તમારા શરીરને સ્પર્શીને આવતી હવામાત્રથી જ આ પાપીઓની નર્કયાતના સહજમાં દૂર થઈ જાય છે.'

સજ્જન બોલ્યા : 'ત્યારે તો મારા અહીં રહેવાથી એમની યાતના સંપૂર્ણ દૂર થઈ જશે; હે યમદૂતો, હું હવેથી અહીં જ રહીશ. મારે સ્વર્ગ નથી જોઈતું.'

×

કેટલાક ભ્રમો

લેખક :
શ્રી ડુંગરસી ધરમસી સંપટ

છેક પ્રાચીનકાળથી કર્ણોપકર્ણ ચાલી આવેલી ને સાહિત્ય દ્વારા પુષ્ટિ પામેલી કેટલીક માન્યતાઓ કેટલી ભ્રામક છે, તે વિજ્ઞાનની દૃષ્ટિથી બુદ્ધિપૂર્વક વિચારનારને સહેજે જણાઈ આવશે. વિશાળ અનુભવ, અવલોકન ને વાચનની કસોટી પર ચઢાવીને લેખકે આજ સુધીની આવી કેટલીક માન્યતાઓ કેવી આધારવિહીન છે, તે અહીં બતાવ્યું છે.

આપણામાં અનેક માન્યતાઓ રૂઢ થઈ ગઈ છે. શ્રદ્ધાના બળથી આપણે એને નિભાવતા આવ્યા છીએ, પરંતુ એની પાછળ અનુભવ, વિચાર અને ચકાસી જોવાની ભાવના કોઈને રહી નથી એ મોટું આશ્ચર્ય છે. દરેક વિષયમાં ઊંડા ઊતરી સૂક્ષ્મ વિચાર કરી એની સત્યતાની ખાતરી કરવાની ફરજ છે. આ માન્યતાઓ અલંકારરૂપે ઇતિહાસ, પુરાણ, સ્મૃતિઓ અને કાવ્યોમાં સર્વત્ર જોવામાં આવે છે; એટલું જ નહિ, પણ બુદ્ધ જાતકોમાં અને જૈન આગમોમાં પણ એનો પ્રવેશ છે. આપણા સંતોએ પણ પોતાનાં ભજનો અને કૃતિઓમાં એમને સજીવન રાખી છે. તેમ જ આપણા સાહિત્યકારોએ હિંદની બધી ભાષાઓમાં એમને અમર બનાવી છે

આ માન્યતાઓ મેં અનુભવ, વાચન, અવલોકન અને પૂછયાગાછયાની કસોટી પર ચઢાવી છે. મને એમાં તથ્ય જણાયું નથી, તેમ કોઈએ એ માન્યતાઓના સત્યપણાની ખાતરી કે સચ્ચાઈ ઉપર પ્રકાશ પાડ્યો નથી, છતાં જો કોઈ પણ તે વિષયને સ્ફુટ કરશે, તો હું જિજ્ઞાસુભાવે સાંભળીને સમજીશ.

હવે આ માન્યતાઓ કઈ કઈ છે, તે ઉપર આપણે આવીએ.

૧. ચાતક અને મેઘ : શ્રી તુલસીદાસજી કહે છે કે :

સ્વાતિ સલિલ શ્રીરામ હૈ;
ચાતક તુલસીદાસ

આમાં એવી માન્યતા છે કે ચાતક પક્ષી આકાશમાં ઊંચી દૃષ્ટિ કરીને મેઘ તરફ ખૂબ આતુરભાવે ઇંતેજારીથી જોઈ રહે છે. તે મેઘ સિવાય બીજું જળ પીતું નથી.

મેઘ સામે એક દૃષ્ટિથી જોઈ પિયુ પિયુ કરીને તે અંતરમાંથી એનું આવાહન કરે છે, એનું પણ કદી છૂટતું નથી. મેઘના વિરહમાં એ ખૂબ આતુર બની રહે છે. એને જરાય શાંતિ કે નિરાંત નથી. સંતોએ શ્રી પ્રભુના વિરહને માટે આની ઉપમા આપી છે. મહાન સાહિત્યકારોએ નાયિકા માટે વિરહાગ્નિમાં દાઝતા નાયકને કાજે આ ઉપમા વાપરી છે. પરંતુ, ચાતક પક્ષી ખાલી મેઘનું જળ પીએ છે અને એની પાછળ ગાંડું થઈ વિરહમાં બળે છે, એ વાત અનુભવે સિદ્ધ કરી નથી.

૨. છીપ અને મોતી : આપણા શાસ્ત્રકારો અને કવિઓ લખે છે કે સ્વાતિ નક્ષત્રમાં વરસાદનું પાણી કાળુ માછલીના મોઢામાં પડે છે અને તેનાં મોતી બંધાય છે, પરંતુ યુરોપવાસીઓ અને જાપાનીઓએ આ વિષયમાં ઘણી શોધખોળ કરી છે. એમના કહેવા મુજબ માછલીના પેટમાં એક જાતનો રોગ થાય છે. આ રોગમાં રસી બની તે રસી સુકાઈ જઈ તેનાં મોતી બને છે. જાપાનીઓએ કૃત્રિમ (અં. કલ્ચર્ડ) મોતી બનાવવાનો મોટો ઉદ્યોગ સ્થાપ્યો છે, તેમાં એક જાતની ઝીણી ગોળીઓ બનાવી માછલીઓને ખવડાવે છે અને રોગ ઉત્પન્ન કરે છે. એ રીતે કૃત્રિમ મોતીઓ તૈયાર થાય છે. પરંતુ, વરસાદનું જળ પીવાથી

હોતી તૈયાર થતાં નથી.

૩. હંસ અને દૂધ: હંસ દૂધ અને પાણીનું મિશ્રણ છૂટું કરીને દૂધ પી જાય છે અને પાણી મૂકી દે છે. એ કહેવત સંતો અને કવિઓની વાણીમાં ખૂબ પ્રમાણમાં મળે છે, પરંતુ અનુભવ અને પ્રાણીશાસ્ત્રીઓનાં પુસ્તકો વાંચતાં એ સિદ્ધ થતી નથી. માનસરોવરમાં લાખો હંસો હોવાનું ડૉકટર સ્વેનહેડન નામનો પ્રવાસી લખે છે, પરંતુ ત્યાં એવો અનુભવ એમને મળ્યો નથી.

૪. હંસ અને મોતી: હંસ માત્ર મોતીનો ચારો લે છે એ રૂઢ માન્યતા પણ અનુભવસિદ્ધ નથી. હંસોને ક્યાંય મોતી મળતાં નથી. મેં જ્યાં જ્યાં હંસો જોયા છે, ત્યાં ત્યાં તેઓ પાણીની લીલ, વનસ્પતિ અને સૂક્ષ્મ કીડા ખાય છે. મોતીનો ચારો ચરતાં ક્યાંય જોયા નથી.

૫. હાથી અને મોતી: 'મૌક્તિકમ્ ન ગજે ગજે,' એમ સંસ્કૃતમાં સુભાષિત છે. હાથીઓનાં કુંભસ્થળમાં મોતીઓ પાકે છે એ માન્યતા જૂની છે, પણ એ સાચી નથી. હાથીઓના દાંત માટે હજારોની સંખ્યામાં આફ્રિકા, લંકા અને બીજાં સ્થળોએ શિકાર થાય છે, પરંતુ કોઈ દિવસ એક મોતી તેમાંથી મળ્યું હોવાનું કોઈએ અનુભવ્યું નથી. મોતીઓ તો માત્ર માછલીની છીપમાં જ થાય છે, હાથીઓનાં કુંભસ્થળમાં નહીં.

૬. કમળ અને ભમરો: આ આપણા સાહિત્યકારોની રમણીય કલ્પના છે. ભ્રમર કમળના ફૂલની સુગંધમાં મોહિત થઈ તેની આસપાસ ભમે છે અને છેવટે એ કમળના કેસરને ચૂસવા કમળ વચ્ચે બેસી જાય છે. રાત્રે કમળ સંકોચાઈ બિડાઈ જાય છે. સવારે સૂર્યના તાપમાં એ કમળ ખૂલે છે ત્યારે ભમરો અંદરથી મરેલો મળે છે. ભમરો લાકડાને વીંધીને અંદર દર બનાવી શકે છે પણ કમળ એનું પ્રેમપાત્ર હોવાથી એના ઉપર ડંખ મારી કે ભેદી બહાર નીકળતો નથી. એના પ્રેમપાત્રના ઉપર અત્યંત પ્રેમ હોવાથી પોતાના શસ્ત્રનો ઉપયોગ એ કરી શકતો નથી. કવિઓએ પોતાના પ્રેમપાત્રોના દોષ તરફ લક્ષ ન આપતાં માત્ર ગુણો જોવામાં જ આ ઉપમાનો ઉપયોગ કર્યો છે.

મારા ગામમાં એક મોટા તળાવમાં લાખો કમળો હતાં. સવારના વહેલા જઈ એ કમળો તોડી ભેગાં કરનારનાં કમળો હું તપાસતો તો તેમાંથી એક પણ ભ્રમર નીકળ્યાનો મને અનુભવ થયો નથી.

કાશ્મીરના દાલ સરોવરમાં મોટા પ્રમાણમાં કમળો ઊગે છે, ત્યાં પણ કોઈ કમળમાંથી મરેલો ભમરો મારા જોવામાં આવ્યો નથી. તેમ જ બીજા એ વિષયના જાણકારોને પૂછતાં પણ એવો અનુભવ કોઈને થયો હોય એવું જાણ્યું નથી. પ્રાણીઓ સંબંધીનાં અંગ્રેજી પુસ્તકોમાં પણ એવું ક્યાંય વાંચવામાં આવ્યું નથી.

૭. પારસ અને લોઢું: પારસમણિ અથવા ચિંતામણિ લોઢાને સુવર્ણ બનાવી દે છે એ કલ્પના આપણા સાહિત્ય અને સંતવાણીમાં ખૂબ રૂઢ અને પ્રચલિત છે, તેવી જ રીતે બુદ્ધ, જૈન સાહિત્યમાં પણ દુર્જનોને સુધારવા માટે સજ્જનના સમાગમમાં એ ઉપમા અનેક સ્થળે વપરાઈ છે. ભક્ત સૂરદાસ કહે છે કે:

પારસ ગુણ અવગુણ નવ દેખત,
કંચન કરત ખરો.

એ પ્રમાણેની માન્યતા સાહિત્યમાં અને લોકોમાં બહુ રૂઢ છે, પરંતુ રસાયનશાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે સોનું એ અસલ ધાતુતત્ત્વ છે. કોઈના સંજોગથી બીજી હલકી ધાતુ સોનું બની શકતી નથી. રસાયનશાસ્ત્રે બહુ પ્રાચીન કાળથી એવા પ્રયોગો કર્યા હતા,

પરંતુ એમાં કોઈ પણ સફળ થયું નથી. કીમિયાગીરીથી ધાતુમાંથી સોનું બનાવવાનો દાવો ધૂર્તતાભરેલો માલૂમ પડ્યો છે. આધુનિક રસાયનશાસ્ત્રીઓ પણ સોનું બનાવવાના અખતરા કરતાં થાકયા છે. તેથી સોનાનું ઊંચું મૂલ્ય અને એની અછત જગતમાં ચાલુ રહ્યાં છે. એ ધાતુ અસલ સ્વરૂપમાં કદી બનાવી શકાઈ નથી. આથી જ જગતનાં બધાં ચલણોનો પાયો સોના ઉપર જ સ્થાપી શકાયો છે. નોટોના ચલણ પાછળ જે સરકારો પાસે સોનાનો જથ્થો ન હોય, તે સરકારની આંટ નભી શકે નહિ.

૮. સર્પ અને મણિ: નાગને મણિધર કહેવામાં આવે છે. પ્રાચીન શાસ્ત્રો અને માન્યતા મુજબ નાગો રાત્રે ભૂખ સંતોષવા માટે બહાર નીકળે, ત્યારે મણિ પોતાના રાફડા પાસે મૂકે છે ને મણિના તેજથી અંધારામાં એનું પોતાનું નિવાસસ્થાન મળી આવે છે. આ મણિ બહુ કીમતી અને મૂલ્યવાન ગણાય છે, પ્રંતુ અનુભવ એ વાતને સિદ્ધ કરતો નથી. મુંબઈની પરેલની લેબોરેટરીમાં પ્રયોગોને માટે સેંકડો નાગો રાખે છે. પરંતુ કોઈ મણિધર હોવાનું ત્યાંના કાર્યકર્તાઓએ જણાવ્યું નથી. મદારીઓને પૂછતાં એઓ એક ઝાંખા મહોરાને બતાવે છે અને એમાં ઝેરચૂસક અને ઝેરનાશક ગુણો હોવાનું તેઓ જણાવે છે, પણ આધુનિક પ્રાણીશાસ્ત્રો પ્રમાણે એ વાત ભ્રમ છે.

૯. સર્પ પવન પીએ છે: પ્રાચીન શાસ્ત્રોમાં લખ્યું છે કે:

સર્પાઃ પિબન્તિ પવનમ્ ન ચ દુર્બલાસ્તે

'સર્પો ખાલી પવન જ પીએ છે (ખાય છે), છતાં દુર્બળ નથી.'

એ વાત પણ આધુનિક પ્રાણીશાસ્ત્ર સિદ્ધ કરતું નથી. એમાં જણાવ્યા મુજબ સર્પો દેડકાં, નાના સર્પો અને ઉંદરો ગળી જાય છે; પવન ઉપર જીવે છે એ વાત અનુભવની બહારની છે. સર્પોમાંની એક જાત દૂરથી તરાપ મારી ૧૫-૨૦ ફૂટ છેટે કૂદકો મારી શકે છે, પરંતુ પક્ષી માફક ઊડી શકે એ વાત ઠીક નથી. પુરાણોમાં લખ્યું છે કે પાતાળમાં નાગલોકમાં સર્પો વસે છે અને ત્યાં ભોગ ભોગવે છે અને પાંખોથી ઊડે છે તથા મણિમય મંદિરોમાં વસે છે. એ બધી કલ્પનામાત્ર છે—શેષનાગના માથા ઉપર પૃથ્વી ટકી રહી છે એ વાત પણ બુદ્ધિગમ્ય નથી.

૧૦. નાગો અને ઝેર: કોઈને સર્પદંશ થયો હોય ત્યારે ગારુડીને બોલાવી નાગનું આવાહન કરવા કહેવામાં આવે છે. ગારુડી દૂધનાં બે પાત્રો તૈયાર રખાવે છે અને મંત્રો ભણી ઝીણી ઘાસની સળીઓ ચારે દિશામાં ફેંકે છે. તે સળીઓ કરડનાર નાગને ભોંકાઈ એને એ સ્થળે ખેંચી લાવે છે. ગારુડી નાગને ઝેર ચૂસી લેવા આજ્ઞા કરે છે. બહુ આનાકાની અને મંત્રોની શક્તિથી પ્રેરાઈને તે દરદીના જખમમાંથી ઝેર વારંવાર ચૂસી દૂધના એક કૂંડામાં ઠલવી નાખે છે અને પછી બીજા પાત્રમાંથી દૂધ પી ચાલ્યો જાય છે. દરદી સાજો થઈ જાય છે. આવી વાતો લોકોમાં [illegible] ખૂબ પ્રચલિત છે, પણ મારા અનુભવ પ્રમાણે કહેનારા અને સાંભળનારા કોઈએ નજરે જોયું હોય એમ જાણ્યું નથી, એટલે એ સાંભળેલી વાતો કલ્પનાવિહાર જ જણાય છે.

૧૧. નાગ અને શ્રવણશક્તિ: નાગ ગારુડીની મોરલી સાંભળી પોતાની ફેણ ડોલાવે છે અને રંગમાં આવી ખૂબ રીઝે છે એમ કહેવાય છે, પરંતુ એ માન્યતા આધુનિક પ્રાણીશાસ્ત્રીઓએ ભ્રામક ગણી છે. એમના અખતરાઓથી એવું સિદ્ધ થયું છે કે નાગને શ્રવણેન્દ્રિય છે જ નહિ, પરંતુ ગારુડીના હાથનાં ડોલન જોઈ ને અને મોઢાના ભાવો અને ડોલન જોઈ રીઝે છે. આ વાત મારા અનુભવથી પર છે.

માત્ર પ્રાણીશાસ્ત્રીઓ કહે છે.

૧૨. ઘુવડ અને દિવસ : ઘુવડ દિવસે જોઈ શકતું નથી એ વાત જગજાહેર છે. આપણા વિદ્વાનો પણ તેમ જ લખી ગયા છે. ભર્તૃહરિ કહે છે કે 'ઘુવડ દિવસે જોઈ શકતું નથી, તેમાં સૂર્યનો શો દોષ ?' માત્ર ઘુવડ નિશાચર પ્રાણી હોવાથી દિવસના દેખાતું નથી. દિવસના પણ એ જોઈ શકે છે એમ પ્રાણીશાસ્ત્રીઓ કહે છે. બીજાં માંસાહારી પશુપક્ષીઓની પેઠે રાત્રીના અંધકારમાં એની દૃષ્ટિ સતેજ બને છે.

૧૩. ચકોર અને ચંદ્ર : સંત દાદુ કહે છે કે :

દાદુ આતુર હે વિરહણી, જૈસે ચંદ ચકોર.

ચંદ્રમાના તેજને માટે ચકોર ખૂબ ટળવળે છે. એનો દિવસ ભારે લાંબો અને કષ્ટમય બને છે, પણ એ વાત કોઈએ અનુભવથી સિદ્ધ કરી નથી. માત્ર પરંપરાની માન્યતાથી એ રૂઢ થયેલી છે.

૧૪. ચક્રવાક અને રાત્રી : રાત્રીના ચકવો અને ચકવી એકબીજાની નજીક છતાં વિયોગી રહે છે. મહાકવિ પ્રેમાનંદ કહે છે કે :

તે ચક્રવાક દિવસે વધ સાથ રાખે,
તે સંગ રંગ રમતાં રવિ તાપ સાંખે;
રાત્રે વિજોગ થકી ચંદ્ર પ્રકાશ ખૂંચે,
જો દુઃખ હોય દિલમાં કશુંયે ન રુચે.

એ ચકવા–ચકવીના વિરહની વાત અતિ પ્રાચીન છે. સંસ્કૃત અને પ્રાકૃત કવિઓ એનું વર્ણન કરતાં ઘણાં સ્થળે જણાયા છે, પરંતુ એ વાત કોઈએ કસોટી ઉપર ચડાવી ચકાસી જોઈ છે ? પ્રાણીશાસ્ત્રનો ઊંડો અભ્યાસ કરી અવલોકન કર્યા પછી આ વાત ખરી માની શકાય. રાત્રે ચકવો અને ચકવી તદ્દન નજીક છતાં એકબીજાની વાણી સાંભળતાં હોવા છતાં મળી શકતાં નથી. એમને શાપ હોવાનું પ્રાચીન કહેણું છે. એમ કેમ બની શકે ?

૧૫. સિંહણનું દૂધ : ભક્તકવિ દયારામ લખે છે કે 'સિંહણકેરું દૂધ કનકપાત્ર સંઘરે' સિંહણનું દૂધ માત્ર કનકપાત્રમાં રહી શકે છે અને બીજી ધાતુ અને કાચનાં પાત્રો તોડી વહી જાય છે. આ માન્યતા પણ અનુભવજન્ય લાગતી નથી; એ અખતરો કોઈએ કર્યો જાણ્યો નથી. કોઈ પણ આધુનિક પ્રાણીશાસ્ત્રમાં તે વાંચ્યું પણ નથી. ચીડિઆખાનાવાળા તરફથી પણ કાંઈ પ્રકાશ મળ્યો નથી. ગાયને દોહવાય પણ સિંહને દોહવાનું કોઈથી બની શકે તે સંભવિત નથી. આ વાત સિદ્ધ કરવી ઘણી મુશ્કેલ છે.

૧૬. રૂકપક્ષી અને ઈંડાં : સંસ્કૃત સાહિત્ય અને અરબી સાહિત્યમાં આ મહાકાય પક્ષીની વાત આવે છે. પર્વતના શિખર જેવડું મોટું એનું શરીર વર્ણવાયું છે. આ પક્ષી આકાશમાં અતિ ઊંચે ઈંડાં મૂકે છે અને જમીન ઉપર આવી પહોંચતાં સુધીમાં આ ઈંડાં વાતાવરણમાં સેવાઈ એમાંથી પક્ષી બહાર આવી ઊડી જાય છે. આ રાક્ષસી પક્ષીની વાત કપોલકલ્પિત છે. જગતમાં કયાંય એ પક્ષી હમણાં કોઈના જોવામાં આવ્યું નથી.

૧૭. ગ્રહણ : હિંદુ અને બીજાં કેટલાંક શાસ્ત્રોમાં ગ્રહણ વિષે એવી ચોખવટ કરી છે કે સમુદ્રમંથનના વખતે વિષ્ણુરૂપી કાચબા ઉપર મંદરાચલ પર્વતને રાખી એની આસપાસ વાસુકી વગેરે સર્પોને વીંટી સર્પોનું મોઢું દેવોએ પકડ્યું અને દૈત્યોએ એનું પૂછડું પકડ્યું. પછી એ પર્વતને ખૂબ જોશથી દેવ અને દાનવોએ વલોવ્યો. તેમાંથી લક્ષ્મી, હળાહળ ઝેર અને બીજા અનેક પદાર્થો નીકળ્યા. છેવટે અમૃત નીકળ્યું. રાહુ અને કેતુ નામના બે દૈત્યોએ એ અમૃત ચોરીછૂપીથી પીવા માંડ્યું. સૂર્ય અને ચંદ્ર તે જોઈ ગયા. એમણે વિષ્ણુ પાસે ફરિયાદ કરી–વિષ્ણુએ સુદર્શન ચક્ર મારી રાહુ અને કેતુનાં મસ્તક કાપી

નાખ્યાં. રાહુ અને કેતુનાં ધડ અમૃત પીધાથી અમર રહ્યાં. સૂર્ય તથા ચંદ્રને એઓ ગ્રસે છે; તેથી ગ્રહણ થાય છે. આ ગ્રહણની મૂળ કથા છે. પરંતુ બુદ્ધિમાં એ બેસતી નથી. સાધારણ વિદ્યાર્થીઓ પણ જાણે છે કે જ્યોતિષની ગણતરી મુજબની ચાલ ચાલતી પૃથ્વી ઉપર સૂર્યચંદ્રની છાયા પડે છે. આ પૌરાણિક વાર્તા કવિની કલ્પના છે અને ચમત્કારિક રીતે એને વર્ણવવામાં આવી છે.

૧૮. હિમાલયમાં સ્વર્ગ : મહાભારતના વનપર્વમાં ઘણે સ્થળે લખ્યું છે કે પાંડવો હિમાલય ઉપર ભ્રમણ કરતા હતા, ત્યારે ઋષિઓએ એમને કહ્યું કે હવે આગળ જશો નહિ, કારણ કે ત્યાં સ્વર્ગની હદ્દ આવે છે. હિમાલયને પુરાણોએ એક જીવતાજાગતા પુરુષ અને રાજા તરીકે વર્ણવ્યો છે. એની રાણીનું નામ મેના, એની પુત્રી પાર્વતી તે શંકરને વર્યાં અને મહાદેવી અંબિકા બન્યાં. દેવીના સંપ્રદાયની એ મૂળ કથા પુરાણોમાં વર્ણવી છે. શ્રદ્ધાળુ એ કથાને માને છે. આધુનિકને એ કલ્પનામાત્ર છે.

૧૯. પ્રાણીઓ : ઘણાં પ્રાચીન પુસ્તકોમાં શિયાળને એક લુચ્ચું, ચતુર, બુદ્ધિમાન, ખંધું પ્રાણી માન્યું છે. સિંહ રાજા અને શિયાળ તેનો પ્રધાન એ ઘણા જૂના વખતની કથાઓનો વિષય છે; પરંતુ શિયાળ ખરી રીતે એટલું બુદ્ધિમાન કે ચતુર પ્રાણી નથી. તે પાળી શકાતું નથી તથા જંગલી, ઝનૂની અને જડ બુદ્ધિનું છે. પોતાના શિકાર માટે અને જીવવાને માટે અને શક્તિહીનતાને લીધે એને ચપળતા વાપરવી પડે છે, પરંતુ એની બુદ્ધિ તીક્ષ્ણ નથી. કૂતરું એના કરતાં ઘણું બુદ્ધિમાન પ્રાણી છે. પ્રાણીકથાઓમાં ગધેડાની મૂર્ખ, જડબુદ્ધિના અને વિચારરહિત પ્રાણી તરીકે ગણના છે. પરંતુ, વસ્તુસ્થિતિએ એ પ્રાણી બુદ્ધિહીન કે મૂર્ખ નથી. સિંધમાં એને કેળવી સરસ જનાવર બનાવી શકાયું છે. કુંભારને ત્યાં એના જીવનના સંજોગો વિકસતા નથી અને ખોરાક મેળવવા માટે એને ઘણી ગંદી આદતો પડે છે. પરંતુ, એ પ્રાણી પણ સારી આદતો પાડવામાં બીજાં ઘણાં પ્રાણીઓ કરતાં ઊતરે તેવું નથી. મૂર્ખ જડ છોકરાને ગધેડો કહી બોલાવવામાં વડીલોએ ગધેડાને ખોટો બદનામ કર્યો છે.

કોયલડીનું ગીત સુમધુર, શ્રાવ્ય અને મીઠું છે. પરંતુ કોયલડી એટલે માદાકોયલ ગાતી જ નથી. નરકોયલ જ સુંદર ટહુકો કરે છે એ વાત બારીકાઈથી નિરીક્ષણ કરનારને તરત જણાઈ આવશે.

★

એ ગાઢ મિત્રો હતા. જીવનનું વહેણ બદલાયું ને એક ઘણો ધનવાન થયો. મરીન ડ્રાઈવ પર એણે મોટો ફ્લેટ રાખ્યો હતો. એક દિવસ જૂનો મિત્ર એને ઘેર આવ્યો, ત્યારે પોતાના રહેઠાણની ઓળખ આપતાં એણે કહ્યું :

'જોને, આ ચર્ચગેટ સ્ટેશનથી ઊતર્યા કે જમણી બાજુ વળ્યા કે મોટો બંગલો આવવાનો. એ બંગલામાં લીફ્ટ છે; એમાં બેઠા કે ચોથે માળે ઊતર્યા કે સામેના ફ્લેટ પર જ મારું નામ છે. નામની બાજુમાં ઘંટડી કોણીથી વગાડી કે...'

'શું કહ્યું ? કોણીથી ઘંટડી વગાડી ?'

'હા.'

'શા માટે એમ કરવું જોઈએ ? હાથની આંગળીથી જ મેં તો વગાડી...'

મિત્રે કટાણું મોઢું કરીને જણાવ્યું : 'ઓહ ! તું ખાલી હાથે આવશે એની ખબર નહિ !'

×

આતિથ્ય

લેખક :

ભદંત આનંદ કૌસલ્યાયન

'અતિથિદેવો ભવ'ની આપણી પ્રાચીન મંગળ ભાવના દિનપ્રતિદિન લુપ્ત થતી જાય છે. એના કારણમાં આર્થિક ભીંસ મુખ્ય હશે, પણ ઉરનાં અમી તો કદી ખૂટવાં જ ન જોઈએ. હૃદયની આ સંપત્તિનો પરિચય આપણી સંસ્કૃતિના અભ્યાસી લેખકની વાર્તા આપશે. આ વાર્તાના અનુવાદક છે શ્રી હીરાલાલ પો. શાહ.

જીવનપથ પરની જેમ જ સાધારણ સડક ઉપર મનુષ્યને માટે એકલા ચાલવું કઠણ છે. કોઈ રોકાઈને પાછળ આવનારને સાથે બનાવી લે છે; કોઈ ચાર કદમ ઝડપથી ચાલીને, આગળ ચાલનારને પકડી પાડે છે. મહાકવિએ ગાયું છે :

'यदि तोर डाक शुने केउ न आसे
तबे अेकला चलरे! अेकला चलरे!'

તારી જો હાક સુણી કોઈ ન આવે તો એકલો જાને રે! એકલો જાને રે! પરંતુ એ દિવસે કોઈને હાક મારવાની મને ફુરસદ ન્હોતી; કોઈ સાથીની આશાભરી પ્રતીક્ષામાં જરા શ્વાસ લેવાને બહાને રોકાઈ પણ શકતો ન્હોતો. કારણ? એ દિવસે તો મારા મગજમાં ધૂન ભરાઈ હતી. પગે ચાલવાની મારી શક્તિનું મારે માપ કાઢવું હતું! ચાલવાનું તો રોજનું કામ હતું. પરંતુ એક દિવસમાં વધુમાં વધુ કેટલું ચાલી શકું છું, એ હું જોઈ લેવા માગતો હતો.

મારો સામાન મેં જ ઉપાડી લીધો હતો, એ કહેવાનું ન હોય. ખભા ઉપર એક હલકો કામળો અને હાથમાં પતરાની એક નાની-સરખી ડોલ. આ ઉપરાંત એક ગજ–દોઢ ગજનો ખાદીનો ટુકડો હતો–જે તાપ લાગે ત્યારે છત્રીની ગરજ સારે, સ્નાન કરતી વેળાએ ધોતિયાનું કામ આપે, ભિક્ષા માંગીને ખાવાના સમયે પાત્ર બની રહે અને સૂતી વખતે પથારી બની રહે! હા, અને કોઈ ચીજ બાંધીને લઈ જવા માટે સૂટ-કેસનું કામ પણ તે જ કરે!

રસ્તામાં ચાલતાં તરસ લાગે તો કંઈક અંતરે પાણી પીવું જોઈએ એવો સાધારણ નિયમ છે. હું આ નિયમનું પાલન કદી ન કરતો. પાણી મળે કે પી લઈ આગળ ચાલતો. એક વખત ૧૯૩૨ના કોંગ્રેસના આંદોલનના દિવસોમાં હું અને મારો એક સાથી ત્રણ કલાકમાં અઢાર માઈલ દોડીને લોથપોથ દશામાં કોંગ્રેસની એક મિટિંગમાં હાજરી આપવા એટલા માટે ગયેલા, કે રખેને અમારી ગેરહાજરીના કારણે સવિનયભંગનો ઠરાવ પસાર થતો રહી જાય! એ દિવસ યાદ આવતો હતો અને હું ઝડપ વધારી રહ્યો હતો. શિયાળાની ઋતુ હતી. બીજી ધાતુઓની જેમ દિવસો પણ સંકોચાઈને ઠીકઠીક સાંકડા થઈ ગયા હતા. ગ્રીષ્મઋતુમાં રાત્રે ચાલવામાં ઑર મઝા આવે છે અને ચાંદની રાત હોય તો પૂછવું જ શું? જાણે જ્યોત્સ્નાની છટામાં તાજમહાલની પરિક્રમા કરવા નીકળ્યા ન હોઈએ એમ લાગે છે! પરંતુ શિયાળામાં તો સૂરજ આથમે કે પ્રવાસીનું આવી બન્યું સમજવું–ખાસ કરીને એવા પ્રવાસીનું કે જેની પાસે ઓઢવા માટે ન હોય પૂરતાં કપડાં કે રાત ગુજારવા માટે કોઈ ઠામ ઠેકાણું. ભરોસો માત્ર એક માથે ભગવાનનો!

રસ્તે ચાલતાં હું લોકોને પૂછતો : 'અરે ભાઈ! આગળ કોઈ ગામ આવે છે ખરું?' અને લોક કોઈ એકાદ ગામનું નામ બતાવે. હું ત્યાં ન રોકાતો. બેચાર માઈલ વધુ આગળ જવાય તો સારું એ લાલચ કાર્ય–

ક્ષમ બનતી. જરા આગળ બીજું એક ગામ હતું. એટલું તો ચાલી શકાશે. રાત પડી ચૂકી હતી. ચાલવાની સ્ફૂર્તિથી ઠંડી લાગતી નહોતી પણ પડતી હતી જરૂર. ઠંડીનું જોર વધતું જતું હતું છતાં પણ પેલા ગામડે પહોંચવાની ધૂન હતી. અને એ સિવાય બીજો આરોય કયાં હતો? બીજ કંઈ વસ્તી હશે ખરી? હા, બાજુમાં એક બીજું પરગણું હતું. પણ ખબર પડી કે એ તો મુસલમાનોનું હતું. હાય કિસ્મત! નાનપણમાંથી મને એવા સંસ્કારો આપવામાં આવ્યા હતા કે મુસલમાનોનો ધર્મ અને સમાજ આપણાથી જુદા જ પ્રકારના છે! તો મુસલમાનનું બારણું ખખડાવવાની હિંમત કયાંથી ચાલે? અને હિંમત ચાલે તો આતિથ્ય પામવાની આશા રાખી શકાય ખરી?

કોકે વળી કહ્યું કે પેલા ગામમાં એક હાઈસ્કૂલ છે. એના હેડમાસ્તર એક જૈન ગૃહસ્થ છે, હવે શું જોઈએ? જીવમાં જીવ આવ્યો, ધર્મશાળા બંધાવવામાં કોનો નંબર પ્રથમ આવે? જૈનોનો. મંદિરો ઊભાં કરવામાં કોણ પ્રથમ પંક્તિમાં ઊભા રહે? જૈનો. આ પ્રકારની વિચારપરંપરા મનમાં ચાલતી રહી અને મેં તર્કો દોડાવવા માંડ્યા. ગરમ પાણી મળશે તો પગ ઝારીશ; થાક ઊતરી જશે. માલિશ કરવા ગરમ તેલ પણ મળી જાય અને થોડુંક ગરમ દૂધ મળે તો પછી શું કહેવું? પાંત્રીસ–છત્રીસ માઈલનો પગપાળો પ્રવાસ કરી થાકીને લોથપોથ થનાર વ્યક્તિ આ સિવાય બીજી કઈ આશા સેવે? ગમે તેમ હોય, એ રાત્રે હું આમ જ ગણતરી કરતો, પેલા હેડમાસ્તર સાહેબના બંગલે જઈ પહોંચ્યો. બંગલો ગામની બહાર હતો. અંધારામાં આસપાસ બેચાર મકાનોના પ્રકાશ દેખાયો. હેડમાસ્તર સાહેબને બંગલે પહોંચીને જેમ કોઈ પોતાને ઘેર બૂમ પાડે તેમ મેં બારણું ખખડાવ્યું. 'હેડમાસ્તર સાહેબ! હેડમાસ્તર સાહેબ!' દરવાજો [illegible] અંદરથી ફાનસ લઈને એક ગૃહસ્થ બહાર આવ્યા. એ સમયે તો હું મારી ચિંતામાં ગળાબૂડ હતો. હું એમનું મોં-શરીર શાને જોઉં? પણ તે મારા ચહેરાને ઓળખવાનો પ્રયત્ન કરતાં બોલ્યા, 'શું છે?'

'હું એક વિદ્યાર્થી છું. મહત્ત્વનાં ઐતિહાસિક સ્થળો જોવાના હેતુથી પગપાળો પ્રવાસ કરી રહ્યો છું. આપની રજા હોય તો આજની રાત અહીં ગુજારવા ઇચ્છા છે.' આશાથી વિરુદ્ધનો જ જવાબ સાંભળવા મળ્યો, 'હરગિજ નહિ.' મારી અક્કલ બહેર મારી ગઈ. મેં જાત સંભાળીને, કોઈ પોતાની પડી ગયેલી પાઘડી સંભાળે તેમ નમ્રતાથી કહ્યું: 'અહીં મારું કોઈ ઓળખીતું નથી. અંધારી રાત છે. પ્રથમ વાર જ આ ગામમાં આવેલો છું, અત્યારે કયાં જઉં?' 'અહીં હમણાં હમણાં ઘણી ચોરીઓ થાય છે. અને અમે અમારે ત્યાં કોઈ અજાણ્યાને નથી રહેવા દેતા.' 'આપની ઓસરીમાં પડી રહેવાની રજા આપો, સવારે હું મારે રસ્તે પડીશ.'

'ના, એમ નહિ થઈ શકે. ગામમાં એક ધર્મશાળા છે ત્યાં જાઓ.'

'હું આજે ખૂબ ચાલ્યો છું. થાકીને લોથપોથ થઈ ગયો છું. એક ડગલું ભરવાની શક્તિ રહી નથી. આવા અંધકારમાં કેવી રીતે અને કયાં ધર્મશાળા શોધતો ભટકું!'

'એઈ, આને ધર્મશાળાનો રસ્તો બતાવ,' કહીને હેડમાસ્તર સાહેબે એક માણસને મારી સાથે મોકલ્યો.

આપણને કકડીને ભૂખ લાગી હોય અને કોઈ ખાવા માટે માંડ બટકું જ રોટલાનો ટુકડો આપે તો આપણે આભાર સાથે એ ટુકડાનો અસ્વીકાર કરી દઈશું; એવી જ મારી મનો

સ્થિતિ હતી. થાકના દુઃખ કરતાં ઘવાયેલા સ્વાભિમાનનું દર્દ વધારે ખટકતું હતું. બે-ચાર ડગલાં ચાલીને મેં પેલા માણસને કંઈક રોષભરી વાણીમાં કહ્યું: 'જાઓ, તમે પાછા જાઓ. જે વીતવાની હશે તે વીતશે. હું મારી મેળે ધર્મશાળાનો રસ્તો ખોળી લઈશ.'

પેલા માણસને તો એટલું જ જોઈતું હતું. તે પાછો ફર્યો અને હું મારી સમજ મુજબ ધર્મશાળા તરફ આગળ વધ્યો—ધર્મશાળા કઈ દિશામાં છે એ સમજયાજાણ્યા વિનાસ્તો! પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ ચારે દિશાઓમાં ભટક્યો. કંઈ પત્તો લાગે જ નહીં! ચારે બાજુએ સડકો હતી, પરંતુ બધી સડકો ઉપર અંધકાર! નિસ્તબ્ધતા!

ખૂબ સમય સુધી આમતેમ ભટક્યા બાદ એક દીવાના પ્રકાશે મારી નજર આકર્ષી. મનમાં થયું, અહીં કોઈક તો હશે./ચાલ, પૂછી જોઉં. સમુદ્રમાં ડૂબેલો કોઈ તરવૈયો કિનારા તરફ વધે તેમ હું આગળ વધવા લાગ્યો. આખરે કિનારો હાથ લાગ્યો તો ખરો; જોઉં છું તો બારીમાંથી દીવાનો પ્રકાશ રેલાઈ રહ્યો છે. દરવાજાની કડી ખખડાવી. અંદરથી એક આદમી દીવો લઈને આવતો દેખાયો. દરવાજો ઉઘડતાંવેંત જ અવાજ કાને અફળાયો, 'કોણ છે?'

હું જવાબ આપું તે પહેલાં તો બીજો શબ્દપ્રહાર કાન ઉપર પડ્યો: 'અરે! તું ફરીથી આવ્યો કે?'

મેં માથું ઊંચું કર્યું. આ તો પેલા હેડમાસ્તર હતા! થોડાક સમય અગાઉ હું એમને ત્યાંથી ધોયેલા મૂળાની જેમ પાછો ફરેલો. આમતેમ ભટકવામાં મને દિશાભ્રમ થયેલો અને ઘાણીના બળદની જેમ હું હતો ત્યાં ને ત્યાં જ આવીને ઊભો રહ્યો! પૃથ્વી ગોળ હોવાનું એક વધુ પ્રમાણ મને મળ્યું અને હું ચોર છું એવું હેડમાસ્તર સાહેબને!

'દોડો, દોડો. જુઓ ને, આને હજી હમણાં જ હાંકી કાઢ્યો હતો, એટલામાં તો આ પાછલા દરવાજેથી ઘૂસી આવ્યો છે.' હેડમાસ્તરની બૂમાબૂમ સાંભળીને બેચાર મિનિટમાં તો આસપાસના લોકોએ મને ઘેરી લીધો. કોઈ કહેવા લાગ્યા: 'પોલીસને બોલાવો' કોઈ કહે: 'ના, ચાવડી પર લઈ જાઓ' અને જે કાંઈ બોલતા નહોતા તે ચાર લાફા મારવાની દરખાસ્ત જ કરતા હતા! મારી અક્કલ બહેર મારી ગઈ હતી. શું કરવું? શું ન કરવું? ખરેખરો ફસાઈ ગયો હતો, કેવી રીતે ખાતરી કરાવી આપું કે હું ચોર નથી? એક જ્ઞાનાર્થી પ્રવાસી છું. વખાનો માર્યો માસ્તર સાહેબની વહેમજાળનો શિકાર બન્યો છું. લોકો બોલ્યે જતા હતા, 'જુઓ ને, કેવું અંધેર છે, હમણાં તો હાંકી કાઢ્યો હતો અને એટલી વારમાં તો પાછી હિંમત કરી!'

એમને શી ખબર કે એમના માટે જે અંધેર હતું તે તો મારે માટે મહા—મહા-અંધેર હતું. વિપત્તિ પડતાં અક્કલ બહેર મારી જાય છે એમ કહેવાય છે, પણ માણસને જ્યારે બીજું કોઈ સાધન નથી હોતું, ત્યારે બુદ્ધિ જ એને સહાય કરે છે. મેં હિંમત એકઠી કરી બુદ્ધિથી કામ લેવાનું નક્કી કરી કહ્યું: 'જુઓ ને, હું દૂરદૂરથી ચાલીને આવું છું, થાકીને રોટલો થઈ ગયો છું, કૃપા કરીને મને બેસવા માટે જગ્યા આપો અને જરા પાણી આપો. અને પછી જરા ધીરજથી મારી કરમકથની સાંભળો. તમોને વિશ્વાસ પડે કે હું ચોર નથી તો મહેરબાની કરી ફરી એકવાર તમારો આદમી મોકલી મને ધર્મશાળાનો રસ્તો બતાવો અને વિશ્વાસ ન આવે તો ચાવડી ઉપર મોકલી દેજો અથવા જે કરવું-હોય તે કરજો.'

એ લોકો દુષ્ટ લોકો નહોતા જ. અને

દુષ્ટ લોકોમાં પણ ભગવાન ક્યાં નથી વસતા? મારી વાત કાને ઊતરી. બેસવા માટે સ્ટૂલ આપ્યું અને પીવા માટે પાણી મળ્યું. મેં ધીરેધીરે પાણી પીધું અને થેલામાંથી બે પત્રો બહાર કાઢ્યા. બંને પરિચયપત્રો હતા; એક હતો ગ્વાલિયર પુરાતત્ત્વ વિભાગના ડાયરેક્ટરના નામનો અને બીજો નિઝામના હૈદ્રાબાદના વડાપ્રધાનને સંબોધીને. બંનેમાં મારો સાધારણ પરિચય આપવામાં આવ્યો હતો અને મને–જ્ઞાનાર્થી પ્રવાસીને મદદરૂપ નીવડવા માટે વિનતિ અને આભારના શબ્દો એમાં લખેલા હતા. નિઝામ હૈદ્રાબાદનો પત્ર મેં ખાસ એટલા કારણસર લીધો હતો કે એ દિવસોમાં આવો પરિચયપત્ર સાથે ન હોય તો જેલની હવા ખાવા મળે એવો પૂરો સંભવ હતો! મેં એ બંને પરિચયપત્રો બતાવીને કહ્યું:

'જો આવા પત્રો કોઈ ચોરની પાસે હોઈ શકે એમ તમે માનતા હો તો હું ચોર છું અને આવા પત્રો રાખનાર ચોર ન હોવાનો કોઈ સંભવ હોય તો હું ચોર નથી.' લોકો એકબીજા સાથે ગુસપુસ કરવા લાગ્યા અને હું–ભલા ગમે તે હોઉં પણ મને ધર્મશાળામાં ધકેલી મૂકવાનું બધાએ નક્કી કર્યું. પેલો માણસ ફરી મારી સાથે થયો અને હું પાછળપાછળ અખાડામાં પરાજિત થયેલા પહેલવાનની જેમ ચાલવા લાગ્યો. ધર્મશાળા દૂર નહોતી. દિશાભ્રમ ન થયો હોત તો હું ક્યારનો યે ત્યાં પહોંચી ગયો હોત, પરંતુ રાત ખૂબ વીતી ચૂકી હતી. શિયાળામાં રાતના નવ વાગતાં તો ઉનાળાની અર્ધી રાત થઈ જાય છે! દશ વાગ્યા સુધી તો કોઈ ચોર, ઉઠાવગીર કે દુખિયા જ જાગતા હોય. હું એ રાત્રે તો ચોર હતો, ઉઠાવગીર પણ હતો અને દુખિયો પણ! ધર્મશાળામાં પહોંચ્યો ત્યાં તો ખબર પડી કે દરવાજો બંધ થઈ ગયો છે અને હવે કોઈ પણ હિસાબે નહિ ખૂલી શકે.

'આ રહી ધર્મશાળા,' કહીને પેલો માણસ ઘેર ગયો.

હવે શું કરવું? ક્યાં જવું? ધર્મશાળાની બહારની બાજુએ એક ઓસરી હતી. એમાં જ રાત ગુજારવાનો મેં વિચાર કર્યો. પાસે પૂરતાં કપડાં નહોતાં તો શું થયું? કડકડતી ઠંડી વાતી હતી પણ શું કરવું? બીજો કોઈ ઇલાજ જ નહોતો. અંધારામાં એક ખૂણામાં લપાઈ–ઠૂંઠવાઈને બેસી રાત ગુજારવાનો વિચાર કરતો હતો, એટલામાં અંધકારમાંથી અવાજ આવ્યો, 'કોણ છે?'

'મુસાફર,' મેં કહ્યું.

'આટલી મોડી રાત્રે આવ્યા છો?'

'હા, ભાઈ, આજે એવી જ વીતી.'

'અહીંયાં આવો, ત્યાં પવન લાગશે,' પેલા અપરિચિત હૂંફાળા અવાજે મને એની પાસે બોલાવ્યો.

'તમે ક્યાંથી આવો છો?' મેં પૂછ્યું.

'હું તો ભિખારી છું, આંધળો છું; દેખી નથી શકતો.' આંધળા ભિખારીની પાસે સૂવાનો જીવનમાં આ પહેલો જ અવસર હતો. 'કેટલા પૈસા મળ્યા? શું ખાવા મળ્યું?' કંઈક એવા સવાલો મેં પૂછ્યા. પરંતુ હું તો મારી રામકહાણી કહેવા માટે બેચેન હતો. એ રાત્રે મારા ઉપર જે વીતી હતી, તેને સાંભળનાર પહેલવહેલો આ અંધ ભિખારી જ મળ્યો હતો. અથથી ઇતિ સુધી મેં એની સમક્ષ હૈયું હળવું કર્યું. એક દુખિયારો બીજા દુખિયારા સમક્ષ આંતરવેદના ઠાલવી રહ્યો હતો. એણે સહાનુભૂતિપૂર્વક બધું સાંભળ્યું અને પછી એ અંધ ભિખારીએ અંધારામાં હાથ ફંફોળતાં મને પૂછ્યું, 'ક્યાં છે તમારા પગ?'

'કેમ?'

'જરા દાબી આપું!'

'ના ભાઈ!' હું વધુ ન બોલી શક્યો.

રો કંઠ આતિથ્યના આ અલૌકિક દર્શનથી ગદ્ગદિત થઈ ગયો હતો.

'તો ભાઈ! તમારી પાસે કંઈ કપડાં વું છે?'

'હા,'

'ક્યાં છે? મને આપો તો.'

મારી પાસે પેલો એક સાફો હતો–ગજ દોઢ ગજનો ટુકડો! મેં એને એ આપ્યો. એ સૂરદાસે અંધારામાં મારા પગ શોધી કાઢ્યા અને નીચેથી ઉપર સુધી તાણીને પગની પિંડીઓ ખેંચી બાંધી.

'આમ થોડીક વાર બેસી રહો.'

સહૃદય સહાનુભૂતિ દાખવનારની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું સહેલું નથી. હું મૂર્તિની જેમ બેસી રહ્યો. થોડીક વાર પછી તેણે મારા પગના બંધ છોડી નાખ્યા. થંભેલું લોહી જોરથી વહેવા લાગ્યું. થાક ઊતરતો હોય એમ લાગ્યું. વાતો કરતાં ઊંઘ આવી ગઈ, સવારે ઊઠ્યો ત્યારે જોઉં છું તો મારો સાથી મારાથી યે વહેલો ઊઠીને એને રસ્તે પડી ગયેલો હતો!

★

કલિંગ દેશના રાજાના પુત્ર સમાધિ વૈશ્યને કોઈ વાતની કમીના નહોતી. અઢળક ધનદોલત ને વૈભવ એમના ચરણોમાં આળોટતાં હતાં, પરંતુ એક દિવસ એમની જ પત્નીની ને પુત્રની દાનત આ સંપત્તિને લીધે બગડી. ધન પર પોતાનો અધિકાર સ્થાપિત કરવા માટે એમને દગો દીધો; ને બધી મિલકત લખાવી લીધી. બહુ જ દુઃખી થઈ એ જંગલમાં જતા રહ્યા; ત્યાં એક મુનિને આશ્રમે આશ્રય લીધો; પરંતુ મનનો ઉચાટ એટલો બધો ભારે હતો, કે બિલકુલ શાંતિ મળી નહીં. એમનાં આ સ્વજનોનાં સુખદુઃખની ચિંતા એમને રહ્યા કરતી.

એકે પૂછ્યું :

'જે દુષ્ટ લોકોએ પ્રપંચ કરીને તમારી સારીયે મિલકત પડાવી લીધી છે, એમનાં સુખની ચિંતા તમે શા માટે કર્યા કરો છો? એમના પ્રત્યે આટલો સ્નેહ, આટલી મમતા શા કારણે બતાવો છો?'

એમણે જવાબ દીધો :

'શું કરું, મને તો ઘણીયે ઇચ્છા થયા કરે છે કે મારું મન મારાતારાની લાગણીવિહોણું થઈ જાય, પણ એનો સ્વભાવ જ એવો પડી ગયો છે, કે જે સ્ત્રી પતિપરાયણતા ભૂલી, જે પુત્ર પિતાધર્મ ચૂક્યો ને મને ઘરમાંથી કાઢી મૂક્યો, એમના પ્રત્યે મને દ્વેષ બિલકુલ થતો નથી; સ્નેહવશ બનીને જ એમના પ્રત્યે આકર્ષણ રહ્યા કરે છે. આજે નહીં તો આવતી કાલે એમને ધનની ક્ષણભંગુરતા જણાશે, ત્યારે પ્રેમનું મહત્ત્વ સમજાશે. ભલે એમણે એમના સ્વભાવ પ્રમાણે મને ઘરમાંથી ને મનમાંથી કાઢી મૂક્યો, પરંતુ હું એમને આ દિલમાંથી નહીં કાઢી શકું.'

×

'પબ્લિક ટેલિફોન કૉલ ઑફિસ' આગળ બે જણા આવી અટક્યા. એક જણ અંદર ગયો, બે આના નાખ્યા, ટેલિફોનનો ડાયલ ફેરવ્યો ને પૂછ્યું :

'હલો...કંપની? હું વ્યવસ્થાપક સાથે વાત કરવા માગું છું. ... ...હં આપને એક નવો કારકુન રાખવો છે ને? નહીં? આપની પાસે છે તેનાથી આપને સંપૂર્ણ સંતોષ છે? કોઈ નવો ક્લાર્ક બિલકુલ જોઈતો નથી?...ચાલો સાહેબજી!' બહાર ઊભેલા મિત્રે કહ્યું :

'દોસ્ત, ખરેખર હું દિલગીર છું તારે માટે!'

'કેમ?'

'આ તને નોકરી ન મળી તેથી!'

'ના રે દોસ્ત, હું તો મારા કામથી ઑફિસના મારા વડાને પૂરેપૂરો સંતોષ છે કે નહીં તે ચકાસી જોતો હતો!'

×

કાશ્મીર

લેખક :
શ્રી. હીરાલાલ મગનલાલ દેસાઈ
બી. એ. જે. પી.

કાશ્મીર આ પૃથ્વી ઉપરનું સ્વર્ગ ગણાય છે. આ 'સ્વર્ગ'ની અત્યારની સ્થિતિથી સૌ પરિચિત છે. આ લેખ કાશ્મીરની વર્તમાન સમસ્યાની ચર્ચા કરવા માટે નહિ, પણ તેની પ્રાચીન તવારીખ રજૂ કરવા લખાયેલો છે. આનું વાચન કાશ્મીરના આજના પ્રશ્નો સમજવામાં બહુ મદદરૂપ નહિ થાય, પણ તેનો રોમાંચક ઇતિહાસ તો જાણવા જેવો છે જ.

આગે બેહીશ્ત જેવા રમણીય કાશ્મીરના પ્રદેશની પ્રજા આજે રાજકીય રમતનું પ્યાદું બની રહી છે. બિનમઝહબી ભારત અને ધર્મઝનૂની પાકિસ્તાનનાં નૂતન રાષ્ટ્રો વચ્ચે વિખવાદનાં બીજ કાશ્મીરની નંદનવન જેવી ભૂમિને લીધે વવાયાં છે. અમેરિકા અને ઇંગ્લાંડ જેવા સમર્થ દેશો પણ પાકિસ્તાનની ધર્મઝનૂની લાગણીને આડકતરી રીતે પંપાળી, ભારત અને પાકિસ્તાન વચ્ચે કડવાશમાં વૃદ્ધિ કરી રહ્યાં છે. સમસ્ત રાજકીય જગતની આંખ આજે કાશ્મીર તરફ મીટ માંડી રહી છે.

પંડિત જવારલાલ નહેરુ–જેમના પૂર્વજો મૂળ કાશ્મીરના વતની હતા, પણ ધર્માંધ મુસ્લિમ શાસકોના જુલમને લીધે હિજરત કરી ભારતના ઉત્તર પ્રદેશમાં આવી વસ્યા હતા–આજે કાશ્મીરનું ગૂંચવાતું કોકડું ઉકેલવા શાંતિનો દરેક માર્ગ શોધી રહ્યા છે. કાશ્મીરની રાષ્ટ્રીય પરિષદના નેતા શેખ અબ્દુલા ભારતની પડખે ઊભા રહી, કાશ્મીરના રમણીય મુલક ઉપર સરહદ ઉપર વસતી ધર્મઝનૂની કોમ તરફથી પુનઃ આક્રમણ ન થાય તે જોવા તલસી રહ્યા છે. ભારતની માફક કાશ્મીરને પણ બિનમઝહબી રાષ્ટ્ર બનાવવા શેખ અબ્દુલ્લા ઉત્સુક છે. હવે જોવાનું રહ્યું છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગ થયેલું વાતાવરણ કેવો ઝોક લે છે.

આવા પ્રસંગે કાશ્મીરનો ભૂતપૂર્વ ઇતિહાસ કદાચ રસમય થઈ પડે, એ ઉદ્દેશથી અતિ સંક્ષિપ્તમાં છેલ્લાં બેહજાર બાવીસસો વર્ષના કાશ્મીરના ઇતિહાસ ઉપર એક વિહંગ-દષ્ટિ કરીએ.

કાશ્મીરનો જૂનો ઇતિહાસ જાણવાનાં મુખ્ય સાધનોમાં કલ્હણકૃત રાજતરંગિણી છે. ઈસુ ખ્રિસ્તની સદી પૂર્વે ૨૭૨થી ૨૩૨ વર્ષના ગાળામાં, ભારતના મહાપ્રતાપી બુદ્ધધર્મી રાજા અશોકની આણ કાશ્મીરમાં વર્તતી હતી, એમ જણાય છે.

બૌદ્ધ ધર્મના રાજાઓની આણ છેક પટના(પાટલીપુત્ર)થી માંડીને મધ્ય એશિયાના યારકંદ અને કાશગર સુધી પ્રવર્તેલી હતી. આજે પણ કાશ્મીરમાં–ખાસ કરીને લડાક અને લેહમાં–બૌદ્ધ ધર્મના વિહારનાં ખંડિયેરો મોજૂદ છે, તે ઉપરથી નિશ્ચિત થાય છે કે બૌદ્ધધર્મી રાજાઓની સત્તા કાશ્મીરમાં જામી હતી. અશોક પછી કનિષ્ક અને હુવિષ્ક વગેરે રાજાઓએ રાજ્ય કર્યું. ત્યાર બાદ હૂણ રાજ્યકર્તાનાં આક્રમણો આવ્યાં. તોરપાન અને મીહીરકુલ નામના વિજેતાએ પાંચમી સદીમાં ઉત્તર હિંદ લૂંટી લીધું. રાજતરંગિણીમાં કલ્હણ તો આ બધા વિદેશી રાજાઓને કાશ્મીરના જ રાજ્યકર્તા તરીકે ઓળખાવે છે અને તેઓએ પરદેશ પર ચઢાઈ લઈ જઈ, બીજો મુલક કબજે કર્યો

હતો એમ લખે છે.

ત્યાર બાદ લગભગ ઈસુની છઠ્ઠી સદીમાં પ્રવરસેન નામનો રાજા કાશ્મીરમાં રાજ્ય કરી ગયો. આ રાજા મૂળ કાશ્મીરી જ હતો એમ ઇતિહાસકાર જણાવે છે. આ વંશના રાજાઓમાં લલિતાદિત્ય, જયાપીડ, અવંતિવર્મા, રાણી ડીડા, ઉચ્ચાલા, સુસાલા, જયસિંહ વગેરે મુખ્ય છે. પ્રવરસેને આખું કાશ્મીર જે અશોકના વંશજ બુદ્ધધર્મી રાજાઓના હાથમાં હતું, તે જીતી લીધું અને પ્રવરસેને શ્રીનગર શહેર વસાવ્યું. શહેર વસાવ્યું તે વેળા શ્રીનગરનું નામ પ્રવરાપુર હતું. પ્રવરસેન પછીના રાજાઓમાં બુદ્ધિશાળી રાજા તરીકે લલિતાદિત્ય મુક્તાપીડ હતો. તેનો સમય લગભગ ઈસુની આઠમી સદીનો મધ્યકાળ હતો. કાશ્મીરના કાશ્મીરી રાજાઓમાં લલિતાદિત્યનું સ્થાન મોખરે છે. લલિતાદિત્યે આજુબાજુનો ઘણો પ્રદેશ જીતી લીધો હતો, મધ્ય એશિયા સુધી આણ વરતાવી હતી. કાશ્મીરની દક્ષિણે પંજાબના, કાન્યકુબ્જ (કનોજ) વગેરે પ્રદેશો જીતી લીધા હતા. ઠેઠ ચીનના રાજ્ય સુધી પોતાના એલચી મોકલ્યા હતા. કાશ્મીરમાં વિદ્યા, હુન્નર અને કળાને વિકસાવવા યત્ન કર્યો હતો. નવાંનવાં શહેરો વસાવ્યાં હતાં, જેમાં લલિતાપુર, પરિહાસપુર વગેરે ગામો આજે પણ અસ્તિત્વમાં છે.

લલિતાદિત્યે, કાશ્મીરમાં માર્તંડ–સૂર્યમંદિર બંધાવ્યું હતું, જે આજે પણ જોવામાં આવે છે. કાશ્મીરની પૂર્વ કારીગીરીનો ખ્યાલ આપવા આ એક સ્થળ અગત્યનું છે. વળી આ રાજાએ બુદ્ધધર્મના ભિક્ષુઓને તેમ જ બ્રાહ્મણધર્મના પ્રવર્તકોને સમાનતા બક્ષી હતી. આ સર્વે ગુણો લલિતાદિત્યમાં હતા, છતાં ઈતિહાસકારોના જણાવ્યા મુજબ તે નિશાબાજ, ધૂની અને તરંગી હતો. એક વેળા રોમના નીરોની માફક શ્રીનગર શહેરને ભસ્મીભૂત કરવાનો હુકમ છોડ્યો હતો, પણ લલિતાદિત્યના કાબેલ પ્રધાને શહેરને બચાવી લીધું હતું. બીજે દિવસે જ્યારે દારૂનો નિશો ઊતર્યો ત્યારે લલિતાદિત્યે પ્રજાની અને પ્રધાનની માફી માગી લીધી હતી. જેમ ઇટલીના મેકિયાવેલીએ રાજ્યવહીવટ અને પ્રજા પ્રત્યે રાજાની ફરજ વિશે અતિ ઉદ્દામ અભિપ્રાયો દર્શાવતું પુસ્તક લખ્યું છે, તેમ લલિતાદિત્યે પણ રાજ્યવહીવટ ઉપર ગ્રંથ રચ્યા હતા.

લલિતાદિત્ય પછી જયાપીડ થયો, પણ જયાપીડે બ્રાહ્મણધર્મના અનુયાયીઓ ઉપર જુલમ કર્યો, પરિણામે કેટલાક બ્રાહ્મણોના હાથે જયાપીડનું ખૂન થયું. ત્યાર પછી અનેક નબળા રાજાઓ થઈ ગયા. ઈ. સ. ૮૫૫થી ૮૮૩ સુધી જ્યારે અવંતિવર્મા ગાદીએ આવ્યો, ત્યારે પુનઃ રાજ્યવ્યવસ્થા કાશ્મીરમાં સ્થપાઈ હતી. અવંતિવર્માનો રાજ્યવહીવટ બધી રીતે સુંદર હતો. અઠ્ઠાવીસ વર્ષના આ રાજ્ય દરમ્યાન દેશમાં સંપ, શાંતિ સ્થપાયાં. લલિતાદિત્ય પછીના રાજાઓનાં રાજ્ય દરમ્યાન દેશમાં જે અંધાધૂંધી, ખૂનામરકી અને કલેશ વધી ગયાં હતાં, તે સર્વેને અંકુશમાં લાવવામાં અવંતિવર્માએ સારો ફાળો આપ્યો હતો.

અવંતિવર્માના મુખ્ય કાર્યમાં કાશ્મીર પ્રદેશને સતત રેલમાંથી બચાવવાના યત્નો યશસ્વી છે. કાશ્મીરમાં થોડો વરસાદ થતાં રેલ આવતી અને ખેતીલાયક જમીન રેલમાં ડૂબી જતી; પરિણામે પ્રતિવર્ષે દેશમાં દુષ્કાળ પડતો. આ મુસીબત અવંતિવર્માએ ટાળી. નિષ્ણાત ઇજનેરોની સલાહથી એણે બંધ બાંધ્યા, ને મુખ્યત્વે બારામુલ્લા આગળ ખોદકામ કરી રેલના પાણીનો નિકાલ કર્યો. પરિણામે ડાંગરની પેદાશ વધી અને ભાતના ભાવોમાં

ચોર્યાંસી ટકા જેટલો ઘટાડો થયો અને પ્રજાને રાહત મળી. આ ઉપરાંત અવંતિસ્વામીનું મંદિર પણ બંધાવ્યું.

અવંતિવર્માના મૃત્યુ બાદ દેશમાં પુનઃ અંધાધૂંધી શરૂ થઈ. શંકરવર્મા ગાદીએ આવ્યો અને સર્વત્ર અવ્યવસ્થા ફરી વળી. ચોત્રીસ વર્ષના ગાળામાં એક પછી એક એમ દશ રાજાઓ કાશ્મીરની ગાદીએ આવ્યા. શંકરવર્માના મૃત્યુ બાદ રાજ્યની લગામ અમુક બળવાન તંત્રીમંડળના હાથમાં આવી. આ પ્રધાનો મજબૂત સૈન્ય પડખે રાખતા અને ઇંગ્લાંડના ઓલિવર ક્રોમવેલની માફક રાજ્યવ્યવસ્થા સાચવતા. આ પ્રકારના પ્રધાનમંડળની સત્તા વિપુલ હતી, પણ સાથેસાથે તેમનો જુલમાટ પણ અતિશય હતો. રાજાઓ, અમીર, ઉમરાવો સર્વે કોઈ આ પ્રધાનમંડળની કૃપાની યાચના કરતા. જે કોઈ રાજા વિશેષ લાંચરુશવત આપી શકે, તે જ ગાદી ઉપર આવી શકતો અને ટકી શકતો, રાજ્યગાદી મેળવવા માટે અનેક જાતની ભેટસોગાદ, લાંચરુશવત અપાતી અને રાજ્યની આમદાનીનો લખલૂટ દુરુપયોગ થતો. રાણીઓ રાજ્યગાદીના લોભે દેહવેલડીનો વેપાર કરતી અને રાજકુમારો રાજ્યના લોભે પિતા સામે બંડ ઉઠાવતા. રાજાઓ પોતાની રખાતોના પુત્રો બંડ ઉઠાવે નહીં તે માટે મારાઓ રોકતા. આવું અંધતમ રાજ્યપ્રકરણ અવંતિવર્માના મૃત્યુ પછી પ્રવર્તી રહ્યું હતું. છેવટે ઈ. સ. ૯૩૬માં ચરકવર્મા નામના રાજાએ દમારા નામના જાગીરદારોની સહાયથી આ જુલમી પ્રધાનમંડળને શિકસ્ત આપી અને સત્તા નિર્મૂળ કરી.

પણ કાશ્મીરની પ્રજાના લલાટમાં જુદી જ દુઃખની કથની લખાયેલી હતી. એક જુલમગાર મંડળ ગયું, ત્યાં અન્ય સિતમગાર મંડળ આવ્યું. પ્રજાના ભાગ્યમાં દુઃખ જ સર્જાયેલું હતું. આવી રીતે લગભગ બે સદી સુધી કાશ્મીરનો ઇતિહાસ કાળા અક્ષરે લખાયેલો છે.

ઈ. સ. ૧૦૮૯માં હર્ષ ગાદીએ આવ્યો. તે વિદ્યાનો અને સાહિત્યનો-ખાસ કરીને કાવ્યનો શોખીન હતો, છતાં રાજ્યવ્યવસ્થામાં નિર્બળ હતો. એના સમયમાં પણ ખૂન અને લૂંટ વધી ગયાં, અનાજના ભાવો વધી ગયા. રોગચાળો પણ ફાટી નીકળતો અને પ્રજા અસંતુષ્ટ અને પીડિત રહેતી. હર્ષે પોતાના ભાયાતોની ખૂનરેજીનાં પ્રકરણો શરૂ કર્યાં. છેવટે હર્ષના ભત્રીજા ઉચ્ચાલા અને સુશાલાએ બળવો જગાવ્યો અને પ્રજાએ પણ સહાય આપી. મહેલ બાળી મૂકવામાં આવ્યો. રાણી ભસ્મીભૂત થઈ અને નાસી છૂટેલો હર્ષ માર્યો ગયો.

નવા રાજા ઉચ્ચાલાએ રાજ્યવ્યવસ્થા દૃઢ કરવા સારો પ્રયત્ન કર્યો. જ્યાં જ્યાં અવ્યવસ્થા હતી ત્યાં ત્યાં સખત હાથે કામ લીધું. અનેક સુધારા કર્યા. સત્યના પાઠ શીખવ્યા. રાત્રે છૂપા વેશે નગરચર્યા કરવા ઉચ્ચાલા જતો અને પ્રજાની પીડા જાણવા યત્ન કરતો, છતાં ઉચ્ચાલાના ઉગ્ર સ્વભાવને કારણે કોઈક નોકરે તેનું ખૂન કર્યું. ઉચ્ચાલા પછી સુશાલા ગાદીએ આવ્યો, ત્યાર બાદ જયસિંહ આવ્યો. જયસિંહ ચાણક્યનીતિનો પ્રખર અભ્યાસી હતો. તે યુક્તિપુરઃસર રાજ્યવ્યવસ્થા કરતો. પોતાના સૈન્યબળ કરતાં બુદ્ધિબળ અને છળકપટ ઉપર જયસિંહ વધુ આશ્રય રાખતો. વાકપટુતા અને ચાણક્યનીતિ એ તેના કાયમી સૈનિકો હતા. આને પરિણામે જયસિંહ અનેક ઢોંગી, ફિતૂરી અને રાજ્યદ્રોહી જાગીરદારોની સૂધબૂધ ઠેકાણે લાવી શક્યો. જયસિંહે ઈ. સ. ૧૧૨૮થી ૧૧૫૫ સુધી રાજ્ય કર્યું.

જયસિંહના મરણ બાદ કાશ્મીરમાં ફરી

વાર કાળા રાજ્યની શરૂઆત થઈ. અનેક નબળા રાજાઓની વચમાં કોઈકવાર એકાદ બળવાન રાજા આવી જાય તો દેશમાં થોડીક શાંતિ સ્થપાતી, પણ ફરી વાર એની એજ કહાણી કાશ્મીરના ઇતિહાસમાં ડોકિયું કરી જતી. આવા અનેક નબળા રાજાઓને લીધે કાશ્મીર ઉપર ધીમેધીમે વિદેશીઓનાં ઝુંડનાં ઝુંડ ચઢી આવવા લાગ્યાં.

ઈ. સ. ૧૩૦૦થી ઈ. સ. ૧૩૨૦ સુધી સહદેવ નામનો રાજા કાશ્મીરની ગાદીએ હતો. તે સમયે દુલુચા ઉર્ફે ઝુલકાદરખાન નામના મધ્ય એશિયા તરફના એક સૂબાએ ચઢાઈ કરી અને અંધાધૂંધીવાળા કાશ્મીરને લૂંટી તારાજ કર્યું. પ્રારંભમાં તો પરદેશીઓ આક્રમણ કરી, લૂંટ ચલાવી પાછા ફરતા, પણ ધીમેધીમે આ પરદેશી આક્રમણખોરોએ દેશમાં સત્તા જમાવવા માંડી. ઝુલકાદરખાન લૂંટ ચલાવી પાછો ફર્યો, કે તુરત તીબેટનો સુબો રીંચન ચઢી આવ્યો. રીંચને આખો દેશ જીતી લઈ સર કર્યો. રીંચને કાશ્મીરની આબોહવા જોઈ, કાયમ માટે ગાદી સ્થાપી અને પોતાની સત્તા સ્થાપિત કરી.

રીંચને રાજ્યારૂઢ થયા બાદ, હિંદુ ધર્મમાં દાખલ થવા ઇચ્છા દર્શાવી, પણ પ્રખર રૂઢિચુસ્ત અને અંધશ્રદ્ધાળુ બ્રાહ્મણોએ રીંચનને હિંદુ ધર્મમાં દાખલ થવા દીધો નહીં; પરિણામે રીંચને ઇસ્લામ ધર્મ સ્વીકાર્યો અને રામચંદ્ર નામના એક પરાજિત હિંદુ યોદ્ધાની સ્ત્રી કોટાદેવી સાથે લગ્ન કર્યાં. રીંચનને એક પુત્ર થયો અને તેનું નામ હૈદર રાખ્યું. હૈદરને શિક્ષણ આપવા શાહમીર નામના એક મુસ્લિમને નીમ્યો.

ધીમેધીમે શાહમીરે પોતાની સત્તાની જાળ વિસ્તારવા માંડી. શામ, દામ, ભેદ અને દંડ સર્વેનો યથાયોગ્ય ઉપયોગ શાહમીરે કર્યો, અને ઇસ્લામ ધર્મનાં મૂળ ઊંડાં ઉતારવા માંડ્યાં. શાહમીરની મુરાદ કાશ્મીરમાં ઇસ્લામી રાજ્ય સ્થાપવાની હતી. જ્યારે રીંચનનું મરણ થયું, ત્યારે શાહમીર અંકુશ વિનાનો અને સ્વચ્છંદી બની ગયો. રીંચનના પુત્ર હૈદરને ગાદીએ બેસાડવાને બદલે જૂના હિંદુ વંશના ઉદયનદેવ નામના ભાયાતને ગાદીએ બેસાડ્યો અને રીંચનની સ્ત્રી કોટાદેવીને ઉદયન સાથે લગ્ન કરવા ફરજ પાડી. ઉદયન તો શાહમીરના હાથનું રમકડું હતું. ઇ. સ. ૧૩૩૭–૩૮માં ઉદયનનું મરણ થયું, ત્યારે શાહમીરે ગાદીએ આવવા બાજી ગોઠવી, પણ હજી તેને તેમ કરવામાં પોતાના માર્ગમાં કેટલાક કાંટા હતા તે ઉખેડવાના હતા. એટલે કોટાદેવીને ગાદીએ બેસાડી રાજ્યની લગામ પોતાના હાથમાં રાખી. પણ કોટાદેવી ધીમેધીમે રાજ્યકારભારમાં પીઢ થતી ગઈ અને શાહમીરની યુક્તિપ્રયુક્તિ નિષ્ફળ બનાવવા માંડી. કોટાદેવીએ વળી ભટ્ટભૂષણ નામે એક હિંદુની પ્રધાનપદે નિમણૂક કરી અને શાહમીરની દખલગીરી દૂર કરવા યત્ન કર્યા, પણ શાહમીર તો આથી વિફર્યો અને ભટ્ટભૂષણનું ખૂન કરાવ્યું. કોટાદેવી તે સમયે ધારત તો શાહમીરને શિક્ષા કરી શકત, પણ પૂરી હિંમત નહીં બતાવતાં શાહમીરને માફી બક્ષી. આ પગલાનું પરિણામ ખતરનાક નીવડ્યું અને શાહમીરે ઉપકારનો બદલો અપકાર વડે વાળ્યો. અનુકૂળ પ્રસંગ શોધી રાજ્ય ઉપર ઘેરો ઘાલી, શાહમીરે કોટાદેવીને શિકસ્ત આપી અને કોટાદેવીને પોતાની શરતો સ્વીકારવા ફરજ પાડી. શરતોમાં મુખ્ય બે હતી: પ્રથમ શરત તે શાહમીરને ગાદીનો સમાન હક્કદાર ગણવો અને બીજી તે, કોટાદેવીએ શાહમીર સાથે લગ્ન કરવાં. આ શરતો કોટાદેવીને સ્વીકારવાની ફરજ પડી, પણ જ્યારે કોટાદેવીએ શાહમીરના શયનખંડમાં પ્રવેશ કર્યો, ત્યારે

તુરત જ ખંજર વડે કોટાદેવીએ આત્મહત્યા કરી. શાહમીર જેવા હલકી કોટીના માણસ સાથે કોટાદેવી પ્રેમ કરવા તૈયાર ન હતી. એક બેવફા દગાબાજ માણસને હૃદયદાન આપવામાં માત્ર અધમતાની પરાકાષ્ઠા જ હતી એમ કોટાદેવીને ખાતરી થઈ હતી.

આ મુજબ ઈ. સ. ૧૩૩૭થી કાશ્મીરના હિંદુ રાજયનો સૂર્ય અસ્ત થયો અને ત્યાર બાદ ઈસ્લામ સત્તા દિનપ્રતિદિન પ્રબળ થતી ગઈ. આજે કાશ્મીરનું વસ્તીપત્રક જોતાં જણાય છે, કે પ્રજાનો મોટો ભાગ મુસ્લિમ છે; કારણ મુસ્લિમ રાજય દરમ્યાન હિંદુઓ ઉપર વિપત્તિનાં વાદળ અનેકવાર ઊતર્યાં હતાં.

મૂર્તિભંજક સિકંદરના રાજય દરમ્યાન તો અનેક હિંદુ કુટુંબો ધર્માંધતાના જુલમથી ત્રાસી ભારતમાં હિજરત કરી ગયાં અને ઉત્તર પ્રદેશ(યુ. પી. અને અયોધ્યા પ્રાંત)માં જઈ વસ્યાં. હિજરત કરી આવેલાં કાશ્મીરી બ્રાહ્મણ કુટુંબો ભારતમાં પંડિત તરીકે ઓળખાયાં.

શાહમીરે પોતાનું નામ સુલતાન સમસુદ્દીન રાખ્યું. એના સમયમાં પ્રજા ઉપર ભયંકર કરનો બોજો હતો તે સહેજ હળવો થયો અને જમીનની ઊપજમાંથી રાજયનો ભાગ વધુમાં વધુ સત્તર ટકા જેટલો કર્યો. આ જૂજ લાભ સિવાય કાશ્મીરની પ્રજાને શાહમીરના અમલ દરમ્યાન કોઈ લાભ મળ્યો નહિ. ઈસ્લામ ધર્મને કેંદ્રિત કરવાનો તમામ પ્રયત્ન શાહમીરે કર્યો અને ધીમેધીમે હિંદુ પ્રજાની સંખ્યા ઘટતી ગઈ અને મુસ્લિમોની સંખ્યા વધતી ગઈ.

શાહમીરના મરણ બાદ ઈ. સ. ૧૩૩૫માં શાહબુદ્દીન આવ્યો. એણે ઉત્તર–પશ્ચિમ હિંદ ઉપર સફળ ચઢાઈ કરી. પેશાવર સર કર્યું. ગઝની અને કંદહાર સુધી હાક વગાડી અને જો હિંદુકુશ પર્વતનાં અન્ય શિખરો આડે ના આવ્યાં હોત તો આ બળવાન ઇસ્લામી રાજા પોતાનો ઝંડો દૂર લઈ ગયો હોત. શાહબુદ્દીનનો સલાહકાર હિંદુ દીવાન ઉદયશ્રી હતો.

શાહબુદ્દીનના મરણ બાદ કુતબુદ્દીન આવ્યો. ત્યારપછી ઈ. સ. ૧૩૯૦માં સિકંદર આવ્યો. હિંદુઓનાં મંદિરો અને મૂર્તિઓ તોડફોડ કરવામાં સિકંદર કુશળ નીવડ્યો, તેથી એનું નામ સિકંદર બુત–શીકન (મૂર્તિભંજક) પડ્યું.

સિકંદરના અમલ દરમ્યાન પ્રથમ તો હિંદુ અને મુસ્લિમ પ્રજા તરફ રાજય તરફથી સમાનતા દર્શાવાતી. હિંદુ પ્રધાનો અને અમલદારો રાબેતા મુજબ રાજયની સેવામાં રોકાતા. હિંદુ વારતહેવારે બાદશાહ હિંદુ સંસ્થા અને મંદિરોમાં દાન પણ આપતો, પણ પાછળથી ઇસ્લામ ધર્મપ્રચારકોની સત્તા પ્રબળ થતાં, હિંદુ અને મુસ્લિમ પ્રજાના ઐકય ઉપર વજ્ર જેવા સખત ઘા પડવા લાગ્યા. કાચી વયના અને અપરિપકવ બાદશાહે ધર્માંધ મુસ્લિમ ધર્મપ્રચારકોની શિખવણીથી હિંદુઓ ઉપર સિતમની ઝડી વરસાવવી શરૂ કરી. જે જે હિંદુઓએ ધર્મપલટો કર્યા તેમને રાજયરક્ષણ મળ્યું, પણ જેમણે આ સિતમનો સામનો કર્યો તેમનાં ઘરબાર જપ્ત કરવામાં આવ્યાં. સ્રીઓનું બળજબરીથી અપમાન કરવામાં આવ્યું. હિંદુઓનાં ધર્મપલટો કરાવવામાં આવ્યો. શબને અગ્નિદાહ દેવાની પણ મનાઈ કરવામાં આવી. પરિણામે અસંખ્ય હિંદુઓ હિજરત કરી ગયા, પણ છળકપટ અને યુક્તિપ્રયુક્તિ વડે આ હિજરતીઓને પાછા બોલાવી, જબરદસ્તીથી ધર્મપલટો કરાવવામાં આવ્યો. આમ કુરાન અને તલવારના પશુબળ વડે કાશ્મીરમાં ઇસ્લામ અપાર હિંદુ જનતાએ ધર્મ સ્વીકાર્યો.

દીનને નામે અંધ બની જઈ પરમાત્માના ખરા સ્વરૂપને સમજવાની બુદ્ધિશૂન્યતા બતાવી, માનવી માનવી ઉપર કેવો જુલમ વરસાવે છે, તેનો યથાર્થ ખ્યાલ કાશ્મીરનો ઇતિહાસ આપે છે.

બહારથી ભિન્ન દેખાતા હોવા છતાં બધા જ માનવી એક જ પિતાના પુત્રો છે, એ સત્ય ધર્માંધતાને કારણે માનવી ભૂલી જાય છે અને કલેશનાં બીજ વાવી અન્ય ધર્મના માણસો ઉપર પશુબળ અજમાવી સિતમ ગુજારે છે. ભારતના કમભાગ્યે, ભારતની પ્રજાએ આ પશુબળ–સ્વરૂપ અનેક વાર જોયું છે અને હજી યે આ પ્રકરણનો અંત આવતો નથી, અનેક વાર પુનરાવર્તન થયા જ કરે છે. આજે પણ કાશ્મીરની પ્રજા ઉપર પાકિસ્તાન લાલ આંખ કરી રહ્યું છે.

ધર્માંધ બાદશાહ સિકંદરે હિંદુ કલા અને કારીગરીરૂપ માર્તંડ અને અવંતિપુરનાં મંદિરોનો નાશ કર્યો. હિંદુ મંદિરોમાંથી શોધીશોધી મૂર્તિઓ ભાંગી નાખી. પાષાણની પ્રતિમા પૂજવાથી આ 'કાફીરો' શો લાભ ઉઠાવવાના છે, એ ન્યાયે તમામ મૂર્તિઓ ભંગાવી નાખી. આવો ભીષણ હત્યાકાંડ સિકંદરે પોતાના અમલ દરમ્યાન કર્યો. આમ કાળા સિતમનું પુનરાવર્તન કાશ્મીરના ઇતિહાસમાં અનેક વાર થયું. ભારતના ભાગલા પડ્યા પછી આ જ પ્રકારના પશુબળનું પ્રદર્શન હિંદમાં ઠેકાણેઠેકાણે થયું, પણ કાશ્મીરની બાબતમાં ફેર માત્ર એટલો જ હતો, કે અગાઉ સિતમની ઝડી માત્ર હિંદુઓ ઉપર જ વરસતી હતી, જયારે આ વેળા (ઈ. સ. ૧૯૪૭) સરહદના સિતમગર ગુંડાઓએ કાશ્મીરની મુસ્લિમ પ્રજાને પણ હેરાનપરેશાન કરવામાંથી બાકાત રાખી નહિ. પોતાના જ હમદીન બંધુઓનો માલ લૂંટી લીધો, પોતાના જ ધર્મની સ્ત્રીઓનાં શિયળ લૂંટી લીધાં અને નગ્ન પશુબળ વડે કાશ્મીરની મુસ્લિમ પ્રજાને પણ તારાજ કીધી અને આ બધું યે પાકિસ્તાન સરકારની સહાયથી: પરિણામે કાશ્મીરની પ્રજા અને અબ્દુલા ભારતમાં જ ભળી જવાનો નિર્ધાર કરે તો તેમાં નવાઈ શી ?

આવું જુલમી રાજય ચલાવવામાં વટલી ગયેલો પ્રધાન સુભટ્ટ સિકંદરને મદદગાર હતો. હિંદુધર્મ છોડી સુભટ્ટે ઇસ્લામ સ્વીકાર્યો હતો અને એક ધર્મ છોડી અન્ય સ્વીકારનાર વ્યક્તિ પોતાના મૂળ ધર્મ ઉપર કેવી વેરવૃત્તિ રાખે છે, તેના નમૂનારૂપ સુભટ્ટનું કલંકિત જીવનચરિત્ર છે.

સિકંદરના મૃત્યુ પછી તેનો પુત્ર અલીશાહ આવ્યો, પણ તે ઈ. સ. ૧૨૪૧માં મરણ પામ્યો અને તેના પછી તેનો નાનો ભાઈ ઝૈનુલ આબેદીન કાશ્મીરની ગાદીએ આવ્યો.

ઝૈનુલ આબેદીન રાજ્યારોહણ પ્રસંગે માત્ર સત્તર વર્ષની ઉંમરનો હતો, પણ તેના વિચારો વિશાળ હતા. ખોટું ધર્મઝનૂન ન હતું. પ્રજા હિંદુ હોય કે મુસ્લિમ હોય પણ સર્વને સમાન ગણવાની તેની વૃત્તિ હતી. કોઈ પણ ધર્મની પ્રજાને અન્યાય થવો ન જોઈએ. જે જે હિંદુ કુટુંબો ઉપર સિકંદરના સમયમાં સિતમ વરસ્યો હતો, તે તમામ કુટુંબો તરફ સહાનુભૂતિ દર્શાવવામાં આવી. ન્યાય તોળી રાજયની તિજોરીમાંથી આવાં કુટુંબોને સહાય આપવામાં આવી.

રાજયમાં જે અમલદારો લાંચિયા હતા તે સર્વને શોધીશોધી ફારેગ કરવામાં આવ્યા. રાજયવહીવટ સત્યના આધારે અને બિનમજહબી. તરીકે ચલાવવામાં ઝૈનીલ આબેદીન નિષ્ણાત નીવડ્યો. સિકંદરના રાજયમાં ખૂન, લૂંટ, મારફાડ અને ધર્મઝનૂને એવું તો ઘર ઘાલ્યું હતું, કે આખા રાજયમાં એકે સારો આયુર્વેદનો વૈદ્ય જડે

નહીં ! ઝૈનૂલ આબેદીન જ્યારે રોગમાં સપડાયો, ત્યારે કોઈ પણ નિષ્ણાત વૈદ્યરાજ ઝૈનુલ આબેદીનની શુશ્રૂષા કરવા આવવા તૈયાર ન હતો. છેવટે સૂર્યભટ્ટ નામના વૈદે ઝૈનુલ આબેદીન પાસેથી કબૂલાત લીધી કે હિંદુ પ્રજા ઉપર જુલમ કરવામાં નહીં આવે, ત્યારે જ બાદશાહની સારવાર કરવાનું માથે લીધું અને ઝૈનુલ આબેદીનને રોગમુક્ત કર્યો.

સારા થયા પછી ઝૈનુલ આબેદીને પણ પોતાનું વચન યથાર્થ પાળ્યું. હિંદુ પ્રજા તરફ સમાન વર્તન રાખ્યું અને યોગ્ય માણસો તરફ અપૂર્વ પ્રીતિ અને મમતા રાખ્યાં. સૂર્યભટ્ટને મુખ્ય ન્યાયાધીશ બનાવ્યો અને પછીથી રાજ્યનો કોષાધ્યક્ષ પણ બનાવ્યો. પીડિત હિંદુ પ્રજાની સ્થિતિ સુધારી, હિંદુ ધર્મશાસ્ત્રનાં પુસ્તકોનો જે જે વિનાશ થતો હતો તે અટકાવ્યો. હિજરત કરી ગયેલાં હિંદુ કુટુંબોને પુનઃ કાશ્મીર બોલાવવામાં આવ્યાં અને તેમનાં ઘર, જમીન વગેરે પાછા સોંપવામાં આવ્યાં. હિંદુ પ્રજા પાસેથી જે જજિયા વેરો લેવાતો હતો તે બંધ કરવામાં આવ્યો. હિંદુ તીર્થયાત્રાનાં સ્થળોનો પુનરુદ્ધાર કરવામાં આવ્યો. સંસ્કૃત પાઠશાળાઓમાં ફરી વાર વેદ–ઉપનિષદના મંત્રોનો ગુંજારવ થઈ રહ્યો. ખુદ ઝૈનુલ આબેદીને પણ સંસ્કૃત જાણનાર પંડિત રોકી સંસ્કૃત ભાષાનો અભ્યાસ કર્યો. વળી તે હિંદુ તીર્થસ્થાને જાતે જતો અને યાત્રી માટે ધર્મશાળા બંધાવી આપતો. પોતાના છેવટના દિવસમાં ઝૈનુલ આબેદીને યોગવાસિષ્ઠનો અભ્યાસ કર્યો હતો.

આ ઉપરાંત એણે રાજ્યવહીવટ સ્થિર કર્યો. લાંચરુશવત દૂર કરી. કેદખાનામાં સુધારા કર્યા. કેદીઓને હુન્નરઉદ્યોગ શીખવ્યા. ચોરડાકુઓને ફાંસીની શિક્ષાને બદલે જાહેર કામમાં લગાડ્યા. કરવેરા હળવા કર્યા. અનાજ અને ખાદ્ય વસ્તુઓના ભાવ સ્થગિત કર્યા, અને કાળા બજારીઓ તથા હરામનું ખાનારાઓને કડક શિક્ષા કરી. દેશમાં સુલેહ, સંપ અને શાંતિનાં સામ્રાજ્ય સ્થપાયાં અને પ્રજા આબાદ બની.

રાજ્યના અમલદારોની પસંદગી કરવામાં કોમી ધોરણને રુખસદ આપી. જે લાયકાત ધરાવે તેને જ પસંદ કરવામાં આવ્યા. જાતિ અને ધર્મના ભેદનાં આવરણો દૂર કર્યાં. મુખ્ય પ્રધાન તરીકે બૌદ્ધ ધર્માનુયાયી તિલકાચાર્ય હતો. મુખ્ય ન્યાયાધીશ તરીકે હિંદુ ધર્માનુયાયી સૂર્યભટ્ટ હતો. તેમ જ ઇસ્લામધર્મી દરિયાખાન પણ લાયકાતને લીધે જ મહત્ત્વને પદે હતો.

આ મુજબ ઝૈનુલ આબેદીનની ખ્યાતિ ચારે તરફ પ્રસરી. પરિણામે દેશવિદેશથી વિદ્વાનો, પંડિતો, સાહિત્યકારો અને કલારસિકો રાજ્યમાં આવતા ગયા. કાશ્મીરી તેમજ સંસ્કૃત સાહિત્યનો પણ આ સમયે ઉત્કર્ષ થયો. સિકંદરના જુલમી રાજ્ય દરમ્યાન ત્રાસથી નાસી ગયેલા યુદ્ધભટ્ટને મહારાષ્ટ્રથી પાછો બોલાવવામાં આવ્યો અને કાશ્મીર આવ્યા બાદ યુદ્ધભટ્ટે ચારે વેદનું શિક્ષણ આપ્યું. અથર્વવેદની નકલ યુદ્ધભટ્ટે ઝૈનુલ આબેદીનને ભેટ આપી. દરેક પાઠશાળા ચલાવવામાં રાજ્ય તરફથી સહાય અપાતી.

કલા અને સાહિત્યને પોષવા રાજ્યની તિજોરી ઉપર ભારે બોજો હતો, પણ ઝૈનુલ આબેદીને ચતુરાઈથી તિજોરી ભરપૂર રાખી. રાજ્ય તરફથી તાંબાની ખાણ શોધાઈ, નદી ઉપર બંધ બાંધી નહેરો કાઢી વિશેષ અનાજઉત્પાદન કરવામાં આવ્યું. ગરમ શાલના ઉદ્યોગને ખૂબ જ પ્રોત્સાહન અપાયું. વેપારને સુસ્થાપિત કર્યો.

ઝૈનુલ આબેદીને રાજ્યના લશ્કરને પણ ઠીક સંગઠિત કર્યું અને બળવાન બનાવ્યું. સિંધ

અને તિબેટ ઉપર ચઢાઈ કરી તે દેશો જીતી લીધા. ઝૈનુલ આબેદીનની વીરહાકને લીધે ખુરાસાનના બાદશાહે આરબ ઘોડાનું નજરાણું મોકલ્યું, આજુબાજુના દેશના રાજાઓ ઝૈનુલની મહેરબાની ઇચ્છતા હતા.

સૌથી વિશેષ લક્ષણ તો ઝૈનુલ આબેદીનના ચારિત્ર્ય વિશે હતું. તેનું ચારિત્ર્ય કાંચનવત્ વિશુદ્ધ હતું. એક જ પત્ની સાથે ઝૈનુલે લગ્ન કર્યાં અને જીવન પર્યંત તે પોતાની એક જ પત્નીને વફાદાર રહ્યો. રંગરાગ અને મોજવિલાસમાં સતત રચ્યાપચ્યા રહેનાર રાજા, મહારાજા અને બાદશાહોની નામાવલીમાં તેનું નામ ન હતું. પોતાની પત્નીના મૃત્યુ બાદ ઝૈનુલે હિંદુ ધર્મશાસ્ત્રનાં પુસ્તકોનું મનન કર્યું અને તે મોક્ષના ઉપાયો શોધતો રહ્યો.

આ મુજબ પચાસ વર્ષના સંસ્કારી અને સુંદર અમલ બાદ ઝૈનુલ આબેદીને પ્રાણ તજ્યો. આખા હિંદુસ્તાનની તવારીખમાં, તેમ જ હિંદના કોઈ પણ ભાગ ઉપર રાજ્ય કરી ગયેલા કોઈ પણ મુસ્લિમ બાદશાહો કરતાં ઝૈનુલ આબેદીનનું સ્થાન અનોખું છે. અકબર મહાન મોગલ શહેનશાહ ગણાતો, પણ ઝૈનુલ આબેદીનની સરખામણીમાં અકબરની ખ્યાતિ પણ પાછળ પડે છે.

ઈ. સ. ૧૪૭૨માં ઝૈનુલ આબેદીનના મરણ બાદ તેનો પુત્ર હૈદરશાહ ગાદીએ આવ્યો. પુત્રમાં પિતાનાં તેજ અને કૌશલ્યનો અભાવ હતો. હૈદરશાહ પછી તેનો પુત્ર હસનશાહ ગાદીએ આવ્યો અને તેની મુરાદ તેના પિતામહ ઝૈનુલ જેવા થવાની હતી. તે મુજબ વર્તન ચલાવવા યત્ન કર્યો, પણ તેના માર્ગમાં તેની પત્નીએ ખૂબ અવરોધ કર્યો. રાણીએ પોતાના પિયર પક્ષના કોમવાદી માનસ ધરાવતાં સગાંવહાલાંઓની ભરતી કરી. પરિણામે રાજ્યમાં ફરીવાર બખેડા અને ટંટોફિસાદ ઊઠ્યા. આ મુજબ એક પછી એક નબળા રાજાઓની પરંપરા કાશ્મીર રાજ્યમાં શરૂ થઈ, તે ઠેઠ ઈ. સ. ૧૫૫૫ સુધી પ્રજાને લલાટે આવા નિર્બળ રાજાઓ લખાયા રહ્યા.

ઈ. સ. ૧૫૫૬માં દિલ્હીના મોગલ શહેનશાહ અકબરે રાજા ભગવાનદાસની સરદારી હેઠળ મોટું સૈન્ય મોકલ્યું અને કાશ્મીર જીતી લીધું અને કાશ્મીર પાસે ખંડણી લેવાની શરૂ કરી. અકબરને માત્ર ખંડણીથી સંતોષ ન હતો, અકબરને તો આ નંદનવન જેવો પ્રદેશ કબજે કરી લેવો હતો, એટલે અકબરે ફરીવાર કાશ્મીર ઉપર આક્રમણ કરી એ પ્રદેશનો સંપૂર્ણ કબજો લીધો. કાશ્મીરના રાજા યુસુફને હરાવી કેદ કર્યો અને ત્યાં મોગલ શહેનશાહનો સૂબો નીમ્યો. આ મુજબ કાશ્મીરની તવારીખમાં મધ્યકાળની પૂર્ણાહુતિ થઈ અને મોગલ શહેનશાહતનો અમલ શરૂ થયો.

અકબર પછી જહાંગીર અને પછી શાહજહાનનો અમલ હતો. આ સમય દરમ્યાન કાશ્મીરની પ્રજાનું અજબ પરિવર્તન થયું. હિંદુસ્તાનના સમગ્ર સામ્રાજ્યના એક મુખ્ય પ્રાંત તરીકે કાશ્મીરની ગણત્રી થઈ અને ત્યારથી કાશ્મીર ભારતના એક અંગ તરીકે ગણાયું છે. જે જે સૂબાઓ મોગલ શહેનશાહ તરફથી કાશ્મીરમાં નિમાતા હતા, તે ઘણાખરા તો બુદ્ધિશાળી અને દરેક ધર્મ તરફ સમભાવનાવાળા હતા; ધર્માંધ મુસ્લિમ બાદશાહ થઈ ગયા તેવા ન હતા, એટલે કાશ્મીરની સૌંદર્યભૂમિમાં ધીમેધીમે ઘણા ફેરફાર થતા ગયા. કલા અને કુદરતના પૂજારી જેવા આ મોગલ સમ્રાટોએ કાશ્મીરને સ્વર્ગભૂમિમાં ફેરવી નાખી, અનેક બાગબગીચા, ફુવારા, સૌંદર્યધામો વગેરે રચ્યાં. ગ્રીષ્મઋતુ માટે મોગલ શહેનશાહ તથા

અમલદારોનું પ્રિય વિહારસ્થાન કાશ્મીર બની ગયું. સુંદર શાસનપદ્ધતિથી પ્રજાનો પ્રેમ પણ મોગલ બાદશાહ તરફ વધ્યો.

પ્રજાએ અકબરનાં પરાક્રમ અને ન્યાયપ્રિયતાનાં ગુણગાન ગાયાં. દિલ્હી અને કાશ્મીર વચ્ચે વ્યવહાર નિયમિત થયો. અકબરે મહમદ કરીમખાન નામના ઍન્જિનિયરની નિમણુક કરી અને પંજાબમાં આવેલા ગુજરાત શહેરથી માંડી ભીમ્બર અને શુંપ્રાયન થઈને કાશ્મીરની ખીણ સુધી રાજમાર્ગ બંધાવ્યો, જેથી દિલ્હી અને કાશ્મીર વચ્ચે વેપાર પણ ઘણો વધ્યો.

અકબરના સમયના મહાન લેખક અબુલફઝલે કાશ્મીરનું રસીલું બ્યાન કરતાં જણાવ્યું છે, કે 'કાશ્મીરનો પ્રદેશ અપૂર્વ મોહિનીથી ભરેલો છે. તે પ્રદેશમાં વસંતઋતુ યાવત્-ચંદ્રદિવાકરૌ વિકસે છે. નિર્મળ નીરથી ભરેલાં ઝરણાં ગિરિશૃંગ ઉપરથી ઊતરતાં ખળખળ નાદ કરી વહે છે, હવા ખુશનુમા છે અને તાજગી બક્ષે છે. ફૂલો તો અહર્નિશ વિકસે છે.

અકબરને પણ કાશ્મીર પ્રાંત એટલો તો ગમી ગયો હતો કે એણે ત્રણ વખત કાશ્મીરની મુલાકાત લીધી, જજિયા વેરો પણ બંધ કર્યો હતો. જમીનદારોને પણ ઘણી સ્વતંત્રતા બક્ષી હતી અને મહેસૂલી સુધારા કર્યા હતા અને હરિપર્વત ઉપર કિલ્લેબંધી કરી સૈન્યનું થાણું જમાવ્યું હતું.

અકબર પછી જહાંગીર આવ્યો. જહાંગીરની વિલાસપ્રિયતા તો મુલ્કમશહૂર છે. તેણે કાશ્મીરના નૈસર્ગિક સૌંદર્યમાં નવો પ્રાણ પૂર્યો અને અનેક બાગબગીચા બંધાવ્યા. નિશાત નામનો અપૂર્વ સુંદર બગીચો નૂરજહાનના ભાઈ અસફખાને બંધાવ્યો. તદ્રુપરાંત શાલીમાર નામનો એટલો જ સુંદર બગીચો ઈ. સ. ૧૬૧૮માં જહાંગીરે બંધાવ્યો. આ સ્થળે જહાંગીર તો પ્રતિવર્ષે પોતાની હસીન બેગમ નૂરજહાનને લઈ આવતો હતો. જહાંગીર કહેતો હતો કે 'કાશ્મીરની કુંજોમાં જ્યાં કુદરતી લીલાંછમ ઘાસની જાજમ બિછાવી પાથરી છે, ત્યાં ગરમ અને રેશમી હાથ બનાવટના ગાલીચા પાથરવા 'એ કુદરતનું અપમાન કરવા બરાબર છે!'

આ મુજબ જ્યાં સુધી મોગલ શહેનશાહોનો સિતારો ચમકતો રહ્યો, ત્યાં સુધી કાશ્મીર પ્રાંતમાં સુવ્યવસ્થા રહી. મોગલ રાજ્યની સંધ્યા આવી કે ઈ. સ. ૧૭૩૯માં નાદીરશાહે ચઢાઈ કરી, કાશ્મીર પ્રાંત જીતી લીધો અને કાશ્મીર પ્રાંતને કાબૂલના રાજ્ય સાથે જોડી દીધો. આમ ઈ. સ. ૧૭૩૯થી માંડી ઈ. સ. ૧૮૧૯ એટલે ૮૦ વર્ષ સુધી કાશ્મીર ઉપર અફઘાન હકૂમત રહી.

ત્યાર બાદ પંજાબના કેસરી રણજિતસિંહે પઠાણ પાસેથી કાશ્મીર પ્રાંત પડાવી લીધો અને સીમા સત્તા ઈ. સ. ૧૮૧૯થી માંડી ઈ. સ. ૧૮૪૬ સુધી એટલે કે સત્તાવીસ વર્ષ પર્યંત રહી. ત્યાર બાદ બ્રિટિશ લોકોએ ઈ. સ. ૧૮૪૭માં કાશ્મીર જીતી લઈ ડોંગરા મહારાજા સર ગુલાબસિંહને પોણો કરોડ રૂપિયામાં કાશ્મીર પ્રાંત વેચી નાખ્યો.

ગુલાબસિંહથી માંડીને ઈ. સ. ૧૯૪૭ સુધી ડોંગરા રાજ્યના અમલ તળે કાશ્મીર રહ્યું. ઈ. સ. ૧૮૪૬માં જ્યારે બ્રિટિશ સરકારે ગુલાબસિંહને કાશ્મીર પ્રાંત વેચી નાખ્યો, તે વેળાએ અમુક કૉલકરાર કરવામાં આવ્યા હતા. તેની મુખ્ય શરતો નીચે મુજબ હતી:

(૧) કાશ્મીરના મહારાજા ગુલાબસિંહ અને તેના વંશવારસોએ અંગ્રેજોની સર્વોપરી સત્તા સ્વીકારવી.

(૨) અગ્રેજોની સંમતિ વિના કાશ્મીર રાજ્યમાં કોઈ પણ યુરોપિયન અગર વિદેશી અમલદાર નોકરીમાં રાખવો નહીં.

(૩) બ્રિટિશ સરકાર કાશ્મીરના મહા-

રાજાને દુશ્મન સામે રક્ષણ આપશે.

(૪) પ્રતિવર્ષે અંગ્રેજ સરકારની સર્વોપરી સત્તા સ્વીકારવાના પ્રતીક તરીકે કાશ્મીરના મહારાજાએ દર વર્ષે, છ કાશ્મીરી શાલ, ૧૨ ઊનવાળાં ઘેટાં અને એક ઘોડાનું નજરાણું બ્રિટિશ સરકારને આપવું.

આ મુજબના કરાર અમૃતસર–કરાર તરીકે જાણીતા છે અને તે મુજબનું પાલન છેક ઈ. સ. ૧૯૪૭ સુધી યથાર્થ થતું હતું.

ઉપર જણાવ્યા મુજબ ઈ. સ. ૧૮૪૬થી માંડીને ઈ. સ. ૧૯૪૭ સુધી એટલે બરાબર એકસો ને એક વર્ષ પર્યંત કાશ્મીરની રાજગાદીએ મહારાજા ગુલાબસિંહના વંશજો રહ્યા. ઈ. સ. ૧૯૪૭માં સર હરિસિંગ ગાદીએ હતા અને હજી છે. ત્યાર બાદ આજ છેલ્લાં પાંચ વર્ષનો ઇતિહાસ તો જાણીતો છે. ભારતનાં તમામ દેશી રાજ્યોમાં પ્રજાનો રોષ રાજ્ય સામે ઉગ્ર હતો તે પણ જાણીતું છે. તેમ જ સર હરિસિંગના રાજ્ય–વહીવટ સામે પણ કાશ્મીરની પ્રજાનો રોષ ઉગ્ર હતો જ. પ્રજાએ રાજાના વહીવટીતંત્ર સામે અનેક વાર પોકાર ઉઠાવ્યો હતો, પણ જ્યાં સુધી બ્રિટિશ સરકારની હકૂમત હિંદમાં હતી, ત્યાં સુધી રાજા–મહારાજાઓની આળપંપાળ થતી હતી અને પ્રજાના પોકારને દાબી દેવામાં આવતો હતો. કાશ્મીરમાં પણ અનેક વાર પ્રજાનો રાજ્ય સામેનો રોષ વારંવાર ભભૂકી ઊઠતો હતો. કાશ્મીરની હિંદુ તથા મુસ્લિમ પ્રજા તરફથી રાજ્ય સામે જેહાદ જગાવવાનું કામ કાશ્મીરની 'નેશનલ કૉન્ફરન્સ' અને તેના સરનશીન શેખ અબ્દુલ્લા કરતા હતા. રાજ્યે શેખ અબ્દુલ્લાને અનેક વાર જેલ મોકલ્યા હતા. ઈ. સ. ૧૯૩૮માં હું જ્યારે કાશ્મીરમાં હતો, ત્યારે રાજ્યમાં ચાલતી અંધાધૂંધી પ્રત્યક્ષ જોવાનો પ્રસંગ સાંપડેલો. તે વેળા રાજ્યના દીવાન તરીકે શ્રી ગોપાલસ્વામી આયંગર–જેઓ હમણાં નહેરુ સરકારના એક પ્રધાન છે, તે હતા. ચાર દિવસ સુધી શ્રીનગરમાં સંપૂર્ણ હડતાલ હતી. ટેક્સી, ટાંગા વગેરે તમામ વાહનો ચલાવનારાઓએ હડતાલમાં સક્રિય ભાગ લીધો હતો. તમામ બજારો બંધ હતાં અને જાહેર સભા તોડી પાડવા રાજ્યનું ઘોડેસવાર લશ્કર સભા ઉપર દોડાવવામાં આવતું હતું. દમનનીતિ અને લાઠીચાર્જ પણ થતા.

પણ આ તમામ દમનનીતિનો અંત ઈ. સ. ૧૯૪૭માં જ્યારે બ્રિટિશરોએ કાયમની વિદાય ભારતમાંથી લીધી, ત્યારે આવ્યો. પણ કાશ્મીરની કમભાગ્ય પ્રજાના નસીબે બીજી ઉપાધિ લખેલી હતી. સરહદ પ્રાંતના આક્રમણખોરોએ પાકિસ્તાનની સહાયથી કાશ્મીરનો કબજો લેવા નિર્ધાર કર્યો. પાકિસ્તાનની દલીલ માત્ર એક એ હતી, કે કાશ્મીરની પ્રજાનો લગભગ ૭૦થી ૮૦ ટકા જેટલો ભાગ મુસ્લિમ છે, માટે કાશ્મીર પાકિસ્તાન સાથે ભળવું જોઈએ, પણ કાશ્મીરના પ્રધાન શેખ અબ્દુલ્લા બિનમઝહબવાદી છે અને તેમને પાકિસ્તાનનો બે રાષ્ટ્રવાદનો સિદ્ધાંત કબૂલ નથી. પરિણામે જ્યારે કાશ્મીર ઉપર સરહદી ગુંડાઓએ આક્રમણ કર્યું, ત્યારે સર હરિસિંગે શેખ અબ્દુલ્લાને જેલમાંથી છોડી પ્રજાની સરદારી આપી અને ભારત પાસે જઈ આક્રમણખોરો, જે લગભગ શ્રીનગરના દરવાજા સુધી આવી પહોંચ્યા હતા, તેમને હાંકી કાઢવા સહાય માગી. ત્યારથી ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગ વાતાવરણ વધ્યું તે સહુને વિદિત છે.

હવે જોવાનું રહ્યું કે કાશ્મીરની તવારીખ શો પલટો લે છે.

★

કેરીનું રક્ષણ

લેખક :
શ્રી કૃષ્ણદાસ ભ. કોટડાવાળા
બી. એસસી, ડી. એફ. ટેક.

વૈશાખ એટલે તો કેરીનો મહિનો. કુદરતે ઋતુઋતુએ આપણે માટે ઉત્પન્ન કરેલાં બીજાં ફળો આપણે તે તે ઋતુમાં ભલે ન ખાતાં હોઈએ, પરંતુ કેરી એક એવું ફળ છે, જેની નાનાથી માંડીને મોટા અને ગરીબ–તવંગર સર્વે લિજ્જત માણે છે. કેરી પાક્યા પછી થોડાક જ દિવસમાં બગડી જાય છે; અને આપણાં કુટુંબોમાં કેરીનાં અથાણાં સિવાય મોટે ભાગે એનો અન્ય કોઈ ઉપયોગ ન કરી શકવાને કારણે બાકીના આઠેય માસ આપણે આ સાત્ત્વિક ફળની અવનવી વાનગીથી વંચિત રહીએ છીએ. અથાણાં ઉપરાંત પણ કેરીનો કેટલો વિશાળ ઉપયોગ છે અને યોગ્ય સાવચેતી અને બનાવટથી લાંબા ગાળા સુધી સારી રીતે એ કેમ રાખી શકાય છે, તે અહીં બતાવવામાં આવ્યું છે. સમયસરનો આ લેખ ‘અખંડ આનંદ’ના વાચકોને ઉપયોગી નીવડશે.

સ્વાદિષ્ટ ને તંદુરસ્તી આપતું કેરીનું ફળ ઘણા લાંબા કાળથી આપણા દેશમાં જાણીતું છે. દ્વારકાથી દીબ્રુગઢ સુધી, અને છેક ઉત્તર પંજાબથી કન્યાકુમારી સુધી–અને તેથી પણ નીચે સીલોનના ટાપુ સુધી–આ ફળ કેરી, આમ્ર, આંબા અને આમનાં વિવિધ નામોથી -અને વિવિધ જાતોમાં દેખાય છે. આલ્ફોન્ઝો, ગુલાબ–ખસ, પાયરી, હાફુસ, નીલમ, તોતાપુરી, દસેરી, સરોલી, માલગોબા, લંગડા, કૃષ્ણભોગ વગેરે અનેક જાતોનું લાખો એકરમાં વાવેતર છે. કેરી આહ્લાદક સ્વાદને લીધે તથા તેના પૌષ્ટિક ગુણોથી, ફળોના રાજાનું સ્થાન ધરાવે છે.

વર્ષો પહેલાં પરદેશોમાં તેની અગત્ય ખૂબ જ હતી; કારણકે સ્વાદમાં તે અદ્વિતીય છે, અને દૂર દેશોમાં લઈ જતાં તેની પર ખૂબ કિંમત આપવી પડતી. તેમ જ સમય પણ એટલો લાગતો કે ઘણોખરો માલ માર્ગમાં જ બગડી જતો. આજે કેલીફોર્નીઆ, બ્રાઝિલ, વેસ્ટ ઈન્ડીઝ અને કેટલાક આરબ દેશોમાં તેનું વાવેતર સફળ નીવડ્યું છે; અને હવાઈ માર્ગો વધી જવાથી તથા ઝડપી બનવાથી પરદેશોમાં થોડી વધારે કિંમત આપતાં તે મળી શકે છે. પૌષ્ટિક તત્ત્વોની દૃષ્ટિએ કાચી તથા પાકી કેરીમાં રહેલાં અંગો નીચેના કોષ્ટકમાંથી મળશે. દર સો ગ્રામ રસમાં રહેલાં તત્ત્વો તેમાં આપેલાં છે :

જાત	પ્રોટીન ગ્રામમાં	ચરબીઓ ગ્રામમાં	પાણી ગ્રામમાં	કાર્બો-હાઇડ્રેડ ગ્રામમાં	કેલસી-અમ ગ્રામમાં	ફોસ-ફરસ ગ્રામમાં	લોહ મીલી-ગ્રામમાં	વિટામિન ‘એ’ આંતરરાષ્ટ્રીય એકમોમાં	વિટામિન ‘સી’ મીલીગ્રામમાં
કાચી કેરી	૦·૭	૦·૧	૯૦·૦	૮·૮	૦·૦૧	૦·૦૨	૪·૫	૧૫૦	૩૦
પાકી કેરી	૦·૬	૦·૧	૮૬·૧	૧૧·૮	૦·૦૧	૦·૦૨	૦·૩	૪૮૦	૧૩

આ ફળના વાવેતરમાં મોટો ગેરફાયદો એ છે કે તેની પુખ્ત અવસ્થાએ તે પહોંચે તે પહેલાં તેનો ૭૫ ટકા ભાગ ઝાડ પરથી ખરી પડે છે. પાકની વિપુલતા સામે જોરદાર પવન, હીમ અને વર્ષા મોટાં નડતરો છે. કવખતે ખરી પડેલાં ફળોનો ઉપયોગી રીતે

નિકાલ કરવા, તથા મોસમમાંના વધારે પડતા પાકમાંથી ફળને સંગ્રહીને બિનઋતુમાં અને સમગ્ર દેશમાં યોગ્ય રીતે આપવા વિવિધ ઇલાજો યોજાયા છે.

મૂળ તત્ત્વ સાચવીને બારેમાસ તાજાં ફળનો આસ્વાદ આપવાની શ્રેષ્ઠ રીત તો ડબ્બામાં ભરવાની જ છે. એ ઉપરાંત કેરીમાંથી અથાણાં, મુરબ્બા, ચટણીઓ, જામ, જેલી, પનીર વગેરે પણ બનાવાય છે, અને તે બનાવટોમાં થોડેઘણે અંશે ફળનો સ્વાદ સચવાય છે—જો કે તેઓમાં ફળનાં ઘણાંખરાં વિટામિનો અને બીજાં પૌષ્ટિક દ્રવ્યોના મોટા ભાગનો નાશ થઈ જાય છે. કાચી અને પાકી કેરીના સંરક્ષણની વિવિધ રીતો છે.

(अ) કાચી કેરીઓની બનાવટો:

કાચી કેરીમાંથી તૈયાર થતી બનાવટો આ છે:

(૧) આંબોળિયાં અને આમચૂર, (૨) અથાણાં, (૩) ચટણીઓ, (૪) જામ, (૫) જેલી, (૬) પનીર, (૭) રસ અને (૮) મુરબ્બા.

૧. આંબોળિયાં અને આમચૂર: સામાન્ય રીતે આ બનાવટો માટે ઝાડ પરથી ખરી પડેલાં ફળોનો ઉપયોગ થાય છે. ફળોની છાલ કાઢીને કકડા કરીને તેને તાપમાં સૂકવાય છે. સૂકવવાથી તૈયાર થયેલાં આંબોળિયાંને બંધ વાસણોમાં ભરીને રખાય છે.

આંબોળિયાંને દળીને આમચૂરની ઝીણી ભૂકી બનાવાય છે અને તેને સખત બંધ કરેલાં પાત્રોમાં રખાય છે. દાળ, શાક, ચટણી, કઢી વગેરેની બનાવટોમાં સ્વાદ અને સોડમ આણવા માટે બંને પદાર્થ વપરાય છે.

૨. અથાણાં: હિંદભરમાં ઘરઘરમાં વિવિધ બનાવટોનાં કેરીનાં અથાણાં જોવા મળે છે, અને સામાન્ય રીતે તેઓમાં મીઠું, ગોળ કે ખાંડ અને રાઈનું તેલ કે સરસવ સાથેની ફળની મેળવણી હોય છે. પંજાબ જેવા કેટલાક પ્રદેશોમાં તેલને સ્થાને સરકો (અં. વીનેગાર) પણ વપરાય છે. કેરીનાં અથાણાંની બનાવટ માટે નીચે બતાવેલી એક સારી રીત છે:

પાકેલાં, પરંતુ કચાશ પડતાં ફળો લેવાં. ધૂળ, ગુંદર અને માટીને દૂર કરવા તેમને બરાબર ધોવાં. તે પછી ફળની ચાર ઊભી ચીરો કરવી અને ગોટલાવાળા ભાગને કાઢી નાખવો.

પ્રમાણ : કાપેલાં ફળ—૨ રતલ
મીઠું—૦ાા રતલ
મેથી–ભરડેલી—૦। રતલ
હળદળ–દળેલી—૧ ઔંસ
લાલ મરચાં–ભૂકી—૧ ઔંસ
વરિયાળી આખી—૧ ઔંસ
સરસિયું અથવા રાઈનું તેલ—જરૂર પ્રમાણે.

ઉપરના પ્રમાણમાં ચીજો લઈને અથાણું બનાવી શકાય છે. ચીરોને જરૂરી મીઠા સાથે બરાબર હલાવીને માટીનાં વાસણોમાં અથવા કાચની બરણીઓમાં રાખીને ૬–૭ દિવસ તડકામાં રાખવામાં આવે છે. આ સમયમાં ચીરોમાંથી પાણી નીકળી જશે, અને કેટલુંક પાણી સુકાઈ જશે. તે પછી તેમની સાથે બીજા પદાર્થોને મેળવીને બરાબર હલાવવામાં આવે છે. અથાણાંને કાચની અથવા માટીની બરણીઓમાં ભરીને તેમને સખત બંધ કરવી. સારા સ્વાદ માટે, તેમ જ બગાડ અટકાવવા માટે એટલું જરૂરી છે, કે અથાણાં પરની સપાટીને તેલથી ઢાંકવી જોઈએ. અથાણામાં ગળપણ લાવવા માટે પસંદગી અનુસાર ગોળ કે ખાંડ પણ મેળવી શકાય.

૩. ચટણીઓ: દેશભરમાં પ્રદેશ અનુસાર કેરીની ચટણીઓમાં પણ વૈવિધ્ય જણાય

છે. નીચે એક રીત અપાઈ છે:

પ્રમાણ: છોલેલી કેરી—૨ રતલ
ખાંડ—૧૦ ઔંસ
આદું—૪ ઔંસ
લસણ—૪ ઔંસ
મીઠું—૩ ઔંસ
લાલ મરચાંની ભૂકી—$\frac{1}{2}$ ઔંસ
સરકો—જરૂર અનુસાર

કેરીઓને કાપીને તથા ગોટલાને કાઢી નાખીને ચીરોમાંથી ઝીણા કકડા કરવા અને ખરલદસ્તાથી તેમની અર્ધપ્રવાહી લાઈ કરવી. તેની અંદર વાટેલાં આદું તથા લસણ નાખવાં, અને પછી તે મિશ્રણની સાથે દળેલું મીઠું, ખાંડ અને મરચાંને હલાવીને ભેળવવાં. આ મિશ્રણને તડકામાં ૪–૫ દિવસ રાખવું, અને પછી કાચની બરણીઓમાં ભરવું. બાટલીઓમાં ઉપરની સપાટી પર સરકો રહે તે રીતે તેને ઉમેરવો, અને પછી તેમને મજબૂત બંધ કરવી. આ ચટણી મહિનાઓ સુધી બગડ્યા વિના રહી શકે છે.

૪. કાચી કેરીનો જામ: કેરીઓને બરાબર ધોઈને છાલ ઉતારવી અને ગોટલાને કાઢી નાખીને કકડા કરવા. ખરલદસ્તાથી વાટીને તેમાંથી બારીક લાઈ બનાવવી. આ લાઈના જેટલી જ ખાંડ લઈને બન્નેને ભેળવીને મિશ્રણને ગરમ કરવું. ઉષ્ણતામાન ૨૨૨ અંશ ફેરનહીટ પહોંચે, ત્યારે ગરમી આપવી બંધ કરવી, અને તે વખતે દર દસ રતલ લીધેલી લાઈ માટે ૧ ઔંસ સાઈટ્રિક ઍસિડ ઉમેરવો. જામની ખુશબો વધારવા માટે દર દસ રતલ લીધેલી લાઈમાં ૧ ઔંસ કાચી કેરીનું એસેન્સ પણ ઉમેરી શકાય, અને તે છેક છેવટે ઉમેરવું. સાફ અને સૂકી કાચની બરણીઓમાં જામને સહેજ ઠરવા દઈને ભરવો. બરણીઓને મજબૂત બંધ કરવી. કેટલીક વખત જામ ઠરી ગયા પછી તેના પર પેરેફીનનું પડ પણ લગાડીને પછી બરણીઓને બંધ કરાય છે, જેથી કરીને લાંબા સમય સુધી તે ટકી શકે છે.

૫. જેલી: કોઈ પણ ફળનાં જામ અને જેલી વચ્ચેનો પ્રાથમિક તફાવત એ છે, કે જામમાં ફળના કકડાનો ઉપયોગ થાય છે, જ્યારે જેલીમાં ફળને પાણીમાં ઉકાળીને તેનું સત્ત્વ જ લેવાય છે.

જેલી માટે કેરીની છાલ ઉતારવી અને કકડા કરવા. કકડા જેટલા જ વજનના પાણી સાથે તેને કલાક જેટલા સમય માટે ઉકાળવા. પછી જાડા કપડા મારફત ગાળણ કરવું. ગાળેલાં સત્ત્વ જેટલી જ તેમાં ખાંડ ભેળવીને મિશ્રણને ૨૨૧ અંશ ફેરનહીટ ઉષ્ણતામાન સુધી ગરમ કરવું. આ ઉષ્ણતામાને ગરમી આપવી બંધ કરવી અને તે વખતે દર દસ રતલ સત્ત્વ દીઠ એક ઔંસ સાઈટ્રિક ઍસિડ ઉમેરવો. જામની માફક સોડમ માટે તેમાં પણ દર દસ રતલ સત્ત્વ દીઠ એક ઔંસ કાચી કેરીનું એસેન્સ છેક અંતમાં ઉમેરવું. સાફ અને સૂકી કાચની બરણીઓમાં જેલી ભરવો, અને ઠંડો થાય એટલે બરણીઓને મજબૂત બંધ કરવી. પારદર્શક લાગતો જેલી બાટલીઓમાં શોભે છે. તે પોચો હોય છે, પરંતુ પ્રવાહીની માફક વહેશે નહિ. તેને અડતાં તેને ધ્રુજાવી શકાય છે, ચપ્પાથી કાપી શકાય છે, અને કપાયેલી ધારો કાચની જેમ ચકચકિત હોય છે.

જામ તથા જેલી બન્ને રોટલી તથા પાંઉ સાથે ખવાય છે.

૬. કેરીનું પનીર: જેલી કરતાં કડક ચાસણી કરીએ તો પનીર થાય. એ ઉપરાંતનો તફાવત પનીરમાં ઘી ઉમેરવાનો છે. એસિડની ઉમેરણી પછી જેલીને ૨૨૫ અંશ ફેરનહીટ સુધી વધુ ગરમ કરવો, અને તે ઉષ્ણતામાને તેમાં થોડું ઘી ઉમેરીને હલાવવું.

થાળીની સપાટી પર થોડું ઘી ચોપડવું, અને તેમાં તૈયાર થયેલા પનીરને ઠારવું. ઠરી ગયા પછી તેમાંથી ચપ્પુની મદદથી પટ્ટળિયા કકડા કાપવા અને તેને ચોકલેટની માફક કાગળમાં વીંટાળવા.

કેરીની જામ, જેલી અને પનીરની ત્રણે બનાવટોમાં થોડો ખાદ્ય લીલો રંગ ઉમેરવાથી આકર્ષણ વધારી શકાય છે.

૭. **કાચી કેરીનો રસ:** કૌટુંબિક ઉપયોગ માટે દાળ, શાક અને કઠોળોના ખાણાઓમાં ખટાશ તથા સોડમ લાવવા માટે આ ઉપયોગી બનાવટ છે. કાચી કેરીઓના કકડાઓને છૂંદીને તથા કપડાથી ગાળીને રસ મેળવવામાં આવે છે. રસ ભરીને કાચની બાટલીઓને મજબૂત બંધ કરવી. દર સો રતલ રસમાં એક ઔંસ પોટાશિયમ મેટા-બાઈસલ્ફાઈટ ઉમેરીને પછી ભરવો, જેથી કરીને એક વરસ સુધી તે બગડશે નહિ.

૮. **મુરબ્બો:** પૂરેપૂરી પાકી હોય પરંતુ સહેજ કઠણ હોય એવી કેરીઓની પસંદગી કરવી. ફળને બરાબર ધોવાં અને છાલ ઉતારીને ચપ્પુથી આકર્ષક ઊભી ચીરો કાપવી. ચીરોને નરમ થાય ત્યાંસુધી પાણીમાં ઉકાળવી અને પછી લાકડાની સોયથી તેમાં થોડાં કાણાં પાડવાં, જેથી કરીને તે સહેલાઈથી ખાંડની ચાસણીને ચૂસી શકશે.

સરખા પ્રમાણમાં ખાંડ અને પાણી લઈને ચાસણી કરવી. તેમાં થોડો સાઈટ્રિક ઍસિડ પણ ઉમેરવો. પછી આ ચાસણીમાં કેરીની ચીરોને ઉકાળવી અને ૨૨૪થી ૨૨૫ અંશ ફેરનહીટ ઉષ્ણતામાન આવે ત્યાં સુધી ગરમી આપવી ચાલુ રાખવી. અંત વખતની ખબર ત્યારે પડે કે જ્યારે બે આંગળી વચ્ચે ચાસણી રાખીએ અને આંગળીઓ છૂટી પાડીએ ત્યારે ત્રણચાર તાર થાય. અંતમાં કેસરનું જલદ દ્રાવણ અને તજના કકડા ઉમેરાય, જેથી કરીને મોહક સોડમ ઉપજાવી શકાય. બનાવટને તે પછી ઠંડી પડવા દેવી અને ચોખ્ખી, સૂકી, કાચની બરણીઓમાં ભરવી. બરણીઓને મજબૂત બંધ કરવી.

૯. **પાકી કેરી:** ફળસંગ્રહનાં કારખાનાંઓ પાકી કેરીની સારી જાતોની વપરાશ કરે છે, અને સામાન્યપણે તેઓ તેને રસ અથવા ચીરોના રૂપમાં ડબ્બાઓમાં બંધ કરે છે. સુપ્રસિદ્ધ સીંગાપુરી અનનસના ડબ્બા માફક આપણા કેરીના ડબ્બાઓ પરદેશી બજારોમાં સારું આકર્ષણ જમાવી શકે, અને તે માટેના પ્રયાસો ખૂબ આવકારપાત્ર છે.

પ્રાથમિક ધોલાઈ થયા પછી કેરી પરની છાલ ઉતારીને તેમાંથી આકર્ષક ચીરો કપાય છે, અને તેમને ડબ્બાઓમાં નિયત વજનથી ભરાય છે. ડબ્બાઓની અંદર તે પછી ૪૦ ટકા ખાંડની ગરમ ચાસણી એવી રીતે ઉમેરાય છે, કે ડબ્બાઓનાં મથાળાંમાં અર્ધાથી પોણા ઇંચની ખાલી જગા રહે. રસ માટેની કેરીમાંથી રસ કાઢીને તેને પણ એવી જ રીતે ડબ્બામાં ભરી શકાય છે.

ડબ્બાઓને વરાળની પેટીમાં પસાર કરવામાં આવે છે, જેથી કરીને તેમાંથી થોડી હવા નીકળી જઈને તેનું સ્થાન વરાળ લે છે. હવે તેમને ‘સીમર’ નામના યંત્રથી બંધ કરાય છે. પછી તે ડબ્બાઓને જીવાણુ-નાશ માટે વરાળમાં અથવા ઊકળતા પાણીમાં ૧૨થી ૧૫ મિનિટ રખાય છે, અને પછી પાણીથી ઠંડા કરવામાં આવે છે. હવે તેના પર લેબલ લાગે છે. ડબ્બા ઠંડા થાય એટલે તેમાં રહેલી વરાળનું પાણી થતાં અવકાશ (અં. વેક્યુમ) પેદા થાય છે.

પાકી કેરીમાંથી નીચે મુજબની બનાવટો થઈ શકે છે:

(૧) કેરીનો સ્ક્વૉશ, (૨) જામ, (૩) આમ પાપડ, (૪) હલવો અને (૫) ગોટલી-

માંથી કાંજી.

૧. કેરીનો સ્ક્વોશ: પૂરી પાકેલી અને રસથી ભરપૂર કેરીઓ લેવી. ધોળીને ધોયા પછી તેમાંથી રસ કાઢવો અને તેને કપડાંથી ગાળવો, જેથી કરીને રેસા દૂર થશે અને રસ એકસરખો બનશે.

પ્રમાણ : કેરીનો રસ–૪ રતલ
ખાંડ–૬ રતલ
પાણી–૪ રતલ
સાઈટ્રિક ઍસિડ–૩ ઔંસ
પોટેશિયમ મેટાબાઈસલ્ફાઈટ–૪ ગ્રામ

ચાર રતલ પાણીમાંથી થોડું લઈને તેની અંદર ઍસિડ અને મેટાબાઇસલ્ફાઈટ ઓગાળવા. તે પછી આ દ્રાવણ સાથે કેરીનો રસ, ખાંડ અને બાકીના પાણીની મેળવણી કરીને ખૂબ હલાવવું, એટલે સ્ક્વોશ તૈયાર થશે. સ્ક્વોશને સાફ અને સૂકી શીશીઓમાં ભરવો અને શીશીઓને મજબૂત બંધ કરવી. ઉનાળામાં તેમ જ ચોમાસામાં આ પીણાથી લહેજત મળે છે. આ પીણું એક વર્ષ સુધી ટકે છે.

૨. જામ: રસની કેરીમાંથી રસ કાઢીને અને કાપવાની કેરીમાંથી નાના કકડા કરીને તેમાં રસ અથવા કકડાઓના પોણા ભાગની ખાંડ ઉમેરવી. મિશ્રણને ૨૨૧ અંશ ફેરનહીટ સુધી ગરમ કરવું. દર દસ રતલ રસ અથવા ચીર દીઠ એક ઔંસ સાઈટ્રિક ઍસિડ તે વખતે ઉમેરવો. પછી આ જામને કાચની બરણીઓમાં ભરવો. જામ ઠંડો પડે એટલે બરણીઓને મજબૂત બંધ કરવી.

૩. આમ પાપડ: કેરીના રસનો જથ્થો હોય ત્યારે ગામડાંઓમાં સાદડીઓ પર સૂકવીને તેનો પાપડ બનાવાય છે. આ રીત તંદુરસ્ત નથી.

દર સો રતલ રસ દીઠ એક ઔંસ પોટાશિયમ મેટાબાઈસલ્ફાઈટ ઉમેરીને તેને કલાઈવાળી લોઢાની તાસમાં તડકામાં સૂકવવો. સૂકવણી દરમિયાન રસ બગડે નહિ, અથવા તેમાં આથો ન આવે તે માટે મેટાબાઈસલ્ફાઈટ મેળવવું જરૂરી છે. રસ સુકાય એટલે પાપડ કાઢી લઈને બીજો રસ સૂકવવો. પાપડને મજબૂત બંધ કરેલાં પાત્રોમાં રાખવાં જોઈએ.

૪. હલવો: સારી જાતના ગળેલા રસમાં ૦·૧ ટકા સાઈટ્રિક ઍસિડ નાખવો અને પોણા ભાગની ખાંડ ઉમેરવી. આ મિશ્રણને ૨૨૪ અંશ ફેરનહીટ સુધી ગરમ કરવું, અને તે ઉષ્ણતામાને રસના દર રતલ દીઠ એક ચમચી ઘી ઉમેરવું. ૨૨૫ અંશ ફેરનહીટ સુધી ગરમી ચાલુ રાખવી અને પછી હલવાને ઠંડો કરીને પહોળા મોઢાની કાચની બરણીઓમાં ભરવો. બરણીઓને મજબૂત બંધ કરવી.

૫. ગોટલામાંથી કાંજી: કેરીના ગોટલામાંની ગોટલી કાંજીથી ભરપૂર છે. આ કાંજીને દળીને લોટ મેળવાય, અને આ લોટને બીજા લોટ સાથે ભેળવીને રોટલી બનાવી શકાય. શેકેલી ગોટલી પણ સ્વાદિષ્ટ લાગે છે.

★

એકવાર ફૂલોને વિચાર થયો, 'દરેક વખતે આપણે જ પથ્થરની પૂજા કરવી પડે એમાં ભારે અન્યાય છે!' એમ વિચારીને ફૂલો રિસાઈ બેઠાં. કુદરતે કહ્યું:

'તમારે પથ્થરની પૂજા ન કરવી હોય તો પથ્થર તમારી પૂજા કરશે; પણ દુનિયાને પૂજા કર્યા વિના ચાલશે નહિ.'

ફૂલોએ હર્ષમાં આવી આ ફેરફાર કબૂલ કરી લીધો. પણ જેમ જેમ એકેક પથ્થર એકેક પુષ્પ ઉપર પડવો શરૂ થયો તેમ તેમ દરેક પુષ્પ ચોળાઈને છૂંદાઈ જવા લાગ્યું. આખરે ત્રાસી જઈને ફૂલો બોલી ઊઠ્યાં: 'માફ કરો, અમારે પૂજાવાનું આ માન નથી જોઈતું. પૂજા કરાવવા કરતાં અન્યની પૂજા કરવામાં જ વધારે સુખ સમાયું છે.'

—વી. એસ. ખાંડેકર

×

મહારથી કર્ણ

અનુવાદક :

શ્રી. શરદિંદુ શ્રોફ

પ્રથમ દૃશ્ય

પાત્રો : શ્રીકૃષ્ણ...અર્જુન...કર્ણ

[અસ્તાચળ તરફ પ્રયાણ કરતા ભગવાન ભાસ્કરનાં અંતિમ કિરણો કુરુક્ષેત્રની રક્તરંગી ભૂમિ પર પડેલા ઘાયલ યોદ્ધાઓ પ્રત્યે દીનભાવથી જોઈ રહ્યાં હતાં. મહાદાનવીય રાજ્યલાલસાની યુદ્ધ-આહુતિમાં અનેક ભારતીય વીરોનાં બલિદાન દેવાઈ ગયાં હતાં, દેવાઈ રહ્યાં હતાં. મહાભારતની મહાવિનાશકારી જ્વાળા, ભારતના અણુઅણુમાંથી પ્રજ્વલિત થઈ આંતરરાષ્ટ્રીય પ્રદેશો સુધી તેની ઝાળ પહોંચાડતી હતી. યુદ્ધના પંદરમા દિવસનું સંધ્યાટાણું છે. દિવાકરનાં સોનેરી કિરણોની વિદાય સાથે આજના યુદ્ધની ઇતિશ્રી થઈ ચૂકી છે. કુરુક્ષેત્રની રક્તવર્ણ ધરા [illegible], માનવીય લાશો, જર્જરિત મૃતપશુઓ, અસ્તવ્યસ્ત ઘાયલો અને ભાંગ્યાંતૂટ્યાં અસ્ત્રશસ્ત્રોની [illegible] સમી, બીભત્સ વાતાવરણને ભયંકરતાનો ઓપ ચઢાવે છે. ચારે તરફ નીરવતાનું સામ્રાજ્ય છવાયેલું છે. ક્યારેક કૂતરાંઓનાં કરુણ રુદન, શિયાળવાંના ચિત્કારો, ગીધ-સમડીઓના ફફડાટો કે મૃત્યુ અને જીવનની સાઠમારીમાં, ખેંચતાણમાં રિબાતા ઘાયલોની ચીસો વાતાવરણની, પેલી ચતુર્દિશવ્યાપિની નીરવતાનો ભંગ કરી જાય છે. બરાબર તે સમયે, શ્રીકૃષ્ણ ભગવાન અને પાંડવવીર અર્જુન, રણક્ષેત્રમાં પ્રવેશ કરે છે.]

અર્જુન : ભગવન્! આપ અહીં ક્યાં આવ્યા?

શ્રીકૃષ્ણ : કેમ, ડર લાગે છે?

અર્જુન : ના, ના, જ્યાં સુધી અર્જુનના હાથમાં ગાંડીવ છે અને વળી મધુસૂદન સહાયક છે, ત્યાં સુધી અર્જુનને કોઈનો ડર નથી. ત્રિલોકમાં તેને ડરાવી શકે તેવી કોઈ શક્તિ અસ્તિત્વ ધરાવતી નથી.

શ્રીકૃષ્ણ : તો પછી અહીં આવવાથી આશ્ચર્ય કેમ થાય છે?

અર્જુન : આશ્ચર્ય નહિ મધુસૂદન, ખેદ!

શ્રીકૃષ્ણ : ખેદ?

અર્જુન : હા, આપણા પ્રિયજનોની આ અવસ્થા ઉપર મને ખેદ જ થવો જોઈએ. આ હાથ પિતામહને વીંધી શકે છે. ગુરુ દ્રોણનો શિરચ્છેદ કરી શકે છે. મહાવીર કર્ણને ધરાશાયી કરી શકે છે અને નયનો તેનું અવલોકન પણ કરી શકે છે. પણ અહીંનું આ દૃશ્ય...મારાથી જોયું નહિ જાય. મધુસૂદન! ......નહિ જોવાય...

શ્રીકૃષ્ણ : ભાવનાના પૂરમાં તણાઈ ન જા, અર્જુન! ભાવનાઓથી કર્તવ્ય શ્રેષ્ઠ છે, ભૂલી ગયો ગીતાનું એ વાક્ય.

અર્જુન : યાદ છે. ગાંડીવમાંથી છૂટેલા તીરથી, શત્રુઓની છાતી પર અંકિત થતાં નિશાનની જેમ બરાબર સ્પષ્ટ અને સુરેખપણે, સ્મૃતિપટ ઉપર અંકિત છે.

શ્રીકૃષ્ણ : છતાં ય આ મોહ શા માટે?

અર્જુન : મોહ! મોહ નહિં પ્રભુ! આ દૃશ્ય જોઈને હૃદયમાં, આ નાશવંત જીવનની ક્ષણભંગુરતા પ્રત્યે વિરક્તિનો પ્રાદુર્ભાવ થાય છે.

શ્રીકૃષ્ણ : (મંદ સ્મિત કરતાં) વિરક્તિ? તું જેને વિરક્તિ કહે છે, અર્જુન! એ ચંચળ પ્રવૃત્તિની એક વિકૃત રૂપરેખા છે. એ આપણી અનુકૂળ પરિસ્થિતિઓમાં હૃદયમાં સ્થિતસંચારી ભાવોની પ્રેરણા વડે જન્મી માનવ વિચારશૃંખલાની કડીઓને- જર્જરિત કરી દે છે અને પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં પણ વીજળીના ચમકારની માફક સ્વયં લુપ્ત થઈ જાય છે.

અર્જુન : (આશ્ચર્યથી) ભગવન્!

શ્રીકૃષ્ણ : હા અર્જુન! આવો આપણે જઈએ.

અર્જુન : પણ ક્યાં...?

શ્રીકૃષ્ણ : ત્યાં, જ્યાં મહારથી દાનવીર કર્ણ સરખા યોદ્ધાઓ છિન્નભિન્ન અવસ્થામાં મૃત્યુનું આવાહન કરી રહ્યા છે.

અર્જુન : ‘મહારથી!’ ‘દાનવીર!’ પ્રભુ! આપના મોઢામાંથી આવા શબ્દો કર્ણને માટે શોભે છે?

શ્રીકૃષ્ણ : કેમ? શું તું કર્ણને મહારથી નથી માનતો? દાનવીર નથી સમજતો?

અર્જુન : કર્ણ કદાચ મહાવીર હોઈ શકે, મહારથી નહિ. દાનવીર અને તે પણ એ શૂદ્રપુત્ર! સ્વપ્ને ય ખ્યાલ ન આવે એવી બીના છે.

શ્રીકૃષ્ણ : ભૂલે છે અર્જુન! કદાચ તેં યુદ્ધમાં કીચડમાં ખૂંપી ગયેલા રથના પૈડાને કાઢવામાં પ્રયત્નશીલ, શસ્ત્રહીન કર્ણને તારા ગાંડીવથી છિન્નભિન્ન કર્યો હશે, સંભવ છે કે એ અભિમાનને વશ થઈ તું મહારથી કબૂલ નહિ કરે. પણ તને ખબર નથી કે કર્ણને ધરાશાયી કરવામાં એકલા તેં જ નહિ, કંઈક બીજી શક્તિઓએ પણ ભાગ ભજવ્યો છે. અને એ બધાયને બાદ કરતાં કર્ણના પરાજયનું મૂળ કારણ તો તેની દાનવીરતા છે...

અર્જુન : હેં? મને વિશ્વાસ નથી આવતો.

શ્રીકૃષ્ણ : પ્રત્યક્ષને પ્રમાણની આવશ્યકતા નથી. આવ ધનંજય! હું તને કર્ણના મહાન વ્યક્તિત્વનો પરિચય કરાવું.

અર્જુન : ચાલો.

[પડદો]

બીજું દૃશ્ય

સ્થળ : કુરુક્ષેત્રની રક્તભીની ભૂમિ.

સમય : સંધ્યાકાળ.

[બે સાધુઓ પ્રવેશ કરે છે.]

અર્જુન : ભગવન્! આ વેશમાં તો કુંતામાતાજી ય આપણને ઓળખી ન શકે. બરાબર જાણે ભિક્ષુક.

શ્રીકૃષ્ણ : હા અર્જુન! સાવધાન! જે સામે અંગરાજ કર્ણ મૃત્યુની રાહ જુએ છે.

[કર્ણની સમીપ જાય છે.]

બન્ને : અંગનરેશનો જય!

કર્ણ : (બંનેની તરફ જોઈને ક્ષીણ સ્વરે) આપ! તમે કોણ છો, મહાનુભાવો?

શ્રીકૃષ્ણ : અમે યાચકો છીએ.

કર્ણ : (ઊઠવાનો પ્રયત્ન કરતાં) ધન્ય ભાગ્ય! જીવનની અંતિમ ઘડીએ, કર્ણ યાચકોનાં દર્શનથી કૃતાર્થ થાય છે, પરંતુ આપ અહીં... આ વાતાવરણમાં કેવી રીતે પધાર્યા!

અર્જુન : યાચકોનું કાર્ય યાચના કરવાનું હોય છે. વેળા-કવેળા જોવાનું નહીં, અંગરાજ! આપ આપની દાનશીલતાને લઈને દેશદેશાંતરોમાં સુપ્રસિદ્ધ છો. અને તેથી જ કંઈક મેળવવાની ઇચ્છાએ આ બાજુના ગામડામાંથી અહીં આવ્યા છીએ. ખબર મળી કે આપ યુદ્ધમાં ઘાયલ થઈને કુરુક્ષેત્રની પવિત્ર ભૂમિમાં પડ્યા છો. દાનવીર કર્ણનાં અંતિમ દર્શન કરવાની ઇચ્છાથી આ યુદ્ધભૂમિમાં ભયાનક દૃશ્યો જોઈ ડરતાં-ડરાવતાં તમારા સુધી આવી પહોંચ્યા.

કર્ણ : (ધીરે સ્વરે) અત્યંત કૃપા થઈ! બોલો, આ જગ્યાએ હું આપની શી સેવા કરી શકું તેમ છું?

શ્રીકૃષ્ણ : અમારે જવભાર સુવર્ણ જોઈએ, અંગનરેશ!

કર્ણ : સુવર્ણ! સુવર્ણ અહીં ક્યાંથી મહારાજ! (કણસતા અવાજે) અહીં તો ચારે તરફ રુધિર... આપ જોઈ રહ્યા છો. તમે મારા મિત્ર દુર્યોધનની પાસે જાવ. અને ત્યાં મારું નામ લઈને જે માગશો તે આપશે.

શ્રીકૃષ્ણ : ચિંતા ન કરો અંગરાજ! અમે તો કેવળ આપનાં દર્શન માટે, આવ્યા હતા. આ તો તમે અમારી ઇચ્છ

…ી તો બતાવી. નહિ તો કંઈ યાચનાની …ત જ ન હતી. હવે જવભાર સુવર્ણ માટે કૌરવ-શિબિર સુધી જઈને આપના મિત્રને …ર્ણ કષ્ટ આપવું ?

અર્જુન: ઠીક ! આજ્ઞા અંગનરેશ ?

[જવાનો અભિનય કરે છે.]

કર્ણ: થોભો યાચક! કર્ણની પાસેથી કોઈ યાચક હજી સુધી નિરાશ થઈને નથી …ો; તમે પણ નહિ જઈ શકો. હું આપને મારા આ મોઢામાંનો સુવર્ણનો દાંત કાઢી …ી તમારી યાચના પૂરી કરીશ…(આજુ-…ુ જોઈને) પેલો પથ્થર મને લાવી આપશો ?

શ્રીકૃષ્ણ: પથ્થર લાવી આપું તેના બદ-…માં તમે મને સોનું આપો, તો તમે દાન …ં કર્યું ?

કર્ણ: કંઈ નહિ, હું લાવું છું… (મહાપરાણે કણસતાં સહજ ખસીને હાથ લંબાવી …ર લાવે છે. જોરથી મોઢાંમાં મારે છે. લોહીની …ધારા છૂટે છે.)

કર્ણ: (દાંત યાચકો તરફ ધરીને) લ્યો યાચક! કર્ણના જન્મનું આ અંતિમ ચિહ્ન, અંતિમ વેળાએ, અંતિમ વાર કર્ણના હાથથી …લ્યો…આજ હું પ્રસન્ન છું…અતિ પ્રસન્ન!

શ્રીકૃષ્ણ: છીઃ છીઃ રાજન્! બુદ્ધિમાન …ને, આ મોઢાનું અજીઠું દ્રવ્ય બ્રાહ્મણને દાનમાં આપો છો? જો આપવું જ હોય તો …ળ વડે શુદ્ધ કરીને આપો.

કર્ણ: જળ…અહીં જળ ક્યાંથી? મરતા …ીના ગળામાં ટીપું રેડવા માટે નથી …ાં…યુદ્ધભૂમિમાં…જ્યાં પાણી વિના કેટ…ય જીવ તરફડીને મરણને શરણ થાય છે. …ાં પાણી ક્યાંથી લાવું ! (યાચકો તરફ ભીની …ે જુએ છે) હા…આપના કમંડળમાંથી …ા પાણી રેડો…!

શ્રીકૃષ્ણ: યુદ્ધભૂમિ પર સંજીવન ગણાતું …ણ હું શુદ્ધિ અર્થે તમને આપું અને તમે મને બદલામાં સુવર્ણ આપો તો તમે દાન શું કર્યું ?

કર્ણ: (જમીન પર દુઃખથી માથું નાખી દે છે) જળ…ક્યાંય જળ નથી…શું કરું…(કણસવાનો અવાજ વધે છે) બાણગંગા…હા…બરાબર…મહારાજ! (અને મહાબળાત્કારે રથનું ચક્ર પકડી અર્ધો ઊભો થાય છે.) પેલું ધનુષ્ય અને બાણ આપો ને?

શ્રીકૃષ્ણ: એ ધનુષ્ય-બાણ! નહિ રાજન્! નહિ. રુધિરમાં ખરડાયેલું ધનુષ્ય…એને અમે સ્પર્શ ન કરી શકીએ, રાજન્!

કર્ણ: ઠીક…હું સ્વયં લઈ આવીશ…

[ભૂમિ પર ઘસડાતાં જઈ ધનુષ્ય-બાણ લાવે છે. મહાપરાણે તે બાણ ચઢાવે છે. થોડીક વાર મંત્રોચ્ચાર કરી ‘જય મા પતિતપાવની ગંગે હરગંગે…હરગંગે ય…’ કહી જોરથી ધરતી પર બાણ છોડે છે. ચારે દિશાઓમાં વજ્રપાત થયો હોય તેવો કડાકો થાય છે. ચારે દિશામાં પડછંદા પડે છે. શ્રીકૃષ્ણ અર્જુનને ઇશારત કરે છે. સાતસાત પાતાળ વીંધીને બાણ . ગંગાના તળ સુધી પહોંચે છે અને એજ પ્રવેશદ્વારમાંથી ‘બાણગંગા’ તીવ્ર ધારણરૂપે વહી જાય છે.]

કર્ણ: (વંદન કરીને) જય મા પતિતપાવની! આજ તેં મારી લાજ રાખી. (સુવર્ણદાંત શુદ્ધ કરે છે) લ્યો યાચક! તમારી યાચના પૂર્ણ થઈ.

અર્જુન: હા કર્ણ! અમારી યાચના પૂરી થઈ, સાથેસાથે તમારા પ્રત્યે મારા અવિશ્વાસની કાલિમા પણ દૂર થઈ. મારું અભિમાન પણ ઓગળી ગયું. (સ્વગત) બરાબર છે! સાચે જ કર્ણ મહારથી છે. મહારથી કર્ણને મેં નથી હણ્યો. એ મારી શક્તિ નથી. જીવનની છેલ્લી ઘડીએ શક્તિહીન ભુજાઓમાં જીવલેણ ઘાયલ અવસ્થામાં જે સાતસાત પાતાળ વીંધી ‘ગંગા પ્રાકટ્ય’ કરી શકે છે, તેવા ‘મહારથી કર્ણ’ને હું તો શું, મારા જેવા સાતસાત અર્જુન હણવાને સમર્થ નથી.’ (પ્રકટ) ધન્ય છે અંગરાજ! તમારા શૌર્યને

જોયેલું ને જાણેલું

રખેવાળ

અમે ઘરને બીજે માળે રહીએ છીએ. રાત્રે ઓશરીમાં કુટુંબનાં બધાં માણસો બેઠાંબેઠાં વાતો કરતાં હોઈએ. પિતાજીની ઉંમર થઈ એટલે તેઓ રાત્રે જમતા નથી પણ અલ્પાહાર કરે છે. બાંકડા ઉપર એ બેઠા હોય, અમે સૌ ઓશરીમાં છૂટેછૂટે સ્થળે બેઠા હોઈએ.

એક દિવસ એક કાળો કૂતરો ઘરમાં ઉપર ચડી આવ્યો. આવીને બેસી ગયો. તેને કાઢવા કાંઈક શોર કર્યો તો તે ગયો નહિ, એટલે અમારામાં એકે ઊઠી તેને બહાર કાઢવાનો પ્રયાસ કર્યો. પણ જેવો તે ઊભો થયો કે ખબર પડી કે તેના માથામાં કાંઈ વાગ્યું છે. પિતાજી ઊઠયા, જોયું તો ઊંડો ઘા હતો અને લોહી ઉપર જીવાત ઊડતી હતી. અમે એને ખાવાનું આપ્યું અને અંદરથી લાલ દવાની (આયોડીનની) શીશીમાંથી પિતાજીએ એ ઘા ઉપર થોડું ટીંચર રેડયું, તુરત તે ભસતોભસતો નાઠો.

બીજે દિવસે પણ તે ફરી આવ્યો અને ફરી પિતાજીએ તેના ઘા ઉપર આયોડીન રેડયું. પછી તો તેને ટેવ પડી ગઈ અને લગભગ એક પૌંડ આયોડીન ખલાસ થતાં તેનો ઘા પણ રુઝાયો.

ઘા રુઝાયા પછી પણ તે કૂતરો હમેશાં ઘરે આવે. ઓશરીમાં કોઈ હોય ન હોય પણ તે શાંત બેઠો રહે. અમે એનું નામ 'કાર્યો' પાડયું.

ઘરમાં એવી એક 'ભૂરકી' બિલાડી
હતી, એ પણ રાત્રે આવતી. કાર્યાના આવ્યા
તે પિતાજીની બાજુમાં ભરાઈ ને બેસતી. ધીમે
પિતાજીએ એ બંનેને નજીક નજીક બેસાડવાના
કરવા માંડયા—અને બેએક મહિના પછી તે
અને ભૂરકી સાવ પાસે બેઠાં હોય! આવો
એ કૂતરો હતો.

એક દિવસની વાત. બધાં મંદિરમાં દર્શન
જાય. ઘરના બધા ઓરડાને તાળું મારે, પણ
બારણું, જે ઓશરીમાં પડે તેને ખુલ્લું રાખે.
કરવામાં કાંઈ ભય જેવું નહોતું; કારણકે બીજા
ઓરડાઓને તાળાં વાસ્યાં હોય. ઓશરીનું
ખુલ્લું રાખવાનો એક જ આશય કે કોઈ
આવે તો ઓશરીમાં બેસી રાહ જુએ.

એ વખતે ગામમાં ચોરીની રાડ પડે. બધાં
બરોબર વાસી તપાસ્યા બાદ અમે બધાં મંદિરે
કૂતરો એ વખતે ઓશરીમાં બેઠો હતો. દૂર
'ભૂરકી' બાઈ પગ ચાટતાં બેઠાં હતાં.
ચોકસાઈ રાખી, આખું ઘર બરાબર બંધ છે તે
અમે મંદિરે ગયાં—પણ ઝૂડો ઓશરીમાં ભુલાઈ

મંદિરમાંથી અચાનક બહેનને આવવાનું
મા પાસે માગે તો મળે નહિ. તુરત
માંડી. મારાં માતુશ્રી તો ગભરાઈ ગયાં,
લેવાનું એ ભૂલી ગયાં હતાં.

તુરત ઘેર આવ્યાં. 'કાર્યો' ઊંઘતો હતો.

ધન્ય છે! તમારી દાનવીરતાને!

કર્ણ: (આશ્ચર્યથી) કોણ? તમે અર્જુન અને તમે...ભગવાન શ્રીકૃષ્ણ... !! (નમસ્કાર કરે છે.)

શ્રીકૃષ્ણ: હા કર્ણ! હું અર્જુનને તારાં પવિત્ર શૌર્ય અને દાનવીરતાનો આદર્શ બતાવા આવ્યો હતો. ધન્ય છે તને! ધન્ય છે માતા વસુંધરાને, જેના ખોળે દાનવીરનો જન્મ થયો.

કર્ણ: પ્રભુ!!

[કહી તેમના ચરણમાં માથું ઢાળી દે છે.
કૃષ્ણ અને અર્જુન કર્ણના તરફ વિહ્વળ દૃષ્ટિએ
રહે છે. દૂર અંધકારભરી રાત્રીના ખૂણેથી
તારો તૂટીને ઉત્તર તરફ ખરી પડે છે.
પ્રકાશનો લિસોટો દોરાઈ જાય છે.]

[પડદો]

★

આવતાંજ તે જાગી ઊઠયો અને પૂંછડી પટપટાવતો હાલ્યો. પોતે જાણી જોઈને અમારા ગયા પછી ઝૂડા ઉપર બેઠો હતો. ઊઠીને પોતાની નીચેથી ઝૂડાને પંજા વતી ખખડાવી તેણે મારી બાનું ધ્યાન ખેંચ્યું. કૂતરામાં આવી અક્કલ ક્યાંથી હોય તે વસ્તુએ અમને ઊંડે વિચારમાં મૂકી દીધાં. ખરેખર, એણે એના ઉપકારનો બદલો વફાદારીથી ચૂકવી દીધો હતો.

પણ બીજેજ દિવસેથી 'કાર્યો' કૂતરો આવતો બંધ થઈ ગયો! આજે પાંચથી છ વર્ષ થઈ ગયાં એનો કાંઈજ પત્તો નથી. ફરજ ચૂકવવા જ આટલો સમય રોકાયો હશે ને?

—પુષ્કર ગોકાણી

કાબેલિયત

ગુજરાતના એક શહેરની એક પ્રખ્યાત શાળાના હેડમાસ્તર પાસે મારા અંગત કામ માટે હું બેઠો હતો, તેવામાં એક સશક્ત અને દેખાવડો, સત્તરેક વરસનો યુવક હાથમાં શ્રીફળ અને સાકરનો પડો લઈ આવ્યો અને હેડમાસ્તર સાહેબના ચરણોમાં મૂકી પગે લાગી આશીર્વાદ માંગ્યા.

હેડમાસ્તર સાહેબ પ્રસન્ન વદને બોલ્યા: 'ભાઈ! તેં યુનિવર્સિટીમાં પહેલા દસમાં આવી મારી શાળાની નામના વધારી છે. હવે મેટ્રિક પછી આગળ શું ભણવું?'

'ના સાહેબ, હવે મારે વેપારમાં જોડાવું જોઈએ, એવી મારા પિતાશ્રીની ઇચ્છા છે.'

'ત્યારે તો તમે તમારી દુકાને જ બેસશો?'

'જી હા, પણ પ્રથમ તો બેંગલોરમાં મારા કાકાની દુકાને તાલીમ લેવા જવું છે.'

'અહીં શહેરમાં પણ તમારા પિતાશ્રીનો મોટો વેપાર છે, તો શા માટે અહીં જ તાલીમ ન લેવી?'

'આપની વાત બરાબર છે સાહેબ, પણ કાકાનો વેપાર બહુ મોટો રહ્યો. 'ઇન્કમટેક્સ' તથા 'સેલટેક્સ'માંથી બચવા માટે ડબલ ચોપડા કેવી રીતે રાખવા અને તેમાંથી કેવી રીતે છટકવું તે બાબતમાં કાકા બેંગલોરમાં બહુ જ પાવરધા ગણાય છે. તેથી જો બે વરસ કાકાની નીચે તાલીમ પામું, તો તો કાકા જેવી જ કાબેલિયત આવી જાય એમ મારા પિતાશ્રી માને છે.'

હેડમાસ્તર અને હું પૂતળા જેવા બની તે વિદ્યાર્થી સામે જોઈ રહ્યા. હેડમાસ્તરના દિલને સખત આઘાત લાગ્યો અને એમનાથી બોલાઈ ગયું: 'શું સાત સાત વરસ વિદ્યાર્થીઓ રાખી મારી શાળા ગુનેગારોનું સર્જન કરી રહી છે? ભાઈ, તમારાં શ્રીફળ ને સાકર પાછાં લઈ જાઓ અને તમારા પિતાને કહો, કે આવા આશીર્વાદ હું ન આપી શકું. તમે અને તમારા પિતા આવા અધર્મથી દૂર રહો તેવી પ્રભુ પાસે પ્રાર્થના છે!'

વિદ્યાર્થી ચાલ્યો ગયો. શિક્ષકને મારી હાજરીમાં પોતાનું આ ભયંકર અપમાન લાગ્યું અને તેમનો ચહેરો નિસ્તેજ બની ગયો. તેઓ મારી સાથે કંઈ વાત કરી શક્યા નહિ, તેથી મેં તેમની રજા લીધી.

હજી પણ હું શિક્ષક, વિદ્યાર્થી અને તેના પિતાના માનસનો વિરોધાભાસ ભૂલી શકતો નથી.

—વ્રજલાલ નરભેરામ મહેતા
બી. એ.

દુઃખ પણ શું છે?

પ્રેયસીની ખાતર રાજપાટ અને શાહી જીવન ફગાવી દેનાર ડ્યુક ઑફ વીન્ડસર અમારી વાતચર્ચાનો વિષય હતો. અમારામાંથી કોઇએ વીન્ડસરના પ્રેમને ભવ્ય અને ઉદાત કહ્યો, તો કોઈએ વીન્ડસરને મૂરખ અને ઘેલો પણ લેખ્યો.

'આ તો તમે ઈતિહાસને પાને ચડેલી વાત કરો છો,' અત્યાર સુધી શાંત બેસી રહેલા ભટ્ટસાહેબ બોલ્યા: 'પણ હું તમને એક અનામીની પ્રેમકથા કહું.' ભટ્ટસાહેબ પોલીસ અમલદાર હતા. તેમના જોયેલા અને જાણેલા પ્રસંગોનું બયાન અમારી વાતોમાં અનેરો રંગ આણતું હતું.

'મારી શરૂની નોકરી એજન્સીની હદ ઉપરથી થઈ. ત્યાં ખેતરોની હદની તકરારોમાં મારામારી અને લૂંટના બનાવોની પરંપરાથી મને નોકરી ઉપર કંટાળો ઊપજવા માંડ્યો હતો. આ અરસામાં નવીનતા આણનારા પ્રસંગની શરૂઆત થઈ.

પડોશમાં રહેતા શેઠના ઘરની પ્રૌઢા સ્ત્રી એક દી મારી પાસે આવી. મને જોઈ લાજ કાઢનારી સ્ત્રીને મારી સમક્ષ જોઈ હું સહજ નવાઈ તો પામ્યો. તેણે રડતાં રડતાં તેના દીકરાને સન્માર્ગે વાળવા આજીજી કરી. 'સાહેબ, તેને મારો, ધાકધમકી આપો,

પણ તેની આ ટેવ ભુલાવો.'

શેઠનો છોકરો પચીસેક વર્ષનો હતો. એકના એક પુંછેવાડના છોકરાને સૌ 'નાનાશેઠ' કહેતા હતા: તેના પિતા ગુજરી ગયેલા હોવાથી તે બાપીકો ધીરધારનો ધંધો સાચવતો હતો. ઢેઢ, ભંગી અને વસવસવાયાઓમાં વધારે ધીરધાર હતી. નાનાશેઠ સવાર–સાંજ ઘરાકોને ઘેર જોય અને ઘરનો ટભારો ચાલ્યા કરતો હતો.

ઓછાબોલા, શાંત અને હસમુખા નાનાશેઠમાં કાંઈ અપલક્ષણ દેખાતું તો ન હતું. આથી તેના સંબંધી સાંભળેલી વાત પણ મારા માન્યામાં તો ના આવી. પણ નદીનાં ઉપરથી દેખાતાં શાંત પાણી ઊંડાણમાં ઘૂમરી લેતાં હોય છે, તેમ સુશીલ દેખાતા નાનાશેઠની એક કુટેવની વાત લોકોમાં છાનીમાની થયા કરતી હતી.

એક મધરાતે રાઉંડ વખતે ઊજળાં કપડાંવાળાને મેં ભંગીવાડ ભણી જતો જોયો. મને નવાઈ લાગી. ઉતાવળા પગે હું પણ તેની પાછળ ગયો. પેલો માણસ એક છાપરીમાં પેઠો.

મેં તડમાંથી છાપરીમાં જોયું તો ઘડીભર મારો શ્વાસ થંભી ગયો. ડૉકટર, નાનાશેઠ ત્યાં હતા! મેલી ગોદડી ઉપર ઊજળા વાનના નાનાશેઠની સુખપ્રભાથી કાજળકાળી એક ભંગી કન્યાનું મોં ચમકતું હતું. તેના ભરાવદાર, સુડોળ મોંમાં ઊજળા દાંત અને ચમકતી સોહામણી આંખો કોઈની પણ નજર દોરે તેવાં હતાં.

બીજા દિવસે મેં શેઠની માને બોલાવી છોકરાને પરણાવી દેવાની સલાહ આપી. મા કહે: 'ન્યાત ખોબા જેવડી છે. પૈસા વેરતાં યે કન્યા મળવી મુશ્કેલ છે.' બપોરના નાનાશેઠને બોલાવી રુઆબભેર અવાજમાં ખૂબ દમદાટી આપી. છેવટે શિખામણના બે બોલ પણ કહ્યા. નાનાશેઠ કશું પણ ના બોલ્યા. તેણે તો નીચું મોં રાખી અંગૂઠાવતી ભોંય ખોતર્યા કરી. કેવો સાલસ છોકરો!

થોડા દિવસ પછી શેઠની માએ આવીને છોકરો સુધરી ગયાની ખબર આપી, મારો ઉપકાર માન્યો. પણ આ તો તોફાન શરૂ થતા અગાઉના શાંત બનતા સમુદ્ર જેવી ઘટના હતી.

ત્રણચાર દિવસ થયાં નાનાશેઠ ઘરમાં આવ્યા ન હતા. માએ સાંભળેલું પણ ખરું કે તે ભંગીકન્યા સાથે પરણ્યો પણ છે. ફળીઆમાં કલ્પાંત અને કરુણ વાતાવરણ જામી ગયું.

કુતૂહલપ્રેર્યો હું સાંજના ભંગીવાસમાં ગયો. લોકો એકઠા થયા હતા. પાયા નીચે ઈંટો મૂકી ઊંચા કરેલા કાથીભરેલા ખાટલામાં ભંગીકન્યા બેઠી નાહતી હતી. ખાટલા નીચે નાનાશેઠ બેઠા હતા. કન્યા નાહી રહ્યા બાદ તેનો બાપ ખાટલામાં બેઠો, નાહ્યો. આ રીતે બીજાઓ પણ નાહવાના હતા.

મારી પાસે ટોળે વળેલા લોકોને પૂછતાં ખબર પડી કે નવાણનું પાણી ઝીલી નાનાશેઠ ભંગીની ન્યાતમાં ભળતા હતા. પ્રેયસીની ઇચ્છા પ્રમાણે પરણતાં પહેલાં નાનાશેઠને ભંગીની ન્યાતમાં ભળવું જરૂરી હતું.

આ પછી સાત વર્ષે...માં હું ડી. એસ. પી. રીડર બન્યો. એક દિવસ સાહેબના બંગલાના કમ્પાઉંડમાં પેસતાં મને જોઈ ભંગડીએ માથે મેલાના ટીન સહિત ઘૂમટો ખેંચ્યો અને મારા જવાની વાટ જોઈ ઊભી રહી. મને આશ્ચર્ય થયું કે વળી મારી લાજ તાણનાર આ ભંગી કોણ! મારી તેના તરફ ખેંચાયેલી નજર જોઈ આઘે ઊભેલો સાહેબનો બબરચી મારી પાસે આવ્યો અને હસતોહસતો કહે: 'કયું સા'બ?'

'વો કૌન હૈ!'

'ભંગી...'

'વો તો દીખાતા હય મગર ઉસકી તપાસ કરો.'

બીજા દિવસે બબરચીએ કહ્યું કે તે...

છે અને નામ સુખલી છે.

વીજળીના ઝમકારામાં જેમ અંધકારમાં પ્રકાશ ફેલાય, તેમ ક્ષણભરમાં મને નાનાશેઠ યાદ આવ્યા. બબરચીને મારાથી સહસા પૂછી જવાયું: '... અકેલી હય.'

બબરચીને મારી પૂછપરછથી સંદેહ પડ્યો. તેણે કપાલમાં કરચલીઓ પડે તેવા ભાવથી કહ્યું: '... ખાવિંદ ભી હય.'

'નહીં સાબ, ઉસકા ખાવિંદ ભી હય.'

'બુલાવ ઉસકો.'

થોડીવારમાં સુખલીના ધણીને સાથમાં લઈ બબરચી આવ્યો. કપાળમાં વીખરાયેલા વાળ, વધેલી દાઢી અને ફાટલું ફૂડતું પહેરેલો જુવાન ખોખરા સાદે 'સલામ સાહેબ' બોલ્યો.

'કોણ નાનાશેઠ?' મારાથી સહસા બોલાઈ

જવાયું. મારી આંખો તેના મોં સામે જડાઈ રહી. તે નીચું મોં રાખી ઊભો રહ્યો. બબરચી પણ અમારું ઓળખાણ જાણી નવાઈ પામ્યો હોય તેમ બોલ્યો: 'મગર ઉસકા નામ લલિયા હૈ.'

ઘડીભર માટે સાત વર્ષ પહેલાંના પ્રસંગો યાદ આવી ગયા. શેઠની માનું કલ્પાંત અને રુદન મારી સામે છતાં થયાં. મેં ભારે સાદે પૂછ્યું :

'તને આ ગમે છે? હાથે કરીને દુઃખી થયો ને?'

'દુઃખ પણ શું છે?' આમ બોલી લલિયો ઉતાવળા પગલે ચાલી ગયો.

*

'મનને બાજુએ મૂકીએ તો દુઃખ જેવી વસ્તુ જ ક્યાં છે?' વેદાંતનું રહસ્ય ઉચ્ચારતા એક મિત્ર હસતાંહસતાં બોલ્યા.

'પણ એમનો સંસાર કેમ ચાલે છે તેની તમે તપાસ ના કરી?' સમાજશાસ્ત્રના અભ્યાસની અદાથી એક મિત્રે પ્રશ્ન કર્યો.

બબરચીના શબ્દોમાં ભટ્ટસાહેબ બોલ્યા :

'ઘરમેં છોટાસા ઝૂલા બનાયા હૈ. ઔર ઉસકી ફોઈ એ હુશ્નકી હુરી કુ જબ બીઠાકે ઝુલાતે હૈ, તબ તો ફકીરકા મુંહસે ભી આહ નીકલ જાયે કે યા ખુદા, ક્યા તેરી કુદરત હૈ!'

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી
ડૉ. ગુણવંત પી. ભટ્ટ

અતિથિ-સત્કાર

લગભગ બે વર્ષ પહેલાં હું જ્યારે મુંબઈની અમારી જ્ઞાતિની બોર્ડિંગમાં રહી અભ્યાસ કરતો હતો, ત્યારે અમે પંદરેક વિદ્યાર્થીઓએ નાતાલની રજાઓમાં ખંડાલાનો પ્રવાસ ગોડવેલો. અમારામાંના એક વિદ્યાર્થીના એક મિત્રનો બંગલો ખંડાલામાં હતો અને તેણે જ્યારે જવું હોય ત્યારે ખુશીથી બંગલાના ઉપયોગ માટે ચિઠ્ઠી આપવા કહેલું.

તેથી અમારામાંથી બે જણા. સવારની ટ્રેનમાં મુંબઈથી ખંડાલા બધી વ્યવસ્થા કરવા ઊપડ્યા અને અમે સૌ સાંજે પૂના મેળામાં ગયા. પરંતુ ત્યાં એવું બનેલું કે ગમે તે કારણસર તે બંગલામાં માલિકના કોઈ કુટુંબીજનો પૂનાથી આવીને રહ્યા હતા; એટલે અમારા બે ભાઈઓએ તે ચિઠ્ઠીનો ઉપયોગ બની શકે તો ન કરવાનું ધાર્યું. બીજે ક્યાં પ્રબંધ કરવો તેની વિમાસણમાં પડી જઈ તેઓ તપાસ કરતા હતા.

ત્યાં આપણા એક ગુજરાતી લોહાણા ભાઈને મળ્યા તેમની પનવેલમાં મિલો હતી અને તબિયતને કારણે ખંડાલામાં રહેતા હતા ગુજરાતી જાણી આવવાનું કારણ પૂછ્યું અને અમારી મુશ્કેલી જાણી પોતે રહેતા હતા તે બંગલામાંથી બે ઓરડા કાઢી આપ્યા. બીજો પણ બધો બંદોબસ્ત કરી સાંજે મેઈલના સમયે પેલા બે જણાની જોડે સ્ટેશને અમને બાકીના સૌને તેડવા પણ આવ્યા. બધાની ઓળખાણ પોતે જાતે માગી લઈ, જાણે તેમના કુટુંબીઓ હોઈએ તેવી રીતે ઘેર લઈ ગયા. અમે બે દિવસ ત્યાં રહ્યા પણ તેમણે કાર્લાની ગુફાઓ જોવા જવા માટે ગાડીથી માંડી ખપોલીના વીજળીઘર જોવા માટે જોઈતી પરમિટ માટે અધિકારી ઉપરનો ભલામણપત્ર બધું ય કરી આપ્યું; અમારી બધી સગવડો સાચવી. જમવા માટે પણ ખૂબ જ આગ્રહ રાખેલો પણ અમે સૌએ સાભાર ના પાડી. આ બધું તેમણે માત્ર અમે વિદ્યાર્થીઓ હતા અને વળી ગુજરાતી તેથી જ. ન કંઈ ઓળખાણ કે ન પિછાન.

ખંડાલાનો અમારો પ્રવાસ સૌને જિંદગીભર યાદ રહે તેવો થયો હતો, પણ જો તે સદ્ગૃહસ્થ ન મળ્યા હોત તો કદાચ આટલો આનંદદાયક ન બન્યો હોત.

ત્યાર બાદ અમે જ્યારે જ્યારે ખંડાલાના પ્રવાસ વિષે વાતો કરતા, ત્યારે તેમના માટે અમને અકથ્ય માન ઉત્પન્ન થતું. અમને સૌને થતું: 'અતિથિ-સત્કારની હિંદુઓની ભાવના આપણા ગુજરાતીઓમાં આવા કપરા સમયમાં પણ કેવી અખંડિત રહી છે! મહાગુજરાતના આવા પ્રતિનિધિઓ હિંદના દરેક ખૂણામાં હોય તો?'

—ગુણવંત એન. મણિયાર

*

સંસારસમુદ્રમાં ફસાયેલા મનુષ્યરૂપી હરણને ઉદ્દેશી 'બિહારી'એ કહ્યું છે: 'હે હરણ! તું આ જાળમાં પડીને અકળાય છે શા માટે? એમાં ફસાયેલો છૂટી શકતો નથી. જેમજેમ એ છૂટવાનાં ફાંફાં મારે છે તેમ તેમ તે વધારે ને વધારે અંદર ગૂંચવાતો જાય છે!'

×

સંપાદકીય

શ્રી સોપાન

ગયા મહિનામાં સૌથી વિશેષ ધ્યાન કાશ્મીરે ખેંચ્યું છે–ડૉ. ગ્રેહામ નિષ્ફળ બની ભારત–પાકિસ્તાનમાંથી પાછા ફર્યા તે કારણે નહિ, પરંતુ કાશ્મીરના મુખ્ય પ્રધાન શેખ અબ્દુલ્લાએ કરેલાં કેટલાંક પ્રવચનોને કારણે. શેખ અબ્દુલ્લાનાં પ્રવચનોએ કાશ્મીરના કોયડાને વધુ જટિલ બનાવ્યો છે, વિરોધીઓને તેમણે એક મજબૂત હથિયાર આપ્યું છે, મિત્રોને એમણે મૂંઝવ્યા છે અને સામાન્ય ભારતવાસીના દિલમાં ચિંતાની લાગણી પ્રગટાવી છે. અત્યારે તો કાશ્મીર ભારત સાથે ત્રણ વિષયો પૂરતું જ જોડાયું છે તે ખરું છે. સંરક્ષણ, વાહનવ્યવહાર અને વિદેશનીતિની બાબતમાં કાશ્મીરને સ્વતંત્ર કશું સ્થાન નથી, ભારત એમાં સર્વોપરી છે; એ ત્રણ વિષયોની મર્યાદામાં ન આવે તેવી બધી જ બાબતમાં કાશ્મીર ભારતથી સ્વતંત્ર છે. કાશ્મીર માટે ભારતે આવા મર્યાદિત જોડાણથી શા માટે સંતોષ માન્યો છે તે સમજવાનું અઘરું નથી. કાશ્મીરનો સવાલ પૂરી રીતે ઊકલ્યો નથી, કાશ્મીરીઓને બહેકાવવા માટે પાકિસ્તાન જાતજાતનો પ્રચાર કરે છે, કાશ્મીરનો અમુક વિસ્તાર હજી પાકિસ્તાનના કબજામાં છે, જોડાણ સંબંધી લોકમત લેવાની ભારતની ઑફર હજી ઊભી જ છે, આ સંયોગોમાં કાશ્મીર સર્વાંશે ભારતનો એક ભાગ ગણાય અને સમગ્ર ભારતને લાગુ પડતા બધા ધારાઓ કાશ્મીરને પણ લાગુ પડે તે સલાહભર્યું નથી એમ ભારતના નેતાઓએ માન્યું છે.

શેખ અબ્દુલ્લાએ ભારત સાથેના મર્યાદિત જોડાણ અંગે જે કારણો રજૂ કર્યાં છે તે તો આશ્ચર્ય અને આઘાત ઉપજાવનારાં છે. ભારતમાં કોમવાદ છે માટે શેખ અબ્દુલ્લા કાશ્મીરના સંપૂર્ણ જોડાણ માટે તૈયાર નથી! શેખ અબ્દુલ્લાએ પાકિસ્તાનના પ્રચારથી દોરવાઈ જતા મુસ્લિમોને જીતવા માટે આવો પ્રચાર કર્યો હોય એ બનવા જોગ છે. પરંતુ આમ કરવાથી તે હેતુ ફળ્યો નથી; એટલું જ નહિ, પણ તેમને તો શેખ અબ્દુલ્લા સામેની જેહાદમાં આ ઉદ્‌ગારોથી બળ મળ્યું છે. શેખ અબ્દુલ્લાએ પોતાના પ્રવચનમાં હકીકતોની સચ્ચાઈ વિષે ખાતરી ઉચ્ચારી કેટલાક ખુલાસાઓ કરવા પ્રયાસ કર્યો છે અને ગાંધીજીના બિનમઝહબી રાજ્યના આદર્શ ઉપર પ્રશંસાનાં પુષ્પો વેર્યાં છે, પરંતુ તેથી મૂળ પ્રવચનની અસર ઓછી થતી નથી. પ્રશ્ન એટલો જ છે કે ભારતમાં શેખ અબ્દુલ્લાએ ક્યાં કોમવાદ જોયો છે? ભારતની સામાન્ય ચૂંટણીનાં પરિણામો જગત સમક્ષ ખુલ્લાં પડ્યાં છે. એમાં કોમવાદીઓને તો કરુણ નિષ્ફળતા જ મળી છે. સરહદી પ્રદેશોમાં પણ કોમવાદીઓ હાર્યા છે. ભારતીય સંસદની કુલ ૪૮૯ બેઠકોમાંથી જનસંઘને ૩, રામરાજ્ય પરિષદને ૩, હિંદુ મહાસભાને ૪ અને મુસ્લિમ લીગને ૩ બેઠકો મળી છે. તેની સામે કૉંગ્રેસને ૩૬૨ અને બાકીની બેઠકો ઉદ્દામવાદીઓ લઈ ગયા છે. આમાં શેખ અબ્દુલ્લાને કોમવાદ ક્યાં દેખાયો? મતદાન જોઈએ તો આ ચારેય પક્ષોએ મળીને પૂરા સાત ટકા મત પણ મેળવ્યા નથી.

ભારતમાં કોમવાદનું નામનિશાન ભુંસા

ગયું છે એમ કહેવાનો આશય નથી, પરંતુ તેની શક્તિ રાષ્ટ્રીય બળોની સરખામણીમાં નહિવત્ પુરવાર થઈ છે. શેખ અબ્દુલ્લા છાતી ઉપર હાથ મૂકીને એમ કહી શકશે ખરા કે કાશ્મીરમાં હિંદુ અને મુસ્લિમ કોમવાદ નાશ પામી ચૂકયો છે? પ્રમાણની દૃષ્ટિએ પણ ભારત કરતાં તેનું બળ ઓછું છે? કાશ્મીરમાં શેખ અબ્દુલ્લા અને તેના સાથીઓ બિનમઝહબી રાજ્ય માટે મથી રહ્યા છે તે કરતાં વિશેષ બળપૂર્વક શ્રી નહેરુ અને તેના સાથીઓ પ્રયત્ન કરે છે. શ્રી નહેરુ ન હોય તો ભારતની શી સ્થિતિ થાય એવો પ્રશ્ન પૂછનારને સામે પૂછવું જોઈએ કે શેખ અબ્દુલ્લા ન હોય, તો કાશ્મીરની શી સ્થિતિ થાય? શ્રી નહેરુ મહાન છે અને કોમવાદ સામેની એમની જેહાદની ચૂંટણીનાં પરિણામો ઉપર મોટી અસર થઈ છે, પરંતુ તેઓ એકલા જ કોમવાદ સામે ઝૂઝી રહ્યા છે એમ કહેવામાં ભારતની રાષ્ટ્રીયતાનું અપમાન છે. બિનમઝહબી રાજ્યનો આદર્શ ધ્વજ શ્રી નહેરુ ઊંચો રાખી શકયા છે તેનું કારણ સેંકડો સાથીઓ અને કરોડો લોકોનો તેમને હાર્દિક સહકાર મળી રહ્યો છે તે છે. શેખ અબ્દુલ્લાએ આ સત્ય સમજવું જોઈએ.

કાશ્મીરના મુખ્ય પ્રધાનને એ પૂછવાનું રહે છે કે વ્યવહારમાં જોડાણની શી સ્થિતિ છે? કાશ્મીરના પ્રતિનિધિઓ ભારતની લોકસભામાં શા માટે, કયા અધિકારે બિરાજે છે? જો ભારતના કાયદાઓ ઘડવામાં હિસ્સેદાર થવાનો કાશ્મીરી પ્રતિનિધિઓનો અધિકાર છે તો તેમના ભાગ્ય–ઘડતરમાં સાથ આપવાનો ભારતીય સંસદનો અધિકાર નથી? ભારત સાથેનું ત્રણ વિષયો પૂરતું જોડાણ તો પ્રથમ પગલારૂપે અને રાજકીય કારણોસર છે. ભારતનાં બીજાં રાજ્યોનું જોડાણ પણ આરંભમાં તો ત્રણ વિષયો પૂરતું જ હતું. હૈદરાબાદ સામે પોલીસપગલું લેવાયું તે પહેલાં પણ આ ત્રણ વિષયો પૂરતાં જોડાણની જ વાત હતી. ભારત આજે વ્યવહારમાં આ ત્રણ વિષયોથી ઘણી વધારે બાબતોમાં કાશ્મીરને મદદ કરે છે. એ મદદ ભારતના કર ભરનારાઓના પરસેવાની છે તે ન ભૂલવું જોઈએ. શેખ અબ્દુલ્લા આ પ્રકારનો પ્રચાર જો ચાલુ રાખશે તો એમનું જૂનું, તદ્દન સ્વતંત્ર રહેવાનું, સ્વપ્ન હજી ચાલુ જ છે એમ માનવું પડશે. કાશ્મીર કોઈ રીતે સ્વતંત્ર રહી શકે એમ નથી. પ્રજાસત્તાક કાશ્મીરની વાત પણ મિથ્યા છે. એ શબ્દથી શેખસાહેબને સંતોષ થતો હોય તો ભલે તેનો ઉપયોગ કરે, પરંતુ ખરેખર તો સંપૂર્ણ પ્રભુત્વસંપન્ન ભારતીયગણરાજ્યનું કાશ્મીર એક અંગ જ છે. કાશ્મીરનું પોતાનું પણ એમાં હિત છે. એ ભારતથી છૂટું પડે તો બધી જ રીતે તેની દશા કફોડી થાય એવું છે.

ભારતીય પ્રજા શેખ અબ્દુલ્લાના ઉદ્‌ગારોથી ચિંતા અનુભવે એ સ્વાભાવિક છે. આ માટે ભારત સરકાર અને શ્રી નેહરુ યોગ્ય ખુલાસો મેળવશે એવી આશા જરૂર રાખી શકાય. આમ છતાં એટલું ધ્યાનમાં રાખવાનું છે કે જે ત્રણ વિષયો પૂરતું જોડાણ કાયદેસર બન્યું છે તેમાં અનેક બાબતોનો સમાવેશ થઈ જાય છે. એ ત્રણ વિષયો વિરાટનાં ત્રણ પગલાં જેવાં છે. વિશેષમાં ભારતના બંધારણમાં 'બ' વર્ગનાં રાજ્યોની યાદીમાં કાશ્મીરને મૂકવામાં આવ્યું છે. કાશ્મીરના મુખ્ય પ્રધાનના નિવેદનથી કાશ્મીરને, તેના બિનમઝહબી આદર્શને અને લોકશાહીને નુકસાન થયું છે એટલું અહીં નોંધવું જોઈએ. છતાં આ નિવેદનથી તાત્કાલિક કાશ્મીરની સ્થિતિમાં કશો જ ફેર પડતો નથી.

રાષ્ટ્રપતિની વરણી

દેશની સામાન્ય ચૂંટણીઓ અને તે પછી વિધાન પરિષદો તથા રાજસભાની ચૂંટણીઓ પૂરી થઈ. રાષ્ટ્રપતિએ કલા, સાહિત્ય, વિજ્ઞાન વગેરે ક્ષેત્રમાંથી નિમણૂકો કરવાની હતી તેની જાહેરાત પણ થઈ. હવે રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી બાકી રહે છે. મેની શરૂઆતમાં એ થવાની છે. આપણા બંધારણમાં રાષ્ટ્રપતિનો દરજ્જો સર્વોપરી છે. એમના હાથમાં અસાધારણ સત્તાઓ આપવામાં આવી છે. શબ્દાર્થમાં જ જોઈએ તો તેઓ ચાહે સો કરી શકે એવી સ્થિતિ છે. આવા મહાન પદ ઉપર કોણ બિરાજે એ સવાલ મહત્ત્વનો હોય એ સ્વાભાવિક છે. ભારતે પ્રજાસત્તાકનો દરજ્જો પ્રાપ્ત કર્યો ત્યારથી આ પદ ડૉ. રાજેન્દ્રપ્રસાદે શોભાવ્યું છે. તેઓએ ભારતની પ્રતિષ્ઠામાં વધારો કર્યો છે ને ભારતના બંધારણના દેહપ્રાણની પૂરી રક્ષા કરી છે. ફરીને એ પદ ઉપર તેઓ જ આવે એવી શ્રી નહેરુ અને કૉંગ્રેસે ઇચ્છા વ્યક્ત કરી છે. ભારતીય સંસદ અને રાજયોનાં વિધાનગૃહોમાં પક્ષોનું બળાબળ જોતાં ડૉ. રાજેન્દ્રપ્રસાદ ઘણી જ મોટી બહુમતીથી ચૂંટાઈ આવશે એમાં સંશય નથી. ડૉ. રાજેન્દ્રપ્રસાદની સામે બીજા ચાર ઉમેદવારો, કરુણ પરાજય પામવા માટે જ, ઊભા રહ્યા છે.

ઉપરાષ્ટ્રપતિપદ માટે કૉંગ્રેસે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની પસંદગી કરી સૌનાં દિલમાં આનંદાશ્ચર્યની લાગણી પ્રગટાવી છે. દેશમાં અને દુનિયામાં ડૉ. રાધાકૃષ્ણને મોટી પ્રતિષ્ઠા મેળવી છે. તેઓ આજસુધીનાં બધાં પદો માટે યોગ્ય સાબિત થયા છે. આ પદ માટે પણ તેઓ સર્વથા યોગ્ય જ નીવડશે એવો વિશ્વાસ પ્રગટે છે.

મદ્રાસનું રાજકારણ

મદ્રાસના રાજકારણમાં નવો રંગ આવ્યો છે. સામાન્ય ચૂંટણીમાં કોઈ પક્ષે ચોખ્ખી બહુમતી પ્રાપ્ત કરી ન હોવાથી ત્યાં પ્રધાનમંડળ રચવાનું મુશ્કેલ બન્યું હતું. સામ્યવાદીઓની આગેવાની નીચે વિરોધ પક્ષોમાંથી કેટલાકે સંયુક્ત મોરચો રચ્યો, પરંતુ તેઓ કૉંગ્રેસી સભ્યોંની સંખ્યા કરતાં આગળ જઈ શકયા નહિ. વિશેષમાં તેઓનું જોડાણ પણ સિદ્ધાંતને ભોગે થયેલું હતું. મુંબઈમાં શ્રી મોરારજી દેસાઈને મુખ્ય પ્રધાનપદ આપવાનો વિરોધ કરનારાઓએ, અનામત ગુમાવીને હારી બેઠેલા શ્રી. ટી. પ્રકાશમ્‌ને નેતા બનાવ્યા એ પણ આશ્ચર્યજનક હતું. આવી વિષમ સ્થિતિમાં મદ્રાસનું રાજકારણ કેવો પલટો લેશે તે વિષે અનેક અનુમાનો થતાં હતાં. જો કૉંગ્રેસ સત્તાનો બોજ ઉઠાવવા આગળ ન આવે તો રાષ્ટ્રપતિના હુકમ સિવાય બીજો રસ્તો નહોતો, નજીકના ભવિષ્યમાં ફરી ચૂંટણી કર્યા વિના પણ છૂટકો નહોતો.

મદ્રાસમાં કૉંગ્રેસ ચૂંટણી દરમિયાન નબળી પડી હતી. ચોખ્ખી બહુમતી તેને મળી નહોતી. આંતરિક વિખવાદ પણ ચાલતો હતો. કોઈ વ્યક્તિને સર્વાનુમતે નેતા તરીકે પસંદ કરવાનું મુશ્કેલ હતું: મદ્રાસની ધારાસભાનું બળાબળ જોતાં કેટલાક બીજા પક્ષો ને સ્વતંત્ર સભ્યોનો પણ વિશ્વાસ મેળવવો જરૂરી હતો. આવા સંયોગોમાં સૌની નજર નિવૃત્તિ ભોગવતા રાજાજી ઉપર સ્થિર થઈ. રાજાજી રાજકારણથી અલગ રહેવા ઇચ્છતા હતા, એમની વય અને તબિયત જોતાં પણ નિવૃત્તિનો એમને હક્ક હતો, પરંતુ કેવળ ધર્મ સમજીને કૉંગ્રેસ પક્ષનું નેતૃત્વ લેવા બહાર આવ્યા. કૉંગ્રેસ પક્ષે એમને સર્વાનુમતે નેતા

તરીકે પસંદ કર્યા અને એમણે પ્રધાનમંડળની રચના પણ જાહેર કરી દીધી. રાજાજીના આગમનથી મદ્રાસનું વાતાવરણ તદ્દન પલટાઈ ગયું નથી, તેમ કૉંગ્રેસ પક્ષ બહુ બળવાન પણ બની ગયો નથી, છતાં સ્થિર તથા પ્રગતિશીલ સરકારની આશા તો ઊભી થઈ જ છે. કેટલાક સ્વતંત્ર સભ્યોએ અને નાના પક્ષોએ તેમને પોતાના ટેકાની ખાતરી આપી છે. પ્રૉફેસર રંગાના લોકકૃષિકાર પક્ષે પણ જાહેર રીતે સહકારનું વચન આપ્યું છે. રાજાજીની સામે અત્યારે તો શ્રી ટી. પ્રકાશમ્ અને સામ્યવાદીઓ ઘૂરકી રહ્યા છે, પરંતુ ત્યાંનું વાતાવરણ અને રાજાજીની કુશળતા જોતાં મદ્રાસના ભાવિ માટે સારી આશા ઊભી થાય છે.

આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ

આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિમાં ખાસ ફેર પડ્યો નથી. લડાઈનું વાતાવરણ ઓછું થતું જ જાય છે. રશિયાએ તો જોરશોરપૂર્વક શાંતિની વાતો કરવા માંડી છે. પશ્ચિમી રાજ્યોનો શસ્ત્રોત્પાદનનો કાર્યક્રમ કંઈક મંદ પડ્યો છે, અમેરિકા હવે પ્રમુખની ચૂંટણીનો વિચાર કરવા લાગ્યું છે. કોરિયાની મંદી ચાલુ જ છે. સળગે છે અત્યારે મધ્યપૂર્વ અને આફ્રિકા. અહીં શાહીવાદ સામે પ્રચંડ વિરોધ ઊઠ્યો છે. ઈરાન-ઈજિપ્તનો મામલો થાળે પડ્યો નથી ત્યાં ટ્યુનિસિયા સળગી ઊઠ્યું છે. ફ્રાન્સનાં બદદાનત અને શાહીવાદી નીતિ ખુલ્લાં પડ્યાં છે. પોતાને લોકશાહી કહેવડાવતાં રાજ્યો ફ્રાન્સને આડકતરી રીતે સહાય આપી રહ્યાં છે. બીજી બાજુ દક્ષિણ આફ્રિકામાં રંગભેદની અત્યાચારી નીતિ સામે લોકલડતનાં મંડાણ થયાં છે. પોતાનાં સામ્રાજ્યોને ટકાવવા મથનારાઓ પલટાયેલા સંયોગો જોઈ શકતા નથી, પરંતુ મધ્યપૂર્વ અને આફ્રિકામાં જે બની રહ્યું છે તે એમ બતાવે છે કે સદીઓથી અંધકારમાં ડૂબેલો આફ્રિકા ખંડ પણ હવે પ્રકાશ માટે તલસી રહ્યો છે અને તે માટે ગમે તેવી કુરબાની કરવા એ તત્પર બન્યો છે.

તા. ૧૯-૪-’૫૨

*

મહત્ત્વનો સુધારો

‘અખંડ આનંદ’ના એપ્રિલ ૧૯૫૨ના એટલે કે ગયા અંકમાં પ્રસિદ્ધ થયેલ ‘સાર્વજનિક ટ્રસ્ટો’ અંગેના લેખમાં બેએક વિગત-દોષો રહી ગયા છે. (૧) પાન ૯૭ ઉપર ‘ટ્રસ્ટોની નોંધણી’વાળા પેરેગ્રાફમાં બીજું વાક્ય આમ છે: ‘બનાસકાંઠા, સાબરકાંઠા, અમદાવાદ, અમરેલી તથા ખેડા જિલ્લાઓમાં આવેલાં ટ્રસ્ટોની નોંધણી…’ વગેરેને બદલે આમ જોઈએ: ‘બનાસકાંઠા, સાબરકાંઠા, અમદાવાદ, અમરેલી તથા મહેસાણા જિલ્લાઓમાં આવેલાં ટ્રસ્ટોની નોંધણી…’ એ પછીનું ‘જ્યારે પંચમહાલ, વડોદરા, ભરૂચ, સુરત અને ડાંગ જિલ્લાઓમાં…’ વગેરે વાક્ય સાચું આ રીતે વાંચવું: ‘જ્યારે પંચમહાલ, વડોદરા, ભરૂચ, સુરત, ખેડા અને ડાંગ જિલ્લાઓમાં…’ વગેરે.

મતલબ કે ખેડા જિલ્લાનાં ટ્રસ્ટોની નોંધણી અમદાવાદ સહાયક ચેરીટી કમિશ્નરની ઑફિસમાં નહીં, પણ વડોદરામાંના સહાયક ચેરીટી કમિશ્નરની ઑફિસમાં કરાવવાની રહેશે; અને અમદાવાદમાં મહેસાણા વિભાગ ઉમેરવાનો રહેશે. (૨) પાન ૯૮ ઉપર ‘ધર્માદા મિલકતની વ્યવસ્થા’ શીર્ષક હેઠળના બીજા પેરેગ્રાફમાં ‘સાર્વજનિક ટ્રસ્ટનાં નામ અથવા વર્ણનનો સિક્કો ટ્રસ્ટીઓએ મારવો પડશે’ એમ છે, તે બાબતમાં હવે કાયદામાં સુધારો થયો છે. આ હકીકતને લગતી કલમ ૨૭મી રદ કરાઈ છે. હવે સિક્કો મારવાની જરૂર નથી.

આ ક્ષતિઓ તરફ ધ્યાન દોરવા બદલ અમદાવાદના પબ્લિક ટ્રસ્ટ રજિસ્ટ્રેશન ઑફિસના અધિકારીના આભારી છીએ. છેલ્લા સમાચાર પ્રમાણે ટ્રસ્ટો નોંધાવાની તારીખ હવે લંબાવાઈ છે ને તે ૩૧મી મે કરાઈ છે.

તમે તેના ફાયદાની ખાત્રી કરી શકો છો !

કેડબરીનું બોર્ન-વીટા પીઓ

તે તમને મજબૂત બનાવે છે!...તે તમને ફાયદો કરે છે!

પોષક કેડબરીના બોર્ન-વીટાનો એક પ્યાલો પીઓ...તે જવના સત્ત્વ તથા ચોકોલેટની મોહક સરસ સુગંધ ધરાવે છે. એનો પ્રથમ ઘુંટડો આ સ્વાદિષ્ટ પીણામાં રહેલા તમામ ફાયદાની ખાત્રી કરાવશે. પરંતુ બોર્ન-વીટામાં સારી સુગંધ ઉપરાંત અનેક વધુ તત્ત્વો રહેલા છે—તેમાં યુવાન તેમજ વૃદ્ધને એકસરખી રીતે આરોગ્ય અને શક્તિ આપતા સંપૂર્ણ અને પ્રમાણસર પ્રવાહી ખોરાકના રૂપમાં પૂરેપૂરૂ પોષણ રહેલું છે. આને લીધેજ ૧૪,૦૦૦ કરતાં વધુ દાકતરો કહે છે, "કેડબરીનું બોર્ન-વીટા પીઓ"—તે તમને મજબૂત બનાવે છે!...તે તમને ફાયદો કરે છે!

દરેક પ્યાલામાં:

કાર્બોહાઇડ્રેટ્સ દૂધની મલાઇ ડાયાસ્ટેઇસ	વિકાસ અને શકિત માટે
પ્રોટેઇન્સ કોકો બટર	શરીરના ઘડતર માટે
ખનીજ ક્ષારો	હાડકાના વિકાસ માટે
પ્રજીવક તત્ત્વો અ અને ડ	રોગની અટકાયત માટે

બોર્ન-વીટા પોષક પ્રવાહી ખોરાક


PLEASE REPLACE LID
Cadbury
Cadbury's
BOURN-VITA
THE IDEAL FOOD DRINK
MADE BY CADBURYS SPECIALISTS IN FOOD DRINKS FOR 100 YEARS
1 LB. NET

CFY-11 GUJ.

દરરોજ

કેડબરીનું બોર્ન-વીટા પીને તમારૂ આરોગ્ય વધારો

કેડબરી-ફ્રાય (ઇન્ડિયા) લિમિટેડ મુંબઇ, કલકત્તા, મદ્રાસ.

સંસ્થા સમાચાર

વિવિધ ગ્રંથમાળા

આ માળાનું ત્રીજા હપ્તાનું પુસ્તક 'માણસાઈની વાતો' તા. ૧૯–૪–'૫૨ ના રોજ ગ્રાહકોને મોકલી અપાયું છે. છેલ્લું પુસ્તક જૂન માસમાં બહાર પડશે અને તે નિયમ મુજબ વી. પી.થી મોકલીને નવા વરસનું લવાજમ વસૂલ લેવાશે. એટલે જે ગ્રાહકબંધુઓને ગ્રાહક ન રહેવું હોય, જેમણે સરનામામાં ફેરફાર કરાવવો હોય, જેમણે પુસ્તકો રજિસ્ટરથી મેળવવા માટે વાર્ષિક લવાજમના રૂા. ૬–૮–૦ ઉપરાંત એક રૂપિયો વધુ ભરવો હોય, તેમને તે બાબત તા. ૩૧–૫–'૫૨ પહેલાં અમદાવાદ કાર્યાલયમાં લખી મોકલવા વિનતિ છે.

નવાં પ્રકાશનો

અત્તરના દીવા (સર્વો૦ શ્રેણી)

પાન ૨૭૨ : કિં. ૧–૮ : ઉ. આ. ૨–૮

લે. વેણીભાઈ પુરોહિત : હેતુલક્ષી, ભાવનાપ્રધાન અને સૌ કોઈને રસ પડે તેવી હૃદયંગમ વાર્તાઓનો સંગ્રહ.

માણસાઈની વાતો

પાન ૩૦૮ : કિં. ૨–૦ : ઉ. આ. ૩–૮

સં. પીતાંબર પટેલ : મહાગુજરાતના જુદાજુદા લબ્ધપ્રતિષ્ઠ લેખકોને હાથે લખાયેલી, વ્યવહારશુદ્ધિ, ઉદારતા અને માણસાઈના હેતુપ્રધાન ગુણોથી ઓપતી ૨૦ વાર્તાઓનો સંગ્રહ.

રંગ અને દીવા (સર્વો૦ શ્રેણી)

પાન ૨૮૮ : કિં. ૧–૮ : ઉ. આ. ૨–૮

લે. ચંદુલાલ પટેલ : જીવનની ઋજુતા, વિષમતા ને કઠોરતાને શબ્દોના તાણાવાણામાં ગૂંથતો વાસ્તવદર્શી વાર્તાસંગ્રહ.

અંધારી રાતે : (સર્વો૦ શ્રેણી)

પાન ૧૩૬ : કિં. ૦–૧૨ : ઉ. આ. ૧–૮

લે. કેતન મુનશી : આધુનિક સમાજ–જીવનમાં નજરે પડતા પ્રશ્નોની સરળ અને રસભરી ભાષામાં છણાવટ કરતો વાર્તાસંગ્રહ.

ગંગામાતા

પાન ૧૨૦ :: કિં. ૦–૬

પ્રો૦ જનાર્દન પ્રભાસ્કર : આર્ય સંસ્કૃતિના આધારસ્તંભ જેવી ગંગામાતાનું આ પુસ્તક દેશની ભવ્યતાનો ખ્યાલ આપે છે. આમાં કવિ જગન્નાથકૃત ગંગાલહરી, ઉપરાંત શ્રીમદ્ શંકરાચાર્ય, મહાકવિ કાલિદાસ વગેરેએ રચેલાં ગંગાજીનાં સ્તોત્રોનું મૂળ સાથે સરળ ભાષાંતર આપેલું છે.

પુનરાવૃત્તિઓ

સુદામાચરિત્ર

પાન ૫૬ :: કિં. ૦–૩

મહાકવિ પ્રેમાનંદકૃત ધનિક અને નિર્ધન, જીવાત્મા અને પરમાત્માની મૈત્રીનો સર્વોત્કૃષ્ટ ગુણ દર્શાવતું આખ્યાન.

ભક્ત રોહીદાસ

પાન ૪૮ : : કિં. ૦–૩

મહાન અંત્યજ ભક્તકવિ રોહીદાસનું પ્રેરણાદાયી ચરિત્ર.

વીર હનુમાન

પાન ૪૮ : : કિં. ૦–૩

સોમાભાઈ ભાવસારકૃત બાળોપયોગી ચરિત્ર. નવી આવૃત્તિ.

છેલ્લા ત્રણ માસમાં પ્રસિદ્ધ થયેલાં પુસ્તકો

અક્ષયપાત્ર : (સર્વો૰ શ્રેણી)

પાન ૨૬૪ : કિં. ૧–૮ : ઉ. આ. ૨–૮

લે. ‘સારંગ’ બારોટ : સમાજ–જીવનની કઠોર વાસ્તવિકતાનું ઘેરું આલેખન કરતી વાર્તાઓ.

ધર્મકથાઓ : (સર્વો૰ શ્રેણી)

પાન ૨૪૦ : : કિં. ૧–૮

ઉપનિષદોનું ગહન તત્ત્વજ્ઞાન અને ભારતીય સંસ્કૃતિનું રહસ્ય સમજાવતા પ્રાચીન ઋષિમુનિઓના પ્રેરણાદાયી ૨૩ જીવનપ્રસંગોનો બોધક સંગ્રહ.

માટીની મૂર્તિઓ : (સર્વો૰ શ્રેણી)

પાન ૧૨૦ : : કિં. ૦–૧૨

લે. મોહમ્મદ માંકડ : ગામડાંની ધરતીના સામાજિક પ્રશ્નોની છણાવટ કરતો, ૧૦ વાર્તાઓનો રસપ્રદ સંગ્રહ.

વિચારમાળા

પાન ૮૮ : : કિં. ૦–૮

અનુ. સ્વામી સ્વયંજ્યોતિતીર્થ : શ્રી અનાથદાસજીકૃત અદ્વૈત વેદાંતના આ પુસ્તકમાં મૂળ શ્લોકો, દોહા–સોરઠા અને સરળ ગુજરાતી અનુવાદ આપ્યો છે.

ભક્ત અંબરીષ : (આમશ્રેણી)

પાન ૮૦ : : કિં. ૦–૪

લે. વામનરાવ પ્રા. પટેલ : ભક્તરાજ અંબરીષનું પ્રેરણાદાયી જીવનવૃત્તાંત. સુધારેલી નવી આવૃત્તિ.

દેશપાઠો : (આમશ્રેણી)

પાન ૪૮ : : કિં. ૦–૪

બાળકો અને ઓછું ભણેલાઓ માટે દેશપ્રેમ અને દેશ વિષે જાણવા જેવી હકીકતોના સચિત્ર પાઠો.

ચોખ્ખું
ઘી
પોલસનનું
૨ાા અને ૭ રતલી
સીલ્ડ લીવર-લીડ ટીનમાં
દરેક પ્રોવીઝન સ્ટોરમા
મળે છે.

પ્રૌઢ વાચનપોથી : (આમશ્રેણી)

પાન ૪૮ : : કિં. ૦–૪

ઓછું ભણેલા પ્રૌઢો અને નાનાં બાળકોને વાંચવી સુગમ પડે એ દૃષ્ટિએ તૈયાર થયેલી સચિત્ર પુસ્તિકા.

પ્રૌઢ વાચનપૂર્તિ

પાન ૬૪ : : કિં. ૦–૪

ઓછું ભણેલાં પ્રૌઢો તેમ જ બાળકો હોંશેહોંશે વાંચે તેવા દેશ અને સમાજ-ભાવના કેળવતા સચિત્ર પાઠો.

કવિ દીનદયાલગિરિ : (આમશ્રેણી)

પાન ૪૮ : : કિં. ૦–૪

ભક્તકવિ દીનજીના ટૂંક પરિચય સાથે તેમનાં તત્ત્વજ્ઞાનની મસ્તીભર્યાં કાવ્યોનો સરળ સમજૂતી સાથે સંગ્રહ.

ભક્તકવિ રહીમ અને જમાલનાં બોધપ્રદ કાવ્યો : (આમશ્રેણી)

પાન ૮૦ : : કિં. ૦–૪

ગ્રંથસેવનના ફાયદા

પુસ્તકો માનવીની વૃદ્ધાવસ્થામાં જેમ ઉત્તમ પ્રકારના સોબતીઓ છે, તેમ તે યુવાવસ્થાની ઉત્તમ પ્રેરણા પણ છે. યુવાન માણસના મન ઉપર જે પ્રથમ પુસ્તકની ઊંડી અસર થાય છે, તે જિંદગીમાં વારંવાર એક સ્મરણીય વસ્તુ થઈ પડે છે. તે તેના યુવાન હૃદયને જાગૃત કરી દે છે, તેના ઉત્સાહને ચેતન આપે છે અને અણચિંતવ્યા રસ્તા ઉપર તેના પ્રયત્નોને લાવીને તેના આચરણ ઉપર તે સ્થાયી અસર કરે છે.

ગમ્મતને માટે, જ્ઞાનને માટે, દિલાસાને માટે–હર્ષમાં અને શોકમાં, સુખમાં અને દુઃખમાં આપણે હમેશાં પુસ્તકો તરફ દૃષ્ટિ ફેરવીએ છીએ, અને તેમાં જે જે મહાત્માઓનાં ચૈતન્ય અને વિચાર–જીવન સંસ્કારાયેલાં છે, તે ઉપર આપણું મન–મગજ અને નજર ઠરે છે.

સંસ્થાએ પ્રકટ કરેલાં એવાં ઉપયોગી પુસ્તકો પૈકી કેટલાંક વાચકબંધુઓની જાણ માટે અહીં નીચે આપ્યાં છે :

ધર્મગ્રંથો

	પૃ.	કિં.
એકનાથી ભાગવત : જેમાં ગીતા કરતાં પણ વિસ્તૃત શ્રીકૃષ્ણનો બોધ છે	૬૦૦	૫–૦
ઉપનિષદો : (૧૧૨) નીચે પ્રમાણે ત્રણ ગ્રંથોમાં		
૧. એકાદશ ઉપનિષદ : ૧૧ ઉપનિષદોનું મૂળ સાથે સરળ ભાષાંતર	૪૫૨	૩–૦
૨. સો ઉપનિષદો : જેમાં પહેલાં ૨૩ ઉપનિષદોનું ભાષાંતર ને બાકીનાંનો સારભાગ છે.	૭૪૪	૫–૦
૩. બૃહદારણ્યક ઉપનિષદ : મૂળ સાથે સરળ ભાષાંતર, ...	૨૪૮	૨–૦
ગુલાબસિંહ : સ્વ. મણિલાલ દ્વિવેદી કૃત અધ્યાત્મ વિચારપ્રેરક નવલકથા	૪૧૬	૪–૦
સંત-ગુરુનો પરિચય : બોધક પ્રસંગો	૩૬૮	૨–૦

વેદાંત રસ-બિંદુ: સંત મંગળનાથ કૃત વેદાંતનો ગુરુ-શિષ્યના સંવાદરૂપે બોધ	૯૬	૦-૧૨
અષ્ટાવક્રગીતા: મૂળ સાથે સરળ ભાષાંતર	૭૨	૦-૮
અવધૂત ગીતા: સુધારાવધારા સાથે બીજી આવૃત્તિ	૧૪૪	૧-૪
આખ્યાન માળા: (ભાગ ૧લો) ધર્મગ્રંથોમાંથી ચૂંટેલાં બોધક આખ્યાનો	૭૨૦	૩-૦
પંચીકરણ: મુમુક્ષુઓના આત્મબોધ માટે સર્વોત્તમ ગ્રંથ	૨૬૪	૨-૦
મનુસ્મૃતિ: પ્રાચીન આર્ય સમાજશાસ્ત્રના નિયમોનો ગ્રંથ	૮૧૬	૪-૮
સૂર્યકાન્ત: મુમુક્ષુઓ માટે ઉપયોગી ગ્રંથ	૨૭૨	૨-૦
મોહમુદ્ગર ને બીજાં દશ રત્નો: સરળ અર્થ સાથે	૧૬૮	૧-૦
શતશ્લોકી ને બીજાં ચાર રત્નો: મૂળ સાથે ભાષાંતર	૨૦૦	૦-૧૨
સર્વવેદાંત-સિદ્ધાંત સારસંગ્રહ: ભાષાંતર સાથે	૨૨૪	૧-૪
સ્તોત્રસંગ્રહ: ભક્તિ ને વેદાંતના સ્તોત્રો	૨૨૦	૦-૧૦

જીવન-ચરિત્રો

મહાત્મા ટૉલસ્ટૉય: રશિયન સંતનું પ્રેરણાદાયી ચરિત્ર	૧૭૬	૧-૪
મીરાં દાસી જનમ જનમકી: મીરાંબાઈનું જીવન અને કવન ...	૧૧૨	૦-૧૦
બૂકર ટી. વૉશિંગ્ટન: હબસી વીરની પ્રેરક ને બોધક આત્મકથા ...	૨૨૪	૧-૮
સ્વામીશ્રી નિત્યાનંદ: ઉપદેશો સહિત સંક્ષિપ્ત ચરિત્ર	૧૨૮	૦-૮
શ્રી રમણ મહર્ષિ: (ચરિત્ર) સુધારાવધારા સાથે બીજી આવૃત્તિ...	૨૧૬	૨-૦
હંસ મહારાજ: વેદાંતના ગહન વિષયને સરળ રીતે સમજાવતું ચરિત્ર	૨૮૦	૨-૮

વૈદકના ગ્રંથો

સુશ્રુત આયુર્વેદ: મૂળ સાથે બે ભાગમાં	૧૩૭૨	૧૫-૦
આરોગ્યની બારમાસી: બારે માસના પર્વોના આહારવિહાર ને બીજા લેખો	૨૬૪	૧-૮
આરોગ્યની કૂંચી: રોગોની અવસ્થામાં શું કરવું તેની સમજ ...	૩૦૦	૨-૮
શુભસંગ્રહ: (ભાગ બીજો) ઔષધો ને જરૂરી માહિતીના ૧૪૮ લેખો	૫૪૪	૩-૦

વાર્તા-સાહિત્ય-પ્રકીર્ણ

વનરાજ ચાવડો: સ્વ. મહિપતરામ નીલકંઠકૃત નવલકથા	૩૨૦	૨-૮
હિતોપદેશ: મનોરંજક કથારસ સાથે નીતિ-જ્ઞાનની કથાઓ ...	૨૪૦	૧-૪
ઇન્સાન મિટા દૂંગા: લે. ડૉ. કૃષ્ણલાલ શ્રીધરાણી	૧૭૬	૧-૪
ગુજરાતનાં તીર્થસ્થાનો: ગુજરાતનાં તીર્થસ્થાનોની રસિક માહિતી...	૨૪૮	૧-૪
કોઈ ને કહેશો નહિ: સમાજનાં દૂષણો પર માર્ગદર્શન કરાવતો નાટક-સંગ્રહ	૧૬૮	૧-૪
ગ્રામરચના: ગામડાંઓ અંગે પૂ. રવિશંકર મહારાજનાં વ્યાખ્યાનો ...	૨૮૦	૧-૪
પૃથ્વીની કથા: પૃથ્વીની ઉત્પત્તિ ને વિકાસની કથા ...	૧૨૮	૦-૧૨

“લક્સ ટૉયલેટ સાબુ
મારી ચામડીને મૃદુ, મુલાયમ
અને સ્વચ્છ રાખે છે”
સીતારા
કહે છે.

LUX
LUX
TOILET SOAP

આ સુરમ્ય સુવાસિત સફેદ
તથા શુદ્ધ સાબુથી આપની
ચામડીને પણ સુરમ્ય રાખો!

ચિત્ર-તારિકાઓનો સૌંદર્ય સાબુ

LTS. 327-X30 GJ

મા અને હું સંમત થઈએ છીએ...

કે દુનિયાના બાળકોના ખોરાકના સૌથી મોટા નિષ્ણાતો નેસલ્સનું બાળકો માટે ખાસ રીતે તૈયાર કરવામાં આવેલું લેકટોજન અમે પસંદ કરીએ છીએ. મા તેને પસંદ કરે છે કારણ કે તે સંપૂર્ણ ખોરાક છે કે જેને વધારાના વિટામીન્સ અને લોહ તત્વનો સમાવેશ કરીને યોગ્ય પૌષ્ટિકતા મળે તેવો બનાવવામાં આવ્યો છે.

વિટામીન 'એ' સામનો કરવાની શકિત બળ આપવા માટે, વિટામીન 'ડી' હાડકાંને મજબુત કરવા માટે અને દાંતને સુંદર બનાવવા માટે, લોહ તત્વ પાડુ રોગની સામે મારૂં રક્ષણ કરવા માટે.

હુ તેને પસંદ કરૂં છું કારણ કે તે સ્વાદિષ્ટ છે, અને તેનાથી મને કોઈ પણ વખત પાચન ક્રિયાની બહુ ખરાબ ગોલમાલ થતી નથી. તે વળી સહેલાઈથી અને જલદીથી બનાવી શકાય છે, કે જેને લઇને મને ભૂખ લાગે છે ત્યારે મારે બહુ ખોટી થવું પડ્યું નથી! મારા ઘણાખરા મિત્રો કહે છે કે તેઓ લેકટોજન પસંદ કરે છે અને આ એક બાબતમાં—ખાસ કરીને તેમની માતાઓ પણ સંમત થાય છે! તમે શો અભિપ્રાય આપો છો?

NESTLE'S LACTOGEN

'બાળકો માટે વધારે
સારી જાતનું દુધ'

LACTOGEN
NESTLE'S
MODIFIED POWDERED MILK
PREPARED ESPECIALLY FOR INFANT FEEDING

અમારૂં મફત આપવામાં આવતું લેક્ટોજન ચોપાનિયું વાંચો.
તમારૂં નામ અને ઠેકાણું આ કુપનમાં લખીને ટપાલ દ્વારા
નેસલ્સ પ્રોડકટસ (ઈંડિયા) લિ૦
પો. ઑ. બૉક્સ ૩૧૫, મુંબઇ
ને આજેજ મોકલી આપો.

'A3'

નામ ____________

સરનામું ____________

____

મુકુન્દની

તપાસ કરો

કારણ ઔદ્યોગિક કાર્યના બહોળા ફેલાવા માટે પોલાદની એ ઉત્તમ જાત છે.

- મુકુન્દની બનાવટની વીજળિક કમાનની અપૂર્વ ભઠ્ઠીઓ કોઈ પણ બનાવટને અપનાવતું તથા ગણનાપાત્ર બહોળા ઉપયોગમાં આવી શકતું પોલાદ પેદા કરે છે.
- માઈલ્ડ, કાર્બન અને એલોય વિક્રિયાઓ મારફત નિષ્ણાત વૈજ્ઞાનિક અને ધાતુશાસ્ત્ર સંશોધનવિદ્યાના નિરીક્ષણે આ મુકુન્દની બનાવટની ઊચી જાત તથા તેની ચોકસાઈની ખાતરી આપી છે.
- જો તમારે તાત્કાલિક અને અગત્યનો સવાલ ઉકેલવાનો હોય તો મુકુન્દની શોધ કરો; કારણકે આ બનાવટમાં લાંબો અનુભવ તથા યુદ્ધના કારણે સંશોધનમાં થયેલી પ્રગતિથી તમને તેનો ઉપયોગ ઘણો જ લાભકારક નીવડશે તથા તમારા ખાસ કામમાં તમે તેનો કુશળતાપૂર્વક ઉપયોગ કરી શકશો.
- બધી જાતના ખાસ પોલાદના ગોળ સળિયા, ખૂણા અને આંકડા તથા પોલાદની સળીઓ તથા સાળની દાંડીઓ બનાવનાર.

મુકુન્દ આયર્ન એન્ડ સ્ટીલ વર્ક્સ લિ૦

એજન્ટસ : જીવણ લિ૦
હેડ ઑફિસ : મહાત્મા ગાંધી રોડ, મુંબઈ

'શ્રી'ના લેખોનો સંગ્રહ

દીપમંગલ

લેખક : સોપાન

'અખંડ આનંદ'માં અને અન્યત્ર પ્રસિદ્ધ થયેલા 'શ્રી' સંજ્ઞાથી લખાયેલા લેખોનો સંગ્રહ પ્રગટ થઈ ગયો છે. હજારો વાચકોએ આ લેખોનું આકર્ષણ અનુભવ્યું છે.

મૂલ્ય
ચાર રૂપિયા
(ટપાલખર્ચ મોકલવાનું નથી.)

શ્રી પ્રકાશન મંદિર
ગુલબહાર, એરેક રોડ, મેટ્રો પાછળ,
મુંબઈ-૧



Supplement your meagre Rations with *Health-giving*

Madhu

MANGO JUICE

Only the best is canned

PURE PRODUCTS & MADHU CANNING LTD.,
Bombay.18.

N.A.S. 634



જે સર્વોત્તમ છે
તેજ સૌથી
વધુ શુદ્ધ હોય છે

સાધારણ બુદ્ધિ એમ કહે છે કે તમારા બાળકને–ચોખ્ખામાં ચોખ્ખા દૂધનો ખોરાક આપવો. અનુભવથી જણાયું છે કે તમારી પસંદગી **ગ્લૅકસો**, જે બાળકનો સંયુક્ત આહાર છે, તેની ઉપર જ ઊતરશે. ગ્લૅકસો બનાવતી વખતે કોઈનો હાથ લાગવા દેવામાં આવતો નથી અને એમાં સૂકતાન (રિકેટ્સ) અને પાંડુરોગ (ઍનિમિયા) થી રક્ષણ કરવા માટે વિટામિન ડી અને લોહનું ખાસ મિશ્રણ કરવામાં આવે છે.

Glaxo

ગ્લૅકસો બાળકો માટે પરમ શુદ્ધ આહાર છે.



ગ્લૅકસો લેબોરેટરીઝ (ભારત) લિ. મુંબઈ • કલકત્તા • મદ્રાસ

રેમી સ્નો

રેમી સ્નો—તમારા ચહેરાને વધારે સ્વચ્છ, વધારે સુંદર અને વધારે મુલાયમ બનાવે છે.

દરેક ઋતુમા સંપૂર્ણ રક્ષણ આપે છે.

આજે જ વાપરી ખાતરી કરો.

દરેક જગ્યાએ વેચાય છે.

સોલ ડિસ્ટ્રિબ્યુટર્સ :
એ. વી. આર. એ. એન્ડ કું૦
નં. ૬. લુહાર ચાલ મુંબઈ નં. ૨

REMY PRODUCTS INDIA
Remy
Remy SNOW
Remy SNOW

Going Strong

Madhu

MANGO JUICE

delicious and
rich in vitamins

Only the best is canned

PURE PRODUCTS & MADHU CANNING LTD.
BOMBAY 18.

હંમેશાં ... ...

'સ્વસ્તિક'
છાપ
સત ઈસબગોલ વાપરો.

● પેટનાં તમામ દર્દો માટે ઉત્તમ નિર્દોષ ઉપચાર જે ૧૦૦ ટકા શુદ્ધ છે. દરેક દવાવાળા વેચે છે.

ભારતભરમાં એજન્ટો નીમવાના છે.

મુંબઈના સોલ એજન્ટ :
નટવરલાલ પુ. પંચોલી
સ્વદેશી માર્કેટ, ચોથે માળે, કાલબાદેવી મુંબઈ–૨
ટે. નં. ૩૪૫૫૬

વધુ માટે લખો :
શ્રી ગુજરાત સત ઈસબગોલ ફેક્ટરી
સિવિલ કોર્ટ સામે, સિદ્ધપુર (ઉ. ગુજરાત)



નવી રેકૉર્ડો

"HIS MASTER'S VOICE"
The Hallmark of Quality

શ્રી. પુરુષોત્તમ ઉપાધ્યાય

એન ૯૦૦૦૪ { તારી ધરતી મા બોલાવે
ઓલ્યા જાય રે વૈશાખીના વાયરા

શ્રી. અવિનાશ વ્યાસકૃત

શ્રી. હરસુખ કીકાણી અને પાર્ટી

એન ૯૦૦૦૫ { નો થાવાનો થઈ ભાગ ૧
" " " ૨

શ્રી. ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ કૃત

રામપ્યારી

એન ૯૦૦૦૬ { નદી કીનારે મારું ઝૂંપડું
જાગો બાળારાજ

શ્રી. ભગવંત દમણિયા કૃત

●

● તમારા મનગમતા સંગીતની રેકૉર્ડો માટે અમારા નીમેલા કોઈ પણ વ્યાપારીની દુકાને પધારો.

●

* દરેક મહિને બહાર પડતી : અમારી નવી રેકૉર્ડોની પુસ્તિકા જો તમને ન મળી હોય તો તે મેળવવા અમને લખો.

'હિઝ માસ્ટર્સ વૉઈસ'

કલકત્તા • મુંબઈ • મદ્રાસ • દિલ્હી

'કોલીનૉસ'
સ્મિતમાં સૌન્દર્ય વસેલું છે!

'કોલીનૉસ' બીજી કોઇ પણ ડેન્ટલ ક્રિમ કરતાં વિશેષ કરકસરભરી છે–કારણ કે સુકા બ્રશ ઉપર અર્ધો ઇંચ તદ્દન પુરતી છે.

ફીણનેજ બધો ફરક આભારી છે!

ભારતમાં બનાવનારાઓ :
જ્યોફ્રે મેનર્સ એન્ડ કંપની લી૦, મુંબઇ ૧
શાખાઓ : કલકત્તા - મદ્રાસ - દિલ્હી


KOLYNOS
KOLYNOS
KOLYNOS
DENTAL CREAM
A SCIENTIFIC
CREAM

ગમે ત્યાં, ગમે ત્યારે



મેલના જંતુઓ હાથને લાગીને આપના



શરીર પર પણ ફેલાઈ શકે છે

જોખમ ન ખેડશો

હાથ ધોવા તથા સ્નાન કરવા માટે નિયમિત

લાઈફબૉય
સાબુ

વાપરો

તે મેલના જંતુઓથી આપનું રક્ષણ કરે છે!

LIFEBUOY
SOAP
LIFEBUOY SOAP

L. 219-50 GJ

ધી ડન એલ્યુમિનિયમ ફેકટરી
ટે. નં. ૪૧૬૧૮ ... ૨૨૫, તાડદેવ રોડ, મુંબઇ.૭.

સ્ટેઇનલેસ સ્ટીલ

એલ્યુમિનિયમ

તાંબા પીત્તળ
જરમનસીલ્વર

LALLUBHAI AMICHAND
GUARANTEED PURE
TRADEMARK
BOMBAY.No.9

LALLUBHAI AMICHAND
QUEEN BRAND
TRADE MARK
BOMBAY.No.2

એલ્યુમિનિયમ,
જરમન સીલ્વર,
તાંબા, પીત્તળ તેમજ
સ્ટેઇનલેસ સ્ટીલનાં વાસણોની
ખરીદી માટે એક અને અનોખું વિશ્વાસ પાત્ર સ્થાન...

લલ્લુભાઇ અમીચંદ લી.
ટે.નં.૨૨૨૨૦ · ૫૫૪, કંસારા ચાલ, પાયધોણી મુંબઇ·પો.બો.૨૧૦૦



સીમેન્ટ કોન્ક્રીટથી ગ્રામ સુધારણાની યોજ

આ દેશમાં આબાદીની સઘળી યોજનાઓમાં ગ્રામ સુધારણા મોખરે છે.

બારે માસ વાપરી શકાય અને મન્ડી તથા મુખ્ય શહેર સુધી પહોંચી શકાય તેવા રસ્તાઓ સીમેન્ટ કોન્ક્રીટથીજ બને છે. સીમેન્ટના ઘરો, તળાવો, કુવાઓ, દાણાની વખારો, ગૌશાળાઓ એ ગ્રામ્ય પ્રજાને આગ, દુકાળ અને ઉંદર કીડા વિગેરેથી થતા નુકશાનમાંથી બચાવે છે.

સીમેન્ટ મા[illegible] કુંપની બધી જાતની ખબર ખુલાસા અને સલાહ [illegible] દામ લીધા વગર આપશે. ઠેકાણું: ૧, કવીન્સ રોડ, મુંબઈ.

સીમેન્ટ માર્કેટીંગ કંપની ઓફ ઇન્ડીયા, લીમી

સેલ્સ મેનેજરો:

એસોસીએટેડ સીમેન્ટ કમ્પનીસ લીમી

ી યોજન

રણા

સુધી
ન્ટના
જાને
વે છે.

ાસા
૧,

લી મી

યા,

લી મી

લી મી

ાંડ આનંદ



સ્તું સાહિત્ય પો. બો. ૫૦, અમદાવાદ.

CROWN BRAND
GURANTEED PURE

CROWN BRAND
GURANTEED PURE

એલ્યુમિનિયમ નાં વાસણો

★ **વાસણોનો** વિચાર આવતાંજ ક્રાઉન માર્કાની યાદ તાજી થાય છે. બનાવટ ની ઉત્તમત્તા, ઉપયોગિતા માટેનું સંશોધન, ભાવોનું વ્યાજબી પણું અને વ્યવહારની નિયમિતતાનું એ સાચું પરિણામ છે.

★ એલ્યુમિનિયમનાં વાસણો વજનમાં હલકાં જલ્દી ગરમ થાય તેવાં અને કીંમતમાં કીફાયત હોય છે. કલાઇ કરવાની જરૂરજ નથી પડતી.

★ દૂધના હાન્ડા, ટીફીન કેરીયર, કીટલી, થાળી, ગ્લાસ, પ્લેટો, બદના, લોટા, ટોપ, હાન્ડી વિ. કરોડો માણસો સંતોષથી વાપરે છે.

તમારી જરૂરીયાતો માટે લખો અથવા મલો

જીવનલાલ (૧૯૨૯) લિમિટેડ

૧, નેતાજી સુભાષ રોડ ★ પોસ્ટ બોક્ષ નં. ૨૨૩૭ ★ કલકત
રનું ઠેકાણું : 'CROWNALUCO' Ca



: અનુક્રમ :

ક્રમ	વિષય	લેખક	પૃષ્ઠ
૧	ભય અને સાવધાની	શ્રી	૩
૨	પુરુષનો પક્ષાઘાત	સ્વામી આનંદ	૫
૩	અંતરની આરસી	સ્વાધ્વીશ્રી ઉર્જ્વળકુંવર	૧૧
૪	પવિત્રતા ને પ્રતિષ્ઠા	શ્રી રવિશંકર મહારાજ	૧૭
૫	કલાશિક્ષણ	શ્રી રવિશંકર મ. રાવળ	૧૯
૬	કાવ્યકલાપ ૧ આકાશે મારે ઊડવું છે ૨ ધરતીનો ઉતપાત	શ્રી બાદરાયણ, કવિશ્રી દુલાભાઈ કાગ	૨૪
૭	માનાપમાન (કટાક્ષ)	શ્રી જ્યોતીંદ્ર દવે	૨૫
૮	'રામાયણની શંકાઓ'	શ્રી ધ્રુવકાંત સી. ઘીવાળા એમ. એ; એલએલ. બી; ઍડવોકેટ	૩૦
૯	પરમાણુ અને પદાર્થ (વિજ્ઞાન)	શ્રી છોટુભાઈ સુથાર	૩૫
૧૦	લેણદેણ (વાર્તા)	શ્રી પીતાંબર પટેલ એમ. એ.	૪૩
૧૧	અર્થની આગગાડી	અધ્યા. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.	૫૨
૧૨	क्षमा वीरस्य भूषणम्	શ્રી રામનારાયણ ના. પાઠક	૫૪
૧૩	સ્નેહસંગમ	શ્રી શિવશંકર પ્રા. શુકલ	૬૦
૧૪	અળસા ભમત (વાર્તા)	શ્રી છગનલાલ પરમાર	૬૩
૧૫	બહેન ને ભાઈ (લોકકથા)	શ્રી મધુભાઈ પટેલ	૬૮
૧૬	કોઈ બતાવો રામ !	શ્રી હસિત બૂચ	૭૦
૧૭	આદર્શોની અથડામણ (વાર્તા)	શ્રી અમૃતલાલ આર. વસા	૭૧
૧૮	વ્યાયામ	ડૉ. એમ. ડી. આડતિયા એમ. ડી; એફ. સી. પી. એસ; બી. એસસી; ડી. જી. ઓ.	૭૭
૧૯	અવતારોનું રહસ્ય	શાસ્ત્રી ગોપીજનવલ્લભ શર્મા	૮૬
૨૦	લાગણીવેડા !	શ્રી રણછોડલાલ ઠાઠી	૯૩
૨૧	પરાત્પરને	શ્રી ચંપકલાલ વ્યાસ	૯૮
૨૨	ગુજરાતનાં જંગલો	શ્રી અંબેલાલ ગોપાળજી દેસાઈ એમ. એ. બી. ટી.	૯૯
૨૩	ઉઘાડી બારી	શ્રી પ્રાગજી જ. ડોસા	૧૦૫
૨૪	પૂરક પાકશાસ્ત્ર	શ્રી સુધીરચંદ્ર બી. ધ્રુ એમ. એ; એલએલ. બી.	૧૧૧
૨૫	સંપાદકીય	શ્રી સોપાન	૧૧૫
૨૬	સંસ્થા સમાચાર	કાર્યાલય	૧૨૦

* * *

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી તંત્રી : સોપાન
મુદ્રક અને પ્રકાશક : ત્રિભુવનદાસ કo ઠક્કર,
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સસ્તું સાહિત્ય મુદ્રણાલય, રાયખડ–અમદાવાદ.

ASP/HC 65.



સુંદરતા સાથે સ્પર્ધા

ભારતના પ્રત્યેક ખુણામાં, હિન્દ સાઈકલ એના સુંદર દેખાવથી પ્રખ્યાત થઈ ગઇ છે. પરન્તુ થોડાકજ માણસો જાણે છે કે ભારતની પરિસ્થીતીને અનુરૂપ થાય એવી, એની સંપુર્ણ બનાવટ, ભારતમાં જ થએલી છે. હિન્દ સાઈકલ બનાવવાને જોઈતા ભાગોમાંના ૯૫% ભાગો એમના હિન્દી કારખાનામાં જ બનાવવામાં આવે છે.

હિન્દ

ખરેખર ભારતીય છે

હિન્દ સાઈકલ્સ લિમીટેડ, મુંબઈ.

અખંડ આનંદ

તંત્રી : સોપાન [જૂન ૧૯૫૨

વર્ષ ૫, અંક ૮]

ભય અને સાવધાની

જીવનના કોઈ પણ ક્ષેત્રમાં વિકાસ ચાહનારે ભયની લાગણીથી મુક્ત થવું જ જોઈએ. સંપૂર્ણ ભયમુક્તિ ભલે અશક્ય હોય, ઈશ્વર સાથે–અખિલ બ્રહ્માંડનાં સઘળાં તત્ત્વો સાથે જેણે તાદાત્મ્ય સાધ્યું હોય તે જ એ સ્થિતિ પ્રાપ્ત કરી શકે, પરંતુ ભયની માત્રા જો ઘટતી ન જાય તો વિકાસ થઈ શકે નહિ, એ સાદું સત્ય આપણા ધ્યાનમાં રહેવું જોઈએ. કેવળ દુન્યવી દૃષ્ટિએ જોઈએ તોપણ જે ભયભીત હોય છે તેની ગતિ મંદ બની જાય છે, નવી દિશામાં પગલું માંડતાં તેનું હૈયું ધ્રૂજે છે, અજ્ઞાનને કારણે પગલું ભરાઈ ગયું હોય અને ભયનો સાક્ષાત્કાર થાય તો એ બમણા વેગથી પાછો હઠે છે ને સહજ રીતે પ્રાપ્ત થયેલું પણ ગુમાવી બેસે છે. આધ્યાત્મિક ક્ષેત્રે પણ આ વાત સાચી છે. આંતરશત્રુથી જે ભયભીત રહે તે તેના સ્મરણથી અને એટલે તેની અસરથી મુક્ત રહી શકે નહિ. આધ્યાત્મિક પ્રગતિ માટે પણ માણસે સંકલ્પ કરી નિર્ભય બની શ્રદ્ધાપૂર્વક આગળ વધવાનું હોય છે. જોખમ તો સ્થૂળ અને સૂક્ષ્મ જગતમાં સર્વત્ર છે, માણસ જો તેનો જ વિચાર કરે તો મનની ભૂતાવળો વચ્ચે જ તે ઘેરાઈ જાય. આગળ વધવા ઇચ્છનારે ભય છોડ્યા વિના ચાલે જ નહિ.

ઘણા કહે છે, ચિંતા ન કરો, ભય ન રાખો, આગળ ધપો ને તમારો માર્ગ આપોઆપ ખુલ્લો થઈ જશે. આત્મશ્રદ્ધા પ્રગટાવવા ને મનની વેરવિખેર થઈ ગયેલી શક્તિઓને એકત્ર કરવા આ શબ્દો જરૂરી છે, પરંતુ એ સમજી લેવું જરૂરી છે કે ભયમુક્તિની ક્રિયા પણ એક સાધના જ છે. સાધના વિના સિદ્ધિ મળતી નથી, મળે છે તો ટકતી નથી. આ દુનિયામાં આશ્ચર્યકારક ઘટનાઓ બને જ છે. હાથમાં દીવો લઈ ચાલનારા કોઈવાર ખાડામાં ગબડી જતા અને અંધારામાં દોટ મૂકનાર ખાડા–ટેકરાઓને પાર કરી જતા માલૂમ પડ્યા છે, પરંતુ તેથી દીવાનું–પ્રકાશનું મહત્ત્વ ઘટતું નથી. જીવનમાં સફળ–નિષ્ફળ થયેલાઓનું જો પ્રમાણ કાઢીએ તો તરત જ માલૂમ પડી આવે કે દીવો લઈને ચાલનારાઓ કરતાં અંધારામાં દોટ મૂકનારાઓ અનેકગણા વધુ પ્રમાણમાં નિષ્ફળ ગયા છે.

ભય જો મનના જોશથી જ દૂર કરી દઈએ તો પણ પ્રગતિ થાય ખરી, પરંતુ એ જોશ કાયમ ટકાવવાનું શક્ય નથી. એ જોશ ઊતરી જાય ત્યારે શક્તિ પણ ઘટી જાય. શરીરની શક્તિ વિષે આપણને અનુભવ છે, રોષ કે જોશની સ્થિતિ હોય ત્યારે તેમાં ભરતી આવે છે ને

તે શાંત પડતાં ગાત્રો ઢીલાં બની જાય છે, પરંતુ શરીરબળ જો ક્રમિક સાધનાથી વિકસાવવામાં આવે તો એમ બનતું નથી. મનની શક્તિઓ વિષે એવું જ થાય છે. આપણે જેને લાગણીનું મોજું કહીએ છીએ તે જોશ જ છે. જો માનસિક સાધના દ્વારા મનોબળ કેળવ્યું હોય તો તેમાં ભરતીઓટનો અનુભવ થતો નથી. આ રીતે, શક્તિ પ્રાપ્ત કરવાની અને ભયથી મુક્ત થવાની ક્રિયા ધીમી ગતિએ થાય છે, પરંતુ તેમાં પાછા પડવાનું બનતું નથી. સાધના દ્વારા મેળવેલી સિદ્ધિ અધૂરી હોય તો યે તે સાચી હોય છે, નક્કર હોય છે.

ભયને દૂર કરવાની સાધના સ્વીકારનારે સર્વપ્રથમ ભય અને સાવધાની-જાગૃતિ વચ્ચેનો ભેદ સમજી લેવાની જરૂર છે. આંખ ઉઘાડી રાખીને ચાલવું એ ભયની નહિ, જાગૃતિની નિશાની છે. ભયમુક્તિ એટલે બેપરવાઈ નહિ. પ્રાણની પરવા ન કરનાર યોદ્ધાએ પણ જો વિજય પ્રાપ્ત કરવો હોય તો સાવધાનીથી–કુશળતાથી લડવું જોઈએ. સર્વાંશે ભયમુક્ત બેફિકર દેખાય, પરંતુ ઊંડા ઊતરીને જોઈએ તો ખાતરી થાય કે એ જાગૃતિની-જ્ઞાનની પરાકાષ્ટા હોય છે. ભયમુક્તિની સાધના દરમિયાન એણે એવી જાગૃતિ કેળવી હોય છે કે ખાસ કાળજી વિના પણ એ સાવધ રહી શકે છે. વિશેષમાં એવા બેફિકર દેખાતા માનવીએ વાસ્તવિક અને અવાસ્તવિક ભય વિશે બધું જોઈ–જાણી લીધું હોય છે. સાધક કોઈ દિવસ સિદ્ધની પેઠે વર્તી શકે નહિ. કુશળ તરવૈયો ગમે તેવા ઊંડા પાણીમાં ઝંપલાવી શકે, પરંતુ શીખનારે તો પાણીના ઊંડાણની ખાતરી કરીને જ એમાં પગ મૂકવો જોઈએ.

સાવધાની રાખવાથી ભયનું પ્રમાણ ઘટે છે ને તેનો સામનો કરવાનું સહેલું બને છે, પરંતુ આ સાવધાની કેટલીકવાર ભયનું જ બીજું રૂપ પણ હોય છે તે ભૂલવું નહિ. આવી આત્મવંચના કે ભ્રમણા આપણામાં પ્રવેશી જાય તો ભયના પંજામાંથી કદી છૂટી શકીએ નહિ. આપણે સાવધ છીએ કે ભયભીત તેની પરીક્ષા બીજું કોઈ કરી શકે કે નહિ, આપણે પોતે તો અવશ્ય કરી શકીએ. વિશાળ જળાશયને કાંઠે આપણે ઊભા છીએ. પાણીમાં પડવાનો ડર છે ને તેનો નાશ કરવો છે, શી રીતે કરીશું ? તરતાં આવડતું નથી એમ કહી છબછબિયા પાણીમાં જ બેસી રહેશું કે છાતીસમાણાં પાણીમાં હાથપગ હલાવી તરવાનું શીખી શક્તિ પ્રમાણે આગળ વધીશું ? જે વગર વિચાર્યે પાણીમાં ઝંપલાવે તે મૂર્ખ ગણાય, જે ધીમેધીમે પણ આગળ વધે નહિ તે ભીરુ. આવો ભીરુ જો પોતાની ભીરુતાને સાવધાની કહે તો તે દંભ. દંભી કોઈ દિવસ ભયમુક્ત બની શકે નહિ.

જેવું તરવાનું તેવું જ બધી ક્રિયાઓનું સમજવું. આંખ મીંચીને ઝંપલાવવું નહિ, પણ હિંમતપૂર્વક સાવધાનીથી આગળ તો વધવું જ. જે ક્ષેત્રમાં પ્રવેશવું જરૂરી હોય તે ક્ષેત્રનાં ભયસ્થાનો સમજી લેવાં ને પછી ધીમેધીમે એ ભયનો સામનો કરવા માંડવો. શક્તિ કરતાં મોટું સાહસ કરવું નહિ; પરંતુ શક્તિની ચોરી તો કદી કરવી જ નહિ. અજાણ્યા ક્ષેત્રમાં પગ મૂકતાં પહેલીવાર હિંમતની જરૂર પડે છે; પછી તો એ ક્ષેત્રનું જ્ઞાન જ આપણી મદદે આવે છે. અનુભવે ખાતરી થાય છે, કે જ્યાં સાચું જ્ઞાન ત્યાં ભયનો અભાવ. સાવધાની એ જ્ઞાનપ્રાપ્તિનું પહેલું પગથિયું છે.

શ્રી

પુરુષનો પક્ષાઘાત

લેખક :
સ્વામી આનંદ

આપણા શાસ્ત્રકારોમાં ગીતાકાર સહુથી વધુ ઉદારમતવાદી છે છતાં એણે પણ સ્ત્રી, વૈશ્ય, તેમ જ શૂદ્રોને એક દરજ્જે સાંકળ્યાં છે અને એ 'પણ' પરમ ગતિનાં અધિકારી છે એમ કહ્યું છે. કઈ કમનસીબ પળે પુરુષે સ્ત્રી ઉપર પોતાનો માલિકીહક બજાવવા માંડ્યો અને સ્ત્રીપુરુષનું મહિયારું મટીને પુરુષ રળનાર રક્ષક અને સ્ત્રી બેઠાડુ તથા અપંગ થઈ, આર્થિક દૃષ્ટિએ પરાધીન બની, એનો ઇતિહાસ જેટલો રસભર્યો તેટલો જ દુ:ખદ છે. સાચી ન્યાયવૃત્તિ જળવાઈને પુરુષને હાથે તે કદી લખાશે કે કેમ એ શંકાભર્યું છે.

પણ તેથી આપણા જ સમાજમાં પુરુષે સ્ત્રીજાતિ ઉપર જુલમ કર્યો છે એવું નથી. દુનિયાભરનો ઇતિહાસ એવો જ છે. ઇતિહાસના આદિકાળથી એમ બન્યું છે. સ્ત્રી એ પુરુષની સાથી અને જોડાજોડ ચાલનારી સહચરી મટીને તેની મિલકત ગણાવા લાગી, એ માનવ-વિકાસની સૌથી કમનસીબ પળ હતી એમ મને હમેશાં લાગ્યું છે. સૃષ્ટિના આરંભથી જ પુરુષ અને પ્રકૃતિની જોડી ગણાઈ છે. જંતુ, કીટ વગેરે. યોનિમાં જ્યાં લિંગભેદ નથી ત્યાં સંતતિ પેદા કરવાની સાથે જ માવતર ઈંડાં ફાટી પડે છે. પશુયોનિમાં માદા મરતી નથી પણ ચોક્કસ ઋતુકાળે સંતતિનું સર્જન કરે છે. માનવને કુદરતી દેહધર્મની પ્રેરણા ઉપરાંત પરમેશ્વરે વિવેક-વિચારની બક્ષિસ આપી તેથી દેહધર્મનો મનસ્વી ઉપભોગ–સારો તેમ જ નઠારો–કરવાની સ્વતંત્રતા પણ બક્ષી. આ સ્વતંત્રતાની કિંમત સમજીને એ ઈશ્વરી બક્ષિસનો ઉપભોગ માનવીએ સંયમ કેળવી પોતાની ભીતર પડેલી શક્તિઓને ખીલવવામાં કરવો અને અંતે એ તમામ શક્તિઓનો ઉપયોગ માનવજાતિના કલ્યાણને અર્થે, સામુદાયિક સાર્વજનિક હિત અને સેવાને અર્થે કરવો એનું જ નામ સદાચાર, એમ બાપુએ આપણને શીખવ્યું છે.

ચાહે તેવા શુભ કે સ્વાર્થી હેતુથી પણ પુરુષે સ્ત્રીને અપંગ કરી ને તેના ઉપર ધણીપણું ભોગવ્યું એ દુર્ઘટના પાછળ આજના આપણા સામાજિક પતનનો કરુણ ઇતિહાસ છુપાયેલો છે. શિકારમાં સાથી બનીને વનપશુઓની પાછળ દોટો દેતી અને જંગલે જંગલ ભટકતી સહચરીને શ્રમ વિભાગકામની વહેંચણીને નામે જે દિવસે માણસે ઘરરખ્ખુ કરી, તે દિવસથી જ સ્ત્રીની અપંગતાનો આરંભ થયો. માણસ એટલેથી જ અટક્યો નહિ. સાથે ફરતી ત્યાં સુધી પુરુષને તેની ફિકર નહોતી. ઘર ઝાલીને બેસતી થઈ ત્યાર પછી પુરુષને એની રક્ષાની ફિકર થવા લાગી. સ્ત્રીની આત્મરક્ષા કરવાની શક્તિ વિષે એને વિશ્વાસ ન રહ્યો. કંઈક અણવિશ્વાસની પણ એના અંતરમાં શરૂઆત થઈ હશે. આનો ઉપાય એણે સ્ત્રી ઉપર નવાંનવાં બંધનો લાદીને કર્યો. એક સાંજે એ આવ્યો ને કોઈ ધાતુના સળિયાનું કડું કરી લાવ્યો. આભૂષણને નામે એણે એ બેડી સ્ત્રીના પગમાં નાખી. વળતે દિવસે બીજો પગ અડવો દેખાય છે કહી બીજા પગમાં પણ નાખી. આમ જ હાથે પણ કડાં (વલય–બલઇયાં) નાખ્યાં. હાથપગ બંધાયા, છતાં તે તો મજબૂત અવયવ એટલે તેટલાથી સ્ત્રી પર જોઈએ તેટલો અંકુશ ન જમાવી શકવાની આશંકાએ પછી એણે આસ્તે રહીને સ્ત્રીના ગળામાં હાંસડી, કમ્મરે કટિમેખલા, બાવડે બાજુબંધ,

એમ એક પછી એક વધુ બંધન નાખ્યાં અને અંતે નાકકાન કોચી તેમાં પણ વાળાવાળીઓ ઘોંચીને સ્ત્રીને પાળેલ પ્રાણીની જેમ વશ કરવાની ક્રિયા એણે પૂરી કરી. આમ કરવામાં એણે પોતાના જ અંગને–શ્રેષ્ઠ અંગ-(અં. બેટર હાફ)ને પક્ષાઘાત ઉપજાવ્યો, એ એના ધ્યાનમાં આવ્યું નહિ.

હજારો વર્ષ માણસ સૃષ્ટિનો સ્વામી રહ્યો પણ હજી આજની ઘડી લગી એણે સૃષ્ટિનાં ઇતર પ્રાણીઓ જોડે, માનવમાનવ જોડે–અરે, જીવનયાત્રાની ચિરસાથી એવી સહચરી સ્ત્રી જોડે પણ–કઈ પેરે રહેવુંવર્તવું, એની કળા કેળવી જાણી નહિ. પરિણામે આટઆટલા યુગ વીત્યા તોયે આજે એ કલિના અવતાર સમો સંસારનાં તમામ પશુપ્રાણી અને માનવસમુદાયોને મહાભયનું સ્થાન બનીને જીવી રહ્યો છે. એની વિકરાળતાનું પ્રત્યક્ષ દર્શન આજે આપણે રોજેરોજ કરી રહ્યાં છીએ. સૃષ્ટિના–સંસારના સ્વામી આ મનુષ્યપ્રાણીના દોર હેઠળ આજે કોઈની ખેર નથી. માણસ, પશુ, પલિત, સૌ કોઈ એનાં કરતૂકોથી હાય પોકારી ત્રાસી નાસી રહ્યાં છે. કહે છે કે માણસને પરમેશ્વરે પોતાના જાતનમૂના ઉપર ઘડ્યો. આખી સૃષ્ટિની રચના કરીને થાકેલા પ્રભુને છેલ્લી વારે આ કાળા માથાનાને ઘડતાં શું ઝોકું આવ્યું હશે? નહીં તો અનંત કોટિ બ્રહ્માંડનો ઘડવૈયો ઈશ્વર આવડી છક્કડ કેમ ખાય?

આમ પુરુષે પોતાની બેલડી સમી સ્ત્રીજાતિ પ્રત્યે આણેલા અવિશ્વાસ અને આચરેલા અધર્મમાંથી માનવ–પુરુષનું આખું પતન થયું છે, એમ પુરવાર કરી શકાય એવું છે. એમાંથી જ સમાજની આજની અતિ ઉદ્વેગભરી દશા જન્મવા પામી છે. આ પાપને પરિણામે આજે આખી સમાજવ્યવસ્થા છિન્નભિન્ન થઈ ગઈ છે. પશ્ચિમના મુલકોમાં બહારથી સ્ત્રીસન્માનનો દેખાડો કરવામાં આવે છે. ટ્રામ, ટ્રેન કે રસ્તા પર પુરુષ લટકું કરીને સ્ત્રીને માન આપવાનો બાહ્યાચાર કરે છે, પણ ત્યાંયે સ્ત્રીની સાચી દશા કેવી છે? ગુજરાનને માટે કે પતિ મેળવવા માટે વર્ષો સુધી ત્યાંની સેંકડો–હજારો સ્ત્રીઓ કેવાં વલખાં મારતી હોય છે, તેનો આબાદ ચિતાર આપતો એક જબ્બર લેખ મરહૂમ દેશભક્ત લાલા હરદયાળે વર્ષો અગાઉ 'મોડર્ન રિવ્યુ'માં લખેલો: 'પશ્ચિમના દેશોમાં સ્ત્રીનો દરજ્જો' (અં. વુમન ઇન ધી વેસ્ટ) એવા મથાળાવાળા એ લેખ ઉપર તે વખતે ભારે ઉલ્કાપાત મચેલો. લગ્નબજારોની રૂખના હૃદય વલોવી મૂકનારા ચિતાર આપતા કોઈ યુરોપી ગ્રંથકાર કે નાટકકારના લખાણમાંથી એક અડંગ કરુણ કિસ્સો લેખમાં એમણે ટાંકયો હતો. એ ભાષા તો કયાંથી લાવું? પણ પુરાણી યાદદાસ્ત તાજી કરીને મારી ભાષામાં એ મૂકવા પ્રયત્ન કરું છું:

બાઈ મોતી (માર્ગરેટ) નામની એક ગરીબ ગભરુ કુમારિકા અરધીએક ઉમ્મર વીત્યા સુધી વલખાં માર્યા પછી કોઈ એક પુરુષને પોતાની સાથે ઘર માંડવા રાજી કરવામાં સફળ થાય છે. બેઉ પરસ્પર કોલ આપીને બંધાય છે. બાઈનો હરખ હૈયે સમાતો નથી. પણ એક વાતની ગમગીની એના અંતરને પીડે છે. એના અદરાએલા પતિને બીડી પીવાનું નઠારું વ્યસન છે. બાઈને તમાકુની અતિ સૂગ. હિંમત પકડીને બાઈ મોતી ધડકતે હૈયે અતિ વહાલપૂર્વક ભાવિ પતિને આ અળખામણું વ્યસન પોતાના સ્નેહને ખાતર તજી દેવા વીનવે છે; કાકલૂદી કરે છે. પેલો મોઢું કટાણું કરે છે. આવી તરેહવાર જક ન કરવા મોતીને સમજાવે છે. પુરુષના વ્યવહારક્ષેત્રમાં વિક્ષેપ કરવામાં સ્ત્રીને માટે રહેલાં જોખમોનું સૂચન કરે છે.

ઓશિંગણ પણ ભોળી બાઈ મોતી ભાવિ પતિને અંતરથી ખમાખમા કરવા છતાં પોતાની માગણીમાં મક્કમ રહે છે અને પોતાના શુદ્ધ અપાર્થિવ પ્રેમની શક્તિ ઉપર મુસ્તાક રહી માને છે કે આવી ક્ષુલ્લક માગણીના ખડક ઉપર એની ઘડાઈ તૈયાર થયેલી સંસારનૌકાના ભુક્કા કદી ન જ થઈ શકે. લાંબી રકઝકને અંતે ભાવિ પતિરાજ એક રાતની મહેતલ માગી લે છે અને વળતી સવારે પોતાનો નિર્ણય જણાવવા કહી છૂટા પડે છે. પતિરાજ વિમનસ્ક ચિત્તે મેડાના કાતરિયામાં આંટા મારે છે ને વિચારવમળે ચડી વિમાસણમાં પડે છે. 'તું અલ્યા કોણ કોને વળગી રહ્યો, વગર સમજ્યે...?'

આવી મહામૂંઝવણ વચ્ચે સહેજે એના હાથ ખીસામાંની સિગારેટની ડબ્બી ઉપર પડે છે. વિજળીવેગે એના મગજ પરનાં વાદળાં વિખેરાઈ જાય છે. તમામ ધુમ્મસ હટી જાય છે. એના અંતરમાં અજવાળાં ઝોકાર થઈ જાય છે. સંશયમાત્ર ફીટી જાય છે. અને નિર્ણય સહેલોસટ થઈ જાય છે:

ખોલ યાર! સિગરેટ ડબ્બી ને
કરવા દે મને ફરી વિચાર;
મોતડી આ વળી કયા ગામની?
સિગરેટ તજવાનું કહેનાર!
એવી એક હજાર લૂંડી મુજ
ધૂંસરી વહેવા ખડી તૈયાર,
સિગરેટ રાણી! તને મુકાવે
લૂંડી એક તણા શા ભાર?*

આમ સ્ત્રી પ્રત્યેના વર્તાવમાં પુરુષ બધે સરખો છે. એમાં પૂર્વ–પશ્ચિમે એકબીજાને હસવું કે આંગળી ચીંધવી એ કથરોટે કલેડાને હસવા સરખું છે. ઘેરઘેર માટીના ચૂલા છે.

અમદાવાદમાં અગાઉનાં વર્ષોમાં હું 'નવજીવન' પત્રોનું સંચાલન કરતો ત્યારનો એક કરુણ કિસ્સો યાદ આવે છે. સાસુ-સાસરિયાંનો અને માવડિયા પતિનો અતિ ત્રાસ વેઠતી એક ગરીબ ગાય કુલવધૂ માબાપનાં રાત–દિવસનાં ચોધારાં આંસુનો વિષય બની છે. અસહાય પિયેરિયાં અગતિક બન્યાં છે. દુહાગણ દીકરીને દુઃખે દુખિયારી જનેતા દિવાળી કે એવા કોઈ તહેવારનું ટાણું જોઈ બહેનને બે દિવસ ઘેર તેડી લાવવા દીકરાને મોકલે છે. ભાઈ સંધ્યા–આરતી ટાણે કોઈ મોહલ્લામાં બહેનને સાસરે પહોંચીને બહેનને મોકલવા માગણી કરે છે. જવાબમાં પેલાં કસાઈઓ 'લે તારી બહેન' કહીને ગાળોના વર્ષાવ સાથે ગરીબ બિચારી રાંક વહુને ત્રીજે માળેથી ઘર વચ્ચેના પથ્થરે જડેલા ચોકમાં પડતી મેલે છે! એનાં લમણાં, પાંસળીઓ, પગ, થાપા, બધું ભાંગીને રોટલો થઈ ગયું. ત્રણ–ચાર દિવસ ઇસ્પિતાલમાં ભયાનક વેદનાઓ વેઠીને દેવાંગના સરખી એ બાપડી મૃત્યુ પામી. એને જોવા માટે એક સન્માન્ય મિત્ર મને ઇસ્પિતાલમાં લઈ ગયેલા. પોળ–પડોશના તમામ લોકો આ બહેન ઉપર જ ઘાતકીપણું એનો પતિ તથા સાસુ-સાસરિયાં રોજ ગુજારતાં તે જાણતાં; છેલ્લે દિવસે બન્યું તેની વિગતોથી પણ રજેરજ વાકેફ હતાં. પણ પોલીસ–તપાસ થઈ ત્યારે પેલાં અપરાધીઓને શાસન કરાવવા સારુ આગળ પડવાનું તો દૂર રહ્યું, પણ ઊલટી સામી સાક્ષી આપવા આગળ આવ્યાં ને 'બાઈને વાઈ આવતી'તી,' 'પગ લપસ્યો,' 'તોલ ગયો,' એવું જ કંઈ કારણ બતાવીને

---

*Now open my cigar box
and let me consider anew
And who is this Maggie
that I should abandon you?
A thousand surplus Maggies
are ready to bear the yoke
A Woman is a Woman,
but a cigar is a smoke!

બાઈ અકસ્માતથી જ પડી ગઈ હોય એવા પુરાવાં આપ્યા ને પેલાં દુષ્ટોને બચાવી લીધાં !

હિંદુ સંસ્કૃતિના અઠંગ અભ્યાસી અને ઉપાસક સ્વ૦ સર નારાયણ ચંદાવરકર અમારા નાનપણમાં મુંબઈ પ્રાર્થના સમાજમાં ઘણીવાર ઉપાસના ચલાવતા. એવી જ ઉપાસનાને પ્રસંગે એમણે કરેલું એક પ્રવચન મારા હૈયામાં જીવનભરને માટે જડાઈ ગયું છે. એમણે કહેલું :

‘ સંસારના તમામ પુરુષાર્થની પાછળ સ્ત્રીની પ્રેરણા જ કામ કરતી રહી છે. પ્રેમ અને પ્રેરણાની એ તલાવડી છે. પુરુષ યુદ્ધનો સુભટ બનીને રણમેદાન પર ઝૂઝે છે ને અતુલ પરાક્રમ કરી સમરાંગણ પર સૂએ છે. પુરુષ જાવે જાય છે. દેશદેશાવરની સફરો ખેડે છે. અનેક જહેમત ઉઠાવે છે. દૂર દેશોમાં પડ્યો મૂંગે મોઢે વસમા વિયોગ વેઠે છે. બોલ્યા બોલને ખાતર કે આંટ–ઇજ્જતને ખાતર ફના થઈ જવા તૈયાર થાય છે. એ એકેએક પુરુષાર્થની પાછળ કોઈ ને કોઈ માતાનું ધાવણ, કોઈ મા–માસીનું શિક્ષણ કામ કરી રહ્યું હોય છે; કોઈ વીર ભગિનીની યાદ, કોઈ દૂર દેશના ગામડામાં વસતી એની ‘ નાનીશી નાર ’ની કે એનાં બાળકોની માની કે દીનતાની મૂર્તિ સમી એની વિધવા બહેનની પ્રેરણા કામ કરી રહી હોય છે. જગતભરના પ્રથમ શ્રેણીના મહાન પુરુષો ને સંતો મોટેભાગે રેંટિયો કાંતીને કે દયણાં દળીને જીવનની જદ્દોજહદમાં એકાકી ઝૂઝનારી નિરાધાર વિધવા માતાઓના પરિશ્રમ અને ઉછેરની નિપજ હતા એ જોઈશું તો સ્ત્રીશક્તિની ઝાંખી આપણને તુરત થશે. સાચે જ, સ્ત્રીની શક્તિ આગળ પુરુષના તમામ પુરુષાર્થ અને પરાક્રમ મેરુ આગળ તરણા સમાન છે. સ્ત્રી એટલે જ શક્તિ. સ્ત્રી એ સચરાચર સૃષ્ટિના પાયામાં પડેલી કલ્યાણકારી શક્તિનું પાર્થિવ સ્વરૂપ છે. શાસ્ત્રો આ જ વાત પોકારી પોકારીને કહે છે. સંસારના શાણા પુરુષોનો આ જ નિર્ણય છે.

હિંદુ વિધવા સંસારની એક અનુપમ સૃષ્ટિ છે. ગાંધીજીએ એને ત્યાગમૂર્તિ કહી છે. ગંગામૈયા જેવી એ પાવનકારી છે. હિંદુ સંસારનો એ અસાધારણ આશ્રય અને આધારસ્તંભ છે. એની શક્તિનો, એના ઉદ્યમ ને આવડતનો, એની સેવા, ભક્તિ, સમજણ અને પરાયણતાનો પાર નથી. દુનિયાની કોઈ નર્સ કે દાઈ તિતિક્ષામાં કે નિઃસ્વાર્થ સેવાભાવમાં એની બરોબરી કરે એમ નથી. કોઈ સમાજમાં, કોઈ સંપ્રદાયમાં, કોઈ મઠ–મંદિરમાં એનો જોટો જડવો મુશ્કેલ છે. હિંદુ વિધવાની મૂર્તિનું જયારે હું ચિંતવન કરું છું, ત્યારે એક પછી એક માતાઓ અને બહેનોની હારમાળાઓ મારી આંખ સામે ઊભી રહે છે અને હિંદુઓ એમના દહેરાં ને દેવસ્થાનોમાં કે ચૌટે–ચકલે આટઆટલી પથ્થરમૂર્તિઓ અને દગડાધોંડા શા સારુ બેસાડતા હશે, એ વાતની ગમગીનીથી મારું હૃદય અકળાઈ ઊઠે છે.

આપણી વિધવાઓ, આપણી માતાઓ અને આપણી બહેનો જિંદગીની જહેમતો ઉઠાવવામાં ઘરઆંગણે આટઆટલી ચિવટ અને ટેકીલી છતાં ઘરના ઉંબરાની બહાર કેટલી અપંગ અને આત્મવિશ્વાસ વિનાની છે ? ધોળે દહાડે રસ્તે ચાલતાં કોઈ અજાણ્યો માણસ ઘસીને ચાલે તો ભરશરમની મારી ભોંયભેગી થઈ જાય. ભરબપોર વેળાએ પણ ઘરને બારણે પુરુષોની ગેરહાજરીમાં કોઈ વણઓળખીતા માણસનો ચહેરો જોતાં શિયાંવિયાં થઈ જાય અને ભર્યાં શહેરોની વસતીમાં પણ સાંજ વેળાએ એકથી બીજી શેરીમાં જવાનો પ્રસંગ આવ્યે એકલી જતાં થરથરે. મુંબઈની નાજુક બહેનો

હોળી-અષ્ટમીને ટાંકણે ચાલીનો રામો નાચવા ગોવિંદા-કરવા સવારથી જ સિધાવી જશે ને માંજવા-ધોવાનું કામ પોતાને માથે પડશે એ ફફડાટે 'વહેલોવહેલો વાસણ-લૂગડાં કરીને જા, તને ચાર આના તાડી પીવા આપીશ' એવા કાલાવાલા કરે, અને એવા ધૂળગજાના સ્વાર્થની સામે, એ પણ પોતાના જ જેવા ઘરસંસારવાળી કોઈ સ્ત્રીનો પતિ, દીકરો કે ભાઈ હશે એ વાત ભૂલી જાય, એવી અપંગ આજની આપણી દશા છે. આ દશા અનેક કાળથી સ્ત્રીના જીવન આખાને ઠેરઠેર ડૂચા મારી ગોંધીને પુરુષે જે રીતે બધિયાર કરી મૂક્યું, એમાંથી ઊપજી છે. આનો ઈલાજ કર્યે જ છૂટકો છે.

બ્રહ્મદેશના લોકજીવનની ગાથાઓમાં કોઈ અકથ્ય ઊર્મિએ ગાયેલો એક ચમત્કારી કિસ્સો છે. હું ભૂલતો ન હોઉં તો ફીલ્ડીંગ હોલ કે નિવેદિતાનાં કોઈ લખાણોમાં ટાંકેલો કે ક્યાંક મેં વાંચેલો. એક નમેરો ભાન-ભૂલેલો નરપશુ વ્યસનના ઘેનમાં કે અંતર-રિપુના ઝંઝાવાતમાં પડીને પોતાની જન્મદાત્રી માતું કુહાડીથી નિષ્ઠૂરપણે ખૂન કરે છે. વસતિ આખીમાં હાહાકાર વ્યાપે છે. બંધવા ઉપર ખૂનનો મુકદ્દમો ચાલે છે. મદમસ્ત નઠોર પુરુષ મગરૂરીભર્યા બકવાદ સાથે ગુનાનો એકરાર કરે છે. અદાલત આખી ચિત્કાર કરી ઊઠે છે. કોઈને પેલા નરરાક્ષસ પ્રત્યે લેશમાત્ર સહાનુભૂતિ નથી.

ચુકાદો ઘડાય છે. બંધવાને દેહાંતસજા સંભળાવવા ન્યાયમૂર્તિ ન્યાયાસન ઉપરથી ઊભા થવા કરે છે. કંઈક અંતરાય, કંઈક રોકાણની એને આશંકા થાય છે. એમના પગ જાણે કે કશાકમાં અટવાય છે. જાણે ઊભા થવા ના કહે છે. ન્યાયમૂર્તિ ચુકાદો મુલતવી રાખી ઊઠી જાય છે. વિમાસણમાં પડે છે. વળતે દિવસે વળી એવું જ કૌતુક થાય છે. ન્યાયાસન નીચેની બિછાયત જાણે કે ફાટી ગઈ છે, અને એના આડાઊભા ધાગા ગૂંચળાં વળીવળીને ગોમટાના દોરાની જેમ જાણે ન્યાયમૂર્તિના પગમાં અટવાય છે. વળી એકવાર ચુકાદો મુલતવી રહે છે. વળતે દિવસે આપવા કહી ન્યાયમૂર્તિ ઊઠી જાય છે. ઘેર જઈ ગમગીન ચિત્તે સૂનમૂન બેસે છે. અંતે સાંજવેળાએ હૈયાનો ભાર હળવો કરવા પડોશમાં વસતાં એક ડોશીમા પાસે જઈ મનની મૂંઝવણ રજૂ કરે છે:

'કહેશો મા, આ તે કૌતક કે ચેટક? અમે અંગ્રેજી ભણેલા આવું કશું ન માનીએ. પણ સાચે જ, મા! આ તો નવાઈ ભાળી. નવીનકોર શેતરંજી બરાબર પગ તળેથી ફાટીને ખાસ્સું ગાબડું પડ્યું ને એટલા બધા ધાગા-દોરાનાં ગૂંચળાંનાં ગૂંચળાં નીકળી પડીને બૂટવાળા પગમાં કોણ જાણે કેમ અટવાવા માંડ્યાં! મારાથી જાણે ઊભાં જ થવાય નહીં. લાગલાગટ બે દિવસથી જ આમ થાય છે. આ તે ભૂતાવળ શું હશે મા?'

ડોશી ક્ષણવાર વિચારમાં ડૂબે છે. પછી લાગલાં જ બોલી ઊઠે છે:

'ના સમજ્યા મારા બાપ? વિલા'ત લગી જઈને આટઆટલાં ભણતર ભણી આવ્યા તોય આટલું ન પારખ્યું, બાપલા? દોરા શેના ને ધાગા શેના? ઈ તો બોલ્યા બંધવાની મૂઈ જણેતાની આંતરડી! મારા બાપ, તમારા પગમાં આવીને ધા નાખે છે. એ કહે છે: 'ન્યાયના તોળનારા વીર! મારા દીકરાનું લોહી ન લેઈશ. ભલે એણે મને મારી. મારી આંતરડી કકળી એટલી મારા મારતલની ઠરજો ને ભેળી તારી ઠરજો. ને તારી જનેતા તને સાંભરજો. ભૂલનાં લેખાં ભગવાન કરશે, બાપ! તું મારા બંધવાને છોડ, તું યે મારા જેવી માએ જણેલો દીકરો છો.'

શંકરાચાર્યે ગાયું :

'कुपुत्रो जायेत क्वचिदपि कुमाता न भवति.'

પેગમ્બરનું વચનામૃત છે :

'તારી માતાના પગની પાની હેઠળ તારું સ્વર્ગ છુપાયેલું છે.'

આવા મહા મહિમામય વારસાનાં તમે સૌ વારસદાર છો. તમારામાંથી અનેક બહેનો દુખિયારી છો, પુરુષને હાથે ને સમાજને હાથે એક કે બીજી રીતે અન્યાયના ભોગ થઈને આવેલી છો. પુરુષે સ્ત્રીજાતિ સામે જે અન્યાય આચર્યા છે, તેનું વર્ણન કર્યું જાય એમ નથી. પણ સ્ત્રી એ જગતની માતા છે. પુરુષની પણ એ જ માતા છે. પુરુષે—આખી પુરુષ જાતિએ—સ્ત્રીઓના અનંત દોષ કર્યા હશે, છતાં એ સ્ત્રીનું જ ફરજંદ છે. એમના જ ઉદરમાંથી એ પાકે છે. પેટના સંતાનને એના તમામ દોષો ગળી જઈને પણ માફ કરવું અને એની કલ્યાણ-કામના જ કર્યા કરવી, એ એકલી સ્ત્રીને જ બક્ષિસમાં મળ્યું છે. આજે જે બંધનમુક્તિ તમે અનુભવવા લાગી છો તેની પ્રેરણા પાનાર મહાત્મા ગાંધીજી પણ સ્ત્રીના જ ઉદરમાં પાક્યા છે. એ એક પુરુષે સ્ત્રીજાતિની મુક્તિ માટે જે કંઈ કર્યું છે તે સામું જોઈને નમેરી પુરુષ જાતિના અનેક અપરાધો તમે ગળી જજો.

સ્ત્રી જગન્માતા છે, જગજ્જનની, જગદ્ધાત્રી, એવાં એવાં એનાં નામ અને એના કાર્યપ્રદેશ છે. તમે અબળા મટીને જગતનું પરમ મંગળ સાધનારી જગદંબા થાઓ અને ઝનૂને ચડેલી માનવજાતિનો ઉદ્ધાર કરવામાં ખાસ ભાગ ભજવો એવું માગું છું.×

× અમદાવાદ જ્યોતિસંઘ અને વિકાસગૃહની બહેનો સમક્ષ કરેલા એક જૂના પ્રવચનમાંથી ટૂંકાવીને ઉદ્ધૃત. સુધાર્યું ૬-૫-૫૨

☆

રાજા ખટ્વાંગે સ્વર્ગલોકોને મદદ કરી અસુરોના ત્રાસમાંથી દેવોને છોડાવ્યા. આથી દેવો અત્યંત પ્રસન્ન થયા ને રાજાને ભોગવૈભવ માટે કંઈક પણ વરદાન માગવાનું કહ્યું.

રાજાએ મનમાં વિચાર્યું :

'જિંદગીના દિવસો વધુ બાકી હોય તો તો આ કર્તવ્યપાલન, રાજ્યકારભાર વગેરે ઠીક છે, પણ જો આવરદા જ ટૂંકો હોય તો આ પ્રકારે ભોગોમાં રચ્યાપચ્યા રહેવામાં મૂર્ખતા જ કહેવાય. આ મનુષ્ય-શરીર દ્વારા ભવસાગરને જો પાર ન કર્યો, તો પછી કોણ જાણે કઈકઈ યોનિમાં જન્મ લેવો પડશે! આ દેવતાઓ પણ ઇંદ્રિયોના વશમાં છે. એમની ઇંદ્રિયો પણ ચંચળ છે. એમની બુદ્ધિ સ્થિર નથી. આ દેવો પણ આત્મસ્વરૂપને જાણતા હોતા નથી. જ્યાં એ લોકો જ આત્મજ્ઞાનરહિત છે, ત્યાં તેઓ મને કયું વરદાન આપવાના હતા?'

આ બધો વિચાર કરીને એણે દેવલોકોને પૂછ્યું :

'કૃપા કરીને પહેલાં એ તો કહો કે મારું કેટલું આયુષ્ય હવે બાકી છે?'

જવાબ મળ્યો : 'મહારાજ, તમારું આયુષ્ય હવે બે ઘડીનું જ બાકી છે.'

રાજાએ વિચાર્યું :

'અરે જીવ! બે જ ઘડીના આયુષ્ય માટે શા માટે બધી ખટપટ જોઈએ?' ને પછી કહે છે કે પૃથ્વી પર આવીને એ ભગવાનના ધ્યાનમાં રત થઈ ગયા.

રાજા ખટ્વાંગનું તો આયુષ્ય બે ઘડી બાકી રહ્યું હતું એવી એમને ખબર પડી ગઈ હતી, પરંતુ આપણને તો એ પણ માલૂમ નથી કે બે પળ જેટલું ય આયુષ્ય શેષ રહ્યું છે કે નહીં!

×

અંતરની આરસી

લેખિકા :

સાધ્વીશ્રી ઉજ્જવળકુંવર

માણસને પોતાનું મુખ જોવું હોય તો તે આરસીમાં જુએ છે, પણ આરસીને ગૂણિયું વીંટીને કોઈ પોતાનું મુખ જોવા ઈચ્છશે તો તે જોઈ શકશે નહિ. આપણે પણ અંતરની આરસીમાં આત્માનું પ્રતિબિંબ નિહાળવા મથીએ છીએ, પણ તેના પર વીંટળાયેલા ગૂણિયાનાં પડ જ્યાં સુધી દૂર ન થાય ત્યાં સુધી પ્રતિબિંબ કેવી રીતે જોઈ શકાશે?

આદિ તીર્થંકર શ્રી ઋષભદેવના જયેષ્ઠ પુત્રચક્રવર્તી ભરતને અરીસાભુવનમાં પોતાનું નગ્ન સ્વરૂપ જોવાથી કૈવલ્ય પ્રાપ્ત થયું હતું એમ આપણે કહીએ છીએ; પણ જો અરીસાભુવનમાં નગ્ન સ્વરૂપ જોવા માત્રથી કૈવલ્ય પ્રાપ્ત થતું હોય તો બધા શ્રીમંતો ગમે તેટલા ખર્ચે પણ અરીસાભુવન તૈયાર કરે અને પોતાનું નગ્ન સ્વરૂપ જુએ! કૈવલ્યની પ્રાપ્તિ તેમ થતી નથી. ભરત મહારાજની વાતનું જુદું જ રહસ્ય છે. તેઓ બાહ્ય અરીસાભુવનમાં નહિ પણ અંતરના અરીસાભુવનમાં ગયા હતા; ત્યાં અંતરની આરસીમાં આત્મસ્વરૂપ જોતાં તેમને કૈવલ્ય થયું હતું. તેમની અંતરની આરસી એટલી નિર્મળ બનેલી હતી કે તેમાં જોતાં જ આત્માનું પ્રતિબિંબ પડ્યું હતું અને કૈવલ્યની પ્રાપ્તિ થઈ હતી.

આપણે પણ તેવી રીતે અંતરની આરસીમાં આત્મદર્શન કરી શકીએ છીએ, પરંતુ ઉપર કહ્યું તેમ તે પર વીંટળાયેલા ગૂણિયાનાં પડ અને જામી ગયેલા થર દૂર કરવા પડશે.

અંતરના મેલને દૂર કરવા માટે આત્મનિરીક્ષણ મુખ્ય સાધન છે. બંને વખત પ્રતિક્રમણ કરવાનું જૈનોનું ધ્યેય આત્મનિરીક્ષણ જ છે. વેદધર્મમાં દર્શાવાયેલ સંધ્યા આત્મનિરીક્ષણ માટે છે. ઈસ્લામી ધર્મની નમાજ અને ખ્રિસ્તી ધર્મની પ્રાર્થનામાં પણ એ જ રહસ્ય સમાયેલું છે. માણસ ઝાડુ લઈને ઘર સાફ કરે છે તેમ દિલને સાફ કરવાની આ બધી ક્રિયાઓ છે.

કોઈ કહેશે કે વર્ષો થયાં માણસો આવી ક્રિયાઓ કરે છે, છતાં તેમની અંતરની આરસી નિર્મળ થયેલી કેમ જોવામાં આવતી નથી? આ પ્રશ્નનું નિરાકરણ એ છે, કે ક્રિયાઓ સમજણપૂર્વક અને વિધિપૂર્વક કરવામાં આવે તો જ તેનું યથાર્થ પરિણામ આવે. બંને વખત વિધિપૂર્વક અને સમજણપૂર્વક પ્રતિક્રમણ કરનાર તીર્થંકર બની શકે છે તેવું શાસ્ત્રમાં કહેલું છે.

ઘરમાં કચરો થાય કે તરત જ આપણે વાળી નાખીએ છીએ; તેવી જ રીતે હૃદયમાં કુવિચાર આવે કે તરત તેને કાઢી નાખવો જોઈએ. પ્રતિક્રમણનો સામાન્ય અર્થ આ છે. આ રીતે સતત જાગ્રત રહી જે પોતાની જાતનો જ અભ્યાસ કર્યા કરે અને તમામ દોષોને નિર્મૂળ કરે, તે તીર્થંકરપદવી પ્રાપ્ત કરે તો તેમાં કશું આશ્ચર્ય નથી.

માણસ ખગોળ, ભૂગોળ, ઈતિહાસ, ગણિત, શરીરશાસ્ત્ર, જંતુવિદ્યા, વિજ્ઞાન વગેરે દુનિયાભરનાં શાસ્ત્રોનો અભ્યાસ કરતો હોય અને પોતાની જાતનો અભ્યાસ ન કરતો હોય તો તે પોતાની મૂળ સ્થિતિમાંથી એક ઈંચ પણ આગળ વધી શકે નહિ; તેથી ઊલટું આ પૈકીની કોઈ પણ વિદ્યાના અભ્યાસ વિના જે કોઈ પોતાની જાતનો અભ્યાસ કરતો હોય, પોતાનાં વિચાર–વાણી–વર્તનનું નિરીક્ષણ કરતો હોય અને જાગૃતિ સેવતો હોય, તે તીર્થંકરના સર્વશ્રેષ્ઠ સ્થાન સુધી પહોંચી શકે છે. એક અનુભવી વિદ્વાને કહ્યું છે, કે

‘ હું બીજા કોઈ પણ વિષય કરતાં મારી જાતનો વધારે અભ્યાસ કરું છું. તે જ મારી અધ્યાત્મ વિદ્યા છે અને તે જ મારું પદાર્થ વિજ્ઞાન છે.’ પોતાની જાતનો અભ્યાસ કરવો અને ખામીઓ દૂર કરવા પ્રયત્ન કરવો, તે જ આત્મશુદ્ધિનો શ્રેષ્ઠ માર્ગ છે.

આપણાં શાસ્ત્રોની એક ગાથા છે, કે
जो पुव्वरता वररतकाले संयिक्ख ए अप्पगमप्पएणं किं मे कडं किंच्चमें किश्च सेसं, कि सक्कणिज्जं न समायरामि।

આત્મોન્નતિ ઇચ્છનારે રાત્રિના પ્રથમ પ્રહરમાં આત્માનું આત્મા વડે નિરીક્ષણ કરવું જોઈએ, કે ‘મેં આજે શું કર્યું? તેમાં કરવા જેવું કેટલું કર્યું અને ન કરવા જેટલું કેટલું કર્યું? કરવાનાં સારાં કામો કેટલાં બાકી રહી ગયાં? તન, ધન અને મનથી પરોપકાર અને ભલાઈનાં કેટલાં કામો શક્ય હોવા છતાં પણ ન કર્યાં?

આ જાતનું આત્મનિરીક્ષણ કરનાર ક્રમેક્રમે ઉપર ચડતો જાય છે.

રાત્રિના છેલ્લા પ્રહરે આત્મનિરીક્ષણ કરનારે ત્રણ જાગ્રિકા વિચારવાની હોય છે: કુટુંબજાગ્રિકા, દેશજાગ્રિકા અને આત્મજાગ્રિકા.

કુટુંબજાગ્રિકા એટલે કુટુંબ અંગે વિચારણા કરવી. આખા યે કુટુંબની શારીરિક તંદુરસ્તી કેવી છે, તે વિચારવું જોઈએ; કેમકે શારીરિક આરોગ્ય સર્વ સુખનો પાયો છે. જો કુટુંબના સભ્યોનું આરોગ્ય બરાબર ન હોય તો તેનું કારણ વિચારવું જોઈએ અને તે કારણ દૂર કરવા ઉપાયો યોજવા જોઈએ. કુટુંબમાં સુલેહસંપ કેવા છે, તે પણ વિચારવું જોઈએ. કુટુંબમાં સંપ અને શાંતિ ન હોય તો તેનું કારણ વિચારવું જોઈએ અને શાંતિનું વાતાવરણ ઊભું કરવું જોઈએ. આ અંગે પોતાને કંઈ પણ ત્યાગ કરવાની જરૂર પડે તો તે માટે તૈયાર રહેવું જોઈએ. કુટુંબની સંસ્કારિતા તરફ પણ કાળજી રાખવી જોઈએ. કુટુંબની દરેક વ્યક્તિમાં કેવા સંસ્કાર પડી રહ્યા છે? સંયમ અને સાદાઈના સંસ્કારો પડતા જાય છે કે વિલાસ અને સ્વચ્છંદતાના કુસંસ્કારો? દરેક માણસના વ્યવહારમાં સભ્યતા અને નમ્રતા છે કે કોઈનો વ્યવહાર ઉદ્ધતાઈથી ભરેલો છે? આ બધા પ્રશ્નો અંગે કુટુંબના વડીલે પાછલી રાત્રે વિચારણા કરવી જોઈએ.

આપણને સૌને પૂછવામાં આવે, કે આપણે આપણા કુટુંબ અંગે આ જાતની વિચારણા કરીએ છીએ ખરા? આ પ્રશ્નનો જવાબ ‘હકાર’માં આવવાનો ઓછો સંભવ છે. પોતાના બાળકને કેવું શિક્ષણ મળી રહેલું છે અને તેનામાં કેવા સંસ્કાર પડી રહેલા છે, તેની કાળજી રાખનાર કેટલાં માબાપો નીકળશે? બાળકના સંસ્કારોની કાળજી રાખનાર હજારે એકાદ જ માબાપ નીકળશે; નવસો નવ્વાણું માબાપને તો પોતાનું બાળક શું ભણે છે તેનો પણ ખ્યાલ નહિ હોય!

એક મોટા શ્રીમંત શેઠના પુત્રને મુદતિયો તાવ આવેલો. ઘેર મોટા દાક્તર તબિયત તપાસવા આવ્યા હતા. દાક્તર બંગલામાંથી બહાર નીકળતા હતા અને શેઠ બંગલામાં પ્રવેશ કરતા હતા. શેઠે દાક્તરને પૂછ્યું: ‘કેમ દાક્તર! આજે ઘેર કેમ આવ્યા હતા? કંઈ કામ હતું કે શું?’ દાક્તર વિચારમાં પડી ગયા. તેમણે કહ્યું: ‘ભાઈની તબિયત જોવા આવ્યો હતો.’ આટલો ટૂંકો જવાબ આપી, દાક્તર બહાર નીકળી ગયા. શેઠનો પરણેલો પુત્ર ટાઈફૉડમાં સપડાયેલો હતો, પરંતુ શેઠને ખબર પણ ન હતી! આ વાતથી વાચકને નવાઈ થશે, પણ આ હકીકત સત્ય ઘટના છે. કેટલાંક કહેવાતા મોટાં કુટુંબોમાં પિતા અને પુત્રનો અઠવાડિયા સુધી ભેટો થતો નથી! પૈસાની પાછળ અને પૈસાથી મળતી મોટાઈની પાછળ ગાંડા થયેલો માણસ આવો બેદરકાર રહે તો તેમાં નવાઈ જેવું

કહ્યું નથી.

એક વાર બિરલાજી સાથે વાતચીત ચાલી રહી હતી, ત્યારે બિરલાજીએ આવો જ પ્રસંગ કહેલો: એક શ્રીમંતને કોઈએ પૂછ્યું કે, 'તમારે કેટલા પુત્ર છે? તેમનાં નામ શું છે?' આ પ્રશ્નથી તે બિચારો શ્રીમંત મૂંઝવણમાં પડી ગયો. પોતાને કેટલા પુત્ર છે અને તેમનાં શાં શાં નામ છે, તેની તેને પૂરી ખબર ન હતી! પોતાના પુત્રો અંગે ખ્યાલ ન હોય તો પૌત્રો અંગે તો માહિતી ક્યાંથી જ હોય? જેને પોતાનાં સંતાનો પ્રતિ કાળજી રાખવાની ફુરસદ નથી, તેને પ્રજોત્પત્તિ કરવાનો અધિકાર હોઈ શકે ખરો? આવા માનવો, માત્ર માનવસંખ્યામાં વધારો કરી, દુનિયા પરનો બોજો વધારી રહ્યા છે એમ નથી લાગતું?

પિતાએ પુત્રના સંસ્કારોનું નિરીક્ષણ કેવી બારીકાઈથી કરવું જોઈએ, કુસંસ્કારો કાઢી સુસંસ્કારો કેવી રીતે દાખલ કરવા જોઈએ, તે માટે એક જૂના જમાનાનો દાખલો આપું: મહાકવિ ભારવિનું નામ સહુએ સાંભળ્યું હશે. સંસ્કૃતમાં પાંચ મહાકાવ્યો છે; તેમાંનુ કિરાતાર્જુનીય એક છે. તેના કર્તા આ કવિ છે. મહાકવિ ભારવિ માટે એમ કહેવાતું આવ્યું છે કે. 'भारवेरर्थगौरवम्'–ભારવિના સાહિત્યમાં અર્થગૌરવ ભરેલું છે. ભારવિ પ્રકાંડ પંડિત હતો, પણ ગર્વીલો અને અભિમાની હતો. તેના પિતાનું નામ ત્રિલોચન અને માતાનું નામ ભગવતી હતું. તેના પિતાને પુત્રનું અભિમાન ખૂંચતું; પુત્રને વિનયનો પાઠ શીખવવાનો ત્રિલોચને એક સમયે મનમાં નિર્ણય કર્યો.

એક દિવસે ગામમાં દાંડી પિટાઈ કે 'વિદેશોના વિદ્વાનોએ આપણા રાજના પંડિતોનો પરાજય કર્યો છે, માટે તેમને હરાવી શકે તેવો કોઈ વિદ્વાન હોય તો રાજસભામાં આવે.' આ સાંભળી મહાકવિ ભારવિ રાજસભામાં ગયા. સાત દિવસ અને સાત રાત્રિ સુધી અખંડ ચર્ચા ચાલી. અંતે ભારવિનો વિજય થયો. રાજા તેના પર પ્રસન્ન થયો, પ્રજા પણ તેની વિદ્વત્તા પર મુગ્ધ બની. રાજાએ ભારવિને હાથીની અંબાડી ઉપર બેસાડી, ગામમાં સરઘસાકારે ફેરવ્યો. રાજા તેને ચામર ઢોળતો હતો અને મહા અમાત્ય છત્ર લઈને ઊભો હતો. 'ભારવિની જય' પોકારતું સરઘસ તેને ઘેર આવ્યું. ભારવિનાં માત-પિતાએ રાજાનો યથાયોગ્ય સત્કાર કર્યો. રાજા બંનેને નમસ્કાર કરી બોલ્યા: 'હું આપનાં દર્શનથી આજે કૃતાર્થ થયો છું.' ભારવિના પિતા ત્રિલોચને કહ્યું: 'દક્ષિણાપથના સ્વામી! આપ મારા રંકને આંગણે પધાર્યા તે મારું સદ્ભાગ્ય છે.' રાજા વિષ્ણુવર્ધને જવાબ વાળ્યો: 'આપનાં તપ અને વિદ્યાધનની આગળ તો હું રંક છું, મને આપના આશીર્વાદ જોઈએ,' એમ કહી, રાજાએ નમસ્કાર કરી વિદાય લીધી.

રાજા ગયા પછી ભારવિ માતાને વંદન કરવા જાય છે ત્યાં માતા બોલી: 'બેટા, પહેલાં તારા પિતાને નમસ્કાર કર.' ભારવિએ પિતાના ચરણમાં સાષ્ટાંગ પ્રણામ કર્યાં. ભારવિને આશા હતી કે પિતા આજ જરૂર તેને માન આપશે, હોંશથી છાતીએ લગાડશે, પણ તેમ ન બન્યું. ડોસાએ ઝાઝો આનંદ ન દર્શાવ્યો. તેણે ઠંડે કલેજે માથા પર હાથ મૂકી એટલું જ કહ્યું: 'शतम् जीव!' ભગવતીને આથી દુઃખ થયું, તે બોલી: 'બસ, એક જ શબ્દ! આપને પુત્રને સન્માનવા શબ્દો યે ન જડ્યા? પુત્રનો વિજય જોવા રાજદરબારમાં તો ન ગયા, પણ ઘેર આવેલા વિજયી પુત્રને હૈયે લગાડવાની યે હોંશ નથી?' ત્રિલોચને જવાબ વાળ્યો:

'ગૃહિણી! પુત્રને જોઈએ તે કરતાં વધારે માન મળ્યું છે. તે માન પચાવતાં ન શીખે, ત્યાં સુધી હૈયે લગાડવાની હોંશ કેમ આવે? એને વિદ્યાનું અભિમાન છે. દક્ષિણાપથના સ્વામી આંગણે આવ્યા હતા, પરંતુ તેને વળાવવા જવાનો યે વિવેક પુત્રને ન સૂઝ્યો. ક્યાંથી સૂઝે? એ તો વિજયવીર ને! ગુરુએ આપેલી વિદ્યાનો આ સદુપયોગ કે દુરુપયોગ? વિજયમાં એ એટલો બધો ફુલાઈ ગયો કે હાથીએ ચડીને ફર્યો અને પૃથ્વીપતિને ચામર ઢોળવા ઊભા રાખ્યા!'

ભારવિ બોલ્યો: 'પિતાજી! હાથી પર બેસવાનો મને શોખ ન હતો અને ચામર ઢોળવાનું કાર્ય તો રાજાએ પોતાની ઇચ્છાથી કર્યું હતું.'

પિતાએ કહ્યું: 'એ તો એણે વિવેક કર્યો, પણ તમારો વિનય ક્યાં બળી ગયો હતો? એણે મોટાઈ બતાવી, પણ તમારામાં નમ્રતા કેમ ન આવી? વધારેપડતું માન માણસને પોતાને જ ભારે પડે છે!'

ભારવિએ અભિમાનમાં કહ્યું: 'એ માન મને નહિ, પણ પાંડિત્યને હતું.'

પિતાએ કહ્યું: 'અભિમાન સાથે દંભ સેવવાની તાલીમ લેવી શરૂ કરી છે કે શું?'

ભારવિએ કંટાળાભરેલા શબ્દોમાં કહ્યું: 'પિતાજી! અપમાન સહન કરવા હું ટેવાયેલો નથી.'

પિતાએ કહ્યું: 'યોગ્યતા ન હોય તેને માન આપવાની મને ય ટેવ નથી.'

ભારવિ આવેશમાં ને આવેશમાં ત્યાંથી જતો રહ્યો અને અગાસીમાં જઈને બેઠો. તે વિચારવા લાગ્યો: 'આ તે મારો પિતા છે કે દુશ્મન? પિતાથી પણ મારી પ્રશંસા સહન ન થાય, ત્યારે તો હદ થઈ ને? તે મને ઉતારી પાડવાની કોશિષ કરી રહેલ છે; આવા દુશ્મનને જીવતો કેમ રાખી શકાય?' તેમ વિચારી તેણે અગાશી પરનું પથ્થરનું કૂંડું એવી રીતે અગાશીની કોર પર મૂક્યું કે સીધું બારણામાં જઈને પડે.

સાંજ પડી એટલે ભગવતી પુત્રને શોધવા અગાસી પર ગઈ. પુત્રને અંધારા ખૂણામાં બેઠેલો જોઈ માતા વિચારવા લાગી: 'બિચારો શૂન્ય જેવો અંધારામાં બેઠો છે; રાજમહેલમાં ઉત્સવ રચાય છે, નગરમાં દીપમાળા પ્રગટાવાય છે, ત્યારે મારા ઘરમાં સૂર્ય જેવો કુળદીપક હોવા છતાં અંધારું છે! રાંધ્યાં ભોજન એમનાં એમ પડ્યાં છે.' ભગવતી નિરાશ થઈને, નીચે ઓરડામાં જઈને બેઠી.

તેટલામાં ત્રિલોચને બહારથી આવતાં કહ્યું: 'ગૃહિણી! ઘેરઘેર દીવા છે અને આપણે ત્યાં કેમ નહિ? બે દીવા બહાર મૂક.'

ભગવતી બોલી: 'ઘરના દીવાને બહાર મૂક્યો તે કાંઈ ઓછું છે? પૂરાં પુણ્ય કર્યાં હોય તો જ આવો પુત્ર મળે. જેને રાજા ચમ્મર ઢોળે અને દેશપરદેશના પંડિતો જેને શિર નમાવે તેવા દેવને દુર્લભ પુત્રના વિજયથી રાચવાનું આપણા ભાગ્યમાં નથી લખાયેલ શું? તમે તમારા ક્રોધ પર કાબૂ રાખતાં હવે ક્યારે શીખશો?' પત્નીએ વાત્સલ્યભાવે ઠપકો આપતાં કહ્યું.

ત્રિલોચને કહ્યું: 'એટલે તારા મનથી પણ હું મૂર્ખ છું; એમ ને? દીકરો દેવને દુર્લભ અને એકોતેર પેઢી તારે તેવો સમર્થ છે, એ હું નથી સમજતો શું? તું પણ મને હજુ ન ઓળખી શકી! હું સાત દિવસથી ઉપવાસ શા માટે કરી રહ્યો છું તેની તને ખબર છે? શાસ્ત્રાર્થમાં પુત્રને વિજય મળે તેટલા માટે હું સાત દિવસથી ઉપવાસ કરી, અનુષ્ઠાન કરી રહ્યો હતો. દીકરાનાં વખાણ બાપ કરે, ત્યારે દીકરાનો વિકાસ અટકી ગયો સમજવું. सा विद्या या विमुक्तये અર્થાત્ મુક્તિ અપાવે તે જ વિદ્યા. તારા પુત્રની વિદ્યા

પરનું પથ્થરનું
ાર પર મૂક્યું
.
પુત્રને શોધવા
ંધારા ખૂણામાં
ાગી: 'બિચારો
ે; રાજમહેલમાં
દીપમાળા પ્રગ-
રમાં સૂર્ય જેવો
ું છે! રાંધ્યાં
છે.' ભગવતી
ાં જઈને બેઠી.
ારથી આવતાં
છે અને આપણે
ડાર મૂક.'
દીવાને બહાર
રાં પુણ્ય કર્યાં
ળે. જેને રાજ
ના પંડિતો જેને
પુત્રના વિજય-
માં નથી લખા-
ર કાબૂ રાખતાં
ીએ વાત્સલ્ય-

તારા મનથી
દીકરો દેવને
ારે તેવો સમર્થ
? તું પણ મને
ત દિવસથી ઉપ-
તેની તને ખબર
ય મળે તેટલા
ાસ કરી, અનુ-
ાં વખાણ બાપ
અટકી ગયો
ે અર્થાત્ મુગ્ધ
પુત્રની વિદ્યા

તો આજે તેને જ બાંધી રહી છે. વિદ્યાને શોભાવનારા સદ્‌ગુણો—નમ્રતા અને વિવેક તેનામાં છે જ નહિ. સામાને માન આપવાની વૃત્તિ તેનામાં જોવામાં આવતી જ નથી. નાની ઉમ્મરમાં ઝાઝું ભણવાથી અને વિશેષ માન મળવાથી તે એટલો અભિમાની થઈ ગયો છે કે તેના પર અંકુશ રાખવામાં નહિ આવે તો ક્યારેક કોઈના પ્રાણ લેશે!'

ભારવિ અગાસીમાં બેઠોબેઠો આ આખો યે વાર્તાલાપ અક્ષરેઅક્ષર સાંભળી રહ્યો હતો. પિતાની વાત્સલ્યભરી હિતકર વાણી સાંભળીને તેનો રોષ ઊતરી ગયો, અભિમાન ઓગળી ગયું. અગાસીની કોર પર મૂકેલું કુંડું ઉપાડી, તેણે અગાસીમાં જોરથી પટકાવ્યું. અવાજ નીચે સંભળાયો. ભગવતીએ પૂછ્યું: 'શું થયું? કોણ પડ્યું?' તેટલામાં ભારવિ તરત જ નીચે ઊતર્યો અને બોલ્યો: 'પડ્યું મારું અભિમાન!' પિતાના ચરણમાં માથું મૂકી તે રડવા લાગ્યો અને નમ્રતાપૂર્વક માફી માગવા લાગ્યો.

ત્રિલોચને પૂછ્યું: 'શું છે, ભાઈ! શાની માફી માગે છે?'

ભારવિએ કહ્યું: 'હું પાપી છું. મેં મનથી પિતાની હત્યા કરી છે. મેં આપનો મારાં માતાજી સાથેનો વાર્તાલાપ ન સાંભળ્યો હોત તો કદાચ મારે હાથે ભયંકર પાપ થઈ જાત. મને તે પાપનું પ્રાયશ્ચિત્ત આપો. કહો તો કાષ્ટના ગર્ભમાં ઘીની આગથી રૂંધાઈને પ્રાણ તજું; કહો તો અન્ન અને જળ ત્યજી, સૂર્ય સામે ઊભો રહી મૃત્યુને ભેટું; આપ કહો તે પ્રાયશ્ચિત્ત લેવા તૈયાર છું.' માતપિતાએ કહ્યું: 'વત્સ! પાપ માનસિક છે, તો સજા પણ મનને જ થવી જોઈએ. સાસરે જઈ, છ મહિના અજ્ઞાતવાસ વેઠો. વિદ્યાનો ગર્વ વિસારી તેમની નોકરી કરો. એકનિષ્ઠાથી તેમની હલકામાં હલકી સેવા કરો અને પછી પાછા આવજો.'

માતાની રજા લઈ આંસુભરી આંખે ભારવિ ત્યાંથી વિદાય થયો. આનું નામ આદર્શ પિતા. શું આપણે સંતાનોના સંસ્કારોનો આવો ઝીણવટથી ખ્યાલ રાખીએ છીએ? સંતાનોના કુસંસ્કારો દૂર કરવા માટે કદી આવો પ્રયાસ કરીએ છીએ ખરાં? આ રીતે કૌટુમ્બિક વિકાસ અંગે સર્વદેશીય વિચાર કરવો તેનું નામ છે કુટુંબજાગ્રિકા.

બીજી દેશજાગ્રિકા છે. જે દેશનાં અન્ન, પાણી અને હવાથી આપણો દેહ પોષાયો છે તે દેશની પરિસ્થિતિ પર વિચાર કરવો તે દરેકનું કર્તવ્ય છે. દેશના લોકો શા કારણે દુઃખી થાય છે તેનો વિચાર કરવો, તે દેશજાગ્રિકા છે. ભૂખ્યાને અન્ન, નાગાને વસ્ત્ર અને નિરાશ્રિતોને આશ્રય આપીને સંતોષવા જોઈએ. દેશની એકેએક વ્યક્તિને જીવનની જરૂરિયાતો પૂરી પડે છે કે નહિ, તે જોવાની દરેકની ફરજ છે. આજે ગરીબી, ગંદકી, રોગ, અજ્ઞાન અને આળસ દેશભરમાં વ્યાપેલાં છે; તેમાંથી પ્રજાને બચાવવા માટે શક્ય તેટલો પ્રયત્ન કરવાની જરૂર છે; કેમકે દરેક માણસ એક યા બીજી રીતે અનેક દેશવાસીઓની સેવા લેતો હોય છે: આપણે ખાઈએ છીએ પણ અન્ન પેદા કરતા નથી; વસ્ત્ર પહેરીએ છીએ પણ વસ્ત્ર તૈયાર કરતા નથી; રાચ–રચીલાંનો ઉપયોગ કરીએ છીએ પણ તે બનાવતા નથી. આ બધી વસ્તુઓ માટે અપણે અનેકની મદદ લઈએ છીએ, તેમ આપણી ફરજ પણ અન્યને મદદ કરવાની થઈ પડે છે. આ બધાં દેશવાસીઓનું હિત ચિંતવવું, તે બીજી દેશજાગ્રિકા છે.

આપણાથી દેશની વધુ સેવા ન થઈ શકે, તોપણ એટલું તો ધ્યાનમાં રાખીએ કે સાચા સેવકોની ટીકા વડે તેમના કાર્યમાં કદી આપણા તરફથી અંતરાય ઊભો ન થાય. સાચા સેવકોની કદર કરી, તેમને ઉત્તેજન

આપવું જોઈએ.

ત્રીજી આત્મજાગ્રિકા છે. માણસે પોતાની જાત પરત્વે વિચાર કરવો જોઈએ. 'આજ આત્મશાંતિનો ભંગ ક્યારે થયો છે? હું કયે પ્રસંગે અધીરો અને ઉતાવળો બની ગયો હતો? મારી વાણી પર મારો કાબૂ છે કે નહિ? મારી વાણીમાં સભ્યતા છે કે નહિ? હું બીજાની પ્રશંસા સાંભળીને બળી તો જતો નથી ને?' આ જાતની આત્મજાગ્રકા વડે માણસે પોતાના અવગુણો દૂર કરવા જોઈએ અને પ્રગતિ પર પ્રગતિ સાધવી જોઈએ.

વિશ્વમાં શુભ અને અશુભ પરમાણુઓ ભરેલા જ છે; અશુભનો વિચાર કરી, અશુભ પરમાણુઓને ખેંચનારા અનેક માણસો છે, પણ શુભ પરમાણુઓને ખેંચનારા મુઠ્ઠીભર માણસો જ નીકળશે. શુભ પરમાણુઓ તો રાહ જોઈને જ ઊભેલા છે. આપણે અમુક સદ્‌ગુણ પ્રાપ્ત કરવાનો વિચાર કરીશું કે તરત જ આપણી તરફ ખેંચાશે. જેમ જેમ તે વિચારને આપણા સંકલ્પબળ વડે આપણા તરફ ખેંચીશું તેમ તેમ તે સદ્‌ગુણ આપણામાં દઢ થતો જશે. આ રીતે ત્રીજી આત્મજાગ્રિકામાં સદ્‌ગુણવૃદ્ધિનો નિશ્ચય કરવો જોઈએ.

સતત આત્મનિરીક્ષણ વડે અંતરની આરસી પરના કામ–ક્રોધાદિ ગૂણિયાનાં પડો દૂર કરી શકાશે અને નિર્મળ આત્મસ્વરૂપ નિહાળી, શાંતિ મેળવી શકાશે.

*

સુપ્રસિદ્ધ સંતશિરોમણિ તુલસીદાસના પૂર્વજીવનમાં એ પ્રસંગ બની ગયો અને ભારતને એક ભક્તકવિ સાંપડ્યા. એમ કહેવાય છે, કે ગૃહસ્થાશ્રમી તુલસીદાસજી એટલા બધા જગતની મોહમાયામાં લપટાયેલા હતા, કે પત્નીને એક પણ દિવસ પિયેર જવા દેતા નહિ. એક વખત એ કંઈક બજારમાં કે બીજે કશે ગયા હશે ત્યારે અચાનક એમનો સાળો આવીને બહેનને એકદમ લઈ ગયો. પાછા ફરતાં એમણે ઘરમાં પત્નીને ન જોઈ; આસપાસ રહેનારાઓ તરફથી ખરી બીના માલૂમ પડી; એટલે તુરત જ ક્રોધે ભરાતા એ સાસરે પહોંચી ગયા. એમના આગમનથી પત્નીએ બહાર આવીને કહ્યું:

'હે દેવ, તમે જે પ્રકારની આસક્તિ મારા આ હાડમાંસમાં રાખી છે, તેવી જ જો શ્રીરામચંદ્રજીના ચરણોમાં હોત તો ક્યારના ય તમે આ સંસારસાગર તરી ગયા હોત; જે સૌંદર્ય તમને રામજીમાં મળી શકે તે દુનિયાની ક્ષણિક ચીજ–વસ્તુમાં પ્રાપ્ત થઈ શકે ખરું?'

કહે છે કે આ વચનોથી એમની જ્ઞાનદૃષ્ટિ ખૂલી ગઈ, આજ સુધીના આચરણનો અત્યંત પસ્તાવો થયો અને ત્યારથી જ એ રામજીમાં, રામભજનમાં લયલીન થઈ ગયા.

×

કેટલીકવાર ગાંધીજી ઉપર વાચકોના પ્રતિદિન હજારેક પત્રો આવતા હતા. એક દિવસ એક કાગળમાં એમને ઘણી ગાળો દેવામાં આવી હતી. બાપુએ એનો ઉત્તર લખાવવાની તૈયારી કરાવવા માંડી એટલે જવાબ લખનાર બહેને પૂછ્યું:

'બાપુ, જેમાં કેવળ ગાળો જ છે એવા પત્રનો પણ આપ જવાબ આપશો?'

તે દિવસે મૌનવાર હોવાથી બાપુએ એક ચિઠ્ઠી પર લખ્યું:

'તને શી ખબર કે મને ગાળો દેનારાઓ અધિક પ્રિય છે; કારણકે ગાળો દેશે એટલે એમનો ગુસ્સો ઊતરી જશે; અને બધી યે વાતનો અંત આવી જશે. જે લોકો મને પૂજે છે, મારા નામનો 'જય' ગજાવે છે, અને ખૂન પણ કરે છે, મારું કહ્યું માનતા ય નથી, તેમનાથી આ ગાળો દેનારા મને હજાર દરજ્જે સારા લાગે છે; કારણકે એ લોકો મને બધી વાત ચોખ્ખેચોખ્ખી કહી દે છે; અને જ્યારે હું સારી વાત એમને સમજાવું છું, અને એ લોકો સમજી જાય છે તે પછી આ ગાળો દેનારાઓ જ ઉત્તમ કાર્ય કરે છે. મારા જીવનમાં આવું ઘણી વાર બન્યું છે.'

×

પવિત્રતા અને પ્રતિષ્ઠા

લેખક :

શ્રી રવિશંકર મહારાજ

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર વર્ણોને જ આપણે વર્ણાશ્રમ માની લઈએ છીએ. વાસ્તવમાં વર્ણ એટલે સ્વભાવ. જેનો જે સ્વભાવ તે થયો તેનો વર્ણ. ગીતામાં બ્રાહ્મણ અને ક્ષત્રિયના ગુણ કહ્યા છે, જ્યારે વૈશ્ય અને શૂદ્રનાં કર્મ વર્ણવ્યાં છે.

બ્રાહ્મણ સંસ્કૃતિ સર્જે છે, ક્ષત્રિય તેનું રક્ષણ કરે છે. બ્રાહ્મણ સંસ્કૃતિ રચવામાં જ જીવે છે અને ક્ષત્રિય તેના રક્ષણમાં જ જીવે છે અને મોતને પણ ભેટે છે. વૈશ્ય બધાનું પોષણ કરે છે અને શૂદ્ર સમાજની સેવા કરે છે, પણ તે પ્રથમ વિચારે કે મારા પેટનું શું? આમ દરેકના જુદા સ્વભાવ હોય છે. આ સ્વભાવ પરથી માણસનો વર્ણ નક્કી થાય છે. જ્યારે માણસ પોતાનો સહજ સ્વભાવ છોડીને વિભાવ એટલે વિરોધી ભાવને અનુસરે છે ત્યારે ભારે નુકસાન થાય છે.

મહાભારતનો આ પ્રસંગ છે: ગુરુ દ્રોણાચાર્યના નામથી તો ભાગ્યે જ કોઈ અપરિચિત હશે. તેઓ સ્વભાવે બ્રાહ્મણ હતા. એક દિવસ તેમના દિલમાં ગાય મેળવવાની ઇચ્છા જન્મી. તેમના દિલમાં થયું કે રાજા પાસે જઈને માગી લાવું. તેઓ રાજા પાસે પહોંચ્યા. તેમનો સ્વભાવ ચૂકયા; કારણકે બ્રાહ્મણે તો જે કાંઈ સહજ રીતે આવી મળે તે વડે જ જીવન ગુજારવું જોઈએ. રાજા દ્રુપદ વિચારક હતા. તેમને થયું: બ્રાહ્મણ થઈને આચાર્ય દ્રોણ માગવા કેમ આવ્યા? તેમને લાગ્યું, કે તે ધર્મ ચૂકે છે એથી તેમનું તેજ ઘટશે, અને એનું નિમિત્ત હું બનીશ; એટલે તેમણે દ્રોણાચાર્યને ગાય ન આપી. દ્રોણને આથી ખૂબ રીસ ચડી. ઘરે આવ્યા ને સંકલ્પ કર્યો કે આનું વેર લઉં ત્યારે જ હું બ્રાહ્મણ સાચો.

દિવસો જવા લાગ્યા. તેમણે પાંડવોને વિદ્યા આપવા માંડી. પણ એની પાછળ પણ પેલો ક્રોધ જ પડેલો હતો, એટલે પાંડવો જ્યારે ભણીગણીને પારંગત થયા ત્યારે દક્ષિણામાં પણ દ્રુપદને પકડી લાવવાની જ માગણી કરી. વેર આટલાથી પણ ન અટક્યું. કુરુક્ષેત્રના યુદ્ધમાં પોતાનો પુત્ર હણાયો ત્યારે નિરાશ બની તેમણે હથિયાર હેઠાં મૂકી દીધાં, અને અર્જુનનો પુત્ર અભિમન્યુ જ્યારે હણાયો ત્યારે બમણા જોરથી લડ્યા. મતલબ કે સમત્વ ગુમાવી દીધું. એટલું જ નહિ, 'अर्थस्य दासः' કહીને અન્યાયના પક્ષમાં રહીને ન્યાયની સામે લડ્યા. માણસ સ્વભાવથી સહેજ વેગળો જાય છે તેનું કેટલું ભયંકર પરિણામ આવે છે તેનો આ તાદશ નમૂનો છે.

બહુ વર્ષો પહેલાંની વાત છે. હું અને મારો મિત્ર એક ગામ જતા હતા. રસ્તામાં ભૂલા પડ્યા. બપોરનો એક વાગી ગયો હતો. તાપ તો કહે મારું કામ. એટલામાં મારા મિત્રની ઓળખીતી એક લુહાણાબાઈ મળી ગઈ. તેણે કહ્યું: 'ચાલો મારે ઘેર.' અમે ગયા. તે વખતે હું કોઈનું રાંધેલું ખાતો નહોતો એટલે બાઈએ સીધું આપ્યું, તે રાંધીને ખાધું. ખાતા હતા તે વખતે બાઈએ કહ્યું: 'મહારાજ! અમે સત્સંગી કહેવાઈએ. સત્સંગીથી સત્સંગી સિવાય બીજા કોઈને સીધું ન અપાય, પણ તમે ઓળખીતા રહ્યાં એટલે શું થાય? અમારા સાધુ જાણે તો મને લઈ નાખે!' હું વિચારમાં પડ્યો. સત્સંગી કોણ? સત્યનો સંગી કોઈ પણ માણસ સત્સંગી. શ્રીજી મહારાજનો પણ એ જ આશય હશે.

એવા માણસને પોષવા ઉપર ભાર મૂકયો હશે, પણ કુસંગીનો તિરસ્કાર કરવાનું નહિ કહ્યું હોય. પણ જયારે સંપ્રદાયની વાડ કરી નાખવામાં આવે છે, ત્યારે આવી જ સ્થિતિ ઊભી થાય છે.

મુર્શિદાબાદમાં એક શેઠ હતા. તેમણે છેલ્લેછેલ્લે પેશ્વાની સામે લડવામાં કંપની સરકારને આર્થિક રીતે ખૂબ મદદ કરેલી. બદલામાં એક શરત કરેલી કે, ‘તમારું રાજ્ય આવે ત્યારે જૈનોનાં દેરાસરોને જરી પણ આંચ ન આવવા દેવી.’ વાડાબંધી કેટલું નુકસાન કરે છે તેનો આ નમૂનો છે. ખ્રિસ્તીઓ કહે છે, કે જે માણસ ખ્રિસ્તીધર્મ સ્વીકારે તેને જ પ્રભુ મોક્ષ આપે છે અને ઈશુ આ મોક્ષ આપવામાં વકીલાત કરે છે માટે ‘અમારા ધર્મમાં આવો.’ ઇસ્લામીઓ કહે છેઃ ‘અમારામાં આવો તો જ બાહસ્ત મળશે; કારણકે પયગંબરે અમને સંદેશો આપ્યો છે.’ આટલું કહીને અટકે તો ય ઠીક, પણ લાલચ અને હિંસાથી પણ તેનો પ્રચાર કરે છે. બધા ધર્મોએ પોતપોતાની વાડ કરી લીધી છે, એટલે સ્વચ્છ પાણી આંવતું નથી અને જૂનું છે તે વહી જતું નથી, એટલે સંગ્રહ થયેલો જથ્થો દુર્ગંધ મારતો થઈ ગયો છે.

એક દિવસ ગાડીમાં હું મુસાફરી કરતો હતો. ડબામાં ગિરદી ખૂબ હતી. એક સ્ટેશનેથી શંકરાચાર્ય મહારાજ, ચડ્યા. એમનું બેસવાનું પાટિયું બે માણસ બેસે તેટલું મોટું હતું. એટલે કાયદેસર રીતે બીજો કોઈ માણસ ત્યાં બેસે નહિ તે માટે એક ગૃહસ્થે બે ટિકિટ કઢાવી આપી. સદ્ભાવ ખાતર જનતા એમની સગવડ સાચવે એ ઠીક હતું, પણ પૈસાના જોરે બીજાની જગ્યા લઈ લેવડાવવી તે યોગ્ય નહોતું. પહેલાં આપણે ત્યાં સારું કામ કરનારાની પ્રતિષ્ઠા હતી ખરી, પણ નાનામોટાના ભેદભાવ નહોતા.

દીવાની નજીક તો અંધારું જ હોય છે. થોડે છેટે જ તેનો પ્રકાશ પડે છે, પણ ઘણે દૂરથી જોનારને તો એ દિશા બતાવે છે; જોકે દીવાને તેની ખબર નથી હોતી. તેવી જ રીતે પવિત્ર વ્યક્તિનો પ્રભાવ નજીક ઓછો લાગે છે, તેથી દૂર સહેજ વધારે હોય છે, પણ ઘણે દૂર એની અસર વધારે હોય છે. એવો માણસ પોતાને સત્ય લાગતી કોઈ પણ પ્રવૃત્તિ કરતો હોય તેની અસર નજીક થોડી હોય છે, પણ દૂરના લોકો એમાંથી ઘણી પ્રેરણા મેળવે છે.

મેલા હાથ ધોવા હોય તો માટી કે રાખ લેવી પડે છે. આમ તો એ પણ મેલ જ છે, પણ એમાં ચીકાશ નથી. એટલે મેલથી મેલ કપાય છે. તેવી જ રીતે કર્મથી કર્મનો નાશ થાય છે. એમાં શરત એટલી છે, કે એ કર્મમાં ચીકણાશ (આસક્તિ) ન હોવી જોઈએ.

પવિત્રતા અને પ્રતિષ્ઠા એ બેમાં પહેલું સ્થાન પવિત્રતાનું આવે છે. પવિત્રતા હોય તો જ પ્રતિષ્ઠા આવે અને ટકે. પ્રતિષ્ઠા હોય ત્યાં પવિત્રતા આવે ય ખરી અને ન પણ આવે. ગમે તેવું મોટું કામ હોય પણ પવિત્ર પુરુષ પહોંચી વળે, પ્રતિષ્ઠિત નહિ પહોંચી વળે. પ્રતિષ્ઠિતની બોલી જે કામ નથી કરતી તે પવિત્ર પુરુષનો આચાર કરી બતાવે છે.

*

वरं गहनदुर्गेषु भ्रान्तं वनचरैः सह । न मूर्खजनसंपर्कः सुरेन्द्रभवनेष्वपि ॥

ઘોર અરણ્યમાં પશુઓ સાથે વસવું તે સારું, પરંતુ ઇંદ્રની અમરાવતીમાં પણ મૂર્ખોના સહવાસમાં રહેવું સારું નહિ.

×

કલાશિક્ષણ

લેખક :

શ્રી રવિશંકર મ. રાવળ

કલા શબ્દનો જે અર્થ થોડા સમય પૂર્વે ભારતમાં થતો હતો તે હવે વધારે વ્યાપક અને વિશાળ ક્ષેત્રનું સંબોધન બન્યો છે. પહેલાં માત્ર ચિત્ર-પ્રદર્શનોમાં અથવા પ્રાંતીય કલાશાળાઓમાં જ અને તે પણ કલાકર્મકુશળ માણસો અને તેમની સંસ્થાઓમાં જ તે સાંભળવા મળતો, પણ હવે સમાજ કે સમુદાયની માગણીને તૃપ્ત કરી શકે એવી આનંદપ્રદ પ્રવૃત્તિ કે યોજનાપૂર્વક તૈયાર કરેલ પ્રયોગ અથવા કૃતિને બિરદાવવા કે પ્રોત્સાહન આપવા તેની ઉપર 'કલા'ની મોટી છાપ મારવામાં આવે છે. એટલે વસ્તુની સંપૂર્ણ ખિલવણી અને તેના સ્વરૂપનો વિકાસ ત્યારે જ કહી શકાય, કે જ્યારે તેમાં કલાતત્ત્વ પ્રકાશમાન થાય. આથી કલાનાં તત્ત્વો અને સિદ્ધાંતોનું શિક્ષણ આપવાની આવશ્યકતા જગતના સર્વ દેશોની સરકારોએ સ્વીકારી છે અને શાળાનાં અભ્યાસ અને તાલીમની સાથે તેનો યથાયોગ્ય સમાવેશ કરવાની યોજનાઓ વિચારી કાઢી છે.

મધ્યયુગમાં આ પ્રકારનો આયાસ કરવાની જરૂર કદી જણાઈ નહોતી; કારણકે એ કાળે કલા સહજ રીતે પ્રજાના શ્વાસોચ્છ્વાસમાં ભરી હતી. તેનું લોકમાનસ હમેશાં જાગૃત રહેતું અને તેથી જ સ્થાપત્ય, શિલ્પ, ચિત્ર અને કલાત્મક ઉદ્યોગ-કૃતિઓનો વિપુલ વારસો પછીની પેઢીઓને મળ્યો છે. શ્રાવ્ય કલાઓએ પણ સરખો જ હિસ્સો પૂર્યો હતો. ગીત, લોકનૃત્ય, શ્રેષ્ઠ નાટકો. વગેરે કલાની ઉત્તમ પરંપરાઓ આપણને પ્રતીતિ કરાવે છે કે કલા માનવજાતનું પરમ તત્ત્વ હતી. કોઈપણ યુગના આદર્શો અને ભાવનાઓ તે યુગનાં સર્જક-માનસ દ્વારા કલાની પરાકાષ્ઠારૂપે વ્યક્ત થાય છે; પરંતુ છેલ્લા બે સૈકાથી બ્રિટિશ શાસનકાળમાં તેની શાળાઓ અને યુનિવર્સિટીના અભ્યાસક્રમો દ્વારા અને કરાલ-ગોખણ પદ્ધતિએ જે વિકૃતિ પ્રજામાં પ્રસારી તેના સામે જે કંઈ સુંદર, મંગળમય અને પ્રજાજીવનને પ્રેરણાદાતા હતું તે સર્વ ઉપર વિસ્મૃતિની છાયા ફરી વળી. એમનાં વિદ્યાલયોમાં ભારતીય બાળક વંશાનુગત ઉત્સવો, ભારતીય સંગીત તેમ જ જીવનને સૌંદર્યનો સંદેશ આપતાં અલંકારમય સુશોભનોથી વંચિત બન્યો. તેનું સ્થાન પૂરી શકે એવાં બીજાં કોઈ સાધનો તેને મળ્યાં નહીં એટલે એમનો બલિ બનેલો વિદ્યાર્થી શબ્દાડંબરી, શુષ્ક પુસ્તકપંડિતનું ગુલામી માનસ પામ્યો.

યુનિવર્સિટીપ્રણિત એકાદ જનસાધારણનો જ દાખલો લ્યો. તેનામાં ગાન કે છંદોલય માટે પ્રેમ નથી. ચિત્ર, કથા કે કાવ્યમાં તેને રસ નથી અને જગતભરના કલાપિપાસુઓને આકર્ષી લાવનાર ભારતીય દશ્યો કે કલાધામો પ્રતિ તે ઉદાસીન છે. ભારતનું ભવ્ય અને દિવ્ય સંગીત તેને કંટાળો આપે છે. રંગો અને આકારોનું ઔચિત્ય તેને સમજાતું નથી. આ છે આપણી યુનિવર્સિટીઓનું કરુણ અધઃપતન. વિશેષ દુઃખકર હકીકત એ છે કે જેઓ આ સ્થિતિ માટે જવાબદાર છે, તેઓને તેનું નિવારણ કરવાનો જરા પણ સુપ્રયાસ કરવાનો ઉમંગ નથી. આપણી શાળાઓનાં મકાન જોવાં ગમે નહિ એવાં બેડોળ છે. અંદરના વર્ગખંડો હવા-પ્રકાશ વિનાના અને પાઠ્ય પુસ્તકો રંગવિહીન કદરૂપ ચિત્રાંકનોવાળાં ! વિદ્યાલયોમાં રંગભરી રચના કે આંખને વિલક્ષણ અનુભવ

કે પ્રેરણા આપે એવી કોઈ વિશેષ રચનાનો ત્યાં અભાવ છે.

માત્ર હમણાં થોડા સમયથી જ અને તે પણ પરદેશોના સમાગમથી રાજ્યો અને સંસ્થાઓ કેળવણીની આ ભયાનક ક્ષતિઓ દૂર કરવા ચેતના પામ્યાં છે. સરકારી અને બિનસરકારી મંડળો અને સમિતિઓ રાજ્યભવનોમાં અને ખંડોમાં સારાસારા ઠરાવો કરી રહ્યાં છે, પણ તેથી કેળવણીઓનું દળદર જતું લાગતું નથી. પ્રજાને સદ્ય પ્રગતિને માર્ગે ધપાવે એવાં પ્રબળ અને શક્તિશાળી સાધનો વિસારે પાડી બીજી મામૂલી બાબતોમાં સમય અને અર્થનો વ્યય થાય છે.

કેળવણીનું ધ્યેય છે મનુષ્યમાં રહેલા શ્રેષ્ઠ તત્ત્વનો સમસ્ત માનવજાતિના કલ્યાણ માટે આવિષ્કાર કરવો તે. એ જ અર્થમાં કલાની સાધના મનુષ્યની ઉત્તમ શક્તિઓ જગાડે છે, જીવનદૃષ્ટિ વિકસાવે છે અને મનુષ્યો તેમ જ સમાજને ઉપકારક બને છે. શિક્ષણકાર્યમાં કલા ખરેખર સદ્ય ફળ દેનારી છે અને તે ખરેખર ઉપયોગી અને પ્રાણપોષક છે એવું તો અનેકવાર સિદ્ધ થયું છે, પણ કોઈવાર તેને યોગ્ય પ્રસંગોનો અભાવ હોય ત્યારે કલાશિક્ષણમાં નિષ્ફળતા જણાઈ હોય તેથી કલા નિષ્ફળ છે એમ ન કહેવાય. કેળવણીથી પૂર્ણ જીવનની સાધના શકય હોય તો જીવનને સ્પર્શતી કલાને શિક્ષણના એક પ્રકાર તરીકે અનેરો અધિકાર સિદ્ધ જ છે.

શાળાઓ મારફત કલાનું શિક્ષણ આપવાની આ વાત થઈ, અને આપણે સ્પષ્ટ સમજવાનું છે, કે તેમાં ધંધાર્થી કે નિષ્ણાત કલાકારો તૈયાર કરવાની વાત જ નથી. ખાસ શક્તિ ધરાવતા વિરલ સર્જક અને પ્રતિભાવાન વિદ્યાર્થીઓ ચાહે તો તેમના પ્રત્યેકના વલણ પ્રમાણે બહુ સારી યોજનાવાળી, વિસ્તારપૂર્ણ ગોઠવણો કરવી પડશે. શાળામાં તો કલાનો મુખ્ય ધર્મ એ જ હોય કે અનેક જાતની વિવિધતાઓના સમૂહમાં વ્યાપી રહેલા સૌંદર્યતંતુથી તેની એકાત્મતા પ્રત્યક્ષ કરી બતાવવી. એથી કલાનું કાર્યક્ષેત્ર સર્વસંગ્રહવાળું અને અપાર વિસ્તારવંતું બને છે અને તેમાં યુગોથી વ્યાપક કલાસમૃદ્ધિ તેમ જ આધુનિક યુગના અમર્યાદ કલાસામ્રાજ્યનો પણ સમાવેશ થઈ જાય છે.

આપણે એક મહાન પ્રજા બનવાના અભિલાષ સેવીએ છીએ, તો તેના બંધારણ માટે સમાજમાં એકત્વ સ્થાપનારી મહાશક્તિ કલાને આપણે અવગણી શકીએ નહિ જ. નાગરિકતાની તાલીમમાં તે અતિ આવશ્યક તત્ત્વ છે. કલાના સર્વ મહાન ગુણો અને અધિકારોની મિ. ફેનોલલાસે નોંધ આપી છે, તે અહીં ઉતારું છું:

'માનવીજગતમાં કલા રાગઔચિત્ય લાવે છે; તેનાથી જે કાંઈ વસ્તુ કે કાર્ય થાય છે તેમાં તેના આત્મસર્જિત નવા નિયમોથી અભિનવતા લાવે છે. કલાની તાલીમ વધુ નહિ તો એટલું જ કરે: 'સૌંદર્યનું દર્શન અને સર્જન કરવાની શક્તિઓને વ્યવસ્થિત ઉત્તેજના કે ચેતના અર્પે.'

આ ગુણનો સર્વશ્રેષ્ઠ અને સ્વાભાવિક પ્રયોગ મનુષ્યના ઉદ્યોગથી સર્જાયેલા પદાર્થોને સૌંદર્યપૂર્ણ બનાવી આપે એવો છે. આથી તેનું મૂલ્ય વધશે અને રાષ્ટ્રને સમૃદ્ધ કરશે. એવી રીતે વ્યક્તિ તેમજ સમાજની પ્રગતિમાં અનિવાર્ય પથદર્શક અને સહાયકર્તા કલાદેવી આપણાં સન્માન અને અર્ઘ્યને પાત્ર બને છે.

આપણી રાષ્ટ્રીય સરકારે આ વિષયમાં ભૂતકાળની ભૂલો સુધારવાને બેશક મન ઉપર લીધું છે. તેમણે દેશના અને પરદેશના નિષ્ણાતજનો અને કલાપંડિતોની સલાહ લેવા માંડી છે; પરંતુ અફસોસ એટલો જ છે કે તેમના

ર્મ એ જ હોય
ાના સમૂહમાં
ની ઐકાત્મતા
કલાનું કાર્યક્ષેત્ર
વિસ્તારવું
પક કલાસમૃદ્ધિ
દ્ધિ કલાસામ્રા-
ય છે.
મજા બનવાના
તેના બંધારણુ
ાપનારી મહા-
શકીએ નહિ જ.
અતિ આવશ્યક
ન ગુણો અને
નોંધ આપી છે,

રાગઔચિત્ય
તુ કે કાર્ય થાય
નવા નિયમોથી
ી તાલીમ વધુ
ૌંદર્યનું દર્શન
ઓને વ્યવસ્થિત

ને સ્વાભાવિક
ર્જાયેલા પદાર્થોને
એવો છે. આથી
ને સમૃદ્ધ કરશે.
ાજની પ્રગતિમાં
હાયકર્તા કલા-
અર્ધ્યને પાત્ર

ર આ વિષયમાં
ંશક મન ઉપર
દેશના નિષ્ણાત-
લાહ લેવા માંડી
જ છે કે તેમના

નવવિધાનમાં રાજકીય, સામાજિક અને ધાર્મિક આઘાતો વારંવાર અવરોધ અને વિધ્વંસ કરે છે.

એવું શું હતું કે મધ્યયુગ સુધી બહારની કોઈ પણ સહાય વિના ભારતીય જનતા જીવનવ્યવહારમાં સૌંદર્ય અને કલ્પનાયુક્ત પ્રેરણા દર્શાવી શકતી હતી? આ એક સંશોધનનો વિષય થઈ શકે; કારણ કે એ જ વિષયમાં આધુનિક શિક્ષણની પ્રણાલિ અન્ય દેશોની સરખામણીમાં આપણે ત્યાં સફળતા પામી નથી.

શિક્ષણશાસ્ત્રમાં પદ્ધતિસર સંશોધનની યોગ્યતા ધરાવતો કલાશિક્ષણ જેવો બીજો કોઈ વિષય રસપ્રદ અને સમૃદ્ધ નહિ હોય. આ બાબતમાં આપણે છેવટનો નિર્ણય ન કરીએ તોપણ એટલું તો ખરું કે કોઈ પણ પ્રજાની કલાસમૃદ્ધિ તેના સર્વ યુગોનો સ્થાપિત વારસો છે અને તેમાંથી પ્રાપ્ત થતી સંજીવનીભરી પ્રેરણા જતી કરી શકાય નહિ. ભૂતકાળનાઅનેક પ્રસંગોની છાપવાળી સૌંદર્યકૃતિઓનો રસાનુભવ અને તેમાંથી વર્તમાન કાળનાં સુંદર અને સર્જનપૂર્ણ રચનાકાર્યો માટે જીવંત ઉષ્મા મેળવવાના સાધન સમી રાષ્ટ્રીયકલા સાવ એળે જવા દેવી ન જોઈએ.

જીવધર્માનુસાર માણસ તેના પૂર્વજોનો સર્વસંચય છે, તેથી જ તેમણે સર્જેલી સાહિત્ય અને કલાની શ્રેષ્ઠ વસ્તુઓ તેના લોહીમાં ઉદ્રેક લાવ્યા વિના રહે જ નહિ. કલા અને સંગીતની પરંપરાથી સંવર્ધિત તેની પોતાની કલ્પના અને સર્જન ભલે વ્યક્તિપ્રધાન હશે, છતાં જે સમાજ કે જાતિમાં તેનો ઉદ્ભવ અને વિકાસ થાય છે તેને અભિલક્ષિત સંવેદનો યુક્ત તે હશે જ. તેના પૂર્વજોએ જે તત્ત્વો અને સર્જનો દ્વારા પ્રેરણા આપી તે બચપણથી જ તેનામાં સંસ્કાર પૂરે છે અને તેથી જ તે પોતાની સમકાલીન દુનિયા કે

સમાજને યોગ્ય દાવો આપી શકે છે. માણુસ જે કંઈ કાર્ય કરે છે તેનું નિશાન તેના સમકાલીન જગતમાં જ ઠરેલું હોય છે.

આ રીતે પૂર્વપ્રાપ્ત કલાસંપત્તિ અને સહજીવી માનવબંધુઓની એમ બેઉ પ્રકારની કલાથી અભિજ્ઞાત થવું કે તેનો રસાનુભવ કરવો એ પ્રત્યેક માનવીનું કર્તવ્ય બને છે. પછી ભલે તે પોતે સર્જક, કલાકાર બને અથવા તો તેની સમક્ષ પિરસાયેલી કલાઓનો ભોક્તા બને; અગર તેમાં અન્ય અવનવા લાભો પ્રાપ્ત કરે. આ ધ્યેયને મુખ્ય બનાવીને કલાશિક્ષણનો સર્વ કાર્યક્રમ અમલમાં મૂકવો જોઈએ; એટલું જ નહિ, પણ શાળાઓ દ્વારા વિવિધ સમાજો અને જનતામાં પહોંચાડવો જોઈએ. તેની શરૂઆત શિશુગૃહથી આરંભી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ચાલુ રાખી નિષ્ણાતોની કક્ષા સુધી તે કાર્યક્રમ લઈ જવો જોઈએ. આ યુગમાં ઈટાલી, ફ્રાંસ, અમેરિકા અને રશિયાએ કલાક્ષેત્રમાં મહાન પરિપાક ઉતાર્યો છે, તે પર આપણે ખૂબ મનન કરીને કલાશિક્ષણની શક્તિમત્તામાં શ્રદ્ધા મેળવવી જોઈએ.

ભારતમાં ગુરુદેવ ટાગોરે જ વિશ્વભારતીના શિક્ષણક્રમમાં સૌ પ્રથમ કલાની પૂર્ણ પ્રતિષ્ઠા કરી હતી અને તેમને અનુસરી બીજી સંસ્થાઓએ તેનો સમાદર કર્યો. કૉલેજો અને હાઈસ્કૂલના તરુણ વિદ્યાર્થીઓએ તેમની શિક્ષણેતર પ્રવૃત્તિઓ દ્વારા સિદ્ધ કરી આપ્યું છે, કે તેઓમાં કલા માટે કેટલી બધી ભૂખ અને ગરજ છે. દિલ્હીની આપણી મધ્યસ્થ સરકારે પ્રજામાં કલાનાં બીજાંકુરો ખીલવવા કેટલાક નિષ્ણાતોની બનેલી ભારતકલા સમિતિ નીમી છે. મુંબઈ રાજ્યે શિક્ષણ પ્રધાનની સહાય અને સલાહ માટે ખાસ કલાસમિતિ નીમી છે અને બીજાં રાજ્યોએ પણ આ દિશામાં પ્રારંભ કર્યો છે.

નેશનલ ટ્રસ્ટ ફંડ (રાષ્ટ્રીય સંરક્ષણનિધિ) અને પૂર્વસંચિત કલાસંપત્તિનો સંગ્રહ કરવાનો ધર્મ તેઓ બજાવશે, પણ ઉત્તમોત્તમ કલાકૃતિઓનો રસાસ્વાદ અને પ્રેરણાત્મક આનંદ મેળવવાને તે સર્વની શ્રેષ્ઠ પ્રતિકૃતિઓ કે ચિત્રાત્મક ગ્રંથસાહિત્ય શાળાઓ માટે કે કુટુંબો માટે સુલભ બન્યાં નથી. પ્રજાજીવનના વિવિધ યુગપલટા સાથે નિર્માણ પામેલી સૌંદર્યયુક્ત રચનાઓએ ભૂતકાળમાં પ્રજાને જે અસર આપી તેનો લાભ વર્તમાનકાળના સર્જન વ્યાપારમાં પણ લઈ શકાય. કોઈને કલાપરિચય અને પ્રયોગો માટે ઉત્કૃષ્ટ નમૂના મળે અને કારીગરો માટે સુંદરતાનું ધોરણ પ્રાપ્ત થાય, અગર કારખાનાં અને હાથબનાવટો માટે અવનવી રૂપરચનાઓ મેળવી શકાય.

થોડું આશ્વાસન મળે એવા કેટલાક ઉત્સાહી કલાકારો અને શિક્ષકો સરકારી સંસ્થાઓમાં અને બીજે છે ખરા અને તેમની પાસેથી ઘણા તરુણ વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળે છે. તેમાં શ્રી. નંદલાલ બસુ આ યુગના એક મહાન કલાગુરુ છે. તેમની શિક્ષાદીક્ષા હિંદમાં ચોતરફ પ્રસરી છે, પરંતુ ભારતની વિશાળતાના પ્રમાણમાં એમનો પ્રયત્ન કેટલો પરિમિત છે!

કલાશિક્ષણના સિદ્ધાંતોમાં એક ધ્યેય, એકવાક્યતા, પ્રયોગો અને સાધનોની સંપૂર્ણ માહિતી અને વિશદ વિવેચના આપણી બીજી ઘણી મોટી સંસ્થાઓમાં પણ પ્રાપ્ય બની નથી. આપણા લોકજીવનને અને ઉદ્યોગોને રંગરૂપ અને સર્જનની શિક્ષા નહીં મળવાથી પરદેશને મુકાબલે પારાવાર નુકસાન થયું છે. આપણું નગરજીવન પશ્ચિમની ઑફિસો અને કારખાનાંનું ધંધાપરાયણ અનુકરણ છે. જીવનમાં ઉચ્ચ આનંદ દે કે અભિલાષા ઉપજાવે એવી રંગછટા, વ્યવસ્થા કે સર્જનશીલ યોજના કયાં ય દેખાતી નથી.

‘પ્રત્યેક વ્યક્તિ સૌંદર્ય પ્રતિ તીવ્ર સંવેદન અનુભવે અને કોઈ પણ બીભત્સ, અનિયંત્રિત કે શુભ કલ્પનારહિત તત્ત્વ કે પદાર્થથી ક્ષોભ પામે એવું કરવાનો મહાન કર્તવ્યભાર કલાશિક્ષણને ભાગે આવે છે.’

આ મહાન હેતુ સાધ્ય કરવાને સારાય મુલક પર અવ્વલ દરજ્જાનાં કલાકેંદ્રોની જરૂર પડશે. ત્યાં કલાના સર્વ પ્રયોગોની શકયતા હોય, સાથે સંગ્રહાલય અને કલાશાળા તેમ જ કલાગ્રંથોનો ભંડાર હોય અને સંચાલન માટે અધિકારોવાળું સુયોગ્ય શિક્ષકમંડળ હોય, ત્યાંથી જ કલાના અધ્યાપકો અને ભિન્ન કોટીના કાર્યકર્તાઓનો સમૂહ દેશની વિવિધ સંસ્થાઓ માટે તાલીમ મેળવે. એ સંસ્થાનો અભ્યાસક્રમ અને તાલીમ, સ્વલ્પ સાધનવાળા મનુષ્યો માટે સાનુકૂળ અને સગવડભર્યાં કરવાં જોઈએ.

પ્રત્યેક શાળામાં ચિત્ર, રૂપરચના, કલાપરિચયનું ફરજિયાત શિક્ષણ અપાવું જોઈએ. બધી જ માધ્યમિક શાળાઓમાં એક કલાવિભાગ રચવો જોઈએ, જેમાંથી વિદ્યાર્થીઓ યથારુચિ કલા અને શિલ્પના ભિન્નભિન્ન પ્રકારોની માહિતી અને જ્ઞાન મેળવી શકે અને કૉલેજોમાં નકામી ભરતી થતી અટકે. નિષ્ણાત કલાર્થીઓ માટે રાજ્ય તરફથી ઊંચી કલાશાળા અને છાત્રવૃત્તિઓ હોવી જોઈએ. જે શહેરીઓ શિક્ષણ, કારીગરી કે કલાવ્યવસાય શીખવા આવે તેમને બને તેટલું સસ્તું કે મફત શિક્ષણ મળવું જોઈએ. કારીગરીના પ્રત્યેક ક્ષેત્રમાં કે શાખામાં કારખાનાના દરેક માણસને થોડું કે વધુ ચિત્રકામ અને ઇતરકળાના જ્ઞાનની જરૂર રહે છે. વળી કુશળ અને કલારસિક કામદારોને તો આલેખન અને રૂપકલ્પનાનું શિક્ષણ

તેમના ફાજલ સમયે મફત મળે એવી યોજના થવી જોઈએ.

કલાશિક્ષણના આવા મહાભારત કાર્યક્રમ માટે પ્રવીણ કલાચાર્યોની પ્રથમ તો ખૂબ તંગી જણાશે; કારણકે શિક્ષકોને પોતાના માટેના શિક્ષણનો ખર્ચ ભારે પડે છે. શહેરમાં નિવાસની મુશ્કેલીઓ છે, લાંબાં અંતરો છે અને અંગત ખર્ચના તાકડા ખૂટ્યા છે, એવા સમયમાં સરકાર જો કલાશિક્ષણ માટે ખરેખર ઇંતેજાર હોય તો આટલું કરી શકે: ખાસ પસંદ કરેલા થોડા માણસોને પૂરતી શિષ્યવૃત્તિ આપી તૈયાર થવા દેવા અને તેમની તાલીમ પૂરી થયે તેઓ દેશની જુદીજુદી સંસ્થામાં જઈ બીજા શિક્ષકોને તાલીમ આપતાં આપતાં દેશભરમાં કલાશિક્ષણની નવી પ્રણાલિ સ્થાપી શકે તેવું વાતાવરણ સરજી શકે.

કેટલીક જગ્યાએ સરકારે કેળવણી પદ્ધતિને ફોજી નીતિ આપીને તેની પરીક્ષાના જ ધોરણ પર લાયકાતોની મર્યાદા ઠરાવી છે. આ રીત સામુદાયિક તાલીમ માટે ઠીક હશે, પરંતુ તેમાં અભિનવ પ્રયોગો અને અનુભવને તેમ જ સ્વતંત્ર સંશોધનકાર્યને અવકાશ રહેતો નથી. વળી ઘણીવાર સુયોગ્ય કલાસંચાલકોને અન્યાય થઈ જાય છે. આપણે તો કલાશિક્ષણમાં ઉદાર અને વિશાળ દૃષ્ટિમર્યાદા લાવવા માગીએ છીએ; કારણકે કલ્પના અને સર્જકતા એ તો કલાના પ્રધાન સંકેતરૂપ છે.

કલાકાર્યનું પરીક્ષણ વર્ગપત્રક ઉપરથી ન કરવું ઘટે, પણ તે વડે વ્યક્તિજીવનમાં તેમ જ પ્રજાજીવનમાં શો ઉત્કર્ષ સધાયો તે વિચારવું જોઈએ. આપણે જાણીએ છીએ, કે ૧૯મી સદીના યુરોપના કળાના ઇતિહાસમાં શિષ્ટકળા વિષે ઘણી જ ભ્રમણાઓ અને વિચિત્રતાઓ હતી. ભારતે તેમાંથી ધડો લેવા જેવું છે.

કલાશિક્ષણ વ્યાપક, લયબદ્ધ અને વ્યવસ્થિત પ્રણાલિ બને, અને તેના સાધકના જીવનમાં રસ અને ઉલ્લાસ આપી શકે એ રીતે ઘડાવું જોઈએ. એ જાતના સેંકડો કે હજારો કલાશિક્ષકોથી કલાક્ષેત્ર ઊભરાઈ જવું જોઈએ. શાળાઓમાં તેમને પૂરતો સમય અને સાધનો મળે અને પ્રાથમિક તેમ જ માધ્યમિક શાળાઓમાં કલાશિક્ષણ માટે પૂરતો આદર અને સમય આપવા સાથે સમગ્ર શિક્ષણકાર્યમાં તેમનો યોગ થવો જોઈએ, તેથી શિક્ષણ સર્વાંગે વેગવાન અને ઉપયુક્ત બને.

આવી ભાવનાથી કામ કરતા શિક્ષકોનું કાર્ય અને તાલીમ બેશક અતિવિસ્તૃત અને કષ્ટદાયક હશે, પણ તેમાંથી થોડાક તો ઉત્તમ અને નિપુણ કલાનિયામકો નીવડશે અને તેઓ જ સર્વ કલાક્ષેત્રોને રેલાવી શકશે અને તેઓ જ સમાજના ખરા અગ્રણીઓ અને કલ્યાણકર્તા ગણાશે. આપણી વિદ્યાપીઠો તેમજ અધ્યાપકસમૂહમાં એવા એકએક કલાનિયામકને સ્થાન અપાય તો તેમના દ્વારા વિદ્યાપીઠોના વિસ્તારમાંની સર્વ પ્રવૃત્તિઓમાં નવી કલાદીપ્તિનો પ્રકાશ મળશે અને માત્ર નિશાળોમાં જ નહિ, પણ જીવનની સર્વ ભૂમિકાઓ કલાનાં મંગળ પગલાંથી સંસારમાં શોભાયમાન વ્યવસ્થા આવશે.

★

ગઈ ચૂંટણી વખતે ગુજરાતના એક ગામડામાં ધૂંસરી સાથે જોડાયેલા બે બળદોના ચિત્રની નીચે આ પ્રમાણે લખ્યું હતું:

'આની સાન જોઈ મત આપજો.'

શબ્દો આઘાપાછા ને ખોટી જોડણીવાળા લખવામાં લેખકે કેવી હાસ્યાસ્પદ ભૂલ કરી હતી! એમનું કહેવું એમ હતું કે 'આ નિશાન જોઈને મત આપજો' ને કહી દીધું, 'આની (બળદની) સાન જોઈને મત આપજો!'

×

કાવ્ય કલાપ

આકાશે મારે ઊડવું છે

આવો હો પક્ષીરાજ આવો,
આકાશે મારે ઊડવું છે.
આવો ખગરાજ ભલા આવો,
આકાશે મારે ઊડવું છે.

વાયુના તરંગ પરે લ્હેરાવું લ્હેરમાં,
તારલાનાં જૂથે ભળી ખેલવું અનંતમાં,
ધરતીથી દૂર દૂર સ્હેલવું છે....આકાશે૦

ગિરિવરની ટોચ ચડી ઘૂમવું દિગંતમાં,
દૃષ્ટિદોર ઘૂમવવો વિશ્વ આ સમસ્તમાં,
આંખમાં અનંતને હુલાવવું છે . આકાશે૦

વાદળદળ ગરજે ત્યાં ગર્જનના નાદમાં,
વર્ષાજળ-ધારમાં ને વીજલ ચમકારમાં,
જીવનધન દૂર રહી વેરવું છે...આકાશે૦

તેજ અંધકાર તણી ગૂંથણી રચાય જ્યાં,
તેજના તરંગ અંધકારથી વિલાય ત્યાં,
અંધકારનું ઉર ખોળવું છે . આકાશે૦

પાંખ ના. ન કલ્પના ન પ્રેરણા ઉરે જરી,
જીવન જકડાઈ રહ્યું પૃથ્વી-પગથારથી,
ઝંખનાને જોર મારે ઊડવું છે...આકાશે૦

બાદરાયણ

ધરતીનો ઉતપાત

મનથી નમું ધરણી માત,
તારે માટે ઊપજ્યા કંઈ ઉતપાત.. (ટેક)

માંધાતાની માનુની થઈ,
તેં નાખ્યો ગળામાં હાથજી;
છેવટ વખતે છેતર્યો,
તું ચાલી ન એની સાથ. ૧

હિરણ્યાકંસના ઘરમાં બેઠી,
કીધી મીઠી વાતજી;
તેં નૃસિંહને નોતર્યો,
એની ઘોર કરાવી ઘાત. ૨

કૌરવવાળી ફોજું કપાણી,
વંચાણી જગમાં વાતજી;
હેમાળે પાંડવ હાલીઆ ત્યારે,
કાઢયા ખડખડ દાંત. ૩

છૂટાછેડા કરીને ચાલી.
છોડ્યો નૃપનો સાથજી;
ધણીવિનાની નીરખી તુંને,
રાંક પણ લલચાત. ૪

તારો સ્વયંવર ફરી મંડાણો,
નથી જાત ને નાતજી;
તુંને વરવા તલખી ઊઠી,
સઘળી માનવ જાત. ૫

ખેડવા જેટલી રહી અને તું,
વધારાની વઈ જાત;
'કાગ' તો તો અમને કદી યે,
દિલમાં દર્દ ન થાત. ૬

કવિ દુલાભાઈ કાગ

માનાપમાન

લેખક :

શ્રી જ્યોતીંદ્ર દવે

શ્રીમદ્ ભગવદ્ગીતામાં બ્રહ્મનિષ્ઠ પુરુષનાં લક્ષણ ગણાવતાં કહ્યું છે કે માન અને અપમાનને, તેમ જ શત્રુને તથા મિત્રને એ એકસરખાં ગણે છે.

શ્રીમદ્ ભગવદ્ગીતા આપણો જ નહિ, પણ આખા જગતનો ઉત્તમોત્તમ ગ્રંથ છે અને એમાં શ્રીભગવાને સ્વમુખે ઉચ્ચારેલો ઉપદેશ આપણે સૌએ જીવનમાં–જીવનની નાનામાં નાની બાબતમાં પણ–ઉતારવા સરખો છે એમ આપણે માનીએ છીએ. નાનપણથી જ મને ગીતા તરફ પક્ષપાત છે. એનો અર્થ હું નહોતો સમજતો ત્યારે પણ મને એ ગ્રંથ તરફ મમત્વ હતું. સારા અવાજે કોક એના શ્લોકો લલકારતું ત્યારે મને આનંદ થતો. પછી મને ગીતાનો પાઠ કરવાનું કહેવામાં આવ્યું, ત્યારે શરૂઆતમાં મેં કંઈક આનાકાની કરી.

'અરે! ગીતાનો પાઠ કરવો તને ગમતો નથી?' ગીતાપાઠનો ઉપદેશ કરનારા મારા વડીલે કંઈક આશ્ચર્યથી પૂછ્યું.

'મને ગીતા ગમે છે–ઘણી ગમે છે,' મેં જવાબ દીધો.

'ત્યારે હું તને રોજ એક જ અધ્યાયનો પાઠ કરી જવાનું કહું છું ને તું ના કેમ કહે છે?' એમણે પ્રશ્ન કર્યો.

'કારણકે મારો અવાજ ખરાબ છે,' મેં જવાબ દીધો.

'એ કંઈ અમને કહી બતાવવાની જરૂર નથી; પણ ગીતા ભણવામાં અવાજને શું કરવો છે?' એમણે કહ્યું.

'કેમ? ગીતાનો પાઠ તો હું જ કરીશ ને! અને કર્કશ અવાજે ગીતાનો પાઠ કરવો એ એનું અપમાન કરવા સરખું છે,' મેં કહ્યું.

'કર્કશ અવાજ કાઢીને મોટેથી પાઠ કરવાની જરૂર નથી, પણ ધીમે અવાજે અથવા તો મનમાં ને મનમાં ગીતા વાંચી જશે તો ચાલશે,' એમણે કહ્યું.

એમના કહ્યા મુજબ મેં મનમાં ને મનમાં ગીતા વાંચવાનું શરૂ કર્યું; પણ ગીતા પ્રત્યે મારી ભક્તિ છતાં મારે કહેવું જોઈએ, કે મને એમાં કંઈ આનંદ આવ્યો નહીં. એ વેળા હું માનતો હતો કે ગીતા એ ગાવા–કદાચ ગાવા નહિ તો લલકારવા–માટે છે. એ પછી હું મોટો થયો ને મારા અભ્યાસક્રમ દરમ્યાન ગીતાનું અધ્યયન મારે કરવાનું આવ્યું અને એનો અર્થ મને સમજાવા માંડ્યો ત્યારે મને થયું કે ગીતા ગાવા માટે નથી, સમજવા માટે છે. કેટલી સરળ ભાષામાં કેવો ઊંડો અર્થ એમાં સમાવવામાં આવ્યો છે! એમાં નિરૂપવામાં આવેલું ગહન તત્ત્વદર્શન મુગ્ધ કરે એવું છે, પણ વ્યવહારની સૃષ્ટિમાં એનો કશો ઉપયોગ હોય એમ મને તે વેળા લાગ્યું નહોતું.

આજે ગીતામાં કહેલી વાત જીવનમાં ઉતારવા જેવી છે એમ મને લાગવા માંડ્યું છે. અને મારી શક્તિ પ્રમાણે એ માટે હું પ્રયત્ન પણ કરતો રહું છું. હું જાણું છું અને હું જે કહું છું તેમાં મારા વાચકો પણ સંમત થશે કે હું મહાપુરુષ નથી તેમ જ હું સંત પણ નથી. પહેલાં હતો નહિ, અત્યારે નથી ને ભવિષ્યમાં થઈશ એવો ભય રાખવાનું જરાય કારણ નથી. એટલે ગીતાભાખ્યું જીવન હું સંપૂર્ણપણે ગાળી શકીશ એવો દાવો કરવાનો કશો અર્થ નથી, છતાં પ્રામાણિકપણે હું એ માર્ગે ધીમેધીમે અને મક્કમ નહિ તો લથડતે પગે પ્રવાસ

કરી રહ્યો છું. પણ આ મારી અંગત બાબત છે, લોકોને એ કહેવાની જરૂર નથી. કહીશ તો કોઈ માનશે નહિ એ પણ હું જાણું છું. પરંતુ સત્ય પ્રત્યેના મારા આદર ખાતર મારે આટલી વાત પ્રગટ કરવી પડી છે.

માનાપમાનને તથા શત્રુમિત્રને સરખાં ગણવાં એ ગીતાભાખ્યા ઉપદેશને આચારમાં ઉતારવાનું ઘણું મુશ્કેલ છે એ હું જાણું છું. પણ માણસ ધારે તો શું ન કરી શકે? અને મેં પણ ધાર્યું કે ચાલો ગીતા આપણે જીવનમાં ઉતારીએ અને ધીરેધીરે ઉતારવાનું શરૂ કર્યું. અને આમાં આજે હું ઘણે અંશે સફળ પણ થઈ શકયો છું. માન તથા અપમાનને, શત્રુ તથા મિત્રને હું સરખાં ગણું છું. પણ આ વિષયમાં એક અપવાદ છે—મારો પોતાનો. મારા સિવાયનાં લગભગ બધાં જ મનુષ્યોની બાબતમાં હું આ વિષયમાં સમભાવ ધારણ કરું છું—સ્થિતપ્રજ્ઞ થઈ શકું છું. કોઈ પોતાના માનાપમાનની વાત કરે કે એના શત્રુમિત્રના દોષ ને ગુણનું વર્ણન કરે, ત્યારે મારી તટસ્થતા ચલિત થતી નથી. મારું હૃદય લાગણીથી હાલી ઊઠતું નથી કે બુદ્ધિ બહેર મારી જતી નથી. અલબત્ત, મારી પોતાની વાત આવે ત્યારે પણ મારી વિવેકબુદ્ધિ માન અને અપમાન તથા શત્રુ અને મિત્ર એ વચ્ચેનો વિવેક કરી ન શકે એવી જડ તો નથી જ એમ મારે કહેવું જોઈએ.

શત્રુ અને મિત્ર એ બે વચ્ચેનો ફરક તો તરત સમજાઈ જાય છે; પણ માન અને અપમાનને એટલી સહેલાઈથી પારખી શકાતાં નથી. કેટલીયે વાર એવું બન્યું છે કે સામા મનુષ્યનું અપમાન કરવાનો મારો ઇરાદો ન હોય, વર્તનમાં પણ મેં એવું કશું કર્યું ન હોય છતાં એ માણસને મેં એનું અપમાન કર્યું હોય એમ લાગી જાય છે અને કોઈવાર ઇરાદાપૂર્વક હું કોઈકને અપમાન લાગે એવું કહું છું અથવા એ રીતે એની સાથે વર્તું છે છતાં એને કંઈ જ લાગતું નથી.

મારા એક ઓળખીતા સજજન સાથે હું રસ્તામાં ઊભોઊભો વાત કરતો હતો, એટલામાં અમારાથી થોડે દૂર અમારા બંનેના પરિચિત એવા એક ગૃહસ્થને એ બાજુથી જતા જોઈ મેં એમને હાથ જોડી જય જય કર્યા. એમનું ધ્યાન અમારા તરફ નહોતું એટલે એ સામા જય જય કર્યા સિવાય ચાલ્યા ગયા.

'જોયું? તમે જય જય કર્યા તે તરફ એમણે જોયું પણ નહીં!' મારી સાથેના સજજને મને કહ્યું.

'એમનું ધ્યાન આપણી તરફ નહોતું,' મેં કહ્યું.

'અરે! એ તો જાણી જોઈને એમ કર્યું,' એમણે કહ્યું.

'પણ એમ કરવાનું કંઈ કારણ?' મેં પૂછયું.

'એ માણસ જ એવો છે! દરેકનું અપમાન કરે છે,' એમણે જવાબ દીધો.

'પણ એમ વગર કારણે અપમાન શું કામ કરે?' મેં પ્રશ્ન કર્યો.

'એનો સ્વભાવ જ એવો છે. મેં તો નિયમ જ કર્યો છે કે પહેલી સલામ કોઈને કરવી નહિ કે કોઈને પહેલો બોલાવવો નહિ. આપણે સલામ કરીએ ને એ ઝીલે નહિ, અથવા આપણે બોલાવવા જઈએ ને એ બોલે નહિ તો આપણું માન શું રહે?' એમણે કહ્યું.

'મને એવું લાગતું નથી. સામો માણસ આપણી સલામ ઝીલે નહિ, કે આપણે બોલાવીએ ને એ બોલે નહિ, તેમાં કંઈ આપણે નીચાં માબાપના થઈ જતા નથી. એથી તો ઊલટું એવો માણસ નીચો પડે

છે,' મેં કહ્યું.

'તમારામાં સ્વમાનની ભાવના નથી. આપણે શું કરવા કોઈને પહેલી સલામ કરવી કે એને પહેલો બોલાવવા જવો ?' એમણે કહ્યું.

ઘણા વખત પહેલાંની મને એક વાત યાદ આવે છે. હું પહેલવહેલો મુંબઈ આવીને એક અગ્રગણ્ય સાહિત્યકારને ત્યાં એમના મદદનીશ તરીકે રહ્યો હતો, ત્યારે એક વેળા એમને મળવા માટે એક ભાઈ આવ્યા. જેમને એ મળવા આવ્યા હતા તેઓ અન્યત્ર રોકાણ હોવાથી ઑફિસમાં હતા નહિ, એટલે મેં એમને માનપૂર્વક મારી સામેની ખુરશી પર બેસાડ્યા. એમની સાથે થોડીક વાત કરી અને પછી મારે બહુ જરૂરી કામ થોડા વખતમાં પતાવવાનું હતું એટલે એ કામમાં ચિત્ત પરોવ્યું. પાંચેક મિનિટ થોભીને એ ભાઈએ મારી રજા લીધી. એ પછી ચારેક દિવસ રહીને હું જેમના હાથ નીચે નોકરી કરતો હતો તેમના પર પત્ર લખીને એમણે જણાવ્યું: 'તમારે ત્યાં એક મિસ્ટર દવે કરીને કામ કરે છે, તેમણે મારું અપમાન કર્યું છે. એઓ મારી લેખિત માફી માગે એવી આપ એમને સૂચના કરશો.' મારા હાથમાં એ વિષે 'ઘટતું કરવા' માટે એ પત્ર આવ્યો, ત્યારે મને બહુ નવાઈ લાગી. મેં એ ભાઈનું અપમાન શી રીતે કર્યું, તે હું સમજી ન શક્યો. તપાસ કરતાં જણાઈ આવ્યું કે મેં એમને ચા પિવડાવી નહિ, એટલું જ નહિ પણ એમની હાજરીમાં–पश्यतो राक्षसस्य (મંત્રી રાક્ષસ ખુદ હાજર હતો તેની પરવા કર્યા વિના ચાણક્યે પોતાનું કાર્ય ચાલુ રાખ્યું હતું તેમ)–મારું કામ ચાલુ રાખ્યું એથી એમને અપમાન લાગ્યું હતું. એ ભાઈના પિતાને હું સારી રીતે ઓળખતો હતો. તેમને પત્ર લખીને મેં જણાવ્યું: 'તમારા પુત્રને

લાગે છે કે મેં એમનું અપમાન કર્યું છે. હું ખુલાસો એમને લખી મોકલું તો કદાચ એમને વધારે અપમાન થયેલું લાગશે એટલે તમને જ લખું છું.' આ પછી બધી વિગતો આપી છેવટે લખ્યું: 'તમારા પુત્રને મારી અપમાન કરવાની શક્તિ વિષે બરાબર ખ્યાલ હોય એમ લાગતું નથી. મારો એમનું અપમાન કરવાનો ઇરાદો નહોતો. એમનું અપમાન કરવાનું કંઈ જ કારણ નહોતું, છતાં હું એમનું અપમાન કરવા જ માગતો હોત તો માત્ર ચા ન પિવડાવીને કે એમની હાજરીમાં મારું કામ ચાલુ રાખીને એવા નિષેધાત્મક ને નિર્બળ અપમાનથી જ સંતોષ ન માન્યો હોત; પરંતુ જેના અર્થ વિષે જરાય સંદેહ ન રહે એવા શબ્દાદિ વડે અને જે બીજા કોઈને એ વાતની ખબર મળે તે સૌની ખાતરી થઈ જાય કે એ ભાઈનું અપમાન થયું છે–તે રીતે કરતે.'

શું કરવાથી કોઈને અપમાન લાગી જશે તે જેમ સમજી શકાતું નથી તેમ શું ન કરવાથી એને અપમાન લાગી જશે તે પણ સમજાતું નથી. એ સિવાય માનાપમાનની બાબતમાં માણસોનાં મન એકબીજાથી એટલાં જુદાં પડે છે કે જે કરવાથી એક માણસને પોતાનું અપમાન થયેલું લાગે છે તે ન કરવાથી બીજાને અપમાન લાગે છે. 'એક ભાઈ સામા જવાબ બહુ આપે છે,' એમ મારે માટે એક જણે ફરિયાદ કરી હતી, એની મને ખબર મળતાં મેં કોઈને બહુ જવાબ દેવા નહિ એમ નક્કી કર્યું. તે પછી મને મળવા આવેલા એક ગૃહસ્થે મારા એક મિત્રને મોઢે ફરિયાદ કરતાં કહ્યું હતું: 'જરા અતડા લાગે છે. આપણે બોલ્યા કરીએ છીએ પણ એ જવાબ પણ દેતા નથી. કોઈને ખોટું લાગી જાય.' આમ કોઈને જવાબ આપીએ તો અપમાન લાગે છે તો

કોઈકને જવાબ ન આપીએ તો અપમાન લાગે છે!

કેટલાક માણસોની આ બાબતમાં ચિત્તવૃત્તિ બહુ ચંચળ હોય છે; એવા માણસનાં ચિત્ત વર્ષાનાં વાદળાં જેવાં હોય છે. કયારેક એઓ ખુશમિજાજમાં દેખાય છે, તો કયારેક ઘુમાયેલી અથવા ઉશ્કેરાયેલી સ્થિતિમાં જણાય છે. એનો કશો નિયમ હોતો નથી. આપણે એમનું અપમાન કરવા માગતા ન હોઈએ ત્યારે એમને અપમાન લાગી જાય છે, ને કોઈક વાર ઇરાદાપૂર્વક અપમાન લાગે એવું કહીએ છીએ, ત્યારે મજાક માનીને હસી પડે છે.

ઉચ્ચ પદવી ધરાવનારાઓ સાથે એમનાથી ઊતરતી પંક્તિના માણસો સમાન ભાવે વર્તન કરવા જાય, બહુ ઉચ્ચ સ્થાન શોભાવતા કોઈક ગૌરવશીલ મનુષ્યને આપણા જેવા સામાન્ય મનુષ્ય ‘કેમ દોસ્ત!’ કરીને એમની પીઠ પર પ્રેમભાવે થાપડ લગાવે તો એમને અપમાન લાગી જાય એ સમજી શકાય તેવું છે; પરંતુ કેટલીક વાર એથી ઊલટું પણ બને છે, જેનું સ્થાન સમાજમાં બહુ ઊંચું ગણવામાં આવતું ન હોય તેમની સાથે એમના કરતાં ઊંચું સ્થાન ધરાવનાર અથવા એમના જેવું જ સ્થાન ધરાવનાર ગૃહસ્થો સામાન્ય પ્રકારનો વ્યવહાર કરે તોપણ એમને પોતાનું અપમાન થયેલું લાગે છે. એક વાર બસમાં હું મુસાફરી કરતો હતો ત્યારે ‘કંડકટર’ મને ‘ટિકિટ’ આપવા આવ્યો. હું કોઈ પુસ્તક વાંચતો હતો અને ટિકિટ મેં એ પહેલાં લીધી હતી એટલે પુસ્તકમાં જ મોઢું રાખીને એની સામે જોયા સિવાય મેં ટિકિટ એના આગળ ધરી બતાવી તેથી એને અપમાન લાગી ગયું, ‘હું શું જનાવર છું કે મારી સામે નજર પણ નાખ્યા વિના આમ ટિકિટ ધરો છો?’ એવી મતલબનું કંઈક બબડીને ટિકિટ જોયા વિના જ એ ચાલ્યો ગયો. આમ એની સામે મેં નજર ન નાખી તેમાં એને ખોટું લાગી ગયું, તો કેટલીક વાર કોઈકની સામે આપણે નજર કરીએ તો તેથી પણ તેને ખોટું લાગી જાય છે. આમ કોઈકની સામે જોવાથી એને ખોટું લાગશે કે નહિ જોવાથી લાગશે તે પણ નક્કી કરવું મુશ્કેલ બની જાય છે.

આથી ઊલટું, કોઈનું અપમાન કરવા માગીએ અને આપણે એવી જાતનું વર્તન રાખીએ કે ‘આનાથી એ સળગી ઊઠશે,’ એવી આપણી ખાતરી થાય, છતાં એને કશું લાગે જ નહિ, જાણે એ કશું જાણતો જ ન હોય એવી રીતે હમેશ મુજબનો વ્યવહાર એ આપણી સાથે ચાલુ રાખે એમ પણ બને છે.

ઘણા માણસો ઘણા કારણસર મારા પર નારાજ થાય છે, જેમ હું પણ ઘણા માણસો પર ઘણા કારણસર નારાજ થાઉં છું. પણ એકવાર એક ભાઈ કંઈ પણ કારણ વિના મારા પર નારાજ થયા હતા અને એ ભાઈ કર્મયોગી હોવાથી જે કંઈ લાગણી એમને થતી તેનો વ્યવહારમાં વિનિયોગ કર્યા સિવાય રહી શકતા નહિ. એટલે એમણે કોઈક સભા કે એવે પ્રસંગે અમે ભેગા થઈ જઈએ, ત્યારે મારા તરફ દુર્લક્ષ–મારા પ્રત્યેની પોતાની અપ્રસન્નતા પ્રગટ કરવાનો માર્ગ લીધો, આવું ચારપાંચ વાર બન્યું. મને ઘણું સખત અપમાન લાગી ગયું હશે એમ એમણે માની લીધું અને એમના મનનું સમાધાન થઈ ગયું. તે પછી લાંબે વખતે અમારે સાથે મળીને કોઈક કાર્ય કરવાનો પ્રસંગ આવ્યો; એ વેળા એમનો મારા પ્રત્યેનો રોષ ઊતરી ગયો હતો અને મારી સાથે સદ્ભાવપૂર્વક વર્તવાની એમને ઇચ્છા થઈ હતી એટલે

થોડીક આડીઅવળી વાત થયા પછી એમણે જરા અચકાતાં-અચકાતાં મને કહ્યું: 'તમને કદાચ મારા વર્તનથી બહુ ખોટું લાગ્યું હશે, હું બહુ દિલગીર છું. પણ તે વેળા મને તમારા પર એવી ચીડ ચડી હતી કે મારાથી એમ કર્યા સિવાય રહેવાયું જ નહિ. ખરેખર હું બહુ દિલગીર છું.' એમના શબ્દો સાંભળીને મને નવાઈ લાગી. મેં પૂછયું: 'તમે શેની વાત કરો છો? મને તો કશી ખબર નથી. મને ખોટું લાગે એવું કંઈ પણ તમે કર્યું હોય એમ મને યાદ આવતું નથી.'

'કેમ? આપણે સભાઓમાં કોઈ વાર ભેગા થઈ જતા, પણ મેં તમને એકે વાર બોલાવ્યા'તા ખરા? તમે મારી આગળ આવતા તો હું ત્યાંથી ખસી જતો,' એમણે કહ્યું.

'મને તો એવું કશું યાદ પણ નથી. મારું તો આવી કોઈ વાત તરફ ધ્યાન પણ નહોતું. તમે આજે કહો છો ત્યારે જ ખબર પડે છે. એટલે ખોટું લાગવાનો સવાલ જ રહેતો નથી,' મેં કહ્યું.

'પણ તમને કંઈ જ ન લાગ્યું?' એમણે પૂછયું.

'ના, જરીકે નહિ. તે વેળા મને એવો વહેમ પડ્યો હોત તો કદાચ ખોટું લાગત,' મેં જવાબ દીધો.

એમના અપમાનની જાણ્યેઅજાણ્યે પણ મારે હાથે આમ ઉપેક્ષા થઈ, તેથી એમને જરા ખોટું લાગ્યું. પણ પછી વાત દાબી દઈ એ બોલ્યા: 'તો તો બહુ સારું, મને તો લાગતું હતું કે તમે મારા પર બહુ જ ખિજવાયા હશો.'

'ખિજાવાનું કારણ તમે મને કદાચ આપ્યું હશે, પણ મને એ મળ્યું નહિ એટલે મારા ખિજાવાનો સંભવ જ નહોતો. પણ હવે મને ખીજવવા કે મારું અપમાન કરવા માગો ત્યારે મને બરાબર સ્પષ્ટ સમજ પડે એ રીતે અપમાન કરજો. મારી બુદ્ધિ માનાપમાનની બાબતમાં જરા ઓછી ચાલે છે એ કબૂલ કરી લઉં છું,' મેં જવાબ દીધો.

આમ માન ને અપમાન કોને કહેવાં તે પણ સમજવું કેટલીક વાર મુશ્કેલ થઈ જાય છે. સામો મનુષ્ય આપણા વર્તનને માનવાચક કે અપમાનપ્રદ ગણી કાઢશે તેની ચિંતા કરવાની જરૂર નથી અને આપણું કોઈ અપમાન કરી બેસે તો તેથી નિરાશ થવાનું યે કારણ નથી. અપમાન તો સમાનનું થઈ શકે. નાનો મનુષ્ય મોટાનું અપમાન કરી શકે જ નહિ. ઈશ્વરને વિષે કંઈ કંઈ બોલનારા માણસો દુનિયામાં નથી? પણ એથી ઈશ્વરને કદી અપમાન લાગે છે? 'હોય, પામર માનવજંતુ છે. બોલે, ગમે તેમ, એની બુદ્ધિ કેટલી?' આવો વિચાર કરીને એ હસી કાઢતો હશે. આપણે પણ આપણું કોઈ અપમાન કરે ત્યારે 'આ નાનકડું જંતુ, એ શું મારું અપમાન કરવાનો હતો? અપમાન કરતાં યે એને ક્યાં આવડે છે?' એમ કહીને, મોટેથી નહિ પણ મનમાં જ કહીને, હસી કાઢવાનો ને તે ન બને તો ભૂલી જવાનો પ્રયત્ન કરવો જોઈએ.

પણ આ બાબતમાં સૌથી સારો માર્ગ તો ગીતામાં બતાવ્યો છે તે જ છે—માન ને અપમાનને સરખાં ગણી કાઢવાનો. એ બહુ અઘરો પણ નથી, એમ મારા દાખલા પરથી પણ જણાઈ આવશે. બીજાઓનાં માનાપમાનને સરખાં માનતા–માનતા છેવટે આપણી પોતાની બાબતમાં પણ એ સ્થિતિ પ્રાપ્ત કરી શકીએ. માન ને અપમાનને સરખાં ગણી શકે એવાં મનુષ્યો પણ છે, એટલું જ નહિ ગીતાં કરતાં યે એક ડગલું આગળ વધી માનને અપમાન ને અપમાનને માન સમજનારા માણસો પણ છે!

★

'રામાયણની શંકાઓ'

લેખક:
શ્રી ધ્રુવકાંત સી. ધીવાળા
એમ. એ; એલએલ. બી; એડ્વોકેટ

'અખંડ આનંદ'ના ગયા માર્ચના-અંકમાં દી. બ. હીરાલાલ કાજીનો 'રામાયણની શંકાઓ' નામનો એક લેખ પ્રસિદ્ધ થયો હતો. આ લેખે 'અખંડ આનંદ'ના વાચકોમાં ભારે રસ જગાડ્યો છે. એ લેખના જવાબરૂપે અમને ઘણા પત્રો અને લેખો મળ્યા છે. કેટલાક રામભક્તોને એ લેખથી આઘાત પહોંચ્યો હોય એવું પણ લાગ્યું છે. અમારા મત પ્રમાણે શ્રી કાજીનો એવો ઉદ્દેશ હતો જ નહિ. રામાયણનું વાચન ભક્તિપૂર્વક કરવા છતાં જે શંકાઓ ઉદ્ભવી તે એમણે જાહેરમાં મૂકી તેનો જવાબ માગ્યો. 'અખંડ આનંદ'ના વાચકો આ વિષયમાં ઊંડો રસ ધરાવે છે એમ માની અમે તે લેખ છાપ્યો હતો. લેખના જવાબોએ અમને ખરેખર મૂંઝવણમાં મૂકી દીધા છે. જેને ગણનાપાત્ર કહી શકીએ એવા વીસેક લેખો છે. દરેકમાં પોતાની વિશિષ્ટતા છે. આ બધા કે તેમાંથી બેચાર પણ પ્રગટ કરવાનો અહીં અવકાશ નથી એટલે અમારી દૃષ્ટિએ, સરખામણીમાં જે લેખ શ્રેષ્ઠ લાગ્યો છે તે જ અહીં પ્રસિદ્ધ કરીએ છીએ.

કેટલાક લેખકોને પોતાનો લેખ આ કરતાં ચડિયાતો લાગવા સંભવ છે, પણ એવો રુચિભેદ, વિચારભેદ, દૃષ્ટિભેદ રહેવાનો જ. બધા લેખો વાંચીને એકવાર તો એમ પણ થયું કે દરેક લેખનો સારભાગ આપીએ અને એવો પ્રયાસ પણ કર્યો, પરંતુ વધુ વિચારતાં ખાતરી થઈ કે એમ કરવા જતાં તો દરેક લેખકને, પોતાની અગત્યની વસ્તુ રહી ગઈ, એવો અસંતોષ રહેશે. ઘણા વિચારને જ અંતે આ લેખની પસંદગી થઈ છે. આમ કરવામાં અજાણતાં યે કોઈને અન્યાય થયો હોય તો તે માટે ક્ષમા માગી લઈએ છીએ. આ સંબંધી વિશેષ ચર્ચાને હવે સ્થાન આપી શકાશે નહિ.

રામાયણ એ સાહિત્યનો એક ઉત્કૃષ્ટ નમૂનો છે. એના જેવો બીજો કાવ્યગ્રંથ જગતભરના સાહિત્યમાં કદાચ મળવો મુશ્કેલ છે અને એને ધર્મગ્રંથ માનવામાં આવતો હોય તો એ એટલા જ માટે, કે સામાન્ય મનુષ્ય પોતાની સમક્ષ જે કંઈ ઉમદા આદર્શ રાખવા માગતો હોય તે સઘળા રામાયણમાં એને મૂર્તિમંત થયેલા જોવા મળે છે. ત્યાગ, સેવા, નિઃસ્વાર્થપણું, નિર્લોભીપણું, શૌર્ય, વીરતા, ઔદાર્ય, ક્ષમાશીલતા, સહનશીલતા વગેરે આદર્શ સિદ્ધાંતો રામાયણમાં એની પરાકાષ્ઠાએ ખીલેલા જોવા મળે છે, માટે જ સાહિત્યની કૃતિ હોવા છતાં એ ધર્મગ્રંથ જેવો થઈ પડ્યો છે.

એનાં પાત્રોમાં ક્ષતિ ન જ હોય એવું નથી; કારણકે કવિએ એમાં દેવોનું જીવનચરિત્ર આલેખવાનો પ્રયાસ કર્યો નથી-બલ્કે આદર્શ માનવજીવનનું ચરિત્રનિરૂપણ કર્યું છે. ક્ષતિ અને ત્રુટિ તો માનવજીવનમાં સંકળાયેલાં જ છે. માનવજીવન ગમે તેટલું મહાન હોય છતાં પણ તે ક્ષતિવગરનું હોવા સંભવ નથી. ક્ષતિવગરનો માનવ માનવ ન રહેતાં દેવ બને છે. અને આજે રામાયણનું ઉચ્ચ સ્થાન એમાં રહેલી માનવતાની સુવાસ(અં. હ્યુમન ઈન્ટરેસ્ટ)ને લઈને જ છે.

રામાયણનાં પાત્રો વિષે શંકા ન જ ઉઠાવાય એવું નથી; પરંતુ યુગોથી અને સદીઓથી સર્વમાન્ય અને સર્વપૂજ્ય એવાં એ પાત્રો વિષે ઉઠાવાયેલી શંકાઓ ખરી હોવા છતાં ખોટી હોવા વધુ સંભવ છે; એટલે શંકાનું નિવારણ કરનાર પંડિત અગર શાસ્ત્રજ્ઞના દાવાએ નહીં પરંતુ એક

અદના અભ્યાસકની દૃષ્ટિએ મુરબ્બીશ્રી કાજી સાહેબની શંકાઓનો જવાબ આપવા પ્રયત્ન કરીશ.

પ્રથમ શ્રવણકુમાર વિષે એમ શંકા ઉઠાવાઈ છે કે એને કંઈ ઘરબાર નહોતાં અને બીજા કોઈ અગત્યના કામને અભાવે માત્ર પ્રવાસની મોજ માણવા અર્થે માતાપિતાને સાથે લઈ પ્રવાસ ખેડ્યો હશે. પરંતુ એક વસ્તુ નિર્વિવાદ છે કે દરેક પાત્ર વિષે કિસ્સામાં ઝીણી વિગતો આપવાનો અવકાશ કવિને રહેતો નથી; માટે જે વિગતો નથી તેની હયાતી નહોતી એ તો માત્ર અટકળ જ ગણી શકાય.

કદાચ દલીલ ખાતર એમ માની લઈએ કે શ્રવણને ઘરબાર નહોતાં અને પૂરતી નવરાશ હતી, તોપણ એ કાળમાં પ્રવાસ એ ભાગ્યે જ આનંદ આપનારી વસ્તુ ગણી શકાય અને નવરાશના સમયે 'નવરા બેઠા નખ્ખોદ વાળે' અથવા અંગ્રેજીમાં કહે છે તે (અં. એન આઈડલ માઈન્ડ ઈઝ એ ડેવીલ્સ વર્કશોપ) ન્યાયે, સંપૂર્ણ સાત્વિક દૃષ્ટિ અને સાધુ વૃત્તિવાળા માણસો સિવાય બીજા માટે તો સારું કામ કરવાને બદલે ખરાબ કામ કરવાનો સંભવ વધુ છે અને એ જ શ્રવણની સેવા અપ્રતિમ ગણવા માટે પૂરતું કારણ છે.

મુરબ્બી કાજી સાહેબની બીજી શંકા મહારાજા દશરથનાં બે વચનો વિષે છે. દશરથે કૈકેયીની બે માગણીઓ સ્વીકારી એવો કશો ઉલ્લેખ નથી એમ કાજી સાહેબ કહે છે; પરંતુ આપણે એ કાળનાં નીતિનિયમો બરાબર સમજવાનો પ્રયત્ન કરીએ તો આપણે જોઈ શકીશું કે આપેલું વચન મિથ્યા કરવાનો અગર એમાંથી છટકબારી શોધવાનો અનુદાર પ્રયત્ન કરવા માટે તે વખતનો અદનો માનવી પણ તૈયાર નહોતો, તો પછી રાજા દશરથ જેવા સમાજના નેતા અને એક સદ્ગુણસંપન્ન રાજવી તો એવો પ્રયત્ન કરે જ કેમ? કદાચ માની લઈએ કે દશરથ જાગૃત થતાં કૈકેયીની માગણી પૂરી કરવાનો ઇન્કાર કરત, તોપણ રામ જેવા પિતૃભક્ત સુપુત્રે પિતાને એવી જાતના અધર્મમાંથી બચાવવા પ્રયાસ કર્યો હોત એમ નથી લાગતું? રામ પોતે જ વચનો પૂરાં કરવા ચાલી નીકળ્યા તેમાં રામના ચારિત્ર્ય સાથે કશું અસંગત જણાતું નથી.

વચનો અપાયાં તે વખતની સ્થિતિ અને વચનો પૂરાં કરવાની માગણી થઈ તે વખતની સ્થિતિમાં ઘણો જ ફેર હતો અને એટલે વચનો અપાયા પછી જન્મેલ કુંવરોને એ લાગુ પડવાં ન જોઈએ, અને તે યુગમાં વકીલો હોત તો વચનો રદ કરી શકાત. વાસ્તવમાં એવું નથી. વચનો અપાયાં ત્યારે કોઈ પણ જાતની શરતો વગર અપાયાં હતાં. કૈકેયીએ જયારે તત્કાળ વરદાન માગવાને બદલે યોગ્ય વખતે પોતે વરદાનો માગશે એમ કહ્યું ત્યારે દશરથે કોઈ જાતની શરતો (અં. સેવિંગ કલોઝ) મૂકી નહોતી; અને જો વચનો રદ જ કરવાં હોત તો દશરથ રાજા પોતે જ એમ કહી શકત કે મેં વચનો આપ્યાં નથી અને કૈકેયી પાસે દશરથના આ કથન વિરુદ્ધ રજૂ કરવા માટે કોઈ લેખી પુરાવો કે સાક્ષી હતા નહીં.

પરંતુ વકીલો નહોતા તે એ યુગનું સદ્ભાગ્ય હતું અને જે ધર્મજ્ઞો, નીતિજ્ઞો કે ન્યાયશાસ્ત્રીઓ હતા તે દશરથે અને રામે જે કર્યું તે જ કરવાની સલાહ આપત એ ચોક્કસ છે; કારણ મહામુનિ વસિષ્ઠ જેવા ધર્મશાસ્ત્રનીતિજ્ઞે પણ કૈકેયીની માગણી અયોગ્ય છે એમ કહેવા છતાં અન્યાયી છે એમ કહ્યું નહોતું અને રામ જયારે વનમાં જવા તૈયાર થયા ત્યારે આશીર્વાદ-અનુજ્ઞા આપી હતી.

વળી વચનોમાં રહેલી અણબોલ મર્યાદાનો લાભ લેવો કે નહીં અને એ મર્યાદા કોને કહેવી એ વચન આપનારની વચનપાલન કરવાની વૃત્તિ અને તત્પરતા પર આધાર રાખે છે.

રામચંદ્રજી જેવા મહાપુરુષે કૈકેયીને અપાયેલાં વચનો સ્વીકાર્યાં તેમાં જ તેમની મહત્તા રહેલી છે અને આજે પણ પ્રાતઃસ્મરણીય બની રહેલું એમનું નામ એમની પ્રકૃતિમાં રહેલ નિર્લોભી વૃત્તિને ઘણે અંશે આભારી છે. જો વચનભંગનો વિચાર સરખો પણ રામે કર્યો હોત, તો રામચંદ્રજીનું હિંદુ ધર્મ અને સંસ્કૃતિમાં જે સ્થાન છે તે હોત ખરું ?

કાજી સાહેબની ત્રીજી શંકા લક્ષ્મણ અને ઊર્મિલા વિષેની છે. લક્ષ્મણ રામની સાથે વનમાં જવા તૈયાર થયા તે વખતે ઊર્મિલાનો ઉલ્લેખ નથી અને ઊર્મિલાએ લક્ષ્મણની સાથે જવાની માગણી પણ નહીં કરી હોય એમ માની એ સતીધર્મમાંથી ચૂકી હોય એવો કંઈક ખ્યાલ શ્રી કાજી સાહેબે રજૂ કર્યો છે.

વાસ્તવિક દૃષ્ટિએ જો આર્ય સ્ત્રીનો ધર્મ આપણે સમજવાનો પ્રયત્ન કરીએ તો ઊર્મિલામાં સતીધર્મનું એક બીજું જ અને વધુ ઉદાત્ત રૂપ મૂર્તિમંત થયેલું જણાશે. અને મારી દૃષ્ટિએ તો સીતા કરતાં પણ કંઈક મહાન અને ભવ્યતર એવો એનો ત્યાગ દેખાય છે. આર્ય સ્ત્રી જેને પોતાનો હાથ સોંપે છે તેના સુખદુઃખમાં સહભાગી થવાનો તેનો અફર નિશ્ચય તો તે ક્ષણથી જ હોય છે. રામ વનમાં જાય તેની સાથે દુઃખ ભોગવવા માટે સીતા સાથે જાય એ ઘણું મહાન છતાં યોગ્ય અને સાહજિક છે; પરંતુ લગ્નજીવનનો લહાવો અને આનંદો માણ્યા પહેલાં જ પતિ જ્યારે ધર્મ બજાવવા માટે જાય ત્યારે સાથે જવાનો દુરાગ્રહ સેવી તેની મુસીબતોમાં વધારો કરવાને બદલે પતિની આજ્ઞા માની ચૌદ વરસનો વિયોગ વધાવી લેવો એ સંપૂર્ણ રીતે આર્ય હોય તેવી સ્ત્રી સિવાય બીજું કોણ કરી શકે ? વિયોગની એ સ્થિતિ સ્વેચ્છાએ સ્વીકારી લઈને ઊર્મિલાએ આર્ય સ્ત્રીનો એક પરમ ઉદાત્ત આદર્શ રજૂ કર્યો છે એમ નથી લાગતું ?

વળી ઊર્મિલાને વનમાં ન લઈ જવામાં કવિની અતિ ચકોર અને દૂરદર્શી દૃષ્ટિનો પણ ભાસ થાય છે. રાવણના પુત્ર ઇંદ્રજિતને એવું વરદાન મળેલું છે કે ચૌદ વરસ સુધી જેણે ઊંઘ ન લીધી હોય અને બ્રહ્મચર્ય પાળ્યું હોય તેને હાથે જ ઇંદ્રજિત મરી શકે: આને માટે પણ જરૂરી હતું કે ઊર્મિલા લક્ષ્મણ સાથે વનમાં ન જાય. જો એ સાથે હોત તો ઇંદ્રજિતને મારવા માટે કોણ સમર્થ નીવડત ! શૂર્પણખાના પ્રસંગમાં એમ કહેવાયું છે, કે રામ જેવા એકપત્નીવ્રતના ઉપાસક લક્ષ્મણને શૂર્પણખા સોંપે એ કેટલું વિચિત્ર ! અહીં એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે, કે એકપત્નીવ્રત એ તે વખતનો સ્થાપિત સિદ્ધાંત નહોતો. માત્ર રામ જેવા કોઈક મહાપુરુષોએ જ એ આદર્શને જીવનમાં અપનાવ્યો હતો. એક કરતાં વધુ પત્ની કરનાર આજના કોંગ્રેસ રાજયમાં જેમ ગુનેગાર ઠરે છે તેમ તે વખતે નહોતું એ દશરથ રાજાના જીવન પરથી પણ ફલિત થાય છે.

વળી આથી આગળ ઉપર સૂચવાયેલું છે કે રામે લક્ષ્મણ માટે મોટાભાઈ તરીકેની ફરજો બરાબર બજાવી નથી અને કંઈક અંશે પૂરતા વાત્સલ્યનો અભાવ હતો; પરંતુ શૂર્પણખાના પ્રસંગમાં વાત્સલ્યનું દર્શન થાય છે. લક્ષ્મણના જીવનની એકલતા દૂર કરવા માટે રામ જો શૂર્પણખા લક્ષ્મણને સોંપે તો મને એમાં ઠઠ્ઠા–મશ્કરીને બહાને અનુજ માટેનું

અગ્રજનું વાત્સલ્ય જ દેખાય છે. વળી શૂર્પણખાનાં નાક-કાન કાપ્યાં અને રાવણ જેવા સમર્થ યોદ્ધા સાથે વેર બાંધ્યું એને નાદાનિયત ગણવામાં આવી છે; પરંતુ અનેક સમજાવટ છતાં જ્યારે શૂર્પણખાએ પોતાની તમોગુણી પ્રકૃતિનો આશરો લીધો અને સીતા જેવી સતીનું અપમાન કર્યું, ત્યારે જ લક્ષ્મણે એનાં નાક-કાન કાપ્યાં હતાં. એનો વધ સહેલાઈથી થઈ શકતો હતો છતાં સ્ત્રીહત્યા કરવાની એ ધર્મિષ્ઠ બંધુઓની વૃત્તિ નહોતી. આમાં રાવણ સાથે વેર બાંધવાની નાદાનિયત કરતાં સ્વમાન અને સ્વરક્ષણની જ ભાવના હતી.

શૂર્પણખાનો પ્રસંગ એ કદાચ રામાયણનો એક ઘણો અગત્યનો પ્રસંગ ગણી શકાય. અધર્મી રાવણનો નાશ એ રામાવતારનું મુખ્ય પ્રયોજન ગણવામાં આવ્યું છે. એ માટે કવિને એવા કોઈ પ્રસંગની જરૂર હતી કે જેથી રામ અને રાવણ વચ્ચે સીધો સંબંધ ઊભો થાય. જો શૂર્પણખાનો પ્રસંગ ન બને તો રાવણ ઉશ્કેરાઈને સીતાનું હરણ ન કરે અને રામાયણનું યુદ્ધ ઉદ્ભવે જ નહીં. માટે આડકતરી રીતે શૂર્પણખાનો પ્રસંગ અધર્મના નાશ તરફ કથાને એક પગલું આગળ લઈ જાય છે, તે સિવાય બીજી કોઈ રીતે એ રજૂ થયો હોત તો કવિને મદદકર્તા થઈ પડત નહીં.

'ઊર્મિલાની વિસ્મૃતિ એ રામાયણની અજબ ખામી જણાય છે.' એના જવાબમાં એટલું જ કહી શકાય, કે દરેક પાત્રને પૂરતી રીતે ખીલવવા માટે કવિને ગમે તેવા મોટા કાવ્યમાં અવકાશ હોતો નથી. બંધુપ્રેમની પરાકાષ્ઠા બતાવવા લક્ષ્મણનું પાત્રાલેખન થયું છે અને રામાયણનાં ચાર-પાંચ મુખ્ય પાત્રો ખીલવવા જતાં કોઈક પાત્ર ઝાંખું પડે એ સહજ છે.

મારીચની માયાવી અને કપટી ચીસ સાંભળી સીતાએ લક્ષ્મણને રામની મદદે જવા કહ્યું અને લક્ષ્મણ જ્યારે સીતાને એકલી મૂકી જવા ઉત્સુક જણાયો નહીં, ત્યારે સીતાએ લક્ષ્મણને અતિ કટુ વચનો કહ્યાં. તેમાં ઊર્મિલાની વિસ્મૃતિ કરતાં સ્ત્રીસ્વભાવની એક નબળી પણ નૈસર્ગિક બાજુનું જ વધુ દર્શન થાય છે: અને તે એ કે વિવેકબુદ્ધિનો નાશ થતાં સારાનરસાનો વિચાર કર્યા વિના સીતા જેવી સાધ્વી સ્ત્રી પણ લક્ષ્મણ જેવા દિયરને ન કહેવાનું કહે છે.

અનેક દાખલા આપી કાજીસાહેબે એમ સાબિત કરવાનો પ્રયત્ન કર્યો છે, કે રામ વડીલબંધુ તરીકેની પોતાની ફરજોમાંથી ચલિત થયા હતા. સેવા કરતાં લક્ષ્મણને કદી રામે રોક્યો હોય એવો ઉલ્લેખ નથી; અને લક્ષ્મણ અને અંગરક્ષક વચ્ચે કંઈ ભેદ જેવું જણાતું નથી; પરંતુ રામ સાથે વનમાં જવાનું તેને કશું બંધન નહોતું. અને જે વડીલબંધુની સેવા માટે જ વનમાં આવ્યો હતો તે લક્ષ્મણ રોક્યો રોકાત ખરો ? અને રામે રોક્યો હોય તોપણ એવી ઝીણી વિગતો આપવાની જરૂર ખરી ?

રામના લક્ષ્મણ માટેના પ્રેમના સમર્થનમાં એક પ્રસંગ અહીં મૂકું તો અસ્થાને નહીં ગણાય. રાવણ સાથેના યુદ્ધમાં જ્યારે લક્ષ્મણ ભયંકર રીતે ઘાયલ થાય છે તે વખતે રામનું કલ્પાંત કેટલું હૃદયવિદારક છે! રામ વિકળ બનીને એમ માની લે છે કે લક્ષ્મણ મરણ પામ્યો છે અને વ્યાકુળતામાં એટલે સુધી કહે છે, કે મારે હવે યુદ્ધ કરીને શું કામ છે ? લક્ષ્મણ વગર હું કેમ જીવી શકીશ ? તે વખતે જામ્બવાન રામને આશ્વાસન આપતાં કહે છે, કે 'હે રામ! લક્ષ્મણની કાંતિ હજુ નિસ્તેજ થઈ નથી અને મૃત્યુ પામ્યો નથી. જો હનુમાન ઋષ્યમૂકપર્વત પરથી અમુક ઔષધિ પ્રાતઃકાળ પહેલાં લાવી શકે તો

લક્ષ્મણ બચી શકશે.' રામની આજ્ઞાથી હનુમાન તે ઔષધિ લાવે છે અને લક્ષ્મણ બચી જાય છે. લક્ષ્મણ માટેના રામના પ્રબળ પ્રેમનો આથી વધુ સબળ પુરાવો કયો હોઈ શકે કે જ્યાં રામ પ્રાણપ્રિય સીતાને પાછાં મેળવવા માટેના યુદ્ધનો હેતુ પણ ભૂલી જાય છે અને લક્ષ્મણ વગર જીવવા માગતા નથી?

લક્ષ્મણના દેહત્યાગના પ્રસંગમાં પણ આગળ કહ્યું તે જ કહી શકાય કે રામ થોડે સુધી સાથે ગયા કે નહિ એ કવિને મન વર્ણવવા જેટલી અગત્યની વસ્તુ નથી. અને શિક્ષાની બાબતમાં તો એટલું જ કહેવાનું, કે રાજઆજ્ઞાનો ભંગ થતાં અન્યને જે શિક્ષા થાય તે જ લક્ષ્મણને થાય એમાં તો ઊલટી રામની ન્યાયપરાયણતાની જ ઝાંખી થાય છે.

લેખમાં વધુમાં વધુ અન્યાયી અને ખૂંચે એવી કોઈ શંકા હોય તો તે ભરત વિષેની છે. ભરતના પાત્રને એ ભયંકર અન્યાય કરે છે.

રામ સાથે માતાએ કરેલી અન્યાયી વર્તણૂક માટે ખુદ માતાને અનાર્યા કહેવી અને એને પતિની હત્યા કરનારી કહી પોતાના પાપના પ્રાયશ્ચિત્ત માટે અગ્નિપ્રવેશ કરવા કહેવું એ લોકોના મન પર ખોટી છાપ ઊભી કરવા માટેનો પદ્ધતિસરનો પ્રયત્ન હતો એવું કંઈક ગર્ભિત સૂચન શ્રી કાજી કરે છે. એ યોગ્ય નથી, એટલું જ નહીં પણ ભરતના ત્યાર પછીના વર્તન સાથે સુસંગત પણ નથી. રાજ્યસિંહાસનના ખરા હકદાર વડીલબંધુ રામની પાદુકાને સિંહાસન પર સ્થાન આપી પોતે એના આજ્ઞાંકિત સેવક તરીકે રાજ્ય કરવું એમાં બંધુપ્રેમનો ભાસ થાય છે અને નહીં કે રાજ્યલોભ કે રાજ્યનિપુણતાનો. રામથી છૂટા પડતી વખતે ચોક્કસ શબ્દોમાં એણે જણાવ્યું હતું, કે જો ચૌદ વર્ષની ઉપર એક દિવસ પણ થશે, તો પોતે અગ્નિપ્રવેશ કરશે. આમાં રાજ્યકળા-નિપુણતા ક્યાં આવી? તેની વખતે ભરતને ભવિષ્યમાં શું થવાનું છે તેની ખબર નહોતી. વિજયી રામ રાવણને મારીને દબદબાથી આવવાના છે કે માત્ર ત્રણ જણા વનવાસથી કૃશ થઈને એકલા આવવાના છે એ ભરત જાણતો નહોતો. અને દબદબાથી આવતા વિજયી રામને ભરત આવકારે એમાં શી નવાઈ, એમ કહેવું એ તો ભરતના બંધુપ્રેમની અને ભક્તિની ક્રૂર હાંસી ઉડાવવા જેવું છે.

શ્રી કાજી સાહેબની છેલ્લી શંકા રામબાણ વિષેની છે. ખરેખર બાણ ફેંકાય તો જ કુશળતા દેખાય અને નહીં તો નહીં એવું નથી. પરશુરામ જેવા સમર્થ મહારથીને પોકળ ધમકીથી ડરાવવાનું સાહસ રામ ન જ કરે; અને પરશુરામને રામના સામર્થ્યનો કંઈક ખ્યાલ આવ્યો હોય તો જ એ નિસ્તેજ થઈને ચાલ્યા જાય એ સમજી શકાય એવું છે.

રાવણે અને કુંભકર્ણે રામની સેનામાં ઘણા દિવસ સુધી હાહાકાર મચાવ્યો એટલે એમ સાબિત થતું નથી કે રામબાણ કારગત નહોતું. વિરોધીઓ ઘણા પ્રબળ હોય તો કુશળ અને પરાક્રમી યોદ્ધાને પણ પોતાની સઘળી શક્તિ ખરચવી પડે. અને છેવટનું પરિણામ તો ઊલટું રામબાણની કીર્તિ જ વધારે છે; કારણકે રાવણ જેવો પ્રખર પરાક્રમી યોદ્ધો, જે દેવસેનાથી પણ પરાજિત થયો નહોતો, તે રામને હાથે મરાયો. રામને એમાં મહાપ્રયત્ન કરવો પડ્યો એમાં નાનમ નથી, પણ ઊલટું એની યોદ્ધા તરીકેની કારકિર્દી પર એક વધુ સુવર્ણકળશ જ છે.

અને રામબાણનો સાચો અર્થ જે શ્રી કાજી ભક્તિભાવનાં તીર તરીકે ઘટાવે છે એમાં તો શી તકરાર હોઈ શકે?

* * *

પરમાણુ અને પદાર્થ

લેખક :
શ્રી છોટુભાઈ સુથાર

આપણી આજુબાજુ નજર કરતાં આપણને અનેક પદાર્થ દેખાય છે. ઈંટ, માટીનું ઢેફું, પથ્થર, લાકડું, કાચ, લોખંડ વગેરે પદાર્થો છે. પદાર્થોને વજન હોય છે. વળી એ જગા રોકે છે અને તેથી એક જ જગામાં બે પદાર્થ એકી સાથે રહી શકતા નથી. હવાને આંખ વડે આપણે જોઈ શકતા નથી. શકતા નથી પણ તે ય એક પદાર્થ છે. ખાલી લોટાને પાણીમાં ઊંધો ડુબાડી પાછળથી એને વાંકો કરી એમાં પાણી ભરતાં, લોટામાં ભરાઈ બેઠેલી હવા બૂડબૂડ અવાજ કરી બહાર નીકળી જાય છે. હવાની પેઠે પ્રકાશ પદાર્થ નથી. હવાવાળા ઓરડામાં પ્રકાશ ફેલાઈ શકે છે. પ્રકાશ, ગરમી, વિદ્યુત વગેરેની શક્તિમાં ગણના થાય છે.

આપણે કહ્યું કે પદાર્થ જગા રોકે છે. પદાર્થને તોડીએ તો એના ટુકડા પડશે અને તે પણ જગા રોકશે. કેટલાક પદાર્થ સહેલાઈથી તૂટી જાય છે, જ્યારે કેટલાકને તોડતાં મુશ્કેલી પડે છે. માટીનાં ઢેફાંને જેટલી સહેલાઈથી તોડીએ, તેટલી સરળતાથી લોખંડના ટુકડાને તોડાશે ખરો ? હાથમાંથી નીચે ફેંકીને કાચને તોડી શકીએ છીએ પણ માટીના ઢેફાની પેઠે કાચને મસળી. એનો ભૂકો કરી શકાય ખરો ?

પદાર્થનો ભાંગીને ભૂકો બનાવવાની વાતમાંથી એક બીજી વાત ઊભી થાય છે. છાણને આપણે પદાર્થ કહીએ છીએ. એનો ભાંગીને યા તોડીને ભૂકો કરીએ અને એના તૂટેલા ભાગોને સરખાવીએ તો તે બધા એકસરખા હશે ખરા? એક જ જાતના હશે ખરા? છાણમાં માટી, રાડાં, પાન વગેરે અનેક વસ્તુઓ માલૂમ પડશે. મતલબ કે છાણ નામનો પદાર્થ બીજા અનેક પદાર્થોના મળવાથી બનેલો જણાશે. એક બીજું જાણીતું ઉદાહરણ લઈએ: ખીચડી કયા કયા પદાર્થો વડે બને છે ? ચોખા અને દાળ એકલાં ? ખીચડીમાં ચોખા અને દાળ ઉપરાંત પાણી, હળદર અને મીઠું પણ રહે છે. ચોખા અને દાળને આપણે અલગ પદાર્થો તરીકે ઓળખીએ છીએ. ખીચડીમાંથી એમને વીણી કાઢવાનું કહેવામાં આવે તો આપણે એમને સહેલાઈથી અલગ કરી શકીએ, પણ એમની સાથે મળી ગયેલાં પાણી, હળદર અને મીઠાનું શું ? એમને એકબીજાથી અલગ કરી શકાશે ખરાં ?

તાંબું સૌએ જોયું છે. એની સાથે યોગ્ય પ્રમાણમાં જસત ભેળવી એ બંને ગરમ કરી એકરસ બનાવતાં એમાંથી પિત્તળ પેદા થાય છે. પિત્તળનો એક ટુકડો આપ્યો હોય તો એમાંથી તાંબું અને જસત ચૂંટી શકાય ખરાં ? પિત્તળના અનેક નાના ટુકડા કરીએ તોપણ એમાંથી પિત્તળ જ હાથ આવવાનું ને ? પણ એક કઈ હદ સુધી બનશે ? પિત્તળના સૂક્ષ્માતિસૂક્ષ્મ ટુકડા કરીએ તો ? તો પિત્તળ પિત્તળ નહીં રહે પણ તાંબા અને જસતના કણમાં ફેરવાઈ જશે.

પૃથ્વી પર લાખો-કરોડો પદાર્થો છે. એ બધા પદાર્થો મૂળભૂત પદાર્થો હશે કે ખીચડી અને પિત્તળની પેઠે એ પણ બીજા પદાર્થોના બનેલા હશે ? ખીચડીમાં વપરાતાં પાણી અને મીઠું પણ મૂળભૂત પદાર્થો છે કે એ પણ બીજા પદાર્થોના સંયોગથી બનેલાં છે ? અને આ પાછળના પદાર્થો પણ મૂળભૂત હશે કે બીજા પદાર્થોના સંયોગથી બન્યા હશે ?

...એમ એક પછી એક પ્રશ્ન કરી શકાય.

પદાર્થોના અરસપરસ સાથે ભળવાથી બીજા પદાર્થો બને છે. આનો અર્થ એ થયો કે સૃષ્ટિમાં અમુક પદાર્થ એવા હોવા જોઈએ, કે જે કોઈના ભેગા મળવાથી બનેલા નથી પણ પોતે જાતે જ સ્વયંભૂ મૂળભૂત રૂપે છે. ખીચડી બનાવવામાં પાણી અને મીઠું ખપ લાગે છે. પાણી બે પદાર્થો ભેગા મળવાથી બનેલું છે: હાઈડ્રોજન અને ઑક્સિજન. મીઠું પણ બે પદાર્થનું બનેલું છે: સોડિયમ અને ક્લોરિન. પણ આ હાઈડ્રોજન, ઑક્સિજન, સોડિયમ અને ક્લોરિન કશા પદાર્થો મળવાથી બનેલાં નથી. એ મૂળભૂત પદાર્થો છે. લાકડાને બાળતાં એમાંથી ધુમાડો અને કોલસા મળે છે; પાણી વરાળરૂપે ઊડી જાય છે અને ખૂબ બળતાં કોલસાની રાખ થઈ જાય છે. મતલબ કે લાકડું મૂળભૂત પદાર્થ નથી. આપણે રોજ ઉપયોગમાં લઈએ છીએ તે ખાંડ પણ મૂળભૂત પદાર્થ નથી. એ ત્રણ મૂળભૂત પદાર્થોના મળવાથી બનેલી છે: કાજળ (કાર્બન), હાઈડ્રોજન અને ઑક્સિજન. આ ત્રણે પદાર્થ અમુક પ્રમાણમાં ભળીને ખાંડનું રૂપ પામે છે. એમનું પ્રમાણ જુદી રીતનું થઈ જાય તો ખાંડને બદલે સ્ટાર્ચ બની જાય.

બધા પદાર્થના ગુણધર્મ જુદાજુદા છે એ આપણે જાણીએ છીએ. તાંબું રાતું છે જ્યારે જસત સફેદ, પણ એ બન્નેમાંથી નીપજતું પિત્તળ પીળું છે. અને એ પિત્તળ યુગો સુધી પીળું જ રહે છે. મેંશ, કોયલા વગેરે કાળા કાર્બનના નમૂના છે, પણ કાર્બનમાંથી બીજા પદાર્થોના સંયોગ વડે નીપજતી ખાંડ સફેદ છે અને એના ગુણધર્મ કાર્બન કરતાં સાવ જુદા જ છે. પાણી હાઈડ્રોજન અને ઑક્સિજનનું બનેલું છે. ઑક્સિજન જલદ વાયુ છે પણ પાણી કેવું સુખકર છે? ઉપર્યુક્ત વિવેચન પરથી સમજાયું હશે કે બે યા વધુ પદાર્થોના ભેગા મળવાથી જે નવો પદાર્થ બને છે, એના ગુણધર્મ તદ્દન જુદા જ હોય છે; કારણ એમાં મૂળભૂત પદાર્થો એમના મૂળ રૂપમાં રહેતા જ નથી; એ નવું રૂપ ધારણ કરે છે. મોટે ભાગે આવા પદાર્થો અગ્નિની સાક્ષીએ બનતા હોય છે. જ્યાં અગ્નિની સાક્ષી નથી હોતી ત્યાં બે પદાર્થો મળવાથી માત્ર મિશ્ર પદાર્થ બને છે, નવો પદાર્થ બનતો નથી. મિશ્ર પદાર્થમાંથી મૂળ પદાર્થના ભાગ સહેલાઈથી છૂટા પાડી શકાય છે, જ્યારે નવા બનેલા પદાર્થમાંથી એટલી સહેલાઈથી છૂટા પાડી શકાતા નથી.

ઑક્સિજન અને હાઈડ્રોજનનો સંયોગ થતાં પાણી બને છે એ આપણે જોયું, પણ અગ્નિની સાક્ષી વિના પાણી નીપજતું નથી. હાઈડ્રોજનને બાળતાં એની સાથે ઑક્સિજન (દહનમાં મદદરૂપ વાયુ છે તેથી) ભળે છે અને પરિણામે પાણી નીપજે છે; પણ એ પાણીના સૂક્ષ્માતિસૂક્ષ્મ કણમાંથી હાઈડ્રોજન અને ઑક્સિજન સહેલાઈથી મેળવી શકાતા નથી. એ માટે તો પાણીને સહેજ તેજાબની અસરવાળું બનાવી એમાંથી વિદ્યુત પસાર કરવી પડે છે અને ત્યારે પાણી ઑક્સિજન અને હાઈડ્રોજનમાં વિભક્ત થઈ જાય છે.

ઉપર્યુક્ત બધી વાતનો સાર એટલો કે વિશ્વમાં કેટલાક પદાર્થો મૂળભૂત પદાર્થો છે અને તેમના વિવિધ સંયોગથી સૃષ્ટિના બીજા બધા પદાર્થો બનેલા છે. પણ સૃષ્ટિના આ પદાર્થો મૂળભૂત પદાર્થોને ગમે તેમ ભેળવી દેવાથી બનતા નથી. એટલું જ નહીં પણ એમની ભેળવણી અમુક પ્રમાણ-ભાગની રીતે જ થાય છે. સૃષ્ટિના પદાર્થો બનાવવામાં કામ આવતા મૂળભૂત પદાર્થોને તત્ત્વો કહેવામાં આવે છે. સૃષ્ટિ પર આવાં બધાં મળી

૯૨ મૂળ તત્ત્વો છે: તાંબું, ગંધક, કાર્બન, લોખંડ, સીસું, પારો, ઑક્સિજન, નાઈટ્રોજન વગેરે મૂળ તત્ત્વો છે. આ પૈકી કેટલીક ધાતુઓ છે તો કેટલાંક વાયુતત્ત્વો છે.

મૂળ તત્ત્વો અમુક પ્રમાણ–ભાગની રીતે સંયોજાતાં નવા પદાર્થો કેવી રીતે બને છે એ વાત સમજીએ.

જાણીતાં મૂળ તત્ત્વ ઑક્સિજન અને હાઈડ્રોજનની વાત લઈએ. હાઈડ્રોજનનો એક કણ ઑક્સિજનના એક કણ સાથે ભળતાં એમાંથી હાઈડ્રોજન પેરોક્સાઈડ બને છે. આ પ્રવાહી મોં, દાંત વગેરે ધોવાના કામમાં (દવાખાનામાં) વપરાય છે. પાણી બનવા માટે હાઈડ્રોજનના બે કણ ઑક્સિજન સાથે ભળે છે. અને આ પાણી આપણું જીવન ધારણ કરે છે.

મીઠું બનાવવા માટે એક કણ સોડિયમ અને એક કણ ક્લોરિનની જરૂર પડે છે; જ્યારે ખાંડ બનાવવા માટે ૧૨ કણ કાર્બન, ૨૨ કણ હાઈડ્રોજન અને ૧૧ કણ ઑક્સિજનની જરૂર પડે છે. નવસાર બનાવવા ૪ કણ એમોનિયમ અને એક કણ ક્લોરિનની જરૂર પડે છે; જ્યારે મોરથૂથુ બનાવવા એક કણ તાંબું, એક કણ ગંધક અને ચાર કણ ઑક્સિજનની જરૂર પડે છે.

પ્રશ્ન થશે કે આમ અમુક પ્રમાણમાં જ કણની શા માટે જરૂર પડતી હશે?

આપણે જેને તત્ત્વોના કણ કહ્યા તેને વિજ્ઞાનની પરિભાષામાં પરમાણુ કહે છે. પરમાણુ એ તત્ત્વનો સૌથી નાનામાં નાનો અને તત્ત્વના બધા જ ગુણધર્મવાળો કણ છે. બે પરમાણુ ભેગા થતાં નવો પરમાણુ બનતો નથી પણ અણુ બને છે. આ વાતને બીજી રીતે આમ મૂકી શકાય: પદાર્થના ગુણધર્મવાળો પદાર્થનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભાગ અણુ છે, જ્યારે એ પદાર્થને બનાવતાં તત્ત્વના સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભાગ પરમાણુ છે. પાણીનો અણુ બે તત્ત્વોના પરમાણુનો બનેલો છે: હાઈડ્રોજન અને ઑક્સિજન. પાણીનો, પિત્તળનો કે ખાંડનો પરમાણુ હોતો નથી; એમના અણુ જ હોય છે.

હવે મૂળ વાત લઈએ: પરમાણુ એ તત્ત્વના ગુણધર્મવાળો સૂક્ષ્મમાં સૂક્ષ્મ કણ છે. આ કણ બીજા પરમાણુ સાથે ભળતાં એ બંનેના મિલનથી નવો અણુ પેદા થાય છે. આ કેવી રીતે બનતું હશે?

એ માટે પરમાણુની દેહરચના સમજવી પડશે.

પરમાણુ અતિસૂક્ષ્મ કણ છે (૮ અબજ વખત પરાર્ધ પરમાણુ ભેગા કરીએ તો ૧ અધોળ હાઈડ્રોજન બને); પણ એવો એ સૂક્ષ્મ કણ પણ અંદરખાનેથી ભયંકર રૂપે પડેલો છે. પરમાણુને તોડી શકાય છે, પણ ત્યારે પરમાણુના જે ભાગ બને છે તે મૂળ તત્ત્વના ગુણધર્મવાળા નથી હોતા. એ તદ્દન જુદા જ પદાર્થ બની જાય છે. એમનાં નામ છે ધનાણુ અને ઋણાણુ. આ બંને વિદ્યુત કણો છે. તમે કદાચ કહી ઊઠશો કે પૃથ્વીના સઘળા પદાર્થો ૯૨ મૂળ તત્ત્વોના સંયોગથી બનેલા છે, એમ કહેવાને બદલે વિદ્યુત કણોના સંયોગોથી બનેલા છે એમ કહીએ તો ન ચાલે? તમારી વાત બરાબર છે, પણ સામાન્ય વહેવારમાં તત્ત્વોના પરમાણુઓના સંયોજનની વાતનો આધાર લેવામાં આવે છે, અને એ વાતને સ્પષ્ટ રીતે સમજાવવા માટે ધનાણુ અને ઋણાણુના ગુણધર્મોનો નિર્દેશ તેમ જ ઉપયોગ કરવામાં આવે છે.

પંડિતોએ શોધી કાઢ્યું છે કે તત્ત્વોના પરમાણુઓમાં મુખ્યત્વે બે ભાગ છે: એક કેન્દ્રભાગ અને બીજો ચર્મભાગ. કેન્દ્રભાગને નાભિ કહે છે. આ નાભિની આજુબાજુ ઋણાણુ ફરતા હોય છે. ઋણાણુ નાભિથી

ખૂબ દૂર હોય છે; અને તે કારણે નાભિ અને ઋણાણુ મળી બનેલો પરમાણુ અખંડ દેખાવા છતાં અંદરથી ખૂબ પોલો અને તોડી શકાય તેવો છે. તત્ત્વની નાભિ એકલા ધનાણુની બનેલી હોતી નથી. હાઈડ્રોજનની નાભિ સિવાય બીજાં તત્ત્વોની નાભિમાં ધનાણુ અને શૂન્યાણુ હોય છે. ધનાણુ ધનવિદ્યુતભાર વહન કરે છે. ઋણાણુ ઋણવિદ્યુતભાર વહન કરે છે; જ્યારે શૂન્યાણુમાં કોઈ પ્રકારનો વિદ્યુતભાર હોતો નથી. ધનાણુ અને ઋણાણુના મળવાથી શૂન્યાણુ બને છે અને તેથી તેમાં કશી વિદ્યુત હોતી નથી.

આપણે જોયું કે પરમાણુમાં કેન્દ્ર ભાગે નાભિ હોય છે અને તેની આસપાસ ઋણાણુ ઘૂમતાં હોય છે. જુદાંજુદાં તત્ત્વોની ઓળખ એમની ઋણાણુ સંખ્યા પરથી થાય છે. હાઈડ્રોજનની નાભિની આસપાસ એક, કાર્બનની નાભિની આસપાસ ૬, ઑક્સિજનની નાભિની આસપાસ ૮, સોડિયમની નાભિની આસપાસ ૧૧ અને ક્લોરિનની નાભિની આસપાસ ૧૭ ઋણાણુ ફરે છે. સૌથી ભારે તત્ત્વ યુરેનિયમની નાભિની આસપાસ ૯૨ ઋણાણુ ફરે છે. ઋણાણુના હિસાબે જ તે પરમાણુની નાભિમાં ઋણાણુ જેટલા જ ધનાણુ અને કેટલાક શૂન્યાણુ હોય છે. શૂન્યાણુની હાજરીને કારણે પરમાણુઓનાં વજન એકસરખાં ૧થી ૯૨ગણાના ક્રમવાળાં નથી પણ વધારે છે. હાઈડ્રોજનના પરમાણુનું વજન ૧ ગણીએ તો ઑક્સિજનના પરમાણુનું વજન ૧૬; ગંધકના પરમાણુનું વજન ૩૨, તાંબાના પરમાણુનું વજન લગભગ ૬૪, સોનાના પરમાણુનું વજન ૧૯૭ અને સૌથી ભારે તત્ત્વ યુરેનિયમના પરમાણુનું વજન ૨૩૮ પરમાણુભાર ગણવામાં આવે છે. આ વજનવધારાનું કારણ જે તે તત્ત્વના પરમાણુની નાભિમાં રહેલા શૂન્યાણુ છે.

પંડિતોએ શોધી કાઢ્યું છે કે ઋણાણુઓ નાભિની આજુબાજુ અમુક જૂથમાં ફરે છે. હાઈડ્રોજનને બાદ કરીએ તો બાકીના પરમાણુઓમાં ૨, ૮, ૧૮ કે ૩૨નાં જૂથ છે. ઉદાહરણથી આ વાત સમજીએ. ઑક્સિજનમાં ૮ ઋણાણુ છે. એ પૈકી ૨નું એક જૂથ (પ્રથમ જૂથ) છે અને બાકીના ૬ બીજા જૂથમાં ફરે છે. ક્લોરિનમાં ૧૭ ઋણાણુ છે. એનું પ્રથમનું જૂથ ૨નું અને બીજું જૂથ ૮નું છે. ત્રીજા જૂથમાં બાકીના ૭ છે. સોડિયમના ૧૧ ઋણાણુનાં જૂથ ૨+૮+૧ છે. લોખંડના ૨૬ ઋણાણુના જૂથ ૨+૮+૨+૧૪ છે. આ જૂથરચનામાં જ્યાં ખૂટતા ઋણાણુ હોય છે, ત્યાં બીજા પરમાણુમાંથી તેમને મેળવી શકાય એમ હોય તો જ પરમાણુઓના મિલનથી સ્થિર અણુ બની શકે છે, નહીં તો નહીં.

ઑક્સિજન અને હાઈડ્રોજનની જૂથરચના તપાસીએ. ઑક્સિજનમાં પહેલું જૂથ ૨ ઋણાણુનું છે જયારે બીજું જૂથ ૬ ઋણાણુનું છે. ખરી રીતે આ બીજું જૂથ ૮ ઋણાણુનું હોવું જોઈએ. મતલબ કે એમાં બે ઋણાણુ ખૂટે છે અને તેથી બે ઋણાણુ આપી શકનારા પરમાણુ સાથે ઑક્સિજન જોડાઈ શકશે. હાઈડ્રોજનમાં જૂથ જેવું છે નહીં. એટલે બે હાઈડ્રોજનના પરમાણુને ઑક્સિજનના એક પરમાણુ સાથે ભેળવતાં હાઈડ્રોજનના બે ઋણાણુ સાથે ઑક્સિજનના છ ઋણાણુ મળી બીજું જૂથ પૂરું કરશે; એટલું જ નહીં પણ એમ એ જૂથ પૂરું થતાં પાણીનો અણુ બનશે.

સોડિયમ(૨+૮+૧)માં ત્રીજા જૂથમાં ૧ ઋણાણુ વધારે છે, જયારે ક્લોરિન (૨+૮+૭)માં ત્રીજા જૂથમાં (એને આઠ ઋણાણુવાળું ગણીએ તો) એક ઋણાણુ ખૂટે છે અને તેથી આ બંને પરમાણુનું સંયોજન થતાં નવો અણુ

સોડિયમ ક્લોરાઈડ અથવા સામાન્ય મીઠું બનશે. સીસું અને ઑક્સિજન સિંદૂરમાં સીસું (૨+૮+૧૮+૩૨+૧૮+૪) છે અને તેમાં છેલ્લા છૂટા ચાર ઋણાણુ પૈકી બે ઋણાણુનું જૂથ બનાવી બાકીના બેને ઑક્સિજનના (૨+૬)ના જૂથ સાથે મેળવતાં ૨ અને ૮નાં જૂથ બનતાં સિંદૂર નીપજે છે. પણ ક્લોરિન-(૨+૮+૭)માં ત્રીજા જૂથમાં એકની ખોટ છે તે ઑક્સિજનના (૨+૬)ના બીજા ખોટવાળા જૂથ સાથે ભળી ૧૩નું અમાન્ય જૂથ બનાવે છે, કે જે નવો પદાર્થ બનાવવા માટેની જૂથરચનામાં નથી. મતલબ કે બંને પરમાણુઓ ખૂટતા ઋણાણુવાળા યા બંને વધારાના ઋણાણુવાળા હોય તે કરતાં એકનો વધારો બીજાની ખોટ પૂરતો હશે તો જ પદાર્થ બની શકશે. ગંધકનો તેજાબ હાઈડ્રોજન, ગંધક અને ઑક્સિજનના ૨:૧:૪ના પ્રમાણભાગથી બનેલો છે. એ તત્ત્વોમાં ઋણાણુઓનાં જૂથ [૨ ; ૨+૮+૬; ૪(૨+૬)] ને બદલે (૨+૮+૮+૩૨)નાં જૂથમાં પલટાઈ જઈને જ ગંધકનો તેજાબ બનાવે છે.

આ થઈ ઋણાણુઓની જૂથરચનાની રીતે નીપજતા પદાર્થની વાત.

પદાર્થ પોતે મૂળભૂત તત્ત્વ હોય યા તત્ત્વોના પરમાણુના સંયોગથી બનેલો હોય, એ સિવાય કોઈ ત્રીજી રીતે પદાર્થ બનતો હશે ખરો ?

કુદરતના કારખાનામાં પદાર્થ બનવાની ત્રીજી રીત છે અને તે ભારે આશ્ચર્યકારક છે. એ રીતમાં એક પદાર્થ ધીરેધીરે પલટાઈ જઈને તદ્દન નવા પદાર્થનું રૂપ ધારણ કરે છે. રેડિયમનું નામ સૌએ સાંભળ્યું છે. આ એક તેજસ્ક્રિય (અં. રેડિયો ઍક્ટિવ) પદાર્થ છે. એમાંથી તેજકિરણ નીકળતાં જાય છે અને તે કારણે લાંબા ગાળે રેડિયમ સીસામાં પલટાઈ જાય છે.

જરા વિસ્તારથી આ વાત સમજીએ.

તેજસ્ક્રિય પદાર્થો क, ख અને ग પૈકીનું એક યા ત્રણ કિરણો ફેંકે છે (क કિરણો–આલ્ફા રેઝ, ख કિરણો–બીટા રેઝ અને ग કિરણો–ગામા રેઝ). આ પૈકી क કિરણો હેલિયમ(૨ ધનાણુ + ૨ શૂન્યાણુ + ૨ ઋણાણુ)ની નાભિ(૨ ધનાણુ + ૨ શૂન્યાણુ)નાં બનેલાં છે. હેલિયમનાભિનું વજન હાઈડ્રોજનનાભિના વજન કરતાં ૪ગણું છે, પણ એનો ધન વિદ્યુતભાર માત્ર ૨નો છે. તેજસ્ક્રિય પદાર્થમાંથી નીકળતું આ क કિરણ (યા હેલિયમનાભિ) ૨ ધનભારવાળું હોવાથી એ જે રસ્તે થઈને જાય, ત્યાં આવેલા કોઈ ૨ ઋણાણુને આકર્ષવાનું; અને એમ થાય ત્યારે એ હેલિયમનાભિ હેલિયમપરમાણુ બની જવાની. આમ જે પદાર્થો क કિરણો છોડે છે, તેમાં બે બાબતો બનશે. (૧) પદાર્થોમાંથી क કિરણો છૂટતાં (કે જે ૪ પરમાણુભારવાળી હેલિયમનાભિ છે.) તે પદાર્થનો પરમાણુભાર (ધનાણુ + શૂન્યાણુ મળીને નાભિમાં બનતો ભાર) ૪ જેટલો ઓછો થશે. અને (૨) ૨ ધનાણુ છટકી જવાથી પદાર્થના પરમાણુનો ધનભાર ૨ જેટલો ઓછો થશે. રેડિયમની વાત લઈએ. એની નાભિમાં ૮૮ ધનાણુ અને ૧૩૮ શૂન્યાણુ છે. રેડિયમમાં ૮૮ ઋણાણુ છે. રેડિયમ क કિરણ ફેંકે છે તેથી એની નાભિ જે ૨૨૬ પરમાણુભારવાળી છે તે ૨૨૬–૪=૨૨૨ પરમાણુભારવાળી અને ૮૮–૨=૮૬ ધનાણુવાળી બની જશે. ૮૬ ધનાણુવાળો અને ૨૨૨ પરમાણુભારાંકવાળો પદાર્થ રેડન છે. એટલે રેડિયમ क કિરણ છોડી રેડનમાં ફેરવાઈ જાય છે. ચિત્ર સંજ્ઞાની રીતે આમ દર્શાવાય:

```
      ૨૨૬              ૨૨૨    ૪ —
રેડિયમ      →     રેડન  + હેલિ. (વાયુ)
૮૮                ૮૬        ૨
```

આ રેડન પણ તેજસ્ક્રિય પદાર્થ છે

અને એમાંથી ફરી क કિરણ છૂટતાં એ રેડિયમ (क) ૮૪ રેડિ. ૨૧૮ બને છે, જેમાંથી ફરી क કિરણ છૂટતાં તે રેડિયમ (ख) ૮૨ રેડિ. ૨૧૪ બને છે. આ રેડિયમ (ख)માંથી ख કિરણ છૂટે છે. ख કિરણ ઋણાણુનું બનેલું છે. પરિણામે રેડિયમ ख માંથી એક ઋણાણુ ઓછો થતાં એની નાભિમાં એક ધનભાર વધી જાય છે અને તે ૮૩ રેડિ. ૨૧૪ વાળું રેડિયમ (ग) બને છે. આ બનતી વખતે રેડિયમ ख માંથી गકિરણ (જે પ્રકાશનું કિરણ છે) તે પણ છૂટે છે.

રેડિયમ (ग) તેજસ્ક્રિય પદાર્થ છે અને એમાંથી પાછું क કિરણ છૂટે છે. આ ચાને ख કિરણ છૂટવાની જુદીજુદી પ્રક્રિયા દ્વારા રેડિયમ ग આખરે ૮૨ ધનાણુ અને ૨૦૮ પરમાણુ ભારાંકવાળું સીસું બની જાય છે, પણ આ બધું થતાં કુદરતની પ્રયોગશાળામાં અનેક વર્ષ લાગે છે. ખૂબીની વાત એ છે કે રેડિયમમાંથી નીપજતું સીસું ૮૨ ધનાણુ અને ૨૦૭ પરમાણુ ભારાંકવાળા સામાન્ય સીસા કરતાં સહેજ જુદું પડે છે, પણ એ બધાંને સીસાના જુદા પ્રકાર કહી શકાય.

રેડિયમની પેઠે બીજા તેજસ્ક્રિય પદાર્થો પણ જુદાજુદા પદાર્થોમાં ફેરવાઈ જાય છે. આ ક્રિયાને પરમાણુની કાયાપલટ કહી શકાય.

હવે પ્રશ્ન થશે કે ઉપર્યુક્ત ત્રણ પ્રકાર સિવાયનો, પદાર્થ બનવાનો અન્ય કોઈ પ્રકાર સંભવે છે ખરો ?

રેડિયમની બાબતમાં આપણે જોયું કે क કિરણ નીકળી જવાથી પદાર્થ નીચી કોટિનો બને છે, અને क કિરણ છેવટે હેલિયમ બનીને છટકે છે. હવે કલ્પના કરો કે કોઈ પદાર્થમાં બહારથી क કિરણ દાખલ કરવામાં આવે તો ?

પ્રયોગો પરથી માલૂમ પડ્યું છે કે પદાર્થોમાં બળપૂર્વક क કિરણ દાખલ કરતાં પદાર્થો કાયાપલટ કરી હાઇડ્રોજન છોડતા માલૂમ પડ્યા છે. બળપૂર્વક દાખલ કરવાની વાત એટલા માટે કે પરમાણુની નાભિ સાથે क કણના અથડાવાના સંભવ બહુ ઓછા છે. પરમાણુની દૃષ્ટિએ અત્યંત ક્ષુદ્ર એવી એ નાભિને સીધી ચોટ લાગે તો જ કામ બને. क કણ નાભિની પાસે થઈને સરકી જાય તો એ પરમાણુ જેમનો તેમ જ અક્ષુણ્ણ રહે. પ્રયોગશાળામાં નાઈટ્રોજન પર क કણ બળપૂર્વક હડસેલ્યાનું સુંદર પરિણામ આવ્યું છે. નાઈટ્રોજન ૭ ધનાણુ અને ૧૪ પરમાણુભારવાળું તત્વ છે. क કણ ૨ ધનાણુ અને ૪ પરમાણુભારવાળી હેલિયમનાભિ છે, તેથી

$_{૭}\text{ના}^{૧૪}+{}_{૨}\text{હેલિ}^{૪}$ મેળવતાં એમાંથી હાઇડ્રોજન ($_{૧}\text{હા}^{૧}$) છૂટો પડવા ઉપરાંત ૮ ધનાણુ અને ૧૭ પરમાણુભારવાળો પદાર્થ બને છે. વિજ્ઞાન સંજ્ઞાની રીતે એ

$_{૭}\text{ના}^{૧૪}+{}_{૨}\text{હેલિ}^{૪} \rightarrow {}_{૮}\text{ઑ}^{૧૭}+{}_{૧}\text{હા}^{૧}$ છે.

આ પદાર્થ ઑક્સિજન છે. સામાન્ય ઑક્સિજનનો પરમાણુભાર ૧૬ છે. આ સમસ્થિતિ ઑક્સિજન ગણાય છે. સમસ્થિતિ એટલે જે તત્ત્વના ધનાણુ સરખા હોય પણ નાભિમાં સહેજ ફરક હોય તે તત્ત્વ. કાર્બનમાં ત્રણ પ્રકાર છે. એક સામાન્ય કાર્બન ૬ का ૧૨ અને બીજો સમસ્થિતિ કાર્બન ૬ का ૧૩ અને ૬ का ૧૧. એ જ રીતે નાઈટ્રોજન, ક્લોરિન વગેરેનાં સમસ્થિતિ તત્ત્વો છે. પરમાણુ ભારાંકના કોષ્ટકમાં ક્લોરિનનો પરમાણુભાર ૩૫·૪૬ છે. એનું કારણ સામાન્ય ક્લોરિન સાથે સમસ્થિતિ ક્લોરિન હોવાનું છે. ક્લોરિનમાં ૭૫ ટકા ૩૫ પરમાણુભારવાળો સામાન્ય ક્લૉરિન છે, જ્યારે ૨૫ ટકા ૩૭ પરમાણુભારવાળો સમસ્થિતિ ક્લોરિન છે. પરિણામે મિશ્રણનો પરમાણુ ભારાંક ૩૫·૪૬ થાય છે. ઑક્સિજનમાં ૧૬ પરમાણુભારના ૯૯·૯૭ ટકા અને ૧૭

પરમાણુભારના ૦.૦૩ ટકા છે. પરિણામે ઑક્સિજનનો સામાન્ય પરમાણુભારાંક ૧૬.૦૦૦૩ છે.

પદાર્થમાં ક કિરણને વેગપૂર્વક ઘુસાડતાં નવો પદાર્થ બનાવી શકાય છે, પણ આ ક્રિયા સરળ નથી. એમાં સમય અને સાધનનું ખર્ચ વધુ થાય છે. ક કિરણને બદલે ધનાણુને વેગપૂર્વક દાખલ કરતાં વધુ સુંદર પરિણામ આવ્યું છે. હાઈડ્રોજનના પરમાણુમાં એક ધનાણુ અને એક ઋણાણુ છે. હાઈડ્રોજનના ઋણાણુને અલગ કરીએ તો બાકી ધનાણુ બચે છે. ધનાણુને આયનિત હાઈડ્રોજન યા વિતાડિત હાઈડ્રોજન કહેવાય છે. ધનાણુ ${}_{૧}\text{ધ}^{૧}$ છે, લિથિયમ તત્ત્વમાં ધનાણુને બળપૂર્વક હડસેલતાં શું થાય છે તે જોઈએ. લિથિયમમાં ૩ ધનાણુ છે અને એનો પરમાણુભારાંક ૭ છે. ધનાણુની ચોટ વાગતાં નીચે પ્રમાણે થશે:

$${}_{૩}\text{લિ}^{૭}+{}_{૧}\text{ધ}^{૧}\rightarrow{}_{૨}\text{હેલિ}^{૪}+{}_{૨}\text{હેલિ}^{૪}$$

લિથિયમ હેલિયમના બે પરમાણુમાં ફેરવાઈ જાય છે. હવે નાઈટ્રોજન પરની ધનાણુ-ચોટની અસર લઈએ.

$${}_{૭}\text{ના}^{૧૪}+{}_{૧}\text{ધ}^{૧}\rightarrow{}_{૬}\text{કા}^{૧૧}+{}_{૨}\text{હેલિ}^{૪}$$

નાઈટ્રોજન હેલિયમ અને સમસ્થિતિ કાર્બનમાં પલટાઈ જાય છે; પણ આ રીતની કાયાપલટ કરવા માટે અત્યંત બળ વાપરવું પડે છે: અને ત્યારે નવા પદાર્થ બનતાં જે શક્તિનો ધોધ છૂટે છે, તે ખૂબ પ્રચંડ હોય છે. લિથિયમવાળું જ ઉદાહરણ લઈએ. લિથિયમ સાથે ધનાણુ પછડાય છે, ત્યારે ૦.૦૦૦૦૨૮ અર્ગ* શક્તિ ઉત્પન્ન થાય છે. પરમાણુમાં આ બહુ નાનો આંકડો દેખાય છે, પણ ત્યારે એને ઉત્પન્ન કરનાર પરમાણુ પણ ક્યાં મોટો છે? નાનો હિસાબ છોડી આવો જરા મોટો હિસાબ લઈએ. એક ગ્રામ (૧ રતલનો ૪૫૫મો ભાગ) લિથિયમમાં ૧૦^{૨૩} (૧ની પાછળ ૨૩ મીંડાં ચડાવતાં જે રકમ થાય તે=૧૦લાખ વખત પરાર્ધ) પરમાણુ છે. એ બધા પરમાણુ તૂટી જાય તો એમાંથી ૦.૦૦૦૦૦૨૮×૧૦^{૨૩} અર્ગ=૨૮×૧૦^{૧૭} અર્ગ =૨૮ પરાર્ધ અર્ગની શક્તિ મળે. શક્તિનું માપ અશ્વબળ(અં. હોર્સ પાવર)માં મપાય છે. ૧ અશ્વબળ=૭.૪૬ અબજ અર્ગ દર સેંકડે ગણાય છે અને તેથી ૧ ગ્રામ લિથિયમને એક સેકંડ જેટલા સમયમાં તોડી હેલિયમમાં પલટાવી નંખાય, તો તેમાંથી ૨૮ પરાર્ધ ÷ ૭.૪૬ અબજ=લગભગ ૩૦ કરોડ અશ્વબળની શક્તિ મળે. કેટલી ગજબનાક શક્તિ!!

આપણા પરમ સૌભાગ્યની વાત છે કે આ પ્રકારનું પદાર્થનું શક્તિરૂપાંતર પૃથ્વી પર થતું નથી. એવું થતું હોત તો પૃથ્વી પર જીવસૃષ્ટિ જ ન સંભવત. કદાચ એવું રૂપાંતર થાય તો જીવંત સૃષ્ટિનો લોપ થઈ જાય. અલબત્ત આજે પરમાણુ બૉમ્બ દ્વારા શક્તિ ઉપજાવવાના મોટા પ્રયત્ન થાય છે, પણ એ બધા કુદરતના પ્રયોગો આગળ વામણા છે. કુદરત એના કારખાનામાં આશ્ચર્યકારક વિરાટ પ્રયોગો કરી રહી છે. સૂર્ય અને તારાઓના પેટાળમાં કે જ્યાં ભયંકર ગરમી-દબાણ છે, ત્યાં મૂળ પદાર્થોનું અન્ય પદાર્થોમાં તેમ જ શક્તિમાં રૂપાંતર થઈ રહ્યું છે.

સૂર્યની વાત લઈએ. એ આપણને પુષ્કળ તાપ આપે છે. એ તાપ ક્યાંથી આવે છે?

પંડિતોએ શોધી કાઢયું છે કે સૂર્ય અને તારાઓની ગરમીનું કારણ એમની પર આવેલા હાઇડ્રોજન વાયુનું હેલયમમાં થતું રૂપાંતર છે. તારાઓમાં કાર્બન પણ છે. એ કાર્બન હાઈડ્રોજન સાથે ભળે છે અને અતિ ઊંચા ઉષ્ણતામાનની સાક્ષીએ

---

* ૧ ગ્રામ વજનને ૧ સેંટીમીટર જેટલું ઊંચું કરતાં ૯૮૧ અર્ગ શક્તિની જરૂર પડે છે.

એ બંનેને બદલે સમસ્થિતિ નાઈટ્રોજન પેદા થઈ શક્તિ છૂટી પડે છે. આ નાઈટ્રોજનમાંથી સમસ્થિતિ કાર્બન પેદા થઈ હાઈડ્રોજન સાથે સંયોજાઈ સ્થિર પ્રકારનો નાઈટ્રોજન પેદા થાય છે. આ નાઈટ્રોજનનું હાઇડ્રોજન સાથેનું મિલન સમસ્થિતિ પ્રાણવાયુને જન્મ આપે છે, પણ આ પ્રાણવાયુ અસ્થિર હોવાથી એ જલદી સમસ્થિતિ નાઇટ્રોજનમાં પલટાઈ જાય છે. આ નવો નાઈટ્રોજન પાછો હાઈડ્રોજન સાથે સંયોજાતાં એમાંથી છેવટે કાર્બન અને હેલિયમ નીપજી આખી પ્રક્રિયાનો એક મણકો પૂરો થાય છે. અલબત્ત આખી પ્રક્રિયા દરમિયાન શક્તિના ધોધ છૂટતા રહે છે, જે આપણને તાપ અને પ્રકાશના રૂપમાં મળે છે.

વિદ્વાનોનું માનવું છે કે જે તારાઓના પેટાળમાં બે કરોડ સેન્ટી. અંશ યા એથી ઊંચાં ઉષ્ણતામાન છે, ત્યાં હાઈડ્રોજન ઝપાટાબંધ વપરાઈ રહ્યો છે અને તેથી એ તારા પ્રમાણમાં વધુ ગરમી અને તેજ ગુમાવી રહ્યા છે. આકાશપ્રેમીઓને જાણીતો બાણરજ તારો સૂર્ય કરતાં ૨૧,૦૦૦ગણો તેજવાળો છે. આનો અર્થ એ તારામાંથી વધુ ગરમી અને તેજ ગુમાવવા સિવાયનો બીજો શો કરી શકાય ?

એક પદાર્થના બીજા પદાર્થમાં થતા રૂપાંતરના અનુસંધાનમાં કોઈ ‘ સોનું બનાવવાનો કીમિયો ’ શોધે યા એની વાત પૂછે, એ સ્વાભાવિક છે. આજનું વિજ્ઞાન સોનું ઉપજાવી શકે એમ છે, પણ એ માટે એને પ્લેટિનમ(૭૮ ધનાણુ અને ૧૯૫ પરમાણુભાર)માં બળપૂર્વક શૂન્યાણુ દાખલ કરી સોનું(૭૯ ધનાણુ અને ૧૯૭ પરમાણુભાર) બનાવવું પડે. આજની કિંમતની દૃષ્ટિએ આ પ્રયોગ મોંઘો પડે એમ છે. વિજ્ઞાનીઓએ સોનું શોધવાને બદલે ભારેમાં ભારે અને મોંઘી ધાતુ યુરેનિયમને તોડી એમાંથી નેપ્ચ્યુનિયમ અને એથી ક્રમશઃ આગળ પ્લુટોનિયમ (સોના કરતાં વધુ મૂલ્યવાન) વગેરે નવાં તત્ત્વો બનાવી મૂળનાં જે ૯૨ તત્ત્વો હતાં, તેને ૧૦૦ સુધી પહોંચાડી દીધાં છે. અલબત્ત, આ નવાં ૮ તત્ત્વ મૂળનાં ૯૨ તત્ત્વ જેવાં સ્થિર સ્વભાવનાં નથી અને તેથી એ જલદી નીચી કોટિના પદાર્થમાં રૂપાંતરિત થઈ જાય છે.

અને તેથી જ આ બધા પ્રયત્નોના પરિણામે કુદરતને થોડીઘણી સમજવાની તક મળી છે. એ સમજનું સ્પષ્ટ પરિણામ એ આવ્યું છે કે વિશ્વમાં આપણે જેને પદાર્થ તરીકે ઓળખીએ છીએ તે અને શક્તિ કે જેમને આપણે ભિન્નભિન્ન બાબતો સમજીએ છીએ, તે ખરી રીતે એક જ સિક્કાની બે બાજુઓ છે. પદાર્થનું શક્તિમાં રૂપાંતર થઈ શકે છે. બીજી રીતે કહીએ તો શક્તિ કરતાં પદાર્થ મહાન છે. અધોળ જેટલું દ્રવ્ય લાખો અશ્વબળ જેટલી શક્તિ પેદા કરી શકે છે એ દ્રવ્યની કેવી ભારે સંપત્તિ ગણાય! અને ત્યારે પદાર્થ યા દ્રવ્યમાં આવડો મોટો શક્તિનો અખૂટ ભંડાર ભરી મૂકવાની, કુદરતની કેવી ભારે કુનેહ ગણાય! સાચે જ કુદરત અકળ છે!

*

દરરોજ ચોક્કસ સમયે હવામાનનો વર્તારો બહાર પાડનાર વાયુશાસ્ત્રીઓમાંના કેટલાક રજા લઈને એક દિવસ માટે સહેલગાહે ઊપડ્યા હતા. બીજે દિવસે વર્તમાનપત્રના એક ખબરપત્રીએ એમાંના એકને ત્યાં જઈ પર્યટન વિષે પૂછ્યું:

‘ કેમ શું થયું પછી ? ’

‘ કશું જ નહીં, ’ નિરાશાજનક ઉત્તર મળ્યો, ‘ સખત વરસાદ પડ્યો ! ’

×

લેણદેણ

લેખક :

શ્રી પીતાંબર પટેલ

એમ. એ.

વાસમાં આવીને કોઈએ કહ્યું :

'અલ્યા તડાકા શું મારો છો ? ત્યા, કંકુડોશી તરફડિયાં મારે છે ને...'

'ડોશીને શું થયું છે તે...'

'કાળી કરડી છે... ડોશી તો લોહીલુહાણ થઈ ગયાં છે.' આ સાંભળીને હમદર્દી દેખાડવાને બદલે એકબે જણાએ તો ટકોર કરી.

'એ ડોહલી એ જ દાવની છે...ના...ના...પાડતા હતા તોય એની હગલીની પાછળ દોડી હતી. એને ઠીક હવાદ મળ્યો છે.'

'વાસમાંથી રોટલો લઈને નીકળ્યાં ત્યારે ય મેં ડોશીને રોકયાં હતાં, પણ માને ત્યારે ને? કાળી વના એ તો કાચું ખાતાં'તાં ...'

એ તો સારું થયું કે એક જણાએ ઊભા થઈને કહ્યું :

'હવે ડોશીની રામાયણ કૂટ્યા વના એને ઘરભેગી તો કરો !' અને તેની પાછળ ત્રણચાર મોટીઆર (જુવાનિયા) ઊભા થયા.

એ બધા ગામના ઝાંપે પહોંચ્યા હશે ને સામેથી ડોશીને ખાટલામાં નાખીને ચારપાંચ જણા ઉપાડીને લાવતા હતા.

કંકુડોશીને તેમના ઘેર જઈ ખાટલામાં સુવાડે તે પહેલાં તો આખા ગામમાં પવનવેગે વાત ફેલાઈ ગઈ કે કંકુડોશીને હડકાઈ કાળી કરડી છે.

અને ડોશીને જોવા માટે તો માણસોની ઠઠ જામી ગઈ. ડોશીની સારવારમાં પડ્યા હતા એ હાકોટા કરતા હતા, છતાં લોકોનું ટોળું હઠતું જ ન હતું. એક જાય ને બે અંદર આવે એવું થયું હતું.

હડકાયું કૂતરું કરડે એ લોકો માટે કંઈ નવી વાત ન હતી, પણ કાળી કંકુડોશીને કરડે એ કોઈના માન્યામાં આવતું ન હતું. એથી જે સમાચાર જાણતાં હતાં તે ડોશીને જોવા દોડી આવતાં હતાં.

કદાચ જોવા આવનારની ધમાલમાં ડોશીની પાટાપિંડી રહી જાત, પણ દલો ઘાંયજો વેળાસર આવી પહોંચ્યો અને એણે ડોશીનો પગ સાફ કર્યો. દલો અનુભવથી અડધો વૈદ્ય બની ગયો હતો. તેણે પગે જ્યાં દૂચો ભર્યો હતો તે ઘા સાફ કર્યો. પાકે નહિ તે માટે અંદર છીંકણી ભરી. લખુ ડોસાને અગાઉ ડાવિયો કરડ્યો હતો. તે ત્યાં બેઠા હતા. તેમણે કહ્યું કે, ઘા ઉપર પૈસો મૂકી પાટો બાંધો. ને છાયા ન પડે તે માટે મોરનું પીછું ય પાટા સાથે બાંધ્યું.

કાળીએ કરડ્યામાં પણ કાંઈ બાકી રાખ્યું ન હતું. બંને પગે તેણે બચકાં ભર્યાં હતાં. તેમાં ય ડાબે પગે તો લોહી પણ બંધ થતું ન હતું. દલાએ છીંકણી ભરીને ઉપર ઘાબાજરિયું ભર્યું; એથી લોહી તો બંધ થયું, પણ ડોશીની વેદના બંધ ન થઈ.

કાળીએ ડોશીનો સાડલો અને ચણિયો પણ તાંતરવેતર કરી નાખ્યો હતો. હાથે પણ પગના નહોર વાગ્યા હતા. જમણા હાથે તો લોહીના ટશિયા ફૂટ્યા હતા.

જોવા આવનાર બધાંને એમ થતું હતું કે કાળીએ તો કાળો કેર વરતાવ્યો છે. બીજા કોઈને નહીં ને ડોશીને જઈને વળગી.

ડોશી ખાટલામાં પડ્યાંપડ્યાં દુ:ખના ઊંકારા કરતાં હતાં, ત્યાં કરસન વળી તેની બહાદુરીની વાત કરતો હતો.

તે સાંઠીઓ ખોદતો હતો. એટલામાં

ડોશી દેખાયાં. તેમના હાથમાં રોટલો હતો. તે કાળીને જોઈને તે તરફ વળ્યાં. કરસન ઊંચી ડોક કરે છે, તો ડોશી નીચે અને કાળી પગે વળગેલી. ડોશી બૂમો મારતાં હતાં, પણ એમ કાળી છોડે? કરસને બૂમો સાંભળી અને કોદાળી લઈને દોડ્યો. જતાંકને તેણે કાળીના ભોડામાં (કપાળમાં) કોદાળી મારી. કાળી તમ્મર ખાઈને પડી અને તેના રામ રમી ગયા.

'એ તો કો'કે દા'ડો પાંશરો હતો તે હું ત્યાં હતો, નક ડોશીને કાળી ત્યાં ને ત્યાં ફોલી ખાત ને કોઈને ખબર ન પડત,' કરસને ઉપસંહાર કર્યો.

ડોશી ઊંકારા કરતાં હતાં એટલે લખુડોસાએ ચોપડાવ્યું:

'કાળી વગર ગળામાં ડૂચો રહેતો હતો તે એને શોધવા ગ્યાં'તાં?'

ડોસાએ આટલું કહ્યું એટલે બીજાં ચૂપ રહે? બધાં ડોશી પર તૂટી પડ્યાં:

'ડોશી ચ્યાં નહોતાં જાણતાં કે કાળી હડકાઈ થઈ છે? હડકાયું કૂતરું કરડ્યા વગર રહે ખરું?'

'પણ એવું બધું શું નાસી જતું'તું તે ઠેઠ ખેતરોમાં કાળીને શોધવા નીકળ્યાં હતાં?'

'આખો વાસ ના...ના...પાડતો'તો કે, ડોશી કાળી પાસે જશો નહિ, પણ કુણ સાંભળે છે મારી બલારાત...'

અને ડોશીએ આમાંનો એકે શબ્દ ન સાંભળ્યો હોય તેમ કરસન તરફ ફરીને પૂછ્યું:

'હેં કરસન! કાળી જીવે છે કે મરી ગઈ?'

આ સાંભળીને કરસનને, તો ઠીક પણ તેના કાકા લખુડોસાને એવી રીસ ચડી કે બોલી ઊઠ્યા:

'હવે તો કાળીનું નામ મૂકો...કાળી હારે જ જાઓ એ દાવનાં છો.' અલબત્ત, પાછલા શબ્દો ડોસા ધીમેથી બોલ્યા હતા, પણ ડોશીએ બરાબર સાંભળ્યા હોય તેમ તેમની સામે આંખો જોડીને તાકી રહ્યાં હતાં.

ઊભેલાં બૈરાંમાંથી પણ કોઈકે કહ્યું:

'મરવા પડ્યાં છે તોય ભગવાનનું નામ યાદ આવે છે...?'

'મને તો લાગે છે કે ડોશી-મરશે તોય કાળી-કાળી કરતાં જ મરશે...' એક બટકબોલાએ એવી ઠાવકી રીતે કહ્યું, કે બધાં હસી પડ્યાં.

અને ડોશી પર હસતાં, ટીકા કરતાં બધાં ધીમેધીમે વીખરાવા લાગ્યાં. પાછળ ડોશીનાં જે ખાસ કુટુંબી હતાં તે રહ્યાં.

લખુડોસાને વહેમ હતો કે ડોશીને ત્રણચાર જગ્યાએ કાળી કરડી છે, એટલે કદાચ ડોશીને હડકવા પણ હાલે, તો તો બિચારાં રિબાઈરિબાઈને મરે. એટલે તેમણે દલા ઘાંચજાને એક બાજુ બોલાવીને પૂછી પણ જોયું. પણ દલો પણ આ બાબતમાં શું કરે?

ત્રણેક વર્ષ પહેલાં એક છોકરાને હડકાયું કૂતરું કરડ્યું હતું, ત્યારે તેને ઇંજેકશન અપાવવા છેક અમદાવાદ લઈ ગયા હતા. પાછાં પૂરાં દશથી પંદર ઇંજેકશન લેવાનાં. ડોશીને એટલે દૂર કોણ લઈ જાય? એટલા દિવસ તેમની સાથે રહે પણ કોણ? અને ગમે તેવું તોય હવે એ ખરતું પાન કહેવાય, એમને માટે કોણ હડિયો કાઢે? આ બધી ગણતરી કરીને લખુડોસા બોલ્યા:

'દલા! નસીબમાં હશે એમ થશે! પાકે નહિ ને મટી જાય તો સારું.'

વાત કરવામાં દલો પાછો પડે તેવો ન હતો.

'કાકા! પાકશે તો નહિ તેની ખાતરી આપું છું. દલો પાટો બાંધે ને પાકે એ વાતમાં માલ શું?'

ધીમેધીમે બધા ય ખસી ગયા. વાસમાં ઘરડાં ગણો ન ગણો તો બે જીવ હતાં: એક કંકુડોશી ને બીજા લખુડોસા. ડોસા બરા-

બર જાણતા હતા કે જુવાનિયા કોઈ પાણીનો લોટો ય ભરે એવા નથી. એથી તો એ ખસતા ન હતા. તેમને ચેતા પહોંચી ગયા હોય કે હવે ડોશી ખાટલામાંથી બેઠાં થવાનાં નથી, એમ બધી ગણુતરી કરવા બેસી ગયા હતા. તેમણે કંકુડોશીના દિયરના છોકરા ખોડાને બોલાવ્યો. તેને ધમકાવતા હોય તેમ બોલ્યા :

'અલ્યા ખોડિયા! તને તે કંઈ લાજ-શરમ છે કે નહિ? સાજે તો ડોશી સામે ન જોયું. હવે તો ડોશીની ચાકરી કરો! શું આમ હરામીવેડા કરો છો?'

અને લોકલાજથી તેમ ડોસાનાં ઘોળાં જોઈને ખોડો કંઈ ન બોલ્યો.

'લે અહીં બેસ. હું હોકો પીને હમણાં આવું છું. જોજે ડોશીને હુતાં મૂકીને જતો રહેતો!' કહી ડોસા ઊભા થયા અને ડોશી તરફ ફરીને બોલ્યા :

'હવે પડ્યાં પડ્યાં ભગવાનનું નામ લ્યો. જંજાળમાંથી જીવ કાઢીને એનામાં પરોવો. રામનામ હારે આવશે, બીજું કંઈ આવવાનું નથી.'

ડોસા બહાર નીકળ્યા. ઉંબર વટાવીને તે મનમાં બબડ્યા :

'હાથે કરીને ડોશીએ ઉપાધિ વો'રી... બિચારીની સેવા-ચાકરી ય કુણ કરશે?'

એક લખુડોસા જ નહિ, જે કંકુડોશીની આખી હકીકત જાણતાં હતાં તે બધાં આવા જ ઉદ્‌ગાર કાઢતાં હતાં. આયખાભર તો ડોશી પર દુઃખની ઝડીઓ વરસી હતી. આ વડપણુમાં પણ બિચારાંને શાંતિ ન મળી...અને આ કાળીએ તો ડોશીનું મોત બગાડ્યું.

લખુડોસાએ ભગવાનમાં જીવ પરોવવાનું કહ્યું, છતાં ડોશીની આંખ આગળથી કાળી ખસતી ન હતી. તેમાં ય કરસને કોદાળી માર્યા પછી કાળી ઊછળીને નીચે પડી. મરતાં-મરતાં તરફડિયાં મારવા લાગી. તેના માથામાંથી લોહીનો ફુવારો છૂટ્યો હોય તેમ લાલઘૂમ લોહી વહ્યું...એવી કણુસતી, પગ ઘસતી, લોહી નીંગળતી કાળી ડોશીની નજર આગળથી ખસતી ન હતી.

તેમને એકવાર તો ખોડાને કહેવાનું મન પણ થઈ આવ્યું :

'ભાઈ! જાને ખબર તો કરી આવ... કાળી જીવે છે કે મરી ગઈ?...અરેરે... મરતાંમરતાં એને ચાંગળું પાણી ય ન પાઈ શકી! ઊઠને ભઈલા...કળશ્યો ભરીને પાણી તો પઈ આવ...'

પણ ખોડો છુરકિયાં કરશે એ બીકે ડોશીની જીભ ન ઊપડી.

અને આયખાભર ખોડીએ અને તેના ઘરવાળાંએ કયાં ઓછાં છુરકિયાં કર્યાં હતાં!

કંકુડોશી પરણીને સાસરે આવ્યાં ત્યારે તો ઘરમાં માથે દેવું હતું. તેમના વર શંકર અને દિયર રણછોડ હાથેપગે હતા. રળી ખાવા બે વીઘાં ભોંય પણ ન હતી. તેમાં વળી બે ભાઈઓને રાગ ન આવ્યો. રણછોડ માથાભારે હતો., દરેક બાબતમાં આગવું કરવા તાકતો હતો, એટલે જુવારું કર્યું. જુવારામાં દેવા સિવાય શું વહેંચાવાનું હતું! કંકુ અને શંકરને માથે દેવું આવ્યું અને બાપદાદાનું ઝૂંપડા જેવું ઘર આવ્યું. શંકર કાયમ કરતો હતો તેમ ઉધેડમાં ખેતી કર્યા કરત; પણ કંકુ હિંમત ન હારી. તેણે લગનમાં પિયેરથી મળેલાં ઘરેણાં વેચી દીધાં. તેમાંથી ભેંસ લીધી. ગીરે મૂકેલું એક ખેતર છોડાવ્યું. ભેંસમાંથી તે ઘરનું ખર્ચ કાઢવા માંડી. ખેતીનાં ત્રણેક વર્ષ સારાં ગયાં એટલે બીજી જમીન પણ છોડાવી, અને ધીમેધીમે શંકર જમીન વધારતો ગયો. તેમણે કંકુની આ સૂઝ અને આવડત

જોઈ હતી. તે તો તેને આખો મરદ કહેતા હતા. એકલા હાથે આખા ઘરનો ભાર ઉપાડે ને સાંગોપાંગ પાર પાડે તેવી તે હિંમતવાળી હતી.

પણ કંકુની કસોટી કરવાનું જ ઈશ્વરે નક્કી કર્યું હોય તેમ તેના પર એક પછી એક આપત્તિ આવતી ગઈ. તેને પ્રભુએ ખોળાનો ખૂંદનાર દીધો. પણ તેનો પુત્ર જોઈતો પાંચેક વર્ષનો થયો તે પહેલાં તો શંકર હમેશને માટે ચાલ્યો ગયો. નાની ઉંમરમાં કંકુને માથે રંડાપો આવ્યો. એ ઉંમરે તેને નાતરે જવું હોત તો કોઈ આડો હાથ ધરવા આવે તેમ ન હતું. અરે, જોઈતા સાથેય તેને કેટલાક ઘરમાં ઘાલવા તૈયાર હતા; પણ કંકુ તો સૌને એક જ જવાબ આપતી હતી:

‘હું જે ઘરમાં ચૂંદડી ઓઢીને આઈ છું એ ઘરમાં જ મારો દેહ પડશે. મારે એક ભવમાં બે ભવ નથી કરવા.’

એથી તો તે બમણા જોરથી ખેતીનું કામ કરવા માંડી.. આખા આદમીને પાછો પાડે તે રીતે તે ઊભા પગે ખેતરમાં રહી સાથી પાસે કામ લેવા માંડી. જોઈતાને મોટો કર્યો, વટવહેવાર સાચવ્યો અને આબરૂ પણ વધારી. એકલી આબરૂ જ કેમ, શંકરના મરી ગયા પછી પાંચેક વીઘાં જમીન પણ વધારી. હિંમત માટે અને ચારિત્ર્ય માટે સૌ કંકુનો દાખલો આપતા. એટલી નામના નીકળી છતાં તેનો સગો દિયર રણછોડ કદી ય ખટપટ મૂકતો નહિ: નકામા ઝઘડા ઊભા કરતો. કંકુ એમ ગાંજી જાય એવી ન હતી, એટલે રણછોડનું કંઈ ઊપજતું નહિ. કંકુ જમીન વધારતી ચાલી અને રણછોડ તો હતો ત્યાં ને ત્યાં રહી ગયો. એથી તે મનમાં બળતો હતો, એની ઈર્ષાની આગ વધતી જતી હતી, પણ એમાં કંકુ શું કરે?

કંકુએ તો રંગેચંગે જોઈતાને પરણાવ્યો. વહુ પણ રૂપાળી મળી હતી. તેના જીવનનું સ્વપ્ન સિદ્ધ થતું દેખાયું. હવે તે ખાયપીએ ને ભગવાનનું નામ લે...એ દિવસ આવે તે પહેલાં એક–બે આંચકા આવી ગયા. ધરતીકંપ થતાં જેમ ગમેતેવી મજબૂત ઇમારત પણ હલી ઊઠે તેમ કંકુડોશી આ આંચકાઓથી હલી ઊઠ્યાં. આખાં ને આખાં ડગમગી ગયાં.

પહેલો આંચકો તો જોઈતાની વહુ નણુ પહેલી જ સુવાવડમાં મરી ગઈ તેનો લાગ્યો. નણુ તેમની પાછળ ઘરનો દીવો જલતો રાખશે એવો દૃઢ વિશ્વાસ એને હતો. એથી તો ડોશી જેને ને તેને કહેતાં જ હતાં: ‘મારે તો ઘર જેવું જ બારહોત મળ્યું છે,’ પણ નણુ તો ચાલી ગઈ.

ફરીવાર દેવું કરીને ડોશી જોઈતાને પરણાવત, પણ જોઈતો નણુના મૃત્યુ પછી ખોટે રસ્તે ચડી ગયો. તે ગામના મહાદેવના બાવાની સંગે ચડ્યો. ગંજેરી બની ગયો. ન તો ખેતીમાં ધ્યાન આપે, ન તો ઘરમાં રસ લે. કંકુડોશી તેને ધમકાવે, વઢે, અરે વહાલના બે શબ્દો કહે, તો ય તે ગણકારતો નહિ. ગાંજાના નશામાં એ ઘરને પણ ભૂલી ગયો. માની લાગણી અને પ્રેમ પણ વીસરી ગયો. કંકુડોશીથી આ આંચકો ન વેઠાયો. તે મનમાં અકળાતાં હતાં. ભગવાન આગળ ધા નાખતાં હતાં:

‘ભલે ભગવાન! આટલું ઓછું પડ્યું હતું તે ઘડપણમાં લાકડી બને એવો એકનો એક દીકરો પણ માથી વછૂટો પાડ્યો!’

કંકુડોશીથી જોઈતાનું વર્તન જોયું જતું ન હતું. વકરી ગયેલા સાંઢ જેવાને એ કહે પણ શું? તેમણે ખાવા આપવાનું બંધ કર્યું; તો જોઈતાએ ઘરમાં આવવાનું જ બંધ કર્યું. કોઈ કહેતું કે બાવાએ જોઈતાને મંત્રી દીધો છે. કોઈ કહેતું કે ગાંજામાં કંઈ પાઈ

દીધું છે. વળી બીજા એવું પણ અનુમાન કરતા કે ભાંગમાં કશાકનાં મૂવાડાં પાઈ દીધાં છે તે જોઈતાની મતિ ભ્રષ્ટ થઈ ગઈ છે! આ શું થઈ ગયું? શંકર તો ભગવાનનો માણસ હતો! તેનો વારસદાર આવો ગંજેરી! પોતે પણ વૈધવ્યની અગ્નિપરીક્ષામાંથી પાર ઊતર્યાં, છતાં તેમનો દીકરો આવો પાક્યો? 'પેલી કંકુના દીકરા જોઈતાએ આમ કર્યું…' એમ કોઈ કહે તો એ શેં ઊંચી ડોક કરી શકે?

અને ડોશી જેનો ભય રાખતાં હતાં તેવું જ જોઈતાએ કર્યું. એણે ડોશીના મોં પર મેંશ ચોપડ્યા જેવું કર્યું. ગામના રાવળિયાની છોડી સાથે જોઈતો ભાગી ગયો. આખા ગામમાં હો…હો થઈ ગઈ. સગેવહાલે પણ થૂ…થૂ થઈ ગયું.

ડોશીથી આ આંચકો ન જીરવી શકાયો. બૉંબ પડતાં જેમ બધું ભાંગીને ભુક્કો થઈ જાય એવું જ કંકુડોશીનું થયું. તે શરીરથી અને મનથી પણ ભાંગી ગયાં. જાણે કંકુડોશીનું ખંડેર ઊભું હોય એવાં તે થઈ ગયાં. થોડા દા'ડા તો તે કોઈને મોં પણ દેખાડી શક્યાં નહિ. કદી ય હિંમત ન હારે એમને પણ એમ થઈ ગયું કે, મારે હવે કોને માટે રળવું અને કોને માટે જીવવું?

દુનિયા આગળ રોકકળ કરે તો ય શું વળે? એટલે ભગવાન આગળ જઈ માથાં પછાડવા લાગ્યાં:

'ભગવાન! આવો કપાતર દીકરો આપ્યો, એના કરતાં તો નખ્ખોદ જ આપ્યું હતું!'

અને ભગવાને જ મનનું સમાધાન કરાવ્યું હોય તેમ તે જોઈતાને મરેલો જ વાંછવા લાગ્યાં. કોઈ જોઈતાની વાત કાઢતાં તો ખુદ ડોશી જ બોલી ઊઠતાં:

'મારો જોઈતો, તો ક્યારનો ય મરી ગયો છે. હવે તે ક્યાંથી પાછો આવે?'

એ પછી ડોશીએ વજરની છાતી કરી. કદી ય તેમણે જોઈતાની શોધખોળ ન કરી. તેની ચિંતા જ મનમાંથી કાઢી નાખી.

જૂના ખંડેર ઉપર જેમ વણપાળી, વણપ્રીછી વેલ ઊગે છે, તેમ કંકુડોશીના ખંડેર જેવા હૈયામાં પણ સ્નેહની વેલ પાંગરવા લાગી. એ વેલ જઈને પથરાઈ કાળી પર.

કાળી પણ ડોશીની માયામમતા ઝીલવા માટે જ નિર્માઈ હોય તેમ યથાસમયે આવી પહોંચી. કાળી ગામની કૂતરી ય ન હતી. એ તો વાસમાંથી એક જાન પરગામ ગયેલી. વળતાં ત્યાંથી કાળી સાથે થઈ. એમ જાનની સાથે વાસમાં આવી. વાસનાં કૂતરાં કાળીને ક્યાંથી ઝંપવા દે? એ તો ઠીક થયું કે કાળી કંકુડોશીની નજરે ચડી. બીજાં કૂતરાં કાળીને ઘુરકાવતાં હતાં એટલે તેમણે કાળીને આશરો આપ્યો. બસ ત્યારથી કાળી ડોશીની થઈ ગઈ.

કહેનાર તો કહેતાં: 'ગયા ભવનાં લેણદેણ! ન'ક કૂતરીની જાતને તે આવાં લાડપાન મળે! જુઓને ડોશી પંડ્યના દીકરાની પેઠે રાખે છે!'

ડોશી કરતાં હતાંય એવું. કાળીને ટાઈમસર ઘેંસ નાખે, રોટલો ખવડાવે, ઠીબમાં પાણી રેડીને પાય. પાછાં એને ક્યારેક નવરાવે પણ ખરાં. દીકરીના માથામાંથી મા જૂઓ વીણે તેમ બપોરના ગાળે ડોશી કાળીની રુવાંટીમાંથી ઇતરડીઓ વીણે. કાળીને પંપાળે, વહાલ કરે, તેની સાથે વાતો કરે, પોતાના કરતાંય કાળીની ચિંતા વધારે કરે.

ડોશી આટલેથી અટક્યાં નહિ! કાળીની તેમણે રીતસરની સુવાવડ કરી! કાળી વિયાઈ એટલે તેને તેલનો નહિ પણ રીતસર ઘીનો શીરો કરીને ખવડાવ્યો. તે ય એક બે

દિવસ નહિ પણ પૂરા સાત દિવસ. તેનાં કુરકુરિયાંને પણ ડોશી બાળકની પેઠે ઓઢાડે. કાળીને ટાઢ ન વાય તે કોથળા ઢાંકીને મઝાની બખોલ કરી આપી હતી.

કંકુડોશીના ઘરની બાજુમાં એક બાકું હતું, ત્યાંથી રાતના શિયાળ આવતું હતું. એક રાતનાં એક કુરકુરિયાંને મારી નાખ્યું અને બીજાને ઉપાડી ગયું. ત્યારથી ડોશી રાતના કાળીને અને કુરકુરિયાંને ડાલા નીચે ઢાંકતાં અને ઉપર વજન મૂકતાં. એક રાતના તો તે જાગતાં બેસી રહ્યાં હતાં. ડોશી આટલી માવજત કરતાં છતાં કાળીનું એકે ગલૂડિયું બચતું ન હતું. ત્રણ-ચાર મહિનામાં તો ખસીએલ થઈ જાય ને મરી જાય.

આવી તો ત્રણચાર 'સુવાવડો' ડોશીએ કરી હશે. કાળી સાથે એવી તો માયા બંધાઈ ગઈ હતી કે માળા ફેરવવાનું પણ ભૂલી જતાં હતાં. એથી લખુ ડોસા જેવા તો કહેતા:

'ડોશી! આ બધી જળોજથા મૂકીને ઉપરવાળાને યાદ કરો ને! નાનાં છોકરાંની પેઠે શું કાળીને પંપાળ્યા કરો છો?'

ખુદ ડોશીને પણ એમ થતું કે આ કાળી ભગવાનમાં ચિત્ત પરોવવા દેતી નથી. કાળી કયારેક છેક રસોડા સુધી આવતી ત્યારે તો ડોશી ખિજાઈ જતાં. કાળીને છૂટો ધોકો મારતાં તો ય કાળી તેમના પગ ચાટતી, તેમની આગળપાછળ ફર્યા કરતી. ડોશી ખૂબ કાયર થઈ જતાં એટલે બબડતાં:

'મૂઈ રાંડ! મરતી ય નથી, ઘરડે ઘડપણમાં પણ વેઠ કરાવે છે! જતી રહે અહીંથી...બીજાં કૂતરાં ચાંટે છે તેમ ચાટો ચાટ્યા કરજે.'

કાળીને તે કયારેક મારતાં, વઢતાં, તેના પર રોષ કાઢતાં...છતાં કાળી જરીકે તેમનાથી અળગી થતી ન હતી. ડોશીને વધુ ને વધુ માયામાં લપેટતી જતી હતી.

એકવાર કાળીએ વાસમાં રમતા એક બાળકને પાડી દીધું હશે. એમાંથી બાળકની માએ ડોશીને ન બોલવાના શબ્દો કહ્યા. ડોશી તંગ આવી ગયાં, તેમણે કાળી પર રોષ ઉતાર્યો, તેને ઝૂડી નાખી. એ દા'ડે કંઈ ખાવાનું પણ ન આપ્યું અને વાસનાં છોકરાંને કહી કાળીને ગામ બહાર તગડી મૂકવાનું કહ્યું.

છોકરાં તો મારતાંમારતાં કાળીને ગામના ચરામાં જઈ મૂકી આવ્યાં. એક અળવીતરા છોકરાએ તો કાળીના પગમાં એવી લાકડી મારી તે કાળી લૂલી થઈ ગઈ. સૌને થયું કે હવે કાશ ગઈ.

ડોશીએ કાળીને વાસમાંથી કઢાવી તો ખરી, પણ તેમને જ ભારે પડી ગઈ, ઘરમાં સૂનુંસૂનું લાગવા માંડ્યું. રાતના વાળુ કરવા બેઠાં ને કાળી સાંભરી. તે વાળુ કરવા બેસે ને કાળી બારણાંમાં આવીને સામે બેસે. ડોશી ફાડ રોટલો નાખે. તે અને કાળી સાથે જ વાળુ કરતાં. એ રાતના કાળીને ન જોઈ એથી ડોશીના ગળામાં રોટલાનો ડચૂરો હતો. તેમની આંખમાંથી આંસુ ટપકી પડ્યાં.

'અરેરે બચારી ભૂખી-તરસી કયાં ફરતી હશે? એ તો મૂંગું જાનવર છે! એને કેટલી બધી મારી? હવે એ કયાં જશે...?'

ડોશી તો જીવ બાળવા માંડ્યાં. તેમને એમ પણ થવા માંડ્યું:

'કોને ખબર! ખુદ ભગવાને જ કાળીને નહિ મોકલી હોય તો! ન'ક એ આવતાં જ મારા ઘરમાં શીદને લપાઈ?'

કાળીને મારી તેનો માર તેમને પડ્યો હોય તેમ ડોશી વેદના અનુભવવા લાગ્યાં. કાળીને કાઢી મૂકી તેનો પસ્તાવો થવા લાગ્યો.

એક તો અંધારી રાત હતી. નહિ તો

એમનું ચાલત તો એ કાળીને શોધવા નીકળત!

ડોશી ખાટલામાં પડ્યાં, પણ ઊંઘ શેં આવે? કાળીના જ ભણકારા વાગ્યા કરે! એ ચિડાઈને મનમાં બબડી પણ ગયાં:

'એય રાંડ કેવી છે! વાંકમાં આવીને મારી, પણ પછી પાછા આવતાં શું જોર આવતું હશે? પહેલાં તો ગમે તેટલું મારતી તોય વછૂટતી ન હતી ને આ વખતે દેખાઈ જ નહિ!'

પોતે કાળીને છોકરાંને હવાલે કરી એથી જીવ બળવા લાગ્યો. રોયાં છોકરાં કેવાં વાંદરાં જેવાં છે! બચારીને કેવી ય મારી હશે! એને તો ઘણું ય પાછાં આવવું હશે, પણ આ વાંદરાં જ નહિ આવવા દેતાં હોય!

અને બધો વાંક પોતાનો હોય તેમ પોતાના પર ડોશી ચિડાઈ ગયાં.

'મૂઈ! હું ય ભાન ભૂલી ગઈ! ન'ક કાળીને કાઢી મુકાય......'

ડોશીએ કથામાં સાંભળેલી વાત યાદ આવી. પુરાણી મહારાજ રોજ કહેતા:

'દયા ધરમ કા મૂલ હૈ...'

તે કાળી પર દયા પણ ન રાખી શકયાં?

કંકુડોશી ગળગળાં થઈ ગયાં. કાળી પાછી આવે તો કદી ય કાઢી નહિ મૂકે એવો મનમાં સંકલ્પ કર્યો.

અને એ જ વખતે તેમનું બારણું કોઈ કે ખખડાવ્યું. ડોશી જઈને જુએ છે તો કાળી આવીને પડી છે! તેનો એક પગ લંગડાતો હતો, તેથી મહામહેનતે ઘસડાતી આવી હોય તેમ ઢગલો થઈને બારણામાં પડી હતી.

ડોશીએ એ ને એ વખતે કાળીને દૂવો કરીને ખવડાવ્યો. રોટલાના કકડા કરી કાળીને હાથે ખવડાવ્યા, પાણી પાયું અને દીકરીને બાઝી પડે તેમ ડોશી કાળીને બાઝી પડ્યાં.

'કાળી...કાળી હવે તને કદી નહિ મારું હોં...' એ વખતે ડોશીની આંખમાંથી આંસુ ટપકી રહ્યાં હતાં અને કાળી પૂંછડી પટપટાવતી ડોશીનો હાથ ચાટી રહી હતી.

ડોશીનું આ સુખ પણ જોયું ન ગયું તે કાળીને હડકવા હાલ્યો. એકાએક કયાંથી હડકવા શરૂ થયો તેની કોઈને ખબર ન પડી, પણ કોઈક કહેતું હતું કે રાતના હડકાયું શિયાળ આવીને કરડી ગયું હતું, એમાંથી કાળીને પણ હડકવા હાલ્યો. કાળી ધૂનમાં ને ધૂનમાં ગોળગોળ ફર્યા કરે! રઘવાઈ થઈ હોય તેમ ઘડીકમાં અહીં તો ઘડીકમાં ત્યાં ઘૂમ્યા કરે! કંકુડોશીનું ઘર પણ ભૂલી ગઈ ને આવે તેને કરડ્યા કરે! લોકો સમજી ગયા કે નક્કી કાળી હડકાઈ થઈ ગઈ છે. જુવાનિયા તો કાળીને ત્યાં ને ત્યાં ખલાસ કરત, પણ ડોશી વચ્ચે પડ્યાં એટલે તેને ગામ બહાર મૂકી આવ્યા.

પંડ્યની દીકરી ગાંડી થઈ ગઈ હોય તેમ કંકુડોશી કાળીનો હકડવા જોઈ રડતાં હતાં. હવે શું કરે? હવે તો કાળી કમોતે મરશે! કોઈને કરડશે તો તે જ તેને વધેરી દેશે.

'ભગવાન...ભગવાન! તું આ શું કરવા બેઠો છે?'

કંકુડોશીએ એ દા'ડે ભગવાનની પૂજા કરવાને બદલે ફરિયાદ જ કર્યા કરી:

'ભલે ભગવાન! બીજા તો ઠીક પણ તું પણ અમારી પાછળ આદું ખાઈને પડ્યો છે? નજર આગળ કાળી હતી એ ય તારાથી ન ખમાણી!' અને દુભાયેલો જીવ બોલી ઊઠ્યો:

'આના કરતાં મને જ ઉપાડી લેને એટલે પાર આવે!'

ઘરમાંથી સ્વજન ચાલ્યું ગયું હોય એમ ડોશી એકલાં પડી ગયાં હતાં. બપોરે રોટલા તો કર્યા પણ ખાઈ ન શકયાં. ખાવાનો વખત થયો ને કાળી યાદ આવી. એ કયાં હશે? એને હવે કોણ કકડો રોટલોય નાખશે?

કૂતરું હડકાયું થાય પણ એથી કાંઈ એનું પેટ ઓછું ભરાઈ જાય છે? સાજેનવરે તો કોઈ પણ રોટલો નાખે...પણ હવે કાળીનું કોણ રણીધણી!'

ડોશીની નજર આગળ ભૂખે રિબાતી કાળી ખડી થઈ. જાણે તે પૂંછડી હલાવીને તેમને બોલાવી રહી છે! જાણે હાથમાંનો રોટલો ખાઈ જવા કૂદકા મારે છે. ડોશીથી ન રહેવાયું, તે સોડમાં રોટલો લઈને બહાર નીકળ્યાં.

ડોશીને જતાં જોઈ એક-બે જણાંએ ટોકયાં પણ ખરાં, પણ કોઈનું ય ગણકાર્યા વગર ડોશી ખેતરો તરફ વળ્યાં.

તેમણે દૂરથી કાળીને જોઈ. તેમણે તેને બોલાવી. કાળી એ બાજુ જ આવતી હતી. ડોશીના મનમાં એમ હતું કે, કાળીની સાથે તેમને તો મમતા છે એટલે તેમને તો નહિ કરડે, એટલે કાળી આવી તેવી તેની સામે વહાલથી રોટલો ધર્યો.

પણ કાળીએ ન તો રોટલો સામે નજર કરી, ન તો ડોશી સામે નજર કરી. બસ એ તો ડોશીના પગે વળગી. ડોશીનો સાલ્લો મોંમાં આવ્યો ને તે ખેંચ્યો. ડોશી છોડાવવા ગયાં તેમાં તે નીચે પડી ગયાં. કાળી તો વરુની પેઠે બસ બચકાં જ ભરવા લાગી.

કાળીનાં એ બચકાંની વેદના સહેતાં ડોશી ખાટલામાં પડ્યાં હતાં. કાળીએ તેમની આ દશા કરી હતી, છતાં એ કાળીને ભૂલી શકતાં ન હતાં.

'અરેરે...બચારી કમોતે મરી...' ડોશી મરતી વખતનું દૃશ્ય યાદ કરી મનમાં બોલ્યાં. તેમને બીજી વાતનું તો કંઈ દુઃખ ન હતું પણ તેમની નજર આગળ કાળી મરી એથી તેમનો જીવ કપાઈ જતો હતો.

ઘરમાં કોઈ ચાકરી કરનાર ન હતું. ખોડો ડોશીની જમીનનો વારસદાર હતો એટલે લોકલાજથી પાસે બેઠો હતો એટલું જ. ડોશીને પોતાને જ થઈ ગયું કે હવે તેમના બૂરા હાલ થવાના! તે પ્રભુને તો રોજ પ્રાર્થના કરતાં કે હાથપગ ચાલે ત્યાં સુધી જ જિવાડજે. બીજાના હાથનો રોટલો ખાવો પડે એ દા'ડો દેખાડીશ નહિ, પણ હવે એ ખરાબ દિવસ પણ જોવાનો વખત આવી પહોંચ્યો હતો!

લખુડોસાને એમ થતું હતું કે જો ડોશીને હડકવા હાલશે તો બૂરી વલે થશે. એ બચારાંની કોઈ સેવાચાકરી ય નહિ કરે અને કૂતરાને મોતે મરશે. એટલે તે મનમાં ઇચ્છતા હતા કે ડોશી આમ ને આમ ચાલ્યાં જાય તો સારું!

બીજા દિવસે ડોશીને તાવ આવ્યો. તાવ પાછો વધતો જ ગયો. દલા ઘાંયજાને પણ નવાઈ લાગી કે આ શું થઈ ગયું? તાવમાં ડોશીથી કંઈ ખવાતું પણં નહોતું. કદીય માંદાં ન પડેલાં ડોશી તાવમાં શેકાઈ રહ્યાં હતાં. એથી તે ઊંકારા કર્યાં કરતાં હતાં.

ડોશીને ચોવીસ કલાક થયા છતાં તાવ ઊતર્યો નહિ એટલે લખુડોસા પામી ગયા કે નક્કી હવે ડોશી નહિ બચે.

અને થયું પણ એમ જ.

ત્રીજા દિવસે, બરાબર બપોરે ડોશીએ ભાન ગુમાવ્યું.

ડોશીને વધારે લાગતું હતું એટલે વાસનાં ઘણાં તેમના ખાટલા પાસે બેઠાં હતાં. ખોડો જશ ખાટવા ઊભા પગે રહેતો હતો. તેની વહુ પણ ત્યાંથી ખસતી ન હતી.

લખુડોસાને જ્યારે એમ લાગ્યું કે હવે ડોશી બચે તેમ નથી એટલે તેમણે પૂછ્યું: 'ડોશી! તમારે કંઈ કહેવું છે?'

ડોશીએ ડોસા સામે જોયું. જાણે તેમને કંઈ કહેવું હતું. ડોસાએ ડોશીના મોં પાસે

ભાન થયાં. ડોશીએ હતી એટલી શક્તિ એકઠી કરીને કહ્યું:

'મારી પાછળ અડધી જમીન મંદિરને આપજો ને અડધી જમીન ગામનાં કૂતરાં માટે રાખજો. તેમાંથી કૂતરાંને શીરો કરીને ખવડાવજો...'

મહામહેનતે ડોશી આટલી વાત કરી શક્યાં. જાણે આટલું કહેવા માટે જ જીવતાં રહ્યાં હોય તેમ બીજી જ ક્ષણે તેમણે ભાન ગુમાવ્યું.

ડોશીને નીચે ઉતાર્યાં. રામ...રામ... રા...મ...રા...મ...ની ધૂન લાગી. લખુડોસા અને દલો ઘાંયજો ડોશીની નાડ પકડીને બેસી રહ્યા હતા.

બરાબર, કાળી મરી હતી એ ટાઈમે જ ડોશીએ દેહ છોડ્યો.

ડોશીએ દેહ છોડ્યો એ સમાચાર ઘર બહાર પહોંચ્યા ત્યારે એક જણાએ કહ્યું:

'કેવું લેણદેણ...! મરતાંમરતાંય ડોશીએ પંડ્યના દીકરાને યાદ ન કર્યો અને જતાંકને કાળીને યાદ કરી. પાછળ નખોદિયું હોય તેમ જમીન પણ કૂતરાંના નામની કરતાં ગયાં!"

*

આશ્ચર્યના ત્રણ દાખલા

उद्घाटितनयद्वारे पंजरे विहगोऽनिलः ।
यत् तिष्टति तदाश्चर्यं प्रयाणे विस्मयः कुतः ॥

'ખુલ્લાં જેનાં નવ દ્વારો, પાંજરે પ્રાણ પંખીડું;
પુરાઈ રહે તે કૌતુક, ઊડી જતાં નવાઈ શી?'

નવ દરવાજાવાળું પાંજરું છે. વળી નવે દરવાજા ખુલ્લા પડ્યા છે; એ એકેય બંધ નથી. તથાપિ પ્રાણરૂપી પક્ષી તેમાં પુરાઈ રહે છે અને ઊડી જતું નથી અને માણસો ઊંધી સમજને લીધે ઊડી જવાની ઘટનાને આશ્ચર્યકારક ગણે છે, તે પહેલું આશ્ચર્ય.

अहन्यहनि भूतानि गच्छन्तीह यमालयम् ।
शेषाः स्थावरमिच्छन्ति किमाश्चर्यमतः परम् ॥

'રોજ ને રોજ જાયે છે, પ્રાણીઓ યમમંદિરે;
માને અમર પોતાને, એથી બીજી નવાઈ શી?'

બીજું આશ્ચર્ય એ છે, કે રોજ ને રોજ જગતમાં માણસો મરતાં નજરે દેખાય છે. મરનારનાં સ્નેહીઓ જ મડદાને બાળે છે કે દાટે છે. આવું રોજ નજરે જોતાં છતાં પણ માણસ પોતાને અજરઅમર માને છે. બાળવા જનાર કે દાટવા જનારમાંથી કોઈને ય એવો વિચાર સરખો નથી આવતો કે એક દિવસ મારી પણ આ જ ગતિ થવાની છે; એ કંઈ ઓછું આશ્ચર્ય છે?

सुलभं भगवन्नाम जिह्वा च वशवर्तिनी ।
तथाऽपि नरके यान्ति किमाश्चर्यमतः परम् ॥

'સાધ્ય છે ઈશ્વર નામ, જીભ છે જપવા વળી;
છતાં નર્કે પડે પ્રાણી, એથી બીજી નવાઈ શી?'

આ ઉપરાંતનું ત્રીજું આશ્ચર્ય નવાઈ પમાડે તેવું છે: ઈશ્વરનું નામ બહુ જ સુલભ છે. વળી માણસને પસંદ પડે તે નામ લેવાથી પણ ચાલે તેમ છે. નામ લેવામાં કંઈ દામ બેસતા નથી તેમ જ કંઈ ખાસ પરિશ્રમ પણ કરવો પડતો નથી; કારણ જીભ પ્રભુએ તેના મોઢામાં જ આપી રાખી છે અને તેમાં હાડકું ન હોવાથી જેમ વાળો તેમ વળે તેવી છે. આટલી બધી સગવડ હોવા છતાં માણસો ઈશ્વરનું નામ લેતાં જ નથી, તેના જેવું બીજું શું આશ્ચર્ય હોય?

—સ્વામી ચિદાનંદ સરસ્વતી

*

અર્થની આગગાડી

લેખક:
અધ્યા. હીરાલાલ ર. કાપડિયા
એમ. એ.

'આગગાડી' એટલે પાટા ઉપર આગની શક્તિથી ચાલતી ગાડી. આમાં ડબ્બાઓ હોય છે. એ એકબીજા સાથે સાંકળ વડે જોડાયેલા હોય છે. એને વરાળ ને વીજળી દ્વારા ગતિમાન કરાય છે. તેમ થતાં આગગાડી ચાલે છે. એ એક સ્થળેથી બીજે સ્થળે જાય છે. આવી રીતે અર્થની પણ આગગાડી જોવાય છે. એમાં શબ્દોરૂપી ડબ્બા હોય છે. એ સાન્વર્થ શબ્દો, વિચારરૂપ સાંકળ વડે એકબીજા સાથે જોડાય અને બુદ્ધિબળથી એ તમામ શબ્દોમાંથી ધાર્યો અર્થ ઉત્પન્ન કરાય તેને હું 'અર્થની આગગાડી' કહું છું. આવી જાતની આગગાડીના નમૂના કોયડારૂપ કાવ્ય પૂરાં પાડે છે. અમુક જાતના કોયડાને માટે 'હરિયાળી' શબ્દ વપરાય છે. 'શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ'ને અંગે શુભવિજયગણિના શિષ્ય વીરવિજયે એક હરિયાળી રચી છે. એની નીચે લખેલી પંક્તિ અર્થની આગગાડીના એક ઉદાહરણરૂપ છે:

'અમૃતવેલીના વૈરીની બેટી તો
કંતહાર તેહનો અરિ,
તેહના સ્વામીની કાંતાનું નામ તો
એક વર્ણે લક્ષણ ભરિ.'

આના સ્પષ્ટીકરણરૂપે હું કહીશ કે અમૃતવેલીનો વૈરી–દુશ્મન તે 'હિમ' છે. આ 'હિમ' શબ્દથી 'હિમાલય'–નગાધિરાજ સમજવાનો છે. એની બેટી પુત્રી તે 'પાર્વતી' એનો કંત યાને સ્વામી તે 'મહાદેવ' એમનો હાર તે સર્પ. એ સર્પનો અરિ કહેતાં શત્રુ તે 'ગરુડ' છે. એ ગરુડના સ્વામી 'શ્રીકૃષ્ણ' (વિષ્ણુ) છે. એમની કાંતાનું અર્થાત્ પત્નીનું નામ લક્ષ્મી છે. આને માટેનો એક વર્ણવાળો શબ્દ તે 'શ્રી' છે. આમ 'શ્રી' શબ્દ સીધેસીધો ન કહેતાં એ અર્થ રજૂ કરવા માટે શબ્દરૂપ આઠ ડબ્બાઓ જોડીને જાણે એક આગગાડી રચાઈ છે. હરિયાળીમાં–કૂટકાવ્યમાં આવી પદ્ધતિ અપનાવાય છે.

આપણે આ જાતનું એક બીજું ઉદાહરણ વિચારીશું. દિવાકરના પુત્ર લોલિંબરાજે (કેટલાકને મતે લોલિંમરાજે) વૈદકનો વૈદ્યજીવન નામનો એક ગ્રંથ રચ્યો છે. એમાંનું નીચે લખેલું પદ્ય આપણે જોઈએ:-

'पुलोमजावल्लभसूनुपत्नी–
तातात्मभूशेखरवाहनस्य ।
सौन्दर्यदूरीकृतरामरामे
कषायकः कासमीरसर्पः ' ॥ ३–१६ ॥

સૌંદર્યથી રામપત્ની સીતાદેવીની સ્પર્ધા કરનારી હે સુંદરી! હું તને કાસનો ઉપાય બતાવું છું, સાંભળ. ઇંદ્રાણીના પતિ ઇંદ્રના નાના ભાઈ વિષ્ણુ ભગવાનની પત્ની લક્ષ્મીદેવીના પિતા સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલા ચંદ્રને મસ્તક પર ધારણ કરનાર શંકર ભગવાનનું વાહન જે વૃષ અર્થાત્ અરડૂસો તેનો કષાય કાસરૂપી વાયુને ગળી જનાર સર્પ સમાન છે.

'પુલોમા' (સં. પુલોમન્) એ એક દૈત્યનું નામ છે. 'પુલોમની' એટલે પુલોમા નામના દૈત્યની પુત્રી. એ પુત્રી તે 'શચી'. એનો વલ્લભ અર્થાત્ પતિ તે 'ઇંદ્ર'. 'સૂનુ'નો સામાન્ય અર્થ 'પુત્ર' થાય છે. અહીં 'નાનો ભાઈ' એવો અર્થ કરવાનો છે. ઇંદ્રના નાનાભાઈ તરીકે કૃષ્ણનો ઉલ્લેખ કરાય છે. એમની પત્ની તે લક્ષ્મી. એના પિતા તે 'સમુદ્ર' રત્નાકર. એ સમુદ્રનો પુત્ર તે 'ચંદ્ર'. એને મસ્તકે 'મહાદેવ' ધારણ કરે છે. એથી તો એમને 'ચંદ્રશેખર'

કહે છે. આ ચંદ્રશેખરનું વાહન 'બળદ' છે. એને માટેનો સંસ્કૃત શબ્દ 'વૃષ' છે. આમ 'વૃષ' શબ્દ દર્શાવવા માટે જાણે એક આગગાડી યોજાઈ છે.

'વૃષ'નો બીજો અર્થ અરડૂસી(સો) નામની એક વનસ્પતિ–ઔષધિ એમ થાય છે. એ અત્રે પ્રસ્તુત છે. એનો કષાયક કહેતાં કાઢો અર્થાત્ ઉકાળો, કાસ અર્થાત્ ખાંસીરૂપ પવનનું ભક્ષણ કરવામાં સર્પ સમાન છે. એ ઉકાળો પીવાથી ખાંસી મટે છે. ત્રીજું ચરણ એ લોલિંબરાજે પોતાની પત્નીને અંગે કરેલું સંબોધન છે. એનો અર્થ સૌંદર્ય વડે રામની રામા એટલે કે સીતાને પરાસ્ત કરનારી (હે સુંદરી!) એમ થાય છે.

ઉપર જે 'સૂનુ'નો અર્થ 'નાનો ભાઈ' કરાયો છે તેને **અમરકોશ** વગેરેનો આધાર છે, છતાં કોઈને એ અર્થ ન જ રુચે તો એનો અર્થ 'પુત્ર' પણ ઘટી શકે છે. જેમકે ઇંદ્રનો પુત્ર અર્જુન; એની પત્ની દ્રૌપદી; એનો પિતા દ્રુપદ; અને એનો પુત્ર તે શિખંડી–આ 'શિખંડી'નો અર્થ 'સર્પ' કરાય છે. સર્પરૂપ શેખર જેમને હોય તે મહાદેવ છે. એમનું વાહન તે 'વૃષ.'

'સર્પ' એવો અર્થ **વૈદ્યજીવનની દીપિકા**-(પૃ. ૭૩)માં સુખાનંદ યતિએ કર્યો છે.

ત્રીજી આગગાડી વિશેષ લાંબી છે, એમાં વીસ ડબ્બા છે. આનાં દર્શન **સુભાષિતરત્નભાંડાગાર**(પૃ. ૧૯૮)માં 'કૂટ' કાવ્ય તરીકે નોંધાયેલું નીચે મુજબનું પદ્ય કરાવે છે:

'अहिरिपुपतिकान्तातातसम्बद्धकान्ता–
हरतनयनिहन्तृप्राणदातृध्वजस्य ।
सखिसुतसुतकान्तातातसम्पूज्यकान्ता–
पितृशिरसि पतन्ती जाह्नवी नः पुनातु ॥'

સર્પનો શત્રુ જે ગરુડ તેના પતિ વિષ્ણુભગવાનની પત્ની લક્ષ્મીદેવીના પિતા સમુદ્રને બાંધનાર રામચંદ્રની પત્ની સીતાદેવીનું હરણ કરનાર રાવણના પુત્ર ઈંદ્રજિતને મારનાર લક્ષ્મણને પ્રાણદાન કરનાર હનુમાનને ધ્વજ પર રાખનાર અર્જુનના મિત્ર શ્રીકૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્નના પુત્ર અનિરુદ્ધની પત્ની ઉષાના પિતા બાણાસુરને પૂજ્ય શંકર ભગવાનની પત્ની પાર્વતી દેવીના પિતા હિમાલયના મસ્તક પર પડતી ગંગા નદી અમને પવિત્ર કરો.

આ પદ્ય કોણે રચ્યું છે તે જાણવામાં નથી. **સુભાષિતરત્નસંજૂષા** પ્રમાણે પ્રથમ ચરણમાં 'સમ્બદ્ધ'ને બદલે 'સમ્પૂજ્ય' અને અંતિમ ચરણમાં 'પતંતી'ને બદલે 'વહન્તી' અને 'નઃ'ને બદલે 'વઃ' એમ પાઠ છે. આપણે તો અહીં એ પાઠાંતર જતાં કરીશું.

આ પદ્યનો અર્થ એ છે કે 'હિમાલય'ના મસ્તકે પડતી ગંગા આપણને પવિત્ર કરો. 'હિમાલય' એમ સ્પષ્ટ ન કહેતાં એ જાતજાતના શબ્દરૂપ ડબ્બા જોડી એની લાંબીલચ આગગાડી બનાવી તે દ્વારા દર્શાવાયો છે. જેમકે 'અહિ' એટલે સર્પ; સર્પનો શત્રુ તે ગરુડ, ગરુડનો પતિ એટલે રક્ષણકર્તા તે વિષ્ણુ. એમની કાંતા–પત્ની તે લક્ષ્મી, એનો તાત તે 'સમુદ્ર,' એને સારી રીતે બાંધનાર તે રામ, એમની પત્ની તે સીતા, સીતાનું હરણ કરનાર રાવણ, એનો પુત્ર ઇંદ્રજિત, એને મારનાર લક્ષ્મણ, એનો પ્રાણદાતા–જિવાડનાર હનુમાન એ જેની ધજા પર છે એ અર્જુન એના મિત્ર શ્રીકૃષ્ણ એમનો પુત્ર પ્રદ્યુમ્ન, એનો પુત્ર અનિરુદ્ધ, એની પત્ની ઉષા, એનો પિતા તે બાણાસુર, એને પૂજ્ય શંકર એમની પત્ની પાર્વતી એનો પિતા તે 'હિમાલય.'

જેમ 'બહુવ્રીહિ' સમાસગત શબ્દોનું દ્વંદ્વ વગેરે સમાસમાંના શબ્દોની પેઠે સ્વતંત્ર મૂલ્ય નથી તેમ અર્થની આગગાડીના ડબ્બાની પણ સ્થિતિ છે. આમ આ આગગાડીના ડબ્બાની કિંમત એ સમગ્ર આગગાડીના આયોજનમાં સહાયક નીવડે છે એ દૃષ્ટિએ છે.

★

क्षमा वीरस्य भूषणम्

લેખક :
શ્રી રામનારાયણ ના. પાઠક

સુંદર અને કિંમતી એવાં રત્નોની ખાણ સમા મહાભારતની કથામાં જેમ જેમ ઊંડા ઊતરીએ છીએ, તેમ તેમ વધુ ને વધુ મૂલ્યવાન અને પાસાદાર હીરાઓ પ્રાપ્ત થતા જાય છે. એ હીરાના પારખુ આપણા કેટલાક સંસ્કૃત કવિઓએ એનાં મૂલ્ય આંક્યાં છે અને પોતાની કૃતિઓ દ્વારા તે જગત સમક્ષ ધર્યાં છે.

‘કિરાતાર્જુનીય’ નામક મહાકાવ્યના રચયિતા મહાકવિ ભારવિએ એ મહાકાવ્યના એક ભાગરૂપે બની રહેતા યુધિષ્ઠિરની ક્ષમાનો પ્રસંગ ઘણી જ સચોટ રીતે વર્ણવ્યો છે, તેને લેખકે અહીં ઉતાર્યો છે.

નદીતીરે, ઘટાદાર વૃક્ષોની છાયામાં, હારબંધ પાંચ પર્ણકુટિ બાંધેલી હતી. દ્વૈતવનના મધ્યભાગમાં પાંડવો વનવાસ ભોગવી રહ્યા હતા. દ્રૌપદીએ હાથે લીંપીને સુંદર ચિતરામણથી શોભીતા બનાવેલા એક ઓટલા ઉપર ધર્મરાજ યુધિષ્ઠિર બેઠા હતા. સામે દ્રૌપદી કંદમૂળ સાફ કરી રહ્યાં હતાં. ભીમસેન હાથમાં કુહાડો લઈ લાકડાં ચીરતા હતા. સહદેવ–નકુળ ગૌશાળા સાફ કરી રહ્યા હતા. અર્જુન ફળફૂલ લેવા વનમાં ગયા હતા.

એ વખતે હસ્તિનાપુર મોકલેલો દૂત સમાચાર લઈને આવી પહોંચ્યો. યુધિષ્ઠિરને નમસ્કાર કરી એણે વિગતે સમાચાર આપ્યા.

દુર્યોધન નિષ્કંટક રાજ્ય કરે છે, પ્રજા તેની સામે ચુંકારો કરી શકતી નથી, વિદુર અને ભીષ્મપિતામહ જેવા એની સામે અવાજ ઉઠાવી શકતા નથી. કર્ણ, શકુનિ અને દુઃશાસનના સહકારથી દુર્યોધન એક ચક્રે રાજ્ય ચલાવી રહ્યો છે. એની રાણીઓ આનંદપૂર્વક રાજવૈભવ ભોગવી રહી છે.

આવીઆવી હકીકતો સાંભળીને દ્રૌપદીનો ક્રોધ ઊછળી આવ્યો. ઉત્તેજિત થઈને દ્રુપદપુત્રી પાંચાલી કંઈક આકરું વેણ બોલવા જતાં હતાં, ત્યાં તેમની નજર શાંત, સ્વસ્થ સાત્વિકતાની મૂર્તિ સમા ધર્મરાજ ઉપર પડી. દ્રૌપદીનો ક્રોધ ધીમો પડી ગયો, છતાં એ તેમની પાસે આવ્યાં. સામે બેઠાં અને ધીમે સાદે કહેવા લાગ્યાં:

भवादृशेषु प्रमदाजनोचितं
भवत्यधिक्षेप इवानुशासनम् ।
तथापि वक्तुं व्यवसाययन्ति माम्
निरस्तनारीसमया दुराधयः ॥

આપના જેવા મહાપુરુષો આગળ, મારા જેવી સામાન્ય સ્ત્રીએ કંઈ પણ કહેવું, એ જો કે અનુચિત ગણાય; છતાં મારી આંતરવેદના મને બોલવાની ફરજ પાડે છે. નિરુપાય બનીને આજે મારે આપને કેટલીક સાફસાફ વાતો સંભળાવવી પડે છે તો મને ક્ષમા કરશો.

યુધિષ્ઠિર દ્રૌપદીની મનોવ્યથા પામી ગયા હતા. તેમણે સહેજ ઊંચી દૃષ્ટિ કરીને જે કંઈ કહેવું હોય તે નિઃસંકોચપણે કહેવાની સંમતિ આપી અને મુખ પર સહેજ હાસ્ય લાવીને સાંભળવા તત્પર બન્યા.

દ્રૌપદીના ચહેરા ઉપર લાલી તરી આવી. અવાજમાં દૃઢતા સાથે થોડી કઠોરતા પણ ભળી. તેઓ બોલ્યાં:

अखण्डमाखण्डलतुल्यधामभि-
श्चिरं धृता भूपतिभिः स्ववंशजैः ।
त्वयात्महस्तेन मही मदच्युता
मतङ्गजेन स्रगिवापवर्जिता ॥

સાક્ષાત્ ઇંદ્ર સમાન પરાક્રમી આપના પૂર્વજોએ આ પૃથ્વી મેળવી અને આજ સુધી તેને ધારણ કરી

એ પૃથ્વીને (રાજગાદીને) કોઈ મદોન્મત્ત હાથી ગળામાં પડેલી સુગંધિત પુષ્પમાળાને પોતાની સૂંઢ વડે તોડીને ફેંકી દે, તેમ તમે હાથે કરીને ત્યજી દીધી છે.

મતલબ કે 'તમે સ્વેચ્છાએ રાજ્યત્યાગ ન કર્યો હોત, તો દુર્યોધનની તાકાત નહોતી કે એ અર્ધા ભાગની ના પાડી શકે. તમે ન્યાય, નીતિ, વચનપાલન વગેરે વાતો કરો છો, પણ દુર્યોધન એને લાયક નથી,' એમ બતાવતાં દ્રૌપદી કહે છે:

व्रजन्ति ते मूढधियः पराभवं
भवन्ति मायाविषु ये न मायिनः ॥
प्रविश्य हि घ्नन्ति शठास्तथाविधा-
नसंवृताङ्गान्निशिता इवेषवः ॥

દુર્યોધન જેવા દુષ્ટની સાથે તો 'શઠ' પ્રતિ શાઠ્ય'નો જ નિયમ લાગુ પાડવો જોઈએ. એને એની રીતે જવાબ આપીએ તો જ એ સમજી શકે. એની ઉપર દયા બતાવવા જઈએ, ઉદારતા દાખવીએ તો એ આપણી નિર્બળતા સમજીને પોતાના દુષ્ટ હેતુરૂપી બાણોથી આપણાં સરળ હૈયાંને ભેદી નાખે.

गुणानुरक्तामनुरक्तसाधनः
कुलाभिमानी कुलजां नराधिपः ।
परैस्त्वदन्यः क इवापहारयेन्
मनोरमामात्मवधूमिव श्रियम् ॥

રાજ્યસત્તા અને રાજકોષ એ ક્ષત્રિય રાજાની સાચી શોભા છે. એવો કયો કુલાભિમાની રાજા હશે જે પોતાની કુલવધૂ જેવી રાજ્યલક્ષ્મીનું અપહરણ થતું મૂંગે મોઢે જોઈ, હાથ જોડીને બેસી રહે?

આવાં આકરાં વેણ કહેવા છતાં યુધિષ્ઠિર શાંતિપૂર્વક સાંભળી રહ્યા, એથી દ્રૌપદી સહેજ વધુ ઉશ્કેરાઈને બોલ્યાં:

अवन्ध्यकोपस्य विहन्तुरापदां
भवन्ति वश्याः स्वयमेव देहिनः ।
अमर्षशून्येन जनस्य जन्तुना
न जातहार्देन न विद्विषादरः ॥

એક નાનું ક્ષુદ્ર જંતુ પણ ભયથી દૂર રહે છે. મોટો ભુજંગી સર્પ કે વનરાજ સિંહ પણ ભયથી વશ વર્તે છે, પરંતુ જેનામાં સામાને ભય પમાડે તેવો ક્રોધ અને ડારે તેવી તેજસ્વિતા નથી, એવા નરમ માણસની આ જગતમાં કોઈ દરકાર કરતું નથી.

આમ કહ્યા છતાં યુધિષ્ઠિર શાંતિપૂર્વક સાંભળી રહ્યા છે, ઊકળતા નથી, શબ્દ સરખો બોલતા નથી, તેથી વધારે ઉત્તેજિત બનીને દ્રૌપદીએ દુર્યોધને કરેલી ભાઈઓની અને યુધિષ્ઠિરની પોતાની કરુણ દશાનું હૃદયદ્રાવક ચિત્ર દોરી બતાવ્યું:

परिभ्रमंल्लोहितचन्दनोचितः
पदातिरन्तर्गिरि रेणुरूषितः ।
महारथः सत्यधनस्य मानसम्
दुनोति नो कच्चिदयं वृकोदरः ॥

જેઓ હમેશાં સુગંધિત રક્ત ચંદનનો લેપ કરી, સુશોભિત રથમાં બેસી ફરવા નીકળતા હતા એવા આ ભીમસેન આજે ધૂળધૂળ શરીરે, કાંટાકાંકરાવાળા ડુંગરાઓમાં ઉઘાડે પગે આથડે છે, એ જોઈને પણ તમારા મહા સત્યવાદીના દિલમાં કંઈ થતું નથી?

विजित्य यः प्राज्यमयच्छदुत्तरान्
कुरूनकुप्यं वसु वासवोपमः ।
स वल्कवासांसि तवाधुनाहरन्
करोति मन्युं न कथं धनंजयः ॥

ઇંદ્ર સમાન પરાક્રમી એવા આ અર્જુન, જેમણે ઉત્તર પ્રદેશના રાજાઓને હરાવીને હજારો સોનામહોરો તમારે ચરણે ધરી હતી, એવા એ આજે તમારાં અંગ ઢાંકવા સારુ જંગલેજંગલે રખડીને ઝાડની છાલો ઉખેડે છે, એ વસ્તુ પણ તમારા હૃદયમાં ક્રોધ ઉત્પન્ન કરતી નથી?

યુધિષ્ઠિર તો કોઈ શૂરવીર તીક્ષ્ણ બાણો સહી લે તેમ દ્રૌપદીનાં વાગ્બાણ શાંતિથી સહી રહ્યા છે. વળી દ્રૌપદી બોલ્યાં: 'એ બન્ને વીરો તો ભારે સહનશીલ છે, પણ આ સુકુમાર માદ્રીના પુત્રો જેમણે દુઃખ કદી દીઠું નથી તેમનો તો વિચાર કરો:

वनान्तशय्याकठिनीकृताकृती
कचाचितौ विश्वगिवागजौ गजौ ।

कथं त्वमेतौ धृतिसंयमौ यमौ
विलोकयन्नुत्सहसे न बाधितुम् ॥

કઠણ ધરતી ઉપર સૂવાથી જેમનાં સુકોમળ શરીર કઠોર થઈ ગયાં છે, જેમના વાળ સુગંધિત તેલના અભાવે છૂટા પવનમાં ફગફગે છે, એવા આ નકુળ અને સહદેવ, વનના હાથીની માફક જંગલમાં આમથી તેમ રખડે છે, એ જોઈને પણ તમારી ધીરજનો છેડો આવતો નથી?

હવે ધર્મરાજની પોતાની દશા વર્ણવે છે:

पुराधिरूढः शयनं महाधनं
विबोध्यसे यः स्तुतिगीतिमङ्गलैः ।
अदभ्रदर्भामधिशय्य स स्थलीं
जहासि निद्रामशिवैः शिवारुतैः ॥

પૂર્વે ઈંદ્રપ્રસ્થ નગરીના રાજમહાલયમાં આપ મૂલ્યવાન શય્યા ઉપર પોઢતા હતા. બંદીજનોનાં મધુર સ્તુતિગાનથી જાગ્રત થતા હતા અને આજે આ જંગલમાં દાભની પથારીએ સૂઓ છો અને સવાર પડતાં શિયાળિયાંના અમંગળ રૂદનથી જાગી ઊઠો છો!

पुरोपनीतं नृप रामणीयकं
द्विजातिशेषेण यदेतदन्धसा ।
तदद्य ते वन्यफलाशिनः परं
परैति कार्श्यं यशसा समं वपुः ॥

વળી હે મહારાજ! આપનું આ સુંદર શરીર, પહેલાં દ્વિજવર્યોના ભોજન પછી પ્રાપ્ત થતા અવશેષ પૌષ્ટિક મિષ્ટાન્નથી મનોહરતા ધારણ કરતું હતું, તે આજે કાચાંપાકાં વનફળ ખાવાથી તમારા યશની સાથે ક્ષીણ બનવા લાગ્યું છે!

अनारतं यौ मणिपीठशायिना
वरञ्जयद्राजशिरःस्रजां रजः ।
निषीदतस्तौ चरणौ वनेषु ते
मृगद्विजालूनशिखेषु बर्हिषाम् ॥

વળી આપનાં જે ચરણકમળ, નિરંતર મણિમય સિંહાસનપીઠ ઉપર શોભતાં હતાં અને નમન કરતા રાજાઓના મુગટની પુષ્પમાળાની સુગંધથી સુવાસિત બનતાં હતાં, તે આપના ચરણ આજે ઋષિમુનિઓએ ઉપરથી વાઢી લીધેલા અને હરણ ચરી જવાથી ઠૂંઠા થઈ ગયેલા અણીદાર દર્ભ ઉપર ચાલે છે.

આ બધું તમને અસહ્ય નથી લાગતું?

द्विषन्निमित्ता यदियं दशा ततः
समूलमुन्मूलयतीव मे मनः ।
परैरपर्यासितवीर्यसंपदां
पराभवोऽप्युत्सव एव मानिनाम् ॥

દુશ્મનોએ આપણી આ અવદશા કરી છે એથી મારું દિલ અંદરથી વલોવાઈ જાય છે અને આજ-સુધીમાં જે અભિમાની દુર્યોધનનો કોઈએ પરાભવ કર્યો નથી તેને સામી છાતીએ યુદ્ધ કરીને હરાવવો, અને તેનો દર્પ ઉતારવો એ ખરા ક્ષત્રિય માટે મોટો ઉત્સવ હોવો જોઈએ એમ મને લાગે છે.

विहाय शान्तिं नृप धाम तत्पुनः
प्रसीद संधेहि वधाय विद्विषाम् ।
व्रजन्ति शत्रूनवधूय निःस्पृहाः
शमेन सिद्धिं मुनयो न भूभृतः ॥

માટે હે રાજા! શાંતિની વાત હવે મૂકી દો. દુશ્મનોનો સંહાર કરવા માટે તૈયાર થાઓ. અમારી ઉપર એટલી કૃપા કરો. કામક્રોધરૂપી શત્રુઓને છતી શાંતિ પ્રાપ્ત કરવી એ નિઃસ્પૃહી મુનિઓનું કામ છે, ક્ષત્રિયોનું એ કામ નથી. આપ ક્ષત્રિયવીર છો, માટે ઉન્મત્ત બનેલા શત્રુને મારવા તત્પર બનો.

पुरःसरा धामवतां यशोधनाः
सुदुःसहं प्राप्य निकारमीदृशम् ।
भवादृशाश्चेदधिकुर्वते रतिं
निराश्रया हन्त हता मनस्विता ॥

આપના જેવા તેજસ્વી, ક્ષત્રિય, વીરોના અગ્રણી, યશસ્વી પુરુષો આવું દુઃસહ અપમાન સહી લેશે તો પછી સ્વાભિમાનપણું કોને આશરે જઈને રહેશે?

આવું ઉત્તેજક વાક્ય સાંભળ્યા છતાં યુધિષ્ઠિર કશું બોલ્યા નહિ તેથી દ્રૌપદીએ આવેશમાં આવીને કહ્યું:

अथ क्षमामेव निरस्तविक्रमं
चिराय पर्येषि सुखस्य साधनम् ।
विहाय लक्ष्मीपतिलक्ष्म कार्मुकं
जटाधरः सञ्जुहुधीह पावकम् ॥

આમ અપમાનિત બનીને, હારેલાની લાચાર દશામાં જ લાંબા વખત સુધી જીવવાનું હોય તો પછી આ રાજચિહ્ન છોડી દો. ક્ષત્રિયને શોભે તેવાં ધનુષ-બાણ ફેંકી દઈને માથે જટા ધારણ કરો અને

હાથમાં ખાખરાનો દંડ રાખો. શત્રુઓને હણવા માટે દિલમાં ક્રોધ પ્રગટ ન થતો હોય તો ઋષિમુનિઓની માફક અગ્નિ રાખી હોમ-હવન કરો.

દ્રૌપદીનાં વચનોની ધર્મરાજ ઉપર કશી અસર થતી નથી, એ જોઈને ભીમસેન હાથમાંથી કુહાડો નીચે મૂકીને નજીક આવ્યો અને દ્રૌપદીને અનુમોદન આપતાં બોલ્યો :

ज्वलितं न हिरण्यरेतसं
    चयमास्कंदति भस्मनां जनः ।
अभिभूतिभयादसूनतः
    सुखमुज्झन्ति न धाम मानिनः ॥

માણસો ઠંડી રાખના ઢગલાને પગથી કચરી નાખે છે, પણ બળતા અંગારા ઉપર પગ મૂકવાની કોઈ હિંમત કરી શકતું નથી. માની પુરુષો પોતાના પ્રાણ છોડે છે, પણ યશ અને સ્વાભિમાન છોડતા નથી.

વળી

किमपेक्ष्य फलं पयोधरान्
    ध्वनतः प्रार्थयते मृगाधिपः ।
प्रकृतिः खलु सा महीयसः
    सहते नान्यसमुन्नतिं यया ॥

મેઘગર્જના થતાં કેસરીસિંહ સામી ત્રાડ મારે છે તે શું બપૈયાની પેઠે મેઘની પાસેથી કંઈ મેળવવાની આશાથી ? નહિ જ, એ તો એનો સ્વભાવ છે. તેજસ્વી પુરુષો પોતાના હરીફની ઉન્નતિ સહન કરી શકતા જ નથી. (આપણે જ એવા નમાલા થઈ ગયા છીએ કે દુશ્મન આમ આપણી મશ્કરી કરે છતાં હાથ જોડીને બેસી રહ્યા છીએ.)

હવે ધર્મરાજ યુધિષ્ઠિરે મૌન છોડ્યું.

અને

इति दर्शितविक्रियं सुतं
    मरुतः कोपपरीतमानसम् ।
उपसान्त्वयितुं महीपति-
    र्द्विरदं दुष्टमिवोपचक्रमे ॥

ક્રોધાયમાન વાયુપુત્ર ભીમસેનના વિકૃત થયેલા માનસને શાંત કરવા માટે મદોન્મત્ત હાથીને કુશળ મહાવત કાબૂમાં લાવે તેમ યુધિષ્ઠિર ધીરજથી સમજાવવા લાગ્યા.

તમે બન્નેએ આટઆટલું કહેવા છતાં મારા મન ઉપર તેની કશી અસર થઈ નથી, તેથી તમને નવાઈ લાગતી હશે અને ક્રોધ પણ ચડતો હશે; પરંતુ તમે રોષથી ઉશ્કેરાયેલાં છો. વિવેક–વિચારને તમે વીસરી ગયાં છે.

अवितृप्ततया तथापि मे
    हृदयं निर्णयमेव धावति ।
अवसाययितुं क्षमाः सुखं
    न विधेयेषु विशेष संपदः ॥

કૌરવોના સુખોપભોગની વાતો સાંભળીને અસંતુષ્ટ થયેલું તમારું મન ગમે તે કહે, પણ મારા મનથી એ વસ્તુ અસાર લાગે છે. ધીરજ અને ક્ષમા એ જ સાચા સુખનાં સાધન છે (આપણા ભાવિ વિજયની એમાં આશા રહેલી છે એટલે તમે ઉતાવળા થાઓ છો એ મને ઠીક લાગતું નથી. આવી ગંભીર બાબતમાં ખૂબ વિચારપૂર્વક નિર્ણય કરવો જોઈએ.)

કારણકે

सहसा विदधीत न क्रिया–
    मविवेकः परमापदां पदम् ।
वृणुते हि विमृश्यकारिणं
    गुणलुब्धाः स्वयमेव संपदः ॥

કોઈ પણ કામ ઉતાવળે, વગર વિચાર્યે કરવું એમાં ભારે મોટી મુસીબતો ઊભી થાય છે અને વિચારવાન વિવેકી પુરુષો દીર્ઘદૃષ્ટિથી જે પગલાં ભરે છે તેને વિજય અને સંપત્તિ આપોઆપ આવીને વરે છે.×

× આ શ્લોક માટે એક બોધદાયક દંતકથા પ્રચલિત છે.

વિદ્યાના ચઢી ગયેલા ગુમાનના પ્રાયશ્ચિતરૂપે મહાકવિ ભારવિ માતપિતાને પગે લાગી પોતાના સાસરાના ઘર તરફ ચાલી નીકળ્યો ત્યારની વાત છે.

ત્યાં ભરવાડના વેશે સાસરાની ગાયો ચરાવે છે. રોજ નદીકિનારે વડના થડમાં બેસી કવિ ભારવિ વાંસળી વગાડે અને કાંઠાના કેડપૂર ઘાસમાં ગાયો ચારે.

એકવાર શ્રાવણ માસના વ્રતના દિવસોમાં કુમારિકાઓ નદીએ નાહવા આવી. દરેકને સાસરેથી કંઈ ને કંઈ ભેટ આવી હતી. કોઈને ત્યાંથી કપડાં તો ક્યાંઈથી મીઠાઈ. કોઈએ ઘરેણાં મોકલેલાં. માત્ર ભારવિના ગરીબ પિતાએ કાંઈ મોકલેલું નહીં. બીજી કન્યાઓ ભારવિની ભાવી પત્નીની મશ્કરી કરવા લાગી. ભારવિ સાંભળી રહ્યો છે. એ બિચારી રડવા જેવી

મહારાજ યુધિષ્ઠિર ભીમસેનને સમજાવે છે:

अभिवर्षति योऽनुपालयन्
विधिबीजानि विवेकवारिणा ।
स सदा फलशालिनीं क्रियां
शरदं लोक इवाधितिष्ठति ॥

જે ડાહ્યો પુરુષ ધીરજપૂર્વક કાર્યના સારાસારપણાનો વિચાર કરી, સદ્વિચારરૂપી બીજને વિવેકરૂપી જળનું સિંચન કરે છે, તે શરદ્ઋતુમાં મહેનતુ ખેડૂત ધાન્ય મેળવે તેમ સત્કાર્યનાં સુફળ પ્રાપ્ત કરે છે.

शुचि भूषयति श्रुतं वपुः
प्रशमस्तस्य भवत्यलंक्रिया ।
प्रशमाभरणं पराक्रमः
स नयापादितसिद्धिभूषणः ॥

વિચારશીલ પુરુષના શરીરનું આભૂષણ પવિત્રતા છે. વિચારવાન અને પવિત્ર પુરુષની શાંતિ તથા સંયમ એ એનો અલંકાર છે. એવા પુરુષની શાંતિનું આભૂષણ તેનું પરાક્રમ છે. એ શાંતિ, સંયમ, પરાક્રમ, પવિત્રતા બધું નીતિના માર્ગથી પ્રાપ્ત થાય છે. સર્વસિદ્ધિનો પાયો આવી નીતિમાં જ રહેલો છે.

તમે કહેશો કે આવી નીતિની વાતો કરીને જ આપણી આ દશા થઈ છે. મહાસતી દ્રૌપદી નીતિના માર્ગની અવગણના કરે છે; પરંતુ આ જગત નીતિના આધારે

થઈ ગઈ એટલે ભારવિ નીચે ઊતર્યો. બીજી કન્યાઓને જરાક હાક મારીને બોલ્યો: 'કેમ અલી છોડીઓ, એને–બ્રાહ્મણની દીકરીને કોચવો છો? શું છે તારે બાઈ, મને વાત કર. ન બોલે તો કાંઈ નહીં. આ લે આ ચિઠ્ઠી, ગામના નગરશેઠને આપજે. એક પંડિતે મને આ કાગળ આપ્યો છે. એમાં જાદુ છે. તને ઘણા બધા પૈસા મળશે. જા ઝટ.'

બ્રાહ્મણકન્યા તો રાજી થઈને શહેરમાં ગઈ. નગરશેઠને કાગળ પહોંચાડ્યો. શેઠ ઘણો ડાહ્યો હતો. એમાં આપણે ઉપર વાંચ્યો તે શ્લોક લખ્યો હતો. શેઠે એક સો સોનામહોર આપી અને કહ્યું: 'બીજી હું વિદેશથી પાછો ફરું ત્યારે લઈ જજે.'

શેઠે એ શ્લોક પતરામાં મઢાવી પોતાના શયનગૃહનાં બારણાં ઉપર લટકાવ્યો. થોડા વખતે એ જાવા-સુમાત્રા ગયો. ચાર વર્ષનો પુત્ર અને યુવાન પત્નીને મૂકીને શેઠ દેશાવર ઊપડ્યો.

બાર વર્ષે પાછો ફર્યો. પોતે એકલો પ્રથમ રાતને બીજે પહોરે ગામમાં આવ્યો. પોતાની માઢ મેડી ઉપર ચડ્યો. ઓરડામાં નજર કરે ત્યાં શેઠાણી કોઈ યુવાન સાથે સૂતી છે. બારબાર વર્ષે ઘેર આવેલા શેઠની આશાના ચૂરેચૂરા થઈ ગયા. વિશ્વાસભંગથી એ સળગી ઊઠ્યો. કમરેથી તલવાર ખેંચી, પણ અચાનક તલવારની અણી પેલા પતરામાં જડેલા કાગળ સાથે અથડાઈ. ઉપર ઝાંખો દીવો બળતો હતો. શેઠે શ્લોક વાંચ્યો:

सहसा विदधीत न क्रिया–
मविवेकः परमापदां पदम् ।

ઉતાવળે કોઈ કામ ન કરવું. નહિતર ભારે દુઃખ આવી પડે છે.

તલવાર મ્યાન કરી, ધીરજ રાખીને એ ઓરડામાં દાખલ થયો. યુવાનનું મુખ નીરખીને જોયું-જુએ તો ચાર વર્ષનો મૂકી ગયેલો પુત્ર સોળ વર્ષનો યુવાન થયો હતો. હાથનો અંગૂઠો પાકેલો તેથી શેઠાણી મોંમાં રાખીને દીકરાને પંપાળતી જરાક જંપી ગયેલી. શેઠને આનંદ થયો.

બીજે દિવસે સવારે પંડિતની દીકરીને બોલાવી. એ તો સાસરે ગયેલી. એક હજાર સોનામહોર ભારવિને ઘેર મોકલી આપી.

ભારવિની પત્ની વિચારમાં પડી. બાળબચ્ચાં સાથે એ ભારવિની સાથે સુખમાં રહેતી હતી. આ સોનામહોરો જોઈને ભારવિએ પૂછ્યું: 'આ શેઠ કોણ છે? તમારા પિતાના મિત્ર લાગે છે,' 'ના, ના. એમને મારા પિતા સાથે મૈત્રી નથી, પણ હું નાની હતી ત્યારે તમારે ત્યાંથી વ્રતને દિવસે કશું આવેલું નહિ, તેથી એક ભરવાડે મને એક કાગળમાં લખેલો શ્લોક આપેલો. શેઠને એ ગમી ગયો તેથી એ વખતે સો સોનામહોર આપી હતી. અને આજે જ એટલા માટે જ આ હજાર મહોર મોકલી લાગે છે.'

ભારવિએ સહેજ હસીને શ્લોક બોલી બતાવ્યો, અને કહ્યું: 'એ જ શ્લોક હતો ને અને એ ભરવાડની સામે તમે કદી જોયેલું? એનો ચહેરો તમારા આ પંડિતને મળતો હતો?'

એ વખતે બધો ભરમ ભાંગ્યો અને ભારવિના પાંડિત્ય તથા ચાતુર્ય ઉપર પંડિતાણી મુગ્ધ બન્યાં.

જ ટકી રહેલું છે. નૈતિક બળ એ જ જગતનો સાચો આધાર છે. એ વાત ખરી છે કે જ્યાં અનીતિ કરનારા માણસો વસે છે, ત્યાં નીતિમાનને હંમેશાં દુઃખ ભોગવવું જ પડે છે; પરંતુ–

स्पृहणीयगुणैर्महात्मभि-
श्चरिते वर्त्मनि यच्छतां मनः ।
विधिहेतुरहेतुरागसां
विनिपातोऽपि समः समुन्नतेः ॥

જેઓ નીતિને માર્ગે ચાલવા ઇચ્છે છે તેવા પ્રશંસનીય, ગુણવાન મહાત્માઓના માર્ગમાં દુઃખ અને સંકટો તો પડેલાં જ હોય છે. અથવા કહો કે એ સંકટો અને દુઃખોને લીધે જ એવા પુરુષોનાં જીવન ઉન્નત બને છે અને તેમનામાં સદ્‌ગુણો સોળે કળાએ ખીલી ઊઠે છે.

क्व चिराय परिग्रहः श्रियां
क्व च दुष्टेन्द्रियवाजिवश्यता ।
शरदभ्रचलाश्चलेन्द्रियै-
रसुरक्षा हि वहुच्छलाः श्रियः ॥

વળી તમે જેને સુખ કહો છો તે ખરું સુખ નથી. કૌરવો જે લક્ષ્મી અને ઇંદ્રિયસુખ ભોગવી રહ્યા છે તે નાશવંત છે. ચંચળ લક્ષ્મીને સદાને માટે કોઈ પણ રાખી શકતું નથી. તેવી જ રીતે ઇંદ્રિયોના ઘોડા પણ લાંબો સમય કાબૂમાં રહી શકતા નથી. શરદઋતુનાં વાદળાંના જેવી લક્ષ્મી અને ઇંદ્રિયો ચંચળ છે; માટે એનાથી પ્રાપ્ત થતા સુખની પાછળ પડવું એમાં વિવેક-વિચાર નથી.

વળી તમે બન્ને દુર્યોધન ઉપર ચડાઈ કરીને અત્યારે તેને હરાવવાની વાત કરો છો એ પણ યોગ્ય નથી.

કારણ કે–

अभियोग इमान्महीभुजो
भवता तस्य कृतः कृतावधेः ।
प्रविघाटयिता समुत्पतन्
हरिदश्वः कमलाकरानिव ॥

આપણે દુર્યોધનાદિ સાથે કરાર કર્યો છે. બાર વર્ષ વનમાં રહેવું અને તેરમું વર્ષ ગુપ્ત રહેવું. આ અવધિ આપણે પાળવી જ જોઈએ. એમાં આપણી નીતિમત્તા છે–પ્રામાણિકતા છે. જો આપણે અવધિને ન વળગી રહીએ અને નીતિને કોરે મૂકીને કૌરવો સાથે યુદ્ધ શરૂ કરીએ, તો બીજા રાજાઓ જે આપણા નૈતિક બળને માન આપે છે, જેઓ આપણી સત્યનિષ્ઠાથી આપણા પક્ષે રહેવા ઇચ્છે છે તેમનાં મન આપણી વિરુદ્ધ થઈ જશે અને તેમની સહાયથી દુર્યોધન સૂર્ય જેમ કમળદળને ભેદે છે તેમ નૈતિક કવચ તૂટી જતાં આપણો નાશ કરશે.

તમે એમ કહો છો કે કૌરવો ઉન્મત્ત બની ગયા છે. એમનું અભિમાન ઉતારવું જોઈએ. પણ એમનું અભિમાન ઉતારવા સારુ આપણે મિથ્યા કુલાભિમાની થવાની જરૂર નથી. એ તો અભિમાન પોતે જ પોતાનો નાશ કરે છે

लघुवृत्तितया भिदां गतं
वहिरन्तश्च नृपस्य मंडलम् ।
अभिभूय हरत्यनन्तरः
शिथिलं कूलमिवापगारयः ॥

દુર્યોધન પોતાની ઉદ્ધતાઈથી મંત્રીમંડળમાં અને રાજવીમંડળમાં આપમેળે અળખામણો થઈ જશે. પ્રજાનો પ્રેમ પણ એ ગુમાવી બેસશે. પ્રધાનો, મિત્રરાજાઓ અને પ્રજાના પ્રેમથી વિખૂટો પડેલો રાજા નદીના પ્રવાહથી ઢીલા પડી ગયેલા કિનારાની પેઠે આખરે તૂટી પડીને નાશ પામશે.

એટલે અવધિ પૂરી થતાં પર્યંત તમે ધીરજ રાખો. આમ ધર્મરાજ શાંત નીતિવચનોથી ભીમસેનને સમજાવી રહ્યા હતા, એ વખતે સાક્ષાત્ સત્યની મૂર્તિ જેવા વ્યાસ મુનિ ત્યાં આવી પહોંચ્યા. બન્ને ભાઈઓ તથા દ્રૌપદીએ પ્રણામ કરી તેમનું સ્વાગત કર્યું.

વ્યાસ મુનિના કલ્યાણકારી આગમને આશ્રમસ્થાનમાં સાત્ત્વિકતા પ્રસરાવી દીધી અને દિલનો ઉકળાટ શમાવીને પાંચાલી અતિથિસત્કારમાં પ્રવૃત્ત થયાં.

* * *

સ્નેહસંગમ

લેખક :

શ્રી શિવશંકર પ્રાણશંકર શુક્લ

નર્મદા અને ઓરનો કરનાળી આગળનો સંગમ એટલે દક્ષિણ પ્રયાગ; પણ રેવાજીને મળવા આવતાં પહેલાં ઓર પોતાની સાથે અનેક નાનીનાની નદીઓને ભેળવતી આવે છે. તેમાં સૌથી છેલ્લી ભળનાર હેરણ છે...એ આખું જૂથ વિંધ્યવાસિનીઓનું જ છે.

જોજવા સુધી ઓર પોતે ઠીકઠીક પાણીદાર છે, પણ પ્રકૃતિના એ નિસર્ગરમ્ય ને મધુર ગાન ગાતા પ્રવાહને જોજવા આગળ બંધ બાંધીને થંભાવી દેવામાં આવ્યો છે. અને નદીનું સંગીત, એનું સૌંદર્ય, એનો પ્રભાવ, અરે! એનું જીવન માત્ર એનું પાણી. તેને જોજવાના બંધે વઢવાણના તળાવમાં વાળી લીધું છે. એનાથી મેવાસની ડાંગર ભલે લહેરાતી હોય, પણ નદી બિચારી ક્ષીણકાય થઈ ગઈ છે.

સંખેડા આગળ તો એ માત્ર એક પાણીની રેખા જેવડી જ વહ્યા કરે છે અને વેળુના વિશાળ પટમાં એને શોધવી પણ મુશ્કેલ થઈ પડે છે. છતાં પંચેશ્વર આગળ જ્યારે એને ઉચ્ચ આવીને ભળે છે, ત્યારે પાંડુરોગીની શિરામાં નવું રક્ત પુરાય તેમ ઓર નવું ચેતન પામે છે. ચોમાસામાં જળબંબાકાર થઈ જતી હોવા છતાં પણ શરદમાં તો એ પાછી પાતળી પડી જાય છે અને ગ્રીષ્મમાં ભલભલી નદીઓનાં નીર સુકાય ત્યાં એનું શું ગજું! છતાં ઉચ્ચ એને સાવ લુપ્ત થવા દેતી નથી.

પણ આગળ ચાલતાં ગામડી ને ભીલોડિયા આગળ જ્યારે હેરણનાં મસ્તાનાં પાણીનાં મોજાં ફાટુફાટુ કરતાં આવી પહોંચે છે, ત્યારે ઓર ફરી પાછી પરિપુષ્ટ થઈ જાય છે અને ભારતીમૈયાની કટિમેખલા સુધી પહોંચી જવાની એનામાં તાકાત આવે છે.

એ સંગમે જવાનો સંકલ્પ તો ઘણા વખતથી હતો તે સહેજે ફળ્યો. મારો વિચાર તો તેનતલાવથી સામે ઓરડી આગળ ઓરસ્નાન કરવા જવાનો હતો, પણ તે ફેરવી નાખી વડજથી ઓર–હેરણ સંગમે પહોંચવાનો નિશ્ચય કર્યો. વડજથી અમે અજવાડા જવા નીકળ્યા. ગાડાચીલો પોતાની અનુકૂળતાએ ચાલતો હતો અને એ અમને થાક લગાડ્યા વગર રહે એમ નહોતો, એટલે અમે એની દોસ્તી ન સાધી. બિચારી પગથી અનેકનાં ખેતરોમાં સ્વૈરવિહાર કરતીકરતી ગાડાચીલાને હરાવતી દોડી જતી હતી. એનું આમંત્રણ અમે સ્વીકાર્યું અને વાટ ટૂંકી કરવા લાગ્યા.

હોળી હમણાં જ ગઈ હતી. વસંતે પોતાનો રંગ જમાવ્યો હતો. આંબા મોર ને મરવાથી લચી પડતા હતા. કોયલના ટહુકારથી એ સજીવન બનતા હતા. વાડોમાં ભાતભાતનાં પુષ્પો ખીલ્યાં હતાં. વનસ્પતિઓ તો રહી મારી પ્રિય સખીઓ એટલે એ જ્યારે નેત્રપલ્લવીથી ઇશારો કરતી, ત્યારે તેની પાસે દોડી જવાનું મન થતું, તે માત્ર સંગમ જોવાની તલપાપડે જ રોકી લીધું. શુભ્ર કપાસની જનની કાનમની માટી સાધારણ રીતે તો શુભ્ર દિવસની જનની રાત્રી જેવી કાળી ડૂમ, પણ અહીંથી તો ઓરના અજવાડા સુધીના કિનારા સુધી મઝાની લાલપીળી હતી. તેમાં રંગબેરંગી નાનાંમોટાં પંખીઓ આમથી તેમ ઊડતાં, ગાતાં કે ચણતાં દેખાતાં. ક્યાંક કોઈક વટેમાર્ગુ પણ મળી જતો. એવામાં એક મોટું વાંઘું આવ્યું. અહીંથી ઓરની

શુક્લ
લા સુધી
આવે છે.
તો ઘણુ
રો વિચાર
ગળ ઓર.
તે ફેરવી
ગમે પહોં-
અમે અજ-
પોતાની
એ અમને
તો, એટલે
યારી પગથી
કરતીકરતી
જતી હતી.
અને વાટ

ંતે પોતાનો
ને મરવાથી
ડુકારથી એ
ભાતભાતનાં
ા તો રહી
જ્યારે નેત્ર-
તેની પાસે
ગમ જોવાની
કપાસની
ણુ રીતે તો
કાળી ડૂમ,
ાડા સુધીના
હતી. તેમાં
ા આમથી
માતાં. ક્યાંક
ા. એવામાં
ંથી ઓરની

નિશાનીઓ શરૂ થઈ. એક કાળે કદાચ એનો પ્રવાહ શી ખબર કે આ માર્ગે થઈને નહીં વહેતો હોય!

છેવટે અમે અજવાડા આવી પહોંચ્યા. નદીની ધાર ઉપર શિકોતર માતાનું મંદિર હતું અને ત્યાં રસ્તો નીચો ઊતરી નદીમાં ચાલ્યો જતો હતો. સૂર્ય ભગવાનની સવારી હજુ કાનમ પર આવી નહોતી. તે તો સામે કિનારે સંખેડા મેવાસમાં હમણાં જ ફરવા નીકળ્યા હોય એમ લાગતું હતું. એમની કોમળ જ્યોત ઓરના પ્રવાહના તરંગોએ નાચતી હતી, પાણી ભરતી બહેનોનાં બેડાં પર ચમકતી હતી અને કિનારો ચડતી બહેનોનાં હારબંધ ચાલ્યાં આવતાં દેવળનાં શિખરોના કળશ જેવાં બેડાં પર સૂર્યરશ્મિ સંતાકૂકડી રમતાં હતાં.

શિકોતરી માતાના મંદિર આગળ ઊભા રહી સામેના અવર્ણનીય દૃશ્યને આંખોની કીકીમાં આંજી લેવા માંડ્યું. કાનમની રસાળ ભૂમિ અહીં ઓરનાં દર્શન કરી થંભી જતી હતી. ઉત્તરમાં નજર છેક ક્ષિતિજ પર ફેંકી ત્યાં ઓર ને હેરણ વાતો કરી રહ્યાં છે એમ મારા સાથીએ કહ્યું, પણ તે સ્થાન તો હજુ એક બિંદુ જેવડું જ દેખાતું હતું. ઓરનો દેખાવ પણ અહીં નિતાંત રમણીય હતો, પ્રભાતે અને વસંતે પણ એના સૌંદર્યને વધારવામાં પૂર્તિ કરી હતી.

અમે નદી ઓળંગી અને અકોટી પહોંચ્યા. મારા સાથી ત્યાંના શિક્ષક હતા. વડજથી અકોટી રોજ આવતા. એક વડલા નીચે મહાદેવના મંદિરની બાજુની નાનકડી ધર્મશાળામાં બાળકો એકઠાં થયાં હતાં. કિનારા ઉપર ઊંચવાશમાં અકોટી હતું અને પાસે એક પીરની મોટી દરગાહ હતી. અકોટીથી ઓરને કિનારેકિનારે અમે ગામડી તરફ ચાલવા લાગ્યા. ઓરની કરકરી રેતીમાં દારૂડી, ભોટિંગડી, ધંતૂરા, છીણી ઊગ્યાં હતાં. અનેક પક્ષીઓએ ચાલીને નદીમાં ભાત પાડી હતી. પવને પણ ઓકળીઓ પાડી હતી. નાનાંનાનાં જીવજંતુઓ નદીના જગતમાં પોતાની અદ્‌ભુત જીવનલીલા માણી રહ્યાં હતાં.

થોડી વાર તો પાણી જમણે કિનારે વહેતું રહ્યું એટલે અમે રેતીમાં ચાલતેચાલતે આગળ વધવા લાગ્યા, પણ એવામાં પ્રવાહે પોતાનો માર્ગ બદલ્યો હોય એમ દેખાયું. તે વચ્ચે થઈને વહેવા લાગ્યો; એટલે અમે પણ કિનારો બદલવાનો વિચાર કરી પાણી ઓળંગ્યું. ચોમાસામાં નદી જે મહામૂલો કાંપ ઘસડી લાવી હતી, તેની પોપડીઓથી રેતી છવાઈ ગઈ હતી. એ બધીનો ખાતર તરીકે ઉપયોગ થાય તો!

આમ અમે નદીના જીવનકાવ્યને વાંચતા ને નિહાળતા, અનેક ચર્ચાઓ કરતા સંગમ તરફ આગળ વધતા હતા; તેવામાં ઓરનો ડાબો કિનારો ખૂબ જ ઊંચો થઈ ગયો અને જમણો સાવ નીચો નમી ગયો. નમી ગયેલા કિનારા તરફ દૃષ્ટિ ફેરવી તો ઓરની દિશા જ ફરી ગયેલી દેખાઈ. એના નીચા નમી ગયેલા કિનારા બન્ને બાજુએ ફરી પાછા ઊંચા થઈ ગયા હતા અને સામે જે તટ ઊંચો થઈ ગયો હતો ત્યાં જ બે નદીઓ કલ્લોલ કરી રહી હતી. બસ, અમે આવી પહોંચ્યા હતા.

પછી તો અમે તે તરફ વળ્યા. અજવાડા આગળ ઓરનો જળરાશિ વિપુલ હતો. અહીં તો કોઈ કુંવારિકાની અલકલટોના જેવી માત્ર બે જ શ્વેત રેખાઓ ચાલી આવતી હતી. ત્યાં ઊભા રહીને ઓરના નવા માર્ગ તરફ જોયું તો નદીની કાયા ઘણી મોટી દેખાતી હતી, પણ તેમાં પાણી તો માત્ર રેખાકારે જ આવતું હતું. હેરણ નદી તો નાની પણ તેથી શું? એ લાવતી હતી પાણીના ઓઘના ઓઘ. કાલિંદી જેવાં કાળાં ડૂમ પાણી અને તેમાં

ઊછળતાં લાંબાંલાંબાં ને શુભ્ર ફીણ ઉછાળતાં મોજાં સામેની દિશામાંથી આનંદમાં હિલ્લોળતાં ધસી આવતાં હતાં. હેરણમાં ઓર ભળતી હતી કે ઓરમાં હેરણ એ કહેવું સહેલું હતું, પણ પોતાની મોટી બહેનને જોતાં હેરણને આનંદ થતો હતો. પોતાની મોટાઈ બતાવવાની એને ઇચ્છા પણ શી રીતે થાય! એટલે પોતાના એ ઊંડા જળપ્રવાહને એણે સંકેલી લીધો. એ બહેન સમોવડી પણ ન રહી. એણે છેલ્લી ઘડીએ તો ઓર કરતાં પણ નાનું રૂપ ધારણ કરી લીધું. છેક રતનમાળથી થાકીપાકી ચાલી આવતી ઓર સામેના ભેખડને ટકરાઈ ન પડે એટલે એણે પોતાનો પુષ્ટ દેહ એ કિનારા આગળ વાળી લઈ ઓરને સહીસલામત આવવા દીધી. અને કોણ કોને મળ્યું? બન્ને એકીસાથે મળ્યાં, બેલડીએ વળગી પડ્યાં. મારાથી બોલાઈ જવાયું: नदीमुखेनैव नदीं हि स्पर्शति ।

બે પ્રવાહો એક થઈ ગયા. ઓરનો સ્પર્શ થતાં જ હેરણ શ્વેત થઈ ગઈ અને બે ડગલાં પછી તો એણે પોતાનું સમગ્ર ઓરરૂપ કરી દીધું. કેવું એ સંગમનું દ્વૈતાદ્વૈત કાવ્ય! આ સ્નેહસંગમ એક બાજુ ગામડી અને બીજી બાજુ ભીલોડિયા જોઈ રહ્યું હતું અને સામે આંબાની ઘટામાં મહાદેવની ધજા ફરકી રહી હતી. હેરણ ખૂબ ઊંડાણમાંથી ચાલી આવતી હતી. એણે પહેલાં ઉત્તરમાં ક્યાંક ઓરને જરૂર જોઈ લીધી હશે, પણ ત્યાં એ કેમ નહીં દોડી પહોંચી હોય?

નદીઓના પ્રવાહો ભેગા થતા હતા ત્યાં બેસી અમે નાહ્યા. પાણીમાં પણ ઓરની વાલુ સ્પષ્ટ દેખાતી હતી અને એ વેળુના કણેકણે કાવ્યપંક્તિઓ રમતી હતી. એના સૌંદર્યમાં અમે કલાકેક બેઠા.

અમારી ડાબી આંખ ઓર ઉપર મંડાઈ હતી અને જમણી હેરણ ઉપર. ક્યાં શહેરોની ધમાલ ને ક્યાં આ ભરીભાદરી શાંતિ! નાહીધોઈ અમે સામેના શિવાલય તરફ ગયા. આંબાની ઘટામાં એ મંદિર આવેલું હતું. સોમવાર હતો એટલે એના ગભારામાં બેસી એક બ્રહ્મદેવ રુદ્રીપાઠ કરી રહ્યા હતા અને બહાર એક આધેડ માણસ લાકડાની તકલી ઉપર સીધો કપાસમાંથી જ કાંતી રહ્યો હતો. હવે અમે જરાક ઊંચાણમાં હતા. ભીલોડિયાનાં ઘર સ્પષ્ટ દેખાતાં હતાં, તેમ ઓર અને હેરણ સ્પષ્ટ દેખાતી હતી...ઓર એક મોટો વળાંક લઈને બરાબર દક્ષિણવાહિની થઈ જાય છે તે જ બિંદુ ઉપર હેરણ આવીને એને મળે છે, ત્યાં જ આ શિવાલય ઊભું છે.

પછી અમે ફરી ઓરની રેતીમાં ઊતર્યાં. રેતીમાં એરંડા વાવેલા હતા. ઓરની રેતી ગૂંદતાગૂંદતા તેના પાતળા પ્રવાહને વટાવી સામો કિનારો ચડી ગયા. સૂર્યદેવની સવારી પણ કાનમમાં પેસી ચૂકી હતી.

કિનારો ચડ્યા ત્યારે કંઈ જુદો જ દેખાવ જણાયો. અરે! હેરણની પેલી મેર તો વજેરિયાની ટેકરિયો દેખાતી હતી, તેથી યે દૂર વિંધ્યની આછી વાદળી રેખા નજરે ચડતી. બીજી બાજુ ઓરના સામા કિનારાનાં ગામો નજરે પડતાં અને અમો ઊભા હતા તે કિનારે જરાક આગળ સિદ્ધપુર ઊભું હતું. અમે પણ કોઈ જૂના દટંતર ઉપર ખડા હતા. જરૂર ત્યાં કોઈક ગામ વસ્યું હશે. આખી મુસાફરીમાં આ દૃશ્ય વધુ આકર્ષક હતું. ઓર ને હેરણ પોતપોતાની દિશામાંથી ચાલી આવતી દેખાતી ને પાછી એક થઈ વહેતી યે દેખાતી હતી. આ અનુપમ સ્નેહસંગમની શોભા જોવા હવે અમને સૂર્ય ઊભા રહેવા દે એમ નહોતો એટલે પછી અમે પૂંઠ ફેરવી.

★

અળસી ભગત

લેખક :

શ્રી છગનલાલ પરમાર

'ભગત! એ ભગત!' જુવાનીના ઉંબરમાં પગ મૂકી રહેલી એક છોકરીએ ખડકીના ઉંબરમાં પગ મૂકીને સાદ પાડ્યો:

પણ ભગત તો ચાકડો ઘુમાવવામાં લીન હતા, અને એથી યે વધુ લીન તો 'રઘુબર, તુમકો મેરી લાજ!' એ પદ લલકારવામાં. છોકરી એમને જોઈ રહી, એમના ઘેરા ખટકદાર રાગને સાંભળી રહી. સામે ફળીમાં જ એ બેઠા હતા–ઉઘાડે વાંસે, પછેડીભર ને ઊભડક પગે. ચાકડો ઘૂમતો હતો. માથે માટીનો પિંડો મૂકયો હતો. ભગત ટપલેથી ટીપતા જતા હતા. ઠામનો ઘાટ ઘડાતો આવતો હતો.

ત્યાં ને ત્યાં ઊભીને પણ જરા જોરથી છોકરીએ પાછો સાદ કર્યો. આ વખતે સાદ ભગતના કાનમાં થઈ ને મગજ સુધી પહોંચ્યો. ચાકડો ચાલુ રાખીને જ તેમણે સામું જોયું ને કહ્યું:

'અંદર આવો ને! ડેલીએ જ કેમ થંભી ગયાં?'

છોકરી અંદર આવી, પણ ભગતને કાંઈ ઓળખાણ ન પડી. ઘરાક ધારીને પૂછ્યું:

'શું જોઈએ છે?' ને સામેના નીંભાડા તરફ જોઈને ઉમેર્યું: 'તાવડી, માટલું કે હાંડલું?'

'જે'તું કાંઈ નથી.' ચૂંદડીનો છેડો મોં આડો ધરી છોકરી મરકમરક મલકી રહી.

ભગતનો ચાકડો તો ઘૂમતો જ રહ્યો, પણ સાથોસાથ તેના મોં પર કુતૂહલનો ચાકડો ઘૂમતો થયો.

છોકરીએ ઘટસ્ફોટ કર્યો: 'હું કંકુ, ભૂરાભાઈની દીકરી.'

'કોણ ભૂરાભાઈ?' ભગતને હજી પૂછવું પડ્યું.

'ભૂરાભાઈ કુંભાર,' છોકરીએ વધુ સ્ફોટ પાડ્યો.

'હેં!' ભગતના કુતૂહલનો ચાકડો જાણે 'ફ્યૂસ' લઈ ગયો હોય એવો ભર્યો-ભર્યો અવાજ આવ્યો. પેલો સ્થૂળ ચાકડો એકદમ થંભી ગયો. ભગતની નજર કંકુ પર ચોંટી રહી.

'અંજુની દીકરી!' ભગતના અવાજમાં મધુર આત્મીયતા ઊભરાઈ આવી. 'બરાબર તારી મા પર જ ઊતરી છો ને શું!' કહીને ભગત કૈંક જૂના સંભારણામાં સરી પડ્યા, ભાવવહેણમાં તણાવા લાગ્યા. કંકુ જોઈ રહી. તરત જ ભગતે સ્વસ્થતા સાધી લીધી.

'તારી આખી જિંદગીમાં કોઈ દી કહેતાં કોઈ દી નહિ ને આજ ભૂલી પડી ગઈ, બેટા?'

'મારા બાપુએ મોકલી છે.'

ભગત વળી ચમકયા. થોડી વારે બોલ્યા: 'કોઈ કહેતું'તું, તારા બાપુને મજા નથી. કેમ છે હવે?'

'એમ ને એમ. ઈ પડ્યા ખાટલે. અમે મા–દીકરી સવારે ઊઠ્યાં, તંયે જાગતા પડ્યા'-તા. કહે: 'આજ આખી રાત મૂંઝવણ આડે નીંદર નથી આવી, જાણે મણમણના મણિકા છાતી પર ન મેલ્યા હોય! છેવટે તોડ કાઢ્યો છ. બધું સમુંસુતર ઊતરી આવે તો મૂંઝવણ ટળી જાય.' મૂંઝવણનું પૂછ્યું તો કહે, 'અટાણે ને અટાણે ઊભાઊભા ભગતને બરકી આવો.'

એકેએક વાકયે ભગત આશ્ચર્યના આંચકો અનુભવતા ગયા. વીસેક વરસથી સામા માણસને ઉંબરે પગ નહોતો મૂકયો. જવું

કે નહિ, એવી દુવિધા ઘડીભર થઈ, પણ એમનું ભક્તહૃદય વહારે ધાયું ને એમને સાબદા કરી દીધા.

'તું તારે જા, બેટા! હું આ આવ્યો.'

'અબઘડી જ, હોં!'

'એમાં પછી કહેવાપણું ન હોય,' ભગતે ઊભા થઈને ભીંતની ખીંટી પરથી ફાળિયું લઈ માથે વીટતાંવીટતાં કહ્યું. કંકુએ જતાં-જતાં ઘર સામે નજર નાખીને પૂછ્યું:

'ઘરમાં કેમ કોઈ દેખાતું નથી?'

'નરસી ને એની મા માટી ખોદવા ગયાં છે.'

'અટાણુના પહોરમાં?'

'હા, તડકો તપ્યા મોર્ય આવતા રહેવાય.'

'તંયે તો મા-દીકરો ભારે કામઢાં!' અને પગ ઉપાડતાં-ઉપાડતાં તે વળી થંભી ગઈ. તેના મનમાં કૈંક વાત ઘોળાતી લાગી. કહું કે ન કહું, એમ થતું હતું. આખરે સંકોચાતાં-સંકોચાતાં કહી નાખ્યું:

'તમારો દીકરો પણ તમારા જેવો જ ભગત થાશે, હોં!'

'કેમ જાણ્યું?' ભગતના અવાજમાં સંતોષ ને વિનોદ તરી આવ્યા.

'માણસ વરતાણા વગર રહે કાંઈ? રસ્તા વચ્ચારે આંખ ઉપાડીને કોઈ સામું ન જુએ! બસ, નીચી ને નીચી નજર! તંયે બીજાઓ તો મારા રોયા સામું જ જોયા કરે,' કહેતાંકહેતાં કંકુના ઘાટીલા ફૂલ-ગુલાબી ગાલ પર કંકુ રેલાઈ આવ્યું.

'નીચી નજર રાખવામાં જ માલ છે. સામું ને સામું જોઈ રહેનારાને પછી પસ્તાવા-વારો આવે,' કહેતાંકહેતાં ભગત વળી ભૂતકાળમાં ડૂબકી મારી ગયા.

કંકુ કુતૂહલ અનુભવતી અને ભર્યાં-ભર્યાં અંગ ઉપરથી ઊડું ઊડું થતી ઓઢણીનો છેડા સંકોરતી ઘેર દોડી ગઈ. ડેલીને ઠાલી સાંકળ વાસીને ભગત પણ પાછળપાછળ, ઉઘાડે વાંસે ને ઉઘાડે પગે ચાલી નીકળ્યા. સાથેસાથે સ્મૃતિ એમને ભૂતકાળની ભોમ પર ચલવી રહી.

ગધેડા પર લગડું મૂકી, એમાં માટીનાં ઠામ ભરી બાપુ જૂનાગઢની બજારમાં વેચવા જતા. હારે પોતે પણ જતો. રસ્તે મજેવડી ગામ આવે. ત્યાંથી અંજુના બાપુ પોતાનું ગધેડું લઈને સાથ પુરાવે. નાનકડી અંજુ પણ હારે હોય. એમાંથી એકબીજાને લગની લાગી. મોટાં થતાં ગયાં તેમ તેમ એ લગની વધતી ચાલી. હતાં પણ એકબીજાની જોડ-કહાનગોપીની જોડ જાણે! બેઉનાં માબાપે પણ મૂંગી હા ભણી.

પછી તો એક વાર એકલાં જવાનો પણ મોકો મળી ગયો. જૂનાગઢનો રસ્તો એટલે ખાખરાનાં વનનાં વન. વસંતઋતુમાં ઢગલા મોઢે કેસૂડાં ખીલે. કેસૂડાંનાં રૂપરંગની માદકતા, પંખીઓનો ભર્યોભર્યો કિલકિલાટ ને સીમના વાવડાની મોકળાશ ગમે તેવા હૈયાને હેલે ચડાવે! ત્યારે આ તો પ્રીતિ-ભર્યાં જુવાન હૈયાં ને વળી એક થવાનું માની બેઠેલાં! પછી શું કહેવું? પ્રીતિના પ્રથમ કાંટા તોફાનરૂપે જ ફૂટે.

એક વાર જૂનાગઢથી પાછા ફરતાં રસ્તામાં નદી આવી, ત્યારે અંજુએ ખાખરા-નાં પાનનો પડિયો બનાવ્યો. એમાં ઉતાવળે થોડાંક કેસૂડાં ઘોળી નાખ્યાં, મજાનો મીઠો પીળો રંગ બનાવ્યો, ને નદીના વહેણમાં ખોબલેખોબલે પાણી પીતા અળસીને રંગમાં રોળી મૂક્યો. અળસી ઊભો થાય ત્યાં તો અંજુએ જોરથી ડફણું મારીને પોતાના ગધેડાને દોડાવી મૂક્યું ને પોતે પણ પાછળ દોટ મૂકી ભાગી ગઈ.

'કોઈને રંગીને ભાગી જવું એમાં બા'દુરી કઈ?' અળસીએ પોતાના ગધેડા

થી પાછળ દોટ મૂકતાં કહ્યું.

'અમે કે'દી બા'દુરીનો એંકાર કર્યો ?'

તોફાન-મસ્તી વચ્ચે યે અંજુનો ઋજુ સ્વભાવ તરી આવ્યો.

'પણ તને હું નહિ છોડું.'

'ઈ તો જોયું જાશે.' અંજુએ મશ્કરી-માં યે અળસીને ચાનક ચડાવી.

અળસીએ વેગ વધાર્યો, પણ સામું ગામ નજીક આવતાં ને સામેથી કોઈ આવતું હોવાથી અળસી ધીમો પડી ગયો ને વાત ત્યાં જ અટકી ગઈ.

માબાપ સમજી ગયાં, છોકરાં લોકજીભે ચડે એ અગાઉ વેશવાળ કરી દઈએ, પણ ત્યાં તો ધરતીકંપ જેવી ઘટનાઓ એકપછી એક એવી બની કે બધી ધારણા ઊંધી વળી ગઈ.

અંજુના નાના ભાઈને કાળોતરો કરડ્યો ને એ ત્યાં ને ત્યાં ફાટી પડ્યો. એના જીવને ગતે પહોંચાડવા માબાપે લીલ પરણાવ્યા. કમોતે મરેલા દીકરા પાછળ, જળ વિના માછલું તરફડે તેમ, તરફડીતરફડીને મા માંદી પડી ને લાંબી માંદગી ભોગવી દીકરા પાછળ ચાલી નીકળી. એનું કારજ પતાવ્યું ત્યાં બાપને નવી વ્યાધિ વળગી. અંજુ પરણીને સાસરે જશે, પછી ઘર કોણ સંભાળશે ? બીજાં છોકરાં તો નાનાં હતાં અને અંજુના બાપે બીજું ઘર કર્યું. મોટી ઉંમર એટલે પૈસામાં સારી પેઠે ખરપાણો.

આ બધા ઉપરાછાપરી ખરચાએ અંજુના બાપને કરજમાં ડૂલ કરી દીધો, એની કેડ બેવડ વાળી દીધી. બાપદાદાનું જૂનું ઘર-ખોરડું વેચ્યું તો ય કરજનો બોજો માથે ઊભો રહ્યો. અંજુના લગનનો બોજો તો હજી બાકી હતો. ક્યાં ય નાખી નજર નહોતી પહોંચતી. એ હિંમત હારી બેઠો, ત્યાં એક એવી વાત આવી કે ભારે વિમાસણ ઊભી થઈ.

અળસીના જ ગામના કુંભાર પટેલે માગું નાખ્યું કે અંજુને અમારા દીકરા વેરે વરાવો તો મોંમાગ્યા પૈસા ગણી લ્યો.

'મને બીજે કયાંય દેશો તો હું વાવ-કૂવો કરીશ,' એમ અંજુએ પહેલાં તો કહ્યું, પણ આખરે બાપની લાચારી, અપરમાની ચાલબાજી અને પોતાની કૌટુમ્બિક લાગણી પાસે તે હારી ગઈ. પરણીને તે અળસીના જ ગામમાં આવી, પણ બીજે ઘેર.

અળસીને માથે વીજળી પડી. એને એવો તો કાળ ચડ્યો કે જાણે શુંનું શું કરી નાખું, પણ ધીમેધીમે અંજુની સ્થિતિ એ સમજયો. અંજુનું લગ્ન એટલે કુટુંબસુખની વેદિ પર દીધેલું બલિદાન. પણ પોતાનું શું ? પોતાનું મન તો બીજી કોઈ હારે ચોંટે એમ નહોતું. એનું મન જ કયાં એની પોતાની પાસે રહ્યું હતું ? જિંદગી આખી કુંવારા જ રહેવાનું એણે નક્કી કર્યું.

તપેલા હૈયાને ટાઢું પાડવા તે ઠાકર-મંદિરના સાધુ સંગાથે બેસતો થયો, તેનાં ભજનકીર્તનમાં ભળવા લાગ્યો ને ભગત જેવો બનતો ગયો.

ઠાકરમંદિર ગામના ઝાંપામાં જ હતું. ઝાંપા બહાર પાદરમાં પાણીશેરડો. ત્યાં અંજુ પાણી ભરવા આવે. એનું શરીર નખાઈ ગયું હતું. જાણે મોટી માંદગીમાંથી બેઠી થઈ હોય એમ એનો ચહેરો લેવાઈ ગયો હતો. અળસીની આંખો પરાણે એના પર મંડાઈ જતી. અંજુ પણ કોઈ કોઈ વાર લાજનો ઘૂમટો ઊંચો કરીને જોઈ લેતી. એની આંખમાંથી આંસુની ધાર છૂટતી. અળસીનું હૈયું પલળી જતું.

કોઈ વાર રસ્તામાં ભેટો થઈ જતો. કંઈક કહેવા માગતી હોય એમ અંજુ જરા થંભી જતી, પણ હૈયું ભરાઈ આવતું. જીભ ઊપડતી નહિ. એક દી એકાંત જોઈને મન

કઠણ કરી અંજુએ વેણ નાખ્યું:

'તમે કેમ પરણતા નથી? મારું માનો તો પરણી જાઓ.'

અળસીથી કહેવાઈ ગયું: 'તારું માનવાને હું હવે બંધાયેલો ખરો?'

અને આંખમાં આંસુ છલકાવતી અંજુ ચાલી ગઈ. પછી તો અળસીને જોઈને લાજનો છેડો તે જરા વધુ નીચો ખેંચતી થઈ. અળસી પણ સામું જોતો મટી ગયો. સાધુના સત્સંગમાં ઊંડો ઊતરતો ગયો. બાપ લગ્ન કરી લેવા ઘણું સમજાવે, પણ એકનો બે ન થાય.

ત્રણચાર મહિને વળી એમનો ક્યાંક ભેટો થઈ ગયો. મોકો ગોતીને જ અંજુ આવી હતી. બોલી: 'તમે પરણતા નથી એમાં લોકો વહેમાય છે. તે દી તમારી હારે જરાક બોલી, ઈ વાત ઘેર પહોંચી ગઈ. તે દીથી મારે માથે માછલાં ધોવાય છે.'

અને અંજુનું કહ્યું માનીને……

ભગતની સ્મરણમાળા અટકી ગઈ. ભૂરાભાઈનું ઘર આવી ગયું હતું. ભગતે ડેલીમાં જેવો પગ મૂકયો કે સામેથી 'પધારો ભગત, પધારો! આજ તો મારું ઘર પાવન થયું, મારું પાપ ધોવાઈ ગયું,' એમ ગળગળા અવાજે કહેતો એક માંદલા જેવો માણસ ઓસરીમાં ઢાળેલા ખાટલામાંથી ઊઠીને સામો દોડ્યો ને ભગતના પગમાં પડી ગયો.

ભગતે બાવડું ઝાલીને એને બેઠો કર્યો ને ખાટલામાં બેસાડ્યો. પોતે પણ બાજુમાં જ બેસી ગયા ને બોલ્યા: 'પગે ભગવાનને લાગો, ભૂરાભાઈ!'

'ભગવાન તો અમારા જેવા માટે એમ ક્યાં રેઢા પડ્યા હોય? તમારા જેવા ભગતને સાચે ભવિ પગે લાગીએ તો ય ન્યાલ થઈ જાઈએ. ને કોચવીએ તો જુઓ આ ફળ. બે વરસથી ખાટલે પડ્યો પિલાઉં છું. હવે તો પસ્તાવાનો પાર નથી રહ્યો.'

'એમાં આપણું બળજોર શું ચાલે, ભૂરાભાઈ? આપણે તો માટીના પિંડા છીએ. ભગવાન જેવો ઘાટ ઉતારે એવો ઊતરે, છતાં ભગવાનને ભરોંસે રહીએ ને ધરમને મારગે હાલીએ તો સૌ સારાં વાનાં થાય.'

'સાચું,' ભૂરાભાઈએ ટેકો પુરાવ્યો, 'તમારો જ દાખલો હવે તો હું લઉં છું. તમને માણસે છોડ્યા, પણ ભગવાને કાંઈ છોડ્યા? સંસાર મંડાવ્યો છતાં ચિત્ત પોતામાં રખાવ્યું. આતમા તરી જાય એવું ભગતીનું સાચું અમર ફળ આપ્યું.'

વખાણ સાંભળીને ભગતે સંકોચ અનુભવ્યો. બોલ્યા: 'જ્ઞાનની વાતોનો તો પાર નહિ આવે, ભૂરાભાઈ! બોલો, મારા જેવું શું કામ પડ્યું?'

'કામ તો ખરેખરું પડ્યું છે,' બોલતાં-બોલતાં ભૂરાભાઈને શ્વાસ ચડી આવ્યો. ઉધરસનું ઠસકું પણ આવી ગયું. વાતનો તાંતણો પછી પાછો સાંધ્યો:

'આ કાયાનો હવે ભરોંસો નથી રહ્યો. છોકરાંઓ હજી નાનાં છે. કોઈનાં સગાઈ-સાંતરા નથી કર્યાં. છોકરાંની માનો સ્વભાવ તો તમે જાણતા હશો—મારા કરતાં ય વધુ. સાવ ભગવાનના ઘરનું માણસ, પણ આમ જુઓ તો લાખે લેખું થાય એવું.' વળી જરા આરામ લઈને: 'મારાં સગાં તો ઝાટકે માર્યાં ય ખરખરે એવાં નથી....એમાં એનો ય શું વાંક કાઢું? મેં પણ પૈસાના એંકારમાં એમનું ઓછું અપમાન નથી કર્યું? પછી ભીડ ટાણે ઈ શેના ઢૂંકે? મર્યાં કેડે તો આંખની ય શરમ નહિ રાખે.'

'એમ હારી જાઓ માં, ભૂરાભાઈ! કાયા છે સાજીમાંદી થાય એ તો.'

'મને હવે કાયાનો ભરોંસો નથી રહ્યો. મોહ પણ નથી રહ્યો, પણ પછી કુડું'ખતું શું? આખરે નજર તમારા પર ગઈ.' અને

ભગતનો હાથ પોતાના હાથમાં લઈ ભૂરાભાઈએ મુદ્દાની વાત કહી નાખી: 'આ બધાંની સોંપણી તમને કરું છું.'

ભગત ઘડીભર ભૂરાભાઈ સામું જોઈ રહ્યા. જરાવાર નીચું પણ જોઈ ગયા, પછી તરત જ બોલી ઊઠ્યા: 'સોંપણી સાચી ભગવાનને, ભૂરાભાઈ! પણ એટલી ખાતરી દઉં કે તમારા કુટુંબનું સુખ પહેલું જોઈશ; પછી મારું. એના સુખે સુખી ને દુઃખે દુઃખી.'

ભગતનો જવાબ સાંભળીને ભૂરાભાઈની આંખમાં હરખનાં આંસુ અવી ગયાં. લૂછતાંલૂછતાં બોલ્યા: 'એક બીજી વાત. તમે મારા ઘરની એટલી સારસંભાળ રાખો એની મારાં સગાંવહાલાં ઈરખા ન કરે એવું પણ કરતો જાઉં.' જરા રહીને: 'મારી કંકુનો સંબંધ તમારા નરસી વેરે કરીએ.'

હવે તો ભગતની આંખ પણ ભીની થઈ ગઈ. બોલ્યા: 'પણ ભૂરાભાઈ, એમ સગો થઈને તમારા ઘરની ભાળ રાખું એમાં કંઈ નવાઈ? એમ ને એમ રાખું તંયે જ મારી શોભા ગણાય. આ તો બદલો લીધો કહેવાય.'

'એવું નથી, ભગત! આ પણ તમારો ઉપકાર જ ગણાશે, ને વળી અપકાર માથે. અને ભૂરાભાઈએ અંદરના ઓરડા સામું જોઈને સાદ કર્યો:

'અરે કંકુ, તારી માને અહીં મોકલ તો.'

તરત જ અંજુ બહાર આવી—નીચી નજરે ને સાડલાનો છેડો સંકોરતી. ભગતે સામું જોયું. પ્રૌઢ છતાં એ જ મધુરું મોં! રુદનની સાદ આપે એવી છતાં એ જ અમીભરી આંખો! કરમાયેલી છતાં એ જ કંડારેલી કાયા! નજરમાં નજર ભળતાં બેઉનાં નયન નીચાં ઢળી ગયાં. અનેક સ્મરણો ને ભાવો, સાગરને મોજાર એકાએક વંટોળિયો આવે ને વહાણને હાલકડોલક કરી જાય તેમ, તેમનાં હૈયાંને આટલાં વર્ષો પછી યે ઘડીભર ડોલાવી ગયાં. ભૂરાભાઈ એ જોઈ રહ્યા. સમજ્યા પણ તેમણે મુદ્દાની જ વાત મૂકી:

'તું પણ ભગતને કહે. ખરે ટાણે એમણે તારું કહ્યું માન્યું છે. આજે પણ ખરે ટાણે તારું માનશે.'

અને થોડી વાર રહીને અંજુએ કહ્યું પણ ખરું:

'તમારા ભાઈની વાત ખોટી નથી, ભગત! મારી કંકુ તમારા જ ઘર–જોગ છે. તમારા નરસીનાં ઈ જંઈ તંઈ વખાણ પણ કરતી હોય છે, દૂધમાં સાકર ભળ્યા જેવું થશે.'

જવાબ વાળતાં ભગતને જરા ગળું ખંખારવું પડ્યું: 'કંકુને મેં આજે જ જોઈ—મારે જ આંગણે. એનાં શું વખાણ કરું? આંગણે ઊભી હોય તો આંગણું શોભી ઊઠે. એને પગલેપગલે સાક્ષાત્ લક્ષ્મી ચાલી આવે—સૌભાગ્યનું કંકુ વેરતીવેરતી. પણ મારે કહેવાનું એ હતું કે.........' વાક્ય અધૂરું છોડીને ભગતે આખરે કહી નાખ્યું:

'એ વાતનું હવે કાંઈ નહિ......ભલે, સૌની મરજી.'

સૌનાં મોં પર સંતોષનું રૂપાળું સ્મિત રમી રહ્યું. ભૂરાભાઈએ અંજુ અને અળસી ભગતના સામું જોઈને મર્માળી મજાક કરી:

'તમારા બેઉનાં લોહીને એક થવું હતું તે, એક રૂપે નહિ તો બીજે રૂપે એક થયે જ રહ્યાં!'

અને સૌનાં મોં પર રમી રહેલું સંતોષનું રૂપાળું સ્મિત લજ્જા ભળવાથી વળી વધુ રૂપાળું બની ગયું.

★

કોઠીનું મોઢું દાબીને કડવાશ મટાડવા માટે લોકો મીઠું ભરીને લૂણે છે તેમ આપણું મોઢું પણ કડવું હોય તો એને પણ યોગ્ય અને જરૂરી સજા આપવી જોઈએ.

×

લોકકથા

બ્હેન ને ભાઈ

સંપાદક :

શ્રી મધુભાઈ પટેલ

નાટક સિનેમા કે ફિલ્મી ગીતો જ્યાં આજે પણ ન પહોંચ્યાં હોય એવાં દૂરદૂરનાં ગામડાંમાં અવારનવાર હાથમાં રાવણહથ્થો રણકાવતો કોઈ જોગી ચાપુ ચોખાને ખાતર બપોરને સમયે આવી પહોંચે છે અને કોઈના ઓટલા પર બેસી એકાદ લોકકથા ઉપાડે છે અને વચ્ચેવચ્ચે એની સારંગીની ઘેરી કરુણ સુરાવલિ સંભળાવી ગ્રામજનોને મંત્રમુગ્ધ કરી મૂકે છે.

આ લોકકથાની રચનામાં જોઈશું, તો નથી ખાસ કોઈ પ્રાસ કે છંદ, નથી શબ્દની રોનક, પણ એ કથાકાર પોતાના અમુક પ્રચલિત ઢાળમાં વાર્તા કહેતો જાય અને ચારચાર લીટીઓ બાદ એક લીટી ઊંચેથી ગાઈને કથાગીતમાં અનેરો પ્રાણ પૂરે છે.

કથાકાર કથા કહેતો જાય, સાંભળનાર વાર્તાનાં પાત્રો સાથે એકતા સાધી પ્રસંગની વેદના અનુભવે છે. આપણે એવી એક લોકકથા જોઈએ:

આંગણીએ વસાવો લીલી લીમડીનું ઝાડ!
પાણી પાઈ કરો મોટી,
દૂધડાં પાઈ કરો મોટી,
એની શીતલડી શી છાય,
શીળે બેસે બેન ને ભાઈ.

નાનપણે મૂકીને માબાપ મરી ગયાં હો રામ!
પડ્યા મામા મામી સાથ,
પડ્યા કાકા કાકી સાથ,
કાકો મારે ઝીણો માર,
કાકી બોલે કડવા બોલ.

મારી રે ફૂટીને કાકે કીધા મોટા હો રામ!
કાકે વળાવ્યાં પરદેશ,
ફૂવે વળાવ્યાં પરદેશ,
મામે વળાવ્યાં પરદેશ,
બેન-ભાઈ પડ્યાં વિજોગ.

ખાતાં રે પીતાં બહેનનાં સાસરિયાં હો રામ!
નણદી બોલે કડવા બોલ,
બેનને બોલે કડવા બોલ,
બેનથી સંખાયો ના જાય,
બેનથી વેઠાયો ના જાય.

કૂવાને ટોડે રે સાસુ મેણલાં મારે હો રામ!
ભાઈ તારો જોગીડો કે'વાય,
તારે કુળમાં નથી કોઈ,
તું છું વગર પિયરની વહુ,
તારે આણે આવે કોણ?

મેણાંની મારેલી બેની કાગળિયાં લખાવે હો રામ!
લખજે ભાઈ કેરે દેશ,
મારી દુખિયારીના ભાઈ,
બેઠો હો તો ઊભો થાજે,
ઊભો હો તો મારગ પડજે.

બેની તારીને એક વાર મળી જજે હો રામ!
બેનથી મેણાં નહિ સંભળાય,
બેનથી નથી વેઠાતી લ્હાય,
અને લાગે બરછી ઘાય,
મારી દુખિયારીના ભાઈ.

કેમ કરી આવું રે મારી દુખિયારી હો બેન!
વચ્ચે ડુંગરિયા દસ-બાર,
વચ્ચે વેરીઆ દસ-બાર,
વચ્ચે નદી રે નવ લાખ,
વચ્ચે વાઘની રે ધાક.

વેરીઆ હોયે તો તેને વશ કરાવું હો રામ!
ડુંગર પર સડકો બંધાઉં,
નદી પર પુલડાં બંધાઉં,
વચ્ચે પરબડી મંડાઉં,
રૂડી ચોકીઓ મુકાઉં.

બેની તારીને એક વાર મળી જજે હો રામ!
નથી સાડીઓની જોડ,
નથી સાંકળાંની જોડ,
નથી પૈસા રે ટકા,
નથી લૂગડાં રે લત્તાં.

કેમ કરી આવું રે બેનીને બારણે હો રામ!
બેનનાં કરવાં તારે કામ,
તને છાના આપું દામ,
તેનું મોસાળું લઈ આવ,
બેનનું બારણું સોહાવ.
સોના જોઈએ તો બસેં આપું રે હો રામ!
એવી લાલચનું નહિ કામ,
મારું કુળમાં જાયે નામ,
મારા બાપનું જાયે નામ,
મારી માનું જાયે નામ.
બાપનો ઘડો રે એક દિન મોભારે ફૂટે હો રામ!

*

બાર રે વરસ ભાઈ નોકરી રહ્યો,
એની બેનીને કારણ જી!
તેરમે વરસે રે ભાઈની નોકરી ચૂકે,
ચૂકે સોય ને બસેં જી!
ભાઈબંધ પાસેથી ભાઈએ ઘોડો લીધો,
કાઢયો ઝાંપલા બહાર જી!
ગયો રે મુંબઈ સરખી નગરી,
એની બેનીને કારણ જી!

*

વહોરે સાહલાની જોડ,
વહોરે બંગડીની જોડ,
વહોરે કંઠીઓની જોડ,
વહોરે વીંટીઓની જોડ.
વહોરી કરી ને ભાઈ કાગળ લખે રે હો રામ!

આજે આવે તારો ભાઈ,
તારો મેણો ભાંગું આજ,
કરીએ દુઃખસુખની વાત,
સાથે જમીએ બેન ભાઈ.
કાગળિયાં વાંચીને બેની હરખે રે હો રામ!

લાવી ગવરી ગાયનું ઘી,
લાવી સાખણીઓ કંસાર,
બેન ફરે ઘણી હોંશમાં,
આજે આવે મારો ભાઈ!
બેનીને આંગણે રૂડો ચંપાજીનો છોડ રે હો રામ!

પાણી પાઈ કરે મોટો,
દૂધડાં પાઈ કરે મોટો,
એની શીતલડી શી છાંય,
શીળે રમે બેનના બાળ!
ચડી ચંપાની ડાળ—
બેની જુએ ભાઈની વાટ રે હો રામ!

મારો ભાઈ કેટલે આવે,
ડાબો મેઈલો ચંપા ડાળ.
પગમાં કરડ્યો કાળો નાગ!
બેની મરત્યુ પામ્યા ત્યાં જ!
મરતીમરતી બેની બોલવા લાગી રે હો રામ!

મારે કુળમાં નહિ સગાઈ,
બહેનનો એક પૂરો ભાઈ,
ભાઈને અપશુકન થાય,
ભાઈને મૂઆ-મિલાપ થાય.
આવતો હોયે તો ભાઈ! તું વળી જજે હો રામ!

ભાઈ આવ્યો રે સીમાડે,
બેનની વાંસડી ફળાય,
ભાઈ આવ્યો રે પાદર,
બેનની તરગટી બંધાય.
બેનીને આંગણિયે કાળા કાગડા ઊડે રે હો રામ!

બેનનાં નાનાં છોકરાં રડે,
એવે મામો આવ્યો ત્યાં,
ભાણેજ કયાં ગઈ તારી મા,
ભાણેજ કયાં ગયો તારો બાપ.
પાપી રે મામા તમે પાપીઆ કહેવાય હો રામ!

ચડી ચંપા કેરી ડાળ,
માડી જુએ તમારી વાટ,
મહીં સિંદૂરિયો એક રાફ,
એમાં વસીઓ કાળો નાગ.
નાગે ડંખીને માડીના જીવ લીધા રે હો રામ!

માને લઈ ગયા મસાણ,
મામા ચાલો માની મસાણ.
સાંભળતાં મામા ભોંયે પડ્યા,
માથામાં ભરે ઝીણી ધૂળ.
લટિયાં તોડે ને ભાઈ માથું તો ફોડે રે હો રામ!

નાના ભાણાને મામે ખભે લીધો,
મોટા ભાણાને આંગળીએ લીધો.
ઘડી ચાલે ને ઘડી દોડે,
ભાઈ પહોંચે બેનની મસાણ.
ધગડ ધગડ રે બેનની ચેહ બળે રે હો રામ!

બળે લોય ને માંસ!
ભાઈ નાખે સાડીઓની જોડ,
ભાઈ નાખે બંગડીની જોડ,
અંદર કંઠીઓની જોડ.
સાત આંટા તો ભાઈ ફરી વળ્યો રે રામ!

ભાઈથી સંખાયો ના જાય,
ભાઈથી વેઠાયો ના જાય,
દેખે તો દેખાયો ના જાય,
ભાઈ ધસી પડ્યો ચેહની માંય!
એકી સાથે રે ભાઈ-બેન બળી મૂઆં રે હો રામ!

બેનની રૂપા કેરી ઝાળ,
ભાઈની સોના કેરી ઝાળ,
રૂપલી રાખે ચંપેલીનાં ફૂલ,
સોનલી રાખે ગુલાબનાં ફૂલ.
બહેન-ભાઈનાં ગીત જુગમાં ગવાયાં રે હો રામ!

*

કોઈ બતાવો રામ!

(સાઠ)

કોઈ બતાવો રામ, મુજને કોઈ બતાવો રામ!
લોચન આ અવિરામ, ભટકે કોઈ બતાવો રામ!

ગ્રંથ ગુરુ પથ્થરમાં જડિયા
જનનયનોને રામ,
સંત લહે કો ભીતર વસિયા,
દૂર ગણે કો ધામ. મુજને૦

વ્યોમે ધરા જલધિ ગિરિકંદર,
વન-જનમાં અભિરામ;
જ્યાં રસલીલા ભવ્ય નિરંતર,
કવિજનનો ત્યાં રામ. મુજને૦

ભૂખતણો અંગાર જઠરમાં,
હાડ ડળકતાં ચામ,
કૈંક જહીં કચરાઈ રવડતાં,
કો ભજતું ત્યાં રામ. મુજને૦

સાંભળિયું સઘળે ય વસે એ,
તોય મળે નવ રામ;
જાય વહી મુજ જીવન એળે,
કોઈ બતાવો રામ! મુજને૦

લોચન આ અવિરામ ભટકે,
કોઈ બતાવો રામ!

હસિત બૂચ

આદર્શોની અથડામણ

લેખક :

શ્રી અમૃતલાલ આર. વસા

મારી સ્થિતિ સાપે છછુંદર ગળ્યા જેવી થઈ. તે વખતે હું સૌરાષ્ટ્રના સતપુરી ગામનો સરકારી દાક્તર હતો. ત્રણચાર હજારની વસતિવાળું ગામ હતું. આજુબાજુ પાંચસો કે હજારની વસતિવાળાં નાનાંનાનાં ગામડાં હતાં. આમ ઉજજડ પ્રદેશમાં હું એકલો જ દાક્તર હોવાથી તે વિસ્તારમાં હું જાણીતો તો હતો જ, પરંતુ મારી ખ્યાતિ ય સારી હતી. શરૂઆતમાં જ એકબે ગંભીર ગણાતા 'કેસ' મારા હાથે સુધરી ગયા હતા; એટલે લોકોની મારા પર શ્રદ્ધા હોવાના પાયા ઘણા મજબૂત હતા અને તેના પર હું સુંદર ઇમારત પણ રચી શક્યો હતો. મારો ધંધો જ એવો હતો કે હું સુખેથી જીવીને ય પરમાર્થ સાધી શકું. ગરીબોને ચૂસવાને મારું દિલ જ ના કહેતું. મારા સ્થાનનો હું દુરુપયોગ ન કરી બેસું અને મારી જવાબદારી ભૂલી ન જાઉં એ માટે હું હમેશ જાગૃત રહેતો. આમ હોવાથી ત્યાંના લોકોનો પ્રેમ મેળવતાં મને બહુ વાર નહોતી લાગી. દશ વર્ષથી હું ત્યાં જ હતો. વચમાં એકવાર સરકારે મારી બદલી માટે કાગળિયાં કરેલાં, પરંતુ અહીંના લોકોએ સરકારને વિનતિ કરેલી કે મને અહીં જ રહેવા દેવો; ને સરકારે એ વિનતિ માન્ય રાખેલી.

મને પણ અહીં ફાવી ગયું હતું. ગામ નાનું પણ શાંત ને સુંદર હતું. નાનાનાના પાયા ઉપર રેલવે, વીજળિક બત્તી, નિશાળ વગેરેની પણ સગવડ હતી. રોજ એક ટ્રેઈન આવતી-જતી. ગામમાં કપાસ પીલવાનું એક જીન હતું. તેના માલિક સુબોધભાઈ સાથે મારે ગાઢ મિત્રાચારી થઈ ગયેલી. તેમની ગામમાં પૈસાદાર ને આબરૂદાર વ્યક્તિ તરીકેની સારી નામના હતી. પોતે બી. એ. થયેલ હતા ને સૌમ્ય, વિચારશીલ ને આદર્શવાદી માણસ હતા; એટલે યોગ્ય જોડીદાર મેળવવાને પણ હું ભાગ્યશાળી થયો હતો.

આમ લોકોની સારી શ્રદ્ધા હોવાથી ને આજુબાજુમાં કોઈ બીજો દાક્તર ન હોવાથી દિવસે તો મને ભાગ્યે જ નવરાશ મળતી; પરંતુ ઘણીવાર અડધી રાતે ય મારે વિઝિટે જવું પડતું, એટલે એક રાતના બે વાગે જ્યારે મારાં બારણાં પર ટકોરા પડ્યા, ત્યારે મને કંઈ આશ્ચર્ય ન થયું. મેં મારી ઑફિસનું બારણું ખોલ્યું. બહાર એક ખેડૂત ઊભો હતો. તેણે કહ્યું, કે પોતે બાજુના નેકરી ગામથી આવે છે ને પોતાની ઘરવાળીની તબિયત એકાએક ખરાબ થવાથી તેને ગાડામાં ઘાલીને અહીં લાવ્યો છે. મેં બાઈને મારા ઓરડામાં લાવવા કહ્યું એટલે તે બહાર ગયો, પણ મેં જોયું કે બહાર તો ગાડાને બદલે એક મોટર ઊભી હતી ને મારા આશ્ચર્ય વચ્ચે બાઈ ચાલતીચાલતી જ મારા ઓરડામાં આવી! તે એવી બધી બીમાર હોય એમ મને લાગ્યું નહિ. મેં તેના ધણીને મારા ઓરડામાં આવવા કહ્યું, પણ બાઈએ તેને હાથની ઇશારતથી મોટર પાસે જ ઊભો રહેવા કહ્યું. તેના ધણીને હું કંઈ કહું તે પહેલાં તો તે બાઈએ પોતાના મોઢા પરનો સાડીનો છેડો ખેસવી લીધો અને મારી સામે હાથ જોડ્યા. મને થયું કે આ તો કોઈ પુરુષ લાગે છે ને આને ક્યાંક જોયો પણ છે!

'કોણ તું વિક્રમ તો નહિ?' હું ડઘાઈ ગયો હતો.

'હા હું વિક્રમ જ છું, પણ સાહેબ, તમે

જરા યે ડરશો નહિ; મારી તબિયત બતાવવા જ હું અહીં આવ્યો છું. આજુબાજુમાં કોઈને એનો અણસારો પણ નહિ થાય. આવી રીતે અહીં પહેલીવાર જ આવું છું એટલે આ નાટક ભજવવું પડ્યું,' તેણે એકીસાથે જ બધો ખુલાસો કરી નાખ્યો.

ઘડીભર તો હું ગડમથલમાં પડી ગયો. એક નામચીન બહારવટિયો ને સરકારનો પહેલા નંબરનો દુશ્મન મારી સામે ઊભો હતો. બહારવટિયાના ધામ તરીકે ખ્યાતનામ સૌરાષ્ટ્રમાં વિક્રમ જેવો કાતિલ ને કાબેલ બહારવટિયો પહેલાં કદી યે નહોતો થયો. હજી તો બે મહિનાથી તે બહારવટે ચઢ્યો હતો; પરંતુ તેટલા વખતમાં તો તેણે સર્વત્ર હાહાકાર મચાવી દીધો હતો. મૂળ તે સતપુરીની બાજુના ગામડાનો જ એક ગરાસદાર હતો. ગયે વર્ષે જયારે તેને હૃદયહુમલાનું દર્દ થયેલું ત્યારથી હું તેને ઓળખતો થયો હતો. દર્દ જીવલેણ જેવું હોવા છતાં તે બચી ગયો હતો ને તેનો જશ મને મળ્યો હતો; એટલે મારામાં તેને ખૂબ વિશ્વાસ બેસી ગયો હતો. તેનું લોહીનું દબાણ કૈંક ઊંચું રહેતું એટલે ત્યાર પછી પણ બેત્રણ વાર તે મને મળ્યો હતો; પણ બહારવટે ચઢ્યા પછી તો તે મને આ પહેલી જ વાર મળ્યો હતો.

તેનું બહારવટું ખેડૂતો સામે જ હતું. બે મહિના પહેલાં સરકારે નવા કાયદા મુજબ તેની પાસેથી ગરાસ લઈ લીધો ત્યારથી સરકાર તેની દુશ્મન બની ગઈ ને સરકાર જેની તરફેણ કરતી હતી એવા ખેડૂતોને તે પજવવા લાગ્યો. અત્યાર સુધીમાં તેણે વીશેક ગામડાં ભાંગ્યાં હશે ને ત્યાંથી હજારોની મૂડી ઉઠાવી ગયો હશે. ખેડૂતોનાં ખૂનોનો તો કંઈ હિસાબ જ નહોતો. તેનું નામ સાંભળતાં જ ખેડૂતો ડરી જતા. ધોળે દિવસે ય તે પોતાનું ધાર્યું કરી જતો. પોલીસ ને છૂપી પોલીસના માણસો બધેથી નિષ્ફળ જ જતા. આખા દેશમાં તેને લીધે સૌરાષ્ટ્રની સરકાર વગોવાઈ ચૂકી હતી. તેને પકડવા માટે સરકારે મોટાંમોટાં ઇનામો કાઢ્યાં હતાં, ખાસ અમલદારો ને પોલીસો રોકયા હતા ને કેટલા ય માણસોને અટકમાં રાખ્યા હતા, પણ વિક્રમનો હજી સુધી વાળે ય વાંકો નહોતો થયો ને તેની ખૂનામરકી ઝડપી ગતિથી ચાલુ જ હતી.

એવો નામચીન બહારવટિયો મારી સામે હાથ જોડીને ઊભો રહે તે મારા માટે ગર્વ લેવા જેવી વાત હતી કે તે મારી કમનસીબી હતી તે મને ન સમજાયું. બે પરસ્પર વિરોધી વિચારોએ મારી સ્થિતિ સૂડી વચ્ચે સોપારી જેવી કરી મૂકી. હું એક સરકારી નોકર હતો. મારાથી સરકારના દુશ્મનને મદદરૂપ કેમ થવાય? પોલીસ અમલદારો પણ નહોતા કહેતા કે પ્રજા જો તેમને સાથ આપે તો વિક્રમ તરત પકડાઈ જાય? એક સામાન્ય નાગરિક તરીકે પણ માનવતાના આવા દુશ્મનને હું પંપાળી કેમ શકું? મારી ફરજ મને એમ કરવા ના કહેતી હતી. એના કરતાં તો હું જ એવી દવા કાં ન આપી દઉં કે તેનો તત્કાળ નિકાલ આવી જાય? એકને મારીને પણ બીજા અનેકને રહેંસાતા તો હું બચાવી શકીશ ને? અને એમ ન કરવું હોય તો પૂરેપૂરી ગોઠવણ કરી તેને અહીં બીજી વખત બોલાવીને હું પકડાવી ન શકું?

પણ બીજી તરફથી મારું હૈયું કહેતું હતું કે એમ કરીને તો હું વિશ્વાસભંગ જ કરી રહ્યો હતો. હું તેનો વિશ્વાસુ દાક્તર ન હોત તો તે થોડો મારી પાસે આવવાનો હતો? મારા પ્રત્યેની વિક્રમની શ્રદ્ધાનો દુરુપયોગ હું કેમ કરી શકું? દાક્તર તરીકેની મારી ફરજ તેના પ્રત્યે એક દર્દી તરીકે જ જોવાની હતી ને? તે બહારવટિયો હતો માટે

તને તુચ્છકારીને, દાક્તરી જેવા ઉમદા ધંધાને હું લાંછનરૂપ પણ કેમ બનું ? દાક્તરો માટેની પ્રતિજ્ઞામાં દાક્તરી વિદ્યાના પિતા હિપોક્રેટીસ પણ નહોતા કહી ગયા, કે 'હું જે પરેજીનો સ્વીકાર કરીશ તે દર્દીના ભલા માટે જ હશે, એના જખમ કે કોઈપણ જાતના ખોટા કામ માટે નહીં હોય ?'

થોડીવારમાં જ આ બધા વિચારો વીજળીની માફક મારા મનમાંથી પસાર થઈ ગયા. સરકારીનોકર ને નાગરિક તરીકેની મારી ફરજ અને દાક્તર તરીકેના મારા ધર્મ વચ્ચે થોડી ખેંચાખેંચી ચાલી, પણ અંતે દાકતર તરીકેનો ધર્મ મને ચડિયાતો લાગ્યો. મને વિચારમાં જોઈ વિક્રમ બોલ્યો, 'સાહેબ, મારો ડર તો નથી લાગતો ને ?'

મેં કહ્યું: 'નારે ના, એવું તે હોય ?'

'આ બધુ સાંભળીને તમને એવું લાગે ય ખરું, પણ સાહેબ, હું ગમે એવો ડાકુ હોઈશ તો ય તમે મારા એક વખતના જીવનદાતા છો એ કોઈદી ભૂલવાનો નથી. એટલે તમારો તો હમેશને માટે ગુલામ ગણો તો ગુલામ જ છું.'

'એવી વાતો આપણે પછી કરીશું. તને શું થાય છે તે કહે,' મેં કહ્યું.

'સાહેબ, હમણાં જાણે બહુ થાકી જાતો હોઉં એમ લાગે છે; શ્વાસે ય બહુ ચડે છે ને કો'કવાર માથામાં સબાકા નીકળી જાય છે.'

મેં તેને સૂઈ જવા કહ્યું. લોહીનું દબાણ માપી જોયું. તે પહેલાંની માફક વધારે હતું. તેનું હૃદય વગેરે તપાસી જોયું, પણ તેમાં કંઈ ખરાબી થઈ હોય એવું લાગ્યું નહિ. મેં તેને ખૂબ આરામ કરવાની તથા ધમપછાડા નહિ કરવાની સલાહ આપી.

'સાહેબ, કો'ક એવી દવા આપોને કે આ બધું મટી જાય,' તેણે કહ્યું.

'તારા દર્દ માટે સારામાં સારી દવા તો શારીરિક અને માનસિક આરામ જ છે એટલે આવું ધમાલિયું જીવન છોડીને તું કયાંક આરામ કર તો બધું સારું થઈ જશે.'

'સાહેબ, આ બહારવટું છોડી દેવા સિવાયની જે સલાહ આપશો તે હું માથે ચડાવીશ, પણ આ તો મારાથી બને તેમ નથી જ. તમે કીધું ત્યારથી હું બીડી પીતો નથી, દારૂ પીતો નથી, તેમ માંસ પણ ખાતો નથી.' મને થયું કે પરીક્ષામાં એકવાર પહેલા આવ્યા પછી તે નંબર જાળવી રાખવા માટે વિદ્યાર્થીને ઇચ્છા–અનિચ્છાએ પણ મહેનત કરવી પડે છે; તેવી દશા આ વિક્રમની તો નહિ થઈ હોય ને ?

'પણ તારું દર્દ એવું છે કે આવી ધમાલથી તો તારી જિંદગી ટૂંકી થઈ જશે.'

'સાહેબ, આમે ય પોલીસની ગોળીથી કે સરકારની ફાંસીથી તો મરવાનું છે જ. એના કરતાં આમ કુદરતી રીતે વહેલો ઊકલી જાઉં તો શું ખોટું છે ?'

એની સામે દલીલો કરવાનો કંઈ અર્થ નહોતો. ઘરમાં લોહીદબાણ ઘટાડવા માટેની ટિકડીઓની એક અકબંધ શીશી હતી તે મેં તેને આપી. તેના સંતોષ ખાતર હું જાતે જ દવાનું મિક્શ્ચર બનાવી લાવ્યો ને તેનો એક મોટો શીશો જરૂરી સૂચનાઓ સાથે તેને આપ્યો. મારી ઑફિસના અર્ધખુલ્લા બારણામાંથી તેણે તેના સાથીદારને બોલાવ્યો. તે મોટરમાંથી મીઠાઈનું એક મોટું પેકેટ લઈને આવ્યો. વિક્રમે તે પેકેટ મારા ટેબલ પર મૂકયું ને કહ્યું: 'આ બાબાભાઈ માટે.' હું સહજ હસ્યો, મારી પત્ની તથા પાંચેક વર્ષનો પુત્ર બાજુના ઓરડામાં જ ઊંઘતાં હતાં. તરત જ તેણે સો રૂપિયાની એક નોટ પોતાના સાથીદાર પાસેથી લઈને મને આપવા માંડી, પણ ઘણી રકઝકને અંતે ય મેં તે ન સ્વીકારી. છેલ્લે દવા તથા ફીના

દશ રૂપિયા મેં સ્વીકાર્યા ને તે બંનેએ મારી સામે હાથ જોડીને પાછા પતિપત્નીના સ્વાંગમાં વિદાય લીધી.

તે દિવસે સવારે મને વિચાર આવ્યો, આ વાતની કોઈને ખબર પડી હશે તો? પણ મેં જોયું કે કોઈને તેની ગંધ સુદ્ધાં આવી નહોતી. ગામમાં ત્રણચાર પસાયતા હતા. તે સૌ અર્ધી નિદ્રામાં રાત કાઢી નાખતા. અને આમે ય મારે ત્યાં ઘણીવાર રાતે દર્દીઓ આવતા એટલે આમાં કંઈ શંકા આવે એવું હતું ય નહિ. મને નિરાંત થઈ.

ત્યારપછીના એક મહિનામાં વિક્રમ મને બે વખત મળી ગયો. કોઈને પણ આ વાતની ખબર ન પડે તેની મેં પૂરેપૂરી સાવચેતી રાખી હતી. ઊંચા લોહીદબાણથી વિક્રમને થોડી બેચેની રહ્યા કરતી, પણ તેમાં ખાસ કંઈ બગાડો થઈ રહ્યો હોય એમ મને લાગ્યું નહિ. મેં તેને વારંવાર અહીં આવવું જોખમભર્યું હોવાથી તેમ ન કરવા સૂચના આપી. મારામાં તેની શ્રદ્ધા અજબ હતી. તે કહેતો કે માત્ર મારી વાતચીતથી પણ તેની બેચેની ઘણી ઓછી થઈ જતી. એક દાક્તર તરીકે મારા માટે આ સંતોષની વાત હતી.

આમ છતાં આ મહિનામાં વિક્રમ કંઈ શાંત બેસી રહ્યો નહોતો. ત્રણેક દિવસ પહેલાં જ એક આંધળી ડોશીના ત્રીશેક વર્ષના જુવાન પુત્રનું ખૂન કરીને વિક્રમ દશ હજારની મતા લૂંટી ગયો હતો. ડોશીને તે એક દીકરા સિવાય બીજું કોઈ નહોતું. દીકરાની વહુ પણ થોડા રોજ પહેલાં નાનાં નાનાં બે બાળકો મૂકીને મરી ગઈ હતી. છાપામાં તે હકીકત વાંચીને મારી પત્નીની આંખમાં આંસુ આવી ગયાં હતાં. આવાં ખૂનો કર્યાનાં ને ગામ લૂંટ્યાનાં વિક્રમનાં પરાક્રમો તો છાપામાં અવારનવાર આવ્યાં કરતાં. હું તેનાથી ટેવાઈ ગયો હતો. જડ બની ગયો હતો. લાગણીવશ બનવું મને પાલવે તેમ નહોતું. છાપાવાળા કહેતા કે પ્રજાનો એક વર્ગ વિક્રમને મદદ આપી રહ્યો છે એટલે જ વિક્રમ પકડાતો નથી. એ રીતે વિક્રમને મદદ આપનાર વર્ગમાંનો હું તો હરગિજ નહોતો જ. એક દાક્તર તરીકેની મારી ફરજ હું બજાવી રહ્યો હતો અને બંને પરસ્પર વિરોધી ફરજોને હું એકીસાથે અદા ન જ કરી શકું, વિક્રમ ન પકડાય એમ મેં કદી યે ઇચ્છ્યું નહોતું. મારી માનસિક સ્થિતિ સંપૂર્ણ સંતોષભરી હતી.

એવામાં એક દિવસ સવારના હજી તો હું ઊઠું છું ત્યાં જ કંપાઉંડરે આવીને ખબર આપ્યા કે બાજુના ગામમાં વિક્રમે ધાડ પાડી છે ને સાતઆઠ ખૂનો પણ થયાં છે. અત્યાર સુધી આજુબાજુનાં ગામો પર વિક્રમે ક્યાં ય છાપો માર્યો નહોતો, પણ આ ગામ તો અમારી હદમાં જ આવી જતું હતું એટલે સરકારી હુકમની રાહ જોતા અમે બેઠા.

પોલીસનું તેડું આવતાં કંઈ બહુ વાર ન લાગી. ગામમાં જઈને મારે આઠ લાશો તપાસવાની હતી. ગામના લોકો સૂમસામ રીતે ટોળે વળી વાતો કરી રહ્યા હતા. મોટે ભાગે તો બધે રોકકળ જ થતી હતી. આઠ મરનારમાં છ તો પચીસથી ત્રીસ વર્ષના જુવાનિયા જ હતા. એક સત્તરેક વર્ષનો તાજો પરણેલો યુવાન હતો. અને એક તો એશીંક વર્ષની વૃદ્ધ ડોશી તેના એક છોકરાને બચાવવા જતાં ઝપાઝપીમાં આવી ગઈ હતી. મારી કારકિર્દીમાં ખૂનો તો મેં ઘણાં જોયાં હતાં, પરંતુ એકીસાથે આવી નિર્દોષ કત્લેઆમ જોઈને મારા મનને આટલી ગ્લાનિ ક્યારે ય નહોતી થઈ. ને તેમાં ય મરનારની સ્ત્રીઓ, તેમનાં બાળકો

ને માબાપો જે રીતે આંસુ સારી રહ્યાં હતાં તે દૃશ્ય મને ખૂબ કરુણ લાગ્યું. ગમે ત્યાંથી પણ મારા મનમાં એક વિચાર આવી ગયો કે મારું આવી રીતે મૃત્યુ થાય તો મારી પત્ની અને બાળકોની શી વલે થાય? ને વિક્રમે તો આવી કંઈક પત્નીઓ, બાળકો અને માબાપોને હમેશને માટે રડતાં કરી મૂકયાં છે! અને તે પણ તેમનો કંઈક વાંક ન હોવા છતાં! મૃત્યુની છેલ્લી ઘડીએ વૃદ્ધ દર્દીઓને પણ જીવવાની કેટલી બધી ઇચ્છા હોય છે? ને કંઈ આશા ન હોવા છતાં યે તેમને બચાવવા હું કેટલી બધી મહેનત કરું છું! જ્યારે અહીં તો રાતી રાણ જેવા સાતસાત યુવાનોને ઘડીના છઠ્ઠા ભાગમાં વિક્રમે હતા ન હતા કરી નાખ્યા હતા! મારું જડ રહેવાનો નિશ્ચય કરી ચૂકેલું હૈયું અત્યારે હચમચી ઊઠયું. અત્યાર સુધી વિક્રમની કત્લેઆમ મેં માત્ર છાપાં દ્વારા જ વાંચી હતી, પણ આજે મેં તે નજરોનજર જોઈને મારા અફસોસનો પાર ન રહ્યો. મારા મનને કાબૂમાં રાખીને બનતી ઝડપથી મેં આઠે ય મુડદાંને તપાસીને હકીકત લખી લીધી ને તુરત જ હું મારે ગામ આવતો રહ્યો.

પણ તે દિવસે મને કયાં યે ચેન પડયું નહિ. મારા વિચારો ને નિશ્ચયો ફરીથી તપાસી જવાની મને ઇચ્છા થઈ આવી. મને થયું, કે આ બાબતમાં એક સામાન્ય નાગરિક તરીકે ને માનવતાના પ્રતિનિધિ તરીકેની મારી ફરજને મારે પ્રથમ મહત્ત્વ આપવું જોઈતું હતું. અલબત્ત, હું દાક્તર હોવાથી ને વિક્રમને મારામાં શ્રદ્ધા હોવાથી તે મારી પાસે આવતો હતો તે ખરું, પણ અહીં તો વિશ્વાસભંગ કરીને દગો રમવો એ પણ એક ધર્મ બની જતો હતો અને તેથી મેં દાક્તરી ધર્મ નથી પાળ્યો એમ માનવું એ તો તદ્દન નાની બાબત હતી. દાક્તરી ધર્મનું મહત્ત્વ ભલે હું કદી યે ઓછું ન આંકું, તોપણ આ ખૂનામરકી જો હું અટકાવી શકું તો એક મનુષ્ય તરીકેની ફરજ તો મારે અવશ્ય બજાવવી જોઈતી જ હતી.

કંઈક વિચારો મને સતાવી ગયા, પણ બધું મેં મારા મનમાં જ સમાવી રાખ્યું. એક મહિના સુધી વિક્રમ પણ કયાંય ફરકયો નહિ. પણ એક રાતે તે આવ્યો ખરો. આ ધાડને લીધે પોલીસની અવરજવર હોવાથી તેણે સાવચેતીપૂર્વક જ આ બાજુ આવવાનું મુલતવી રાખ્યું હતું. અહીંની ઝપાઝપીમાં તેના ડાબા હાથનું એક હાડકું તૂટી ગયું હતુ. તેના સાથીએ તે બેસાડી દીધું હતું. મેં તેનો હાથ તપાસ્યો. હાડકું બરાબર બંધ બેસી ગયું હોય એમ બહારથી લાગ્યું. મેં તેને કહ્યું: 'વિક્રમ, આમાં કંઈક ચોક્કસ કહી શકાય નહિ. હાડકું જો આડું-અવળું બેસી ગયું હશે તો જિંદગીભરની ખોડ રહી જશે.'

'તો સાહેબ, તમે જ બરાબર બેસાડીને સરખો પાટો બાંધી દીયો ને,' તેણે કહ્યું.

'પણ એને માટે પૂરેપૂરાં સાધનો અત્યારે મારી પાસે નથી. એટલે જો તું બે દિવસ પછી આવે તો હું બધાં સાધનો તૈયાર રાખીશ ને તેનાથી હાડકું બરાબર બેસાડીને હાથ ઉપર પ્લાસ્ટર લગાડી દઈશ.'

તેણે તેમ કરવા કબૂલ્યું ને રજા લીધી.

બીજે જ દિવસે સવારના મેં આખી વાત મારા મિત્ર સુબોધભાઈને કહી. તેમને ખૂબ આશ્ચર્ય થયું, પણ મારા નિર્ણય સાથે તે પણ સહમત થયા. તેમણે આખી ગોઠવણ કરવાનું માથે લીધું. તરત જ તે પોતાની મોટરમાં પોલીસ કમિશ્નરનો જ્યાં મુકામ હતો તે ગામ ઊપડી ગયા. આખી યે યોજનાની કોઈને રજમાત્ર બાતમી ન જાય તેની પૂરતી ગોઠવણ રાખવામાં આવી ને જે રાતે વિક્રમ તેના બે સાથીઓ સાથે મોટરમાં મારે ત્યાં

આવતો હતો તે રાતે પોલીસના પચાસેક માણસો તેના પર તૂટી પડ્યા. ત્રણે જણાએ સારો એવો સામનો કર્યો, પણ કોઈ છટકી શકવાને ફાવ્યો નહિ. મેં જોયું કે વિક્રમનો હાથ જો સાજો હોત તો પરિણામ કંઈક જુદું જ આવત. તરત જ મારી અંદર બેઠેલો તબીબનો આત્મા જાગી ઊઠ્યો. મન ગ્લાનિથી ભરાઈ ગયું. માનવતાનું કામ કર્યું હતું, પરંતુ દાક્તરી સિદ્ધાંતનું ખૂન થઈ ગયું હતું. વિક્રમ અને તેના સાથીઓ ટકી શક્યા નહિ, તેઓ ઝડપાયા, પણ એક કલાકથી વધુ જીવ્યા નહિ.

તે દિવસે સૌરાષ્ટ્રે એક ભયાનક બહારવટિયાના પંજામાંથી મુક્તિ મેળવી અને મેં તે જ દિવસે દાક્તરી વ્યવસાયને તિલાંજલિ આપી સૌરાષ્ટ્ર છોડી દીધું !

⁂

સ્વામી રામદાસના જીવનનો આ પ્રસંગ છે. એક વખત એ રેલવેમાં મુસાફરી કરતા હતા, ત્યારે પોતે ટિકિટ નહીં લીધેલી હોવાને કારણે એક ખ્રિસ્તી ઇન્સ્પેકટરે રોકયા અને કહ્યું:

‘ટિકિટ લીધા વગર જવું એ ગુનો છે, માટે ઊતરી જાઓ,’ અને સ્વામી રામદાસ તથા એમના ગુરુ-મિત્ર સાધુરામને ઉતારી પ્લૅટફૉર્મ પર બેસાડ્યા.

‘ના, ત્યાં નહીં, આ બાજુ બેસો,’ એણે હુકમ કર્યો. બંને જણ ત્યાં બેઠા, ત્યારે વળી કહ્યું: ‘અરે ત્યાં કયાં બેઠા ? તમારે તો પણે બેસવાનું છે,’ કહી જગ્યા બદલાવી. ટિકિટ ઇન્સ્પેકટર મજાકે ચઢ્યો હતો. બંને સાધુઓ હજી જગ્યા બદલે છે ત્યાં જ એણે હુકમ છોડ્યો:

‘અરે સાધુબાવાજીઓ, આ તરફ બેસો.’

સાધુરામ કંઈક ગુસ્સે થઈ ગયા, પણ સ્વામી રામદાસ તો શાંત જ હતા. એમણે કહ્યું: ‘આપણે ઘણા કલાકો સુધી ટ્રેનમાં બેસી રહેલા એટલે પગ બધા ગંઠાઈ ગયા હતા, તે હવે છૂટા થાય છે. શ્રીરામની જેવી મરજી.’

થોડી વાર પછી ટિકિટ ઇન્સ્પેકટરે આ બન્નેનો સરસામાન ફેંદવા માંડ્યો. કદાચ પૈસા છુપાવી રાખ્યા હોય ને આ સાધુઓ જૂઠું બોલતા હોય; કે પછી ટિકિટ જેટલી એમના સામાનની કિંમત નીકળી આવે તો તે લઈને આ સાધુઓને છોડી દઈ શકાય; કારણ ગમે તે હોય. સાધુરામનો પિત્તળનો લોટો લીધો ને પોતાની નજીક મૂકી દીધો; બીજી એક પોટલી લીધી પણ એમાં કશું ય નોંધપાત્ર મળ્યું નહીં. દરમિયાન રામદાસે પોતાનો લોટો ને પોટલી ઇન્સ્પેકટરના પગ આગળ પોતાની મેળે તપાસવા માટે મૂકી દીધાં.

‘આ લોટો તો નકામો છે,’ કહી એણે પોટલી જોવા માંડી.

પોટલી ઉઘાડતાં જ એણે જોયું–

પોટલીમાં ખ્રિસ્તી ધર્મપુસ્તક-બાઈબલ-‘જૂનો કરાર’ એણે દીઠો.

‘આને કેમ પાસે રાખ્યું છે ? એનું શું કામ હતું ?’

‘બધું જ કામ, ભાઈ.’

‘શું તમે ઇશુ ખ્રિસ્તમાં માનો છો ?’ બીજો પ્રશ્ન આવ્યો.

‘કેમ નહીં’, ઈશુ ખ્રિસ્ત ઈશ્વરના પયગંબર હતા અને માનવજાતની મુક્તિ માટે અવતર્યા હતા.’

આ જવાબ ટિકિટ ઇન્સ્પેકટરના હૃદય સોંસરો સ્પર્શી ગયો.

તુરત જ એ બંને સાધુઓને સ્ટેશનની અંદર લઈ ગયો. ખુરસી પર બેસાડ્યા, દયાભાવ બતાવ્યો. ચા વગેરે આપવા માંડ્યું. રામદાસે ના કહી. પછી ઇન્સ્પેકટર બોલ્યો:

‘માફ કરજો મારી વર્તણૂક બદલ; તમારી આ ટ્રેન તો ગઈ, અડધા કલાકમાં બીજી આવશે, તેમાં આપને હું સહીસલામત રીતે જરૂર બેસાડી દઈશ.’

×

પ્રસૂતા માટે

વ્યાયામ

લેખક :

ડૉ. એમ. ડી. આડતિયા

એમ. ડી; એફ. સી. પી. એસ;
બી. એસ. સી; ડી; જી. ઓ.

ગુજરાતના સ્ત્રી સમાજના સ્વાસ્થ્યની મૂલવણી કરવી હોય તો મોટે ભાગે કરુણ ને નિરાશાજનક જ ચિત્ર આપણી સમક્ષ રજૂ થશે. પહેલેથી જ અપૂરતા ને અસ્વાસ્થ્યકર ખોરાકથી બાંધો ઢીલો હોય ને તેમાંય પ્રસૂતિકાળ ગયા પછી શરીરની જરૂરી કાળજી ન લેવાય; એટલે એનું સ્વાસ્થ્ય ચિંતાજનક જ રહે. આ લેખમાં પ્રત્યેક માતાએ પ્રસૂતિ પછી કરવાના વ્યાયામની સચિત્ર માહિતી આપવામાં આવી છે. આ માહિતીની પાછળ જ્ઞાન અને અનુભવનું બળ છે.

આપણા દેશમાં સ્ત્રીઓ માટે કસરતોની જરૂરિયાત છે એવું વિધાન પણ આશ્ચર્યકારક ગણાય અને તેમાંય જ્યારે આ વિધાન સામાન્ય રીતે દવા અને શસ્ત્રક્રિયા ઉપર પોતાનો વિશ્વાસ કેંદ્રિત કરનાર એક ડૉક્ટર તરફથી રજૂ થાય ત્યારે ઘણાંના આશ્ચર્યની સીમા ન રહે એ માની શકાય તેવી વસ્તુ છે.

આપણી વિષમ સમાજ–વ્યવસ્થા અને અટપટી જીવનપદ્ધતિ સામે ટક્કર લઈ શકે તેટલો શારીરિક વિકાસ આપણે હજી સાધી શક્યા નથી. વિજ્ઞાને અને તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં સાધેલી પ્રગતિ ભલે આશ્ચર્યજનક હોય, પણ વર્ષોથી આપણે શરીર–સ્વાસ્થ્ય પ્રત્યે બેદરકારી દાખવી છે, એ એક ચોક્કસ પ્રકારની દુઃખદ ઘટના છે. આપણા શરીરના રોજિંદા કામકાજમાં પણ ઊણપ જણાઈ આવે છે; કારણકે આપણું શરીર જાતજાતની નબળાઈ અને અશક્તિનું ભોગ થઈ પડેલું હોય છે.

માતૃત્વને આપણે સ્ત્રી–જીવનનો એક ગૌરવવંતો પ્રસંગ ગણીએ છીએ. સાથેસાથે એક એ વસ્તુ પણ આપણે સ્વીકારી લેવી જોઈએ કે માતૃત્વ એ સ્ત્રીની મૂળભૂત દેહરચના પર થોડા સમય પૂરતો પણ ઘણો વધારે બોજો આણે છે. એક તો મૂળથી કંગાલ દેહ, એમાં પ્રસૂતિનો બોજ અને પ્રસૂતિ દરમ્યાન અને તે પછી પણ સ્વાસ્થ્યની પુનર્ચના પ્રત્યે સેવાતી સદંતર બેદરકારી! પેટના અને બસ્તિ પ્રદેશના એકેએક સ્નાયુઓ તંગ બનીને એમની સંપૂર્ણ શક્તિ ખર્ચીને પ્રસૂતિકાળ દરમ્યાન કામ કરી રહ્યા હોય છે. આ સ્નાયુઓને એમની મૂળ સ્થિતિમાં અને શક્તિમાં લાવવા માટે પ્રસૂતિ પછી તો ખાસ વધારે કાળજીની જરૂર છે.

અશક્ત સ્નાયુઓમાં પુનર્જીવનનો સંચાર કરવા માટેનો એક સફળ ઉપાય તે વ્યવસ્થાપુરઃસર અને સમજપૂર્વક કરવામાં આવતી કસરતો છે. આ જાતની કસરતોની પસંદગી કરવામાં અને તેને લગતી સર્વ સૂચનાઓ અને માર્ગદર્શન આપવામાં સ્ત્રીના પ્રજનન અવયવોનું સંપૂર્ણ જ્ઞાન હોવું આવશ્યક છે. તેથી આ પ્રકારનું માર્ગદર્શન કોઈ સામાન્ય માણસ આપે તેના કરતાં અનુભવી અને અભ્યાસી એવા પ્રસૂતિ–શાસ્ત્ર વિશારદ મારફત આપવામાં આવે તે વધુ ઇચ્છનીય છે. આજે ઘણાખરા ડૉક્ટરો કસરત અને બીજા કુદરતી ઉપચારો પ્રત્યે જે જાતની ઉપેક્ષા સેવે છે તે જોતાં તેમની પાસેથી આવા કોઈ માર્ગદર્શનની આશા રાખવી તે વધુપડતી ગણાય. દરેક દર્દના નિવારણ માટે ડૉક્ટરે,

બને ત્યાં સુધી પ્રથમ કુદરતી ઉપચારોને મહત્ત્વ આપીને તેની અજમાયશ કરી જોવી જોઈએ.

સ્ત્રીઓ પોતે તેમના શરીરની રચના અને કાર્યપદ્ધતિ પ્રત્યે જે પ્રકારની ઉદાસીનતા અને અજ્ઞાન સેવે છે તે ખરેખર દુઃખદ છે. પ્રસૂતિ દરમ્યાન અને તે પછી થાક, કબજિયાત, શારીરિક અને માનસિક નબળાઈ, માથાનો દુખાવો, અને કમરનો દુખાવો વગેરે ફરિયાદો સામાન્ય છે; તેમ જ મોટી ઉંમરે વ્યક્ત થતી શારીરિક સ્થૂળતા, બેડોળપણું, અને સ્નાયુઓની કમજોરી વગેરે ફરિયાદો પણ વારંવાર આવતી પ્રસૂતિના અનિવાર્ય પરિણામ તરીકે જ હોય છે. પ્રસૂતિકાળ દરમ્યાન અને તે પછી જો પૂરેપૂરી તકેદારી રાખવામાં આવે, તો સ્ત્રી–દેહનું સ્વાસ્થ્ય અને એનું સૌષ્ઠવ ઘણા લાંબા સમય સુધી જાળવી શકાય છે; એટલે આરોગ્યના આ પુનર્નિર્માણમાં નિયમિત અને પદ્ધતિસરની કસરત એ એક ઉપયોગી અંગ છે.

શરીરના જુદાજુદા અવયવોના જે જે સ્નાયુઓ વધુ ક્રિયાશીલ રહેતા હોય, તેની રચનાનો પૂરતો અભ્યાસ કરીને યોગ્ય કસરતો સૂચવવી જોઈએ; અને જો પૂરેપૂરા ઉત્સાહ અને ખંતથી આ કસરતો જારી રાખવામાં આવે, તો અશક્ત થતા અને થયેલા આ સ્નાયુઓમાં નવજીવનનો સંચાર થતાં તેમાં તંદુરસ્તીની તાજગી અને યૌવનનો થનગનાટ જરૂર વધુ સમય જળવાઈ રહે.

આ લેખમાં તો માત્ર પ્રસૂતિ દરમ્યાન જે જે સ્નાયુઓ ઉપર વધુપડતો બોજો આવવાની અને તે નિર્બળ થવાની શકયતા છે તેને લગતી કસરતી તાલીમ વિશે માર્ગદર્શન કરાવવાનો પ્રયાસ કર્યો છે.

પેટના જુદાજુદા સ્નાયુઓની નિર્બળતા દૂર કરવા માટેની કસરતો એકંદરે સહેલી છે. થોડી ઉપયોગી સૂચનાઓ ધ્યાનમાં રાખવામાં આવે, તો તેમાં સફળ પરિણામ સહેલાઈથી લાવી શકાય. સ્ત્રીના બસ્તિ-પ્રદેશના વિવિધ સ્નાયુઓ કે જેમના ઉપર બાળકના જન્મસમયે સૌથી વધુપડતો ભાર આવે છે, તેમને પાછા પૂર્વવત્ સ્થિતિમાં લાવવા માટે આ કસરતોનો ઉપયોગ થઈ શકે છે, એ સત્યનો સ્વીકાર પણ હજી હમણાં જ થયો છે.

બસ્તિ–પ્રદેશના વિવિધ સ્નાયુઓ વિશે આપણે જાણી લઈએ કે યોનિદ્વાર છોડીને નાનામોટા ઘણા સ્નાયુઓ એક પટલ જેવી રચના કરીને બસ્તિપ્રદેશમાંનાં વિવિધ અંગાંગોને નીચે સરી પડતાં અટકાવવાને એક કીમતી આધારરૂપ બની રહે છે.

આ સ્નાયુઓના સંકોચન દ્વારા બસ્તિ-પ્રદેશના વિવિધ આધારભૂત સ્નાયુઓ કાર્યશીલ બને છે. આ સ્નાયુઓની વ્યવસ્થિત તાલીમ બસ્તિ–પ્રદેશના સૌ સ્નાયુઓમાં શક્તિનો આવિર્ભાવ કરવા માટે ઘણી જ ઉપયોગી છે.

પ્રસૂતિ દરમ્યાન ગર્ભાશયથી યોનિદ્વાર સુધીના બાળકના માર્ગમાં આવતા સૌ સ્નાયુઓ એમની સંપૂર્ણ શક્તિના જોરે સંકુચિત બનીને બાળકને આગળ ને આગળ રસ્તો કરી આપવાનો પ્રયત્ન કરે છે. વારંવાર પ્રસૂતિઓને લીધે આ સ્નાયુઓની સંકોચન શક્તિ ઓછી ને ઓછી થતી જાય છે. આ સ્નાયુ–પટલ ઉપર પેટનાં અને બસ્તિ-પ્રદેશનાં સૌ અંગોનું વજન આવે છે: શારીરિક સ્થૂળતા, કાયમી કબજિયાત, ખાંસી કે ઘણા ઓછા સમયને અંતરે આવતી પ્રસૂતિ આ સ્નાયુઓની શક્તિ ક્ષીણ કરવામાં અગત્યનો ભાગ ભજવે છે. પ્રસૂતિ બાદ આ સ્નાયુઓને પૂર્વવત્ સ્થિતિ સંપાદન કરતાં

સમય લાગે છે, તે દરમ્યાન જો બેદરકારી રાખવામાં આવે, તો કેટલીક વખત કાયમની ક્ષતિઓ પેદા થાય છે. તેથી પોતાના સ્વાસ્થ્ય માટે ઉત્સાહી એવી બહેનો જો નીચે દર્શાવેલી તાલીમ વ્યવસ્થિત રીતે લે, તો આ ક્ષયને સહેલાઈથી દૂર કરી શકાય.

બધી રીતે નીરોગી એવી હરકોઈ સ્ત્રીને નીચેની કસરતો સૂચવી શકાય. હૃદય, ફેફસાં, કે મૂત્રાશયના કે એવા કોઈ ખાસ રોગથી પીડાતી સ્ત્રીઓને માટે આ જાતની કે બીજી કોઈ પણ જાતની કસરતો હિતાવહ નથી. માસિકસ્રાવ અને પ્રજનન અવયવોના બીજા કોઈ રોગથી પીડાતી સ્ત્રીઓએ પણ આ કસરતો ડૉકટરની સલાહ હોય તો જ શરૂ કરવી જોઈએ.

શૌચાદિ ક્રિયાઓ પતાવ્યા પછી નિયમિત વહેલી સવારે સંપૂર્ણ હવા–ઉજાસવાળા ખંડમાં અને અતિ તંગ નહિ એવા પોશાકમાં આ કસરતો કરવી જોઈએ.

સગર્ભાવસ્થામાં કરવાની આવશ્યક કસરતો

સગર્ભાવસ્થામાં અને બાળકના જન્મ પહેલાં સ્ત્રીઓએ કરવાની નીચે આપેલી કસરતો વિશે સંપૂર્ણ અને વિગતવાર માર્ગદર્શન આપવું અહીં શક્ય નથી. બને ત્યાં સુધી આ તાલીમ શરૂ કરતા પહેલાં કોઈ અનુભવી ડૉકટરની સલાહ લેવી વધુ ઇચ્છવા યોગ્ય છે.

બાળકના જન્મ સમયે સ્ત્રીના શરીરનું એકેએક અંગ અને દરેક સ્નાયુ પૂર્ણ સફળતાથી કામ કરી શકે એ આ જાતની કસરતોનો મુખ્ય ઉદ્દેશ છે. આ સમયે વધુ શ્રમ ન પડે તેવી રીતે શ્વાસોચ્છ્વાસ લેવાથી માંડીને, કયા કયા સ્નાયુઓને કઈ રીતે સંકોચવાથી કુદરતી રીતે આવતા વહેણને વધુ સફળ બનાવી શકાય, તેની તાલીમનો આ કસરતોમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તદુપરાંત આ કસરતો શરીરની તંદુરસ્તી અને દેહ-સૌષ્ઠવ જાળવવામાં પણ સારો એવો ભાગ ભજવી શકે છે.

૧. શ્વાસોચ્છ્વાસ

સ્થિતિ : ચત્તાં સૂઈને પગને ગોઠણ આગળથી વાળીને પગનાં આખાં તળિયાંને જમીન ઉપર સમાંતર મૂકો. (જુઓ ચિત્ર નં. ૧.)



(ચિત્ર નં. ૧)

મોં બંધ રાખીને ઊંડા શ્વાસોચ્છ્વાસ લો અને અર્ધીએક મિનિટ સુધી શ્વાસ અંદર લઈને પછી ધીરેધીરે શ્વાસ છોડતાં જાઓ. લગભગ વીસેકવાર આમ કરો.

બાળકના જન્મ સમયે જો યોગ્ય રીતે શ્વાસોચ્છ્વાસનું નિયંત્રણ કરવામાં આવે, તો માતાને પડતો પરિશ્રમ ઘણે અંશે ઓછો થઈ શકે.

૨. આરામ

સ્થિતિ : માથું ઓશીકા ઉપર રાખીને પડખાભેર સૂઈ રહો. મોઢું અને આંખો બંધ રાખો, એક હાથ નીચે પીઠ આગળ અને બીજો હાથ વાળીને તેનાથી સહેજ ઊંચે જમીન ઉપર રાખો. એક પગ જરા ઊંચે અને કમર તથા ઘૂંટણ આગળથી વાળીને રાખો. બીજો પગ પણ આ જ પ્રમાણે વાળીને પણ સહેજ નીચો રાખો. (જુઓ ચિત્ર નં. ૨.)

ઉપરની સ્થિતિમાં રહીને પગ અને હાથના જુદાજુદા સાંધાઓને હલાવવા પ્રયત્ન

કરવો. આ રીતે શરીરને આરામ મળે તેવી સ્થિતિમાં રહીને જુદાજુદા સ્નાયુઓના હલનચલનની તાલીમ પણ પ્રસૂતિ દરમિયાન ઉપયોગી નીવડે છે.



(ચિત્ર નં. ૨)

૩. ઊઠબેસ

સ્થિતિ: બંને પગને લગભગ ૧૮”થી ૨૪”ને અંતરે સમાંતર રાખીને જમીન ઉપર ટટ્ટાર ઊભાં રહો.

જોરથી પગની એડી ઉપર વજન દઈને નીચે બેસી જાઓ. (જુઓ ચિત્ર નં. ૩.)



(ચિત્ર નં. ૩)

આજે પણ આદિવાસી પ્રજાની સ્ત્રીઓ આવી જ સ્થિતિમાં રહીને બાળકને જન્મ આપવાનું પસંદ કરે છે.

૪. ઘૂંટણિયાભર થઈને જમીન સાફ કરવી

ઘૂંટણિયાભર થઈને હાથમાં રાખેલા કપડાવતી ઓરડાની જમીન સાફ કરતાં હોઈએ તેમ ચાલવું. આ રીતે પેટના જુદાજુદા અવયવોનું રક્તશિરાઓ અને જ્ઞાનતંતુઓ ઉપર પડતું દબાણ ઓછું કરી શકાય છે.

૫. કમર ઝુકાવવી

(अ) સ્થિતિ : પગનાં તળિયાંને જમીન ઉપર સમાંતર રાખીને, ચત્તાં સૂઈ રહો. (જુઓ ચિત્ર નં. ૪.)



(ચિત્ર નં. ૪)

પીઠને જમીનથી સહેજ ઊંચે લઈને કમાન બનાવો, ધીમે રહીને પીઠને નીચે મૂકો. (જુઓ ચિત્ર નં. ૫.)



(ચિત્ર નં. ૫)

(ब) સ્થિતિ : ઘૂંટણિયાભર થઈ રહો. સાથળના અને પેટના સ્નાયુઓને સંકોચો અને પાછા તેને મૂળ સ્થિતિમાં લાવો. (જુઓ ચિત્ર નં. ૬.)



(ચિત્ર નં. ૬)

સ્થિતિ : એક ખુરશી ઉપર બન્ને હાથને

જોડીને રાખો. બન્ને ઘૂંટણને ખુરશી નીચે રાખો અને બન્ને કૂલાને પગની એડી ઉપર ટેકવો. (જુઓ ચિત્ર નં. ૭.)



(ચિત્ર નં. ૭)

કૂલાના અને પેટના સ્નાયુઓનું હલનચલન કરવા પ્રયત્ન કરો.

ડ. બેસવાની અને ઊભાં રહેવાની યોગ્ય પદ્ધતિ

સ્થિતિ : બન્ને પગને સમાંતર રાખીને તેના ઉપર સમગ્ર શરીરનું વજન આવે તે રીતે ટટ્ટાર ઊભાં રહો.

કમરને આગળપાછળ ઝુકાવવી અને ઉપર વર્ણવેલી શ્વાસોચ્છ્વાસની કસરતો આ સ્થિતિમાં કરવી.

બેસતાં, ઊભાં રહેતાં, કે ચાલતાં, શરીરને યોગ્ય સ્થિતિમાં રાખવાની અગત્ય ઘણી છે. શરીરની સુગમતા જાળવવા ઉપરાંત કોઈ પણ સ્નાયુસમૂહ ઉપર વધુપડતો બોજો પડે નહિ તેની કાળજી રાખવી જોઈએ: 'ટટ્ટાર બેસવું, ટટ્ટાર ઊભાં રહેવું અને ટટ્ટાર ચાલવું,' એ સૂત્ર દરેક પ્રસંગે યાદ રાખવા જેવું છે. (જુઓ ચિત્ર નં. ૮, ૯, ૧૦.)

ઢ. શ્વાસોચ્છ્વાસ

અ. ચત્તાં સૂઈને પગને ગોઠણ આગળથી વાળીને ઊંડા શ્વાસોચ્છ્વાસ લો.

બ. ઉપરની જ સ્થિતિમાં રહીને મોં



(ચિત્ર નં. ૮)



(ચિત્ર નં. ૯)

ઉઘાડું રાખીને ઝડપથી શ્વાસોચ્છ્વાસ લેવાનું ચાલુ રાખો.

ક. લઘુશંકા અથવા દીર્ઘશંકા વખતે જે પ્રકારનું જોર કરતાં હોઈએ તેમ વારંવાર

કરવાનો પ્રયત્ન કરો.



(ચિત્ર નં. ૧૦)

૮. કમર ઝુલાવવી

અ. સ્થિતિ: ચત્તાં સૂઈને એક પગ જમીનને સમાંતર રાખો, બીજો પગ ઘૂંટણ આગળથી વાળીને રાખો. (જુઓ ચિત્ર નં. ૧૧.)



(ચિત્ર નં. ૧૧)

જમીનને અડી રહેલા પગને ઊંચો કરો અને બીજા પગને જમીનની સમાંતર મૂકો. આ પ્રમાણે વારાફરતી કર્યા કરો.

બ. સ્થિતિ: ચત્તાં સૂઈને બન્ને પગ ઘૂંટણ આગળથી વાળીને રાખો. (જુઓ ચિત્ર નં. ૧૨.)



(ચિત્ર નં. ૧૨)

બન્ને પગને વારાફરતી ડાબી અને જમણી બાજુ ઝુલાવો. કમરને ઝુલાવવાની વિવિધ કસરતો દ્વારા પેટનાં દરેક સ્નાયુની સ્થિતિસ્થાપકતા જાળવી રખાય છે.

પ્રસૂતિ પછીના આવશ્યક વ્યાયામ

પ્રસૂતિ પછીના પહેલા દશ દહાડા કે જયાં સુધી સાધારણ રીતે સ્ત્રી ઇસ્પિતાલમાં હોય છે ત્યાં સુધી દરરોજ કરવાની કસરતો નીચે મુજબ છે:

બીજો દિવસ

સ્થિતિ: ચત્તાં સૂઈ ગયા પછી પગને ગોઠણ અને કમર આગળથી વાળીને પગનાં તળિયાંને પથારીની સપાટીની સમાંતર રાખવાં. (જુઓ ચિત્ર નં. ૧૨.)

૧ ચિત્રમાં બતાવ્યા પ્રમાણે સૂઈને ઊંડેથી શ્વાસ લેવા.
૨ ,, ,, ,, ,, પગનાં આંગળાંઓ હલાવવાં.
૩ ,, ,, ,, ,, પગની એડી હલાવવી.
૪ ,, ,, ,, ,, પેટના સ્નાયુઓને તંગ કરવા.
૫ ,, ,, ,, ,, નિતંબના સ્નાયુઓ તંગ કરવા.

૯ ઊંધાં પડીને સૂઈ રહેવું તથા શરીરના તમામ સ્નાયુઓને સ્વસ્થ રાખવા.

આ કસરત માટે પલંગને માથા આગળથી સહેજ ઊંચી સપાટી પર મૂકયો હોય તો સારું, અને તે પછી પેટ ઉપર રહીને ઊંધાં સૂવું. એકાદ કલાક એમ રોજ સૂવું.

ત્રીજો દિવસ

૧ ચિત્ર નં. ૧૩માં બતાવ્યા મુજબ સૂઈને ઊંડા શ્વાસોચ્છ્વાસ લેવા.
૨ ” ” ” ” પગનાં આંગળાં તથા એડીનું હલનચલન કરવું.
૩ ” ” ” ” પેટના અને નિતંબના સ્નાયુઓને તંગ કરવા.
૪ ” ” ” ” પેટના ઊંડાણમાંથી શ્વાસ લેવા અથવા ઉદરપટલનું હલનચલન કરવું.
૫ ” ” ” ” પીઠના સ્નાયુઓને તંગ કરવા.
૬ ” ” ” ” શરીરની કમાન રચવી.
૭ ” ” ” ” સાથળના સ્નાયુઓનું હલનચલન કરવું તથા તેને તંગ કરવા.
૮ ” ” ” ” ઊંડા શ્વાસ લેવા.



(ચિત્ર નં. ૧૩)

ચોથો અને પાંચમો દિવસ

૧ ચિત્ર નં. ૧૩માં બતાવ્યા મુજબ સૂઈને ઊંડા શ્વાસોચ્છ્વાસ લેવા.
૨ ” ” ” એડી આગળથી પગને ઉપરનીચે હલાવવા, આજુબાજુ હલાવવા તથા ગોળગોળ ફેરવવા.
૩ ” ” ” પેટના, નિતંબના અને મૂલાધાર પીઠના (પેરિનિયમ) સ્નાયુઓનું સંકોચન કરવું.
૪ ” ” ” ઉદરપટલના સ્નાયુઓનું સંકોચન કરી ઊંડા શ્વાસ લેવા.
૫ ” ” ” શરીરની કમાન કરવી.
૬ ” ” ” વારાફરતી એક યા બીજું પડખું જમણી અને ડાબી બાજું વાળવું.
૭ ” ” ” સાથળના સ્નાયુઓ સંકોચવા તથા એડી આગળથી પગને વાળવા.
૮ ” ” ” નીચેની પાંસળીઓને જોરે શ્વાસ લેવો.
૯ ઊંધાં થઈને સૂઈ રહેવું, શરીરના તમામ સ્નાયુઓને સ્વસ્થ રાખવા.

છઠ્ઠો અને સાતમો દિવસ

ઉપરની કસરતોમાં નીચેની બે કસરતોનો ઉમેરો કરવો.

૫ अ. ઘૂંટણભર ઊભાં રહીને પેટના સ્નાયુઓનું હલનચલન કરવું.

૬ अ. ખુરશી ઉપર પગ રાખીને, આરામથી બેસીને પીઠ આગળથી શરીરને ટટ્ટાર કરવું.

આઠમો અને નવમો દિવસ

૧. ગોઠણ અને કમર આગળથી પગને વાળીને બેસવું અને ઉદરના સ્નાયુઓનું સંકોચન કરવું, ઊંડો શ્વાસ લેવો.

૨. પગને ખુરશી ઉપર રાખીને બેઠા પછી એડી આગળથી પગને ઉપરનીચે હલાવવા.

૩. ચત્તાં સૂઈને પેટના, નિતંબના અને મૂલાધાર પીઠના સ્નાયુઓનું સંકોચન કરવું.

૪. ઘૂંટણ ઉપર ઊભાં રહીને પીઠથી શરીરની કમાન રચવી.

૫. ચિત્ર નં. ૧૩માં બતાવ્યા મુજબ સૂઈને ઊંડા શ્વાસોચ્છ્વાસ લેવા. ઉદરપટલના સ્નાયુનું સંકોચન જરૂરી છે.

૬. ચિત્ર નં. ૧૩માં બતાવ્યા પ્રમાણે સૂઈને વારાફરતી બંને પગને ગોઠણ આગળથી ઊંચા કરવા અને છાતીએ અડકાડવા; અને પછી બંને પગોને એકીસાથે છાતી આગળ લઈ જવા.

૭. ખુરશી ઉપર પગ રાખીને બેસવું, પછી વારાફરતી શરીરને જમણી અને ડાબી બાજુ ઘુમાવવું.

૮. અઢેલીને બેઠા પછી પીઠને ઊંચી કરવી.

૯. ચત્તાં સૂઈને જાંઘના સ્નાયુઓનું હલનચલન કરવું.

૧૦. ચિત્ર નં. ૧૩માં બતાવ્યા પ્રમાણે સૂઈને નીચેની પાંસળીઓના જોરે શ્વાસ લેવો.

દસમો દિવસ

ઉપર બતાવેલી કસરતો કરવી, પણ નવમી કસરત ટટ્ટાર ઊભા રહીને કરવાની ટેવ પાડવી.

અગિયારમા દિવસ પછી

ઉપરની કસરતોમાં નં. ૬ની કસરત નીચે મુજબ કરવી:

ચિત્ર નં. ૧૩માં બતાવ્યા મુજબ સૂઈને એક બાજુથી માથું અને ખભાને સહેજ ઊંચા કરવા અને બીજી બાજુથી બંને પગોને ઘૂંટણ આગળથી ઊંચા કરીને કપાળે અડાડવા.

નં. ૯ની કસરતમાં આટલો ઉમેરો કરવો. ટટ્ટાર ચાલવાની ટેવ પાડવી તથા ઊભાંઊભાં પેટના, નિતંબના અને મૂલાધાર પીઠના સ્નાયુઓને સંકોચવા પ્રયાસ કરવો.

આપણે ત્યાં પ્રસવ પછી પૂરા દશ દિવસ બાદ સ્ત્રીને ઇસ્પિતાલમાંથી ઘરે લઈ જવાની રજા આપવામાં આવે છે; પરંતુ ઘરે આવ્યા પછી પણ ઉપરની કસરતો ચાલુ રાખવાથી શરીર સુડોળ તથા તંદુરસ્ત બને છે.

આ જાતની તાલીમ દ્વારા થતા ફાયદા

આ જાતની તાલીમની સફળતાના અંદાજ આંકડાઓ મૂકવાનો પ્રયત્ન યોગ્ય ન ગણાય, કારણકે આપણે ત્યાં તો બહુ જ ઓછી સ્ત્રીઓ આ તાલીમનો લાભ લે છે. જે નાના-મોટા ફાયદાઓ સામાન્ય છે, તેની નોંધ અહીં લીધી છે:

સામાન્ય અસર

૧. શરીરની સ્થૂળતા ઓછી થાય છે.

૨. કબજિયાત દૂર થાય છે. સમગ્ર પાચનતંત્રમાં સુધારો થાય છે.

૩. કમરનો દુખાવો નાશ પામે છે.

૪. કાર્યશક્તિ વધે છે.

પ્રસૂતિ દરમ્યાન જણાતા ફાયદાઓ

૧. બાળ-જન્મ માટેના હરકોઈ પરિશ્રમને માટે સ્ત્રી તૈયાર હોય છે.

૨. દુ:ખ, ભય, ચિંતા વગેરે અનિષ્ટ તત્ત્વો જણાતાં નથી. વહેણુ દરમ્યાન દુખાવો ઘણુ કમી જણાય છે.

૩. વહેણુ દરમ્યાન યોગ્ય સમયે વ્યવસ્થિત રીતે જોર કરીને સ્ત્રી ગર્ભાશયથી યોનિદ્વાર સુધીનો બાળકનો માર્ગ સહેલો અને સરળ બનાવી દે છે.

પ્રસૂતિ બાદ જણાતા ફાયદાઓ

૧. ગર્ભાશય ઘણા ઓછા સમયમાં તેની પૂર્વ સ્થિતિ પૂર્ણપણે પ્રાપ્ત કરી લે છે.

૨. બાળકને માતાના દૂધનો સારા પ્રમાણમાં લાભ મળે છે.

૩. માસિક સ્રાવ ખાસ તકલીફ વિના પૂર્વવત્ ચાલુ થઈ જાય છે.

આ પ્રકારની તાલીમ સર્વવ્યાપી બનાવવામાં અનેક મુશ્કેલીઓ નડે છે. સ્ત્રીઓની પોતાના સ્વાસ્થ્ય માટેની તેમ જ કોઈ પણ જાતની કસરતો માટેની સંપૂર્ણ બેદરકારી એક મોટી મુશ્કેલી છે. આ જાતની તાલીમમાં ભાગ્યે જ સ્ત્રીઓ રસ લે છે, તથા તેને વિશે માહિતી આપવાનો પ્રયત્ન કરવામાં આવે ત્યારે પણ ભાગ્યે જ ઇંતેજારી દાખવે છે. કેટલીક બહેનો તો તાલીમ શરૂ કર્યા પછી અંગત કારણોસર તથા પ્રમાદને લીધે અધવચ્ચે જ પડતી મૂકે છે. ઘરકામની ચિંતા, કૌટુમ્બિક વ્યાધિઓ વગેરેમાંથી પરવારીને કસરતો માટે સમય કાઢવાનું ભાગ્યે જ કોઈને પાલવે. તદુપરાંત પતિદેવો પણ ભાગ્યે જ પત્નીના દેહસૌષ્ઠવની જાળવણી માટે સક્રિય રસ ધરાવતા હોય છે. સંકડાશવાળી બંધિયાર જગ્યામાં તેમ જ બાળકોની હાજરીમાં આ કસરતો કરતાં સંકોચ થાય એ પણ સમજી શકાય તેવી વસ્તુ છે.

આ જાતની કસરતોની અગત્ય અને તેના ફાયદાઓ પ્રત્યે આપણા ડૉકટરો પણ પૂર્ણપણે જાગ્રત નથી અને જે થોડાઘણા સજાગ ડૉકટરો આ કામ ઉપાડી લે છે, તેમને માટે ગુજરાતી ભાષામાં આ કસરતોની વિગતવાર માહિતી કેમ આપવી તે પ્રશ્ન થઈ પડે છે. વિવિધ ભાષાઓમાં આ જાતની કસરતો વિશેની માહિતી પ્રસિદ્ધ કરી તેનો બહોળો પ્રચાર કરવો જોઈએ. દરેકેદરેક પ્રસૂતિગૃહમાં આવી કસરતો માટે યોગ્ય માર્ગદર્શન આપવાની સગવડ હોય તે ખાસ જરૂરી છે.

આવી શારીરિક કસરતોની અગત્ય જ્યારે સ્ત્રીઓ પૂર્ણપણે સમજતી થશે, ત્યારે રાષ્ટ્રના યૌવનધનને સાચવવામાં એક મોટી સિદ્ધિ હાંસલ કરી ગણાશે. આ કસરતો જો યોગ્ય ઉત્સાહથી કરવામાં આવે તો સ્ત્રીઓ તેમના દેહસૌષ્ઠવને એટલી હદ લગી જાળવી શકશે કે સાઠ વર્ષની વયે પણ તેઓ યુવાનીનો થનગનાટ કાયમ રાખી શકશે.

★

'કહે છે કે પ્રાચીન સમયમાં જ્યારે સમુદ્રમંથન થયું, ત્યારે સમુદ્રમાંથી અનેક પ્રકારનાં દિવ્ય રત્નો પ્રગટ થયાં. છેવટે ભગવાન શ્રીવિષ્ણુ પોતાના હાથમાં અમૃત લઈને પ્રગટ થયા. એ વખતે એમની આંખમાંથી આનંદાશ્રુનાં કેટલાંક ટીપાં એ અમૃત ઉપર પડ્યાં. એમાંથી કહે છે કે, તુરત જ તુલસી પેદા થઈ. આ પ્રકારે સમુદ્રમાંથી પ્રગટેલી લક્ષ્મી તથા અમૃતમાંથી પ્રગટેલી તુલસીને સર્વ દેવતાઓએ શ્રીહરિની સેવામાં સમર્પિત કર્યાં અને ભગવાને પણ પ્રસન્નતાપૂર્વક એમનો સ્વીકાર કર્યો. આથી તુલસીની શ્રીવિષ્ણુની માફક જ પૂજા થાય છે.'

×

અવતારોનું રહસ્ય

લેખક :
શાસ્ત્રી ગોપીજનવલ્લભ શર્મા
‘વિશારદ’

અર્વાચીન યુગમાં ‘અવતાર’ શબ્દ હાસ્યાસ્પદ બની ગયો છે. તત્ત્વદ્રષ્ટાની દૃષ્ટિમાં એવી કોઈ વસ્તુ જ નથી; કેમકે ‘અવતરતિ–ઇતિ’ અવતાર:–જે કયાંકથી આવે છે તે અવતાર કહેવાય છે. સેશ્વરવાદીના ઈશ્વર અદ્વૈત, અખંડ, અભેદ્ય અને પૂર્ણ છે. જો કે આસ્તિકવાદમાં ઈશ્વર સંબંધી અનેક ધારણાઓ છે; પરંતુ વિષયાંતરને કારણે આ લેખમાં માત્ર અદ્વૈત ધારણા પ્રતિજ દૃષ્ટિ રાખવાની છે. જે ઈશ્વર–પરબ્રહ્મતત્ત્વ, અખંડ, અદ્વૈત છે તે આવે કયાંથી અને જાય કયાં? અને જો આ સત્ય છે તો અવતારવાદ જ નિર્મૂળ ઠરે છે. પરંતુ આ પ્રશ્ન વિદ્વાનો કે જેઓ ધ્યાનપૂર્વક વિચાર કરે છે તેમની સમક્ષ થોડીકજ વાર ટકી શકે છે–સમસ્ત વીજળીના તારમાં એક રૂપથી રહેલા વીજળી–તત્ત્વની જેમ. તેમ જ સમસ્ત સમુદ્રમાં એકરૂપમાં રહેલ જળની માફક અખિલ વિશ્વમાં એક અદ્વૈત પરબ્રહ્મતત્ત્વ વ્યાપ્ત છે. આપણને વીજળીના તારથી પ્રકાશની અભિલાષા થતાં ગોળો લગાવતાં તુરત જ પ્રકાશ મળે છે. જયારે જયારે સમુદ્રમાં પવનને લીધે તોફાન આવે છે ત્યારે ત્યારે જળમાં ધ્યાનથી જોતાં સેંકડો નાનીનાની અગણિત લહેરો દૃષ્ટિગોચર થાય છે. વીજળીના તારમાં વિદ્યુત–પદાર્થ સમાન જ હોય છે; પરંતુ જેટલા પ્રમાણમાં આકર્ષણ કરનાર ગોળાને લગાવાય છે તેટલા પ્રમાણમાં અધિક પ્રકાશ આપે છે. તેવી જ રીતે સમુદ્રમાં જયાં વાયુનો વેગ અધિક હોય છે ત્યાં લહેરો મોટીમોટી ઊઠે છે અને બીજે નાની. તે જ પ્રકારે વિશ્વમાં જયારે જયારે ધર્મનો હ્રાસ અને અધર્મનો અભ્યુદય થાય છે ત્યારે ત્યારે તે અખંડ, અદ્વૈત, પરબ્રહ્મતત્ત્વ કોઈ પણ જીવ–વિશેષમાં પોતાની અતિમાનવ શક્તિ લઈને અવતરે છે. એનામાં એ શક્તિ હોય છે કે જેનાથી એક સંકેતમાત્રમાં સારા વિશ્વના સૂત્રને ફેરવી નાખે છે.

આપણા દેશના પ્રાચીન સાહિત્યનું જે અવલોકન કરીએ, તો આપણા દૃષ્ટિપથમાં અનેક અતિમાનવ શક્તિને ધારણ કરનારનાં અનેક ચરિત્રો આવે છે. તેમની ગતિવિધિ તથા કાર્યકલાપોનું સૂક્ષ્મ અધ્યયન કરવાથી આપણને એક એવું તત્ત્વ મળે છે કે જે સર્વ અવતારીઓમાં એક સમાન રૂપ હોય છે. તે એ છે કે ‘પતિતોદ્ધાર’–પતન પામેલી જાતિઓને પોતાનો હક્ક અપાવવો અને સમભાવની સ્થાપના કરવી. ઉદાહરણ તરીકે આપણા સંસ્કૃત સાહિત્યમાં અનેક અગણિત અવતાર–ચરિત્ર ઉપલબ્ધ છે; પરંતુ સાધારણ રીતે વિદ્વાનોએ અવતારોના બે પ્રકારો ગણ્યા છે. ઘણા વિદ્વાનોની સંમતિ છે, કે અવતારો મુખ્ય રૂપે ચોવીસ છે, જ્યારે કેટલાક મુખ્ય અવતારો દશ જ માને છે. ઉપર જણાવેલી વ્યાખ્યા અનુસાર તો સમયસમય પર અનેક અગણિત અવતાર થઈ શકે છે; પરંતુ અવતારોના કાર્યમાં ‘પતિતોદ્ધાર’ તથા ‘સમભાવ સ્થાપના’રૂપી કાર્યની દૃષ્ટિએ તો કેવળ દશ અવતારોનું જ વિહંગાવલોકન કરવું રહ્યું.

ભિન્નભિન્ન પુરાણોના અવલોકનથી અવતારના વિષયમાં અનેક મતભેદ જણાઈ પરંતુ પૌરાણિક મતાનુસાર હાલ વારાહકલ્પ ચાલી રહ્યો છે, તેથી ભાગવતની કથાનુસાર

આપણે પ્રથમ વારાહ અવતારને માની તે અવતારનાં અનેક કાર્યોનું અવલોકન કરીશું.

વારાહાવતારના સંબંધમાં શ્રી ભાગવતકાર કહે છે કે જ્યારે બ્રહ્માજી સૃષ્ટિ ઉત્પન્ન કરવા લાગ્યા, ત્યારે સર્વપ્રથમ સ્વાયંભુવ મનુ અને શતરૂપા નામની સ્ત્રીને ઉત્પન્ન કર્યાં. ઉત્પન્ન થયેલ આ યુગલે બ્રહ્માજીને નિવેદન કર્યું કે 'અમારે યોગ્ય કાર્ય સોંપી ઉપકૃત કરવામાં આવે. અમે આપની સેવા કરવા ચાહીએ છીએ.'

બ્રહ્માજીએ પ્રસન્ન થઈને કહ્યું કે, 'હે પુત્ર! તું પ્રજાનું રક્ષણ કર, જેથી મારી સાથે ભગવાન શ્રી હૃષીકેશ પણ પ્રસન્ન થશે.' (ભાગવત સ્કં. ૩, અ. ૧૩, શ્લોક ૧૨) બ્રહ્માજીના આ શબ્દોથી સ્પષ્ટ થાય છે કે જનસેવા જ વિશ્વાત્મા(પરમાત્મા)ને પ્રસન્ન કરવાનું મુખ્ય સાધન છે.

બ્રહ્માજીના આદેશને શ્રવણ કરી મનુજીએ કહ્યું, કે 'હે ભગવન્! હું પ્રજાનું રક્ષણ-સેવા કરવા તૈયાર છું; પરંતુ સેવાનું પરમ સાધન એવી ભૂમિ કયાં છે? નિવાસ અને પોષણનું મુખ્ય સાધન તો પૃથ્વી જ છે અને તેને તો ગર્વિષ્ઠ બ્રાહ્મણ–રાક્ષસ હિરણ્યાક્ષ રસાતલમાં લઈ ગયો છે. અત્રે 'હિરણ્યાક્ષ' નામથી કોઈ રાક્ષસને સમજી લેવાનો નથી. 'હિરણ્યાક્ષ'નો અર્થ થાય છે: 'હિરણ્યં સુવર્ણં એવ અક્ષિણી=નેત્રે યસ્ય સઃ' એટલે જે લોકો સુવર્ણને જ પોતાની આંખના તારા સમજે તે જ હિરણ્યાક્ષ છે. અત્રે એ સમયનું વર્ણન થાય છે જે સમયે મનુજી પેદા થયા હતા. તે સમયે સુવર્ણને સર્વસ્વ માનનારા દ્રવ્યપાત્ર મનુષ્યોએ લક્ષ્મી દ્વારા ઊપજતી સર્વ ભૂમિને પોતાને અધીન કરી પોતાના વિલાસ–ઉપયોગમાં લઈ લીધી હતી.

પરિસ્થિતિ એવી હતી. બ્રહ્માજી વિચારમાં પડી ગયા. તરત જ ભગવાને વારાહ અવતાર ધારણ કર્યો. વારાહ જંગલમાં જમીનમાં ખાડો બનાવી તેમાં રહે છે, એટલે ભગવાન એવી માનવજાતિમાં અવતર્યા (અવતાર લીધો) કે જે જંગલો(વનો)માં ભૂમિને જ પોતાનું ઘર માનીને પશુની જેમ જીવન વિતાવતી હતી. તે જાતિનું ભગવાને સંગઠન કર્યું અને દ્રવ્ય મેળવીને સુખની નિદ્રામાં સૂઈ રહ્યા હતા. તે હિરણ્યાક્ષનો વધ કર્યો. (ભાગવત સં. ૩, અ. ૧૪થી ૧૭.)

અવતારોમાં બીજા અવતાર તરીકે મત્સ્ય અવતાર લઈશું. એના વિષયમાં ભાગવતકાર લખે છે કે, બ્રહ્માજીની રાત્રિ પાસે આવી રહી હતી, નૈમિત્તિક પ્રલય નિકટમાં થવાનો હતો. આ વાત તે સમયની છે. સંસારભરનું જ્ઞાન, કલા અને સંપત્તિના ભંડારરૂપ વેદ ભગવાનના હયશિરા-અશ્વની સમાન મુખવાળા અર્થાત્ વાહનોના અધિપતિ–પૂંજીના અધિપતિઓએ પોતાના અધિકારમાં કરી દીધા હતા. તે સમયમાં ગાયથી પણ રંક દીન જન, સાધુ, સજજન, દેવતા સમાન સ્વભાવવાળા તથા બ્રાહ્મણ, પ્રાણીમાત્ર ઉપર દયાદૃષ્ટિ રાખનારના કલ્યાણના અર્થે ભગવાને મત્સ્ય કુળમાં જન્મ લીધો; અર્થાત્ મત્સ્ય એ જ જેનું ધન છે એ જાતિમાં ભગવાનનો અવતાર થયો. મત્સ્ય ભગવાનની ઉત્પત્તિ થવાથી તે પૂંજીપતિઓ કે જેઓ સર્વ સાધારણની સંપત્તિ સ્વાહા કરી બેઠા હતા તેઓને માટીમાં મેળવી દીધા. (ભાગવત સ્કંધ ૮, અ. ૨૪.)

ત્રીજો અવતાર ભગવાન કૂર્મ(કચ્છપ)નો મનાય છે. તે અવતાર સમુદ્રમંથનના સમયે થયેલો હતો. જ્યારે રાક્ષસોએ દેવતાઓ પાસેથી તેમનું સ્વર્ગ છીનવી લીધું, ત્યારે તે ફરીથી પ્રાપ્ત કરવા ભગવાને સમુદ્રમંથનની યુક્તિ બતાવી હતી. તે સમુદ્રને

મથતાંમથતાં જ્યારે મથવાનો દંડ–મંદરાચળ પર્વત જળમાં ડૂબવા લાગ્યો, ત્યારે ભગવાને દેવોની કાર્ય સિદ્ધિ અર્થે કચ્છપ અવતાર લીધો અને દેવોને પોતાના કાર્યમાં સફળ બનાવ્યા. (ભાગવત સ્કંધ ૮, અ. ૭)

સાધુ, રંક અને સજજન પુરુષોને દેવતા કહેવાય છે. વ્યવહારમાં પણ જાણીતું છે કે સજજન પુરુષને આપણે આમ કહીએ છીએ 'આ કેવા દેવપુરુષ છે?' એવા દેવતા પુરુષનું સ્વર્ગ એટલે સુખ (વ્યવહારમાં વિખ્યાત છે કે જેના ગૃહમાં અમનચમન ચાલે છે ત્યારે કહેવાય છે કે 'એના ઘરમાં સ્વર્ગ છે.') પૂંજીપતિઓ એટલે બદમાસો–રાક્ષસોએ છીનવી લીધું, ત્યારે દેવતાઓએ ભગવાનને પ્રાર્થના કરી એટલે જનતા જનાર્દનને સભાના રૂપમાં એકત્રિત કરી તેમની સામે પોતાનું કષ્ટ દર્શાવ્યું. ત્યારે ભગવાને જનતાને વિશ્વાસ આપી સમુદ્ર–વિશ્વનું સત્યાગ્રહરૂપી મંદરાચળથી મંથન કરવાની સલાહ આપી. તેનો પ્રારંભ પણ થયો; પરંતુ મંદરાચળ સમુદ્રમાં ડૂબવા લાગ્યો, ત્યારે ભગવાને સ્વયં કૂર્મરૂપ નીચ યોનિમાં જન્મ ધારણ કરીને પોતાની પીઠ ઉપર એ સત્યાગ્રહરૂપી મંદરાચળને ધારણ કરી દેવોના કાર્યમાં સફળતા અપાવી.

ચોથા અવતાર તરીકે પરશુરામને ગણવા ઠીક છે. આ ગણતરી પ્રામાણિક રીતે નથી જ, પણ લખવાની સુગમતા અનુસાર ઉપયોગમાં લેવા ધાર્યું છે. પરશુરામાવતારના સમયમાં હૈહય નામના રાજાઓ ઘણા જ ઉદ્દંડ થઈ પડ્યા હતા અને દેશભરમાં આતંક ફેલાવી દીધો હતો. તે લોકોનો એવો સિદ્ધાંત હતો કે સુખ–ભોગને પાત્ર માત્ર તેઓ જ છે, તેથી તેનાં સર્વ સાધન પોતાના ગૃહોમાં જ હોવાં જોઈએ. આથી જમદગ્નિ ઋષિને ત્યાં એક ગાય હતી, જેની કૃપાથી પોતાના કુટુંબનું અને અતિથિઓના પોષણનું તે કાર્ય નભાવતા હતા, તે ગાયને તે રાજાએ જોઈ અને તેને વિચાર આવ્યો કે ગાય ઘણી હૃષ્ટપુષ્ટ છે એને આપણે ત્યાં લઈ ચાલો. બસ, આ વિચાર થયો. ઋષિએ ઘણી આનાકાની કરી તોપણ ઋષિને મારીને, વૃક્ષ સાથે બાંધીને ગાય લઈ ગયા. જુઓ, રાજાઓ કેટલા અત્યાચારી થઈ ગયા હતા! ભગવાને પરશુરામનો અવતાર ધારણ કર્યો અને પરશુ(ફરસી)ની સહાયતાથી અર્થાત્ પોતાના વનવાસીઓના સંગઠન દ્વારા ઉદ્દંડ પૂંજીપતિ નરપતિઓનો એકવીસવાર ફરીફરીને સદંતર નાશ કર્યો અને દીનહીન દુઃખીજનોનું કલ્યાણ કર્યું.

પાંચમો અવતાર નૃસિંહજીનો ગણી શકાય. આ અવતારની વાર્તા બહુ જ જૂનીપુરાણી અને જગવિખ્યાત છે. એ યુગમાં હિરણ્યકશ્યપ–સુવર્ણપ્રિય રાજાનું રાજ્ય હતું. સમસ્ત દેવતા સજજન પુરુષોનાં સ્વર્ગ–સુખ તેણે છીનવી લીધાં હતાં અને ઘરમાંથી કાઢી મૂકયા હતા. આ ઉપરાંત રાજા પોતાનું પ્રાપ્ત કરેલું સુખ ચિરકાળ સુધી ટકી રહે તે માટે એકાંત સ્થાનમાં રહી તેણે એવી યોજના ઘડવાનો વિચાર કર્યો કે પોતે કયારે પણ દુઃખી ન થાય. રાજાના પૂર્વોક્ત ભાવને જાણી દેવ, સાધુ, પ્રજા ગભરાઈ ગઈ. તે પોતાના નેતા પાસે ગઈ. સભા કરી નિશ્ચય કર્યો, કે રાજા એકાંત મેળવવા કોઈ સ્થાનમાં જાય કે તરત પાછળથી તેના કુટુંબનો નાશ કરી નાખવો, પણ આવો હિંસાત્મક વિચાર ઘણા સાધુ પુરુષોને ગમ્યો નહિ. તેઓએ સલાહ આપી, કે રાજાના કુટુંબને મારવા કરતાં પુત્રને આપણા પક્ષમાં લઈ લેવો યોગ્ય છે અને આ કાર્યભાર તેઓએ માથે લીધો, અને પોતાના કાર્યમાં પ્રવૃત્ત થયા. તે પણ એટલે અને પૂર્ણ સફળ પણ થયા.

સુધી કે રાજાની રાણીને ફોડી પોતાના પક્ષમાં લઈ લીધી.

પ્રહ્લાદના મન ઉપર આ દેશભક્તોના ઉપદેશની એવી તો અસર પડી કે તે જનતા જનાર્દનનો પાકો ભક્ત બની ગયો. સમય વીતતાં પોતાના કાર્યમાં કેટલેક અંશે સફળતા મેળવી રાજા પાછો આવ્યો અને પુત્ર પ્રહ્લાદની શિક્ષા તરફ ધ્યાન આપ્યું; અને રાજસી શિક્ષણ આપવાનો આરંભ કરી દીધો; પરંતુ પ્રહ્લાદ તો તેનાથી બિલકુલ વિરુદ્ધ હતા. પ્રહ્લાદ ભણવા જતા પણ તે તો કેવળ નિમિત્ત હતું, કેમકે તે બહાને તેઓ જનતાના સંપર્કમાં આવતા રહ્યા. આ વાતની જાણ થતાં રાજાએ પુત્રની પરીક્ષાને નિમિત્તે તેડાવ્યો. પરીક્ષામાં પ્રહ્લાદે તે જ વાતો પિતા સમક્ષ મૂકી કે જે વાતોથી પિતા વિરુદ્ધ હતો. પુત્રને પોતાની વિચારશ્રેણીથી આટલો બધો વિરુદ્ધ જોઈ તેને ક્રૂરમાં ક્રૂર શિક્ષા કરવી શરૂ કરી પણ વિશ્વના કલ્યાણ માટે મોટામાં મોટું દુઃખ ઉઠાવવા પ્રહ્લાદ તૈયાર હતા. તેમણે પોતાનું ધ્યેય ન ત્યજયું, જેથી અંતે રાજાએ તેમને મૃત્યુદંડ ફરમાવ્યો; પરંતુ પ્રહ્લાદને તેની લેશ માત્ર બીક નહોતી, કેમકે તેની પાછળ જનતાની એક અનંત શક્તિ એવી કામ કરતી હતી કે જેની આગળ મોટામાં મોટો ભૂપ પણ કશું કરી શકે તેમ નહોતો.

આજ પ્રહ્લાદને મૃત્યુદંડ દેવાનો હતો. મોટી સભા ભરવામાં આવી હતી. મનુષ્યોની ભયંકર ભીડ જામી હતી. પુત્ર હોવાને લીધે રાજાએ તેને એક તક આપી કહ્યું, કે 'આ કામ છોડી દે તો તને નહિ મારું' પણ પ્રહ્લાદે સાફ ના કહી. રાજાએ ફરી પ્રશ્ન કર્યો કે 'ફરમાવેલ મૃત્યુદંડ સામે કઈ સત્તા બચાવશે?' પ્રહ્લાદે જણાવ્યું કે 'જનતાની આ અનંતશક્તિ પોતાને બચાવશે.' પિતા (રાજા) કહે કે 'આ બધા તો પ્રેક્ષક છે. આમાં કોણ તને બચાવી શકવા સમર્થ છે? તારો મૃત્યુનો સમય આવી પહોંચ્યો છે.' પુત્ર કહે: 'પિતાજી મારું રક્ષણ કરનારની અનંતશક્તિ બધે જ સ્થળે રહેલી છે.' રાજા: 'તો શું તે આ સભામાં પણ વિદ્યમાન છે?' પ્રહ્લાદ: 'અવશ્ય.' રાજા: 'તો આ સામે જણાતા થાંભલામાં પણ તારું રક્ષણ કરનારી શક્તિ હોવી જ જોઈએ!' પ્રહ્લાદ: 'પિતાજી, તે છે જ એમાં સંદેહ નથી.' રાજાને સંદેહ થયો કે આના સાથી સ્તંભમાં ક્યાંક સંતાઈ રહ્યા હશે. તરત જ તેણે ખડ્ગ ખેંચ્યું અને સ્તંભ તરફ ધસ્યો. પ્રહ્લાદના મૃત્યુદંડના સમાચાર ચારે તરફ ફેલાઈ ગયા હતા. જનતાની કેટલીક સશસ્ત્ર ટુકડીઓ જેમાં કેટલાક અસભ્ય પશુ (જંગલી) જેવા હતા અને કેટલાક બુદ્ધિમાન પણ હતા, તે ટુકડીઓ ત્યાં સભામાં સંતાઈ રહેલી હતી, જ્યાં રાજાને સામેથી ખડ્ગ સહિત આવતો જોયો કે તે ટુકડીઓમાં સમાયેલી અતિ માનવશક્તિ રાજા ઉપર તૂટી પડી. પૂંજીપતિઓને ચૂર્ણ કરી નાખ્યા. પ્રજાતંત્ર રાજ્યની પુનઃ સ્થાપના થઈ. પ્રજાનો સભ્યાસભ્ય સમાજ અને તેમાં રહેલી અતિ માનવશક્તિ તે જ આપણો નૃસિંહ અવતાર.

છઠ્ઠો અવતાર તે વામનજીનો છે. આ સમયમાં દેવતા પુરુષ–સજ્જન વ્યક્તિઓનાં સ્વર્ગ–સુખ રાક્ષસો–પૂંજીપતિઓએ પોતાને આધીન કરી લીધાં હતાં અને આ વખતે, તેમનો એવો પ્રયાસ હતો, કે અનંત કાલ માટે સ્વર્ગલોક–સુખનાં સમસ્ત સાધન તેમના પોતાના અધિકારમાં આવી જાય. તે સમય ભારે ભયંકર હતો. આ વખતે નાનામાં નાની વ્યક્તિએ સંગઠિત થઈને પૂંજીપતિઓનો સામનો કરવાનો હતો. આ અવસરે પરબ્રહ્મતત્ત્વે વામન એટલે નાના રૂપમાં અવતાર લીધો, અર્થાત્ શરીરમાં નીચા કે

નાના એમ અર્થ નથી. તેઓ નાની એટલે ગરીબ વ્યક્તિઓના વાતાવરણમાં ઉત્પન્ન થયા અને સંગઠ્ઠનનું એવું ચક્ર ચલાવ્યું કે વિશ્વભરમાં સમસ્ત દલિત વ્યક્તિ એકત્રિત થઈ ગઈ અને ધનિકો પાસે પોતાના સુખની માગણી કરી. અંતે અવતારની સહાયથી પોતાના હક્કનો અધિકાર પુનઃ પ્રાપ્ત કર્યો.

સાતમા અવતારમાં શ્રી મર્યાદા પુરુષોત્તમ રામચંદ્ર પધારે છે. તેમના કર્તવ્યનું તો શું અવલોકન થઈ શકે? સારું ય રામાયણ તેનાથી ભરેલું પડ્યું છે. જો તેમનાં કાર્યોની કેવળ ગણતરી કરવા બેસીએ તો આ લેખ ધારેલા પ્રમાણ કરતાં દશગણો મોટો થઈ જાય. શ્રી રામચંદ્રજીના કાર્યમાં પતિતોદ્ધાર અને સમદષ્ટિત્વ અણુએ અણુમાં ભરેલાં છે. નિષાદનો અંગીકાર, શબરી પર કૃપા કરવી, સુગ્રીવાદિ વનચરો સાથે મિત્રતા, વિભીષણને શરણ, એક હીનકુલમાં ઉત્પન્ન થયેલ ધોબીના શબ્દો ધ્યાનમાં લઈને સીતાજી જેવી પ્રેમમૂર્તિનો ત્યાગ વગેરે શું પતિતોદ્ધારત્વ અને સમદષ્ટિત્વ નથી બતાવતાં? અમારી માન્યતા મુજબ તો શ્રી રામચંદ્રજીનો અવતાર પૂર્વકથિત કાર્યને માટે જ લેવાયો હતો તે સ્પષ્ટ છે.

રાવણ એક પૂંજીવાદી સામ્રાજયનો પક્ષપાતી રાજા હતો. તે કાળમાં રાવણનો પક્ષપાતી બંધુગણ પૂંજીપતિ વર્ગ, સમસ્ત વિશ્વમાં સઘળે ફેલાઈ ગયો હતો. રામાયણનું ત્યાં સુધી કહેવું છે કે જે લોક દ્રવ્યના અભાવે કર નહોતા આપી શકતા તેમના શરીરને કાપી તેમનું લોહી રાવણે લીધું હતું. તે ઉપરથી સમજાશે કે તે શાસનકાળ કેવો હશે. આ પ્રકારની એક બીજી વાત વળી મળી આવે છે, કે રાવણનો એવો નિયમ હતો કે સંસારમાં સુંદરમાં સુંદર સ્ત્રી હોય તેને તે પોતાની સ્ત્રી બનાવતો. એ જ કારણથી તેણે સીતાજીનું અપહરણ કર્યું હતું. આ દુરાચરણનો પ્રભાવ દક્ષિણ ભારત તેમ જ ઉત્તર ભારતમાં દૂરદૂર પ્રસર્યો હતો. સારાયે વિશ્વની પ્રજા વ્યાકુળ થઈ ગઈ હતી. તેથી જ રામરાવણ યુદ્ધમાં દુનિયાના ખૂણેખૂણામાંથી રંગરૂટો(વાનરો)ની સેનાના યૂથોનાં યૂથો રામચંદ્રજીના પક્ષમાં આવી ખડાં થયાં હતાં. રામચંદ્રજીએ તે સામ્રાજયના ચૂરા કરી નાખી પ્રજાતંત્રની સ્થાપના કરી. રામરાજયમાં રાજા પ્રજાનો સેવક હતો, નહીં કે સ્વામી. રાજાને પ્રજાની આજ્ઞા પ્રમાણે કેટલું ચાલવું પડતું હતું તે તો રામાયણની કથા ઉપરથી સ્પષ્ટ દેખાય છે.

આઠમો પરિપૂર્ણાવતાર શ્રીકૃષ્ણચંદ્રનો આવે છે. શ્રીકૃષ્ણચંદ્ર તો સમસ્ત ગણરાજયના સ્વયં નેતા હતા. આજે પણ શ્રીકૃષ્ણચંદ્રનું સુદર્શનચક્ર પ્રખ્યાત છે. તેઓ કામ કર્યા વગર કદી પાછા ન ફરતા અને તેમને માટે કોઈ કાર્ય દુષ્કર નહોતું.

શ્રીકૃષ્ણનાં કાર્યોનો પણ સાગર ભર્યો છે. તે અવર્ણનીય છે. શ્રી કૃષ્ણને પોતાના બાળપણથી જ રાજયમહેલો પ્રત્યે ઘૃણા હતી અને ગોકુલ ગ્રામમાં જઈને આહીરો વચ્ચે બચપણ વિતાવ્યું હતું. એક બીજો મોકો આવ્યો જયારે શ્રીકૃષ્ણે કંસને માર્યો, ત્યારે રાજયશાસનનો ભાર તેમના ઉપર આવી પડ્યો. ભગવાને તો રાજયને લાત મારી અને રાજય કંસના પિતાને પાછું આપી દીધું, પણ શ્રીકૃષ્ણનો સિદ્ધાંત સામ્રાજયથી વિરુદ્ધ હતો, તેથી શાસનસત્તા પોતાના હસ્તમાં રાખી અને ગણરાજયની પ્રણાલિકા મજબૂત કરી.

શ્રીકૃષ્ણાવતારના જમાનામાં ગણરાજવાદી તથા સામ્રાજયવાદી–બંને સત્તાઓમાં પરસ્પર અતિશય દુશ્મનાવટ થઈ ગઈ હતી. સામ્રાજયવાદના આગેવાનો હતા જરાસંધ (મગધ દેશાધિપતિ) અને કૌરવો. તેમણે

જેટલાં ગણરાજ્યો હતાં તેમને ધીરેધીરે યુદ્ધમાં પરાસ્ત કરવા શરૂ કર્યાં, પરંતુ યાદવો ઉપર વિજય પ્રાપ્ત ન થઈ શકયો. અંતમાં એ સામ્રાજ્યવાદી પક્ષે પ્રલોભન દ્વારા જરાસંધની બે કન્યાઓ અસ્તિ અને પ્રાપ્તિનો કંસ સાથે લગ્ન કરાવી યાદવ (શૌર) ગણરાજ્યના રાષ્ટ્રપતિ ઉગ્રસેનના પુત્રને પોતાના પક્ષમાં મેળવી લીધો અને પોતાના ગુપ્તચરોને–વિશ્વવિખ્યાત યોદ્ધાઓને કંસથી પરાસ્ત કરાવી ત્યાં દાસના રૂપમાં ઘુસાડી દીધા અને યાદવોને એવા પરેશાન કરવા શરૂ કર્યા કે તેમને જીવવું પણ મુશ્કેલ થઈ પડ્યું. કંસ પોતે સામ્રાજ્યવાદીઓને ભડકાવી પોતાના પિતા ઉગ્રસેનને સ્થાનભ્રષ્ટ કરી રાજા બની બેઠો અને ગણરાજ્યના નિયમોને તોડી સામ્રાજ્યની પ્રણાલિકા સ્થાપી. પ્રજા દુઃખીદુઃખી થઈ ગઈ. દેશના ખૂણેખૂણામાંથી ગરીબોના આર્તનાદ સંભળાવા લાગ્યા, જે પુરાણોમાં પ્રસિદ્ધ છે. તે સમયે ગરીબોના બેલી, દુઃખીઓના સાથી, ગાયોના રક્ષક, ભારતના પ્યારા કાળા કૃષ્ણ જંગલોની સુક્કી જમીન ઉપર, ગાયોના ચરણોમાં રહીને, અહીરોની જૂઠી (અજીઠી) રોટીના ટુકડા ખાઈને સૂર્યપુત્રી યમુનાના કિનારે ગોપાલોની વચમાં ખેલીકૂદી મોટા થઈ રહ્યા હતા. તે કાળા કૃષ્ણે ભારતમાં તે કામ કરી બતાવ્યું કે જેનું વર્ણન કરીકરીને આજ સુધીના સમસ્ત કૃષ્ણભક્ત કવિઓની લેખિની થાકી ગઈ છે, પણ પૂર્ણતાથી વર્ણન નથી કરી શકી.

બચપણથી જ શ્રીકૃષ્ણે ગોપબાલકોનાં દલ બાંધીને સામ્રાજ્યવાદીઓના ગુપ્તચર રાક્ષસોને મારવાનો આરંભ કર્યો અને તક મળતાં જ કંસને પણ સાફ કરી નાખ્યો. અને ફરીથી ગણરાજ્યની સ્થાપના કરી ઝંડો ફરકાવ્યો. તેના વિરોધમાં જરાસંઘે સત્તરવાર યાદવો પર આક્રમણ કર્યું, પણ હારીને પાછા ફરવું પડ્યું. આવી રીતે વિરોધીઓના વારંવાર આક્રમણથી એ ગણરાજ્ય નિર્માલ્ય બની ગયું, તેથી બુદ્ધિમાન કૃષ્ણે પોતાના રાજ્યને પશ્ચિમે સમુદ્રની મધ્યમાં વસાવ્યું. આથી જરાસંધ અઢારમી વખતે વિજયી નીવડ્યો. આ હારથી ગણરાજ્યને ઘણું શોષવું પડ્યું; પરંતુ આ સમય યુદ્ધ કરી બદલો ચૂકવવાનો નહોતો, પણ કુટિલ નીતિની ચાલ ચાલવાનો હતો. આ કામ ભગવાન શ્રીકૃષ્ણે પોતાના શિરે લીધું. તેમણે સામ્રાજ્યવાદી પાંડવો પૈકી અર્જુનને પોતાની બહેન સુભદ્રા પરણાવી તેની સાથે પરમ મિત્રતા કરી, તેમ જ પોતાની કુટિલ નીતિથી થનાર મહાભારતના યુદ્ધને એવી રીતે ખેલાવ્યું કે ભારતમાં ઘણા લાંબા સમય સુધી સામ્રાજ્યવાદને ખોખરું બનાવી દીધું અને અંતમાં શ્રીકૃષ્ણના પ્રપૌત્ર વજ્રનાભે ફરીથી શૌરસેની–મથુરામાં પોતાનું ગણરાજ્ય જમાવ્યું. આ પ્રકારે શ્રીકૃષ્ણના નીતિપૂર્ણ કાર્યની સાથે સમાજમાં ગણરાજ્યની જડ મજબૂત કરવાથી અસ્પૃશ્ય ગણાતાનું અજીઠું શ્રીકૃષ્ણે ખાધું, તેમની સાથે રહ્યા, તેમની સાથે મિત્રતા કરી તેમ જ તેમને સમસ્ત વર્ણોમાં સમાન અધિકાર આપ્યો.

નવમો અવતાર ઋષભદેવ (કેસરીઆનાથ)નો આવે છે અને દશમો બુદ્ધ ભગવાનનો. આ બન્ને અવતારોએ જન્મ ધારણ કરીને બ્રાહ્મણોના વધી ગયેલા અત્યાચારોને દબાવવા પ્રયાસ કર્યો. તે દિવસોમાં બ્રાહ્મણોના અત્યાચાર એટલા વધી ગયા કે ‘ યજ્ઞને અર્થે પ્રાણીનો વધ કર્યા છતાં કાંઈ જ પાપ ન લાગે’ એ મુખ્ય સિદ્ધાંત થઈ ગયો હતો. જો કે તેનું પ્રમાણ વેદમાં મળી આવે છે, પણ તે વાત એવા સમયમાં કહેવામાં આવેલી કે જયારે આપણા દેશમાં અન્નનું અધિક ઉત્પન્ન નહોતું થતું કે જેનાથી લોકોનું પોષણ થઈ શકે; પરંતુ બ્રાહ્મણોએ તે વાત વિચાર્યા

વિના વેદવાકયોનો દુરુપયોગ કરવો શરૂ કર્યો. ત્યારે નવમા અને દશમા અવતારરૂપે અવતરી જીવહિંસાની વિરુદ્ધ પોતાનો પ્રચાર શરૂ કર્યો અને બિચારાં ગરીબ–મૂક પ્રાણીઓનો માત્ર જિહ્વા–ઇંદ્રિયના સ્વાદ માટે થતો વધ બંધ કરાવ્યો. આ તે અવતારોનું મહાન કાર્ય હતું.

ઉપર પ્રમાણે પુરાણપ્રસિદ્ધ દશ અવતારોનાં કાર્યોનું સૂક્ષ્મ નિરીક્ષણ કરતાં પતિતોદ્ધાર અને સમભાવની સ્થાપનારૂપ કાર્ય તત્ત્વરૂપન સર્વ અવતારોમાં મળી આવે છે.

અવતારોનાં પૂર્વોક્ત કાર્યોના રહસ્ય પ્રતિ દૃષ્ટિ રાખતાં પરમપૂજ્ય રાષ્ટ્રપિતા બાપુજીને પણ અવતાર તરીકે ગણીએ તો અતિશયોક્તિ નહિ ગણાય. એમનાં કાર્યો કોને વિદિત નથી? કોણ કહી શકે કે તેમનામાં એક અદ્વિતીય અવતારતત્ત્વ વિદ્યમાન નહોતું?

સામ્રાજ્યવાદીઓના પીડનથી પીડાયેલ, તેમના ગુપ્તચરોથી આછન્ન, તેમની ભેદનીતિના ભોગ બનતા ભારતને દુશ્મનની ચુંગાલથી મુક્ત કરવાનો, સ્વતંત્ર બનાવવાનો, હજારો વર્ષોથી વિસરાઈ ગયેલા ગણરાજ્યનો ત્રિરંગી ઝંડો પુનઃ રોપવાનો યશ પૂજ્ય બાપુજીને જ છે. આવાં મહાન કાર્ય અવતારતત્ત્વ વિના કઈ વ્યક્તિ કરી શકે?

આ બધા ઉપરથી એટલું ફલિત થાય છે, કે આપણે ભારતવાસીઓએ એવાં કાર્ય કરવાં જોઈએ કે જે વર્તમાન અવતારના સિદ્ધાંતથી વિરુદ્ધ ન હોય. અવતારનું કે જેનાથી જનતાનું કલ્યાણ જ થાય. પ્રધાનકાર્ય એ જ છે કલિયુગમાં દુશ્મનોની સામે ટક્કર ઝીલવા માટેનું ઐકય એ મહાન સાધન છે અને તે સમભાવમાં રહેલ છે, જે પૂજ્ય બાપુજીએ હાથ ઊંચા કરીને પ્રતિપાદન કર્યું છે; માટે આપણે સમદર્શી તેમ જ સમભાવી થવું જોઈએ.

સર્વત્ર સુખિનઃ સંતુ સર્વે સંતુ નિરામયાઃ
સર્વે ભદ્રાણિ પશ્યંતુ મા કશ્ચિદ્ દુઃખમાપ્નુયાત્.

☆

ભાવનગરના મરહૂમ મહારાજા નામદાર તખ્તસિંહજી સાહેબ ઉનાળાના દિવસો હતા એટલે એક સાંજે પોતાના મોતીબાગ મહેલના ચોગાનમાં આંબાની નીચે બિરાજેલા હતા. આસપાસ અમીર–ઉમરાવો પણ વાતો કરતા બેઠા હતા. આ આંબો વિશાળ હતો એટલે તેની કેટલીક ડાળો ચોગાન ફરતી દીવાલની ઉપર થઈ બહાર સડક ઉપર પડતી હતી. આંબા ઉપર કેરીઓ પાકવાની તૈયારી હતી. આમ લટકતી ડાળો ઉપરની સાખને જોઈ રસ્તે જતા એક નાના છોકરાનું મન લલચાયું. તેણે સાખ પાડવા પથ્થરના ઘા કર્યા; તેમાંથી એક ઘા વધુ જોસમાં થઈ જતાં પથ્થર દીવાલ વટાવી અંદર ગયો અને ત્યાં બિરાજેલા મહારાજાને વાગ્યો. તુરત તપાસ કરવા હજુરિયાઓ દોડયા અને ઘા કરતા છોકરાને પકડીને અંદર આણ્યો. ત્યાં બેઠેલા દીવાને સખત અવાજ કરી પૂછ્યું: 'અલ્યા! તું ઘા કરતો'તો? કયાં ઘા કરે છે તેનું ભાન પણ રાખતો નથી?' છોકરાએ જવાબ દીધો: 'ઘા મેં કર્યો તે સાચું પણ મહારાજાને મારવા કર્યો નહોતો, આંબા ઉપર લટકતી સાખ પાડવા કર્યો હતો.' દીવાનનું અધીરું મન છોકરાને શું શિક્ષા કરવી તે વિચારતું હતું ત્યાં મહારાજાના કૂણા હૃદયમાં વસી રહેલી રાજપૂત ખાનદાની ગંભીર અવાજે બોલી ઊઠી: 'છોકરો આંબાને પથ્થર મારે તો ય આંબો તેની ઉપર નવાજી કેરી આપે, પણ આ તો તેણે એક મહારાજાને પથ્થર માર્યો. મહારાજાએ નવાજવું કે નારાજ થવું, દીવાનજી?'

જયંતીલાલ સંઘરાજકા

×

લાગણીવેડા!

લેખક :

શ્રી રણછોડલાલ ઠાઠી

અમને એ પરવડે જ નહિ. અમારી કેળવણી જ એવી કે એમાં એને સ્થાન જ ન હોય. અમારા દાકતરી ધંધામાં એમ નરમ થયા કરીએ, તો કામનો ઉકેલ ક્યારે થાય! દિવસ આખરે માત્ર ચાર દર્દી તપાસીને હાથ ધોઈ ઊઠવું પડે. હું જાણું છું, કે દર્દીઓની ફરિયાદ છે. એમનું મોં જોઈ, બે વાત પૂછી કાગળિયું ચીતરું છું. દર્દી પોતાની સ્થિતિ લંબાણથી વર્ણવે તે તરફ હું આંખ ફાડી જોઈ નથી રહેતો. એ ભલે ને બક્યા કરે, હું તો કાગળિયું લખી એના હાથમાં ધરી દઉં, પણ દર્દીની માન્યતા ખોટી છે. અમને અમારા ધંધાનું ભાન હોય છે. અમુક માંદગી સાથે અમુક દુઃખ કે દર્દ તો હોય જ અને અમે તે જાણીએ છીએ. પછી દર્દીને મોંએ ફરીફરીને રોજ સાંભળવાની અમને જરૂર શું? અને દર્દીઓ આ સમજે નહિ. દરેકને પોતાના દર્દનું બયાન પોતાની રીતે જ કહેવાનું હોય. કેટલાક તો વળી પરીક્ષા લેતા હોય એમ પૂછે: 'આ ઇંજેકશન શા માટે? એની શી જરૂર? એની અસર શી થશે? અસર ન થઈ તો? અવળી જ અસર થઈ તો? અને ખાવાનું શું? દાળ ને ભાત જ પણ એથી શક્તિ ક્યાંથી આવે? ભાત જાડા ચોખાનો થાય તો હરકત નહિ ને? કે એ ચોખા વાયડા પડે? મોસંબીનો રસ ઠંડો તો નહિ પડે ને? રોટલી પર ઘી દાકતર સાહેબ લેવાનું કે નહિ?'

દાકતર સાહેબ હસીને કહે કે: 'બધું ખવાય, માત્ર દાકતરનું માથું ન ખવાય!' તો એમાં દાકતરનો શો દોષ? એને લાગણીવેડા કેમ પોષાય?

અને કેટલાક તો વળી ચિઠ્ઠી લખે કે એના પેટમાં ડાબી બાજુએ દુખે છે. તે પછી અમારે તે ચિઠ્ઠી લાવનારનું પેટ તપાસવું, કે દુખાવાનું કારણ અપચો ધારી લઈ આગળ ચાલવું? બેબીને ગૂમડાં થાય છે તે માટે મલમ મોકલજો; ગઈ વખતે મોકલેલો તે! દાકતરે કઈ બેબીને કયા ગૂમડા પર કયો મલમ મોકલેલો તે કોઈ કહેશે? અને શરદીની પેલી કાળી દવા મોકલજો! દવા રંગથી વર્ણવાય એ તો દર્દી જ કબૂલે ને? અને દવામાં સીરપ જરા વધુ નાંખજો. કડવી લાગે છે તેથી બેબી દવા પીતી નથી! અમે દવાને બદલે સીરપના જ બાટલા ભરી આપીએ તો શું? સ્વાદ ખરાબ ન આવે; દર્દીનાં મોં કડવા ન થાય; બેબી માંગીમાંગીને પીએ! આ ઉપરાંત ઑફિસથી ઘેર જતાંજતાં કેમ દાકતર સાહેબ, જરા તાવ ઊતરવાની બે ગોળી આપોને અથવા જુલાબનો ભાગ કરી આપો ને 'હમણાં જ લઈ લઉં;' અથવા વળી 'માથુ ચઢ્યું છે, એકાદ પડીકું આપોને કે નિકાલ!' આવાઆવા ફોગટિયા ઘરાકનો અનુભવ તો દરેક દાકતરને હોય છે. આટલું વળી ઓછું હોય તેમ ઓળખીતાં, સગાંવહાલાં, નાતજાતનાં અને એ બધાં ઓળખાવે તે તેના મિત્રો અને મહેમાનો પાસે પૈસા ન લેવાય! દાકતરના ઘરમાં દવા પાકે ને! અને દાકતર તે શરમ કેટલાની અને કેટલી રાખે? એને લાગણીવેડા તે કેમ પોષાય?

પણ આ બધી જાતની પીડા તો મારા જેવા નવાસવા દાકતરને, નાના દાકતરને બાટલી ભરનારાઓને છે. વિલાયત જઈ આવેલા સર્જન સાહેબ માટે આવી ઉપાધિનું નામ માત્ર નહિ. એ સાહેબને ત્યાં તો દર્દીનો પગ પડે એટલે ટંકશાળ પડે. એમને તો

દર્દી સાથે વાત પણ કરવાની નહિ! બધું રાંધીસીજીને તૈયાર અમારે કરવાનું. સર્જન સાહેબ સૂચના પણ અમને જ આપે. ફી વગેરેમાં પણ અમારે જ દર્દીને તૈયાર કરવાનો. એ સાહેબ તો માત્ર છરી જ ચલાવે; અને જેટલો કાપ મોટો તેટલો કાપ દર્દીને ખીસે ઊંડો પડે! ગૂમડાં કાપવા જેવા કેસમાં એમને રસ ન હોય અને અમારે સાંભળવાનું કે 'શું દાકતર આવા કેસ લાવો છો?' પણ એમાં યે મોટા દાકતરો પણ શું કરે? એમને ફોન, મોટર, 'કન્સલ્ટિંગ રૂમ' વગેરે ભપકો પોષવાનો હોય ને? સિનેમાની નટીઓ કમાય હજારો અને પોતાની જાહેરખબર પાછળ ખર્ચે હજારો તેવું આ છે. વાજાં ન વાગે તો અહીં લગન જેવું કાંઈક છે એમ લોકો જાણે પણ કેમ? મોટાને પ્રમાણમાં મોટી પીડા, મોટાને પણ લાગણીવેડા કેમ પોસાય?

ધંધો માંડી બેઠા પછી ધંધાની આવડત અને ધંધાની જાહેરાતની આવડત પણ જો ન આવડે તો ધંધામાં કોઈ ઊંચું આવે જ નહિ. આ મારા ધંધામાં પણ એવું જ છે. 'આવજો ને દવાખાને, જરા ગપ્પાં મારશું,' દાકતર કોઈક ઓળખીતાને કહે, અને આવે નોતરે બે–પાંચને ભેગા કરી દવાખાનાના બાંકડા ભરેલા રાખે! 'બેબીને લાવજો કાલે વજન લેશું. આમ કેમ ગળાતી લાગે છે?' 'ના, બા, એ કોડલીવર નહિ ચાલે. દવાખાને આવજો; જરા તપાસી દવા લખી આપીશ. તાકાત તો રહેવી જોઈએ ને? એમ કરો, થોડાં ઇન્જેકશન લ્યો, તમારા મોંની ફિક્કાશ મને નથી ગમતી. ઑફિસથી સાંજે આવતાં આવી જજો ને?' આવુંઆવું હાંકતાં ન આવડે તો તેના ધંધાનું ગાડું ચીલે ન ચડે અને મારા જેવા રોંચા કે ચિબાવલામાં ખપ્યે જાય!

સંગતની રંગત મારે પણ કાંઈક અજમાવવી એમ મને લાગ્યું. એક દર્દીએ છાતીમાં સહજ દુખાવાની વાત કરી. મનમાં હું સમજ્યો કે શરદીનો પ્રકાર હશે, પણ આ વેળા સસ્તે માલ વેચવો મેં ધાર્યો જ નહોતો. મેં કાનમાં નળી ખોસી અને એની છાતીની અંદર સંગીત ચાલતું સાંભળતો હોઉં તે પ્રમાણે ધ્યાનથી ભૂંગળી મૂકી રાખી. પછી મેં ગંભીરપણે કહ્યું: 'આમ તો કાંઈ નથી, પણ મને એમ થાય છે કે તમારા દાંત તપાસી લેવા. દાંતમાંથી નીકળતું પરુ કોઈક સ્થળે જમા થાય તો તેથી યે આવું થાય. લ્યો. હું ચિઠ્ઠી આપું છું ત્યાં દાંતનું પતાવી આવો.' મેં ચિઠ્ઠી આપી! કારણ? અરે ભાઈ, કારણ શું; રોજ ને રોજ જ મારો એક મિત્ર જીવ ખાય છે કે દર્દી મોકલ. ભલા માણસે અમેરિકા જઈ દાંતનું દવાખાનું ચલાવવાની લાયકાત મેળવી લીધેલી. રોજ તે ના કેટલી કહું? આખરે મેં પણ કંટાળી જાડો જોઈ ફાંસી માટે યોગ્ય ધાર્યો! શું ધારો છો? મારા મિત્રે દાંતનું જીવલેણ દર્દ એ દર્દીમાં ખોળ્યું અને દાંત કઢાવવાની કિંમતી સલાહ આપી! દર્દીઓ તો આંધળા–અપંગ હોય. દાકતરને વિશ્વાસે દોરાઈ ખાડમાં યે જાય. દાંત કાઢવા માટે અમેરિકાના નિષ્ણાતે કહ્યું: 'દાંતના મૂળની દિશા જાણ્યા વિના દાંત ખેંચી કાઢવામાં જોખમ છે, ઘણી વેળા આંખને નુકસાન પહોંચે છે; માટે ક્ષ–કિરણથી છબી લીધેલી સારી. લ્યો તમને ચિઠ્ઠી આપું!' અને ત્યાર પછી તો લોહી, પેશાબ, પરુ વગેરેની સઘળી શાસ્ત્રીય ચિકિત્સાના ચક્રાવે ફરી અંતે જ્યારે મને મળ્યો, ત્યારે મેં સ્વસ્તિવાચનમાં એને કહ્યું કે: 'ઠીક થયું, ચાલો, દર્દ તો મૂળથી ગયું. હવે તમે આવજો; હું તમને શક્તિની એકાદ ગોળી લખી આપીશ.' દર્દીએ મારો ઉપકાર માન્યો પણ મારું મન મને ચટકાં ભરી રહ્યું હતું,

છતાં આ ધંધામાં લાગણીવેડા શા અર્થના !

લાગણીવેડા ભલે બીજા કોઈ ધંધામાં ની શકતા હોય, પણ આ ધંધામાં તો તેને સ્થાન રહ્યું જ નથી ! દર્દી સાજો થાય, જી જાય તો દાક્તરની આવડતથી, હોશિયારીથી; સાજો ન થાય, ગુજરી જાય તો દોષ તેના નસીબનો, તેના પ્રભુનો ! શસ્ત્રક્રિયા નિરંતર સફળ જ નીવડે, માત્ર દર્દી તેની કમતાકાતે ખતમ થાય છે !

દેશમાંથી પિતાનો કાગળ આવ્યો કે 'મહોલ્લાના જટાશંકરભાઈના એકનો એક દીકરો પેટની પીડાથી હેરાન છે.' હું કાંઈ અહીં વિસ્તારેલી માયા મૂકીને દેશમાં થોડો જ જવાનો હતો ? મેં સલાહ લખી અને દાક્તરો સલાહ સિવાય બીજા કશા કામના હવે રહ્યા છે ખરા ? મેં સલાહ લખી કે દર્દીને મુંબઈ મોકલો તો જોઈને માર્ગ કાઢું. મુંબઈમાં દાકતરો એકએકથી ચડતા; ગમે તેનો માર્ગ કાઢે. એવા જટાશંકરભાઈ દર્દીને લઈ મુંબઈ આવ્યા અને મારા દવાખાને આવ્યા, દર્દીની મા પણ સાથે હતી. મેં દર્દીને તપાસ્યો. સીધો–સાદો એપેન્ડીકસનો કેસ. એમાં શંકાને સ્થાન નહોતું. મને આ કેસમાં લાભ નહોતો. પૈસાની પ્રાપ્તિની વાત નહોતી. પિતાની ભલામણ લઈ આવેલા દર્દીના બાપને અને માને મેં સમજાવ્યાં કે દર્દ સાધારણ હતું, પણ વાઢકાપ વિના આરો નહોતો. આઠદસ દિવસનું દુઃખ, પણ પછી જિંદગી સુધીની નિરાંત. માનો જીવ ચાલતો નહોતો; એનું હૈયું દબાતું હતું. બાપને હું સમજાવી શક્યો. દર્દીને હિંમત આપી. માએ હૃદયના લોહીમાં બોળીબોળી શબ્દ મને કહ્યા :

'ભાઈ, તમે તો મારા દીકરા તોલે છો. હું તો તમને તમારો ભાઈ સોંપું. તમે કરો એ સાચું; બીજું હું કાંઈ ન જાણું !' અને આ વાત સાચી પણ હતી. હું કરું તે જ સાચું નીવડવાનું હતું. પૈસા સંબંધી ચર્ચાની જરૂર નહોતી. બહારગામથી આવતા દર્દી પૈસાની કચકચ નથી કરતા એ દરેક દાકતરનો અનુભવ છે. મને પણ થયું કે જયારે એ બિચારા ઠેઠ દૂરથી આવ્યા છે, અને મારામાં પૂરો વિશ્વાસ રાખી રહ્યા છે, તો શા માટે મારે પણ ગમે તેવા નવાસવા દાકતરને શોધવો ? આપણા સર્જન સાહેબને હાથે જ કામ લેવું કે જોખમ માત્ર નામનું જ રહે. મેં દર્દીને સર્જન સાહેબને ત્યાં હાજર કર્યો. 'અરે દાકતર ! અત્યારે કયાંથી આવ્યા ? મારે સિનેમામાં જવાનું છે; અને ટાઇમ હવે કયાં છે ? પણ મહેતા (મારું નામ) કાંઈ નહીં, આવો આ પતાવીએ.' અને સર્જન સાહેબે પતાવ્યું ! દર્દીને તપાસ્યો. મારી ચિકિત્સા બરાબર હતી એમ એમણે પાંચ મિનિટમાં નિર્ણય આપ્યો, અને બનતી ઉતાવળે 'ઓપરેશન' કરાવી નાખવાની સલાહ આપી. 'બને તો આજે જ લઈ જઈ દાખલ કરાવી દો હૉસ્પિટલમાં,' એમણે કહ્યું. ફી ખીસામાં સેરવતાં ખીંટી પરથી કોટ ઉપાડતાં મોંમાં ખોસેલી સિગાર પેટાવી અને અમે એમના ખંડમાંથી બહાર નીકળીએ ત્યાર પહેલાં તો એમની મોટર એમને લઈ ફૂંફાડા મારતી દોડી ગઈ. પણ એમ ન કરે, ઉતાવળ ન કરે તો કાંઈ એક દર્દી પાછળ એ આખો દહાડો કાઢે ? આવા લાગણીવેડા કેમ પોસાય ?...

પણ માથે લીધેલું કામ ખંતથી પાર ઉતારવું જ ને ? દર્દીને હોસ્પિટલમાં દાખલ કર્યો. મારી હતી તેટલી સિફારસ વાપરી. હતી તેટલી આવડતથી દર્દીને હિંમત આપી. દર્દી ભરજુવાન, વીસ વર્ષની ઉમ્મરનો, ઊછળતું લોહી, પૂરી તાકાતવાળો, દેશની હવામાં ઊછરેલો, દેશનાં પાણી પીધેલાં. નખમાં રોગ નહીં. એ કયાં શહેરની હોટેલનાં ચા–ભજિયાંનો જીવ હતો કે એની ચિંતા

રહે? પણ એની મા બિચારી રાત–દહાડો ચિંતા કરે; અનેક બાધા રાખે. એ કયાંથી સમજે કે એપેન્ડીકસ તો વાતવાતમાં સારો થઈ જાય! એમાં જોખમ જ નહિ. દેવ દેવલાંને તસ્દી આપવાની જરૂર જ નહિ. પણ મનુષ્યનાં મન એટલાં તો કાચાં હોય છે કે દેવની શ્રદ્ધાની ઘોડીનો ટેકો ન હોય તો એક ડગલું પણ ન ભરી શકે. અને આ તો સારામાં સારા, બાહોશમાં બાહોશ સર્જનને હાથે મામલો હતો. ચિંતાને સ્થાન જ નહોતું. આ તો બધું હું સમજતો; હું આ ધંધાનો જાણકાર; દાક્તરી વિદ્યાનો હું તો અભ્યાસી–અભ્યાસ દરમિયાન અનેક આવા દર્દી જોયેલા, પણ અભ્યાસ અને અનુભવમાંથી જન્મેલી મારી હિમ્મત મને કામની હતી. ગામડિયા જટાશંકરભાઈ અને એમનાં પત્ની અને દર્દી પોતે હૉસ્પિટલના વાતાવરણથી બાવરાં બનતાં. દાક્તરોના મિજાજ અને નર્સોના રૂઆબ એમની મનની શાંતિ હરી લેતા. પણ હું એ બધી ઉપાધિમાં શા માટે પડું? એવા લાગણીવેડા કેમ પોસાય....?

સર્જન સાહેબે કહેલું કે રવિવારની સવાર એમને ફાવશે; સાડાઆઠનો સમય ઠેરવ્યો. દર્દી અને તેનાં માબાપ ચિંતાને ખીલે ટિંગાયેલાં રહ્યાં. નર્સ વગેરે દર્દીને તૈયાર કરી ટેબલ પર સુવાડી દાક્તરની રાહ જોતાં હતાં. હું પણ આમથી તેમ આંટા મારતો રહ્યો. નવ વાગ્યા, દાક્તરનો પત્તો ન મળે. મોટા દાક્તર કયાં રોકાઈ ગયા હોય? મેં એમને ઘેર ખબર કાઢી. 'કલબમાં ગયા છે'ના સમાચાર મળ્યા. હું કલબમાં દોડ્યો. દાક્તર સાહેબ ત્યાં હતા! મને જોઈ એમને યાદ આવ્યું કે દર્દીને અત્યારનો સમય આપ્યો હતો. મને કહ્યું: 'માફ કરજો; જરા મોડું થયું. પણ આ બ્રીજ પૂરી કરીને આવું!' રમત પૂરી થઈ ત્યાં સુધી મેં રાહ જોઈ. પછી પાનાં ટેબલ પર નાખી એ ઊઠ્યા. સામે ગ્લાસમાં પીળું પીણું હતું તે મોંમાં ઠાલવ્યું, અને એક ઘૂંટડો ઉતારી ગયા. સાથે બેઠેલા એક પારસી ગૃહસ્થે કહ્યું: 'દાક્તર ઊભા રહો! આટલું વધારો!' પારસી ગૃહસ્થે દાક્તરના ખાલી થયેલા ગ્લાસને પાછું થોડુંક પીળા પીણાંથી નવાજ્યું. 'વારુ, વારુ, પણ સોરાબ, બેસજો; જતો નહિ. હમણાં અડધા કલાકમાં પતાવીને આવું,' કહીને સોરાબની શુભેચ્છા સમું પીરસેલું પીણું ગળામાં રેડી દાક્તર મારી સાથે નીકળ્યા.

દાક્તર આવી ગયા. અગિયાર વાગી ચૂકયા હતા. સર્જન સાહેબ સીધા જ કપડાં બદલી, હાથ ધોવા ગયા. આવીને હથિયાર હાથ ધર્યું. ઇંજેકશન વગેરેની સૂચના કરી. દાક્તરે કાપ મૂકયો. કાપ મૂકતાં હાથ ધ્રૂજ્યો, સ્થિર ન રહ્યો. મેં જોયું. મારા મનમાં ચિંતા થઈ, જોઈએ તેથી અનેકગણો વધારે ઊંડો ચાકુ ગયો. અનેક નસો છેદાઈ ગઈ. લોહી જોરમાં વહી ગયું. દોડાદોડ થઈ; ઉપચાર કર્યા. મેં દર્દીની નાડ ઝાલી હતી. મેં કહ્યું: 'દાક્તર, નાડ બરાબર નથી. જતી જાય છે.' દાક્તરે જવાબ ન દીધો. બધા એકબીજા સામે જોઈ રહ્યા. હવે કાંઈ કરવાનું રહ્યું નહોતું. નાડ અટકી ગઈ હતી; હૃદયના ધબકારા અટકયા હતા; આંખો સ્થિર થઈ હતી. નાડ જોવા ઝાલેલો હાથ, દર્દીનો હાથ-શબનો હતો. 'દિલગીર છું.' દાક્તરે કહ્યું: અને ખભા ઊંચકયા. પછી હાથ ધોવા ચાલ્યા ગયા. હવે હાથ જ ધોવાનાને? અમે જોયેલું; અમે સમજેલા: દાક્તરે ખૂન કરેલું. 'બ્રાહ્મણબાળનું બેપરવાઈથી જીવન છેદ્યું.' ટુવાલથી હાથ લૂછતાં દાક્તર સાહેબે કહ્યું: 'દિલગીર છું, મહેતા.' પણ આમાં શું થાય? બહાર

પેલા ડોસાને કહો કે દર્દી ઑપરેશનમાં જ ગુજરી ગયો. કહેજો કે સો રૂપિયા ઓછા આપે! 'હું' પેલા ડોસાને મોં શું બતાવું? તે વિચારમાં હતો. પેલું પીળું પીળું દાક્તર ગટગટાવી ગયા ન હોત, તો કદાચ આ બ્રાહ્મણનો દીકરો, આશાભર્યો, ઉલ્લાસભર્યો જીવથી ન જાત; બ્રાહ્મણનો દીકરો, એકનો એક એનાં માબાપનો! મારી મનોદશા દાક્તર સાહેબ પામી ગયા. હાથ લૂછી, ટુવાલ બાજુ પર ફેંકતાં સર્જન સાહેબે કહ્યું: 'મહેતા, એમ ગભરાયા કરે તમે ધંધો શું કરશો? કહો એમને કે અમે બધા બનતા ઉપાય કર્યા, પણ કાંઈ ન વળ્યું. પણ ઊભા રહો, હું જ એમને કહું!' દાક્તર સાહેબે કપડાં બદલ્યાં, સિગાર સળગાવી, ધુમાડાનું એક ગૂંચળું કાઢી બહાર ગયા. 'પેલા ડોસા'ને સમાચાર પહોંચાડી, હું મારા વિચારમાંથી જાગું ત્યાર પહેલાં મોટર એમની જતી સંભળાઈ; ઘડિયાળે બારનો સમય ટકોરા વગાડી જાહેર કર્યો! બહુ વાર નથી લાગી; સોરાબનો સમય સચવાયો હતો. હું જડ જેવો મૃત દેહને નિહાળી ઊભો હતો. પછી દર્દીનાં માબાપને મળ્યો. કહેવાનું કહ્યું, બાપે માથું કૂટયું; માએ ધીરતાથી, વીરતાથી કહ્યું: 'જેવાં અમારાં કરમ, ભાઈ. તમે યે શું કરો એમાં?' અને વાત વિંટાઈ ગઈ...પણ આ ધંધામાં લાગણીવેડા કેમ પોસાય?

એ જ કારમા દિવસની સાંજ હતી. રવિવારનો દિવસ એટલે દાક્તરોને રજાનો દિવસ. હૉસ્પિટલના દાક્તરો પણ નિરાંતે ગપ્પાં હાંકતા નવરા હોય. રાતે તો મારે જવું હતું શાંતાક્રુઝ મારા એક સ્નેહી અને વડીલ દાક્તરને ત્યાં જમવા. મારો સવારનો ગમ ભૂલવા હું ફાંફાં મારતો હતો. દાક્તર દાક્તરને મળે ત્યારે આવા શોક-સંતાપ વિસારે પડે છે; કારણ કે સૌ દાક્તરોને અનુભવ લગભગ સરખા જ હોય છે. હું પણ સાંજે દાક્તર ભાઈબંધને મળવા અને દુઃખદ અનુભવ વીસરવા સાંજે ગયો હૉસ્પિટલમાં. ત્યાં બે કલાક આનંદમાં વિતાડી હું જવા નીકળ્યો. આરસનાં પગથિયાં ઊતરતો હતો તેવામાં હૉસ્પિટલનો ભૈયો એક દર્દી સાથે ઘાંટાઘાંટ કરતો હતો. મને જોઈને મારી પાસે આવ્યો. મેં એને પૂછયું: 'કયા હૈ, ભૈયા?' જવાબ મને મળી ગયો. કાયદા–કાનૂનમાં જકડાયેલી હૉસ્પિટલનો એક કાયદો એવો હતો કે દાખલ થયેલો કોઈ પણ દર્દી ત્યાંના દાક્તરની રજા વિના હૉસ્પિટલ છોડી ન શકે; અને આ એક દર્દી કોઈ પણ હિસાબે અહીંથી નાસી છૂટવા માગતો હતો. પાંચ દિવસ પર શહેરમાં બેસી ગયેલા એક મકાનમાં દબાઈ ગયેલો આ એક મજૂર હતો, અને ઘેર જવા માટે બાળકની માફક રડ્યા કરતો હતો.

શું જાતજાતના માણસો પણ આવે છે! આ મજૂરને ખાધાના પણ વાંધા હતા ઘેર, છતાં હૉસ્પિટલની સાહ્યબી છોડી એ નાસવા માગતો હતો! બધા એની હઠથી કંટાળી ગયેલા. મેં એને રજા અપાવી. એને જવું હતું પરેલ. મેં એને મોટરમાં સાથે લીધો. એની વિગત જાણી. ખાસ હતું નહીં. એની વિગતમાં માત્ર પાંચ દિવસથી હૉસ્પિટલમાં હતો અને ઘરમાં કોઈને ખબર નહોતી! મેં એને એની ચાલ આગળ ઊતરવા કહ્યું: પણ વિચાર ફેરવી મેં એને કહ્યું, કે દસ મિનિટ રહીને ઉપર આવજે અને હું પોતે જ પહેલો એની ઓરડીએ ગયો. એની ઓરડીએ યમરાજાએ અંધારાં જાણે આગળથી મોકલેલાં! એનો ઘરડો બાપ અને મા ઊંધું ઘાલી પડેલાં. ઘાસલેટનો ધુમાડિયો દીવો દુર્ગંધ ફેલાવતો હતો. એક ખૂણે મજૂરની સ્ત્રી ખોળામાં નાનું બાળક રાખી ઝીણું રોતી હતી. ઓરડીમાં મસાણકાંઠાની શાંતિ હતી, શોકની છાયા હતી.

મને જતો જોઈ ચાલીના એકબે જણ આવ્યા. હું કાંઈ બોલું ત્યાર પહેલાં એકે કહ્યું, કે એ ઓરડીમાંનો જુવાનિયો મરી ગયો હતો: બાઈ વિધવા થઈ હતી! મેં ઓરડીનાં બારણાંમાં ઊભા રહી કહ્યું: 'ગણુ આવ્યો છે!' કોણ સાંભળે? આ તો બધાં મડદાં હતાં. મસાણે જવા ખોટી થતાં હતાં. બાજુની ઓરડીમાંથી કોઈક આવી રહ્યો હતો તેણે કહ્યું: 'આ કહે છે કે ગણુ આવ્યો!' ગણુની સ્ત્રીએ ઊંચું જોયું, સામે જોયું. તાજી વિધવા થયેલી કરુણમૂર્તિની પ્રતિમાએ, સૌભાગ્યતેજ જેનાં હોલાયાં હોય એવી.

પણ ગણુ પણ ઘસડાતો, માંદલો, હાંફતો આવી ઊભો.

વાતાવરણ બદલાયું: વીજળીનો ચમકારો જાણે થયો, મડદામાં પ્રાણ આવ્યા. ગયેલા તો સવારે નીરખ્યા; આવ્યા અત્યારે! મારે વધારે જોવાનું નહોતું. હું પાછો ફર્યો. મોટર શાંતાક્રૂઝ હાંકી. આખા દિવસનો વ્યાપાર મનમાંથી ભૂંસી નાખ્યો. ભૂંસી ન નાખું તો કેમ ચાલે? આ લાગણીવેડા કેમ પોસાય?

*

પરાત્પરને÷

શ્રદ્ધા તેં કેટલી સેવી પ્રત્યે મારા, પરાત્પર;
સદાયે હોંશ ને હર્ષે સાહાય્યે સદ્ય તત્પર.

'સત્ત્વસંશુદ્ધિને માર્ગે વિકારો સર્વ ઓગળો;
પ્રાસહો તેજ ને શક્તિ, આવો, આવો, અને ભળો–,

સદાયે સાદ એ તારો, સાંભળું: છું અતિ મૂઢ;
મથું તોયે ન શુદ્ધિ રે, હૈયું કેવું હશે ગૂઢ!

જોઈને આભના જેવું ચિત્ત મારું અનાવિલ;
હર્ષું ત્યાં જોતજોતામાં વિકારોનાં શું વાદલ-

ચઢી આવી કરે છે એ આત્મના તેજનો ક્ષય!
અને સદ્વૃત્તિઓ સર્વે અંધારામાં થતી લય.

વર્ષોનાં વર્ષથી આવો ચાલે છે નિત્ય આ ક્રમ;
પડું, ઊઠું, ફરી ચાલું, વૈફલ્યે સઘળો શ્રમ?

નિરાશા ઉચ્ચરે છાની: 'છોડી દે ઉરખોજને,
મળી આ જિંદગી તેમાં માણી લે મનમોજને.'

પરંતુ તું નહીં થાકે, ત્યાગે ના હજી આશને:
અને તો હું જ શા માટે છાંડું મારા પ્રયાસને?

શ્રદ્ધા મેં જીવતી રાખી હૈયે તારે, પરાત્પર;
એટલું પૂરતું શું ના ઝૂઝવા જિંદગીભર?

ચંપકલાલ વ્યાસ

÷ પરથી પણ પર, શ્રેષ્ઠથી પણ શ્રેષ્ઠ.

ગુજરાતનાં જંગલો

લેખક :

શ્રી અંબેલાલ ગોપાળજી દેસાઈ

એમ. એ. બી. ટી.

ભારતના ભાગલા પછી કુદરતી આફતો, દુષ્કાળ ને ખોરાકની અછતે સર્વ રાષ્ટ્રપ્રેમીઓનું ધ્યાન આપણાં જંગલો તરફ, એમનામાં રહેલી નિગૂઢ શક્તિ, એના અમાપ સૌંદર્ય ને એના ઉપયોગ તરફ સારી રીતે કેંદ્રિત થયું છે: ગુજરાતનું જંગલધન ને એનો વૈભવ, પિછાનવાની આપણી ફરજ છે. લેખકે પરિશ્રમ ઉઠાવી રજૂ કરેલી આ લેખની માહિતી સહુને વનશ્રી તરફ વાળો.

જંગલો કુદરતના સૌંદર્યનું પ્રદર્શન છે. ઈશ્વરની અગાધ શક્તિનું એમાં આપણને દર્શન થાય છે. ભાતભાતના રંગવાળાં પશુપક્ષીઓ અને વનસ્પતિઓમાં માલૂમ પડતી વિધાતાની અકળ લીલા આપણને આશ્ચર્યમાં ગરકાવ કરી નાખે છે.

સુંદર જંગલો જે દેશમાં હોય તે દેશ ભાગ્યશાળી ગણી શકાય. જંગલો દેશને બહુ જ ઉપયોગનાં છે. એનાથી વરસાદનું આકર્ષણ થાય છે. લીલોછમ રંગ અને વરસાદ વાતાવરણને શીતળ બનાવે છે. ડુંગર પરથી પડતા ઘણા ધોધમાર પ્રવાહોને કેટલીક વાર જંગલો અટકાવે છે અને તેથી રેલનું જોર ઓછું થાય છે. જંગલો પ્રાણવાયુ પૂરો પાડીને હવાને શુદ્ધ બનાવે છે. પશુપક્ષીઓને જંગલોમાંથી પૂરતો ખોરાક મળી રહેતો હોવાથી તેઓ જનસમાજને વધુ હેરાન કરતાં અટકે છે. જંગલમાંથી સરકારને ઘણી ઊપજ મળી રહે છે. સેંકડો વર્ષો થયાં આપણા દેશમાં જંગલોની કાળજી લેવાઈ નથી, તેનું પરિણામ આજે આપણને ભોગવવું પડે છે. મહાત્માજીએ એની અગત્યતા જોઈ અને વૃક્ષારોપણને આગળપડતું સ્થાન આપ્યું. જંગલોની ખિલવણી તરફ ધ્યાન આપીશું, તો દેશ સમૃદ્ધ બનશે.

આટલી પૂર્વ તૈયારી કર્યા પછી આપણે ગુજરાતમાં આવેલાં જંગલો વિષેનો આછો ખ્યાલ મેળવીશું.

ગુજરાત નીચી ભૂમિવાળો પ્રદેશ છે. તેમાં કેટલીક જગ્યાએ ઘણી નાનીનાની ટેકરીઓ આવેલી છે. ગુજરાતનો ઉત્તર તરફનો છેડો થરના રણની નજીક આવેલો છે અને તેનો દક્ષિણ તરફનો છેડો કિનારાના ઘણા ભીના પ્રદેશની પાસે આવેલો છે. આ કારણથી ગુજરાતની આબોહવા જુદાજુદા ભાગમાં જુદાજુદા પ્રકારની છે. દક્ષિણ ગુજરાતનો ભાગ ભીનામાં ભીનો છે. કિનારાની જમીન ખારાશવાળી છે અને ત્યાં નાળિયેરી તેમ જ તાડનાં વૃક્ષો થાય છે. અંદરના ભાગમાં ફળદ્રુપ કાળી જમીન છે. પૂર્વ તરફ રોગિષ્ઠ હવાવાળાં ગીચ જંગલો આવેલાં છે. મધ્ય ગુજરાતમાં વરસાદ સાધારણ પડે છે. ઉત્તર ગુજરાત તરફનો પ્રદેશ વધારે સૂકો અને રેતાળ જમીનવાળો છે. ગુજરાતની ભૂમિનો પૂર્વ ભાગ પશ્ચિમ ભાગ કરતાં ઊંચો છે.

ગુજરાતમાં પહેલાં પુષ્કળ ગાઢાં જંગલો હતાં. આજે પણ ગુજરાત ભારતભૂમિનો બગીચો ગણાય છે. જેમ જેમ વસ્તી વધતી ગઈ, તેમ તેમ લોકો જંગલો કાપીને વસવાટ કરવા લાગ્યા. બળતણ માટે તેમ જ બીજાં ઉપયોગી સાધનો બનાવવા માટે લોકોએ જરા પણ વિચાર કર્યા વિના વૃક્ષો કાપવા માંડ્યાં. આથી જંગલો ધીમેધીમે ઓછાં થતાં ચાલ્યાં. ગુજરાતનાં જંગલનો પ્રદેશ

આજે ૧૫,૦૦,૦૦૦ એકર કરતાં થોડા વધારે હશે.

જંગલોનું યથાતથ નિરીક્ષણ કરવા માટે આપણે ગુજરાતના ત્રણ ભાગ પાડીશું: પહેલા ભાગમાં કચ્છ, સૌરાષ્ટ્ર તથા પાલનપુર અને રાધનપુરવાળો ઉત્તર ગુજરાતનો પ્રદેશ લઈશું. બીજા ભાગમાં મધ્ય ગુજરાત અને ત્રીજા ભાગમાં દક્ષિણ ગુજરાતને ગણીશું.

૧. કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત : ઉત્તર ગુજરાત તરફના પ્રદેશમાં થરપારકર અને કચ્છના રણને લઈને તે તરફનો મૂલક ફળદ્રુપ નથી. રણ જેવા પ્રદેશમાં કાંટાવાળાં ઝાંખરાં જેવી વનસ્પતિ થાય છે. તેથી કચ્છ, પાલણપુર અને કાઠિયાવાડના કેટલાક ભાગમાં થોર, કેરડા અને બાવળ જેવી વનસ્પતિ તથા થોડું ઘાસ થાય છે. કચ્છમાં લગભગ ૧૦” વરસાદ થાય છે. આથી ત્યાં ગરમી બહુ જ પડે છે અને તેથી જ કચ્છ ઝાડપાન વિનાનો સૂકો પ્રદેશ રહ્યો છે. એક સમય એવો પણ હતો કે જયારે કચ્છ દેશ વેપાર-ધંધા, હુન્નર-ઉદ્યોગને લીધે ઘણો આબાદ હતો; પરંતુ આશરે ૧૫૦ વર્ષ પર ધરતીકંપ થવાથી કચ્છની જમીન ઊંચીનીચી થઈ ગઈ. સિંધુનું વહેણ બદલાઈ ગયું. ઉત્તરે, પૂર્વમાં અને દક્ષિણે રેતીનાં રણ બની ગયાં. ગરમી બહુ જ પડવા લાગી. વરસાદની ઋતુ પૂરી થતાં નદીઓ સુકાઈ જાય છે.

કાઠિયાવાડના પ્રદેશમાં વરસાદ ૨૦” થી ૩૦” સુધી થાય છે. ગિરનું જંગલ જરા સારું કહી શકાય એવું છે. ગિરનારમાં ઘણી જાતની વનસ્પતિઓ થાય છે. અહીંના જંગલમાં પહેલાં સિંહની વસ્તી ઠીક પ્રમાણમાં હતી, પણ હવે તો એની સંખ્યા ઘણી જ ઘટી ગઈ છે. કાઠિયાવાડમાં ગરમીનું પ્રમાણ વધારે છે. સૌરાષ્ટ્રના મધ્ય ભાગમાં જયાં ઘાસનાં બીડો છે, ત્યાં કેટલાક માણસો ઢોર ચરાવીને તેમજ થોડી ખેતી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે.

ઉત્તર ગુજરાતનાં જંગલોમાં વાંસ અને ઘાસ ઠીક પ્રમાણમાં થાય છે. બનાસથી સાબરમતી નદી સુધીનો પ્રદેશ ઉત્તર ગુજરાતનો સપાટ પ્રદેશ ગણાય. એ પ્રદેશનો પૂર્વ ભાગ ડુંગરાળ અને જંગલોવાળો છે. આ તરફ ગરમી બહુ પડે છે. બનાસકાંઠામાં જયાં ઘાસનાં બીડો છે, ત્યાં ઘણા માણસો ઢોર ઉછેરીને અને થોડી ખેતી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે.

પર્વત હોવાથી અરવલ્લીની આજુબાજુનાં પ્રદેશને ઠીકઠીક લાભ મળે છે. તે તરફનાં જંગલોમાં વાંસ, મધ, ગળો તેમજ બીજાં જંગલી મૂળિયાં મળી આવે છે. અહીંના ભીલ લોકો જંગલમાંથી મળતી વસ્તુને સસ્તે ભાવે વેપારીઓને આપી દે છે. મધમાખનો ઉછેર આ તરફ સારો થઈ શકે એમ છે. પાલણપુર તરફ લગભગ ૨૩” વરસાદ થાય છે. પાલણપુરનાં જંગલોમાં ઢોરો માટે ઘાસચારો સારો થાય છે. સુખડનાં લાકડાં માટે અહીંની જમીન સારી કહી શકાય. અહીંનાં જંગલોને ખિલવવાની ઘણી જરૂર છે.

રાધનપુર તરફ એવાં ખાસ જંગલો નથી. રાધનપુર કચ્છના રણની નજીક આવેલું છે. અહીં વરસાદ લગભગ ૨૦” પડે છે. ગોચર જમીન ઠીક પ્રમાણમાં આવેલી છે. રાધનપુર તરફની જમીન વેરાન અને ખારપાટ છે.

૨. મધ્ય ગુજરાત : મધ્ય ગુજરાતના પ્રદેશમાં આપણે ઇડર, મહીકાંઠા, લુણાવાડા, વાડાશીનોર, ખેડા, પંચમહાલ, સંખેડા, જાંબુઘોડા, છોટા ઉદેપુર; બારિયા, ભરૂચ, રાજપીપળા વગેરે તરફનાં જંગલો જોઈશું. સાબરમતીથી તાપી સુધીનો મુલક આપણે

મધ્ય ગુજરાતમાં ગણીશું. અહીં વરસાદ સાધારણ ઠીક પડે છે.

મહીકાંઠા તરફ ટેકરીઓ પર વાંસ અને સાગ થાય છે. ગુંદર અને મધ પણ અહીં મળી આવે છે.

ઈડર તરફ જંગલોની ખિલવણી થવાની જરૂર છે. વૈદકમાં ઉપયોગી થઈ પડે એવાં કેટલાંક મૂળિયાં અહીં જડી આવે છે. અહીંના ખેરનાં લાકડાંમાંથી કાથો બનાવી શકાય એમ છે.

લુણાવાડાનું જંગલ પણ ઘણી વનસ્પતિથી ભરપૂર છે. ટીમરુ, સાગ, ખેર, સીસમ, વાંસ, ખાખરો, આસંદરો, આસોપાલવ, ઉંબરડો વગેરે પંચમહાલ, રાજપીપળા અને લુણાવાડાનાં જંગલોમાં ઠીકઠીક પ્રમાણમાં મળી આવે છે. વાડાશીનોર અને લુણાવાડા તરફનું જંગલખાતું ત્યાંનાં જંગલોની બરાબર દેખરેખ રાખે છે.

મોડાસા તરફ મહુડાનાં વૃક્ષો ઘણાં થાય છે. અહીં જે ઘાણીઓ ફરે છે, તેમાં તેલ કે સીંગને બદલે મહુડાનાં ફળો પિલાય છે. મહુડાનાં ફળમાંથી જે તેલ નીકળે છે, તે ડોળિયું કહેવાય છે. ડોળિયામાં ‘ઊસ’ નામનો ક્ષાર અને ચૂનો મેળવીને કપડાં ધોવાનો સાબુ બનાવવામાં આવે છે. પ્રાંતિજ સાબુ બનાવવાનું મોટું મથક છે; કારણકે સાબુ માટે જોઈતી વસ્તુઓ ત્યાંથી મળી આવે છે.

ખેડા જિલ્લામાં લીમડો, પીપળો, વડ વગેરે વૃક્ષો ઘણાં છે. પણ એવો ખાસ જંગલનો મુલક નથી. આ તરફ આંબા, મહુડાં, મોસંબી, ચીકુ અને રાયણ સારા પ્રમાણમાં થાય છે. આંબા અને રાયણમાંથી ખેડા જિલ્લાને સારી આવક મળે છે. મહુડાંનો ઉપયોગ અહીં ઘણો થાય છે. એનાં બીમાંથી ડોળિયું તેલ નીકળે છે. તે મીણબત્તી બનાવવામાં અને દીવો બાળવાના કામમાં પણ આવે છે. મહુડાંનાં ફૂલો માણસો અને ઢોરોના ખોરાક તરીકે પણ વપરાય છે. મહુડાંમાંથી દારૂ પણ બને છે. આ વૃક્ષનાં બી, ફૂલ, ફળ, લાકડું વગેરે બધુંજ કામમાં આવે છે.

અમદાવાદની આસપાસ એવાં ખાસ જંગલો નથી. ગુજરાતની પૂર્વ સરહદ પર ડુંગરોની હારો છે. લાકડાં, વાંસ, ગુંદર, મધ અને કાથો ત્યાં મળી શકે છે. અહીં વરસાદ સારો પડે છે. જંગલોમાં બાવળ, બોરડી, વાંસ, સાગ, મહુડાં, આંબા, આમલી, ખેર અને ખાખરાનાં વૃક્ષો જોવામાં આવે છે. જંગલી પશુઓમાં હરણ, શિયાળ, વરુ, ચિત્તા અને વાઘ જોવામાં આવે છે. આ તરફનાં જંગલમાં ભીલ, નાયકડા, ધારાળા વગેરેની વસ્તી છે. જંગલમાં ખેતી થઈ શકે એવી જમીનમાં ભીલ લોકો મકાઈ, કોદરા, બંટી કે ડાંગરની ખેતી કરે છે. ઘણા ભીલો લાકડાં કે ઘાસ કાપીને તથા ગુંદર, લાખ અને મધ જેવી જંગલમાંથી મળી આવતી ચીજો વેચીને પોતાનું ગુજરાન ચલાવે છે. મધ્ય ગુજરાતના કેટલાક ભાગમાં મહુડાનાં સંખ્યાબંધ વૃક્ષો હોવાથી ત્યાંના ભીલ લોકો મહુડાંનો દારૂ ઘણો પીતા હતા. પંચમહાલના જંગલમાં ટીમરુનાં પાતરાં, સાગ, સીમળ, મહુડાં, વાંસ, ગુંદર, મધ વગેરે થાય છે. દવામાં ખપ લાગે એવાં ઘણાં મૂળિયાં પણ મળે છે. દાહોદ તરફ લાખ ઠીક પ્રમાણમાં મળે છે.

આ બાજુ ૩૦”થી ૪૦” સુધી વરસાદ થાય છે.

દાહોદ તરફ ભીલોની વસ્તી વધારે છે. એ તરફના ભીલોને અજ્ઞાન દશામાં તથા કંગાળ હાલતમાં જોઈને અને તેમનાં પશુઓને હાડપિંજર જેવી દશામાં જોઈને પૂ. ઠક્કરબાપાને ઘણી દયા આવી. આશરે ૨૦ વર્ષ ઉપર એમણે ‘ભીલસેવા મંડળ’

સ્થાપ્યું. 'ભીલસેવા મંડળ' ભીલ લોકોમાં કેળવણીનો પ્રચાર કરે છે. દારૂ-તાડીના છંદમાંથી તે લોકોને છોડાવવામાં 'ભીલસેવા મંડળ'ને ઠીકઠીક સફળતા મળી છે.

દેવગઢ બારિયા અને છોટા ઉદેપુરનાં જંગલોમાં શીમળ તથા બહેડાં, કડાં, ઇંદ્રજવ, અરીઠાં, મુસલી, પીત્તપાપડો, ગોખરુ, ગરમાળો, અરડૂસો વગેરે મળે છે.

મહેસાણા પ્રાંતમાં જંગલનો બહુ થોડો વિસ્તાર છે. સંખેડાની આસપાસનો મુલક એક વખત ઘીચ જંગલોવાળો હતો. એ તરફનાં જંગલોને ખિલવવાની જરૂર છે.

ભરૂચ જિલ્લામાં જંગલમાં ગણી શકાય એવો પ્રદેશ નથી; તોપણ ભરૂચ જિલ્લાના દક્ષિણ ભાગમાં તાડ અને ખજૂરીનાં પુષ્કળ વૃક્ષો છે.

ધોળકા તરફ દાડમ અને જમરૂખ સારા પ્રમાણમાં થાય છે.

રાજપીપળાનાં જંગલો ઘણાં સારાં કહી શકાય એવાં છે. ત્યાંનાં જંગલમાં ઘણાં ઉપયોગી વૃક્ષો થાય છે. વાંસ, સાગ, સીસમ, આંબા, મહુડાં, ખેર, હલધરવો, રાયણ, તાડ, ખજૂરી વગેરેનાં વૃક્ષો ઘણાં છે. પીત્તપાપડો, મુસલી, કડો, ઇંદ્રજવ વગેરે વૈદકમાં ખપ લાગે એવી વનસ્પતિઓ પણ ત્યાં મળે છે. ગોચર જમીન પણ ઠીક પ્રમાણમાં છે.

૩. દક્ષિણ ગુજરાત: દક્ષિણ ગુજરાતમાં આપણે નર્મદા પછીનો તાપીથી દમણગંગા સુધીનો પ્રદેશ લઈશું.

દક્ષિણ ગુજરાતમાં વરસાદ સારો થાય છે. જંગલો સિવાયના પ્રદેશમાં ૪૦"થી ૬૦" વરસાદ પડે છે. સમુદ્ર નજીક હોવાથી ગુજરાતના બીજા ભાગો કરતાં ગરમીનું પ્રમાણ ઓછું છે. જમીન ફળદ્રુપ છે.

સુરત જિલ્લામાં વલસાડ, પારડી, વાલોડ, ચીખલી, ધરમપુર, વાંસદા તરફ કેટલાંક જંગલો આવેલાં છે. દક્ષિણનાં જંગલોમાં સાગ, હલધરવો, રતાંજલો, સીસમ, ખેર, વાંસ, ખાખરો, આસંદરો, આસોપાલવ, ઉંબરડો, ટીમરુનાં (બીડી બનાવવામાં ખપ લાગતાં) પાતરાં, હરડાં, તાડ, ખજૂરી વગેરે વનસ્પતિ જોવામાં આવે છે. મધ તથા દવામાં ખપ લાગે એવી બીજી ઘણી વનસ્પતિ થાય છે.

એ તરફના જંગલમાં ભીલ, નાયકડા, ચોધરા, તલાવિયા અને રાનીપરજ વગેરેની વસ્તી છે.

માંડવીના જંગલમાં વાંસ ઘણા થાય છે. વ્યારા તરફ પણ ઠીક વરસાદ પડતો હોવાથી ત્યાંનું જંગલ પણ સારું છે. નવસારી-વલસાડ સુધીની જમીનમાં આંબા, કેળ વગેરે પુષ્કળ પ્રમાણમાં થાય છે. બીજાં પણ કેટલાંક ફળવૃક્ષો સારા પ્રમાણમાં થાય છે. આ વિસ્તારમાં ઘણી વાડીઓ આવેલી છે. ધરમપુર અને વાંસદા તરફ ૮૦" વરસાદ થાય છે. વરસાદ ઘણો પડતો હોવાથી અહીંનાં જંગલો ભરપૂર છે. દક્ષિણ ગુજરાત અને પૂર્વના ડુંગરાઓવાળા પ્રદેશમાં ગુજરાતના બીજા બધા ભાગો કરતાં વરસાદ સારો પડતો હોવાથી ત્યાં જંગલો ઠીકઠીક પ્રમાણમાં આવેલાં છે.

ડાંગનું જંગલ લગભગ ૬,૩૭,૪૪૦ એકરનું છે. એ જંગલમાં વરસાદ લગભગ ૧૦૦" થાય છે.

ડાંગનું જંગલ પુષ્કળ વનસ્પતિઓથી ભરપૂર છે. એમાં ઇમારતી લાકડાં ઘણાં છે.

ગ્રીઅરસન જેવા વિદ્વાને જેને ગુજરાતમાં ગણ્યું હતું એવું ડાંગ આજે મહારાષ્ટ્રમાં જવા બેઠું છે. બહુ પુરાતન કાળથી ડાંગ ગુજરાતનું જ હતું, 'એવો ઉલ્લેખ મળી આવે છે.

કરણરાજાવાળો બાગલાણનો કિલ્લો ગુજરાતમાં જ ગણાતો. ઉનાઈ અને અનાવલ તો ગુજરાતમાં પહેલેથી ચાલ્યાં આવે છે,

એમ સામાન્ય માણસ પણ જાણે છે.

ભટ્ટ પ્રેમાનંદ નંદરબાર તરફ કથા-વ્યાખ્યાન માટે જતા હતા, એ જ પુરવાર કરે છે કે નંદરબારની આસપાસના પ્રદેશમાં ગુજરાતી ભાષાનું જ પ્રભુત્વ હતું. ડાંગનું જંગલ ગુજરાતમાંથી જશે તો ગુજરાતને ઘણું નુકસાન થશે.

એ તકરારી બાબતના નિર્ણય માટે નિષ્પક્ષપાત પંચની નિમણુક થવી જોઈએ. આપણા દેશના સારાસારા ભાષાશાસ્ત્રીઓની મદદ લેવાવી જોઈએ.

પણ વિવેક જાળવ્યા વિનાનો ઉતાવળથી કરેલો અયોગ્ય ફેંસલો અનહદ નુકસાનકર્તા નીવડશે.

ગુજરાતનાં જંગલોમાં એવી ઘણી વનસ્પતિ થાય છે કે જેનો વૈદકમાં બરાબર ઉપયોગ થઈ શકે.

ધન્વંતરી, સુશ્રુત, ચરક વગેરે આપણા દેશની જ વનસ્પતિનો ઉપયોગ દવામાં કરતા હતા. ઝંડુ ભટ્ટજી જેવો કોઈ વૈદ નીકળશે ત્યારે ગુજરાતની વનસ્પતિની કદર થશે.

વનસ્પતિશાસ્ત્રી ડૉ. ભગવાનલાલ ઇંદ્રજી તથા બરડાની વનસ્પતિની રક્ષા કરનાર વનસ્પતિશાસ્ત્રી જયકૃષ્ણ ઇંદ્રજી જેવા વનસ્પતિશાસ્ત્રીઓની ગુજરાતને જરૂર છે.

જયકૃષ્ણ ઇંદ્રજી બરડાની વનસ્પતિઓ અને તેના ઉપયોગ વિષે પ્રજાને જાણ કરતા હતા. પ્લેગની ગાંઠ પર ચોપડવામાં વપરાતી 'ધોડાકૂન' નામે વનસ્પતિની શોધ જયકૃષ્ણ ઇંદ્રજીએ જ કરી હતી. એમણે 'વનસ્પતિશાસ્ત્ર*' અને 'કચ્છની જડીબુટ્ટી' એ નામે પુસ્તકો પણ લખ્યાં છે. જયકૃષ્ણે એક વખત કહ્યું હતું, કે 'યુરોપવાસી આપણી વનસ્પતિ ઓળખે અને આપણા પગ તળે કુટાતી વનસ્પતિ આપણે જ ન ઓળખીએ તો શરમાવા જેવું લેખાય.' ગુજરાતને જયકૃષ્ણ જેવા વનસ્પતિશાસ્ત્રીની ખાસ જરૂર છે.

આપણા ગુજરાતમાં પૂરતી ગોચર જમીન પણ નથી. પશુધનના ઉછેર માટે એવી જમીનની ખાસ જરૂર છે. જંગલોને શહેરો કે ગામડાં સાથે જોડે એવા વાહનવ્યવહારની પણ ઘણી જરૂર છે. જંગલના લોકો અજ્ઞાન, દલિત અને કંગાળ દશામાં છે. એ લોકોની સેવા માટે ઘણાં 'ભીલસેવા મંડળો'ની જરૂર છે.

આ બધાં જંગલોનું રક્ષણ કરીશું અને એને ખિલવવાના પ્રયાસો ચાલુ રાખીશું તો ગુજરાત સમૃદ્ધ થશે. આને માટે નીચેના ઉપાયો સૂચવી શકાય :

(૧) ચતુર વનસ્પતિશાસ્ત્રીઓની સૂચના પ્રમાણે વૃક્ષો અને નાના છોડવા રોપાવા જોઈએ. કઈ જગ્યાએ કયાં વૃક્ષો રોપાવવાં તેની પણ તપાસ થવી જોઈએ.

(૨) વૃક્ષોનો બરાબર ઉછેર થાય એટલા માટે યોગ્ય પગલાં ભરાવાં જોઈએ. બીજ, ખાતર વગેરેની માહિતી જંગલમાં વૃક્ષઉછેરનું કામ કરનારને બરાબર હોવી જોઈએ.

(૩) કેટલીક જગ્યાએ જંગલો હરાજ કરવામાં આવે છે, ત્યાં ખરીદનારાઓ વધુ નફાની આશાએ ન કાપવા જેવાં વૃક્ષોનો પણ સંહાર કરી નાખે છે. એટલે જંગલખાતાના અધિકારીએ કાપવા લાયક પાકટ વૃક્ષો પર નિશાનીઓ કરવી જોઈએ; અને તે જ વૃક્ષો કપાયાં છે એની બરાબર તપાસ રાખવી જોઈએ.

(૪) બળતણ માટે કે બીજા કોઈ ઉપયોગ માટે સરકારી પરવાનગી વિના કોઈને લાકડાં લેવા ન દેવાં જોઈએ.

(૫) જંગલનાં વૃક્ષોનું રક્ષણ કરવું બસ નથી, પણ રસ્તાની બાજુએ રોપેલાં

---

* 'વનસ્પતિશાસ્ત્ર'ની નવી આવૃત્તિ ટૂંક સમયમાં 'સસ્તું સાહિત્ય' તરફથી પ્રસિદ્ધ થશે.

વૃક્ષોની પણ સંભાળ રાખવી જોઈએ. નવાં વૃક્ષો રોપાવવાં જોઈએ.

(૬) જંગલની વનસ્પતિનો નાશ કરનારાં જીવજંતુઓનો સંહાર થવો જોઈએ.

(૭) બીજા દેશમાં જંગલો ઉછેરવા માટે શાં પગલાં લેવાય છે તેની બારીક નોંધ રખાવી જોઈએ.

જંગલમાં લાગતા દવથી જંગલની ઘણી વનસ્પતિનો નાશ થાય છે. એટલે એ દવને પહેલી તકે દાબી દેનારાં પગલાં ભરાવાં જોઈએ. જંગલમાં ઘણા દવો તો માણસની બેદરકારીથી લાગે છે. તાપણું કે સળગતી બીડીનું ઠૂંઠું વગેરેમાંથી ઘણી આગો ફાટી નીકળે છે.

કેનેડાનાં જંગલોનું રક્ષણ કરવા માટે ત્યાં પાટિયાં લગાવેલાં હોય છે, અને તેના પર લખ્યું હોય છે, કે 'બેદરકારીથી બીડી તાણવાથી દેશને ભયંકર નુકસાન થાય છે.' જંગલોનું રક્ષણ કરવા માટે ત્યાં ઇન્સ્પેકટરો રોકવામાં આવ્યા હોય છે અને કોઈ વૃક્ષોને નુકસાન ન કરે અથવા જંગલમાં દવ ન લાગે તેને લગતી તપાસ રાખવા ઠેરઠેર થાણાં ઊભાં કર્યાં છે. દવ લાગે તો તે હોલવવા માટે બંબાની વ્યવસ્થા કરી છે. બંબાવાળાઓને ખબર આપવા તાર અને ટેલિફોન રાખ્યા છે. ઊંચે આકાશમાંથી અગ્નિ જોવા માટે જંગલના પ્રદેશ ઉપર વિમાનો ફેરવવામાં આવે છે.

આપણે પણ આ બધું કરવું જોઈએ, એમ કહેવાનો મારો આશય નથી. કેનેડા ઘણો પૈસાદાર દેશ છે, એટલે ત્યાં આવી રીતની વ્યવસ્થા થઈ શકે; પણ આપણો દેશ ગરીબ છે, એટલે હદમાં રહીને આપણે જંગલના રક્ષણ માટેના ઉપાયો યોજવા જોઈએ.

હિંદના એક વખતના સેક્રેટરી સર ચાર્લ્સ વુડના વખતથી ચાલ્યું આવતું 'ભારતનું જંગલખાતું' ભારતનાં જંગલોની જરા પણ દેખરેખ રાખતું ન હતું.

આમજનતાને તો આ જંગલ ખાતાથી બિલકુલ અજ્ઞાત જ રાખવામાં આવી હતી. વિચાર–વિવેક વિના જ વૃક્ષોને કાપી નાખવામાં આવતાં હતાં.

ફ્રાંસ જેવા દેશોમાં તો પોતાનાં વૃક્ષો કાપવા માટે પણ પરવાનગી લેવી પડે છે. ત્યાંની જનતા અને સરકાર જાણે છે કે જંગલો દેશને બહુ જ લાભદાયક છે. જંગલો દેશની લક્ષ્મી છે. એને સાચવીશું તો દેશ માતબર બનશે. એટલે જ્યાં સુધી વૃક્ષ જીવંત હોય ત્યાં સુધી તેને કાપવાની પરવાનગી આપવામાં આવતી નથી.

(૮) આપણા દેશમાં પડતર જમીન પણ ઠીક પ્રમાણમાં આવેલી છે. તેથી જે જમીનમાં ખેતી ન થતી હોય તેવી જમીનમાં વૃક્ષો રોપવાં જોઈએ. જ્યાં ખેતી થઈ શકતી હોય ત્યાં તો ખેતી જ કરવી.

આવી પડતર જમીન નકામી પડી રહેતી હોય તે જ બતાવે છે કે દેશ જંગલ તરફ ઘણો બેદરકાર છે.

ભારતની સંસ્કૃતિનું ઘડતર ભારતનાં જંગલોમાં જ થયું છે. પરદેશી સરકારના અધિકારીઓ તો આવતા હતા અને કમાઈને જતા હતા. તે લોકોમાં આપણા દેશ માટે સારી લાગણી ક્યાંથી હોઈ શકે?

આપણા ભારતમાં હવે તો આપણું રાજ થયું છે; એટલે આપણા દેશનાં જંગલોનું રક્ષણ કરવું એ આપણી પવિત્ર ફરજ છે.

*

'મારા કરતાં વધારે કાંતનારા, મારા કરતાં વધારે સારું કાંતનારા, રોજેરોજ કાંતનારા ઘણા હશે, પણ મારા જેવો દરરોજ અમુક વખતે જ કાંતનારો ભાગ્યે જ બીજો કોઈ હશે.'

—ગાંધીજી

ઉઘાડી બારી

લેખક :

શ્રી પ્રાગજી જ. ડોસા

પાત્રો :

અનુપમ : શ્યામ
ગોપિકા : રામલો

સ્થળ : અનુપમનું દીવાનખાનું.
સમય : રાતના બે વાગ્યાનો.

[પડદો ઉઘડતાં રાત્રિનો આભાસ આપતું સૂમસામ વાતાવરણ નજરે પડે છે. નીરવ શાંતિ પથરાયેલી છે. જમણી બાજુએ ટેબલ ઉપર બળતા એક દીપનો આછો પ્રકાશ દીવાનખાનાની વસ્તુઓને અસ્પષ્ટપણે અજવાળી રહ્યો છે. બારીમાંથી નીતરતી ચાંદનીની શ્વેત ધારા એ અજવાળામાં મદદરૂપ બને છે. બારીની બહાર રહેલા ઉદ્યાનનાં એકાદ-બે ઝાડની કાળી આકૃતિઓ દેખાય છે. બારીની પાસે જ મધ્ય દ્વાર છે.

દૂરદૂર એક કૂતરું રડતું હોય એવો અવાજ આવે છે અને થોડીવાર પછી મોટરનું ભૂંગળું સંભળાય છે. કેટલીક ક્ષણ વીત્યા પછી કોઈ મધ્ય દ્વાર ખખડાવે છે. એ ખડખડાટ થોડો વખત ચાલુ રહે છે અને બહારથી ગોપિકાનો અવાજ સંભળાય છે.]

ગોપિકા : (બહારથી) રામલા...રામલા !

રામલો : (અંદરથી) આવ્યો બાઈ !

[ડાબી તરફના બારણામાંથી રામલો બગાસું ખાતો અને ચપટી વગાડતો પ્રવેશ કરે છે.]

રામલો : એ...ખોલું, હો...(સ્વગત) મધરાત વીતી તોયે જંપ નથી. આજ સિનેમા ને કાલે પાર્ટી, પરમ દિવસે કોઈનાં લગન ને પેલે દિવસે વળી કંઈ નવું લફરું. ઈ લફરામાં એક દિવસ આ રામલાના રામ રમી જવાના.

[બારણું ઉઘાડે છે. ગોપિકા અંદર આવે છે ને દીપને વધુ સતેજ કરે છે. દેખાવે તરુણ, નમણી અને સુંદર છે એ સહજ વરતાઈ આવે છે. વસ્ત્રો પણ કિંમતી પરિધાન કર્યાં છે. એ સૌંદર્યમાં વધારો કરે છે.]

ગોપિકા : બારણું ઉઘાડતાં કેટલી વાર ?

રામલો : રાતના પેલા પોરની મીઠી નીંદર હતી બાઈ.

ગોપિકા : પહેલો પહોર ! બે વાગવા આવ્યા, ખબર છે ?

રામલો : બે ! નીંદર એ માળી...એ ચીજ જ એવી છે કે એક વખત ગોદડામાં પડ્યા કે પછી હરિ તેરો આશરો. પછી તો સવારે સવાર. બે શું, ને ચાર શું ઈ ખબર જ નો પડે. (બગાસું ખાય છે.)

ગોપિકા : અઘોરી છે અઘોરી. સમજ કે કોઈ વખત ચોર આવ્યા કે ધાડ પડી તો તું કુંભકરણ જાગે જ શાનો ?

રામલો : કોઈની દેણ નથી કે આ ઘરમાં આવી શકે. સૂતાં પહેલાં બારીબારણાં બરોબર વાસીને પછી સૂવા જાઉં છું.

ગોપિકા : અને કોઈ પહેલાંથી અંદર ભરાઈ રહે તો ?

રામલો : હા. ઈ માળું ખરું. લાવો જોઈ લઉં.

ગોપિકા : હવે રહેવા દે. એવી તે કોઈ હિંમત કરે ખરું ?

રામલો : આ બાર બંધ કરી લઉં ?

ગોપિકા : હું કરી લઈશ.

રામલો : ભલે બાઈ, પણ તમારે ગભરાવું નહિ, હં. હું દશને પહોંચી વળું એવો છું. જરીક પણ અવાજ થાય કે તરત તમારે મને જગાડવો.

ગોપિકા : તને વળી જગાડવા આવીએ ?

રામલો : હં...ઈ તો આખા દીના વૈતરાનો થાક લાગે એટલે આંખો એવી મિચાઈ જાય છે કે શું કહું ? વીતે ઈ જાણે. ત્યારે જાઉં ?

ગોપિકા : હા......પણ રામલા...!

રામલો : (પાછા વળતાં) જી બાઈ.

ગોપિકા : તારા શેઠ કેટલા વાગે ઊંઘી ગયા ?

રામલો : દશેક વાગ્યા હશે. કદાચ અગિયાર પણ થયા હોય. વખતની બાબતમાં મારું ગન્યાન કેટલા ઊંડાં સુધીનું છે ઈ તો હમણાં જ આપે જોયું.

ગોપિકા : મારે વિષે કંઈ પૂછ્યું હતું ?

રામલો : ના, ના, આમ ખાસ તો કંઈ નો'તું કહ્યું.

ગોપિકા : ખાસ એટલે ?

રામલો : એટલે એમ કે......તમારા જ શબ્દો કહ્યા હતા : ' એ અધીરી સૂઈ ન રહેતો. તારી બાઈ આવે ત્યાં સુધી જાગતો રહેજે.' પણ ખરું કહું છું બાઈ, આખા દિવસના કામનો થાક...(બગાસું ખાય છે.) એ વાગી ગયા......બહુ મોડું થયું...

ગોપિકા : બીજું કંઈ ન બોલ્યા ?

રામલો : અત્યારે તો કંઈ યાદ નથી આવતું અને બાઈ...અમો નોકરચાકર પાસે તે કોઈ પોતાની ધણિયાણી વિષે વાત કરે ખરું કે ? એટલું ખરું કે શેઠના તમારા ઉપર ચાર હાથ છે. તમારી પહેલાંના શેઠને ત્યાં નોકરીએ હતો, પણ શેઠશેઠાણી વચ્ચે આવો મેળ નો'તો.

ગોપિકા : અને એ પહેલાંના શેઠને ત્યાં ?

રામલો : એને તો શેઠાણી જ નો'તી. શેઠાણી એટલે કે મારી શેઠાણી...એમની તો બૈરી કે'વાય.

ગોપિકા : ઠીક, જા સૂઈ જા.

રામલો : આ ચાલ્યો. કંઈ કામ હોય તો...

ગોપિકા : કંઈ કામ નહિ પડે. હવે ઊઠીશ જ નહીં.

રામલો : બહુ સારું બાઈ. સવારે પાંચ વાગે દૂધ લેવા તો ઊઠવું પડશે ને... હે રામ......! (જાય છે.)

[ગોપિકા ધીરેથી એની પાછળ જાય છે. એ અંદરના ભાગમાં દૂર ચાલી ગયો એવી ખાતરી કરી એ ઓરડીનાં બારણાં અર્ધાં બંધ કરે છે. પછી ટેબલ તરફ જાય છે. ટેબલના એક ખાનામાંથી એક મોટું કવર કાઢે છે. એ કવરમાં એના ફોટાઓ છે. ટેબલ ઉપરના દીપમાં એ બેત્રણ ફોટાઓ વારંવાર જુએ છે. આ પ્રવૃત્તિ ચાલતી હોય છે, દરમ્યાન મધ્ય દ્વારમાંથી શ્યામ પ્રવેશ કરે છે. ગોપિકાની સમવયનો એ રૂપાળો છે. અંગ્રેજી પોષાક અને ઓવરકોટ પહેરેલો છે. અંદર આવી ચોરની માફક આસપાસ બારીકાઈથી નિરીક્ષણ કરે છે અને પછી ધીમે પગલે ગોપિકાની પાછળ જઈ એના હાથમાંથી એક ફોટો લઈ લે છે. ગોપિકા ચોંકી ઊઠે છે.]

ગોપિકા : ઓ મા ! (શ્યામને જોતાં) શ્યામ! (ધીમે સ્વરે) અંદર શા માટે આવ્યો ?

શ્યામ : (ફોટો બતાવી) આ સૌંદર્યપ્રતિમા લેવા.

ગોપિકા : પણ હું તને બહાર લાવી આપત.

શ્યામ : ધીરજ ન રહી.

ગોપિકા : નટખટ !

શ્યામ : કહે શ્યામ.

ગોપિકા : ખરેખર શ્યામ શું કહેવું તને? રામલો હજી હમણાં જ સૂવા ગયો.

શ્યામ : હું જાણું છું. બહાર બારણાંની ઓથે જ હતો.

ગોપિકા : ઘડીભરનો વિયોગ પણ સહેવાતો નથી ?

શ્યામ : ઘડીભરનો યે નહિ. ત્યાં સુધી કે તું પાસે હોવા છતાં દૂર ઘણી દૂર હોય એવું લાગે છે.

ગોપિકા : કારણ ?

શ્યામ : કારણ તું પરાઈ બની છે.

ગોપિકા : ત્યારે શું લગ્નબંધને બંધાયાથી પોતાનાં થઈ જવાય છે ?

શ્યામ : ના, ના, એમ તો નહિ. એવું હોત તો તને મેળવી જ ન શકયો હોત, છતાં એવી ઇચ્છા તો થાય ને કે જગતની દૃષ્ટિએ

તને મારી કહી શકું.

ગોપિકા : શ...

શ્યામ: (ટીખળથી) શ...

ગોપિકા: કેવો બેફિકર છે ?

શ્યામ: હસી લેવા દે ગોપિકા. આવતી કાલે તો બહારગામ ચાલ્યો જઈશ, એટલે તારી હાસ્યમૂર્તિને હૃદયમાં પધરાવીને જ જઉં.

ગોપિકા : પાછું વળતાં બહુ મોડું થશે ?

શ્યામ: મહિનો તો ખરો જ અને ત્યાં સુધી આ છબીમાંની ગોપિકાને હૃદય સરસી રાખવાની અને તારી જીવંત મૂર્તિને સ્મરણ-પટ પર નીરખવાની.

[શ્યામ છબીને જોઈ રહે છે. પછી ટેબલ ઉપર પડેલી ગોપિકાની બીજી છબી જે ફ્રેમમાં મૂકેલી છે તે જુએ છે.]

શ્યામ: ગોપિકા, આ છબી તો બોલતી પ્રતિમા છે. આબેહૂબ...જાણે જીવતી-જાગતી તું જ. આ જ લઈશ.

ગોપિકા: પણ શ્યામ, એ મને પૂછશે તો...?

શ્યામ: બીજી છબી ફ્રેમમાં મૂકી દેજે. એટલો ફરક જાણવાની એનામાં દૃષ્ટિ કે અક્કલ નથી.

[પોતાનું મફલર ગળામાંથી કાઢી ટેબલ ઉપર મૂકે છે અને ખુરશી ઉપર બેસી ફ્રેમમાંથી છબી કાઢે છે. દરમ્યાન ગભરાતી ગોપિકા ઘડીકમાં રામલો ગયો તે બારણાં તરફ અને એની બાજુમાં આવેલો દાદર કે જે પ્રથમ મજલે લઈ જાય છે એ તરફ ફરતી રહે છે.]

શ્યામ: કેમ આમ ગભરાયેલી દેખાય છે? તને લાગે છે કે તારું પેલું ઘુવડ જાગી ઊઠશે?

ગોપિકા: એટલી યે ખબર નથી. ઘુવડ રાતના ઊંઘતું જ નથી.

શ્યામ: એમ! અરે હા, હા, ખરેખર.

ગોપિકા: કોઈ દિવસ જોયું હોય ત્યારે ને!

શ્યામ: પણ તારા પતિદેવને જોયા પછી કલ્પના કરી શકું છું.

ગોપિકા : શ્યામ!!

શ્યામ : ખોટું લાગ્યું ?

ગોપિકા : તારા ઉપર ખોટું લાગે ?

શ્યામ : ત્યારે ?

ગોપિકા : એમની દયા આવે છે.

શ્યામ : દયા! હે દયાની દેવી! દયાને પાત્ર તો આપણે છીએ કે સમ વયના, સોહામણા અને એકરંગી હોવા છતાં તારા જેવી દેવીને એ રાક્ષસ સાથે કોઈ વિકરાળ પશુ હોય એવાની સાથે પરણાવવામાં આવી.

ગોપિકા : નહિ શ્યામ, દેખાવ ગમે એવો હોય પણ સ્વભાવ, અંતર તો દેવ જેવું છે.

શ્યામ : દેવ! એ દેવ! અને હું દેખાવે દેવ જેવો પણ અંતરે...

ગોપિકા : શ્યામ! આ કંઈ તુલના કરું છું એમ માને છે? એ તો કારખાનામાં આગ લાગી અને એ આગની ઝાળ એમના શરીરે ચોંટી ગઈ અને આખું સ્વરૂપ બદલી નાખ્યું. એથી કંઈ મનુષ્ય રાક્ષસ બની જતો નથી, અને મનુષ્ય તરીકે આપણને પણ એવા દયાપાત્ર પ્રત્યે અનુકંપા તો થાય જ ને?

શ્યામ : તને થતી હોય તો ભલે. મને તો એમ થાય છે કે તું એને માટે એટલી બધી કાળજી રાખે છે અને એને તારી શી પડી છે? બેફામ બનીને લાંબો થઈ પડ્યો હશે, ઘોરતો હશે અને એની રાક્ષસી સ્વપ્નસૃષ્ટિમાં એના સ્મરણીય ભૂતકાળના પડછાયા જોતો હશે. ખરું ને ?

ગોપિકા : કોણ જાણે!

શ્યામ : કેટલા વાગે એ ભાઈસાહેબ ઘોંટાઈ ગયા ?

ગોપિકા : દશ-અગિયાર વાગ્યાનું રામલાએ કહ્યું.

શ્યામ : અને તું શું બહાનું બતાવી મારી પાસે આવી ?

ગોપિકા : એક સાહેલીનાં લગ્ન છે. આવતાં મોડું થશે.

શ્યામ : (હસે છે.) અને એણે માની લીધું ! પુરુષો પણ કેવા પોચી માટીના ઘડાયેલા છે !

ગોપિકા : તું પણ...

શ્યામ : એકસેપ્શન ટુ એવ્રી રૂલ. (દરેક નિયમને અપવાદ હોય છે.) હા...હા...હા... અને ધાર કે એણે તારી સાથે આવવાની હઠ પકડી હોત તો...?

ગોપિકા : એ કયારે કોઈ દિવસ સાથે આવે છે ?

શ્યામ : હા, હા, એનું નર–પશુ જેવું મુખ લઈને ખરેખર જો કોઈના વરઘોડામાં જઈ ચઢે, તો ઘોડો પણ ઊભી પૂંછડીએ ભાગે. કલાકના એંસી માઈલ !

[ગોપિકા કંઈ જવાબ આપતી નથી.]

ખોટું લાગ્યું ? (ગોપિકા મુખ ફેરવી લે છે.) તો પછી એ ઘુવડને છોડી મારા પ્રત્યે કેમ મોહ થયો ?

ગોપિકા : એ જાણતી હોત તો એવું પગલું જ ન ભર્યું હોત. પણ હવે...

શ્યામ : ઘણું મોડું થયું. સમય વીતી ગયો. ગોપિકા, હવે તો તારે એમજ સમજવાનું છે કે એના સૌંદર્યની સાથે એ પોતે પણ એ આગમાં બળી મૂઓ.

ગોપિકા : (આઘાત પામી) શ્યામ !

[સોફા ઉપર પડે છે અને રડે છે. શ્યામ એની પાછળ આવી હેતથી એનું મુખ ઊંચું કરે છે.]

શ્યામ : ગોપિકા !

ગોપિકા : શ્યામ !

શ્યામ : મંદિરમાં ફક્ત એક જ મૂર્તિ બિરાજી શકે.

ગોપકા : જાણું છું એટલે જ ઘણી વખત એવું થાય છે કે એમની પાસે પાપનો એકરાર કરી બધું કહી દઉં. એમના ચરણ પકડી મારા અપરાધોની ક્ષમા યાચું. એ ખરેખર દેવ છે. શ્યામ, ખરેખર દેવ છે.. મને જરૂર માફ કરશે, પણ...

શ્યામ : પણ...

ગોપિકા : તારા સૌંદર્યની મોહિની. તારી આંખોના જાદુએ વશ થયેલી છું. પણ તું કોઈ વખત એવુંએવું બોલે છે કે આંખોમાંથી ઝેર વરસતાં જોઈ રહું છું.

શ્યામ : માટે જ તો કહું છું કે મંદિરમાં ફક્ત એક જ મૂર્તિ વિરાજી શકે, સિવાય કે શ્યામ અને રાધા હોય.

ગોપિકા : પણ શ્યામ...મૂર્તિની આંખોમાં ઝેર ન હોય, સદા મમતા જ ભરી હોય.

શ્યામ : ખરું પણ પથ્થરની મૂર્તિમાં એ બધું તત્ત્વજ્ઞાન રહેવા દે. આંખોમાં મમતા હોય કે ઝેર હોય એ બન્ને સહી લેવાશે, પણ આંસુઓ ટપકે એ નહીં સહેવાય. લે, આ રૂમાલ, જો આ છબીમાંની ગોપિકા કેવી ડાહીડમરી થઈને હસી રહી છે!

[રૂમાલ આપે છે. ગોપિકા આંસુ લૂછે છે.]

શ્યામ : હવે હસ જોઉં, ધેટ્સ બેટર. હવે આ મધરાતના મહેમાનને ઘરમાં લાવી છે તો એકાદ ચાનો કપ...

ગોપિકા : શું ?

ગોપિકા : આપણે તો પેલું ગીતામાં વાકય છે ને 'યા નિશા સર્વભૂતાનાં તસ્યાં જાગર્તિ સંયમી' એના જેવા. ફેર માત્ર એટલો જ કે એ સંયમી શબ્દ જરા વધુપડતો કહેવાય.

[ગોપિકા ફરી રામલા તરફ ને બારણે અને દર પાસે ફરી વળે છે ને એના અવાજમાં કંપ છે.]

ગોપિકા : શ્યામ... પ્લીઝ...

શ્યામ : ગચ્છન્તિ કરું એમ જ ને! ગીલ્ટી કોન્શીયન્સ! પાપ કર્યા પછી બીવું શા માટે? વેરી વેલ. આ ચાલ્યા. મારે પણ સવારના સાત વાગ્યાની ટ્રેન પકડવી છે તો ચાલ ત્યારે બાય, બાય!

[છુપી લઈ લે છે, પણ મફલર ટેબલ ઉપર જ છૂટી જાય છે અને બારણાંમાં ઊભો રહી કહે છે.]

શ્યામ: પેલા તારા ઘુવડને ઉઠાડ્યા સિવાય જ સૂઈ જજે હું કે...અરે ભૂલ્યો, ઘુવડ તો રાતના જાગતું જ હોય છે ખરું ને...હાહાહાહા...(જાય છે.)

[ગોપિકા બારણું બંધ કરે છે અને બારી પાસે જઈ બારી ખોલી એને જતો જોઈ રહે છે. થોડી વારે મોટરનું ભૂંગળું ફરી સંભળાય છે. મોટર ગઈ એ ણી ગોપિકા માથે હાથ દઈ બારીને ટેકી હતાશ થઈ ઊભી રહે છે.]

ગોપિકા: ઓ પ્રભુ! હું ક્યાં જઈ રહી છું? પગલેપગલે પ્રજળી રહેલા આ જીવન કરતાં તો એમની પાસે એકરાર કરી શાંતિ મેળવું એવું બળ આપ!

[ધીમે પગલે ઉપર જવા દાદર તરફ જાય છે, ત્યાં એને યાદ આવે છે કે બારી ખુલ્લી મૂકી દીધી છે. એટલે બારી બંધ કરી દાદર ઉપર ચાલી જાય છે. દશેક સેકંડ ચૂપકીદી ફેલાય છે અને પછી ટેબલની નીચેથી અને પાછળના ભાગમાંથી અનુપમની વિકૃત આકૃતિ ધીરેથી ઊભી થાય છે. એના વાળ ભૂખરા રંગના, બાજપક્ષીની માફક ઊભા, કડક અને અસ્તવ્યસ્ત છે; મુખ ઉપર અને હાથ ઉપર આગથી બળવાને લીધે લાલ અને કાળાં ધાબાં છે. એક આંખ ઉપરની પાંપણ નથી એટલે એ મોટી દેખાય છે. બીજી આંખ નાની દેખાય છે એટલે મુખ વધુ ભયાનક લાગે છે. મફલર ઊંચકી જુએ છે. પછી ગોપિકા ગઈ એ તરફ જાય છે, ઊભો રહે છે અને એના મુખ ઉપર ગ્લાનિ, દુઃખ અને રુદનના ભાવો અંકિત થાય છે; અને એ બંને હાથો વડે મુખ ઢાંકી દે છે. ત્યાં પગલાં સંભળાય છે. ગોપિકા પાછી નીચે આવી રહી છે એટલે એ એક પળ વિચાર કરે છે અને પછી બારી ખોલી નીચે ઉદ્યાનમાં ભૂસકો મારે છે. ગોપિકા બૂમ મારતી આવે છે.]

ગોપિકા: રામલા...રામલા...રામલા!

[રામલો ફરી અર્ધ જાગતો-ઊંઘતો પ્રવેશ કરે છે.]

રામલો: ઓહ...રામ...શું સવાર પડી?

ગોપિકા: રામલા!

રામલો: (ભાનમાં આવે છે.) જી...જી...જી બાઈ.

ગોપિકા: તારા શેઠ ક્યાં છે?

રામલો: ઉપર મેડી ઉપર!

ગોપિકા: ત્યાં તો કોઈ નથી.

રામલો: ત્યારે શું, અલોપ? બીજા કોઈ ઓરડામાં સૂતા હશે.

ગોપિકા: હું બધે જોઈ વળી!

રામલો: હેં?

ગોપિકા: હું આવી એ પહેલાં તેઓ બહાર ગયા હતા કે?

રામલો: ના બાઈ. મેં તો એમને બહાર જતાં નથી જોયા.

ગોપિકા: ત્યારે જાય ક્યાં?

રામલો: ઈ મને શું ખબર?

ગોપિકા: તેં બારણું બરાબર અગિયાર વાગ્યે બંધ કર્યું હતું?

રામલો: હા બાઈ...કદાચ બાર પણ વાગ્યા હોય.

ગોપિકા: તારા જ બાર વાગવાનો વખત આવ્યો છે. ઊંઘણશી...ઘરનું ભાન જ નથી.

રામલો: મને?

ગોપિકા: ત્યારે મને?

રામલો: બાઈ, અમો ચાકર માણસને વખતનું શું ભાન રહે? વાસણ માંજતાં, પરવારતાં કેટલા યે વાગે. ને કોઈ દિવસ તો શેઠ રાતના બહાર જતા નથી એટલે આ પરવાર્યો કે બારણું કીધું બંધ અને પડ્યા પથારીમાં કે હરિ તેરો આશરો.

[ત્યાં બારણું ઠોકવાનો અવાજ આવે છે. બંને સ્તબ્ધ બની સાંભળે છે ને પછી રામલો ઉઘાડે છે. અનુપમ ધીમેથી દાખલ થાય છે. રામલો મોટી બત્તી કરે છે.]

ગોપિકા: ક્યાં હતા? અને આ વેષે?

અનુપમ: કારખાનાના એક અધિકારીના મૃત્યુના સમાચાર મળ્યા અને ઓચિંતું

જ જવું પડ્યું.

રામલો : અરે મારા સાહેબ! મને કહીને તો જવું'તું.

અનુપમ : તને એક બે વખત સાદ કર્યા પણ તું કામમાં હોઈશ.

ગોપિકા : એ તો છે જ તદ્દન અઘોરી.

રામલો : ત્યારે સાહેબ, સમશાનેથી આવો છો?

અનુપમ : હેં...? હા. હા.

રામલો : તમને નવડાવવા માટે પાણી તૈયાર કરું સાહેબ?

અનુપમ : પાણી! હા, હા. નાહવું તો પડશે જ ને!

રામલો : આ ચાલ્યો. રામલાના કામમાં ફેર જ નો પડે. (જાય છે.)

અનુપમ : બિચારાની સ્ત્રી કેટલું કલ્પાંત કરતી હતી! પતિપત્નીની વચ્ચે કેટલો બધો પ્રેમ હતો! ગોપિકા, પ્રેમીનો વિયોગ એવો અસહ્ય હોય છે...

ગોપિકા : અનુપમ! એવું ન બોલો...

અનુપમ : જાણું છું તને કેટલું બધું દુઃખ થાય છે! જેવો તારો મારા પ્રત્યે સ્નેહ છે એવાં જ એ દંપતી હતાં : સમવયનાં, સોહામણાં અને એકરંગી.

ગોપિકા : સમવયનાં, સોહામણાં...... આ શબ્દો......

અનુપમ : બહુ દયા આવે છે ખરું? ગોપિકા, જે મનુષ્ય દયાને પાત્ર હોય એના પ્રત્યે અનુકંપા થાય એ સહજ છે.

ગોપિકા : દયાને પાત્ર!

અનુપમ : ગોપિકા! હમણાં જ આવી?

ગોપિકા : હા. હમણાં જ. હજી કપડાં પણ બદલ્યાં નથી.

અનુપમ : તારી સાહેલીનાં લગ્ન ખૂબ ધૂમધામથી ઉજવાયાં હશે નહિ?

ગોપિકા : લગ્ન! હા લગ્ન.

અનુપમ : અને કેટલા બધા અંગત મિત્રો મળ્યા હશે! ગોપિકા, અંગત મિત્રોનો સહવાસ જ એવો આનંદમય હોય છે કે આસપાસના વાતાવરણને જ ભુલાવી દે છે.

ગોપિકા : હા.

અનુપમ : અને તેમાં યે ખાસ અંગત મિત્ર હોય, હૃદયની વીણા એકસૂરે વાગી રહી હોય, જેની આંખોમાં જાદુનાં કામણ હોય...

ગોપિકા : અનુપમ!

અનુપમ : કેમ?

ગોપિકા : ના, ના, કંઈ નહિ.

અનુપમ : અને ગોપિકા, આ ટેબલ ઉપરનો તારો ફોટો...

ગોપિકા : એ...એ તો મારી સાહેલીનાં લગ્ન હતાં ને તે મેં એને ભેટ આપ્યો.

અનુપમ : એ...મ!

[ગોપિકાની નજર મફલર ઉપર પડે છે. એ પાછલે પગે જઈ મફલર પછવાડેથી લઈ ટેબલ પાછળ ફેંકી દે છે.]

અનુપમ : કેટલી ગભરાયલી જણાય છે? બહુ શ્રમ પડ્યો હશે ખરું?

ગોપિકા : હા, હા. બહુ થાકી ગઈ છું. તમે પણ થાકયા હશો.

અનુપમ : (ગંભીર થઈ) મને તો જીવનનો થાક લાગ્યો છે. સુકાયલા માળખાની અંદર તરફડી રહેલું કોઈ પક્ષી આક્રંદ કરી-કરીને રડી રહ્યું હોય એવી આ જિંદગી! જાણે કોઈ વિકરાળ નરપશુ હોઉં એવું આ વિકૃત સ્વરૂપ...

ગોપિકા : ઓહ........!

અનુપમ : રૂપ તો હવે મળવાનું નથી એ જાણું છું, પણ સ્નેહનો ભિખારી થઈ મમતાભર્યા બે શબ્દો માગવાનો અધિકાર પણ શું ગુમાવ્યો છે? ભૂતાવળ સરખી મારી સૃષ્ટિમાં

પૂરક પાકશાસ્ત્ર

લેખક :

શ્રી સુધીરચંદ્ર બી. ધ્રુ

એમ. એ. એલએલ. બી.

'દુકાળની મોંઘવારી અને હમેશની ગરીબાઈમાં જેમ બળતામાં ઘી ઉમેરાય તેમ છપ્પનિયા દુકાળને પણ ભુલાવે તેવો દુકાળ ગુજરાતમાં પડ્યો છે અને લાખો ઢોરો તથા માનવીઓનું ઘાસ તથા પાણીની તંગીને લીધે સ્થળાંતર કરવામાં આવશે, તેમ જ હવે પછી અનાજનું વાવેતર બંધ કરી ઘાસચારો ઉગાડવાની ઝૂંબેશ શરૂ કરવામાં આવશે.' તેવા સમાચાર દૈનિક પત્રોમાં વાંચ્યા પછી મારું ધ્યાન પાકશાસ્ત્ર તરફ ખેંચાયું છે. સરકાર તરફથી વનમહોત્સવ સાથે પાકશાસ્ત્ર મહોત્સવ કરવો જરૂરી છે. જેટલી કાળજી સસ્તી કેળવણી કે સસ્તું સાહિત્ય પીરસવામાં રખાય છે તેટલી કાળજી સસ્તો ખોરાક આપવા પાછળ રખાતી હોત, તો હું માનું છું કે દેશનું કલ્યાણ વહેલું થાત અને એનો ઉપાડ પણ વધારે થાત.

પેલી જાણીતી કહેવત–નહિ મામા કરતાં કાણા મામા સારા–પ્રમાણે આ માસિકના વાચકોના પ્રારબ્ધે જ જાણે મને પ્રેરણા આપી હોય તેમ પુરાણા સમયનું પાકશાસ્ત્રનું એક પુસ્તક મને સાંપડી ગયું છે. પુસ્તક ખંડિત છે, છતાં તેમાં જુદીજુદી ભાષાઓમાં જુદીજુદી વાનગીઓ પીરસવામાં આવેલી છે. તે ઉપરથી લાગે છે, કે પુસ્તકમાં જણાવેલી વાનગીઓના પાકનો બહુધા ઉપયોગ થઈ શકે તથા કોઈ એક જ કોમ કે જાતિ તેનો ઇજારો લઈ ના બેસે તે જ મુખ્ય ઉદ્દેશથી તમામ પાકો તમામ ભાષામાં વર્ણવેલા છે. પુસ્તકનાં શાં વખાણ કરું? તેમાં સોંઘામાં સોંઘી રીતે જરાય પણ અર્થવ્યય કર્યા સિવાય કેવી રીતે અનેક પ્રકારની વાનગીઓ ખાઈ તેમ જ ખવડાવી શકાય છે તેનું યથાસ્થિત વર્ણન કર્યું છે. વધારામાં વૈદ્યકીય દૃષ્ટિએ તેમાંના કેટલાકનું વિસ્તારથી વિવેચન પણ કરેલું છે. આમાંના કેટલાક પાક પોતાના હાથે જ તૈયાર કરી ખાવા પડે છે. કોઈના તૈયાર કરેલા કે ખવડાવેલા ખવાતા નથી. જયારે કેટલાક પાક બીજા પાસે જ તૈયાર કરાવવા પડે છે, જાતે સિદ્ધ થઈ શકતા નથી. કોઈ ખવડાવે

રાત્રિના જાગતા ઘુવડ સરખો એકલપણે વિચરી રહ્યો છું.

ગોપિકા : અનુપમ !

અનુપમ: ગોપિકા...ગોપી...શું હું એટલો બધો દયાને પાત્ર થઈ ગયો છું?

ગોપિકા: અનુપમ ?!

અનુપમ: ગભરાઈશ નહિ. તારી પાસે નહિ આવું. જાણું છું ગોપિકા કે મંદિરમાં એક જ મૂર્તિ વિરાજી શકે, પણ મારા જેવી પથ્થરની મૂર્તિની આંખોમાંથી ઝેર કદાપિ નહીં વરસે...પણ ગોપી, કેટલીક જીવંત મૂર્તિઓ પથ્થર કરતાં પણ વિશેષ બદતર હોય છે.

ગોપિકા : અનુપમ...અનુપમ! તમે કયાં હતા?

અનુપમ : કયાં?

[ગોપિકાની નજર ઉઘાડી બારી તરફ પડે છે. એ અનુપમ સામે જુએ છે, ફરી બારી તરફ જુએ છે, ને સમજી જાય છે અને 'ઓહ, ક્ષમા ક્ષમા' કહેતી અનુપમના ચરણોમાં ઢળી પડે છે.]

★

તો જ ખાઈ શકાય તે વર્ગના આ પાક છે, જયારે કેટલાક ઉભય કોટિના હોય છે. પ્રથમ વિભાગ સ્વાવલંબી, દ્વિતીય વિભાગ પરાવલંબી અને તૃતીય વિભાગ ઉભયાવલંબી ગણી શકાય. હવે વિભાગ પ્રમાણે જોઈએ.

વિભાગ ૧લો

સ્વાવલંબી પાક

૧. આળસ : આ પાક ઉનાળાની ઋતુને અનુકૂળ છે. નિવૃત્તિમય જીવન ગાળનારને સહજમાં સાધ્ય છે. મેદવર્ધક છે. મારા માનવા મુજબ આપણા દેશમાં આનો ઉપયોગ બહોળા પ્રમાણમાં થાય છે અને તેથી આ પાકને આ દેશની આબોહવા ખાસ અનુકૂળ લાગે છે. આ પાકના સેવનથી પ્રવૃત્તિઓનો ત્રાસ ઓછો થાય છે. ભગવદ્ભજનને અનુકૂળ તેવી દયાર્દ્ર અવસ્થાને વહેલી તકે પ્રાપ્ત કરી શકાય છે. વૈષ્ણવો અને ધર્મશ્રદ્ધાળુઓને આ પાક ખાસ અનુકૂળ છે; કારણકે એમાં કાંઈ જ અજીઠું થતું નથી અને પથારીમાં પડ્યાપડ્યા જ, જેમ કેળના પાણીનું બનાવેલું ચોખ્ખું ખવાય તેમ ખાઈ શકાય છે.

૨. બગાસાં : આ પાક ખાસ કોઈ મોટા ભોજન માટે નથી, આ તો ચિનાઈ-શિંગ કે ચવાણાની માફક છૂટકછૂટક હરતેફરતે ખાવા માટે છે. દરેક ઋતુ અને સમયને અનુકૂળ છે. સભા કે હરિકથામાં જયાં રસ પડતો ન હોય ત્યાં છૂટથી ખવાય છે. કમાણીવગરના વકીલ અને ડૉકટરોને અતિપ્રાપ્ય એવો આ ખોરાક છે.

૩. ભૂલ : આ કોઈ સ્વાદિષ્ટ પાક નથી તેમ ચટણી–અથાણા જેવું પણ નથી. આ એક કડવું ઔષધ છે. જેમ મહાસુદર્શન ચૂર્ણ કડવું હોય છતાં વારેવારે લેવું પડે છે તેમ દરેક માણસને આનું સેવન કર્યા વગર ચાલતું જ નથી. આ પાકના સેવન પછી ખાનારમાં સુધારો પણ થાય છે; પરંતુ જેમ અસાધ્ય રોગ સામાન્ય દવાથી જતો નથી, જેમ મુદ્દતિયો તાવ માત્ર ક્વિનાઈનથી અટકતો નથી, તેમ આ પાકના સેવનથી સુધારો ન થાય તો નંબર ૯નો પાક એટલેકે ઠોકર ખાવાનો વખત આવે છે. તેમ છતાં જો સુધારો ન થાય તો રોગ અસાધ્ય માનવો અને પ્રમાદ વધારે છે તેમ જાણવું.

૪. છીંક : જેમ દારૂ કે ભાંગના ગંજેરીને વ્યસન કર્યા પછી ઉપર માલપાણી (કંઈક ખાવાનું) ઝાપટવાની જરૂર પડે છે અને સારા પ્રમાણમાં ખાઈ શકે છે અથવા એમ કહો કે ખાવાં પડે છે; તેમ તમાકુ સૂંઘનારને તમાકુ સૂંઘ્યા પછી આ પાક ખાવો જ પડે છે; અને જયાં સુધી એને આ પાક ખાવા ન મળે ત્યાં સુધી એનો જીવ તાળવે જ રહે છે અને દારૂડીઆ અને ગંજેરી માફક આકુળવ્યાકુળ રહે છે. વૈદક દૃષ્ટિએ આ પાકનું સેવન માથાનો ગમે તેવો તીવ્ર દુખાવો દૂર કરે છે.

૫. ગમ : પ્રાચીન સમયમાં સોમરસનું પાન કરનારની શુદ્ધ બ્રાહ્મણમાં ગણના કરવામાં આવતી હતી, જયારે દારૂ પીનારને શૂદ્ર ગણવામાં આવતો. તે મુજબ આધુનિક યુગમાં આ સેવન કરનારની ઉત્તમ મનુષ્યોમાં ગણના કરવામાં આવે છે. કુળવાન, ધૈર્યવાન, ગુણવાન, મનુષ્યો જ ગમ ખાઈ શકે છે. આ કારણથી ખાયલાં અને અશક્ત મનુષ્યો પોતાને ઉત્તમ ગણાવવા તેમજ દ્વિતીય વિભાગના નંબરનો પાક ખવડાવી શકવા જેટલા ઉદાર અને શક્તિમાન ન હોવાથી આ પાક ખાધાનો ડોળ પણ કરે છે. ઘણુંખરું દ્વિતીય વિભાગના નં. ૧નો પાક ખાધા પછી મોટેભાગે આ પાક ખાવાના પ્રસંગો ઘણા જોવા મળે છે.

૬. ગોથાં : આ પાક ખાનાર મનુષ્યો નોંધવા લાયક ગણાય છે; કારણકે તેઓ આ

પાક અંધારામાં જ ખાતા હોય છે; અને પોતાથી આ પાક ખવાઈ ગયો છે તે વાત જાહેર ન થાય તેની ચોકસાઈ પણ રાખે છે. મહાન પુરુષો પણ ઘણીવાર ગોથાં ખાઈ જાય છે.

૭. ઝોકાં : જુલાબની ગોળી માફક આ પાક સૂતા પહેલાં જ ખવાય છે. નિદ્રાદેવીનાં કૃપાપાત્રો યથેષ્ટ રીતે ખાય છે. દુકાનના ગુમાસ્તાઓ, સરકારી ઑફિસના ઑફિસરો, અને પગારદાર માસ્તરોને આ પાક અતિપ્રિય છે.

૮. ઉધરસ : જેમ શાકશાસ્ત્રોમાં લસણ ઉત્તમ ગુણકારી હોવા છતાં ગંધને લીધે ત્યાજ્ય ગણવામાં આવ્યું છે અને લસણ ખાનાર સાથે વાત કરતાં પણ બેસવું ગમતું નથી તેમ આ પાક પણ અનેક ગુણસંપન્ન હોવા છતાં પાસે બેસનારને જરા ત્રાસદાયક હોવાથી કેટલાકને મન ત્યાજ્ય છે. આજુબાજુનામાં અણગમો ઉત્પન્ન કરે છે. રાત્રિએ નિદ્રામાં આનું બેચારવાર સેવન કર્યાથી ચોરનો ભય દૂર થઈ શકશે. આનું સેવન કરનાર ડૉક્ટરોને અર્થપ્રાપ્તિ કરાવવાનો પરમાર્થ પણ સાધે છે.

૯. ઠોકર : અક્કલગરો ખાવાથી જેમ અક્કલ આવે છે તેમ આ પાક ખાવાથી પણ ડહાપણ આવે છે; તેમ ખાનારા કહે છે. બુદ્ધિ પ્રાપ્ત કરવા ઇચ્છનારા માટે ઉત્તમ છે. આનો એક પ્રકાર રસ્તા વચ્ચે જ ખાઈ શકાય છે. એમાં સાધન તરીકે ઈંટ, પથ્થર, ઉંબરો, લોટો, જોડું કે ચંપલ વગેરે છે. આ પ્રકારના સેવનથી આજુબાજુ જોનારને હાસ્યમાં વૃદ્ધિ થતાં આરોગ્યસુધારક છે.

વિભાગ ૨જો

પરાવલંબી પાક

જેમ ખાનાર કરતાં ખવડાવનાર ઉચ્ચ કોટિનો હોય, વધુ શોખીન હોય, તો ભોજન પણ મજાનું લિજ્જતદાર થાય તેમ આ વર્ગમાં ખવડાવનાર ઉચ્ચતર કક્ષાનો હોય, ત્યારે જ ભોજનની સાચી મઝા માણી શકાય છે.

૧. ઠપકો : ભૂલનું ઔષધ લીધા પછી ડોઝ સાથે જેમ ડૉક્ટર ટિકડીઓનાં પડીકાં આપે છે તેમ ઠપકો ખાવાનો મળે છે. આના બે પ્રકાર છેઃ એક નરમ અને બીજો ગરમ. નરમનો ઉપયોગ ઘણીવાર થાય છે. એનું સેવન કરનારને લાભ થાય તેવી દ્રષ્ટિથી સેવન કરાવાય છે. મિલના શેઠિયાઓ આ બન્નેનો ઉપયોગ સારી રીતે કરે છે, તેમ જ વકીલ ગુમાસ્તાને, ડૉક્ટર કમ્પાઉંડરને, કારકુન પટાવાળાને, આ પાક જમાડતો વધુ જોવામાં આવે છે.

૨. ગાળો : આ એક ખાસ તેજાનો છે. તેનો ગરમ મસાલા તરીકે સારો ઉપયોગ થાય છે. આના અનેક પ્રકાર છે. કોઈ ધાણાની દાળની જેમ વારંવાર એકલી જ ખાવાના કામમાં લેવામાં આવે છે. પારસીભાઈઓ આ પ્રકારનો સ્વાભાવિક રીતે વધારે ઉપયોગ કરે છે. કોઈક પ્રકાર એવો તીવ્ર અને તેજાબ જેવો હોય છે કે ખાનાર બળી જાય છે. અતિશય તીવ્ર હોય તો તો કાનમાંથી કીડા ખરે એમ પણ બન્યું છે. વળી આમાંની કોઈક બનાવટ પ્રવાહી હોય છે, કેમકે એનો 'પ્રવાહ વરસાવ્યો' એમ કહેવાય છે. આ પાક ખાસ કરીને નં. ૩નાં પકવાનના જમણ સાથે મસાલા તરીકે આપવામાં આવે છે. નં. ૩નું ભોજન આ સિવાય લુખ્ખું પડી જાય છે. બ્રાહ્મણોની કોઈક કોઈક પેટા જ્ઞાતિઓમાં હજુ પણ આ મસાલો લગ્ન સમયે બળજબરીથી પણ ખવડાવવામાં આવે છે. પાટીદારોના જમાઈઓનો આ પ્રિય ખોરાક હોય છે એમ સાંભળ્યું છે.

૩. માર : આ કોઈ સામાન્ય પાક નથી,

પણ મિષ્ટાન્ન યાને પકવાન છે. જલેબી, લાડુ, લાકડસી, મેસુર, ઘેબર, મોહનથાળ વગેરે મહાભોજનમાં મુખ્ય ગણાય છે, તેમ આમાં પણ ધોલ, ધપ્પો, લાફો, લાત, ગડદાપાટુ સોટી, ચૂંટી, સાટકાચાટકા વગેરે અનેક પ્રકાર એક પછી એક યા એકસામટા શક્તિ અને રુચિ અનુસાર પિરસાય છે. કોઈક આમાંના ખાસ પ્રકારને ગડદાપાક, મેથીપાક, ખોખરાપાક, એવાં જુદા નામો પણ આપે છે. આવાં મિષ્ટાન્ન મોટા પ્રસંગે જ હોય છે અને મહદ્ અંશે શક્તિશાળી માણસો જ ખવડાવી શકતા હોવાથી આવાં જમણો જોવા લોકો એકઠા પણ થઈ જાય છે. જયારે બન્ને પક્ષો સામસામા જમાડે છે, ત્યારે ભારે રસાકસી થાય છે અને આના જુદાજુદા પ્રકારની શોધ પણ ત્યારે જ થાય છે.

૪. લાંચ: આ પાક ખાનાર કરતાં ખવડાવનારને અધિક લાભની આશા હોય છે. આ પાક અધિકાર પ્રમાણે જ ખવડાવવામાં આવે છે. આજકાલ માત્ર સરકારી ખાતામાં જ નહિ પણ બીજાં ક્ષેત્રોમાં પણ સારું ઉચ્ચ ભોજન કે પાક આપવાને બદલે આવો હલકો ને જોખમકારક પાક ખાવાની માગણી વધી ગઈ છે. જેમ સરકાર નુકસાનકારક દવાઓ વેચવાની બંધ કરાવે છે, તેમ સરકારે આ પાક ઉપર અંકુશ મૂક્યો છે. આજે આ પાક ખવડાવવો એ આજકાલ ગુનો છે, તેથી ખાનાર અને ખવડાવનાર બન્નેને વગરભાડાની ઓરડીમાં જવું પડે છે.

૫ નફો–તોટો: બરફી–પેંડા જેમ સાથે બોલાય છે તેમ નફો–તોટો ભિન્નભિન્ન હોવા છતાં સાથે જ બોલાય છે. બન્નેનું સેવન વારાફરતી થાય છે. એવો કોઈ ભાગ્યે જ મનુષ્ય હશે કે જેણે આમાંથી કોઈ એકનું સેવન કર્યા કર્યું હોય. દરેક માનવીને આ બન્ને વારાફરતી ચાખવાં જ પડે છે. આમાં એક ગમે તેવો પાક છે જયારે બીજો અણગમતો છે, છતાં જેમ કારેલાંની છાલ કડવી હોવા છતાં કારેલાં ચલાવી લઈએ છીએ, તેમ આ બન્નેને પ્રત્યેક માનવી ચલાવી લે છે.

વિભાગ ૩ જો

ઉભયાવલંબી પાક

૧. ફેરા: પોતાની મરજીમાં આવે ત્યારે અને જોઈએ તેટલા ખાઈ તથા ખવડાવી શકાય છે. કોઈ ખવડાવે ત્યારે રુચિ કે અનુકૂળતા ન હોય છતાં પણ ખાવા પડે છે. શરીરના અવયવોને આ પાક સ્ફૂર્તિ આપે છે. ઉત્તેજક, પાચક, રક્તવર્ધક, મેદવિનાશક, શિયાળામાં ઉત્તમ, પ્રવૃત્તિમય જીવનને ઘણો જ અનુકૂળ અને સશક્ત શરીરને સારી સ્થિતિમાં ટકાવી રાખવા માટેનું અદ્વિતીય ટૉનિક ગણાય છે. નવો ગુમાસ્તો, અભણ નોકર, વર્ગનો મોનીટર, મોટા વકીલનો નવો જૂનિયર વગેરેને આ પાકના રસિક ભોક્તાઓ ગણાવી શકાય.

૨. વા: આ વા તે પ્રાણવાયુ નથી. નાસીપાસ થયેલા આનું ભક્ષણ વધુ કરે છે. દેવાળીઆઓના લેણદાર અને ઉપરી અમલદારોને રાજી ન રાખનાર અરજદારો મોટે ભાગે વા જ ખાતા રહી જાય છે, તે વાત કયાં અજાણી છે?

૩. સોગંદ: સોનેરી અને રૂપેરી કસબ મુજબ આના બે પ્રકાર છે: (૧) ખરા; (૨) જુઠા. ખરા સોગંદ જરા મોંઘા હોય છે, જયારે બીજાનો ઉપાડ વધારે હોય છે. બજારમાં જેમ સંગીન વસ્તુ કરતાં રંગીત વસ્તુ એટલે કે માત્ર ભપકાવાળી વસ્તુ, નકલી વસ્તુનો ઉપાડ વધારે થાય છે, તેમ મોહકતા અને ફાયદો ધ્યાનમાં રાખીને ૧લા પ્રકારના મોંઘા પાકને બદલે ન્યાયની અદાલતોમાં બીજા પ્રકારને જ પસંદ કરવામાં આવતો જોવામાં આવે છે.

★

સંપાદકીય

શ્રી સોપાન

રાષ્ટ્રપતિપદે શ્રી રાજેંદ્રબાબુની વરણી થઈ ગઈ છે. આપણા બંધારણ પ્રમાણે આ પદ માનમોભા ઉપરાંત કટોકટીના સમયે અસાધારણ સત્તાનું પણ છે. આ પદ ઉપર સમગ્ર રાષ્ટ્રનો વિશ્વાસ ધરાવતી વ્યક્તિ આવે અને તેની ચૂંટણીમાં હરીફાઈ ન થાય એમ સૌ કોઈ ઇચ્છે, પરંતુ આપણા દેશમાં રાજકારણે સર્વત્ર પ્રવેશ કર્યો છે. સંસદ અને રાજ્યનાં વિધાનગૃહોમાં કોંગ્રેસના સભ્યોની સંખ્યા છે તે કરતાં વધુ પ્રમાણમાં શ્રી રાજેંદ્રબાબુને મતો મળ્યા છે તેટલાથી સંતોષ માનવો રહ્યો.

આ પદ માટે પાંચ ઉમેદવારો ઊભા હતા, તેમાં કંઈક ગણનાપાત્ર એક અધ્યાપક કે. ટી. શાહ જ ગણાય, પરંતુ આ પદ માટેની યોગ્યતા તો શ્રી રાજેંદ્રબાબુ સિવાય કોઈની નહોતી એટલું નમ્રભાવે કહેવું જોઈએ. શ્રી રાજેંદ્રબાબુ સેવા, સાદાઈ, સચ્ચાઈ, નિષ્ઠા, વ્યવહારબુદ્ધિ અને કાયદાના જ્ઞાનથી વિભૂષિત છે. આ બધા ગુણો કોઈ એક જ વ્યક્તિમાં શોધવા મુશ્કેલ છે. કોંગ્રેસમાં અને કોંગ્રેસ બહાર એમના જેટલો વિશ્વાસ ધરાવતી વ્યક્તિ ભાગ્યે જ મળી શકે. કોંગ્રેસના કટ્ટર વિરોધીઓ પણ જો કોંગ્રેસમાંથી કોઈને પસંદ કરવા પ્રેરાય તો શ્રી રાજેંદ્રબાબુને સૌથી ઉચ્ચ સ્થાન આપે એ નિઃસંશય છે.

ઉપરાષ્ટ્રપતિપદે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ વિના હરીફાઈએ ચૂંટાઈ આવ્યા છે. એમનાં જ્ઞાન અને શક્તિથી દેશ પરિચિત છે. આ બંને મહાનુભાવો આ પદે આવ્યા પછી કોઈ પક્ષ કે જૂથના રહેતા નથી. સમગ્ર રાષ્ટ્ર પ્રત્યે એમની જવાબદારી છે. તેઓ સુયોગ્ય રીતે એ જવાબદારી અદા કરશે અને મહાન પદનું ગૌરવ વધારશે એવી આપણે શ્રદ્ધા રાખીએ.

મધ્યસ્થ પ્રધાનમંડળ

ભારતનું બંધારણ એક રીતે સમવાયી છે, છતાં રાષ્ટ્રની એકતા અખંડ રાખવા અને આખા દેશમાં એક જ પ્રકારની રાજનીતિ રહે એ હેતુથી કેંદ્રના હાથમાં વિશેષ સત્તાઓ મૂકવામાં આવી છે. આ દૃષ્ટિએ આવતાં પાંચ વર્ષ માટે ભારતના ભાવિનો આધાર સવિશેષ કેંદ્રીય સરકાર ઉપર જ આધાર રાખે એ સ્વાભાવિક છે. શ્રી નહેરુ કોંગ્રેસ પક્ષના નેતા તરીકે ચૂંટાયા છે. વાસ્તવમાં તો તેઓ આખા દેશના નેતા છે. ચૂંટણીમાં કોંગ્રેસને મળેલી બહુમતિ ઘણે અંશે એમના વ્યક્તિત્વને આભારી છે. તેઓ આ દેશને દુનિયામાં ઊંચું સ્થાન આપવા ચાહે છે, તેઓ એમ માને છે કે, આખો દેશ ઊંચો આવે નહિ ત્યાં સુધી એવું સ્થાન મળી શકે નહિ. આ દૃષ્ટિએ કેંદ્રના પ્રધાનોની પસંદગી કરવાનું એમનું કાર્ય અતિ કઠિન હોય એ સ્વાભાવિક છે.

કેંદ્રના પ્રધાનોની નામાવલિ અને તેમને સોંપાયેલાં દફતરોની વિગતો વાંચતાં આશા કે નિરાશાની લાગણી કરતાં જિજ્ઞાસાનો ભાવ જ વધુ જાગે છે. ગયા પ્રધાનમંડળમાંથી શ્રી મુનશી, શ્રી ગાડગીલ, શ્રી મહેતાબ, શ્રી બળદેવસિંગ ગયા છે. થોડા સમય પહેલાં શ્રી પ્રકાશ અને તે પહેલાં રાજાજી ગયા હતા. નવા પ્રધાનોમાં જૂના એવા રફી અહમદ કીડવાઈ છે. ઉપરાંત શ્રી કૃષ્ણમાચારી, શ્રી લાલબહાદુર શાસ્ત્રી, સરદાર સવર્ણસિંગ, શ્રી ગિરિ અને શ્રી રેડ્ડી છે. દફતરોની વહેંચણી

પંચવર્ષીય યોજનાને ધ્યાનમાં રાખીને થઈ છે. જૂનું પ્રધાનમંડળ શ્રી નહેરુનું જ હતું, આ પણ એમનું જ છે અને એમાં જૂનાની સંખ્યા વિશેષ છે. આ ઉપરથી એટલું કહી શકાય કે, સરકારની નીતિમાં કોઈ જાતનો ફેર પડશે નહિ.

નવા પ્રધાનમંડળને આપણે અભિનંદન તથા સાથ–સહકારની ખાતરી આપીએ. તેઓ દેશનું અર્થકારણ કેવી રીતે ને કેટલી ઝડપે સુધારે છે તે ઉપર જ એમના યોગ્યાયોગ્યતાની કસોટી થવાની છે. આપણે ઇચ્છીએ કે તેઓ એમાંથી પાર ઊતરે.

અનાજનો પ્રશ્ન

આપણા દેશનો સૌથી વિકટ પ્રશ્ન અનાજનો છે. જ્યાં સુધી એ પ્રશ્ન ઊકલશે નહિ ત્યાં સુધી એકેય આર્થિક સમસ્યાનો ઉકેલ મળવાનો નથી. કુદરત પણ છેલ્લાં ચાર વર્ષથી વિફરી છે. પ્રતિ વર્ષ અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિમાં દેશના મહત્ત્વના પ્રદેશો સપડાય છે ને અનાજની ખેંચમાં વધારો થાય છે. અનાજના વધુ ઉત્પાદનમાં કે તેનો મુદ્દલ બગાડ ન થાય તે જોવામાં પ્રજા પણ ઉદાસીન હોય એમ દેખાય છે. સરકાર પક્ષે પ્રચારના પ્રમાણમાં કામ થતું નથી અને વધુ અનાજ ઉગાડવા માટે ખેડૂતોને જે સાધનો આપવામાં આવે છે તે અમલદારી તંત્રની શિથિલતા અને બીજી ખામીઓને કારણે વખતસર પહોંચતાં નથી. અનાજની આજની ગંભીર સ્થિતિ માટે સરકાર, પ્રજા ને કુદરત ત્રણે ય જવાબદાર છે.

આપણે દર વર્ષે કરોડો રૂપિયાનું અનાજ પરદેશથી મંગાવીએ છીએ. આ અનાજ મોંઘું મળતું હોવાથી મધ્યસ્થ સરકાર તેમાં રાહત આપે છે. ગયે વરસે સરકારે રાહતમાં અમુક કાપ મૂકયો હતો. આ વખતે નજીવા અપવાદ સિવાય સંપૂર્ણ કાપ મૂકયો છે. બીજી બાજુ, વિદેશથી આવતું અનાજ વધુ મોંઘું થયું છે ને નૂરનું ખર્ચ પણ વધ્યું છે. આ બધાં કારણે અનાજના ભાવમાં વધારો થયો છે. મુંબઈ રાજ્ય સૌથી વધુ ખાધવાળો પ્રદેશ છે એટલે ત્યાં તો અનાજના ભાવો દોઢા થઈ ગયા છે. આ ભાવો ગરીબ અને મધ્યમ વર્ગ માટે અસહ્ય છે. સરકારે ગમે તે ઉપાયે આ ભાવવધારો પાછો ખેંચવો જ જોઈએ એવી માગણી સર્વત્ર થઈ રહી છે.

લોકલાગણીને માન આપીને મુંબઈ રાજ્યને કેંદ્રીય સરકારે લાલ જુવારમાં રાહત આપી છે અને રાજ્યે પણ ખોટ ખમવાની તૈયારી બતાવી છે. આને પરિણામે ભાવવધારાના ૫૦ ટકાનો આંકડો ૨૮ ટકાએ પહોંચે છે, પરંતુ ઘઉં અને ચોખાના ભાવમાં ઘટાડો થયો નથી અને માપબંધીમાં એ માલનું પ્રમાણ ઘટાડાયું છે તેથી અસંતોષનું પ્રમાણ એટલું જ રહ્યું છે. સરકારે આપેલી આ રાહતથી ગરીબ વર્ગને ઠીકઠીક મદદ મળે છે, પણ એ વર્ગ બોલનારો નથી.

અનાજ અંગે કેંદ્રીય સરકાર કોઈ નવી નીતિ અખત્યાર કરશે એવી આશા હમણાં ઊભી થઈ છે. ખોરાક અને ખેતીવાડીનું ખાતું શ્રી રફી અહમદ કિડવાઈને સોંપાયું છે ને એવી વાતો વહેતી થઈ છે, કે અનાજના ભાવો નીચે ઉતારવાની એમની તીવ્ર ઇચ્છા છે. શ્રી કિડવાઈ કુશળ વહીવટકર્તા છે અને ચાલુ પ્રણાલિકા તોડવાની શક્તિ ધરાવે છે. તેઓ અનાજનો સવાલ જો ઉકેલી શકશે, તો આ દેશની મહાન સે થયેલી ગણાશે. તેઓ અંકુશોમાં પણ ફેરફાર કરવા ઇચ્છતા હોય એમ જણાય છે. અંકુ અંગે ફેરફાર વિચારી શકાય એવો સમ અત્યારે જ છે; કારણકે એક બાજુ મં છે અને બીજી બાજુ આપણે ત્યાં અનાજન ખાસ કરીને ઘઉં અને લાલ જુવારનો–મો

જથ્થો એકઠો થયો છે. આવતું ચોમાસું જો સારું નીવડે તો અંકુશો ઘણા પ્રમાણમાં હળવા થવાની આશા રહે છે.

'સત્યાગ્રહ'

કોંગ્રેસવિરોધી પક્ષોએ આ સ્થિતિનો રાજકીય લાભ ઉઠાવવાનું નક્કી કર્યું હોય એમ લાગે છે. ભાવવધારા સામે હડતાળ અને સત્યાગ્રહનાં શસ્ત્રો એમણે અજમાવ્યાં છે. સદ્ભાગ્યે સામાન્ય પ્રજા મુસીબતમાં હોવા છતાં એમની પ્રચારજાળમાં ફસાઈ નથી. હડતાળ અને સત્યાગ્રહથી આ પ્રશ્ન ઉકલવાને બદલે નવી જ ગૂંચો ઊભી થવાનો સંભવ છે. સરકારે ભાવવધારો દૂર કરવાનાં પગલાં લેવાં જ જોઈએ એમાં શંકા નથી, પણ એ માટે ધંધારોજગારને મુશ્કેલીમાં મૂકવાના, અંધાધૂંધી ઊભી કરવાના અને પ્રજાને ઉશ્કેરવાના ઉપાયો તો લઈ શકાય જ નહિ.

કેટલાક લોકો એવી દલીલ કરે છે, કે બીજા કોઈ ઉપાયે અનાજનો ભાવવધારો દૂર કરી શકાય એમ ન હોય, તો સત્યાગ્રહનો માર્ગ લેવો વાજબી છે. ભૂતકાળમાં પૂ. ગાંધીજીએ મીઠાનો સત્યાગ્રહ કર્યો જ હતો ને! આ દલીલ તદ્દન ભ્રામક છે. પૂ. ગાંધીજીએ જ્યારે સત્યાગ્રહ કર્યો, ત્યારે આ દેશમાં વિદેશી શાસન હતું એટલું જ નહિ, પણ કોઈ પણ દુઃખના નિવારણ માટે લોકશાહીના દરવાજા બંધ હતા. આજે એ સ્થિતિ નથી. આજે લોકશાસન પ્રવર્તે છે. ઉપરાંત પૂ. ગાંધીજીનો સત્યાગ્રહ તો રાજતંત્રને બદલવા માટે હતો, મીઠા ઉપરનો જ કર દૂર કરવા માટે નહિ. એ સત્યાગ્રહને આ આંદોલન સાથે સરખાવી જ ન શકાય. અનાજના ભાવવધારા અંગે રાજ્યમાં અને કેન્દ્રમાં લડવાનો લોકશાહી માર્ગ ખુલ્લો જ છે. આ ઉપરાંત સભા, સરઘસ અને લાખો સહીઓ મેળવી વિરોધ નોંધાવી શકાય છે. કાયદાના ભંગનો ઈલાજ આવા કિસ્સામાં લઈ શકાય જ નહિ. કોંગ્રેસવિરોધી પક્ષો તો આ સ્થિતિનો રાજકીય લાભ જ ઉઠાવવા ઇચ્છે છે તે હવે છાનું રહ્યું નથી. આવા સત્યાગ્રહને ઉત્તેજન આપી શકાય નહિ, તેનો તો વિરોધ જ કરવો જોઈએ.

આ કહેવાતા સત્યાગ્રહીઓ સારી રીતે જાણે છે કે રાજ્યની સરકારો ને સ્થાનિક કોંગ્રેસ સમિતિઓ ભાવ ઉતરાવવા પ્રયાસો કરે છે અને મધ્યસ્થ સરકારમાં પણ એ અંગે વિચારણા ચાલી રહી છે. આમ છતાં સત્યાગ્રહ ચાલુ રાખવાનો અર્થ સસ્તી પ્રસિદ્ધિ મેળવવાની ઝંખના સિવાય બીજો થઈ શકે નહિ.

વિચિત્રતા

મદ્રાસ, ત્રાવણકોર–કોચિન અને પતિયાળા સંઘમાં કોંગ્રેસને ચોખ્ખી બહુમતિ મળી નહોતી. આમ છતાં નાના પક્ષો ને સ્વતંત્ર સભ્યોના સહકારથી ત્રણે ય સ્થળે કોંગ્રેસે સરકાર રચી હતી. પતિયાળા સંઘની સરકાર ટકી શકી નહિ ને તૂટી પડી. આજે ત્યાં બિનકોંગ્રેસી પક્ષોની સરકાર હસ્તીમાં આવી છે. એ કયાં સુધી ટકી શકશે એ સવાલ છે; કારણકે એનો પાયો તકવાદ અને કોમવાદની ભૂમિમાં રોપાયો છે. પ્રધાનપદની લાલચે પણ ઠીક ભાગ ભજવ્યો છે. એમાં કટ્ટર કોમવાદીઓથી સામ્યવાદીઓ સુધી એકત્ર થયા છે.

ત્રાવણકોર–કોચિનમાં કોંગ્રેસ સરકાર ટકી જશે એમ લાગે છે. તામિલનાડ પક્ષ કોંગ્રેસ સાથે ભળતાં કોંગ્રેસનું બળ વધ્યું છે ને તેને ચોખ્ખી બહુમતિ પ્રાપ્ત થઈ ગઈ છે, પરંતુ ત્રિવેંદ્રમની જિલ્લા કોંગ્રેસ સમિતિ એ જોડાણની વિરુદ્ધ છે. મદ્રાસની સ્થિતિ એ કરતાં વધુ સારી છે. રાજાજીના નેતૃત્વ નીચે

કૉંગ્રેસે સારું બળ મેળવ્યું છે. આની અસર ત્રાવણકોર–કોચિન ઉપર પણ પડે છે. એમ લાગે છે કે, થોડીક અથડામણો અને મુસીબતો પછી આ બંને સ્થળે કૉંગ્રેસ મજબૂત બની જશે ને સ્થિર સરકારની આશા ફળીભૂત થશે.

આ ત્રણેય રાજ્યોમાં અને દેશના બીજા પ્રદેશોમાં પણ વિચિત્રતા એ દેખાઈ છે કે પોતાને ચુસ્ત ગાંધીવાદી અને સર્વોદયવાદી તરીકે ઓળખાવનારાઓ પણ સામ્યવાદીઓની સાથે ભળ્યા છે. સામ્યવાદીઓએ ભારે રાજકીય કુનેહ વાપરી પોતાની આકાંક્ષાઓને દબાવી દીધી છે, સામ્યવાદની વાત પડતી મૂકી છે, હિંસાનો માર્ગ હાલ તુરત છોડી દીધો છે અને 'ઓછામાં ઓછા કાર્યક્રમ'ના મુદ્દા ઉપર કૉંગ્રેસવિરોધી પક્ષોને તેઓ એકત્ર કરવાનો પુરુષાર્થ કરે છે. સદ્ભાગ્યે સમાજવાદી પક્ષ એમની રમતમાં સામેલ થયો નથી, પણ આ. કૃપાલાની, ડૉ. પ્રફુલ્લ ઘોષ અને શ્રી ટી. પ્રકાશમ્‌ના પ્રજાપક્ષે તો સામ્યવાદીઓ કરતાં યે વધુ ઝનૂનથી કૉંગ્રેસ સામેનો મોરચો ઊભો કરી દીધો છે. કૉંગ્રેસને નિર્બળ બનાવી, સામ્યવાદીઓને તાકાત આપી તેઓ શું મેળવશે તે સમજવું ખરેખર કઠિન છે. આ રીતે સર્વોદય લાવવાની તેઓ કલ્પના કરતા હોય તો તે વર્તમાન યુગનો મોટામાં મોટો ને ભયાનક ભ્રમ જ છે એમ કહેવું જોઈએ.

વિદેશી થાણાંઓ

ભારત ઉપરથી બ્રિટિશ સત્તાનો લોપ થયાને લગભગ પાંચ વર્ષ થયાં, પણ આપણે હજી ફ્રાંસ અને પોર્ટુગલના શાહીવાદી ડાઘાઓને આપણી ભૂમિ ઉપરથી ભૂંસી શકયા નથી એ દુઃખદાયક છે. આ એમાં પોર્ટુગલ સરકારની તુમાખી વધારે છે. હમણાં જ તેના વસાહતી ખાતાના પ્રધાને જાહેર કર્યું છે કે, દીવ, દમણ ને ગોવા તો પોર્ટુગલ રાજ્યનો જ અંતર્ગત ભાગ છે અને તેમાં તેઓ કોઈની દખલગીરી સાંખશે નહિ. ભારત સાથે પાડોશી તરીકેના સારા સંબંધો રાખવા તેઓ તૈયાર છે! ફ્રાંસની સરકારે શરૂઆતમાં સારું વલણ બતાવ્યું હતું, પણ તે પછી તેની મતિ ફરી છે. ભારત સરકાર અને ભારતીય પ્રજા આ વિષે લેશમાત્ર ભ્રમમાં નથી તેમ તેની આકાંક્ષા પણ અજાણી નથી, પરંતુ ફ્રાંસ કે પોર્ટુગલ આપણી જોરદાર જાહેરાતથી નમતું આપે એવી આશા રાખવી મિથ્યા છે.

આ વિદેશી થાણાંઓના હિંદીઓને મુક્ત કરવા ભારત સરકારે વધુ કડક થવાની અને એ પ્રદેશની પ્રજાએ મુક્તિ માટે કુરબાની આપવા તત્પર બનવાની જરૂર છે. આ પ્રદેશની મુક્તિ બધી બાજુના પ્રયત્ન વિના શકય દેખાતી નથી. તા. ૧૯-૫-'૫૨

'શ્રી'ના લેખોનો સંગ્રહ
દીપમંગલ
લેખક : સોપાન
'અખંડ આનંદ'માં અને અન્યત્ર
પ્રસિદ્ધ થયેલા 'શ્રી' સંજ્ઞાથી લખા-
યેલા લેખોનો સંગ્રહ પ્રગટ થઈ ગયો
છે. હજારો વાચકોએ આ લેખોનું
આકર્ષણ અનુભવ્યું છે.
મૂલ્ય
ચાર રૂપિયા
(ટપાલખર્ચ મોકલવાનું નથી.)
શ્રી પ્રકાશન મંદિર
ગુલબહાર, એરેક રોડ, મેટ્રો પાછળ,
મુંબઈ-૧

આમ સાહિત્ય શ્રેણી

ધર્મ અને તત્ત્વજ્ઞાન

મોક્ષ	૦–૬
માં	૦–૮
લહરી	૦–૮
હસ્તામલકસ્તોત્ર	૦–૨
પ્રશ્નોત્તરમાળા ને જીવન્મુક્ત આનંદલહરી	૦–૩
ભગવત્પ્રસાદ	૦–૪
શિક્ષાપત્રી	૦–૬
વ્યવહારમાળા	૦–૮
ગીતાંજલિ	૦–૬
તૈતિરીય ઉપનિષદ	૦–૩
શ્રી વિષ્ણુસહસ્રનામ	૦–૪
દૃગ્-દૃશ્ય વિવેક	૦–૨
યક્ષ અને યુધિષ્ઠિર	૦–૩
દત્તાત્રેય	૦–૩
પરવાળાં	૦–૩
પ્રેમપન્થ-(૧)	૦–૩
પ્રેમપન્થ-(૨)	૦–૪
નીતિશતક	૦–૪
વૈરાગ્યશતક	૦–૪
શિવમહિમ્નઃ સ્તોત્રમ્	૦–૮
કણ્ઠાભરણમ્	૦–૩
તંત્રની સાધના	૦–૪
ગીતાસાર	૦–૪
ગીતાપોથી	૦–૬
ગીતાસંકલન	૦–૩
ભગવદ્ગીતા (૧૨,૧૫)	૦–૩
ઉત્તરગીતા	૦–૬
મણિરત્નમાળા	૦-૧-૬
પરમપુરુષાર્થ	૦–૬
નારદનાં ભક્તિસૂત્રો	૦–૩
જ્ઞાનનાં ઝરણાં	૦–૩
ઉચ્ચ જીવન	૦–૩
ધ્યાન અને જ્ઞાન	૦–૩
વિચારસૂર્યોદય	૦–૪
સત્સંગમાળા	૦–૬
શ્રીરામકૃષ્ણ ઉપદેશ	૦–૫

બંસીમાં ભગવાને શું ગાયું ?	૦–૩
મેનાવતી અને ગોપીચંદ ભર્તૃહરિ ને વિક્રમ	૦–૩
જેસલ-તોરલ તથા જાલંધર ને ગોપીચંદ	૦–૩

સંતવાણી–ભજનો

પ્રબોધ–બાવની	૦–૪
કેશવકૃતિ	૦–૪
રવિ, ભાણ ને મોરાર	૦–૪
દોહારત્નાવલિ	૦–૩
તુલસીદાસની સાખીઓ	૦–૪
હરિપાઠ	૦–૨
ભક્ત સૂરદાસનાં પદો	૦–૫
ધીરા ભગતનાં પદો	૦–૪
છોટમની વાણી	૦–૪
કબીર સાહેબની સાખી	૦–૪
સો ભજનો	૦–૬
તુકારામ કહે	૦–૫
ઋષિરાજનાં પદો	૦–૪
ધ્રુવાખ્યાન	૦–૬
ભોજા ભગતના ચાબખા	૦–૬
રહીમ ને જમાલની વાણી	૦–૪
સાંઈ દીનદરવેશ	૦–૪
કવિ દીનદયાલગિરિ	૦–૪

ટૂંકાં ચરિત્રો

સંત મૂળદાસ	૦–૬
ગોસ્વામી તુલસીદાસ	૦–૬
વિશ્વામિત્ર ને હરિશ્ચંદ્ર	૦–૪
ચંદ્રહાસ	૦–૩
સુદામાચરિત્ર	૦–૩
સતી સાવિત્રી	૦–૪
શ્રી તૈલંગસ્વામી	૦–૪
સ્વામી રામતીર્થ	૦–૪
શ્રી રામકૃષ્ણ પરમહંસ	૦–૬
નાનભટ્ટ બાપા	૦–૪
નાનક	૦–૬
શ્રી શુકદેવજી	૦–૪
જડભરત	૦–૩
ભક્ત પ્રહ્લાદ	૦–૪
ભક્ત રોહિદાસ	૦–૩
ભક્ત અંબરીષ	૦–૪
બાળકોના વિવેકાનંદ	૦–૪
કબીર સાહેબ	૦–૬

વૈદક

ક્વાથ–ઔષધિ	૦–૬
વૈદકના અકસીર ઉપાયો	૦–૬
જીવનચર્યા	૦–૬
માંદાનો આહારવિહાર	૦–૪
માંદગીનાં કારણો	૦–૬
ચૂર્ણ–ઔષધિ	૦–૪
ખોરાકમાં ઝેર	૦–૪
માંદગીમાં ઉપવાસ	૦–૬
હરડે અને તેનો ઉપયોગ	૦–૬

વાર્તાઓ

મદાલસા ને અલર્ક	૦–૫
ધાવણની ધાર ને બીજી વાતો	૦–૩
દુષ્યંત ને શકુંતલા ને બીજી વાતો	૦–૬
ગુજરાતની રંગભૂમિ	૦–૬
સમીસાંજની વાતો	૦–૬
દયાળુ માતા	૦–૪
સદ્ગુણી પુત્રી	૦–૪

બાળકો માટે

બાળકોની વાતો (ભાગ ૧)	૦–૬
બાળકોના આચાર	૦–૩
બાળકોની રીતભાત	૦–૪
બાળકોનો આનંદ	૦–૩
સદ્બોધવાટિકા	૦–૩
કુણાલ	૦–૮
ભીમભાઈનું પહેરણ	૦–૪
સૌથી પહેલા દાદાજી	૦–૬
અમારા માધવકાકા	૦–૬
આકાશના તારા	૦–૬
વસંતનું આગમન	૦–૪
પ્રૌઢ વાચનપોથી	૦–૪
પ્રૌઢ વાચનપૂર્તિ	૦–૪
દેશપાઠો	૦–૪

વધુ વિગત માટે વિસ્તૃત સૂચિપત્ર મંગાવો :

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય—અમદાવાદ ને મુંબઈ—૨

દર શુક્ર, શનિ, મુંબઈમાં આવે જ છે.
'ત્રીકાળદર્શી ગોળામાં જોઈ ભવિષ્ય કહેનાર'
"ગુપ્ત સાયન્સના જાણકાર"

પ્રો ત્રીવેદી

(M. A. M. S.) (મંત્રશાસ્ત્રી)

અનેક મૂંઝવતા અટપગ સવાલોના જવાબ આપે છે. અચાનક ધનલાભ ક્યાંથી, ક્યારે અને કેવી રીતે? મનુષ્ય માત્રને જીવન દરમ્યાન ધનયોગ હોય છે જ. તેવે પ્રસંગે કેવા પ્રકારનો પુરુષાર્થ કરવો? તે માટે તથા ધંધામાં લાભ, પ્રેમમાં વિજય, સંતાનસુખ, કોર્ટ, નડતા ગ્રહોની શાંતિ, અસાધ્ય બીમારીઓ જેવી કે દીવાનાપણું, હિસ્ટીરીયા, ભૂતપ્રેતનો વળગાડ, મૂઠચોટ તથા જાદુ નજરમાંથી બચાવ વગેરેનું સ્પષ્ટ માર્ગદર્શન મેળવો.

આધ્યાત્મિક શક્તિ અને મંત્રશક્તિ દ્વારા મુશ્કેલીઓ દૂર કરી સુખી અને આબાદ જીવન મેળવી શકશો. વિચારમાં સમય ન ગાળતાં આજે જ મળો.

"૩ પ્રશ્નો ફી રૂ. ૫)"

ઠે. બાલાહનુમાન, ગાંધીરોડ, **અમદાવાદ.**
બ્રાન્ચ ઓફિસ—જયહિંદ એસ્ટેટ નં. ૧, બીજેમાળ
રૂમ નં. ૨, ભૂલેશ્વર, કબૂતરખાના મુંબઈ નં. ૨


હેડરોસા
બામ
માથાનો દુખાવો, સરદી, સંધિવા, છાતીનો દુખાવો, તેમજ શારિરીક દુખાવાપર રામબાણ.
દરેક દવાવાળા પાસે મળશે.

બામનો
રાજા
હેડરોસા
બામ

કો
લે
રા
નાં
દર્દો
માટે
રા
જ
બિં
દુ

રાજબિંદુ
પેટનો દુખાવો-વાયુગોળો
ઉલટી
તેમજ
ઝાડા
ઉપર
અકસીર
એકજ વખત
અજમાવી જુઓ
વલભવીજય એન્ડ
સન્સ
જુમ્મામસ્જીદ, મુંબઈ ૨

ઓપરેશન પછી

- અકસ્માત અગર બીજા આઘાતોથી તમે વાળ ખોઈ બેસો એ નિશ્ચિત છે. એકલો આઘાત નહિ પરંતુ ઘર કરી રહેલા રોગો તથા દર્દો અને સુવાવડમાં પણ વાળ નષ્ટ થતા જાય છે.
- ઘણી વખત અડધા કે ચોથા ભાગના રહે છે અને એ રીતે નિરંતર ઓછા થતા જવાથી ટાલ પડી જાય છે. તેનાથી બચવા માટે, માથાથી ચામડી ખુલ્લી ન થઈ જાય તે માટે કેશવર્ધિનીનો ઉપયોગ કરો.
- ખરતા વાળ એ ખરાબ છે પરંતુ તે ખરાબી માંદગીમાં કેશવર્ધિનીથી ટકાવી શકાય છે.

વાળને ખરતા અટકાવવા અને નવીન સૌંદર્ય પ્રાપ્ત કરવા માટે

કેશવર્ધિની

નો આજથી જ ઉપયોગ કરો

કેશવર્ધિની ... ... રૂ. ૦-૧૪-૦
કેશવર્ધિની શેમ્પુ... રૂ. ૦-૧૪-૦

માર્ગવ્યય અલગ:

દરેક પ્રખ્યાત વેપારીઓ પાસેથી મળી શકશે.

લખો:

સાઉથ ઇન્ડિયા કેમિકલ્સ
કોઈમ્બતુર (દક્ષિણ)

મુંબઈ અને સી. આઈ.ના એજન્ટ:
મે. નેશનલ સેલ્સ એન્ડ **સર્વિસ** કું.,
૬૨, રામપાર્ટ રોડ, ફોર્ટ, મુંબઈ-૧

ધી ડન એલ્યુમિનિયમ ફેકટરી

ટે. નં. ૪૧૬૧૮ ... ૨૨૫, તાડદેવ રોડ, મુંબઈ.૭.

સ્ટેઇનલેસ સ્ટીલ
એલ્યુમિનિયમ
તાંબા પીત્તળ જરમન સીલ્વર

LALLUBHAI AMICHAND GUARANTEED PURE TRADE MARK BOMBAY. No.5

LALLUBHAI AMICHAND QUEEN BRAND TRADE MARK BOMBAY. No.2

એલ્યુમિનિયમ,
જરમન સીલ્વર,
તાંબા, પીત્તળ તેમજ
સ્ટેઇનલેસ સ્ટીલનાં વાસણોની
ખરીદી માટે એક અને અનોખું વિશ્વાસ પાત્ર સ્થાન...

લલ્લુભાઈ અમીચંદ લી.

ટે.નં.૨૨૨૨૦ . ૫૫૪, કંસારા ચાલ, પાયધોણી મુંબઈ. પો.બો. ૨૧૦૦

એ. સી. સી. સીમેન્ટના વપરાસથી ગ્રામ સુધારણા



સીમેન્ટના વપરાસમાં કંઇપણ સવાલ ઉભો થાય તો ખુલાસા માટે લખો
ધી કૉંક્રીટ એસોસીએશન ઓફ ઇન્ડીયા, ૧, કવીન્સ રોડ, મુંબઇ.
ધી સીમેન્ટ માર્કેટીંગ કંપની ઓફ ઇન્ડીયા લીમીટેડ,

આટલું તમે જાણો છો કે?

★ એટલું તમે જાણો છો કે કેનેડાની વિશ્વવિખ્યાત કંપની

"ક્રાઉન લાઈફ"

અનેક પ્રકારની આકર્ષક વીમાની યોજનાઓ આપવા ઉપરાંત, માત્ર પાંચ જ વર્ષનાં પ્રીમિયમો ભર્યા છતાં મોટા ભાગની ઉંમરોમાં વીસ વીસ વર્ષ સુધી **પૂરેપૂરી** રકમનો વીમો ચાલુ રાખે છે?

★ એ સમય દરમ્યાન અવસાન થતાં લહેણાં પ્રીમિયમો કે વ્યાજ, એમ કશું પણ બાદ કર્યા સિવાય મૂળ વીમાની આખી રકમ વારસોને ચૂકવવામાં આવે છે અને હયાતિ હોય તો ઉંમરના અને ભરણાના પ્રમાણમાં નક્કી કરેલી ચોક્કસ રકમ પાછી આપે છે.

★ આ અને આવી બીજી અનેક આકર્ષક યોજનાઓનું મનન કરવા, પૂરતી વિગતો માટે, તમારી ઉંમર વગેરેની હકીકત સાથે પુછાવો તો જરૂર તમોને લાભ જ થશે.

ચાલુ વીમા ડોલર

૮૦૦,૦૦૦,૦૦૦.૦૦થી વધુ

હિંદના જનરલ એજન્ટ :
ટી. ડબલ્યુ. બ્રુક

હિંદના ડે. જનરલ એજન્ટ :
સી. ટી. શાહ જે. પી.

THE
CROWN LIFE
INSURANCE CO.,
OF CANADA

(INCORPORATED IN CANADA WITH LIMITED LIABILITY.)

હિંદની વડી ઓફિસ : : ફલોરા ફાઉન્ટન, કોટ, મુંબઈ.

સ્ત્રીઓના ગર્ભાશયનાં તમામ
દર્દો માટે

જેમેલી

ડૉકટરનાં પ્રિસ્ક્રિપ્શન સિવાય મળે છે. ★ સંપૂર્ણ લાભકારી છે.

બીજી નિષ્ફળ દવા પાછળ પૈસા બગાડશો નહિ. બધા દવાવાળા વેચે છે.

પુરૂષો માટેની સર્વોત્તમ શક્તિવર્ધક દવા
રજી.નં.૨૦૦૦

જોબન્દા



★ તાકાતની ઉત્તમ દવા! નિરાશ ન થાવ. એક જ બાટલી આ જોબન્દા વાપરો. તમે તેના અજબ જેવા ગુણથી જરૂર ખુશી થઈ જશો. તમારી રગેરગમાં તાકાત અને સ્ફુર્તિ વ્યાપશે.

★ રૂા. ૧૦) અને એવી જ મોંઘી કીંમતે વેચાતી બીજી કોઈપણ શક્તિની દવા સાથે જોબન્દાની સરખામણી કરી જોશો. વધારે ગુણ અને ઓછી કીંમત એ રીતે બેવડો લાભ લેવા માટે તમે જોબન્દા વાપરો, બાટલી ૧ના વી. પી. થી કિંમત રૂા. ૪-૩-૦

બધા દવાવાળા વેચે છે.

લખો : જસમાઈન એજન્સી-નડીઆદ

એજન્ટો : કંચનલાલ વાડીલાલ કું૦, મંગળદાસ રોડ, મુંબઈ.

મ

ે.

ચે છે.

ી આ

ખુશી

યાપશે.

ાઈપણ

વધારે

ાટ તમે

૩-૦

ા.દ

ું બ ઈ.

બોલતા આંકડાઓ

'હિન્દુસ્તાન'ના ૧૯૫૦ના આંકડા

૩૧મી ડિસેમ્બર ૧૯૫૦ના દિવસે પૂરા થતાં ચાર વર્ષના આંકડાઓ ૧,૨૫,૦૦,૦૦૦ (એક કરોડ પચીસ લાખ)નો નફો જણાવે છે, જેને પરિણામે દરેક માટે વાર્ષિક રૂ. ૧૦૦૦ની પ્રોફીટ સાથેની પોલીસીઓ માટે પણ

એન્ડોમેન્ટ વીમા
આખી જિંદગીના વિમા } રૂ. ૮

રીઝર્વ ફંડ મજબૂત બનાવીને અને વ્યાજનો દર અરધો ટકો ઘટાડીને તથા ઘસારો અને કન્ટીજન્સી માટે અનામત રાખ્યા પછી જ આ પરિણામ અમે મેળવેલું છે.

વ્યાજના ઓછા દર, કંપનીના મોટા ખર્ચો, ઘસારો તથા બીજાં એવાં પ્રતિકૂળ તત્ત્વો વચ્ચે કામ કરવાનું હોવા છતાં આ પરિણામે એ ફરીથી સાબિત કરી આપ્યું છે કે 'હિન્દુસ્તાન' કંપનીની વ્યવસ્થા કરકસરભરી છે, તેની જામીનગીરી શંકારહિત અને ગેરંટીવાળી છે તથા આર્થિક સ્થિતિ દરેક પ્રકારે સદ્ધર છે.

ચાલુ વિમાઓ	રૂ. ૭૩,૧૬,૦૦,૦૦૦ થી વધારે
જિંદગીનું વિમાફંડ	રૂ. ૧૫,૯૭,૦૦,૦૦૦ ,,
પ્રિમિયમની આવક	રૂ. ૩,૪૦,૦૦,૦૦૦ ,,
ચૂકવેલાં નાણાં	રૂ. ૭,૨૦,૦૦,૦૦૦ ,,

હિન્દુસ્તાન-કો-ઓપરેટીવ ઈન્સ્યુરન્સ સોસાયટી લિ૦
૪, ચિત્તરંજન એવન્યુ, કલકત્તા.
મુંબઈ શાખા : કામીશેરીએટ બીલ્ડિંગ, હોર્નબીરોડ, કોટ
અમદાવાદ શાખા : ગુજરાત સમાચાર બીલ્ડિંગ, ખાનપુર

રેડિયો શિક્ષણ

- ● રેડિયોના નિષ્ણાત થાવ
- ● રેડિયો રીપેર કરતા થાવ
- ● રેડિયો બનાવતા થાવ
- ● સારી આવક કરો

ટપાલ દ્વારા ઘેરબેઠાં સરળ **ગુજરાતીમાં રેડિયો**નો પૂરો અભ્યાસ કરાવવામાં આવે છે. વિદ્યાર્થી ભાઈ–બહેનોને **ટેસ્ટિંગ** અને **રીપેરિંગનાં** સાધનો આપવામાં આવે છે. પરદેશના વિદ્યાર્થીઓને અભ્યાસના પાઠો **એરમેલથી** મોકલાય છે.

વધુ વિગત માટે લખો :
પ્રિન્સિપાલ **હરિવદન આર. દીક્ષિત**
R. E. E. (U. S. A.)
રેડિયો ટેલીવિઝન એન્ડ સાઉન્ડ સિસ્ટમ ઈન્સ્ટીટ્યૂટ
રાયપુર, હજીરાની પોળ, અમદાવાદ (ઈન્ડીઆ)

થોડાક વણમાગ્યા અભિપ્રાયો :-

'પાઠો ઘણી સરસ ઢબથી લખેલા હોઈને વાંચવામાં અત્યંત રસ પડે છે, તેમ જ સમજવા બહુ સહેલ પડે છે.' —**એ. કે. વીરજી** (બી. ઈ. આફ્રિકા)

'પાઠો એટલા સરળ છે, કે તમારા માર્ગદર્શનની જરૂર પડતી નથી.' —**એ. જે. ટેલર** (બાદલાઈ)

ધી
ઇન્ડસ્ટ્રીઅલ એન્ડ પ્રુડેન્સીઅલ
એસ્યુરન્સ કું. લિમિટેડ
ઇન્ડસ્ટ્રીઅલ એસ્યુરન્સ બીલ્ડિંગ
કોટ, મુંબઈ
(સ્થાપના : ૧૯૧૩)
શ્રી વી. સી. સેતલવડ
મેનેજિંગ ડિરેક્ટર
૧૯૫૧ને અંતે લાઈફ ફંડ :
રૂ. ૫,૩૦,૦૦,૦૦૦થી વધુ
એજન્સી અને બીજી વિગતો માટે
કંપનીમાં લખો.

આઇસ હલવો

દેશભરમાં એની સુવાસ પ્રસરેલી છે. મુંબઈની મુલાકાતે જઈ આવનાર સૌ કોઈ એની મીઠી વાતો તમોને કરતું હશે. કદાચ એનો સ્વાદ ચાખીને બીજો વધુ હલવો મંગાવવા માટે તમારું દિલ લલચાતું હશે....

ટપાલમાં
આશરે ૫૦ ટકા રકમ એડવાન્સ મોકલવાથી તાજો પેક કરેલો આઇસ હલવો ટપાલમાં પણ તમોને મળી શકે છે.

મોહનલાલ એસ. મીઠાઈવાળા
: હેડ ઑફિસ :
ઝવેરી બઝાર, મુંબઈ-૨. ટે. નં. ૨૧૦૭૮
શાખાઓ
ભૂલેશ્વર ટે. નં. ૨૧૯૫૫ | ચાન્દ રોડ ટે. નં. ૭૨૯૩૧

★ અસાધ્ય દર્દોમાંથી મુક્ત બનો ★

અણમૂલરત્ન જગવિખ્યાત
નિર્ભય નેત્રજ્યોતિ
"વગર ઓપરેશને મોતિયો"
ઝાંખ, ઝામર, પડળ, ફૂલું, ખીલ, વેલ, ડોળ, છારી, તપોડીઆં, રતાશ વગેરે આંખોના તમામ રોગો મટાડે છે. ચશ્માંના નંબર ઊતરી જાય છે, આંખો ચોખ્ખી બની જાય છે. ઓપરેશનથી બગડેલા કેસો આ દવાથી સુધરે છે. એક જ બાટલીથી ફાયદો થાય છે.
કિંમત બાટલી એકના રૂ. ૧૦-૦-૦ દસ.
પોસ્ટેજ જુદું.

કોઢવિનાશક દિવ્ય ઔષધિ
સફેદ કોઢ ગમે તેવો જૂનો યા નવો ગેરંટીથી મટાડવામાં આવે છે. સેંકડો માણસોને મટાડેલ છે.

શક્તિ સૌંદર્યવટી–
સ્ત્રીઓ માટે સંપૂર્ણ શક્તિની દવા–
આ દવાના સેવનથી શરીર લાલઘૂમ બને છે અને શરીરમાં અદ્ભુત શક્તિ પ્રાપ્ત થાય છે.
માસ ૧ની દવાના રૂ. ૧૦-૦-૦ દસ.
પોસ્ટેજ જુદું.

નિર્ભય ગોલ્ડન ટોનિક પીલ્સ
કોઈ પણ કારણસર આવેલી નબળાઈ દૂર કરી શક્તિ અને સ્ફૂર્તિ ઉત્પન્ન કરે છે. જીવનમાં અનુપમ આનંદ આપે છે. ગોળી ૬૦ના રૂ. ૩૦-૦-૦, ગોળી ૨૦ના રૂ. ૧૦-૦-૦ પો. જુદું.
નિર્ભય કેમીકલ વર્ક્સ, દિગ્વિજય પ્લોટ, જામનગર.


સફેદ
ધોએલાં છે
ઉજળાં
ધોએલાં છે
તે સનલાઇટ
સાબુને લીધે છે
SUNLIGHT SOAP

ધોકા માર્યા વિનાજ વસ્ત્રોને સફેદ અને ઉજ્જવળ બનાવે છે!

S. 184-50 GJ

ધી વલ્કન ઇન્શ્યુરન્સ કંપની લિમિટેડ

સ્થાપના : ૧૯૧૯

★

● આગ ● મોટર ● અકસ્માત
● દરિયાઈ ● વર્કમેન્સ કૉમ્પેન્સેશન
● એમ્પ્લોયર્સ લાયેબિલિટી

વગેરે વિમાનું કામકાજ લખવામાં આવે છે.

★

ડાયરેક્ટર ઈન ચાર્જ :
શ્રી. વી. સી. સેતલવડ
જનરલ મેનેજર:
કે. સી. દેસાઈ

બ્રાન્ચ તથા એજન્સી ઑફિસો હિંદભરમાં છે;
તેમ જ બ્રિટિશ ઇસ્ટ આફ્રિકા અને બર્મા.

હેડ ઑફિસ : ૭૩, ચર્ચગેટ સ્ટેશનની સામે, ઇન્ડસ્ટ્રીયલ
એશ્યુરન્સ બીલ્ડિંગ, કોટ, મુંબઈ નં. ૧

સ્વાદિષ્ટ
નરગીસી કબાબ

આ રીત સાદી અને સરળ છે:

એક કપ ચણાની દાળને રાતભર પલાળી રાખો. દાળ, ૧ રતલ ખીમો, લીલાં મરચાં, થોડાં મરી, સહેજ હલદર, મરચાંની ભૂકી, જીરૂં, તજ, લવીંગ તથા મીઠાને એકઠા કરી, વાટીને લુગદી બનાવો. ખૂબ ઉકાળેલા ઈંડા ઉપર ભીનાં આંગળાથી લુગદી લગાડો. કબાબની માફક ડાલ્ડામાં તળો. કાંદાની કચૂંબર સાથે પીરસો.

આ ખરીદવાનું રખે ચૂકતા!

અંગ્રેજીમાં, નવી ડાલ્ડા પકવાન પોથી—સચિત્ર—આર્ટ પેપર—૮૦ પાના—૩૦૦ વાનગીઓ બનાવવાની રીત—સ્વાસ્થ્ય, આરોગ્ય શાસ્ત્ર તથા રસોઇગૃહ વિષે સૂચનાઓ—કિંમત માત્ર રૂા. ૧/), ટપાલ ખર્ચના ૮ આના.

ધી ડાલ્ડા ઍડવાઇઝરી સર્વિસ

પો. બૉક્ષ નં. ૩૫૩, મુંબઇ ૧

ડાલ્ડામાં
બનાવેલો

આપની વાનગીઓ તથા મિઠાઇને ખચિત્ શ્રેષ્ઠ સોડમવાળી તથા સ્વાદિષ્ટ બનાવવા માટે ડાલ્ડા વાપરો. ડાલ્ડા શુદ્ધ અને પૌષ્ટિક છે અને આપને સીલબંધ ડબ્બામાં તાજું અને સ્વચ્છ મળે છે.

DALDA
HYDROGENATED GROUNDNUT AND TIL OIL
ડાલ્ડા

સમતોલ ખોરાકમાં આપને જોઇતો સ્નિગ્ધ પદાર્થ પૂરો પાડે છે

HVM. 171-50 GJ

સુદૃઢ અને મજબૂત હાડકાં બનાવવા

ઝંડુની

કેલ્શિયમની ટિકડીઓ
કેલ્શોરેલ–ડી.
કેલ્શોરેલ–બી. ડી.
કેલ્શોરેલ એ. બી. ડી.
વાપરો.

★

ખાસ કરીને બચ્ચાંઓને દાંત આવતી વખતે, ક્ષયરોગમાં અને ગર્ભવતી સ્ત્રીઓને આપવાથી સામાન્ય નબળાઈ દૂર કરે છે. ગરમીની ઋતુમાં શરીર ઉપર નાના ફોડલા, અળાઈ તથા ખંજવાળ આવે છે તેને માટે ખાસ ઉપયોગી છે. આ ઉપરાંત રીકેટ્સ, નબળાઈને અંગે મોઢામાં છાલાં પડવાં, તથા બચ્ચાની ખેંચ–આંકડીમાં સારું કામ કરે છે

અમદાવાદ (એલો.) એજન્ટ : ચંદુલાલ પ્રેમચંદ ત્રણ દરવાજા

અમદાવાદ (આયુ.) એજન્ટ : મે. ભોગીલાલ એન્ડ બ્રધર્સ માંધશી

ધી

ઇન્ડિયન ગ્લોબ ઇન્સ્યુરન્સ કું. લિ.

હેડ ઑફિસ : ૩૧૫–૩૨૧, પ્રોસ્પેક્ટસ ચેમ્બર્સ, હોર્નબી રોડ, કોટ, મુંબઈ.

આગ ★ અકસ્માત ★ જીંદગી ★ મોટર
દરિયાઈ ★ વર્કમેન્સ કોમ્પેન્સેશન

વગેરે સર્વ પ્રકારનું વીમાનું કામકાજ સરળ શરતે કરવામાં આવે છે.

વિમા કામ માટે :—
લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને સંતોષકારક મહેનતાણું પોતાની લાયકાત દર્શાવતાં મળી શકે છે.

ચીફ ઓરગેનાઈઝર :

મણિલાલ કે. આડતિઆ

ઑફિસ :
ટે. નં. ૭૨૩૯૧
માંડવી ચેમ્બર્સ, સેમ્યુઅલ સ્ટ્રીટ,
ખોજા ગલી, મુંબઈ–૨

રહેઠાણ :
ટે. નં. ૪૪૩૧૮
ભાઉદાજી રોડ નં. ૧૧, પ્લોટ
નં. ૪૧૮, સર્કલ કીંગ્ઝ, માટુંગા


ERASMIC
Himalaya
Bouquet
TALCUM POWDER
ERASMIC
Himalaya Bouquet
TOILET POWDER

હિમાલયા
બુકે

ટૉયલેટ તથા ટૅલ્કમ પાવડરની

મધુર સુવાસ

આપને ખરેખર ગમી જશે

બે ઉત્કૃષ્ટ
ઇરેસ્મિક
ઉત્પાદનો

HBP. 5-X30 GJ

ઇરેસ્મિક કું. લિ૦, લંડન,- માટે ભારતમાં બનાવેલ

થોભો અને તમારા ભવિષ્યનો વિચાર કરો. ભવિષ્ય માટે જેઓ તૈયાર હોય છે તેમને જ ભવિષ્ય પ્રતીતિજનક નીવડે છે. ભારતવર્ષની સૌથી મોટી જુદાજુદા પ્રકારના વિમાનું કામ કરતી ઈન્સ્યુરન્સ કંપનીને, તમને તથા તમારાં આપ્તજનોને મદદ અને રક્ષણરૂપ થવા દો...દરેક પ્રસંગને બંધબેસતી તમામ જાતની પૉલિસીઓ અમારી પાસે છે.

વિગતો માટે લખો અથવા મળો:

ન્યુ ઈન્ડિયા એશ્યુરન્સ
કંપની લિમિટેડ

(સ્થાપના : ૧૯૧૯)

ન્યુ ઈન્ડિયા એશ્યુરન્સ બીલ્ડિંગ, મહાત્મા ગાંધી રોડ,
મુંબઈ.


આપના દાંતનેજ
સાફ કરવા એ
અધૂરૂં કાર્ય છે...
આપના
અવાળુની
રોજીંદી સંભાળ
તેને પૂરૂં કરે છે!

આપના દાંત સુદૃઢ તથા નિરોગી હશે તો પણ એકવાર આપના અવાળુ નબળા કે રોગીષ્ટ બનતાંજ કદાચ આપ તેઓને સહેલાઇથી ગુમાવી બેસશો. જોખમ ન ખેડશો! ગિબ્સ. એસ.આર. ટુથપેસ્ટ દિવસમાં બે વાર વાપરો. તે સોડિઅમ રિસિનોલિએટ ધરાવે છે. જે દંતવૈદ્યો અવાળુના ઉપચાર તરીકે વાપરે છે. તે દાંતને સ્વચ્છ અને ઝગમગતા સફેદ પણ બનાવે છે.

ગિબ્સ
રજીસ્ટર્ડ
એસ.આર. ટુથપેસ્ટ

દાંતને ઝગમગતા સફેદ તથા અવાળુને પણ નિરોગી રાખવા માટે ખાસ બનાવેલી છે.

Gibbs
S.R.
TOOTHPASTE
for teeth and gums
Gibbs
S.R.
TOOTHPASTE
for teeth and gums

GSR. 89-50 GJ

ડી. ઍન્ડ ડબલ્યુ. ગિબ્સ લિ૰, લંડન, માટે ભારતમાં બનાવેલ

ASARWA
COVERS THE
WHOLE FAMILY

Specialities

SHIRTING, PATTO & DRILS,
DHOTIES, SARIES, PRINTED
MULMUL & CHINTZS.

ASARWA MILLS LTD.

AHMEDABAD II.


ગરમીમાં…
અથવા ઠંડીમા…
Erasmic
HIMALAYA BOUQUET SNOW
HIMALAYA BOUQUET SNOW

આપ જ્યાં હો ત્યાં…

હિમાલયા બુક સ્નો
વાપરો

કારણકે ભારતીય આબોહવા માટે
તે ખાસ બનાવેલો છે

ગમે તે ઋતુ હોય—ભારતમાં ગમે ત્યાં આપ રહેતા હો—હિમાલયા બુકે સ્નો આપની ચામડીને વધુ મુલાયમ અને સુંદર રાખે છે. આપને તેની સુવાસ ઘણીજ ગમી જશે.

એક બીજું ઉત્કૃષ્ટ **ઈરેસ્મિક** ઉત્પાદન

HBS. 6A-X30 GJ

ઈરેસ્મિક કુાં૦ લિ૦, લંડન, માટે ભારતમાં બનાવેલ

હિન્દુસ્તાનમાં

સૌથી મોટી સંસ્થા

● ● ●

સર્વે જાતનું લીથોનું કામકાજ

લેબલ

- કાપડના તાકા
- કાંડીનાં બોકસ
- પરફ્યુમરી
- સોડાલિંબુ
- સીગારેટના ડબ્બા
- બીડી-મીઠાઈનાં
- બાકસો-વગેરે

(બધી જાત અને સાઈઝનાં)

બાકસો

- શુઝ-બેટરી
- સાબુ-ટુથપેસ્ટ
- તેલ-સીગારેટ
- દવાઓ-સાડીઓ
- ઘડિયાળો-ઝવેરાત

રંગીન કામ

- કેલેન્ડર-શો કાર્ડ
- કારટૂન-શેર સર્ટિફિકેટ
- નોટપેપરો-બીલ ફોર્મ
- ચેકબૂક વગેરે

જાહેર ખબરનાં અને સીનેમાનાં પોસ્ટરો

★ તમારું કામ સૌથી સારું અને દીપી નીકળે તેવુંજ થવું જોઈએ.

★ સારો માલ દમામદાર અને દેખાવડાં બાકસોમાં ભરવો જોઈએ.

★ જાહેરાત ધ્યાન ખેંચે તેવી જોઈએ.

તમારી જરૂરિયાતો માટે અમારી સલાહ લ્યો.

મહમદી ફાઈન આર્ટ લીથો વર્કસ

ગનપાઉડર રોડ, મઝગામ, મુંબઈ-૧૦

ઉત્તરોત્તર
ખીલતું
લાલિત્ય


Rexona
Rexona
BLENDED WITH CADYL

રેક્સોના સાબુનો રોજ ઉપયોગ કરો. તેમાંનું 'કૅડિલ' આપની ચામડીને અધિક નિર્મળ અને મનોરમ બનાવશે.

રેક્સોના

માત્ર એકજ 'કૅડિલ'* ધરાવતો સાબુ

* ચામડીને મુલાયમ બનાવનારાં તેલોના ખાસ મિશ્રણ માટેનું એક માલીકી હકવાળું નામ
રેક્સોના પ્રોપ્રાયટરી લિ૦, માટે ભારતમાં બનાવેલ

RP. 87-50 GJ

ઊંડા પ્રક્ષાલનથી
નિર્મળ સુંદર ત્વચા

નિર્મળ સુંદર ત્વચા એ 'એન ફ્રેન્ચ' પ્રક્ષાલન દૂધથી થતી ઊંડી સફાઈનું પરિણામ છે. 'એન ફ્રેન્ચ' છિદ્રોની અંદર ઊંડે ઊતરીને ધૂળ અને મેક-અપના રજકણોથી ચામડીને મુક્ત કરે છે. આ કાર્ય સાધારણ ક્રીમ અથવા સાબુ અને પાણી કરી શક્તાં નથી. 'એન ફ્રેન્ચ' નું પ્રક્ષાલન તમારુ નિત્યકર્મ બનાવો, અને સુંદર, તાજગીભરી તેમ જ નિર્મળ ત્વચા હંમેશા તમારી જ રહેશે.

'ANNE FRENCH'
Cleansing Milk

'એન ફ્રેન્ચ'
પ્રક્ષાલન દૂધ
દરેક સારા સ્ટોરમાં મળે છે

LAS. (B)

-: ટોયલેટ સાબુઓમાં પુરવાર થયેલ સર્વશ્રેષ્ઠ :-

કામીનીઆ મૃગ કસ્તૂરી સોપ (રજીસ્ટર્ડ) :

શરીરની ત્વચા માટે સુંદર **તેમજ** મુલાયમ સાબુ. જે વાપરવામાં આહ્લાદકારક છે. અને સુવાસમાં અજોડ છે. એક જ વખત વાપરવાથી નિયમિત વાપરતા થઈ જશો.

દિલબહાર સોપ (રજીસ્ટર્ડ) :

આ સાબુ માટે વિશેષ વખાણની જરૂર નથી. વાપરવાની સાથે ફૂલોના ગુચ્છા માફક સુગંધ પ્રસરી રહે છે.

કામીનીઆ ખસ સોપ (વેટીવર્ટ) : (રજીસ્ટર્ડ)

ખસની સુગંધીથી જેઓ પરિચિત છે, તેઓને ઉનાળાના દિવસોમાં આ સાબુ જ વિશેષ પ્રિય થઈ પડે છે; તેમ જ તેનાથી ત્વચાને કોમળ રાખે છે, ત્વચાના ઉપદ્રવો થવા પામતા નથી.

KAMINIA
WHITE ROSE
SOAP

—: આ ઉપરાંત "કામીનીઆ" સાબુઓ જેવા કે :—

કામીનીઆ વ્હાઇટ રોઝ-સોપ, કામીનીઆ સેન્ડલ સોપ,
કામીનીઆ લવેન્ડર સોપ, કામીનીઆ ટરકીશ બાથ સોપ.

ઉપર જણાવેલ સાબુઓ હિંદભરમાં પ્રત્યેક પરફ્યુમરી અને પ્રોવિઝનના વેપારીઓ પાસેથી મળી શકશે, ન મળે તો નીચેના સરનામે લખો.

સોલ એજન્ટ :—ધી એંગ્લો ઈન્ડિયન ડ્રગ એન્ડ કેમિકલ કું૦
૨૮૫, જુમામસીદ માર્કેટ મુંબઈ નં. ૨

તેના વર્ગમાં શ્રેષ્ઠ



શાળાની અંદર લાયકાતની વાર્ષિક હરીફાઈમાં મગરૂરીભર્યું પહેલું સ્થાન મેળવવામાં વિજય ફરીથી એક વખત સફળ નીવડ્યો છે. ઉત્સાહ અને શક્તિથી ભરેલો તે તેની શાળાના વિદ્યાર્થીઓમાં સૌથી વધુ પ્રિય છે. વિજયની માતા જાણે છે કે તેની ઉંમરના છોકરાઓનું જોસ વધુ ફૂટી નીકળવું ન જોઈએ અને શરીરની ઘણી અવ્યવસ્થા જેવી કે મગજની શૂન્યતા, રુચિનો અભાવ, બંધકોશ વગેરે ખોરાકની અંદર **બી** વિટામિનનો પૂરતો જથ્થો ન હોવાથી થાય છે. વિજયનો આ સામે તથા ખોરાકની અંદર બીજી અવ્યવસ્થા સામે બચવાને માટે તે તેને નિયમિત રીતે **'નેસ્ટોમાલ્ટ'** આપે છે. પૌષ્ટિક વિટામિન તથા ખનીજ તત્ત્વોને લીધે **'નેસ્ટોમાલ્ટ'** શારીરિક તંદુરસ્તીને મદદ કરે છે અને ઊગતાં છોકરાંઓને જે વધારાના ખોરાકની જરૂર છે તે પૂરો પાડવામાં મદદ કરી તેની તંદુરસ્તી જાળવી રાખે છે. શા માટે આજે જ તેનો એક ડબ્બો ન અજમાવી જોવો ?


THE PERFECT MALTED MILK
NESTOMALT
MALTED MILK
FORTIFIED WITH VITAMIN B.
NESTLE'S

ની જાતમાં શ્રેષ્ઠ

નેસ્ટોમાલ્ટ

માલ્ટેડ મિલ્ક

નેસલ્સની બીજી ઉત્તમ બનાવટ

દેના બેંક

DEVKARAN NANJEE BANKING CO., LTD.

૫૭ ઓફીસો અને ૧૧ સેફ ડીપોઝીટ વોલ્ટસ

✻ અમારા સ્પેશ્યલ સેવિંગ્ઝ ડીપોઝીટ ખાતામાં ૨-૧/૪ % લેખે વ્યાજ આપવામા આવે છે. અને રૂા. ૧૦૦૦થી ખાતું ખોલાય છે.

✻ અમારી ૬ વર્ષ અને ૩ વર્ષની કેશ સરટીફીકેટ લગભગ ૩-૧/૨ % અને ૨ ૩/૪ % વ્યાજ આપે છે.

✻ અમારા સેવિંગ્ઝ બેંક ખાતાંઓમાં ૧-૧/૨ % ટકા લેખે વ્યાજ આપવામાં આવે છે અને રૂા. ૨૦ થી ખાતું ખોલાય છે

નાણાની બચત કરવામાં દેનાબેંક તમને મદદ કરશે

મચ્છરદાનીઓ—ઉત્તમ પ્રકારની

કિંમતમાં બેહદ ઘટાડો. આ તદ્દન નવી મચ્છરદાનીઓમાં શાંતિમય અને સુખનિદ્રા મેળવો અને ભયજનક મચ્છરોના ચટકાઓથી આપને બચાવો. **રૂા. ૭)** ટપાલ-ખર્ચ અલગ. થોડાં અઠવાડિયાંમાં કિંમત વધીને **રૂા. ૧૫)** થશે.

JUPITER TRADING Co., P. Bag. 16602, **Calcutta-4**



સાયકલો આપને માટે

હપ્તેથી અને વ્યાપારી ભાવે નવી સાયકલો ખરીદો. તદ્દન નવો માલ.

આ અપૂર્વ તકનો લાભ લો. આ ઘટાડેલા દરોનો લાભ લેવો ચૂકતા નહિ. ૨૫°/. પ્રથમ અને બાકીના પાંચ માસિક હપ્તેથી. હિંદ સાયકલ **રૂા. ૧૫૫)**, ઈંગ્લીશ સાયકલ **રૂા. ૧૮૫)**, ફિલિપ્સ **રૂા. ૨૩૦)**, હરક્યુલર **રૂા. ૨૪૦)**, બી. એસ. એ. **રૂા. ૨૫૫)**, રેલે ગ્રીન **રૂા. ૩૬૫)**.

શરતો મુજબ આપ તાત્કાલિક મંગાવો અને આપના સંપૂર્ણ સરનામા તથા નજીકના રેલ્વે સ્ટેશનના નામ સાથે લખો. નવો માલ, નવા અને અસલ પાર્ટસની ડનલોપના ટ્યુબ-ટાયર સાથેની ખાતરી આપવામાં આવે છે, આપનો ઓર્ડર તુરત નોંધાવો.

આ સુંદર "ટ્રાય સાયકલ"
માટે આપના ઓર્ડર મોકલો.
ઉત્તમ અને નવી છે. કિં
રૂા. ૨૫)થી ઘટાડીને રૂા.
રાખેલી છે. રેલવેનૂર આ
રૂા. ૧ાા. તાત્કાલિક ઓર્ડર
અને આપનું નજીકનું રે
સ્ટેશન જણાવો.

JUPITER TRADING Co., P. Bag 16602, CALCUTTA-4.

જો તમારો તાવ

★ ૧૦૨ ડીગ્રીથી વધી જાય અથવા તમને ગમે તેવાં દુઃખ જેવાં કે, ઓળી, ઈન્ફ્લ્યુઅન્ઝા, ટાઈફોડ અથવા ન્યુમોનીઆ હોય, તેની તમારા વાળ ઉપર પહેલી અસર પહોંચે છે.

★ ઘણુંખરું વધારે પડતા તાવથી કેશ ખરી પડવાનો સંભવ છે અને જો તેની સારી શુશ્રુષા ન થાય તો કેશ ખરવાનું કાયમ રહે છે.

★ મુશ્કેલીઓને આવકારતાં પહેલાં **કેશવર્ધિની**થી તમારા કેશનું જતન કરો.

★ દુઃખથી કેશની લંબાઈ અરધી અથવા પા ભાગની થઈ ગઈ હોય તો **કેશવર્ધિની** તેને મજબૂત અને સંપૂર્ણ બનાવે છે.

શા માટે કેશવર્ધિનીથી તમારા કેશને રક્ષણ ન આપવું?

કેશવર્ધિની

કેશવર્ધિની ... ... રૂ. ૦-૧૪-૦
કેશવર્ધિની શેમ્પુ... રૂ. ૦-૧૪-૦

માર્ગવ્યય અલગ :
જાણીતા વેપારીઓ પાસેથી મળી શકશે.

અથવા લખો :

સાઉથ ઈન્ડિયા કેમિકલ્સ

કોઈમ્બતુર (દક્ષિણ)

મુંબઈ અને સી. આઈ.ના એજન્ટ :
મે. નેશનલ સેલ્સ એન્ડ સર્વિસ કું.,
૧૨, રામપાર્ટ રોડ, ફોર્ટ, **મુંબઈ–૧**

અમારે ૫૦૦ દમ–હાંફણથી પીડાતા વાચકોની જરૂર છે.

તમને આશ્ચર્ય થશે, પણ વિગત એ છે, કે અમારે ૫૦૦ દમ–હાંફણથી પીડાતા દરદીઓનાં નામ તથા સરનામાંની જરૂર છે. દમ–હાંફણમાં **ડો–ડો** ટીકડીઓની બીનહરીફ અસરની અમને એટલી ખાતરી છે કે અમે 'અખંડ આનંદ'ના ૫૦૦ વાચકોને અમારી નમૂનાની ટીકડીઓ આપવાનું નક્કી કર્યું છે.

૫૦૦ દમ–હાંફણથી પીડાતા દરદીઓને અમારી ટીકડીઓ વિનામૂલ્યે અજમાવી જોવાની તથા **ડો–ડો** ટીકડીઓથી મળતાં આશ્ચર્યજનક પરિણામો, કે જે ગમે તેવા દમ–હાંફણના જબરામાં જબરા હુમલાને–૩૦ સેકંડ જેટલા–ન માની શકાય તેટલા ટૂંકા સમયમાં નાબૂદ કરે છે તેની ખાતરી કરવાની તક મળશે.

દમ–હાંફણથી પીડાતા જે દરદીઓએ એક વખત **ડો–ડો**ની ટીકડીઓ વાપરી છે, તેઓ તેના વધારેમાં વધારે ઉત્સાહભર્યા પ્રચારકો થવાની તથા પોતાના મિત્રો તથા ઓળખીતાઓને આગ્રહપૂર્વક **ડો–ડો**ની ભલામણ કરશે, તેની આ મફત નમૂનાની ટીકડીઓની ઓફર જ ચોક્કસ ખાતરી છે.

દમ–હાંફણથી પીડાતા કોઈ પણ દરદીઓ બે આનાની ટિકિટો મોકલીને આ નમૂનાની મફત ટીકડીઓની માગણી કરવામાં ઢીલ કરે નહિ. લખો :–

ઈન્ટરનેશનલ ટ્રેડિંગ કું૦

૧૯૭/૧૯, લોહાર ચાલ, **મુંબઈ–૨**

તા. ક. આ ઓફર તા. ૧૫મી જુલાઈ પછી ખુલ્લી નહિ રહે, માટે નિરાશા ટાળવા હમણાં જ લખો :

રેલ્વેમાં મુસાફરી કરનારાઓ

માટે

તમારા સામાનમાં, જ્વેલરી, હીરાઓ, ઘડિયાળો, રેશમ, શાલો અને એવા બીજા પ્રતિબંધિત દાગીનાઓ છે ?

જો હોય તો, તમને સલાહ આપવામાં આવે છે કે જ્યારે તમે આવા દાગીનાઓ રેલ્વેને લઈ જવા માટે સોંપો, અને તે દાગીનામાંના કોઈ એક દાગીનાની રૂ. ૩૦૦થી વધુ કિંમત હોય તો તમારે

(૧) બુકિંગ વખતે તેની કિંમત લખી આપવી.

(૨) એ લખેલી કિંમત ઉપર મુકરર કરેલા ટકા સામાન્ય રેલ્વેનૂર ઉપરાંત આપવા.

જો આમાં કસૂર કરવામાં આવશે તો આ દાગીનાઓ ખોવાઈ જાય, બગડી જાય અથવા નાશ પામે તો રેલ્વે કોઈ પણ જાતની જવાબદારી સ્વીકારશે નહિ. ઉપર જણાવેલા દાગીનાઓ તથા બીજા જેને પ્રતિબંધિત નોંધવામાં આવેલા છે, તેની યાદી રેલ્વેના ટાઇમ ટેબલમાં "એકસેપ્ટેડ" દાગીનાની યાદીમાં જોઈ શકાશે.

નજીકમાં નજીકના સ્ટેશન માસ્તરનો સંપર્ક સાધશો તો તે તમને વિગતવાર ખબર આપશે.

સેન્ટ્રલ અને વેસ્ટર્ન રેલ્વેઝ

તે વાપરે છે

વિલ્સન

ફાઉન્ટન પેન

WILSON (REGD)

કારણકે તેને ફક્ત શ્રેષ્ઠ પેનજ ફાવે છે!

એક માત્ર ખાત્રી લાયક પેન

૫/૧૨

હિન્દના સોલ ડિસ્ટ્રીબ્યુટર:-

કિરણ એન્ડ કંપની લિ.

મુંબઈ, કલકત્તા, મદ્રાસ.

મુંબઈ ઓફિસ : ૭૩-૭૫, છાપીચાલ, ઝવેરીબજાર પાસે, મુંબઈ-૨.

રાષ્ટ્રધનની નક્કર યોજનામાં સાથ આપતી

વીજળિક સંસ્થા

ધી એમલગમેટેડ ઈલેક્ટ્રિસિટિ કું૦

(બેલગાંવ), લિ૦

★ ઓછા ખર્ચમાં વધુ લાભ આપતી
★ રાષ્ટ્રના કૃષિપ્રશ્નને હળવો બનાવતી
★ ઉત્પાદનશક્તિમાં મોખરે ગણાતી
★ આમજનતાને નાણાં રોકવા અંગૂલિનિર્દેશ કરતી

અને

છેલ્લાં ૨૫ વર્ષથી જનતાને સેવા આપતી

શાખાઓ—અજમેર બેલગાંવ માલેગાંવ
વલસાડ ચાલીસગાંવ દાહોદ
જલગાંવ ભુસાવળ ભીવંડી

આવક	૧૯૫૧	...	૩૪,૪૦,૮૨૪
યુનિટ્સ વેચાણ		...	૧,૩૬,૧૬,૨૯૪
ગ્રાહકો		...	૨૬,૧૪૪
ડિવિડન્ડ ટકા :		...	૭ા ઑર્ડિનરી ૫ા પ્રેફરન્સ

મેનેજિંગ એજન્ટ્સ—ધી કૉન્સોલિડેટેડ ઇલેક્ટ્રિક એજન્સિઝ, લિ૦

મેનેજિંગ ડિરેક્ટર :

એન. સી. જવેરી, જે. પી.

ટેલિફોન નં. : ૩૨૮૮૯-૮૦ ● ટેલિગ્રામ : CONELECTRO

ઠે. ૧૭ બી, હોર્નીમેન સર્કલ, કોટ, મુંબઈ.



મહેતા નું
આઈડ્રોપ્સ
રજીસ્ટર્ડ
વાપરો
આંખના
દર્દો માટે

બનાવનાર
ચુનીલાલ મયાચંદ મહેતા
ત્રણ દરવાજા, અમદાવાદ

નવું પેકીંગ, ટોટી સાથે કિં. રૂા. ૦-૧૨-૦

હેડરોસા
બામ
માથાનો દુખાવો, સરદી, સંધિવા, છાતીનો
દુખાવો, તેમજ શારિરીક દુખાવાપર રામબાણ.
દરેક દવાવાળા પાસે મળશે.

બામના
રાજા
હેડરોસા
બામ

કોલેરાનાં
દર્દો
માટે
રાજબિંદુ



રાજબિંદુ
પેટનો દુખાવો-વાયુગોળો
ઉલટી
તેમજ
ઝાડા
ઉપર
અકસીર
એકજ વખત
અજમાવી જુઓ
વલભવીજય એન્ડ
સન્સ
[illegible] મુંબઈ

ચોમાસાથી ત્રાસી ગયા છો?
તો
આપના દિમાગને
તાજગી આપવા
મુંબઈની પચરંગી પ્રજાના જૂના
અને જાણીતા માહીમના હલવાવાળા
અમારો અસલ માહીમનો હલવો
★
રજીસ્ટર્ડ નંબર ૨૭૬
જોશી બુઢાકાકા
માહીમના હલવાવાળા
હેડ ઑફિસ: માહીમ કાપડ બજાર,
ફોન: ૬૨૯૦૭
શાખા:
- દાદર ફોન નં. ૬૦૫૦૬
- તારદેવ ફોન નં. ૪૦૩૬૫

કિંમત રૂા. ૯ અને વધુ
ઈકોનોમિક ડુપ્લીકેટર
સૂર્ય છાપ

★ સ્ટેનશીલ પેપરની જરૂર નથી.
★ વધારે ખર્ચ નહિ.
★ સ્પેશિયલ પેન તથા કાગળની જરૂર નહિ.
★ છાપવાની શાહીની જરૂર નહિ.
તમારે હાથે લખેલ, ટાઈપ કરેલ અથવા ડ્રોઈંગ કરેલ ઓરીજીનલ ઉપરથી.
એક જ ઓપરેશનમાં એક અથવા અનેક રંગોમાં સેંકડો ડુપ્લીકેટ નકલો છાપે છે.
સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ:
સેલારકા બ્રધર્સ
જી. પી. ઓ. બૅાક્સ નં. ૨૬૨ A મુંબઈ-૧
ઓરીજીનલ સ્ટેશનરી માર્ટ
૨૩ ડી પારસી બજાર સ્ટ્રીટ, મુંબઈ-૧

ગ્રાહકોને

૧ 'અખંડ આનંદ' અંગ્રેજી માસની પહેલી તારીખે પ્રસિદ્ધ થાય છે અને ગ્રાહકોને પોસ્ટ થાય છે.

૨ વાર્ષિક લવાજમ **રૂ. ૮ાા**, બ્રહ્મદેશ માટે **રૂ. ૯**, **પરદેશ માટે શિ. ૧૬ અથવા રૂ. ૧૦ાા** છે.

૩ 'અખંડ આનંદ'નું નવું વર્ષ નવેમ્બર માસથી શરૂ થઈ ઑક્ટોબર માસમાં પૂરું થાય છે. વર્ષમાં ગમે તે માસથી ગ્રાહક થઈ શકાય છે. એક વર્ષથી ઓછી મુદત માટે ગ્રાહક નોંધાતા નથી.

૪ પૂરતી તપાસ કર્યા બાદ ગ્રાહકોને અંક રવાના કરવામાં આવે છે, છતાં કોઈને અંક દર મહિનાની તા. ૧૫મી પહેલાં ન મળે તો વિભાગની પોસ્ટ ઑફિસે ફરિયાદ કરવી અને ત્યાંથી જે જવાબ મળે તે અમને મોકલવો, જેથી ઘટતું થઈ શકે.

૫ **સરનામું** બદલાયાની ખબર ઓછામાં ઓછા પંદર દિવસ પહેલાં આપવી અને સાફ અક્ષરોમાં ગ્રાહક નંબર, નવા કે જૂના ગ્રાહક તથા નામ અને ઠેકાણું બરાબર જણાવવું. મહિના બે મહિના માટે સરનામું બદલવું હોય તો પોતાના પોસ્ટ માસ્તરને જણાવી વ્યવસ્થા કરી લેવી. સરનામું ફેરવ્યાની જાણ થતાં પહેલાં અંક જૂના સરનામે રવાના થઈ જશે, તો ફરી અંક મફત મોકલવામાં આવશે નહિ.

૬ એક રૂપિયો મોકલવાથી નમૂનાનો અંક મોકલવામાં આવે છે; ગ્રાહક થયા બાદ એ અંક પાછો મોકલવામાં આવે, તો એક રૂપિયો પરત કરવામાં આવે છે.

૭ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનું નામ–સરનામું અને ગ્રાહક નંબર અવશ્ય લખવો જોઈએ.

૮ લવાજમ મનીઑર્ડરથી મોકલવું સલાહભર્યું છે; કારણકે વી. પી. થી મંગાવનારને રજિસ્ટર ખર્ચ સાથે રૂ. ૮–૧૪–૦ નું વી. પી. થશે, તેમ જ વી. પી. થી મોકલાતા અંકો મોડા મળે છે. પરદેશમાં વી. પી. થતું નથી. **ચેક અગર ડ્રાફ્ટ 'સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ'ના નામનો મોકલવો.**

૯ લવાજમ મોકલતી વખતે જૂના ગ્રાહકોએ પોતાનો નંબર લખવો અને નવા ગ્રાહક થનારે '**નવા ગ્રાહક**' એમ લખવું આવશ્યક છે. મનીઑર્ડરની કૂપન પર સ્પષ્ટ અક્ષરોમાં પૂરેપૂરું નામ, સરનામું, રકમ અને રકમ મોકલ્યાનો ઉદ્દેશ લખવાં.

૧૦ 'અખંડ આનંદ' સાથે પુસ્તકો મોકલાતાં નથી.

૧૧ વ્યવસ્થા અંગેનો સર્વ પત્રવ્યવહાર **અમદાવાદના કાર્યાલય** સાથે કરવો.

સસ્તું સાહિત્ય વર્ધક /કાર્યાલય

ભદ્ર, **અમદાવાદ** ને કાલબાદેવી, મુંબઈ–૨

લેખકોને

'અખંડ આનંદ' કોઈ ચોક્કસ વિષય કે વર્ગનું માસિક નથી, એ સર્વદેશીય અને સર્વોપયોગી થાય એવા અમારા પ્રયત્નો છે. સાહિત્યના કોઈ પણ પ્રકારને–વાર્તા, નાટક, જીવનચરિત્ર, ધર્મકથા, પ્રસંગકથા, રેખાચિત્ર, પત્ર, નિબંધ, પરિચય, પ્રવાસવર્ણન, કાવ્ય વગેરે કોઈ પણ રૂપમાં માનવજીવનને ઊંચે લાવનારા, પ્રેરણા આપનારા, ઉપયોગી વિચારો સૂચવનારા હોય તેવાં તમામ પ્રકારનાં લખાણો 'અખંડ આનંદ' માટે સ્વીકારવામાં આવે છે. એ અભ્યાસયુક્ત અને કલામય છતાં સાદી ભાષામાં ને સરળ શૈલીમાં આલેખાયેલાં હોવાં જોઈએ.

તંત્રી તરફથી સામાન્ય રીતે લેખના સ્વીકાર-અસ્વીકારનો જવાબ એક પખવાડિયામાં તો અપાય જ છે; પરંતુ લેખ ચોક્કસ કયા માસમાં પ્રસિદ્ધ થશે તે કહેવાનું મુશ્કેલ હોય છે. માસિકમાં વૈવિધ્ય, લેખ-વિષયનું પ્રમાણ અને પ્રાસંગિક લેખોનું મહત્ત્વ જળવાય એ દૃષ્ટિએ સંપાદન થાય છે. કોઈ પણ કૃતિની જવાબદારી તો લેખકની જ રહે છે.

લેખ પ્રસિદ્ધ થતાં લેખકને અંક, યોગ્ય પુરસ્કાર અને લખાણની છૂટી પાંચ પ્રતો મોકલી આપવામાં આવે છે.

અસ્વીકાર પામેલા લેખની સાથે તેનાં કારણો આપવાનું અતિ મુશ્કેલ છે. એથી ચર્ચામાં ઊતરવું પડે છે. કેટલાક લેખકોને માઠું પણ લાગે છે; એટલે અનુભવ પછી 'અસ્વીકાર્ય' એવી નોંધ સાથે લખાણ પાછું મોકલવાનું નક્કી કરવું પડ્યું છે. લેખકો આ બાબતમાં ગેરસમજ ન કરે એવી વિનતિ છે. સ્વીકાર-અસ્વીકારના જવાબ માટે અને અસ્વીકાર પામેલું લખાણ પાછું મેળવવા માટે ટપાલખર્ચ મોકલવું આવશ્યક છે. જેનું ટપાલખર્ચ ન મળ્યું હોય તે લખાણને એકાદ માસ પછી રદ કરવામાં આવે છે.

લેખકની કૃતિ શાહીથી, કાગળની એક જ બાજુએ સારા અક્ષરે લખેલી હોવી જરૂરી છે. અંગ્રેજી, સંસ્કૃત કે બીજી કોઈ ભાષાનાં અવતરણો મૂકવાં હોય તો તેનું ગુજરાતી ભાષાંતર આવશ્યક છે.

તંત્રી સાથેનો તમામ પત્રવ્યવહાર કરવાનું અને લેખ મોકલવાનું સરનામું નીચે પ્રમાણે છે:

તંત્રી : 'અખંડ આનંદ'
ગુલબહાર, બેરેક રોડ, મુંબઈ-૧

જ્યારે આયુર્વેદ..........

–આગળ વધે છે ત્યારે........

★ જ્યારે આયુર્વેદ આગળ વધે છે, ત્યારે ગમે તેવા અસાધ્ય રોગોનું સચોટ ઔષધ શોધી કાઢે છે. ગાંડપણ જેવા માનસિક રોગો દૂર કરવા માટે લોકોની નજર પરદેશી–ઊંચી કિંમતની દવાઓ ઉપર જ હતી. સોમાંથી પચાસ ટકા સાધારણ વર્ગના દર્દીઓ ઊંચી કિંમતની દવાઓ ખરીદવાની શક્તિના અભાવે જીવનભર આવાં દર્દો સહન કરી રહ્યા હતા–કરે છે, પણ દાખલા તરીકે હૃદયના રોગો (લોહીનું–દબાણ–બ્લડપ્રેશર) માટે, દરેક જાતના ઉન્માદ માટે, હીસ્ટીરીઆ અને ઓછી યાદશક્તિ જેવા માનસિક રોગો માટે અત્યાર સુધી પરદેશી મોંઘી કિંમતની દવાઓ ઉપર જ આધાર હતો.

★ મુંબઈના લોકપ્રિય ‘ચરક ભંડાર’ના નિષ્ણાતોએ અનેક પ્રયોગો પછી ઉપરનાં તમામ દર્દો માટે એક ખાસ ઔષધિ (ગોળીઓના રૂપમાં) બનાવેલ છે. એટલું જ નહીં પણ પોતાના લગભગ અર્ધો ડઝન ઉપરનાં ‘મફત સલાહ કેંદ્રો’માં આવતા દર્દીઓ ઉપર અજમાવી, સોએ સો ટકા સફળ પરિણામ મેળવ્યા પછી જ જાહેર જનતાના હિતાર્થે બજારમાં મૂકવામાં આવે છે. જેનું નામ ‘બ્રાહ્મી ઘનવટી’ (સુવર્ણયુક્ત) છે, જે વકીલો, વિદ્યાર્થીઓ તથા માનસિક અશક્તિ અને ઓછી યાદશક્તિ જેવા રોગથી રિબાતા દર્દીઓ માટે પણ અકસીર છે.

★ અભ્રક, અકીક, માણેક, મોતી વગેરે બહુમૂલ્ય ભસ્મો તેમ જ ચંદ્રોદય વગેરે કિંમતી રસાયણોને બ્રાહ્મીના સ્વરસની ભાવના આપી આ ગોળી બનાવવામાં આવી છે. અલબત્ત, આથી તે કિંમતી તો છે જ, પણ દર્દને નાબૂદ કરવાની તેની શક્તિ અને સચોટતા પાસે તે મોંઘી નથી.

★ બહેનો માટે ખાસ–અટકાવ તદ્દન ઓછો આવવો, ગર્ભાશયની ચારે બાજુ જડતા, ઊબકા આવી ઊલટી થવી, ઝણઝણાટી, ચૂંક આવવી, પેટમાં દર્દ થવું વગેરે લક્ષણોવાળા ગર્ભાશયોન્માદસાં આ ગોળી અમૃત સમાન છે.

★ બાળકો માટે–ગળામાં ઘર્‌ર્‌-ઘર્‌ર્‌ અવાજ આવવો, દાંત બંધાવા, દાંત આવવાથી લાળ નીકળવી તેમ જ આંચકી–તાણ (બાલગ્રહ) નાનાં બાળકોન ાંદર્દો ઉપર આ ગોળી અકસીર છે. કિંમત ૨૫ ગોળીની બાટલીના માત્ર રૂપિયા દસ છે. હિંદભરના દવાવાળાઓને ત્યાં મળે છે. માત્ર એ ‘ચરક ભંડાર’ની બનાવેલી છે, તેની ખાતરી કરવી જરૂરી છે. ‘ચરક ભંડાર’ મુંબઈ નં. ૭ને લખવાથી વી. પી. થી મંગાવી શકાય છે. મુંબઈ અને પરાંના સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ મેસર્સ આર. એમ. શાહની કું. ૧૩૫, મસ્જીદ બંદર રોડ, મુંબઈ–૩ છે.

સસ્તા અને ઉત્તમ ગ્રંથો

વાલ્મીકિ રામાયણ : (નવી ચોથી આવૃત્તિ) બે ગ્રંથોમાં...	૧૩૬૪	૧૨-૦	૧-૧૨
ગિરધરકૃત રામાયણ : હસ્તપ્રત ઉપરથી મોટા અક્ષરોમાં	૭૬૨	૪-૮	૦-૮
મહાભારત ભાષાંતર : દળદાર ૭ ગ્રંથોમાં, કદ ૭ાા×૧૦, ૨૭ ચિત્રો	૫૧૮૮	૫૨-૦	૬-૮
શ્રીમદ્ ભાગવત : આવૃત્તિ ૧૨મી, ભાષાંતર, બે ગ્રંથોમાં ૨૭ ચિત્રો.	૧૨૦૮	૧૦-૦	૧-૧૦
શ્રીમદ્ ભગવદ્ગીતા : (શાંકરભાષ્ય)	૪૪૮	૪-૦	૦-૫
અવધૂત ગીતા : સુધારાવધારા સાથેની બીજી આવૃત્તિ ...	૧૪૪	૧-૪	૦-૨
સુશ્રુત આયુર્વેદ : બે ગ્રંથોમાં	૧૩૭૨	૧૫-૦	૧-૧૨
આર્યભિષક્ અથવા હિંદુસ્તાનનો વૈદ્યરાજ : ...	૮૬૪	૬-૦	૦-૧૫
ઉપનિષદો (૧૧૨) નીચે પ્રમાણે ત્રણ ગ્રંથોમાં :			
૧. એકાદશ ઉપનિષદ : ઈશ. કેન, કઠ ઇત્યાદિ ૧૧ ઉપનિષદો મૂળ સાથે સરળ ભાષાંતર	૪૫૨	૩-૦	૦-૫
૨. સો ઉપનિષદો : જેમાં પ્રથમનાં ૨૩ ઉપનિષદોનું પૂરું ભાષાંતર અને બાકીનાંનું સારરૂપ છે. ...	૭૪૪	૫-૦	૦-૭
૩. બૃહદારણ્યક ઉપનિષદ : મૂળ સાથે સરળ ભાષાંતર...	૨૪૮	૨-૦	૦-૩
મોહમુદ્ગર ને બીજાં દશ રત્નો : સરળ અર્થ સાથે	૧૬૮	૧-૦	૦-૨
શતશ્લોકી ને બીજાં ચાર રત્નો : સરળ અર્થ સાથે	૨૦૦	૦-૧૨	૦-૨
સ્તોત્રસંગ્રહ : ભક્તિ ને વેદાંતનાં સ્તોત્રો અર્થ સાથે ...	૨૨૦	૦-૧૦	૦-૨
સર્વ વેદાંત સિદ્ધાંત-સારસંગ્રહ : ભાષાંતર સાથે ...	૨૨૪	૧-૪	૦-૩
વિવેકચૂડામણિ : સરળ ભાષાંતર સાથે	૧૬૦	૦-૧૨	૦-૨
ચંડીપાઠ : સરળ ભાષાંતર, પાઠવિધિ ને ઉપયોગી સ્તોત્રો સાથે	૩૫૨	૧-૪	૦-૨

શ્રી શિવમહાપુરાણ } સરળ ભાષાંતર, બે ગ્રંથમાં — રૂ. ૧૨।, ટપાલખર્ચ ૧।।।

નવા વાર્તાસંગ્રહો :

અક્ષયપાત્ર	૧ાા,	૨ાા
માણસાઈની વાતો	૨),	૩ાા
રંગ અને દીવા	૧ાા,	૨ાા
અત્તરના દીવા	૧ાા,	૨ાા
અંધારી રાતે	૦ાાા,	૧ાા
સૌભાગ્ય સુંદરી ને બીજાં નાટકોનું નવનીત		૧ાા

અન્ય ગ્રંથો :

ભાગવત એકાદશ સ્કંધ મ૦ એકનાથની ટીકાવાળું ...	૫-૦
પંચીકરણ	૨-૦
પુરુષાર્થબોધિની ગીતા-બે ભાગ : પંડિત સાતવલેકરની ટીકા સાથે	૧૨-૮
મનુસ્મૃતિ : મૂળ સાથે	૪-૮
સૂર્યકાન્ત : વ્યાવહારિક વેદાંત ...	૨-૦
મોક્ષમાળા : શ્રીમદ્ રાજચંદ્ર ...	૧-૪
સંતગુરુનો પરિચય : (ગોદડિયા બાવા)	૨-૦
રમણ મહર્ષિ : સ્વા. માધવતીર્થ ...	૨-૦
મહાત્મા ટૉલસ્ટૉય-ચરિત્ર ...	૧-૪
બૂકર ટી. વૉશિંગ્ટન-ચરિત્ર ...	૧-૮
ગ્રામરચના : રવિશંકર મહારાજ ...	૧-૪
વનરાજ ચાવડો-ઐતિહાસિક ...	૨-૮
શુભસંગ્રહ	૩-૦
ઇન્સાન મિટા દૂંગા : શ્રીધરાણી ...	૧-૪
ગુલાબસિંહ : મણિલાલ નભુભાઈ ...	૪-૦
કોઈને કહેશો નહિ : રંભાબહેન ...	૧-૪
આરોગ્યની બારમાસી	૧-૮
ગુજરાતનાં લોકગીતો	૧-૪
કાકાનો સંજય-બાળકો માટે ...	૧-૧૨

વધુ વિગત માટે વિસ્તૃત સૂચિપત્ર મંગાવો.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય : ઠે. ભદ્ર પાસે, અમદાવાદ અને કાલબાદેવી રોડ, મુંબઈ-૨

: અનુક્રમ :

ક્રમ	વિષય	લેખક	પૃષ્ઠ
૧	પ્રગતિ અને પ્રવૃત્તિ	શ્રી	૩
૨	શ્રીમદ્ ભાગવત	શ્રી નાનાભાઈ ભટ્ટ	૫
૩	ધર્મ અને જીવન	સ્વામી અદ્વૈતાનંદજી	૧૧
૪	એનું નામ તે ડાકટર	દેસાઈ વાલજી ગોવિંદજી	૧૬
૫	ભારત ભાગ્ય વિધાતા	અધ્યા૦ મનસુખલાલ ઝવેરી	૧૭
૬	ઉપવાસ (પૂર્વ ભૂમિકા) (કટાક્ષ)	શ્રી જ્યોતીંદ્ર દવે	૨૧
૭	રાવસાહેબ (વાર્તા)	શ્રી ગુલાબદાસ બ્રોકર	૨૫
૮	લોકરુચિ નાટકને ઘડે છે ?	શ્રી ધનસુખલાલ મહેતા	૩૦
૯	કાવ્યમંજરી (કાવ્યો)	શ્રી સરોદ	૩૪
૧૦	વૃક્ષારોપણ (કૃષિવિજ્ઞાન)	અધ્યા૦ ઓચ્છવલાલ ટી. ગાંધી એમ. એસસી; એમ. ડી. એચ; એફ. પીએચ. યુ.	૩૬
૧૧	લાઈનસર !	અધ્યા૦ શશિન્ ઓઝા એમ. એ.	૪૦
૧૨	મોંઘવારી	શ્રી ગજેંદ્રશંકર લાલશંકર પંડ્યા એમ. એ.	૪૭
૧૩	શું ? (કાવ્ય)	શ્રી વિવિત્સુ	૫૫
૧૪	ઉપેક્ષિત કલાકારો	શ્રી પરમાનંદ હીરાલાલ ગણાત્રા 'કોવિદ'	૫૬
૧૫	સમાવર્તન સમયનો ઉપદેશ	ડૉ. બિપિનચંદ્ર હી. કાપડીઆ એમ. એ; પીએચ. ડી.	૬૦
૧૬	પાંચ પતિની રાણી	શ્રી હીરાલાલ છોટાલાલ બક્ષી	૬૩
૧૭	સંસારચિત્રો	શ્રીમતી લાભુબહેન મહેતા	૬૬
૧૮	વજન કેમ ઘટે ? (આરોગ્ય)	શ્રી હરરાય અમુલખરાય દેસાઈ બી. એ; એસ. ટી. સી.	૭૪
૧૯	ચકોરી (વાર્તા)	શ્રી અરવિંદ ગોખલે	૮૦
૨૦	પક્ષીઓની દિશાપરખ	શ્રી પ્રદ્યુમ્નરાય કંચનરાય દેસાઈ	૯૦
૨૧	આદિ સૌરાષ્ટ્રીઓ (સંશોધન)	શ્રી ગણપતરામ રેવાશંકર ત્રિવેદી ડી. કોમ.	૯૬
૨૨	પથ્થરનું હૈયું (વાર્તા)	શ્રી પ્રબોધ જોશી બી. એસસી.	૯૯
૨૩	જુઆંગ પ્રજા	ડૉ. ઠાકોરભાઈ ભાણાભાઈ નાયક એમ. એ; પીએચ. ડી.	૧૦૫
૨૪	ચકમક (નાટિકા)	શ્રી બરકત વીરાણી	૧૦૮
૨૫	સંપાદકીય	શ્રી સોપાન	૧૧૫
૨૬	સંસ્થા સમાચાર	કાર્યાલય	૧૨૦

* * *

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી તંત્રી : સોપાન
મુદ્રક અને પ્રકાશક : ત્રિભુવનદાસ ક૦ ઠક્કર,
મુદ્રણ અને પ્રકાશનસ્થાન : સસ્તું સાહિત્ય મુદ્રણાલય, રાયખડ–અમદાવાદ.

૨ મિનિટે

૧ સાઇકલ

૧૯૪૧માં, અમારા મુંબઇના કારખાનાએ ઉત્પાદન શરૂ કર્યું ત્યારે એનું વાર્ષિક ઉત્પાદન ૨૦,૦૦૦ સાઇકલો જેટલુંજ હતું; ૧૯૫૧માં એ ઉત્પાદન વધીને ૧,૦૦,૦૦૦ સાઇકલો જેટલું થયું. ખરેખર, આ એક મોટી પ્રગતિ છે અને એ માટે અમે ગર્વ લઇએ છીએ.

હવે અમે અમારા કારખાનાને એનાથી પણ વધુ ઉત્પાદન—દરરોજ ૫૦૦ સાઇકલો જેટલું—કરી શકે એવું બનાવ્યું છે જેનાથી એની ઉત્પાદનની ગતિ દર ૨ મિનિટે ૧ સાઇકલ જેટલી થાય છે. અમને વિશ્વાસ છે કે ઉત્પાદનમાં આ પ્રકારની પ્રગતિ, સાઇકલોની આયાતમાં મોટો ઘટાડો કરશે અને કિંમતી પરદેશી હુંડીયામણ બચાવશે.

હિન્દ—ભારત માટે ભારતમાં બનાવેલી

હિન્દ સાઇકલ્સ લિમિટેડ, ૨૫૦ વરલી, મુંબઇ ૧૮. [illegible]

અખંડ આનંદ

વર્ષ ૫, અંક ૯]

તંત્રી : સોપાન

[જુલાઈ ૧૯૫૨

પ્રગતિ અને પ્રવૃત્તિ

દરેક માણસ પોતાની જીવનદષ્ટિ અનુસાર વિકાસની વ્યાખ્યા નક્કી કરે છે ને તે પછી જીવનની પ્રવૃત્તિ ગોઠવે છે. વિકાસ ઇચ્છનાર નવીનવી પ્રવૃત્તિ કરવા પ્રેરાય એ સ્વાભાવિક છે. ચાલ્યા વિના જેમ માર્ગ કપાય નહિ અને પોષણ વિના કોઈ જીવી શકે નહિ, તેમ પ્રવૃત્તિ વિના વિકાસ થાય નહિ. ચૈતન્યનો સ્વભાવ જ ગતિ કરવાનો છે એટલે કોઈ તેને રૂંધવા ઇચ્છે તોપણ રૂંધી શકે નહિ. પ્રગતિ નહિ તો પરાગતિ, પણ ગતિ વિના તો જીવન જ અશકય બની જાય.

પ્રવૃત્તિને અનિવાર્ય માની, એની પસંદગી જીવનદષ્ટિ અનુસાર થવી જોઈએ તે પણ સ્વીકાર્યું; એ પછી પ્રશ્ન એ ઊઠે છે કે પ્રવૃત્તિનો આરંભ કયારે કરવો ? સફળતાની પાકી ખાતરી થયા પછી જ પ્રવૃત્તિ શરૂ કરવી જોઈએ કે 'થઈ રહેશે' એમ વિચારી ઝુકાવી દેવું જોઈએ ? પ્રવૃત્તિ શરૂ કરતાં પહેલાં સફળતા–નિષ્ફળતાનો અંદાજ બાંધવાનું અને તમામ સંયોગોનો વિચાર કરવાનું તો સૌ કોઈ કહે છે; પરંતુ આટલું કર્યા પછી સફળતા વિષે પાકી ખાતરી ન જણાય તો શું કરવું ? જયાં સફળતાની આશા જ ન હોય ત્યાં અટકી જવાની સલાહ સૌ કોઈ આપી શકે, સફળતાની ખાતરી હોય તો અકસ્માતના અણધાર્યા સમયનો સામનો કરવાની હિંમત પણ સૌ આપે: પરંતુ મધ્યમ સ્થિતિ હોય તો ? કોઈવાર આશાનું અને કોઈવાર નિરાશાનું પ્રમાણ વધતું હોય તો ? આવી સ્થિતિમાં પ્રવૃત્તિ શરૂ કરવાનું ડહાપણભર્યું લેખાય કે નહિ ?

કેટલાક એમ કહે છે કે કાર્યનો આરંભ કરતાં પહેલાં હજારવાર વિચારવું, પણ એક વાર એ શરૂ થાય, પછી તો કોઈપણ ભોગે તે પાર પાડવું જ. આનો અર્થ શું એ છે કે સફળતાની પાકી ખાતરી થાય નહિ ત્યાં સુધી કાર્યનો આરંભ જ ન કરવો ? પ્રગતિ ચાહનારે જીવનમાં સાહસ કરવું ઘટે કે નહિ ? અમુક હદ સુધી ચાલ્યા પછી, અનુભવ લીધા પછી અજાણ્યા માર્ગે પણ ઝુકાવવું કે નહિ ? જોઈજોઈને પગલું ભરનાર ઠોકર ખાય નહિ, કંઈક માર્ગ પણ કાપે, પરંતુ એમાં કદી વેગ આવે ખરો ? આવા ધીમી ગતિએ ચાલનારથી કોઈ મહાન કાર્ય થઈ શકે ખરું ?

એક વસ્તુ સમજી લેવાની છે: જે પરાજયથી ડરે તે જ્વલંત વિજયનો અધિકારી બની શકે નહિ, જે નિષ્ફળતાની કલ્પનાથી જ તૂટી પડે તે ભવ્ય સફળતાનું સ્વપ્ન પણ સેવી શકે

નહિ. આંધળુકિયાં કરવાનો સવાલ જ નથી, જાણી જોઈને કોઈ ખાડામાં ન ઊતરે. નિષ્ફળતા દેખાતી હોય ત્યારે પ્રવૃત્તિનો પ્રારંભ થઈ શકે નહિ, પરંતુ સફળતાની પાકી ખાતરી વિના કાર્યનો આરંભ જ ન કરવો એ તો કાયરતાની નિશાની છે. જ્યાં હારી જવાની ખાતરી હોય ત્યાં લડાઈ છેડવામાં શાણપણ નથી અને જ્યાં સહેલાઈથી વિજય મળે એમ હોય ત્યાં લડી લેવામાં વીરતા નથી. હાર-જીતનાં પગલાં સરખાં લાગતાં હોય ત્યારે વિજયની શ્રદ્ધા અને ખુમારી સાથે જે યોદ્ધો રણમેદાનમાં આવે છે તે વીર છે અને તે વિજયનો સાચો અધિકારી છે. આવો યોદ્ધો હારી જાય તોયે તેની વીરતાની પ્રશંસા થાય છે. વિજયની નહિ તો પરાજયની ભવ્યતા તો તેને પ્રાપ્ત થાય જ છે.

પ્રગતિ ચાહનારે સૌ પ્રથમ એ વિચારવું જોઈએ કે જે પ્રવૃત્તિ તે કરવા ચાહે છે તે કલ્યાણકારી છે? વિકાસને પંથે લઈ જનારી છે? એમ લાગે છે કે વહેલેમોડે એ પ વિહર્યા વિના છૂટકો જ નથી? જો જવાબ હકારમાં હોય તો સ્થિતિ-સંયોગોનો, શક્તિ-અશક્તિનો અને સફળતા-નિષ્ફળતાનો વિચાર કરવો. નિષ્ફળતાનો સંભવ વધુ દેખાતો હોય તો તેનાં કારણો શોધવાં અને તે દૂર કરવાં. સફળતાના સંયોગો જો વધારે દેખાય તો વધુ હિંમતથી આગળ ધપવું. જો પ્રવૃત્તિ જ દોષયુક્ત હોય તો કશું વિચારવાનું રહેતું નથી. એવી પ્રવૃત્તિમાં સફળતા મળે કે નિષ્ફળતા, જીવનના વિકાસ અને કલ્યાણની દૃષ્ટિએ તેની કશી કિંમત જ નથી.

આપણે ત્યાં બાળમરણનું પ્રમાણ વિશેષ છે: એ જેમ મનુષ્યજીવનને લાગુ પડે છે, તેમ પ્રવૃત્તિને અને સંસ્થાઓને પણ લાગુ પડે છે. 'આરંભે શૂરા'નો આક્ષેપ ઘણા પ્રમાણમાં સંભળાય છે અને તેમાં તથ્ય પણ છે, પરંતુ આનો અર્થ એ નથી કે સલામત માર્ગે જ કદમ ઉઠાવવાં જોઈએ. જો દુનિયામાં પ્રયોગો ન થાય, સફળતાની પાકી ખાતરી ન હોય છતાં પ્રવૃત્તિ ને પ્રયત્નો ન થાય તો કોઈ પ્રકારની શોધ કે સિદ્ધિ પ્રાપ્ત થઈ શકે જ નહિ. આ બાબતમાં માણસ માત્રે વિજ્ઞાનીની દૃષ્ટિ કેળવવી જોઈએ. એ ફરીફરી પ્રયોગો કરે છે ને તેની દરેક નિષ્ફળતા સફળતાનું એક પગથિયું બની જાય છે. વિજ્ઞાનીને સફળતાની પૂરી ખાતરી હોતી નથી, ખાતરી હોય તો પ્રયોગ કરવાપણું રહે જ નહિ, છતાં તેની પાસે જે સામગ્રી ને પાછલો અનુભવ હોય છે તેના જોર ઉપર એ પ્રયોગ કરે છે. સફળતાની આશા એ રાખે જ છે અને એની શ્રદ્ધા કદી મોળી પડતી નથી. આ કારણે જોખમી માર્ગે ચાલતાં તેને કદી ડર લાગતો નથી.

વિકાસ ચાહનાર સફળતાની આશા રાખે, એ માટે આવશ્યક પરિસ્થિતિ પણ પેદા કરે, પરંતુ કલ્યાણકારી પ્રવૃત્તિ શરૂ કરવામાં નિષ્ફળતાના ડરથી એ થોભે તો નહિ જ. જે રીતે જે થોભે છે તે કોઈ દિવસ આગળ ધપી શકતો નથી. સાનુકૂળ સંયોગોના ધક્કાથી જ જે આગળ જાય તે પ્રતિકૂળ સંયોગોમાં પાછો ફેંકાઈ ગયા વિના રહે જ નહિ. જે પોતાના બળે જોખમ ખેડતો આગળ ગયો હોય તે પ્રતિકૂળ પવન વખતે પ્રગતિ ન કરી શકે, પરંતુ પોતાના સ્થાન ઉપર તો અવશ્ય ટકી શકે. આ રીતે સ્થાન ઉપર અચળ રહેનાર પ્રતિકૂળ પવનના વાયરા બંધ પડતાં વિશેષ અને અનુકૂળ પવન આવતાં અસાધારણ વેગથી આગળ ધપે એ, સ્વાભાવિક છે.

શ્રી

શ્રીમદ્ ભાગવત

લેખક :
શ્રી નાનાભાઈ ભટ્ટ

શ્રીકૃષ્ણનું ચરિત્ર મહાભારત કરતાં વિશેષ ભાગવતમાં મળે છે. ભાગવત જગતના સન્માન્ય ગ્રંથોમાંનો એક મહાન ઊર્મિગ્રંથ છે. એની કવિતાનું રહસ્ય ન સમજીએ તો બુદ્ધિવાદીને ગપ્પાં જેવું ને શ્રદ્ધાવાદીને ચમત્કાર જેવું લાગે. હિંદુ ધર્મશાસ્ત્રના અભ્યાસી શ્રી નાનાભાઈએ આ પ્રવચનમાં શ્રદ્ધાબુદ્ધિના સુમેળ સાથે કવિતાનું રહસ્ય સમજાવ્યું છે.

મને પોતાને ભાગવત તરફ આદર છે. પહેલાં તો દર વર્ષે બે વખત જુદાંજુદાં ગામડાંઓમાં હું ભાગવતની સપ્તાહ કરતો અને હજી પણ કરવાનો મારો સંકલ્પ છે. હું ગામડાંઓના લોકોને ઉપદેશ દેવા એમ કરું છું તેના કરતાં મારી જાતના સંતોષને ખાતર કરું છું એમ મારે કબૂલ કરવું જોઈએ.

ભાગવતને ઘણી દૃષ્ટિથી આપણે જોઈ શકીએ છીએ. ભાષાશાસ્ત્રી હોય તે સંસ્કૃતમાં ભાષાની દૃષ્ટિએ ભાગવત શું સ્થાન ભોગવે છે એ સમજાવી શકે. કોઈ કવિ હોય તો કાવ્ય તરીકે તે જગતનાં કાવ્યોમાં કેવું સ્થાન પામી શકે તે કહી શકે. વળી બીજો કોઈ ભક્તિમાર્ગનો અભ્યાસી હોય તો જુદાજુદા ભક્તિમાર્ગની કેવી રીતે સ્થાપના થઈ એ ચર્ચા કરી શકે. વળી કેટલાક કૃષ્ણ ભગવાન ઐતિહાસિક થઈ ગયા કે નહીં વગેરે વગેરે અનેક દૃષ્ટિથી લોકો ભગવાનને જોઈ શકે છે. મેં તો સીધુંસાદું ભાગવત જ જોયું છે અને મેં જોયું છે એ રીતે હું આજે તમને કહું છું.

ભાગવત એ કૃષ્ણચરિતનો ગ્રંથ છે. કૃષ્ણ પોતાના યુગના મહાપુરુષ થઈ ગયા. એ વાત પ્રચલિત કરવા અને લોકોને એ ઉચ્ચ માર્ગે લઈ જવા, એ એની પાછળનો ઉદ્દેશ છે. જ્યારે જ્યારે લોકોત્તર પુરુષોને શાસ્ત્રકારો વર્ણવે છે, ત્યારે ત્યારે તેની ઉપયોગિતા પોતાના યુગમાં તેઓ જે નવાં મૂલ્યાંકનો ઊભાં કરે છે તેમાં છે. મોટા પુરુષો પોતાના જીવતરથી તે વખતનાં મૂલ્યાંકનોને ફેરવે છે તે જ તેમની મોટી કિંમત છે. જેમ ભગવાન મહમ્મદે પોતાના વખતના અરબસ્તાનનાં મૂલ્યાંકનો ફેરવ્યાં, તેથી તે અરબસ્તાનના ભગવાન ગણાયા, તેમજ ભગવાન કૃષ્ણે તે વખતના હિંદુ સમાજનાં મૂલ્યાંકનોમાં પરિવર્તનો કર્યાં અને એટલે જ તે ભગવાન થયા.

હું આજે ભાગવતની કેટલીક વાતો જ કરીશ. હું આજે અહીં બેઠો છું તેવી જ રીતે અગાઉના વખતમાં ભૃગુકુળના આશ્રમમાં બેસીને સૂતપુરાણી બ્રાહ્મણોને કથા કહેતા હતા. તે વખતે બાર વર્ષનો યજ્ઞ ચાલતો હતો અને વચ્ચેવચ્ચે બ્રાહ્મણો સૂતપુરાણી પાસે કથા સાંભળતા. એકવાર ભાગવતની કથા ચાલતી હતી, ત્યાં ભગવાન બળરામ આવી ચડ્યા. બ્રાહ્મણો બધા ઊભા થયા. ભૃગુકુળના તે વખતના બ્રાહ્મણો ચુસ્ત સનાતની હતા. જેમ આપણા શાસ્ત્રની અંદર શંકરના સસરા તરીકે ઓળખાતા દક્ષ પ્રજાપતિ તેમના વખતના મોટા ક્રાંતિકારી જેવા હતા અને તેમની સામે ભગવાન શંકર સ્વૈરવિહારી હતા. તેમ આ ભૃગુકુળના બ્રાહ્મણો ચુસ્ત ક્રાંતિકારી હતા. તેમની પાસે સૂતપુરાણી કથા કરે. હવે શાસ્ત્રની મર્યાદા છે કે જે વ્યાખ્યાતા હોય તે વ્યાસપીઠ ઉપર હોય ત્યાં સુધી ભગવાન સિવાય બીજાને નમે નહીં; એટલે ભગવાન બળભદ્ર આવ્યા ત્યારે બીજા બ્રાહ્મણો ઊભા થયા પણ સૂતપુરાણી ઊભા

થયા નહીં. બળરામ તો હતા ક્રોધી. તેમને ગુસ્સો ચડ્યો કે આ બધા બ્રાહ્મણો ઊભા થાય છે અને આ દાસીસુત સૂતપુરાણી ઊઠતો પણ નથી. તેથી તેમણે તેને શાપ આપ્યો અને સૂતપુરાણીનું મૃત્યુ થયું. આ બનાવથી બ્રાહ્મણોમાં તો મોટો કોલાહલ થઈ પડ્યો. હમેશાં રૂઢિચુસ્ત લોકોમાં જ્યારે વાંધો પડે છે, ત્યારે તેઓ શાસ્ત્રનો આશ્રય લે છે. મૂર્ખ પંડિતોએ વડાં જોયાં અને શાસ્ત્રમાં જોઈને કહ્યું કે 'छिद्रेष्वनर्था बहुली भवन्ति।' છિદ્રો હોય તો અનર્થ ઘણો વધે છે એથી એમણે વડાં ખાધાં નહીં. આ રૂઢિચુસ્ત માનસની નિશાની છે. આમ શાસ્ત્રો જોઈને બ્રાહ્મણોએ તો બલરામને કહ્યું, કે સૂતનો શિરચ્છેદ એ તો સભા આખીનો શિરચ્છેદ છે, માટે તમારે પ્રાયશ્ચિત્ત કરવું પડશે. બળરામ તો ગભરાયા અને વધારે વખત માટે પાછા તીર્થયાત્રા કરવા નીકળી પડ્યા; પણ બ્રાહ્મણોને કથા કોણ કહે? એટલે ભગવાન બળરામે સૂતપુરાણીના દીકરા સૌતીમાં તેજ મૂકયું, બ્રાહ્મણોએ તેનું વરણ કર્યું અને તેણે કથા કરી. એટલે જે માણસ કથા કરવા બેસે તે ગમે તે જાતનો હોય પણ તેની કિંમત ઊંચી છે, એ જાતનું ભાગવત એક નવું મૂલ્યાંકન બતાવે છે.

એવી જ બીજી મૂલ્યાંકનની વાત મૂકું છું. એક વખત ગોવાળિયા બધા કૃષ્ણ ભગવાન સાથે ઢોર ચારવા ગયા. હમેશાં તો ખાવાનું લઈને જાય પણ તે દિવસે વહેલા પાછા ફરશે એમ ધારી લીધેલું નહીં. પણ દૂર નીકળી ગયા હશે અને લાગી ભૂખ. કૃષ્ણને કહે; 'ખાવાનું અપાવો.' કૃષ્ણ કહે : 'આ પાસે ભૃગુકુળના બ્રાહ્મણોનો આશ્રમ છે ત્યાં યજ્ઞ થાય છે. જાઓ અને માગો તો પ્રસાદી મળશે.' છોકરાઓ સાંભડથોભા જેવા હાથમાં ડાંગ, પગમાં જૂના જોડા, ખભે ખેસિયું અને હાલ્યા આશ્રમમાં. એમને આશ્રમમાં યજ્ઞ નજીક પેસતા જોઈને બ્રાહ્મણો તો ગુસ્સે થયા અને વઢવા માંડ્યા કે કોણે તમને અહીં મોકલ્યા? છોકરાઓ કહે, 'અમને ખાવાનું લેવા મોકલ્યા છે.' 'કોણે મોકલ્યા છે? તમને ખાવાનું બ્રાહ્મણો પહેલાં ન અપાય;' વગેરે તડાતડી થઈ અને છોકરાઓ તો કાંઈ લીધા સિવાય પાછા ગયા. કૃષ્ણને ગાળો દેવા લાગ્યા, કે 'તું જ અમને હેરાન કરે છે—નકામા મોકલ્યા.' કૃષ્ણ કહે: 'ફરી એક વખત ત્યાં જાઓ.' છોકરાઓ કહે, 'અમે કોઈ વાતે ન જઈએ.' કૃષ્ણ કહે, 'ત્યાં યજ્ઞકુંડ નજીક જ સ્ત્રીઓનો આવાસ છે, ત્યાં જઈને કહેજો કે ભૂખ્યા છીએ અને ખાવાનું જોઈએ છે.' એટલે છોકરાઓ ગયા. સ્ત્રીઓ તો ભૂખ્યા છે એમ સાંભળીને તરત જ ઘરમાં જે હતું તે લઈ છોકરાઓને ખવડાવવા નીકળી પડી. બ્રાહ્મણો ખૂબ જ ગુસ્સે થયા અને એક જણે તો પોતાની સ્ત્રીને ઓરડામાં પૂરી દીધી. પણ બીજી સ્ત્રીઓ તો ગઈ જ્યાં બધા છોકરા એકઠા થયા હતા ત્યાં ખાવાનું દેવા. બ્રાહ્મણો પાછળ પાછળ ગયા અને ભગવાનને ત્યાં જોઈ શરમાઈ ગયા. કૃષ્ણે કહ્યું, 'તમારો યજ્ઞ અધૂરો જ રહેવાનો. તમારી પાસે ધર્મ છે તે પંડિતાઈનો છે. આ સ્ત્રીઓ પાસે જે ધર્મ છે તે હૃદયનો છે.' પંડિતાઈનો ધર્મ જીવતરમાં કામ આવતો નથી. એ ધર્મનું વ્યાખ્યાન કોલેજમાં ચાલે. જીવતરનાં બાણ વાગે એવો ધર્મ પંડિતાઈમાંથી નીકળતો નથી. એટલે ભગવાને બ્રાહ્મણોને કહ્યું કે તમારો ધર્મ કેવળ પંડિતાઈનો છે. બ્રાહ્મણોએ પ્રાર્થના કરી કે 'મહારાજ! અમારો યજ્ઞ અધૂરો રહે છે.' ત્યારે ભગવાને કહ્યું કે 'આ જ સ્ત્રીઓને લઈ જાઓ અને તેમને સાથે રાખીને યજ્ઞ કરો તો જ તે યજ્ઞ પૂરો થાય.' આમાં રહેલાં મૂલ્યાંકન તરફ તમારું ધ્યાન ખેંચું

છું. મોટી પંડિતાઈની કિંમત અને છાંટાભાર નીતિના આચરણની કિંમત વચ્ચે આ ભેદ છે. ભુક્કા ભરેલો ભંડાર હોય પણ તેમાંથી કંઈ ઘઉંનો દાણો ન નીકળે તો તેની ઝાઝી કિંમત નથી.

ભાગવતમાં આવાઆવા ઘણા દાખલા છે. આજે તો માત્ર તમને તેની વાનગી આપું છું. આવો એક ફેરફાર કહું છું.

આપણે ત્યાં એટલે હિંદુઓમાં જેટલા જેટલા ઈશ્વરના અવતારો અને જેટલા જેટલા મહાપુરુષોનાં જન્મો થયા છે, એ બધા મહાપુરુષો અને ભગવાનો ઘણેભાગે બ્રાહ્મણ અને ક્ષત્રિયને પેટે જ જન્મે છે. એ પ્રણાલિકા કવિ તોડી નહીં શક્યા હોય તેથી, કે બીજા કોઈ કારણસર કૃષ્ણનો જન્મ તો ક્ષત્રિયમાં થયો, પણ તેમનો બધો ઉછેર અભણ જેવા ગણાતા ગોવાળિયાને ત્યાં થયો. આ પણ એક ફેરફાર ગણાય.

કૃષ્ણ પરમાત્મા ગોકુળ છોડી મથુરામાં રહેવા આવ્યા. થોડા વખત પછી તેમને સાંભર્યું કે તેમણે ગોપીઓને મળવા જવાનું વચન આપ્યું છે. પણ પોતે જઈ શકતા નહોતા એટલે ઉદ્ધવજીને મોકલ્યા. ઉદ્ધવજી જઈને જુએ તો યમુનાને કાંઠે ગોપીઓ મદમસ્ત પડેલી. ઉદ્ધવને આવેલા જોઈને ગોપીઓએ તેમની પાસે કૃષ્ણનો સંદેશો માગ્યો ઉદ્ધવે કહ્યું, ‘ શ્રીકૃષ્ણ...... ’ એમ કહીને જ્યાં શરૂ કરે છે ત્યાં જ ગોપીઓ બધી બેભાન થઈ ગઈ. આ જોઈને ઉદ્ધવ તો વિચારમાં પડી ગયા. તેમણે ભગવાન પાસે માગેલું કે ‘ મને યોગની દીક્ષા આપો. ’ ભગવાને કહેલું કે ‘ હમણાં તો રાજકારણમાં મને વખત મળતો નથી પણ જરા સમય મળશે ત્યારે તને સમજાવીશ. ’ પણ ગોપીઓ તો ભગવાનનું નામ સાંભળીને જ નિર્વિકલ્પ સમાધિમાં પડી ગઈ. જ્યારે જાગ્રત થઈ ત્યારે કૃષ્ણ ભગવાન વિષે સમાચાર પૂછ્યા: ‘ તેઓ શું કરે છે ? શું ખાય છે ? પીએ છે ? કૃષ્ણે શો સંદેશો કહાવ્યો છે ? ’ પૂછતાં ઉદ્ધવે કહ્યું કે ‘ કૃષ્ણે કહાવ્યું છે કે ‘ ગોપીઓ પોતાનું ચિત્ત મારામાં પરોવીને રહે. ’ ગોપીઓ કહે કે ‘ ચિત્ત તો એ જ ચોરી ગયો છે. એટલે અમે અર્પણ શું કરીએ ’ અને ફરી વાર સમાધિમાં પડી ગઈ. ઉદ્ધવ આમને શું ઉપદેશ આપે ? તેમને યોગ તો સુલભ હતો. અંતઃકરણનો એકતાર થઈ જાય એ આ ગોપીઓની કલ્પનામાં છે.

એકવાર બધા ગોવાળિયાઓએ વિચાર કર્યો કે ઇંદ્રનો મોટો યજ્ઞ કરવો અને ઇંદ્રનું ધામધૂમથી પૂજન કરવું. ઇંદ્ર એટલે તે જમાનાનો મોટો દેવ. એ વખતે વેદના દેવો લોકોના મગજમાંથી ખસી ગયા હતા; છતાં ગોવાળિયાઓએ તો ઇંદ્રનું પૂજન કરવા કલ્પના કરી. પણ કૃષ્ણે પોતાના પિતાને પૂછ્યું કે ‘ આપણે આ દેવને શા માટે પૂજીએ ? આપણે તો આ ગોવર્ધન પર્વત–જે આપણાં ઢોરોને ખાવાનું પૂરું પાડે છે તેને પૂજવો જોઈએ. ’ એટલે ગોવાળિયાઓએ તો પર્વતની પૂજા કરવાનું નક્કી કર્યું. આથી ઇંદ્ર ગુસ્સે થયો અને પોતાના મિત્રો–૪૯ મરુતોને એકઠા કરી મૂશળધાર વરસાદ વરસાવ્યો કે એક વખત આ પર્વત પણ તણાઈ જાય. પણ ગોવાળિયાના ટેકાથી કૃષ્ણે તો પોતાનો નિર્ણય મક્કમ રાખ્યો કે ઇંદ્રની પૂજા કરવી નથી અને તે ન કરી. તેમણે તો નક્કી કર્યું કે ‘ નવી સમાજવ્યવસ્થાને માન આપી જૂની વ્યવસ્થાએ ખસવું જ જોઈએ. ’ એ ન્યાયે ઇંદ્રની પૂજા જવી જ જોઈએ. આ શ્રીકૃષ્ણનો મૂલ્યાંકન ફેરવવાનો ઉલ્લેખ છે.

એવો જ એક પ્રસંગ–આપ કદાચ જાણતા હશો કે કુબ્જાને લગતો છે. કુબ્જાનાં અનેક વર્ણનો છે પણ તે તે વખતે વારાંગના હતી

અને તે હિસાબે પતિતા ગણાય. પણ કૃષ્ણ ઉપર તેની અસાધારણ શ્રદ્ધા; એટલે કૃષ્ણ જ્યારે કંસને મારીને પહેલવહેલા આવ્યા, ત્યારે લોકમતની પરવા કર્યા સિવાય કુબ્જાને ત્યાં પહેલા ગયા. કુબ્જા વારાંગના હતી એટલે કૃષ્ણ ત્યાં ન જઈ શકે એ જાતની લોકમાન્યતા હતી તે કૃષ્ણે નાકબૂલ કરી.

આવીઆવી અનેક વાતો ભાગવતમાં છે. કોઈ પણ યુગપુરુષ પોતાના યુગમાં ચાલ્યાં આવતાં મૂલ્યાંકનો હોય તેનો થર ઉથલાવીને તેની જગ્યાએ નવાં મૂલ્યાંકનો ઊભાં કરે છે. અને તેથી જ તે મહાપુરુષ કહેવાય છે; પણ બને છે એવું કે આવા ફેરફારો સામાન્ય સમાજ જલદી ઝીલી શકતો નથી. એ ઝીલવા જેટલી મનની કે અંતઃકરણની લાયકાત હોતી નથી. એટલે સામાન્ય રીતે એ બહારની ક્રિયા કરવા લાગી જાય છે અને આ મૂલ્યાંકનની વાત સમજાતી નથી. બાહ્ય આચાર ઉપર જ ભાર દેવાય છે. ભાગવતના સંબંધમાં પણ આવું બન્યું છે એમ મારે અફસોસ સાથે કબૂલ કરવું જોઈએ. ભાગવતની ઉચ્ચ અધિકારની સ્થિતિ ત્યારે જ મળે, જ્યારે માણસ સામાન્ય નીતિનિયમો તો પાળતો જ હોય. આજે તો સામાન્ય માણસથી જરાક જુદું કરે એટલે લોકોમાં પ્રતિષ્ઠા પામે. એક માણસ છાશ ને મરચાં ખાઈને જ રહેતો. એટલે જ લોકો તેને પૂજવા માંડ્યા! આપણે લોકો બાહ્યાચાર ઉપર જોઈએ તે કરતાં વધારે ભાર આપી દઈએ છીએ. કથાકારે મીઠું-મરચું ભભરાવીને વાત લખી હોય તો તે મીઠામરચાંને જ માથે ભાર મૂકીએ છીએ અને ખરાં મૂલ્યાંકનો ભૂલી જઈએ છીએ: જેમકે ભાગવતમાં વાત છે કે ભગવાન નાના હતા અને સૂતા હતા તે વખતે પાટુ માર્યું કે ગાડું ઊંધું વળી ગયું. આમ બને જ નહીં, જગતમાં માણસ અવતરે ત્યારે જગતના નિયમને તે આધીન છે તે વસ્તુ ભુલાવી જોઈએ નહીં. ભગવાનનો જન્મ પુરુષનો હોય તો તે માને પેટે જ થવો જોઈએ. બીજી રીતે થઈ શકે જ નહીં. આ વાત આપણે કૃષ્ણના જન્મના સંબંધમાં ભૂલી જવી જોઈએ નહીં. પુરુષનું શરીર લીધું હોય તો તેના બધા નિયમો તેને લાગુ પડવા જ જોઈએ. બીજી બધી વાતો ગલત ગણવી: જેમકે કૃષ્ણે માટી ખાધી ને પછી જશોદાજીએ મોઢું ઉઘાડવા કહ્યું ત્યાં બ્રહ્માંડ દેખાયું. એક વખત મા ગુસ્સે થયાં અને કૃષ્ણને બાંધવા લીધા. ઘણાં દોરડાં વીંટે પણ ભગવાન બંધાય જ નહીં. છેવટે ભગવાનને દયા આવી અને જાતે જ એક દોરડાથી બંધાઈ ગયા. આવીઆવી વાતોનો કાંઈ અર્થ હોય તો તે એ છે કે તે નિર્ગુણ શબ્દ ઉપર શ્લેષ છે. ભગવાનને કોઈ પણ ગુણથી માપી શકાય નહીં. માત્ર તે અવતાર લે ત્યારે એ ગુણોથી માપી શકાય એ તેનો અર્થ છે. પણ આપણે તો ભગવાનને નામે ગમે તે વાતો માની લઈએ છીએ અને ભગવાન તો ગમે તે કરી શકે એમ કહીએ છીએ તે બરાબર નથી. એ તો અંધશ્રદ્ધા કહેવાય. એક દાખલો આપું. ૧૯૩૦માં હું વિરમગામ ગયો હતો. સત્યાગ્રહનો વખત. તે વખતે ગાંધીજીનું બહુ ચાલે. લોકોએ એક દિવસ મને કહ્યું કે વણીથી બીજા ગામ સુધી દરેક ઝાડ ઉપર સૂતર છે. ભગવાને દયા કરી અને સૂતર આપ્યું. મેં કહ્યું કે એમ હોય નહીં. લોકો માને નહીં અને લેવા મોકલ્યા તો કાંઈ નીકળ્યું નહીં. કોકે ગાળો ગબડાવ્યો અને લોકો ભળ્યા. પણ ખરું જોતાં જગતના નિયમની બહાર ભગવાનની મરજી પણ થઈ શકતી નથી. એ આપણે ભૂલવું ન જોઈએ. પાણી જોઈતું હોય તો (એચ. ટુ. ઓ.) H_2O જ જોઈએ. એટલે કોઈ પણ ભગવાનના સંબંધમાં

આવી ભૂલભરેલી માન્યતા હોય તો તેની વિજ્ઞાનના નિયમ પ્રમાણે પરીક્ષા કરવી જોઈએ. જેટલું જ્ઞાન મનુષ્યની મારફત ઊતરે તેમાં મનુષ્યની સમજણ વગેરેની ત્રૂટીઓ આવવાની જ. એટલે કોઈ પણ ધર્મમાં આવા દોષો આવવાના જ. જેમ તમને કોઈને મારા તરફ ભાવ થાય અને મારું તૈલચિત્ર દોરી આપો તો કાંઈ મને રૂડોરૂપાળો નહીં ચીતરો. હું છું તેવો જ ચીતરશો. એટલે ભગવાનને મનુષ્યના અવતારમાં કલ્પીએ ત્યારે તેની મર્યાદાઓ પણ કલ્પવી જ જોઈએ. ભગવાન વિશેની વાતોમાં જો વિચિત્ર વાતો હોય તો તે આપણે માનવી જોઈએ નહીં. હું તો એવી વાતો માનતો નથી અને એટલે જ ભગવાન તરફ મારી વધારે ભક્તિ છે એમ હું કહું છું.

ખરી રીતે દેહધારીના નિયમો જેમ અનિવાર્ય છે તેમ સમાજમાં રહેતા માણસોએ સમાજના સામાન્ય નીતિનિયમો પાળવા જ જોઈએ. આપણે ત્યાં એવી માન્યતા છે કે મોટો માણસ થયો તેને આવા નિયમો પાળવાની જરૂર નહીં. આ માન્યતાને લઈ ને આપણે ત્યાં દુરાચારના અખાડા ઊભા થયા છે. ભગવાન એવું કયું પ્રાણી છે કે જેને સમાજના નિયમો લાગુ ન પડે? માટે દરેક મહાપુરુષે પણ સમાજના સામાન્ય આચાર-વિચારના નિયમો માન્ય કરવા જ જોઈએ. સામાન્ય નિયમો એટલે નીતિનિયમો. મને પોતાને કૃષ્ણનું ચરિત્ર આકર્ષક લાગ્યું છે, તેનું કારણ એ છે, કે તેમણે દુનિયાની અંદર રહીને માણસ કેમ ઉચ્ચ જીવન ગાળી શકે તે બતાવ્યું છે. તેમણે જ્યારે જ્યારે પ્રસંગ મળ્યો ત્યારેત્યારે કહ્યું છે, કે 'મારું શરીર વેદો છે, મારું શરીર બ્રાહ્મણો છે. મારું શરીર તપ છે' વગેરે. એક વખત એમણે કહ્યું છે, કે

निरपेक्षं मुनिं शान्तं वीतरागं गतव्यथम्।
अनुव्रजाम्यहं नित्यं पूयेयमङ्घ्रिरेणुभिः ॥

જેને કોઈ અપેક્ષા નથી, જે શાંત છે, જેના રાગદ્વેષ નાશ પામ્યા છે, જેણે ચિંતા–વ્યથા છોડી છે, એવા સાધુપુરુષોની હું પાછળ જાઉં અને તેમની રજથી હું પવિત્ર થાઉં છું; એટલે તાત્પર્ય એ છે કે મહાપુરુષ સાધુચરિત જ હોવો જોઈએ. મહાપુરુષ થયો એટલે એ ગમે તેમ આચરણ કરી શકે એ ન ચાલે. માત્ર તેમના જીવનની કેટલીક હકીકતો એમ હોય કે જે આપણા ગજથી માપી ન શકાય. છતાં એ ભૂલ ન જ કરે એમ નથી. કોઈ માનો જણ્યો ભૂલ ન કરે એવું નથી. માણસની ભૂલ થાય એ દેહનો ધર્મ છે. એને એ ઓળંગી શકતો નથી એટલે ભગવાન કૃષ્ણનું જીવન આ રીતે તપાસશો તો તમને લાગશે કે એ એ યુગના મહાપુરુષ થઈ ગયા. તેમણે તે વખતનાં ઘણાં મૂલ્યાંકનો બદલ્યાં અને ઘણાં બદલવા પ્રયત્ન કર્યો. આપણે આ મૂલ્યાંકનો કરવાનું ભૂલી ભક્તિમાર્ગના બાહ્ય આચાર ઉપર જોયું એટલે તેનું ખરું માહાત્મ્ય ભૂલી ગયા. બહેનોનું ભાગવતની વાતોમાં ધ્યાન જાય છે, કારણકે કૃષ્ણ એ પ્રેમનો અવતાર છે. રામ ઉપર એટલો પ્રેમ કદાચ ન થાય, કારણ એમના જીવનમાં ફરજના ભાનને લીધે કેટલીક શુષ્કતા દેખાય છે. લાગણીનો પ્રદેશ ભાગવતમાં વિશેષ છે એટલે જ એ ગ્રંથ બહેનોને ગમે છે. એમાં કથાકારો મીઠુંમરચું ભભરાવીને નકામી વાતો ખોસી ઘાલે છે. એકવાર હું ભાગવત-કથા કરતો હતો. કોઈએ પૂછ્યું કે 'વામન અવતાર કયારે થશે?' મેં કહ્યું: 'શા માટે પૂછો છો?' ત્યારે તે બહેન કહે: 'અમારે રૂપાની જનોઈ ને નિસરણી તે વખતે તમને આપવાં છે.' મેં કહ્યું: 'હું એવું કાંઈ કરવાનો નથી.' ભગવાનનો અવતાર થાય એટલે આવી-

આવી ભેટો ને એવું કરવું જ જોઈએ એવું ઠસાવી દીધું હોય છે. ખરું જોતાં આવી વાતો ભાગવતની વિરુદ્ધ છે. વિદ્વાન પ્રોફેસરો તમને ખાતરી આપશે કે દુનિયાની શ્રેષ્ઠ ઊર્મિકથાઓમાં ભાગવતનું સ્થાન છે. મને તો ભાગવતનું ગોપિકાગીત કવિ કાંત અને પ્રો. ખર્વે જેવા પાસે સાંભળવાનું મળ્યું છે; તેની તો ઓર મજા હતી. આજે એવા પ્રસંગો સામાન્ય રીતે જીવનમાં મળતા નથી. ભાગવતનો ખરો સ્વાદ લેવો હોય તો આવા પ્રસંગો અનુભવવા જોઈએ, પણ કથાકારો કેટલીક નાનીનાની વાતો તેમની કથાને લોકપ્રિય બનાવવા અને કેટલીક વખત સારા ઉદ્દેશથી પણ સ્ત્રીઓમાં ફેલાવે છે: જેમકે એક વખત અદિતિ પગ ધોયા સિવાય રાત્રે સૂઈ ગયાં એટલે ઇંદ્રે તેમના ગર્ભમાં પ્રવેશ કર્યો અને ગર્ભના ટુકડા કરી નાખ્યા. હવે પગ ધોઈને સૂવું એ સારું છે, પણ પગ ન ધુએ તો એવું કયું મોટું પાપ થઈ જાય? પહેલાં એવી માન્યતા હતી કે રાત્રે નદી ઓળંગે તો પ્રાયશ્ચિત્ત લેવું પડે. થોડાં વર્ષો પહેલાં જયારે ભાવનગર–વઢવાણ રેલવે લાઈન બંધાતી હતી, ત્યારે ભોગાવો બાંધવાનો પ્રસંગ આવ્યો. લોકો કહેવા લાગ્યા, કે ભોગાવો કોઈ રીતે બંધાઈ શકે જ નહીં પણ ભોગાવો તો બંધાયો. મોટીમોટી નદીઓ બાંધનાર ઇજનેરોને આવી વાતોનું શું મહત્વ હોય? આમ બધી વાતો આપણી મર્યાદા ટૂંકી હોવાથી આપણે સમજી શકતા નથી. જેમ કે પગ ધોઈને સૂવું એ સારું છે પણ તેનું મહત્વ અમુક જ છે. એ જ પ્રમાણે ભગવાનને માટે વ્રતો વગેરે કરવાં એ સારું છે; પણ વ્રતોના મહત્વનું પણ સ્થાન છે.

ભાગવત એ ભક્તિનો ગ્રંથ છે. તેમાં ભક્તિ સિવાયની બીજી વાતો આવે તે વિશે તેની મર્યાદાઓ સમજવી જોઈએ. જેમ અંગ્રેજી કવિતામાં કવિ ફૂલ ઊઘડે તેનું વર્ણન કરતો હોય, ત્યારે તે તેની જીવનશાસ્ત્રની સમજણ પ્રમાણે હોય, તેવી જ રીતે ગ્રંથમાં આવતી ભૂગોળ વગેરેનાં વર્ણનો કથાકારના તે વખતના જ્ઞાન મુજબ હોય છે. આપણે તેને બહુ મહત્વ ન આપવું જોઈએ. એ રીતે ભાગવતમાં ભક્તિ સિવાયની બીજી વાતો આવે તો તે જમાનાના શાસ્ત્રવિજ્ઞાનના જ્ઞાન પ્રમાણે હોય એ આપણે સમજી લેવું જોઈએ.

★

સ્વામી રામદાસ એક વખત ટ્રેનમાં મુસાફરી કરતા હતા. ટ્રેન ચાલુ હતી તે દરમિયાન સામે બેઠેલા બે યુવકોમાંના એકે અંગ્રેજીમાં કહ્યું :

‘જોયો પેલો સામે બેઠો છે તે સાધુ! ઢોંગધતૂરા કરતા નીકળી પડેલા સાધુસંન્યાસીઓની જમાતનો લાગે છે. મફતનાં માલપાણી આરોગવાનાં મળે, માટે જ સંન્યાસ ધારણ કર્યો હશે! દંભી, જુઠ્ઠો-લબાડ!’

પેલાને એમ કે અંગ્રેજીમાં બોલીશ તો આ ક્યાંથી જાણવાનો હતો? પરંતુ એ વાતચીત પૂરી થઈ કે તુરત જ બે હાથ જોડીને રામદાસે એમને કહ્યું:

‘હે દયાળુ મિત્રો! તમે જે અભિપ્રાય આપ્યો, તેની સાથે હું સંપૂર્ણ સહમત થાઉં છું. આ સાધુ દંભી, જુઠ્ઠો લબાડ છે, તદ્દન સાચું છે. પેટ ભરવા માટે જ મેં સંન્યાસ ધારણ કર્યો છે; પરંતુ એક વધુ વાત આ સાધુ વિશે હું તમને જણાવું. દરેક પળે એ રામનું નામ દે છે અને પોતાને વધુ પવિત્ર બનાવવા માટે, શ્રીરામને જ માટે જીવન જીવવાની પ્રાર્થના કરતો રહે છે. આ સાધુનો એવો નમ્ર અભિપ્રાય છે કે રામ એને સુધારવા માટે જ આ જીવનપ્રવાસ ખેડાવી રહ્યા છે!’

આ સાંભળતાં જ બંને એમને પગે પડ્યા; ને પોતાની હલકી ટીકા માટે એમણે ક્ષમા યાચી.

×

ધર્મ અને જીવન

લેખક :

સ્વામી અદ્વૈતાનંદજી

જેમ જેમ માનવસમાજ પ્રગતિને પંથે આગળ ધપતો જાય છે, તેમ તેમ વ્યક્તિગત અને સામૂહિક જીવનની સમસ્યાઓ વધારે ને વધારે જટિલ બનતી જાય છે. દશ્યમાન જગતના અધિષ્ઠાન તરીકે એક શાશ્વત તત્ત્વ છે, તે સચ્ચિદાનંદ સ્વરૂપ છે. આ વિદ્યમાન સંસાર તેનું જ પ્રતીક છે, સાકાર સ્વરૂપ છે. આ સત્યનો મનુષ્યને અનુભવ થયો ત્યારથી માનવઉત્કર્ષનો મૂળ મંત્ર તથા તેનું વાસ્તવ સ્વરૂપ બુદ્ધિની પકડમાં આવી ગયું છે. પ્રત્યેક સંસ્કૃતિનો હેતુ આ ઐક્યની અનુભૂતિ કરી તેને આંતરબાહ્ય ક્ષેત્રોમાં મૂર્ત આકાર આપવાનો છે. માનવચિત્તની દુર્બળતાને લીધે આ ઉચ્ચતમ આદર્શને જીવનમાં અપનાવી શકાતો નથી. તેથી સમાજના વિકાસમાં ભરતી અને ઓટ આવ્યાં કરે છે અને વ્યક્તિની માફક સમૂહને પણ ઇષ્ટ, અનિષ્ટ અનુભવોમાંથી પસાર થવું પડે છે.

વિશ્વમાં અખંડતા અને એકતા હોવાથી આખા જગતનું કલ્યાણ કરવાના પ્રયત્ન વિના એકાદ પ્રજા કે જાતિના હિત તરફ દૃષ્ટિ રાખીને જ કામ કરવાથી કોઈ પણ મહા પ્રશ્નનું નિરાકરણ થવાનું નથી. આ વાત સર્વ દેશોના અગ્રગણ્ય વિચારકોને હવે સ્પષ્ટ રીતે સમજાવા લાગી છે. આ ભાવનાને સક્રિય રૂપ આપવાનું સામર્થ્ય બતાવવામાં આવશે તો મનુષ્યજાતિનું ભાવિ ઉજજવળ થશે એ નિઃશંક છે.

અન્ય દેશોના પ્રશ્નો કરતાં ભારતના પ્રશ્નો વધારે વિકટ છે. જાતિ, ધર્મ, ભાષા વગેરેમાં પુષ્કળ વૈવિધ્ય આપણા દેશમાં જોવામાં આવે છે. આ પ્રભેદ છતાં પ્રજામાં એકતાનું ભાન કરાવનાર પરંપરાથી ચાલી આવતી ધર્મભાવના છે. એનો જ આશ્રય લઈને આપણા પૂર્વજોની માફક આપણે ત્વરિત ગતિથી આગળ વધીને નૂતન સર્જન કરવાને શક્તિશાળી થઈશું.

'ધર્મ' શબ્દ આપણે સંકુચિત અર્થમાં વાપરવાનો નથી. 'ધર્મ'ના બે વિભાગો હોય છે: ચલ અને અચલ. ક્રિયાકાંડ આગંતુક છે. દેશ, કાળ અનુસાર તેમાં ફેરફાર કરવો જ જોઈએ. ધર્મના સામાન્ય અને સર્વમાન્ય સિદ્ધાંતો જ અવિચળ છે. આ તત્ત્વો જ જીવનપ્રદ, બળપ્રદ છે અને તેમને વ્યવહારમાં મૂકવાનું આપણું મુખ્ય કર્તવ્ય છે; કારણકે આપણી પ્રજાના જીવનનો પ્રવાહ આ દિશામાં છે અને સર્વ પ્રકારની ઐહિક ઉન્નતિનો પાયો પણ એકત્વની ભાવનામાં છે.

સનાતન-ધર્માવલંબીઓ માને છે કે મનુષ્ય ત્રણ પદાર્થોનો બનેલો છે: સ્થૂળ શરીર, મન અને આત્મા. આત્મા અનાદિ, અનંત, અવિનાશી છે. શરીરો તેનાં કરણો છે. આ કરણો એટલાં વિશુદ્ધ કરવાં કે આત્માની સંપૂર્ણ પ્રતીતિ થઈ તેનાં અનંત સામર્થ્ય, અમાપ જ્ઞાન, શાશ્વત આનંદનો તેની દ્વારા આવિષ્કાર થાય. આ જ જીવનનું લક્ષ્ય છે. આત્મા અને પરમાત્માના સંબંધ વિષે ભિન્નભિન્ન સંપ્રદાયોમાં થોડાઘણો મતભેદ પ્રવર્તે છે; છતાં આત્મા અવિનાશી છે, કદી ઉત્પન્ન થતો નથી, જુદાંજુદાં શરીરો ધારણ કરે છે અને છેવટે મુક્ત થાય છે. આ વિચાર સર્વને માન્ય છે. દ્વૈતવાદીઓના મત પ્રમાણે આત્મા આનંદમય અને પવિત્ર તો છે જ, પણ દુષ્કર્મોની અસરથી તે સંકુચિત થાય છે અને ભક્તિ દ્વારા પરમાત્માનો અનુગ્રહ પ્રાપ્ત કરી પુનઃ ઉત્કર્ષ પામી

પૂર્ણત્વની પ્રાપ્તિ કરે છે. અદ્વૈતવાદ પ્રમાણે આત્માની પરિમિતતાની માન્યતા જ ભ્રાંતિયુક્ત છે. આત્માનું યથાર્થ સ્વરૂપ સચ્ચિદાનંદ રૂપ જ છે. અવિદ્યાને લીધે આત્મા પોતાની શક્તિઓ ગુમાવી બેઠો છે એવી ખોટી ભ્રમણા થાય છે.

બીજો સિદ્ધાંત સર્વ સંપ્રદાયોને માન્ય છે; તે એ છે કે આત્માનો અથવા પરમાત્માનો પ્રત્યક્ષ અનુભવ કરવાનો છે. પરમ સત્યનો સાક્ષાત્કાર જયાં સુધી ન થાય ત્યાં સુધી ધર્મની સિદ્ધિ થયેલી કહી શકાય નહિ. આને માટે દેહાધ્યાસના–અહંકારના પરિત્યાગની અનિવાર્ય આવશ્યકતા છે. અંતઃકરણ ગમે તેટલું સાત્ત્વિક થયું હોય તોપણ દેહબુદ્ધિને આધીન મનુષ્ય પ્રકૃતિનો દાસ છે; અનંત બ્રહ્માંડમાં સમુદ્રના જળના એક બિંદુ જેટલી પૃથ્વી ઉપર તડફડાટ કરતું એક ક્ષુદ્ર જંતુ જ છે; તે માયાધીશ નથી, માયાધીન છે.

ઘણીવાર આપણે શાસ્ત્રોના પોપટિયા જ્ઞાનને, પાંડિત્યપૂર્ણ અને બૌદ્ધિક વૈભવવાળાં પ્રવચનોને, વાસ્તવિક આસક્તિ અને સ્વાર્થત્યાગને બદલે લોકૈષણા કે સત્તાલોભથી કરેલા બહારના ત્યાગના આડંબરને, સમદષ્ટિજન્ય ખરી સેવાવૃત્તિને બદલે કીર્તિલોભજન્ય સેવાના અભ્યાસને ધાર્મિક કર્મ માની લઈએ છીએ. આ આપણી માન્યતા ભૂલભરેલી છે. આત્મનિરીક્ષણ કરવાથી આપણને તરત જ જણાઈ આવે છે કે સામાન્ય રીતે આપણે સકામવૃત્તિથી જ સર્વ પ્રકારનાં કર્મોમાં પ્રેરાઈએ છીએ. અને જયાં સુધી મનમાં વાસના હોય ત્યાં સુધી ભક્ત, જ્ઞાની કે કર્મયોગી થવાનો દાવો કરીને આપણી જાતને આપણે છેતરીએ છીએ.

ત્રીજો મુદ્દો એ છે, કે સનાતનધર્મીઓ 'ઈશ્વરને સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનો કર્તા માને છે. કલ્પાંતે સમગ્ર વિશ્વનો જયારે પરમાત્મામાં લય થાય છે, ત્યારે જગત તેમાં અવ્યક્તરૂપે રહે છે. જયારે પ્રાદુર્ભાવનો સમય આવે છે ત્યારે મૂળ અવ્યાકૃત સ્વરૂપમાંથી સ્થૂળ અને સૂક્ષ્મ લોકો દેખાવ દે છે. જગતની ઉત્પત્તિ અમુક વર્ષો ઉપર થઈ હતી અને અમુક દિવસે તેનો સમૂળગો નાશ થશે એ વિચાર હિંદુઓને સ્વીકાર્ય નથી. આત્મા કુટસ્થ નિત્ય છે. પ્રકૃતિ પરિણામી નિત્ય છે.

ચોથો મુદ્દો સર્વ સંપ્રદાયોને માન્ય છે. તે એ છે કે જયાં સુધી આત્માની અનુભૂતિ થતી નથી, ત્યાં સુધી મનુષ્ય કર્મના નિયમને આધીન રહે છે. પ્રત્યેક માનસિક, વાચિક, શારીરિક ક્રિયાથી કર્મ થાય છે. તેની અસર વ્યક્તિ અને વિશ્વ બંને ઉપર થાય છે. વાસનાગ્રસ્ત મન હોય ત્યાં સુધી આ કર્મના નિયમમાંથી છૂટા થવાતું નથી. નિષ્કામ બુદ્ધિથી કર્મો કરી છેવટે સાત્ત્વિક અહંતાનો ત્યાગ કરવાથી જ મુક્તિ મળે છે; કર્મના ત્યાગની જરૂર નથી, કારણકે શરીરો હોય ત્યાં સુધી શકય પણ નથી. અહંવૃત્તિનો ત્યાગ આવશ્યક છે.

સનાતન ધર્મના શાશ્વત સિદ્ધાંતોને જીવનમાં ઉતારવાની આર્યાવર્તમાં પરમ આવશ્યકતા છે. દુનિયાની બીજી પ્રજાઓની સરખામણીમાં આપણે નિવીર્ય, શક્તિહીન છીએ. માનસિક સંકુચિતતાને લીધે, ધર્મને નામે અનેક વહેમો, જે આપણા મનમાં ઘર ઘાલી બેઠા છે તેને લીધે આપણી સંકલ્પશક્તિ ક્ષીણ થઈ ગઈ છે. આપણામાં આત્મવિશ્વાસ નથી, સ્વતંત્ર રીતે વિચાર કરવાની અને વર્તન કરવાની શક્તિનો આપણામાં અભાવ છે. આપણી મોટામાં મોટી જરૂર, શરીરબળ, મનોબળ અને આત્મબળ પ્રાપ્ત કરવાની છે. આ શક્તિ મેળવવાનો સર્વોત્તમ ઉપાય એ છે કે આપણે આપણા સ્વરૂપમાં દૃઢ વિશ્વાસ રાખવો જોઈએ. 'હું આત્મા

હું અજર છું. અમર છું. જ્ઞાનશક્તિ ને આનંદસ્વરૂપ છું. તલવારની તીવ્ર ધાર પણ મને છેદી શકે તેમ નથી. અગ્નિ મને બાળી શકે તેમ નથી. હું સર્વશક્તિમાન આત્મા છું. શરીર અને મન આ સંસારમાં વ્યવહાર કરવાનાં મારાં કરણો છે. હું તેમનાથી સદાને માટે અલગ જ છું.' આવા આશાપ્રદ, આનંદપ્રદ વિચારોને જ સતત મનમાં સ્થાન આપવું જોઈએ. દેહાધ્યાસજન્ય કંગાળ વિચારોને તિલાંજલિ આપવી જોઈએ. આત્માના સ્વરૂપ-વિરોધી વિચારનો મનમાં પ્રવેશ એ જ પાપ છે, એ જ દરિદ્રતા છે. બાહ્ય દૃષ્ટિએ નિષ્કિંચન દેખાતો મનુંષ્ય અંદરથી સમ્રાટ હોઈ શકે અને ધનવાન મનુષ્ય વાસ્તવ દૃષ્ટિથી જોતાં પામર હોઈ શકે. ધર્મનું આ સનાતન સત્ય ગિરિગુહાઓમાં જ ભરાઈ રહેવા સર્જાયું નથી. વ્યવહારની પ્રત્યેક ક્રિયામાં તેને વ્યક્ત સ્વરૂપ આપવું જોઈએ.

દરેક પ્રાણીની અંદર અનંત જ્ઞાન, અનંત શક્તિનો જન્મથી જ નિવાસ હોય છે. બાહ્ય વસ્તુઓના આઘાતો આપણી નૈસર્ગિક પરિપૂર્ણતાને જાગ્રત કરવાનાં સાધનો છે. સમસ્ત જગતમાં જે જે કાર્યો જોવામાં આવે છે, તે સર્વ માનવ-મનમાંથી જ ઉદ્ભવે છે. આપણો સ્વભાવ, આપણને સાંપડેલા અનુકૂળ-પ્રતિકૂળ સંજોગો આપણા કર્મના જ પરિપાકરૂપે છે. આપણી સ્થિતિમાં સુધારો અથવા બગાડો કરવાની શક્તિ આપણામાં જ છે. સર્વ પ્રકારના સ્વાર્થી હેતુઓનો ત્યાગ કરી સર્વ કર્મો કેવળ યજ્ઞાર્થ કરવાથી સંકલ્પબળમાં વૃદ્ધિ થાય છે. કર્મ ગમે તે પ્રકારનું હોય પણ તે એકાગ્ર ચિત્તથી કરવું જોઈએ. આપણા મનને એવી રીતે કેળવવું જોઈએ કે સ્વેચ્છાનુસાર તેને પ્રવૃત્તિમાં કે નિવૃત્તિમાં જોડી શકીએ. મનમાં નકામા વિચારોને પ્રવેશ કરવાની તક આપવી ન જોઈએ. સામાન્ય રીતે આપણામાં એકદેશીયતા જોવામાં આવે છે. કેટલાએક મનુષ્યો ધ્યાન, ચિંતન, ઉપાસનામાં પોતાનો સમય ગાળે છે ત્યાં સુધી તેમનું મન શાંત અને પ્રસન્ન રહે છે, પણ પ્રવૃત્તિમાં વિક્ષેપ થાય છે, હર્ષ તથા શોકના દ્વંદ્વને આધીન થઈ જાય છે. કેટલાએકની સ્થિતિ એવી હોય છે કે પ્રવૃત્તિ વિના તેમને ચેન પડતું નથી, આત્માનો આશ્રય લેવાની તેમનામાં શક્તિ હોતી નથી. આ બંને અવસ્થાઓ મન ઉપર કાબૂનો અભાવ બતાવે છે.

મનની દુર્બળતા કરતાં મનુષ્યનો બીજો કોઈ શત્રુ નથી, એ આપણે હમેશ યાદ રાખવું જોઈએ. 'હું પાપી છું, અશક્ત છું,' આવા નિર્માલ્ય વિચારોને સદંતર દૂર રાખવા જોઈએ. 'હું સર્વજ્ઞ, સર્વશક્તિમાન આત્મા છું' એ મંત્રનું જ અહર્નિશ રટણ રાખવું જોઈએ. સતત આત્મસ્વરૂપમાં નિષ્ઠા એ જ અહિંસા, એ જ સત્યપરાયણતા છે. નીતિ અને કર્તવ્યનાં બાહ્ય સ્વરૂપોમાં સમયાનુસાર પરિવર્તન કરવું જોઈએ. કોઈ વાર કેવળ અપ્રતિકાર એ આપણો ધર્મ થઈ પડે, કોઈ વાર નિષ્ક્રિય પ્રતિકાર અને કોઈ વાર સક્રિય પ્રતિકાર પણ કરવો પડે. સર્વ સંજોગોમાં બાહ્ય દૃષ્ટિએ એક જ પ્રકારની ક્રિયાને વળગી રહેવાનો પ્રયત્ન કરવો એ જડતા છે. આંતરિક દૃષ્ટિએ મનમાં વ્યાપક પ્રેમ અને ઐક્યની ભાવનામાં સ્થાયી સ્થિતિ હોવી જોઈએ. સમાજમાં સર્વ મનુષ્યો એકસરખી પ્રકૃતિનાં હોતાં નથી. પ્રત્યેકના વિચારોમાં ભિન્નતા હોય છે; તેથી અસહિષ્ણુતાનો અને તિરસ્કારવૃત્તિનો ત્યાગ કરવો જોઈએ. પોતાનું કર્તવ્ય બજાવનાર દરેક મનુષ્ય ગમે તે સ્થિતિમાં હોય તોપણ પોતાને સ્થાને મહાન છે.

લોકકલ્યાણાર્થ પ્રવૃત્તિ કરવી તે આપણો

પોતાના હિતને માટે જ છે એ આપણે નિરંતર ધ્યાનમાં રાખવું જોઈએ. ઉપલક દૃષ્ટિથી આપણે બીજાને મદદ કરીએ છીએ પણ યથાર્થ રીતે જોતાં એનું કાર્ય આપણને જ આપણી ઉન્નતિમાં સહાયક થઈ પડે છે. પ્રત્યેક સકામ કર્મ આપણને બંધનમાં કાયમ રાખે છે. નિષ્કામ કર્મ આપણી અહંવૃત્તિને ક્ષીણ કરે છે અને છેવટે તે અદૃશ્ય થઈ જાય છે; અને આપણે વ્યાપક પરાશક્તિના સચેતન હથિયારરૂપે કર્મ કરવા માંડીએ છીએ. આ જગતનું સંચાલન પરમાત્માની ઇચ્છાનુસાર જ થયા કરે છે. સંસારની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું પ્રભવસ્થાન પરમાત્મા જ છે. સર્વ જીવાત્માઓને પોતપોતાનાં કર્માનુસાર ફળ પણ તે જ આપે છે. તે સર્વશક્તિમાન હોવાથી આપણા જેવાં તુચ્છ પ્રાણીઓની મદદની તેને જરૂર નથી. જગત સ્વતઃ સર્વથા પૂર્ણાવસ્થામાં જ છે. જે કાર્યને માટે જગતની ઉત્પત્તિ થઈ છે તે પૂર્ણ કરવાનું સામર્થ્ય તેની અંદર જ રહેલું છે. યજ્ઞાર્થ પ્રવૃત્તિથી આપણું જ હિત થાય છે એ વિચાર મનમાં સ્થિર કરી સેવાની તક આપનાર મનુષ્યનો આપણે આભાર માનવો જોઈએ. જગતમાં જે વખતે જે થવાનું નિર્ણીત થયેલું હોય છે તે થયા જ કરે છે. ગમે તેટલી શુદ્ધ બુદ્ધિથી કાર્ય કરવામાં આવે તોપણ ઘણીવાર ફળ આપણી ઇચ્છાનુસાર મળતું નથી એ જ બતાવી આપે છે કે જગતનું નિયંત્રણ કરવાવાળી સત્તા અન્ય છે. જગતનું વાસ્તવિક સ્વરૂપ આનંદમય છે, કારણકે તે સચ્ચિદાનંદ બ્રહ્મનું જ પ્રતીક છે. જ્યાં સુધી મનુષ્યના ચિત્તમાં અવિદ્યાજન્ય અહંભાવ છે, ત્યાં સુધી આ પરમાનંદ સુખદુઃખના દ્વંદ્વરૂપે પ્રગટ થાય છે. જ્યાં સુધી મનુષ્યના ચિત્તમાંથી ભેદબુદ્ધિજન્ય વિકારો નાબૂદ થાય નહિ, ત્યાં સુધી આ સ્થિતિ રહેવાની જ. ત્રિવિધ તાપોનું મૂળ કારણ અવિદ્યાજન્ય અસ્મિતા છે. તેનો ત્યાગ એ જ ખરો ત્યાગ છે. આ સિવાય અન્ય વસ્તુઓનો ત્યાગ એ ત્યાગાભાસ છે.

આ સંસારમાં કરાતાં સર્વ કર્મોનું ફળ મિશ્રિત હોય છે: શુભ અને અશુભ કોઈ પણ કર્મ સર્વાંશે સારું હોતું નથી તેમ ખરાબ પણ હોતું નથી. વસ્તુસ્થિતિ આવી હોવાથી સકામ કર્મો દ્વારા પૂર્ણતા મેળવી શકાય નહિ. ફળાભિસંધિનો ત્યાગ કરીને જ ચિત્તશુદ્ધિ દ્વારા મુક્તિ મળી શકે છે. અનાસક્તિ જેમ જેમ દૃઢ થતી જાય છે તેમ તેમ વિશાળતા, સર્વાત્મભાવ આપોઆપ આવવા માંડે છે. સુખ બહારથી મેળવવાની વસ્તુ નથી, એ આપણને સ્પષ્ટપણે જણાવા માંડે છે. શાશ્વત આનંદ આપણી અંદર જ છે. પદાર્થોમાંથી જેમ જેમ લોલુપતા કમી થવા માંડે છે તેમ તેમ આ આનંદની અભિવ્યક્તિ થવા માંડે છે. વસ્તુમાં જ સુખ હોય તો એકનો એક પદાર્થ કાયમને માટે સુખ આપ્યા જ કરે, પણ આમ બનતું નથી એ અનુભવસિદ્ધ છે.

અનાસક્તિ, વ્યાપકતા, અને આત્માના અસ્તિત્વમાં અચળ શ્રદ્ધા રાખવાથી સમત્વનો સ્વતઃ આવિર્ભાવ થવા માંડે છે. જયમાં-પરાજયમાં, માનમાં-અપમાનમાં, જીવનમાં-મૃત્યુમાં, અનુકૂળ-પ્રતિકૂળ સંજોગોમાં ચિત્તને શાંત અને પ્રસન્ન રાખવાની આપણી પવિત્ર ફરજ છે. સૃષ્ટિનો પાલનહાર અને નિયંતા પરમાત્મા હોવાની જે સ્થિતિમાં આપણે મુકાઈએ તે આપણા કલ્યાણને માટે જ છે એ આપણે સમજવું જોઈએ. પરમાત્મા પોતાની ઇચ્છાનુસાર આપણને દોરે છે. આપણું હિત કરવાની રીત આપણને સ્વીકાર છે કે નહિ તેની તેને પરવા નથી. ઘણીવાર આપણને કડવા અનુભવો આપીને આપણું કલ્યાણ કરે છે. પરમાત્માનો અનુ-

કેવી રીતે કાર્ય કરે છે તેની કલ્પના આપણી અલ્પ બુદ્ધિ કરી શકે નહિ. સ્થિતપ્રજ્ઞનાં જે લક્ષણો ગીતામાં જણાવ્યાં છે તે પ્રાપ્ત કરવાનો આપણે સદંતર પ્રયાસ કરવો જોઈએ. આ લક્ષણો સિદ્ધાવસ્થામાં સ્વાભાવિક થાય છે. સાધકાવસ્થામાં સ્વપ્રયત્નથી કેળવવાનાં હોય છે. સતત આત્માનું ચિંતન રાખવાથી અથવા નામસ્મરણથી અને સાક્ષીભાવ અથવા સમર્પણભાવથી સર્વ કર્મો કરવાથી આ અવસ્થા મેળવી શકાય છે. મનુષ્યના અંતઃકરણની સ્થિતિ ઉપરથી તેનું મૂલ્યાંકન કરવાનું છે. બહારની (ધન, સત્તા વગેરે) સ્થિતિ ઉપરથી નહિ. ચિત્તની નિર્મળતા જ મનુષ્યની મહત્તાની કસોટી છે.

સર્વ ધર્મો એક જ લક્ષ્ય તરફ લઈ જનારા હોવાથી તેમના પ્રત્યે સંપૂર્ણ આદરભાવ રાખવો જોઈએ. ધર્મોનાં શાશ્વત સત્યોમાં સામ્ય છે.

આત્મા એક જ હોવાથી અને સર્વ પ્રાણીઓ આત્માનાં જ સ્વરૂપો હોવાથી માનવસમાજ પણ વાસ્તવમાં એક જ છે. આ યુગના સર્વ પ્રવાહો માનવસમૂહને આ ઐક્ય તરફ જ ધીમે ધીમે લઈ જાય છે. આ વિચારને સુસ્થિર કરી તેને અનુકૂળ વર્તન રાખવાનો પ્રયત્ન થવો જોઈએ.

બ્રહ્મનિષ્ઠ, બ્રહ્મશ્રોત્રિય સ્વામીશ્રી વિવેકાનંદજી પોતાની તેજસ્વી ભાષામાં એક ઠેકાણે જણાવે છે કે:

'જગતમાં આધ્યાત્મિક જ્ઞાનનો પ્રકાશ ફેલાવો, પ્રકાશ તમારામાં લાવો, બીજાઓમાં પ્રચાર કરો, દીન-દરિદ્ર લોકોની પાસે પ્રકાશ લાવો અને ધનવાન લોકોની પાસે એથી પણ વિશેષ પ્રકાશ લાવો. ગરીબ કરતાં ધનવાનને પ્રકાશની વિશેષ જરૂર છે; કારણ કે એમના હૃદયમાં વિશેષ અંધકાર અને દેહાત્મબુદ્ધિજન્ય પામરતા હોય છે. અશિક્ષિત અજ્ઞાન મનુષ્યોને જ્ઞાનરૂપી પ્રકાશનાં લહાણાં આપો અને સુશિક્ષિત વિદ્વાન ગણાતા મનુષ્યોને માટે એથી પણ વિશેષ પ્રકાશ આપો; કારણકે આજકાલના ભણેલા લોકોમાં વિદ્યા અને જ્ઞાનનું મિથ્યાભિમાન બહુ ભયંકર રૂપ ધારણ કરી બેઠું છે. આ પ્રમાણે જગતનાં સર્વ મનુષ્યોની સમીપ જ્ઞાનનો પ્રકાશ પહોંચાડો એટલે બાકીનું કામ પ્રભુ પોતે જ કરી દેશે.'

★

સંસ્કૃત ભાષાના માધુર્યની ને રચનાકલાની તો શી વાત કરવી? નીચેના એક જ શ્લોકના દરેક ચરણમાં પ્રશ્નો તથા તેના ઉત્તરો વણી લેવાયા છે, તે સમજવું રસિક થઈ પડશે:

का काली, का मधुरा, का शीतलवाहिनी गंगा ।
कं संजघान कृष्णः कं बलवन्तं न बाधते शीतम् ॥

પ્રશ્ન	ઉત્તર
का काली: કાળી શું?	काकाली: કાગડાઓની પંક્તિ.
का मधुरा: મધુર શું?	कामधुरा: કામની ધુસરી: લૌકિક સુખ.
का शीतलवाहिनी गंगा: શીતળ જળને વહેનારી નદી કઈ?	काशीतलवाहिनी गंगा: કાશીક્ષેત્રમાંથી પસાર થતી ગંગા.
कं संजघान कृष्णः: કૃષ્ણે કોને માર્યો?	कंसं जघान कृष्णः: કૃષ્ણે કંસને માર્યો.
कं बलवन्तं न बाधते शीतम्: એવો કોણ બળવાન છે કે જેને ટાઢ ન વાય?	कंबलवन्तं न बाधते शीतम्: જેણે ધાબળો ઓઢ્યો હોય તેને ટાઢ ન વાય.

સ્વામી ચિદાનંદ સરસ્વતી

×

એનું નામ તે ડાકટર

અનુવાદક:
દેસાઈ વાલજી ગોવિંદજી

૧૮૯૬માં લંડન હૉસ્પિટલમાં નેથેનિઅલ હેકફર્ડ નામે તરુણ ડાકટર હતા. તે તેજસ્વી વિદ્યાર્થી હતા, બહુમાન સહિત પાસ થયા હતા, ને તેને સોનાના ચાંદ મળ્યા હતા. વળી એટલા સુંવાળા હતા કે સૌને એના ઉપર હેત આવે. લોકો જાણે કે તે હવે જ્યાં સાહુકાર લોકો રહેતા હતા ત્યાં, અર્થાત્ વેસ્ટ એંડમાં ધંધો કરશે. ત્યાં તો તેણે પોતાની પત્નીને કહ્યું, કે 'આપણે તો ઈસ્ટ એંડમાં જ્યાં ગરીબ લોકો રહે છે ત્યાં બાળકોની હૉસ્પિટલ ચાલુ કરશું.'

એટલે ડા. હેકફર્ડે ઈસ્ટ એંડમાં હૉસ્પિટલ શરૂ કરી. એની આગળ થોડાઘણા પૈસા હતા તે મકાનમાં જ વપરાઈ ગયા, એટલે હૉસ્પિટલનું પાટિયું ડાકટરની વહૂએ ચીતર્યું; વળી નર્સ કહો, મેટ્રન કહો, જે કહો તે પણ શ્રીમતી બેકફર્ડ જ, અને કાયચિકિત્સક (ફીઝીશન), શલ્યતન્ત્રી (સર્જન), કંપાઉંડર જે કહો તે બેકફર્ડ પોતે.

હૉસ્પિટલના દસ નાનકડા લોઢાના ખાટલા તરત ભરાઈ અને ઉભરાઈ ગયા; બીજા ડાકટર તથા પરિચારિકા પણ રાખ્યાં. આથી ખર્ચ વધ્યું, અને ૧૮૯૮ની નાતાલ આવી ત્યાં તો ખર્ચ કરતાં આવક ઓછી થાય એટલે હેકફર્ડ દંપતી ચિંતામાં પડી ગયાં. માસિક દેણાં ચૂકવ્યાં ત્યાં તો ફંડમાં ૨ શિલિંગ ૧૧ ½ પેની અને બેંકમાં ૨–૩ પાઉંડ રહ્યા. આમ ચાલે તો તો હૉસ્પિટલ બંધ જ કરવી પડે.

પણ ત્યાં તો એક દિવસ કોઈ શ્રીમંત દાતા આગળથી એક હજાર પાઉંડનો ચેક આવ્યો એટલે હેકફર્ડના જીવમાં જીવ આવ્યો, એટલું જ નહિ પણ એણે બાળકોની બીજી હૉસ્પિટલ ચણાવવાનો નિશ્ચય કર્યો.

ઈસ્ટ એંડનું પાણી સારું નહિ. ત્યાં [illegible] અતિ પરિશ્રમ કરવો અને અધૂરામાં પૂરી ચિંતા વેંઢારવી, આથી ડૉ. હેકફર્ડને ક્ષય લાગુ પડ્યો. એટલે એને મિસર (ઇજિપ્ત) હવાફેર કરવા મોકલ્યા, પણ એ તો ઇટલી જેટલે જ જઈને પાછા આવ્યા, એમ કહીને કે 'દેશમાં આપણે રહીએ, કેમ કે [illegible] તેટલાં વલખાં મારશું તોયે આપણે [illegible] કેટલું જીવવાના છીએ? પહેલાં મારી હૉસ્પિટલ, પછી બીજું બધું.' એટલે પ્રકૃતિ દિવસે દિવસે બગડતી જાય તોય ડા. હેકફર્ડે માંદા માંદાં પણ કામ કર્યા કર્યું.

તોપણ પોતે એકવાર કહ્યું: 'આશા તો ડુંગર જેવડી હતી પણ મારાથી કામ બહુ ઓછું થયું હશે. એટલું ય કામ કરવા જીવ્યો તે પ્રમાણ.'

ઈસ્ટ લંડન હૉસ્પિટલ ફૉર ચિલ્ડ્રન શેડવેલના ગ્લૅમિસ રોડ ઉપર આવેલી છે, એના એક વૉર્ડને 'હેકફર્ડ વૉર્ડ' એવું નામ આપ્યું છે, કેમકે ડૉ. હેકફર્ડે 'પોતાની સર્વ શક્તિ, આખું મન, બધું જ્ઞાન, બધા વિચાર, પોતાનું જીવન તથા મરણ બાળકપ્રીત્યર્થે સમર્પ્યાં હતાં. એના દરદી સાજા થયા, પણ એના ડાકટર મરી ગયા. મૃત્યુનો હાથ ઝાલી રાખવા સારુ એણે પોતાનો જીવ આપ્યો.'

હેકફર્ડ મરી ગયા ત્યારે ઓગણત્રીશ વર્ષના જ હતા. એના મૃતદેહને એક દિવસ હૉસ્પિટલ માંહેના એના ઓરડામાં રાખ્યો ત્યાં કૃતજ્ઞ સ્ત્રીઓ તથા બાળકોએ આવીને આંસુડાંનો અભિષેક કર્યો.×

× 'હીરોઝ ઇન રીઅલ લાઈફ' (રીડર્સ પબ્લિશિંગ હાઉસ) ઉપરથી.

★

એક ભક્ત હતો. એની પત્ની પણ ખૂબ ભક્તિમય જીવન ગાળતી હતી. એક દિવસ રસ્તેથી બંને જતાં હતાં, ત્યારે ભક્તની નજર નીચે પડેલી રૂપિયાની થેલી ઉપર પડી; એણે એના ઉપર હાથ વડે ધૂળ ઢાંકવા માંડી. પત્નીએ પૂછ્યું: 'આ શું કરી રહ્યા છો?'

'આ થેલી જોઈ તને દુઃખ થશે એમ લાગવાથી ઉપર ધૂળ નાખી રહ્યો છું.'

'હજી યે તમારી નજરમાં દ્રવ્ય ને ધૂળ વચ્ચે ભેદ છે? એ તો ધૂળ જ છે, એના પર ધૂળ નાખવાથી શો ફાયદો?'

×

ભારત ભાગ્ય વિધાતા

લેખક :

અધ્યા. મનસુખલાલ ઝવેરી

દિવસ ધૂંધળો છે. દસ વાગી ગયા છે તો યે સુરજદાદાની સવારી હજી નીકળી નથી. પવન સાવ પડી ગયો છે. પંખીઓ પણ જાણે કેમ, મૂંગાં બની ગયાં છે. નીરસ શૂન્યતા સિવાય જાણે કશું દેખાતું જ નથી.

હું આંટા મારી રહ્યો છું. પરીક્ષા ચાલે છે. એ વખતે સુપરવિઝન કરવાનું કામ મને સોંપાયું છે અને આમ આંટા મારવા એ મારી ફરજ છે. મારી સામે પચાસેક વિદ્યાર્થીઓ બેઠા છે. તેમાં યુવાનો છે ને યુવતીઓ છે, હિંદુઓ છે, મુસલમાનો છે, ખ્રિસ્તી છે, પારસી છે, યહૂદીઓ છે. આ નાનકડા સરખા ખંડમાં પ્રાંત અને ભાષા, જાતિ અને સંપ્રદાયનું કેટલું બધું વૈવિધ્ય એકત્ર થયું છે? ઉંમરમાં સૌ તેવતેવડાં છે. ને એ તો સૌ આ પરીક્ષાના ઓથાર તળે દબાઈ ગયાં છે: નહિ તો આ લોકો આટલાં બધાં ભેગાં થાય ને હાસ્યના કિલકિલાટના ફુવારા ઊડ્યા વિના રહે?

હું પરીક્ષા-ખંડમાં આંટા મારી રહ્યો છું. ઘડીક આ બધાં નવયુવાનોની તલ્લીનતા જોઉં છું: તો ઘડીક ડાબી તરફની ગેલેરીમાંથી દૂર સુધી દેખાતાં લીલાંછમ વૃક્ષોનાં શિખરો, એ શિખરોની પાછળનો ગોળ ઘુમ્મટ અને એની આસપાસ ઢળી પડતું ગહન ગભીર આકાશ: આ બધાં પર મારી દૃષ્ટિ ઠેરવું છું. દિવસ ધૂંધળો છે. સૂર્યકિરણનાં કેસર અને કંકુ એના પર છંટાય તો આ બધી શોભા કેવી ખીલી ઊઠે?

સુપરવિઝન જેટલાં કંટાળાભરેલાં કામ બીજાં ઓછાં હશે. બે કે ત્રણ કલાક સુધી કશું જ કરવાનું નહિ! ન કોઈની સાથે વાતચીત થાય: ન કંઈ વંચાય કે લખાય: ઉલ્લાસભર્યા યૌવનની વચમાં તમે હો, છતાં જાણે નિર્જન સહરાની શૂન્યતા તમારી આસપાસ ફરી વળી ન હોય! આંટા મારતાંમારતાં કંટાળો એટલે ઘડીક બેસવાનું; ને બેસી પણ એમ ને એમ કેટલુંક રહેવાય? એટલે બેસતાં કંટાળો કે તરત રોન ફરતા સંત્રીની માફક આંટા મારવા શરૂ કરવાના!

હું એ રીતે આંટા મારી રહ્યો છું. એ આંટા કર્તવ્યપાલનની સ્થિરતાના નથી, હૈયાની અકળામણના છે.

મારી સામે વર્તમાન ભારતનું બાલસ્વરૂપ ખડું થયું છે. નિસ્તેજ આકાશ, શૂન્ય વાતાવરણ, ધૂંધળો દિવસ. પ્રાંત, ભાષા, જાતિ, સંપ્રદાયની આટલી વિવિધતા અને એ વિવિધતામાં યે એકતા સાધવાની આપણે લીધેલી પ્રતિજ્ઞા.........

ટક...ટક...ટક...કોઈક પેન્સિલનો ટકોરો કરીને જવાબવહી માગી રહ્યું છે. હું એ આપું છું...ને ફરીથી આંટા મારવા લાગું છું.

આ વિદ્યાર્થીઓ!–હું વિચારે ચડું છું–આ વિદ્યાર્થીઓ! આપણા દેશના પગ! આપણા રાષ્ટ્રનું ભાવિ! આ એકાગ્ર કાર્યશક્તિને, આ અસાધારણ ઉલ્લાસ ને ઉત્સાહને, આ સાહસિક સ્વપ્નશીલતાને સાચી દિશાએ વાળી શકાય તો?......

અત્યારે એની કઈ સ્થિતિ છે? વેપારીઓ ટાઢે કોઠે વેપાર કરવા બેસી ગયા છે. વકીલો વકીલાત કરવા મંડી ગયા છે. ડૉકટરો એમના કામમાં ડૂબી ગયા છે. કૉંગ્રેસીઓ બળથી કે કળથી સત્તાનાં નાનાંમોટાં તણખલાં પકડવા હવાતિયાં મારી રહ્યા છે. ને

બીજાઓ, એ બધું જ કરવાને તૈયાર હોવા છતાં પોતાનો ગજ કયાંય વાગતો ન હોવાથી, એમની અદેખાઈ કરીને ઝેર ઓકી રહ્યા છે...એ વખતે ચારે તરફથી વટાવાતો ને શોષાતો હોય તો આપણો મુગ્ધ ને ભાવનામસ્ત વિદ્યાર્થી!......

હું આંટા મારું છું......આંટા મારતાંમારતાં વિદ્યાર્થીઓના મુખભાવને જોઈ રહું છું. સૌનાં મોઢાં પર નિર્દોષતા ને કાર્યહીનતા છવાઈ છે. કોઈને પોતાની જવાબવહીમાંથી આંખ ઊંચી કરવાની કે આડુંઅવળું જોવાની ફુરસદ નથી......હું આંટા મારવા લાગું છું...વિચારનું ચક્ર પોતાની મેળે ચાલ્યા કરે છે.

આ આપણો વિદ્યાર્થી! કેવા આદર્શો રજૂ કર્યા છે આપણે તેમની પાસે? એમનો આરાધ્ય દેવ બન્યો હોય છે કાં તો રાજ્યદ્વારી નેતા જે નિર્લજ્જ રીતે કહેતો ફરતો હોય છે કે 'આ તો રાજકારણ છે, ભાઈ! આમાં સાધુસંતોનું કામ નહિ; અહીં તો જૂઠ, લબાડી, પ્રપંચ, બધું નભે!' ને કાં બન્યો હોય છે સિનેમાનો સ્ટાર—શ્લોકાર્ધેણ કહીએ તો કલાને રૂપાળે નામે જ પોતાના શરીરસૌષ્ઠવને કે સૌંદર્યને ભાડે ફેરવવાનો ધંધો માંડીને બેઠો હોય છે તે. આપણા સામાન્ય વિદ્યાર્થી પાસે જીવનનાં કશાં નિશ્ચિત મૂલ્યો જ રહેવા નથી પામ્યાં. પરદેશી રાજ્ય, એ રાજ્યસત્તાના ભરડામાંથી મુક્ત થવા માટે થયેલાં રાજકીય આંદોલનો, અમાનુષી વિશ્વયુદ્ધ અને યુદ્ધોત્તર પરિસ્થિતિ આ બધાં કારણોને લીધે જીવનનાં સનાતન મૂલ્યોમાંથી આપણી શ્રદ્ધા ઊડી ગઈ છે, ને તાત્કાલિક સ્વાર્થસિદ્ધિને જ આપણે સર્વસ્વ ગણતાં થઈ ગયાં છીએ. સફળતાને જ જીવનના ચરમ મૂલ્ય તરીકે આપણે સ્વીકારી લીધી હોવાથી અને સત્તા અથવા એના પ્રતીકરૂપે પૈસો, એને આપણે સફળતાનું ચિહ્ન ગણતાં હોવાથી આપણે કોઈ પણ રીતે સત્તા કે પૈસો મેળવવા મથતાં હોઈએ છીએ. એને પરિણામે સાધનોની શુદ્ધિ અને અશુદ્ધિનો વિવેક આપણે ગુમાવી બેઠાં છીએ. આપણી દૃષ્ટિ દૂરના કે નજીકના ય ભવિષ્યકાળને નહિ, કેવળ આજની ને અત્યારની ઘડીને જ જોઈ રહી છે. અને તેથી જીવનમાંથી સ્વમાન અને સત્યનિષ્ઠા ચાલી ગયાં છે.

વિચારનું ચક્ર ચાલુ થઈ ગયું છે. આંટા મારતાંમારતાં મને વિચાર આવે છે કે આ સ્થિતિ માત્ર આપણા વિદ્યાર્થીની જ છે એમ નથી, આપણા સમગ્ર દેશની છે. રાજકારણ, વેપારઉદ્યોગ, શિક્ષણ, સાહિત્ય, ધર્મ, બધાં જ ક્ષેત્રોમાં સામાન્ય રીતે કહીએ તો આ સ્થિતિ અત્યારે પ્રવર્તી રહી છે. આ સ્થિતિ આપણાં કુટુંબોમાં છે, શાળાઓમાં છે, કૉલેજોમાં છે, સંસ્કાર વિતરતી બીજી સંસ્થાઓમાં છે, સત્તાના ટુકડા માટે પડાપડી અને ખેંચતાણ કરનાર રાજકારણી પક્ષોમાં છે. અને વધારે કરુણ તો એ છે કે આ સ્થિતિ બરાબર નથી એટલું પણ ઘણાં ઓછાંને લાગે છે. ઘણાંખરાંને તો આ પરિસ્થિતિ કોઠે પડી ગઈ છે. વિદ્યાર્થી અંતે તો, આ બધી પરિસ્થિતિનું સંતાન છે એટલે એની પણ આ જ સ્થિતિ હોય તેમાં નવાઈ નથી...

આંટા મારવાની મારી ક્રિયા ચાલુ જ છે. વિચારનો તાંતણો લંબાયા કરે છે...

વિદ્યાર્થીઓની આ સ્થિતિ માટે જવાબદાર આપણે છીએ. આપણે એટલે વિદ્યાર્થીઓના મિત્રો ને મુરબ્બીઓ, માતાપિતા, શિક્ષકો, પત્રકારો ને સાહિત્યકારો. એક તરફથી આપણે સૌ એમ માનીએ છીએ ને કહ્યા કરીએ છીએ કે જીવનનાં ઉચ્ચતર આધ્યાત્મિક મૂલ્યોને રાજકારણમાં સ્થાન

ન હોઈ શકે. રાજકારણ એટલે એવી સોગઠાંબાજી, જેમાં જૂઠાણું નભે, લબાડી નભે, અનીતિ નભે, ગમે તે અવગુણ નભે, જો એ આપણને દાવ જિતાડી આપતો હોય તો. રાજકારણ એટલે રાજકારણ: એમાં આદર્શવાદ ઘેલછા ગણાય, સિદ્ધાંતનિષ્ઠા વેદિયાપણું ગણાય, પ્રેમ કે અહિંસા નિર્બળતા કે કાયરતા ગણાય. રાજકારણમાં સાધુઓનું, મહાત્માઓનું, આદર્શવાદીઓનું, સિદ્ધાંતનિષ્ઠોનું કામ નહિ; એમાં તો ખેલાડી મુત્સદ્દાઓનું કામ. અને ખેલાડી મુત્સદ્દી એટલે મન, વચન અને કર્મની એકરૂપતાનું બંધન જે ન સ્વીકારતો હોય તેવો, પવન જોઈને પીઠ ફેરવવામાં કુશળ તર્કવાદી.

એક તરફથી આપણે આમ કહીએ છીએ અને બીજી તરફથી જીવનના વ્યવહારમાં આપણે સૌથી વિશેષ ગૌરવ રાજકારણમાં પડેલા પુરુષનું કરતાં હોઈએ છીએ. આપણાં વર્તમાનપત્રો સૌથી વધારે મહત્ત્વનું સ્થાન એની ચર્ચાને આપતાં હોય છે. આપણા મેળાવડાઓમાં પ્રમુખસ્થાન એને મળતું હોય છે. આપણા સમાજના સામાન્ય વ્યવહારમાં મરતબો સૌથી વધારે એનો જળવાતો હોય છે. એટલે રાજકારણમાં પડેલો માણસ ઘણો મોટો છે એવો ખ્યાલ જાણ્યેઅજાણ્યે આપણા વિદ્યાર્થીઓ પાસે રજૂ થયા જ કરતો હોય છે.

આ તો કેવી ભયંકર વાત થઈ? એક તરફથી આપણે આપણાં વર્તન દ્વારા એવું સાબિત કરતાં હોઈએ છીએ કે રાજકારણમાં પડેલો પુરુષ એ આ જમાનાનો શ્રેષ્ઠ દેવાધિદેવ છે. અને એવા થવું હોય તો સત્ય, સ્વમાન, સિદ્ધાંતનિષ્ઠા, પ્રામાણિકતા વગેરેની ખાતર શહીદ થઈ જવું પાલવે નહિ. બીજી તરફ જીવનનાં આ બધાં ઉચ્ચતર મૂલ્યોમાંથી જન્મતી વર્તનની શિસ્તબદ્ધ મધુરતા કે જવાબદારીના ભાનવાળી સજાગ નાગરિકતા વિદ્યાર્થીઓમાં હોવી જોઈએ એવો આપણે આગ્રહ રાખીએ છીએ. અને એ મધુરતા કે નાગરિકતા વિદ્યાર્થીઓમાં નથી હોતી ત્યારે ખેદ કરીએ છીએ. આપણે માબાપ હોઈએ છીએ તો આ પરિસ્થિતિ માટે શિક્ષકોનો અને પત્રકારોનો વાંક કાઢીએ છીએ; શિક્ષક હોઈએ તો માબાપનો અને પત્રકારોનો વાંક કાઢીએ છીએ; પત્રકાર હોઈએ તો માબાપનો અને શિક્ષકોનો વાંક કાઢીએ છીએ. સાચું કહીએ તો વાંક સૌનો છે ને સૌનો સરખે હિસ્સે છે.

દિવસ હજી ધૂંધળો છે. પવન પડી ગયો છે. દૂર સુધી દેખાતાં વૃક્ષરાજિનાં શિખરો જાણે ચિત્રિત જ હોય એવાં લાગે છે. અકળામણમાં ને અકળામણમાં હું મારી જાતને પૂછું છું:

ત્યારે આનો ઉપાય શો? સહેલો અને સીધો ઉપાય તો મને એક પણ નથી દેખાતો. આપણા જીવનમાંથી જે મૂલ્યો ચાલ્યાં ગયાં છે તેની ફરીથી પ્રતિષ્ઠા કરવી એ એક જ ઉપાય આ અનિષ્ટને દૂર કરવાનો છે એમ મને લાગે છે અને જીવનમાં ઉચ્ચતર મૂલ્યોની પ્રતિષ્ઠા કેવળ વ્યક્તિગત પુરુષાર્થથી જ થાય, સામુદાયિક ચળવળોથી નહિ. મારે વ્યક્તિગત રીતે એ મૂલ્યોને સમજવાં જોઈએ, સ્વીકારવાં જોઈએ, એમાં મારી શ્રદ્ધાને બલવત્તર બનાવતા જવું જોઈએ ને ગમે તે જોખમે ને ગમે તે ભોગે પણ એને વળગી રહેવાનું બળ મેળવવું ને કેળવવું જોઈએ. આમાં પરિસ્થિતિ કેટલેક અંશે સહાયતા કરી શકે ખરી; પણ મૂળ પુરુષાર્થ વ્યક્તિનો પોતાનો હોવો જોઈએ...

મારી અકળામણ વધતી જાય છે, આંટાનો વેગ પણ વધતો જાય છે,... કોઈક મને બોલાવે છે...પાણી માગે છે. એની વ્યવસ્થા કરી આપીને, હું ફરીથી વિચારે ચડું છું. જીવનનાં ઉચ્ચતર મૂલ્યોમાં શ્રદ્ધા જગાડવી કઈ રીતે?

આ કામ સહેલું નથી. અને એ કરવાની જવાબદારી માબાપો, શિક્ષકો અને પત્રકારો, સૌની છે. શિક્ષકો અને પત્રકારોની વધારે; કારણકે એમની અસર ઘણા વધારે વ્યાપક પ્રમાણમાં થતી હોય છે અને એથી પણ આગળ જઈને કહીએ તો પત્રકારોની જવાબદારી સૌથી વધારે છે: કારણકે શિક્ષકોની અસર એમના પ્રત્યક્ષ સંપર્કમાં આવનાર વિદ્યાર્થીઓ પૂરતી જ હોય છે. પત્રકારની અસર તો એના પરોક્ષ સંપર્કમાં આવનાર હજારો વ્યક્તિઓ–વિદ્યાર્થીઓ, માબાપો, શિક્ષકો, બધાં–પર પણ થતી હોય છે. શિક્ષક પત્રકાર હોય કે ન હોય, પણ પ્રત્યેક પત્રકાર તો શિક્ષક હોય જ છે. એની લાગવગ જેટલી મોટી ને વ્યાપક, તેટલી તેની જવાબદારી પણ મોટી ને ભારે.

એટલે અત્યારે છે તે સ્થિતિ જો આપણને ખટકતી જ હોય અને તેને સુધારવા માટે આપણે પ્રયત્ન કરી છૂટવા માગતા જ હોઈએ તો આપણે અત્યારથી જ આટલું શરૂ કરી દઈએ: જીવનમાં કોઈ પણ ભોગે મેળવવા યોગ્ય વસ્તુ સત્તા કે પૈસો નથી, લોકપ્રિયતા કે પ્રસિદ્ધિ પણ નથી, પણ જ્ઞાન અને ચારિત્ર્યબળ છે. જીવનનો સાચો વિજય પરિગ્રહમાં નહિ, પણ પરિત્યાગમાં વસે છે અને તે જ સાચી કીર્તિ છે, એ આપણે સમજી લઈએ; અને આપણી વાણીથી તેમ જ વર્તનથી પણ સન્માન આપણે સાચી ગુણ–સંપત્તિવાળી વ્યક્તિઓનું જ કરીએ. તો જ વિદ્યાર્થીઓને સન્માન કરવા યોગ્ય ગુણો કયા છે એનો ખ્યાલ આવશે ને તેનું અનુકરણ કરવાને એ પ્રેરાશે.

અત્યારની પરિસ્થિતિ સુધારવા માટે આ એક જ રસ્તો છે, એ ઘણો લાંબો ને અઘરો છે એ ખરું; પણ એના સિવાય બીજો રસ્તો જ કયો છે?

હું આંટા મારી રહ્યો છું. વિદ્યાર્થીઓ નીચું મોઢું રાખીને લખી રહ્યા છે, વાતાવરણ શાંત છે. ત્યાં બાજુની નિશાળમાં ઘંટ વાગે છે ને ગૌરવભેર બોલાતી પ્રાર્થનાના સૂર હવામાં તરે છે:

જય હે! ભારત ભાગ્ય વિધાતા!

વિદ્યાર્થીઓ લખતાંલખતાં ઘડીક થંભી જાય છે. એમનાં મુખ પર આનંદ અને આંખમાં તેજની ચમક પ્રસરતી મને દેખાય છે.

દૂરની વૃક્ષરાજિનાં લીલાંછમ શિખરો જરા ડોલે છે.

પ્રાર્થના પૂરી થાય છે. સૂરો શમી જાય છે. વિદ્યાર્થીઓ ફરીથી લખવા મંડી જાય છે. હું ફરીથી મારા આંટા મારવાના કામે ચડી જઉં છું.

મારા કાનમાં રમતો પેલો 'જય હે! ભારત ભાગ્ય વિધાતા!'નો ભણકાર હજી શમ્યો નથી. વિદ્યાર્થીઓનાં મુખ પર ખીલી ઊઠેલી પેલી આનંદની પ્રફુલ્લતા હજી કરમાઈ નથી.

★

धैर्यं यस्य पिता क्षमा च जननी, शान्तिश्चिरं गेहिनी
सत्यं सूनुरयं दया च भगिनी, भ्राता मनःसंयमः ।
शय्या भूमितलं दिशोऽपि वसनं, ज्ञानामृतं भोजनम्
एते यस्य कुटुंबिनो, वद सखे, कस्माद् भयं योगिनः ॥

અખૂટ ધીરજ જેના પિતા છે, ક્ષમા જેની માતા છે, અખંડ શાંત જેની ગૃહિણી છે, સત્ય જેનો સુપુત્ર છે, દયા જેની બહેન છે અને મનના નિગ્રહરૂપ જેને ભાઈ છે: ભૂમિ જેનું બિછાનું છે, દિશાઓ જેનું વસ્ત્ર છે અને જ્ઞાનરૂપી અમૃતનું જે ભોજન કરે છે—એવા જેનાં કુટુંબી જનો છે તેવા યોગીને કોનો ભય હોઈ શકે!

×

ઉપવાસ

(પૂર્વ ભૂમિકા)

લેખક :

શ્રી જ્યોતીંદ્ર દવે

જ્યોતિષશાસ્ત્રનું પોતાને સારું જ્ઞાન છે એમ માનનારા મારા એક મિત્ર કેટલાક વખત પર મને મળવા આવ્યા હતા. મારી તેમ જ મારાં પત્નીની તબિયત મારા એકલાની જ નહિ પણ બીજાંઓની પણ ચિંતાનો શાશ્વત વિષય થઈ પડી છે એટલે અમારાં બંનેની તબિયત વિષે લાગણીભરી પૃચ્છા કરી એમણે કહ્યું, 'તમારા બંનેના જન્માક્ષર હોય તો કાઢોની, હું જરા જોઉં.'

જોશીઓને મારા જન્માક્ષર બતાવવાની ઇચ્છા મને ભાગ્યે જ થાય છે. કદાચ એવી ઇચ્છા થાય તો એના પર હું કાબૂ પણ સહેલાઈથી મેળવી શકું છું. બેચાર વાર જુદા જુદા જોશીઓને મારા જન્માક્ષર પહેલાં બતાવ્યા હતા. તે પરથી મને એવો અનુભવ મળ્યો છે કે–એ ક્રિયાથી લાભ જોશીઓને થાય છે, મને થતો નથી–એ ઉપરાંત જોશી જ્યારે ઉજ્જવળ ભવિષ્યની આગાહી કરે છે, ત્યારે એ ભવિષ્યકથન ખોટું તો નહિ પડે એવી ચિંતા, જે ખરી રીતે જોશીને થવી જોઈએ તે મને થાય છે અને જ્યારે કંઈ અનિષ્ટની આગાહી એ કરે છે ત્યારે કદાચ એનું કહેવું સાચું તો નહિ પડે એવો ભય મને થાય છે. એટલે મારા જન્માક્ષર કોઈને બતાવી વર્તમાનની ઉપાધિમાં ભવિષ્યની ઉપાધિનો ઉમેરો કરવાનું હું બનતા સુધી ટાળું છું.

પણ આ તો મારા મિત્ર હતા. જન્માક્ષર માટે, જન્માક્ષરની નકલ ઉપરાંત મારે એમને બીજું કંઈ આપવાનું હતું નહિ; એટલે મેં એમને એમના જ્યોતિષવિદ્યાના જ્ઞાનનો લાભ આપવાની તક આપી.

પરીક્ષા માટેનો પ્રશ્નપત્ર હાથમાં આવ્યા પછી વિદ્યાર્થી થોડી વાર મૂઢ જેવો બની એ પત્ર જોયા કરે છે, પછી જુદા જુદા સવાલો વાંચે છે, વાંચ્યા પછી બોચી ખંજવાળી વિચારમાં પડે છે અને અંતે મુખ પર ચૈતન્યની ચમક લાવી કાર્યપ્રવૃત્ત થવાનો નિશ્ચય કરે છે; તે રીતે એમણે અમારા જન્માક્ષર હાથમાં લીધા, થોડીવાર આમતેમ ઉથલાવી એનું બારીક નિરીક્ષણ કર્યું, પછી ધીમે અવાજે, એમની પત્ની પણ સાંભળે તો સમજી શકે નહિ એવી રીતે કંઈક ગણગણીને મને કહ્યું, 'તમારી તબિયત સુધારવી હોય તો એક કામ કરવું પડશે.'

'એક શું, કહો તેટલાં–તબિયત સુધરે એટલે બસ,' મેં જવાબ દીધો.

'તમારો–તમારા બંનેનો–સૂર્ય નીચનો છે,' એમણે કહ્યું.

'શું ?' મેં નવાઈ પામી પૂછ્યું.

'તમારો સૂર્ય નીચનો છે,' એમણે ફરી કહ્યું.

'તમે શું કહો છો ? પૃથ્વી પરનાં માણસો પેઠે આકાશના ગ્રહોમાં પણ ઊંચનીચના ભેદ શરૂ થઈ ગયા ?' મેં પ્રશ્ન કર્યો.

'આમાં ઊંચનીચના ભેદનો સવાલ નથી,' એમણે જવાબ દીધો.

'ત્યારે સૂર્ય નીચનો છે એનો શો અર્થ ?'

'તમારો સૂર્ય નીચનો છે.'

'આ કંઈ મનાય એવું લાગતું નથી.'

'આમાં માનવું શું મુશ્કેલ છે ?'

'મારો સૂર્ય એટલે શું ? સૂર્ય બધાનો છે–અથવા કોઈનો નથી. મારો સૂર્ય જો નીચનો હોય તો બધાનો પણ નીચનો હોવો જોઈએ. મારો સૂર્ય નીચનો હોય ને તમારો

ઊંચનો હોય એમ બને ખરું ?' મેં સવાલ કર્યો.

'અલબત્ત, ખરેખર એમ જ છે. તમારો નીચનો છે ને મારો ઊંચનો છે.'

'હશે ભાઈ, તમે કહો છો એટલે એમ હશે,' મેં કહ્યું.

'હું નથી કહેતો, પણ તમારા જન્માક્ષર કહે છે,' એમણે કહ્યું.

'એ પણ કબૂલ, તમે નહિ પણ અમારા જન્માક્ષર કહે છે,' મેં કહ્યું.

'એટલે તમારે તબિયત સુધારવી હોય તો રવિવારે 'આદિત્યહૃદય'નો પાઠ કરવો પડશે,' એમણે કહ્યું.

'કરશે,' મારે બદલે મારાં ધર્મપત્નીએ જવાબ દીધો.

'તમારે બંનેએ પાઠ કરવો પડશે,' એમણે કહ્યું.

'બંને કરીશું,' શ્રીમતીએ ઉત્સાહપૂર્વક કહ્યું.

'હા, કરીશું,' 'આદિત્યહૃદય' એ પંદરસત્તર શ્લોકનું નાનકડું સ્તોત્ર હશે એમ ધારી મેં પણ 'હા'માં 'હા' ભેળવી. (એકદમ હા કહી દેવામાં મેં ભૂલ કરી હતી એમ જ્યારે ઝડપથી વાંચી જઈએ, તોપણ પોણો કલાક ચાલે એટલું લાંબું એ સ્તોત્ર છે એની મને ખબર પડી ત્યારે મને સમજાયું.)

'અને એક જ વાર જમવાનું.'

'ઠીક છે,' મેં બહુ ઉત્સાહ વિના કહ્યું.

'અને માત્ર ઘઉં જ ખાવાના,' એમણે કહ્યું.

'શું ?' મેં સાંભળવામાં કંઈ ભૂલ થતી હશે એમ ધારીને પૂછ્યું.

'એકલા ઘઉં ખવાય–બીજું કંઈ નહિ,' એમણે સ્પષ્ટતા કરી.

'રાંધીને કે એમ ને એમ ?' મેં પૂછ્યું.

હું મજાક તો કરતો નથી એની ખાતરી કરવા શ્રીમતીએ મારા મોં સામું જોઈ પૂછ્યું, 'રાંધ્યા વિના કાચા ઘઉં ખવાતા હશે ?'

'જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે શું ન થઈ શકે ? સર્વ ગ્રહોમાં શ્રેષ્ઠ એવો સૂર્ય જો નીચો થઈ શકે તો ઘઉં કાચા કેમ ખાઈ શકાય ?' મેં કહ્યું.

'કાચા ખાવાની જરૂર નથી. પૂરી, રોટલી, શીરો, કંસાર કંઈ પણ બનાવીને ખાઈ શકાય,' મારા મિત્રે પહેલી જ વાર સાંભળવું ગમે એવાં વચન કાઢ્યાં.

'પણ એમાં તો ઘઉં સિવાય બીજી વસ્તુ પણ આવે,' મેં કહ્યું.

'તેનો વાંધો નહી. ઘઉં સાથે ઘી, ખાંડ તથા ફળ લઈ શકાય,' એમણે કહ્યું.

'શાકભાજી પણ લઈ શકાય; એ તો વનસ્પતિ કહેવાય,' મેં શ્રીમતી સામું જોઈને કહ્યું.

'ના શાકભાજી ન લઈ શકાય,' મારા મિત્રે કહ્યું.

'ભલે પણ બટાકા, શક્કરિયાં, સૂરણ, રાજગરો, શિંગોડાં, રતાળુ, બરફી, હલવો, ગુલાબજાંબુ, શિખંડ, કાકડી, ભીંડા, કોળું એનો તો વાંધો નહીં જ હોય; એ તો બધું 'ફરાળી' વસ્તુ છે' મેં, રજા માગવા ઉપરી અધિકારી પાસે ગયેલો કારકુન રખેને સાહેબ ના કહેશે એવા ભયથી બીતાંબીતાં પૂછે તે રીતે મારા મિત્રને પૂછ્યું.

'ના, એવું કશું ખવાય નહિ. ફક્ત ઘઉં, ઘી, ખાંડ અને ફળ સિવાય બીજી કોઈ પણ વસ્તુ નહીં,' એમણે કહ્યું.

'ઠીક તો પછી ચા, દૂધ, પાણી તો લઈ શકાય ?' મેં પૂછ્યું.

'તમે પણ શું મજાક કરો છો! એ ખાવાની વસ્તુ છે ?' શ્રીમતીએ કહ્યું.

'ખાવાની નહીં ને પીવાની,' જવાબ દીધો.

'પિવાય કંઈ પણ, ફક્ત ખાવામાં ઘઉં સિવાય બીજું કંઈ નહીં,' મારા મિત્રે ખુલાસો કર્યો.

'તો લેમન, સોડા, ગ્લુકોકોલા એ પીવામાં કંઈ વાંધો નહી, ખરું ને?' મેં, દશ હજાર રૂપિયા ડૂબી જવાના છે એમ ધાર્યા પછી એમાંથી પચાસેક રૂપિયા પાછા આવશે એવી ખબર મળતાં માણસના મોં પર તિરસ્કાર ને આશાના મિશ્ર ભાવની રેખા અંકિત થાય એવી રીતે કંઈક તિરસ્કાર ને કંઈક આશાનો મિશ્રભાવ મુખ પર આણવાનો પ્રયત્ન કરતાં કહ્યું.

'તમારે મજાકમાં વાત ઉડાવવી હોય તો મારો કંઈ આગ્રહ નથી. તમે તમારે નિરાંતે જેમ ખાતાપીતા રહો છો તેમ જ કરજો. હું તો તમારી ને ભાભીની તબિયત સુધરે માટે કહેતો હતો,' મારા મિત્રે, એને ખોટું લાગ્યું હોય તે રીતે કહ્યું.

'ના ના, એ તો આવતા રવિવારથી અમે બધું બરાબર કરીશું,' શ્રીમતીએ છેવટનો નિર્ણય આપી દીધો.

અત્યાર સુધી ગ્રહોની વાતમાં હું બહુ પડતો નહીં. જયોતિષવિદ્યાના અભિપ્રાય પ્રમાણે ગ્રહો જ મનુષ્યના આખા જીવનનું નિયંત્રણ કરે છે. મને એ માનવાનો કશો વાંધો નથી. મારું બધું કાર્ય હું નહીં પણ ગ્રહો કરે છે એમ જાણી એક રીતે મને આનંદ થાય છે. अहंकारविमूढात्मा कर्ताहमिति मन्यते (અહંકારથી મૂઢ થયેલો પુરુષ 'હું કર્તા છું,' 'આ મેં કર્યું' એમ માને છે) એમ શ્રીમદ્ભગવદ્ગીતામાં કહ્યું છે. ઈશ્વરનું જ્ઞાન જેને થયું હોય છે તે પોતે માત્ર નિમિત્ત છે, કર્તાહર્તા તો શ્રીભગવાન છે એમ માને છે, એ જ રીતે જયોતિષશાસ્ત્રમાં દૃઢ શ્રદ્ધા રાખનારો મનુષ્ય આ બધી ગ્રહોની લીલા છે, પોતાનું કશું ચલણ નથી એમ માનવા લાગે છે. ઈશ્વરનું જ્ઞાન મને હજી પૂરેપૂરું થયું નથી, તેમ જ જયોતિષમાં અડગ શ્રદ્ધા પણ મારામાં ઉત્પન્ન થઈ નથી એટલે કર્તૃત્વનું મારું અભિમાન છેક જતું રહ્યું નથી. એમ છતાં મારાં બધાં કામ હું નહીં પણ જુદાજુદા ગ્રહો કરે છે એમ કોઈ કહે તો એમાં હું ખાસ વાંધો લેતો નથી. ગુરુ મારે માટે વિદ્યાર્જનનું કામ કરે છે, શનિ પૈસા રાખવાનું, શુક્ર દાંપત્ય જીવનનો રથ બરાબર ચાલતો રાખવાનું, મંગળ મનની અંદર ને શરીરની ઉપર ગરમીની માત્રા વધારવાનું કામ કરે છે. સોમ ને બુધ શું કરે છે તે હું જાણતો નથી; પણ એ બંને પણ કંઈક કરે છે ખરા, આળસુ થઈને એક પણ ગ્રહ નિશ્ચેષ્ટ બનીને નિષ્ક્રિય રહેતો નથી.

આમ ગ્રહો સારું કામ કરે તેની સાથે મને વાંધો નથી, પણ મારે ગ્રહનું કામ કરવું પડશે એવો મને અત્યાર સુધી વહેમ પણ નહોતો પડ્યો.

સૂર્ય નીચનો થયો. એની સ્થિતિ સુધરે માટે મારે રવિવારને દિવસે એક જ વાર ને તે પણ એકલા ઘઉં જ ખાઈને રહેવું પડશે એની મને કલ્પના નહોતી.

મેં સૂર્યને સંબોધીને, અલબત્ત, મનમાં ને મનમાં કહ્યું: 'હે ભગવાન સહસ્રરશ્મિ, મને આ કશું નથી સમજાતું. તમે નીચના કયારે અને શી રીતે થયા? તમારી ઉન્નતિ મારા જેવા ક્ષુદ્ર જંતુને હાથે થઈ શકે એમ માનવાની ધૃષ્ટતા હું શી રીતે કરી શકું? આખી સૃષ્ટિને ઉજાળનારા, સમસ્ત વિશ્વમાં ચૈતન્યનો સંચાર કરનારા, શક્તિના મહાભંડાર સમા એવા તમે શું મારા જેવા પામર મનુષ્યને ઉપવાસ કરાવી આનંદ પામશો? હું દુઃખી થાઉં તેથી તમે રાજી થશો? બીજાની પીડા જોઈ આનંદ માણવાની અધમ વૃત્તિ તમારામાં હોય એમ હું કેમ કરીને માની શકું?

હું એકલા ઘઉં ખાઉં કે ચોખા ખાઉં, હું દૂધ પીઉં કે લેમન પીઉં એથી તમને શું?'

આવાં તો કંઈક સંબોધનો મારા જેવા માણસોએ કદાચ સૂર્યને કર્યાં હશે, પણ એ તો ઊંચે આકાશમાં ચડી બેઠેલો. એને આપણાં આવાં વચનોની શી પરવા હોય?

અને આપણા જેવા માણસો રવિવારે ફક્ત ઘઉં ખાઈને રહે એથી સૂર્યની સ્થિતિ, ગતિ, કે રીતિમાં કંઈ પણ ફેરફાર થાય એવો સંભવ નથી, એમ હું ઘરના માણસને પણ મનાવી શક્યો નહિ, તો પછી બીજાની તો વાત જ શી?

બીજા એક બે જોશીએ પણ 'તમને સૂર્ય નડે છે' એમ આ પહેલાં કહ્યું હતું; એટલે 'ઘઉં નડે તો તે ચલાવી શકાય. સૂર્ય નડે તે ન ચલાવી શકાય' એમ નક્કી કરી મેં રવિવારે સવારમાં વહેલા ઊઠી 'આદિત્યહૃદય'નો પાઠ કરી એકલા ઘઉં પર દિવસ કાઢી નાખવાનો નિશ્ચય કર્યો.

આમ પણ મને ઘઉં તરફ ખાસ પક્ષપાત નથી. ઘઉં ખાવા એ સંસ્કૃતિની નિશાની છે, ચોખા ખાવા એમાં નથી, ઘઉંમાં પૌષ્ટિક તત્ત્વ વધારે છે, ચોખામાં નથી, ઘઉંની જેટલી વાનગીઓ બની શકે છે તેટલી ચોખાની બનતી નથી, ઘઉંમાં જેટલી મીઠાશ છે તેટલી ચોખામાં નથી એમ ભલે કોક માનતા હોય ને કહેતા હોય. 'तथापि भक्तिस्तरुणेन्दुशेखरे' (બીજા દેવો ઘણા સારા છે, તોપણ મારી ભક્તિ તો મહાદેવ તરફ જ છે) એમ ભર્તૃહરિએ કહ્યું છે તેમ હું કહી શકું એમ છું કે બીજું અનાજ ગમે તેટલું સારું હશે, પણ મારી ભક્તિ તો ભાત તરફ જ ઢળે છે. એ જો અસંસ્કૃતિની–જંગલીપણાની નિશાની હોય તો હું એટલા પૂરતો જંગલી છું. એટલે કે બિલકુલ ચોખા ખાધા વિના એકલા ઘઉં પર દિવસ ગાળવો એ બીજાને કદાચ એટલું કઠિન ન લાગે, પણ મને તો એ પરમ તપશ્ચર્યા જેવું જ લાગ્યું.

એ પ્રયોગ થોડો વખત મેં કર્યો. એ પછી પેલા મિત્રને મેં ફરી જન્માક્ષર બતાવી પૂછ્યું, 'હવે સૂર્યની સ્થિતિમાં કંઈ ફેર પડ્યો કે નહિ?'

'એમ તે કંઈ ફેર પડે? એ તો તમારે જિંદગી સુધી કરવાનું,' એમણે કહ્યું.

'ભલે એમ,' મેં જવાબ દીધો.

પરંતુ એ પ્રયોગની મુદત કરતાં મારી જિંદગી વધારે લાંબી નીકળી. પ્રયોગ થોડા જ વખતમાં પૂરો થયો.

એકલા ઘઉં ખાવાથી શરીર ને મન બંનેની સ્થિતિ બગડે છે, એટલું જ નહિ, પણ બંને વચ્ચે વિસંવાદ ઊભો થાય છે. મનને લાગે છે કે હું ઉપવાસી છું, હું ભૂખ્યો છું અને શરીર પેટને ફુલાવીને અકળાવીને એની પાસે સંદેશો કહાવે છે, 'આજે વધારે-પડતું ખવાઈ ગયું છે. આ બોજો વધારેપડતો છે.'

આમ એકલા ઘઉં ખાવાને લીધે મનને અતૃપ્તિ ને શરીરને અતિતૃપ્તિ થવા લાગી ને શરીર–મનનો ઝઘડો વધવા લાગ્યો; એટલે એ પ્રયોગ માંડી વાળવાનો નિશ્ચય કરી મેં મારા મિત્રને પૂછ્યું, 'રવિવારે ઘઉં ખાવા જ જોઈએ એવો નિયમ છે?"

'ના, એવો નિયમ નથી. ખાવું જ હોય તો ઘઉં સિવાય કશું ખાઈ શકાય નહિ. પરંતુ કંઈ પણ ખાધા વગર ઉપવાસ કરવો હોય તો ઘઉં ખાવા જ જોઈએ એવું નથી.'

તે પછી મેં ઘઉં પર રહેવાનો પ્રયોગ છોડી દઈને રવિવારે ઉપવાસ કરવા માંડ્યા.

અને 'મને અનુભવ થયો કે ઉપવાસનું શાસ્ત્ર અને ઉપવાસની કલા આપણે બરાબર સમજ્યા જ નથી.

★

રાવસાહેબ

લેખક :

શ્રી ગુલાબદાસ બ્રોકર

સૌમ્ય, શાંત, સદાય હસતી એ મૂર્તિ જોતાંવેંત નયનમાં ઊતરી જાય અને હૃદયને ગમી જાય એવી લાગી. આટલી વાત ઉપરથી એ સ્ત્રી હશે એમ નહિ ારી બેસતા! હતા તો એ પુરુષ અને તે જુવાન નહિ, આધેડ વયના.

મારા મિત્ર ભાનુભાઈ જોડે હું એમની ગયો હતો; અને એ પણ મારા કામે- રા ધંધા માટે એમની પાસેથી કંઈ કામ- જ મેળવવા: પણ તેઓ તો જાણે એમના ર કશોક ઉપકાર કરવા હું ન ગયો હોઉં એવી રીતે મને આવકાર આપવા માંડ્યા અને હું જાણે એમનો ચિરપરિચિત સ્વજન હોઉં એ રીતે હસીહસીને જાતજાતની વાતો કરવા લાગ્યા. અર્ધા કલાકની એમની સાથેની મારી મુલાકાતમાં મારું કામ તો જાણે પતી ગયું, પણ એક સજ્જન પુરુષને મળ્યાનો આનંદ પણ મને થયો.

બહાર નીકળતાંવેંત જ મેં ભાનુભાઈને કહ્યું:

'માણસ તો બહુ સજ્જન લાગ્યા હો, ણા પ્રેમાળ!'

'તમને ગમ્યા ને?'

'કોઈને પણ ગમી જાય એવા જ છે. કાર એ આપણા ઉપર કરતા હોય અને તાં એવી રીતે જતા હોય કે જાણે આપણે જ એમને ઉપકૃત કરતા ન હોઈએ! આવા માણસો તો કોઈક જ મળે!'

'ખરેખર, કોઈક જ માણસ હોય છે એમના જેવા!' ભાનુભાઈએ લાગણીભર્યા સ્વરે કહ્યું.

હું ચમક્યો. જરાવાર ભાનુભાઈની સામે જોઈ રહ્યો. ભાનુભાઈ અત્યંત આડાબોલા અને લાગણીનું પ્રદર્શન તો કદીયે ન કરે એવા. એમના અવાજમાં આટલી બધી લાગણી, આ માણસ વિશે વાત કરતાં, શી રીતે ઊભરાઈ આવી હશે? મેં એમને જ પૂછ્યું:

'શેના ઉપરથી એમ કહો છો?'

'હું એમને આજ વીસ વર્ષથી બરોબર ઓળખું છું, એના ઉપરથી.'

'ખરેખર સરસ માણસ છે!' મેં ઉત્સાહપૂર્વક કહ્યું.

આ વખતે ભાનુભાઈ કશું ન બોલ્યા.

ભાનુભાઈ ભલે ન બોલે પણ મારાથી ક્યાં રહી શકાય તેમ હતું? ઉપરાંત મારું કામ મેં ધારી હતી એથી યે વિશેષ સફળતાથી પાર પડ્યું હતું એનો મારા મનમાં આનંદ પણ હતો. વાતચીત દ્વારા એ વ્યક્ત પણ થવા માગતો હતો. એટલે થોડીવાર પછી હું જ બોલ્યો:

'રાવસાહેબ પોતે આવા સરસ છે તે એમનાં બૈરી-છોકરાં પણ એવાં જ સરસ હશે, નહિ?'

'જો હોત તો એ લોકો પણ આવાં જ સરસ હોત એની મને ખાતરી છે.' ભાનુભાઈ હસ્યા.

'એટલે?'

'એટલે એમ કે જો રાવસાહેબને બૈરી-છોકરાં હોત તો તે પણ એમના જેવાં જ સરસ હોત, એમ મેં કહ્યું.'

'પણ હોત તો એટલે? એમનાં પત્ની...'

'મૃત્યુ પામ્યાં છે?' એમ હું પૂછી શકું તે પહેલાં જ ભાનુભાઈ બોલી ઊઠ્યા:

'જન્મ્યાં જ નથી.'

ભાનુભાઈ બોલે ગમે તેટલું કે ગમે તેમ

પણ હસમુખા તે ઓછા નહોતા. આવાં-આવાં નાનાં વાકયોથી તે પોતાની હાસ્યવૃત્તિને વારંવાર પોષી લેતાં. મને પણ એમની એ રીતથી હસવું આવ્યું, પણ કુતૂહલ ન રોકાયું. ભાનુભાઈ તો એમનો આ નાનો હાસ્યપ્રયોગ કરી પાછા પોતાના મૌનના કિલ્લામાં પુરાઈ ગયા હતા. એમાંથી એમને બહાર કાઢવા મેં કહ્યું:

'તે શું રાવસાહેબ પરણ્યા જ નથી?'

'ના.'

'આવડા મોટા થયા તોપણ? એમની ઉંમર નહિ નહિ તોયે......'

'ગઈ કાલે જ પચ્ચાસ પૂરાં થયાં.'

'ને પૈસાદાર પણ છે.......'

'પાંચેક લાખ તો ખરા જ.'

'તો પછી?'

'તોય ન પરણ્યા.'

'પણ કંઈ કારણ તો હશે ને?' એમના આ ટૂંકાંટૂંકાં વાકયોના પ્રયોગોથી મને ભાનુભાઈ ઉપર હવે ચીડ ચડતી જતી હતી.

પણ એ તો એના એજ રહ્યા. બોલ્યા:

'હોય જ ને?'

'પણ શું?'

'એ લાંબી વાત છે.'

'તો ભલેને રહી. તમને એ વાત કરતાં શું થાય છે?'

'કશું જ નહિ; પણ તમારું કામ રોકાય છે.'

'જહાન્નમમાં ગયું મારું કામ!' હું બરાડી ઊઠ્યો.

ભાનુભાઈ હસી પડ્યા.

'કામમાં એવી અગત્ય નહોતી તો અહીં છેક શા માટે આવ્યા?'

'હવે મશ્કરી ઉડાવવી રહેવા દો ને સીધી વાત કરો ને,' મેં કહ્યું. 'કામમાં અગત્ય તો છે પણ આ વાત ન સાંભળી શકાય એટલી ઉતાવળ નથી...ચાલો હવે જોઉં, નહિતર મને ચેન નહિ પડે. તમે મારો સ્વભાવ તો જાણો જ છો.'

'એવો અધીરિયો સ્વભાવ.....'

'એ બધું હું જાણું છું ને મારે એ સાંભળવું પણ નથી. ચાલો, આ હોટલમાં ચાપાણી પીએ અને વાત પણ કરીએ.'

આગ્રહ કરીને ભાનુભાઈને બાજુમાં આવેલી એક હોટલમાં હું ખેંચી ગયો.

ત્યાં ગયા પછી યે થોડીવાર તેમણે લાંબી વાત કરવાના તેમના પ્રકૃતિસિદ્ધ આળસને અંગે ગલ્લાંતલ્લાં તો કર્યાં, પણ મેં એમને છોડ્યા નહિ. આખરે તેમણે કહ્યું:

'આ રાવસાહેબ હાલે અત્યારે છે એટલા પૈસાદાર પહેલેથી નહોતા.'

'નહિ? લાગે છે તો જાણે ખાનદાની અને પૈસો પહેલેથી જ એમને પચી ગયો હોય એવા.' મેં કહ્યું.

'ખાનદાની એમના લોહીમાં ઊતરી આવી છે. મરાઠી બ્રાહ્મણોનાં જે સારાં કુળવાન કુટુંબો ગણાય એમાં એ જન્મ્યા છે, ને પૈસા વિશે તેમણે કદી યે એટલો મોહ રાખ્યો નથી કે તે તેમને પચવામાં ભારે પડે.'

'પણ પૈસાની તેમને દરકાર નથી ને તેમને બૈરીછોકરાં છે નહિ તો આટલી ઉંમરે આટલો ધંધો તેઓ શા માટે કરે છે?'

'તેમનો કુટુંબકબીલો મોટો છે તેથી.'

'એટલે?' ફરી હું ગૂંચવાયો.

'તેમને છ બહેનો છે, તે બધીઓને ભગવાને તેમના પોતાના ફાળા ઉપરાંત રાવસાહેબ માટે જે પુત્રપુત્રીઓનો ફાળો અનામત રાખ્યો હશે તે પણ ઉદાર હાથે સરખા ભાગે વહેંચી આપ્યો છે.'

'પણ એમાં રાવસાહેબને શું? એ બધીઓને તો એમના પતિ હશે ને?'

'છે જ પણ તેમનાં છોકરાંઓને રાવ-

કુટુંબ પોતાનાં છોકરાં જ ગણે છે.'

'ગણે જ, કોઈ પણ સારો ભાઈ એમ જ ગણે પણ તેથી કાંઈ……'

'તમે સમજતા જ નથી.'

'તમે સરખી વાત કરતા નથી તો હું શી રીતે સમજું? માંડીને સરખી વાત કરો ને!'

'વાત એમ છે કે આ દત્તારામ દાતે નાના હતા, સત્તરેક વર્ષના, ત્યારે તેમના બાપુ ગુજરી ગયા. વારસામાં છ નાની બહેનો અને એક અત્યંત બુદ્ધિશાળી મગજ સોંપતા ગયા. દત્તારામનો અને તેમના બાપુજીનો વિચાર એ મગજને વિદ્યાના કામમાં જ પરોવવાનો હતો; કેમકે દત્તારામ પરીક્ષામાં કોઈ દિવસ બીજો નંબર રાખતા નહિ. ને મરાઠી લોકોને વિદ્યાનો શોખ પણ ખરો...પણ બાપુ તો ગુજરી ગયા. વિદ્યા મેળવવાની પ્રવૃત્તિ તો પૈસા માગે, કંઈ આપે નહિ. ને પૈસા ક્યાંથી મેળવવા?

એનો તો એક જ ઉપાય હતો. પોતે કમાય તો પૈસા મળે. પણ તો પછી પેલી વિદ્યાનું શું થાય? એને કંઈ છોડી દેવાય? એ વિકલ્પ મુશ્કેલ હતો પણ એનો ઉકેલ સરળ નીવડ્યો. તેમનાથી નાની અને બહેનોમાં સૌથી મોટી બહેન જો યોગ્ય સગવડ મળે તો વિદ્યા મેળવવામાં પોતાથી ઓછી કાબેલ નીવડે એમ નહોતી. પોતે કમાય અને પેલી વિદ્યા પામે એ ઉકેલ દત્તારામને ગળે ઊતરી ગયો. એથી કુટુંબમાં પૈસો અને વિદ્યા બંને પાંગરે.

ભણતર મૂકી પૈસો મેળવવાના ઉદ્યમમાં પોતે મંડી ગયા અને વિદ્યા મેળવવા બહેનને ઉત્સાહ આપવા લાગ્યા. બંનેમાં ધીમેધીમે એમને સફળતા મળતી ગઈ, અને કુટુંબનો આનંદ વધતો ગયો.

ત્રણચાર વર્ષ નીકળી ગયાં. કમાતો-કમાતો આવડા મોટા કુટુંબનું એકલે હાથે ભરણપોષણ કરતો છોકરો સસરા થવાને ઉત્સુક સજજનોનું ધ્યાન તો ખેંચે જ. દત્તારામે પણ ખેંચ્યું. ગમે તેવા રૂપથી ભગવાને મઢેલ એમની દીકરીઓને એ સજજનોએ સોનેથી મઢી અને દત્તારામ એમનો સ્વીકાર કરે એટલી પ્રાર્થના તેઓ કોઈકના દત્તારામને અને પોતાના ભગવાનને કરવા લાગ્યા.

પણ દત્તારામ સમજતા હતા કે કોઈ કન્યાનો સ્વીકાર જો પોતે કરે અને પિતાજી જે છ જીવ પોતાના હાથમાં સોંપી ગયા હતા તેમાં પોતે પણ જો ભગવાનની કૃપાથી બીજા છ જીવોનો વધારો કરે, તો એ કન્યાના પિતાએ મઢી આપેલા સોનાનું બજારમાં લીલામ કરવા છતાં પણ પોતાનો આરો ન આવે. ને તો પછી પોતાની છ બહેનો બિચારી ક્યાં જાય? એ તો સ્ત્રીઓ! પોતે તો વહેલામોડા પરણે તો ચાલે, પણ છોકરીઓને કંઈ એમ બેસાડી રાખ્યે ચાલે એમ થોડું હતું? પહેલાં તો એમનો જ પ્રશ્ન વિચારવો જોઈએ.

એટલે એમ, પેલા સજજનોની મુશ્કેલી પોતે ઓછી કરવાને બદલે દત્તારામે તો એમાં વધારો જ કર્યો. તેમની સોને મઢેલ છોકરીઓની સામે તેમણે પોતાની વિદ્યાથી મઢેલ બહેનને હરીફાઈમાં મૂકી, અને એક સારા કુટુંબનો ઉત્સાહી મૂરતિયો મળી જતાં તેમણે નિરાંતનો શ્વાસ લીધો.

એ બહેન એમને ખૂબ ગમતી. બાપુજીના મરણ પછી જેમ ઘરનો આર્થિક બોજો પોતે ઉપાડી લીધો હતો તેમ પોતાથી માંડ સવા વર્ષ નાની એ બહેને ઘરનો સઘળો વ્યાવહારિક બોજો ઉપાડી લીધો હતો. બંને ભાઈ-બહેનને બનતું પણ ખૂબ જ. વળી વિદ્યાનાં જે શિખરો સર કરવાનો એક વખત પોતે મનસૂબો કર્યો હતો તે શિખરો આ બહેન સહેલાઈથી સર કરતી જતી હતી; એટલે

એમાં વિજયનો એક જાતનો આનંદ પણ દત્તારામને રહેતો. એટલે એના લગ્ન પ્રસંગે દત્તારામે જરા વધારે ખરચ કર્યું. થોડીઘણી બચત પોતે કરી શકયા હોય તે અને થોડુંઘણું કરજ જે પોતે કરી શકે તે બધું એકઠું કરીને જેટલા પૈસા થાય તે બધા દત્તારામે આ તેમની માનીતી બહેનના લગ્નમાં વાપરી નાખ્યા.

આટલો ખર્ચ કરવામાં દત્તારામના મનમાં બહેન તરફના પ્રેમ ઉપરાંત એક બીજો લોભ પણ ખરો. લગ્નની બજારમાં એથી પોતાની બીજી બહેનોની કિંમત પણ વધી જાય!

ને એ વધી પણ ખરી. પણ અર્થના બજારમાં એથી દત્તારામને પોતાને વધુ મુશ્કેલી પડવા લાગી. માથે કરજ, ઘરનો ખર્ચ તો કાઢવાનો જ. અને બાકી રહેલી પાંચ બહેનોને ભણાવવાની, પરણાવવાની.

એ બધામાં પોતાના લગ્નનો તો વિચાર પણ શી રીતે કરાય? તો તો આ બહેનો રખડી પડે, અને પારકે પૈસે, કરજ કરીકરીને પોતાનાં બાળકોને પોષવાનો વારો આવે તો તેમાં મજા પણ શી?

આમાંથી બેત્રણ બહેનો પરણે નહીં ત્યાં સુધી તો પોતાના લગ્ન વિષે વિચાર સરખો પણ ન કરવાનો દત્તારામે નિર્ણય કરી લીધો.'

ભાનુભાઈ એકીસાથે બોલ્યે જતા હતા, હું સાંભળ્યે જતો હતો. આટલી વાત પૂરી કરી મારી સામે જોઈ તે હસી પડ્યા, બોલ્યા:

'આ તો હું યે લાંબી વાર્તા કરવા બેસી ગયો, નહિ? પણ આટલું ઘણું છે. બાકીનું તમે સમજી શકો તેમ છો.'

'બાકીનું જ સમજવું મુશ્કેલ છે,' વાર્તાના રસમાં તણાઈ રહેલા મને આ વિક્ષેપ ન ગમ્યો.

'કેમ?'

'એ બેત્રણ બહેનોને પરણાવ્યાં પછી તો દત્તારામ પરણી શકત ખરા ને? પછી ન પરણવાનું એમને કોઈ કારણ નહોતું.'

'પછી યે ન પરણવાનું કારણ તો હતું જ ને?'

'શું?'

'પહેલાં જે હતું તે?'

'ફરી પાછા ન સમજાય એવું બોલવા માંડ્યા ને?' મેં ભાનુભાઈને ઠપકો આપ્યો. 'સીધી વાત કરતા હો તો! આ તો અમારો રસ...'

'વાહ રે રસિક સજજન!'

મેં એમની મશ્કરી ન ગણકારી. પૂછ્યું:

'પહેલાં શું હતું?'

'વિદ્યા પ્રત્યેનું વલણ.'

'તે શું ત્રણ બહેનોને પરણાવીને પછી પોતે પાછા ભણવા બેઠા?' મારા આશ્ચર્યની સીમા ન રહી.

'ના રે ના, પછી તે શું ભણે? ને પોતે ભણે તો બીજાને શી રીતે ભણાવે?'

'ત્યારે?'

'એક ચોથી બહેન ભણવામાં એટલી હોશિયાર નીકળી કે એને આગળ મોકલ્યા સિવાય છૂટકો નહોતો. એટલે આગળ મોકલી.'

'પણ કયાં?'

'અમેરિકા. અમેરિકા જઈને ન ભણે એ આગળ ગયેલું કયાં કહેવાય છે આ દેશમાં?'

'પણ તેથી શું થયું?'

'શું પૂછતા હશો, 'તેથી શું થયું?' તેથી મોટું ખરચ આવી પડ્યું. અલબત્ત, હવે કમાણી વિશેષ થતી હતી એટલે વધુ કરજ કરવું પડે તેમ નહોતું, પણ અમેરિકાનું ખરચ ને ભાઈનો ઉત્સાહ. 'તું તારે ખરચ સામે નાહ જોતી પણ ભણ્યે રાખજે, બહેન. કમાનારો હું બેઠો છું. આપણા પિતાજી ને મારા બન્નેના આત્માને મારે શાંતિ આપવી

છે.' ને બહેન પણ પાછું વાળી શા માટે જુએ? ખાસ્સાં ચાર વર્ષ અમેરિકામાં કાઢ્યાં.'

'પછી પછી ?'

'પછી શું? પછી અહીં આવીને કોઈ મોટા કલાકારને પરણી. કલાકાર કલા કરે એટલું કમાય નહિ. બહેન એથી વિશેષ કમાય ને એને નભાવે ને બાકી ભાઈ તો બેઠા જ છે!'

'ને બીજી બહેનો ?'

'વારાફરતી એમનો પણ વારો આવે ને? નાનામાં નાની બહેન પરણી ત્યાં સુધીમાં બીજી બહેનોનો વિસ્તાર સારો એવો વધી ગયો હતો, વધી રહ્યો હતો. ભાણેજાં-ઓથી દત્તારામનું ઘર અને તેમનું પ્રેમાળ હૃદય ભર્યું ભર્યું રહેતું હતું. આ બાજુ કમાણી પણ વધતી જતી હતી એટલે સુખસગવડમાં કંઈ ખામી નહોતી.'

'પણ તો પછી? પછી શું જોઈતું હતું કે પછી પણ એ ન પરણ્યા ?'

'એક મોટી ચીજ પછી જોઈતી હતી.'

'શી?'

'તમે નહિ કહો ?' તે હસ્યા.

'ના, તમે જ કહો.' મેં ચીડથી કહ્યું.

'જુવાની,' ભાનુભાઈ ધીમેથી બોલ્યા.

'હા, એ વાત તો ખરી.' હું પળ એક મૂંગો થઈ ગયો. 'એ તો મારા ખ્યાલ બહાર જ રહી ગયું.' પછી વળી બોલ્યો 'પણ એમ કંઈ એ એટલા બુઢ્ઢા તે કેટલાક થઈ ગયા હશે? અત્યારે પણ આવા જુવાન જેવા તો દેખાય છે.'

'બુઢ્ઢા તો એવા કંઈએ નહોતા થયા પણ જુવાનીને માત્ર ઉંમર સાથે જ સંબંધ થોડો છે?'

'તો કોની સાથે છે?'

'મનની સ્થિતિ અને વૃત્તિ સાથે. લગ્નને લાગતુંવળગતું હતું ત્યાં સુધી દત્તારામ જુવાન મટી ગયા હતા. બહેનોનાં આટલાં બધાં કુટુંબોને તેમણે પોતાનાં કરી લીધાં હતાં, અને તેમનાં બાળકોને તો તે પોતાનાં જ ગણે એવી તેમની પ્રકૃતિ હતી. એટલે જ્યારે ખરેખર પોતાનાં લગ્ન વિશે નવરાશથી વિચાર કરવાનો પ્રસંગ આવ્યો, ત્યારે તેમને લગ્ન કરવાની જરૂર જ ન લાગી.'

'પણ એ વિના તો જીવન અધૂરું ન રહી જાય?' હું જાણે મારા મનને જ પૂછતો હતો.

ભાનુભાઈ પણ જાણે એ મનને જ ઉત્તર આપી રહ્યા:

'ચોપડીઓ વાંચું છું ત્યારે મને પણ એમ જ લાગે છે, પણ જ્યારે દત્તારામને જોઉં છું કે એમની વાતો સાંભળું છું, ત્યારે મને બિલકુલ એમ નથી લાગતું. જીવનની કેટલી બધી પ્રસન્નતા એમનામાં ભરી છે! તમને આ અર્ધા કલાકમાં જ એ ન દેખાયું? એટલે એ બધું તો……'

હવે ભાનુભાઈ લાંબું ભાષણ કરવાના તોરમાં હોય એવું મને લાગ્યું, પણ હવે મને એને માટે સમય નહોતો. મારું કુતૂહલ સંતોષાઈ ગયું હતું અને હૃદય રાવસાહેબ દત્તારામ દાતે તરફ કોઈ અનિર્વચનીય પ્રેમભાવથી ઢળી રહ્યું હતું. મેં એમને વાર્યા—એમની જ રીતે બોલીને:

'તમારે લાંબું ભાષણ કરવું છે ભાનુભાઈ?'

તે તરત ચેતી ગયા. 'ઓ હો હો!' કરી હસી પડ્યા.

'તમારો ચેપ મને પણ લાગ્યો કે શું?' કહી ઊભા થઈ ગયા, અને કહ્યું 'જુઓ, એ ચેપને ખંખેરી નાખું છું હો,' કહી લૂગડાં ખંખેર્યાં અને હોટલની બહાર નીકળી ગયા.

એમણે મારી વાતને એમ ખંખેરી નાખી, પણ એમણે રાવસાહેબ દત્તારામ વિશે કહેલી વાતને હું હજી સુધી, આજે વર્ષો વીતી ગયાં તોયે ખંખેરી નાખી નથી શક્યો.

★

લોકરુચિ નાટકને ઘડે છે?

લેખક :

શ્રી ધનસુખલાલ મહેતા

સામાન્ય રીતે અમુક વિષય કે વસ્તુની વ્યાખ્યા સંપૂર્ણ સત્ય હોતી નથી એમ 'લોકરુચિ નાટકને ઘડે છે' એ વ્યાખ્યા—એ નિયમ સંપૂર્ણ સત્ય નથી પણ માત્ર અર્ધસત્ય છે. જેમ લોકરુચિ નાટકને ઘડે છે એમ નાટક લોકરુચિને પણ ઘડે છે એવું સ્વીકારવામાં ખાસ બાધ આવતો નથી; પણ કદાચ લોકરુચિ નાટકને ઘડે છે એ વ્યાખ્યાનું પ્રમાણ એથી ઊંધી વ્યાખ્યાના પ્રમાણ કરતાં જરાક મોટું છે એમ તો કહેવું પડે.

જમાને જમાને સાહિત્યના વિષયમાં, રચનાશૈલીમાં અને ભાષાશૈલીમાં જે ફેરફાર થયા કરે છે, તેમાં લોકરુચિનો હિસ્સો પણ સારા પ્રમાણમાં હોય છે. લોકોની બાહ્ય જીવનપરિસ્થિતિ લોકરુચિને બદલે છે અને લોકરુચિના પરિવર્તનની અસર સાહિત્યકૃતિઓમાં ઝિલાય છે. પણ કોઈ કોઈ વિરલ પ્રસંગે કોઈ એવી મહાન સાહિત્યકૃતિ પણ સર્જાયા કરે છે, જે લોકરુચિની નચાવી નાચતી નથી એટલું જ નહિ પણ લોકરુચિ ઉપર પ્રબળ પ્રભાવ પાડીને એને સંસ્કારે છે, એને ઊંચે માર્ગે લઈ જાય છે. લોકરુચિનું અનુવર્તન એ સાહિત્યની સામાન્ય ઘટના છે; લોકરુચિનું સંસ્કરણ અને ઉન્નયન એ સાહિત્યનો વિશિષ્ટ ધર્મ છે.

'નાટક' પણ સાહિત્યનો એક પ્રકાર છે અને સાહિત્યના અન્ય પ્રકારો કરતાં 'નાટક'ને લોકરુચિ જોડે નિકટતર સંબંધ છે. જ્યાં સુધી નાટક અન્ય સાહિત્યકૃતિની માફક માત્ર શ્રાવ્ય રહે, ત્યાં સુધી એને લોકરુચિથી થોડેઘણે અંશે પણ સ્વતંત્ર રહેવાનું પરવડે છે, પણ નાટકનું ખરું સ્વરૂપ શ્રાવ્ય નથી પણ દૃશ્ય છે અને દૃશ્ય હોઈને, બીજા સાહિત્યપ્રકાર કરતાં એ લોકરુચિને વિશેષ ઝીલનારું બને છે. આ સ્થિતિ સમજાય તેવી છે, ઘણુંખરું અનિવાર્ય પણ છે છતાં સર્વથા ઇષ્ટ તો નથી જ. લોકરુચિને અનુસરવાની આવશ્યકતા નાટકકારને સ્વીકારવી પડે છે છતાં લોકરુચિના વિશુદ્ધિકરણનો સાહિત્યનો વિશિષ્ટ ધર્મ છે તે નાટકકારે એક સાહિત્યકાર તરીકે ભૂલવો ન જોઈએ. આ ચેતવણી નાટકો પરત્વે ખાસ મહત્ત્વની છે, કારણકે લોકરુચિ નાટકને ઘડે છે એ સામાન્ય ઘટના બહુ પ્રબળ બની જવાનો સંભવ ઘણો છે.

સાહિત્યના અન્ય પ્રકારો સમાજના અમુક વર્ગોને રુચિકર થાય, અમુકને રુચિકર ન થાય, ભિન્નભિન્ન રુચિના અને બુદ્ધિની ભિન્નભિન્ન કોટિના લોક પોતપોતાને ભાવતું અને ફાવતું સાહિત્ય વાંચે, બીજાને વંચાવે, એવી છૂટ અને એવો અવકાશ બીજા સાહિત્યપ્રકારો પરત્વે રહે છે તેટલા પ્રમાણમાં રંગભૂમિ ઉપર ભજવાતાં નાટકો પરત્વે રહેતો નથી; કારણ કે એક જ સ્થળે, એક જ સમયે, એકઠા થયેલ ભિન્નભિન્ન રુચિના તેમજ બુદ્ધિની ભિન્નભિન્ન કોટિના પ્રેક્ષકગણ સમક્ષ રજૂ થતાં નાટક ઉપર એ પ્રેક્ષકગણને રુચિકર બનવાની ફરજ આવી પડે છે.

સમસ્ત પ્રેક્ષકગણને રુચિકર બનવાની આ ફરજ નાટક બે માર્ગે બજાવી શકે: એક તો નાટકની મુખ્ય વસ્તુને ઉદાત્ત, ઉન્નત રાખ્યા છતાં સાથેસાથે સામાન્ય કોટિના પ્રેક્ષકોની રુચિને ગમે તેવા અંશોનો, પ્રસંગોનો કે ઉપવસ્તુનો નાટકમાં સમાવેશ કરીને

અથવા તો પ્રેક્ષકગણના રુચિભેદમાં રહેલું સર્વસામાન્ય રુચિતત્ત્વ પકડી પાડી એને અનુકૂળ નાટકરચના કરીને. આપણી અને વિદેશની રંગભૂમિ ઉપર ઉત્તમ નાટક વસ્તુની સાથોસાથ ઉપવસ્તુ કે પ્રસંગરૂપે હળવા હાસ્યની કે ઊતરતી કોટિના વિનોદની વાનગી પીરસવાની જે રીત પડી હતી તે પહેલા માર્ગનું પરિણામ છે. ગુજરાતી રંગભૂમિ–શિષ્ટ ગણાતા લેખકની નાટ્યકૃતિ, સંસ્કારી, સુશિક્ષિત નટવૃંદ દ્વારા, એવા જ સંસ્કારી પ્રેક્ષકગણની સમક્ષ, રજૂ કરતી આપણી અવેતન રંગભૂમિ ગુરુ-ગંભીર, ઉદાત્ત વસ્તુ મૂકીને હળવી અને અંશતઃ અશિષ્ટ વિનોદની નીચી ભૂમિકા સુધી ઊતરી પડી એ બીજા માર્ગનું પરિણામ છે.

સાહિત્યના નાટક સિવાય અન્ય પ્રકારનો આસ્વાદ લેનાર વાચકોને ઘરની રસોઈ જમનાર અને નાટકનો રસ માણનાર પ્રેક્ષકોને સામાન્ય રસોડે જમવા જનારની ઉપમા શ્રી જ્યોતીંદ્ર દવે પોતાના એક નિબંધમાં આપે છે, એ યથાર્થ છે. ઘરનાં જમનાર માણસોની રુચિ જાળવવી એ સહેલું કાર્ય છે, પણ સામાન્ય રસોડે આવનાર ભિન્નભિન્ન પ્રકૃતિનાં સર્વ માણસોની રુચિને પોષવી એ એક રીતે મુશ્કેલ કાર્ય છે. આથી સામાન્ય રસોડે થતી રસોઈમાં જુદીજુદી ઘણી વાની બનાવી ઘણાં મનુષ્યોની રુચિને સંતોષવાનો માર્ગ લેવામાં આવે છે; એટલે કે નાટકમાં મુખ્ય વસ્તુને ઉન્નત, સંસ્કારી રાખીને એમાં ઊતરતી કોટિનો વિનોદ ભેળવવાનો માર્ગ એ એક સહેલી અને સસ્તી યુક્તિ છે; પણ એમાં એટલું સારું છે કે અમુક અંશ લોકની ઊતરતી રુચિને અનુસરતો હોય છે છતાં મુખ્ય વસ્તુ ઉચ્ચ ધોરણને જાળવી રહે છે. બીજો માર્ગ એક રીતે વધારે અનિષ્ટ છે, કારણ કે એ માર્ગે જતી નાટ્યકૃતિ સમગ્રરૂપે જનતાની રુચિને સામાન્ય, સર્વસાધારણ અને પરિણામે ઊતરતી ભૂમિકા જેટલી નીચી જાય છે; છતાં એ જ માર્ગ, ભૂમિકા ઉચ્ચ જળવાય તો, લોકરુચિને સુધારવાનો માર્ગ છે.

આ પ્રમાણે નાટ્યકૃતિ લોકરુચિને અનુસરે છે એ હકીકત છે, અને તેથી લોકરુચિ નાટકને ઘડે છે એ કથનના સત્યનો સ્વીકાર કરવો પડે છે. પણ લોકરુચિ નાટકને ઘડે છે એ કથન અનુભવથી પુરવાર થાય છે તે છતાં એ જ આદર્શને નાટકકારે અનુસરવું જોઈએ એમ નથી. અનેક રુચિના લોકને, એક સમયે, એક સાથે, રીઝવવાની ફરજ નાટકકાર ઉપર આવી પડે છે, એ વાતનો સ્વીકાર કવિ કાલિદાસે પણ એક સ્થળે કર્યો છે. એણે કહ્યું છે, કે

'નાટક એ ભિન્નરુચિજનનું બહુ પ્રકારે એક સમારાધન છે.' પણ આવું કહેનાર કાલિદાસ પોતે પોતાનાં નાટકોમાં ઉચ્ચ સંસ્કારકોટિ જાળવી રહ્યો છે એ ભૂલવાનું નથી.

નાટકકાર લોકરુચિને રીઝવવા લલચાય એ ભય મોટો છે તેમ સ્વાભાવિક પણ છે. પણ એ જ લોકરુચિને વશ બની જવું પડે, તે વિના એ સફળ થાય નહિ એવું નથી. એક રંગભૂમિનિષ્ણાતે કહ્યું છે કે પ્રેક્ષકસમુદાયને સ્વાભાવિક રીતે જ બે સપાટી હોય છે: એક તેની ઊંચામાં ઊંચી અને બીજી તેની નીચામાં નીચી. આગળ ચાલતાં એ કહે છે કે જ્યારે એક નાટકકાર લોકરુચિને અનુસરીને પોતાની નાટ્યકૃતિ સર્જવા તત્પર થાય છે, ત્યારે તેની સમક્ષ માત્ર એક જ સપાટી નથી હોતી પણ ઊંચી તેમજ નીચી બે સપાટી હોય છે. લોકરુચિને માન આપીને પોતાની કૃતિ સર્જવામાં તેની મર્યાદા આ પ્રમાણે મોટી છે, વિશાળ છે. બંને સપાટીની વચમાં તે સ્વસ્થતાપૂર્વક વિહાર કરી શકે છે, એટલું જ નહિ પણ જેમ બને તેમ પોતાની કૃતિનો ઝોક તે ઊંચી સપાટી

પ્રત્યે વધારે રાખી શકે તેમ છે. આ પ્રમાણે સભાન વર્તનાર અને પોતાનું સર્જન કરનાર નાટકકાર લોકરુચિને ધીમેધીમે પણ કાંઈક ઉચ્ચતર દિશામાં લઈ જવા સફળ થાય છે એમાં કશો શક નથી. એજ પ્રમાણે સહેલાઈથી લોકપ્રિયતાને વરવાના લોભથી સર્જકો પોતાનાં નાટકો તે પ્રેક્ષકસમુદાયની નીચી સપાટીને જ વફાદાર રહેવા પ્રયત્નો કરે છે, ત્યારે લોકપ્રિયતા પ્રાપ્ત કરવામાં તેને સફળતા મળે છે, પણ તેની કૃતિ સાહિત્યના ક્ષેત્રમાં ઉચ્ચ સ્થાન મેળવવા ભાગ્યશાળી થતી નથી, ચિરંજીવ પણ રહેતી નથી તેમજ લોકરુચિને ઉચ્ચતર માર્ગદર્શન કરવાની પ્રત્યેક સાહિત્યકારની જે સહજ ફરજ છે તે ફરજ તે અદા કરતો નથી.

આમ લોકરુચિને ધ્યાનમાં રાખીને પણ નાટકકાર ઇચ્છે તો તેને અમુક પ્રમાણમાં ઉચ્ચતર બનાવી શકે. સફળતા મેળવવા સાથે એ નાટકકાર લોકરુચિને અનુસરવાને બદલે ઊલટો લોકરુચિને ઘડે, બદલે, ઉચ્ચતર બનાવે એ અશક્ય નથી અને મુશ્કેલ પણ નથી. અને આ કાર્ય લોકરુચિને અનુકૂળ બનવાના આગળ કહેવાઈ ગયા તે બે માર્ગમાંથી બીજા માર્ગે બની શકે તેવું છે. આ બીજા માર્ગ એટલે (નાટકનાં ઉચ્ચ વસ્તુ સાથે હલકી કક્ષાના અંશો ભેળવવાને બદલે) નાટકને પ્રેક્ષકગણની રુચિના સમાન અંશને અનુસરવાનો અને સાથેસાથે એ સમાન અંશ કરતાં પણ કાંઈક ઉચ્ચતર રુચિ ભણી પ્રયાણ કરવાનો અને પ્રેક્ષકગણને કરાવવાનો માર્ગ. આ જ માર્ગ આમ લોકરુચિના સમાન અંશની ભૂમિકાને ઉચ્ચતર બનાવવાનો અવકાશ આપે છે.

પ્રેક્ષકની રુચિનો સમાન અંશ નીચી કોટિનો જણાતો હોય છતાં તે જ સમાન અંશ બહુ શ્રમ વગર ઉચ્ચતર બનાવી શકાય છે, એ અનુભવની વાત છે. ગાંધીજી જેવા અનેક કાર્યકર્તાઓએ એ બતાવી આપ્યું છે, પણ સમાજજીવનની વાત જવા દઈએ અને રંગભૂમિની વાત કરીએ તો ત્યાં પણ એના ઉચ્ચીકરણના દાખલા જોઈએ તેટલા છે. એલિઝાબેથના સમયમાં પ્રેક્ષકોની રુચિ શેકસપીઅરે સુધારી. કાલિદાસે ભારતમાં લોકરુચિને ખૂબ ઉન્નત રાખી. ભવભૂતિએ તો પોતાની ઉચ્ચ કક્ષા જાળવવા ખાતર તત્કાલીન લોકરુચિનો હિંમતભર્યો અનાદર કર્યો. પણ અન્ય દેશના અને અન્ય સમયના દાખલા આપવા મૂકીને અહીંનો આજનો જ દાખલો આપીશ. મુંબઈમાં જ પૃથ્વીરાજે નાટક દ્વારા લોકરુચિને સુધારવાના સફળ પ્રયોગો કર્યા છે. જુદાંજુદાં અવેતન મંડળોએ મુંબઈ તેમજ અમદાવાદમાં અતિ શિષ્ટ નાટકો ભજવીને લોકરુચિને ઉચ્ચતર કક્ષાએ ચઢાવવા પ્રશંસનીય પ્રયત્નો કર્યા છે. સિનેમા જગતમાં પણ આપણે બારણે જ વિજય ભટ્ટ અને બચુભાઈ શુકલ જેવાઓએ એ કાર્ય કરી બતાવ્યું છે.

શિષ્ટતાનું ધોરણ તજીને માત્ર લોકની હીનતર વૃત્તિઓનું રંજન કરતાં અનેક પ્રહસનો આપણી અવેતન રંગભૂમિ ઉપર ભજવાયાં. માની લીધેલી લોકરુચિના નચાવ્યા નાચવાની આ રીત કેટલાક સાહિત્યકારોને ગમી નહિ. એથી એવા થોડાક સાહિત્યકારોએ લોકરુચિને સુધારે, ઉન્નતતર કરે, એવા પ્રયોગો રંગભૂમિ ઉપર રજૂ કર્યા અને એમાં સફળતા પણ મેળવી, એ આપણા મુંબઈમાં જ આ બે વર્ષમાં બનેલી જાણીતી ઘટના છે.

લોકરુચિની કક્ષા નીચી છે એમ માની લઈને નાટ્યકૃતિને પણ એ કક્ષા જેટલી નીચી લઈ જનારો નાટકકાર લોકરુચિની કક્ષા નીચી છે—બહુ નીચી છે એવું માની લેવામાં જ ભૂલ કરે છે. સંસારમાં, વ્યવ-

ારમાં, જીવનમાં દુષ્ટતાને કે અશ્લીલતાને કે અનીતિને માર્ગે જનારો માણસ સાહિત્ય અને નાટકમાં પણ પોતાની એ દુષ્ટતા કે અશ્લીલતા કે અનીતિનું પ્રતિબિંબ પડતું જુએ તો જ રીઝે છે એ માન્યતા જ ભૂલભરેલી છે. ગમે તેવા દુષ્ટ માણસના અંતઃકરણમાં પણ સારા અંશો હોય છે. ગમે તેવો પાપી માણસ પણ પાપ ખરાબ છે અને પુણ્ય સારું છે એ સમજતો હોય છે અને અંતઃકરણથી પુણ્યનો પક્ષપાતી હોય છે. ગમે તેવો અનીતિમાન માણસ પણ હૃદયના ઊંડાણમાં નીતિનો પૂજક હોય છે. લોકરુચિમાં સારા અને નરસા બંને અંશોનું અજબ મિશ્રણ રહેલું હોય છે. આમાંના નરસા, ઊતરતી કોટિના અંશોને અનુકૂળ થાય એવી જ નાટ્યકૃતિ સદાકાળ લોકપ્રિય બને એમ માનીને ચાલનારો નાટકકાર પોતાની મોટી જવાબદારીને ભૂલી જાય છે. લોકમાનસને સંસ્કારી બનાવવાનું કાર્ય એ એની ફરજ અને જવાબદારી છે અને એવો પ્રયોગ કરવા જતાં પોતે લોકપ્રિયતા ગુમાવી બેસશે એ ભય રાખવાને કારણ નથી.

પણ લોકરુચિને સંસ્કારવાનો પ્રયત્ન કરનાર નાટકકારે સમજવું જોઈએ કે એનો અને એની નાટકરૂપ કલાનો ધર્મ ખુલ્લો ઉપદેશ આપવાનો નથી: એની કલાનો ધર્મ છે આનંદ આપવાનો. છતાં પ્રેક્ષકગણને આનંદ આપવા સાથે, એ આનંદ આપનારી કલામાંથી ફલિત થતાં સૂચનો વડે તાત્પર્ય દ્વારા, અજાણ્યે એ લોકમાનસને સુધારી શકે છે. આનંદ માણવા માટે આવેલો પ્રેક્ષકગણ આનંદ તો માણે પણ તે સાથોસાથ એને એકદમ જણાઈ પણ ન આવે એવી રીતે એ શુભ સંસ્કારનાં બીજ લઈને રંગભૂમિમાંથી જાય, એમાં રંગભૂમિનો ખરો વિજય છે અને આનંદ આપવાની સાથેસાથે સંસ્કારબીજો રોપવાની આ શક્તિ નાટક ધરાવે છે તેથી જ શાસ્ત્રો કરતાં, ઉપદેશ કરતાં, બીજી સાહિત્યકૃતિઓ કરતાં નાટક લોકરુચિ ઘડવાનું પ્રબળતર સાધન બને છે.

આ બધી વસ્તુસ્થિતિ ધ્યાનમાં લઈને જ આગળ કહેવાઈ ગયું છે કે લોકરુચિ નાટકને ઘડે છે એ અર્ધસત્ય છે. નાટક લોકરુચિને ઘડે છે એમ કહેવું એ પણ એક પ્રકારે અર્ધસત્ય છે. નાટક લોકરુચિને ઘડે છે એમ આપણે કહીએ, ત્યારે એ કથનનો અર્થ એવો સમજવો ઘટે કે લોકની પ્રસુપ્ત સુરુચિઓ એ જાગ્રત કરે છે–એ સુરુચિ આડે રહેલા કુરુચિજનક આવરણને દૂર કરીને લોકસમુદાયમાં રહેલી સુરુચિને એ પ્રકાશિત કરે છે. વસ્તુતઃ સંસ્કૃત અલંકારશાસ્ત્રમાં વાસનાને અનાદિ માની છે, જે વાસના એક જ મૂલગતરૂપે સૌ માણસોમાં હોય છે. લોકની રુચિ પણ એ વાસના ઉપર આધાર રાખે છે. એ વાસનાઓ જ ભાવના મૂળમાં રહેલી છે, અનેક વાસનાઓ અનેક ભાવરૂપે માણસમાં રહેલી છે. તેમાંથી એક ભાવ સ્થાયીભાવ બને: દાખલા તરીકે શૃંગારરસમાં રતિ સ્થાયીભાવ બને અને વિભાવથી (નાટ્યનાયિકારૂપ આલંબન વિભાવથી, ઋતુ, કુદરત વગેરે ઉદ્દીપન વિભાવથી) પુષ્ટ થઈને રસરૂપે પરિણમે એનો અર્થ પણ મોટામોટા અલંકારશાસ્ત્રીઓ એવો કરે છે કે સ્થાયીભાવ માણસમાં ઉત્પન્ન થતો નથી પણ અનુકૂળ સંયોગોમાં તે વ્યક્ત થાય છે, પ્રગટ થાય છે. જેમ દીવાની આડેનું આવરણ ખસેડી લેવામાં આવે એટલે પરિણામે દીવો પોતે પ્રકાશે અને નજીકના પદાર્થોને પણ પ્રકાશિત કરે તે જ પ્રમાણે આવરણ દૂર થતાં આત્મચૈતન્ય પોતે પ્રકાશે અને વિભાવાદિથી યુક્ત સ્થાયીભાવને પ્રકાશિત કરે. આનો અર્થ એટલો કે સ્થાયીભાવ કે તજજન્ય રસ

કાવ્ય મંજરી

શ્રી સરોદ

પરબનું પાણી

આ જીવતર જાણો પરબનું પાણી.

કોણે ભરીને મૂક્યું વનરાની વાટમાં,
કોઈ શક્યું ન પિછાણી;
નાનકડી દોણકીમાં છલછલતું નીર જોઈ,
તૃષ્ણા તરસી મલકાણી!
આ જીવતર જાણો પરબનું પાણી.

કોઈ ચાંગળીએ પીએ, ખોબલે પીએ કોઈ,
કોઈ દોણીને મુખ આણી;
ખાલી ને ખમ્મ થઈ મટુકી માંડવડાની,
તોયે ન તૃષ્ણા બુઝાણી!
આ જીવતર જાણો પરબનું પાણી.

વસમે વિસામો માની પંથે ઊભો છે પથી,
એણે આ દોણકીને જાણી;
ઘૂંટ બે પીધા ને પછી પંથે છે દોટ દીધી,
જગને પરબડી અમાણી!
આ જીવતર જાણો પરબનું પાણી.

કોણ કરે તારો ન્યાય!

કોણ કરે તારો ન્યાય?
બેઠો તારો ન્યાયાધીશ મનમાંહ્ય,
બેલી! બીજો કોણ કરે તારો ન્યાય રે હો જી!

વિષય કેરા વાજીકરણે ખેંચતાં ખેંચાય રે હો જી,
બિન લગામી અશ્વના અસવાર શું મન થાય;
બેલી! બીજો૦

જીવન કેરાં ઝાંઝવે ભલે તોષિત કાય જણાય,
રે હો જી;
મનનો જૂરે મોરલો, એની આભે આંખ તણાય;
બેલી! બીજો૦

અફર તારાં ત્રાજવાં, ધર એવું ધારણ થાય,
રે હો જી;
નીરક્ષીર વિવેકીલો તારો હંસ હસતો જાય;
બેલી! બીજો૦

ખરી રીતે ઉત્પન્ન થતો નથી—પણ એની આડે રહેલું આવરણ દૂર થતાં પ્રકાશિત બને છે. લોકરુચિ વિશે પણ એમ કહી શકાય કે અજ્ઞાન, વિકૃતિ એવાંએવાં આવરણોથી સુરુચિ ઢંકાઈ ગઈ હોય એવું બની શકે છે. આ પરિસ્થિતિમાં નાટકકારનો એ ધર્મ છે કે એ આવરણો દૂર કરીને સુરુચિને—પ્રેક્ષકગણમાં સર્વદા રહેલી પણ પ્રસુપ્ત દશામાં રહેલી—સુરુચિને પ્રકાશવાની તક આપવી. નાટકકાર લોકરુચિને ઘડે છે એમ કહેવાનો અર્થ એવો સમજવાનો કે નાટકકાર એ રુચિ આડેનાં રહેલાં આવરણોને પોતાની કૃતિથી દૂર કરે છે, એની વિકૃતિ વગેરેને દૂર કરે છે. બાકી રુચિ—સુરુચિનાં તત્ત્વો તો ત્યાં છે જ.

સામાન્ય નાટકકાર લોકરુચિથી દોરવાઈને, પોતાનો ધર્મ અને ફરજ ચૂકીને નાટક સર્જે છે, ત્યારે સમર્થ નાટકકાર લોકોમાં રહેલ સુરુચિ પર લક્ષ આપીને તેને જાગ્રત કરવાના યત્ન કરવા એ પોતાનાં ધર્મ અને ફરજ છે એમ માની નાટકનું સર્જન કરે છે.

★

ભેદ

જુઓ મનનની માધુરી, જુઓ મૂઢતાના ખેલ;
એકે મનનો કૂઓ બનાવ્યો, બીજે ગગનમહેલ!

દરિયો ઘેરું ગુંજતો, એનાં નીર રેલમછેલ;
એકે આધી ડૂબકી ને બીજે કીધી સેલ!
જુઓ, મનનની માધુરી, જુઓ મૂઢતાના ખેલ.

વાય ધીમો વાવડો, એનાં સ્પંદનો પ્રસરેલ;
એકે ઓઢી કામળી. બીજે દેવતા પ્રગટેલ!
જુઓ મનનની માધુરી, જુઓ મૂઢતાના ખેલ.

મીઠું હાસતું, એનાં કિરણ અગનરસેલ;
એકે બાળ્યું અંગડું, બીજે પોત વિકસાવેલ!
જુઓ મનનની માધુરી, જુઓ મૂઢતાના ખેલ.

એક હરિનાં બાળ બંને, સમ રસે પોષેલ;
એકે બીડી આંખડી, બીજે તાતને નીરખેલ!
જુઓ મનનની માધુરી, જુઓ મૂઢતાના ખેલ.

પ્રીત

મીરાંબાઈ કહે છે, જોઈ ખડગ ખેંચાણી;
તૂટી કેમ તૂટે રાણા, પ્રીત બંધાણી?

ફૂલ ને રવિની રાણા, પ્રીત તમે જાણી;
ખીલ્યું ફૂલ, એની વિશ્વે સુરભિ સીંચાણી.
એ તો જડ, ત્યારે હું તો ચેતવંત પ્રાણી;
તૂટી કેમ તૂટે રાણા, પ્રીત બંધાણી?

શશી-સિંધુ કેરી રાણા, પ્રીત તમે જાણી;
નિશા દિન ગાતું ગીતો ઉદધિનું પાણી;
કહો, કેમ રૂંધું મારી રૂદિયાની વાણી?
તૂટી કેમ તૂટે રાણા, પ્રીત બંધાણી?

નહીં શસ્ત્ર છેદે, એવી દોરી વણાણી;
અતિ સૂક્ષ્મ, એની શક્તિ નથી રે મપાણી;
કરી દો ને વાર, એની રહે ન એંધાણી;
તૂટી કેમ તૂટે રાણા, પ્રીત બંધાણી?

આટલું સમજાવ—

દરશ દેવું ન હોય તો હરિ! દે ન દરશન-લ્હાવ,
અમને આટલું સમજાવ,
જગ આ કેમ કુટિલ પડાવ રે હો જી?

અધરમીને એશ છે હરિ! ધરમી માથે ઘાવ,
રે હો જી;
કુરણ કાયદાનો કેમ ઊલટ વિભાવ?
અમને આટલું સમજાવ,
જગ આ કેમ કુટિલ પડાવ રે હો જી?

અહિંસાના સંતને હરે લોહી કેરો સ્રાવ,
રે હો જી;
દુઃખવિમોચન! ભીડભંજન! બિરુદ કેમ લજાવ?
અમને આટલું સમજાવ,
જગ આ કેમ કુટિલ પડાવ રે હો જી?

મન ન માને ગાથ સુણી કે સાધુજનને તાવ,
રે હો જી;
તાવણી કરનાર! કદી તો માપ આ ગરમાવ;
અમને આટલું સમજાવ,
જગ આ કેમ કુટિલ પડાવ રે હો જી?

દુઃખદધિમાં ડૂબતા તારા ભક્તની સુણ રાવ,
રે હો જી;
હદ થઈ હરિ! હારની, હવે અંતરીક્ષે આવ;
અમને આટલું સમજાવ,
જગ આ કેમ કુટિલ પડાવ રે હો જી?

*

વૃક્ષારોપણ

લેખક :
અધ્યા. ઓચ્છવલાલ ટી. ગાંધી
એમ. એસસી; એમ ડી. એચ; એફ. પીએચ. યુ.

થોડા વખત પહેલાં જયારે 'વનમહોત્સવ' શબ્દનો પ્રચાર શરૂ થયો ત્યારે તો એનો ધ્વનિ ઉપવન-સંમેલન કે ઉજાણી-જેમાં મિષ્ટાન્ન મળે-એવો લાગતો હતો, પણ પછી તો સમજાવા માંડ્યું કે એ તો વૃક્ષારોપણના અર્થમાં વપરાય છે. ખરું જોતાં વૃક્ષારોપણમાંથી જ મિષ્ટાન્નની પ્રાપ્તિ થાય છે. ગીતાજીમાં કહ્યું છે કે:

अन्नाद् भवन्ति भूतानि पर्जन्यादन्नसंभवः ।
यज्ञाद् भवति पर्जन्यो यज्ञः कर्मसमुद्भवः ॥

અર્થ: અન્નથી જીવો પેદા થાય છે; વરસાદથી અન્ન ઉત્પન્ન થાય છે. યજ્ઞને લીધે વરસાદ પડે છે અને યજ્ઞ એ કર્મનો ઉદ્ભવ છે.

કામના વહેણ સાથે યજ્ઞનું સ્વરૂપ પલટાયું છે, તેથી વૃક્ષારોપણ કરવું એ જ હવે વાસ્તવિક યજ્ઞ કહી શકાય.

આ યજ્ઞને માટે મુંબઈ સરકારે લાખો બી આપવાનું નક્કી કર્યું છે. દશવર્ષીય યોજનામાં આખા દેશમાં ૩૦ કરોડ વૃક્ષો રોપવાનું નક્કી કરવામાં આવ્યું છે. વળી ગુજરાતનાં જે ગામોમાં વધુમાં વધુ વૃક્ષો રોપાય તેમને ઇનામ આપવા માટે રૂા. ૯૨૦૦ મંજૂર કરવામાં આવ્યા છે અને આખા ગુજરાતમાં બધાં મળીને ૪,૧૧,૭૯૯ રોપાઓ નીચે પ્રમાણેના જિલ્લાઓમાં રોપવાનું બીડું ઝડપવામાં આવ્યું છે.

પંચમહાલ વિભાગ	૧,૭૦,૯૧૨
સુરત ,,	૬૯,૮૦૦
રાજપીપળા ,,	૧,૦૦૦
ગુ. રાજય ,,	૫૮,૨૨૮
સાબરકાંઠા, ,,	૧,૧૧,૮૫૯

વનમહોત્સવની બાબતમાં કેટલીક વાર એવું લાગે છે કે વાવણી થાય છે ખરી; પણ રોપાઓ ઊછરતા નથી અગર રોપ્યા પછી તેની જોઈએ તેવી કાળજી લેવાતી નથી. પણ અમદાવાદ જિલ્લાના છેલ્લાં બે- વર્ષના આંકડા જોતાં એવું લાગે છે કે ખા એવું નથી. ૧૯૪૯માં અમદાવાદ જિલ્લામાં ૬૬૧૭ રોપાઓ વાવ્યા હતા, તેમાંથી ૩૩૦ ઊછર્યા હતા. જયારે ૧૯૫૦માં ૩૮૫૫૨માંથી ૨૧૨૮૭ રોપાઓ ઊછર્યા હતા. આ પરિણામ ખોટાં ન કહેવાય.

વૃક્ષોની તો અનેક રીતે મહત્તા છે જ અ તેથી તેમનાં ગુણગાન તો પ્રાચીન સમયથી થતાં આવ્યાં છે. 'परोपकाराय फलन्ति वृक्षाः।' પરોપકારને માટે જ વૃક્ષો ફળ આપે છે; તથા स्वयं न खादंति फलानि वृक्षाः। વૃક્ષો પોતે પોતાનાં ફળ ખાતાં નથી.

થોડાક સમયને માટે આપણા રોજિંદા જીવનમાંથી વનસ્પતિ બાદ કરીએ તો જીવનનું સત્ત્વ ઊડી જશે, એટલું જ નહિ પણ જીવનનો ટૂંક સમયમાં નાશ થઈ જશે. કપડાં, ખોરાક, બિછાનું, કોલસો, ફર્શ, ચા કશું જ એના સિવાય શકય નથી. માંસાહારીઓનું માંસ પણ છેવટે તો વનસ્પતિ ખાનારાં પ્રાણીઓનું જ હોય છે. આમ વનસ્પતિ ઉપર જ સકળ જીવંત સૃષ્ટિનો આધાર રહ્યો છે અને તેથી જ વૃક્ષો કવિઓનાં પ્રેરણાધામ બની ગયાં છે. કેટલાક કવિઓએ તો કેટલીક માન્યતાઓ પ્રચલિત કરી છે; તેની બે-એક વાનગીઓ જોઈએ:

'દિવ્ય સુંદરી જો કરે, બકુલ વૃક્ષ પર ધાર
મુખથી મધુ ગંડૂષની, ફાલે તે તત્કાલ.'

અને,

'નૂપુરરવથી ઝણકતા, ચરણ કરે પ્રહાર
અશોકને કદી સુંદરી, પુષ્પ ગ્રહે તત્કાલ.'

વળી અશોકની તો બીજી પણ મહત્તા છે. એ શબ્દ જ શોકનો અભાવ સૂચવે છે.

ની તરફથી એની પૂજા થાય છે. એનાં પુષ્પ સુવાસિત અને સુંદર હોય છે. રામાયણની અશોકવાટિકા કોને યાદ નહિ હોય? અશોક તો કામદેવનું પ્રતીક મનાય છે અને મહાત્મા ગૌતમ બુદ્ધનો જન્મ એની નીચે થયો હતો.

પીપળો પણ એક મહત્ત્વનું વૃક્ષ છે કે જેનો ઉલ્લેખ ગીતા જેવા સર્વમાન્ય ગ્રંથમાં એક કરતાં વધારે વખત થયો છે. अश्वत्थः सर्वभूतानं देवर्षिणां च नारदः । ધાર્મિક વૃત્તિવાળા લોકો અને ખાસ કરીને સ્ત્રીઓ પીપળાની પૂજા કરે છે અને પ્રદક્ષિણા કરે છે. એ પ્રદક્ષિણામાં તો વૈજ્ઞાનિક તત્ત્વ છે. એના મૂળમાંથી ઓઝોન વાયુ નીકળે છે તે પ્રાણવાયુ (અં. ઓક્સિજન) કરતાં વધારે તાજગી આપનારો વાયુ છે. આ વાયુ દરિયાકિનારે પણ સારા પ્રમાણમાં હોય છે.

આંબાને માટે તો એક રમૂજી વાત પ્રચલિત છે. પહેલાના વખતમાં આંબાનાં વૃક્ષ ફક્ત સ્વર્ગમાં જ થતાં હતાં; તેથી જ્યારે જ્યારે પૃથ્વી ઉપર યજ્ઞમાં એના ફળની જરૂર પડતી, ત્યારે સ્વર્ગના રાજાની તેને માટે પ્રાર્થના કરવી પડતી. દેવોએ નિયમ કર્યો હતો કે એવા સમયે પૃથ્વીના માણસોને ફક્ત સાત જ કેરીઓ આપવી; પણ બધું પતી ગયા પછી માણસોને સાત ગોટલા દેવોને પાછા આપવાની શરત કરવી પડતી. આ શરત કરવાથી પૃથ્વી ઉપર કોઈ આંબાનું ઝાડ વાવી શકતું નહિ. તેથી દેવોનું વર્ચસ્વ બરાબર જળવાઈ રહેતું, પણ એક વખત માણસોએ યજ્ઞ વખતે સાત કેરીઓ લાવ્યા પછી વિશ્વકર્માને બોલાવ્યા અને તેમને કહ્યું, કે 'જો તમે લાકડાના સાત ગોટલા બનાવી આપો તો તમને બીજા દેવોની સાથે યજ્ઞમાં ભાગ આપીશું.' વિશ્વકર્મા લલચાયા અને લાકડાંના સાત ગોટલા આબેહૂબ બનાવી આપ્યા. તે ગોટલા દેવોને પહોંચાડ્યા અને ખરા ગોટલા જમીનમાં વાવ્યા. એ રીતે પૃથ્વી ઉપર આંબા થયા અને પછી દેવોની ગરજ રહી નહિ. આમ્રરસનું વર્ણન તો કરીએ તેટલું ઓછું.

વનસ્પતિના અનેક ગુણો હોવાથી અનેક રીતે તેની પ્રશંસા થઈ છે. વળી હવે તો ઉપયોગી છોડને સારી રીતે ફળફૂલ આપતો અને તંદુરસ્ત બનાવવાને માટે અનેક જાતના વૈજ્ઞાનિક પ્રયોગો થઈ રહ્યા છે.

ચીનમાં તો પુરાણા કાળથી જમીન વગરની ખેતીના એટલે કે કેવળ પાણીમાં જ જરૂરી ક્ષારો મેળવીને તેની ઉપર છોડ ઉગાડવાના પ્રયોગો નોંધાયેલા છે. જનરલ મેક આર્થરના દોઢ લાખના સૈન્યને કોરીઆ અને જાપાનમાં લાંબો વખત રહેવું પડ્યું, ત્યારે એ સૈનિકોને ખોરાક કેવી રીતે પૂરો પાડવો એ એક સમસ્યા થઈ પડી. 'જરૂરિયાત એ શોધની જનની છે' એ કહેવત અનુસાર આ સૈનિકોનું લક્ષ પણ જમીન વગરની ખેતી કરવાના પ્રયોગો તરફ ગયું. એમણે વેક અને મિડવે ટાપુઓમાં પ્રયોગો શરૂ કર્યા અને હેરત પમાડે તેવાં પરિણામ આવવા માંડ્યાં. ફ્લોરીડામાં ડૉ. ખીટલીએ આ પ્રયોગો શરૂ કર્યા. ત્યાંના કેટલાક કૃષિકારોએ પણ પાછળથી એમાં રસ લેવા માંડ્યો અને થોડી મહેનતે અને થોડા સમયમાં પ્રમાણમાં ઘણો નફો થવા માંડ્યો. એક ખેડૂતે પોતાના ખેતરમાં આશરે ૧૦૦૦૦ ચોરસ ફૂટ જેટલા ક્ષેત્રફળમાં થોડા જ સમયમાં લાખ રૂપિયા ઉપરાંતની કિંમતનો પાક ઉતાર્યો. આ ખેતીમાં જમીનના કસની અગત્ય સહેજ પણ નથી. રેતી કે કોલસાવાળી જમીન પણ ઉપયોગમાં લઈ શકાય છે. જમીન ઉપર લગભગ આઠેક ઇંચનું પાણીનું ઊંડાણ જરૂરી હોય છે. એ પાણીમાં જુદાજુદા જરૂરી ક્ષારો ઓગાળેલા હોય છે.

પાણીમાં ઓગાળેલા મેંગેનીઝ તત્ત્વવાળા ક્ષારથી શાક અને ફળની સંગ્રહશક્તિને પ્રોત્સાહન મળે છે. પણ અનાજના છોડ ઉપર એની ખરાબ અસર થાય છે, તેથી આ જાતનો પ્રયોગ કરતાં પહેલાં આ વિષયનો માહિતીપૂર્ણ અભ્યાસ જરૂરી છે.

૧૯૧૩થી ૧૯૧૮ના વર્ષ દરમ્યાન અમેરિકામાં ટોટીંગહામ, શીવ, મેકોલ, લીવીંગસ્ટન અને બીજાઓએ છોડને સમતુલિત ખોરાક આપવાને માટેના અનેક અખતરા કર્યા હતા; કેમકે જમીનમાંથી જરૂરી દ્રવ્યો ચૂસતા છોડ એમની ચૂસણક્રિયાનું પ્રમાણ જાળવી શકતા નથી. કેટલીકવાર તે વધારે પ્રમાણમાં દ્રવ્યો ચૂસે છે, જ્યારે કેટલીકવાર તેનું પ્રમાણ ઓછું હોય છે. એ રીતે જમીનના છોડની આખી ક્રિયા ઘણુંખરું અનિયમિત રહે છે. તેથી એવા છોડમાંથી ઉત્પન્ન થતાં ફળો જોઈએ તેટલા પ્રમાણમાં નીરોગી અને પૌષ્ટિક હોતાં નથી.

ટોટીંગહામ વગેરેએ પોતાના પ્રયોગો દ્વારા નક્કી કર્યું કે છોડને મુખ્યત્વે ત્રણ ક્ષારોની જરૂર છે, તેમાં કેલ્શિયમ, પોટેશિયમ, મેગ્નેશિયમ, નાઈટ્રોજન, ફોસફેટ અને સલ્ફેટ આવવા જોઈએ અને એ ઉપરાંત આયર્ન-ફોસફેટ પણ થોડાક પ્રમાણમાં તેઓ આપતા હતા.

પછી તો આ પ્રયોગો આગળ ચાલ્યા અને ૧૯૧૯માં નેશનલ રીસર્ચ કાઉન્સીલના સહકારથી સોયાબીન અને ઘઉંને સમતુલિત ખોરાક આપીને તૈયાર કરવાના ખાસ પ્રયોગો કરવાની રૂપરેખાઓ દોરાઈ અને તે પ્રમાણે કામકાજ શરૂ થયું. આગળ જતાં ડાંગર, મકાઈ, કેનેડીઅન વટાણા, કપાસ તથા બટાટા વગેરે છોડ ઉપર પણ પ્રયોગો થવા માંડ્યા. પણ પ્રયોગો કરવાનાં સાધનોની કેટલીક મર્યાદાઓને લઈને તથા બીજાં કારણોથી આ પ્રયોગોમાં ઘણી મુશ્કેલીઓ આવી, તેથી સહકારી પ્રવૃત્તિ તરીકે આ પ્રયોગો આગળ વધી શકયા નહિ. વળી ઋતુઓની જુદીજુદી અસરોને લીધે પણ પ્રયોગોના પરિણામમાં ફેરફાર થઈ જતા હતા. દાખલા તરીકે મેગ્નેશિયમથી જે જાતનું નુકસાન માર્ચ મહિનામાં થતું હતું તે જાતનું નુકસાન ડિસેમ્બર મહિનામાં જોવામાં આવતું નહોતું. જો કે જે જાતનાં દ્રવણો માર્ચ મહિનામાં છોડને આપવામાં આવતાં તે જ જાતનાં દ્રવણો ડિસેમ્બરમાં આપવામાં આવતાં હતાં. આવાં બધાં કારણોને લીધે સમતુલિત ખોરાક નક્કી કરવાની મુશ્કેલી આવતી હતી.

આમાંથી એક મુદ્દો ચોક્કસ થયો કે દરેક છોડને જુદાજુદા સમયે જુદાંજુદાં દ્રવ્યો આપવાં જોઈએ એટલું જ નહિ પણ છોડની જુદીજુદી અવસ્થાએ એનાં એ જ દ્રવ્યોના પ્રમાણમાં પણ ફેરફાર કરતા રહેવું જોઈએ.

લોહનું (અં. આયર્ન) પ્રમાણ ઘટી જવાથી પાંદડાં પીળાં પડી જાય છે એ જાતના રોગને કલોરોસીસ કહે છે. એટલે આવાં ચિહ્નો થવા માંડે ત્યારે લોહનું પ્રમાણ વધારવું જોઈએ.

કેલ્શિયમને લીધે સામાન્ય તંદુરસ્તી જળવાઈ રહે છે એટલું જ નહિ પણ કેલ્શિયમની ગેરહાજરીમાં છોડ બીજાં દ્રવ્યો પણ લઈ શકતો નથી. કેટલીક વાર તો પહેલેથી ચૂસેલાં દ્રવ્યો પણ કેલ્શિયમની ગેરહાજરીમાં પાછાં કાઢી નાખવામાં આવે છે. વાદળાં હોય ત્યારે કેલ્શિયમ વધારે પ્રમાણમાં આપવાની જરૂર પડે છે. એ પ્રમાણે જુદાંજુદાં દ્રવ્યોની જુદીજુદી અસર અને જરૂરિયાતનું પ્રમાણ હોય છે.

થોડા વખત ઉપર ડૉ. સ્પેન્સાર્ડે પાણીની કયારીઓમાં ટામેટાં ઉગાડવાના પ્રયોગો બહુ જ વ્યવસ્થિત રીતે કર્યા છે. એણે ખાસ તો,

કેલ્શિયમ, લોહ, મેગ્નેશિયમ, મેંગેનીઝ, સોડીયમ, નાઈટ્રોજન, પોટેશિયમ, ગંધક (અં. સલ્ફર) અને ફૉસફરસ એ દશ તત્ત્વો નક્કી કર્યાં છે. આ પ્રયોગથી એણે ત્રણ શેર વજનનાં ટામેટાં તૈયાર કર્યાં. આ રીતે તૈયાર થતાં ફળો નીરોગી હોય છે, તેમાં જીવાત પડતી નથી; વધારે પૌષ્ટિક અને સ્વાદિષ્ટ પણ હોય છે. ઉપરાંત એને ઋતુઓનું બંધન પણ હોતું નથી.

આ ઉપરાંત જમીનની ખેતીમાં પણ જુદાજુદા દેશોમાં અનેક જાતના પ્રયોગો થયા કરે છે. રશિયામાં આવેલા ઓડાસાના પ્રયોગકર્તાઓએ એમની ભાષામાં જેને 'યારોવાઈઝેશન' કહેવામાં છે અને અંગ્રેજીમાં 'વરનેલાઈઝેશન' કહેવાય છે તે જાતની બીજપ્રસ્ફુરણ ક્રિયાના પ્રયોગો કર્યા છે. આ ક્રિયા બી રૂપ્યા પહેલાં કરવામાં આવે છે. કેટલાક એને 'કોઠારમાં કરવામાં આવેલી વાવણી' પણ કહે છે. બીને વાવતાં પહેલાં જરૂર પ્રમાણે જુદીજુદી ઠંડી કે ગરમીમાં રાખવામાં આવે છે; તેથી બીમાંથી થતા પાકની 'વધ' એટલે કે શરૂઆતથી કે પાકતા સુધીની મુદત ટૂંકી કરી શકાય છે. આ પ્રયોગ જુદાજુદા પાક અને જુદીજુદી આબોહવામાં જુદીજુદી રીતે કરવાનો હોય છે. ઓડાસામાં આ જાતના પ્રયોગથી ખૂબ મોટા પ્રમાણમાં ફાયદો થયો છે.

હોલેંડ અને ઇંગ્લાંડ જેવા દેશોમાં કેટલાંક ફૂલઝાડોને નાતાલ પછી ફૂલ આવતાં હતાં, તેની ઉપર બીજપ્રસ્ફુરણ ક્રિયા કરીને ફૂલ આવવાનો સમય ટૂંકો કરી શકાયો, તેથી લોકોને નાતાલના તહેવારોમાં ખૂબ પ્રમાણમાં જાતજાતનાં ફૂલ મળવા માંડ્યાં. આથી લોકોના હર્ષનો પાર ન રહ્યો.

આપણે ત્યાં હિમથી ઘણા ઉપયોગી છોડોને પારાવાર નુકસાન થાય છે. હિમ અમુક જ સમયે સાધારણ રીતે પડે છે. જો આ ક્રિયાથી ફૂલ બેસવાની અને ફળ તૈયાર થવાની મુદત ટૂંકાવી શકાય, તો ઘણાં તૂલો હિમના રાક્ષસી પંજામાંથી મુક્તિ મેળવી શકે. સરકારી કૃષિ-સંસ્થાઓમાં આવા પ્રયોગો શરૂ થયા છે.

આણંદ પાસે વલ્લભ વિદ્યાનગરમાં પણ બીજને અમુક ખાસ જાતના દ્રવણમાં અમુક વખત પલાળી રાખીને પછીથી જમીનમાં વાવવાના પ્રયોગો કરવામાં આવ્યા છે. તેનાથી ફળની સંચયશક્તિ વધે છે અને ફળ વધારે મીઠાં થાય છે. આ પ્રયોગ રશિયન પ્રયોગ કરતાં જુદી જાતનો છે; પણ જો તે મોટા પાયા ઉપર કરી શકાય તો કૃષિવિજ્ઞાનમાં ક્રાંતિકારી ફેરફાર લાવે તેવો છે.

જમીનનું અનુકૂળ ઉષ્ણતામાન જાળવવાને માટે વિદ્યુતશક્તિનો ઉપયોગ કરીને ખેતીવાડી ખાતામાં પ્રયોગો કરવામાં આવે છે. તેનાં પરિણામ સારાં આવે છે; પણ તે ખર્ચાળ વધારે છે. આવા પ્રયોગો વ્યાપક રીતે થઈ શકે તો જ દેશને ફાયદો થઈ શકે.

વનસ્પતિજીવન માણસના જીવન સાથે ખૂબ વણાઈ ગયેલું છે, તેથી તેને વિષે ખૂબ માહિતી મેળવવાની જરૂર છે. છેવટે કવિઓમાં સૂર્ય સમા ભક્તકવિ સૂરદાસનું પદ યાદ કરીને વિરમીએ :

મનરે તું વૃક્ષનકો મત લે;
કાટે તા પર ક્રોધ કરે નહિ,
સિંચે નાહિ સનેહ.
જો કોઈ વા પર પથર ચલાવે,
તાહીંકો ફલ દે;
આપ શિર પર ધૂપ સહત હૈ,
ઔરનકુ છાયા દે.
ધન ધન જડ એ પરમ પદારથ,
વૃથા મનુષ્યકી દેહ;
'સૂરદાસ' મન કર્મ વચન કરી,
ભક્તન કો મત એહ.

* * *

લાઇનસર !

લેખક :
અધ્યા. શશિન્ ઓઝા
એમ. એ.

જ્યારે શાંતિલાલ શેઠનાં ધર્મપત્ની મંગળાબહેને તેમની ત્રીજી પુત્રી મંદાનું લગ્ન પતી ગયું ને કન્યાને સાસરે વળાવ્યાને મહિનો પણ થઈ ગયો, ત્યારે એક દિવસ શેઠને પીરસતાં પીરસતાં જ વાત કાઢી:

'જુવો, એ મારે નહિ પોસાય.'

'શું?' વાતનો એકદમ મર્મ ન સમજતાં શેઠ બોલ્યા.

'શું? શું? આ મારી મંદા ત્યાં ગામડામાં રહે ઈ. ને એના વર રસિકલાલ પંતુજીપણું કરી ગામનાં ટપલાં ખાય ઈ. ગામ તો વાતું કરે ને કે રસિકલાલના સસરા મોટા મુંબઈના લાખોપતિ શેઠ ને એના જમાઈ ત્યારે ભૂખડીબારશની જેમ ગામમાં પંતુજીપણું કરે!'

'હા સાચી વાત,' શેઠે દાળનો સબડકો લેતાં કહ્યું.

'ને મારી મંદા–બિચારીએ ટાઢ–તડકો વેઠ્યો નથી–હા, હું જે છે ઇ કહું છું. અહીં મુંબઈમાં જ નાનેથી મોટી થઈ છે. એનો ઈ ગામડાની ધૂળમાં ને દેશની ગરમીમાં એક દિયે નો જાય. એને ત્યાં નહિ નળ, નથી રામો કે નથી મા'રાજ ને એમાં પાછા રેંછ બધા કડદાવ ભેળા! ત્રણચાર પાલીની સવારસાંજ રોટલી કરીને મારી મંદાની ઠૂંસ જ નીકળી જાય ને! આવા જમાનામાં તે વળી ભેગું રે'વાનું હોતું હશે? જોજો ને આ વખતે પહેલે આણે જ બિચારીનું શરીર અડધું યે નહિ હોય અડધુંય!' શેઠાણી લહેકો કરી બોલ્યાં.

'હં સાચું,' શેઠે બહુ રસ ન પડતો હોય એમ ટૂંકો ને લુખ્ખો જવાબ આપ્યો: કારણું અત્યારે જમતાં જમતાં ય એમનું મન તો દેશભરમાં ફરી વળેલી સર્વવ્યાપી મંદીના જ વિચાર કરતું હતું ને આવેલી ખોટ રીતે કોઈના ગળામાં પધરાવવી એની ધુરિ શોધતા હતા.

'સાચું–બાચું કાંઈ નહિ,' શેઠાણીએ પતિની ઉદાસીનતાથી જરાયે નિરાશ ન થતાં ઉત્તર આપ્યો: 'આપણે તો ઈશ્વરલાલ અને રમણીકલાલને જેમ 'લાઈનસર' કરી દીધા એમ રસિકલાલને ય કરી દેવાના છે. નહિ તો ઈશ્વરલાલ ને રમણીકલાલ બેય ગામડામાં ઢેફાં ભાંગતા હોત. ને મારી પ્રમિલાને અરુણાનો આટો નીકળી ગયો હોત. ગામ આખું 'વા વા' કહે છે કે સસરા સારા એટલે 'લાઈન'માં આણી દીધા, નહિ તો ફીંફાં ખાંડતા હોત! ખમતીધર સસરાનું આજ સુખ છે ને...' થોડીવાર શ્વાસ લઈ શેઠાણી ધીમેથી બોલ્યાં: 'આપણે શું? ક્યાં કોઈ સારું કરીએ છીએ? પેટનીજણી સારું કરીએ છીએ ને!'

શેઠાણીનું વ્યાખ્યાન હજી આગળ ચાલત પણ ત્યાં તો શેઠ હાથ–મોઢું ધોઈ દીવાનખાનામાં પહોંચી ગયા. ને કોટ ચઢાવતાંકને શેરબજારે જવાની તૈયારી કરવા લાગ્યા.

*

જ્યારે રસિકનું લગ્ન મુંબઈના લાખોપતિ શેઠ શાંતિલાલની ત્રીજી દીકરી મંગુ–નહિ મુંબઈ જઈને બનેલી મંદાકિની સાથે થયું, ત્યારે રસિકનાં માબાપનાં હૈયાં ગૌરવ અને અભિમાનથી ફૂલ્યાં: સગાંવહાલાંનાં ઈર્ષ્યાથી સળગ્યાં: મિત્રોનાં આનંદિત બન્યાં. પણ આ મિત્રોએ સાથે ખેદ પણ અનુભવેલ કે ભાઈ આપણે સમોવડ સારું. મફતના મોટામાં

સાઈ મરીએ. કોઈવાર રસિકની મશ્કરી કરતા કહેતા પણ ખરા :

'હું' રસિક, તુંય હવે આગલા બેની જેમ સસરાનાં જોડા ઉપાડવા મુંબઈ પહોંચી જવાનો ને?'

કારણ સહુને ખબર હતી કે શેઠે આગલા બે જમાઈઓની પસંદગી પણ આ જ ગામમાંથી કરી હતી. ને શેઠે પોતે એમને 'જરા લાઈનમાં આવે' એ હેતુથી મુંબઈ બોલાવી ધંધે વળગાડ્યા હતા. ને આ બંને જામાતૃઓની સ્થિતિ નજરે જોઈ આવનારાઓ કહેતા, કે 'ભાઈ, પૈસાદારની છોકરીને પરણવું હોય, એની લાગવગથી પૈસા કમાવા હોય કે નોકરી મેળવવી હોય તો બધું જ કરવું પડે. શેઠને ત્યાં બંને જમાઈઓને રોજ એકાદવાર હાજરી નોંધાવી આવવી પડે. એકાદ દિવસ પણ ખાલી ગયો તો શેઠ જરા કટાક્ષભરી વાણીમાં ખંખેરી નાખતા; આટલું જ નહિ, પણ ઘણીવાર તો શેઠની પસંદગી મુજબનાં કપડાં પણ જમાઈઓને પહેરવાં પડતાં ને એ કહે તેવા શિષ્ટાચાર ને સભ્યતાના નિયમો પાળવા પડતા. મોટા શેઠને મળવા શેઠની સાથે જવાનું હોય ત્યારે લાંબો કોટ ને ધોતિયું જ પહેરાય. એમાંય ઉપલું બટન જરા અધખુલ્લું રહી ગયું હોય તો શેઠ પોતે 'આટલી યે અક્કલ નથી'નું ભાન કરાવે એવા ભાવથી એ બટન બીડી દેતા. અમુક પ્રસંગે બુશકોટ ને પાટલૂન જ પહેરાય. અમુક સ્થળે ધોતિયું ને કફની જ શોભે ને અમુક પહેરવેશ સાથે અમુક જાત અને અમુક રંગના જ જોડા જોઈએ. ને આ બધું બંનેને કરવું પડતું.' શેઠનું ચાલતું હોત તો અમુક પ્રસંગે અને અમુક પહેરવેશ સાથે મૂછની કટ ને વાળની ફેશન પણ અમુક જ જોઈએ એમ કહેત! પણ એ શકયતા બહાર હતું એટલે એમાં તેમણે ઝાઝો ઊહાપોહ ન કર્યો.

પણ રસિક પોતાની જાતને જુદી માટીની સરજત માનતો. એ તો પોતાના મિત્રોની મશ્કરીના ઉત્તરમાં નીડરતાથી કહેતો, કે 'બાઈડીથી દબાય એ અમદાવાદના ગુજરાતી, અમે તો છિયે પાક્કા કાઠિયાવાડી. સસરો ને સસરાની દીકરી બેયને પાંશરાં રાખીએ. આપણા ઉપર રોફ બજાવવા કે દબાવવા આવે ત્યારે આપણે તો એક ઘા ને બે કટકા કરવાવાળા !'

ત્યારે બધાને વિશ્વાસ બેઠો કે 'ના ભાઈ રસિક બીજા જમાઈ જેવો પોચો ને સસરાના જૂતાખાઉ નથી.' પહેલ પ્રથમ તો એણે મુંબઈ જ ન જવાનો નિર્ણય કરી નાખ્યો.

પણ આ નિર્ણય અલ્પ કાળ માટેનો જ હશે ને ! મંદા મુંબઈ ગઈ એ પછી થોડા દિવસમાં જ રસિકના બાપા ઉપર મુંબઈથી કાગળ આવ્યો. તેમાં રસિકને મુંબઈ આવવા નિમંત્રણ હતું. એ નિમંત્રણપત્ર શેઠના નાના ભાઈ છોટા શેઠે શેઠની સૂચના પ્રમાણે લખ્યો હતો. પત્ર મીઠી ભાષામાં ખૂબ ઠાવકાઈભરી રીતે લખ્યો હતો. એટલું જ નહિ પણ રસિકને 'લાઈનસર' કરી દેવા માટે પોતે કેટલી જહેમત લઈ રહ્યા છે અને આગ્રહ બતાવી રહ્યા છે, એ સ્પષ્ટ દેખાઈ આવતું હતું.

શરૂઆતમાં આ પત્ર વાંચી રસિકને રોષ પણ ચડ્યો, કે 'શું આ બધા મને પડી પેપડીના ખાનારો સમજે છે? ને આ છોટો શેઠ તો વળી પોતે દોઢ શેઠના રુઆબથી જાણે એના વિના કોઈ મારો ઉદ્ધાર કરી શકે એમ નથી એવી છટાથી લખે છે!'

થોડી વારમાં ત્રીસેક હજારની વસ્તીવાળા નાના ગામમાં સગાંવહાલાં અને ઓળખીતાંઓમાં વાત પણ પ્રસરી ગઈ કે રસિકલાલને એના સસરાએ તેડાવ્યા છે.

શરૂઆતમાં તો રસિકના બાપાએ સૌને કહ્યું: 'એ તો મોટા દિલના માણસ છે તે બોલાવે, પણ મારે તો રસિકને ક્યાંય જવા નથી દેવો. સાસરાથી આઘા એટલા સારા, નજર પાસે રહ્યા એટલે કિંમત બે દોકડા થઈ જાય.'

પણ બીજી બાજુ મુંબઈનું આકર્ષણ પણ અનેરું હતું. ને રસિકને પણ એ મુંબઈની ઓછી મોહિની ન હતી. એ બસ, ટ્રામ, મોટર, સિનેમા જેવા આનંદનાં ઠેરઠેર સાધનો, ચારે કોર ઘૂમી રહેલો રંગીલાં નરનારીઓનો સમૂહ, એ બધામાં ચોપાટી સી–ફેઈસ-ઉપરનો શાંતિલાલ શેઠનો બંગલો, એની બારીમાંથી દેખાતું સમુદ્રનું રમણીય જલનર્તન—આ બધું એક બાજુ તેના દિલને ખેંચી રહ્યું હતું.

જેમ રસિકને નિમંત્રણપત્ર આવ્યો, એ જ રીતે આઠ વર્ષ ઉપર ઈશ્વરલાલ ને રમણીકલાલ ઉપર પણ આવા જ પત્રો આવ્યા હતા. ને એ બંને જમાઈઓ મુંબઈ ગયા ને બેએક વરસે જયારે એ જમાઈઓ પાછા ગામમાં આવેલા, ત્યારે એ કડકડતાં ઈસ્ત્રીબંધ કપડાં, નેકટાઈ, ચબરાકીભર્યો વાર્તાલાપ ને ચમચમ બોલતા જોડા જોઈને ગામના માણસો મોંમાં આંગળાં ઘાલી ગયેલાં ને એ જ દાખલો ઘણા રસિકના બાપાને અને રસિકને પણ આપવા માંડ્યા કે 'પેલા ઈશ્વર ને રમુ બંને અહીં હતા ત્યારે સાવ બોતડા જેવા હતા, પણ મુંબઈ જઈને આવ્યા ત્યારે આપણે ભૂલ ખાઈ જઈએ કે આ તો કોક જાણે સાં'બલોક. સારા પરતાપ સસરાના કે લાઈનુસર થઈ ગયા. નહિ તો ટકાના ત્રણ શેર હતા અહીં.'

રસિકના બાપાની આંખ સામે પણ ભાવિનું આવું મનોરમ સ્વપ્નું રમી રહ્યું. બીજા બધાએ પણ આ વાતને ટેકો આપ્યો અને રાસકનું મુંબઈ જવાનું નક્કી પણ થઈ ગયું.

જવાનો હતો ત્યારે રસિકને તેનો બાળમિત્ર રામુ મળવા આવ્યો. ને વળાવતી વખતે ટકોર પણ કરી કે 'રસિક, જાય છે ખરો, પણ ધ્યાન રાખજે હો. એક લાકડએ હંકાઈ ન જાં એ!'

આનો જવાબ રસિકે માત્ર અટ્ટહાસ્ય કરીને આપ્યો.

*

રસિક મુંબઈ પહોંચ્યો તેને છએક મહિના પણ થઈ ગયા. આ છ મહિનામાં રસિક પોતાને ગામ પણ એક આંટો આવી ગયો. તેના પિતાએ જે પ્રમાણે આશા રાખી હતી એમ જ બન્યું. કડકડતાં ઇસ્ત્રીબંધ કપડાં, ચમચમતા બૂટ; મોટર, બસ ને એરોપ્લેનની વાતો—આ બધાથી ગામમાં વટ પડી ગયો, ફક્ત એક શરીરમાં રસિક લેવાયો હતો. ઉપરાંત બોલવાચાલવામાં જે મોકળાશ ને સ્વાભાવિકપણું હતું એને બદલે કંઈક સંકોચ ને કૃત્રિમતા દેખાતાં હતાં. પણ એ તો શહેરી હવાને લઈને હશે માની કોઈએ એ ઉપરં બહુ લક્ષ ન આપ્યું.

રસિકે પોતાનાં સાસુસસરાનાં ભર્યેમોઢે વખાણ કર્યાં. એના ઠાઠ અને વૈભવનું વર્ણન કર્યું એની નાનામાં નાની ટેવનું-એ જમવા કેમ બેસે છે ત્યાંથી માંડી એ બૂટની વાઘરી કેમ બાંધે છે એ બધી બાબતનું ભક્તિભાવપૂર્ણ બયાન આપ્યું. એટલું જ નહિ પણ આપણા અહીંના સારામાં સારા બંગલાનાં દીવાનખાનાં પણ ઝાંખાં પડી જાય એવું તો ત્યાંનું સંડાસ છે, એમ કીધું ત્યારે તો કંઈકનાં મોઢાં આશ્ચર્યમાં ફાટ્યાં રહ્યાં. પિતાએ ગૌરવ અનુભવ્યું. માતાને એ ઘડી જીવનનું સાર્થક્ય લાગ્યું.

*

મુંબઈ આવી રસિક ફરી સ્વપ્નસૃષ્ટિમાં લીન બની ગયો. શેઠના જમાઈ તરીકે તેને માન પણ સારું મળતું. શરૂશરૂમાં શેઠ-[illegible]ની વર્તણૂક, તીખો મિજાજ, ને સ્વ-[illegible]-પ્રસંગના બનાવોએ તેને નિરાશ કરી [illegible]લો, પણ શેઠની લાગવગને લઈને કોઈ કોઈ વાર સો-સોની નોટ આવીને ખીસામાં પડતી, ત્યારે લક્ષ્મીજીના જાજવલ્યમાન સ્વરૂપમાં બધી જ કુરૂપતાઓ એ ભૂલી જતો. [illegible] બીજા સાઢુભાઈઓની પણ એણે એ જ [illegible] જોઈ, ત્યારે એને લાગ્યું કે પોતે શા માટે એટલા બધા લાગણીશીલ થવું જોઈએ. ધીમેધીમે આ બધું એને કોઠે પડી ગયું; [illegible] જ નહિ પણ પછીથી સ્વાભાવિક લાગવા માંડ્યું ને મુંબઈ તેને ગમી ગયું.

હવે તો તેને રૂમ પણ મળી ગઈ હતી. [illegible] એ અને મંદા 'હેંગિંગ ગાર્ડન'માં ફરવા જતાં ને રવિવારે તો પચરંગી નરનારીઓનો વિરાટ સમુદાય જોઈ એનું મન આનંદથી ગાંડું થઈ જતું. બંને લગભગ રોજ સાંજે શેઠના બંગલે આંટો મારી આવતાં. ઘણી વાર મોડું થાય તો જમી પણ ત્યાં જ લેતાં. બહુ મોડું થયું હોય તો શેઠની 'કાર' [illegible] મૂકી જતી.

આ બધા સુખસાગરમાં માત્ર કોઈ કોઈ જ ક્ષયસ્થાનો હતાં ને તે એ કે મંદા રસોઈ કરવામાં એકદમ થાંથી હતી. થાંથી તો હતી જ પણ આળસુ પણ હતી. ને તેથી રસિકને ઘણીવાર જમ્યા વિના જ ચાલ્યું જવું પડતું ને લોજમાં પતાવવું પડતું. કોઈ વાર સાંજે ઘરે આવે ત્યારે ઘરે તાળું હોય ને ટેબલ ઉપર મંદાની ચિઠ્ઠી પડી હોય : '[illegible]થી બાપુજીનો ફોન હતો. બધા 'આવારા' જોવા જવાનાં છે.. એટલે હું પણ જઉં છું. હું હાલ જ આવીશ. સવારની થોડી રોટલી પડી છે. શાક બનાવી લેજો. નહિ તો લોજમાંથી ભાણું મંગાવી લેજો.'

આવા પ્રસંગો શરૂઆતમાં જવલ્લે જ બનતા. પણ પછીથી તો અઠવાડિયામાં બબ્બે વાર બનવા માંડ્યા હતા. શરૂશરૂમાં રસિકનો મગજનો પારો ઊંચો ચડી જતો ને ક્રોધમાં ટેબલ ઉપર હાથ પછાડતો. મંદાને આ માટે તેણે એકબે વાર સંભળાવેલું પણ ખરું. પણ શેઠ પાસેથી એનો મર્મભર્યો ઉત્તર મળી જતાં તેણે આવી પંચાત કરવાનું માંડી વાળેલું. કોઈ કોઈવાર ચારચાર દિવસ મંદા ઘરે ડોકાતી નહિ. તેડવા જતો ત્યારે તેનાં સાસુ કહેતાં:-'એને જરા સળેખમ થઈ ગયું છે એટલે હવે કાલ જ આવશે.' ને રસિક મનમાં ને મનમાં મંદાને ચોપડાવતો ઘર તરફ નીકળી પડતો. રસ્તામાં, બસમાં બેઠાંબેઠાં તેની આંખ આગળ તેની બાની પ્રેમ અને કરુણાની મૂર્તિ ખડી થતી. પિતાને વહેલું દસ વાગ્યામાં બેંકે જવું પડતું એટલે વહેલી પાંચ વાગ્યામાં ઊઠી, નાહીધોઈ નવ વાગ્યામાં રસોઈ તૈયાર કરી એ જમવા સાદ પાડતી. એક રોટલી ઓછી ખવાણી હોય તો સાશંક નજરે જોઈ રહેતી ને માથેથી રાઈમીઠું ઉતારી ચૂલામાં નાખી દેતી. આ બધું યાદ આવતાં તેની આંખ ભીની બની જતી. અહીં પૈસા હતા પણ એક કણીભાર પણ શુદ્ધ પ્રેમ ન હતો. ચારે કોર કૃત્રિમતા, દંભ અને ખોટા શિષ્ટાચારની નીચે સ્નેહનાં વિશુદ્ધ ઝરણાં કુંઠિત થઈ ગયાં હતાં.

ગુસ્સામાં ને ગુસ્સામાં જમવાનું માંડી વાળી એ ઘરે આવ્યો. રૂમ ઉઘાડી તો અંદર એક પોસ્ટકાર્ડ પડ્યું હતું. એકદમ ઉત્સુકતાથી ઉપાડી તેણે તે વાંચવા માંડ્યું. પત્ર તેના પિતાનો હતો. તેમાં લખ્યું હતું:

'ચિ. ભાઈ રસિક, લિ. દિનકરરાયની આશીષ: લખવાનું કે હમણાંથી તારો પત્ર

નથી તો, મને તથા તારી બાને ખૂબ જ ચિંતા થાય છે, તો જરૂર વળતી ટપાલે પત્ર લખશો. બીજું હમણાં તારી બાની તબિયત સારી રહેતી નથી. દવાદારૂ ચાલે છે. મને પણ શરીરે ઠીક નથી રહેતું. ઇંજેકશનો મારે અને તારી બાને લેવાં પડ્યાં છે.

'બીજું, હમણાં બેન દેવી અને બે ભાણાં પંદર દી રહી ગયાં. ઘણે વખતે આવ્યાં એટલે બેનને સાડલો અને ભાણાંને બબ્બે જોડ કપડાં લઈ દીધાં છે. બિચારાં ખૂબ રાજી થયાં. મેં પેન્શન લીધું એ તો તને ખબર છે. અત્યાર લગી તો પેન્શનમાં ને નાનિયાના ત્રીસ રૂપિયા આવતા એમાં પૂરું કરતા, પણ અણધાર્યો ખરચ આવી પડતાં થોડું દેવું પણ થઈ ગયું છે, તો બસોક રૂપિયા—જો ત્યાં વાંધો ન આવે એમ હોય તો—મોકલજે. પહેલાં તો અહીંથી જ વીસુકાકા પાસેથી લઈ લેવા વિચાર રાખેલ, પણ રળતેકમાતે છોકરે એની પાસેથી લેવા જતાં આપણી જ કીમત થઈ જાય જાણી નથી લીધા. 'વશરામકાકાનો રામુ તેના દોસ્તદારો સાથે ત્યાં આવવા નીકળ્યો છે. એ તને મળશે. તો પૈસા એની સાથે મોકલાવજે. અખંડ સૌભાગ્યવતી મંદાવહુને મારી આશીષ. દિવાળીમાં સૌ. મંદાને લઈને અહીં આવવાનું તારી બા ખાસ લખાવે છે. તારાં સાસુસસરાને જયશ્રીકૃષ્ણ.'

આ પત્રની નીચે તેના નાના ભાઈ જયસુખે ઉત્સાહથી થોડીક લીટીઓ લખી હતી:

'પૂ. મોટાભાઈની સેવામાં,

હાલમાં તમારો પત્ર નથી તો લખશો. મંદાભાભી તો અમને સંભારે જ શાનાં? બીજું, હાલ અહીં વાતાવરણમાં ભારે ગરમી આવી છે. સરકારે અનાજના ભાવ વધાર્યા તેની સામે અહીંના સમાજવાદીઓએ સત્યાગ્રહ શરૂ કર્યો છે. મંદીને લીધે બધાંનાં હૈયાં પ્રફુલ્લિત બન્યાં હતાં કે હવે સુખવારો આવશે. પણ પંદર દિવસમાં જ પાછા
એના એ થઈ ગયા છે. કાપડના ભરા
બહાને મફતલાલ મિલ બંધ થઈ છે.
આપણા જેન્તિભાઈ હાલ તો ઘરે
બનીને બેઠા છે. આવા વખતમાં એની નો
બંધ પડી એટલે સારો ગોદો ઘરમાં આ
છે. મજૂર મહાજન સંઘ અને સરકાર
બેકારી ટાળવા ખૂબ પ્રયત્ન કરે છે.
અત્યાર સુધી ઘીકેળાં જ ઉડાવ્યાં હોય
'ઓન' ભાવ જ લીધા હોય તેને
ભાવે હવે કાપડ વેચવું કેમ ગમે? તેથી
બધા વેપારીઓ ને મિલમાલિકો સરકાર
પ્રજાને ચારેકોરથી મૂંઝવી પોતાનું ધા
કરાવવા જાળ રચી રહ્યા છે. એ જ,
નવીન નથી. હું આ વખતે ઇન્ટરની પરીક્ષા
બેઠો છું. બનતા સુધી પાસ થઈ જ જ
એ જ લિ. નાના ભાઈ જયસુખનાં પ્રણામ.

રસિકને પત્ર વાંચી જૂનાં સંસ્મરણો
જાગી ઊઠ્યાં. પોતે એક–દોઢ વરસથી
કમાતો હતો છતાં પોતે એક પાઈ પણ તે
મોકલી ન હતી. તેને થયું કે કાલ ને
રામુ મળે એટલે બસો રૂપિયા આપી દ
પોતે અત્યાર સુધી સાવ ઉદાસીન રહ્યો
માટે મનમાં પસ્તાવો પણ થયો. ને પશ્ચાત્તા
ભરી મનોદશામાં જ એની આંખ મિચાઈ

સવારે ઊઠ્યો. નાહીધોઈ સ્વસ્થ બ
તેને થયું કે પોતે વહેલો પોતાને સાસરે
મંદાને તેડી આવે, કારણ પોતાના બા
મિત્રો આવ્યા એટલે પોતાને ઘરે જ ઉતાર
જોઈએ અને તેમનો સારો આદરસત્કા
કરવો જોઈએ. ઉપરાંત મારા જમે થ
હજાર રૂપિયા શેઠ પાસે છે તેમાંથી
આજ ને આજ માગી લાવી રાખું.

આ વિચારે બને તેટલી ત્વરાથી
પકડી એ શેઠને બંગલે આવ્યો. અંદર દીવા
ખાનામાં શેઠ બેઠા હતા. રેડિયો વા

તો ને શેઠ સવારના વર્તમાનપત્રનાં પાનાં ઉપર નજર ફેરવતા હતા.

'આવો રસિકલાલ,' પૈસાદાર સસરા પોતાના આશ્રિત જમાઈને જેટલી અગત્ય આપે એટલી અગત્ય આપી શેઠ ફરી છાપામાં નજર પરોવી ગયા.

'એક ખાસ કામે આવ્યો હતો,' પાંચ મિનિટ શાંત બેસી રસિક બોલ્યો.

'બોલો,' ચશ્માંમાંથી બહાર નજર કરતાં શેઠે કહ્યું.

'મારા રૂપિયા તમારી પાસે છે ને ?'

'હા. તે ?' જરા તોછડાઈ ને કડકાઈથી શેઠે કહ્યું.

'મારાં બા દેશમાં માંદાં છે ને એ માટે મારે બસો રૂપિયાની ખાસ જરૂર છે,' રસિકે ડરતાંડરતાં કહ્યું.

'તમે સાવ મૂરખ છો. એ પૈસા આમ વેડફી નાખવા માટે નથી,' શેઠે હિતેચ્છુભાવે કહ્યું.

'પણ આમાં વેડફવાની વાત ક્યાં છે ? ખાસ જરૂર પડી એટલે જ.'

'આમાં હું કંઈ ખાસ જરૂર નથી જોતો. આ તો તમારા બાપાએ પૈસા મગાવવાની શોધી કાઢેલી યુક્તિ છે. લખી નાખો કે મારી પાસે વધારો નથી. જોઈતા હોય તો પચીસ મોકલી આપો.'

રસિક આ આક્ષેપથી સમસમી ઊઠ્યો. પણ આટલા વખતથી આજ્ઞાંકિતતાની ટેવ પડી ગયેલી એટલે કશું બોલી શકાયું નહિ.

'બીજું મારે ગામથી મહેમાન આવ્યા છે એટલે મંદાને મોકલો. હું તેડવા આવ્યો છું.'

'મંદાને લેવા આવ્યા છો ?' અંદરથી વાતચીત સાંભળતાં શેઠાણી બહાર આવીને બોલ્યાં. 'પણ એની તબિયત સામું તો જુઓ ને? તમારે તો ચારચાર ને પાંચપાંચનાં ધાડાં રોજ હોય જ છે. બિચારી જે દી તમારે ત્યાંથી આવે તે દી વાંસો ને કેડ દુખવાની ફરિયાદ કરે છે.'

'હા, રસિકલાલ, મહેમાનોને બહુ હેળવીએ નહિ સમજ્યા ? સીધો લૉજનો રસ્તો બતાવી દઈએ.'

આ જ વખતે દ્વાર ઊઘડ્યું ને રામુ સહિત ચાર યુવાનો દાખલ થયા.

'ઈ લૉજ તો બતાવાતી હોય એને બતાવાય, સૌને ન બતાવાય, સમજ્યા ને શેઠ સાહેબ !' રામુએ આવતાંવેંત જ એટમ બૉમ્બ ફોડ્યો.

શેઠે રામુને ઓળખ્યો, કારણ રસિકના લગ્ન વખતે રામુ અણવર બન્યો હતો ને શેઠે જ્યારે જ્યારે એ વખતે પોતે કંઈક ઊંચા ને શ્રીમંત છે ને આ માણસો તો ગરીબ છે એવું બતાવી તેની ઉપેક્ષા કરવા પ્રયત્ન કર્યો હતો, ત્યારે ત્યારે રામુની નિર્ભયતા, સ્પષ્ટવક્તૃત્વ અને તીખા'તમતમતા સપાટાનો અનુભવ તેને થઈ ચૂક્યો હતો.

'આવો રામુભાઈ, આ તો અમારી અંદર-અંદરની વાત છે,' શેઠે ભાવ બદલીને કહ્યું.

'પણ હુંયે અંદરનો જ માણસ છું. મેં બધી વાત બહાર ઊભાઊભા સાંભળી છે. દીકરી સુખમાં રહે ને નજર સામે રહે, જમાઈ પણ કહ્યામાં રહે એ માટે ગરીબ માબાપના છોકરા પસંદ કરી, તેને નોકરી અપાવી તેને તમારા આજ્ઞાંકિત ગુલામ જેવા બનાવી તેનાં સ્વમાન અને શક્તિનો તમે પળેપળે હ્રાસ કરો છો એ હું જાણું છું, પણ આથી તો તમે બંનેનું અહિત કરી રહ્યા છો. મંદાભાભીને રસિકભાઈ પ્રત્યેનાં માન ને પ્રેમ ઓછાં થતાં જાય છે. એમને તો 'મનમાં એમ જ દૃઢ થતું જાય છે કે રસિકનો આધાર મારા બાપા ઉપર જ છે. એ ન

હોત તો રસિકનો ઉદ્ધાર જ ન થાત. ને તેથી જ ઘરે મહેમાનો આવતાં માંદગીનો ડોળ કરી એ પિયર આવતાં રહે છે.'

'એટલે તમે એમ કહેવા માગો છો કે મંદા ઢોંગ કરે છે?'

'હા. એકવાર નહિ પણ સાડી સાત વાર. મંદાભાભી અત્યાર લગી છોકરાનો ડ્રેસ પહેરી એના ભાઈબંધો સાથે પછવાડેના કમ્પાઉંડમાં ટેનિસ રમતાં હતાં. હમણાં જ રેકેટ લઈ ઉપર આવ્યાં.'

આ ધડાકાથી શેઠશેઠાણી સ્તબ્ધ થઈ ગયાં. રસિક પણ આશ્ચર્યમૂઢ બની ઊભો રહ્યો.

'રસિકનાં સગાં આવે ત્યારે લોજ બતાવવી અને મંદાનાં સગાં આવે ત્યારે શિખંડપૂરી જમાડવાં એ કયાંનો ન્યાય? ને મહેમાનો આવે એટલે માંદગીનું બહાનું કાઢી ઘરે ચાલ્યા આવવાની સૂચના પણ આ ઘરમાંથી જ અપાય છે એ પણ મારી નજર બહાર નથી. તમે જમાઈઓને 'લાઈનસર' કરી દેવાનું ગૌરવ લ્યો છો, પણ આ માનવતાની લાઈનમાં કોણ રહે છે એ જ પ્રશ્ન છે.'

રામુ સતત બોલ્યે જ ગયો.

'ચાલ રસિક,' કહી રામુએ રસિકનો હાથ ઝાલ્યો. ને શેઠને ને શેઠાણીને જતાં જતાં કહ્યું, 'મંદાભાભીને મોકલવાં ન મોકલવાં તમારી મરજીની વાત છે.' કહી બધા દ્વારની બહાર નીકળી ગયા.

*

ઘરે પહોંચ્યા ત્યારે ઘર જાણે અઠવાડિયાનું અવાવરું હોય એમ પડ્યું હતું. લૂગડાંલત્તાં વેરણછેરણ પડ્યાં હતાં. રસિકનું હૃદ ક્રોધથી અવાક્ હતું.

'છેવટ રામુ! તેં કીધું એમ જ બન્યું.' રસિક ગળગળો બનીને બોલ્યો.

રામુ હસીને બોલવા જતો હતો ત્યાં જ દ્વાર પાસે મોટર આવીને ઊભી રહી. તેમાંથી મંદા ઊતરીને અંદર આવી.

રસિકની આંખ ક્રોધથી સળગી રહી.

'તું કમજાત-અહીં...' રસિક પૂ બોલે એ પહેલાં જ રામુનો હાથ એના મોઢા ઉપર ફરી વળ્યો.

મંદાનું આંસુથી ખરડાયેલું મોઢું તેણે જોયું હતું. એ વરતી ગયો કે પશ્ચાત્તાપ વિશુદ્ધ બનીને મંદા પોતાના મનના નિર્ણ અહીં આવી હતી: માતાપિતાની શ્રીમંતાઈને ઠોકર લગાવીને, પોતાના પતિના જેવી જ સામાન્ય માનવ બનીને. તેની આંખમાંથી ટપટપ આંસુ નીચે પડ્યાં. આંસુ નીતરતી આંખે તેણે બસો રૂપિયાની નોટ રસિકની પાસે મૂકી દીધી.

'રસિક, લઈ લે,' રામુએ કહ્યું, 'આ મંદાભાભી એ શેઠની આસુરી સંપત્તિના મદમાં પતિની ને પતિના મહેમાનો ને સગાં વહાલાંની ઉપેક્ષા કરનારી સ્ત્રી નથી, પણ પોતાના પતિની ગરીબીમાં ય ગૌરવથી એને પડખે ઊભી રહી પતિને ધૈર્ય ને પ્રોત્સાહન આપતી સહધર્મચારિણી છે.'

રસિકે નોટ લઈ લીધી ને મંદા સામે જોયું. મંદાએ રસિક સામે જોઈ આંખ નીચી ઢાળી દીધી. એ આંખમાંથી એક મોટું આંસુ નીચે પડ્યું-જાણે અત્યાર સુધીની બધી જ ભૂલ એમાં ધોવાઈ ગઈ!

★

अयं निजः परो वेत्ति गणना लघुचेतसाम् ।
उदारचरितानां तु वसुधैव कुटुंबकम् ॥

આ સ્વજન છે અને આ પરાયો છે, એવી ભાવના તો ક્ષુદ્ર ચિત્તમાં જ થાય છે. ઉદારચરિત પુરુષો તો આખી સૃષ્ટિને પોતાના કુટુંબરૂપ જ જુએ છે.

×

મોંઘવારી

લેખક :

શ્રી ગજેંદ્રશંકર લાલશંકર પંડ્યા

એમ. એ.

કાળાબજારીઆઓનો આત્મા, વેપારીઓનો પ્રાણ, ઇન્કમટેક્સ ખાતાનો આનંદ, મધ્યમ વર્ગના અશ્રુપાત, સંસ્થાસંચાલકોનાં રોદણાં, પત્રકારોનું નિરંજન-નિરાકારપણું, ભિક્ષુકોનું આતિથ્ય ને નોકરીયાતોનું મહાવિષ્ણુકવચ તે મોંઘવારી. દેવી ભાગવતમાં દેવીની અનેકધા ઉત્પત્તિઓ વર્ણવાઈ છે: નારસિંહી, વારાહી, ચામુંડા, ચંડિકા, કાત્યાયની વગેરે, મહાલક્ષ્મીની અનેકધા પરિસ્થિતિઓ ગણાવાઈ છે : સમુદ્રની લક્ષ્મી, રાજ્યલક્ષ્મી, ગૃહલક્ષ્મી વગેરે. વ્યાસ મુનિ મહાસમર્થ, સર્વશાસ્ત્રજ્ઞ, ત્રિકાળજ્ઞાની; બ્રહ્મા, વિષ્ણુ, નારાયણ આદિના શિષ્ય, બુદ્ધિમાન, તત્ત્વવેત્તા, સર્વજ્ઞ છતાં જાણી ન શકયા, શોધી ન શકયા, બ્રહ્માને પૂછી ન શકયા કે દેવીઓની અનેકધા ઉત્પત્તિમાં કોઈ મહામહોત્તમ દેવીની ગણના રહી જાય છે!! દેવી ભાગવતમાં કોઈ ક્ષેપ હોય તો આ મહામાયા, અતિપૂજ્યા, અતિવંદનીયા,' અતિસ્તુત્યા દેવી, ભગવતીની પણ ભગવતી મોંઘવારીની છે.

આશ્ચર્ય એક જ છે કે આ મહાદેવીનો આવિર્ભાવ થયાને દશકો થયો છે, છતાં કોઈ ભક્તજને એનું મંદિર યા દેવાલય યા આશ્રયસ્થાન બાંધ્યું નથી, દેવીની સ્થાપના કરી નથી, પ્રતિષ્ઠા સ્થાપી નથી! કાળા બજારના ધુરંધર ખેલાડીઓ જરૂર જ ખાનગી ગુપ્ત મંદિર બાંધી આ મહાદેવીની રાવણ અને ઇંદ્રજિતની જેમ કોઈ ગુપ્ત ગુફામાં સાધના કરી રહ્યા છે. નથી આ જમાનામાં કોઈ લક્ષ્મણ, સુગ્રીવ કે હનુમાન જે આવી સાધનાનો ભંગ કરી શકે! અફસોસ છે કે આવા રાવણ અને ઇંદ્રજિતનો સામનો કરી તેનો પરાજય કરનારા કોઈ રામચંદ્ર જન્મ્યા નથી. 'તપ, તપ' એવી આકાશવાણીએ બ્રહ્માને સૃષ્ટિ–સર્જનકાર્યની શક્તિ આપવા માટે પ્રોત્સાહન આપ્યું હતું. 'આવે છે આગબોટો, આવે છે આગબોટો અનાજ ભરી' એવી ભારતવર્ષના કેંદ્રસ્થ અનુપમ નગરની આકાશવાણી આપણને પ્રોત્સાહન આપે છે; આજના રાવણ, ઇંદ્રજિતોની મહાદેવીની સમર્થ સાધનાનો સામનો કરવા માર્ગ બતાવે છે. અહા! ધન્ય છે મોંઘવારી દેવી! જેઓ પુરાણ આદિમાં, હિંદુધર્મશાસ્ત્રોના ધર્મમાર્ગનાં સંચાલનબળોમાં અશ્રદ્ધાળુ હતા તેને તેં અલ્પ સમયમાં શ્રદ્ધાળુ કરી દીધા. એકાદશી વ્રત, હર પ્રતિમાસ શિવરાત્રિવ્રત, સોમપ્રદોષ આદિ કરવાની પુનઃ પુનઃ ઘોષણા તેં આકાશવાણી દ્વારા જાહેર કરી છે. જ્યોતિષમાં ન માનનારા ગ્રહ, જપ આદિને તુચ્છ ગણનારાઓને પણ સોમ, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રવિ યા કોઈ પણ એક દિવસે 'મીસ એ મીલ'(એક ભોજન યા બે બે ભોજન જતા કરો)નો રાજમાર્ગ બતાવ્યો છે. આ વાદના પ્રણેતાઓએ શા માટે સર્વ જનોને જૈનધર્મની દીક્ષા લેવા માર્ગદર્શન કર્યું નથી, એ વિષે જરા સ્વાભાવિક ક્ષોભની લાગણી પ્રસરે છે. પર્યૂષણો સર્વજનો ઊજવે, રમજાન માસ સર્વ પ્રજાજનો પાળે, નવરાત્રના દિવસો સારું યે વર્ષ ચાલુ રહે અને માતાજીની સેવામાં સર્વ ઓતપ્રોત રહે. કૃષ્ણજન્માષ્ટમી, રામનવમી વગેરે દરમાસે મૂશળધાર વરસાદની જેમ આવે ને લોકો તેનું પર્વ પાળે; અરેરે, સત્યયુગની જેમ હજારો વર્ષ સુધી કેવળ ધૂમ્રપાન, પર્ણાહાર, વાયુગ્રાસ આદિ કરે. ઉગ્ર તપનો આરંભ થાય તો મોંઘવારી દેવીના પૂજકોનો પરિહાર સફળ

રીતે થાય; આવી જાણીતાં વર્તમાનપત્રોમાં આખા પાનાની જાહેરાત કેમ થતી નથી એટલું આશ્ચર્ય થાય છે.

લોકો યે કેટલા વિચારહીન છે!! કલિયુગમાં સત્યયુગ પ્રવર્તે એવી અમૂલ્ય તક આવી છે છતાંય તે ઝડપી લેતા નથી તેમજ 'મીસ એ મીલ'-એક ભોજન જતું કરો એ સૂત્રાત્મક વાકયનું ઊંડાણમાં રહેલું ભાષ્ય સમજી ને ગ્રહણ કરી શકતા નથી! અરે, સત્યયુગમાં ઋષિમુનિઓ માંસાહારી હતા તે સત્ય વાકય પણ પ્રમાણતા નથી! વિશ્વામિત્ર તપ કરતા હતા ત્યારે તેનાં સ્ત્રીપુત્રને ત્રિશંકુ રાજાએ ડુક્કર આદિનાં માંસના આહારથી પોષ્યાં હતાં તેનું પણ તેમણે વિસ્મરણ કર્યું! ભારતવર્ષના વિશાળ સાગરતટ પર અનેક મત્સ્યો પોતાના પ્રાણનું બલિદાન દેવા તત્પર છે. છતાંય તેનો લાભ ભારતવાસી લેતા નથી એ કેવી બેદરકારી! પાશ્ચાત્ય દેશવાસીઓમાં શાકાહારીનું પ્રમાણ વધે છે તો તે પ્રમાણ અનુસાર પણ નવા માંસાહારી ભારતવર્ષમાં ન હોય એ કેટલું શરમજનક છે! મોંઘવારીના પૂજકોને હંફાવવાનો ફક્ત આ જ રાજમાર્ગ છે અને એ રૂંધાય પછી મોંઘવારી કયાં?

'પણ મોંઘવારી છે કયાં?' કોઈ પૂછશે.

'કેમ! દરેક જિહ્‌વાગ્ર એના નામથી આળું થઈ નથી ગયું? જયાં જુઓ ત્યાં 'મોંઘવારી'ના ઉચ્ચારો શ્રવણ નથી થતા? રસ્તામાં, ગાડીમાં, આગગાડીમાં, વિમાનમાં, આગબોટમાં, ફેરીઆઓ, શાકભાજીવાળાઓ, ચણામમરા વેચનારાઓ, પાનપટ્ટીના દુકાનદારો, કાપડીઆઓ, દવા વેચનારાઓ અરેરે, કયાં કયાં, ને કોણ કોણ મોંઘવારીને ચર્ચાના ચગડોળે ચઢાવતું નથી? મારો એમને જવાબ છે.

ગરીબ બિચારી મોંઘવારી!!! એ બિચારી છાનીછપની છુપાઈ રહી છે છતાંય કોણ જાણે કેમ લોકો તેની પાછળ મંડ્યા છે અને જગબત્રીસીએ એને ચઢાવી છાપાંમાં અગ્રલેખે લેખી છે, સંસ્થાઓ હિસાબી ચોપડે ચિટકાવી છે. સરકાર કાયદાની કલમે કલકલાવી છે, આંતરરાષ્ટ્રી રાજકારણોમાં ય કારણભૂત સપ્રમાણ છે. ખરેખર, કમનસીબ છે બિચારી મોંઘવારી! કોણ જાણે કયાં જન્મનાં પાપો યા શાપોને એ ભોક્તા બની છે!

આ કથન કવિત્વભર્યું નથી, રામભાવ નથી, એમાં અલંકારિત્વનું પ્રદર્શન નથી, બાહ્યાચાર કે બાહ્યાડંબર નથી; સત્ય છે. મોંઘવારી છે જ નહિ. મોંઘવારી તો મોં બતાવી શકે એવી સ્થિતિમાં જ નથી. એ તો કાળ બજારીઆઓની ગુપ્ત ગુફામાં જ નિવાસ કરે છે. તમે સાચું નહિ માનો, પ્રમાણ તો જોઈએ ને? પ્રમાણ પૂરતાં પ્રબળ છે.

તમને મોંઘવારી દેખાય છે? નોકરો મોંઘવારી માગે છે એ તૂત છે, તોફાન છે, ધતિંગ છે. સંસ્થાઓ મોંઘવારી મંજૂર કરે છે એ નોકરોનાં દબાણ છે, ત્રાગાં છે, ધમકી છે. સરકાર મોંઘવારી આપવા ફરજ પાડે છે એ સત્તાનું પ્રદર્શન છે, સત્તાનો દોર છે, અદેખાઈ છે. 'મારી હજામત થાય, તો તારી ય હજામત થાય;' એ ન્યાયનું પ્રત્યક્ષ પાલન છે. વળી મહત્તાનું ઉદાહરણ છે. રાજ્યની મહાનુભાવતા છે. બાકી ક્ષણભર દષ્ટિપાત કરો ચોપાટી પર કોઈ ફેરીઆ ખાલી જાય છે? શેરડીવાળા, નાળિયેરવાળા, પૂરીપકોડીવાળા, ઠંડા પાણીના 'સેકેરીન' શરબતવાળા; ચણા, મમરા, સેવવાળા; કોઈ પણ વીલે મુખે પાછા ફરે છે ખરા? ચોપાટીની સ્વચ્છ ભૂમિ, તેલ-હળદરના રંગવાળા કાગળોના કટકાથી સુશોભિત બનેલી, દહીં આદિથી રંગીન બનેલા પડિયાઓવાળી સુશોભિત શોભતી, લીલાં નાળીએરનાં છોલાયલાં તાલકાંથી સુંદર ચકચકિત, ચંદનને લજાવતી છાલોથી સૌંદર્ય-

ક્રીડા કરતી, આકાશગંગાની નાનકડી માછલીઓ જેવી શોભતી મગફળીનાં ઊડતાં છોતરાંઓથી બિરાજતી, માનવસમુદાયસાગરમાં નાના નાના ટાપુઓ જેવી દેદીપ્યમાન, કામચલાઉ ખાવાનું વેચનારા ચપળ વૃત્તિના દુકાનદારોની દુકાનોથી આકર્ષક લાગતી, તે દુકાનોના નાનામોટા દીપકોથી આકાશતારલાઓની સ્પર્ધા કરતી, આકાશનો ટુકડો પૃથ્વી પર ઊતર્યો હોય એવી દશ્યમાન ચોપાટી પ્રતિ ઘડીવાર દષ્ટિ નાખો. દેવોને પૃથ્વી પર ઉપરાંત મોંઘવારીનો આસ્વાદ લેવા આકર્ષતાં, દોરીએ બાંધેલાં, ગગનમાં ઉડ્ડયન કરવા તલસતા ફૂગાઓ અને બલૂનો તો નિહાળો! વિવિધ પ્રકારનાં, 'બાળ ખેલે ઓર બાળ કા બાપા બી ખેલે' એવી બૂમો મારતા, લહેરમાં લલકારતા અનેક ફેરીઆઓના હાથમાં, ટોપલામાં, રેંકડીમાંનાં રમકડાં તો નીરખો! ઘડિયાળના સેકંડના કાંટાની ગતિને શરમાવનારી મોટરો તેનાં ભોં-ભોંનાં અદ્ભુત સંગીતો, ચંદ્રસૂર્યને ઝાંખા પાડે એવાં 'સર્ચલાઈટો' અને 'શેઈડ લાઈટો' જુઓ! કોનાં હોઠ પાનપટ્ટીના અળતા જેવા રંગથી શોભતાં નથી? કોનાં ડાચાં પાનપટ્ટીના ડૂચાથી લાડુ જેવાં ગોળ લાગતાં નથી? મિલનાં ભૂંગળાંને લજ્જાસ્પદ કરે એવાં કોનાં મુખારવિંદો 'સિગારેટ', 'ચિરૂટ' દેશી બીડીથી આકર્ષક લાગતાં નથી?/

આ મોંઘવારી દેવીનું સામ્રાજ્ય છે એમ કહેવાની કોણ ધૃષ્ટતા કરી શકે? ચકચકિત 'બૂટપોલીશ'થી ચકચકિત શોભતાં પાદત્રાણો, ઇસ્ત્રીનો સળ જરાયે ન વાંકો,થયો હોય એવા વેશધારીઓ, ગળું ને છાતીના વિભાગનો આવિર્ભાવ થાય એવા કૂતરાના 'કોલરો'ના 'બુશકોટ' યા ખમીસ ધારણ કરનારા શિક્ષિત નવયુવાનો અને તેની સ્પર્ધા કરતી ઢબે સાડી-ચોળી પહેરી જતી લલિત નવયૌવનાઓ–શું આ બધું મોંઘવારી દેવીના પ્રસાદનું પ્રદર્શન છે? જયાં ખિસ્સામાં પરચૂરણો-ખખડતાં હોય, રૂપિયાઓ ખણખણતા હોય, ખિસ્સાકાતરુની કળા સફળ અજમાવવાની તક આપનારી નોટો લચકતી હોય, જયાં 'પકડો, પકડો' 'કંઠી કાઢી જાય છે,' 'નેકલેસ તોડી જાય છે,' અવનવી બૂમો પડવાનો સંભવ હોય ત્યાં મોંઘવારી દેવીનો પદરવ શ્રવણ થાય ખરો? જયાં ટોળે વળી હાસ્યવિનોદમાં મશગૂલ મિત્રવૃંદો ખીસાની લક્ષ્મીને થનગન નચાવી રહ્યા હોય અને–કોઈક કમનસીબ કંજૂસનો કાકો વિક્ષેપ કરતો હોય–

'આઠ પાણીચાં છોલ.'

'આજે જ પગાર ને આજે જ–'

'કંજૂસનો કાકો તું. અમે તો–અલ્યા! પાંચ મલાઈને ત્રણ કોપરાં!'

'પગારમાં એકસો પંદર. ખર્ચમાં અઢીસો કાંઈક બચ્ચાંબૈરાંનો તો–મોં શું મચકોડે છે–મોંઘવારી....'

'સૌ સૌના નસીબનું ભોગવે. બે ટચુશન વધારે કરીશું.–સુલુ! અહીં કેમ આવી?'

'પપ્પા! ત્રણ રૂપિયા આપો. ચોપડી લેવાની છે.'

'તારો તે માસ્તર છે કે હજામ? આ મહિનાના બજેટમાં ત્રણ રૂપિયા નથી.'

'હં–સુલુ! આ પાણીચાં છોલવાના પૈસા છે.'

'મૂરખા! આ કાંઈ ચોપડી ખરીદી માથું કૂટવાના પૈસા નથી પણ પાણી પી કોપરું ખાઈ, માથું તર કરવાનો નુસ્ખો છે. ડઘાઈને મારા મોં સામે શું જુએ છે. લે, પાણીચું, ઢીંચ પાણી!'

'મનઃ એવ હિ કારણં સુખદુઃખયોઃ' એ મહાવાકયની જેમ 'મન એવ હિ કારણં–મોંઘવાર્યઃ' એ સૂત્ર આ જમાનાની મહાગીતામાંથી મળી આવે. બાકી ડગલે ને પગલે

ચાલતાં 'લક્ષ્મી વિલાસ હોટેલ', 'મનોહર વિશ્રાંતિગૃહ', 'પુરોહિત આનંદગૃહ', 'સરદાર', 'વિશ્વશાંતિગૃહ' આદિ અનેક લોકોપયોગી, વ્યવહારોપયોગી ભોજન, નાસ્તા, ઉષ્ણોદક, શીતોદક, આદિનાં ક્ષુધાશાંતિ અને તૃષાશાંતિ સ્થાનોની મુલાકાત લ્યો. દિન-પ્રતિદિન તેના સંખ્યાંક ગણો ને જુઓ કે તે વધે છે કે ઘટે છે? દ્વાર આગળ ઊભા રહીને પણ જુઓ ને ખિસ્સાં ભરચક હોય તો અંદર પ્રવેશ કરીને જુઓ કે પાણીના સુંદર ભેજવાળી આર્દ્ર ભૂમિ પર સુંદર પોલીશવાળી ખુરસીઓમાં કેટલી ખુરસીઓ આગંતુકોનો વિરહ વેઠે છે! આરસની સંપાટીવાળાં, વારંવાર તે પરની ચળકતી ચીકાશ પર ફેરવાતાં, ઘાંચીઓની વૉશિંગ 'ડ્રાય ક્લીનીંગ' (વરાળ-સ્વચ્છતા) પામેલા રૂમાલ-ટુવાલ-ટુકડાથી સ્વચ્છ રહેતાં મેજોમાં ક્યાં મેજો પર પાણીનાં અર્ધ-પીધા પ્યાલા, ચાના રકાબી-પ્યાલા, પેટિસની રકાબીઓ, ચેવડા-ખારી-મોળી બિસ્કિટ-સેવગાંઠિયા આદિની 'ડીશો' બિરાજતી નથી? સવારના દશ હોય યા બપોરના બાર હોય, અપરાહ્ણના ત્રણ હોય યા સાયંકાળના છ હોય; દીવાબત્તીના સાત હોય યા રાત્રિના દશ હોય; વીજળીની ભપકાદાર રોશની આગળ હોટેલ, વિશ્રાંતિગૃહો, આરામ-સ્થાનો, રેસ્ટોરાંઓમાં કાળી કાળરાત્રિ સમી મોંઘવારી પ્રવેશ તો શું, પણ ડોકિયું કરવા પણ હિંમત કરી શકે ખરી? મોંઘવારીનો તિરસ્કાર કરનારા, તે પ્રતિ માર્મિક હાસ્ય કરનારા, ભલે તે દૈનિક રૂ. બે કમાનાર શ્રમજીવી હોય, યા રૂ. ચાર કમાનાર બુદ્ધિજીવી હોય, યા રૂ. આઠ કમાનાર ચાતુર્ય-જીવી હોય, યા રૂ. સોળ કમાનાર ભાગ્યજીવી હોય, પણ જયાં આવાં 'આનંદગૃહો' યા 'પ્રોત્સાહક સ્થાનો'ના ઉપાસક બને, ત્યાં મોંઘવારી કયા બળથી પ્રવેશ કરી શકે? કંજૂસકા એમાં દાખલ થતા નથી, પરંતુ ઉદાર ભત્રીજ ના આગ્રહને વશ થઈ જાય તો-

'ત્રણ પેટિશ, ત્રણ કોફી, ત્રણ પાણ આવે-'

'દશ વાગે પેટપૂર જમ્યો નહોતો?'

'શું ધૂળ જમે! ચાર રોટલી ખાધી!'

'સવારે નાસ્તો આઠ વાગે ખાય પછ શું ધૂળ ખાય?'

'નાસ્તો. ઊંહું-અરે, બે કટકી કેસર બદામપાક-ને-એ તો દાઢમાં સમાય.'

'હં!!-તો તો શ્રીમતીની રસાયનવિદ્ પર શનિશ્ચરની પનોતી હશે!'

'અરે-રસોઈ તો અનુપમ-અન્નપૂર્ણા પાણ ભરે!'

'તો ફરસાણ-બરસાણ નહિ હોય!'

'તે વિના તે શ્રીમતી અગ્નિસેવા આરંભે જ નહિ!'

'ત્યારે ભાવ્યું નહિ હોય.'

'હવે બેચાર, પાંચ, સાત બટાકાવડાં પેટમાં નાખ્યાં તે કાંઈ વિસાતમાં કહેવાય?'

'હં-તો તો જઠરાગ્નિ અગસ્ત્ય મુનિને શરમાવે એવો લાગે છે!'

'અરે યાર, હિંગાષ્ટક ને ભાસ્કરલવણ ચૂર્ણ, હિંગ્વાદિ ગુટિ ને લશૂનાષ્ટક ગુટિ-એ તો જો ને-કાંઈનું કાંઈ ખીસામાં હોય જ.'

'તો પછી આ પેટિશની મોકાણ-દશ વાગે તો જમ્યા છે ને બાર' વાગે આ 'ક્ષુધાતુર શાંતિગૃહ'ને કેમ શોભાવ્યું?'

'મારા જેવા આશ્રયદાતાઓ ન હોય તો આવાં સ્થાનો નભે કેમ?'

'એકસોવીસનો પગાર-મોંઘવારી પિસ્તાલીશ-નાહક-'

'મોંઘવારી! મોંઘવારી ને મોંઘવારી... જનમ્યા છીએ તેની ખબર છે ને?'

કંજૂસકાકા વિચારમાં પડી ગયા. જન

મ્યા તો છીએ જ. જનમ્યા માટે જીવવું જ તો જીવવા માટે ખાવું કે ખાવા માટે જીવવું ? જીવવા માટે જનમવું કે જનમવા માટે મરવું ? મરવું તો ખાઈને મરવું કે ઉપવાસે મરવું ? ખાઈને મરવું તો સ્વાદેંદ્રિયને સંતુષ્ટ કરીને મરવું, કે મોંઘવારીની હાયશોસ કરી 'રેશન' ઔષધીનાં સુંદર પુષ્ટિકારક, અણમૂલાં વીટામીનો ને પ્રોટિનોથી ભરપૂર જીવજંતુઓ-ના ઉમદા સંજીવન તત્ત્વોયુક્ત ધાન્યાદિથી ટકી લીલીછમ વેલડીઓ જેવી શરીરાકૃતિ ધારણ શરીરભાર ઓછો કરવો ? કંજૂસકાકા વિચાર-પ્રવાહમાં ખેંચાયા ગયા. આજુબાજુ નજર કરી, અન્ય હોટેલ-રેસ્ટોરાં યાદ આવ્યાં, તેનાં સ્મૃતિચિત્ર નજર સમક્ષ ખડાં થયાં. વળી, મોંઘવારી કેવી ? છે જ ક્યાં ? કયા મૂર્ખ સાક્ષરે, વિદ્વાને, પંડિતે, કોશકારે આ શબ્દોત્પત્તિ કરી અને તે કરી તો તેમાં અમુક અર્થની ઉપસ્થિતિ કરી ?

મોંઘવારી કેવળ મનની ભ્રમણા છે. અન્યોને છેતરવાની યુક્તિ છે. કમાણી કરવાની, સ્વાર્થ સાધવાની પ્રવૃત્તિ છે. પત્ની, બાળબચ્ચાં આગળ આ મોંઘવારી–પુરાણ વાંચી, તેમને તેમનાં ઉપાસક બનાવી તેમને મોક્ષમાર્ગે લઈ જવાની માર્ગરેખા છે. મોંઘવારીના જપથી પત્ની ફેશન આદિના પંથે ન પડે, સાત રૂપિયાનું સાદું છાયલ લઈ સંતોષ માને, દરજીને બે રૂપિયાના કાપડ પર ત્રણ રૂપિયાની સિલાઈ ન આપે. સાત રૂપિયાનાં સાદાં વાયલ પર દશ રૂપિયાની ભભકતી છાપ ન છપાવે, પાંચ રૂપિયાનાં ચંપલને બદલે બાર રૂપિયાનાં સેન્ડલ ન માગે. બાળક બસમાં નિશાળે જવાને બદલે પગે ચાલીને જાય. છ–છ આનાની નોટબૂકને બદલે છ આનાની સ્લેટથી કામ નિભાવે. કેરમ, બેડમિંટન, ક્રિકેટ જેવી રમતોને બદલે આટાપાટા, ચકભિલ્લુ, મોઈદંડાથી ભારતની પ્રાચીન રમતોનો સક્રિય આવશ્યક ઉદ્ધાર કરે. મોંઘવારીના જપથી બારણા આગળ ટહેલ ન નાખે. કંજૂસકાકાના ઉદાર ભત્રીજાએ એમ જ કર્યું હતું, એને કોંગ્રેસની નીતિ પ્રતિ તિરસ્કાર ઊપજયો હતો. શા માટે સરકાર ભિખારીનો કાયદો ઘડવા વિચાર કરે છે ? મ્યુનિસિપાલિટી દરેક ઘેર ઘરનંબરો-ગૃહાંકો લખે છે તેમ પાટિયાં મારે : 'ભીખ ન માગો: મોંઘવારી છે.' 'અલ્પાહારી બનો, મોંઘવારી છે.'

એક વ્યવહારુ તત્ત્વજ્ઞાનીની વાત યાદ આવે છે. સરકારે શા માટે મોંઘવારી આપવી અથવા આપવા ફરજ પાડવી જોઈએ ? વ્યવહારુ તત્ત્વજ્ઞાનીએ શોધ્યું હતું કે પ્રાણીમાત્ર અન્ન વિના હવા ને પાણીથી જીવી શકે છે. એણે ઘોડા પર પ્રયોગ કર્યો જ હતો. દરરોજની ક્રમેક્રમે અપાતી દૈનિક ઘાસની પૂળીમાંથી અડધી પૂળી કમી કરી હતી. અપાતા ચણામાંથી અધોળઅધોળ કમી કર્યા હતા છતાં એનું પ્રભુએ નિર્માણ કરેલું આયુષ્ય હતું ત્યાં સુધી તે જરૂર જ જીવતો વિદ્યમાન હતો જ !

મોંઘવારી અપાય છે. આમ મોંઘવારી નથી છતાં તેનું ભાન કરાવાય છે. મોલિયર વિલિયમ્સનાં હાસ્ય નાટકમાં કંજૂસ પાત્ર મરી ગયું નથી છતાં તેને ઠેકાણે લાવવા મથતાં તેનાં કુટુંબીજનો તેને ભૂત ઠેરવે છે ને તે 'મરી ગયો છે' એમ મનાવે છે તેમ મ્યુનિસિપાલિટી એ બહાના નીચે જ કર વધારે છે. વીજળીની કંપનીઓ એ જ બહાના નીચે દર વધારે છે. ઇન્કમટેક્સ ખાતું વાર્ષિક આવકના અંદાજ વખતે પગારની ગણતરીમાં મોંઘવારીને પણ દાખલ કરે છે જ. જીવન જીવી જાણનાર કંજૂસકાકાના ઉદાર ભત્રીજાઓ પણ યોગ્ય ઉપયોગ કરે છે જ. એટલે મોંઘવારી નથી છતાં છે એમ ભય ઉત્પન્ન કરવાનો

એક નુસખો તે મોંઘવારી તરીકે નાણાં આપવાની ક્રિયા. બાકી મોંઘવારી ક્યાં છે?

આગગાડીમાં દૃષ્ટિપાત કરો. કઈ આગગાડી ખાલી જાય છે? કયા ડબ્બાના વિભાગમાં ગિરદીની ઊણુતા દેખાય છે? કયા ડબ્બામાં મારામારીના પ્રસંગો બનતા નથી? 'ટિફિન બાસ્કિટ'માં ભાથું બાંધેલું હોય છે છતાં સ્ટેશન પરના હાથગાડીવાળાઓ ક્યાં હાથ ઘસતા રહ્યા છે? એની સંખ્યા ઓછી દેખાય છે? સ્ટેશન પરના મજૂરોની સંખ્યા ઘટી છે, સમર્થ, મજબૂત શરીરવાળા ઉતારુઓ હાથમાં પેટી કે બિસ્તરા લઈ (મારવાડી ન હોય તે) પ્લૅટફૉર્મ પરથી બહાર નીકળતા હોય એવાની સંખ્યા કેટલી? સ્ટેશન પર આવતી ભાડાગાડીની સંખ્યાનું પત્રક તપાસ્યું છે? રીક્ષાની સંખ્યા ઘટી? ને ટેકસીઓ? આનું કારણ વસ્તીનો વધારો કે મોંઘવારી? ડબ્બાની મુલાકાત લ્યો. ઉતારુઓનાં સંભાષણો, વાર્તાલાપો, ગોષ્ઠિઓ સાંભળો, ખાતરી થશે કે મોંઘવારી એ એક કલ્પના છે, મિથ્યા ભ્રમ છે; પરબ્રહ્મમાં સૃષ્ટિ દેખાય છે તેવી કેવળ માયા છે, ડબ્બા આગળ 'ગરમાગરમ ખાંડની ચા, ચાય ગરમ' 'સોલાપુરી ચેવડો' 'આઈસ્ક્રિમ' 'કેમ શેઠ! ભોજન લાવું? દોઢ રૂપિયો રોટલી, બે શાક, ફરસાણ, દાળ, ભાત, પાપડ,' વગેરેની ટહેલો શ્રવણ કરતાં કયા ઉતારુઓ ખીસામાં હસ્તાંગુલીઓને પ્રવેશ કરાવતા નથી અને મુખ–ગુફામાં ઝરતાં ઝરણાંઓને ગળે ઉતારતા નથી?

'અરે, બે કપ ચા લાવ. કેમ શેઠ! પીશો ને! અરે બે કપ બીજા!'

'પણ ભાઈ! હમણાં નડિયાદ પર તો ચા પીધી હતી, આણંદ પર કોફી પીધી, વડોદરે આઈસ્ક્રિમ ખાધો ને પૂરી ખાધી તો મિયાગામ સ્ટેશને પાછી ચા?'

'અરે શેઠ! આ ઠંડીમાં ગરમી તો જોઈએ ને? પાછી રાત કાઢવાની!'

'તો આઇસ્ક્રિમ–હં–પણ તમને–વાર હવે પાલેજ, ભરૂચનો કોઈ કાર્યક્રમ?'

'શેઠ! રોજની મુસાફરી; આજે મુંબઈ, પરમ દિવસે પાછા અમદાવાદ, ચાર દિવસ રહીને પાછા મુંબઈ. શું કરીએ? ગાડીમાં બધું જ પચી જાય અને વખત તો કાઢવો જ પડે ને! વાતો તે કેટલી કરીએ? ઠીક છે પાંચ રૂપિયા ખરચાય.'

'વેપાર ધમધોકાર ચાલતો હશે.'

'મોંઘવારી કેટલી છે! કમાણી જ નથી ને! આ તો મોં લાલ રાખીએ છીએ.'

'તો અગત્યના કામ માટે જવાનું–'

'અરે, તાર આવ્યો આજ સવારે–મારા દીકરાનો–દશબાર ચોપડીઓ–કૉલેજમાં એનું નામ શું તો–હં લાઈબરેરીની ને કોઈ બીજાની ને કોઈ પોતાની એ અહીં જ ભૂલી ગયો. શું કહું શેઠ? આજકાલના કૉલેજમાં જનારા કેવાક હોય છે! તે મારે જાતે જ આપવા જવું પડે છે.'

'પારસલથી મોકલી હોત તો–'

'પારસલ! અરે–એમ થયું કે જાતોજાત હાથે જ આપું ને વળી દીકરાનો આગ્રહ–કે તમે આવી જાઓ. મળાય મુકાય–બહાર–બાકી ફીલમ જોવાય–ઠીક છે હવે.'

'તે તમારો દીકરો ક્યારે મુંબઈ ગયો?'

'પાંચેક દિવસ થયા.'

'તમને મળ્યોમૂકયો નહિ હોય?'

'કેમ નહિ વાહ દીકરો ઘરમાં હોય ને મળેમૂકે નહિ એવો છેક ઉદ્ધત તો નથી જ.'

'ના આ તો તમે એને મળવા જાઓ છો તેથી પૂછ્યું મેં.'

'પણ 'બહાર'ની ને 'બાઝી'ની ફિલમનાં વખાણ ખૂબ કરે છે.'

'તે તો અમદાવાદમાં પણ છે.'

'છ પણ મુંબઈ જેવાં થીએટર નહિ ને! 'ફ્રિમટી', વગેરે તો સ્વર્ગભૂમિ !'

'તો પછી તમારે સ્વર્ગને બદલે વૈકુંઠમાં જ જવાનું ને મળવાનું રહ્યું ?'

'ના રે ના, વૈકુંઠકાકા તો એક મહિના પર ગુજરી ગયા, એટલે એમને ત્યાં જવાનું ને મળવાનું હવે પૂર્ણવિરામ. લ્યો ચા તો ગટગટાવો. એ તો એમ જ ચાલે. અરે, ભાઈ! જરા ધીમેથી–ડબ્બામાં ક્યાં આવો છો? જગા જ ક્યાં છે? અરરરર–મારા બાપ–કેટલી ગિરદી! આખી ગાડી ભરભરાટ! સવારે, બપોરે, સાંજે, રાતે પણ જગાની મારામારી–છે કાંઈ રેલવેવાળાને?'

'તો સેકન્ડ કલાસમાં કેમ જતા નથી?'

'આ મોંઘવારીમાં સેકન્ડ કલાસ? અરે બિચારી બેબીએ પાંચ રૂપિયાનું ફ્રોક માગ્યું હતું તે લાવતાં તો જીવ ઊંચે આવી ગયો. એને પાંચનું ફ્રોક તો બાબાને સાતનું ગરમ સ્વેટર ને એની મા માટે ચાર બાર રૂપિયાનાં લૂગડાં કેમ પોષાય? મોંઘવારી તો બાપ! મોંઘવારી! ત્રણનાં લૂગડાંના બાર રૂપિયા!! અઢીના સ્વેટરના સાત!! ને આ આગગાડીની ટિકિટના પણ ભાવ દોઢા-બમણા!! ને મજૂરો! પૂછવું જ નહિ!!'

'તો પછી આમ સ્ટેશને સ્ટેશને–અરે મુંબઈ ન જાઓ તો?'

'યાર, જીવન કેટલા દિવસનું? જીવ્યા કરતાં જોયું ભલું!'

'તમારું કુટુંબ પણ જતુંઆવતું હશે, આમ જ?'

'એ કેમ પોષાય! ને તે આ મોંઘવારીમાં? ને મારે તો મુંબઈમાં દીકરો એકલો-અવરનવર ધ્યાન રાખવું પડે, ન રાખીએ તો વંઠી જાય વંઠી! આમ પચાસ બગડે તે સારા.'

ટ્રામ, બસ, ગાડીઘોડા ભાગ્યે જ ખાલી હોય છે. વૈદ્યોનાં વૈદ્યખાનાં, ડૉકટરોનાં દવાખાનાં, હૉસ્પિટલો ભાગ્યે જ દર્દી વિનાનાં હોય છે. અનેક દુકાનો–કાપડ આદિની ભાગ્યે જ દેવાળું કાઢતી દેખાય છે. ભાગ્યે જ ત્યાં ગ્રાહકોનાં દર્શન થતાં ન હોય, ફૂટપાથના ફેરીઆઓ ભાગ્યેજ ભૂખે મરતા હોય છે. મુંબઈ જેવા શહેરમાં કે નાનકડા નગરમાં કે મોટાં ગામોમાં ભાગ્યે જ 'સિનેમા'-ચલચિત્રની ઊણપ દેખાય છે. દિનપ્રતિદિન નવાં ચલચિત્રોની જાહેરાત આવતી જ જાય છે. છ અઠવાડિયાં, દશ અઠવાડિયાં એમ ક્રમેક્રમે વધતા જતા સમય માટે એકનું એક ચલચિત્ર મોટાં શહેરોમાં એક બે સ્થળે ને નાનાં શહેરમાં પણ ચાલ્યા કરે! કયારે પ્રેક્ષકોનાં ધાડાંનાં ધાડાં ઊભરાય ને માનવ-સાગર માઝા મૂકે ત્યારે મોંઘવારી છે? એક ચલચિત્રમાં નટ–અમુક નટને ચાળીસહજાર, અમુકને વીસહજાર, દસહજાર, અમુક ગાયક-ગાયિકાને પાંચહજાર, વસ્તુસંકલના કરનારને પાંચહજાર–અરે ત્રણ લાખના ખર્ચે લેવાયલી ફિલ્મ–ના, ના, શાળાની કન્યા ગરબી ગાય, રેકર્ડ ઊતરે–દરેકને દશદશ રૂપીઆ! અરે માનવસમુદાય બનાવવો હોય ત્યારે દરેક વ્યક્તિને બે બે રૂપિયા ફક્ત બે મિનિટ ચલચિત્રના યંત્ર સન્મુખ ઊભા રહેવા માટે અને આ ફિલ્મો કઈ? શૃંગારસથી તરબોળ કરતી, નૃત્યોના પ્રસંગોથી ચમકચમકાવતી, અમુક નટનટીના અભિનયથી આકર્ષતી, અમુક નગારાનૃત્ય આદિનાં દિગ્દર્શનથી ભભકભરી બનતી અમુક સજાવટથી મોહક બનતી, પ્રેક્ષકોનું મનહરણ કરતી, થિયેટરો–ચલચિત્રશાળાઓ ભરચક રાખતી!! છે મોંઘવારી? ચાર ચાનાના આઠ આનાના, દશ આનાના છેલ્લા દરના વર્ગમાં છે કોઈ સ્થાન ખાલી? પહેલા, બીજા, ત્રીજા એમ દૃશ્ય વિભાગ(શૉ)માં 'ટિકિટો બંધ છે'નું પાટિયું આંખ આગળ તરતું નથી?

રવિવારે તહેવારે સવારમાં ખાસ દશ્યવિભાગો ગોઠવાતા નથી? કીડીઆરાંની પેઠે ‘ક્યૂ’ હારમાં ઊભા રહેલા, પરસેવાથી તરબોળ પ્રેક્ષકો ટિકિટ લેવા દશ્યમાન થતા નથી? મોટરવાળા પ્રેક્ષકો, ટેકસીવાળા પ્રેક્ષકો, ગાડીવાળા પ્રેક્ષકો, પગપાળા પ્રેક્ષકો, શેઠીઆઓ, નોકરો, ગુમાસ્તાઓ, ઘાટીઓ, મજૂરો કયો વર્ગ બાકી રહે છે?

‘કેમ અલ્યા? અત્યારે ક્યાં?’

‘બહાર’માં.’

‘ફરવા?’

‘ફિલ્મ–સિનેમામાં.’

‘એ તો તે પાંચ વખત જોઈ છે ને.’

‘ઠીક છઠ્ઠીવાર.’

‘કંટાળો નથી આવતો?’

‘હં એમ તો મેં ‘મહેલ’ સાતવાર જોયેલી; ‘હરહરમહાદેવ’ ત્રણવાર; ‘બાબુલ’ બે વાર, ‘દહેજ’ દશવાર ‘એકથીલડકી’ આઠવાર, ‘રતન’ પાંચવાર‘–સિંદૂર...’

‘હં–હં–હં આ ચસકો ઠીક ન કહેવાય.’

‘કપાળ, પંદર પંદર વાર જોનારા પડ્યા છે. તમે બોઘાઓ સમજો શું? જિંદગી એટલે? આપણે શું કૂતરાં–બકરાં છીએ? જિંદગી એટલે રસની બંદગી આનંદ. કીધો, લીધો–’

‘પણ ત્રણત્રણ કલાકથી ‘કયૂ’માં ટિકિટ માટે ફસાઈ રહેવું અને વારંવાર એકનું એક ચિત્ર જોવું–’

‘એનું નામ રસ, એનું નામ રસિકતા, એનું નામ જીવન, એનું નામ આનંદ–’

‘એનું નામ સોંઘવારી!’

‘મૂરખ, ટોપી ગીરે મૂકીને પણ જોનારા પડ્યા છે.’

‘કદાચ બાળબચ્ચાંના પેટનો રોટલો અડધો કરીને પણ જોતા હશે, કદાચ ઉપવાસ કરાવતા હશે યા તેમને અર્ધનગ્ન પણ રાખતા હશે.’

‘એટલે–કંટાળેલા મગજને આનંદ આપી તેને સતેજ ન કરવું?’

‘ચલચિત્ર નહોતાં ત્યારે શું થતું?’

‘છે ત્યારે શું ન કરવું? યાર, કોણ જાણે કાલે શું થવાનું છે? જીવ્યામૂઆ ને આપ મૂએ પીછે ડૂબ ગઈ દુનિયા!’

ખરેખર બ્રહ્મસૂત્રના ભાષ્યકારે આ કથન નથી કર્યું તેની દિલગીરી શાંકરમતીઓને થવી જોઈએ. કોણ કોનું છે? કોની માતા, કોનો પિતા, કોની ભગિની, કોનો ભ્રાતા? આ ક્ષણભંગુર સંસારમાં કોણ કોનું છે? કુટુંબનું પોષણ કરવાની તમન્નાવાળા, તે માટે તનતોડ પ્રયાસ કરનારા, ચિંતાગ્નિમાં બળનારા સર્વે મૂર્ખા છે; સૌ સૌનાં ભાવી લઈને જન્મ્યા છે. તદનુસાર તેઓ ભિખારીપણું, ગરીબી, ધનવાનપણું, ઐશ્વર્ય ભોગવશે. આજની વાત કરો. કાલની કાલ. આ સૂત્રો ઘણાં જ સુંદર છે. એક જ આત્મા છે અને તે ‘રસ છે’ રસો વૈ સઃ એમ વેદવાકય છે, પછી શા માટે ‘ખાધેપીધે દિવાળી ને ઉધરે ઊચાટ’ એ સૂત્રનું પાલન ન કરવું? સર્વત્ર આનંદ પ્રાપ્ત કરવા માટે પ્રયાસો થતા સમજાય છે. ‘આનંદ’ પરમાત્માનું સ્વરૂપ છે તો ચોપાટી ભક્તો, આગગાડીભક્તો, હોટેલ–લોજભક્તો, સિનેમાભક્તો આવા આનંદસ્વરૂપની ઝાંખી કરવામાં મચ્યા રહે તો તેઓને પરબ્રહ્મસ્વરૂપનાં દર્શન, અરે, અનુભવ તાત્કાલિક જ થાય એમાં શી નવાઈ! ફેર એટલો કે તત્ત્વજ્ઞાનીઓ, જીવન્મુક્તો આ આત્માનુભવ સતત અનુભવે છે, જયારે ઉપર્યુક્ત ભક્તસમુદાય અલ્પ સમયના, બેઅઢી કલાકના આનંદથી તૃપ્ત ન થાય એટલે પુનઃ પુનઃ આ આનંદાનુભવની પ્રાપ્તિ કરી જીવન્મુક્તોની સ્પર્ધા આદરવા સિનેમાગૃહોની પુનઃ પુનઃ મુલાકાત લે છે. ચોપાટી પર ફેરીઆઓને પુનઃ પુનઃ ખટાવે

વગેરે. આ રીત હોટેલ-લોજો, રેસ્ટોરાં, વગેરે સર્વે જીવન્મુક્તિ આપનારાં કાશીક્ષેત્ર જ્યાં પરમ પવિત્ર સ્થાનો છે અને આ જીવનમાંથી મુક્તિ અપાવવા માટે કુટુંબકબીલાથી વિરક્ત બની આનંદાનુભવપ્રાપ્તિનાં કારણભૂત છે એમાં શંકાને સ્થાન ક્યાંથી હોય ? માનવસમુદાયનો મોટો ભાગ આ વૃત્તિનો સમજાય છે તો પછી શ્રીવિષ્ણુ, શંકર આદિ દેવોને અવતાર લેવાની ચિંતામાંથી મુક્તિ સમજવી રહેલ છે.

લગ્ન એ જીવનનો અનેરો એક જ મહાન પ્રસંગ છે. પ્રધાન આદિની શહેરોગામોની મુલાકાત વખતે શહેરો, ગામોનો એવો જ ધન્ય દિવસ છે. આ દિવસો ગંગા નદીની જેમ સર્વથા પવિત્ર છે. પચીસ માણસના ભોજનનો કાયદો દૂર કરી શકાય એવી વ્યવસ્થાઓ છે. પચીસ-પચીસની ટુકડીઓ પાડી શકાય અને અઢીસો-પાંચસો માનવો પાર્ટીમાં આનંદાનુભવ લઈ શંકે. જીવન્મુક્તિના અંશમાત્રનો લાભ લઈ શકે. હવે મોંઘવારી ક્યાં રહી ? વૈજ્ઞાનિકો જેમ સંસારને કુદરતની કૃતિ માને છે, વિજ્ઞાનના કાયદાનુસાર ઉપસ્થિતિ માને છે, સુજ્ઞ પુરુષો જેમ ભૂત પ્રેતાદિના અસ્તિત્વને વહેમનું સ્વરૂપ ગણે છે, પદાર્થવાદીઓ જેમ ઈશ્વરાદિનાં અનસ્તિત્વને પ્રાધાન્ય આપે છે, જીવનની સાચી સ્થિતિ સમજનારા આ યુગના વ્યાસમુનિઓ વેદાદિ શ્રુતિ પુરાણોને બામણાઓનાં સ્વાર્થાંધને લીધેનાં ધતિંગો અથવા કપટનીતિઓ માને છે; રામકૃષ્ણ, વરાહ, દેવી, હનુમાન, ગણપતિ આદિને માનસની કલ્પના સમજી બામણાઓની ભેદભરી જાળનો વિસ્તાર સમજે છે; વ્રતાદિ પુણ્યતિથિઓના ઉત્સવોને મીજબાની ગણે છે, તેવી જ રીતે ભયંકર રૂપમાં અદૃશ્ય ભાવે રહેલી પરંતુ પરિણામ અને અસરમાં પ્રત્યક્ષ અનુભવાતી મોંઘવારી એ કેવળ મિથ્યા મોહ છે, ભ્રમ છે, કલ્પના છે, કાળા બજારીઓની કપટજાળ છે, જાદુગરની ઇંદ્રજાળ છે. સાચી સ્થિતિ સમજો, પ્રત્યક્ષ અવલોકન અને નિરીક્ષણ કરો, નિદિધ્યાસન કરો, તુરત જ સમજાશે, અનુભવાશે કે મોંઘવારી અસ્તિત્વમાં જ નથી. છે એવું જે માનતા હોય તો તે સર્વ જને 'અનશન' વ્રતાદિ તત્કાળ શરૂ કરવાં. પુરાણ, સ્મૃતિ, શ્રુતિ, ઉપનિષદ આદિનો સત્વર સંપૂર્ણ અભ્યાસ કરી જેટલાં વ્રતો, ઉપવાસો, નડતર ગ્રહોનાં અનુષ્ઠાનો, સર્વ દેવોને પ્રત્યેક પ્રત્યેક ભિન્નભિન્ન રીતે પ્રસન્ન કરવા. દુર્વાસા, વિશ્વામિત્ર, બ્રહ્મા, શંકર વગેરે સત્યયુગના મહાન આત્માઓની જેમ દુષ્કર અને દુઃસાધ્ય તપો આદરવાં અથવા વ્યવહારુ ફિલોસોફરની જેમ ખરી ફિલસૂફી તત્કાળ અમલમાં મૂકવી જેથી 'મોંઘવારી'મુક્તિનો માર્ગ તત્કાળ સાધ્ય કરાવશે, જીવન્મુક્તિ અર્પણ કરશે; કાશી, રામેશ્વર, બદરીકેદાર તીર્થક્ષેત્રોમાં જવાનો ગંગા, સરસ્વતી, ગંડકી આદિ નદીઓનાં સ્નાનો કરવાનો ખર્ચ કરવાથી પણ મુક્તિ આપશે. અંતે સર્વં ખલુ ઇદમ્ બ્રહ્મ—આ સંસાર છે જ નહિ; એક જ બ્રહ્મ છે એનું તત્કાળ જ્ઞાન કરાવશે.

શેં ?

વિશ્વામિત્રતણું થયું પતન શેં ? શેં દેવદેવેંદ્રનું ?
નીચી યોનિમહીં પડ્યો નહુષ શેં ? પંચત્વ શેં પાંડુનું ?
રોળાયો જ દશાનને પલકમાં, શેને લીધે જંગમાં ?
સૌખ્યો સર્વ વસેલ સંયમમહીં, દુઃખો જ સ્વચ્છંદમાં !

વિવિત્સુ

ઉપેક્ષિત કલાકારો

સંકલયિતા:
શ્રી પરમાનંદ હીરાલાલ ગણાત્રા
'કૌશિક'

કલા સર્વપ્રથમ નવીનતારૂપે આવે છે. એ નવીનતા લોકોનાં હૃદયને આકર્ષે છે અને આસ્તેઆસ્તે એનું સ્વરૂપ વિકસવા માંડે છે. આમ વિકસેલું સ્વરૂપ સામુદાયિકરૂપે સર્વમાન્ય બને છે. ધીરેધીરે એનું એ રૂપ લોકપ્રિયતા મેળવે છે અને એની પરંપરા સર્જાવા માંડે છે. સમયના વહેણુ સાથે એ સાર્વજનિક ક્ષેત્રની પરાકાષ્ઠાએ પહોંચે છે અને ફરીને ક્ષય થતા ચંદ્રની જેમ કુંઠિત થતીથતી થોડાક લોકોના પરિવારોમાં સમાઈ જઈ જીવે છે.

પણ આમ જીવી રહેલી કલાનાં અંગ-પ્રત્યંગ ફાલેફૂલે છે અને અનોખી પણ મર્યાદિત રીતે જીવવા માંડે છે. કલાનાં વિવિધ અંગો વિવિધ પરિવારોમાં પોષાઈ રહે છે અને વિકસે છે.

એમનાં પોષણ અને વિકાસ માટે સ્થાન અને પરિસ્થિતિ વધુ જવાબદાર હોય છે. અમુક એક કલા સંપૂર્ણતાની છેલ્લી સીમા સુધી પહોંચે છે એક સ્થળે, જ્યારે એ જ કલા બીજી ધરતી પર નથી વિકસતી. જ્યાં કલાનો કોઈ પ્રશંસક, આશ્રયદાતા કે પ્રયોગકર્તા હોય છે, ત્યાં જ એનું પરિશીલન મહદ્ અંશે થાય છે. લોકરુચિનો હિસ્સો પણ કલાના પોષણ માટે મહત્ત્વનો ભાગ ભજવે છે.

આશ્રયદાતાના અસ્તથી કલાના (વિભાગોના) પ્રયોગકર્તાઓ નિરાશ્રિત જેવા બની રહે છે. એમના અસ્તથી કલાકારોની આજિવિકાનો પ્રશ્ન ખૂબ ગંભીર બની જાય છે.

આવી ગંભીર પરિસ્થિતિમાં જીવતા આપણા દેશી કલાકારો ભવૈયા, તરગાળા અને કંઈક અંશે રામલીલાવાળાઓ વિશે સંવેદનાપૂર્વક લખતાં એક મિત્ર ઈસાડોરા ડંકનનું એક વાક્ય ટાંકે છે કે 'પહાડ જેવા એ કલાકારોના જીવનમાં અંધકાર, ઉદાસીનતા અને દુઃખ ભર્યાં છે, છતાં એ જ જીવનમાંથી સફેદ આરસ પ્રાપ્ત થશે.'

આ ખરું છે, પણ આ કમનસીબીભરી પરિસ્થિતિ માત્ર આપણા કલાકારોને કમભાગ્યે જ નથી નિર્માઈ, આપણી પાડોશમાં વસતા કલાના અનન્ય ઉપાસકોની યે પરિસ્થિતિ ખૂબ જ દયાજનક છે.

ઔરંગઝેબના સમયમાં રાજ્યાશ્રય બંધ પડતાં ચિત્રકલાને ખૂબ શોષવું પડેલું એ આપણે સહુ જાણીએ છીએ. આશ્રયદાતાઓના પતન કે અસ્તથી જેમને શોષવું પડ્યું છે એવા રાજસ્થાનના કઠપૂતળીવાળાઓ, મેવાડના ગૌરી નચાવનારાઓ, મારવાડના ખયાલ કરનારાઓ, બંગાળના રથયાત્રી, સંથાલ, બાઉલ અને બિહારના 'છાઉ' પરિવારો, મલબારનાં નંબૂદરી કુટુંબો અને યુક્તપ્રાંતના નૌટંકિ અને મથુરા, વૃંદાવન, આગ્રા, કાશી, જયપુર વગેરેના રામલીલાવાળાઓનાં લોહીમાં જ વંશપરંપરાથી એમની કલાઓ ઊતરી છે, પણ આ કલાકારોમાંથી કેટલાક તો આજે આશ્રયદાતાઓની ગેરહાજરીમાં રોટી-કપડાં માટે પરવશ બની ગયા છે. આજે એમની પાસે કલા ખરા સ્વરૂપે પણ મૃતપ્રાયઃ શી જીવી રહી છે. એમનામાં અંધવિશ્વાસ, રૂઢિવાદ અને અંધ અનુસરણનાં ગાઢ તિમિર છવાયાં છે.

આમાં આપણે દૃષ્ટાંત તરીકે પર્વત શહેરના દર્દભરી કથાવાળા, કઠપૂતળીવાળા અને રાજસ્થાનના મિરાસી અને ઢોલી લોકોનાં

જીવનમાં આછો દૃષ્ટિપાત કરીએ.

મિરાસી અને ઢોલી નામક જાતિઓ પોતાની કલામર્મજ્ઞતા અને કલાવિશેષજ્ઞતા માટે પ્રસિદ્ધ છે. રાજસ્થાનની આ સૌથી મોટી જાતિઓ છે, એમના ઘરમાં સેંકડો વર્ષોથી અનેક કલાપરંપરાઓ પોસાઈ છે. આજે એમની પરિસ્થિતિ એકદમ દયાજનક બની ગઈ છે.

કલાનાં અનેકવિધ ક્ષેત્રોમાં એમનો ફાળો અનેરો છે, પણ સામાજિક દૃષ્ટિએ આ જાતિઓને અત્યંત હીન અને હલકી ગણવામાં આવે છે. પરિસ્થિતિવશાત્ તેઓએ પણ પોતાનું જીવન એટલું નીચું અને હલકું બનાવી દીધું છે, કે કોઈ પણ ભદ્ર પુરુષને તેમના પર દયા આવ્યા વગર ન રહે. આ લોકોનો ઇતિહાસ રસ અને ચમત્કૃતિથી સભર છે.

મિરાસી અને ઢોલીઓના પૂર્વજો કલાકારો નહોતા; પરંતુ તેઓ કલાકારોની સેવા-પરિચર્યા કરતા. ગાદીધારી કલાકારોનાં ભયંકર અપમાનો અને અન્યાયો એમણે સહન કર્યાં. આ લોકોને કોઈ પણ પ્રકારની વ્યવસ્થિત શિક્ષા કે દીક્ષા આપવામાં ગાદીધારી કલાકાર પોતાનું અપમાન સમજતા; પરંતુ આ ગાદીધારીઓની સેવા-પરિચર્યા કરતી વખતે જે કંઈ તેમને કાને પડી જતું કે આંખે ચડી જતું તેને પોતાની અમૂલ્ય મૂડી સમજીને તેઓ સાચવતા. એવાં લોકો પણ છે, જેમના પૂર્વજોએ ગંદી મોરીઓમાં કાન નાખીને આ કલા-સમ્રાટોના મુખારવિંદમાંથી નીકળતા સ્વરોનું આસ્વાદન કર્યું છે. આ કલાવિદો પોતાના ઓરડાની ચાર દીવાલોની વચ્ચે બધાં બારીબારણાં બંધ કરી પોતાનાં બાળકોને કલાનું શિક્ષણ આપતા, જેથી કલાનો એઠવાડ પણ કોઈ ન પીછી લે; એટલું જ નહિ, કદી એ ગાદીધારીને જાણ થાય કે એમની કલાની એઠ પણ આ કલા-ઉપાસકોએ કયાંકથી એકઠી કરી છે, તો તેઓ તેમના પર કોરડા અને જોડાનો વરસાદ વરસાવતા. આવી વિષમ પરિસ્થિતિમાં આ તપસ્વીઓ કલા શીખ્યા છે.

અને એમની તપશ્ચર્યા ફળી. સમયના વહેણ સાથે પરિસ્થિતિ પલટાઈ. પોતાના જ સ્વાર્થ માટે ગાદીધારી કલાકારોએ ઢોલી અને મિરાસીઓને પોતાના સાજ-બજવૈયાની જગ્યા આપી, અને પોતાના સહકાર માટે જેટલું આવશ્યક હતું એટલું જ એમને શીખવ્યું; પરંતુ આ ખંતીલા લોકો પોતાના સંકલ્પને વળગી રહ્યા. વિષમ તથા હલકી અને અપમાનજનક સ્થિતિમાં યે ટકી રહ્યા અને જે કંઈ મળ્યું તેને પોતાની અમૂલ્ય મૂડી સમજી સાચવ્યું અને પોતાના પુરુષાર્થ અને પ્રતિભાથી અનેકગણું વધાર્યું. આજે તેમનામાં અનેક પ્રસિદ્ધ ગાયકો, નર્તકો અને બજવૈયાઓ વિદ્યમાન છે. રાજસ્થાનના પ્રત્યેક શહેર અને ગામમાં આ મિરાસીઓ વેરાયેલા પડ્યા છે. એમનાં બાળકો, યુવકો, વૃદ્ધો અને સ્ત્રીઓ–બધા ગાવા–બજાવવાનું જ કામ કરે છે. તેઓમાં કલાના અનેક ગુણો વિદ્યમાન છે. કલાનાં લગભગ બધાં ક્ષેત્રોમાં તેઓ નિપુણ છે, પરંતુ દુર્ભાગ્યવશાત્ તેઓ અશિક્ષિત છે. અત્યંત નાનાં પ્રલોભનો માટે પણ તેઓ સ્વમાન વેચે છે. તેમની ભિક્ષાવૃત્તિ નિકૃષ્ટ કોટિની છેઃ અને દયાજનક તો છે એમનું અત્યંત નીચું ગયેલું સામાજિક સ્તર !

સૌથી દયાજનક અવસ્થા તો કહી શકાય પર્વત શહેરના કઠપૂતળીવાળાઓની. એમનો ધંધો મુશ્કેલ અને આકર્ષક હોવા છતાં આજે એ મૃતપ્રાયઃ દશામાં જીવે છે. પોતાની આંગળીઓના આધારે કઠપૂતળીનાં અંગ–પ્રત્યંગો નચાવનાર–અઢી કલાક સુધી

એ નિર્જીવ પૂતળીઓને સજીવ પ્રાણીઓ શી નાચતી, ગાતી, બોલતી, ચાલતી કરી અનોખી નાટ્યસૃષ્ટિ સર્જનાર આ કસબી સૂત્રધાર પોતાની આજીવિકા માટે ઘેરઘેર ભીખ માગે છે. આવા કલાકારોને જ્યારે ચીંથરેહાલ, ગંદાં, ફાટેલાં, સડેલાં, જર્જરિત વસ્ત્રો પહેરીને કઠપૂતળીના ભારે બોજ શિર પર લાદીને પોતાનાં નાગાં, ભૂખ્યાં બાળબચ્ચાંઓ સહિત મારવાડની ધોમ બપોરમાં એક સ્થળેથી બીજે સ્થળે પોતાના પેટનો ખાડો પૂરવા પગપાળા જતા જોઈએ છીએ, ત્યારે આપણું મન રડી ઊઠે તેવું દૃશ્ય હોય છે અને આપણું માથું શરમથી ઝૂકી જાય છે.

તેઓ પર્યટને નીકળે છે, ત્યારે ગાઉના ગાઉ ચાલીને પોતાના 'તમાશા' બતાવે છે. એમને જોતાં જ 'દિલ્હી દેખો, મથુરાં દેખો, વૃંદાવનમેં કિશન દેખો, આગ્રામેં તાજ દેખો...' બોલી ચિત્ર-પેટીમાં દૃશ્યો દાખવી એકાદ રોટલાના ટુકડામાં સંતોષ માની ચાલી જનારા લોકો પણ યાદ આવે છે. એમના આંતરિક જીવનનો—સામાજિક જિંદગીનો પણ આપણે કદી ભૂલથી યે વિચાર કર્યો છે ખરો ?

કઠપૂતળીવાળો એક તમાશા દીઠ પાંચેક રૂપિયાથી વધુ નથી પામતો એવો શ્રી. સામરનો અંદાજ છે. એના કુટુંબમાં આશરે દશેક વ્યક્તિ હોય છે. વર્ષભરમાં એક મહિનાનું પ્રવાસી જીવન જીવી તેઓ પુનઃ પોતાને ગામ આવે છે. તેના ખરા પરસેવાની કમાણી આખા વર્ષ માટે તો શું પણ એકાદ માસ પણ માંડ ચાલે છે. વર્ષભર તેઓ બીજાઓની દયાદૃષ્ટિ પર જ જીવે છે. પથ્થર, માટી કે ભાર વહેવાનું કાર્ય કરી કે બીજી મજૂરીમાં જે મળે તે કામ કરી જીવન ખેંચી કાઢે છે.

આવી દુઃખદાયક સ્થિતિ લગભગ આપણા બધા કલાકારોની છે. આની માહી અ તરફ જોઈ ચેતવાનો સમય હવે પાકી ગ છે. વિશ્વના બીજા દેશોના કલાકારોની જે આપણા કલાકારો આજીવિકાના પ્રશ્ન માટે નિશ્ચિંત નથી. આ કારણે એ પોતાની બધી શક્તિ, બધું ધ્યાન પોતાની ઉપાસના પાછળ નથી રોકી શકતા અને એટલે એમની કળામાં પૂરેપૂરી નિપુણતા પ્રાપ્ત નથી કરી શકતા, એમની પ્રતિભા વિકસી નથી શકતી. બીજી તરફ આમજનતાની રસવૃત્તિ કલાવિમુખ થતી જાય છે. હલકાં મનોરંજનો અને અશાસ્ત્રીય નાચગાન તરફની એની રુચિ વધતી જાય છે.

અપવાદરૂપે દક્ષિણ ભારતના નંબૂદરી પરિવારો પણ છે, એ કબૂલવું જોઈએ. આ પરિવાર અત્યંત પ્રતિભાશાળી કુટુંબ છે અને દેશના અનેક શ્રેષ્ઠ કથકલી નર્તકો આ પરિવારની ભેટરૂપ છે. સદ્‌ભાગ્યે એમની અવસ્થા ખૂબ સાધનસંપન્ન છે. સમાજમાં પણ તેમની પ્રતિષ્ઠા છે. મણિપુરનું સિંહા કુટુંબ પણ પ્રતિભાવંત છે અને એનાં શુભ પરિણામો આપણે જોઈ શકીએ છીએ. મણિપૂરીના અનેક ગુરુઓ આ કુટુંબના છે. તેમનું જીવન સાદું, સાત્ત્વિક અને શુદ્ધ ધાર્મિક તત્ત્વોથી ભરપૂર છે. તેઓનું સ્થાન પણ સમાજમાં સન્માનનીય છે.

પણ આવા પરિવારો કેટલા ? આંગળીને વેઢે ગણી શકાય એટલા, પણ ભરપેટ ન જમતા કલા પરિવારોની સંખ્યા ઘણી વિશાળ છે.

કલારસિકો અને કલાના પ્રેમીઓએ હવે જાગવું જોઈએ. આપણે આ કલાકારોને, એમની કલાની પરંપરાને અને એમની કલાને મરવા દેવી છે કે એમને—આપણાં આ અમૂલ્ય ધનને જિવાડવાં છે, એનો નિર્ણય કરવાનો સમય પાકી ગયો છે. કલાની બૂમો પાડનાર આપણાં હૃદયમાં કલા અને કલાકાર

માટે ખરેખર લગની અને લાગણી છે કે એ [illegible] જ માત્ર છે એ સાબિત કરવાનો મોકો આવી ગયો છે. આ પુરાતન કળાઓ તરફ જો આપણને ખરેખર લાગણી હોય, ભાન હોય, તો એ કલાવિદોની રોટીનો પ્રબંધ પહેલાં કરવો પડશે. એમનાં શિક્ષણ અને દીક્ષાનો ઉચિત પ્રબંધ કરવો પડશે. આ કુટુંબોના અસ્તિત્વને આપણા સ્વાર્થ ખાતર પણ ટકાવી રાખવું અને વિકસાવવું એ આપણે માટે આવશ્યક છે.

આ કલાકારો પોતે જ ઊઠશે એવી આશા રાખવી અસ્થાને છે. એમને તો પોતાની યોગ્યતાનું પણ ભાન નથી. પ્રત્યેક કુટુંબ અને તેની જાતીય વિશેષતાઓની વૈજ્ઞાનિક શોધ કરી એના સ્વભાવ, રીત-રિવાજ અને ટેવોનું ઊંડું અધ્યયન કરી એમની કળાનું મૂલ્યાંકન કરવું જરૂરી છે. એમને માટે આધુનિક યુગને સાનુકૂળ કરવા અને આવશ્યક સાહિત્યની સૃષ્ટિ સર્જવા, એમની વિકૃતિઓને વિદારવા, એમને અને એમની કળામાં નવપ્રાણ સીંચવા ખંત અને જહેમતભર્યાં સંશોધનો કરવાં આવશ્યક છે.

આ કલાકારોને ઉપર લાવવા માટે સરકાર સામું જોઈને બેસી રહ્યે નહિ વળે. અનેક સમસ્યાઓ અને રાષ્ટ્રનિર્માણનાં અનેક કાર્યોમાં આને અત્યારે સ્થાન મળવાની શકયતા ઓછી છે. થોડા વખત ઉપર હૈદ્રાબાદ તરફ સંગીત અંગે સમિતિ રચવાની થયેલી પ્રવૃત્તિ આવકારદાયી છે, પણ સંસ્કૃતિ અને કલાની સેવા કરતી સંસ્થાઓએ આ કાર્ય ઉપાડી લેવું જોઈએ. ચારણી સાહિત્ય માટે જેમ સ્વ. મેઘાણી અને સ્વ. રાયચુરાએ ભેખ લીધો, એમ જો થોડાક કલાપ્રેમીઓ, થોડીક કલા-સેવી સંસ્થાઓ આ કલાકારોના પુન: જીવનાર્થે ભેખ લે, તો જ કંઈક થઈ શકે. આધુનિક યુગની જનરુચિ અને આ કલાકારોની પરંપરાગત કળા—આ બેમાંથી જ્યાં અને જેટલાં સંશોધનો અને સુધારા જરૂરી હોય તે થાય તો જ મૃતપ્રાય: શી આ અર્વાચીન કળા અને કલાકારો આજને તબક્કે કળા અને સંસ્કૃતિના પ્રચાર અને પ્રસારનાં સાચાં સાધનો બની શકે: કલાપ્રવીણતા માટે ઉપયોગી બની શકે. ખરેખર તો જ એમના જીવનમાંથી સફેદ આરસ પ્રાપ્ત થાય.

બાકી કલાનાં શુદ્ધ તત્ત્વોની ઉપેક્ષા કરતી, સંસ્કૃતિને નામે વિકૃતિને પોષતી, હળવી અને હલકી મનોરંજનની મહેફિલો યોજયે કોઈ દહાડો વળે તેમ નથી.

*

ઉત્તર પ્રદેશના બુલંદ શહેરના ધૂમ નામના ગામમાં રાજા રામસિંહ નામે એક મોટા ધનવાન થઈ ગયા. એક મહાત્માએ એમનું નામ સંતદાસજી રાખ્યું. ધનિક હોવા છતાં એમને ઉપનિષદ, વેદાંતદર્શન, તથા આપણાં પુરાણોમાં અત્યંત રસ હતો, એટલું જ નહિ, એમાં અધ્યયનને પરિણામે પ્રવીણતા પણ મેળવી હતી. ઘેર સંત, સાધુ ને મહાત્માઓના સત્સંગનો લાભ પણ મળતો હતો. જપતપ પ્રત્યે એમનું મન વળ્યું હતું. હમેશ સત્ય બોલતા, સંપૂર્ણતયા એમનું જીવન સાત્ત્વિક બની ગયું. સંતદાસજી નિરાધારો એ ગરીબોને મફત દવા પણ આપતા હતા, પણ કોઈ વાર પોતાના ઘરમાં કોઈ બીમાર પડ્યું હોય ને કોઈ ધનાઢ્ય વ્યક્તિ બીમાર હોય ને દવા ઓછી હોય, ત્યારે એમને એ દવા આપતા નહિ.

'કેમ આમ કરો છો ?' એકે પૂછ્યું.

જવાબ મળ્યો :

'આ દવા તો ગરીબને માટે જ છે. પૈસાદાર લોકો તો વખત આવ્યે દાક્તરો પણ બોલાવી શકે, પણ બિચારા ગરીબોને તો આનાથી જ રાહત મળી શકશે.'

×

સમાવર્તન સમયનો ઉપદેશ

લેખક :
ડૉ. બિપિનચંદ્ર હી. કાપડીઆ
એમ. એ; પીએચ.

ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ (શુકલ અને કૃષ્ણ) અને અથર્વવેદ એમ ચાર વેદ છે. પ્રત્યેક વેદની શાખાઓ છે. ઘણીખરી શાખાઓ લુપ્ત થઈ ગઈ છે. વેદ અપૌરુષેય છે. પ્રત્યેક વેદને 'બ્રાહ્મણો' હોય છે. યજુર્વેદનો ગદ્યાત્મક ભાગ બાદ કરતાં પ્રાચીનતમ ગદ્યાત્મક કૃતિ તે બ્રાહ્મણો. વૈદિક ગ્રંથમાં અથવા શ્રુતિ ગ્રંથોમાં બ્રાહ્મણો અગ્રસ્થાને છે. પ્રત્યેક વેદના જેમ 'બ્રાહ્મણો' હોય છે તેમ તેનાં 'આરણ્યકો' અને 'ઉપનિષદો' પણ હોય છે. ઉપનિષદો આરણ્યકના પરિશિષ્ટ ભાગ તરીકે આવેલાં છે. વેબર પ્રમાણે ઉપનિષદોની સંખ્યા ૨૩૫ છે; પરંતુ ચૌદ ઉપનિષદોને સામાન્યતઃ મુખ્ય ગણાવાય છે. આ ચૌદ ઉપનિષદોમાંનું એક તે તૈત્તિરીય ઉપનિષદ. તૈત્તિરીય ઉપનિષદના ૧. ૧૧. ૧–૪માં નીચે પ્રમાણેનો અતિ મહત્ત્વનો ઉપદેશ છે:–

वेदमनूच्याचार्योऽन्तेवासिनमनुशास्ति ।

सत्यं वद । धर्मं चर । स्वाध्यायान्मा प्रमदः । आचार्याय प्रियं धनमाहृत्य प्रजातन्तुं मा व्यवच्छेत्सीः । सत्यान्न प्रमदितव्यम् । कुशलान्न प्रमदितव्यम् । भूत्यै न प्रमदितव्यम् । स्वाध्यायप्रवचनाभ्यां न प्रमदितव्यम् ॥ १ ॥

देवपितृकार्याभ्यां न प्रमदितव्यम् । मातृदेवो भव । पितृदेवो भव । अचार्यदेवो भव । अतिथिदेवो भव । यान्यनवद्यानि कर्माणि तानि सेवितव्यानि । नो इतराणि । चान्यस्माकं सुचरितानि तानि त्वयोपास्यानि ॥ २ ॥

नो इतराणि । ये के चास्मच्छ्रेयांसो ब्राह्मणाः तेषां त्वयाऽऽसनेन प्रसितव्यम् । श्रद्धया देयम् । अश्रद्धयायदेयम् । श्रिया देयम् । ह्रिया देयम् । भिया देयम् । संविदा देयम् । अथ यदि ते कर्मविचिकित्सा वा वृत्तिविचिकित्सा वा स्यात् ॥ ३ ॥

ये तत्र ब्राह्मणाः संमर्शिनः युक्ता आयु अलूक्षा धर्मकामाः स्युः । यथा ते तत्र वर्तेरन् त तत्र वर्तेथाः । अथाभ्याख्यातेषु । ये तत्र ब्राह्म संमर्शिनः युक्ता आयुक्ताः अलूक्षा धर्मकामाः स्युः य ते तेषु वर्तेरन् तथा तेषु वर्तेथाः ।

एष आदेशः । एष उपदेशः । एषा वेदोपनि एतदनुशासनम् । एवमुपासितव्यम् । एवमु चैत स्यम् ॥ ४ ॥

[વેદ શીખવ્યા પછી આચાર્ય શિષ્યને ઉપદે આપે છે.

સત્ય બોલ, ધર્મ આચર, સ્વાધ્યાય-વેદાધ્યયન- પ્રમાદ ન કર. આચાર્યને પ્રિય દક્ષિણા આપીને, વં વલીનો ઉચ્છેદ ન કર. ધર્માચરણમાં પ્રમાદ ન ક સાંસારિક અભ્યુદયમાં પ્રમાદ ન કર. સંપત્તિનો પ્ર ન કર. વેદાધ્યયન અને વેદાધ્યાપનમાં પ્રમાદ ન ક

દેવ અને પિતૃના કાર્યમાં પ્રમાદ ન કર. મા દેવ ગણ, પિતાને દેવ ગણ, આચાર્યને દેવ ગ અતિથિને દેવ ગણ. જે કર્મો અનિંદ્ય હોય તે આ અન્ય નહીં. અમારાં જે સુકર્તવ્યો હોય તે અનુ

અન્ય નહીં. જે કોઈ બ્રાહ્મણ અમારાથી શ્રે હોય તેનું આસન આપીને સન્માન કર. શ્રદ્ધાથી દા આપવું, અશ્રદ્ધાથી દાન ન આપવું. ઉદારતાથી દા કરવું. વિનયથી દાન કરવું. ભીતિથી દાન કરવું. નુભૂતિથી દાન કરવું. હવે તને જો (શ્રુતિ કર્મ કે આચાર પ્રત્યે શંકા હોય તો–

જે કોઈ બ્રાહ્મણ સુયોગ્ય નિર્ણય કરવા સમ હોય, તેવા પ્રસંગો વિચારવા તૈયાર હોય, સ્વ નિર્ણય કરે તેવા હોય, કઠોર ન હોય, ધર્માનુ હોય, તે આવા પ્રસંગે જેવી રીતે વર્તે તેવી રી તેવા પ્રસંગે વર્તન કર. હવે જે કોઈ વ્યક્તિ (પ્રસંગ) વિષે અનિષ્ટ અભિપ્રાય હોય, જે કોઈ પ્રસંગે નિર્ણય કરવા સમર્થ બ્રાહ્મણ હોય, તેવા પ્રસં વિચારવા સમર્થ હોય, સ્વતંત્ર નિર્ણય લઈ શકે તે હોય, કઠોર ન હોય: ધર્માનુરાગી હોય: જેવી રી

તેઓ તેના પ્રત્યે વર્તે તેવી રીતે તેના પ્રત્યે વર્તન કર. આ આદેશ છે. આ ઉપદેશ છે. આ વેદનો ગૂઢ ઉપદેશ છે. આ અનુશાસન છે. આ પ્રમાણે ખરેખર અનુસરવું. આ પ્રમાણે ખરેખર ઉપાસના કરવી.

અર્વાચીન સમયમાં પાશ્ચાત્ય અને પૌર્વાત્ય દેશોમાં વિવિધ વિદ્યાપીઠોમાં વિદ્યાવ્યાસંગી વ્યક્તિઓ સ્નાતકો સમક્ષ ભાષણ કરે છે-ઉપદેશ આપે છે. આવા પ્રસંગે કે સમાવર્તન સમયે તૈત્તિરીયોપનિષદનો આ ઉપદેશ સુયોગ્ય છે. શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ ગુરુને ઘેર રહી બાર વર્ષ કે તેથી પણ વધારે સમય દરમ્યાન ગુરુના સમાગમમાં નિત્ય આવ્યા પછી વાત્સલ્યપૂર્ણ આ ઉપદેશ ખરેખર હૃદયંગમ છે. આ ઉપદેશ અમુક જ સમય કે સ્થળને અનુલક્ષીને નથી. ઉપદેશ વર્ણન સરળ અને સામાન્ય છે. આ ઉપદેશના એકનિષ્ઠાથી કરેલા અનુસરણથી શિષ્ય ખરેખર એક આદર્શ ગૃહસ્થ બની તે પદ શોભાવી પણ શકે. જગતમાં પ્રલોભનીય લક્ષ્મી પ્રાપ્ત કરવા માટે અને સન્માનનીય સ્થાન મેળવવા માટે આ ઉપદેશામૃત સીમાચિહ્ન સમાન છે.

આ ઉપદેશમાં પ્રાચીન ભારતવર્ષને અનુકૂળ સત્ય, ધર્મ અને સ્વાધ્યાયને યોગ્ય મહત્તા અપાઈ છે. બ્રહ્મચર્યાશ્રમ સમાપ્ત કર્યા પછી સ્નાતક હવે નવીન અને અત્યંત મહત્ત્વના આશ્રમ તરફ પુનિત પગલાં માંડવાની તૈયારીમાં છે. ગમે તે ક્ષેત્રમાં તે કાર્યરત હોય તોપણ તેણે સત્યાનુરાગી રહેવાનું છે. હાલના કાળા બજાર, લાંચ-રુશ્વતના જમાનામાં શું આ અયોગ્ય છે? નિત્ય નૈમિત્તિક ધાર્મિક કર્તવ્ય કરવાનાં છે. ધર્મની પીઠ પર સફળ પ્રવૃત્તિ આદરવાની છે. કિંમતી સમય કાઢીને પણ સ્વાધ્યાય ચૂકવાનો નથી. આજના યંત્રવાદના જમાનામાં કહેવાતા પંતુજી કે પ્રાધ્યાપક—આમાં પણ અલ્પ વ્યક્તિઓ—સિવાય સ્વાધ્યાયરત—વિદ્યાવ્યાસંગી—કોણ હોય છે? ગૃહસ્થાશ્રમમાં પગ મૂકયા પછી સમાજ તરફની વિવિધ ફરજો ગૃહસ્થે અદા કરવાની છે. ગૃહસ્થાશ્રમને ચારે આશ્રમમાં શ્રેષ્ઠ કહ્યો છે તે સહેતુક છે, નિરર્થક નથી. અન્ય ત્રણ આશ્રમો—બ્રહ્મચર્યાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ, સંન્યસ્તાશ્રમ—તેના વડે છે, તેના વડે પુષ્ટિ મેળવે છે, તેના પર નભે છે. આચાર્ય તરફનું ઋણ થોડે અંશે અદા કરવા વિદ્યાદાન માટે આચાર્યને પ્રિય ધન—દક્ષિણા—આપી પૂર્વાશ્રમ પ્રત્યેની ફરજ કંઈક અંશે સ્નાતકે હળવી કરવાની છે. ગર્ભિત સૂચન તો એમ છે કે તેણે પણ શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ બની ગુરુપરંપરા ચાલુ રાખવાની છે. ગૃહસ્થાશ્રમમાં પુત્રોત્પત્તિ કરી વંશોચ્છેદ ન થાય તે તરફ સ્નાતકે ધ્યાન રાખવાનું છે.

ફરીથી સ્નાતકના અણવિકસિત મગજમાં ઠસાવવા માટે સત્ય, વેદાધ્યયન અને અધ્યાપન પર ભાર મૂકવામાં આવ્યો છે. આમાં સૂચન છે કે તેણે પણ ગુરુની જેમ વિદ્યાવ્યાસંગ કેળવી વિદ્યારત થવાનું છે. વિદ્યા દ્વારા મેળવેલી ઉપાધિ નોકરી કે આજીવિકાના સાધન તરીકે ગણવાની નથી, પરંતુ સ્વાધ્યાયને જીવનમાં વણી લેવાનો છે—સ્વાધ્યાયમય બનવાનું છે. જગતમાં માનાર્હ સ્થાન મેળવવાનું છે. સંપત્તિ પ્રાપ્ત કરવાની છે; પરંતુ તે ન્યાય્ય રીતે.

દેવ અને પિતૃને ઉદ્દેશીને કર્તવ્યો કરવાનાં છે. માતા, પિતા, આચાર્ય અને અતિથિને દેવ સમાન ગણવાનાં છે. માતાપિતાને અર્પાયેલું અગ્રિમ સ્થાન સુયોગ્ય જ છે. તેમનો યોગ્ય સત્કાર કરવાનો છે, આચાર્ય કરતાં પણ માતાપિતાને ઉચ્ચ કોટિનાં ગણ્યાં છે. સામાન્ય રીતે જ કંઈ અનિંદ્ય કર્તવ્યો

હોય તે જ કરવાનાં છે; તે સિવાયનાં નહીં. પ્રાચીન સમયમાં વિદ્યાભ્યાસ ગુરુગૃહે થતો, વિદ્યાર્થી અને ગુરુનો સમાગમ અત્યંત ગાઢ હતો. શિષ્ય ગુરુના પ્રત્યેક કાર્યને જોતો. તેથી સહજ રીતે તેને અનુસરવા સૂક્ષ્મ રીતે તેને પ્રેરણા મળતી. ગુરુ કહે છે કે મારા પ્રત્યેક કર્તવ્યનું અનુસરણ કરવાનું નથી. જે કંઈ અમારાં સુકૃત્યો હોય તેમને જ અનુસરવાનાં છે, બીજાં નહીં. આ ઉપદેશમાં ગુરુની સરળતા ને ઉદારવૃત્તિ દૃષ્ટિગોચર થાય છે. આ નિષેધ સકારણ છે; કેમકે દેવોને વિષે પણ કહેવાયું છે કે દેવચરિતનું અનુસરણ ન કરવું–न देवचरितं चरेत् ।

જે કોઈ વ્યક્તિ અમારા જેવી કે અમારાથી શ્રેષ્ઠ હોય, જ્ઞાનવૃદ્ધ હોય તેને યોગ્ય માન આપવાનું છે. આમાં ગુરુની ઉદારતા ને નિખાલસતા છે. कुशलान्न प्रमदितव्यम् । भूत्यै न प्रमदितव्यम् । આ બે વાક્યમાં જગતમાં માનાર્હ રીતે રહેવા માટે ન્યાય્ય રીતે વિત્તોપાર્જન કરવાનું છે; પરંતુ વિત્તોપાર્જનમાં જ કૃતકૃત્યતા સમાતી નથી. ન્યાય્ય રીતે ઉપાર્જન કરેલી સંપત્તિનો ત્યાગ કરવાનો છે, દાન કરવાનું છે. કેવો ઉચ્ચ આદર્શ! આ દાન પણ શ્રદ્ધાપૂર્વકનું હોવું જોઈએ. શ્રદ્ધા દાનનું અનિવાર્ય અંગ છે. શ્રદ્ધા વગરનું દાન દાતાને યોગ્ય બદલો નથી આપતું. ખરા દાન માટે બીજાં ચાર આવશ્યક અંગ તે श्री, ह्री, भी અને संविद् છે. ह्री એમ સૂચવે છે કે દાતાએ દાન માટે ગર્વિષ્ઠ થવાનું નથી. भी એમ સૂચવે છે કે દાતાએ લોકમતને યોગ્ય સન્માન આપવાનું છે. સંવિદ્ એટલે સહાનુભૂતિ, આ એમ સૂચવે છે કે દાતાએ સાચી હાર્દિક સહાનુભૂતિથી પ્રેરાઈને દાન કરવાનું છે, નહિ કે બીજાને ઉપકાર હેઠળ મૂકવા ખાતર કે પોતાની શ્રેષ્ઠતા સૂચવવા ખાતર.

શ્રુતિનિર્દિષ્ટ કર્માચરણમાં કે રૂઢિ અ
સાર. કરવાના કર્તવ્યમાં શંકા ઉ
થાય તો જે બ્રાહ્મણો ન્યાય્ય નિર્ણય લેવામ
કુશળ હોય, આવા પ્રસંગોનો સૂક્ષ્મ
વિચાર કરવા કટિબદ્ધ હોય, સ્વતંત્ર
કર્તવ્ય કરવા શક્તિમાન હોય, કઠ
હોય, ધર્માનુરાગી હોય, તે બ્રાહ્મણો તે
પ્રસંગે જેમ આચરણ કરે તેમ તેવા પ્રસં
આચરણ કરવાનું છે. નિર્ણય લેતાં પ્રમા
ભૂત ગણાય તેવી વ્યક્તિના કેટલા
ગુણો નિરૂપાયા છે! આવા સાધુપુરુષોની
સચ્ચાઈ માટે બે મત શું હોઈ શકે?

છેવટમાં આ આદેશ છે, આ ઉપદેશ છે, આ વેદોપનિષદ છે, આ અનુશાસન છે, આ એક જ પ્રસંગનું પુનરાવર્તન કરવાથી સ્નાતકના મગજમાં કહેવાની વસ્તુની છાપ પાડવી તે હેતુ છે. વેદોક્ત છે માટે શંકાને સ્થાન નથી. ઉપર પ્રમાણેના ઉપદેશાનુસાર આચરણ તેનો સ્પષ્ટ હેતુ છે.

ગૌરવવંતી પ્રાચીન આર્ય સંસ્કૃતિને છાજે એ ઢબે આ ઉપદેશ લિપિબદ્ધ કરાયો છે, પરંતુ તે પ્રાચીન કાળ પૂરતો જ નથી. તે સર્વ કાળ અને સર્વ સંસ્કૃતિને લાભદાયી નીવડે તેવો છે. ગુરુગૃહે વિદ્યા પ્રાપ્ત કર્યા પછી ગૃહસ્થાશ્રમને દીપાવવા માટે-શણગારવા માટે, આ ઉપદેશ એક મહત્ત્વનો ભાગ ભજવે છે. આ ઉપદેશ અનુભવની પીઠ પર રચાયો હોવાથી તથા પ્રજ્ઞાચક્ષુથી અવલોકાયો હોવાથી બિનઅનુભવી સ્નાતકને વ્યવહારમાં તથા જીવનરથ સરળતાથી હાંકવા માટે ખરેખર માર્ગસૂચક છે. જે કંઈ કહેવાનું છે તે સ્વલ્પ હોવા છતાં તેની પાછળ જોઈતી તૈયારી, ભૂમિકા, કર્તવ્યપરાયણતા તથા વિવેકબુદ્ધિ સ્વલ્પ નથી; આ ઉપદેશ સુવર્ણાક્ષરે લિપિબદ્ધ કરવા યોગ્ય છે. અર્વાચીન

પાંચ પતિની રાણી

લેખક :

શ્રી હીરાલાલ છોટાલાલ બક્ષી

ધર્મશાસ્ત્રોમાં જણાવેલી ઘણી વાતો જો એના શબ્દાર્થમાં જ લેવામાં આવે તો એ કેવળ ઇતિહાસના કે સામાન્ય બનાવના અહેવાલ જેવી જ જણાય અને મનુષ્યની બુદ્ધિને સંતોષવા એ અસમર્થ નીવડે, પણ એ વાતો ઘણીવાર રૂપક હોવાથી એની પાછળ કોઈ મહાન આધ્યાત્મિક સત્ય છુપાયલું હોય છે. રૂપકને ભેદી જો એ સત્ય સમજવામાં આવે તો મનુષ્યની બુદ્ધિને સંતોષે એવા સનાતન સિદ્ધાંતો એમાંથી સમજાય.

આ દૃષ્ટિએ જોતાં મહાભારતની ઘણી વાતો રૂપક હોય એમ લાગે છે અને એની પાછળ કોઈ ચિરસ્થાયી સત્ય સમાયલું જણાય છે. વિદ્વાનોએ જુદીજુદી દૃષ્ટિએ એ અર્થો રજૂ કર્યાં છે છતાં એનો અંત આવ્યો છે એમ કોઈ કહી શકે નહિ.

વળી મહાભારતની કથાનો જો શબ્દાર્થ કરવામાં આવે અને એની પાછળ કોઈ ઊંડું રહસ્ય રહેલું ન હોય તો અનેક મુઝવતા પ્રશ્નો ખડા થાય. દૃષ્ટાંત તરીકે દ્રૌપદી. એ પાંચ પાંડવોની સમાન પત્ની (અં. કોમન વાઈફ) હતી એ વાત જો સાચી જ હોય તો મહાભારતના યુગમાં આ પ્રથા શું પ્રચલિત હશે? અને હોય તો નીતિનું કયું ધોરણ એ રજૂ કરે છે? જે મહાભારતે ગીતાજી જેવો ચિરસ્થાયી બોધ આપ્યો એ મહાભારત એકી વખતે એક કરતાં વધુ પતિ યા પત્નીનો આદર્શ કેવી રીતે રજૂ કરે?

વળી કુરુક્ષેત્ર પર પાંડવો અને કૌરવો વચ્ચે જે યુદ્ધ થયું તેમાં અર્જુને પોતાનાં સગાંસંબંધીઓનો સંહાર કરવા નારાજી બતાવી, ત્યારે શ્રીકૃષ્ણે કૌરવોનો સંહાર કરવા અર્જુનને પાણી ચઢાવ્યું. તેમાં શ્રીકૃષ્ણે અર્જુનની પ્રેમભીની અને સુંવાળી વૃત્તિઓને અવળે માર્ગે નથી દોરી?

મહાભારતની કથાને એક સામાન્ય કથારૂપે વાંચવાથી આવા અનેક પ્રશ્નો ઊભા થાય છે અને એનો સંતોષકારક ઉત્તર મળવો મુશ્કેલ બને છે, છતાં મહાભારતની કથા એ એક સામાન્ય કથા નથી પણ એક રૂપક છે અને એની પાછળ સુંદર બોધ સમાયલો છે, એ જો આપણે જાણી શકીએ તો મહાભારત માટેનો આપણો આદર અધિકગણો થાય અને માનવબુદ્ધિને મુઝવતા પ્રશ્નોનું કંઈક અંશે નિરાકરણ થાય.

યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, નકૂલ અને સહદેવ પાંડુ રાજાના પુત્રો મનાય છે અને એથી એ પાંડવો કહેવાય છે એમ મહાભારતનો કોઈ પણ વાંચનાર જાણે છે: છતાં મહાભારતમાં એમ પણ જણાવવામાં આવ્યું

યંત્રવાદના યુગમાં સત્ય, ધર્મ અને સ્વાધ્યાયથી પ્રજા વિમુખ બનતી જાય છે. યુવાનો ભવિષ્યના નાગરિક છે. તેઓને આવા સંસ્કારામૃતનું પાન કરાવ્યું હશે તો ભવિષ્યની પ્રજાનું ભાવિ ઉજ્જવળ છે. ઉપરોક્ત ઉપદેશમાં અતિશયોક્તિ નથી, માટે જ તે આવકારવા યોગ્ય છે. ઉપદેશની બીજી બાજુ વિચારતાં ગુરુ કેવા હોવા જોઈએ તે પણ સમજી શકાય છે. તેઓ વિદ્વાન, સરળ, સાદા, નીતિમય અને પ્રેરણાદાયી હતા. ગુરુઓ સંસ્કારસિંચન કરી સ્નાતકના જીવનને ઉન્નત બનાવતા હતા.

*

છે કે આ દરેક પાંડવના પિતા જુદા હતા તથા એ દરેક જણ પોતાના પિતાના અવતારરૂપ હતા. યુધિષ્ઠિર ધર્મના અવતાર હતા. ભીમ પવનના અને અર્જુન ઇંદ્રના અવતારરૂપ હતા, તેવી જ રીતે નકૂલ અને સહદેવ અશ્વિનીકુમારોના પુત્રો યા અવતાર હતા. વિશેષમાં આ દરેક વ્યક્તિ પંચમહાભૂતમાંના કોઈએક તત્ત્વના અધિષ્ઠાતા દેવ હતી. સહનશીલતા અને ક્ષમારૂપ ધર્મ પૃથ્વીતત્ત્વ સૂચવે છે, પવન વાયુદેવતા છે અને એ શક્તિનું સૂચન કરે છે, ઇંદ્ર આકાશ અથવા તેજના દેવ છે અને એ જીવાત્માનું રૂપક છે તથા બે અશ્વિનીકુમારો અગ્નિ અને પાણી–તત્ત્વોના દેવતા છે. આ રીતે પાંચ પાંડવો પાંચ તત્ત્વો સૂચવે છે અને એ પંચતત્ત્વનો માનવી બનેલો હોવાથી એ માનવીનું કે માનવજાતિનું રૂપક બને છે. એમની પત્ની દ્રૌપદી દ્રૌપદ રાજાની પુત્રી કહેવાય છે છતાં પાંડવોની માફક એ પણ યોગમાયાનું રૂપક છે અને એમ હોવાથી એ પાંચ પાંડવો યા પંચતત્ત્વોની સમાન પત્ની બને છે અને માનવ જાત પર અસંખ્ય રીતે એ પોતાની અસરો કરે જાય છે. સાતમી વ્યક્તિ શ્રીકૃષ્ણ છે અને એ પરમાત્મારૂપ છે.

આ પરથી જણાશે કે પંચતત્ત્વના બનેલા મનુષ્યદેહમાં અર્જુન એ ઈશ્વર યા સૂક્ષ્મ તત્ત્વ છે અને એ જીવાત્મારૂપ હોઈ પરમાત્માસ્વરૂપ શ્રીકૃષ્ણની વધારે નિકટ છે અને વળી તેથી જ અર્જુન અને દ્રૌપદી–જીવાત્મા અને માયા–અન્ય કરતાં શ્રીકૃષ્ણના વધુ નિકટના સ્નેહીઓ જણાઈ આવે છે.

હવે કૌરવો એ પાંડવોના કુટુંબીજન હોવા છતાં એ પાંડવોના દુશ્મનો હતા; એ એવું સૂચન કરે છે કે કૌરવો મનુષ્યમાં રહેલા દોષોના પ્રતીક છે અને પાંડવોના એટલે મનુષ્યના એ રિપું છે. જયાં સુધી મનુષ્ય એ વિકારોનો, એ રિપુઓનો સંહાર કરે નહિ ત્યાં સુધી એને આત્મજ્ઞાન થવું અશક્ય છે. માટે જ અર્જુન જયારે એમનો સંહાર કરવા નાખુશી બતાવે છે, ત્યારે શ્રીકૃષ્ણ એને એ કાર્ય કરવા કટિબદ્ધ કરે છે. કૌરવો પાંડવોના કુટુંબીજન છે એમ કહેવામાં પણ એ જ મર્મ રહેલો છે, કે મનુષ્યમાં રહેલ ગુણદોષ એક જ શક્તિનાં રૂપાંતરો છે અને જો દોષને જીતવામાં આવે તો આત્માની શક્તિરૂપે એ પરિવર્તન, પામે છે અને દોષોને જીત્યા વિના આત્મરાજયના માલિક બનાતું નથી; માટે જ આત્મજ્ઞાનને દ્વાર આવી પહોંચેલો જીવ (અર્જુન) પોતાના રિપુઓ (કૌરવો)નો સંહાર કરવા વિષાદ કરે. એ પોતાની નબળી વૃત્તિઓથી ઘસડાય ત્યારે એણે પોતાનું સઘળું સામર્થ્ય એકઠું કરી દુશ્મનોનો પરાજય કરવો જોઈએ; નહિતર એ પરમાત્માનું સ્વરૂપ નિહાળી શકે નહિ.

વળી મહાભારતની કથામાં રણક્ષેત્ર પર જ્ઞાન સંબોધવાનું પસંદ કરવામાં આવ્યું એ એમ પણ સૂચવે છે કે એક યોદ્ધાની માફક લડત કરી માણસે પોતાના વિકારોરૂપી શત્રુઓને હઠાવવા જોઈએ: કારણકે નબળા અને ભીરુ માણસો વિજય પ્રાપ્ત કરી શકતા નથી; યોદ્ધાઓનું ખમીર જેનામાં છે એજ વિજય પ્રાપ્ત કરી શકે છે; માટે જ શ્રીકૃષ્ણનો બોધ અર્જુનને માટે યોગ્ય જ હતો એમ કહેવાય.

તદુપરાંત અર્જુનનો રથ હાંકનાર શ્રીકૃષ્ણ છે. સંસ્કૃત ભાષામાં 'રથ' શબ્દનો અર્થ એક પ્રકારનું વાહન પણ થાય છે અને એનો બીજો અર્થ 'શરીર' પણ થાય છે. આથી એવું સૂચન કરવામાં આવ્યું છે કે મનુષ્યે જો પોતાના વિકારો પર જય મેળવવા નિશ્ચય કર્યો હોય અને મુક્તિ મેળવવા એની આદેશ હોય તો રણક્ષેત્રના

ત ઘોંઘાટની વચમાં પણ જયાં આત્મા ને ત્મા-અર્જુન અને કૃષ્ણ-એક જ રથમાં બેઠેલા હોય ત્યાં આત્માની મંદ સૂચના- ય એણે સાંભળવી જોઈએ.

ઉપર વર્ણવેલા રૂપકના સમર્થનમાં એમ કહી શકાય કે પાંડવો અને દ્રૌપદી સિધાવે છે તેમાં દ્રૌપદી જ પ્રથમ જાય છે અને યુધિષ્ઠિર સૌથી છેલ્લા જાય છે. એ એમ પણ સૂચવે કે દ્રૌપદી તું સ્વરૂપ છે અને માયા અલોપ થયા થાય સ્વર્ગે સંચરવું અશકય છે; માટે જ દી પ્રથમ અલોપ થાય છે અને યુધિષ્ઠિર પૃથ્વી તત્ત્વરૂપ હોવાથી છેલ્લા જાય છે; કારણકે બધાં તત્ત્વોમાં પૃથ્વીતત્ત્વ નક્કર કહેવાય.

આ દૃષ્ટિએ નિહાળતાં મહાભારતની આખીય કથા વ્યાસ ભગવાનનું એક સુંદર સર્જન છે અને માનવજાતિને અમરપંથે લઈ જનાર એક અજોડ ગ્રંથ છે. એમાં નથી સમાયલો વ્યભિચારનો ભાવ કે નથી સમાયો એમાં દુરાચરણનો ઉલ્લેખ. એમાં સમાયા છે આત્મા–પરમાત્માની આંટી-ઘૂંટીઓના ઉકેલ કે આધ્યાત્મિક જીવનનાં રહસ્યભર્યાં દર્શન.

*

'અખંડ આનંદ'ના ગયા માર્ચ માસના અંકમાં ૯૮મે પાને બહેરા માટે શ્રી. ટી. જી. શાહનું 'કર્ણક' વિશેનું લખાણ વાંચીને મેં તે પર અનુભવ કર્યો છે.

મેં પ્રથમ બહારથી એક યંત્ર ખરીદ્યું હતું. તેની કિંમત સવાબસો આપી હતી. તેની પાછળ દરેક પંચોતેર રૂપિયા ખર્ચ કરવા પડતા હતા. જો પાવર ન હોય તો યંત્ર નકામું બોજારૂપ થઈ પડતું. કેટલીક વખત પાવર ન હોય તો મુશ્કેલી પડતી હતી. પાવર પણ બગડી જતો હતો એટલે સાડાપંદર રૂપિયા ખર્ચી એક નવ ઈંચનું ભૂંગળું ઇયર ડ્રમ ખરીદ્યું હતું એથી પણ આ કર્ણક જેવું સંભળાતું નહિ.

મને ભાઈ શાહે કર્ણક આપ્યા પછી હું યંત્રનો કે ભૂંગળાનો ઉપયોગ કરતો નથી. કાનનો પડદો ી ગયો હોય અને ઘણી બહેરાશ હોય તેવા બહેરા માણસને પણ આ કર્ણકથી સંભળાય છે.

ગ્રામ્ય પ્રજા માટે આ કર્ણક ઘણું સસ્તું અને યોગ્ય સાધન ભાઈ શાહે બનાવ્યું છે. હું તો હવે કાયમ રબર નળી હાથમાં રાખીને ફરું છું. મિત્રવર્ગને પણ વાત કરવાની સગવડતા સારી છે; ભાઈ શાહે આવું કર્ણક કેવળ સેવાભાવે યા તો બીજી રીતે દવાવાળાને ત્યાં જેમ થર્માિમટર કે બીજી ચીજો રહે છે તેમ કર્ણક દવાવાળાઓ રાખે એવો પ્રયાસ કરવો જોઈએ. **ડૉ. પોપટલાલ વિ. આણંદજીવાળા**

શ્રી. ટી. જી. શાહના કર્ણક વિશે અને એમના સરનામા વિશે અમને વારંવાર પત્રો મળ્યા કરે છે. વાચકોએ હવેથી સીધેસીધા, શ્રી. ટી. જી. શાહ C/o. ટી. જી. શાહ બીલ્ડિંગ; પાયધૂની મુંબઈ–૩ એ સરનામે પત્રવ્યવહાર કરવો.

—તંત્રી

×

થોડાક માસ અગાઉ શિયાળામાં પોષ મહિનાની એક સાંજે મારા જમણા પગની પાનીમાં સાધારણ દુખાવો શરૂ થયો. એકાદ બે દિવસ બાદ મારાથી જમીન ઉપર પગ મૂકીને ચાલવું અશકય બન્યું તેટલો દુખાવો ઉપડ્યો. થોડી તપાસ બાદ હું અમારા ગામના એક ખોજા સદ્‌ગૃહસ્થ કે જેઓ સેવાભાવે દર્દીઓને કુદરતી ઉપચારો બતાવે છે તેમની પાસે હું ગયો. તેમણે મારો પગ જોઈને નીચે મુજબ સલાહ આપી: 'આખા દિવસમાં ત્રણ વખત–સવારે, બપોરે અને સાંજે દોઢેક શેર પાણીમાં ત્રણ તોલા નિમક નાંખી પાણી ગરમ કરવું. નિમક બરાબર પાણીમાં ઓગળી જાય એટલે નીચે ઉતારી પગનો દુખતો ભાગ તેમાં બોળી રાખવો. પાંચ મિનિટથી શરૂ કરી દશેક મિનિટ સુધી આ ક્રિયા દશ દિવસ સુધી કરવામાં આવી. પરિણામે મારા પગનો દુખાવો દિનપ્રતિદિન ઓછો થઈને સદંતર નાબૂદ થયો, ત્યારબાદ ફરી વખત દુખાવો ઉપડ્યો નથી.

× **અનંતરાય નાથાલાલ ગાંધી**

સંસારચિત્રો

લેખિકા :
શ્રીમતી લાભુબહેન મહેતા

‘અખંડ આનંદ’ના વાચકો લેખિકાનાં, ‘અગાઉ પ્રસિદ્ધ થયેલાં આવાં ‘ચિત્રો’થી પરિચિત છે. આ સંસારમાં સારાંનરસાં અનેક દૃશ્યો નજરે પડે છે ને હૃદયમાં સંવેદન પ્રગટાવે છે. અહીં રજૂ થયેલાં ત્રણેય ચિત્રો આપણા સંસારજીવનની વિવિધ બાજુઓનું દર્શન કરાવી તે ઉપર વિચાર કરવાની ફરજ પાડી જાય છે.

[૧]

પુણ્યસ્મરણ

મારા પિતા મને નાનો મૂકીને ગુજરી ગયેલા તે વખતે અમે ત્રણ ભાઈઓ; એમાં હું સૌથી મોટો છ વરસનો, બીજો ચાર વરસનો ને નાનો ભાઈ તો એ વખતે માંડ બાર મહિનાનો હશે. બાએ અમારી એ કારમી ગરીબીમાં પેટે પાટા બાંધી અમને ઉછેર્યાં. બાપુ જે કંઈક મૂકી ગયેલા એમાંથી પાઈપાઈની કરકસર કરી અમને પાળ્યા–પોષ્યા ને ભણાવ્યા. મારે એકેય બહેન તો હતી નહિ. કુટુંબમાં પણ બાપુના ઉગ્ર સ્વભાવને કારણે કોઈ સાથે મેળ નહોતો, એટલે બાને બિચારીને એકલે પંડે સૌનાં મેણાંટોણાં સાંભળી, નીચું માથું રાખી, ઘરસંસાર નભાવવો પડતો. બાપુએ તોડી નાખેલા કૌટુંબિક સંબંધોને કારણે કોઈ પાસેથી મદદની આશા રાખવી તો સાવ નકામી જ હતી, પણ જો બધા અમને સુખશાંતિથી રહેવા દે તો એમનો ઉપકાર–એવી અમારી સ્થિતિ હતી.

કોઈનું અનાજ સાફ કરવું, વડી, પાપડ, અથાણાં જેવાં ઘરમાં બેસીને થાય એવાં કામ કરીને બા અમને પેટ ભરીને ખાવા આપતી અને ભણાવતી પણ ખરી. આ રીતે મુશ્કેલીથી હું ભણ્યો; પણ બાની મુશ્કેલી જોતો એટલે મારા મનમાં એને જલદી દુઃખમુક્ત કરવાના ઘોડા દોડતા તેથી વર્ગમાં સૌથી હોશિયાર રહેવાની તમન્ના રહેતી. આખા વર્ગમાં હું ચાલાક વિદ્યાર્થી ગણાતો. વર્ગશિક્ષક ને શાળાના હેડમાસ્તર બન્નેની મારા પર કૃપાનજર હતી. તેઓ મારી સ્થિતિ જાણતા એટલે મારો જલદી ઉદ્ધાર થાય એવી તકની શોધમાં હમેશ રહેતા.

એવામાં અમારી શાળા જોવા એક ગૃહસ્થ આવ્યા. તેમની સાથે અમારા હેડમાસ્તરે મારી ઓળખાણ કરાવી. તેઓ મારી શક્તિ પર ખુશ થઈ ગયા અને તુરત જ એમની ઑફિસમાં ગોઠવી દેવાના ઇરાદાથી મને ત્યાં લઈ જવા તૈયાર થયા. પ્રથમ ક્ષણે તો હું ડઘાઈ ગયો, પરંતુ મારા શિક્ષકની સલાહથી અને મારી માની સ્થિતિ યાદ આવતાં મેં ત્યાં જવાનું કબૂલી લીધું.

મારી બા પણ કુટુંબીઓના ત્રાસમાંથી છૂટવા માગતી હતી એટલે અમે બધાં એક અઠવાડિયામાં અમારા નવા મુકામે પહોંચી ગયાં.

ત્યાં એ ગૃહસ્થે મને રહેવા માટે નાનું સુંદર મકાન આપ્યું. મારા બન્ને નાના ભાઈઓને ભણાવી શકું અને મારી બાને સુખમાં રાખી શકું તેવું વેતન બાંધી આપ્યું, ને મારી જિંદગીના સુખના દિવસો શરૂ થયા. ચાર છ મહિના એમ નીકળી ગયા. હું નોકરીમાં સ્થિર થઈ ગયો એટલે બાને મારા લગ્નની ચિંતા થવા લાગી. આ સજ્જને તો એમની ઓળખાણમાં લગ્ન કરાવી આપવાનું કહ્યું પણ મારાં બાનું મન ન માન્યું. એમને મન

તો એમના ગામની, એમની ન્યાતની, પ્રતિષ્ઠિત કુટુંબની કન્યા મળે એની જ કિંમત હતી, તેથી મેં એમને રાજી કરવા એમની મરજી પડે ત્યાં મારું લગ્ન ગોઠવી દેવા કહી દીધું.

મારા જેવા નબાપા ગરીબને સારી કન્યા તો ક્યાંથી મળે? બીજી રીતે પણ અમે બહારગામ રહીએ એટલે ગામના કોઈ અમારી સાથે સંબંધ જોડવા ઇચ્છે નહિ, પણ બાએ ખૂબ મહેનત લઈ, આંટાફેરા કરી, એક પ્રતિષ્ઠિત કુટુંબની કન્યા-સવિતા સાથે મારું લગ્ન કરી નાખ્યું ને નિરાંતનો શ્વાસ લીધો. કુટુંબ પ્રતિષ્ઠિત હતું, કન્યા તંદુરસ્ત હતી, પણ એનો રંગ એટલો કાળો હતો કે કોઈ એનો હાથ ઝાલતું નહોતું. તેથી એના પિતાએ, લાચારીએ મારી સાથે પરણાવી દઈને મારી બા પર મોટો ઉપકાર કરી દીધો.

કન્યાને જોતાં મારું તો હૈયું જ બેસી ગયું! આવી કાળી સ્ત્રી સાથે હું કઈ રીતે મારી જિંદગી આનંદમાં ગુજારી શકીશ? બા ઉપર ખૂબ જ ખીજ ચડી. પરણીને આવીને બીજા દિવસથી જ મેં તો ઘરમાં રહેવાનું ઓછું કરી નાખ્યું ને એ કન્યા સાથે તો બોલવાનું જ બંધ કર્યું. ઘરમાં લગ્નના આનંદને બદલે સ્મશાન જેવું વાતાવરણ ફેલાઈ ગયું. નવી આવનાર વ્યક્તિ તો બિચારી મેડી પર ભરાઈને રડવામાં જ સમય વિતાવવા લાગી; પણ મારી બા કે જેણે દુઃખના ડુંગરાને પણ ધીરજ અને હિંમતથી ખેસવી દીધા હતા તે તો આ બાબતમાં હિંમત શાની હારે?

થોડા દિવસ તો એણે શાંતિમાં પસાર કર્યા. સવિતાને ધીરજ આપીને હિંમત રાખવા કહ્યું. બાએ એને ઘરકામમાં પલોટવા માંડી. ઘર કેમ સ્વચ્છ અને સુવ્યવસ્થિત રાખવું, સુંદર અને સ્વાદિષ્ટ રસોઈ કેમ બનાવવી અને પોતે કાળી હોવા છતાં કેવી રીતે સુંદર દેખાઈ શકે એ બધું શીખવ્યું. બા પોતે તો ખૂબ જ મર્યાદામાં માનનારાં હતાં. મેં એને અમારા ગામમાં કયાંય કદી ઉઘાડે મોઢે જોયાં નથી; પણ એમણે તો સવિતાને ઘરમાં ખુલ્લે મોંએ હરવાફરવાની છૂટ આપી દીધી. બહાર ઓળખીતા-પાળખીતામાં પરિચય કરાવી સંસ્કારી બહેનોની સોબત બંધાવી દીધી, અને સભ્ય સમાજમાં કઈ રીતે વર્તવું જોઈએ એ બધું શીખવ્યું.

આ રીતે સવિતાને તૈયાર કર્યા પછી એણે મને હાથમાં લીધો. મારી પાસે બેઠાં-બેઠાં ગમે ત્યારે દિવસમાં બેચાર વાર સવિતાનાં વખાણ કર્યા વિના ન રહે: 'કેવો વળોટ છે? કેવા ઉમદા સંસ્કાર છે? રસોઈ પણ કેવી મીઠી ને સ્વાદિષ્ટ બનાવે છે? કાળા રંગને બાદ કરીએ તો તારી કૉલેજની છોકરીઓને ય પાણી ભરાવે એવી એની નમણાશ છે.' એમ થોડા દિવસો પસાર કર્યા પછી 'એ બિચારીનું અહીં કોણ? તું એને કયાંક ફરવા લઈ જતો હો કે સિનેમા દેખાડવા લઈ જતો હો તો! એ કાંઈ તને ખાઈ નહિ જાય, બિચારીનું મન ટાઢું થશે.' એવું કહી-કહીને એમણે મારું મન કૂણું બનાવ્યું. સતત આઠ-દસ દિવસના એમના આવા વાર્તાલાપોને અંતે એક દિવસ હું એને ફરવા લઈ ગયો. એની વાતચીત કરવાની ઢબ, થોડું શરમાળપણું અને પોશાકની છટા મને ઠીક લાગ્યાં. મારું તિરસ્કાર-ભર્યું મન જરા કૂણું બન્યું અને પછી તો બા કહે ત્યારે બહાર લઈ જવી એવું મારું માનસ કેળવાઈ ગયું.

બીજું પગલું બાએ અમને સાથે જમવા બેસાડવાનું ભર્યું. 'આજ તો હું વહેલી જમી રહી છું. તમે બે ય રસોડામાં સાથે

જમી લો.' 'આજ તો મને ઠીક નથી. તમે તમારે ભાણાં લઈને રવેશમાં જમવા બેસો.' 'આજ તો એકલાં ભજિયાં ને ચટણી જ છે. સાથે ખાઈ લો ને. બિચારીને ભાણાં ઊટકવાં ઓછાં.' એવું કહીકહીને અમને સાથે જમાડવાના પ્રસંગો ઊભા કરવા માંડ્યા. જમતી વખતની એની મારા માટેની કાળજી, સારી ચીજો મને વધુ ખવડાવી દેવાની હોંશ, ઓછી પણ મીઠી બોલી અને મારા માટે છલોછલ પ્રેમ અને આદર, એ બધું જેમજેમ મારા લક્ષમાં આવતું ગયું તેમતેમ હું પીગળતો ગયો ને છેવટ મારે મારી જીદ હવે તો મને એ મારી જીદ જ લાગે છે, છોડવી પડી–મારાથી સ્વાભાવિક રીતે જ છોડાઈ ગઈ.

જે દિવસે મેં સવિતાને મારા ઓરડામાં આવવાની, મારી સાથે છૂટથી હળવામળવાની છૂટ આપી તે દિવસ અમારે આનંદનો હતો. બાના મોં પર પણ આનંદ અને સંતોષની રેખાઓ ઝળહળતી હતી. એને મનમાં સવિતા માટે બિલકુલ ચિંતા નહોતી, કોઈક દિવસ તો એ જરૂર મને સવિતાની સાચી પરખ આપી શકશે, એવી એમને હૈયા સુધીની ખાતરી હતી, પણ આટલા થોડા પ્રયાસમાં એમનું ફળ જોઈને એમને ખૂબ આનંદ થયો અને એમણે તે દિવસે જિંદગીમાં પહેલી જ વાર સવિતાને હુકમ કરી લાડુ ને મેથીનાં ભજિયાં બનાવવા કહ્યું અને પોતે નિરાંતે હિંડોળે બેસી શાંતિ અનુભવવા લાગ્યાં.

આજે એ બા નથી, પરંતુ બાએ આપેલ સવિતા અને સવિતાએ આપેલ બે પુષ્પ સમ બાળકો છે. અમારું જીવન એટલું સુખી ને સંતોષમય છે કે કયારેક મને મારો ભૂતકાળ યાદ આવે છે, ત્યારે શરમથી હું સવિતા સામે નજર પણ કરી શકતો નથી. સવિતા એ બાના પુણ્યસ્મરણ સરખી છે. એ બાને યાદ કરીને આજે તો દિલ આભાર અને કૃતજ્ઞતાથી નમી પડે છે!

[૨]

ઊડતું પંખી

પ્રભુપ્રાર્થનામાં તલ્લીન બનેલાનું દર્શન એ સામાન્ય રીતે સુખદ અનુભવ ગણાય. પ્રભુમાં ન માનનાર પણ જો સહૃદયી હોય તો એ દૃશ્યથી ભાવભીનું બની જાય, પરંતુ પ્રભુભક્તિમાં લીન બનેલનું દર્શન દુઃખ ઉપજાવે અને હૃદયને વ્યથિત કરી મૂકે એવું તો ભાગ્યે જ જોવા કે સાંભળવા મળે છે.

એકાદ વર્ષ પહેલાં અમે એક મહિનાની રજા ગાળવા કલકત્તા ગયાં હતાં, ત્યાં અમારા યજમાનની પાડોશના બંગલામાં રહેતા એ એક સિંધી કુટુંબ સાથે મારે સારો પરિચય થઈ ગયેલો.

એક દિવસ સવારના પહોરમાં ત્યાં જવાનું બન્યું. એ કુટુંબ એટલું પ્રેમાળ હ કે હું કયારે પણ એ લોકોના બારણામાં પ મૂકું તો ઘરનાં સૌ કોઈ દોડ્યાં આવે. આજે પણ એમ ચારે બાજુથી સૌ બેઠકના ઓરડામાં આવ્યાં, પણ પાસેના જ ઓરડામાં હાથપગ પર કપડું ઢાંકીને બેઠેલી મોહિની એમની એમ જ સ્થિરભાવે બેસી રહી. મેં સહજભાવે પૂછ્યું: 'ત્યાં બેઠીબેઠી એ શું કરે છે?'

'માલા ફીરાતી હૈ, દુસરા અબી કરનેકા કયા હૈ?' મોહિનીની બાએ એની તરફ સ્નેહથી જોઈ દુઃખભર્યા અવાજે કહ્યું. મારાથી એકાએક પુછાઈ ગયું:

'બીજું શું કરે એટલે? આટલી નાની છોકરીને માળા ફેરવવા સિવાય બીજું કાંઈ કરવાનું નથી શું?' બોલતાં-બોલતાં મેં એ ઓરડામાં નજર કરી. બધી સજાવટ જોઈ. મેં હસતાં-હસતાં ઉમેર્યું: 'આ બધું ક્યારે

શું! ઘરમાં મંદિર બનાવી દીધું છે ને શું! મોહિની શું પોથીની પૂજા કરે છે?'

'પૂજા ન કરે તો હવે શું કરે બહેન!' ખૂબ ઊંડા, ગંભીર, નિરાશાભર્યા અવાજે એની બાઈ બોલી ઊઠી. 'જે છોકરીને ધણી કાઢી મૂકે તે માળા ફેરવવા સિવાય બીજું કરે પણ શું?'

'ધણીએ કાઢી મૂકી?' સાંભળીને મારું હૈયું બેસી ગયું. આવી ફૂલ જેવી કોમળ છોકરીને કાઢી મૂકતાં એનો જીવ કેમ કરીને ચાલ્યો હશે? નામ પ્રમાણે જ તે ખરેખર મોહિની છે. એને જોઈને મન પ્રસન્ન બની જાય. એટલી કોમળ, એટલી સુંદર, એટલી નાજુક અને એટલી આનંદી કે એને મોટે બોલાવવાની યે હિંમત ન ચાલે; કાંઈ કહ્યું ને ફૂલ કરમાઈ જશે એવો ડર લાગે; એને હાંકી કાઢતાં એને કંઈ નહીં થયું હોય?

'હજુ લગ્ન થયાને ત્રણ મહિના પણ થયા નથી એટલામાં ધણીએ કાઢી મૂકી?' મેં આશ્ચર્યથી પૂછ્યું ને ઉમેર્યું: 'અને તમે કહેતાં હતાં તે પ્રમાણે મોહિનીનું તો પ્રેમલગ્ન હતું. વરસોથી બન્ને જણાં એકબીજાને ચાહતાં હતાં ને એટલી વારમાં પ્રેમ ખતમ થઈ ગયો?'

'લાલચ બડી ચીજ છે, બહેન!' બાઈએ જાણે કે સનાતન સત્ય ઉચ્ચાર્યું. 'કીશનને થયું કે મોહિની તો મળી પણ હવે પૈસા કેમ મેળવવા? જો છોકરીને દુઃખ આપે, કાઢી મૂકે તો જ એનાં માબાપ પૈસાથી કીશનનું ખિસ્સું ભરી આપશે; નહીં તો એને જોઈએ તેવી સાહેબી અને મોજશોખ માટે મહેનત કરવી પડશે, એટલે આ ઉપાય શોધી કાઢ્યો છે, પણ મારી પાસે ક્યાં પૈસો હતો કે હું એને દેવાની હતી? હું તો આજસુધી જેમતેમ એને પોષતી હતી તેમ હવે ય પાળીશ, બીજું શું?'

'પણ એના આટલા બે-ત્રણ વરસના પ્રેમનું શું?' મેં અકળાઈ જઈને પૂછ્યું, 'એ શું બધો દંભ જ હતો?'

'દંભ તો કેમ કહેવાય? સૌ જોતાં જ હતાં કે? મારા દીકરાની જેમ મારે ઘેર એ ને એમાં ભાઈબેનો પડ્યાંપાથર્યાં રહેતાં. મારે મોટો દીકરો નહીં એટલે હું ઘરની બાબતોમાં એની સલાહ લેતી, ક્યાં ય બહાર જવું-આવવું હોય, મારાં છોકરાંઓને મોકલવાનાં હોય તો હું એને મારો દીકરો જ સમજી એના પર વિશ્વાસ મૂકી મારાં બચ્ચાં સોંપતી. હું એને ઘણીવાર કહેતી: 'જો કીશન, મોહિનીના બાપુ તો આ બધાંને ઘોડિયામાં મૂકીને ચાલ્યા ગયા છે. થોડી મૂડીમાં સાચવીસાચવીને મેં આ બધાંને મોટાં કર્યાં છે. હજુ બધાંયને ભણાવવાનાં ને પરણાવવાનાં બાકી છે. મોહિની હજુ તો નાની છે, પણ તમારા બન્ને વચ્ચે પ્રેમ છે એટલે એને હું વહેલીવહેલી પરણાવી દઉં છું. પણ એકે ય પાઈ દાયજામાં આપી શકીશ નહીં.' ત્યારે એ ગંભીર બની જતો ને દુઃખથી બોલતો: 'હું શું એ બધું નથી સમજતો? હું શું તમારો દીકરો નથી તે તમારે મને આવા ખુલાસા કરવા પડે? મને તો તમે મોહિની આપો છો એટલું જ બસ છે. અમે બન્ને તમને જિંદગીમાં સુખી કરવા મહેનત કરીશું ને તમારા આશીર્વાદ મેળવીશું.' મનેય થયું કે કીશન સુંદર, સશક્ત કમાતો જુવાન છે. કુટુંબમાં ભાઈબહેનો ય કૉલેજની ઉપાધિ મેળવેલાં ચાલુ જમાનાને અનુસરનારાં છે; એટલે ભલે પરણે. મારી છોકરી સુખી થશે. પણ આજે એ એની બધી ડાહીડાહી વાતો ભૂલી ગયો છે, આજે એના મગજમાં પોતે જમાઈ છે, એક ગરીબ વિધવાની છોકરીનો ઉદ્ધારક છે, એ વાતે નશો જમાવી દીધો છે અને જમાઈપણું ભોગવવા તથા સાબિત કરવા એણે કમર કસી છે.' ફરી નિસાસો નાખતાં બાઈ બોલી: 'પૈસો ચીજ

જ એવી છે બહેન, હું તો એને કાંઈ આપવાની નહોતી, પણ લગ્ન કરાવી દેવા મેં મુંબઈથી મારા ભાઈને બોલાવ્યો. ભાઈ સારી સ્થિતિનો શ્રીમંત માણસ છે. એને મારા ને મારાં બાલબચ્ચાં પર બહુ પ્રેમ છે. એ કહે કે 'હું લગ્ન કરાવી દઉં. શું મારી ભાણેજ વગર દાયજે સાસરે જાય?' મેં કહ્યું: 'થોડુંઘણું પહેરવા–ઓઢવા પૂરતું દઈએ.' પણ એ પણ એ માન્યો નહીં ને એણે તો પાંચહજાર રોકડા અને પાંચહજારની ચીજવસ્તુઓ દાયજામાં દીધી. એ જોઈને કીશનની ને કીશનની મા–બહેનની આંખો ફાટી ગઈ, એને થયું કે મોહિનીનો મામો આટલો માલદાર છે, વગરમાગ્યે આટલી રકમ આપે છે, તો હવે જરા દમ ભિડાવશું તો વધુ આપશે. હા–ના કરશે તો એની ભાણેજને કાઢી મૂકશું; પછી નહીં આપે તો ક્યાં જશે? એટલે મોહિની સાસરે ગઈ ને મહિનો ય ન થયો ત્યાં એની સાસુ ને નણંદ કહેવા લાગ્યાં:

'જા પૈસા લઈ આવ.' 'બંગલો લઈ આવ.' 'અત્યારે મકાનની બહુ તંગી છે, જોતી નથી આટલાં બધાં એક મકાનમાં જ રહીએ છીએ! તારા મામાને કહે કે એક બંગલો લઈ આપે.' મોહિની બિચારી એવી વાતમાં શું સમજે? એ મને આવીને કહે, હું કહું: 'તારી સાસુને કહેજે, કે મારી પાસે એટલી સગવડ નથી ને મામા તો પાછા મુંબઈ ચાલ્યા ગયા છે.'

'એમ થોડા દિવસ તો ચણભણ–ચણભણ ચાલ્યું, પણ પછી તો એ લોકો મોહિની પર મેણાંનો વરસાદ વરસાવવા લાગ્યાં, વાતવાતમાં ઝઘડવા ને વઢવા લાગ્યાં, મોહિની તો બિચારી રોઈને બેસી રહે. એને થાય કે માને કહીશ તો મા દુઃખી થશે; એટલે અહીં આવે ય નહિ ને વળી કહે ય નહીં. કીશનને કહે, પણ કીશનને ય મા–બહેનની વાત વજૂદવાળી લાગવા માંડી હતી, એટલે સાંભળીને બેસી રહે. મોહિનીને ન આપે કે ન મા–બહેનને ઠપકો આપે. એક દિવસ તો હદ થઈ. કીશન જમીપર ઑફિસે ચાલ્યો ગયો, એટલે પાછળથી નીને એની સાસુ, દિયર અને નણંદે મળી ઠીકઠીક મારી, 'પૈસા લઈ આવ, વિના આ ઘરમાં પગ મૂક્યો તો તારી છે.' એમ કહીને ઘરની બહાર કાઢી બીકની મારી બિચારી પહેરે લૂગડે અહીં આવી. ત્યારની અહીં જ છે. કીશનને ત્રણ વાર કાગળ લખ્યા, મળવા બોલા પણ નથી એ આવતો કે નથી કાંઈ વડાવતો. એટલે એ બધાંનું સાથે મળીને મેળવવાનું આ તર્કટ છે બહેન! બીજું

'કીશનની મા તો ઠીક પણ બહે એવી છે?' મેં જરા શંકિત સ્વરે પૂછ 'તમે તો કહેતાં હતાં કે એ તો ખૂબ ભણે છે, બહાર ખૂબ ફરેલી છે. એના વિચારે આવા જૂનવાણી છે?'

'પૈસો શું નથી કરાવતો? એ ભણી પણ પૈસાના અભાવે પરણી નથી શક અને મોજશોખ કરવા નોકરી કરવી પડે જો આમ મફતનો પૈસો ઘરમાં આવતો તો એ કોને ન ગમે?'

પછી પોતાનું દુઃખ ઓછું કરવા સહ રીતે જ એણે કહ્યું: 'અમારા સિંધી લોકો તો ઘેરઘેર આવું જ હોય. પહેલાં પરણે, બતાવે અને પછી પૈસા માગે. ન લાવે કાઢી મૂકે ને માબાપ જિંદગીભર દીકરી પોષે. આપણે તો ઈશ્વરનો આધાર છે, ન્યાય–અન્યાય નહીં જુએ? અને ન જુએ તો ય શું? મારે એક દીકરી કાંઈ ભારે ન પડવાની. ભગવાનનું ભજન કરશે ને ઘરે સુખથી રોટલો ખાશે.'

'ભગવાનનું ભજન કરશે,' સાંભ

ના હૃદયમાં જાણે મોટો ચિરાડો પડી ગયો. સોળ વરસની હસતી, ખેલતી, કૂદતી છોકરી ભગવાનનું ભજન કરવા બેસી! જેના મોં પરથી એક ક્ષણ પણ હાસ્ય ખસે નહિ, જેની ચકોર આંખો એક ક્ષણ પણ સ્થિર રહે નહિ તે આંખ બંધ કરી પોથી પાસે કલાકો સુધી માળા ફેરવવા બેસે?

એની માએ તો દીકરીનું દુઃખ જોઈ એને પોતાની પાંખમાં સમાવી લીધી. પોતે વિધવા છે. રાતદિવસ ગુરુપોથી લઈ બેસી ભજનો ગાયા કરે છે, માળા ફેરવ્યા કરે છે ને દુઃખ વિસારે છે, તેમ દીકરી પણ પ્રભુભજનમાંથી બળ અને શક્તિ મેળવી સુખી થશે, એમ સમજી એણે એને માળા ફેરવતાં શીખવી, પોથી વાંચતાં શીખવી ને પ્રભુભજનમાં મન પરોવી સુખી થવાનો ઉપદેશ આપ્યો.

પણ જેની આંખો દિવસભર ચકળવકળ કર્યા કરતી હોય, જેની ચાલમાં નર્તન હોય, જેની વાણીમાંથી સરલતા ટપકતી હોય ને સ્મિત સાથે જ જેની વાત શરૂ થતી હોય, એવી ઊઘડતા ફૂલ જેવી આ કન્યા રોજ સવારમાં કલાક. દોઢ કલાક આંખ બંધ કરી, હાથપગ પર કપડું ઢાંકી, હાથમાં માળા લઈ બેસે એ દૃશ્ય કેટલું કરુણ છે? આ પંખીને 'ધર્મ'ના પિંજરમાં ક્યાં સુધી પૂરી શકાશે?

[૩]

બાપ અને દીકરી

એક દિવસ સમાચાર સાંભળ્યા કે નાનજીકાકા કાંઈક બીમાર છે અને દવાખાનામાં છે. એમની દીકરી લીલા એમની સારવારમાં છે, એટલે મને ફિકર થઈ અને તે દિવસે સાંજે જ હું દવાખાને દોડી ગઈ.

નાનજીકાકાને જોઈને મારા મનને ખૂબ આઘાત લાગ્યો. ક્યાં હાથમાં ઝોળી લઈને પગે ચાલીને સવારથી સાંજ સુધી મુંબઈને ઉપરતળે કરી નાખતા ખડતલ નાનજીકાકા ને ક્યાં આ પથારીમાં બેસી પણ ન શકે, હાથ-પગ હિંમતથી ચલાવી પણ ન શકે તેવા અપંગ જેવા નાનજીકાકા? અને આવી સ્થિતિમાં એમની બાજુમાં કોઈ માણસ પણ નહિ?

મેં દુઃખદ આશ્ચર્યથી પૂછ્યું: 'આ શું થઈ ગયું, કાકા?'

'થાય શું બેટા? ઘડપણ...હા...હા...હા ...આ બધું ય ઘ...ડ...પ...ણ છે બાપુ.' એટલા દર્દમાં પણ એમણે હસતાંહસતાં એમના ઘડપણને અને માંદગી તુચ્છકારી કાઢી, ઓલિયાની માફક એના તરફ બેદરકારી અને કાંઈક તિરસ્કારભર્યું હસી નાખ્યું.

પણ મારા મનની અકળામણ ઘટી નહિ. મેં તુરત જ એમની એકલવાયી સ્થિતિ પર નિર્દેશ કરતાં પૂછી નાખ્યું: 'લીલા બેન ક્યાં ગયાં? અહીં નથી?'

'એ બિચારી ક્યાં સુધી બેસી રહે? અહીં કરવાનું યે શું છે? સારવાર તો આ બધા દવાખાનાવાળા કરે છે. મારે તો સૂઈ રહેવાનું છે. એ બિચારી અહીં ઘણાય દિવસ રહી, આ સામી ખુરશીએ આખો દિવસ બેસી રહેતી. પછી મેં જ કહ્યું: 'તું જા બેટા, અહીં નકામી બેસીબેસીને તારે વખત નકામો કાઢવો પડે છે, ને ત્યાં તારા દવાખાનામાં મારાથીય વધુ માંદા એવા કેટલાય દરદીઓ તને સાદ પાડે છે. જા બાપ, તું તારે ત્યાં જઈને એ લોકોની સેવા કર, મારે અહીં કાંઈ કામ નથી.' બોલતાંબોલતાં નાનજીકાકાનું હૈયું એમની વહાલી પુત્રીના સ્મરણથી ભરાઈ આવ્યું ને સુખદ આંસુઓથી એમની મોટી બંને આંખો છલોછલ ભરાઈ આવી.

માથાના સફેદ ઓડિયાંવાળા વાળ, નાની એવી સફેદ દાઢી અને મોટીમોટી લીંબુની ફાડ જેવી આંખોમાં તગતગતાં આંસુ. એ પુણ્ય દૃશ્ય જોઈને મારું હૈયું પણ ભરાઈ આવ્યું. મેં એમના પુત્રીવત્સલ હૃદયને વધુ સંતોષ આપવા અને મારા હૃદયના આદરભાવને પ્રગટ કરવા કહ્યું: 'લીલાબેન જેવું જોઈતું હતું એવું જ કામ મળી ગયું; એ જે કહેતાં હતાં તે એમણે ખરોખર કરી બતાવ્યું હોં!' મારા એ વાકયથી તો એમનું હૈયું વધારે પુલકિત બની ગયું ને જાણે પ્રિય પુત્રી પર આશીર્વાદ વરસાવતા હોય તેમ આંખ બંધ કરી દીધી. આંખની અંદર સમાયેલાં આંસુનાં બિંદુઓ ટપટપ કરતાં સરી પડ્યાં. મારું મન પોકારી ઊઠયું: 'ધન્ય પિતા ને ધન્ય પુત્રી!'

એ પુત્રી માટે નાનજીકાકાએ શું શું નથી કર્યું? અને બીજી રીતે કહીએ તો એ અલગારી પિતા માટે એ પુત્રીએ શું શું નથી કર્યું? લીલાની બા લીલાને પંદર–સોળ વરસની મૂકીને જ ગુજરી ગયેલાં. લીલા એનાં માબાપની એકની એક દીકરી હોવાથી વિધુર પિતાને સંભાળવાની જવાબદારી નાની લીલા પર જ આવી પડેલી; પરંતુ એ જવાબદારી એણે એટલા પ્રેમથી અને ઉત્સાહથી ઉઠાવી લીધેલી, કે નાનજીકાકાને એમની ઔપચારિક સારવારમાં તો કદી સવિતાકાકીની ઊણપ જણાઈ નહોતી. તેઓ પત્નીના વિયોગે કે પછી પોતાની ધૂનથી જીવનમાં અવનવા પ્રયોગો આદરે, કયારેક ખાય, કયારેક ન ખાય, કયારેક શીંગ–કેળાં પર રહે, કયારેક ફળો ઉપર દિવસો કાઢી નાખે, આખો દિવસ બહાર ફરતા રહે, ન જુએ તડકો, ન જુએ વરસાદ, ન કોઈની ટીકાની પરવા, મનમાં આવે એમ વર્તે, એથી લીલાને ઘણી તકલીફ પડે: બાપુને રસોઈ જોઈશે કે નહિ? ફળમાં શું ખાશે? આજે જમવા ઘેર આવશે કે ઉપવાસ પર જ રહેશે? એ ચિંતામાં એ કેટલોય સમય જાય, છતાં ધીરજ ન ગુમા બા વિનાના બાપુના હૃદયને તલભર ઈજા ન પહોંચે એની એ સતત અને સં કાળજી રાખે. હસીહસીને બાપુનું કામ અને વધારામાં પોતાના અભ્યાસને જરા આંચ આવવા ન દે. અને નાનજીકાકા એવા કે એમને કોઈક વસ્તુ પ્રતિકૂળ તોયે એ વાત એમની જીભ પર આવે ને જે છે તે સરસ છે, ઘણું સરસ છે પુત્રીના કાર્યની પ્રશંસા કરે.

લીલા નાનજીકાકાની એકની એક દીક એટલે નાનજીકાકાને એના પર નાનપણથી બહુ હેત હતું. વળી નાનજીકાકાએ સગાં-વહાલાંમાં અને ગામમાં જોયેલું, કે દીકરી કોઈ સારી રીતે ઉછેરે નહિ, ભણાવે નહિ હેતપ્રીત બતાવે નહિ ને વહેલીવહેલી પરણાવી દે, એટલે એમના મનમાં પહેલેથી જ નિશ્ચ હતો કે હું મારી લીલાને ખૂબ ભણાવીશ. એ કહેશે એટલું ને ત્યાં સુધી ભણાવીશ. પરણવાનું તો એની મરજી ઉપર જ છોડી દઈશ. આવી વાત તેઓ કયારેક ઘરમાં કરતા તો કુટુંબીઓ બધા હસતાં: 'છોકરીઓને તે કાં બહુ ભણાવાતી હશે?' કહી. નાનજીકાકાની ટીકા કરતા, પણ નાનજીકાકા 'જોજો ને!' એટલા ટૂંકા જવાબથી જ વાતને કાપી નાખતા.

લીલા મોટી થઈ, પરણાવવાની વાતો આવવા લાગી, ત્યારે નાનજીકાકાને ઘણું સહન કરવું પડ્યું. ખુદ એમના ઘરમાં જ બે રાગ થઈ ગયા. સવિતાબહેનને સગાં-કુટુંબીઓ બધાં જ મેણાં દેવા લાગ્યાં: 'આવડી મોટી દીકરી થઈ છે તોયે હજુ આંખ ઊઘડતી નથી! નાનજીભાઈ તો રહ્યા અલગારી માણસ, એમને દુનિયાદારીનું ભાન ન હોય પણ તમને ય એટલી સમજ નથી?' આવું સાંભળી

સાંભળીને સવિતાબહેનને પણ થયું કે વાત સાચી. દીકરી ભલે સાત ખોટની હોય પણ સાસરે જ શોભે. વળી સંતાનમાં પુત્રી સિવાય બીજું કોઈ નહિ એટલે એને પરણાવવાના ઘરઆંગણે લગ્ન માણવાના કોડ પણ એમને બહુ હતા તેથી એમણે લીલાના લગ્ન માટે વારંવાર નાનજીભાઈને તંગ કરવા માંડ્યા, પણ નાનજીકાકા ન ડગ્યા તે ન જ ડગ્યા. સવિતાબહેનના અંતરના કોડ પૂરવા કરતાં દીકરીની ઉચ્ચ ભાવનાને આવકારવાનું એમણે વધુ પસંદ કર્યું. 'મારે તો જ્યારે છોકરી ભણી ઊતરશે ને પોતાની મેળે જ કહેશે કે લગ્ન કરવાં છે ત્યારે જ હું કરીશ,' ને એમનો એક જવાબ હતો.

લીલાએ પણ બાપુના આદર્શોને બરાબર પિછાની લીધા. ખાદીધારી, સેવાભાવી પિતા પોતાની પુત્રી માટે શું ઇચ્છે છે એ એણે જાણી લીધું ને બાપુને કહી દીધું, કે 'હું તો આજન્મ કુમારિકા રહી દાક્તર બનીશ અને ભારતદેશનાં દીનદુખિયાંની સેવા કરીશ.' પુત્રીનો આ નિર્ણય જાણ્યા પછી બાપુનું હૃદય વધુ મજબૂત બન્યું. સમાજ સામે, ઘર સામે અને ખુદ પોતાની પત્નીની મરજી સામે થઈને એમણે દીકરીને આગળ ભણાવવાની સગવડ કરી આપી, દીકરી કાંઈક કરી બતાવે તે પહેલાં મા તો ચાલી ગઈ, પરંતુ પિતા એમની એ પુત્રીના પવિત્ર નિર્ણયને જોવા ભાગ્યશાળી બન્યા. એમણે જ્યારે જોયું કે અનેક સામાજિક અને આર્થિક વિટંબણામાંથી પુત્રી હિંમતભેર પસાર થાય છે, પરદેશ સુધી એકલી જઈ આવે છે; સંપૂર્ણ દાક્તરી જ્ઞાન મેળવી, દુનિયાના મોજશોખ, વિલાસ, વૈભવ છોડી દેશના ઊંડા ખૂણે આવેલા કોઈ ગામડામાં એની ભાવના પ્રમાણે દીનદુઃખિયાંની સેવા કરવા બેસી જાય છે, ત્યારે તેઓ પોતાના જીવનની કૃતાર્થતા સમજે છે. પુત્રી પોતાના આદર્શપાલનનો આત્મસંતોષ અનુભવે છે, અને 'છોકરીને શું કામ ભણાવવી ?' કહેનારા મોંમાં આંગળી નાખી ચકિત નજરે પિતા–પુત્રીની આદર્શ જિંદગી નિહાળી રહ્યા છે.

*

ઈસપને એના શેઠે એક દિવસ પૂછ્યું: 'શરીરમાં ઉત્તમોત્તમ ચીજ કઈ?'

'જીભ, કારણકે તત્ત્વજ્ઞાન ને વિદ્યા એનાથી ઉત્પન્ન થયાં છે. અતિથિનું સ્વાગત, સાચું બોલવાનું કામ, લગ્ન, વેપાર–આપણા જીવનનો સર્વ વ્યવહાર એના દ્વારા જ ચાલે છે.'

વળી થોડીકવાર પછી પ્રશ્ન કર્યો: 'ત્યારે શરીરનું ખરાબમાં ખરાબ અંગ ?'

'જીભ જ; કેમકે એ તકરાર કરાવે છે, અસત્ય, અન્યાય, છૂપી મસલતો ને રાષ્ટ્ર–રાષ્ટ્ર વચ્ચેની લડાઈને માટે એ જ જવાબદાર છે. વર્ષો જૂના સ્નેહનો એ નાશ કરે છે, કોઈનો માર ભુલાય, પણ જીભે દીધેલા ડામ કદી વિસરાતા નથી.'

×

કનુ 'બાથ'માં નાહવા જતો હતો. ઘણીવાર એનાં કપડાં ચોરાઈ જતાં. એ અકળાઈ ઊઠયો હતો. અંતે એક દિવસ ખીંટીએ ટિંગાડેલો તદ્દન નવો કોટ એક ભાઈને પહેરતાં જોઈ તેને ખભે પાછળથી હાથ મૂકી એણે નમ્રતાથી પ્રશ્ન કર્યો:

'માફ કરજો ભાઈ, પણ પ્રાર્થનાસમાજ પર આવેલ ધનભુવનમાં ત્રીજે માળે રહેતા કનુ રાવળ તમે કે ?'

'જી...જી...નહીં !' સામાએ વિવેક બતાવ્યો; એણે તે અરસામાં કોટ પહેરી લીધો હતો.

'તો માફ કરજો ભાઈ, આ કોટ તમે ભૂલથી પહેર્યો છે; એ કનુ રાવળ હું છું.'

શરમથી ડઘાઈ પેલા ભાઈ કોટ કાઢી નાખી પોબારા ગણી ગયા !

×

વજન કેમ ઘટે?

લેખક :
શ્રી હરરાય અમુલખરાય દેસાઈ
બી. એ; એસ. ટી. સી.

૧૯૫૧ના નવેમ્બર માસના 'અખંડ આનંદ'ના અંકમાં 'પ્રૌઢો અને વૃદ્ધોનું વધુ પડતું વજન'નો મારો લેખ પ્રસિદ્ધ થયો હતો. હવે એવું વજન કમી કરવાના રસ્તા જાણવા જોઈએ. કોઈ પણ ભાઈ કે બહેનને વધુપડતા જાડા થવાનું પસંદ નથી. સમજુ માણસો સમજે છે કે જ્યારે શરીર પર મેદ જામે છે, ત્યારે એવો મેદ હૃદય પર પણ જામે છે અને તેની અસરથી હૃદય નબળું પડે છે, પરિણામે એથી અનેક રોગો થાય છે. આવા રોગ જેમને થાય છે તેમનું મોત પાસે આવે છે. એ બીકે ઘણાયે જાડા માણસો વજન ઘટાડવાને માટે જાહેરખબરો વાંચી તેમાં આપેલા ઉપાયો અજમાવે છે અથવા વૈદ-દાક્તરોની સલાહ લે છે.

ગભરાયેલા જાડા માણસોની ગભરામણ અને બીકનો લાભ લેનારા માણસોની આકર્ષક જાહેરખબરોથી દોરવાઈ જઈ તેનો આશરો લે છે તેમણે ચેતીને પગલાં ભરવાં જોઈએ. જો તે જાહેરખબરો દવાની હોય તો તે દવાઓ દાકતરોની અને એમાંયે ખાસ કરીને આ વિષયમાં નિષ્ણાત દાકતરોની સલાહ વગર વાપરવી નહિ; કારણકે શા કારણથી શરીરમાં મેદ વધ્યો છે તેની પૂરી ખાતરી ન થાય ત્યાં સુધી કોઈ પણ દવા લઈ શકાય નહિ અને એવી ખાતરી દાકતરી તપાસથી જ થાય. બીજી જાહેરખબરો ચરબી ઉતારવાને સારુ ખાસ બનાવેલાં સાધનોની હોય છે. આ સાધનો શું કરી શકે તેની વાત પણ અહીં કરીશું.

મેદ વધવાનાં બે કારણો છે: એક તો શરીરની વાહિનીશૂન્ય ગ્રંથિઓ વકરે તેથી મેદ વધે છે અને બીજું વધારેપડતો ખોરાક ખાઈએ તેથી મેદ વધે છે. શરીરમાં અનેક ગ્રંથિઓ છે. તેમની અંદર અનેક રાસાયણિક ક્રિયાઓ થાય છે, જેને પરિણામે રસો પેદા થાય છે. આ બધા રસો તેમાંથી નીકળી લોહીમાં ભળે છે, જેથી શરીરને અનેક લાભ થાય છે. જ્યાં સુધી આ ગ્રંથિઓ નિયમસર કામ કરે છે, ત્યાં સુધી કંઈ હરકત આવતી નથી, પણ કોઈક કારણસર તે વકરે તો તેથી શરીરમાં અનેક ન ઇચ્છવાજોગ ફેરફારો થાય છે. આમાં કેટલીક ગ્રંથિઓ વકરે તો શરીરમાં મેદ જામે છે. આવો મેદ કમી કરવા સારુ જે દાકતરોએ આવી ગ્રંથિઓનો ખાસ અભ્યાસ કર્યો હોય તે જ તેના ઉપાયો કરી શકે. તેમની પાસે શારીરિક તપાસ કરાવ્યા વગર જાહેરખબરોમાં આપેલી ગ્રંથિઓની દવા ખાઈએ તો તેથી લાભ ન થાય. ચરબી તો તેમની તેમ રહે કે કદાચ વધે, પણ પૈસા જાય અને કદાચ વિપરીત પરિણામ આવે તો વહેલા મોતને શરણ જવાય.

વળી જાહેરખબરોમાં મેદ ઉતારવાનાં સાધનોના ગુણ ગાયા હોય છે. માલિસગૃહો, ટર્કિશ બાથવાળાઓ, કસરતો કરવાનાં જુદાંજુદાં સાધનો બનાવનારાઓ પોતપોતાની ચીજોના અનેક ગુણોનાં બણગાં ફૂંકે છે અને મેદ ઉતારવાની ઈચ્છાવાળાઓને આ સાધનો ખરીદવા અને વાપરી જોવા આગ્રહપૂર્વક ભલામણ કરે છે. તેમાં તેઓ અનેક પ્રમાણપત્રો રજૂ કરે છે, અનેક જાડા મટી પાતળા થયેલા માણસોનાં ચિત્રો છાપે છે, અને અનેક ધમકીઓ અને લાલચો આપે છે. કોઈ પણ પ્રકારે તેમને આશરે જવા તેઓ આગ્રહ

છે. આ બધાથી કંઈ પણ લાભ થાય છે કે કેમ તે જોઈએ.

માલિસ કરાવવાથી માલિસ કરનારને કરાવનારને ખૂબ પરસેવો થાય છે એ છે. માલિસ કરનારને કસરત પણ ખૂબ છે તેથી તેને કદાચ વધારે લાભ થાય માલિસ કરાવનાર દરદીનો મેદ ન ઘટે. જેવા દેખાતા મહંતો અને ચોખાઓ બે કલાક માલિસ કરાવે છે, પણ નાં શરીર પરથી એક વાટો પણ ખસતો એક અમેરિકન દાકતરે પોતાના એક છ માસ સુધી માલિસ કરાવ્યું. આ શરૂ કરતાં પહેલાં તેણે બે પગોને માપીને નાં માપ નોંધી રાખેલાં. છ માસ થયા બંને પગો સરખા જ માલૂમ પડ્યા. લિસથી એકે પગ પાતળો ન થયો.

તેમ છતાં માલિસગૃહોનો લાભ લઈ માણસો આવાં ગૃહોવાળાની હોશિયારીનાં વખાણ કરે છે. એવા એક ભાઈને મળ્યો. તેમણે મદ્રાસ ઇલાકાના એક તા માલિસગૃહનો લાભ લીધો હતો. ત્યાં લિસ તો થતી, પણ તે ભાઈના કહેવા મુજબ રાકનિયમન પણ ખૂબ થતું હતું. તેમના આહારપર એટલો બધો કાપ મૂકેલો કે પહેલા દહાડા તે ભાઈને ૨૫૦૦થી ૩૦૦૦ કેલોરી તા અને શક્તિ મળે એટલો ખોરાક વાને બદલે ૧૫૦૦થી યે ઓછી કેલોરી તા અને કાર્યશક્તિ મળે એટલો રાક મળતો; એટલે ખરું જોતાં તેમને ઓછો ખોરાક મળતો તેથી તેમને લાભ લો. જો તે માલિસગૃહના માલિકે ફક્ત લિસ પર જ આધાર રાખ્યો હોત તો દરદીને કંઈ લાભ ન થાત. વળી જો તેણે લિસ ન કરી હોત તો દરદીને તેણે પૈસે ટલો છોલ્યો તેટલો તે છોલાત નહિ. આ દરદીએ તેની ગજબ મહેનત જોઈને તેને ઘણા પૈસા આપેલા.

તો શું ‘ ટર્કિશ બાથ ’થી ચરબી ઊતરે છે? આવા બાથની ગરમીથી શરીરનાં છિદ્રો ખુલ્લાં થઈ જાય છે અને ખૂબ પરસેવો છૂટે આમ પરસેવો થવાને લીધે જે માણસો તેનો લાભ લે તેમનું વજન તે વખતે ઓછું થાય, પણ તે પછી પ્રવાહી લે એટલે તેમનું વજન પાછું હતું તેટલું થઈ રહે છે. આવા બાથની ગરમીથી ચરબી ઓગળે નહિ. શરીરની ચરબી જો એમ ગરમીથી ઓગળતી હોત તો તો સારો એવો તડકો ખાવાથી પણ પાતળા થઈ જવાત.

ટર્કિશ બાથથી ચરબી ઓછી ન થાય તો કસરતથી તેમ થાય? પહેલી વાત તો એ છે કે માણસોનાં શરીર પર મેદ વધે એટલે તેમની સ્ફૂર્તિ ઓછી થાય છે, તેમનાથી દોડાય નહિ, કુદાય નહિ અને વાંકાચૂકા વળવામાં તેમને હરકત પડે છે. વળી તેમના હૃદય પર ચરબી બાઝી હોય તેથી તેમને ખૂબ શ્રમ અપાતો નથી. એક અધોળ ચરબી શરીરમાંથી કમી કરવી હોય તો કેટલી કેલોરી શક્તિનો વ્યય કરવો પડે તેનો વિચાર તે બાબતના નિષ્ણાતોએ કર્યો છે. તેમના કહેવા પ્રમાણે જે માણસો એકી સાથે ૮૦ દાદરા ચડી જાય, કે કલાકના ત્રણ માઈલની ઝડપે દોઢ કલાક ચાલે, કે પોણાત્રણ માઈલ દોડે, કે પોણાત્રણ કલાક ઘોડા પર સવારી કરે, કે એક કલાક પિંગપોંગની ઝડપી રમત રમે, કે ૪૦–૪૨ મિનિટ સુધી લાકડાં ફાડે, કે ૭૦૦૦ રતલથી વધારે રેતી પાવડા વડે ખસેડે, તો તેમના શરીરમાંથી એક અધોળ ચરબી ઓછી થાય; એટલે પા રતલ ચરબી ઘટાડવાની ઇચ્છા રાખનારાઓને આથી ચારગણું કામ કરવું પડે અને એક રતલ ચરબી ઘટાડવાની ઇચ્છા રાખનારાઓને આથી સોળગણું

કામ કરવું પડે છે. જો કોઈ વધારે જાડો થઈ ગયેલો માણસ આટલો શ્રમ લે તો તેનું હૃદય જ બંધ થઈ જાય, તો પછી કરવું શું ?

જો ગ્રંથિઓના વકરવાથી મેદ ન જામ્યો હોય તો તે મેદ વધારેપડતા ખોરાકથી જામેલો હોવો જોઈએ. એટલે ખોરાક પર તેવા દરદીએ લક્ષ આપવું જોઈએ. તે જો ૨૫૦૦ કે ૩૦૦૦ કેલોરીથી વધારે ખોરાક ખાતો હોય તો તેણે ૫૦૦થી ૭૦૦ કેલોરી ખોરાક ઓછો લેવો એટલે તેના શરીરમાંથી ચરબી ખવાતી જશે અને તે પાતળો થતો જશે. એક અધોળ ચરબીમાંથી ૨૫૨ કેલોરીથી વધારે ગરમી પેદા થાય છે, તો ૫૦૦થી ૭૦૦ કે વધારે કેલોરી ગરમી ઉત્પન્ન એટલો ખોરાક કમી કરવાથી રોજ તે બે-ત્રણ અધોળ ઘટે છે એટલે માસ–બે માસમાં તો તે ચાર–છ રતલ હલકો થઈ જાય છે.

આ કેલોરી શું હશે તે સમજવાની જરૂર છે. ૧૦૦૦ ગ્રામ અથવા ૨ ૧/૫ રતલ પાણીની ગરમી એક ડિગ્રી વધારવાને સારુ જેટલી ગરમી જોઈએ તેટલી ગરમીને એક કેલોરી ગરમી કહે છે. આવી ઉષ્ણતા કે ગરમી આપનાર ખોરાકથી માણસની કાર્યશક્તિ વધે છે. એક અધોળ ઘઉં, ચોખા, દાળ અને કઠોળ શરીરમાં જાય, તે પચે તો તેમાંથી લગભગ ૧૦૦ કેલોરી ગરમી કે કાર્યશક્તિ પેદા થાય છે. એક અધોળ ઘી કે તેલથી ૨૫૨ કેલોરી પેદા થાય છે. એક અધોળ ખાંડ કે ગોળથી લગભગ ૧૦૦ કેલોરી પેદા થાય છે. એક અધોળ મગફળીના દાણાથી ૧૫૫ કેલોરી પેદા થાય છે. એક અધોળ કંદમૂળોથી' ૬થી ૩૦ કેલોરી પેદા થાય છે અને એક અધોળ ભાજીઓથી ૪થી ૫ કેલોરી પેદા થાય છે. કંદોમાં ખટાકા અને શકરિયાં વધારે ગરમી પેદા કરે છે અને ગાજર–મૂળા જેવા પાણીપોચાં કંદોથી ઘણી ઓછી ગરમી પેદા થાય છે. જુદીજુદી ચીજો ખાવાથી કેટલી કેટલી ગરમી પેદા થાય છે એનો કોઠો હાલની કોઈ પણ આરોગ્યશાસ્ત્રની મોટી ચોપડીઓમાંથી મળશે અથવા સર રોબર્ટ મેક્કેરીસનની લખેલી ખોરાક સંબંધીની ચોપડીમાંથી મળશે. આવો એક કોઠો ઉતારીને તૈયાર રાખવો કે કઈ ચીજો છોડવાથી કેટલી કેલોરી ખોરાક કમી કર્યો તેનું ભાન થાય.

આ ખોરાકનિયમનની બાબતમાં પોતે પોતાની જાતને વખાણે અને ખોરાક સંબંધી નિષ્ણાત માને અને લોકોને ભરમાવી તેમની પાસેથી પોતાની સલાહ વગેરેના પૈસા પડાવે એવા લેભાગુ વૈદો, હકીમો, આહારનિષ્ણાતો વગેરે ફાટી નીકળ્યા છે અને તેઓ આવા દરદીઓના ખોરાકનું નિયમન કરવાનો દાવો કરે છે.

એવા એક નીમ હકીમને પાલવે પડેલા એક દરદીને મેં જોયેલા. તેમને ફક્ત મગના પાણી પર માસ ઉપર રાખેલા અને તે દરદી એવા તો પગ ઘસતા થઈ ગયા કે તેમને ખાટલો સેવવો પડ્યો અને દાક્તરની મદદ લેવી પડી. તે બિચારા ઘણે દહાડે સારા થયા. તેમની વાત ઉપરથી મારી ખાતરી થઈ કે જો તે દરદીએ 'ડાયેટ' (નિયમબદ્ધ ખોરાક) ચાલુ રાખ્યો હોત તો તેમનું મોત હાથવેંતમાં જ હતું. આ ડાયેટ કરાવનાર દાક્તરને આહાર સંબંધી જ્ઞાન હોવું જોઈએ. તેમના હાથમાં ગયેલા દરદીને તે પૂરતા પ્રમાણમાં માંસદ તત્ત્વો એટલે માંસજનક તત્ત્વો આપશે, પૂરતા પ્રમાણમાં વિટામિનો એટલે જીવનસત્ત્વો આપશે પણ એવી કેટલીક ચીજો છોડાવશે કે જેથી તેના શરીરમાં ઉષ્ણતા ઓછી ઉત્પન્ન થાય અને તેનો તેથી મેદ ઘટે પણ શક્તિ અને સ્ફૂર્તિ કાયમ રહે. આ

શક્કરી તેવા દરદીના શાકમાંથી વધુ ગરમી આપનારા બટાકા અને શકરિયાં કમી કરી ઉત્તમ જીવનસત્ત્વો આપનારા પણ ઓછી ગરમી આપનારા ગાજર અને મૂળા વધારે આપશે. તેઓ તેને લિંબુના વર્ગનાં ફળો આપશે કે જેથી તેને ખૂબ જીવનસત્ત્વ 'ક' મળી રહે ને તેમનું લોહી ચોખ્ખું થશે. તેઓ તેને ભાજીઓ સારા પ્રમાણમાં આપશે જેથી તેના લોહીમાં ઉત્તમ ક્ષારો સારા પ્રમાણમાં આવે. તેઓ તેલ ઘણું ઓછું કરશે અને ઘી પર પણ કાપ મૂકશે. તેઓ તેના દૂધમાંથી થોડી મલાઈ કાઢી નાખશે. આ તેલ, ઘી અને મલાઈ ઓછાં થવાથી દરદીના શરીરમાં ઉષ્ણતા ઓછી પેદા થશે. પણ દૂધ પૂરતા પ્રમાણમાં લેવાથી તેને ઉત્તમ પ્રોટિન એટલે માંસદ પદાર્થ સારા પ્રમાણમાં મળી રહેશે. તેનાં ખાંડ અને ગોળ કમી કરશે, પણ તેથી કંઈ ગેરલાભ નહિ થાય. તેના ખોરાકમાંથી કોઈ પણ આહારશાસ્ત્રી પ્રોટિન અથવા માંસદ પદાર્થ કમી નહિ કરે, કારણ કે તેના ઉપર તેના હૃદય અને બીજા અંદરના અવયવોની શક્તિનો આધાર છે. હૃદય, ફેફસાં વગેરે અંદરના અવયવોની શક્તિ કાયમ રાખવા માટે ૧૫૦૦ કેલોરી ગરમી કે કાર્યશક્તિ જોઈએ. વળી આખા શરીરને જોઈએ તેથી આ બધા ઉપરાંત પ્રોટિનો કે માંસદ તત્ત્વો આ અવયવો માટે વપરાય છે. આ અવયવોને આટલી બધી કાર્યશક્તિ ઉત્પન્ન થાય એટલો ખોરાક જોઈએ એ વાંચી ઘણાને અજાયબી થશે, પણ તેમને એકલા હૃદયની કામગીરી સમજાવવાથી તે અજાયબી દૂર થશે.

સારા માણસનું હૃદય એક મિનિટમાં ૮૦ વાર ધબકે છે એટલે તે કલાકમાં ૪૮૦૦ વાર ધબકે છે, પરિણામે આખા દિવસમાં તે ૧,૧૫,૨૦૦ વાર ધબકે છે. દરેક ધબકારે તે ૩ અધોળ લોહી બહાર ધકેલે છે; એટલે આખા દિવસમાં તે ૨૧૬૦૦ રતલ લોહી શરીરમાં ફરવા મોકલે છે, એટલે કે તે લગભગ સાડાનવ ટન લોહી શરીરમાં મોકલે છે. તે જેટલું બળ એક કલાકમાં કરે છે તેટલું બધું બળ એકી વખતે કરે તો તે સાડાત્રણ મણના માણસને એકદમ બીજા માળને છાપરે મૂકી દે !

આથી એક વાત સમજાશે કે આ અવયવો જે રાતદિવસ કામ કર્યા કરે છે, તેમની શક્તિ જાળવવાને માટે તેમના પૂરતો ખોરાક તો લેવો જ પડે છે અને બીજા અવયવોને તંદુરસ્ત રાખવા જેટલો ખોરાક લેવો પડે છે. પુખ્ત ઉંમરના તંદુરસ્ત માણસોને ૨૫૦૦થી ૩૦૦૦ કેલોરી ગરમી મળે એટલો ખોરાક જોઈએ. તેમાં તેમણે ૩થી ૩½ અધોળ માંસદ તત્ત્વો લેવાં જોઈએ, એટલે તેમાંથી તેમને ૩૦૦થી ૩૫૦ ગરમી મળી રહે. તેમણે ૩ અધોળની આસપાસ ઘી, તેલ, માખણ વગેરે લેવાં જોઈએ; એટલે તેમાંથી તેમને ૭૫૬ કેલોરી ગરમી મળી રહે. તેમણે કાંજી અને શર્કરાના પદાર્થો મળીને ૧૨થી ૧૮ અધોળ લેવા જોઈએ, જેથી તેમાંથી ૧૨૦૦થી ૧૮૦૦ કેલોરી ગરમી મળી રહે. પા. ૭૮ પર આપેલા કોઠા અનુસાર જુદીજુદી ચીજો ખાવાથી પુખ્ત ઉમ્મરના માણસને જોઈતા પ્રમાણમાં પ્રોટિન કે માંસદ તત્ત્વો મળી રહેશે અને સાથેસાથે જોઈતી કેલોરી ગરમી કે કાર્યશક્તિ પણ મળી રહેશે.

ગુજરાતીઓ ૧૬ અધોળ લોટ નથી ખાતા, તેઓ બહુબહુ તો ૧૨ અધોળ લોટ ખાય છે; એટલે તેમને ચોખ્ખી ૨૯૦૦ કેલોરી જેટલી ગરમી મળી રહે છે. આથી તેમને લગભગ ૯૦ ગ્રામ અથવા ૩½ અધોળ પ્રોટિન પણ મળી રહે છે.

	ખાવાની ચીજો	વજન અધોળમાં	તેમાંથી મળતાં પ્રોટિનો ગ્રામમાં લગભગ	તેમાંથી મળતી ગરમી કે કાર્યશક્તિ કેલોરીમાં લગભગ
૧	હાથછડના ચોખા	૩	૭	૩૦૦
૨	ઘઉં, બાજરી કે જુવારનો થૂલાવાળો લોટ	૧૬	૫૧.૫	૧૬૦૦
૩	દાળ કે કઠોળ	૩	૨૩.૫	૩૦૦
૪	ભોંયશિંગ કે મગફળી	½	૩.૫	૭૭
૫	કંદમૂળો, ફળ, શાક અને ઋતુનાં ફળો	૬	૨.૦	૭૨
૬	લીલી ભાજીઓ	૬	૨.૫	૪૨
૭	દૂધ ચોખ્ખું	૧૮	૨૩.૫	૫૪૦
૮	તેલ	૧	×	૨૫૨
૯	ઘી	૧	×	૨૫૨
૧૦	ખાંડ અને ગોળ	૧½		૧૬૦
			૧૧૩.૫	૩૫૯૫
	દશ ટકા બગાડ આશરે		૧૩.૦	૩૬૦
			૧૦૦.૫	૩૨૩૫

જેમણે ચરબી ઉતારવી હોય તેમણે પ્રોટિનનો જથો ઘટાડ્યા વગર ઓછી કેલોરી ગરમી ઉત્પન્ન થાય એવો ખોરાક લેવો. તે સારુ અમુક ચીજો મૂકી દેવી અને અમુકનાં રૂપ બદલવાં. ફક્ત ગોળ ખાંડ–મૂકી દઈએ અને મોળાં ચા–દૂધ પીએ તો લગભગ ૧૬૦ કેલોરી ઓછી મળે અને પ્રોટિનોમાં કંઈ ઓછું ન થાય. તે જ પ્રમાણે જો તેલ અડધો અધોળ કરીએ તો ૧૧૬ કેલોરી ગરમી ઓછી મળે. ભોંયશિંગને બદલે તેટલો જ તેનો ખોળ લઈએ તો પ્રોટિન વધારે મળે અને ગરમી ઓછી મળે. આમ કરી ધાન્યોનો લોટ ચાર અધોળ કમી કરીએ તો થોડું પ્રોટિન ઓછું થાય એટલે બધું લગભગ સરભર થઈ જાય. પણ આટલું મૂકી દેવાથી ૪૦૦ કેલોરી ગરમી ઓછી મળશે. કંદમૂળમાં બટાકા, શકરિયાં, રતાળુ, સૂરણ મૂકી દઈ ગાજર, મૂળા અને બીજા પાણીથી ભરેલા કંદો લઈએ તો તેથી પણ રોજની ૨૦–૨૫ કેલોરી ઓછી થાય. અડધા દૂધમાંથી મલાઈ કાઢી લઈએ તો તેથી પ્રોટિન એનું એ રહે પણ ચરબી ઓછી થવાથી ઘણી કેલોરી ઓછી થાય. આવા ફેરફારથી ૮૦૦થી ૧૦૦૦ કેલોરી ગરમી કે કાર્યશક્તિ ઓછી મળે પણ પ્રોટિન કે માંસદતત્ત્વ ૯૦ ગ્રામ એટલે ૩½ અધોળ જેટલું મળી રહે. આટલા પ્રોટિનથી શરીરની અંદરના અવયવો તેમજ શરીરના બીજા અવયવોની શક્તિ જળવાઈ રહે. ફક્ત કેલોરીની

ખોટ પડે અને તેથી ઉષ્ણતા તથા કામ કરવાની શક્તિ ઓછી મળે. આ ઉષ્ણતા અને કાર્યશક્તિ મેળવવાને સારુ શરીરમાંની ચરબી વપરાતી જશે. કોઈક કહેશે કે લોટ ઓછો કરવાથી તેમની ભૂખ ભાગશે નહિ એટલે ભૂખની તૃપ્તિ સારુ તેમણે મોસંબી કે દ્રાક્ષનો રસ એક પ્યાલો ભરીને પીવો અથવા ગાજર, ભાજી વગેરે વધારે ખાવાં કે ટેટી વગેરે સસ્તાં ફળ મળતાં હોય તો તે ખાવાં. એમાં પાણી ઘણું હોય તેથી પેટ ભરાશે, પણ ગરમી ઘણી ઓછી મળશે. તે ઉપરાંત તેથી જીવનતત્ત્વ ને ક્ષારો ઘણા મળવાથી લાભ થશે. ૮૦૦થી ૧૦૦૦ કેલોરી ઓછી મળે એટલો ખોરાક કમી થાય તો એકાદ માસમાં છથી ૮ રતલ ચરબી ઘટશે અને છ માસમાં સવાએક મણ વજન ઘટશે.

આ પ્રયોગ કરનારા માણસોએ ધીરજ રાખવી. એકદમ શરીર ઉતારવાનો પ્રયત્ન કદી કરવો નહિ. બહુમાં બહુ માણસ ૧૦૦૦થી ૧૨૦૦ કેલોરી ગરમી ઓછી મળે એટલો ખોરાક કમી કરી શકે. કદાચ તેમાં કોઈક દિવસ આઈસ્ક્રીમ વગેરે ખાઈ જવાશે, પણ એવી એકાદ ભૂલથી કંઈ ગેરલાભ નથી. પણ જો ચાલુ ભૂલ કર્યા કરાય તો ચરબી ઉતારવાનો પ્રયોગ નિષ્ફળ જાય.

ચરબી ઉતારવાનો પ્રયત્ન કરનારે પોતાની પાસે ત્રણ ચીજો ખાસ રાખવી. એક તો ઉષ્ણતા અને પ્રોટિનદર્શક ખોરાકનો તકતો, બીજું વજન કરવાનો કાંટો અને ત્રીજું મોટો આયનો. આયનો નાહવાની ઓરડીમાં રાખવો કે પોતે ધીમેધીમે પાતળા થાય છે તે જોઈ તેમને આનંદ થાય: કેમને થોડા દહાડામાં લાગશે કે પોતે ગેંડા કે ભૂંડ જેવા ન દેખાતાં સુંદર મનુષ્ય જેવા દેખાવા લાગ્યા છે. કાંટો તેમનું વજન કેટલું કેટલું ઘટે છે તે તેમને દેખાડશે. ખોરાકના નકશા પરથી ખોરાક ઓછોવત્તો કરતી વખતે શું ઓછું ખાવાથી શરીરને જોઈતાં પ્રોટિનો મળી રહે, પણ ગરમી ઓછી પેદા થાય તેની ગણતરી થઈ શકશે. આ કામ પોતે કરતા હોય ત્યારે દર અઠવાડિયે દાક્તરને પોતાનું શરીર દેખાડતા રહેવું કે તે હૃદય વગેરે તપાસી પોતાનો અભિપ્રાય અને સલાહ આપે. આ સલાહ લેવામાં ચૂકવું નહિ. દાક્તર શરીરના સંચાના નિષ્ણાત છે અને તેમની સલાહ પગલેપગલે આવશ્યક છે.

☆

૧૯૪૫માં એક માણસને લશ્કરમાં લેફ્ટેનન્ટ બનાવવામાં આવ્યો. લંડનના ગેઝેટમાં એ પ્રમાણેની જાહેરાત થઈ. એની નિમણૂક ૧લી એપ્રિલ ૧૯૪૫થી અમલમાં આવેલી ગણવાની હતી. નવા લેફ્ટેનન્ટે જાહેરાતમાં બરાબર જોયું તો એમાં ભૂલથી તારીખ ૧લી એપ્રિલ ૧૦૪૫ છપાઈ હતી. એણે તરત જ ખજાનચીને લખ્યું કે એની નિમણૂક ૧૦૪૫ની ૧લીથી અમલમાં આવેલી ગણવાની હતી. એ હિસાબે તે મુદત પછીનો ચઢી ગયેલો બધો જ પગાર એને આપવો જોઈએ. એને નીચે પ્રમાણે જવાબ મળ્યો:

'રાજાના કાયદા અનુસાર તમારી અરજી તદ્દન બરાબર રીતે થયેલી છે. અને એ પદ્ધતિએ તમારા ખાતામાં ૩૯,૯૯૯ પાઉંડ જમા કરવામાં આવ્યા છે. તમારા પત્ર પરથી પુરવાર થાય છે કે હેસ્ટિંગ્સના યુદ્ધ પછીથી બાકી રહેનાર તમે એકલા જ માનવી છો; પરંતુ એ યુદ્ધમાં વીસ હજાર ઘોડાઓ દરેક—અંદાજે બબ્બે પાઉન્ડની કિંમતના—બેદરકારીને લીધે ગુમ થઈ ગયા હતા. અને રાજાના કાયદા પ્રમાણે ૪૦,૦૦૦ પાઉન્ડની આ જવાબદારી તમારે માથે જ પડે છે. એ પ્રમાણે મેં હિસાબ બરાબર મેળવી લીધો છે, અને તમારા ખાતામાં ચોખ્ખું એક પાઉન્ડનું દેવું ઉધાર્યું છે...'

×

ચકોરી

લેખક :
શ્રી અરવિંદ ગોખલે

ઘોડદોડની શરત આજે શ્રીમંતોનું તેમજ આપણા સમાજના લગભગ સર્વ સ્તરના વર્ગોનું ને પ્રતિનિધિઓનું વ્યસન થઈ પડ્યું છે. ચારપાંચ કલાકમાં જ લક્ષ્મીની છોળો આંગણે છલકાવી દેવાની આ અશક્ય લાલચના ચક્રાવામાં ફસાનાર પોતાની આસપાસની દુનિયા કેવો ભૂલી જાય છે! ન્યાયપ્રિય, સીધી લાઈનના, પ્રત્યક્ષ પ્રયોગ દ્વારા નીતિનો ઉપદેશ દેનાર શિક્ષકના જીવનમાં એ પ્રવેશે છે, ત્યારે... અધૂરા રહેલા આ વાક્યનો માનસશાસ્ત્રીય ઉત્તર આ વાર્તાનું સાદ્યંત વાચન આપશે. લેખકની સંમતિથી આનો અનુવાદ શ્રી સુમતિ ર. દલાલે કર્યો છે.

બાપુભાઈ માસ્તરનું આજનું પ્રવચન અતિશય આવેગભર્યું તેમજ મહત્ત્વનું હતું.

બાપુભાઈનું આખું જીવન જ આમ તો આવેગભર્યા પ્રવચન જેવું હતું. કેવળ પરીક્ષાની દૃષ્ટિએ જ છોકરાઓને શિક્ષણ આપવું, એવા હેતુથી એમણે પોતાનું શિક્ષક તરીકેનું જીવન કદી યે વેડફ્યું નહોતું. વિદ્યાર્થી એટલે પરીક્ષામાં મોકલવા માટેના શરતના ઘોડા, અને શાળા એટલે જુગારનો અડ્ડો, એવી નીતિ એમણે કદી યે નહોતી રાખી. એક વિદ્યાર્થી એમની છત્રછાયામાં આવ્યો કે એના કાચા વિષય, એનું અમુક બાબતો તરફ વળી ગયેલું મન, એની ભાવનાઓ, આકાંક્ષાઓ–બધું જ એ તપાસી લેતા. પોતાના પ્રેમાળ સ્વભાવે કરીને એ એના હૃદયમાં પ્રવેશ કરતા, અને એમના સદુપદેશ અને સત્ત્વશીલતાથી એ એનું સારું યે જીવન ઉજાળી નાંખતા. તરુણ છોકરાઓ સુવિચાર અને સન્માર્ગે વળે એટલા ખાતર એ અવિશ્રાંત મહેનત કરતા. બાપુભાઈ એટલે શિક્ષણનો આવેશ. બાપુભાઈ એટલે સન્માર્ગના સાથી અને બાપુભાઈ એટલે ઉદ્ધારના સમિધ!

કુમળા મગજને સદાચારને રસ્તે દોરવું, એ બાપુભાઈનો મનગમતો વિષય. અને એમનો એકનો એક દીકરો ચિંતામણિ જે એમનો સૌથી ગમતો વિદ્યાર્થી. પોતાનો પુત્ર સદાચરણ અને શુદ્ધ વર્તનથી પોતાનું જીવન પવિત્ર અને મંગલમય બનાવે એટલા માટે બાપુભાઈ તનમનધનથી પ્રયત્ન કરે. સદુપદેશની સુવાસથી પોતાના પુત્રનું જીવન શુદ્ધ રાખવાનું એમણે વ્રત લીધું હતું.

પ્રેમથી, આવેગથી અને આત્મીયતાથી બાપુભાઈ પોતાના ચિંતામણિને સન્માર્ગના પાઠ દેતા. દર શનિવારે બપોરે શાળાનાં અઠવાડિક પરીક્ષાનાં પેપરો તપાસી લઈને એ ચિંતામણિને પોતાની પાસે બોલાવતા. કલાક–દોઢ કલાક સુધી પોતાની રસાળ વાણી અને જીવંત હૃદયાવેશથી એ એને ઉપદેશ આપે. સારો વર્ગ, સારી યે સભા બાપુભાઈના રસભર્યા વાણીપ્રવાહથી મંત્રમુગ્ધ થઈ જાય, તો ચિંતામણિ જેવા ભાવનાપ્રધાન છોકરાની તો વાત જ શી કરવાની! એ પ્રવચનથી જીવનવિષયક કુતૂહલથી ઊભરાતા ચિંતામણિનું મન ભરાઈ જાય!

આટલી તલ્લીનતા ઉપર તો બાપુભાઈ ગમે તે વારી જવા તૈયાર થાય. મોહની એક ક્ષણે એવા પુસ્તકિયા પાઠ ઓછા પડે છે, એની બાપુભાઈને સારી રીતે ખબર હતી. પ્રત્યક્ષ નજરે બતાવીને આપેલા સર્વાંગીણ જ્ઞાન વગર ઘડો બરાબર બેસતો નથી, એનો

પુભાઈને સારી રીતે અનુભવ હતો. પોતાના પ્રિય વિદ્યાર્થીને દરેક વસ્તુ સ-ઉદાહરણ વીને એના કુમળા મન ઉપર અમર સ્કાર પાડવાની એમને આકાંક્ષા રહેતી. ઠું બોલવાથી માણસ કેટલી હદ સુધી ડાય છે, એ વસ્તુ એમણે ચિંતામણિને રેક કળવિકળો દ્વારા સમજાવ્યું હતું. રી કરવાથી જ નહિ, પણ ચોરી કરવાની છામાત્ર કરવાથી કેવા અનર્થ થાય છે એમણે પ્રત્યક્ષ બની ગયેલા બનાવોથી વીને સિદ્ધ કર્યું હતું. દારૂબાજીથી થતાં પરિણામો વિશે સમજાવવા માત્ર વ્યાખ્યાન-જી ન કરતાં એમણે ચિંતામણિને દારૂ-ઠીની દુકાને લઈ જઈને બધું બતાવ્યું હતું. ઓ, મારામારી, ઓકવું, ઓરડવું, કરજ-ના બોજા નીચે પિસાવું, એ બધી દુર્દશાઓ ઈને જ્યારે ચિંતામણિ ખૂબ જ બેચેન ની ગયો, ત્યારે જ એમને સંતોષ થયો તો, અને ત્યારપછી જ એ ત્યાંથી પાછા ર્યાં હતા...

આજનો વિષય ઘોડાની રેસના જુગારથી પજનારાં દારુણ દુષ્પરિણામોનો હતો !

શનિવારની બપોરે અઠવાડિક પરીક્ષાનાં પરો તપાસી રહીને હંમેશની રીત મુજબ પુભાઈએ ચિંતામણિને હાંક મારી.

એ વખત અને એ હાંક ચિંતામણિને રી રીતે પરિચિત હતાં. પિતાજીના વર્તન માટે ખૂબ જ આમન્યા, એમના ઉત્સાહથી પાતા ઉપદેશ બદ્દલ અત્યંત આદર, અને જે આત્મીયતાથી એ બધી માહિતી આપતા એને માટે અત્યંત ઉત્સુકતા ! પિતાની હાંક સાથે જ એ એમની પાસે ગયો અને કુતૂહલ-ર્વક નવા વિષય ઉપર સાંભળવા લાગ્યો.

'...તને મેં આજ સુધી અનેક પ્રકારના જુગારો વિશે કહ્યું છે. કોડીના દાવ ઉપર પૈસા રમવા, પત્તાંથી પૈસા ખેલવા અને નાનામોટા બીજા અનેક રસ્તા એને માટે વાપરવા—એક નહિ પણ અનેક !—બધો જ નસીબનો ખેલ, દૈવની કૃપા ! પણ એ સૌની પાછળ મુદ્દો માત્ર એક, ઓછામાં ઓછી મહેનતે અને ઓછામાં ઓછા વખતમાં મોટામાં મોટી રકમ કમાઈ લેવાની વૃત્તિ ! જુગારના ફંદામાં સપડાઈને પોતાનાં ધન તેમજ બુદ્ધિનો નાશ કરવો, અને આખરે પોતાની જાત અને પોતાના ઉપર અવલંબીને રહેલાંઓનાં જીવન ધૂળમાં રગદોળી મૂકવાં, એ વિશે આજ સુધીમાં આપણે ઘણું બોલ્યા અને ઘણું જોયું. આજ હું તને એક સંભાવિત, પ્રતિષ્ઠિત અને સાથે એટલા જ ભીષણ તેમજ દારુણ જુગારની વાત કહેવાનો છું. એ વ્યસનને લીધે કેટલાં યે હજારો ગરીબ તેમજ શ્રીમંત કુટુંબો રોજેરોજ નષ્ટપ્રાય થતાં જાય છે...!'

પ્રસ્તાવ પૂરો કરીને બાપુભાઈએ પ્રવચનનો આરંભ કર્યો. ચિંતામણિ કુતૂહલથી સાંભળવા લાગ્યો. ઘોડાની રેસનો ઇતિહાસ, એના પ્રકાર, એને મળેલો રાજ્યાશ્રય, બધી માહિતી ખૂબ જ મનોરંજક હતી. રેસમાં પૈસા મૂકવાની પદ્ધતિ, એને અંગે થતાં જંગી ખર્ચ ઇત્યાદિ વાતો બાપુભાઈ ખૂબ જ ગંભીરતાથી કહેવા લાગ્યા. લાખો રૂપિયાનો ધુમાડો, લાખો કુટુંબોની બરબાદી, અને રેસની સાથે જ ચાલ્યાં આવતાં ઇતર વ્યસનો; રેસને લીધે સમાજનું, રાષ્ટ્રનું અને વ્યક્તિનું કથળતું જતું શીલ, બધી વાતો એમણે એકરસ થઈને કહી. ચિંતામણિ સાંભળતો હતો, મન દઈને સાંભળતો હતો. રેસને લીધે આટલું બધું ભયંકર પરિણામ આવે છે એ સાંભળીને એ હતબુદ્ધિ થઈ ગયો. એ જુગાર, એ વ્યસનો, કેવી વિચિત્ર અને ભયંકર છે એ દુનિયા ! કેટલાં યે માણસો પોતાનું સર્વસ્વ એમાં હોમી દેતાં હશે ?

કેટલા ભીષણ ખાડાઓ એમાં ઠેરઠેર ખોદાયેલા છે! પોતાને આવા સુવિચારી પિતા છે એટલે જ પોતે...

બાપુભાઈ કહેતા હતા, 'ચાલ, તને બધું પ્રત્યક્ષ નજરે જ બતાવું છું. રેસને લીધે એકેકની કેવી દુર્દશા થાય છે તે તું જાતે જ જો. ચાલો રેસકોર્સ ઉપર...'

ચિંતામણિ ખૂબ જ ચમકી ગયો, ગભરાયો. તાડીની દુકાન પાસે એક વખત એ પિતાજી સાથે ગયો હતો, એ એને યાદ આવી ગયું. અને એનાં રૂંવાડાં ઊભાં થઈ ગયાં. હવે ઘોડાનો જુગાર જોવાનો, લોકોની બેહાલ દશા જોવાની...એને મનમાં કેવું યે કાંઈક થઈ ગયું!

સમાજ ઉપરનાં સંકટોના કરેલા સ્પષ્ટીકરણને લીધે બાપુભાઈનું પોતાનું જ મન એકદમ ગંભીર બની ગયું હતું. ચિંતામણિ બીક, અધર્મ, કુતૂહલ વગેરેથી અકળાઈ ગયો હતો. બેય અણજાણતાં, અબોલ રેસકોર્સ ઉપર પહોંચી ગયા.

બાપુભાઈને જેટલું સમજાતું હતું એટલું એ ચિંતામણિને કહેતા હતા. એમાં ચર્ચા કરવા જેવું કાંઈ હતું જ નહિ. બધું સ્પષ્ટ હતું, સરળ હતું. ચિંતામણિ ડઘાઈ ગયો હતો, બાવરો થઈ ગયો હતો. અસંખ્ય મોટરો, ઘોડાગાડીઓ રેસકોર્સની બહાર ઊભાં હતાં. અને અંદર લોકોનો રંગબેરંગી સમુદ્ર લહેરાતો હતો. અનેક પ્રકારનાં અને અનેક માણસો! શ્રીમંતો, ગોરા સાહેબો, સાહેબો, સૂટબૂટવાળાઓ, કોલેજીયનો, ખાદીધારી વ્યાપારીઓ, ફેશનેબલ સ્ત્રીઓ, કારકુન, કામગાર અને ભિખારીઓ સાથે કોઈક પ્રધાનો પણ! એ મોજાંની લહેરો સાથે પિતાજીની આંગળી બરાબર પકડીને ચિંતામણિ પણ અંદર પેઠો.

અંદર ખુલ્લો જુગાર ખેલાતો હતો. પ્રેક્ષકોની પરીક્ષા ખાતર ઘોડાઓને ફેરવવામાં આવતા હતા. જુદાજુદા ભાવ આ દલાલો લોકોનાં ખિસ્સામાંથી નોટોનાં બં ખેંચી લેતા હતા. ઘોડાના નંબરો ઉ ફટોફટ ટિકિટો વેચાતી જતી હતી. દા ઉપર અંદાજના આંકડા સંભળાતા હ અને ખિસ્સામાં પૈસાના થોક પડતા હ ઘોડાના ભાવ કુડકુડતા હતા. હુરહુર અ હર્ષ, ખળભળાટ અને ખેદ! બધું જ સ્વપ્નમય, સોનેરી સ્વર્ગ!...

પિતાજીની સાથે ચિંતામણિ બધું યે દૂર ભયચકિત નજરે જોતો હતો. લોકો ઉન્માદ થી મિલકતો લગાડતા હતા. સો અને હજાર સિવાય બીજા શબ્દો નહોતા સંભળાતા. નોટોના ઢગ ક્યાંના ક્યાં ઘસડાઈ જતા હતા. ફસાયેલા, નિરાશ થયેલા લોકો નવી ઉમ્મીદ પૂરતા હતા. રોકડ ખલાસ થાય એટલે ઘડિયાળ, ખમીસનાં બટન, ફાઉન્ટનપેન વગેરે ગીરે મૂકીને તાબડતોબ પૈસા મેળવવાની સગવડ પણ હતી. ચોક્કસ ઘોડો બતાવીને જ એક જ ક્ષણમાં લખપતિ બનાવી દેનારા જ્યોતિષીઓ પણ સેવામાં હાજર હતા અને એ આખાયે સંગીતને સાથ દેવા માટે દારૂની પ્યાલીઓના મધુર ખણખણાટ, અને નાયિકાઓનાં નખરાંઓની રમઝટ તો ચાલુ જ હતી...

...દસ રૂપિયાની નોટ લગાડીને અમે તે ઘોડા ઉપરની ટિકિટ ખરીદવાની. દેવતાઓને જપતાં, નસીબને ચકાસતાં, જીવ મુઠ્ઠીમાં લઈને રેસ જોવાની. ઘોડો જો પહેલો આવે તો એકના અનેકગણા પૈસા પાછા મળે અને ઘોડો ફોકટ ગયો તો પછી પસીનો લૂછવાનો, ધડકતી છાતી ઉપર હાથ મૂકવાનો, અને દેવને બીજો કોલ આપીને નસીબને ફરી ચકાસી જોવા માટે ફરી એક વખત પૈસાની થેલીનું મોં ખોલવાનું!–એવી રહેંટતા

ચક્કરમાં એકસરખું ફરવાનું. દસ, વીસ, ચ્ચીસ, સો, વીંટી, ઘડિયાળ, ઘર, પત્નીના ગીના અને હોય ના હોય તે બધું જ... ચિંતામણિનું મન એક સખત ઠંડી ધ્રુજારીથી ધ્રૂજી ઊઠ્યું. કેટલો મહાન આ અધઃપાત! કેટલું ભીષણ આ વ્યસન!

ચિંતામણિની આંખના એ કોમળ, કરુણ ભાવો બાપુભાઈએ વાંચ્યા. એ કુમળા મન ઉપર ધારેલું પરિણામ આવેલું જોઈને એમને સંતોષ થયો. પોતાનો ધક્કો સાર્થક થયો હતો. પોતાના પાઠ, પોતાના પ્રાત્યક્ષિક... ક્ષીક કલ્પના સૂઝવાથી એ બોલ્યા.

'જોયું, આ ચક્કરમાં માણુસ ફસાયો એટલે કેટલી ઝડપથી એ નીચો ઊતરતો જાય છે! મોહ અને વ્યસનની પકડ કેટલી મજબૂત હોય છે! અને લક્ષ્મી દરેક ક્ષણે કેવી રીતે મઝાની હુતુતુની રમત રમે છે! અને હું પ્રત્યક્ષ ગંમત જ બતાવું છું!...'

ચિંતામણિએ વિસ્મયથી નીચું જોયું તો પિતાજીએ સાચે જ દસની નોટ બહાર કાઢી હતી. એને થયું કે પિતાજીને કહું, કે રહેવા દો, મને બરાબર સમજાઈ ગયું છે બધું—પણ એ બોલ્યો નહિ. પિતાજીએ મોંમાં આવ્યો તે એક નંબર કહીને એક ટિકિટ ખરીદી અને ચિંતામણિના હાથમાં આપતાં કહ્યું.

'આ લે. ખાડામાં ગયા દસ રૂપિયા! આવી રીતે લાખો લોકોએ પૈસા લગાડ્યા છે. હવે ગમે તે કોઈ ઘોડો જીતશે, અને થોડાકને પૈસા મળશે, અને બાકીના લોકો ચળવળ કરતા બીજી દશની નોટ મૂકીને ટિકિટ ખરીદશે...'

ચિંતામણિએ પિતાની આપેલી ટિકિટ ધ્રૂજતે હાથે લીધી. પસીનાથી તરબોળ થયેલી પોતાની મુઠ્ઠીમાં એને દબાવીને પકડી રાખવાનો પ્રયત્ન કરતો એ પિતાજીનો હાથ ઝાલીને રેસ જોવા લાગ્યો.

રેસકોર્સના મેદાનની સામે ચિંતામણિ ફાવરીબાવરી નજરે નિહાળતો જેમતેમ ઊભો હતો અને બાપુભાઈ પણ આમતેમ જોતા મોં ઉપર કંટાળાની છાયા સાથે ઊભા હતા. આજુબાજુ બીજા અસંખ્ય લોકો માથાં ઊંચાં કરીને, હાથમાંના રૂમાલ ફરકાવીને કોઈ તો કૂદકા મારીમારીને રેસ નિહાળતા હતા. ગિરદી અને ધક્કાધક્કી એકસરખી વધતી જતી હતી. લોકોના ઉત્સાહનું તો જાણે પૂર આવ્યું હતું. કિકિયારીઓ, ચીસો, સીટીઓ, બૂમાબૂમ, છાતીના ધડધડાટ, ઘોડાના ડાબલાના ટપટપાટ...

અરે...અરે... સાત નંબર આવ્યો... સાત નંબર...

ચિંતામણિએ ચમકીને મુઠ્ઠી ખોલી અને ભીની થઈ ગયેલી ટિકિટ ખોલીને જોઈ. ક્ષણેક તો એને વિશ્વાસ જ બેસે નહિ. થોડી વાર એને અંધારાં આવ્યાં જેવું થયું. ઘોઘરા અવાજે એણે બાપુભાઈને કહ્યું: 'બાપુ, બાપુ, આપણી પાસે સાત નંબર જ છે—સાત નંબર...! અને ભાવ તો જુઓ—સાડાચારસો રૂપિયા!!'

બાપુભાઈ ચમકી ગયા, મૂંઝવણમાં પડી ગયા. રેસ પૂરી થતાં એક કુસ જેવું હાસ્ય કરીને, છોકરાને લઈને પાછા ફરવું અને સંધ્યાકાળને વખતે 'લોકશિક્ષણ' વિષે લખવા માંડેલો અધૂરો લેખ પૂરો કરવો, એવો કશોક વેંત એ બેસાડતા હતા; પણ ચિંતામણિના ઉદ્‌ગારોથી એ ચમકી ગયા. એમની આજુબાજુમાં આશા અને નિરાશા વચ્ચે ઝોલાં ખાતો હજારો માણસોનો સમુદાય હિલોળા ખાતો હતો અને એની વચ્ચે એ હાથમાં સાડાચારસો રૂપિયાની કિંમતની ટિકિટ હાથમાં ઝાલીને બાવરા જેવા ઊભા હતા!

બાપુભાઈએ પોતાની જાતને સંભાળી

લીધી. પરસેવાથી રેબઝેબ થઈ ગયેલા પુત્રના હાથમાંની ટિકિટ લેતાં એમણે કહ્યું:

'જોયું! જુગારની જપમાળમાં ફસાવું કેટલું સહેલું છે તે! દસના સાડાચારસો! અને એ પણ માત્ર પાંચ જ મિનિટમાં! પાંચ ડગલાં આમતેમ હાલચાલ કરી ત્યાં તો પળવારમાં લખપતિ! પણ આ ધીરી ચાલે ચાલતાં, પોતાની જાતને દોષ દેતા અસંખ્ય માણસો સામે જો. બેટાઓના સેંકડો રૂપિયા આમાં ગુમાણા હશે! એ જ આની ગંમત છે. આ લાલચ, આ મોહ—અને અંતે સર્વનાશ...'

બોલતાંબોલતાં બે ય જણ જ્યાં પૈસા વહેંચાતા હતા એ બારી પાસે આવીને લાઈનમાં ઊભા રહી ગયા!

ચિંતામણિનું હૃદય પાણીપાણી થતું હતું. અનેક વિચારોનો ઓઘ એના મનમાં ઊભરાતો હતો. આજુબાજુના લોકો, એમની દોડધામ, એમની ઝીણીઝીણી કચકચાટ એને કોઈ પારકી હોય એમ, નહોતું લાગતું. એ વ્યવસ્થિતપણે લાઈનમાં ઊભો હતો, અને એને પૈસા મળવાના હતા. છી છી! એ બધો જુગાર હતો—બધું વિષ હતું. એ બધા વ્યસની મૂર્ખ લોકો કરતાં એ જુદો હતો, અલિપ્ત હતો, દૂર હતો. એને કાંઈ સમજાય નહિ.

બાપુભાઈએ સાડાચારસોની નોટો બરાબર સંભાળીને ડગલાના અંદરના ખિસ્સામાં મૂકી અને પ્રવચનનો ઉત્તરાર્ધ ચિંતામણિને સંભળાવતાં એમણે ઘરની દિશા પકડી.

બધું આકસ્મિક બની ગયું. અનપેક્ષિત! બાપુભાઈ પણ સહેજ નંખાઈ ગયેલા જણાતા હતા. ચિંતામણિ દિવસ આખાની ધમાલને લીધે થાકી ગયો હતો. રાતે વાળુ પત્યા પછી એ પથારીમાં પડ્યો. આંખો મીંચી, પણ ઊંઘ આવે નહિ. મીંચેલી આંખો સામે એની નજરે બધે જ નોટો વેરાયલી દેખાય. ઘોડાઓની ટપાટપ, ઝટઝટ ફરતા જતા નંબરો અને પૈસા લેવા માટે ઊભેલા લોકોની લાઈનો! પથારીમાં પડ્યાંપડ્યાં એ દશ્યો જોઈને એને શરીરે ધ્રુજારી વ્યાપી ગઈ. કેટલીયે વાર સુધી એને ઊંઘ આવે નહિ. એ બધું શું થયું, સારું થયું કે ખોટું થયું, કાંઈ થયું જ શા માટે? કાંઈ ખરેખર બન્યું...? એને કાંઈ સમજાય નહિ! સવાર સુધી જાગતાં અને સ્વપ્નમાં એને એ જ દશ્યો દેખાયા કર્યાં! ફરતા નંબરો, વહેંચાતી નોટો...ઘોડાના ડાબલા...સાત નંબર...સાડાચારસો રૂપિયા અને ફરી વાર નોટો, ડાબલા, નંબર......

સાત વાગ્યે એ જાગ્યો. સવારે ઊઠતાં આટલું મોડું આ પહેલાં કદી થયું નહોતું. ચિંતામણિ શરમાયો. જલદી જલદી મોં ધોઈને એ અભ્યાસ કરવા બેઠો. અભ્યાસ, જમણ, શાળા, રમત, જમણ, અભ્યાસ... રોજનો કાર્યક્રમ યંત્રની જેમ ચાલવા લાગ્યો. પિતાજીએ આંકી આપેલા આદર્શ-ચક્રાવામાં એ ચાલતો હતો, પણ—પણ, આજ રોજના જેવો ઉત્સાહ જણાતો નહોતો. કશુંક જુદું જ લાગતું હતું. શરમાવા જેવું, સંતાવા જેવું, જાણે કશીક એબ લાગી હોય એવું! અભ્યાસ કરતી વખતે પણ પુસ્તકમાંની લીટીઓ અદશ્ય થઈ જતી અને એની જગ્યાએ નોટોનાં બંડલો દેખાવા માંડતાં: અને રમત-ના મેદાન ઉપર રેસ વખતે એકઠી થયેલી મેદની દેખાય. કેવી મજા પડી હતી શનિવારે! અચાનક જ સાડાચારસો રૂપિયા મળી ગયા. ખરો ખેલ આ! સનસનાટીભર્યો, સાહસભર્યો! અને પૈસાનું ખાસ એવું નથી. પૈસા ભલે વિષ જેવા હશે! પણ ખેલની મજા, એમાંની રસિકતા કાંઈ ઓર જ છે!!...

પિતાજી સાથે બોલતાંચાલતાં, શાળામાં ફરતાં, એને શરમાવા જેવું લાગતું. પણ મનના કોઈ એક ગુપ્ત ભાગમાં કોઈ અનેરો

આકર્ષણ, કશુંક અસ્વસ્થતાભર્યું વાતાવરણ જામતું જતું હતું: સાવ ઝાંખું, છતાં સાવ સ્પષ્ટ! બહાર બોલવાની સગવડ નહોતી. પિતાજીને એ વિષે વહેમ સુદ્ધાં પડે એમાં જોખમ હતું, પણ મનમાં દૂઝતા એ વિચારોને હાંકી કાઢવા અતિ મુશ્કેલ હતું, અશક્ય હતું. એ વધતા જ ગયા. આખોયે વખત મનને જકડીને રહેવા લાગ્યા. સારો કે દિવસ......

ચિંતામણિ ચમકી ગયો. એકેક દિવસ પસાર થઈ ગયો, અને ફરીવાર શનિવાર આવ્યો. શનિવાર! હનુમાનજીનો વાર! સવારની સ્કૂલ, અઠવાડિક પરીક્ષા, બપોરે પિતાજીનો ઉપદેશ. ના, ના, શનિવારે રેસ, દોડધામ, ખળભળ, નસીબની અજમાયશ, ઘોડાના ડાબલા, સાત નંબર, સાડાચારસો રૂપિયા!

શનિવારે સવારથી જ ચિંતામણિ બેચેન હતો. અઠવાડિક પરીક્ષા માટે તૈયારીઓ કરવાની હોવાથી બાએ એને વહેલો જગાડ્યો. આંખો ઉપર પાણી છાંટીને એ વાંચવા બેઠો, પણ પુસ્તક ઉઘાડતાં જ એને ખ્યાલમાં આવ્યું કે આજ શનિવાર છે, રેસ છે! એને વાચન સૂઝે નહિ. એક જગ્યાએ બેસી રહેવું અશક્ય લાગ્યું. એણે રૂમમાં આંટા મારવા માંડ્યા, ગાદી ઉપર આડો પડ્યો, ફરી પુસ્તક ઉપાડ્યું. છટ્ અભ્યાસમાં કાંઈ રસ નહોતો પડતો, કાંઈ સૂઝતું નહોતું; આજે રેસ છે એટલું જ માત્ર યાદ આવતું હતું!

મનનો એ ઘેલો ચાળો દૂર કરવા ચિંતામણિ રૂમમાંથી બહાર આવ્યો. રસોડામાં જઈને થોડું દૂધ પીવાથી જરા તાજગી આવશે એવો વિચાર એને આવ્યો. અભરાઈ ઉપર પડેલું દૂધનું વાસણ એણે ઊંચક્યું. એની પાસે પડેલું ફૂલપાત્ર સહેજ ખસ્યું. એની નીચે પાંચની નોટ હતી!

નોટ દેખાતાં જ એણે દૂધનું વાસણ નીચે મૂકી દીધું અને નોટ તરફ જોવા લાગ્યો. પાંચ રૂપિયા! બીજા વર્ગમાં પાંચ રૂપિયા લગાવીને ખેલી શકાય, એક વખત જ, ફક્ત એક જ ઘોડો, એક જ ઘોડો, ફક્ત એક જ વાર...

ચિંતામણિનું શરીર ધ્રૂજી ઊઠ્યું. નોટ લેવી કે? બાએ મૂકેલી એ નોટ કાં તો કામવાળીને પગાર આપવા માટે હશે કે પછી રેશન લાવવા માટે પણ હોય. એ નોટ લેવી?—એટલે કે ચોરવી?—ચોરી કરવી એટલે તો મહાપાપ! ચોરી કરવી એ તો ઠીક, પણ ચોરી કરવાનો મોહ માત્ર થવો એ પણ મહાપાપ! અને પોતે બાપુભાઈ માસ્તરનો પુત્ર!

ચિંતામણિ થરથરી ગયો. સવારના પહોરમાં જ એને રાતનો અંધકાર દેખાવા લાગ્યો. એના હૃદયમાં ધબકારા એકદમ ઝડપથી થવા લાગ્યા. મનમાં પ્રચંડ તોફાન જાગી ગયું. પાંચ રૂપિયા ઉપાડવા? ચોરી કરવી? રેસના વ્યસનમાં ફસાવું? શું કરવું? રેસની સુવર્ણ સંધી જતી કરવાની? પાંચના પચીસ થયા કે પહેલા પાંચ તો પાછા મૂકી દેવાય! એટલા પૂરતા લેવામાં શી હરકત હતી?

મન કશો નિર્ણય લે એ પહેલાં જ એણે ફૂલપાત્રી આઘી કરીને એની નીચેની નોટ પાટલૂનના ખિસ્સામાં મૂકી દીધી!

*

ચિંતામણિ બપોરે દબાતોદબાતો જ ઘેર આવ્યો.

સવારનું પેપર પણ એણે લગભગ કોરું જ પાછું આપ્યું હતું. પિતાજીની સાથે બેસીને જમતી વખતે એના ગળામાં કોળિયા અટકી જતા હતા. પિતાજીએ નવું ટ્યૂશન બાંધ્યું હોવાનું જાણતાં એનું મન આનંદથી નાચવા લાગ્યું. પોતાનો આનંદ છુપાવવા માટે એને સતત પ્રયત્ન કરવો પડતો હતો. હવે બપોરના ઉપદેશનો વારો છૂટ્યો! પિતાજીની પાસે

નહિ બેસવાનું ! બપોરે એ લગભગ દોડતો જ રેસકોર્સ જવા માટે ઊપડ્યો. બીજા વર્ગમાં પ્રવેશ કરવા માટેની પૂરતી રકમ એની પાસે હતી. અને પાંચ રૂપિયા ! નસીબે જોર કર્યું અને પહેલી જ રેસમાં પાંચના પચીસ થયા ! બાના પાંચ રૂપિયા વેગળા મૂકીને પોતાની કમાણીના પૈસા ઉપર જ એણે બાકીની રેસોમાં ખેલવાનું નક્કી કર્યું. પોતાની મેળે અંદાજ કાઢવાનો. બીજા જોડે એની ચર્ચા કરવાની અને ઈશ્વરનું નામ લઈને ટિકિટ ખરીદવાની ! પચીસના સત્તર, સત્તરના દસ ફરી પાછા દસના વીસ, ચાલીસ, સાઠ, અને ફરી વાર વીસ ! આશા–નિરાશાનો ઉન્માદક દાવ પૂરો થયો ત્યારે ચોખ્ખી વીસ રૂપિયાની કમાણી ગાંઠે હતી.

પણ ઘેર આવતાં મનમાં ધડધડાટ થતો હતો. બાને ખબર પડી ગઈ હશે ? પિતાજીને માત્ર શંકા પડી તો યે ચામડી ઊતરડી નાંખશે ! કેટલું બધું પાપ કર્યું પોતે !

બા દર્શન કરવા ગઈ હતી. ટ્યૂશન આપવા ગયેલા પિતાજી હજુ પાછા નહોતા ફર્યા. ચિંતામણિએ છુટકારાનો દમ લીધો. પાપની, સંકટની શંકા કાયમને માટે ટળી ગઈ. અભરાઈ ઉપર પાંચની નોટ હતી તેમની તેમ મૂકી દીધી અને એણે પ્રાયશ્ચિત્ત કર્યાનો સંતોષ લીધો. બાકી વધેલી નોટો સંભાળીને એ પોતાની રૂમમાં પથારીમાં પડ્યોપડ્યો રેસની રોમહર્ષક યાદો વાગોળતો હતો.

રેસ ! રોમહર્ષક રેસ ! એ કાંઈ ફક્ત રોમહર્ષક જુગારી રમત નથી. એ એક પદ્ધતિસરની શાસ્ત્રોક્ત રમત છે. એને માટે અભ્યાસ જોઈએ, અક્કલ જોઈએ, અને પોતાના જેવો બુદ્ધિવાદી છોકરો જો એનો શાસ્ત્રીય અભ્યાસ કરે તો પૈસા ગુમાવવાની–સર્વસ્વ ગુમાવવાની વાત જ શેની કરવાની હોય ? બરાબર અભ્યાસ કરવામાં આવે અને સંયમથી ખેલવામાં આવે તો શો વાંધો હોય ? માત્ર પૈસા પાછળ નહિ લાગવાનું.

એ રાતે ચિંતામણિ શાંતિથી ઊંઘી ગયો. વ્યવસ્થિત અભ્યાસ કરવાનો એણે નિશ્ચય કર્યો. જુગારની જેમ નહિ, એક શાસ્ત્ર તરીકે રમવાનું, એ નવા સુવિચારે એને શાંત નિદ્રા આવી.

બીજા દિવસથી એનો અભ્યાસ શરૂ થયો. પિતાજીનો શનિવારનો ઉપદેશ હવે બંધ થયો હતો. વળી પિતાજી કોઈક ગંભીર પુસ્તક લખવા પાછળ પડ્યા હોઈને આમે એમની સાથે બહુ ઓછું સંબંધમાં અવાતું. એટલે ચિંતામણિને પુષ્કળ સમય મળતો. ઘોડાની વંશાવળીનો અભ્યાસ કરવાનો એટલે કાંઈ કલાક દોઢ કલાકનું કામ નહોતું. એમાં યે અરબી ઘોડાની વંશાવળીનો અભ્યાસ તો પુષ્કળ ધ્યાન દઈને કરવો પડતો. પાછું ગુરુવારથી તો રેસનો ગ્રહણવેધ જ લાગતો! કયા ઘોડા દોડવાના છે, એની પાછલી ખ્યાતિ કેવીક છે, એનું વજન, એની ખાસ ટેવો, એક અને અનેક ! શનિવારે તો વહેલી સવારથી આસન જમાવીને બેસવું પડતું. કયા કયા જોકી છે, ગ્વાલિયરના મહારાજા આજે ધમાલ બોલાવવાના છે કે નહિ. ટ્રેનર તલીબનો આજે કેવોક દાવ છે. બાજ બહાદુર તો નક્કી આવવાનો જ, પણ 'જજ'નું શું પૂછવું ? અને જો ખડ્ડુએ ચાબુક વાપર્યો તો તો પછી ગધેડું જ બોર્ડ ઉપર ચડશે !–નહિ તો નો વ્હેર ! !–છટ્, શું થશે કાંઈ સમજાતું નથી...

અને રેસકોર્સ ઉપરની એ વાવંટોળભરી માદક ક્ષણ, છાનામાના જ ઘરમાંથી બહાર નીકળી જવાનું, અને કોઈ જોઈ ના જાય એવી રીતે આડે રસ્તે થઈને બીજા વર્ગમાં પેસવાનું ! અને અંદર પેસતાં જ જે ઉત્સાહ

મોજું દેખાય, તે આનંદથી બેભાન જ લી જવાય! વરસાદને લીધે રસ્તા બગડી ગયા છે, બધા 'ડાર્ક ફ્લુક્સ' આવવાના છે! કોઈ કહેતું, 'ત્રીજી રેસમાં સાતમો ઘોડો નક્કી છે. જો ત્રણ આંકડાનો ભાવ ના નીકળે તો મૂછ બોડાવી નાખું! ફરી રેસકોર્સનું પગથિયું ના ચડું!' અને આંકડા એકસરખા પડ્યાં કરે, અને નોટોની લેણદેણ બંધ પડતી જ નહિ!

...રસ વધતો ગયો, પણ ભંડોળ ઓછું પડવા લાગ્યું. રોજ રોજ નવું જ્ઞાન લાધતું જતું હતું. પણ ખિસ્સાનું દારિદ્રય ખૂલીને દેખાયા કરતું...

એવા વખતે સોનાનાં બટન સારો ભાવ ઈને ફૂંકી મારવામાં ખોટું કશું જ નહોતું. પૂરતું ભંડોળ ના હોય એ સિવાય પાકો વીન પકડતાં ફાવે એવું નહોતું. અને ગમે તે ધંધો કરો પૂરતા પૈસા તો જોઈએ જ...

બટન ગયાં, પેન ગઈ, પુસ્તક ગયાં... ચારસો-પાંચસો રૂપિયા એકઠા થાય એટલે એ જણસો પાછી લઈ લેવાનો વિચાર હતો, પણ વધારાની એકઠી થયેલી રકમ તરત જ બીજા દાવમાં લાગી જાય. અને પેન વગર કાંઈ આજ ને આજ અડી નહોતું રહ્યું. પુસ્તકો તો આમે યે કબાટમાં પડ્યાં જ રહેવાનાં હતાં; પણ ઘોડા કાંઈ ઓછા જ તબેલામાં બંધાઈ રહેવાના હતા? પૂરતું ભંડોળ એકઠું થયા પછી સેંકડોની ઊથલપાથલ થવા લાગી. અને રમતને એક નવો જ વેગ મળ્યો.

ચિંતામણિના આખા જીવનને જ એક નવો વેગ મળ્યો હતો. એ અબોલ બની ગયો હતો. એકલોએકલો ફર્યા કરતો. બાપુભાઈ હમણાં ખૂબ જ કામમાં રહેતા. રોજનો અભ્યાસ કે અઠવાડિયાનો પાઠ જોવાનો યે વખત એમને નહોતો મળતો. ચિંતામણિને ખૂબ જ નવરાશ હતી. પણ પિતાજીના ઓછાયાની યે એને ખૂબ જ ધાક લાગતી. એમને ખબર ના પડે એવી રીતે બધું કામ-કાજ કરવાનું. શનિવારનો તહેવાર પાર પાડવો, એ પણ એક ઓર જ મજાની વસ્તુ હતી, એક ચમત્કારિક બીના હતી. એ સચરાચર પાર પાડવા માટે એનું સર્વસ્વ ખર્ચાઈ જતું.

પણ એ બધી ઉપાધિઓમાં આનંદ હતો. એક મોહક ઝણઝણાટી હતી. નવી મુશ્કેલીઓ આવ્યા જ કરતી, પણ સાથે જ નવો ઉત્સાહ પણ હોય, એકાદ શનિવારે ખોટ આવી, તો બીજી વખતે બેવડો આવેશ આવે. અને હવે તો જરૂરિયાતો પણ બહુ વધી ગઈ હતી અને એને માટે એણે એક શાહુકાર સાથે નક્કી પણ કરી લીધું હતું.

ગમે તેમ કરીને પિતાજી સાથેનો મેળાપ ટાળવો, એ જ એક માત્ર કામ એને ઘરમાં તો કરવાનું હતું. અભ્યાસ, રમત–ગમત, મિત્રો, બધું યે છોડીને માત્ર રેસકોર્સ ઉપર દોડ્યા જવું, એ જ એક નાદ એને લાગ્યો હતો. અને જ્યારે દેવું કરીને ખેલવાનું હોય, ત્યારે તો આંખમાં તેલ આંજીને બુદ્ધિ પૂરેપૂરી કસીને જ રમવાનું હોય! સવારે 'ટર્ફ' ઉપર જઈને એ ઘોડાના 'ગેલપ' જોતો. હવે તો એને 'અંદર'ની ઓળખાણ પણ થઈ હતી. ત્યાંથી ખાસ ખાનગી માહિતીઓ મળતી. બક્ષિસની રકમ વતી દોડનારા ઘોડાની સંખ્યાને ભાગવાના, અને એમાં થોડા ગુણાકાર–ભાગાકાર કરીને પાકો 'વીન' શોધી કાઢવાની નવી 'લાઈન' એને જડી હતી. ખિંમશિંગના સ્ટાર્ટ વખતના હાથ જોઈને જ અંદાજ બાંધી લઈ શકાય એવી જાતનો એક તાળો પણ એને મળ્યો હતો. ચિંતામણિનું જીવન જ રેસમય બની ગયું. મેજર સામવૂર, આર. કૃષ્ણા, મિસિસ

જસ્ટીસ, કસબેકર, સદાભાઈ ભોપટકર વગેરે નામ સિવાય તો એ બોલતો જ નહિ....

અને સરદાર ચંદુલાલ શાહે જાતે થઈને એને 'ચકોરી'ની 'ટીપ' આપી હતી !

ધરતી ફાટી જાય તો યે ચકોરી જીતવાની હતી! ચિંતામણિને એમાં કશો જ સંદેહ નહોતો. અને એમાં યે જ્યારે સરદાર ચંદુલાલ શાહે, ખુદ ઘોડીના માલિકે જ એને કહ્યું, એથી વધુ બીજું શું જોઈએ ? ચિંતામણિ ગાંડો બની ગયો.

એ તાનમાં જ એ શાહુકાર પાસે ગયો. આગલા શનિવારે બધી કમાણી ડૂલ થઈ ગઈ એ બદલ એને જરા યે અફસોસ નહોતો થતો. ચકોરી ઉપર જનમારાનું દળદર ફીટવી નંખાશે એના ઉપર એને પૂરો વિશ્વાસ હતો.

પણ શાહુકાર આજે દસ રૂપિયા ધીરવા માટે પણ અખાડા કરતો હતો ! આમ જુઓ તો ચિંતામણિ પાસે બધું મળીને બસો રૂપિયા જ લેવાના હતા. તરુણ યુવાનોને પૈસા ધીરવા એ જ એ શાહુકારનો મુખ્ય ધંધો હતો, અને બાપુભાઈ માસ્તરના છોકરા પાસેથી તો ગમે તેમ કરીને રકમ વસૂલ થવાની જ છે, એની એને ખાતરી હતી. તોયે હાથઉછીના કરીને ચિંતામણિ જેવો છોકરો હંમેશ દસ–વીસ રૂપિયા માંગતો આવે, એનું એ શાહુકારને આશ્ચર્ય થતું હતું. બાપુભાઈ જેવા સદાચારણી અને લગભગ સાધુ જેવા માણસનો દીકરો આમ કરજ શાનો કરે છે, એની એને નવાઈ લાગતી હતી.

શાહુકારે પરાણે–પરાણે દસ રૂપિયા તો આપ્યા, પણ જો સાંજ સુધીમાં રકમ પાછી ના આવી તો બધું જઈને બાપુભાઈને કહી દેવાની ધમકી પણ આપી. જો બાપુભાઈ સહેજ જાણે કે છોકરાએ દેવું કર્યું છે, તો યે ચામડી ઉતરડાઈ જવાની વાત ચોક્કસ હતી...

પણ ચિંતામણિને એ ધમકીનું કાંઈ જ ન લાગ્યું. કોઈ પણ હિસાબે એને પૈસા જોઈતા હતા. અને સાંજ સુધીમાં બસો તો શું બે હજાર મળવાના, એ તો દેવવાળી હતી! શાહુકારની બધી જ વાતો કબૂલ કરીને એણે મહાલક્ષ્મીની લોકલ પકડી.

બીજા વર્ગના ભિખારી જેવા લોકો સામે એણે તુચ્છતાથી જોયું. કેવા સાલાઓ દોડી મરે છે, ગમે તેવા ઘોડા પાછળ! ચિંતામણિ પાસે આજે જાદુ નંબર હતો. સોનાનાં ઈંડાં મૂકતી મરઘી હતી. બધું જ દેવું વાળીને ઉપરથી એ મૂડી જમાવવાનો હતો.

અને એ મંગલ ઘડી આવી પહોંચી. ચકોરી થનગનતી મેદાનમાં આવી. શું એની ચાલ ! શો એનો રુઆબ ! મોહક ઠસ્સો ! જાનવર હતું જ એકદમ ઉમદા, એંટબાજ, નજર ઠરે એવું ! એની સામે બીજા ઘોડાઓ નમાલા દેખાતા હતા. કેટલો ભાગ્યવાન હશે એનો માલિક, અને કેટલો મહાન હશે એનો જોકી ! ચકોરી ! ચકોરી !

બધા જ પૈસા બારીમાં ગયા, અને ટિકિટ ખરીદાણી. રેસ શરૂ થવાની વખત થઈ. લોકોની ધાંધલ, દ્વિધાવસ્થા જોઈને ચિંતામણિ હસતો હતો. ટિકિટ વેચવાના આંકડા ધડાધડ કરવા લાગ્યા. બુકી લોકો ભાવ બોલતા થાકી જતા હતા. પ્રેક્ષકોમાં દબાયેલી નિઃસ્તબ્ધતા હતી. દૂરબીનો મંડાણાં અને રેસ શરૂ થઈ.

વિજય નક્કી હતો છતાં છાતી ધડધડતી હતી. જીવ જાણે મુઠીમાં આવી ગયો હતો. વીન આવશે તો શો ભાવ પડશે ? અને ના આવે તો ? દેવું ! દેવું ! શાહુકાર ચોક્કસ ઘેર આવશે. પિતાજી ક્રોધથી આકરા થશે. ઠેરઠેર મારી વાત કહેતા ફરશે! લોકોમાં હું નીચો પડી જઈશ... જીવન આખું ધૂળ મળી જશે ! આટલા દિવસથી હું એમની સાથે પૂરું બોલતો યે નથી, એમની સાથે

પૂરી વાત પણ નથી કરી અને આજ હાર્યો તો......

'ચકોરી, બક અપ!' કોઈએ આનંદથી બૂમ મારી. નિરાશાના બધા વિચારો જતા રહ્યા. આનંદાતિશયથી ચિંતામણિ જોવા લાગ્યો. ઘોડા નજીક આવે એટલે એકબીજા સાથે ઘસાતા હતા. અને જોકીઓ શરીર સંકોચીને ઘસારાને ચુકાવતા જતા હતા. ધૂળ ઊડતી હતી અને બધે એક જ પ્રકારની ધાંધલ મચી હતી.

અરરર-રહી ગઈ પાછળ!... પાછી પડી! શું થયું? જોકી ઊથલી પડ્યો? લગામ છૂટી? લોકો ભાતભાતની અટકળો કરતા હતા. ચિંતામણિએ ચમકીને જોયું. રેસ પૂરી થઈ ગઈ હતી. બોર્ડ ઉપર બીજો જ નંબર દેખાતો હતો. ચકોરી હારી ગઈ હતી! દાવ ઊલટો પડ્યો! જુગારની બાજી હારી જવાઈ, અને જીવનની બાજી પણ હારવાનો વખત આવ્યો!

ચિંતામણિને ચકરી આવી ગઈ. એણે પોતાની જાતને જેમતેમ કરીને સંભાળી, ખાલી ખિસ્સું, નંખાઈ ગયેલો ચહેરો અને જલતું હૃદય! શાહુકારની આકૃતિ નજર સામે તરવા લાગી. અને બાપુ? કયા મોઢે એમની સામે જવું? પોતાની જાતનો તો નાશ કર્યો જ, સાથે એમનું યે જીવન અકારું કરી મૂકયું! આ મેં શું કર્યું? હવે શું થશે?...

વ્યથિતમને ચિંતામણિ બહાર આવ્યો. હવે પછીની રેસ માટે થોભવું અશક્ય હતું. બધું ખલાસ થઈ ગયું હતું. શૂન્ય બની ગયું હતું. એ વાતાવરણમાંથી તે બહાર આવ્યો. ખુલ્લી હવાની લહેરોથી એને જરા ઠીક લાગ્યું. પણ ક્ષણભર જ! તરત જ પાછી બીક એને કોરવા લાગી. ઘેર કેવી રીતે જવું? એક પગલું યે આગળ ચલાય નહિ. અને નજર-નજર-

ચિંતામણિને એની આંખ ઉપર વિશ્વાસ બેસતો નહોતો. આંખો તાણીને એણે ફરીવાર જોયું. આભાસ નહિ, સ્વપ્ન નહિ, શંકા યે નહિ-ધરાર સાચું...સ્પષ્ટ...સત્ય...ઓહ! કેવું આશ્ચર્ય આ!

રેસનું પુસ્તક ધ્યાનથી જોતા, અને ગળા ઉપરનો રૂમાલ બીજે હાથે સરખો કરતા બાપુભાઈ માસ્તર પહેલા વર્ગના પ્રવેશદ્વારમાંથી ઝડપથી અંદર જતા હતા!

* * *

ગઈ ચૂંટણી વખતે સુરત જિલ્લાના પારડીમાં 'મતદાન'નો દિવસ હતો ત્યારની આ વાત છે. સમય થતાં મતદાન માટે પ્રખર વિદ્વાન ને વેદજ્ઞ પંડિત શ્રી શ્રીપાદ દામોદર સાતવલેકર ને એમનું કુટુંબ આવ્યું. પંડિતજીને આવેલા જોઈને મતદાન મથકે ફરજ પર રહેલા અધિકારીઓ એમને લેવા માટે ગયા અને મતદારોની ઘણી લાંબી કતાર હોવાથી પંડિતજીને મતદાન માટે સગવડ કરી આપવાની તત્પરતા દર્શાવી.

ત્યારે ૮૬ વરસના વયોવૃદ્ધ પંડિતજીએ જવાબ દીધો:

'તો પછી શિસ્ત જેવું ક્યાં રહ્યું?' પંડિતજીનો શિસ્તનો આગ્રહ જોઈને બીજા અધિકારીઓ આ જવાબથી ડઘાઈ ગયા અને વૃદ્ધ પંડિત સાતવલેકરે પોણો કલાક લાઈનમાં ઊભા રહીને પોતાનો વારો આવ્યો ત્યારે જ મતદાન કર્યું!

પીતાંબર રતનજી ભગત

×

सत्यपि भेदापगमे, नाथ तवाहं न मामकीनस्त्वम् ।
सामुद्रो हि तरंगः, क्वचन समुद्रो न तारंगः ॥

હે મારા પ્રભુ! તાત્ત્વિક દૃષ્ટિએ જોતાં તો તમારામાં અને મારામાં કોઈ ભેદ નથી, છતાં પણ શરીર છે ત્યાં સુધી તો હું તમારો છું, પણ તમને મારા ન કહી શકાય. દૃષ્ટાંત આપી, શ્રી શંકરાચાર્ય કહે છે, કે જોકે સમુદ્ર અને તરંગ અભિન્ન છે છતાં સમુદ્રનો તરંગ એમ કહેવાય, પણ તરંગનો સમુદ્ર એમ કહી શકાય તેમ નથી.

×

પક્ષીઓની દિશાપરખ

લેખક :
શ્રી પ્રદ્યુમ્નરાય કંચનરાય દેસાઈ

જો આપણે મુસાફરી કરતા હોઈએ તો આપણી પાસે દિશા સૂચવવા માટે હોકાયંત્ર હોય છે; અને એ યંત્ર આપણને ઉત્તર દિશા બતાવે છે અને તેથી બીજી દિશાઓ આપણે નક્કી કરી નાખીએ છીએ, પણ જો આપણને મધદરિયે એકલા મૂકી દીધા હોય તો દિશા નક્કી કરતાં ખૂબ મુશ્કેલી પડે છે. આપણા વહાણના ટંડેલો પાસે હોકાયંત્ર રહે છે કે નહિ તેની મને પૂરી જાણ નથી, પણ તેઓ રાતના ધ્રુવ તારા ઉપરથી ઉત્તર દિશાનું સૂચન મેળવી પોતાના વહાણને ધારી દિશા તરફ હંકારે છે, તેની મને જાણ છે. આવાં સાધન દ્વારા આપણે દિશાઓ શોધી ધારેલી દિશામાં જઈ શકીએ છીએ; પણ જયાં કાંઠા છેટા રહી ગયા હોય અને ઘૂઘવતો દરિયો હોય એ ઠેકાણે આદમી એકલો હોય કે ટોળીમાં હોય ત્યારે દિશા મુકરર કરતાં ઘણો વખત લાગી જાય છે.

ધારો કે તમે બોટમાં બેસી શિયાળામાં ભૂમધ્ય સમુદ્રના દેશો અને ઉત્તર આફ્રિકાના કિનારા ઉપર દરિયાની મુસાફરી કરતા હો તો તમને મધદરિયે સફેદ રંગનું કપાળ અને પેટાળ હોય એવાં પક્ષીઓનાં ટોળાં સમુદ્રનાં મોજાં ઉપર સવારી કરતાં અને સ્પ્રિંગનાં રમકડાંની માફક ઊંચાંનીચાં થતાં જોવામાં આવશે. આ પક્ષી નાના પાન–લોહા(લીટલ સ્ટીન્ટ)ના કુટુંબમાં આવતું રાખોડી ફેલેરોપ (ગ્રે ફેલેરોપ) છે. આ રાખોડી ફેલેરોપ ઉનાળામાં બચ્ચાં ઉછેરવા શીતવૃત દેશોમાં આઈસલેન્ડ, સ્પીટ્ઝબરગનથી પૂર્વ સાઈબીરિયામાં પહોંચી જાય છે.

રાખોડી ફેલેરોપ જેવું જ આપણે ત્યાં શિયાળામાં બીજું રાતી ગરદનવાળું ફેલેરોપ (રેડ નેકેડ ફેલેરોપ) આવે છે, જેના દેહનો શિયાળુ રંગ ઉપર રાખોડી દેહ, ડોક ઉપર ઘેરો રાખોડી અને પાંખો ઘેરી કથ્થાઈ જેમાં સફેદ પટો તથા ચહેરો પણ સફેદ રંગનો હોય છે. આવા રંગનું રાતી ગરદનનું ફેલેરોપ પણ દરિયામાં જોવામાં આવે છે. આ પક્ષી વસંતમાં બચ્ચાં ઉછેરવા યૂરોપની દક્ષિણે ઓરકની, નોર્વે, સ્વીડન, ફીનલેન્ડ અને રશિયાની પૂર્વમાં કમાન્ડર ટાપુઓ અને ઉત્તર અમેરિકામાં તમામ જગ્યાએ આલાસ્કાથી યુકોન સુધી પહોંચી જાય છે અને શિયાળામાં પાછું ઉત્તર આફ્રિકા અને હિંદ, મલાયા, ચીન અને જાપાન સુધી મુસાફરી કરે છે.

આ બન્ને જાતનાં ફેલેરોપને તરવાનો બહુ શોખ. દરિયાનાં મોજાં ઉપર રાતદિવસ તર્યા જ કરે છે. વરસના છ માસ આ દરિયાચાહક (સી સ્નીપ) જેનું નામ આપવામાં આવ્યું તે પક્ષીઓ જમીનની ઝાંખી સુદ્ધાં કરતાં નથી. આ સાંભળીને જરૂર વિચાર આવે કે તેઓ બસ પાણીમાંથી પોતાનો ખોરાક મેળવી ત્યાં જ વસતાં અને સૂતાં હશે? જરૂર, તેઓને દરિયો પોતાની સપાટી ઉપરથી ખોરાક પૂરો પાડે છે અને રાતનાં પોતાનાં મોજાં વડે હીંચોળી સુવાડી પણ દે છે. આપણે તેના જે રંગનું વર્ણન આપ્યું તે તેનો શિયાળુ રંગ છે. જ્યારે વસંત પોતાના શણગાર લઈ પધારે, ત્યારે તેઓ શીતવૃત પ્રદેશની નીચે આવેલા વનસ્પતિરહિત પચપચિયા મેદાનમાં પહોંચી જાય છે અને રંગની બદલી કરી તે રતાશપડતો કથ્થાઈ કાળો અને આછો પીળો. ધારણ કરી લે છે. જે રંગ તેઓ લગ્નપ્રસંગે ધારણ

બચ્ચાં ઉછેરે છે.

આ પક્ષી ઘણાં કારણોને લઈ બહુ ભ્યાસ કરવા જેવું છે. તેમાં સૌથી પહેલું તે કે માદાનું કદ નરના કદ કરતાં મોટું ને રંગમાં પણ સોહામણી હોય છે. ત, પક્ષીજગતમાં બહુ થોડા અપવાદ ય નર જ હંમેશાં સોહામણો અને ર હોય છે. જ્યાં આમ માદાનું કદ અને બન્ને ચઢિયાતાં હોય, ત્યાં પછી તે જ તાઈ ભોગવે એમાં નવાઈ જેવું શું છે? એક વાત ભૂલવા જેવી નથી ને હંમેશ નમાં રાખવાની છે કે બાજકુટુંબમાં નું કદ મોટું હોઈ તેની હિંમત છતાં નર ઉપર સરસાઈ ભોગવતી નથી. પણ ફેલેરોપ અને બીજાં એવાં પક્ષીમાં માદા જ તન કરે છે અને માળા માટે જગ્યા પણ જ નક્કી કરે છે. સાધારણ રીતે પક્ષીઓમાં ર હંમેશાં માળો બનાવવાની સલામત ને કુશાદે જગ્યા શોધી લઈ પછી માદાને માં માળો બનાવવા માટે અને બચ્ચાં ઉછેરવા નોતરે છે. પણ જ્યાં ત્રિયારાજ્ય ચાલતું હોય એવાં પક્ષીઓમાં માદા જ આવી ની તજવીજ કરીને ઈંડાં મૂકે છે અને તે સેવીને કુટુંબ ઉછેરવાનો ભાર પોતાના ર ઉપર નાખી પોતે પાડોશમાં ફરતા લિયા નરની સેવા શોધવા ચાલી જાય આ ફેલેરોપ જેવા દાખલા બીજાં કેટલાંક ઓમાં જોવા મળી રહે છે, જે વિશે આપણે ળ જોઈશું.

ફેલેરોપ એ હમેશાં દરિયાકાંઠાના ના કુટુમ્બનું છે. તેઓ તો કાંઠે નહિ નાં મધદરિયે વસીને પોતાનું ઉદર દરિયામાં થતી જીવાત ખાઈ ભરે છે. રે તેનાં બીજાં સગાં તો કાંઠાના કીચ-માં ફરે અને ચરે છે. ફેલેરોપની ખોરાક વાની ખાસિયત બહુ આનંદ આપે તેવી છે. તેઓ પોતાના નાજુક પગવતી પાણીને ડખોળે અને ગોળગોળ ફરી જીવાત ઉપર લાવે અને વીણીને ખાઈ જાય છે. વળી તરવાનો આટલો બધો વ્યાસંગ છતાં તેના પગ બદકો જેવા જાળવાળા નથી પણ આડો (કૂટ) અને ડૂબકી (ગ્રેબ) જેવા આંગળાંની કિનારી ઉપર જ પહોળી ચામડીથી મઢેલા હોય છે.

આથી પણ વધુ વિચિત્ર અને ખૂબી ભરેલું તેઓનું સ્થળાંતર છે. ફેલેરોપ પક્ષી તો જમીનનું ગણાય, પણ શિયાળાના છ માસ તે પાણી ઉપર મધદરિયે કાઢે છે, જે કેટલીક વખત તો પોતાના હુબહુ વતનથી પાંચથી સાત હજાર માઈલ જેટલું દૂર હોય છે. આથી એક વિચાર પસાર થઈ ગયા વગર રહેતો નથી, કે આટલો બધો વખત અને આટલાં અંતર પરથી તેઓ પાછાં પોતાના વતન ઉપર ફરવાનો રસ્તો કેવી રીતે શોધી શકતાં હશે? જે રસ્તો શોધવા માટે નથી ત્યાં કોઈ એંધાણ કે નિશાની કે નથી ત્યાં એવા ધોરી માર્ગો કે જેનાથી તે પોતાનો રસ્તો આંકે. છે ત્યાં ફક્ત ઘૂઘવતો મહાસાગર. આવાં કારણો છે છતાં પણ જયારે પ્રકૃતિ પ્રજનન માટે સાદ આપે છે, ત્યારે વસંતમાં જરાય ગભરાયા સિવાય ઉત્તર તરફ મોં રાખી ઊડવા લાગે છે; અને જરાય ભૂલ કર્યા વિના બરાબર સમયસર પોતાને વતન પહોંચી જાય છે.

યુરોપિયન પીલક (યુરોપિયન ઓરિ-યોલ) સોનેરી પીળો દેહ અને કાળી પાંખોવાળું પક્ષી આપણે ત્યાં શિયાળામાં સિંધ અને બલુચિસ્તાનમાં આવે છે. આ પીલકનું મૂળ વતન દક્ષિણ અને મધ્યયુરોપ અને કોઈ કોઈ તો બ્રિટનમાં પણ પહોંચી જાય છે. તેઓ જયારે વસંતની હવા લાગે ત્યારે પોતાની પાવા જેવી સીટી બજાવવા લાગે

છે અને થોડા દિવસોમાં જ પોતાના વતન તરફ ઊડી નીકળે છે. જેમ ફેલેરોપે દરિયાનો માર્ગ અખત્યાર કર્યો તેમ પીલકે જમીનનો માર્ગ પસંદ કર્યો છે. અને બન્ને પક્ષીઓએ પોતાના સ્થળાંતરની આવજામાં હજારો માઈલની મુસાફરી કરી નાંખી હોય છે. પીલકની ઉડાનની ગતિ ચાળીસથી પિસ્તાળીશ માઈલની કહી શકાય; પણ તેઓ આખી મુસાફરી એક જ ઉડાનમાં પૂરી ન કરતાં રસ્તામાં થાક અને દાણાપાણી માટે રોકાતાં જાય છે. જયારે તેઓ છ માસ અગાઉ પોતાની દક્ષિણની મુસાફરીએ નીકળ્યાં હોય, ત્યારે રસ્તામાં પસાર કરેલાં જમીનનાં એંધાણો જેવાં કે નદીઓ, સરોવરો, ડુંગરા, ખીણો, વનો અને ખેતરો તે બધાં યાદ રાખી શકાયાં હોય તો તેઓની યાદશક્તિ માટે આપણે જરૂર ચકિત થવું જોઈએ, પણ એ એંધાણો યાદ રાખવાં એ શકય જ નથી. એની સાથે એ પણ છે કે તેઓએ સૌથી છેલ્લી જોયેલી વસ્તુ સૌથી પહેલી અને સૌથી પહેલી જોયેલી વસ્તુ સૌથી છેલ્લી યાદ રાખવી જોઈએ.

પક્ષીની વિગત માટેની યાદશક્તિ બહુ નબળી હોય છે. ઘણાં પક્ષીઓ થોડા વખત અથવા દિવસ માટે યાદ રાખી શકે છે. આ યાદશક્તિમાં મારા ધારવા પ્રમાણે જંગબારી પોપટ(ગ્રે પેરટ)ની યાદશક્તિને કોઈ પક્ષી પહોંચી શકતું નથી. આફ્રિકાનો આ જંગબારી પોપટ એ રાખોડી રંગનો દેહ અને રાતી પૂંછડીવાળો છે. આ પોપટની માણુસ જેવા અવાજમાં વાતો કરવાની ચાલાકી બીજા કોઈ પોપટમાં જોવા મળી આવતી નથી. આનું કારણ એ છે કે તેની યાદશક્તિ :બહુ ઊંચા પ્રકારની છે. છતાં એ પણ દરરોજ યાદ ન આપીએ તો બેત્રણ અઠવાડિયાંમાં તેને શીખવેલું ભૂલી જાય છે એટલું ચોક્કસ છે. પોપટ અને બીજાં પક્ષીઓ કેટલીક બાબતો લાંબા સ સુધી સંભારી રાખે છે, પણ આ કાંઈ યાદશક્તિના ખરા દાખલા તો ન જ કહેવાય પણ વિશિષ્ટ દાખલા ગણાય.

જયારે જંગબારી પોપટની વાત ક ત્યારે મારે જણાવવું જોઈએ કે આ પોપ બચ્ચાં મારા સ્વ. પિતાશ્રી કંચનરાય દેસ એ આજથી ત્રીસ વર્ષ પહેલાં ભાવનગર લીધેલાં. જે વખતે કદાચ હિંદમાં જ પણ બીજા દેશમાં બંધનાવસ્થામાં ઉછે સાંભળવામાં આવ્યાં ન હતાં. એ જ બચ્ચાં અત્યારે મારી પાસે બચ્ચાં આપે છે. તે કેટલાંકની બુદ્ધિનાં વખાણ મારાથી કર્યા સિવાય રહેવાતું નથી; કારણકે જે વખતે જે બોલવું જોઈએ તે જ તેઓ બોલે છે.

લાંબી મુસાફરી કરવા માટે પક્ષી પાં સરસ યંત્ર હોવા ઉપરાંત તેઓની આંખ પણ બહુ તેજસ્વી હોય છે, જે મનાય છે દુનિયા ઉપર વસતાં બીજાં કોઈ પ્રાણી કરતાં વધારે ચોક્કસ છે. અને જે મગજનો ભાગ તેઓને શું જોઈએ છે તે કહે છે, તે પણ ઘણો વિકાસ પામેલો છે. આપણામાં કહેવત છે કે ‘ આંખ તો ખેરાની ’ કારણકે તેઓ ટ આકાશમાં કાળાં તલકાં જેટલા દેખાય એટલા ઊંચે ઊડતા હોય છે, છતાં જમીન ઉપર પડેલા ઢોરના મૃત દેહને તેઓ આટલી ઊંચાઈએથી પારખી ખાવા ઊતરી પડે છે. ખેરાનો ખોરાક આવાં મરેલાં ઢોરનો છે એટલે તેઓ આપણી કુદરતની સુધરાઈ છે. એમ દરેક પક્ષીને પોતાની તીવ્ર નજર સફર કરવામાં બહુ મદદ કરે છે, પણ તે નજર તેઓને રસ્તો શોધવામાં કાંઈ કામ આવતી નથી.

જયારે કોઈ પક્ષી લાંબા અંતરેથી રસ્તો શોધી ઘરે પાછું આવે તેને આપણે ઘરે પાછાં આવવાની પ્રાકૃતિક પ્રેરણા

જાણીએ છીએ. આ પ્રાકૃતિક પ્રેરણા વિશે કશું કાંઈ જાણતું નથી. કાસીદ કબૂતરો-(હોમિંગ પીજન)માં આ પ્રાકૃતિક પ્રેરણા ઘણી વિકાસ પામેલી છે. એ પ્રેરણા ગમે તે હોય પણ તે બીજાં પશુપક્ષી કરતાં કાસીદ કબૂતરોમાં વધારે છે. કાસીદ કબૂતરો કેળવ્યા વગર પાછાં લાંબા અંતરેથી ઘરે આવી શકતાં નથી. છતાં પેઢીદરપેઢીથી આ કામ કરતાં આવ્યાં છે એટલે આ કબૂતરોમાં આ પ્રેરણા વધુ વિકાસ પામેલી હોવાથી તેઓ પોતાના ઘરે જલદી પાછાં ફરી શકે છે; છતાં ઘણાં રસ્તામાં પડી ખોવાઈ જાય છે. કાસીદ કબૂતરની કેળવણીમાં સૌથી પહેલાં તો તે કબૂતરોને તેમના પોતાના ઘરની પિછાન પડવી જોઈએ. આ પિછાન પાડવા માટે તેઓને હંમેશાં તેમના કબૂતરખાના ઉપર ઊડવા દેવાં જોઈએ. આમ તેઓ પોતાના ઘર ઉપર ઊંચે ગગનમાં ગેડા મારવા લાગી જાય એટલે તેમાંનાં અમુકને એટલે નર લીધા હોય તો બધા નરોને અને માદા લીધી હોય તો બધી માદાને એક ખાસ પિંજરામાં લઈ તેઓના મકાનથી બે અઢી માઈલ દૂર જઈ વારાફરતી છોડવાં જોઈએ. શરૂઆતમાં દરેક કબૂતર અમુક ઊંચાઈએ જઈ ગેડા લેવા માંડે છે અને તેને દિશાનું ભાન થતાં તે પોતાના ઘરની દિશા તરફ ઊડવા લાગે છે. આવી રીતે દરરોજ અથવા તો અઠવાડિયામાં બે વખત ઉડાડવાથી તેઓ એ પલ્લેથી બરાબર સીધાં, પોતાને ઘરે આવવા લાગી જાય છે. આ શીખવાડતી વખતે શરૂઆતમાં બે-અઢી માઈલનો પલ્લો રાખવો. પછી તે પલ્લો વધારતા જવો. અને ત્યાંથી પણ બરાબર આવવા લાગે એટલે વધતા જવું. એમ તેઓને પોતાના કબૂતરખાનાથી ફરતા વીસ-પચીસ માઈલના ઘેરાવામાં જુદીજુદી દિશાએથી ઉડાડીને પોતાના ઘર ઉપર આવતાં શીખવી દેવું જોઈએ. આટલું ખાસ ધ્યાન રાખવા જેવું છે કે બનતાં સુધી જ્યારે શીખવવું ચાલતું હોય, ત્યારે કબૂતરને તેના દાણા ખવડાવવાના સમય પહેલાં ઉડાડવાં. તેનાં બે કારણ છે: પહેલું કારણ તો તેઓને ભૂખે પેટે ઊડવું સહેલું પડે અને દાણા તો આપણા પિંજરામાં જ મળશે એ વિચારે ભૂખ હોવાને અંગે તેઓ ટૂંકામાં ટૂંકો રસ્તો લઈ જલદી આવવા પ્રયત્ન કરે છે. આવી રીતે કાસીદ કબૂતરો એક હજાર માઈલ જેટલું અંતર કાપી પોતાને ઘરે આવે છે, છતાં એટલું કહેવું જોઈએ કે આ અંતરથી તો ફક્ત નામી કબૂતરો જ આવે છે.

આપણે ઉપર જોઈ તેવી શીખલાઈની ઉડાન તેઓ પોતાની પ્રાકૃતિક પ્રેરણાને કામે લગાડે તે માટે આપવામાં આવે છે, કાંઈ રસ્તામાં આવતાં નિશાન યાદ રાખવા માટે નથી આપવામાં આવતી. જ્યારે તેઓને પહેલી ઉડાન આપવામાં આવે છે, ત્યારે તેઓ કોઈ પણ નિશાન જાણતાં હોતાં નથી.

અનુભવ પ્રાણીમાત્રને નિષ્ણાત બનાવે છે. તેમ જેમ જેમ કબૂતરને અનુભવ થતો જાય તેમ તેમ તેઓની ઘર તરફ પાછા ફરવા માટેની સહજબુદ્ધિ વધારે ને વધારે તીવ્ર થતી જાય છે. જેટલું વધારે વખત એક ને એક માર્ગે પસાર થવાનું મળ્યું હોય, તેટલું તેઓ ઘર તરફ બહુ જલદી પાછાં ફરે છે. અલબત્ત, એ વખતે તેઓએ ધ્યાન રાખેલાં નિશાનો બરાબર મદદરૂપ થાય છે, પણ શરૂઆતમાં રસ્તો શોધવામાં તે બધાં જરાય ખપમાં આવતાં નથી. ઘર તરફ પાછા ફરવાની જે સહજબુદ્ધિ છે, તેનું બીજું નામ તે દિશા ઓળખવાની બુદ્ધિ. ઘર તરફ પાછા ફરવાની જે આ પ્રેરણા છે તે ખાસ કરીને કબૂતર અને બીજાં પ્રાણીઓને લાંબો પ્રવાસ કરી પોતાને ઘેર પાછાં

લઈ આવે છે તેઓ માટે વપરાય છે. દિશા સૂચવતી બુદ્ધિ એટલે પક્ષી કે પ્રાણી તેના મૂળ અડ્ડાથી લાંબે કોઈ ચોક્કસ જગ્યા ઉપર નીકળી જઈ પાછાં પોતાની અસલ જગ્યા ઉપર આવે તેને કહેવામાં આવે છે. બધાં સ્થળાંતરી અથવા મોસમી પક્ષીઓને આ દિશા સૂચવતી બુદ્ધિ છે, પણ પહેલાં કહેવામાં આવ્યું તેમ તે શું છે અને કેવી રીતે ઉપયોગમાં આવે છે તે કોઈ જાણતું નથી.

જો આ બધું દિશા સૂચવતી બુદ્ધિનું પરિણામ ન હોય તો માળામાંથી નીકળેલાં બચ્ચાં કે જેઓએ આવી મુસાફરી કોઈ વખત કરી નથી તેઓ તો ભૂલાં પડી જાય અને પાછાં પોતાના અસલ વતનમાં આવી ન શકે, છતાં પ્રકૃતિ તેઓને નથી ભૂલાં પડવા દેતી કે નથી મરવા દેતી. નાનાં બચ્ચાં પોતાની મેળે પોતાનાં મા–બાપની દોરવણી ન હોય તોપણ આ સ્થળાંતર કરી શકે છે. આના દાખલા જોવા હોય તો આપણે આપણી જુદીજુદી જાતની કોયલોનું અવલોકન કરવાથી મળી રહે છે.

અહીં જુલાઈ માસમાં હિંદી કોયલ (ઇંડિયન કક્કુ) આવે છે. મને લાગે છે, મેં આ કોયલનાં બચ્ચાં કાશ્મીરમાં તે જ માસમાં જોયાં છે અને તેના ધર્મનાં માબાપ તરીકે ખંજન (પાઈડ વેગ ટેઈલ) તેને ઉછેરતાં હતાં. મોતીડો અથવા ચાતક (પાઈડ ક્રેસ્ટેડ કક્કુ) આપણે ત્યાં ચોમાસાની શરૂઆતમાં આવે છે. અને પોતાનાં બચ્ચાં અહીં થતાં લલેડાં (બે બ્લર) પાસે ઉછેરાવે છે. આ મોતીડા આફ્રિકાથી આવે છે. અને તેનાં બચ્ચાં મોટાં થયા પહેલાં તો તેઓએ ક્યારનો આપણો કાંઠો છોડી દીધો હોય છે.

કોયલની જેટલી જાતો છે તે બધી થોડા અપવાદ સિવાય બહુ આળસુ છે. એટલે ઊડવા-ફરવામાં આળસુ છે એમ નથી, પણ
પોતાનાં બચ્ચાં પોતે માળો બાંધી ઉછેર
માં આળસુ છે. આ માટે તેઓ
પક્ષીઓના માળા અને તેના બનાવ
પક્ષીને કામમાં લે છે. માદા કોયલ
પક્ષીઓ જેઓએ કાંતો માળો બાંધી
કર્યાં હોય અથવા તો અંદર ઈંડાં
સેવવા લાગ્યાં હોય એવા માળાને
ફરે છે અને પોતાનું ઈંડું તેમાં મૂકી દે
એ ઈંડાંને સેવી બચ્ચું કાઢી ઉછેરવાનું
કામ પેલા માળાના ખરા માલિક
શિરે નાખી પોતે ત્યાંથી ચાલી જાય
કોયલનું બચ્ચું તો તેનું કદ મોટું
અંગે રાતે ન વધે એટલું દિવસે વધ
લાગે છે અને પેલાં પક્ષીઓ જેટલો
લાવે તે બધો પોતે જ ખાઈ જાય છે અને તે
સાથે ઊછરતાં પેલાં ખરાં બચ્ચાંને પેટ
ધરાઈ રહે એટલો ખોરાક ન મળવા
હીણાં રહી જાય છે. આ તકનો લાભ ઉઠા
પેલું કોયલનું બચ્ચું તેઓને વારાફર
પોતાની પીઠ ઉપર ચઢાવી માળાની દીવાલ
માં પોતાના બે આગળ અને બે પાછળ
આંગળાં ભરાવી કોર ઉપર આવી પે
બચ્ચાંને બહાર ઉથલાવી નાંખે છે અને
તે માળાને એકલું સ્વતંત્ર ભોગવે છે.
ખબર તેનાં ધર્મનાં માબાપને પડતી
પણ તેઓ તો પોતાનું બચ્ચું જબરું
મજબૂત થતું જાય છે એ જોઈને
પ્રકારનો સંતોષ અનુભવે છે. પોતે માળા
એકલું હોય એટલે તમામ ચારો
મળે. અને વખત જતાં એવું પણ બની
છે કે માબાપ કરતાં બચ્ચું ઘણું મોટું
જાય છે. આવાં બચ્ચાંને આપણે જૂનથી
ઑગસ્ટ માસ દરમિયાન તેનાં ધર્મનાં
માબાપ પાછળ ઊડીઊડીને ખોરાક માટે
ચિચિયારી પાડતાં સાંભળીએ છીએ.

આ અરસામાં તેનાં ખરાં માબાપ તો

ત્યાંથી ચાલ્યાં ગયાં હોય છે; અને પોતાની સફર પૂરી પણ કરી નાખી હોય છે. હવે આપણે વિચારીએ તો આ નાનાં બચ્ચાં પોતાના વતન તરફનો રસ્તો કેવી રીતે શોધી શકતાં હશે? તેઓને દોરવણી આપવા કોઈ પુખ્ત ઉમ્મરની કોયલ પાછળ રહેલી હોતી નથી. આ બધાં પોતાની મેળે રસ્તો શોધતાં થઈ જાય એટલે ટોળામાં ભેગાં થાય છે અને એકસાથે સફર શરૂ કરે છે અને પોતાનાં ખરાં માબાપને તેના રસ્તામાં મળે છે. જે વખતે એમાંથી કોઈ એકબીજાને ઓળખી શકતું નથી અને બીજે વર્ષે તે બધાં બચ્ચાં પુખ્ત ઉમ્મરનાં થઈ આ બાજુ આવવા ઊડી નીકળે છે અને ફરી તે જ પક્ષીઓ પાછાં લલેડાં વગેરે પક્ષીઓને છેતરી દે છે. આથી તમને એવો વિચાર નહિ આવે કે આ પક્ષીઓ પોતાના સંસાર વિશે જાણતાં હોય છે. તેઓ કોઈ વખત જાણશે નહિ; પણ કોઈક વેળા આ પક્ષીઓ છેતરાઈ જવા સંભવ ખરો. તે જ્યારે પોતાનું ઈંડું હજુ માળો બાંધનારે પોતાનું ઈંડું ન મૂક્યું હોય અને કોયલ આવી મૂકી દે તો પેલાં પક્ષીઓ આ પહેલા મુકાયેલાં ઈંડાં ઉપર તળિયું વધારે કરી ઢાંકી દે છે.

ઘણી જાતનાં યાયાવરોમાં પાકેલ ઉમ્મરનાં હોય તેઓ પહેલી સફર શરૂ કરી દે છે અને બચ્ચાંને જેમ બને તેમ જલદી પાછળ આવવા મૂકી જાય છે. વૈયાં અથવા ગુલાબી મેના (રોઝી પાસ્ચર) મે માસના છેલ્લા અઠવાડિયાથી જુલાઈની શરૂઆત સુધીમાં દક્ષિણ-પશ્ચિમ યુરોપ, પશ્ચિમ અને મધ્ય એશિયાથી તુર્કસ્તાનમાં બચ્ચાં આપે છે અને ઑગસ્ટની શરૂઆતમાં તેઓ આપણી બાજુએ આવી પહોંચે છે. આ પહેલી ફસલમાં તમામ પુખ્ત ઉમ્મરનાં જ નરમાદા જોવામાં આવે છે. ત્યારપછી જે ટોળાંઓ આવે છે તેમાં પુખ્ત અને નાની બન્ને ઉમ્મરનાં પક્ષીઓ જોવા મળે છે, અને છેવટમાં લગભગ બધાં એક વરસનાં બચ્ચાં જ હોય છે. અહીં પણ બચ્ચાંઓએ પોતાની દિશા સૂચવતી બુદ્ધિ ઉપર આધાર રાખવો પડે છે.

અમે જ્યારે નાના હતા ત્યારે અમારા સ્વ. હસન ઉસ્તાદને આ સ્થળાંતર સંબંધી પૂછતા હતા, ત્યારે તેઓ કહેતા હતા કે જનાવરો રાતના તારોડિયા ઉપર નજર રાખી ઊડે છે. આ સાંભળી અમને નવાઈ લાગતી પણ ખરેખર ઘણાં સ્થળાંતરી પક્ષીઓ રાતના જ મુસાફરી કરે છે. અને એ તો દેખીતી વાત છે કે રાતનાં પેલાં જમીન ઉપરનાં નિશાન તેઓ નહિ જોઈ શકતાં હોય. આથી તેઓને પોતાનો રસ્તો જાણવા માટે પોતાની પ્રાકૃતિક પ્રેરણાથી જાણવાનું રહ્યું. તેમાં ખાસ કરી જ્યારે ઘાટી ધુમ્મસથી દરિયામાં દિશાની સૂઝ ન પડતી હોય ત્યારે ખારવા અને માછીમારો દરિયાઈ પક્ષીની ઉડાન પારખી તે ઉપર પોતાનું સુકાન રાખી કાંઠા તરફ હંકારતા જાય છે. આ બધા દરિયો ખેડનારાઓ અનુભવથી જાણે છે કે પક્ષીઓ જમીનનો રસ્તો જાણે છે.

જમીન અને દરિયાઈ પક્ષીઓને દિશાનું ભાન પૂરેપૂરું હોય છે. કેટલાંક એવાં પક્ષીઓ પણ છે કે જેઓનો એક ભાગ પૂર્વમાં અને બીજો ભાગ પશ્ચિમમાં વસતો હોય અને સફર વખતે મધ્યમાં બન્ને કુટુમ્બીઓ ભેળાં થઈ સાથે પાછળની મુસાફરી કરે અને વળતી મુસાફરી પણ સાથે જ કરે અને પાછાં મધ્યમાં આવી એકબીજાને સુખી મુસાફરી ઇચ્છી એક પૂર્વમાં અને બીજું પશ્ચિમમાં સફર શરૂ કરી દે છે.

આપણી પાસે હજુ આ સ્થળાંતરના વિષય ઉપર પૂરતી માહિતી નથી પણ કોઈક દિવસ અત્યાર કરતાં વધુ અજવાળું પાડી શકીશું.

*

દક્ષિણ ભારતના

આદિ સૌરાષ્ટ્રીઓ

લેખક:

શ્રી ગણપતરાય રેવાશંકર ત્રિવેદી

બી. કોમ્.

આજથી લગભગ ૯૦૦ વર્ષ પહેલાં (મુસલમાનોએ સૌરાષ્ટ્ર ઉપર આક્રમણ કરેલું ત્યારે) નિર્વાસિતો તરીકે નીકળેલાં સૌરાષ્ટ્રનાં સંતાનોની એક મોટી સંખ્યા દક્ષિણ ભારતમાં વસે છે તે હકીકતથી આપણો મોટો સમુદાય અજાણ છે. મદુરા અને તેની આજુબાજુના જિલ્લાઓમાં વસતા આ સૌરાષ્ટ્રીઓની સંખ્યા આજે લગભગ ત્રણ લાખ જેટલી છે.

આજે ૯૦૦ વર્ષ પછી પણ તેઓ પોતાના મૂળ વતનના નામ ઉપરથી 'સૌરાષ્ટ્રીઓ' તરીકે ઓળખાય છે, એટલું જ નહિ પરંતુ તેમણે પોતાનાં સૌરાષ્ટ્રીઓ તરીકેનાં વ્યક્તિત્વ અને કેટલીક વિશિષ્ટતાઓ પણ જાળવી રાખી છે.

દક્ષિણ ભારતમાં પ્રથમ તેઓ દેવગિરિમાં આવી વસ્યા હતા. યાદવોની રાજધાની દેવગિરિ એ વખતે વિકસતું એક મહાન શહેર હતું; અને આ સૌરાષ્ટ્રીઓનો મુખ્ય કસબ રેશમી કાપડ વણવા અને રંગવાનો હોઈ તેઓ ત્યાં બહુ જ સન્માન અને ગૌરવપૂર્વક રહેતા હતા.

દેવગિરિનું પતન થયા પછી તેઓ વિજયનગરમાં આવી વસ્યા. ૧૫મા અને ૧૬મા સૈકામાં વિજયનગરનું સામ્રાજ્ય ઘણું જ વિશાળ બન્યું હતું અને દક્ષિણમાં છેક મદુરા સુધી તેની આણ પ્રવર્તતી હતી. વિજયનગરના રાજાનો સૂબો મદુરામાં રહેતો હતો અને તે 'નાયક' તરીકે ઓળખાતો હતો. તલેકોટાના યુદ્ધમાં વિજયનગરનો પરાજય થયો અને આ તકનો લાભ લઈ મદુરાના નાયકોએ વિજયનગરની સર્વોપરિતા ફગાવી દઈ પોતાનું સ્વતંત્ર રાજ્ય જાહેર કર્યું અને મદુરાનો સર્વાંગી વિકાસ સાધવા માંડ્યો.

આ સૌરાષ્ટ્રીઓ રેશમ અને જરીના ઉદ્યોગમાં બહુ જ કુશળ હોઈ મદુરાના નાયકોએ તેમને મદુરા બોલાવ્યા. આમ લગભગ સોળમા સૈકામાં તેઓ મદુરા તરફ આવ્યા. ત્યારપછી ધીમેધીમે તંજાવર, તિન્નેવેલી, રામનાદ અને ઉત્તર આર્કોટ તરફ તેમનો પ્રસાર થતો ગયો. તેમની એક વિશિષ્ટતા એ છે, કે દક્ષિણ ભારતનાં ગણ્યાંગાંઠ્યાં શહેરોમાં જ તેઓ વસે છે; ગામડાંઓમાં રહેતા નથી. તેઓ એકસાથે સમૂહમાં રહે છે અને જે ગામમાં રહે છે ત્યાં ગામના દક્ષિણ ભાગમાં જ રહે છે. કદાચ તેઓ દક્ષિણમાં આવી વસ્યા છે તે હકીકતના સતત સ્મરણ માટે પણ તેમ હોય.

તેઓ આજે પણ સૌરાષ્ટ્રને પોતાનું વતન માને છે અને સૌરાષ્ટ્રીઓ તરીકે પોતાને ઓળખાવવામાં ગૌરવ લે છે. તેમની લગ્નપ્રથામાં આને અંગેનો એક રિવાજ રસપ્રદ છે. લગ્ન અંગેની વાતચીત વગેરે પ્રથમ નક્કી થયા પછી વરપક્ષવાળા કન્યાને ઘેર જાય છે ત્યારે કન્યાપક્ષવાળા તેમને બે પ્રશ્નો પૂછે છે: 'તમે કોણ છો? ક્યાંથી આવો છો?'

આના જવાબમાં વરનો બાપ કહે છે કે 'અમે 'સોરઠ'ના વતની છીએ. ત્યાંથી નીકળીને દેવગિરિમાં આવી વસ્યા. ત્યાંથી વિજયનગરમાં આવ્યા અને ત્યાંથી મદુરા

ખ્યા છીએ.' ત્યારપછી વરનો બાપ પણ ન્યાના બાપને એ જ પ્રશ્નો પૂછે છે અને જ ઉત્તર મેળવે છે; ત્યારપછી વિધિસર નું નક્કી થાય છે.

જ્યાં જ્યાં આ 'સૌરાષ્ટ્રીઓ' રહે છે ત્યાં તેમનાં હિતોના રક્ષણ અને આંત- વ્યવસ્થા માટે એક 'સૌરાષ્ટ્ર સભા' છે. પહેલાં તેના પદાધિકારીઓના હોદ્દા રસાગત રહેતા; અને તેના મુખ્ય માણસને મદા' કહેતા; પરંતુ હાલમાં તે પદ્ધતિ કરી છે અને તેમની ચૂંટણી કરવામાં છે.

તેમની કુલ સંખ્યાનો લગભગ અડધો મદુરામાં જ રહે છે અને એક કહેવત પડી છે, કે 'મદુરામાં રસ્તે જતો દરેક માણસ સૌરાષ્ટ્રી હશે.' અહીં તેમણે પ્રગતિ સાધી છે અને સ્થાનિક લોકો મીઠાશથી ઓતપ્રોત થઈ ગયા છે. દુરામાં વેપાર, વાણિજ્ય, સામાજિક તથા રાજકીય ક્ષેત્રમાં સૌરાષ્ટ્રીઓ સૌથી મોખરે છે. મદ્રાસની ધારાસભામાં મદુરાના ધારાસભ્ય, 'મદુરા ચેમ્બર ઑફ કૉમર્સ'ના પ્રમુખ અને મદુરા મ્યુનિસિપાલિટીના પ્રમુખ, એ બધા સૌરાષ્ટ્રીઓ છે.

સૌરાષ્ટ્ર છોડી ગયાંને ૯૦૦ વર્ષ થયાં હોવા છતાં તેમણે તેમની ભાષા, સંસ્કૃતિ, રીતરિવાજો વગેરે હજી જાળવી રાખ્યાં છે. તેમની મદુરાની સંસ્થાના મંત્રી મારા પરના એક પત્રમાં અંગ્રેજીમાં લખે છે:

'દેશના આ ભાગમાં લાખો માનવીઓની વચ્ચે વસવાટ કરતા અમે નાના સમુદાયોમાં રહીએ છીએ અને અમારી ભાષા, સંસ્કૃતિ અને રિવાજો અમે જાળવી રાખ્યા છે; ટૂંકમાં અમે અમારું વ્યક્તિત્વ જાળવી રાખ્યું છે.'

ઘણાં વર્ષ પહેલાં ગાંધીજી મદુરા ગયેલા ત્યારે તેમણે તેમને તેમની ભાષા વગેરે જાળવી રાખવા માટે અભિનંદન આપ્યાં હતાં.

આ સૌરાષ્ટ્રીય ભાષા હજારેક વર્ષ પહેલાંની સૌરાષ્ટ્રની ભાષા હોવી જોઈએ. ડૉ. રાનડે તેને 'ઈંડો-આર્યન' ભાષાના વર્ગમાં મૂકે છે. ચાલુ વપરાશની ભાષામાં અને તેના ઉચ્ચારમાં તામીલ, તેલુગુ અને કાનડીની થોડી અસર આવી ગઈ હોય તે સંભવિત છે; પરંતુ તે ભાષાના કેટલાક વિદ્વાનોએ પોતાના સાહિત્યસર્જનમાં શુદ્ધ સૌરાષ્ટ્રી સિવાય કોઈ પણ અન્ય ભાષાના શબ્દોનો સમાવેશ નહિ કરવાનો આગ્રહ રાખેલો હોઈ, શુદ્ધ સૌરાષ્ટ્રી ભાષામાં કેટલુંક સાહિત્ય ઉપલબ્ધ છે. સૌરાષ્ટ્રીય વિદ્વાનો પૈકી ખાસ કરીને વેંકટસુરી અને રામારાવ નોંધપાત્ર છે. વેંકટસુરીએ 'સંગીત રામાયણ' નામનો લગભગ ૬૦૦ પાનાંનો ગ્રંથ લખેલો છે. તાંજોરના રાજા શિવાજી (સને ૧૮૩૨થી ૧૮૫૫) તરફથી આ વિદ્વાનને ઘણું જ ઉત્તેજન મળતું હતું તેમ જણાય છે. શ્રી રામારાવ શુદ્ધ સૌરાષ્ટ્રીય ભાષાના બહુ જ આગ્રહી હતા અને પોતે સંસ્કૃત અને અંગ્રેજી ભાષામાં પણ પ્રવીણ હતા. તેમણે સૌરાષ્ટ્રી ભાષાનું વ્યાકરણ બનાવેલું અને 'સૌરાષ્ટ્રી' લિપિમાં તે તૈયાર કરેલું. આ લિપિ તે તેમની પોતાની રચના હોવાનો ડૉ. રાનડેનો અભિપ્રાય છે.

સૌરાષ્ટ્રીય ભાષા, લિપિ અને સાહિત્ય આપણી પુરાતત્ત્વમાં રસ લેતી સંસ્થાઓ અને વ્યક્તિઓ માટે એક સંશોધનનો વિષય બની રહે છે અને તેનો કોઈ નિષ્ણાતો દ્વારા અભ્યાસ કરવામાં આવે તો સૌરાષ્ટ્રના એક હજાર વર્ષ પહેલાંના ઇતિહાસ ઉપર ઘણો પ્રકાશ પડે તેમ છે.

આ સૌરાષ્ટ્રીઓ તેમનો પોતાનો સંવ-

ત્સર પણ ચલાવે છે અને હાલનું તેમનું વર્ષ 'સૌરાષ્ટ્ર વિજયાવદ ૬૩૯' છે. આ સંવત્સર યાદવ વંશના પતન પછી વિજયનગરના સામ્રાજ્યની સ્થાપનાનાં વર્ષની આસપાસ સને ૧૩૧૧–૧૨થી શરૂ થાય છે.

'સૌર' એ શબ્દ ઉપરથી પૂર્વે તેઓ સૂર્યના ઉપાસકો હતા અને પાછળથી દક્ષિણ ભારતમાં વસ્યા પછી સ્થાનિક અસરથી તેઓ શંકરાચાર્ય અને રામાનુજાચાર્યના અનુયાયીઓ બન્યા હશે તેમ જણાય છે. ડૉ. રાનડેના અભિપ્રાય પ્રમાણે 'સૌર' શબ્દને 'સૌરાષ્ટ્ર' સાથે કશો જ સંબંધ નથી. 'સૌરાષ્ટ્ર'–સુરાષ્ટ્રનો અર્થ સ–રસ દેશ (અં. ફ્રુટફુલ કીંગડમ) એટલો જ થાય છે.

આ સૌરાષ્ટ્રીઓ મોટેભાગે બધા બ્રાહ્મણો જ છે. સૌરાષ્ટ્ર છોડ્યું ત્યારે તેમાંના કેટલાક સૈનિકો પણ હતા તેથી તે બધા બ્રાહ્મણો હોવા સંબંધમાં મતભેદ હોવા છતાં તેઓ બ્રાહ્મણો જ છે એ કથનને પુષ્ટિ મળે છે. ડૉ. રીચર્ડ બર્નનો અભિપ્રાય એવો છે, કે બ્રાહ્મણોમાંથી પણ અગાઉ ઘણા સૈનિકો મળી આવતા અને તેથી સૈનિકો હોવાને કારણે તેઓ બ્રાહ્મણ નહોતા એ માન્યતા બરાબર નથી. આ મતભેદ ઉપર મદુરાની રાણી મંગામ્માલે છેવટનો સરહુકમ બહાર પાડીને તેમને બ્રાહ્મણો તરીકે ઠરાવ્યા અને બ્રાહ્મણ તરીકેનાં ક્રિયાકાંડ કરવાનો અધિકાર આપ્યો. લગભગ હજાર વર્ષથી દક્ષિણમાં નિવાસ કરતા હોવા છતાં તેમનો વર્ણ, મુખાકૃતિ વગેરેથી તેઓ સ્થાનિક પ્રજાથી જુદા તરી આવે છે.

ડૉ. રાનડે તેમનું વર્ણન આ શબ્દોમાં કરે છે: 'સૌરાષ્ટ્રી તેના ગૌર વર્ણથી, વિદેશી ઉચ્ચારથી અને શરમાળ અને વિચિત્ર પ્રકૃતિથી બીજી જાતના માણસોથી સહેલાઈથી જુદો તરી આવે છે. તે પાતળો, ઊંચો અને વિશેષતઃ રૂપાળો હોય છે.'

તેમાંના મોટાભાગનો વ્યવસાય બનાવવા અને રંગવાનો છે, અને તેથી વાય છે કે ''સૌરાષ્ટ્રીઓ' રહેતા હોય લત્તામાં, દરેક ઘર વણાટ અને રંગા કારખાનાં જેવું હોય છે અને દરેક ગટર રંગરંગીત પાણી વહેતું હોય છે.'

છતાં થોડાં કેટલાંક વર્ષથી તેઓમ કેટલાક ભણીગણીને સારા વિદ્વાનો છે અને વેપાર–ઉદ્યોગનાં બીજાં ક્ષેત્રોમાં ઝંપલાવ્યું છે. તેમના તરફથી મદુરામાં લાખના ખર્ચે બંધાવેલી એક મોટી 'સૌરા હાઈસ્કૂલ' ચાલે છે, તેમાં બે હજાર વિદ્યાર્થી અભ્યાસ કરે છે. તે ઉપરાંત એક ' હાઈસ્કૂલ' પણ હમણાં ખોલવામાં આવી અને એક કૉલેજ ખોલવાની તેઓ અભિલાષા છે.

થોડા વખત પહેલાં થયેલી સોમનાથ પ્રતિષ્ઠા વખતે તેમણે એ શકવર્તી ઉત્સવ ભાગ લેવા માટે પોતાનો ખાસ પ્રતિનિ મોકલાવ્યો હતો.

સૌરાષ્ટ્રનાં આ સંતાનોની વધારે ને વધારે નજદીક આવીએ અને એમને વધારે ને વધારે સમજીએ તેવો વખત આવી ચૂક્યો છે.

×આ લેખ તૈયાર કરવામાં 'સૌરાષ્ટ્ર હાઈસ્કૂલ' ના મંત્રીશ્રી ક્રિસ્નાયર તરફથી મને કેટલીક ઉપયો માહિતી મળેલી, તે ઉપરાંત મેં નીચેનાં બે પુસ્તકો ઉપયોગ કર્યો છે:

૧. એ હીસ્ટરી ઑફ સૌરાષ્ટ્રીઝ ઇન સધર્ન ઇન્ડિ (પબ્લીશ્ડ બાય સૌરાષ્ટ્ર લીટરરી સોસાયટી ઑફ મદુરા ઍંડ મદ્રાસ).

૨. ધી સૌરાષ્ટ્રીઝ ઑફ સાઉથ ઇન્ડીયા, બાય ડૉ એચ. એન. રનાડે એમ. એ. ડી. ફીલ; ઈ. એસ. લાઈબ્રિરિયન, ઇન્ડીયા વ્હાઈટ હૉલ, લંડન.

* * *

પથ્થરનું હૈયું

લેખક :

શ્રી પ્રબોધ જોશી

બી. એસસી.

વખતે મારી મૃત પત્નીની ચિતા પાસે બેઠાંબેઠાં મને જયંતની બધી જ ક્રૂરતાની ઘટનાઓ એક પછી એક યાદ આવી ગઈ.

સાંજનો સમય હતો. રસનાને બીમાર લગભગ એક વર્ષ વીત્યું હશે. હું નીચે ખૂણામાં બેઠોબેઠો તેને માટે મોસંબીનો રસ તૈયાર કરી રહ્યો હતો. એટલામાં તે ઉપરથી ઊતરી અને ઉદાસીન બની મારી બાજુએથી પસાર થઈ પોતાના રૂમમાં ચાલી ગઈ. મેં મોસંબીનો રસ કાઢવાનું મોકુફ રાખી તેની પાછળ જવા માંડ્યું. હું તેના રૂમમાં પહોંચ્યો તો મેં જોયું કે તે પથારીમાં મોઢું સંતાડી રોઈ રહી હતી.

ચૂપચાપ ઊભોઊભો હું થોડીવાર તેને જોઈ જ રહ્યો. મારું દિલ ધડકી રહ્યું હતું અને મનમાં સંદેહ હતો કે કહો ન કહો પણ જરૂર કોઈએ તેને ખોટું લાગે તેવી વાત કહી છે. થોડી જ વાર પહેલાં તો તે ઉપર હવામાં સૂવા માટે ગઈ હતી. નીચે બહુ જ ગરમી લાગતી હતી. મેં જ તેને કહ્યું હતું કે 'જરા ઉપર જઈને હવામાં આરામ કર.' અને આમ તે જલદી જ પાછી કેમ આવી? આગળ વધી હું તેના બરડાને અડક્યો. તે તેમ જ પડી રહી.

મેં કહ્યું 'રસના!'

તેણે પાસું બદલી મારી સામે જોયું. ભાવના વેગથી તેનું મોં લાલ થઈ ગયું હતું અને આંખોમાં આંસુ હતાં. મેં ફરી પૂછ્યું: 'શું થયું?' એક પળ માટે તે મારી સામે જોઈ રહી અને પછી બોલી: 'મને હોસ્પિટલમાં દાખલ કરાવી દો ને!'

હું પલંગ ઉપર બેસી ગયો. તેનું માથું મારી ગોદમાં લઈ મેં તેનાં આંસુ લૂછ્યાં. મેં પૂછ્યું: 'પણ કહે તો ખરી, શું થયું?' તેણે ડૂસકાં ભરતાં કહ્યું, 'મને ક્ષય થયો છે, ઘરમાં રહીશ તો બીજાની જિંદગી જોખમમાં મુકાવાનો ડર છે. હોસ્પિટલમાં દાખલ કરાવી દેશો તો જીવનના જે એક બે દિન બાકી છે, તે આરામથી વીતી જશે. પછી તમને પણ થોડીવાર આરામ મળશે અને ઘરવાળાંને પણ કષ્ટ નહિ થાય.'

મેં કહ્યું: 'રસના! તું બતાવ તો ખરી, તને આ બધી વાતો કહી કોણે?'

'હું કહીશ તો તમે ગુસ્સો કરશો.'

'ના, જરા પણ નહિ બોલું. તું કહે તો ખરી!'

તે બોલી: 'અહીં જીવ ગભરાતો હતો. તમે કહ્યું તેથી ઉપર ગઈ. ભૂલથી તમારા પલંગને બદલે જયંતભાઈના પલંગ ઉપર સૂતી. તેમણે આવતાંની સાથે જ કહ્યું: 'ભાભી! તમારે તો મરવું છે પણ બીજાને સાથે શું કરવા મારો છો?' અને કોણ જાણે કેટલું બધું કહ્યું! તમે જ કહો ને શું હું જાણી-જોઈને તેમના પલંગ ઉપર સૂતી હતી? હું તો બને ત્યાં સુધી કોઈને અડતી પણ નથી. ખુદ મારા બાબાને પણ ગોદમાં નથી લેતી!' તે જોરજોરથી રડવા લાગી અને મારી આંખોની સામે અંધારું છવાઈ ગયું. ત્યાં બેઠોબેઠો વિવશ બની વિચાર કરવા લાગ્યો. મનમાં થયું કે જઈને જયંતનું અને મારું માથું ફોડી નાંખું. એટલો કોલાહલ મચાવું કે બધાના હોશ ઠેકાણે આવી જાય.

રાતના ત્રણેક વાગ્યા હશે. મેં બાને

જગાડી અને કહ્યું: 'બા, પૂના જઉં છું.' તે આશ્ચર્યથી મારી સામે જોવા લાગી. મેં કહ્યું: 'ઊઠીને થોડોઘણો સામાન તૈયાર કરી આપ.' તેણે મારા વિખરેલા વાળ અને ઊતરી ગયેલા ચહેરા સામે જોયું અને બોલી: 'ગાંડો થઈ ગયો છે કે શું?' મેં કહ્યું: 'હા.'

તે ચૂપ થઈ ગઈ અને પછી જલદીજલદી તૈયારી કરી હું ટેકસી લઈ આવ્યો. અને જયારે અમે જવા નીકળ્યાં, ત્યારે મેં પલંગ ઉપર સૂતેલા બાબાને ઉપાડ્યો.

બા રોઈ પડી: 'એને શું કરવા મારી પાસેથી છીનવી લે છે?' મેં બાબાને ત્યાં જ રહેવા દીધો. બાને પગે લાગી રસનાને લઈને તૈયાર થઈ ગયો. બાએ જતી વખતે મારા હાથમાં દસદસ રૂપિયાની ચાર નોટ મૂકી અને કહ્યું: 'બીજી જરૂર પડે તો લખજે.' તેણે અમને રૂંધાયેલા કંઠે આશીર્વાદ આપ્યા. પણ જયંત જાગતો હતો છતાં નીચે ન ઊતર્યો. હા, તેણે એટલું અવશ્ય કર્યું કે જયારે બાબો રોવા લાગ્યો, ત્યારે તેણે ત્યાંથી-ઉપરથી જ સૂતાંસૂતાં તેને ધમકાવ્યો. અંદરનો શ્વાસ અંદર અને બહારનો બહાર... બાળક બિચારું ચૂપ થઈ ગયું...તે વખતે મારા દિલના ઊંડાણમાંથી એક નિઃશ્વાસ નીકળી ગયો અને હું ઉન્માદ જેવી અવસ્થામાં ટેકસીમાં બેસી ગયો.

પછી ચાર મહિના બાદ એક રાત આવી: દુઃખના જેવી કાળી અને મુસીબતના જેવી ભયાનક. એક વાગ્યો હશે. મેં મારા ઘરનું બારણું ઠોકયું. અને કોઈ જ અવાજ ન આવતાં લાંબો શ્વાસ લઈને મારી સમીપ નીચે બેઠેલી દુર્બળ અને કૃશકાય રસના ઉપર નજર નાંખી. લત્તાના ફાનસની ઝીણી રોશનીમાં એ સ્વપ્ના જેવી લાગતી હતી. બીજા અવાજે બાએ બારણું ઉઘાડ્યું. ત્યાં સુધીમાં તો આ દુઃખમય ચાર મહિના પોતાની વિવિધ વિપત્તિઓની સાથે કલ્પનાની સન્મુખ આવી ગયા. હકીમો અને ડૉકટરોની પાછળ ફરવું, બધી બાજુથી નિરાશ થઈને ટલનું શરણ લેવું. ખર્ચ નિભાવવા કામ કરવું. એકસ-રે, હૉસ્પિટલની અને નિરાશાના દિન, કદી આશાનો લેવો, કદી નિરાશાનું દામન પકડવું, ની કષ્ટદાયક ઋતુ, અને આ પાંજરા જેવી આ રસના. તેવી જ કાળી અને તેજ મકાન, જેને ચાર મહિના છોડ્યું હતું. બધું જ આંખોની સમક્ષ ને ચાલ્યું ગયું.

બાએ દરવાજો ખોલ્યો. હું પગે તેણે આશિષ આપી. રસનાએ પણ અવાજે આશીર્વાદ માંગ્યા પણ ઊઠી ન બાએ આશીર્વાદ આપ્યા. 'જલદી સાજી બેટી, અને તારા ઘેર પ્રસન્ન રહે.' રસનાને ઉપરના ખુલ્લા અને રૂમમાં પહોંચાડી. પછી તેના આરામનો કરી સંક્ષેપમાં અમારી દુઃખભરી બાને કહી. બાબાને જોવાને માટે મારો ઊંચોનીચો થતો હતો. બાને પૂછ્યું તો કહેવા લાગી: 'ઉપર જયંત પાસે સૂતો એ તો 'કાકા' બોલતાં શીખ્યો છે. તો બીક જ નથી લાગતી. માત્ર જયંતથી ડરે છે.' હું જલદી સીડીઓ માપતો ખંડમાં પહોંચ્યો. તે કદાચ હમણાં જ સૂતો હશે અથવા તો પછી કદાચ અવાજથી તેની ઊંઘમાં ખલેલ પહોંચી તેણે દીવો સળગાવ્યો. મારો અઢી બાબો બચપણની મીઠી અને માદક માણી રહ્યો હતો. તેને શું ખબર કે મા પોતાની ઇચ્છા અને અરમાન, અને ઉમંગોની સામે મોતની ઘેરી અંધકારમય ખાઈના મુખ સુધી

છે. અને કોઈએક ઘડીએ અગાધ અંધ-માં લોપ થઈ જશે ! તેને શું ખબર કે બાપ દુઃખના ઉપરાઉપરી હુમલાઓથી ડી ગયો છે, હારી ગયો છે ! તે તો સૂઈ હતો. કષ્ટ અને દુઃખથી અણજાણ-ની મીઠી અને મદભરી નીંદમાં !

બાએ હસીને કહ્યું: 'હું અને તું દસ પાડીએ તોપણ કદાચ ન જાગે અને ંત અગર એક જ અવાજ દે તો જાગી ઊઠે.' પણ તેણે જયંતને કહ્યું યંત, જરા બાબાને ઉઠાડ તો !'

જયંતે પોતાના શુષ્ક અને ભયાનક કાટ સાથે બૂમ પાડી. બાબાએ સૂતાં-ાં જ કહ્યું: 'હા !' જયંતે કહ્યું: 'ઊઠ !' ો ઊઠવા લાગ્યો.

'સૂઈ જા!' અને બાબો સૂઈ ગયો. !' અને ગભરાયેલો બાબો સૂતાંસૂતાં મારવા માંડ્યો. 'ઊઠ અને નાચ !' તે જાણે પોતાની સફળતા ઉપર ફુલાતો તેમ કહ્યું. બાબો ડરીને ઊઠવા લાગ્યો. એટલામાં જ મેં તેને ગળે લગાડી દીધો. ટલી ક્રૂરતા ? આવા જાલીમની સાથે ને બાબો ક્યાંથી ચંચળ અને હસમુખો ની શકવાનો છે ! જયંત જેવો શુષ્ક અને ભીર બની જાય તો ના નહિ.

'ના, પણ હું તો બાબામાં ચંચળતા જોવા છું.' બાએ કહ્યું, 'બસ, ડરે છે તો થી. મારા મોં ઉપર તો તમાચો મારે હઠીલો એવો છે કે ક્રોધ આવી જાય છે, રે હાથમાં જે વસ્તુ આવે છે તે ફેંકી છે. હા. પણ, જો જયંત કહે કે 'બાબા !' બસ ખલાસ, તે ચૂપ થઈ જાય છે.' એટલું બા હસી, પરંતુ હું બાબાને ગળે લગાડી ઉપર બેઠો અને વિચાર કરવા લાગ્યો, 'માના જીવતાં જ આ હાલ છે તો તેના પછી તો શું યે થશે ?'

*

પછી તે દૃશ્ય પણ મારી આંખો સામે આવીને ખડું થયું. જેનો નિર્દેશ હમણાં હમણાં જ બાએ કર્યો હતો. અને ફરી એકવાર મારું લોહી ઊકળી ઊઠ્યું. સવારે રસના સારી હતી. આજે તેનું જીવનનાટક સમાપ્ત થઈ જશે, ઓછામાં ઓછી તે વાતની તો શંકા કોઈને યે ન હતી. અને હું તો કામ અંગે અમદાવાદ ગયો હતો. બાએ મને કહ્યું કે 'લગભગ ચાર વાગે મહોલ્લામાં ફેરિયો આવ્યો. તેની પાસેથી કાપડ ખરીદ્યું, પછી દરજીને બોલાવી કાપડ સીવવા આપ્યું. તે પછી તેની તબિયત એકાએક ગભરાઈ ગઈ. તેણે કહ્યું 'બા, પાણી આપશો ?' બાએ પાણી પાયું. પછી તે બેભાન થઈ ગઈ. તેનો શ્વાસ ચાલવા માંડ્યો. ઘરમાં તે વખતે બા અને જયંત સિવાય બીજું કોઈ નહોતું. અને પલંગ ઉપર કે ઉપરના માળે મરવું હિંદુ ધર્મમાં નીચી જાતનું મરણ મનાય છે. બાએ જયંતને વિનતિ કરી: 'મને મદદ કર, આપણે રસનાને નીચે લઈ જઈએ.' પરંતુ રસનાને ઉઠાવવી તો દૂર રહી, તે તો બીમાર રસનાના રૂમમાં પણ ન આવ્યો. બા બિચારી દૂબળીપાતળી હતી, પણ પલંગ ઉપર અને માળા ઉપર મરવાથી આત્મા નરકમાં જશે એ ચિંતામાં જેમતેમ કરી ઉપાડી. દાદર સુધી પણ તે ખેંચી લાવી ન શકી. ત્યાં જમીન ઉપર જ મૂકી દીધી, અને જયંતને ફરીથી બૂમ પાડી. તે આવ્યો જ નહિ. છેવટે ઘસડતી–ઘસડતી તેને નીચે લાવી અને લાવીને ઠંડી જમીન ઉપર મૂકી દીધી. મનુષ્ય અને તેનો અહંકાર ! મૃત્યુ પછી તારી જે દુર્ગતિ થાય તે વાત તો ઠીક પણ મૃત્યુ પહેલાં પણ તારી આ હાલત થાય છે ?

તે સમયે રસનાને ભાન આવ્યું. અને કોઈ અજ્ઞાત શક્તિના બળે તે થોડીઘણી ઊઠી

શકી. તેણે આંખો ફાડીને અહીંતહીં જોયું. કદાચ તે મૃત્યુના આગમનથી ગભરાઈ ગઈ હશે! તેણે પૂછયું 'હું કયાં છું?'

બાએ કહ્યું: 'તારી તબિયત જરા ગભરાતી હતી...'

'મને ઉપર લઈ જાઓ...'

પણ ઉત્તર સાંભળ્યા વગર જ તે સૂઈ ગઈ અને પછી ઊઠી જ નહિ. બા ઉપર જઈને પથારી લઈ આવી. તેની નીચે પથારી પાથરી માથું ઉત્તર બાજુ મૂકયું અને દીવો સળગાવ્યો.

મૃત્યુના પહેલાં મારી પત્નીની જે દુર્દશા થઈ તેની વિગતો સાંભળી હું ગાંડા જેવો થઈ ગયો. વિચાર્યું કે કાં તો મરી જાઉં, કાં તો મારી નાંખું. પણ વખત એવો હતો કે કશું જ બોલી ન શકયો. મેં તેના ખાડા પડી ગયેલા ગાલ, બંધ આંખો અને ફિક્કા પડી ગયેલા હોઠ જોયા અને હું રડી પડ્યો!

સવારે તેનું શબ આગને સોંપી દેવાયું. મેં છેલ્લી વાર તેનું મોં જોયું હતું. સુંદર ચાંદ જેવા મોં ઉપર જાણે શાહી ઢોળાઈ ગઈ હતી. હા, દાંત તેવા જ હતા. ખૂબસૂરત સફેદ દાંત અને તેના હોઠ, શરીરને મોત વળગે તેમ વળગ્યા હતા. આ કલેવરમાં કેટલું કોમળ અને ભોળું દિલ હતું! તેને કેટલું જલદી ખોટું લાગી જતું હતું! પણ હવે? હવે તો આ નિષ્ઠુર ધરતી, આ સૂકાં લાકડાં અને આ આગ......

જયંતના વર્તને મને બેવડો દુઃખી બનાવી દીધો હતો. જયારે ક્રિયાકર્મ પતાવી હું પૂના જવા તૈયાર થયો, ત્યારે અચાનક જયંતે આવીને કહ્યું: 'મોટાભાઈ, તમે બાબાને ડૉકટરને બતાવીને જાઓ તો સારું. તેની તબિયત ઠીક નથી.' એક પળ માટે મેં મારા બાબાને જોયો. તે જયંતને વળગી પડ્યો હતો. તે કમજોર અને ઉદાસ થઈ ગયો હતો. મેં તેને ગોદમાં લીધો. આઠ દિવસો સુધી હું બધું જ ભૂલી ગયો હતો. તે ટ્રેઈનમાં જવાનું મોકુફ રાખ્યું અને બાબા ડૉકટરને ત્યાં લઈ ગયો. ખાસ રોગ નહો હા, દુર્બળતા હતી. અને ગળામાં દુખ હતું. ડૉકટરે તાકાતની દવા આપી અ ગળા ઉપર આયોડેકસ લગાડી આપ્યું. જયારે હું જવા તૈયાર થયો ત્યારે જય આવીને પૂછયું: 'મોટાભાઈ! ડૉકટરે કહ્યું?' મેં કહ્યું: 'અશક્તિની દવા આ છે. રોજ સવારસાંજ એક ચમચો પ હું પૂના જઈ તને તરત આયોડેકસ મોક આપીશ. અને બીજું ટોનિક પણ મોક આપીશ.'

અને હજુ પૂના આવે મને થોડા દિવસો થયા હતા ત્યાં જયંતનો કાગ આવ્યો. લખ્યું હતું કે 'આયોડેકસ મોક આપો.' મારી પોતાની માંદગીને કારણે ન કાગળ લખી શકયો, ન તો દવાઓ મોક શકયો. બીજા બે પત્રો આવ્યા. પણ ક જનાર મળ્યું નહિ. તેથી મોકલી ન શક પછી એક પત્ર આવ્યો કે 'શક્તિની દ ખલાસ થઈ ગઈ છે. તેનાથી ખાસ ફેર પડ નથી. બીજી દવા મોકલી આપો તો ઠીક.' તે દિવસે મારી તબિયત ઠીક નહોતી છ હું એક ડૉકટરને ઘેર ગયો અને ગ્રીમો સીરપની એક શીશી ડૉકટરના કહેવા મુજ ખરીદી. એક આયોડેકસની શીશી લી ઘેર પહોંચ્યો તો જયંતનો તાર આવ્યો 'બાબાની સ્થિતિ ગંભીર છે. જલદી આવો હું ગભરાયો, ટાઈમ ટેબલ જોયું. ગાડી છૂ ડવામાં ૧૫ મિનિટ જ હતી. દોડતો સ્ટેશ ગયો. મેં ટ્રેઈનમાં પગ મૂકયો અને ગાડી છૂ સમયસર જ ગાડી અમારા સ્ટેશને આવી હું જલદી ઘર તરફ દોડ્યો. થોડા તા અને થોડી ચિંતાથી મારા પગ ધ્રૂજતા હતા.

ફેર જઈ જોયું તો બાબો અચેતન પડ્યો હતો. જલદી ડૉકટરને બોલાવી લાવ્યો. તેમણે કહ્યું કે ન્યુમોનિયા થઈ ગયો છે. બહુ જ સાવધાની રાખવાની જરૂર છે. બેદરકારીથી બાબાનો જાન જવાનો ભય હતો.

મને પોતાને તે વખતે તાવ હતો. મેં વિવશ આંખે જયંત સામે જોયું. તેને ડૉકટરની આ વાતથી આઘાત પહોંચ્યો હોય તેમ લાગતું હતું. બાબા પ્રત્યે તેને ઘણું વહાલ હતું. દિનરાત તે તેની જ પાસે રહેતો હતો. મેં જોયું કે જયંતનો રંગ ફિક્કો પડી ગયો હતો; અને તે એકીટશે બાબા સામે જોઈ રહ્યો હતો. એવી રીતે જોતો હતો કે જાણે કોઈ શાહુકાર પોતાની નજર સામે પોતાનો માલ લૂંટાતો જોઈ રહ્યો હોય. મેં તેના ખભે હાથ મૂકયો. તે ચોંકયો. મેં કહ્યું: 'મને ઠીક નથી. જા, ડૉકટર સાહેબને ત્યાંથી દવા લઈ આવ.' અને જયંત ચૂપચાપ ડૉકટરની સાથે ચાલ્યો ગયો.

આ પછી જે પરિશ્રમ અને દરકારીથી, જે પ્યાર અને લગનથી જયંતે બાબાની ચાકરી કરી તેવી તો હું કે તેની મૃત્યુ પામેલી મા રસના પણ ન કરી શકયાં હોત. આખી રાત તે તેની પાસે બેસી રહેતો અને હું તો ચેતનહીન સમો, શક્તિહીન સમો પડ્યો રહેતો.

એક રાત્રે વાદળ ઘેરાયાં. વીજળી ચમકવા લાગી અને વાયુના વેગથી મકાનનાં બારણાં ખખડી ઊઠ્યાં, મારું હૃદય બેસી ગયું. બાબાની સ્થિતિ સુધરી રહી હતી. લાગતું હતું કે આમ થોડા દિવસ નીકળી જશે તો આરામ થઈ જશે, પણ આ કમબખ્ત વાદળોને આજે જ ઘેરાવાનું સૂઝ્યું. મેં બારણાં બંધ કરી દીધાં. રૂમમાં તાપણું કર્યું. લગભગ અગિયાર વાગ્યાના સુમારે બાબો જુદી જ જાતનો શ્વાસ લેવા માંડ્યો. મેં જયંતને કહ્યું: 'ગમે તે રીતે ડૉકટરને બોલાવી લાવ. ઢંગ સારા નથી દેખાતા.' ચૂપચાપ જયંતે ચાલવા માંડ્યું. મેં બારીમાંથી જોયું કે મૂશળધાર વરસાદ વરસી રહ્યો છે. એક હાથમાં બેટરી અને બીજા હાથમાં છત્રી લઈ વાયુના વેગે અંધકારનો અને વરસાદનો મુકાબલો કરતો જયંત જઈ રહ્યો છે. શરીર ઉપર માત્ર એક ખમીસ અને ચદ્દી જ હતાં. સહસા એક વિચારે મારું હૃદય ધ્રૂજી ઊઠ્યું. મેં જરા બારી ઉઘાડી તેને જોરથી બૂમ પાડી 'જયંત, કામળો લેતો જા. શરદી થશે.' પરંતુ કાંતો તેણે સાંભળ્યું નહિ હોય યાતો સાંભળીને પણ પાછું આવવું યોગ્ય નહિ લાગ્યું હોય. તેથી તે આગળ વધતો જ ગયો. મેં બારી બંધ કરી દીધી અને દીર્ઘ શ્વાસ છોડીને બાબાની પથારી પાસે આવીને બેઠો.

લગભગ એક કલાક પછી ડૉકટર આવ્યા. આખો ભિજાયેલો કોટ ખીંટી ઉપર લટકાવી સ્થેથોસ્કોપ કાઢ્યું. નિરીક્ષણ કરી એક દવાની ચમચી તેના મોંમાં નાખી.

'આજની રાત ખેંચી કાઢે તો કદાચ બચી જાય.' એટલું કહી ડૉકટરે કોટ પહેર્યો અને મારી સામે જોયું. મેં કોટના ખિસ્સામાંથી દસની નોટ કાઢીને તેમના હાથમાં મૂકી. ડૉકટર ગયા. જયંત પણ દવા લેવા તેમની સાથે ગયો. આખી રાત બાબાની સંભાળ રાખી. કહ્યા મુજબ દવા પાતા ગયા, પરંતુ આ પરિશ્રમ, મહેનત અને સાવધાની છતાં બાબાને બચવું ન હતું તે ન જ બચ્યો. રાતના પાછલા ભાગમાં મારું શરીર શિથિલ થઈ ગયું હતું. અંગ દુખતું હતું તેથી હું જયંતને તેની પાસે બેસાડી જમીન ઉપર સૂઈ ગયો.

બાની ચીસથી હું જાગી પડ્યો. જોયું તો બાબો જમીન ઉપર મૃત પડ્યો હતો—અને બારીમાંથી સવારનો પ્રકાશ રૂમમાં ડોકિયાં

કરતો હતો. કદાચ તે તેને જગાડવા માટે આવ્યો હતો, પણ તેને શી ખબર કે સૂનારાએ તો મોત સાથે હોડ માંડી છે. તે નહિ જાગે. તે તેની માની પાસે ચાલ્યો ગયો છે.

હજુ એક ઘા તો રુઝાયો નહોતો ત્યાં બીજો લાગ્યો. દિવસ થતામાં તો ઘરભરમાં રોકકળ શરૂ થઈ ગઈ. હું તો એટલો નિરાશ થઈ ગયો હતો કે હિંમત જ હારી ગયો હતો. પણ ગમે તે હોય, જયારે તે મરી જ ગયો છે ત્યારે તેને આખરી મંઝીલ સુધી પહોંચાડવાનો પ્રબંધ તો કરવો જ જોઈએ ને! મારામાં સ્મશાન જવાની શક્તિ રહી નહોતી. સ્ત્રીઓએ નવડાવી-ધોવડાવી બાબાને કફનમાં લપેટી લીધો. પંડિતોએ આવશ્યક રીતરિવાજો પૂરા કર્યા. બેઠકમાં નાતજાતના કેટલાક લોક ભેગા થયા, પરંતુ શબને ઉપાડીને લઈ કોણ જાય ? હું તો આવ્યો ત્યારનો જ તાવથી પીડાતો હતો; અને તેમાં પાછો આ આઘાત!

જયંતને બૂમ પાડી. તે ત્યાં નહોતો. બધા
રૂમમાં શોધ્યો તોપણ ન મળ્યો. હું
ઉપર ગયો. તેના રૂમમાં પહોંચ્યો. તે તે
પથારીમાં ઊંધા મોંએ પડ્યો હતો. મેં તે
બૂમ પાડી. તે ન હાલ્યો. એટલામાં
આવી, તેણે કહ્યું: 'નથી સાંભળતો ને!
એમ નહિ ગાંઠે! ભાઈસાહેબને સ્મશા
જવાનું જોર આવતું હશે એટલે ઊંઘી
હશે. પકડ વાળ ને કર ઊભો!'

મેં જરા જબરજસ્તીથી તેનું મોં મા
તરફ કર્યું. આંખો લાલ હતી, પથા
આંસુઓથી ભિંજાઈ ગઈ હતી. મેં કહ્યું:
'જયંત સ્વસ્થ થા.'

અને...અને!...અને, જેને હું, બા અ
રસના પથ્થરના હૈયાવાળો કહ્યા કરતાં
હતાં, તે બાળકની માફક ધ્રુસકે ધ્રુસકે રોવ
લાગ્યો....

* * *

પ્રાચીનકાળમાં ઉપમન્યુએ એક દિવસ એની માતા પાસે દૂધ માગ્યું. ઘરમાં દૂધ નહોતું. એટલે એની માએ ચોખાનો લોટ પાણીમાં ઓગાળીને ઉપમન્યુ સમક્ષ ધર્યો. મામાને ઘેર હતો, ત્યારે દૂધ પીવાનો અનુભવ હોવાથી ઉપમન્યુને ખબર પડી ગઈ કે ત્યાં મામાને ઘેર રોજ મળતું દૂધ તે આ નથી.

'માતા, આ તો દૂધ નથી.'

માતાએ સાચી વાત જણાવી :

'હા વત્સ. તું સાચું કહે છે. વન ને પહાડોની ગુફાઓમાં રહેનારા આપણને દૂધ ક્યાંથી મળી શકે ? આપણું સર્વસ્વ છે ભગવાન શિવ. તારે જો દૂધ જોઈતું હોય તો એમને પ્રસન્ન કર. એ પ્રસન્ન થશે તો તારે જે જોઈશે તે આપશે.'

પુત્રે પૂછ્યું :

'માતા, આ ભગવાન શિવ કોણ છે ? કયાં રહે છે? એમનું રૂપ કેવું છે ? મને એ કેવી રીતે મળશે ? એમને મેળવવાનો માર્ગ કયો ?'

બાળકનાં આ સરળ વચનોની માતા ઉપર ખૂબ ઊંડી અસર થઈ. એણે શિવતત્ત્વનું સ્વરૂપ બતાવ્યું ને અંતે કહ્યું :

'વત્સ તું એમનો ભક્ત બન. એમનામાં મન લગાડ. એમના પર વિશ્વાસ રાખ. કેવળ એમનું જ શરણ લે. એમનું જ ભજન કર. એમને પ્રસન્ન કરવાનો મહામંત્ર છે: નમઃ શિવાય.'

કહે છે કે માતાના આ પ્રેરક ઉદ્બોધન પછી ઉપમન્યુ પરમ શિવભક્ત બન્યો હતો.

×

જુઆંગ પ્રજા

લેખક :

ડૉ. ઠાકોરભાઈ ભાણાભાઈ નાયક

એમ. એ., પીએચ. ડી.

હિંદભરમાં ગરીબમાં ગરીબ ગણાતા ઓરિસ્સા પ્રાંતના આદિવાસીઓને નજરે નિહાળી ગાંધીજીએ જિંદગીનાં અંતિમ વર્ષો સુધી કેવળ કચ્છભેર રહેવાનું વ્રત લીધું, એ સહુ જાણીએ છીએ. જુઆંગ પ્રજા એ પ્રદેશમાં આજેય લગભગ નગ્નાવસ્થામાં વિચરે છે. આ વિષે કેવી વિચિત્ર માન્યતા તેમનામાં પ્રવર્તે છે તે તથા તેમનાં ખોરાક, ધંધો, તહેવાર-ઉત્સવો, લગ્ન, મૃત્યુ તથા સામાજિક બંધારણ માટે કેટલીક કુતૂહલપ્રેરક વાતો આ લેખ કહી જાય છે. ગુજરાતના સુરત જિલ્લાના હારી, દૂબળા, ચોધરા જેવી જ આ પ્રજા છે.

ઓરિસ્સા પ્રાંતનાં ઘેનકેનાલ, કીઓન્ઝાડ અને પાલલહરા જેવાં નાનાં દેશી રાજયોમાં આ જુઆંગ નામની પ્રજાની સિત્તેર હજાર જેટલી વસ્તી છે. કીઓન્ઝાડ એમાં મોટું રાજય છે; ને જુઆંગ લોકો એને જ પોતાની માતા–પૃથ્વી, મૂળભૂમિ માને છે. જુઆંગો પત્રોનાં કપડાં પહેરે છે. ૧૮૬૬માં ડાલ્ટને તેમને પહેલવહેલા જોયા ત્યારની એની નોંધ છે: 'એમની પાસે વસ્ત્રોનું નામમાત્ર નથી. એમની નગ્નતાને ઢાંકવાને કેડ ફરતા મહુડાના કંદોરામાંથી કેટલાંક પાંદડાં લટકતાં રાખવામાં આવે છે. આદમ–ઈવથી એઓ ખાસ આગળ ગયા નથી. સ્ત્રીઓનાં શરીર–સુંદર પત્રોથી અણઢંકાયેલી એમની કાયા રતિપતિને યોગ્ય વસ્તુ છે.' આજેય એ જ હાલત છે. એને માટેનાં પૌરાણિક કારણોમાં એક આ છે :

'અમે 'નાયકો' ઋષિનાં બાળકો છીએ. અમારા જન્મ વખતે તેમણે ધોતીઆં, સાડીઓ, પાઘડી વગેરે માટે અમને રેશમનાં સુંદર વસ્ત્રો આપ્યાં. એક વખત પૂર્ણિમાને દિવસે સ્ત્રીઓએ ઘરમાં 'ચોકા' સિવાયનું બીજું બધું કામ કર્યું, નાહવા ગઈ ને એમનાં કપડાં સાથે પાછી આવી. એમણે વિચાર્યું: હવે જો 'ચોકો' લગાવીશું તો આપણાં કપડાં બગડી જશે. એમણે તો પોતાનાં રેશમી વસ્ત્રોને બદલે ઝાડનાં પાંદડાં પહેર્યાં ને 'ચોકો' લગાવ્યો. એટલામાં 'ધરમદેવતા' આવ્યા; ને એમને આવી અવદશામાં જોયાં. દેવતા ખિજવાયા ને કહે: 'મેં તમને રેશમી કપડાં આપ્યાં હતાં ને તમે તેનો આવો ફેજ આણ્યો! આજથી તમે 'પત્ર–પહેરનાર' જુઆંગ કહેવાશો.'

એમની ખાદ્ય ચીજો ઘણી, બહુ અને વિચિત્ર લાગે એવી છે. એમનો મુખ્ય ખોરાક ચોખા કે જુવારની પેજ, દાળ અને ચોખાની રોટલી છે. આ ઉપરાંત એઓ કંદમૂળ, માંસમાછલી વગેરે પણ ખાય છે. એમને ગાય, વાઘ, વાંદરાં કે બકરાંનું માંસ ખાવામાં વાંધો નથી. કાગડાટોપી, કીડી, મંકોડા અને તીડ પણ એઓ આનંદથી ખાય છે. એમના ધરમદેવતાએ એમને શાપ આપેલો, કે 'તમે સર્વભક્ષી થજો,' તેથી જ એમના કહેવા પ્રમાણે, એઓ આ બધું ખાય છે.

એમનો ધંધો ખેતીનો છે. પહેલાં મુખ્ય સાધન કોદાળી હતું; હાલમાં જ કેટલાક હળ વાપરતા થયા છે. એઓ ઝાડ કાપીને તેને બાળી નાખી હળ કે કોદાળીથી રાખને ચાળી અંદર બી રોપે છે. ખાસ કરીને ચોખા અને કઠોળ એઓ પકવે છે. જુઆંગ લોકો શિકાર પણ કરે છે. વૈશાખમાં પહેલી કાચી કેરી ખાધા પછી ગામનો પૂજારી ઠરાવે તે દિવસે એઓ બધા સાથે મળીને શિકારે જાય છે. ત્યાં

પૂજારી સૌનાં ધનુષબાણુની પૂજા કરે છે; ત્યાર પછી સૌ શિકાર કરે છે. સાબર, વાઘ, સસલાં, ગમે તેને મરાય. પક્ષીને પકડવામાં આવે છે; એમનો શિકાર નથી કરાતો.

જુઆંગ લોકોની માન્યતા છે કે છોકરો હોય તો નવમે મહિને જન્મે; છોકરી દસમે. બાળકજન્મના પહેલા અઠવાડિયાથી માંડી કેટલીક જગાએ તો એકવીસ દિવસ સુધી માને અછૂત ગણુવામાં આવે છે. ઘરની પાછળ સૌ ન જુએ તેમ એ દરરોજ નહાય છે; ને સાતમે દિવસે વહેલી ઊઠી એ જગ્યાને એ માટીથી પૂરી દે છે; નાહવાનાં માટીનાં વાસણો ફેંકી દે છે; પોતાનાં કપડાં ધુએ છે ને છોકરાના વાળ કાપે છે. છોકરાનું નામ કોઈ વૃદ્ધ હોય તે પાડે છે; બાપને સ્વપ્નું આવે કે એનો જ કોઈ પૂર્વજ ફરીથી જન્મ્યો છે, તો તેનું જ નામ આપવામાં આવે છેઃ અથવા તો નામ લેતા જાય ને અનાજના દાણા પાણીભર્યા વાસણમાં મૂકતા જાય; જે નામે દાણો તરે તે નામ બાળકનું!

છોકરાનું લગ્ન ૨૦ વર્ષ પછી અને છોકરીનું ૧૪ વર્ષ પછી કરવામાં આવે છે. લગ્નના ઘણા પ્રકારો છેઃ સૌથી જૂની પ્રથા 'ધરી પડા'ની એટલે પ્રિયતમાને ભગાડી જવાની લાગે છે. જુઆંગ પ્રિયતમાને લઈને જુવાન નાસી જાય છે; પોતાને ગામગોંદરે પોતાની બહેનને બોલાવી લાવે છે; ને બહેન ભાભીને ઘરે લઈ જાય છે. ત્યાં બંનેની પીઠી ચોળવામાં આવે છે. દોસ્તો અને સગાં બોલાવેલાં હોય તે નાચે છે ને લગ્ન પૂરાં થાય છે. 'માનામાની' પ્રથામાં લગ્ન આટલાં જલદી પતતાં નથી. છોકરીની શોધ ચાલે, સાત દિવસે ખાદ્ય વસ્તુઓની આપલે થાય, પંદર દિવસે દહેજના પૈસા લઈ વરબાપ વેવાઈઘરે જાય, પછી મહિને દોઢમહિને લગ્ન થાય. તેમાં એમનાં કપડાંના છેડા ગંઠાય, નાચ થાય અને ત્રીજે દિવસે જાન વરને ઘેર પાંછી જાય. સિવાય ઘરજમાઈ તરીકે પણ કેટલાક છે; કેટલીક સ્ત્રીઓ પોતાના મનગમ જુઆંગોને ત્યાં જઈ બેસે છે; છૂટાછેડા થાય છે; અને બહુપત્નીક લગ્ન પણ થાય છે.

મરેલાંને પીઠી ચોળી સ્મશાને લઈ બાળે છે. બાળતાં પહેલાં એના મોંમાં પૈસો શરીરે હવેજ રાખે છે. શોકમગ્ન ઘરમાં માટીનાં વાસણો, ચૂલા વગેરે ભાંગી એને ચોખ્ખું કરવામાં આવે છે. મહિનો શોક પળાય છે. ફાગણની પૂનમે એ મૃતાત્મા કંઈક ચડાવાય છે. મરણ વિષેના એમ વિચારો વિષે એક વાત છે:

પહેલાં તો કોઈ મરતું જ નહીં. તે વખતે પણ ન હતી! એક ડોસો રાત્રે તલના દાણા કરતો; દિવસે પણ એ જ કામમાં ઘણેભાગે રહેતો ને ખાવાનુંય ભૂલી જતો. એક દિ 'મહાપ્રભુ'એ 'રાવતીન'ને દહીં વેચવા મો દહીંમાં કશીક નિદ્રૌષધિ ભેળવી હતી. ડોસાએ ખરીદી ભાત સાથે ખાધું. ખાધું એટલે એને તો આવી ને થોડા વખતમાં એને મરણ પણ આવ્યું તે દિવસથી દુનિયા પર મરણે પગપેસારો કર્યો છે.

એમનાં દેવદેવીઓ અનેક છેઃ ધરમ દેવતા અથવા મહાપ્રભુ અને ધરતીમાતા અથવા બાસુકિ એમનાં મહાદેવ-દેવી છે. વનરાય તથા વનદુર્ગા, રંગાપાટ, મોસરા પાટ, કોદાપાટ, મલયગિરિ, ગંધમર્દન, નીમ ગિરિ, ચંદાગિરિ, સાંખરગિરિ, એ એમનાં જંગલડુંગરનાં દેવદેવીઓ; સાતકન્યા, મૈના સુર, જલદેવી, એટલાં પાણીનાં દેવતા પિતૃ અને સદ્યમૃતોનાં ભૂતો એ ઘરના દેવ અને શંકર, પાર્વતી, લક્ષ્મી, દુર્ગા, બળભદ્ર રામ, લક્ષ્મણ, સીતા વગેરે હિંદુઓ પાસેથી લીધેલાં દેવદેવીઓ છે.

એમના તહેવારોમાં મુખ્ય આટલા છેઃ મહા મહિનામાં માઘજાત્રા; આંબે મોર આવે ત્યારે આંબાના મોરને ચોખા સાથે

કેરીને ખાય છે. તે દિવસ આંબાની કાચી કેરી ખાઈ ઊજવે છે તે દહાડો; જેઠ મહિનામાં ત્રણ દિવસ કંદમૂળ ખાતા નથી તે ઉત્સવ; અષાડમાં દેવો આગળ કુક્કરનો ભોગ કરે છે તે અષાડપૂજા; શ્રાવણમાં પૂજા કરીને ઢોરની પ્રશંસા કરે છે તે અને વાળી દિવાળી. એ લોકો ભૂતડાકણમાં માને છે. વહેમો પણ અનેક છે. સ્વપ્નાં વળી એમની માન્યતા એવી છે કે ઊંઘમાં દેખાય તો શરીર દુખે; સ્વપ્નમાં વાગતાં નગારું તૂટે તો કોઈનું મરણ માનવું; આગ દેખાય તો ખરેખર જ આગ લાગે; માંસ દેખાય તો સગાનું મૃત્યુ જાણવું; પણ કાદવમાં પગ ખરડાયેલો દેખાય તો જાગૃત જીવનમાં મધપ્રાપ્તિ થાય; માછલી મારતા જણાઈએ તો દીકરીનું માગું આવે; અને કાપતા જણાઈએ તો શિકારમાં માંસ મળે એમ નક્કી માનવું.

એમના સામાજિક બંધારણમાં મુખ્ય વાતો આટલી છે: (૧) એમનાં કુળો દેવકો (=અં. ટોટેમ્સ) ઉપરથી બનેલાં છે. જે જેનું દેવક હોય તે તેનું પૂજ્યપાત્ર તથા પૂર્વજ મનાય છે. એક જ દેવકધારીઓમાં લગ્ન કરવાં પાપમય લેખાય છે. એમનાં કુળો આવાં છે: આલેમ્બા (=ઝાકળ), વૈતરી બા (=ભેંસ), પાલીમ્બા (=મચ્છર), ડુમરીઆ બા (=ઝાકળ) વગેરે.

દરેક ગામમાં દિહુરી અથવા ભૂઈતાર નામે વહીવટ કરે છે; સૌને તાબામાં રાખે દેવાઓ વગેરે ઉપર પણ રાજ કરે છે. પ્રધાન ગામમાંથી મહેસૂલ ઉઘરાવી થાણે મોકલે છે. એને સરકાર તરફથી થોડો પગાર મળે છે. આ બંને હોદ્દા વંશપરંપરા ઊતરે છે.

દરેક ગામમાં દરબાર અથવા મંડાગઢ કરીને એક ઘર હોય, એમાં ગામના કુમારો સૂઈ રહે; નાચગાન અને બીજી આવડતો શીખે. અહીં જ માત્ર પુરુષો ભેગા થઈ ગામનું કામ વહેંચી લે; તથા બીજી વાતો પણ ચર્ચે. કોઈક જગાએ આ સંસ્થા નાશ પામી છે.

એમનાં ગીતો ઘણાં જ છે. થોડાંક ગીતોનું ભાષાંતર નીચે આપ્યું છે. એક પ્રેમગીત છે:

કુંજવનમાં સરસવે ફૂલ બેઠાં છે. અરે સુંદર છોકરી, તું સવારથી રડે છે? ને હવે તો સૂરજ પણ ડૂબવા આવ્યો છે. નદીનું પાણી કેટલું ગંદું હતું? હે પ્રિયતમા! વરસતા વરસાદને જો ને; વાદળાં કેવાં કાળાં ચડી આવ્યાં છે! મેં તને આંખનો ઈશારો કર્યો હતો, પણ તું સમજી જ ન શકી. વરસાદ તો ઝરમરઝરમર પડે છે; ને આપણે કયે બારણેથી નાસી જઈશું? ડોસો જાગશે તો આપણને ખૂબ મારશે.

દેખ, સારી પાછળ ભ્રમરની માફક ન ભમ, હું અન્ય રાજ્યની કન્યા છું. મારું અપમાન કરનારને હું લાકડી વતી ભોંયભેગો કરું છું!

બીજું એક ગીત છે:

સાચું કહેજે, લાલ ઘોડે ચડીને તું ક્યાં જાય છે? માત્ર બાર-તેર વરસનો તું કિશોર છે. તારે ગળે સોનેરી હાર છે. તારો ઘોડો હણહણે છે ને આગળ ને આગળ ચાલે છે. કેટલો સુંદર છે એ! ને તેથી ય તું કેટલો સુંદર છે! તારી કેડે તરવાર લટકે છે. સાચું કહેજે: તારું ઘર કયા મુલકમાં છે?

છેલ્લું એક લગ્નનું ગીત જોઈએ:

વર અને વહુ સાથમાં બેઠાં છે. સોનેરી દીવાઓ બળે છે. હળની ઝૂંસરીએ બંને બેઠાં છે. વર ઘરડો હોય તો વહુ રડે છે; વર જુવાન હોય તો તે હસી દે છે!

★

શ્રીમતી: હમણાં જ મેં એક જગ્યાએ શાહમૃગ વિશે વાંચ્યું.
સખી: ખાસ જાણવા જેવું હતું કંઈ?
શ્રીમતી: હા, શાહમૃગ બહુ જ ઓછું જોઈ શકે છે અને ગમે તે પચાવી શકે છે!
સખી: ઓહ! કેવો આદર્શ પતિ!

×

ચકમક

રેડિયો રૂપક

લેખક :
શ્રી બરકત વીરાણી

ગિરધર : (નસકોરાં બોલાવે છે.)

જયા : એય, ઊઠો છો હવે ?

ગિરધર : શા માટે મને સપનામાં ય હેરાન કરે છે ?

જયા : હવે તમારું સપનું ગયું ચૂલામાં !

ગિરધર : ઓ બાપ રે ! તું તો સાચે જ બોલે છે ! ત્યારે તો–ત્યારે તો સપનું ચૂલામાં જ ગયું હશે. અને આપણે રાખ નીચે દટાઈને વાત કરતાં હશું, ખરું ને ? જોજે, મને ક્યાંય ફોલ્લા તો નથી પડ્યા ને ?

જયા : તમે તો વાયડા ભારે ! પૂછું છું એનો સીધો જવાબ નથી આપતા ને આડા-આડા ભાગો છો !

ગિરધર : સીધે રસ્તે જતાં તું આડી આવે છે એટલે બીજું શું કરું ?

જયા : હવે ઊઠો. આ બપોર થયા !

ગિરધર : હેં–બપોર થયા ? ત્યારે શું આજે સવાર જ નથી પડી ?

જયા : તમને તે મારે શું કહેવું ?

ગિરધર : 'એ નટિયાના બાપા' એમ તો રોજ કહે છે ને પાછી શું કહેવું એવું પૂછે છે ?

જયા : લવારો બંધ કરો ને હું પૂછું એનો જવાબ આપો.

ગિરધર : જો જયા, હું પહેલી અંગ્રેજીમાં નાપાસ થયો એનું કારણ જ હું જવાબ નહોતો આપી શક્યો એ છે. માટે તારે મારી સાથે, વાત કરવી હોય, તો એ સવાલજવાબની માથાકૂટ પડતી મૂકજે.

જયા : માથાકૂટ તો તમે કરો છો.

ગિરધર : બકબક નહિ જોઈએ.

જયા : લે–બકબક હું કરું છું કે તમે ? તમારે સાંભળવું જ નથી એમ કહો ને !

ગિરધર : એમ કહેવા કરતાં, તા બોલવું જ નથી એમ કહું તો !

જયા : વાત સાંભળવાની તમારી દાન જ નથી ! તમે સૂઈ જાવ પાછા.

ગિરધર : સૂઈ જાઉં તો ખરો, પણ એ શરતે–તું જો હાલરડાં ગાતી હો તો જાઉં. છે કબૂલ ?...અરે, અરે પણ ક્યાં ચાલી તું શું કહેતી હતી બોલ ને !

જયા : કહું છું કે ધનજી સાથે–

ગિરધર : પૈસાજી અથવા નાણાંજી કહી શકાય કે નહિ ?

જયા : તમારે સાંભળવું છે કે નહિ !

ગિરધર : હા, હા, બોલ–ધનજી સાથે શું!

જયા : ધનજી સાથે નટુને નિશાળે મોકલ્યો છે, નાળિયેર ને પતાસાં લઈને.

ગિરધર : નટુને ધનજી સાથે શા મા મોકલ્યો ? મને જગાડવો તો હતો–એને નિશાળે બેસાડવાનો લહાવો મારે લેવો હતો.

જયા : તમે તો કુંભકરણના ગીતની જે નસકોરાં બોલાવતા હતા. આ ત્રીજી વખત બોલાવ્યા ત્યારે જાગ્યા.

ગિરધર : કાંઈ નહિ પણ ધનજીને સમજાવ્યું છે ને ?

જયા : હા. એને કીધું છે કે આજ નટુની વરસગાંઠ છે. દહાડો પણ સપરમો છે અને ઓળખીતાઓને જમવાનાં નોતરાં દીધાં છે એટલે માસ્તરને કહેજે કે નટુને એક કલાકમાં ઘેર પાછો મોકલી દે.

ગિરધર : નટુ આવે ત્યાં સુધી ધન ત્યાં રોકાશે ને ?

જયા : હાસ્તો.

ગિરધર : તો ઠીક, પણ હેં જયા, નટુ આજે છઠ્ઠું વરસ બેઠું નહિ ?

જયા: એટલુંય યાદ નથી?

ગિરધર: જેના જનમને આજ પાંચ- વરસ વીતી ગયાં હોય પછી એની ઘડીઘણી તો ભુલાઈ જાય ને?

જયા: લાજો હવે લાજો, આવું શું?...

ગિરધર: લાજું? આ લાજયો બસ–જો ઘડા પર શરમના શેરડા શેરડીના સાંઠા ના લાગે છે કે નહિ?

જયા: આવી ગાંડી વાત કોઈ સાંભ- તો તમને ને મને–બેયને—

ગિરધર: પણ કોઈ શું કામ સાંભળે? -ધણિયાણીની વાત વચ્ચે માથું મારવા- કોઈને અધિકાર નથી કે આપણે બીક શરમ રાખવી પડે.

જયા: તમે તો ભાઈસાબ, ભારે બોલકા!

ગિરધર: શું, શું? ફરીવાર બોલ તો જોઉં.

જયા: બોલકા–વળી!

ગિરધર: જો જયા, આજે એ શબ્દ બોલી એ બોલી. હવે પછી એવું બોલતી નહિ. શરમ તો આવું આવું બોલતાં રાખવી જોઈએ.

જયા: શા માટે? હું કાંઈ ખરાબ બોલી છું?

ગિરધર: ત્યારે નહિ? હમણાં બધાં આમંત્રિત સદ્ગૃહસ્થો અને સન્નારીઓ આવશે બધાંની વચ્ચે તું આવું બોલીશ તો જયાને બદલે જયલી જેવી લાગીશ.

જયા: હવે લાગ્યા ઇ તો.

ગિરધર: ખરું કહું છું! એ બોલકા ને બોલકા જેવું નહિ ચાલે.

જયા: હું તો આવડશે એવું બોલીશ. કાંઈ કોઈની...

ગિરધર: એ બહાદુરી પછી બતાવજે. પહેલાં તારે બોલતાં શીખવું પડશે, નહિ તો આવનારા અતિથિઓને કહીશ કે મારી ઘરવાળી મૂંગી છે–ને તારે પણ એ વખતે મૂંગાં થઈ જવું પડશે.

જયા: તો શું બોલું? બોલકાને બદલે બીજું બોલતાં તો મને નથી આવડતું. હા–તમે કહો તો બોલકાને બદલે બોલકણા કહું.

ગિરધર: ઓહોહો! તેં તો ટેલિફોનના તારથી ટેલિવિઝનની શોધ કરીને શું? અરે, એ તો મૂઆ નહિ ને પાછા થયા જેવું થયું!

જયા: ત્યારે શું કહું?

ગિરધર: વાચાળ! શું સમજી–બોલકા નહિ, પણ વાચાળ.

જયા: તો હવેથી વા–ચાળ કહીશ, બસ?

ગિરધર: અરે, વા–ચાળ નહિ, પણ વાચાળ, વા–ચાળ કહીશ તો વળી કોઈ મને વા ચાળવાવાળો સમજશે.

જયા: તમે તો વાયડા ને આડોડિયા ભારે!

ગિરધર: જો પાછી એવું બોલી? આ વાઈડાઈ ને આડોડાઈ ન કહેવાય; આ તો રમૂજ અને હાજરજવાબીપણું કહેવાય. તું કયાં સુધી ભણી છે?

જયા: તમારે શું કામ છે?

ગિરધર: મારે કામ છે–બોલ, કયાં સુધી ભણી છે?

જયા: ત્રીજી ગુજરાતી પાસ કરી છે–એમ કાંઈ તમારા જેવી ભોટ કે ઠોઠ નથી.

ગિરધર: છતાં મારે તને 'કને કાંઈ નહિ કથી જ્ઞને બે મીંડાં જ્ઞહ્' સુધી ફરીથી શીખવવું પડશે. ત્યાં સુધી તારો આ ગ્રામીણ ઉચ્ચાર એનાં ગાંસડાંપોટલાં ઊંચકવાનો નથી.

જયા: ગાંસડાંપોટલાં શા માટે ઊંચકે? કયાં એણે કાંઈ તમારું બગાડ્યું છે?

ગિરધર: પણ તું આમ, સમજીને જવાબ દે છે કે પછી બોલવા ખાતર બોલી નાખે છે?

જયા : ઈ હું કાંઈ ના જાણું.

ગિરધર : લ્યો, કહેજો કાંઈ કામકાજ, મેં તને શું કીધું ?

જયા : મને નથી ખબર—હું એમાં સમજું ય નહિ ને એવું મને આવડે ય નહિ.

ગિરધર : અને છતાં જવાબ દેવા છે, ખરું ?

જયા : હાસ્તો.

ગિરધર : ત્યારે તો કોક દિવસ જરૂર આંધળે બહેરું કુટાઈ જવાનું—ને તે દી મારું શું થશે એ તો કદાચ ભગવાન પણ નહિ જાણતો હોય.

જયા : તે એમાં નિસાસા શું નાખો છો ? મને ખરાબ બોલતાં આવડે છે તે ભલે હું ખરાબ રહી.

ગિરધર : હું તો કોક દિવસ કહેતો હતો પણ આ તો અત્યારે જ આંધળે બહેરું કુટાવા લાગ્યું.

જયા : તમારી જોડે મારે લમણાંઝીક નથી કરવી. મારે હજી ઘણું કામ છે. ઓલ્યા મહેમાનો હમણાં આવશે ને હજી ચૂલાનું ઠેકાણું નથી.

ગિરધર : ચૂલાનું ઠેકાણું તો રસોડામાં છે ને !

જયા : તમારે આમ ગાંડાં કાઢવાં છે, એમ ?

ગિરધર : ના ભઈ ના—હું તો ડાહ્યાં કાઢવા ય તૈયાર છું.

જયા : ઠીક તો ગાંડાં કાઢો બેઠાબેઠા પણ પહેલાં ચા પી લ્યો—મારે માથેથી એક બલા તો ટળે.

ગિરધર : અરે, ચાથી સ્ફૂર્તિ આવશે તો તારે વળી વધારે હેરાન થવું પડશે.

જયા : ભલે હેરાન થવું પડે. પહેલાં મોઢું ધોઈ લ્યો—એટલે હું ચા લઈ આવું.

ગિરધર : પહેલાં ચા લઈ આવ ને—ચા પીધા વિના મોં ધોવાની તાકાત કોનામાં

જયા : તમે મોઢું ધોયા પહેલાં પીશો ? કાંઈ સાહ્યબી આવી ગઈ છે! તો તમારી પાસે જોયું.

ગિરધર : ત્યારે તેં જોયું છે જ આવું તો મારા જેવા બધા માલદારને હોય છે. નહિ તો લડાઈમાં આપણને બેઠે ગંગા નાહ્યા જેટલો પૈસો મળ્યો છે જાણ કેમ થાય ? આવા રીતરિવાજ તો જ બીજાને ખબર પડે ને આપણને આપણી ધનિકતાનું સતત ભાન રહે. તને બરાબર બદલવી પડશે.

જયા : બદલવી પડશે એટલે ? શું મને નીચી નાતની માની બેઠા છો ?

ગિરધર : અરે તું ઊંધું સમજી! એમ કહેવું છે કે મારે તને ગામડિયણ શહેરિયણ બનાવવી પડશે.

જયા : શેરિયણ ?

ગિરધર : હા—એટલે કે શહેરમાં રહેનાં

જયા : મારે કાંઈ શેરિયણ-ફેરિયણ થાવું. મને તો હું છું એવી જ રહેવા તો ય બસ.

ગિરધર : તું તો છે એવી જ રહેશે એમાં કાંઈ ફેર નથી પડવાનો. માત્ર મારે તારું વર્તન-વાતચીત વગેરે એવું ફેરવવું છે.

જયા : મને તો લાગે છે કે તમારું ફરી ગયું છે. સવારના પહોરમાં આ ધમાલ ?

ગિરધર : હજી સવારનો પહોર છે ત્યારે તો તેં મને બનાવ્યો. ચાલ, પાછો સૂઈ જાઉં.

જયા : તમારાથી તો તોબા! લ્યો-ઊઠો જોક્યા—મારી ભૂલ થઈ બસ. હવે તો

ગિરધર : ઊઠું છું, પણ ચા તો આવ.

જયા : લઈ આવું છું–એમ ડાહ્યા થાવ ને.

ગિરધર : ડાહ્યો તો હતો જ, પણ તેં ગાંડો કરી મૂકયો, એમાં મારો શો વાંક ?

જયા : જુઓ પાછા ગાંડાં...

ગિરધર : ઠીક ચાલ, ચા લઈ આવ. ચામાં જરા બરફનો ગાંગડો નાખજે. ગરમી પડે છે તે જરા ચા–કોલ્ડડ્રીંક પીશ તો મજા આવશે.

જયા : તમારી અક્કલમાં પણ બરફ જામ્યો લાગે છે! એવાં નટિયા જેવાં વેન શો તો હું ચા નહિ પિવડાવું.

ગિરધર : હું તો હજી ચામાં બરફ નાખવાની વાત કરું છું, ત્યાં તો તું જ ગરમ થઈ ગઈ...તું બેસ મારી પાસે.

જયા : અરે પણ ચા–

ગિરધર : ચા કાશી પાસે મગાવી લે. તું ચા લેવા જઈશ ને ચૂલાનો તાપ જોઈશ તો વધારે ગરમ થઈ જઈશ. તું બેસ બે ઘડી.

જયા : શું કામ ?

ગિરધર : મારે કામ છે. જો આજે બપોરે બે આમંત્રિત સદ્‌ગૃહસ્થો ને સન્નારીઓ ભોજન સમારંભમાં ખાદ્ય આરોગવા આવવાનાં છે ને એને વિશે વાત કરવી છે.

જયા : લ્યો આ બેઠી–બોલો, શું કહેવું છે ?

ગિરધર : જાણે જો, સૌથી પહેલાં તારે આ લબડધબડ ઢસડાતી અને વારેવારે ઉકરડા પર માખીઓ બેસીને ઊડી જતી હોય એવી આ તારે માથેથી સરી પડતી ઢીલી–પોચી અને રસોડાના રંગે રંગાયેલી સાડી બદલી નાખવી પડશે–અને આ માથાનાં ઝીંથરીઆં ઠીક કરીને જરા પટિયાં–બટિયાં પાડવાં પડશે.

જયા : તે આ બધું તમે મને શિખડાવશો–એમ ?

ગિરધર : ત્યારે બીજું કોણ શિખડાવશે ? તને ન આવડતું હોય તો મારે જ શીખવવું પડે ને !

જયા : તે તમે તમારા આટલા અવતારમાં કોઈ દી સાડી પહેરી છે ? કોઈ દી અંબોડો વાળ્યો છે? મને શું જોઈને શીખવવા તૈયાર થયા છો ? મારા અંબોડાની ફિકર કરવા કરતાં તમારા ટાલિયા માથાની ફિકર કરો–માથે હળ ફેરવો તો ખેતર જેવું માથું વાળ ઉગાડતું તો થઈ જાય !

ગિરધર : જો જયા, આ કાંઈ આવી ઝપાઝપીનો વિષય નથી. મારે માથે ભલે દુકાળ પડ્યો હોય, પણ તારે તો તારા માથાની પાનખરને સુધારવી પડશે.

જયા : હું ભલે જેવી છું તેવી રહી. તમને ન ગમતી હોઉં તો આંખે પાટા બાંધી ઘો.

ગિરધર : અરે, પણ મને તો તું ગમે જ છે, આ તો તું હજી ગમે એવી છે; નહિ તો તું કાણી–કૂબડી, લૂલી–લંગડી, કાળી–કદરૂપી હોત તોય તું મને પરાણે પણ ગમી જ હોત–પણ આ તો જરા...

જયા : તે હું તમને ગમું છું ?

ગિરધર : એ શું બોલી ? તારા જીવના સમ ખાઈને સાચું કહું છું કે તું મને......

જયા : લ્યો રાખો હવે. હું મરી જાઉં તો તમારે કયાં નાહવા જવું છે ?

ગિરધર : એ તો મારે જોવાનું છે ને !

જયા : (ગુસ્સાથી) એટલે ?

ગિરધર : એટલે એમ કે એ દુઃખ તો મારે જોવાનું છે ને ! તું મરી જાય પછી મને આ સંસારમાં રહેવું ગમે ? અને નાહ્યા વિના ચાલે ? હું તો તું મરી જાય ત્યારે સૌથી પહેલાં ગરમ અને ઠંડા પાણીના બબ્બે ટબમાં વારાફરતી ચોવીશે કલાક નાહ્યા કરું ને નાહી લઉં કે તરત ડિલ લૂછયા વિના સાધુ જ બની જાઉં. અને જયારે તું પાછી જીવતી થાય, ત્યારે જ પાછો સંસારી થાઉં.

જયા : રાખો હવે. તમારી વાતમાં ચા મગાવવી તો ભૂલી ગઈ. કાશી અરે ઓ કાશી !

નખુ : બેન, કાશી તો રસોડામાં છે. એને અહીં મોકલું ?

જયા : ના, ના, ભલે ત્યાં રહી.

જયા : તું જરા ચા લઈ આવ ને.

નખુ : કેટલા કોપ લાવું એક, કે બે ?

જયા : એક જ લાવ ને, તુંય વાયડી છે પાછી ! અને જો, કાશીને કામકાજમાં હાથ આપવા તું પણ રસોડામાં જ રહેજે.

નખુ : એ સારું, બેન.

જયા : તમે શું કહેતા'તા ?

ગિરધર : કહેતો હતો કે તું આજ જરા સોળે શણગાર સજીને ઠાવકી ને મોભાદાર થઈ જજે.

જયા : ઓહ્યા મે'માન આવવાના છે એટલે ?

ગિરધર : હા, એ લોકોને પણ એમ લાગે કે અમે કાંઈ જેવાતેવાના ઘરમાં નથી ઘૂસ્યા. પણ એક સોશ્યલ ફેમિલીને ત્યાં ઈટીંગસેરીમનીમાં આવ્યા છીએ.

જયા : શું, શું કીધું ? ફરી બોલો તો.

ગિરધર : ફરી શું બોલે કપાળ ? અહીં પણ કોને આવડે છે !

જયા : હું !

ગિરધર : એટલે પેલા યુરોપિયનને આવડે એવું તે ક્યાંથી આવડે ? નથી આવડતું એવું તો હું જરા ઊંઘમાં બોલી ગયો હતો.

જયા : તે તમારી ઊંઘ હજી નથી ઊડી ?

ગિરધર : ઊડશે હવે ઊડંઊડું તો થઈ રહી છે. જો, પાંખો તો ફફડે છે નહિ ?

જયા : આજ તમે મને ભરમમાં નાંખી દીધી છે ! આના કરતાં તો તમે કોઈને જમવા ન બોલાવ્યાં હોત તો સારું હતું.

ગિરધર : કેમ શું થયું વળી ?

જયા : ત્યારે શું વળી ? એક તો આપણે ખાવા આપીએ ને ઉપરથી પાછો ખોટો દેખાવ પણ આપણે જ કરવો !

ગિરધર : એ તો હોય ! શરૂઆતમાં મુશ્કેલી લાગે. આપણે પહેલેથી જ માલદાર હોત તો આ બધી વાતથી ટેવાઈ ગ હોત ! પણ મેં તને શું કીધું ?

જયા : કીધું કે જરાક ફૂલફટાક થઈ રહેવું. પછી ? પછી એ લોકો આવે ત્યાં ચા-પાણી તો પાવાં ને !

ગિરધર : એવું રખે કરતી. ચા તે હોય જ નહિ અને પાણી પીશે આ ટેબ પર જગ પડ્યો છે એમાંથી. સૌથી પહેલાં તો આપણે એઓને રિસિવ કરવા દરવાજે પર ઊભા રહેવું પડશે.

જયા : પણ ઈરિસિવ એટલે શું ઈરિસિવ કેમ કરાય ?

ગિરધર : અરે, રિસિવ કરવા એટલે આવકાર આપવો—આવો, પધારો, વેલકમ વેલડન, થેંક યુ, વેરી ગ્લેડ ટુ સી યુ-વગે ખુશી થયા—ને એવું બધું. એવું બોલી બધા સાથે હેન્ડ શેક આય મીન શેકહેન્ડ કરવા એટલે કે હાથ હલાવવા—હાથ મેળવવા.

જયા : તે એમાં ભાયડા સાથેય હાથ મેળવવાનો ?

ગિરધર : તે એમાં આમ તોબરો શું ચઢાવે છે ?

જયા : હું એવું નહિ કરું.

ગિરધર : આના કરતાં તો આપણે હતાં એવાં ને એવાં રહ્યાં હોત તો સારું હતું ! ભલે મારે ગામેગામ ફરીને કાપડના તાકા ખભે નાખીને ફરવું પડત-પણ આ મેં આગળ ભાગવત વાંચવું તો ન પડત-ઠીક લે. તું હાથ મેળવતી નહિ, માત્ર હાથ જોડી નમસ્કાર કરજે.

જયા : અને તમે હાથ મેળવશો ?

ગિરધર : હાસ્તો.

જયા: બાયડીઉં સાથેય ?

ગિરધર: ઠીક ભઈ, હુંય હાથ જોડીને નમસ્કાર કરીશ. બસ અને સાથે તને ય હાથ જોડું છું કે પહેલાં મારું સાંભળી લે.

જયા: તે બોલો ને.

ગિરધર: તને કોઈ પૂછે કે ટોલ્સ્ટોયનું તત્ત્વજ્ઞાન કે શેકસપીઅરનાં નાટકો તમને કેવાં લાગ્યાં ? અથવા કાલિદાસનું મેઘદૂત કાવ્ય કે શામળની વારતાઓ ગમી કે નહિ ? તો તું શું જવાબ આપીશ ?

જયા: પણ આમાં હું સમજું તો જવાબ આપું ને ?

ગિરધર: મોટી મોંકાણની વાત કરી ! તને તો એ પણ ખબર નહિ હોય કે હું શાને વિશે વાત કરું છું.

જયા: ત્યારે સ્તો મૂંઝાઈ જાઉં છું ને !

ગિરધર: મૂંઝાઈ તો હું જાઉં છું. અરે, હું આ બધી વાંચવાની ચોપડીઓની વાત કરું છું.

જયા: ત્યારે એમ કહો ને ! એટલે એમ કે ચોપડીઓ વાંચી છે કે નહિ ?

ગિરધર: હવે સમજી.

જયા: તો તો હું સટ કરતી કહી દઈશ કે ત્રીજી ગુજરાતી સુધીની બધી ચોપડીઓ ઉપરાંત ઓલી એક હતો રાજા ને એક હતી રાણી......

ગિરધર: ને એને એક કુંવર હતો ને કુંવરને દેશવટો મળે છે ને પછી પાછો આવે છે, ત્યારે ખાધું-પીધું ને રાજ કર્યું એવું કરે છે-એવું બધું ને ?

જયા: લ્યો, આ તો તમને ય આવડે છે !

ગિરધર: તારું કપાળ આવડે છે ? કયાં ટોલ્સ્ટોયનું તત્ત્વજ્ઞાન ને કયાં ખાધું-પીધું ને રાજ કર્યું ? તું આજે મૂંગી થઈ જજે એટલે હું બચાવ તો કરી શકું.

જયા: હું શું કામ મૂંગી થાઉં ? આવનારાને ખાવું હોય તો ખાય, નહિ તો થાય હાલતા. હું એવી ધમાલ નહિ કરું.

ગિરધર: ઠીક બોલજે, પણ આવું નહિ બોલતી.

જયા: હું તો આવું જ બોલીશ.

ગિરધર: તો શું બધાની વચ્ચે તારે મારું નાક કપાવવું છે ?

જયા: અને તમારે મારું નાક કપાવવું છે એનું કાંઈ નહિ ?

ગિરધર: તારે નાક છે જ કયાં ? ચણાની ફાડ ચોંટાડી હોય એમ છેટેથી લાગે એવું તો નાક છે, ને...

જયા: ત્યારે તમારું આ ગાજર જેવું નાક થોડું વઢાઈ જાય તો કયાં એનું અથાણું થઈ જવાનું છે ?

ગિરધર: હવે જા જા અથાણાવાળી ! આના કરતાં કોઈને ન બોલાવ્યા હોત તો સારું હતું-નહિ તો તું જ...

જયા: હું જ ન હોત તો સારું હતું-કેમ ? તે મારે હવે રહેવું પણ નથી. હું તો જાઉં છું મારા બાપને ત્યાં. આ બળતરા તે કોણ કરે ?

ગિરધર: અરે પણ કયાં જાય છે ? ઊભી રહે.

જયા: એક ઘડી પણ નહિ ઊભી રહું.

ગિરધર: તો શું તારે આજ છબરડો વાળીને મારા નામના છાજિયા લેવડાવવા છે ?

જયા: ગમે તે થાય, પણ હું પારકા ભાયડા હારે કે બાયડી હારે માથાકૂટ કરવા નથી માગતી. હું તો આ ચાલી મારે પિયેર. તમે તમારા મનમાં સમજો છો શું ?

ગિરધર: તને અનુભવ્યા પછી હવે મનમાં સમજવા જેવું રહ્યું પણ શું છે ? તને તો મારે-તું જન્મી ત્યારથી યુનિવરસિટીમાં દાખલ કરી દેવી જોઈતી હતી.

જયા: ઈ પાગલખાનામાં દાખલ તમે જ

થાવ ને!

ગિરધર: અરે ભૂત! એ પાગલખાનું નથી–પણ વિદ્યાપીઠ છે!

જયા: તે વિદ્યાપીઠ હોય કે દાણાપીઠ–મારે કયાં દુકાન માંડવી છે? હવે મને બોલાવશો નહિ.

ગિરધર: અરે, અરે પણ ઊભી રહે! કહું છું–જા મા ઊભી રહે...... ગઈ ખલાસ! એની અક્કલે કહ્યું એમ જ એણે કર્યું!...અરે નાથુ! નાથુ, કાશી, નખુ; કોઈ છો કે તમે બધાં પણ તમારા બાપને ત્યાં ચાલ્યાં ગયાં છો? જવાબ કેમ નથી આપતાં?

નખુ: કેમ, શેઠજી?

ગિરધર: જો, તારી શેઠાણી એને પિયેર ગઈ છે. રસોઈ તો તૈયાર છે ને?

નખુ: ઈ બધું તો ઈ પોતે કરવાનાં હતાં. અમને ના પાડી'તી.

ગિરધર: તને મારે શું કહેવું? ચાલ જતી રહે...અરે ઊભી રહે, ક્યાં જાય છે હવે હું પણ રોકાઈને શું કરીશ? બે હમણાં એકાદ કલાકમાં મહેમાનો આવશે.

નખુ: એની તો મને ખબર છે.

ગિરધર: તું ચૂપ રહે ને, એ બધા આ તો એને કહેજે કે શેઠના સસરાની તબિ બગડી જવાથી બધાં ત્યાં ગયાં છે; એટ પાર્ટી પછી આપશે. અને ધનજી આવે નટુને પણ ત્યાં મોકલી દેજે.

નખુ: ભલે.

ગિરધર: સાથે મહેમાનોને ના મોકલતાં બધું રખડાવી માર્યું! પાછી આજે અગિયારશ હોત તો ય વાંધો નહોતો. 'ચક લોઢું ઘસતાંઘસતાં ખરચી જિંદગી સારી' એવું લખનારો કવિ કુંવારો જ હશે! ન તો એક ઘડીમાં જામગરીનો તણખો ઝરે એની એને ખબર ન હોય એવું બને!

★

એક વખત બપોરના સમયે સ્વામી રામદાસને આકરી તરસ લાગી હતી. કૂવે પાણી ખેંચતી કેટલીક સ્ત્રીઓ નજીક એ ગયા, ને એક બાઈ પાસે પાણી માગ્યું. તે બોલી:

'મહારાજ, હું તો મુસલમાન છું, ને તમે હિંદુ સંન્યાસી છો. મારે હાથે આપ પાણી લો તે યોગ્ય ન કહેવાય.'

'મૈયા,' રામદાસે જણાવ્યું, 'રામદાસ કોઈ પ્રકારના જાતિભેદ કે ધર્મભેદ જાણતો નથી. દરેક સ્ત્રીમાં જેમ હું સીતા માતાનું સ્વરૂપ જોઉં છું, તેમ આપનામાં પણ મને વિશ્વમાતા સીતાજીનાં જ દર્શન થાય છે; માટે આપના પુત્રને પાણી પાવામાં વિલંબ ન કરો.' આ જવાબથી સ્ત્રી એટલી બધી પ્રભાવિત થઈ ગઈ કે એણે પોતાનું વાસણ ખૂબ ઘસીઘસીને સાફ કર્યું, કૂવામાંથી તાજું પાણી કાઢયું અને સાધુએ ધરેલ હાથના ખોબાની અંજલિમાં મુક્ત મને પાણી રેડયું. સ્વામી સંતુષ્ટ થયા.

×

એક વાર બે સાહિત્યકાર ભેગા મળી ગયા. બન્ને નવલકથાઓ લખતા હતા. વાત પરથી વાત નીકળતાં એકે બીજાને કહ્યું: 'આપણે એક કામ કરીએ; આપણે બંને સંયુક્ત રીતે એક એવી અપ્રતિમ નવલકથા લખીએ કે ગુજરાતી જનતા દિગ્મૂઢ બની જાય.'

પણ બીજા ભાઈ જરાક અભિમાની હતા. એમને આ દરખાસ્ત ઉચિત ન લાગી; કંઈક ક્રોધ છુપાવીને સ્વમહત્તા દર્શાવતાં ને તિરસ્કારથી એમણે કહ્યું:

'અરે એવું તે વળી બની શકે ખરું? કયારે ય પણ ઘોડા ને ગધેડાનું જોડાણ થઈ શકે ખરું?'

બીજા ભાઈ ઠરેલ હતા; તેમણે ધીમેથી કહ્યું:

'કંઈ નહીં ભાઈ, તમે તો દરખાસ્ત સ્વીકારતા નથી ને! વાંધો નહીં, પણ મહેરબાની કરીને મને ઘોડો ન બનાવો, એટલું જ માગું છું!'

×

સંપાદકીય

શ્રી સોપાન

આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિમાં સુધારો થયો નથી, જર્મનીને કારણે થોડો બગાડો થયો છે. વિશ્વયુદ્ધ પછી જર્મની બે ભાગમાં વહેંચાયું; એક ભાગ રશિયાના કબજામાં રહ્યો અને બીજો અમેરિકા, બ્રિટન અને ફ્રાંસના. એ સમયની જાહેરાતો અનુસાર જર્મની સાથે સુલેહકરાર થાય ત્યાં સુધીની જ આ ગોઠવણ હતી, પરંતુ મહારાજ્યો વચ્ચે ઘોર અવિશ્વાસ અને ત્રીજા વિશ્વયુદ્ધને ખ્યાલમાં રાખીને જ થતી ગોઠવણોને કારણે જર્મની આજસુધી વિભાજિત રહ્યું છે અને હવે તો સોવિયેટ સત્તાની દરકાર કર્યા વિના પશ્ચિમ જર્મની સાથે બ્રિટન, ફ્રાંસ અને અમેરિકાએ સુલેહના કરારો પણ કરી લીધા છે. આ કરારો અનુસાર પશ્ચિમ જર્મનીને કેટલુંક આંતરિક સ્વાતંત્ર્ય મળે છે; બીજી બાજુ પશ્ચિમી રાજ્યોના સંરક્ષણના કરારોમાં એ ભળે છે. રશિયાની દૃષ્ટિએ આ દુશ્મનાવટભર્યું પગલું છે. પૂર્વ જર્મનીની સોવિયેટ સત્તા નીચેની સરકારે આ કરારોનો ઉગ્ર વિરોધ કર્યો છે ને અથડામણનો ભય પણ બતાવ્યો છે. રશિયા ત્રીજું વિશ્વયુદ્ધ છેડવા ઇચ્છતું જ હોય તો તે માટે તેને કારણ મળી રહે એવો આ ગંભીર બનાવ છે, પરંતુ મહાસત્તાઓ પોતાનાં જ કારણોસર લડાઈથી દૂર રહેવા ઇચ્છતી હોય એમ લાગે છે.

સળગતા પ્રશ્નો

કોરિયાની વાટાઘાટોનું કશું જ પરિણામ આવ્યું નથી અને કોજી ટાપુ ઉપરના સામ્યવાદી કેદીઓનાં તોફાનો વધતાં જાય છે. યુદ્ધબંધીની વાટાઘાટો યુદ્ધકેદીઓ સોંપવા અંગેના મુદ્દા ઉપર મહિનાઓથી અટવાય છે. બંને પક્ષ લડાઈથી થાક્યા છે પણ કોઈ લેશમાત્ર હાર સ્વીકારવા કે મળેલા લાભો ગુમાવવા તૈયાર નથી. બંને પક્ષ વાટાઘાટોની સાથે જ પોતાની તૈયારીઓમાં પણ મશગૂલ છે. કોરિયાનું તેવું જ મધ્યપૂર્વના સવાલોનું છે, ત્યાં પણ અથડામણ ટાળનારો કોઈ ઇલાજ શોધાયો નથી. આફ્રિકાના વિવિધ ભાગોમાં પણ તણખા ઝરવા લાગ્યા છે. હમણાં જ ભારતના વડા પ્રધાને આ સંબંધમાં રાષ્ટ્રસંસ્થા તથા મહાસત્તાઓની વર્તમાન નીતિ સામે જોરદાર વિરોધ વ્યક્ત કર્યો હતો. એશિયા ને આફ્રિકાની વિદેશી વસાહતો કાયમ રાખવાની નીતિ રાષ્ટ્રસંસ્થાના મૂળમાં સુરંગ ચાંપનારી છે, આ સંસ્થા એથી જ કદાચ તૂટી પડશે એવી ભીતિ છે.

પાકિસ્તાન સાથે

પાકિસ્તાન અને ભારત વચ્ચેના સંબંધોમાં લેશમાત્ર સુધારો થયો નથી. બંને દેશો વચ્ચે અવરજવર કરવા માટે અત્યારે જે રજાચિઠ્ઠીની પદ્ધતિ છે તેનો પાકિસ્તાન અંત આણવા ને તેને બદલે આંતરરાષ્ટ્રીય માન્યતા પામેલી વીસા અને પરવાના–પદ્ધતિનો અમલ કરવા ઇચ્છે છે. ભારત અને પાકિસ્તાન પરસ્પર જે રીતે સંકળાયેલા છે અને ખાસ કરીને પૂર્વ–પશ્ચિમ બંગાળ વચ્ચે વ્યવહાર ચાલે છે તે જોતાં આ પદ્ધતિથી કરોડો માણસોને હાડમારી વધવાની છે. પૂર્વ બંગાળમાં વસતા હિંદુઓ વધુ મુશ્કેલીમાં મુકાવાના

છે, પરંતુ પાકિસ્તાન તો વધુ ને વધુ દૂર જવા જ નહિ, વિરોધી બનવા ચાહે છે ત્યાં બીજું શું થાય? આ સંબંધમાં બંને દેશો વચ્ચે વાટાઘાટોને અંતે કેટલીક બાબતમાં સમજૂતી થઈ છે, કેટલીક બાબતો હજી બાકી છે. નહેરોનાં પાણી અને વિમાનમાર્ગ અંગેનો ઝઘડો ઉગ્ર બન્યો છે. નિર્વાસિતોની મિલકત અંગે પાકિસ્તાન કશું જ કરવા માગતું ન હોય એમ જણાય છે. કાશ્મીરનું કોકડું તો ગૂંચવાયેલું છે જ. ભારતના ધૈર્યનો અંત આવે ત્યાં સુધી પરિસ્થિતિ વણસી રહી છે, પરંતુ શાંતિચાહક ભારત રોષે ભરાઈ કોઈ ઉતાવળાં પગલાં લેશે નહિ એવી ખાતરી છે.

વિદેશી વસાહતો

ભારતમાંનાં વિદેશી થાણાંઓ અંગે વડા પ્રધાનની ધીરજ હવે ખૂટતી લાગે છે. લોકસભાની છેલ્લી બેઠકમાં એમણે બીજા ઉપાયોનો ઉલ્લેખ કર્યો છે. અલબત્ત, બીજા ઉપાયો એટલે લડાઈ નહિ જ, પરંતુ અત્યારે કેવળ વિનતિ જ થાય છે તેથી આગળ વધવાની જરૂર છે જ. ફ્રાંસનાં થાણાંઓમાં હમણાં વિદેશી નિરીક્ષકો ગયા હતા, એમણે જે અહેવાલ બહાર પાડ્યો છે તે એમ દર્શાવે છે કે મુક્ત લોકમત લેવાનું ત્યાં શકય જ નથી. ચંદ્રનગરમાં હાર ખાધા પછી ફ્રાંસની દાનત બગડી છે. જેઓ ભારત સાથે જોડાણ માગે છે તેઓના ઉપર અત્યાચાર ગુજારવામાં આવે છે અને સત્તાધારી પક્ષ લોકશાહીના એક પણ સિદ્ધાંતનું પાલન કરતો નથી. દીવ, દમણ ને ગોવાની સ્થિતિ આથી વધુ ખરાબ છે. પોર્ટુગલની તુમાખીનો કોઈ પાર નથી. તેઓ આ પ્રદેશને પોતાના રાષ્ટ્રનો એક ભાગ જ મનાવવા ઇચ્છે છે. આ સંસ્થાનો ભારતની ઇજ્જત અને સ્વતંત્રતા ઉપરના ડાઘ છે. એ વહેલી ભુંસાઈ જાય એ જરૂરી છે.

કાશ્મીરની ચિંતા

કાશ્મીરે એક નવી ચિંતા ઊભી કરી છે. ડૉ. ગ્રેહામના પ્રયાસો હજી નિષ્ફળ જ રહ્યા છે, પરંતુ તે કરતાં યે મોટી ચિંતા શેખ અબ્દુલ્લા અને તેના સાથીઓ ઊભી કરી રહ્યા છે. કાશ્મીરનું ભારત સાથેનું જોડાણ ત્રણ વિષયો સંરક્ષણ, વ્યવહાર અને વિદેશ સાથેના સંબંધો પૂરતું જ છે એ ખરું, પરંતુ એ જોડાણને પરિણામે કાશ્મીરનું એક રાષ્ટ્ર તરીકે સ્વતંત્ર અસ્તિત્વ રહેતું નથી એ હકીકત છે. કોઈ પણ રાષ્ટ્રની સ્વતંત્રતાની વ્યાખ્યા કરવામાં આવે, તો આ ત્રણ બાબતો મુખ્ય બની રહે. એક પણ કાશ્મીરી ભારતના પરવાના વિના જગતના કોઈ પણ દેશમાં જઈ શકે નહિ. કોઈ દેશ એને ભારતીય પ્રજાજન સિવાય બીજી કોઈ રીતે સ્વીકારી શકે નહિ. ભારત અને કોઈ દેશ વચ્ચે લડાઈ થાય તો કાશ્મીર ઉપર સંપૂર્ણ કબજો ભારત ધરાવી શકે ને વિદેશમાં વસતા કાશ્મીરી સાથે ભારતીય પ્રજાજન જેવો જ વર્તાવ થાય. કાશ્મીરની સ્વતંત્રતા કેવળ આંતરિક વહીવટ પૂરતી જ મર્યાદિત છે. શેખ અબ્દુલ્લા અને તેના સાથીઓ આ મર્યાદા ઉલ્લંઘવા માગતા હોય એમ જણાય છે. ભારતના વડા પ્રધાન આ બાબતમાં સવેળા પગલાં લે એમ ઇચ્છીએ છીએ.

ભૂપતની ધરપકડ

દેશભરમાં પોતાની ક્રૂરતા અને નીડરતાથી નામચીન બનેલો ડાકુ ભૂપત તેના ત્રણ સાથીઓ સાથે પાકિસ્તાનમાં પકડાયો છે. સૌરાષ્ટ્ર સરકારે છેલ્લા ચાર માસમાં જે ઉગ્ર પગલાંઓ લીધાં તેને પરિણામે

અરાજક તત્ત્વોનું બળ તૂટી ગયું. ભૂપત, કાળુ વાંક, લખુ માંજરિયો વગેરેને સૌરાષ્ટ્રની પોલીસ પકડી શકી નહિ એ ખરું, પરંતુ તેઓ પાકિસ્તાનમાં નાસી ગયા તેનું કારણ તો એમને માટે સૌરાષ્ટ્રમાં જીવવું અશકય બન્યું હતું તે જ છે. સૌરાષ્ટ્રની પોલીસે આ સંબંધમાં સિંધની પોલીસ સાથે વાટાઘાટો કરી કેટલીક ગોઠવણો વિચારી હતી, પરંતુ એ ગોઠવણો અભરાઈએ ચડાવી દીધી હોય એમ લાગે છે. ભૂપત અને તેના સાથીઓ પાકિસ્તાનમાં શું કરતા હતા, કેમ પકડાયા, પેલો બચુ કોણ છે વગેરે સવાલોના સંતોષકારક જવાબો મળતા નથી. ભૂપતને કરાંચીની ભરબજારમાં સિંધની પોલીસે પકડ્યો; તરત તેને મીરપુરખાસ લઈ ગયા અને પ્રમાણમાં હળવા ગુના માટે તત્કાળ તેને અને બીજાઓને એક વરસની સજા કરી સક્કરની જેલમાં ધકેલી દીધા. આ બધું વિચિત્ર અને શંકા ઉપજાવનારું લાગે છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે એક્સ્ટ્રાડીશન કરારો નથી એ ખરું, પરંતુ આવા ભયાનક ડાકુને સોંપવાનો કોઈ સભ્ય રાજ્ય ઇન્કાર કરી શકે નહિ. પાકિસ્તાન ભૂપત સંબંધમાં કંઈક સોદો કરવા ઇચ્છતું હોય એમ લાગે છે. ખરેખર જ જો એવું હશે તો ભૂપતને મેળવવાનું મુશ્કેલ બનશે.

ભૂપત અને બીજા ડાકુઓનો આજે કે વરસ પછી કબજો મેળવી શકાય, અને તેમને તથા તેમને સહાય આપનાર બીજા છૂપા હત્યારાઓને યોગ્ય સજા આપી શકાય, તો તેના જેવું રૂડું કંઈ જ નહિ; પરંતુ એમ ન બને તો યે આ બનાવ સંતોષ લેવા જેવો તો છે. સૌરાષ્ટ્રમાંથી અરાજક તત્ત્વોની ભૂતાવળ અત્યારે તો સાફ થઈ જ છે એમાં શંકા નથી.

આપણો પ્રાણપ્રશ્ન

દેશનો પ્રાણપ્રશ્ન અત્યારે અનાજ છે. છેલ્લા મહિનાનો મોટામાં મોટો બનાવ મદ્રાસની અંકુશનાબૂદી છે. આ મહિનામાં વધુમાં વધુ નિવેદનો, પ્રવચનો અને લેખો અનાજ અંગેનાં જ હશે. સમગ્ર રીતે જોતાં એમ લાગે છે કે આપણે અનાજની કટોકટીમાંથી હવે ધીમેધીમે પણ ચોક્કસપણે બહાર નીકળી રહ્યા છીએ. આ વરસે ય આપણે વિદેશથી અનાજ મંગાવવાનું છે, પરંતુ હવે ચિંતાભરી સ્થિતિ રહી નથી. મદ્રાસમાં રાજાજીએ હિંમતપૂર્વક અંકુશો ઉઠાવી લેતાં આખા દેશમાં આશાનું મોજું ફરી વળ્યું છે. ખોરાકપ્રધાન શ્રી કિડવાઈ દેશનો પ્રવાસ કરી અન્નસ્થિતિનો અભ્યાસ કરી રહ્યા છે. એમના અને શ્રી નેહરુના ઉદ્‌ગારો ઉપરથી એમ લાગે છે કે છતઅછત વિસ્તારનાં જૂથો રચાશે, જ્યાં શકય હશે ત્યાં અંકુશો સંપૂર્ણ નાબૂદ થશે અને સર્વત્ર એ હળવા તો થશે જ. અંકુશોના વિષચક્રમાંથી નીકળવાનો અવસર અત્યારે આવ્યો છે. આપણી પાસે મોટો અનામત જથ્થો છે, બીજું જોઈએ તેટલું અનાજ મળી શકે એમ છે, કાળા બજાર ને મુક્ત બજારમાં ભાવો નીચા જઈ રહ્યા છે: આમાં જો સારો વરસાદ આવે તો તેના પૂરમાં અંકુશોનું પાપ તણાઈ જશે એવી આશા પ્રકટે છે. પ્રભુ આપણને એમાં સહાય કરે.

તા. ૧૬–૯–'પર

★

માનવીની તંદુરસ્તીની સરખામણી એક ગૌરવયુક્ત પ્રાચીન ચિત્ર સાથે થઈ શકે તેમ છે; જેમ જેમ સમય વ્યતીત થતો જાય છે, તેમ તેમ તેનું મૂલ્ય વધતું જાય છે.

×

તમારા ખોરાકમાં પૂરેપૂરૂ પોષણ

કેડબરીનું બોર્ન-વીટા પીઓ

તે તમને મજબૂત બનાવે છે!...તે તમને ફાયદો કરે છે!

સંશોધન પરથી જણાયું છે કે સમૃદ્ધ દેશોમાં પણ જોમવાળું આરોગ્ય પ્રાપ્ત કરવા માટે અને તેને જાળવી રાખવા માટે લોકોને પૂરતો સુયોગ્ય ખોરાક મળતો નથી. પરંતુ તમે કેડબરીનું બોર્ન-વિટા પીને તમારા રોજના ખોરાકમાં અગત્યનું પોષણ ઉમેરી શકો છો. તે યુવાન અને વૃદ્ધને માટે સંપૂર્ણ અને શાસ્ત્રીય રીતે સમપ્રમાણ કરેલો પ્રવાહી ખોરાક છે. તમે તે પીઓ છો ત્યારે તમને ફાયદો થતો લાગે છે—આને લીધે ૧૪,૦૦૦ કરતા વધુ દાકતરો કહે છે, "કેડબરીનું બોર્ન-વીટા 'પીઓ"—તે તમને મજબૂત બનાવે છે અને તમને ફાયદો કરે છે.

દરેક પ્યાલામાં:

કાર્બોહાઇડ્રેટસ દૂધની મલાઇ ડાયાસ્ટેઇસ	વિકાસ અને શકિત માટે
પ્રોટેઇન્સ કોકો બટર	શરીરના ઘડતર માટે
ખનીજ ક્ષારો	હાડકાના વિકાસ માટે
પ્રજીવક તત્વો અ અને ડ	રોગની અટકાયત માટે

બોર્ન-વીટા
પોષક પ્રવાહી ખોરાક


PLEASE REPLACE LID
Cadbury
Cadbury's
BOURN-VITA
THE IDEAL FOOD DRINK
MADE BY CADBURYS SPECIALISTS IN FOOD DRINKS FOR 100 YEARS
1 LB. NET

દરરોજ કેડબરીનું

બોર્ન-વીટા

પીને તમારૂ આરોગ્ય વધારો

અને દરરોજ રાતે પણ! ગાઢ,
આરામદાયક અને આરોગ્યદાયક નિદ્રા
માટે સૂતા પહેલાં થોડી વારે લો.

કેડબરી-ફ્રાય (ઇન્ડિયા) લિમિટેડ મુંબઇ, કલકત્તા, મદ્રાસ

CFY-10 GUA



ફર્ગ્યુસન

૨૪ હો. પા.
(વેપોરાઇઝ્ડ ઓઇલ)
ટ્રેક્ટર

બારે માસ બીનખર્ચાળ રીતે કામમાં આવતાં ફર્ગ્યુસન ટ્રેક્ટર ને ઓજારો સિવાય આજનો ખેડૂત બિલકુલ ચલાવી શકે નહિ. ખેડૂતને સાદાં, મજબૂત અને સહેલાઈથી કામમાં લઈ શકાય એવાં ટ્રેક્ટરો અને ઓજારોની જરૂર છે. ઓજારોની વિગતો પાસેના ડીલર પાસેથી આજે જ મેળવો.

એક્ષ ડીલર્સ સ્ટેશન
રૂા. ૭૩૦૦/-

K

કમાણી ઈન્જીનીયરિંગ કોર્પોરેશન લિ૦
કમાણી ચેમ્બર્સ, નીકલ રોડ, બલાર્ડ એસ્ટેટ, **મુંબઈ.**

ડીલર્સ :

૧. **ભારત ઓટો-ટ્રેક્ટર કું.** છોટાલાલ બીલ્ડિંગ નં. ૨, રીલિફરોડ, **અમદાવાદ** ને નવજીવન રોડ, **કલોલ.**
૨. **ભારત મશીનરી હાઉસ,** ગેંડીગેઈટ રોડ, **વડોદરા** ને સ્ટેશન રોડ, **આણંદ.**
૩. **મીકેનાઈઝડ એગ્રીકલ્ચર હાઉસ,** સ્ટેશન સામે, **બીલીમોરા.**
૪. **વિકાસ કોરપોરેશન,** પટેલ બીલ્ડિંગ, **રાજકોટ.**
૫. **ચંપકલાલ જી. મહેતા એન્ડ કું,** જેઈલ રોડ, **અમરેલી.**
૬. **ઈન્ટરનેશનલ ગેરેજ, કચ્છ-માંડવી.**

K. B. Ltd./F3

સંસ્થા સમાચાર

सत्संगतिः कथय किं न करोति पुंसाम् ।

ઉત્તમ પુસ્તકો આપણને સરસમાં સરસ પુરુષોની મુલાકાત કરાવે છે. જગત ઉપર જે જે મહાત્મા થઈ ગયા છે, તેમની હજૂરમાં એ પુસ્તકોના પ્રતા વડે આપણે દાખલ થઈ શકીએ છીએ. તેમણે જે જે કહ્યું અને કર્યું હોય, તે બધું ય આપણે સાંભળીએ છીએ. જાણે તેઓ ખરેખાત જીવતા હોય, તેવી રી આપણે તેમને નજરોનજર જોઈએ છીએ; આપણે તેમના વિચારોના હિસ્સેદ બનીએ છીએ; આપણે તેમની સાથે એકતાન થઈએ છીએ; તેમની સાથે નાનાવિધ ભોગ ભોગવીએ છીએ અને વળી તેમની સાથે શોક–સંતાપમાં ઝૂરીએ છીએ. તેમને અનુભવ તે આપણો અનુભવ થાય છે; અને તેઓ જે બનાવો વખતે હાજર હોઈને તેનું વર્ણન કરે છે, તે વેળાએ આપણે જાણે કાંઈક દરજ્જે તેમની સાથે કાર્યમાં ભાગ લેતા હોઈએ એમ આપણા મનમાં લાગે છે.

જનતાને ઉત્તમ વાચન સસ્તા મૂલ્યે પૂરું પાડી શકાય એ માટે આ સંસ્થા તરફથી 'વિવિધ ગ્રંથમાળા' નામની માળા ચાલે છે, જેની માહિતી નીચે આપી છે. તે ઉપરાંત 'સર્વોપયોગી સાહિત્યશ્રેણી' તથા 'આમ સાહિત્યશ્રેણી' દ્વારા ઘણાં ઉપયોગી પ્રકાશનો પ્રસિદ્ધ થયાં છે. આ રીતે સંસ્થા તરફથી નાનામોટા અનેક ઉપયોગી ગ્રંથો દર વરસે પ્રસિદ્ધ થાય છે.

વિવિધ ગ્રંથમાળા

આ માળાનું નવું વર્ષ જુલાઈ માસની ૧લી તારીખથી શરૂ થઈ ગયું છે. રૂા. ૬–૮–૦ લવાજમ મોકલી આપીને તરત જ ગ્રાહક થઈ સસ્તા મૂલ્યમાં ઉત્તમ વાચન મેળવો.

આ માળામાં જુલાઈ ૧૯૫૧થી જૂન ૧૯૫૨ સુધીમાં પૂરા થતા ૪૦મા વર્ષમાં નીચે મુજબ પુસ્તકો ગ્રાહકોને મોકલી અપાયાં છે:

નામ	લેખક	પૃષ્ઠ	મૂલ્ય	ટ. ખ.
૧ **ગુજરાતનાં તીર્થસ્થાનો:**	દુર્ગાશંકર કે. શાસ્ત્રી	૨૪૮	૧–૪–૦	૦–૨
૨ **મનુષ્યધર્મ:**	વામનરાવ પ્રા. પટેલ	૨૪૦	૨–૦–૦	૦–૪
૩ **સંવત ૨૦૦૮નું પંચાંગ:**		૯૬	૦–૮–૦	૦–૨
૪ **આરોગ્યરક્ષા:**		૧૨૮	૦–૧૨–૦	૦–૨
૫ **કાકાનો સંજય:**	છોટુભાઈ જો. ભટ્ટ	૩૨૦	૧–૧૨–૦	૦–૩
૬ **માણસાઈની વાતો:**	સં૦ પીતામ્બર પટેલ	૩૦૮	૨–૦–૦	૦–૩
૭ **ગદાધારી ભીમ:**	માધવજી ગો૦ પટેલ	૩૨૮	૨–૪–૦	૦–૩
		૧૬૬૮	૧૦–૮–૦	૧–૩

જૂન માસની આખરે પૂરા થતા વરસમાં ઉપર પ્રમાણે ૭ પુસ્તકો, જેમનું એકંદર મૂલ્ય રૂ. ૧૦-૮-૦ થાય છે, તે માત્ર રૂ. ૬-૮-૦માં ગ્રાહકોને ઘેરબેઠાં મોકલી અપાયાં છે.

સને ૧૯૪૪ સુધી આ માળાનું લવાજમ માત્ર પાંચ રૂપિયા હતું. તે પછી બીજા વિશ્વયુદ્ધના કારણે બધી ચીજ-વસ્તુઓના ભાવોમાં ચારથી પાંચગણો ઉછાળો આવી ગયો છે, છતાં લવાજમમાં ટપાલખર્ચ જેટલો રૂ. ૧॥નો વધારો કરીને લવાજમ માત્ર રૂ. ૬-૮-૦ રાખવામાં આવ્યું છે. માળાના ગ્રાહકોને સો પાનાંનું વાચન સરેરાશ રૂ. ૦ાત્રામાં ઘેરબેઠાં મળે છે. એ જોતાં ઉત્તમ વાચન સસ્તા મૂલ્યે પૂરું પાડનારી ગુજરાતની આ સૌથી જૂની ને લોકપ્રિય માળા છે, એમ કહેવામાં અતિશયોક્તિ નથી.

જે વાચકબંધુઓ આ માળાના ગ્રાહક થયા ન હોય તેમને ગ્રાહક થઈ જવા ભલામણ છે. તેમ જ પોતાના સંબંધીઓને આ માળા વિષે માહિતી આપીને એકેક નવા ગ્રાહક બનાવી મોકલી આપી જ્ઞાનપ્રચારના કાર્યને મદદ આપવા વિનતિ છે.

છેલ્લા બે માસમાં પ્રસિદ્ધ થયેલાં સંસ્થાનાં પ્રકાશનોની માહિતી નીચે આપી છે:

નવાં પ્રકાશનો

શ્રીશિવમહાપુરાણ

પાન ૧૨૩૬ : કિં. ૧૨-૦ : ટ. ખ. ૧-૧૨

સાતેય સંહિતાઓનું શુદ્ધ ગુજરાતી ભાષામાં અક્ષરશઃ ભાષાંતર, દળદાર બે ગ્રંથોમાં (સચિત્ર)

સં. ૨૦૦૯નું ગ્રહલાઘવીય પંચાંગ

પાન ૧૦૦ :: કિં. ૦-૮

કર્તા: હિંમતરામ મહાશંકર જાની: ગ્રહલાઘવીય પંચાંગનું સ્થાન અગત્યનું છે. આમાં જ્યોતિષને લગતી બાબતો ઉપરાંત સામાન્ય જનસમુદાયને ઉપયોગી થઈ પડે તેવી વ્રતકથાઓ, ધાર્મિક તહેવારોની ઉત્પત્તિની માહિતી વગેરે બાબતો છે. ચાલુ માસની તા. ૧૫મીએ પ્રસિદ્ધ થશે.

ગદાધારી ભીમ: (સર્વો૦ શ્રેણી)

પાન ૩૨૮ : કિં. ૨-૪ : ખાસ આ. કિં. ૩-૦

આ પુસ્તકમાં મહાભારતમાંના ભીમનાં વધુ પરાક્રમોના પ્રસંગોને ગૂંથવામાં આવ્યા છે. આ અગાઉ બહાર પડેલા 'ભીમનાં પરાક્રમો' નામના પુસ્તકના અનુસંધાનમાં પ્રસિદ્ધ કરાયેલ આ પુસ્તકનું વાચન અત્યંત રોચક ને રસદાયી બનશે.

શ્રીકૃષ્ણચરિત્ર

પાન ૧૬૮ :: કિં. ૧-૮

લે૦ કવિશ્રી મૂળશંકર હરિનંદ મૂલાણી: ભક્તિયોગનું માહાત્મ્ય દર્શાવતું, નાનાંમોટાં સૌને ગમી જાય એવું ત્રિઅંકી નાટક.

સંત દાદૂ

પાન ૬૪ :: કિં. ૦-૪

સં૦ અનવર આગેવાન: પ્રેમભક્તિથી ભરપૂર ૭૧ પદો-ભજનોનો સંગ્રહ અઘરા શબ્દોના અર્થ સાથે.

ઉખાણા

પાન ૮૦ :: કિં. ૦-૪

સં૦ ચંદ્રશંકર ગૌરીશંકર જોશી: રમૂજી અને બોધદાયક ઉખાણાઓનો સંગ્રહ: ઉત્તર સાથે.

ગંગામાતા

પાન ૧૨૦ :: કિં. ૦–૬

પ્રયો૦ જનાર્દન પ્રભાસ્કર : લોકમાતા ગંગાજીને લગતી મળી શકતી સઘળી માહિતી આ પુસ્તકમાં આપવામાં આવી છે.

સંતકવિ નઝીર

પાન ૯૬ :: કિં. ૦–૮

સં૦ અનવર આગેવાન : સૂફી ધર્મના વેદાંતી કવિની પ્રેમભીની કવિતાઓનો સંગ્રહ : સમજૂતી સાથે.

મહાભારતની નીતિકથાઓ

પાન ૧૮૪ :: કિં. ૧–૪

મહાભારતમાં આવતી, નાનાંમોટાં સૌને પ્રેરણા આપતી બોધક વાર્તાઓનો સંગ્રહ.

પોલસનનું
ચોકખું ઘી
રાા અને ૭ રતલી
સીલ્ડ લીવર-લીડ ટીનમાં
દરેક પ્રોવીઝન સ્ટોરમા
મલે છે.

પુનરાવૃત્તિઓ

શ્રીશિવમહિમ્નઃ સ્તોત્ર

પાન ૧૨૦ :: કિં. ૦–૮

મૂળ સાથે સરળ ભાષાંતરઃ સ્વામી સૂદન સરસ્વતીની ટીકા અનુસાર.

ખેતીનાં મૂળ તત્ત્વો–ભાગ ૧લો

પાન ૧૫૨ :: કિં. ૧–૪

લે૦ માર્તંડરાય શિવભદ્ર પંડ્યા:

આમાં જમીન, પાણી ને ઓજાર માહિતી તેમજ ક્ષેત્રફળ, ઘનફળ, ખેત નકશા, ઈત્યાદિ ૭ પ્રકરણો આપ્યાં છે.

ખેતીનાં મૂળ તત્ત્વો–ભાગ ૨જો

પાન ૧૨૮ :: કિં. ૧–૦

લે. માર્તંડરાય શિવભદ્ર પંડ્યા

ખેડ, ખાતર ને બીજ સંબંધી ઉપયે સચિત્ર માહિતીથી ભરપૂર પુસ્તક, સુધા વધારા સાથેની નવી આવૃત્તિ.

‘શ્રી’ના લેખોનો સંગ્રહ

દીપમંગલ

લેખક : સોપાન

‘અખંડ આનંદ’માં અને અન્યત્ર પ્રસિદ્ધ થયેલા ‘શ્રી’ સંજ્ઞાથી લખા ચેલા લેખોનો સંગ્રહ પ્રગટ થઈ ગયે છે. હજારો વાચકોએ આ લેખોનું આકર્ષણ અનુભવ્યું છે.

મૂલ્ય
ચાર રૂપિયા
(ટપાલખર્ચ મોકલવાનું નથી.)

શ્રી પ્રકાશન મંદિર
ગુલબહાર, બેરેક રોડ, મેટ્રો પાછળ,
મુંબઈ-૧

"લક્સ ટૉયલેટ સાબુ
મારી ચામડીને સૌંદર્યભરી રાખે છે"
મોલિના
કહે છે.


LUX
LUX
TOILET SOAP

આ સુરમ્ય સુવાસિત
સફેદ તથા શુદ્ધ સાબુથી
આપની ચામડીને પણ
સુરમ્ય રાખો!

ચિત્ર-તારિકાઓનો સૌંદર્ય સાબુ
LTS. 331-X30 GJ

ચાલધાર જોઇને
ખરીદો



બરાબર પકડ

સુખદ સ્વારી

અધિક માઇલ સફર

નવિન
સુપર ઈન્ડીઆ

ઈન્ડીઆ ટાયર એન્ડ રબર કુંપની (ઈન્ડીઆ) લિમિટેડ
અમદાવાદ, બેંગ્લોર, મુંબઈ, કલકત્તા, દિલ્હી,
જોરહત, લખનૌ, મદ્રાસ, નાગપુર

IT. 4864 (Gujerathi)

કેટલીક માતાઓ આ નથી જાણતી !


શા માટે તારી મા તને નવરાવ્યા પછી અને હર વખત તારું ઝભલું બદલે ત્યારે તારા શરીર પર જોન્સન્સ બેબી પાઉડર છાંટતી નથી ? મારી મા તેમ કરે છે—એટલે મારી તબીયત મઝેદાર રહે છે !

Johnson's
BABY
POWDER
Johnson & Johnson
મોટો ડબો ખરીદો. તેમાં બે ઔંસ પાઉડર વિશેષ મળે છે—મફતમાં !
Johnson's
BABY
POWDER

મા !

આપનું બાળક બોલી તો શકતું નથી—પરંતુ તકલીફ થવાને કારણે તે રડે છે જરૂર. જોન્સન્સ બેબી પાઉડરમાં રહેલાં ખાસ દ્રવ્યો કોમલ શરીરો માટે ઘણાંજ સુખદ અને સૌમ્ય છે—અને તેથીજ ઘણી મોટી સંખ્યામાં માતાઓ (અને પિતાઓ !) પોતાના માટે પણ તે વાપરે છે.

આજેજ એક ડબો ખરીદો—બાળક અને આપના માટે !

બાળક માટે ઉત્તમ—આપના માટે પણ !

Johnson's BABY POWDER
Regd. Trade Mark

જોન્સન્સ બેબી પાઉડર

એકલા ડીસ્ટ્રીબ્યુટરો :
આઈ. સી. આઈ (ઇન્ડીઆ) લી૦

યાદ રાખો,
જોન્સન્સ "પ્રીકલી હીટ પાઉડર"થી આપ આપની અળઈ મટાડી શકશો.

JB6517

તમારા ગળાના સોજાને
શાંત કરો અને મટાડો

આ આશ્ચર્યજનક પેપ્સની દાક્તરો
એને માટે ભલામણ કરે છે.

PEPS

કફ, શરદી, ટાઢ ચડવી
ગળાનો સોજો, સળેખમ
કંઠનો સોજો અને બીજી
છાતી અને ફેફસાંની તકલીફો

સૂજેલા ગળા, છાતી અને ફેફસાં પર હુમલો કરતા ભયંકર જંતુઓને ઉછેરે છે. તરત જ પેપ્સની ટીકડીઓ ચૂસો. પેપ્સ તરત જ તમારા ગળાને શાંત કરે છે અને જંતુઓનો નાશ કરે છે. પેપ્સ તમારા ગળા અને છાતીમાંના સોજાને અને બળતરાને મટાડે છે. પેપ્સ શ્વાસ લેવામાં સરળતા કરે છે. પેપ્સમાંનાં ઔષધજન્ય સત્ત્વો તમારા ગળા અને શ્વાસના માર્ગો મારફત છેક તમારાં ફેફસાં સુધી જાય છે. આ કારણને લીધે જ પેપ્સ ખાસ આશ્ચર્યજનક છે.

ચામડીનાં દરેક જાતનાં દરદો માટે

કેમ્પની
ઓરીજનલ
રીંગવર્મ
ઓઈન્ટમેન્ટ

Ringworm Ointment
Kemp & Co. Ltd.
Bombay
For Ringworm
Kemp & Co. Ltd.

કેમ્પ એન્ડ કંપની લી.
મેન્યુફેક્ચરીંગ કેમિસ્ટ્સ
મુંબઈ·કલકત્તા.
દીલ્હી·મદ્રાસ.

[illegible] જ [illegible] વધારો કરવામાં આવ્યો છે.

‘યોદ્દા’ પ્રિન્ટિંગ
અને
તેને લગતી મશીનરી

પ્રિન્ટિંગને લગતાં દરેક જાતનાં કામો માટે જાપાનીઝ ‘યોદ્દા’
પ્રિન્ટિંગ, પેપર કટિંગ, કાર્ડબોર્ડ બોક્સ મેકિંગ, ટ્યુબ
વાઈન્ડીંગ, સ્ટીચિંગ, અને તેને લગતી મશીનરી દરેક
સાઈઝમાં તૈયાર મળશે. જ્યાંજ્યાં આ મશીનો
વપરાય છે, ત્યાંત્યાં પુરવાર કરી આપ્યું
છે કે તે ઘણાં ઓછાં ખર્ચાળ
અને એના જેવા બીજાં યંત્રો
જેટલાંજ ટકાઉ છે.

મફત સાહિત્ય માટે લખો :-



હિંદુસ્તાનના મુખ્ય એજન્ટ :

મગાવાનું ઠેકાણું :-
બાટલીબોય ઍન્ડ કંપની
એન્જીનીઅર અને મશીનરી આયાત કરનાર
હેડ ઑફીસ: ૫ ફોર્બસ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ. શાખાઓ: મદ્રાસ
કલકત્તા – મુંબઈ – અમદાવાદ – કોઈમ્બતુર.

સારી જાતો માટે આ છાપો યાદ રાખો


KOHINOOR MILLS Co Ltd BOMBAY
LIGHT OF THE WORLD
THE KOHINOOR MILLS Co Ltd BOMBAY
ધી કોહીનૂર મીલ્સ કંપની લિ. મુંબઈ
BEST QUALITY
MADE IN INDIA
BLUE
THE KOHINOOR MILLS Co Ltd BOMBAY
INDIA
ICK INDUSTRIES LTD. AGENTS
THE KOHINOOR MILLS Co Ltd BOMBAY

જ્યારે તમારે ભરત અને સીવણકામના દોરા જોઈતા હોય, ત્યારે જો સારી જાતના જોઈતા હોય તો આ છાપોની માંગણી કરજો. પાકા રંગોની ઘણી જાત મળે છે. આ દોરાઓ મજબૂત અને ટકાઉ છે.

કોહીનૂર મિલ્સ કું૦ લિ૦

એજન્ટો : ફીલીક ઈન્ડસ્ટ્રીઝ લિ૦
સોલ યાર્ન સેલિંગ એજન્ટો : **નહાલચંદ લલ્લુચંદ લિ૦**

LAS. (8)

Copy Right

હ્યુમ-કોંક્રિટનું સેપ્ટીક ટેન્ક



આ સેપ્ટીક ટેન્કને જાજરૂ સાથે જોડવામાં આવે છે કે જેથી કરીને જાજરૂની અંદર પાણી ટાંકીમાં બરાબર આવી શકે.

કોઈ પણ જાતની ખરાબ વાસ પાણી બહાર આવતાં આવતી નથી અને આ પાણીનો ઉપયોગ કમ્પાઉન્ડમાં શાકભાજી ઉગાડવામાં પણ કરવામાં આવે છે.

આવી સેંકડો ટેન્કો વેચાઈ ચૂકી છે અને વેચાણની સંખ્યા મુંબઈનાં પરાંઓમાં રોજ વધતી જાય છે.

લખો :

ધી ઇન્ડીઅન હ્યુમ પાઇપ કું૦ લિ૦

કન્સ્ટ્રકશન હાઉસ. વાટટ રોડ, બેલાર્ડ એસ્ટેટ, મુંબઈ
કારખાનું—વડાલા, મુંબઈ-૧૯

—શાકભાજી વધુ ઉગાડો—
શા માટે ?
—તંદુરસ્તી જાળવવા માટે—

નાનો બગીચો

હોય તોપણ, તમે તમારા પૂરતી શાકભાજી સહેલાઈથી ઉગાડી શકો છો.

સૂચિપત્ર મંગાવો.
હરેક જાતની શાકભાજીનાં બિયાં માટે

લખો યા મળો :
ી બોમ્બે સીડ્સ સપ્લાય કું,
રાણીબાગના દરવાજા સામે,
મુંબાઈ નં. ૨૭.

મહાગુજરાતનું માનીતું
સચિત્ર ધાર્મિક માસિક

જનકલ્યાણ

માનાર્હ તંત્રી : શ્રી 'પુનિત' મહારાજ
વાર્ષિક લવાજમ : રૂ. ૫-૪-૦
પરદેશમાં ૧૨ શિલિંગ

★ જેમાં ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય અને સદ્દાચાર સંબંધી લખો, કાવ્યો, વાર્તાઓ, દ્રષ્ટાંતો વગેરે અપાય છે.
★ જેમાં દર મહિને એક આકર્ષક ત્રિરંગી ચિત્ર અપાય છે.
★ જેમાં દર વર્ષે ૨૫૦થી ૩૦૦ પાનાંનો એક ખાસ વિશેષાંક (ભેટપુસ્તક) અપાય છે.
★ જેનો ચોખ્ખો નફો કેવળ જનસેવાનાં કાર્યોમાં જ વપરાય છે.
★ જેને ટૂંક સમયમાં જ ૮૦૦૦ ગ્રાહકોનો સહકાર મળ્યો છે.
★ નમૂનાની નકલ મફત મેળવવા આજે જ લખો :

શ્રી જનકલ્યાણ કાર્યાલય
ઠે. શ્રી 'પુનિત'-સેવાશ્રમ, મણિનગર, અમદાવાદ-૮

ધી મૈસુર પ્રીમિયર
મેટલ ફેકટરી

અને

ધી હિંદુસ્તાન મેટલ રીફાઇનરી

એન્ડ

રોલિંગ મિલ્સ

(સંસ્થાપક) : હીમચંદ કે. શાહ

મદ્રાસ

પ્રખ્યાત સૂર્યમાર્કાનાં એલ્યુમિનિયમ, પિત્તળ, તાંબા તથા સ્ટેનલેસ સ્ટીલનાં ઉત્તમ કોટીનાં તદ્દન નવી ડીઝાઈનનાં અને ઉત્તમ પ્રકારનાં સફાઈવાળાં તેમ જ ચકચકિત વાસણો બનાવનાર તથા વેચનાર

ટેલિફોન : ૨૫૩૫] ● [ટેલિગ્રામ : SUNBRAND

તમારી જરૂરિયાતો માટે લખો અથવા મળો :
નં. ૧૨૪, મિન્ટ સ્ટ્રીટ, મદ્રાસ

મેનેજિંગ પાર્ટનર :
કેશવલાલ કે. શાહ


ખિલેલા પુષ્પ જેવાં તાજાં
અને મોહક રહો... વાપરો
હમામ
ન્હાવાનો સાબુ
HAMAM
TOILET SOAP
હમામની ખુશબો નવીન પ્રકારની છે... અને તે ટકે છે પણ લાંબો વખત!
દી તાતા ઓઈલ મીલ્સ કંપની લીમીટેડ
A TATA PRODUCT
તાતાની બનાવટ

જરૂરી
શકિત



તમારા માટે મેળવવા
વૉટરબરીઝ કમ્પાઉન્ડ
વાપરશો

જ્યારે તમે તમારા રોજીંદા ખોરાકની શકિતદાયકતા રૂચિકર-સ્વાદવાળા વોટરબરીઝ કમ્પાઉન્ડ વડે વધારશો ત્યારે તમને જણાશે કે, તમે જરૂરી શકિત અને સ્ફૂર્તિ આશ્ચર્યજનક ટૂંક સમયમાં મેળવી રહ્યા છો. શકિત આપનારાં તત્ત્વોથી સમૃધ્ધ, વોટરબરીઝ કમ્પાઉન્ડ તમારી શરીર રચનામાં સ્ફૂર્તિ ઉમેરે છે...થાકનો સામનો કરવામાં મદદ કરે છે અને શરદી તથા ખાંસી સામે વધારે સારૂ રક્ષણ આપે છે. યુવાન તેમજ વૃધ્ધ માટે સંપૂર્ણ શકિતદાયક દવા !


Waterbury's
Compound
with Creosote and Guaiacol

વૉટરબરીઝ
કમ્પાઉન્ડ
તમને નિરોગી રાખે છે

CC

NAS 737

દાઝ્યા ઉપર તુર્ત
'જાલમાર'
લગાડો


JALMAR
FOR
BURNS,
SCALDS
ABRASIONS
FOR
EXTERNAL USE
ONLY
Cipla
BOMBAY-8, INDIA

'જાલમાર' દાઝ્યા ઉપર તુર્ત લગાડવાથી બલતરા એકદમ બંધ થશે, ફોલ્લા ઉઠશે નહિં અને ચામડી જલદીથી રૂઝાય જશે. જાલમાર [સીપ્લા]ની એક ટ્યુબ તમારા ઘરમાં, ફેક્ટરીમાં, ઓફીસમાં, કલબમાં અને તમારી મોટરમાં રાખો. અકસ્માત વખતે ઘણીજ ઉપયોગી થશે.

૧ ઔંસની
ટ્યુબ કિંમત
રૂ. ૧-૪-૦

દરેક દવાવાલાને ત્યાંથી મળશે

સીપ્લા(Cipla) લેબોરેટરિઝ, ૨૮૯ બેલાસીસ રોડ, મુંબઇ ૮.

વેપાર, ઉદ્યોગ અને અર્થકારણના પ્રશ્નો ચર્ચતું
અને સમજાવતું અજોડ ગુજરાતી પખવાડિક

વ્યાપાર

- **વેપાર ક્ષેત્રે**–રોજ–બ–રોજ બનતા બનાવોની તેમાં સમીક્ષા અને સમજણ અપાય છે, દેશ–પરદેશનાં બજારોનો પરિચય અપાય છે, વેપારીઓને માર્ગદર્શન અપાય છે.
- **ઔદ્યોગિક ક્ષેત્રે**–ભારતની આગેકૂચનો તેમાં ખ્યાલ અપાય છે, ઔદ્યોગિક પ્રશ્નોની છણાવટ કરાય છે, નાનામોટા ઉદ્યોગો શરૂ કરવા વિષે માર્ગદર્શન અપાય છે.
- **વેપારી કાયદા–કાનૂનો**–અને વેપારને સ્પર્શતા દેશ–પરદેશના વિવિધ નિયમો સરળ ભાષામાં સમજાવાય છે.
- **રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય આર્થિક ક્ષેત્રે**–બનતા બનાવોની સચોટ સમજણ અપાય છે.

[દર બીજા રવિવારે પ્રકટ થાય છે.]

છૂટક કિંમત : ૬ આના] [વાર્ષિક લવાજમ રૂ. ૧૦ (પરદેશમાં રૂ. ૧૩)

પ્રાપ્તિસ્થાન : વ્યાપાર કાર્યાલય, જન્મભૂમિ ભવન, ઘોઘાસ્ટ્રીટ, મુંબઈ–૧

[ભારતમાં અંગ્રેજી તેમજ અન્ય ભાષામાં પ્રસિદ્ધ થતા વ્યાપાર વિષયક સર્વ સામયિકોમાં 'વ્યાપાર'નો ફેલાવો સૌથી વધુ છે.]

તારગ્રામ : સાકર ☆ ટેલિફોન : ૨૩૫૦૧

ધી કેસર શ્યુગર વર્કસ લિ૰

૪૫, ૪૭ એપોલો સ્ટ્રીટ, મુંબઈ નં. ૧

હાલની પ્રવૃત્તિઓ :

બહેડી–યુ. પી.

★ ખાંડ અને તેમાંથી બનતી મીઠાઈઓ

★ મીથીલેટેડ સ્પિરિટ

★ પાવર આલ્કોહોલ, રેક્ટિફાઈડ સ્પિરિટ, મોલાસીસ શેરવો

ગોરેગાંવ–મુંબઈ

- ફોટોગ્રાફી અને ટેનિંગ માટે હાઈપો
- અને ફોટોગ્રાફી માટે સોડા સલ્ફાઈટ
- ટેક્સ્ટાઈલ તથા ટેનેરીઝ માટે સોડા બાઈ સલ્ફાઈટ

- હાઈડ્રોક્વીનોન
- ક્રોમ એલમ પોટાશ
- ક્રોમિક એસિડ ઈલેક્ટ્રોપ્લેટિંગ સારુ

વ્યાપાર સાથે સંબંધ ધરાવતી પૂછપરછ પર પૂરતું ધ્યાન આપવામાં આવે છે

શ્રી રામ મિલ્સ લિ૦

બારીક સુતરમાંથી ફેન્સી

મર્સરાઇઝડ કાપડ

જેવાં કે:

● ધોતિયાં ● સાડીઓ (પ્લેન, ડોબી તથા જેકાર્ડ બૉર્ડર), ● વૉયલ્સ (પ્લેન તથા ચેક) ● જાતજાતની કલર શર્ટિંગ્સ ● પોપલીન ● મલમલ તથા ● લૉંગક્લોથ વગેરે

બનાવનાર

મિલ તથા ઑફિસ :: ફરગ્યુસન રોડ, પરેલ

મુંબઇ

ક્લીઅરિંગ ● ફોર્વર્ડિંગ ● સીપિંગ ● વીમો
ફ્રેઈટ ● બેગેજ અને ● વેરહાઉસિંગ એજન્ટસ

ચીફ એજન્ટસ :

એટલાસ એસ્યુરન્સ કું० લિ०

આગ ★ દરિયાઈ ★ મોટર અને ★ અકસ્માત

બેંકોના મુકાદમ

તુલસીદાસ ખીમજી

૪૬ ચર્ચગેટ સ્ટ્રીટ, કોટ, મુંબઈ.

ટેલીગ્રામ : Nachiketa
ટેલીફોન : ૩૨૦૮૪ (ત્રણ લાઈન)

શ્રી રામકૃષ્ણ મિલ્સ **શ્રી વિવેકાનંદ મિલ્સ**

● અમદાવાદ ●

— આપકી પસંદગી —

- અદ્યતન સજાવટની આકર્ષક રેશમી કિનારીવાળી મુલાયમ સાડીઓ, ઝીણા તેમ જ ટકાઉ પોતની રેશમી કિનારીવાળી ધોતી, મુલાયમ મલમલ વગેરે.
- આપના શોખ અને ખીસાને સર્વદા અનુકૂળ અમારી આ અવનવી સુપરફાઈન જાતો આપની પ્રથમ પસંદગી પામશે.
- સમાજના તમામ વર્ગને પોષાય તેવી છેલ્લી ઢબની કળા અને કુમાશભરી ડીઝાઈનની સાડીઓ, ટકાઉ પોપલીન, ધોતી વગેરે.
- સુખ અને સવલત માટે અવશ્ય આગ્રહ રાખો.

— આપની જરૂરિયાત મેળવવા —

અમારી રાયપુર ચકલામાં, પોલીસચોકી સામે આવેલી છૂટક કાપડની દુકાનની મુલાકાત અવશ્ય લેશો.

'સસ્તું સાહિત્ય'નું ગ્રહલાઘવીય શુદ્ધ કાર્તિકી

પંચાંગ-૨૦૦૯

- છેલ્લાં દસ વર્ષથી આ સંસ્થા તરફથી ગ્રહલાઘવીય કાર્તિકી પંચાંગ પ્રસિદ્ધ થાય છે. તેની શુમારે ત્રીસ હજાર જેટલી નકલો જાય છે. દરેક વર્ગને પોસાય તેવી તેની કિંમતથી તેમ જ શાસ્ત્રીય શુદ્ધતા અને ચોકસાઈને લીધે તેને ઘરઘરમાં સ્થાન મળ્યું છે.
- સવાસોથી વધુ પાનાંનું આ પંચાંગ લગભગ બધી જ માહિતીથી સંપૂર્ણ હોવાથી આવો બહોળો પ્રચાર પામ્યું છે.
- આ પંચાંગનું સંપાદન જ્યોતિષશાસ્ત્રના નિષ્ણાત જ્યોતિષીના હાથે થતું હોઈ શાસ્ત્રીય શુદ્ધતા અને ચોકસાઈ માટે બનતી બધી કાળજી રાખવામાં આવે છે.
- આપણા દેશનાં શાસ્ત્રીય અને શુદ્ધ ગણાતાં પંચાંગોમાં આની ગણના અગ્રસ્થાને છે.

આ પંચાંગ હાલ છપાય છે. તે તૈયાર થતાં થોડા વખતમાં જ ખપી જતાં હોવાથી બુકસેલરો તથા મોટા જથ્થામાં ખરીદનારાઓને સત્વર ઓર્ડર નોંધાવી દેવા વિનતિ છે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ભદ્ર, પો. બો. નં. ૫૦, અમદાવાદ.



તારનું સરનામું "મણીબાલા"

NCL

ફોન: ૨૧૯૯૭
૨૪૩૬૬

ઈન્ડસ્ટ્રીયલ કેમીકલ્સ
ટેક્સટાઇલ ડાઈઝ
સલ્ફર્સ (ગંધક)
અને
ફર્ટીલાઇઝર્સ (ખાતર)
ના
ભરોસાપાત્ર ઇમ્પોર્ટર્સ અને સ્ટોકીસ્ટસ

નાણાવટી એન્ડ કંપની લિમિટેડ

સ્થાપના-૧૯૨૧
૧૬, એપોલો સ્ટ્રીટ, કોટ મુંબઈ ૧

શાખાઓ: [illegible]
અમદાવાદ [illegible]
કલકત્તા • મદ્રાસ [illegible]

ઉત્તમ અને સલામત વીમો

જે સદીઓ પર્યંતની આકરી કસોટીમાંથી સફળ રીતે પસાર થયેલ છે, તે શું છે!

NARRONDASS MANORDASS
NM
BULLION
REFINERS ASSAYERS

સોનું

આપણા શાણા બાપદાદાઓએ વર્ષોથી સોનાને લગડીના રૂપમાં અગર ઘરેણાંના રૂપમાં સંઘરીને આપત્તિકાળમાં રક્ષણ મેળવ્યું છે. એમને અનુસરવું એ શું ડહાપણભર્યું નથી? જો ડહાપણભર્યું માનતા હો તો અમારી સોનાની લગડીઓ ખરીદી ભવિષ્ય સામે વીમો મેળવો. અમારી એક, પાંચ, દશ તોલાની સોનાની લગડી તેમ જ ૪૦૦ તોલાની ચાંદીનાં ચોરસાંઓના ચાલુ ભાવો માટે અમને પૂછો. અમો અમારી લગડીના ટચ તથા વજનની ખાતરી આપીએ છીએ. અમારી સોનાની લગડી ૯૯૫.૦ અગર તેથી સારા ટચની મળશે.

નારણદાસ મનોરદાસ

સ્થાપના : ૧૭૮૮
૧૩૫, શેખમેમણ સ્ટ્રીટ, મુંબઈ-૨

બેન્કર્સ, બુલિયન અને રૂના વેપારીઓ, કિંમતી ધાતુ રીફાઈન કરવાવાળાઓ, હિંદમાં મોટામાં મોટી ઈલેકટ્રોલિટિક સિલ્વર રીફાઈનરીના અમે પ્રથમ અને એક જ સ્થાપક છીએ.

સરકારની મીન્ટે અમારા રીફાઈનરીના ટચ (ફાઈનનેસ) મંજૂર રાખેલ છે.

પીવાની મજા તો

તાજ છાપ

ઉત્તમ વરજીનીયા સીગારેટમાંજ છે...

ધીમી બળે છે અને
વધુ લહેજત આપે છે

તમારી તાજની નકલથી
છેતરાશો નહી...


તાજ છાપ
ઉત્તમ વરજીનીયા સીગારેટ
તાજ છાપ
ઉત્તમ વરજીનીયા સીગારેટ
TAJ BRAND

GTC
GOLDEN
TOBACCO COMPANY

બનાવનારાઓ:
ગોલ્ડન ટોબેકો કું. મુંબઇ ૨૪

ધી ન્યુ ગ્રેટ ઈન્શ્યુરન્સ

કંપની ઑફ ઈન્ડિયા લિમિટેડ

સત્તાવાર થાપણ ... ... રૂ. ૨,૫૦,૦૦,૦૦૦
બહાર પડેલી ને ભરાયેલી થાપણ ... ... રૂ. ૧,૨૫,૦૦,૦૦૦
વસૂલ થયેલી થાપણ ... ... રૂ. ૩૨,૫૦,૦૦૦

ડાયરેક્ટરોની બોર્ડ

શેઠ તુલસીદાસ કીલાચંદ (ચેરમેન)
શેઠ ધરમશી મૂળરાજ ખટાઉ
શેઠ જહાંગીર પેસ્તનજી પટેલ
શેઠ અંબાલાલ કીલાચંદ

શેઠ ગુલાબચંદ હીરાચંદ
શેઠ આનંદલાલ હીરાલાલ
શેઠ વ્રજલાલ છોટાલાલ
શેઠ છોટાલાલ એસ. પટેલ

જનરલ મેનેજર : મગનલાલ જી. મોદી

રજિસ્ટર્ડ ઑફિસ :
બૅંક બીલ્ડિંગ, માંડવી, વડોદરા.

હિન્દ સંઘમાં મુખ્ય ઑફિસ :
૪૫-૪૭, એપોલો સ્ટ્રીટ, કોટ, મુંબઈ.

શાખાઓ:-અમદાવાદ, અમૃતસર, એલેપ્પી, કલકત્તા, જલગાંવ, દિલ્હી, ધનબાદ, નાગપુર, નગર, મદ્રાસ, મેંગ્લોર, લખનૌ, શિલૉંગ, સુરત, હૈદ્રાબાદ, ઈન્દોર, પૂના, ઉડીપી, વીજ

★ જિંદગી ★ આગ ★ અકસ્માત અને ★ દરિયાઈ વીમાનું કામકાજ લેવામાં આવે છે.

An invitation to comfort ... ...



વેસ્ટ એન્ડ હોટેલ

West End Hotel

BOMBAY

One of the best in the East.

Fitted with Radio and Telephone in all Rooms.

Air Conditioned Dining Room

MOST BEAUTIFULLY DECORATED AND FURNISHED ROOF GARDEN AVAILABLE FOR WEDDINGS, MARRIAGE RECEPTIONS, DANCES, CONFERENCES AND OTHER SOCIAL FUNCTIONS.

Phone :-26246, 32096

Grams :-**"BESTHOTEL"**

ધી યુનાઇટેડ કોમર્શિયલ બેંક લિ૦ કલકત્તા

THE UNITED COMMERCIAL BANK LIMITED

મૂડી (સત્તાવાર)	રૂ. ૮ કરોડ
,, (ઉઘરાવેલી)	રૂ. ૪ કરોડ
ભરી દીધેલી મૂડી	રૂ. ૨ કરોડ
અનામત ફંડ	રૂ. ૬૭½ લાખ

ડાયરેકટરોની બોર્ડ

શ્રી. ઘનશ્યામદાસ બિરલા (પ્રમુખ)

શ્રી. ઈશ્વરીપ્રસાદ ગોએન્કા (ઉપપ્રમુખ)
શ્રી. રમણલાલ જી. સરૈયા (ઉપપ્રમુખ)
,, અનંતચર્ણ લો
,, મહાદેવ એલ. દહાણુકર
,, બૈજનાથ જાલન
,, મદનમોહન આર. રૂઈયા
,, ગોવિંદલાલ બાન્ગૂર
,, મોહનલાલ એલ. શાહ
,, પી. ડી. હિંમતસિંગકા
,, મોતીલાલ તાપુરિયા
,, રામેશ્વરલાલ નોપાણી
,, નવીનચંદ્ર મફતલાલ

મેનેજર : શ્રી. ટી. ઠાકુર

હિંદ, બર્મા, પાકિસ્તાન અને મલાયાનાં બધાં અગત્યનાં નગરો અને શહેરોમાં આ બેંકની શાખાઓ છે તથા દુનિયાભરમાં એજન્સીની સગવડો સાથે પોતાની સારામાં સારી સેવાઓ આપવા માટે બેંક પૂરેપૂરી અદ્યતન સામગ્રીથી સુસજ્જ છે.

ઇતિહાસ પ્રસિદ્ધ હિંદ

કુંભ મેળો - પ્રયાગ

આપણા પ્રજાસત્તાક દેશના આ ખૂબ જ ભવ્ય મેળામાં ભગવાન શંકરની પૂજા કરવા, દર બાર વર્ષે, ગંગા–યમૂનાના પવિત્ર સંગમ પર લાખ્ખો ભાવિક હિંદુઓ એકઠા મળે છે.

બ્રુક બૉન્ડ કંપનીના સેલ્સમેનો, આ મેળામાં લોકોની તાજી અને સારી ચ્હા માટેની એકધારી માગણીને પહોંચી વળવા અવિરતપણે કાર્ય કરે છે........


તાજીજ
ચ્હાનો
આગ્રહ
રાખો
Darjeeling
Brooke Bond Tea
Blend
Brooke
Bond
Tea



બ્રુક બૉન્ડ ચ્હા

ભારતની શ્રેષ્ઠ ચ્હા ભારતના ઉત્તમ પેકેટોમાં

દર શુક્ર, શનિ, મુંબઈમાં આવે જ છે.
'ત્રીકાળદર્શી ગોળામાં જોઈ ભવિષ્ય કહેનાર'
"ગુપ્ત સાયન્સના જાણકાર"

પ્રો ત્રીવેદી
(M. A. M. S.) (મંત્રશાસ્ત્રી)

અનેક મૂંઝવતા અટપટા સવાલોના જવાબ આપે છે. અચાનક ધનલાભ ક્યાંથી, ક્યારે અને કેવી રીતે? મનુષ્ય માત્રને જીવન દરમ્યાન ધનયોગ હોય છે જ. તેને પ્રસંગે કેવા પ્રકારનો પુરુષાર્થ કરવો? તે માટે તથા ધંધામાં લાભ, પ્રેમમાં વિજય, સંતાનસુખ, દુઃખ, નડતા ગ્રહોની શાંતિ, અસાધ્ય બીમારીઓ જેવી કે દીવાનાપણું, હિસ્ટીરીયા, ભૂતપ્રેતનો વળગાડ, મુઠચોટ તથા જાદુ નજરમાંથી બચાવ વગેરેનું સ્પષ્ટ માર્ગદર્શન મેળવો.

આધ્યાત્મિક શક્તિ અને મંત્રશક્તિ દ્વારા મુશ્કેલીઓ દૂર કરી સુખી અને આબાદ જીવન મેળવી શકશો. વિચારમાં સમય ન ગાળતાં આજે જ મળો.
"૩ પ્રશ્નો ફી રૂ. ૫)"

બાલાહનુમાન, ગાંધીરોડ, અમદાવાદ.
શાખા ઓફિસ-જયહિંદ એસ્ટેટ નં. ૧, બીજેમાળ
રૂમ નં. ૨, ભૂલેશ્વર, કબૂતરખાના મુંબઈ નં. ૨

ગૅસ વાયુ ગોળો પેટ
નાં તમામ દરદો મટે છે.

"દૈવી પાચન અર્ક"
નિયમિત પીઓ કીં. રૂ. ૨-૧૪-૦ બહારગામ
વી. પી. કરતા જ નથી. ખર્ચ સાથે રૂ ૪) અગાઉથી
ફાયદો ન થાય તો રૂ. ૧૦૦૦ પાછા

ખીલ મટે છે એક જ રાતમાં
ચહેરા પરના
ગમે તેટલા જૂના યા નવા
કીં. બા. ૧ના રૂ. ૫-૦-૦ (પાંચ)
ફાયદો ન થાય તો પૈસા પાછા.
સિદ્ધ સંન્યાસી ફાર્મસી રજિસ્ટર્ડ,
રીલીફરોડ, પાંજરાપોળ, અમદાવાદ. ફોન : ૨૯૩૦

૩૫ વર્ષોથી વપરાતી બાળકોના
દરેક દર્દો માટે
સર્વોત્તમ
બાલસાથી
બાળકોની
વરાધ-વાવળી, સસણી,
તાવ, હાંફરો, ઉધરસ, રતવા,
આંચકી, પેટ ચઢવું વી. તમામ
દર્દો ખાત્રીબંધ મટાડે છે.
દરેક દવાવાળા બાલસાથી વેચે છે.
મળો અથવા લખો:-
વૈદ્ય જગન્નાથ.જી.વરાધ ઑફીસ, નડીયાદ.

રેટફૂડનું
શુદ્ધ
ઘી
અને
માખણ
ફોન નં. ૪૧૯૪૨
પ્રેમથી
જમો અને જમાડો

MADE IN INDIA
SANTONE
REGISTERED
THE HERBAL
TOOTH-TONIC
CLEANSES & PRESERVES
THE TEETH
DESTROYS GERMS &
PREVENTS
TOOTH DECAY
CURES PYORRHEA
AND OTHER
TOOTH TROUBLES
FREE OF CHALK & COAL
E TWICE DAILY
ANTISEPTIC AND
FRAGRANT
સનટોંન
ટુથ પાવડર
દાંત સાફ કરવા રોજ વાપરો.

મોંની ખરાબ વાસ દૂર કરે છે.

પેઢામાંથી નીકળતું લોહી બંધ કરે છે.

કોલસો કે ચોક નથી

દાઢનું દર્દ, દુખતા દાંત તથા પાયોરિયા મટાડે છે.


SWASTIK OIL MILLS LTD
BOMBAY
SWASTIK
777
SOAP

૭૭૭ સાબુ

થી તમારાં કપડાંની ધોલાઈ
કાર્યદક્ષ
મહેનત વિનાની
કરકસરતાભરી
બનાવો
અને

તમારા કપડાનું જતન કરો.

777 BARS AND SUPERFINE CAKES

સ્વસ્તિક ઓઈલ મિલ્સ લિમિટેડ મુંબઈ,

S.O.M. 174

દસ વર્ષનાં

ટ્રેઝરી સેવિંગ્ઝ

ડીપોઝિટ સર્ટિફિકેટો.

(૩૧/૨%નું વ્યાજ આવકવેરા મુક્ત)

હવે બધી પેટા-તિજોરીઓમાંથી તેમજ નીચે જણાવેલાં 'અ' વર્ગનાં રાજ્યોમાંથી મળી શકશે :

આસામ મદ્રાસ
બિહાર ઓરીસા
મુંબઈ પંજાબ
મધ્ય પ્રદેશ ઉત્તર પ્રદેશ
પશ્ચિમ બંગાળ

ડીપોઝિટ સ્વીકારતી ઓફિસોની સંપૂર્ણ યાદી :

(૧) કલકત્તા, મુંબઈ, મદ્રાસ અને દિલ્હીમાં આવેલી રીઝર્વ બેંકની ઓફિસો અને બીજાં સ્થળોએ સરકારી તિજોરીનું કામકાજ કરતી ઈમ્પીરિયલ બેંક ઓફ ઈન્ડિયાની શાખાઓ.

(૨) 'એ' વર્ગનાં રાજ્યોમાં જ્યાં ઈમ્પીરીઅલ બેંક સરકારી તિજોરીને લગતું કામકાજ કરતી નથી, તે સ્થળોએ બધી ડિસ્ટ્રિક્ટ ટ્રેઝરીઓ.

(૩) 'એ' વર્ગનાં રાજ્યોની બધી પેટા તિજોરીઓ.

(૪) ભુજ (કચ્છ), ઇમ્ફાલ (મણિપૂર) અને કૂર્ગ-મરકારા(કૂર્ગ)માં આવેલી તિજોરીઓ.

સર્ટિફિકેટો રૂા. ૧૦૦/ના ગુણાંકમાં કાઢી આપવામાં આવશે.

કેટલું રોકાણ કરી શકશો

વ્યક્તિગત	...	... રૂા.	૨૫,૦૦૦/
બે શખ્સો સંયુક્ત રીતે		... રૂા.	૫૦,૦૦૦/
સંસ્થાઓ	...	... રૂા.	૫૦,૦૦૦/
સખાવતી સંસ્થાઓ	...	... રૂા.	૧,૦૦,૦૦૦/

વધુ માહિતી અથવા આ રોકાણોને લગતા નિયમો માટે ધી નેશનલ સેવિંગ્ઝ કમિશ્નર, ગોર્ટન કેસલ, સિમલા-૩ને અરજી કરો.

A.C.377

પેટ ભરીને જમો !

ગેસહર પીલ્સ : ગેસ ચડવો-થવો, બાદી, વાયુ, શૂળ, પેટમાં ગુંચાવું, મંદાગ્ની, ઓછી ભૂખ, ખાધા પછી પેટનું ભારી થવું, થવી, છાતીમાં મુંઝારો, થકાવટ, ગોળો, ઓડકાર, પલપીટેશન, બ્લડપ્રેશર, મગજમાં અશાંતિ, ઊંઘ ન આવવી, દસ્તની રૂકાવટ વગેરે દૂર કરી દસ્ત **હમેશાં નિયમિત સાફ લાવે છે.** અન્ન પાચન કરી ભૂખ કકડીને લગાડે છે. શરીરમાં લોહી વધારી શક્તિ આપે છે. **લીવર,** બરોળ, **આંતરડાં** તેમજ પેટના કોઈપણ રોગ માટે બીનહરીફ ઇલાજ. કિં. નાની શીશી ગોળી ૫૦ **રૂા. ૧।। :** મોટી શીશી ગોળી ૧૫૦ **રૂા. ૪**

તાકાત આપનારી દવા

દુગ્ધાનુપાન ગોળીઓ : અશક્તિ, મગજની નબળાઈ, કબજીયાત, સુસ્તી, કળતર, છાતીનો દુખાવો વગેરે ફરિયાદ દૂર કરી બળ, બુદ્ધિ અને આરોગ્ય આપે છે. લોહી વધારી વજન વધશે. કિં. ગોળી ૩૨, નાની શીશી **રૂા. ૧।। :** મોટી શીશી ગોળી ૯૬ **રૂા. ૪।।**

વી. પી.થી મંગાવવા જામનગર લખો :

દુગ્ધાનુપાન ફાર્મસી, ૧. જામનગર (કાઠિયાવાડ)

મુંબઈ-વીંછી બ્રધર્સ કાં. ૭૯, પ્રીન્સેસ સ્ટ્રીટ. **અમદાવાદ**-પંડિત શાહની કાં. ત્રણ દરવાજા
સુરત-સી. એન. બ્રધર્સ, કણપીઠ. **વડોદરા**-એ. રોયની કાં., રાવપુરા. **મોમ્બાસા**-મોમ્બાસા સ્ટોર્સ, પો. બો. ૧૪૨

સુરમો

નયન પ્રભા : જામનગરનો સાચા મોતીનો આ સુરમો આંખની તમામ વ્યાધીઓ ફૂલું, મોતીયો, પડળ, છારી, વેલ, આંખની ગરમી, આંખ ઊઠવી, ટુંકી નજર, Short Sight વ. દૂર કરી આંખની રોશની વધારે છે. કીં. શીશી રૂા. ૧। ઊંચી જાત રૂા. ૨।। વી. પી. અલગ.

કાનના

ભયંકર દરદો કાનમાંથી પરૂ-રસી જવી, શૂળ, ચસકા, સોજો, શું શું અવાજ થવો, **બહેરાપણું** વ. કાનનાં દરદો માટે **રસિક કર્ણબિન્દુ-કાનનાં ટીપાં** કિંમત શીશી એકના **રૂા. ૧।।** ત્રણ શીશીના **રૂા. ૪।** વી. પી. જુદું. ત્રણ શીશી વાપરવાથી સાફ સંભળાય છે.



લાઇન તથા હાફટોન બ્લોક્સ
સ્ટીરીઓઝ
ત્રણ અને ચાર રંગના બ્લોક્સ
સીનેમા સ્લાઇડઝ
આકર્ષક ડીઝાઇન્સ
મેટલ લેબલ્સ

રેપીડ પ્રોસેસ વર્કસ
કાલબાદેવી રોડ. વિઠ્ઠલવાડી સામે, મુંબઈ-૨.

અનેક વરસોથી સ્ત્રીઓએ અપનાવેલું
—: સુપ્રસિદ્ધ સુગંધીદાર :—
દરબાર ગંધ
(રજીસ્ટર્ડ)

सौभाग्य अलंकार
सुवासिक
दरबार गंध
रामवीर कंपनी मुंबई ४.

તેમજ અમારું અતિ પ્રખ્યાત
"**નયન અમૃત**" કાજળ મંગાવો.
બનાવનાર:-**રામબીર કું.**
ખત્તર ગલી, (હીરાબાગ પાસે) મુંબઈ-૪

જથાબંધ ભાવ માટે કેટલોગ મંગાવો.

ગમે ત્યાં, ગમે ત્યારે



મેલના જંતુઓ હાથને લાગીને આપના

શરીર પર પણ ફેલાઇ શકે છે

જોખમ ન ખેડશો

હાથ ધોવા તથા સ્નાન કરવા માટે નિયમિત

લાઇફબૉય
સાબુ

વાપરો

તે મેલના જંતુઓથી આપનું રક્ષણ કરે છે!

LIFEBUOY
SOAP
LIFEBUOY SOAP

L. 221-50 GJ

ધી ડન એલ્યુમિનિયમ ફેકટરી

ટે. નં. ૪૧૬૧૮ ... ૨૨૫, તાડદેવ રોડ, મુંબઈ.૭.

સ્ટેઈનલેસ સ્ટીલ
એલ્યુમિનિયમ
તાંબા પીત્તળ
જરમન સીલ્વર

LALLUBHAI AMICHAND
GUARANTEED PURE
TRADE MARK
BOMBAY. No.2

LALLUBHAI AMICHAND
QUEEN BRAND
TRADE MARK
BOMBAY. No.2

એલ્યુમિનિયમ,
જરમન સીલ્વર,
તાંબા, પીત્તળ તેમજ
સ્ટેઈનલેસ સ્ટીલનાં વાસણોની
ખરીદી માટે એક અને અનોખું વિશ્વાસ પાત્ર સ્થાન...

લલ્લુભાઈ અમીચંદ લી.

ટે.નં.૨૨૨૨૦ · ૫૫૪, કંસારા ચાલ, પાયધોણી મુંબઈ · પો.બો.૨૧૦૦

" AKHAND ANAND " Registered No. B. 5144.



એ. સી. સી. સીમેન્ટના વપરાસથી ગ્રામ સુધારણા

સીમેન્ટના વપરાસમાં કંઇપણ સવાલ ઉભો થાય, તો ખુલાસા માટે લખો
ધી કૉન્ક્રીટ એસોસીએશન ઓફ ઈન્ડીયા, ૧, ક્વીન્સ રોડ, મુંબઈ.
ધી સીમેન્ટ મારકેટીંગ કંપની ઓફ ઈન્ડીયા લીમીટેડ.

ાંદ આનંદ

ું સાહિત્ય પો. બો. ૫૦, અમદાવાદ.

૩.૧

વર્ષ ૫, અંક ૧૨ સપ્ટેમ્બર ૧૯૫૨

CROWN BRAND
GURANTEED PURE

CROWN BRAND
GURANTEED PURE

એલ્યુમિનિયમ
નાં વાસણો

વાસણોનો
વિચાર આવતાંજ ક્રાઉન માર્કાની યાદ તાજી થાય છે. બનાવટની ઉત્તમત્તા, ઉપયોગિતા માટેનું સંશોધન, ભાવોનું વ્યાજબીપણું અને વ્યવહારની નિયમિતતાનું એ સાચું પરિણામ છે.

એલ્યુમિનિયમનાં વાસણો વજનમાં હલકાં જલ્દી ગરમ થાય તેવાં અને કીંમતમાં કીફાયત હોય છે. કલાઇ કરવાની જરૂરજ નથી પડતી.

દૂધના હાન્ડા, ટીફીન કેરીયર, કીટલી, થાળી, ગ્લાસ, પ્લેટો, બદના, લોટા, ટોપ, હાન્ડી વિક્રોડો માણસો સંતોષથી વાપરે છે.

તમારી જરૂરીયાતો માટે લખો અથવા મલો

જીવનલાલ (૧૯૨૯) લિમિટેડ

પ્રેરણા

૩૧, નેતાજી સુભાષ રોડ ★ પોસ્ટ બોક્ષ નં. ૨૨૩૭ ★
તારનું ઠકાણું: 'CROWNALUCO'
શાખાઓ: મુંબઇ ★ મદ્રાસ ★ રાજમહેન્દ્રી ★ રંગુન ★

મેલેરીયા દર વર્ષે આ ઉપખંડમાં ૨૦ લાખથી વધુ માણસોનો ભોગ લે છે

આ ભયાનક આંકડા મેલેરીયાથી સીધાં નિપજતાં મૃત્યુથી અલગ રીતે વિચારવામાં આવે તો વિશેષ મહત્વ ધરાવે છે કારણકે આ રોગ જેમને લાગુ પડેછે તેમને એટલા બધા કમજોર બનાવી દે છે કે તેઓમાંના ઘણા બીજી માંદગીઓના સપાટામાં સપડાઇ જાય છે. મેલેરીયાનો ભય સતત હસ્તી ધરાવે છે કારણકે આપને તેનો ચેપ લાગુ પડવાને મચ્છરનો ડંખ પુરતો થઈ પડે છે.

આજે 'પેલ્યુડ્રીન' મેલેરીયા સામે આપને રક્ષણ આપે છે. એક આનાની કિંમતની માત્ર એકજ ટીકડીનું દર અઠવાડીયે સેવન રોગને દૂર રાખેછે. માણસ દીઠ દર અઠવાડીયે માત્ર એક આનાના તદ્દન નજીવા ખર્ચમાં આપ અને આપનું કુટુંબ સુરક્ષિત રહે તે જોવાની જવાબદારી આપની છે. સેવન કરવાનું પ્રમાણ નીચે આપ્યું છે તે જુઓ.

આ ભયસૂચક ચિન્હોથી સાવધ રહો

પ્રથમ આપને ટાઢ ચઢી તાવ આવે છે. તાવ ચઢવાની સાથેજ શરીરે પસીનો છૂટે છે. શરીરમાં બધે દુ:ખાવો થાય છે. આવાં લક્ષણો પ્રત્યે કદી દુર્લક્ષ કરશો નહિ—વગર વિલંબે ડોકટરની સલાહ લો. તે આપને 'પેલ્યુડ્રીન' કેવી રીતે થોડાક દિવસમાં (જો મેલેરીયા થયો હોય તો) તાવને મારી હઠાવશે એટલુંજ નહિં પરંતુ પણ તે કેવી રીતે આપનું ભવિષ્યમાં સંરક્ષણ કરશે એ સારી રીતે સમજાવશે.

અસલ 'પેલ્યુડ્રીન' આરોગ્ય શાસ્ત્રની દૃષ્ટીએ બંધ કરેલાં પારદર્શક કાગળનાં પડીકામાં મળે છે. તેની એક ટીકડીનો માત્ર એક આનો પડે છે.

'પેલ્યુડ્રીન'

મેલેરીયાને મારી હઠાવે છે

દવા લેવાનું પ્રમાણ

સારવાર માટે : પુખ્ત વયનાં મનુષ્યો અને ૧૨ વર્ષ ઉપરનાં બાળકો માટે એક ટીકડી ; ૯ થી ૧૨ વર્ષ સુધીનાં બાળકો માટે અર્ધિ ટીકડી અને ૬ વર્ષ નિચેનાં બાળકો માટે ચોથા ભાગની ટીકડી તાવ નાબુદ થાય ત્યાં સુધી દરરોજ.

સંરક્ષણ માટે : સારવાર માટે દર્શાવેલા દવા લેવાના પ્રમાણ અનુસાર પરંતુ દર અઠવાડીયે એકજ વખત નિયત દિવસે.

યાદ રાખો કે 'પેલ્યુડ્રીન' રોજ જમ્યા પછી લેવી જોઇએ અને તેની ઉપર પીવાય તેટલું પાણી અથવા દૂધ પીવું જોઇએ.

ઈમ્પીરીયલ કેમીકલ ઈન્ડસ્ટ્રીઝ (ઈન્ડીયા) લીમીટેડ

ICP 75

ગ્રાહકોને

૧ 'અખંડ આનંદ' અંગ્રેજી માસની પહેલી તારીખે પ્રસિદ્ધ થાય છે અને ગ્રાહકોને પોસ્ટ થાય છે.

૨ વાર્ષિક લવાજમ **રૂ. ૮ાા**, બ્રહ્મદેશ માટે **રૂ. ૯**, પરદેશ માટે **શિ. ૧૬** અથવા **રૂ. ૧૦ાા** છે.

૩ 'અખંડ આનંદ'નું નવું વર્ષ નવેમ્બર માસથી શરૂ થઈ ઑકટોબર માસમાં પૂરું થાય છે. વર્ષમાં ગમે તે માસથી ગ્રાહક થઈ શકાય છે. એક વર્ષથી ઓછી મુદ્દત માટે ગ્રાહક નોંધાતા નથી.

૪ **પૂરતી** તપાસ કર્યા બાદ ગ્રાહકોને અંક રવાના કરવામાં આવે છે, છતાં કોઈને અંક દર મહિનાની તા. ૧૫મી પહેલાં ન મળે તો વિભાગની પોસ્ટ ઑફિસે ફરિયાદ કરવી અને ત્યાંથી જે જવાબ મળે તે અમને મોકલવો, જેથી ઘટતું થઈ શકે.

૫ સરનામું બદલાયાની ખબર ઓછામાં ઓછા **પંદર** દિવસ પહેલાં આપવી અને સાફ અક્ષરોમાં ગ્રાહક નંબર, નવા કે જૂના ગ્રાહક તથા નામ અને ઠેકાણું બરાબર જણાવવું. મહિના બે મહિના માટે સરનામું બદલવું હોય તો પોતાના પોસ્ટ માસ્તરને જણાવી વ્યવસ્થા કરી લેવી. સરનામું ફેરવ્યાની જાણ થતાં પહેલાં અંક જૂના સરનામે રવાના થઈ જશે, તો ફરી અંક મફત મોકલવામાં આવશે નહિ.

૬ એક રૂપિયો મોકલવાથી નમૂનાનો અંક મોકલવામાં આવે છે; ગ્રાહક થયા બાદ એ અંક પાછો મોકલવામાં આવે, તો એક રૂપિયો પરત કરવામાં આવે છે.

૭ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનું નામ–સરનામું અને ગ્રાહક નંબર અવશ્ય લખવો જોઈએ.

૮ લવાજમ મનીઑર્ડરથી મોકલવું સલાહભર્યું છે; કારણકે વી. પી. થી મંગાવનારને રજિસ્ટર ખર્ચ સાથે **રૂ. ૮–૧૪–૦** નું વી. પી. થશે, તેમ જ વી. પી. થી મોકલાતા અંકો મોડા મળે છે. પરદેશમાં વી. પી. થતું નથી. **એક અગર ડ્રાફ્ટ 'સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ'ના નામનો મોકલવો.**

૯ લવાજમ મોકલતી વખતે જૂના ગ્રાહકોએ પોતાનો નંબર લખવો અને નવા ગ્રાહક થનારે **'નવા ગ્રાહક'** એમ લખવું આવશ્યક છે. મનીઑર્ડરની કુપન પર સ્પષ્ટ અક્ષરોમાં પૂરેપૂરું નામ, સરનામું, રકમ અને રકમ મોકલ્યાનો ઉદ્દેશ લખવાં.

૧૦ 'અખંડ આનંદ' સાથે પુસ્તકો મોકલાતાં નથી.

૧૧ વ્યવસ્થા અંગેનો સર્વ પત્રવ્યવહાર **અમદાવાદના કાર્યાલય** સાથે કરવો.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર, **અમદાવાદ** ને કાલબાદેવી, **મુંબઈ–૨**

લેખકોને

'અખંડ આનંદ' કોઈ ચોક્કસ વિષય
માસિક નથી, એ સર્વદેશીય અને સર્વોપયોગી
એવા અમારા પ્રયત્નો છે. સાહિત્યના કોઈ
પ્રકારને–વાર્તા, નાટક, જીવનચરિત્ર, ધર્મકથા,
કથા, રેખાચિત્ર, પત્ર, નિબંધ, પરિચય,
વર્ણન, કાવ્ય વગેરે કોઈ પણ રૂપમાં માનવજીવન
લાવનારા, પ્રેરણા આપનારા, ઉપયોગી વિચારો
હોય તેવાં તમામ પ્રકારનાં લખાણો 'અખંડ આ
માટે સ્વીકારવામાં આવે છે. એ અભ્યાસપૂર્ણ
કલામય છતાં સાદી ભાષામાં ને સરળ
આલેખાયેલાં હોવાં જોઈએ.

તંત્રી તરફથી સામાન્ય રીતે લેખના
અસ્વીકારનો જવાબ એક પખવાડિયામાં તો
જ છે; પરંતુ લેખ ચોક્કસ કયા માસમાં પ્રસિદ્ધ
તે કહેવાનું મુશ્કેલ હોય છે. માસિકમાં વૈવિધ્ય,
વિષયનું પ્રમાણ અને પ્રાસંગિક લેખોનું
જળવાય એ દૃષ્ટિએ સંપાદન થાય છે. કોઈ
કૃતિની જવાબદારી તો લેખકની જ રહે છે.

લેખ પ્રસિદ્ધ થતાં લેખકને અંક, યોગ્ય પુર
અને લખાણની છૂટી પાંચ પ્રતો મોકલી આ
આવે છે.

અસ્વીકાર પામેલા લેખની સાથે તેનાં
આપવાનું અતિ મુશ્કેલ છે. એથી ચર્ચામાં
પડે છે. કેટલાક લેખકોને માઠું પણ લાગે છે
અનુભવ પછી 'અસ્વીકાર્ય' એવી નોંધ સાથે
પાછું મોકલવાનું નક્કી કરવું પડ્યું છે. લેખકો
બાબતમાં ગેરસમજ ન કરે એવી વિનંતિ છે.
અસ્વીકારના જવાબ માટે અને અસ્વીકાર
લખાણ પાછું મેળવવા માટે ટપાલખર્ચ
આવશ્યક છે. જેનું ટપાલખર્ચ ન મળ્યું હો
લખાણને એકાદ માસ પછી રદ કરવામાં

લેખકની કૃતિ શાહીથી, કાગળની
બાજુએ સારા અક્ષરે લખેલી હોવી જો
અંગ્રેજી, સંસ્કૃત કે બીજી કોઈ ભાષાનાં અ
મૂકવાં હોય તો તેનું ગુજરાતી ભાષાંતર આવ

તંત્રી સાથેનો તમામ પત્રવ્યવહાર કરવ
લેખ મોકલવાનું સરનામું નીચે પ્રમાણે છે:

તંત્રી : 'અખંડ આનંદ'
ગુલબહાર, એરેક રોડ, મુંબઈ

ઈતિહાસ પ્રસિદ્ધ હિંદ

મિનાક્ષીનું ભવ્ય મંદિર – મદુરા

આ જમણી બાજુ પર જે ચિત્ર છે તે મદુરાના ભવ્ય મંદિરનું ઉચ્ચ શિખર છે. આ મંદિરના એક ભાગમાં શિવની અને બીજા ભાગમાં શિવની પત્ની મીનાક્ષીની પ્રતિષ્ઠા કરવામાં આવી છે.

અહીંની સ્થાનિક ચ્હાની દુકાનોમાં યાત્રાળુઓ ચ્હાના એક કપથી તાજગી તેમ જ વિસામો લે છે, પરંતુ ખરેખર તાજગી તેમ જ સુંદર ખુશબો મેળવવા માટે તમારે બ્રુક બૉન્ડ ચ્હાનો જ આગ્રહ રાખવો જોઈએ.




Darjeeling
Brooke Bond Tea
Blend
Brooke Bond Tea
તાજીજ ચ્હાનો આગ્રહ રાખો

બ્રુક બૉન્ડ ચ્હા

ભારતની શ્રેષ્ઠ ચ્હા ભારતના ઉત્તમ પેકેટોમાં

BBT/G/17



બે દાંતાવાળુ હળ-ખેતીવાડીના દરેક કામ માટે ઉપયોગી સાધન છે

ફરગ્યુસન પદ્ધતિથી

ઓછી કિંમતે વધુ અનાજ

તમારે માટે ફરગ્યુસનની
મફત સગવડતાઓ :

- આપના વાડી ખેતરમાં પ્રત્યક્ષ.
- આપના પોતાના ખેતરમાં ચલાવનારને તાલીમ.
- આપના પોતાના ખેતરમાં દાખલ કર્યા બાદ છ માસ સેવા.



કમાનવાળી દાંતાળી રાંપ



ઝડપથી અનાજ
વાવવાની ઓરણી

વિશેષમાં :

- આખા વર્ષ દરમ્યાન તમારા ખેતરનાં દરેક કામને અનુકુળ થાય તેવા ઓજારો.
- તમારી નજીકમાં જ સ્પેર્સ મેળવવાની સરળતા.

અને :

- આદર્શ રીતે કાર્યક્ષમ અને અત્યંત કરકસરભરી કિંમત અને કામગીરી તમારા પોતાનાજ ખેતરમાં.

કમાણી ઈન્જીનિયરિંગ કોર્પોરેશન લિમીટેડ
કમાણી ચેમ્બર્સ, નીકલ રોડ, બેલાર્ડ ઈસ્ટેટ, મુંબઈ
F.52 (B)G.

: અનુક્રમ :

ક્રમ	વિષય	લેખક	પૃષ્ઠ
૧	દુઃખમુક્તિના ઉપાયો	શ્રી	૩
૨	આચારશુદ્ધિ	શ્રી કેદારનાથજી	૫
૩	બ્રાહ્મણત્વ	પંડિત બેચરદાસ દોશી	૭
૪	ધન : સાધન કે સાધ્ય ?	શ્રી ‘સાધક’	૧૪
૫	કાવ્યત્રિવેણી		૧૯
	(૧) પરબડી	શ્રી વેણીભાઈ પુરોહિત	
	(૨) ‘આરસપાણો’	કવિ દુલાભાઈ કાગ	
	(૩) મૃત્યુદર્શને	શ્રી ચંપકલાલ વ્યાસ	
૬	પસંદગીની મૂંઝવણ (કટાક્ષ)	શ્રી જ્યોતીંદ્ર દવે	૨૧
૭	કુટુંબવાત્સલ્ય	શ્રી ગટુભાઈ ગો. ધ્રુ	૨૫
૮	અમલદાર (વાર્તા)	શ્રી નાથાલાલ દવે એમ. એ.; બી. ટી.	૨૭
૯	નાસ્તા પહેલાં (રૂપકકથા)	કુ૦ રેહાના તૈયબજી	૩૩
૧૦	પંડના પડઘા (નાટિકા)	શ્રી ચૂનીલાલ મડિયા	૩૮
૧૧	સિંધુતટની સંસ્કૃતિ (સંશોધન)	અધ્યા૦ નગીનદાસ સંઘવી	૪૭
૧૨	બોરિક ઍસિડ (વિજ્ઞાન)	ડૉ. નરસિંહ મૂ૦ શાહ એમ. એસસી; પીએચ. ડી.	૫૫
૧૩	ધર્માદાની કલ્પના	શ્રી જનાર્દન પ્રભાસ્કર	૫૮
૧૪	બે ભાઈ (વાર્તા)	શ્રી લાભુબહેન મહેતા	૬૫
૧૫	વિચારોની અસર	શ્રી હીરાલાલ છો. બક્ષી	૭૦
૧૬	આહાર વિશેના ખ્યાલો (આરોગ્ય)	ડૉ. પ્રફુલ્લ બાપાલાલ વૈદ્ય ડી. એ. એસ. એફ, (આયુર્વેદ વિશારદ)	૭૫
૧૭	માધવી (વાર્તા)	શ્રી રમેશ વહોરા	૭૯
૧૮	કલગી	શ્રી જગદીપ વીરાણી	૮૫
૧૯	લોકમાતા મહીસાગર (પરિચય)	શ્રી હીરુભાઈ ભાવસાર	૮૮
૨૦	સુખની શોધમાં	શ્રી લાલભાઈ કહાનભાઈ દેસાઈ	૯૨
૨૧	જીવનસૌરભ	શ્રી છોટાલાલ માનસિંગ કામદાર બી. એ.	૯૬
૨૨	માનો જીવ (ધર્મકથા)	શ્રી નટવરલાલ જાની	૧૦૨
૨૩	આપણી રીતભાત	શ્રી ગોવિંદ કવિ	૧૦૬
૨૪	પહેલું રુદન (વાર્તા)	શ્રી ધીરુ પારેખ	૧૧૧
૨૫	સંપાદકીય	શ્રી સોપાન	૧૧૫
૨૬	સંસ્થા-સમાચાર	કાર્યાલય	૧૨૧

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી તંત્રી : સોપાન
મુદ્રક અને પ્રકાશક : ત્રિભુવનદાસ ક૦ ઠક્કર,
મુદ્રણ અને પ્રકાશનસ્થાન : સસ્તું સાહિત્ય મુદ્રણાલય, રાયખડ–અમદાવાદ.

૨ મિનિટે

૧ સાઇકલ

૧૯૪૧માં, અમારા મુંબઇના કારખાનાએ ઉત્પાદન શરૂ કર્યું ત્યારે એનું વાર્ષિક ઉત્પાદન ૨૦,૦૦૦ સાઇકલો જેટલુંજ હતું; ૧૯૫૧માં એ ઉત્પાદન વધીને ૧,૦૦,૦૦૦ સાઇકલો જેટલું થયું. ખરેખર, આ એક મોટી પ્રગતિ છે અને એ માટે અમે ગર્વ લઇએ છીએ.

હવે અમે અમારા કારખાનાને એનાથી પણ વધુ ઉત્પાદન—રોજ ૫૦૦ સાઇકલો જેટલું—કરી શકે એવું બનાવ્યું છે જેનાથી એની ઉત્પાદનની ગતિ દર ૨ મિનિટે ૧ સાઇકલ જેટલી થાય છે. અમને વિશ્વાસ છે કે ઉત્પાદનમાં આ પ્રકારની પ્રગતિ, સાઇકલોની આયાતમાં મોટો ઘટાડો કરશે અને કિંમતી પરદેશી હુંડીયામણ બચાવશે.

હિન્દ—ભારત માટે ભારતમાં બનાવેલી

હિન્દ સાઇકલ્સ લિમિટેડ, ૨૫૦ વરલી, મુંબઇ ૧૮.

અખંડ આનંદ

તંત્રી : સોપાન

[સપ્ટેમ્બર ૧૯૫૨

વર્ષ ૫, અંક ૧૧]

દુઃખમુક્તિના ઉપાયો

માણસ ગમે તેટલો સાવધ રહે છતાં અણધાર્યાં દુઃખો ને ચિંતાઓ તો આવવાનાં જ. વર્તમાન અને ગત જીવનનાં કર્મો ઉપરાંત માણસની શક્તિની મર્યાદાઓ પણ ધ્યાનમાં લઈએ તો આકસ્મિક બનાવોનું આપણને આશ્ચર્ય ન થવું જોઈએ. ઉચ્ચ જીવન અને સતત જાગૃતિથી દુઃખ અને ચિંતાનું પ્રમાણ ઘટાડી શકાય એમાં શંકા નથી, પરંતુ એમાંથી સર્વાંશે છૂટવાનું તો લગભગ અશક્ય જણાય છે. આવી સ્થિતિમાં ચિંતા અને દુઃખ ક્યારેક ને ક્યારેક આવશે જ એમ સમજી લઈ તેના સામના માટે આપણે તૈયાર રહેવું એમાં જ સલામતી અને સુખ છે.

ચિંતા કે દુઃખ બીજાનાં જીવનમાં આવે અને આપણે માટે તેને આશ્વાસન કે હિંમત આપવાનો પ્રસંગ પ્રાપ્ત થાય તો આપણે શું કહીએ, શું કરીએ તે વિચારી લેવાની પહેલી જરૂર છે. સામાન્યમાં સામાન્ય માણસ પણ એવા પ્રસંગે હિંમત આપતાં એમ કહેશે કે દિવસ પછી રાત અને રાત પછી દિવસ આવે જ છે, ભરતી–ઓટને કોઈ રોકી શકતું નથી, જીવનમાં ચડતી–પડતીના પ્રસંગો તો અનિવાર્ય છે. આ શબ્દો હૃદયથી ઉચ્ચારાયા હોય કે નહિ પણ તે સનાતન સત્ય છે એમાં સંદેહ નથી. આપણાં પોતાનાં જીવનમાં એ તત્ત્વજ્ઞાનનો ઉપયોગ કેમ થઈ શકતો નથી તેનો વિચાર કરવો જોઈએ. દુઃખ આવે ત્યારે તેનાં કારણો શોધવાં, આપણો પોતાનો દોષ હોય તો તે દૂર કરવા તત્પર થવું, ગફલત પણ દોષ જ ગણાય માટે સાવધ રહેવું, બીજાના દોષે દુઃખ આવી પડે તો એ બીજું કોણ છે તેનો વિચાર કરવો. એ સ્વજન–પ્રિયજન હોય તો પોતાનો જ દોષ સમજી તેના નિવારણ માટે ઉપાયો લેવા, એ નિર્બળ વ્યક્તિ હોય તો ઈશ્વરે આપણને ઘા ઝીલવાનો અવસર આપ્યો એમ માની સંતોષ લેવો; ગમે તેમ, પણ છૂટવાનું શક્ય ન જ લાગે તો રાતદિવસ અને ભરતીઓટનો નિયમ ધ્યાનમાં રાખી મનની સ્થિરતા જાળવવી.

દુઃખ જેમ એક જાતનું નથી, તેમ જીવનમાં એક જ વાર આવે એવું યે નથી. દુઃખ, કે ચિંતા જ્યારે આવી પડે, ત્યારે અસ્વસ્થ થવાને બદલે આપણે જો ભૂતકાળમાં નજર નાખવાની ટેવ પાડીએ, તો તેમાંથી વહેલી તકે છૂટવાનું અને જેટલો સમય એ ભોગવવું જ પડે એમ હોય તેટલો સમય હિંમત ધારવાનું ઘણું સહેલું બની જાય. રોગનો જ દાખલો લો. માંદગી ઘણી વાર આવી હશે છતાં જ્યારે એ આવે ને થોડીક ઉગ્રતા બતાવે ત્યારે આપણે ભયભરી કલ્પનાઓ કરવા લાગી જઈએ છીએ, તે કેવું અજ્ઞાન છે! સામાન્ય

ખાંસીને ક્ષય સુધી અને અંગના દુખાવાને લકવા સુધી આપણું નબળું મન માનવા લાગે છે! માંદગી લંબાય તો મૃત્યુની કલ્પના પણ આવી જ જાય છે. આવે વખતે ભૂતકાળની માંદગી યાદ કરીએ તો ભય ઘણો ઓછો થઈ જાય અને તેમાંથી છૂટવાના ઉપાયો પણ સૂઝે.

ધન અને કીર્તિના નાશનું કે હાનિનું પણ એવું જ છે. જ્યારે એ જાય છે ત્યારે એમ લાગે છે કે આ જીવનમાં ફરીને એવી સ્થિતિ આવશે જ નહિ. ભૂતકાળમાં, ઓછાવત્તા પ્રમાણમાં, પણ શું એવું નથી બન્યું? પોતાના જ જીવનમાં નહિ તો બીજાના જીવનમાં પણ શું એવું નથી દેખાયું? હા, કોઈ દાખલામાં માંદગીને અંતે મોત આવે છે અને ગુમાવેલાં ધન-કીર્તિ કદી પ્રાપ્ત થતાં નથી, પરંતુ કેટલા ઓછા દાખલાઓમાં આવું બને છે? આપણો રોગ એવો ઉગ્ર હોય અને આપણને લાગેલો ફટકો એવો તીવ્ર હોય તો મૃત્યુ કે સર્વનાશની કલ્પના ભલે કરીએ, પરંતુ તે વખતેય જો ચિત્તને સ્વસ્થ રાખી શકીએ, તો લાભ જ થાય. છેક મોતના મુખમાં જઈ આવેલાઓ પાછા આવ્યાના અને કીર્તિના ઉચ્ચ શિખરેથી અપકીર્તિની ખીણમાં પડેલાઓએ ફરી કીર્તિધ્વજ ફરકાવ્યાના દાખલાઓ નોંધાયા છે. છેક છેલ્લી ક્ષણે પણ આવી આશા માણસે ખોવી ન જોઈએ. જેમ આપણે સંયોગોના સ્વામી બની શકયા નહિ અને પરાજય પામ્યા, તેમ આપણને ડારનારાં અને દાબનારાં બળો પણ એક દિવસ પરાજય પામશે એમ શા માટે ન માનવું?

જવા દો, આવી શ્રદ્ધા અને આશા ન પ્રગટે તો કંઈ નહિ, અશ્રદ્ધા અને હતાશા હોય તોયે અસ્વસ્થ થવાથી શો લાભ છે? આપણે જો અસ્વસ્થ હોઈશું તો પરિસ્થિતિ પલટો લેશે ત્યારે તેનો લાભ ઉઠાવી શકીશું નહિ અને એ જ સ્થિતિ કાયમ રહી તો આપણી અસ્વસ્થતાથી દુઃખ અને ચિંતામાં વૃદ્ધિ જ થશે. શાણા માણસનું લક્ષણ તો એ કે જે બંધન તૂટી શકે એવું હોય તે તોડવાનો એ મરણતોલ પ્રયાસ કરે અને જે નહિ તૂટે એવી ખાતરી હોય તે શાંત ચિત્તે સહી લે. માંદગીને અંતે મૃત્યુ આવતું હોય કે ધન-કીર્તિનો સર્વનાશ નજર સામે દેખાતો હોય, તો પછી બાકી શું રહે છે? ભય તો ઇચ્છા અને પરિગ્રહમાંથી જ પેદા થાય છે ને? જે આપણા હાથમાં રહેવાનું જ નથી તેની સાથે મનને બાંધી રાખવાનો શો અર્થ છે? એવી સ્થિતિમાં ભય-ચિંતામાંથી મનને મુક્ત કરી દેવાનું આપણે શીખી લેવું જોઈએ. આમાં પુરુષાર્થની અવગણના નથી, પરંતુ પુરુષાર્થથી પર જે શક્તિ છે તેને શરણે જવાની મનોવૃત્તિ છે: પ્રાર્થનાનું આ બીજું નામ છે. માણસ અભિમાનથી બેપરવા થઈને પણ આમ કરી શકે છે, પરંતુ એ અભિમાન લાંબો સમય ટકતું નથી, એનું મન નવું બળ મેળવી શકતું નથી, આસપાસની દુનિયામાં એના પ્રત્યે સહાનુભૂતિ પ્રકટતી નથી. પ્રાર્થનામય સ્થિતિ આ કરતાં નિરાળી છે. એમાંથી જે બળ પ્રગટે છે તે દુઃખનો નાશ કરે છે અથવા તો તેને શાંતિપૂર્વક પચાવી જાય છે; બંને રીતે માનવીનો તો વિજય જ થાય છે.

દુઃખ કે ચિંતા આવે ત્યારે નિરાશાને તો પાસે ફરકવા જ ન દેવી. બુદ્ધિ અને હૃદયનો સહકાર મળે તો પુરુષાર્થ કરવો અને એ બંને ના પાડે તો મન સ્વસ્થ રાખી આખરી પરિણામ માટે તૈયાર થઈ જવું. દુઃખમુક્તિનો એ જ ઇલાજ છે.

શ્રી

આચારશુદ્ધિ

લેખક :
શ્રી કેદારનાથજી

આજે જે શિક્ષણ મળી રહ્યું છે તેના ઉપર મારી શ્રદ્ધા નથી; કારણકે આજના શિક્ષણમાં ચારિત્ર્યઘડતરની દૃષ્ટિ નથી. જે શિક્ષણથી આપણે ચારિત્ર્યવાન અને સદાચારી થઈએ, તે જ શિક્ષણ મનુષ્યજીવન માટે ઉપયોગી છે. શિક્ષણ અનેક પ્રકારનું છે. આજના શિક્ષણમાં માત્ર બુદ્ધિની તેજસ્વિતા વધે છે, પણ ચારિત્ર્યઘડતર તરફ દુર્લક્ષ કરાય છે. આ જ કારણે આપણી યુનિવર્સિટીઓમાંથી દર વર્ષે હજારો વિદ્યાર્થીઓ પાસ થાય છે છતાં ભારતવર્ષની ઉન્નતિ થતી નથી. આજે ત્યાં સાચું શિક્ષણ અપાતું નથી, માત્ર બુદ્ધિમાં તેજસ્વિતા લાવનારું જ્ઞાન અપાય છે.

મનુષ્યમાત્રમાં અદમ્ય શક્તિ ભરેલી છે. ઈશ્વરે મનુષ્યને જ્ઞાનેંદ્રિયો, કર્મેંદ્રિયો તથા મન, ચિત્ત અને બુદ્ધિ આપ્યાં છે, એ જ્ઞાનેંદ્રિયો અને કર્મેંદ્રિયોને સાચું વલણ આપે તે જ શિક્ષણ. એંજિનમાં વરાળ ભરી હોય પણ તેનો ઉપયોગ કરવામાં આવતો ન હોય તો એ વરાળ નિષ્ક્રિય બની જાય છે. લોકોને આ વસ્તુ સમજાય છે ખરી, પરંતુ એને આચરણમાં મૂકી શકતા નથી. એનું કારણ એ છે કે જે વસ્તુ જ્ઞાનથી સાચી લાગી છે તેને આચરણમાં મૂકવા માટેની જે શક્તિ જોઈએ, તે સાચું શિક્ષણ જ પ્રાપ્ત કરાવી શકે છે. આવી તાકાત આજના શિક્ષણમાં નથી. લશ્કરને લગતાં પુસ્તકો વાંચવાથી મર્દાની આવતી નથી; તેવી જ રીતે જીવનશુદ્ધિના માત્ર જ્ઞાનથી જીવન શુદ્ધ થતું નથી. જીવન શુદ્ધ કરવા માટે જે કર્મ કરવાની જરૂર છે તે કર્મ કરવાની શક્તિ શાળાઓમાં મળતી નથી. દરેક ક્રિયા એ કંઈ કર્મ નથી. ક્રિયા અને કર્મમાં આ ભેદ છે. ક્રિયા નિષ્કારણ કે હેતુરહિત હોઈ શકે. આંખની પાંપણ હાલે છે એ એક ક્રિયા છે; પરંતુ જે ક્રિયા અમુક ઉદ્દેશથી કરાય તે કર્મ કહેવાય. જીવનમાં પરિવર્તન કરવાના ઉદ્દેશથી જે કર્મ કરાય તેનાથી જ જીવન શુદ્ધ થઈ શકે છે. એ ઉદ્દેશ જાગ્રત રાખી શકે અને એ ઉદ્દેશ સિદ્ધ કરવા માટે જે માનસિક શક્તિ આણી શકે એ જ શિક્ષણ કહેવાય.

આપણાં પુરાણો કહે છે કે મનુષ્યમાં વાચાસિદ્ધિ, ઇચ્છાસિદ્ધિ, સંકલ્પસિદ્ધિ આવી શકે છે. આપણે જે બોલીએ તેનો અમલ થાય, આપણી ઇચ્છા કે સંકલ્પ થતાં જ આપણે એ વસ્તુઓ પ્રાપ્ત કરી શકીએ એવો એનો અર્થ છે; પણ એ સિદ્ધિ તેને જ પ્રાપ્ત થાય છે જે જીવનભર સાચું બોલનારો જ હોય; જેની ઇચ્છા ને સંકલ્પો શુદ્ધ જ હોય. આને માટે સાધારણ સાવધાની નહિ, પણ જીવનની તપશ્ચર્યા હોવી જોઈએ. રામબાણ અચૂક મનાય છે, પણ હંમેશ, નિરર્થક કે શુદ્ધ હેતુ વગર બાણ ફેંકનારાઓ રામબાણની કલ્પના પણ ન કરી શકે. આપણા બધામાં એ શક્તિ છે પણ કરકસરથી ને સાચી રીતે ઉપયોગ કરીએ તો જ એ શક્તિ જીવનમાં પરિવર્તન આણી શકે, જીવન શુદ્ધ બનાવી શકે. જે શક્તિથી બીજી શક્તિ નિર્માણ થતી હોય તે સાચી શક્તિ. જે આનંદથી મનુષ્યને વધુ આનંદ મળતો રહે એ જ સાચો આનંદ. જેના પછી દુઃખ, કંટાળો, થકાવટ અને નિરુત્સાહ આવે તે સાચો આનંદ નથી. વ્યાયામ કરવામાં શક્તિ ખરચવી પડે છે પણ અંતે તો વધુ શક્તિ નિર્માણ થાય છે. જીવન શુદ્ધ કરવામાં વિવેક અને યોજનાની જરૂરત છે. આપણામાં એ જ્ઞાન નહિ હોય તો બધું

ફોગટ જશે. આજની પરિસ્થિતિમાં સુખ અને દુઃખ કેટલાં છે અને તેનાં શાં કારણો છે તેનો પણ વિચાર કરી લઈએ. આજની સ્થિતિ ખરાબ છે. પ્રતિષ્ઠાપૂર્વક દિવસો પસાર કરવાનું કામ મુશ્કેલ છે. આ સ્થિતિનું કારણ આપણે બધા છીએ, આપણે બધા મનુષ્યધર્મનો વિચાર કર્યા સિવાય ચાલીએ છીએ એટલે આ દુઃખ ભોગવી રહ્યા છીએ. આજે સારાય ભારતમાં આવી સ્થિતિ છે. સ્વરાજ્ય મળ્યા પહેલાં આપણે એમ માનતા હતા કે સ્વરાજ્ય મળ્યા પછી આપણે સુખી થઈશું, પણ એમ નથી બન્યું. એનું કારણ આપણે જ છીએ. જ્યાં અર્થવ્યવહાર બેઈમાની અને જૂઠ ઉપર ચાલે છે, ત્યાં કદાપિ સુખ હોતું નથી. આપણા હૃદયમાં પ્રેમ અને સદ્‌ભાવ હોય તો આજની સ્થિતિ બદલાઈ જાય. આપણે સુધરીએ તો આખો દેશ સુધરી જાય. સૌથી પ્રથમ આપણે પોતે શુદ્ધ બનવું જોઈએ. આપણે ત્યાં પ્રામાણિકતા અને સત્યનો બિલકુલ અભાવ છે. કોઈ પણ દુકાન ઉપર આપણે જઈએ, પણ આપણને કાયમ છેતરાવાનો ભય રહેશે; કારણકે આજે બધા વેપારમાંથી પ્રામાણિકતા ચાલી ગઈ છે.

ધર્મમાં જે વસ્તુ કહી છે તે આચારમાં આવવી જોઈએ, તે સિવાય આરો નથી. આજે તો સવારમાં ઊઠીએ ત્યાંથી અપ્રામાણિકતાનો અનુભવ રાત્રે સૂતા સુધી આપણને થતો જ રહે છે. સવારમાં ઊઠીએ અને દૂધ આપવા ભૈયો આવે તેમાં પાણી ભેળવેલું હશે. દુકાનમાં ઘી લેવા જઈએ તો એમાં પણ ભેગ હશે. બીજી કોઈ ચીજ લેવા જઈશું તો ઊંચા ભાવ મંગાશે. આમ અપ્રામાણિકતા વધતી જાય છે; બીજા દેશો કરતાં આપણે ત્યાં અપ્રામાણિકતાનું પ્રમાણ ઘણું વધારે છે.

આજે આપણે ધર્મને નામે બીજી બાબતો કરીએ છીએ, પણ જે સાચો ધર્મ છે એ આચાર કરતા નથી. સાચો વ્યવહાર કર માટે મનનો સંકલ્પ જોઈએ. એ સિવાય કંઈ થતું નથી.

શુદ્ધ આચાર એ જ સાચો ધર્મ છે. સત્ય સિવાય મનુષ્યનું જીવન નથી, આપણે સત્ય ને ધર્મ સમજતા નથી.

સુખનો સંબંધ બાહ્ય નથી પણ આં રિક છે. જે ઉદાર છે, જેનામાં ધર્મ છે, બંધુભાવ છે, એ સુખી થઈ શકે છે. આજ સ્થિતિ બદલવાનું આપણા હાથમાં છે.

માનવતાનો આપણને વારસો મળેલો છે. એ માનવતાનો આજે આપણે દ્રોહ કરી રહ્યા છીએ, દુરુપયોગ કરી રહ્યા છીએ. એનો સદુપયોગ કરવાની દિશામાં આપણે વિચારવું જોઈએ. ઇંદ્રિયસુખમાં સાચું સુખ નથી, પણ સંયમમાં છે. માનવતા એ આપણો ધર્મ છે; એ માટે મરી ફીટવું જોઈએ. આપણું એ કર્તવ્ય છે.

આપણે કાળાંબજાર, લાંચરુશવત વગેરે મનમાન્યો ઉપયોગ કરીએ છીએ અને વ આવે તેની ફરિયાદો કરીએ છીએ. ખરે તો આપણે પોતે આ અશુદ્ધિઓ સામે લ જોઈએ ને તેમાં ફસાવું ન જોઈએ.

માણસ જમીન ઉપર ચાલે છે, સરકસમાં માણસ તાર ઉપર ચાલી એ કંઈ જાદુ નથી; પરંતુ સતત પ્રયત્ન પરિણામ છે. જીવનસિદ્ધિ અને શુદ્ધિ એ જ રીતે અભ્યાસ અને પ્રયત્નથી થઈ શકે છે. આપણે સાચો પ્રયત્ન કરી તો ઈશ્વર આપણને આપોઆપ બળ આપે

આપણી પોતાની આચારશુદ્ધિ અને ના ઉત્કર્ષ સિવાય માનવતા સિદ્ધ નહિ અને માનવતા વિકસ્યા સિવાય સાચું પ્રાપ્ત થવાનું નથી.

આપણી ત્રણેય સંસ્કૃતિની દૃષ્ટિએ

બ્રાહ્મણત્વ

લેખક :

પંડિત બેચરદાસ દોશી

'ब्राह्मणोऽस्य मुखमासीत्' એ વૈદિક શ્રુતિના આધારે એમ કહેવું અસંગત નથી કે બ્રાહ્મણ પરમેશ્વરના મુખરૂપ હતો; અર્થાત્ જેમ બીજા ક્ષત્રિય વગેરે વર્ણો પરમેશ્વરના જુદા જુદા અવયવરૂપ હતા–કોઈ હાથરૂપ હતા, કોઈ પગરૂપ હતા, તેમ બ્રાહ્મણ પરમેશ્વરના મુખરૂપ હતો. એ બધા અવયવો એક જ શરીરના–વિરાટરૂપ બ્રહ્મના પરસ્પર એકબીજાનું પોષણ કરનારા અવયવો હતા. એ તમામ અવયવોનું ધારણપોષણ અને સત્ત્વસંરક્ષણ પરસ્પરના સહકારને લીધે જ ચાલતું હતું અને તેને લીધે જ આ વિરાટ બ્રહ્મરૂપ જગતનું સંચાલન પણ બરાબર વ્યવસ્થિતપણે ચાલ્યા કરતું હતું. કોઈ એક જ અવયવ ઊંચો અને કોઈ બીજો અવયવ હલકો એવી કલ્પનાનો તો એ સમયે અવકાશ જ ન હતો. આપણા સ્થૂલ શરીરમાં પણ જે જે અવયવો શરીરના સંવર્ધનમાં ખપ લાગે છે, તેમાં પણ અમુક અવયવ ઉત્તમ પ્રકારનો અને અમુક અવયવ અધમ પ્રકારનો એવી કલ્પના આજ સુધી કોઈને ઊઠી હોય એમ જણાતું નથી. શું શ્લેષ્મને વહન કરનારું નાક અધમ છે? ઉપર પાઘડીથી કે મુકુટથી શોભતું માથું ઉત્તમ છે? સારું લોહી વહન કરનારી ધમનીઓ ઉત્તમ છે? નઠારું લોહી વહન કરનારી નાડીઓ અધમ છે? હમેશાં મળને વહન કરનારાં આંતરડાં અધમ છે? અને પંચ પક્વાન્નને સંઘરનારી હોજરી ઉત્તમ છે? શું ડાબાં કે શું જમણાં બધાં જ અંગો એકસરખાં છે. તે બધાં પોતપોતાની પ્રવૃત્તિમાં નિરંતર લાગેલાં જ છે. જો તેઓ પોતપોતાની જે પ્રવૃત્તિ એકબીજાના સહકારથી ચાલતી રહે છે તેને થંભાવી દે તો માણસ મુડદું જ થઈ જાય. આ પરિસ્થિતિ તદ્દન પ્રત્યક્ષ છે, દરેકના અનુભવમાં આવેલી છે અને રોજ આવે પણ છે. આ જ દશા ચાર વર્ણોની છે. તે ચારે એક જ વિરાટના ચાર મહાઅવયવો છે અને તેઓએ જ્યાં સુધી પોતાની પરસ્પરની સહકારી પ્રવૃત્તિ ચાલુ રાખી, ત્યાં સુધી સમાજરૂપ વિરાટ પરમેશ્વર વ્યવસ્થિત રહ્યો અને જ્યારથી તેઓ એકબીજાની વડાઈમાં પડ્યા અને પરસ્પરનો સહકાર છોડી દીધો, ત્યારથી આ સમાજરૂપ વિરાટ પરમેશ્વર છિન્નભિન્ન થઈ ગયો છે અને હજી પણ એ કેવો છિન્નભિન્ન થશે એની કલ્પના આવી શકતી નથી.

એ ચારે વર્ણો પોતપોતાનું ખરું સ્વરૂપ સમજે, એ ખરા સ્વરૂપને બરાબર જાળવી રાખે અને પોતાની મર્યાદા બહાર ન જાય, એ માટે પ્રાચીન શાસ્ત્રકારોએ તેમનાં લક્ષણો, તેમની પ્રવૃત્તિની મર્યાદાઓ એ બધું આંકી બતાવેલ છે.

પણ જ્યારથી સમાજમાં સ્વચ્છંદ, મિથ્યા અભિમાન, જાતિમદ, ધનમદ, વિદ્યામદ વગેરે ભયંકર સડાઓએ ઘર કર્યું, ત્યારથી એ વર્ણો પોતાનું ખરું સ્વરૂપ ભૂલી ગયા, પોતપોતાની ખરી મર્યાદાઓ ભૂલી ગયા અને પોતપોતાની કર્તવ્યરૂપ પ્રવૃત્તિઓ પણ ચૂકી ગયા.

જે વર્ણવ્યવસ્થા ગુણકર્મના વિભાગ ઉપર સમાજની સુવ્યવસ્થાની દૃષ્ટિએ રચાયેલી હતી, તે આજે તો જોવા નથી જ મળતી, પણ મહાભારતના જમાનાથી એ વ્યવસ્થા ભાંગીને ભૂકો થઈ ગઈ હતી, એ હકીકત મહાભારતમાં બ્રાહ્મણના સ્વરૂપને લગતી જે થોડીઘણી વિગત સૂચવાયેલ છે તે જોતાં

બરાબર સમજાય એમ છે.

જ્યારે જાતિવાદે ઉપાડો લીધો અને ગુણનિરપેક્ષ કેવળ જન્મજાતો પોતાની જાતને બ્રાહ્મણ કહેવડાવી પરમેશ્વરના પ્રતિનિધિ બનવાનો ડોળ દેખાડવા લાગ્યા, ત્યારે મહાભારતકારે બ્રાહ્મણ કોણ હોઈ શકે? બ્રાહ્મણનાં લક્ષણો કેવાં હોઈ શકે? એ વિષે પોતાનો અવાજ રજૂ કરી દીધો.

મહાભારતના શાંતિપર્વના મોક્ષધર્મ નામના પર્વમાં અધ્યાય ૨૪૫માં આ બાબત મહાભારતના વિસ્તારની દૃષ્ટિએ અતિસંક્ષેપમાં આ પ્રમાણે જણાવેલ છે:

येन पूर्णमिवाकाशं भवत्येकेन सर्वदा ।
शून्यं येन जनाकीर्णं तं देवा ब्राह्मणं विदुः ॥११॥

આકાશ તદ્દન ખાલી છે છતાં તે જેના વડે હમેશાં પૂર્ણ છે એમ લાગે; અર્થાત્ જે સર્વવ્યાપક વૃત્તિથી રહે અને વિષય કષાયોથી રહિત હોઈને જેને માણસોની ગીચ વસ્તીવાળું સ્થાન તદ્દન શૂન્ય જેવું લાગે; અર્થાત્ જે ગીચ વસ્તીમાં હોય છતાં વિષમ વિકારોથી રહિત હોવાથી તે વસ્તી તેને મન બાધક નથી લાગતી, તેવા મનુષ્યને દેવો બ્રાહ્મણ જાણતા હતા-કહેતા હતા. ૧૧

येन केनचिदाच्छन्नः येन केनचिदाशितः ।
यत्र क्वचन शायी च तं देवा ब्राह्मणं विदुः ॥१२॥

જે ગમે તે વડે ઢંકાયેલો હોય અર્થાત્ જેને કપડાં વગેરેનો મોહ ન હોય, સમાજને બાધ ન કરે તેવાં ગમે તેવાં કપડાંથી ઢંકાયેલો હોય, ગમે તે વડે ભોજન કરાવેલો હોય; અર્થાત્ તે અમુકના હાથનું જ ખાય વા અમુક આપે તો જ ભિક્ષા લે એવું ન હોય, પણ નિર્દોષ અને સંયમપોષક ભિક્ષાન્ન જે ગમે ત્યાંથી ગમે તે માણસ પાસેથી મેળવી લેતો હોય અને જંગલમાં, શ્મશાનમાં, વખારમાં, ચોકમાં, ઝાડની નીચે કે કોઈના આપેલા ઉતારામાં ગમે ત્યાં સૂતો હોય, તેને દેવો બ્રાહ્મણ જાણતા હતા-કહેતા હતા.

अहेरिव गणाद् भीतः सौहित्यान्नरकादिव ।
कुणपादिव च स्त्रीभ्यस्तं देवा ब्राह्मणं विदुः ॥

જેમ લોકો સર્પથી ભય પામે છે જે પ્રાપંચિક લોકોથી ભય પામતો એટલે તેમના સહવાસથી દૂર રહેતો ખાવાપીવાની સગવડ, એશઆરામની નાહવાધોવાની સગવડ, સૂવાબેસવાની વડ, સારાંસારાં કપડાં, તેલ-અત્તર વગેરે સગવડ-આ જાતની અનેક સગવડોને નરકાવાસ જેવી માની તે દરેક સગવડો દૂર રહેતો હોય અને લોકો જેમ મુડદાં ડરે છે તેમ જે આ સ્વચ્છંદી સ્ત્રી ડરતો હોય-તેમનો પરિચય વર્જતો હોય, દેવો બ્રાહ્મણ જાણતા હતા-કહેતા હતા.

न क्रुध्येन्न प्रहृष्येच्च मानितोऽमानितश्च यः ।
सर्वभूतेष्वभयदः तं देवा ब्राह्मणं विदुः ॥१४॥

માન મળતું હોય છતાં જે ફુલાતો હોય, અપમાન થતું હોય છતાં જે ક્રોધે ન હોય, અને જે તમામ ભૂતોને-પ્રાણીસત્ત્વોને-જીવોને અભય આપનારો હોય, દેવો બ્રાહ્મણ કહેતા હતા. ૧૪

नाभिनन्देत मरणं नाभिनन्देत जीवितम् ।
कालमेव प्रतीक्षेत निदेशं भृतको यथा ॥१५॥

જીવનનું અભિનંદન ન કરે અને મરણ પણ અભિનંદન ન કરે; અર્થાત્ જીવન મરણ એ બન્નેમાં સમતોલ રહે તથા નોકર હુકમની રાહ જોતો રહે છે હુકમ મળતાં જ કામે લાગે છે, તેમ જે કાળ ભગવાનની રાહ જોતો જ રહે કાળ ભગવાનનો હુકમ છૂટતાં જ જે નીકળે, તેને દેવો બ્રાહ્મણ જાણતા કહેતા હતા. ૧૫

अनभ्याहतचित्तः स्यात् अनभ्याहतवाग् भवेद् ।
निर्मुक्तः सर्वपापेभ्यः निरमित्रस्य किं भयम् ?॥

જેના સંકલ્પો કોઈને આઘાત કરનાર

ન હોય, જેનાં વચન કોઈને આઘાત કરનારાં ન હોય, તમામ પ્રકારનાં પાપોથી જે મુક્ત હોય એવા જેને કોઈ પણ અપ્રિય નથી અર્થાત્ શત્રુ નથી તેને ભય શી રીતે હોય? ૧૬

निर्मुक्तं सर्वसंगेभ्यो मुनिमाकाशवत् स्थितम् ।
अस्वमेकचरं शान्तं तं देवा ब्राह्मणं विदुः ॥१७॥

તમામ પ્રકારની આસક્તિઓથી જે તદ્દન વિમુક્ત હોય-છૂટો હોય, આકાશની પેઠે વ્યાપક વૃત્તિવાળો હોય; મુનિ હોય, જેને કોઈ નાતજાત સાથે કશો સંબંધ ન હોય અથવા જે પરિગ્રહરૂપ ધન વગરનો હોય, એકાકી ચાલનારો હોય એટલે રૂઢ પ્રવાહે ન ચાલતાં જે પોતાને ખરે માર્ગે એકલો વર્તતો હોય અને શાંત હોય, તેને દેવો બ્રાહ્મણ જાણતા હતા. ૧૭

जीवितं यस्य धर्मार्थं धर्मो हर्यर्थमेव च ।
अहोरात्राश्च पुण्यार्थं तं देवा ब्राह्मणं विदुः ॥ १८ ॥

જેનું જીવન કેવળ ધર્મ માટે જ છે અર્થાત્ જે ધર્મ માટે જ જીવન ટકાવી રહ્યો છે, અને ધર્મ પણ કેવળ પરમેશ્વર પ્રીત્યર્થે કરે છે; અર્થાત્ કોઈ જાતની આસક્તિ, ફળની અભિલાષા કે એવા બીજા સ્વર્ગ વગેરેના લાભને ધ્યાનમાં રાખ્યા વિના જ જે સ્વાભાવિક રીતે ધર્મનું આચરણ કરે છે, જેના બધા રાતદહાડા કેવળ પુણ્યને માટે છે, જે રાતદહાડો નિરંતર પવિત્ર કાર્યો માટે જ ગાળે છે, તેવા પુરુષને દેવો બ્રાહ્મણ જાણતા હતા-કહેતા હતા. ૧૮

निराशिषमनारम्भं निर्नमस्कारमस्तुतिम् ।
निर्मुक्तं बन्धनैः सर्वैः तं देवा ब्राह्मणं विदुः ॥१९॥

કોઈને-કોઈ એક વ્યક્તિને-જે આશીર્વાદ આપતો નથી, યજ્ઞ માટે જે આલંભન-પશુવધાદિ કરતો નથી, તેમ જે કોઈ એકાદ વ્યક્તિને નમસ્કાર કરતો નથી તથા જે કોઈ એક જ વ્યક્તિની સ્તુતિ કરતો નથી, એવા તમામ પ્રકારનાં બંધનો વગરના પુરુષને દેવો બ્રાહ્મણ જાણતા હતા-કહેતા હતા. ૧૯

આ ઉપરાંત જે બે શ્લોકો મને મળ્યા નથી તે મહાભારતમાં આવેલા છે તેમ મહાવીરવાણીની પ્રસ્તાવનામાં ડૉ. બાબુ ભગવાનદાસજીએ પોતે લખેલ છે. તે શ્લોકો બન્ને આ પ્રમાણે છે:

न योनिर्नापि संस्कारो न श्रुतं न च संततिः ।
कारणानि द्विजत्वस्य वृत्तमेव तु कारणम् ॥ १ ॥
न विशेषोऽस्ति वर्णानां सर्वं ब्राह्ममिदं जगत् ।
ब्रह्मणा पूर्वसृष्टं हि कर्मभिर्वर्णतां गतम् ॥ २ ॥

(महाभारतमें पुनः पुनः स्पष्ट शब्दोंमें वही बात कही है जो महावीरने कही है. પૃષ્ઠ ૧૪—ડૉ. ભગવાનદાસ)

અર્થાત્ 'જન્મ, સંસ્કાર, શાસ્ત્રાભ્યાસ કે પુત્રપરિવાર એ બધાં બ્રાહ્મણત્વનાં કારણ નથી, પરંતુ કેવળ સદાચાર, સુશીલતા, સંયમ એ જ બ્રાહ્મણત્વનું કારણ છે. ૧

ચારે વર્ણોમાં કોઈ ખાસ પ્રકારની વિશેષતા નથી અર્થાત્ ચારે વર્ણો એક જ સરખા છે. આ આખુંય જગત બ્રાહ્મ છે–બ્રહ્મરચિત છે. બ્રહ્માએ પૂર્વે જ્યારે તેને સરજ્યું ત્યારે તે આખું જ એકરૂપ હતું અને પછી પોતપોતાની પ્રવૃત્તિઓને લીધે જુદા જુદા વર્ણધર્મને પામ્યું છે. ૨

આમ પૂર્વોક્ત રીતે મહાભારતકારે બ્રાહ્મણના સ્વરૂપની વ્યાખ્યા આપેલ છે અને તે ખરેખર મહાભારતના જમાનામાં જ જે લોકો બ્રાહ્મણાભાસો હતા–માત્ર દેખાવમાં જ બ્રાહ્મણ હતા પણ ખરા અર્થમાં બ્રાહ્મણ ન હતા, તેમની અને સાચા બ્રાહ્મણની ખરી ઓળખાણ સામાન્ય જનતાને થાય તે માટે જ આપેલી છે.

આવી સ્પષ્ટ વ્યાખ્યા આપ્યા પછી પણ ભારતવર્ષની વિપુલ જનતા જાતિવાદની અસરથી મુક્ત થઈ શકી નહીં, ત્યારે ભગવાન મહાવીરે પોતાના દેશની સર્વસુગમ

ભાષામાં પાછી ફરીવાર ખરા બ્રાહ્મણની વિગતથી વ્યાખ્યા આપેલ છે અને તેમાં તો 'દેવો જાણતા હતા' તેને બદલે 'અમે જ આ જાતના પુરુષને બ્રાહ્મણ કહીએ છીએ' એમ સ્પષ્ટ શબ્દમાં લખેલ છે.

ઉત્તરાધ્યયન નામના મૂળ આગમમાં યજ્ઞીય નામના પચીશમા અધ્યયનમાં તે વ્યાખ્યાના શ્લોકો આ નીચે પ્રમાણે છે:

जो न सज्जइ आगन्तुं पव्वयन्तो न सोयई।
रमइ अज्जवयणम्मि तं वयं बूम माहणं ॥२०॥

જે પોતાની ઐહિક સુખસગવડો, પ્રિયજનના સંયોગો કે સુખશીલતા તરફ આસક્ત રહેતો નથી અને તે બધું છોડી દેવું પડે તો તેમ કરતાં ય પસ્તાતો નથી–શોચ કરતો નથી અને આર્યોના વચનમાં જેની રુચિ છે તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ. ૨૦

जायरूवं जहामट्ठं निद्धंतमलपावगं।
राग–दोस–भयाईयं तं वयं बूम माहणं ॥२१॥

તપાવીને શુદ્ધ કરેલા સોનાની પેઠે જેનાં મેલ અને પાપો ધમાઈ ચૂકયાં છે–જે રાગદ્વેષ અને ભયથી અતીત છે, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ. ૨૧

तवस्सियं किसं दंतं अवचियमंससोणियं।
सुव्वयं पत्तनिव्वाणं तं वयं बूम माहणं ॥२२॥

જે તપસ્વી છે, શરીરે કૃશ છે–કસાયેલ છે, દાંત છે–ઇંદ્રિયો અને દેહને જેણે દમેલાં છે–પોતાના તાબામાં રાખેલાં છે, માંસ અને લોહી જેના દેહમાં અપચય પામેલાં છે–ઓછાં છે અર્થાત્ જે શરીરે તગડો નથી, તથા સુવ્રત છે–જેનાં વ્રતો, નિયમો, યમો વગેરે સારાં છે અને જે આત્મશાંતિને પામેલ છે–વર્તમાનકાળમાં જે શાંતિને પામેલ છે, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ. ૨૨

तसपाणे वियाणित्ता संगहेण य थावरे।
जो न हिंसइ तिविहेणं तं वयं बूम माहणं ॥२३॥

આ વિરાટ જગતમાં ત્રસ જીવો છે–હાલતાંચાલતાં નાનાંમોટાં અસંખ્ય પ્રાણીઓ છે અને સ્થાવર જીવો પણ છે–વનસ્પ વગેરે હાલીચાલી ન શકે એવા પણ જી છે, તે તમામને સંક્ષેપમાં ઓળખીને બરા સમજીને જે, તે જીવોની પોતાનાં મન, વચ અને શરીર દ્વારા હિંસા કરતો નથી, તે અમે બ્રાહ્મણ કહીએ છીએ. ૨૩

कोहा वा जइ वा हासा लोहा वा जइ वा भया।
मुसं न वयई जो उ तं वयं बूम माहणं ॥२

જે ક્રોધને વશ થઈને, લોભને વ થઈને કે કોઈથી ભય પામીને–ડરી જઈ અને મશ્કરી–હાંસીમાં અસાવધાન બનીને મૃષા–અસત્ય બોલતો નથી તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ. ૨૪

चित्तमन्तमचित्तं वा अप्पं वा जइ वा बहुं।
न गिण्हइ अदत्तं जे तं वयं बूम माहणं ॥२

કોઈ જીવતા પદાર્થને કે નિર્જીવ પદાર્થ ને–પછી તે થોડા હોય કે ઘણા હોય– કદી આપ્યા વિના લેતો નથી; અર્થાત્ કદી ચોરી કરતો નથી, તેને અમે બ્રા કહીએ છીએ. ૨૫

दिव्व–माणुस–तेरिच्छं जो न सेवइ मेहुणं।
मणसा काय–वक्केणं तं वयं बूम माहणं ॥२

જે દેવદેવીઓ સાથે, નરનારીઓ સા કે પશુયોનિનાં પ્રાણીઓ સાથે કામાચ કરતો નથી અર્થાત્ મન, વચન અને કા દ્વારા તેમની સાથે મૈથુન સેવતો નથી, અમે બ્રાહ્મણ કહીએ છીએ. ૨૬

जहा पोम्मं जले जायं नोवलिप्पइ वारिणा।
एवं अलित्तं कामेहिं तं वयं बूम माहणं ॥२

કમળ જેમ પાણીમાંથી જન્મે છે પાણીથી ખરડાતું નથી, તેમ જે આસ ઓની વચ્ચે રહેવાછતાં ય આસક્તિઓથી ડાતો નથી તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ

अलोलुयं मुहाजीविं अणगारं अकिंचणं।
असंसत्तं गिहत्थेसु तं वयं बूम माहणं ॥२८

જે લોલુપ-લાલચુ નથી, મુધાજીવી છે-કોઈ પ્રકારના સંકુચિત સ્વાર્થના ઉદ્દેશથી જે જીવતો નથી, ઘરબારમાં મમતા વગરનો છે, પરિગ્રહ વગરનો છે અને ગૃહસ્થો તરફ જેને આસક્તિ નથી, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ. ૨૮

जहित्ता पुव्वसंजोगं नाइसंगे य बांधवे ।
जो न सज्जइ भोगेसु तं वयं बूम माहणं ॥२९॥

પૂર્વના એટલે પોતાના જૂના સંબંધોને અને ભાઈભાંડુઓને, કુટુંબકબીલાને છોડ્યા પછી જે પાછો ફરી વાર ભોગોમાં લલચાતો નથી, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ. ૨૯

न वि मुंडिएण समणो न ओंकारेण बंभणो ।
न मुणी रण्णवासेण कुसचीरेण णं तावसो ॥३०

માત્ર મુંડ મુંડાવાથી શ્રમણ થવાતું નથી, કેવળ મોંએ ઓં ઓં જપવાથી બ્રાહ્મણ બનાતું નથી, માત્ર જંગલમાં વસવાથી મુનિ થવાતું નથી અને માત્ર ડાભનાં કપડાં પહેરી લેવાથી તાપસ બનાતું નથી. ૩૦

समयाए समणो होइ बंभचेरेण बंभणो ।
नाणेण मुणी होइ तवेण होइ तावसो ॥ ३१ ॥

સમતા હોય તો જ શ્રમણ થવાય છે, બ્રહ્મચર્ય રાખે તો જ બ્રાહ્મણ બની શકે છે, જ્ઞાન હોય તો જ મુનિ થવાય છે અને તપને લીધે જ તાપસ થવાય છે. ૩૧

कम्मुणा बंभणो होइ कम्मुणा होइ खत्तिओ ।
वइस्सो कम्मुणा होइ सुद्दो हवइ कम्मुणा ॥३२॥

માનવ પોતાની કરણીથી જ બ્રાહ્મણ થાય છે, પોતાની કરણીથી જ ક્ષત્રિય થાય છે, પોતાની કરણીથી જ વૈશ્ય બને છે અને પોતાની કરણીથી જ શૂદ્ર થાય છે. ૩૨

एवं गुणसमाउत्ता जे भवंति दिउत्तमा ।
ते समत्था समुद्धत्तुं परं अप्पाणमेव य ॥ ३३ ॥

જેઓ ઉપર જણાવ્યા તેવા ગુણોથી યુક્ત હોય છે તેઓ ઉત્તમ બ્રાહ્મણો છે અને તેવા ઉત્તમ બ્રાહ્મણો જ પોતાનો અને પરનો-બીજાનો ઉદ્ધાર કરવાને સમર્થ છે. ૩૩

આ પછી ભગવાન મહાવીરના સમસમયી ભગવાન બુદ્ધે પણ પોતાના ધર્મપ્રવચનમાં બ્રાહ્મણનું સ્વરૂપ ધમ્મપદમાં બ્રાહ્મણવર્ગમાં આપેલું છે. આ વિષે ધમ્મપદમાં કુલ ૪૧ ગાથાઓ છે. ધમ્મપદમાં આ બ્રાહ્મણવર્ગ છવ્વીસમો છે-તદ્દન છેલ્લો છે. એમાં 'અમે તેને બ્રાહ્મણ કહીએ છીએ' એને બદલે 'હું પોતે જાતે તેને બ્રાહ્મણ કહું છું' એમ જણાવેલ છે. એ બધી જ ગાથાઓ અહીં આપતાં તો ભારે વિસ્તાર થઈ જાય, માટે એમાંની કેટલીક ગાથાઓ, જે મહાભારતની વાણી અને મહાવીરના પ્રવચન સાથે લગભગ મળતી છે, તે આ નીચે આપેલ છે:

झायिं विरजमासीनं कतकिच्चं अनासवं ।
उत्तमत्थमनुप्पत्तं तं अहं ब्रूमि ब्राह्मणं ॥ ४ ॥

જે ધ્યાની છે, નિષ્પાપ છે, સ્થિર છે, કૃતાર્થ છે, આસ્રવ-દૂષણ વિનાનો છે અને ઉત્તમ અર્થને-શાંતિને પામેલ છે; તેને હું બ્રાહ્મણ કહું છું. ૪

यस्स कायेन वाचाय मनसा नत्थि दुक्कतं ।
संवुतं तीहि ठानेहि तं अहं ब्रूमि ब्राह्मणं ॥ ९ ॥

મન, વચન અને શરીર એમ ત્રણેથી જે દુષ્કૃત વગરનો છે અને મન, વચન અને શરીર એ ત્રણેથી જે સંવૃત-સંયમી છે, તેને હું બ્રાહ્મણ કહું છું. ૯

न जटाहि न गोत्तेन न जच्चा होति ब्राह्मणो ।
यम्हि सच्चं च धम्मो च सो सुची सो च ब्राह्मणो ॥११

જટા રાખવાથી બ્રાહ્મણ બનતો નથી, કોઈ પણ પ્રકારના કહેવાતા ગોત્રને લીધે બ્રાહ્મણ થવાતું નથી, જાતિને લીધે અર્થાત્ બ્રાહ્મણીને પેટે જન્મ લેવાથી પણ બ્રાહ્મણ થવાતું નથી; પરંતુ જેના ચિત્તમાં સત્ય છે અને ધર્મ છે તે જ પવિત્ર છે અને તે જ બ્રાહ્મણ છે. ૧૧

कि ते जटाहि दुम्मेध ! किं ते अजिनसाटिया ।
अब्भंतरं ते गहनं बाहिरं परिमज्जसि ॥ १२ ॥

હે દુર્બુદ્ધિ! જટાઓ રાખવાથી તારું શું વળવાનું છે? મૃગછાલા પહેરવાથી પણ તારું શું વળવાનું છે? તારું અંતર ભારે ગહન છે. પ્રપંચમય છે અને તું કેવળ બહારથી સાફ કર્યા કરે છે એટલે માત્ર બહારનો દેખાવ, ટાપટીપ અને ટીલાંટપકાં, કટાસણું, મુમતી, જનોઈ, સ્નાન તથા સંધ્યાવિધિમાં જ તું રચ્યોપચ્યો રહે છે. ૧૨

पंसुकूलधरं जंतुं किसं धमनिसंथतं ।
एकं वनस्मि झायंतं तं अहं ब्रूमि ब्राह्मणं ॥१३॥

'ધૂળમાં પડેલાં ચીંથરાંને પહેરનારો હોય, કૃશ હોય અને જેની નસો બહાર દેખાતી હોય, એટલે જે તપપરાયણ હોઈ લોહીમાંસ વગરનો હોય તથા વનમાં એકલો ધ્યાનપરાયણ હોય, તેને હું બ્રાહ્મણ કહું છું. ૧૩

न चाहं ब्राह्मणं ब्रूमि योनिजं मत्तिसंभवं ।
भोवादी नाम सो होति स चे होति सकिंचनो ।
अकिंचनं अनादानं तमहं ब्रूमि ब्राह्मणं ॥ १४ ॥

બ્રાહ્મણની જાતમાં જન્મેલાને-બ્રાહ્મણીને પેટે અવતરેલાને હું બ્રાહ્મણ કહેતો નથી. એવો જાતિ-બ્રાહ્મણ જો ધનવાન હશે તો લોકો તેને 'આપ' એમ કહીને ભલે બોલાવે પણ હું તો જે અકિંચન છે, કશું લેવાની તૃષ્ણા વિનાનો છે તેને જ બ્રાહ્મણ કહું છું. ૧૪

सव्वसंयोजनं छेत्वा यो वे न परितस्सति ।
संगातिगं विसंयुत्तं तं अहं ब्रूमि ब्राह्मणं ॥ १५ ॥

'જે તમામ જાતના સંયોગ-સંબંધોને છેદ્યા પછી ખરેખર ત્રાસ પામતો નથી, આસક્તિઓથી અતીત છે અને ક્યાંય પણ મોહને લીધે ખૂંચેલો નથી, તેને હું બ્રાહ્મણ કહું છું. ૧૫

अक्कोसं वध-बंधं च-अदुट्ठो यो तितिक्खति ।
खंतीबलं बलानीकं तं अहं ब्रूमि ब्राह्मणं ॥ १७ ॥

કોઈ પણ રીતે દ્વેષ કર્યા વિના-રાખ્યા વિના જે ગાળોને, ઈજાને અને બંધનને શાં ભાવે સહે છે, તેવા સર્વત્ર સમભાવે વર્તનાર ક્ષમારૂપ બળવાળા સેનાપતિને હું બ્રાહ્મ કહું છું. ૧૭

वारि पोक्खरपत्ते व आरग्गेरिव सासपो ।
यो न लिम्पति कामेसु तं अहं ब्रूमि ब्राह्मणं ॥१

કમલપત્ર ઉપર જેમ પાણી લેપાતું નથી અને આરની અણી ઉપર જેમ સરસવ ચોંટતો નથી, તેમ જે કામોમાં-સ્વચ્છંદ વાસનાઓમાં લેપાતો નથી, તેને હું બ્રાહ્મ કહું છું. ૧૯

असंसट्ठं गहट्ठेहि अनागारेहि चूभयं ।
अनोकसारिं अप्पिच्छं तं अहं ब्रूमि ब्राह्मणं ॥२

જે પ્રપંચી ગૃહસ્થોની તેમજ તેવા જ પણ ગૃહ વિનાના સાધુબાવા સંન્યાસીઓની સાથે સંસર્ગ ન રાખતો હોય, અપરિગ્રહી અનગારના માર્ગને અનુસરતો હોય અને જેની ઇચ્છાઓ ઓછી હોય અર્થાત્ જે સંતોષી હોય તેને હું બ્રાહ્મણ કહું છું. ૨

निधाय दंडं भूतेसु तसेसु थावरेसु च ।
यो न हन्ति न घातेति तं अहं ब्रूमि ब्राह्मणं ॥२

જે હાલતાચાલતા ત્રસ પ્રાણોની તેમ ગતિ વગરના વનસ્પતિ વગેરે પ્રાણોની હિં છોડી દઈને તેમને હણતો નથી તેમ બી દ્વારા તે પ્રાણોને હણાવતો નથી, તેને હું બ્રાહ્મણ કહું છું. ૨૩

अकक्कसं विञ्ञापनिं गिरं सच्चं उदीरये ।
याय नाभिसजे किंचि तमहं ब्रूमि ब्राह्मणं ॥२

જે અકર્કશ અને સ્પષ્ટ અર્થબોધ ક નારી સાચી વાણી બોલે છે અને જે વાણી વડે કોઈ ઉપર આક્ષેપ કરતો ન તેવા સત્યવાદીને હું બ્રાહ્મણ કહું છું. ૨

योध दीघं वा रस्सं वा अणुं थूलं सुभासुभं ।
लोके अदिन्नं नादियति तं अहं ब्रूमि ब्राह्मणं ॥२

જગતમાં રહેલી લાંબીટૂંકી કે ના

મોટી એવી સારી વા નરસી કોઈ પણ ચીજને જ આપ્યા વિના લેતો નથી અર્થાત્ જે કદી ચોરી કરતો નથી, તેને હું બ્રાહ્મણ કહું છું. ૨૭

हित्वा रतिं च अरतिं च सीतिभूतं निरुपधिं ।
सव्वलोकाभिभुं वीरं तं अहं ब्रूमि ब्राह्मणं ॥२६

જેને જગતની પ્રવૃત્તિઓ તરફ રુચિ નથી તેમ ઘૃણા પણ નથી, જે તદ્દન શીતળ-શાંત થયેલ છે, ઉપાધિ વગરનો છે અને જે તમામ જગતના ચાલતા રૂઢ પ્રવાહોની સામે થનારો એવો વીર પુરુષ છે, તેને હું બ્રાહ્મણ કહું છું. ૩૬

આ રીતે અહીં બ્રાહ્મણની ઓળખાણ વિશે મહાભારતનો સ્પષ્ટ વિચાર બતાવવામાં આવેલ છે, તે સાથે જાતિવાદની પ્રધાનતાને દૂર કરવામાં અને ગુણવાદને પ્રમુખ ગણવામાં માનનારા અને તે જ રીતે પોતાનું ધર્મચક્ર ચલાવનારા એવા બે મહાપુરુષોનો માનનીય બ્રાહ્મણ વિશે જે વિચારપ્રવાહ છે તે પણ દર્શાવવામાં આવેલ છે.

મહાભારત પછી આશરે અઢી હજાર વર્ષ વીત્યાં પછી એ બંને મહાપુરુષોનો પ્રાદુર્ભાવ થયેલો છે એમ ઇતિહાસકારો કહે છે. સંભવ છે કે મહાભારતે વાસ્તવિક બ્રાહ્મણ વિશે જે વિચાર સ્પષ્ટ શબ્દોમાં બતાવેલ છે તેને એમના સમયે શિથિલ કરવામાં આવ્યો હોય અને સમાજમાં વિષમતા પસરવા માંડી હોય, એથી કરીને જનતાને ભારે અન્યાય ખમવો પડ્યો હોય તથા જે જનતા તદ્દન અજ્ઞાન અને મૂઢ હતી તેને તો ભારે સહવું પડયું હોય એટલે પાછું વળી મહાવીરને અને બુદ્ધને મહાભારતના વિચારોને જ પોતાના જોરદાર શબ્દોમાં ગૂંથી લોકો સમક્ષ મૂકવા પડ્યા હોય. મહાભારત, મહાવીરવચન અને બુદ્ધવચન એ ત્રણેમાં અર્થની અને શબ્દરચનાની પણ કેટલી બધી સમાનતા છે તે હકીકત વાંચનારા પોતે જ સમજી શકે એમ છે.

☆

પાપપુણ્ય સાથે દેહ ને આત્માના સંબંધની વાત કરતાં ટૉલ્સ્ટોયે એક સુંદર દૃષ્ટાંત આપ્યું છે:

‘એક જમીનદારે પોતાના ફૂળઝાડના બગીચામાંથી કોઈ, ખુદ રખવાળો પણ ફળ ચોરી ન જાય માટે એક લૂલા ને એક આંધળાને વાડી પર નોકર તરીકે રાખ્યા હતા. રાતના પેલા બંનેની દાનત બગડી. આંધળાએ લંગડાને ખભે ઊંચક્યો ને એના દેખાડ્યા પ્રમાણે મીઠાં પાકાં ફળો બંનેએ પેટ ભરીને આરોગ્યાં. બીજે દિવસે જમીનદારે પૂછ્યું: ‘તમે રાતના ઊંઘી ગયા હતા?’

‘ના.’

‘કોઈ ચોર આવ્યા હતા?’

‘ના. બહારનું તો કોઈ જ આવ્યું નથી.’

‘તો પછી નક્કી તમે જ બંને જણાએ ફળો ખાધાં છે!’

લંગડાએ ને આંધળાએ પોતપોતાની અપંગ દશા વિષે દલીલ કરી, ત્યારે ગુસ્સે થઈ જમીનદારે આંધળા ઉપર લૂલાને બેસાડી કહ્યું: ‘હં, જુઓ! તમે આમ ખાધાં છે!’

‘તે જ પ્રમાણે માણસની સ્થિતિ છે,’ ટૉલ્સ્ટોય લખે છે: ‘દેહ કહે છે હું તો માટીનો પિંડ છું; અંધ છું; મોહક વસ્તુ હું કેમ કરીને જોઈ શકું? પાપ મારે હાથે કેમ થઈ શકે? હું તો સાવ અજ્ઞાન છું.’ ત્યારે જીવ કહે છે, ‘મારે માથે પાપનું આળ કેમ મૂકી શકાય? હું તો કદી ય કંઈ કરતો નથી; કારણ મારે ઇંદ્રિયો નથી. ને ઇંદ્રિયો સિવાય પાપ થઈ શકતું નથી.’

દેહ ને આત્માની આવી વાતથી ઈશ્વર આત્માને દેહના ખભા પર બેસાડે છે. એ બંનેના સંયોગથી જ શુભાશુભ કાર્ય જગતમાં થઈ શકે છે.

×

ધન: સાધન કે સાધ્ય?

લેખક:
શ્રી 'સાધક'

બૃહસ્પતિ–સ્મૃતિમાં એક શ્લોક છે:

आदरेण यथास्तौति धनवन्तं धनेच्छया ।
तथा चेद् विश्वकर्तारं को न मुच्येत बंधनात् ॥

ઉપરનો શ્લોક 'જીવન્મુક્તિવિવેક' વાંચતાં નજરે પડ્યો. આજે ધનની આટલી બધી હાયહાય કેમ વધી પડી છે તે સંબંધી વિચારો આવ્યા, તે અમુક અંશે અહીં ઉતાર્યા છે.

શ્લોકનો ભાવ આ પ્રમાણે છે: ધનની ઇચ્છાવાળો માણસ ધનની પ્રાપ્તિ માટે, જેટલા આદર અને વિવેકથી ધનિકની સેવા-પરિચર્યા કરે છે; તેવી જ રીતે જો માણસ ઈશ્વરપ્રાપ્તિને જીવનનું ધ્યેય સ્વીકારી ઈશ્વરની સેવા કરે, તો તુરત જ જન્મમરણનાં બંધનમાંથી જરૂર છૂટી જાય.

ભક્ત કવિ નરસિંહ મહેતાએ પણ આ વાત કરતાં ગાયું છે કે:

ધન તણું ધ્યાન તું અહોનિશ આદરે,
એજ તારે અંતરાય મોટો.

અર્થાત્ તું રાત ને દિવસ ધનની પ્રાપ્તિનાજ વિચાર કર્યા કરે છે, ઈશ્વરને તો તું ઘડીભર પણ યાદ કરતો નથી, તો પછી ઈશ્વરનું દર્શન તને ક્યાંથી થાય?

ભર્તૃહરિએ એક ઠેકાણે કહ્યું છે કે:

न रम्यं नारम्यं प्रकृतिगुणतो वस्तु किमपि ।

એટલે કે જગતમાં કોઈ પણ વસ્તુ એવી નથી, કે જે પોતાના સ્વભાવે જ સારી યા ખરાબ હોય. સારી યા ખરાબ તો તે વસ્તુ બને છે, તેનો કેવો ઉપયોગ થાય છે તેથી. દાખલો આપી સમજાવે છે, કે સર્પ દૂધ પીએ છે તો તેમાંથી ઝેર ઉત્પન્ન થાય છે, અને તે માણસનો જીવ લે છે; જ્યારે તે જ દૂધ જો એક બાળકને અપાય છે તો તેનાથી બાળકનું શરીર બંધાય છે. આવી રીતે ધન સ્વભાવે કંઈજ ખરાબ નથી, પણ તેનો દુરુપયોગ તેને ખરાબ બનાવે છે અને તેથી માણસનું અધઃપતન થાય છે; અને સદુપયોગ થાય તો તેથી માણસ ઊંચે ચઢે છે. ધનનો એક સાધન તરીકે જ્યાં સુધી ઉપયોગ થાય, ત્યાં સુધી તે હાનિકારક નથી, પણ તેને બદલે જો તેને સાધ્યના સિંહાસને બેસાડવામાં આવે, તો તે જરૂર માણસનું પતન કરાવે છે.

મનુષ્યજીવનનું ધ્યેય ઈશ્વર-પ્રાપ્તિ છે, એ વાત તો હવે સૌ કોઈ સ્વીકારે છે, કારણ બીજા કોઈ પણ શરીરમાં તે વાતની યોગ્યતા નથી, જ્યારે વિષયસુખ તો ચોર્યાશી લાખ શરીરોમાં આપોઆપ મળી રહે છે. માટે ઈશ્વર-પ્રાપ્તિને જીવનનું ધ્યેય સ્વીકારી, જીવનનિર્વાહનાં સાધન તરીકે ન્યાય અને નીતિપુરઃસર ધન કમાવું એ કંઈ ખોટું નથી, એટલું જ નહિ પણ અતિ આવશ્યક છે. પહેલાં અને આજ પણ, ધન વિના જીવનનિર્વાહ થઈ શકતો નથી; એટલા માટે જ અર્થને એક પુરુષાર્થ ગણ્યો છે. જો માણસ પોતાનો નિર્વાહ પણ કરી નથી શકતો, તે માણસ બીજાને કઈ રીતે મદદ કરી શકે? આપણો નિર્વાહ કરતાં કરતાં બીજાને સહાય કરવી એ પણ મનુષ્યજીવનનો એક મોટો લહાવો છે.

એક ઉર્દૂ કવિએ કહ્યું છે:

यहांकी येहि मजा है खाना ओर खिलाना।
भूखेकुं दाल रोटी नंगेकु कुछ ओढाना ॥
सो इस घडी उडाले जो हे तुझको उडाना।
गाफिल ! इस गलीमें फिर तुझको नहि आना।

ભાવ એમ છે કે મનુષ્યજીવનની સાર્થકતા પરોપકાર કરવામાં જ છે. મનુષ્યજી

દુર્લભ હોઈ વારંવાર મળતું નથી, તો જો જીવન ધન્ય કરવું હોય તો આ શરીર છે, ત્યાં પરોપકારમાં લાગી જા.

આમ વિચારતાં એક શ્લોક યાદ આવી જાય છે:

भिक्षुका नैव भिक्षन्ति बोधयन्ति गृहे गृहे ।
दीयतां दीयतां लोका अदातुः फलमीदृशम् ॥

તાત્પર્ય એમ છે, કે ગરીબ માણસો પોતાના નિર્વાહ માટે ‘ભીખ માગે છે તે કંઈ એકલી ભીખ જ નથી માગતા, પણ પોતાનાં પ્રત્યક્ષ દૃષ્ટાંત વડે ચેતવણી આપે છે કે ભાઈઓ દાન કરો, દાન કરો. આપ્યા વગર મળશે નહિ. આજ ચોમાસામાં નહિ વાવો તો આખું વરસ શું ખાશો? જો આ જન્મમાં દાન નહિ કરો, તો જે હાલ આજ અમારા છે, તેવા જ હાલ આવતે જન્મે તમારા થવાના. અમે ગત જન્મમાં દાન-પુણ્ય નથી કર્યાં, તેથી આજ ભીખ માગીએ છીએ, એ અમારા પ્રત્યક્ષ દાખલાથી તમે બોધ લ્યો.

આટલે સુધી આવતાં આપણે એટલું જોયું કે જીવનનિર્વાહ માટે ધન અતિ આવશ્યક છે, પણ તેની પ્રાપ્તિ સન્માર્ગે થવી જોઈએ. ધનની પ્રાપ્તિ સન્માર્ગે જ શા માટે કરવી તે વાત જરા વધારે વિચાર માગે છે. येन केन प्रकारेण પ્રાપ્ત કરેલું ધન કંઈ ધન નથી! બેંકમાં તેનું પણ વ્યાજ ન્યાયોપાર્જિત ધન જેટલું જ મળે છે, તેમ વ્યવહારમાં પણ તે જરાયં ઓછું કામ આપતું નથી. જવાબમાં નિવેદન છે કે આવો વિચાર સ્થૂલ દૃષ્ટિનો છે, તેમાં સૂક્ષ્મ વિચાર નથી તેમજ દૂરદર્શીપણું પણ નથી.

હવે જુઓ, શાસ્ત્રોએ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ અનુક્રમે ચાર પુરુષાર્થ બતાવ્યા છે. અહીં પરમ પુરુષાર્થ મોક્ષ છે, એટલે તેની પ્રાપ્તિમાં બાધ આવે એવી રીતે આગળના ત્રણ પુરુષાર્થો સધાય નહિ. ધર્મપરાયણ જીવન ન હોય તો પરમ પુરુષાર્થની પ્રાપ્તિ થાય જ નહીં તે તો દેખીતું છે. આ પુરુષાર્થચતુષ્ટયનો સમન્વય આવી રીતે છે કે ધર્મથી અર્થની પ્રાપ્તિ કરી, તે અર્થનો જીવનનિર્વાહ પૂરતો ઉપયોગ કરનાર ચોથા પુરુષાર્થને અલ્પ પ્રયાસે સિદ્ધ કરી શકે છે. વળી મનુસ્મૃતિમાં પણ કહ્યું છે કે અધર્મથી મેળવેલું ધન થોડો વખત રહી, ન્યાયોપાર્જિત ધનને પણ સાથે લઈ નાશ પામે છે. વળી કદાચ આમ ન બનતાં પૂર્વે જો તે શરીર પડી જાય (મૃત્યુ થાય) તો ધન તો અહીં જ પડ્યું રહે છે અને જીવે કરેલાં પાપનું ફળ દુ:ખ ભોગવવા યાતનાદેહ ધારણ કરવો પડે છે; માટે અધર્મથી મેળવેલું ધન બેંકમાં ભલે રૂપાળું લાગે, પણ તે છે તો વિષથી ભરેલા સોનાના કળશ જેવું.

હવે ધર્મથી ધન મેળવવાનો અર્થ પણ સમજવો જોઈશે. મનુ મહારાજે ધર્મનાં દશ અંગ બતાવ્યાં છે, પણ ધનના અર્જન માટે તો તેનાં બે જ અંગ બરાબર પાળે, તોપણ પૂરતું ગણાય. પહેલું अस्तेय એટલે ચોરી ન કરવી તે. માણસની ગેરહાજરીમાં કે નજર ચુકાવી તેની વસ્તુ લઈ લેવી, તેજ ચોરી છે એવું કંઈ નથી. બીજાના હક્કનું લઈ લેવું તે પણ ચોરી છે. અરે, બીજાની વસ્તુ તરફ લાલચભરી નજરે જોવું તે પણ ચોરી જ છે. શ્રુતિમાં ‘मागृधः कस्यस्विद्धनम्’ કહ્યું છે તે આટલા માટે જ. વેપારી વાજબી કરતાં વધારે નફો લે તે પણ ચોરી જ છે. માલ ઓછો તોલે કે ભળતો જ માલ આપી દે, તેમજ લેનારની ગરજ સમજી તેની પાસેથી વધારે પૈસા પડાવે તે પણ ચોરી જ કહેવાય. તે મુજબ આજના કાળા બજારીઆઓ, ભલે જેલમાં નથી, પણ છે તો ચોર અને ડાકુ જ. આવી રીતે બધાંએ ક્ષેત્રોમાં મજૂરથી માંડી છેક

પ્રધાનપદ સુધી, જે કોઈ પોતાના હક્ક કરતાં વધારે લે છે, અને ફરજ કરતાં ઓછું કામ કરે છે તે બધા ચોર જ કહેવાય.

બીજું અંગ છે अपरिग्रहः એટલે સંગ્રહ ન કરવો તે. આજનું અનાજનું સંકટ, તેમજ કાપડનું સંકટ અને બીજાં બધાંએ સંકટો પરિગ્રહનાં પાપમાંથી જ પ્રકટ્યાં છે. પરિગ્રહ મોટું પાપ છે એમ સમજી, કલ્યાણકામી પુરુષે તો સંગ્રહખોરીથી દૂરજ રહેવું જોઈએ. ધર્મનાં આ બેજ અંગ ઉપર વ્યક્તિ તેમજ પ્રજા જો ધ્યાન આપે, તો દેશનું દુઃખ જરૂર દૂર થાય. વ્યક્તિગત પ્રયત્ન જ્યાં સુધી નહિ થાય, ત્યાં સુધી આ દુઃખમાં પ્રજાને રિબાયાં કરવું પડશે.

હવે ધનને સાધ્યરૂપે એટલે કે જીવનના ધ્યેય તરીકે સ્થાપીએ તો તે કેવી રીતે હાનિકારક બને છે, તે જોઈએ. ચિત્તનો એવો સ્વભાવ છે કે જે વસ્તુનું સતત ચિંતન કરે, તેના આકારનું તે બની જાય છે. એટલે જ્યારે ધનને જીવનનું ધ્યેય બનાવવામાં આવે, ત્યારે જીવનનો બધો યે કાળ ધનનું ચિંતન જ થાય, અને પરિણામે ચિત્ત ધ્યેયાકાર થતાં, ધન સિવાય બીજી વાત તેને ગમે જ નહિ. ભગવાન શ્રીમદ્ ભાગવતમાં કહે છે કે:

जगल्लुब्धा धनमयं कामुका कामिनीमयं ।
नारायणमयं धीराः पश्यन्ति ज्ञानचक्षुषः ॥

ભાવ એવો છે કે ધન એ જ જેનું ધ્યેય છે એવો માણસ જગતને એક ધનનો સંગ્રહ કરવાના સાધનરૂપે જુએ છે, તેને આ સિવાય બીજી દૃષ્ટિ જ નથી. કામી પુરુષો જગતને સ્ત્રીપ્રાપ્તિના સાધનરૂપે જુએ છે, જ્યારે જે પુરુષોએ ઈશ્વર–પ્રાપ્તિને જીવનનું ધ્યેય બનાવ્યું છે, તેઓ તો જ્ઞાન પ્રાપ્ત કરી જગતને નારાયણરૂપે જુએ છે.

હવે જ્યારે માણસના બધાયે વ્યાપાર ધનની પ્રાપ્તિ માટે જ થઈ જાય છે, ત્યાં તેનું અધઃપતન કેવી રીતે થાય છે, તે ભ વાને ગીતાના બીજા અધ્યાયમાં બહુ વિસ્ત વાર સમજાવ્યું છે તે જોઈએ. ત્યાં એમ કહ્યું છે કે માણસ જ્યારે ધનને (મૂળમાં વિષય એવો શબ્દ છે, પણ માણસ ધનની પ્રાપ્તિ કરે છે, વિષયભોગ એનાથી મેળે છે માટે) જીવનનું ધ્યેય બનાવે છે, ત્યારે તેનું ચિત્ત બધો યે વખત તેનું જ ચિંતન કરે છે; ચિંતન કરતાં કરતાં તેમાં આસક્તિ બંધાય છે; આસક્તિ થતાં તેની પ્રાપ્તિની પ્રબળ ઇચ્છા જાગે છે. ઇચ્છાનો પ્રતિરોધ થતાં અર્થાત્ ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિમાં અંતરાય આવતાં ક્રોધ ભભૂકી ઊઠે છે; ક્રોધ થવાથી વિવેકનો નાશ થઈ જતાં, કર્તવ્યાકર્તવ્યનું ભાન રહેતું નથી; અને તેમ થતાં સારાસાર કે ધર્માધર્મ કે નીતિઅનીતિનો વિચાર જ આવતો નથી. પરિણામે માણસ માણસ મટી જાય છે, અને શું થઈ જાય છે તે આજ કહેવું પડે તેમ નથી, અથવા શું કહેવું તે 'ते के न जानीमहे' સમજવું પડે તેમ નથી.

વળી ગીતાના ત્રીજા અધ્યાયનો ઉપસંહાર કરતાં ભગવાન કહે છે: વિષયોની લાલસા એટલે કે તેને મેળવવા ધનની લાલસા, ધન ભેળું કરવાથી મટતી નથી. જેમ જેમ ધનના ઢગલા વધતા જાય છે, તેમ તેમ વધારે ને વધારે મેળવવાની તૃષ્ણા બળવ જ જાય છે. ધનનો કે વિષયભોગનો કોઈને ધરવ થયો હોય તેવું ભૂતકાળમાં બન્યું સાંભળ્યું નથી, ત્યારે આજના વિષયભોગ પરાયણ કાળમાં તો ક્યાંથી જ થાય! ભગવાન કહે છે કે લાલસાને-કામનાને મારી જ નાખવી જોઈએ, તેને મારી નાખ્યા સિવાય, એટલે કે વૈરાગ્યથી તેનું દમન કર્યા સિવાય, તેનાં બંધનમાંથી છૂટવાનો

બીજો કોઈ પણ માર્ગ નથી.

જીવનનિર્વાહના સાધન તરીકે ધનની પ્રાપ્તિની શાસ્ત્રોએ નિંદા કરી નથી, એટલું જ નહિ, પણ તેની આવશ્યકતા બતાવી છે, પરંતુ ધનને ધ્યેય તરીકે સ્વીકારી તેની અનર્ગળ લાલસાની જ નિંદા કરી છે: છતાં જેની બુદ્ધિ સારાસારનો નિશ્ચય કરવા સમર્થ રહી નથી તેનું ધ્યાન શાસ્ત્રોની આ ચેતવણી તરફ જાય એમ જ નથી. એક પ્રસંગમાં કહ્યું છે કે:

जनयन्त्यर्जने दुःखं तापयन्ति विपत्तिषु ।
मोहयन्ति च संपत्तौ कथमर्थाः सुखावहाः ॥

અર્થાત્ ધન મેળવવામાં દુઃખ છે. પરિશ્રમ કર્યા વગર કંઈ ધન આકાશમાંથી વરસતું નથી. એટલે ધન કમાવામાં તો દુઃખ છે જ. વળી વિપત્તિકાળમાં એટલે કે લડાઈને વખતે, રાજ્યક્રાંતિને સમયે, ગામમાં મારામારી ચાલતી હોય તેવા કાળમાં, અથવા આગ કે જલપ્રલય જેવા દૈવી કોપ બનતાં તે અત્યંત ક્લેશ આપનાર બને છે. આવા સમયે ધનવાનની સ્થિતિ બહુ કરુણાજનક થઈ જાય છે. વળી જ્યારે ધન બહુ મોટા પ્રમાણમાં ભેળું થઈ જાય છે, ત્યારે માણસની વિવેકબુદ્ધિ નાશ પામે છે અને તેથી તે એક ઉન્મત્ત નશાબાજ જેવું આચરણ કરે છે. આવી સ્થિતિ ધન ભેળું કરવાથી થાય છે, તો પછી ધનને સુખ આપનાર કેમ કહેવાય?

એક બીજે પ્રસંગે કહ્યું છે કે:

दानं भोगो नाशस्तिस्रो गतयो भवन्ति वित्तस्य ।
यो न ददाति न भुंक्ते तस्य तृतीया गतिर्भवति ॥

એટલે કે ધનની ત્રણ ગતિ થાય છે. ચોથો રસ્તો ધન માટે નથી. ઉત્તમ ગતિ ધનને દાનપુણ્યમાં એટલે કે પરોપકાર અર્થે વાપરવું તે, મધ્યમ ગતિ પોતાના ઉપયોગમાં વાપરવું તે. જે ધનિક પોતાના ધનનો આ પ્રકારે ઉપયોગ નથી કરતા તેના ધનનો કોઈ પણ રસ્તે નાશ થઈ જાય છે.

હવે અહીં ધનને પોતાના ઉપયોગ માટે વાપરવા કહ્યું છે તેના ઉપર વિચાર કરવો જરૂરી છે. ધન એટલે કે લક્ષ્મી તે ઈશ્વરની અર્ધાંગના છે. તે જો આપણી પાસે પધાર્યાં હોય, તો તેને આપણી ભોગ્યા ન સમજતાં તેને માતા ગણી ઈશ્વરની સેવામાં લગાડવાં જોઈએ; અર્થાત્ આપણા નિર્વાહ પૂરતું રાખી બાકીનું જનતારૂપી જનાર્દનની સેવામાં વાપરવું જોઈએ. માણસનું જીવન ભોગમય ન હોવું જોઈએ, પણ ત્યાગમય હોવું જોઈએ. એટલે ધનનો ઉપયોગ ભોગસામગ્રી એકઠી કરવામાં ન થવો જોઈએ. માણસ ભોગસામગ્રી એકઠી કરે છે તે એક અણસમજણને લીધે જ. માણસમાત્ર સુખની ઇચ્છા કરે છે અને તેથી તેની તમામ પ્રવૃત્તિ સુખ મેળવવા માટે હોય છે. તે સમજે છે કે ભોગસામગ્રી જેમ વિશેષ ભેળી થશે, તેમ હું વધારે ને વધારે સુખી થઈશ, પણ બને છે તેથી ઊલટું. જેમ જેમ ભોગનાં સાધનો વધતાં જાય છે, તેમ તેમ ભોગતૃષ્ણા વધારે ને વધારે ઉગ્ર બનતી જાય છે. તૃષ્ણા એ જ તો સંસારમાં મોટામાં મોટું દુઃખ છે. એટલે સુખ ભોગમય જીવનમાં નથી, પણ ત્યાગમય જીવનમાં છે. કબીર સાહેબે એટલા જ માટે કહ્યું છે કે:

जिसकुं कछु न चाहिये सो शाहनका शाह ।

જેમ એક માણસની જરૂરિયાત ઓછી તેમ તે વધારે સુખી, માટે સુખી જીવન ગાળવાની જે માણસને ઇચ્છા હોય તેણે ધીરે ધીરે પોતાની જરૂરિયાતો ઓછી કરવી અને સંતોષવૃત્તિ કેળવવી જોઈએ. यदृच्छालाभसंतुष्टः એટલે કે શ્રીતુલસીદાસજી કહે છે તેમ 'જથા લાભ સંતોષ સુખ' એવી વૃત્તિ

કેળવવી જોઈએ. ભોગ ભોગવવાથી તો ચિત્ત વ્યગ્ર જ રહે છે અને તેથી સુખ કે શાંતિનો અનુભવ થઈ શકતો નથી. પણ સંતોષથી ચિત્તશાંતિ રહે છે અને તે સમયે સુખ તેમજ શાંતિનો અનુભવ થાય છે. પાતંજલ યોગદર્શનમાં પણ કહ્યું છે, કે संतोषादनुत्तमः सुखलाभः। એટલે જેનાથી બીજું ચડિયાતું ન હોય એવું અપ્રતિમ સુખ મેળવવું હોય તો સંતોષવૃત્તિ કેળવવી જોઈએ. 'સંતોષ એ જ સુખ છે' એ એક મહામંત્ર છે તેને સતત સ્મરણમાં રાખવો જોઈએ. શ્રીતુલસીદાસજી પણ કહે છે કે:

बिनु संतोष न काम नसाइ ।
काम अछत सुख सपनेहु नांइ ॥

એટલે કે જે ચિત્તમાં સંતોષ નથી ત્યાંથી તૃષ્ણા ખસતી જ નથી; અને જે ચિત્તમાં તૃષ્ણાનો તાપ બળતો હોય, ત્યાં સુખશાંતિનું સ્વપ્ન પણ ક્યાંથી આવે?

આપણે જોયું કે જીવનનિર્વાહના સાધન તરીકે ધન કમાવું આવશ્યક છે; પરંતુ ધનની પ્રાપ્તિ એ જ જીવનનું ધ્યેય ન બનવું જોઈએ. વળી ધનને મેળવવું તે પણ ન્યાય અને નીતિને રસ્તે જ, અવળી રીતે મેળવેલું ધન નરકમાં નાખે છે. વળી ધનનો ઉપયોગ ભોગસામગ્રી એકઠી કરવામાં ન થવો જોઈએ, પરંતુ જરૂરિયાત પૂરતું પોતાને માટે વાપરી બાકીનું પરોપકાર અર્થે વાપરવું જોઈએ.

હવે જીવનનિર્વાહ કેમ કરવો તે શ્રીયોગવાસિષ્ઠનો એક શ્લોક જોઈએ:

आहारार्थं कर्म कुर्यादनिंद्यं
कुर्यादाहारं प्राणसंधारणार्थम्।
प्राणाः संधार्यास्तत्त्वजिज्ञासनार्थं
तत्त्वं जिज्ञास्यं येन भूयो न दुःखम्॥

શરીર છે માટે તેના નિર્વાહ સારુ નીતિ ન્યાયને રસ્તે ધન કમાવું. જીવનને ટકાવી રાખવા જરૂરપૂરતા આહારવિહાર કરવા જોઈએ. 'આહાર ખાતર જિંદગી નથી, પણ જિંદગીને ખાતર આહાર છે.' એ સૂત્ર સ્મરણમાં રાખવું. જીવન એટલા ટકાવી રાખવું કે તેનાથી ઈશ્વરપ્રાપ્તિ થઈ શકે છે તે કરી લેવી, કે જેથી ફરી વાર ગર્ભવાસનું ન ભોગવવું પડે.

આ નિયમ જેમ વ્યક્તિને તેમજ ને સુખરૂપ નીવડે એમ છે. અને જે કે સમાજ આ નિયમનું પાલન કરે તે દુઃખી થાય નહીં.

પશ્ચિમનો એટલે કે ભૌતિકવાદનો સિદ્ધાંત આથી ઊલટો છે. તેઓ કહે છે: 'તમારી જરૂરિયાતો ઘટાડો નહિ પણ મેળવવા માટે પ્રયત્ન કરો.' જરૂરિયાતો જેમ પોષણ મળે તેમ વધતી જ જાય છે. એટલે આખું યે જીવન જરૂરિયાતો મેળવવામાં જ વ્યતીત થઈ જાય અને છતાં જરૂરિયાતો મેળવવાની તો ઊભી જ રહે. આનું નામ જ નિષ્ફળ જીવન અને આપણને તે સિદ્ધાંત નિરુપયોગી-હાનિકારક છે.

☆

માધવરાવ પેશ્વાના વખતમાં પ્રખર ન્યાયાધીશ રામશાસ્ત્રી થઈ ગયા; એમની ન્યાયપ્રિયતા પ્રસિદ્ધ હતી. એક સમયે બન્યું એવું કે એમનાં ધર્મપત્ની રાણીઓના આવાસેથી પોતાને ઘેર ફરતાં હતાં, ત્યારે રામશાસ્ત્રીએ એમને દૂરથી દીઠાં. પત્નીના કંઠમાં કીમતી ઘરેણાં જોઈ રામશાસ્ત્રીને ગ્લાનિ ઉત્પન્ન થઈ. વહેલા જઈ એમણે ઘરનાં દ્વાર વાસી દીધાં. પત્નીએ બારણું ખોલવા બૂમ પાડી રામશાસ્ત્રી બોલ્યા: 'અરે બાઈ કોણ છો તમે? તમે કોઈ બીજાને ઘેર આવી ચઢ્યાં લાગો છો. આ રામશાસ્ત્રીનું ઘર છે; રામશાસ્ત્રીની પત્ની ઘરેણાં-દાગીનાથી પોતાનું અંગ કદી યે ન શોભાવે.'

એમનાં પત્ની સમજુ હતાં, તે સહેજમાં આખીય વાત પામી ગયાં. રાણીને મહેલે જઈને દાગીના તુરત પાછા આપીને એ આવ્યાં ત્યારે રામશાસ્ત્રીએ પ્રેમથી સત્કારતાં કહ્યું:

'હા, હવે તમે રામશાસ્ત્રીનાં પત્ની સાચાં!'

×

કાવ્યત્રિવેણી

પરબડી

બાંધી પરબડી રે ..ભજન કેરી બાંધી પરબડી રે.
કીર ચૂને કોઈ કાગ ભી ચૂને એજી ચૂનત સમળી રે……
પાંખ સમારે કોઈ કિલકિલ ગાવે એજી ફરે કૂદરડી રે……
ભજન કેરી બાંધી પરબડી રે.

ચાંચ મેં ચાંચ મિલાવી ચૂનાવે એજી મીઠી માવલડી રે……
તરસી ચાંચ ડૂબે અનહદ જલ એજી ભરી તબકડી રે……
ભજન કેરી બાંધી પરબડી રે.

એક દંડિયો જાણે સ્હેલ ગેબમાં એજી કરે વાતલડી રે……
તાલ-કડતાલ એનાં છજાં ને છાપરાં એજી છોટી ઝૂંપલડી રે……
ભજન કેરી બાંધી પરબડી રે.

ઘર છોડી સબ પંછી ન આવે એજી હરખે હરઘડી રે……
મોત ફી મીની ન્હાં પે ટાંપે અકાજ એજી ખૂણે ખડીખડી રે……
ભજન કેરી બાંધી પરબડી રે.

—વેણીભાઈ પુરોહિત

‘ આરસપાણો ’

શીદ કર્યો ભગવાન ?
કોણે મારું ભુલાવી દીધું ભાન ? …
ટાઢ ખાતો, તડકો ખાતો, ખાતો મેઘનું માન જી;
પવન ખાતો પ્રેમથી, ધરતો આતમ ધ્યાન…૧

ધૂપદીપનાં ધંધ મચાવી, પીરસે છે પકવાન;
પૂજારી પીરસે મીઠા મેવા, ભોજનનું નથી ભાન…૨

અંગડાં કાપી ઊભો રાખ્યો, મોટું દીધું માન જી;
સોના કેરો સંગ કરાવી, કીધો બંધીવાન…૩

ડુંગરડાને માથે રહેતો, મારું મન હતું મસ્તાન;
હેઠું કદીએ હેરતો નઈ, મોરી આંખ હતી અસમાન…૪

દેહ અમારી દાનમાં દઈ હું, ચણતો કંઈક મકાન જી;
હરિ બનીને હાથ લંબાવી, લેવાં પડ્યાં દાન…૫

પ્રભુમાંથી મારે પથ્થર થાવું, મારે નથી જોતું માન જી;
‘ કાગ ’ પુકારે આરસપાણો, મોકલો જૂને થાન…૬

—કવિ દુલાભાઈ કાગ

મૃત્યુદર્શને

એકદા ગ્રામને ચોકે ઉપાડી ધર્મવાતને,
સંકેલે ત્યાં પૂછયું કોકે સ્વામીશ્રી એકનાથને:
'નહીં દ્રવ્ય, નહીં સત્તા, નહીં રૂપ, કમંડળ;
માત્ર આ, તો ય છે શાને ઘેલું આ જનમંડળ?
નથી કંઠ, નથી સૂરે, કલા ના મનરંજને;
છતાં આ મુગ્ધ સૌ શાને? અંધ કાં જન અંજને?
અને શે ચિત્તની શાંતિ ને સંતૃપ્તિ અપાર આ?'

'પ્રશ્ન તો ઠીક છે ભાઈ, પરંતુ વર્ષ સાઠની;
વિતાવી જિંદગી તેં ને માત્ર આ દિન આઠની,
રહી બાકી, જવા દે તું, જિજ્ઞાસા ત્યાગ વાતની.'

*

ઊભેલું જોઈને મૃત્યુ ચિત્ત ક્ષુબ્ધ થયું ભયે,
વિના ચર્ચા ગયો ચાલી વૈરાગ્ય ઉરમાં થયે.
અનાસક્ત થતાં હૈયે કામક્રોધ નહીં જલે,
સર્વત્ર બ્રહ્મને જોતો ભૂતમાત્રે ય ભૂતલે.
નહીં રાગે નહીં દ્વેષે, વર્તે એ સમભાવથી,
ચિત્તની શાંતિને પામે આસક્તિના અભાવથી.
સર્વને પ્રેમથી જોતો, સર્વથી પ્રેમ પામતો;
વિશ્વના દર્પણે એનું પલટાયું રૂપ પેખતો.
જોતજોતાં દિનો વીત્યા છતાં મૃત્યુ નહીં થયું,
આવીને પાય લાગીને ભક્તિભાવે પછી કહ્યું:
'જિંદગી મેં દીઠી ન્હોતી કદાપિ આમ સુંદર,
પરંતુ મૃત્યુ તો ના'વ્યું, શું રહસ્ય દયાવર!'

'જ્યોતિષાચાર્ય છું ક્યાં હું? મૃત્યુ ક્યાંથી કહી શકું?
વિકારી રૂપ જે તારું તેનું મૃત્યુ થઈ ગયું;
મૃત્યુને ચિત્તમાં રાખી વર્તું છું દિનરાત હું;
મૃત્યુને ચિત્તમાં રાખી વર્તજે દિનરાત તું.
મૃત્યુના દર્શને હૈયે તીવ્ર વૈરાગ્ય ઊપજે,
અનાસક્ત વિશે ક્યાંથી કામક્રોધાદિ નીપજે?
કામક્રોધ વિના ક્યાંથી અસૂયા દ્વેષ ઉદ્ભવે?
પ્રસન્ન ચિત્તમાં શુદ્ધ સર્વદા શાંતિ સંભવે.'

—ચંપકલાલ

*

પસંદગીની મૂંઝવણ

લેખક :

શ્રી જ્યોતીન્દ્ર દવે

એક વાર એક જાણીતા ગૃહસ્થને ત્યાં એમના કહેવાથી અને એમના જ કામ સારુ મારે જવાનું થયું. હું એમને ત્યાં ગયો ત્યારે માથે હાથ દઈને કંઈક ગંભીર વિચારમાં પડી ગયા હોય એમ એ બેઠા હતા. જે કામ માટે એમણે મને બોલાવ્યો હતો તે વિશે એમણે મારી સાથે વાત કરવા પ્રયત્ન કર્યો, પરંતુ વાતમાં એમનું ચિત્ત હોય એમ મને લાગ્યું નહિ. એક મિનિટ પહેલાં પોતે શું કહ્યું હતું તે પણ એ ભૂલી જતા અને બીજી જ વાત કરવા લાગતા..

આ જોઈને મેં કહ્યું: 'આજે કંઈ તમે બહુ ચિંતામાં હો એમ લાગે છે. આ વાત બીજે પ્રસંગે કરીશું.'

'તમારી વાત સાચી છે, ચિંતા તો નહિ પણ હું વિચારમાં પડી ગયો છું ખરો,' એમણે કહ્યું.

'વાંધો ન હોય તો કહો તો ખરા કે એવી શી વાત એકાએક આવી પડી છે, કે તમે મને ખાસ જે કામ માટે બોલાવ્યો છે તેનો વિચાર પણ બરાબર થઈ શકતો નથી?' મેં કહ્યું.

'તમને કહેવામાં કશો વાંધો નથી. એવી કોઈ મોટી વાત નથી. મારે પરમ દિવસે દિલ્હી જવાનું છે,' એમણે કહ્યું ને ફરી પાછા એ વિચારમાં પડી ગયા.

'તો કંઈ નહિ. તમે દિલ્હીથી પાછા ફરો ત્યારે આપણે વાત કરીશું, પણ પરમ દિવસે દિલ્હી જવાનું છે તેની ફિકર તમે આજે આટલી બધી શા માટે કરો છો, તે હું સમજી શકતો નથી,' મેં કહ્યું.

'ફિકર કરતો નથી, પણ જવું શી રીતે તે નક્કી કરી શકતો નથી,' એમણે કહ્યું.

'એટલે? તમને ટિકિટ મળી શકતી નથી? હમણાં કહે છે કે એટલી બધી ભીડ નથી. જો કે એ દિવસમાં જગ્યા રીઝર્વ્ડ કરાવવાની મુશ્કેલી તો છે જ; પણ એ તો તમે જરા તપાસ કરશો તો થઈ શકશે,' મેં કહ્યું.

'નહિ, મુશ્કેલી ટિકિટ નથી મળતી તેની નથી,' એમણે જવાબ દીધો.

'ત્યારે શું ઘરમાં કોઈ માંદું છે કે તેને મૂકીને જતાં તમને વિચાર થાય છે?' મેં પૂછ્યું.

'એવું પણ નથી, પણ હું વિચાર કરું છું કે કઈ રીતે જાઉં? બી. બી. એન્ડ સી. આઈ.ને માર્ગે જવાય છે, જી. આઈ. પી.ને રસ્તે જવાય છે ને વિમાનમાં પણ જઈ શકાય છે,' એમણે જવાબ દીધો.

'એ તો બહુ સારું,' મેં કહ્યું.

'ના, સારું જરાય નહિ. એ જ પંચાત છે. હું ક્યારનો, બે દિવસથી વિચાર કર્યા કરું છું કે બી. બી. ને રસ્તે જાઉં, જી. આઈ. પી. ને માર્ગે જાઉં કે વિમાનમાં જાઉં? ત્રણે માટે ગોઠવણ કરી દીધી છે, અને એ ત્રણે માટેની ટિકિટ પણ આવી ગઈ છે. હવે કોની ટિકિટ પાછી વાળવી ને કોની રાખવી એ મોટો સવાલ છે અને એ જ નક્કી થઈ શકતું નથી,' એમણે પોતાની મૂંઝવણ જણાવી.

'પણ એમાં આટલા મુઝાઓ છો શા માટે? જેમાં ખરચ ઓછો થાય તે પસંદ કરો. બાકીની ટિકિટ પાછી મોકલો,' મેં સલાહ આપી.

'ખરચનો સવાલ નથી. એ તો મને જેણે બોલાવ્યો છે તેના તરફથી મારા પ્રવાસ

અંગેનો બધો ખરચ મળી રહેશે, ' એમણે કહ્યું.

' ત્યારે વખત સૌથી ઓછો જાય એટલા માટે વિમાનમાર્ગે જાઓ. વખત બહુ બગડે નહિ એટલું જ નહિ પણ સગવડ પણ વધારે મળશે.'

' તમારી વાત સાચી છે, પણ મારે બીજો વિચારે ય કરવાનો છે. મારી સાથે સામાન ઘણો છે અને વિમાનમાં જાઉં તો એ બધો સામાન લઈ જઈ શકાય નહિ.'

' એ પણ ખરી વાત. ત્યારે ટ્રેનમાં જ જાઓ.'

' એ જ વિચાર કરું છું; પણ એમાં અગવડ બહુ છે. વખત ઘણો જાય. તે ઉપરાંત લાંબી મુસાફરી કરવી તે અત્યારે મારી તબિયત જોતાં મને ઠીક પણ નથી લાગતું. અને જગ્યા રીઝર્વ્ડ થઈ છે છતાં સૂવાની જગ્યા મળશે એમ કહી શકાય નહિ. આમ છતાં યે ટ્રેઈનને રસ્તે જવાનું જ પસંદ કરું તો બી. બી. કે જી. આઈ. પી. માંથી કયે રસ્તે જવું તે મૂંઝવણ તો ઊભી જ છે, ' એમણે કહ્યું.

' એક કામ કરો. સામાન લઈ જવાય એમ નથી એટલે વિમાનની વાત તો જાણે જતી રહી. હવે સવાલ બી. બી. અને જી. આઈ. પી. વચ્ચે રહ્યો છે. તમે બંનેનાં નામ લખી ચિઠ્ઠી તૈયાર કરો અને હું એમાંની એક ચિઠ્ઠી ઉપાડું. ચિઠ્ઠીમાં જેનું નામ નીકળે તે રસ્તે જાઓ, ' મેં માર્ગ દર્શાવતાં કહ્યું.

' એ પણ ઠીક છે, પણ વિમાનની વાત છેક કાઢી નાખવી યોગ્ય છે કે નહિ તે હું હજી નક્કી કરી શકયો નથી. બધો સામાન લઈ નહિ જવાય એ સાચું, પણ ખરું પૂછો તો હું એમાંથી ઘણો સામાન ઓછો કરી શકું એમ છું; ને તે ઉપરાંત કદાચ વધારાનો સામાન હોય તો મારા અગાઉથી ટ્રેઈનમાં મોકલી શકાય: એટલે વિમાનની વાત વિચારણામાંથી તદ્દન કાઢી નાખવી મને ઠીક લાગતી નથી, ' એમણે કહ્યું.

' તો ભલે વિમાન રહ્યું. ત્રણ ચિઠ્ઠીઓ બનાવો, ' મેં કહ્યું.

' હા, પણ મને થાય છે કે આ
જેવા માણસ આવી બાબતનો નિર્ણ
ચિઠ્ઠીથી કરે એ કેવું કહેવાય ?'

' બહુ સારું તો ન જ કહેવાય,
બીજો રસ્તો ન હોય ત્યારે શું થાય ?'

' નહિ નહિ, ચિઠ્ઠી નાખીને નક્કી
તે કરતાં બુદ્ધિપૂર્વક વિચાર કરીને જ નિ
પર આવવું મને યોગ્ય લાગે છે, ' એમણે

' ઠીક ત્યારે એમ કરજો, ' મેં
થતાં કહ્યું: ' ચાલો ત્યારે હવે હું
તમે દિલ્હીથી પાછા ફરો ત્યારે ફરી મળી

' ના ના, ઊભા રહો. મને લાગે
કે આની પાછળ નકામો વખત
કરતાં ચિઠ્ઠી નાખીને નક્કી કરીએ તો
ખોટું ? જે નામ નીકળે તે સહી. પછી
ઝાઝો વિચાર કરવાનો જ નહિ, ' એ
મને જતો રોકીને કહ્યું.

' ત્યારે કરો ચિઠ્ઠી તૈયાર, ' મેં કહ્યું

' હા, પણ મને એક વિચાર આવે છે.
એમણે જરા અચકાઈને કહ્યું.

' શો ?' મેં પૂછયું.

' પહેલાં ચિઠ્ઠી નાખીને આ નક્કી
કે નહિ તે નક્કી કરીએ, ' એમણે કહ્યું.

' પણ તે તો તમે નક્કી કરી જ
ને ? હવે ફરી વિચાર કરવાનું શું કાર
મેં વિસ્મય પામીને પૂછયું.

' કયે માર્ગે જવું એ ચિઠ્ઠી નાખીને
કરીએ તો ઠીક એમ મને લાગે છે.
સાચું. પણ એ વિષે હજી મારા
બરાબર સમાધાન થયું નથી. અને
વિષે લાંબો વિચાર કરવાનો અત્યારે
વખત પણ નથી. માટે એ ચિઠ્ઠી
નક્કી કરવું કે નહિ તે નક્કી કરવા
પણ આપણે ચિઠ્ઠી નાખીએ તો

' એવા દ્રાવિડી પ્રાણાયામ કરતાં

નાખીને મૂળ વાત જ નક્કી કરી લઈએ તે વધારે સારું' એમ મને લાગે છે. છતાં એ રીતે તમારા મનનું સમાધાન થતું હોય તો પહેલાં ચિઠ્ઠી નાખીએ ને પછી તેમાં આવે તે પ્રમાણે કરીએ. પણ કદાચ ચિઠ્ઠીમાં ના નીકળે તો ફરી તમારે મગજને તસ્દી આપી કયે રસ્તે જવું તેનો નિર્ણય કરવાનો રહેશે,' મેં કહ્યું.

'તો તેમ કરીશ,' તેમણે જવાબ દીધો.

ઉપલી વાતમાં થોડીઘણી અતિશયોક્તિ મેં કરી છે, એ હું કબૂલ કરું છું પણ મુદ્દે વાત સાચી છે. કોઈ પણ વસ્તુનો નિર્ણય કરતાં બુદ્ધિને કેટલી મહેનત પડે છે એ કોઈ પણ બુદ્ધિવાળા માણસને કહી બતાવવાની જરૂર નથી. આપણા શાસ્ત્રકારોએ મન અને બુદ્ધિનો તફાવત જણાવતાં કહ્યું છે, કે 'આ કરું તે કરું? ફલાણું સારું કે ઢીંકણું સારું?' એવા સંશયો ઉઠાવ્યા કરે ને વિકલ્પોમાં રાચે તે મન અને બધી વસ્તુઓ તપાસી જઈને અમુક ચોક્કસ નિર્ણય કરનારી શક્તિ તે બુદ્ધિ. આ દૃષ્ટિએ જોતાં કહી શકાય કે મનનો ઉપયોગ આપણે બધા જ કરીએ છીએ, બુદ્ધિનો ઉપયોગ બહુ ઓછા માણસો કરે છે અને જેને એનો ઉપયોગ કરવાની જરૂર પડે છે તે સૌ અકળાઈ જાય છે.

કલ્પના અને વિચાર કરવાની શક્તિ જો માણસને ઈશ્વરે ન બક્ષી હોત તો આ એક નિશ્ચય કરવાની બાબતમાં તો એનું કામ બહુ સહેલું થઈ જાત. સહજ પ્રેરણાથી અથવા રુચિતંત્રને વશ થઈને એ અમુક કામ કર્યે જાત; પણ કલ્પના દોડાવવાની ને વિચાર કરવાની ટેવને પરિણામે એ કોઈ પણ કામ કરવું હોય કે કંઈ પસંદગી કરવાની હોય ત્યારે બધી બાજુનો વિચાર કરવા બેસે છે. કાર્યને કારણનો, સાધ્ય ને સાધનનો, મહેનત ને ફળનો, સગવડ ને વખતનો, દેશકાળ ને સંજોગનો ઇત્યાદિ ઇત્યાદિ અનેક બાબતોનો વિચાર કરીકરીને એ મગજને એટલું થકવી નાખે છે કે પછી નિશ્ચય કરવાની શક્તિ જ એમાં રહેતી નથી.

પત્નીને લઈને સાડીની પસંદગી કરવા એક તરતના પરણેલા ભાઈ જ્યારે પહેલવહેલા નીકળ્યા ત્યારે એમનો ઉત્સાહ માતો નહોતો. એમણે જેટલા પૈસા ખરચવા પડે તેટલા ખરચીને પણ પત્નીને મનપસંદ સાડી અપાવી તેનું દિલ જીતી લેવા નિશ્ચય કર્યો હતો. પણ બજારમાં ગયા પછી એમની સ્થિતિ વિચિત્ર થઈ પડી. તે વખતમાં કાપડનું રેશનિંગ નહોતું અને જાતજાતની રંગબેરંગી સાડીઓ એટલી બધી હતી કે એમાંથી કઈ પસંદ કરવી ને કઈ ન કરવી એ મોટો સવાલ એમનાં પત્ની સમક્ષ આવીને ઊભો. સાડી વેચનારાઓની દુકાનો પણ સંખ્યાબંધ હતી અને પચાસ–સાઠ દુકાને ફર્યા વગર બધી સાડીઓ જોઈ શકાય શી રીતે? એટલે પહેલાં તો એક દુકાનથી બીજી અને બીજીથી ત્રીજી એમ આંટા મારતાં એમના 'ટાંટિયાની કઢી' થઈ ગઈ. બધી દુકાનો ફરી રહ્યા પછી એમનાં પત્નીને લાગ્યું કે પહેલાં જે દુકાનમાં ગયાં હતાં ત્યા જ સારામાં સારી સાડી મળતી હતી એટલે પાછાં એ દુકાને ગયાં. પણ ત્યાં ગયા પછી એમનાં પત્નીને થયું: 'ઊંહું! અહીં નહિ. પણે સારી મળે છે.' ત્યાંથી એ 'પણે' ગયાં. પણ 'પણે' પણ જેવી ધારી હતી તેવી સાડી એમનાં પત્નીને ન મળી શકી એટલે 'પણે'થી ફરી ત્રીજી દુકાનમાં પેઠાં અને બીજીવાર ચોવીસ દુકાને ફર્યા પછી એમણે કંઈક કંટાળીને નિસાસો નાખ્યો. 'થાકી ગયા?' મૃદુ અવાજે પત્નીએ પૂછ્યું.

'ના, ના, એટલામાં થાક શેનો લાગે?' આટલી વારમાં 'થાકી ગયો' એમ કહું તો

મારી મર્દાનગીને લાંછન લાગે, એમ લાગવાથી એમણે કહ્યું.

'ત્યારે હજી બેચાર દુકાનો બીજી જોઈ લઈએ.' પત્નીએ કહ્યું.

'પણ બધી જ દુકાને આપણે એકવાર તો જઈ આવ્યાં છીએ,' એમણે કહ્યું.

'હા, પણ કયાં શું હતું તે હું ભૂલી ગઈ છું. ફરી જવામાં વાંધો પણ શો છે?' પત્નીએ કહ્યું અને ફરીવાર બેચારને બદલે બીજી ચાર દુકાને એ ચડ્યાં અને અંતે આટલું બધું ફર્યાં છતાં પણ 'આવતે રવિવારે ફરી જઈશું, હમણાં તો કંઈ સાડી નજરમાં આવતી નથી' એવો એમનાં પત્નીનો છેવટનો અભિપ્રાય સાંભળી અત્યંત ખિન્ન મને ને થાકેલે શરીરે બંને ઘેર પાછાં ફર્યાં.

પસંદગીનું ક્ષેત્ર જેટલું વિશાળ, તેટલી માણસની મૂંઝવણ વધે છે. ફ્લોરા ફાઉન્ટનથી ગોવાળિયા ટેંક જવા માટે મને 'બી', 'સી', 'પી', અને 'ઓ', એમ ચાર રૂટની બસ મળી શકે છે. પહેલાં તો મને થતું હતું કે અત્યારે બસ મળવાની આટલી મારામારી છે, તેમાં ચારમાંથી કોઈ પણ બસમાં મારાથી જઈ શકાય એમ છે એટલો હું નસીબદાર છું, પણ અનુભવે મને જણાયું છે કે એથી મારી મુશ્કેલી વધી છે. કઈ બસમાં જવું એ નક્કી કરવું મને બહુ કઠણ પડે છે. 'પી' પહેલી મળશે એમ ધારી હું 'પી' માટે થોભું છું. પછી લાગે છે કે 'ઓ' કદાચ વહેલી આવશે તો હું 'ઓ'ના સ્ટેન્ડ આગળ જઈને ઊભો રહું છું. થોડી વાટ જોયા પછી મને લાગે છે કે 'બી' ઠીક પડશે ને હું 'બી' માટેના સ્ટેન્ડ આગળ જઈને વાટ જોઉં છું. વાટ જોઈને કંટાળી ગયા પછી 'સી'ના વિચાર આવે છે ને 'સી'ના સ્ટેશન આગળ જમેલી મેદની જોઈ આખરે ફરી પાછો 'પી'ના સ્ટેન્ડ આગળ આવું છું ને એટલી વારમાં 'પી'ની બસ આવીને ચાલી પણ ગઈ હોય છે.

સામાન્ય બાબતોમાં પણ નિશ્ચય કરતાં આટલી મુશ્કેલી પડે છે તો લગ્ન જેવા વિષયમાં કેટકેટલી મૂંઝવણ થાય એ કહેવાની જરૂર નથી. લગ્નના વિષયમાં પસંદગીનું ક્ષેત્ર ઘણું વિશાળ હોય તો 'મારા છોકરા માટે કઈ વહુ લાવું?' અથવા 'હું કોને પરણું?' એ નક્કી કરતાં માણસની આખી જિંદગી નીકળી જાય. એટલા ખાતર આપણા પૂર્વજોએ પસંદગીનું ક્ષેત્ર બને તેટલું સંકુચિત રાખ્યું હતું. જ્ઞાતિ બહાર પરણાય નહિ, જ્ઞાતિમાં પણ ત્રણ-ચાર પેઢીના સગાંસંબંધીમાં કન્યાવ્યવહાર થઈ શકે નહિ. સગોત્રમાં કન્યાની આપલે ન થઈ શકે અને આટલું સાચવ્યા પછી જે કન્યા મળે એમ હોય તેની પસંદગીમાં પણ અમુક ધોરણ સાચવવાં જોઈએ. આને લીધે કન્યા પસંદ કરતાં વરનાં માબાપને કે વરને બહુ મહેનત પડતી નહિ. પણ હવે તો કન્યાની કે વરની પસંદગી માટેનું ક્ષેત્ર વધારેપડતું વિશાળ થવાથી સરળતાને બદલે વિષમતા, સગવડને બદલે અગવડ ને નિરાંતને બદલે મૂંઝવણ વધારે પ્રમાણમાં થવા સંભવ છે. આટઆટલી કન્યાઓ ને આટઆટલા મુરતિયાઓ વચ્ચે કોને પસંદ કરવા એની મૂંઝવણ દહાડેદહાડે એટલી વધતી જશે કે આખરે ચિઠ્ઠી નાખીને જ વરકન્યાની પસંદગી કરવામાં આવશે—જો કે એમ થાય તો તેમાં કંઈ નુકસાન જેવું નથી. અત્યારની સ્થિતિ કરતાં એ સ્થિતિ કોઈ રીતે ખરાબ નહિ જ હોય!

*

કુટુંબવાત્સલ્ય

લેખક :

શ્રી ગટુભાઈ ગો. ધ્રુ

વિભક્ત અને અવિભક્ત કુટુંબપ્રથાઓના નિજનિજના લાભાલાભ છે જ; પરંતુ પશ્ચિમી સંસ્કૃતિને પગલે આપણે ત્યાં વિભક્ત કુટુંબ-પ્રથાની પ્રણાલિકાનું અનુકરણ વિશેષ થવા લાગ્યું છે, એથી કૌટુંબિક વાત્સલ્યનું સુકોમળ પુષ્પ કચરાવા લાગ્યું છે. કુટુંબસ્નેહને કેંદ્રમાં રાખીને લેખકે આજની સામાજિક પરિસ્થિતિ અહીં અવલોકી છે. સામાજિક પ્રશ્નોના અભ્યાસી અને વિચારક તરીકે શ્રી ગટુભાઈનું ગુજરાતમાં નિશ્ચિત સ્થાન છે.

પશ્ચિમની અને પૂર્વની પ્રજાઓની જીવન પ્રત્યેની દૃષ્ટિ, સ્વભાવ અને સમાજરચનામાં જ અનેક ભેદ છે તેમાં કુટુંબની તા, કુટુંબ પ્રત્યેનો સ્નેહ અને કુટુંબવાત્સલ્ય-એ એક અગત્યનો ભેદ છે. પશ્ચિમની પ્રજાઓમાં પતિ-પત્ની અને સંતાનો દેશોમાં કુટુંબનો સમાવેશ થાય છે. પૂર્વની ઓમાં કુટુંબનો વડીલ, તેનાં સંતાનો, બહેનો, તેમનાં સંતાન, કુલવધૂઓ રે બધાં એક કુટુંબનાં ગણાય છે. સંયુક્ત કુટુંબની પ્રથા પૂર્વના દેશોમાં પ્રવર્તે છે એટલે ચૂલે જમનારાં બધાં એક કુટુંબી ગણાય છે, એટલું જ નહિ, પરંતુ પારકે ઘેર ગયેલી દીકરીઓ અને તેમનાં સંતાન, મામા, માસી, ઈ અને તેમનાં સંતાન-તેઓ અલગ ઘરમાં વસતાં હોય તોપણ એક જ કુટુંબનાં ગણાય છે.

આ જાતની કૌટુંબિક ભાવનાને લીધે કુટુંબની પ્રત્યેક વ્યક્તિને આત્મીયતા, પોતાપણું, સ્નેહભાવ, સુખદુઃખને સમયે સહાનુભૂતિ અને સહાય, સારેમાઠે પ્રસંગે મદદ વગેરેનો લાભ મળે છે. સૌના વિચાર અને સરખા ન હોય, મળતા ન આવે તો પણ કૌટુંબિક લાગણી અને સ્નેહભાવમાં ફેર પડતો નથી. મતભેદ અને ભિન્ન વિચાર તથા આચાર હોવા છતાં સારેમાઠે પ્રસંગે સૌ એકઠાં થાય છે.

આ પ્રકારની કૌટુંબિક વ્યવસ્થાને કારણે કેટલાંક અનિચ્છનીય પરિણામ પણ થાય છે. કુટુંબનાં માણસો માત્ર કુટુંબનાં જ હોવાને કારણે પોતાના કોઈ કુટુંબીજનની પદવી, અધિકાર, લાગવગ અગર ધનનો ગેરલાભ લે છે; કુટુંબીઓ પોતાના કુટુંબીઓને, લાયકાત, આવડત વગેરેનો ખ્યાલ રાખ્યા વગર જાહેર હિતની દૃષ્ટિને ભોગે લાભ અપાવે છે; કુટુંબની બહાર એમની નજર જ જતી નથી અને પરિણામે સંકુચિત વૃત્તિ થઈ જાય છે. કુટુંબીઓ, કુટુંબનાં હોવાને કારણે અમુક પોતાના હક જ છે એમ માની બેઠા હોય છે; કુટુંબનાં માણસોને આર્થિક કે બીજી રીતના પોતે બોજારૂપ છે એ ખ્યાલ સંયુક્ત કુટુંબમાં રહેનાર અગર પરગામમાં કુટુંબીને ત્યાં ઊતરી દિવસોના દિવસો ગાળનારને રહેતો નથી. સંયુક્ત કુટુંબની પ્રથાના કેટલાક ફાયદા જે જમાનામાં આપણા સામાજિક વ્યવહાર અમુક ઘાટમાં જ મર્યાદિત હતા ત્યારે મળતા હતા તે ફાયદા હવે આપણા સમાજવ્યવહાર ઘણી રીતે ફરી જવાથી તે મળવાનો અવકાશ રહેતો નથી.

તેમ છતાં કૌટુંબિક ભાવના, કૌટુંબિક સ્નેહ અને લાગણી નષ્ટ થવાનું કે ઘસાઈ જવાનું કાંઈ કારણ નથી. અમુક સ્વાર્થ, સગવડ કે સરળતાને કારણે એ જાતની લાગણી હોય અગર ઉદ્ભવે એ યોગ્ય નથી. કુટુંબના

માણસ પ્રત્યે સ્વયંભૂ ઊર્મિથી સ્નેહવૃત્તિ ઉદ્‌ભવવી જોઈએ, સ્વાર્થ કે લાભની દૃષ્ટિએ નહિ.

અત્યારના જમાનામાં ઊછરેલાં અને ઊછરતાં યુવક-યુવતીઓ અને બાળકોમાં આ પ્રકારની લાગણી બહુ મોટા પ્રમાણમાં ઘસાતી જતી જોવામાં આવે છે. મારા નમ્ર મત મુજબ આ શોચનીય સ્થિતિ છે. કુટુંબ-સ્નેહ એ જીવનને ઉન્નત કરનાર બળ છે. આ લાગણી અત્યારે ઘસાતી જાય છે એટલું જ નહિ પણ એ જાતની વૃત્તિ જૂનવાણી, હાસ્યજનક, તિરસ્કારને યોગ્ય ગણાવા લાગી છે. કુટુંબીજનો એકબીજા પ્રત્યે સ્નેહનો ઉમળકો ઠાલવે એને માનસિક નબળાઈ ગણનારા પણ મારા અનુભવમાં આવ્યા છે. પશ્ચિમની પ્રજાના અનેક રિવાજો સારાસારનો વિચાર કર્યા વિના આપણે જાણ્યેઅજાણ્યે અપનાવ્યા છે તેનું આ પરિણામ છે. ઇંગ્લેન્ડ જઈ અભ્યાસ કરી આવેલા-ત્રણચાર વર્ષ ત્યાં રહી આવેલા-એક હિંદુ યુવકને હું મળવા ગયો ત્યારે એક યુવતી તેમને મળવા આવી હતી. એ બાળા બિચારી લળીલળીને વાત કરતી હતી. આ ભાઈ જાણે એ કોઈ 'ન્યૂસન્સ' (ઉપાધિ) હોય એવો દેખાવ કરતા હતા. બાઈ છોભીલી પડી થોડીવાર પછી ગઈ ત્યારે પેલા ભાઈ કહે: 'આ બાઈ મારી સાથે સગપણ કાઢી મને મળવા આવી હતી. એ મારા બાપની-બહેનની-દીકરી છે! એ નજીકની સગી હોય એવો એનો દાવો હતો. ફોઈની દીકરીને બહેન ગણવાની પરંપરા આપણી કૌટુંબિક ભાવના આ ભાઈ વિલાયત જઈ આવ્યા હોવાથી ભૂલી ગયા હતા.

આ જાતની કૌટુંબિક ભાવનાનો અતિરેક ન થવો ઘટે તેમ જ તેનો ગેરલાભ ઉઠાવવાની વૃત્તિ પણ ન હોવી જોઈએ; પરંતુ એક કુટુંબનાં સ્ત્રીપુરુષો અને બાળકોમાં પરસ્પર સ્નેહ અને વાત્સલ્ય હોય એમાં અઘટિત કાંઈ જ નથી એટલું જ નહિ પણ એ કુટુંબભાવના સાચવી રાખવાની ખાસ જરૂર છે એમ મને લાગે છે.

આ પ્રકારની કૌટુંબિક લાગણી અને વાત્સલ્ય ઘસાતાં જતાં હોવાનું એક અનિષ્ટ પરિણામ એ થવા માંડ્યું છે કે નજીકનાં સગામાં-મામા, માસી, ફોઈ વગેરેનાં સંતાનોમાં-લગ્નસંબંધ કરવાનો સંકોચ દૂર થતો જણાય છે. કુટુંબભાવનાના નાશનું આ પરિણામ મને સૌથી વધારે ભયંકર લાગે છે.

મને લાગે છે કે અલગ વસવાટ અને બધી રીતે જુદો વ્યવહાર હોવા છતાં કાકા, મામા, માસી અને ફોઈ તથા તેમનાં સંતાનો એટલાં તો એક જ કુટુંબી-નજીકનાં સગાં ગણાવાં જોઈએ, અને તેમની વચ્ચેના કુટુંબ-વાત્સલ્યમાં ઘટાડો ન થવો જોઈએ.

★

બદ્રિનારાયણનાં દર્શન માટે દરવાજા પાસે સેંકડો યાત્રાળુઓની ઠઠ જામી હતી. કોઈ રીતે અંદર જવાય તેમ નહોતું. સ્વામી રામદાસ ખાસ દર્શન અર્થે જ બદ્રિનારાયણ ગયા હતા. ફક્ત એક નાનકડા દરવાજા આગળથી જે લોકો માંદાં હોય તેમને દ્વાર પાસે ઊભેલા બે પંડાઓ દાખલ થવા દેતા હતા. સ્વામી રામદાસ ત્યાં આગળ આવ્યા ત્યારે પંડાએ કહ્યું: 'તમે જો માંદા હો તો અંદર આવી શકો છો.'

'ના, રામદાસ માંદો નથી,' સ્વામીજીએ જણાવ્યું.

'ઠીક છે, તમે માંદા ન હો તો માંદા હોવાનો ઢોંગ કરો,' પંડાએ સૂચના કરી.

'ના, જૂઠું બોલીને બદ્રિનાથનાં દર્શન રામદાસને કરવાં નથી, રામના આદેશની વિરુદ્ધનું એ આચરણ છે,' આમ કહીને એમણે તો ચાલવા માંડ્યું. પરંતુ પંડાને રામદાસનાં સત્ય વચનોની અસર થઈ. તે તેમને હાથ ઝાલીને અંદર લઈ ગયો, દર્શન કરાવ્યાં અને પ્રસાદ પણ આપ્યો.

×

અમલદાર

લેખક :

શ્રી નાથાલાલ દવે

એમ. એ., બી. ટી.

[૧]

સાહિત્ય લઈને સ્તાનકની ઉપાધિ મેળવી ત્યારે મારા મનમાં એમ હતું કે હું પણ રવીંદ્રનાથ જેવાં કાવ્યો રચીશ, મુનશી જેવી નવલકથા સરજીશ કે ધૂમકેતુ જેવી વાર્તાઓ લખીશ; પણ જિંદગી ભારે ક્રૂર છે. સાહિત્યકાર થવાનાં મારાં એ સ્વપ્નાં દૂર રહ્યાં અને છાપાંનો ધંધાદારી લેખક બની બેઠો છું. કેવળ થોડા પૈસા માટે રાવસાહેબનું જીવનચરિત્ર લખવાનો કરાર કર્યો છે અને મળેલી સામગ્રીનો અભ્યાસ કરી રહ્યો છું. મૌલિક પ્રતિભાનો ઉન્મેષ પ્રગટ થાય એવી આમાં કયાંય તક રહી નથી.

રાવબહાદુર કૃષ્ણપ્રસાદ દેસાઈ, સરકારી નોકરીમાં અઢી હજારના પગારે પહોંચેલા અમલદાર, અનેક સમિતિઓના પ્રમુખ, અનેક સાંસ્કૃતિક મંડળોના અધ્યક્ષ, સમાજો અને ક્લબોના સંચાલક કે અગ્રેસર, આમ તો ભારે અટપટું પાત્ર છે. એમના જીવનના તાણાવાણા સમજવા એ રસ પડે તેવો વિષય છે. પણ તેમાં મેં સરજવા ધારેલાં પાત્રોની ભવ્યતા નથી. ખેર, એનો અફસોસ શો? છબી પાડનારને ત્યાં કાયમ સુંદર ચહેરાઓ થોડાં આવે છે? મનગમતું કામ દુનિયામાં કેટલાને મળે છે? રાવસાહેબ વિશે જે કાંઈ હકીકત મળી છે તે ગોઠવું છું ને કાચી રૂપરેખા તૈયાર કરું છું, જે મને આગળ ઉપર ખપ લાગશે.

કૃષ્ણપ્રસાદ બચપણમાં સામાન્ય બાળક જેવા હતા. માતાપિતાની સ્થિતિ મધ્યમ. નાની ઉંમરે એકબે વાર માંદગી આવેલી. શાળામાં અભ્યાસમાં ખાસ નોંધપાત્ર બનાવ બન્યો નથી. રમતો તે રમ્યા નથી; પણ તે વ્યવહારકુશળ અને ગણતરીબાજ યુવક હશે એમ લાગે છે. કૉલેજમાં હતા ત્યારે અભ્યાસનું બહાનું આગળ ધરતા અને કન્યાઓનાં માગાં પાછાં વાળતા, પણ એક દેશીરાજયના દીવાનની દીકરી સાથે સગપણની તેમણે તરત હા પાડી. વિલાયત જવાનો ખર્ચ દીવાન આપે તેવી તેમણે શરત મૂકી. વિદ્યાર્થીઓને રાજયને ખર્ચે પરદેશ મોકલી શકાતા તેથી દીવાને તે શરત સ્વીકારી અને એ રીતે કૃષ્ણપ્રસાદનાં એક મૂર્ખ અને કદરૂપી, તેમજ લાડમાં ઊછરેલી શ્રીમંતકન્યા સાથે લગ્ન થયાં.

વિલાયતથી ઉપાધિ લઈ આવ્યા એટલે કૃષ્ણપ્રસાદને માટે આ દેશમાં એશઆરામ અને સુખસગવડનો રાજમાર્ગ ખુલ્લો થઈ ગયો. સાસરા દીવાન હતા એટલે કૃષ્ણપ્રસાદ સીધા જ એક ખાતાના ઉપરી બન્યા. બગીચાવાળો બંગલો મળ્યો, દરબારી મોટર મળી, નોકરચાકર મળ્યા. સામાજિક દરજ્જો વધ્યો. કૃષ્ણપ્રસાદનાં પત્ની વસુમતીબહેન મહિલામંડળનાં પ્રમુખ થયાં અને કૃષ્ણપ્રસાદની સ્થાનિક રોટરી ક્લબના મંત્રી તરીકે વરણી થઈ.

એક વાતની મુશ્કેલી હતી: કૃષ્ણપ્રસાદને કામ કંઈ આવડતું ન હતું. વિલાયતથી શું શીખી લાવ્યા તેની તેમને પોતાને પણ સ્પષ્ટ ખબર ન હતી. સદ્ભાગ્યે કામ એવું હતું કે તેમાં અક્કલ વાપરવી પડે તેમ ન હતું. કારકુનો કાગળ તૈયાર કરી લાવે તેના પર કૃષ્ણપ્રસાદને સહીઓ કરવાની રહેતી અને તે તેઓ કર્યા કરતા. ત્રણચાર વરસે ખાતાનું કામ બહુ શિથિલ થયું અને લોકોની

ફરિયાદો વધી ગઈ ત્યારે મહારાજાએ પણ દીવાન આગળ જરા ટકોર કરી; પણ દીવાનના જમાઈ, એને હલકા તો પાડી શકાય નહિ. એટલે સોએક રૂપિયાનો પગાર વધારીને કૃષ્ણપ્રસાદની બદલી બીજા ખાતામાં કરવામાં આવી.

કૃષ્ણપ્રસાદનો જીવનપ્રવાહ આમ સમથળ ગતિએ વહેવા લાગ્યો. ત્રણચાર વરસે તેમને એક ખાતામાંથી બદલાવીને બીજામાં મૂકવામાં આવ્યા અને દરેક વખતે તેમના પગારમાં વધારો થતો ગયો. તેમનું શરીર સ્થૂલ થતું ગયું અને માથા પરના વાળ ઓછા થતા ગયા. એક છબીમાં તે ચાર-પાંચ બાળકો વચ્ચે ઊભા છે તે પરથી લાગે છે કે તેમનું કુટુંબજીવન સુખરૂપ વીત્યું હશે. જો કે કૃષ્ણપ્રસાદને કદી કુટુંબનું આકર્ષણ જણાયું નથી. સાંજ તેઓ કાયમ ક્લબમાં ગાળતા અને બની શકે ત્યાં સુધી ઘરની બહાર રહેતા બીજા અમલદારો અને વેપારીઓ સાથે ક્લબમાં તે રમી રમતા, થોડા પૈસા કમાતા કે ગુમાવતા અને બાળકો સૂઈ જાય તે સમયે ઘેર આવતા. પત્ની સાથે ઓછી માથાકૂટ કરવી પડે એ માટે તેમણે ક્લબનો આશ્રય લીધો હતો. ઘણાખરા અમલદારો આમ જ રહેતા, તેથી કૃષ્ણપ્રસાદને આવું ભાવશૂન્ય, વિચારહીન, નિરાનંદ ગૃહજીવન સાલતું નહિ.

લડાઈ વખતે દિલ્હીથી મોટા અમલદારોની આવજા વધી. તેમની મહેમાનગતિની વ્યવસ્થા કૃષ્ણપ્રસાદે કરી. તેની કદર તરીકે સરકારે તેમને રાવબહાદુરનો ખિતાબ આપ્યો. એ પ્રસંગ કૃષ્ણપ્રસાદના જીવનમાં ભારે ગૌરવરૂપ બની ગયો. અભિનંદનોનો વરસાદ વરસ્યો. મિજલસો થઈ. સમારંભો ગોઠવાયા. માનપત્રો મળ્યાં. દરબારી સભાગૃહમાં ખાસ મેળાવડો થયો, તેમાં મહારાજાએ હાજરી આપી અને કૃષ્ણપ્રસાદનો પગાર વધારીને તેમની કદર કરવામાં આવી. ખાસ કરીને કૃષ્ણપ્રસાદે અંગ્રેજી છાપાંઓમાં પોતાની છબી છપાવી અને તે સાથે તેમનું ટૂંકું જીવનચરિત્ર પ્રગટ થયું. એ જોઈ મહારાજા, વૃદ્ધ દીવાન અને કૃષ્ણપ્રસાદનાં સહુ કુટુંબીઓ પ્રસન્ન થયાં. ત્યારથી તેઓ રાવસાહેબ તરીકે ઓળખાવા લાગ્યા.

[૨]

એકાએક આભ ફાટ્યું.

૧૯૪૭ની સાલ; ૧૫મી ઑગસ્ટ: દેશ સ્વતંત્ર થયો. અંગ્રેજોની સલ્તનત સંકેલાઈ ગઈ.

'હવે શું થશે?' કૃષ્ણપ્રસાદને ચિંતા થઈ; પણ તેમનું મગજ વસ્તુસ્થિતિ સમજે તે પહેલાં તો વાતાવરણ વિદ્યુતમય બની ગયું.

જૂનાગઢમાં ક્રાંતિ થઈ. નવાબ પાકિસ્તાન નાસી ગયા. કાલાગ્નિ જેવા દુર્ધર્ષ એવા સરદારનું ત્રીજું લોચન ઊઘડ્યું અને રાજવીઓના પગ નીચેની ધરતી ધ્રૂજી ઊઠી.

રિયાસત ખાતાના મંત્રી મેનનના પ્રવાસ શરૂ થયા અને તેને પગલે પગલે રોજ પાંચ-પંદર રાજ્યોના કડાકા બોલવા લાગ્યા.

દિગ્મૂઢ રાજવીઓએ એકમને [illegible] વધાવી લીધો અને સર્વનાશમાંથી સાલિયાણાં હાથ આવ્યાં તેથી આનંદ અને આશ્ચર્ય સાથે બીજું બધું વહેતું મૂક્યું.

રાજ્યોનું એકમ થયું તે રાતે કૃષ્ણપ્રસાદ નોકરને સૂચના આપતા હતા: 'જા ઝટ! બે તાકા ખાદીના લઈ આવ, જેવી મળે તેવી. જાડીઝીણી જોવા બેસીશ મા. દરજીને કહેજે, સવારમાં સંચો લઈને આવી જાય. કાલ ને કાલ મારે ખાદીનાં સુરવાલ, કફની ને બંડી તૈયાર જોઈએ.'

નોકરો ઑફિસમાં ગોઠવાયા. બંગલો ખાલી કરવો પડ્યો. મોટર પણ ગઈ. વસુમતી

ચિડાતાં અને પ્રધાનોને ગાળો ભાંડતાં, પ્રસાદ પત્નીને સમજાવતા : 'જવા દો, જવા દો. રાજાઓનાં રાજ્ય ગયાં ત્યારે મોટી વાત છે? ક્રાંતિ આવી છે ક્રાંતિ. રેશમી ને ગરમ કપડાં સંકેલીને પેટીઓ- ભરી દો. હવે હું ખાદી જ પહેરવાનો છું.' જીની છબી મઢાવી તેમણે દીવાનખાનામાં ી. તેની સામે જોઈ એ બબડતા : વાણિયે કાંઈ કરી છે ને!' મનમાં ફીકર એ હતી, કે 'નોકરી કેવી રીતે રહેશે? નવી સરકારમાં ક્યાં જગ્યા આવડત છે નહિ. કેવું કામ મળશે?' અને ચિંતાનો પાર ન રહ્યો. ઊંઘ થઈ ગઈ.

અરસામાં તેમને હૃદયરોગનો હુમલો કેટલાક દિવસ પથારીવશ રહ્યા; પણ ો અને કુટુંબીઓની કાળજીભરી રથી તેમની તબિયત સુધરી.

ચાર છ મહિના એમ અનિશ્ચિતતામાં ા. પછી પરિસ્થિતિએ પલટો ખાધો. રાજ્યોના જોડાણમાં એક શરત એ કે જૂના નોકરોને નવી સરકારમાં ી લેવા.

પબ્લિક સર્વિસ કમિશન પાસે કૃષ્ણ- ને જવાનું આવ્યું. તેમના ઊંચા પગારને ક કામ તેમને સોંપવાનું નક્કી થયું. અનેક ઓનો તેમનો અનુભવ પણ ઉપયોગી ો. વળી વિલાયતી ડિગ્રી! દેશ સ્વતંત્ર નવી સરકારમાં પરદેશી ડિગ્રીઓની બોલાતી હતી. વીશેક વરસની નોકરી. ઉમેરા ગણાયા. કૃષ્ણપ્રસાદના પગારનો બે હજાર સુધી પહોંચી ગયો.

અને કૃષ્ણપ્રસાદ જોરમાં આવી ગયા. ની ખાસ અસર તેમણે પ્રધાનો પર ઈ નહિ. તેથી કફની–બંડી સંકેલી લીધાં પાછા તેઓ બુશશર્ટ અને પાટલૂન પર આવી ગયા. નવું નિવાસસ્થાન તેમને માફક આવી ગયું. ક્લબમાં રસભરી રમી પાછી શરૂ થઈ. મંડળો, મિજલસ, હારતોરા ધમધોકાર ચાલુ થઈ ગયા. અનેક મંડળો તેમનાં પ્રેરણા અને પ્રોત્સાહન માગવા લાગ્યાં. પત્નીને હાથે શાળાઓમાં ઇનામો વહેંચાવા લાગ્યાં. મોટા પુત્રને સરકારી શિષ્યવૃત્તિ મળી અને તે અમેરિકા અભ્યાસ કરવા ગયો. દીકરીઓ કૉલેજમાં દાખલ થઈ. બંગલો, મોટર, નોકરચાકર બધું પૂર્વવત્ વ્યવસ્થિત થઈ ગયું. બેંકોમાં સારી એવી રકમ દર મહિને જમા થવા લાગી.

વસુમતીબહેન હવે વધારે કદરૂપાં અને કઘાટાં બની ગયાં હતાં પણ કિંમતી રેશમી કપડાંની રંગીન શોભા વડે તે દેહવિસ્તારને ઢાંકતાં. મહાપરિશ્રમે મોટરમાંથી નીચે પગ માંડતાં. તેમણે એક મહિલા કલબ શરૂ કરી, જેમાં મોટા વજનદાર અમલદારોની કદાવર ધર્મપત્નીઓ રોજ સાંજે ગામ આખાની કુથલી કરવા અને ગંજીપત્તે રમવા એકઠી થવા લાગી.

સ્વતંત્રતા મળતાં રાષ્ટ્રનું નવનિર્માણ કરવાની મહાન તક આ દેશને સાંપડી; પણ પ્રજાના સન્માનિત નેતાઓ અને પ્રજા વચ્ચે અમલદારોની દીવાલ ખડી થઈ ગઈ. સંક્રાંતિકાળની અવ્યવસ્થાનો કૃષ્ણપ્રસાદે આબાદ લાભ ઉઠાવ્યો. જ્યાં મોટા પગારવાળી જગ્યા ત્યાં પોતે બેસી જવું અથવા પોતાના માણસોને ગોઠવી દેવાં એ જ તેમની પ્રવૃત્તિ થઈ પડી. તેમણે ફરિયાદોનો વંટોળ ચડાવ્યો : 'અમારી સિનિયોરિટી! અમારાં ભથ્થાં! અમારાં ગ્રેડ! અમારાં પ્રમોશન! અમારી સગવડો! અમારા હક્ક! અમે પહેલા, બીજું બધું પછી. પ્રોવિડન્ટ ફંડ ચૂકવો, પેન્શનના નિયમો સુધારો.' જેમ જેમ માગણીઓ મંજૂર થતી ગઈ તેમ તેમ તે વધતી ગઈ. વહીવટી-

તંત્રની જાદુઈ દુનિયામાં કેવળ કાગળની વિજયપતાકા ફરફરવા લાગી.

છતાં નવાઈની વાત તો એ છે કે કૃષ્ણપ્રસાદને પોતાના કામમાં શ્રદ્ધા ન હતી, દિલ પણ ન હતું. મનમાં કડવાશ ભરી હતી. નવા તંત્રમાં આગળ આવનારા પર તે મનમાં બળ્યા કરતા, પ્રધાનોની કડવી મજાકો કરતા, જૂના દિવસો યાદ કરી નિસાસા નાખતા.

શી તેમની કામની રીત! ઑફિસમાં બધી બારીઓ બંધ. અંદર બત્તીઓ બળે. પંખા ચાલે. પરિપત્રો અને હુકમો નીકળ્યા કરે. અવનવી યોજનાઓ ઘડાય. 'આ માહિતી મંગાવો, પેલા આંકડા મંગાવો, પત્રકો મંગાવો, હકીકત લાવો, આવકખર્ચના અંદાજ તૈયાર કરો. જરૂરી તુમાર, મુદ્દામ–જરૂરી પરિપત્ર, તપસીલ કરો, એકંદર કરો. લખો, લખો, નકલ કરો, ફાઈલ કરો. આવક નોંધો, જાવક નોંધો.' ટાઈપરાઈટરોની તતડાટી બોલ્યા કરે. ટપાલમાં તુમારો આખા દેશ પર ઊડતા જાય અને વધારે વજનદાર થઈ પાછા આવે. આખા દેશમાં નાના નોકરોની ફોજ તેમણે ગોઠવી રાખી છે. તેઓ લખ્યા જ કરે, પત્રકો મોકલ્યે જ રાખે, કામમાંથી ઊંચા ન આવે અને કૃષ્ણપ્રસાદના ખંડમાં માહિતીના ગંજ ખડકાયે જાય. એનો ઉપયોગ એટલો જ કે પ્રધાનશ્રી પાસે વખતસર માહિતી મુકાય, ધારાસભામાં આંકડા આપી શકાય. સહુ જાણે ખાતું કેટલું જાગ્રત છે! પણ તેથી કામનો નિકાલ ન થાય કે લોકોનાં દુઃખ ઘટે નહિ. અરજીઓ આવ્યે જાય અને નેતાઓ ગાળો ખાય. કૃષ્ણપ્રસાદને તેથી ઊંડો આનંદ પણ થતો. નોકરી કાયમી થઈ છે, પગાર નિયમિત મળે છે, ભથ્થાં વધતાં ગયાં છે. કોઈ નામ લે તેમ નથી, ફિકર નહિ. હસીને એ કહેતા: 'આ તો લોકશાહી છે. શાહી વાપર્યે રાખો, બાપલા! લોકોનું ધર્યું તે થાય!'

[૩]

આમ દુનિયાની દૃષ્ટિએ સફળ રાવસાહેબની કારકિર્દિનો અંત અ રીતે આવ્યો.

ચૂંટણીઓ થઈ.

નવું પ્રધાનમંડળ રચાયું અને દફતરો વહેંચણી નવેસરથી થઈ.

તેમાં કૃષ્ણપ્રસાદનું ખાતું એક પ્રધાનના હાથમાં આવ્યું. કૃષ્ણપ્રસાદના નસીબે આ પ્રધાન સર્વોદયના સિદ્ધાં વરેલા હતા. તે પરિશ્રમમાં માનતા. નો તેમને અનુભવ હતો. તુમારી માણ સાથે તેમને ફાવતું નહિ.

એક દિવસ તેમણે રાવસાહેબની કચે ની મુલાકાત લીધી. કાગળોના ઢગલા તેમણે કહ્યું: 'આ શાનો ગોડાઉન છે કાગળોનો નિકાલ કરો. નકામા કાગળો ન કરો.' અને અકળાઈને તેમણે હુકમ કર 'બારણાં ખોલી નાખો. તાજી હવા અં આવવા દો.'

રાવસાહેબને પહેલો પ્રશ્ન તેમણે પૂછ્યો: 'તમારી ઉંમર શું થઈ?'

'ત્રેપન વરસ અને છ માસ.'

હા, એ વાત ખરી હતી. રાવસાહે હવે નોકરીનું દોઢ જ વરસ બાકી હતું વધારે રહેવા તેમની ઇચ્છા હતી. કરી નવી યોજના તૈયાર થઈ હતી. એ પો હસ્તક ચાલે તો સારો લાભ થાય હતો. તેથી સ્નેહીઓ દ્વારા પ્રધાનશ્રીના પર તેમણે વાત નાખી: 'રાવસાહેબ ભવી માણસ છે. ઉપયોગી નીવડે તેવા સરકારે તેમને પાંચેક વરસ રોકવા જોઈ

પ્રધાને કહ્યું: 'તેમને હું બરાબર

લોકોથી દૂર, ગરીબોનાં ઝૂંપડાંથી દૂર રહી જે અમલદાર દેશનો વહીવટ કરે તે આ દેશમાં હવે ચાલે નહિ. પત્રકો અને પરિપત્રો, એ તે કામ છે? લાખો ચિત્રો ભરાયાં. છતાં મુઠ્ઠી અનાજ ઊગ્યું નહિ. વૃક્ષો વાવવાના હુકમો નીકળ્યા, પણ વૃક્ષ એકેય વવાયું નહિ. કામની એ રીત નથી. આટલો ભારે પગાર દેશ એમને ચૂકવે છે. બદલામાં તેમણે શું આપ્યું? વળતરમાં તુમારો. કેવા પોકળ, ખાલીખમ માણસ! તુમારો સિવાય જેમની પાસે દેશને શું આપવા જેવું નથી! એમને રાખીને શું કરું? તમે તેમની સિફારસ કરવા આવ્યા હો તો એટલું કામ કરો. તેમને કહો કે રજા લેણી થતી હોય તો રજા પર ઊતરી જાય અને પેન્શનનાં પત્રકો ભરી લે. મારી સાથે તેમનું નભશે નહિ. સરકાર નવી યોજના કરે છે તે પ્રજાના હિતને માટે, અમલદારના લાભાર્થે નહિ. આટલામાં બધું સમજી લો.'

આ જવાબથી રાવસાહેબની નિદ્રા ઊડી ગઈ. તેમનો ઉત્સાહ જતો રહ્યો. મનમાં ડર પેઠો કે જિંદગી પરની તેમની પકડ સરી જાય છે. એકવાર તેમણે પ્રયત્ન કર્યો: 'હું પણ સર્વોદયમાં માનું છું.' પણ પ્રધાનશ્રીએ કહ્યું: 'ખટપટ રહેવા દો. આ ઉંમરે જૂઠાણાં આપને શોભતાં નથી. સારું એવું પેન્શન મળે એમ છે તે ભોગવો અને તબિયત સાચવો.'

રાવસાહેબ રજા પર ઊતર્યા પણ તબિયત ન સાચવી શક્યા. આખો દિવસ શું કરવું એ પ્રશ્ન થઈ પડ્યો. સંગીત, ચિત્ર, સાહિત્ય એકેયમાં તેમને સાચો રસ ન હતો. માણસોનાં સુખદુઃખમાં રસ ન હતો. કોઈ સાચા મિત્ર ન હતા. હાથમાંથી સત્તા જતાં મળવા આવનારા પણ બંધ થઈ ગયા. એકલતા અને શૂન્યતાની તેમના સ્વભાવ પર અસર થઈ. તે ચીડિયા બનતા ગયા. હૃદયરોગે ફરીથી હુમલો કર્યો.

એક દિવસ સવારમાં રાવસાહેબ છાપું વાંચતા હતા. પ્રધાનશ્રીનાં પ્રવચનનો એમાં અહેવાલ હતો: 'લોકોની વચ્ચે જઈને બેસે, એમનાં સુખદુઃખને પોતાનાં કરી લે એવા અમલદારો દેશને જોઈએ છે, મુક્ત આકાશ નીચે, ખુલ્લાં ખેતરોમાં જઈને કામ કરનારા. તુમારોના ગંજ ખડકનારા નોકરો કામ નથી કરતા પણ ઊધઈઓ માટે ખોરાક એકઠો કરે છે એ આપણે સમજી લેવું જોઈશે.' એ વાંચીને રાવસાહેબ ખડખડ હસવા લાગ્યા: 'નોન્સેન્સ, વૉટ નોન્સેન્સ!' તેમણે બૂમ પાડી. વસુમતીબહેને આવીને જોયું તો તે વિચિત્ર રીતે હસતા હતા. તેમની આંખો ચકળવકળ ફરતી હતી.

'ઊધઈ માટે ખોરાક? હા...હા!' તેમનાં લમણાંની નસો તંગ બની ગઈ.

'શું થાય છે તમને?' વસુબહેને પૂછ્યું.

રાવસાહેબનું મસ્તક છાતી પર ઢળી પડ્યું. તે બેહોશ બની ગયા. નોકરોએ તેમને બિછાનામાં સુવડાવ્યા. બપોર પછી તેમને સનેપાતનાં ચિહ્નો વરતાવા લાગ્યાં. 'લોકશાહી? ચલાવો બાપા! કોના બાપની દિવાળી? કર નાખો, કર નાખો ને ભાષણો કરો. શી બેવકૂફી?' ગુસ્સામાં આવીને તેમણે બૂમ પાડી. 'પત્રકો આવવાં જ જોઈએ. કેમ ન આવે? મુદ્દામ જરૂરી!' કોઈ જૂના નોકરનું સ્મરણ થતાં તે બોલ્યા: 'ડિગ્રેડ કરો, એને ડિસમિસ કરો. ફાઈલ ખોવાય કેમ?' તેમની આંખો શૂન્યભાવે અવકાશમાં જોઈ રહી. વળી એ બોલ્યા: 'અંદાજપત્રકમાં ભૂલ ન ચાલે. તપસીલ કાઢો. મેળ કેમ ન મળે?' પછી એ શાંત જણાવા લાગ્યા. સગાંસંબંધીઓ તેમની

પથારીની આસપાસ ઊભાં હતાં. સહુને લાગ્યું કે હવે રાવસાહેબની છેલ્લી ક્ષણો હતી. યમરાજના હુકમમાં કોણ જાણે શી ભૂલ હશે તે રાવસાહેબ ગુસ્સાથી બોલ્યા: 'પાછો લઈ જાવ, હુકમ પાછો લઈ જાવ. નંબર ક્યાં છે? હું કહું છું કે એમાં જાવક નંબર ક્યાં છે? ના, હું એ નહિ સ્વીકારું. નોંધ્યા વગરનો તુમાર મેં કદી લીધો નથી.' ધીરે-ધીરે તેમની શક્તિ ઘટતી ગઈ, તેમના અસ્પષ્ટ થતા ગયા. બબડાટ શમી ઘરમાં દીવાબત્તી થયાં. મોડી રાતે રાવસાહેબ તેમના બહોળા કુટુંબને શોકસાગરમાં ડીને પરલોક પહોંચ્યા. કોણ જાણે યમરાજનો એ વણનોંધ્યો તુમાર તેમને વાર માટે સ્વીકારી લેવો પડ્યો; પોતે રાખેલી વહીવટી રસમ ત્યાં કામ આવી નહિ.

*

સૌરાષ્ટ્રના મહિયારી ગામમાં ગયે વર્ષે પાણીનું પુષ્કળ દુઃખ હતું. ઉનાળામાં ખોબો પાણી મા કલાકો સુધી તપ કરવું પડે. જમીનની અંદરનું પાણી અમુક હદ સુધી જ મીઠું આવતું હતું, પછીથી ખા ઊસ જેવું મળી આવે. થોડેક દૂરની ભાદર નદીનો પ્રવાહ વાળવાની યોજના સરકારની વિચારણા હેઠ હતી; પણ જંગી ખર્ચને લીધે કામ લંબાતું જતું હતું. ગામની ભાગોળે આવેલા તળાવનો ખર્ચ અંદા ચાળીસ હજાર રૂપિયા આવતો હતો. તેથી એ પણ વાત ઠેલાતી હતી. અંતે ગામના આગેવાનોએ સર કારમાં જણાવતાં જવાબ મળ્યો કે 'બહુબહુ તો અમે દસેક હજાર ખર્ચી શકીએ.' આગેવાનોએ કહ્યું: 'ભલે તેમ કરો, એટલી રકમ આપો. ભવિષ્યમાં કદી યે તમારી પાસે પાણી માટે આવીશું નહીં.'

ને પછી આગેવાનોએ કામ હાથોહાથ કરી લેવાનો નિર્ણય કર્યો, ને હિસાબ કરીને ઘરદીઠ તળાવની પાંચ ચોકડી ખોદવાનું કામ આપવામાં આવ્યું. સરકારે ચોકડીદીઠ અંદાજેલા રૂપિયા પાંચને બદલે સહકારથી અહીં અઢી નક્કી કરવામાં આવ્યા. ખોદી ન શકે તેણે મજૂર રાખી ચોકડી ખોદી આપવાની હતી.

અને થોડા જ દિવસમાં આગેવાનોની ચીવટથી ને ખંતથી ગામને સુંદર તળાવ મળ્યું, પાણીનો ત્રાસ સદાયને માટે જતો રહ્યો.

×

કોઈ જાહેર કાર્યકર સામે કલકત્તાના એક પત્રે લેખ પ્રસિદ્ધ કર્યો. એમાં એમનાં કાર્યોની ખૂબ જ કડ ટીકા ને આક્ષેપો કર્યા હતા. પોતાના નેતા પાસે જઈ આ ભાઈએ પત્રની નકલ બતાવીને કંઈક ઉતાવળે ને ગુસ્સામાં જણાવ્યું:

'જુઓ, જોયું આ? કેવું ઉદ્ધતાઈપૂર્વક ને જાણ્યા–સમજ્યા વિના બધું લખ્યું છે? તમે જ કહો, આવા સંપાદકને માફી મંગાવતો કડક પત્ર હું કેમ ન લખું? અને તે ન માગે તો એની સામે બદનક્ષીનો કેસ પણ હું કેમ ન માંડું?'

આ ભાઈની વિગત શાંતિથી સાંભળ્યા પછી નેતાએ ગંભીરતાપૂર્વક કહ્યું:

'ભાઈ, તમે કોઈ પણ જાતનું ઉગ્ર પગલું લેતાં પહેલાં ધીરજથી વિચાર કરો. હું તો ધારું છું કે તમે કરવા ઇચ્છો છો તે કશાયની જરૂર નથી. એ વર્તમાનપત્ર મંગાવનારાઓમાંથી અડધા લોકોએ તો એ લેખ જોયો પણ નહીં હોય. જે અડધાઓએ જોયો હશે, એમાંથી પચાસ ટકાએ વાંચ્યો હશે તો સમજ્યા નહીં હોય. જેઓ સમજી શક્યા હશે એ લોકોએ એના પર વિશ્વાસ સરખો ય મૂક્યો નહીં હોય અને એમાંથી અડધા લોકોએ વિશ્વાસ મૂક્યો હોય તોપણ એટલા નાનકડા સમુદાયનું હવે શું વજન પડવાનું છે? ઉપરાંત જેઓ આપણને ઓળખતા હશે તે આ વાત માનશે નહિ અને નહિ ઓળખનારની ચિંતા શી?'

×

હપ્તા ત્રીજો

નાસ્તા પહેલાં

[રૂપકકથા]

લેખિકા :

કુ. રૈહાના તૈયબજી

'પાંજરાપોળ'માં

અહેતબા ઝુબેદા ખાતૂનની જાળીવાળી ઓશરીના એક ખૂણામાં એક મોટા કદનો પટારો જર્જરિત હાલતમાં પડ્યો રહેતો હતો. તેમાં વર્ષોજૂનો ખેરીચો ભરી રાખ્યો હતો. તેની પાછળ હેતુ શો હશે અને ભવિષ્યમાં તેનો ઉપયોગ શો કરવાનો હશે, તે તો કોણ જાણે! પણ એક વાત સાચી હતી. ઝુબેદા ખાતૂનના હૃદયમાં પોતાના નોકર-ચાકર પ્રત્યે હંમેશાં વિશ્વાસનો ભાવ હતો; અને એક સમય એવો હતો, જ્યારે તે પટારાની અંદરના ખંડના રહેવાસીઓ ખાતૂનના બહુ નિષ્ઠાવાન અને મહેનતુ સેવક બનીને રહેતા હતા. ખાતૂન તે પટારાને માટે 'મારી પાંજરાપોળ' શબ્દ વાપરતી. તેના પતિ અને સગાંવહાલાંઓએ હજાર હજાર વાર કહ્યું હશે તોપણ ખાતૂન 'પાંજરાપોળ'ની એક પણ વસ્તુને ફેંકી દેવા રાજી ન હતી. તે અવારનવાર કહેતી: 'પડ્યાં રહે ને રહ્યાં બિચારાં! તે બધા તો મારા વફાદાર પેન્શનરો છે. એમણે મારી બહુ સેવા કરી છે. હવે અવસ્થા થઈ છે, તો નિવૃત્ત જીવન ગાળવાનો તેમને હક્ક છે!'

પાંજરાપોળમાં તરેહતરેહની ચીજ-વસ્તુઓ ભરી હતી. જૂનાં રેશમી ચીંથરાનાં પોટલાં, જૂની પટ્ટીઓ, ઝાંખા પડી ગયેલા રેસા, દુપટ્ટા અને સાડીઓની રંગ ઊપટી ગયેલી કોર-કિનારીઓ, દાંતા ખરી ગયેલ એક જૂની કાંસકી, બે તૂટી ગયેલા ગૂંથવાના સોયા, એક નકટી કાતર, કેટલાય જમાના જૂની થયેલ ટાંચણીઓ, એક સર્વોત્તમ પરંતુ જરીપુરાણો થાકી ગયેલ જેવો પંખો...વગેરે.

બિચારા પંખા ઉપર બહુ વીતી હતી. જુવાનીમાં તેના સૌંદર્યનો પાર ન હતો. પરંતુ અત્યારે તો નહોતું રહ્યું રૂપ કે નહોતો રહ્યો રંગ. તેની નાજુક દાંડલી વળી ગઈ હતી, નકશીકામમાં પૂરેલા રંગ ઊડી ગયા હતા અને ચહેરા ઉપર પણ કરચલી પડી ગઈ હતી—ક્યાંક ક્યાંક તો ખાસા મઝાના કાપા અને ચીરા પડી ગયા હતા. 'પાંજરાપોળ'નાં સૌ રહેવાસીઓમાં આ પંખો હજી પણ સૌથી વધારે સુંદર હતો; પરંતુ આ બીનો માફ પણ કેમ થઈ શકે? પાંજરાપોળનાં બધાં જ લૂલાં-લંગડાં તે પંખાનું ટીખળ કર્યાં કરતાં અને પોતાનાં ઈર્ષાખોર હૃદયને શાંતિ આપતાં. બિચારો પંખો! એ તો ઠંડા નિઃશ્વાસ નાખતો પટારાના એક ખૂણામાં મોઢું સંતાડીને પડ્યો રહેતો અને મધુર સ્મૃતિઓને યાદ કરીને તે કદી કદી તરફડી ઊઠતો, તો કદી કદી દુઃખમાં દિલાસો મેળવી લેતો.

બાકી બધાં તો ઠીક, પરંતુ ઝેરીલી નકટી કાતર અને જાલિમ બુઢ્ઢા સોયા પંખાના જનમોજનમનાં વેરી હતાં. વળી તે પાંજરાપોળમાં કોઈને કામ શું હોય? બસ, નકામો બકવાટ અને અંદરોઅંદરની ખોલાચાલી જ ચાલતી હોય!...એટલે કાતરબાઈ અને બંને સોયાભાઈઓ એકસંપ કરીને સવારથી સાંજ સુધી, લઈ દઈને પંખાની પાછળ પડતાં. જ્યારે જુઓ ત્યારે આ ત્રિપુટીનો ટકટકાટ શરૂ જ હોય! તેમની કટાક્ષમય ટીકાઓ અને અકારણ નિંદા સાંભળીને પંખો મનમાં-મનમાં મુઝારો અનુભવતો

અને તે જોઈને કાતરબાઈ અને સોયા-બિરાદરો રાજીરાજી થઈ જતા.

એક દિવસ કાતરબાઈએ સોયા-ભાઈઓ સાથે બાપડા પંખા પાસે જઈ અડ્ડો જમાવ્યો અને જોસમાં આવીને કાબર-ની જેમ કલકલ કરવા લાગી:

કાતર: 'હાય રે, સોયાભાઈ! કેવો જમાનો આવ્યો છે! હાય રે!'

સોયા: (મસ્તક હલાવીને). 'હાય રે, ખરું છે બહેન!'

કાતર: 'ખરેખર, દુનિયા કંઈ જુદી છે! અરે રે! મારું તો હૃદય જ બસ, તૂટી પડ્યું છે!'

સોયા: (શોકથી) 'અને અમારું માથું ફૂટી ગયું છે!'

ત્રણેય: 'કેવો જમાનો, ભાઈ રે! હાય હાય રે!'

કાતર: 'પરંતુ સોયાભાઈ, તમે એવું તે શું દુઃખ જોયું છે? મારાં દુઃખ આગળ તમારું દુઃખ તો શી વિસાતમાં? ખરેખરી દુખિયારી તો હું છું.'

સોયા: 'અમે પણ–'

કાતર: (નિર્દયતાથી) 'છટ્! તમે તો મારા આગળ બચ્ચાં છો બચ્ચાં! મોઢા-માંથી તો હજી ધાવણ ફોરે છે! મોટાં બાઈસાહેબ તમને બજારમાંથી ખરીદી લાવ્યાં તે તો હજી ગઈ કાલની વાત છે. તે દિવસ મને બરોબર યાદ છે–તમે તો હજી આજ-કાલના જુવાનિયાઓ છો!... પરંતુ હું તો બાઈસાહેબની બચપણની સાહેલી છું. અરે ઈશ્વર! કેવા સુખી દિવસો હતા એ! કેવા કેવા મિત્રો, કેવા કેવા મેળાવડા અને કેવી કેવી રાજશાહી મહેફિલો!...અને હવે? જોઈ લો અમારો સંગાથ! આ સડેલ પંખો......'

કાંસકીનાં મનમાં ડર પેઠો. તેને લાગ્યું, 'આ ઘડીએ મારું પણ આવી બન્યું! આ બલા હમણાં મને પણ વળગશે અને મારી પણ નિંદા કરવા લાગશે.'

કાતરને સારું લગાડવા તે બોલી ઊઠી: 'સાચું કહો છો, બહેન! તમારી વાત સોળ વાલ ને એક રતી છે. મને પણ મારો ભૂતકાળ યાદ આવે છે, ત્યારે તો માથું પછાડીને મરી જવાનું મન થાય છે! આ પંખો બિચારો શું જાણે કે આપણાં હૃદયમાં કેવી લાય બળી રહી છે?......'

કાતરે નજર ફેરવીને કાંસકીને પગથી તે માથા સુધી નિહાળી લીધી. કેવી સુંદર હતી! ઘણાખરા દાંત ખરી પડેલા હતા અને કેટલાક બાકી હતા, તે સડી ગયેલા હતા. તિરસ્કારપૂર્વક 'કટાકટ' અવાજ કરીને કાતર બોલી, 'ઠી...ક!!! તો હું જરા પૂછું?–કહો તો ખરાં કે આપને એવી મોટીમોટી ઓળખાણોમાં ક્યારે હળવા-મળવાનું બન્યું હતું કે આજના સંગાથીઓથી આપને એટલું બધું દુઃખ થઈ આવે છે!'

કાંસકી: (ચિડાઈને) 'પૂછું! હં...! પૂછવાનો અધિકાર આપને છે તે પૂછો ને બાઈ! જવાબ દેવો ન દેવો તે અધિકાર તો મારો છે ને?'

કાતર ખુશીખુશી થઈ ગઈ. કજિયા-ખોરને કજિયા સમાન એકેય સુખ નહીં હોતું. કાતરને તો હંમેશાં એટલું જ જોઈતું હતું કે 'કાં તો વઢ, નહિ તો વઢ-નાર દે.' તેને કાંસકી સાથે તો જૂની દુશ્મના-વટ હતી. કાતર ઝપાઝપી માટે કમર કસીને તૈયાર થઈ ગઈ. તેનું નાક ભલે બુઠ્ઠું હોય જીભે જોર એટલું બધું હતું કે ન પૂછો વાત! હવે જરા અહંકારપૂર્વક બોલી: 'હં...હં...! તો એમ કહો ને કે જવાબ હોય તો દઉં ને?'

કાંસકી: (દાંત પીસીને) 'મારે વા

હોય તો સારા માણસોનો કયાં યામાં દુકાળ પડ્યો છે?–તમ જેવાને ગણે છે જ કોણ?'

કાતર: (ખડખડાટ હસીને) 'હા હા ……! તો હવે સમજી! આપની મોટી ઓળખાણો તો માત્ર વખાણ કરવા જ હશે, હેવાલ સંભળાવવા જેવી હોય!'

વાત આટલે સુધી પહોંચતાં સોયા- ને લાગ્યું કે આ બૈરાંઓએ બહુ બકવાટ , હવે જરા અમારો વારો પણ આવે ઠીક. બંને ભાઈઓ હતા જરા ડરપોક કાયર. બંને બિચારા લઘુગ્રંથિના રોગથી તા હતા. એકનું નાક તૂટી ગયું હતું બીજાની જીભ ટૂંકી થઈ ગઈ હતી. તરબાઈ સાથેના ઝઘડાઓ વખતે લોકો કહેતા હતા.) પરંતુ ગરીબ પંખા તો બંને સિંહ બનીને ઘૂરકવા લાગી . નાકકટ્ટો બુલંદ અવાજે બોલ્યો:

નાકકટ્ટો: 'આપ બંને તો રાજકન્યાઓ ! કોણ ના કહે છે?'

તોતડો: 'તોન ના તે' છે?' (કોણ કે' છે?)

કાતર: (બળી ઊઠીને) 'બસ બસ, થયું, નકટાભાઈ! તમે તો મૂગા જ ને તો બહુ સારું! તમને ભલા માણસ, છે જ કોણ? તમે વળી શું જાણો કે રાજકન્યા છે અને કોણ ભિખારણ ! તમે દુનિયા જોઈ છે પણ કેટલી? તમે તે કોણ છો? મોટા નહિ જોયા હોય વચમાં વિનાકારણ બખડાટ કરવાવાળા!'

નાકકટ્ટો: (ગર્વથી) 'અમારો પણ દિવસ હતો! નહિ સમજતાં કે તમે ઓએ જ સારા લહાવા લીધા છે.'

કાતર: 'જેને સમજવું હશે તે સમજશે, સમજવાનું હોય તે શું કામ સમજે? મોટા સમજાવવાવાળા નહિ જોયા હોય તો! અમને ખબર છે કે તમે કેવાક મોટા છો તે! કયાં રહેતા હતા અને શું કરતા હતા, તેની રજેરજની ખબર છે! એક ભંગાર જેવા દાબડામાં ચીંથરાં અને દોરાની સાથે રહેતા હતા તે જ કે બીજા કોઈ? અને નાકકટ્ટાભાઈ, તું તો બોલતો જ નહિ. તારી તાકાતની તો શું વાત કરું? એક દિવસ સાહેબનો પગ તારા પર પડ્યો ત્યાં તો તારું નાક 'કટાક' કરતુંકને બટકી ગયું… અને તમે તો તોતડાભાઈ ને! ઊંઘમાં બકી-બકીને તમે તો તમારી જીભને જ ઘસી નાખી; અને એટલે તો પેલી ભલી બિચારી સોયે તારી સાથે લગ્ન કરવાની ઘસીને ના પાડી દીધી. મોટા આવ્યા છો તે ડહાપણ વધારવા!'

સોયા ગભરાટના માર્યા ગમ ખાઈ ગયા; પણ કાંસકી કાંઈ એમ સહેલાઈથી હાર કબૂલે તેવી ન હતી. તે તો મિજાજ કરીને બોલી: 'ઘીદૂધ ઉપર બહુ મારો ચલાવ્યો લાગે છે. જોર છે કંઈ જોર!'

કાતર: (નાકનું ટેરવું અને ભમર ચઢાવીને) 'ઠીક, ત્યારે તો આપે પણ ઘીદૂધનું નામ સાંભળ્યું લાગે છે ખરું!'

કાંસકી: (ક્રોધમાં આવીને) 'અલી કાતર! તું તારા મનમાં સમજે છે શું? હું કાંઈ કોઈ ભંગારખાનાનો કચરો નથી, સમજી? હું દોઢ વર્ષ સુધી તો બાઈસાહેબના ડ્રેસિંગ ટેબલ ઉપર રહી છું. બજારમાંથી મારે માટે ચાંદીનું તો ઘર લાવ્યાં હતાં. દાસી હમેશાં મને ખુશબોદાર સાબુથી તો નવરાવતી હતી. બાઈસાહેબના વાળની સજાવટ હું એવી તો ખૂબીપૂર્વક કરતી કે મારા બે દાંત તૂટી ગયા તોપણ બાઈસાહેબે મને પેન્શન નહોતું આપ્યું! પેલો ચાંદીનો બ્રશ તો મારી સાથે વિવાહ કરવા, રાત ને દી ઝંખીઝંખીને અડધો થઈ ગયેલો.'

કાતર : (ઘૃણાપૂર્વક હસીને) ‘ચાંદીનું ઘર! વાહ રે! વાહ!...અરે, એ તો સસ્તો ગીલેટ હતો, સસ્તો ગીલેટ! તે માટે તો કેટકેટલી બોલાચાલી થઈ હતી, તે કેમ ભૂલી જાય છે? ના ના! મારું કહેવું એમ નથી કે તું કંઈ ન હતી. હતી! જયાં હતી ત્યાં ઠીક હતી! પરંતુ તેમાં એટલો બધો ગર્વ કરવા જેવું તે શું હતું? તારી જેવી તો સેંકડો કાંસકીઓ આવી અને ગઈ. તેમાં શું?... પરંતુ મારી વાતની ખબર છે? મારી સાખ્યબી તો કોઈ ઓર જ હતી! જયારે જુઓ ત્યારે બાઈસાહેબ પાસે ને પાસે જ. કંઈ પણ વાત હોય તો કહે કે ‘કાતર છે ને!’ સાંધવું સીવવું છે, તો કહે લાવો, કાતર! અરે, ચોવીશે ય કલાક, બસ મારાં ચામડાનાં કેસમાં, બાઈસાહેબની પર્સમાં સાથે ને સાથે જ! મારું સ્થાન કોઈ ઓર જ હતું, કાંસકીબાઈ!...બોલો, પંખાજી! હું ખરી વાત કહું છું ને? સાચું કહેજો, આ પાંજરાપોળમાં સૌથી અધિક પ્રતિષ્ઠિત હું જ છું ને?’

હવે છેવટે પંખાનો બોલવાનો વારો આવ્યો. તે ઊંડો શ્વાસ લઈને નરમાશથી બોલ્યો : ‘આપનું સ્થાન બેશક બહુ જ ઊંચું હતું, કાતરબહેન! પરંતુ મારા કરતાં તો કંઈક ઓછું હતું એવો મારો ખ્યાલ છે.’

કાતર : (ચિડાઈને) ‘શું, શું? શું કહો છો? તદ્દન ખોટી વાત!’

પંખો : ‘ના, ખોટી વાત નથી. હું મારી મોટાઈની વાત કરવા નથી માગતો; પરંતુ તમે પૂછો જ છો, તો પછી સાંભળો. મોટા સાહેબ મને પેરિસથી લઈ આવેલા અને આપણાં નાનાં બાઈસાહેબની સોળમી વર્ષગાંઠ ઉપર મને તેમના હાથમાં ભેટ તરીકે મૂકી દીધેલો. તેમના આનંદની તો શી વાત કહું! હજી આજ પણ તે મને યાદ છે! તે વાતને ચૌદચૌદ વર્ષ થઈ ગયાં...મારા પર તેમને એવું તો વહાલ હતું કે હું સવારથ સાંજ સુધી તેમના હાથમાં જ રહેતો. રાતે તેમને ઓશીકે! નાનાં બાઈસાહેબ વેવિશાળ મારી નજર સામે જ થયેલું. સગ થયા પછી આપણા સાહેબ પહેલીવાર મળ આવ્યા ત્યારે બાઈસાહેબે તેમનો હસુ થઈ રહેલો ચહેરો અને લજ્જાભરી આંખો છુપાવવા મારો આશરો લીધેલો. કોઈ કોઈ વાર તેમની ચમકતી આંખો મારી કોર ઉપ થઈને એવી તો કાતિલ નજર ફેંકતી કે તેમને જોવાવાળાનાં હૃદયના ચૂરેચૂરા થ જતા. તેમના પર નવ તો સંદેશા આવેલા! દરેક સંદેશ મળતાં બાઈસાહેબ આંબાન મોટી ડાળી ઉપર જઈ બેસતાં અને મારી સાથે સલાહ–મસલત કરવા લાગી જતાં: ‘પંખા, તારો શો મત છે? ફલાણા ફલાણાનો સંદેશો આવેલો છે. તેમાં ફલાણી ફલાણી બાબત ખૂબીપૂર્વક લખાયેલી છે; પરંતુ મને ફલાણી ફલાણી બાબત નથી ગમતી...’’ અરે ઈશ્વર! કેવા દિવસો હતા!...તેમનાં સૌંદર્યનું તો શું વર્ણન કરું? જાણે કે ચાંદની, શ્વેત ફીણ અને નાજુક ઉમદા તરબતર સુવાસ–એ ત્રણેયનું સંમિશ્રણ! અને તેમનો મુલાયમ કેશ–કલાપ! જાણે કે તારલિયાઓથી શોભ રજનીરાણીનો પડદો! કેવા લાંબા ગુચ્છાદાર, બારીક અને ચમકદાર વાળ!

‘તેમના પુષ્પ–સુકોમળ હાથ જુઓ તો જાણે કે કેળના નવપલ્લવિત ગોટાની કુમાશ! અને હું જયારે તે હાથમાં હોઉં ત્યારે તો!

‘પરંતુ હું કાંઈ શોખ અને શોભા મા જ ન હતો. તેમનાં લગ્ન વખતે તો કામ ક કરી મારા હાથપગમાં ચીરા પડી ગયા હ પછી સાહેબ બહાદુરની તબિયત ખરાબ થઈ ગઈ; ત્યારે પણ મને ઘડીભર ફુરસદ નહોતી મળતી...અને રોજરોજનાં મા ઘરકામો અને સેવાકાર્યોની તો વાત

કહું! દૂધ પર માખીઓ બેસે તો કહે, ક્યાં છે પંખો?' સાહેબને ગરમી થાય છે કહે, 'ક્યાં છે પંખો?' પલંગમાં મચ્છર ગયા છે, તો કહે, 'ક્યાં છે પંખો?' સાહેબને કોઈ વાર હાસ્ય તો કોઈ-આંસુ છુપાવવાં હોય તો પંખો તન, ધનથી સેવામાં અને જાન કુરબાન હાજર જ હોય!......

'આવું તો મારું ગૌરવભર્યું સ્થાન! અને અત્યારે?–એ તો જેવી ઈશ્વરની!...પરંતુ મારી દાંડલીના સોગંદ, કહું છું કે મને મારો મોભો યાદ નથી તો! મને તો બાઈસાહેબ યાદ આવે! તેમનો મુલાયમ સૂરીલો અવાજ, તેમની -શી ચમકતી આંખો...

'ઈશ્વર જાણે, આ જિંદગીમાં કોણ જાણે ય એમનાં દર્શન થશે! તે દિવસ તો તે ગયા જ......'

પંખાના અવાજમાં કંપ હતો. તે બની ગયો. કાતરબાઈ ઈર્ષા અને રાઈથી બેચેન બની રહી હતી. કાંઈક જતી હતી. એટલામાં ઉપરથી એક મધુર સ્વર કાન પર અથડાયો: 'યાદ આવે છે ખરો, પેલો આપણો પ્યારો–મજાનો પંખો? આજ તે મને ઘડીએ ઘડીએ યાદ આવી રહ્યો છે! તેને બિચારાને પાંજરાપોળમાંથી કાઢીએ–ખુદા જાણે શા હાલ થયા હશે, એ બાપડાના!'

અને પટારો ઊઘડ્યો. એક નાજુક હાથની કળાઈ અંદર આવી. નાજુક નાજુક આંગળીઓએ પંખાની દાંડલીને પ્રેમપૂર્વક પકડી લીધી અને પંખો ચાલ્યો તેના સ્વર્ગ તરફ!

ગુસ્સાના માર્યા કાતરે તેની જીભ કરડી ખાધી. કાંસકી તો બળીબળીને ઠીકરું થઈ ગઈ અને તેના રહ્યાસહ્યા દાંત પણ ઊખડીને ઢગલો થઈ ગયા. નફટો સોયો કાતર સાથેના જંગથી અવાચક થઈ ગયેલો તે પણ તે જ ક્ષણે ગુજરી ગયો. તોતડા સોયાનો તો શ્વાસ જ અદ્ધર રહી ગયો.

પરંતુ રેશમના ટુકડાઓએ કહ્યું: 'કેવું સારું થયું! તે પંખો ખરેખર બહુ જ ખાનદાન અને ઈમાનદાર છે!'

*

કોઈ કહે છે વિરોધીઓના ભરમાવ્યાથી ને કોઈ કહે છે એમની માતાના જ કહેવાથી કબીરને જ્યારે શાહે દરબારમાં હિંદુમુસ્લિમ પ્રશ્ન માટે બોલાવ્યા, ત્યારે ધાર્યા કરતાં એ થોડાક વહેલા દરબારમાં થયા, એટલે બાદશાહે પૂછ્યું:

'તમે આટલા જલદી કેમ આવ્યા?'

'એક તમાશો ચાલતો હતો તે જોતો'તો, એટલે આટલીય વાર લાગી; નહીં તો વહેલો આવત.'

'તમાશો થતો'તો? શું હતું એમાં?' બાદશાહે પૂછ્યું.

'સોયના નાકા જેટલો એક નાનકડો રસ્તો હતો. તેમાંથી હજારો ઊંટ જતાં'તાં. એ જોઈને હું ત્યાં ગયો હતો.'

'અરે એવું તે હોય, તમે તે કેવી વિચિત્ર વાત કરો છો?'

'સાંભળો બાદશાહ, આંખની કીકીમાં સોઈના જેટલું જ કાણું છે. એમાં થઈને સૂરજ–ચાંદો, જીવ- ઊંટ, ઘોડા, હાથી બધુંય આંખની અંદર જાય છે. એ વખતે કોઈ હિંદુમુસલમાનનો ભેદ કરી નથી કે કોને જવા દેવા ને કોને ન જવા દેવા. ખુદાએ, રામે-સર્વ માટે એક જ માર્ગ બનાવ્યો છે!' પ્રેમ સમજ્યુ હતો. એણે કબીરને તુરત જ છોડી દીધા.

×

પંડના પડઘા

લેખક :
શ્રી ચૂનીલાલ મડિયા

પાત્રો :

સમજુ
ગોદાવરી
દગુ
અરુણા

[સુખી મધ્યમવર્ગી કુટુંબના જૂનવાણી મકાનનો એક ઓરડો. સામી ભીંતને અઢેલીને પડેલી એક મોટી પાટ અને પાટ પર જાડું ગાદલું તથા વધારે પડતાં તકિયા-બાલોશિયાં, બાજુમાં અદ્યતન ટિપોઈને સ્થાને ઊંચા ઘાટની દેશી ઘોડી. ઘોડી ઉપર દવાદારૂની શીશીઓ અને પાનસોપારીનો જર્મનસિલ્વરનો ડબો. પાટના આગળના ભાગમાં જાણે કે પગ અઢેલવા માટે જ મુકાયેલો બાજઠ. ડાબી બાજુએ સિંહાસન-આકારની કોતરણીવાળી જૂનવાણી ખુરસી. એની બાજુમાં-છેક ખૂણામાં-કુંભારવાડેથી આવેલાં તાજાં જ ધોળેલાં ને ચીતરકામ કરેલાં માટલાં ને મોરિયા. જમણી બાજુ પણ આવી જ સિંહાસન-આકારની પણ એક હાથો ભાંગેલી ખુરસી. એની બાજુમાં ખૂણામાં લીલી અતલસથી મોઢું બાંધેલી તાંબાની ગોળી અને પિત્તળનું ચકચકતું બેડું. બેડા પરની ખીંટીએ ટિંગાતો પતરાનો રામણ-દીવડો.

સામી ભીંતે, ખાટલામાં સૂતેલા માણસને હાથવગી રહી શકે એટલી ઊંચાઈએ શેક કરવાની રબરની કોથળી ટિંગાઈ છે, કોથળી ઉપર લોલકવાળું મોટું ઘડિયાળ છે. ઘડિયાળની જમણી બાજુએ વલ્લભશેઠનું મોટા કદનું એન્લાર્જ્ડ ઑઈલપેઈન્ટ છે. એમાં શેઠની આંટીઆળી પાઘડી, કાળાંબોત્ર થેભિયાં અને સફેદ સોનેરી એસ ધ્યાન ખેંચે છે. ઘડિયાળની ડાબી બાજુએ એ જ પ્રકારની અને કદની સમજુબાની છબી છે. કપાળ પર મોટો ચાંદલો, નાક-કાન-ગળામાં જૂની ફેશનનાં ઘરેણાં અને મોં પર અત્યંત ઊર્મિલ સ્વભાવ સૂચવતી રેખાઓ.

ડાબી-જમણી બન્ને ભીંતે બારણાં. બારસાખ પરનાં મોતીનાં તોરણ ઉપર અત્યારે તાજાં જ બાંધેલાં આસોપાલવનાં તોરણ. ડાબા બારણા પર શ્રીનાથજીની છબી, જમણે બારણે મહાપ્રભુજીની.

એક ખૂણામાં શગભરી ફૂલની છાબ પડી છે.

પડદો ઊપડતાં સમજુબા બાજઠ પર પગ માંડી પાટ પર બેઠેલાં જણાય છે.

ઘડિયાળમાં સાડાઅગિયારનો સુમાર છે.

નેપથ્યમાંથી ફળિયામાં ગવાતા ગરબાનો અવાજ સંભળાયા કરે છે. ભજવતી વેળા અનુ હોય તો પાછળ કોઈ જાણીતા ગરબાની રે મૂકી શકાય.]

સમજુબા : (ત્રણ હપ્તે લાંબું બગાસું કરીને) નીંદરનાં તેડાં આવ્યાં પણ આંખ ભારે થાતી જ નથી. ને આ ગરબા ગાનારીઓ પણ સવારોસવાર હમચી ખૂંદશે એમ લાગે છે... ગોદાવરી પણ મને દવાનો ત્રીજો ડોઝ દેવાનું ભૂલીને ગરબા સાંભળવા બેસી ગઈ. (જરા રહીને બૂમ પાડતાં) ગોદાવરી! એ... ગોદાવરી!... અરે ગોદી...ઇ...ઇ...

[ગોદાવરી પ્રવેશ કરે છે. અર્ધ જૂનવાણી-અર્ધ નવીન એવો પહેરવેશ]

ગોદાવરી: પાછાં બેઠાં થઈ ગયાં મોટીબેન!

સમજુ : બેઠી ન થાઉં તો શું કરું સૂતાંસૂતાં તો ડિલમાં શૂળ નીકળે છે.

ગોદાવરી : ને બેઠાંબેઠાં છાતીમાં ચસકો ઊપડશે તો? દાક્તરના કહેવા પ્રમાણે ન કરો તો પછી તબિયત ક્યાંથી સુધરે?

સમજુ : તબિયત તો સુધરશે હવે લાકડાં ભેગાં થઈશું ત્યારે.

ગોદાવરી: લાકડાં ભેળાં થાય આપણાં વેરી! તમે તો કોડ દિવાળી

સમજુ : હું તો આવતી દિવાળી દેખીશ નહિ હવે.

ગોદાવરી: આજને સપરમે દિવસે અમંગળ વેણ શું કામ બોલો છો, મોટીબેન આજ તો તમારો રમણીક પરણીને

સમજુ: મારે શું કામનો ?

ગોદાવરી: અરુણા જેવી કહ્યાગરી વહુ-

સમજુ: એ યે મારે શું કામની ?

ગોદાવરી: આજે આવાં અવળાં વેણ બોલો ?

સમજુ: સંધાંય વેણ સવળાં છે. તને અવળાં લાગતાં હશે.

ગોદાવરી: આજ તો તમે બડભાગી થયાં. મારા બનેવી આજે જીવતા હોત તો એની આંખ કેવી ઠરત !

સમજુ: તારા બનેવી ! એ જીવતા હોત તો મારે આટલો સંતાપ પણ શેનો હોત !

ગોદાવરી: સંતાપ ! મોટીબેન, બારબાર વરસનો કાચો રંડાપો વેઠ્યા પછી આજે આ દિવસ દેખવા પામ્યા, એને તમે સંતાપ કહો છો !

સમજુ: મારા નસીબમાં જ સુખ માંડ્યું નથી.

ગોદાવરી: ભોગ તમારા. દીકરો પાંચ પૈસા કમાતો-ધમાતો થયો. ઘેરે લીલ-પગલી વહુ આવી, તોપણ તમારા જીવને સુખ નથી લાગતું તો નસીબ તમારાં, બીજું શું ?

સમજુ: દીકરા હારે મારે લેણાદેણી નથી. દુરગા જોષીએ જન્માક્ષર જોઈને જ કહી દીધું'તું, એ સાવ સાચું પડ્યું.

ગોદાવરી: દુરગો જોષી કયો મોટો દેવ થઈને અવતર્યો છે ? ઠાલાં, મનમાં આવા વે'મ રાખશો તો દીકરા હારે આંટી પડી જાશે.

સમજુ: દીકરો જ હવે ક્યાં મારો રહ્યો છે, તે હવે ફિકર કરું ?

ગોદાવરી: તમારો નહિ તો કોનો છે ?

સમજુ: ઓલી પારકી જણીનો.

ગોદાવરી: આજે તમારું મગજ ઠેકાણે નથી લાગતું, મોટીબેન ! વાતેવાતમાં સહુના વાંક કાઢ્યા કરો છો ! દાક્તરે ઉજાગરા કરવાની ના પાડી છે તોપણ તમે માનતાં નથી; પછી તો આમ મગજ તપી જ જાય ને !

સમજુ: એ તો હવે હું લાકડાં ભેગી થઈશ ને મસાણમાં ચેહ ટાઢી થાશે, ત્યારે જ મગજ પણ ટાઢું થાશે.

ગોદાવરી: ફરી પાછી લાકડાંની ને મસાણની વાત કાઢીને બેઠાં ! બીજાં કોઈનું નહિ તો તમારા પેટના જણ્યાનું તો ભલું વાંછો.

સમજુ: જેને પેટનાં ગણ્યાં'તાં એ તો પારકાં થયાં-

ગોદાવરી: તમારા મનનો વે'મ છે; બીજું કાંઈ નહિ. રમણીક તો તમારા પગ ધોઈને પીએ એવો કહ્યાગરો છે. બધી ય વાતે બરોબર મારા બનેવી ઉપર ઊતર્યો છે, એક રૂંવાડાનો ય ફેર નથી.

સમજુ: કહ્યાગરો હતો-જ્યાં લગણ મારો ઓશિયાળો હતો ત્યાં લગણ. હવે તો પાંખ આવી.

ગોદાવરી: પાંખ આવી એમાં શું બગડી ગયું છે ? ઊલટાનો વધારે સમજણો થયો છે. વિનય-વિવેકમાં તો બરોબર મારા બનેવી ઉપર ઊતર્યો છે. મને તો માશીબા-માશીબા કહીને અરધોઅરધો થઈ જાય છે. બોલે છે ત્યારે જાણે મોઢામાંથી ફૂલ ઝરે છે.

સમજુ: તારી પાસે ફૂલ ખેરતો હશે. મારી પાસે તો આગના અંગારા-

ગોદાવરી: (કંટાળીને) આજે કોણ જાણે કેમ પણ તમારો જીવ ઠેકાણે નથી લાગતો.

[બહાર ગરબા ગવાતા બંધ થાય છે અને અસ્પષ્ટ કોલાહલ શરૂ થાય છે. સમજુબાની નાની દીકરી દમુ પ્રવેશે છે. પંદરેક વરસની ઉમ્મર, રમતિયાળ મુખાકૃતિ, ઉત્સવપ્રિય સ્વભાવ.]

સમજુ: દમુ, ગરબા ગવાઈ રહ્યા ?

દમુ: હા, બા.

ગોદાવરી: હજી વધારે ગાવાના છે કે બસ, પતી ગયું ?

દમુ : આઠ તો ગાયા. એ થાકી ગયાં. સહુ ઘરભેગાં થવાની ઉતાવળ કરે છે.

સમજુ : ઘરભેગાં થવાની નહિ પણ લહાણીના પ્યાલા લેવાની ઉતાવળ કરે છે, એમ કહે!

દમુ : પ્યાલા લીધા વિના તો ઘેરે ક્યાંથી જાય?

સમજુ : હવે સમજી. દીકરી મારી છે તો હજી નાની, પણ ડહાપણ ઘણું છે. મારા દીકરાનું ડહાપણ બધુંય દીકરી લઈ ગઈ એમાં રમણીક સાવ અક્કલમઠો રહી ગયો.

દમુ : અરુણાભાભી પણ થાકી ગયાં છે.

સમજુ : કેમ ભલા? મેં હજી એને ઘંટી–વલોણું તો વળગાડ્યું નથી, ત્યાં જ થાકલા ખાવા માંડ્યા? આવી તકલાદી વહુ મારો રોટલો શું ઘડીને દેશે?

ગોદાવરી : અરુણાને તો મજાના રોટલા ઘડતાં આવડે છે, એમ લખમી વેવાણ કે'તાં'તાં.

સમજુ : પણ ચાર ગરબા ફરીને થાકી ગઈ એનું શું?

દમુ : એ તો પગમાં નવા ચાપડા પહેર્યા છે ને, એની ખીલી ખૂંચે છે; એટલે હમચી ખૂંદીને ડંખ પડ્યો છે.

સમજુ : આજકાલની પોચી પાપડ જેવી છોકરીઓ! પાશેર ઘરેણાંનો ભાર પણ નથી ઉપાડી શકતી! (ગોદાવરીને) આપણે નાનાં હતાં ત્યારે પગમાં અધમણ-અધમણનાં કડલાં પહેરીને સવારોસવાર રાસડા લેતાં.

ગોદાવરી : મોટીબેન, આપણા જમાના ગયા. હવેના રીતરિવાજ જુદા, એનાં માણસ જુદાં...જમાનો જોઈને બધો વિચાર કરવો જોઈએ ને?

દમુ : બા, કહો તો હવે અરુણાભાભી સહુને લહાણી વેંચી દિયે...તો ઝટ લૂગડાં બદલી શકાય...

સમજુ : હા, માંડો ઘરદીઠ પ્યાલો પકડાવવા; એટલે ઝટ નિકાલ

ગોદાવરી : હા રે હા. અરધી રાત ભાગી ગઈ છે, ને ઘડિયાળનો કાંટો કામ કર્યા કરે છે.

[દમુ જવા કરે છે.]

સમજુ : ને દમુ!

દમુ : (પાછી વળીને) હં, બા!

સમજુ : ખરડામાંથી નામ બો વાંચીવાંચીને પ્યાલા આપજે હં કે! વિનાનું કોઈ ઘમકાવી જાય નહિ!

દમુ : હો!

[જવા કરે છે.]

સમંજુ : (ફરી યાદ આવતાં) ને દમુ! આમ ઓરી આવ્ય!

દમુ : (નજીક આવતાં) આ આવી, શું કહો છો?

સમજુ : તું તો ભારે ઉતાવળી, બા પૂરી વાત પણ સાંભળતી નથી!

ગોદાવરી : અરુણાભાભીનો હેડો લા છે એટલે આપણી વાત શાની સાંભળે!

દમુ : સાંભળવા તો ઊભી છું. સંભળાવો ત્યારે સાંભળું ને!

સમજુ : જો, પ્યાલા એકેક બ છૂટા કરીને આપજો હો! કોઈને ભૂલ હાલ્યા જાય નહિ!

દમુ : નહિ જાય રે ભઈ નહિ જાય.

[કૂદતી–કૂદતી દોડી જાય છે.]

ગોદાવરી : ઓ હો હો... મોટીબેન, તો ભારે ચીકણાં કાંઈ! આવી ચોક તો મેં બીજે ક્યાંય નથી જોઈ.

સમજુ : ઘર સાચવવું કાંઈ રમત છે? ચોકસાઈ ન રાખી હોત તો તો કાળ કુટુંબી સહુ ભેળાં થઈને આ ભર્યું ભા ઘર ક્યારના લૂંટી ગયા હોત.

ગોદાવરી : વાત સાચી.

સમજુ : તારા બનેવીનું અંતરિયાળ મતરું...વાંસે ચોકસીની ભરીભાદરી દુકાન, ડોળી અસ્કામત......જાથુકનું જરજોખમ ...ને મારા અંગ ઉપરનું સૂંડલો એક ડું...આ બધું ય પગ નીચે દાબીને હું જેની જેમ દી ને રાત જાગતી બેઠી તો સચવાણું...નહિતર તો હાથમાં એના માં જાત...ને સંધું ય ફનાફાતિયા થઈ ત તો અમારે મા–છોરુને હાથમાં શકોરાં વાનો વારો આવત.

ગોદાવરી : ભગવાન કોઈને એવો દી ન દેખાડે.

સમજુ : (તોરમાં) તારા બનેવી દેવ થયા ત્યારે રમણીક તો હજી નિશાળે ય તો બેઠો ને દમુ હતી ધાવણી. ફૂંકેડી ાં સેવે એમ સેવીને જણ્યાંને ઉઝેર્યાં... રમણીકનું મોઢું જોઈને બધું ય દુઃખ ભૂલી ઈ...એ ટમકુડાક દીવાને તાપે તાપીતાપીને આ આયખું ખેંચ્યું છે.

ગોદાવરી : હું ક્યાં નથી જાણતી ?

સમજુ : હવે આ જાતેજનમારે દીકરો મારી સામે નથી જોતો. વીસનહોરી આવી એટલે માને ઉલાળી મૂકી. માના બધા ય ગુણ ભૂલી ગયો.

ગોદાવરી : કાંઈ નથી ભૂલ્યો બિચારો. તમને આજે ફરીફરીને આવો સોલો ચડ્યા જ કરે છે, રમણીક તો, 'બા, બા' કરીને હજી ય ઊભો સુકાય છે.

સમજુ : અરે, તું તો ચાર દી મેમાન થઈને આવી છો એટલે તને ક્યાંથી ખબર પડે, કે આ ઘરસૂતર કેમ હાલે છે ? રમણીક તો બેટલો બહાર દેખાય છે એટલો હજી પેટમાં છે. ઓલી વેંત જેવડી છોકરી પાછળ એવો તો ગાંડો થયો છે કે આ ઘરડી માનો ભાવ પણ નથી પૂછતો.

ગોદાવરી : તમારા મનમાં ભરમ પેઠો છે, કે કાં તો કોઈકે તમને ભરમાવ્યાં છે.

સમજુ : અરે, કોઈ શું ભરમાવશે ? હું નજરોનજર જોયા કરું છું ને ! અરુણાને લઈને ફરવા જાય...સિનેમા જોવા જાય...

ગોદાવરી : હોય એ તો બાળક છે. ને હજી નફકરાં છે તો બે દિવસ હરીફરી લે. પછી જંજાળ વધશે ને અવસ્થા થાશે પછી થોડી હરવાફરવાની નવરાશ મળવાની છે ? નાનડિયાં કોને કહે ?

સમજુ : અરે નાનડિયાં તો આપણે પણ એકવાર હતાં, પણ આવા ચેનચાળા ભાળ્યા'તા ક્યાંય ?

ગોદાવરી : આપણો જમાનો જુદો હતો. આપણી વારીમાં સિનેમાનું નામ જ કોણે સાંભળ્યું હતું ? હવે જમાનો બદલી ગયો, એમ આપણે પણ જરાક બદલાતાં શીખવું જોઈએ, મોટીબેન !

[બારણામાંથી દમુ ડોકાય છે.]

દમુ : બા, ખરડામાંથી ડુંગરસી કચરાનું નામ છેકી નાખ્યું છે ?

સમજુ : હા. કાલે મોટા મામા પાસે ત્રણ વાર તો છેકો મરાવ્યો હતો તો ય હજી ઠેકાણું નથી ?

દમુ : એનો પ્યાલો નથી આપવાનો ને ?

સમજુ : પ્યાલાને સાટે વાલકેશ્વરનો પાણો આપીએ તો છે !

[દમુ હસતી–હસતી અદૃશ્ય થાય છે.]

ગોદાવરી : ડુંગરસી કચરા સાથે વહેવાર બંધ કર્યો લાગે છે.

સમજુ : સાત વરસ થયાં બંધ છે. એનો વિજયસિંહ પરણ્યો ત્યારે આપણને રકાબીની લહાણી નહોતી આપી. આપણો જર્મનસરમરનો લબદા જેવો ભારે પ્યાલો કાંઈ મફત આવ્યો છે ?

ગોદાવરી : નંગ કેટલાનું પડ્યું ?

સમજુ : સવા ચારચાર રૂપિયાનું એક.

પરસોતમ કંસારાનો આંકડો આવ્યો ત્યારે વાંચીને આંખ ચાર થઈ ગઈ. આ લગનના ખરચમાં લાંબાં થઈ જાઈશું.

ગોદાવરી : તમારે કયાં પાંચસાત દીકરા પરણાવવાના છે? આટલે વરસે તમારે ઘેરે પહેલવહેલો અવસર આવ્યો છે તો વલ્લભ નરસિંહની મોટી આબરૂ પ્રમાણે ખરચ તો કરવો જ જોઈએ ને?

સમજુ : હું પણ એ જ કહું છું. પરસોતમ કંસારે બીજો એક હળવો ત્યાલો પણ બતાવ્યો હતો. એ આના કરતાં નંગદીઠ બાર આને સસ્તો પડતો હતો; પણ મેં કહ્યું, મારે બાર આનરડીનો લોભ નથી કરવો.

ગોદાવરી : લોભ શું કામે કરવો, મોટીબેન? કયાં પારકો ગગો પરણે છે? તમારે તો રમણીકના લગન એટલે ઝાઝી વાત. દમુ કાલ સવારે મોટી થાશે ને પરણશે, પણ એ તો ગમે તેમ તો ય દીકરીના લગન. દીકરાના લગનનો તો આ પહેલો ને છેલ્લો એક જ અવસર ને? હજાર રૂપિયા ઓછા કે હજાર રૂપિયા વધારે.

સમજુ : પણ દીકરાને એની કયાં કદર છે?

ગોદાવરી : જુઓ મોટીબેન, તમે ફરી પાછાં મૂળ પારાયણ માંડીને બેઠાં! આમ વાતેવાતમાં દીકરાનો વાંક કાઢ્યા કરશો તો ઘરસૂતર ચાલશે કેમ કરીને? બિચારા રમણીકની હજી ઉંમર શું ને સમજણ શું?

સમજુ : સમજણ નથી એનો તો આ બધો સંતાપ છે.

ગોદાવરી : મોટો થાશે ને તમારા હાથમાં ઘડાશે એટલે બધી ય સમજણ આવી જાશે. હજી તો એમની દાઢમાંથી ધાવણ સુકાણું નથી. આ તો તમને વહુનું મોઢું જોવાની બહુ હોંશ હતી એટલે ઝટઝટ પરણાવી દીધો. બાકી આવડા છોકરા તો હજી કાંધ નાખ્યા વિનાના અલ્લડ વછેરાની જેમ ફરતા ફરે.

સમજુ : પણ એ અલ્લડ વછેરાને ભાન છે કે એને ઉછેરવામાં એની માએ પોતાની જાત ઘસી નાખી છે? એને ખબર છે? કેટકેટલાં કષ્ટ વેઠીને ને જંઈજંઈ સંકોરી આટલું નાણું સાચવી રાખ્યું ને ઘેરે માંડ બાંધીને આ વિવાહવાજમનો જગન માંડ્યો છે.

ગોદાવરી : એ તો આપણી માવતરની ફરજ હતી ને? દુનિયા આખીમાં સહુને ઘેરે આમ જ થતું આવ્યું છે ને?

સમજુ : સહુના ઘરની વાત જુદી ને મારા ઘરની વાત જુદી છે, ગોદાવરી! મેં તો દીકરા સારુ થઈને મારી જિંદગી હોડમાં મૂકી હતી. મારાં લગન વખતે તો તું સમજણી હતી એટલે બધું ય યાદ હશે તને.

ગોદાવરી : યાદ કેમ ન હોય? સાત ન્યાતની સુખડી કરીને ધુંવાડાબંધ નગર જમાડ્યું હતું.

સમજુ : ને ફુલેકામાં ચાર ઘોડાવાળી સરકારી સિગરામ ને સરકારી સાજ...ને મુંબઈથી બેંડવાજાંવાળાને બોલાવ્યા હતા!

ગોદાવરી : ને દારૂખાનાની આતશબાજી ફોડી હતી એ જોવા તો ગામ આખું ભેગું થયું હતું.

સમજુ : તો ઠીક, એ વખતે મારા અંગ ઉપર કેટલા દાગીના ચડ્યા હતા! ઘરેણાંના ભારથી હું તો બેવડ વળી જતી હતી.

ગોદાવરી : ઘરેણાં તો ચડે જ ને! એ સમે તમારા સસરા હયાત હતા. નરસિંહ ચોકસીની હાક વાગતી. મોટા ઘર ને મોટા નામ પરમાણે છાબનું સામટું સોનું...

સમજુ : એ સૂંડલા એક સોનાનું આજ દી લગણ જીવની જેમ જતન કરીને સંઘરી અરુણાને ચડાવ્યું. (તોરમાં) એ સતસરો હાર... એ બાવડા-સાંકળી... એ હાથ

…વાં… મગમાળા…રવિફૂલ…કાનનાં લવિંગિયાં…રાયણમાળા…ડોકનું મંગળસૂતર… માથાની દામણી…

ગોદાવરી: સાસુનું ઘરેણું તો દીકરાની વહુને જ ચડે ને! દીકરી તો કાલ સવારે ઊઠીને પારકું ઘર ભરશે. માનાં સાચાં વારસ તો વહુદીકરો જ ગણાય.

સમજુ: પણ આ વહુદીકરો તો માના મોઢા સામે નથી જોતાં એનું શું? દીકરો તો જાણે માની સંધીય સગાઈ ભૂલી ગયો, જાણે કે કોઈ દી આંખની ઓળખ જ નહોતી!

ગોદાવરી: કોઈની સગાઈ નથી ભૂલ્યો, દીકરો. તમે પાણી માગો ત્યાં દૂધ હાજર કરે છે.

સમજુ: અરે, ટાણાસર દવાની શીશી હાજર નથી કરતો એ દૂધ શું હાજર કરવાનો હતો, કપાળ? આ અત્યારે દવાનો ત્રીજો ભાગ લેવાનો બાકી છે એ પણ તેં યાદ કર્યું, પણ એ અલબેલાને તો અટાણે ઘરડી મા મરી જાય તોય યાદ આવે એમ નથી.

ગોદાવરી: બિચારો હજી તો પરણીને હાલ્યો આવે છે, એને આજનો દી તો છૂટી આપો! રોજ તો આ ખાટલા પાસે ખડે પગે ઊભીને તમારી ચાકરી કરે છે.

સમજુ: હવે એ દિવસ ગયા, ગોદાવરી! એટલા દી તો દીકરો માનો ઓશિયાળો હતો. હવે ઓલી રઢિયાળી આવી એટલે એને માની ગરજ મટી ગઈ. હવે તો માને બદલે એ રઢિયાળી રાધાના ખાટલા પાસે ખડે પગે ઊભશે!

ગોદાવરી: માનો ન માનો મોટીબેન, પણ આજ તમારું મગજ ભમી ગયું લાગે છે. નહિતર રમણીક જેવા ડાહ્યાડમરા દીકરાનાં આવાં વાંકાં ન કાઢત તમે.

સમજુ: મગજ તો નહિ ભમ્યું હોય તોય હવે આ છોકરો ભમાવી દેશે. જો ને, અટાણે દવાનો ત્રીજો ભાગ આપવાનું ભૂલીને મેડીએ બેઠોબેઠો ભાઈબંધું હારે હાહાહીહી કરે છે રિયો.

ગોદાવરી: કરે એ તો, આજ એનો દિવસ છે. સરખેસરખા જાનૈયા ભેળા થયા હોય, ત્યારે ભાઈબંધું હારે બેઘડી આનંદ ન કરે તો બીજું શું કરે?

[દમુ પ્રવેશે છે.]

સમજુ: લહાણી પતી ગઈ?

દમુ: હા, પાંસઠ પ્યાલા અપાણા, અગિયાર વધ્યા છે.

સમજુ: એ સાચવીને કોઠારના કબાટમાં મૂકી દે.

દમુ: મૂકી દીધા.

સમજુ: માથે તાળું વાસ્યું?

દમુ: વાસી દીધું.

સમજુ: ને કૂંચી?

દમુ: મારી કેડચે ખોસી છે.

સમજુ: તો ઠીક. લગનનું ભર્યુંભાદર્યું ઘર…ચીજવસત ઊપડી જાતાં વાર ન લાગે. દીકરો તો પાકયો છે સાવ હૈયાફૂટો. ઘરની સાચવણનો બધો ભાર એક આ મારી દમુ ઉપર છે.

ગોદાવરી: (દમુને) ભાભીને શણગાર્યાં?

દમુ: હજી નાહવા બેઠાં છે. નહાઈ રહે એટલે હું કપડાં પહેરાવવા માંડું. (ફૂલની છાબ તરફ નજર જતાં) પણ પહેલાં આ ફૂલની છાબ મેડી ઉપર પહોંચતી કરું.

ગોદાવરી: હા, હા, ઝટ કર.

[ફૂલની છાબ ઉપાડીને દમુ બહાર જાય છે, એમાંથી થોડાં ફૂલ વેરાઈ જાય છે.]

ગોદાવરી: અરે, આટલાં ફૂલ તો અહીં પાડતી ગઈ! (ફૂલ એકઠાં કરતાં) છોકરી ભારે હરખઘેલી! ઘરમાં ભાભી આવી છે એટલે

ગાંડીગાંડી થઈ ગઈ છે.

[વીણેલાં ફૂલ ખાટલા પર મૂકે છે]

સમજુ : (ફૂલ તરફ સૂચક નજરે જોતાં) ગોદાવરી, તને યાદ છે ને મારાં લગન–

ગોદાવરી : (ચોંકીને, સાશંક અવાજે): હા...હા......

સમજુ : ને સામૈયાં–

ગોદાવરી : ભારે ધામધૂમથી થયાં હતાં–

સમજુ : અમે વરઘોડિયાં ફૂલદડે રમ્યાં હતાં–

ગોદાવરી : આવી તો વીસ છાબ જેટલાં ફૂલ તે દહાડે ઊછળ્યાં હતાં–

સમજુ : હું નગરી પાનેતર પહેરીને બેઠી હતી–

ગોદાવરી : ખરોખર–

સમજુ : ને એ બનારસી શેલું–

ગોદાવરી : વેલબુટ્ટાની ભાતવાળું–

સમજુ : એ આપણે અરુણાને ચડાવ્યું.

ગોદાવરી : રાજરજવાડે શોભે એવું એ શેલું...આજે તો એવી અસલી ચીજ જડે પણ નહિ.

સમજુ : ને મારી કેડયે સોનાનો કંદોરો–

ગોદાવરી : એ જમાનામાં નાત આખીમાં પહેલવહેલો કંદોરો નરસિંહ ચોકસીએ ઘડાવેલો. તમારી તો સહુને અદેખાઈ આવતી.

સમજુ : એ કંદોરો અરુણાને ચડાવ્યો. હમણાં એ પહેરીને આપણને પગે લાગવા આવશે.

ગોદાવરી : મોટીબેન, હવે તમે ઘડીક આરામ કરો તો સારું. બહુ બોલબોલ કરશો તો અજંપો થઈ જાશે, એમ દાગતર કહેતો હતો.

સમજુ : મૂવા દાગતરની વાત અટાણે પડતી મેલ ને !–અમારાં સામૈયાંની વાત તો પૂરી સાંભળ ! એ શણગારેલા સિગરામમાં તારા બનેવી બેઠા હતા...એ આંટીઆ પાઘડી...ખભે સોનેરી ખેસ...ને થોભિયાં–છેલછબીલા જેવા લાગતા'તા–

ગોદાવરી : (ગભરાઈને) હવે તો ઘડીક જંપી જ જાવ, મોટીબેન ! લ્યો, માથે બરફ ફેરવું–

[ભીંત પરથી રબરની કોથળી ઉતારે છે.]

સમજુ (તોરમાં) : એ લાંબો ડગલો ને પગમાં રાતી રાઠોડી મોજડી–

ગોદાવરી (બૂમ પાડીને) : દમુ...! ઓ દમુ !...

દમુ (અંદરથી) : એ...આવી, માશીબા !

સમજુ : એના ખેસ ને મારા પાનેતરનાં છેડાછેડી–

ગોદાવરી (મોટે અવાજે) : અરે દમુ...!

દમુ (અંદરથી) : એ આવી...માશીબા !

સમજુ : સિગરામમાં ફૂલગોટા ને ગુલાલ જળ ઊડે–

ગોદાવરી (ચીસ પાડીને) : અરે દમુડી... ઝટ આવ્ય ને અહીં ! કઈ હૂંડી લખવા રોકાણી છો ?

[હાથમાં કંકુની શીશી અને સળી લઈને દમુ પ્રવેશે

દમુ : શું કહો છો, માશીબા ?

ગોદાવરી : કેટલી બૂમ પડાવી !

દમુ : ભાભીને કપાળે પિયળ ચિતરતી હતી. અરધી લીટીએ હાથ હલી જાય તો કંકુ લહેરાઈ જાય ને !

ગોદાવરી (દમુને બાજુ પર લઈ જઈને ધીમે સાદે) : જો, બાને અટાણે સોલો ઊપડ્યો છે. આ કોથળીમાં ઝટ બરફ ભરી લાવ, તો માથા પર ફેરવીએ–

[દમુ કોથળી લઈને જાય છે.]

સમજુ : (ભીંત પરની છબી તરફ તાકી રહેતાં) હજી પણ એવા જ હાકેમ જેવા બેઠા છે... એ જ આંટીઆળી પાઘડી...સોનેરી ખેસ ને મૂછનાં થોભિયાં–

ગોદાવરી: મોટીબેન, હવે બહુ બોલબોલ કરશો તો હું દાગતરને તેડાવીશ.

સમજુ: (છબી તરફ તાકી રહીને તોરમાં) એ ખારેક જેવડી આંખ...લાંબું નાક...ઘોડે ચડ્યા ત્યારે રાજાના કુંવર જેવા–

ગોદાવરી (ધમકાવતાં): મોટીબેન, તમને બોલવાનું કાંઈ ભાન છે કે નહિ? આજે રમણીકના વરઘોડાની વાત કરાય કે તમારા વરઘોડાની? આજે જીવતાં માણસની વાત કરાય કે મરેલાંની?

સમજુ: અહીં મરેલું છે કોણ?

ગોદાવરી: મારા બનેવી. બીજું કોણ?

સમજુ (વિચિત્ર હાસ્ય સાથે): તારા બનેવી! કોણે કીધું મરી ગયા છે? આ છબીમાં બેઠા તારા બનેવી દેહોદ્દ જેવા! પાંચમાં પુછાય એવા!

ગોદાવરી: તોબાહ તમારાથી તો.

સમજુ: (છબી ભણી તાંકી રહેતાં) હમણાં મટકું મારશે...અબઘડી હોઠ ઉઘાડશે.

[દમુ પ્રવેશે છે.]

દમુ: લો માશીબા, આ બરફની કોથળી.

ગોદાવરી: ભાભીને હજી કેટલાક શણગાર બાકી છે?

દમુ: તૈયાર જ છે.–હવે શેલું ને કંદોરો પહેરાવું એટલી જ વાર.

ગોદાવરી: (દમુને બાજુ પર લઈ જઈને હળવે સાદે) જો બાને ફરી પાછો ચાળો ઊપડતો લાગે છે. ભાભીને ઝટ તૈયાર કરીને પગે લગાડી જા એટલે પત્યું.

દમુ; દવાનો ત્રીજો ભાગ પાયો?

ગોદાવરી: ના, હમણાં પાઉં છું.

દમુ: ને આવું જણાય ત્યારે ઘેનની ગોળી પણ આપવાનું દાક્તરે કીધું છે. હું હમણાં આપી જાઉં છું.

[જાય છે]

ગોદાવરી: મોટીબેન, હવે દવા પી લો તો તમારા જીવને શાતા વળે.

સમજુ: દવાને બદલે હવે તો અફીણ ઘોળીને પા તો શાતા વળે.

ગોદાવરી: અરે ભગવાન! આવાં દાધારીંગાં માણસ હારે પનારાં પડે એના પણ ભોગ લાગે. રમણીક બિચારો કેમ રહી શકશે, આ ઘરમાં!

સમજુ: (તોરમાં) રમણીક! ચહેરેમહોરે બરોબર એના બાપ ઉપર ઊતર્યો છે... ખારેક જેવડી આંખ...લાંબું નાક...પણ હવે મારો મટી ગયો–

ગોદાવરી: કોણ?

સમજુ: રમણીક બીજું કોણ? પરવશ હતો ત્યાં સુધી મારો હતો. પાંખું આવી એટલે પારકો થઈ ગયો. લોચોપોચો માડીનો ને છેલછબીલો લાડીનો, કાંઈ અમથું નહિ કહેવાતું હોય.

ગોદાવરી: એ તો સંસારનો વહેવાર છે. દુનિયા આખીમાં આદિકાળથી એમ જ થાતું આવ્યું છે. તમારે ઘેરે આ કાંઈ નવી નવાઈની વાત છે?

[આગળ દમુ અને પાછળ ધીમે પગલે અરુણા પ્રવેશે છે. અરુણા નવવધૂનાં આભૂષણોથી લદાયેલી છે.]

દમુ (અરુણાને સમજુબા પાસે લઈ જઈને): ભાભી, બાને પગે લાગો.

[અરુણા સમજુબાને પગે લાગે છે]

ગોદાવરી: કાંઈક બોલો તો ખરાં, મોટીબેન!

સમજુ: શું બોલું?

ગોદાવરી: અરે, આશીર્વાદ આપો. કહો કે સાજાંનરવાં રહો ને સો વરસનાં થાય!

સમજુ (યાંત્રિક ઢબે): સાજાંનરવાં રહો ને સો વરસનાં થાવ!

ગોદાવરી (પઢાવતી): ઝાઝાં જણ્યાં જણો આડીવાડી વધારો!

સમજુ (યાંત્રિક ઢબે): ઝાઝાં જણ્યાં જણો ને આડીવાડી વધારો!

દમુ : ભાભી, હવે માશીબાને પગે લાગો.

[અરુણા ગોદાવરીને પગે લાગે છે.]

ગોદાવરી : જીવતાં રહો ને તમારી સાસુનાં પેટ ઠારો !

દમુ : ચાલો ભાભી !

[દમુની પાછળ ધીમે પગલે અરુણા જાય છે. સમજુબા અરુણાની પાછળ વહેમભરી નજરે તાકી રહે છે.]

સમજુ : (વિચિત્ર અવાજે) ગયા !...ગયા ! ગયા !

ગોદાવરી : આ શું બોલબોલ કરો છો ?

સમજુબા : સાચે જ ગયા !

ગોદાવરી : કોણ પણ ?

સમજુ : તારા બનેવી બીજું કોણ ?

ગોદાવરી : આ શું બકો છો ?

સમજુ : (તોરમાં) મેં નજરોનજર જોયા ને ! એ આંટીઆળી પાઘડી...સોનેરી એ... મૂછનાં થોભિયાં...

ગોદાવરી : તમને સનેપાત થયો લાગે

સમજુ : મેં નજરોનજર ભાળ્યા સાચે જ ચાલ્યા ગયા ! (છબી તરફ જો ને, આ છબી સાવ કાળીધબ લાગે છે

ગોદાવરી : તમારું મગજ ચસકી છે. સૂઈ જાવ, માથે બરફ ફેરવું તો મગ શાતા વળે.

સમજુ : બરફને બદલે ચૂલામાંથી ઊ ઊના અંગારા લાવીને ફેરવ, તો વધુ શાતા વળશે.

[ફસડાઈ પડે છે.]

[નેપથ્યમાંથી ગીત સંભળાય છે.]

ગોખે બેઠો વરલાડડો...
જુએ લાડડી કેરી...વાટ...

☆

ઝાંસી આગળ ટિકિટની તપાસ ઘણી જ સખત હતી. ટિકિટ કલાર્કે ખોળીખોળીને બધા સાધુઓને નીચે ઉતાર્યા; અને દાખલ થવાના દરવાજાની સાથે એક મોટી હાર ઊભી કરી દીધી. જતા-આવતા મુસાફરોની ટિકિટ તપાસવાનું કામ પૂરું થાય કે એકાદ હાથ છેટે ઊભેલ યુવાન સાધુની જટા પકડે એનું માથું જોરથી હલાવી કાઢે; વળી પાછા ટિકિટ તપાસવા માંડે. વળી વખત મળે કે બળપૂર્વક જોરથી સાધુનું માથું ધુણાવી કાઢે. છતાં ય એ સાધુ શાંત ને હસતો જ રહ્યો, મુખ પર જરા ય વિષાદ નહોતો. બીજા નંબરે ઊભેલા સ્વામી રામદાસને પણ એ અનુભવ લેવાનું મન થયું. એમણે પેલા સાધુને જગ્યા બદલવાની વિનતિ કરી, પરંતુ સાચા સંતને ઈર્ષ્યાપ્રેરક આ સ્થાન તેણે આપ્યું નહિ. લગભગ અડધાકલાક સુધી આમ ચાલ્યું. અંતે ટિકિટ ભેગી કરવાનું કામ પૂરું થયું કે એ કલાર્ક સાધુઓ તરફ વળ્યો, દરેક સાધુને એવા જ જંગલી વર્તાવથી હેરાન કરવાના ઉદ્દેશથી. હવે રામદાસનો વારો આવ્યો. કલાર્કે એમનો જોરથી હાથ પકડ્યો, ને એમના મોઢા સામું જોયું. ત્યાં તો હૃદયપૂર્વક સ્વાગત કરતું સ્મિત રમી રહ્યું હતું–એવું પ્રેરક, એવું નિખાલસ, એવું પ્રેમમય કે તુરત જ પેલો બે ડગલાં પાછો હઠી ગયો, જરાક વિચારમાં પડ્યો ને બીજી જ પળે સર્વ સાધુઓને સ્ટેશનની બહાર જવા દીધા !

×

(૧) સાચી ભૂખ લાગે ત્યારે જ જમવું ને પાચનક્રિયાનો વિચાર કરવો. (૨) ભૂખ ભરી એટલું જ જમો. (૩) સાદું ભોજન લો. (૪) ભોજન કરતી વખતે ચિત્ત શાંત ને એકાગ્ર રાખો. (૫) પહેલો કોળિયો બરાબર ચાવીને પૂરો ન કર્યો હોય ત્યાં સુધી બીજો ન લો. (૬) પ્રવાહી પણ અડધે નહીં પણ તે પૂરો કર્યા બાદ જ લો. આ બધાથી ઊલટું, ભોજનકળા જાણનારે આટલું કરવાનું નથી: (૧) સૂઈ ઊઠીને તુરત જ ખાવું નહીં. (૨) મનમાં ચિંતા કે ક્રોધ હોય ત્યારે ન જમો. (૩) એમાં ઉતાવળ ન કરો. (૪) એ વખતે કોઈ પણ ગંભીર વિષય પર ચર્ચા ન કરો. (૫) ઇચ્છા ન હોય તે કદી ય ન જમો. (૬) મરીમસાલાવાળી તેમજ ગરમાગરમ કે એકદમ ઠંડી ચીજો ન લેશો.

×

સિંધુતટની સંસ્કૃતિ

લેખક :

અધ્યા. નગીનદાસ સંઘવી

સિંધુ નદીની આસપાસનો પ્રદેશ કોઈ પુરાણી સંસ્કૃતિના અવશેષો જાળવી રહ્યો છે એ બાબત તો વિદ્વાનો લાંબા સમયથી જાણતા હતા. હરપ્પાની આજુબાજુ-માંથી મળી આવતાં સીલ-સિક્કાઓ અતિ પુરાતન કાળનાં છે, એમાં શંકાને સ્થાન ન હતું. બ્રાહ્મી લિપિ આ પુરાતન લિપિમાંથી ઊતરી આવેલી છે એવું વિધાન જનરલ કનિંગહામે પણ કરેલું અને નમૂના તરીકે થોડાં સીલ પણ તેમણે એકઠાં કરેલાં. હરપ્પા એ કોઈ પુરાતન નગરીની ઈંટો મળી આવે છે એમ જાણીને આજુબાજુના લોકો ત્યાંથી પોતાના ઉપયોગ પૂરતી ઈંટો પણ લઈ જતા. લાહોરથી મૂલતાન સુધીનો રેલવે-ફાંટો બંધાતો હતો ત્યારે આ ઈંટ-મટોડાનો ઉપયોગ સડક બાંધવામાં કરવો એવો વિચાર જહોન બ્રંટન નામના એક અંગ્રેજ ઇજનેરના મગજમાં આવ્યો અને લાંબો વિચાર કર્યા સિવાય તેણે તે અમલમાં પણ મૂકયો. હરપ્પા-સંસ્કૃતિના કેટલાયે બહુમૂલ્ય અવશેષો મજૂરો, રેલવેના અધિકારીઓ અને ઇજનેરોના હાથે વેરફાઈ ગયા અને આજે પણ કેટલા ય ક્યાં હશે એનો કોણ હિસાબ બાંધી શકે?

સિંધુસંસ્કૃતિ-જેને વિદ્વાનો હરપ્પા-સંસ્કૃતિના નામે ઓળખે છે તેને પૂરેપૂરી રીતે જગવિખ્યાત કરવાનો યશ એક હિંદી પુરાતત્ત્વવિદને ફાળે જાય છે. ૧૮૨૨ની સાલમાં મોહેં-જો-દડોની નજીક આવેલા એક પુરાતન બૌદ્ધ સ્તૂપ(૨૦૦ ઈ. સ.)ની આસપાસ ખોદકામ કરતાં મળી આવેલા અવશેષોને તપાસી તેની કિંમતની ખરી ઓળખાણ કરવાનું કામ શ્રી રખાલદાસ બેનરજીએ કર્યું. એ સમયના પુરાતત્ત્વ ખાતાના વડા શ્રી જહોન માર્શલે એ કામ ઉત્સાહથી આગળ ધપાવ્યું. પરિણામે અનેક દેશી-પરદેશી વિદ્વાનોના સંયુક્ત પ્રયાસે એક નવી સંસ્કૃતિ જગતને જાણવા મળી.

આ દરમિયાન શ્રી દયારામ સહનીની રાહબરી નીચે હરપ્પાની આસપાસ ખોદકામ શરૂ કરવામાં આવ્યું અને જેમજેમ અવશેષો મળતા ગયા, તેમતેમ આ બંને નગરો એક જ કાળનાં અને એક જ સંસ્કૃતિનાં પ્રતીક છે એ શંકા વિનાની વાત બની ગઈ. શ્રી મેકે, શ્રી વાટસ અને શ્રી વ્હીલરે પણ મોહેં-જો-દડો સંસ્કૃતિના અધ્યયનને પોતાનાં જ્ઞાન અને શક્તિનો લાભ આપ્યો. આ જાતનાં બીજાં નગરો શોધવા માટે શ્રી ઓરલ સ્ટીને બલુચિસ્તાનનો પ્રવાસ આદર્યો અને આ સંસ્કૃતિથી પોષાયેલાં અનેક ગામડાંઓ અને થાણાંઓ શોધી કાઢ્યાં. શ્રી એન. જી. મજુમદારે આવાં થાણાંઓ સિંધમાં શોધી કાઢવાનો પ્રયાસ આરંભ્યો અને છેવટે એ જ કાર્યમાં કિરથર પર્વત-માળાનાં જંગલી માનવીઓના હાથે શહીદ થયા. 'પુરાતત્ત્વવિદોમાં એક તેજસ્વી સિતારા' તરીકે શ્રી સ્ટુઅર્ટ પીગોટે એમને બિરદાવ્યા છે. લગભગ ૮-૧૦ વર્ષ કામ ચાલ્યા પછી એ કામ નાણાંના અભાવે બંધ કરવાનો વખત આવ્યો. એક અમેરિ-કન સંસ્થાના વડા દાક્તર બ્રાઉને 'બોસ્ટન મ્યુઝિયમ ઓવ ફાઈન આર્ટ્સ'ની મદદ લઈને એક નવા સ્થળે ખોદકામ આદર્યું. આ પછી તો યુદ્ધના સંક્રાંતિકાળે આ અભ્યાસ-પ્રવૃત્તિ શિથિલ કરી મૂકી અને હવે

તો એ આખો વિભાગ પાકિસ્તાન સરકારના અંકુશ નીચે ગયો છે. ડૉ. વ્હીલર ત્યાં પુરાતત્ત્વ ખાતાના વડા છે એટલે હજુ પણ આ પ્રદેશનો અભ્યાસ આગળ વધશે એવી આશા વધારેપડતી નથી.

અત્યારે સિંધુ નદીની ખીણને નામે ઓળખાતા આ પ્રદેશમાં લગભગ ૪૦ જેટલાં નાનાંમોટાં થાણાંઓ શોધાયાં છે અને હજુ પણ બીજાં શોધાશે; જો કે કોઈ નવાં નગરો મળી આવવાનો સંભવ દેખાતો નથી. આ વિશાળ પ્રદેશમાં પથરાયેલી એક અનોખી સંસ્કૃતિની કથા રસદાયક તો જરૂર છે જ. આ સંસ્કૃતિના વિસ્તારનો ચોક્કસ ખ્યાલ આવતો નથી, પણ સૌરાષ્ટ્રના રંગપુરથી માંડીને હિમાલયની તળેટીએ આવેલા રૂપેર ગામ સુધી આ સંસ્કૃતિના અવશેષો મળી આવ્યા છે. કિરથર પર્વતથી માંડીને આખા સિંધ, પંજાબ અને રજપૂતાનાને આવરી લેતી આ સંસ્કૃતિં ગંગા અને યમુનાના સપાટ મેદાનમાં ફેલાઈ હોવાનો મત માર્શલે પ્રદર્શિત કર્યો છે; પણ આપણે એટલા બધા આગળ ન જઈએ તોપણ એક ઘાટઘૂટ વગરના વિશાળ ત્રિકોણ પ્રદેશ(૯૦૦×૭૦૦×૫૫૦ માઈલ)માં આ સંસ્કૃતિ ફેલાઈ હતી તેમાં શંકાને સ્થાન નથી. 'હરપ્પા સંસ્કૃતિ' જેવા લુખ્ખાસૂકા નામની પાછળ પશ્ચિમ એશિયાનું એક મહાસામ્રાજ્ય છુપાયું છે, એમ પીગોટે કહ્યું છે.

મોંહેં-જો-દડો એ હરપ્પા કરતાં નાનું ગામ છે છતાં એ સારી પેઠે સચવાઈ રહ્યું છે; કારણકે એ ભૂગર્ભવાસી હતું. આ સંસ્કૃતિને લગતી ઘણીખરી માહિતી મોંહેં-જો-દડોમાંથી મળી આવેલી વસ્તુઓ પરથી જ રચાઈ છે. મોંહેં-જો-દડો અને હરપ્પા લગભગ ૪૦૦ માઈલના અંતરે આવેલાં આ બંને ગામો એક જ સામ્રાજ્યની બે રાજધાનીઓ હશે શું? બંને જગાએ સરખાં જ ઘર, સરખી જ બાંધણી, સરખાં જ લોક, સરખાં જ આભૂષણો અને સાધનો, સરખું જ માટીકામ અને સરખાં જ સીલ મળી આવે છે.

મોંહેં-જો-દડોના ખોદકામમાં નગરના થર ઉપર થર મળી આવે છે. પુરાતત્ત્વશાસ્ત્રીઓની ગણતરી મુજબ આ નગર લગભગ એકહજાર વર્ષ સુધી સમૃદ્ધિથી ધમધમતું રહ્યું છે. આ સંસ્કૃતિની કાળગણના લગભગ ૨૫૦૦થી ૧૭૦૦ ઈ. સ. પૂર્વે જેટલી કરવામાં આવે છે અને આ લાંબા કાળદરમિયાન એકજ પ્રકારની સંસ્કૃતિ ફેલાયેલી હશે તેમ લાગે છે; કારણ કે એકજ જાતનાં હથિયારો, સીલ અને સાધનો છેક ઉપરથી નીચે સુધી મળી આવે છે. આમ હોય તો કશું નવાઈ પામવા જેવું નથી; કારણ કે યંત્રયુગ શરૂ થયા પહેલાં આપણી આધુનિક સંસ્કૃતિ પણ એકરૂપ અને સ્થિર પ્રવાહે વહેતી હતી.

મોંહેં-જો-દડો જો કે નાનું શહેર છે છતાં લગભગ એક ચોરસ માઈલ જેટલા વિસ્તારમાં પથરાયેલું છે. જેટલા રસ્તાઓ ખોદી કઢાયા છે તે અતિ વિશાળ, લગભગ ૧૮થી ૩૩ ફૂટ જેટલા પહોળા અને લગભગ ૧/૨ માઈલ જેટલા લાંબા છે. ઉપમાર્ગો પણ ૯થી ૧૨ ફૂટ જેટલા પહોળા છે અને ગલીઓ બધી ૪થી ૬ ફૂટ જેટલી પહોળાઈની છે. આ શહેર વારંવાર બંધાતું હોવા છતાં કોઈ પણ મકાન રસ્તાનો ભાગ દબાવી દેતું નથી. કોઈ મજબૂત કેંદ્રવર્તી સત્તા જાણે આ બધાનું શાસન કરતી દેખાય છે અને નગરવિધાનનો આ પહેલો જ નમૂનો જગત-ઇતિહાસના ચોપડે નોંધાય છે. આ રાજમાર્ગો અથવા ગલીઓ પાકી બંધાયેલી નથી અને માર્ગો પર પથ્થરો પણ જડાયા નથી.

લોકો ઉનાળામાં ધૂળ અને ચોમાસા- કાદવ ખૂંદીને ચાલતા હશે એવું અનુ- સહેજે કરી શકાય.

આ શહેરના રાજમાર્ગો જરા વિચિત્ર લાગતા જ હશે; કારણકે કોઈ પણ મકાન- બારણાં મુખ્ય માર્ગ પર હોતાં જ નથી. જ મકાનોનાં દ્વાર બાજુની ગલીમાં જ છે. આ મકાનો બારી વગરનાં જ છે. આ લોકોએ શી વ્યવસ્થા હશે? મકાનો બે અથવા વધારે માળનાં એમ લાગે છે; કારણકે ભીંતો ઘણી છે અને કોઈ કોઈ જગ્યાએ માળ પણ આવ્યા છે. માળ પર જવાને માટે વખત ચણેલા દાદર છે કે કાં તો જ નથી. કદાચ લાકડાના દાદર હશે, આટલા લાંબા વખતે સડી જઈને નાશ હશે. ઘરની ભીંતો માટીથી લિંપાતી પછી કદાચ એના પર ચિત્રો દોરાતાં ગૃહશણગાર એ કાંઈ આપણો ઈજારો જ છે? આ ગામની ગૃહિણીઓ પણ જનાં ગામડાંની ગોરીઓ માફક ગાર હશે શું? મકાનોને છાપરાં નથી પણ અગાશીઓ છે અને મોંહેં-જો-દડો ગામમાં (આપણે આગળ જોઈશું તેમ) જગાની મારામારી હતી ત્યાં આવી અગાશીઓ સૂવા માટે પણ કામ તી હશે. આ અગાશીઓમાંથી પાણી જાય તે માટે નાની નીકો કરેલી છે માટી અગર ધાતુનાં ભૂંગળાંઓમાંથી નીચે શેરીઓમાં વહી જતું હશે.

આ જમાનામાં સિંધની આબોહવા જના જેવી નહીં હોય એમ માનવાને મળી આવે છે. વરસાદ તો આજના જરૂર વધારે હશે જ. આખું શહેર ઈંટોથી બંધાયું છે. જો વરસાદ થોડો તો પાકી ઈંટોની જરૂર શી હોય? આ ઈંટોને પકાવવા માટે પુષ્કળ બળતણની જરૂર પડે એ ક્યાંથી આવતું હશે? આસ-પાસ ગાઢ જંગલો હોવાં જોઈએ અને વરસાદ આજના જેટલો હોય તો જંગલો હોઈ જ ન શકે. સિંધની ફળદ્રૂપતા તો સિકંદરના સાથીઓએ પણ નોંધી છે. મોંહેં-જો-દડોના રાજમાર્ગો પર પાણીના ધોવાણનાં સ્પષ્ટ ચિહ્નો છે અને પાણી આસાનીથી વહી જાય તે માટે આ લોકોએ મોટી જહેમત ઉઠાવીને ગટરો બાંધી છે. જો પાણી ઓછું જ હોય તો આ બધી ખટપટનું કારણ મળતું નથી. બીજો સંભવ એ હોઈ શકે કે સિંધુ નદીનાં પૂર ઘોડાવેગે આ શહેર પર ધસી આવતાં હશે; અને એ રીતે પૂર આવવાના પુરાવા પણ મળી આવે છે. મોંહેં-જો-દડો શહેર તો જરા ઊંચાણ પર બંધાયું છે, પણ આજુબાજુ માઈલો સુધી સિંધુનાં પૂર ફેલાઈ જતાં હશે અને દિવસો સુધી આ શહેરનો આજુબાજુની દુનિયાથી સંબંધ કપાઈ જતો હશે. ચન્હુ-દડોમાં તો બે વખત પૂર આવ્યાનાં સ્પષ્ટ ચિહ્નો દૃષ્ટિ-ગોચર થાય છે; કારણ કે પૂરમાં ઘસડાઈ આવેલા કચરાકાંપની નિશાનીઓ હજુ પણ મોજૂદ છે. આ વિસ્તારમાં વરસાદ વધારે થતો હશે એમ માનવાનું મુખ્ય કારણ તો એ કાળે સિંધમાં ઉત્પન્ન થયેલી વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિના ચિત્રણમાંથી મળી આવે છે. મોટાં વૃક્ષો, ઘનઘોર જંગલમાં જ નિવાસ કરનારાં હાથી, સિંહ, વાઘ, હરણ જેવાં પ્રાણીઓની અનેક પ્રતિકૃતિઓ મળી આવે છે. સૌથી સબળ પુરાવો તો આ સંસ્કૃતિની હયાતિ છે. હાલના સિંધ જેવા સુક્કાભઠ્ઠ પ્રદેશમાં ખેતી થઈ શકે નહીં અને ખેતી જ્યાં સુધી વિશાળ પાયા પર ન થતી હોય ત્યાં સુધી આવી સંસ્કૃતિ ઉદ્ભવી કે ટકી શકે નહીં.

મોંહેં-જો-દડોનાં ઘરોની વિશિષ્ઠતા તો દરેક ઘરમાં દરેક માળ પર બંધાયેલાં સંડાસ અને ચોકડી છે. માળને નીચે જવા માટે એક લાંબી મોરી ઘરની દીવાલને અડીને બાંધવામાં આવી છે અને તેમાંથી નીચે પડેલાં વાસણમાં અથવા નીચે આવેલી ગટરમાં એ મેલું આપોઆપ ચાલી જાય તેવી વ્યવસ્થા છે. ચોકડીનો ઉપયોગ નાહવા માટે થતો હશે અને માટીના ઘડામાં પાણી ભરીને લોકો નાહતા હશે એવી કલ્પના થઈ શકે. આપણે આગળ જોઈશું કે સ્નાન એ આ પ્રજાની ખાસિયત છે. આ ચોકડી ઈંટથી બંધાયેલી છે અને અંદર પાણી ન ગળે તે માટે ક્યાંક ક્યાંક ઈંટોડા નાખવામાં આવ્યા છે. ચોકડીનો ઢાળ દીવાલ તરફ હોય છે કે જેથી પાણી બધું જ નીકળી જાય. આ ઢાળાયેલું પાણી રસ્તે ચાલતાં માણસોને છાંટા ન ઉડાડે એ માટે ખાળ છેક નીચે સુધી બાંધી લેવામાં આવી છે અને આ પાણી શહેરના રસ્તાની વચ્ચે આવેલી ગટરોમાંથી વહી જાય છે.

ગટર એ આ શહેરના લોકોને એક ખાસ ગર્વ લેવા જેવી બાબત લાગતી હશે; કારણ કે ગટરની બાંધણીમાં ખૂબ શ્રમ અને સંભાળ લેવામાં આવ્યાં છે. આ ગટરો પાકી ઈંટથી બાંધવામાં આવી છે અને જરૂર પડે ત્યારે એને ખોલીને સાફ કરી શકાય એવા હેતુથી થોડાથોડાં અંતરે ઈંટો ચણ્યા વગર મૂકવામાં આવી છે. કચરો આગળ જઈને ગટરને રૂંધે નહીં એ માટે દરેક ઘરની નજીક ખાળકૂંડી છે, કે જ્યાં વધારે કચરો ભરાઈ રહે અને માત્ર પાણી જ ગટરોમાં જાય. આ ગટરો આખા શહેરમાં ફેલાયેલી છે, પણ તદ્દન ગરીબ વિસ્તારોમાં નથી. સંભવ છે કે મોંહેં-જો-દડોના ગરીબો આજના નિર્ધન લોકોની જેમ જ ગંદા અને ગંધાતા વિસ્તારમાં રહેતા હશે.

જેમ જેમ આ શહેરમાં વસ્તી વધતી ગ તેમ તેમ એક મકાનમાં એક કરતાં વ કુટુંબો રહેતાં હોય તેવું લાગે છે. મ ના વિભાગો પાડેલા દેખાય છે. મો ઓરડાના નાના ઓરડાઓ બનાવ્યા છે દરેક ભાગને પોતાનું અલગ સંડાસ અ સ્વતંત્ર દાદર છે. મોંહેં-જો-દડોમાં માણસો બ્લૉક પદ્ધતિથી રહેતા હોય તે નવાઈ નથી.

દરેક મકાનને સ્વતંત્ર ચોગાન છે. કંપાઉંડમાં જ મોટે ભાગે રસોઈ થતી હ એમ લાગે છે; કારણ કે રસોઈનાં સાધ વાસણો, ચટણી વાટવાના પથ્થરો, ચ વગેરે મોટે ભાગે ફળિયામાં જ મળી આ છે. મોટાં મકાનો–પૈસાદાર લોકોનાં નિવાસ સ્થાનો–માં પહેરગીરને ઊભા રહેવાના સ્થ જેવી જગા અલગ રાખવામાં આવી છે. આખું શહેર વિભાગો(અં. વોર્ડ્ઝ)માં વહેંચાયેલું છે અને રાતે પોલીસો રોન ફર હશે એમ માનવાને કારણ મળે છે.

મોંહેં-જો-દડોમાં છ વિશાળ ભવ મળી આવ્યાં છે. આવાં વિશાળ ભવ જાહેર પ્રવૃત્તિઓ માટે જ હશે એમ આપ માની લઈએ, તો એ પ્રજાની સમાજવ્યવસ્થા નો કાંઈક ખ્યાલ આવે.

પહેલા મકાનને વિદ્વાનો 'કોલેજિયે બીલ્ડિંગ' કહે છે. આ વિશાળ ભવન ઓ ત્રણ માળનું તો અવશ્ય હશે જ; કારણ કે એની ભીંતો લગભગ ચાર ફૂટ જાડી છે. એ મકાનને વિશાળ કંપાઉંડ છે અને એકાં સ્વતંત્ર મંદિર હોય તેવું લાગે છે.

બીજું ધ્યાન ખેંચે તેવું મકાન તે ત્યાંનું વિશાળ જળાશય. આ જળાશય એ મોંહેં-જો-દડોની ખાસ વિશિષ્ટતા છે અને હવે તો આ મકાન લગભગ જગપ્રખ્યાત થયું છે.

એમ કહીએ તોપણ ચાલે. આ લંબચોરસ જળાશય લગભગ ૩૯ ફૂટ લાંબું અને ૨૩ ફૂટ પહોળું છે અને તેમાં ઊતરવા માટે પગથિયાં બનાવવામાં આવ્યાં છે. પગથિયાં પર પડેલા ખાંચાઓ પરથી એવું અનુમાન કરવામાં આવે છે કે તેના પર લાકડું જડવામાં આવ્યું હશે. આ જળાશય પાકું બાંધવામાં આવ્યું છે અને તેની બાજુમાં એક મોટો કૂવો આવેલો છે. કદાચ જળાશયને ભરવા માટે આ કૂવામાંથી પાણી લેવામાં આવતું હશે. આ જળાશયને ખાલી કરી શકાય તેવી વ્યવસ્થા છે અને બહાર ફેંકાયેલા પાણીને વહી જવા માટે એક સુંદર મોટી ગટર બાંધવામાં આવી છે. જળાશયમાં થોડી જગ્યામાં ઓટલો બાંધીને તેટલા વિસ્તારમાં છીછરું બનાવી દેવામાં આવ્યું છે. સંભવ છે કે એ જગાએ નાનાં બાળકોને નાહવા માટે વ્યવસ્થા કરવામાં આવી હોય. જળાશયથી થોડે દૂર કાંઈક વિચિત્ર ઘાટનું એક મકાન છે. એનો શો ઉપયોગ હશે એ બાબતમાં વિદ્વાનો એકમત નથી, પણ માર્શલનો મત એવો છે કે એ હમામખાનું હોઈ શકે.

મોંહે-જો-દડોમાં એક વિશાળ ઓરડો આવેલો છે. લગભગ ૮૫૮ ચોરસફૂટ જેટલો તેનો વિસ્તાર છે અને તેમાં ૨૦ ચોરસ થાંભલાઓ ઈંટથી બાંધવામાં આવ્યા છે. આ ઓરડાનો ઉપયોગ કદાચ મોટી બજાર કે મારકીટ તરીકે થતો હોય અગર તો કોઈ ધાર્મિક સંમેલનો માટે એ વપરાતો હોય. હરપ્પાની અંદર એક મોટું ભંડારગૃહ મળી આવ્યું છે; તે લગભગ ૧૩૪×૧૬૮ ફૂટ જેટલા વિસ્તારમાં પથરાયું છે અને રૂ તેમજ અનાજ ભરવાના મોટા ગોડાઉન તરીકે તેનો ઉપયોગ થતો હોવાનું મનાય છે. આ ઉપરાંત દરેક ધનિક માણસના ઘરમાં એક ખાસ ભંડારઘર પણ મળી આવે છે.

પણ મોંહે-જો-દડો અને હરપ્પામાં નિવાસ કરતો પ્રત્યેક માનવી ધનિક ન હતો એની સાબિતી હરપ્પામાંથી મળી આવેલી ગરીબ માણસોની ચાલીઓ આપે છે. આ ચાલીની ઓરડીઓ ૧૪×૧૦ ફૂટ છે અને ગરીબ મજૂરોનું આ રહેઠાણ હશે એવી સાબિતી પણ મળે છે.

આવાં સુવ્યવસ્થિત નગરોમાં નિવાસ કરતી પ્રજા વિષે આપણને જિજ્ઞાસા તો થાય જ, પણ આપણે માટે આ સંસ્કૃતિ એ એક મૂક નાટક જેવી બની ગઈ છે. આ પ્રજાએ લખવા માટે તાડપત્રો, કપડાં અને એવી બીજી નાશવંત ચીજોનો ઉપયોગ કર્યાથી એમના તમામ ગ્રંથો નાશ પામ્યા છે અને સીલ પર મળી આવતા કેટલાક શબ્દ-ટુકડાઓ સિવાય એમની ભાષા અથવા લિપિ બાબતમાં આપણે કાંઈ જ જાણતા નથી. વિદ્વાનોના અથાગ પ્રયત્નો છતાં હજુ આ લિપિ કોઈ ઉકેલી શક્યું નથી. ટૂંકમાં આ પ્રજાના માનસપ્રદેશનો પરિચય કરવા માટે કોઈ સાધન આપણી પાસે ઉપલબ્ધ નથી. અરે મોંહેં-જો-દડો અને હરપ્પા એ ગામો મૂળ કયા નામે ઓળખાતાં હશે એ પણ આપણે જાણતા નથી; છતાં જે કાંઈ વસ્તુઓ ત્યાં સચવાઈ રહી છે, તેના આધારે એ પ્રજાના જીવનનો કાંઈક ખ્યાલ આપવાનો પ્રયાસ કરીશું.

હરપ્પા અને મોંહેં-જો-દડોમાં હજુ સુધી કોઈ પણ મંદિર મળી આવ્યું નથી એટલું જ નહીં પણ મંદિર હશે એમ માનવાને કારણ પણ મળતું નથી; પણ ધ્યાનસ્થ અવસ્થામાં રહેલી એક મૂર્તિ મળી આવી છે. આ યોગીએ ઝભ્ભો પહેર્યો છે અને તેના પર ⌘ આવા આકારનું ભરત ભરેલું છે. આ મૂર્તિને હાર પહેરાવી શકાય તેવા ખાડા ગરદન પાસે છે એના પરથી એ કોઈ દેવમૂર્તિ

હોવાનું મનાય છે. આ ઉપરાંત નગ્નપ્રાય સ્ત્રીઓ અને નગ્ન પુરુષોની નાનકડી આકૃતિઓ પુષ્કળ પ્રમાણમાં મળી આવે છે. આ મૂર્તિઓએ અનેક આભૂષણો અને વિચિત્ર મુકુટો પહેરેલાં છે. આ ઉપરાંત નાગની આકૃતિઓ પણ પૂજ્ય સ્થાનોમાં મળે છે. એક ત્રિમુખ અથવા ચતુર્મુખ દેવ–જેને માર્શલે 'પશુપતિ' તરીકે ઓળખાવ્યા છે, તેનું સીલ મળી આવ્યું છે. માથે શીંગડાં છે. પદ્માસન વાળીને બેઠેલો છે અને તેની આસપાસ ચારે તરફ જુદાંજુદાં પ્રાણીઓ ઊભેલાં છે. આધુનિક શંકરનું આ પ્રાચીન સ્વરૂપ છે એવી લગભગ તમામ વિદ્વાનોની ધારણા છે. વળી નાનાંમોટાં પુષ્કળ લિંગ અને જુદાજુદા આકારની અનેક યોનિઓ મળી આવે છે અને શંકર ઉર્ફે મહાદેવ એ અનાર્યોના દેવ હોવાની માન્યતાને પુષ્ટિ આપે છે. વૃક્ષો (ખાસ કરીને પીપળો) અને વૃક્ષદેવતાઓની પૂજા ખૂબ પ્રચલિત લાગે છે. બકરાનું બલિદાન આપવાનો રિવાજ પણ હશે. સ્વસ્તિકનું ચિહ્‌ન અનેક જગાએ દેખાય છે અને પવિત્ર ગણાતું હશે એમ લાગે છે. દેવીપૂજા એ હરપ્પા સંસ્કૃતિનું પ્રધાન લક્ષણ છે. આ બધી બાબતોનો વિચાર કરીએ તો આજના હિંદુધર્મમાં આર્ય કરતાં અનાર્ય તત્ત્વો વધારે દેખાય છે. અત્યારે જે મુખ્ય દેવોની પૂજા થઈ રહી છે તેમાંના કોઈ દેવનો ઉલ્લેખ ઋગ્વેદમાં મળી આવતો નથી. આ પ્રજાના વિચારો અથવા તેમની ફિલસૂફી જાણી શકવાનો આપણી પાસે કોઈ માર્ગ નથી; કારણ કે તેમની ભાષા આપણે જાણતા નથી. કોઈ ગ્રંથો ઉપલબ્ધ નથી અને વાર્તાઓ, દંતકથાઓ ઇત્યાદિ સાધનો પણ આપણે મેળવી શકયા નથી.

આ પ્રજાનાં આભૂષણ અને વેષભૂષાને લગતું આપણું જ્ઞાન ત્યાં મળી આવતી
મૂર્તિઓના નિરીક્ષણ પર રચાયેલું છે.
પ્રજા વસ્ત્રો બહુ જ ઓછાં પહેરતી
એક ટૂંકું ઉત્તરીય કેડ ફરતું વીંટવા
આવતું હશે; પણ જવાહિર અને આભૂષણો
આ પ્રજાને અત્યંત શોખ છે. મોટે
સુતરાઉ કપડાંનો ઉપયોગ થતો અને
પર ભરત ભરવામાં આવતું. સ્ત્રીઓ
પુરુષો પણ લાંબા ચોટલાઓ રાખતાં
વાળ ઓળવાની જુદીજુદી અનેક 'ફેશન
પ્રચલિત હતી. પુરુષો દાઢીઓ પણ વધાર

ઝવેરાત અને કિંમતી દાગીનાઓને
ણોમાં ભરીને જમીનમાં દાટી દેવામાં આવ
આવા કેટલાય ઘડાઓ મળી આવ્યા છે.
હરપ્પામાં ગરીબ માણસોની ચાલીમાં
રાતનો ભરેલો એક ઘડો મળી આવ્યો છે
કોઈક મજૂરે એકાદ મોટી ચોરી કરીને
ઘડો પોતાની ઓરડીમાં દાટી દીધો હશે.
મોટે ભાગે સોનાનાં, રૂપાનાં, કાંસાનાં
તો ત્રાંબાનાં બનાવવામાં આવતાં. હરપ્પ
સ્ત્રીઓ અત્યારની મારવાડી સ્ત્રીઓ પહેર
તેવું શંકુ આકારનું માથાનું ઘરેણું, કાન
એરિંગ, નાકમાં ચૂંક અને આંગ
વીંટીઓ અગર વેઢ પહેરતી. બંગડી
આ પ્રજામાં ખૂબ પ્રચલિત હતી. સોનું,
કાંસું, ત્રાંબું, કાચલી અને છેવટે માટી
પણ વિવિધ પ્રકારની બંગડીઓ બનાવવા
આવતી. પગમાં ઝાંઝર પહેરાતાં અને
તેમજ પુરુષો માથામાં ચીપિયા અને દાંતિ
ખોસતાં; ત્રાંબાના બનાવેલા આયના
છૂટથી વપરાતા અને એવા નાનાનાના
નાઓ પણ મળી આવ્યા છે. પ્રસા
કળામાં ઉપયોગી થઈ પડે તેવી રૂપ
અનેક સામગ્રીઓ મળી આવી છે. તે
એમ કહી શકાય કે આ કાળની
પ્રસાધન-કળામાં અત્યંત કુશળ
આંખમાં કાજળ અને ચહેરા પર

ઉપયોગ થતો. ચહેરાને સફેદ બનાવવા માટે પાઉડરનો પણ ઉપયોગ કરવામાં આવતો. સ્ત્રીઓ અને પુરુષો પોતાનાં શરીર અને ચહેરા પરના વાળ કાઢવા માટે નાના અસ્ત્રાઓનો ઉપયોગ કરતાં.

હરપ્પા સંસ્કૃતિના કાળમાં વપરાતાં ચાકુઓ અને ઓજારો પુષ્કળ પ્રમાણમાં મળી આવ્યાં છે. સોનું, ત્રાંબું અને કાંસું આ ત્રણ ધાતુઓનો ઉપયોગ વધારે છે, જ્યારે પથ્થરનો વપરાશ ઓછો છે. કુહાડી(પરશુ)નો ઉપયોગ સામાન્ય છે અને કાંસાની બનેલી એક કરવતી પણ મળી આવી છે. જગતની આ જૂનામાં જૂની કરવતી છે. આ ઉપરાંત તલવારો, ભાલાનાં ફળાં, ખંજરો અને જુદીજુદી જાતનાં ચપ્પુઓ મળી આવ્યાં છે. આમાંનું એક ચપ્પુ તો કેવળ ચર્મકાર્યમાં જ ખપ લાગે તેવું છે. બાણનાં ફળાં અને માછલી પકડવાના ગળ ખૂબ મળી આવ્યાં છે. પથ્થરની મોટી ગદાઓ પણ ચાલુ વપરાશમાં હશે. પથ્થરમાંથી બનાવેલી છરીઓ રોજઉપયોગમાં લેવાતી અને પથ્થરની ઘંટીઓનો ઉપયોગ અનાજ દળવામાં કરવામાં આવતો. જુદાંજુદાં વજનના પથ્થરોનો ઉપયોગ તોલાં તરીકે કરવામાં આવતો. આ બધાં જ તોલાઓ પૂરાં માપ અને વજનનાં છે, અને આ પ્રજા પ્રામાણિક વેપારીઓ હોવાની શાખ પૂરે છે. દીવા તરીકે કોડિયાંનો ઉપયોગ થતો હોવાનું દેખાતું નથી, પણ માટીનું બનાવેલું એક મીણબત્તી રાખવાનું સ્ટેંડ મળી આવ્યું છે. રૂ કાંતવા માટે જુદાંજુદાં વજન અને કદની તકલીઓ ઢગલાબંધ મળી આવે છે અને તમામ સ્ત્રીઓ નવરાશની વેળાએ સૂતર કાંતતી હશે એમ મનાય છે. ચમચા, કડછીઓ અને વેલણો પણ મળી આવ્યાં છે અને એક માટીનો ખડિયો પણ મળ્યો છે. હાથીદાંતનો ઉપયોગ આ પ્રજા જાણતી, પણ એ ભાગ્યે જ વપરાય છે. સંભવ છે કે એવી મોંઘી ચીજોનો ઉપયોગ કરવાનું સામાન્ય માણસને માટે શક્ય ન હોય.

હરપ્પા–સંસ્કૃતિનાં આ પ્રજાજનો માટીકામમાં અતિ નિષ્ણાત છે. કુંભારનો ચાકડો હજુ સુધી મળી આવ્યો નથી, પણ જે જાતનાં વાસણો મળી આવે છે એ હાથે બનાવી કાઢવાનું શક્ય નથી. આ વાસણો જુદાજુદા આકાર અને કદનાં છે અને તેના પર પક્ષીઓ, સર્પ અને માછલાં ઇત્યાદિ પ્રાણીઓનાં ચિત્રણ કરવામાં આવ્યાં છે. લગભગ $\frac{૧}{૨}$ ઇંચ જેટલા કદનાં માટીનાં અને બીજી વસ્તુનાં બનાવેલાં કેટલાંક વાસણો મળી આવ્યાં છે. સંભવ છે કે ઊંચી જાતનાં કિંમતી સુગંધી દ્રવ્યો અને તેલો રાખવા માટે આ વાસણો વપરાતાં હશે. પથ્થર–કામમાં આ પ્રજાએ ખાસ કુશળતા પ્રાપ્ત કરી નથી અને પથ્થરનો ઉપયોગ ભાગ્યે જ નજરે ચડે છે. ધાતુકામ અને શિલ્પશાસ્ત્રમાં આ પ્રજા અતિ કુશળ છે. તેમણે તૈયાર કરેલાં સીલ એ ખરેખર કળાના સુંદર નમૂનાઓ છે. શ્રી મેકે તો ત્યાં સુધી કહે છે કે આ સીલ એ પુરાતન સિંધુનગરના નાગરિકોની એક મહાકલાસિદ્ધિ છે. સીલ પર જે પ્રાણીઓ અને વૃક્ષોનું ચિત્રણ કરવામાં આવ્યું છે એ વાસ્તવિક અને જોમભર્યું છે.

ખેતી એ આ પ્રજાનો મુખ્ય વ્યવસાય છે. ઘઉં અને જવ એ એમના મુખ્ય પાક છે. આ ઉપરાંત ખજૂર, તરબૂચ ઇત્યાદિ વસ્તુઓનો ખાદ્ય પદાર્થો તરીકે ખૂબ છૂટથી ઉપયોગ કરવામાં આવતો હશે, પણ સામાન્ય રીતે આ પ્રજા માંસાહારી હતી. હરણ, પાડા, ડુક્કર, કાચબા, બકરાં, બળદ, માછલી અને મરઘી એ ખોરાકની સામાન્ય વાનીઓ તરીકે વપરાતાં માલૂમ પડ્યાં છે. આ પશુપક્ષીઓનો શિકાર ધનુષ્ય અને બાણથી

કરવામાં આવતો અને શિકારના કાર્યમાં ઉપયોગી થઈ પડે તે માટે કૂતરાઓ પાળવામાં આવતા. એક સીલમાં કૂતરાને ગળે પટ્ટો બાંધેલો દેખાય છે અને ઘરની ચોકી માટે તે રાખ્યો હોય તેમ લાગે છે. ખેતીનાં ઓજારો લાકડાનાં હોવાથી નાશ પામ્યાં હશે, પણ પથ્થર તેમ જ ધાતુનાં બનાવેલાં કોશ અને દાતરડાં મળી આવ્યાં છે. ખાસ ધ્યાન ખેંચે તેવું તો એ છે કે અત્યારે સિંધમાં સારી પેઠે પરિચિત ઊંટથી આ પ્રજા તદ્દન અજાણ છે, બે પ્રકારની નૌકાની પ્રતિકૃતિઓ મળી આવી છે પણ આ પ્રજાને વહાણવટામાં ખાસ કાંઈ રસ હોય તેમ લાગતું નથી. બહારના દેશો–ખાસ કરીને સુમેર પ્રજા જોડે વેપારી સંબંધો હતા અને સિંધુ નદીના કેટલાંક સીલ મેસોપોટેમિયામાં મળી આવ્યાં છે.

માટી, હાથીદાંત અને કાચલીનાં રમકડાંઓ મળી આવ્યાં છે અને એથી અનુમાન કરી શકાય કે લાકડાંનાં રમકડાં પણ બનતાં હશે. બળદગાડી એ બાળકોનું પ્રિય રમકડું હતું. બાળકોએ જાતે બનાવેલાં કેટલાંક માટીનાં રમકડાં પર હજુ સુધી એ શિશુ–આંગળીઓની છાપ સચવાઈ રહી છે. માટીનાં પક્ષીઓ, નાનાંનાનાં પાંજરાંઓ, પક્ષી આકારની સિસોટીઓ, નાનાં ગાજ 'ઘરઘર' રમવા માટેનાં વાસણો આવ્યાં છે. કેટલાંક રમકડાંની બના જરા વધારે મુશ્કેલ છે. માથું હલાવ બળદ, અગર હાથપગ ઉલાળતું વાંદરું પર ચડઊતર કરતાં અને દોરી ખેંચો ઊભાં રહી જાય તેવાં નાનાં પ્રાણીઓ મ છે. માટી, પથ્થર અને હાથીદાંતના બનાવે પાસાઓ ખૂબ મળી આવ્યા છે. આ પ્રજા જુગાર એ સામાન્ય લક્ષણ હોવાનો સંભવ છે.

વૈદક શાસ્ત્રમાં પણ આ પ્રજાએ ઠીક ઠી પ્રગતિ સાધી હતી. સાંબર હરણનાં શીં શિલાજિત અને કાચબાનાં હાડકાંનો ઉપ દવામાં કરવામાં આવતો.

હરપ્પા–સંસ્કૃતિના લોકો કઈ જાત હતા તે જાણી શકાયું નથી. મોંહે-જો-દ અને હરપ્પાની કબરોમાંથી તેમ જ બહાર મળી આવેલા અવશેષો પરથી જુદી જુ ચાર પ્રજાના માણસો આ નગરમાં નિવા કરતા હશે તેમ લાગે છે. પશ્ચિમ એશિયા ઉદ્ભવેલી બીજી સંસ્કૃતિની જોડે સરખાવ આ નગર ઈ. સ. પૂર્વે ૧૮૦૦-૧૭૦ આસપાસ નાશ પામ્યું હશે એવું વિદ્વા અનુમાન છે.

★

ડૉ. એની બિસેંટે 'ભારતનાં સંતાનો' નામની એક સંસ્થા હિંદ માટે જ સ્થાપી હતી.
એમાં દાખલ થનારને નીચે પ્રમાણે પ્રતિજ્ઞા લેવી પડતી હતી:

(૧) હું સર્વ ધર્મ, સંપ્રદાય, પ્રાંત અને દેશના હરેક ભારતવાસી સાથે બંધુભાવથી વર્તીશ.
(૨) લોકસેવા મારા જીવનનું મુખ્ય ધ્યેય રહેશે અને મારા પોતાના જીવનમાં સ્વાર્થનો ત્યાગ કરી
લોકહિતનાં કાર્યોને પ્રથમ સ્થાન આપીશ.
(૩) અશિક્ષિતોને શિક્ષણ આપવાનો ને પીડિતોનો ઉદ્ધાર કરવાનો પ્રયત્ન કરીશ.
(૪) નિઃસહાય અને દલિત વર્ગોનું રક્ષણ કરીશ.
(૫) લોકસેવાનું કોઈ પણ એક નિશ્ચિત ક્ષેત્ર અપનાવી લઈને એમાં જ ડૂબી જઈશ.
(૬) દરરોજ ઓછામાં ઓછું સેવાનું એક કામ તો કરીશ જ.
(૭) મારા ધ્યેયની પ્રાપ્તિ માટે ગેરકાનૂની સાધનોનો પ્રયોગ કદી યે નહીં કરું.
(૮) મારું ગામ, જિલ્લો, પ્રાંત અને મારી માતૃભૂમિ અને દુનિયાનો એક ઉ–તા નાગરિક બનીશ

×

આરોગ્ય તેમજ ઉદ્યોગ માટે ઉપયોગી

બોરિક ઍસિડ

લેખક :
ડૉ. નરસિંહ મૂ. શાહ
એમ. એસસી., પીએચ. ડી.

'બાબાની આંખો આવી છે.'

'બોરિક પાવડરના પાણીથી ધોઈ નાંખો ને.'

'બાબાને ગડગૂમડ વધતું જાય છે.'

'તેને બરાબર સ્વચ્છ પાણીથી ધોઈ તેના પર બોરિક પાવડર છાંટી પાટો બાંધી દો, એટલે ચેપ નહીં ઊડે અને ગૂમડાં ફેલાશે નહીં.'

આમ આપણા રોજિંદા જીવનમાં બોરિક ઍસિડ ઘણો મહત્ત્વનો ઉપયોગી પદાર્થ છે. બોરિક ઍસિડનો સોડિયમ ક્ષાર બોરેક્સ એટલે કે ટંકણખાર પણ બોરિક ઍસિડ જેટલો ઉપયોગી પદાર્થ છે. એ બંને બોરોન નામના મૂળ તત્ત્વમાંથી ઉદ્‌ભવેલા છે. બોરિક ઍસિડના ક્ષારો બોરેટો કહેવાય છે. બોરિક ઍસિડ અને બોરેક્સ ઘરગથ્થુ ઉપયોગની અગત્યની ચીજો છે. ટંકણખાર તો ભારે પાણીને હલકું કરવા માટે, કપડાં ધોવાના સાબુની બનાવટમાં, તથા એવા પરચૂરણ કામ માટે સામાન્યતઃ દરેક ઘરમાં ઉપયોગમાં લેવાય જ છે. વાંદા અને કીડીઓના ઉપદ્રવ દૂર કરવા માટે પણ ટંકણખાર છાંટવામાં આવે છે. બોરિક ઍસિડ પાવડરનો ઉપયોગ ઔષધમાં ખૂબ જાણીતો છે. તેનો મલમ ગૂમડાં મટાડવા માટે વપરાય છે. આંખો દુખવા આવે ત્યારે બોરિકના પાણીથી ધોવામાં આવે છે, પણ આ તો થયા તેમના ગૌણ ઉપયોગો. બોરિક અને બોરેક્સ જુદાજુદા ઉદ્યોગોમાં એવા વિશાળ પ્રમાણમાં ઉપયોગમાં આવે છે, કે તે જાણીને ઘણાંને આશ્ચર્ય થશે.

જૂના કાળથી કીમિયાગરો બોરેક્સ વાપરતા આવ્યા છે. પહેલાં તો તે તિબેટમાંથી બધે મોકલાતું. ત્યાં તેને 'તિન્કલ' તરીકે ઓળખવામાં આવે છે. આ તિન્કલમાંથી ઈ. ૧૭૪૭માં સૌ પ્રથમ બોરિક ઍસિડ છૂટો પાડવામાં આવ્યો. ગરમ પાણીના ઝરાની આસપાસના તથા જ્વાળામુખીના પ્રદેશોની સમીપમાં આવેલાં સરોવરોને પડખેથી મોટે ભાગે બોરેક્સ મળી આવે છે. આ સરોવરોનાં પાણી સુકાઈ જતાં જે જાડા પોપડા બાઝી જાય છે, તેમાંથી બોરેક્સ નીકળે છે.

આ ઉપરાંત બીજા કુદરતી બોરેટોમાંથી પણ બોરેક્સ બનાવાય છે. એમાં કેલશિયમ, મેગ્નેશિયમ ઇત્યાદિ બોરેટોનો સમાવેશ થાય છે. આવા બોરેટોને સોડા સાથે ઉકાળીને બોરેક્સ તૈયાર કરવામાં આવે છે. આ ક્રિયામાં બોરેટનું વિઘટન થાય છે અને કેલશિયમ યા મેગ્નેશિયમને બદલે સોડિયમ ક્ષાર પેદા થાય છે, જેને વિશુદ્ધ કરીને બોરેક્સ તરીકે બજારમાં મોકલવામાં આવે છે. તિબેટમાંથી હવે બોરેક્સ થોડા પ્રમાણમાં નીકળે છે, પરંતુ હાલ તો અમેરિકા છેલ્લાં ઘણાં વર્ષો થયાં બોરેક્સના વેપાર પર મજબૂત કાબૂ ધરાવે છે. દુનિયાની પેદાશનો ૬૫ ટકા બોરેક્સ, જે અમેરિકા ઉત્પન્ન કરતું તેની ઉત્પત્તિ આજે તો વધીને ૯૪ ટકા સુધી પહોંચી છે. બાકીના છ ટકામાં આર્જેન્ટિના, ઈટાલી અને તુર્કી આવે છે.

બોરેક્સનો મુખ્ય ઉપયોગ રસોડામાં ઉપયોગી કાચનાં વાસણો, નાહવાનાં ટબ, સોસપેન વગેરેને ઇનેમલ (મીનો) ચડાવવામાં થાય છે. માટીનાં તેમજ ચીનીનાં વાસણો, ગ્લેઈઝ્ડ નળિયાં, સંડાસમાં ઉપયોગી આરોગ્યમૂલક સામાન, પાઈપો વગેરેની બનાવટમાં

પણ ટંકણખાર તેમજ બોરિક પાવડર ખૂબ વપરાય છે. કાચના ઉદ્યોગમાં તો પ્રતિદિન આ પદાર્થોનો ઉપયોગ વધતો જ જાય છે. ટંકણખારવાળો કાચ મજબૂત, વિશેષ ચકચકિત તેમજ ટકાઉ બને છે. તેવા કાચની બનાવટમાં રેતીના દર હજાર ભાગે ૧૫થી ૫૦ ભાગ ટંકણખાર નાખવામાં આવે છે. 'પાઈરેક્સ' તરીકે જાણીતા મશહૂર કાચની બનાવટમાં બોરિક અને રેતીનું ખાસ મિશ્રણ વાપરવામાં આવે છે. આવો કાચ ઉષ્ણતાના શીઘ્ર ફેરફાર થાય છતાં તૂટતો નથી. આવા બોરો-સિલિકેટ કાચ વૈજ્ઞાનિક પ્રયોગશાળામાં વપરાતા કાચના સરંજામની બનાવટમાં વપરાય છે. સામાન્ય કાચની ચીમની કે બીજી કોઈ વસ્તુ ગરમ હોય ત્યારે તેના પર પાણીનો છાંટો પડતાં જ તે તૂટી જાય છે એ સૌનો અનુભવ છે, પણ બોરો-સિલિકેટ કાચ પર એમ થવાથી કાંઈ પણ અસર થતી નથી. તેવા કાચનો પ્રસરણાંક (અં. કોઈફીસન્ટ ઑફ એક્સ્પાન્શન) એકદમ ઓછો હોય છે.

બોરેક્ષ (ટંકણખાર) સૂતર ધોવામાં, રંગવામાં તથા ચામડાંની બનાવટમાં પુષ્કળ વપરાય છે. કપડાંને ઇસ્ત્રી કરતી વખતે ચળકાટ આણવા વૉશિંગ કંપનીઓ તેનો ઉપયોગ કરે છે. કાગળ, પ્લાઈવૂડ, પ્લાસ્ટર અને રંગરોગાનમાં કેસીનનો પટ મારવા માટે તેનું જે દ્રાવણ કરવામાં આવે છે, તેમાં ટંકણખારનો જ ઉપયોગ થાય છે. ૭૦ ટકા ટંકણખાર અને ૩૦ ટકા બોરિક ઍસિડનું પાણીમાં મિશ્રણ કરીને તૈયાર કરેલું દ્રાવણ કાગળ, કાપડ કે લાકડા પર ચોપડવાથી તેમને અગ્નિવિરોધક (ફાયરપ્રૂફ) બનાવી શકાય છે. મીણબત્તીની બનાવટમાં તેની દિવેટ સીધી રહે એ માટે તેને ટંકણખારમાં બોળવામાં આવે છે અને પછી ઉપયોગમાં લેવાય છે. ટંકણખારને ગરમ કરવાથી તે પીગળી જતો હોવાથી ધાતુઓના શોધનમાં તેનો (ફલક્સ) તરીકે ઉપયોગ થાય છે. ગજવેલ અને લોઢાનાં વેલ્ડિંગ, સોલ્ડરિંગ (રેણ) અને બ્રેઈઝીંગમાં તે પુષ્કળ વપરાય છે. ગરમી વડે ઓગાળેલા ટંકણખારમાં કેટલીક ધાતુઓના ક્ષારો નાખી એ મિશ્રણ ગરમ કરવાથી રંગીન પદાર્થો પેદા થાય છે: જેવા કે ત્રાંબાના ક્ષારથી (મોરથૂથુ) વાદળી, ક્રોમીઅમથી લીલો, મેન્ગેનીઝથી જાંબલી, કોબાલ્ટથી ઘેરો વાદળી, નીકલથી પીળો ભૂરો અને લોઢાનો ક્ષાર ઉમેરવાથી આછો લીલો. ડબ્બામાં ખોરાક સાચવવા માટે તથા જંતુવિનાશક તરીકે પણ ટંકણખાર તથા બોરિક ઍસિડ ઉપયોગમાં આવે છે. ઔષધોમાં પણ આ બંને ખૂબ વપરાય છે. નૃત્યગૃહોમાં ભોંયતળિયું લીસું રાખવા માટે તથા કેરમ બોર્ડને સાફ લીસું રાખવા માટે બોરિક પાવડરનો ઉપયોગ થાય છે.

સોડિયમ પર-બોરેટ દંતમંજનમાં જંતુવિનાશક તરીકે તથા કોગળા કરવા માટે તેમ જ બ્લીચિંગમાં વપરાય છે. શરીર-શોભન પદાર્થો(કોસ્મેટિક પદાર્થો)ની બનાવટમાં પણ આ બોરિક પાવડર તથા ટંકણખાર ખૂબ ઉપયોગી છે. આપણા સમસ્ત જીવનમાં ટંકણખાર અને બોરિક ઍસિડ પાવડરની આવી વ્યાપક મહત્તા છે.

ટસ્કની(ઈટાલી)ના જ્વાળામુખી પ્રદેશમાં જમીનમાંથી વરાળના ફુવારા છૂટે છે. આ ફુવારાની આસપાસ ચણતર કરી દઈ વરાળનું પાણી તેમાં એકઠું કરવામાં આવે છે. આ પાણીમાં બોરિક ઍસિડ હોય છે. તેને ઉકાળવાથી તેમાંથી બોરિક ઍસિડ છૂટો પડે છે ને તેને શુદ્ધ કરી વેચવામાં આવે છે. બોરેક્સના દ્રાવણમાં તેજાબ નાખવાથી પણ બોરિક ઍસિડ છૂટો પડે છે. બોરિક ઍસિડ કે અન્ય કોઈ બોરેટને સલ્ફ્યુરિક

ઍસિડ સાથે મેળવી તેમાં દારૂ-સ્પિરિટ નાખી સળગાવવાથી લીલા રંગની જ્યોત થાય છે. આ જ્યોત બોરિકની લાક્ષણિક કસોટી ગણાય છે અને પૃથક્કરણમાં તેનો ઉપયોગ વૈજ્ઞાનિકો કરે છે.

બોરિક ઍસિડને ગરમ કરવાથી તેમાંથી પાણી છૂટે છે અને છેવટે નિર્જળો બોરિક રહે છે. આને બોરિક એનહાઈડ્રાઈડ કહેવામાં આવે છે. તેને મેગ્નેશિયમ ધાતુ સાથે ગરમ કરવાથી તેમાંથી બોરોન છૂટો પડે છે. બોરોન અ-ધાતુ છે. તેના કાંઈ ખાસ મહત્ત્વના ઉપયોગો નથી; પરંતુ તે ખૂબ સખત પદાર્થ હોવાથી હીરાની ભૂકીની માફક પૉલિશ કરવાના સખત પદાર્થ તરીકે (અ. એબ્રેસીવ) તેનો ઉપયોગ થવા લાગ્યો છે.

બોરિક ઍસિડ અને બોરેક્સવાળી નીચેની દવાઓ ડૉક્ટરો વાપરે છે:

૧. ગ્લીસીરીનમ ઍસિડી બોરિકી–ગ્લીસીરીનમાં ૩૧ ટકા બોરિક ઍસિડ.

૨. અંગ્વેન્ટમ ઍસિડી બોરિકી–સફેદ પેરાફીનના મલમમાં ૧૦ ટકા બોરિક ઍસિડ.

૩. ગ્લીસીરીનમ બોરેસીસ–ગ્લીસીરીનમાં ૧૨ ટકા બોરેક્સ.

૪. મેલ બોરેસીસ–શુદ્ધ મધમાં ગ્લીસીરીન સાથે ૧૦ ટકા બોરેક્સ. મલમ અને ગ્લીસીરીનમ સૂકી ચામડીનાં દર્દોમાં વપરાય છે. ઝરતું ખરજવું હોય તો બોરિક અને ઝીંક ઑક્સાઈડ કે કાર્બોનેટવાળો પાવડર છાંટવામાં આવે છે. બોરિક ઍસિડ ખૂજલી રોકે છે. બોરિક ઍસિડ (૪ ટકા) અને ગ્લીસીરીન (૫–૧૦ ભાગ પાણી સાથે) મેળવીને મોંમાં કોગળા કરવા માટે અને ટૉન્સીલાઈટીસમાં ચોપડવા માટે વપરાય છે. બોરેક્ષ અને પોટાસ ક્લોરેટની ગોળીઓ પણ આ કામ માટે વપરાય છે.

*

કબીર સાહેબ કપડાં વણીને પોતાનો ગુજારો કરતા હતા, એ તો સર્વવિદિત છે. એમાંથી જે દ્રવ્ય આવતું તેમાંથી અડધું તો એ દાનમાં આપી દેતા હતા. એક દિવસ એક તાકો વણીને એ બજારમાં લઈ ગયા. એની કિંમત દસ પૈસા માગી, પરંતુ કોઈએ પણ છ પૈસાથી વધુ કિંમત આપવાની તૈયારી બતાવી નહીં; પરંતુ આટલા સસ્તામાં તાકો વેચવાનું એમને બિલકુલ યોગ્ય ન લાગ્યું. છેવટે એક દલાલ એમની પાસે આવ્યો ને કહ્યું :

'બોલો જોઈએ, તાકો તમારે વેચવો છે કેટલામાં ?'

'દસ પૈસામાં.'

'ઠીક છે, લાવો મને આપો; હું તમને વેચી આપીશ.' બીજે દિવસે એ દલાલે એ જ તાકાના ચોવીસ પૈસા માગ્યા. પણ લોકોએ તો એમની ટેવ પ્રમાણે એની ઓછી જ કિંમત માગી. ને ચૌદ પૈસા આપવાની તૈયારી બતાવી.

અને દલાલે એ તાકો એટલામાં વેચી દીધો; ને દસ પૈસા કબીરને આપી બાકીના ચાર પોતાની મહેનતના ગણીને ખિસ્સામાં મૂક્યા. કબીરને ખૂબ જ આશ્ચર્ય થયું ને એમણે મનોમન વિચાર્યું :

'જોયું ને જીવ, સાચી વાત કોઈ માનતું નથી; ને જૂઠું બોલનારને લોકો દસ પૈસાની ચીજના ચૌદ પૈસા ખુશીથી આપી જાય છે !'

દુનિયાના રંગઢંગ બદલવાની કબીરજીની લાગણી આ પ્રસંગથી વધુ દૃઢ થઈ.

×

ઐતિહાસિક દૃષ્ટિએ

ધર્માદાની કલ્પના

લેખક :

શ્રી જનાર્દન પ્રભાસ્કર

ધર્માદાની કલ્પનાનો ઇતિહાસ એટલે જગતની શરૂઆતથી આજ સુધીમાં બહુજન-સમાજના મન પર અને સુશિક્ષિત વર્ગના જે અનેક ધાર્મિક અને સામાજિક કલ્પનાઓનો અને તેને અંગે થયેલ પ્રયત્નોની નજરે પડતી છાપનો જ ઇતિહાસ છે. આ ભાવના અને પ્રયત્નો વિવિધ હોવાથી ધર્માદા વિષેની લોકોની કલ્પનાઓમાં અને પદ્ધતિઓમાં એકરૂપતા ન જણાય એ સાહજિક છે, તેથી એ કલ્પનાની કેવી રીતે ઉત્ક્રાંતિ થતી ગઈ એ દર્શાવવાનો આ લેખનો હેતુ છે.

ધર્માદાનું પહેલું પગથિયું એટલે કૌટુંબિક પ્રેમ અથવા કુટુંબ વિષેની જવાબદારી છે. તેના પછીનું પગથિયું અતિથિ–સત્કાર. ત્યાર પછી ધાર્મિક કલ્પનાઓને લીધે ધર્માદાને થોડુંક વ્યાપક રૂપ પ્રાપ્ત થયું. ત્યાર બાદ ધર્માદા એ સમાજનું કાર્ય છે એ ભાવનાનો ઉદય થયો અને વિધવા અને અનાથ છોકરાંઓની સગવડ કરવી એને સામાજિક કર્તવ્ય માનવામાં આવ્યું. આપણે બારણે જે યાચક આવે તેને ભિક્ષા નાંખવી, એ પ્રકાર રૂઢ થયો અને ધર્માદા માટે જુદી-જુદી સંસ્થાઓ અસ્તિત્વમાં આવી. આ બધી બાબતોમાં કુટુંબ જ બધા ધર્માદાના મૂળમાં છે, એ ભૂલવું ન જોઈએ.

કૌટુંબિક પ્રેમ નિર્માણ થવામાં વિવાહ-સંસ્થા કારણ થઈ; પરંતુ છેક પુરાતન કાળમાં સમાજમાં વિવાહ પ્રચારમાં નહોતો. તે કાળમાં ભૂતદયાને ગુણ માનવામાં નહોતો આવતો કે માનવહત્યા દોષ મનાતો નહીં. પછી ધીમેધીમે વિવાહ પ્રચારમાં આવ્યો, પરંતુ તે દરિદ્રતા ટાળવા માટે અથવા ચરિતાર્થના સાધનની નજરે અમલમાં આવ્યો. ત્યાર પછી સ્વસંરક્ષણ માટે જુદાં-જુદાં કુટુંબો એકત્ર રહેવા લાગવાથી જાતિ નિર્માણ થઈ ને જાતિમાંના ગરીબોનાં પોષણનો બોજો તે તે જાતિ પર આવી પડ્યા. તથાપિ જાતિજાતિમાં વૈમનસ્ય ઉત્પન્ન થયું. કૌટુંબિક અવસ્થામાં શરૂઆતમાં પતિવ્રત ભાવનાની કલ્પના જ નહોતી, છોકરાંઓ વિષેની મા-બાપના કર્તવ્યની ભાવના તે સમયે ઉત્પન્ન થઈ નહોતી, તેથી છોકરાંઓનો ક્રયવિક્રય પણ થતો. ધીમેધીમે બાળકો અને માતાનો દૃઢ સંબંધ છે એ જાગૃતિ નિર્માણ થઈ અને ત્યાર પછી બાપ અને બાળક વચ્ચેના પરસ્પર સંબંધની ભાવના અસ્તિત્વમાં આવી. આમ બન્યું ત્યાં સુધી તો કુટુંબ–વ્યવસ્થા કે ભૂતદયા અને ધર્માદાના મૂળ તત્ત્વને પોષક એવી વિચારનીતિનો પૂર્ણ અભાવ હતો અને ત્યાર પછી પણ આવી નીતિનાં ઊંડાં મૂળ જવા માટે પુષ્કળ સમય લાગ્યો. તેથી પતિ-પત્ની–સંબંધ અને અપત્યસ્નેહ એ ભૂતદયાની ભાવનાએ પ્રથમતઃ માંડેલાં બે પગલાં છે, એમ કહેવા હરકત નથી; છતાં પણ છોકરાં એ મુખ્યતઃ જાતિની માલમત્તા છે તેથી તેમનું સંગોપન અથવા નાશ કરવો એ સાર્વજનિક હિતનું કામ છે, એવી સમજથી અશક્ત છોકરાંને નિરુપયોગી માનીને મારી નાંખવાની પ્રથા ગ્રીક લોકમાં ચાલુ થઈ. રોમન સામ્રાજ્યને ઊતરતી કળા લાગી ત્યારે પણ ત્યાંના લોકોમાં પોતાની જવાબદારી હલકી કરવા માટે માનવહત્યાનો પ્રચાર થયો હતો.

તે જમાનામાં જંગલી લોકોમાં વિવાહ અને ગુલામગીરીને ચરિતાર્થનાં સાધનો માનવામાં આવતાં. પેટ ભરવાની સગવડ ન હોય ત્યારે પોતાને વેચીને ગુલામ થવાની

ત્યારે શરૂ થઈ. પછી ઈ. સ. પૂર્વે ૦૦ વર્ષથી ધર્માદાની કલ્પનામાં વિશિષ્ટ પડેલો નજરે પડે છે. એ વખતે જાતિમાંના શ્રીમંત અને ગરીબ, કારીગર અને ખેડૂત એ સર્વેને એક જ પ્રકારનું ધાર્મિક બંધન પ્રાપ્ત થયું અને સામાજિક ઓનો ન્યાય કરવાનો અધિકાર ઝીયસ નામના એક જ દેવને આપવામાં આવ્યો ! તેથી દરેક જાતિમાં થોડુંઘણું કાયદેસરનું વ્યવસ્થિતપણું ઉત્પન્ન થઈ દાન અને અતિથિસત્કાર કરવો એ કર્તવ્ય મનાવા લાગ્યું. આ કર્તવ્ય ન કરે તો ઝીયસનો રોષ ઊતરે એમ બધા માનતા તેમજ એવું વર્તન ગેરકાયદેસર મનાતું.

સત્કાર કરવો એ જેમ યજમાનનું કર્તવ્ય તેમ તે સત્કારનો દુરુપયોગ ન કરવો એ અતિથિનું કર્તવ્ય હતું. શ્રીમંત અને ગરીબ સર્વેને પરોણાગતનાં આ નિયમો એકસરખી રીતે જ લાગુ હતા અને પરસ્પરનો વિશ્વાસ અને સંબંધના દર્શક તરીકે યજમાન અને પરોણો પરસ્પરને નિશાની માટે નજરાણું આપતા હતા; એટલે યજમાનને અતિથિ અને અતિથિને યજમાન થવાનો આગળ-પાછળ પ્રસંગ આવે તો આ નિશાની બતાવીને પરસ્પરનો સંબંધ દૃઢતર થતો. આ સંબંધ ધીરેધીરે વંશપરંપરાગત થવાથી વ્યક્તિ, કુટુંબો અને જાતિ વચ્ચેના સ્નેહસંબંધનો વિકાસ થતો ગયો.

આ જ અરસામાં ભિક્ષા આપવી એ આવશ્યક માનવામાં આવતું હોવાથી આળસુ અને નિરુદ્યોગી માણસોને ભિક્ષા માગતા ફરવાનું ફાવતું થઈ પડ્યું અને ભિખારીઓનો વિશિષ્ટ વર્ગ નિર્માણ થયો અને પછી યહૂદી અને ખ્રિસ્તી લોકોમાં હાલ આપણે ત્યાં ભિક્ષા આપવાને જેમ કર્તવ્ય માનવામાં આવે છે, તેવી જ તે વખતમાં ભિક્ષા વિષેની સમજણ પ્રચલિત થઈને આપખુશીની દાનધર્મપદ્ધતિ અસ્તિત્વમાં આવી.

ઝીયસ દેવ વિષે એ લોકોમાં જે કલ્પના હતી, તે ઉપરથી તે વખતના ધર્માદાનું સ્વરૂપ કેવું હતું તે સાધારણ રીતે આપણને જણાઈ આવે છે. 'ભિખારીને ને અતિથિને અન્યાય ન થવો જોઈએ,' 'કુટુંબમાંની કોઈ પણ સ્ત્રીનું અપમાન કરવું નહીં,' 'અનાથ છોકરાંની બાબતમાં કોઈ પણ જાતનું પાપમૂલક વર્તન કરવું નહીં' અને 'વૃદ્ધ માબાપોને દયાથી રાખવાં જોઈએ,' આ ચાર ધર્માજ્ઞાઓમાંથી કોઈનો ભંગ કરે, તો તે માણસને ઝીયસ શિક્ષા કરે છે એવી તે લોકોની ભાવના હતી.

ગ્રીક લોકોમાં સમાજના નાગરિક અને ગુલામ એવા બે ભાગો પાડવામાં આવ્યા હતા. શિક્ષણ, યુદ્ધ અને રાજ્યકારભાર એ કામો નાગરિકોએ કરવાનાં હોઈ તે કરવા માટે તેમને પૂરતો વખત મળે એટલા ખાતર ગુલામોએ અંગમહેનત કરીને દેશમાં સંપત્તિ ઉત્પન્ન કરવી, એવી વ્યવસ્થા હતી. ગુલામોના ગુજરાનની જવાબદારી બધી રીતે નાગરિકોની હોવાથી તેમનો ભૂખમરો શક્ય નહોતો, તેથી દારિદ્ર્ય માત્ર ગરીબ નાગરિકોમાં જ નજરે પડતું.

ક્રીટ અને સ્પાર્ટા સંસ્થાનોમાં નાગરિકોનો બધો ખર્ચ સરકારી તિજોરીમાંથી કરવામાં આવતો. બીજાં કેટલાંક સંસ્થાનોમાં ઋણમુક્ત કરવાના કાયદા, સસ્તા અનાજનો પુરવઠો, નોકરોને પગાર આપવો, સસ્તા દરે કરજ આપનારી સંસ્થાઓ વગેરે અનેક સરકારી અને ખાનગી ઉપાયોથી ગરીબ લોકોને મદદ કરવામાં આવતી હતી. સિવાય રોગી અને ઉદ્યોગ ન કરી શકે એવા નાગરિકોને સરકાર તરફથી ચોકસાઈ થયા પછી રોજના

બેત્રણ આના આપવાની પણ વ્યવસ્થા હતી. પછી વેપારધંધામાં તેજી આવીને માલ-મત્તાના તત્ત્વ પર વર્ગીકરણ થયું ત્યારે ચાર વર્ગો અસ્તિત્વમાં આવ્યા. તે પૈકી છેલ્લો વર્ગ બાદ કરતાં બીજાઓને મતનો હક પ્રાપ્ત થયો અને આ તેજીમાં જ બીજાં સો દોઢસો વર્ષો પછી છેલ્લા વર્ગને પણ મતનો અને સરકારી નોકરીનો હક મળ્યો. પરંતુ ઈ. સ. પૂર્વે ૪૦૦ વરસ પર પેલોપોનોસયન યુદ્ધ પછી વેપારમાં મંદી આવી, લોકસંખ્યા ઓછી થઈ અને ગરીબોને પૈસા મળવાના માર્ગ અટકી જવાથી લોકો ગરીબ અને આળસુ બનવા લાગ્યા. ખેતી પ્રત્યે દુર્લક્ષ્ય થયું, દેશાંતર ઓછું થયું અને શહેરીઓની સંખ્યા પુષ્કળ પ્રમાણમાં વધી ગઈ, ત્યારે હાથમાં મતાધિકાર હોવાથી અને રાજકીય સત્તા મળેલી હોવાથી, તેનો સાર્વજનિક પૈસામાંથી ધર્માદા મેળવવા તરફ ઉપયોગ થવા લાગ્યો ! આવી રીતે બેઠાડુઓને ઉદ્યોગ વિના પેટ ભરવાની ટેવ પડી અને સ્વાવલંબનશક્તિનો લોપ થયો.

ગ્રીસમાં એરિસ્ટોટલ નામનો મોટો તત્ત્વવેત્તા થઈ ગયો, તેણે આ અવનતિનો ઓઘ થંભાવવા માટે લોકમત જાગૃત કરવાનો પ્રયત્ન કર્યો. દરેક માણસને ઉદ્યોગ કરવા માટે સરકારે મદદ કરવી અને જેમને ઉદ્યોગ કરવો શક્ય નથી તેમને ખાનગી રીતે મળનારું દાન પૂરતું છે એવા મતનું તેણે પ્રતિપાદન કર્યું. ચાલુ પદ્ધતિથી નિરુપયોગી અને આળસુ એવા ગરીબ લોકોને એકદમ મદદ આપવામાં આવે છે અને થોડા સમયમાં જ તે બધા પાછા કંગાલ જ બની જાય છે અને એ રીતે કંગાલ લોકોનું પ્રમાણ વધી પડીને લોકશાહી સરકાર પણ કંગાલ બની જાય છે, એ વાત તરફ એરિસ્ટોટલે લોકોનું ધ્યાન ખેંચ્યું.

પ્લેટોના કાયદામાં પણ નિરુદ્યોગી ભિ પર બહિષ્કાર મૂકવામાં આવ્યો. વ્યાકુળ થયેલા માણસ પર દયા કર કારણ નથી; પરંતુ જે મનુષ્યમાં સજ્જનતા અંશ છે અને તેને દરિદ્રતાએ પછાડ્યો એવા પર જ દયા કરવી એવો પ્લેટોનો હતો. મનુષ્ય તગડો હોય અને તે જીવન ગુજારે તો તેને ગુનો ઠરાવી તે માણસ દેશમાંથી હદપાર કરવો, એવું તેણે રાખ્યું છે.

ગ્રીક લોકોમાં રોગીઓના ઉપચાર ડાંમાંનાં દેવળોમાં થતા. તે સમયમાં માંનું દેવદર્શન, માનતા, શરીરછળ પ્રકારોનો ઔષધોપચારમાં સમાવેશ પછી ઔષધોપચારનું ધાર્મિક સ્વરૂપ ધીમે બદલાઈને તેને વ્યાવહારિક રૂપ પ્રાપ્ત થ સરકારે વૈદ્યોની નિમણૂક કરવા માંડી ગરીબોને મફત ઓસડ મળે તેવી વ્યવસ્ અમલમાં આવી.

રોમન લોકોમાં પણ નાગરિક ગુલામ એવા બે પ્રકારો હતા. નાગરિ ખેતીનું કામ કરે અને ગુલામો ઘરના કામ મહેનત ઉઠાવે એવી વ્યવસ્થા હતી. વચ્ચે એક મધ્યમ વર્ગ પણ નિર્માણ હતો. ઉપરાછાપરી થયેલી લડાઈઓને નાગરિકોની સંખ્યા ઘટી જઈને ઘણાં કુટું ગરીબ થઈ ગયાં. અને ગરીબોને મફત અ વહેંચવા માટે સરકારને 'ઍનોન સિલ્ક' નામનાં અન્નછત્રો સ્થાપવાં પડ્યાં. આ કારણે લોકો આળસુ, દુર્વ્યસની અને સ્વાભિમા વિનાના થઈ ગયા.

તથાપિ એકસો વર્ષ પછી ધર્માદા વિ રોમના લોકોમાં પુષ્કળ ફેર પડેલો જણ છે. સેનેકાના ગ્રંથમાં ધર્માદા વિષે ઉ ઉત્કૃષ્ટ કલ્પનાઓ જોવા મળે છે. દાન ક તે ઉપકાર કરવાની બુદ્ધિથી અને લેના

ત્રતા કોઈને આપવું જરૂરી છે: ઉપયોગી હોય તેવા જ પ્રકારનું જ દાન આપવું; લેનારની ઇચ્છા જ ન જોતાં તેનું ખરું હિત છે તેનો વિચાર કરવો વગેરે મતો કોએ પોતાના ધર્મગ્રંથોમાં પ્રદર્શિત કર્યાં છે.

હવે આપણે જ્યૂ લોકો વિષે થોડો વિચાર કરીશું. ખ્રિસ્તી લોકોના જૂના ધર્મગ્રંથોમાં ના જ્યૂ લોકો ક્રૂર અને ભયંકર હતા, એવું વર્ણન છે; પરંતુ પાછળથી તેમના ધર્મોપદેશકોએ ગરીબોનો છળ કરવા વિષે જોરશોરથી પ્રચાર કર્યો અને 'દયા ધર્મકા મૂલ હૈ' એ મતનો પુરસ્કાર કરતા ગ્રંથોને રાષ્ટ્રીય ગ્રંથોનું પદ પ્રાપ્ત થયું; પરંતુ ઈ. સ. પહેલાં પાંચ છ સૈકા પહેલાં તેમને તેમના દેશમાંથી હદપાર કરવામાં આવ્યા તેથી પોતાનાં દુઃખ અને હાલહવાલ દશાના અનુભવ પરથી તેમનામાં પરોપકારબુદ્ધિનો ખાસ વિકાસ થવા પામ્યો! અને ગરીબોને-અનાથોને કપડાં, અન્ન વગેરે આપવાના કેટલાક ઉત્તમ નિયમો પ્રચલિત કર્યા.

ઈસુ ખ્રિસ્તનો ઉદય થવા પહેલાં પશ્ચિમના લોકોમાં 'આયસિસ' અને 'મિથ્ર' નામના ધર્મો પ્રચલિત હતા. આ પંથના લોકોના ધર્મવિચાર વિલક્ષણ હતા. એ લોકોમાં મનફાવ્યા નવાનવા દેવો નિર્માણ થતા અને મરણ પછી પ્રત્યેક મનુષ્યને સત્કાર્યોની અને દુષ્કૃત્યોની વિશિષ્ટ દેવતા આગળ ચોકસાઈ થતી અને કર્માનુસાર તેમને સદ્ગતિ અથવા શિક્ષા પ્રાપ્ત થતી એવી ભાવના પ્રચલિત હોવાથી ધીમેધીમે પરોપકારનું બીજારોપણ થયું અને ભૂતદયા, ન્યાય-અન્યાય અને સારીમાઠી કલ્પનાઓની ઉત્ક્રાંતિ થઈ.

ઈસુ ખ્રિસ્તની પહેલાંના મનુષ્યોના વિચારો આટલી કક્ષાએ પહોંચ્યા હતા. ખ્રિસ્તી ધર્મે પણ આ જ દિશામાં પોતાના મતનું પ્રતિપાદન કરીને બહુજનસમાજ તેનું સહેલાઈથી ગ્રહણ કરે એવું સ્વરૂપ આપીને તેનો પ્રસાર કર્યો એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી.

ખ્રિસ્તી ધર્મનો પ્રસાર થયા પછી ભૂતદયાની ભાવનાનો વિશેષ પ્રચાર થયો. 'પ્રભુને કોઈ પણ પ્રકારની આવશ્યકતા નથી, તે સંપૂર્ણ છે, અર્થાત્ તેને અમુક આપીશ, તમુક આપીશ એમ કહેવું એ પાપ છે' અહીં સુધીની વિચારક્રાંતિ થઈ જ હતી; પરંતુ જે હજારો સારામાઠા દેવો ફૂટી નીકળ્યા હતા તેમને ફાંસીએ ચઢાવીને એકેશ્વરી મત સ્થાપવા માટે ઈસુનો જન્મ થયો. અને ઈસુનું ચરિત્ર એટલે ભૂતદયાની ભાવનાનો વિજય જ છે! તેણે બધાં માણસો એક જ ઈશ્વરનાં સંતાનો છે તેથી તમામ જનતાએ બંધુપ્રેમથી રહેવું જોઈએ એ સર્વપ્રથમ શીખવ્યું. છોકરાંઓને, નિરાશ્રિતોને અને દુખિતોને સહાય કરવા માટે તેણે અથાગ પ્રયત્નો કર્યા. જગતમાં સત્ય અને ભૂતદયાને ખાતર તેણે પોતાનું પ્રાણાર્પણ પણ કર્યું. પરહિત માટે તેણે આત્મયજ્ઞ કર્યો. તેણે જે મતો પ્રતિપાદન કર્યા તેનું તેણે પ્રત્યક્ષ આચરણ કર્યું અને ધર્મના મોટામોટા સિદ્ધાંતોને નિત્યવ્યવહારનું સ્વરૂપ આપીને સહેલી ભાષામાં બહુજનસમાજને તેનું જ્ઞાન કરાવ્યું. જુદાજુદા ધર્મોપદેશકોએ ભૂતદયાની ભાવનાને પોષક એવા મતોનો પ્રસાર કર્યો. પોતાના પાપનો અમુક ભાગ અને ખેતીના ઉત્પન્નનો દશમો ભાગ રાજીખુશીથી ધર્મોપદેશકને આપવો અને તેમાંથી અનાથ છોકરાં, વિધવાઓ અને દુઃખી લોકોનું પોષણ થાય એવો રિવાજ પડ્યો. પરંતુ દાનધર્મને યોગ્ય વલણ આપવા માટે એ ધર્મે પ્રથમથી જ ખબરદારી રાખી હતી. દા. ત. 'યાચકને

ભિક્ષા આપ' આ વાકયનો દુરુપયોગ ન થાય એટલા માટે જ, 'જે જરૂર વિના યાચના કરશે તેને પોતાના કૃત્યનો જવાબ આપવો પડશે, તે દુઃખમાં પડશે અને સર્વસ્વ હરણ થતાં સુધી તેનો છુટકારો થશે નહીં:' આ વાકય લોકોએ નજર સામે રાખેલું જણાય છે, તેમજ 'આળસ, દારૂબાજી અને ઉડાઉપણાથી જે દરિદ્રતામાં સપડાયો હશે તે મદદને પાત્ર નથી અને તે ખ્રિસ્તીધર્મનો નથી એમ સમજવું.' આ તત્ત્વ સ્પષ્ટ રીતે જાહેર કરવામાં આવ્યું હતું.

પરંતુ કેટલાંક વર્ષો પછી ધર્મોપદેશકોએ પોતાના અધિકારનો અને દાનનો દુરુપયોગ કર્યો તેથી ઈ. સ. ૩૭૯માં દેવળને કે મઠને નામે મિલકત રાખવી બેકાયદેસર છે એવું ઠરાવવામાં આવ્યું ! છતાં આ નિયમ બહુ દિવસ ટકયો નહીં. શ્રદ્ધાળુ લોકોના ધનથી મંદિરો અને મઠો અર્થાત્ ધર્મોપદેશકો ગબ્બર થયા. ચૌદમા સૈકા સુધી ઇંગ્લંડમાં આ પ્રકાર ચાલ્યો. પછી જયારે 'રિફોર્મેશન' કિંવા ચૌદમા સૈકાના મધ્યકાળથી પહેલા જેમ્સ રાજાની કારકીર્દિ સુધી જે મોટી વિચારક્રાંતિ થઈ તે વખતે બીજી બાબતોની સાથે ધર્માદાની કલ્પનામાં પુષ્કળ ફેરફારો થયા અને ધર્મ કેવળ દેવળોમાં જ નહોતાં લોકોના ચારિત્રમાં નજરે પડવો જોઈએ એવા ઉદાત્ત નીતિતત્ત્વનો ઉદય થયો. ગરીબોને મદદ કરવા માટે પશ્ચિમના દેશોમાં 'પૂઅર લૉ' નામના કાયદા પસાર થયા છે. અને કરવામાં આવેલાં દાનધર્મ સમાજના હિતને પોષક થવાં જોઈએ એવું મૂળતત્ત્વ સાંપ્રત કાળમાં ધર્માદાને માર્ગદર્શક થયું છે.

હવે આપણે ઈસ્લામ તરફ વળીશું. મહંમદ પયગંબર પહેલાં એટલે ઇસ્લામ સંગઠિત સ્વરૂપ પામ્યો, તે પહેલાંના યહૂદી લોકો ઈસા-અલઈહેસ સલામ-ઈશુખ્રિસ્તને અને નસારા જાતિના લોકો મૂસા-અલૈહે સલામને માનતા હતા. આરબો, યહૂદીઓ અને નસારાઓ પોતપોતાના નબીઓને પ્રભુના પ્રતિનિધિઓને માનતા હતા.

મહંમદ સાહેબના જમાનામાં ઘણા લોકો ગરીબ હતા. જયારે થોડાક જ શ્રીમંત હતા. મહંમદ સાહેબે આ ગરીબ લોકોને મદદ કરવા માટે 'બેતુલમાલ' એટલે જાહેર ધર્માદા ફંડની સ્થાપના કરી અને તેની મારફત ગરીબોને રાહત આપવાની પ્રથા શરૂ કરી. આ પહેલાં દરેક માણસ પોતપોતાની શક્તિ પ્રમાણે ગરીબોને મદદ તો કરતો જ હતો. મહંમદ સાહેબની પહેલાંની પ્રજા જીવનનિર્વાહનાં સાધનો માટે વારંવાર સ્થાનાંતર કરતી હતી, એટલે મદદને પાત્ર તો હતી જ.

મહંમદ સાહેબને ધર્મની સ્થાપના માટે બે યુદ્ધો લડવા પડેલાં. ૧ 'જંગે ઓહદ' અને ૨ 'જંગે બદર.' એ બે ઠેકાણે લડાઈઓ થયેલી અને તેથી રોમન લોકોની જેમ એ અરસામાં લોકોની ખેતી અને વેપાર ખોરવાઈ જઈ પ્રજાની ગરીબાઈમાં વધારો થાય એ સાહજિક હતું અને તેથી જ તેમને મદદ કરવા માટે મહંમદ સાહેબે જાહેર ધર્માદા ફંડની જોગવાઈ કરી હશે.

મહંમદ સાહેબે ખયરાત એટલે ધર્માદા માટે જે ફરમાનો કર્યાં છે તેમાં 'યતીમો,' 'મિસ્કીનો' અને 'ફોકરા' એટલે ફકીર તેમ જ આંધળા-લૂલા-લંગડા વગેરેને અન્ન વસ્ત્ર તેમ જ બીજી થઈ શકે તે મદદ કરવાનું કહેલું છે. અલ્લાહને નામે દરેકે વર્ષે એક ફંડમાં કંઈ ને કંઈ આપવું જોઈએ એમ તેમણે ફરમાવ્યું છે. ગરીબોએ શક્તિ પ્રમાણે મરજી પ્રમાણે મદદ કરવી, પણ શ્રીમંતોએ પોતાની વાર્ષિક આવકના અઢી ટકા જેટલો

ભાગ ધર્માદામાં આપવો જ જોઈએ એવી દેવની આજ્ઞા છે, ચુસ્ત મુસ્લિમો આ પ્રથાને હજી પણ અનુસરે છે અને કેળવણી તથા અનાથ-અપંગો વગેરે બાબતમાં આજના જમાના અનુસાર મદદ કરતા રહ્યા છે.

આપણા હિંદુ સમાજમાં પણ છેક પુરાતન કાળમાં દાન વિષે ઉત્કૃષ્ટ કલ્પના હતી, એવું ભગવદ્ગીતાના નીચેના ઉતારા પરથી સ્પષ્ટ માલૂમ પડે છે:

दातव्यमिति यद्दानं दीयतेऽनुपकारिणे ।
देशेकाले च पात्रे च तद्दानं सात्त्विकं स्मृतम् ॥
यत्तु प्रत्युपकारार्थं फलमुद्दिश्य वा पुनः ।
दीयते च परिक्लिष्टं तद्दानं राजसं स्मृतम् ॥
अदेशकाले यद्दानमात्रेभ्यश्च दीयते ।
असत्कृतमवज्ञातं तत्तामसमुदाहृतम् ॥

જે દાન આપવું હોય તે ઉપકાર કરવાની બુદ્ધિથી નહીં અને દેશ, કાળ અને પાત્ર જોઈને અપાય, તેને સાત્ત્વિક દાન કહેવું.

ઉપકારનો બદલો મળે અગર કંઈક ફળપ્રાપ્તિ થાય એવી દાન કરવામાં અપેક્ષા હોય, જે આપવામાં મનને ક્લેશ થાય, તેને રાજસ દાન કહેવું.

ત્રીજું, દેશકાળનો વિચાર ન કરતાં, અપાત્રે જે દાન કરવામાં આવે છે અને જે અસત્કાર અને અપમાનપૂર્વક આપવામાં આવે છે, તે દાનને તામસ દાન કહેવું.

તથાપિ કેટલાક સમય પછી ઉપરનાં વાક્યોના ખરા અર્થનો લોપ થયો અને દાનપદ્ધતિને ભળતું જ રૂપ પ્રાપ્ત થયું, એ ખરેખર દુઃખની વાત છે. કારણ દેશ એટલે જે ઠેકાણે દાનપાત્ર લોકોની વસ્તી અધિક છે, અગર જે ઠેકાણે ઉપકાર કર્યા તો તેની કદર થાય, કે દાનની યોગ્યતા ગ્રાહકને અધિક સમજાય, એવું સ્થાન. પરંતુ મૂળનો આ અર્થ બાજુએ જ રહ્યો અને જે ઠેકાણે મોટાં દેવાલયો છે અને તીર્થનાં સ્થાનો છે તે ઠેકાણું દાનને માટે યોગ્ય એવી માન્યતા બંધાઈ. દા. ત. કાશી–રામેશ્વર સરખાં પુણ્યક્ષેત્રોમાં અનેક અન્નછત્રો અને સદાવ્રતો સ્થાપન થયાં અને પાત્રાપાત્રતાનો વિચાર ન કરતાં યાચકોને અન્ન મળવાની વ્યવસ્થા થઈ. સ્થાનપાત્રોની આપણને વિસ્મૃતિ થઈ ગઈ અને સ્થાન-માહાત્મ્યનો આડંબર જામી સારાસારનો વિચાર નાશ પામ્યો.

અને એવી જ ગતિ કાલપાત્રની થઈ. કાલપરત્વે દાન એટલે પર્વો પર દાન કરવું તે; પરંતુ પર્વોની સંખ્યા પણ આપણા ધર્મમાં એટલી બધી છે કે આપણા આયુષ્યનો અરધો ભાગ પણ એ કામમાં રોકાઈ જાય!

હવે પાત્રતાનો વિચાર કરીએ. બ્રાહ્મણોને દાનનો પ્રતિગ્રહ કરવાની પાત્રતા શાસ્ત્રે લગભગ નક્કી જ કરી આપી છે. પર્વકાળે જે દાન થતું તે તમામ બ્રાહ્મણોને જ મળતું. બ્રાહ્મણોને જે દાન આપવામાં આવે તે દેવો અને પિતૃઓને પહોંચે છે એવી હજી પણ આપણામાંના મોટા ભાગની સમજણ છે; પરંતુ બુદ્ધ ધર્મના ઉત્કર્ષના કાળમાં ભિક્ષાચર્યને વધારેપડતું મૂલ્ય આપીને હજારો બુદ્ધશિષ્ય ભિક્ષુ બન્યા અને બીજા પંથોએ પણ એ જ માર્ગ અખત્યાર કરવાથી દાનનો પ્રતિગ્રહ કરવામાં નાનકપંથી, કબીરપંથી, રામાનુજી, ગોંસાઈઓ, સાધુ, વેરાગીઓ વગેરે અનેક વર્ગ બ્રાહ્મણોના ભાગીદાર થઈ બેઠા; અને આવા પ્રકારના દાનમાં પાત્રાપાત્રતાનો વિચાર બિલકુલ રહ્યો નહિ. આ સિવાય ભાટ, સારંગીવાળા, ગરુડા, બહુરૂપી વગેરે અનેક લોકો ભિક્ષા પર પોતાનો નિર્વાહ ચલાવે છે.

આ ઉપરથી માલૂમ પડશે કે દાનની ઊલટી દિશાને લીધે ભિક્ષાને પોતાનો વંશપરંપરાગત હક માની લેવાથી કરોડો લોકોનું સ્વાભિમાન નષ્ટ થઈને નિરુદ્યોગ, આળસ

અને પાપકર્મમાં તેજી આવીને રાષ્ટ્રની સાંપત્તિક દૃષ્ટિએ ભારે હાનિ થઈ રહી છે. ‘આટલા રૂપિયા આપશો તો જ ગંગામાં સ્નાન કરવાની હું પરવાનગી આપીશ; મારી પરવાનગી વગર કરેલું સ્નાન વ્યર્થ છે!’ એમ કહેનાર પ્રયાગના પંડાઓની આજે વીસમી સદીમાં પણ ચલતી છે, એ આશ્ચર્યની વાત છે! ખુદ્દ મુંબઈ જેવા સુધારાના કેંદ્રસ્થાનમાં ભૂલેશ્વર, વાલકેશ્વર, બાબુલનાથ વગેરે ઠેકાણે હજારો લઠમઠ ભિક્ષુકો પોતાનો ઉદરનિર્વાહ કરે છે, ત્યારે કેટલાય પંગુ, રોગગ્રસ્ત ભિખારીઓને રસ્તાની બાજુએ કકડતી ઠંડીમાં અરધા ભૂખ્યા પેટે કાળક્રમણા કરવી પડે છે. એ કેટલો પ્રમાદ કહેવાય! ખેર, આ બધા વિકૃત પ્રકારોમાં પણ સમાધાન માનવા જોગી કેટલીક વસ્તુઓ છે: કારણ ધર્મશાળા, પરબ, તળાવ વગેરે સાર્વજનિક ઉપયોગની સગવડ કરવી, મુસાફરોને રાહત આપવા રસ્તાઓ પર વૃક્ષારોપણ કરવું, કૂવાઓ બંધાવવા વગેરે કામો પુણ્યલાભનાં મનાતાં હોવાથી ધાર્મિક ભાવનાના લોકોએ ઠેકઠેકાણે લોકો પર ઉપકાર કરી રાખ્યા છે.

હવે જમાનો એવો આવ્યો છે, જયારે આપણે આપણી દાનની દિશા બદલવી જોઈએ. જૂની અને નવી દાનપદ્ધતિમાં ઘણો ફરક છે. જૂની પદ્ધતિ નિવારક સ્વરૂપની એટલે આવેલી અડચણો દૂર કરનારી હતી. નવી પ્રતિબંધક અને વિધાયક સ્વરૂપની એટલે મુશ્કેલીઓ કાયમને માટે દૂર કરી મનુષ્યનો જીવનક્રમ અધિક સુખાવહ કરનારી છે. જૂના દાનધર્મનો ધર્મસાધન એ હેતુ હતો, તો નવામાં સમાજસુધારણાનો ઉદ્દેશ છે. જૂના દાનધર્મમાં દાતા પોતાની દયાની ભાવનાની તૃપ્તિ સાધે છે ખરો, પરંતુ નવામાં દાતા જેના પર દયા કરે તેની સ્થિતિ કાયમ સુધરે અને તે પાછો દયાપાત્ર થાય નહિ એવો ઉદ્દેશ પોતાની સમક્ષ રાખે છે. મનુષ્યને સ્વાવલંબી અને સ્વાભિમાની બનાવી પોતાનાં સામાજિક કાર્યો કરવા સમર્થ બનાવવા એ આધુનિક પદ્ધતિનું મુખ્ય તત્ત્વ છે. જૂનો દાનધર્મ અન્ન, વસ્ત્ર, દ્રવ્ય વગેરે પદાર્થોના રૂપે થતો, ત્યારે નવો દાનધર્મ એવી તાત્કાલિક ગરજો પૂરી પાડીને વિશેષમાં દુઃસ્થિતિનું ખરું કારણ શોધીને મનુષ્યમાં પોતાના પગ પર ઊભા રહેવાની તાકાત લાવવાની ખટપટ કરે છે.

તેથી નવી દાનપદ્ધતિ જૂની કરતાં હજારગણી શ્રેષ્ઠ છે. દાનધર્મના ઉપરોક્ત તત્ત્વમાં આપણી દિશાભૂલ ન થાય એ માટે ખાસ ખબરદારી રાખવી જોઈએ. જૂની પદ્ધતિથી કરોડો રૂપિયાનો અપવ્યય થાય છે, કિંબહુના નિરુદ્યોગ, પરાવલંબિત્વ, સ્વાભિમાનશૂન્યતા અને પાપાચરણ થાય છે: તેનો તત્કાળ પ્રતિબંધ થઈ નિરાશ્રિતોને મદદ કરવી, અજ્ઞાનોને સજ્ઞાન કરવા, બેકારોને કામે લગાવવા, સામાજિક શિક્ષણવિષયક, સાંપત્તિક અને નૈતિક સ્થિતિ સુધારવી વગેરે ઉપાયોની યોજના થવી જોઈએ. આ કાર્ય મુશ્કેલ છે છતાં આ બાબતમાં લોકમત કેળવવામાં આવે તો ફળપ્રાપ્તિ થયા વિના રહેશે નહીં. નિદાન જેમને નવા મન્વંતરના શિક્ષણનું દર્શન થયું છે, તે દરેકે કર્તવ્યબુદ્ધિથી આ કાર્યને ટેકો આપવો આવશ્યક છે.

*

‘આ દુનિયા પર મનુષ્યોની સંખ્યા વધારે છે કે ઓછી એનો કોઈ ભાર પૃથ્વીને લાગતો નથી; પરંતુ મનુષ્ય સર્જન છે કે દુર્જન તેનો ભાર તેને અવશ્ય લાગે છે. પૃથ્વી પર મનુષ્યોની સંખ્યાનો નહીં; દુર્ગુણોનો ભાર છે.’ —વિનોબા

×

બે ભાઈ

લેખિકા :

શ્રી લાભુબહેન મહેતા

મંદિરમાં આરતીની ઝાલર રણઝણતી હોય, નગારાંના ધ્રબાંગ ધ્રબાંગ અવાજથી વાતાવરણ ગાજી રહ્યું હોય, વીસવીસ દીવીઓના દીવાથી આરતી ઊતરતી હોય અને માણસોનાં ટોળાં હાથ જોડી મોટેમોટેથી 'કર્પૂરગૌરમ્ કરુણાવતારમ્'નો શ્લોક લાંબે રાગે ગાતાં ગાતાં, ધક્કામૂકી કરીને ભોળા-શંકરનાં દર્શન કરવા પ્રયાસ કરતાં હોય, ત્યારે કેશવ મંદિર બહાર પોઠિયા પાસે આંખ મીંચી મનમાં ને મનમાં જ શંકરની આરતી ઉતારતો બેઠો હોય! એ મંદિરમાં આવે સૌથી પહેલો, જો ધારે તો શંકર સામે જ જઈને ઊભો રહી શકે અને સૌથી પહેલાં દર્શન પામી શકે; પરંતુ વહેલા આવવાનો લાભ એ કદી લે નહિ. વિચારે કે મારે અંદર જઈને કરવાનું શું છે, આ બધાં બૈરાંછોકરાંવાળાં માણસો ભલે દર્શન કરતાં અને સુખી થતાં; હું તો આ પોઠિયા જેમ એકલો ને એકલવાયો છું, એટલે એની જ સાથે સારો છું!

આરતી પૂરી થયા પછી પણ એ ત્યાં જ બેસી રહેતો, પોઠિયાને પંપાળતો ને કયારેક કાંઈ બબડતો ય ખરો. મંદિર ખાલી થઈ જાય, પૂજારી પણ બારણાં બંધ કરી ચાલ્યો જાય, છતાં કેશવ તો ત્યાં જ બેસી રહે. ભગવાનનાં બારણાં ખુલ્લાં હોય કે બંધ, તેનો એના મનમાં કંઈ ભેદ જ નહિ!

અંધારું થાય, લોકોની અવરજવર ઓછી થાય અને દીવાબત્તીઓ થવા લાગે છતાં ય એ ઊઠે નહિ. કોઈવાર ઊઠવાનું મન થતું, પણ તુરત વિચાર આવતો: 'શું કામ છે? ઘેર કોણ રાહ જોનાર છે? વીશીના ડૂચા પેટમાં પૂરીને પડી જ રહેવાનું છે ને, એ કરતાં અહીં શું ખોટું છે?' અને એ ફરી પોઠિયાના વાંસા ઉપર હાથ ફેરવતો, પોતાના ભાગ્ય પર મંદ હસતો બેસી રહેતો. કયારેક કોઈ યુગલ રાતની હવા ખાવા મંદિર તરફ ચડી આવતું ત્યારે એને જોઈ આંખનો ખૂણો સહેજ ભીનો થઈ જતો અને મનોમન પોઠિયાને મિત્રભાવે કહેતો: 'તારા ભગવાનને પૂછતો ખરો કે જગતમાં આવો ભેદ રાખવાનું અને અન્યાય કરવાનું કારણ શું છે? જેણે આખી જિંદગીમાં કોઈનું કાંઈ બગાડ્યું નથી તેને આવી ખંડેર જેવી જિંદગી આપવામાં એનો હેતુ શો છે?' કોઈ વાર વળી સંસારીઓના આનંદપ્રમોદ જોઈ મનમાં ચિડાતો ને બોલતો: 'આ દુષ્ટોને મારી સામે આવીને જ હરવા-ફરવાનું કેમ સૂઝે છે? દુનિયામાં જગા ઓછી છે તે અહીં સામે આવીને જ મને બાળે છે?' પણ આવી ચીડ બહુ ટકતી નહીં, તરત એનું અંતર બોલી ઊઠતું: 'ફટ ભૂંડા, આવો ઈર્ષાળુ કાં થયો? મોજ કરવા આવનારને ઓછી જ ખબર છે કે તું એકલો છે ને પરણવા વલખાં મારે છે? એ બિચારા કયાંથી જાણે કે તને કોઈ કન્યા આપતું નથી?' અને એનું મન શાંત બની જતું. વળી પાછો મંદિરને થાંભલે માથું ટેકવી આંખ મીંચી પ્રભુની અગમ લીલાનો વિચાર કરતો બેસી રહેતો.

આ રીતે બેસી રહેવામાં પોતે કયારે આવ્યો છે અને કેટલું મોડું થયું છે એનો એને ખ્યાલ રહેતો નહિ. અઠવાડિયાના પાંચ દિવસ તો નાનો ભાઈ ગુણવંત આવીને એને તંદ્રામાંથી જગાડતો અને ઘેર લઈ જતો. વીશીમાંથી લાવી રાખેલું ભાણું

બંને ભાઈઓ ભેગા બેસી જમતા. કેશવનું હૈયું હળવું થતું એટલે પોતે મોડા આવવા માટે અફસોસ કરતો ને કહેતો: 'તું ખાઈ લેતો હો તો? મારે માટે ઢાંકી રાખવું. હું જ્યારે આવું ત્યારે જમી લઉં.' પણ ગુણવંત એ વાત મન ઉપર લેતો જ નહિ. મોટાભાઈના ભાંગેલા હૈયાને એ બરાબર સમજતો. એમનું મરુભૂમિ જેવું શુષ્ક જીવન જોઈ પોતે અંતરમાં વલોવાતો, પણ કરે શું? સમાજમાં જેવી સ્થિતિ કેશવની હતી એવી એમની જ્ઞાતિના ઘણાની અને પોતાની પણ હતી; એટલે એ તો બનતા પ્રયત્ને મોટાભાઈને પ્રસન્ન રાખવા અને જીવનમાં રસ લેતા કરવા તનતોડ પ્રયાસ કરતો.

કેશવ દરરોજ ઘેરથી એક કારખાનામાં નોકરીએ જતો અને ત્યાંથી પરબારો બહાર ચાલ્યો જતો, પણ એને શોધવાનું અઘરું નહોતું. એનું વિશ્રામસ્થાન મહાદેવનું મંદિર ને એ પોઠિયો જ હતાં. કારખાનાના સાથીદારો કોઈવાર સિનેમા જોવા આવવા કે દરિયા ઉપર ફરવા આવવા આગ્રહ કરે પણ એ ના જ પાડે. ગમે તે બહાનું કાઢે, પણ એના અંતરમાં તો બીજી જ વરાળ હોય: 'સિનેમામાં શું જોવાનું છે? સંસારનાં ને કુટુંબનાં દૃશ્યો જોઈ શેર લોહી જ બાળવાનું ને? દરિયા ઉપર ફરવા જઈને પણ ખીલતાં પુષ્પ જેવાં ભૂલકાંઓ ને તેમનાં મા-બાપો જોઈ નિસાસા જ મૂકવાના છે ને! એ કરતાં મંદિરનો ઓટલો ને પથ્થરનો પોઠિયો સારા છે.' પથ્થરની સામે પથ્થર થઈને બેસી રહેવામાં જ એને શાંતિ લાગતી હતી.

કેશવ પોતાના જીવન પ્રત્યે તદ્દન નિરાશ થઈ ગયો હતો. જીવનમાં રસ જેવું કંઈ રહ્યું જ નહોતું. ગરીબ કુટુંબમાં એનો જન્મ થયેલો અને નાના બે ભાઈઓને મૂકીને બાપ ગુજરી ગયા પછી માએ દરણાં-પાણી કરી છોકરાઓને મોટા કર્યા હતા, પરંતુ બિચારી લાંબું જીવી શકી નહોતી. ભાઈઓ પોતાનો રોટલો તો રળી લે હતા; પરંતુ ગરીબાઈ અને કોઈની વિનાનું જીવન હોવાને કારણે એમના કોઈ નજર કરતું નહોતું. એમની નાત મોટી કન્યાઓ ઘણીયે હતી, મુરતિયા અછતને લઈ કન્યાનાં માબાપો ચિંતા પણ રહેતાં, પરંતુ કોઈ કેશવ-ગુણવંત સા નજર પણ ન કરતાં. ભૂલેચૂકે કોઈની નજર પડે તો કહે: 'એવા થડ વિનાના છોકરા દીકરી આપીને શું લાટો કાઢવાનો છે? એ તો રહ્યા એકલા, કાલ સવારે ચાલ થાય તો દીકરીનું કોણ? નફિકરા છોકરાઓને આ દુનિયામાં શું નાહવા-નીચોવાનું છે?' લગભગ ન્યાતબહાર જે એવી બેય ભાઈઓની સ્થિતિ હતી. કેશવની તો ઉંમર પણ હવે મોટી થઈ હતી. આ વરસે જ એને ત્રીસમું વરસ બેઠું. વીસ તે ત્રીસ સુધીનાં દસ વરસો એણે પરણવાનાં સ્વપ્નો અને સમાજની લાતો વચ્ચે જ ગાળ્યાં સમાજના તિરસ્કારથી એનું અંતર ઘવા ઘવાઈને હવે સાવ ચેતનહીન બની ગયું હ જીવન જીવવાની કે દુનિયામાં કાંઈ કરવાની ઇચ્છા નષ્ટ થઈ ગઈ હતી.

હા, એના અંતરનો એક ખૂણો હજી ભીનો રહેતો. એમાંથી નિરંતર અમીરસ ઝર્યા કરતો, અંતરની આવી ભયંકર આગ વચ્ચે પણ એ ઝરો એક ક્ષણ પણ સુકાયો નહોતો. નાનાભાઈ ગુણવંત પ્રત્યેનું વહાલ અને એના માટેની ચિંતા તથા મમતા સદૈવ જાગૃત રહેતાં. પોતે તો પરણી ન શક્યો, પણ હવે આ ગુણવંતનું કાંઈ ઠે ગોઠવાઈ જાય તો સારું, એવી ચિંતા હંમેશ એને રહ્યા કરતી. ગુણવંતનું પણ એવું જ

મોટાભાઈ અંતરથી ખૂબ દુઃખી છે, જીવનમાં રસ નથી એટલે ખાવા- કે ઊંઘવાનું પણ ઠેકાણું નથી, તે એ સમજતો હતો. બંને વખત પોતે બેસીને જ એમને જમાડતો. કેશવનાં પોતે જ ધોઈ નાખતો. કેશવ હમેશ વિચારમાં ને વિચારમાં બરાબર ઊંઘી નહિ એટલે સવારે મોડો ઊઠતો. એના ઊઠ્યા પહેલાં પોતે અવાજ ન તેમ ઓરડી સાફ કરી નાખતો. દૂધ આવી ચા તૈયાર કરી લેતો અને મોટા- ની નાહવા કરવાની સગવડ કરી પછી ઉઠાડતો. ઉઠાડ્યા વિના તો ચાલે નહિ; કેશવની નોકરી આકરી હતી. એક ગરીબ અને સગાંસંબંધી કોઈ નહિ, નોકરી ગૂમાવવાનું પોષાય તેમ સવારે પથારીમાંથી અને સાંજે મંદિ- ઉઠાડવાનું કામ હમેશ ગુણવંત જ અને એના અવાજમાં કદી કંટાળો, તિરસ્કાર કે તોછડાઈ આવ્યાં નહોતાં. ટાભાઈ માટે ભક્તિ અને પ્રેમ જ એના યમાં ભર્યાં હતાં અને એ બળ ઉપર જ નો જીવનપ્રવાહ સુખે કે દુઃખે સરળતાથી લતો હતો.

આ સરળતામાં એક દિવસ ઝંઝાવાત શ્યો. ગુણવંત જે દુકાનમાં કામ કરતો જ દુકાનના એક સાથીદાર મગનની મા રી ગઈ. મગન પણ ગરીબ કુટુંબનો જ; પરંતુ મા જીવતી હતી અને એક ન હતી એટલે એને કાંઈક કુટુંબસ્નેહ તો. માને કારણે સમાજમાં પણ એની જ હતી તેથી આ બે ભાઈઓ કરતાં કાંઈક સુખી દેખાતો. સાથે જ કામ કર- કારણે ગુણવંત અને એની વચ્ચે મૈત્રી હતી. ગુણવંત કયારેક એને ઘેર જતો એટલે મગનની માને પણ ગુણવંત માટે સારો ભાવ થયેલો. માએ મરતાં પહેલાં એકવાર પોતાની દીકરી ગુણવંતને આપવા મગનને ભલામણ કરી હતી, મગનને એ વાત રુચી નહોતી, પણ એની બાએ સમજાવ્યું કે ગરીબ છોકરો દીકરીને સાચવશે એટલો પૈસાદાર નહિ સાચવે. ગરીબને મન કન્યા એ રત્ન છે ને પૈસાદારને ત્યાં ઢીંગલી! માના આ શબ્દોએ મગનના મન ઉપર અસર કરી હતી, પણ ત્યારે તો એ મૂંગો રહેલો.

માના મૃત્યુ પછી એક દિવસ એણે ગુણવંત પાસે આ વાત મૂકી. ગુણવંત તો એ વાત સાંભળીને સ્તબ્ધ જ બની ગયો. રસ્તે ચાલતા ભિખારી ઉપર હાથણીએ કળશ ઢોળ્યો હોય એવી એના મનની સ્થિતિ બની ગઈ. થોડીક ક્ષણ તો એ આંખ ફાડીને મગન સામે તાકી જ રહ્યો! એ પછી મન સ્વસ્થ થયું, પરંતુ તે એક શબ્દ પણ બોલી શકયો નહિ. શું બોલવું, શું પૂછવું એ એને સૂઝયું જ નહિ. આટલાં વરસોમાં, એણે પોતાના લગ્ન વિષે વિચાર કર્યો નહોતો. જયાં સુધી મોટાભાઈનું લગ્ન નથી થયું ત્યાં સુધી પોતાનું લગ્ન ન જ થઈ શકે એવી એની દૃઢ માન્યતા હતી.

ગુણવંતને મૂંગો રહેલો જોઈ મગન મૂંઝાયો. પોતે કાંઈ અયોગ્ય તો નથી બોલી ગયો, એવી એને ચિંતા થવા લાગી. એણે કહ્યું: ‘ અમે ગરીબ છીએ તો તું કયાં ગરીબ નથી? મારી કંઈ ભૂલ હોય તો તું સુધાર, આપણે કયાં પારકા છીએ?’

મગનની બ્હેનને ગુણવંત ઘણા વખતથી ઓળખતો હતો. એને ઘેર જતો–આવતો એટલે એની સાથે વાતચીતનો પ્રસંગ પણ સાંપડેલો. દેખાવમાં ય તે કાંઈ નબળી નહોતી, તેમ સાધારણ ભણેલી પણ હતી. એટલે એનામાં કંઈ અયોગ્યતા છે એવું તો હતું

જ નહિ, પરંતુ એ પોતાના જ જીવનમાં આ રીતે વણાય એવી એને કલ્પના પણ આવી નહોતી. આ વાત સાંભળતાં પ્રથમ મૂંઝવણ અને પછી ઊંડા સંતોષની લાગણી હૃદયમાં રમવા લાગી. થોડીવાર સ્થિર ચિત્તે વિચાર કરી ગુણવંતે કહ્યું:

'મોટાભાઈનું લગ્ન જ્યાં સુધી ન થયું હોય, ત્યાં સુધી મારાથી કેમ થાય?' અને પછી પોતાનું કાળજું કાપી આપતો હોય એવી વેદના અને દૃઢતાથી બોલ્યો: 'તું મોટાભાઈ જોડે જ......'

આ સૂચનાથી મગન વિચારમાં પડી ગયો. એને મન તો ગુણવંત અને કેશવ બન્ને સરખા હતા, પોતાની બહેનને પણ કોઈ એક માટે ખાસ આગ્રહ હતો એવું નહોતું. આ બન્ને ભાઈઓ કુંવારા રહી ગયા છે અને કાયમ માટે રહી જવાના જ છે તે પણ એ સમજતો હતો. ગુણવંત આ તક ગુમાવશે તો કદી પરણી શકશે નહિ એ પણ મગન જાણતો હતો. આમ છતાં ગુણવંત પોતાની જિંદગીના ભોગે મોટાભાઈનો જીવનબાગ ખીલવવા તૈયાર થયો છે એ જોઈ મગનનું હૃદય ભરાઈ આવ્યું. પળવાર એને થયું કે ગુણવંતની એના મોટાભાઈ પ્રત્યેની ભક્તિને સંતોષવી, પણ બીજી જ ક્ષણે લાગણીના તારો પાછા ખેંચાયા અને વિચાર આવ્યો: 'કેશવ ઉંમરમાં વધારે મોટો હશે અને હતાશાથી એનું મન પણ ભાંગી ગયું હશે...એની મા પણ ગુણવંત માટે જ ભલામણ કરતી ગઈ હતી.'

ગુણવંતની કેશવ પ્રત્યેની લાગણીને આઘાત ન પહોંચે તે ધ્યાનમાં રાખી મગને ગુણવંતને કહ્યું: 'મરતી માની ઇચ્છા મારે પૂરી કરવી જોઈએ. એ તારે માટે જ કહી ગઈ છે એટલે તારે જ વિચારવું જોઈએ.'

ગુણવંત મૂંઝાયો. મગનની બહેન એની નજરની સામે તરતી હતી, શુદ્ધ લાગણીનાં ઝરણ ફૂટવા લાગ્યાં હતાં. મોટાભાઈને શું થાય? ગુણવંતના આંચકો લાગ્યો ને એ તૂટક શબ્દે 'ના, ના, મારાથી એવું બનશે નહિ. ભાઈના હૈયા ઉપર મારે હાથે જ નહિ પાથરું.'

'ના, ના' કરતાં ગુણવંત ચાલતો મગનનું મન દ્રવિત થયું. ગુણવંતની દાનીનો એના અંતરને ઊંડો સ્પર્શ એ વિચારમાં પડ્યો. અચાનક એને 'એનો ભાઈ પણ આવો જ ઉદાર અમીર નહિ હોય?' કેશવને એ ઓળખતો હતો. એ શંકરના મંદિ પોઠિયા પાસે પડી રહે છે એમ પણ જાણ્યું હતું. તરત જ ત્યાં જવાની થઈ, પણ એણે મનને વાળ્યું. ઉતાવ કરવી, ગુણવંત એકબે દિવસમાં કંઈ છે કે નહિ તે જોવું, એવા વિચારે ત્યારે તો શાંત રહી ગયો.

એ દિવસ પસાર થઈ ગયા. ગુણ દુકાને તો આવતો હતો પણ એના ભાર છુપાવી શકતો નહોતો. મગન એની કશી વાત કરતો નહિ, પણ દિવસમાં વાર એની મુખમુદ્રા જોઈ મનનું માપ લેતો. આખરે મગનને લાગ્યું કે કેશવ જવું એ જ યોગ્ય છે. ત્રીજે દિવસે એ શંકરના મંદિરે ઊપડ્યો.

કેશવ શૂન્ય ચિત્તે પોઠિયા પાસે હતો. મગનને આવતો જોઈ એ ઊભો અને ફિક્કું હસ્યો. મગન એની આવી તેને ઓટલાની કિનાર ઉપર ગયો. બંને બેઠા એટલે મગને ધીરે બધી વાત કરી. આનંદ અને આશ્ લાગણી કેશવના મુખ ઉપર ફરી તરત જ એ બોલ્યો.

હું. એમ છે ત્યારે. છેલ્લા બે દિવસથી મૂંગો અને ઉદાસ રહે છે. જયારે ત્યારે વિચાર કરતો હોય એમ સૂન-બેસી રહે છે. હું પૂછું છું તો કંઈ નથી. બોલાવું તો ખોટું હસે, પણ આઘોપાછો થાઉં કે તુરત ગંભીર બની છે. મને શી ખબર કે આમ હશે! થયું, તેં આવીને વાત કરી, નહિ તો મનમાં ને મનમાં બળીને અરધો થઈ અને મારા પર જિંદગીનું કલંક ચોંટી.' આટલું કહી કેશવ થોડી વાર ચૂપ પછી બોલ્યો: 'મારે હવે જિંદગીમાં રસ છે? એ પરણુશે તો મારી આંતરડી-ઠરશે અને રોજ વીશીના ડૂચા પેટમાં વા પડે છે તે બંધ થશે.'

અચાનક કેશવ હસ્યો. એવા જોરથી કે મગન ચમકી ગયો. તરત જ કેશવે નો હાથ પકડ્યો ને મોટા અવાજે કહ્યું: તારો વિચાર તો પાકો છે ને? તારી ને પૂછી લીધું છે?' મગને માથું વી હા પાડી.

'તો ચાલ, હું ગુણવંત પાસે હા પડાવી!' એમ કહેતાં મગનને એણે ખેંચ્યો ને થી ચાલતા બંને ઓરડી ઉપર આવી ગયા.

ગુણવંત ઓરડીને એક ખૂણે શેતરંજી બેઠો હતો. કોણી પર ટેકવેલા હાથ માથું નમી પડ્યું હતું. આંખોમાં ન એવી શૂન્યતા વ્યાપી રહી હતી. બંને બારણાંમાં આવ્યા તેનું એને જ નહોતું.

કેશવે ગુણવંતને હચમચાવતાં કહ્યું: 'રોજ તું મને મંદિરે ઉઠાડવા આવે છે, આજ હું તને ઉઠાડવા આવ્યો છું. ઊઠ, ઊભો થા, અવસર વીતી જાય છે!'

ગુણવંત ઝબકીને બેઠો થયો. કેશવ અને મગનને સાથે જોઈ એ બધી વાત પામી ગયો. તરત જ બોલ્યો: 'ના, મોટાભાઈ, એ મારાથી નહિ બને. તમે પથ્થરના પોઠિયા પાસે...'

'ગાંડો ન થા, એ પોઠિયો છોડાવવો હોય તો જલદી હા કહી દે. લક્ષ્મી ચાંદલો કરવા આવી છે. આ ઘરમાં ઝાંઝર ઝણ-કશે તો માબાપના જીવને શાંતિ મળશે ને મનેય ટાઢક વળશે.'

'પણ મોટાભાઈ તમે?'

'હજી ગાંડાવેડા! મોટાભાઈના કોડ પૂરા થઈ ગયા...મારી પાછળ તારે ય બાવા બનવું છે? તારે ય પોઠિયા પાસે બેસવું છે?...જા, મગન! પડખેથી કંકુ લઈ આવ ને તારે જ હાથે તિલક કર.'

મગન તરત જ ઊઠ્યા ને પાડોશમાંથી કંકાવટી લઈ આવ્યો. ગુણવંત એમ જ બેસી ગયો. કપાળ ઉપર તિલક ચમકયું કે તરત જ આંસુ છલકતી આંખે મોટાભાઈના પગમાં એ નમી પડ્યો. કેશવની આંખો પણ ભીની થઈ ગઈ.

* * *

એ પછી કેશવ શંકરમંદિરે ગયો નથી, પોઠિયા પાસે બેઠો નથી, વિધુર બાપની પેઠે ગુણવંતની સંભાળ રાખતો સંતોષ અનુભવે છે!

✶

શ્રી રમણ મહર્ષિની તબિયત નરમ રહેતી હોવાથી પૂરું કરવા આપેલ ભાષાંતરનું એક કામ ભક્તે ું નહીં; એ વાતની જાણ થતાં મહર્ષિએ કહ્યું:

'અરે, એમાં શું? શરીર નરમગરમ હોય તેથી મનને શું? બીમાર શરીર સાથે મારે શી લેવાદેવા? ભાષાંતર લઈ આવો.'

અને ભાષાંતર આવી ગયા પછી મોડે સુધી જાગીને શ્રી રમણ મહર્ષિએ એમાં સુધારાવધારા કર્યા.

×

વિચારોની અસર

લેખક :
શ્રી હીરાલાલ છો. બક્ષી

ધન જેવી સ્થૂલ યા બાહ્ય સંપત્તિ મર્યાદિત હોઈ વાપરવાથી એ ઓછી થાય છે, પણ વિચાર જેવી સૂક્ષ્મ યા આંતર સંપત્તિ અમર્યાદિત અને અખૂટ હોવાથી એનો જેમ વિશેષ ઉપયોગ કરવામાં આવે, એમ એ વધે છે. સ્થૂલ અને સૂક્ષ્મ યા બાહ્ય અને આંતર સંપત્તિનો આ એક મોટો ફરક છે. વળી સ્થૂલ સંપત્તિનો ઉપયોગ કરવાની તક સૌ કોઈને એકસરખી રીતે મળેલી હોતી નથી. વીજળી અને વરાળની શક્તિ વડે ચોક્કસ પરિણામો લાવી શકાય પણ એનો ઉપયોગ કરી પૈસાદાર બનવાની તક સૌ કોઈને લભ્ય હોતી નથી. જ્યારે વિચાર જેવી મનુષ્યમાં રહેલી આંતર સંપત્તિ સૌને લભ્ય છે અને એનો સદુપયોગ કરી રાય અને રંક, યુવાન અને વૃદ્ધ, સૌ કોઈ પોતાના જીવનને ઉન્નત બનાવી શકે. વિચારશક્તિ મનુષ્યમાં પ્રભુદત્ત છે, પણ એ સંબંધનું યોગ્ય જ્ઞાન ન હોવાથી માનવીઓ એનો અવળો ઉપયોગ કરી જીવનની એક મહામૂલી શક્તિ વેડફી નાખે છે; માટે જ વિચારોની કેવી અસર થાય છે અને એનું મહત્ત્વ શું છે એ જાણવાની જરૂર છે.

મનુષ્ય એક જીવાત્મા છે. સ્થૂળ શરીર, વૃત્તિ–શરીર અને મન–શરીર કાર્ય કરવા, વૃત્તિઓ અનુભવવા અને વિચાર કરવા માટેનાં એનાં સાધનો છે. વૃત્તિ–શરીરમાં ઉત્પન્ન થતી લાગણીઓ હૃદય દ્વારા આવિર્ભાવ પામે છે અને મન–શરીર વિચારનું જન્મસ્થાન હોઈ એમાં ઉદ્ભવતા વિચારો મગજ દ્વારા પ્રકટ થાય છે: માટે જ જ્ઞાન–સંપાદન કરવા મન–શરીરનો વિકાસ અને જ્ઞાન પ્રકટ કરવા મગજની તાલીમ આવશ્યક લેખાય મન અને મગજ જયાં ઉચ્ચ કક્ષાનાં છે ત્યાં પ્રતિભા નિર્ઝરે છે; પણ મનની વિચારની ક્રિયા કેવી છે એ વિચારીએ.

માણસ જયારે વિચાર કરે છે ત્યારે જાતની અસરો થાય છે. એક તો વિચારને પરિણામે આંદોલનો ઉત્પન્ન છે તે અને બીજી દરેક વિચારના જે રૂપ અથવા આકૃતિઓ થવા પામે છે આ બન્ને પરિણામો માણસને પોતાને બીજાઓને અસર કરે છે.

પ્રથમ માણસના વિચારનાં આંદોલ અસર એને પોતાને કેવી થાય છે તે સીએ. માણસ જયારે વિચાર કરે છે એના મન–શરીરમાં, એની માનસિક કોઈ ચોક્કસ ગતિએ ધ્રુજારીઓ થવા છે. એકજ પ્રકારના વિચારો વારંવાર વાથી એનું મન–શરીર એ વિચારો ટેવાઈ જાય છે અને એ વિચારો એને સાહજિક બની જાય છે. વળી કોઈ ચોક્કસ પ્રકારના વિચારો બી એવાજ વિચારો પોતાના તરફ અને એ રીતે પોતાના એ વિચારોને બનાવે છે: દાખલા તરીકે જો આ ઉમદા વિચાર કરીએ તો બીજાના ઉમદા વિચારો આપણા તરફ ઘસડાઈ છે અને એથી ઉમદા વિચારો કરવા અધિક શક્તિશાળી બનીએ છીએ.

વળી માણસના વિચારોની અસર વૃત્તિઓ પર પણ થાય છે. જેમ અસર સમુદ્રની સપાટી પર થાય અને કંપને લીધે મહાસાગરમાં પ્રચંડ મોજાં

એમ માણસના વિચારોને પરિણામે અનુરૂપ હોય એવી વૃત્તિઓ એનામાં છે અને એની વૃત્તિઓને પરિણામે અનુરૂપ હોય એવા વિચારો પણ એનામાં વા પામે છે: દૃષ્ટાંત તરીકે પોતાને થયેલા ન્યાયનો વિચાર કર્યા કરવાથી ક્રોધની ઉત્પન્ન થશે પણ જો શાંતિના વિચારો માં આવે તો એ ક્રોધની વૃત્તિ પેદા શકતી નથી. એવી જ રીતે બીજાને માટે વૃત્તિઓ સેવ્યાથી બૂરા વિચારો જન્મે પણ હૃદયમાં જો શાંતિ અને ક્ષમાભાવ વામાં આવે, તો બૂરા વિચારો પેદા થવા ભવિત છે.

આ ઉપરાંત વિચારોની બીજી અસર સના જીવાત્મા પર પણ થાય છે. જેવા રના વિચારો સ્વાભાવિક થઈ પડે છે એવા એનામાં આવતા જાય છે. લોભ કે વિષય-નો નિરંતર વિચાર કરનાર લોભી વિષયી બને, એમ પ્રેમ અને નિઃસ્વાર્થના રો પોષનાર પ્રેમી અને નિઃસ્વાર્થી બને.

આ રીતે વિચારોની અસર માણસ પર રીતે થાય છે. એક તો જેવા પ્રકારના રો એ હમેશ કરતો હોય એવા વિચાર વાની એને ટેવ પડી જાય છે અને જેવા ના વિચાર એવું એનું ચારિત્ર્ય ઘડાય છે; બીજી અસર એ કે જેવા એના વિચારો વૃત્તિઓ એનામાં ઉત્પન્ન થવા પામે છે.

હવે વિચારોની અસર બીજા પર કેવી છે તે તપાસીએ. આપણે યાદ રાખવું કે દરેક વિચાર આંદોલનરૂપે પ્રકટ છે; પણ વિચાર સાદો કે મિશ્ર હોઈ . જો કોઈ માણસ ફિલસૂફીના પ્રશ્નનો ચાર કરતો હોય કે ભૂમિતિ કે ગણિતનો લો ગણવામાં ગૂંથાયલો હોય તો એ ચારની અસર કેવળ મનપ્રકૃતિ પર જ છે; પણ જો એ કોઈ આધ્યાત્મિક વિષયના પ્રશ્નનો વિચાર કરતો હોય અને એમાં પ્રેમભક્તિ કે અર્પણભાવ હોય તો એ વિચાર આત્મિક પ્રકૃતિનાં ઓજસ મેળવી વધારે તેજસ્વી અને સશક્ત બને છે; પણ માનવજાતિના મોટા ભાગના વિચારો આવા સાદા હોતા નથી. પ્રેમ હોવો જોઈએ તો વિશુદ્ધ અને નિર્વિકાર, પણ ઘણી વાર એમાં સ્વાર્થ કે ગર્વ, ઈર્ષા કે મોહ નજરે પડે છે. આવા વિચારોમાં વાસનાપ્રકૃતિ ભળેલી હોવાથી એનાં આંદોલનો મિશ્ર પ્રકારનાં હોય છે અને એનું બળ કામલોકમાં ઢળવાય છે. વળી એમાંથી ઉત્પન્ન થતા આકારો (અં. થૉટ ફૉર્મ્સ) એક કરતાં વધુ રંગોવાળા નજરે પડે છે.

વળી વિચારનાં આંદોલનોની અસર આસપાસ ફેલાય છે અને બીજા માણસોના મનને અસર કરે છે. તેથી એક માણસના વિચારનાં આંદોલન બીજા માણસના મનને અથડાતાં એનામાં એવા પ્રકારના વિચારો ઉત્પન્ન કરે છે એટલે વિચાર ચેપી છે એમ કહી શકાય.

આપણા વિચારો પોતાના જન્મસ્થાનથી જેમ દૂર થતા જાય છે, એમ એમની અસર નબળી પડતી જાય છે. વળી એ કેટલે દૂર જઈ શકે અને બીજાઓને કેટલી અસર કરી શકે એનો આધાર આપણા વિચારો કેટલા સ્પષ્ટ અને જોરદાર છે એના પર રહેલો છે. જેમ આપણો અવાજ જેટલો સ્પષ્ટ અને બુલંદ એટલો એ વધારે દૂર જઈ શકે, એમ આપણા વિચારો જેટલા સ્પષ્ટ અને જોરદાર એટલા એ વધારે દૂર જઈ શકે અને એટલા એ બીજાઓને વધારે અસર કરી શકે. પણ આપણા વિચારો નબળા અને અસ્પષ્ટ હોય તો નબળા અને અસ્પષ્ટ અવાજની માફક એ વધારે દૂર જઈ શકતા નથી; માટે જ વિચારો જેમ જોરદાર

અને સ્પષ્ટ એમ એ વધારે અસરકારક નીવડે છે. વળી માણસો જયારે પોતાના કામમાં મશગૂલ હોય ત્યારે આપણો અવાજ એમને સંભળાતો નથી, એમ માણસો જયારે પોતાના વિચારોમાં પરોવાયલા હોય, ત્યારે આપણા વિચાર એમને અસર કરી શકતા નથી.

વળી વિચારનાં આંદોલનો બીજામાં સમાન પ્રકારની અસર ઉત્પન્ન કરે પણ એ વિચારની વસ્તુ ન યે ઉત્પન્ન કરે. ધારો કે કોઈ હિંદુ શ્રીકૃષ્ણ કે શ્રીરામનો ભક્તિભાવથી વિચાર કરે તો એની અસર કોઈ હિંદુને થતાં એનામાં શ્રીકૃષ્ણ કે શ્રીરામ માટે ભક્તિભાવ ઉત્પન્ન કરશે, પણ જો એ વિચારની અસર કોઈ પરધર્મીને–કોઈ મુસલમાન કે ખ્રિસ્તીને, કોઈ પારસી કે બૌદ્ધમાર્ગીને–થાય તો એનામાં પોતાના ઇષ્ટને માટે–અલ્લા કે ઇસુ, જરથુષ્ટ્ર કે બુદ્ધને માટે–ભક્તિના વિચારો ઉત્પન્ન કરશે; એટલે ટૂંકમાં ભક્તિના વિચારો બીજામાં ભક્તિના વિચારો ઉત્પન્ન કરે છે, પછી અન્યની ભક્તિનું પાત્ર ગમે તે હોય અને કોઈ જડવાદીને કોઈને માટે પણ ભક્તિ ન હોય તો એવાને એ વિચારની અસર એને કોઈ પણ પ્રકારે ઉન્નત કરનારી જ થશે એટલે એનામાં જે કાંઈ સારું હશે એને દૃઢ કરશે. આ રીતે સારા અને ઉમદા વિચારો કરનાર માણસ જાણ્યે–અજાણ્યે પણ જનકલ્યાણનું જ કાર્ય કરી રહ્યો છે.

આ નિયમ બૂરા વિચારો કરનારને પણ લાગુ પડે છે. જો કોઈના પ્રત્યે ધિક્કાર કે દ્વેષના વિચારો કરવામાં આવે, તો એ વિચારનાં આંદોલન બીજામાં એવા જ પ્રકારના બૂરા વિચાર ઉત્પન્ન કરે છે. આથી બીજાના ક્રોધ અને તિરસ્કારના વિચારોથી ક્રોધી અને દ્વેષી માણસોને પોષણ મળે છે અને આવેશમાં આવી એવાં માણસો જે ગુના
કરે છે એમાં ક્રોધ અને તિરસ્કારના
એના વિચારોનો હિસ્સો હોય છે; માટે
માણસોના મન–હૃદયમાં ક્રોધ અને તિ
સ્કાર ભરેલાં છે ત્યાં સુધી લડાઈનો
આવવો મુશ્કેલ છે. જનસમુદાયના
અને તિરસ્કારના વિચારોનું એક
વાદળ ઉત્પન્ન થાય છે, ત્યારે વહેલેમોડે
લડાઈરૂપે ફાટી નીકળે છે એમ કેટલાક
માનવું છે, એ પણ આ જ દૃષ્ટિએ સાચું
માટે જ આપણા શુભ વિચારોથી
આપણે જનકલ્યાણના કાર્યમાં
આપીએ છીએ, એમ દેશમાં થતા ગુનાઓ
માં પણ આપણા બૂરા અને ખરાબ વિચારો
નો ઓછોવત્તો હિસ્સો છે.

આપણા વિચારોને પરિણામે જે આં
લનો ઉત્પન્ન થાય છે તે આપણને
બીજાઓને કેવી રીતે સારીમાઠી અસર
છે એ આપણે જોયું. હવે આપણા વિચારો
પરિણામે જે વિચારરૂપો ઉત્પન્ન થાય છે એ
વિચાર કરીએ.

જયારે આપણે કોઈ ચોક્કસ અને
દાર વિચાર કરીએ છીએ, ત્યારે પરિ
માનસિક પ્રકૃતિનો બનેલો એક આ
ઉત્પન્ન થાય છે. આ આકારમાં કોઈ ચો
પ્રકારની શક્તિ પણ રહેલી હોય છે.
વિચારોમાં વૃત્તિઓનું તત્ત્વ ભરેલું ન
તો એ વિચારોનો આકાર સાદો અને
રંગવાળો બને છે; પણ જો એમાં વૃત્તિ
તત્ત્વ ભરેલું હોય તો એ આકાર
પ્રકારનો અને વિધવિધ રંગવાળો બને
આવા પ્રકારના આકારો વધુ પ્રમાણ
જોવામાં આવે છે; કારણકે મનુષ્યોના વિચા
મોટેભાગે કામનાઓથી રંગાયેલા હોય છે
આ બન્ને પ્રકારના આકારો કેટલોક
જીવંત વસ્તુઓ જેવા બની રહે છે.
એમનો દેહ છે, એમાં રહેલું વિચાર

ગ્રાણ છે. આ આકારો એમના દાતા વિચારો બદલાવવાનું વલણ ધરાવે એ અલ્પજીવી પણ હોય કે કલાકો, ઓ કે વર્ષો સુધી પણ જીવંત રહે. દુનિયાના આ 'નાગરિકો' ચાર આધીન છે: (૧) જેવા વિચાર આકાર, (૨) વિચારને અનુરૂપ રંગ, વિચારની સ્પષ્ટતા એટલી આકૃતિની તા અને (૪) જેટલું વિચારનું બળ અને વિચારની સ્થિરતા એટલો એનો કાળ એવું એનું કદ.

વિચારનાં આંદોલનોની અસર કરતાં રના આકારોની અસર વધારે ચોક્કસ મર્યાદિત જોવામાં આવે છે. વિચારના રોમાં રહેલું બળ બીજાઓમાં ન હોય એ આકારો એમને અસર કરી શકતા અને જ્યારે એ બીજાને અસર કરી છે, ત્યારે એનામાં એ એવો જ વિચાર કરે છે; પણ વિચારનાં આંદોલનો ને અસર કરી શકે છે અને બીજાઓ-એ જ વિચાર ઉત્પન્ન કરવાને બદલે ભાવને મળતા વિચારો પણ ઉત્પન્ન આકારો અને આંદોલનોની અસરનો એક મહત્ત્વનો ફરક છે. વિચારનાં બધાં રોના ત્રણ વિભાગ પાડી શકાય: (૧) ર કરનાર માણસની આકૃતિ ધારણ નાર. જ્યારે કોઈ માણસ હું અમુક દૂરના માં છું અગર જવા માગું છું એવો ર કરે, ત્યારે એ પોતાના સ્વરૂપ જેવું રૂપ ઉત્પન્ન કરે છે અને એ વિચારરૂપ હાજર થાય છે. કેટલીક વાર બીજાઓ વિચારરૂપને જોઈ પણ શકે છે. (૨) કોઈ મૂર્ત વસ્તુની આકૃતિ ધારણ કરે એવાં. જ્યારે માણસ પોતાના મિત્રનો કે વસ્તુનો વિચાર કરે છે, ત્યારે એ મિત્રની એ વસ્તુની એક નાની પ્રતિમા ઉત્પન્ન થાય છે અને તે એની આંખ આગળ તર્યા કરે છે. વિચારની તીવ્રતા કે સ્પષ્ટતા પર આ પ્રતિમાનું આયુષ્ય અવલંબે છે. એનું બળ ક્ષીણ થતાં એ વિખૂટી પડી જાય છે.

(૩) જેઓ વિચાર કે વૃત્તિની પ્રકૃતિ મુજબ પોતાનાં સ્વતંત્ર રૂપ ધારણ કરે છે એવાં. આવા વિચારોના ત્રણ પેટા વિભાગ પાડી શકાય. (अ) કોઈ એક વ્યક્તિ અગર વ્યક્તિઓ પ્રત્યે મોકલેલા વિચાર, (ब) સ્વ-લક્ષી અગર પોતાના વિષે જ કરેલા વિચાર, (क) અન્ય પ્રત્યે મોકલેલા ન હોય અગર પોતાના વિષે પણ કરેલા ન હોય એવા વિચાર.

(अ) કોઈ એક માણસ પ્રત્યે પ્રેમ કે આભાર, ધિક્કાર કે ઈર્ષાનો વિચાર કરવામાં આવે તો આવા વિચારમાંથી ઉત્પન્ન થતાં આંદોલન આસપાસ ફેલાય છે અને એની અસર ગ્રહણ કરનાર સૌને એવી અસર થાય છે, પણ એમાંથી ઉત્પન્ન થતો આકાર જેના વિષે એ વિચાર કરવામાં આવ્યો હોય, એ માણસ તરફ વળે છે. જો એ વખતે તે માણસ એ આકારની અસર ગ્રહણ કરે એવી સ્થિતિમાં હોય અને એનામાં એ આકારને મળતા વિચારોની પ્રકૃતિ હોય, તો એને ઝટ અસર થાય છે; પણ એ વખતે જો તે માણસ બીજા વિચારમાં ગૂંથાયો હોય તો એ આકાર એની આસપાસ ફર્યા કરે છે અને પોતાનું કાર્ય કરવાની તક માટે રાહ જુએ છે. જો તે માણસમાં મોકલેલા વિચારને મળતી પ્રકૃતિ ન હોય તો એ વિચાર–સારો કે બૂરો–મોકલનારના તરફ જ પાછો વળે છે, આથી કોઈ સંત માનવી પ્રત્યે મોકલેલા ખરાબ વિચારો મોકલનારને જ અસર કરે છે; માટે જ શાપ કે આશીર્વાદ, નિજ જન્મસ્થાને પાછા વળે છે એમ કહેવાય છે, એ સાચું છે. ક્રોધ, તિરસ્કાર, વેર કે ઈર્ષા જેવા મલિન વિચારોની આકૃતિઓ

વિરૂપ અને રાક્ષસ જેવી ભયાનક જોવામાં આવે છે, જયારે પ્રેમ અને ભક્તિભાવ કે જનહિતના વિચારોથી ઉત્પન્ન થતી આકૃતિઓ સુંદર રંગવાળી અને ઘાટીલી હોય છે.

(ब) જો વિચાર સ્વલક્ષી હોય અને અન્ય કોઈ પ્રત્યે મોકલવામાં આવ્યો ન હોય, તો એ પોતાની જ આસપાસ ફર્યા કરે છે અને એની પ્રતિક્રિયા પોતાના પર જ થાય છે. પરિણામે અવકાશ મળતાં એ ફરીથી એવા જ વિચારો કરવા માંડે છે. આમ વારંવાર એક જ જાતના વિચારો કરવાથી એ વિચારરૂપ જોરદાર બને છે અને એ રીતે ખરાબ વિચાર કરનાર માણસ પોતાના જ પિંજરમાં પુરાયલો છે; જયારે નિરંતર સારા વિચાર કરનાર માણસે ખરાબ વિચારો સામે બખ્તર તૈયાર કર્યું છે એમ કહેવાય. જીવનમાં અનિષ્ટ વિચારો સમાન કોઈ 'પિશાચ' નથી અને પવિત્ર વિચારો સમાન કોઈ દેવદૂત નથી.

(क) જે વિચારોને વિચાર કરનાર માનવી સાથે સંબંધ નથી અને જે કોઈ ચોક્કસ વ્યક્તિ પ્રત્યેના પણ હોતા નથી, એમાં વિચારરૂપો જયાં ઉત્પન્ન થયાં હોય ત્યાં જ ફર્યા કરે છે. આવાં રૂપો જો બીજાઓના સંબંધમાં ન આવે તો રફતે રફતે ક્ષીણ થઈ નાશ પામે છે, પણ બીજાના સંબંધમાં આવવા પામે તો બીજાનાં મન એમને ગ્રહણ કરી લે છે. સામાન્ય માણસોના અસંખ્ય વિચારો આવા પ્રકારના હોય છે. પોતે જયાં ફરે છે ત્યાં એ આવા વિચારો મૂકતો જાય છે. આ પ્રમાણે આખું વાતાવરણ આવા અચોક્કસ વિચારોથી ભરેલું છે. રસ્તે હરતાંફરતાં બીજાના આવા વિચારો આપણે ઉપાડી લઈએ છીએ. જો એ કદાચ આપણા મનમાં વાસો કરવા પામે તો એ બળવાન બની બહાર નીકળે છે. માણસ કોઈક વાર એકાએક અટકી વિચારી જુએ કે એના થતા વિચારોનો ચોથો ભાગ પણ એના વિચારો નથી. માણસનું મન જેવું હોવાથી એમાં આવા વ્યર્થ અને વિચારો આવે છે અને જાય છે, પણ વિચારો મોટે ભાગે અહિત કરનારા મનને હંમેશ પોતાના જ પસંદ વિચારોમાં રોકાયલું રાખવું એ જરૂરનું

આ પરથી આપણને સમજાશે કે અને મલિન વિચારો વાતાવરણને અને ગંદું બનાવે છે અને જનસમાજ માનસિક પતન કરવામાં સહાય કરે જયારે સુંદર અને પવિત્ર વિચારો વાતાવરણ સુંદર અને પવિત્ર બનાવે છે તથા સમાજને પવિત્રતાને પંથે વાળવામાં રૂપ નીવડે છે. જો વિચારોની આવી અસર હોય તો આપણા વિચારો અન્યને કાંઈ લાગતુંવળગતું નથી કહેવાનો આપણને અધિકાર નથી. એ સર્વ કાર્યનું મૂળ છે. જેવા એવો આચાર; માટે જગતની બાહ્ય રણા કરતાં જગતની આંતર વધારે ચિરસ્થાયી નીવડશે. માનવીઓ હૃદય સ્વાર્થની મલિનતાથી ભરેલાં જગતના કાયદાકાનૂન ઝાઝું કરી નથી; માનવીઓનાં મનહૃદય પવિત્ર કાયદાકાનૂનના બળની જરૂર રહેશે બહારના નિયમો વૃક્ષની ડાળીઓ આંતરશુદ્ધિ વૃક્ષના મૂળ સમાન છે. જો સડેલું હશે તો ડાળીઓ કાંઈ ફળ શકવાની નથી; માટે જ જેમ મૂળને જ રવું, મૂળને જ જળસીંચન કરવું જરૂરનું છે, એમ માનવીઓનાં પવિત્ર કરવાં એ પ્રજાની સંસ્કૃતિ આબાદી માટે વધારે મહત્ત્વનું છે.

★

આહાર વિશેના ખ્યાલો

લેખક :
ડૉ. પ્રફુલ્લ બાપાલાલ વૈદ્ય
ડી. એ. એસ. એફ., (આયુર્વેદ વિશારદ)

જાણ્યે અજાણ્યે આપણા સમાજમાં આપણા રોજિંદા ખોરાક વિશે કેટલાક ભૂલભરેલા ખ્યાલો ઘર કરી બેઠા છે અને અમને જેનો અમારા ધંધામાં રોજ અનુભવ થાય છે. આનાં મૂળ પણ ઠીકઠીક ઊંડાં હોવાથી દરદીને કેટલીકવાર ખરી વસ્તુ ગળે ઉતારતાં પણ મુશ્કેલી પડે છે. અને આ કારણે આપણા કેટલાક સુંદર ખાદ્ય પદાર્થો વિનાવાંકે હડધૂત થઈ રહ્યા છે. આ ગરમ, આ ઠંડું, આ વાયડું, આ શરદી કરે વગેરે કેટલાય વહેમો રોજ સાંભળવામાં આવે છે, ત્યારે કેટલીકવાર ખેદ થાય છે કે ગૂજરાતી પ્રજાએ પોતાના માટે ખાવું શું? ખજૂર ગરમ પડે, દહીં ઠંડું પડે, સફરજન બંધકોષ કરે, સીતાફળ શરદી કરે, ઈંડાં ગરમ પડે, દૂધ વાયડું પડે; ગાજર, કાંદા, લસણ વગેરે ખાવામાં ધર્મનો બાધ નડે; દૂધ, ઘી એમને ચોખ્ખાં મળતાં નથી, આટો ચક્કીમાં પિસાઈને આવે–જાણે આપણે સારી વસ્તુઓ જોડે જ સારાસારી નથી !

પરંતુ આમાંના મોટાભાગના ખોટા વહેમો છે. કેટલીકવાર તો દરદીને કહેવામાં આવતાં છતાં એના મગજમાં ઉતારવું એ મુશ્કેલ થઈ પડે છે. એના મૂળો ઠીકઠીક ઘર કર્યું હોય છે.

આજના આ કેલરી ને પ્રજીવકોના યુગમાં ખોરાકના ગુણદોષની આ રીતે તુલના કરવી પણ કેટલાકને હાસ્યાસ્પદ લાગે, છતાં પણ આ જાતના ખોરાકના ગુણદોષ આપણે ત્યાં એટલા બધા વ્યાપક રીતે ચર્ચાય છે, કે એમની એ રીતે તુલના થોડો દોષ વહોરીને પણ કરવી આવશ્યક છે.

હવે આપણે એમાંની કેટલીક મુખ્ય વસ્તુઓનો વિચાર કરીશું. પ્રથમ ખજૂર લઈએ.

ખજૂર : આ એક ખરેખર બહુ સુંદર ખાદ્ય પદાર્થ છે, પરંતુ એ ગરમ છે એવો વહેમ આજે સોમાંથી ૯૯ ટકાનો છે. અને જો થોડોઘણો એનો ઉપયોગ થતો હોય તો તે ફક્ત શિયાળામાં જ. ઉનાળામાં તો એને કોઈ અડકતું જ નથી. બહુ ખાવાથી જાણે લોહી તૂટી પડશે, એવા વહેમને કારણે એ બિચારું વિના વાંકે હડધૂત થઈ રહેલું છે.

આયુર્વેદમાં એની પુષ્કળ પ્રશંસા કરવામાં આવી છે. ચરકે એને મધુર, બૃંહણ શરીરને હૃષ્ટપુષ્ટ કરનારું, વૃષ્ય–વૃષભ યાને કે આખલા જેવી તાકાત આપનારું, ગુરુ એટલે કે પચવામાં કંઈક ભારે, **શીતલ** એટલે કે ગુણમાં ઠંડું, ક્ષયમાં અને અભિઘાતમાં ઉપયોગી, શરીરમાં કોઈ પણ ઠેકાણે દાહ–અગન બળતી હોય તો તેને શાંત કરનાર તથા વાત ને પિત્તના વિકારોમાં ઉપયોગી કહ્યું છે. (ચરક–સૂત્રસ્થાન ૨૭/૧૨૪) સુશ્રુતે એને માટે હૃદ્ય શબ્દ વાપર્યો છે. હૃદ્ય એટલે કે હૃદયના–સામાન્ય રીતે અથવા હૃદયના કોઈ પણ વિકારમાં હિતકર. (સુશ્રુત સૂત્રસ્થાન ૪૬/૧૮૫)

આમ આપણે જોયું કે ખજૂર ગરમ નથી બલકે ઠંડું છે. શરીરમાંથી કોઈ પણ ઠેકાણેથી લોહી પડતું હોય તોપણ ઉપયોગી છે; એટલું જ નહિ, પણ એવા રોગોમાં ખાસ ઉપયોગી છે. જે નાનાં બચ્ચાંઓ શરીર ન લેતાં હોય એને પણ જો દરરોજ આપવામાં આવે તો જરૂર એઓ થોડા દિવસમાં વજનમાં વધશે. મોટાંઓ પણ એનો બૃંહણ

તરીકેનો ઉપયોગ જરૂર કરી જુએ. આપણી શાળાઓમાં જો ખજૂરનો નાસ્તો આપવામાં આવે, તો એ બાળકોનો વિકાસ ખૂબ ઝડપી થાય; અને એમાં કોઈ જાતના ભેગનો અવકાશ નથી ને બહુ સસ્તો ખાદ્ય પદાર્થ છે. ખજૂર જયાં ઊગે છે એ દેશની પ્રજાનો બાંધો જોઈને કોને અદેખાઈ નથી આવતી ?

આધુનિક દૃષ્ટિએ ખજૂરમાં કયાં તત્ત્વો છે તે આપણે જોઈએ :

પાણી%	પ્રોટીન%	ચરબી%	ખનિજ%	રેસા%
૨૬·૧	૩·૦	૦·૨	૧·૩	૨·૧

કાર્બોહાઈડ્રેટ%	ચૂનો%	ફોસ્ફરસ%	લોહ%
૬૭·૩	૦·૦૭	૦·૦૮	૧૦·૬

સો ગ્રામમાં

કેલોરી	કેરોટીન	વિટા. બી૧	વિટા. સી.
૨૮૩	૬૦૦	૩૦	જરાક

આંતરરાષ્ટ્રીય માપ પ્રમાણે

(ડૉ. એયક્રોઈડના 'ખોરાક ને યુક્તાહાર'માંથી)

જેમણે થોડા મહિના પહેલાં પૂરું થયેલ મુંબઈનું પ્રદર્શન જોયું હશે તેમને ખ્યાલ હશે કે ખજૂરનાં ગુણતત્ત્વો દર્શાવતાં મોટાંમોટાં સુંદર પોસ્ટરો ત્યાં જોવામાં આવતાં હતાં અને એમાં પણ ખજૂરની યોગ્ય જ પ્રશંસા કરવામાં આવી હતી. આમ આપણે જોયું કે ખજૂર એક ખરેખર સુંદર પદાર્થ છે, જે ખુશીથી બારે માસ લઈ શકાય છે. લોહ અને વિટામિન એ તથા બીજા પ્રજીવકોથી ભરપૂર છે.

દહીં : આવો જ એક બીજો ઘર કરી બેઠેલો વહેમ છે દહીં વિશે, અને તે ખજૂરથી બિલકુલ ઊંધો જ છે કે દહીં ઠંડું છે. પરંતુ વસ્તુતઃ એમ નથી. દહીં ગરમ છે. ચરકે એનું વર્ણન કરતાં કહ્યું છે કે દહીં વિપાક–એટલે કે ખોરાકના પચન થયા પછીની અવસ્થામાં ઉષ્ણ છે અને અમ્લ છે અને તેથી જ એને પીનસ, બહુ લાંબા વખતનું સળેખમ–માં ઉપયોગી કહ્યું છે. (ચરક–સૂત્રસ્થાન ૨૭/૨૨૪) અર્થાત્ બહુ લાંબા વખતના સળેખમમાં રસાલ-શિખંડને ઉત્તમ કહ્યો છે. હવે એ ગરમ છે છતાં શરીર પકડે છે એનું કારણ શું? કેટલાકને દહીં ખાધા પછી શરીર પકડવાનો જે અનુભવ થાય છે, તેનું કારણ ઉપર કહ્યું તેમ કે એ વિપાકમાં અમ્લ છે એ છે અને નહિ કે એ ઠંડું છે. એટલે પિત્તપ્રકૃતિવાળાને એ માફક નહિ આવે; પરંતુ કફ અને વાત પ્રકૃતિવાળાને એ સારું માફક આવશે. દહીં ગરમ છે એટલા માટે ઉનાળામાં એ ન ખાવું એમ શાસ્ત્રમાં વિધાન છે. આ કારણથી જ છાશનો ઉનાળામાં વધુ પ્રચાર જોવામાં આવે છે. જો ટેવ પાડવામાં આવે તો દહીં અને છાશ દરેકને હરકોઈ ઋતુમાં માફક આવે તેવી વસ્તુઓ છે. ખાધા પછી હમેશ છાશ પીનારી કાઠિયાવાડી પ્રજાનું શરીરસૌષ્ઠવ આપણને આ વાતની ખાતરી આપશે. આપણામાંના બહુ ઓછાને એ ખબર હશે કે જગતમાં લાંબામાં લાંબુ આયુષ્ય–સરેરાશ ૬૫ વર્ષનું ભોગવનારી ન્યુઝીલેન્ડની પ્રજાના આહારમાં દૂધની બનાવટો અને તેમાં પણ ખાસ કરીને દહીં અને છાશ બહુ અગત્યનું સ્થાન ભોગવે છે. અને તેના દીર્ઘ જીવનનું કારણ પણ આ જ અપાય છે. આપણે અહીં ગુજરાતની સ્ત્રીઓને તો જાણે દૂધની સાથે આડવેર છે. ૧૦૦માંથી લગભગ ૯૦ સ્ત્રીઓને દૂધ ભાવતું નથી હોતું–ખાતી નથી હોતી એમ કહીએ તો અતિશયોક્તિ નહિ ગણાય. જો આપણે છાશ કે જે સાધારણ રીતે બધાને જ રુચિકર તો હોય છે જ, તેનો ઉપયોગ વધારે કરીશું, તો દૂધ નથી ભાવતું કરીને જ એનો ઉપયોગ ઓછો

ય તે દૂર થશે. આ તબક્કે ‘ જયોતિર્ધર ’માં લેખ વાંચ્યાનું યાદ છે, જેમાં જણાવવામાં આવ્યું હતું કે ઇંગ્લંડની એક બોડિંગમાં છોકરાઓના જુદાજુદા વિભાગો પાડીને દરેકને જુદોજુદો ખોરાક (તેમના સામાન્ય આહાર ઉપરાંત) જેમકે એકને દૂધ, બીજાને દાણા, ત્રીજાને ચણા, ગોળ વગેરે એમ છ વિભાગો પાડીને દરેકને જુદોજુદો ખોરાક આપવામાં આવતાં પ્રયોગને અંતે જાહેર કરાયું હતું, કે જે વિભાગને છાશ આપવામાં આવતી હતી તે વિભાગના છોકરાઓ વજનમાં સૌથી વધારે વધ્યા હતા તથા વધુ ચપળ લાગતા હતા. છાશ ને દહીંનાં તો જેટલાં ગુણગાન ગાઈશું, એટલાં ઓછાં છે. ગુજરાતનાં માબાપો છાશ ને દહીંની મહત્તા જેટલી વધુ સમજે તેટલી સારી.

ગોળ: ગોળાને અંગે પણ એક પ્રચલિત વહેમ છે કે તે ગરમ છે; પરંતુ સુશ્રુતે ગોળને વાતપિત્તનાશક, મધુર તથા રક્તને ઉત્પાદન કરનાર કહ્યો છે. અને એને માટે એક વિશેષણ વાપર્યું છે, પથ્યતમ અર્થાત્ દરેકને ખૂબ માફક આવનાર. ગોળ ગરમ પડશે, આંખ આવશે એમ માનીને નાનાં બચ્ચાંઓને કોઈ ગોળ ખાવા દેતું જ નથી. તલસાંકળી તો નાનાં બચ્ચાંઓ માટેનો એક અદ્‌ભુત ખોરાક છે, પણ જે બચ્ચાં કમજોર રહેતાં હોય, શરીર ન લેતાં હોય, તેમને રોજ જો એ આપવામાં આવે, તો એમને ઠીક વખતમાં ચોક્કસ ફાયદો કરશે.

ગાયનાં દૂધ-ઘી: ન જાણે શી રીતે એમ લાગે છે ફક્ત આપણા ગુજરાતમાં જ એ માન્યતા ઘર કરી ગઈ છે કે ગાયનાં દૂધ-ઘી નિઃસત્ત્વ હોય છે માટે ભેંસનાં દૂધ-ઘી ખાવાં જોઈએ. આજે કેટલાયે એવું કહેનારા મેં સાંભળ્યા છે કે ‘ડૉક્ટર! મને તો ગાયનું દૂધ ભાવતું જ નથી. એની ચાનો તો સ્વાદ જ વિચિત્ર લાગે છે.’ ઘીની વાત બાજુએ મૂકીએ તોપણ આજે દૂધ માટે ગાયને પાળનારા અવ્યવહારુ આજે બહુ ઓછા જોવામાં આવે છે અને તેનું સ્થાન ભેંસ-ડોબાએ લીધું છે. આયુર્વેદે ગાયનાં દૂધ-ઘીની જે મહત્તા ગાઈ છે તે ખરેખર અપૂર્વ છે. ગાયના દૂધ માટે આયુર્વેદે મધુર, શીતળ વગેરે ૧૦ ગુણો કહ્યા છે. અને એ જ દસ ગુણો ઓજને માટે પણ કહ્યા છે. શરીરની જે સાત ધાતુઓ–રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા, શુક્ર–ના પરિપાકરૂપે આઠમી ધાતુ જે આયુર્વેદે વર્ણવી છે, તે ઓજ. આમ આપણા આહારનું જે અંતિમ રૂપ ઓજ તેને ગાયનું દૂધ સંપૂર્ણતયા મળતું આવે છે. આધુનિક વિજ્ઞાને પણ જણાવ્યું છે કે ગાયના દૂધમાં થોડે અંશે પણ (અં. ટ્રેઈસ) આયોડીન પોટાશિયમ, ફોસ્ફરસ વગેરે તત્ત્વો હોય છે, તે ભેંસના દૂધમાં બહુધા જોવામાં આવતાં નથી અને આ થોડા અંશો મનુષ્યની રોગપ્રતિકારક શક્તિ-(રોગો સામે લડવાની શક્તિ) ખાસ કરીને ક્ષય વગેરેમાં–ને બહુ બળવાન બનાવે છે. વિટામિન ‘ એ. બી. સી. ’ પણ ગાયના દૂધમાં જ જોવામાં આવે છે. અને ભેંસના દૂધમાં બિલકુલ નહિ યા નહિવત્ જ હોય છે.

(‘ બટરફૅટ ’ ડૉ. ભાંડારકર)

આ બધું હોવા છતાં પણ ગાયના દૂધમાં ફક્ત ચરબીનું તત્ત્વ જ એક ઓછું હોવાને કારણે તે હડધૂત થઈ રહેલું છે. ગોપૂજક ગુજરાત એના પૂજ્યભાવને પ્રત્યક્ષ આચરણમાં ઉતારે એમ આપણે આશા રાખીએ.

આજ વસ્તુ ગાયના ઘી માટે પણ કહી શકાય. ચરકે ગાયના ઘી માટે સહસ્રવીર્ય શબ્દ વાપર્યો છે. આ શબ્દ જ એની મહત્તા સૂચવવા બસ નથી શું? આયુર્વેદમાં ગાયનાં દૂધ-ઘીને આટલું બધું મહત્ત્વ કેમ આપ-

વામાં આવ્યું છે એ બતાવતાં કાશ્યપ સંહિતાના ક્ષીરગુણવિશેષીય અધ્યાયમાં વૃદ્ધજીવક કહે છે:

औषधाग्राति भक्षत्वाद्विरेचयति तत्पयः।
एतस्मात् कारणादुक्तं गवां क्षीरं रसायनम्॥
एष वैशेषिकगुणो गोक्षीरस्य प्रकीर्तितः।

ભાવાર્થ : ગાય મોટે ભાગે ઔષધનો યાને કે પોતાના ઘાસના ફક્ત અગ્રભાગનું જ વધારે ભક્ષણ अतिभक्षत्वात् કરે છે. એટલે કે છોડના ફક્ત કુમળાકુમળા ભાગો (અં. ગ્રોન પ્રમોટીંગ સબસ્ટન્સ) જેવા કે કૂંપળો, ડીંટીઓ, કુમળાંકુમળાં પાનો વગેરેનું જ એ મુખ્યત્વે ભક્ષણ કરે છે. અને આ કારણથી ગાયના દૂધની રસાયણ તરીકે ખ્યાતિ છે તથા આ જ એક વિશિષ્ટ ગુણ કારણે ગાયના દૂધની મહત્તા છે. આગળ ચાલતાં એ કહે છે કે ભેંસ છોડ સાથે જીવજંતુ, પતંગિયાં વગેરે હીન જીવોનું પણ ભક્ષણ કરે છે ને ગંદા ધરાઓમાં આળસુની માફક પડી રહે છે; એટલા માટે એનું દૂધ પચવામાં ખૂબ ભારે તથા હોય છે.

તલ : ગરમ હોવાનો ભોગ બનેલ એક બીજો આપણો ખાદ્ય પદાર્થ છે. અને સોયાબીનનાં તત્ત્વો વચ્ચે ઘણું સામ્ય છે:

આપણે બંનેનાં ખાદ્ય તત્ત્વોનો વિચાર કરીએ :

	પ્રોટીન	ચરબી	ખનિજ	કાર્બો. હાઈ.	ચૂનો	ફોસ્ફરસ	લોહ
તલ	૧૮·૩	૪૩·૩	૫·૨	૨૫·૨	૧·૪૫	૦·૫૭	૧૦·૫
સોયા-બીન	૪૩·૨	૧૯·૫	૪·૬	૨૦·૯	૦·૨૪	૦·૬૯	૧૧·૫

	૧૦૦ ગ્રામની કેલરીમાં કિ.	કેરોટીન	વિટા.બી૧	વિટા. સી	૧ ઔંસે કેટલી કેલરી
તલ	૫૬૪	૧૦૦	—	૦	૧૬૦
સોયા બીન	૪૩૨	૭૧૦	૩૦૦	—	૧૨૩

આમ આપણે કોઠામાંથી સ્પષ્ટપણે જોઈ શકીએ છીએ કે તલ ને સોયાબીનમાં ઝાઝો ફરક નથી, તથા તલમાં જો ગોળ મેળવીને એટલે કે તલસાંકળી કરીને બચ્ચાંઓને આપવામાં આવે તો ગોળના ૯૫૦ કાર્બોહાઈડ્રેટ અને ૨૮૦ કેરોટીન મળતાં બાળકોનો એક ખરેખર સુંદર, સસ્તો, રોચક ને શક્તિદાયક પદાર્થ બને.

આયુર્વેદમાં પણ તલની સરસ પ્રશંસા કરવામાં આવે છે. ધન્વન્તરિ નિઘંટુએ એને બલ્ય, કેશને હિતકર, ત્વચાને આરોગ્ય આપનાર, સ્તન્ય, દાંતને મજબૂત કરનાર, પેશાબ ઓછો કરનાર, ઝાડાને બાંધનાર, વાત ને અગ્નિ તથા બુદ્ધિને આપનાર કહ્યા છે. તથા આજના આ જમાનામાં કે પાયોરિયા એ બહુ સામાન્ય વસ્તુ થઈ છે, તેમાં નીચેનો પ્રયોગ બહુ લાભદાયી પડશે :

दिने दिने कृष्णतिलप्रकुञ्चं
समश्नतां शीत जलानुपानम्।
पोषः शरीरस्य भवत्यनल्पो
दृढीभवन्त्यामरणाच्च दन्ताः॥

ભાવાર્થ : જો કાળા તલ દરરોજ મૂઠી ભરીને ખૂબ ચાવીને ખાવામાં આવે તો

માધવી

લેખક :

શ્રી રમેશ વહોરા

કેટલાક માણસો ઠોકર ખાવા-લાત ખાવા જ જન્મે છે. પ્રતિપળે તેમના પર એક પછી એક એવા કારમા ઘા પડે છે કે તે કદી ઊભા જ થઈ શકતા નથી. યુવાન મધુકર પણ એવા જ કારમા ઘા સહન કરતો જીવ્યે જતો હતો. પિતાની માંદગીને લીધે અભ્યાસમાં એક વર્ષનો વ્યય કરી ફરી તેણે શહેરમાં આવી ભણવાનું શરૂ કર્યું હતું. છ માસ માંડ પસાર થયા ત્યાં જ્ઞાતિમાં એવી અફવાઓ ઊડવા લાગી કે મધુકર સાથે થયેલું માધવીનું વેવિશાળ ફોક થાય છે. વેવિશાળ ફોક થવાનાં કારણો જ્ઞાતિમાં સાહિત્યકારને પણ ટપી જાય તેવી કલ્પનાઓ દોડાવી એક છેડેથી બીજે છેડે પ્રસરવા લાગ્યાં. કોઈકે કહ્યું કે 'મધુકર રાત્રે બબ્બે વાગ્યા સુધી બહાર રખડતો ફરે છે, તેવા રખડુને કોઈ પોતાની છોકરી આપે ખરા?' 'તે સિનેમામાં ઊતરવાનો છે!' 'તેનું ચારિત્ર્ય નબળું છે,' 'એક વખત અંધકારનો લાભ લઈ તેણે માધવીને અડપલું કર્યું હતું,' 'સરસ્વતીચંદ્ર વાંચ્યા પછી તેણે જગત નિહાળવાનો નિશ્ચય કર્યો છે,' 'તે કૉલેજની કોઈ છોકરી સાથે પ્રેમમાં પડ્યો છે'-વગેરે વગેરે કેટલીયે અફવાઓ ઊડવા લાગી. સાચી હકીકત લાંબા સમયે બહાર આવી. કોની પાસેથી તે કોઈ જાણી શક્યું નહિ, પણ છેવટે એ કારણ જ્ઞાતિના આબાલવૃદ્ધે વેદવાક્ય જેટલું સત્ય માની લીધું અને તે આમ છે:

માધવીએ એક વખત મધુકરને અચાનક રસ્તા પર ઊભો રાખી કહ્યું: 'આજે રજા છે તો ચાલો ને કોઈ ચિત્ર જોવા જઈએ.'

સહજ વિચારમાં પડી ગયા પછી મધુકરે કહ્યું: 'હું સાચી કલાનો ઉપાસક છું. અત્યારે ઊતરતાં ચિત્રોમાં મને કલા જણાતી નથી. એવાં ટાયલાં જોયા કરતાં ચાલો ને જરા ફરવા જઈએ.'

માધવી ગુસ્સે થઈ. તે ફરવા માગતી ન હતી. તેને ચિત્ર જોવું હતું.

બે દિવસ બાદ અચાનક વિશાળ રસ્તા ઉપર બન્ને ભેગાં થઈ ગયાં. માધવી કહે, 'પવન કેટલો સખત ફૂંકાય છે? આ રેસ્ટોરામાં થોડી ચા પીશું?'

મધુકરના મોં પર વ્યગ્રતા છવાઈ ગઈ. કહે, 'મને ચા માફક આવતી નથી. આરોગ્યને તે ખરેખર બહુ નુકસાન કરે છે. તેમ છતાં તમારી ઇચ્છા હોય તો તમે લઈ શકો છો. હું તો...'

ઉપરથી ઠંડું પાણી પીવામાં આવે, તો શરીર હૃષ્ટપુષ્ટ થાય છે અને દાંત વજ્ર જેવા મજબૂત બની મરતા સુધી એવા ને એવા રહે છે.

(વાગ્ભટ્ટ ઉત્તરસ્થાન-૩૯)

આમ આપણે જોયું કે નાનાં બચ્ચાંઓનો આ એક સરસ ખોરાક છે.. એટલું જ નહિ પણ તે રોજ આપવામાં આવતાં તેમનાં શરીર સુધરશે અને ગરમ પડવાનું કોઈ કારણ નથી. આપણી શાળાઓમાં દરેક વિદ્યાર્થીને આ ખોરાક આપી જો એનાં પરિણામો નોંધવામાં આવે, તો એ ઘણાંની આંખ ઉઘાડનારા નીવડશે, એમ ચોક્કસ કહી શકાય. પણ શાળાઓમાં 'મલટી વિટામિન્સ' ટીકડીઓ વહેંચતા મહાનુભાવોને આ ગળે ઊતરશે?

*

માધવી ચાલતી થઈ.

પંદરેક દિવસ પછી માધવીની વર્ષગાંઠને દિવસે તેને પાર્ટીમાં નિમંત્રણ મળ્યું હતું. અનિચ્છા છતાં તે ગયો. ઝાકઝમાળ મિજબાનીમાં તે ઝાંખો પડી ગયો. તેના કૉલેજમિત્રો પણ જુદીજુદી કિંમતી ચીજો પ્રેઝંટ આપવા લાવ્યા હતા. મધુકર તો ખાલી હાથે ગયેલો. મિજબાનીમાં આવેલ પ્રત્યેક વ્યક્તિએ આ નિહાળ્યું અને વ્યંગસ્મિતથી માધવીને વીંધી રહી. માધવી છળી ઊઠી. પતિ થવા માટે મધુકર તદ્દન અયોગ્ય છે. સામાન્ય વ્યવહારનું પણ તેને ભાન નથી અને પોતાની પત્નીની કૂણી લાગણીની તેને દરકાર નથી, એમ માધવીને જ નહિ માધવીની માને પણ લાગ્યું. માધવીની માએ કહી દીધું–'ના...બા, આવા જંગલી છોકરાને મારી કાચી કેળ જેવી છોકરી નહિ આપું. હું તો પહેલેથી જ કહેતી હતી કે એ કંગાળ માસ્તરનું કુટુંબ સાવ પછાત છે. શિષ્ટતામાં કંઈ સમજે જ નહિ ને!'

જ્ઞાતિજનોએ ઉપર બનેલ પ્રસંગોમાં સમાધાની પર આવતાં વેવિશાળ પણ ફોક થઈ જાય તેવી રંગબેરંગી કલ્પનાનો રંગ પૂરી મધુકરને તદ્દન નાલાયક ઠરાવી દીધો અને એક દિવસ સાચે જ માધવીના પિતા મધુકરના ગામમાં જઈ માસ્તરને નિશાળમાં જ મળ્યા: 'હવે અમારે ને તમારે કંઈ સંબંધ નથી,' કહી વળતી જ ટ્રેનમાં શહેર પાછા ફર્યા. જ્ઞાતિમાં આવેલ ઊભરો શમી ગયો. પોતાના કર્તવ્યની સફળતાથી સહુને ઘણો સંતોષ થયો. મધુકર અને માધવી ભુલાઈ ગયાં. એટલું જ નહિ માધવી એક માસ પછી કલાધરને પરણી ગઈ તે તરફ પણ કોઈએ ધ્યાન આપ્યું નહિ.

લગ્ન પછી કલાધર માધવીને મધુકરની ઘણીઘણી વાતો કરતો. 'મધુકરને વાંચનનો એટલો શોખ કે ઘણી વખત આખો
આંખનું મટકું પણ માર્યા વિના તે
એ વાંચ્યા કરતો. તેનો પ્રિય કવિ
છે. તેને બિચારાને ખબર નહિ હોય
પણ પ્રેમમાં કીટ્સ જેવી જ નિરાશા ઊપજે
કલાધર મોટેથી હસી પડ્યો.

માધવી સ્મિત કરતી: 'આ
તેને કીટ્સ જેવી કવિતાઓ રચવાની
મળે તોપણ મારી જાતને ધન્ય લેખું.
સાહિત્યમાં એકદમ પ્રગતિ આવી જાય.'

'અરે હા... એક વખત તેણે લાંબું
પંક્તિનું કાવ્ય લખી પ્રોફેસરને
પ્રોફેસરે સો સવાસો પંક્તિઓ વાંચી
'ભાઈ, આને સગડીમાં પધરાવી
કલાપિનો જમાનો ગયો. પ્રત્યેક પંક્તિમાં
રડ્યા છો, કવિતામાં–સાચી કવિતામાં
વિકૃત રુદન ન ચાલે.' ત્યારે
ગળગળા થઈ કહેવા લાગ્યા, 'મારા
હૃદયમાંથી આ પંક્તિઓ ઊતરી આવી
ઊર્મિઓ કચડાઈ ગઈ અને આહ
લાગી ત્યારે શબ્દે શબ્દ આંસુથી
છે!' પાસે ઊભેલા ટીખળી વિદ્યાર્થીએ
મોં કરી પૂછયું: 'આપ કઈ નાટક
કામ કરો છો?' વિદ્યાર્થીઓનું ટોળું
સાથે હસી પડ્યું. અને આપણા
એવા તો ડઘાઈ ગયા, ત્યાર પછી તેણે
માં કદી હરફ ઉચ્ચાર્યો નથી.'

માધવી રસથી સાંભળતી અને તે
તેનું વર્તન સંભારી સખત ટીકાઓ

પંદરેક દિવસ પછી કલાધર
હસતો માધવી પાસે આવી બેસી ગયો.
હાસ્ય ચાલુ હતું. 'બહુ કરી...
કમાલ કરી...'

'પણ શું છે તે તો કહો...'
ઇંતેજારી વધી.

'આજે ગુજરાતીનો પિરિયડ

હતો. પ્રોફેસર રસથી વિદ્યાર્થીઓની ટેવ-કુટેવની ટીકાઓ કરતા હતા. ત્યાં સહુનું ધ્યાન મધુકર તરફ ગયું. બાંકડા ઉપર માથું ટેકવી ભાઈ નિરાંતે ઘોરતા હતા. પ્રોફેસરથી પણ હસી પડાયું. કહ્યું: 'પ્રેમમાં સાંપડેલ નિરાશાની કળ હજુ વળી લાગતી નથી!' ત્યારે વિદ્યાર્થીઓએ હોહા કરી મોટેથી હસી આખો ખંડ ગજવી મૂકયો. મધુકર ઝબકી ગયો. બાઘાની જેમ ચારે તરફ જોવા લાગ્યો. વિદ્યાર્થીઓએ ફરી ખંડને ગાજતો કર્યો. તે છોભીલો પડી ગયો. અને ઢીલો થઈ બહાર નીકળતો હતો, ત્યારે પ્રોફેસરે કહ્યું, કે 'પ્રેમની સાથે બુદ્ધિ પણ ગુમાવી છે કે શું?' તેણે પાછળ ફરી જોયું અને વિદ્યાર્થીઓએ તાળીઓ પાડી. તે એકદમ ચાલતો થયો...

'બિ...ચ્ચા...રો...!' માધવી લાડથી ટહુકી.

'એકાદ અઠવાડિયામાં તેને હું ગાંડાની હોસ્પિટલમાં જતો જોઉં છું,' ગંભીર થવા મથતા કલાધરે કહ્યું.

'સા...રું ચાલો...મગજ બહેલાવવાની તેને સુંદર તક મળશે.' માધવી હસી.

પણ તે પછી કૉલેજમાં કે શહેરમાં મધુકર નજરે પડ્યો નહિ. ટીખળી વિદ્યાર્થીઓ તો તેને શોધવા આખું શહેર ખૂંદી વળ્યા, પણ પત્તો ન જ લાગ્યો. માધવીને થયું કે તેના શહેરમાંથી એ લપ ગઈ તેથી નિરાંત થઈ. પ્રિય રમકડું તૂટી જતાં બાળકને જે ખેદ થાય તે કલાધરને થયો. તેની ગમ્મત ઉડાવી તે માધવીના તેની પ્રત્યેના વહાલમાં વધારો કરતો.

દિવસો પસાર થયા. મધુકર સાવ ભુલાઈ ગયો. રાત્રિના હિંડોળે ધીમેધીમે હીંચકતાં માધવી-કલાધરની સ્મૃતિમાં કોઈ કોઈ વખત આવી જતો ત્યારે બન્નેને પેટ પકડી હસવાનું મળતું.

એક દિવસ માધવીને ટપાલ દ્વારા અચાનક પત્ર મળ્યો. કલાધર ઘરમાં ન હતો. નોકરો આંટા મારતા હતા. કોઈ દિવસ નહિ અને આજે તેના તરફ પત્ર લખનારું કોણ નીકળી આવ્યું તે જાણવા તેણે કવર ફાડી પત્ર કાઢ્યો. નીચે સહી વાંચી: 'દુઃખી મધુકરના વંદન.'

પ્રથમ તેને ક્રોધ ચડ્યો. પછી આશ્ચર્ય થયું અને અનિચ્છાએ પણ ઇંતેજારીથી તેણે પત્ર પર આંખ ફેરવી–પત્ર બોલતો હતો:

'માધવીબહેન!

તમને હું ઘણા પત્રો લખી શકયો હોત, પણ કોણ જાણે ન જ લખી શકયો. આજે આ એક પત્ર લખવાનું નિર્માયું હશે તે લખું છું. ત્રણત્રણ વખત લખેલા પત્રો ફાડી નાખી છેવટ અનિચ્છાએ પણ આ પત્ર લખું છું. પત્ર લખવાનું કારણ મારા પ્રત્યે થયેલી ગેર-સમજૂતી દૂર થાય અને તમને સાચી સ્થિતિનો ખ્યાલ આવે તે છે.

તે દિવસે તમે પિકચર જોવા જવા માટે બહુ આગ્રહ કરતાં હતાં તે તમને બરાબર સાંભરતું હશે, ત્યારે જ મારે તમને સાચી સ્થિતિ જણાવવી જોઈતી હતી. પણ હું અચકાયો. મેં કહ્યું કે સિનેમામાં મને સાચી કલા જણાતી નથી. ખરું પૂછો તો તે દિવસે મારું મન બહુ જ વ્યગ્ર હતું. નાની બહેનનો પત્ર આવેલો, તેમાં માની માંદગી–તેને જણાતી અસહ્ય અશક્તિ અને ડૉકટરે બતાવેલો ક્ષયનો ભય વગેરે હકીકત વાંચી મને એટલો તો આઘાત લાગ્યો હતો, કે કોઈ પણ કાર્યમાં મારું ચિત્ત લાગતું ન હતું. પિતાની બહુ જ મામૂલી આવક તેમાં બે નાની બહેનો–નાનો ભાઈ, વિધવા ભાભી તેમ જ ત્યજાયેલી મોટી બહેન વગેરેનું પોષણ કરવું. નાનો ભાઈ પક્ષાઘાતથી પીડાય છે તેની અને મા ક્ષયથી

ઘસાતી જાય છે તેની દવાનો ખર્ચ ઉપરાંત મને માસિક થોડીઘણી રકમ મોકલવી પડે તે...એટલે આવી સંકુચિત આર્થિક સ્થિતિને લીધે હું તમારી ઇચ્છાને માન આપી શક્યો નહિ, તેથી તે રાત્રે મારું મન એટલું તો વ્યગ્ર થઈ ગયું–સાચું કહું તો તે રાત્રે મને બિલકુલ નિદ્રા જ આવેલી નહિ. તે રાત્રિએ મને વિચારોએ બહુ સતાવ્યો હતો. પ્રતિક્ષણે આમ એક પછી એક એવા કારમા ઘા પડે છે–ઘણી વખત થાય છે કે આપઘાત કરી નાખું? પણ આ–પિતા, ભાઈ, બહેનો અને યુવાન વિધવા ભાભીને જીવનમાં યે મૃત્યુ ભોગવતાં એકલાં છોડી દઈ ચાલ્યા જવું તે દગો દીધા જેવું લાગે છે. ઉપરાંત સહુએ મારા માટે એવી તો મોટીમોટી આશાઓ સેવી છે કે હું......

કંઈ નહિ. બહુ વિષયાંતર થઈ ગયું. આવા જ આઘાતોને લીધે તે દિવસે તમારી સાથે રેસ્ટોરામાં આવી શક્યો નહિ અને તમને તમારી વર્ષાગાંઠ નિમિત્તે કંઈ 'પ્રેઝંટ' આપી શક્યો નહિ. માફ કરજો, કંઈ અવિનય જણાય તોપણ તે દિવસે મારી માએ તમારે માટે ખાસ સાડી મોકલી હતી–તમને ભેટ આપવા, પણ ખાદીની એ ઘટ્ટ સાડી ઝાકઝમાળ મિજબાનીમાં સહુનું તિરસ્કારપાત્ર બની જશે એમ માની નહોતો લાવ્યો. તે દિવસે મારા તરફના સહુના વર્તનથી હું બહુ નિરાશ બની ગયો અને મારી ઓરડીમાં આવી માએ મોકલાવેલ સાડી તરફ ક્યાંય સુધી તાકી રહ્યો હતો. અને સૂતો ત્યારે પણ તેને ઓશીકા પાસે રાખેલી; કારણ કે તેના સ્નેહને હું ભૂલી શકતો નથી. તે રાત્રે આવેલ સ્વપ્નથી હું એટલો તો ડરી ગયો હતો...તે ખાટલામાં સૂતી હતી. ઉધરસ ખાતી હતી અને મને ઇશારાથી પાસે આવવા સૂચના કરતી હતી. હું નજીક
ગયો. દવા પાઈ. તે થોડો સમય
સામે તાકી રહી. પછી ખાટલા
ખાદીની સાડી કાઢી મને આપતાં
'માધવીની વર્ષગાંઠ છે તેથી તેને માટે
જજે. હાથે કાંતેલ અને વણેલ સાડી
પણ ખરું પૂછો તો મારી લાગણીઓના
વડે ગૂંથીગૂંથીને મારી વહુ માટે
કરી છે.' બોલતાંબોલતાં તેની
આંસુ આવી ગયાં, હું ગુસ્સે થઈ
'આવી ભૂખ જેવી સાડી લઈ હું ત્યાં
નથી.' કહી મેં મોં ફેરવી નાખ્યું, ત્યારે
સ્તબ્ધ થઈ ગઈ. પછી આંખમાંથી
સર્યાં. ઉધરસ આવી અને નિશ્ચય-
થઈ ગઈ. હું ઝબકીને જાગી ગયો. નિદ્રા
હાથ અથડાઈ ગયો હશે તેથી પેલી
નીચે પડી ગઈ હતી. મેં તે એકદમ
લીધી. અને મેં તેમને તે દિવસે જ પત્ર
નાખ્યો કે તારી સાડી પહોંચાડી દીધી
અને સહુએ તેના કાંતણ અને વણાટ
બહુ વખાણ કર્યાં છે. તે પહેરનારે તો
સુધી કહ્યું કે લગ્ન વખતે પણ હું
સાડી પહેરીશ. પણ તે કેટલું જૂઠાણું હતું
એ જ દિવસ પછી તમારા પિતા
ગામ જઈ કહી આવ્યા કે હવે
સંબંધ લોપાય છે: તે દિવસે ઘરમાં કોઈએ
ખાધેલું નહિ. માએ તથા નાના ભાઈએ
પણ પીધી નહિ. અને પિતાજી આઠ દિવસ
રજા લઈ ઘરમાંથી બહાર જ નીકળ્યા
પણ તેમાં તમારો શો ગુનો? લાગણી
વૈભવશાળી હોવા છતાં આવી
આર્થિક સ્થિતિમાં સંડોવાતા કુટુંબમાં
ન આવ્યાં તે યોગ્ય જ કર્યું છે.

તમને પૂરતો ખ્યાલ હશે કે તે દિવસો
મારો કેટલો ઉપહાસ થતો. એક દિવ
આખી રાત્રિનો ઉજાગરો કરી મેં લગ
પાંચસો પંક્તિનું કાવ્ય લખ્યું હતું

માર્ગદર્શન માટે તે પ્રોફેસરને વંચાવેલું. કરુણકાવ્ય આલેખ્યું હતું. તેમાં હાર્ડીના જેવો નિરાશાવાદ ગૂંથવા યત્ન કરેલો. હું તો માનું છું કે માણસને ક્ષણેક્ષણે કુદરત પછડતી જ રહે છે. તેની આશાઓનો, ઉત્સાહનો, ચેતનનો તે ક્ષણેક્ષણે નાશ કરતી રહે છે. આવું જીવન રચીને ઈશ્વરની શી ઇચ્છા હશે તે સમજાતું નથી. શેક્સપીઅરે સાચું કહ્યું છે, 'એઝ ફલાઈઝ ટુ વોન્ટન બોયઝ, આર વી ટુ ધી ગૉડઝ, ધે કીલ અસ ફૉર ધેર સ્પોર્ટ્સ.' પ્રોફેસર તે સમજી શકયા નહિ. વિદ્યાર્થીઓને મલકાવવા તેમણે ટીકા કરી કે કવિતા સાવ નીરસ છે. ત્યારે મેં કહ્યું કે 'ચિરાતા હૃદયમાંથી નીકળતી આહે શબ્દેશબ્દે આંસુનાં બુંદ જામ્યાં છે.' એક તોફાની વિદ્યાર્થીએ મોં મલકાવી પૂછયું, 'આપ કઈ નાટક કંપનીમાં કામ કરો છો?' ત્યારે વિદ્યાર્થીઓએ મોટેથી હસી કૉલેજ ગજાવી મૂકેલી, ત્યારે પણ મને ઓછો આઘાત નહોતો લાગ્યો. છાતી ચીરી હૃદય બતાવી શકાતું હોત તો તે જ ક્ષણે કારમા ઘાથી વીંધાયેલું હૃદય જોઈ સર્વ હસતાં મુખ બંધ થઈ જાત. ત્યાર પછી કૉલેજમાં હું કદી કોઈ સાથે બોલ્યો નથી. લાગણીની જયાં વિકૃતિ થાય....

પણ એ બધું વિસ્તાર કરી મારે તમને શા સારુ કહેવું જોઈએ, છતાં લખાઈ જાય છે. મન પર આખા બ્રહ્માંડનો ભાર હોય એમ લાગે છે. અને હજુ સુધી મારા તપ્ત મનની વાત કોઈને ય કરી નથી. આજ થાય છે કે મન હળવું કરી નાખું. મારા લાગણીવેડા ઉદાર મને ચલાવી લેજો.

રાત્રીના ત્રણ ત્રણ વાગ્યા સુધી 'શમશેર' માટે લેખો લખી મેં થોડુંઘણું કમાવાનું શરૂ કર્યું હતું. માને ક્ષયમાંથી અને નાના ભાઈને પક્ષાઘાતમાંથી ઉગારી તેઓ તાજગીભર્યું, ઉત્સાહભર્યું ચેતનપૂર્ણ જીવન જીવી શકે તે માટે મારે આરામનો ભોગ આપીને પણ પ્રયત્ન કરવો જ જોઈએ. હંમેશના ઉજાગરાને લીધે તબિયત બગડતી ચાલી. અને અભ્યાસના સમયે કૉલેજમાં પણ હું નિદ્રાધીન થઈ જતો. એ પ્રમાણે એક દિવસ હું ઝોકે ચડી ગયેલો, ત્યારે વિદ્યાર્થીઓએ હો...હા કરી મૂકી હતી અને પ્રોફેસરે ટીકા કરેલી કે 'પ્રેમ સાથે બુદ્ધિ પણ ગુમાવી છે કે શું?' વિદ્વાન પ્રોફેસર એટલું નહિ સમજતા હોય કે ખાલી પેટમાં પ્રેમ કેમ સમાઈ શકે? પ્રેમને જીવંત રાખવા માટે દેહને પણ પૂરતું પોષણ આપવું પડે છે. સાચું કહું? મારી ત્યજાયેલી બહેન, વિધવા ભાભી તથા અશક્ત અને નિરાશ મા અઠવાડિયાના સાત દિવસમાંથી મોટો ભાગ તો એક ટાણું અને ઉપવાસ પર જ રહે છે. તેઓ દેહ દમે છે? કે ઈશ્વરને રીઝવે છે? અત્યંત ગરીબીને લીધે તેમ ન કરે તો તેઓ લાંબું જીવન કેમ જીવી શકે? તમે આ કુટુમ્બમાં ન આવ્યાં તે ઠીક જ કર્યું. કદાચ તમે પણ એકટાણાં–એકાદશી કરવા મંડ્યાં હોત...

કૉલેજમાં એ પ્રસંગ બન્યા પછી કૉલેજ છોડી હું મા પાસે ગયો. તેનો દેહ સાવ અશક્ત થઈ ગયો હતો. ખાટલામાં પણ હલનચલન કરવા જેટલી શક્તિ હવે રહી ન હતી. નાનો ભાઈ પક્ષાઘાતને લીધે સાવ અટકી પડ્યો હતો. તે પણ મહામુશ્કેલીએ હાલીચાલી શકતો. પિતા બે માસ પછી નિવૃત્ત થવાના હતા તેથી ચિંતામાં દિનપ્રતિદિન વધુ ને વધુ અશક્ત બનતા જતા હતા. મને જોતાં જ માની આંખમાંથી આંસુ ખરવા લાગ્યાં. હું દોડીને ખાટલા પાસે બેસી ગયો. તેણે પોતાનો હાથ પરાણે ઊંચો કરી મારા હાથ પર ફેરવ્યો. તેણે બોલવા પ્રયત્ન

કર્યો : 'ભા...ઈ...ભા...ઈ.'

પણ તે બોલી શકી નહિ. રુદન વધી પડ્યું અને છેવટ બેશુદ્ધ થઈ ગઈ. ડૉક્ટરને એકદમ બોલાવી લાવ્યો. ડૉક્ટર કહે, 'તેમને ખૂબ આરામ લેવા દેજો. અને કલાકે કલાકે મોસંબાના રસમાં ગ્લુકોઝ ભેળવી આપો.' મોસંબી અને ગ્લુકોઝ કયાંથી ખરીદવાં ? વિધવા ભાભીએ ત્યારે છૂપી રીતે મને તેનું છેલ્લું ઘરેણું આપ્યું. મારે શું કરવું ? હું સ્તબ્ધ થઈ ગયો. 'માને આરામ થઈ જાય તેથી વધારે બીજું શું છે ?' તેણે બહુ લાગણીપૂર્વક આગ્રહ જારી રાખ્યો. ગ્લુકોઝ અને મોસંબી લાવ્યો; પણ આખી રાત અને બીજો આખો દિવસ બેશુદ્ધિમાં બોલબોલ કર્યા જ કર્યું. બીજે દિવસે સંધ્યાસમયે તે મૃત્યુ પામી. ગ્લુકોઝ અને મોસંબી અમારી સામે ભયંકર હાસ્ય કરી રહ્યાં. અઠવાડિયા પછી માની ગેરહાજરીને લીધે ઝૂરીઝૂરીને નાનો ભાઈ પણ મૃત્યુ પામ્યો. યાતનાને લીધે વેદનાપૂર્ણ અને લાગણીભર્યું માનું મુખ અને ઝૂરતા નાના ભાઈનું હૃદય મારી આંખ સામેથી દૂર જ થયું નથી. મારા કુટુંબને યાતના આપનાર જગતના માનવીઓ ઉપરાંત કુદરતનું કોઈ ગૂઢ તત્ત્વ કામ કરી રહ્યું હોય એમ લાગ્યા કરે છે. અને ત્યારે ભયંકર ગુસ્સો, અતિશય નિરાશા અને વ્યગ્રતા મને ઘેરી વળે છે અને ગૂંગળાવી નાખે છે. એક તરફ અમારું નાનું કુટુંબ રિબાતું, કચડાતું, રડતું અને બીજી તરફ આખું જગત અમારી તરફ ક્રૂર પાશવી મશ્કરીઓ કરે છે, ત્યારે થાય છે કે હું જરૂર પાગલ થઈ જઈશ.

મને થાય છે કે આમ માણસોને રિબાવવામાં કુદરતને શો આનંદ આવતો હશે ? કહેવાય છે કે માણસ દુઃખને લીધે રીઢો થઈ જાય છે અથવા ભાંગી પડે છે. મને લાગે છે કે હું કદી રીઢો નહિ જ થઈ શકું. એટલે મારી શી સ્થિતિ થશે તેની કંઈ પડતી નથી. એવી કોઈ સ્થિતિ ઊભી એ પહેલાં મને થયું કે મારે તમને સંપૂર્ણ ચિતાર આપી દેવો જોઈએ. તે દિ પિક્ચરમાં અને રેસ્ટોરાંમાં તમને સાથે શકયો હોત તો ?

પાગલ થઈ જવામાં મઝા છે. માણસોને કોઈની તરફ લાગણી થતી સમાજમાં પણ બીજું શું છે ? પોતાના સિવાય બીજા તરફ લાગણી કોણ ધરાવે છે નહિતર અમારી આવી દશા શા માટે જોઈએ ? એ રીતે પ્રત્યેક માણસ પાગલ છે એમ તમને નથી લાગતું ?

વધારે સમય તમને ખોટી નહિ તમારી સ્મૃતિમાંથી અમારા આખા કુટુંબ જડમૂળમાંથી ઉખેડી ફેંકી દેશો તો ઘણો આભારી થઈશ. નમસ્તે!

એ જ, લિ. દુઃખી મધુકરના વંદન

માધવી સ્તબ્ધ બની પત્ર સામું રહી. તેના પ્રત્યેક શબ્દમાંથી તેને સંભળાતી હતી. અક્ષરો મોટા થઈ મધુકર કંગાળ મા હાથમાં સાડી લઈ ઊભી તેવી આકૃતિ દોરી જતા હતા. કંગાલ મ્બમાં પણ લાગણીની વૈભવતા હતી. માણસ આટલી કંગાલિયત વચ્ચે કેમ શકતો હશે તે જ સમજાતું નથી. નિઃશ્વાસ નાંખ્યો અને છાતીમાંથી ચઢતા ધ્રુસકાને દબાવી દેવા તેણે ઉધરસ ખાધી, અને બારી તરફ સરી રસ્તા પર આવ-જા કરતા માનવી શૂન્ય ભાવે નિહાળી રહી. ત્યાં કલાધર ખંડમાં આવ્યો. તે હસતો ગંભીર બની ગયો હતો ? માધવી નહિ. તેણે કલાધર સામે જોયું. 'બહુ મેડિકલ હોલમાં મધુકરે બહુ ધાંધલ

કલગી

લેખક :

શ્રી જગદીપ વીરાણી

પર્વતમાળા અને વનરાજી વચ્ચેથી સરિતા મધુર સંગીત કરતી કલરવ નાદે વહેતી હતી.

સૈકાંઓ જૂનું સરિતાનું વહેણ એનું એ એકધારું એક જ રસ્તે–સ્વાર્પણને રસ્તે સાગર તરફ ચાલ્યું જ જતું હતું.

સરિતાને એક વખત વિચાર આવ્યો, 'હે પ્રભુ! મારું તે કંઈ જીવન છે? આખો દિવસ અને રાત વહ્યા જ કરવું... એક પળ પણ રોકાઈને વિસામો લેવાનો, વિસામો લેતાં વન સૌંદર્ય ધરાઈને નિહાળવાનો અને પંખીઓનાં ગાન સાંભળવાનો શું મને કંઈ હક નહીં?

'હે પ્રભુ! મને તું પર્વતની જેમ સ્થિરતા ન આપે?–મને તો એક જ જગ્યાએ વરસો સુધી શાંત ચિત્તે ઊભાં રહેવું અને કુદરતના સૌંદર્યને નિહાળવું એ જ ચાહના છે.'

જાણે કે પ્રભુએ સાંભળ્યું હોય, એમ ઉનાળો આવ્યો અને સખત તાપ પડ્યો. પાણી સુકાયાં અને ધગધગતી રેતી પથરાઈ રહી. સરિતા ટુકડેટુકડે ખાબોચિયાંરૂપે નજરે પડતી હતી–તેનાં પાણી શાંત થયાં. સ્થિર થયાં.

સરિતાને થયું: હાશ! શાંતિથી ઊભવાનો વખત મળ્યો ખરો. અને ચારે તરફનું સૃષ્ટિ-સૌંદર્ય જોઈ રહી.

થોડા દિવસોમાં તો તાપને અંગે વૃક્ષો પાન વિનાનાં થઈ ગયાં, વૃક્ષોની શોભારૂપ પક્ષીઓ છાયાની શોધમાં સ્થળાંતર કરી ગયાં–બાકી રહી સરિતા–તેનું ખાબોચિયું! એ બંધિયાર પાણીમાં જીવાત પડી શેવાળ બાઝી અને બધું દુર્ગંધમય થઈ ગયું.

એકની એક શુષ્ક રસહીન કુદરત જોઈને સરિતા પણ થાકી અને તેની નજર પોતાના તરફ ગઈ ને પોતાની સ્થિતિ જોઈ કમકમાટ છૂટ્યો–તેને સમજાયું કે ગતિ એ જ જીવન છે, પ્રગતિમાં જ આનંદ છે, સ્વાર્પણમાં જ સુખ છે!

તેણે ઊંચે જોયું–વાદળી આવી પહોંચી હતી. બે છાંટા પડ્યા અને સરિતાના હૈયામાંથી શબ્દ સરી પડ્યા:

'હાશ!'

*

વર્ષોથી શાંત પડેલા જ્વાળામુખીની આસપાસ તળેટીમાં ફેલાયેલા લાવારસ ઉપર સમય જતાં માટીના થર ચડ્યા, અને એક દિવસ તેની ઉપર પણ વૃક્ષ પાંગર્યાં.

ચોપડીનાં પાનાં ફાડતો જાય અને બૂમ પાડતો જાય–'ગ્લુકોઝ લાવો–ગ્લુકોઝ લાવો...... આટલા બધા પૈસા આપું છું ને? જોતા નથી મારી મા મરવા પડી છે તે?' સાવ ચસકી ગયું.' કલાધર હસી પડ્યો.

'હેં, શું કહો છો?' માધવી અવાક્ થઈ ગઈ.

'અરે હા, ગાંડો થઈ ગયો. તેનો બાપ તેની પાછળ રખડે છે. અત્યારે જ તેને પાગલની ઇસ્પિતાલમાં લઈ ગયા.'

કલાધર ફરી હસ્યો. બારી બહાર નિહાળતી માધવી તરફ ફરી તેણે દૃષ્ટિ કરી હોત તો માધવીની આંખમાંથી ટપકતાં આંસુ જોઈ તે સ્તબ્ધ બની જાત.

*

વૃક્ષો ફાલ્યાંફૂલ્યાં અને મોટાં થયાં. સમીરને ઝૂલે ઝૂલવા લાગ્યાં—રંગબેરંગી પુષ્પો પોતાની સુવાસથી વાતાવરણને ભરી દેવા લાગ્યાં. દૂર ઊભો જ્વાળામુખી આ બધું જોઈ રહેતો.

તેના મનમાં થતું. અહા! કેટલું સુંદર... કેવું અદ્ભુત! કેટલું રળિયામણું! આ નીચે પુષ્પભર્યાં વૃક્ષમેળાને જોવાનો કેટલો આનંદ!!

પણ તેને ભૂતકાળ યાદ હતો—તેણે આવા જ સૌંદર્યને પોતાના લાવારસમાં સળગાવી દીધું હતું, દાટી દીધું હતું, નાશ કર્યો હતો.

તેને સૌંદર્ય ગમતું. વૃક્ષો ઉપરથી આવતી સુવાસિત મીઠી હવા તેના અંગમાં ઠંડક ભરતી; પણ ન જાણે હૈયામાં શો યે ઉકળાટ ભર્યો હતો! કોણ જાણે શું યે જલન ભર્યું હતું! પોતાને ડર પણ હતો કે પોતાના દિલમાં છૂપેલી એ જ્વાળા રખે આ કુદરતને ભરખી જાય! તે પ્રભુને વારંવાર વિનતિ કરતો:

'પ્રભુ! મને આવું જીવતર કાં આપ્યું? પ્રભુ શાંતિ દે......શાંતિ દે.'

પણ જેની રગેરગમાં જ્વાળા ભરી છે, જેના સ્વભાવમાં જ જલન છે તે શાંતિ કેટલીક રાખી શકે? અને......

પ્રયત્ન છતાં યે તેના હૈયાનો આતશ એક વખત અચાનક ભભૂકી ઊઠ્યો...બધું જ બળીને ખાખ થયું. ધરતી ધ્રૂજી ઊઠી, પોતાનાં પણ રોમેરોમ કંપી ઊઠ્યાં.

જ્વાળામુખી શાંત પડ્યો. ખૂબ પશ્ચાત્તાપ થયો. તે બોલી ઊઠ્યો:

'પ્રભુ શાંતિ દે... શાંતિ દે...'

વરસો સુધી એ હસતી કુદરતને જોવા માટે વળી રાહ જોવાની રહી.

*

વિશાળ સાગર ઊંચે આકાશ સામે જોઈ દિવસના વખતે સૂર્યનો પ્રકાશ, પ્રભાતના સમયે ઉષાના રંગો ને સાંજના સંધ્યાના મધુર રંગો જોતો, અંધારી રાતના તારલાઓ જોતો ને અજવાળી રાતના અમૃત જેવી ચાંદની વરસાવતો ચંદ્ર અને તે જોવામાં તેને આનંદ મળતો. ઋતુમાં આકાશ ઘટાટોપ વાદળાંઓથી રહેતું અને તેમાં વીજળી સંતાકૂકડી તે જોઈને પણ તે આનંદિત થતો.

અને સૃષ્ટિ પરનું બધું સૌંદર્ય ગગનમાં—નભમંડળમાં જ સમાયેલું છે તેને હતું.

પરંતુ એક દિવસ તેનું ધ્યાન તરફ ગયું. ચંદ્રના શ્વેત પ્રકાશમાં કાંઠા ની કુદરત અને જિંદગીમાં કદી જોયેલાં વૃક્ષો અને વૃક્ષો ઉપરનાં રંગબેરંગી પુષ્પો જોયાં. દૂરદૂર ગગનચુંબી પહાડો અને ક્ષિતિજને ચૂમતી વેરાન ધરતી લાંબે સુધી પથરાયેલી જોઈ અને તેને 'અરે! આ તો બધું ખરેખર જોવા જેવું છે

તેને ધરતીનો સામો સીમાડો મોહ લાગ્યો. અને તે મોટાં મોજાં ઉછા ધરતી તરફ ધસ્યો પણ પાછો પડ્યો. મોજાંઓએ ભેખડ ઉપર ચડવા, ધરતી ફરી વળવા ફરીફરી પ્રયત્ન કર્યો પણ તે ફાવ્યો ને તેણે તંત પકડ્યો કે 'હવે ધરતી પર ફરી વળવું એ જ નિશ્ચય.'

અને એ દિવસથી તેનો એ પ્રયત્ન જ છે... અવિરતપણે!

*

માલણે એક વખત મેઘધનુષ જોયું ને લાગ્યું કે રૂપાળી ધરતીએ અંબોડે ફૂલ છે અને પોતાને પણ તેમ કરવાની થઈ. તેણે રંગબેરંગી ફૂલો ચૂંટી વેણી

એક વખત વૃક્ષો ઉપર ફૂલોનાં લટકતાં જોયાં ને તેને થયું કે આવાં જુદાં અનેક રંગનાં ફૂલો એકઠાં કરી બનાવ્યાં હોય તો? અને તેણે ગજરો

એક દિવસ ઓસરતી સંધ્યાએ સારસ ઓની હાર ઊડતી ઊડે આકાશે જોઈ, તેને થયું કે આવી ગોઠવણી-રચના ની બનાવી હોય તો કેવું? અને તેણે બનાવ્યો.

પોતાના સર્જનની ત્રણે વસ્તુઓ જોઈને ઉભરાણી અને હર્ષનો અતિરેક ગર્વમાં મ્યો. તેને સહેજે થયું કે કુદરત વસ્તુ છે પણ તેની કલાત્મક ગોઠવણી કે ગ કરતાં તો માનવીને જ આવડે!

ચિત્રકારે એક વખત સંધ્યા જોઈ અને પલટાતા રંગો તેણે આબેહૂબ પોતાના માં અંકિત કર્યાં.

તોફાની રાતે આકાશે વીજ ચમકતી અને પલભરમાં તેણે તેને ચિત્રમાં સજી- કરી.

પૂનમની રાતે હિલોળા લેતો સાગર જોયો તેનાં મોજાં તેણે પીંછી અને રંગ દ્વારા ઉપર ઝીલી લીધાં. તેને થયું કે કુદ- ત કળાના નમૂના ક્ષણિક માટે સર્જી શકે પણ માનવી તેને ચિરંજીવ બનાવી શકે અને મનમાં ગર્વ આવી વસ્યો.

કવિએ ગગનમાં ખેલતીકૂદતી વાદળીઓ ને તેની કવિતા લખી.

વનમાં કલકલ નાદે વહેતી ઝરણી જોઈ તેનું ગીત જોડી ગાયું.

ચાંદની રાતે ઊંચા પહાડ પરથી જગત નીરખ્યું અને તે વિશે એક ખંડકાવ્ય લખી નાખ્યું. તેને થયું કે 'કુદરત તો ભાષાહીન છે. ભાષાથી જ માનવી કુદરતને માણી શકે—સમજી શકે. કુદરતને ભાષામાં મઢી મેં જ માનવીઓ વચ્ચે મૂકી કે જેથી માનવી તે કુદરતને સમજી શકે. હું છું તો માનવીને કુદરત સમજવાની દૃષ્ટિ મળી છે.' ને તેમ તે કવિની આંખમાં પણ અભિમાનની ઝલક દેખાણી.

વેણીનાં ફૂલ કરમાયાં. નવી વેણી બનાવવા માલણને કુદરત પાસે જ જવું પડ્યું.

સંધ્યા, આકાશી વીજ, સાગરનાં મોજાં નવાંનવાં રૂપ ધારણ કરતાં ગયાં ને ચિત્રકારને પોતાની શક્તિ મર્યાદિત લાગવા માંડી, પોતાની પામરતા સમજાણી અને તેણે પીંછી કુદરતને ચરણે ધરી દીધી.

કવિ હિંમતથી કુદરત ઉપર લખતો જ ગયો. કરોડો વર્ષ સુધી અને અબજોથી વધારે કવિતાઓ કુદરત માટે સર્જી, છતાં તેને આખરે એમ લાગ્યું, કે:

'કુદરતને વાચામાં મઢનાર હું કોણ?'

☆

એક ગામનો રસ્તો ખૂબ જ સાંકડો હતો. ધોવાણવાળો હતો. ખાડાટેકરાને લીધે ગાડાંને જવા- વરામાં અત્યંત મુશ્કેલી પડતી હતી. ગંદકી પણ ચારેબાજુથી ઊભરાઈ આવી હતી. પગ બગડવાથી ને પથરા વાગવાથી લોકો આ માર્ગ પરથી પસાર થતાં કચવાટ અનુભવતા, કેટલાક બબડતાય ખરા. બધાંને થતું, 'હશે, આપણને શું? આ કામ કંઈ મારું એકલાનું ઓછું જ છે?'

પણ ગામના એક નવજુવાનને આથી અત્યંત દુઃખ થયું. ઘેરેઘેર ફરીને, વિનતિ-વિનવણી કરીને એણે સ યુવાનો ભેગા કર્યા: આ રસ્તો સમારવાનું કામ આ ટોળીએ ઉપાડી લીધું. હાથોહાથના હકારથી થોડાક દિવસોમાં સડક જેવો માર્ગ તૈયાર થઈ ગયો.

પેલા મૂળ યુવાનને વિચાર થયો: 'આવી જ રીતે કૂવા ખોદવામાં, ગ્રામસફાઈમાં, ગામની ભાંગી પુરાણી ઇમારતો, ને એવું બધું કાર્ય સહકારથી કરાતું હોય તો!'

×

લોકમાતા મહીસાગર

લેખક :

શ્રી હીરુભાઈ ભાવસાર

ગુજરાતને આંગણે નાચતી, કૂદતી, દોડતી, કલ્લોલતી અનેક નાનીમોટી સરિતાઓ વહે છે. ભૃગુઋષિના પાદ પ્રક્ષાલતી ભૃગુકચ્છના પાદરે વહે છે, પ્રાતઃસ્મરણીય મૈયા નર્મદા: એનાં નીરમાં ડૂબકી મારી પોતાની જાતને ધન્ય માનતા અનેક શ્રદ્ધાળુ યાત્રિકોના 'જય નરબદે હર'ના બુલંદ અવાજો આજે પણ તેના ઘાટો ઉપર ગાજી ઊઠે છે.

જાજવલ્યમાન દેહે દોડતી, પોતાના વિશાળ પટ ઉપર અમેરિકા, આફ્રિકા કે ઇંગ્લેંડથી અનેક કિંમતી ચીજો ભરીને આવેલાં વહાણોની હારોહાર ખડકતી, અતિ સ્નેહે કોકને પોતાની ગોદમાં સમાવતી, બ્રિટિશ સામ્રાજ્યના આંખરી અવશેષરૂપ અને છત્રપતિ શિવાજી મહારાજે ગોરી સત્તાને મારેલી લપડાકની સાક્ષીભૂત પોતાને કિનારે ઊભેલી 'અંગ્રેજી કોઠી'ના કાંકરા ઉખેડવા મથતી સુરત સમીપે દોડે છે તાપહારી તાપી.

બાદશાહોની બાદશાહીના અનેક રંગરાગ પામેલી શ્રી સરસ્વતી, વાણિજ્ય અને ઉદ્યોગથી ગાજતી અહમદશાહ બાદશાહે રચેલી નગરી અમદાવાદના આંગણે પૂરપાટે રેલાય છે સરિતા સાબરમતી.

સિદ્ધરાજ જયસિંહે રચેલી રુદ્રમાળની ઇમારતના પાયા જેણે પોતાનાં વારિ વડે પાવન કર્યાં છે, એવી સિદ્ધપુરના સીમાડે સરે છે સતી સરસ્વતી.

ગુજરાતના ગૌરવને ગજાવતી, ઓપાવતી આ બધી લોકમાતાઓ છે.

ગુજરાતના મધ્યભાગે આવી જ એક લોકમાતા પોતાનાં શ્યામલ નીર ઉછાળતી વહે છે. એનું પુનિત નામ છે મહીસાગર.

માળવાના ડુંગરમાં જન્મ ધરીને શ્યામવર્ણી એ બહાર નીકળે છે, લુણાવાડા પાસે કન્યારૂપ ધરતી, સીહોરા પાસે નવોઢા સમી દીસતી, વાસદ પાસે નવયૌવનમાં મહાલતી ખંભાતના સાગરરાજને ભેટે છે.

ખંભાતના સાગરરાણાને વરેલી મહીસાગરની નીચેની એક રસિક દંતકથા સાંભળવા મળે છે:

લોકમાતા મહીસાગરે ખંભાતની પાસે ઘૂઘવતા સાગરરાજને વરવા માટે કહેણ મોકલ્યું. પરંતુ કિનારે અથડાતાં મોજાંથી રચાતાં શ્વેત ફીણ વડે પોતાના રૂપનો ગર્વ અનુભવતા મસ્તાના મહેરામણે ઉત્તર પાઠવ્યો, કે 'શ્યામવર્ણી મહીસાગરને હું વરવા માગતો નથી.' આ જવાબે મહીસાગરનો ક્રોધાગ્નિ ભભૂકી ઊઠ્યો અને પોતાનું અપમાન કરનાર સાગરરાણાની ખબર લઈ નાખવા તોતિંગ પાષાણોની પલટનો લઈને પોતે કૂચ આરંભી.

સાગરરાણાને સંદેશો પાઠવ્યો: 'સાબદો રહેજે, તારું અભિમાન ઉતારવા તને પૂરી દેવા માટે પાષાણોની મોટી ફોજ લઈને આવી પહોંચું છું.' અને આમ મૈયા મહીસાગર પોતાની પાષાણોની પલટનો લઈને ખેરડા પાસે આવેલા વેરાગામ સુધી ધસી આવ્યાં. આથી સાગરરાણો ગભરાયો અને શ્યામલી મહીસાગરને વરવા સામો ઠેઠ વેરા સુધી આવ્યો અને ત્યાં આગળ મહીસાગરનું પાણિગ્રહણ કર્યું.

આ દંતકથાને મનાવવા મથતાં ખંભાતના અખાતનાં ભરતી વેળાનાં પાણી આશ્ચર્ય પણ વાસદ સુધી ધસી આવે છે અને વેરાગામે મહીસાગરનાં પાણીને ભેટે છે. વળી તે

ગવાહી દેતી કાળમીંઢ, તોતિંગ
ની નાનીમોટી પલટનો મહીસાગરની
ચોકી કરતી આજે ય પણ વેરા-
સુધી ઠેરઠેર પથરાયેલી પડી છે. વેરા-
એક પણ શિલા આ સરિતામાં
પણ દેખાતી નથી એ સૂચક છે.
નાં શ્યામલ નીર કરાડો અને કોતરો
આજે ય પણ ઘસી રહ્યાં છે. આથી
જનતાની આ દંતકથા ઉપરની આસ્થા
બને છે.

મહીસાગરનાં મસ્તીતોફાન તો વર્ષાઋતુમાં
ઊઠે છે.
કાળાં ભમ્મરશાં પાણીની છોળો ઉડાડતી,
અને કોતરોને ઊંડાં અને ભયાનક બના-
વૃક્ષો, પાષાણો, ઢોરઢાંખર અને કોક
ઓચિંતા પૂરમાં સપડાઈ ગયેલા માન-
દેહને ઘસડતી–ફંગોળતી, ગાંડા હાથીની
પુરપાટે ધસતી આ સરિતાને નિહાળી-
એ, ત્યારે કાળજાં ઘડીભર કંપી ઊઠે છે:
સાગરરાણો હિલોળે ચડ્યો ન હોય !

ઋતુમાં સાગર સમી દીસતી આ
રિતાને આથી જ મહીકાંઠાની ગ્રામ્યજનતાએ
નદીને બદલે મહીસાગર તરીકે પિછાની
સંબોધી છે. મહીસાગરનો ઉદ્ભવ સત-
માં થયેલો મનાય છે. પ્રાચીન ગ્રંથમાંનો
એક શ્લોક તેની પ્રતીતિ કરાવે છે:

चूडामणि नाम त्रेतायां पापनाशिनी
कर्णभद्रा च मही नाम्नी कलियुगे ॥

યુગમાં એ ચૂડામણિ, ત્રેતાયુગમાં પાપનાશિની,
યુગમાં કર્ણભદ્રા અને કલિયુગમાં મહીસાગર-
ખ્યાતિ પામી છે.

આ સરિતાતટે તો ગાલવમુનિ અને
ઋષિ જેવા તપસ્વીઓએ તપ આદર્યાં
પોતાના આશ્રમો સ્થાપી, શિવા-
ની સ્થાપનાઓ કરી વેદોના મંત્રો હવામાં
કર્યાં છે. આજે ય આ ઋષિમુનિઓના સ્મૃતિસ્તંભો સમાં ઠાસરા પાસે ગલતેશ્વર મહાદેવ અને સીહોરા પાસે મરીચિ મહાદેવનાં શિવાલયો ભાવિક યાત્રીઓના ‘જય શંભો’ અને ‘હરહર મહાદેવ’ના જયઘોષોથી ગાજતાં ઊભાં છે. આ બન્ને ય શિવાલયોના સ્થાને હરસાલ મેળો ભરાય છે.

જનોડ પાસે કેદારનાથ, અહીમા રાજય પાસે સિદ્ધનાથ, ખાનપુર પાસે કામનાથ, વેરા આગળ ભીડભંજનનાથ અને વાસદ પાસે સોમનાથ જેવાં નાનાંમોટાં બીજાં અનેક શિવમંદિરો મહીસાગરતીરે તપ કરતાં ઊભાં છે.

ગ્રામજનતાની આ લોકમાતા ઉપરની શ્રદ્ધા અને આસ્થા અદ્ભુત અને અખૂટ છે. ગ્રામજનતા આ સરિતાને એક સાક્ષાત્ અવતારી માતા તરીકે પૂજે છે અને એ ભાવનાએ તેની બાધા–આખડીઓ રાખે છે. વળી તેનો પ્રતાપ અને પ્રભાવ પણ લોકહૈયે એવો સ્થાપિત થઈ ગયો છે, કે સામાન્ય રીતે જો આ કાંઠાની પછાત વર્ગની પ્રજામાં કોકને ત્યાં ચોરી થઈ હોય અને જેણે ત્યાં ચોરી થઈ હોય એ માણસને ગામની કોઈ વ્યક્તિ ઉપર આ બાબતમાં શક જતો હોય, તો પેલો માણસ ગામનું પંચ બોલાવી પોતાની ચોરીની હકીકત જાહેર કરે છે અને જે વ્યક્તિ ઉપર પોતાને શક હોય તે વ્યક્તિનું નામ પણ સાથે રજૂ કરે છે. આ ઉપરથી પંચ પેલી શકદાર વ્યક્તિને બોલાવી ચોરી અંગેની પૂછપરછ કરે છે. જો પેલી વ્યક્તિ ચોરી કર્યાનો ઇન્કાર કરતી હોય અને પંચને વાતચીત ઉપરથી ચોરી કર્યાનો તેના ઉપર વહેમ આવે તો મહીસાગરનું પાણી એક પ્યાલામાં ભરી મંગાવી પેલી શકદાર વ્યક્તિને એ પાણી પી જવાનું કહેવામાં આવે છે. જો પેલી વ્યક્તિ એ પ્યાલાનું પાણી પી જાય તો તેના ઉપરનો આરોપ ખેંચી લેવામાં આવે છે અને તે એક જ શ્રદ્ધાથી કે ‘જુઠ્ઠી રીતે પાણી પીધું

હશે તો મહીમાતા તેને જોશે.'

આ કાંઠાની પ્રજા સોગંદ લેવડાવવામાં કે દેવામાં 'ખાજો મહીમાતાના સમ' કહીને સોગંદની લેવડદેવડ કરે છે. આ છે મહીકાંઠાની ગ્રામજનતાની આ સરિતા પ્રત્યેની ભક્તિ અને શ્રદ્ધા.

મહીસાગરની બખોલો અને કોતરો મશહૂર છે. રજપૂત રાજાઓના યુગમાં રાજ્ય સામે બહારવટાં ખેડનાર બહાદૂરોનાં આ કોતરો આશ્રયસ્થાનો હતાં. ગુજરાતના નામીચા બહારવટિયા બાબર દેવાએ પણ આ કોતરોમાં નિરાંતથી નીંદરો લીધી હતી. આજે પણ ચોર–લૂંટારાઓ આ કોતરોમાં ધામા નાખતા હોય છે એવી લોકવાયકા છે. એવાં પણ કોતર છે જેમાં એક હજારનું લશ્કર તેમાં ઊતરીને લપાઈ જાય તો તેનો જલદી પત્તો પણ લાગી ન શકે. વાઘો અને બીજાં હિંસક પ્રાણીઓની ત્રાડો અને ગર્જનાઓ તપતા સૂરજમાં પણ આ કોતરોમાંથી સાંભળવા મળે છે.

આમ મહીસાગરનાં કોતરો ચોર–ડાકુઓનાં આશ્રયસ્થાનો અને નિશાચર પ્રાણીઓનાં નિવાસસ્થાનો મનાય છે.

આ સરિતાના ઉગમ સ્થાનથી તે સાગરના મિલનસ્થાન સુધીમાં અનેક નાની-મોટી ઠકરાતો આવેલી છે. માળવા અને ખંભાત જેવાં દેશી રાજ્યો પણ છે. આ ઠકરાતો અને રાજ્યોમાં દમનનો કોરડો એક વેળા તેની જનતાની પીઠ ઉપર વીંઝાતો હતો અને અનેક નિર્દોષોનાં ખૂન રેડતો હતો, જેનાં આહ અને આંસુ આ સરિતામાં શાતા પામતાં હતાં; પરંતુ લોકક્રાંતિએ દમનના આ કોરડાના ભાંગીને ભુક્કા કર્યા અને સમયની આગેકૂચમાં ઠકરાતોની અને રાજ્યોની સત્તાઓ લોપાઈ, લાલપીળાના ભેદ ભુસાયા અને જનતા આઝાદીની હવા માણતી થઈ.

આમ આ લોકમાતાએ અનેક રાજ્યોની સત્તાઓ ઊગતી અને આથમતી નિહાળી છે.

મહીકાંઠાની પ્રજા મોટાભાગની બારૈયા, રજપૂત, કોળી અને ભીલથી ભરપૂર છે. જૂજ વસ્તી જ ઉજળિયાત કોમની છે. લગભગ નેવું ટકા વસ્તી નિરક્ષર અને અજ્ઞાન છે. આ કાંઠાની પ્રજા જડ કહેવાય છે, એના કારણમાં એક અતિ પ્રાચીન દંતકથા ચાલતી આવે છે.

ત્રેતાયુગની આ વાત છે. આ યુગમાં મહીસાગર પાપનાશિની કહેવાતી હતી. તે વેળા તેનો મહિમા એવો હતો કે જે કોઈ પ્રાણી તેનાં નીરમાં સ્નાન કરે કે તેનું પાન કરે, તેનાં બધાં પાપ ધોવાઈ જાય. આ યુગમાં સરિતાતટે ગાલવ અને મરીચિ જેવા ઋષિમુનિઓ ઈશ્વરને આરાધતા હતા; યજ્ઞો, હવનો કરતા હતા. આ કાળમાં બકાસુર નામનો એક દુષ્ટ રાક્ષસ આ કાંઠાના પ્રદેશમાં વસતો હતો. તે રોજ આ બધા ઋષિમુનિઓને રંજાડ્યા કરતો. યજ્ઞકુંડમાં હાડમાંસના ટુકડા નાખી યજ્ઞનો ભંગ કરતો. વિપ્રો અને મુનિકુમારોને હેરાન કરતો, ગાયોને હણતો.

આમ આ રાક્ષસ રોજ સતાવતો હતો. ગાલવ અને મરીચિ જેવા મહાત્માઓ આથી ક્રોધે ભરાઈને તે રાક્ષસને શાપ આપતા, પરંતુ આખો દિવસ આવાં કુકર્મો કરીને થાકેલો આ રાક્ષસ સંધ્યાકાળે મહીસાગરનાં નીરમાં સ્નાન કરવા પડતો અને તેનું પાન કરતો, તેથી તેનાં આખા દિવસનાં કુકર્મોનું પાપ ધોવાઈ જતું. આથી મરીચિ જેવા મહાયોગીઓના શાપોની આ રાક્ષસ ઉપર કાંઈ અસર થતી નહિ. અને આમ આ રાક્ષસ રોજ આ ઋષિમુનિઓને રંજાડ્યા કરતો. એક વેળા ગાલવ મુનિએ ધ્યાનસ્થ બની રાક્ષસને શાપ ન લાગવાનું કારણ

માંડયું તો ખબર પડી કે આ તો મહીસાગરનો પ્રભાવ છે, આથી ગાલવ- ક્રોધે ભરાઈને મહીસાગરને શાપ કે 'હે મૈયા, તારા જળમાં સ્નાન અને તેનું પાન કરવાથી પ્રાણી- પાપ ધોવાઈ જાય છે એવો તારો જે છે, તે ઓગળી જશે.' આ શાપના માટે મહીસાગરે તે વેળા સ્તુતિ વિનંતિ કરી. આથી ગાલવમુનિએ કે 'તારા નીરમાં નાહવાથી માનવી બનશે, પરંતુ જળ પીવાથી તે જડ 'આ શાપ પછી આ સરિતાનું જળ બકાસુર રાક્ષસ જડ બનવા લાગ્યો સ્નાન કરતો બંધ થયો, તેથી આખરે તે મુનિના શાપે બળીને ભસ્મીભૂત થયો.

આમ આ સરિતાકાંઠે વસતી પ્રજાને જડ પ્રજા કહેવાય છે. આ સરિતામાં નાહવાથી નિર્મળ થવાય છે એ લોકમાન્યતાએ તો આજે હજારો યાત્રાળુઓ દૂરદૂરના પ્રદેશોમાંથી આ લોકમાતાના નીરમાં ડૂબકી મારવા આવે છે. શ્રાવણ માસમાં મોટા સંઘો પગપાળા એમાં સ્નાન કરવા નીકળે છે.

ગુજરાતને નંદનવન બનાવવા સાગર સમી ગુજરાતની આ લોકમાતાની અગત્ય પિછાની લોક સરકારે તેનાં નીર ચરોતરની ધરતીમાં સિંચવા ઠાસરા તાલુકાના વાંકા બોરડીગામ પાસે એક બંધ બાંધવાની શરૂઆત કરી છે. ગુજરાતની આ લોકમાતા પોતાનાં નીર વડે ગુજરાતને સુજલાં સુફલાં બનાવે એ જ અભિલાષા !

*

સરમદ નામે એક સૂફીવાદી કવિ આજથી લગભગ સાડાં ત્રણસો વર્ષ પૂર્વે ઈરાનમાં થઈ ગયો. યહૂદી હતો, ને પછી ઇસ્લામધર્મ એણે અંગીકાર કર્યો. બાપીકો ધંધો વણઝારાનો હતો. એક બીજે માલની અવરજવર કરતાંકરતાં એક વખત એ ભારત આવ્યો. ઈરાનથી ભારતમાં આવવાનો સિંધ વાટે જ હતો. સિંધનાં નગરોમાં 'ઠઠ્ઠા' નામનું એક ગામ હતું, આજે તો એ ઝાંખું થયું છે. એ દિવસોમાં 'ઠઠ્ઠા'માં હિંદીઓની સંપૂર્ણ જાહોજલાલી હતી. ત્યાં દરેક વરસે રામલીલા થતી હતી. સરમદ અહીં આવ્યો ત્યારે રામલીલાનો સમય હતો. રામલીલામાં રામ, લક્ષ્મણ ને નાં દર્શન કરતાં જ એની પ્રચ્છન્ન રહેલી આધ્યાત્મિક શક્તિ જાગૃત થઈ ગઈ. એને દિવ્ય દર્શન કહે છે કે ત્યારથી ભગવાન પ્રત્યેની ભક્તિમાં મસ્ત–પાગલ બની એ ઘૂમવા લાગ્યો. એણે એક માં આ ભાવાર્થનું ગાયું છે કે 'હે સરમદ ! તું પ્રેમની કુંજગલીમાં બદનામ થઈ ગયો; યહૂદી ધર્મ- મુસલમાન બની ગયો. મને ખબર નથી પડતી કે કઈ દિવ્ય શક્તિએ મને ખુદા અને અહમદથી દૂર કરી દીધો અને મારા દિલનું આકર્ષણ રામ ને લક્ષ્મણ તરફ વધારી દીધું !'

×

ઈસપની નીતિકથાઓનો જગવિખ્યાત લેખક ઈસપ એક સ્થળે નોકરી કરતો હતો. ઉનાળામાં નાહવાની થવાથી એના શેઠે કહ્યું : 'જો ઈસપ, મારે નળ પર નાહવું છે, જોઈ આવ તો કેટલી ભીડ છે ત્યાં !' નળ પર જતાં રસ્તામાં એક મોટો પથ્થર આવતો હતો. જનારઆવનાર એને ઠેબે ચડાવીને જતા હતા, પણ ઊંચો મૂકવાની દરકાર લેતા નહોતા. છેવટે તદ્દન સામાન્ય જણાતા એક માણસે તે ઊંચકી કોઈને ઈજા ન કરે માટે બાજુ પર મૂક્યો. ઈસપે પાછા ફરીને કહ્યું કે 'નળ પર એક જ માણસ છે !' નાહવા આવેલા શેઠે અસંખ્ય સ્ત્રીપુરુષો જોયા ત્યારે એ ગુસ્સે થઈ ગયા. આટલાં બધાં માણસો તેં મને એક જ છે એમ કહ્યું ?' પોતે જોયેલા પથ્થરનો કિસ્સો સંભળાવી ઈસપે કહ્યું : 'શેઠ, પેલો પથ્થર ફેંકી દેનાર એક જ માણસ છે, બીજાંને માણસ કહેવા હું તૈયાર નથી. જીવનમાં નાની મુશ્કેલીને પણ દૂર કરવાની દરકાર ન લેનાર કે સદાચારને ન ઓળખનારને માણસ કેમ કહેવાય ?'

×

સુખની શોધમાં

લેખક:
શ્રી લાલભાઈ કહાનભાઈ દેસાઈ

હાથમાં દીવો હોય છતાં કોઈ કૂવામાં પડે કે માર્ગમાં અફળાય તો તેને આપણે શું કહીએ? આપણી નિત્યપ્રવૃત્તિઓ પાછળ સાચું, ચિરસ્થાયી ને નિતાંત આહ્લાદકર સુખ ક્યાં છે એ આપણે જાણી લેવું જોઈએ. આ કાર્ય કઠિન નથી, પણ એવું સુખ શોધવાની આપણને નવરાશ છે ખરી? સાચા સુખનો સ્વાદ આપણે માણ્યો છે ખરો? આ લેખ એ વિષે થોડુંક જ્ઞાન આપશે.

પેઢીઓની પેઢીઓથી આપણે બંગલાના વૈભવમાં સુખ માનતા આવ્યા છીએ, એટલે એની વિરુદ્ધ વાત ઉપર વિચાર પણ કરતા નથી. બાકી આપણો રોજનો અનુભવ તપાસીએ તોપણ એ જ નિર્ણય ઉપર આવવું પડે છે કે બંગલાનું સુખ ચાર દિવસનું. આપણે સામાન્ય માણસો ઘણી વખત કોઈની પાસે કિંમતી ઈન્ડીપેન, રેડિયો, ગ્રામોફોન કે મજાનો ગરમ સૂટ જોઈએ છીએ, ત્યારે એમ થાય છે કે એ કેટલો નસીબદાર! આપણને એની ઈર્ષ્યા થાય જ છે અને એવી ચીજ આપણી પાસે હોય તો કેવી મજા એમ થઈ જાય છે. પછી નસીબજોગ એવી ચીજ મળી જાય તો પૂછવું જ શું? ખરેખર, આપણે આપણી જાતને સદ્ભાગી માનીએ છીએ અને વેંતવેંત અદ્ધર ચાલીએ છીએ.

પણ એ બધું ક્યાં સુધી?

માત્ર ચાર દિવસ જ. નવા રેડિયોની ચાર દિવસ ચાવી મરડ્યા કરીએ છીએ, નવી ઈન્ડીપેનથી લખવાનું ના હોય તો યે જ્યાં ત્યાં સહીઓ કર્યા કરીએ છીએ અને નવા સૂટ ઉપર દિવસમાં ચાર વાર બ્રશ ફેરવીએ છીએ. એ ચાર દિવસ તો આપણા હૈયે હરખ માતો નથી. આપણે રેડિયોદિન અને ઈન્ડીપેનદિન ઊજવીએ છીએ! બસ, દિનભર એની જ વાત અને વિચાર કર્યા કરીએ છીએ. ચાર દહાડા વીતે કે આપણું આકર્ષણ એટલું ઘટી જાય છે કે એના ઉપર ભલે ને મણ ધૂળ ચઢે. સોનાની હોય તો એકની એક વસ્તુ આપણને લાંબો વખત આનંદ આપતી નથી. એની ચમક માત્ર ઊડી જાય છે.

ત્યારે શું એ જ અનુભવ કાયમના બંગલા મોટરવાળાને નહીં થતો હોય? શું એમને એની ચમક કાયમ રહેતી હશે?

એવું તો એક રીતે બને. એમનો બંગલો એક દિવસ સોનાનો અને એક દિવસ રૂપાનો થઈ જતો હોય; એક દિવસ એને પાંખો આવી ઊડે અને એક દિવસ મગરની માફક પાણીમાં તરતો હોય; અને એમ એનાં ફર્નિચર, ઘાટ અને રંગરોગાન, નીતનવાં જૂજવાં રૂપ ધારણ કરતાં હોય, તો એની નવીનતા અને ચમક ચાલ્યા જ કરે, પણ એવું ક્યાં બને છે? એ તો ભલે નરદમ આરસ પાણનો હોય, મહીં દેરાણી-જેઠાણીના ગોખ હોય, અમૂલ્ય મયૂરાસનો શોભી રહ્યો હોય, પણ એનો એ જ રહે છે. તેથી એની મુલાકાત લેનારનું આશ્ચર્યથી મોં પહોળું થઈ જાય અને આંખો ફાટી જાય ખરી, પણ એના માલિકની તો નહીં જ. એને તો એ એટલું કોઠે પડી જાય કે એના સામે 'ચંદરોજ' પણ નહીં. વાસ્તુ વખતે ગજગજ છાતી ફૂલે એટલું જ.

જો આમ જ છે, તો પછી લોકો બંગલા મોટરનો નકામો મોહ કરી જિંદગી

કાયા ઘસી નાંખતા હશે? આવા દિવસના સુખ માટે નીતિઅનીતિ જોયા શું કામ ધન ભેગું કરવા મંડી તા હશે?

જ ખૂબી છે ને! આપણે માનીએ કે બુદ્ધિમાં આપણને કોઈ ના પહોંચે, આપણે તો બાળક જેવા જ છીએ. ને તમે ગમે તેટલું સમજાવો કે 'એ રમીને તું ફેંકી દે છે, તો શું કામ ડામાં નકામા પૈસા ફેંકી દેવડાવે છે?' પણ માનવાનું જ નહીં. એને તો એ એટલું મનમાં વસી જાય છે કે લીધે જ છૂટકો. એ પ્રમાણે આપણને જ્ઞાની માણસો કહેતા આવ્યા છે કે ધનવૈભવનાં રમકડાં તમને બે ઘડી જ સુખ આપવાનાં છે, પણ આપણે માનવાના જ નહીં. એ બંગલા-મોટર આપણા મનમાં એવાં વસી જાય છે કે એ જોઈએ, જોઈએ ને જોઈએ જ.

એક માણસ આવું કરે છે એમ નથી. આખી પ્રજા પણ એ જ રીતે વર્તે છે. વૈભવનાં રમકડાં એટલાં મનોહર છે કે એની જ તે પડે છે. જુઓ ને, યુરોપ-અમેરિકાએ શું કર્યું? હજી થોડા સૈકાઓથી એ પ્રજાએ વૈભવ માટે કાવાદાવા કરવામાં શું બાકી રાખ્યું? એમને કોઈએ વાત નહીં કહેલી એમ નહીં. દર રવિવારે જેનું નામ એ જપે છે એ ખુદ ઈશુખ્રિસ્તે જ એમને પોકારી પોકારીને કહ્યું છે કે 'ઊંટ સોયના નાકામાંથી પસાર થાય એ અસંભવિત છે.' એમણે આ શબ્દોથી ચોખ્ખું જણાવી દીધું છે કે ધનવૈભવથી સુખ મળવાનું નથી, પણ એમણે માન્યું?

અને આપણે આર્યસંસ્કૃતિના વારસદારો પણ એ જ ભૂલ નથી કરી રહ્યા? ઋષિમુનિઓએ પોકારી પોકારીને આ જ વાત નથી કહી? છતાં આપણે માનીએ છીએ? આપણે તો ધનવૈભવના મોહમાં એવા ફસાઈ ગયા છીએ કે કાળાં બજાર કરવાં, કોઈનાં ગળાં કાપવાં, લોકોને ઊંધે રસ્તે દોરી સત્તા મેળવવા ફાંફાં મારવાં અને જ્યાં લાગ ફાવી જાય ત્યાં હાથ મારવો, એમાંનું કંઈ કરવા ચૂકતા નથી.

પણ લોકોને એકલું કહેવામાં આવે કે આમાં સુખ નથી તો એ શેના અટકે? જ્યાં સુધી સાચું સુખ કઈ રીતે પ્રાપ્ત થાય એનો એમને સ્પષ્ટ ખ્યાલ ના આવે, ત્યાં સુધી એમને સાચી સૂઝ કેવી રીતે પડે?

સ્પષ્ટ ખ્યાલ તે કઈ રીતે આવે? નીતિ અને માણસાઈનો–સાચા સુખનો રસ્તો તો રામ અને કૃષ્ણ બતાવી ગયા, બુદ્ધ અને પયગંબર કહી ગયા અને હજી હમણાં જ બાપુજી પણ પોકારી પોકારીને બતાવી ગયા; પણ લોકો સાંભળે અને જરા એના ઉપર વિચાર કરે તો ને! એ તો જ્યારે વૈભવનાં રમકડાંથી બે દિવસ રમી ધરાશે અને નજરે અનુભવ કરશે કે આમાં તો કંઈ મજા આવતી નથી, ત્યારે વિચાર કરવા બેસશે, કે સુખ ક્યાં હશે? પછી એમની બુદ્ધિમાં ડાહ્યા માણસોના શબ્દો ગળે ઊતરશે અને એ સીધા રસ્તે ચાલશે. અત્યારે તો એમની બુદ્ધિ ધનવૈભવ કેમ મેળવવો એમાં જ ચાલવાની

વિજ્ઞાનના આ જમાનામાં આપણે માની બેઠા છીએ કે બુદ્ધિ કહે એ જ સાચું; પણ એ હંમેશાં સાચું જ કહે છે એવું કોણે કહ્યું? એની ચાલવાની રીત પણ વિચિત્ર છે, એનો આપણને ખ્યાલ જ નથી.

માતાથી વિખૂટાં પડેલાં બાળકોનો અનુભવ કોને નથી થતો? એમાંથી જ બુદ્ધિ કેવી વિચિત્ર રીતે ચાલે છે એનો ખ્યાલ આવી શકે છે.

આપણે જાણતા નથી અને કદાચ માનતા

યે નથી, પણ આપણે સૌ કોઈ દિવ્ય માતાથી વિખૂટા પડી ગયા છીએ તેથી જે ઘડીએથી આપણામાં બાળકની માફક કળજુગ દાખલ થાય છે અને 'મારું-તારું' સમજતા થઈએ છીએ, તે ઘડીએથી માતાથી વિખૂટા પડેલ બાળકની માફક આપણું અંતર રડ્યા કરે છે. ડોળ કરવા ટેવાઈ ગયા એટલે આપણે સારાંસારાં કપડાં પહેરી હરીએફરીએ છીએ અને જાણે કેવા ય સુખી હોઈએ એવા દેખાઈએ છીએ, પણ એકલા પડી વિચારે ચડીએ છીએ, ત્યારે આપણને કોઈ જાતની હૂંફ, પ્રેમ કે સહીસલામતી નજરે પડતી નથી.

જગતને આપણાં સુખદુઃખની પરવા ભલે ના હોય પણ આપણી એક મોટી બ્હેનને તો બહુ જ છે. એ જ છે આપણી બુદ્ધિબ્હેન. આપણે માની બેઠા છીએ કે એ સત્યને વરી છે, પણ ના, એ તો આપણને જ વરી છે. સત્યની પરવા કરતાં, આપણને કઈ રીતે સુખ લાગશે એની જ એને તો પડી છે. તેથી આપણા અંતરનું રુદન સાંભળીને એનું દિલ વલોવાઈ જાય છે અને ગમે તે ઉપાયે આપણને રાજી કરવા પ્રયત્ન કરે છે. એ આપણો સ્વભાવ પૂરેપૂરો જાણે છે. એને ખબર છે કે બાળકની માફક આપણને વૈભવનાં રમકડાં ગમે છે. તેથી એ આંગળી ચીંધીને કહે છે કે "જો ભાઈ, આ પૃથ્વી ઉપર લોકો બંગલા–મોટરમાં કેવા મહાલે છે અને મનને ભાવે એવું ખાઈપીને આનંદ કરે છે! તું યે એમની પેઠે કર ને? શા માટે નકામું દુઃખ લાવે છે? તારી પાસે બંગલા–મોટર થશે એટલે દુઃખનું નામ નહીં રહે. ચાલ, હું યે તારા ભેળી છું, મને આવડે છે એ કેમ ઊભાં કરાય.'

બાળકનો આપણો સ્વભાવ એટલે બુદ્ધિબ્હેનનાં બતાવેલાં આ રમકડાં તરત મનમાં વસી જાય છે. ખરેખર, આપણે રાજીરાજી થઈ જઈએ છીએ અને એમના ભણી નજર રાખીને એ પ્રાપ્ત કરવા પરમ પુરુષાર્થ આદરીએ છીએ. બુદ્ધિ એમાં પૂરેપૂરી લાગણી-પૂર્વક બધી મદદ કરી છૂટે છે. સર્વ પ્રકારની આંટીઘૂંટી, કુનેહ અને કાવાદાવા એ આપણને બતાવી દે છે.

સદ્‌ભાગ્યે આપણને એ રમકડાં મળી જાય તો, ઘડીભર તો આપણા સુખનો પાર રહેતો નથી, અંતરનાં દુઃખનાં અણસુકાયલાં આંસુ છતાં આપણું મુખ મલકાઈ જાય છે અને આપણે એ ભોગવવામાં તલ્લીન થઈ જઈએ છીએ. પછી તો આપણને ખરેખર લાગે છે કે દુઃખના દહાડા સદા માટે ગયા.

હજી થોડા વખતથી ધરતી ઉપર જે જાગી છે અને 'મારા તારા'નો કળજુગ જેનામાં દાખલ થયો છે, એ કહેવાતી પશ્ચિમની સુધરેલી પ્રજાની આ જ સ્થિતિ નથી? ઘણાંઘણાં વૈભવનાં સુખ એ માણી ચૂકી છે, પણ હવે એ બધું એને શુષ્ક લાગતું જાય છે, બુદ્ધિના બતાવેલા કાવાદાવા અને કુનેહથી દુનિયા આખીને ગરદન મારી ધરતી પરનું સોનું અને જરઝવેરાત માત્ર કબજે કરી લીધું અને સો સો માળની હવેલીઓ ચણાવી છતાં આજે એમનું અંતર પોક મૂકીને રડતું સંભળાય છે કે 'સુખ ક્યાં છે?'

હવે બુદ્ધિબાઈને ખાતરી થઈ જાય છે કે હવેલીઓના વૈભવ અને ખાનપાનની મોજમજાથી આ રાજી રહેવાના નથી. એમના માટે કંઈક નવીન તરકીબ શોધી કાઢવી પડશે. તેથી તે વળી પાછી ઊંડા વિચારમાં પડી જાય છે અને નવો ઉપાય શોધી કાઢે છે. કહી શકશો એ શું હશે! પશ્ચિમ તરફ નજર નાખો એટલે સ્પષ્ટ ખ્યાલ આવશે.

એમને આજ સુધી તો વૈભવમાં સુખ લાગેલું એટલે સામ્રાજ્યવાદ, ઉદ્યોગવાદ, રાષ્ટ્ર-વિજ્ઞાનવાદ, વ્યક્તિત્વવાદ, સ્વાર્થવાદ,

વાદ અને દુનિયાના બજારના વાદ ચાલેલા. એમની બુદ્ધિએ વૈભવ એ બધી કુનેહો અને કાવાદાવા. એના ઉપર તો વિદ્વાનોએ મોટાં-થાં લખેલાં અને બુદ્ધિથી સાબિત તાવેલું કે માણસ એ રીતે જ સુખી શકે.

હવે એમને એ બધું શુષ્ક લાગવા છે, એટલે સુખ માટે બુદ્ધિ કંઈક જ બતાવી રહી છે. હવે ત્યાં સમાજ-સામ્યવાદ, આંતરરાષ્ટ્રીયવાદ, વિશ્વ-અને વિશ્વરાજવાદ, પછાત દેશ અને પ્રજા સહાયવાદ ઊગી નીકળતા છે. હજી તો વૈભવનાં રમકડાંથી થઈ રડવા લાગેલી એ પ્રજાઓનો એમાં ચોંટતો નથી, પણ વહેલીમોડી પ્રજાઓ ઉત્તેજનથી એ પ્રમાણે વર્તતી ત્યારે પરસ્પર સ્નેહ અને સહાનુભૂતિ, પ્રેમ અને સહીસલામતીની લાગણી વશે.

બુદ્ધિની ચાલ જોઈ? જ્યાં સુધી તમે માં પડ્યા હશો અને એ જ સાચું એમ એમાં રાચતા હશો, ત્યાં સુધી એ 'હાજીઓ' પૂર્યા કરવાની. એ તો તમે એનાથી કંટાળો અને 'હવે ન જ જોઈએ' એવી મક્કમતા ઉપર, ત્યારે જ સાચી વાત કહેવાની.

ત્યારે હવે કહો, બુદ્ધિ જ 'હા' એ 'હા' ભણતી હોય ત્યાં સુખના સાચા માર્ગનો ખ્યાલ તે કઈ રીતે આવે? બાકી જેને ખ્યાલ લાવવો હોય એને તો ઘણા ય રસ્તા છે. ડાહ્યા માણસો શું કહી ગયા છે, રોજના બનાવો શું જણાવે છે અને પ્રજાઓનો ઇતિહાસ શું બતાવે છે, એના ઉપર જરા વિચાર કરીએ તો બધું ય દીવા જેવું દેખાય એમ છે. થોડા વિચારે પણ ચોક્કસ ખ્યાલ આવે છે કે:

(૧) ધનવૈભવનો સંપર્ક માત્ર જૂજ સમય સુખદાયક લાગે છે.

(૨) સાચું સુખ તો માનવ-જીવન સાથે એકરૂપ થવાથી જ અનુભવાય છે.

(૩) એ માટે આપણે જેના જેના પરિચયમાં આવતા હોઈએ એના સુખે સુખી અને દુઃખે દુઃખી થવું જોઈએ.

(૪) જીવનમાં આપણે ભલે ખૂબ ધન કમાઈએ, પણ એની પાછળનો હેતુ બીજાને મદદરૂપ થવાનો અને જનકલ્યાણનો હોવો જોઈએ.

(૫) એ માટે આપણામાં સ્વાર્થ-ત્યાગ, બીજાઓ પ્રત્યે મમતા, દુઃખી અને પીડિતો પ્રત્યે સક્રિય સહાનુભૂતિ અને બીજાના ખપમાં આવવાની ઊલટ જોઈએ.

(૬) સમાજમાં ધનની પ્રતિષ્ઠાને બદલે માણસાઈનું માન જોઈએ.

☆

ઘણાં વર્ષો પહેલાં શ્રી બાલુરામજી નામના 'રામનામના આડતિયા' મુંબઈમાં આવ્યા હતા, નામજપનો નિયમ બતાવી એક મોટા ચોપડામાં બધાની એ સહી કરાવતા હતા. એમાં બધા જ સંપ્રદાયો, ને વર્ણોના પુરસ્કર્તાઓની સહીઓ હતી; હિંદુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી એવો કોઈ જ ભેદભાવ તો. એ દિવસોમાં ગાંધીજી તથા પંડિત મદનમોહન માલવિય મુંબઈમાં હતા. શેઠ જમનાલાલ પાસે રામજીએ ઇચ્છા પ્રદર્શિત કરી કે 'રામનામ'ના એ ચોપડામાં ગાંધીજી તથા માલવિયાજીની પણ સહી. ઘણી ખુશીથી બાપુએ મુલાકાત આપી. સહી માટે ચોપડો એમની સમક્ષ ધરવામાં આવ્યો હસતા હસતા બાપુ બોલ્યા:

'જ્યારે હું આફ્રિકામાં હતો ત્યારે તો રામનામની માળા ઘણી જપતો હતો; પરંતુ હવે તો દિવસ જે કાંઈ કરું છું તે રામનામને માટે જ કરું છું. એટલા માટે હું ખાસ સમય અને સંખ્યાના માં સહી કેવી રીતે કરું?'

×

જીવનસૌરભ

રજૂ કરનાર:
શ્રી છોટાલાલ માનસિંગ કામદાર
બી. એ.

[૧]

નહેરુ કુટુંબનું ભાગ્ય એક સર્પના જીવન સાથે કેવી રીતે સંકળાયેલું હતું તેનું વર્ણન પ્રો. અબ્દુલ મજીદખાને પોતાના પુસ્તક 'મહાન પુત્રી'માં નીચે મુજબ આપ્યું છે:

'સર્પને ઘરમાં હરવાફરવાની સંપૂર્ણ છૂટ હતી. તે કુટુંબના એક સભ્ય જ ગણાતો હતો અને કોઈને તેનો ડર લાગતો નહોતો. તે પાસેની ઝૂંપડીમાં રહેતો હતો, પરંતુ તે વાડીમાં છૂટથી ફર્યા કરતો હતો. દરેક જણને તેની મૈત્રીમાં આનંદ આવતો અને તેને પણ તેમ જ થતું હતું.

કૃષ્ણા હઠીસિંગ કહે છે: 'મને યાદ છે ત્યારથી તો તે અમારા ઘરમાં હતો.'

સર્પ કોઈને ઈજા કરતો નહોતો. રાત્રે પણ નોકરો તેની પાસે થઈને વિના સંકોચે પસાર થઈ જતા હતા. ઘણી વખત સર્પ વાડીમાં ફરવાની મોજ માણતો જોવામાં આવતો હતો. કૃષ્ણા કહે છે, કે 'સામાન્ય માન્યતા એવી હતી કે જયાં સુધી સર્પ અમારા કુટુંબની રક્ષા કરતો હતો, ત્યાં સુધી અમારા ઘર પર કંઈ દુ:ખ આવશે નહિ: અમારા ભાગમાં તો ફક્ત દોલત અને અભ્યુદય જ રહેવાનાં.'

૧૯૨૦માં કોઈ વખતે એક નવા નોકરને તેની બીક લાગી. તે સર્પથી ડરવા લાગ્યો અને તેણે નિર્દોષ સર્પને મારી નાખ્યો. તે દિવસથી નહેરુ કુટુંબની આર્થિક અવનતિ શરૂ થઈ. ત્યાર પછી ટૂંક વખતમાં મોતીલાલજીએ વકીલાત છોડી દીધી અને તે રાજકીય ચળવળમાં દાખલ થયા. મોજશોખનાં સાધનોથી ભરપૂર ઘરનું સાદા રહેઠાણમાં પરિવર્તન થયું. જવાહર તથા મોતીલાલજી જેલમાં ગયા.

કૃષ્ણા લખે છે, કે 'નોકરોએ આ અમારા કહેવાતા કમનસીબનું આરોપણ સર્પના મૃત્યુ પર કર્યું.'

પરંતુ સાચી વાત તે નહોતી. જનતા માટે નહેરુ કુટુંબ સર્વસ્વ અર્પણ કરે તે તેનું મહદ્‌ભાગ્ય હતું. ઘરના સર્પને મારી નહેરુ કુટુંબ શાહીવાદના સર્પ માટે ઊઠ્યું હતું. હવે તે કુટુંબને શાહીવાદના સર્પ સાથે કામ લેવાનું હતું. તે સર્પને હિંદુસ્તાનની વાડીઓમાં હરવાફરવાની છૂટ હતી. જો અંગત મિલકતના સર્પનો નહેરુ કુટુંબે નાશ ન કર્યો હોત, તો તે શાહીવાદના સર્પને હંફાવી શકત નહિ. તેથી તેણે જોખમ ખેડ્યું અને તે પણ બહાદુરીપૂર્વક.

નહેરુ કુટુંબ પોતાનો ભૂતકાળ ભૂલી ગયું. ભૂતકાળના વૈભવનું નહેરુઓએ સ્મરણ પણ કર્યું નહિ. તેઓ રાજકારણમાં ઊંડા ને ઊંડા ઊતરતા ગયા. આ રીતે રાષ્ટ્રવાદે આગેકૂચ કરી અને નહેરુઓએ તે આગેકૂચમાં સાથ આપ્યો. પિતા, માતા, ભાઈ, બહેન બધાં આગળ આવ્યાં. વિજયાલક્ષ્મી પણ પછાત નહોતાં. કાર્યના આનંદમાં તે જોડાઈ ગયાં.

[૨]

શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિત પોતાના ભાવિ પતિને કેવા વિચિત્ર સંજોગો હેઠળ મળ્યાં તેનું વર્ણન કદાચ પહેલી વાર આપવામાં આવે છે.

આપણે સિવિલ મેરેજ, ધર્મવિધિ પ્રમાણે

લગ્ન તથા ખૂબ સંવનન પછી થતાં વિષે સાંભળ્યું છે, પણ ભલામણથી લગ્નો કોને સ્વપ્ને પણ ખ્યાલ આવે? છતાં વિજયાલક્ષ્મીનું રણજિત પંડિત નું લગ્ન તે પ્રકારનું હતું. લગ્નનું નક્કી ની નવીનતા લગ્ન કરતાં પણ વધારે ક છે. હવે એ ગોઠવનાર મહાત્મા ના અંગત મંત્રી સ્વ. મહાદેવ દેસાઈ આ વાત અત્યારે ખુલ્લી કરી શકાય છે. ગાંધીજી આ બાબતમાં સંડોવાયેલા કે શું?

તેમનો આ લગ્નમાં હિસ્સો હતો તે સંશય છે. ગાંધીજી નહેરુકુટુંબમાં જે ઈ રહ્યા હતા તે જોતાં, તેમના સહ- વિના મહાદેવભાઈએ આ લગ્ન ગોઠ- નું માથે લીધું ન હોત.

૧૯૨૦નું ઐતિહાસિક વર્ષ હતું. ત્યારે ઐતિહાસિક સવારે મહાદેવભાઈ આનંદ ભવનમાં પહોંચી ગયા. તેમણે વિજયાલક્ષ્મીને ર્ન રિવ્યુ'નો એક લેખ વાંચવાની ભલા- કરી. તે લેખ તેમના એક પ્રિય મિત્રે હતો. તેનું વર્ણન કરતાં મહાદેવભાઈ- એ જણાવ્યું કે 'તે તેજસ્વી તથા ખૂબ પ્રેમ તેવો યુવક છે.' લેખનું મથાળું 'ગુરુ- દેવ' હતું. લેખકનું નામ રણજિત પંડિત . શ્રી. દેસાઈના વર્ણન પ્રમાણે 'તે કાઠિ- વાડના બહુ જ સંસ્કારી તથા સાહિત્ય- મી બેરિસ્ટર હતા.' મહાદેવ દેસાઈ અને રણજિત પંડિત કોલેજમાં સાથે ભણતા હતા. મહાદેવ દેસાઈ મારફત સ્વરૂપ(વિજયા- લક્ષ્મી)ને રણજિત પંડિતની ઓળખાણ થઈ. થી તેમની સાથે તેમનાં લગ્ન થયાં.

રણજિત પંડિતે પૂછ્યું, 'તમે મારી લગ્ન કરશો? તમારી પાસે પહોંચવા સેંકડો માઈલ દૂરથી અહીં આવ્યો છું. ઘણા પુલો ઓળંગ્યા છે, અને ભવિષ્યમાં મારે અને તમારે હાથોહાથ મિલાવીને પુલો ઓળંગવા જોઈએ.'

[૩]

સર રઘુનાથ પરાંજપેના રેખાચિત્રમાં વીર સાવરકરના એક પ્રસંગનો ઉલ્લેખ છે.

વીર સાવરકર ફર્ગ્યુસન કોલેજમાં વિદ્યાર્થી હતા. સર રઘુનાથ કોલેજના પ્રિન્સિપાલ હતા. સર રઘુનાથને આ બંડખોર વિદ્યાર્થી વિષે પૂછવામાં આવતાં તેમણે જણાવ્યું, કે 'તે હોશિયાર ચળવળિયા હતા. આજના× મહેરઅલીની માફક સાવરકર અંગ્રેજી તથા મરાઠી સરસ બોલતા હતા. તે બી. એ.ના વર્ગમાં હતા ત્યારે મારે તેને પચીસ રૂપિયા દંડ કરવો પડ્યો હતો અને તેમને કોલેજની હોસ્ટેલમાંથી કાઢી મૂકવા પડ્યા હતા.

મને પાછળથી ખબર પડી કે તે તિલક પાસે ગયા હતા અને તેમની મદદની માગણી કરી હતી, પરંતુ તિલકે તેમને કોલેજના શિસ્તભંગ માટે તથા કોલેજના મકાનમાં વધારેપડતી ચળવળ ચલાવવા માટે ઠપકો આપ્યો હતો.

ઘણાંને યાદ હશે કે સાવરકરની સાઠમી જન્મતિથિના મહોત્સવ પ્રસંગે મુંબઈની સભામાં સર રઘુનાથે પ્રમુખપદ લીધું હતું. ત્યારે તેમણે જણાવ્યું, કે 'સમયના વહેવા સાથે સાવરકરમાં પરિવર્તન આવ્યું છે અને તે ગંભીર થયા છે.' સાવરકરે આ મુબારકબાદીનો અસ્વીકાર કરતાં જણાવ્યું, કે 'હું તો હતો ત્યાંનો ત્યાં જ છું, પરંતુ શ્રી. પરાંજપેએ પ્રગતિ કરી છે!'

[૪]

હિંદી રાષ્ટ્રીય મહાસભાની અમૃતસરની બેઠકમાં મૌલાના મહમદઅલીએ એક રાજા તથા તેના કવિની વાત કરી હતી. તે વાતને

×આ મહેરઅલીના મૃત્યુ પહેલાં લખાયું છે.

આજે ૨૫ વર્ષો વીતી ગયાં છે, છતાં મહાત્માજીએ ડૉ. જયકરને લખેલા પત્રથી તે વાતનું સ્મરણુ થાય છે. ૧૮૧૮ના ત્રીજા કાયદા હેઠળ લાંબા સમય સુધી કારાવાસ ભોગવીને અલીભાઈઓ બેઠકના સમયે જ છૂટા થયા હતા.

અલીભાઈઓએ જણાવ્યું કે 'અમને પકડ્યા ત્યારે દેશની જે રાજકીય પરિસ્થિતિ હતી તેમાં કશો યે ફેરફાર થયેલો ન હોવાથી અમારા વર્તનમાં પણુ કશો ફેરફાર થશે નહિ અને તેથી અમને ફરીથી પણુ પકડવામાં આવે.' આ પરિસ્થિતિ બતાવવા માટે મૌલાના મહમદઅલીએ નીચેની વાત કહેતાં સઘળા ખડખડાટ હસી પડ્યા હતા; પરંતુ તે વાતમાં ગંભીર અર્થ રહેલો હતો.

'એક કવિ હતો. આ કવિ રાજાનો બહુ માનીતો હતો; માનીતો હોવા છતાં કવિ સ્વતંત્ર મગજનો હતો. દેશમાં ગરીબાઈ તથા અંધાધૂંધી જોઈ તેણુે એક કવિતા રચી. આ કવિતા લોકોમાં બહુ વખણાઈ, પરંતુ રાજા તેથી છેડાઈ પડ્યો. રાજાએ કવિને કેદખાનામાં પૂરવાનો હુકમ કર્યો. વર્ષો સુધી કવિ કેદખાનામાં સબડ્યો. ત્યાં તેણુે કોલસા વતી ભીંતો પર કવિતા લખવા માંડી. વર્ષો પછી કવિએ રાજાનો મુશાયરો કર્યો. જ્યારે બધા કવિઓ ભેગા થયા ત્યારે રાજાને અચાનક પોતાનો જેલમાં સબડતો કવિ સાંભર્યો.

'રાજાએ તો તરત જ હુકમ ફરમાવ્યો, કે 'કવિને કેદખાનામાંથી મુક્ત કરીને અહીં લાવો.' કવિને મુક્તિ મળતાં સ્વાભાવિક રીતે જ આનંદ થયો. પાછળથી તેને ખબર પડી કે રાજા તેને બોલાવે છે. દરબારમાં પહોંચતાં કવિએ જોયું કે ત્યાં તો મુશાયરા માટે બધા કવિઓ ભેગા થયા છે. તેથી તેને તો આશ્ચર્ય તથા મૂંઝવણુ થયાં.

'કવિ રાજાને નમન કરી તેના હુકમની રાહ જોતો ઊભો. રાજાએ કવિને જણાવ્યું કે 'મુશાયરો ભર્યો છે, આખા રાજ્યના કવિઓ અત્રે આવ્યા છે. મને થયું કે મારા માનીતા કવિને મારે છોડવો. મારે તારી પાસેથી કારાવાસ દરમિયાન રચાયેલ નવી કવિતા સાંભળવાની ઇચ્છા છે.' કવિ થોડી વાર તો નીચું જોઈ રહ્યો. પછી માનપૂર્વક અદબ બજાવી સભામાંથી ચાલતો થયો અને ગાંડા માણસની માફક કેદખાના તરફ દોડવા લાગ્યો. રાજાએ કવિની પાછળ પોતાના માણસોને દોડાવ્યા. તેઓ કવિને સભામાં પાછો બોલાવી લાવ્યા.

'રાજાએ ખૂબ જિજ્ઞાસાથી કવિને આવી અસામાન્ય તથા અપમાનકારક વર્તણૂકનું કારણ પૂછ્યું. કવિએ નમન કરીને જવાબ આપ્યો : 'નામદાર, જ્યારે મને છૂટો કરવામાં આવ્યો, ત્યારે મેં આશા રાખી હતી કે આપ મને કવિ તરીકે ભૂલી ગયા હશો અને ફક્ત કેદી તરીકે જ આપે મને યાદ કર્યો હશે. જ્યારે મને દરબારમાં બોલાવ્યો ત્યારે મેં એવી આશા રાખી હતી કે બહુ ભાગે આપ નામદાર એક વૃદ્ધ મનુષ્ય પર દયા લાવીને મને આપનો ચોપદાર અથવા રસોઇયો નીમશો. આવી ગમે તે નોકરીમાં હું ખૂબ સુખી થયો હોત; પરંતુ જ્યારે આપ નામદારે મને કવિતા વાંચવાનો હુકમ કર્યો ત્યારે અંતે લાગ્યું કે જેલમાં ગયા પછી મારા કાવ્યમાં કંઈ સુધારો થયો નહોતો. મારાં કાવ્યો વાંચીને આપ નામદારનો રોષ વહોરીને કદાચ મારું માથું ગુમાવવાનો પ્રસંગ આવે તે કરતાં સ્વેચ્છાથી કેદખાનાની કોટડીમાં જવાનું મેં વધારે પસંદ કર્યું.'

મહાત્માજીની સ્થિતિ પણ કવિની સ્થિતિના જેવી જ હતી.

[૫]

સારણુગઢના રાજા રાજાબહાદુર જવાહરસિંગ એક વખત પોતાની બ્યુક મોટરમાં

ગામડાંઓમાં ફરવા નીકળ્યા હતા; શ્વાસપુર પરગણાના એક ગામડિયાએ મોટરને ભાડૂતી ટેકસી તથા રાજા- તેના હાંકનાર માની લીધા. તેણે ગાડી ઊભી રખાવીને સારણગઢથી દૂર આવેલ બસએલા લઈ જવાનું તે માટે બે આના આપવાનું કહ્યું. ગરીબાઈ દર્શાવીને બે આનાથી વધારે આપવાની પોતાની અશક્તિ બતાવી તે થાકી ગયેલ હોવાથી તેટલું ચાલી તેમ નથી તેમ જણાવ્યું.

રાજાબહાદુરે તો બીજા મોટર હાંકનારની તેની જ્ઞાતિ પૂછી. તે માણસે જણાવ્યું ગૌડ છું.' રાજાબહાદુરે કહ્યું, 'ત્યારે આપણે સગા નીકળ્યા.' તેની પાસેથી બે લઈને તેને પોતાની પાસે બેસવાનું કહ્યું. પછી તો રાજાબહાદુરે ગામ વચ્ચે મોટર લીધી. લોકો લળીલળીને તેમને કરતા હતા, પણ આ મોટર હાંકનાર ગામના રાજા છે તેવી જરા પણ તે ગામડિયાને આવી નહિ. આસ- ટોળાં પ્રત્યે ધ્યાન આપ્યા સિવાય તો વાતોનાં ગપ્પાં મારતો હતો મોટરની સહેલ માણતો હતો. મોટર પાસે ઊભી રહી. રાજાસાહેબે ને મોટરમાંથી ઊતરી અંદર આવ- કહ્યું. તેને આખો મહેલ બતાવવામાં પછી જમાડીને ભાડા માટે એક આપી તેને વિદાય કરવામાં આવ્યો.

[૬]

મહમદઅલી ૧૯૪૭માં મૃત્યુ એક લેખક તેમના જીવનનો એક પ્રસંગ આપતાં જણાવે છે, કે તેમની મૃત્યુશય્યા પર હતી. તે વખતે કાર્ય માટે મૌલાના મહમદઅલીની જરૂર હોવાથી તે પુત્રી સાથે સઘળો સમય રહી શકે તેમ નહોતા. બેગમે મૌલાનાને રાષ્ટ્રીય કાર્ય માટે ખુશીથી રજા આપી અને માંદી પુત્રીની સારવારનો બધો બોજો પોતે માથે ઉપાડી લીધો.

પુત્રી મૃત્યુ પામી ત્યારે મૌલાના હાજર નહોતા. મૌલાનાની જગ્યાએ બીજો કોઈ મનુષ્ય હોત તો તેણે ઘર તરફની તથા અંગત ફરજની વેદી પર રાષ્ટ્રીય કાર્યનું બલિદાન આપ્યું હોત. તે જ પ્રમાણે બેગમના સ્થાને કોઈ બીજી સ્ત્રી હોત તો તેણે મૃત્યુશય્યા પર પડેલ પુત્રીની છેલ્લી અવસ્થામાં પતિને ઘેર રહેવા માટે દબાણ કર્યું હોત અથવા વિનંતી કરી હોત. પરંતુ બન્ને મજબૂત છાતીનાં હતાં અને તેથી સામાન્ય મનુષ્યો–પુરુષો તથા સ્ત્રીઓ બન્ને–માં ન મળતા ગુણો તેમનામાં મળી આવતા હતા.

[૭]

શ્રીમતી કૃષ્ણા હઠીસિંગે નીચેના પ્રસંગનું વર્ણન કર્યું છે:

સોવિયેટ સરકારના બધા અતિથિઓના માનમાં એક મોટું રાજ્યભોજન આપવામાં આવ્યું હતું. લાંબી દાઢીવાળા તથા છાપ પડે તેવા દેખાવના બે કોમિસાર વચ્ચે મારે બેસવાનું થયું. બંને ખૂબ મોહક હતા અને તેઓ છટાદાર અંગ્રેજી તથા ફ્રેંચ ભાષા બોલતા હતા. ભોજનસમારંભ લાંબો ચાલ્યો. મને તરસ લાગી હતી, પણ પીવા જેવું કંઈ લાગ્યું નહિ. કોમિસારને પૂછવાની મારી ઇચ્છા નહોતી. આ સિવાય કંઈ પી શકાય તેવું છે કે કેમ તે જોવાને મેં મારી દૃષ્ટિ ચારે બાજુએ ફેરવી. દરેક રકાબી પાસે નાના પ્યાલા પડેલા મેં જોયા. તેમાં સાદું પાણી હોવાનું મને લાગ્યું. મેં તે લેવાને મારો હાથ લંબાવ્યો પણ એક કોમિસારે મારો તથા પોતાનો ગ્લાસ ભરી દીધો. મેં તેને તે પી જતાં જોયો. મને પણ ખૂબ

તરસ લાગેલી હોવાથી મેં તે પીવાનું શરૂ કર્યું. હજુ અર્ધો પ્યાલો પિવાઈ રહ્યો નહોતો ત્યાં તો મને ગૂંગળામણ થવા લાગી. મારું ગળું બળવા લાગ્યું. આંખોમાંથી આંસુની ધારા થઈ. મેં ધીમેથી પ્યાલો મૂકી દઈ મારી પાસે પડેલ ખોરાકના બેત્રણ કોળિયા ખાધા. થોડા સમય પછી મને જરા ઠીક લાગ્યું. મને પાછળથી ખબર પડી કે મેં પીધેલ વસ્તુ પ્રખ્યાત રશિયન વોડકા (દારૂ) હતો, નહિ કે પાણી!

[૮]

રશિયાના ઝારના હાથમાં કરોડો લોકોનું ભાવિ અવલંબતું હતું. તે વખતે મેક્સિમ ગોર્કીએ સ્વૈચ્છિક દેશવટો પસંદ કર્યો. વર્ષો પછી તે રશિયા પાછો ફર્યો ત્યારે આખું રશિયા ઉત્સવઘેલું બની ગયું. તેના માનમાં ઘેરઘેર લાખો ધ્વજ ટિંગાડવામાં આવ્યા, પ્રદર્શનો ભરવામાં આવ્યાં તથા એક જ દિવસમાં તેનાં પુસ્તકોની કેટલીયે આવૃત્તિઓ તથા લાખો નકલો ઉપડી ગઈ.

સૈકાઓની પરાધીનતા પછી કોઈ દેશ અચાનક સ્વતંત્રતા પ્રાપ્ત કરે અને ત્યાં જે આનંદ થાય તેવો જ આનંદ આ લોકકવિના પ્રત્યાગમનથી દેશમાં ફેલાઈ રહ્યો હતો. ગોર્કીને જાણે વૃદ્ધાવસ્થામાં યૌવન પ્રાપ્ત થયું હોય તેમ લાગ્યું. ત્યાર પછીનાં તેનાં ભાષણો તથા લેખો સોવિયેટની યુવાન પ્રજાને પ્રેરણાદાયક હતાં. તે જીવતો હતો ત્યારે આ પ્રજા તેને પૂજતી હતી અને આજે પણ તેના પ્રતિ અપૂર્વ માન તથા પ્રેમની લાગણીથી જુએ છે. એક શહેરને તેનું નામ આપવામાં આવ્યું છે.

[૯]

લેનિનને જે લોકો ફક્ત ક્રાંતિકાર તરીકે જ જાણે છે તેમને જાણીને આશ્ચર્ય થશે કે તેને કવિતા પ્રત્યે અનહદ પ્રેમ હતો તથા શ્રેષ્ઠ ગ્રંથોનો તથા સમકાલીન લેખકોમાં અભ્યાસી હતો. થોડા સમય પહેલાં પ્રસ થયેલાં 'લેનિનનાં સ્મરણો'ના પરિશિષ્ટ લેનિનમાં કવિનો આત્મા કેવો રહ્યો તેનું આપણને સ્પષ્ટ દર્શન થાય છે. એ કહેવાય છે કે લેનિન એક વખત એમ બો ઊઠેલો, કે 'જો ક્રાંતિની આવશ્યકતા ન હો અને લોકોના હિત માટે વિજય પ્રાપ્ત ક વાનો ન હોત, તો હું ઉમર ખય્યામ વાંચ રાચતો હોત.' એવું પણ કહેવાય છે મહાન સંગીત સાંભળીને તેણે કાનમાં પૂમડાં ભરી દીધાં અને કહ્યું કે 'મારે સંગીત સાંભળવું નથી. તે મને ક્રાંતિથી દૂર લઈ જશે.'

તેની પત્ની ક્રૂપ્સ કયા આપણને કહે છે, કે 'તેમને જેટલો કવિતાનો શોખ હતો તેટલો જ તેમને સંગીતનો શોખ હતો. મારી સાથે તે નાટકશાળામાં આવતા, પુસ્તકો વાંચતા તથા ગવૈયાઓને સાંભળતા હતા. કેટલીક વાર તો તે ક્રાંતિકારી ગીતો તેમની સાથે ગાવા લાગી જતા.'

[૧૦]

એક દિવસ વિદ્યાસાગર પોતાના અભ્યાસ-ગૃહમાં જતા હતા, ત્યાં એક ભૂખ્યો નાનો છોકરો તેમની પાસે દોડી આવ્યો અને બોલ્યો કે 'હું ભૂખે મરું છું, મને પૈસો આપો.' વિદ્યાસાગર થોડીવાર અટકીને તે છોકરા સામે જોઈ રહ્યા. છેવટે તેમણે પૂછ્યું, 'જો હું તને બે પૈસા આપું તો તું શું કરીશ?' છોકરો પહેલાં તો સમજ્યો કે વિદ્યાસાગર મારી મશ્કરી કરે છે, તેથી તેણે ફરીથી એક જ પૈસાની માગણી કરી.

વિદ્યાસાગરે કહ્યું, 'હું તને ખાતરીથી કહું છું કે હું તને બે પૈસા આપીશ, પરંતુ તું મને પહેલાં કહે કે તું તેનું શું કરીશ!' છોકરાએ કહ્યું, 'હું તેનું ખાવાનું લઈશ.' 'જો હું બે આના આપું તો?' છોકરાએ કહ્યું

થી એક આનો હું મારી માને આપીશ.' હું તને ચાર આના આપું તો ?' છોક- ધાર્યું કે તે કંઈ આપશે નહિ અને તે ચાલ્યો જતો હતો, ત્યાં વિદ્યાસાગરે હાથ પકડીને તેને ઊભો રાખ્યો અને 'હું જરૂર તને ચાર આના આપીશ. તું તેનો શો ઉપયોગ કરીશ તે મને કહે.'

છોકરાએ જવાબ આપ્યો, 'મુરબ્બી, હું આનાના ચોખા લઈશ અને તે મારી માને આપીશ. બીજા બે આનાની ફેરી હું તે શ્રીમંતોને ચાર આનામાં વેચીશ !'

આ ઉપરથી વિદ્યાસાગરે ખીસામાંથી કાઢીને છોકરાને આપ્યો. છોકરો તો થતો દોડી ગયો. આ રીતે આ મહા- તે છોકરાની તાત્કાલિક જરૂરિયાત પાડી; એટલું જ નહિ પરંતુ સદાને તેનો દુઃખમાંથી ઉદ્ધાર કર્યો અને તેને ની આવકનું સાધન મેળવી આપ્યું. લિક જરૂરિયાત પૂરી પાડવા માટે ગમે પૈસા વેડફી નાખવા તે કંઈ કામનું નથી. હંમેશ માટે દૂર કરવી તે જ ખરું નું છે. તેમાં થોડું વધારે ખર્ચ થાય, પણ તેથી ઘણો વધારે ફાયદો થાય તે આંતરરાષ્ટ્રીય સંપત્તિ નીવડે છે.

અત્યારના ભિખારીઓનો પ્રશ્ન હાથમાં આવી અસામાન્ય પરિસ્થિતિમાં– ને અલ્પ મદદ કરી તે જ સ્થિતિમાં કરતાં થોડાને પૂરેપૂરી મદદ કરવી તે વધારે સારું છે.

હું એક વિદ્યાર્થીને ઓળખું છું. તે ઘેર સાબુ બનાવતાં શીખ્યો હતો. તેને એક ચૌદ–પંદર વર્ષની ઉંમરનો ભિખારીનો છોકરો મળ્યો. તે પ્રામાણિક તથા ચબરાક દેખાતો હતો. તેને થોડા પૈસા આપવાને બદલે ઘેર બનાવેલ સાબુની ગોટીઓ આપી અને તે અમુક કીમતે વેચીને પોતાની પાસે આવવા જણાવ્યું. એક મહિના પછી તે છોકરો નિશાળના બાળકોને ગુલાબચકરી, સોપારી, એલચી તથા સાબુ વેચીને પોતાના ગુજરાનપૂરતા પૈસા પેદા કરતો હતો. કેટલાક બાળકોને કાંતવાનું, વણાટકામ, બાગાયત, સુતારકામ તથા કડિયાકામ જેવા હુન્નરો શીખવી શકાય. બહુ જ થોડા સમયમાં તેઓ તેનાથી ટેવાઈ જશે અને ઉપયોગી શહેરી થઈ પડશે.

હું હૈદ્રાબાદના એક મનુષ્યની વાત જાણું છું. તેણે ભૂખે મરતા લગભગ એકસો માણસોને ભેગા કર્યા. તેમાં મુખ્યત્વે છોકરા તથા સ્ત્રીઓ હતાં. તેણે તેમને પોતાના વાડામાં આશ્રય આપ્યો અને તેમને રૂ તથા ચરખા આપ્યા. જ્યારે હું શહેરમાંથી નીકળ્યો ત્યારે મને જણાયું કે તે એક કાંતણસંસ્થા થઈ ગઈ હતી અને સરકાર તેને મદદ આપવાનો વિચાર કરી રહી હતી. ત્યાં ગમે તે આવીને કાંતતો અને તેને તેના કામ પ્રમાણે પૈસા મળતા હતા. દાનમાં પણ જરા જેટલી સાવધાની તથા કલ્પના રાષ્ટ્રીય સેવાની ગરજ સારે છે.

*

આવતો અંક–દિવાળી અંક

'અખંડ આનંદ'નો ઑક્ટોબર અંક ઑક્ટોબરની ૧લી તારીખે નહીં, પરંતુ ૧૦મીએ દિવાળી અંક તરીકે પ્રગટ થશે. ગુજરાતભરના શ્રેષ્ઠ વિચારકો ને લેખકોના સહકારથી તૈયાર થનારા આ અંકમાં બસો પાનાંની નક્કર વાચનસામગ્રી હશે.

ડેન્માર્કની એક આધ્યાત્મિક કથા

માનો જીવ

અનુવાદક :
શ્રી નટવરલાલ જાની

મા તેના માંદા પુત્રની પથારી પાસે બેઠી હતી. તેના મોં પર ઉદાસીનતાની રેખાઓ પ્રસરી ગઈ હતી. તેને ખાતરી થઈ ગઈ હતી કે હવે તેનો પુત્ર મૃત્યુના મોં સુધી પહોંચી ગયો હતો. છોકરાનું નાનું પણ સુંદર મોં પીળું પડી ગયું હતું. આંખો બંધ હતી. તેને શ્વાસ લેતાં પણ ઘણી જ મુશ્કેલી પડતી હતી. કોઈ કોઈ વખત તો એમ જ લાગતું કે તેનો આ છેલ્લો જ શ્વાસનો ઘૂંટડો હશે. આવી વેળાએ આ નાના બાળકના મૃત્યુ અને જીવનના તુમુલ યુદ્ધનું દૃશ્ય માની નજર સમક્ષ પડવા લાગતું. તે વિચારમગ્ન બની જતી.

આ વખતે બારણે ટકોરા સંભળાવા લાગ્યા. એક ઘરડો માણસ અંદર આવ્યો. તેણે શરીર પર પહેરેલાં કપડાં ઘોડાની ચામડી જેવાં જણાતાં હતાં. સંભવ છે કે ઠંડીથી બચવા માટે તેણે આમ કર્યું હોય. વધારે ઠંડીથી બચવા માટે તેને આમ કરવાની જરૂરત પણ હતી. બહારની દરેક વસ્તુ બરફથી ઢંકાયેલી હતી. ઠંડી હવાનાં મોજાં શરીર સાથે અથડાતાં ત્યારે એમ લાગતું કે જાણે કોઈ શરીરમાંથી માંસના લોચા કાપી લેતું હતું.

આ ઘરડા માણસે અંદર પગ મૂકયો કે તુરત જ માંદા પુત્રના ઓશીકા પાસે બેઠેલી મા ઊભી થઈ ગઈ અને રસોડા તરફ પગલાં ભરવા લાગી. આ વૃદ્ધને પીવા માટે ચાની વ્યવસ્થા કરવા માટે પણ તે ઊભી થઈ હોય. તે વૃદ્ધ ત્યાં પડેલી એક ખુરસી પર બેઠો. બાળકની મા પણ પાછી ફરી અને બાળકની પાસે બેઠી. પછી માતાએ લાંબો શ્વાસ લઈને કહ્યું :

'મને લાગે છે કે હું મારા પુત્રને બચાવી શકીશ. ઈશ્વર તેને અમારાથી જુદો ન પાડે એ જ પ્રાર્થના !'

તે વૃદ્ધ 'મૃત્યુનો દેવ યમરાજ' હતો. તેણે એવી વિચિત્ર રીતે માથું હલાવ્યું કે 'હા' કે 'ના'માં કશો તફાવત જ સમજાયો નહીં. માએ તેની આંખો નીચી ઢાળી લીધી. આંસુનું એક ટીપું તેના ગાલ પર સરકી આવ્યું. તેનું મગજ ભારે થઈ ગયું હતું. લાગલાગટ ત્રણ દિવસ અને ત્રણ રાત સુધી તેણે આંખ મીંચી નહોતી. તેને એક ક્ષણ માટે ઝોકું આવી ગયું. ઠંડી હવાનું એક મોજું આવ્યું અને તે જાગી ઊઠી.

'અરે !' તે ચોંકી ઊઠી. તેણે તેની ચારે તરફ જોયું. તે ઘરડો માણસ જતો રહ્યો હતો અને તેની સાથે બિચારી માનો માંદો પુત્ર પણ જતો રહ્યો હતો. ખૂણામાં તેની જૂની ઘડિયાળ ખટખટ અવાજ કરતી ચાલતી હતી. આ ઘડિયાળ પણ જમીન પર પડી અને તેની ખટપટ પણ બંધ થઈ ગઈ.

નિરાધાર મા તેના પુત્રના નામની બૂમો પાડતી બહાર દોડી.

કાળાં લૂગડાં પહેરીને એક સ્ત્રી બહાર ઓટલા પર બેઠી હતી. તેને જોઈને સ્ત્રીએ કહ્યું: 'યમરાજ અત્યાર સુધી તારા ઓરડામાં હતા. મેં જોયું કે તે હમણાં જ તારા પુત્રને લઈને બહાર આવ્યા અને વીજળીની જેમ દોડી ગયા. તે જેને લઈ જાય છે તેને પાછો સોંપતા નથી.'

માએ કહ્યું: 'મને ફક્ત એટલું જ કહો કે તે કઈ બાજુ ગયા છે. તે કયે રસ્તે ગયા છે એટલી ખબર પડશે તો હું તેમની

કાઢીશ.'

સ્ત્રીએ કહ્યું : 'મને ખબર છે, પરંતુ તું મને તારા પુત્રને સંભળાવતી ગીત ગાઈ સંભળાવ. મને તે ગીત જ ગમે છે. મેં તે પહેલાં પણ સાંભળ્યું 'રાત્રિ' છું. મેં તારી આંખોમાં ગીત વખતે આંસુ પણ જોયાં હતાં.'

માએ કહ્યું: 'હું ગાઈ સંભળાવીશ, અત્યારે મને રસ્તો બતાવો, જેથી હું પકડી શકું અને મારા પુત્રને પાછો શકું.'

પરંતુ જાણે બહેરી હોય અને માના તેણે સાંભળ્યા જ ન હોય તેમ રાત્રિ બેસી રહી. પછી માએ રાત્રિનો હાથ ખેંચ્યો અને ગીત પણ ગાયું, રડી પરી. તેણે કેટલીય વાર ગીત ગાયું. આંસુ અને દુઃખને લીધે તેનું ગળું ગયું, ત્યારે રાત્રિએ કહ્યું : 'આ જંગલમાં જમણી બાજુના રસ્તે મેં યમરાજને તારા બાળક સાથે ત્યાં જતા જોયા છે.'

પરંતુ જંગલની વચ્ચે આવીને મા રસ્તો ગઈ. ત્યાં તેણે એક કાળી ઘટા જોઈ. એક પણ લીલું પાંદડું નજરે પડતું હતું. તેણે ઘટાને પૂછ્યું: 'તેં યમરાજને પુત્ર સાથે અહીંથી જતા જોયા છે?'

ઘટાએ કહ્યું: 'હા, પરંતુ જ્યાં સુધી તારા હૃદયના સ્પર્શથી અમને ગરમાવો આપે, ત્યાં સુધી રસ્તો નહીં બતામાં આવે. એટલી બધી ઠંડી પડી છે કે બરફ જેવાં થઈ ગયાં છીએ.'

પછી મા ઘટાને ગરમાવો આપવા માટે તરફ આગળ વધી. તેના કાંટા તેના શરીરમાં ભોંકાઈ ગયા. તેનું શરીર લોહીલુહાણ થઈ ગયું. આ દુઃખી માના ગરમ હૃદયના સ્પર્શથી શિયાળાની આ કાળી અંધારી રાતમાં પણ ઘટાની ઠંડી ભાગી ગઈ અને તેને નવાં પાંદડાં ઊગી નીકળ્યાં.

પછી ઘટાએ તેને રસ્તો બતાવ્યો.

મા તે રસ્તે આગળ ચાલી. તે એક મોટા તળાવને કાંઠે આવી. આ તળાવમાં એક પણ હોડી ન હતી. તળાવનું પાણી પણ તેને ઓળંગીને સામે પાર જઈ શકાય તેવું ન હતું, પરંતુ પોતાના બાળકને માટે તે ગમે તે કરવા તૈયાર હતી. તેણે બેસીને તળાવનું પાણી પીવાનું શરૂ કર્યું. બીજા કોઈને માટે આ વસ્તુ કેટલી અસંભવિત હતી! પરંતુ આ દુઃખી મા બધું જ કરી છૂટી.

તળાવે કહ્યું : 'ના, તું મને નહીં પી જઈ શકે! પહેલાં મને પ્રસન્ન કર. મને મોતી એકઠાં કરવાનો શોખ છે. તારી આંખો સફેદ છે. જો તું રડે તો તારાં આંસુ મારા પાણીમાં પડે અને તેનાં મોતી બને. પછી હું તને જ્યાં યમરાજ રહે છે તે સ્થળે પહોંચાડી દઈશ. યમરાજ ફૂલઝાડનો વેપાર કરે છે. આ ફૂલઝાડ જગતનાં મૃત્યુ પામેલાં પ્રાણીઓ હોય છે.'

માએ કહ્યું : 'ઓહ, હું મારા બાળકને મેળવવા માટે તું કહીશ તેમ કરીશ.'–અને તે ખૂબ રડી. તેની આંખો સૂઝીને લાલચોળ બની ગઈ. તળાવમાં પડેલાં તેનાં આંસુનાં કીમતી મોતી બની ગયાં. પછી સરોવરની સુંદરીએ તેને દર્શન દીધાં. માએ તેની પીઠ પર સવારી કરી. બીજી જ ક્ષણે તે તળાવને સામે કિનારે પહોંચી ગઈ. ત્યાં આશ્ચર્યમાં ગરકાવ કરી દે તેવો એક મોટો મહેલ હતો. તે ગાઉના ગાઉ સુધી લાંબો અને પહોળો હતો. તે ગુફાઓનો પર્વત હતો કે બાંધેલો મહેલ હતો તે કોઈ કહી શકતું ન હતું; પરંતુ માને કશું જોવા–વિચારવાની નવરાશ જ ક્યાં હતી? રડવાને લીધે તેની આંખો પણ ખરાબ થઈ ગઈ હતી.

માએ પૂછ્યું: 'મારા બાળકને લઈને નાસી ગયેલા યમરાજ ક્યાં છે?'

પરિયાંવાળી એક ડોસીએ જવાબ આપ્યો: 'તે હજી સુધી અહીં આવ્યા નથી.' તે પણ યમદેવને જ શોધતી હતી. તેણે માને પૂછ્યું: 'પરંતુ તને આ રસ્તો કોણે બતાવ્યો? અહીં આવવા માટે તેં કોની મદદ લીધી હતી?'

માએ જવાબ આપ્યો: 'ભગવાનની. તે ઘણો દયાળુ છે. તું પણ દયાળુ હોય એમ જણાય છે. કહે ત્યારે, મારો છોકરો ક્યાં છે?'

ડોસીએ કહ્યું: 'મને ખબર નથી. તું તારા બાળકને નહીં જોઈ શકે. યમરાજ અહીં આવીને તુરત જ તારા પુત્રનો છોડ બનાવી દેશે. છોડ બનાવી દઈને તે તેને જમીનમાં દાટી દેશે. તને ખબર છે કે દરેક ઝાડના હૃદયના ધબકારા સંભળાય છે. તું તારા પુત્રના હૃદયના ધબકારા ઓળખી શકે તેમ છે, પરંતુ હું તને બતાવું તો તું મને શું આપીશ?'

માએ નિરાશ થઈને કહ્યું: 'હવે મારી પાસે તને આપવા માટે કશું જ નથી, પરંતુ તું કહે તેમ કરવા તૈયાર છું.'

ડોસીએ કહ્યું: 'મારે તારી પાસેથી કંઈ જ લેવું નથી. મને તું ફક્ત તારા લાંબા કાળા વાળ ઉતારી આપ. મને તારા વાળ ગમે છે. બદલામાં તું મારા સફેદ વાળ લઈ શકે છે.'

માએ કહ્યું: 'તારે ફક્ત એટલું જ જોઈએ છે ને? હું મારા વાળ તને રાજીખુશીથી આપી દઉં છું.'–અને તેણે તેના સુંદર કાળા વાળ કાપી આપ્યા અને બદલામાં તેના સફેદ વાળ લીધા.

પછી બન્ને જણ યમરાજના ભયાનક બાગમાં પ્રવેશ્યાં. ત્યાં ખરેખર જ ઘણાં સુંદર ફૂલઝાડના છોડવાઓ હતા. આ ઝાડોનું રક્ષણ કરનારા સાપ પણ હતા. ત્યાં જુદી-જુદી જાતનાં કેટલાંય ઝાડ હતાં–તાડ, આંબો, કેરી ઇત્યાદિનાં. દરેક ઝાડ અને ફૂલનાં જુદાંજુદાં નામ હતાં. ખરી રીતે આ બધાં મૃત્યુ પામેલાં માનવીઓ હતાં. તેઓ અત્યારે પણ જીવતાં હતાં–કોઈ ચીનમાં, તો કોઈ ગ્રીનલેંડમાં: આ રીતે જગતમાં કોઈ ને કોઈ સ્થળે. ત્યાં કેટલાંક મોટાં નાનાં ઝાડ કૂંડામાં હતાં અનેકેટલાક નાના છોડવા સારી જમીનમાં રોપેલા હતા.. મા બધા નાના છોડને ભેટી વળી. તેણે તેમના હૃદયના ધબકારા સાંભળ્યા. છેવટે તેણે તેના પુત્રને ઓળખી લીધો.

'આ રહ્યો!' તેણે બૂમ મારી. તેણે બન્ને હાથે છોડને પકડી લીધો. તે છોડ એકદમ અશક્ત અને પીળો હતો.

ડોસીએ કહ્યું: 'ફૂલને અડકીશ નહીં. તું ત્યાં જ ઊભી રહેજે. યમરાજને આવવા દે. હવે તેમના આવવાની તૈયારી છે. યમરાજને છોડ ઉખાડવા દઈશ નહીં. જો તે છોડ ઉખાડવાની હઠ પકડે તો તેમને ધમકાવજે, કે તું બધા જ છોડને ઉખેડીને ફેંકી દઈશ. તારા આ શબ્દોથી તે ડરી જશે, કારણકે સ્વર્ગમાંથી આજ્ઞા આવે તો જ તે તેમને સ્પર્શી શકે તેમ છે.'

આ વખતે ત્યાં વંટોળિયા જેવું તોફાન ઊપડ્યું. માએ માની લીધું કે યમરાજની પધરામણી થઈ.

યમદેવે પૂછ્યું: 'તને અહીંના રસ્તાની કેવી રીતે ખબર પડી? અને તું મારાથી પણ પહેલાં કેવી રીતે આવી શકી?'

માએ કહ્યું: 'હું મા છું ને એટલે!'

યમરાજે છોડને ઉખેડવા માટે હાથ લંબાવ્યો. માએ તેમનો હાથ પકડી લીધો. યમરાજનો શ્વાસ માના હાથને સ્પર્શવા લાગ્યો. માને થયું કે યમરાજનો શ્વાસ બરફના તોફાનથી પણ વધારે ઠંડો હતો.

હાથ ઢીલા પડી ગયા.

યમદેવે કહ્યું: ‘તારું મારી આગળ ચાલે તેમ નથી.’

માએ જવાબ આપ્યો: ‘પરંતુ દયાળુ નું ચાલી શકે તેમ છે ને?’

એ કહ્યું: ‘હું પણ ભગવાનની પ્રમાણે જ વર્તું છું. હું તેના આ માળી છું. હું તેનાં વૃક્ષો અને ઓને આ સ્વર્ગના બાગમાંથી ઉખાજાણ્યા સ્થળે રોપી આવું છું. કોઈને ખબર પડી શકતી નથી.’

‘મારા પુત્રને તમે પાછો આપી દો,’ કહ્યું અને તે રડવા લાગી. તેણે બે પકડી લઈને કહ્યું: ‘યમરાજ, હું ાં બધાં ફૂલનો નાશ કરી દઈશ. હું થયેલી છું.’

યમરાજે કહ્યું: ‘તેને અડકીશ નહીં. કે તું એક દુઃખી મા છે. પછી તું કોઈ માને શા માટે દુઃખી બનાવે છે?’

‘બીજી મા!’

માએ ચમકીને કહ્યું અને ફૂલ છોડી દીધાં.

‘તું તારી આંખો સરોવર પાસે માગી મને ખબર નહોતી કે તેં રડીરડીને આંખો ખોઈ હતી. હવે તારી આંખો પહેલાં કરતાં વધારે તેજવાળી બની ગઈ છે. તું જે ફૂલોનો નાશ કરવા તૈયાર થઈ હતી તેમનાં નામ હું તને કહીશ.’

માએ યમદેવની સામે જોયા કર્યું.

યમદેવે કહ્યું: ‘આ બન્ને ફૂલો ઈશ્વરની ઇચ્છાનાં પ્રતીક હતાં.’

માએ પૂછયું: ‘એમાંથી કઈ સદ્‌ભાગ્યની અને કઈ કમભાગ્યની?’

યમદેવે કહ્યું: ‘એ બધું જાણવાની તારે જરૂર નથી, પરંતુ તું ફક્ત એટલું જ જાણી લે કે આ ફૂલોમાં એક તારો પુત્ર પણ હતો. તે સદ્‌ભાગ્યે નાશ પામતાં બચી ગયો છે.’

માએ કહ્યું: ‘આમાં મારા પુત્રનું કયું ફૂલ છે? મને બતાવો. કાં તો આ નિર્દોષ બાળકનો અહીંથી છુટકારો કરો કે તેને અહીંથી ભગવાનને ઘેર લઈ જાઓ. મારાં આંસુને ભૂલી જાઓ.’

યમરાજે કહ્યું: ‘હું તારું કહેવું સમજી શકયો નથી. તેને કયાં લઈ જાઉં? તને પાછો આપું કે કોઈ અજાણ્યા દેશમાં?’

‘ભગવાનને ત્યાં કે પછી તમારી ઇચ્છા હોય ત્યાં.’ આ શબ્દો બોલતાંબોલતાં મા ત્યાં જ ફસડાઈ પડી.

અને યમરાજ તેના પુત્રને લઈને કોઈ અજાણ્યા દેશ તરફ ચાલ્યા ગયા.

*

થોડા દિવસ એક સામાન્ય સંબંધીને ત્યાં આનંદાર્થે યોજાયેલ મેળાવડામાં એક કવિ અને સૈન્યમાં કરતા એક જનરલ બંને ભેગા થઈ ગયા. કાર્યક્રમ પૂરો થવાની તૈયારીમાં હતો ને એકદમ યજને શું સરસ વિચાર આવી ગયો તે એકદમ ઊભા થઈને મિજબાનીમાં ભેગા થયેલા સર્વ મિત્રોને કહ્યું:

‘ભાઈઓ અને બહેનો, હું એક છૂટ લઉં તો ક્ષમા કરશો. અત્યારનો વખત ઘણો જ માદક ને પ્રેરક માટે હું આપણા જાણીતા શીઘ્રકવિને અત્યારે જ કાવ્ય રચી આપણને સંભળાવવાની વિનતિ કરું છું.’

મહેમાનોને વિચાર ખૂબ ગમ્યો; તાલીઓના ગડગડાટથી એમણે આ સૂચન વધાવી લીધું; અને જ વારમાં કાવ્યસુધાનું રસપાન કરવાને આતુર બની રહ્યા. પણ એમને ખબર નહીં કે આ કવિ ક્યારેક માર્મિક કટાક્ષ કરી જાણતો હતો. કવિરાજ ઊભા થયા ને કહ્યું:

‘સજ્જનો અને સન્નારીઓ, આપણા યજમાનની માફક હું પણ એક છૂટ લઉં તો માફ કરશો. સહુના સુપરિચિત લશ્કરી અફસરને વિનતિ કરું છું કે અત્યારે જ ને અહીં યુદ્ધભૂમિ પરના તોપગોળા તેઓ આપણને સંભળાવે!’

×

આપણી રીતભાત

લેખક :
શ્રી ગોવિંદ કવિ

રોજિંદા વ્યવહારમાં આપણે કેટલા બેદરકાર છીએ કે બીજાને કેટલા હાનિરૂપ છીએ તેનો વિચાર, શિસ્તની, સ્વાસ્થ્યની ને રાષ્ટ્રની દૃષ્ટિએ ઘણીવાર કરવામાં આવતો નથી. લેખકે અહીં સ્પર્શેલા મુદ્દાઓ પ્રત્યેક વાચકે ધ્યાનમાં રાખવા જેવા છે.

ઘણાં વર્ષોથી આપણે ઘેર, રસ્તા પર, મુસાફરી અને નોકરીમાં બીજાને કેવું લાગશે એનો વિચાર કર્યા વગર જ વર્તતા હોઈએ છીએ; પરંતુ બીજા માણસોને ઘણીવાર જબરી સૂગ અને અણગમાવાળી સ્થિતિમાં મૂકી દઈએ છીએ. એમાંની થોડીક વાતો તરફ ધ્યાન ખેંચવા અહીં પ્રયત્ન કર્યો છે.

(૧) મોટેથી બોલવું : બસમાં, ગાડીમાં, રસ્તા પર કે ઘેર આપણા રસની વાતો આપણે મોટેથી કરતા હોઈએ છીએ, એમાં આજુબાજુના માણસોની શાંતિનો ભંગ તો કરીએ જ છીએ, પરંતુ એ ઉપરાંત એમને પરાણે આપણી વાતો જેની આગલીપાછલી હકીકત એ જાણતા નથી હોતા એ સંભળાવીએ છીએ. ‘શાંતિભાઈની રમાનું શું થયું?’ ‘ગોરધનભાઈનું ઠેકાણું કયાંય પડ્યું કે?’ ‘તમારા ખીસામાંથી કંઈક ચોરી થઈ હતી, નહિ?’ ‘પન તમારા વાર આવા કેમ થઈ ગયા?’ ‘તું વીરગામ જાવાનો કે?’ ‘ચ્યાંથી આયા?’ ‘આ ફેર તો અમદાવાદ જયા’તા તે મજો પડ્યો’તો.’ આ બધાં છૂટાં વાકયો આજુબાજુના માણસોને કેટલીકવાર ખૂંચે છે, એ ભૂલો તરફ કેટલાક માણસોને કંટાળો પણ આવે, પણ આપણે એનો વિચાર જ નહિ કરીએ. સ્વતંત્ર પ્રજા તરીકે શાંતિ અને બીજાને સહેજે અડચણ ન પડવા દેવાની ફરજ આપણે સૌને માથે છે. ઇંગ્લાંડ, અમેરિકામાં અને આપણા દેશના પુરાણા આશ્રમોમાં સેંકડો માણસો રહેતા હતા, પણ કોઈ ગરબડ, ઘોંઘાટ, ધાંધલ નહોતાં થતાં એ આપણે શીખ્યા વગર છૂટકો નથી.

(૨) ચાલવું કેમ? રસ્તે ચાલતાં હમેશાં એક બાજુ પર ડાફરિયાં માર્યા સિવાય અને આજુબાજુ જનાર–આવનારને આપણા હાથ-પગ, છત્રી, લાકડી, થેલી વગેરે વાગે નહિ કે એમના કપડામાં ભરાય નહિ એ રીતે આપણે જવું જોઈએ, રસ્તો ઓળંગવાનો હોય ત્યારે બન્ને બાજુ જોયા પછી જ ઓળંગીએ, રસ્તે જતાં માર્ગમાં નાનાં બાળકો, સ્ત્રીઓ, કે માંદા, વૃદ્ધ કે અપંગ માણસોને કોઈ અગવડ ન પડે તે રીતે તેમજ રસ્તામાં કાચના કકડા, કાંટા, ઈંટ કે મોટા પથ્થર, લપસી જવાય એવાં ફળનાં છોડાં કે બીજું કંઈ હોય અને આપણે ત્યાંથી જતા હોઈએ તો એને દૂર કરવાની આપણી ફરજ છે. આવી બાબતો તરફ લક્ષ્ય આપવામાં આપણને માત્ર થોડી જ ક્ષણો લાગશે, જયારે બધા જો એવી ટેવ પાડશે તો આખા દેશની એક પ્રકારની સરસ છાપ ઊઠશે અને ઘણા અનર્થોનો અંત આવશે, જીવન વધુ સરળ અને સ્વાભાવિક બનશે અને જીવનનો થાક, અણગમો કે કંટાળો દૂર થશે.

(૩) ખાવું કેમ? સમૂહમાં, ઘરમાં કે રેલસફરમાં જમતી વખતે મોટા સબડકા બોલાવીને, ચાવતી વખતે બચકારા બોલાવીને જમવાની આપણે ત્યાં ટેવ છે. ખરી રીતે કોળિયો અત્યંત શાંતિથી મોંમાં મૂકીને પછી હોઠ બંધ કરી દઈને હોઠ બંધ રાખીને આપણે જમી શકીએ. મૂળ ધ્યાન ખોરાકને બારીક કરવા પર આપવાનું છે અને એમાં

કરવાની જરૂર જ નથી, છતાં આપણે હોઈએ તો વાત જુદી; પણ સમૂહમાં ત્યારે બીજા માણસ પર આની શી પડશે? એને અણગમો આવે, ખરાબ એ બધું પણ વિચારવાની જરૂર છે. જે માં આપણે રહીએ એને ઓછામાં ડખલ કરીને રહીએ તો સમાજજીવન સરળ ને શાંત બને.

આ ઉપરાંત કેટલેક ઠેકાણે તો લોકો વખતે એટલી બેદરકારી બતાવે છે, કે ની નીચે કોળિયો પડે કે આજુબાજુ છે. આવું કોઈ સામાન્ય માણસોમાં પણ સારું ભણેલા અને મોટાં શહેરોમાં ગૃહસ્થો પણ આવી નજીવી બાબતોમાં નથી રાખતા. બીજાની લાગણીનો આપણે ત્યાં થતો જ નથી.

(૬) પીવું કેમ? પીવાનાં ઓછામાં વાસણો લઈ જવાં અને વધુમાં વધુ ને એકઠાં કરવાં એ આપણે ત્યાં ઘણી-બને છે. આપણી જાનોમાં, લગ્નનાં જમણવારોમાં કે કૉલેજના પરીક્ષા હૉલમાં બે-પ્યાલામાંથી સેંકડો માણસો પાણી પીએ દરેક વખતે વીંછળવાનું શક્ય મનાતું નથી એમ થાય ત્યારે પણ છાંટો પાણી નાંખીને ને ફેંકી દેવામાં આવે છે; જયારે પીતી વખતે ની અંદર અને બહાર એકએક ઇંચ આપણા હોઠથી પ્યાલો ખરડાશે, છતાં માણસને પોતાનું વાસણ સાથે રાખ-કંટાળો હશે. દાખલા તરીકે એક વખત રેલસફરમાં એક કુટુંબના ચારપાંચ વચ્ચે એક નાનું પ્યાલું હતું. છોક-હઠ લીધી કે 'હું તો લોટાથી જ પાણી' મેં લોટો આપ્યો. એ બાળકે પીધા આખા કુટુંબે લોટાથી જ પાણી પીધું પછી લોટો પાછો આપ્યો. જ્ઞાતિઓની આપણે મૂકી દઈએ, પણ સ્વચ્છતાને મૂકી દઈએ એ કેમ ચાલે? ગાડી સ્ટેશન પર ઊભી હતી, સાથે બેત્રણ સ્ત્રીઓ હતી પરંતુ કોઈએ લોટો સાફ કરીને ઓછામાં ઓછો એક વખત પાણીથી જ સારી રીતે વીંછળીને આપવાનો વિવેક પણ ન કર્યો. આ ગંદકી કેમ ચાલે?

એને બદલે કુટુંબ હમેશાં બાળકો પૂરતી યોગ્ય વ્યવસ્થા કરે અને બધાં મોટાં માણસો અદ્ધરથી પાણી પીવાની ટેવ પાડે તો ભારે કામ થાય, વાસણ સ્વચ્છ રહે, દર વખતે વીંછળવાથી થતો પાણીનો બગાડ બચે અને એકાદ વાસણથી મોટા સમૂહને પણ પહોંચી વળી શકીએ! સમજમાં નથી આવતું કે બાળકોને જે નાગરિકશાસ્ત્રો ભણાવાય છે, એમાં આવી બાબતો વિષે કેમ નહિ લખાતું હોય?

(૫) થૂંકવું કેમ: એ જ રીતે પાન ખાધા પછી ખરી રીતે થૂંકવાની જરૂર જ ન પડે. પાન ખાવું તો એનો બધો રસ ઉતારી જવાની ટેવ પાડયે જ છૂટકો, છતાં કોઈક કારણસર થૂંકવું પડે–તમાકુ ખાનારને ખાસ થોડોક રસ થૂંકી દેવો પડે છે–ત્યારે એના પર ધૂળ નાખવી જોઈએ, એ જ રીતે લીંટ પર, દિશાએ ગયા પછી કે લઘુશંકા બાદ જ્યાં મળે ત્યાં એના પર ધૂળ નાખી દેવાની આપણા દેશમાં એક જૂની પ્રથા છે. મહાત્મા ગાંધીએ એને પુનર્જીવિત કરેલી, આશ્રમ કે વિદ્યાપીઠમાં રહેલાં નાનાં બાળકો પણ હમેશાં થૂંકે અગર લીંટ નાંખે કે દિશાએ બેસે ત્યાં ઉપર ધૂળ નાખે છે.

ગામડાંઓમાં જ્યાં રસ્તાની આજુબાજુ મળ કરીને આવી ગંદકી થતી હોય છે, ત્યાં જો ઉપર ધૂળ વાળવામાં આવે તો ઘણું ઉપયોગી થાય. જનાર–આવનારને સૂગ ન આવે એ તો ઠીક પણ એ ઉપરાંત ઉપર ધૂળ વાળવાથી એનો રસ થઈને ભોંયમાં ઊતરશે અને ખાતર • થશે. એમ ને એમ રહેશે તો

ઉપર માખીઓ બણબણશે, કૂતરાં, ગાય વગેરે પ્રાણીઓના મોંએ જશે. એ પ્રાણીઓ આપણે ત્યાં બધે ફરે પણ છે! અને નહિ તો સુકાઈને નકામો પદાર્થ બની જશે.

(૬) દાતણ કરવું: રોજ સવારે ઊઠીએ અને જ્યાંથી શરૂઆત થાય ત્યાંથી જ આપણે સ્વચ્છતા પર વિચાર કરવો ઘટે. ખરી રીતે દાતણ કરવાની આપણી પ્રથા જ ખોટી છે. રાતના ગમે તે ખાઈને સૂઈ રહીએ એના અંશો દાંતમાં ભરાઈ રહે, આખી રાત મોંમાં રહે, સડે, એને આપણે સાફ તો કરીએ છેક બીજે દિવસે સવારે!

એને બદલે રાત્રે છેલ્લામાં છેલ્લું ખાઈ લીધા પછી દાંત સાફ કરીને સૂઈ જવાનો રિવાજ સારો છે. એથી સ્વચ્છ દાંતને આખી રાત આરામ મળે છે. છારી વગેરે જામવાનો સંભવ બિલકુલ રહેતો નથી. પરંતુ કેટલાક સવારે પાછા દાતણ કર્યા વગર જ ચા વગેરે પીએ છે એમાં પણ દોષ છે. આખી રાત મોંમાં એવું ઝેર પેદા થાય છે કે સવારે અગર રાત્રે કંઈ ઝેરી જીવડું કરડી ગયું હોય તો એ પર વાસી થૂંક ચોપડવાનો ગામડાંમાં રિવાજ છે. એ થૂંકનું ઝેર પેલા ઝેરને દૂર હઠાવી દે છે.

આવું ઝેર, સવારે ઊઠીને કેટલાક સભ્ય લોકો પણ પહેલી 'ચા પીએ' છે એમના પેટમાં જ જશે. એ જ રીતે બાળકો પણ મોં ધોયા કે વીંછળ્યા સિવાય ખાવાપીવા માગે એમને નુકસાન થવા સંભવ છે.

એટલે સવારે પણ કોગળા કરવા, દાંત સાફ કરવા, ઊલ ઉતારવી વગેરેની જરૂર છે જ. એટલે બે વખત દાતણ ન ફાવે તો રાતના મીઠાથી દાંત સાફ કરવાની આદત પાડવાથી પણ ચાલે.

જુદીજુદી જાતના પાવડર, બ્રશ વગેરે આપણા ગરીબ દેશને પોષાય તેમ નથી. એટલે બાવળનું દાતણ એ આદર્શ બ્રશ છે અને પેઢાંને સાચવીને મીઠું ઘસવામાં આવે તો બસ. મીઠા વિના માત્ર દાતણથી પણ ચાલે. બાવળના દાતણમાં ટેનિક એસિડ છે. અને આખી વાઘરી કોમનું પોષણ આજ સુધી એમાંથી જ થતું હતું.

વળી માણસના સ્વભાવ અને ઉમદાપણાની પરીક્ષા પહેલાં દાતણ પરથી જ થતી. સારામાં સારું સીધું, લીલું, પ્રમાણસર દાતણ બીજા માટે રાખે અગર બીજાને આપે અને પોતે એથી ઊતરતાથી ચલાવી લે એ સારા માણસનું તરતું લક્ષણ ગણાતું. હું ભૂલતો ન હોઉં તો મહંમદ પેગંબર સાહેબ કે એવા કોઈ બીજા ખલીફામાં એવા ગુણ હતા અને લોકો એ ગુણથી ખૂબ રાજી થતા.

ગામડામાં એક વજ્રદંતી થાય છે. એથી દાંત વજ્ર જેવા થાય એવી માન્યતા છે. લીમડાના દાતણથી મોં એકદમ સ્વચ્છ અને નીરોગી થાય માટે ઘણા લોકો એનું દાતણ પણ કરે છે. વડના દાતણથી દાંત દુખતા નથી; અણિયાર નામે બાવળ જેવું ઝાડ છે એથી પણ દુખતા નથી.

દાતણ જેવી સામાન્ય વસ્તુ તૈયાર કરવા માટે કારખાનાં હોય, મોટી પેઢીઓ હોય, પ્રચારકો અને જાહેર ખબરો હોય, એ યંત્રીકરણ જબરું થશે. જ્યારે આપણે ત્યાં એક વાઘરી કોમ એ કામ બહુ સરસ રીતે કરે છે એમાં કામની વહેંચણી જણાશે.

શહેરો પાવડરને રસ્તે ચડ્યાં એ ભૂલ છે, તો ગામડાં, વાઘરીને આપવું ન પડે માટે 'આવળ'ના દાતણને રસ્તે ચડ્યાં એ પણ ભૂલ છે. આવળથી કૂચો થતો નથી, અને ગામડામાં લોકો દાતણ પ્રત્યે બહુ જ બેદરકાર હોય છે.

(૭) સ્નાન કરવું: દાતણ પછી તુરત જ સ્નાનનો વિચાર આવે છે. વિદ્યાર્થીઓ અને જેમનામાં સહનશક્તિ હોય એમને માટે

પાણીનું સ્નાન એક આદર્શ છે, પરંતુ પાણીથી કે ઠંડા પાણીથી પણ આપણે સ્નાનપ્રકાર ખામીભર્યો છે. ગામડાં- પુરુષો બહાર, ખુલ્લામાં જ નહાય સ્ત્રીઓ કેટલાંક વસ્ત્રો પહેરીને નહાય છે. માં મર્યાદાની દૃષ્ટિએ ખોટું છે. પાતળાં યાં પહેરી બહાર નાહવું સારું નથી સાથે શરીરના નાહવાના આદર્શની પણ ખોટું છે.

વિદેશીઓનો બાથરૂમનો રિવાજ આ માં આપણા કરતાં ઘણો સારો છે. માણસ નિરાંતે પોતાની મનગમતી નાહી શકે-જો કે ગામડાંમાં ચારે ખાટલા મૂકીને સ્ત્રીઓ પૂરતો બાથરૂમ લેવાય છે; પણ નીચે ધૂળ હોય ત્યાં પાટલો મૂકીને નાહવાનું બરાબર નથી જ.

આપણે ત્યાં પહેલાં સ્નાનગૃહો હતાં, હવે એ વગર ખર્ચે સૌ માટે ખુલ્લાં એવી સ્થિતિ આવે એવો સંભવ નથી.

હમણાં એક ઠેકાણે વાંચેલું કે મલ- માં માલિશ કરીને નાહવાથી મહિને પાંચશેર લોહી વધે છે. જ્યારે ત્યાં રોજ એક બેવાર નાહવા છતાં પર મેલ, ખૂજલી અને દાદર લાગુ છે. એકાદ ડોલથી કે કેટલીકવાર ઓછાથી લોકો નાહી લે છે. વૈષ્ણવો, આભડછેટને કારણે મરજાદી ધર્મ બેચારવાર નાહવાનું હોય એ તો સાંબેલા-સ્નાન કરતાં હોય છે!

જ્યારે વિદેશી લોકો કેટલીકવાર અઠ- યામાં એક જ વાર નાહતા હોય છે, એમાં એકાદ કલાક લગાડે છે અને માં ભરપૂર પાણીમાં બેસીને આનંદથી છે, શરીરને ખૂબ મસળે છે અને આનંદથી એમાં પડ્યા પણ રહે છે.

જીવનકલહને અંગે આપણે ત્યાં આટલો સમય નથી હોતો, છતાં આપણે રોજ નાહવાનો દાવો કરીએ છીએ, સાબુ વિના અગર સાબુથી પણ બેત્રણ ડોલ પાણી લઈને નાહવાનું રાખીએ તો સારું. એ જ રીતે બાથરૂમ અગર એકાંતમાં જ સ્ત્રીપુરુષ નહાય તો શરીરનાં બધાં અંગોને સ્વચ્છ કરી શકાય.

એ જ રીતે હાથપગની આંગળીની ચામડી અને નખના સાંધા, જ્યાંથી નખની શરૂઆત થાય છે, ત્યાં મેલ ભરાઈ રહે છે. નહાતી વખતે એ ભાગ પર કપડું અગર કંઈ બારીક વસ્તુથી એ મેલ કાઢી નંખાય તો નખ સફેદ દૂધ જેવા થાય છે અને સરસ ચળકે છે. સ્વચ્છ હાથ કે પગ પર ચળકતા શ્વેત નખનું સૌંદર્ય જોઈએ ત્યારે જ અનુભવાય એમ છે.

(૮) બેસવું કેમ? મોજાં ન પહેરીએ તો ય પગ સ્વચ્છ રાખવા હોય તો ગમે ત્યાં જઈએ ત્યારે પાણી લઈને પગ ધોવાની ટેવ પાડવી જ પડે. બૂટ કે સ્લીપર પહેરનાર-ના પગ ચંપલ પહેરનાર કરતાં પ્રમાણમાં ઠીક સ્વચ્છ રહે છે. પગ ધોવાથી શેતરંજી, ગાદી વગેરેમાં મેલાં પગલાં પડતાં અટકશે.

રેલગાડીના પાટિયા પર કે ખુરસી યા સોફામાં બેસતાં નવી સભ્યતા મુજબ પગ લટકતા રાખવા પડે છે ખરા, બાકી ખરું પુછાવો તો આમ આપણને ફાવતું નથી.

પાટલૂનની ઇસ્ત્રી ન ભાંગે એ સિવાય પગ નીચે રાખવામાં બીજું એકે સબળ કારણ નથી. બીજાઓની ખબર નથી, બાકી આપણને હિંદીઓને પલાંઠી વાળીને અગર બેઠક પર જ પગ રાખીને બેસવાનું વધુ માફક આવે છે. લોહીના સમાંતર વહનને અનુકૂળ સ્થિતિને કારણે હો કે બીજા કોઈ કારણે પણ અનુકરણી સભ્યતા દૂર રાખવા-ની છૂટ મળે તો આપણને આ જ રીતે ફાવશે.

મોટા નેતાઓથી માંડીને ગામડાંના માણસો સુધી સૌને આ રીતે જ બેસવાનું ફાવે છે.

આ બેસવાની રીત એવી છે કે એથી લાંબા સમય સુધી માણસ બેસે તો ય થાકતો નથી અને શરીરનું એકે અંગ કળતું નથી.

એ જ રીતે પગરખાં કાઢીને બેસવામાં આપણે ત્યાં સભ્યતા ગણાય છે, જયારે નવી રીત મુજબ પગરખાં રાખીને જ લોકો દેશી પલાંઠી વાળે છે. બંને પદ્ધતિઓનાં દૂષણો આમાં એકત્ર થાય છે. એથી સાથે બેસનારનાં વસ્ત્રો તો બગડે જ, પરંતુ એ માણસનાં પોતાનાં વસ્ત્રો પણ બગડવાનો સંભવ છે, અને બેઠક પણ બગડે છે.

આવી રીતે બેસતાં આપણે જો એટલો વિચાર કરીએ કે આપણી પહેલાં ત્યાં બેઠેલા વિવેકી માણસોએ જો આવું જ કર્યું હોત, તો આપણે ત્યાં કેમ કરીને બેસત? બૂટને તળિયે ચોંટેલી અનેક ગંદી ચીજો સારી બેઠક પર કેમ ચોંટાડાય?

આ બધી અતિ સામાન્ય બાબતો છે, પણ આવી સામાન્ય બાબતો તરફની બેદરકારીથી આખા દેશની ગંદકીની ને અશક્તિની છાપ પડે છે. આવી બાબતો પર ધ્યાન આપવાની માત્ર નવી પેઢીને પણ જો ટેવ પાડીશું, તો પછી રેલવેનાં ખાનાંઓમાં, પ્લૅટફૉર્મ પર અને રસ્તામાં ગંદકી કરતાં એ બાળકો ખચકાશે, બીજાને સૂગ આવે એવું કશું એમને હાથે નહિ થાય!

જો દરેક માણસ પોતાનાથી ક્યાં ગંદકી ન થાય એટલું ધ્યાન રાખશે, તો પરિણામે સમસ્ત દેશ અગર અપવાદો બાદ કરતાં મોટા ભાગમાં સ્વચ્છતા જળવાશે અને સ્વચ્છતા પાછળ થતું ખર્ચ પણ થોડું બચશે.

ગુજરાતના એક મોટા કોંગ્રેસી કાર્યકર્તાને ત્યાં હું અવારનવાર જાઉં છું. કહે છે, એક યુરોપિયન જજે તેમને વકીલાત કરતા હતા, ત્યારે કહેલું કે 'તમારા લોકો રસ્તે ચાલતાં જેની સાથે વાત કરતા હોય એ સાંભળે એમ બોલતા હોય અને બરાડા ન પાડતા હોય તો કેટલું સરસ લાગે! બીજાની દૃષ્ટિની વાત બાજુએ રાખીએ પણ એ લોકો પોતાની બોલવાની શક્તિનો પણ આ બિનજરૂરી વ્યય શીદ કરતા હશે?'

એ જ રીતે એ વૃદ્ધ મુરબ્બી કફ અને થૂંકવું હોય ત્યારે પણ હમેશાં પોતાની ચોકડીનો જ ઉપયોગ કરે છે અને ઉપર પાણી નાખે છે, જેથી ચોકડી પણ સ્વચ્છ રહે. જો કે એ આમ કરે છે છતાં એમના ઘર આગળ જતા-આવતા લોકો થૂંકતા જતા હોય છે; એટલે એમના ઘર આગળ પણ સ્વચ્છતા રહેતી નથી, પરંતુ શરૂઆત કરનારને કોઈ કાર્યનો લાભ થોડો જ મળે છે, તે એમને મળે!

☆

'પથ્થરનું હૈયું' વિષે ખુલાસો

'અખંડ આનંદ'ના જુલાઈ માસના અંકમાં 'પથ્થરનું હૈયું' નામની એક વાર્તા પ્રગટ થઈ છે તેના લેખક તરીકે શ્રી પ્રબોધ જોશીનું નામ છપાયું છે. એક વાચકે આ સંબંધમાં અમારું ખેંચ્યું કે હિંદીના પ્રસિદ્ધ લેખક શ્રી ઉપેંદ્રનાથ-'અશ્ક'ની 'पाषाण' નામની વાર્તાનો એ છે. અમે એ વિષે શ્રી પ્રબોધ જોશીને પુછાવ્યું ને શ્રી 'અશ્ક'નો 'पिंजरा' નામનો વાર્તાસંગ્રહ મંગાવી જાતે પણ ખાતરી કરી. શ્રી જોશી મુક્ત મનથી પોતાની ભૂલ સ્વીકારી શક્યા નથી, અમને પોતાને ખાતરી થઈ છે કે બહુ જ નજીવા ફેરફાર સાથેનો એ અનુવાદ જ છે.

તંત્રી: અખંડ આનંદ

પહેલું રુદન

લેખક :

શ્રી ધીરુ પારેખ

માન્ય રીતે એમ કહેવાય છે કે પ્રાણ અને પ્રકૃતિ સાથે જાય. તેવી જ રીતે સરકારી નોકરો માટે પણ એમ કહી કે નોકરી અને બદલી સાથે જાય. વર્ષ આ ગામ તો છ મહિના બીજે ઘડીમાં શહેર તો ઘડીમાં ગામડું. કરે ત્યાં સુધી ભટકયા જ કરવાનું. જારાઓના જેવું જીવન બિચારા સરકારી ને ઇચ્છાએ કે અનિચ્છાએ વિતાવવું છે. પછી તો આવું જીવન જ તેમને આવી જાય છે.

કરીમખાનને હજી નોકરીએ લાગ્યા પાંચે-વર્ષ પણ નહિ થયાં હોય તેટલામાં તો તે સાત ગામનો સાહેબ થઈ ચૂકયો હતો. છેલ્લા એકાદ વર્ષથી તે બાજીપુરમાં દાર હતો. બાજીપુર એટલે ખાસ કરીને નું ગામડું. સદ્‌ભાગ્યે તેમાં સારા સો પણ રહેતા હતા; પણ તેમને તો ની ઊંઘ જ ના આવે. કરીમખાને તેની વર્ષની નોકરી દરમ્યાન ગામના બધા જ ની શાન ઠેકાણે લાવી દીધી હતી. કરીમ-ના નામથી દરેક ચોર ધ્રૂજી ઊઠતો. ી તો તેની ગામમાં ધાક બેસી ગઈ હતી. રીનો કે લૂંટનો એક પણ કિસ્સો હવે માં બનતો ન હતો. ઘણા દિવસની એકઠી ી ઊંઘ લોકો હવે નિરાંતે કાઢતા હતા.

આમ કરીમખાને થોડા જ સમયમાં ાના આવા વર્તનથી ગામના માણસોનાં જીતી લીધાં હતાં. ગામના માણસો તા હતા કે કરીમખાન સાહેબ હવે અહીં રહે તો સારું. સરકાર તરફથી, જેમ ઓને આપવામાં આવે છે તેમ, કરીમ-ખાનને તેના આવા કાર્ય બદલ પ્રશંસાપત્ર આપવામાં આવ્યું. બાજીપુરના લોકો હવે કરીમખાનને અહીંથી કોઈ પણ હિસાબે જવા દે તેમ નહોતા.

કરીમખાનના મનને પણ હવે કંઈક કળ વળી. નાનો હતો ત્યારથી જ મોટા અમલદાર થઈ લોકોની સેવા કરવાના તેના કોડ હતા. ભણતો ત્યારથી જ આવા ચોરીના કિસ્સાઓ પકડી પાડવામાં તે ઉસ્તાદ હતો. અને તેના આ શોખે અને માની મમતાએ તેને આજે આટલી હદ સુધી પહોંચાડ્યો હતો. પિતા તો તેને નાનો છોડીને ચાલી નીકળ્યા હતા. હતી તેની વિધવા મા. બન્ને જણ એક ગામડામાં રહેતાં, તેની મા ગમે તેવાં દુઃખો સહન કરી કરીમને ભણાવતી.

નાનો કરીમ જયારે નવરો બેઠો હોય, ત્યારે તેને તેના પિતા સાંભરી આવતા અને તેની માને તે પૂછતો, ‘અમ્મા, અબ્બા કહાં હૈ ?’ ત્યારે તેની મા ટૂંકાણમાં પતાવી દેતી, ‘બેટા, વે તો દિનભર નૌકરી પર જાતે હૈં ઔર જબ રાતકો તૂં સો જાતા હૈ તબ વે ઘર આતે હૈં. ઔર ફીર સુબહમેં ચલે જાતે હૈં.’

‘વે ખાતા કહાં હૈં ?’

ઘણીવાર નાના બાળકોના પ્રશ્નો મોટા-ઓને પણ ઘડીભર માટે મૂંઝવણમાં મૂકી દે છે.

‘રાતકો આતે હૈં તબ,’ ટૂંકાણમાં તેની મા જવાબ આપતી.

આમ કરીમ વારેઘડીએ પૂછ્યા કરતો અને તેની મા આટલું જ કહેતી.

હવે તો કરીમ, કરીમ મટી કરીમખાન થયો હતો. ઘણીવાર તેના પિતાની યાદ તેને આવતી, પરંતુ પાછો કામમાં ગૂંથાઈ

જતો. આંસુ તો એની આંખે કદી જોયાં જ નહોતાં. સાંજે ઑફિસેથી ઘેર આવે અને તેની માની સાથે બેસી જમી લે. પછી થોડાક કાગળો લખી નવ વાગતાં સૂઈ જતો. આમ તેને બાજીપુરમાં ગમી ગયું હતું. પણ એકાદ વર્ષ પૂરું થયું ત્યાં તો પાછો સરકારી હુકમ આવ્યો: 'તમને શિવગઢ ખાતે મોકલવામાં આવે છે.' કરીમખાનને આથી કાંઈ નવાઈ લાગી નહીં. તે તો આવા હુકમોથી ટેવાઈ ગયો હતો અને પાછળપાછળ તેની મા પણ ઘસડાતી.

બાજીપુરમાં વાત પવનવેગે ફેલાઈ ગઈ કે કરીમખાનની બદલી થવાની છે. લોકોમાં ખળભળાટ જાગ્યો. તેઓ કોઈ પણ ઉપાયે કરીમખાનને જવા દે તેમ નહોતા. તેમણે કરીમખાનને ખૂબ વિનતિ કરી, પણ તેમાં કરીમખાનનું કાંઈ ચાલે તેમ નહોતું. ગામના લોકોએ ભેગા મળી એક ઠરાવ ઘડી કાઢયો અને તેને સરકાર ઉપર મોકલી આપ્યો, કે 'કરીમખાન સાહેબને અહીંયાં જ રાખો, કારણ કે આ ગામમાં ચોરીનો બહુ ભય છે અને તે કરીમખાન સિવાય કોઈ દૂર કરી શકે તેમ નથી. છેલ્લા છ એક માસથી ઠેકાણે પડેલું ગામ પાછું હતું તેમ ને તેમ થઈ જશે.'

પરંતુ સરકારનો હુકમ અને વિશ્વામિત્રનો શાપ–એમાં કશો જ ફેરફાર થાય નહિ! 'ઑર્ડર ઇઝ ઑર્ડર' (હુકમ એટલે હુકમ) અને કરીમખાનને ગામ છોડવું જ પડયું. ગામના લોકોએ તેમની સારી કદર કરી. માનપત્ર ભેટ આપી ખૂબ ધામધૂમથી વળાવ્યા.

કરીમખાનને આઠમું ગામડું જોવા મળ્યું, છતાં તેના માટે તે તદ્દન નવું તો નહોતું જ. નાનો હતો ત્યારે અહીં રહેલો. અહીંયાં જ તેનો જન્મ થયેલો. તેની મા કોઈ કોઈવાર શિવગઢનો ઉલ્લેખ કરતી એટલે યાદ રહી ગયેલું કે શિવગઢ એ એનું વતન. હવે તો એનો હર્ષ વળી ઓર વધી ગયો. એક તો પોતાનું ગામ અને તેમાં પાછો તેજ ફોજદાર!

ગામડાંઓમાં સામાન્ય રીતે નવો અમલદાર આવે એટલે ગામના આગેવાનો અને મોટામોટા વેપારીઓ તેની પ્રથમથી જ ઓળખાણ કરી લે છે. કરીમખાને શિવગઢમાં પગ મૂકયો કે તરત જ લોકોએ તેમને ઊંચકી લીધા. એક ઘોડાંગાડીમાં બેસાડી, ગામનો એક આગેવાન શેઠિયો તેમને પોતાને ત્યાં લઈ ગયો. ગામના લોકોએ તેમને ખૂબ આદરપૂર્વક સત્કાર્યા. થોડા દિવસમાં તો કરીમખાનની રહેવા માટેની સુંદર સગવડ પણ થઈ ગઈ.

શિવગઢ બાજીપુર કરતાં સહેજ વધારે વસતીવાળું ગામડું હતું. અને તેમાં ગ્રામપંચાયતથી વહીવટ ચાલતો, એટલે એકંદરે શાંતિ રહેતી. ગામને આગળ વધારવામાં કુદરતનો પણ સારો ફાળો હતો. ગામની ભાગોળે સુંદર મજાનું તળાવ અને પ્રકૃતિ પણ ત્યાં સ્વેચ્છાએ વિહરતી. એટલે સહજ ગમી જાય તેવું સ્થળ હતું.

પરંતુ આ ગામમાં પચ્ચીસ વર્ષથી એક રિવાજ ચાલ્યો આવતો હતો, કે કોઈ પણ નવો અમલદાર ગામમાં આવે એટલે ગામની ભાગોળે, તળાવને કાંઠે ટેકરી ઉપર, એક આરસની કબર હતી તેના ઉપર ફૂલ ચડાવવાં. અને આ રિવાજ બરાબર પળાતો પણ હતો.

સાંજના છ વાગ્યા હશે. કરીમખાન સોફામાં બેઠાબેઠા હોકો ગગડાવી રહ્યા હતા. ત્યાં કોઈકે ઘરનાં બારણાં પર ટકોરા પાડ્યા. કરીમખાન હોકો બાજુએ મૂકી બારણું ખોલવા ઊઠ્યા. બારણું ઊઘડતાં જ પંચના આગેવાન ગંગાધરકાકા અંદર દાખલ થયા. ગંગાધરકાકાને જોડેની ખુરસીમાં બેસાડી આવવાનું કારણ પૂછયું.

ગંગાધરકાકાએ કહ્યું: ‘સાહેબ, પંચના હું આપની પાસે એક કામે આવ્યો છું.’ ખરે એક કયા દો!’ કરીમખાને કરી.

‘જુઓ સાહેબ, આ ગામની ભાગોળે તળાવ છે અને તે તળાવની પાળ ઉપર ટેકરી છે. તેના ઉપર એક કબર છે. તે પચ્ચીસ વર્ષ પહેલાં એક શહીદના ઉપર પંચે બંધાવેલી; અને નિર્ણય કરેલો ગામમાં જે કોઈ નવા અમલદાર સાહેબ તેમણે પહેલાં આ કબર ઉપર ફૂલ ચઢાવવાં અને એ પ્રમાણે જ્યારેજ્યારે કોઈ પણ નવા અધિકારી ગામમાં આવે છે, ત્યારે તેઓ ફૂલ ચઢાવે છે. આપની પહેલાં સિંહ અહીં હતા, તેમને લઈને પણ ફૂલ ચઢાવવા ગયેલા. તો આપ કહો આપણે ફૂલ લઈને જઈએ.’

‘કલ સુબેરે આઠ-નવ બજે આના. જાયેંગે.’ કરીમખાને કહ્યું અને ગંગાધરકાકાએ જવાની રજા લીધી.

બીજા દિવસનું સવાર થયું. લગભગ આઠના શુમારે ગંગાધરકાકા સુગંધીદાર ફૂલ લઈ કરીમખાનને ત્યાં આવી પહોંચ્યા. કરીમખાન તો તૈયાર થઈને ગંગાધરકાકાની રાહ જોતા જ સોફા ઉપર બેઠા હતા. ગંગાધરકાકા આવ્યા એટલે પછી બન્નેએ માંડ્યું. થોડી વાર સુધી તો બન્નેએ ચાલ્યા કર્યું; પરંતુ આખરે ખાનની ઈંતેજારીએ મૌન તોડ્યું: કરીમખાને કહ્યું: ‘આપ ઉસ શહીદ કે બારે મેં જાનતે હો?’ અને ગંગાધરકાકાએ વાત શરૂ કરી દીધી.

‘હા સાહેબ, એની બહાદુરી ઉપર તો આખું ગામ ફીદા છે. એક સમો એવો કે આ ગામની જાહોજલાલી ઉપર સૌ ની નજર હતી. અને તે વખતે આજુબાજુ ધાડપાડુઓનો પણ ઘણો ત્રાસ. રાત પડે એટલે કોઈને ઊંઘ જ ના આવે. લોકો બારણાં બંધ કરી ‘હમણાં આવશે, એ લૂંટાણા, એ મૂઆ.’ એવા ભણકાર સાંભળતા આખી રાત ખુલ્લી આંખે પડ્યા રહેતા. ગામમાં એક ચકલું પણ ના ફરકે. ધાડપાડુઓના ભયથી ગામ આખું રાત્રે શ્મશાન જેવું બની જતું. કૂતરાના ભસવાનો અવાજ આવે કે તરત જ બધાના હૃદયના ધબકારા વધી જતા. મોઢા ઉપર ગોદડાં ઓઢી ચૂપ થઈ જતા. છતાં હજી સુધી આ ગામ ઉપર ધાડપાડુઓ એકે વખત આવ્યા હોય એમ સાંભરતું નથી; પરંતુ આજુબાજુનાં ગામડાંઓમાં ત્રાસ વર્તાવેલો એટલે ત્યાંના ત્રાસથી લોકો આ ગામમાં પણ આટલા બધા બી ગયા હતા.’

‘ઔર ફીર?’ વચમાં જ અધીરાઈથી કરીમખાને પૂછયું.

‘હા, પણ એ સાચું બન્યું. એક વખતે શિયાળાની અંધારી રાતે, પશુપંખી બધાં જ જંપી ગયાં હતાં. તેવામાં અચાનક ધાડપાડુઓએ આવી ગામને ઘેર્યું. બંદૂકના ધડાકા થવા લાગ્યા. અને કેટલાક ધાડપાડુઓ તો ઘરમાં ઘૂસી જઈ જોઈ ના જાય તેવી લૂંટ ચલાવવા લાગ્યા. નાનાં બચ્ચાંઓ અને સ્ત્રીઓ ચીસો પાડવા લાગ્યાં. આખા ગામમાં નાસભાગ થઈ રહી. હજી યે એ દિવસો યાદ કરતાં કંપારી છૂટે છે. કોઈ તેમની સામે પડવાની હિંમત નહોતું કરતું.

‘પણ થોડીવારમાં તો ખુલ્લી તલવાર લઈ એક પચીસેક વર્ષનો નવજવાન કૂદી પડ્યો; અને તેની હિંમત જોઈ ગામના બધા જ માણસો જે કાંઈ ભાલા, કુહાડી, લાઠી, ધારિયાં–હાથમાં આવ્યું તે લઈ કૂદી પડયા. એક બાજુ ધાડપાડુઓ અને બીજી બાજુ આખું ગામ. જબ્બર ધીંગાણું મચ્યું. હવે

તો ગામે તે ધાડપાડુઓ સામે બહારવટું ખેલવાનો નિશ્ચય કરી લીધો હતો. સૌએ કેસરિયાં કર્યાં હતાં. એક પણ ધાડપાડુ જીવતો જાય તેમ નહોતું. બધા જ ઘેરાઈ ગયા હતા. કેટલાયના ચૂરા થઈ ગયા. ખુલ્લી તલવાર વીંઝતો વીંઝતો તે જુવાનિયો સૌની મોખરે ગાંડો થઈ દોડયે જતો હતો અને પાછળ આખું ગામ. લડતાંલડતાં બધા ગામની ભાગોળે આવી પહોંચ્યા. હવે તો ધાડપાડુઓ પણ હિમ્મત હારી ગયા હતા. આ રહી ત્યારની નિશાની.' ગંગાધરકાકાએ પગ પર પડેલો ધારિયાનો ઘા બતાવ્યો.

કરીમખાન તો આ બધું સ્તબ્ધ થઈ સાંભળે જ જતો હતો અને ગંગાધરકાકાએ પાછું આગળ ચલાવ્યું: 'પછી તો આખું ટોળું ધાડપાડુઓની સામે ઝઝૂમતું તે ટેકરી સુધી આવી પહોંચ્યું. ધાડપાડુઓ પણ હવે તો રાડ પોકારી ગયા હતા. આવો સામનો તેમણે આજે પહેલો જ જોયો. તેઓનો આગેવાન પડ્યો, એટલે તેમાં ભંગાણ પડયું. તેઓ નાસવા લાગ્યા. ટોળાએ પણ તેમનો પીછો પકડ્યો. છટકીને નાસી ગયા તેટલા બચી ગયા અને હાથ આવ્યા તેટલા ઠાર માર્યા ગયા.

પણ તે બહાદુર તો હવે થાકી ગયો હતો. તલવાર વીંઝીવીંઝી તેના હાથમાં જોર નહોતું રહ્યું. દુશ્મનોના ઘા ઝીલીઝીલી તેનામાં હવે લોહી પણ ખૂટવા આવ્યું હતું. ટોળું ધાડપાડુઓને ભગાડી ગામ ભણી પાછું ફર્યું. પેલી ટેકરી ઉપર બધા આવી પહોંચ્યા. પણ–પણ પેલા યોદ્ધાના પગ તો હવે ધ્રૂજતા હતા, તે પડ્યો. તેનાથી એક કારમી ચીસ પડાઈ ગઈ. બધા એકદમ તેને વીંટળાઈ વળ્યા. થોડીવાર સુધી તે જેવુંતેવું લવ્યો. પછી ગાઢ નિદ્રામાં પોઢી ગયો; અને અમે સૌએ તેને ત્યાં જ દાટયો. અને પછી બધા ભીની આંખે પાછા ફર્યા.'

'ઔર ઉસકી ઘરવાલી ઔર બાલ-બચ્ચેકા ક્યા હાલ હુઆ?' કરીમખાનને તો હવે બધી જ વાત જાણવી હતી.

'ત્યારે તેને બે વરસનો એક છોકરો હતો અને જુવાન વહુ હતી. અમે-ગામના પંચે–તેને ખોરાકી આપવાનું કહ્યું, પણ તે ખાનદાન સ્ત્રી માની નહીં અને ગામ છોડી દૂર ચાલી ગઈ. પછીથી તો એના કોઈ સમાચાર જ નથી. એ નાનો છોકરો પણ અત્યારે મોટો થયો હશે, એ શું ય કરતો હશે?'

અને ત્યારે તો કરીમખાન અને ગંગાધરકાકા તે ટેકરીની તદ્દન નજીક આવી ગયા હતા. તે ટેકરી ઉપર સૂરજના પ્રકાશમાં ચળકતી તે આરસની કબર દેખાણી. ગંગાધરકાકાએ હાથ લંબાવ્યો, 'જુઓ સાહેબ, પેલી ચળકે છે એ...!' અને થોડીવારમાં તો ગંગાધરકાકા અને કરીમખાન કબર પાસે આવી ગયા. કરીમખાને ટેકરી ઉપર ઊભા રહી ચારે બાજુ નજર નાખી. તેને અત્યારે પણ તે દૃશ્ય દેખાવા લાગ્યું. થોડીવાર બન્ને મૌન રહ્યા. પછી ગંગાધરકાકાએ કરીમખાનને પેલાં ફૂલ આપ્યાં.

કરીમખાને ખોબો ધરી ફૂલ લઈ લીધાં અને કબર ઉપર ચડાવવા હાથ ઊંચા કર્યા. ગંગાધરકાકાને પૂછ્યું: 'મગર ઉસકા નામ તો આપને બતાયા ભી નહીં.'

'અલી બહાદુર,' એમ કહેતા ગંગાધરકાકાએ ગર્વમાં છાતી ફુલાવી. કરીમખાન જડવત્ બની ગયો. તેના હાથમાંનાં ફૂલ કબર ઉપર પડી ગયાં.

ગંગાધરકાકા ગભરાયા. તેમણે પૂછ્યું: 'શું થયું સાહેબ?'

કરીમખાન કાંઈ પણ વધુ ના બોલ્યો. પણ તેનાથી એક જ શબ્દ બોલાઈ ગયો: 'અબ્બા!' અને તેની આંખમાંથી ચોધાર આંસુઓ કબર ઉપર ખરી પડ્યાં!

*

સંપાદકીય

શ્રી સોપાન

માસની ૧૫મી તારીખે આપણી સ્વતંત્રતાને પાંચ વર્ષ પૂરાં થયાં. આજની દુનિયામાં પાંચ વર્ષનો ગાળો નાનો ણાય. આ સમય દરમિયાન આપણે શું યું, શું ગુમાવ્યું, શું સુધાર્યું, શું બગાડ્યું અંદાજ મૂકવો જોઈએ. સ્વાતંત્ર્યનાં વર્ષોમાં ગમે તેટલાં દુઃખો આવ્યાં હોય સ્વાતંત્ર્યનો આનંદ અને ગર્વ તો દિલમાં રહેવાં જ જોઈએ; કારણકે નતા જેવું કોઈ પાપ નથી, કોઈ નથી. ગુલામીના મેવામિષ્ટાન્ન કરતાં ત્ર્યનો સૂકો રોટલો મીઠો ગણાવો એ, પરંતુ તેનો અર્થ એ નહિ કે નિર્બળતા, અણઆવડત કે સ્વાર્થતાને કારણે જે દુઃખો જન્મ્યાં હોય આપણે બેદરકાર રહીએ. કોઈ પણ સ્વતંત્ર થયા પછી મહદ્ અંશે પોતાનાં ખ માટે પોતે જ જવાબદાર બને છે. પણ એ રીતે વિચારવું જોઈએ.

વર્ષ પૂરાં કરતી વખતે સફળતા નિષ્ફળતા બંનેના સાચા અંદાજો મૂકયોગ્ય છે. જે કેવળ સિદ્ધિઓની જ કરે છે તે વધુ ને વધુ નિષ્ફળતામાં છે; કારણ કે તેનામાં ખોટો આત્મઆવી જાય છે. એ જ રીતે જે કેવળ તાનાં જ ગાણાં ગાય તે નિરાશાવાદી ય છે. ઉપર ટપકે જ જોઈએ તો વર્ષમાં આપણે સ્થિર રાજતંત્ર અરાજક તત્ત્વોને આપણે જેર કરી કોમવાદ અને સામ્યવાદનાં બળોનો સામનો આપણે કર્યો. સંપૂર્ણ લોકબંધારણની રચના કરી મુક્ત ચૂંટણીનો આપણે અનુભવ લીધો. વૈજ્ઞાનિક ક્ષેત્રે સારી પ્રગતિ કરી. અનેક પ્રયોગશાળાઓની સ્થાપના થઈ. અનેક મહાન યોજનાઓ આ સમય દરમિયાન અમલમાં મૂકી. કેટલાંક રાજ્યોમાં સંપૂર્ણ ને કેટલાકમાં અંશતઃ જમીનદારી પ્રથાનો અંત આણ્યો. ઔદ્યોગિક ક્ષેત્રે ઠીક પ્રમાણમાં વિકાસ સાધ્યો, અલબત્ત, સાધનોના પ્રમાણમાં સફળતા મળી નહિ. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ખૂબ જ મહત્ત્વનાં કાર્યો કર્યાં અને વિશ્વશાંતિ જાળવવામાં મોટો ફાળો આપ્યો. આ અને આવાં બીજાં અનેક કાર્યો જમા પાસે ગણાવી શકાય એમ છે.

પણ ઉધારપાસું કંઈ ઓછું નથી. રાજકીય પક્ષાપક્ષી ને હુંસાતુંસીમાંથી દેશ ઊંચો આવ્યો નથી. સત્તાલોભનાં શરમજનક દશ્યો આ પાંચ વરસમાં ઘણાં ભજવાઈ ગયાં. અમલદારી તંત્રમાં લાંચરુશવત ઘટવાને બદલે કદાચ વધ્યાં છે. આર્થિક પ્રશ્નોમાં આપણે અંધારામાં જ અટવાયા છીએ. પાંચ વરસને અંતે ભારતના પ્રત્યેક નાગરિકને જીવનની પ્રાથમિક જરૂરિયાતો—અન્ન, વસ્ત્ર ને રહેઠાણ મળ્યાં નથી. આ બધાંમાં કુદરતી આફતોને પણ ઉમેરવી જોઈએ. અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, રેલ, તીડ, ધરતીકંપ, દુષ્કાળ વગેરેએ આપણા અર્થતંત્રને ખળભળાવી મૂક્યું. આપણી સફળતા અને નિષ્ફળતાને જો ત્રાજવે તોળવા બેસીએ તો કયું ત્રાજવું નમે તે કહેવું મુશ્કેલ બને એવી આજે પરિસ્થિતિ છે.

આવા સંયોગોમાં સ્વાતંત્ર્યદિનનો ઉત્સવ ઝાંખો હોય એ સ્વાભાવિક છે. આમ છતાં ધ્વજવંદનો થયાં, પ્રભાતફેરીઓ નીકળી, નેતાઓનાં પ્રવચનો સંભળાયાં અને

એ બધાંમાં કર્તવ્યનો આદેશ હતો તે શુભ ચિહ્ન ગણાય. કોઈએ આજની સ્થિતિમાં સંતોષ માન્યો નથી ને નિષ્ફળતાઓ તરફ આંખ મીંચી નથી, તેને સંતોષપ્રદ ગણવું જોઈએ. આ પાંચ વરસનાં સુખદુ:ખના અનુભવો છઠ્ઠે વર્ષે કામમાં આવે તો અને તો જ સ્વાતંત્ર્યદિનની ઉજવણી, ઝાંખીઝાંખી તોયે સાર્થક ગણી શકાય.

અન્નસ્થિતિ

છેલ્લા છ માસમાં અનાજની સ્થિતિમાં ગણનાપાત્ર સુધારો થઈ રહ્યો છે. અનાજનો જથ્થો વધ્યો છે. આયાતનું પ્રમાણ સારી પેઠે ઘટાડવામાં આવ્યું છે. મદ્રાસ, બિહાર, ઉત્તરપ્રદેશ, સૌરાષ્ટ્ર, મહીસૂર વગેરે રાજ્યોમાંથી અનાજ ઉપરના અંકુશો ઉઠાવી લેવામાં આવ્યા છે અને બીજાં રાજ્યોમાં પણ પરિસ્થિતિ સુધરતી જાય છે. સૌની નજર અત્યારે વરસાદ ઉપર છે. આજ સુધીના વરસાદના સમાચારો ઉત્સાહપ્રેરક છે. આવડા મોટા દેશમાં કોઈ કોઈ ખૂણે તો અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ કે પૂર આવવાનું બને, પરંતુ દેશનો મોટો ભાગ અત્યારે આ આફતમાંથી મુક્ત છે. સર્વત્ર એવી આશા ફેલાઈ છે કે આ વરસે પાક ઘણો જ સારો ઊતરવાનો છે અને દેશનો મોટો ભાગ અંકુશની પકડમાંથી છૂટવાનો છે. જે રાજ્યોમાંથી અંકુશો ઉઠાવી લેવામાં આવ્યા છે તે રાજ્યોમાં હજી સુધી તો સંતોષજનક સ્થિતિ રહી છે. કોઈ કોઈ સ્થળે સંઘરાખોરો દેખાયા છે ને અનાજના ભાવોમાં પણ થોડોઘણો વધારો થયો છે, પરંતુ સરકારે તત્કાળ આવશ્યક પગલાં લીધાં છે. આ બાબતમાં ભારત સરકારે પણ ખાસ હુકમો બહાર પાડી સંગ્રાખોરોની જમાતને કાબૂમાં લેવાના ઉપાયો યોજ્યા છે, પરંતુ અંકુશમુક્તિની સફળતા મહદ્ અંશે અના જથ્થાને આભારી છે. ભારત સરકાર આ વરસે જેટલો અનાજનો જથ્થો એ થયો છે તેટલો ભૂતકાળમાં કદી થયો ન આ જથ્થામાં આ વરસનો સારો ઉમેરાય તો મુંબઈ જેવા મોટી અછતવા રાજ્યમાં પણ અંકુશો નાબૂદ કે હળ કરવાનું શક્ય બને એમ છે.

અંકુશો લડાઈ દરમિયાન શરૂ થ લડાઈ પછી પણ માલની તંગીને કારણે ચાલુ રહ્યા, આમાંથી અનેક અનિષ્ટો થયાં, અંકુશોનું વહીવટી તંત્ર જોઈએ તેટ કાર્યક્ષમ અને ચોખ્ખું રાખી શકાયું નહિ વધુમાં, રાજ્યે રાજ્યે આ બાબતમાં ભિ નીતિ રહી, તેથી આપણી મુશ્કેલી વધતી ગઈ છે. અનાજની અછતવાળાં રાજ્યો બી ગમે તે વસ્તુનું વધુ ઉત્પાદન કરતાં હો અને તેનો લાભ આખા દેશને મળતો હો છતાં અનાજની બાબતમાં તો એ રાજ્યો પ્રજાને જ વધુ સહન કરવું પડ્યું છે. અં દૂર થતાં પણ અનાજની અછતવાળા વિસ રોને મદદ નહિ અપાય તો ત્યાંના ભા ઊંચા જ રહેશે. આ સંબંધમાં ભા સરકારે સમાન ભોગના સિદ્ધાંતનો અ રાજ્યો પાસે કડકાઈથી અમલ કરાવવો જોઈ

નેપાળની કટોકટી

ભારતવાસીઓને ચિંતા ઉપજાવે એ બનાવો ઉત્તર સરહદ ઉપર બની રહ્યા છે તિબેટ ઉપર લાલ ધ્વજ ફરકયા પછી લશ્કરી પ્રવૃત્તિ થતી હોવાના સમાચા મળ્યા જ કરે છે. થોડા સમય પહેલાં પ્રધાને ઉત્તર વિભાગની મુલાકાત લીધી અને કેટલાક સૂચક ઉદ્ગારો કાઢ્યા એ પછી નેપાળમાં જે બનાવો બન્યા છે આપણી ચિંતા વધારી મૂકી છે. નેપાળ

સ્વતંત્ર રાષ્ટ્ર છે, ભારત સાથેના! એના …ો અતિ ગાઢ છે, પણ તે ભારતનું …રાજ્ય નથી તેમ ભૂતાન કે સિકિમ …સ્થિતિ પણ નથી. આમ છતાં નેપાળ …અને તિબેટ વચ્ચેની એક દીવાલ …આપણી ઉત્તર સરહદનો એક દુર્ગ છે. …ની આંતરિક સ્થિતિનું આપણે સતત …રાખવું પડે એવા સંયોગો અત્યારે …ાં છે.

…નેપાળી પ્રજા સેંકડો વર્ષોની આપખુદ …નીચે કચડાતી હતી. ત્યાંની પ્રજાના …ર્ષમાં ભારતે હંમેશાં પોતાની મર્યા… …રહી સાથ આપ્યો હતો. નેપાળમાં …ની રાજસત્તા સામે બળવો થયો અને …જે શુભ પરિણામો આવ્યાં તેનો ઘણો …ભારતને, ખાસ કરીને વડા પ્રધાન શ્રી …ને મળે એમ છે. નેપાળના રાજવીની …મને-કમને રાણાઓની પણ સંમતિ …ત્યાં પ્રજાકીય નેતાઓના હાથમાં સત્તાનાં …સોંપાયાં હતાં, પરંતુ નેપાળી કોંગ્રેસ …ઉપર આવતાં જ આંતરિક કલહમાં …ાઈ પડી છે. ઘણીવાર વાટાઘાટો થઈ …સમાધાનો પણ થયાં, પણ કાયમી …કરણ થઈ શકયું નથી. છેલ્લે છેલ્લે …ભયંકર ફૂટ પડી છે ને તેને પરિણામે …ર સરકારની હસ્તી જ મટી ગઈ છે. …નું રાજતંત્ર અત્યારે સલાહકારો દ્વારા …છે!

…શું છે આ ફૂટનું કારણ? રતીભર …અને ખાંડી એક સત્તાલાલસાનું આ …મ છે. આમાં અગ્રણી છે બે ભાઈઓ …ક ભાઈ કોંગ્રેસનો પ્રમુખ ને બીજો …વડો પ્રધાન. આ બંને વચ્ચે મેળ જ …અવિશ્વાસની ખાઈમાં બંને ઊતરી પડ્યા …છેલ્લા બનાવમાં દોષ કોંગ્રેસના પ્રમુખનો …બીજામાં યે સત્તાત્યાગ ને સ્વાર્થત્યાગની ભાવનાની ઊણપ છે. નેપાળની આ સ્થિતિ કાયમ રહે તો તેનું બળ તૂટે. આ સ્થિતિ નેપાળ માટે તો ખતરનાક છે જ, પણ ભારત માટે ય ભયરૂપ છે. આ સંબંધમાં આપણા વડા પ્રધાન ખૂબ જાગૃત અને પ્રયત્નશીલ છે એ સંતોષની બીના છે.

કાશ્મીરનું સમાધાન

કાશ્મીરનું ભારત સાથેનું જોડાણ ત્રણ વિષયો પૂરતું મર્યાદિત છે, પરંતુ તે સંપૂર્ણ છે. કાશ્મીર ભારતનું જ એક અંગ છે, સ્વતંત્ર રાષ્ટ્ર નથી તે સિદ્ધ હકીકત છે. આમ છતાં કાશ્મીરના વિકાસ માટે અને ભારતના સંગઠનને મજબૂત કરવા માટે જોડાણ વધુ ગાઢ કરવાની જરૂર છે જ. આ દિશામાં ગયા મહિનામાં કેટલાક પ્રયત્નો થયા અને તેનું શુભ ફળ આવ્યું છે. કાશ્મીરની બંધારણ સભાએ રાજાશાહી નાબૂદ કરવાનો નિર્ણય કર્યો છે તેનો ભારતે સ્વીકાર કર્યો છે, પરંતુ તેઓ રાજ્યના વડાની પસંદગી કરે તે માટે રાષ્ટ્રપતિની સ્વીકૃતિ લેવાનું અને રાષ્ટ્રપતિ દ્વારા જ વડાની નિમણૂક થાય એમ સ્વીકારાયું છે. સંભવત: કાશ્મીરના યુવરાજ પહેલાં પાંચ વર્ષ માટે રાજ્યના વડા તરીકે પસંદ થશે.

બીજી બાબતોમાં કાશ્મીરને પોતાનો ધ્વજ રાખવાની છૂટ મળી છે. ખરેખર તો આજ સુધી મહારાજાનો ધ્વજ ત્યાં હતો જ. કાશ્મીરનો પ્રજાકીય ધ્વજ તેનું સ્થાન લે છે. ભારતનો રાષ્ટ્રધ્વજ અન્ય રાજ્યોની પેઠે કાશ્મીરમાં પણ ઉન્નત સ્થાન ભોગવશે. કાશ્મીરની વિશિષ્ટ પરિસ્થિતિ લક્ષમાં લઈ સર્વોપરી અદાલતની હકૂમત, નાગરિક અધિકારો, રાષ્ટ્રપતિની ખાસ સત્તાઓ વગેરે અંગે બીજાં રાજ્યો કરતાં કાશ્મીર રાજ્ય પાસે વિશેષ અધિકાર રહે છે; પરંતુ આ સમાધાન પછી જોડાણ ત્રણ જ વિષયો પૂરતું

હતું તેમાં તો સારી પેઠે પ્રગતિ થઈ છે. કાશ્મીરના સંયોગો લક્ષમાં લઈને આ સમાધાનનો વિચાર કરીએ તો તે સંતોષપ્રદ છે એમાં શંકા જ નથી. પાકિસ્તાન સાથેના ઝઘડાનો અંત આવ્યા પછી કાશ્મીરનું જોડાણ વધુ ગાઢ બનશે, એમાં યે સંદેહ નથી.

અટકાયતી ધારો

ભારતીય લોકસભા અને રાજસભામાં હમણાં અટકાયતી ધારાની મુદત લંબાવતો એક ખરડો પસાર થયો. આ ખરડા અંગે થયેલી ચર્ચાઓમાં દેખાયું કે સામ્યવાદીઓ ને કોમવાદીઓએ પોતાની નીતિરીતિ છોડી દેવાનો હજી નિર્ણય કર્યો નથી. કોઈ પણ લોકતંત્રમાં આવો ધારો શોભારૂપ નહિ, શરમરૂપ જ ગણાય, પરંતુ લોકતંત્રની રક્ષા માટે તેને અનિવાર્ય અનિષ્ટ તરીકે સ્વીકાર્યા વિના ચાલે એમ નથી. આપણે ત્યાં સામ્યવાદીઓએ હિંસાનો માર્ગ છોડ્યો નથી. ગેરકાયદે હથિયારો હોવાની તેઓ ખુલ્લી જાહેરાત કરે છે. કોમવાદીઓ ને પ્રત્યાઘાતીઓ લોકશાહી બળોનો નાશ કરવા ઘોર હિંસા આચરી રહ્યા છે. સૌરાષ્ટ્ર, રાજસ્થાન અને પતિયાળા સંઘ તેના હજાર પુરાવા આપી શકે એમ છે. આ ધારાનો ઉપયોગ રાજકીય હેતુસર કદી ન થાય અને સમાજશત્રુઓ માટે જ વિશિષ્ટ સત્તા વપરાય એવી અપેક્ષા સૌએ રાખવી જોઈએ અને સરકારે તે પૂરી કરવી જોઈએ.

નવા કરવેરા

મુંબઈ રાજ્યમાં નવા કરવેરા સામે પ્રજાકીય આંદોલન શરૂ થયું છે. સરકારે જમીનમહેસૂલમાં પણ વધારો કરવા ધાર્યો હતો, પરંતુ કોંગ્રેસ પક્ષમાં આ અંગે તીવ્ર અસંતોષ ઊભો થતાં તે દરખાસ્ત પડતી મૂકવામાં આવી છે. નવા કરવેરામાંથી મેળવવા ધારેલા ચાર કરોડમાંથી હવે સાડા ત્રણ કરોડ મુખી વેચાણવેરામાંથી મેળવવાની સરકાર ધારણા છે. આ અંગે રજૂ થયેલો મહત્ત્વના ફેરફારો સાથે બંને ગૃહોમાં થઈ ગયો છે. કરમુક્ત વસ્તુઓની વિસ્તૃત કરવામાં આવી છે અને ઉપર કર લેવાની કલમ રદ કરવામાં છે. સામાન્ય લોકોની અને વેપારરોજગાર આજની સ્થિતિમાં કોઈ પણ જાતનો વધારો વિરોધને પાત્ર જ ઠરે. સર વિકાસયોજનાઓ માટે નાણાં માગે વિરોધ કરનારનું એમ કહેવું છે કે કર મેળવવા ધારેલાં નાણાં કરકસર કરીને વેચાણવેરો ઉઘરાવવાનું તંત્ર સુધારીને શકાય એમ છે. વધુમાં તેઓ કહે બહુમુખી વેચાણવેરાની પદ્ધતિથી રાજ વેપાર બહાર ખેંચાઈ જશે ને સરકાર છે તે કરતાં પ્રજા ઉપર વધુ કરબોજ

આ દલીલમાં ઘણું વજૂદ છે, સરકાર અને વેપારીઓ એકબીજાથી દૂર જતા જાય છે કે સમાધાન માર્ગ શોધવાનું લગભગ અશક્ય બની છે. આવા સંયોગોમાં સરકાર નવી પદ્ધતિ પડતી મૂકવા તૈયાર તો ઓછામાં ઓછું એણે એટલું તો કરવું જોઈએ, કે નવી પદ્ધતિનો એક વર્ષ જોયા પછી તેના વિશે પુનર્વિ થશે અને આ સમય દરમિયાન જો વધારે થશે તો તેટલા પ્રમાણમાં વેરા ઘટાડવામાં આવશે. સરકાર તરફથી જાહેરાત થાય તો વાતાવરણ સુધ આશા દેખાય છે. ઉપરાંત કરમુક્ત ઓની યાદી પણ કેંદ્રના ધારા સાથે સુ થાય તે રીતે સુધારવી જોઈએ.

તેના ફાયદાની ખાત્રી કરી શકો છો !

કેડબરીનું **બોર્ન-વીટા** પીઓ

તે તમને મજબૂત બનાવે છે!...તે તમને ફાયદો કરે છે!

કેડબરીના બોર્ન-વીટાનો એક પ્યાલો ...તે જવના સત્ત્વ તથા ચોકોલેટની ક સરસ સુગંધ ધરાવે છે. એનો પ્રથમ ઘુંટડો સ્વાદિષ્ટ પીણામાં રહેલા તમામ ફાયદાની કરાવશે. પરંતુ બોર્ન-વીટામાં સારી સુગંધ અનેક વધુ તત્ત્વો રહેલા છે—તેમાં યુવાન તેમજ વૃદ્ધને એકસરખી રીતે આરોગ્ય અને શક્તિ આપતા સંપૂર્ણ અને પ્રમાણસર પ્રવાહી ખોરાકના રૂપમાં પૂરેપૂરૂ પોષણ રહેલું છે. આને લીધેજ ૧૪,૦૦૦ કરતાં વધુ દાકતરો કહે છે, "કેડબરીનું બોર્ન-વીટા પીઓ"—તે તમને મજબૂત બનાવે છે!...તે તમને ફાયદો કરે છે!

દરેક પ્યાલામાં :

કાર્બોહાઇડ્રેટસ દૂધની મલાઇ ડાયાસ્ટેઇસ	વિકાસ અને શકિત માટે
પ્રોટેઇન્સ કોકો બટર	શરીરના ઘડતર માટે
ખનીજ ક્ષારો	હાડકાના વિકાસ માટે
પ્રજીવક તત્ત્વો અ અને ડ	રોગની અટકાયત માટે

બોર્ન-વીટા પોષક પ્રવાહી ખોરાક


PLEASE REPLACE LID
Cadbury
Cadbury's
BOURN-VITA
THE IDEAL FOOD DRINK
MADE BY CADBURYS SPECIALISTS IN FOOD DRINKS FOR 100 YEARS
1 LB. NET

CFY-11 GUJ.

દરરોજ કેડબરીનું **બોર્ન-વીટા** પીને તમારૂ આરોગ્ય વધારો

કેડબરી-ફ્રાય (ઇન્ડિયા) લિમિટેડ મુંબઇ, કલકત્તા, મદ્રાસ.

સંસ્થા સમાચાર

જ્ઞાનપ્રાપ્તિનાં સાધનો

મનુષ્યને મળેલું સર્વ જ્ઞાન પોતાના જ અનુભવથી મળેલું નથી. દરેક મનુષ્યે માત્ર પોતાના જ અનુભવથી મેળવ્યું હોય એવું જ્ઞાન ઘણું જ થોડું છે. જગતમાં બીજાઓના અનુભવને જાણી લેવાની બુદ્ધિ જો મનુષ્યમાં ન હોત તો મનુષ્ય પણ પશુ જેવો જ હોત; પણ દૈવયોગે મનુષ્યમાં એ બુદ્ધિ છે અને તેથી જ તે પ્રાણીમાત્ર પર રાજ્ય કરે છે. જેમ જેમ પરસ્પર અનુભવ આપવા–લેવાનાં સાધનો વધતાં જાય છે તેમ તેમ મનુષ્યનું જ્ઞાન પણ વધતું જાય છે. એ સાધનો પૈકી ઉત્તમ સાધન ‘ભાષા’ છે. જો ‘ભાષા’ ન હોત તો પરાનુભવજન્ય (બીજાના અનુભવથી મળતું) જ્ઞાન તો માત્ર નેત્રાદિ ઇંદ્રિયો દ્વારા જ મળત અને તે જ્ઞાન કેટલું અલ્પ હોત! આ પ્રમાણે ભાષાથી પરસ્પરનું જ્ઞાન વધવા ઉપરાંત હજી પણ તે જ્ઞાનનો વિશેષ પ્રચાર કરવા માટે ‘લેખનકળા’ શોધી કાઢવામાં આવી. આ સાધન વળી ‘ભાષા’ કરતાં પણ વધુ ઉપયોગી થઈ પડ્યું. પરંતુ મનુષ્યની બુદ્ધિએ એટલાથી જ સંતોષ માન્યો નહિ અને તેથી જ ત્રીજું સાધન ‘છાપવાની કળા’ના રૂપમાં ઉત્પન્ન થયું. આ કળાથી શાશા લાભ થયા છે તેની દરેક મનુષ્યને જાણ છે. અને તે સારા ગ્રંથોના વાંચનથી મનુષ્ય અનુભવી બને છે. આ સંસ્થા તરફથી જ્ઞાનચારિત્ર્યવર્ધક પુસ્તકો બને તેટલા સસ્તા મૂલ્યે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

છેલ્લા ત્રણ માસમાં પ્રસિદ્ધ થયેલાં પ્રકાશનોની યાદી નીચે આપી છે:

નવાં પ્રકાશનો

અષ્ટાંગહૃદય

પાન ૧૦૦૮ :: કિં. ૧૨–૦

મહર્ષિ વાગ્ભટ્ટ કૃત આયુર્વેદનો મહાન ગ્રંથ. આમાં મૂળ સાથે સરળ અનુવાદ અને વિસ્તૃત સમજૂતી આપી છે.

રંગમેળો

પાન ૨૦૦ :: કિં. ૧–૮

લે૦ શ્રી હીરાલાલ ફોફલીઆ: નવી જ ભાત પાડતો રસદાયી વાર્તાઓનો સંગ્રહ.

જીવનસુવાસ: (સર્વોપયોગી)

પાન ૨૦૦ :: કિં. ૧–૮

શ્રી લાલભાઈ ક૦ દેસાઈ કૃત સામાજિક વાર્તાઓનો સૌ કોઈને ઉપયો થાય તેવો સંગ્રહ.

સંસારના રંગ: (સર્વોપયોગી)

પાન ૧૫૨ :: કિં. ૧–૦

લે૦ શ્રી૦ સરોજિની મહેતા: રૂઢિ રીતરિવાજોમાં અટવાતા હિંદુસમાજ સ્ત્રીઓની થતી બેહાલીના સાચા પ્રશ્ન નિરૂપણ.

શ્રીશિવમહાપુરાણ

૧૨૯૬ : કિં. ૧૨-૦ : ૮. ખ. ૧-૧૨

સાતેય સંહિતાઓનું શુદ્ધ ગુજરાતી માં અક્ષરશઃ ભાષાંતર, દળદાર બે માં સચિત્ર.

દાધારી ભીમ : (સર્વોપયોગી)

પાન ૩૨૮ :: કિં. ૨-૪

આ પુસ્તકમાં મહાભારતમાંના ભીમનાં રાક્રમોના પ્રસંગોને ગૂંથવામાં આવ્યા આ અગાઉ બહાર પડેલા 'ભીમનાં કો' નામના પુસ્તકના અનુસંધાનમાં દ્ધ કરાયેલા આ પુસ્તકનું વાચન અત્યંત ને રસદાયી બનશે.

શ્રીકૃષ્ણચરિત્ર (નાટક)

પાન ૧૬૮ :: કિં. ૧-૮

લે૦ કવિશ્રી મૂળશંકર હરિનંદ મૂલાણી : યોગનું માહાત્મ્ય દર્શાવતું, નાનાંમોટાં મી જાય એવું, ત્રિઅંકી નાટક.

તરાવૃત્તિઓ

શ્રીમદ્ ભગવદ્ગીતા (ગુટકો)

પાન ૩૩૬ :: કિં. ૦-૮

આવૃત્તિ ૨૪મી. મૂળ સાથે સરળ રાતી ભાષાંતર.

શ્રીમદ્ ભગવદ્ગીતા

પાન ૬૦૦ :: કિં. ૩-૦

પંડિત નીલકંઠની ટીકા સાથે સરળ રાતી ભાષાંતર. નવી આવૃત્તિ.

યોગવાસિષ્ઠ મહારામાયણ

આ ગ્રંથનાં શરૂનાં ચાર પ્રકરણો ભાગ રૂપે છપાઈ ગયાં છે અને બાકીનું પ્રકરણ (પૂર્વાર્ધ-ઉત્તરાર્ધ) ભાગ રૂપે છપાય છે.

વાર્તા-સંગ્રહો

છેલ્લા છ માસમાં નીચેના વાર્તા-સંગ્રહો બહાર પડ્યા છે. આપની નકલ આજે જ મેળવી લ્યો :

માણસાઈની વાતો : સં૦ પીતામ્બર પટેલ

પાન ૩૦૮ :: કિં ૨-૦

મહાગુજરાતના જુદાજુદા સુપ્રસિદ્ધ લેખકોની, વ્યવહારશુદ્ધિ અને માણસાઈના ગુણોથી ઓપતી ૨૦ વાર્તાઓ.

માટીની મૂર્તિઓ : લે૦ મોહમ્મદ માંકડ

પાન ૧૨૦ :: કિં ૦-૧૨

ગ્રામજીવનના રોજિંદા સામાજિક પ્રશ્નો-ની રસભરી છણાવટ કરતી ૧૦ વાર્તાઓ.

ચોકખું
પોલસનનું
ઘી
રાા અને ૭ રતલી
સીલ્ડ લીવર-લીડ ટીનમાં
દરેક પ્રોવીઝન સ્ટોરમાં
મલે છે.

અક્ષયપાત્ર : લે૦ 'સારંગ' બારોટ
પાન ૨૬૪ :: કિં ૧-૮

સમાજ-જીવનની વાસ્તવિકતાઓનું અતિ ઘેરું આલેખન કરતી ભાવવાહી ૧૭ વાર્તાઓનો સંગ્રહ.

અંધારી રાતે : લે૦ કેતન મુનશી
પાન ૧૩૬ :: કિં ૦-૧૨

સમાજમાં નજરે પડતા પ્રશ્નોને [illegible] ને રસભરી ભાષામાં છણતી ૧૦ વાર્તાઓ.

'અખંડ આનંદ'

ઑક્ટોબર માસનો અંક 'દિવાળી-અંક' તરીકે પ્રસિદ્ધ થશે અને તે તા. ૧લી ઑક્ટોબરને બદલે તા. ૧૦મી ઑક્ટોબરે ગ્રાહકોને રવાના થશે, તેની 'અખંડ આનંદ'ના સર્વ ગ્રાહકબંધુઓને નોંધ લેવા વિનતિ છે.

સેલ્સટેક્સ સંબંધી સંસ્થાએ સરકારને લખેલો પત્ર

ગાંધીરાજ્ય અને રામરાજ્યમાં ગીતા અને ધર્મપુસ્તકો ઉપર પણ વેચાણવેરો લઈ ગ્રંથોનું ઉત્પાદન અને વેચાણ ઘટે એ કેટલું અયોગ્ય છે તે દેખાડનારો, સંસ્થાના પ્રમુખ શ્રી મનુ સુબેદારે નાણાંપ્રધાન પર લખેલો પત્ર વાચકોની જાણ માટે નીચે આપવામાં આવ્યો છે:

ઑગસ્ટ ૮, ૧૯૫૨

માનનીય નાણાંપ્રધાન,
મુંબઈ રાજ્ય,
સેક્રેટરિયેટ,
મુંબઈ,

વહાલા સાહેબ,

પુસ્તકો અને સામયિકો પરના વેચાણવેરા બાબત

વેચાણવેરામુક્ત ચીજોની મુંબઈની યાદીમાં અમને માલૂમ પડે છે કે મુંબઈ સરકારે માન્ય કરેલાં પાઠ્ય પુસ્તકો પણ છે. ભારતની સરકારે પુસ્તકોને જરૂરી ચીજવસ્તુઓની યાદીમાં મૂકેલાં છે. અમે અતિ નમ્ર વિનતિ કરીએ છીએ કે પુસ્તકોને સદંતર રીતે બાકાત રાખવાં જોઈએ; કારણકે પુસ્તકની તૈયારી કરવામાં વપરાતી વિવિધ વસ્તુઓ પર બહુમુખી વેચાણવેરાની પદ્ધતિ દ્વારા કર તો લેવાઈ ગયો હશે.

અમે ખૂબ જ ભારપૂર્વક સરકારને વિનતિ કરીએ છીએ કે અમારી સંસ્થા તરફથી પ્રસિદ્ધ થતાં ધર્મ, નીતિ તથા વૈદક અંગેનાં પુસ્તકો પર કર લેવામાં ન આવે. જેની પ્રતિવર્ષ અમે ૫૦,૦૦૦ નકલો વેચીએ છીએ, તે ગીતાને પણ કરમુક્ત

વામાં આવી નથી; એ વાત કદાચ પ્રધાનોની વિચારણા બહાર ગઈ લાગે છે. દુનિયામાં બીજાં સ્થળોએ અને ખુદ મુંબઈ રાજ્યમાં પણ સરકારની નીતિનું પ્રજાના નીતિઘડતરમાં ઉપયોગી બને એવાં કેટલાંક પુસ્તકોને પ્રોત્સાહન આપવાનું રહ્યું છે. દાખલા તરીકે મુંબઈ સરકારે બે ભાગમાં ઘણી સસ્તી કીમતે તુકારામ'ની પ્રસિદ્ધિ કરી હતી. જ્ઞાનેશ્વરી ગીતા, યોગવાસિષ્ઠ, તુલસી રામાયણ, મહાભારત, ભાગવત, નરસિંહ મહેતા, મીરાંબાઈ વગેરે અમારાં પ્રકાશનો પર કર નાખવો એ સરકારની પોતાની જ સ્વીકારેલી નીતિની વિરુદ્ધ જાય છે.

અમારી સંસ્થા માટે અમે કોઈ ખાસ વિશિષ્ટ અપીલ કરવા માગતા નથી. સરકાર જે કોઈ કાયદાકાનૂન ઘડે તેને અનુસરવા અમે તૈયાર છીએ; પરંતુ અમને લાગે છે કે, સરકાર સર્વ પુસ્તકોને વેચાણવેરામાંથી મુક્ત રાખવાની વિનતિ ન સ્વીકારે, તોપણ એક વર્ગ તરીકે સર્વ ધાર્મિક પુસ્તકો અને સરકાર એક નાની સમિતિ દ્વારા નક્કી કરે તેવાં કેટલાંક પુસ્તકોને તો બાકાત રાખવાં જ જોઈએ.

સામયિકોની બાબતમાં તો વેચાણવેરામુક્તિ માટેની દલીલ ઘણી જ મજબૂત બને છે. ન્યૂઝપ્રિંટ અંકુશના પ્રાથમિક ડેકલેરેશન તથા બીજી ઘણી બાબતોમાં વ્યાખ્યા અનુસાર તો સામયિકોને વર્તમાનપત્રોની જ કક્ષામાં મૂકવામાં આવ્યાં છે.

સરકારની પોતાની જ વેચાણવેરાની પુસ્તિકામાં સામયિકોને વર્તમાનપત્રોમાં ગણી લેવામાં આવ્યાં છે. અને હવે જો સરકાર સામયિકો ઉપર કર નાખે તો ઘણું વિચિત્ર થાય; બે વર્ષ પહેલાં વર્તમાનપત્રોની પોતાની જ વ્યાખ્યા(જુઓ પાન ૨૪૩ ફૂટનોટ 'ટી.' ઑમ્બે સેલ્સટેક્સ હેન્ડબૂક)માં તે પાછું પગલું ભરે છે.

અમે એટલું કહેવાની રજા લઈએ છીએ કે સોએ ટકા ધર્માદા અને બીન-નફાને ધોરણે ચાલતી અમારી સંસ્થા તરફથી પ્રગટ થતા 'અખંડ આનંદ' પર અમારે વાર્ષિક રૂપિયા ૬૦૦૦ની આસપાસનો કર આપવો પડશે. અત્યારે ૨૨૦૦૦ ગ્રાહકો છે. એમની પાસેથી એ કર વસૂલ કરવો મુશ્કેલ બનશે. તેમની પાસેથી આટલો વધારો ભેગો કરવાનો ખર્ચ અમને કે તેમને પોષાશે નહીં અને આટલો ખર્ચ આટલા થોડા પરિણામ માટે કરી શકાય નહીં. ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ થતાં બીજાં બધાં જ માસિકો તરફથી અમે એક અડસટ્ટો તારવ્યો છે. એ પ્રમાણે સરકારને રૂ. ૬૦૦૦ની વધુ આવક થશે; અને 'અખંડ આનંદ'ની ગણતાં કુલ્લે આવક રૂ. ૧૨૦૦૦ની થશે, જેમાંથી અંદાજે ચોખ્ખે ચોખ્ખા રૂ. ૧૦,૦૦૦ જ મળશે.

મરાઠી સામયિકો માટે અમારો અડસટ્ટો એવો છે કે સરકારને લગભગ રૂ. ૧૫૦૦૦થી રૂ. ૨૦૦૦૦ની કુલ્લે આવક થશે, જેમાંથી ચોખ્ખી આવક અંદાજે રૂ. ૧૨૦૦૦થી રૂ. ૧૬૦૦૦ની હશે.

મુંબઈ રાજ્યમાંથી બીજી ભાષાઓમાં પ્રસિદ્ધ થતાં સામયિકોનો સમાવેશ અમે

કરતા નથી; પરંતુ અમે ભારપૂર્વક કહેવા માગીએ છીએ કે આટલી નજીવી જે રકમ સરકાર મેળવશે તે પ્રાપ્ત કરવા જતાં, 'આજે જ્યારે લોકો પાસે સારાં પુસ્તકો માટે દ્રવ્ય કે સમય નથી, ત્યારે સારા વિચારો ને જ્ઞાન ફેલાવનાર એક ખૂબ જ અગત્યના સાધન એટલે કે માસિકોને નિરુત્સાહિત કરવામાં ને એનો માર્ગ રૂંધવામાં શો ફાયદો છે?

મુંબઈ સરકારના ચાલુ ખર્ચાઓ માટેની ખોટ પૂરી કરવાનો સવાલ જ્યાં સુધી છે ત્યાં સુધી તો લગભગ રૂ. ૨૫૦૦૦ જેટલી આ રકમ મુંબઈ સરકારના કેળવણી ખાતાની પ્રવૃત્તિઓના વિકાસ અર્થે વપરાશે એમ માની લઈ શકાય. અત્યારનાં ઘણાંખરાં સામયિકોની આર્થિક સ્થિતિ કંગાળ છે; ત્યારે બહારનાં ગામડાંઓના પછાત વર્ગો માટે થોડીક શાળાઓ ઉઘાડવા કરતાં આ રકમ સામયિકો પાસે જ રહેવા દેવાથી ઘણાં સારાં પરિણામો આવશે એમ અમે અત્યંત નમ્રતાપૂર્વક માનીએ છીએ.

સરકારની સામાન્ય નીતિ કે ખર્ચવ્યવસ્થાની પદ્ધતિ ઉપર કોઈ પણ જાતની ટીકા કરવાની ધૃષ્ટતા કર્યા વગર અમે જો ફરી એમ કહીએ કે કાગળ, શાહી, છપામણી, સ્ટોર્સ, આર્ટપેપર, પૂંઠાં, પુસ્તકો બાંધવાનાં સાધનો ઉપર જે કર આપવો પડે છે તે સિવાયના વધારાના વેચાણવેરાના પ્રશ્નની પુનઃ વિચારણા કરી સર્વ સામયિકો અને માસિકોને તેમાંથી બાકાત રાખવામાં આવે, તો અમારી આ વાત અક્ષમ્ય નહીં ગણાય.

માનનીય પ્રધાનને જો આથી વધુ માહિતી કે વિગતો જાણવાની ઇચ્છા થાય તો મહારાષ્ટ્ર ને ગુજરાતનાં પ્રધાન સામયિકોના વડાઓ સાથે એમને જે સમય અનુકૂળ હોય તે વખતે મળવામાં અમને આનંદ થશે.

અમારી વિનતિનું પુનરાવર્તન કરી કહીએ છીએ કે અહીં જે વિનતિ કરી છે તેને, બહાર જે સામુદાયિક આંદોલન ચાલુ રહ્યું છે તેની સાથે કશો ય સંબંધ નથી. અમને શ્રદ્ધા છે કે કર ભરનારના સામાન્ય પ્રતિકાર સાથે અમારી આ વિનતિને સરકાર ગણશે નહીં; પરંતુ આ પ્રતિનિધિત્વરૂપ પત્રમાં ટૂંકમાં જણાવેલા પ્રશ્નોની એ કદર કરશે.

અમે છીએ
આપના ખૂબ જ આજ્ઞાંકિત સેવકો
મનુ સુબેદાર
ચેરમેન,
અને બીજા ટ્રસ્ટીઓ
સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ (**અમદાવાદ**)

"હું મારી ચામડીની રક્ષા લક્સ ટૉયલેટ સાબુથી કરૂં છું" અનુવા ગુપ્તા કહે છે

LUX
LUX TOILET SOAP

આ સુરમ્ય સુવાસિત સફેદ
તથા શુદ્ધ સાબુથી આપની
ચામડીને પણ સુરમ્ય રાખો!

ચિત્ર-તારિકાઓનો સૌંદર્ય સાબુ

LTS. 335-X30 GJ

રેટેફડનું
શુદ્ધ
ઘી
અને
માખણ
ફોન નં. ૪૧૯૭૨
પ્રેમથી
જમો અને જમાડો

ધી
ઈન્ડસ્ટ્રીઅલ એન્ડ પ્રુડેન્સીઅલ
એસ્યુરન્સ કું. લિમિટેડ
ઈન્ડસ્ટ્રીઅલ એસ્યુરન્સ બીલ્ડિંગ
કોટ, મુંબઈ
(સ્થાપના : ૧૯૧૩)
શ્રી વી. સી. સેતલવડ
મેનેજિંગ ડિરેક્ટર
૧૯૫૧ ને અંતે લાઈફ ફંડ :
રૂા. ૫,૩૦,૦૦,૦૦૦થી વધુ
એજન્સી અને બીજી વિગતો માટે
કંપનીમાં લખો.

રાષ્ટ્રીય ઉદ્યોગને ટેકો આપવો
એ દરેક હિંદીજનની ફરજ છે...
તમારાં કપડાંની સલામતી માટે
લાકડાની કલીપો
આજે જ ખરીદો.



WOODEN
CLOTH PEGS
BHARAT HOME
INDUSTRIES
Selling Agents :
KUSUMGAR
(Overseas) LTD.,
503. Kalbadevi,
Bombay 2.
'Phone: 25754.
*Good opportunity
to Sub-agents and
Stockists.

(SHETH)

હૃદયમાં આ
સત્યવાત જડીરાખો
ચામડી ને સુંદર અને
મુલાયમ બનાવવા માટે
સર્વ સાધનોમાં...
એક્લા
ટોયલેટ સ્નો
એજ સર્વોત્તમ છે.

ECLAT
TOILET SNOW
Eclat

ધી નોફકા કુંપની
મુંબઈ

આરોગ્ય
સંયમ

અને
યૌવનપૂર્ણ શરીર સૌંદર્ય માટે

કાન્તિ
વધારે સારો સાબુ

SWASTIK
KANTI TOILET SOAP
KANTI
KANTI

વધારે મોટી ગોટી
સ્વસ્તિક ઓઈલ મિલ્સ લી. વડાલા, મુંબઈ
SOM 178-Guj.

ઉત્તમ કારીગરી
જે
સમયનાં
વહેણ સાથે
પણ ઘસાતી
નથી!

એક માત્ર ખાત્રી લાયક પેન

વિલ્સન
ફાઉન્ટન પેન

૫/૧૨

હિન્દના સોલ ડિસ્ટ્રીબ્યુટર:-
કિરણ એન્ડ કંપની લિ૦
મુંબઈ, કલકત્તા, મદ્રાસ.

મુંબઈ ઓફિસ:–૭૩-૭૫, છીપી ચાલ, ઝવેરી બજાર પાસે, મુંબઈ–૨
મુંબઈના સ્ટોકિસ્ટ:–કેશવચંદ્ર એન્ડ કું., ૨૩૮, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈ-૧
અમદાવાદના સ્ટોકિસ્ટ:–એન. દલીચંદ એન્ડ કું., ગાંધી રોડ, અમદાવાદ

WILSON (REGD) No. 11

ી ડન એલ્યુમિનિયમ ફેકટરી

ે. નં. ૪૧૬૧૮ ... ૨૨૫, તાડદેવ રોડ, મુંબઇ.૭.



UBHAI AMICHAND
GUARANTEED PURE
TRADE MARK
BOMBAY. No 2

LALLUBHAI AMICHAND
QUEEN BRAND
TRADE MARK
BOMBAY. No 2

એલ્યુમિનિયમ,
જરમન સીલ્વર,
તાંબા, પીત્તળ તેમજ
સ્ટેઇનલેસ સ્ટીલનાં વાસણોની
ખરીદી માટે એક અને અનોખું વિશ્વાસ પાત્ર સ્થાન...

લ્લુભાઇ અમીચંદ લી.

ે.નં.૨૨૨૨૦ · ૫૫૪, કંસારા ચાલ, પાયધોણી મુંબઇ · પો.બો.૨૧૦૦

“AKHAND ANAND” Registered No. F. 514



સીમેન્ટ કોન્ક્રીટથી ગ્રામ સુધારણાની યોજ

આ દેશમાં આબાદીની સઘળી યોજનાઓમાં ગ્રામ સુધારણા મોખરે છે.

બારે માસ વાપરી શકાય અને મન્ડી તથા મુખ્ય શહેર સુધી પહોંચી શકાય તેવા રસ્તાઓ સીમેન્ટ કોન્ક્રીટથીજ બને છે. સીમેન્ટના ઘરો, તળાઓ, કુવાઓ દાણાની વખારો, ગૌશાળાઓ એ ગ્રામ્ય પ્રજાને આગ, દુકાળ અને ઉંદર કીડા વિગેરેથી થતા નુકસાનમાંથી બચાવે છે.

સીમેન્ટ મારકેટીંગ કંપની બધી જાતની ખબર ખુલાસા અને સલાહ કંઇપણ દામ લીધા વગર આપશે. ઠેકાણું: ૧, કવીન્સ રોડ, મુંબઈ.

સીમેન્ટ મારકેટીંગ કંપની ઓફ ઇન્ડીયા, લી

સેલ્સ મેનેજરો:

એસોસીએટેડ સીમેન્ટ કમ્પનીસ લીમી

નવેમ્બર

આનંદ
સાહિત્ય
પો. બો. ૫૦, અમદાવાદ.
રૂ. ૧

CROWN BRAND
GURANTEED PURE

CROWN BRAND
GURANTEED PURE

એલ્યુમિનિયમ નાં વાસણો

★ **વાસણોનો**
વિચાર આવતાંજ ક્રાઉન માર્કાની યાદ તાજી થાય છે. બનાવટ ની ઉત્તમત્તા, ઉપયોગિતા માટેનું સંશોધન, ભાવોનું વ્યાજબીપણું અને વ્યવહારની નિયમિતતાનું એ સાચું પરિણામ છે.

★ એલ્યુમિનિયમનાં વાસણો વજનમાં હલકાં જલ્દી ગરમ થાય તેવાં અને કીંમતમાં કીફાયત હોય છે. કલાઇ કરવાની જરૂરજ નથી પડતી.

★ દૂધના હાન્ડા, ટીફીન કેરીયર, કીટલી, થાળી, ગ્લાસ, પ્લેટો, બદના, લોટા, ટોપ, હાન્ડી વિ. કરોડો માણસો સંતોષથી વાપરે છે.

તમારી જરૂરીયાતો માટે લખો અથવા મલો

જીવનલાલ (૧૯૨૯) લિમિટેડ

પ્રેરણા

૩૧, નેતાજી સુભાષ રોડ ★ પોસ્ટ બોક્ષ નં. ૨૨૩૭ ★ કલકત્તા
તારનું ઠેકાણું : 'CROWNALUCO' Calcu

અખંડ આનંદ

ર્ષ ૬, અંક ૧]   તંત્રી : સોપાન   [નવેમ્બર ૧૯૫૨

ધ્યેય અને મર્યાદા

શા અને શ્રદ્ધા સાથે માનવી સતત પુરુષાર્થ કરે તો તેનું ફળ મળે જ. પૂર્વજન્મનાં વિપરીત કર્મોનો સંચય થયો હોય, તો તે પણ આવા પુરુષાર્થથી ઓછો થતો જાય અને અંતે નાશ પણ પામે,. પરંતુ આખરી સિદ્ધિનો આધાર કેવળ પુરુષાર્થ, શ્રદ્ધા ને આશા ઉપર જ નથી તે ધ્યાનમાં રાખવા જેવું છે. માણસ ચાલે એટલે રસ્તો કપાય, શાવાદી હોય તો થાક ન લાગે, શ્રદ્ધા હોય તો અંતરબળ ટકી રહે, માર્ગ ખરો જ તો દરેક પગલે ધ્યેયની નજીક પણ જવાય, પરંતુ નિશાન દૂરનું, કહો કે હિમાલયની નું પસંદ કર્યું હોય તો શું થાય? જીવનમાં આશા, શ્રદ્ધા અને પુરુષાર્થનું ઘણું જ ત્વ છે, પરંતુ એ યે વિશેષ મહત્ત્વ, આપણે શાને સિદ્ધિ માનીએ છીએ તે નક્કી વાનું છે. આપણી શક્તિ, આસપાસના સંયોગો, જેને આપણે તે ક્ષેત્રમાં સિદ્ધ માનતા ઈએ તેમના અનુભવો વગેરે લક્ષમાં રાખીને જો જીવનનું નિશાન નક્કી કર્યું હોય તો શા, શ્રદ્ધા ને પુરુષાર્થ ખૂબ જ ઉપયોગી થઈ પડે અને એવું કંઈ વિચાર્યું જ ન હોય એ આશા તરંગ બને, શ્રદ્ધા અંધશ્રદ્ધા બને અને પુરુષાર્થ એક પ્રકારનું પાગલપણું ડે એવો સંભવ છે.

જે વિકાસ ચાહે છે તે કલ્પનાશીલ હોવો જ જોઈએ. આજની સ્થિતિથી દૂર જે ન શકે, કલ્પી ન શકે તેનો વિકાસ થાય જ નહિ; પરંતુ કલ્પના અને તરંગનો ભેદ મજી લેવાની જરૂર છે. કલ્પનાશીલ માણસ વર્તમાનની પેલે પાર જોઈ શકે છે, પરંતુ માનની તે અવગણના કરતો નથી. કલ્પક પતંગની પેઠે આકાશમાં વિહરે, પરંતુ તેનો ર તો ધરતી ઉપર જ હોય. તરંગીનું બરાબર એથી ઊલટું હોય. એ વર્તમાનને ભૂલી જ ય, ધરતી ઉપરનો—વાસ્તવિકતાનો એનો દોર તૂટી ગયો હોય કે છૂટી ગયો હોય. એનું આકાશી યન અંતે તો નાશ માટે જ હોય, પવનના પ્રવાહોને આધારે જ એ ગતિ કરે. જીવનમાં સિદ્ધિ મેળવવા ચાહે છે તેણે કલ્પક બનવું જ જોઈએ અને તરંગી ન જ બનાય તેની જી રાખવી જોઈએ. તરંગ અને કલ્પના વચ્ચેની ભેદરેખા અત્યંત પાતળી છે, પણ કી માણસ તે પારખી શકે એટલી સ્પષ્ટ તો છે જ.

સામાન્ય રીતે તરંગની પાછળ પુરુષાર્થ પ્રગટતો નથી. તરંગ ઊઠતાં કંઈ કરી

નાખવાનું મન થઈ જાય ને કયારેક જોશ પણ ચડે, પરંતુ તે જોશ એક પ્રકારના નશા જેવું હોય છે, એમાં વ્યવસ્થાનો અભાવ દેખાઈ આવે છે. તરંગ માણસની ઇચ્છાઓ ને વાસનાઓમાંથી મોટે ભાગે પ્રગટે છે. એની પાછળ વિચારનું બળ હોતું નથી, કંઈક જોતાં-સાંભળતાં અલભ્ય દેખાતી વસ્તુ કે સ્થિતિ પ્રાપ્ત કરવાની ઇચ્છા થઈ આવે છે. વ્યવહારમાં એ શકય હોતું નથી એટલે મનના મહેલો બંધાવા માંડે છે. આમ કરવાથી માનસિક શક્તિ પણ ઘટે જ છે; કારણકે મનને નિરર્થક તાણ ભોગવવી પડે છે. થોડીવાર મનો-રાજયમાં આનંદ અનુભવ્યા પછી પછડાટ જ ખાવી પડે છે. કોઈક દાખલામાં આ તરંગ છે કે કલ્પના તેની ખબર પડતી નથી અને જોશીલો-વેગીલો સ્વભાવ હોય તો જે ઇચ્છા મનમાં જાગે તેની જીવનધ્યેય તરીકે જાહેરાત થઈ જાય છે ને તેની પ્રાપ્તિ માટે પ્રયત્નો પણ થવા માંડે છે. આવી સ્થિતિના માણસ તરફ બીજા કોઈ હસે કે તેની મજાક કરે તો તે એમ માનવા પ્રેરાય છે કે મજાક કરનાર અતિ સામાન્ય માનવી છે! આવા તરંગીને કેટલીકવાર મહાપુરુષોના જીવન-અનુભવનો ટેકો પણ મળી જાય. એ મહાપુરુષો ને તેની વચ્ચે અલભ્ય કે દુર્લભ્યની આકાંક્ષા સિવાય બીજું કશું સામ્ય છે કે નહિ તેનો વિચાર જ એ કરે નહિ. એ તો એમ માને કે ઘણુંઘણું સહન કર્યા પછી જ સિદ્ધિ મળે, અનેક નિષ્ફળતાઓ પછી જ સફળતા મળે! આ બાબતમાં વિવેકથી વિચાર કરવાની જરૂર છે.

કલ્પના વિના વિકાસ નથી, પણ કલ્પક થવામાં મોટું ભયસ્થાન તરંગનું છે. એમાંથી બચવા માટે શાણા માનવીએ ક્ષિતિજ સુધી દૃષ્ટિ દોડાવવાને બદલે નરી આંખે સ્પષ્ટ દેખાય એવા નિશાન ઉપર જ પ્રથમ દૃષ્ટિ સ્થિર કરવાનું યોગ્ય છે. જીવનનું આખરી નિશાન ભલે દૂરદૂરનું રાખ્યું હોય પણ માર્ગના મહત્ત્વના સીમાસ્તંભો વિસરાય નહિ તેની કાળજી રાખવી. એક શ્વાસે હિમાલય ચડી જનાર કોઈ વિરલ શક્તિ મળી આવે કે આપણામાં એવી શક્તિ હોય તો યે માર્ગનાં નાનાં-નાનાં શિખરો ને વિસામાઓ વિષે જાણી લેવામાં કશું નુકસાન નથી. અંતિમ ધ્યેયના ઉત્તુંગ શિખર ઉપર લેશમાત્ર વિસામો લીધા વિના ચડી શકાય તો ચડી જવું, પરંતુ માર્ગ જોયો હશે, જાણ્યો હશે, વચ્ચેના વિસામાની ખબર હશે તો કોઈ પણ જાતના થાક અને અંતરાય વખતે તે મદદરૂપ બનશે. ઉપરાંત એ પણ લક્ષમાં રાખવાનું છે કે જે સર્વોચ્ચ શિખરને જ માત્ર જુએ છે ને માર્ગનો વિચાર જ કરતો નથી તે મોટે ભાગે ખેડાયેલા માર્ગે ચાલતો જ નથી, એટલે જો એ થાકે કે માર્ગમાં અંતરાય આવે તો તેની યાત્રા સર્વાંશે નિષ્ફળ જાય છે.

આશા, શ્રદ્ધા ને પુરુષાર્થની જીવનમાં ખૂબ-ખૂબ જરૂર છે, પરંતુ એ ત્રિવિધ શક્તિનો ઉપયોગ વિવેકથી, જ્ઞાનથી, પોતાની મર્યાદાઓના ભાનથી થાય તો પરમ સિદ્ધિથી દૂર રહ્યા હોઈએ તો યે પુરુષાર્થનો સંતોષ માની શકીએ. જીવનયાત્રામાં આ રીતે આગળ વધવાથી આપણે ગુમાવતા કશું જ નથી અને આપણી શક્તિના પ્રમાણ જેટલું તો અવશ્ય મેળવી શકીએ છીએ. જીવનમાં સફળતા ચાહનારે જેમ પોતાની શક્તિ-મર્યાદા સમજી આગળ વધવાની જરૂર છે, તેમ ધ્યેયની પસંદગીમાં પણ એ મર્યાદા લક્ષમાં રાખવી જોઈએ. 'મારે એક ડગલું બસ થાય,' તેનો આ જ અર્થ.

શ્રી

જીવનવૈભવ

લેખક :

શ્રી કેદારનાથજી

મનુષ્યમાત્ર જીવનવૈભવ ઇચ્છે છે પણ દરેકની જીવનવૈભવની વ્યાખ્યા જુદી-જુદી છે. કોઈ ધનની પ્રાપ્તિને જીવનવૈભવ માને છે, કોઈ વિદ્યાપ્રાપ્તિને જીવનવૈભવ માને છે, કોઈ જ્ઞાનને, કોઈ ઈશ્વરપ્રાપ્તિને જીવનવૈભવ માને છે. હું જીવનવૈભવની વ્યાખ્યા જુદી કરું છું. જીવનવૈભવ એટલે સર્વ સદ્‌ગુણોથી યુક્ત જીવન. જ્યારે આપણામાં સદ્‌ગુણોની વૃદ્ધિ થાય, હૃદય પવિત્ર રહે, જીવન સર્વ ગુણોથી શોભિત થાય, ત્યારે જ આપણામાં માનવતા આવી કહેવાય. આપણે ગાડી, ઘોડા, મોટર વગેરે હોય તેને વૈભવશાળી સમજીએ છીએ, આ સાચો વૈભવ નથી, પણ વૈભવનો તત્પૂરતો દેખાવ છે. મોટામોટા સમ્રાટો આપણે ત્યાં થઈ ગયા. તેમણે અઢળક ધન વગેરે એકઠું કર્યું. તેમણે અસંખ્ય કાયદાઓ કર્યા અને તે કાયદાઓનું તેમની હયાતી દરમિયાન ઉલ્લંઘન કરવાની કોઈની શક્તિ ન હતી, તે સર્વેનું આજે નામનિશાન નથી. જનતા તેના જ વૈભવને માને છે, જેણે પોતાના મનને વશ કર્યું છે. મહાવીર સ્વામી સાચા વૈભવશાળી હતા. તેમણે પ્રેમ અને અહિંસાનો સંદેશ આપ્યો. આવા મહાપુરુષો સાચા વૈભવશાળી છે. તેમને હજારો વર્ષ સુધી માન મળે છે. તે જ સાચો જીવનવૈભવ છે.

જીવનવૈભવ જુદી વસ્તુ છે. બાહ્ય સુંદરતા-કપડાં, ઘરેણાંથી સુંદર દેખાવાનો પ્રયત્ન કરીએ છીએ પણ તે સાચી સુંદરતા નથી. સાચી સુંદરતા હૃદયની જોઈએ. ન્યાય એટલે ધર્મ-કર્તવ્ય. ન્યાયનો વ્યાપક અર્થ ન્યાયથી પ્રાપ્ત કરવું તે. તે માટે યમ-નિયમોનું પાલન કરવું જોઈએ. સત્ય, બ્રહ્મચર્ય, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ આ પાંચે વ્રતોમાં જીવનવૈભવ આવી જાય છે. જીવન ચલાવવા માટે પરિગ્રહ કરવો પડે છે, તે વગર જીવન ચાલી શકતું નથી; માટે આપણે પરિચિત પરિગ્રહ કરવો જોઈએ. લોકોને પૂછીએ કે 'તમને સત્ય પ્રિય છે કે અસત્ય? હિંસા પ્રિય છે કે અહિંસા? દયા પ્રિય છે કે નિષ્ઠુરતા?' સર્વે કહેશે કે 'અમને સત્ય, અહિંસા, દયા પ્રિય છે.'

ધર્મનું સ્થાન અધર્મ લઈ શકતો નથી. ધર્માચરણ કરવા માટે ધારણા શક્તિ નથી. ધર્મ સમજવો એક વસ્તુ છે અને આચરણ બીજી વસ્તુ. દરેક જણ ઇચ્છે છે કે બીજો મારી સાથે પ્રેમ કરે, વિશ્વાસ રાખે, ન્યાયથી વર્તન કરે; પણ પોતે તે પ્રમાણે રહેતો નથી. કોઈને પૂછીએ કે 'તમને વ્યાધિગ્રસ્ત અવસ્થા પ્રિય છે કે નીરોગી?' વ્યાધિગ્રસ્ત પણ કહેશે કે નીરોગી. તો નીરોગી રહેવા માટે જે પથ્ય નિયમોનું પાલન કરવું જોઈએ તે કરતા નથી. ધૈર્ય–નિર્ભયતા, શૂરવીરતા સર્વપ્રિય છે પણ તે માટેનો પ્રયત્ન કયાં?

જેનું જીવન ન્યાયસંપન્ન છે તેને વંદન કરીએ છીએ–તેનો આદર કરીએ છીએ, પણ આપણું જીવન તેવું બનાવવા માટે પ્રયત્ન કરતા નથી. આપણે એમ માનીએ છીએ કે અમારામાં તાકાત નથી પણ તે સત્ય નથી. ખોટાં કામ કરવાને આપણે કેટલી તાકાત વાપરીએ છીએ? મારી ખાતરી છે કે ખોટે રસ્તે જવામાં જેટલી બુદ્ધિ (તાકાત) વાપરીએ છીએ, તેનાથી અર્ધી બુદ્ધિ જો સાચે માર્ગે વાપરીશું તો જરૂર યશ મળશે; પણ આપણે તેવો પ્રયત્ન નથી કર્યો. કોર્ટની અંદર ખોટું બોલનારને કેટલી તૈયારી કરવી

પડે છે! તે પહેલા પ્રશ્નનો જવાબ આપે અને બીજા પ્રશ્નનો જવાબ આપે તેમાં તેને પહેલા પ્રશ્નનો જવાબ શો આપ્યો તે ધ્યાનમાં રાખવું પડે છે અને પોતે ફસાઈ ન જાય તેની પૂરેપૂરી સંભાળ રાખે છે. તેને કેટલા યે તર્કો કરવા પડે છે. જો આપણે સત્ય જ બોલીએ તો ગમે તેમ પૂછે પણ આપણે એક જ વાત કરીશું. ખોટા માર્ગે જેટલી શક્તિ લગાડીએ છીએ તેનાથી અર્ધી શક્તિથી જીવન ચાલી શકે. આપણામાં ડર છે એટલે થોડા નિમિત્તથી ડરી જઈએ છીએ. ડરપોકને ગમે તેટલું સમજાવીએ છતાં ડર જતો નથી.

આપણે સ્વતંત્ર થયા પણ આપણે તો જેવા હતા તેવા જ છીએ. પહેલાં અંગ્રેજ સૈન્ય રક્ષણ કરતું હતું, હવે આપણું સૈન્ય. બીજાથી રક્ષણ મેળવવાની ટેવને લીધે આપણામાંથી ડરપોકપણું જતું નથી.

વ્યવહારશુદ્ધિ એટલે ન્યાયથી ચાલવું. જે કંઈ મેળવો તે ન્યાયથી મેળવો. પૈસા સત્ય માર્ગે—ન્યાયમાર્ગે મળી શકે છે. જે વૈભવ દેશને—રાષ્ટ્રને—માનવતાને શોભા આપે છે તે ન્યાયવૈભવ. આને માટે પ્રયત્ન કોણ કરે છે? જો ભાગવામાં રક્ષણ થાય છે તો હાથનો બરાબર ઉપયોગ કરવાથી પણ રક્ષણ થાય છે, પણ ઉપયોગ કરતા નથી.

સત્યનો માર્ગ ભયાનક લાગે છે કારણકે આપણે અપરિચિત છીએ. થોડા પરિશ્રમથી—માનસિક શ્રમથી તે માર્ગે જરૂર જઈ શકીએ. કોર્ટનો દાખલો તે માટે ઉપર આપ્યો છે. સત્ય બળવાન છે, અસત્ય નિર્જીવ છે. સત્યથી જીવન વિજયી, યશસ્વી થાય છે; અસત્યથી લાખો રૂપિયા એકઠા કરનાર સમુદાયની અંદર નહિ કહી શકે કે અસત્યથી, વિશ્વાસઘાતથી—છેતરપિંડીથી પૈસા મેળવો. કાળાબજાર કરો એમ પણ તે નહિ કહી શકે. જ્યારે સત્યવાન કહી શકશે કે પ્રામાણિકતાને આ રસ્તે ચાલવાથી સમાજનું-રાષ્ટ્રનું શ્રેય છે. અસત્યથી મેળવેલી ભૌતિક સંપત્તિ વ્યર્થ છે. આપણે રાક્ષસ છીએ. રાક્ષસ એટલે બીજું કોઈ નહીં પણ આપણી અંદર રહેલા કામ, ક્રોધ, લોભ, મત્સર, અહંકાર વગેરે. એટલે આપણી અંદર રહેલા રાક્ષસોને આપણે નષ્ટ કરવા જોઈએ.

માનવી જીવન મહત્ત્વની વસ્તુ છે. રોજ રોજ આપણો એકેએક વ્યવહાર તપાસીએ. તેમાં જે કંઈ અશુદ્ધિઓ હોય તેને દૂર કરવી જોઈએ. પણ જે રોજ આત્મનિરીક્ષણ ન કરી શકતા હોય તેઓએ પર્વના દિવસે હિસાબ તપાસવો જોઈએ. પર્વનો ઉદ્દેશ હિસાબ તપાસવા માટે છે. દિવાળીના દિવસમાં વેપારી, વર્ષ આખરે શું નફો-નુકસાન કર્યાં તેનો હિસાબ કાઢે છે તેવી જ રીતે આપણે ગઈ સાલના આ દિવસથી આજ સુધી શું કર્યું તેનો હિસાબ કાઢવો જોઈએ. રોજ જાગ્રત ન રહીએ તો વર્ષમાં એક વખત પણ જાગ્રત રહેવું જોઈએ. એક વખતની જાગૃતિ સાલભર યાદ રહે છે. પર્વના દિવસે આપણે જીવનની ઉન્નતિ માટે વ્રત લેવું જોઈએ. હું હંમેશાં વ્રતને મહત્ત્વ આપું છું. મંગળ પ્રસંગે લેવાયલાં વ્રતો લાંબો સમય ટકે છે. જેટલા અશુદ્ધ-અસત્ય વ્યવહાર છે તેને છોડી દેવા જોઈએ. તેમાં આપણું તેમ જ બીજાનું કલ્યાણ નથી. આપણા આવા નિશ્ચયથી—વ્રતથી જીવનને સર્વાંગસુંદર બનાવી શકીશું. ઋષિમુનિઓ, તપસ્વીઓ વગેરેએ આપણને એજ ઉપદેશ આપ્યો છે કે આપણું જીવન વ્યક્તિ માટે નથી, સમુદાય માટે છે. એટલે સમુદાયનાં સુખ-દુઃખ તે આપણાં જ સુખ-દુઃખ છે. તેઓ એટલા સમભાવી આત્મીય થઈ ગયા હતા કે તેઓ બિલકુલ ભેદભાવ રાખતા ન હતા. જનામાં ભેદ હોય તે ધર્મિષ્ઠ થઈ શકતા નથી.

ં કામ મહાપુરુષોએ આપણને જે તેનું આચરણ કરવાનું છે. અનુકરણથી થાય છે, અભિમાનથી નહિ. તેમણે જે આપ્યો તેના આચરણથી જીવનસિદ્ધિ થશે. બીમારી દૂર કરવાનાં પુસ્તકો વાંચવાથી બીમારી હટતી નથી, પણ તેમાં પ્રમાણે વર્તવાથી બીમારી જાય છે.

પ્રાચીન કાળમાં આપણે ત્યાં ચાર આશ્રમો હતા. બ્રહ્મચર્ય–ગૃહસ્થાશ્રમ–વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ. જીવનને માટે વ્યવસ્થા આવશ્યક હતી. આજે તે રહી પચીસ વર્ષની ઉંમર સુધી બ્રહ્મચર્ય તે (દશામાં) સમયમાં વિદ્યાભ્યાસ તા. તે પછી ગૃહસ્થાશ્રમની જવાબદારી તા. ગૃહસ્થાશ્રમ એટલે ગૃહસ્થનાં કર્તવ્યો. કરીએ એટલે જ ગૃહસ્થાશ્રમી નહિ. ગૃહસ્થ એટલે સંયમી–અપરિગ્રહી કર્તવ્ય-ી. વાનપ્રસ્થાશ્રમ એટલે બાળકોને સારા સંસ્કાર આપવા–કેળવણી આપવી અને સંન્યાસ એટલે વ્યક્તિનો સર્વ જીવો પ્રત્યે સમભાવ. પંચમહાવ્રતો સંન્યાસી માટે નથી; આપણા માટે છે. જે મહાપુરુષોએ વ્રતો આપ્યાં તે પ્રાણીમાત્ર પ્રત્યેની દયાને લીધે. તેમણે પોતાનું અને બીજાનું દુઃખ અલગ ન માન્યું. આપણું અને પરાયું તેવો ભેદ ન રાખ્યો.

સેવા કરવા માટે સહૃદયતા જોઈએ, નહિ તો સેવા નથી થઈ શકતી. સેવા કરતાં-કરતાં તે પ્રતિષ્ઠાનું સાધન ન બની જાય તેની સેવકે સંપૂર્ણ કાળજી–સંભાળ રાખવી જોઈએ. તે માટે આપણે આપણી લાયકી વધારવી જોઈએ. ભૌતિક ઉત્કર્ષ પર આપણી ઉન્નતિનું માપ નથી. ન્યાય, પ્રામાણિકતા, નિયમિતતાથી ચાલીશું તો જ જીવન યશસ્વી થશે. આપણે આપણો જ વિચાર કરીએ તેમાં સ્વાર્થીપણું છે, તે ધર્મ નથી. ધર્મ તે જ છે જે બીજાનું કલ્યાણ કરે. ધર્મ હૃદયમાં છે, સ્વાર્થને વશ થઈને આપણે જ આપણા ભાઈઓને ફસાવીએ છીએ એટલે દુશ્મન આપણી અંદર છે. તેને જ્યાં સુધી કાઢીશું નહિ, ત્યાં સુધી આપણી ઉન્નતિ નહિ થાય. માટે જો સાચો જીવનવૈભવ પ્રાપ્ત કરવો હોય તો આપણે સદ્‌ગુણી, પવિત્ર આત્મવત્ સમભાવી થવું જોઈએ.

*

શ્રીરામનામનો મંત્રજાપ કરતા સ્વામી રામદાસ એક જંગલમાં મંદિરમાં રહેલા. એમાં જંગલી રી, સર્પો, વીંછીઓ અને એવાં અનેક ઝેરી જનાવરો રહેતાં હતાં. મંદિરના દરવાજા સ્વામીજી સદા ખુલ્લા જ રાખતા હતા. રાત્રે વીસથી ત્રીસ રાની ભૂંડો મંદિરની આસપાસ ઘૂમતાં રહેતાં. આ જંગલી ભૂંડો પોતાનાં લાંબાં તીક્ષ્ણ જડબાંથી મંદિરની આસપાસની ભીની જમીનમાં ખોરાક શોધવા ફરતાં હતાં. એ પ્રાણીઓ બહાર ફરતાં હોય ત્યારે પણ મુક્તમને સ્વામી રામદાસ મંદિરની બહાર આવતા જતા રહેતા; પણ શ્રી રામની દયાથી એમને કંઈ જ ઇજા કરવામાં આવતી નહોતી. દિવસે દર્શન કરવા આવનાર ગામડિયાઓ પણ સ્વામીજીને વારતા, ને એ મંદિરમાં સાધના ન કરવાનું સમજાવતા; પરંતુ શ્રીરામમાં અતુલ વિશ્વાસ ધરાવનાર રામદાસ બિલકુલ નિર્ભય રહેતા. વળી દિવસે અને રાત્રે કાળા ભયંકર સર્પો મંદિરમાં આવજા-કરતા, પણ રામદાસને ઈજા કરતા નહિ. ઉપરાંત જે આસન ઉપર બેસીને તે મંત્રજાપ કરતા કે જેના ઉપર એ રાત્રે સૂતા હતા તે કોથળો ઉપાડતાં દરરોજ નીચેથી મોટા પીળા વીંછી નીકળતા, પણ તેમને ક્યારે ય કોઈ વીંછીએ ડંખ સરખો માર્યો નહોતો.

×

ગામડાનું અર્થશાસ્ત્ર

લેખક:
શ્રી રવિશંકર મહારાજ

શ્રી રવિશંકર મહારાજની હૈયાઉકલત અદ્‌ભુત છે. તેઓ સહજ રીતે ગહન પ્રશ્નના મર્મને અને મૂળને પકડી લે છે. અહીં એમણે પ્રગટ કરેલા વિચારો શ્રી વિષ્ણુદેવ પંડિત એમ. એ. દ્વારા મહારાજશ્રીની સંમતિથી પ્રાપ્ત થયા છે.

લોકો કહે છે કે 'આજે ઉત્પાદન વધ્યું છે.' હું તેમને પૂછું છું કે 'શાનું ઉત્પાદન વધ્યું છે? આજના ઉત્પાદનમાં નવસર્જન શું થયું?' આજે જીવનની જરૂરિયાતો કેટલી બધી વધી ગઈ! ખરચ કેટલો બધો વધ્યો! આ બધું હિંદને શી રીતે પોષાય? હિંદ તો ગામડાંમાં વસ્યું છે અને ગામડાંની સંપત્તિ વધારે તેવું અર્થશાસ્ત્ર જોઈએ અને તે આપણે ત્યાં હતું.

ગામડાંમાં એક કુંભાર રહે. જાતે માટી લાવે. જંગલમાંથી નકામાં ઝેડાં-પાંદડાં-લાકડાં વીણી લાવે. માટીમાંથી ઘડો બનાવે, પકવે અને સમાજને આપે. આ ઘડો મોંઘો ન પડે. તેમાં કુંભારનો સ્વાશ્રય છે, જાતમહેનત છે. તેના ધંધામાં સ્ત્રી, પુરુષ, બાળક બધાં કામમાં આવે. ગધેડું પણ તેને ભારે ન પડે. જરૂર પડે ત્યારે પકડી લાવે, મજૂરી કરે અને પછી જંગલમાં છોડી મૂકે. માટી ઉપાડે, બજારમાં ઘડા લઈ જાય. ફુરસદ મળે કુંભાર ગધેડાં પર અનાજ લાવે અને લઈ જાય.

ગામડાના સમાજમાં કુંભાર કોઈ રીતે ભારે નહોતો. તેનું સર્જન સસ્તું. તે ઘડાના પૈસા ન લે. વરસે દિવસે બાંધી મૂકયા પ્રમાણે અનાજ લઈ જાય અને આખા વંરસનાં વાસણ પૂરાં પાડે. ઘડા માટે એક પૈસાનું ખરચ નહિ. કુંભાર આ રીતે સમાજનો સેવક હતો; કારણકે તે ઓછામાં ઓછા ખરચે સમાજને માલ પેદા કરી આપતો. ટૂંકું જાડું કપડું પહેરે, માથે ઘડા લઈને જાય! ખાવાનું તો છે, ઘેર ખાશે તેજ રોટલા, મજૂરી કરીને ખાય, તે સમાજને ભારે શાનો પડે?

ગામડાનો લુહાર પણ સ્વાશ્રયી. તેને એક લોઢાનું જ ખરચ એટલે જાતે લોઢું ન લાવે. જેને જરૂર હોય તે લોઢું લાવે. લુહાર તો ટીપી આપે, ઘાટ ઘડી આપે. લુહારનાં છોકરાં ધમણ હલાવે. સ્ત્રી ઘણ મારે એટલે સ્ત્રી પણ કામ આવે. લુહાર ટીપીટીપીને જોઈતા ઘાટ ઘડી આપે. તેની જાતમહેનતને બદલે તેને ખાવાનો રોટલો મળે, બીજું તો તેને જોઈએ પણ શું?

ગામડાનો વણકર પણ ભારે મહેનતુ. તેને ખરચ શું? લોકો કાંતી સૂતર તૈયાર કરી તેને આપી આવે. ઘરમાં હાથશાળ હોય જ. ઘરનાં બધાં જ માણસોને–સ્ત્રી, પુરુષ, છોકરાં સુદ્ધાંને હાથશાળ ચલાવતાં આવડે. ઘરમાં કોઈને બેસી રહેવાનું સૂઝે જ નહિ. કામ હોય અને શી રીતે બેસી રહેવાય?

એવું જ સુથારનું. ખેતરમાં ઝાડ તો હોય જ. પડી જાય તેને વહેરાવીને લાકડાં તૈયાર કરાય. એટલે લાકડાંનો તો [illegible] આપવો જ ન પડે. સુથારને ઘડવાનું કામ. તે જેવા ઘાટ માગો તેવા ઘડી આપે. હળ બનાવે. ગાડું તૈયાર કરે. ઘરવખરી બનાવે. મજૂરી જેટલું માગે અને તેય વરસે બાંધી મૂકયું હોય, રોકડા નહિ!

આવા હતા ગામડાના કારીગરો. ગામડાની પ્રજાના તે એક ભાગ હતા. ગામડાની

સેવા કરતા અને પ્રજા તેનો બદલો ચૂકવતી. પરસ્પર સમાન ભાવ હતો. તે એકબીજાને ઉપયોગી હતા. બધા જ મજૂરી કરતા એટલે મજૂરી સસ્તી પડતી. બેસી રહેનારની મજૂરી પડે તે સમાજને માથે પડે છે. આ કારીગરોમાં કોઈ બેસી રહેનાર મળે જ શાનો ? ગામડાનો વાણિયો વેપાર કરતો પણ તેમાં ભારે કરકસર કરતો. 'કેમ સસ્તો માલ મળે અને ઘરાકને સસ્તો આપું.' સસ્તાનો નફો પોતાને ખાઈ જવાની દાનત નહિ.

આ ગામડાનું અર્થતંત્ર હતું. રોકડા નાણાની ત્યાં જરૂર પડતી નહિ. દરજી, ધોબી, મોચી, ઘાંચી વગેરેનો પણ ગામડાની પ્રજામાં સમાવેશ થતો અને તેનું ખર્ચ ગામડાની પ્રજા ઉપાડી લેતી.

યંત્રનો યુગ આવ્યો અને ગામડાનું અર્થતંત્ર બગડ્યું. હાથશાળોને બદલે સાંચા આવ્યા અને મોટા પાયા પર મિલો શરૂ થઈ. વણકર બેકાર બન્યા. રેંટિયા ચલાવનારની રોજી ઝૂંટી લેવામાં આવી. ઉત્પાદન તો વધ્યું પણ સાથે ખર્ચ વધ્યું. જરૂરિયાત પણ વધી. વરસ-દિવસે બે ધોતિયાં અને બે કેડિયાંથી ચાલતું; તેને બદલે ઊજળાં કપડાં થોકબંધ આવ્યાં. જેમ ખર્ચ વધતું ગયું તેમ પૈસાની કિંમત આવી. ગામડામાં પૈસાની જરૂરિયાત નહોતી. હવે ત્યાં પણ પૈસો જોઈએ. તેના વિના વ્યવહાર ન નભે.

વણકર સ્વાશ્રયી હતો. બધું જાતમહેનતથી કરતો; એટલે તેને પૈસાનું ય ખર્ચ થતું નહિ. યંત્ર આવતાં તે વણકર મટીને શેઠ બન્યો. ઘરમાં એક હાથશાળ ચલાવતો; તે હવે સાંચાનો માલિક થયો. પોતે બેઠો રહે અને બીજા પાસે મહેનત કરાવે. મહેનતનું ખર્ચ ગણતો જાય અને માલ પર ચઢાવતો જાય. મહેનત-મજૂરીના ખર્ચ ઉપરાંત વણકરનું ખર્ચ પણ ગણે અને પોતે બેઠો રહ્યો હોય, તેનું ખર્ચ પણ ચઢાવે. આ બધું ઓછું હોય તેમ વધારાનો નફો ચઢાવે. જાતમહેનત તો ગુમાવી પણ સાથેસાથે કેટલાય વણકરોના ધંધા લઈ લીધા. વણકરનાં કેટલાંય કુટુંબોની રોજી લઈ લીધી અને જાતે શેઠ ગણાયા, મિલમાલિક ગણાયા અને ઉપરથી કહેવાય શું ? દેશમાં વસ્ત્રનું ઉત્પાદન વધ્યું. મને થાય છે કે આ તે ઉત્પાદન કઈ જાતનું !

અમદાવાદમાં પહેલાં દોઢ લાખની વસ્તી હતી, ત્યારે ઘાંચીઓનાં હજાર ઘર હતાં. આખી વસ્તીને તે બધાં કુટુંબો તેલ પૂરું પાડતાં હતાં. અમદાવાદ રોજ પાંચસોથી સાતસો ડબા ખાતું. આજે તેલની મિલો હજારો ડબા તેલ તૈયાર કરે છે, પણ પેલા હજાર ઘાંચીઓ અને તેમનાં કુટુંબો બેકાર બન્યાં. તેમની હાથરોજી ગઈ. ધંધો ગયો. તેઓ બેઠાડુ થયાં. સમાજ પર તેમનું ખર્ચ તો ચઢે જ છે. સમાજને તેની ખબર નથી.

હું નવસારી ગયો ત્યારે કપાસમાંથી તેલ કાઢવાની મિલ જોવા મને લઈ જવામાં આવ્યો. મેં બધું ફરીફરીને જોયું. કપાસમાંથી રૂ કાઢવાનું મશીન, કપાસિયા ભરડવાનું મશીન. ભરડેલા કપાસમાંથી તેલ જુદું પડે અને જે મેલ નીકળે તેમાંથી મોટા પ્રમાણનો સાબુ મળે. તે મિલ પચીસ લાખ મણ કપાસિયા પીલે છે. બધું જોયા પછી અમે બેઠા. તેનો માલિક પોતાની મિલની ઘણી પ્રશંસા કરે. મેં તેને ધીરે રહીને કહ્યું, કે 'આ તો એક મિલ છે, પણ ગામડામાં તો ઘેરઘેર કપાસિયા પીલનારી નાની–નાની મિલ છે. તમે તો કપાસિયા પીલીને તેલ જ આપો છો, પણ ગામડાની મિલ તો કપાસિયા પીલી દૂધ અને ઘી જેવાં પૌષ્ટિક તત્ત્વો આપે છે. કપાસની આ એક મિલે તો કેટલી ગાયો અને ભેંસોનો ખોરાક લઈ લીધો અને છેવટે તેણે આપ્યું તો તેલ જ–ઘી, દૂધ નહિ. અને નફો તો

જબ્બર લીધો. તેમાં કોઈ વાતની મણા ન રાખી!'

હમણાં દુષ્કાળ રાહતનાં કાર્યો ચાલતાં હતાં. તળાવ ખોદાવવા કોદાળી, પાવડા જોઈતાં હતાં. તે સામટા મુંબઈથી મંગાવ્યાં. હાથા સાથે તૈયાર કોદાળી–પાવડા આવ્યાં. ના જોઈએ સુથાર કે ના જોઈએ લુહાર. ગામડાના બંને કારીગરોને કાંઈ કામ ન મળ્યું!

મિલો, કારખાનાં વગેરેએ ગામડાના ધંધા ઝૂંટવી લીધા. તેમના માલિકો મોટા ઉદ્યોગપતિઓ ગણાય. આમને શી રીતે ઉદ્યોગોના પતિ કહેવા? તેમણે તે ઉદ્યોગો બંધ કરાવ્યા કે વધાર્યા?

આમને ઉદ્યોગપતિઓ કહેવા કે ઉદ્યોગનો નાશ કરનારા? 'ચાલો રેંટિયા બંધ કરો, અમારી મિલમાં આવો. ચાલો ઘાણીઓ બંધ કરો, તેલની મિલમાં આવો. ચમાર-મોચીના ધંધા બંધ કરો, બાટાના જોડા પહેરો. સુથાર–લુહાર બંધ કરો, તમને તૈયાર માલ મળશે.' આ લોકોએ તો આપણા ધંધા બંધ કર્યા અને ઉપરથી તેમને આપણે ઉદ્યોગપતિઓ તરીકે અપનાવ્યા. તેમણે કયો પુરુષાર્થ કર્યો? કઈ જાતમહેનત કરી? ક્યારે શરીર પરથી પસીનો ટપક્યો?

આ યંત્રોની શોધ કરી કારખાનાં વધાર્યાં. એક માણસે છેતાલીસ માણસની રોજી લઈ લીધી. તેને શોધક શી રીતે કહેવાય? તેને તો હૃદય વિનાનો પામર કહેવો જોઈએ. તે એમ માનતો હોય કે 'બીજા પોતાની રોજી શોધી લેશે,' તો તે ક્યાંથી શોધી લે? અમુક જ ધંધા હોય અને તેમાં અમુક જ માણસો પોષાતા હોય તે બેકાર બનતાં શું કરે? તેમના ધંધાઓનું શું?

મશરૂ વણવાનો ધંધો પાટણનો જાણીતો છે. ત્યાં વીસેક કુટુંબો છે. મારે ત્યાં જવું થયેલું. ગાડીથી રાતે ઊતર્યો ત્યારે તેમાંનો એક વણકર મારી સાથે હતો. તે મને ઘેર લઈ ગયો. મારા આવ્યાની બધાને ખબર આપી. સવારે બધા ભેગા થયા. તેમની પર એક કેસ ચાલતો હતો. તે કેટલાકે મારું નામ દીધેલું. હું અચાનક મળી ગયો, તેથી તે ઘણા રાજી થયા. જ્ઞાતિના પટેલો મારી પાસે આવ્યા અને તેમણે પોતાની વાત કરી:

'મહારાજ! અમે હાથે મશરૂ વણતા હતા. બધાનો ધંધો સારી રીતે ચાલતો. અમારામાંનો એક મુંબઈ ગયો અને ત્યાંથી હાથશાળનો સંચો લેતો આવ્યો. અમારા બધા કરતાં તે વધારે મશરૂ વણે. મશરૂનો ધંધો એક તો ઓછો ચાલે અને તેમાં આ ભાઈ સંચો લાવ્યો એટલે અમારી તો રોજી બંધ થઈ ગઈ. અમે બધા ભેગા મળી, તેની પાસે ગયા અને તેને સમજાવ્યો; પણ તે શાનો સમજે? તેનો ધંધો તો સારી રીતે ચાલતો હતો. અમે પાછા આવ્યા અને ભેગા થઈને તેને નાત બહાર મૂક્યો. તેણે તો કોર્ટમાં અરજ કરી અને કેસ કર્યો. કોર્ટ તરફથી અમારા પર નાત બહાર મૂકવાનું તહોમત આવ્યું અને અમને તો જેલની સજા અને દંડ થયો. અમે ઉપલી કોર્ટમાં અરજ કરી છે. અમને કાંઈ રસ્તો બતાવો.'

મેં એમની વાત સાંભળી. તેમને મેં કહ્યું કે 'તમે એવો ઠરાવ ન કરો કે કોઈએ સંચા પરનું મશરૂ વાપરવું નહિ અને હાથે વણેલું જ વાપરવું?'

બધાને થયું કે ઇલાજ તો સારો છે પણ વાપરનારા માને તો ને? મેં કહ્યું કે 'આપણે વાપનારાઓને સમજાવીએ.' 'તો, તો અમારું કામ થઈ જાય, મહારાજ,' બધાએ હસીને કહ્યું. પછી મેં કહ્યું કે 'તમે હાથનું વણેલું મશરૂ વાપરવાનું બધાને કહો છો, તે વાત સાચી પણ તમે આ કાપડ પહેર્યું છે, તે હાથનું વણેલું છે?' 'ના

મહારાજ.' 'તો પછી વણકરોની રોજી બંધ થઈ હશે ત્યારે તેમની શી દશા થઈ હશે?' મારા આ સાદા કથનથી તેમને ખરી વાત સમજાઈ. તેમણે કહ્યું કે 'ગાંધી બાપા હાથે વણેલું પહેરવાનું કહેતા; તે વાત હવે સમજાય છે.'

સ્વાશ્રયી ધંધાઓમાં એક ખૂબી એ હતી કે તેમાં કોઈને બેકાર રાખીને કમાવાનું હોતું એટલું જ નહિ, તે ધંધામાં નિર્ભયતા હતી. પોતાનો છોકરો કયો ધંધો કરશે, તેની ચિંતા નહિ. કારીગરનો છોકરો કારીગર જ થાય. પોતાની રોજી અને આજીવિકાનું ભણતર પોતાને ઘેર જ તેને મળ્યા કર્યું. દીકરો મોટો થાય ત્યારે તેને શું કરીશ, તેની ચિંતા ન હોય. જ્યારે ડૉક્ટર, વકીલ, અમલદાર, નોકર એ બધા વર્ગને પોતાનાં છોકરાં શું કરશે તેની ચિંતા રહ્યા કરે. ભણે ત્યાં સુધી તો ભારરૂપ હોય જ. ભણ્યા પછી નોકરી ન મળે ત્યાં સુધી પણ ભારરૂપ રહે. તેનો પોતાનો કોઈ જાતનો સ્વાશ્રય તો હોય જ નહિ! આજે કોકને પૂછીએ કે છોકરાને શું કરશો? તો જવાબ મળે, કે 'ખબર નથી.'

આજનું ભણતર હિંદનું શું હિત કરશે? એક મોટા માણસ કહે છે: 'આપણા દેશમાં ચાર યુનિવર્સિટીઓ થઈ.' મને થયું કે તેને શું કરવાની? રાષ્ટ્રની સંપત્તિમાં આ ભણતર શું ઉમેરો કરશે? સાયન્સની ડિગ્રી લઈને આવેલા એક નિષ્ણાતને મેં પૂછ્યું કે 'આ તળાવ પર લીલ વળે છે, તેને દૂર કરવાનો કોઈ ઉપાય છે? આંબાને કેવો રોગ થાય છે, તેને દૂર કરશો? બાજરીનો દાણો નાનો થઈ ગયો છે, તે મોટો કેમ થાય?' પેલા નિષ્ણાતના ભણતરમાં આ બધી બાબતો નહોતી આવી. તેના સંશોધનની દિશા જ જુદી હતી. ત્યારે મને થયું કે આ લોકો અમારા ગામડાના ધંધામાં શી રીતે ઉપયોગી થાય? તેમના કરતાં તો અમારો ખેડૂત સારો કે ખેતરમાં પાંચ શેર બાજરી નાખી આવે અને પંદર મણ બાજરી ઉપજાવે. તેણે નવસર્જન કર્યું કહેવાય! કોઈ જાતની લૂંટ વિના તેણે રાષ્ટ્રની સંપત્તિમાં પંદર મણનો વધારો કર્યો. એક ખેડૂત આંબો વાવે. એક નકામા ગોટલામાંથી મોટું વૃક્ષ તૈયાર થાય અને પછી સેંકડો મણ કેરી મળે! તેમાં કોઈ જાતની લૂંટ નહિ, ક્યાંય ખાડો નહિ. જ્યારે આ મિલો–કારખાનાં જે ઉત્પાદન કરે ત્યારે બીજે ખાડો પડે. બીજાનું લૂંટીને આ પોતે પૈસાદાર થયા. એટલે તેમને ભય રહ્યા કરે. રખેને મને મારી નાખશે. રખેને લૂંટી જશે. કારણ શું? તેને સમાજના હિતનો વિચાર જ નથી. પોતાનો અંગત ખર્ચ જ એટલો બધો કે તેમાંથી તે ઊંચે આવે જ નહિ.

ગામડામાં એક પૈસાદાર ઘર હોય તો લોકો તેને પુણ્યશાળી કહેતા. આખા ગામનું તે નાક ગણાય. લોકોના દરદાગીના તેને ત્યાં રહે. લોકોની અડચણ દૂર કરવા, તે જાતમહેનત કરે. લોકોને ત્યાં વિવાહ–વાજન હોય તો ગામના શેઠને ચિંતા થાય: 'જાન ક્યાં ઊતરશે? આપણે ડહેલે રાખજો. જુઓ ખાટલા–ગોદડાં છે હોં; ચિંતા કરતા નહિ.' શેઠની સંપત્તિ અંગત નહોતી, સમાજ માટે હતી; પણ આજે તો સંપત્તિ અંગત જ બની ગઈ છે. ઘરના સાત ખંડ હોય છતાં મહેમાનને રહેવાની સગવડ નહિ. બધા વહેંચાઈ ગયા હોય. એક બેઠકનો, એક સૂવાનો, એક ખાવા માટે, એક નાહવાનો. આ બધાં વિભાગ કઈ જાતના? અને આ બધું કોની ઉપર? શું પોતાના સ્વાશ્રયથી આ બધું મેળવ્યું?

કોક મેલાં કપડાં પહેરીને ઓટલે ચડે તો બૂમ પાડી ઊઠીએ: 'ઊતર, ઊતર, જંગલી;

સાંસ્કૃતિક સમન્વય

લેખક :
સ્વામી અદ્વૈતાનંદજી

અદ્યતન સમયમાં મનુષ્યજાતિ એક અસાધારણ અને વિચિત્ર મંથનદશામાંથી પસાર થઈ રહી છે. દેવો અને અસુરોએ કરેલું સમુદ્રમંથન આર્ય પ્રજાની કલ્પનામાં પુરાણો દ્વારા દૃઢ કરવામાં આવ્યું છે, તેવું જ સંઘર્ષણ પ્રત્યક્ષ નિહાળવાનો વખત જગત સમક્ષ આવી પહોંચ્યો હોય તેમ જણાય છે. રહસ્યવાદીઓના મંતવ્યાનુસાર, પ્રાગ્ભૂમિકા તરીકે, આવી મનોદશા દિવ્ય સર્જનશક્તિની એક અકલ્પ્ય કળા છે. આવી પરિસ્થિતિમાં જ નૂતન રચના થઈ શકે છે અને માનવ–ઉત્કર્ષ માટે જરૂરી વસ્તુઓનો સંગ્રહ અને અનાવશ્યક વસ્તુઓનો વિધ્વંસ એકીસાથે અને સરળ રીતે થઈ શકે છે. માનવસમૂહના જાગ્રત મનમાં પ્રચલિત સંજોગોથી તીવ્ર અસંતોષ વ્યાપી રહ્યો છે અને ઊર્ધ્વ પ્રદેશમાંથી ઉચ્ચ આદર્શોનાં કિરણોના પ્રકાશની અને ભવ્ય ભાવીના સૌંદર્યની પણ મનમાં ઝાંખી થવા માંડી છે. આવા યુગમાં જે મનુષ્યોમાં યથાર્થ વિવેકબુદ્ધિનો ઉદય થયો હોય તેમનું મુખ્ય કર્તવ્ય માનવદૃષ્ટિમાં આમૂળ પરિવર્તન કરી સામુદાયિક જીવનમાં સંવાદ સ્થાપવાનો પ્રયત્ન કરવાનું છે.

જે વિચારના પ્રવાહો અત્યારે જગતમાં વિદ્યમાન છે, તેનું અન્વીક્ષણ કરતાં જણાય છે કે માનસિક અને સ્થૂળ બંને ક્ષેત્રોમાં જગત ઐક્ય તરફ ગતિ કરી રહ્યું છે. રાજકારણની દૃષ્ટિએ આ યુગ લોકતંત્ર અને વિશ્વસંઘનો, આર્થિક દૃષ્ટિએ લોકકલ્યાણનો, અને સાંસ્કૃતિક દૃષ્ટિએ વિશ્વધર્મ અથવા વિશ્વ–માનવતાનો છે. માનવસમાજનું બાહ્ય જીવન પરસ્પરાવલંબી અને સંગઠિત થવા માંડ્યું છે; પણ તેટલા પ્રમાણમાં આંતરિક જીવનમાં એકરાગતા આવી શકી નથી. બહારની પ્રગતિને સંગીન પાયા ઉપર મૂકવા માટે એક ક્રાંતિકારી સાંસ્કૃતિક આંદોલનની અનિવાર્ય જરૂરિયાત ઊભી થઈ છે. ભવિષ્યમાં આધ્યાત્મિક અને રાજકીય પ્રવૃત્તિઓ વચ્ચે સુમેળ સાધવો જ પડશે.

હાલના જમાનામાં ઘણા આદર્શવાદી, જનતાપ્રેમી, મધ્યમવર્ગી, બુદ્ધિજીવી પૂજકોમાં લોકસેવાની ધગશ છે, ત્યાગ કરવાનું સામર્થ્ય પણ છે; પણ તેમનું માનસ અહંપ્રધાન અને વૈજ્ઞાનિક યુગના સંસ્કારોમાંથી મુક્ત થયું નથી તેથી તે અંધકારગ્રસ્ત છે. આધ્યાત્મિકતા આ યુગમાં અસ્થાને છે એટલું જ નહિ પણ હાનિકારક છે એવું તેઓ ખરા દિલથી માને છે. આ માન્યતાનું મૂળ કારણ એ છે કે અત્યાર સુધી આધ્યાત્મિક જ્ઞાન એકદેશીય રહ્યું છે. જનસમાજના કલ્યાણની તેમાં અવગણના કરવામાં આવી

ક્યાંથી આવ્યો છે?' આ જંગલી, જે પોતાની મહેનત પર જીવે છે; અને પોતે ચોખ્ખો, જેને કમાવવું પડતું નથી, કોઈ જાતનું જોર પડતું નથી.

આ રીતે તો સમાજ પર બોજો વધતો જશે. આપણી જીવવાની રીતો જ ખોટી છે. સમાજનો · આપણને વિચાર જ નથી. જૂની પ્રાચીન ભાવના 'सहनौ भुनक्तु–સાથે જમીએ' તો હોઠ પર જ રહી–બોલવાની રહી. અનુભવમાં કે વ્યવહારમાં શું?

★

છે, વૈયક્તિક મોક્ષને જ અગ્રસ્થાન આપવામાં આવ્યું છે; પણ આ શોચનીય સ્થિતિ માટે પરમસાધ્ય વિષેનું અધકચરું જ્ઞાન અને તેનો એકતરફી પ્રચાર જ જવાબદાર છે. જીવનદર્શન પરિપૂર્ણ કરવા માટે એક સ્વસ્થ, સર્વાંગી, સમન્વયાત્મક સાંસ્કૃતિક પ્રવૃત્તિની અનિવાર્ય આવશ્યકતા અત્યારે જણાવા લાગી છે અને સંસારના પ્રૌઢ વિચારકોનું ધ્યાન આ તરફ દોરાયું છે એ ખરેખર આશાસ્પદ ચિહ્ન છે.

રાજનૈતિક પ્રવૃત્તિ જીવનની ઉપરછલ્લી ભૂમિકાને જ સ્પર્શ કરે છે; તદુપરાંત પશ્ચિમના સમર્થ ચિંતક બર્ટ્રાન્ડ રસેલ જણાવે છે તે પ્રમાણે રાજકારણમાં માનવસમૂહના વહાણને હાંકવા માટે જેઓ ઝઝૂમી રહ્યા છે, તેઓમાં યથાર્થ પ્રકાશનો સંપૂર્ણ અભાવ છે. જેમની પાસે સમ્યગ્ દૃષ્ટિ છે તેઓ ગંદા રાજકારણથી અલગ રહે છે અને જેઓ પાસે સત્તા છે તેઓ રાજસિક અહંકારના નશામાં ડૂબેલા છે. હાલના જગતની ખેદજનક અવસ્થાનું આ જ મૂળ કારણ છે. રાજકીય અને આર્થિક ક્ષેત્રોમાં નેતૃત્વ, જ્યાં સુધી નિઃસ્પૃહ, ગહન અને વ્યાપક દૃષ્ટિવાળા, મૌલિક વિચારસરણી ધરાવનારા, દૃઢનિશ્ચયી મનુષ્યોના હાથમાં નહિ આવે, ત્યાં સુધી આધુનિક પરિસ્થિતિમાં સુધારો થવાની શક્યતા જણાતી નથી. ગ્રીસના મહાન તત્ત્વવેત્તા પ્લેટોના મંતવ્યાનુસાર રાજ્યકર્તાઓ તત્ત્વજ્ઞાની હોવા જોઈએ; તો જ સંતોષકારક સમાજવ્યવસ્થા સ્થાપી શકાય અને તેમના વ્યક્તિત્વના પ્રભાવથી આમ જનતામાં પ્રામાણિકતા, કર્તવ્યદક્ષતાનો ઉદય થાય અને તેમનું નૈતિક ધોરણ ઊંચું આવે.

માનવજાતિની સતત પ્રગતિ થયા કરે છે. વિકાસ એટલે સમસ્ત જીવનના શાશ્વત અધિષ્ઠાન તરીકે રહેલા પરિપૂર્ણ ચેતનનો આવિષ્કાર. આ પ્રગતિમાં ભરતી અને ઓટ, રાત્રિ અને દિવસના ગાળા લયબદ્ધ રીતે આવ્યા કરે છે, પણ ઉભય અવસ્થામાં અંતસ્થ તત્ત્વ સ્વપ્રકટીકરણની ક્રિયા ચાલુ રાખે છે.

હાલના ઐતિહાસિક યુગમાં માનવ-સમુદાયના ઉત્કર્ષનું કાર્ય એશિયા અને યુરોપના બે ખંડોમાં કેંદ્રિત થયેલું છે. સર્વ મનુષ્યોમાં એક જ પ્રકારની સર્વાંગીણ પૂર્ણતા માટે ઝંખના રહેલી છે અને તે જ તીવ્ર ઈચ્છા પ્રાણીઓને વર્તમાન સ્થિતિમાં સંતોષ પામી નિરાંતે વિશ્રાંતિ લેવા દેતી નથી. તે છતાં આપણે એટલું તો સ્વીકારવું પડશે કે પૂર્વ અને પશ્ચિમ વચ્ચે થોડોઘણો દૃષ્ટિભેદ રહેલો છે. બંનેમાં નોખી-નોખી વિશિષ્ટતાઓ તરી આવે છે. એશિયાએ પ્રધાનપણે મનુષ્યની આધ્યાત્મિક અનુભૂતિના ક્ષેત્ર તરીકે ભાગ ભજવ્યો છે, યુરોપે બુદ્ધિ અને પ્રાણની પ્રવૃત્તિઓના વિકાસ માટેના કારખાનાનું કામ કર્યું છે. અત્યારે જગતમાં જેટલા જીવંત ધર્મો છે તેમાંનો એકેય પશ્ચિમમાં જન્મેલો નથી. એ સૌનું ઉગમસ્થાન હિંદ, ઈરાન અને પેલેસ્ટાઈન છે. ધર્મના વિષયમાં ભારતવર્ષ પૂર્વના પ્રતિનિધિ તરીકે છે. બીજી બાજુ ગ્રીસ અને રોમ પાશ્ચાત્ય માનસના પ્રતિનિધિરૂપ ગણી શકાય. યુરોપ અને એશિયાના વિચારો અને જીવનના પ્રવાહો એકબીજાથી સ્વતંત્ર રીતે વહ્યા છે, તેથી તેમાં ખાસ વિલક્ષણતાઓ આવી રહી છે. માનવજાતિનો આત્મા એક જ છે, માનવચિત્તો પણ સમષ્ટિ મનના અંશો હોવાથી કોઈ પણ ગુણો એવા નથી જ એક જ પ્રજામાં હોય અને બીજીમાં ન હોય. ફક્ત એટલું જ કહી શકાય કે પૂર્વ અત્યાર સુધીમાં મુખ્યત્વે કરીને આધ્યાત્મિકતાનો અને રહસ્યવાદનો પ્રદેશ રહ્યો છે અને પશ્ચિમ ભૌતિકવાદનો. પૂર્વ જ્ઞાનપ્રધાન રહ્યું છે, પશ્ચિમ ક્રિયાપ્રધાન. પૂર્વ આત્માનું ઉપાસક

છે, પશ્ચિમ શક્તિનું. પશ્ચિમમાં પણ સંતો, તત્ત્વદર્શીઓ થયા છે, ભલે એમની સંખ્યા પૂર્વ જેટલી ન હોય, તેમ પૂર્વમાં ઐહિક ઉન્નતિપોષક દૃષ્ટિએ અને નાસ્તિકવાદે પોતાનું વર્ચસ્વ જમાવવાનો ઘણીવાર પ્રયત્ન કર્યો છે. ગુણની માત્રા જુદી-જુદી પ્રજાઓમાં ઓછી-વત્તી હોય છે. જગતમાં જે ભેદો જાતિઓમાં, પ્રજાઓમાં, સ્ત્રી-પુરુષોમાં, જોવામાં આવે છે, તે કેવળ પ્રમાણના જ છે.

પૂર્વનું જીવનદર્શન વિદ્યમાન સંસારના અધિષ્ઠાન તરીકે રહેલા આદ્ય તત્ત્વનો અનુભવ કરવા ઉપર જ વધારે ભાર મૂકે છે. જ્યાં સુધી આનું અપરોક્ષ દર્શન થાય નહિ ત્યાં સુધી જગતના વાસ્તવિક સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થઈ શકે નહિ એવી તેની દૃઢ માન્યતા છે. આ વિચારને એટલી હદ સુધી લઈ જવામાં આવ્યો છે કે આત્મા એક જ સત્ય વસ્તુ છે, સંસાર ભ્રમણા છે માટે તેનો અનાદર કરવો એ જ પરમ પુરુષાર્થ છે. પશ્ચિમની જીવનદૃષ્ટિમાં પ્રતીત થતા જગત ઉપર જ ધ્યાન કેંદ્રિત કરવામાં આવ્યું છે. આ પાર્થિવ ક્ષેત્રમાં જ માનવપૂર્ણતા મેળવવાની ઉત્કંઠા તેમનામાં વિશેષ પ્રમાણમાં જોવામાં આવે છે. આ વિચારશ્રેણીનો અતિરેક કરી જગતના આદિકારણનો ઇન્કાર કરવાની અથવા તેને અજ્ઞેય ગણી તેની ઉપેક્ષા કરવાની હિંમત પશ્ચિમે કરી છે.

પૂર્વમાં આત્મપરાયણ જીવનને અગત્ય અપાય છે. આત્મા સત્, ચિત્, આનંદ સ્વરૂપ છે, શાશ્વત છે, નિરાકાર છે, નિર્વિકાર છે, ગુણાતીત છે; દેશ-કાળના પરિચ્છેદથી રહિત છે, તે બુદ્ધિગમ્ય નથી પણ અનુભવની પકડમાં આવી શકે છે; તેનું અપરોક્ષ જ્ઞાન મેળવવું એ જ મનુષ્યનું મુખ્ય કર્તવ્ય છે. જયાં સુધી આ અવસ્થા પ્રાપ્ત થાય નહીં ત્યાં સુધી શાશ્વત આનંદની અનુભૂતિ થઈ શકે નહિ. અનિત્ય વસ્તુઓની પાછળ ભમવાથી સ્થાયી સુખ મળી શકે નહિ, આત્મામાં અગણિતરૂપે પ્રકટ થવાની શક્તિ રહેલી છે. બૌદ્ધિક વિચારો, યુક્તિઓ, એ જટિલ અને સનાતન સત્યને સમજાવવાનાં બીતાં-બીતાં કરેલા પ્રયત્નો છે.

પૂર્વમાં પાંડિત્ય કરતાં આ આત્માના દર્શનને વધારે મહત્ત્વ આપવામાં આવ્યું છે. તદુપરાંત આત્માના સાક્ષાત્કાર માટે ધ્યાન, તપ, ઉપાસના, ભક્તિ, યોગ વગેરે નિવૃત્ત સાધનો ઉપર જ વધારે ભાર મૂકવામાં આવ્યો છે. પરલોકપરાયણતાની વૃત્તિને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. ધ્યાનપરાયણ સંતો, સાધુઓ, મુનિઓનું જીવન આદર્શ ગણાય છે. પૂર્વમાં આપણને કળાકારની અતિસૂક્ષ્મ રસવૃત્તિ, અંતર્મુખ યોગીની શાંત, સૌમ્ય, પ્રસન્ન મુદ્રા, સર્જક સ્વપ્નદૃષ્ટાનો કલ્પનાવિહાર જોવા મળે છે. પૂર્વની પ્રવૃત્તિ સમાજના ધારણ અને પોષણ કરતાં વ્યક્તિનો મોક્ષ સાધવા તરફ વિશેષ પ્રમાણમાં વળેલી હોય છે. પૂર્વ સંતપુરુષો, યોગીઓ પેદા કરવાની નેમ રાખે છે.

યુરોપે સાધેલા વિકાસની પાછળ કામ કરી રહેલાં બળોમાં જીવનની પીઠમાં રહેલી શક્તિને શોધી કાઢવાની અદમ્ય ધગશ, જીવન એટલે શું, કયા નિયમો દ્વારા સંસારનો ક્રમ ચડે છે, આનું જ્ઞાન કેવી રીતે મેળવી શકાય, તે જ્ઞાનનો ઉપયોગ માનવજીવનની ભાવનાઓને અને સંસ્થાઓને કેવી રીતે ખીલવી શકે તથા મનુષ્યોને એશ આરામ અને ભોગવિલાસનાં સાધનો કે રીતે આપી શકે, જેથી માનવજાતિની પૂર્ણતા અહીં જ સિદ્ધ થઈ શકે? આ વિચારો મુખ્ય છે. જોમ, તરવરાટવાળું જીવન પશ્ચિમને વધારે પસંદ છે. જીવનનો પૂરો લહાવો લેવાનું તેને સુંદર અને વ્યવસ્થિત બનાવી તે

આરામાં સારો લાભ ઉઠાવવામાં તેઓ માને છે. જીવનની પારનાં તત્ત્વ ઉપર મીટ માંડીને જોવામાં શાણપણ તેઓ ગણતા નથી. સૃષ્ટિની ક્રિયા મનુષ્યને લીધે જ સહેતુક અને પૂર્ણ બને છે. વ્યક્તિની શક્તિઓનો સંપૂર્ણ વિકાસ કરવામાં સામુદાયિક જીવનનું સંગઠન કરી તેની શક્તિઓ ખીલવવામાં મનુષ્યજીવનનું સાર્થક્ય છે એવું તેમનું મંતવ્ય છે. પશ્ચિમમાં ધર્મ એટલે એકાદ વ્યક્તિના પારમાર્થિક કલ્યાણ તરફ જોવું; એ નહિ પણ સમગ્ર સમાજનું હિત જોવું જોઈએ. નૈતિક, બૌદ્ધિક, રાજકીય, સામાજિક, આર્થિક ક્ષેત્રોમાં યથાશક્તિ પ્રગતિ સાધવી અને એવા સમાજનું ઘડતર કરવું, જેમાં મનુષ્યો પરસ્પર સહિષ્ણુતા દાખવી, એકબીજાનું હિત ધ્યાનમાં રાખી સર્વ પ્રવૃત્તિ કરે એ જ ઉચ્ચતમ આદર્શ છે એવી તેમની અચળ શ્રદ્ધા છે.

પાશ્ચાત્ય સંસ્કૃતિનો આદર્શ ગ્રીકદર્શનમાંથી ઊતરી આવ્યો છે. ગ્રીક યુગ, રોમના સામ્રાજ્યનો યુગ, યુરોપની સાંસ્કૃતિક નવરચનાનો યુગ અને હાલનો વૈજ્ઞાનિક યુગ, એ પશ્ચિમના માનસના વિકાસનાં સીમાચિહ્નો છે. પશ્ચિમની મુખ્ય પ્રણાલિકાઓનું દર્શન આપણને આ યુગોમાંથી મળી રહે છે.

માનવસંસ્કૃતિના આ બન્ને પૂરક પ્રવાહોનું મિલન હાલના ઐતિહાસિક યુગમાં સમોપાત્ત થયેલું છે અને આ સમાગમથી પરસ્પર લાભ થયો છે. પ્રથમ મિલનથી ભારતવર્ષના જ્ઞાનની અસર પાઈથાગોરાસ અને પ્લેટો જેવા ગ્રીસના પ્રખર તત્ત્વચિંતકો ઉપર થઈ હતી અને ગ્રીસની કળાની અસર હિંદ ઉપર સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. સિકંદરની પશ્ચિમ એશિયા ઉપર ચડાઈ અને બૌદ્ધ અને વૈષ્ણવ ભાવનાઓનો યુરોપમાં બૌદ્ધ ભિક્ષુકો દ્વારા પ્રવેશ, એ બીજો સમાગમ ગણી શકાય. દક્ષિણ કિનારાના પ્રદેશો પર ઇસ્લામનું આક્રમણ એ સંગમનો ત્રીજો પ્રયત્ન કહી શકાય. આ મિલનથી યુરોપના કેથોલિક માનસમાં અને રાજકારણમાં એક નવીન જાગૃતિ આવી અને આધુનિક બુદ્ધિપ્રધાન અને વૈજ્ઞાનિક યુગનાં બીજોનું આરોપણ થયું. પ્રકૃતિનાં બળો ઉપર આધિપત્ય પ્રાપ્ત કરવાથી અને દેશકાળની મર્યાદાઓ સંકુચિત થઈ જવાથી હાલના જમાનામાં પૂર્વ અને પશ્ચિમનો જે સંગમ થયો છે તે ચોથો પ્રસંગ છે. અત્યાર સુધીના સમાગમો અલ્પ સમય માટે હતા. હવે આ છેલ્લું મિલન કાયમ બન્યું છે એ સ્પષ્ટ રીતે દેખાય છે. પૂર્વ અને પશ્ચિમ વિચાર અને આચારનાં ક્ષેત્રોમાં હવે એકબીજાથી અલગ રહી શકે તેમ નથી.

પૂર્વ તરફથી પશ્ચિમને જે સંદેશો મળી રહ્યો છે તેમાં ઘણું તથ્ય છે. આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યા વિના, જગતના મૂળ કારણને જાણ્યા વિના, જગતના સ્વરૂપને સમજવાનો પ્રયત્ન કરવો એ કનકની કિંમત જાણ્યા વિના તેના અલંકારોની કિંમત આંકવાની કોશિશ કરવા જેવું અર્થહીન કાર્ય છે. પ્રત્યેક મનુષ્ય પરમાનંદ, અમૃતત્ત્વ, નિરવધિ જ્ઞાન, અમાપ શક્તિની ઝંખના કરે છે. ચાલુ સ્થિતિથી અસંતોષ જે પ્રત્યેક વ્યક્તિમાં જોવામાં આવે છે તે જ બતાવી આપે છે કે એક એવી વસ્તુ છે જે દેશ–કાળની મર્યાદાની પર છે. સર્વ રીતે પરિપૂર્ણ છે અને તે અનુભવગમ્ય પણ છે. આ જ નિરપેક્ષ સત્ય છે. એની અનુભૂતિથી જ ઉચ્ચતમ સ્થિતિ મેળવી શકાય છે અને જીવનલક્ષ્ય સિદ્ધ થાય છે. પશ્ચિમ તરફથી જે આદેશ પૂર્વને મળે છે તેનો પણ અનાદર થઈ શકે તેમ નથી. સૃષ્ટિ પણ પરમાત્માનો જ પ્રાદુર્ભાવ છે, તેનું જ વિદ્યમાન મૂર્ત સ્વરૂપ છે. જીવનનો

ઇન્કાર કરવો એ આપણામાં વસતા વિશ્વાત્માના એક અંગનો ક્ષય કરવા બરાબર છે.

પૂર્વ અને પશ્ચિમ બન્નેએ તેમના ઐતિહાસિક ભૂતકાળનું વિસ્મરણ કરી એક નવીન સમન્વયાત્મક વિચારસરણી તરફ હવે પ્રયાણ કરવું જોઈએ, એવું જ્ઞાન વિશ્વના પ્રૌઢ વિચારકોને થવા લાગ્યું છે, એ શુભ અને પ્રોત્સાહક ચિહ્ન છે.

હાલમાં આપણે એવું જીવનદર્શન મેળવવાનું છે, જેમાં પૂર્વ અને પશ્ચિમના વિચારપ્રવાહોનો સુમેળ સાધી શકાય. બંને ખંડોની પ્રજાઓએ આંધળું અનુકરણ કરી એક બીજાની સંસ્કૃતિનાં બાહ્ય અને સ્થૂળ રૂપોને અપનાવવાનાં નથી, પણ એમની અંદર રહેલી ઉચ્ચ ભાવનાઓનો વિનિયમ કરી એક સુભગ મિશ્રણ રચવાનું છે. માનવજાતિ માટે આ સમય કટોકટીનો છે, અકલ્પ્ય સંભાવનાઓથી ભરપૂર છે. એવી આપણે જરૂર આશા રાખી શકીએ કે આ સંગમને પરિણામે એક વિશાળ આધ્યાત્મિક ગહન દૃષ્ટિનો ઉદય થશે અને તે દર્શન સર્વ પ્રકારની એકદેશીયતાનો પરિત્યાગ કરી પારલૌકિક અને પાર્થિવ સમગ્ર જીવનને પોતાની અંદર સમાવી દેશે.

આ સાંસ્કૃતિક સમન્વયની સિદ્ધિ માટે વૈયક્તિક અને સામુદાયિક જીવનોમાં રૂપાંતર કરવું જ જોઈએ. જે પરિપૂર્ણ પરમતત્ત્વ જગતથી પર છે, જગતની અંદર છે, જગતરૂપે પ્રતીત થાય છે, તેનું પ્રત્યક્ષ જ્ઞાન પ્રાપ્ત કરવું અને મન, પ્રાણ, શરીરના કરણોને વિશુદ્ધ કરી તેનો આવિષ્કાર કરવો એ જ પરમ સાધ્ય છે; આધ્યાત્મિક અને ઐહિક સર્વ પ્રકારની ઉન્નતિનો આ વિચાર જ પાયો છે. આ સનાતન સત્યને આચાર દ્વારા અને આધુનિક માનસને અનુકૂળ આવે તેવી વિચારશૈલીમાં જનતા સમક્ષ મૂકવાની પ્રથમ આવશ્યકતા છે. આ સમ્યક્ જ્ઞાન મેળવવા માટે એક એવી સરળ અને સુસાધ્ય સાધનપદ્ધતિનો પ્રચાર થવો જોઈએ, જેમાં નિવૃત્ત અને પ્રવૃત્ત (જ્ઞાન, ભક્તિ અને કર્મ) માર્ગોનું સુમિશ્રણ કરવામાં આવ્યું હોય અને જેનો વ્યવહારના પ્રત્યેક ક્ષેત્રમાં સુગમતાથી ઉપયોગ થઈ શકે. તદુપરાંત જનસમુદાયનાં રાજકીય, આર્થિક, સામાજિક ક્ષેત્રોમાં આધ્યાત્મિકતાનો પ્રવેશ કરાવી તેમને સામૂહિક ઉત્કર્ષપોષક કેવી રીતે બનાવી શકાય તેના ઉપર પણ ભાર મૂકવો જોઈએ. વ્યક્તિનો વિકાસ રૂંધી નાખે એવી સમાજવ્યવસ્થા હાનિકારક છે. તેની સાથે વ્યક્તિને સ્વચ્છંદી વર્તન કરવાની એટલી હદ સુધી છૂટ ન હોવી જોઈએ કે જેથી આમજનતાની દુર્દશા થાય અને પ્રગતિવિરોધી પરિસ્થિતિ ઊભી થાય. પ્રચલિત અન્યાયી સમાજવ્યવસ્થા પ્રત્યે આંખમિચામણાં કોઈ પણ ધર્મથી થઈ શકે નહિ. બીનજવાબદાર ધનિકતા અને જનસમૂહની દરિદ્રતા વચ્ચેનું અંતર જેમ બને તેમ ત્વરાથી નિર્મૂળ થવું જ જોઈએ. આ કૃત્રિમ સ્થિતિ ઈશ્વરકૃત નથી, મનુષ્યકૃત છે અને પુરુષ-પ્રયત્નથી તેમાં આમૂળ પરિવર્તન થઈ શકે છે. એ વિચાર જનતાના મનમાં ઠસાવવો જોઈએ.

વ્યક્તિ અને સમાજ બન્ને એકબીજા ઉપર આધાર રાખે છે. વ્યક્તિના ઘડતરમાં બાહ્ય પરિસ્થિતિ ઘણી અસર કરે છે. સામાન્ય રીતે મનુષ્યો સંજોગોને આધીન રહીને જ વર્તન કરે છે, એમ કહેવામાં કાંઈ અતિશયોક્તિ નથી. બીજી બાજુથી જોતાં સામુદાયિક રૂપાંતર વ્યક્તિના પ્રભાવથી જ થાય છે. અસાધારણ પ્રતિભાશાળી મનુષ્ય પોતાના ઓજસથી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ પલટો લાવી શકે છે. તેથી વ્યક્તિ અને સમાજ, બન્નેમાં રૂપાંતરની ક્રિયા એકીસાથે થવી જોઈએ.

★

મોડા ઊઠવાના બચાવમાં

લેખક:
શ્રી જયોતીંદ્ર દવે

હજી ઊઠ્યા નથી? સાડા નવ થઈ ગયા તોપણ ઊંઘે છે? કાલનો ઉજાગરો હશે.'

'ઉજાગરો-ખુજાગરો તો કંઈ નથી. હંમેશ મોડા જ ઊઠે છે.'

'હંમેશ?'

'હા, રજાને દહાડે સાડા નવ-દશ ને ડે દહાડે સાડા આઠ કે નવ પહેલાં તા નથી.'

'એ તો બહુ વિચિત્ર કહેવાય.'

રજાને દિવસે એક ભાઈ સવારના સાડા કને સુમારે મને મળવા આવ્યા. 'હજી નથી,' એવો એમને જવાબ મળ્યો. રહીને એ ફરી આવ્યા. ફરી પણ એ જ મળ્યો. સાડા નવે એમણે ત્રીજો આંટો અને ત્રીજી વાર પણ એમને એવો જ મળ્યો એટલે એમણે આશ્ચર્ય વ્યક્ત તાં ઉપર્યુક્ત સવાલ કર્યો.

આ સંવાદ મેં આછો-આછો સાંભળ્યો, એ વેળા હું નિદ્રા ને જાગૃતિની વચ્ચેની કામાં હતો, દૂર ફરી આવીને માળા તરફ વતા પક્ષીની પેઠે વિશ્વચૈતન્ય સાથે એક-નેલો મારો આત્મા ધીરેધીરે પોતાના યા તરફ આવી રહ્યો હતો, એટલે તો કોઈ સ્વપ્નું છે એમ લાગવાથી હું રહ્યો.

'સાંભળો છો કે? કોઈ તમને મળવા યું છે,' શ્રીમતીએ મારી પાસે આવીને ની કહ્યું.

જવાબમાં મેં માત્ર પડખું ફેરવ્યું.

'તમને કોઈ મળવા આવ્યા છે. ત્રીજી આવ્યા છે.'

'હું.'

'હવે ઊઠોની. સાડા નવ ક્યારના થઈ ગયા.'

'કોઈ મળવા આવ્યું છે? અત્યારે? આ તે કંઈ મળવા આવવાનો વખત છે?' એમ બબડીને હું બેઠો થયો.

'મોં ધોઈને દીવાનખાનામાં આવજો,' એમ કહીને શ્રીમતી ચાલ્યાં ગયાં.

પાએક કલાક પછી ચાના બે પ્યાલા લઈને એ દીવાનખાનામાં ગયાં, ત્યારે ત્યાં માત્ર આગંતુકની હાજરી જોઈ ફરી હું સૂતો હતો ત્યાં આવ્યાં.

'હજી ઊઠ્યા નથી?' એણે પૂછ્યું.

'નથી ઊઠ્યો?' મેં સામો સવાલ કર્યો.

'આ પેલા ક્યારના ખોટી થાય છે ને તમે તો હજી પથારીમાંથી બેઠા પણ નથી થયા.'

'ખરેખર? મને તો એમ જ લાગતું'તું કે હું ઊઠ્યો છું.'

'તમે પણ શું મજાક કરો છો? જલદી ઊઠોને.'

'મજાક નહિ. ખરેખર, જાણે હું ઊઠ્યો, ઊઠીને દાતણ કર્યું ને પછી બગાસું ખાવા પથારીમાં બેઠો એવું જ મને અત્યાર સુધી લાગતું'તું. પણ હવે તું કહે છે કે હજી હું ઊઠ્યો જ નથી.'

'ચા ઠંડી થઈ જાય છે.'

'એમ? ચા થઈ ગઈ? ત્યારે તો આ આવ્યો!'

અને મળવા આવનાર ખોટી થાય છે તે કારણે નહિ, પણ ચા ઠંડી પડી જશે એ ભયથી હું ઝટપટ ઊઠીને તૈયાર થઈ ગયો.

આગંતુકે પોતે જે કામ માટે આવ્યા હતા તે વિષે વાત કરી અને પછી મારા મોડા ઊઠવા માટે જરા ટકોર પણ કરી. 'હું ત્રણ વાર આવી ગયો પણ તમે ઊંઘતા

હતા.'

'મને ખબર છે,' મેં કહ્યું.

'મને ખબર નહિ કે તમે આટલા બધા મોડા ઊઠતા હશો.'

'મને પણ ખબર નહિ કે તમે આટલા બધા વહેલા મળવા આવશો. બાકી મને જે ઓળખે છે તે બધા જ જાણે છે કે હું સવારના વહેલો ઊઠતો નથી.'

'કંઈ નહિ, હવે યાદ રાખીશ. નકામા ફેરા ખાવા ન પડે.'

'તમને ફેરા ખાવા પડ્યા તેથી બહુ દિલગીર છું. પણ તમે પણ જો મારી પેઠે મોડા ઊઠતા હોત તો તમને ખોટા ફેરા ન થાત.'

મને સવારે વહેલા મળવા આવનારને કાં તો એમ ને એમ પાછા જવું પડે છે, અથવા તો મારે એમને ખાતર વહેલા ઊઠવું પડે છે ને પરિણામે એમને ને મને બંનેને દિલગીરી થાય છે. ખરેખર એમને દિલગીરી થાય છે કે નહિ તે કહેવું મુશ્કેલ છે, પણ એઓ દિલગીરી વ્યક્ત કરે છે ખરા અને હું વ્યક્ત કરતો નથી, પણ અનુભવું છું.

ઘણા લોકો નથી કરતા તે હું કરું છું ને ઘણા લોકો કરે છે તે હું નથી કરતો. આ મારી કદાચ વિશિષ્ટતા ગણી શકાય. પણ એ બીજાઓના ધ્યાન પર આણવા યોગ્ય ખાસ ઉલ્લેખપાત્ર વસ્તુ હોય એમ હું માનતો નહોતો. ઘણા માણસો વહેલા ઊઠે છે, હું મોડો ઊઠું છું, પણ તેથી એને કંઈ નોંધપાત્ર સમાચાર તરીકે 'ચમકાવવા'ની જરૂર નથી. આમ છતાં મારા સમાગમમાં આવેલા અનેક માણસોને આ ખાસ ઉલ્લેખપાત્ર ઘટના લાગી છે એમ મને જણાઈ આવ્યું છે. મારે વિષે પોતાના મિત્ર સાથે વાત કરતાં મારા ઘાટીને એમ કહેતાં મેં સાંભળ્યું કે 'શેઠ ખાય છે થોડું પણ ઊંઘે છે બહુ,' ત્યારે સામાન્ય રીતે બીજાઓ કરતાં હું ઓછી ઊંઘ લઉં છું, છતાં આ આમ કેમ કહેતો હશે એમ મને થયું હતું. પણ પછીથી હું મોડો ઊઠું છું એટલે એણે આમ ધારી લીધું હશે એમ મને સમજાયું, અને હું મોડો ઊઠું છું એ વાત 'બુર્ઝ્વા' વર્ગ (ભદ્રલોક)માંથી 'પ્રોલિટેરિયેટ' (શ્રમજીવી) વર્ગમાં પણ પ્રસરવા લાગી એ જાણી કંઈક ગર્વ, કંઈક રોષ ઇત્યાદિ મિશ્ર લાગણીઓનો મને અનુભવ થયો.

ખરેખર, ભગવાનની દુનિયામાં ક્યાંય ન્યાય નથી. કેટલાક બધા માણસો વહેલા ઊઠે છે—અરે! ખુદ મારા ઘરનાં કેટલાંક માણસો તો મારે સૂવાનો વખત થાય છે ત્યારે ઊઠી પડે છે ને મારી ઊંઘમાં ખલેલ પહોંચાડે છે, પણ એ કોઈ સામે મેં કદી ફરિયાદ કરી છે? બીજાઓ વહેલા ઊઠીને ધમાલ મચાવે છે તેથી મારી ઊંઘ બગડે છે, પણ મારા મોડા ઊઠવાથી કોઈની ઊંઘ બગડતી નથી. વહેલા ઊઠનારાઓ માત્ર ઊઠીને જ સંતોષ ન માનતાં વહેલા ઊઠવાના ફાયદા વિષે લેખો પણ લખે છે, અરે! એટલું જ નહિ, એ જ લેખમાં મોડા ઊઠવાના ગેરફાયદાનું પણ મરીમરચાં ભભરાવીને વર્ણન કરે છે: આટલું બધું છતાં વિરોધનો પ્રચંડ દાવાનળ પ્રગટાવવાનાં આટઆટલાં કારણો માનવા છતાં વહેલા ઊઠનારાઓ સામે મેં કદી ફરિયાદનો એક અક્ષર પણ કાઢ્યો નથી. અલબત્ત, મનમાં કદાચ એમને માટે મેં હલકો અભિપ્રાય કોઈક વાર બાંધ્યો હશે, પણ મનમાં તો કંઈ કેટલાંયે પાપનાં પોટલાં બંધાઈ પડ્યાં છે. આપણા જેવા સામાન્ય મનુષ્યનાં જ નહિ, પણ સાધુસંતોનાં મનમાં પણ. ફેર ફક્ત એટલો જ છે કે આપણાં પોટલાંની ગાંઠ ઘણી ઢીલી હોય છે જે વારંવાર પોટલાં છૂટી જતાં એમાંની વસ્તુનું પ્રદર્શન

છે, અને સાધુમહાત્માઓનાં પોટલાંની મજબૂત હોય છે. કોક વાર એ લવાનું એમને મન થાય છે ત્યારે હામુશ્કેલીએ એ બોલી શકે છે અને પૂછો તો, મનમાં પણ વહેલા ઊઠનારને હું ખરાબ વિચાર સામાન્ય રીતે તો જ સેવતો; પણ એમના વહેલા ઊઠવાથી કંઈ અડચણ પડે અથવા એમની ખાતર પણ વહેલા ઊઠવું પડે, ત્યારે મને અકળા-થાય છે ને ચીડ પણ ચડે છે: અને એ વધું ખરું તે વ્યક્તિ પર નહિ, પણ વહેલા ના એમના અવગુણ પ્રત્યે જ હોય છે. એકવાર વહેલા ઊઠવાના ભારે હિમાયતી એક મારા મુરબ્બી મારે ત્યાં ઊતર્યા હું બહુ મોડો ઊઠું છું એ એઓ જાણતા એટલે રાત્રે જમી પરવાર્યા પછી એ લઈ બેઠા અને વહેલા ઊઠવાના ફાયદા ને ઊઠવાના ગેરફાયદા વિષે એટલા લંબાણ-વિવેચન કર્યું કે વચ્ચે બે વાર તો એમને ખાસ ચા બનાવવી પડી. એઓ કહે ચાને લીધે, પણ હું માનું છું કે અતિશય ને કારણે મગજના મિજાગરા ઢીલા જવાને લીધે, બહુ મોડી રાત સુધી ઊંઘ શકી નહિ. બીજે દહાડે હંમેશ મુજબ વહેલા ઊઠ્યા. હું એમનાથી યે મોડો હતો અને ઊઠ્યો પણ મોડો જ. સવાર-જ એમની તબિયત ઢીલી થઈ ગઈ. હું ત્યારે 'અહીં કોઈ સારો ડૉક્ટર-માં તબિયત તપાસી આપે એવો—છે?' એવી તપાસ કરતાં મેં એમને યા. બપોરે તો 'હૉસ્પિટલમાં જઈને બે-ચાર દહાડા સારુ,' એમ પણ એમને બોલતા સાંભળ્યા. 'જુઓ, આ વહેલા ના ફાયદા!' એમ પણ હું ત્યારે એમને શક્યો હોત. પણ મેં એવું કશું કહ્યું ળકું, 'હોય, કર્યાં કરમ સૌને ભોગવે જ છૂટકો, આપણે શું કરી શકીએ?' એમ મનમાં બોલીને મેં એમને આશ્વાસનનાં વચનો કહ્યાં: 'ગભરાઓ નહિ. રોજ ભારે ખાઈએ તો એકાદ દિવસ અપચો થઈ જાય, પણ તેમાં બીવા જેવું કંઈ નથી. બીજે દહાડે ઉપવાસ કરીએ એટલે તબિયત પાછી હતી તેવી થઈ જાય. એમ રોજરોજ વહેલા ઊઠીએ તો એકાદ દહાડો તબિયત બગડી પણ આવે, પણ હવે બેચાર દિવસ વહેલા સૂઈને મોડા ઊઠજો. એટલે તબિયત પાછી ઠીક થઈ જશે.'

વહેલા ઊઠનારાઓ તરફ હું આટલી બધી ઉદારતા દર્શાવું છું, પણ તેનો સામો ભાગ પણ મારા પ્રત્યે એ દર્શાવતા નથી. બીજાની વાત શું કામ કરું? ખુદ સહધર્મ-ચારિણી મોડા ઊઠવાના આપણા ધર્માચારમાં સહચારિણી ન બને એટલું જ નહિ, પણ એનો ભદ્ર વિરોધ કરે ત્યારે અડધું અંગ ક્રિયાશૂન્ય થઈને પડ્યું હોય એવા પક્ષાઘાતના રોગી જેવી જ આપણી સ્થિતિ દયાપાત્ર બને કે નહિ? ફરિયાદ તે કોની ને કોના આગળ કરવી?

મારી તબિયત સારી નથી રહેતી તેનું મોટામાં મોટું કારણ હું મોડો ઊઠું છું તે જ છે એમ શ્રીમતી દઢતાપૂર્વક માને છે. ભલે માને, સૌને પોતપોતાનાં મંતવ્યો મુબારક; પણ મારે યે એમ માનવું જોઈએ અને એમ માન્યા પછી મારી ટેવ સુધારવી જોઈએ એવો આગ્રહ જ્યારે કરવામાં આવે. ત્યારે મને લાગે છે કે મોડા ઊઠવાથી તબિયત બગડતી નથી, પણ વહેલા ઊઠવાથી બગડે છે. વહેલા ઊઠવાથી એકલી તબિયત નહિ, પણ મિજાજ પણ બગડે છે એવા અનેક વખતના અનુભવને આધારે બંધાયેલા મારા મતનું મારે પ્રતિપાદન કરવું જોઈએ.

મારી તબિયત બગડવાને ને મારા મોડા ઊઠવાને પરસ્પર સંબંધ છે એમ કહેવું

હોય અથવા એ બે વચ્ચે કાર્યકારણ ભાવનું આરોપણ કરવું હોય, તોપણ મોડા ઊઠવાને તબિયત બગડવાના કારણ તરીકે ઘટાવી શકાય એમ નથી: બહુ–બહુ તો એમ તબિયત બગડવાના કાર્ય તરીકે અર્થાત્ પરિણામ તરીકે ગણાવી શકાય, જો કે એમાં યે હોય તો સત્યનો અલ્પાંશ જ.

વહેલા ઊઠવું એટલે શું એ જાણે હું જાણતો જ ન હોઉં એવી પણ ગેરસમજ કેટલાકની થઈ છે એ હું જાણું છું. ‘સવારના પહોરમાં સૂર્યને ઊગતો જોવો એ કોઈ અનેરો લહાવો છે,’ એમ કહેનારા મને મળ્યા છે. ‘રાતના ચંદ્રને આથમતો જોવો એ પણ એવો જ અનેરો લહાવો છે,’ એવો મારો જવાબ સાંભળ્યા પછી સૂર્યોદયનાં દર્શન માટે એમણે મને ઝાઝો આગ્રહ નથી કર્યો. પણ કોઈ કોઈ વેળા વહેલી સવારે મારે જાગવું પડ્યું છે અને તે વેળા સૂર્યોદયનાં દર્શન મેં કર્યાં પણ છે. અલબત્ત, એ દૃશ્ય સુંદર હોય છે. પણ આવાં સૌંદર્યદર્શન હંમેશ માણવા માટે નથી. નિત્યપરિચયને કારણે એનું સૌંદર્ય વાસી બની જાય છે. મેં ઘણા વહેલા ઊઠનારાઓને પૂછી જોયું છે, એ લોકો સવારમાં ઊઠીને દાતણ કરવા જાય છે–સૂર્યનાં દર્શન કરવા નહિ. ‘તો શું તમે સૂર્યોદય નિહાળી શકાય તેટલા ખાતર વહેલા ઊઠતા નથી?’ એવા મારા સવાલથી એમને આશ્ચર્ય થયું છે. ‘અમે વહેલા ઊઠીએ છીએ તે શું સૂરજ ઊગે છે તે જોવા ખાતર? એમાં જોવાનું શું છે? એ તો રોજ ઊગે છે!’ એવો જવાબ એમના તરફથી મને મળ્યો છે.

સવારના પહોરમાં આપણે જાગી જઈએ, જાગીને ઝરૂખામાં જઈને પૂર્વ દિશામાં ઊગતા બાલ–રવિનાં દર્શન કરીએ, એનાં કુમળાં કિરણોની હૂંફથી સ્ફૂર્તિ મેળવીએ, આકાશમાં પુરાતા રંગબેરંગી સાથિયાઓ જોઈને આનંદાશ્ચર્યમાં મગ્ન થઈ જઈએ અને પછી જો આસ્તિક હોઈએ તો ‘હે ભગવાન! શી તારી લીલા છે!’ એમ કોઈક પાસેથી સાંભળેલું કે કયાંક વાંચેલું વાકય બોલીને ઘરમાં ફરી દાખલ થઈને મોં ધોવા માટે ચાલી જઈએ, તો તેમાં કંઈ મોટું કરીએ છીએ એમ હું માનતો નથી. ઊલટું, એ અનુભવ પણ લેવા જેવો છે અને મેં લીધો પણ છે. અને સવારના પહોરમાં બાલરવિનાં કુમળાં કિરણો બારીવાટે ધીરેધીરે આવતાં હોય તેનાથી ઘણે દૂર, આપણા શરીર પર એ કિરણો પડી ન શકે એવે સ્થળે શીતળ છતાં હૂંફાળી, કંઈક ચોળાયેલી છતાં સુંદર એવી પથારી ગુલાબી નિદ્રાના ભાન ભુલાવનારા છતાં પ્રાણપ્રેરક એવા બાહુપાશમાં જકડાઈ રહીને મેળવી શકાતી કોઈક અપૂર્વ શાંતિનો અનુભવ પણ મેં લીધો છે અને આ બંને પ્રકારના અનુભવ લીધા પછી મારી ખાતરી થ છે કે પહેલો અનુભવ કોઈકવાર લેવા જે છે, બીજો અનુભવ વિરલ અપવાદો બાદ કરતાં હંમેશ લેવા સરખો છે.

જેમણે એ બીજો અનુભવ લીધો નહિ એવા ઘણા માણસો વહેલા ઊઠવા માટે બ જાતનાં પ્રલોભનો આગળ કરે છે. ‘રાત્રે વહેલો સૂઈને વહેલો ઊઠે વીર, બળ, બુદ્ધિ, ધ બહુ વધે સુખમાં રહે શરીર,’ એવી એ પંક્તિ હું નાનપણથી સાંભળતો આવ્યો છું. મારી બાળબુદ્ધિને પણ જે સાચું નહોતું લાગ્યું તે આ જોડકણું રચનારને કેમ સમજાયું ન હોય તે સમજી શકાતું નથી. વહેલા ઊઠવાથી ધન શી રીતે વધે? ઊલટું, કેટલાક માણસો વહેલી સવારમાં એક ને પછી જરા મોડે બીજો એમ બે કપ ચા પીએ છે ને વ રામાં થોડોક નાસ્તો પણ કરી લે આથી ધનનો વ્યય થાય છે–બચત તો રહી. કોઈક વાર હું વહેલો ઊઠ્યો છું

હોય એમ મને કદી લાગ્યું નથી-
જ ન હોય એમ મને લાગ્યું છે.
રીતે મારી તબિયત બગડે છે ત્યારે
રીતે જ બગડે છે. હેમ્લેટનું ગાંડ-
પદ્ધતિસરનું હતું, તેમ મારી માંદગી
તિસરની હોય છે. સુનિશ્ચિત ક્રમ
એનો જન્મ, વિકાસ ને હ્રાસ થાય
વહેલા ઊઠવાથી તબિયતમાં જો કોઈક
નીય ઢીલાશ આવી જાય છે તેનું
ઠેકાણું જ રહેતું નથી. તબિયત
વસ્તુ છે કે નહિ તે પણ સમ-
નથી. બુદ્ધિનું પણ એવું જ બને છે.
કે સવારમાં વાંચેલું વધારે યાદ રહે
મારો અનુભવ તો એવો છે કે
બરાબર વંચાતું જ નથી તો પછી
રાખવાની તો વાત જ શી? કાલિદાસ-
પ્રિયતમાની છબી ચીતરે છે, પણ
દર્શન કરતાં આંખમાં પાણી ભરાઈ
એનાથી છબિ બરાબર દેખી
પણ નહોતી, તેવી મારી સ્થિતિ ચોપડી
થાય છે: અને આમ બળ, બુદ્ધિ
કોઈ વધતાં ન હોય પણ ઘટી જતાં
ત્યાં શરીર સુખમાં શી રીતે રહી શકે?
નવાઈ તો એ લાગે છે કે આ લખના-
એટલી પણ ખબર નથી કે શરીર સુખમાં
જ રીતે: સુખ માણવાની, સુખ
વાની આ વાત નથી. પણ શરીર
રહી શકે તેની વાત છે: અને
નિશ્ચેષ્ટ હાલતમાં, સ્નાયુઓ ઢીલા થઈ
હોય એવી સ્થિતિમાં પડ્યું રહે ત્યારે
સુખમાં રહ્યું છે એમ કહેવાય.

કેટલાક મિત્રોએ મને અખાડે જઈને
કરવાથી પેટમાં દુખતું હંમેશ માટે
જશે એમ મને કહ્યું હતું. એમની
માનીને મેં અખાડે જવા માંડ્યું. પણ થોડીક કસરત કર્યા પછી બેત્રણ દિવસમાં જ મારી ખાતરી થઈ ગઈ કે આ લોકોએ મને છેતર્યો. કસરત કરવાથી પેટમાં દુખતું તો ન મટ્યું પણ ઊલટું દુખાવાનું ક્ષેત્ર વિશાળ બન્યું—પેટ ઉપરાંત હાડકાં પણ દુખવા લાગ્યાં. આ તો છેતરપિંડી છે એમ હું સમજી ગયો ને મૂરખ બનતો બચ્યો. તે જ રીતે હવે આ વહેલા ઊઠનારાઓ મને લલચાવીને—ફોસલાવીને એમની ન્યાતમાં ભેળવવા માંગે છે અને ખૂબીની વાત છે કે એમાં મારા ઘરનાં માણસો પણ ભળેલાં છે. પણ હું કહું છું. હું તમારી જાળમાં ફસાઉં એમ નથી. બીજાને આમ છેતરવાનો પ્રયાસ, ભલા માણસો, શા માટે કરો છો? તમારાથી મોડા ઊઠી શકાતું ન હોય, જેમ નાના બાળકને અદબ વાળીને બેસવાનું કહીએ પણ ચંચળ વૃત્તિના બાળકથી સ્વસ્થ થઈને બેસી શકાતું જ નથી, કંઈ ને કંઈ ચેષ્ટા કર્યા વગર એનાથી રહી જ શકાતું નથી, તેમ તમારાથી પણ સંયમ રાખી શકાતો ન હોય, કદાચ વહેલા જાગી જવાય, તોપણ શાંત, નિશ્ચેષ્ટ રહીને પડી રહી શકાતું ન હોય, વૃત્તિના ચાંચલ્યથી પ્રેરાઈ દોડધામ કર્યા વગર તમને ચાલી શકતું ન હોય, તોપણ અમારે મોડા ઊઠનારાને તમારી સામે ફરિયાદ કરવી નથી. પણ તમે એમ કબૂલ કરો કે ભાઈ, અમારાથી ઊઠ્યા વિના રહેવાતું નથી. અમારી વૃત્તિ ચંચળ છે ને મન સંયમશીલ નથી. તમે તમારે પડ્યા રહો. આરામ કરો, તો બસ, પછી અમારે કશું કહેવાનું નથી. પણ આમ અદેખાઈના માર્યા અમને પણ જગાડી મારવા માટે શા સારુ કટિબદ્ધ થાઓ છો? અને જાગતા નથી તો ફરિયાદ કેમ કરો છો?

★

વર્ષો પછી....

લેખક:
શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ
એમ. એ.

[૧]

મારી અને ગજરાની ઉંમર લગભગ સરખી. મને પણ પિસ્તાળીસેક વર્ષ થયાં હશે અને ગજરાને પણ એટલાં વર્ષ થયાં હોવાં જોઈએ. નાનપણમાં અમે પડોશી તરીકે સાથે રમેલાં અને સાથે ભણેલાં. ગજરા તોફાની બહુ. એની ધિંગામસ્તીનો પાર નહિ. એ ગતકડાં પણ એટલાં બધાં કહે કે–આપણે હસીહસીને થાકી જઈએ. રમવામાં, ભણવામાં અને ગરબા ગાવામાં ગજરાનું અગ્રસ્થાન. એ તોફાની ખરી, છતાં એનું હૃદય ઘણું સારું. પડોશમાં કોઈ માંદું હોય તો ગજરા તેની ખબર પૂછવાની અને એનું ચાલે તો સારવાર પણ કરવાની. આખી શેરીની ગજરા માનીતી છોકરી. મને તે મારી બહેન જેટલી વહાલી લાગતી અને ગજરા મને ભાઈ જેવો ગણતી.

એ જ ગજરા આજ વર્ષોથી શૂન્ય બની ગઈ છે. એની આંખે એની જૂની ચમક નથી. બોલવાનું તો સહુ સાથે તેણ બંધ કરી દીધું છે. કોઈ જાતની એ ઘેલછા કાઢતી નથી, એને કદી તાણ આવતી નથી. અને કદી બોલે ત્યારે તેમાં કોઈ જાતની વિચિત્રતા પણ દેખાતી નથી. ઘરમાં બતાવેલું કામકાજ તે કર્યે જાય. રોજનું થયેલું કામકાજ પણ તે કર્યા કરે; પરંતુ વર્ષોથી એ બાળપણની ગજરા મટી ગઈ હતી. એનાં માતાપિતા અને એનો ભાઈ ઘણાં કડક કહેવાતાં. છતાં ગજરા પ્રત્યે તેમની કુમળાશ અદ્ભુત હતી. કુમળાની શૂન્યતાને અંગે તેમણે અનેક પ્રકારની દવા કરી, વળગાડ કઢાવ્યા, અને મંત્રજાપ પણ કરાવ્યા; પરંતુ ગજરાની શૂન્યતા ઓછી થઈ નહિ. શરૂઆતની વિકલ
સાથેની શૂન્યતા હતી. એ વિકલતા ખસ
ગઈ અને એની શૂન્યતા એના મુખ ઉ
ઠરી અને થીજી ગઈ.

એ વધારેમાં વધારે વાત કરતી હોય
તે મારી સાથે. બળેવને દિવસે ચાહીને હું એ
પાસે જતો અને રાખડી બંધાવી તેને પ
આપતો. પ્રથમ તો તે મને જોઈને ખૂબ રડ
પરંતુ પછીથી એનું રુદન પણ ઓછું
ગયું, એની વાતચીત પણ ઓછી થઈ
અને રાખડી બંધાવાની ક્રિયા પણ યંત્ર
બની ગઈ. ઘરનું એ કામકાજ કરે, એ
માતાપિતા અને ભાઈ–ભોજાઈ એને વાતો
રોકવા પ્રયત્ન કરે, તેને ફરવા તથા દેવદ
લઈ જવા મથે, પરંતુ બનતા સુધી ગજ
ઘરની બહાર નીકળે નહિ. એનું સ્થાન
જ અને તે એના ઘરનું એક નાનકડું છ
ટાઢ હોય, તાપ હોય કે વરસાદ
તોય એ નવરા પડે એટલે છજામાં આ
બેસે અને ઊભી રહે અને રાત્રે તે
સૂઈ જાય.

ગજરા જેવી ગામની માનીતી હતી
જ તે રૂપાળી પણ હતી. આજ પિસ્તા
વર્ષે હું પુરુષ કદરૂપો બની ગયો છું.
ગજરા તો હજી રૂપાળી જ છે અને પ
ત્રીસ વર્ષની જ દેખાય છે. ગજરાને છ
બેઠેલી જોવા માટે કંઈક કિશોરો, યુવા
પ્રૌઢો એક અગર બીજે બહાને એ ર
જતા અને અતિ શોખીનો હતા તે ઇશ
પણ કરતા હતા, પરંતુ ગજરા જાણે
આસપાસની દુનિયાને દેખતી જ ન
એમ શૂન્યતાપૂર્વક ઊભી રહેતી અગર

આવકારનો કે તિરસ્કારનો એકે પણ તેની આંખમાં, તેના મુખ ઉપર કે ીમાં દેખાતો જ નહિ. સૂર્ય ઊગે, થાય, ચંદ્ર-તારા ઊગે અને રાત્રી પડે િત્ય બનતા બનાવ જેમ કોઈનું ંચતા નથી, તેમ રૂપલોભી માનવી- અવરજવરમાં અને તેમની દૃષ્ટિમાં કાંઈ જ દેખતી નહિ.

ેક વર્ષ ઉપર તેનાં માતાપિતા ર્યાં હતાં. તે દિવસોએ ગજરાની માં પાણી ભરાઈ આવ્યું હતું ખરું. અને પિતાએ મૃત્યુસમયે ગજરાને ી, તેને માથે હાથ ફેરવ્યો હતો અને ઈ પણ દુઃખ ન પડે અને તેની સંભાળ ર રહે એ માટે તેના ભાઈને ગજરાની ણી કરી હતી અને સાથેસાથે મને લાવી એની ભાળવણી રાખવા તથા જ માટે મૂકેલી રકમના વ્યવસ્થાપક તેના ભાઈ સાથે કામ કરવા તેમણે આજીજી કરી હતી. ગજરાનાં કડક તા અને ગજરાનો કડક ગણાતો ભાઈ તાં એટલાં મુલાયમ બન્યાં હતાં કે ની વાત કરતાં તેમની આંખોમાં પાણી આવતું. ગજરાની શૂન્યતા માટે જાણે પોતે જ જવાબદાર હોય એમ માનતાં જીવનભર પ્રશ્ચાત્તાપ કર્યા કરતાં હતાં.

[૨]

ત પણ એમ જ હતી. કડક છતાં ે કુમળાં રહેલાં માતાપિતા ગજરા ક જ વખત એવાં કડક બન્યાં કે ગજરાનું મન ફટકી ગયું લાગ્યું. અઠ્ઠાવીસ-ત્રીસ વર્ષ ઉપરની વાત. સોળેક વર્ષની થઈ ત્યારે સ્વાભાવિક તેનાં માબાપને તેનાં લગ્ન કરવાની થાય. ગજરાનો વિવાહ કરવાની ઘરમાં વાત થતી ત્યારે ગજરા તેને હસી કાઢતી અને લાડઘેલી દીકરી તરીકે માતા અને ભાભીને કહેતી પણ ખરી કે એનું પોતાનું લગ્ન એ પોતે કરી લેશે. બોલકી છોકરીને વડીલો ધમકાવતાં અને ધમકાવતે-ધમકાવતે હસતાં. ગજરાના કથનમાં સહુને ગાંભીર્ય લાગેલું નહિ. અને એકાએક ગજરાનો વિવાહ મેળવી ગજરાના લગ્નની મિતિ પણ માબાપે નક્કી કરી નાખી, ત્યારે મર્યાદારહિત બની ગજરાએ માતાપિતાને સંભળાવ્યું :

'મેં તો મારું લગ્ન કરી નાખ્યું છે.'

'શું તું બોલે છે? બોલતાં ફાટી પડતી નથી?' માતાએ કહ્યું.

'શા માટે ફાટી પડું? જે સાચી વાત છે તે કહું છું.' ગજરાએ જવાબ આપ્યો.

'બોલતાં શરમાતી નથી કે? કોની સાથે તેં લગ્ન કર્યું?'

'વસંતની જોડે.'

'પેલો વહી ગયેલો...ગાય છે, નાચે છે, અને કાંઈ વગાડે છે તે વસંતને?'

'હા, મા.'

'હવે જો એ વાત કરી છે તો તારી જીભ જ કાપી નાખીશ. અમને ખબર પાડ્યા વગર, અમારા કન્યાદાન દીધા વગર લગ્ન થાય જ કેમ?'

'ઈશ્વર-પાર્વતીને સન્મુખ રાખી અમે બન્ને જણે લગ્ન કરી દીધું. એને છ માસ થઈ ગયા.'

'ગજરા, એ તેં જે કંઈ રમતો કરી હોય તે ભૂલી જા અને અમે કહીએ છીએ તે પ્રમાણે કર.'

'અને તેમ હું ના કરું તો?' ગજરાએ ઉદ્ધતાઈથી જરા સામો જવાબ આપ્યો.

'તો હું તને ચીરીને મીઠું ભરીશ,' માતાએ કહ્યું.

'તે તમને ફાવે તે કરજો. મેં તો જે

લગ્ન કર્યું છે એ કર્યું જ છે. બીજા કોઈ સાથે હવે મારાથી પરણાય નહિ,' ગજરાએ કહ્યું અને તેણે આખા કુટુંબને પોતાનું દુશ્મન બનાવી દીધું.

ગજરાનાં માતાપિતા તથા તેનાં ભાઈ-ભોજાઈને પ્રથમ તો આ વાત સાચી લાગી નહિ. ગજરાને સમજાવવાનો પ્રયત્ન નિષ્ફળ નીવડ્યો એટલે તેમણે પ્રત્યેક રીતની કડકાઈ શરૂ કરી દીધી. ગજરાને ઘરમાં જ પૂરી રાખી. બહાર નીકળવાનું એને માટે બંધ થઈ ગયું. એની સાથે બોલવાચાલવાનું પણ બંધ થયું અને ગજરા ઉપર લગભગ ચોકીપહેરો શરૂ થઈ ગયો. જે છજામાં તે અત્યારે બેસી રહેતી હતી તે છજામાં થઈને ભાગી જવાની યોજના પણ વસંતે અને ગજરાએ કરી હતી: પરંતુ ચોકીદારનું કામ કરતી કુટુંબીઓની આંખ એ કાવત્રાને પકડી પાડ્યા સિવાય રહી નહિ. મધરાત વીતી ગયા પછી રાત્રિએ પાછલા પ્રહરમાં પ્રવેશ કર્યો. અને બિલાડીની માફક તાકી રહી છજામાં ઊભી રહેલી ગજરાએ નીચેથી વસંતે ફેંકેલા દોરડાને છજાના કઠેરા સાથે બાંધી અને હિંમતપૂર્વક દોરડાને પકડી તે નીચે ઊતરવા તૈયાર થઈ.

અને એકાએક પાછળથી કોઈએ તેને પકડી. એ એનો ભાઈ હતો. બલપૂર્વક છજાને કઠેરે ચઢેલી ગજરાને ખેંચી નીચે છજામાં ઉતારી ઘરમાં ગજરાને પાછી ખેંચી લીધી. તેજ ક્ષણે વસંતે નીચેથી બૂમ પાડી:

'ગજરા, જરા યે ડરીશ નહિ. હું આવીને તને લઈ જ જવાનો, ગમે ત્યારે.'

વસંતના એ શબ્દો ગજરાના કાળજામાં ખૂંપી રહ્યા. પરંતુ માતાપિતા અને ભાઈએ મળીને તેને સખત માર માર્યો. કદી પણ જે દીકરીને ભારેમાં ભારે ગુના માટે માતાપિતાએ કે ભાઈએ આંગળી સુદ્ધાં અડાડી ન હતી, તે ગજરાને તાડન થતાં તેની આંખ ફટકી ગઈ અને તેના હૃદયે કોઈ ભયંકર ધારણ કરી દીધી. પ્રથમ તો તેનાં માબાપે ગજરાની ગંભીર માનસસ્થિતિ પૂરી સમ નહિ. ગામના જોરદાર અગ્રણી તરીકે તેમ વસંતને ગામમાંથી નસાડી મૂક્યો. તેનું કાપવાની, તેનું ખૂન કરવાની અને તેને જીવતો બાળી નાખવાની તેને ધમકી આ વામાં આવી; એટલું જ નહિ, પરંતુ એ ધમકી ખરેખર સાચી પાડવાની તેમ તૈયારી, વસંતે જોઈ ત્યારે તેને ગામમાં ભાગી જવું પડ્યું. ગામમાંથી તે એવો ભાગ્યો કે તેનો વર્ષો સુધી કોઈને પત્તો લાગ્યો નહિ.

આમે હતો વસંત તો એકલવાયો છોકરો...મૃત માતાપિતાએ થોડીઘણી મિલ કત મૂકી હતી તેને આધારે તેનો ગુજારો થતો હતો અને માથે કોઈ મોટું ન હોવાથી તે ભણવાગણવામાં જીવ રાખવાને બદલે તોફાનમાં, ગમ્મતમાં અને ગાયનવાદન માં જ તે રત રહેતો. આમ તો વસંત ખોટો છોકરો કહી શકાય નહિ. પરંતુ એ ભણતરની આશા બહુ ઓછી હતી ગામને પાધરે રહેતા એક સાધુની સંગતે પડી તેણે સંગીત અને તેમાંયે ખાસ કરી વાદ્ય-સિતારનો કાંઈ અજબ શોખ કેળ એ અને હું બન્ને સાથે જ ભણતા અને સહજ શંકા પણ પડવા માંડી હતી વસંતના સિતારે ગજરાને વધારે આકર્ષવા માંડી હતી. એક ભાઈ તરીકે ગજરાને એક વખત કહ્યું પણ હતું:

'ગજરા, વસંત હોય છે ત્યાં તું વાર બેસી રહે છે, ખરું?'

'હા, ભાઈ. એમાં હું કાંઈ ખોટું કરતી નથી ને? એનો સિતાર સાંભળીને રૂંવાં ઊભાં થઈ જાય છે અને મારું હાલી ઊઠે છે,' ગજરાએ કહ્યું.

'એમાંથી અણધાર્યું પરિણામ

ગજરા!' મેં કહ્યું.

'હું અને વસંત પરણી લઈએ તો પછી અણધાર્યાં પરિણામ આવે?' ગજરાએ નીડરતાથી મને વાત કહી. હું જરા ચમક્યો. આટલે સુધી વાત ગઈ હશે એની મને ખબર ન હતી. મેં માત્ર એટલું જ કહ્યું: 'જે કરવું હોય તે તારી ભાભીને પૂછીને કરજે. તારા વિવાહની બીજે સ્થળે વાત ચાલે છે.'

આટલી જ મારે અને ગજરાને વસંત સંબંધમાં વાત થઈ હતી. પછી તો ગજરાના લગ્ન અંગે ઉપર પ્રમાણે તેની ઉપર જુલમો થયા અને વસંતને ગામ છોડી નાસી જવું પડ્યું. ભાગીને એ ક્યાં ગયો હતો તેની મને ખબર પડી ન હતી. પરંતુ ભાગતાં પહેલાં તેણે મારે ઘેર આવીને એની ખોળમાં રહેલો સિતાર મારી પાસે સાચવવાને માટે મૂકતો ગયો.

એક પાસ વસંત ભાગી ગયો અને બીજી પાસ ગજરાની શૂન્યતા વધતી ચાલી. ગામમાં બનતી વાત કંઈ છાની રહેતી નથી. ગજરાને બીજા કોઈ યુવકની સાથે પ્રેમ હતો, તેની સાથે તે ખરુંખોટું પરણી ગઈ હતી એમ તે કહેતી હતી, તેનાં માબાપે તેમાં વિરોધ કર્યો એટલે ગજરાનું મન અસ્થિર થઈ ગયું છે, એવી-એવી વાતો ચારે બાજુએ થવા માંડી અને પરગામના જે યુવક સાથે ગજરાનાં માતાપિતાએ તેના લગ્નનો નિશ્ચય કરી રાખ્યો હતો તે યુવકે અને તેનાં સગાંવહાલાંએ ચોકસાઈભરી રીતે ગજરાના માનસની તપાસ કરી. તપાસમાં જ્યારે નક્કી થયું કે ગજરાનું મન કોઈ શૂન્યતાભરી ઘેલછામાં પ્રવેશી ચૂક્યું છે, ત્યારે એ યુવકે અને તેનાં સગાંવહાલાંએ ગજરા સાથે લગ્ન કરવાની ના પાડી અને વિવાહનો સંબંધ તોડી નાખ્યો.

ત્યારથી માતાપિતાએ પણ જાણ્યું કે ગજરા સાથે હવે કોઈ યુવક પરણી શકે એમ નથી. તેમને અને ગજરાના ભાઈને અત્યંત પસ્તાવો થયો અને જેમ જેમ ગજરાએ પોતાના મનને બાહ્ય જગતના સંબંધોમાંથી ખેંચી લઈ શૂન્યતામાં સંક્રાંત કરવા માંડ્યું, તેમ તેમ તેમનો પસ્તાવો કટારની ધાર સરખો તીવ્ર બની તેમના હૃદયને અને જીવનને કાપતો ચાલ્યો. ઊંડાણભર્યા પસ્તાવામાં તેમણે ગજરાની સારવારમાં ખૂબ પૈસા ખર્ચ્યા; વ્રત, ઉપવાસ અને માનતાઓ રાખવા માંડ્યાં અને અંતે વસંતની શોધ કરવાનો પણ પ્રામાણિક પ્રયત્ન કર્યો. પરંતુ ગજરાનું માનસ સ્થિર થયું નહિ અને વસંતનો પત્તો લાગ્યો પણ નહિ.

વર્ષ વીત્યું, પાંચ વર્ષ વીત્યાં, દસ વર્ષ વીત્યાં. આંસુ ઢાળતી મા ગુજરી ગઈ. હૃદયમાં ઘા લઈને પિતાજી પણ ગુજરી ગયા. અને એ પ્રસંગોએ ગજરાના માનસને સહજ જાગ્રત કર્યું હોય એમ લાગ્યું ખરું, પરંતુ એ જાગ્રતિ ભ્રમરૂપ નીવડી. દિવસે-દિવસે ગજરા ભાન ભૂલતી ચાલી. ભાઈને કે ભાભીને તે કશો ત્રાસ આપતી નહિ. ઘરનું કામકાજ એને ફાવે એ ઢબે તે કરતી પણ ખરી. એની અસહાય શૂન્યતાએ ભાઈ-ભાભીના દિલમાં ખૂબ જ દયા જગાડી અને એ બન્ને ગજરાની પૂરા સદ્‌ભાવ અને અનુકંપાથી કાળજી પણ રાખતાં.

[૩]

અને આમ વર્ષોનાં વર્ષો વીતી ગયાં. રંગીનમાં રંગીન પ્રસંગ પણ જૂનો બની જાય છે. ગજરાની વાત જૂની થઈ અને વર્ષે-વર્ષે તે ભુલાતી ચાલી. એક યુગની રમતિયાળ, આકર્ષક અને સહુને ગમતી ગજરા કોઈને પણ ધ્યાન ન આપવા સરખી

ઘેલી પ્રૌઢા બની ગઈ. એનામાં અંગત રસ લેનારમાં એનો ભાઈ, એની ભોજાઈ અને હું ત્રણ જ જણ રહ્યાં હતાં. મારી સાથે પણ તે વધારે બોલતી નહિ. માત્ર તેમને અને મારા વ્યક્તિત્વને ઓળખી શકતી હતી અને બળેવને દિવસે હું તેની પાસે રાખડી બંધાવી પસલી આપતો, ત્યારે તેની આંખમાંથી અચૂક અશ્રુધાર વહી જતી. મૂંગીમૂંગી તે ફાવે તે કામ કર્યા કરે અને રાત્રે છજામાં આવી અંધારાને જોતી તે બેસી રહે અગર સૂઈ જાય. કોણ જાણે કેમ એનું રૂપ હજી એવું ને એવું આકર્ષક હતું. એની આંખમાં શૂન્યતા ન હોત તો અનેક યુવકો અને પ્રૌઢ પુરુષો તેની સાથે પ્રેમ કરવા જરૂર પ્રેરાત.

હવે એને બહાર નીકળવાની બંધી તો હતી જ નહિ, છતાં તે ભાગ્યે જ બહાર નીકળતી. કદી–કદી ભાઈ–ભોજાઈના આગ્રહથી તે દેવદર્શને જાય ખરી, પરંતુ એ કાર્ય પણ જાણે સ્વપ્નામાં થતું હોય એમ જ બનતું. ગજરાનું જીવન હવે સ્વપ્નમય બની રહ્યું. કોણ જાણે કયા સ્વપ્ન–આકાર ઉપર તે જીવતી હશે તે કોઈને સમજાયું નહિ. આવી શૂન્યતા કરતાં મૃત્યુ વધારે સારું છે એમ સહુને લાગતું, છતાં જીવંતમૃત સરખી ગજરા વર્ષો વર્ષ જીવંત જ રહેતી. એની શૂન્યતામાં એણે કેટલાં વર્ષ વિતાવ્યાં હશે એની એને તો ખબર ન હોય, પરંતુ અમે સહુ સાથીઓને ખબર હતી જ કે તે દસ વર્ષ જીવી, વીસ વર્ષ જીવી અને અંતે ત્રીસમે વર્ષે પણ એ જીવતી જ હતી. ગજરાને અને મને પિસ્તાળીસ વર્ષ થઈ ગયાં.

એક મધરાતે મારા ઘરનાં બારણાં કોઈએ ઠોકયાં. મધરાતે મને મળવા આવે એવો કોઈ મિત્ર હવે મારે નથી. પવનથી બારણું ખખડ્યું હશે એમ માની પ્રથમ મેં તે તરફ ધ્યાન ન આપ્યું, પરંતુ બારણાં ઉપરનો ઠોક ચાલુ રહ્યો અને સાથે ધીમે મારું નામ પણ સંબોધાતું ચાલ્યું. હું અવાજ ઓળખી શકયો નહિ, છતાં બારણું તો મારે ઉઘાડવું જ પડ્યું. અને બારણું ઉઘાડતાં બરાબર પ્રથમ ઓળખાય નહિ એવા એક પ્રૌઢ પુરુષને મેં જોયો અને એકાએક એની મુખરેખાઓ મને જડી આવી અને મારાથી બોલાઈ ગયું:

'કોણ વસંત?'

'હા. તું મને ઓળખી શકયો, પરંતુ ગજરા હજી મને ઓળખતી નથી,' વસંતે કહ્યું.

'કયાંથી ઓળખે? તું કેટલો બદલાઈ ગયો છે! પણ તું આવ્યો કયારે?'

'બે દિવસથી ગજરાના ઘરની આસપાસ દિવસરાત ફર્યા કરું છું. ગજરા અને ગજરાનો ભાઈ મને ઓળખી શકતાં નથી. ગામમાં બીજું કોઈ મને ઓળખતું દેખાતું નથી. આજની રાતમાં તો ગજરાને મેં બે બૂમ પણ પાડી. પણ કાં તો એ મને સાંભળતી નથી કે કાંતો મને ઓળખતી નથી,' વસંતે ચિંતાગ્રસ્ત મુખે મને કહ્યું.

'એ શાની તને ઓળખે અને સાંભળે! ત્રીસ વર્ષ તો વીતી ગયાં. અને તારા ગયા પછી તો ગજરા પોતાની જાતને પણ કયાં ઓળખે છે?' મેં કહ્યું.

'ત્રીસ વર્ષનો ગાળો મારી ઓળખાણ મટાડી દેશે એમ મેં કદી ધારેલું નહિ. મેં તો એને ઓળખી. લગભગ એવીને એવી જ દેખાય છે, પણ હવે મારે શું કરવું?'

'ભાઈ, વસંત! તું જરાક બેસ, આરામ લે. બે દિવસથી આવ્યો છે છતાં તેં મને તો કાંઈ ખબર આપી જ નહિ, આ ત્રીસ વર્ષ તેં કર્યું શું?' મેં તેને આશ્વાસન આપવાનો પ્રયત્ન કર્યો. પણ તેના મુખ ઉપર ભારે વિકળતા ફેલાઈ ગઈ હતી. એણે મને

આવ્યો :

'મારે બેસવું'યે નથી અને આરામ લેવો ત્રીસ વર્ષ સુધી જે કર્યું હશે તે ખરું. વર્ષોના એક પણ દિવસ હું ગજરાને નથી. ગજરા વગર રહી શકાશે એમ મેં આટલાં વર્ષ વિતાવ્યાં, પણ હવે લાગે છે કે હું જીવી શકીશ તો એની જ ... એ મને ઓળખે એવો કાંઈ ઇલાજ દેખાડ—મારો જો જીવ બચાવવો હોય 'વસંતે કહ્યું અને હું ભારે વિચારમાં યો. વસંતની મુખાકૃતિ બદલાઈ હતી તે સ. ગજરા એનાં ભાઈ-ભાભી ઉપરાંત એકલાને ઓળખતી હતી—અને તે શૂન્યતાથી ભરેલું ઓળખાણ. વસંતનું દીધે કદાચ ગજરામાં જાગૃતિ આવે. વસંતને ન ઓળખે અને એને એની તામાં કાંઈ વધારો થાય તો પછી શું ? ઝડપથી ઊંડો વિચાર કરતાં મને આવ્યું :

'વસંત, તારો સિતાર તું અહીં મૂકી છું, નહિ ? એના છજા પાસે જઈ તું સિતાર છેડે તો...કેવું ?'

'અરે, હા એ છેલ્લો ઉપાય અજમાવી . મેં બૂમ પાડી, ચિઠ્ઠીઓ લખી, તેની રસ્તા ઉપર ઊભો રહ્યો. પરંતુ ગજ- કશાથી હાલતી નથી કે ચાલતી નથી. સિતાર એને હલાવે તો. ક્યાં છે ?'

મારી પત્નીને મેં જગાડી અને ત્રીસ એક જગાએ ભેરવી મૂકેલો સિતાર શોધી કાઢ્યો. એના ઉપર ધૂળ તો દીધી ન હતી, પણ એના તાર ગયો હતા. સદ્‌ભાગ્યે સિતારની માં જ બે-ચાર તારનાં ગૂંચળાં હતાં જૂના કાચપેપર પણ પડ્યા હતા. કોઈ અમાનુષી સત્ત્વે વસંતના દેહમાં કર્યો હોય, એમ તેજ ઘડીએ, રાત્રે મે રાત્રે વસંતે તાર ઘસ્યા, તોડ્યા, સ્વચ્છ કર્યા, નવા જોડ્યા અને જેમતેમ કરી એક કલાકને અંતે તેણે સિતારની કટાયલી નિજરાફ વડે સિતાર ઝણઝણાવ્યો અને તેના મુખ ઉપર એક પ્રકારની પ્રસન્નતા દેખાઈ. એણે મને કહ્યું:

'જો, ત્રીસ વર્ષે હું સિતાર હાથમાં લઉં છું, પણ આંગળીએ ઇલમ છેક ગુમાવ્યો નથી,' કહી વસંત ઊભો થયો, સિતાર હાથમાં લીધો અને મને પકડી પોતાની સાથે તે બહાર લઈ ગયો. મારું અને ગજરાનું ઘર એકબીજાથી બહુ દૂર ન હતાં. ઘરને ઓટલેથી જ અંધારામાં પણ ગજરાને છજામાં બેઠેલી અમે બંનેએ જોઈ. ઉત્સાહમાં આવેલો વસંત ઝડપથી ગજરાના છજા સામે જઈને ધૂળમાં બેસી ગયો અને સિતાર ઉપર એણે નખલી ફેરવવા માંડી અને અંધકાર જાગી ઊઠ્યો: સાથેસાથે ગજરાની ચિતસૃષ્ટિ પણ જાગી ઊઠી. સિતારનો અવાજ સાંભળ્યો. બરાબર તે ઊભી થઈ, છજાના કઠેરા ઉપર તેણે હાથ ટેકવ્યા, રસ્તા ઉપર પોતાની ડોક લંબાવી અને અતિશય સ્વસ્થતાપૂર્વક તેણે સિતાર સાંભળ્યો.

વસંતના કલામય આત્માએ દસેક મિનિટ સિતાર વગાડી, ગત બંધ રાખી અને તેના ધાર્યા પ્રમાણે જ છજામાંથી ગજરાનો હળવી ફૂંક સરખો સાદ સંભળાયો:

'વસંત, તું આવ્યો ખરો...તું કહેતો હતો તેમ. તું જુઠ્ઠો નથી. દોરડું નાખ છજામાં. હું એ પકડીને ઊતરી આવું.'

ઘેલાની માફક હું પાસેના મારા ઘરમાં જઈ મારી પત્નીનું જ એક મજબૂત અને લાંબું લૂગડું લઈ આવ્યો. જેમતેમ કરી એ છજે પહોંચે તેમ વસંતે ફેંક્યું અને ગજરાએ કઠેરા ઉપર બાંધ્યું. મારો અને વસંતનો શ્વાસ અદ્ધર થઈ ગયો. પિસ્તાળીસ વર્ષની

પ્રૌઢા મનાયલી ગજરા. એક ચપળ ચિત્તાની માફક બાંધેલે કપડે લટકી નીચે ઊતરી આવી અને પાસે હું ઊભો છું કે નહિ તેનું પણ ભાન ભૂલી તે વસંતના દેહને વજ્રવેલ સરખી વળગી પડી. તેના મુખમાંથી એક જ ઉદ્‌ગાર નીકળ્યો: 'ઓ, વસંત! તું આવ્યો? હવે તું અને હું બંને જીવી શકીશું...આજ સુધી હું મરી ગઈ હતી.'

મારી આંખમાં આવેલાં પાણી મેં લૂછવા માંડ્યાં. છજામાં ગજરાની ભાભીને મેં જોઈ. એ પણ એની આંખો લૂછતી હતી. કદાચ એણે ધાર્યું હોત તો એ ગજરાને લૂગડે ઊતરતી અટકાવી શકત, પરંતુ તેને તેમ કરવાની ઇચ્છા ન હતી. વસંતની આંખમાં પણ આંસુ ઊભરાયાં હતાં, એ તો ગજરાએ કહ્યું ત્યારે જ ખબર પડી. વસંતના દેહ અને હાથને ગજરાએ એવા ભીડી દીધા હતા કે તેનાથી પોતાનાં આંસુ પોતાના હાથે લૂછી શકાય એમ હતું જ નહિ. ગજરાએ વસંતનાં ઊનાં અશ્રુબિંદુ પરખ્યાં અને પોતાની પ્રેમચૂડ હળવી કરી સહજ હસી ગજરાએ પૂછ્યું:

'વસંત તું રડે છે?...હવે તને કદી નહિ રડવા દઉં,' કહી ગજરાએ પોતાની સાડીના છેડા વડે વસંતનાં અશ્રુ લૂછ્યાં અને લૂછતેલૂછતે તેણે કહ્યું:

'વસંત, આવો કેમ થઈ ગયો? તારા વાળમાં આ ધોળાશ ક્યાંથી? આવું મોઢું મોં કેમ થઈ ગયું છે? ચાર દિવસના વિયોગમાં તો તું આમ ઘરડો થઈ ગયો! આવી ઘેલછા હોય?'

જોનાર માનવી જ નહિ પરંતુ આખી સૃષ્ટિ આ દૃશ્ય જોઈ રડી ઊઠી.

એ પછી શું શું થયું એ કહેવાની જરૂર નથી. વસંત અને ગજરા એક સરસ ઘરમાં સાથે જ રહેતાં હતાં. ગજરાની આંખમાં જૂનો પ્રકાશ આવ્યો. વસંતના દેહમાં જૂનું યૌવન પાછું આવ્યું અને તેનો સિતાર દરરોજ રાત્રે ઝણુકતો જ રહ્યો.

માત્ર એક હસવા જેવો–કે રડવા જેવો,–એક આડ બનાવ બન્યો. ગજરાનાં ભાઈભોજાઈએ આ પિસ્તાળીસ વર્ષનાં પ્રેમીઓનાં છાનાંછાનાં લગ્ન કરી દીધાં. એ લગ્નમાં વસંત, ગજરા, ગજરાનાં ભાઈભાભી, બ્રાહ્મણ અને હું એટલાં જ હતાં; બીજા કોઈને એમાં નોતરવામાં આવ્યાં ન હતાં.

પરંતુ વાત કંઈ ગયા વિના રહે? વર્ષો પહેલાં જે થવું જોઈતું હતું તે વર્ષો પછી થયું તોય શું? હસવું આવ્યા છતાં મને એ લગ્ન ગમ્યાં.

* * *

એક વેળા એક ગુનેગારને પકડીને ખલીફા સમક્ષ ખડો કરવામાં આવ્યો. ખલીફાએ પોતાની જ હાજરીમાં એને દેહાંતદંડની શિક્ષા ફરમાવી. ઉનાળાનો વખત હતો. ગુનેગારને ખૂબ જ તરસ લાગી હતી. એણે પાણી માગ્યું. ગુનેગારે પ્યાલું મોઢે માંડયું પણ પાણી ગળે ઊતરે નહિ. ઘડી પછી જ એનો વધ થવનો હતો, એ વિચારે પાણીનું બુંદ કંઠથી નીચે જઈ શકતું નહોતું. ખલીફાએ આ જોયું. એને દયા આવી, બોલ્યો: 'એમ ગભરાઈ શું જાય છે? જ્યાં સુધી તું આ પાણી પૂરું નહિ પી લે ત્યાં સુધી તને કશું ય કરવામાં નહિ આવે.'

ગુનેગારની આંખમાં એકદમ ઝબકારો થયો, ને એક નવો વિચાર આવતાં જ એણે પાણી જમીન પર ઢોળી દીધું; પાણી જમીનની નીચે ઊતરી ગયું. ગુનેગારે કહ્યું, 'હું આ પાણી પૂરેપૂરું પી લઉં નહિ ત્યાં સુધી વધ ન કરવાનું આપે વચન આપ્યું છે. હવે આ પાણી હું કદી ય પી શકનાર નથી, માટે આપ મારો વધ કદી ય નહિ કરી શકો.' ખલીફા શબ્દોથી બંધાયો હતો, એણે ગુનેગારને છોડી દીધો.

×

બાપાનાં સંસ્મરણો

લેખક :

શ્રી બળવંતરાય મહેતા

આ લેખ મોકલતાં શ્રી બળવંતરાય મહેતાએ વર્ણવેલા અનુભવોનું સંકલન કરનાર શ્રી કાંતિલાલ શાહ લખે છે: 'પૂજ્ય બાપાના જીવનચરિત્રનું કામ સ્મારક સમિતિ તરફથી મને સોંપાયા પછી એમના જીવનની સામગ્રી એકઠી કરી રહ્યો છું. આ અંગે શ્રી બળવંતરાય મહેતાની પણ એક દિવસ મેં મુલાકાત લીધેલી. ચારથી પાંચ કલાક એમની સાથે ગાળી બાપાના જીવન સંબંધી અનેક વાતો એમની પાસેથી સાંભળી. ને એની ટૂંકી નોંધ મેં રાખેલી. એ બધા મુદ્દા ઉપરથી મેં આ લેખ તૈયાર કર્યો છે. તૈયાર કર્યા પછી શ્રી બળવંતભાઈને વંચાવી એમની સંમતિ લીધી છે.'

શ્રી બળવંતરાય મહેતા સેવા કરતાં-કરતાં, એક પછી એક સીઢીઓ ચઢતાં-ચઢતાં આજે કૉંગ્રેસ જેવી મહાન સંસ્થાના મહામંત્રીપદે આરૂઢ થયા છે. એમને ઘડવામાં જે અનેક બળોએ કામ કર્યું છે એમાં પૂજ્ય ઠક્કરબાપા પણ એક હતા. અને એમને આગળ લાવવામાં, કાઠિયાવાડના સાંકડા વર્તુળમાંથી હિંદના વિસ્તૃત ક્ષેત્રમાં લાવવામાં પણ બાપા કારણભૂત બન્યા હતા. આ નવેમ્બર ૨૮મી તારીખે પૂજ્ય બાપાની જન્મ-જયંતી આવે છે, ત્યારે શ્રી બળવંતભાઈ દ્વારા અપાયેલી આ અંજલિ વિશેષ સમયોચિત ને પ્રેરક નીવડશે.

ઈ.સ. ૧૯૧૬-૧૭માં કૉલેજમાં ભણતો ત્યારથી ઠક્કરબાપાને હું ઓળખતો હતો. એ વખતે એ ભાવનગરના છે એમ જાણતો ન હતો; પણ હિંદ સેવક સમાજના એક ગુજરાતી સભ્ય તરીકે તેમને હું પિછાનતો હતો. ગોખલેજી જેવા હિંદના મહાન નેતા: એમની સંસ્થાના સભ્ય તરીકે રહેવું, એમની નિકટમાં રહીને એમના હાથ નીચે કામ કરવું, એમનો વિશ્વાસ સંપાદન કરવો, એ બધી વસ્તુનો મહિમા તે દિવસે મારે મન ઘણો મોટો હતો. મનમાં થતું હતું કે ઠક્કર સાહેબ કેવા નસીબદાર કે જીવનમાં એમને આ બધી તકો મળી! એવી તકો અને એવો લાભ હરકોઈને જલદી મળતો નથી હોતો. એને માટે તો કોણ જાણે કેટલીયે ગુણોપાસના કરવી પડતી હશે, કેવાં યે તપ તપવાં પડતાં હશે!

આમ એ કાળમાં બાપા મારી પ્રેરણામૂર્તિ હતા. મને પણ એમ થતું કે મોટો થાઉં ત્યારે મને પણ દેશના મહાપુરુષની છત્રછાયામાં રહી આવાં જ કામ કરવાની તક મળે તો કેવું સારું! ઠક્કરબાપા સાથેનો મારો આ પ્રથમ પરિચય. દૂરનો છતાં નજીકનો; પરોક્ષ છતાં ઊંડો. એ મને ઓળખતા ન હતા, એમણે મને જોયો ન હતો અને છતાં દૂર રહ્યારહ્યા આકાશના શુક્રતારાની પેઠે પ્રકાશિત બનીને મને પ્રેરણા આપતા હતા.

ભાવનગરના ઠક્કર કુટુંબ સાથે આડકતરી રીતે તો પહેલાં જ પરિચય થઈ ગયેલો. એ કુટુંબના બેત્રણ જણને હું ઓળખું. એક તો બાપાના ભત્રીજા શ્રી કપિલ ઠક્કર. એ સાહિત્યના ભારે રસિયા. શ્રી ઝવેરચંદ મેઘાણીના એ મિત્ર. અને મેઘાણીને અમારા મંડળ સાથે—એટલે કે શ્રી અમૃતલાલ દાણી અને એમના મિત્ર—મંડળ સાથે સંપર્ક ખરો. એ રીતે અમે પણ કપિલભાઈ સાથે એકબીજાના પરિચયમાં આવેલા. ઉપરાંત ઠક્કર—કુટુંબનાં જ એક પુત્રી મોંઘીબહેન ઠક્કર એ વખતે સ્ત્રી—કાર્યકર તરીકે સામાજિક તેમજ

નાગરિક ક્ષેત્રમાં કામ કરીને આગળ આવેલાં, એમને પણ ઓળખું. આ રીતે ઠક્કરકુટુંબના પરિચયમાં તો હું પહેલેથી જ આવેલો, પણ બાપા સાથેનો પરિચય પાછળથી થયો અને ડૉ. ઠક્કર સાહેબ સાથે તો વળી એથી યે પાછળ. એટલું યાદ છે કે એક વખત ઠક્કરબાપા ભાવનગર આવેલા, ત્યારે ભાવનગરના નગરજનો તરફથી એમનું સ્વાગત-સન્માન થયેલું. એમાં મેં પણ ખૂબ જ ઉમળકાભેર ભાગ લીધેલો.

જાહેરજીવનમાં હું દાખલ થયો ત્યારે તો બાપા સૌરાષ્ટ્રમાં આવી વસ્યા હતા અને અમરેલીમાં તેમણે ખાદીઉત્પત્તિનું કામ સંભાળેલું. ગાંધીજી હિંદમાં આવ્યા. બાપાને એમની સાથે મેળાપ થયો. એ પછી ગાંધીજીએ એમને સ્થાપ્યા. ખાદીકામ, રાહતકામ વગેરે કામો સોંપતા ગયા. એમને મદદ કરતા ગયા અને એ રીતે આ બે મહાપુરુષો વચ્ચેનો સંબંધ ઉત્તરોત્તર દૃઢ થતો ગયો.

બાપા સાથે મારો સીધો પરિચય તો બિલિમોરામાં થયો. બિલિમોરામાં વડોદરા રાજ્ય પ્રજામંડળનું અધિવેશન ભરાયું હતું. ડૉ. સુમંત મહેતા પ્રમુખપદે હતા. ડૉકટર સુમંત મહેતા સાથેના એમના સંબંધને કારણે બાપા એ અધિવેશનમાં મહેમાન તરીકે આવેલા. એ અરસામાં હું ભાવનગર પ્રજાપરિષદનું કામકાજ કરતો એથી દેશી રાજ્યના કાર્યકર તરીકે મને પણ આમંત્રણ મળેલું; આથી હું ત્યાં ગયેલો. એ વખતે હું દાઢી રાખતો. કપડાં વગેરે પણ ખાદીનાં પહેરતો અને થોડી વિચિત્ર રીતભાત રાખતો. મારી આ જાતની વિચિત્રતા જ બાપાનું મારા પ્રત્યે લક્ષ્ય ખેંચવા અને અમારો પરસ્પર પરિચય સાધવામાં કારણભૂત બનેલી. મારી વિચિત્ર વેશભૂષા અને દાઢી જોઈ એમણે મને ‘કયાંથી આવો છો ? શું કરો છો ?’ વગેરે પૂછયું. હું ભાવનગરનો છું એમ જાણ થતાં એમણે વધારે સવાલો પૂછયા. આમ બન્ને વચ્ચે વાતચીત થઈ, પરિચય થયો અને એ પરિચય વખત જતાં વધતો ગયો.

બાપાને મેં હંમેશાં દબાયેલા-કચડાયેલા પીડિતો અને શોષિતોના સાથીદાર દીનબંધુ માન્યા છે; કારણ એ રીતે કામ કરતાં મેં એમને જોયા છે. ઢેઢનું કોઈ ધણી નથી એમ તેમણે જોયું ને એમને માટે કામ શરૂ કર્યું. પંચમહાલમાં દુકાળોમાં ભીલોની દુર્દશા જોઈ અને ભીલોની સેવાના શપથ લીધા. સ્ત્રીઓની સામાજિક, આર્થિક અને સર્વ પ્રકારે દુર્દશા નિહાળી. સ્ત્રીકેળવણીના કામમાં રસ લેવા માંડ્યા. એ જ રીતે દેશી રાજ્યની પ્રજા પછાત છે, પીડિત છે, શોષિત છે; માટે તેની મુક્તિ અંગેની કોઈ હિલચાલમાં પોતે સાથ આપવો જ જોઈએ એમ તે માનતા. આથી જ તે વડોદરા રાજ્યના પ્રજાજન ન હોવા છતાં બિલિમોરામાં ભરાયેલા પ્રજામંડળના અધિવેશનમાં આવ્યા હતા. એમની સાથેના આ પ્રથમ પરિચય પછી તો હું એમને અવારનવાર મળતો: અમરેલી તેમજ દાહોદમાં.

એ વખતે ભાવનગરમાં હું જુદી-જુદી પ્રવૃત્તિઓ કરતો. સૌથી પહેલાં રેલવે યુનિયન શરૂ કર્યું. એ પછી મહિલા પ્રવૃત્તિમાં રસ લેતો. સુધરાઈના પ્રશ્નો હાથમાં લીધા. હરિજન ને કેળવણીમાં પણ રસ લેતો. ભાવનગરમાં કોંગ્રેસના સભ્યો બનાવ્યા. શહેર સમિતિ સ્થાપી. રાજકીય પરિષદમાં ભાગ લીધો. વચ્ચે નાગપુર ઝંડા-સત્યાગ્રહમાં પણ જઈ આવ્યો અને બીજાં કેટલાંક કાર્યો કર્યાં.

આમ મારી પ્રવૃત્તિ ધીમેધીમે વિકસતી જતી હતી. બાપા દૂર રહ્યારહ્યા એ બધું જોતા હતા. એ દરમ્યાન વઢવાણમાં કાઠિયાવાડ રાજકીય પરિષદનું બીજું અધિવેશન ભરાયું. હું તેમાં ભાગ લેવા ગયેલો. એ

વખતે ત્રીજું અધિવેશન ભાવનગરમાં મળે એ માટે ભાવનગરના કાર્યકરોએ આમંત્રણ આપ્યું, પણ એમાં દીવાન પટ્ટણી (પ્રભાશંકર) સંમત થયા નહિ. તેમણે બાળમહારાજા તેમના હિતને આગળ કરી કહ્યું : 'હમણાં કાઠિયાવાડ રાજકીય પરિષદ ભરવી રહેવા દો. એ કરતાં રાજ્યની જ પરિષદ ભરો.' આમ એક આફત ટાળવા એમણે જ માર્ગ સૂચવ્યો. ભાવનગરના કાર્યકરોએ એ વધાવી લીધો. ભાવનગરમાં સનાતનધર્મ હાઈસ્કૂલમાં બેઠક બોલાવવાનું નક્કી થયું. એ વખતે વિનિતપક્ષના લોકોનું ભાવનગરમાં સારું એવું વર્ચસ્વ હતું. એ બધાની ઇચ્છા દીવાન રાજી રહે એવી હતી. બીજી ઇચ્છા પ્રમુખ તરીકે કોઈ ભાવનગરનો જ નાગરિક આવે એવી હતી; આથી તેઓ ગિરજાશંકર ત્રિવેદી–જે એ વખતે મુંબઈ રાજ્યની ધારાસભામાં હતા તેમને લાવેલા. પરિષદનું કામ સરળ રીતે પાર પડ્યું.

એ પછી બીજી પરિષદ મહુવામાં ભરવાનું આમંત્રણ આપ્યું. એ વખતે દીવાન પટ્ટણીસાહેબનો કડપ ઘણો. એમના ડરને કારણે મહુવાનું મહાજન મુઝાતું હતું. કોને પ્રમુખ તરીકે લાવવા જેથી પટ્ટણી સાહેબ નારાજ ન થાય, એ એમની દૃષ્ટિ હતી. અને એ દૃષ્ટિએ વિચારતાં એકાદ બે નામો વિષે અંદરોઅંદર ચર્ચા થતી હતી, પણ મારી નજર તો પહેલેથી જ બાપા ઉપર હતી. મહુવામાં સ્વાગતમંડળ રચાયું. એની આગળ પ્રમુખના નામની ચર્ચા શરૂ કરી અને મેં બાપાનું નામ સૂચવ્યું.

આ નામ સામાન્ય રીતે વિનીતપક્ષના લોકો પસંદ કરે તેમ નહોતા; છતાં બાપાની પ્રતિષ્ઠા એટલી મોટી હતી કે એમનો જાહેર વિરોધ પણ કરી શકાય તેમ નહોતું. ગાંધીજીની અસર નીચેના એ માણુસ હતા, છતાં હિંદ સેવક સમાજ જેવી વિનીત રાજકારણવાળી સામાજિક સેવા–સંસ્થાના એ સભ્ય હતા. વળી તે ઉદ્દામવાદી નહોતા તેમજ રાજકારણીય પુરુષ પણ નહોતા. એટલે ધાંધલિયા (અં. એજિટેટર)ની કક્ષામાં આવી શકે તેમ નહોતા. આથી એ નામ સામે કોઈને કશું કહેવાપણું ન રહ્યું. બાપાનું નામ પ્રમુખ તરીકે સ્વીકારવામાં આવ્યું.

બાપાનું નામ પસંદ થયું એટલે મેં તેમને પ્રમુખપદ સ્વીકારવાની વિનતિ કરતો પત્ર લખ્યો. તેના જવાબમાં તેમણે પહેલાં તો ના પાડી અને જણાવ્યું કે 'હું ભાવનગરના રાજકારણ વિષે કાંઈ જાણતો નથી. એના આંતરપ્રવાહોમાં કશું સમજતો નથી. એટલે આ જવાબદારી હું સ્વીકારી શકું તેમ નથી.' આમ છતાં જ્યારે મેં આગ્રહ જારી જ રાખ્યો, ત્યારે તેમણે જવાબમાં જણાવ્યું : 'ભાવનગરનો છું અને ભાવનગર બોલાવે ત્યારે ના ન પાડી શકાય, એ સમજું છું. પણ ન આવવાનાં પણ વાજબી કારણો છે. આમ છતાં તમે બહુ જ આગ્રહ કરો છો, ત્યારે બે શરતોએ હું પ્રમુખપદ સ્વીકારવા તૈયાર છું.'

એક તો એ કે ભાવનગરનાં ગામડાં મારે જાતે જોવાં અને એના પ્રશ્નો જાતે સમજવા. આ માટે પ્રવાસનો કાર્યક્રમ તમારે ગોઠવી આપવો ને તમારે મારી સાથે રહેવું. અને બીજી શરત એ કે પ્રમુખ તરીકેનું વ્યાખ્યાન પણ પ્રથમ તમારે તૈયાર કરી આપવું.'

આ બન્ને શરતો અમે મંજૂર કરી. નક્કી કરેલા દિવસ પ્રમાણે બાપા ભાવનગર આવ્યા અને રાજ્યના ત્રણ મહાલો ઉમરાળા, લીલીઆ અને રાજુલાનાં ગામડાંઓમાં દરેક મહાલમાં ત્રણ–ત્રણ દિવસ મળી કુલ નવ દિવસ ફર્યા. એ દરમ્યાન સંખ્યાબંધ ગામડાંઓ જોઈ નાખ્યાં. હજારો ખેડૂતો અને ગામડાના લોકોના સંપર્કમાં આવ્યા. જ્યાં જતા ત્યાં સારી એવી સભા થતી. લોકો ઉત્સાહથી

એકઠા થતા. પ્રવાસ દરમ્યાન બાપાએ જોયું કે આ માણસને પ્રશ્નની ઠીકઠીક પકડ છે, લોકો સાથે સારો સંપર્ક ધરાવે છે. પરિષદ ધાંધલ નથી પણ ખરેખર કામ કરી શકે એવું મંડળ છે. આથી એમને મારામાં ઠીક વિશ્વાસ બેઠો.

ભાવનગર આવ્યા તે જ દિવસે બાપાએ પ્રમુખના ભાષણની ઉઘરાણી કરેલી. કહ્યું:

'ભાષણ લાવો.'

મેં કહ્યું, 'બાપા, ભાષણ તો હજી લખ્યું નથી.'

બાપા કહે, 'તે ન ચાલે. આજે જ મારા હાથમાં જોઈએ.'

મેં કહ્યું, 'બાપા, આપ મને કંઈ મુદ્દા આપશો એમ માની તૈયાર કર્યું નથી. આપ મુદ્દો આપો એટલે હું તુરત જ તૈયાર કરી દઈશ.'

બાપા કહે, 'મુદ્દા આપવાની કંઈ જરૂર નથી. તમે એમ ને એમ લખી નાખો. પછી હું જોઈને યોગ્ય સુધારા કરી લઈશ.'

મેં કહ્યું, 'ખાસ કંઈ કહેવું છે?'

બાપા કહે, 'ના.'

તે દિવસે સાંજના હું ભાષણ લખવા બેઠો ને રાતના બારેક વાગે પૂરું કર્યું.

બીજે દિવસે સવારે ઊઠીને બાપાએ પૂછ્યું, 'કેમ, ભાષણનું શું થયું?'

મેં કહ્યું, 'બાપા, ભાષણ તૈયાર છે,' ને એની નકલ એમના હાથમાં મૂકી.

બાપા વાંચી ગયા. પછી મેં પૂછ્યું, 'કંઈ સુધારવું છે?'

'ખાસ કંઈ સુધારવું નથી,' એટલું કહી તેમણે સામાન્ય ઉદ્બોધન અને રાજ્ય અને પ્રજા વચ્ચે બાપ-બેટાના સંબંધનો દાવો હંમેશાં દીવાન તરફથી રજૂ કરવામાં આવતો એથી એ સંબંધી બે-ત્રણ ફકરાઓ ઉમેરી દીધા.

ભાષણ વાંચીને એ ખુશી થયા. મારું કામ જોઈને પણ એ ખુશી થયા. એ દિવસથી તેમની મારા ઉપર પ્રીતિ જામી.

પરિષદમાં સારી સંખ્યામાં લોકો હાજર રહ્યા. ભાષણો થયાં. ઠરાવો થયા. લોકોએ ખૂબ ઉત્સાહ દાખવ્યો ને પરિષદ ધાર્યા કરતાં યે વિશેષ સફળ થઈ. એ પછી ભાવનગર રાજ્યના ચાલુ પ્રશ્નો—જેવા કે વેઠ, લાંચરુશવત, ભાગનો ઇજારો, મકાન, આનાવારી, તોબકડું વગેરે સંબંધી ઠરાવો થયેલા. એની દરબારશ્રી સમક્ષ રજૂઆત કરવા માટે એક પ્રતિનિધિમંડળ મોકલવાનું ઠરાવ્યું. દીવાન સાહેબ શ્રી પ્રભાશંકર પટ્ટણીને પત્ર લખ્યો. એ બાપાને ના તો શી રીતે પાડી શકે? પણ એમનો મહુવામાં અધિવેશન મળ્યું, બાપા પ્રમુખપદે આવેલા, એ બધું ગમ્યું નહિ હોય. આથી તેમણે મળવાનો વખત તો આપ્યો; પણ પ્રતિનિધિમંડળ એમને મળ્યું ત્યારે એમણે બહુ રાજીપો બતાવ્યો નહિ. વીરુભાઈ દેશાઈ, શ્રી વલ્લભભાઈ પારેખ, શ્રી દોલતરાય વકીલ; અને ઠક્કરબાપા વગેરેએ એક પછી એક રાજ્યના સળગતા સવાલો રજૂ કર્યા. દીવાન સાહેબે એ બધાનો તોછડાઈથી જવાબ આપ્યો. 'આ હું કરવાનો નથી, આ અશક્ય છે, આ તો થશે નહિ.' વગેરે એમનો નનૈયો ચાલુ રહ્યો. એમનું આ જાતનું ઇરાદાપૂર્વકનું તોછડાઈ અને અપમાનભર્યું વલણ જોઈ બાપાને તો પગથી માથા સુધી ઝાળ લાગી ગઈ. એમનો ચહેરો લાલલાલ થઈ ગયો. હમણાં જાણે જ્વાળામુખી ફાટશે કે શું એમ લાગ્યું. હું મનમાં વિચારતો હતો: બાપુએ ક્યાં 'ઢેઢના ગોરડું' બાપાને આપેલું બિરદ અને 'બાપાને પ્રમુખપદે બેસાડીને પરિષદ માન ખાટી ગઈ,' એ ગાંધીજીનાં વચનો અને ક્યાં દીવાન સર

ઠાકર પટ્ટણીનું તોછડાઈભરેલું વર્તન પણ તે વખતે તો બાપા ગમ ખાઈ ગયા. ની મુલાકાત પૂરી કરી પ્રતિનિધિમંડળ આવ્યું ત્યારે બાપાએ દીવાન સાહેબ- એમના જ કોઈ માણસ સાથે કહેવડાવ્યું દીવાન સાહેબને મારા વતી કહેજો કે ફરી કોઈ વાર હું તેમને મળવા આવ- નથી.'

ટ્ટણી સાહેબને પણ પાછળથી પસ્તાવો હશે, કે પછી એમની ભૂલ સમજાણી એટલે તેમણે પોતે જ સાંજે બાપાને ગાડી મોકલી અને તેમને એકલાને જ બોલાવ્યા. ત્યાં એમના સ્વભાવ 'ટાઢા ઢોળ્યા હશે, કંઈક આશા હશે, કંઈક મીઠાશથી વાતચીત કરી 'એટલે બાપા પાછા 'મુડ'માં આવી પરિષદની માગણીઓમાંથી વેઠ અને કેટલાક મુદ્દા દીવાનશ્રીએ સ્વીકાર્યા. ને થયું ચાલો આટલું કામ તો થયું.

પરિષદનું કામ પૂરું થયા પછી ભાવ- ગરમાં મને તેમણે એક વખત મળવા બોલાવ્યો.

પૂછ્યું, 'ભાવનગરમાં શું કરે છે?'

મેં કહ્યું, 'પરિષદનું કામ કરું છું; રિજન શાળાની દેખરેખ રાખું છું. સ્ત્રીઓની ળવણી માટે પ્રયાસ કરું છું. સુધરાઈની ત લઉં છું...વગેરે.'

'આજીવિકાનું શું કરે છે?'

''સૌરાષ્ટ્ર'માં જોડાયેલો ત્યારે સાઠ તા હતા, પણ અત્યારે તો અહીં રહીને વારનવાર લખું છું. એટલે રૂપિયા પચીસ છે.'

'પચીસમાં પૂરું થાય છે?'

'ના, બ્રેલ્વી સાથે પત્રવ્યવહાર ચલાવું ં. ક્રોનિકલમાં લેખો લખું છું ને એમ બધું છે.'

'એમ ન ચાલે, કુટુંબનું શું?'

'ભાઈ છે. એ પોતાનું ચલાવે છે. હું તો મામા સાથે રહું છું.'

'એ બરાબર નથી, તારે પાકી ગોઠવણ કરવી જોઈએ,' બાપાએ કહ્યું.

'નક્કી કર્યું છે કે નોકરી કરવી નથી,' મેં જવાબ આપ્યો, 'દ્રવ્યોપાર્જન પાછળ, રળવા પાછળ શક્તિ ખર્ચવી નથી; જાહેર સેવાનું કામ કરવું છે. એ કરતાં જે મુશ્કેલીઓ આવે એ વેઠી લેવી.'

'એ બધી વાત સાચી,' બાપાએ કહ્યું, 'પણ ખબર છે તું કયાં પડ્યો છે તે? આ તો દેશી રાજ્યોનો પછાત પ્રદેશ–'બેકવર્ડ ક્વાર્ટર્સ' છે. અહીં ખટપટ, રાગદ્વેષો અને કાવાદાવાનો પાર નથી. એમાં તું ગૂંચવાઈ જઈશ, ખાડામાં પડી જઈશ અને એવો ખૂંચી જઈશ કે પત્તો ય નહિ લાગે. તારે અહીં ટેકો શું? તારે ગમે તે રીતે બહાર આવવું જોઈએ. આમાં તો તું કુટાઈ જઈશ. આર્થિક સવાલનું તો ઠીક પણ વિચારોમાં પણ તું પાછળ રહી જઈશ. 'એક નંબર' થઈ જઈશ.'

મેં કહ્યું, 'એમ નહિ થાય. હું બધા પ્રવાહોથી પરિચિત રહું છું. એ ભય નથી. દેશી રાજ્યો પછાત છે એ વાત સાચી, પણ એટલા ખાતર તો ત્યાં જન્મેલા માણસે એ પ્રદેશને ઊંચે લાવવા ત્યાં જ રહીને કામ કરવું જોઈએ.'

મારા આ જવાબથી બાપા કંઈ પ્રભાવિત થયા હોય એમ લાગ્યું. એમને થયું કે આ કંઈ સમજ્યા વગર પ્રવૃત્તિ કરતો નથી, વિચારપૂર્વક કામ કરે છે. આથી મને તેમણે પ્રોત્સાહન આપી કહ્યું, 'ભલે તું અહીં કામ કરે એનો કશો વાંધો નથી, પણ તારે બહારનો ટેકો જોઈએ. દેશની પ્રવૃત્તિ સાથે તારે તારી પ્રવૃત્તિને જોડી દેવી જોઈએ; તો જ તારું

કામ અહીં ઊગી નીકળશે. મને લાગે છે કે તારે કોઈ અખિલ ભારત સંસ્થા સાથે તારી જાતને જોડી દેવી જોઈએ.'

આટલી વાત કરી અમે છૂટા પડ્યા, પણ બાપાના હૃદયમાં મેં જે સ્થાન પ્રાપ્ત કરી લીધું એથી એ પ્રેમની ગાંઠ છૂટી નહિ. તે દિવસથી બાપા મારી સતત ચિંતા સેવતા જ રહ્યા. ત્યાંથી ગયા પછી તે ભીલ સેવામંડળના કામમાં લાગી ગયા. એ પછી એના વાર્ષિક ઉત્સવમાં ભાગ લેવા મને આમંત્રણ મળ્યું. હું ત્યાં ગયો. ઉત્સવ પ્રસંગે શ્રીકાંતનો મહેમાન થયો. કામકાજ જોયું. ડાહ્યાભાઈ, સુખદેવભાઈ વણીકર વગેરે કાર્યકરો સાથે પરિચય થયો. એ પછી જૂન મહિનામાં હિંદ સેવક સમાજનો પૂનામાં વાર્ષિક ઉત્સવ થાય છે અને બધા સભ્યો એ પ્રસંગે ભેગા થાય છે તેમાં ભાગ લેવા આમંત્રણ આવ્યું. ત્યાં પણ હું ગયો. બાપાએ સમાજના ઘણા સભ્યો સાથે મારી ઓળખાણ કરાવી.

એ પછી તેમણે સંસ્થાનું બંધારણ મારા હાથમાં મૂકયું ને કહ્યું: 'આ વાંચી જો.' હું વાંચી ગયો. પછી એ દિવસે મને સીધો જ સવાલ પૂછ્યો:

'આ સંસ્થામાં જોડાવું છે?'

ગોખલેજીની આ સંસ્થામાં જોડાવાની તક મળે એને હું મોટામાં મોટું સદ્ભાગ્ય સમજતો હતો. એક વખત એનો મહિમા મારે મન ઘણો મોટો હતો, પણ ગાંધીજીના વિચારસાન્નિધ્યમાં આવ્યા પછી અને એમના વિચારોના પ્રકાશમાં હિંદ સેવક સમાજની કાર્યપદ્ધતિ અને વિચારો સમજ્યા-જોયા પછી, એ સંસ્થા તરફ મારું આકર્ષણ બહુ વધ્યું નહિ. ગાંધીજીની વિચારસરણી અને કાર્યપદ્ધતિ તથા હિંદ સેવક સમાજની વિચારસરણી અને કાર્યપદ્ધતિ વચ્ચે મોટું અંતર હતું. બંને ભિન્ન હતાં. બાપા પ્રત્યે અંગત ભક્તિ ખરી, પણ જે સંસ્થામાં બાપા જોડાયા હતા એ સંસ્થામાં જોડાવાની ઇચ્છા થઈ નહિ; આથી બાપાને મેં કહ્યું, 'મને નહિ ફાવે.'

બાપા ઉદારદિલ હતા. બીજાની સ્વતંત્રતાનો પૂરો ખ્યાલ રાખતા અને એને સાચવવા પ્રયત્ન કરતા. મારી વાત તેમણે તુરત જ સ્વીકારી લીધી. પછી કંઈ દલીલ કરી નહિ, કશો આગ્રહ કર્યો નહિ. ફક્ત આટલું જ કહ્યું: 'તો પછી તું શું કરીશ?'

મેં જોયું કે 'તો પછી તું શું કરીશ?' એ શબ્દોમાં, એના ધ્વનિમાં એક પિતા પોતાના પુત્ર પાછળ જે ચિંતા સેવે, કાળજી રાખે એની અભિવ્યક્તિ હતી.

બરાબર એ અરસામાં લાલા લજપતરાયે એમના 'પીપલ' નામના સાપ્તાહિકમાં ત્રણ લેખો લખી 'સર્વન્ટ્સ ઑફ પીપલ્સ સોસાયટી' લોકસેવક સમાજની સંસ્થાનું અસ્તિત્વ જાહેર કરેલું. આ લેખો મેં બીજાં છાપામાં છપાયેલા જોયા. લાલાજી ઉદ્દામ વિચારસરણી ધરાવતા હતા. એમના વિચારો વિનીત જરાય નહોતા. એ તિલક-સ્કૂલના રાજકારણ તરફ ઢળેલા હતા. આથી એમણે જે સંસ્થાનું અસ્તિત્વ જાહેર કર્યું એની રૂપરેખા, નિયમો, કાર્યક્ષેત્ર, ઉદ્દેશ વગેરે હું જોઈ ગયેલો. એ બધું મને ગમેલું. આથી બાપાએ જ્યારે ચિંતાભર્યા સ્વરે મને પૂછ્યું કે 'તો પછી તું શું કરીશ?' ત્યારે મેં તેમને જવાબ આપ્યો:

'આપની રજા હોય તો આ સંસ્થામાં જોડાવાનું ફાવે. દેશભક્ત લાલાજીની રચેલી એ સંસ્થા, ઉદ્દેશોનું સામ્ય, કૉંગ્રેસની તરફેદારી અને વિસ્તૃત કાર્યક્ષેત્ર વગેરે બધું છે: એથી એમાં જોડાવું મને ગમે. આપની ઇચ્છા હોય તો હું એમાં જોડાઉં.'

બાપા કહે, 'બહુ સારું.'

એમણે સહજ રીતે જ મારા એ વિચારને લીધો. એટલું જ નહિ પણ પાછળથી માટે પ્રયત્ન પણ શરૂ કરી દીધો. એમણે લાંબો પત્ર લખી મારો પરિચય ો. મારી બધી પ્રવૃત્તિનો ખ્યાલ પણ ો. મારાં બે મોઢે વખાણ કર્યાં; અને એટલા કે એ પત્રની એક નકલ સાથે-મારા ઉપર પણ મોકલાવી.

ઠક્કરબાપા જેવાની ભલામણ પછી એમાં શું રહે ? તુરત લાલાજીનો પત્ર આવ્યો. તેમણે મને લાહોર રૂબરૂ મળવા લાવ્યો. લોકસેવક સમાજ અંગે જ સમા-ગોઠવ્યો હતો અને તેમાં શ્રીમતી જિની નાયડુ અને શ્રીનિવાસ આયંગરને મહેમાનો તરીકે નિમંત્રણ મોકલ્યું એ અરસામાં જ હું ત્યાં ગયો હતો, માં ભાગ લીધો. સમાજના સભ્યોને ો. લાલાજીને મળ્યો. એમની સાથે વાત-કરી. વાતચીતને અંતે એમણે પૂછ્યું : વું છે ?'

મેં હા પાડી. એટલે લાલાજીએ કહ્યું : ાં રહો છો ત્યાં જ રહો અને કરો છો કામ કરો. થોડો વખત પ્રોબેશનલ તરીકે ો. એ પછી પૂરી તાલીમ બાદ કાયમી તરીકે લઈ લેશું.'

આ રીતે બાપાની કૃપાથી એમનાં આગ્રહ ભલામણથી હું કાઠિયાવાડના સંકુચિત ની બહાર વિસ્તૃત કાર્યક્ષેત્રમાં આવ્યો. દૃષ્ટિબિંદુ સંકુચિત ન થાય, હું ખાડા-પડી રહું, વિચારોમાં હું પછાત ન ઉં, આર્થિક રીતે હું નિશ્ચિંત થઈ , એ બધી કાળજી બાપાએ રાખી અને સુધીનો બંદોબસ્ત ન થયો ત્યાં સુધી ચિંતા સેવ્યા જ કરી અને પૂરતો કર્યો.

જુવાનોને પારખવા, એમને કેળવવા, એમની પીઠ થાબડી આગળ લાવવા, પોતાનું પીઠબળ આપી સેવાના કામમાં જોતરવા અને પોતાની પાછળ સબળ, શક્તિમાન સેવાભાવી અને નિઃસ્વાર્થ વારસદારો મૂકી જવા એ વૃત્તિ બાપામાં ખૂબ હતી.

મારા દાખલામાં જેમ આ બન્યું તેવું બીજા સંખ્યાબંધ જાહેર કાર્યકરોના દાખલા-માં બન્યું છે. દાખલા તરીકે લક્ષ્મીદાસ દાણી. ભાવનગર આવતાં-જતાં એમને લાગ્યું કે આ અચ્છો જુવાન છે, અભ્યાસી છે, ચુસ્ત-પણે કામમાં ચોંટેલો છે; તેથી એમને પણ ભાવનગરના સાંકડા વર્તુળમાંથી બહાર લાવી એમની જાતને બીજી કોઈ અખિલ ભારત સંસ્થા સાથે જોડવા પ્રયત્ન કરેલો. એ બાબત ટંડનજીને કાગળ પણ લખેલો, પણ એ રહી ગયું. લાલાજી હોત તો એમનું કામ પણ ગોઠવાઈ જાત. આમ છતાં ત્યાં લક્ષ્મીદાસ દાણીનું જયારે ન ગોઠવી શકાયું, ત્યારે એમને માટે બીજે ઠેકાણેથી આર્થિક ગોઠવણ કરી આપેલી.

આ રીતે ભીલ સેવા મંડળ, હરિજન સેવક સંઘ, આદિમ જાતિ સંઘ વગેરે જે જે સંસ્થાઓમાં કામ કરનારા મળ્યા એમને તેમણે ચકાસ્યા, તપાસ્યા, તાલીમ આપી. તેમને ઘડ્યા, મઢ્યા અને ચોકસાઈ આપી વધારે સારા કાર્યકર બનાવ્યા. બાપા પોતે જ જીવતી-જાગતી તાલીમશાળા હતા.

એમનો રસ વિસ્તીર્ણ અને ઊંડો હતો. મારાં લગ્ન થયા પછી એમનો કોઈ પત્ર એવો નહિ હોય, જેમાં મારી પત્નીના નામનો ઉલ્લેખ ન થયો હોય. જેવું મારા વિષે એવું જ એમના પરિચયમાં આવેલા પ્રત્યેક સેવક, કાર્યકર કે સ્નેહી વિષે. બધાની સાથે કુટુંબ-વત્ સ્નેહ અને મીઠી નજર રાખતા. એમના પ્રત્યેક પત્રમાં માનવપ્રેમ અને લાગણી નીતરતાં.

ભીલ સેવા મંડળમાં વખતોવખત ગયો

છું. તદ્દન સાદા મકાનમાં, તદ્દન સાદો ખોરાક, તદ્દન સાદી રહેણીકરણી: ગરીબો સાથે તદ્દરૂપ બનીને એ રહે. પૂરતા કલાક કામ કરે. ટપાલમાં આવેલો એક-એક કાગળ પોતે વાંચે. પત્રકો વાંચે. રોજ-રોજ હિસાબ વગેરે તપાસે. અહેવાલોના સંબંધમાં પૂછપરછ શરૂ કરે અને પાછા પાંચ-પંદર દિવસે ચક્કર મારી કેંદ્રો જાતે તપાસી આવે. રોજ રાત્રે પોતાના કાર્યનો હિસાબ આપે.

જેવું દાહોદમાં એવું જ દિલ્હીમાં હરિજન સંઘની ઑફિસમાં જોયું છે. સવારથી તે રાત સુધી કાર્યમાં મગ્ન.

પ્રવાસે નીકળે તો જે પ્રદેશનો પ્રવાસ કરવાનો હોય એનું ગેઝેટિયર મંગાવે. ભૌગોલિક, ઐતિહાસિક, પ્રાકૃતિક માહિતી વિસ્તારથી મેળવી લે અને તેનો અભ્યાસ કરી પછી એ પ્રદેશમાં જાય. જેવું પ્રદેશ વિષે એવું જ પ્રશ્નો વિષે. એ વિષયનાં પુસ્તકો મંગાવી, વાંચી એનો તલસ્પર્શી અભ્યાસ કરે, નોંધ કરે.

આવા બાપા અને એમનું જીવન આજે પણ અનેક કાર્યકરો, સેવકો, વિદ્યાર્થીઓ, વૃદ્ધોને પણ પ્રેરણા આપે તેવું છે. એમનાં થોડાં વધારે સંસ્મરણો પણ છે, પણ અત્યારે તો આટલાં જ બસ થશે.

*

ઈશ્વરતત્ત્વની શુદ્ધિ

શુદ્ધ જ્ઞાન રૂપે, શુદ્ધ પ્રેમ રૂપે પ્રતિષ્ઠિત
પ્રભુને કરવા આવે, પ્રભુદૂત યુગે-યુગે;
અને હા, સર્વથી શુદ્ધ સર્વ પાવક સત્પ્રભુ
કાલધૂલિથકી શુદ્ધ પ્રજાર્થે કરવા રહ્યા
કાળનો મેલ તો એવો ઝંખાવી તત્ત્વને ય દે:
ઉગ્ર અંગારને જેમ ભારી દે રાખનું સ્તર
જ્ઞાન પ્રેમ અને ઈશ શક્તિઓ નિજ દાખવે
ઉગ્ર રૂપે, યથાભાનુ ગ્રીષ્મે તેવો ન શિશિરે.

જ્ઞાન પ્રેમથકી જુદું જ્યારે એ ધરતો રૂપ
ધર્મ કે સંપ્રદાયોનું ધારે બીજ સડા તણાં;
કર્મકાંડો વિધિ, યજ્ઞો, ભ્રમો, વ્હેમો, ચમત્કૃતિ
ચૈતન્યે જડતા જાણું બાઝે વિષય કામથી.
અહંતા જડતા જેવું વિરોધી કો ન સત્યનું
જાણું સત્ય રૂંધે તેથી બાંધે સેવકને વધુ.
અશુદ્ધિ સેવનારાને ના હર્ષ શુદ્ધ રૂપે
રક્ષા પુંજે મૂકી પાત્ર અન્ન રાંધી શકે ન કો
છેલ્લું આ વેણ કે જ્ઞાન પ્રેમ ને પ્રભુના વિશે
થોડા જેવું નથી કાંઈ, થોડે લાભ ન, ના મળે
આનંદ રૂપ એ જાતે, ઓછો આનંદ કો થશે
મઝા તો પૂર્ણ પામી તે તેશું અદ્વૈત સાધતાં

—ઉશનસ્

×

જશવંતને ઘેર ખૂબ જ માંકડ હતા. એવામાં એક મહેમાન એને ત્યાં સૂવા આવ્યા. બીજે દિવસે સવારે જશવંતે મહેમાનને કહ્યું:

'કેમ કાકા, ઊંઘ તો રાત્રે આવી હતી ને?'

'અરે શું ઊંઘ આવે? આખી રાત આંખ બંધ જ નથી થઈ.'

'તો તો એ તમારી પોતાની ભૂલ કાકા, જે માણસ ઊંઘવા માગે એણે તો બંને આંખ બંધ કરવી જ જોઈએ!'

×

આપણો રાજરોગ

લેખક :

શ્રી મનુભાઈ પંચોલી 'દર્શક'

'અખંડ આનંદ'ના વાચકો સમક્ષ શ્રી 'દર્શક'ની તેજસ્વી કલમની પ્રસાદી પહેલી જ વાર રજૂ થાય છે. તેઓ અચ્છા કેળવણીકાર અને ગ્રામસેવક છે. 'ગ્રામદક્ષિણામૂર્તિ' સંસ્થાના તેઓ નિયામક છે. સાહિત્યક્ષેત્રે એમણે નવલકથાઓ, નાટકો, નિબંધો દ્વારા ઉચ્ચ પ્રતિષ્ઠા મેળવી છે. એમના લેખો 'અખંડ આનંદ'ના વાચકોને હવે અવારનવાર મળવાની આશા છે.

ની સ્વતંત્રતાની વ્યાખ્યા નક્કી કરવાનું આ લોકશાહીના જમાનામાં મુશ્કેલ થી. સ્વતંત્રતા એટલે આપણા દેશનું ને સુધારવા કે બગાડવાની આપણી તંત્રતા. આમાં આપણી એટલે દેશના કે સુજ્ઞ સૌ લોકોની; આજે જેવી છે માત્ર ઉજળિયાતોની સ્વતંત્રતા નહિ. ના અસંખ્ય લોકજનસમુદાયને આ તંત્રતાનો ઉપયોગ કરતો કેમ કરવો તે ણી સામેનો કોયડો છે. દશ કે વીશ હિસાબ માંડ કરી જાણનાર, પોતાના ડાની હદ ભાગ્યે જ વટાવી હોય તેવો સામાન્ય જન આપણી લોકસભાના ષ્યોની સંખ્યાના આંકડા કે ધારાસભ્યોની જી જેવી દલીલોમાં કાંઈ સમજતો એમ કહીએ તો એમાં કશું અઘટિત ાય. ને જે સમજતો નથી તે વાસ્તવિક પણ ધરાવી શકતો નથી, તે પણ ું છે.

એટલે આપણી પ્રામાણિકતાને આહ્વાન પ્રશ્ન આ છે: આ રાજ્યનો જે કાય- સ્વામી છે તેને વાસ્તવિક સ્વામી બનાવવો?

આપણું રાજ્યતંત્ર, આપણું અર્થતંત્ર, ણું સમાજતંત્ર ને આપણો સામાન્યજન વચ્ચે વિશાળ અંતર પડેલું છે. આ અંતર ટાળવાના બે ઉપાયો છે: કાં તો ન્યજનની જે ભૂમિકા છે, તેને લક્ષમાં રાખીને ઉપલાં ત્રણે તંત્રોમાં ફેરફાર કરવો, ને કાં તો સામાન્ય જનને તંત્રની કક્ષાએ લઈ જવો. વચલો માર્ગ એ પણ છે કે સામાન્ય જનની યોગ્યતા સહેજ વધાર્યે જવી, ને તે દરમ્યાનમાં તંત્રની કક્ષા પણ સહેજ નીચે ઉતારતા જવી.

પણ આ પ્રશ્ન કરતાં યે વધારે અગત્યનો પહેલાનો મૂળમાં પ્રશ્ન છે, આપણી પોતાની સ્વતંત્રતાનું રક્ષણ કરવાનો. સ્વતંત્રતા હશે તો એની વ્યાપકતાનો વિચાર થઈ શકશે, પણ સ્વતંત્રતા નહિ હોય તો વ્યાપ થશે શેનો? ગુલામીનો?

હિંદુસ્તાનમાં આ રાજકીય સ્વાતંત્ર્ય પહેલી જ વાર આવ્યું છે તેમ નથી. મુસલમાનોના કાળ પહેલાં આપણો દેશ સ્વાધીન હતો જ—ને મુસ્લિમ કાળ દરમ્યાન પણ મરાઠાઓએ જે પ્રયત્ન કર્યો તેને પરિણામે હિંદુસ્તાનમાં મુસ્લિમ રાજસત્તા છિન્નભિન્ન થઈ ગઈ હતી. હિંદુસ્તાનના બહુ મોટા ભાગ પર ૧૭૬૧માં, મરાઠાઓની સત્તા હતી. દિલ્હીથી માંડીને તે જીંજી સુધી ને દ્વારકાથી માંડીને તે મુર્શીદાબાદ સુધી કોઈ ને કોઈ મરાઠા સરદારની હાક વાગતી હતી.

ને છતાં તે પછીના ત્રણ દસકામાં જ અંગ્રેજો કેમ મુખ્ય સત્તા બની ગયા? મરાઠાઓના હાથમાં જે સુવર્ણકળશ આવ્યો હતો તે કેમ ફૂટી ગયો? જે હિંદવીસ્વરાજનું સ્વપ્નું સેવ્યું હતું તે સવારના ઝાકળની જેમ

કેમ ઊડી ગયું ?

અંગ્રેજો કંઈ મોટી સંખ્યામાં નહોતા, તેઓની પાસે આપણા કરતાં ઊંચાં હથિયારો કે વધારે ધન હતું તેમ પણ ન હતું. મરાઠી સત્તાને હરાવનાર એલ્ફિન્સ્ટને જ કહ્યું છે કે 'લશ્કરી સંખ્યાબળ, હથિયારો કે નાણાંની છોળ એકે વસ્તુની તેમને તાણ નહોતી.'

છતાં આ જ એલ્ફિન્સ્ટને મૂઠીભર માણસો વડે પેશવાઈનો ખડકીના મેદાન પર નાશ કર્યો.

કબીરે અવળવાણીમાં ગાયું છે:

'નાવ મેં નદીયાં ડૂબી જાય.'

એવી આ વાત નથી ? એથી પણ સચોટ દાખલો લઈએ.

ઓસ્ટ્રેલિયા આપણાથી સાવ નજીક છે. જાવા, સુમાત્રા એથી પણ નજીક છે ને હોલેંડ ને ઇંગ્લેંડથી એ દેશો ઘણા દૂર છે. આ ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેંડ, જાવા–સુમાત્રામાં હજારો માઈલથી આવીને એ લોકોએ વસાહતો સ્થાપી ને આપણે જે નજીક હતા તેઓને એ વિચાર કેમ ન ઊભો થયો ? ને ઊલટો આપણો ખુદનો દેશ કેમ ગુમાવી બેઠા ?

આપણે મૂળ કારણો શોધીને રોગ મટાડવો જોઈએ. સ્વતંત્રતા આપણે આ પહેલાં યે મેળવી છે ને પાછી ખોઈ પણ છે. એટલે આ ક્ષણે સ્વતંત્રતા આવી જવાથી સર્વ સિદ્ધિ મળી ગઈ તેમ માનશું તો ભૂલ થશે. રોગ નહિ જાય તો એક કાળે જેમ અંગ્રેજોને વશ થઈ ગયા તેમ આવતી કાલે રશિયાને કે અમેરિકાને વશ થવું પડશે. દવાના જોર પર આરોગ્યનો પાયો રચાતો નથી. આરોગ્ય તો શરીરના દોષોનું નિવારણ ને બધી ધાતુઓના સમત્વ પર જ આધાર રાખે છે.

અંગ્રેજોએ આ સમાજશરીરના જ દોષોના કારણે સહજમાં કબજો લઈ લીધો તે દોષો નીકળી ગયા છે ખરા ?

અંગ્રેજો કે તે આગળના વિદેશી મુસ્લિમ રાજકર્તાઓ અહીં શા સારુ ફાવ્યા ?

આપણે કાયર હતા ? ઇતિહાસ નારા એ ના પાડવાના; કારણકે મુસ્લિમોને મદદ કરનારામાં જયસિંહ, જસવંતસિંહ, રતનસિંહ ને બીજા સેંકડો હિંદુ લડવૈયાઓ હતા. તેવી રીતે તેનો સામનો કરનારા સંગ, પ્રતાપ, દુર્ગાદાસ, છત્રસાલ, ચંપતરાય ને શિવાજી મહારાજ અહીં જ જન્મ્યા હતા. અકબરની ઉદાર નીતિ આગળ નમતું જોખ્યું હોય, પણ સાધારણ પરદેશી રાજકર્તા સામે મુગલ સમયમાં લડાઈઓ અટકી નહોતી. અંગ્રેજોએ હિંદી સિપાઈઓની મદદથી જ હિંદ છે તે સૌ કોઈ જાણે છે. આજે પણ ગુરખા, મરાઠા, રજપૂતોની બહાદુરી પરદેશી સિપાઈઓ કરતાં ઊતરતી ન

આપણે કાયર નહોતા તો બીજાં કારણો હતાં ? ઉપલક રીતે બે કાર અપાય છે:

(૧) આપણામાં સંપ નહોતો.

(૨) આપણાં હથિયારો ઊતરતાં

પણ શા માટે આપણાં હથિયારો ઊતર હતાં, એમ પૂછવું જોઈએ. તેથી યે તો એ પુછાવું જોઈએ કે શા માટે હથિયાર ઊતરતાં જ રહ્યાં ? બાબર પતના મેદાનમાં જીત્યો, કારણકે એની તોપો હતી, પણ તે પછી તો દસકાઓ તોપણ દેશવાસીઓએ એવી કે એથી ચાતી તોપો કેમ ન બનાવી ? અંગ્રેજો ને ફ્રેંચોની યુદ્ધસંગઠન પદ્ધતિ ને ચડિયાતાં હતાં તો એક–બે ને ત્રણ અનુભવ લીધા પછી શા માટે મૂળ દેશવા ઓએ એ ન અપનાવી ? ને અપનાવી પણ તેમાં અંગ્રેજોના જેટલી કાર્યક્ષમતા

ન કરી શક્યા ?

તીની પણ પછવાડે આપણે નજર જોઈએ, કે સંપ નહોતો પણ હાર પછી પણ આપણે સંપ કેમ ન કર્યો? નાનક જેવા સંતો ને નાના ફડનવીસ રાજનીતિજ્ઞો શા સારુ સફળ ન થયા ? અપશુકન કરવાવાળા બાજી-ની જમાત જ કેમ બળવત્તર રહી ? મૂળ ઊંડું છે.

ઈ પણ હુમલાના ત્રણ પ્રત્યાઘાત થાય તે હુમલો વિચારનો હોય કે લશ્કરનો : એ હુમલાને હઠાવી વેરવિખેર કરીને, એના શક્ય અંશો પચાવી સમન્વય ક્યાં તો તેની પાસે ઘૂંટણ નમાવીને. માં નવીન આક્રમણ વખતે ત્રણે પ્રક્રિયા હોય છે; કારણકે સમાજ સાવ નથી હોતો. પણ આખરે સમાજ-શેષે કરીને જે વિચારો અસ્તિત્વ તા હોય તેનો લઘુતમ સાધારણ નીકળે છે.

મુસ્લિમો કે અંગ્રેજો અહીં આવ્યા ને તાં થયા તે મહત્ત્વની બીના નથી; પણ પ્રત્યાઘાતરૂપે કઈ પ્રક્રિયાનો લઘુતમ રણ અવયવ આપ્યો તે મહત્ત્વનું છે. આપણે ત્યાં સિકંદર આવ્યો હતો ને ગણરાજ્યોએ એવો જવાબ આપ્યો જવું પડ્યું. સેલ્યુકસને હાર ખાવી આપણે આર્યો, શકો ને હૂણોએ ને છેવટે સમન્વયનો માર્ગ લેવો હતો.

મુસ્લિમો વખતે આ આક્રમણની કે સમ-એકે ક્રિયા કેમ સફળ ન થઈ ? સમાજનું સ્વરૂપ મુસ્લિમો આવ્યા એવું તે કેવું બની ગયું હતું કે બન્ને પ્રક્રિયા સફળ ન થઈ ? ને જ ઇતિહાસની દૃષ્ટિએ બીજી રીતે વિચારીએ તો પુછાય કે ઈ. સ. ૯૦૦ પછી આપણા દેશમાં આગલા યુગની સરખામણીએ સર્જક પ્રતિભાનો લોપ શા માટે થયો છે ? ટીકા–ટિપ્પણી જ શા માટે વધારે થઈ છે ?

સંધ્યાવૈભવ જેવો ગુપ્ત યુગ જતાં કેમ એકાએક આમ બન્યું છે ?

અથવા તો આપણા દેશની ઉત્તમોત્તમ વિભૂતિઓનો, મૌલિક દ્રષ્ટા ને સ્રષ્ટાઓનો બહુ મોટો ભાગ ઈ. સ. ૯૦૦ પહેલાં જ શા સારુ છે ?

આમાં પ્રાચીન કાળનાં યશોગાન ગાવાની જરૂર નથી. એ રીતે તો મધ્યયુગ પણ ભૂતકાળ જ છે, પણ હકીકતોના પ્રકાશમાં માર્ગ શોધવાનો છે. જો હકીકતોને નિષ્પક્ષ દૃષ્ટિએ જોઈશું, તો ઈ. સ. ૯૦૦ પહેલાંનો કાળ ઉજ્જવળ દેખાયા સિવાય નહિ રહે.

જીવતું વૃક્ષ રોગનો સામનો કરે છે ને ઋતુએ–ઋતુએ ફૂલ ને ફળના સૂંડા ભરી દે છે.

કયો રોગ લાગ્યો હતો આપણા સમાજ-વૃક્ષને, કે ન એણે રોગનો સામનો કર્યો, ન આગલા યુગ જેવાં ફળફૂલો આવ્યાં ? ભારતનાં ઇતિહાસ, સમાજશાસ્ત્ર ને તત્ત્વજ્ઞાનનો જેમણે અભ્યાસ કર્યો છે, તેમને લાગે છે કે આનાં કારણો બે છે :

(૧) વ્યક્તિ, તેના સ્વતંત્ર વ્યક્તિત્વને, સ્વતંત્ર વિચારણાને આપણે ગૌણ ગણ્યાં છે.

(૨) તત્ત્વજ્ઞાનને પારલૌકિક ઝોકવાળું બનાવ્યું છે.

આપણે ઉપર બતાવેલા કાળ પછી વ્યક્તિએ પોતે પોતાના પુરુષાર્થને ચારિત્ર્ય વડે કેવો વિકસિત કર્યો છે, એ જોઈને સ્થાન કે માન આપ્યું નથી. કબીર જેવા વીર સાધકે એ પરાણે ઝૂંટવી ભલે લીધું હોય પણ આપણા સમાજની ગતિવિધિ તો વ્યક્તિ સમાજના કયે પગથિયે જન્મી છે તેના

પર જ રહી છે. આને લીધે 'ચોખા મેળા' ઉત્તમ પ્રકારનો સંત હોવા છતાં તેને અપમાન મળે છે. ને શિવાજી મહારાજ મહારાષ્ટ્ર-ઉદ્ધારક થયા પછી પણ એના શૂદ્રત્વને ધોવા વંશાવલી ઉદેપુરના સિસોદીઆ સાથે મેળવી દેવાનો કીમિયો શોધવો પડે છે. શિવાજી મહારાજનો રાજ્યાભિષેક કરવા કોઈ તૈયાર થતું નહોતું. ત્રણ દસકા પહેલાં ડૉ. આંબેડકરને પ્રતિભાસંપન્ન પુરુષ હોવા છતાં જે વેઠવું પડ્યું તે આ ગતિ હજુ પૂરી રોકાઈ નહોતી તેનો પુરાવો છે.

પ્રાચીન કાળમાં પણ આ વસ્તુ ઓછેવત્તે અંશે હતી. પણ તેનાં વિરોધી બળો જોરદાર હતાં. વિદુર ને વિકર્ણ દાસીપુત્ર હતા. વ્યાસ માછીમારણના પુત્ર હતા. ઋગ્વેદકાળમાં સ્ત્રી ઋષિઓ પણ હતી. ઉપનિષદકાળમાં ક્ષત્રિયો પાસે બ્રાહ્મણો વિદ્યા લેવા જતા, ને કૃષ્ણ પોતે આહીરોમાં ઊછર્યા હતા. અલબત્ત, કર્ણ જેવાને વેઠવું પડ્યું હતું, પણ તેનું કારણ એ સૂતપુત્ર હતો તે કરતાં યે વિશેષ તો તે અજ્ઞાત કુલશીલ હતો; ને તે છતાં યે દુર્યોધનના દરબારમાં યોદ્ધા તરીકે ને સમગ્ર સમાજમાં દાતા તરીકે તેની ખ્યાતિ હતી જ. તેને સેનાપતિત્વ મળ્યું જ હતું. આંતરવિગ્રહની આગમાં તે જો લાકડું ન બન્યો હોત તો તેણે આથી યે વિશેષ સન્માન મેળવ્યું હોત.

પ્રાચીનકાળમાં વ્યક્તિ સમાજમાં કયા સ્તરમાંથી આવી છે, તે જોયા સિવાય તેના ગુણશીલ માર્ગ કરી શકતાં. અડચણો આવતી પણ પ્રાચીન યુગની સમાપ્તિ સુધી પ્રગતિશીલ બળોએ વિજય મેળવ્યો હતો. વિશ્વામિત્રે વસિષ્ઠ પર, શ્રીકૃષ્ણે જરાસંધ પર, જનકે વેદજ્ઞ બ્રાહ્મણો પર ને બુદ્ધ–મહાવીરે યાજ્ઞિક પુરોહિતો પર વિજય મેળવ્યો હતો.

પણ પ્રાચીન યુગના અંત સાથે જ દ્વંદ્વયુદ્ધ ચાલ્યું તેમાં પ્રાગતિક બળોની ધીમે. ધીમે પીછેહઠ જ થતી ગઈ છે: સ્ત્રીસ્વાતંત્ર્યનો લોપ, પ્રજાતંત્રનો લોપ, સ્વતંત્ર વિચારણાનો લોપ ને પરિણામે રાષ્ટ્રીય તેજસ્વિતાનો લોપ.

કારણ કે મધ્યયુગમાં વ્યક્તિ એ સ્વતં નથી રહી પણ શાસ્ત્રનાં વિધિવિધાનોનું એક સોગઠું બની ગઈ છે. એણે કેમ હાથપગ ધોવાથી માંડી એણે કયો ધંધો કરવો ને એણે કયા લોકમાં મર્યા પછી જવું તે પણ આ બધા ત્રિકાલજ્ઞ લોકોએ તેના જન્મ પૂર્વે જાણે નક્કી કરી નાખ્યું છે.

શૂદ્ર, વૈશ્ય કે ક્ષત્રિય ગમે તેના ઘરે અવતરનારે કશું જાણે વિચારવાનું નથી. તેના માટે પ્રાચીન કાળના મહર્ષિઓએ બધું વિચારી રાખ્યું છે. આ પ્રાચીન કાળને વજન આપવા શાસ્ત્રગ્રંથોને પ્રાચીન કાળના ઋષિઓને નામે ચડાવ્યા છે.

વિચાર કરવાની શક્તિથી મનુષ્ય પ્રાણી પશુસૃષ્ટિ કરતાં જુદો પડે છે, ને તે જ વિચાર કરવાની શક્તિ ન કેળવાય તો તેના મનુષ્યત્વનો વિકાસ અધૂરો જ રહે ને? પછી પુરુષાર્થ કરવાનો પણ શું રહે? પુરુષાર્થનું મૂળ જ વિચારમંથન છે.

બુદ્ધ કહેતા: 'હું મોટો સાધુ છું, તે માટે હું કહું તે માની ન લેતા, પણ તમારી બુદ્ધિને સાચું લાગે તો મારું વચન સ્વીકારજો.' તેમણે અંત વખતે પણ કહ્યું, 'ઉદ્યમી થાઓ, અપ્રમાદી રહો.'

વેદોએ પણ કહ્યું:

'ચાલનારો અમૃતને પામે છે. ચાલે છે તેનું નસીબ ચાલે છે. બેસે છે તેનું નસી પણ બેસે છે.' આપણો દેશ ઈ. સ. ૯૦ પછી વિચારસ્વાતંત્ર્યમાં ને પરિણામે પુર ષાર્થમાં બેસી ગયો હતો એટલે એનું નસી પણ બેસી ગયું હતું.

આપણે જો સ્વાતંત્ર્ય સાચવવું હોય તો

તમાં હીનને પણ વિચારસ્વાતંત્ર્ય વું પડશે. તેના વિચારો ગમે કે ન ગમે, સન્માન આપવું પડશે. આમાંથી જ ત્રીની ને સમાનતાની જ્વાલા પ્રકટશે. ના રક્ષણનો તોપ-બંદૂકના વધારા કરતાં યે સરકારક ઉપાય છે: વ્યક્તિને વિચાર કરતાં વિચાર પર દૃઢ રહેતાં શીખવવાનો ને માટે સમજાવવાનો.

મધ્યયુગમાં આપણા સમગ્ર સમાજે સ્ત્રીઓ, , અતિશૂદ્રો, ચાંડાલોને જે વર્તાવ આપ્યો જેને પરિણામે આ શૂદ્રોનો સમૂહ મુસ્લિમ તરફ આકર્ષાયો, તેને જો પહેલેથી સ્વાતંત્ર્ય સન્માન હોત તો ન તો તેમના પર સમાજ જુલમ કરી શક્યો હોત, ન તેઓ સાંખી શક્યા હોત. પણ સમાજે તે કર્યું, તેમણે સાંખ્યું ને પરિણામે જુલમ કરનાર ને જુલમ સહનાર બન્ને એક નવીન ગુલામીમાં જકડાયા.

પરદેશીઓને મદદ મળી જ રહી; કારણ પોતાના સ્વદેશના સમાજ તરફથી તેમને ન મળ્યો જરૂરી પ્રેમ, ન મળ્યું જરૂરી સન્માન...

પેશવાઓના હાથમાં અંગ્રેજો આવ્યા ત્યારે આ દેશનું ભાવિ મુકાયું હતું. ને તે ભાવિ પણ તેમના હાથમાં એટલા માટે આવ્યું હતું કે એક મહાન મરાઠાએ માવલા, , મરાઠા સૌને સન્માન આપી સંગઠન બાંધ્યું હતું, પણ બ્રાહ્મણ પેશવાઓ આ વાત ભૂલી ગયા અથવા તો સૈકાના સંસ્કારોએ તેમને ભૂલ ખવડાવી. તેના બે દાખલા છે. એક બાજીરાવ-મસ્તાનીનો. મસ્તાની મુસલમાન હતી. તેના છોકરાઓને જનોઈ દેવાની બાજીરાવની ઇચ્છા હતી, પણ સમાજે તે ન દેવા દીધી. તેથી યે આંખ ઉઘાડે તેવો દાખલો છે નારાયણરાવ પેશવાનો. પ્રભુલોકોએ શિવાજી મહારાજને મરાઠી સ્વરાજ સ્થાપવામાં પ્રાણપણે મદદ કરી હતી. બાજીપ્રભુ ણા કિલ્લાની ઘાટીમાં શિવાજી મહારાજને બચાવવા બે હાથમાં તલવાર લઈને પોતાના પ્રભુસાથીદારો સાથે લડતાં મરાયો હતો.

પ્રભુલોકોની આ સેવા ને શૌર્ય જોઈ શિવાજી મહારાજે, પોતે જેમ પંડિત ગંગાભટ્ટ દ્વારા ક્ષત્રિય બન્યા તેમ, પ્રભુઓને જનોઈ પહેરવાની રજા અપાવેલી. કુલીન સમાજને આ ખૂંચતું હશે એટલે નારાયણરાવ પેશવાએ તેમને જનોઈ દેવાની મનાઈ કરી. પ્રભુઓએ પોતાને અપાયેલાં અધિકારસૂત્રો બતાવ્યાં. પણ આ અર્ધશૂદ્રોને એ હક્ક હોય કેમ? નારાયણરાવે એ પ્રભુ આગેવાનોને કેદમાં પૂર્યા. આઠ દિવસ સુધી ભૂખે માર્યા ને છેવટે જનોઈ નહિ પહેરીએ તેવું લખાવી લીધું. આ નારાયણરાવના ખૂનમાં ત્રણ પ્રભુઓ પણ હતા. જ્યાં સમાજ વ્યક્તિના ગુણો ને પુરુષાર્થ પર નહિ, પણ જન્મસ્થાન પર રચાય, જ્યાં નીચેના હંમેશ અકારણ નીચે જ રહી અપમાન વેઠ્યા કરે ને ઉપરના અકારણ માન ને મિજબાની મેળવ્યા કરે તે સમાજમાં સંપની આશા રાખવી તે વધારેપડતું છે.

'તું જ્યાં જન્મ્યો ત્યાં જ પડ્યો રહે ને મૂંગોમૂંગો સહન કરતો પડ્યો રહીશ તો જ તારો આવતો ભવ સારો આવશે; નહિતર તારો આ ભવ તો બગડ્યો જ છે પણ આવતો ભવ પણ બગડશે.' આ સાંભળતો કચડાતો સામાન્ય જન શા સારુ સ્વાતંત્ર્યનું રક્ષણ કરે? એમને તો સ્વાતંત્ર્ય હતું જ નહીં. તેને શૂદ્ર-અતિશૂદ્ર કહી અપમાનનારા સમાજની એકતાનું ભાન તેને આવે કેમ? તેના સ્વાતંત્ર્યનું રક્ષણ કરવાનો ઉત્સાહ કેમ રહે?

જે લોકોએ લોકોના વ્યક્તિસ્વાતંત્ર્ય ને વિચારસ્વાતંત્ર્યને રૂંધ્યાં તે એક વાત તો સમજતા હતા કે શરીરને જકડી શકાય છે, પણ વિચારને પકડી રાખી શકાતો નથી. એટલે એમણે જે વિચાર કર્યે જ રહે તેને માટે રસ્તો કાઢયો–વિચારને આ લોક તરફ-

થી ખેંચી પરલોક તરફ વાળવાનો. 'વિચાર કર–પણ આવતા ભવના–તે પછીના ભવના, સૂર્યલોક, ચંદ્રલોક, સ્વર્ગલોક–વગેરેનો કર. આ લોક તરફ તો નજર નાખીશ મા; કારણ કે અહીંની વ્યવસ્થા તો ગોઠવાઈ ગઈ છે. રાજાએ શું કરવું–પિતાએ શું કરવું–સ્ત્રીએ શું કરવું–બ્રાહ્મણો–શૂદ્રોએ શું કરવું, જન્મથી તે મૃત્ય સુધી શું કરવું તે બધું વિચારી રાખ્યું છે. આપણે તે પ્રમાણે ચાલીએ ને તેની વિરુદ્ધ ન જઈ આવતો ભવ સુધારીએ ને આ ક્ષણિક સંસારની ચિંતા પણ શા સારુ? એ તો માયા છે.'

જીવનના એકેએક કોયડાનું આ પરલોક, જેનું અસ્તિત્વ છે કે નહિ તેની ખાતરી કોઈ જ નહોતી તેની સાથે અનુસંધાન કર્યું. પરિણામે આ લોક તો ન જ સુધર્યો ને પરલોકનું તો શું કહેવાય?

આને લીધે આપણે ત્યાં સંસારવિમુખ નિવૃત્તિમાર્ગી સાધુઓનો એક વર્ગ નિર્માણ થયો ને બીજી બાજુ સારા માણસો સંસાર-સુધારની પ્રવૃત્તિમાંથી ભાગતાં નિકૃષ્ટ લોકો જ એમાં જ રહ્યા, જેથી સંસાર વધારે વિષમ બન્યો.

તત્ત્વજ્ઞાનની જરૂર છે–અત્યંત જરૂર છે, પણ તે આ પ્રત્યક્ષ જગતના જીવનને વધારે સારું કરવા માટે. પણ આપણે એથી ઊંધું જ માની લઈ તત્ત્વજ્ઞાનની મદદ લઈ કહ્યું કે સંસાર તો બે ઘડીનો છે ને પારલૌકિક જીવન જ અનંત કાળનું છે. આ બે ઘડીના સંસાર માટે મથામણ કરવાની જરૂર નથી. આને લીધે અહીંતહીં મનના શાસ્ત્રની શોધમાં, ચિત્તસંશોધનમાં મામૂલી ફાયદો થયો, પણ સમાજશાસ્ત્રમાં દેવાળું કાઢ્યું.

ઉપનિષદે તો સ્પષ્ટ કહેલું કે:

'જેઓ અવિદ્યાને ઉપાસે છે તે અંધકારમાં આથડે છે, પણ જેઓ એકલી વિદ્યાને જ ઉપાસે છે તેઓ તો એથી પણ મોટા અંધકારમાં પડેલા છે. જેઓ અવિદ્યા (ભૌતિક વિદ્યાઓ) ને વિદ્યા (આત્મવિદ્યા) બન્નેનો સમન્વય કરે છે, તેઓ અવિદ્યા વડે મૃત્યુલોકને તરી જાય છે ને વિદ્યાવડે અમૃત-(ચિત્તશાંતિ)ને પામે છે.'

આથી જ ઉપનિષદકાળના સર્વશ્રેષ્ઠ જ્ઞાની જનક રાજા છે. બુદ્ધ આમ સંન્યાસમાર્ગને ઉત્તેજન આપનારા લેખાયા છે, પણ તેમણે પરલોકવૃત્તિની પ્રશંસા નથી કરી. તે હોય કે ન હોય, પુરુષાર્થપૂર્વક સત્કર્મો કર્યાં કરવાં તે જ ઉપાય છે. તેના વડે પરલોક હશે તો સુખ મળશે; નહીં હોય તો અહીં તો સુખ જ છે.

વિવેકપૂર્વક અપ્રમાદથી સત્કર્મનો પુરુષાર્થ અને કાર્ય કરવાનો તેમનો આગ્રહ હતો ને તેથી જ તેમણે તાપમાં પાકીને આવેલા જ્ઞાનભૂખ્યા બ્રાહ્મણને પહેલાં જમાડ્યો હતો અને પછી ઉપદેશ દીધો હતો. તેથી જ તેમણે મધ્યમ પ્રતિપદામાર્ગનો ઉપદેશ આપ્યો હતો ને તેથી જ તેઓ વ્યક્તિના પુરુષાર્થને પ્રેરણાના પ્રતીક સમા ગણરાજયોના હિમાયતી હતા.

મહાજનક જાતકમાં આ પુરુષાર્થનો મહિમા કાવ્યમય રીતે ગૂંથવામાં અવ્યો છે.

મહાજનક નામનો વેપારી સમુદ્રયાત્રા કરવા નીકળે છે, ને રસ્તામાં વહાણ તૂટતાં તેના સાથીદારો ડૂબી મરે છે, ને તે અથાગ સમુદ્રમાં સાત દિવસ સુધી તર્યાં કરે છે. એ જોઈને સમુદ્રદેવી મણિમેખલા એની પાસે આવીને કહે છે:

'જેનો કાંઠો દેખાતો નથી તે સમુદ્રની વચ્ચે હાથના પછાડા મારનાર તું કોણ છે? શું સમજીને કયા ભરોસા પર આ પરિશ્રમ કરે છે?'

'દેવી, હું એટલું જાણું છું કે આ લોકમાં જયાં સુધી જીવીએ, ત્યાં સુધી ઉદ્યમ

લઈએ; એટલે આ કાંઠા વિનાના
ાં પણ હું પુરુષાર્થ કરી રહ્યો છું.'
'તારો પુરુષ-વ્યાયામ નિરર્થક છે. તું
ઝૂઝયા વિના મૃત્યુશરણ થઈશ.'
તું આવો ઉપદેશ શા સારુ કરે છે?
કરતોકરતો મરીશ તો લજ્જામાંથી
ને પુરુષાર્થ કરે છે તેને પસ્તાવો
તો-તેજ દેવો ને પિતરોના ઋણમાંથી
થઈ શકે છે.'

પ્રાચીનકાળના ત્રણ તબક્કા—વેદકાળ,
દકાળ ને બુદ્ધકાળ. એ કાળ જોયા.
તો પુરુષાર્થથી ગાજતો છે. તેમાં
કે જાતિનાં બંધનો નથી. એક ઋષિ
'મારા પિતા વૈદ્ય છે—મારી મા દળણું
ને હું કવિ છું; સાંજે જુદાજુદા ગોચર-
ઢોર એક કોઢયમાં આવે તેમ અમે
ઘરમાં રહીએ છીએ.'

નુષ્યના રોપને ખાતર ને પાણીરૂપે
છે સ્વતંત્રતા. સ્વતંત્રતા વિચારની ને
ના પુરુષાર્થથી વિકસાવેલા વ્યક્તિત્વના
સ્વીકારની—ને તે માટે સમાન તકની.

ાચીનકાળના ત્રણ મહાપુરુષો આવા
ત્ર્યની હવામાંથી પ્રકટ્યા હતા: શ્રીકૃષ્ણ
ષ્ણીના સંઘરાજયમાં, બુદ્ધ—શાકયો-
ઘરાજયમાં ને મહાવીર—લિચ્છવીઓના
જયમાં.

જ યુગમાં વ્યાસ ને વાલ્મિકીને, બંને હલકી જાતિઓના લોહીથી મિશ્રિત છતાં ભગવાનનાં બિરુદ પામતાં એમના વિરોધીઓ રોકી ન શકયા.

લોકશાહીને સ્થિર કરવી હશે તો આપણે વિચારના એકાધિકારને નિર્મૂળ કરવો પડશે. બુદ્ધે લોકભાષાઓથી જ કહેવાનો આગ્રહ રાખ્યો; કારણકે એને લોકોને વિચાર કરતા કરવા હતા. વિચારનો સર્વાધિકાર કેળવાતાં બીજા બધા એકાધિકારો સંપત્તિના, શાસ્ત્રીયતાના આપોઆપ તૂટતા જશે.

ને બીજું કરવું પડશે આ વિચારશક્તિને વર્તમાન તરફ વાળવાનું. તત્પદી વ્હીટહેડે વર્તમાનનું મૂલ્યાંકન અતીવ સ્પષ્ટ રીતે કરી બતાવ્યું છે. એ કહે છે: 'પ્રેઝંટ કંટેન્સ ઓલ, ધેટ ધેર ઈઝ. ઈટ ઈઝ હોલી ગ્રાઉંડ. ઈટ ઈઝ પાસ્ટ એંડ ઈટ ઈઝ ધી ફ્યુચર. વર્તમાનકાળ યજ્ઞભૂમિ છે, કારણકે ત્યાં ભૂત ને ભવિષ્ય બંનેનું મિલન થાય છે. ભૂત તેના વારસા સાથે ને ભાવિ તેની આશાઓ તથા સંભવો સાથે વર્તમાનની ભૂમિ પર ઊભાં છે.' આપણે વિચારને તે દિશામાં વાળી શુભાશા ને શુભ સંભવોને પ્રત્યક્ષ કરવાં છે.

રામકૃષ્ણ—વિવેકાનંદ, ગાંધીજી ને રવીંદ્રનાથ, જેમને વર્તમાન ભારતના ચતુર્મુખ બ્રહ્મા કહી શકાય, તેમણે આ દિશામાં ખેડાણ કર્યું ને આપણે રાજકીય સ્વરાજ પામ્યા. એ જ માર્ગે આગળ ચાલશું ત્યાં સુધી આપણું કલ્યાણ જ છે.

*

બાળકો પ્રત્યે નરભેરામને ઘણો સ્નેહ હતો; એમનાં હરેક કાર્યમાં મદદ કરવા એ તત્પર રહેતો હતો.
એક વખત એ પસાર થતો હતો ત્યારે એણે એક બાળક જોયો. દરવાજા પર ઊંચે આવેલી ઘંટડી
ના એ પ્રયત્ન કરી રહ્યો હતો. નરભેરામને દયા આવી. એણે પાસે આવી તે ઘંટડી જોરથી દાબી,
બોલ્યો: 'બોલ, મેં તારે માટે ઘંટડી તો મારી, હવે તારી શી ઇચ્છા છે દોસ્ત?'
કરો એકદમ દોડવા માંડ્યો. જતાંજતાં કહેતો ગયો: 'હું તો ભાગી જાઉં છું. હવે આ ઘર
ત્યારે તમે શું કરશો, તે તમારે જાતે જ વિચારી લેવાનું છે...એ...'

×

પરદેશી પંખી

લેખક :
શ્રી વેણીભાઈ પુરોહિત

કોઈ રૂપસુંદરીના કંઠમાં મોતીસેરા હાર વચ્ચે જેમ હીરાનું ચગદું શોભે, તેમ લોખીની કમાનની વચ્ચેના હૂકમાં કશુકોનું પાંજરું શોભતું હતું. પવનના ખોળામાં જાણે કે આમતેમ આમતેમ ઝોલા લેતું હતું. પાંજરાના અડધા ભાગમાં તડકો પડતો હતો તેથી કશુકો છાયામાં બેઠોબેઠો કંઈક બોલતો હતો. હીરાલાલ પણ સામાન બાંધતાં–બાંધતાં સામો એવી જ ન સમજાય એવી ભાષામાં જવાબ આપતા હતા. લોબીમાં ઊભોઊભો ગૌતમ બાળસુલભ કુતૂહલથી કશુકોને જોઈ રહ્યો હતો. કશુકો બોલ્યો અને હીરાલાલે સામો જવાબ આપ્યો તેમાં તે કંઈ સમજ્યો તો નહિ, પણ ખુશ થયો. હીરાલાલ પાસે દોડી આવીને તેણે પૂછ્યું : 'હીરાકાકા, કશુકુ શું બોલે છે ?'

બિસ્તરાના પટ્ટાને બરાબર ટાઈટ ખેંચીને હીરાલાલે હસતાં હસતાં કહ્યું : 'કશુકો કહે છે કે આવજો, સાહેબજી !'

'તે તમે કશુકુને ય લઈ. જશો ?—આફ્રિકા ?'

'તારે જોઈએ છે ?'

'હા, મને બહુ ગમે છે.'

'પણ એની ઊઠવેઠ તને જરાય નહિ ગમે. પૂછ તારા બાપાને.'

ગૌતમ દોડતોદોડતો બાપુજીને તેડી લાવ્યો. લજ્જાશંકરે પૂછ્યું : 'શું છે હીરાભાઈ! આ ગૌતમ કહે કે હીરાકાકા બોલાવે છે.'

'ભાઈ, તમારા ગૌતમને આ આ કશુકો ગમે છે. મેં કહ્યું કે ભાઈ, એની ઊઠવેઠ બહુ કરવી પડશે–રોજ પાંજરું ધોવું પડશે, કૂતરાં–બિલાડાંથી સંભાળવાનું રહેશે. તારા બાપાની ઇચ્છા હોય. તો હું ભેટ આપવા ખુશ છું. એને નૈરોબી લઈ જવાનું સ્ટીમરભાડું બચશે. ત્યાં વળી બીજો!'

લજ્જાશંકરે એક મમતાળુ નજર ગૌતમ તરફ સ્થિર કરી. ગૌતમ ઊંચા હાથ કરી આશાભરી મીટ માંડી રહ્યો હતો. દીકરાની આંખમાં કંઈક એવું લખ્યું હતું કે બાપ ના પાડી શકાઈ જ નહિ. તેણે કહ્યું: 'ભલે હીરાભાઈ, કશુકો ભલે રહ્યો. જેવો ગૌતમ તેવો કશુકો. કેમ દીકરા, હવે તો ખુશ ને?'

નાનકડો ગૌતમ આ તકે બાપને પ્રેમના આવેશથી ભેટવા માગતો હતો, પણ તેનું માથું ય હજી બાપની કેડથી નીચું પહોંચતું હતું. બાપના થાંભલા જેવા પગને જ તે જોરથી ભેટી પડ્યો. બાપે બેટાનો વાંસો થાબડ્યો.

હીરાલાલ ને લજ્જાશંકર બન્ને બાળ ભેરુડા હતા. હીરાલાલનો ધંધો આફ્રિકામાં સારો જામી ગયો હતો. દર ત્રણેક વરસે દેશમાં આવતા. નાત જમાડતા. ગરી ગુરબાંને સહાય કરતા. નાતના કેળવ ફંડમાં થોડાંક નાણાં આપતા. શાંતિથી મહિના દેશમાં રહેતા ને પાછા આફ્રિ ભણી... આવતી કાલે હીરાલાલ સ્ટીમર બેસવાના હતા.. એ છ મહિના લજ્જાશં ત્યાં જ જમવાનું રાખ્યું હતું. લજ્જાશં પણ દેશમાં ઠીક જમાવી બેઠા હતા. પાંચ ખરીદ્યાં હતાં. હીરાલાલનું ઘર ભાડે આ હતું. ભાડૂતોને અમસ્તી તકલીફ ન આપવા ઇરાદાથી અને લજ્જાશંકરના પ્રેમને લીધે હી લાલ દર સફરે લજ્જાશંકરને ત્યાં જ ઊ

આ સાડા પાંચ મહિનામાં ગૌતમ કશુકોની દોસ્તી સારી જામી ગઈ ગૌતમે તેને 'ગુડ મોર્નિંગ' બોલતાં શીખ દીધું હતું. કશુકો હવે હંમેશ માટે ઘેર જ રહેવાનો છે એ જાણીને ગૌતમે કોણ જાણે કેટલી વાર 'ગુડ મોર્નિંગ' મોર્નિંગ' બોલાવ્યા જ કર્યું. અંતે ક

અને ગૌતમની બા પણ કંટાળી ગઈ. કહ્યું: 'ગૌતમ, હવે ગુડ મોર્નિંગ ને બૂડ ગ, બહુ થયું. કંઈક સારું શીખવ ને! શું શીખવે છે? ગુડ મોર્નિંગવાળો...' ગૌતમે કહ્યું: 'બા! હું એને રામનામ ?'

'હા, એવું કંઈ શીખવાડે તો ભગવાન-મ સાંભળીને કાન પવિતર થાય. ગુડ મોર્નિંગ ને બૂડ મોર્નિંગ...!' 'બોલ કશુકુ રામ ભજો રામ!' ગૌતમે તી પોપટને ભારતીય પાઠ ભણાવવા ા.

હીરાલાલનો નૈરોબીથી પહોંચનો પત્ર ત્યાં સુધીમાં તો કશુકો 'રામ ભજો 'બરાબર શીખી ગયો હતો. તો ય સવા-ઊઠતાંવેંત તો તે ગૌતમને ગુડ મોર્નિંગ . ઘણીવાર ગૌતમ મોડો ઊઠતો તો બા કશુકોને કહેતી: 'અલ્યા, ગુડ ગ કર તારા ભાઈબંધને...તે વિના નહિ જાગે.' અને ચબરાક પંખીડો લવા માંડતો: 'ગૌતમ! ગુડ મોર્નિંગ... મોર્નિંગ...' પણ જયારે પોતાને વહેલું ં ન હોય ત્યારે ગૌતમ કશુકો પર પણ ઈ જતો. 'હમણાં ગુડ મોર્નિંગ નહિ...હું ત્યારે કહેજે...હમણાં ચૂપ કર...' ને ટૂંટિયું વાળીને ઊંઘી જતો.

ગૌતમ જયારે ભણવા જાય ત્યારે કશુકો-જયહિંદ કરે અને કશુકો પણ સામો આપે: 'જયહિંદ!' કશુકો ને ગૌતમ-દોસ્તી ભારે જામી ગઈ. ઘરમાં આમ કશુકો પર બધાંને પ્રેમ હતો, પણ જયારે ગૌતમનાં બા-લખમીભાભી પર ધોવાની ફરજ આવતી, ત્યારે તેમને કશુકો પર ભારે ચીડ ચડતી. કશુકોનું ધોવાનું જો કે ભાગ્યે જ આવતું, કે ઘરઘાટી, ભૈયો, આયા વગેરેમાંથી કોઈ ને કોઈ હોય જ. પણ ભોગજોગે બન્યું એવું કે એક લજ્જાશંકર સિવાય બધાંને કશુકો કરડી ખાતો. દરેકનાં આંગળાંને તેણે કરડી ખાધાં હતાં. આથી બધાં કશુકોથી ડરતાં. એમ છતાં ઘાટી દત્તુએ ધીરજથી કામ લીધું ને કશુકો સાથે દોસ્તી બાંધી લીધી. પછી તે દત્તુને નહોતો કરડતો. દત્તુ સીટી બજાવતો જાય, ગુડ મોર્નિંગ, જયહિંદ, રામ ભજો રામ...એવું બધું બોલતો જાય અને કશુકોને નવડાવે, તેનું પાંજરું ધુએ, મરચાં ખવડાવે...અને એમ કામ ચાલે. વરસમાં ભાગ્યે જ એવું બને કે દત્તુ પોતાના સગાને ત્યાં ગયો હોય ને લજ્જાશંકર બહારગામ ગયા હોય—બસ, જયારે આવી પરિસ્થિતિ ઊભી થાય ત્યારે લખમીભાભીને તે કામ સંભાળવું પડે: અને ત્યારે તેમનું ભાષણ કશુકોને અને ગૌતમને સાંભળવું પડે.

પણ જેમ છોકરાં બહુ તોફાન કરે ને માતાને કંટાળો આવે તેવો જ એ કંટાળો હતો. ગુસ્સો પણ એટલો જ. બાકી તો કશુકો વિના જાણે ઘર સૂનું લાગે. એકવાર રાતે લગભગ દોઢ વાગ્યો હશે. ઓચિંતાનો કશુકો રાડારાડ કરવા લાગ્યો. આથી લજ્જાશંકર, લખમીભાભી ને ગૌતમ બધાં જાગી પડ્યાં. પછી માલૂમ પડ્યું કે કશુકોના પાંજરામાં ઊંદરમામા ઘૂસવાની તૈયારીમાં હતા. આ ય એક મુસીબત! લખમીભાભીને આ વખતે બહુ ખીજ ચડી; પણ લજ્જાશંકરે તેનો ય ઉપાય કર્યો. તદ્દન ઝીણી જાળીવાળી પાંજરાની એક ખોળ તૈયાર કરાવી. રોજ રાતે પાંજરાની ઉપર તે ગોઠવી દેતા, જેથી ઊંદરમામા અંદર પેસી શકતા નહિ.

એકવાર રાતે હજી તો સાડા દસ થયા હતા. લખમીભાભી સૂતાં પહેલાં માળા જપતાં હતાં. લજ્જાશંકર છાપું વાંચતા હતા. ગૌતમ તો કયારનો ઊંઘી ગયો હતો.

વૈશાખ મહિનો ચાલતો હતો. પંખો તો ફરતો હતો છતાં જાણે ગરમી ઘટતી નહોતી. તે રાત્રે એચિંતો ગૌતમ ઝબકીને બેઠો થયો: ‘બા, એ બા!’ બા તો માળા કરતાં હતાં એટલે બોલ્યાં નહિ; પણ બાપુજીએ ગૌતમની પાસે જઈને પૂછ્યું: ‘કેમ, શું છે બેટા? પાણી પીવું છે?’

‘ના.’

‘સપનું આવ્યું?’

‘ના.’

‘ત્યારે કેમ જાગી ગયો?’

‘મને મનમાં એમ થયું કે કશુકોની આડી જાળી છે, તે તેને બિચારાને ગરમી થતી હશે.’

બાપ હસી પડ્યા. દીકરાને પાણી પાઈને થાબડ્યો ને ગૌતમ ઊંઘી ગયો. આમ ને આમ બે વરસ નીકળી ગયાં. ઘરનાં બધાંને જ્યારે-જ્યારે બહારગામ જવાનું થતું ત્યારેત્યારે ઘાટીને કે આયાને ખાસ કશુકોની દેખભાળ માટે જ ઘેર રહેવાનું કહેવામાં આવતું.

ત્રીજા વરસના કારતક મહિનામાં જ લજ્જાશંકર માંદા પડ્યા. માંદગી દિનપ્રતિદિન વધતી ચાલી. લજ્જાશંકરને રાતે ઊંઘ જ આવતી નહિ. લખમીભાભી તેમની પાસે જાગતાં બેસી રહેતાં. કશુકો અધરાતેમધરાતે ય ગુડ મોર્નિંગ ને જયહિંદ બોલતો. કોઈ વાર સ્વાહીલી ભાષામાં ય કંઈક બોલતો. લજ્જાશંકરને તેથી વસતિ લાગતી.

એક રાત્રે વ્યાધિએ જોર કર્યું. ડૉક્ટર આવ્યા. દરદીની માવજત કરવા હૉસ્પિટલની નર્સ પણ રોકી લીધી. થોડીક સારવાર બાદ લજ્જાશંકરને શાંતિ થઈ અને તે ઊંઘી ગયા. લગભગ સવારે ત્રણેક વાગ્યે તે જાગ્યા. વ્યાધિના ઘેનમાં હતા છતાં સભાન હતા. જેવી લજ્જાશંકરે આંખો ખોલી કે કશુકો બોલ્યો: ‘ગુડ મોર્નિંગ!’

લજ્જાશંકર નર્સ સામે જોઈને ફિક્કું હસ્યા. લખમીભાભી જાગી ગયાં. નર્સને પૂછ્યું: ‘કેમ લાગે છે હવે આમને?’

નર્સે કહ્યું: ‘કંઈ ચિંતા કરવા જેવું નથી. આસ્તેઆસ્તે આરામ થઈ જશે.’

‘આસ્તેઆસ્તે એટલે કેટલા દહાડા?’

નર્સ મૂંગી રહી.

ફરીથી લખમીભાભીનો જીવ ઉંચવાઈ ગયો. તે રડતાંરડતાં લજ્જાશંકર સામે જોઈને બોલ્યાં: ‘વ્યાધિ છેડો છોડતો નથી... હે ભગવાન, હું શું કરું?’

લાગલો જ કશુકો બોલ્યો: ‘રામ ભજો રામ!’

આળા જખમ પર હાથ અડી જાય ને દરદી રાડ પાડી ઊઠે તેમ કશુકોના આ પોપટિયા શબ્દો એવા બે-મોકા પર બોલાયા હતા કે લખમીભાભીએ બાજુમાં પડેલી એક શેલની નાનકડી બેટરીનો છૂટો ઘા કર્યો...કશુકોનું પાંજરું ધણધણી ઊઠ્યું. લજ્જાશંકર ઝબકીને બેઠા થઈ ગયા. નર્સે તેમને પાછા સુવડાવી દીધા ને લખમીભાભીને શાંત પાડ્યાં: ‘એ પંખી બિચારું શું સમજે!’

ક્ષીણ અવાજે લજ્જાશંકરે પણ કહ્યું: ‘હું પણ એ જ કહું છું. અને જો ‘રામ ભજો ભાઈ રામ’ થવાનું હશે, તો કોણ આડા હાથ દેવાનું છે? તું ય ગાંડી છો ગાંડી!’

નર્સે દર્દીને વધુ બોલવાની મનાઈ કરી. લખમીભાભી કાળનજરે કશુકો સામે જોઈ રહ્યાં ને પછી બોલ્યાં: ‘કાલે સવારે જ એને આ ઘરમાંથી કાઢું-મૂઓ કાળમુખો! મારે એનું કામ જ નથી.’

આ ધાંધલમાં ગૌતમ જાગી ગયો. ઊઠતાં વેંત તેણે કશુકોને કહ્યું: ‘કશુકુ, ગુડ મોર્નિંગ’ પણ કશુકો કશું બોલ્યો નહિ. તેનું પાંજરું હજી ય ધ્રૂજી રહ્યું હતું. ઓઢા ખાઈ રહ્યું હતું.. માત્ર તેણે પાંખો ફફડાવી. ગૌતમ ઊભો થઈને પાંજરા તરફ જવા છે, ત્યાં જ તેનો હાથ પકડીને લખમીભાભીએ

ઝાડી દીધો: 'એ કાળમુખાને તો હું સવારે કાઢી મૂકવાની છું.'

'ક્યાં ?' ગૌતમ ગભરાઈ ગયો.

'કોઈને આપી દઈશ.'

'કોઈ લેશે જ નહિ.'

'તો હું વેચી નાખીશ.'

'કોને ?'

'કસાઈને...બોલ તારે શું કરવું છે ?'

ગૌતમ રડી પડ્યો–જોરથી. નર્સે લખમીભાભીને ધમકાવીને બીજા ખંડમાં રવાના કર્યાં, ગૌતમને થાબડ્યો ને લજ્જાશંકરને શાંત પાડ્યા. આ છેલ્લા ઉત્પાત પછી ગ્રહમાન જ જાણે કે પલટાયું અને લજ્જાશંકર સાજા થઈ ગયા–આઠ જ દિવસમાં હરતા-ફરતા થઈ ગયા. પણ લખમીભાભીના મનમાંથી ડંખ ગયો નહોતો. કશુકોએ તો માત્ર રામનું નામ લીધું હતું, પણ તે એવા ખરાબ સંજોગોમાં કે તેમના મનમાં ખટકો રહી ગયો–જો કે લજ્જાશંકર અને ગૌતમની મરજી વિરુદ્ધ કશુકોને કંઈ જ કરી શકાય એમ નહોતું.

બેત્રણ મહિનામાં તો પાછું લજ્જાશંકરનું કામકાજ પાટે ચડી ગયું. જીવનવ્યવહાર બરાબર ચાલવા લાગ્યો. કશુકો હવે લખમીભાભીની હાજરીમાં બહુ ખીલતો નહોતો, પણ ગૌતમનો ને તેનો ગુડ મોર્નિંગ અને જયહિંદનો વહેવાર ચાલુ જ હતો. કશુકો આમ તો એવો મીઠો હતો કે આડોશપાડોશમાં તે ખૂબ પ્રિય થઈ પડ્યો હતો. ધીમેધીમે લખમીભાભીના દિલમાંથી પણ કશુકો માટેનો રોષ ઓછો થઈ ગયો–લગભગ નાબૂદ થઈ ગયો.

ચાર-છ માસ પછી લખમીભાભીની એક બહેનપણી થોડા દહાડા રહેવા આવી. એનાં છોકરાં પણ ગૌતમ સાથે આ કશુકોનાં દોસ્ત બની ગયાં. આખા ઘરનું કેંદ્ર જાણે કશુકો જ બની ગયો.

એક દિવસ જમીપરવારીને લખમીભાભીની બહેનપણી સોપારી કાતરતી હતી, ત્યાં કશુકોએ બૂમ પાડી: 'ગૌતમ ! તોફાન ન કર. ઊંઘી જા...' કશુકોના કાલાકાલા બોલ સાંભળી બધાં હસી પડ્યાં. બહેનપણી બોલી: 'હેં લખમી, મને આ તારો કશુકો આપીશ ? હું જીવની જેમ તેને રાખીશ. તેને નહિ ફાવે તો પાછો મૂકી જઈશ.'

જરાક વાર વિચાર કરીને લખમીભાભીએ કહ્યું: 'તારાથી મારે શું વિશેષ છે ? લઈ જા ને બહેન.'

'ખરેખર ?'

'તો શું ખોટી હા પાડું છું ?'

'પણ તારા ગૌતમને નહિ ગમે. ના માડી, હું છોકરાના નિસાસા લેવા નથી માગતી.'

'મારા છોકરાને સમજાવવો એ મારું કામ છે. જો તારે જોઈતો હોય તો લઈ જા. બાકી મલાવા કરવા હોય તો તારી મરજી.'

જે દહાડે આ લોકો બધાં જવાનાં હતાં ત્યારે ગૌતમને ખાસ ગેરહાજર રાખવામાં આવ્યો અને કશુકો ભેટ લીધો હતો ને ભેટ અપાઈ ગયો...લજ્જાશંકરને મનમાં આ જરા ય પસંદ નહોતું, પણ આવી વાતમાં પોતે ના ય શું પાડે ? ત્યારે તેમને ખબર પડી કે લખમીનો વહેમ હજી ય લીલા જખમ જેવો હતો.

ગૌતમ જ્યારે ઘેર આવ્યો ત્યારે કશુકો વિના તેણે જબરું ધીંગાણું મચાવ્યું. બાપે સમજાવ્યો, માએ સમજાવ્યો, પણ તે માન્યો નહિ. અંતે કહ્યું કે 'કશુકો થોડા દિવસ માટે ઘેલીમાસીને ત્યાં ગયો છે,' ત્યારે માંડમાંડ ગૌતમના દિલને શાંતિ વળી. પંદરવીસ દિવસમાં કશુકો પાછો આવશે એ આશ્વાસનમાં જ તે દિવસો કાઢવા લાગ્યો.

કશુકો ઘેલીમાસીને ત્યાં આવ્યો. બિચારાને ખાસ ગોઠ્યું નહિ. પણ એ પિંજરામાં પુરાયેલું કલબલિયું પંખી ગુપચુપ જીવવા લાગ્યું.

થોડા જ દહાડામાં ઘેલીમાસીને કશુકોના પરાક્રમના ખબર મળ્યા કે તે રામ ભજો ભાઈ રામ બોલ્યો અને લખમીભાભીને વહેમ પડ્યો. ઘેલીમાસી પોતે ખાસ વહેમી નહોતાં, છતાં તેમણે કશુકોને રામનું નામ લેતો ભુલાવી દીધો. ઘેલીમાસીની બેબી રામના નામ સિવાય બીજું ઘણું ય શિખવાડતી. કશુકો તે બોલતો. મઝાથી દિવસો પસાર થતા.

કશુકોને જોવા મહેમાન આવ્યાં હતાં. ઘેલીમાસી જાતજાતની વાતો કરતાં હતાં ને ફુલાઈને કહેતાં કે મારી બહેનપણીએ મને ભેટ આપ્યો છે. ઘેલીમાસી પાસે સારી મિલ્કત હતી તેથી તેની બધી વાતમાં લાગતાં-વળગતાં રસ લેતાં. કશુકોની વાતથી તે ભારે પોરસાતાં. મહેમાન કશુકો આગળ ચપટી વગાડે, સીટી બજાવે, ખુચકારા બોલાવે ને કહે કે 'સરસ પંખી છે!' ઘેલીમાસી ખુશ થતાં ને પોતાના બચુને કહેતાં...' જા, મહારાજને કહે કે, મહેમાન આવ્યા છે, ચા મૂકો.'

કશુકોને જોવા આવનારા યાત્રાળુઓનો ઘસારો બરાબર મહિનો દહાડો ચાલ્યો ને ચાપાણીના જલસા થયા. દર વખતે ઘેલીમાસી બચુને કહે કે, 'જા, મહારાજને કહે કે મહેમાન આવ્યા છે, ચા મૂકો.' આ શબ્દોના વારંવારના ઉચ્ચારણને કશુકોએ ઝીલી લીધું. પછી તો જ્યારે જ્યારે કોઈ દીવાનખાનામાં આવે કે કશુકો જ ઑર્ડર આપતો: 'મહેમાન આવ્યા છે, ચા મૂકો.'

થોડા દહાડા તો આ બધું સારું લાગ્યું, પણ પછી ઘેલીમાસીને કંટાળો આવ્યો. કોઈ ફંડનું ઉઘરાણું કરવા આવ્યું હોય, કોઈ બેકાર નોકરીની અરજી લઈને આવ્યો હોય, કોઈ કંઈ માગવા આવ્યું હોય તો કોઈ કંઈ...બધાં દેખતાં કશુકો બોલતો: 'મહેમાન આવ્યા છે, ચા મૂકો.'

ઘેલીમાસીને આ પસંદ ન પડ્યું. ચા પાવાથી સુખી ઘરમાં કંઈ ઘસારો પડે એવું નહોતું, પણ ધોબી કપડાં આપવા આવે તેને ય શું ચા પાવી? એવા તો હાલીમળેલ દિવસમાં હજાર આવે...અને કશુકો બધાને માટે ઑર્ડર આપે: 'મહેમાન આવ્યા છે, ચા મૂકો...' છટ્ આ ન પોસાય.

ઘેલીમાસીએ લખમીને કાગળ લખ્યો. 'તારા કશુકો વિના તારા ગૌતમને નહિ ગમતું હોય. જોઈએ તો હું મોકલાવી આપું.' સામો જવાબ આવ્યો: 'ના, બહેન ના. તને મેં કશુકો ભેટ આપ્યો છે, તે કંઈ મારાથી પાછો લેવાય? લોકોમાં મારી ઇજજત શું રહે?'

કશુકોને હવે ક્યાં મોકલવો? ઘેલીમાસીની જાણે કે ઊંઘ હરામ થઈ ગઈ. છેવટે એક દિવસ તેમને એક સરસ તરકીબ સૂઝી. અને બીજે દિવસે કશુકોનું પાંજરું ગામના મંદિરમાં જઈને ઝોલાં ખાવા લાગ્યું.

મંદિરમાં બેત્રણ દિવસ તો કશુકો જરા અસ્વસ્થ રહ્યો. ક્યાંય કંઈ ગોઠે નહિ. બધું નવુંનવું ને વિચિત્ર લાગે. સવારસાંજ થતી આરતીના અવાજથી ગભરાઈને તે સોડિયું વાળીને બેસી રહેતો. પછી તો એને ટેવાઈ જવું જ પડ્યું. પશુ, પંખી, જીવજંતુ, માણસ બધાંમાં ટેવાઈ જવાનું તત્ત્વ મૂકીને કુદરતે પોતાના અદૃષ્ટ શાસનના રહસ્યને ખૂબીથી ખુલ્લું કર્યું છે. નવા વાતાવરણમાં કશુકો પણ કુદરતના એ તત્ત્વને લીધે જ ટેવાઈ ગયો.

સવારે મંદિરનાં દ્વારનું ઉદ્ઘાટન કરવા પૂજારી આવે, ત્યારે કશુકો તેને ગુડ મોર્નિંગ કહીને સત્કારતો. થોડાક દિવસ પૂજારીને આમાં કંઈ સમજણ પડી નહિ, પછી એક વાર ઓચિંતું તેણે સ્પષ્ટ સાંભળ્યું-ગુડ મોર્નિંગ! અરે! આ વૈષ્ણવમંદિરમાં દરિયાપારની ભાષા?! નહિ જયજય! નહિ જયશ્રીકૃષ્ણ! એ કંઈજ નહિ ને ગુડ મોર્નિંગ? મંદિરમાં

સારું ન જ લાગે. કશુકોના પાંજરા જઈને તેણે ત્રાડ નાખી: 'બંધ કર રો!'

કશુકો ચમકી ગયો. ચૂપ થઈ ગયો. અને જી પ્રભુસેવામાં પરોવાયા. બીજે દિવસે રતા પહેલા પહોરમાં પૂજારી નિયમ આવ્યા અને દેવમંદિરનાં દ્વાર ખોલી, સવીને અંદર જતાંજતાં બોલવા યા: 'ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ... વ બંધુશ્ચ સખા ત્વમેવ...' પણ હજી રી આગળ વધે તે પહેલાં વચ્ચે જ કશુકો લ્યો: 'બંધ કર લવારો!' નકલિયું પંખી! પૂજારીનું પંડ ક્રોધથી ધ્રૂજી ઊઠ્યું, બોલ્યા: 'હરામખોર!'

સામો કશુકો બોલ્યો: 'હરામખોર!'

પૂજાને પડતી મૂકીને પૂજારી પાંજરા નજીક આવ્યા. કશુકો સામે ક્રોધથી કરડી થયેલી આંખો માંડી. પણ કશુકો તો પાંજરામાં જ આમતેમ ઊડવા લાગ્યો અને બોલ્યો: 'ગુડ મોર્નિંગ સર!'

પૂજારીનો મિજાજ હવે હાથ રહ્યો નહિ. મંદિર સાફસૂફ કરતો એક બાવો રોજ કશુકોની સંભાળ લેતો. ફળ, મરચાં વગેરે તેને આપવાં પડતાં. ઉમ્બરા પર મુકાતાં માંથી આ પંખી પણ ભાગ પડાવી જતું. અને પાછું બોલે કે 'ગુડ મોર્નિંગ!' 'લવારો બંધ કર!' 'હરામખોર!' અસહ્ય! અસહ્ય! ભ્રષ્ટ! નિકૃષ્ટ! આ કશુકોના પાંજરા વિના મંદિરની શોભા ક્યાં ઘટી જવાની હતી?

વિચારમાં ને વિચારમાં પૂજારી ગામમાં ને ત્યાં જઈ રહ્યા હતા. તેમના મનનો ભાર ઉતારવાને જ જાણે મંદિરના પ્રભુએ સહાય કરી હોય તેવું બન્યું. બજારમાં તેમણે ણુ પાંજરાંમાં પોપટ લઈને વેચવા બેઠેલા કમરુદ્દીનને જોયો. તરત જ ચપટી વગાડીને તેને બોલાવ્યો, 'ભાઈ, મારી પાસે એક આફ્રિકન પોપટ છે, તને કામ લાગશે?'

'હાવ્વે... પણુ જોયા પછી તમને ભાવ કહું.'

'હા, હા, બપોરે ત્રણેક વાગ્યે આવશે? –બતાવી દઈશ. આમ તો બહુ મજાનું પંખી છે. અમારે તો ભાઈ મંદિર રહ્યું ને એની દેખભાળ થઈ શકતી નથી. વળી મંદિરમાં દર્શન કરવા છોકરાં આવે છે તે બિચારાને બહુ પજવે છે. મને થયું કે આ પરદેશી પંખીનું સ્થાન અહીં નથી. કોઈક એના શોખીન પાસે જાય તો બિચારું સુખી થાય. મારા મંદિરમાં રહીને તે બિચારું દુ:ખી થાય–એનો જીવ કચવાય એ ય એક પાપ જ કહેવાય ને! હેં હેં હેં...ને તને તો એના શોખીન ઘરાક મળી રહેશે. પૈસા ય સારા મળશે...હેં..હેં..હેં...આ તો સ્વારથ ભેળો પરમાથ છે...' પૂજારીએ પરિસ્થિતિ સમજાવી.

'ભલે કાકા, બપોરે આવી જઈશ. મને તો બહુ પૈસા આપે કે ન યે આપે, કારણકે એના કોઈ શોખીન મળે ત્યારે વેચાય, ત્યાં સુધી તો મારે જ એને ખવડાવવાનું...તેની સાચવણી કરવાની...પણુ એનું કંઈ નહિ, મારો તો એ જ ધંધો છે ને!' પાંજરાવાળાએ વ્યાપારી બોલીમાં ઇચ્છા અને બેદરકારી બન્ને બતાવી દીધાં.

પૂજારીએ સંમતિમાં હાથ જોડ્યા, કમરુદ્દીને સલામ કરી.

કશુકો જો કે આટલા દિવસ મંદિરમાં રહીને, મંદિરમાં આવતા ભક્તિના ઉદ્ગાર સાંભળીને જયજય ને જયશ્રીકૃષ્ણુ બોલતાં શીખી ગયો હતો, પણુ પૂજારીના તોછડા વર્તનથી તે મુઝાઈ ગયો હતો એટલે દિવસ દરમ્યાન તો તે કશું જ બોલતો નહિ. પણુ રાતે એકલો પડતો, મંદિરમાં અંધારું વ્યાપતું, સૂનકારનું સામ્રાજ્ય સ્થપાતું ત્યારે તે મુઝારામાંથી મુક્ત થઈને બોલતો: 'જય જય! જયશ્રીકૃષ્ણુ!'

પણ બરાબર ઇંગ્લાંડ જઈને દાક્તરી ડિગ્રી લઈને દીકરો દેશમાં આવે, અને માબાપ મહત્ત્વાકાંક્ષાની મધુરી મસ્તીમાં હેલે ચડતાં હોય ને એ જ દીકરો ફાટી પડે એના જેવી કશુકોની હાલત હતી. કશુકો જયજય અને જયશ્રીકૃષ્ણ શીખી ગયો હતો તે જ અરસામાં તે કમરુદ્દીનને વેચાઈ ચૂક્યો.

પાંચ–છ દિવસમાં જ કશુકોનું પાંજરું મસીદના દરવાજા આગળ લટકવા લાગ્યું. માણસો મર્યા પછી લખચોર્યાસીમાં પડે છે. કશુકો સદેહે આમ જાણે કે અનેક વાર ધર્માંતર અને સ્થળાંતર કરવા લાગ્યો. એમાં ને એમાં એ બિચારો દૂબળો પડી ગયો. માંદો પડ્યો. વગર દવાએ, વગર માવજતે તે સાજોય થયો. નવા વાતાવરણથી ટેવાઈ ગયો, ને કંઈક ટેસમાં આવી ગયો. પહેલવહેલી તેણે ચાંચ ખોલી, જીભ ખોલી અને પીળા મણકાનો બેરખો ફેરવી રહેલા એક વૃદ્ધ ફકીરની સામે જોઈને તેણે કહ્યું: ‘જયજય! જય શ્રીકૃષ્ણ!’

ફકીરનાં ભવાં આમળા લઈ ગયાં, પણ તેનું હૃદય વિશાળ હતું. પાછા તે હસી પડ્યા ને બોલ્યા: ‘અરે કમબખ્ત! ખુદા કા નામ લે...પરવરદિગારકો યાદ કર... હાં...મગર તેરી પુરાની આદત જલ્દી કૈસે છૂટ સકતી હૈ...મૈં સમઝતા હું...’ એમ કહીને તે પાંજરા નજીક આવ્યો. હસ્યો ને બોલ્યો: ‘બોલ, આદાબ અર્ઝ.’

કશુકો મૂંગો રહ્યો. ફકીરે જરા જોરથી અને સ્પષ્ટ ઉચ્ચારથી કહ્યું: ‘બોલ બોલ, આદાબ અર્ઝ!’ ઉગ્ર અવાજથી પંખી ગભરાયું ને તન–મન સંકોચીને પાંજરાને એક ખૂણે ભરાઈ ગયું. ફકીર હારીને, કંટાળીને પાછો ફર્યો.

ફકીરને મોઢેથી પછી તો વાત વહેતી થઈ. કશુકોને તાલીમ આપવા માટે ઘણા બહાર પડ્યા: સામેની દુકાને પાન ખાવા આવનારાઓની વાતનો વિષય કશુકો બની ગયો. કોઈ કહેતું: ‘બડા ચાલાક હૈ મગર બડા બદતમીઝ હૈ...’

‘હાં?’

એમ કહીને બીજો આગળ આવતો. કહેતો: ‘ચાલ, હું એને તાલીમ આપું.’ રંગભૂમિના નાયકની માફક, રોજકારણના નેતાની માફક, નાતના પટેલની માફક, ટોળીના સરદારની માફક જરા ખુમારીથી તે પાંજરા પાસે જઈને સીટી બજાવવા લાગ્યો. સમાલીસમાલીને કશુકોને પંપાળવા લાગ્યો, પણ ચીસ પાડીને તેણે હાથ ઝડપ બહાર ખેંચી લીધો. તેનાં આંગળાંને કશુકોએ બટકું ભર્યું હતું. લોકોનું એકઠું થયેલું ટોળું પહેલાં તો આ ભાઈની બહાદુરીભ પીછેહઠ પર ખૂબ હસ્યું. થોડાક લોકો વીખરાઈ ગયા. પણ હજી એક જણની મનની મનમાં રહી જતી હતી. તે ટોળું વીંધી કશુકો પાસે આવ્યો. ચપટી વગાડી, સીટી વગાડી ને બોલ્યો: ‘બેટા, રસૂલ કા નામ લે...રહેમાનકા નામ લે...’ કશુકો બોલ્યો: ‘મહેમાનને ચા આપો!’ જવાબ સાંભ ટોળું હસી પડ્યું. મસીદ આગળ આ તાસીરો રોજ થયા કરતો. કશુકો કોઈવાર જય શ્રીકૃષ્ણ બોલે તો કોઈવાર ગુડ મોર્નિં કોઈવાર રામ ભજો રામ પણ બોલે... આદાબ અર્ઝ કે રહેમાન બોલતાં હજી ટે ફાવ્યું નહોતું; નહિતર એમ પણ બોલત.

આ હાલાકીમાં... આ ગોકીરામાં કશુ પાછો માંદો પડી ગયો... એનો ખોરાક એ પાંજરામાં એમનો એમ પડ્યો હતો. પોપ ભૂખ્યો નહોતો, પોપટ તરસ્યો નહોતો... પોપટ માંદો હતો... આફ્રિકામાં જન્મે ભારતમાં આ પંખી જાણે કે પોતાનું પ્રાણ પંખેરું ઉડાડી મૂકવાની તૈયારીમાં હતું.

જન્મ, કઈ ભૂમિમાં મૃત્યુ... અને જન્મ મૃત્યુ વચ્ચેના ગાળામાં જીવ માથે કેટસંસ્કાર થાય છે... કેટકેટલું ભોગવવું કેવા કેવા માણસોના ઇચ્છાઅનિચ્છા- થાય છે અને એ પાછો નિભાવવો છે. જન્મ આપણો થાય છે, મૃત્યુ થાય છે પણ વચગાળાની જિંદગી જિંદગી આપણી નથી હોતી.

ગીઓના તો શ્વાસોશ્વાસ પ્રભુપ્રીત્યર્થે ત જ હોય છે. ભોગીઓની પળેપળ ની વિષકન્યાની પાછળ ખરચાય છે, ઓની જિંદગી લોકો માટે હોય છે, રીઓની જિંદગી સાચાજૂઠા સ્નેહવ્ય- સુપરત હોય છે. સાચેસાચ, જન્મ તો હોય છે, મૃત્યુ ય પોતાનું હોય છે; જિંદગી માણસની પોતાની જ થઈને નથી...

'આ માંદા કશુકો પર એક વાર મારી ર પડી. મને આ પંખી પર ઊલટ આ મરવા પડેલા પંખી માટે મેં કરી. મને કશુકો મળ્યો. પણ તેની ની જિંદગીની વાત તો મને પાંચ વર્ષે મળી રે ત્યાં આવતા આશકો પાસેથી... જો એ માંદો કશુકો આજે અહીં કેવો ક કરે છે!' માંદગીને બિછાને પડેલી એ એની સખીને કહ્યું. કશુકોનું આવડું જીવનચરિત્ર વર્ણવીને એને આનંદ પણ ને થાક પણ લાગ્યો... થોડીવાર તે સ વરસની બીમાર ગણિકા આંખો ને પડી રહી. તેની બંધ આંખોમાંથી ને આંસુની નદી કાળના બ્રહ્મકુંડમાં ની હતી.

ની સખી બીમાર ગણિકાના કપાળ પર ફેરવવા લાગી. મૌન પથરાઈ ગયું. નિઃશ્વાસ નાખીને ફરીથી તે ગણિકા બોલી: 'બહેન, જો તો ખરી, આ કશુકો... મને એની બહુ જ માયા લાગી છે. એની ખાતર મને જીવવાની લાલચ થાય છે. બિચારાને બધાંએ સ્વીકાર્યો ને બધાંએ ધક્કો માર્યો... જાકારો દીધો... પણ હવે અહીંથી એને કોઈ જાકારો દેનાર નથી... કારણ કે અહીં રામ નથી, રહેમાન નથી, ઈશુખ્રિસ્ત નથી. અને છતાં બધાય છે... અહીં ચાહ પિવાય છે–પિવડાવાય છે... પાન જમાડાય છે... મદિરા ઢલવાય છે... ઇશ્ક ઢોળાય છે... અહીં એને બોલવું હોય તે બોલે... એને કોઈ રોકનાર નથી... ટોકનાર નથી. રેશમથી ઢાંકેલા અહીં રાગદ્વેષ નથી, મતમતાંતર નથી, મુઠ્ઠી જેવડાં મન નથી.'

મનાઈ છતાં ગણિકા આટલું બધું બોલી ગઈ. થાકી ગઈ. જોશીલો આવેશ અને કમજોર મન... ગણિકા બેભાન બની ગઈ... હલચલ વધી પડી. ત્રણ કલાક પછી ગણિકા પાછી જાગી અને હેતનીતરતી નજર કશુકો પર કરી ત્યારે કશુકો બોલ્યો: 'બાઈ, આજ તો ઠુમરી હોને દો...'

આ સાંભળીને ડૉકટર સાહેબ, લાલો, કાસમ, સકીના, રાધા–ત્યાં હાજર હતાં તે બધાં જ હસી પડ્યાં... અત્યારે હસવામાં કોઈનું મન સાંકડું નહોતું, કોઈને મતભેદ નહોતો, કોઈને સૂગ નહોતી. જો કે આજે પણ કશુકો બેમોકાનું જ બોલ્યો હતો.

રાખોડી રંગનું એ પંખી... એની પૂંછડીનાં લાલચટક પીંછાં... મરોડદાર ને ધારદાર ચાંચ... કશુકોએ પાંજરામાં એક એવો ઝોલો લીધો કે પાંચ માળનું મકાન ધરતીકંપથી ડોલે એમ પાંજરું મોટા ઝોલા લેવા લાગ્યું. એક ઝોલો એવો જોરનો આવ્યો કે બાજુમાં ટિંગાતું તુલસીનું કૂંડું ય ડોલી ઊઠ્યું. આ અથડામણ જોઈને વળી પાછાં બધાં હસ્યાં.

★

પાલીતાણાનાં દહેરાં

લેખક:
પં. બેચરદાસ દોશી

જગતના ક્લેશમય અને સંઘર્ષભરેલા વાતાવરણમાં રહેતા મનુષ્યને વિશેષ જાતઅનુભવ થતાં જ્યારે તે વાતાવરણ સાલવા લાગે છે અને તેની દૃષ્ટિ જીવનશોધન તરફ વળવા લાગે છે, ત્યારે તે સંતોના, સંતોનાં વચનોનો કે જે સ્થળે સંતો રહ્યા હોય વા વિચર્યા હોય તે સ્થળોનો આધાર લઈ પોતાની પરિસ્થિતિ વિશે અંતર્મુખ બનીને વિચાર કરતો થાય છે અને ધીરેધીરે સમભાવ, અનાગ્રહવૃત્તિ, સર્વોદયની વૃત્તિ તથા ગુણગ્રહણનો ભાવ વગેરે સામાજિક સદ્ગુણોને પોતામાં દૃઢ કરવા તત્પર બને છે. સંતો જે જે સ્થળે રહ્યા હોય વા ફર્યા હોય તેવાં સ્થળો માટે 'તીર્થ' શબ્દ રૂઢ છે. એવાં કેટલાંક તીર્થો આપણા દેશમાં ઘણાં પ્રાચીન છે અને કેટલાંક અર્વાચીન પણ છે. અર્વાચીન તીર્થોમાં પૂ. મહાત્માજી જ્યાં રહ્યા હતા તે સાબરમતી તટે રહેલો આશ્રમ અને વર્ધાનું તેમનું નિવાસસ્થાન એ બન્ને આપણને વા સમગ્ર માનવજાતને પ્રેરણાદાયી છે. પ્રાચીન તીર્થોમાં કાશી, મથુરા, બુદ્ધગયા, રાજગૃહ, બિહાર, પ્રયાગ, સેતુબંધરામેશ્વર, બદરિકાશ્રમ, કૈલાસ, ગિરનાર, પારસનાથ પહાડ (સમેતશિખર પહાડ) શત્રુંજય વગેરે સ્થળો આજે પણ આપણી જનતાને પ્રેરણાદાયી બનીને સત્યના માર્ગે જવામાં સાધનભૂત બને છે. તીર્થ પ્રાચીન હોય વા અર્વાચીન હોય એ કોઈ મહત્ત્વની હકીકત નથી, પરંતુ માનવ યોગ્ય ભૂમિકા ઉપર હોય અને બરાબર સાવધાન હોય તો જ તે એ તીર્થોનો લાભ ઉઠાવી શકે છે.

પાલીતાણાનાં દહેરાં એટલે જ શત્રુંજય પર્વત ઉપરનાં દહેરાં. શત્રુંજય પર્વત પાલીતાણાની થડોથડ આવેલો છે. સમુદ્રની સપાટીથી એની ઊંચાઈ ૧૯૭૭ ફૂટ છે. શત્રુંજય પર્વતના મહિમા વિશે અ એની અતિપ્રાચીનતા વિશે જૈન ગ્રં ઘણી ઘણી દંતકથાઓ પ્રચલિત છે. આ જાતની દંતકથાઓ તમામ તીર્થો તે તે સંપ્રદાયમાં પ્રચલિત છે એ જા હકીકત છે. એક એવી પણ જૈન અનુ જૈનગ્રંથમાં નોંધાયેલી છે, કે એકવાર શત્રુંજ તીર્થ બૌદ્ધોના કબજામાં હતું, પછી જ્ય સૌરાષ્ટ્રમાં જૈનોનું પ્રાબલ્ય વધ્યું ત્યારે તીર્થ જૈનોના કબજામાં આવ્યું. સૌરાષ્ટ્ર વલભીમાં બૌદ્ધોનું સામ્રાજ્ય હતું એ ઇતિહાસસિદ્ધ હકીકત છે–એ સમયે સૌરાષ્ટ્રમાં બૌદ્ધ વિહારો, મોટાં મોટાં બૌ વિદ્યાલયો વગેરે પણ હતાં. હમણાં હમ સૌરાષ્ટ્રમાં થતાં ખોદકામ દ્વારા એ વા પોષણ મળે છે તથા તળાજાની ગુફાઓ તે હકીકતની સાક્ષીરૂપ છે.

જૈનોની વધારે વસ્તી મગધમાં હ તેમનાં તીર્થો પણ વધારે મગધમાં છે. સંતો એટલે તીર્થંકરો મગધમાં જ થયે છે. એ જોતાં એમ કલ્પના કરવી અઘરી ન કે જ્યારે જૈનો કોઈ રાજક્રાંતિ કે ધર્મક્રાંતિ કાળે મગધમાંથી ખસતા–ખસતા રાજપૂ ના અને સૌરાષ્ટ્ર તરફ આવવા માંડ્યા બરાબર સ્થિર થયા ત્યારે શત્રુંજય તી હયાતીમાં આવ્યું હોય. આ વિશે ચોક સમયની કલ્પના કરવી કઠણ છે, પરંતુ સમય ભગવાન મહાવીરના નિર્વાણ પ નો હોઈ શકે એમ કહેવામાં બાધ નથી.

જૈન પ્રબંધ ગ્રંથોમાં નોંધ મળે છે શત્રુંજય પર્વત ઉપર મુખ્ય મંદિર લાકડ હતું. એકવાર રાજા કુમારપાળના મં ઉદાયન એ તીર્થની યાત્રાએ આવેલા, વખતે તેમણે એ મંદિરમાંની દીવાની વા ઉપાડીને ભાગતા ઉંદરને દરમાં પેસતો જો

મંત્રી ઉદાયનને લાગ્યું કે આમ તો મંદિરને કોઈવાર આગનો ભય ખરો એમણે સંકલ્પ કર્યો કે મંદિરને આગના મુક્ત બનાવવું; એટલે પાષાણમય બનાસંકલ્પ એમના પુત્ર બાહડે (વાગ્ભટે) કર્યો. આમ આ તીર્થ સાથે ગુર્જરેશ્વર રાજ જયસિંહ, આચાર્ય હેમચંદ્ર, રાજા પાળ વગેરેનો વિશેષ સંબંધ રહેલો છે. ભારત જેવા પ્રાચીન ગ્રંથમાં ગિરિનગર–રનો ઉલ્લેખ આવે છે અને ત્યાં ભારત અશોકના શિલાલેખો પણ છે. એ સૌરાષ્ટ્રનું પ્રાચીન તીર્થ ગિરનાર દાય. જૈનસંપ્રદાયની દંતકથા પ્રમાણે જય પ્રધાન તીર્થ છે અને ગિરનાર એક ભાગ છે. મંત્રીશ્વર વસ્તુપાળ, ળ, કંથકોટના જગડુશાહ, માંડવના પેથડશાહ અને અલ્લાઉદ્દાનના તિલિંગ ના સૂબા સમરાશાહ તથા ચિત્તોડનિવાસી શાહ વગેરે મહાપ્રભાવશાલી, મહાવૈભવ અને રાજમાન્ય જૈનોએ શત્રુંજય જીર્ણોદ્ધાર કરાવેલો છે અને નવાં મંદિરો બંધાવેલાં છે.

પાલીતાણું ક્યારે વસ્યું ? કોણે વસાવ્યું ? વિશે કોઈખાતરીલાયક ઇતિહાસ જાણ્યામાં કહેવાય છે કે મહાસિદ્ધ યોગી નાગા-પોતાના ગુરુ પાદલિપ્ત આચાર્યની કાયમી રાખવા માટે પાદલિપ્તના નામ ઉપરથી પાલીતાણું વસાવ્યું. પાદલિપ્તનું બીજું 'પાલિત્ત' પણ જૈનપરંપરામાં પ્રસિદ્ધ આ પાલિત્ત અને પાલીતાણું એ શબ્દો સમાનતા હોવાનો ભાસ થાય છે. આ કોઈ ઐતિહાસિક પુરાવો જાણ્યામાં માત્ર જૈન દંતકથાને આધારે એમ છે. બીજી તરફ ગોહિલવાડનો ઇતિ-જોતાં એમ માલૂમ પડે છે કે પાલી-ના ઠાકોરો ભાવનગરના ભાયાતો છે અને ઠાકોર સેજકજીના વખતમાં પાલીતાણું વસ્યું એવી માન્યતા પ્રચલિત છે. ઘણા લોકો પાલીતાણાને પાણીતાણું પણ કહે છે.

શત્રુંજય પર્વત ગિરની પેઠે વનસ્પતિના ભંડારથી ભરપૂર જણાતો નથી, તેના ઉપર જતાં પહેલાં નીચે એક તળાટી આવે છે. સૌથી પ્રથમ ત્યાં અજીમગંજ–મુર્શિદાબાદવાળા બાબુ રાય ધનપતસિંહજીએ બંધાવેલ ઘણું સુંદર મંદિર છે. ત્યાંથી આગળ ચડતાં વચ્ચે ઠેકઠેકાણે વિસામા અને પાણીના કુંડો આવે છે. વિસામા ઉપર યાત્રાળુઓ માટે પીવાના પાણીની વ્યવસ્થા રાખવામાં આવે છે. ચડવા માટે કેટલેક સ્થળે બાંધેલાં પગથિયાં છે અને કેટલેક સ્થળે પહાડી પગથિયાં છે. ચડવાનો રસ્તો સાંકડો નથી પણ ખાસો લાંબો અને પહોળો છે. ઇચ્છાકુંડ, કુમારપાળ કુંડ, છાલાકુંડ, હીરાબાઈનો કુંડ, ભૂખણદાસનો કુંડ વગેરે કુંડો પહાડ પર ચડતાં વચ્ચે આવે છે. તથા વચ્ચે કેટલીક નાની નાની દહેરીઓ આવે છે, જેમાં જૈન સંતોનાં પગલાં સ્થાપેલાં હોય છે. કુમારપાળના કુંડથી આગળ જતાં હિંગલાજનો હડો આવે છે, ત્યાં હિંગળાજ માતાની નાની દહેરી છે. આ હડો ચડવો ઘણો આકરો પડે છે. ભૂખણદાસના કુંડ પછી આગળ જતાં હનુમાનદ્વાર આવે છે. અહીં વજ્રાંગશ્રી હનુમાનની ઊભી મૂર્તિ સ્થાપેલી છે. અહીંથી બે માર્ગ ફંટાય છે, એક માર્ગ શત્રુંજય ઉપરના મુખ્ય મંદિર ભણી જાય છે અને બીજો માર્ગ નવટૂંકો તરફ જાય છે. આપણે પ્રથમ મુખ્ય મંદિર જઈ પછી નવટૂંકો તરફ વળીશું.

જ્યાં મુખ્ય મંદિર છે તેનું નામ મોટી ટૂંક કે દાદાની ટૂંક છે. આ ટૂંક રામપોળ, વિમળવશી અને રતનપોળ એમ ત્રણ ભાગમાં વહેંચાયેલ છે. રામપોળથી જરાક આગળ જતાં વાઘણપોળ આવે છે. અહીં બન્ને

બાજુ વાઘ-વાઘણની મૂર્તિઓ છે. વાઘણપોળથી આગળ જતાં હાથીપોળ પહોંચતા સુધીમાં ડાબી અને જમણી એમ બન્ને બાજુ સુંદર, આકર્ષક અને અવર્ણનીય કારીગરીવાળાં અનેક મંદિરો આવે છે. અહીં વચ્ચે એક સ્થળે ભુલભુલામણીની દેરી આવે છે. અહીં એવી રચના કરેલી છે કે માણસ ઘડીભર તો રસ્તો ભૂલી જાય. આ ભુલભુલામણીની પાસે જ એક પુણ્યપાપની બારી આવે છે. અહીં એક ઊંટ આકારના પશુની મૂર્તિ ઊભેલી છે, તેની નીચેથી જ નીકળી શકે તે પુણ્યવંત કહેવાય છે. બિચારા ઘણા જાડા માણસો ત્યાં ઊભેલા ઊંટની નીચેથી નીકળી શકતા નથી. ''વિમળવશી'માં 'વિમળ' એ વિશેષ નામ છે અને 'વશી' શબ્દનો અર્થ 'વસતિ' છે. જૈનપરિભાષામાં 'વસતિ' શબ્દ જૈનમંદિરને સૂચવે છે.

હાથીપોળને દરવાજે ચૂના-પથ્થરના બે રંગીન મોટા હાથીને ઊભા કરવામાં આવેલા છે. અહીંથી સહેજ આગળ જતાં શ્રીઋષભદેવ ભગવાનનું મુખ્ય મંદિર આપણી નજરે ચડે છે. મંદિર ઘણું જ રળિયામણું અને ભારે શોભાવાળું છે. અહીં બધે નીચે આરસપહાણ જડેલો છે; એટલે રસ્તો આખો ચકચક થયા જ કરે છે. મંદિરની આગળ મોટો ચોક છે. આ આખો ચોક લોખંડની કાચે મઢેલી મોટી છત્રીથી છાયેલો છે, જેથી આરસ ન તપે અને ભક્ત લોકોને ગરમી ન લાગે, અંદર મોટો વિશાળ રંગમંડપ છે અને પછી ત્યાં ગભારામાં મૂળ નાયક શ્રીઋષભદેવની મોટી આકર્ષક હસુંહસું થઈ રહેલી એક ભવ્ય મૂર્તિ છે. શત્રુંજયમાં પ્રધાન દેવ શ્રીઋષભદેવ છે. જૈન ગ્રંથોમાં તેમ ભાગવતમાં એમનો વૃત્તાંત નોંધાયેલો છે.

આ સ્થળે આજુબાજુ બીજાં અનેક અતિઆકર્ષક જૈનમંદિરો છે, જેમાં જૈનોના

જુદાજુદા તીર્થંકરોની મૂર્તિઓ પ્રતિષ્ઠિત છે
કેટલીક નાનીનાની દહેરીઓ પણ છે, એ
જૈન સંતોનાં પગલાં છે કે નાની મૂર્તિઓ
બિરાજમાન સ્થાપેલી છે. આ સ્થળેથી ચો
બાજુ નજર નાખતાં કેવળ મંદિરો
મંદિરો નજરે પડે છે. જાણે કે મંદિરોનું
મોટું નગર ન હોય એવો આંખને પ્ર
કરે એવો દેખાવ ખડો થાય છે. બીજા ગિરનાર
આબુ વગેરે પર્વત ઉપર આ દેખાવ એ
દેખાવ નજરે ચડતો નથી. અહીંથી દૂરદૂર
નજર નાખતાં પર્વતની આસપાસનો રમ
પ્રદેશ નજરે પડે છે. અહીં યાત્રીને એ
અનુભવ થાય છે કે તે કોઈ પર્વત ઉપ
નથી પણ જાણે રાજમાર્ગ ઉપર આવેલ
મંદિરમાં ભક્તિ કરતો હોય. ભાવિક યાત્રા
ળુઓ અહીં ભારે શાંતિ અનુભવે છે
શ્રીઋષભદેવ ભગવાનનાં દર્શન માટે ભક્તિ
ગદ્ગદ થતા ઉત્સુક થાય છે, માણસ ઉ
વાતાવરણની અસર કેવી જબ્બર થાય
એ અહીં પ્રત્યક્ષ જોવા મળે છે. જ
આકાશ ચોકખું હોય અને દિવસ પ્રકાશ
હોય ત્યારે અહીંથી પશ્ચિમમાં ગિરનાર
જોઈ શકાય છે. ઉત્તર તરફ શિહોરની આ
બાજુના પહાડો નજરે ચડે છે, દૂરદૂર ર
પાલીતાણાના મિનારાઓ ચમકતા મા
પડે છે, જાણે રૂપાનો રસ ચાલ્યો જ
હોય એવા પ્રવાહવાળી શેત્રુંજી નદી પણ
નાની લીટી જેવી સાંકડી વહેતી દેખાય
અને આગળ દેખાતો એનો વાંકોચૂંકો પ્ર
પણ જોનારના મનને પ્રસાદ આપે છે. સિ
ગંગા સુધી અને હિમાલયથી કન્યાકુ
સુધી એક પણ એવું સ્થળ નથી જ્યાંથી
પર્વત ઉપર ભેટો ન આવી હોય.

આ સ્થળે તમે જે મંદિર તરફ નજ
કરો તે મંદિર અદ્ભુત અને અનુપમ દે
છે. મંદિરોનાં તોરણો, મંદિરોના ઘુમ્મટ

ની પૂતળીઓ વગેરેનું શિલ્પ ઘણું અને આશ્ચર્યજનક છે. મંદિરોની તેમની બાંધણી તથા કારીગરી વગેરે નોહર છે. જૈનોની ભક્તિનું આ પ્રદ- કહેવાય. આટલી ઊંચાઈ ઉપર જ્યારે ન હતાં તે સમયમાં આવાં આવાં ગનચુંબી મંદિરો બંધાવવાં અને ઉચ્ચ પ્રકારના શિલ્પથી મંડિત કરવાં તિ સાથે ઉચ્ચ પ્રકારની શ્રદ્ધાભક્તિ તો જ બનવું શક્ય છે.

મળવશી એ વિમળમંત્રીનું સ્મારક છે બીજી જે અનેક વશીઓ આ પર્વત છે તે બધી સાથે તેમને બંધાવનારનાં જોડાયેલાં છે. શ્રી ઋષભદેવ અથવા શ્વર ભગવાનની ટૂંક ઉપરાંત બીજી ટૂંકો છે. તેમાં રામપોળથી બહાર નીક- પ્રથમ મોતીશા શેઠની ટૂંક આવે છે. ચયના જે શિખર ઉપર આદીશ્વરનું છે તેની જ સામે એક બીજું શિખર તેના ઉપર અમદાવાદનિવાસી નગર- હેમાભાઈ શેઠે અઢળક દ્રવ્ય ખરચી મંદિર બંધાવેલ છે. તેનું નામ હેમા- ની ટૂંક છે. આદીશ્વરની ટૂંક અને હેમા- ની ટૂંક એ બે વચ્ચે એક મોટી અને ઊંડી ખીણ હતી. જે કુંતાસરની ખીણ ણીતી હતી. મોતીશા શેઠે એ આખી ધન ખરચીને પુરાવી દઈ તેના પોતાની મોતીશા ટૂંક બંધાવી. તેમાં રમણીય મંદિરો છે. એ બધાં મંદિરો કારમાં બંધાયેલાં છે. જુદાજુદા જૈન ઓએ એ ૧૬ મંદિરો બંધાવેલાં છે. આ ખીણ પુરાવી મોતીશા શેઠે આદીશ્વર ાનની ટૂંક અને હેમાવશીની ટૂંકને દીધી છે. બે ટૂંકને જોડનાર મોતીશા ટૂંકનું મુખ્ય મંદિર ત્રણ માળનું ઊંચું અતિભવ્ય છે. આ પછી ઘોઘાના જૈનશ્રાવક બાલાભાઈએ પોતાના નામથી બાલાવશીની ટૂંક બંધાવી છે. તેમાં પણ પાંચ મંદિરો છે. અહીં પાસે એક અદ્‌ભુત પ્રતિમા છે, જેને લોકો અદબદ*ની મૂર્તિ કહે છે. આદીશ્વર ભગવાનની એ મૂર્તિ ૧૮ ફૂટ ઊંચી છે અને પદ્માસને બેઠેલી છે, એની પલોંઠીની પહોળાઈ ૧૪।। ફૂટ છે, આ મૂર્તિ કોઈ ભક્તજૈને પહાડમાંથી જ કોતરાવીને તૈયાર કરાવેલી છે. અહીં વરસમાં એકવાર મૂર્તિની પૂજા થાય છે અને નિસરણી ઉપર ચડીને મૂર્તિના મસ્તકે પૂજા કરવામાં આવે છે.

આ અદબદના મંદિરમાંથી આખા પર્વતનું અદ્‌ભુત રમ્ય દશ્ય નજરે આવે છે. અહીં આ કોઈ દેવમંદિરોની નગરી છે એવો સ્પષ્ટ અનુભવ થાય છે. જ્યાં જુઓ ત્યાં ધજાઓ ફરકે છે. ધજાઓના દંડ સાથે લગાડેલી ઘૂઘરીઓનો મધુર રણકો સંભળાયા કરે છે અને એવું લાગે છે કે કેમ જાણે હિમાલય ઉપર વિવિધ આકારના હિમના મોટા મોટા ટુકડાઓ ન દેખાતા હોય. આ પછી અમદાવાદના વતની પ્રેમચંદ મોદીએ બંધાવેલી પ્રેમાવશીની ટૂંક આવે છે, અહીં સાત મોટાં ભવ્ય મંદિરો છે. આ પછી નગરશેઠ હેમાભાઈએ બંધાવેલી હેમાવશીની ટૂંક આવે છે. આ પછી હેમાભાઈનાં બહેન ઉજમબાએ બંધાવેલ ઉજમવશીની ટૂંક આવે છે. અહીં સુંદર ત્રણ મંદિરો છે. આ પછી અમદાવાદવાળા સાકરચંદ શેઠે બંધાવેલ સાકરવશીની ટૂંક આવે છે, તેમાં પણ રમણીય ત્રણ દહેરાં છે. આ પછી છીપા એટલે ભાવસાર જૈનોએ બંધાવેલ ત્રણ દહેરાંવાળી છીપાવશીની ટૂંક આવે છે. એ ટૂંક છે તો નાની પણ ભવ્ય અને આકર્ષક છે. આ પછી

---

* 'અદબદ' અને 'અદ્‌ભુત' એ બંને શબ્દો એક સરખા છે. 'અદ્‌ભુત'નો જ 'અદબદ' એ એક બોલ છે. લે૦

ચૌમુખજીની ટૂંક આવે છે. આ ટૂંકમાં અગિયાર ભવ્ય મંદિરો છે. ચારે દિશામાં મૂર્તિનાં મુખ આવે એમ અને એકબીજીની પીઠ અડકે એમ ચાર મૂર્તિઓ એક જ સ્થળે બેસાડવી તેને ચૌમુખમૂર્તિ કહેવાય છે. આ પછી નરશી કેશવજીની ટૂંક આવે છે. આ ટૂંક બંધાવનાર નરશી કેશવજી કચ્છના હતા. સૌથી મોટી ટૂંકમાં એટલે આદીશ્વર ભગવાનનું જ્યાં મંદિર છે ત્યાંથી પશ્ચિમ તરફ એક રાયણનું વૃક્ષ છે. દંતકથા પ્રમાણે આદીશ્વર ભગવાન આ રાયણ નીચે રહેલા તેથી જૈન લોકો આ વૃક્ષને ઘણું પૂજ્ય માને છે. બૌદ્ધ લોકો પીપળાના વૃક્ષને બોધિવૃક્ષ કહીને પૂજે છે, બ્રાહ્મણ વગેરે બીજા લોકો પીપળો, તુલસી, વડ વગેરે વૃક્ષની પૂજા કરે છે તેમ જૈન લોકો રાયણના વૃક્ષ તરફ વિશેષ પૂજ્યભાવ ધરાવે છે. પર્વત ઉપર હાથીપોળની પાસે એક સૂરજકુંડ છે. તેની પાસે શિવાલયવાળી દહેરી છે. તથા આખા પર્વત તથા નવે ટૂંકો ફરતો કોટ છે. ત્યાં કોટના છેડા ઉપર અંગારશાપીરની કબર છે. અહીં વર્ણવેલાં મોટાંમોટાં મંદિરો ઉપરાંત નાનીનાની પણ ન ગણી શકાય એટલી દહેરીઓ પર્વત ઉપર સ્થળે સ્થળે આવેલી છે. સરસ નકશીવાળા ગોખલાઓ પણ જોનારના ચિત્તને આરામ આપે છે.

ઘણે સ્થળે મંદિરો બંધાવનાર શેઠ-શેઠાણીની મૂર્તિઓ પણ જાણે પૂજા કરવા જતી હોય એ રીતે સ્થાપિત થયેલી છે. આખા પર્વત ઉપર કુલ મોટાં મંદિરો લગભગ ૧૦૬ છે, નાની દહેરીઓ લગભગ સાતસોથી વધારે છે અને મૂર્તિઓની સંખ્યા લગભગ અગિયાર હજાર છે અને પાદુકાની સંખ્યા આશરે નવ હજાર જેટલી છે. આખા ભારતવર્ષના તમામ પ્રાંતના જૈનોએ અહીં આવીને પોતાના દ્રવ્યથી મંદિર, દહેરી વા પાદુકા વગેરે કાં ને કાંઈ સ્થાપી ભગવદ્ભક્તિ કરેલ છે. આ પર્વતનાં નવ્વાણું નામ છે. તેનાં ઉમાશં ગિરિ, બ્રહ્મગિરિ વગેરે નામો પણ છે. આ પર્વતની આસપાસ બીજા ડુંગરો છે, જે નામ હસ્તગિરિ, કદંબગિરિ વગેરે છે. યાત્રાળુઓ આ પર્વતની દોઢ ગાઉની, ત્રણ ગાઉની, છ ગાઉની અને બાર ગાઉની પરકમ્મા કરે છે. તળાટી ઉપર યાત્રાળુઓને માટે ભાતાનો સર બંદોબસ્ત છે તથા નાહવાની પણ વ્યવસ્ છે. પર્વતની તમામ વ્યવસ્થા અમદાવાદમ રહેલી આણંદજી કલ્યાણજીની પેઢી કરે છે. તળ પાલીતાણામાં મોટામોટા મહેલો જે એંશીથી નેવું ધર્મશાળાઓ છે, જે યાત્રાળુઓ માટે હંમેશાં ઉઘાડી જ હોય છે. તળ પાલી-તાણામાં પણ આઠદસ મંદિરો છે. મંત્રીશ્વર વસ્તુપાળે પાલીતાણામાં લલિતાંગ નામે સરોવર બંધાવેલું હતું એવી હકીકત જૈનપ્રબંધોમ આવે છે. આ પર્વતની યાત્રા નિમિત્તે કાર્તિ પૂનમ અને ચૈત્રી પૂનમે અહીં જૈનોનો મોટ મેળો ભરાય છે.

જૂના વખતમાં જૈન ભક્ત શ્રાવકો પાદ વિહારી,* એકઆહારી, બ્રહ્મચારી, ઉભયકાળ સંધ્યાકારી, ગુરુસહચારી અને ભૂમિપથારી આ જાતનો આચાર સાચવીને આ તીર્થ યાત્રાએ આવી પોતાનું કલ્યાણ સાધતા. હવે તો લોકો રેલવેમાં જાય છે અને કેટલા તો વળી ઉપર પગે ન ચાલતાં ડોળીમાં બેસી યાત્રા કર્યાનો સંતોષ અનુભવે છે. મુનિશ્ર દર્શનવિજયજીવાળા જૈન તીર્થોના ઇતિહાસ-માંથી આ લેખમાંની કેટલીક હકીકતો મેળવેલી છે.

---

* 'પાદવિહારી'થી માંડીને 'ભૂમિપથારી' સુધી-ના છ શબ્દો છેડે 'રી'વાળા છે એટલે એ 'છ'રી પા ને યાત્રા કરવાની છે, એવું વિધાન જૈનશાસ્ત્રમાં છે. કે

તરંગી બાળક

લેખક :

શ્રી હરભાઈ ત્રિવેદી

માબાપોને અને શિક્ષકોને નાની વયનાં બાળકો સાથે રહેવાનું બને છે તે સૌ જાણે છે કે બાળકો અવારનવાર માં ઉડ્ડયન કર્યા કરતાં હોય છે; ઘણી કલ્પનાનો પ્રદેશ તરંગ સુધી પણ જાય છે અને કલ્પના ઊડી જતાં વાતાવરણ બાળકના ચિત્ત ઉપર થઈને પડેલું દેખાય છે. મનની પરિસ્થિતિ ઘણી વખત મોટી ઉંમર પણ નભી રહેતી હોય છે. કોઈ કોઈ તો પીઢ વયના માણસો પણ તરંગી વના દેખાયા છે અને એવા તરંગી વના માણસો સાથે કામ પાડવામાં ધ્યાન રહેવાયું ન હોય તો થાપ પણ પડે છે. બાળક સ્વભાવથી કલ્પના- ક્યારે હોય છે, શા માટે હોય છે તથા કલ્પનામાંથી તરંગી બનવા જેવી સ્થિતિ માટે ઊભી થાય છે તેનો થોડોએક ચાર અહીં કરીએ.

બાળક જન્મથી અહંવૃત્તિવાળું હોય છે. સાથેસાથે સર્જનપ્રિય પણ હોય છે. જેમ બાળક મોટું થતું જાય તેમ-તેમ અહંવૃત્તિમાંથી નાનીમોટી ચીજવસ્તુઓની માલિકીપણાની વૃત્તિ ઉદ્ભવ પામ્યા છે. સૌ કોઈ માતાપિતાનો અનુભવ છે નાનું બાળક પોતાને મનગમતી ચીજવસ્તુઓ ઉપર પોતાનો અધિકાર જમાવવા- લેતું હોય છે અને એવો અધિકાર ી રાખવા માટે આગ્રહી રહેતું હોય એવી જ ચીજવસ્તુઓનો ઉપયોગ બાળક તું જ હોય એવું પણ નથી હોતું. ને તો એના માલિક બનવામાં રસ છે અને એટલા માટે જ માલિકીપણાનો અધિકાર આગ્રહથી સ્થાપિત કરવા મથતો હોય છે. બાળકવયની આવી જ બીજી મનોદશા તે કંઈ ને કંઈ રચના કરવાની હોય છે. રચના કરવાની સ્નાયુર્ગત શક્તિ અથવા તો મનોગત સમતુલા એવી નાની વયમાં બાળક પાસે હોતી નથી. આનું દેખીતું પરિણામ એ આવે છે કે કંઈ પણ રચના કરવાનો પ્રયત્ન કરતું બાળક ખંડન કરતું માલૂમ પડે છે. સૌ કોઈનો એવો પણ અનુભવ છે કે નાનું બાળક ઘણી ચીજવસ્તુઓ તોડીફોડી નાખે છે, અને એવી તોડફોડ વૃત્તિ પાછળ ઊંડાણમાં ખરી રીતે રચનાવૃત્તિ રહેલી છે એવો ખ્યાલ આપણને કોઈને હોતો નથી. આ રીતે બાળકની માલિકીપણાની ભાવનાને અને તોડફોડની વૃત્તિને આપણે સૌ સાચી રીતે સમજતા નહીં હોવાથી બાળકને વાતવાતમાં અન્યાય કરતા હોઈએ છીએ. આવા અન્યાયનો સૌથી મોટો પ્રકાર તે વાસ્તવિક દુનિયામાંથી બાળકને દૂર ધકેલી દેવાનો છે. કુટુંબમાં કોઈ પણ એક બાળકને ઇચ્છે તેવો કે ઇચ્છે ત્યાં સુધીનો માલિકીહક આપી શકાતો નથી. નાનાંમોટાં કુટુંબોમાં બાળકને મજા માણવાની કે તોડફોડ કરવાની છૂટ હોતી નથી, અને તેથી કોઈ પણ પ્રકારના સર્જન તરફ જવા માટેનો બાળકનો માર્ગ મોકળો બની શકતો નથી. બાળક જેમ-જેમ મોટું થતું જાય છે તેમ-તેમ ઊભી થતી પરિસ્થિતિથી અકળાવા લાગે છે. બાળકની પ્રવૃત્તિઓનો પ્રદેશ મોટો થતો ચાલે છે અને બાળકની પોતાની દુનિયા વિસ્તરતી જાય છે. એની બુદ્ધિમાં પોતાના માર્ગમાં ઊભા

થતા અંતરાયોનું કારણ સમજાતું નથી. હજી એવું મોટું થયું નથી અથવા તો એટલું શક્તિશાળી પણ થયું નથી, કે તે આડે આવતી મુશ્કેલીઓનો સામનો કરીને તેમાંથી આરપાર નીકળી જાય. અલબત્ત જરાક સૂક્ષ્મતાથી અવલોકન કરનાર વડીલને એવું જરૂર જોવા મળશે કે જયારે બાળક પોતાની બધી શક્તિઓ ખરચીને મુશ્કેલીઓનો સામનો કર્યા કરતું હોય, પરંતુ વિરાટ માનવીઓની દુનિયામાં વામન સરખું બાળક ઘણી વખત હારી જાય છે અને હતોત્સાહ બનીને પોતાના પ્રયત્નો અટકાવે છે.

આપણે જોયું કે બાળકને પોતાના વિકાસ માટે એવી એક વાસ્તવિક દુનિયા જોઈએ છીએ કે જયાં એ અનેક વસ્તુઓનું માલિક બની શકે અને જયાં નવસર્જનનો માર્ગ ખુલ્લો કરવા માટે તોડફોડ જેવી મનપસંદ પ્રવૃત્તિઓ પણ કરી શકે. આવી વાસ્તવિક દુનિયા એને માટે નકારવામાં આવતી હોય છે. હતોત્સાહ બાળક ફરીફરીને પ્રયત્નો કરે છે અને છતાં એ જયારે ફાવતું નથી, ત્યારે પોતા માટે એક નવા પ્રકારનો માર્ગ ગ્રહણ કરવા તરફ વળે છે. આ માર્ગ છે, એની કલ્પનાના જગત તરફનો. વાસ્તવિક દુનિયામાં એ જે કંઈ મેળવી શકતું નથી તે બધું જ એની કલ્પનાની દુનિયામાં મેળવવું એને માટે સુલભ બને છે. ઘરમાંની ચીજ–વસ્તુઓ ઉપર પોતાની માલિકી ભલે ન હોય, પરંતુ પોતાના કલ્પનાના ઘરમાં વાસ્તવિક ઘરના કરતાં વધારે કિંમતી વસ્તુઓ બાળક એકઠી કરે છે, ગોઠવે છે, અને એ બધાયનો પોતે માલેક છે, માલેક; એવી ખુમારી અનુભવે છે. વાસ્તવિક દુનિયામાં એને કોઈ રુચિ અનુસાર રસોઈ કરવા દેતું નથી અથવા તો તે રુચિ અનુસારનું ભોજન તે મેળવી શકતું નથી, પરંતુ પોતાની કલ્પનાના જગત ઉપર તો એનો પોતાનો અધિકાર હોય છે. તે મનપસંદ સામગ્રીઓ એકઠી કરી શકે છે. એવી મનપસંદ સામગ્રીઓ દ્વારા મનપસંદ વાનગીઓ પણ તે બનાવી શકે છે. એવી વાનગીઓ બનાવતાં એને થાક કે કંટાળો જણાતો નથી. એવી વાનગીઓનું ભોજન કરવામાં કોઈ દિવસ એને નીરસતા દેખાતી નથી. આનંદમગ્ન અને રસમગ્ન બાળક પોતાની કલ્પનાની દુનિયામાં અદ્‌ભુત મસ્તીથી રાચે છે અને વાસ્તવિકતામાં જે કંઈ ન મળ્યું તેનું પેટ ભરીને સાટું વાળે છે.

પરંતુ આજના વડીલો બાળકને વાસ્તવિક દુનિયાથી દૂર કરીને તેની કલ્પનાની દુનિયામાં આનંદ માણવા દે તેવું પણ હમેશ નથી બનતું. વ્યવહારની અને હમેશની નિયમબદ્ધતામાં બાળકને પોતાની કલ્પનાની દુનિયામાંથી વછોડી લેવા માટે નિમિત્ત બનતાં હોય છે. બાળક પોતાના ઘરમાં અદ્‌ભુત ઓરડાઓ ચણતું હોય અથવા તો એ ઓરડામાં સુંદર ફર્નિચર ગોઠવતું હોય, તેવે જ વખતે બરાબર ઘરની કોઈ વડીલ સ્ત્રીને બાળક બેઠું હોય છે તે ઘરનો ખૂણો સાફ કરવાનો સમય થયો હોય છે. સાફસૂફીને નિમિત્તે બાળકને એની કલ્પનામાંથી ઉઠાડી લેવામાં આવે છે અને ભવ્ય કલ્પનાવાળું બાળક હતાશ દિલે વાસ્તવિકતાનો કડવો અનુભવ લેતું પોતાની જગ્યાએથી દૂર ધકેલાઈ જાય છે. બાળક જે ઘડીએ પોતાને મનપસંદ વાનગીઓ બનાવીને પોતાની કલ્પનાના મિત્રો માટે થાળ પીરસતું હોય છે; અને પછી એ મિત્રો વચ્ચે બેસીને મધુરી વાનગીઓ ખાવાનો આનંદ અનુભવતું હોય છે, તેવે જ વખતે ઘરમાં કોઈ વડીલને એ બાળકને સ્નાન માટે લઈ જવાનો સમય થયો હોય છે. રોજનું વાસ્તવિક સ્નાન બાળકની કલ્પનાના ભોજનગૃહને તોડી પાડે છે અને મિત્રો સાથેનો આનંદોત્સવ તથા

સારી ચીજો ખાવાનો રસોત્સવ અધ્ધર પડે છે અને અપમાનિત થયેલું તથા થયેલું બાળક ભગ્ન હૃદયે વડીલની કાચવાતું-કોચવાતું સ્નાનગૃહ તરફ છે. આવા પ્રસંગો બાળકને માટે રોજના હોય છે. જેને માટે વાસ્તવિક દુનિયા રવામાં આવી છે તથા જેની પોતાની નાની દુનિયામાં ઠીક પડે ત્યાં સુધી વસીને વાનો પણ પૂરો અધિકાર નથી, તેવું તરંગે ચડી જાય છે. એવા બાળકને પોતાની જગ્યાને સાફસૂફ કરવાનું ચિત બતાવવામાં આવે, ત્યારે પોતે એ તે ક્યારનુંય સાફ કરી નાંખ્યું છે, અથવા એ સ્થળને સાફ કરવાની જરૂર જ નથી, નું કહેતાં આપણે અનેક વખત સાંભળીએ ળે. સ્નાન કરવાનો સમય થયો છે, કારણ કે ન કરીને ભોજનની તૈયારી કરવાની છે નું નિમિત્ત બાળકને નહીં રુચતું હોવાથી તો ક્યારનુંય સ્નાન કરી લીધું છે એવું ગંભીરપણે કહેતાં અને પોતે સુંદર-સુંદર મીઠાઈઓ ખાધી છે; માટે હવે બિલકુલ ભૂખ નથી એવું જાહેર કરતાં ઘણી વખત આપણે અનેક બાળકો સાંભળીએ છીએ. આવાં બાળકોને આપણે તરંગી કહીએ. વાસ્તવિકતાના અભાવે કલ્પના મળે ત્યારે બાળકની વાણીમાં અને વ્યવહારમાં અતિશયોક્તિ જોવા–સાંભળવા મળે અને કલ્પનાથી પણ દૂર ફેંકાયેલું બાળક પોતાના તરંગોમાં જીવતું હોય, ત્યારે એની વાણીમાં અને વિચારમાં નિર્દોષ જૂઠાણાંઓ પણ જોવા મળે. હરેક જણ બાળક માટેની વાસ્તવિકતાનો ખ્યાલ રાખે, વાસ્તવિકતા ન મળે ત્યારે કલ્પના માણવા દે, અને કલ્પનામાંથી તરંગે ચઢ્યું હોય ત્યારે એની નિર્દોષતા સમજે તો બાળકની દુનિયા વધારે સુખી અને સંતોષી થાય તથા એવા બાળકમાંથી જન્મ લેતો માનવી સમધારણ વૃત્તિનો અને સમતોલ વ્યવહારનો પાકે.

✱

શાળાનો મોટો મેળાવડો હતો. આખું મેદાન ચિકાર ભરાઈ ગયું હતું. દસેક વર્ષનો ખૂબ જ આધુનિક પોશાકમાં સજ્જ થયેલો એક છોકરો ખુરશી પર ઊભો રહ્યો હતો. પાછળવાળાઓએ એને બેસવા માટે ઘણીઘણી વિનતિઓ કરી, પણ આખરે તે ન જ માન્યો. ખુરસી પર ઊભા રહીને એણે રમત નિહાળ્યા કરી. એક વૃદ્ધ કાકા પાછળ બેઠેલા હતા. એમણે ધીમેથી કહ્યું:

'આ ભાઈના મોજામાં કાણાં પડેલાં છે તેની એમને ખબર હોત તો આપણી સામે એનું પ્રદર્શન ન કર્યું હોત.'

પેલા છોકરાએ આ શબ્દો સાંભળ્યા કે તરત જ એના મન ઉપર મનોવૈજ્ઞાનિક અસર થઈ અને એ તરત જ બેસી ગયો. થોડીવારે વૃદ્ધની બાજુમાં બેઠેલાં એક બહેન બોલ્યાં:

'કાકા, તમે કેમ એમ કહ્યું? તમારી વાત સાચી નથી.'

પોતાની ટાલ પર હાથ ફેરવતાં–ફેરવતાં વૃદ્ધે જણાવ્યું:

'કોણ કહે છે મારી વાત ખોટી છે? છોકરાના દરેક મોજામાં મોટાં કાણાં ન હોત તો એણે બીજી રીતે એ પહેર્યાં હોત–કહો જોઈએ?'

×

ભિક્ષુક: 'અરે બહેન, મેં છેલ્લા ત્રણ દિવસથી કશુંય ખાધું નથી, ઘરમાં મીઠાઈ હોય તો આપશો કે?'

સ્ત્રી: 'અલ્યા શું કહ્યું મીઠાઈ? કેમ, રોટલો નહીં ચાલે?'

ભિક્ષુક: 'ના, બા, આમ તો આડે દિવસે ચાલી શકે, પણ આજે મારી વરસગાંઠ છે!'

×

મોટાકાકાની મૈયત

રૂપાંતરકાર :
અધ્યા. મધુકર રાંદેરિયા

પાત્રો :

રમા, શીલા (બે બહેનો)
મનમોહન, દુર્લભ (અનુક્રમે તેમના પતિ)
પૂર્ણી (દસ વર્ષની વયની રમાની પુત્રી)
મોટાકાકા

[મધ્યમવર્ગના એક કુટુંબના નાનકડા ઘરનું આ દીવાનખાનું છે. એક બાજુ પાછળ રસ્તા પર પડતી બારી છે. બારીએ પડદા ટાંગેલા છે. બારી પાસે એક સોફો છે. સામી બાજુએ એક આરામખુરશી છે. વચમાં બારણું છે, ત્યાંથી પાછળ જવાનો માર્ગ છે. ખંડની વચમાં એક ટેબલ છે, આજુબાજુ ખુરશીઓ છે. થોડે દૂર, એક જરીપુરાણું લખવાનું ટેબલ છે. એક નાની અભરાઈ પર એક જૂનું સસ્તું ઘડિયાળ છે. આરામખુરશી પાસે ઘરમાં પહેરીને ફરવાના નવા સ્લીપરની જોડ છે. ટેબલ પર ચાની કીટલી, પ્યાલા-રકાબી, દૂધ, ખાંડ, ચમચીઓ, ગળણી વગેરે છે. પાસે પડેલા એક નાના અડધા કદના બાજઠ પર થોડાં છાપાં પડ્યાં છે. બારણાંમાંથી ડાબી બાજુએ જતાં, બહારનું આગલું બારણું આવે ને જમણે જતાં, ઉપર જવાનો દાદરો આવે. વચમાંના માર્ગમાં હેટ, લાકડી વગેરે ટિંગાડવાનું એક સ્ટૅંડ દેખાય છે.

પડદો ઊઘડતાં, રમા ટેબલ પર ચાની સામગ્રી ગોઠવતી દેખાય છે. એણે કાળી કોરનું લૂગડું પહેર્યું છે. થોડી વાર તે કંઈક સાંભળે છે; પછી બારી પાસે જઈ, તે ઉઘાડી નીચે રસ્તા પર જતી પૂર્ણીને બૂમ પાડે છે.]

રમા : (જોરથી) પૂર્ણી! પૂર્ણી! સાંભળે છે કે? જલદી ઉપર આવ જોઉં.

[રમા બારી પરનો પડદો પાછો ઢાંકી દે છે અને કામે લાગી જાય છે. પૂર્ણી, દસ વર્ષની નાની છોકરી, ભપકાબંધ રંગરંગીન કપડાંમાં સજ્જ થયેલી પ્રવેશે છે.]

પૂર્ણી, તું પણ ગજબની છે. એક બાજુ મોટાકાકા મરી ગયા છે, ને બીજી બાજુ તું જાણે વરઘોડામાં જવા નીકળી હોય તેવાં કપડાં પહેરીને લઘરવઘર ફર્યા કરે છે. જા, જા જલદી, ને કપડાં બદલી નાખ. હમણાં માસામાસી આવશે. આવાં કપડાં પહેરીને તું આવે પ્રસંગે ફરતી હોય તો એમને પણ કેવું ખરાબ લાગે!

પૂર્ણી : મમ્મી, માસામાસી શું કરવા આવવાનાં છે? મેં તો એમને આટલાં વર્ષોમાં કયારે ય જોયાં નથી!

રમા : મોટાકાકાની બાબતમાં વાત કરવા. મોટાકાકા ગુજરી ગયા છે એવી ખબર પડી કે તુરત તારા પપ્પાએ એમને ખબર આપી ને હું ધારું છું કે—(બારણે અવાજ થાય છે.) ઓહ! એ લોક જ આવી પહોંચ્યાં હશે.

[રમા ઉતાવળે બારણે જાય છે ને ઉઘાડે છે.]

અરે તારી, આ તો તારા પપ્પા છે!

[મનમોહન–રમાનો પતિ–પ્રવેશે છે. એનો પહેરવેશ સાદો, સીધો, સામાન્ય છે. એના હાથમાં એક પડીકું છે.]

મનમોહન : હજી નથી આવ્યાં, શીલા ને દુર્લભભાઈ?

રમા : દેખાતું નથી તમને, નથી આવ્યાં તે? ને પૂર્ણી, તું જશે હવે ઉપર ને કપડાં બદલી આવશે? જો, સફેદ ફરાક પડ્યું હશે, તે પહેરજે.

[પૂર્ણી જાય છે.]

રમા : (મનમોહનને) ઘરમાં તદ્દન કાળો સાડલો તો હતો નહીં, એટલે પછી આ કાળી કિનારવાળું લૂગડું જ મેં તો પહેર્યું છે. ઠીક છે, એનાથી યે શોકમાં છીએ એટલું તો કોઈને પણ સમજાશે. (મનમોહન આરામખુરશીમાં જઈને બેસે છે.) હવે તમે તમારા ચંપલ ઉતારો ને કપડાં-બપડાં કાઢો; બેઠા છો શું?

મનમોહન : હું નથી ધારતો રમા, કે ને દુર્લભભાઈ આવે. તને ને શીલાને ર થયેલી ત્યારે એણે ચોખ્ખું કહેલું ઘરમાં હવે હું મરી જઈશ તોપણ કવાની નથી !

રમા: ના આવે તો રહી એને ઘેર, એના હું કાચું ખાતી નથી તો! પણ એ તમે ઓળખતા નથી. મોટાકાકાની તમાંથી ભાગ પડાવવાનો છે એટલે દડબડ-દડબડ કરતી આવશે. તમને તો છે, કેવી દાતરડા જેવી એની જીભ , કોણ જાણે કોના સંસ્કાર ઊતર્યા છે!

[રમા મનમોહન જે પડીકું લાવ્યો છે તે ખોલે એમાં ઝીણી સેવ છે. રમા એક રકાબીમાં તે છે.]

મનમોહન : દાતરડા જેવી જીભ તો નાં બધાંમાં ઊતરી આવી છે.

રમા: એટલે ?

મનમોહન: ના ના,' કહું છું, તારામાં , પણ તારા મોટાકાકામાં એ સંસ્કાર ! મારા સ્લીપર કયાં મૂકયા ?

રમા: બહાર પડ્યાં હશે, પણ હવે એને દોને! એ તો તદ્દન ખડિયા ખડખડ થયા છે. તમે નવા જ પહેરવાનું કરો. લાથી) મોટાકાકા ગુજરી ગયા તેનો ાત મને કેવો સખત લાગ્યો છે, ને છતાં હિંમતથી તે સહન કરી રહી છું તેનો ખ્યાલ તમને આવે છે? મોટાકાકાની મોટી બધી ચીજવસ્તુઓ પર નજર પડે આંખમાં પાણી આવી જાય છે. બિચ્ચારા! આ બધું કયાં ભોગવવાના ? (ઝડપથી) , તમે મોટાકાકાનાં આ સ્લીપર વાપ- હવે. નવી જોડી કાકા હમણાં છેલ્લે- જ વસાવી લાવેલા.

મનમોહન : પણ મોટાકાકાનાં એ મને બહુ નાના પડે, રમા !

રમા : નાના શાના પડે? એ તો પહેરાતાં-પહેરાતાં મોટા થઈ જશે. એમ કાંઈ નકામા કરીને ફેંકી નથી દેવાના. (દરમિયાન એણે ચા વગેરે તૈયાર કરી લીધું છે.) હાં, હું મોટાકાકાના સૂવાના ઓરડામાં જે પેલું લખવાનું ટેબલ છે તેનો વિચાર કરતી'તી. મને એ ખૂબ જ ગમે છે ને તમને ખબર છે ને, એમના મરણ પછી એ ટેબલ આપણે ભાગે લેવાની મેં વાત કરેલી ?

મનમોહન : મોટાકાકાની મિલકતના ભાગ પાડો, ત્યારે તારે ને શીલાએ-એએ સમજીને એ બધું કરવાનું છે.

રમા : ઓહોહો ! એ કાંઈ કાચી માટીની માયા નથી. એને લાગ્યું કે મને ટેબલ ખૂબ ગમે છે, એટલે તો એ માથે જ ચડી બેસવાની. એવી હલકી, લોભી ને ઈર્ષ્યાળુ બાઈ છે !

મનમોહન : ને કદાચ એ ટેબલ એને પણ ગમતું હોય ને એ પણ એ જ માગે તો ?

રમા : તમારામાં પણ કાંઈ અક્કલ નથી તો. મોટાકાકાએ ટેબલ ખરિદ્યું, પછી કયે દહાડે એ અહીં આવી છ? કાકાના ઓરડાને બદલે, અત્યારથી આપણા ઓરડામાં જ હોય તો એ આપણું નથી, એવી એને કયાંથી ખબર પડવાની ?

મનમોહન : (આશ્ચર્યથી) ર...મા! (આરામખુરશીમાંથી ઊભા થઈ જાય છે.)

રમા : આપણે એક કામ કરીએ તો ? હમણાં જ આપણે એ ટેબલને ઉપરથી ઉતારીને નીચે લઈ આવીએ તો ? એ લોક આવી પહોંચે તે પહેલાં તો આમ ચપટીમાં એ કામ પતાવી દઈશું.

મનમોહન : (દિંગ થઈને) નહીં, નહીં, તારે એવું કશું કરવું નથી.

રમા : તદ્દન વાહિયાત વાત ન કરો. નથી કરવું એટલે શું ?

મનમોહન : એ તદ્દન અજુગતું ને હલકું લાગે, રમા !

રમા : શું હલકું ને શું અજુગતું તેની તમારા કરતાં મને વધારે સમજ પડે છે, સમજ્યા ? આપણું આ ટેબલ આપણે ઉપર ગોઠવી દઈશું. શીલાને જોઈએ તો એ ભલે લઈ જાય. ટાઢે પાણીએ આની ખ઼સ જશે !

મનમોહન : ને આપણે આ ફેરબદલી કરતાં હોઈએ, એટલામાં જ એ લોક આવી ચડે તો ?

રમા : આવી ક્યાંથી ચડે ? કાંઈ ઉપરથી તો નથી ટપકી પડવાનાં ને ? હું આગલું બારણું બંધ કરી આવું છું. એટલામાં તમે તમારાં કપડાં તો કાઢો.

[રમા બહાર બારણું બંધ કરવા જાય છે. મનમોહન કોટ, ખમીસ વગેરે ઉતારે છે. રમા પાછી આવે છે.]

હું જઈને હમણાં વચમાંની બધી ખુરશી-ખુરશીઓ ખસેડી લઉં.

[પૂર્ણી પાછી આવે છે. એણે હવે સાદું સફેદ ફ્રાક પહેર્યું છે.]

પૂર્ણી : મમ્મી, જરા બટન બીડી આપ તો.

રમા : જરા-જરામાં મમ્મીનો જીવ ના ખા. કહે તારા પપ્પાને, બીડી આપશે.

[ઉપર જાય છે. મનમોહન પૂર્ણીના ફ્રાકનાં બટન બંધ કરે છે.]

પૂર્ણી : પપ્પા, તમે કેમ કોટ-ખમીસ બધું ઉતારી નાખ્યું ?

મનમોહન : મોટાકાકાના ઓરડામાં પેલું લખવાનું ટેબલ છે ને, તે હું ને તારી મમ્મી હમણાં નીચે ઉતારી લાવીએ છીએ.

પૂર્ણી : (જરાક વિચાર કરીને) પપ્પા, માસી આવે તે પહેલાં આપણે એ તફડાવી લેવાનું છે ?

મનમોહન : (ચોંકીને) નહીં રે નહીં, મોટાકાકાએ તારી મમ્મીને આપવા માટે જ એ વસાવેલું. તફડાવી શાનું લેવાનું ? તને પણ ખરા તુક્કા સૂઝે છ તો !

[બટન બીડી રહે છે, એટલામાં રમા પાછી આવે છે. એના હાથમાં એક નવું મઝાનું ઘડિયાળ છે.]

રમા : મને થયું, ઉપર ચડી છું તો સાથેસાથે આ પણ નીચે લઈ આવું. (ઘડિયાળ અભરાઈ પર મૂકે છે.) આપણું તે આ કાંઈ ઘડિયાળ છે ? આ મેં જોયેલું ત્યારથી જ મારા મનમાં બેસી ગયેલું.

પૂર્ણી : આ તો મોટાકાકાનું ઘડિયાળ !

રમા : હા હા, ચિબાવલી, મૂગી રહેની ! હવે મોટાકાકાનું નહીં, આપણું. કહું છું, ચાલો, પેલે છેડેથી ઊંચકો તમે. પૂર્ણી, ખબરદાર, જો આ લખવાના ટેબલ અને ઘડિયાળ વિશે એક શબ્દ પણ તારી માસી પાસે બોલીછ તો !

[રમા ને મનમોહન પોતાના જૂના ટેબલને બારણાં-વાટે બહાર લઈ જાય છે.]

પૂર્ણી : (સ્વગત) હું ધારતી'તી જ કે આ તફડાવેલું છે !

[થોડીવારે આગલે બારણે જ઼ોરથી ટકોરા થતા સંભળાય છે.]

રમા : (ઉપરથી) પૂર્ણી, તારાં માસા-માસી આવ્યાં હોય તો હમણાં બારણું ઉઘાડતી નહીં.

[પૂર્ણી બારીમાંથી એક બાજુ જોઈને]

પૂર્ણી : મમ્મી એ લોકો જ છે!

રમા : હું નીચે આવું નહીં ત્યાં સુધી બારણું ના ખોલતી. (ટકોરા ચાલુ જ છે.) ભલે ઠોક્યા કરતાં ! (જોરથી ટકોરા.) હં, હં, જોજો, દીવાલ જોડે અફળાય નહીં. અફળાયું !

[રમા ને મનમોહન લખવાના ટેબલને ઊંચકીને અંદર આવે છે ને જૂનું ટેબલ જ્યાં હતું ત્યાં ગોઠવે છે. બીજી ચીજવસ્તુઓ પણ સરખી રીતે ગોઠવે છે. બારણે જોરથી ટકોરા પડ્યા જ કરે છે.]

જા, પૂર્ણી ! હવે બારણું ખોલ.

મનમોહન : દીવાલ પરનું પ્લાસ્ટર બહુ નીકળી ગયું છ કે ?

રમા: હવે એની કાંઇ ચિંતા નહીં. તેવા દેવાશે. લો તમે આ લો. ણું એને આપે છે.) વાંચતાં-વાંચતાં જાણે, આપણે એમની જ રાહ જોતાં એવું જરા નાટક કરો.

[મનમોહન ખુરશીમાં બેસે છે. રમા ટેબલની બાજુએ બેસે છે. બેઉ વાંચવામાં પડ્યાં છે. શીલાં તથા દુર્લભભાઈને લઈને અંદર આવે શીલાએ કાળાં શોકદર્શક કપડાં પહેર્યાં છે. દુર્લભ- પણ સાદા પોશાકમાં છે. સામાન્ય રીતે એ સ્વભાવનો આદમી છે, પરંતુ અત્યારે પ્રસંગની ને કારણે એના મોં પર ગંભીરતા ને ઉદાસી શીલા આવીને રમાની પાસે બેસે છે. બે પુરુષો કરે છે. કોઈ કશું બોલતું નથી. એવી બે પળો વીત્યા બાદ-]

શીલા: તો રમા, મોટાકાકા અંતે ગુજરી ા, હં?

રમા: હા, ગુજરી ગયા. ગયે રવિવારે એમને બાવનમું બેઠું'તું.

[રમા આવેલું આંસુ લૂછી નાખે છે. શીલા ની ડાબી બાજુ બેસે છે; રમા જમણી બાજુએ. મોહન આરામખુરશીમાં છે; દુર્લભભાઈ પૂર્ણી સોફા પર બેસે છે.]

દુર્લભ: રમાબહેન, એમ તમે શું ઢીલાં જાઓ છો? આજ કે કાલ, આપણે મરવાનું તો છે જ, ને એમ સમજો કે વાત એમનાથી પતી.

રમા: એટલે?

દુર્લભ: આપણા ચારમાંથી જ કોઈ ારી ગયું હોત તો? (એકલો હસે છે.)

મનમોહન: શીલાબહેન, તમને આવતાં વાર લાગી!

શીલા: વાર તો લાગી, પણ આવે પ્રસંગે સાડલો જ પહેરવો જોઈએ ને, એટલે બજારમાંથી તે મંગાવ્યો. (રમા તરફ જોઈ) ના સફેદ સાડલા પર કાળી કિનાર?

રમા: મેં પણ કાળું લૂગડું મંગાવ્યું છે. મોટાકાકા પર તારા કરતાં મને ઓછો સ્નેહ નહોતો!

શીલા: ઠીક, ઠીક; પણ હવે કહો તો ખરાં કે આ બધું થયું શું?

રમા: થાય શું? ઈશ્વરની ઇચ્છા, બીજું શું? સવારની એકસપ્રેસ ડિલીવરીમાં કાગળ આવ્યો. મોટાકાકા સાથે અમારો માણસ બાબુ વડોદરે ગયેલો, તેનો. (મનમોહનને) પેલો કાગળ કાઢોની.

[મનમોહન ઊઠીને, કોટના ગજવામાંથી એક કાગળ કાઢે છે ને વાંચે છે.]

મનમોહન: બાબુ લખે છે: 'આજે સવારે મોટાકાકા દેખીતી રીતે ખુશખુશાલ હતા. સવારના ચા અને થોડો નાસ્તો લઈ, બે એક દિવસ પર વીમાકંપનીમાં ભરેલા પ્રિમિયમના પૈસાની રસીદ તમને મોકલવા, પોતે જાતે ટપાલ ઑફિસે ગયા હતા.'

દુર્લભ: એ એક કામ મોટાકાકાએ ઠીક કર્યું!

શીલા: એ દૃષ્ટિએ મોટાકાકા બહુ સમજદાર માણસ હતા. એ એવા સજજન હતા કે, પ્રિમિયમ ભર્યા વિના, આ ફાની દુનિયાનો ત્યાગ કરે જ નહિ!

મનમોહન: (કાગળ આગળ વાંચતાં) 'ત્યાંથી આવ્યા ત્યારે પણ તેઓ રોજ પ્રમાણે આનંદમાં, ધૂનમાં હતા. આવ્યા પછી મેં જમવાનું કહ્યું, પરંતુ એમણે એની ના પાડી અને કહ્યું, કે મારે જમવું નથી; હું સૂઈ જ જઈશ.'

દુર્લભ: બિચ્ચારા મોટાકાકા!

મનમોહન: '...પછી તો જઈને એ પથારીમાં પડ્યા. ટૂંટિયું વાળીને સૂઈ ગયા. હું થોડી વારે એમની પાસે ગયો. એમની આંખો મિચાતી હતી. એમણે મને જરાક ઓળખ્યો ને મને કહ્યું: 'બાબુ, મારા પગમાંથી જોડા કાઢી લે તો. હું ખૂબ થાકી ગયો છું.' મેં જોડા

કાઢી લીધા ને પછી એમણે પડખું ફેરવ્યું. મને જરા વહેમ પડ્યો, એટલે હું ડૉ. મહેતાને તેડી લાવ્યો. એમને ડૉ. મહેતાની જ દવા ચાલુ હતી.'

શીલા : મોટાકાકાને સારું લાગે ન લાગે તોપણ એક જ ડૉકટરની દવા ચાલુ રાખ્યા કરવી, એ તમારા માણસની ભૂલ કહેવાય. તમારે એને પત્ર લખીને ડૉકટર બદલવાનું જણાવવું જોઈતું હતું.

રમા : ના, એવી રીતે ડૉકટર ન બદલાય. ધંધાદારી રીતભાત પણ કોઈ ચીજ છે કે નહીં?

શીલા : તો તમારી વાત તમે જાણો. હું હોત તો જરૂર બદલાવત.

રમા : માણસનું આવી બન્યું હોય, ત્યાં પછી ડૉકટર પણ શું કરવાનો હતો?

શીલા : છેક એમ તો શું કહેવાય? હોશિયાર ડૉકટર ગમે તે કરી શકે, ખેર, આગળ ચાલો, પછી શું થયું?

મનમોહન : '...ડૉકટર મહેતાએ આવીને એમને તપાસ્યા, પણ એમના ને મારા ભારે આશ્ચર્ય વચ્ચે અમે જોયું કે મોટાકાકાનું શરીર ટાઢું હિમ જેવું થઈ ગયું હતું! અમે પછી કાંઈ જ કરી શકયા નહીં. બહુ લાચાર છીએ...'

શીલા : એટલે મોટાકાકા ગુજરી જ ગયા હતા એમ ને?

મનમોહન : હાસ્તો વળી.

દુર્લભ : મને ખાતરી હતી કે મોટાકાકા આમ ઓચિંતા જ એક દિવસ, આપણને બધાંને છોડીને ચાલી જવાના છે.

[જરા મૌન. સૌ આંખમાંથી આંસુ લૂછે છે.]

રમા : ચાલો, હવે શું કરવાનાં છીએ આપણે? માણસનું જોર બે આંસુનું!

દુર્લભ : ને એટલાં તો આપણે પાડી ચૂકયાં!

રમા : વારુ, તો તમે લોકો શું લેશો? ચા પીએ?

શીલા : તમે ચા પીશો?

દુર્લભ : એમાં કાંઈ ખાસ વાંધા જેવું ન લાગતું હોય તો.

[રમા ઊઠે છે. ટેબલ પાસે જઈ કપરકાબી સરખાં મૂકી, ચા કાઢે છે.]

મનમોહન : આપણે એક ચીજ હમણાં નક્કી કરી લઈએ. છાપામાં આની જાહેરાત આપવી પડશે.

શીલા : હા, હું પણ એનો જ વિચાર કરતી હતી. શું છપાવશું?

રમા : 'જેકીશનદાસ ગોરધનદાસ, વર્ષ બાવન, વડોદરા મુકામે ગુજરી ગયા છે. એમના ઉઠમણાની ક્રિયા, એમના મુંબઈના નિવાસસ્થાને, શુક્રવારે સાંજે ૫ વાગ્યે, કરવામાં આવશે...વગેરે.'

મનમોહન : આવું સાદું-સીધું છપાવવું છે? જરા ય ભાવના જેવું લાગતું નથી એમાં.

શીલા : સાચું છે. 'અવિસ્મરણીય મોટાકાકા' કે એવું કાંઈ મથાળું કરીએ તો? એ જરા શિષ્ટ ને સંસ્કારી લાગશે.

મનમોહન : પણ એવું વિશેષણ જરા બહુ ટૂંકા કાળમાં, ઉતાવળે મૂકી દેતા હોઈએ એવું લાગે છે.

રમા : આમ લખીએ તો: 'એક પ્રેમાળ પતિ, માયાળુ કાકા અને વિશ્વાસુ મિત્રનું શોકજનક અવસાન.'

દુર્લભ : (શંકા દર્શાવતાં) એ વિશેષણો સાચાં લાગે છે?

મનમોહન : છપાવવામાં સાચા-ખોટાનો કયાં સવાલ જ રહે છે?

શીલા : નહીં જ વળી! એવું છપાવ્યું હોય તો લાગે જરા સરસ. પણ મને તો એમ થાય છે કે આપણે એક આખી કવિતા છપાવવી ને તેમાં આપણો એમના પર કેટલો પ્રેમ હતો, એમનામાં કેવા સદ્

હતા ને એમના જતાં આપણને કેવી પડી છે તે બધું લખાવવું.

દુર્લભ: મોટાકાકા તારા મરી ગયા છે એવી દુઃખભરી કવિતા બીજો કોણ આપે? ને કદાચ લખે તો મફત તો જ લખે ને?

શીલા: ચાલો રાખો ને, આપણે એનો વિચાર કરીશું, પહેલાં ચા પી લઈએ. મોટાકાકાની બધી ચીજવસ્તુઓ તપાસી લઈએ.

દુર્લભ: ને એની યાદી કરી લઈએ. રૂમમાં ફરનિચર પણ હશે.

મનમોહન: હા, પણ કંઈ જરઝવેરાત કિંમતી ચીજવસ્તુઓ જેવું નથી.

શીલા: એમનું સોનાનું ઘડિયાળ હશે એમણે મારા રમેશને એ આપવાનું હું.

રમા: રમેશને આપવાનું? મને તો કાંઈ યાદ નથી!

શીલા: હા રે હા, રમા! જ્યારે મોટા- અમારી સાથે રહેવા આવેલા, ત્યારે કહેલું. રમેશ પર એમને ખૂબ હતું.

રમા: હા! (આશ્ચર્યથી) મને એની પણ નથી.

દુર્લભ: ઠીક હવે, એ તો જાણે સમજ્યા. એમના વીમાના પૈસા હશે ને? એમણે મના જે પૈસા ભર્યા તેની રસીદ મળી તમને?

રમા: મેં નથી જોઈ ને મોટાકાકાએ પ્રિમિયમ ભર્યું જ ન હોય–બાબુની ગેરસમજ હોય–

દુર્લભ: તમને લાગે છે કે, નહીં ભર્યું ? ને ઓવરડ્યૂ થઈ ગયું હતું?

રમા: હું ધારું છું કે થઈ તો ગયું'તું.

શીલા: કોણ જાણે, પણ મને લાગે છે કે એમણે નહીં જ ભર્યું હોય! મને અંતરમાંથી એવો અણસારો આવે છે એટલે તુરત ખબર પડી જાય છે. એમણે નથી જ ભર્યું.

દુર્લભ: શાના ભરે? કાકાનાં બીજાં લફરાં એવાં હશે કે એમાં જ પૈસા પૂરા થતા હશે.

શીલા: હા રે હા, ઈરાદાપૂર્વક એમણે નહીં ભર્યા હોય–આપણને ખાસ કનડવા માટે.

રમા: ત્રણ–ત્રણ વર્ષથી આ ઘરમાં એમની સાથે હું રહી છું, એમની ઊઠવેઠ કરી છે, પડતો બોલ ઝીલ્યો છે, પાણીને બદલે દૂધ આપ્યું છે, છતાં–

શીલા: ને મેં પાંચ વર્ષ ગાળ્યાં છે એમની સાથે.

રમા: ને પાંચ વર્ષમાં તેં હમેશ એમને અમારે ત્યાં પાછા ધકેલવાની જ તજવીજ કરેલી.

મનમોહન: પણ એમણે પ્રિમિયમ નહીં ભર્યું હોય એમ ખાતરીથી કેમ કહી શકાય? ને આપણને શી ખબર એની?

શીલા: મને ખબર છે. નથી જ ભર્યું એમ મારો આત્મા કહે છે.

રમા: અરે પૂર્ણી, જા તો ઉપર અને મોટાકાકાના ટેબલ પર ચાવીનો ઝૂડો પડ્યો છે તે લઈ આવ તો.

પૂર્ણી: (ગભરાઈને) મોટાકાકાના ઓરડામાં?

રમા: હા.

પૂર્ણી: હું...નહીં...જાઉં ત્યાં.

રમા: બીકણ જેવી. ગાંડી વાત શું કરે છે? ત્યાં કોઈ તને ખાઈ જવાનું નથી. (પૂર્ણી નામરજીએ જાય છે.) એ રસીદ કદાચ આવી હોય ને નોકરે આ લખવાના ટેબલમાં મૂકી હોય તો કોણ જાણે!

દુર્લભ: શેમાં? આ...લખવાના ટેબલમાં? (ઊભો થઈને તપાસે છે.)

શીલા: (ઊઠીને) રમા, આ ક્યાંથી લઈ

આવી ? હું અહીં હતી એ અરસામાં તો નહોતું; ત્યાર પછી આવ્યું લાગે છે. (બેઉ ટેબલને બરોબર તપાસે છે.)

રમા : હં ? હા...હા...એક દિવસ બજારમાંથી એ ઉપાડી લાવ્યા.

શીલા : સરસ છે; એ ખૂબ ગમ્યું. લીલાંઉમાંથી તમે લીધું ?

મનમોહન : લિલાઉં ? હં ? હા...ના... રમા, હું ધારું છું...

રમા : હા, વળી, લિલાઉંમાંથી જ તો.

દુર્લભ : (તિરસ્કારથી) જરીપુરાણો માલ !

શીલા : તમે તો બધી બાબતમાં તમારું અજ્ઞાન જ પ્રદર્શિત કરો છો ! બધી કલાત્મક વસ્તુઓ જરીપુરાણી જ હોય છે.

[પૂર્ણી પાછી આવે છે, એ ગભરાયેલી જણાય છે. અંદર આવતાં એ પોતાની પાછળનું બારણું બંધ કરી દે છે.]

પૂર્ણી : મમ્મી ! મમ્મી !

રમા : શું છે, પૂર્ણી, શું થયું ?

પૂર્ણી : મોટાકાકા !

રમા : મોટાકાકા !

શીલા : મોટાકાકા !

દુર્લભ : કાકાજી !

મનમોહન : કાકાજી ! કયાં છે ?

રમા : શું ઘેલાં કાઢે છે ? મોટાકાકા ગુજરી ગયા છે તે નથી ખબર તને ?

પૂર્ણી : નહીં, નહીં, મમ્મી. મેં એમને નજરોનજર જોયા ને ! ગાડીમાંથી ઊતર્યા, હમણાં.

[બધાં ભયંકર આશ્ચર્યમાં ડૂબી જાય છે. શીલા ને દુર્લભ ટેબલની ડાબી બાજુએ છે; પૂર્ણી રમાને બાઝીને ઊભી રહે છે. રમા ટેબલની જમણી બાજુએ છે. મનમોહન આરામખુરસી પાસે ઊભો છે.]

શીલા : રમા, જા-ને તું જાતે જઈ ને જો, પૂર્ણી, શું કહે છે ? મોટાકાકા ગાડીમાંથી કયાંથી ઊતર્યા ?

રમા : (મનમોહનને) તમે આવોની મારી સાથે.

[મનમોહન ગભરાટમાં બે ડગ પાછળ હટે છે. બહારથી અવાજ આવે છે.]

દુર્લભ : (ઓચિંતા) એય, સાંભળોછ કે આ અવાજ ?

[બધાં બારણાં તરફ જુએ છે. બહારથી થોડે હસવાનો અવાજ આવે છે. બારણું ઊઘડે છે. એક વૃદ્ધ પુરુષ–એ જ મોટાકાકા–દાખલ થાય છે. બહાર જ મોં રાખી એ બોલે છે.]

મોટાકાકા : અરે જા યાર, જા. રૂપિયો દોઢ ઓછો પડ્યો ? દોઢ રૂપિયામાં તો દોઢ શેર દૂધ આવશે. તું ને તારી બીબી ને તારું બચ્ચું ત્રણ અડધો–અડધો શેર પી જજો. જા ખુદા હાફીઝ. (પાછા હસે છે, ને અંદર દાખલ થાય છે.) પૂર્ણી ! કયાં ગઈ દીકરી ? શું છે એને ? (શીલા અને દુર્લભને જોઈ) ઓહો ! તમે શેઠ, આજે આ તરફ ? ને તું શીલા ? કેમ છે, દુર્લભરામ, કહો ?

[કાકા દુર્લભરામને ખભે હાથ ઠોકવા જાય છે, એટલે ચાલાકીથી દુર્લભરામ શીલા સાથે પાછળ હટે છે, ને સોફાની પાછળ ભરાઈ જાય છે.]

રમા : (કંઈક કડવાશથી કાકાની પાસે જઈ) તમે, તમે જ મોટાકાકા છો ? (એ કાકાને પોતાના હાથથી અડકી જુએ છે.)

મોટાકાકા : હા, રે હા દીકરી. હું મોટોકાકો નહીં, તો બીજો કયો મારા કરતાં મોટોકાકો છે દુનિયામાં ? ને આ બધું શું નાના બચ્ચા જેવું તોફાન કરો છ તમે ?

રમા : (બીજાઓને) મોટાકાકાની મૈયત નથી થઈ.

દુર્લભ : (સોફા પાછળથી ઊભા થઈને) લાગે છે એવું જ.

મોટાકાકા : (ગુસપુસથી ગુસ્સે થઈ) શું બકો છો તમે લોકો ? શીલા દીકરી, કેટલે વર્ષે આપણે મળ્યાં ? એ છતાં મને મળીને તને જરાય આનંદ થયો હોય એમ નથી લાગતું.

શીલા: તમે તો અમારા પર ખૂબ તો છાપો મારી દીધો, મોટાકાકા, ત તો સારી છે ને કાકા ?

મોટાકાકા: (શબ્દો સમજવાના પ્રયત્નો) શું ? શું કહ્યું ?

શીલા: કહું છું, તબિયત ઠીક છે ને ?

મોટાકાકા: હા રે હા, મને શું થવાનું જરા મુસાફરીને કારણે માથું ચઢ્યું છે, બધું સલામત છે. હવે જરા ઉંમર પણ હું ચેલેંજ મારું છું કે હજી લાને આ ખાંધનો ટેકો આપીને મસાણે ચાડું એવો છું. ચાલો આવો, બેસીએ (આરામખુરશી તરફ જાય છે. મનમોહન સરકીને ટેબલ પાસે જાય છે.) રમા, હું પૂછું, કે મારા નવા સ્લીપર તો ભૂલમાં જ રહી ગયેલાં તેનું શું કર્યું ?

રમા: (ગભરાટમાં) મોટાકાકા, તમારા ર...સ્લીપર...

મોટાકાકા: નથી; તે જ કહું છું ને! ગયા ? (પગમાંથી મનમોહન સ્લીપર કાઢવાનો કરે છે તે જોતાં) ઓહ! મનમોહનરાય, રા સ્લીપર કાંઈ તમારા પગ સુધી ચી ગયા!

રમા: (ચબરાકીથી) નહીં, મોટાકાકા, એમ હતી કે સ્લીપર નવા ને કડક હતા મેં જ એમને ખાસ પહેરવાનું કહ્યું થી જરા છૂટા થાય. લો હવે, મોટા-કાકાને આપી દો પાછા.

[રમા મનમોહન પાસેથી સ્લીપર લઈ લે છે, કાકાને આપે છે; મોટાકાકા પોતે તે પહેરે આરામખુરશીમાં બેસે છે.]

શીલા: (દુર્લભને) મરી ગયેલા માણસના સ્લીપર દીઠા તેવાં અડાવી દેવા એ બેહૂદું ગણાય!

[મનમોહન જરા ગભરાઈને, બારી પાસે જાય પડદો ખસેડી બહાર જોવા લાગે છે. પૂર્ણી આવીને મોટાકાકા પાસે, એમના પગ આગળ, બેંચ પર બેસી જાય છે.]

પૂર્ણી: મોટાકાકા, તમે મરી નથી ગયા એટલે હું કેટલી રાજી થઈ!

રમા: (જરા ખિજવાઈને, ધીમેથી) પૂર્ણી, જરા અક્કલ રાખની! કેમ બોલવું, શું બોલવું ક્યારે બોલવું તે કંઈ સમજે છે કે નહીં ?

મોટાકાકા: શું કહ્યું ? કોણ મરી ગયું ?

રમા: (મોટેથી) નહીં રે, મોટાકાકા, એ તો પૂર્ણી તમારું માથું દુખે છે તેને વિશે પૂછે છે.

મોટાકાકા: ઓહ, એમ કે દીકરી ? કેટલી ડાહી છે! હવે જરા ઠીક છે, બેટા.

રમા: (શીલાને) પૂર્ણી પર એમને એટલો પ્રેમ છે!

શીલા: (રમાને) હોય જ ને! ને અમારા રમેશ પર પણ એટલો જ પ્રેમ.

રમા: અરે હાં, શીલા, પૂછી જો મોટાકાકાને જ હવે. એણે તારા રમેશને સોનાનું ઘડિયાળ આપવાનું કહેલું ?

શીલા: અરે, આ તે કંઈ એવું પૂછવાનો વખત છે ? એવી વાત હમણાં હું નહીં કાઢું.

મોટાકાકા: (શીલાને) શીલા, કેમ કાળા સાડલામાં છે, દીકરી ? ને તમે દુર્લભરાય શેઠ, કેમ આ સાદાં કપડાંમાં આજે ? નહીં તો તમારો ભપકો તો ઓર હોય. ને રમા, તેં પણ કાળી કિનારવાળું લૂગડું પહેર્યું છે કાંઈ! ને દીકરી પૂર્ણી પણ તદ્દન સાદા ફરાકમાં છે. છે શું ? કોઈ ગુજરી ગયું ? ન્યાત-જાતમાં કંઈ મૈયત થઈ ? કુટુંબમાં કોઈ મરી ગયું ?

[હસે છે.]

રમા: હા, મોટાકાકા, પણ તમે એને નહીં ઓળખો. દુર્લભભાઈના એક સગા મરી ગયા.

મોટાકાકા: કોણ સગા ?

રમા : એમના મામાની છોકરી બહેનની મામીના ભાઈ.

દુર્લભ : (રમાને) એવો કોઈ ઇસમ મારો સગો નથી મૂવો.

મોટાકાકા : અરર! દુર્લભરાય, શું એનું નામ?

દુર્લભ : (ગૂંચવાતાં) નામ–નામ...મોટા-કાકા...(ટેબલ પાસે જાય છે.)

રમા : (ટેબલને જમણે પડખેથી) બોલોની, બોલોની, જયરામભાઈ.

શીલા : (ટેબલને ડાબે પડખેથી) બોલોની, જયકૃષ્ણભાઈ.

દુર્લભ : જી...જયરામભાઈ...જયકૃષ્ણ-ભાઈ...રામકૃષ્ણ.

મોટાકાકા : રામકૃષ્ણ? ને રામકૃષ્ણ ક્યાં ગુજરી ગયા?

દુર્લભ : બારડોલીમાં.

મોટાકાકા : ઓહ, એમ? તમારા કરતાં ઉંમરે મોટા હશે, નહીં?

દુર્લભ : જી. હા, પાંચ વર્ષે.

મોટાકાકા : તમે એમને ખરખરે જવાના હશો.

દુર્લભ : હોસ્તો, મોટાકાકા.

રમા–શીલા : ના, ના...ઠેઠ બારડોલી ક્યાં જવાય?

દુર્લભ : હેં? હા...હા...બારડોલી તો કેવી રીતે જવાય? નહીં જાઉં, કાગળ લખી નાખીશ.

મોટાકાકા : (ટેબલ પર ચાના પ્યાલા-રકાબી જોઈ) અરે, તમે બધાં ચા પીવાના હજી બાકી છો કે? ચાલો, આપણે શરૂ કરીએ. ટ્રેનમાં કોઈ ઠેકાણે સારી ચા નથી મળી.

રમા : (ચાની કીટલી લઈને) ચાલો, મોટા-કાકા, હું જ ચા બનાવું છું.

[મોટાકાકા, પ્રેક્ષકોની સામે, ટેબલની વચ્ચોવચ બેસે છે.]

મોટાકાકા : ચાલો, હવે બધાં એમ ગંભીર મોં કરીને ના બેસો. ચાલ્યા કરે; દુનિયા એમ જ ચાલે. મરતાં હશે તેટલાં જનમતાં પણ હશે ને!

[શીલા અને દુર્લભ ડાબી બાજુએ ને રમા તથા મનમોહન જમણી બાજુએ બેસે છે. પૂર્ણી એક ખુરશી લાવી, મોટાકાકાને પડખે બેસે છે. શીલા ને રમા બેઉ મોટાકાકાની જોડે છે.]

રમા : (મનમોહનને) મોટાકાકાને આ પડીકામાંથી સેવ આપો ને.

મોટાકાકા : સેવ? હા, હા, ખોલો. બારીક સેવ મને અસલથી ખૂબ ભાવે છે.

[મનમોહન પડીકું ખોલીને મૂકે છે. રકાબીમાં મોટાકાકાને થોડી સેવ કાઢી આપે છે. રમા ચા કાઢે છે. માત્ર મોટાકાકા દિલખુશ રીતે ખાઈ રહે છે.]

દુર્લભ : મોટાકાકા, તમારી તબિયત નાદુરસ્ત હોવા છતાં તમે ધરાઈને ખાઈ શકો છો એ જોઈને ખરેખર આનંદ થાય છે.

મોટાકાકા : નહીં રે નહીં, મારી તબિ-યતને ક્યાં ગોબો પડ્યો છે? જરા થાકી જતો ત્યારે ઘરે આવીને, એમ ને એમ, પહેરેલે કપડે ને કોઈવાર પહેરેલા જોડા સુદ્ધાં, સૂઈ જતો. બાબુ મારી સારી માવજત રાખતો.

રમા : તો, ત્યાં દેશમાં તમને ખાસ કંઈ જ થયું નહોતું?

મોટાકાકા : શું થાય? ને તમે બધાં કેમ આવા સવાલો પૂછો છો?

[એટલામાં અભરાઈ પરના ઘડિયાળમાં આઠના ટકોરા થાય છે. બધાંની નજર ત્યાં પડે છે.]

અરે, રમા, આ મારું નવું ઘડિયાળ, ઉપરથી, અહીં કેવી રીતે આવી ગયું? (મૌન; એમની નજર તુરત લખવાના ટેબલ પર પડે છે.) અને, મારું લખવાનું ટેબલ, મારા સૂવાના ઓરડામાંથી અહીં નીચે ખસેડી લાવવાનું કોને સૂઝ્યું? છે શું? આ બધી શી ભાંજગડ છે?

[રમા ને મનમોહન નીચે મોઢે ઊભાં રહી જાય છે.]

રમા, મનમોહન, સાંભળો છો કે? પૂછું છું.

શીલા: કયું ટેબલ, મોટાકાકા?

મોટાકાકા: કયું શું? મારું લખવાનું મેં ખરીદેલું તે.

શીલા: પેલું? ત્યાં પડ્યું છે તે?

મોટાકાકા: હા, હા, એ જ. એ અહીંયાં માટે લાવીને ગોઠવવું પડ્યું? જરા આમ ગયો કે જાણે બધાંને આઝાદી ગઈ!

શીલા: એવું જ છે, મોટાકાકા. ઘરમાં રની ધાડ જ પાડવામાં આવી છે.

રમા: ચૂપ રહે, શીલા.

શીલા: રહીશ જ તો! આવી બેવડી જી કરો છો! શરમ...

મનમોહન: શીલાબહેન!

શીલા: શું શીલાબહેન? તમે પણ એમાં ગયા? એ તમને ગમે તે કૂવામાં નું કહે એટલે આંખ મીંચીને પડી જાઓ વહુઘેલા, કાયર ને પરતંત્ર છો તમે?

રમા: (ગુસ્સાથી) શીલા, તું કોના ઘરમાં કરે છે તે ભૂલી ન જતી!

મનમોહન: (શાંત પાડતાં) ચાલો, ચાલો, ઉકળી ન જાઓ. નજીવી વાતમાં આ ડો શો?

ઉર્વશી: (આગમાં ઘી હોમતાં) ઝઘડો? પોતાને લાગે તે કહેવાની મારી પૂરીપૂરી છૂટ છે, શ્રીમાન!

રમા: છૂટ હોય તો ઘરની બહાર જઈને, અહીં નહીં.

મોટાકાકા: (ટેબલ પર હાથ પછાડતાં), આ શું ગોલાઘાંચીની માફક કાઉકાઉ મૂક્યું? કંઈ કહેશો પણ ખરાં કે નહીં, શું આ બધું?

શીલા: હા, હું કહું, મોટાકાકા. આ તમને લૂંટવા જ લાગ્યાં છે.

મોટાકાકા: લૂંટવા? મને? કોણ?

શીલા: રમા ને મનમોહનભાઈ. એમણે જ તમારું ઘડિયાળ ને આ લખવાનું ટેબલ તફડાવ્યું છે. તમારા ઓરડામાં જઈને, નિરાંતે હાથ મારી, ચોરની માફક, આ બધું એ લોકો ચોરી લાવ્યાં છે, તમે ગુજરી ગયાં છો એવી ખબર પડ્યા પછી.

રમા ને મનમોહન: શીલા, હવે તારી જીભ કાબૂમાં રાખશે?

શીલા: શા માટે? ગભરાઓ છો એટલે? મોટાકાકા, તમે ગુજરી ગયા છો, એમ જાણ્યા પછી જ આ કાવતરું થયું છે.

મોટાકાકા: કોણ ગુજરી ગયા પછી?

શીલા: તમે!

મોટાકાકા: પણ હું કયાં ગુજરી ગયો છું?

શીલા: તમે ગુજરી ગયા છો એવી એમને ખબર પડી; ને એ ખબર એમણે અમને આપી; તેથી તો અમે અહીં આવ્યાં.

[મૌન: મોટાકાકા આશ્ચર્યથી ચારે કોર જુએ છે.]

મોટાકાકા: ઓહો! એટલે તેં કાળો સાડલો પહેર્યો છે; ને રમાએ કાળી કિનારનું લૂગડું પહેર્યું છે, હં! ને હું ગુજરી ગયો એવી કોણે ખબર આપી? બાબુએ?

મનમોહન: જી હા, બાબુનો પત્ર હતો એક્સપ્રેસ ડિલીવરીમાં; આ રહ્યો જુઓ.

[પત્ર આપે છે. મોટાકાકા ચશ્માં ચડાવી વાંચે છે. બંધ કરીને હસે છે.]

મોટાકાકા: વાહ બેટે! કોઈકે ખરી બિરંદી ઉડાવી લાગે છે; કાં ખાલી તોફાન, અટકચાળું, કાં કોઈનો દ્વેષ ચાલો, અલાબલા ઉતારી નાખો આપણી. હું જીવતો છું એની તો ખાતરી થાય છે ને તમને કે હજી કાંઈ શંકા છે? કે મારા જીવતા હોવા માટે ડૉ. મહેતાનું સર્ટિફિકેટ રજૂ કરવું પડશે? ને બાબુની સાક્ષી જોઈશે? (હસે છે.) એ તો ઠીક. પણ મારી ચીજવસ્તુઓની વહેંચણીનું કામ તમે બધાંએ તુરત જ શરૂ

કરી દીધું, હં!

રમા: (ડૂસકાં મૂકતાં) મોટાકાકા!

શીલા: ઢોંગ શેની કરે છે, ખોટા? વસ્તુઓ મોટાકાકા, રમાએ જ પોતા માટે આ બધી પર કબજો જમાવ્યો છે.

મોટાકાકા: હેં, રમા! વાત ઠીક લાગે છે. હું વીલ બરોબર નહીં કરું, એમ તને હમેશ દહેશત રહેતી હતી, નહીં?

મનમોહન: તમે વીલ બનાવ્યું હતું, મોટાકાકા?

મોટાકાકા: હા, હા, ને આ લખવાના ટેબલમાં સાચવી મૂકયું છે.

શીલા: એમાં શું છે, મોટાકાકા?

મોટાકાકા: ધૂળ ને ઢેફાં. ગમે તે હોય, તમારે શું? હવે હું એ બધું બદલી નાખવાનો છું. વીલ રદ્દ કરીને, નવું જ બનાવીશ.

રમા: (વધારે ડૂસકાં ભરતી) મોટાકાકા, તમે મારા પર નિષ્ઠુર નહીં થતા...મારો દોષ...

મોટાકાકા: રડ નહીં, રમા. ચાલ, કામ કર, એક મજાનો બીજો કપ ચા બનાવ. ખાંડના બે ચમચા ને દૂધ જાસ્તી!

રમા: (આંસુ લૂછીને) જરૂર, જરૂર, મોટાકાકા. (ચા બનાવે છે.)

મોટાકાકા: મારે કોઈની સાથે નિષ્ઠુર થવું નથી. હું શું કરવા માગું છું તે હું તમને કહું. તમારી કાકી મરી ગયા પછી, રમા, હું એકલો પડી ગયો, ને તેથી થોડો વખત તારી સાથે રહ્યો; થોડો વખત શીલા સાથે રહ્યો. વારુ હવે હું નવું વિલ બનાવવા માગું છું, ને મારા મરણ વખતે હું જેની સાથે રહેતો હોઉં તેને મારી પાછળ બધું મળે એવી વ્યવસ્થા કરવા માગું છું. એ તમને કેમ લાગે છે?

મનમોહન: એ તો, મોટાકાકા, લોટરી જેવું થયું.

શીલા: ને મોટાકાકા, હવે તમે કોની સાથે રહેવા માગો છો?

મોટાકાકા: (ચા પીતાં) હું તે જ મુદ્દા પર આવું છું. મારા અહીં આવવાનું પ્રયોજન પણ એમાં આવી જાય છે.

શીલા: મોટાકાકા, તમે અહીં હવે બહુ રહ્યા. હવે અમારી સાથે ચાલો. તમને કોઈ વાતે અમે ઓછું નહીં આવવા દઈએ.

દુર્લભ: જી, હા, આપનો પડતો બોલ ઝીલીશું!

રમા: ના, ના, એમ મોટાકાકા નહીં આવે. તમારી સાથે રહ્યા છે, એટલું એ હજી મારી સાથે નથી રહ્યા.

મનમોહન: સાચું છે; જાણે હજી કાલે જ અમારી સાથે રહેવા આવ્યા હોય એવું લાગે છે.

શીલા: એ બધું ઠીક છે. પણ આજે તમે જે રીતે વર્તાવ કર્યો છે તે જોતાં, હું નથી ધારતી, કે મોટાકાકા અહીં એક ઘડી પણ વધારે રહે.

મોટાકાકા: તો શીલા, બેટા, તારું કહેવું છે કે હું તારી સાથે રહું?

શીલા: એમાં શંકા શી, મોટાકાકા? હું તો કયારની યે એની જ ઝંખના કરતી હતી.

મોટાકાકા: ને તારું શું કહેવું છે, રમા?

રમા: મારે એટલું જ કહેવું છે, મોટાકાકા, કે શીલાએ છેલ્લાં બે વર્ષમાં પોતાનો વિચાર બદલી નાખ્યો છે. મોટાકાકા, અમારી વચ્ચે શાને અંગે તકરાર પડી છે તે તમે જાણો છો?

શીલા: રમા, બહુ ચાંપલી ના થા. બેસી જા.

રમા: બેસી શું કરવા જાઉં? મોટાકાકા જો મારી જોડે નહીં રહે, તો એ તારી સાથે પણ શું કરવા રહે? ને હું નહીં જ રહેવા દઉં. શીલાએ મને ચોખ્ખું ઘસીને કહી દીધેલું, મોટાકાકા, કે તમારે ત્યાં એ ભલે પધા-

ારે એનો બિલકુલ ખપ નથી. એણે ણુ કહેલું કે મારે ત્યાં મોટાકાકા હતા ધ્યાન અમારા પર વીતવામાં કશું નથી રહ્યું. હવે તો ખુદા બચાવે એમ- ને તેથી જ મેં તમને કહ્યું કે ચાલો, ત્યાં.

ોટાકાકા: મને લાગે છે, કે તમે બેઉ એ મારી સાથે જે રીતનું વર્તન કર્યું માટે તમારામાંથી કોઈ ગૌરવ લઈ એમ નથી.

રમા: મારાથી કાંઈ બેઅદબી થઈ ગઈ તો હું સાચા હૃદયથી તમારી માફી છું.

શીલા: હું પણ, મોટાકાકા, ખૂબ દિલ- છું, જો મેં પણ એવું કાંઈ કર્યું હોય તો.

મોટાકાકા: બૈરાંઓને ડહાપણ બહુ મોડું તું હોય છે. મને ખબર છે, તમારામાંથી ને મારી પડી નહોતી, હું તમારે માથે ો હતો તે મને સમજાતું હતું.

રમા ને શીલા: ના, ના, મોટાકાકા, ન બોલો.

મોટાકાકા: હવે તમે પીઠ ફેરવો છો પ્રમાણે. મારા પૈસાની વાત મેં કરી હવે તમારો પ્રેમ ઊભરાવા માંડ્યો. તમને કોઈને મારી જરૂર ન હોય ને મારી જરૂર છે, તેની સાથે હું જઈને ીશ.

દુર્લભ: એમ છેલ્લે પાટલે ન બેસો, કાકા. તમારે કાં શીલા સાથે કાં રમા સાથે-બેમાંથી એક ઠેકાણે તો રહેવું પડશે. એમ રિસાઈ શું જાઓ છો? ાં છે આ તો; તમારે પેટ મોટું રાખવું એ.

મોટાકાકા: મારે શું કરવું જોઈએ તે હું તમને કહું છું. એ કહેવા માટે જ ટલો મોટો ધક્કો ખાઈને વડોદરેથી અહીં આવ્યો છું: આવી વાતો રૂબરૂ કરેલી સારી. કાગળપત્રમાં ગોટાળો થાય. જીવતા માણસની મૈયત નીકળે એવું થાય! જુઓ, આવતે સોમવારે મારે ત્રણ વાનાં કરવાનાં છે. પહેલાં તો મારે વકીલ પાસે જઈને મારા વીલમાં ફેરફાર કરાવવાનો છે; પછી મારે વીમા કંપનીમાં જઈને, મારા પ્રિમિયમના પૈસા ભરવાના છે; ને પછી અદાલતમાં જઈને મારાં લગ્ન રજિસ્ટર કરાવવાનાં છે!

દુર્લભ–મનમોહન: શું કહ્યું, મોટાકાકા?

શીલા: તમારાં લગ્ન? રજિસ્ટર લગ્ન?

રમા: કાકાનું ભેજું ઠેકાણે લાગતું નથી.

[બધાં જ ડઘાઈ ગયલાં જણાય છે.]

મોટાકાકા: તમને સંભળાયું નહીં? હું પરણવાનો છું.

રમા: કોને?

મોટાકાકા: વડોદરામાં, એક વિધવા વાણિયણને. ગયે અઠવાડિયે જ અમે એ નક્કી કર્યું છે, ને એ સમાચાર મારે તમને અહીં જાતે આવીને આપવા હતા. (ઊઠીને) મારો અંતરાત્મા મને કહેતો હતો કે હું તમારે માથે વેઠ જેવો પડ્યો છું એમ તમને લાગે છે; એટલે આસાનીથી ને આનંદથી મારો બોજો પોતાને શિરે ઉઠાવી લે એવી કોઈક વ્યક્તિને હું શોધતો હતો, ને એવી વ્યક્તિ મને મળી ગઈ છે. હવે હું એને પરણીશ. મારા લગ્નમાં પધારવાનું આમંત્રણ તમને સૌને આપવા માટે જ, હું ખાસ જાતે આજ અહીં આવ્યો છું. (બારણાં પાસે જઈને) વારુ તો, એ લગ્નવિધિ સોમવારે થશે. તમે બધાં રવિવારે રાત્રે નીકળશો તો ચાલશે. બાબુ સ્ટેશને તેડવા આવશે. (બારણાં ખોલીને) રમા, મારું લખવાનું ટેબલ ને ઘડિયાળ તું નીચે લઈ આવી એ એક રીતે તેં ઠીક કર્યું. લગ્ન પછી મારે એ ઉપડાવી જવું પડશે ત્યારે સહેલું પડશે! અચ્છા, સાહેબજી! (જાય છે.)

[પડદો]

*

પાતાલપ્રદેશનાં નિવાસીઓ

લેખક :
શ્રી મનુભાઈ મહેતા

લુબેન્સની પત્ની અને માતા, ફ્રાંસના પીરીનીઝ પર્વતની તળેટીમાં આવેલા એક દુર્ગમ સ્થળે ખિન્ન વદને ઊભેલાં જણાય છે. એમનાથી થોડે જ દૂર, એક નાનકડી ગુફા જેવું દેખાય છે. એ ગુફા ઉપર તેમની મીટ મંડાયેલી છે.

થોડી વારે ગુફાના મુખ ઉપર બાંધેલું દોરડું હાલે છે અને એક આદમી બહાર આવે છે. એના મુખ ઉપરથી જ અમંગળની એંધાણી મળી જાય છે. લુબેન્સની પત્ની અને માતા ધ્રુસકે-ધ્રુસકે રડી પડે છે.

હજી તો ગઈ કાલે જ લુબેન્સ આ ગુફામાં ઊતર્યો હતો. લુબેન્સ ગુફાઓનાં સંશોધનનો ભારે રસિયો. અરધી જિંદગી એણે એ સંશોધનમાં જ ગુમાવી હતી. ગઈ કાલે ગુફામાં ઊતરીને પાછા ચઢતાં એનું દોરડું તૂટ્યું, અને એ ૨૦૦૦ ફૂટ નીચે તૂટી પડ્યો. એની સારવાર માટે ડૉકટરને અંદર મોકલવામાં આવ્યો, પણ એ કાંઈ પણ કરી શકે તે પહેલાં જ, લુબેન્સ આ દુનિયા છોડી ગયો. લુબેન્સના શબને ઉપર લાવવાનું પણ શકય નહોતું એટલે એને ૧૫૦૦ ફૂટ ઊંડે ગુફાના એક ખૂણામાં જ દફનાવવામાં આવ્યો. ગુફાનો એક પ્રેમી ગુફામાં જ સમાઈ ગયો.

આ ગુફાઓમાં એવું તે શું છે કે એના પ્રત્યે લોકોનો પ્રેમ જાગે છે અને જાનનું પણ જોખમ ખેડીને લોકો એની સાથે દોસ્તી બાંધે છે? ગુફાની પાછળ જાન ફના કરનાર લુબેન્સ કાંઈ એકલો નથી. એના જેવા બીજા કેટલાક પણ આજ પહેલાં ગુફાની પાછળ મરી ચૂકયા છે. એ લોકોએ ગુફામાં એવું તે શું જોયું હશે કે તેમણે એનાં સંશોધન પાછળ બધું બરબાદ કર્યું?

આ પ્રશ્નનો ઉત્તર હજી આપણને જેટલા વિસ્તારથી જોઈએ તેટલા વિસ્તારથી નથી મળ્યો, પણ જે આછીપાતળી વિગતો પ્રાપ્ત થઈ છે તે પણ ઘણી રોમાંચક છે.

ગુફા તો આપણાં ધર્મશાસ્ત્રોમાં, પ્રાચીન ગ્રંથોમાં અને લોકકથાઓમાં વારંવાર આવે છે. ફલાણા ઋષિ ગુફામાં બેસીને તપ કરતા હતા અને ફલાણા રાજાએ વનવાસ સમયે ગુફામાં રહીને દિવસો નિર્ગમન કર્યા હતા, એવું આપણને વારંવાર વાંચવા મળે છે. આમ છતાં આપણી પડતીની સાથોસાથ આ ગુફાઓ સાથેનો આપણો સંપર્ક પણ આપણે ખોઈ બેઠા છીએ અને ગુફાઓની જે એક જુદી સૃષ્ટિ છે તેનું કશું જ્ઞાન આપણને રહ્યું નથી. એથી જ અહીં જે વિગતો આપવામાં આવી છે તેનો આધાર યુરોપ અને અમેરિકામાં થયેલાં સંશોધનનો જ છે.

આપણા પ્રાચીન ગ્રંથોમાં જેમ ગુફાઓ આવે છે તેમ પાતાળનિવાસી પ્રાણીઓ પણ આવે છે. આપણા પ્રાચીનોએ તો જીવન પ્રત્યેની ચોક્કસ દૃષ્ટિ કેળવી જ હતી. સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ એ ત્રણ લોકની કલ્પના કરીને તેમણે જમીનની નીચે, જમીનની ઉપર અને આકાશમાં પણ પ્રાણીઓ રહી શકે એવી પોતાની માન્યતા પ્રચલિત કરી હતી. આજે આકાશમાં એટલે કે ગ્રહમાળાના પૃથ્વી સિવાયના બીજા ગ્રહોમાં જીવન હોઈ શકે કે કેમ એ પ્રશ્ન આધુનિક વિજ્ઞાનની દૃષ્ટિએ હજી પણ વિવાદાસ્પદ રહ્યો છે, છતાં એટલું તો સ્વીકારાઈ ચૂકયું છે કે જયાં જીવન વિકસી શકે એવી પરિસ્થિતિ હોય ત્યાં જીવન જરૂર વિકસે અને વિલસે છે. વર્ષો પહેલાં વૈજ્ઞાનિકો એમ માનતા કે પૃથ્વી ઉપર જીવનને

એ માત્ર એક વિરલ અકસ્માતના સ્વરૂપ જ છે, પણ હવે એ માન્યતા પડવા માંડી છે. જ્યાં શક્ય હોય જીવન વિલસે જ છે એમ તેઓ તા થયા છે. આઈસલૅન્ડના ચિરકાલથી ચ્છાદિત રહેલા પ્રદેશમાં પણ બરફના ની નીચે બરફિયા જંતુઓ—'સ્નો-વર્મ્સ' આવ્યાં છે અને આપણી પૃથ્વી પરનાં ાંક કીટાણુઓ ૨૦૦ ડીગ્રી સુધીનો તાપ ન કરીને પણ જીવી શકે છે એવું જણાયું એટલે જીવનના વિકાસ માટે ઠંડી અને મીની મર્યાદા કેટલી હોવી જોઈએ એ પણ નિશ્ચિત રીતે કહી શકે એમ નથી. એથી જીવન ક્યાં વિકાસ પામશે અને ક્યાં કે એ કહેવું પણ વૈજ્ઞાનિકો માટે મુશ્કેલ યું છે.×

આપણા પ્રાચીનોએ તો આપણે ઉપર યું તે પ્રમાણે જમીનની ઉપર અને નીચે મ બંને ઠેકાણે જીવન વિકસી શકે એવું ી લીધું છે. આપણી દંતકથાઓમાં તો પાતાળપ્રદેશનાં માનવીઓની પણ વાતો આવે છે. આ માનવીઓની વાત તો કોણ જાણે પણ અર્વાચીન ગુફાઓનાં સંશોધન ઉપરથી એટલું તો માલૂમ પડ્યું જ છે કે પાતાળ પ્રદેશમાં માનવેતર પ્રાણીઓ તો વસે જ છે. બે, ત્રણ કે ચાર હજાર ફૂટ ઊંડી ગુફાઓમાં વસતાં પ્રાણીઓને પાતાળપ્રદેશનાં પ્રાણીઓ નહિ કહીએ તો શું કહીએ ? પૃથ્વીના પેટાળમાં ૪૦૦૦ ફૂટ ઊંડે જ્યાં ચિરંતન નીરવ શાંતિ છે, જ્યાં કાયમી નિગૂઢ અંધકાર છે અને જ્યાં વાતાવરણ હંમેશ ભીનું-ભીનું જ રહે છે, ત્યાં વસતાં પ્રાણીઓની કથા રોમાંચક હોય એમાં નવાઈ શી ?

સૌથી પહેલાં તો આ ગુફાઓ કેવી રીતે થઈ અને પાતાળ પ્રદેશનું કેવી રીતે સર્જન થયું એ આપણે જોઈ લઈએ. આ ગુફાઓ લાખો વર્ષોની પાણીની પ્રવૃત્તિને કારણે સરજાઈ છે. પાણીમાં દરેક ચીજને વધતે ઓછે અંશે ઓગાળવાનો ગુણ છે. પાણીમાં સાકરનો ટુકડો નાંખો તો એ તરત ઓગળી જાય પણ પથ્થરનો ટુકડો નાંખો તો દેખીતી રીતે એ ઓગળતો નથી, છતાં એ પથ્થરના ટુકડાનો અંશ તો કાળે કરીને પાણીમાં ઓગળે જ છે. આવું કાંઈક પૃથ્વી ઉપર કરોડો વર્ષોથી વરસતા પાણીએ પોતાના માર્ગમાં આવતા ખડકો અને પથ્થરોની બાબતમાં કર્યું છે. પથ્થરની બનેલી જમીન ઉપરથી પાણી પસાર થાય ત્યારે પથ્થરની કોઈક તરાડમાંથી એ પાણી નીચે ઊતરે છે અને કાળે કરીને પથ્થરને ઓગાળીને આગળ વધે છે. આમ ખડકની અંદર વધુ ને વધુ નીચે અને વધુ ને વધુ આગળ વધતું પાણી લાખ બે લાખ વરસે પેલા ખડકને કોરીને એની નીચે ગુફા જેવું બનાવી દે છે. આવી ગુફા અડધો, પોણો કે એક માઈલ જેટલી ઊંડી અને માઈલો સુધી લાંબી હોઈ શકે. આ જ આપણો પાતાળપ્રદેશ. આવા પાતાળપ્રદેશનું જે સંશોધન હમણાં-હમણાં થયું છે તે ઉપરથી જણાય છે કે એ પ્રદેશમાં વસનારાં પ્રાણીઓની સંખ્યા પણ કરોડોની છે. એમાં મોટી માછલીથી માંડીને નાનાં જંતુઓનો સમાવેશ થાય છે.

યુરોપમાં આવો પાતાળપ્રદેશ દક્ષિણ ફ્રાંસથી માંડીને ઠેઠ પેલેસ્ટાઈન સુધી વિસ્તરે છે. આ પ્રદેશમાં અરધોએક માઈલની ઊંડાઈએ ક્રીટેશીઅસ યુગનો એટલે કે પાંચથી દસ કરોડ વર્ષ પહેલાંના કાળનો ચૂનાનો પથ્થર પથરાયલો છે. આ પ્રકારના

× ચંદ્ર જેવા ગ્રહ ઉપર જીવન વિકસી શકે જ નહિ, કારણ કે ત્યાં પ્રાણવાયુ નથી એ તો વૈજ્ઞાનિકોએ સ્વીકાર કર્યું છે. જીવનના વિકાસ માટે પ્રાણવાયુ એ પ્રાથમિક જરૂરની વસ્તુ છે.

પથ્થરમાં પાણી વધારે સહેલાઈથી પોતાનું કાર્ય કરી શકે છે અને તેથી આ પથ્થરમાં માઈલોના માઈલો સુધી પથરાયલી ગુફાઓ આવેલી છે. આ ગુફાઓ કોતરનાર પાણી જમીનના વધારે નીચાણવાળા ભાગમાં ઊતરી ગયું છે અને પરિણામે એ ગુફાઓ પ્રાણીઓને રહેવા માટેના, પ્રકાશવિહોણા, અવાજવિહોણા, ગરમીવિહોણા ઘર સમી બની રહી છે. આમ છતાં ત્યાં પ્રાણવાયુ છે અને તેથી ત્યાં જીવન વિકસે છે.

દરેક ગુફાને મુખ તો હોય જ અને એ મુખની આસપાસનો પ્રદેશ થોડા હવા-ઉજાસવાળો અને હવામાન તથા ઋતુના ફેરફારની અસર અનુભવવાવાળો હોય છે, એટલે આ પ્રદેશની આસપાસ વસનારાં પ્રાણીઓ તથા જમીન ઉપરનાં પ્રાણીઓમાં કાંઈ મૂળભૂત તફાવત હોતો નથી. પણ આપણે ગુફાઓમાં જેમ ઊંડે ને ઊંડે ઊતરીએ અને આઘે ને આઘે જઈએ, તેમ અંધકારનું સામ્રાજ્ય વધતું જાય છે અને અમુક અંતર પછી તો પ્રકાશ સદંતર નાબૂદ થઈને નિગૂઢ અંધકાર વ્યાપી રહે છે. આ નિગૂઢ અંધકારનો પ્રદેશ એવો હોય છે જ્યાં બહારની દુનિયામાં ઋતુના અને હવામાનના જે ફેરફારો થાય છે, તેની કશી અસર પહોંચતી નથી. આવા ચિરંતન અંધકાર, ચિરંતન શાંતિ અને ચિરકાલથી ચાલી આવતી એક જ ઋતુમાં જીવતાં અને મરતાં પ્રાણીઓના જીવનનો અભ્યાસ જેટલો રોમાંચક તેટલો જ વિકટ છે. એથી જ આ વસ્તુનો જેટલો જોઈએ, તેટલો અભ્યાસ થયો નથી. આમ છતાં જેટલો થયો છે તે પણ એવો ચમત્કારી છે કે આપણી પુરાણી દંતકથાઓને પણ ભુલાવી દે: દાખલા તરીકે યુગોસ્લાવીઆમાં પોડપેસ્કાનીઆ ખાતે એક ૭થી ૮ કરોડ વર્ષ જૂની ગુફા આવેલી છે. આ ગુફાના નિગૂઢ અંધકારમાં કરોડો વર્ષથી પ્રકાશનું એક પણ કિરણ પેઠું નથી. એનું ઉષ્ણતામાન લાખો વર્ષોથી એકનું એક જ એટલે કે લગભગ ૫૦ ડિગ્રી જેટલું રહ્યું છે. મુંબઈમાં ઉનાળામાં ઉષ્ણતામાન વધીને ૧૦૪ ડિગ્રી જેટલું થાય છે અને શિયાળામાં ઘટીને ૭૦ ડિગ્રી જેટલું થાય છે એ વસ્તુ જો આપણે યાદ રાખશું તો લાખો વર્ષોથી ઉષ્ણતામાનમાં માત્ર બે ડિગ્રીની જ વધઘટ અનુભવતું આ ગુફાનું હવામાન કેવું વિચિત્ર ગણાય એનો આપણને ખ્યાલ આવશે. આવી ગુફામાં પરિસ્થિતિનું જે સાતત્ય નજરે પડે છે તે દરિયાના પેટાળ સિવાય બીજે કોઈ ઠેકાણે નજરે પડે એમ નથી...અને દરિયાના પેટાળની પરિસ્થિતિ જેવી રુદ્રમુખ સર્વભક્ષી હોય છે તેવી જ આ ગુફાઓમાંની પરિસ્થિતિ પણ હોય છે.

આ ગુફાઓમાંનું મુખ્ય તત્ત્વ એ પાણી છે. આ પાણી જો ગુફામાંથી જોરશોરથી વહેતું હોય તો ગુફા અવાજથી ભરાઈ જાય છે –પણ આવું કવચિત જ બને છે; જો ધીમે વહેતું હોય તો ગુફામાં ખળખળ અવાજ આવે છે. કોઈક ઠેકાણે ગુફામાં માત્ર સરોવર જ રચાઈ ગયેલું હોય છે એટલે એ સરોવરની અંધારિયા માછલીનું નૃત્ય જ, એ ગુફામાંના અવાજનું કારણ બની રહે છે. વળી કોઈક ગુફામાં પાણી માત્ર ટીપે-ટીપે ટપકતું જ હોય છે અને પાણીનાં આ જુદાંજુદાં સ્વરૂપો, ગુફામાંના પ્રાણીજીવનને જુદુંજુદું સ્વરૂપ આપે છે. કુદરતની લીલા કેવી અકળ છે! પૃથ્વી ઉપર હવામાનના ફેરફારને કારણે પ્રાણીઓનાં સ્વરૂપોમાં ફેરફાર થયા છે. પૃથ્વીના પેટાળમાં જ્યાં હવામાન સતત એક જ પ્રકારનું રહે છે ત્યાં પાણીના સ્વરૂપના ફેરફારને કારણે પ્રાણીઓના સ્વરૂપમાં ફેરફાર થાય છે! આથી જ

આ પાતાળપ્રદેશમાં એક જ ાં નહિ પણ અનેક પ્રકારનાં પ્રાણીઓ ને જોવા મળે છે. ગુફાઓની એક ાંથી તમને ચોક્કસ પ્રકારનાં અળ- મળી શકશે, એની કાદવિયા જમીન- તમને ચોક્કસ પ્રકારની જળો મળી અને બહારની દુનિયામાંથી તણાઈ કચરામાંથી તમને વળી બીજાં જ તાં જંતુ મળી આવશે. આ અંધારી ામાં વૈવિધ્ય નથી એમ તો તમે ો જ નહિ.

આ અંધારી દુનિયાનાં પ્રાણીઓમાં છે છતાં એક વસ્તુ એ લોકોમાં ત્ય છે. એક તો એ કે એ પ્રાણીઓ- ણાંને તો બિલકુલ આંખો નથી, જ્યારે કને જે આંખો છે તે બિલકુલ નાની- માં ન આવે એવી છે. પ્રકાશ વિના ને જોવાનું શું હોય કે કુદરત એમને ો આપે? બીજું આ પ્રાણીઓ ચામડી- ોઈ પણ પ્રકારનો રંગ ધરાવતાં નથી. સાથ આ પ્રાણીઓમાં હવાનો નાનામાં ો પ્રવાહ પારખવાની શક્તિ પણ અતિ બની ગયેલી હોય છે. ગુફાઓમાં હવા ાન્ય રીતે હંમેશ સ્થિર જ હોય છે. સ્થિર હવામાં જો જરા જેટલો પણ નો સંચાર થાય તો આ પ્રાણીઓને ર પડી જાય છે અને એ પ્રાણીઓ પોત- ાની જાતને સમાલવા મંડી પડે છે. સૌને વહાલો છે' એ ઉક્તિ આ ળવાસી પ્રાણીઓને પણ લાગુ પડે છે. ફામાંનાં પ્રાણીઓ કરોડો વર્ષથી એક જગ્યાએ જન્મતાં, જીવતાં અને મરતાં ઓ છે અને એ પ્રાણીઓનો અભ્યાસ કરોડો વર્ષ દરમિયાનની તેમની ન્તિનો ક્રમ કેવી રીતે અમલમાં આવ્યો વા માટેની સારામાં સારી વસ્તુ છે.

યુરોપમાં છેલ્લો હિમયુગ ૧૦ લાખ વર્ષ પહેલાં આવ્યો ત્યારે ઉત્તરધ્રુવથી માંડીને ઠેઠ દક્ષિણ યુરોપની ગુફાઓ સુધીનો બધો પ્રદેશ બરફથી ઢંકાઈ ગયો હતો, પણ ખૂબી એ થઈ હતી કે બરફ દક્ષિણ યુરોપની ગુફાઓને આવરીને આગળ વધ્યો નહોતો. આથી ઉત્તર યુરોપના સમગ્ર પ્રાણી–જીવન ઉપર એ હિમયુગની જે અસર થઈ હતી તે અસરમાંથી આ ગુફાવાસી પ્રાણીઓ બચી ગયાં હતાં. આ ગુફામાંનાં પ્રાણીઓ અને ઉત્તર યુરોપનાં પ્રાણીઓનો તુલનાત્મક અભ્યાસ કરવાથી ઉત્ક્રાન્તિનો સિદ્ધાંત કેવી રીતે કામ કરે છે એ વધારે સારી રીતે સમજી શકાય એમ છે–જો કે આ દિશામાં હજી ઝાઝી પ્રગતિ થઈ નથી.

આ ગુફાવાસી પ્રાણીઓનો ખોરાક તો મુખ્યત્વે કરીને બહારથી જ આવે છે. 'જીવ જીવને ખાય' એ નિયમ અનુસાર, ગુફાવાસી પ્રાણીઓમાંથી જે માંસાહારી પ્રાણીઓ છે તે તો નાનાં પ્રાણીઓને ખાઈને જીવે છે, પણ એ પ્રાણીઓમાંથી જે માંસાહારી નથી તેઓ તો, ગુફામાં પાણી સાથે ઘસડાઈ આવતો ઝાડપાલો ખાઈને જ જીવે છે. કુદરતનો સામાન્ય નિયમ એવો છે કે પ્રાણી જે દુનિયામાં જીવતું હોય તે દુનિયામાંથી એને ખોરાક મળી રહે છે. ગુફાવાસી વનસ્પત્યાહારી પ્રાણીઓ આ બાબતમાં અપવાદ છે. કુદરત એમને માટે ખોરાક બહાર તૈયાર કરીને અંદર મોકલે છે.

આ પ્રાણીઓનું સંવનન અને સંવર્ધન પણ અમુક અપવાદોને બાદ કરતાં લગભગ સતત જ ચાલ્યા કરતું હોય છે. પૃથ્વી ઉપરનાં પ્રાણીઓનું સંવર્ધન ઋતુના અને હવામાનના ફેરફાર ઉપર આધાર રાખતું હોય છે, પણ ગુફામાં તો એવા કોઈ ફેરફાર હોતા જ નથી એટલે ગુફાવાસી પ્રાણીઓની સંવર્ધનની પ્રવૃત્તિમાં પણ એક પ્રકારનું સાતત્ય આવી

જાય છે.

અત્રે એક વસ્તુ જણાવી દેવાની જરૂર છે. પૃથ્વી ઉપરનાં પ્રાણીઓનાં સંવનન અને સંવર્ધનમાં રંગ ઘણીવાર અગત્યનો ભાગ ભજવી જાય છે, પણ ગુફામાં તો સતત અંધકાર જ હોવાથી આ રંગની અગત્ય બિલકુલ રહેતી નથી. કેટલાક પ્રાણીવિદ્દોનું તો માનવું છે કે વસ્તુસ્થિતિ આવી હોવાને કારણે જ ગુફામાંનાં ઘણાંખરાં પ્રાણીઓનો રંગ ઊડી ગયો છે અને તેઓ ધોળાં થઈ ગયાં છે. ગુફામાં આવેલાં કોઈક નાનકડાં સરોવરનાં પાણીમાંની માછલીઓ પણ તદ્દન સફેદ હોવાનું ઘણા કિસ્સાઓમાં માલૂમ પડ્યું છે.

કુદરતની આવી લીલા છે. ચિરઅંધકારવાળી ગુફામાં પ્રાણીઓ શું કામ જીવતાં હશે એ પ્રશ્ન પૂછવો અસ્થાને છે; કારણ કે ઘરની ગરોળીની રક્તવાહિનીઓમાં અને માછલીના પિત્તાશયમાં જંતુઓ—નાનાં સૂક્ષ્મ જંતુઓ નહિ પણ મોટાં, આંખે દેખાય એવાં જંતુઓ જન્મે છે અને જીવે છે તો પછી આ ગુફાનું તો કહેવું જ શું? આવી ગુફામાં કોઈ ઉચ્ચ પ્રકારનાં પ્રાણીઓ જીવી શકે કે કેમ એવો કોઈ પ્રશ્ન કરે તો એને પણ એટલું જ જણાવવાનું કે આ દુનિયામાંથી ચમત્કારો હજી અદૃશ્ય નથી થયા. આ ગુફાઓના સંશોધનની દિશામાં હજી તો પાશેરામાં પહેલી પૂણી પણ થઈ નથી. ભવિષ્યમાં એ ગુફાઓમાંથી શું જડશે એ કોણ કહી શકે એમ છે!

⁂

કોઈ એક સંધ્યાએ હું સાગરના તટે બેસું છું. કદીક ત્યાં ઓટ હોય છે, કદીક ત્યાં ભરતી હોય છે. ભરતી ટાણે, સાગરનાં મોજાં મારી સાથે વાત કરવા આવે છે, ઓટ વખતે મોજાં મારાથી દૂર ભાગે છે. એ ભરતી અને ઓટમાં મને અવારનવાર સુખ અને આંસુ મળે છે. હું સુખને આવકારું છું અને આંસુને દૂર રાખવા પ્રયત્ન કરું છું. એકે દિવસ બન્ને સાથે મારી પાસે ચિંતનનો સંગાથ સાધીને આવ્યા. સુખે મને પૂછ્યું: 'તું મને કેમ આવકારે છે?' મેં કહ્યું: 'કારણકે મારા ભવિષ્યમાં હું તારાં દર્શન કરું છું.' આંસુએ મને પૂછ્યું: 'તું મને કેમ દૂર રાખવા માગે છે?' મેં કહ્યું: 'કારણકે તું ભૂતકાળની ચિંતાની કણિકાઓનો સંગ્રહ છે.'

તે બન્ને ચાલ્યાં ગયાં. બીજે દિવસે ભવિષ્ય અને ભૂત બંને ચિંતન સાથે આવ્યાં. ભૂતકાળે કહ્યું: 'તું મૂર્ખ છે. સુખ ભવિષ્ય સાથે નહિ, ભૂતકાળ સાથે સંકળાયેલું છે. મારો સંગાથ સાધવામાં જે કંઈ સુંદર છે તેને જ તું સ્મરે છે, અને તે છે સુખ.' ભવિષ્યે કહ્યું: 'તું મૂર્ખ છે. આંસુ, નિરાશા કે દુઃખ, ભવિષ્યની કલ્પનામાંથી જન્મે છે.'

હું સમજી શક્યો નહિ. તે બન્ને ચાલ્યા ગયા અને ચિંતને મને સમજાવ્યો; 'મનુષ્ય ભૂતકાળનાં સ્મરણોમાંથી સુખ મેળવે છે. વર્તમાનમાં તે ભવિષ્યની કલ્પનાનું દુઃખ પામી આંસુ મેળવે છે. નિરાશ પ્રેમી કે ભવિષ્યનો નિર્ધન વર્તમાનની સામે ઊભો રહે છે, પણ ભવિષ્યમાં તેનું શું? તે કલ્પનાથી તે આજથી રડે છે.'

હું સ્થિતપ્રજ્ઞ શો બેસી રહ્યો અને ચિંતને પણ વિદાય થતાં—યતાં કહ્યું: 'ઓ મૂર્ખ! ચિંતા એ મુસીબતનું વ્યાજ છે, જે મુદત થતાં પહેલાં બધાં ભરી દે છે.'

પ્રબોધન

×

ચોર

લેખક :

શ્રી બાબુભાઈ પ્રા. વૈદ્ય

લીનાં નગરજનોના આનંદનો પાર ન હતો. ભારતભરમાં અદ્વિતીય ગણાય તું શિલ્પ તેમની નગરીમાં વર્ષોની ત જહેમતને અંતે તૈયાર થયું હતું. થયેલી ભગવાન બુદ્ધદેવની સો હાથ પ્રતિમા ભવ્યતા અને કમનીયતામાં હતી. આજ સુધી અનેક સ્થળે ભગ- બુદ્ધની પ્રતિમાઓ કંડારવામાં આવી પરંતુ વૈશાલીની આ પ્રતિમામાં વિશા- અને સુંદરતાનો જે સુમેળ હતો તે ક્યાંય જોવા મળે તેમ ન હતો. પ્રતિમા જોતાં માનવ-અંતરમાં ઉત્કૃષ્ટ ભાવો તા હતા.

પ્રતિમા પરિપૂર્ણ થયા બાદ તેની આંખોની ઓમાં લાખ-લાખ સુવર્ણ મહોરની તનાં બે રત્નો જડવાના પ્રસંગને પ્રજા સ્વરૂપે ઊજવી રહી હતી. હજારોની ખ્યામાં લોકો પ્રતિમાના સુડોળ, લાલિત્ય ને પ્રેરણાદાયી કોતરકામને આનંદપૂર્વક હાળી રહ્યા હતા. જનતાનો આ સ્વયંભૂ કો ચોમેર ઉલ્લાસ પ્રસરાવી રહ્યો હતો.

પ્રતિમા એટલી ઊંચી અને વિશાળ હતી તેની આંખોમાં રત્ન જડવા માંચડા પર લા શિલ્પી અને મજૂરો નીચેથી જોનારને જેવા દેખાતા હતા. પવિત્ર પહાડને રીને તેમાંથી અપાર્થિવ દિવ્યતા ઊભી વાનો આ પ્રયાસ જનહૃદયમાં વિનમ્ર ભાવ પ્રસરાવ્યા વિના નહતો રહેતો.

'શી અનુપમ આ મૂર્તિ છે!' એકત્રિત મેદનીમાં વાતો થઈ રહી હતી.

'આવી પ્રતિમા કંડારવાની કલ્પના કો શિલ્પીને જ આવી શકે!' બીજાએ કહ્યું.

'જે પ્રજાનાં અંતસ્તલે સાચી મહત્તા પડી હોય તેમાં જ આવી ભવ્યતા મૂર્તિમંત કરી શકે તેવા શિલ્પી પાકે,' ત્રીજાએ આછો ગર્વ અનુભવતાં કહ્યું.

'ભગવાનના મુખ પરનો સૌમ્ય ભાવ તો જુઓ! તેમના હસુંહસું થતા હોઠનો સૌંદર્યપૂર્ણ મરોડ જુઓ! તેમની નમણી નાસિકાનો અદ્ભુત વળાંક જુઓ! આટલી વિરાટ પ્રતિમા સર્જવા છતાં શિલ્પીએ દિવ્યભાવ રજૂ કરવા માટે જરૂરી એવી એક પણ રેખા નજર બહાર જવા દીધી છે? આ કંઈ નાનીસૂની સિદ્ધિ નથી,' ચોથાએ ભક્તિભાવપૂર્ણ સ્વરે કલાકારની અદાથી કહ્યું.

'અને ભગવાનની આંખો જાણે અમૃત નીતરતી!' પાંચમાએ કહ્યું.

'ભગવાનનાં નેત્રોમાં જ્યારે રત્નો બેસાડી દેવામાં આવશે, ત્યારે તેમાંથી પ્રકટતો તેજઃપુંજ ઝીલીને અનેક માનવીઓ કૃતકૃત્ય થશે. કવિઓને તે પ્રેરણા પાશે. ભક્તોને તેમાંથી શાંતિ લાધશે. પ્રેમીઓ તેના પ્રકાશે પોતાની જીવનકેડી નિહાળશે,' છઠ્ઠા શહેરીએ કહ્યું.

'ભગવાનનાં નેત્રોમાંથી આ રત્નો કોઈ ચોરી તો નહીં જાય ને?' સાતમા શહેરીએ ડરતાં ડરતાં પૂછ્યું.

'શું કહ્યું?' પહેલા શહેરીએ પૂછ્યું.

'આ પ્રતિમાની ઊંચાઈ જોઈ?' બીજાએ પૂછ્યું.

'એ તો જોઈ પણ...' સાતમાએ કહ્યું.

'પણ શું?' પહેલા શહેરીએ કહ્યું, 'આવા અનુભવી શિલ્પીઓ સિવાય બીજો કોઈ આ માંચડા પર કદાચ ચડી જાયને તોપણ ઊંચે ચડ્યા પછી નીચે જોવા જાય તો તમ્મર

આવતાં નીચે પડે.'

'પણ સોહન જેવો કોઈ ચોર...' સાતમા શહેરીના મનની શંકાનું હજી નિરસન થયું ન હતું.

'અરે, ભાઈ! તમે મુઝાઓ છો શા માટે? જે જગ્યાએ ભગવાનની આવી અપ્રતિમ પ્રતિમા ઊભી થઈ છે તે હવે રેઢી રહેશે કે? અહીં તો ચોવીસે કલાક ચોકીદારો રહેશે.'

'ચોકીદારો તો શ્રેષ્ઠીઓનાં મહાલયો અને રાજમહેલોમાં હોય જ છે ને, છતાં.'

'આ જગ્યાએ તો રાજના ચોકીદારો ઉપરાંત જનસમૂહની પણ સતત ચોકી રહેશે. અહીં આપણે સુંદર ઉદ્યાન બનાવીશું. આ વેરાન લાગતા પ્રદેશને આપણે વૃક્ષો, લતાઓ અને પુષ્પોથી રમણીય બનાવી દેશું. આ જગ્યાએ સદૈવ કીડિયારાની જેમ માનવો ઊભરાતાં રહેશે. પછી કયા ચોરની તાકાત છે કે તે આ રત્નો ચોરવાની કલ્પના પણ કરે?'

શહેરીઓનો આ સ્વાભાવિક વાર્તાલાપ ચાલી રહ્યો હતો, ત્યારે વૈશાલીનો નામચીન ચોર સોહન તેમની વચ્ચે ઊભીને એ બધું સાંભળી રહ્યો હતો. શહેરીઓના એ વાર્તાલાપમાં તેને પોતાના કસબને પડકાર થતો લાગ્યો. સોહન કંઈ બોલ્યો નહીં, પણ તેણે મનોમન નિશ્ચય કરી લીધો કે 'પ્રતિમાની કીકીનાં આ રત્નો ચોરી ન શકાય ત્યાં સુધી બીજી કોઈ ચોરી કરવી નહીં.'

દિવસ અને રાત તડામાર કામ ચાલુ રાખીને ભગવાનની પ્રતિમા પરિપૂર્ણ કરવામાં આવી. પ્રતિમાની કીકીમાં અમૂલ્ય રત્નો ઝળહળી ઊઠ્યાં. રત્નો જડવાનું કામ પૂરું થતાં માંચડો છોડી નાખવામાં આવ્યો, તે પહેલાં તો પ્રતિમાની આસપાસ ભવ્ય ઉદ્યાન રચવાનું કામ શરૂ થઈ ગયું હતું. સેંકડો માણસો કામે લાગી ગયાં હતાં.

સોહન ધારે તોપણ માંચડો બાંધેલો હતો ત્યાં સુધી તે પ્રતિમાની કીકીનાં રત્નો કાઢી શકે તેમ ન હતો, પરંતુ માંચડે ચડીને પ્રતિમાનાં રત્નો ચોરી શકાય તેવું હોય તો પણ સોહન તેમ કરવા તૈયાર ન હતો.

'...બીજો કોઈ આ માંચડા પર કદાચ ચડી જાયને તોપણ ઊંચે ચડ્યા પછી નીચે જોવા જાય તો તમ્મર આવતાં નીચે પડે.' એ વાકયમાં બેવડો પડકાર હતો. એક તો જેમને ટેવ ન હોય તે માંચડો હોવા છતાં ઊંચે ચડી ન શકે. બીજું જો જેમતેમ કરીને કોઈ ચડી જાય તો ઉપર ચડ્યા પછી નીચે જોતાં પટકાયા વિના ન રહે.

આમ બોલનારાને સોહનનો પૂરો પરિચય ન હતો. કદાચ સો હાથનો વાંસડો ઊભો કરવામાં આવે તો તેના પર ચડીને વાંસડા સાથે પોતાની બરાબર સમતુલા જાળવી શકે તેવી સોહનમાં શક્તિ હતી. આ પ્રતિમાથી પણ ઊંચાં એવાં મહાલયોનાં છાપરાં પર ચડીને તેણે અનેક ચોરીઓ કરી હતી. પ્રતિમાનાં રત્નો ચોરવામાં તે માંચડાનો ઉપયોગ કરે તો તેની કલાને બટ્ટો લાગે. સોહન સામાન્ય ચોર ન હતો. એ તો ચોરોમાં શ્રેષ્ઠ ગણાતો. બીજાઓ કરે તેવી ચોરી કરવામાં તેને રસ ન હતો. અનેક ચોરીઓ કરવા છતાં હજી કોઈ સોહનને પકડી શકયું ન હતું. સોહને

માંચડો બાંધેલો રહ્યો ત્યાં સુધી પ્રતિમાની કીકીનાં રત્નો તરફ જોયું પણ નહીં. માંચડો છોડી નાખવામાં આવ્યો તે દિવસથી સોહને ભગવાન બુદ્ધની પ્રતિમાને બારીકાઈથી નિહાળવાનું શરૂ કર્યું. પ્રતિમાના દર્શને હજારો માનવીઓ આવતાં, તેમાં ભળી જઈને સોહન પણ પ્રતિમાની પ્રદક્ષિણા ફરતો. ભાવિકો પ્રતિમાનાં શ્રદ્ધાપૂર્વક દર્શન કરતાં તો સોહન ચોરની નજરથી પ્રતિમાનું નિરીક્ષણ કરતો.

પર ક્યાંથી ચડી શકાય તેમ છે, કેટ- ઊંચે ઊભા રહેવાના લાગ છે, ગાળિયા કયે ઠેકાણે નાખી શકાય તેમ છે અને ક્યાં ઊભીને આંખનાં રત્નો કાઢી શકાય છે, તેનો ક્યાસ કાઢવામાં સોહન તલ્લીન જતો.

થોડા દિવસોમાં તો સોહન પ્રતિમાના એક ખૂણા અને વળાંકથી પરિચિત થઈ હવે તો તેને ઉપર ચઢવાનો લાગ વાનું બાકી રહેલું હતું. સોહન પોતાનું વહેલામાં વહેલી તકે પતાવવા ઉત્સુક રત્નો ન ચોરી શકાય ત્યાં સુધી બીજી ચોરી ન કરવાની તેની પ્રતિજ્ઞાથી સોહન થોડુંક ભીંસ અનુભવી રહ્યો હતો. સોહન રી કરતો પણ એક ચોરીમાંથી મેળવેલી ત વપરાઈ ન જાય ત્યાં સુધી બીજી ચોરી તો નહીં. ચોરી કરવામાં સોહન એક રનો આનંદ અનુભવતો; એટલે ચોરી- થી મેળવેલું ધન જેમ બને તેમ જલદી રી નાખી, તે બીજી ચોરી માટેની તક લદીથી ઊભી કરતો. આવી ટેવને લીધે હનને છૂટે હાથે પૈસા વાપરવાની ટેવ પડી ઈ હતી.

પણ સોહનને પ્રતિમા પર ચડવાનો કોઈ ગ મળતો નહીં. દિવસભર તો લોકોની જમેલી રહેતી, પરંતુ રાતે ય એ સ્થળ જન ન બનતું. થોડાં અઠવાડિયાં વીત્યાં સોહનને ખાવાના સાંસા પડવા લાગ્યા. કોઈ ચોરી કરવા જવાય તેમ ન હતું, રણ કે સોહન અંતરમાં લીધેલી પ્રતિજ્ઞાથી ઈ ગયો હતો. પ્રતિજ્ઞાનું ગૌરવ ખંડિત વા દેવા તે તૈયાર નહોતો.

પેટનો ખાડો પૂરવા માટે સોહને સામાન્ય રી કરવાનું શરૂ કર્યું. દિવસભર થકવી રી મજૂરી કરી, રાતે બાર વાગ્યે સોહન નો ચોરી લાવવાના આશયથી પ્રતિમા સમક્ષ હાજર થઈ જતો.

સોહનનું નામ અઠંગ ચોર તરીકે જાણીતું હતું, પરંતુ તેને દીઠે ઓળખનારું કોઈ નહોતું. સોહને શ્રેષ્ઠીનાં મહાલયો, રાજવીઓના પ્રાસાદો, ધર્મમંદિરો વગેરેમાં હેરત પમાડી દે તેવી ચોરીઓ કરી હતી. ચોરી કર્યા બાદ એ પોતે જ ચિઠ્ઠી મૂકતો જતો અને નીચે સહી કરતો: ‘સોહન!’

લોકો સોહનના નામથી કંપતાં, અનેક ચોકીદારોની આંખો આંજીને ચોરી કરી જતો. સોહન લોકકલ્પનામાં ઘણો ભયંકર માનવ ઠરી ચૂકયો હતો. પરંતુ ભગવાનની પ્રતિમાની આસપાસ લોકો સોહનને સંપૂર્ણ લાપરવાહીથી ટહેલતો જોતા ત્યારે તેઓ તેને કોઈ અનન્ય ભક્ત માનતા. સોહન કસબી હતો. તેનો કસબ પોતાની જાતને છુપાવવામાં સમાયો હતો. તેની આંખોમાં ચોરનો નહીં પણ ભક્તનો ભાવ પરખી શકાતો.

સવારના સાતથી સાંજના છ સુધી મજૂરી કરી, ઘેર આવી વાળુ પતાવી, ત્રણેક કલાકની ઊંઘ લઈને સોહન રાતના બાર વાગ્યે પોતાને ઘેરથી નીકળી પ્રતિમા પાસે પહોંચતો ત્યારે રસ્તામાં અનેક મકાનો તેને હાથફેરો કરવાની દૃષ્ટિએ લલચાવનારાં દેખાતાં. શરૂઆતમાં તો સોહનને આવાં મકાનોમાં ચોરી કરવા જવાની ઇચ્છાને રોકવા માટે પ્રયત્ન કરવો પડતો, પરંતુ સમય જતો ગયો અને પ્રતિમાની આંખની કીકીનાં રત્નો કાઢી લાવવામાં ઢીલ થવા લાગી તેમ બીજાં ફાડવાલાયક ઘર પર નજર નાખવાની વૃત્તિ પણ તેના અંતરમાંથી ઓસરવા લાગી.

સોહનની આ ધૂનનું બીજું પરિણામ એ આવ્યું કે સોહન પોતે જે મોટાં મકાનોમાં ચોરી કરતો તે તો બંધ પડી, પણ ચોરી કરવા નીકળવા માટે ચોરને માટે જે યોગ્ય સમય ગણાય તે સમયે સોહન અચૂક બહાર

નીકળ્યો હોય એટલે નાના ચોર પણ તેની નજરે ચડી જતા. આ લોકો સોહનને ઓળખતા નહીં, પણ ચોરની ધંધાદારી આંખથી તેઓ સોહનને જોતાં સમજી જતા કે સોહન તેમનો ઇરાદો પારખી ગયો છે, એટલે તેઓ પણ ચોરી કરવા જવાને બદલે સામાન્ય સહેલાણીની જેમ બે-ચાર ચક્કર આમતેમ મારીને ઘરભેગા થઈ જતા. આને પરિણામે વૈશાલીમાં ચોરીનું પ્રમાણ ઘણું ઓછું થઈ ગયું હતું. લોકોએ માન્યું કે પ્રતિમાની કીકીનાં રત્નો તેમની સતત ચોકી કરે છે અને તેથી વૈશાલીમાંથી ચોરી અને લબાડી ઓછી થઈ ગઈ છે.

લોક-કલ્પનાએ ભગવાનની કીકીઓનાં રત્નોમાં અપાર્થિવ પવિત્રતા આરોપી. જે કોઈ માનવ શ્રદ્ધાપૂર્વક એ કીકીઓનું અમીવર્ષણ ઝીલે તે ધન્ય બની જાય છે એવી માન્યતા બહુ ઝડપભેર ચોમેર ફેલાઈ ગઈ. પરિણામે માત્ર વૈશાલીનાં નહીં પણ બહારનાંય અનેક માનવો પોતાની જે કંઈ અભળખા હોય તે પરિપૂર્ણ કરવા માટે તે પ્રતિમા સમક્ષ આવી તેની કીકીઓનાં રત્ન સામે મીટ માંડીને બેસતા. આ રીતે બેસવું તે એક પ્રકારનું તપ ગણાવા લાગ્યું હતું.

જે મહાત્માઓને ઈશ્વરના સાક્ષાત્કારની ધૂન લાગે છે, તેઓ જેમ સંસારના બીજા બધા રસમાંથી પોતાની વૃત્તિને પાછી વાળી લે છે, તેમ સોહને પોતાની રત્નો ચોરવાની પ્રતિજ્ઞા પરિપૂર્ણ કરવા માટે સંસારની બીજી બાબતોમાંથી પોતાનો રસ સંકેલી લીધો. દિવસભર તે મહેનત કરતો. કોઈ પણ પ્રામાણિક માણસ પોતાનું પેટ ભરવા માટે જે સન્નિષ્ઠાથી પ્રયત્નશીલ રહે છે તેવી નિષ્ઠાપૂર્વક સોહન પણ પરસેવો પાડીને કમાતો થઈ ગયો. પરિણામે દરેક પ્રામાણિક માનવનું ચિત્ત જે પ્રકારની વિશુદ્ધિ ધરાવતું હોય છે, તેવી વિશુદ્ધિ સોહનના ચિત્તને પણ તેની જાણ વિના ધીમેધીમે અજવાળતી રહી.

ભગવાન સોહનની ધીરજની-નિષ્ઠાની કસોટી કરતા હોય તેમ પ્રતિમાની કીકીઓમાં રત્ન બેસાડ્યાને એક મહિનો-બે મહિના-ત્રણ મહિના-છ મહિના-અરે, એક વર્ષ-ત્રણ વર્ષ...એમ કરતાં બારબાર વર્ષ વીતવા આવ્યાં.

સોહન દરરોજ પ્રતિમાની પ્રદક્ષિણા ફરતો રહ્યો: પ્રતિમાને નજરથી માપતો રહ્યો: મનમાં ને મનમાં ગાળિયાના લાગ નક્કી કરતો રહ્યો: લોકો જો એકાદ કલાક આઘાપાછા થઈ જાય તો પોતાનું કામ પતી જાય તેમ છે એમ વિમાસતો રહ્યો. પણ તેને ગાળિયો ફેંકી પ્રતિમા પર ચડવાની તક બારબાર વર્ષો સુધી ન મળી તે ન જ મળી.

સવારના પાંચ વાગે એટલે સોહનનાં પગલાં ઘર તરફ પાછાં ફરતાં. પાછા ફરતાં એ કદી નિસાસો નાખતો નહીં. રત્નો ચોરી લેવાની પોતાની શક્તિમાં કદી શ્રદ્ધા ગુમાવતો નહીં. દિવસ ઊગ્યે સોહન પાછો ખાઈ-પીને પોતાના મજૂરીના કામ પર ચડી જતો.

શિયાળાની ઠંડીમાં લોકો શાલ-દુશાલા ઓઢીને પ્રતિમા પાસેના ઉદ્યાનમાં આવીને બેસતા. કંઈક કવિરાજો કડકડતી ઠંડીમાં પ્રતિમાની કીકીના ઝળહળાટમાંથી જોમવંતાં કાવ્યો સર્જવાની પ્રેરણા મેળવતા. પ્રતિમાની પ્રતિષ્ઠા ધીમેધીમે કરતાં સમગ્ર ભારતમાં પ્રસરી રહી હતી. અનેક ભાવિકો આ પ્રતિમામાં પ્રભુના વિરાટ સ્વરૂપનું સુભગ દર્શન પામતા.

પ્રતિમાનો ભક્તસમુદાય વધવા લાગ્યો તેમતેમ સોહનની મુશ્કેલી વધવા લાગી. જે ભક્તો અને ભાવિકો પ્રતિમાનાં દર્શને આવતા તેમની નજર પળેપળે પેલાં રત્નો પર મંડાતી.

બધી નજરો ચૂકવીને કદાચ પ્રતિમા ડી શકાય, પરંતુ કીકીનાં રતન કાઢ- તો અશક્ય હતું.

સંત અને ગ્રીષ્મની રાતોમાં આ ની ચોમેર . દરરોજ રાતે મેળો હોય તેવું દૃશ્ય ખડું થતું. અનેક રીઓ આછાં વસ્ત્ર પરિધાન કરીને નાં દર્શન કરતાં–ધન્યતા અનુભવતાં, રાત ઉદ્યાનમાં પડ્યાં રહેતાં. પ્રતિ- શીતલ નજર સંસારી માનવોના ત્રિવિધ શમાવનારી છે, એ જાતની માન્યતા પ્રસરી ગઈ હતી. જે કોઈને રાત–બે પ્રતિમાની નજરનું ક્યારેક વિશિષ્ટ ધારતું તેજ ઝીલવાનું સદ્‌ભાગ્ય તું તેમના જીવનમાં સુખ અને સમૃ- ઉષાનો ઉદય થતો એમ લોકો માનવા હતા. મહિને–બે મહિને ક્યારેક માની નજરમાંથી આવું વિશિષ્ટ તેજ રતું.

ચોમાસામાં વરસતા વરસાદે લોકો મોટી સંખ્યામાં ત્યાં ન આવતા, પરંતુ ના કમભાગ્યે એક વખત તેણે પ્રતિમા ળિયો ફેંકવાની તૈયારી કરી ત્યાં તેને માણસનાં પગલાં સંભળાયાં. સોહન બનીને ઊભો રહ્યો, પેલા આદમીએ ને કહ્યું. 'ઓહો! આજે ભગવાનની નાં રત્નો કેવો આહ્‌લાદક પ્રકાશ છે!'

'ઘણો આહ્‌લાદક!' સોહને કહ્યું.

'હું મહિનાઓથી દરરોજ પ્રતિમાનાં આવું છું. તમને પણ દરરોજ અહીં છું. પણ આજે ભગવાનની દૃષ્ટિમાં જે મય તેજ વર્ષે છે, તેવું તમે ક્યારેય છે?'

'ના, જી! આવું અમીમય તેજવર્ષણ જ જોવા પામ્યો છું,' સોહને કહ્યું, 'આવું તેજ જે ઝીલે તે ધન્ય બની જાય છે. આવો, આપણે બંને આજે સાથે બેસીને સારીય રાત આ અમૃતનું પાન કરીએ.'

'ચાલો!' કહી સોહન તે માનવીની સાથે સવારોસવાર ભગવાનની કીકીનું દર્શન કરતો બેઠો. કીકીનાં અમીવર્ષણમાં જે શ્રદ્ધા પેલા માનવમાં હતી તે સોહનમાં નહોતી. પરંતુ આનાકાની કરવાથી વહેમ ઊભો થવાનો ભય હતો, એટલે સોહને વરસતા વરસાદે બેસી રહેવાનું મુનાસિબ ધાર્યું હતું.

આવી રીતે કોઈને કોઈ અંતરાય આવી પડતાં સોહનની બાજી છેક છેલ્લી ઘડીએ ઊંધી વળી જતી, છતાં ભગવાનની કીકીનાં રત્નો ચોરી જવાનો તેનો સંકલ્પ જરા ય મોળો પડ્યો નહોતો. સોહનના જીવનના બીજા બધા રસ ઓસરી ગયા હતા: વિકારો શમી ગયા હતા. રત્નો ચોરવાનો પ્રયાસ એક તપ સમાન બની ગયો હતો. દરેક પ્રકારનું તપ માનવના આત્માને પ્રબળ બનાવે છે, તેમ સોહનનો આત્મા પણ એક પ્રકારનું જોમ પ્રાપ્ત કરી રહ્યો હતો. રત્નો ચોરવાની એકાગ્રતાએ તેને નવીન શક્તિ આપી હતી. દિવસભરની મજૂરીએ તેને સાદગીની ભવ્યતા માણતાં શીખવ્યું હતું. બારબાર વર્ષ સુધી આટલી નિષ્ઠાપૂર્વક ઈશ્વરને જો આરાધ્યા હોય તો તેની પણ પ્રાપ્તિ થયા વિના ન રહે, પરંતુ સોહન હજી રત્નો ચોરી જવામાં સફળ થયો ન હતો.

બાર વર્ષને અંતે એક ચોમાસાની ભીષણ રાતે સોહનને જોઈતી તક મળી ગઈ. વૈશાલીને પાણીમાં તરબોળ કરતા બારે મેઘ ખાંગા થઈને પ્રચંડ વેગથી ત્રાટકી રહ્યા હતા. સારુંય આકાશ કાળાં ડીબાંગ વાદળાંઓથી છવાઈ ગયું હતું. આકાશની એક પણ દિશાએ, એક પણ ખૂણે આછીશી પણ રૂપેરી રેખા જોવામાં આવતી નહોતી. રોંઢેથી શરૂ થયેલો એ વર-

સાદ એકરસ બનીને મુશળધારે પડી રહ્યો હતો. તેમાં સાંજ ભર્યં પ્રચંડ વાયુના સુસવાટા આકાશમાં દેવ અને દાનવોનું યુદ્ધ ચાલતું હોય અને બંનેનાં સૈન્યોની તલવારોના ચમકારા દેખાતા હોય તેમ વીજળીના સબાકા વૈશાલીને ક્ષણભર અજવાળતા અને પાછા અંધકારમાં લપેટી લેતા હત્તા. વીજળીના સબાકાની પાછળ જ આવતા થથરાવી મૂકે તેવા વજ્ર-કડાકા વૈશાલી માથે વિનાશની નોબત સમા ગાજી રહ્યા હતા.

વીજળીના પ્રકાશમાં વૈશાલી આખું જળબંબાકાર બની ગયું હોય તેવું દેખાતું અને બીજી જ પળે સમગ્ર શહેર કારમા અંધકારમાં લપેટાઈ જતું. વીજળીનો એ ક્ષણભરનો ઝળહળાટ અંધકારની ભીષણતાને બહેકાવનારો નીવડતો.

મેઘરાજાના આ તાંડવથી લોકો સ્તબ્ધ બની ગયા હતા. આ વરસાદ નહિ પણ પ્રલયનું મંડાણ છે એમ લોકો ઘરમાં છુપાઈને બોલતા હતા, વૈશાલીની વિશાળ શેરીઓમાં મોટી નદીઓ જેવા વેગવંત જલપ્રવાહો ઘૂમરી ખાતા હતા. ભગવાન બુદ્ધની પ્રતિમાથી અર્ધો કોસ દૂર હતી તે નદી પ્રતિમાનું પાદ–પ્રક્ષાલન કરવું હોય તેમ તેની પાસે ધસી આવી હતી.

પવનના સુસવાટા, વરસાદની ઝાપટ, પાણીના ઊછળતા લોઢ, વીજળીના ચમકારા, મેઘની ગર્જના અને આ બધા ઉત્પાત સમક્ષ સ્તબ્ધ બની ગયેલાં પ્રાણીમાત્રને જોતાં પરમાત્માની શક્તિનો આછો ખ્યાલ આવે તેવું હતું. એવે વખતે સોહને વિચાર્યું કે પોતે જે તકની રાહ આજ બારબાર વર્ષોથી જોઈ રહ્યો હતો તે આવી પહોંચી છે.

આવા ભયંકર જલપ્રલયની વચ્ચે ભગવાન બુદ્ધની પ્રતિમા પાસે આજે ચકલુંય ફરકતું નહિ હોય. આ તક જો જવા દીધી તો બીજાં બાર વર્ષ સુધી ફરી વાર રત્નો ચોરી લાવવાની તક મળવાની નથી. સોહને તેની ગાળિયાની દોરી કેડે બાંધી, સાથે ટાંકણું બાંધ્યું. કુદરત જયારે પોતાનું ભીષણ સ્વરૂપ પ્રસરાવતી તોફાને ચડી હતી, ભલભલા માનવીને જયારે કુદરત સમક્ષ નમી પડ્યા વિના છૂટકો ન હતો, તે વખતે પોતાની વર્ષોજૂની મુરાદ–પ્રતિજ્ઞા પરિપૂર્ણ કરવા સોહન મેઘના તાંડવની લવલેશ પરવા કર્યા વિના ઘરની બહાર નીકળી પડ્યો.

સોહનના ઘર પાસે મોટી નદી જેવો પ્રવાહ વહી રહ્યો હતો: પરંતુ સૂરદાસને જેમ સર્પ પ્રિયતમાની પાસે પહોંચવામાં મદદરૂપ થનાર દોરડા જેવો લાગ્યો હતો, તેમ સોહનને આ જલપ્રવાહ પોતાને મદદરૂપ નીવડનાર મિત્ર જેવો લાગ્યો. સોહનના ઘરથી પ્રતિમા એક માઈલ દૂર હેઠવા હતી. તેણે મનમાં હિસાબ ગણી કાઢી પાણીમાં ઝંપલાવ્યું. પાણીની પ્રચંડ થપાટોની અસર તેના પર નહોતી થતી, એ તો ગણતરીપૂર્વક ત્રાંસમાં પાણી કાપતો ઝડપભેર આગળ વધી રહ્યો હતો. જે જગ્યાએ પોતે બારબાર વર્ષ સુધી નિયમિત ગયો હતો, તે ભૂલી જવાની સોહનને લેશમાત્ર ભીતિ નહોતી. કાજળશા અંધકાર અને તે એ અંધકારને ઘૂંટતા વીજળીના ચમકારા વચ્ચે સોહન સાચી દિશામાં આગળ વધી રહ્યો હતો.

લોઢ લેતાં કાળવારિને વટાવીને સોહન પ્રતિમાના પગ પાસે આવીને ઊભો રહ્યો. સૌથી પહેલાં તેણે પ્રતિમાને પ્રણામ કર્યા. આજ સુધી અનેકવાર તેણે પ્રતિમાને દેખાવને ખાતર પ્રણામ કર્યા હતા, આજે તેણે પ્રતિમાને સાચા અંતરના નમસ્કાર કર્યા, અને

સોહને સિફતપૂર્વક ગાળિયો ફેંક્યો,

તિમાના ખોળા પર ચડી ગયો. વર્ષોનાં થી સોહન પ્રતિમાના એકેએક વળાંક- બર ઓળખતો થયો હતો. તેણે બીજી ગાળિયો ફેંકયો, બારબાર વર્ષથી સોહને ર ફાડ્યું નહોતું, છતાં તેના હાથ ના ધંધાની કુશળતા ચૂકયા નહોતા. વા લાગતા હોય તેવી વરસાદની ઝાપટ સોહન નિશાન ચૂકતો નહોતો. વરસાદ, , વીજળી, કડાકા વગેરે તેને મન પ્રતિ- ઓ નહીં, અનુકૂળતાઓ હતી.

સોહન પ્રતિમાના ખભા પર પહોંચ્યો ચોમેર ' પ્રકાશ પાથરતો વીજળીનો રો થયો, એ ઝળહળાટમાં સોહન રિત નયને ચોમેરનો જલગ્રસ્ત પ્રદેશ પ્રતિમા જોઈ રહ્યો. પણ પ્રતિમા સાથે જતાં તેને દેખાયું કે પોતે તેના ખભા ભો હોવા છતાં પ્રતિમાની આંખો હજી હાથ ઊંચે હતી !

ચોરીનો કસબ જેનો અજોડ હતો તે ન ઊંચાઈનું માપ કાઢવામાં કદી ભૂલ ન એક જ નજરે સાત-સાત માળની મહે- લની ઊંચાઈ માપી લેવાની તેનામાં શક્તિ આખી પ્રતિમા સો હાથ ઊંચી. હતી ખભાથી આંખો કેવી રીતે સો હાથ ઊંચી શકે ?

સોહન મૂંઝવણમાં પડ્યો. તેના મનમાં નબળાઈ આવી હતી ? તરીને આવવાના થી તે વિહ્‌વળ બન્યો હતો ? પ્રતિમાના. પર ઊભાં-ઊભાં સોહને પવન અને દની કારમી ઝાપટો સહેતાં બે'ક ઊઠબેસ ઈ. ના, તે થાકયો નહોતો, આંખો તેણે મનમાં ભય પેઠો છે કે નહીં તે જોયું. ના, તેના અંતરમાં ભયને સ્થાન નહોતું.

તો થયું શું ? ખરલમાં સુરમો ઘૂંટાય તેમ ચોમેર અંધકાર ઘૂંટાઈ રહ્યો હતો, કાંઈ દેખાતું ન હતું. વીજળી થવાની રાહ જોતો સોહન ગાળિયો કયાં ફેંકવો તેના વિચારમાં પડ્યો. તેની ગણતરી મુજબ હવે કાન પર ગાળિયો ફેંકવાનો હતો. પણ કાન તો તેને બહુ ઊંચે દેખાયા હતા. શું થયું ? સોહન કંઈ સમજી શકયો નહીં.

એવામાં ફરી વીજળી થઈ. સોહન પ્રતિમાની આંખ સામે જોઈ રહ્યો હતો. તેણે બરાબર જોયું કે પ્રતિમાની ડોક લાંબી થઈ રહી હતી. થોડી વાર પહેલાં જે આંખ સો હાથ ઊંચે દેખાઈ હતી, તે અત્યારે સોને બદલે સવાસો હાથ ઊંચી લાગી.

સોહન સ્તબ્ધ થઈ ગયો. પળવાર તો તેને શું કરવું તે સમજાયું નહીં, પણ બીજી જ પળે સોહનના મનમાં કંઈક પ્રકાશ પડ્યો હોય તેમ તે બોલી ઊઠ્યો : 'ઓહો, ભગવાન ! કીડીને કણ અને હાથીને હારો પૂરનારો તું આ શું આદરી બેઠો છે ? બરાબર બારબાર વર્ષથી હું આ રત્નો ચોરવાની પેરવીમાં છું તે તારાથી તો શેં છાનું હોય ? આજ જયારે બાર વર્ષની મારી તપશ્ચર્યા ફળવાની આ તક આવી છે, ત્યારે તને ભગવાન જેવા ભગવાનને પણ શું આ રત્નોનો લોભ લાગ્યો કે ડોક ઊંચી ને ઊંચી કરતો જાય છે ! અરે, પ્રભુ ! તને આ રત્નો ગળે વળગ્યાં ? વાહ, પ્રભુ ! તું પણ પરિગ્રહમાં ફસાયો છે કે શું ? સારું ! મારું કામ તો પૂરું થયું, મારા અંતરની આ એક માત્ર બૂરી મુરાદ નાબૂદ કરવા ખુદ પ્રભુને ડોક ઊંચી કરવી પડી એ પ્રભુનો નહીં પણ મારો વિજય છે. પ્રભુ ! હવે એ રત્નો તારી આંખની કીકીમાં જ જડાયેલાં રહેવા દે. તારાં ઐશ્વર્ય માટે તારે કદાચ એની જરૂર હશે, મારે માટે હવે એ નકામાં છે. એ રત્નો કરતાં અનેકગણો કિંમતી એવો ખજાનો

ઝેરી ખોરાક

લેખક :
શ્રી હરરાય અમુલખરાય દેસાઈ
બી. એ; એસ. ટી. સી.

કેવળ નરી આંખે દેખાતું ઝેર જ ખોરાકને વિષમય બનાવે છે એવું નથી, પણ બહાર ખુલ્લામાં વેચાતા ખાદ્ય પદાર્થોને લીધેકે કોઈ જમણવારમાં થયેલા બગાડને પરિણામે ખાનારને ઝાડાઊલટી થયાના કેટલાય દાખલા સાંભળવામાં આવે છે. આનાં જાણવા જેવાં કારણો અને ઝેરી ખોરાકથી બચવા માટે શું કરવું જોઈએ એ વિષે 'ટુડેઝ હેલ્થ' નામક વૈદક માસિકના બે લેખોના સારરૂપે લેખકે અહીં સમજાવ્યું છે.

કોઈક વખત ઘરમાં કે બહાર દૂધ અથવા દૂધની વાનીઓ જેવી કે પેંડા, બાસૂંદી, દૂધપાક વગેરે ખાવાથી કે દહીંવડાં, કચોરી, બટાટાવડાં, કચુંબર, ભેળ વગેરે ખાધા પછી થોડાક કલાકમાં ખાનારાઓ પૈકી ઘણાંને ઝાડાઊલટી થવા માંડે છે. તેમાંના કેટલાક તો બેત્રણ દિવસ માંદા પણ રહે છે. બહુ ઝેરી પદાર્થ બન્યો હોય તો કોઈ મરી પણ જાય છે. આવા બનાવ ઘણી વખતે બને છે, પણ આનું કારણ શું હશે તે ઘણા જાણતા નથી. કેટલાક લોકો ગરોળીના ગરને આવી માંદગી માટે જવાબદાર ગણે છે. ત્રણસો ચારસો માણસોને સારુ બનાવેલી બાસૂંદી કે દૂધપાકમાં એકબે ગરોળીનો ગર પડે તેથી કંઈ બધાને ઝાડાઊલટી થાય નહિ. આવી માંદગીને માટે જવાબદાર તો બે વર્ગનાં જંતુઓ છે. એક વર્ગનાં જંતુઓને 'સાલમોનેલા' કહે છે અને બીજા વર્ગનાં જંતુઓને 'સ્ટેફીલોકોકસ' કહે છે. આ ભારે નામો યાદ રાખવાની જરૂર નથી. તે કેમ વર્તે છે તે જાણવાની જરૂર છે. તેમને આપણે પહેલા અને બીજા વર્ગનાં જંતુઓ તરીકે ઓળખીશું. આ બે જાતનાં જંતુઓથી બગડેલો ખોરાક ખાવા છતાં પણ કોઈકને ઝાડાઊલટી ન પણ થાય, કારણકે તેમના ઝેરની સામે થવાની તેમની શક્તિ એટલે પ્રતિકારક શક્તિ ઘણી વધારે હોય છે. જેમની આ પ્રતિકારક શક્તિ મંદ હોય તે સપડાઈ જાય છે.

પહેલા વર્ગનાં જંતુઓ ખોરાકમાં ભળે તો તે ત્યાં વધે છે; અને તે ખોરાક ખાધા પછી તે જંતુઓ ત્યાંની ગરમી અને ભેજને લીધે ખૂબ ઝડપથી વધે છે. આમાં પાંચ-છ કલાકમાં

મારા અંતરમાં પડેલો અત્યારે મને દેખાય છે. રત્નોની લાલચમાં આ ખજાનો હવે મારે નથી ગુમાવવો. ભગવાન! તારાં રત્નો તું સાચવ્યા કર. એ રત્નો ગુમાવીશ તો તું કંગાલ બની જઈશ. હું એ રત્નો લેવાની લાલચ સેવીશ તો કંગાલ બનીશ અને અત્યારે જે મોંઘેરાં રત્નો લાધ્યાં છે તે મારા આત્માને અજવાળી રહ્યાં છે. બારબાર વર્ષો સુધી જે રત્નોએ મને કંગાલ બનાવી દુન્યવી માયામાં જકડી રાખ્યો, એ રત્નો મારે ન ખપે. એ કંગાલિયત તો, પ્રભુ! તું જ સાચવી રાખ!' કહીને સોહને પ્રતિમાના ખભા પરથી નીચે ઝંપલાવ્યું.

સોહન પડ્યો તેની સાથોસાથ પ્રતિમાની કીકીનાં રત્નો પણ આપોઆપ ખરી પડ્યાં, પરંતુ પ્રતિમાની કીકીનાં રત્નોની બારબાર વર્ષથી ઝંખના કરનારની કીકીનાં રત્ન ત્યારે ઓલવાઈ ગયાં હતાં.

★

ડાં જંતુઓમાંથી લાખો જંતુઓ થાય
ધા પછી બારથી ચોવીસ કલાકમાં તેમ-
સર થાય છે. આમાં દરદીને તાવ પણ
છે અને તે માંદગી એકથી ત્રણ દિવસ
છે. આ જંતુઓ ગાયો, ભેંસો વગેરે
માં; મરઘા, બતકો વગેરે પક્ષીઓમાં;
ર, કોળ, વંદા વગેરે કાતરી ખાનારાં
ઓમાં અને કૂતરા, બિલાડી વગેરે પાળેલાં
રોમાં જોવામાં આવે છે અને કેટલાક
માણસો હોય છે કે એમને તે જંતુઓ-
બીમારી આવી હોય કે ન આવી હોય
તેમનાં શરીરમાં તે જંતુઓ રહે છે
તે જ વધે છે. તેઓ જંતુવાહક
કામ કરે છે. એટલે તેમના આંત-
માંથી નીકળતાં જંતુઓ તેમના હાથ
મારફત તે જે ખાવાની વસ્તુઓ બનાવે
પેસે છે અને બીજાઓને તે હેરાન કરે છે.
આ જંતુઓ ખોરાકમાં ભળ્યાં હોય તો
ત્યાં વધે ખરાં, પણ તે તે ખોરાકમાં
ઈ પણ જાતનું વિષ પેદા ન કરે. એ ખોરા-
ની ચીજો ખૂબ ઉકાળીને ખવાય તો તે
તુઓ તેમાંથી નાશ પામે છે અને તે ચીજો
નારને કંઈ પણ ખરાબ અસર થતી નથી.
મ રાંધેલી ચીજો પણ એવી રીતે મૂકી હોય
તેમાં પાછળથી આ જંતુઓ પેસે તો તે
ની ગરમી, ભેજ અને તેમને લાયક ખોરા-
તે ખૂબ વધે છે ને તે ખાનારના પેટમાં
છે ને ત્યાં પણ ઝડપબંધ વધે છે.
મ થતું અટકાવી શકાય એમ છે. ઉકા-
બનાવેલી ચીજોને સ્વચ્છ વાસણોમાં
તેમને એવી રીતે ઢાંકી રાખવી કે તે
ઓ પર વંદા, કીડીઓ, માખીઓ, ઉંદર
જઈ ન શકે. બીજું તે ચીજો પીરસ-
ઓ સ્વચ્છ વાસણો વડે તેને પીરસે
તેમની અંદર પોતાના હાથ ઘાલે નહિ
રવા જેવું ઓછું છે.

બીજી જાતનાં જંતુઓથી બચવું મુશ્કેલ છે; કારણ કે એ ખાવાની વસ્તુમાં પેઠા પછી ત્યાં ખૂબ વધે છે, એટલું જ નહિ પણ તે તેમાં એક જાતનું વિષ પેદા કરે છે. તે જંતુઓને વધવાને સારુ પણ તેમને લાયકનો ખોરાક, તેમને લાયકની ગરમી અને તેમને જોઈતો ભેજ જોઈએ. જે પ્રમાણમાં તે જંતુઓ વધે છે તે પ્રમાણમાં તેમનું બનાવેલું વિષ પણ વધે છે. પછીથી તે ચીજને ખૂબ જ ઉકાળીએ તો તે જંતુઓ નાશ પામે છે, પણ તેમણે બનાવેલું વિષ તેમાં રહે છે. આ જંતુઓ અને તેમના વિષથી દૂષિત થયેલો ખોરાક રાંધ્યા વગર ખાવાનો હોય તો વધારે હેરાન થવાય છે. કદાચ ખોરાકને રાંધ્યા પછી તેમાં જો જંતુઓ ભળે તો તે ખૂબ જોરમાં વધે છે અને તેમનું વિષ પણ વધે છે, એટલે પણ તે ખાનારા હેરાન થાય છે.

જ્યારે બાસૂંદી ખાધા પછી કે પેંડા ખાધા પછી લોકોને ઝાડા–ઊલટી થયેલા, ત્યારે આ બે પૈકી એક કારણથી તે હેરાન થયેલા. કચુંબર, ભેળ, વગેરે ચીજોને હાથ વડે હલાવવાથી જંતુઓથી ભરેલો હાથ નખોમાં પેસે છે અને તેથી તે ચીજો દૂષિત થાય છે. એટલે બજારુ ભેળ, ચટણી વગેરે પણ જોખમકારક છે.

આ જંતુઓ કેવી રીતે ખોરાકમાં દાખલ થાય છે તે બરાબર સમજ્યા પછી તેવા જંતુથી ખોરાક દૂષિત કેમ ન થાય તેનો વિચાર આપણે કરીએ.

(૧) જે લોકોને તાજેતરમાં ઝાડો–મરડો વગેરે આંતરડાંના રોગો થયા હોય તેમના આંતરડામાંથી તે રોગો મટ્યા પછી પણ કેટલાક દિવસ સુધી તે રોગોનાં જંતુઓ નીકળે છે, અને તે જંતુઓ તેવા સારા થયેલા દરદીઓના હાથ પર ચોંટવા સંભવ છે; આવા લોકોને રસોઈમાં હાથ ઘાલવા દેવાથી તે જંતુઓ ખોરાક સાથે ભળે છે, ને

ત્યાં વધે છે અને તેમનું વિષ પેદા કરે છે.

(૨) જેમને હાથે પાકેલો ઘા હોય કે પાકેલું ગૂમડું હોય તેમને પણ રસોઈમાં હાથ ઘાલવા દેવો નહિ; કારણ કે તેમના તે ઘા કે ગૂમડામાંથી તે જંતુઓ બહાર પડે છે. જેના હાથના સહેજ ધોવડામણમાં હજારો એવાં જંતુ બહાર પડે છે, તો પછી તેના હાથે તે શિખંડ છીણે કે ઢોકળાંનું ખીરું કરે કે અનેક ચીજો એકઠી કરે, તેમનું કચુંબર કરે તો તે ચીજોમાં કેટલાં જંતુઓ જાય તેનો વિચાર કરો. તે ત્યાં વધે તો શું થાય?

(૩) સળેખમ જેમને થયું હોય તેમના નાકમાંથી આ જંતુઓથી લદાયેલું લીંટ વહે છે, લીંટવાળા હાથ પર હજારો જંતુઓ બાઝે છે. એ હાથ રસોઈમાં ઘાલવા દેવા જોઈએ નહીં.

(૪) કેટલાક લોકો છાશ બનાવીને કે છાશમાં મીઠું વગેરે મસાલો ભેળવ્યા પછી તે છાશને ચાંગળામાં લઈ તેને ચાખી જુએ છે. એ જ પ્રમાણે ઢોકળાં, ઇદડાં વગેરેના ખીરાને પણ ચાખે છે. આવા ચાખનારાના હાથ ગંદવાડ અને જંતુઓથી લદાયેલા હો યતો તે ચીજોમાં તે જંતુઓ પેસે છે. જયારે મુંબઈમાં પેંડા ખાધા પછી લોકો માંદા પડ્યા ત્યારે ચહાય તો માવો બનાવતા પહેલાં દૂધમાં તે જંતુઓ દાખલ થયેલાં અથવા માવામાંથી પેંડા બનાવતી વખતે તેમાં ખાંડ ભેળવનાર અને પેંડા વાળનારના હાથ પરથી તે પેંડામાં જંતુઓ પેઠેલાં. પછી તે બનાવેલી ચીજ તે દુકાનમાં થોડાક કલાક પડી રહેલી અને તેટલા વખતમાં તો તે જંતુઓ અને તેનું વિષ ખૂબ વધેલું.

આ પ્રમાણે જંતુઓ અને તેમનાવિષથી બચવા ખાસ નીચે પ્રમાણે કરવું જ જોઈએ:

(૧) ગડગૂમડ કે ઘારાં કે ઘા જેને હાથે હોય કે જેને સળેખમ થયું હોય તેનો હાથ રસોઈમાં ઘાલવા દેવો નહિ, તેમજ તેને હાથે છાશ, દૂધ, લોટ વગેરેની ચીજો હલાવડાવવી નહિ.

(૨) રાંધેલી ચીજોને ઠંડી જગ્યામાં ખરાબર ઢાંકીને મૂકવી. જો 'રેફ્રીજરેટર' હોય તો તેમને તરત ટાઢી પાડીને તે ચીજોને તે રેફ્રીજરેટરમાં મૂકવી. આવી ચીજોમાં કચુંબર, દૂધની વાનીઓ, આથો લાવીને કરેલી ચીજોને ખાસ સંભાળવી.

(૩) રાંધતી વખતે ચોખ્ખું પાસ્ચુરાઈઝ્ડ દૂધ તથા ચોખ્ખું પાણી વાપરવું.

(૪) રસોઈ કરવાની જગ્યા ચોખ્ખી રાખવી અને રસોઈને સારુ જોઈતી ચીજોમાં હાથ ન ઘાલવો.

(૫) રસોડામાં તેમ જ રસોઈને ઢાંકવાના ઓરડામાં વંદા, માખી વગેરે જીવાત ન આવે એવી યોજના કરવી. જો ડી.ડી.ટી. કે બીજો ઝેરી પદાર્થ વાપરવો હોય તો તે પદાર્થ એવી રીતે નાખવો કે તે ખાવાની વસ્તુઓમાં ન પડે.

આટલી સાવચેતી લેવાય તો ઘરમાં કે જયાફતમાં બનાવેલી ચીજો ખાવાથી ઝાડા-ઊલટી વગેરે થાય નહિ.

★

ઉત્તમ ઉપાય

દુશ્મનને ડામવાનો ઉત્તમ ઉપાય એ કે
સતત શ્રમથી કીર્તિકાયા વિકસાવવી;
નાનાં-મોટાં સ્ખલનોને ખંતથી ઉખેડી દેઈ,
આપણી મહત્તા તેને મુખે ઉચરાવવી.
નિઃસ્વાર્થ સેવા-પ્રમાણ બેહદ વધારી દઈ,
પ્રશંસાની એના હાથે તાળીઓ પડાવવી;
ઉલૂક સમાન એનાં અંધ ચક્ષુ પડદાને
તોડી, જિંદગી કેરી કેડી બતલાવવી.

વિવિત્સુ

વિચાર મોતી

લેખક :

મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી

શ્રદ્ધા: શ્રદ્ધા એ મોટામાં મોટું બળ છે. શ્રદ્ધાહીન અતિ પરિશ્રમ પણ વિફળ ાય છે. પરિશ્રમનું વૃક્ષ ત્યારે જ ફળ ે છે, જ્યારે એમાં શ્રદ્ધાનું જળ સિંચાય છે.

પશુ અને માનવ : પશુ અને માનવ- ાત્ર આટલો જ ફરક છે: દંડના ભયથી ત થઈને કાર્ય કરે તે પશુ અને કર્તવ્યની ાથી પ્રેરિત થઈને કાર્ય કરે તે માનવ.

જીવનનું માપ : બીજાને ગબડતો જોઈ, સંભાળીને ચાલે તે જ્ઞાની, પોતે એક ગબડ્યા પછી બીજી વાર સંભાળીને તે અનુભવી; પોતે વારંવાર ગબડવા ઉન્મત્ત બનીને ચાલે તે અજ્ઞાની !

સૌંદર્ય : ઇંદ્રિયો દ્વારા અનુભવાય એ ર્ય નહિ, પણ વાસનાનું પ્રેત છે. પૂર્ણ ર્ય તો પોઢે છે શાંત માનવીના પૂર્ણ ત હૈયામાં—જે બાહ્ય ઇંદ્રિયોની સુષુપ્ત સ્થામાં જ અવલોકી શકાય ને અનુભવી ાય.

ભેદાભેદ: પરમાત્મા ને આત્મા (આપણી) સ્વરૂપની દૃષ્ટિએ જરા પણ ફેર નથી. ખાણનું સોનું ને બજારમાં વેચાતું સોનું, રૂપે તો એક જ છે: ફેર માત્ર એટલો જ બજારનું સોનું શુદ્ધ છે, ખાણનું સોનું દ્ધ છે. પરમાત્મા કર્મથી અલિપ્ત છે, ણે કર્મથી લિપ્ત છીએ—અશુદ્ધ છીએ. ભગવંતની આજ્ઞારૂપ અગ્નિમાં આપણી ને હોમીએ તો આપણે પણ શુદ્ધ થઈ એ.

અન્વેષણ : આજનો પરાજય એ ણી કાલના વિજયનું સીમાચિહ્ન બની એ પરાજયનાં કારણોનું ગંભીરપણે ષણ કરવામાં આવે તો.

પ્રતિભા : પ્રતિભા એટલે પરાજયને વિજયમાં ફેરવનાર આત્માની એક ચમત્કારી શક્તિ ! આવી પ્રતિભાવાળો માનવ પરાજયમાં પણ વિજયનું સ્મિત કરી જાણે !

પુરુષાર્થ : ભૂતકાળના પુરુષાર્થમાંથી વર્તમાનકાળનું પ્રારબ્ધ સર્જાયું છે, તેમ વર્તમાન કાળના પુરુષાર્થમાંથી ભવિષ્યકાળનું પ્રારબ્ધ સર્જાશે. માટે જીવન-વિકાસના સાધકે પ્રારબ્ધની નામર્દાઈભરી વાતો છોડી, સભ્ય પુરુષાર્થમાં અવિશ્રાંત લાગી જવું.

તક : તમારા મતની સચ્ચાઈ પર તમારો જો પૂર્ણ આત્મવિશ્વાસ હોય તો તકની વાટ જોઈને નિષ્ક્રિય બેસી રહેશો નહિ. તક આવવાની નથી પણ તમારે ઊભી કરવાની છે. તમારા મતમાં પ્રામાણિકતા હશે તો નબળી તક પણ બળવાન બની જશે. તકને તકાસી બેસનાર તો કેટલાય નિર્માલ્ય માણસો કાંઈ પણ મહાન કાર્ય કર્યા વિના, જગતમાંથી રડતારડતા ચાલ્યા ગયા. મર્દ તો તે જ છે કે જે જીવનની દરેક પળને મહામૂલી સમજી—અપૂર્વ તક સમજી—કાર્ય કર્યે જ જાય છે. એવા જ માણસો મરણને હસતાં-હસતાં ભેટે છે.

સાધકની દૃષ્ટિ : પતનના માર્ગે પ્રયાણ કરતા મનને અટકાવવા માટે સત્સંગ, સદુપદેશ અને આત્મજાગૃતિની ક્ષણેક્ષણે ને પળેપળે જરૂરિયાત છે. આ વાત સાધકે સદા લક્ષમાં રાખવી જોઈએ.

ઝંખના : ઉપદેશકના ઉપદેશની અસર ત્યારે જ થાય જો આપણા હૃદયના ઊંડાણમાં અલ્પ–સૂક્ષ્મ પણ આત્મવિકાસ માટેની ઝંખના હોય તો ! પછી એ સૂક્ષ્મ ઝંખનાનું બીજ જરૂર વિકાસ પામશે.

રુદન : રુદનનું મૂલ્ય, હાસ્યના મૂલ્ય

જીવનપરિવર્તન

અનુવાદક:
શ્રી જયંત અ. મહેતા એમ. એ.

વિશ્વવિખ્યાત લેખક ડેલ કાર્નેજીએ 'ચિંતામુક્ત બનીને કેવા પ્રકારનું જીવન જીવવું જોઈએ?' એ નામનું એક પ્રેરક પુસ્તક લખ્યું છે, જેને અપૂર્વ પ્રસિદ્ધિ મળી છે. એ પુસ્તકમાં અમેરિકાના ધનકુબેર રોકફેલરના જીવનપરિવર્તનની એક બોધપ્રદ અને રસપ્રદ ઘટનાનો ઉલ્લેખ છે. તે ઘટનાને સંક્ષિપ્ત સ્વરૂપે અહીં આલેખવામાં આવી છે.

જોન ડી. રોકફેલર ૨૩ વર્ષની યુવાવસ્થામાં દસ લાખ ડોલરની સંપત્તિ મેળવી શકયા હતા. જગપ્રસિદ્ધ સ્ટાન્ડર્ડ ઓઈલ કંપનીની માલિકી તેમને ૪૩ વર્ષની ઉંમરે પ્રાપ્ત થઈ હતી, ત્યારે તેમની પાસે ધનના ભંડાર છલકાતા; પરંતુ આટલા ધનરાશિ વચ્ચે નિર્ગમન થતી તેમની જિંદગી ૫૩ વર્ષની ઉંમરે પહોંચતાં કેટલી ઘૃણાજનક બની ગઈ હતી! ઘડીઘડીની ચિંતા અને ગ્લાનિથી તેમનું સમસ્ત જીવન વિષાદમય બન્યું હતું. તેમનું શરીરસ્વાસ્થ્ય નાશ પામ્યું હતું. ૫૩ વર્ષની વયે તેમનું શરીર હાડચામના જીર્ણ-શીર્ણ માળખાં જેવું હતું. માથા પરના વાળ ઊડી ગયા હતા. તેમની આકૃતિની કુરૂપતા દુ:ખકર હતી.

બાલ્યાવસ્થામાં રોકફેલરનું શરીર સુદૃઢ હતું. તેમની ચાલ તેજસ્વી અને મસ્ત હતી; પરંતુ ત્રેપન વર્ષની ઉંમરે તેમનું શરીર હાડપિંજર સમાન થઈ ગયું. રાતદિવસના કામથી, ચિંતાના અવિરત આક્રમણથી, લોકોનાં નિંદાવચનોથી તેમજ વ્યાયામ, વિશ્રામ અને મનોરંજનના અભાવથી તેઓ દિનપ્રતિદિન ક્ષીણ થતા હતા. તેમનું જીવન અતિશ્રીમંત હોવા છતાં યે એક પ્રકારનું મૃતજીવન હતું. દર અઠવાડિયાની તેમની આવક વીસ લાખ ડોલર હતી, જયારે દર અઠવાડિયે બે ડોલરનું ભોજન પચાવવું પણ એમના માટે મુશ્કેલ હતું: થોડું દૂધ અને બ્રેડના થોડાક ટુકડા પચાવવાનું કાર્ય તેમને માટે અઘરું હતું.

આ બધું શાનું કારણ હતું?

ચિંતાના માનસિક બોજ નીચે દબાતું તેમનું શરીર લેવાતું જતું હતું. માત્ર તેમના મનનું રટણ પૈસા કમાવા પ્રત્યે જ હતું. કોઈ સારા સોદાનું કામ સુધરી જાય ત્યારે તેમને જે આનંદ થતો, તેવો આનંદ બીજી કોઈ બાબતમાંથી તેમને પ્રાપ્ત થતો નહિ. થોડુંક નુકસાન થાય કે તેમના હાંજા ગગડી જતા. આ બાબત એક નાની શી ઘટના નોંધવાથી તેમની મન:સ્થિતિનાં દર્શન થશે.

રોકફેલરે એકવાર ચાળીસ હજાર ડોલરનું અનાજ જહાજ મારફતે દેશાવર

કરતાં જરા પણ અલ્પ આંકશો નહિ. ઘણી વખત જીવનમાં, એક પળનું રુદન હજાર વર્ષના હાસ્ય કરતાં મહાન હોઈ શકે: બેપરવાઈભર્યાં હાસ્યથી ખોયેલું જીવનસત્ત્વ પશ્ચાત્તાપભર્યાં રુદનના માત્ર એક જ અશ્રુબિંદુથી મેળવી શકાય છે. આ દૃષ્ટિએ હાસ્ય કરતાં રુદન કેટલું મહત્ત્વનું છે!

અનુભવવાણી : કલ્પનાથી લખાયેલાં મહાવાકયો કરતાં અનુભવની એરણ પરથી ઊતરેલાં સાદાં વાકયો ઘણાં મહત્ત્વનાં હોય છે.

★

યું હતું, પરંતુ તેનો વીમો ઉતરાવ્યો ો; કારણ તેમ કરવા જતાં તેમને ો ડાલરના ખર્ચના ખાડામાં ઊતરવું મ હતું, પણ ત્યાં તો રાત્રે દરિયામાં તોફાન જાગ્યું. એ સમાચારથી રોકફેલર તાગ્રસ્ત થઈ ગયા. સવારે તેમનો ભાગી- જોર્જ ગાર્ડનર ઑફિસમાં આવ્યો, તેમણે તરત જ તેને જહાજનો વીમો રાવવા માટે મોકલી દીધો. ગાર્ડનર ો ઉતરાવીને પાછો ફરે છે, ત્યાં જ તેમને ચાર મળ્યા કે જહાજ સહીસલામત ા મુકામે પહોંચી ગયું છે! રોકફેલરે યું: 'ખોટું થયું. દોઢસો ડાલર પાણીમાં ા!' રોકફેલરના હૈયામાં શૂળની માફક ું દર્દ ચાલ્યા કર્યું.

એમના જીવનની ઘટમાળ એટલી વિચિત્ર ે ચાલતી હતી કે તેમને રમવા–ખેલવાને મય નહોતો, આનંદ–પ્રમોદ માટે કોઈ ળ નહોતું, વ્યાયામ કે બીજા પ્રકારના ોમાં તેમને રસ નહોતો. તેમની સમસ્ત ત્તિ ધન કમાવામાં જ રોકાતી હતી.

એકવાર રોકફેલરના ભાગીદાર ગાર્ડનરે ક હજાર ડાલરની નાવ ખરીદી. એક નિવારે તેણે રોકફેલરને કહ્યું: 'ચાલો જરા નંદ કરીએ. નાવમાં સહેલ કરશું એટલે ન અને મનમાં નવી તાજગી આવશે. જ હળવું થશે.'

રોકફેલરે કહ્યું: 'એવા ફાલતુ કામ ટે મારી પાસે જરા યે સમય નથી અને વા ખોટા ખર્ચ કરવાથી શો ફાયદો નો છે? મારે તારી હોડીની સહેલગાહ ખી નથી.'

જીવનના સુખમય પ્રસંગોથી વિહીન, સ્ય-વિનોદ અને ઉલ્લાસથી રહિત રોક- રના દિવસો જાતજાતની ચિંતા અને ભયથી રાયેલા રહેતા. કોઈ કોઈવાર તે કહેતા: 'આ ધનદોલતની નિરર્થકતા સાબિત કરતી મારી ચિંતાની ભયંકર ભૂતાવળવિહોણી મારી એક પણ રાત્રિ પસાર થઈ નથી.'

કરોડો અને અબજોનો ધણી પોતાના ધનની ચિંતાથી ઘેરાયેલો રહેતો. તે કદી કોઈ નાટકમાં જતો નહિ. કોઈ પાર્ટી કે મનોરંજનનાં આમંત્રણોમાં રસ હતો નહિ. બે–ચાર મિત્રો સાથે બેસીને મોકળે મને હસવાનું કે મજાક કરવાનું પણ તેમને પ્રાપ્ત થતું નહિ. રાતના સૂતા પહેલાં તે પોતાની સંપત્તિનો મેળ મેળવતા. તેમાં કેટલી વૃદ્ધિ થઈ છે યા તો કેટલી ખોટ ગઈ છે તેનું તાળું મેળવવામાં જ તેમની નિદ્રાની મઝા મરી જતી.

તેમનાં સગાં ને સ્વજનો તેમની નિંદા કરતાં. ધન હોવા છતાં તેમની કોઈ પ્રશંસા કરતું નહિ. તેમના નોકરો તેનાથી હંમેશ ડરતા અને બહાર તેમની ખૂબખૂબ નિંદા કરતા.

નદીના પ્રવાહની જેમ તેમની પાસે ધન એકઠું થતું હતું, પરંતુ પોતાનું જીવન નષ્ટ-પ્રાય: થઈ રહ્યું હતું. કોઈ પણ સ્થળે તેમને સુખ દેખાતું નહિ. ચારેકોર તેમની નિંદા થતી. સ્ટાન્ડર્ડ ઑઈલ કંપનીની સાથેસાથે તેમની પણ નિંદા થવા લાગી, કારણ કંપનીના સંચાલનમાં રોકફેલર ઘૃણાજનક કામ કરવાનું ચૂકતા નહિ.

પેનસિલ્વેનિયાનાં તેલક્ષેત્રોમાં વધારેમાં વધારે નિંદિત વ્યક્તિ કોણ હતી?–તો તેનો જવાબ સૌ કોઈ આપતું: 'રોકફેલર!' તેમનું પૂતળું બનાવી લોકો ફાંસીએ ચડાવતા. ધમકી અને ગાળોથી ભરેલા પત્રોનો તેમની પાસે વરસાદ વરસતો. ભય, ચિંતા અને નિંદાએ રોકફેલરની ફરતો ઘેરો ઘાલ્યો હતો.

આવી પરિસ્થિતિમાં તે બીમાર ન રહે તો બીજું શું થાય? માનવશત્રુ કરતાં ય મહાન શત્રુ રોગે તેમના શરીરનો કબજો લીધો. તેમનું શરીર ખખડી ગયું–હાડપિંજર બની રહ્યું.

પરંતુ એ જ ધનવાન વ્યક્તિ...જે ૫૩ વર્ષની અવસ્થાએ પ્રાણ છોડવાની તૈયારી કરતી હતી તે રોકફેલર–૯૮ વર્ષની દીર્ઘ જિંદગી જીવી ગયા. અને તેમના ઉત્તરજીવનમાં એક અદ્ભુત પલટો આણી તેમણે આશ્ચર્યકારક વિકાસ સાધ્યો. રોકફેલરના વિકાસની કથા પણ પ્રેરક અને અનોખી છે.

ડૉકટરોએ રોકફેલરનું શરીર તપાસી દવા આપી. ત્યારબાદ નીચેની ત્રણ બાબતોનું સંપૂર્ણતઃ પાલન કરવાની સલાહ આપી :

(૧) ચિંતાથી દૂર રહેવું–કોઈ પણ પ્રકારની કયારે પણ ચિંતા કરવી નહિ.

(૨) આરામથી રહેવું, ખુલ્લી જગામાં વ્યાયામ કરવો.

(૩) ભોજનમાં મિતાહારી રહેવું.

ડૉકટરોએ તેમને ભાન કરાવ્યું હતું કે તેઓ આજદિન સુધી કામકાજ, ચિંતા, લોભ અને ભયના પંજામાં ફસાઈને મોતની તરફ ઘસડાતા હતા. તેમણે જિંદગીનો આનંદ માણવો હોય તો એ બધા રિપુઓને હણવા જોઈએ. ડૉકટરોની સલાહથી રોકફેલરની આંખો ખૂલી ગઈ. તેમણે આરામથી સુખ અને સંતોષનું જીવન વિતાવવાના મન સાથે પ્રયત્નો આદર્યા. ડૉકટરોની સૂચનાનું અક્ષરશઃ પાલન કર્યું. અને તેમનું સમસ્ત જીવન એક જુદી જ સૃષ્ટિમાં વહેવા લાગ્યું–જાણે તેમને નવજીવન પ્રાપ્ત થયું. દ્વાર ખખડાવતા મૃત્યુને તેમણે પાછું ધકેલ્યું.

તે રમત રમવા લાગ્યા. આસપાસના લોકો સાથે ખુશમિજાજથી વાતો કરતા થયા. રમતગમત, નૃત્યગાન વગેરેમાં ઉત્સાહપૂર્વક ભાગ લેતા થયા. નિયમિત ભોજન લઈ ખુલ્લી હવામાં ફરવા જતા. અત્યારે પણ તે અબજોની સંપત્તિનો માલિક હતા; પરંતુ પૂર્વની લોભવૃત્તિ નાશ પામી હતી. હવે ધનની ચિંતા ય દૂર ચાલી ગઈ હતી. જરૂરના કામકાજમાં એ અવશ્ય ભાગ લેતા, પરંતુ વેપારના નફા–નુકસાનથી તેમના જીવને આઘાત–પ્રત્યાઘાત થતાં નહિ. એ પહેલાંનો રોકફેલર નહોતો રહ્યો. તેમને પુનર્જન્મ મળ્યો હતો.

માત્ર તેમણે પોતાના શરીરની જ ઉપાસના કરી નહોતી. એ ઉપરાંત તેમણે એક મહત્ત્વનું કામ પણ કર્યું હતું. તે કેટલું ધન કમાતા હતા તેની ચિંતા તેમણે છોડી દીધી હતી. પણ પોતાનું ધન લોકોના હિત માટે કેટલું ઉપયોગી થાય છે–લોકોને કેટલું સુખ આપી શકે તેવા ઉન્નત વિચાર કરતા થયા હતા.

રોકફેલરે હવે ધન પરોપકાર માટે વાપરવા માંડ્યું. આરંભમાં કેટલાક લોકોએ તે દાનને પાપની કમાઈ કહીને અવગણી કાઢ્યું; પણ એથી રોકફેલરને કશો રંજ થયો નહિ. કોઈ પણ સારા કામને માટે તેમના ધનની જરૂર પડતી કે તરત જ તે સહાયતા માટે હાથ લંબાવતા. શિકાગોનું વિશ્વવિદ્યાલય તેમના અદ્ભુત દાનનું પ્રતીક છે. નિગ્રોના વિશ્વવિદ્યાલય માટે તેમણે મુક્ત હાથે દાન આપ્યું છે. હઠીલા રોગોને હઠાવવા માટે લાખો અને કરોડો નાણાં વેર્યાં છે. 'રોકફેલર ફાઉન્ડેશન' નામનું ભંડોળ કાઢીને આંતરરાષ્ટ્રીય હિતને માટે દુનિયામાં સ્વાસ્થ્ય અને જ્ઞાનના પ્રચાર સારુ એક મહાન કાર્ય કર્યું છે.

'રોકફેલર ફાઉન્ડેશન' જેવી બીજી કોઈ સંસ્થા માનવજાતના ઇતિહાસમાં હજુ સુધી જોવામાં આવી નથી. કુશાગ્રબુદ્ધિવાળા ઘણા લોકોને તેમણે ઉદારતાથી સહાયતા કરી છે. પેનિસિલિન જેવી દવાઓનો આપણને લાભ મળે છે તે માટે રોકફેલરનો આભાર માનવો જોઈએ; કારણકે. પેનિસિલિન ઉત્પન્ન કરવા પાછળ રોકફેલરના અઢળક ધનની સહાયતા છે. રોકફેલરનું એકઠું કરેલું ધન 'આમ

તના લાભાર્થે વપરાયું.

ચિંતાઓને એમણે કેવી રીતે હઠાવી કાઢી તેનું ઉદાહરણ સાંભળો. સ્ટાંડર્ડ ઑઈલ પર અમેરિકાની સરકારે તેના એક-અધિકાર માટે મુકદ્દમો કર્યો હતો. વર્ષ સુધી એ મુકદ્દમો ચાલ્યો. મોટા-વકીલ-બૅરિસ્ટરો તે કેસમાં લડ્યા. કંપની તે મુકદ્દમો હારી ગઈ. તેમાં ખર્ચ થયો.

આ પરિણામ રોકફેલરને પહોંચાડતાં વિચાર આવ્યો કે આ સમાચારથી રોકફેલરનું હૃદય બેસી જશે; પરંતુ દોઢસો ડોલરનું નુકસાન સહી ન 'બિચારો રોકફેલર' નહોતા. હવે કરોડોનું દાન દેનાર 'ઉદાર રોક-' હતા. વકીલે ડરતાંડરતાં રોકફેલરને ફોન કર્યો અને મુકદ્દમાની હારના સમાચાર દીધા અને પછી ઉમેર્યું : 'આ હારથી આપ બિલકુલ અસ્વસ્થ થશો નહિ અને તમારી શાંતિ ને નિદ્રામાં ભંગ ન થાય તેની ખાસ તકેદારી રાખજો.' રોકફેલરે તરત જવાબ દીધો : 'મારી ચિંતા કરશો નહિ. હું ઊંઘમાં જરા પણ ખલેલ પડવા દઈશ નહિ. તમે પણ ચિંતા મૂકી દેજો. હું નિશ્ચિંત છું.'

ચિંતા, લોભ, સ્વાર્થ, નિંદા અને ધનસંચયની વ્યાધિથી મુક્ત થઈને ૫૩ વર્ષનો એ જીર્ણશીર્ણ રોકફેલર ૯૮ વર્ષનું આયુષ્ય ભોગવી, નિશ્ચિંત બની પરોપકાર અર્થે કરોડોનું દાન આપી, સુખી, તંદુરસ્ત તથા સન્માનિત જીવન નિર્ગમન કરી મૃત્યુ પામ્યા.

માનવ-જીવનના ઉત્થાનની આ અદ્ભુત તેમજ બોધપ્રદ કથા છે.

*

ભિખારીઓ તો વિના મૂલ્યે ઉપદેશ આપે છે :

भिक्षुका नैव भिक्षन्ति बोधयन्ति गृहे गृहे ।
दीयतां दीयतां लोका अदातुः फलमीदृशम् ॥
ભિખારી ભીખ માગે ના, આપે બોધ ઘરે ઘરે;
આપો, આપો, અરે ભાઈ, વિના આપ્યે નહિ મળે.

ભિખારીઓ કંઈ કેવળ ભીખ જ નથી માગતા, પરંતુ પોતાનાં પ્રત્યક્ષ દૃષ્ટાંતવડે ઘેરઘેર ફરીને ઉપદેશ છે કે 'ભઈઓ દાન કરો, દાન કરો. ગયા જન્મમાં દીધું છે તો આ જન્મે પામ્યા છો. અમે ગયા માં દાનપુણ્ય નથી કર્યાં તેથી આ જન્મે ભીખ માગીએ છીએ, તે પ્રત્યક્ષ દૃષ્ટાંતથી ચેતો અને આપો ને બસ આપો જ. વાવ્યા વિના લણાતું નથી તેમ જ દીધા વગર મળતું નથી. આજે પ્રભુએ છે અને જો કોઈને નહિ આપો તો આજ જેવા અમારા હાલ છે, તેવા તમારા હાલ આવતે થવાના.'

શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં ગાયું છે કે :

'યથેચ્છ ભોગ આપે છે. પ્રસન્ન થઈ દેવતા;
દેવે દીધું, દેવ અર્થે વાપરે નહિ ચોર એ.' (ગીતા ૩–૧૨)

—હરિ ૐ

×

એક પારસી બાનુને કૂતરો રાખવાનો જબરો શોખ હતો. એનું એ ખૂબ જ જતન કરતાં; પણ એક દિવસ અચાનક જ એ ગુમ થયો. એક મિત્રના કહેવાથી એમણે સ્થાનિક વર્તમાનપત્રમાં પ્રમાણે જાહેરાત આપી :

'બુલ નામનો બદામી રંગનો કૂતરો ખોવાયો છે અગર નાસી ગયો છે; લગભગ ત્રણેક દિવસમાં જ દશા લાગુ પડનાર છે.'

અને બીજે જ દિવસે કૂતરો પાછો મળી ગયો!

×

પાઘડીનો વળ

લેખક :
શ્રી ગૌતમ ભટ્ટ

અદૃશ્ય થયેલી પાઘડીના આ જમાનામાં, પાઘડીનું દૃષ્ટાંત આપી, કંઈક સમજાવવું જરા મુશ્કેલ છે. પાઘડી કે ફેંટાને પહેરવા માટેનો આકાર આપવા એમાં વપરાતા કપડાને આમળવું પડે છે, અને પછીથી ધોવાની કે એવી બીજી ક્રિયા કરતી વખતે કપડાને સીધું કરવું પડે છે, ત્યારે પૂરો વળ છેડે નીકળે છે. ખાટલાની પાટીની બાબતમાં પણ આમ જ છે. પાઘડી કે પાટી, જે પેઢી માટે પુરાતત્ત્વ ખાતાની વસ્તુઓ બની રહી છે એને માટે જ આટલો ખુલાસો કરવો પડે છે. બાકીના બીજાઓને તો પાઘડીના વળથી સૂચવાતો અર્થ સુગમ હોય છે.

ઘણીયે વસ્તુઓ એમના મૂળ ધારેલા વપરાશને છોડી બીજી અનેક અણધારી રીતે વપરાવા લાગી હોય એવું આપણી જાણમાં છે. પાણીદાર મુખમુદ્રાઓની આબરૂ અને ગૌરવ વધારનાર તરીકે પાઘડીની ગણના અત્યાર સુધી થતી હતી. પ્રાંતીય અને કોમી પ્રકારોવાળી પાઘડીઓ આપણે ભૂલી જઈએ એટલો સમય હજી એમના ક્રમિક લોપને વીત્યો નથી. દક્ષિણી, બંગાળી પાઘડીઓ અને સૌરાષ્ટ્રના ફેંટાઓના પ્રસિદ્ધ આંટાઓ બાજુએ રાખીએ, પણ આપણે ત્યાંના કવિ નર્મદથી શ્રી આનંદશંકર ધ્રુવ સુધીના આપણા સાહિત્યકારો પોતાની સિદ્ધિઓ ઉપરાંત પાઘડીથી કેટલા જાજવલ્યમાન દેખાતા એ જાણીતી વાત છે. દાયકાઓ પહેલાં શ્રી મુનશીજીને અમદાવાદના પ્રેમાભાઈ હોલમાં, ભરૂચી પાઘડી પહેરી ભાષણ કરતા જોયેલા, એ ચિત્ર હજી ભુલાયું નથી. આખી વેશભૂષામાં મહત્ત્વનું અંગ ધરાવતી પાઘડીને ન પહેરવાની પ્રતિજ્ઞા લઈ પ્રેમાનંદ પછીના પાઘડી, ફેંટો, ટોપી કે કશું ન પહેરનારા સાહિત્યકારોને માથું ખંજવાળવું પડે એવી સમસ્યા ઊભી થઈ હતી.

પણ પાઘડીએ અત્યારે તો પોતાનું ઉન્નત સ્થાન ગુમાવ્યું છે. પોતાના મોટી ઉંમરના બાળકને મા જેમ નાનું બાળક સાચવવા આપે, પછી મોટું બાળક રમતમાં પડી જાય એમ પાઘડીએ ધોળી ટોપીને સોંપેલો હવાલો અત્યારે તો રખડી પડ્યો છે અને એની પરવા કર્યા વગર ધોળી ટોપી રમતમાં પડી ગઈ છે.

પહેલાં માથે પહેરવાની વસ્તુ પાછળ ખૂબ પૈસા ખરચાતા. સોનાના કસબ અને તોરા એના પર વપરાતા. મારા એક વયોવૃદ્ધ સ્નેહીએ થોડા જ દિવસ પર એમની બાલ્યાવસ્થાની મોતીભરેલી ટોપી પોતે સાચવી રાખેલી ગર્વપૂર્વક બતાવી હતી. ત્યારે પગરખાંને એના અવનત સ્થાનને યોગ્ય મૂલ્ય વગેરે બાબતોમાં હલકાપણું અપાતું. અરે, જોડાના સદંતર અભાવને અમદાવાદી જોડાનું ઉપનામ મળતું. કરેલા કાર્યની કદર ખૂશ રાજાઓ અને શ્રીમંતો શિરપેચ બંધાવતા અને પ્રસંગોપાત્ત જશને બદલે કામમાં આવે એવાં સાચાં નહિ પણ અલંકારિક અર્થનાં જૂતિયાં આપતા. અત્યારે એથી ઊલટું છે. અને જોડા ખૂબ કિંમતી જોવા મળે છે અને માથા પર આઠબાર આનાની ટોપી કે એ પણ ન હોય એવાં દૃશ્યો સાર્વત્રિક થઈ ગયાં છે.

ઉપર જણાવ્યા પ્રમાણે પાઘડી એના મૂળ વપરાશને છોડી, ભાડે અપાતાં ઘરેણાં વ્યાપારનું એક અનિવાર્ય અંગ બતાવતો શબ્દ બની 'રહી છે, 'શિર સલામત તો

બહુતેરી,' 'માથું કાપ્યા પછી પાઘડી ત્રી,' 'માથા કરતાં પાઘડી મોટી,' કહેવતો પણ આ માનવ વ્યવહારનાં ભિન્ન સ્વરૂપને લાગુ પડી રહી છે.

રાજકીય દૃષ્ટિએ સ્વતંત્ર બનેલો ભારત બીજા દેશોમાં ખૂબ વિકસિત કક્ષાએ ચી રાજકારણની કળામાં પ્રગતિ સાધી અને દાયકાઓ બાદ જનકલ્યાણના વરસાવનાર વચનવાળા ઉદ્યોગીકરણ- ડાણ કરવા મથી રહ્યો છે; પણ એ દર- જનતાએ તો માત્ર પોતાની ખાવા- તી અને ઓઢવાપહેરવાની ટેવો બદલી તેમ જીવતા રહી, પુરાણોમાં વર્ણવેલા ગમે તે રીતે દૂર રાખી, આવનારા ચા સ્વર્ગનું સ્વાગત કરવા તૈયાર નું છે: સ્વાવલંબી થવાનું છે અને રચનાત્મક ટીકા (કાર્ય નહિ) કર- છે-જોકે ખોરાક ખાઈ જીવતા રહે- પ્રાચીન વહેમ અને રિવાજ આમાં બાધારૂપ નીવડે છે, પણ તે આપણે જ રહ્યો. ખાદ્ય પદાર્થોની હેરફેર અને લગતી હાલની આર્થિક વ્યવસ્થાને કેટલેક ઠેકાણે ઢોરોને તો પોતાની ત્તમ પ્રકાર માટે બદલવી પડી હોય એવા ખરા કે ખોટા સાંભળ્યા છે. અન્ન- દેશવ્યાપી પ્રચારને લીધે માણસો પણ ને લગતી ટેવો બદલશે એવી આશા લાગી છે. અલબત્ત, બીનઅંકુશી નો વપરાશ વધશે અને લોકોને કોઠે જશે ત્યારે અંકુશવાળા ખાદ્ય પદા- શું થશે એ વિચાર આવે છે ત્યારે માંની, સુધારાવાળાઓની ચાલને વિધવાઓના વિવાહ સર્વથા પ્રચલિત કુમારીઓના વિવાહ સદંતર બંધ જવાની વાત યાદ આવે છે.

વી વાત એવી છે કે સહસ્રાવધિ વર્ષોના પ્રયોગોને અંતે, આપણા દેશમાં માણસ જાતને દૃઢ પ્રતીતિ થઈ હતી (અને એ એમણે વ્યવહારમાં મૂકી પણ હતી) કે નાના-નાના જનસમૂહને જેટલી જમીન પોષી શકે એટલી જમીન પર એ જનસમૂહે, પોતાના કિરતારના સ્મરણપૂર્વક વસવું જોઈએ; અને ક્ષમાવાન ધરિત્રીના એ ખંડ પર જ્ઞાન, કર્મ વગેરેની પોતાની વિવિધ ઇંદ્રિયોનો નિસર્ગાનુકૂલ અને નિગ્રહયુક્ત વિનિયોગ કરી જીવન વ્યતીત કરવું જોઈએ. છેલ્લી સીમા સુધી વિકસે એ રીતનો પુરુષાર્થ કરી પરમ ચૈતન્યનાં સહસ્રદલ પદ્મની પ્રત્યેક પાંખડીના પરાગથી પરિચિત થવું જોઈએ.

સહકારીયુક્ત બંધુતાનાં નાનકડાં ક્રિયાપરાયણ એકમો જ પોતાનાં સુખદુઃખોની લઘુ કે વિશાળ મર્યાદા સીધી રીતે સમજી, એના પ્રમાણયુક્ત, વ્યક્તિગત રીતે અનુભવ કરી શકે; સુખને વધારી શકે કે દુઃખને વહેંચીને એના ઉપાયો સહકારને ધોરણે કરી શકે; પોતાના પ્રયત્નોના પ્રત્યક્ષ પરિણામરૂપે ઉત્પન્ન થતું સુખ કે દુઃખ સમાજમાં જોઈ શકે અને ઉપભોગને લગતી ભાગીદારીનો હક્ક કે જવાબદારી સમજી શકે. આથી સમાજમાં સ્વસ્થતા અને સમતુલા જળવાતી. અત્યારે માણસ પોતાના પ્રયત્નોના પરિણામે ઉત્પન્ન થતું બધું સુખ કયાં ચાલ્યું જાય છે અને કોણ એનો વગર હક્કે ઉપયોગ કરે છે, એ જોઈ શકતો નથી અને એવી જ રીતે ઉત્પન્ન થતા દુઃખમાંથી છટકી જઈ બીનજવાબદાર થઈ વર્તી શકે છે, આથી સમાજમાં ભારે વિષમ પરિસ્થિતિ ઉત્પન્ન થઈ છે. એનાં ભિન્નભિન્ન પાસાંઓને આપણે વિદ્વત્તાયુક્ત નામો કે વ્યાખ્યાઓ આપવામાં સફળ થઈએ છીએ, પણ એનાં દુષ્પરિણામોથી ખરેખર બચવામાં બિલકુલ નિષ્ફળ નીવડીએ છીએ. આ દશા ભયાનક અને નિષ્ક્રિય નાસીપાસીને જન્મ આપે છે.

વિદેશી આક્રમણો પહેલાંના આપણા સુવર્ણ યુગોમાં આને જ લક્ષમાં રાખીને, સ્થાનિક વિવિધતા સાથે રાજતંત્ર ગોઠવાતું. અભ્યુદય સમયે સામાન્ય પ્રજાજનથી માંડી, રાજા કે રાષ્ટ્રનિયંતા ઋષિ સુધીના બધા, વ્યક્તિગત કે ઉત્સવોમાં સામુદાયિક રૂપે આનંદોપભોગ કરતા અને સંકટ સમયે ભેગા મળી એના ઇલાજો વિચારતા, અને આમ કરીને પોતાની જીવનયાત્રામાં અનેરું જોમ મેળવી, રાષ્ટ્રને બળવાન બનાવી અને રાખી, શક્તિસંચય કરતા. આથી જ પોતાના પ્રયત્નોને લીધે કે કુદરતી બળોને લીધે ઉત્પન્ન થતાં સુખદુઃખોનું પ્રમાણ પોતાની દૃષ્ટિમર્યાદામાં રાખવાનું સુલભ થઈ પડતું.

આપણે ત્યાં તો આ સુખદ પરિસ્થિતિ શતકો થયાં છિન્નભિન્ન થઈ ગઈ છે. બીજાઓની વાત કરવાનું આ લેખની મર્યાદામાં નથી. ગાયને પાળીપોષી, આપણું પોષણ મેળવવાની સાત્ત્વિક ટેવ આપણે જમીનને પણ લાગુ પાડતા. વર્ષા, સૂર્યપ્રકાશ આદિ કુદરતી મદદ અને માત્ર બીજ ધારણ કરી શકે એ રીતનો ફેરફાર આપણા પ્રયત્નોને લીધે કરી આપણે ભૂમિ પાસેથી પોષણ મેળવતા અને ક્ષારો, ધાતુઓ, તેલો અને અન્ય અનેક ખનિજ દ્રવ્યોના રસકસવાળી પૃથ્વી ‘શતં જીવેમ શરદઃ’ના આશીર્વાદવાળું પોષણ આપતી ગાયના દૂધને બદલે એનું માંસ ખાનારાઓએ પૃથ્વીના આવા આહ્નિક ઉત્પન્નને પૂરતું ન ગણ્યું. એમણે એનાં પેટાળો તોડ્યાં, ફાડ્યાં. ખનિજ દ્રવ્યો કાઢ્યાં અને પોતાને દૈનિક જીવનમાં પોષણ આપતા છાશ-રોટલાના રસકસનો નાશ કર્યો. ઔદ્યોગિક સંપત્તિ તો વધી, સાથે આસુરી સંપત્તિ પણ વધી. ખનિજ દ્રવ્યોનો ઉપયોગ કરી, કુદરતનાં બળોને યોજી શ્રમવિહોણાં, સુખોપભોગનાં સાધનો બનાવી, પોતાના ક્રમિક તેમજ તાત્કાલિક મૃત્યુનું સર્જન કર્યું. વસ્તુઓ વેપારી વિનિમય અને વિક્રય માટે છે, વાપરવા માટે નહિ એવી અસંગત દશા ઊભી કરી. વળી આ બધા દરમિયાન માન્યા કર્યું કે માનવી વિશ્વવિજેતા થવાના ધ્યેયની લગોલગ પહોંચી ગયો છે. કેટલી વિરાટ આત્મવંચના! દુનિયાના કોઈ પણ નાનામાં નાના ખૂણામાં, દુઃખની આશંકા વિનાના કોઈ પણ ભાગમાં, સુખ કે સંતોષનો છાંટો યે દેખાતો નથી, ત્યારે લોકો મંગળ કે ચંદ્ર પર આક્રમણ કરવાની વેતરણમાં પડ્યા છે-અહીં કરવા લાયક બધાં કાર્યો જાણે કે આપણે પતાવી દીધાં ન હોય!

ઉકેલ માટે આવતા નાનામોટા પ્રશ્નોની બાબતમાં બે જ માર્ગો શક્ય હોય છે: એક તો ચાલુ, કામપૂરતો ઉકેલ શોધવાનો અને બીજો કાયમી ઉકેલ શોધવાનો. પહેલાંના સમયમાં, લાંબા સમય સુધી, લોકોને કાયમી ઉકેલ શોધવાની ટેવ પડેલી હતી. આને લીધે, રાષ્ટ્રજીવનનાં અંગોપાંગોમાં એટલી શક્તિ રેડી શકાઈ હતી કે એ ટેવ છોડી, ઘણા સમયથી વિપરીત ટેવ ગ્રહણ કરી છે, તોપણ એ સંચિત શક્તિ અત્યારના વિનાશ પ્રત્યેના આપણા વેગને કંઈક મંદ પાડી રહી ને સુધરવાનો અવકાશ આપણને આપી રહી છે. પહાડ પરથી આવતી સ્વચ્છ ધારાઓ બંધિયાર થાય છે ત્યારે જ એમાં લીલ બાઝે છે અને જીવનદાયી પ્રવાહ વિષયુક્ત બને છે. લોકો સાચું કે ખોટું એ ભેદ ભૂલી જૂનું કે નવું એવાં અનેક અનર્થયુક્ત દ્વંદ્વો ઉપજાવે છે અને અરણ્યમાં ભટકે છે.

જીવનમાં થીગડાં મારવા જેવો ક્ષણિક ઉકેલ એ જ મને તો હાલના સર્વદેશીય હ્રાસનું મુખ્ય કારણ લાગે છે. સાંસારિક સુખોપભોગનું ભ્રામક મૂલ્યાંકન, દુઃખ, સંકટ અને ઉપાધિના પ્રમાણ, પ્રકાર અને ઉપાયોનું અવા-

જ્ઞાન-આ બધી સામગ્રીને આપણે પ્રગતિનાં વિવિધ ચિહ્નો તરીકે ગણા- છીએ. ઉચ્ચ આદર્શના અનુસરણમાં અડચણોને લીધે આપણે આદર્શને કે મોળો બનાવવા પ્રત્યે પ્રવૃત્ત થઈએ પણ જીવનક્રમમાં ઉચ્ચતર ફેરફાર નથી.

એટલે જ રામકૃષ્ણ, વિવેકાનંદ, દયાનંદ, અરવિંદ, મહર્ષિ રમણ આદિને વારં- આવી ઉદ્બોધન કે જીવન દ્વારા ચેતવણી પડે છે. દરેક વિચારશીલ માણસ તો છે અને બીજાઓને કુદરત એમની અંતસ્તલોમાં જણાવે છે, પણ આડે રસ્તે દોરનારા વાતા- કશું થતું નથી.

વ્યક્તિગત કે રાષ્ટ્રીય જીવનમાં ભરાયેલું પ્રકૃતિ વિરુદ્ધ પગલું એની વિરુદ્ધ અસર વિના રહેતું નથી. ચાવ્યા વિનાનો કોળિયો, બરાબર પકવ ન થયેલા અન્નનો ટુકડો, જેમ શરીરમાં અવ્યવસ્થા કે ઉત્પન્ન કરે છે, તેમ જીવનમાં ભરેલું એક ખોટું પગલું, એક નજીવું સ્ખલન કે પ્રમાદયુક્ત વર્તન, એવી જ દુઃખદ પરિસ્થિતિ ઊભી કરે છે. આની લાંબી પરંપરા ચાલે તો, ફળરૂપે, દુઃખની ઘટમાળ શરૂ થઈ લાંબી ચાલે. એના ઉપાયો યોજવા બેસો અને તત્કાલ પૂરતા ઉપાયો વિચારો અને અમલમાં મૂકો ત્યારે ઘડીભર તો દુઃખ દબાતું કે દૂર થતું લાગે, પણ એજ સંકટ વધારે ભયંકર રૂપ લઈ પાછું સામે આવે છે અને આવાં અનેક સંકટોની પરંપરામાં માણસ કે રાષ્ટ્ર અટવાઈ જાય છે.

અત્યારે દુનિયાના બધા દેશો આવી વિષમ પરિસ્થિતિમાં પડેલા નથી શું ? કલ્યાણ કરનાર કોઈ દુર્ગતિને પામતો નથી, એમાં શ્રદ્ધા રાખી સાચી દિશામાં પ્રયત્ન કરી આપણે દુર્ગતિનું નિવારણ કરી શકીએ અને જીવનનાં શાશ્વત સુખોને ભોગવી શકીએ. દુર્ભાગ્યે, ખોટા પ્રયત્નોરૂપે ચઢાવેલો પાઘડીનો બધો વળ આપણા વખતમાં આપણી સામે ઉકેલ માટે આવ્યો છે. વિનાશમાંથી બચવું હોય તો, બધો પુરુષાર્થ અજમાવી આપણે એને ઉકેલવો જ રહ્યો.

★

સ્વ. વિઠ્ઠલભાઈ પટેલ દિલ્હીની ધારાસભાના પ્રમુખ હતા ત્યારનો આ પ્રસંગ છે. એક દિવસ એ પરવારી સાંજને વખતે ઘેર જતા હતા ત્યાં જ વિલાયતથી ભારત આવેલ એક અંગ્રેજ દંપતી માં આવ્યાં. લાંબી દાઢી ને સાદાં વસ્ત્રોને લીધે આ યુગલે વિઠ્ઠલભાઈને ધારાસભાના વૃદ્ધ નોકર ધારી ને કંઈક રુઆબથી ધારાસભાગૃહ જોવાની ઇચ્છા પ્રદર્શિત કરી. વિઠ્ઠલભાઈ તો ચૂપચાપ કશુંય બોલ્યા આ કામ માટે તૈયાર થઈ ગયા; ને ખૂબખૂબ વિગતથી બધું બતાવ્યું. અંગ્રેજ યુગલે ખુશ થઈ પે 'ચપરાશી'ને એક રૂપિયો ધર્યો, પણ વિઠ્ઠલભાઈએ નમ્રતાપૂર્વક તેનો અસ્વીકાર કર્યો.

બીજે દિવસે જ્યારે ધારાસભાની બેઠક હતી, ત્યારે પ્રેક્ષકોની ગેલેરીમાં આ અંગ્રેજ યુગલ પણ હતું. ની ધારાસભાના પ્રમુખનાં દર્શન માટે તેઓ ઉત્સુક થઈ રહ્યાં હતાં.

થોડીવારે પ્રમુખની ખુરશીમાં વિઠ્ઠલભાઈ આરુઢ થયા, ત્યારે પેલું યુગલ આંખ ફાડી જોઈ જ રહ્યું !

×

દાક્તર: 'સાચેસાચ વિષ્ણુભાઈ, મને તો તમારા બચવાની બિલકુલ જ આશા નહોતી. આ તમારા સુદૃઢ બાંધાને પરિણામે જ તમે જીવી ગયા: અભિનંદન !'

દર્દી: 'તમારા અભિનંદનથી આનંદ થયો, ડૉક્ટર, પણ હવે આપ બિલ બનાવો ત્યારે આ હકીકત ધ્યાનમાં રાખજો,' સાહેબ !'

×

વ્યાકરણની દૃષ્ટિએ

બંગાળી-ગુજરાતીનું સામ્ય

લેખક :
શ્રી પ્રસન્નવદન છ. દીક્ષિત

પ્રાંતપ્રાંતના સીમાડાઓ વટાવીને ભારત આજે એક થયું છે, અને આ એકતાને રૂઢ બનાવવાના પ્રયત્નો આપણે કરીએ છીએ ત્યારે સૌ પ્રથમ તો ભિન્નભિન્ન પ્રાંતોની ભિન્નભિન્ન ભાષાઓમાં ઐક્ય સધાય એ અત્યંત જરૂરી છે. બંગાળ સાથે ગુજરાતનો સંબંધ વર્ષોથી છે. કેટલાય ગુજરાતીઓ શાંતિનિકેતનમાં શિક્ષણાર્થે રહ્યા છે, નંદલાલ બસુના હાથ તળે કેટલાય ચિત્રકારોએ તાલીમ લીધી છે. કલકત્તામાં ગુજરાતીઓનો વસવાટ નાનોસૂનો નથી. આપણે ગીતોમાં બંગાળી ઢાળ અપનાવ્યા છે. રવીંદ્રનાથ ને શરદચંદ્ર ચટ્ટોપાધ્યાય ઉપરાંત કેટલાય બંગાળી લેખકોનાં પુસ્તકોના અનુવાદ ગુજરાતીમાં થયા છે. હમણાં-હમણાં બંગાળી નામો પણ આપણે અપનાવવા લાગ્યા છીએ, ત્યારે વ્યાકરણની દૃષ્ટિએ બંને ભાષા વચ્ચેનું સામ્ય જાણવાનું પણ રસદાયક થઈ પડશે.

રાષ્ટ્રચેતના અને આજના પ્રજાકીય નવયુગમાં બંગાળી સાહિત્યે અને પ્રજાએ આપેલો ફાળો નાનોસૂનો નથી, એ તો સર્વત્ર વિદિત જ છે. બંગાળી સાહિત્ય જેટલું સમૃદ્ધ અને સંસ્કારી સાહિત્ય હિંદની બીજી કોઈ ભાષામાં નહીં હોય. આપણા ગુજરાતમાં દિવસે-દિવસે આ સાહિત્ય વધારે ને વધારે લોકપ્રિય થતું જાય છે. એ સાહિત્યની કોઈ ઉત્તમ કૃતિનો આપણી ભાષામાં અનુવાદ થયા વગર ભાગ્યે જ રહ્યો હશે. પરંતુ મનોમુગ્ધ કરનારા જે બંગાળી સાહિત્યે આપણી પ્રજાને આવી અજબ મોહિની લગાડી છે, તે બંગાળી સાહિત્યની ભાષા આપણી માતૃભાષાને ઠીક-ઠીક મળતી આવે છે, એ વાત ઘણાને આશ્ચર્યમુગ્ધ કરી દેશે. અન્ય ભાષાઓ કરતાં બંગાળી આપણી ગુજરાતી ભાષાને ઠીકઠીક મળતી આવે છે, બંને વચ્ચે અદ્ભુત સામ્ય છે એ જાણવું રસિક થઈ પડશે. દાખલા તરીકે નીચેના બંગાળી કાવ્યની પંક્તિઓ આપણે પ્રથમ લઈએ:

> આદિ પુરુષેર કથા કરિયા સ્મરન;
> ઉઠરે ભારતવાસી ત્યજીયા શયન. (૧)
> ભારતે ય વિદ્યા બલ સાહિત્ય દર્શન;
> કરિયા છે પૃથ્વીને જ્યોતિ વિતરન. (૨)

સામ્ય એટલું સુસ્પષ્ટ છે; અર્થ એટલો બધો સરલ અને સહજ સમજાય તેવો છે, કે એના ભાષાંતરની કે ભાવાર્થ સમજાવવાની જરૂર રહેતી નથી. દેશબંધુ દાસની નીચેની ભાવવાહી કૃતિ પણ તેટલી જ સુગમ અને સરલ છે:

> ઓઇ, હેર દેવતારા પ્રસન્ન હઇયા,
> લિખે છે ગગન ભાલે રવિ રશ્મિ દિયા;
> બંગાળી નહે ગોભીરૂ, નહે કા પુરુષ,
> બંગાળીર આ છે આશા, આ છે ઇતિહાસ;
> શુનો ના અલીક કથા મિથ્યા પ્રલોભન;
> સોંપિઓ ના સર્વ આશા વિદેશી ચરને;
> દૂર કરો દુર્દિનેર મિથ્યા આરાધન,
> સત્યે રે સહાય કરો જીવને મરને.

આ પંક્તિઓ વાંચીને ગુજરાતી બંગાળીના સામ્યનો કોને અનુભવ નહિ થાય! મારવાડી ભાષાની જેમ બંગાળીમાં પણ નામની પહેલી વિભક્તિનો બહુવચનનો પ્રત્યય 'રા' છે. 'દેવતારા' એટલે દેવતાઓ. વળી મારવાડી ભાષા પેઠે છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય 'ર' છે. બાંગાલીર=બંગાળીનું. અલબત્ત, અહીં સંસ્કૃત ભાષા જેવી વાક્યરચના હોવાથી 'બાંગાલીર આ છે આશા' એવો દ્વિતીયાને સ્થાને ષષ્ઠીનો પ્રયોગ કરવામાં આવ્યો છે. આજ્ઞાર્થ રૂપો (અં. ઇમ્પરેટિવ

) ગુજરાતી જેવાં જ છે. ગુજરાતી 'છે'ને સ્થાને 'આ છે' અને 'નથી'ના 'નહે' શબ્દ વાપર્યો છે. સાતમી તથા ત્રીજી વિભક્તિનો પ્રત્યય ગુજરાતી ભાષા બંગાળીમાં પણ 'એ' છે.

સરલતા ખાતર ક્રિયાપદોનાં રૂપાખ્યાન પહેલાં તપાસીએ. 'હઓયા' 'થવું' એ બધાં રૂપો નીચે મુજબ છે:

વર્તમાનકાળ

એ. વ.	બ. વ.
૧ પુ. આમિ હઈ=હું હોઉં.	આમોરા હઈ=અમે છીએ.
૨ પુ. તુમિ હઓ=તું હો.	તોમરા હઓ=તમે છો.
૩ પુ. સે હય— (માનાર્થે) તિનિ હયેન }=તે છે.	તાહારા હયેન=તેઓ છે.
૧ પુ. આમિ આછિ=હું છું.	આમોરા આછિ=અમે છીએ.
૨ પુ. તુમિ આછો=તું છે.	તોમરા આછો=તમે છો.
૩ પુ. સે આ છે (માનાર્થે) તિનિ આછેન }=તે છે.	તાહરા આછેન=તેઓ છે.

ભૂતકાળમાં એકવચનનાં રૂપોને 'હઈલ' અને બહુવચનનાં રૂપો ને 'હઈલેન' લાગે તેવી જ રીતે 'છિલ' અને 'છિલેન'નો પ્રયોગ થાય છે. આમિ-તુમિ-સે હઈલ તેમજ મિ-તુમિ-સે છિલ અને આમોરા-તોમરા-તાહારા હઈલેન તથા છિલેન એમ રૂપો લઈ ય. ભવિષ્યકાળમાં માત્ર એક જ રૂપ નીચે મુજબ થાય છે:

૧ પુ. આમિ હબો-હઈબો	આમોરા હઇબો-હબો
૨ પુ. તુમિ હબે-હઈબે	તોમરા હબેન-હઇબેન
૩. પુ સે હબે-હઇબે તિનિ હબેન-હઈબેન	તાહરા હબેન-હઇબેન

અર્થાત્ વિકલ્પે 'ઈ' લોપાવાથી ભવિષ્યકાળમાં આવાં બે રૂપો સમજવાં. ભવિષ્ય- નો પ્રત્યય 'બ' અલબત્ત તદ્દન નિરાળો છે. અંગ્રેજી ભાષા પ્રમાણે દરેક કાળનાં સાદાં ચાલુ અને પૂર્ણ રૂપો એવાં નવ-નવ રૂપાખ્યાન થાય છે. સાદાં રૂપો ઉપર લાં જ છે. ચાલુ રૂપો ફક્ત 'હઓયા'નાં જ થાય છે અને તે નીચે પ્રમાણે:

ચાલુ વર્તમાનકાળ

એ. વ.	બ. વ.
આમિ-આમોરા હઈતે છિ.	તુમિ-તોમરા હઈતે છ.
સે હઈતે છ-તિનિ હઈતે છેન.	તાહારા હઈતે છેન.

અહીં પણ વિકલ્પે 'ઈ'નો લોપ થતો હોવાથી 'હતેછિ'-'હતેછ' તથા 'હતેછેન' બીજાં રૂપો થઈ શકશે. આ પ્રસંગે કહેવું પડશે કે ગુજરાતીમાં વર્તમાનકાળનાં રૂપો છે જ નહીં. વ્યાકરણમાં તો નથી જ, પરંતુ સુરત જિલ્લાના ગામડીઆ લોકો છું'-'થતો છે' એવો વિશિષ્ટ પ્રયોગ કરે છે ખરા.

પૂર્ણ વર્તમાનકાળ

એ. વ.	બ. વ.
૧ પુ. આમ હઇયા છિ=હું થયો છું.	આમોરા હઈયા છિ—અમે થયા છીએ.
૨ પુ. તુમિ-હઈયા છ=તું થયો છે.	તોમરા હઇયા છ=તમે થયા છો.
૩ પુ. સે હઈયા છે=તે થયો છે. તિનિ હઈયા છેન=તેઓ (માનાર્થે) થયા છે.	તાહરા હઈયા છેન=તેઓ થયા છે.

ચાલુ ભૂતકાળ

	એ. વ.	બ. વ.
૧ પુ.	આમિ હઇતે (હતે) છિલામ=હું થતો હતો.	અમોરા હઈતે (હતે) છિલામ-અમે થતા હતા.
૨ પુ.	તુમિ હઈતે (હતે) છિલ=તું થતો હતો.	તોમરા હઈતે (હતે) છિલ=તમે થતા હતા.
૩ પુ.	સે હઈતે છિલ -તિનિ હઈતે છિલેન } =તે થતો હતો.	તાહરા હઈતે છિલેન=તેઓ થતા હતા.

પૂર્ણ ભૂતકાળ

	એ. વ.	બ. વ.
૧ પુ.	આમિ હઈયા છિલામ=હું થયો છું.	આમોરા હઈયા છિલામ=અમે થયા છીએ.
૨ પુ.	તુમિ હઈયા છિલ=તું થયો છે.	તોમરા 'હઈયા છિલ=તમે થયા છો.
૩ પુ.	સે હઈયા છિલ-તિનિ હઈયા છિલેન=તે થયો છે.	તાહરા હઈયા છિલેન=તેઓ થયા છે.

સંસ્કૃત વ્યાકરણની પેઠે બંગાળીમાં પણ સાંકેતિક ભવિષ્યકાળ (અં. કંડિશનલ ફ્યુચર) છે અને તેને બંગાળી વ્યાકરણકારે 'પુરાનિત્યવૃત્તા' એવી સંજ્ઞા આપી છે. એ કાળનાં રૂપો નીચે મુજબ લેવાય છે:

એકવચન—બહુવચન

આમિ-આમોરા હતામ કે હઈતામ=હું-અમે હોત કે થાત.
તુમિ-તોમરા હઈતે=તું-તમે હોત કે થાત.
સે-તિનિ-તાહારા હઈત-હઈતેન=તે-તેઓ હોત-થાત.

અલબત્ત, આ સ્થળે પણ વિકલ્પે વચલી 'ઈ' લોપાતી હોવાથી સાદા ભવિષ્યકાળની પેઠે હતામ-હતે-હત એવાં બીજાં રૂપો થઈ શકશે. 'તુમિ હતે' અર્થાત્ ગુજરાતી ભાષાનું 'તું હતે' એવું સાંકેતિક ભવિષ્યકાળનું રૂપ સુરત તરફ પ્રાંતીય ભેદ તરીકે ખાસ પ્રચલિત છે. આમ ગુજરાતી-બંગાળીમાં સામ્ય કેટલું આબેહૂબ ને કેવું કલ્પનામાં પણ ન આવે એ રીતે સમાયેલું છે તે સ્પષ્ટ થાય છે.

હવે આપણે 'કરા'='કરવું' એ ધાતુનાં તમામ રૂપો અવલોકીએ. એથી કરીને અભ્યાસીને નવે કાળનાં રૂપો સચોટ રીતે સમજાશે. ગુજરાતી અને બંગાળી-જુદાજુદા પ્રાંતોની, બે અલગ અને ઇલાયદી ભાષાઓમાં કેટલું સામ્ય કુદરતી રીતે જ સમાયેલું છે એનો ખ્યાલ પણ બીજી કઈ રીતે મેળવી શકાય?

	સાદો વર્તમાન	ચાલુ વર્તમાન	પૂર્ણ વર્તમાન
૧ પુ.	આમિ-આમોરા કરિ	આમિ-આમોરા કરિતે છિ	આમિ-આમોરા કરિયાછિ
૨ પુ.	તુમિ-તોમરા કરો	તુમિ-તોમરા કરિતે છ	તુમિ-તોમરા કરિયાછ
૩ પુ.	સે કરે, તિનિ કરેન	સે કરિતે છ તિનિ કરિતે છેન તાહારા કરિતે છેન	સે કરિયાછે તિનિ કરિયાછેન તાહરા કરિયાછેન

આપણે જાણીએ છીએ કે ચાલુ વર્તમાનકાળ ગુજરાતી વ્યાકરણમાં નહિ હોવા છતાં સુરત જિલ્લાના ગામડિયા લોકો 'હું કરતો છું,' 'તમે કરતા છો' એવાં ચાલુ વર્તમાનકાળનાં રૂપો વાપરે છે, એ તેમની ખાસ વિશિષ્ટતા છે.

	સાદો ભૂતકાળ	ચાલુ ભૂતકાળ
૧ પુ.	આમિ-આમોરા કરિલામ;	આમિ-આમોરા કરિતે છિલામ
૨ પુ.	તુમિ-તોમરા કરિલ	તુમિ-તોમરા કરિતે છિલ

૩ પુ. સે કરિલ=તેણે કર્યું. } સે કરિતે છિલ — તે કરતો હતો.
તિનિ-તાહરા કરિ લેન =તેઓએ કર્યું. } તિનિ કરિતે છિલેન, તાહરા કરિતે છિલેન } તેઓ કરતા હતા.

પૂર્ણ ભૂતકાળ

૧ પુ. આમિ-આમોરા કરિયા છિલામ=મેં કર્યું હતું, અમે કર્યું હતું.
૨ પુ. તુમિ-તોમરા કરિયા છિલ=તમે કર્યું હતું.
૩ પુ. સે કરિયા છિલ= તેણે કર્યું હતું.
તિનિ કરિયાછિલેન, તાહરા કરિયાછિલેન } =તેઓએ કર્યું હતું.

ભવિષ્યકાળનાં રૂપો આમિ-આમોરા કરિબો 'હઓયા' ધાતુનાં જેવાં જ થાય છે. પણ વચલી 'ઈ'નો વિકલ્પે લોપ થતો હોવાથી 'કરબો' 'કરબે' વગેરે રૂપો રાનાં સમજવાં.

સાંકેતિક ભવિષ્યકાળનાં રૂપો નીચે મુજબ થાય છે:

૧ પુ. આમિ-આમોરા કરિતામ=હું-અમે કરત.
૨ પુ. તુમિ-તોમરા કરિતે=તું-તમે કરત.
૩ પુ. સે તિનિ-તાહારા કરિત=તે-તેઓ કરત.

વચલી 'ઈ' કાઢી નાંખતાં 'કરતામ,' 'કરતે' અને 'કરત' એવાં રૂપો વિકલ્પે છે.

કર્તરિ કર્મણિ પ્રયોગનાં રૂપો નીચે મુજબ થાય છે:

પાઠક મહાભારત પઢિતેછેન.	કર્તરિપ્રયોગ
પાઠક હઈતે મહાભારત પડા હઇતે છે.	કર્મણિપ્રયોગ
આમિ ગાન શુનિયા છિ.	કર્તરિપ્રયોગ
આમાર ગાન સોના હઈયા છે.	કર્મણિપ્રયોગ

વળી સંસ્કૃતની પેઠે બંગાળીમાં પણ અકર્મક ક્રિયાપદનો સહ્યભેદ (કર્મણિપ્રયોગ) છે, એ નોંધવા જેવું છે. ગુજરાતીમાં અલબત્ત અકર્મક ક્રિયાપદનો કર્મણિપ્રયોગ નથી. આથી સ્પષ્ટ થાય છે કે ગુજરાતી કરતાં સંસ્કૃતને (આદિ ભાષાને) બંગાળી અનુસરે છે.

આમિ શુઈલામ = હું સૂતો.	કર્તરિપ્રયોગ
આમારા શોઓયા હઈલ (હલ) = મારું સૂવાનું થયું.	કર્મણિપ્રયોગ

કર્મણિરૂપોની મહત્તા શી છે?

અલબત્ત સંસ્કૃતની પેઠે કર્મણિરૂપોનો પ્રયોગ કર્યાથી જેને માટે એ રૂપોનો પ્રયોગ છે, તે વ્યક્તિ પ્રત્યે સન્માન વિશેષ પ્રદર્શિત થાય છે. 'મહાશય, ઈહાકે અનુગ્રહ' એમ કહેવાને બદલે 'મહાશય કર્તૃક ઈનિ અનુગૃહીત હોઉન' એવું કર્મણિરૂપ થી તે વ્યક્તિના પ્રત્યે સન્માન વિશેષ દર્શાવી શકાય છે.

આ સામ્ય આટલેથી જ અટકતું નથી. અવ્યયો પણ લગભગ આપણી ગુજરાતી ને બરાબર મળતાં આવે છે. દાખલા તરીકે 'એમાન'=એમ; 'જેમન'=જેમ; 'તેમન'=તેમ; '=ક્યાં. કલ્પના કરી શકશો આ બંગાળી અવ્યય 'કોથાય' કોની સાથે કેવું સામ્ય ધરાવે છે? સુરત જિલ્લાનાં ગામોમાં 'કેથાં જાએ છે?' એ માંહેનું આબેહૂબ 'કોથાય'ની સાથે સામ્ય ધરાવે છે. કોથાય એટલે કેથાં: 'કેન'=કેમ.

'જેન'=જેમ.

ગુજરાતીની કહેવતો પણ બંગાળી ભાષાની કહેવતો સાથે સરખાવવા જેવી છે. 'એક હાતે તાલિ બાજે ના,' 'ઢાકેર કા છે ટિમટિમ.' (અર્થાત્ નગારખાનામાં તતૂડીનો અવાજ) 'લાગે તાક ના લાગે તૂક' (લાગ્યું તો તીર, નહિ તો તુક્કો!) કેટલાક શબ્દો ખાસ ચરોતરની ભાષામાં જ વપરાતા શબ્દો હોઈને પ્રશ્ન થાય કે બંગાળીને મળતા ક્યાંથી આવી શકે? પણ એમ નથી. 'બેશ,' 'તામાકુ' કેવું છે? બેશ છે. 'કેમન હય?' બેશ આ છે. આ ગુજરાતી બંગાળી પ્રયોગો પરસ્પર કેટલું સામ્ય ધરાવે છે! 'સારું' ના અર્થમાં અમદાવાદ તરફ 'બેશ' શબ્દ પ્રયુક્ત થાય છે. અને એજ 'બેશ' શબ્દ પણ એજ અર્થમાં બંગાળી ભાષામાં પણ વપરાય છે. બીજા સામ્ય ધરાવનારા શબ્દો બં. 'ડેકરા' (ગુ. 'ડોકરા') છે. ગુજરાતીમાં ચરોતર તરફ બેનને 'બોન' કહે છે. બંગાળીમાં પણ એજ શબ્દ એજ અર્થમાં વપરાય છે. ભાતાર (ભાયડો) ભલો (ભલો), ફેર (ફરી) વગેરે શબ્દો પરસ્પર સાદૃશ્ય ધરાવે છે. બંગાળીમાં ફ્રેંચ ભાષાની પેઠે અને સુરતના નાગર ગૃહસ્થની ભાષાની પેઠે અનુનાસિક વધારે છે: દૃષ્ટાંત તરીકે 'બાંચા'= બચવું. ઓછા લોક=ઓછું પાત્ર. 'ટાંકા'=તાકવું. ડિંગર–ડિંગરા=ઢોંગો. તન્ન તન્ન કરિયા= તડ ને ફડ કરીને–ચોળી પખાળીને.

કદાચ ઘણા થોડા સાક્ષરોને ખ્યાલ હશે, કે બંગાળી ભાષા સુરતના નાગરોની ભાષાને આટલી હદ સુધી મળતી આવતી હશે! 'ઠામ' શબ્દ સુરતના નાગરોનો જ ખાસ શબ્દ છે અને તેને મળતો બંગાળીમાં 'ઠાંઈ' શબ્દ છે. ઠામ માંડવો એટલે 'ઠાંઈ કરા' બંગાળી ભાષામાં છે. 'થોક' શબ્દ પણ નાગરોમાં જ વપરાય છે. 'થોક ટાકા'=એકંદર રૂપિયા- કુલ રૂપિયા.

નાગરોની બોલી ખાસ નિરાળી છે. નાગરો 'મ્હને' અને 'મ્હારાથી' એમ કહેવાને બદલે પહેલાં 'હુંને' તથા 'હુંથકી' એમ બોલતા. બંગાળી ભાષામાં પણ 'આમા કે' અને 'આમા થે કે' રૂપો અનુક્રમે દ્વિતીયા અને પંચમીમાં વપરાય છે. દેખીતી રીતે જ એ રૂપો સુરતના નાગરોની બોલીના 'હુને' તથા 'હુંથકી'ને આબેહૂબ મળતાં આવતાં રૂપો જ છે. વળી 'તિનિઓ ઉપસ્થિત છિલેન' એ વાકયમાં પણ 'ઓ' અવ્યયનો પ્રયોગ સુદ્ધાં સુરતના નાગરો કરે તેવો જ આબેહૂબ છે. 'તેઓ ઉપસ્થિત હતા' અને 'હું ઓ ઉપસ્થિત હતો' એમ નાગરો પ્રયોગ કરે છે તે બંગાળી ભાષાને મળતો આવે છે. વળી 'આમિ ઓ પડિ' 'તિનિ ઓ પડેન' 'હું ઓ વાંચું છું' અને 'તેઓ વાંચે છે.' એ બન્ને વાકયોમાં 'ઓ' અવ્યય બન્ને ભાષા વચ્ચેના સામ્યને સચોટ રીતે સાબિત કરે છે. નાગરો લોટીને બદલે 'કશલી' શબ્દ વાપરે છે, જેને બંગાળી 'કલસી' શબ્દ આબેહૂબ મળતો આવે છે. આવા તો બીજા અનેક સામ્ય ધરાવતા શબ્દો ઉમેરી શકાય તેમ છે.

ભાષાનું સામ્ય શું સાબિત કરી આપે છે? વિશ્વવ્યાપી બંધુભાવ તથા ભારત એક અને અભેદ્ય છે. આપણે બધા પ્રથમ ભારતીય અને પછી ગુજરાતી બંગાળી, આદિ પ્રાંતીય ભેદ ધરાવનારા છીએ. સામ્ય–વિરોધ લક્ષમાં રાખ્યાથી ભાષાના અભ્યાસમાં વિશેષ સરલતા, સુબોધતા આવી શકે છે. પરિણામે બન્ને ભાષાઓનો આપણો અભ્યાસ વધારે સુગમ અને સંગીન થઈ શકે છે.

*

અનુભવવાણી

લેખક :
શ્રી ટી. જી. શાહ

કક્કાવારી કબાટ

વડતા ખાતર મેં એક ૬×૩ ફૂટનો કબાટ વસાવ્યો છે, તેમાં ૩૬ ખાનાં કરાવ્યાં છે. દરેક ખાનાની ઉપર ક, ગ, ઘ, એમ ચબરખીઓ લગાડી છે. ક ચબરખીના ખાનામાં કાતર, કપૂર, ક, કંકોત્રી, કિત્તા વગેરે; ખના ખાનામાં મોટા કદની ખીલીઓ વગેરે છે; ગ ના ખાનામાં ગાઈડ (રેલવેની–પોસ્ટની) દંત, ગમ્મતને લગતી વસ્તુઓની યાદી રે; ઘના ખાનામાં ઘડિયાળ, ઘડિયાળને તી વસ્તુઓ, ઘાબાજરિયું, ઘોડાના વાળ રે એમ આખાય કબાટમાં ઘરવખરીની મ વસ્તુઓ ગોઠવી છે.

દરેક ખાનું બહારથી ૧।। ઇંચ ઊંચું ને અંદરથી ૧। ઇંચ ઊંચું હોવાથી તેમાં ઇંચથી વધુ ઊંચાઈનો સામાન રહી તો નથી. ખાનાની ઊંડાઈ ૧૫ ઇંચ છે ને સવા ફૂટ લંબાઈ સુધીનો તમામ માન રહી શકે છે.

આ ગોઠવણીથી હું હરકોઈ વસ્તુ ફક્ત જ સેકંડમાં કાઢી આપી શકું છું. વખત જરા યે બરબાદ જતો નથી. શબ્દકોષમાંથી હરકોઈ શબ્દ જલદી શકાય છે, તેમ આ કક્કાવારી કબાટ- હરકોઈ વસ્તુ જલદી હાથ આવતી મને ખૂબ જ સંતોષ રહ્યા કરે છે. મારે સોય જોઈતી હોય ત્યારે 'સ'નું ઉઘાડતાં જ નાની મોટી જે કદની સોય હોય તે તુરત જ મળી આવે છે. દોરા જોઈતા હોય ત્યારે 'દ'નું ખાનું તાં જ કાચા–પાકા હરકોઈ રંગના જાડા કે પાતળા, નરમ કે મજબૂત જેવા જોઈએ તેવા દોરા તુરત જ મેળવી શકું છું.

ચાવી કે ચશ્માં જોઈતાં હોય તો 'ચ'નું ખાનું ખોલતાં જ જે તાળાની ચાવી જોઈતી હોય કે જે જાતનાં ચશ્માં જોઈતાં હોય તે તુરત જ સાંપડે છે.

'હ'નું ખાનું ખેંચતાં જ જે જાતનાં હથિયાર જોઈતાં હોય તે હાથ આવે છે.

'પ'નું ખાનું ખેંચતાં જ પૈસા, પાકીટ, પેન્સિલ, (રમવાનાં) પત્તાં વગેરે પાસે આવી પડે છે.

ઉપર પ્રમાણે ગોઠવણી કરતાં આખા કક્કામાંથી ઙ, ઞ, ણ, ળ, ક્ષ, અને જ્ઞ એ છ અક્ષરો પ્રથમાક્ષરમાં આવે એવી કોઈ ચીજ મારી પાસે ન હોવાથી એને માટે એકે ખાનું રાખ્યું નહોતું.

થોડા વખત પર 'ળ કહે' એ મથાળા-વાળી મારા પરમ મિત્ર શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆની પુત્રી બહેન ગીતાની લખેલી કવિતા મારા વાંચવામાં આવી. તે નીચે પ્રમાણે છે:

'ળ' કહે

(શાર્દૂલવિક્રીડિત)

ભાષાશાસ્ત્રી! તમે મને અવગણ્યો,
તે મેં સહ્યું શાંતિથી;
તોયે ના તમને કદી કદર થઈ,
મારાં મહામૂલ્યની!
સર્વે અક્ષરમાળ પૂર્ણ થઈ ત્યાં,
છેલ્લે હીણું સ્થાન દે;
શો આભાર કર્યો તમે મુજ પરે,
એવી દયા દાખવી?
ના કો' વાક્યમહીં, ન શબ્દમહીં યે,
આરંભસ્થાને મૂકી;

શા કાજે મુજ શા વિનમ્ર દિલનાં,
ભાંગ્યાં સ્વમાનો રૂડાં ?
સ્હેતો'તો ફરિયાદ ના હું કરતો,
અન્યાય કેરી કંઈ;
તોયે નિષ્ઠુર થૈ તમે જ મુજને,
કૈં કૈં શબ્દમહીં ત્યજી દઈ અને,
લાવી ‘લ’ને ગોઠવ્યો.
ભૂલી જાવ ભલે તમે લિપિમહીં,
અસ્તિત્વ મારું કદી;
તેની ના પરવા હવે રહી મને,
તો યે તમારી દયા–
આવે, ને પૂછતો સહાનુભૂતિથી કે,
‘કાળ’, ‘પીળું’ અને
‘કાળા’ ‘વાળ’ સમાન શબ્દ બહુ છે,
જેમાં ‘ળ’ના સ્થાનમાં,
થાશે શી સ્થિતિ આપની ‘લ’ મૂકતાં,
શાસ્ત્રી ગિરાના કહો !

આ કવિતા મને એટલી બધી ગમી ગઈ કે મેં તેને જિહ્વાગ્રે કરી એટલું જ નહિ પણ એને સંઘરવાની પ્રબળ ઇચ્છા થઈ આવી. ક્યાં રાખવી ? એનો વિચાર કરતાં છેલ્લે હીણું સ્થાન આપવું ગમ્યું નહિ એટલે મારા કક્કાવારી કબાટનાં ૩૬ ખાનાંમાંથી ૧૬મું ખાનું તેને માટે પસંદ કરી ખાના ઉપર ‘ળ’નું લેબલ લગાવી તેમાં મૂકી.

મારે ત્યાં આવતા મહેમાનો પહેલાં તો કક્કાવારી કબાટ જોઈ આશ્ચર્ય પામે છે–જો કે આમાં આશ્ચર્ય પામવા જેવું કશું જ નથી. કપડાં માટે મોટે ભાગે સૌને ત્યાં કબાટ હોય છે; ચોપડીઓ મૂકવા માટે પણ સૌને ત્યાં કબાટ હોય છે; પણ વસ્તુઓ મૂકવા માટે કબાટ ન હોય એ જ આશ્ચર્ય છે. વસ્તુઓ તો સૌને ત્યાં નાનામોટા પ્રમાણમાં હોય છે, પણ તે એક પેટીમાં કે કોથળામાં હોય છે. જ્યારે જરૂર પડે ત્યારે આખી પેટી કે કોથળો ફેંદે છે અને વસ્તુ શોધી કાઢે છે. આમ કરવામાં ઘણો જ વખત બરબાદ જાય છે. મારે ત્યાં આવી વખતની બરબાદી નથી થતી તેથી તેમને આશ્ચર્ય થાય છે!

ત્યાર બાદ ખાના ઉપર લગાવેલાં ક, ખ, ગનાં લેબલ વાંચતાં જ્યારે ‘ળ’ને વચમાં જુએ છે, ત્યારે મારી ગેરસમજ થઈ હશે એમ માની ફરી આશ્ચર્ય પામે છે. આ વખતે ‘ળ’ના ખાનામાંથી ‘‘ળ’ કહે’ની કવિતા કાઢી તેમના હાથમાં મૂકું છું. તેઓ તે પ્રેમથી વાંચે છે અને કહે છે, ‘ભાષાશાસ્ત્રીઓએ ‘ળ’ને કરેલો અન્યાય તમે આખરે દૂર કર્યો ખરો !.’

જેમ શબ્દ માટે ‘શબ્દકોશ’ શબ્દ પ્રયોજાયો છે, તેમ વસ્તુઓ સંઘરતા આ કબાટને ‘વસ્તુકોશ’ ન કહી શકાય ?

બા

અમદાવાદમાં પાંચકૂવા, ચાર રસ્તા પર મારી ઇલેક્ટ્રિકની દુકાન ચાલતી હતી. મહિને ૪૦૦થી ૫૦૦ રૂપિયા કમાતો હતો. ૧૯૨૪ની સાલ, ઉંમર ૩૨ વર્ષ. તે વખતે હું મારા વતન વઢવાણ શહેર ગયો અને મારી બાને મળ્યો. મારા મળવાથી બાના આનંદનો પાર નહોતો.

એક રાત્રે તેણે મને બોલાવ્યો, ‘તભા, અહીં આવ.’ હું તેની પાસે ગયો.

‘આ પટારો ઉઘાડ.’ મેં પટારો ઉઘાડ્યો.

‘અંદરની તમામ વસ્તુ બહાર કાઢ.’ મેં તમામ વસ્તુ બહાર કાઢી.

‘નીચેનું ચોરખાનું ખોલ.’ મેં તળિયે
આવેલું ચોરખાનું ખોલ્યું.

‘ખાનાને જમણે હાથે પોટકી પડી છે તે કાઢ.’ મેં પોટકી કાઢી.

‘પોટકી છોડી પૈસા ગણ.’ મેં પૈસા
ગણ્યા.

‘કેટલા થયા ?’

‘છ રૂપિયા,’ મેં કહ્યું.

‘આ છ રૂપિયા તું અમદાવાદ

સાથે લઈ જજે. ત્રણ રૂપિયાનું તું દૂધ અને ત્રણ રૂપિયા બહેન છબલને સાણંદ જે.'

મેં કહ્યું: 'બા, અમે તો ત્યાં ખૂબ કમા- છીએ અને ખૂબ દૂધ પીએ છીએ; તારે હોય તો ૧૦૦–૨૦૦ રૂપિયા વાપરવા જાઉં.'

બાએ કહ્યું: 'મારે પૈસાને શું કરવા અહીં તો લીલાલહેર છે.'

મેં કહ્યું: 'બા, આ છ રૂપિયા કયાંથી ?'

બાએ કહ્યું: 'કાલાં ફોલીને.'

મેં કહ્યું: 'કાલાં કયાંથી લાવો છો?'

બાએ કહ્યું: 'જીનમાંથી.' (ધોળી પોળે મારા ઘરથી જીન આશરે એક ગાઉ દૂર હશે.)

મેં કહ્યું: 'ફોલામણ શું આપે છે?'

બાએ કહ્યું: 'એક મણના ૩ પૈસા. વખતે ૪૦ રૂપિયાભારનો શેર અને ૪૦ મણ હતો.) જીનમાંથી મણ કાલાં આવીએ અને ફોલીને કપાસ પાછો આવીએ એટલે ૩ પૈસા મળે. વળતાં મણ કાલાં લેતાં આવીએ.'

મેં હિસાબ કર્યો. ૨૧થી ૨૨ મણ કાલાં ત્યારે એક રૂપિયો ભેગો થાય. જયારે મણ કાલાં ફોલ્યાં હશે અને માથે બોજા સાથે ૧૩૦ વખત ગાઉ–ગાઉ હશે અને ૧૩૦ વખત ગાઉ–ગાઉ પાછાં હશે અને રોજના એક મણના લગભગ સાડાચાર માસ સુધી મજૂરી કરી હશે, ત્યારે આ છ રૂપિયા થયા હશે.

આવી કાળી મહેનતના પૈસામાંથી પોતાને એક પૈસો પણ ન રાખતાં છએ છ મને આપી દીધા: ને ના પાડવાની મારી હિંમત ચાલી એને ખુશી રાખવા છએ રૂપીઆ મેં લઈ લીધા.

તન, મન અને ધન સર્વનું સંપૂર્ણ સમર્પણ એનું નામ 'બા.'

રોજ સવારે

ચાર વાગ્યે ઊઠી શૌચક્રિયાથી પરવારી પાયધુની પર બરાબર ૫ વાગ્યે આવતી ૧૬ નંબરની ટ્રામ પકડી ગોવાલિયા ટેન્ક ઊતરી પગે ચાલતાં હેંગિંગ ગાર્ડન જઈ ત્યાં ચક્કર ઉપર ચક્કર લગાવું છું, ત્યારે મારા આનંદ અને ઉત્સાહનો પારો ઘણો ઊંચો ચડી જાય છે.

આ વખતે મને એમ લાગે છે કે આ હેંગિંગ ગાર્ડનના નિભાવમાં થતો માસિક હજારો રૂપયિાનો ખર્ચ જાણે હું જ કરતો હોઉંની !

મ્યુનિસિપાલિટી એટલે હું અને હું એટલે મ્યુનિસિપાલિટી, એવો અભેદભાવ કેળવી, બગીચાનો માલિક બની, છાતી કાઢી, દીર્ઘ શ્વાસ લેતો જયારે ઘૂમી રહ્યો હોઉં છું, ત્યારે જો કોઈ ફોટો લેનાર હોય તો સૌથી સરસ તસવીર કાઢી શકે.

જેમ એકવાર જમેલું અન્ન ૫–૭ કલાક તૃપ્તિ આપે છે અને જેમ રાત્રે લીધેલી સ્વચ્છ નિદ્રા બીજી રાત સુધી તાજગી આપે છે, તેમ સવારનું ૫થી ૭ સુધીનું ખુલ્લી હવામાં ફરવું બીજી સવાર સુધી ઉત્સાહ, પ્રેરણા, બળ અને તંદુરસ્તી બક્ષે છે.

સર્વ ઋતુમાં શિરોમણિ એવી વસંત ઋતુ બાર માસમાં ફક્ત બે જ માસ આવે છે; જયારે સવારમાં ૫થી ૭ ખુલ્લી હવામાં વ્યાયામ કરનારને ત્યાં વસંત ઋતુ બારે માસ રહે છે.

મારો તેમ જ નિયમિત ફરનાર લગભગ તમામનો આ અનુભવ જો તમામ પ્રજા જીવનમાં ઉતારે, તો મોટા ભાગના વૈદો,

દાક્તરો અને હકીમોને પોતાનો ધંધો બંધ કરી કોઈ બીજી જ પ્રવૃત્તિમાં પડવું પડે.

કવિજનોએ ગાયું છે કે–

(૧) રાત રહે પાછલી ખટ ઘડી જાહરે,
સાધુ પુરુષને સૂઈ ન રહેવું.

(એક ઘડીની મિનિટ ૨૪. ખટ એટલે છ ઘડીની મિનિટ ૧૪૪ એટલે ૨ કલાક ૨૪ મિનિટ પહેલાં જાગી જવું જોઈએ. એટલે લગભગ ૪ વાગ્યે ઊઠવું જોઈએ.)

(૨) વહેલો સૂઈ જે નર, વહેલો ઊઠે વીર,
બળ બુદ્ધિ ને ધન વધે, સુખમાં રહે શરીર.

(૩) ઊઠીને અત્યારમાં ઉદ્યમ જે આદરે;
આઠ–નવ માસમાં અર્થ સાધે.

સવારે ફરવાથી તંદુરસ્ત માણસો પોતાની તંદુરસ્તી જાળવે જ છે, પણ અનેક રોગોથી પીડાતા માણસોને પણ રોગમુક્ત થઈ પહેલવાનની માફક બગીચામાં ફરતા જોઉં છું, ત્યારે સવારે વહેલા ઊઠી ફરવામાં રહેલા ફાયદાનું ગાંભીર્ય વધારે ને વધારે સમજાતું જાય છે.

અનાજનો સ્વાદ માણવો હોય તો કડકડતી ભૂખ લાગે ત્યારે જ ખાવું જોઈએ, તેમ નિદ્રાનો સ્વાદ માણવો હોય તો શરીરને પ્રમાણુસર રોજ કસરત આપવી જોઈએ.

હું નાનો હતો ત્યારે અક્ષરો સુધારવા માટે 'દસ્તક શિક્ષક' નામની કોપી બુક લખાવતા. તેમાં એક વાકય આ હતું:

'અંગકસરત આરોગ્યને અર્થે અતિ અગત્યની છે.'

પ્રભાતનું સુંદર વર્ણન અનેક સાક્ષરોએ અનેક પુસ્તકમાં કર્યું હોવા છતાં હાલમાં મોટા ભાગની પ્રજા પ્રભાતે જ પોઢેલી જોવામાં આવે છે અને જેમ જેમ દિવસ ચડતો જાય છે તેમ તેમ વધારે ને વધારે મીઠી નિદ્રા આવતી હોય છે. આ લોકો 'અખંડ આનંદ'ના ગયા ડિસેમ્બર માસના અંકમાં આવેલી નાટિકા 'રોજ સવારે' (પાનું ૯૪થી ૧૦૧)-માં કલ્પેલા પાત્ર શિરીષની દશાને પાત્ર થાય છે.

કેટલાક ફરિયાદ કરે છે કે અમને વહેલી ઊંઘ નથી આવતી. તેમણે જાણવું જોઈએ કે ઊંઘ કોઈને છોડતી નથી. તમે થોડા દિવસ વહેલા ઊઠવાની કાળજી રાખશો તો વહેલા સૂઈ જવાનું મન થશે જ થશે.

જેટલા કલાક તમે બીજા કરતાં વહેલા જાગો તેટલા કલાક તેના કરતાં આગળ (અં. એડવાન્સ) થાવ છો.

આગળ રહેવાના ફાયદા અને પાછળ પડવાના ગેરફાયદા વર્ણવવા બેસીએ તો તેનો પાર ન આવે. ફક્ત એટલું જ કહેવું બસ થશે કે આગળ રહેનાર આગળ વધતો જ જાય છે, જ્યારે પાછળ રહેનાર સદાય પાછળ પડતો જ જાય છે. અને એ બે વચ્ચેનું અંતર આપણી કલ્પનામાં ન ઊતરે તેટલું વધતું જાય છે.

કવિ દલપતરામ ડાહ્યાભાઈએ પ્રભાતના વર્ણનમાં ગાયું છે કે:

'આળસુ, એદી ને અક્કલના આંધળા,
અફીણીઆ આ સમે ખૂબ ઊંઘે.'

જો તમારે તમારા સર્વ કામમાં સિદ્ધિ મેળવવી હોય તો 'સવારમાં વહેલા ઊઠી ઉદ્યમ કરવાની ટેવ પાડો.'

માતૃપ્રેમ

મારા મકાનના રસોડાની અભરાઈ ઉપર એક કબૂતરીએ ઘાસ ગોઠવી ઉપર ઈંડાં મૂકયાં.

રસોડું બંધ કરી અમે બહાર જઈએ અને ત્યાં કદાચ લાંબો વખત રોકાઈ જઈએ તો કબૂતરી મૂંઝાશે એ ખ્યાલથી તેમજ એકવાર ઈંડાં મૂકયાં બાદ તે જગ્યા તેને ફાવી જાય છે અને ઈંડાંમાંથી બચ્ચાં નીકળી જ્યારે તે ઊડવા જેવાં તૈયાર થાય, તેટલામાં જ બીજાં ઈંડાં ત્યાં ને ત્યાં જ મૂકે છે અને તે જગ્યાને પોતાનું ઘર બનાવે છે એ ખ્યાલથી

ઈંડાંને બીજી જગ્યાએ મૂકી દેવાનો કર્યો.

ઈંડાંને હાથ લગાડવાથી તેને આપણું ઝેર અને ત્યાર બાદ કબૂતરી તેને સેવતી એમ ઘણાં પાસેથી સાંભળેલું હોવાથી કે કપડા વડે તેને ઊંચકી યોગ્ય જગ્યા-મૂકવાનો વિચાર હતો.

ઈંડાં સેવવા બેઠેલી કબૂતરીને ઉઠાડવા પ્રયત્ન કર્યો: સિસકારા કર્યા, મોટેથી કર્યો, તાળીઓ માડી પણ કબૂતરી ઊઠી.

એનાં હિસાબે કર્મયોગી પણ મારા એ હઠયોગીને ઉઠાડવા મેં હવે તેને મારવાનો વિચાર કર્યો અને મારી તેના શરીરને લાગે તે પહેલાં એણે તો જોરથી મારા હાથ ઉપર ચાંચ કે હાથમાંથી લોહીનો ટશિયો ફૂટી યો. આથી ડરી જઈ હું ત્રણેક ફૂટ પાછો ગયો.

કબૂતરી ઊઠી તો નહિ પણ ફાટી આંખે શાપ આપતી હોય તેમ એકીટશે મારી જોઈ રહી.

એના માતૃપ્રેમે મને મુગ્ધ કર્યો. એ રસો-માલિકણ બનીને રહી અને એના ભાડૂત ગમે અમારાથી બની શકે તેટલી સેવા કરી.

કેળાંની છાલ

મારી ૬૫ વર્ષની ઉંમરમાંનાં છેલ્લાં ત્રીસ મારા મુંબઈના રહેણાક દરમિયાન છાલ પગ નીચે આવતાં સેંકડો વખત ગયો હોઈશ.

તો ડામરની સુંવાળી સડક અને પર કેળાંની લીસી છાલ. એટલે તેના આવતાં ભાગ્યે જ કોઈ બચી શકે. દુનિયાના દરેક શહેરમાં કયા રોગથી માણસો પીડાયા તેની નોંધ રાખવામાં છે અને તે રોગનાં કારણો નાબૂદ કરવા તથા રોગીઓને રોગમુક્ત કરવા ચાંપતા ઉપાયો પણ લેવામાં આવે છે; પણ કેળાંની છાલ પગ નીચે આવતાં કેટલા લપસી ગયા અને કેટલાનાં હાડકાં ભાંગ્યાં તેની નોંધ અપાતી કે લેવાતી હોય તેવું હજુ સુધી સાંભળ્યું નથી.

મોટાં શહેરો કે જયાં ડામરની કે સિમેંટ-ની સુંવાળી સડકો હોય છે, ત્યાં કેળાંની છાલથી પ્રતિવર્ષ લાખો માણસો લપસી જાય છે. મોટા ભાગને મૂઢ માર વાગે છે અને હજારોનાં હાડકાં ભાંગે છે.

છતાં નથી છાલ નાખનારને વિચાર આવતો, નથી રસ્તે ચાલનારને, કે એ છાલને કોઈ ન લપસી જાય તેવી જગ્યાએ મૂકી દઈએ. કદાચ આવ્યો હોય તો બહુ જ થોડાને.

તા. ૧૮–૮–’૫૧ના રોજ કાલબાદેવી રોડ, ત્રાંબાકાંટા ઉપર કેળાની છાલ પર પગ પડતાં મારો ડાબો પગ લપસી ગયો અને હું ભફાંગ દઈને ભોંય પર પડી ગયો.

હજુ થોડા જ વખત પહેલાં મારા મિત્ર ભવાનીશંકર ઓઝા રેલવે સ્ટેશન પર લપસી જવાથી પડી ગયેલા અને છાતી પર લોહીનું દબાણ વધી જવાથી ફક્ત થોડાક કલાક જીવી ગુજરી ગયેલા. આ પ્રસંગ યાદ આવતાં જિંદગીની ક્ષણભંગુરતા વિશે વિચારો આવ્યા. એક વિચાર એવો પણ આવ્યો, કે માણસ બીજું કાંઈ પણ કામ ન કરે પણ રસ્તા ઉપરની કેળાંની છાલો ઉઠાવી યોગ્ય સ્થળે મૂકી આવે, તો ય પોતાનું કલ્યાણ કરી શકે.

તા. ૨૧–૮–’૫૧ને રોજ સર્વાંગે ખાદી ધારણ કરેલ એક વૃદ્ધ પુરુષ કાલબાદેવી રોડ પર જઈ રહ્યા હતા. તેમનો પગ કેળાની છાલ પર આવ્યો અને લપસ્યા, પણ પડતા બચી ગયા. સ્વસ્થ થઈ તેમણે આગળ ચાલવા માંડ્યું. તેમની પાછળ દશેક ફૂટ દૂર હું જઈ રહ્યો હતો. મેં તેમને લપસતા જોયા. પેલી કેળાની ચગદાયેલી છાલ ઉઠાવી લઈ ફૂટપાથ

અને રસ્તા વચ્ચેના ખૂણા પર કે જ્યાં કોઈનો પગ ન પડી શકે ત્યાં મૂકી દઈ જરા વેગથી ચાલી પેલા વૃદ્ધ પુરુષને કહ્યું: 'આપ આબાદ બચી ગયા. થોડા રોજ પર કેળાની છાલ પગ નીચે આવતાં હું જ લપસી ગયેલો. મૂઢ માર વાગ્યો, રસ્તા પર વરસાદ પડેલો હોવાથી તમામ કપડાં ખરાબ થયાં, એવે કપડે ઘેર પાછા જવું પડ્યું. સારું થયું કે હાડકું ન ભાગ્યું.'

તેમણે કહ્યું: 'હું પણ પડતાંપડતાં રહી ગયો.'

મેં કહ્યું: 'પ્રભુનો પાડ માનો, પણ તમે પડતા બચી ગયા કે તુરત પેલી કેળાની છાલ ઉઠાવી લઈ બીજાને પડતા બચાવી લેવાનો વિચાર ન આવ્યો?'

તેમણે કહ્યું: 'ના, મને એ સૂઝયું જ નહિ.'

મેં કહ્યું: 'તમારા જેવા વૃદ્ધ ઠરેલ પુરુષને એ સૂઝવું જોઈતું હતું.'

આ શબ્દો સાંભળતાની સાથે જ તેઓ પાછા વળ્યા.

મેં પૂછ્યું: 'કેમ પાછા વળ્યા?'

તેમણે જવાબ આપ્યો: 'પેલી કેળાની છાલ ઉઠાવી લેવા.'

મેં કહ્યું: 'એ તો હું આપની પાછળ આવતો હતો. મેં એ કેળાની છાલ ઉઠાવી લીધી અને જ્યાં કોઈનો પગ ન પડે ત્યાં રસ્તાના ખૂણા પર મૂકી આવ્યો.'

તેમણે કહ્યું: (આભારની લાગણી પ્રદર્શિત કરતાંકરતાં) 'મારું કામ તમે કર્યું.'

મેં કહ્યું: 'હવે ભવિષ્યમાં એવું જ બીજાનું કામ તમે કરજો.'

તેમણે કહ્યું: (હસતાંહસતાં પણ દૃઢતાથી) 'જરૂર, જરૂર અને હરહમેશ.'

ટ્રામની ટિકિટનો ઉપયોગ

અત્યાર સુધી મ્યુનિસિપાલિટીના ઝાડુવાળાને ત્રાસ ન પડે તે ખાતર ટ્રામની ટિકિટો ગજવામાં રાખી મૂકતો અને ઘેર આવી કચરાપેટીમાં નાખી દેતો.

હવે એ ટિકિટોનો સુંદર ઉપયોગ સૂઝી આવ્યો છે અને તે એ કે રસ્તામાં પડેલી કેળાંની છાલો એ ટિકિટો વડે ઊંચકી લેવી અને કોઈ લપસી ન જાય એવી જગ્યાએ નાખી દેવી.

કેળાંની છાલો ઉપાડતાં હાથનાં આંગળાં ખરાબ થતાં હતાં છતાં ય 'રખેને કોઈ લપસી જાય અને હાડકાં ભાગી જાય તો' એ ખ્યાલે ઉપાડ્યા સિવાય રહી શકાતું નહોતું.

ન્યૂઝપેપરના નાના–નાના થોડાક ટુકડા ગજવામાં રાખી મૂક્યા હોય અને તે વડે આ છાલો ઉપાડી લીધી હોય, તો આંગળાં બગડે નહિ અને કામ થઈ જાય–એવો વિચાર આવતાંની સાથે જ બીજી જ મિનિટે ટ્રામની ટિકિટો ન્યૂઝપેપરના તૈયાર કરેલા લંબચોરસ ટુકડા જેવી જ છે, તેનો જ ઉપયોગ કરવાથી મહેનત, વખત અને ન્યૂઝપેપર ત્રણેનો બચાવ થશે એમ સૂઝતાં મનને ભારે આનંદ થયો.

એ વૃદ્ધ પુરુષ

સવારમાં વહેલા ઊઠી મુંબઈની મલબાર હિલ ચડી હેન્ગિંગ ગાર્ડનમાં ચક્કર લગાવી સીરી રોડ ઉપરથી નીચે ઊતરી બૅન્ડ સ્ટૅન્ડ પાસેના 'ઈ' રૂટના સ્ટૅન્ડ ઉપર બસ પકડવા એક વૃદ્ધ પુરુષ આવતા હતા.

મારા મિત્રે મને કહ્યું: 'આ વૃદ્ધ પુરુષને તમે ઓળખો છો?'

મેં કહ્યું: 'ના.'

મારા મિત્રે કહ્યું: 'એ છે કર્વે યુનિવર્સિટીના સ્થાપક કર્વે સાહેબ.'

એમનું નામ તો ઘણી વખત સાંભળેલું, એમનું કામ પણ ઘણી વખત જોયેલું અને એમના ઉપર ખૂબ સદ્ભાવ પેદા થયેલો.

મનાં દર્શન નહોતાં થયાં. આજ એ પુરુષનાં દર્શનનો અચાનક લાભ મળ્યો હું ઘણો જ રાજી થયો.

મેં પૂછ્યું: 'આપનું નામ?'

તેમણે જવાબ આપ્યો: 'કર્વે.'

મેં પૂછ્યું: 'આપની ઉંમર?'

તેમણે જવાબ આપ્યો: '૯૩ વર્ષ.'

મેં પૂછ્યું: 'આપનું અહીં આવવાનું જન?'

તેમણે જવાબ આપ્યો: 'યુનિવર્સિટીની ની આજે સભા છે, તેમાં હાજરી વા.'

એમની શારીરિક સ્ફૂર્તિ જોતાં પ્રોફેસર લ સો વર્ષ તો સહેજે વટી જાય એમ વાથી પ્રભુ એમને સવાસો વર્ષનું આયુષ્ય ો એવી પ્રાર્થના કરી.

દહીં

ઉત્તમ, સ્વાદિષ્ટ અને ચોસલાં પાડી શકાય ું દહીં બનાવવા માટે નીચેની વાત ાનમાં રાખશો:

૧ દૂધને ત્રણ ઊભરા આવે તેટલું ગરમ રવું.

૨ સહેજ ગરમ રહે ત્યાં સુધી ઠરવા દેવું. ંડીના વખતમાં જરા વધારે ગરમ રાખવું.

૩ દહીંની ઉપરની મલાઈ એક વાટકામાં ઈ તેમાં થોડું દૂધ નાખી મલાઈને ચોળી ાહી બનાવી તે વડે દૂધ મેળવવું. મેળવણ ામ દૂધમાં પ્રસરી જાય તેટલું દૂધ હલાવવું.

૪ માણસ દીઠ એકેક વાટકામાં દરેક ાનારને જોઈતા પ્રમાણમાં ઉપરનું હલાવેલું ધ નાખી દેવું.

૫ દૂધની વરાળ ચુસાઈ જાય તેવો જાડો દીનો કકડો ઉપર ઢાંકી દેવો.

૬ દહીં તૈયાર થાય ત્યારે બીજા દિવ-સના મેળવણ વાસ્તે જોઈતી મલાઈ દહીં ઉપરથી લઈ લેવી. જેવું બીજ તેવું ફળ. ઉત્તમ મલાઈ ઉત્તમ દહીં બનાવે છે.

સ્વેચ્છાની લિજ્જત

એક કાગડાની પાંખમાં માંસનો લોચો હતો, તે જોઈ તેને આંચકી લેવા પુષ્કળ કાગડાઓ તેને ઘેરી વળી હેરાન કરવા લાગ્યા.

કાગડો પોતાની જાતને તેમ જ માંસના લોચાને બચાવતો–બચાવતો એક ઝાડથી બીજે ઝાડ અને બીજેથી ત્રીજે એમ જેમ જેમ ઊડતો જાય, તેમ તેમ પાછળ પડનાર કાગડાની સંખ્યા વધતી જાય અને પોતે વધારે ને વધારે મુશ્કેલીમાં મુકાતો જાય.

કાગડાઓએ લોચો પડાવી લેવા સતત પ્રયત્ન આદર્યો. કાગડો ખૂબ થાકી ગયો અને ખૂબ ઘાયલ થયો. વેદના વધી પડી, સહન ન થતાં ચીસ પડાઈ ગઈ, ચાંચ પહોળી થઈ અને લોચો ભોંય પર નીચે પડી ગયો.

તમામ કાગડાઓ એ પડી ગયેલા લોચા પાછળ પડ્યા અને અંદરોઅંદર બાઝી મર્યા અને મૂળ કાગડો ઝાડ પર આરામ લેતો પડી રહ્યો અને શાંતિ અનુભવી.

લાયકાત વગર મેળવેલો અધિકાર અને અપ્રામાણિકતાથી મેળવેલો પૈસો માંસના લોચા સમાન છે. જ્યાં સુધી માણસ તેને પકડી બેસે છે, ત્યાં સુધી પેલા કાગડાની માફક દુઃખી થયા કરે છે.

સ્વેચ્છાથી ફગાવી દીધા બાદ જે શાંતિ અને આરામ આવે છે તેમાં લહેજત હોય છે, જ્યારે અનિચ્છાએ ઝુંટાઈ ગયા બાદ જે શાંતિ અને આરામ આવે છે તે લૂખાં હોય છે. તેમાં લહેજત નથી હોતી અને જેના હાથમાં તે જાય છે તે રોગી, દુઃખી, વહેમી, વ્યસની, શક્તિહીન, દરિદ્રી, વ્યભિચારી કે એવા અનેક રોગથી પીડાતો અને દુઃખી હોય છે.

* * *

ઈતિહાસ પ્રસિદ્ધ હિંદ

સુવર્ણ મંદિર—અમૃતસર

આ સદીની શરૂઆતમાં રણજીતસિંહે બંધાવેલું વિખ્યાત સુવર્ણમંદિર એ અમૃતસરનું મહાન આકર્ષણ છે. આ મંદિરની ભવ્યતાની બે ખાસ વિશિષ્ટતાઓ છે: એક તો આ મંદિર અદ્ભુત કલાનો નમૂનો છે અને બીજું, એ શીખ ધર્મના હૃદય સમાન છે. શીખોનાં હૃદયને પ્રિય એવી કલાનો બીજો નમૂનો—તાજી અને સુંદર—બ્રુક બૉન્ડ ચ્હા.

તાજીજ ચ્હાનો આગ્રહ રાખો
Darjee
Brooke Bond Tea
Blend
Brooke Bond Tea

બ્રુક બૉન્ડ ચ્હા

ભારતની શ્રેષ્ઠ ચ્હા ભારતના ઉત્તમ પેકેટોમાં

BBT/G/18

જોયેલું ને જાણેલું

શ્રી નિરાલાજી

શ્રી નિરાલા હિંદીના એક ઉચ્ચ કોટીના કવિ છે. મૂળ નામ સૂર્યકાંત ત્રિપાઠી છે. તેમનાં કાવ્ય જ ફક્ત સુગંધભર્યાં છે, એવું નથી, તેમનું કુસુમ જેવું કોમળ છે અને જીવન સૌરભ-છે. દીનદુઃખીને જોઈ તેઓ પોતાનું સર્વસ્વ દેતાં ક્ષણ માટે પણ અચકાતા નથી.

એક વખત નિરાલાજીને હિંદીના સુપ્રસિદ્ધ કવ- મહાદેવીજીએ ઠંડીમાં થરથરતા જોયા. નિરાલાજીનું શરીર ઠંડીમાં ધ્રૂજતું જોઈ મહાદેવીજીનું હૃદય આવ્યું. તેઓ સમજી ગયાં કે નિરાલાજીએ ગરમ કપડાં ગરીબોને આપી દીધાં છે. મહા-એ એક ગરમ કોટ સિવડાવીને નિરાલાજીને અને કહ્યું: 'આ કોટ તમારો નથી પણ છે. મેં તે ફક્ત તમારા શરીર–રક્ષણ માટે જ છે; માટે મારી અનુમતિ સિવાય આ કોટનો શો ઉપયોગ કરવાનો નથી.'

થોડા દિવસો બાદ નિરાલાજી મહાદેવીજીની દૃષ્ટિથી લેવા લાગ્યા; પરંતુ મહાદેવીજીની કાળજીભરી, આંખો પાસે તેમનું શું ગજું? સામેથી થતા નિરાલાજીને મહાદેવીજીએ પકડી પાડ્યા કોટ વગરનો દેહ જોઈ તુરત પ્રશ્ન કર્યો: 'કોટ પહેર્યો?' પ્રથમ તો નિરાલાજીએ ઉડાઉ દેવા પ્રયત્ન કર્યો, પરંતુ અનુભવી આંખોએ પરિસ્થિતિ સમજી લીધી. નિરાલાજી પણ સમજી મહાદેવીજી પાસે સત્ય હકીકત રજૂ કરી: દિવસ અગાઉ મેં રસ્તામાં એક નગ્ન ભિખારી ઠંડીથી ધ્રૂજતો ટૂંટિયું વાળીને એ સૂતો હતો. યું કે મારા કરતાં કોટની જરૂરત આ મનુષ્યને છે, તેથી તે કોટ તે ઊંઘતા મનુષ્યને ઓઢાડી આવ્યો છું.'

એક વખત નિરાલાજીને નામે રૂ. ૧૨૦૦નું પારિ-રજિસ્ટરથી આવ્યું. એમની ભવ્ય ભાવોભરી, કવિતાવલીઓનું આ પારિતોષિક હતું. જીએ આ રજિસ્ટર લઈને પૈસા સાચવી રાખ્યા. થોડા દિવસો બાદ નિરાલાજીને આ વાતની ખબર પડી. તેઓ મહાદેવીજી પાસે રૂપિયા લેવા આવ્યા. મહાદેવીજીને ખબર હતી કે રૂપિયા તેમના હાથમાં જતાંવેંત અદૃશ્ય થઈ જવાના. તેથી તેમણે પૂછ્યું: 'રૂપિયાનું હમણાં શું કામ છે? ભલે મારી પાસે રહ્યા.'

નિરાલાજીએ જવાબ દીધો. 'આ રૂપિયાની મને અત્યારે અત્યંત જરૂર છે. મારે એક વ્યક્તિને આપવા છે.'

'કોને?'

'મારા એક સ્નેહી મિત્રની વિધવાને,' નિરાલાજીએ સજળ નેત્રે જવાબ દીધો, 'મારો મિત્ર મરણ-પથારીએ હતો. પોતાના જવાથી પાછળ સ્ત્રીછોકરાનું શું થશે, આ વિચારે તેનો આત્મા પીડાતો હતો. તેના હૃદયનો આ ફફડાટ જોઈ તે જ ક્ષણે મેં તેને વચન આપ્યું હતું કે તારા કુટુંબની તું ચિંતા ના કર; તારા છોકરાને હું ભણાવીશ. આ સાંભળતાં જ તે શાંતિથી મૃત્યુ પામ્યો. આ પૈસા મારે તેમને આપવા છે. ભગવાને મારા વચનને પૂર્ણ કરવા જ આ પૈસા મોકલ્યા છે.'

મહાદેવીજીએ પૈસા નિરાલાજીના હાથમાં મૂકી દીધા. આ પૈસા જાણે પરાઈ થાપણ હોય તેમ તે જ ક્ષણે નિરાલાજી તે પૈસા વિધવાબાઈને આપી આવ્યા.

—ઊર્મિલા શાહ

એંટ કોની?

અમારા શહેરમાં એક જ સપ્તાહ દરમિયાન નીચેના બે બનાવો બન્યા:

૧૯૫૨ના માર્ચની શરૂઆતમાં જગતભરમાં આવેલા મંદીના ભયંકર મોજામાં અહીંના એક તવંગરે પણ ઠોકર ખાધી, દેવાળું કાઢવાનો વખત આવ્યો. છેલ્લા દિવસોમાં લેણદારોની હૂંડીઓ વટાવી બેંક ને શરાફી પેઢીઓમાં ઉપાડ કરી બીજો પણ ઘણો બીજાનો માલ પચાવી પાડીને એ ભાઈ વિમાનમાં બેસવા ગયા, પણ જગ્યા ન મળી. છતાં હતાશ ન થતાં અહીંથી મોટર-માં બેસી બીજે સ્ટેશનેથી કોઈ અજાણ્યે સ્થળે ચાલ્યા ગયા, ક્યાં તે તો કોણ જાણે!

તમારા ખોરાકમાં પૂરેપૂરૂ પોષણ

કેડબરીનું બોર્ન-વીટા પીઓ

તે તમને મજબૂત બનાવે છે!...તે તમને ફાયદો કરે છે!

સંશોધન પરથી જણાયું છે કે સમૃદ્ધ દેશોમાં પણ જોમવાળું આરોગ્ય પ્રાપ્ત કરવા માટે અને તેને જાળવી રાખવા માટે લોકોને પૂરતો સુયોગ્ય ખોરાક મળતો નથી. પરંતુ તમે કેડબરીનું બોર્ન-વિટા પીને તમારા રોજના ખોરાકમાં અગત્યનું પોષણ ઉમેરી શકો છો. તે યુવાન અને વૃદ્ધને માટે સંપૂર્ણ અને શાસ્ત્રીય રીતે સમપ્રમાણ કરેલો પ્રવાહી ખોરાક છે. તમે તે પીઓ છો ત્યારે તમને ફાયદો થતો લાગે છે—આને લીધે ૧૪,૦૦૦ કરતા વધુ દાકતરો કહે છે, "કેડબરીનું બોર્ન-વીટા પીઓ"—તે તમને મજબૂત બનાવે છે અને તમને ફાયદો કરે છે.

દરેક પ્યાલામાં:

કાર્બોહાઇડ્રેટસ દૂધની મલાઇ ડાયાસ્ટેઇસ	વિકાસ અને શકિત માટે
પ્રોટેઇન્સ કોકો બટર	શરીરના ઘડતર માટે
ખનીજ ક્ષારો	હાડકાના વિકાસ માટે
પ્રજીવક તત્ત્વો અ અને ડ	રોગની અટકાયત માટે

બોર્ન-વીટા
પોષક પ્રવાહી ખોરાક


PLEASE REPLACE LID
Cadbury
Cadbury's
BOURN-VITA
THE IDEAL FOOD DRINK
MADE BY CADBURYS SPECIALISTS IN FOOD DRINKS FOR 100 YEARS
1 LB. NET

દરરોજ કેડબરીનું

બોર્ન-વીટા

પીને તમારૂ આરોગ્ય વધારો

અને દરરોજ રાતે પણ! ગાઢ, આરામદાયક અને આરોગ્યદાયક નિદ્રા માટે સૂતા પહેલાં થોડી વારે લો.

કેડબરી-ફ્રાય (ઇન્ડિયા) લિમિટેડ મુંબઇ, કલકત્તા, મદ્રાસ

CFY-10 GUJ

પ્રસંગની વિગતો જાણવા સરખી છે. પોતાના મકાનનો ઉપલો મજલો બંધ નો ભાડે આપી લાંબા વખતથી પરદેશ રૂઆતની દાનત બગડતાં ઉપલા મજલા- સીમાંથી બારીવાટે બંધ મજલામાં પ્રવેશ કશું લેવાય તેમ નહોતું. એક સારી બનાવટની બંધ તિજોરી હતી. એ એંજિ- કંપનીમાં કામ કરતા એક નોકરને ત્યાં કહ્યું: 'મારી તિજોરીની ચાવી ગુમ થયેલી કંપનીની બનાવટની છે. ચાવી લીવર છે. તમે યોગ્ય દામ લઈ ચાવી બનાવી આપો.' જોરીમાંથી ભાડૂતે ધીરેધીરે છએક મહિનામાં નાની-મોટી વસ્તુઓ બજાર ભેગી કરી. ના નજીકના સગાએ ઘર તપાસવા જતાં ભાંડો ફૂટી ગયો. ભાડૂત દેવડી ભેગો થયો. શ્રમજીવીને કાને બીજે દિવસે સાચી વાત એને કીર્તિ-અપકીર્તિ વચ્ચેનો ભેદ સમજાતાં ઢોળ ચડાવવાના કોઈક રસાયણની શીશી દીધી. મૃત્યુ બાદ એના પહેરણમાંથી એક નીકળી, એમાં લખ્યું હતું:

'પોલીસની દેવડીમાં મારું નામ આવી જાય મારી તપાસ થાય તો જગતમાં હું શું મોઢું રી શકું? એટલે મેં ઝેર પીધું છે.'

મને દરરોજ વિચાર આવે છે: આમાં એંટ- કોની? પરસેવો પાડનારની કે પૈસાદારની?

કાંતિલાલ શંકરલાલ પોટા

એ. એમ; એમ; ઈ.

બે પ્રસંગો

૧. આજથી ઘણાં વર્ષ ઉપરની વાત છે. હું તે કોલેજમાં ભણતો હતો. એક દિવસ મારે વિમાનું પ્રિમિયમ ભરવાનું હતું. મારા પિતા તે માટે રૂપિયા સાઠ માંગ્યા. તેમણે મને રીની ચાવી આપી. મેં તિજોરી ઉઘાડી અને નોટોનું એક બંડલ હતું તેમાંથી, વાંચ્યા વગર લીધી. ભારત ઈન્સ્યુરન્સ કંપનીની મુંબઈની માં હું રૂપિયા ભરવા ગયો. તેના કેશિયરને નોટોનું બંડલ આપ્યું અને કહ્યું, 'મારે પ્રિમિયમના રૂપિયા સાઠ ભરવાના છે.' સાથે પ્રિમિયમ ભરવાની વિમાના પ્રિમિયમની નોટીસ પણ આપી. કેશિયરે નોટો લઈ, જોઈ અને ગણીને મને પૂછ્યું: 'તમે કેટલા રૂપિયા આપ્યાં છે?' મેં જવાબ આપ્યો કે 'પૂરા સાઠ રૂપિયા.' તેણે ફરીને સવાલ પૂછ્યો: 'ફરીને બોલો તમે કેટલા રૂપિયા આપ્યા છે?' મેં ભારપૂર્વક જવાબ આપ્યો, કે 'પૂરા સાઠ, જરા પણ ઓછા નહિ.' તે ભાઈએ જરા ગુસ્સે થઈ અને ખડખડાટ હસીને પોતાની બાજુમાં બેઠેલા બીજા કેશિયરને નોટો આપીને જોરથી કહ્યું: 'જુઓ ભાઈ, આ છોકરો કહે છે કે તેણે મને રૂપિયા સાઠ આપ્યા છે. તમે ગણી જુઓ કે કેટલા રૂપિયા છે.' મારી અજાયબી વચ્ચે બીજા કેશિયરે છ નોટો ગણી અને હસીને તે બોલ્યા: 'રૂપિયા પચાસ પચાસની છ નોટો છે એટલે સાઠ નહિ પણ ત્રણસો રૂપિયા છે.' પછી મને કેશિયરે કહ્યું કે: 'લ્યો ભાઈ રૂપિયા બસો ને ચાળીસ પાછા. હવેથી નોટો બરાબર જોઈ, ગણીને લાવજો.'

૨. થોડા વર્ષ અગાઉ હું સુરતની મોટી પોસ્ટ ઑફિસમાં કેશ સર્ટિફિકેટ ખરીદ કરવા ગયો અને એકએક હજારની કિંમતની આઠ નોટો પોસ્ટ ઑફિસના કારકુન પાસે રજૂ કરી. એકએક હજારના ફેઈસ વેલ્યુના (લખેલી કિંમતના) પણ મૂળ કિંમત રૂપિયા સાડાસાતસોનાં દસ સર્ટિફિકેટો માંગ્યાં અને કાંઈપણ વિચાર કે ગણતરી કર્યા વગર રૂપિયા અઢીસો પાછા માંગ્યા. મને કાંઈ એવો જ ખ્યાલ રહ્યો કે દસે પોણે સાડા સાત ને બાકી વધ્યા અઢીસો. પોસ્ટ ઑફિસનો કારકુન કામમાં અત્યંત મશગૂલ હતો. તેના ઉપર કામનો બોજો બહુ જણાતો હતો. તેણે મારી કરેલી રૂપિયા અઢીસોની માંગણી ખરી માની રૂપિયા અઢીસો પાછા આપ્યા અને એકએક હજારના દસ કેશ સર્ટિફિકેટો પણ લખીને તૈયાર કરીને આપ્યાં. મેં નોટો એ સર્ટિફિકેટ સાથે રાખી ઘેર આવી તિજોરીમાં મૂકી દીધાં. આ બનાવ જે દિવસે સવારે બન્યો હતો તે જ દિવસે સાંજે પાંચ વાગે મારા ઉપર પોસ્ટ માસ્તરનો ટેલિફોન આવ્યો અને તેમણે મને પૂછ્યું કે: 'તમને કેટલા રૂપિયા પાછા મળ્યા છે?' મેં જવાબ આપ્યો કે: 'બરાબર અઢીસો.' તેમણે મને સવાલ પૂછ્યો કે: 'તમને ખરી રીતે કેટલા રૂપિયા પાછા મળવા જોઈએ?' મેં વિચાર કર્યા વગર જ જવાબ વાળ્યો કે: 'અઢીસો!' પછી તેમણે

ખુલાસો કર્યો કે 'તમે કારકુનને આઠ હજાર રૂપિયા આપેલા અને સાડા સાતસોની કિંમતનાં દસ સર્ટિફિકેટની કિંમત સાડાસાત હજાર થાય એટલે તમને રૂપિયા પાંચસો પાછા મળવા જોઈએ.' હવે મને મારી ભૂલ સમજાઈ. કેશ સર્ટિફિકેટ વેચનાર કલાર્કે તે દિવસે સાંજે હિસાબ કર્યો, ત્યારે હિસાબમાં રૂપિયા અઢિસો વધ્યા. તેણે બહુ વિચાર કરી હિસાબ ફરીને ગણીને અનુમાન કર્યું કે મને રૂપિયા અઢીસો ઓછા અપાયા છે. આ ઉપરથી તેણે પોસ્ટ માસ્તરને રિપોર્ટ કર્યો અને તેમણે મને ટેલિફોન કર્યો; આખરે તેમણે મને બાકીના રૂપિયા તરત જ લઈ જવા કહ્યું. મેં પોસ્ટ ઑફિસે જઈ રૂપિયા લીધા અને પોસ્ટ માસ્તરને કહ્યું કે મારે પેલા કારકુનને કાંઈ ઇનામ આપવાનો વિચાર છે ત્યારે તેમણે જવાબ આપ્યો: 'તમને તમારા હકના રૂપિયા પાછા આપવા તે અમારી ફરજ હતી.'

ડૉ. અમૃતલાલ હ. પટેલ ડી. પી. એચ.

જીવંત તત્ત્વજ્ઞાન

'કમલાબહેન, એક વાત પૂછું?' મેં કહ્યું.

'પૂછો ને...હું કાંઈ ખાનગી નથી રાખતી, અને રમણીકભાઈ, તમારાથી તો કંઈ પણ છૂપું નહિ રાખું,' કમલાબહેને ઉત્તર આપ્યો.

'હમણાં મેં જાણ્યું કે તમારી જિંદગી ખૂબ દુઃખમાં ગઈ છે; અને છતાંય તમે આટલા મુક્તકંઠે હસો છો અને અમને બધાંને હસાવી શકો છો, એ જોઈ મને આશ્ચર્ય થાય છે!'

'ઓહો, એ જ ને! રમણીકભાઈ, તમારું કહેવું સાચું છે કે હું ખૂબ દુઃખમાં જ પડેલી છું. પણ દુઃખ હોય તેથી રડચે શો ફાયદો? ભગવાને દુઃખ આપ્યું, તો ખુદ ભગવાન પણ ખુશ થઈને 'શાબાશ' કહે એવી રીતે દુઃખને હસી કાઢવું અને એ રીતે જીવનને સહ્ય બનાવવું, એ જીવન જીવવાની સાચી રીત નથી? અને બીજું. આપણે હંમેશાં દુઃખ, દુઃખ ને દુઃખની જ વાતો કર્યા કરીએ તો દુઃખ વધવાનું કે ઘટવાનું? ને આપણાં દુઃખની વાતો જ્યાં ત્યાં કરીને બીજાઓને શા માટે દુઃખી બનાવવાં? શોકઘેર્યા મોઢે ગમે તેને ત્યાં જઈએ તો કોઈ આપણને આવકારે ખરું? એ કરતાં તો આપણા દુઃખને હસી કાઢવું ને બીજાંને હસાવવાં, એમાં જ આપણું દુઃખ ઓછું નથી થતું? કેમ રમણીકભાઈ, ખરું કહું છું ને?'

આ જીવતું તત્ત્વજ્ઞાન સાંભળીને હું દિગ્મૂઢ થઈ ગયો. ખરેખર, વિટંબણાઓ, મુશ્કેલીઓ કે દુઃખો ઉપાય તેમના વિષે વિચાર કરવામાં નથી. મુશ્કેલીઓને હસી કાઢીને તેમની સામે વીરતાપૂર્વક ઊભા રહેવાથી મુશ્કેલીઓ મુશ્કેલીઓ નથી રહેતી; તે જીવનનો આનંદ બની જાય છે. દુઃખ ભૂલવાનો ઉપાય દુઃખ વિષે વિચાર ન કરવામાં જ છે. આપણે ઘણી વાર એક સામાન્ય મુશ્કેલીને મોટી આપત્તિ સમાન માનીએ છીએ અને દુઃખી થઈએ છીએ; પણ આપણે એમ વિચાર કરીએ કે આપણા કરતાં તો જગતમાં અનેક માણસો એવાં છે કે જેમને નીચે ધરતી ને ઉપર આભ સિવાય કોઈ આશરો નથી, છતાં તેઓ આનંદથી જીવે છે, તો આપણને લાગશે કે એમની સરખામણીમાં આપણું દુઃખ કાંઈ વિસાતમાં નથી; ને આપણું દુઃખ સહ્ય બનશે.

વીજળીના ચમકારાની માફક વિચારો આવી ગયા. વાત એમ હતી કે અમે બધાં બપોરને સમયે ચા પીતાં હતાં, તેવામાં પાડોશમાંથી કમળાબહેન આવ્યાં અને 'ડૉકટર બહેરામખાન આવે છે,' એમ કહી નીરસ વાતાવરણમાં હાસ્યની લહેરખી ફેરવી દીધી. હું તો તેમનાથી અજાણ્યો હતો. પણ તેમના આવતાંની સાથે ભારતીબહેને તેમના કાનમાં કહ્યું: 'કમલાબહેન, કમલાબહેન, રમણીકભાઈને પેલી રણછોડકાકાની વાત કહો ને?'

કમલાબહેનને ફક્ત કહેવું જ પડે. આગ્રહની તો જરૂર જ નહિ. તેમણે તેમની અનોખી ઢબે 'રણછોડકાકા'ની વાત શરૂ કરી. અને લગભગ પંદર મિનિટ સુધી હું તેમની ઘડીકમાં ગંભીર બનતી ને ઘડીકમાં હસતી–હસાવતી મુખમુદ્રા સામે જોઈ જ રહ્યો. વાત કહેવાની તેમની કળા અપૂર્વ જ હતી. અંગ્રેજી ત્રીજા ધોરણ સુધીનો અભ્યાસ હોવા છતાં ભાષા પર સાક્ષર જેવું પ્રભુત્વ હતું. આ જીવનસાહિત્ય સાંભળીને હું તેમની તરફ આકર્ષાયો અને તેમના જીવન વિષે જાણવાની ઉત્કંઠા થઈ. મેં ભારતીબહેનને કહ્યું, 'ભારતીબહેન, આ કમલાબહેનનું ઓળખાણ તો આપો.'

ભારતીબહેને કહ્યું, 'એ તો કમળાબહેન જાતે જ આપશે.' અને એ માટે એમણે કમળાબહેનના કાનમાં કહ્યું. પછી તો કમળાબહેને એમની પોતાની રીતે સહુને હસાવતાં કહ્યું: 'પહેલું તો મારું નામ

એટલે મારી જાતને હું ઓળખાવું છું બહે- ડૉક્ટર તરીકે. ત્રાટક સિદ્ધ કરવા જતાં થઈ ગયેલી. બાકી કમળા તો રોજનું નામ ઉપરાંત... પઠાણ...શેઠ, એવાં બધાં અનેક અમારું એક મંડળ છે એના કાર્યક્રમોમાં બધો ભાગ ભજવતી...'

તેમની પાસેથી જાણ્યું કે તે ૧૫-૧૬ નાની વયમાં દુઃખમાં આવી પડેલાં. પરણ્યા થોડાક જ વખતમાં માતાપિતા અને પતિ તેમણે માસના અરસામાં ગુમાવેલાં; આ કારમો અત્યાર સુધી સહેતાં આવ્યાં છે અને વિધિએ આ વિટંબણા સામે તેમણે હમેશાં હસ્યા જ છે. તેમની આ વિનોદી વૃત્તિનું કારણ પૂછતાં જે તેમણે આપ્યો, ત્યારે સમજાયું કે ગમે તેવી પરિસ્થિતિમાં પણ જીવનનો સદુપયોગ કરનાર જગતમાં છે અને દુઃખ એ ખરેખર દુઃખ દુઃખ એ જીવન જીવવામાં બાધક નથી. આજે દુઃખભરી પરિસ્થિતિમાં ભરતગૂંથણ અને અન્ય દ્વારા જીવન નભાવે છે. ઉપરાંત સદ્ગ્રંથોનું પાઠપૂજા, કેટલીકવાર જાહેર કરી શકાય તેવી ઓમાં ભાગ લેવો, એ એમનો જીવનક્રમ બની છે. આશ્ચર્યની વાત તો એ છે કે તેઓ હિંદીનો કરે છે, ને કહે છે કે હજી તો અંગ્રેજી રીતે શીખવું છે. હમણાં તેમણે ૪૫ વર્ષની રાષ્ટ્રભાષા પરિચયની પરીક્ષા આપી અને હવે માં બેસવાનાં છે. મેં પૂછ્યું, 'હિંદીની પરીક્ષા આપવી છે?' તેમણે જવાબ આપ્યો, 'હું પૂછું કેમ ન આપવી?'

'સાધુ તો ચલતા ભલા,' એ યુક્તિ તેમને લાગુ તેમ છે. વિકાસોન્મુખ રહેવાની આ ભાવના જીવન પ્રત્યેની આ સાચી નિષ્ઠાએ મને જાગ્રત . આજેય એ વાર્તાલાપ અને એમની જીવન- જીવનના ઝંઝાવાતોમાં પ્રેરણામૃત પાય છે. તેમના થોડા સંપર્કથી એક સત્ય સમજાયું કે તેવા દુઃખના ડુંગર હોવા છતાંય દીવાદાંડીની જીવનજ્યોતને જે જ્વલંત રાખે છે, તે જ ખરો એ જીવનનું રહસ્ય છે.

વિધવા બન્યા પછી થોડા વખતે એમણે સદ્ગુરુને એક પત્રમાં લખેલું કે '...આ દુર્જનો તો અનેક વસે છે. તેમનાથી દરેક આપણું રક્ષણ કરવા આપણા ઇષ્ટનું બળ આપણી પાસે જોઈએ. અને આપણને કોઈ અબળા, નિર્બળ ધારે નહિ, આપણા તરફ માતૃબુદ્ધિ સિવાય બીજો કોઈ વિચાર જ કોઈના મનમાં આવે નહિ અને કદાચ આવ્યો તો આપણા પ્રતાપથી નિર્મૂળ થવો જોઈએ; એટલા જ માટે કંઈક સિદ્ધિબળની જરૂર છે.' કેટલી ઉચ્ચ ભાવના! વિશ્વમાં પ્રસિદ્ધિ પામત મનુષ્યો જ મહાન નથી, રસ્તે જતા સામાન્ય લાગતા માણસોમાં, સમાજના અંધારે ખૂણે વસતી વ્યક્તિઓમાં પણ ઘણી ઊંચી મહત્તા હોય છે.

અધ્યા. રમણલાલ ગાંધી એમ. એ; કોવિદ

ગરીબ ને તવંગર

એક દિવસ મેં સારું કાપડ ખરીદવા વિચાર કર્યો. એ પ્રમાણે હું કાલબાદેવી પર આવેલા એક મોટા સ્ટોરમાં કાપડ ખરીદવા ચઢ્યો. થોડી વારમાં મેં લગભગ પચાસ રૂપિયાનું કાપડ ખરીદ્યું. ત્યાર બાદ પૈસા ચૂકવી હું બહાર નીકળ્યો. પણ મારી ટેવ પ્રમાણે પાછા આપેલા પૈસા મેં ગણ્યા વગર ગજવામાં મૂકી દીધા. સ્ટોરથી જરા દૂર ગયો હોઈશ

હરસ--મસા
ના ચોક્કસ જર્મન ઇલાજ



'હાડેન્સા'

લોહી પડતું તુરત જ અટકાવે છે. બળતરા–ખજવાળ–સોજો દૂર કરી તુરત આરામ આપે છે. હરસ–મસાની દરેક હાલતમાં ખાતરીપૂર્વકનો ઇલાજ છે. ઓપરેશનની કે દવા પીવાની જરૂર નથી.

દરેક દવા વેચનારને ત્યાંથી મળશે

ડીસ્ટ્રીબ્યુટર્સ :

પી. એમ. ઝવેરીની કું.

દવાવાળા, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨

ત્યાં કોઈ દિવસ નહિ પણ આજે મને પૈસા ગણવાનો વિચાર થયો. એ પ્રમાણે પાછા આપેલા પૈસા ગણતાં ખરેખર સ્ટોરના માલિકે મને એક રૂપિયો ઓછો આપ્યો હતો. એક રૂપિયા જેવી રકમને શા માટે જવા દેવી જોઈએ, એ હેતુથી હું પાછો પેલા સ્ટોરમાં ગયો અને તેમાં બેઠેલા માલિકને કહ્યું: 'ભાઈ, તમે મને ભૂલથી એક રૂપિયો ઓછો આપ્યો લાગે છે. આ રહ્યા તમારા આપેલા પૈસા.' પેલા શેઠે મને કહ્યું: 'ભાઈ, હિસાબ થઈ ગયો તે થઈ ગયો. અમે ક્યાં તમને અહીં પૈસા ગણતાં રોકેલા? તમારા જેવી ફરિયાદ કરનારાને જો અમે હંમેશા પૈસા ચૂકવી આપીએ તો અમારો ધંધો બંધ પડી જાય.' મેં તેમનો આ અણધારેલો જવાબ સાંભળી કહ્યું: 'કંઈ વાંધો નહિ-સાહેબ. તમે ક્યાં મારા એક રૂપિયામાં બંગલો બાંધવાના છો? પણ જોડે એટલું ધ્યાન રાખી લેજો કે બધા ઘરાક સરખા હોતા નથી.' જવાબની આશા રાખ્યા વગર હું સ્ટોરની બહાર નીકળ્યો. તે પછી હું એમ્પાયર સિનેમામાં ચિત્ર જોવા ગયો. ઈન્ટરવલમાં મોડેથી બહાર નીકળી મેં એક ચણાવાળા પાસેથી બે રૂપિયાની નોટ આપી બે આનાની ખારીશીંગ લીધી. ત્યાં શો ચાલુ થવાની ઘંટડી વાગતાં હું ઝડપથી આપેલા છૂટા પૈસા ગણ્યા વગર ગજવામાં મૂકી શીંગ લઈ થિયેટરમાં આવ્યો. એક કડવો અનુભવ થઈ ગયો હોવાથી મેં અંદર આવી પૈસા ગણ્યા તો ચણાવાળાએ મને એક રૂપિયો ચૌદ આનાને બદલે માત્ર ચૌદ જ આના પાછા આપ્યા હતા. બે વખત મારી ટેવને લઈ હું મૂર્ખ બન્યો એથી મને ઘણું દુખ થયું. હું ફરી બહાર જવાનો વિચાર કરતો હતો ત્યાં મને થયું કે એ ચણાવાળો હવે ત્યાં હશે કે નહિ? વળી હોય તો પણ તે રૂપિયો આપે ખરો? ચિત્ર પૂરું થયા બાદ હું ઝડપથી થિયેટરની બહાર નીકળ્યો. ત્યાં પાછળથી બૂમ સંભળાઈ, 'ઓ શેઠ...ઓ શેઠ...' મેં પાછું ફરી જોયું તો પેલો ચણાવાળો દોડતો દોડતો મારી પાસે આવી મારા હાથમાં રૂપિયો મૂકી બોલ્યો: 'શેઠ યહ આપકા પૈસા. મૈંને આપકો જોરસે વો બખ્ત આવાઝ દીઈથી. મગર આપ તો ચલે ગએ.' હું તેની આ સચ્ચાઈ જોતો જોતો ઊભો રહ્યો. મેં તેને કહ્યું: 'તુમ પૈસે દેનેકે લીએ ઈધર ખડા થા?' 'હા શેઠ, ક્યોંકી હરામ કા લીઆ હુવા પૈસા આદમી કી જિંદગી બરબાદ કર દેતા હૈ,' એમ કહી તે ચાલ્યો ગયો. રૂપિયો જેને મન મોટી ચીજ હોવા છતાં, દુનિયામાં ચાલી રહેલા આ આગ અને ભડકાની વચ્ચે પણ એ ચણાવાળામાં મેં માનવતા અને સચ્ચાઈનાં દર્શન કર્યાં. આ ગરીબ ચણાવાળા પાસે પેલા સ્ટોરવાળા શેઠનું સ્થાન મને ક્યાંએ નજરે પડ્યું નહિ.

—વિનોદ દલાલ

આદર્શ વાચક

ગુણવંતભાઈ પરીખને પુસ્તકો વાંચવાનો ખૂબ જ શોખ. પુસ્તકો વિના તેમને જરા પણ ચેન ન પડે. સાહિત્યના કોઈ પણ પુસ્તક વિશે તમે ચર્ચા ઉપાડો અને ગુણવંતભાઈ તેમાં ભાગ ન લે એ અસંભવિત.

તેમણે એક દિવસ મારે ત્યાં આવીને કહ્યું: 'ભાઈ, તમારી ગાંધીજીની 'આત્મકથા' સાતેક દિવસ માટે વાંચવા ન આપો?'

સામાન્યત: હું મારાં પુસ્તકો કોઈને વાંચવા આપવાથી વિરુદ્ધ છું. અનુભવે જ ગને આમ કરતાં શીખવ્યું છે. પરંતુ આટલા લાંબા પરિચયમાં ગુણવંતભાઈએ આજે પહેલી જ વખત ચોપડીની માગણી કરી હતી એટલે તેમને ના પાડવી યોગ્ય ન લાગ્યું.

વારેઘડીએ વાંચવાને લીધે 'આત્મકથા'નાં પાનાં છૂટાં પડી ગયાં હતાં.

બરાબર સાતમે દિવસે ગુણવંતભાઈ 'આત્મકથા' પાછી આપી ગયા. મેં જોયું કે તેને સારી રીતે સાંધીને પૂંઠું પણ ચડાવેલું હતું. 'આત્મકથા' નવા જેવો જ બની ગઈ હતી.

થોડાક દિવસ પછી તેમણે એ જ પુસ્તકની ફરીથી માગણી કરી. મને સાનંદાશ્ચર્ય થયું-તેમાંય આશ્ચર્ય સવિશેષ; મેં પૂછ્યું: 'કેમ, તમે તો હમણાં જ વાંચી ગયા છો ને?'

'ના, હું તમને તે વાંચ્યા વિના જ પાછી આપી ગયો છું: હવે પૂરેપૂરી વાંચી જઈશ.'

'તો પછી વાંચ્યા વિના કેમ પાછી આપી ગયા!'

'મેં અઠવાડિયાનો વાયદો કર્યો હતો એટલે.'

મને થયું કે આટલી નિયમિતતા અને ચીવટ દરેક વાચકમાં હોય તો?

એકાદ મહિના પછી તે આકસ્મિક જ મારે ત્યાં આવી પહોંચ્યા. તેમણે મારી સામે ચાર-પાંચ પુસ્તકો મૂક્યાં અને કહ્યું: 'આટલાં પુસ્તકો તમારી લાઈ

ાં ઉમેરજો.'

ં પૂછ્યું: 'તમારાં પુસ્તકો મારી લાઈબ્રેરીમાં ાટે?'

ણે જવાબ આપ્યો: 'મારે ત્યાં એ બધાં ાં રહે અને કોઈ ઉપાડી જાય, તેના કરતાં ી લાઈબ્રેરીમાં ભલે રહે. આવાં પુસ્તકો તમારે ંગ્રહાય એ જ યોગ્ય છે.'

ા પ્રસંગ નાનો સરખો હોવા છતાં તેમાં વા જેવું ઘણું છે. ગુણવંતભાઈની ભાવનાની શબ્દોથી થઈ શકે તેમ નથી જ.

—નટવરલાલ જાની

કુદરતી ઉપચાર

આજ ત્રીસ વરસ થયાં મેં લગભગ દવા બંધ જ ુ અને કાંઈ પણ શારીરિક અવ્યવસ્થા થાય તો સ્નાન, સૂર્યસ્નાન, માટીના પ્રયોગો વગેરેથી જ ા મેળવી લઉં છું. આપણું શરીર પૃથ્વી, શ, જળ, વાયુ અને તેજ એ પાંચ તત્ત્વોનું ું છે અને તેથી શરીરમાં એ પાંચ તત્ત્વોના માં કાંઈ ફેરફાર થવાથી સ્વાસ્થ્ય બગડે તો એ તત્ત્વોમાંથી જ આપણે જરૂરી ઉપચાર મેળવી કીએ તેમ છીએ.

મારો અંગત અનુભવનો આ વિષેનો એક દાખલો ં વાચક ભાઈબહેનોને ઉપયોગી થઈ પડશે એમ અહીં આપું છું. સને ૧૯૪૫ની વાત છે. ી પુત્રી ૧૫-૧૬ વરસની ઉંમરની. તેને મરડો બહુ બહુ દવાઓ કરી પણ આરામ ન થયો; ૯૯ાા° રહેવા લાગ્યો અને વજન ઘટીને ૭૦ થઈ ગયું.

હું તો ખરેખર મૂંઝાયો, શું કરવું તે સૂઝે નહિ. નું સાહિત્ય'ના 'આરોગ્ય સંબંધી સામાન્ય ' પુસ્તક ૧-૨માં મહાત્મા ગાંધીજીના માટીના રો વિષે વાંચેલું એ યાદ આવ્યું; એટલે ૨૪ બાદ નક્કી કર્યું કે માટીના ઉપચારો જ કરવા. ના ઉપચારો શરૂ કર્યા. દિવસમાં ત્રણ વખત ને પેડુ ઉપર માટી મૂકવાનું શરૂ કર્યું. બે સુધી માટી મૂકી રાખતો. ચાર દિવસમાં તાવ ૧૦૨° થયો. પેટ જે દડા જેવું રહેતું હતું ઓ પેટ ઉપર કરચલી પડવા માંડી. ચાલુ રાખ્યા. દસ દિવસમાં તાવ ઊતરીને ૯૯-૧૦૦° ઉપર આવી ગયો. દસ્ત-પેશાબ સાફ આવવા લાગ્યાં. ડૉકટરે કહેલું કે પથરી છે તે પેશાબ વાટે નીકળી ગઈ. તબિયતમાં થોડો સુધારો થતાં સમુદ્રસ્નાન, સૂર્યસ્નાન, વાયુસ્નાન આપવાનું ચાલુ કર્યું. આ જ પ્રકારની સારવાર ચાલુ રાખી. છ મહિને વજન ૧૧૦ રતલ થયું. ફરીવાર પહેલા જેના ઉપચાર કરતો હતો તે એમ. ડી. ડૉકટર પાસે લઈ ગયો ત્યારે તેણે અન્તયબી વચ્ચે પૂછ્યું કે 'આ કોણ છે?' મેં કહ્યું કે 'જેને માટે આપે એપેન્ડીસાઈટીસ, પથરી અને ક્ષયનું નિદાન કર્યું હતું એ જ આ છોકરી છે. મારી સારવારનો આખો ઇતિહાસ સાંભળીને ડૉકટર બહુ જ રાજી થયા અને જણાવ્યું કે 'તમે અમારી એલોપથીની પદ્ધતિને ખોટી પાડી છે!'

કુદરતી ઉપચારની પદ્ધતિ બીજી કોઈ પણ સારવારની પદ્ધતિ કરતાં ઊતરતી નથી એ ઉપરના દાખલાથી સમજી શકાય તેમ છે.

—આગજી લંધા ભાટીઆ



સંસ્થા સમાચાર

વાચનની સાથેસાથે વિચાર અને આચાર તરફ પણ વ્યક્તિએ ધ્યાન રાખવું જરૂરી છે. એમાંય વ્યાવહારિક વાચન પણ ઉચ્ચ કક્ષાનું પસંદ કરવું જોઈએ અને વ્યવહારની દરેક ક્રિયા, રૂઢિ વગેરે બાબત ઉપર સત્ય વિવેક અને ધર્મનું પ્રભુત્વ જરૂરી સમજી પ્રત્યેક વ્યક્તિએ ગમે તેટલા વ્યવસાયમાં મગ્ન રહેવા છતાં પણ કેટલોક સમય ધાર્મિક સાહિત્યના વાચન પાછળ ગાળવો જોઈએ. વ્યક્તિના આચાર-વિચાર સત્ય ધર્મ તરફી બને એ માટે જ આપણા સંત-ભક્તો, ઋષિમુનિઓ નિત્યપાઠનું-સ્વાધ્યાય કરવાનું સૂચન આપતા ગયા છે. સ્વાધ્યાયમાં ઉપયોગી તેમ જ અન્ય સામાન્ય માનવી પણ સમજી શકે એવું સાહિત્ય-ધાર્મિક ગ્રંથો, ચરિત્ર, ઇતિહાસ, વાર્તા, વૈદક-આ સંસ્થા સસ્તી કિંમતે પ્રગટ કરે છે.

અખંડ આનંદ

નવેમ્બર માસથી 'અખંડ આનંદ' છઠ્ઠા વરસમાં પ્રવેશે છે.

જે ગ્રાહકબંધુઓનાં લવાજમ પૂરાં થાય છે તેમને આ અંકમાં લવાજમ પૂરું થયાના સમાચાર જુદા કાગળમાં છાપીને આપ્યા છે. તે ગ્રાહકબંધુઓને લવાજમ તા. ૨૫મી નવેંબર સુધીમાં મોકલી આપવા વિનતિ છે; કેમકે ત્યાં સુધીમાં લવાજમ નહિ મોકલનારને નવેમ્બર માસનો અંક વી. પી. થી મોકલીને નવા વરસનું લવાજમ વસૂલ લેવાશે.

વિવિધ ગ્રંથમાળા

ગયા વર્ષે આ માળાનાં એકંદરે ટ. ખ. સાથે રૂા. ૧૧-૧૧-૦ની કિંમતનાં સાત પુસ્તકો ગ્રાહકોને વાર્ષિક લવાજમ માત્ર ૬-૮-૦માં ઘેર બેઠાં મોકલાયાં છે. ઉપયોગી તથા સસ્તાં પુસ્તકો મેળવવ આજે જ વાર્ષિક લવાજમના રૂા. ૬-૮-૦ મોકલી ગ્રાહક થઈ જવા ભલામણ છે.

ચાલુ વર્ષના સને ૧૯૫૨-૫૩ન માળાના ગ્રાહકોને પહેલા હપ્તાનાં પુસ્તકો (૧) જીવનસુવાસ અને (૨) પંચાંગ, ઑક્ટો-બર માસમાં મોકલી અપાયાં છે. બીજાં હવે પછી મોકલાશે.

આ માળાનાં પાછલાં વરસોના સેટ મળે છે. તેમાં આવતાં પુસ્તકોની કિંમત લગભગ રૂા. ૧૧-૮-૦ થી રૂા. ૧૨) જેટલી થાય છે તે **માત્ર રૂા.** ૬-૮-૦ મળશે. પાછલાં વરસોના દરેક સેટ ઉપર ટપાલ ખર્ચ રૂા. ૧-૮-૦ થાય છે તે જુદું લેવાશે.

સને ૧૯૫૧-૫૨ના સેટનાં પુસ્તકો

(૧) ગુજરાતનાં તીર્થસ્થાનો, (૨) મનુષ્ય ધર્મ, (૩) પંચાંગ, (૪) આરોગ્યરક્ષા, (૫) કાકાનો સંજય, (૬) માણસાઈની વાતો, (૭) ગદાધારી ભીમ.

ધી ડન એલ્યુમિનિયમ ફેક્ટરી
ટે. નં. ૪૧૬૧૮ ... ૨૨૫, તાડદેવ રોડ, મુંબઈ.૭.

ઈનલેસ
સ્ટીલ
લ્યુમિનિયમ
તાંબા પીત્તળ
જરમન સીલ્વર
LALLUBHAI AMICHAND
GUARANTEED PURE
TRADE MARK
BOMBAY. No. 2
LALLUBHAI AMICHAND
QUEEN BRAND
TRADE MARK
BOMBAY. No. 2

એલ્યુમિનિયમ,
જરમન સીલ્વર,
તાંબા, પીત્તળ તેમજ
સ્ટેઈનલેસ સ્ટીલનાં વાસણોની
ખરીદી માટે એક અને અનોખું વિશ્વાસ પાત્ર સ્થાન...

લ્લુભાઈ અમીચંદ લી.
નં.૨૨૨૨૦ · ૫૫૪, કંસારા ચાલ, પાયધોણી મુંબઈ · પો.બો. ૨૧૦૦



સીમેન્ટ કૉન્ક્રીટથી ગ્રામ સુધારણાની યોજ

આ દેશમાં આબાદીની સઘળી યોજનાઓમાં ગ્રામ સુધારણા મોખરે છે.

બારે માસ વાપરી શકાય અને મન્ડી તથા મુખ્ય શહેર સુધી પહોંચી શકાય તેવા રસ્તાઓ સીમેન્ટ કૉન્ક્રીટથી જ બને છે. સીમેન્ટનાં ઘરો, તળાવો, કૂવાઓ, દાણાની વખારો, ગૌશાળાઓ એ ગ્રામ્ય પ્રજાને આગ, દુકાળ અને ઉંદર, કીડા વગેરેથી થતા નુકસાનમાંથી બચાવે છે.

સીમેન્ટ માર્કેટીંગ કંપની બધી જાતની ખબર, ખુલાસા [illegible] સલાહ કંઈ પણ દામ લીધા વગર આપશે. ઠેકાણું : ૧, ક્વીન્સ રોડ, મુંબઈ.

સીમેન્ટ માર્કેટીંગ કંપની ઑફ ઇન્ડીયા, લીમી

સેલ્સ મેનેજરો :

એસોસીએટેડ સીમેન્ટ કમ્પનીસ લીમીટ

ડિસેમ્બર

ાંડુ આનંદ

નું સાહિત્ય
પો. બો. ૫૮, અમદાવાદ.
રૂ. ૧

CROWN BRAND GURANTEED PURE

CROWN BRAND GURANTEED PURE

એલ્યુમિનિયમ નાં વાસણો

★ વાસણોનો વિચાર આવતાંજ ક્રાઉન માર્કાની યાદ તાજી થાય છે. બનાવટની ઉત્તમત્તા, ઉપયોગિતા માટેનું સંશોધન, ભાવોનું વ્યાજબીપણું અને વ્યવહારની નિયમિતતાનું એ સાચું પરિણામ છે.

★ એલ્યુમિનિયમનાં વાસણો વજનમાં હલકાં જલ્દી ગરમ થાય તેવાં અને કીંમતમાં કીફાયત હોય છે. કલાઇ કરવાની જરૂરજ નથી પડતી.

★ દૂધના હાન્ડા, ટીફીન કેરીયર, કીટલી, થાળી, ગલાસ, પ્લેટો, બદના, લોટા, ટોપ. હાન્ડી વિ. કરોડો માણસો સંતોષથી વાપરે છે.

તમારી જરૂરીયાતો માટે લખો અથવા મળો

જીવનલાલ (૧૯૨૯) લિમિટેડ

૩૧, નેતાજી સુભાષ રોડ ★ પોસ્ટ બોક્ષ નં. ૨૨૩૭ ★ કલકત

તારનું ઠેકાણું : 'CROWNALUCO' Calc

શાખાઓ : મુંબઈ ★ મદ્રાસ ★ રાજમહેન્દ્રી ★ રંગૂન ★




Godrej
Regd.
Shaving
Stick
(REFILL)
MADE IN INDIA
SOAPS
GLYCERINE
HAIR TONIC
EAU DE COLOGNE
GODREJ SOAPS, LTD.

કદિ મળ્યો નથી

એવો ઉંચો માલ

આટલી ઓછી કિંમતમાં

બીજી કોઇપણ બનાવટના સાબુને ભૂલાવે એવા આ સાબુથી દિન પ્રતિદિન ઘણા માસ સુધી દાઢી બોડી આનંદ મેળવો ... શુધ્ધ અને ઠંડક આપતા વનસ્પતિક તેલોમાંથી બનાવેલો આ સાબુ લાંબો સમય ટકે તેવુ ફુમાશદાર મુલાયમ ફીણ આપે છે...તેની ખુશબો તાજગી પમાડે છે.

દાઢી માટે પણ ગોદરેજનો સાબુ વાપરી તમારી ખાત્રી કરો. વનસ્પતિક તેલોમાંથી સાબુ બનાવવાની પહેલ ગોદરેજે કરી હતી.

બીજી ગોદરેજ બનાવટો
ટૉયલેટ (નહાવાના) સાબુઓ, ધોવાના સાબુઓ, હૅર ટૉનીક, કોલનવૉટર, ગ્લીસરીન.

ઝડપી
અને સુંવાળી
દાઢી માટે

Godrej
શ્રેષ્ઠ
સ્વદેશી
મોટી
વ્યવસ્થા
મજારી


Godrej
Regd.
Shaving
Round

૧૦૦ ટકા સ્વચ્છ સાબુ અને પ્રાણીની ચરબીથી મુક્ત હોવાની ગેરંટી

હિંદભરની તેમજ પરદેશોની અસંખ્ય સલુનોની પ્રશંસા પામેલા દાઢી કાઢવાના ગોદરેજના "રાઉન્ડ" (ગોળાકાર) સાબુ લાખો પર લાખો ઘરાકોંની શુભેચ્છા મેળવે છે.

ગોદરેજ સોપ્સ, લિ૦

મુંબાઈ – કલકત્તા – મદ્રાસ – કોચીન – દિલ્હી – અમદાવાદ – હૈદ્રાબાદ.



ઉત્તમ કારીગરી
જે
સમયનાં
વહેણ સાથે
પણ ઘસાતી
નથી!

એક માત્ર ખાત્રી લાયક પેન

વિલ્સન
ફાઉન્ટન પેન

૫/૧૨

હિન્દના સોલ ડિસ્ટ્રીબ્યુટરઃ-
કિરણ એન્ડ કંપની લિ૦
મુંબઈ, કલકત્તા, મદ્રાસ.

મુંબઈ ઓફિસઃ-૭૩-૭૫, છીપી ચાલ, ઝવેરી બજાર પાસે, મુંબઈ-૨
મુંબઈના સ્ટોકિસ્ટઃ-કેશવચંદ્ર એન્ડ કું., ૨૩૮, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈ-૧
અમદાવાદના સ્ટોકિસ્ટઃ-એન. દલીચંદ એન્ડ કું., ગાંધી રોડ, અમદાવાદ

:અનુક્રમ:

ક્ર	વિષય	લેખક	પૃષ્ઠ
૧	મહાન અને ઉદાત્ત	શ્રી	૩
૨	મંગલ પ્રભાત	કાકાસાહેબ કાલેલકર	૫
૩	સંસ્કારનું બળ	શ્રી રવિશંકર મહારાજ	૭
૪	પત્રપ્રસાદી	શ્રી કિશોરલાલ મશરૂવાળા	૧૧
૫	રત્નકણિકા	કવિવર રવીન્દ્રનાથ ઠાકુર	૧૪
૬	વહેલા ઊઠનારાઓ સામે (કટાક્ષ)	શ્રી જ્યોતીન્દ્ર દવે	૧૭
૭	કલાને પંથે	શ્રી રવિશંકર મ. રાવળ	૨૪
૮	ત્રીજ (કાવ્ય)	ડૉ. કૃષ્ણલાલ શ્રીધરાણી	૩૨
૯	પારકે ઘેર (વાર્તા)	શ્રી પીતાંબર પટેલ એમ. એ.	૩૩
૧૦	જીવ અને જગત	સ્વામીશ્રી માધવતીર્થજી	૪૦
૧૧	રાજા રામમોહનરાય (પરિચય)	શ્રી ગટુભાઈ ધ્રુ	૪૪
૧૨	મનુષ્યજાતિનું વ્યાકરણ	સ્વ. હીરાલાલ લલ્લુભાઈ કાજી એમ. એ; બી. એસસી; જે. પી.	૪૯
૧૩	લોહીનું સિંચન (વાર્તા)	શ્રી જયંત વસા	૫૨
૧૪	ઋગ્વેદકાળની સ્ત્રી	ડૉ. બિપિનચંદ્ર હી. કાપડીઆ એમ. એ; પીએચ ડી.	૫૯
૧૫	રામ ખોવાયો (કાવ્ય)	શ્રી લાભશંકર વેણીશંકર રાવળ	૬૪
૧૬	ભવોભવનો ભૂખમરો (વાર્તા)	શ્રી સીતારામ જે. શર્મા	૬૫
૧૭	ગોકુળ આવો ગિરધારી	શ્રી રમણલાલ ધીરજલાલ શાહ	૭૪
૧૮	વહેમ!	શાસ્ત્રી રેવાશંકર મેઘજી પુરોહિત મ૦ મ૦ ધર્મશાસ્ત્રાચાર્ય, પંડિતમાર્તંડ	૭૬
૧૯	બે કબર (વાર્તા)	શ્રી હરીશ નાયક	૮૦
૨૦	ગુજરાતની ખેતી	શ્રી હીરાલાલ મગનલાલ દેસાઈ બી. એજી; એમ. એસસી. (યુ એસ. એ.)	૮૪
૨૧	આયુર્વેદનું ષડ્રસ જ્ઞાન	શ્રી જટુભાઈ વૈદ્ય	૮૯
૨૨	સાચો સ્નેહ (વાર્તા)	અનુ૦ : શ્રી શામજી જમોડ	૧૦૧
૨૩	હસી કાઢજો	શ્રી 'પ્રસન્ન હંસ' એમ. એ; બી. ટી.	૧૦૩
૨૪	બુદ્ધિપ્રધાન (વાર્તા)	શ્રી મધુસૂદન પારેખ એમ. એ.	૧૦૫
૨૫	સંપાદકીય	શ્રી સોપાન	૧૧૦
૨૬	જોયેલું ને જાણેલું		
	હિંદુ-મુસલમાન	શ્રી ગોવર્ધન જોલાપ્રા	૧૧૭
	હરિજન કે બ્રાહ્મણ?	શ્રી વ્રજલાલ નરભેરામ મહેતા બી. એ.	,,
	દેશની પ્રતિષ્ઠા ખાતર!	શ્રી ગિરીશ દેસાઈ	૧૨૦
	ઇંદુભાઈ	શ્રી જેઠુભાઈ રે. ત્રિવેદી	૧૨૧
૨૭	સંસ્થા-સમાચાર	કાર્યાલય	૧૨૩

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી તંત્રી : સોપાન
મુદ્રક અને પ્રકાશક : ત્રિભુવનદાસ ફ૦ ઠક્કર,
મુદ્રણ અને પ્રકાશનસ્થાન : સસ્તું સાહિત્ય મુદ્રણાલય, રાયખડ-અમદાવાદ.

૨ મિનિટે
૧ સાઇકલ

૧૯૪૧માં, અમારા મુંબઇના કારખાનાએ ઉત્પાદન શરૂ કર્યું ત્યારે એનું વાર્ષિક ઉત્પાદન ૨૦,૦૦૦ સાઇકલો જેટલુંજ હતું; ૧૯૫૧માં એ ઉત્પાદન વધીને ૧,૦૦,૦૦૦ સાઇકલો જેટલું થયું. ખરેખર, આ એક મોટી પ્રગતિ છે અને એ માટે અમે ગર્વ લઇએ છીએ.

હવે અમે અમારા કારખાનાને એનાથી પણ વધુ ઉત્પાદન—રોજ ૫૦૦ સાઇકલો જેટલું—કરી શકે એવું બનાવ્યું છે જેનાથી એની ઉત્પાદનની ગતિ દર ૨ મિનિટે ૧ સાઇકલ જેટલી થાય છે. અમને વિશ્વાસ છે કે ઉત્પાદનમાં આ પ્રકારની પ્રગતિ, સાઇકલોની આયાતમાં મોટો ઘટાડો કરશે અને કિંમતી પરદેશી હુંડીયામણ બચાવશે.

હિન્દ—ભારત માટે ભારતમાં બનાવેલી

હિન્દ સાઇકલ્સ લિમિટેડ, ૨૫૦ વરલી, મુંબઈ ૧૮.

અખંડ આનંદ

ં ૬, અંક ૨] તંત્રી : સોપાન [ડિસેમ્બર ૧૯૫૨

મહાન અને ઉદ્દાત્ત

જીવનમાં કંઈક મહાન અને ઉદ્દાત્ત કરી જવાની ઇચ્છા પ્રગટે ત્યારે એટલું સમજી લેવું કે સિદ્ધિ હિમાલયના શિખર ઉપર છે અને આપણા મનમાં પ્રગટેલી ઇચ્છા હિમાલયનું માત્ર કલ્પનાદર્શન છે. આપણે જો સિદ્ધિ જ ચાહતા હોઈએ તો એવું નાદર્શન એક હજાર ને એકવાર થાય તો યે એનું ફળ મળી શકે નહિ. સિદ્ધિ ચાહ- કલ્પનામાંથી વાસ્તવિકતામાં આવવું જોઈએ; એટલે કે પરિશ્રમ કરીને એણે પ્રથમ લયનાં સાક્ષાત્ દર્શન કરવાં. એ પછી શિખર ઉપર પહોંચવાના માર્ગનું જ્ઞાન મેળવવું. માં જે સગવડો–અગવડો આવવાનો સંભવ હોય તે વિષે માહિતગાર થવું. પોતાની નો અંદાજ બાંધી એ યાત્રાના સમય દરમિયાન મન ઉપરનો બીજો ભાર ઉતારી લો, જેથી યાત્રામાં ચિત્ત સ્થિર બને ને સાધનાકાળના અનુભવો હૃદયમાં સંઘરાઈ રહે.

કંઈ મહાન અને ઉદ્દાત્ત કરવાની ઇચ્છા જાગે ત્યારે થોડીક વાર એ ઇચ્છામાં રમણ થાય, ભલે એ ઇચ્છા એ રીતે તીવ્ર ને બળવાન બને, પરંતુ તે પછી તો મહાન ઉદ્દાત્ત શું છે તેનો વાસ્તવિક દૃષ્ટિએ વ્યાપક તથા ઊંડો વિચાર કરી જ લેવો જોઈએ. નમાં જ્યારે ધ્યેય નિશ્ચિત ન હોય અને એ કારણે તેને પ્રાપ્ત કરવાનાં સાધનોની વિચારણા ન થઈ હોય, માત્ર સદ્ભાવના જ જોર કરતી હોય, ત્યારે જે કંઈ ચિત્તને જાય તે મહાન અને ઉદ્દાત્ત લાગે છે. આનું કારણ એ છે કે આપણા મનમાં વસ્તુ પરત્વે પ્રગટઅપ્રગટ આકર્ષણ પડેલું જ હોય છે. અનંત ભૂતકાળના સ્કારોનું એ પરિણામ છે. ઢંકાઈને અને દબાઈને પડેલા એ સંસ્કારો વર્તમાન જીવન- કોઈ અનુભવથી જાગૃત થઈ જાય છે અને એમાંથી આકર્ષણનો ભાવ પ્રગટે છે. આપણ- એમ થઈ જાય છે કે જો આ ક્રિયામાં, આ પ્રવૃત્તિમાં પ્રગતિ થાય તો આપણે મહાન શકીએ ને કંઈક ઉદ્દાત્ત પ્રાપ્ત કરી શકીએ. આપણી આ લાગણી વાસ્તવિક ન જ એમ નહિ, પણ ઘણાખરા દાખલામાં એ ભ્રમણા હોવાનો વધુ સંભવ છે.

શું મહાન અને શું ઉદ્દાત્ત, એ વિષે મહાપુરુષોમાં પણ મતભેદ પ્રવર્તે છે, પછી ણા જેવા અલ્પ મતિના માણસોનું તો પૂછવું જ શું? જેનું અભિમાન નાશ પામ્યું ને જે આ વિશ્વનાં સામાન્ય મૂલ્યોથી ન મૂલવાય એવી મહત્તાને પારખી શકે છે માં આ વિષે દ્વિધા ઉત્પન્ન થતી નથી. એ જાણે છે કે આદર્શના હિમાલયનાં ઉત્તુંગ

શિખરો અનેક હોય, એ દરેક મહાન હોય અને ત્યાં પહોંચવાના માર્ગો પણ પારાવાર હોય અને દરેક માર્ગનું વિશિષ્ટ મહત્ત્વ પણ હોય. અસામાન્ય મહત્તા મેળવેલા સંતો, વિજ્ઞાનીઓ, કલાકારો, રાષ્ટ્રોદ્ધારકો વિવિધ ક્ષેત્રમાં વિચરતા હોવા છતાં એક જ હિમાલયનાં ઉત્તુંગ શિખરો હોય છે. એમાં કોણ કોનાથી ચડે તે પણ કહી શકાય નહિ. માનવજાતને સંત, વિજ્ઞાની, કલાકાર, સેવક, ઉદ્ધારક સૌની જરૂર છે. ઇતિહાસ ઉપર નજર નાખતાં આપણને ખાતરી થાય છે કે એમનાથી માનવજાત આગળ વધી છે ને આજે પણ તેઓ પથપ્રદર્શકનું કાર્ય કરી રહ્યા છે. અમુક પ્રકારની સ્થિતિ જ મહાન અને ઉદાત્ત ગણાય એમ ન માનવું. જીવનને સંસ્કારવા, શુદ્ધ કરવા, ઊંચે ચડાવવા જે જે સાધનોની જરૂર પડે છે તે તે સાધનોમાં સિદ્ધિ મેળવનાર મહાન છે અને તેણેં ઉદાત્ત જીવન ગાળ્યું છે એમ સમજી લેવું જોઈએ.

ઇતિહાસ-પુરાણની વાત જવા દઈ વર્તમાન યુગનાં વિવિધ ક્ષેત્રના મહાપુરુષોના જીવનનું આપણે અવલોકન કરીએ તો એટલું દેખાઈ આવશે કે જે ક્ષેત્રમાં એમણે મહત્તા પ્રાપ્ત કરી સિદ્ધિ મેળવી તે સિવાયના ક્ષેત્રમાં પણ કાર્ય કરવાની શક્તિઓ તેઓ ધરાવતા હતા. શ્રી અરવિંદ, પૂ. ગાંધીજી કે કવિવર ટાગોર એમના પ્રચંડ પુરુષાર્થ અને આંતરશક્તિઓને કારણે કયા ક્ષેત્રમાં ન ઝળકયા હોત ? આમ છતાં એટલું નક્કી છે કે બીજા ક્ષેત્રમાં એમણે આટલી મહત્તા ન મેળવી હોત, તેમ જ એમના ચિત્તને પરમ સંતોષ પણ પ્રાપ્ત ન થયો હોત. આનો અર્થ એ કે આપણામાં કંઈક મહાન અને ઉદાત્ત કરવાની વૃત્તિ પેદા થાય ત્યારે આપણી ચિત્તવૃત્તિનું સંશોધન કરવું જરૂરી છે. સામાન્ય ભાષામાં આપણે જેને જીવનરસ કહીએ છીએ ને ગીતાની ભાષામાં જેને સ્વધર્મ કહી શકાય તે જો આપણે શોધી શકીએ તો આપણો પુરુષાર્થ વધુ પ્રમાણમાં ઊગી નીકળે અને આપણી પ્રવૃત્તિ જે એક પ્રકારની સાધના જ છે તે આનંદમય બની જાય. આ જીવનરસની શોધ કરવા માટે અવલોકન અને ચિંતનની જરૂર છે જ, પણ સાથોસાથ જીવન ઉપર પ્રયોગો પણ કરવા જોઈએ. અલબત્ત, અખતરાઓમાં જ જિંદગી વીતી જતી હોય તો માનવું કે પ્રયોગ સાથે પૂરતા પ્રમાણમાં અવલોકન અને ચિંતન નથી. જીવનરસના શોધકે પોતાનું મન વારંવાર ખેંચાય તે પ્રવૃત્તિ વિષે ગંભીરતાથી વિચાર કરવો ને તે પછી તેમાં મન પણ પરોવવું. મન પરોવતાં ચિત્તની શક્તિઓ જાગૃત થતી લાગે, ઊંડો આત્મસંતોષ પ્રગટે, થાક અને નિરાશા દૂર ઠેલાઈ જતાં દેખાય તો માનવું કે જીવનરસ શોધવામાં ઠીકઠીક સફળતા મળી છે. એ પછી તો ચિંતન અને પ્રયોગો સાથોસાથ ચાલશે ને આપણને આગળ ને આગળ દોરી જશે.

કેવળ જીવનરસ કે સ્વધર્મની શોધથી કશું મહાન અને ઉદાત્ત મળી જતું નથી, એ માટે તો સતત જાગૃતિ ને પુરુષાર્થ આવશ્યક છે જ. હિમાલયના શિખરે પહોંચવા માટે જે કરવું જરૂરી છે તે બધું જીવનરસ શોધ્યા પછી કરવાનું છે જ, પરંતુ એટલું ખાતરીપૂર્વક સમજી લેવું કે જીવનરસની શોધ વિના મહત્તા પ્રાપ્ત થવાની જ નથી, કારણ કે એ વિના ચિત્તશક્તિઓનો સ્રોત વહેવાનો નથી અને પ્રવૃત્તિના ઘસારાને પૂરનારો અંતરનો આનંદ પ્રગટવાનો નથી. જે કંઈક મહાન અને ઉદાત્ત કરવા ચાહે તે પ્રથમ જીવનરસ શોધી લે અને પછી હિમાચલના કોઈ પણ શિખર ઉપર ચડવાનો પુરુષાર્થ આરંભે.

શ્રી

મંગલ પ્રભાત

લેખક :

કાકાસાહેબ કાલેલકર

મારી સમજમાં નથી આવતું કે આ અમીર લોકો પોતાના બંગલાની અંદર અહીંતહીં સરસ સરસ ફૂલોનો ો બનાવે છે, પરંતુ ટેબલ પર તો ફૂલ-માં કાગળનાં ફૂલ કેમ રાખી દે છે ! અભિ-નું નામનિશાન એમની પાસે નથી રહેતું.'

'બધાને ત્યાં તો એવું નથી જોવા મળતું. લોકો બજારમાંથી ખરીદીને સારાસારા ગોટા અને ઝાડનાં પાંદડાંઓ ઘણી ફૂલદાનીમાં રખાવે છે. આજકાલની ફૂલદાનીની સજાવટ કરવામાં ઘણી હોય છે. કયા રંગનું ફૂલ કયા રંગના સાથે રાખવાથી સારું લાગશે, કઈ ફાવે છે, કઈ નથી ફાવતી, એ બધું ય છે.'

'હા, અંગ્રેજોની દેખાદેખી આપણી શીખી તો છે, પરંતુ એવી ઉચ્ચ રુચિ દરેક પૈસાદારના ઘરમાં દેખાતી ી.'

'હા, હવે બધું સમજી ગયો. ધનવાનો આપ ચિડાયા છો. ધનવાનોની નિંદા એ આજે દેશભક્તિનું લક્ષણ બની છે. આપણે ગરીબો માટે ભલે કશું ય રીએ, પરંતુ ધનવાનોની નિંદા કરીએ આપણે લોકહિતેચ્છુ બની જઈએ. કોઈ બિચારાને ખ્યાલ પણ નહિ હોય ચટકદાર રંગ જોઈને કાગળનાં ફૂલ આવ્યો હશે અને આપ એના પર ગુસ્સે થયા !'

'જી નહીં, ફૂલો તો ઘણાં સરસ હતાં. તો હું સમજી જ ન શક્યો કે એ કાગળનાં છે. પરંતુ અસલ ફૂલ છોડીને નકલી કાગળનાં ફૂલ શા માટે રાખવામાં આવે ! કેવળ પૈસા કમાવાથી મનુષ્ય થોડો જ કલારસિક બની શકે છે ?'

'હવે હું સમજી ગયો. કેટલાક દિવસ પહેલાં મેં આવી જ ફરિયાદ કરતી એક મરાઠી કવિતા વાંચી હતી. કવિના આત્માને આવાં કાગળનાં ફૂલ જોઈને આઘાત લાગ્યો અને એણે એક ખૂબ જ સુંદર કવિતા કરી નાખી. કવિના ભાવો સાથે હું સંમત નથી, પરંતુ એની કવિતા મને લાગી સારી.'

'તો પછી આપના કહેવાનું તાત્પર્ય શું છે ?'

'જુઓ, આ બાબતમાં હું મારા પોતાના ખાસ વિચારો તમારી સમક્ષ મૂકું છું. તમને એ રુચે કે ન રુચે; પણ સાંભળવા ઇચ્છો તો કહેવાનો જરૂર. કળા અને સૌંદર્ય એક જ ચીજ નથી. કલાકૃતિ માનવનિર્મિત હોય છે. કુદરતની કે ભગવાનની બનાવેલી કોઈ ચીજ, ચાહે ગમે તેટલી સુંદર હોય પણ એને કોઈ કલાકૃતિ નથી કહેતું. કુદરત કહો કે ભગવાન કહો, બધા જ કલાકારોના આદ્ય ગુરુ તરીકે તેને ગણી શકાય તેમ છે. કુદરતની બનાવેલી ચીજ ખૂબ જ સુંદર હોય છે. કલાધર કુદરત પાસેથી સૌંદર્યની દીક્ષા લઈ શકે છે. કલાધરોને કુદરતમાંથી કંઈ ઓછી પ્રેરણા મળતી નથી. ઇંદ્રધનુષ્યની ખૂબીઓ જોઈને આપણે ચકિત થઈ જઈએ છીએ ! વાદળોનો આકાર અને રંગ કેટલો સુંદર લાગે છે ! પશુપક્ષી, ઝાડપાન, ફળફૂલ, તળાવ, નદીઓ, પહાડ, તારા, સમુદ્ર—એવી કઈ ચીજ છે જે પોતાની સુંદરતા, ભવ્યતા, કોમળતા કે તરલતાથી આપણને મોહિત કરતી નથી ? પરંતુ આ ચીજોને કોઈ કલાકૃતિ કહેતું નથી.

'કળા તો એ ચીજ છે, જે માનવીના હૃદયમાંથી પેદા થાય છે. કલાકૃતિનો બ્રહ્મા ખુદ માનવી પોતે જ છે. આખાએ વિશ્વનું દર્શન કરતાં કરતાં કે મનુષ્યજીવનનું મનન કરતાં કરતાં કળાકારના મનમાં એક અદમ્ય સુસૃક્ષા, નવું પેદા કરવાની ઉત્કંઠા, જાગી ઊઠે છે અને એ કંઈ ને કંઈ નિર્માણ કરે છે, ત્યારે એ કલાકૃતિ ગણાય છે.

'એમાં પણ કુદરતના માત્ર અનુકરણને ઉચ્ચ કલા નથી ગણી શકાતી. પક્ષીઓનું સુંદર ગાન સાંભળીને બરાબર એવો જ અવાજ પોતાના કંઠમાંથી કાઢવો એ કંઈ મામૂલી ખૂબી કે સિદ્ધિ નથી. પરંતુ એવા મનુષ્યને આપણે કલાકાર નહીં કહીએ; જોઈએ તો આપણે એને સુંદરતાનો નકલનવેશ (શ્રેષ્ઠ નકલ કરનાર) કહી શકીએ, પરંતુ જો એ જ મનુષ્ય જુદાંજુદાં પક્ષીઓનો અવાજ શીખીને એની મિલાવટથી પક્ષીઓના સંગીતની એક અદ્ભુત કલગી રચી દે, ત્યારે આપણે કહી શકીએ કે એ કલાકાર છે; કારણકે એણે પક્ષીઓનો આલાપ લઈને એક નવું નિર્માણ કર્યું છે. બગીચામાં માટીમાંથી રસ પીને, ભગવાન સૂર્યનાં કિરણોનું પાન કરીને, પવન સાથે આનંદઉત્સવ કરવામાં, ફૂલોને કઠોર આંગળી વડે તોડવાં, અને ફૂલદાનીના બંધીખાનામાં સુકાવા માટે રાખી દેવાં, એને શું આપ ઉચ્ચ અભિરુચિ સમજો છો?

'હરણ જેવાં ભલાંભોળાં પ્રાણીઓની પાછળ દોડીને એને હેરાનપરેશાન કરવું અને છેવટે એને મારી નાખીને એનાં શિંગડાંને પોતાની દીવાલ પર રાખવાં અને એનાં ચામડાંને ફરસબંદી પર બિછાવવું એને પણ કદાચ આપ ઉચ્ચ અભિરુચિ કહેશો. પરંતુ આપ તૈમુર લંગ જેવા વિજયી વીરને દુશ્મનનાં શિર કાપી નાખીને એક મિનારામાં બેસાડતો જોઈને કે સાંભળીને અસ્વસ્થ કેમ બની જાઓ છો? એની યે પણ એક ઉચ્ચ અભિરુચિ હતી. આપ જ કહો છો કે દુનિયાનાં સઘળાં પશુપક્ષીઓ અને ફળફૂલોથી વધારે કોઈ સુંદરતા નથી હોતી. મનુષ્યના ચહેરા પર એવી બે સુંદર કૃતિઓને એકઠી કરીને એક ઊંચા મિનારા પર બેસાડી દીધી, તો આપ એની ઉચ્ચ અભિરુચિની કદર કેમ કરતા નથી? ફૂલ તોડીને ટેબલ સજાવવાવાળો આદમી, હરણનાં શિંગડાંથી દીવાનખાનું સજાવવાવાળો શિકારી અને મનુષ્યની મુખાકૃતિઓ અથવા ઇચ્છો તો શિર-કમળ કહો, માટીના મિનારામાં બેસાડનાર તૈમુર લંગ કે ચંગીઝખાન કે નાદિરશાહ-આ બધા ય એક જ અભિરુચિના ઉપાસક છે.

'માનવીનું ખૂન કરીને એનું મસ્તક થાંભલામાં રાખવાવાળો નાદિરશાહ આપને મન પ્રશંસનીય નથી અને પથ્થરમાંથી કે સંગેમરમરમાંથી માનવીની આકૃતિઓ બનાવનાર આપને મન સંસ્કૃતિનો આચાર્ય-કલાગુ છે! બગીચાનાં સુંદર ફૂલ તોડીને ફૂલદાન ન સજાવીને, કાગળ કે એવી જ કોઈ ચીજ ફૂલ બનાવનાર અને એને પોતાના ટેબલ પ રાખનાર પરમ કરુણામય રસિક વ્યક્તિને આપ અભિરુચિના આચાર્ય કેમ સમજતા નથી

'જેની બાબતમાં આપે ફરિયાદ કરી એ એક સુંદર બગીચો પણ રાખ્યો તો છે મોસમમાં ઉદ્ભવેલાં ફૂલોનો બહાર આપે એના બગીચામાં જોયો છે. આપ જ કહે હતા કે કાગળનાં ફૂલ ખૂબ જ સુંદર તો બતાવો કે એ બિચારાએ અભિરુચિ દ્રોહ ક્યાં કર્યો? અને આપ કદાચ નહી જાણતા હો પણ એણે પોતાના શહેરના બધા જ લોકોને પરવાનગી આપી દીધી કે જ્યારે પણ ચાહો ત્યારે કોઈ પણ આદ બગીચામાં અંદર આવીને બેસી શકે છે

સંસ્કારનું બળ

લેખક :

શ્રી રવિશંકર મહારાજ

ધીજી કહેતા કે 'બુનિયાદી તાલીમનાં મૂળ તો આપણા સંસ્કારોમાં વણાયાં છે.'

સંસ્કારો ઘણા જૂના કાળથી આવ્યા છે. પહેલાના વખતમાં તે ભાવ- કરવામાં આવતા. તેની સાથે સમ- હતી એટલે તે સંસ્કારો ઊગી નીકળતા. જતાં ભાવના જતી રહી અને રિવાજ ગયા એટલે તે ગાડરિયા પ્રવાહ જેવા ગયા. અસલ ભાવના તો ઘણી ઊંચી સંન્યાસી ભગવું વસ્ત્ર પહેરે છે. તેનો એ છે કે જ્યારે કોલસો ધગધગતો થઈ છે ત્યારે તેમાંથી ધુમાડી આવતી નથી. ગંધ રહેતી નથી. તે કયા ઝાડનું હું છે, તેવી કોઈ જાત પણ રહેતી નથી. રીતે જ્યારે આ સંસારનાં બધાં અભિ- ટળી જાય, બધા ભેદભાવ ઓસરી , પોતાની જાતિ-પાંતિનું પણ ભાન ન ત્યારે માણસ સંન્યાસી થતો.

ચંપારણ્યનો સત્યાગ્રહ ગાંધીજીએ પાછો લીધો ત્યારે સ્વામી સત્યદેવ તેમની ખૂબ ગુસ્સે થયેલા અને તેમણે ગુસ્સામાં ગુસ્સામાં કહ્યું, કે 'આખરે તો વાણિ- ને?' ત્યારે ગાંધીજીએ તેમનાં લૂગડાં ને કહેલું કે 'સ્વામીજી! તમે જાતે લૂગડાં ાં નથી, પણ રંગાવ્યાં છે.' આ તેમની સાચી હતી. પોતે સંન્યાસી થયા છતાં પણ તેમના હૃદયમાં ક્ષત્રિયજાતિનું અભિમાન રહી ગયું હતું. સંન્યાસી થયો એટલે તો તેનામાં કોઈ જાતનું અભિમાન રહે જ નહિ.

જેમ સંન્યાસીને ભગવાં તેમ બ્રહ્મચારીને પીળાં વસ્ત્ર પહેરવાનાં હોય છે. ધગધગતા અંગારાનો વર્ણ જેમ રાતો-ભગવો હોય છે, તેમ મરેલા માણસના શરીરનો વર્ણ પીળો હોય છે. બ્રહ્મચારી જ્યારે માતાપિતાને ત્યાંથી ગુરુને ત્યાં જાય, ત્યારે તેને પોતાને કાંઈ કરવાનું નથી હોતું. તેને તો આચાર્ય-ગુરુની આજ્ઞામાં રહેવાનું હોય છે. ગુરુ કહે તેમ કરવાનું. ગુરુની ઇચ્છા તે પોતાની ઇચ્છા. માણસના શબને જેમ વાળીએ તેમ વળી જાય; તેને પોતાને કોઈ હલનચલનની શક્તિ હોતી નથી. માટે તો આચાર્યને મૃત્યુ કહ્યા છે. ત્યાં જઈને સંસ્કાર મેળવવાથી બ્રહ્મચારીને બીજો જન્મ મળે છે; માટે તે દ્વિજ કહેવાય છે. તેની માતા સરસ્વતી છે અર્થાત્ ગુરુકુલમાં વસવાથી તે નવો જન્મ ધારણ કરે છે. તે સરસ્વતીને પેટે જન્મે છે. સંસ્કારથી જ્ઞાન મેળવે છે.

બ્રહ્મચારીને ગુરુકુળમાં નિવાસ કરવાથી જે તાલીમ મળે છે, તેવી કેળવણી તેને ઘર આગળ મળતી નથી. ગુરુકુળમાં તાલીમ મેળવી તે શુદ્ધ થાય છે, સંસ્કારી બને છે. તેને સ્નાતક કહેવામાં આવે છે. આવો સ્નાતક

શકે છે. એકાંતમાં બેસીને ધ્યાન ધરવા એણે પોતાના બગીચામાં કેટલીક ઓ પણ બનાવી છે. એનો એક દોષ છે, , કે એ ધન કમાય છે અને પોતાને એ ધનનો માલિક સમજે છે. ધનનો ઉપભોગ તો એ બધાને કરવા દે છે.

'પરંતુ આ તો વિષયાંતર થયું; આપણે વાતો કરી રહ્યા હતા કેવળ અભિરુચિની જ!'

★

અને વ્રતી ગૃહસ્થધર્મને લાયક બને છે.

યોગ્ય વ્રતી પુરુષ પોતાને અનુરૂપ સ્ત્રી સાથે ગૃહસ્થધર્મનો સ્વીકાર કરે છે. લગ્ન એ કરાર નથી, એ શાસ્ત્ર છે. એકરસ બન્યા પછી જ લોઢું લોઢા સાથે જોડાય છે. રસ હોય તો લગ્ન થાય. કરારનાં લગ્ન બહારના દેખાવથી થાય છે. કો'ક કંઠને પરણે છે, કો'ક રૂપને અને કો'ક બહારના દેખાવને. તે લગ્ન સદા ટકતાં નથી. લગ્ન તો એકમેકની પુરવણી છે. બેના એકરંગ થયા છે.

મને એક પ્રસંગ યાદ આવે છે: અરણેજ ગામમાં એક ખેડૂત રહે. અમે તેને ત્યાં જમવા ગયા. જાડા બાજરીના રોટલા અને દાળ બનાવેલાં. સ્ત્રી રાંધે અને પુરુષ પીરસે. અમને બધાને જોઈ તે તો હરખઘેલો થઈ ગયેલો. એને થતું: શું વાત તે મારે ત્યાં મહેમાન! અમે બધા જમી રહ્યા. હું તેના ઘરમાં ગયો. મેં જોયું તો સ્ત્રીને પગ જ ન મળે. સાવ દોરી જેવા! મને તો અચંબો થયો અને એકાએક બોલી જવાયું: 'ઓ બેન! તારે પગ નથી?' એણે મને સામે કહ્યું: 'પૂછો, એમને. મારે પગ નથી પણ મેં એમને જરાય દુઃખ દીધું છે? હાથે દળું છું. ખાંડું છું. રોટલા ઘડું છું. બધું કરું છું...પણ એક કૂવે નથી જવાતું, તે એમને પાણી લાવવું પડે છે, એટલું જરા મનમાં રહે છે.' પોતાના પતિને દુઃખ ન પડે, તે માટે તેના હૃદયમાં કેવી લાગણી હતી? હું વાત કરતો, ત્યારે ખેડૂત ત્યાં જ ઊભો હતો. તેણે મારી સામે જોઈ કહ્યું: 'પણ મહારાજ! પૂછો એને, મેં એને જરા ય ઓછું આવવા દીધું છે? બધીય જાત્રાઓ કરાવી છે. રેલગાડીમાં બેસાડી કરાવી, મોટરમાં બેસાડી કરાવી...ઘોડો મળ્યો તો ઘોડા પર કરાવી અને પાલીતાણાના ડુંગર પર આ ખાંધે બેસાડીને પણ યાત્રા કરાવી છે.' આ સાંભળીને હું તો અવાક જ થઈ ગયો.

મારા મનમાં થયું. આનું નામ ગૃહસ્થજીવન. પોતાની સગવડ ન જુએ. પોતે અગવડ વેઠીને પણ સામાને સગવડ કરી આપવામાં રાજી. મેં પૂછ્યું: 'ભગત, પરણ્યા ત્યારે ખબર નહોતી કે આને પગ નથી?' તે ખેડૂતે મલકાઈને કહ્યું: 'ખબર તો હતી. મેં એને જોઈ, ત્યારે મને થયું કે આને પગ નથી, તે એને કોઈ નહિ પરણે, ત્યારે લાવને હું જ પરણું.' આ ભાવના! આ જાતનાં લગ્ન તે દેહનાં ન હોય. દેહનાં લગ્ન છૂટી જાય પણ આ લગ્ન છૂટે નહિ.

આવાં લગ્ન કોઈ ભોગવિલાસ માટે નથી હોતાં. બંને દંપતી પરસ્પર દ્વેષ છોડી પ્રેમપૂર્વક રહેતાં હોય તો જ તેમની સંતતિ સારી સંસ્કારવાળી થાય. લગ્નનું પ્રયોજન સારી સંતતિ માટે હતું. યોગ્ય સાત્વિક વીર્યવર્ધક ખોરાક બંને ખાય, સંયમ સાચવે અને બંનેનાં હૃદયમાં જયારે પુત્ર મેળવવાની કામના જાગે ત્યારે સારું મુહૂર્ત જોઈને બંને મળે, તેને ગર્ભાધાનસંસ્કાર કહે છે. બંનેના ખોરાક તો સાત્ત્વિક હોય જ, સાથે બંનેના વિચારો પણ શુદ્ધ નિર્મળ હોય. ગૃહસ્થ પણ વ્રત–નિયમ પાળે. આ બધું પાળવું તે રમત વાત નથી. આ તો હૃદયનો સંકલ્પ હોય, હેતુસર જીવવાનું હોય. સંતતિ માટે જ ગૃહસ્થજીવન છે, તેવું બંને 'સમજતાં હોય તો જ આવા ઉત્તમ સંસ્કાર બંનેના હૃદયમાં વસે.

આ રીતે ગર્ભાધાન થયા પછી આવે છે પુંસવન સંસ્કાર. ત્રીજે માસે આ સંસ્કાર કરવામાં આવે છે. તે વખતે સ્ત્રીને રાખડી બાંધે છે પણ તેનો અર્થ છે ગર્ભનું રક્ષણ. તે રક્ષણ માટે બધા ઉપચારો કરવામાં આવે છે. સ્ત્રી પોતે પ્રમાદ ન સેવે, સારો પૌષ્ટિક ખોરાક ખાય, પોતાનાથી બનતાં કાર્યો કરે, કુટુંબી-

તેનાં માનપ્રતિષ્ઠા સાચવે; સૌની તે નુભૂતિ મેળવે.

હવે આવે છે સીમન્તોન્નયન. તે સંસ્કાર સ્ત્રીના માથાને ઓળવાનો રિવાજ તેથી મગજ પ્રફુલ્લિત રહે છે. સ્ત્રીનું મન નંદ અને ઉલ્લાસમાં રહે, તે આ સંસ્કાર-ઉદ્દેશ છે. તે વખતે સ્ત્રીને જે જે ઇચ્છાઓ તે તેની પોતાની જ નથી હોતી, પણ માં રહેલા જીવની ઇચ્છા હોય છે. ઉપરથી જીવના સારાનરસા સ્વભાવનો આવે છે.

સમજુ વડીલજનો કળથી સારા સંસ્કાર તેમ જ શુદ્ધ સાત્વિક ખોરાક પામીને ના સ્વભાવને બદલી શકે છે; સીમંતિની ની ઇચ્છા-દોહદને તોડી નથી નાખતા, તેની ઇચ્છાને ધીરેધીરે વાળે છે. અને રીતે ઇચ્છાને વાળવી, ગર્ભના સ્વભાવને ; તેનું જ નામ સંસ્કારો.

બાળક જન્મે છે ત્યારે જાતકર્મ સંસ્કાર માં આવે છે. ગામડાની દાયણો આ માં નિષ્ણાત હતી. બાળકનું શરીર માં યોગ્ય રીતે ઘડાયું ન હોય; અંગો-, નાક, હાથ, પગ વાંકાંચૂકાં હોય તેને ધીરે રહીને દાબીને માલિસ કરીને માં કરવામાં આવે છે. કાનમાં ફુંકારે તેથી કાનમાં રહેલ ઓળનો ભાગ દૂર છે અને તેથી કદી કાન પાકતા નથી. ના પુત્રને જોઈને બાપ ખુશ થાય, તેને અને પોતાનો આત્મા જન્મ્યો એમ ખુશ થાય. આ તો મારો આત્મજ, માને; તેની પ્રાર્થના કરે. તેની જીભ સોનાની સળી લઈ ઓંકાર શબ્દ લખે, ની સળીથી ઘી-મધ ચટાડે. કાનમાં ફૂંકે. આ બધી વિધિઓ છે, પણ તેમાં ભાવના ઘણી ભવ્ય હતી. પુત્ર-સંતસંસ્કાર આપવાની અને તેમને યોગ્ય બનાવવાની તેમાં તમન્ના હતી; પણ ભાવના ભુંસાતી ગઈ અને રૂઢિ રહી ગઈ. તે જ રીતે બાલ્યવયમાં જે જે સંસ્કારો આપવામાં આવતા; તેની પાછળ આચારની પરંપરા હતી. પુત્ર-સંતતિને કુલાચારની કેળવણી મળતી. પૂર્વજન્મના કે ગર્ભગત દોષોને નિવારી પોતાનાં કુળપ્રતિષ્ઠાના સારા આચારો આપવામાં આવતા અને તે જ કુલીનતા ગણાતી.

આ રીતે માતાપિતા પોતાનાં પુત્ર-સંતતિને પ્રયત્નપૂર્વક સંસ્કાર આપે. તેની પણ ધીરેધીરે યોગ્યતા વધે. તે પોતાનાં માતાપિતાને પ્રશ્ન પૂછતો થાય, ત્યારે જાણવું કે હવે તે ગુરુકુલને લાયક થયો છે. જો તેને કોઈ પ્રશ્ન જાગે જ નહિ, તો તેને ઉપનયન સંસ્કાર નહોતા અપાતા. અમુક ઉંમર વહી જાય છતાં તેનાં મન-બુદ્ધિ જાગે નહિ તો તે જડ ગણાતો. પણ તેને પ્રશ્ન જાગે જ. માતાપિતા તેના પ્રશ્નોનો ઉત્તર ન આપી શકે; ત્યારે તેને ગુરુકુલમાં મૂકી આવતાં.

ગુરુકુલમાં પહેલાં તો તેનું શરીર ઘડાતું. તેને દંડ આપવામાં આવતો. આ દંડની ભાવના ભવ્ય છે. મારા મોટા દીકરાને કાંગડી આશ્રમમાં જનોઈ આપેલી. તેને હાથમાં દંડ આપતાં તેના આચાર્યે જણાવ્યું, કે 'જો, તને હું આ દંડ આપું છું, તેનું તું પાલન કરજે. તે દંડ તારું રક્ષણ કરશે પણ જો તું તેનું પાલન નહિ કરે તો તે તારું માથું તોડી નાખશે.' અને તેમણે ઉમેર્યું કે 'આ દંડથી તો વિશ્વ ટકયું છે.' દંડ તો લાકડાનો જ હતો પણ તે તો પ્રતીક હતો. ખરો દંડ તો મન, વચન અને શરીરના સંયમો પાળવામાં રહેલો છે. જો વિદ્યાર્થી સંયમ પાળે તો તે દૃઢ થાય પણ સંયમ તોડે તો તેથી તેને પારાવાર હાનિ થાય. સંયમને પાળનારનું જ સંયમ રક્ષણ કરે છે.

આપણા સંસ્કારોમાં આ બળ રહેલું છે. ગૃહસ્થધર્મમાં એકરૂપ બનીને સ્ત્રીપુરુષ પોતાના જીવનને દીપાવે, પણ સંસારમાં રસ જામે, છોકરાં થાય, ઘર–સંપત્તિ વધે એટલે મમતા બંધાય અને મમતા તો સારી નહિ. રસ જાગે તેથી તો નુકસાન થાય. વ્યસન ન પડવું જોઈએ. રસ પડે એટલે છોડવું જ જોઈએ. ખસવું જોઈએ. એટલે ગૃહસ્થને આજ્ઞા મળે કે 'હવે વનપ્રવેશ કરો.' પોતાનાં ઘરબાર, પુત્રસંતતિ, સાધનસંપત્તિ બધું છોડીને વનમાં જવાનું થાય. આ ત્યાગ ઓછો છે? તેની અંદર મોક્ષની ભાવના રહેલી છે. સંસારમાં રહે તો બંધન થાય. આમાં કયાં બંધન રહ્યું? વનમાં ય પાછી ઝૂંપડીની મમતા, ધ્યાનની મમતા બંધાય, રસ પડવા માંડે કે આજ્ઞા થઈ કે હવે સંન્યાસ લો. એક ઠેકાણે બેસો નહિ. બધે ફર્યા કરો. પરિવ્રાજક બનો. મમતા ન બંધાય.

અને આ શરીર મને મળ્યું છે, તેનાથી જે કાંઈ બન્યું તે સેવા મેં કરી. આ શરીરમાં મારા સંસારનું સાધન સંસારના યુદ્ધમાં લડતાં લડતાં છેવટ સુધી મારો બચાવ કરી મને કિનારે મૂકી દીધો. તેનું કામ પૂરું થયું. હવે મારે તે છોડવું જોઈએ. આ રીતે શરીર છોડતાં પણ કોઈ જાતની મમતા નહિ, કોઈ આસક્તિ નહિ અને તે રીતે શરીર આપોઆપ છૂટી જાય.

આત્મા તો ગયો પણ શરીરને રખડતું રઝળતું ન રખાય. રાણા પ્રતાપે ચેતકની પાછળ ચબૂતરો બનાવ્યો. તેને થયું કે 'સલીમની દશ માઈલના ઘેરાવામાં રહેલી સેનામાંથી તે મને બચાવીને લાવ્યો અને નદી કૂદી ગયો, તેનો ઓછો ઉપકાર નહિ;' તેમ આ શરીરે ઘણું રક્ષણ કર્યું. તેણે ઘણા ઉપકારો કર્યા છે. હવે તે રવડે રઝળે તે સારું નહિ; માટે શાસ્ત્રકારોએ અંત્યેષ્ટિ સંસ્કારનો મહિમા ગાયો. તેને નવડાવી, ધોવડાવી, કોરાં કપડાં પહેરાવે. ફૂલ ચઢાવે. સુગંધીદાર પદાર્થો, ચંદન, ઘી, અગરુ વગેરે લાવીને તે શબને બાળે. લાકડાંથી મોટા ભડકા કરે. શાથી? કારણ તેની દુર્ગંધ ન આવે. કોઈને એમ ન થાય કે આ શરીરમાં આટલી બધી દુર્ગંધી? તેને દાટવાની પણ મના છે. જીવતાં કોઈ મમતા નથી બાંધી તો મર્યા પછી સાડાત્રણ હાથ જેટલી જમીનની મમતા શું? તેને તો બાળી જ મુકાય. પહેલાં તો મોટો માર્ગ કરે, તેમાં છાણાં ભરે, તેની પર શબ મૂકે, પછી ચંદનનાં લાકડાં. તે સાથે બીજાં લાકડાં, અગ્નિને ખૂબ પ્રજવલિત કરે અને તેને બાળી મૂકે.

સંસ્કારોની અંદર આ ભવ્યતા રહેલી છે. સૂર્ય જયારે સારી રીતે પ્રકાશતો હોય ત્યારે તેની સામે ન જોવાય પણ જયારે ઊગે અને આથમે ત્યારે તેની સામે જુઓ ત્યારે તે એકસરખો હોય. તેવી રીતે માણસ જયારે જુવાન હોય ત્યારે તેના ચરિત્રને ન જોવાય, પણ જયારે મરણ પામે ત્યારે તે જન્મ્યો હોય, તેના જેવો હોવો જોઈએ. જન્મતાં બાળકને કોઈ મમતા નથી હોતી. શુદ્ધ સરળ વૃત્તિ હોય છે. તેવી જ રીતે મરતી વખતે કશામાં મન ન રહે, કોઈ જાતની મમતા નહિ. 'જેવો જન્મ્યો તેવો ગયો' તે તેની મહત્તા છે. જીવનની આ રીત છે. આ રીતે જેને જીવતાં આવડે, તે જ ખરો જીવી જાણ્યો. તે તો ઋણ ચૂકવવા આવ્યો હતો. ઋણ ચૂકવી ગયો અને પોતે મુક્ત બની ગયો.

—રવીંદ્રનાથ ટાગોર

★

'હું માણસોમાં જીવવા ઇચ્છું છું.'

પત્રપ્રસાદી

લેખક :

શ્રી કિશોરલાલ મશરૂવાળા

પૂ. બાપુની પેઠે શ્રી કિશોરલાલભાઈના પત્રોની પ્રસાદી પ્રાપ્ત કરનારાઓનું ક્ષેત્ર અતિ વિશાળ હતું. આવી નાજુક તબિયતે ને આટલા પ્રવૃત્તિમય તથા પરિશ્રમરત જીવનમાં પણ કિશોરલાલભાઈ નાનામાં નાના માનવીને પત્રનો ઉત્તર આપતા હતા અને પત્રલેખકની શંકાઓનું સમાધાન કરતા હતા. દરેક વિષય પરત્વે એમના ચોક્કસ વિચારો ઘડાયેલા હતા ને ઝીણી બાબતમાં પણ તત્ત્વદર્શીનું ઊંડાણ હતું તે અહીં પ્રસિદ્ધ થતા પત્રો દર્શાવે છે. પહેલા બે પત્રો શ્રી દેવરામ જ. ચૌહાણ ઉપર લખેલા છે. ત્યારે ત્રીજો પત્ર શ્રી અરવિંદકુમાર પ્રાણજીવન આચાર્યને ઉદ્દેશીને લખાયો છે.

ખજાજવાડી, વર્ધા, તા. ૭–૩–૫૧

દેવરામ,

તમારો પં મીનો કાગળ મળ્યો. જે જણાતે સમજ્યો. **અકળાયા** વિના પહેલાં નાનાભાઈને **સમજાવો**, પછી મોટાભાઈ પણ પ્રેમથી **અને** નિખાલસપણે વાતો હેત છે ત્યાં બધું વાદળ વીખરાઈ અને માર્ગ નીકળશે. તમારા મનમાં વિષે હલકો **અભિપ્રાય** બંધાય તેના ઘાતરૂપે તેના મનમાં તમારે વિષે તેવો જ ય. આમ પરસ્પર મન ખાટાં થાય છે. પોતા તરફથી સુધારો શરૂ કરવો જોઈએ.

લિ. **કિશોરલાલ**ના આશિષ

(૨)

ખજાજવાડી, વર્ધા, તા. ૨–૩–૫૧

દેવરામ,

તમારો કાગળ મળ્યો. **એથી** સંતોષ થયો. નારણદાસભાઈ પાસે ન રહ્યા તો કશી હરકત નથી. પાછા ધંધામાં નો વિચાર થયો તેમાં પણ દોષ કાઢતો . ભલે ધંધો કરો, પણ તમારાં કુટુંબી- અને તમારી વચ્ચે ઘણા વિચારભેદો કાંઈ નવી વાત નથી. તે સ્થિતિમાં તમારે આપબળથી જ સ્વતંત્ર ધંધો શોધી કમાવાનો વિચાર કરવો જોઈતો હતો. એવું કરવાની તમારી હિંમત નથી, એવી તમારામાં નબળાઈ જોવાથી તમારે વિષે તેઓનો ઊંચો અભિપ્રાય રહેવો શક્ય નથી. તમારી સિદ્ધાંતની વાતોમાં એમને કેમ વિશ્વાસ બેસે! એ તો આળસ અને બેઠાખાઉના ગપાટા લાગે. આથી તમારે ઘરનો મોહ છોડી કાંઈ સ્વતંત્ર વ્યવસાય કરવો જોઈએ, અથવા સેવામાં જ જીવન ગાળવું હોય તો કોઈ સંસ્થામાં જોડાઈ ત્યાંથી ગુજરાન પૂરતું મેળવવું જોઈએ.

શબ્દરચનાની હરીફાઈ જાતે જુગાર નથી પણ એમાં જે મોટીમોટી રકમોનું અનિષ્ટ દાખલ થયું છે તેને લીધે એ નિર્દોષ રમત રહી નથી, પણ જુગારીના જેવું વ્યસન થયું છે. અનેક ગરીબ કુટુંબો તેમાં પાયમાલ થાય છે. જેમ થોડાક મનોરંજન માટે પત્તાં કે સોગટાં કોઈ કદીક રમે તેમાં દોષ નથી, પણ તે ઉપર હોડ બકે ત્યારે તે જુગાર થઈ જાય છે, તેમ જ શબ્દહરીફાઈનું છે. પાંચ કે દશ રૂપિયાનાં ઇનામ અપાતાં હોત તો કોઈ તેની ઉપર ટીકા ન કરત, પણ તમે તો રૂ. ૧૦૦૦ની વાતો કરો છો: એનો બચાવ કરવો અશક્ય છે.

બીજા ઘણી જાતના જુગારો ચાલે છે, તેથી આ પણ ચાલવા દેવો એ કંઈ એનો બચાવ નથી. આ પણ બંધ કરો અને પેલાયે બંધ કરો એમ જ કહેવું જોઈએ. જાતે એમાં પૈસા બગાડે તેને હું મૂર્ખ પણ વધારે નિર્દોષ કહું; પણ જે પોતે પૈસા બગાડે નહીં, પણ બીજા પાસે બગડાવવામાં સાધનભૂત થાય તે તો ધૂર્ત કહેવાય. એટલે એમાં પડવું બરાબર નથી.

લિ. **કિશોરલાલ**ના આશીર્વાદ

(૩)

બજાજવાડી, વર્ધા, તા. ૧૭–૩–૪૯

લિ. **ભાઈ અરવિંદ,**

તમારો કાગળ મળ્યો. સંયમ પાળવો સહેલો તો નથી જ. અસાધ્ય નથી, છતાં બહુ કષ્ટસાધ્ય છે. માનસિક વિકાર સાથે તો સ્થૂળ સંયમ પાળો, છતાં યે ઝઘડો ચાલુ રહેશે જ. માનસિક વિકાર–કામનો જય તો અતિ ઉત્કટ આધ્યાત્મિક સ્થિતિ પછી જ આવે. તેથી હાલ તો સ્થૂળ સંયમનો જ પ્રશ્ન વિચારી શકાય. એ પણ કઠણ છે. પણ બન્નેની શારીરિક રક્ષા માટે તથા માંદલી પ્રજાનો ઉદ્‌ભવ અટકાવવા માટે કર્યે જ છૂટકો છે, એમ વિચારો તો જ તેને પાળવાની શક્તિ મેળવી શકો. એ માટે એક મહત્ત્વની વસ્તુ છ મહિના કે વર્ષનું કોઈ ગુરુજન પાસે બન્નેએ ભેગાં થઈ વ્રત લેવું એ છે. એમાં બન્નેની પૂર્ણ સંમતિ જોઈએ. મુદ્દત પૂરી થયે પાછું વ્રત વધારવું. છૂટાં સૂવાની તો જરૂર છે જ, પણ એક શય્યાનો યે પ્રસંગ આવે તો યે જે વસ્તુ ન કરાય તે ન જ કરાય એમ વ્રતના જેવો નિશ્ચય કરવો જોઈએ. આમાં ઘણુંખરું પત્ની વધારે સ્થિર રહે છે અને પતિને સંભાળી લે છે. અપવાદરૂપ એવી સ્ત્રીઓ હોય છે કે જેમાં એથી ઊલટું હોય છે.

ઓરડામાં બાળક તો સૂતું હશે જ. એને અબોધ ન સમજતાં કે ઊંઘતું ન સમજતાં, જાગ્રત અને સમજણું માનવું. બને તો કોઈ જરા મોટી ઉંમરના બાળકને પણ સુવાડવું, જેથી ત્રીજાની હાજરીની પણ મન પર કેદ રહે.

જેમ રાજસ વાતાવરણ–વસ્ત્રાલંકાર, ફૂલ, તેલ, શણગારેલો ઓરડો, શૃંગાર રસનાં કાવ્ય, નાટક વગેરે–વિકારવૃદ્ધિ કરવામાં ભાગ ભજવે છે, તેમ સૂતી વખતે સાત્ત્વિક વાતાવરણ તેનું શમન કરવામાં મદદગાર થાય છે. બધાં રાત્રે પરવારીને બેઠાં છે, પ્રાર્થના, ભજન, એકાદ સાત્ત્વિક ધર્મગ્રંથનું વાચન, સામૂહિક કાંતણ, માળા વગેરે આવાં સાંત્વિક નિમિત્તો છે.

બહુ મેલાં કપડાં, ગોદડાં વગેરે તેમજ બહુ જ ઊજળો ઠાઠમાઠ બન્ને વિકારપોષક છે. સ્વચ્છતા અવશ્ય જોઈએ, શૃંગાર નહીં.

રાત્રે ૯–૧૦ વાગે આંખ ઘેરાવા માંડે એટલો વ્યાયામ દિવસ દરમ્યાન થવો જોઈએ. બેઠાડુ માનસિક સખત પરિશ્રમ વિકારશામક નથી, પણ ૩–૪ માઈલ ફરવા જવું, પ્રાણાયમ, થોડા દંડ–બેઠક વગેરે છે.

ઈશ્વરનિષ્ઠા અથવા ભક્તિનિષ્ઠાથી સંયમનો પ્રયત્ન થાય તો જ તે અંતે સફળ થવાનો. ઈશ્વરનિષ્ઠા એટલે એક શુભ સંકલ્પ તમારા હૃદયમાં ઊઠેલો છે. એ સંકલ્પ કેમ ઊઠ્યો? તમે જ નિર્માણ કર્યો એમ ખાતરી નથી. ઊઠ્યો છે અને તમે જાણ્યો છે એટલું જ કહી શકો. એ તમને ઇષ્ટ લાગે છે એટલે તમે એનો પ્રયત્ન કરી શકો, પણ સંકલ્પ તમારો નથી, ઈશ્વરી અથવા દૈવાધીન સંકલ્પ છે અને બળ પણ તમારી પાસે નથી. તમારું પોતાનું વિકારબળ તો એ સંકલ્પથી છેકું જ તમને ખેંચી જાય છે.

ટલે ઈશ્વરનું બળ જોડાય તો જ આગળ ય-એ સંકલ્પને જાગ્રત રાખવાનું અને ાન કરવાનું સાધન ઈશ્વરપ્રાર્થના ને સ્મરણ.

આ બધા પ્રયત્ન છતાં ગબડવાના પ્રસંગો રે. સ્થૂળ ભોગ ન કરો છતાં માનસિક તો જ; એ બધું મુઝાયા વિના સહન કરવું. પૂ.બાપુજીનાં 'આત્મકથા, મંગળ પ્રભાત, શ્રમવાસીઓને પત્રો, નીતિનાશને માર્ગે, રોગ્ય વિષે સામાન્ય જ્ઞાન, આરોગ્યની ી' વગેરે વાંચજો.

× × ×

'પાકા' અક્ષરો માટે કોઈ જૂની ઉછેરના નામું લખનાર મહેતાજીના અક્ષરો જોવા. મહાદેવભાઈ, ચંદ્રશંકર, જુગતરામભાઈ, નરહરિભાઈ, જીવણલાલ દીવાન, છગનલાલભાઈ ગાંધી, મગનભાઈ દેસાઈ–એમના અક્ષરો તપાસવા, મારા–તમારા અક્ષરો સુવાચ્ય હોય ત્યારે પણ ૩–૪ ચોપડી ભણેલા મજૂર જેવા જ મોટેભાગે રહે છે. એમાં પ્રવાહ નથી. અક્ષરોનો ઢગલો છે. રમણલાલના અક્ષર સારા છે, પણ પાકયા નથી. પૂ. બાપુજીના સુવાચ્ય નથી, પણ પાકા છે. એમના ડાબા હાથના અક્ષર સુવાચ્ય છે, પણ પૂરા પાકા નથી.

લિ. કિશોરલાલના આશીર્વાદ

✱

પાદપૂર્તિ

કાવ્યરસજ્ઞોની સભામાં મહાકવિ કાલિદાસ સમક્ષ નીચેની દોઢ પંક્તિ મૂકવામાં આવી:

भारतं चेक्षुदण्डं च सिन्धुमिन्दुं च वर्णय।
पादमेकं प्रदास्यामि......॥

भारतं=મહાભારતનું; च=અને; इक्षुदण्डं=શેરડીના સાંઠાનું; सिन्धु=સમુદ્રનું; इन्दु=ચંદ્રમાનું; वर्णय=વર્ણન કરો; पादम्=પદ; एकम्=એક; प्रदास्यामि=આપું છું.

શબ્દાર્થ: મહાભારત, શેરડી, સમુદ્ર તથા ચંદ્રમાનું વર્ણન કરો; હું એક પદ આપું છું. (શ્લોકને પૂર્તિ કરવા આઠ અક્ષરની જરૂર છે; એ આઠ અક્ષરોમા જ ઉપરના પદમાં દર્શાવેલા મહાભારત, શેરડી સમુદ્ર તથા ચંદ્રમાનું વર્ણન આવી જવું જોઈએ. એ અધ્યાહાર છે.)

અને મહાકવિ કાલિદાસે નીચેના આઠ જ અક્ષરોની બનેલી પંક્તિમાં સૌનું વર્ણન કરી શ્લોકની પાદપૂર્તિ કરી આપી:

प्रतिपर्वरसोदय: ॥

प्रति=દરેક; पर्व=પળ, ગાંઠ, તિથિ, ચંદ્રકળા એ પ્રમાણે અનુક્રમે મહાભારત, શેરડી, સમુદ્ર તથા ચંદ્ર સાથે અર્થ લેવા. रसोदय:=રસનો ઉદય.

ભાવાર્થ: મહાભારતના એક પછી એક એમ ઉત્તરોત્તર પળે પાઠકની રસવૃત્તિ વધતી જ જાય છે એ કોઈથી અજાણ્યું નથી. શેરડીના સાંઠાને પીલાવાળી બાજુથી આપણે કાપતા જઈએ તેમ તેમ આપણને મધુર અને વિપુલ પ્રમાણમાં જ રસ મળશે, એ દેખીતું છે. સમુદ્રમાં તિથિ અનુસાર ઉત્તરોત્તર ભરતી થતી જાય છે તેમજ ચંદ્રમા પોતાની કળાને એકમ કરતાં બીજે અને બીજ કરતાં ત્રીજે એમ ખીલતો જ જાય છે...

આમ સર્વ પદાર્થોનો એક સર્વસામાન્ય નિયમ દર્શાવી મહાકવિ કાલિદાસે આઠ જ શબ્દોમાં પાદપૂર્તિ કરી પ્રશ્નનો ઉત્તર સચોટ રીતે આપ્યો.

—**દિનકર સી. પાનવાલા** બી. એ. 'કોવિદ'

×

રત્નકણિકા

લેખક:
કવિવર રવીંદ્રનાથ ઠાકુર

આ કૃતિ મોકલતાં ડૉ. ઠાકોરભાઈ ભાણાભાઈ નાયક એમ. એ; પીએચ. ડી. લખે છે: 'આ લેખ નથી, મુક્તકોનો સમૂહ છે, મૂળે રવીંદ્રનાથ ઠાકુરનાં છે, બંગાળીમાંથી મેં ભાષાંતર કરેલાં છે.' આ નાનકડા સંવાદો પાછળ ઊંડી અનુભૂતિ છે તથા ગૂઢ જીવનરહસ્ય ને ધ્વનિ છે એની પ્રત્યેક વાચકને ખાતરી થશે.

હારજીત: ગંધેલ મધમાખી ઉપર ખિજવાઈ પડી; કોણ વધુ શક્તિશાળી એ વિષે એમને વિવાદ થયો. ગંધેલ કહે: 'હજાર પ્રમાણ આપીને સિદ્ધ કરી શકું કે તારા ડંખ કરતાં મારો ડંખ ચઢે.' મધમાખીએ નિરુત્તર બનીને આંખે આંસુ ભર્યાં.

વનદેવીએ એને ધીરે સ્વરે કાનમાં કહ્યું: 'બાઈ, નિરુત્તર શાને થાય છે? આટલી વાત નક્કી: ઝેરમાં તું હાર માને, મધુમાં તો જીત છે ને?'

શક્તિની સીમા: કાંસાના ઘડાએ ખણખણાટ સ્વરે કહ્યું: 'અરે ભાઈ કૂવા! તને સાગર જેવડો થતાં શું થયું? તેવડો હોત ને તો નિઃસંકોચ ડૂબકી માર્યા જ કરત; પેટ ભરીને પાણી પણ પીધા કરત!'

કૂવો કહે: 'હું નાનો છું એ વાત તો ખરી જ છે ને એ દુઃખને લઈને હું સદાકાળ ચૂપ પણ રહું છું; પણ તું શાને ચિંતા કરે છે ભાઈ? જેટલી વાર મરજી હોય તેટલી વાર નહા ને! તારી મરજી હોય તેટલું પાણી પણ લે ને! તે બધું આપીને ય હું તો ટકી રહીશ.'

ભાર: ચકલી મોરને કહે છે: 'અરે મોર! તને જોઈને દયાથી મારું હૃદય ભરાઈ જાય છે!' મોર કહે: 'એમ કેમ, ચકીરાણી?' ચકલી કહે: 'આ તારું બેડોળ શરીર જેટલું મોટું તેથી ય વધુ મોટું તારું પૂછડું છે! હું જો ને કેવી હલકી-હલકી ફર્યા કરું છું! તારી પાછળ તો ભારનો જ ઉત્પાત ભારે છે!'

મોર કહે: 'તું શાને નકામી શોક કરે છે? એટલું નક્કી જાણજે કે ગૌરવની પાછળ ભાર હોય જ છે!'

યોગ્ય કર્તવ્ય: છત્રી કહે: 'ધિક્કાર છે તને, ઓ મસ્તક મહાશય! તું હાટે-વાટે વગરભયે ફર્યા કરે ને તડકો-વરસાદ બધું મારા ઉપર! આટલો બધો અવિચારી અન્યાય મારાથી સહી શકાતો નથી! તું જ જો છત્રી હોત તો શું કરત?'

મસ્તકે જવાબ આપ્યો: 'હું છત્રી હોત તો કહેત: 'માથાની મર્યાદાની મને ખબર છે; પણ એટલું ય જાણું છું કે માથાના ગુણને લીધે જ પૃથ્વી ભરી-ભરી છે, અને મારું તો અહોભાગ્ય છે કે હું તેની રક્ષા કરું છું!'

અપૂર્ણ સંવાદ: ચકોરી ડૂસકે-ડૂસકે રડે છે: 'ઓ પૂર્ણચંદ્ર, પંડિતની વાત સાંભળી મને તો ચિંતા થાય છે. તે કહે છે, કે તમે એક દિવસ નાશ પામશો, મહાપ્રલયને વખતે તમે જ ઓલવાઈ જનાર છો! હાય સુધાકર! એમ થશે તો મારું શું થશે?'

ચંદ્ર કહે: 'પંડિતને ઘેર જા પ્રિયે, ને પૂછી આવ કે તારું આયુષ્ય કેટલું છે?'

અધિકાર: વસંત ઉપર સૌથી વધુ અધિકાર કોનો એ વિવાદમાં બપોર થયા. બકુલ કહે: 'સાંભળો ભાઈઓ! મારી સુગંધથી વન ભરી દઉં છું માટે મારો અધિકાર.' પલાશે આ સાંભળી ડોકું

લ્યું ને કહ્યું: 'રંગથી જ મેં દિશાઓ લીધી છે.' ગુલાબે જરા ખિજવાઈને આપ્યો: 'સુગંધ અને શોભાથી તો ઉપર મેં જ પ્રભાવ પાડ્યો છે.'

અળુનો છોડ કહે: 'સુગંધ-શોભાને શું ીને પીશો? મેં તો જમીનની અંદર કાર જમાવ્યો છે. માટીની અંદર જ ખૂબ મૂળ ઘાલ્યાં છે.' પ્રત્યક્ષ પ્રમાણથી ણની જ જીત થઈ!

હિંસાખોરની નિરાશા: માળા ગૂંથવાને ળી ફૂલ અને સોયદોરો લઈને બેસે ને ોય મનમાં ને મનમાં દુ:ખી થઈને કહે છે: ો જૂઈબેન! રોજનાં હજાર-હજાર ફૂલ વીંધું ું, કેટકેટલી સુગંધ અને પરિમલમાંથી સાર થાઉં છું! પણ એમાંનો અંશે યે ને મળી શકતો નથી. વિધિ પાસે કર-ડામણ કરીને એટલું માગું કે હવે સોય તરીકે ન જન્મું અને ફૂલ થઈને ફરું!'

જૂઈ નિ:શ્વાસ નાખીને કહે છે: 'તેમ થાય તો કેવું સારું! તારી ઇચ્છા ય પૂર્ણ થાય ને મને ય રક્ષણ મળે!'

ગુણજ્ઞ: 'હું પતંગિયું, રંગીન પાંખો ડી ઊડું છું; તો ય કવિ મારી તરફ જોતા નથી. મને કહે ને ભ્રમર! તું કયા ગુણે કાવ્યોમાં અમર થાય છે?'

ભ્રમર કહે છે: 'તું જાતે સુંદર જરૂર છે પણ સુંદરતાનો ગુણ તારા મુખ પર નથી. હું તો ભાઈ! મધ ખાઈ ગુણ ગાઈ ભમું છું ને કવિ તથા ફૂલ બન્નેનાં હૃદય ચોરું છું.'

દાનરિક્ત: વરસી ગયેલું વાદળું, વર્ષા બાદ આકાશને એક ખૂણે પડી રહેલું હતું. વર્ષાથી ભરાયેલું સરોવર તેની દશા જોઈને આખો દિવસ મલકાયા કરે અને કહે: 'અરે શ્રીહીન! જાતને ગુમાવીને તું ક્યાં સંતાઈ રહે છે? મને જો ને! હું કેવું કાળ જળભર્યું, સાવધાન અને સુગંભીર રહું છું! જરા હાલતું ય નથી!'

વાદળું કહે: 'અરે ભાઈ! ગૌરવ ન કર. તારી પૂર્ણતા તો મારું ગૌરવ છે.'

સ્પષ્ટભાષી: વનમાં વસંત આવી છે; ફૂલ ફૂટ્યાં છે. જરા ય થોભ્યા વગર કોયલ દિનરાત ગાયા કરે છે. કાગડો કહે છે: 'બીજો કોઈ ધંધો મળતો લાગતો નથી એટલે વસંતની ખુશામતનાં ગીત શરૂ કર્યાં લાગે છે!'

ગીતને થોભાવી, ઝાડીમાંથી બહાર નીકળી આવી કોયલ કહે છે: 'મહાશય! ક્યાંથી આવવું થયું?'

'હું તો સ્પષ્ટભાષી કાગડો છું.'

કોયલ કહે: 'ધન્ય છો તમે, નમસ્કાર તમને! સ્પષ્ટભાષા તમારે કંઠે ભલે રહો. મારે તો બારે માસ મિષ્ટ અને સત્ય ભાષા બસ છે.'

પ્રતાપનો તાપ: લીલું લાકડું આંસુ સારી સારી રાતદિવસ વિચાર કર્યા કરે છે: 'ઓહો! આ સળગતા લાકડાનું તેજ કેટલું બધું છે! અંધકાર બિચારો તો ખૂણે બેસીને જાણે અદેખાઈથી મરી રહે છે! આવું તેજ મને ક્યારે મળશે?'

જળતો અંગારો કહે છે: 'અરે ભાઈ લીલા લાકડા, ચેષ્ટાહીન વાસનાથી તું અમસ્તો પીડાયા કરે છે. અમને જે મરીને-જળીને મળ્યું છે તે તને શું એમ ને એમ ટપકી પડશે?'

લીલું લાકડું કહે: 'એ આગમાં કોણ બળે?'

અંગાર કહે: 'તો રહે ઊધઈ માટે!'

ભિક્ષા અને ઉપાર્જન: 'હે ધરતી! તું આટલી બધી કૃપણ શા માટે છે? કેટલી મહેનત કરીએ છીએ ત્યારે અમે ધાન્ય પામીએ છીએ! તારે આપવું જ હોય તો પ્રસન્ન થઈને હસીહસીને આપ ને, અમારા

માથાનો પસીનો છેક પગ સુધી શાને અણાવે છે? વગરખેડયે ધાન્ય આપી દેવામાં તારું શું જાય છે?'

આ સાંભળી મંદ હસીને ધરતી કહે છે: 'એમ કરું તો મારું ગૌરવ તો જરાક વધે; પણ તારું ગૌરવ તદ્દન જતું રહે.'

ઉચ્ચનું પ્રયોજન: મનમાં ખેદ પામીને સપાટ મેદાન કહે છે: 'બજારનાં બજાર ભરીને કેટલાં ફળધાન્ય પકવું છું! પર્વત પાષાણના સિંહાસને બેઠો-બેઠો શું કરે છે તે જ સમજાતું નથી. થોડી જમીન ઊંચી, થોડી વળી નીચી: વિધાતાએ આવું કેમ કર્યું હશે તે જ સમજાતું નથી!'

પર્વત કહે: 'બધી જ જમીન સરખી હોત તો ઝરણાંની સુમંગલ ધારા વહેત ક્યાંથી?'/

શક્તિની સીમા: નારદ આવીને કહે છે: 'હે ધરણી! માણસો તારું જ અન્ન ખાઈને તારી નિંદા કરે છે. તને માટી કહે છે, તને ધૂળ તરીકે ઓળખે છે, તને જડ અને સ્થૂળ પણ કહે છે! એ અકૃતજ્ઞો તને મલિન કહીને પણ નિંદે છે. તું એમને અન્નજળ આપતી બંધ થઈ જા. એમનાં મોં સુકાવા દે. એ લોકો પણ જાણે તો ખરા કે ધૂળમાટીની શી કિંમત હોય છે!'

ધરણી હસીને કહે છે: 'છો ને બોલે, હું શું એમના જેવી છું કે વેર લઉં? એઓ નિંદા કરશે તેથી મને કંઈ ડાઘ લાગવાનો નથી. પણ હું વેર લઉં ને એઓ મરી જાય તો મને ખૂબ દુઃખ થાય.'

પ્રકાર-ભેદ: બાવળની ડાળીને આંબાની ડાળી કહે છે: 'અરે બેન, ચૂલામાં બળીને તું રાખ શાને થાય છે? તારું ભાગ્ય, સખી! કેટલું કઠોર છે!'

બાવળની ડાળ કહે છે: 'મને જરાય શોક નથી. તું જીવીને સફળ થાય છે, રસાળ શાખા! તો હું મારી જાતને ભસ્મ કરીને સફળ થાઉં છું.'/

અલ્પજ્ઞ અને બહુજ્ઞ: તરસ્યો ગધેડો સરોવરતીરે પાણી પીવા ગયો; પણ 'છી, છી, પાણી તો કાળું-કાળું છે,' એમ બોલી પાછો આવ્યો.

ત્યારે પાણી કહે: 'ગધેડાં બધાં એમજ જાણે છે કે પાણી કાળું છે; પણ વધુ જાણનારા કહે છે કે પાણી ચોખ્ખું છે!'

*

૧૯૨૪માં શ્રી રમણાશ્રમમાં ચોરો આવ્યા. મહર્ષિ જાગતા હતા. ચોરોએ લાકડી વડે કાચ ફોડવા માંડ્યા ત્યારે શ્રીરમણ મહર્ષિએ એમને કહ્યું: 'ભાઈઓ, એમ શા માટે કરો છો? તમે ખુશીથી અંદર આવી જાઓ, અમે બધા બહાર નીકળી જઈએ છીએ.'

બહાર જતા સર્વ આશ્રમવાસીઓને ચોરોએ લાકડીના ફટકા લગાવ્યા, તેમાં શ્રીરમણ મહર્ષિ પોતે પણ હતા. બહારનો એક પરિચારક આથી ખૂબ ગુસ્સે થઈ ગયો અને ચોરોને મારવા માટે લોખંડનો સળિયો હાથમાં પકડી બોલ્યો: 'હવે તો એ ચોરોને બરાબર જ ખબર પાડવી જોઈએ,' પણ શ્રીરમણ મહર્ષિએ તેને અટકાવીને કહ્યું:

'આ ચોરો પણ આપણા જ ભાઈઓ છે. જીભ અને દાંતનો સુમેળ જાળવીને જેમ આપણે ખાઈએ છીએ, તેમ ચોરો સાથે આપણે સુમેળ જાળવીને સમાજમાં રહેવાનું છે. ચોરો તો સમજતા નથી, તેઓ પોતાની સમજ મુજબ કામ કરે છે, પણ આપણે તો સાધુ. સાધુનો અક્રોધ તે પ્રેમનો ધર્મ આપણે બજાવવો જોઈએ.'

×

હેલા ઊઠનારાઓ સામે

લેખક :

શ્રી જ્યોતીંદ્ર દવે

'મોડા ઊઠવાના બચાવમાં' એ નામનો લેખ વાંચીને એક મિત્રે ટીકા કરતાં 'તમારે તમારી ટેવનો બચાવ કરવો છે એ જ બતાવે છે કે તમે કંઈ સારું કરતા હો એમ તમે પોતે પણ માનતા .'

'એવો અર્થ તમે શા પરથી કાઢો છો?' પૂછયું.

'લેખના શિર્ષક પરથી. હું એકલો જ અર્થ કાઢતો નથી, પણ–'

'પણ બીજા પણ એવો જ અર્થ કરે છે ને? ભલે, જેને જે અર્થ ઘટાવવો હોય ઘટાવે. હું પોતે એમ માનતો નથી.'

'ના, બીજાઓ જ નહિ, તમારા પોતાના માં પણ એ જ વાત ખટકે છે. તમે એ જાણતા નહિ હો, પણ અંદરથી ઊંડે તમારું આંતરમન એ વાત જાણે છે. મોડા ઊઠો છો તેથી તમારું અંતર ડંખે અને તેથી જ તમે તમારી એ કુટેવનો કરવા બહાર પડ્યા છો. કોઈ પણ ઊઠનારને પોતાની એ ટેવનો બચાવ ની જરૂર જણાઈ છે ખરી?'

આપણે પોતે જે કામ કરતા હોઈએ તે માટે ને કેવા ભાવથી પ્રેરાઈને કરીએ તેની ખબર જેટલી આપણને પડે છે કરતાં ઘણી વધારે બીજાઓને–ખાસ કરીને, મન,' 'સુષુપ્ત મન,' 'અજ્ઞાત ' એવા એવા શબ્દો જેના વાંચવા કે વામાં આવ્યા હોય તેમને–પડે છે. દોરી ખેંચે છે તે પ્રમાણે આપણે ીએ–દોરી ખેંચનાર દોરી સંબંધી-માહિતી આપણને નથી આપતો પણ આપે છે.

મારી વાત મારા કરતાં બીજા વધારે સારી રીતે સમજી શકે, એ હું કબૂલ કરું છું. પરંતુ હું મોડા ઊઠું છું એ ખોટું છે ને મારું અંતઃકરણ તેથી ડંખે છે એ વાત કબૂલ કરવા હું તૈયાર નથી. મોડા ઊઠનારને પોતાની એ ટેવનો બચાવ કરવાની જરૂર લાગે છે ને વહેલા ઊઠનારને પોતાનો બચાવ કરવાની જરૂર નથી પડતી એટલા પરથી વહેલા ઊઠવું તે સારું છે ને મોડા ઊઠવું તે ખરાબ છે એમ વહેલા ઊઠનાર જ નહિ, પણ મોડા ઊઠનાર પોતે પણ માને છે એમ સિદ્ધ કરવા પ્રયત્ન કરવો તે વ્યર્થ જ નહિ, અનર્થકારક છે એમ મને લાગે છે.

મોડા ઊઠવું એ ખરાબ છે એમ વહેલા ઊઠનારાઓ કહે છે. તેના જવાબમાં વહેલા ઊઠવું તે અધમ કાર્ય છે એમ મોડા ઊઠનારાઓ કહેતા નથી એ હકીકતનો જ ગેરલાભ લઈ ઉપર કહેલા મારા મિત્ર જેવાઓ આ પ્રકારના આક્ષેપ કરે છે.

જાગવાની ક્રિયાને લગ્ન સાથે સરખાવી શકાય. ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો એટલે સંસારની શરૂઆત કરવી એમ સામાન્ય રીતે મનાય છે. તે જ પ્રમાણે સવારમાં માણસ ઊઠે એટલે એના સંસારનું ચક્ર ચાલવા માંડે છે. દુનિયાના મોટામોટા તત્ત્વચિંતકો ને સાધુપુરુષોએ લગ્નને અનિષ્ટ માન્યું છે. એ અનિષ્ટથી દૂર રહેવા એમણે પ્રયત્ન કર્યો છે અને કેટલાક પોતાના પ્રયત્નમાં સફળ પણ થયા છે. પરંતુ સામાન્ય મનુષ્યો એમાંથી છટકી શકતા નથી. લગ્ન એ અનિષ્ટ હોય તોપણ અનિવાર્ય અનિષ્ટ છે એમ તેમને લાગ્યું છે. તેથી વ્યવહારબુદ્ધિના શાણા પુરુષો એવી સલાહ આપે છે કે 'ભાઈ, દુનિયામાં

રહેવું હોય તો લગ્ન તો કરવાં પડે, પણ પુખ્ત વયે પરણવું.' એમણે લગ્નનો નહિ પણ બાળલગ્નનો નિષેધ કર્યો છે. લગ્નને કેટલાક મહાપુરુષોએ નિષિદ્ધ માન્યું છે, બાળલગ્નનો બધા જ સમર્થ વિચારકોએ નિષેધ કર્યો છે.

આ રીતે જોતાં ઊઠવું એ જ અનિષ્ટ છે. આખો વખત ઊંઘી શકાતું નથી એ માનવજાતનું–પ્રાણીમાત્રનું–દુર્ભાગ્ય છે. આદમે ઈવની સલાહ માનવાની મૂર્ખાઈ કરી તેનું એ પરિણામ છે અને બધા આદમીને તે ભોગવવું પડે છે. મીઠી ગુલાબી ઊંઘનો ત્યાગ કરી ઊઠવું પડે છે, ત્યારે કેવું જીવ પર આવે છે તેનો અનુભવ મારી પેઠે ઘણાને થતો હશે. કેટલીક વાર મને ઊઠતાં હંમેશ કરતાં પણ વધારે મોડું થાય છે, ત્યારે એવી ટીકા પણ સાંભળવા મળી છે, કે 'આટલી બધી વાર ઉઠાડવા આવીએ ત્યારે તમે ઊઠો છો અને તે પણ જાણે બીજા પર ઉપકાર કરતા હો તેવી રીતે!' આ ટીકા સાચી છે. હું મોડો ઊઠું છું તે બીજા પર ઉપકાર કરું છું એમ નથી. પણ હું ઊઠું છું એ જ દુનિયા પર ઉપકાર કરું છું એમ મને લાગે છે: બીજાને ભલે એમ ન લાગે, પણ મને લાગે છે. હું ઊંઘમાંથી ઊઠું છું એ જ શું ઓછું છે કે એમાં પાછો વહેલામોડાનો સવાલ ઉઠાવવો પડે?

'સામાન્ય રીતે એમ મનાય છે કે હાસ્યકારની હાસ્યવૃત્તિ પાછળ કોઈ ઊંડું દુઃખ સમાયું હોય છે. તમને જીવનમાં એકાદ મોટું દુઃખ પડ્યું છે?' એવો પ્રશ્ન એકવાર એક માનસશાસ્ત્રના રસિયાએ મને પૂછયો હતો, ત્યારે મેં એમને જવાબ દીધો હતો: 'એકાદ નહિ, પણ રોજ જીવનમાં બે મોટાં દુઃખ મારા પર પડે છે.'

'રોજનાં બે દુઃખ ને તે પણ મોટાં દુઃખ?' એમણે નવાઈ પામીને પૂછયું.

'હા,' મેં જવાબ દીધો, 'દરરોજ બે મોટાં દુઃખ મારા પર આવી પડે છે: રોજ રાતે ઊંઘવા જવું પડે છે ને સવારે ઊંઘમાંથી ઊઠવું પડે છે, એ મને ભારે કષ્ટદાયક લાગે છે. રોજ ને રોજ મારા જીવનમાં આ કરુણ ઘટનાઓ બને છે.'

पुनरपि मरणं पुनरपि जननम्–વારંવાર મરણ પામવું ને વારંવાર જન્મ લેવો–ને એ રીતે સંસારના બંધનમાં ફસાયેલા ને ફસાયેલા રહેવું એમ શ્રીમદ્ શંકરાચાર્યે કહ્યું છે. રોજ રાતના મરી જવું ને સવારમાં જન્મવું એવો અનુભવ સૂઈ જતી વેળા ને જાગતી વેળા આપણને થાય છે. અધમ જીવોને સંસારના ચક્રમાંથી છૂટવાની ઇચ્છા પણ થતી નથી, અવિકારી જીવોને એવી ઇચ્છા થાય છે, પણ તેમનાથી છૂટી શકાતું નથી ને મુમુક્ષુઓ અભ્યાસ ને વૈરાગ્યની સાધના કરી એ ચક્રમાંથી મુક્તિ મેળવે છે. આ –ઊંઘવાનું ને ઊઠવાનું–વિષચક્ર પણ જન્મમરણના ચક્રાવા જેવું જ છે. કોઈ મોટી ફિલ્મ આવવાની હોય તે પહેલાં જેમ તેનું 'ટ્રેલર' બતાવવામાં આવે છે તેમ કાળ ભગવાન આપણા લલાટમાં જન્મમરણના જે ચોર્યાશી લક્ષ ફેરા ફરવાના લખાયા છે તેનું નાનકડું 'ટ્રેલર' દરરોજ આ આપણી ઊંઘવાની ને ઊઠવાની પ્રવૃત્તિ દ્વારા રજૂ કરે છે. 'આ મોહભરી પ્રગાઢ નિદ્રા, જેમાં સંસારી જીવો ઘોરી રહ્યા છે તેનું જ નામ માયા.' એવી શ્રી શંકરાચાર્યે માયાની વ્યાખ્યા આપી છે. સંસારની વ્યાખ્યા એમણે આપી નથી. પરંતુ એમની માયાની વ્યાખ્યા પરથી સંસારની વ્યાખ્યા આપવી હોય તો એમ કહી શકાય, કે 'આ દિવસના આરંભકાળનો કર્કશ કોલાહલ, જેમાં સંસારી જીવો જાગી ઊઠીને દોડધામ કરવા મંડી પડે છે તેનું જ નામ સંસાર.' નિવૃત્તિ પ્રેરનારી નિદ્રા એ માયાનું સ્વરૂપ છે, તો

તિમાં ધકેલનારી જાગ્રતિ એ સંસારનું છે. નિદ્રા એ માયાનો સંસાર સરજે તો જાગ્રતિ એ સંસારની માયામાં રે છે.

આમ આધિભૌતિક કે આધ્યાત્મિક— કે સૂક્ષ્મ—કોઈ પણ દૃષ્ટિએ જોતાં નિદ્રા જાગ્રતિ—ઊંઘવાનું તેમ જ ઊઠવાનું—એ અનિષ્ટ છે. લગ્નના બંધનની પેઠે એના નમાંથી પણ છૂટવું અત્યંત મુશ્કેલ છે. લગ્ન એ અનિષ્ટ છે, પણ એ અનિષ્ટ નિવાર્ય હોવાથી એમાંથી છૂટવું મુશ્કેલ છે એને જેટલું મુલતવી રખાય તેટલું ં એમ માની ડાહ્યા માણસો બાળલગ્નનો ધ કરી મોટી ઉંમરે લગ્ન કરવાની સલાહ પે છે, તે જ પ્રમાણે નિદ્રા ને જાગ્રતિ એ નિવાર્ય અનિષ્ટો પણ જેટલાં મુલતવી ાય તેટલાં સારાં એમ માની શાણા ો સૂવાનું ને જાગવાનું બને તેટલું મોડું ે છે. ઉત્તમોત્તમ સ્થિતિ તો ઊંઘવું પણ િ ને જાગવું પણ નહિ એ છે. પણ એ બ્રાહ્મી સ્થિતિ—પરમેશ્વરપદ—પ્રાપ્ત કર્યા ાય સાધ્ય બનતી નથી એટલે એ ોમાં જેટલો વિલંબ કરી શકાય તેટલું ારે શ્રેય મેળવી શકાય અને તેથી બાળ- ની પેઠે બાલનિદ્રા ને બાલજાગ્રતિ—એટલે ા સૂઈ જવું ને વહેલા ઊઠવું—એ બન્નેનો ધ કરી વિચારવાન ને જ્ઞાનવાન પુરુષો ાનું તેમ જ ઊઠવાનું બને તેટલું મોડું ે છે.

જેમની દૃષ્ટિ અંતર્મુખ છે, તેમને માટે વાત સમજવી અઘરી નથી; પણ જે ર્મુખ દૃષ્ટિના છે તેમને કદાચ આ નહિ ય. એમને લાગશે કે બાળલગ્ન એ ખરાબ ે તો બધા સમજુ માણસોની બુદ્ધિમાં ી શકે એવી વાત છે, પણ વહેલા ઊઠવું રાબ છે એમ કોઈ વિચારવાન માણસની અક્કલમાં આવી શકે એવી વાત નથી. અને તેથી બાળલગ્નનો વિરોધ કરનારા જેમ નીકળી આવ્યા તેમ વહેલા ઊઠવાનો વિરોધ કરનારા કોઈ બહાર પડ્યા નથી.

કોઈ પણ ખરાબ રિવાજ સમાજમાં જડ ઘાલે છે ત્યારે તેમાં રહેલું અનિષ્ટ બહુ મોટા ભાગના મનુષ્યોને સમજાતું નથી. એ રિવાજ ઉત્તમ છે એમ જ એમને લાગે છે. કાળે કરીને થોડાક સૂક્ષ્મ બુદ્ધિના માણસોને એમાં રહેલું અનિષ્ટ અલ્પ પ્રમાણમાં જણાવા માંડે છે. એ પછી ઊંડા અવલોકનને પરિણામે એમને એ અનિષ્ટની પ્રતીતિ થાય છે ને એનો એ વિરોધ કરવા લાગે છે. શરૂઆતમાં એમના વિરોધની કોઈ દરકાર કરતું નથી. એ પછી એમના પક્ષમાં થોડાક વિચારશીલ પુરુષો ભળે છે ને ધીમેધીમે એમનો પક્ષ સબળ થતાં સમાજના મોટા ભાગના બુદ્ધિમાન પુરુષોનું લક્ષ એ તરફ ખેંચાય છે. બાળલગ્નો પણ આપણે ત્યાં જૂના જમાનામાં આદરણીય નહોતાં ગણાતાં? અને શરૂઆતમાં એ પ્રથાનો વિરોધ કરનારાઓનો ઉપહાસ નહોતો કરવામાં આવતો?

જેના શરીરમાં અનેક રોગનાં જંતુઓ દાખલ થઈ ગયાં હોય તેવા મનુષ્યો અનારોગ્યકારક વાતાવરણમાં જાય તો તેની અસર એમને તરત વરતાઈ આવતી નથી, પરંતુ તંદુરસ્ત શરીરવાળો મનુષ્ય એવા વાતાવરણમાં જાય છે કે તરત એને એની ખબર પડે છે. એ જ રીતે અનિષ્ટ રૂઢિના બંધનમાં જકડાયેલા સમાજના મોટા ભાગના મનુષ્યોનાં માનસ રોગિષ્ઠ બની ગયાં હોય છે અને એ દુષ્ટ સામાજિક વાતાવરણનું ભાન એમને થતું નથી; પરંતુ તંદુરસ્ત ને નિર્દોષ માનસવાળા મનુષ્યોને એ તરત સમજાઈ જાય છે. ગંદી વાસથી ટેવાઈ ગયેલા નાકને આ વાસ ગંદી છે એમ લાગતું નથી, પણ

દુર્ગંધનું વારંવાર સેવન કરવાના દુર્ભાગ્યથી જે મુક્ત રહી શક્યો હોય તેની નાસિકા તો એને તરત જ ચેતવણી આપી દે છે કે આ વાસ ખરાબ છે, અહીંથી ભાગી છૂટ.

આ જ પ્રમાણે વહેલા ઊઠવાથી જે હાનિ થાય છે તેનું ભાન હંમેશ વહેલા ઊઠવાની જેને ટેવ પડી ગઈ હોય છે તેને થતું નથી. પરંતુ એ ખરાબ ટેવ જેને પડી ગઈ ન હોય તેવા મનુષ્યને કોઈક વાર વહેલા ઊઠવું પડે ત્યારે એને તેનું તરત ભાન થાય છે. ઉપરાંત બધા જ માણસો કંઈ સારાનરસાનો વિવેક કરી શકે એવા હોતા નથી. એ માટે સૂક્ષ્મ બુદ્ધિ ને કોઈક વાર સૂક્ષ્મ શરીરની પણ જરૂર પડે છે. તાવ માપવા માટે 'થર્મોમિટર' જોઈએ, કોઈ પણ કાચની ભૂંગળી ન ચાલી શકે.

ભગવાને મને એવું શરીર આપ્યું છે કે શું નડે છે ને શું નથી નડતું તેની નોંધ જેટલી એ કરી શકે છે તેટલી બીજાઓનાં શરીર નથી કરી શકતાં. માથા પર વીજળીનો પંખો ફક્ત બે કે ત્રણ ચક્કર લગાવે ને છીંક ખાવા માંડે એવાં, હવામાં થયેલા જરા જેટલા ફેરફારની સચોટ નોંધ લેનારાં શરીર કેટલાં હશે? હું અભિમાન નથી કરતો પણ મારે કહેવું જોઈએ કે મારું શરીર આ પ્રકારનું, આસપાસના વાતાવરણની સૂક્ષ્મમાં સૂક્ષ્મ અસરની નોંધ લઈ શકે એવું છે. હું બેઠો હોઉં ને એકાએક મને છીંક પર છીંક આવવા માંડે કે તરત મારી નજર ઊંચે જાય છે. ને ત્યાં છત પર વીજળીનો પંખો ફરતો દેખાય જ છે. આમ મારું શરીર એ આપણે માટે શું પથ્ય છે ને શું અપથ્ય છે એનો અચૂક માનદંડ છે.

'તમને ઉજાગરો નડતો નથી?' હું રાતના બહુ મોડો સૂઉં છું એમ જાણી ડૉકટરે મને એકવાર પ્રશ્ન કર્યો: 'કોક વાર નડે છે, કોઈક વાર નથી નડતો.' બંધાઈ ન જવાય,' એવો જવાબ મેં એમને આપ્યો.

'રાતના ઉજાગરો ન કરશો, એ તમને નુકસાન કરશે.' એમણે મને સલાહ આપી.

'મને ઉજાગરો નડે છે, પણ રાતનો ઉજાગરો નહિ.' મેં એમને કહ્યું.

'એટલે?' એમણે પૂછ્યું.

'મને સવારનો ઉજાગરો નડે છે, રાતનો નહિ. આખી રાત હું જાગતો રહું તો મને કંઈ થતું નથી, પણ વહેલી સવારે કોઈ મને જગાડી મારે છે ત્યારે મારાં તન ને મન બંને નબળાં પડી જાય છે,' મેં ખુલાસો કર્યો. મારી વાત ડૉકટરને ગળે ન ઊતરી. સત્યનું જ્ઞાન ઈંજેકશન દ્વારા કરાવી શકાતું હોત તો સોય ભોંકીને હું ડૉકટરના મગજમાં આ વાત ઉતારી શકત. ડૉકટરનો આખો સમય માનવશરીરની–ખાસ કરીને શરીરના રોગોની–તપાસમાં વીતે છે. એને માનવબુદ્ધિ–નિર્મળ ને નિશ્ચયાત્મિકા બુદ્ધિ–નો પરિચય કોઈક જ વાર થાય છે. એટલે આવી ઝીણવટભરી હકીકત એના મગજમાં ઊતરી શકે એ સમજાય તેવું છે પણ જો કોઈ સાચી દાનતથી ને શુભ નિષ્ઠાથી શ્રદ્ધાપૂર્વક અને આદરભાવ વડે આ મહાસત્ય સમજવા માંગતો હશે, તો તેને એ સમજવામાં કંઈ મુશ્કેલી નહિ પડે. એને માટે જરા અનુભવ ને થોડાક વિચાર એટલાની જ જરૂર છે.

ઉજાગરો સૌને નડે છે, કોઈને ઓછો કોઈને વધારે: કોઈ ને વહેલો કે કોઈને મોડો. પણ એ નડ્યા વિના રહેતો નથી. પણ એ ક્યારે નડે છે, એના ઉપદ્રવનો અનુભવ કયે સમયે થાય છે? રાતના આપણને ઊંઘ ન આવે તો તેથી રાતના કંઈ બ નથી, ઊંઘ ન આવવાને કારણે થોડી બેચેની થાય છે અને તે પણ ખોટી ચિંતા કરીને હાથે કરીને વહોરી લીધેલી હોય છે.

રાતના ઉજાગરાની અસર બીજે થાય છે. બીજી રાતે તો સરસ ઊંઘ છે, પણ દિવસ આખો ખરાબ જાય ઉજાગરાની પીડા હંમેશ દિવસના થાય છે. રાતના ઊંઘ ન આવી સવારમાં માથું ભારે થઈ જાય ડહાપણ વાપરી માથું ભારે થઈ લાગે, શરીર કને ખોટો બોજો ઉંચકાબદલે તમે સવારમાં સૂઈ જાઓ ને કલાકની ઊંઘ ખેંચી કાઢો તો યેલાં ફૂલને પાણીમાં કલાક દોઢ કલાક રાખીએ ને એ ફરી તાજાં થઈ જાય મ તમે પણ ફરી હલકા ને તાજા ફૂલ બની જાઓ.

સવારમાં બહુ વહેલા ઊઠવાથી તાજગી છે એમ કેટલાક કહે છે. તારા આથમ્યા સૂર્યોદયની બે ઘડી પૂર્વે ઊઠવુ જોઈએ, માં મોડા સૂર્યોદય થતાં તો ઊઠવું જ એમ એઓ આપણા મનમાં ઠસામાગે છે, પણ આપણે સૂર્ય સાથે જોઈએ એમ શા માટે? આપણે છીએ કે સૂર્યમુખી ફૂલ? સૂર્ય આથમે આપણે સૂઈ જતા નથી કે એના સાથે આપણે ઊઠવું પડે. અને એના નો સમય પણ ક્યાં હંમેશ એકહોય છે. ખરું પૂછો તો સવારમાં ની તબિયત સારી નથી રહેતી તેનો સૂર્યોદય પરથી લઈ શકાય એમ છે. માં તરતનો ઊગેલો સૂરજ કેવો ફીકો દેખાય છે! એની સામે ડોળા કાઢી શકાય; પણ બપોરનો સૂરજ કેવો તેજસ્વી દેખાય છે! એની સામે જોવા જતાં આંખ મિચાઈ જાય છે પાણી ભરાઈ આવે છે. સવારના જેની સામે ડોળા કાઢીને જોઈ શકાતું ની સામે બપોરે ડોકું ઊંચું થઈ શકતું નથી, માથું નમાવી નીચી નજરે ઊભા રહેવું પડે છે. એ વહેલો સવારમાં ઊઠે છે તેથી તે વેળા ઢીલોપોચો ને ફીકો, પીળો પડી ગયેલો દેખાય છે. બપોરે ઊગતો હોત તો કેવો પ્રકાશમાન દેખાત! સૂર્ય જેવો સૂર્ય પણ સવારમાં ઊઠે છે ત્યારે ઢીલો પડી જાય છે, તો આપણા જેવા પામર માનવીનું શું ગજું?

કેટલાક કુક્કુટધ્વજધારીઓ કહે છે કે કૂકડો બોલે એટલે આપણે ઊઠી જવું જોઈએ. શા માટે? કૂકડાના અવાજનું આકર્ષણ આપણને શા માટે થવું જોઈએ? આપણે માણસ છીએ કે કૂકડી? વહેલા ઊઠવાના ઉપાસક એવા મારા એક મિત્રે મને અંગ્રેજી કહેવત કહી હતી કે, 'ઇટ ઇઝ ધી અર્લી બર્ડ, ધેટ કેચિઝ ધી વર્મ.' (જે પક્ષી વહેલું ઊઠીને નીકળી પડે તે જ પોતાનું ખાદ્ય-જીવડું પકડી શકે છે). પક્ષીની સૃષ્ટિનો ન્યાય માનવવ્યવહારમાં લાગુ પાડવાનો કોઈ અર્થ નથી. હું જયારે, વહેલો-મોડો ગમે ત્યારે ઊઠું છું, ત્યારે મને ચા મળી રહે છે. 'ચા તૈયાર છે, ઠંડી પડી જાય છે' એવો સાદ સાંભળ્યા વિના હું ભાગ્યે જ ઊઠું છું, આમ છતાં એ મિત્રની વાત સાચી હોય, તોપણ આપણે માત્ર પક્ષીના દષ્ટિબિંદુથી જ શા માટે વિચાર કરવો જોઈએ? સવારના પહોરમાં ખૂબ વહેલા ઊઠીને કોઈ પક્ષી બહાર નીકળી પડે, તો એને ખાવા સારુ જીવડું મળી શકે એ ખરું હોય, તોપણ પેલા જીવડાનો વિચાર કેમ કોઈ કરતું નથી? જે જીવડું વહેલું ઊઠીને બહાર ફરવા નીકળી પડે તે પક્ષીનો શિકાર બની જાય છે, એ વાત કેમ વીસરી જવામાં આવે છે? આપણા જેવા મોટા ભાગના માણસોની સ્થિતિ પક્ષી જેવી નહિ, પણ જીવડા જેવી હોય છે. આપણા સરખા માનવજંતુઓના ભાગ્યમાં

કોઈનો શિકાર કરવાનું નહિ, પણ કોઈના શિકાર બનવાનું લખાયું હોય છે. આપણા જેવા જીવડાઓને પોતાની ઝાપટમાં લઈ લેવા સારુ કેટલાં યે હિંસ્ર પક્ષીઓ પોતાની ચાંચ તીણી બનાવી ટાંપી રહ્યાં હોય છે !

સવારના અથવા સાચી રીતે કહીએ તો રાતના ચાર વાગતામાં જાગી જઈને આસપાસનાંને હેરાન કરવામાં કૃતકૃત્યતા સમજનારાં એક બહેને મને કહ્યું હતું કે ‘ચાર વાગે એટલે અમારાથી જાગ્યા વિના રહેવાય જ નહિ. અમને તો પથારી કરડે છે !’ પથારીમાં કંઈક કરડે છે એવો અનુભવ મને ઘણીવાર થયો છે, પણ પથારી પોતે શી રીતે કરડે તે મારાથી સમજી શકાતું નથી. જે પથારી પોતાના ખોળામાં આપણો ભાર સહન કરી આપણને નિદ્રાની મીઠી હૂંફમાં સુવાડી સમસ્ત સંસારની ઉપાધિઓ ભુલાવી નવજીવન ને નવીન ચૈતન્ય બક્ષે છે તેને માટે ‘એ કરડે છે’ એમ કહેવું તે કૃતઘ્નતાની પરિસીમા છે, એમ મને લાગે છે.

આમ છે તો પછી સંત પુરુષોએ વહેલા ઊઠવા માટે કેમ બોધ કર્યો હશે એવી શંકા કોઈને થશે. શાસ્ત્રનાં ને સંતનાં વચનો સમજવા માટે અધિકારની જરૂર છે. એ જે કંઈ કહે છે તેમાં ઘણો ગૂઢ અર્થ રહેલો હોય છે. પ્રથમ દૃષ્ટિએ દેખાય તેવો એનો અર્થ કરવાનો હોતો નથી. ગીતા જેવા સરળ ભાષામાં રચાયેલા ગ્રંથ પર કેટલાં બધાં ભાષ્યો લખાયાં છે ! અને દરેકે એમાંથી કેવા જુદાજુદા અર્થ કાઢ્યા છે ! ‘રાત રહે પાછલી જ્યાહરે ખટઘડી, સાધુ પુરુષે સૂઈ ન રહેવું’ એમ પરમ વૈષ્ણવજન નરસિંહ મહેતાએ કહ્યું છે તે પરથી આપણા જેવા સૌએ પાછલી રાતના જાગી જવું એમ એ કહેવા માગે છે, એવો અર્થ પણ કેટલાક કરે છે. પરંતુ નરસિંહ મહેતાએ આ તો

સાધુઓ માટે કહ્યું છે. ‘સાધુ તો ચલ
ભલા’ એમ મનાય છે. સાધુઓએ એ
સ્થળે સ્થિર થઈને રહેવાનું હોતું ન
એમને હમેશ ફરતા રહેવું પડે છે. એટ
માટે એમણે પાછલી રાતના ઊઠીને પ્રાત
કર્મોથી પરવારી સવારના પહોરમાં પ્રવા
નીકળી જવું પડે છે. એમ ન કરે
બપોરના પ્રખર તાપમાં એમને મુસાફ
કરવાનો પ્રસંગ આવી પડે. આમ છ
માની લઈએ કે નરસિંહ મહેતાએ આપ
બધા માટે આ પંક્તિ લખી છે, તો
શું ? એ લીટી વાંચી જોશો તો જણાઈ આવ
કે એમાં છંદોભંગ થાય છે. ‘ખટઘ
સુધી લીટી બરાબર ચાલે છે, પણ ‘સા
પુરુષ’ આગળ આવતાં એ લથડી પડે
એ શબ્દો છંદમાં બેસી જ શકતા ન
‘સૂઈ ન રહેવું’. એમાં ‘સૂઈ’ એ બે વર્ણ
શબ્દનો ઉચ્ચાર એ એક વર્ણનો હોય
રીતે કરવો પડે છે એ પરથી મને લાગે
કે લહિયાએ આમાં કંઈક ઘાલમેલ ક
મૂળ પાઠ બદલી નાખ્યો છે. મને લાગે
કે મૂળ પાઠ, ‘રાત રહે પાછલી જ્યા
ખટઘડી, સાધુપુરુષે સૌ સૂઈ જાવું’ એ
હોવો જોઈએ. છંદની દૃષ્ટિએ એ બરા
છે; એટલું જ નહિ પણ या निशा सर्वभूता
એ ગીતાના સુપ્રસિદ્ધ વચનમાં ‘બધા
છે, ત્યારે સંયમી પુરુષો જાગે છે ને
જાગે છે ત્યારે સંયમી પુરુષો ઊંઘ
છે’ એની સાથે પણ એ બંધબેસતું
છે. રાતના મોડે સુધી જાગતા રહીને
પુરુષોએ છ ઘડી રાત બાકી રહે ત્યારે
જવું એવો એ લીટીમાંનો ઉપદેશ ગીતા
સંયમી પુરુષનું જે લક્ષણ દર્શાવ્યું છે
સાથે બરાબર મળતો આવે છે. ક
તકરાર ખાતર માની લઈએ કે છંદોભ
વાળી પેલી લીટી નરસિંહે પોતે જ લખી

લીટીમાં જ છંદોભંગ થયો છે તે સમજાઈ જાય છે. નરસિંહે ખૂબ ઊઠીને એ લીટી લખી હોવાથી એની જળવાઈ શકી નથી, નહિ તો હાથે પણ ઝટ બેસી જાય એવા જેવા સામાન્ય છંદમાં પણ મહેતા જેવાને હાથે આવી ભૂલ રી? વારુ, આગળ જોઈએ. છ રાત હજી બાકી છે ને નરસિંહના આપણે જાગી ગયા. પછી કરવાનું એ કહે છે જોગીઓએ જોગ સંભા- ભોગીએ ભોગ છોડવા. સૌએ પોત- કર્મનો મર્મ વિચારવો ને પછી 'સમરવા શ્રીહરિ એક તું એક તું કહેવું.' હવે તમે શુદ્ધ બુદ્ધિથી ને નિર્મળ કરણથી વિચાર કરીને કહો કે આ કામ શું છ ઘડી રાત બાકી રહે ત્યારે વાની જરૂર છે? બપોરે, રાત્રે, નાહતી જમતી વેળા, રસ્તામાં, ટ્રામમાં, માં, ઑફિસમાં, પથારીમાં–ગમે ત્યાં ત્યારે થઈ શકે એવું આ કામ હરિનું સ્મરણ કરવા માટે એટલા વહેલા જાગવાની શી જરૂર? એ તો માં સૂતા-સૂતા, ઊંઘ આવતા સુધી શકાય. તેમ જ 'એક તું એક તું' એમ અનેકવાર હરતાં-ફરતાં બેઠાબેઠા ને સૂતા પણ કહી શકાય. બહુ વહેલા થી કેવું વિપરીત પરિણામ આવે છે ષ્ટાંત ખુદ નરસિંહ મહેતાના પોતાના પરથી મળી શકે છે. એકવાર વહેલા જાગી ઊઠ્યા ને આસપાસ ફરી, ત્યારે શો અનુભવ થયો તેનું કરતાં એ કહે છે: 'જાગીને જોઉં તો ભાસે નહિ, ઊંઘમાં અટપટા ભાસ ને ભાગ્યે જ કોઈ પણ જોઈ શકે છે એવા ભગવાનનાં દર્શન જે કરી શકયા તે નરસિંહ મહેતા જેને સૌ જોઈ શકે છે તે દુનિયાને દેખી શકયા નહિ! 'નીચ જનની કરેલી સેવા પેઠે મારી દૃષ્ટિ નિષ્ફળ નીવડી' એમ કહેવું પડે એવી એમની સ્થિતિ શાથી થઈ? વહેલા ઊઠવાથી. ઊંઘમાં તો એમને 'અટપટા ભાસ' પણ દેખાતા હતા, પણ જાગ્યા પછી તો બધું જ દેખાતું બંધ થયું. 'જાગીને જોઉં તો–' બરાબર પણ જોવાનો કશો અર્થ જ નથી, કારણકે જાગવાનો એ સમય નહોતો!

વહેલા ઊઠવું એ સહજસાધ્ય–કુદરતી નથી. હંમેશ કરતાં એકાદ કલાક પણ વહેલા ઊઠવાની જરૂર પડે છે, ત્યારે કેટલી ખટપટ કરવી પડે છે? 'મને અમુક વખતે ઉઠાડજો' એમ કોઈને કહી રાખવું પડે છે અથવા માથા આગળ 'એલાર્મ–ક્લોક' રાખીને સૂવું પડે છે. એ વસ્તુ કુદરતી હોત તો આમ કરવાની જરૂર ન પડત. ઊલટ પક્ષે રોજ કરતાં મોડા ઊઠવા માટે કંઈ પ્રયત્ન કરવો પડતો નથી.

બધા વહેલા ઊઠે ને આપણે મોડા ઊઠીએ, તો આપણે પાછળ પડી જઈએ એવો ભય કેટલાક સેવે છે, પણ તે અકારણ છે. દુનિયા સાથે એવી ખોટી સ્પર્ધા શા માટે કરવી જોઈએ? દુનિયાની જોડાજોડ કે એની આગળ રહેવામાં ફાયદો શો છે? દુનિયા કદી કોઈની જોડે રહી નથી ને રહેવાની પણ નથી.

મોડા ઊઠનાર માણસો પ્રમાદી, આળસુ, એદી છે ને વહેલા ઊઠનાર ઉદ્યમી, ઉદ્યોગી ને ખંતીલા છે, એવું જેને માનવું હોય તે ભલે માને, બાકી ખરું જોતાં વહેલા ઊઠીને બહુ જ થોડા માણસો દુનિયાનું કલ્યાણ કરી શકે છે. મોટા ભાગના માણસો તો મોડા ઊઠે, ને કેટલાક તો બિલકુલ ન ઊઠે તેમાં જ દુનિયાને લાભ છે!

★

કલાને પંથે

લેખક:
શ્રી રવિશંકર મ. રાવળ

ગુજરાતના કલાગુરુનું મહામૂલું બિરુદ જેમને મળ્યું છે અને ગુજરાતના ખ્યાતનામ કલાકારો જેમના શિષ્યો છે એવા શ્રી રવિશંકર મ. રાવળે આજની સિદ્ધિ કેવા સંયોગોમાં પ્રાપ્ત કરી એ જાણવાનું રસપ્રદ હોય એ સ્વાભાવિક છે. સામાન્ય રીતે 'અખંડ આનંદ'માં આપકથા અપાતી નથી; વાચક જોઈ શકશે કે અહીં વ્યક્તિ કરતાં કલાને જ લેખકે પ્રાધાન્ય આપ્યું છે. આ કલાસાધનાનો બાકીનો અધૂરો રહેલો આજ સુધીનો ઇતિહાસ આવતા અંકમાં પ્રગટ થશે. શ્રી રાવળ અત્યારે ષષ્ટીમાં પ્રવેશી ચૂક્યા છે.

સ્થાપિત સિદ્ધાંતો કરતાં વ્યક્તિના સ્વગત અનુભવો સમષ્ટિના જ્ઞાન માટે અને પ્રગતિ માટે વધારે પ્રતીતિકર બને છે; એ હકીકત અનેક પુરુષોના જીવનવૃત્તાંતો તપાસવાથી સિદ્ધ થઈ છે. તે જ્ઞાનથી પ્રેરાઈને જગતમાં પ્રચલિત વિવિધ કલાસંપ્રદાયો અને વિવાદોની વચ્ચે હું મારા જીવનનો માર્ગ કઈ રીતે વટાવી આવ્યો તેની કથા જનતા આગળ મૂકવાનો સમય હવે પાકયો છે; એમ લાગવાથી હું મારાં નિરીક્ષણો અને ફલસિદ્ધિની અહીં પ્રકટ ચિકિત્સા કરી રહ્યો છું.

અંગ્રેજી કહેવત છે: 'આર્ટ ઈઝ લોંગ, લાઈફ ઈઝ શોર્ટ—કલાનો પ્રદેશ અતિ વિસ્તીર્ણ છે, જીવન અલ્પ છે,' એનું મને સ્પષ્ટ ભાન થયું છે. પણ જે વખતે હું જીવનનો કશો ખ્યાલ ધરાવતો નહોતો એ બાલ્યકાળમાં મારી પ્રવૃત્તિઓ કે વિચારોને કોઈ લક્ષ્ય નહોતું. માત્ર ઊર્મિઓ અને આવેશોમાં ખેંચાતો એક શિશુ હતો. તે વખતની કેટલીક છાપો મારી સ્મૃતિમાં પડેલી છે અને મારા મનનું વલણ નક્કી કરવામાં એ કારણભૂત બની હોય એમ માનું છું.

*

ઈ. ૧૮૯૬–૯૮ના અરસામાં મારા પિતાશ્રી મહાશંકર રાવળ રાજકોટની સરકારી તાર ઑફિસમાં તારમાસ્તર હતા. હાલની પોસ્ટ ઑફિસના ખૂણા પરની નાનકડી ઓરડી એજ એ વખતની તારઑફિસ. રહેવાને પાછળના ભાગમાં નાનું ઘર હતું. તેની અને ઑફિસના મકાન વચ્ચે બગીચો હતો. તેમાં હું રોજ સવારે ગુલાબનાં ફૂલો ઊઘડતાં જોઈ રહેતો. બીજાં ફૂલોનો પરિચય નહોતો. પિતાની સાથે તેમના ગુરુશ્રી નથ્થુરામ શર્માના આશ્રમમાં જતો; ત્યાં મોગરા–ડોલરનાં ફૂલોની સુગંધ બહુ જ ગમતી. ચોમાસામાં કમ્પાઉન્ડમાં જાતજાતની વનસ્પતિ ઊગી નીકળતી અને તડકો નીકળે, ત્યારે પીળાં–કાળાં–ધોળાં–કેસરી પતંગિયાં મને બહુ જ આશ્ચર્ય અને આકર્ષણ કરતાં.

ઘરમાં ચિત્રો કે છબીઓ હતી નહીં, પણ પિતાશ્રીના સાથી તારમાસ્તર નારાયણરાવ પૂનાના દક્ષિણી બ્રાહ્મણ, તેમને ઘેર ગણેશોત્સવ કરતા ત્યારે મને તેમને ઘેર જવાનું મળ્યું. મારો એ અનુભવ રોમાંચક અને આહ્લાદક હતો. ભીંતો પર દેવતાઓની છબીઓ હતી. એક ટેબલ પર રંગે શોભતા ગણપતિ હતા. આસપાસ રમકડાં ગોઠવી શોભા કરી હતી. તેમની પુત્રી તારીબહેને મને બહુ ભાવથી ઓરડામાં ફેરવ્યો. આજે પણ મને વાર્તાની દેવપરી જેવી તે યાદ છે.

નારાયણરાવ કાકાના ઘરનાં બધાં ઘરમાં કાઠિયાવાડી બોલતાં. અમને ત્યાં ઘર જેવું જ લાગતું. નારાયણકાકાની થોભિયાવાળી મૂછો અને ભરાવદાર હસતું મોં, ભપકાદાર

ગીત, જાણે તિલક મહારાજના કોઈ ધી: ન ભુલાય એવી મૂર્તિ! ઘણાં વર્ષો મારા પિતા નિવૃત્ત થયા અને તેમની પૂતા જવાનો પ્રસંગ આવ્યો, ત્યારે એ છેલ્લા જોયેલા. મનમાં થયું, કે સ્વજન સાથે રહેલા મિત્રોને કાળનુ અંતર વસમું લાગ્યું હશે! મારી આંખો બહેનને શોધતી હતી. 'તારી' કહી એ હાંક મારી: 'આ રવિ આવ્યો છે, ળખે છે?' બારણામાંથી દાંત બહાર ળી ગયા છે એવા મોંવાળી એક આધેડ ડી ગયેલી દૂબળી બાઈ આવી. એ બહેન હતી! પણ એના અવાજમાં ના રવિ માટે ભાવનો રણકો હતો.

ફરી એના ઘરનું સ્મરણ કરું છું. ભીંત જાતજાતની છબીઓ મેં ત્યાં જ પહેલી જોઈ હતી. મને દેવતાઓનાં ચિત્રોમાં જ કે રસ ન પડ્યો, પણ એક કોથળીમાંથી હાર નીકળી પડેલાં ત્રણ-ચાર બિલાડાંનું ત્ર મને બહુ જ ગમ્યું હતું. એ ચિત્ર પરદેશી ું પણ તેની વસ્તુ અને પ્રસંગ કોઈ પણ ળકને ગમી જાય એવાં હતાં. આજે પણ ળકોને આનંદ આપવા માટે હું જીવનની ટપટી વાતો દર્શાવતાં ચિત્રો ન જ મૂકું. ણા ધાર્મિક કે વીરતાના દૃષ્ટાંતવાળાં ચિત્રો ળકો પાસે ધરે છે, પણ બાળકોને તેનું રહસ્ય રા પણ સમજાતું નથી.

મારાં બા એ અજ્ઞાન યુગમાં એક જસ્વી સન્નારી હતાં. તેઓ શાળામાં ભણેલાં તાં પણ ઘરના સંસ્કાર અને અનુભવે નામાં ઊંચું ભાવનાબળ અને કલ્પના ળ્યાં હતાં. તેમની વાતો પ્રત્યક્ષ જોઈને તા હોય એવી ચિત્રમય લાગતી. જીવંત ગોમાં પણ તે કથારસ ઉપજાવતાં. રાં સર્વ કલાવૃત્તિના મૂળ સ્રોત તે હતાં. મની સાથે હું પંચનાથ મહાદેવમાં જતો, કોઈવાર ત્યાં હારમોનિયમ સાથે હરિકથા થતી તે સાંભળતો, પણ એ સંગીતે મારા પર ઊંડી છાપ પાડી નહીં. બપોરને વખતે કોઈ એક મોટાને ઘેર ભાગવત કે રામાયણ સાંભળવા જતાં ત્યાં એક-બે વાર હું આંગળીએ વળગી ગયો. મોટા રસ્તા પર ઊંચાં પગથિયાંવાળા ઘરની અંદરના ચોકમાં ભટ્ટજી વાંચે અને સ્ત્રીઓ સાંભળે. એ ચોકની નવી ભીંતો પર ભૂરા-રાતા-પીળા રંગમાં કૃષ્ણ મોરલી વગાડતા ચીતરેલા હતા, ગાયો હતી. એમાં મારું મન પરોવાઈ ગયું અને મેં એ ચિત્રો ખૂબ જ જોયા કર્યાં. મારા પિતાશ્રી મને તાર ઑફિસમાં લઈ જતા અને રસ્તા પર પડતી બારી પાસે બેસાડતા અને મને રાજી કરવા લાલ-ભૂરી પેન્સિલો આપતા. કાળી પેન્સિલ તો મને ગમતી જ નહીં. લાલ અને ભૂરા રંગનો એ પહેલો પરિચય થયો. મને કોઈએ કક્કાના અક્ષરોવાળી ચિત્રપોથી આપી. તેમાં મેં લાલ-ભૂરા રંગ ભરવાનો આનંદ લીધો. એવો આનંદ લેતાં છોકરાં ચોપડી નકામી કરી નાખે છે તે હું આજે સમજું છું, પણ તેની કિંમત વસૂલ લાગે છે.

એ ચોપડીમાં પનિહારીનું ચિત્ર હતું. તે દોરવા મેં પ્રયત્ન કર્યો હતો એવું યાદ આવે છે. પિતાશ્રી પાસે આવનારા બધા કહેતા: 'હવે આને નિશાળે બેસાડો.' ભણવું એટલે એકડાથી શરૂઆત કરવી એવું તે વખતનું ધોરણ હતું. આંક અને કક્કો શીખવા મને નજીકની ધૂળી નિશાળે બેસાડ્યો. પણ ત્યાં ગમ્યું નહીં. એક-બે વાર પરાણે ઊંચકી પટાવાળો મને રોતો નિશાળમાં મૂકી ગયો, પણ પછી તો ત્યાં ન જવાની હઠ કરી એટલે એ નિશાળ પડી રહી.

*

રાજકોટ હંટર મેલ ટ્રેનિંગ કૉલેજના

હેડ માસ્તર શ્રી મંગળજી ઓઝા મારા પિતાશ્રીના ગુરુભાઈ થાય. તે એક વખત ઘેર આવ્યા. તેમની સાથે મારા જેટલી જ વયના ગટુભાઈ ઉર્ફે જયંતી હતા. મારી ભણવા બાબતની હઠ જાણી તે મને ગટુની સોબતમાં તેમની 'પ્રેક્ટિસિંગ સ્કૂલ'માં લઈ ગયા. અમે બંને હમેશાં સાથે હઈશું, એ વાતથી ત્યાં ગમ્યું અને શાળા ફરી શરૂ થઈ. ગટુ હેડ માસ્તરના પુત્ર એટલે તેની સાથે બધે ફરવાની છૂટ. ભણવા આવેલા શિક્ષકછાત્રોની રૂમમાં પણ અમે જતા અને કેટલાક છાત્રો ડ્રોઈંગ કરતા એ બહુ રસથી જોતા. એક છાત્રે ભૂરા કોટ અને લાલ પાટલૂનવાળા સોલ્જરોની પલટન ચીતરી હતી તે મેં જોઈ. રાજકોટમાં એવા સોલ્જરો નજરે પડતા અને માણસો માટે તે આકર્ષણ હતું. મને રેલવે ટ્રેન અને એંજિન ચીતરવું ગમતું, પણ હવે તેમાં સોલ્જરનું ચિત્ર વધ્યું. લાલ ભૂરી પેન્સિલ કામ લાગી.

શાળાની ભીંતો પર ચિત્રો નહોતાં પણ જાતજાતની ભૌમિતિક આકૃતિઓનાં કાપેલાં પતાકડાંની પેટી અને તેમાં આકાર બતાવતા પટો હતા. મને અને ગટુભાઈને ગમે ત્યારે તે લઈ છૂટથી પટ ઉપર પતાકડાં ગોઠવવાનું મળતું. એમાં આજના 'મોંટેસોરી પ્રયોગો'નો અંશ હતો એમ કહેવાય.

છોકરાઓને રંગો તો કોણ આપે? સ્લેટમાં માસ્તરો ગોળ કે ચોરસ દોરી લાવવાનું કહેતા. હું મોટું ગોળ સારું દોરી શકતો. કોઈવાર આંખો નાકવાળું મોં પાડતો. ગોળમાં સૂરજનું ચિત્ર કરવું મને બહુ ગમતું. મૂછોવાળા સૂરજ કરી ગોળ ફરતાં ત્રિકોણ કિરણો પાડતો. આવી પ્રવૃત્તિને ચિત્ર કે કળા સાથે કશો સંબંધ નહોતો. અક્ષરો અને આંકડા કરતાં એક નવી રચના અને સૃષ્ટિ પેન્સિલથી થઈ શકે એવું કેટલાક શિક્ષકો સમજતા, પણ તેઓનો અનુભવ પેન્સિલનાં ચિત્રોથી અટકી જતો. રંગની પેટી કોઈની પાસે ન હોય. આજે હું સમજું છું કે બાળકની સર્જકશક્તિ અને કળાવૃત્તિમાં રંગ જ પ્રધાન તત્ત્વ છે. આ હકીકતનો સ્વીકાર કેળવણી ખાતાએ હજુ પૂરેપૂરો કર્યો નથી, તો અમલની તો શી આશા?

*

મને હજુ પણ આશ્ચર્ય અને માન થાય એવી વાત એ છે કે એ જમાનામાં મારા પહેલા ધોરણના 'સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ'માં શ્રી મંગળજીભાઈએ સ્પષ્ટ લખ્યું છે કે 'આ વિદ્યાર્થીને ડ્રોઇંગનો શોખ છે.' અફસોસ કે વડીલો અથવા કોઈ શિક્ષકે એ નોંધનો ઉપયોગ કરી મને સવેળા સહાય કે સાધનો પ્રાપ્ત કરી આપવાની કાળજી ન કરી અને મારા જીવનનો પંથ નક્કી કરતાં મને ઘણાં વર્ષો વિમાસણ, મૂંઝવણ અને કોઈ ધ્યેય વગરની તાલીમ પાછળ વિતાવવાં પડ્યાં.

એ પળે મારું અંતર ઊર્મિપ્રધાન હતું. લાગણીઓના આવેશો, તીવ્ર અને સચોટ બનતા. પિતાના મિત્રો અને પૂજ્ય પુરુષો મને ગમતા. હું તેઓનાં લાડ પામતો. એટલે ઘણી વાર અજાણ્યા સંજોગોમાં અકળાતો. એકલો પડી જતો લાગતો. તાર ઑફિસોમાં મડમો અને સાહેબો આવતા તેમને હું કુતુહલથી જોતો. એક સાહેબે આર્મી નેવી કંપનીનું કેટલૉગ આપેલું તે હું જોયા કરતો. તેમાં મને ચીની વાસણોની રંગીન પ્લેટો બહુ ગમતી. મડમોનાં મોં ગમતાં નહીં, પણ સાહેબોને મારા પિતાશ્રી જેવી ભરાવદાર મૂછો હતી તેથી ગમતા. મારા કાઢેલા ચહેરામાં એવી જ મૂછો ચીતરવા મહેનત કરતો.

*

૬ કે ૭ વર્ષની ઉંમરે જોયેલાં એક-બે નાટકો યાદ આવે છે. નથુરામ સુંદરજીનું

દરી' નાટક જોયું ત્યારે નાટકના માં કંઈ સમજ ન પડી, પણ નદીમાં આવતી પેટીમાંથી રાજકુમારીને રીંછ કૂદીને બહાર પડે છે તે પ્રસંગ રહી ગયો છે. એ જ પ્રમાણે 'વિબુધ-' નાટક જોયું. તેમાં રાજકુમારી મહેલ- ાવેલા રાજકુમારને 'ડર માં તું દિલ છોકરા,'વાળું હાવભાવવાળું ગીત કહે પ્રસંગ યાદ રહી ગયો. આજે તો આ ત પર હસવું આવે છે કે મોટી મા હોય રાજકુમારી તેના પ્રેમપાત્રને મહેલમાં વા હિંમત આપે તે કેવું અજુગતું કહે- ! એજ નાટકમાં ગદ્દાવાળા જમડા- ો દેખાવ આવતો હતો, તે ઘણા દિવસ ામાં આવ્યા હતા. બાળકો ઉપર શાની અસર પડે છે તે મોટાંઓ સમજતાં તો બાળકોના વિકાસ માટે કેટલું ોગી બને!

*

બીજી-ત્રીજી ચોપડી સુધી મારી કળા- ું શું થયું તેનો ખ્યાલ રહ્યો નથી. જી, પોરબંદર, જૂનાગઢ, રાજકોટ શ્રીની બદલીઓ થયા કરી. કોઈ સમ- ક કે મિત્ર મળ્યા નહીં. ધોરાજીમાં પોસ્ટ િસ અને જેલ પાસે-પાસે હતાં. રોજ ીઓ-ગુનેગારો જોવાના મળતા. પટા- ાઓ પોસ્ટનાં કવરો કાપતા, લાહી વતા, લાખના લાટા કરતા; એ બધું તો. ઑફિસના ટુકડા કાગળોમાંથી વાપરેલાં કવરો ખુલ્લાં કરી કોરા તરીકે વાપરતો. લાલ-ભૂરી પેન્સિલ કવચિત્ શાહી વાપરતો. કાતરથી કવર વાનું શીખી લીધું. જેલના સિપાઈઓના દાર એક હિંદુસ્તાની ભૈયાજી હતા. કરી પરથી ઊતરે ત્યારે તેની ઓરડી ઈ બેસતો. ભૈયાજી નાહી-ધોઈ સ્વચ્છ થઈ ઝાડ પાસેની દેરીમાંના મહાદેવની પૂજા કર્યા પછી રસોઈ કરે અને મારી સાથે હસી-હસાવી વાતો કરે એ ગમતું. તે કોઈ સિપાઈ હતો કે મહાત્મા?

મારા મોટાભાઈ અત્યાર સુધી વતન ભાવનગરમાં મારા કાકા સાથે રહેતા પણ વઢવાણ કેમ્પમાં મારા પિતાશ્રી રેલવે મેઈલ ઑફિસના હેડકલાર્ક થયા ત્યારે અમે બે ભાઈ સાથે રહેવા લાગ્યા. હું મિશન સ્કૂલમાં ભણતો પણ કોઈ ઠેકાણે ડ્રોઈંગ કે ચિત્રનો વિષય શાળામાં ન હતો. ભણેલગણેલ એજ સંસ્કારી માણસ ગણાતો. મારા મોટા ભાઈને નાટકો જોવાનો ભારે શોખ. નથુરામ કવિની કંપનીના ઘણા ખેલો ત્યાં જોયા. મારા મોટાભાઈના મિત્રો પણ ઘર આગળ નાટક કરે. એવા ઘરાળુ નાટકમાં એક વખત સૌરાષ્ટ્રના માજી પોલીસ ઑફિસર છેલ-ભાઈ દવેને યોગીરાજ બનેલા જોયેલા. નાટક પણ એમના જ મકાનમાં હતું.

મારા મોટાભાઈએ તો ઘર આગળ પૂંઠાનું એકાદ ફૂટનું નાનકડું સ્ટેજ બનાવ્યું હતું અને તેમાં ચડે ને ઊતરે એવા પડદા બનાવેલા. દોરી ખેંચીએ અને પડદો ઉપર ચડતો જાય એ તરકીબ મને નવાઈ ભરેલી લાગતી. નાટકશાળાના નમૂના માટે દશ્યો ચીતરવાં પડતાં. તે માટે ખરી નાટકશાળાનાં દશ્યો બરોબર નિહાળતા. તેમાંની પરસ્પેક્ટિવ એક ચમત્કાર લાગતો. મારા પિતાની ઑફિસની ફાઈલો પર ચોરસ ખાનાં આંકી અંગ્રેજી બ્લોક અક્ષરો છાપેલા જેવા લખતા. તેથી ખાનાં આંકીને અક્ષરો કરવાની રીત અમને બન્ને ભાઈઓને આવડી ગઈ. એ વર્ષમાં ૫૬-નો દુકાળ હતો અને એક જમના નામની નિરાધાર વણજારા કન્યા અમારા ઘરમાં આશરો પામી હતી. તેણે મને બહુ લોકકથાઓ કહી હતી. એટલી બધી વાતો તે

જાણતી કે કદી ખૂટતી જ નહીં.

પછી થોડો વખત ભાવનગર આવવું પડ્યું. પીરના છલા પાસેની જેલ જેવી અંધારિયા નિશાળમાં પાંચમી ચોપડી પૂરી કરી અંગ્રેજીમાં ગયો. એ દરમિયાન નથુ મંછાના જાદુના ખેલો જોયા. મારા મોટાભાઈ નાટક જોવાનો આંક વધારતા ગયા એથી એ લહેરીમાં ખપતા. એ વખતે પિતાશ્રી મહેસાણામાં પોસ્ટ ઇન્સ્પેકટર નિમાયા અને હું મહેસાણાની અંગ્રેજી શાળામાં ગયો. શાળામાં હું ઘણો નાનો લાગતો. શ્રી નટવરલાલ ભગવતીના પિતાશ્રી ભગવતી માસ્તર અમારા પાડોશી હતા. તેઓ ગાવાના શોખીન હતા. બીજા એક સુરતી પડોશી નાટકોની ચોપડીઓ સંઘરતા. એક પડોશી પાસે મહાકાળ પ્રાતઃકાળની ફાઈલો હતી. તેમાંથી મેં યોગિનીની વાત વાંચી લીધી. યોગ અને સિદ્ધિ એક આકર્ષણ બન્યું. મહેસાણામાં પતંગો બનાવતાં શીખ્યો. પહેલી વાર ચૂડીઓથી બોલતું વાજું-ગ્રામોફોન સાંભળ્યું. એક વહોરા મિત્ર પાસે મેજિક લેન્ટર્ન જોયું. દીવાથી ચિત્રો મોટાં દેખાય તે સમજાયું.

પરગામથી ભણવા આવેલો, ઓરડી રાખીને રહેતો એક ઘાંચી મિત્ર તેની ઓરડીમાં ન્યૂસપેપરો ચોડી ઉપર કાપડની છાપોની શોભા કરતો; તેથી તેને ત્યાં બેસવા જવાનું ગમતું. એટલાં બધાં રંગીન ચિત્રો પહેલીવાર જોવા મળ્યાં.

એકવાર વડનગર ગયો, ત્યાં એક મંદિરમાં રાજા રવિવર્માનાં ચિત્રો કોઈ બીજા ચિત્રકારે મોટા કદમાં ચીતરેલાં જોયાં.

સીતાભૂમિપ્રવેશ અને દ્રૌપદીવસ્ત્રહરણના પ્રસંગો હતા. એવાં મોટાં ચિત્રો સાક્ષાત્ રંગોમાં ચીતરેલાં જોઈ હું ચિત્રકારની શક્તિને દૈવી માનતો થયો. એજ પ્રવાસમાં નારાયણ હેમચંદ્રનાં વિષવૃક્ષ આદિ ઘણાં પુસ્તકો વાંચવા મળ્યાં. સાહિત્યમ ચિત્રમય, ઊર્મિમય આલેખન જોઈ મુગ્ધ બન્યો. મહેસાણામાં હતો ત્યારે જ બાયોસ્કોપ પહેલીવાર જોવા મળ્યું. તેમાં ચિત્રો ફરફડતાં લાગતાં. સંચાનો અવાજ થતો. ઘડીઘડીમાં ઝાંખાં થઈ જતાં કે બંધ પડી જતાં. ચિત્રમાં એકાદ બે પાત્રની હિલચાલ બતાવવાની નવીનતા સિવાય કંઈ પ્રસંગ કે કથા નહોતી. આ બધા અનુભવ સાથે મારા પિતાશ્રીની પ્રવાસપેટીમાં નકશા કે ઝીણા દસ્કત જોવાને એક આગિયોકાચ રહેતો તે હાથમાં આવ્યો. તેની મદદથી 'મુંબઈ કા ખેલ' જેવું ખોખું બનાવ્યું અને દીવો મૂકીને મોટું ચિત્ર બનાવવાની તરકીબ શોધવા લાગ્યો. આની ખાતર કેટલાંય ચિત્રો ટ્રેસિંગથી બનાવ્યાં, તેમાં બજારુ રંગો પૂર્યા અને ઘણીયે મહેનત કરી તેથી કંઈ ચિત્ર બન્યું નહિ, પણ ચિત્રની હથોટી સુધરી.

અત્યાર સુધી મેં પીંછી જોઈ ન હતી. ટપાલની પેટીઓ ચીતરનારા એક પેન્ટર અમદાવાદથી આવ્યા હતા. તેમને પીંછીથી અક્ષરો લખતા જોયા, તેમાં વાળ એક સળી સાથે બાંધેલા જોઈ મારી ચોટલીના થોડા વાળ કાપી, વાંસની સળી બાંધી, મેં પીછી બનાવી લીધી અને તે બરોબર કામ આપવા લાગી. પછી તો માપ વગર હું અક્ષરો લખવા લાગ્યો અને મિત્રો કે ઓળખીતાઓની છત્રી કે પેટી પર અક્ષરો લખી ગૌરવ માનતો થઈ ગયો. અમદાવાદમાં કોંગ્રેસ મળી હતી. સાથે મોટું ઔદ્યોગિક પ્રદર્શન હતું. તે જોવા મને પિતાશ્રી અમદાવાદ લઈ ગયા. પ્રદર્શનમાં ચાલીચાલીને થાકી ગયો અને તાવ ચડી ગયો, પણ એ પ્રદર્શનમાં મેં ક્રેયોનથી કરેલી કેટલીક છબીઓ જોઈ અને ક્રેયોન વાપરવાનો મનમાં શોખ થયો.

૧૯૦૨માં પિતાશ્રીની બદલી ભાવનગરમાં

ઇન્સ્પેકટર તરીકે થઈ. અને આપણે માદરેવતનમાં આવી બીજી અંગ્રેજીમાં શરૂઆત કરી. આટલા વખતમાં મોટાભાઈનો નાટ્યપ્રેમ વધી ગયો હતો. નાટકોની ચોપડીઓનાં બધાં ગાયનો સરસ રીતે ગાઈ શકતા. એક-બે મિત્રો અને એમણે તો મંડળી જમાવી હતી. સાથેસાથે તેમણે સીનસીનેરી બાબતમાં સારું જ્ઞાન મેળવ્યું હતું. પણ આ બાબતમાં ઘરનાં બધાં તેમને ટકોર કરતાં, કટાક્ષો કરતાં એટલે તેમને માઠું લાગતું અને અભ્યાસમાં ચિત્ત ચોંટતું નહીં. એમની નૈસર્ગિક શક્તિઓ સમાજના અજ્ઞાનથી કચરાતી, છુંદાતી કરમાતી જતી હતી તેનું ભાન કોઈને નહોતું. આજનો કોઈ શિક્ષણવિશારદ તેમને મળી ગયો હોત તો તે નાટ્યમાં એક અગ્રણી હોત.

*

આ વખતમાં મુખ્ય શાળાઓમાં ડ્રોઈંગ એક વિષય તરીકે દાખલ થયું હતું—જો કે તેને વર્ગપરીક્ષા સાથે કંઈ જ સંબંધ નહોતો. ડ્રોઈંગ માસ્તરને છોકરાઓ અને અન્ય શિક્ષકો 'ઢોંગ માસ્તર' પણ કહેતા. વળી અમારા ડ્રોઈંગ માસ્તર અંગ્રેજી ભણેલા. નહિ. ડ્રાફટ્સમેન ખાતામાં હતા ત્યાંથી સ્કોલરશીપ મેળવી મુંબઈ જઈ ડ્રોઇંગની પરીક્ષામાં પાસ કરી આવ્યા. એ વખતે ડ્રોઈંગમાં સર્જક કાર્ય જેવું કંઈ હતું જ નહિ. પેન્સિલથી સાદી લીટીઓ કરતાં શીખવું, એક-બે ઘન પદાર્થો અને ફળ કે પાંદડાંમાં સાદા રંગ ભરી જાડી રેખાઓ આપવી એટલું જ હતું. ડીઝાઈન જેવું કશું જ નહિ. મુંબઈમાં કેળવણી ખાતાએ સ્કૂલ ઑફ આર્ટના પ્રિન્સિપાલ બર્ન્સને એ કામ સોંપેલું અને, તેમણે અતિ રૂઢ પરિપાટી યોજેલી, તે પ્રમાણે અમારા ડ્રોઇંગમાસ્તર શીખવતા. રંગની તો કોઈ વાત જ નહોતી. બ્લેકબોર્ડ ઉપર આકૃતિઓ કરતા અને અમારે પેન્સિલથી ચોપડીઓમાં તે પ્રમાણે કરવું પડતું. મને ડ્રોઈંગના વિષય માટે ઘણો ઉમંગ હતો પણ એકલી લીટીઓ જ ઘસીને સાફ કરી બતાવવાનું આવ્યું, ત્યારે નિરાશા અને નિરુત્સાહ થયાં, છતાં મહેનત કરી માસ્તર માગે એવી રેખાઓ કરવા માંડી, ત્યારે તેમની નજર મારા પર ઠરી. ડ્રોઇંગના જૂના મોનીટરોનું અભિમાન જરા ઘવાયું, પણ છેવટે તો એ બધા કાળના પડદામાં કયાં ગયા તે આજે ખબરે નથી. ડ્રોઇંગમાસ્તરે મેટ્રિક સુધીના વિદ્યાર્થીઓની નોટો તપાસી થોડા સારા વિદ્યાર્થી તારવીને આગળ અભ્યાસ માટેનો એક નવો વર્ગ ખોલ્યો. તેમાં હું આવી ગયો. એ ચાળીસ વિદ્યાર્થીઓમાં હું સૌથી નાનો અને થર્ડ સ્ટાંડર્ડનો વિદ્યાર્થી મેટ્રિકના મહારથીઓ સાથે બેસતો, ત્યારે મને બહુ ક્ષોભ થતો. ડ્રોઇંગમાસ્તર એમની એ જૂની પદ્ધતિઓ—મોડેલ, ફ્રીહેન્ડ જયોમેટ્રીમાંથી કદી નવું તત્ત્વ ઉપજાવી શકયા નહિ અને વિદ્યાર્થીઓ ખસવા માંડ્યા. બે-ચાર રહ્યા એટલે સ્કૂલમાંનો વર્ગ બંધ કરી તેમણે રવિવારે ઘેર બોલાવવા માંડ્યા. ડ્રોઇંગમાસ્તર ભજનિક હતા. ઘરમાં ઠાકોરજીનું મંદિર રાખતા. પોતે સરસ રીતે ગાતા, ભજનો રચતા, અને ઘરમાં રવિવર્મા પ્રેસની બધી જ છબીઓ જમીનથી ભીંત સુધી ફ્રેમ કરાવી રાખતા. મને ભક્તિ કરતાં એ છબીઓમાં રસ હતો.

રવિવર્મા વિદ્યાર્થીઓને મન આદર્શ ચિત્રકાર હતા, પણ એમની કળા અને અમારા અભ્યાસક્રમ વચ્ચે કોઈ સાંકળ દેખાઈ નહિ! અમે એક-બે જણ કોઈને ઘેર સારી છબી હોય તો નકલ કરવા કરગરીને માગી લાવતા.

તસવીરો શીખવા હું મારા કાકાના મિત્ર અને રેલવે ઑફિસના કલાર્ક નરોત્તમ બાવાજી પાસે જવા લાગ્યો. તે ઑફિસની રજાઓમાં લોકોના ફોટા પાડતા અને

ચોરસ ખાનાના માપથી મોટાં ઑઈલપેઈન્ટિંગ કરતા. તેમની પાસે મેં પહેલીવાર ઑઈલ રંગો જોયા. મારી સારી નકલો જોઈને પણ લોકો મને 'ભવિષ્યમાં કળાકાર થશે' એમ કહેતા. પણ માસ્તર સાહેબ તેથી નારાજ થતા. તે તો અભ્યાસક્રમને જ પાકો પાયો કહેતા.

આખરે તેય થાકયા. વર્ગ નાબૂદ થયો, પણ હવે તો મારે એકલા આગળ જવાનું હતું. વડોદરા કલા ભવનમાંથી સેકંડ ગ્રેડ પાસ થયેલા મારા મિત્ર છગન સોની પાસેથી તેનો કોર્સ સમજી લીધો અને તૈયારી કરી, રાજકોટ જઈ પરીક્ષા આપી આવ્યો. સ્કૂલ તરફથી ન ગયો; તેથી ડ્રોઈંગ માસ્તર નારાજ થયા, પણ ભાવનગર હાઈસ્કૂલમાંથી ડ્રોઇંગ સેકંડ ગ્રેડની પરીક્ષા પાસ કરનાર પહેલા વિદ્યાર્થી તરીકે હેડમાસ્તર શ્રી એન્ટીના હાથે એક રંગની પેટી ઇનામ અપાવી. ખરેખરી રંગપેટી આ રીતે પહેલવહેલી મારા હાથમાં આવી.

ઈશ્વરકૃપાથી મને એક સારા મિત્રમંડળનો સમાજ મળ્યો હતો. તેમાં મારા પિતાના ગુરુભાઈ પૂજ્ય હરગોવિંદભાઈ સ્ટેશન માસ્તરના સુપુત્ર શ્રી હીરાલાલ પંડ્યા અમેરિકા જવાનો મનસૂબો કરતા હતા. તે મને સાથે લઈને એક વાર સ્ટેટના ગેસ્ટહાઉસમાં સ્વામી ભૂમાનંદ નામના પ્રભાવી પ્રવાસી સંન્યાસી પાસે લઈ ગયા. એઓ આર્યસમાજી સાધુ હતા અને એ જમાનામાં અમેરિકા અને જાપાનનો પ્રવાસ કરી તે તાજા આવ્યા હતા. તેમને શ્રી પંડ્યાએ મારી ઓળખાણ કરાવી ત્યારે તેમણે જાપાનના ચિત્રકારો અને બાળકોની વાત કરી તથા જણાવ્યું કે ત્યાં દરેક વિદ્યાર્થી પોતાના ખિસ્સામાં એક નોટબુક રાખે છે અને તેમાં પોતાના અભ્યાસની દરેક વસ્તુ માહિતી કે હકીકત નોંધી લે છે અથવા ચિત્ર કરી લે છે અને તેથી તેમની સ્મૃતિ અને કાર્યશક્તિ બહુ વધી જાય છે. આ વાત મેં મારા મનમાં પાકી કરી લીધી અને તે દિવસથી હું સ્કેચબુક રાખતો થઈ ગયો. ભવિષ્યમાં મારા મિત્ર સહાધ્યાયીઓમાં નિયમિત સ્કેચબુક રાખવાંવાળો હું એકલો જ ગણાયો હતો એટલું એ સમાગમથી મળ્યું સમજું છું. શ્રી પંડ્યા પાછળથી અમેરિકા ગયા. જીવનના ઘણા પ્રસંગો વટાવી મોટી પદવી અને પરિવારનાં સુખદુઃખ પછી આજે નિવૃત્ત છે. તેમના મોટા પુત્ર તે સુપ્રસિદ્ધ સદ્ગત ડૉક્ટર અનંત પંડ્યા તો ભારતનું મહાન રત્ન હતા.

*

હું મેટ્રિક સુધી આવી ગયો હતો. હવે ચિત્ર માટે વખત બગાડવો પરવડે એમ નહોતું; છતાં ઊંડે ઊંડે આગળ જવાની ઇચ્છા જીવતી રહી. અઠવાડિયાના બધા દિવસો ખૂબ વાંચવું-ભણવું, પણ રવિવારે તો એકાંતે બેસી કોઈ સારા ચિત્રની નકલ કરી હાથ વધારવો એ નિયમ રાખેલો. આ એકાંતિક સાધના વખતે ભાવનગરમાં શ્રી વાસુદેવ મહારાજનો સમાગમ મને બહુ પ્રેરક બન્યો. તેઓ રેવન્યુ ખાતામાં કારકુન હતા, પણ સંગીત અને હરિકીર્તનના ઉપાસક હતા. સાદા સંયમી પણ કલાભક્ત સંત હતો. તે કીર્તન શીખવા વડોદરા ગયેલા ત્યારે રાજા રવિવર્માને રાજમહેલમાંનાં ચિત્રો કરતા જોયેલા અને તે પછી તેમને ચિત્રોનો શોખ લાગેલો અને ઘરમાં નોટોની નોટો ભરી આલ્બમો કર્યા કરતા. તેમણે મને ચિત્રોમાં માપ મૂકીને કામ કરવાની શૈલી છોડાવી મુક્ત હસ્તે આલેખન કરવા ઉત્તેજન આપ્યું. તેઓ પોતે આ રીતે એકલા અજબ સાધના કરી શકતા. ત્રણ કે ચાર મિનિટમાં તે કોઈનું પણ મસ્તક રેખાંકિત કરી શકતા, પણ શેડિંગ અને કલરિંગનો વિકાસ કરી શકતા નહોતા.

પણ તેમની પાસેથી મેં ચિત્રકારના જીવનનો હૃદય આદર્શ અને સાધનાનું બળ મેળવ્યાં અને તેથી મારા કાર્યમાં હું અડગપણે આગળ વધી શકયો.

૧૯૦૯માં મેં મુંબઈ પહેલું જોયું. મારા સ્વ. મિત્ર ગજાનન પાઠક તે વખતે આર્કિ-લેક્ચરના વર્ગમાં હતા. તેમણે મને પહેલી વાર સર જમશેદજી સ્કૂલ ઑફ આર્ટ બતાવી, ત્યારે મનમાં ત્યાં ચિત્ર કરવા રોકાઈ જવાની પણ ઇચ્છા થઈ ગઈ હતી.

૧૯૦૯-૧૦માં મેટ્રિક ૫૦ ટકા માર્કથી પસાર કરી, ત્યારે ઘરનાં બધાંને લાગ્યું કે મારે ભવિષ્યની કારકિર્દી નક્કી કરવી જોઈએ. એ વખતે ચિત્રકારનું જીવન કોઈને આકર્ષક કે પ્રેરક લાગતું નહોતું. ચિત્રવિદ્યા એક શોખનો વિષય ગણાતી તેથી એક વર્ષ પછી પૂના એંજિનિયરિંગ કૉલેજમાં જવું એમ ઠર્યું. ચિત્રનો શોખ તો વધતો જ ગયો. એ વખતે હું સન્મુખ બેઠેલા માણસોને આબેહૂબ ચીતરી શકતો થયો. કૉલેજમાં સંસ્કૃત નાટક, અંગ્રેજી સાહિત્ય, રોમનો ઇતિહાસ હતાં. એ વિષયો ગમતા પણ ટ્રીગ્નોમેટ્રીમાં મને મૂંઝવણ થઈ છતાં ખેંચવા માંડ્યું. એવામાં એ વર્ષે કૉલેજનો રૌપ્ય મહોત્સવ કરવાનું ઠર્યું અને કમિટીએ મને તેની જવનિકા ચીતરવાનું સોંપ્યું. એ કામ મારી આવડત અને અનુભવ પ્રમાણે મેં કર્યું પણ ખરું. એનાથી બધા વિદ્યાર્થીમિત્રો, પ્રોફેસરો વગેરે એટલા બધા ખુશ થયા કે જાણે આ પ્રસંગનો નાયક હું હોઉં એટલાં અભિનંદનો મળ્યાં. છેવટ પ્રિંસિપાલે કહ્યું, 'ભલા માણસ તું તારું મગજ અહીં કાં બગાડે છે? સ્કૂલ ઑફ આર્ટમાં જઈ આર્ટિસ્ટ જ થઈ જા ને!' અને તેમના વચને જીવનનું લક્ષ્ય સંધાયું.

(અપૂર્ણ)

*

અબૂ દલામેહે એક ખલીફાની પ્રશંસા કરતું ગીત લખ્યું. ખલીફા ખૂબ પ્રસન્ન થઈ બોલ્યો: 'માગ માગ, જે માગે તે આપું.' કવિએ કહ્યું: 'મને માત્ર એક શિકારી કૂતરો આપો.'

ખલીફાએ કહ્યું: 'શિકારી કૂતરો! બસ? અરે, એથી અધિક સારું કંઈ માગી લો કવિરાજ!'

'મને પહેલાં માત્ર એક શિકારી કૂતરો જ આપો.' શિકારી કૂતરો મળી ગયા બાદ કવિ બોલ્યો:

'અરે, પણ માત્ર આ કૂતરો લઈને હું શું કરું? કૂતરો શિકાર:પાછળ દોડશે ત્યારે હું પગથી કેવી રીતે દોડી શકીશ? એટલે મને એક ઘોડો આપો.' ઘોડો મળ્યો એટલે એ બોલ્યો:

'આ ઘોડાની વ્યવસ્થા કોણ કરશે? એની સારવાર કરવાનું મને પોતાને તો કંઈ ફાવશે નહીં.'

એટલે એને એક ગુલામ આપવામાં આવ્યો. પછી તેણે કહ્યું: 'હું જ્યારે શિકાર કરીને પાછો ફરું ત્યારે મારા ને ઘોડા માટે ભોજન-ખોરાકની વ્યવસ્થા કોણ કરશે? એ માટે કંઈ જોગવાઈ કરો તમે.'

કવિને રસોઇયો અપાયો એટલે વળી બોલ્યો:

'હે બાદશાહ, આપે મને આપ્યું, ઘણું આપ્યું, પણ આ બધું હું રાખું ક્યાં? કેવી રીતે?'

એટલે કવિને એક આલીશાન મકાન આપવામાં આવ્યું. આ બધું મળ્યા બાદ કવિએ કહ્યું:

'હવે બરાબર બધી જમાવટ થઈ શકી છે, પણ આટલા આ માણસોનો ને જાનવરનો ખર્ચ હું કેવી રીતે કાઢીશ?'

એટલે આ ખર્ચને પહોંચી વળી શકે એટલી જમીન કવિને આપવામાં આવી.

એ પછી કવિ મનમાં મલકાતો--મલકાતો પોતાના નવા આવાસ તરફ ચાલ્યો ગયો.

×

ત્રીજ

ઊંચા ઊંચા પર્વત ઊભા,
તળિયા હીન દરિયાવ;
વચગાળેતું શૂન્ય સ્મરકતું,
કરત અસ્મિતા દાવ ?
ના પૂનમ, નહિ બીજ,
તને કોણ સંભારે, ત્રીજ ?

પોલા હૃદયનો ખૂંચે વાંસડો,
આ કે પેલે પાર;
સમિર તણી એ બંસી બનતો,
ગૌરવનો આકાર;
ડૂબે, ડુબાવે આધારીને,
સરતા વચલી ધાર.
ના પૂનમ, નહિ બીજ,
તને કોણ સંભારે, ત્રીજ ?

એક આંકડો એકલવાયો,
પાડે સર્જક ભાત;
એકાંતીને કથળે જાડી,
સરવાળી તાકાત.
ના પૂનમ, નહિ બીજ,
તને કોણ સંભારે. ત્રીજ ?
‘અવગણનાથી ઝાંખી તોયે,
હું છું ત્રીજની ત્રીજ !’

ડૉ. કૃષ્ણલાલ શ્રીધરાણી.

પારકે ઘેર

લેખક :

શ્રી પીતાંબર પટેલ

એમ. એ.

ચ્ચો...’

‘સ્વાર્થી...’

‘નીચ, દુષ્ટ, હલકટ...’

‘દુષ્ટતાને પણ હદ હોય, પણ આ તો ક છે.’

‘પહેલાં એણે ભણતર લજાવ્યું, હવે ણસાઈ લજાવી રહ્યો છે...’

સોમો તેના મિત્ર હીરાલાલનો પત્ર વાંચી કાર આપી રહ્યો હતો. પત્ર વાંચી ઉશ્કેરાઈ ગયો હતો, એને ગાળો ભાંડી રહ્યો હતો. આવેશમાં આવી તે હીરાલાલને સંભળાવતો ય તેમ બોલી ઊઠ્યો :

‘ધિક્કાર હજો તારા અવતારને! પરણેતરને પાળવી તો દીસતી રહી, પણ તેને ગળે પો દેવા તૈયાર થયો છે?’

પહેલીવાર પત્ર વાંચ્યો ત્યારે તો સોમાથી ડીભર મનાયું પણ નહિ કે આવું તો કોઈ લખી શકતું હશે? બીજીવાર ધીમેધીમે, શબ્દેશબ્દનો અર્થ કરતો હોય તેમ વાંચી ગયો અને રોષથી તેનાં રૂંવેરૂંવાં ખડાં થઈ ગયાં. હીરાલાલ તો શું પણ કોઈ પણ માણસ આવું લખી શકે ખરો? સોમાના ગળામાં પત્રની વાત જ ઊતરતી ન હતી અને વિશેષ રોષ તો તેને એના દુષ્ટ કર્મમાં ભાગીદાર બનવાનું કહ્યું હતું એથી થયો હતો.

હીરાલાલ આફ્રિકાથી ક્યારેક પત્ર લખતો. રાજીખુશીના સમાચાર અને તેની પ્રવૃત્તિની વિગત લખતો. આ ફેરે જરા લાંબા અંતરે પત્ર આવ્યો હતો. પણ તેમાં તો હીરાલાલે તેને એક કાળું કામ સોંપ્યું હતું.

‘આવું લખતાં એ લાજીયે મરતો નથી?’ બબડી સોમાએ ત્રીજીવાર પત્ર વાંચવા માંડ્યો :

‘તને એક મહત્ત્વનું કામ સોંપતાં આ પત્ર લખું છું. અને મને વિશ્વાસ છે કે તું એ કામ કરી શકીશ.

તું તો જાણે છે કે મારું લગ્નજીવન બગડી ગયું હતું. શકરીનો કર્કશા સ્વભાવ તો તું બરાબર પિછાને છે. એની કડવી જીભે મને કેવો ત્રાસ આપ્યો હતો એનો પણ તું સાક્ષી છે. ગયા ભવની વેરણ હોય તેમ તેણે મને હેરાન કરવામાં કંઈ બાકી રાખ્યું નથી. તેને ભણવાનું કહ્યું તે ન માન્યું. અનુકૂળ કરવા અને થવા ઘણાય પ્રયત્ન કર્યા પણ તેમાંય નિષ્ફળ ગયો. એ કૂતરીની પેઠે છેક સુધી ભસતી જ રહી. એવીની સાથે એક દિવસ પણ જિવાય જ કેમ? છતાં હું પૂરા વર્ષ સુધી સાથે રહ્યો. તેની ગાળો ગળી ગયો. મારા મિત્રોમાં મારી હાંસી થાય તેવાં તેનાં અપમાનો પણ સહી લીધાં. એ અભણ હતી તે ચલાવી લેવાય, ઓછી આવડતવાળી હોય તેય નિભાવી લેવાય, પણ કર્કશા સ્વભાવ તો હરગીઝ ન સહી શકાય! અને તે ય એક બે દિવસની વાત હોય તો ઠીક છે. એવી પત્ની સાથે જિંદગી કેમ જીવી શકાય? એટલે હું એ માનસિક ત્રાસમાંથી છૂટવા આફ્રિકા આવ્યો. આ બધી ઘટનાઓ તું બરાબર જાણે છે છતાં ફરીવાર એટલા માટે લખું છું કે હું તને જે કામ સોંપવા માગું છું તેમાં ન્યાય કરી શકે.

આફ્રિકામાં હું થાળે પડી ગયો. ઠીકઠીક કમાતો પણ થયો છું, હંસા સાથે પરણી પણ ગયો છું. અમારો સંસાર પણ સુખી છે. મારે જેવી પત્ની જોઈતી હતી તેવી હંસા મળી છે. અને તને ખુશ ખબર આપું કે હું

એક પુત્રનો પિતા પણ બન્યો છું. એનું નામ અમે ભરત રાખ્યું છે. કાકા તરીકે ભરતને આશિષ મોકલજે.

પણ મહત્ત્વની વાત તો બીજી છે. હંસા અહીંના સ્ત્રી સમાજમાં કામ કરે છે. હું પણ અહીંની કલબોમાં, મંડળોમાં ઉત્સાહથી કામ કરું છું. આવી જાહેર પ્રવૃત્તિના કારણે તો હું હંસાના પરિચયમાં આવ્યો અને તેને પરણી શક્યો. મારે પ્રથમવારની પત્ની છે એ વાત મેં એક હંસાથી છુપાવી નથી. બીજા તો કોઈ જાણતા નથી. પણ મને અને હંસાને સતત એ ભય સતાવી રહ્યો છે કે કોઈ જાણે કે આ તો એક પર બીજી તરીકે આવી છે તો જાહેર જીવનમાં અમારું શું સ્થાન! હંસા તો સ્ત્રીઓ માટેનું એક માસિક પણ ચલાવે છે. તે મહિલા મંડળની મંત્રી પણ છે. હું પણ અમારી કલબનો મંત્રી છું. આ સમાજમાં અમે એક આદર્શ દંપતી તરીકે ઓળખાઈએ છીએ. પણ જે દિવસે આ દુનિયા જાણે કે મારે પ્રથમવારની પત્ની વતનમાં જીવતી બેઠી છે, ત્યારે અમારું શું સ્થાન રહે?

તેમ એક બીજી વાત પણ વિચારવા જેવી છે. મારું અને શકરીનું તો કજોડું હતું. અમારી વચ્ચે માનસિક અંતર એટલું બધું હતું કે કદીય સુખી ન થઈ શકીએ. તેમ આ લગ્નમાં મારી તો કોઈ જવાબદારી પણ ન હતી. મારું બાળલગ્ન કરેલું. એ પછી તો હું ભણ્યો. શકરી સામે અભણ રહી અને નરી જડતા કેળવી. હું એવી બીજાની ભૂલનો ભોગ થવા માગતો ન હતો. એટલે આફ્રિકા આવી હંસા સાથે પરણી ગયો. મેં જેમ મારો રસ્તો કર્યો તેમ શકરી શીદ ને એનો રસ્તો ન કરી લે? એ પણ બીજે પરણી જાય તો શું ખોટું? અમારા લગ્નમાં હું એને લાયક નહોતો અને તે મારે લાયક નહોતી. તેને જો ખેતીવાડી કરનાર પતિ મળ્યો હોત તો તે વિશેષ સુખી થાત. હજી ક્યાં બાજી બગડી ગઈ છે? એ બીજે પરણી જાય તો તને કેમ લાગે છે? અને આપણી જ્ઞાતિમાં તો આવાં પુનર્લગ્નો થાય છે. છૂટાછેડા પણ લઈ શકાય છે. તો આ કામ તને સોંપું છું. તારામાં શકરીને વિશ્વાસ છે. તું, એક માત્ર તું જ એને સમજાવી શકે તેમ છે. તો શીદ ને એની જિંદગી બગાડવી?

તો આ મહત્ત્વનું કામ તને સોંપું છું; શકરી સુખી થાય એ ખાતર પણ તારે આ કામ કરવું જોઈએ. તું એને અને એના પિતાને સમજાવી શકે તો કામ સરળ થઈ જાય. હું જેમ બીજા લગ્નથી સુખી થયો તેમ તે પણ થાય એમ ઇચ્છું છું, એથી તો મારા મનમાં જે વાત કેટલાય વખતથી રમતી હતી તે તને લખું છું. તું આ બાબતમાં મને અને શકરીને મદદરૂપ થઈ પડીશ એમ ઇચ્છું છું.

બાળપણની મૈત્રીથી આપણે એકબીજાની શક્તિઓ અને મર્યાદાઓ બરાબર પામી શક્યા છીએ. તું આમાં બીજો કોઈ દુષ્ટ હેતુ શોધવા પ્રયત્ન ન કરતો. હું શકરીને ખાધા-ખોરાકી આપવામાંથી છટકી જવા માટે આ ત્રાગડો રચું છું એમ રખે માનતો. એમ તો મારા ભાગની જે જમીન છે એ એની જ છે ને! પણ આ તો અમારા વડીલોએ જે ભૂલ કરી છે એ સુધારવાનો પુરુષાર્થ છે. શકરી બીજે પરણી જાય તો મને પણ એટલો તો સંતોષ રહે ને કે એ ઠેકાણે પડી ગઈ, સુખી થઈ. આમ તો જિંદગી બગડી ગઈ છે, તો શીદ ને ન સુધારવી? અને સુધારવાની પૂરેપૂરી શક્યતા પણ છે. મને વિશ્વાસ છે કે તું શકરીને સમજાવી શકીશ. આ વિશે વધુ તો શું લખવાનું હોય? તું તો અડધી વાતમાંથી આખી વાત પામી જાય એવો છે!

અચ્છા તો, આ બાબતમાં શું થયું તેનો તવાર પત્ર લખજે.'

પત્ર વાંચી સોમાને થયું, માણસ કેવી વંચના કરી શકે છે! શકરીના સુખની આડે ધરી પોતાનું કામ પાર પાડવા સુફિયાણી સલાહ આપી છે! પણ એ એટલું વિચારતો નથી કે શકરીને શામાં છે? એને છતા ધણીએ બીજો ધણી વાની સલાહ તે કયા મોંએ આપતો હશે? વાત કરતાં તેની જીભ જ ચિરાઈ ન જાય!

સોમો પત્ર વાંચીને વ્યાકુળ બની ગયો. રાલાલ ગબડતો ગબડતો કેટલે નીચે જઈ છે! મિત્રનું જે રીતે અધઃપતન થઈ હતું એથી તે મનમાં દુઃખી થતો હતો.

હા, હીરાલાલનો અને શકરીનો સંસાર નહોતો, એનો સોમો સાક્ષી હતો. સોમો અને હીરાલાલ લંગોટીઆ મિત્રો. સોમો ભણી શક્યો અને ખેતીમાં જોતરાઈ ગયો. હીરાલાલ ભણીને વકીલ થયો, છતાં મૈત્રી તો ને એવી ઉષ્માવાળી હતી. એથી તો હીરાલાલ તેની આગળ શકરી બાબતમાં વરાળ કાઢતો.

સોમો એટલું તો કબૂલ કરતો હતો કે શકરી હીરાલાલને લાયક નહોતી. બંને વચ્ચે ઘણું અંતર હતું. પણ હીરાલાલે પત્રમાં શકરી પર જે દોષારોપણ કર્યું હતું, તે સોમાને માન્ય ન હતું. હીરાલાલને શકરી બે કારણે નહોતી ગમતી. એક તો તે અભણ હતી અને એથી ય વિશેષ તો તે કજિયાળી હતી એ કારણે. તે ગામડાના જડ વાતાવરણમાં ઊછરી હતી એથી હીરાલાલને માઠું લાગે તેવું બોલી જતી. પાછી જરા આકરા સ્વભાવની પણ ખરી. પણ સોમો માનતો હતો કે ધીમેધીમે તે સુધરી જશે. નવા વાતાવરણમાં તે ઘડાઈ જશે. પણ હીરાલાલે કદી એવો પ્રયત્ન કરેલો નહિ તેમ ધીરજ પણ રાખી નહિ. તેને પૂર્વગ્રહ બંધાઈ ગયો હતો કે આવી પત્ની સાથે તો કદી સુખી થવાય જ નહિ.

તે આફ્રિકા ગયો હતો તે પણ માત્ર શકરીના કારણે નહિ; તેની વકીલાત સારી ચાલતી ન હતી ને આફ્રિકામાં સારો 'ચાન્સ' મળે તેમ હતો, એટલે તે ગયો હતો. એ વખતે કોઈને પણ કલ્પના ન હતી કે તે ત્યાં જઈ પરણી બેસશે. ઊલટું સોમો તો એમ માનતો હતો કે શકરી એકલી પડશે એટલે તેને તેના સ્થાનનો ખ્યાલ આવશે. તેના કજિયાળા સ્વભાવ માટે લાગી આવશે. તે પોતે પતિને અનુકૂળ થવા પ્રયત્ન કરશે.

પણ ત્યાં તો હંસાને પરણી ગયો છે એવો હીરાલાલનો પત્ર મળ્યો, ત્યારે એકલા હીરાલાલના ઘરમાં જ નહિ, ગામમાં; એકલા ગામમાં જ કેમ, આખા પરગણામાં હો–હાકાર થઈ ગયેલો. 'ભણ્યો કણબી કુટુંબ બોળે તે આનું નામ!' કહી સૌ ભણતરને નિંદતા હતા. હીરાલાલના નામ પર સૌ થૂંકતા હતા.

અને શકરી? સોમાના ઘેર આવી, સોમાની વહુ મેનાંના ખોળામાં માથું મૂકી હીબકે હીબકે રડી હતી. તેનું આક્રંદ હજુ ય સોમાથી ભુલાયું ન હતું.

'આવું કરવું હતું તો મને અફીણ પાઈને કેમ ન ગયા! અરેરે...મારા જીવતરમાં શીદને લ્હાય મૂકી રે...'

શકરી રડતી હતી. માથું પછાડતી હતી. ફળફળતા નિઃશ્વાસ કાઢતી હતી.

'આના કરતાં તો મને જીવતી મારી નાખી હોત તો ય સારું...હવે તો હું કયાંયની ય ન રહી.'

તે દિવસથી શકરી રડતી, કળકળતી, વલોપાત કરતી ત્યક્તાનું જીવન જીવે છે. હાથે બંગડીઓ છે એટલું જ, બાકી તેના જીવતરમાં તો હંમેશને માટે હિમ પડી ગયું છે.

છતા પતિએ વિધવાથી ય બદતર જિંદગી જીવવી પડે છે. તે તેની સાસુની સાથે ભેંસ રાખી છાશ ને રોટલો ખાઈ જીવે છે. હીરાલાલ પૈસા મોકલતો નથી એની ય તેણે કદી ફરિયાદ કરી નથી. પોતાના દુઃખનાં પણ કદી રોદણાં રોયાં નથી. ઊલટી જ્યારે સોમો મળતો ત્યારે પૂછતી:

'હમણાં તમારા ભાઈબંધનો કાંઈ કાગળ-પત્ર આવ્યો છે કે? એમનું શરીર તો નરવું છે ને?'

તબિયતના સમાચાર સિવાય શકરી કદી બીજી જળોજથામાં પડતી નહિ. હીરાલાલ ક્ષેમકુશળ છે એવા સમાચાર સોમાના મોંએ સાંભળી તે અંતરથી કેવી હરખાતી! જે નિરંતર પતિનું સુખ ઝંખતી હતી, આબાદી વાંછતી હતી, એવીને સોમો કયા મોંએ બીજે પરણી જવાની વાત કરી શકે?

તેને હીરાલાલ માટે કદી ય નહોતો ચડ્યો એવો રોષ ચડ્યો. એક તો આ બિચારીના જીવતર પર પૂળો મૂકયો છે ને ઉપરથી કેવા ડામ દઈ રહ્યો છે! તેય એના નીચ સ્વાર્થ ખાતર! સોમાને એવી તો ખીજ ચડી કે તેનું ચાલે તો છેક આફ્રિકામાં જઈ તેના જોડાથી હીરાલાલના માથાના વાળ જ ખેરવી દે.

'આ બિચારી ભેંસ રાખીને જીવી રહી છે એય એનાથી નથી ખમાતું!'

'અલ્યા એટલો તો વિચાર કર!' સોમો ફરીવાર બબડી ઊઠ્યો: 'એને બીજે જવું હોત તો શીદ ને અહીં છાશ ને સૂકો રોટલો ખાવા પડી રહી હોત? એ કયારનીય બીજે બેસી ગઈ હોત. તું કયાં આડો હાથ ધરવા આવવાનો હતો?'

શકરી કેવી હસતે મોંએ જિંદગી જીવી રહી હતી! સોમો કયારેક તેને કહેતો:

'ભાભી! કંઈ જોઈતું કરતું હોય તો આંગાશો નહિ હોં. બેલાશક કહેજો.'

ત્યારે શકરી એક જ જવાબ આપતી:

'સોમાભાઈ! મારે વળી શું જોઈએ? ખાઈએ છીએ, પીએ છીએ ને લહેર કરીએ છીએ. જમીન છે તેમાંથી ભાગના દાણા આવે છે ને દૂઝણું છે એમાંથી ખર્ચી નીકળે છે.'

પંડ્યનો ધણી ત્યજીને જતો રહ્યો હોય એ સ્ત્રીના હૈયામાં કેવી ભડભડ હોળી સળગતી હશે! છતા ધણીએ ઓશિયાળું જીવન જીવવું કોને ગમે? સંસાર સળગી ગયો હોય છતાં હસતું મોં રાખવું કેટલું દોહ્યલું છે! તેમાંથી શકરીના કપાળે તો શોકયની કાળી ટીલી લાગી હતી, છતાં હળાહળ ઝેર પચાવી ગઈ હોય તેમ હંમેશાં સૌની સાથે રૂપાળું હસીને બોલતી–ચાલતી.

માથે જેઠજેઠાણી હતાં. પણ ખુદ ધણી સગો ન થયો તો એ શાનાં બદે? એટલે તો સાસુને લઈને જુદી રહી હતી. પોતે આકરા સ્વભાવની હતી છતાં સાસુને કદી ઊંચે સાદે બોલી ન હતી. એ કારણે તો હીરાલાલની બા જે–તેને કહેતાં:

'મારે તો આ સાચો દીકરો છે. ઘૈડપણમાં એ એકલી ચાકરી કરે છે.'

આ રીતે ઊજડી ગયેલા સંસારને અમી સીંચીને હસતો રાખવાનો પ્રયત્ન કરનાર શકરીને શેં કહેવાય કે તું બીજે પરણી જા!

તો...તો ઊછળીને ગળું જ ન ડસી લે! જીભ જ ન ખેંચી લે?

'હીરાલાલ...હીરાલાલ...તું ભણ્યો પણ ગણ્યો નહિ, નહિ તો સ્ત્રીનું હૃદય તું ઓળખી શકયો હોત!'

આ પત્રની સોમાના મન પર એવી તો અસર થઈ કે તે ગમગીન થઈ ગયો. તેની વહુ મેનાં બિચારી ચિંતા કરતી હતી. એ આમ કેમ થઈ ગયા હશે? કેમ મન મૂકીને વાતે કરતા નથી? એવું તે હીરાભાઈએ

માં શું લખ્યું છે કે આખો દા'ડો મનમાં ગોઠવ ગોઠવ કરે છે?

તેણે સોમાને કેટલીય વાર પૂછ્યું, સમ ખવડાવ્યા તો ય તેણે ટૂંકો જ જવાબ ો:

'કંઈ નથી, નકામી તું જીવ ખાય છે!'

'ન કહો તો બચુડાના સમ! મારા- પેટ સંતાડશો?'

તો ય સોમાએ ખુલાસો ન કર્યો. 'કંઈ ...કંઈ નથી...' એ જવાબથી મેનાંને તોષ ન થયો. તેણે આફ્રિકાથી આવેલો જોયો હતો. એ પછી એમને કંઈક થઈ છે એટલું તે જાણતી હતી. એટલે એનો જાણવા તે શકરીને ત્યાં ગઈ. પણ શકરી તી હોય તો કહે ને?

શકરીનું ઘર બીજા વાસમાં હતું. એટલે તેને મળ્યો પણ ન હતો. તેના પગ ત્યાં શાના પડે? પણ બે દિવસ પહેલાં ખેતરમાંથી આવતો હતો ત્યારે શકરી પાવા જતી હતી. તેને જોઈ ને તે ઊભી ને પૂછેલું:

'ભાઈ! હમણાંથી કાગળપત્ર નથી આયો?'

સોમાને ખોટું નહોતું બોલવું તોય લવું પડ્યું:

'ના, હજી સુધી તો પત્ર નથી આવ્યો.'

'તાણ તમે જ લખો ને! દેશાવર કહે- ...માંદા સાજા હોય તોય શું ખબર પડે!'

સોમાને લાગ્યું કે તે જો વધુવાર વાત તો ગળગળો થઈ જશે. એટલે તે આજે જ પત્ર લખી દઈશ,' કહી મોં ચાલતો થયો.

મેનાંએ આફ્રિકાના કાગળની વાત કરી, શકરીને તેનો એ શક પાકો થયો. તેને નું ય થતું હતું;

'મે તેવું કામ માથે લટકતું હોય તોય ભાઈ આ રીતે ચાલતી ન પકડે. માનો ન માનો પણ નારાજ દેખાતા હતા!'

એ રાતના શકરી સોમાને પૂછવા સામા પગલે તેને ઘેર ગઈ. મેનાંએ શકરીને પત્ર આવ્યો છે એ સમાચાર કહી દીધા એથી સોમો એના પર નારાજ હતો. તેને ધમકાવી પણ ખરી. પણ શકરી પૂછતી આવી એટલે કેમ કરીને છુપાવે કે પત્ર નથી આવ્યો?

'સોમાભાઈ,' તે દા'ડે કેમ વાત છુપાવતા હતા કે કાગળ નથી આવ્યો? તમે પેટ ખોલીને વાત કરતા નથી. ન'કુ જરૂર કાંઈ ભેદ છે!'

'ભાભી! હવે બીજો શો ' ભેદ હોય? જે ભેદ હતો તે તો જગજાહેર થઈ ગયો છે.'

'તો પછી આમ ઘીમાં માખી પડે એમ કેમ ગમગીન થઈ ગયા છો! મેનાંને પણ કંઈ કહેતા નથી. નક્કી તમે વાત છુપાવો છો.'

સોમો તો 'કંઈ નથી...કંઈ નથી,' એમ ઘણું ય કહેતો હતો. પણ તેનું પડી ગયેલું મોં અને આર્દ્ર બનેલી આંખો કહી રહી હતી, કે કહેવા જેવું છે તે તો નક્કી, પણ તેની જીભ ઊપડતી નથી.

'એ તો સાજાનરવા છે ને? બચુડા તો સારો છે ને?'

'હા...હા...બધાંય ઘોડા જેવાં છે.'

'તો પછી કેમ એ દા'ડે 'કાગળ નથી' એમ કહેતા હતા?' શકરી જડતી લેતી હોય એમ પૂછતી હતી. તે કાગળનો ભેદ જાણવા એવી તો અધીરી બની ગઈ હતી કે જાતજાતનાં અનુમાનો કરીને વાત કઢાવતી હતી, પણ તેની કલ્પના એટલી હદે કયાંથી પહોંચે? શકરી ગળગળી થઈ ગઈ હતી. સોમો જરૂર વાત છુપાવે છે. તેને ન કહેવાય એવું કંઈક એના વરે લખ્યું છે. આ શંકાથી તે એવી તો વ્યાકુળ બની હતી કે તેણે છેવટે સોમાને સમ ખવડાવ્યા:

'સોમાભાઈ! જો તમે સાચી વાત ન

કહો તો અંબામાના સમ! મારા દિલને ઉચાટ થાય છે; જે હોય તે કહી દો.'

મેનાં પણ અકળાઈ ગઈ હોય તેમ બોલી:

'બળ્યું, આમ શું કરતા હશો? આવા સમ ખવરાવે છે તોય કહેતા નથી? તમે ન કહો તો એને બિચારીને શે ઊંઘ આવે?'

'હું કહીશ તોય એની ઊંઘ ઊડી જશે,' તંગ આવી ગયો હોય તેમ સોમો બોલ્યો.

'મારી ઊંઘ તો કયારની ય ઊડી જ ગઈ છે. જે થવાનું હતું તે તો થઈ ગયું. હવે શું બાકી રહી ગયું છે એ તો જાણું.' અને સમાચાર સાંભળવા શકરી સહેજ નજીક આવી.

સોમાને ઘડીભર તો થઈ ગયું કે તે સાચા સમાચાર ન કહે, પણ બનાવટ કરીને શીદ ને શકરીને છેતરવી? એનો મત જાણવામાં શું જાય છે? પાછી તે કેવા સમ ખવડાવી બેઠી છે!

ને ખાસી ગડમથલના અંતે તેણે કાગળનો સાર કહી દીધો.

એ સાંભળી એક માત્ર શકરી જ નહિ, મેનાં પણ ઠરી ગઈ. જાણે લક્કડિયું હિમ પડ્યું હોય તેમ બંને જણાં અવાક્ બની ગયાં. સોમો પણ શું બોલે? ઘરમાં સ્મશાનશાંતિ છવાઈ ગઈ. શકરી તો જમીનમાં ઊતરી જતી હોય તેમ નીચે મોં ઢાળીને બેસી રહી હતી. વચ્ચે વચ્ચે સોમાની અને મેનાંની આંખો અથડાઈ જતી હતી.

સોમાથી ન રહેવાયું તે મેનાં પર રોષ ઠાલવ્યો:

'હું કયારની વાતનો ના પાડતો હતો તોય આદું ખાઈને પાછળ પડી હતી. લે, વાત જાણીને શું કાંદા કાઢ્યા?'

'સોમાભાઈ!' કરમાઈને લળી પડેલા ફૂલની પેઠે લચી પડેલી ડોક ઊંચી કરીને શકરી ધીમેથી બોલી, 'એમાં એની બિચારીનો શો વાંક છે? વાંક છે મારા કરમનો? કરમ ફૂટી ગયું હોય એમાં કોઈ શું કરે?'

શકરીએ સંયમ તો ઘણો ય રાખ્યો પણ બંધ તોડીને પાણી ધસમસતાં વહેવા માંડે, તેમ તેના હૈયાની વેદના આંખમાંથી વહેવા માંડી.

'સોમાભાઈ, મને બીજું તો કાંઈ થતું નથી પણ જે ઘરમાં હું પરણીને આવી એ ઘરમાં પડી રહું એય તેમનાથી નથી ખમાતું!' અને હીબકું મૂકીને બોલી. 'વાસનું કૂતરું હોય ને આંગણા આગળ છાનુંમાનુ પડ્યું રહેતું હોય તોય હાડ્ય કહેતા નથી. હું એમાંથી ય ગઈ!'

શકરીને ખાસ તો એ લાગ્યું કે તે કોઈ વાતે તેમની આડે આવતી નથી. એ ત્યાં છે અને તે અહીં છે. તે કોઈ રીતે તેમને ભારે પણ પડતી નથી. તે તેનું પેટ ભરી લે છે, તો શીદ ને આવા ઘોંચપરોણા કરતા હશે?

મેનાં પણ બોલી ઊઠી:

'આ હીરાભઈ તે માણસ છે કે શું? પંડે ધણી થઈને આવું લખતાં ફાટી ય ન પડ્યા? શકરી તો બચારી ભલી છે તે મજૂરી કરીને પેટ ભરે છે. મારા જેવી હોત તો કેસ કરીને ખાધાખોરાકી માગે. એક તો ઉપરથી શોકય લાવ્યા ને હવે આવો ઢેડફજેતો કરાવવો છે. મૂઉં એમનું ભણતર!'

શકરીનું હૈયું ગરોળીની કપાયેલી પૂંછડી તરફડે એમ તરફડી રહ્યું હતું. તેના ચારિત્ર્ય પર તેના પતિએ જ આળ ચડાવ્યું હોય ને જેવી ચીસ નાખે તેવી ચીસો નાખતું હતું. તે પગ વચ્ચે માથું રાખી રડતી હતી—અસહાય બનેલું બાળક રડે તેમ!

મેનાંએ તેને શાંત કરી અને પાણી પાયું. સોમાએ પણ આશ્વાસન આપ્યું.

ઊઠતાં ઊઠતાં શકરી બોલી:

'સોમાભઈ, તમારા ભાઈબંધને લખો તો લખજો કે શકરી જે ઘરમાં ચૂંદડી ઓઢીને

છે એ ઘરમાંથી હવે તો ચૂંદડી ઓઢેલી ઠાઠડી જ નીકળશે.’

શકરી એવી રીતે બોલી કે સોમાને પણ શબ્દો ભયજનક લાગ્યા. એથી તો તેણે [illegible] તેના ઘેર સુધી મૂકવા મોકલી. એ [illegible] શકરીની સાસુ માંડીમાં ઢાળેલા ખાટ-[illegible] બેઠાં માળા ફેરવી રહ્યાં હતાં.

‘આવજો, સુખિયાં થજો…’ કહી મેનાં [illegible] ફરી.

…ને બીજા દિવસે સવારે એકલા સોમાએ [illegible] પણ આખા ગામે જાણ્યું કે હીરાની [illegible] વખ ઘોળીને દેહ પાડ્યો.

કંઈ હતું નહિ. રૂપાળી સાજીનરવી હતી. સાસુ-વહુ નિરાંતે સલાહસંપથી રહેતાં હતાં. એવું તે શું બની ગયું કે શકરીએ વખ [illegible]ું? જે ને તે ડોસીને પૂછતાં હતાં. પણ [illegible]ારાં ડોશી જ આ સવાલ પોતાની જાતને [illegible] રહ્યાં હતાં તો કોને જવાબ આપે? જે આ આપઘાતનો ભેદ જાણતાં હતાં [illegible] તો એવાં ડઘાઈ ગયાં હતાં કે ઘરમાંથી બહાર પણ નીકળતાં ન હતાં. મેનાં છેલ્લે [illegible] ગઈ હતી; એટલે ઘણાં બૈરાં તેને પૂછતાં. પણ મેનાં શો ખુલાસો કરે?

સોમો તો શકરીના આપઘાતના આઘાતથી કાપો તો લોહી પણ ન નીકળે એવો થઈ ગયો હતો. તે પોતાની જાતને ઠપકો આપતો હતો, ‘મારા તે શા ભોગ લાગ્યા તે મેં શકરીને એ અકરમીના કાગળની વાત કરી?’

શકરીના આપઘાત વિશે ગામમાં જાતજાતનાં અનુમાનો થવા લાગ્યાં.

સોમાએ હીરાલાલને વળતો પત્ર લખ્યો. તેમાં એટલું જ લખ્યું:

‘તારો માર્ગ ચોખ્ખો કરવા શકરી બીજે—પારકે ઘેર ચાલી ગઈ છે. તે એટલે દૂર ગઈ છે કે હવે તેની છાયા તારા પર તો શું પણ આ ધરતી પર પણ પડવાની નથી. જીવતાં તો તેને હખે ન રહેવા દીધી, હવે તો બિચારીનો છાલ છોડજે…’ અને પત્ર બીડતાં પહેલાં એક લીટી લખ્યા સિવાય સોમાથી ન રહેવાયું:

‘તારા પાપે બિચારીએ સમાચાર જાણી અફીણ ઘોળ્યું, હવે તો તમને બેય માનવીઓને શાંતિ થશે ને!’

☆

બીજા વિશ્વયુદ્ધ વખતે યુરોપના એક પ્રદેશ પર જર્મનીએ ચઢાઈ કરી ત્યારની એક દંતકથા છે. [illegible]નો કબજો લીધા પછી ત્રણ આગેવાન ખેડૂતોને લશ્કરી અફસર સામે ખડા કરવામાં આવ્યા. અફસરે પૂછ્યું:

‘તમે લોકો તમારાં બતકાં–મરઘાંને શું ખવડાવો છો?’

‘દાણા.’ જવાબ મળ્યો.

‘તો તમને ગિરફતાર કરવામાં આવે છે. અનાજના દાણા લશ્કરી સિપાહીઓને ખાવા માટે છે, [illegible]-મરઘાંને નહીં!’

એ જ સવાલ બીજાને પુછાયો ત્યારે તેણે જવાબ દીધો:

‘ફોતરાં–અનાજનાં ફોતરાં ખવડાવીએ છીએ.’

‘તમને પણ પકડવામાં આવે છે. અમે એનું કાપડ બનાવીએ છીએ,’ અફસરે કહ્યું ને પછી ત્રીજા [illegible] ફરીને એ જ સવાલ એણે કર્યો ત્યારે જવાબ મળ્યો:

‘હું તો મારાં મરઘાં–બતકાંને પૈસા આપું છું ને એમને કહું છું કે તમે બહાર જઈ તમારો ખોરાક [illegible] જાતે જ મેળવી આવો.’ એને મુક્ત રાખવામાં આવ્યો!

×

જીવ અને જગત

લેખક:

સ્વામીશ્રી માધવતીર્થજી

માણુસના જીવનમાં જીવ અને જગતની ઉત્પત્તિ અને તેના પ્રલય બાબતના પ્રશ્નો જૂના વખતથી ચાલ્યા આવે છે અને તેનો સંતોષકારક ખુલાસો અઘરો પણ છે. એવા પ્રશ્નો સમજવા માટે કાંઈક વિશેષ બુદ્ધિની જરૂર પણ પડે છે. સામાન્ય માણસની બુદ્ધિ એવી હોય છે કે તેને આવી બાબતો કાંઈક વાર્તા દ્વારા અથવા રૂપક દ્વારા કહીએ તો જ સમજી શકે છે. હિંદુ ધર્મમાં કહેલું છે કે ઉત્પત્તિ, સ્થિતિ અને લયના કર્તા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ છે. એક જગ્યાએ અત્રિ મુનિ અને અનસૂયા રહેતાં હતાં. ત્યાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ભિક્ષા માગવા ગયા. ઘરમાં અનસૂયા એકલાં હતાં. એ ત્રણે દેવોએ અનસૂયાને કહ્યું કે ‘તમે નગ્ન થઈને ભિક્ષા આપો તો લઈએ.’ અનસૂયાએ પોતાના તપના બળથી એ ત્રણેના ઉપર પાણી છાંટીને ત્રણેને બાળક બનાવી દીધા અને પછી ભિક્ષા આપી. આ કથામાંથી રૂપકનો ભાગ બાદ કરીએ અને અધ્યાત્મભાવે સમજવાનો પ્રયત્ન કરીએ તો જેનામાં દ્વેષબુદ્ધિ હોય તેને અસૂયા કહે છે. જેનામાં દ્વેષ ન હોય તેને અનસૂયા કહે છે. તે ત્રણ ગુણથી રહિત અ–ત્રિને પરણી શકે છે, અને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને બાળક બનાવી દે છે. એટલે જેનામાં રાગદ્વેષ નથી, તેને જીવ અને જગતની ઉત્પત્તિ, સ્થિતિ કે લયના પ્રશ્નો નડતા નથી. તેઓ માયાથી પર રહી શકે છે.

છતાં જગત દેખાય છે, જીવો દેખાય છે, એ એક જાતની માંયા હોય તોપણ તેનો સંતોષકારક ખુલાસો મેળવવા માટે માણુસો પ્રયત્ન કરે છે. પંડિત જવાહરલાલ નહેરુ કહે છે કે પ્રો. આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદથી ભગવાનની માયા સમજવામાં વધારે સગવડ થશે. મુંબઈના પ્રસિદ્ધ વિચારક પં. કેદારનાથજી લખે છે કે:

૧. તદ્દન પ્રાથમિક અવસ્થાના કામમાં માણુસની શી સ્થિતિ હશે તે વિષે કલ્પના કરવાનું પણ આપણે માટે શકય નથી.

૨. આપણે શા માટે જન્મ પામ્યા છીએ? મનુષ્યપ્રાણી સૃષ્ટિમાં પ્રથમ કેવી રીતે અવતીર્ણ થયું? તેના જન્મની પાછળ કયાં કારણો છે? આ બધાનો આરંભ કયાંથી થયો? તેમનો અંત શેમાં થશે? આવી જાતના કેટલાક પ્રશ્નો માનવીના મનમાં ઊઠે છે. તેમના યથાર્થ ઉત્તર મળતા નથી, બુદ્ધિ મુઝાઈ જાય છે, તર્ક કુંઠિત થાય છે, કલ્પના બંધ પડે છે, વિચાર અટકી જાય છે, પણ માનવી મનનું સમાધાન થતું નથી. જન્મ પહેલાંની અને મૃત્યુ પછીની એ બે અવસ્થાઓ ગૂઢ છે.

૩. વિશ્વ અગણિત સમય પછી વ્યક્ત અને ગોચર સ્થિતિમાં આવ્યું હોવું જોઈએ.

વિશ્વના ઉત્ક્રાંતિવાદ(અં. ઈવોલ્યુશન)ની તપાસ પશ્ચિમના દેશોએ પણ કરવા માંડી. તપાસ કરતાં ડારવીન વગેરે વૈજ્ઞાનિકોને એમ લાગ્યું કે વિશ્વના વિકાસમાં અમુક જાતનો ક્રમ છે એટલે પહેલાં આકાશગંગા હતી, તેને અંગ્રેજીમાં નેબ્યુલા કહે છે. તેમાંથી સૂર્ય છૂટો પડ્યો અને તેમાંથી પૃથ્વી છૂટી પડી. પછી પૃથ્વી ઉપર વનસ્પતિ, પશુ, પક્ષી, વાંદરાં અને પછી મનુષ્યો આવ્યાં.

સિદ્ધાંતનો બે બાજુથી વિરોધ થયો. તો તેમનાં ધર્મશાસ્ત્રોમાં લખેલું છે કે જગત ઈશ્વરે જ કરેલું છે. તેથી શરૂ- તમાં નેબ્યુલા નહોતો પણ ઈશ્વર હતા અને વિરોધ વીસમી સદીમાં આઈન્સ્ટાઈ- સાપેક્ષવાદથી એવો ઉત્પન્ન થયો કે જયાં જગતને જોનારની દૃષ્ટિનો વિચાર નહિ ત્યાં સુધી જગતની ઉત્પત્તિની ખબર નહિ. ઓગણીસમી સદી સુધી ડારવીન- ઉત્ક્રાંતિવાદ ચાલ્યો અને ત્યાં સુધી એમ પણ માનતા હતા કે જેમ પશુ- માણસ ઉત્પન્ન થયા, તેમ માણસમાંથી પણ ઉત્પન્ન થશે. પણ જેની ઉત્પત્તિ છે તેનું મરણ થાય છે, તેથી ઈશ્વરની તિ થઈ શકે નહિ. તેથી ધાર્મિક માણસો માનવા લાગ્યા કે ઈશ્વર એ કોઈ જુદું જ છે અને સ્વર્ગ જેવા કોઈ સ્થાનમાં જગતનું નિયમન કરે છે.

ઈશ્વર દયાળુ અને આનંદમય છે એમ લગભગ બધા ધર્મવાળા માને છે, છતાં શ્વરના બનાવેલા જગતમાં યુદ્ધ, કજિયા, દવાખાનાં નજરે પડે છે તેથી એવો ધર્મ કયાંથી આવ્યો, એ બાબતનો ર પણ ઘણા ધર્મવાળાઓએ કરેલો છે. ધર્મવાળા અને સાંખ્યમતવાળા એમ છે કે જેમ બાજરો વાવીએ તો બાજરો તેમ આનંદમય ભગવાનમાંથી આનંદ- જગત થવું જોઈએ, પણ એવું દેખાતું નથી; આ જગત ભગવાનનું બનાવેલું નથી, બે વસ્તુથી બનેલું છે. એટલે જગતમાં છામાં ઓછા બે પદાર્થ છે: જડ અને ન. જયારે માણસનું મન જડ વસ્તુમાં ત્યારે તેને વિકારની અસરથી દુઃખ થાય અને જયારે મન ચેતનરૂપ થાય ત્યારે થાય છે.

કેટલાક એમ પણ માને છે કે ઈશ્વરે માણસને બનાવેલો નથી પણ માણસ પોતાની બુદ્ધિ પ્રમાણે ઈશ્વરને કલ્પી લે છે. માણસને દયાની જરૂર પડે ત્યારે ઈશ્વર દયાળુ છે એમ કલ્પી લે છે. મ. ગાંધીજી ઈશ્વરને બધાની અંદર રહેલા માનતા હતા, પણ જયારે હિંદુ-મુસલમાનનાં હુલ્લડ જોવામાં આવ્યાં ત્યારે તેમણે કહ્યું કે આ જગત એક આશ્ચર્ય છે.

ઉપરના બધા મતમાં દૃષ્ટિની પહેલાં સૃષ્ટિ છે એમ માનીને વિચાર કરવામાં આવેલો છે; પણ હવે સાપેક્ષવાદના વિજ્ઞાનથી એમ સિદ્ધ થયેલું છે કે દૃષ્ટિની પહેલાં સૃષ્ટિ નથી. વેદાંતમાં પણ એમ માનેલું છે, પણ માણસોને દૃષ્ટિની પહેલાં સૃષ્ટિ જોવાની ટેવ પડેલી હોવાથી, જેઓ દૃષ્ટિની સાથે સૃષ્ટિ માને છે તેઓનો મત સમાજમાં માન્ય થતો નથી. આ કારણને લઈને આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદના વિજ્ઞાનને શરૂ થયે ૫૦ વર્ષ થયાં છતાં ઘણા વિદ્વાનો પણ તે મત સમજી શકતા નથી. સ્વપ્નામાં દૃષ્ટિના પહેલાં સૃષ્ટિ નથી એમ કહીએ તો લોકો સમજી શકે છે, પણ જાગ્રતમાં સવારે ઊઠ્યા પહેલાં સૃષ્ટિ નહોતી એ વાત કોઈ માનવાને તરત તૈયાર થતાં નથી. આ બાબત સમજવા માટે દર્શન તરફ ધ્યાન રાખવું જોઈએ. દરેક માણસને જગત સરખું દેખાતું નથી તેથી દરેકની દૃષ્ટિનું જગત ભિન્ન રહે છે. એ જગત દૃષ્ટિ પહેલાં શરૂ થતું નથી. આપણા દર્શનમાં આપણા રાગદ્વેષ અને આપણા દેશકાળની અસર એટલી બધી દાખલ થઈ જાય છે, કે દર્શન ઠીક કરવા માટે હિંદુધર્મમાં ૧૨ દર્શનો તૈયાર થયાં છે. આ પ્રણાલિકાઓ એમ બતાવે છે, કે દર્શન ઠીક કરવું એ માણસના જીવનમાં અઘરામાં અઘરું કામ છે. તેમાં પણ દેશ અને કાળની ભૂલો આપણી દૃષ્ટિમાંથી કાઢવી એ કામ એટલું અઘરું છે, કે પશ્ચિમમાં

સાપેક્ષવાદની શોધ થયા પછી ત્યાંના વિદ્વાનો કહે છે કે અમે બે હજાર વર્ષ સુધી ભૂલમાં પડ્યા હતા અને આઈન્સ્ટાઈને અમને ખરા માર્ગ ઉપર ચડાવ્યા છે અને અમારું દર્શન ઠીક કરવા માટે સારી પદ્ધતિ બતાવેલી છે. આ બાબત ઉપર પશ્ચિમના દેશોમાં પચીસ હજારથી વધારે પુસ્તકો લખાયાં છે. સાપેક્ષવાદના વિજ્ઞાન પ્રમાણે વિચાર કરીએ તો દૃષ્ટિની પહેલાં સૃષ્ટિ નથી. તેથી જીવ કે જગત ક્યારે ઉત્પન્ન થયાં અને તેનો પ્રલય ક્યારે થશે એ પ્રશ્નો જ ખોટા છે. એ પ્રશ્નો દૃષ્ટિ પહેલાં સૃષ્ટિ છે એમ માનીને કરવામાં આવેલા છે; પણ સ્વપ્નમાં જેમ દૃષ્ટિની પહેલાં સૃષ્ટિ નથી તેમ જાગ્રતમાં પણ દૃષ્ટિની પહેલાં સૃષ્ટિ નથી. કેટલાક કહે છે કે સ્વપ્નું તો તરત જતું રહે છે, પણ જાગ્રત તરત જતું રહેતું નથી; પણ એ વાત સાચી નથી. જાગ્રતમાં માણસને ઊંઘ આવી જાય તો તે વખતે તેની દૃષ્ટિ ફરી જાય છે અને તેનું જગત તરત જતું રહે છે. બીજાનું જગત રહે છે, તે તેમની દૃષ્ટિ પ્રમાણે રહે છે. બધા એક જગતમાં રહેતાં નથી, એ સિદ્ધાંત હવે વિજ્ઞાન દ્વારા સિદ્ધ થઈ શકે છે.

તેથી આવી અઘરી બાબતોમાં પહેલાં પ્રશ્ન ઠીક કરવાની જરૂર છે. જ્યાં સુધી પ્રશ્નની અંદર રહેલી ભૂલ પકડાશે નહિ, ત્યાં સુધી સાચો જવાબ મળી શકશે નહિ.

બીજી ઉપયોગી બાબત એ છે કે દૃષ્ટિ વખતે જેમ નવું જગત દૃષ્ટિ પ્રમાણે દેખાય છે, તેમ જીવ પણ દૃષ્ટિ પ્રમાણે બને છે. જેવું સ્વપ્નમાં બને છે તેવું જાગ્રતમાં બને છે. સ્વપ્નના જીવને તેજસ્ કહે છે અને જાગ્રતના જીવને વિશ્વ કહે છે. સ્વપ્ન વખતે વિશ્વ જતું રહે છે અને જાગ્રત વખતે તેજસ્ જતું રહે છે. દરેક જીવ પોતાની અવસ્થા પ્રમાણે રહે છે. તે જીવનું સાચું સ્વરૂપ નથી પણ અવસ્થા વખતે તે ખોટું લાગતું નથી. જીવનું સાચું સ્વરૂપ બ્રહ્મ છે અને તે જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણેથી ભિન્ન છે. એ ત્રણે અવસ્થાની દશા એક પ્રકારની માયા છે, તેથી હિંદુધર્મમાં ચાર પ્રકારના પ્રલય માનેલા છે. તેને નિત્ય નૈમિત્તિક, પ્રાકૃત અને આત્યંતિક પ્રલય કહે છે. પહેલા ત્રણ પ્રલયમાં દૃષ્ટિની પહેલાં સૃષ્ટિ છે. આત્યંતિક પ્રલયમાં દૃષ્ટિની પહેલાં સૃષ્ટિ નથી અને તેથી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ બાળક બની જાય છે. એ કથા આ લેખની શરૂઆતમાં આપવામાં આવેલી છે.

ભ્રાંતિવાળા જ્ઞાનમાં અથવા મિથ્યા જ્ઞાનમાં પણ ઘણી શક્તિ રહેલી છે, તેનો અનુભવ આપણને સ્વપ્નમાં થાય છે. જીવ અને જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયવાળું આપણું સામાન્ય જ્ઞાન ભૂલવાળું છે. વળી પોતાની ભૂલ પોતે પકડવી એ ઘણું અઘરું કામ છે. જેમ સ્વપ્નમાં પોતાની ભૂલ પકડી શકાતી નથી, તેમ જાગ્રતમાં પણ પોતાની ભૂલ પકડી શકાતી નથી. ભૂલવાળા જ્ઞાનથી આપણું કર્તવ્ય નક્કી કરીએ તો તે સાચું કર્તવ્ય થતું નથી. તેથી કર્તવ્ય નક્કી કર્યાં પહેલાં જ્ઞાન ઠીક કરવાની જરૂર છે. ઉત્પત્તિ અને પ્રલયના જ્ઞાનને દેશ અને કાળના જ્ઞાન સાથે સંબંધ છે. સામાન્ય રીતે માણસને દેશ અને કાળનું બંધન હોય તેવું જણાય છે, છતાં વાસ્તવમાં માણસનો આત્મા દેશ-કાળથી અતીત છે. આપણા સંજોગો જોઈને આપણે આપણું કર્તવ્ય નક્કી કરીએ છીએ, છતાં માણસનું સ્વરૂપ એ સંજોગોથી સ્વતંત્ર છે. જો માણસ સ્વતંત્ર ન હોય તો તેને ઊંઘ આવે નહિ. સ્વપ્નમાં માણસ સ્વતંત્ર ન હોય તો જાગી શકે નહિ. જાગ્રતમાં માણસ સ્વતંત્ર ન હોય તો મોક્ષ મેળવી શકે નહિ. આપણી

સાલ ૧૯૫૨ સાચી નથી. વિક્રમનો પણ વિક્રમથી ગણવામાં આવેલો છે. પહેલાં શું હતું અને સૌથી પહેલાં શું અને સૌના અંતે શું રહેશે તે નક્કી માં પ્રો. આઈન્સ્ટાઈનનો સાપેક્ષવાદ વેદાંતનો દૃષ્ટિ–સૃષ્ટિવાદ બહુ ઉપયોગી તેમ છે. આ નાના લેખમાં તેનો વિસ્તાર- ખુલાસો આપી શકાય તેમ નથી, પણ પુસ્તકોમાં તેનો ખુલાસો આપેલો છે. ઉત્પત્તિ, સ્થિતિ અને લય બાબતનું જ્ઞાન ભ્રાંતિવાળું છે.

હવે દેશ અને કાળની સાપેક્ષતા ગણિત-સિદ્ધ થયેલી છે, તેથી આવી બાબતો ફરીથી વિચાર કરવાની જરૂર પશ્ચિમ-દેશના વિદ્વાનોને લાગેલી છે અને પણ તેના ઉપર વધારે વિચાર કર- જરૂર છે. વધારે વિચાર કરતાં આપણા હાસના જ્ઞાનમાં ઘણી ભૂલો માલૂમ અને રાજકીય ઇતિહાસને બદલે કારના ઇતિહાસ લખવા પડશે. તેને માટે જાતના શિક્ષકોની જરૂર પડશે અને નવી સૂક્ષ્મ અને સંસ્કારી બુદ્ધિ પ્રજામાં તેટલા માટે સંસ્કારી કુટુંબો વચ્ચે કરીને માણસનું બી પણ સુધારવું

સારા ચારિત્ર્યના ઘડતરથી પણ બુદ્ધિ થાય છે અને સૂક્ષ્મ થાય છે અને ઉત્પતિ, અને લયના અઘરા પ્રશ્નો સમજી છે. કઠોપનિષદમાં નચિકેત યમરાજને પૂછે છે કે 'માણસ મરીને જાય છે ક્યાં ?' ની બુદ્ધિની પરીક્ષા કરવા માટે યમ- તેને કહ્યું કે 'આવા પ્રશ્નોમાં દેવોને પણ પડેલી છે અને તે સમજી શકતા માટે તું એ પ્રશ્ન છોડી દે,' છતાં શુદ્ધ બુદ્ધિવાળો હોવાથી તેણે આ પ્રશ્ન ઉપર જ બહુ આગ્રહ રાખ્યો, તેથી યમરાજે જવાબ આપ્યો કે 'શ્રેયનો માર્ગ એટલે આત્મકલ્યાણનો માર્ગ જુદો છે અને પ્રેયનો માર્ગ એટલે સંસારના સુખનો માર્ગ જુદો છે. જેની બુદ્ધિ શ્રેયનો માર્ગ સમજવા જેવી સૂક્ષ્મ થઈ હોય છે તે જ એ બાબત સમજી શકે છે; તારી બુદ્ધિ શુદ્ધ અને સૂક્ષ્મ છે તેથી ટૂંકમાં કહું છું કે જન્મમરણ એ સાચા બનાવ નથી. આત્માને જન્મમરણ નથી, જે અહીં છે તે ત્યાં છે અને જે ત્યાં છે તે અહીં છે. જેને ભેદ દેખાય છે તેને જન્મમરણ દેખાય છે. વાસ્તવમાં જન્મમરણનો દેખાવ ભૂલથી દેખાય છે.'

અજ્ઞાનમાં એટલી બધી શક્તિ છે કે પોતાની ભૂલ પોતાને પકડવી અઘરી લાગે છે. પાપી માણસને પાપમાં પણ એવું આકર્ષણ રહે છે કે તે પોતાની વિવેકબુદ્ધિ ખોઈ બેસે છે. મહાત્મા ગાંધીજીને મારનાર ગોડસેને પણ એમ લાગ્યું હતું કે જે કામ તેણે કર્યું તે બરાબર કર્યું હતું. પાપમાં જો આકર્ષણ-શક્તિ ન હોય તો કોઈ પાપ કરે જ શા માટે? પણ એ સેતાનની માયાજાળ છે; તેનાથી સાવચેત રહેવાની જરૂર છે. વિશ્વામિત્ર મેનકામાં ફસઈ ગયા હતા. સીતાજીએ મારીચે લીધેલું હરણનું સુંદર રૂપ જોઈ તેના ચામડાની ઇચ્છા કરી તો રામને ખોઈ બેઠા. તેથી વૈરાગ્ય કેળવવામાં બહુ સંભાળ રાખવી જોઈએ. નચિકેતની માફક જેનામાં બહુ વૈરાગ્ય હોય તે જ દેશ અને કાળના અઘરા પ્રશ્નો સમજી શકે છે. સાપેક્ષવાદની શોધ કરનાર પ્રો. આઈન્સ્ટાઈનને પણ જનસમુદાયમાં ફરવું ગમતું નથી અને પોતાનું જીવન એકાંતમાં ગાળે છે. ટૂંકમાં માણસના જીવનના અઘરા પ્રશ્નો સમજવામાં બહુ સૂક્ષ્મ અને શુદ્ધ બુદ્ધિની જરૂર છે.

★

રાજા રામમોહનરાય

લેખક :
શ્રી ગટુભાઈ ધ્રુ

આપણા દેશમાં સામાજિક, રાજકીય, ધાર્મિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ જે ઓગણીસમા સૈકામાં શરૂ થઈ તેના આદ્યપ્રવર્તક તરીકે રાજા રામમોહનરાય હતા એવો મત આપણા દેશના ઇતિહાસકારોનો દૃઢ થયો છે. રાજા રામમોહનરાયની મૃત્યુતિથિ તા. ૨૭મી સપ્ટેમ્બરે હતી. તેમના અવસાનને આ વર્ષે એકસો ઓગણીસ વર્ષ પૂરાં થયાં અને ૧૮૩૩ના સપ્ટેમ્બરની ૨૧મી તારીખે ઇંગ્લૅન્ડમાં બ્રિસ્ટલમાં તેમનું અવસાન થયું.

બંગાળાના એક કુળવાન ધનાઢ્ય બ્રાહ્મણ કુટુંબમાં રામમોહનરાયનો જન્મ ૧૭૭૨ના મે માસમાં થયો હતો. બાલ્યાવસ્થામાં જ તેમણે પટના જઈ ફારસી અને અરબી ભાષાઓનો અભ્યાસ કર્યો હતો. પંદરમે વર્ષે તે બનારસ ગયા અને ત્યાં સંસ્કૃતનો અભ્યાસ કર્યો. અઢાર વર્ષની વયે તેઓ ઘર છોડી તિબેટ ગયા અને ત્યાં બૌદ્ધ ધર્મનો અભ્યાસ કર્યો.

ઉપનિષદ, બુદ્ધધર્મના ગ્રંથો અને કુરાનના ઊંડા અભ્યાસને પરિણામે, તે સમયે હિંદુધર્મમાં પ્રચલિત જડ બાહ્યાચારો અને અનેક દેવદેવીઓની પૂજા વગેરે ઉપરથી તેમની શ્રદ્ધા ઊઠી ગઈ. પોતાની આ માન્યતાને કારણે તેમને પિતાના ઘરનો ત્યાગ કરવો પડ્યો, તેથી તે ૧૮૦૩ સુધી બનારસ જઈ રહ્યા. અહીં તેમણે સંસ્કૃત અભ્યાસ ઘણો વધાર્યો. પિતાના અવસાન પછી માના વાત્સલ્યને લીધે રામમોહનરાયે ફરી પિતૃગૃહમાં પ્રવેશ કર્યો અને પિતાની માલમિલકતનો વહીવટ સંભાળ્યો. આ વખતે તેઓ કંપની સરકારની નોકરીમાં જોડાયા. સાંજનો સમય એ હંમેશ ધર્મશાસ્ત્રોના અભ્યાસમાં અને પ્રચલિત ધાર્મિક અને સામાજિક વિચારોની ચર્ચામાં વ્યતીત કરતા હતા.

આ સમયમાં એમણે 'એકેશ્વરવાદીઓને ઉપહાર' નામનું પુસ્તક ફારસીમાં પ્રગટ કર્યું. આ પુસ્તકમાં દર્શાવેલા વિચારોથી કલકત્તામાં મોટો કોલાહલ મચ્યો અને પરિણામે રામમોહનરાયને થોડા સમય માટે કલકત્તા છોડવું પડ્યું. આ પછી તેમણે અનેક ગ્રંથો પ્રગટ કર્યા. જેમ જેમ એમના ગ્રંથો પ્રગટ થતા ગયા, તેમ તેમ એમની પ્રત્યેનો લોકોનો વિરોધ વધતો ગયો અને છેવટે જયારે સતી થવાનો રિવાજ લૉર્ડ વિલિયમ બેન્ટિકે રામમોહનરાયના અથાગ પરિશ્રમ ને નિઃસ્વાર્થ દેશપ્રેમને પરિણામે બંધ કર્યો, ત્યારે એ વિરોધની પરિસીમા થઈ. આ સમય દરમિયાન તેમને ખ્રિસ્તી ધર્મ જાણવાની જિજ્ઞાસા ઉત્પન્ન થઈ. તે માટે હિબ્રુ ભાષા અને ગ્રીક ભાષાઓનો તેમણે અભ્યાસ કર્યો. ખ્રિસ્તી ધર્મના ધર્મગ્રંથ બાઇબલનો પ્રથમ ભાગ હિબ્રુમાં અને બીજો ભાગ ગ્રીકમાં મૂળમાં લખાયેલો છે. અંગ્રેજી બાઇબલ તે તો રાજા જેમ્સ પહેલાના સમયમાં એ મૂળ ગ્રંથોનું લેટિન ભાષાંતરનું ભાષાંતર છે. આ ભાષાંતરને પ્રમાણિત (અં. ઓથોરાઇઝ્ડ વર્ઝન) ગણવામાં આવે છે, પરંતુ રોમન કૅથલિક ખ્રિસ્તીઓ એ ભાષાંતરને માન્ય કરતા નથી અને હજી પણ હિબ્રુમાંથી લેટિનમાં થયેલો તરજુમો જ વાંચે છે. રામમોહનરાયને લાગ્યું કે કોઈ પણ ધર્મનો યથાયોગ્ય અભ્યાસ

હોય તો તે ધર્મના ગ્રંથો જે મૂળ ભાષામાં લખાયા હોય તેનો જ અભ્યાસ જોઈએ; એટલા માટે જ તેમણે ઉપનિષદોનો અભ્યાસ મૂળ સંસ્કૃત ગ્રંથોમાંથી, કુરાનનો અભ્યાસ મૂળ અરબી ગ્રંથમાંથી, બૌદ્ધ ધર્મનો અભ્યાસ મૂળ પાલી ગ્રંથોમાંથી અને બાઈબલનો અભ્યાસ હિબ્રુ અને ગ્રીક ભાષાના મૂળ ગ્રંથોમાંથી કર્યો.

બાઈબલના ઊંડા અભ્યાસ પછી 'ધી પ્રિસેપ્ટ્સ ઓફ જીસસ, ધી ગાઈડ ટુ પીસ એન્ડ હેપીનેસ (ઈસુખ્રિસ્તના આદેશો : શાંતિ અને સુખદર્શક સાધનો) એ નામનો ગ્રંથ તેમણે અંગ્રેજીમાં પ્રગટ કર્યો. આ ગ્રંથ પ્રગટ થવાથી તે વખતના કલકત્તાના ખ્રિસ્તી પાદરીઓએ રામમોહનરાયના વિચારો વિરુદ્ધ અનેક ચોપાનિયાં અને લેખો પ્રસિદ્ધ કર્યાં; તેમ છતાં રામમોહનરાયના હિંદુ વિરોધીઓ કરતાં ખ્રિસ્તી વિરોધીઓ સાથે એકંદરે એમનો સંબંધ વધારે સારો રહ્યો હતો.

આ સમયે કલકત્તામાં 'યુનિટેરિયન ક્રિશ્ચિયન મિશન' નામની સંસ્થાની શાખા થઈ હતી. તેની બંગાળાની શાખાના પ્રોફેસર મિ. ઍડમ્સ સાથે રામમોહનરાયને ધર્મ સંબંધી અનેક વખતે વાદવિવાદ થયો હતો. મિ. ઍડમ્સે રામમોહનરાયને ખ્રિસ્તી ધર્મ પ્રત્યે વાળવાનો ઘણો પ્રયત્ન કર્યો, પરંતુ પરિણામે મિ. ઍડમ્સ રામમોહનરાયના મતમાં ભળ્યા.

યુનિટેરિયન ક્રિશ્ચિયન્સ એ ખ્રિસ્તી ધર્મ અનુયાયીઓની એક શાખા છે. એ શાખાના ખ્રિસ્તીઓ ટ્રિનિટી (ત્રણ ઈશ્વર તત્ત્વ–પિતા, પુત્ર અને પવિત્ર આત્મા)ને માનતા નથી. પરંતુ એક અદ્વિતીય પરમેશ્વર તત્ત્વને માને છે. ઈસુખ્રિસ્ત એ પરમેશ્વરનો 'પુત્ર' હતો એમ માનતા નથી, પરંતુ તેમને સંપૂર્ણ મનુષ્ય તરીકે માને છે; બાઈબલને ઈશ્વરકૃત ધર્મગ્રંથ તરીકે અને અભ્રાંત (અં ઈનફેલીબલ), તરીકે માનતા નથી, પરંતુ ધર્મના એક અતિ પવિત્ર ગ્રંથ તરીકે તેને પૂજ્ય ગણે છે; ખ્રિસ્તી સિવાયની એટલે કે ઈસુખ્રિસ્તને પરમેશ્વરના 'પુત્ર' તરીકે નહિ સ્વીકારનારાને અનંત કાળ નર્કવાસ (અં. ઈટર્નલ ડેમ્નેશન) ભોગવવો પડશે એવું માનતા નથી. ખરી રીતે ખ્રિસ્તી ધર્મના જે મુખ્ય ધર્મસિદ્ધાંતો પ્રચલિત ખ્રિસ્તી ધર્મના અનુયાયીનો મોટો ભાગ સ્વીકારે છે તે આ યુનિટેરિયન ખ્રિસ્તીઓ માનતા નથી. એમના અનુયાયીઓ અમેરિકામાં અને ઇંગ્લેન્ડમાં, ચેકોસ્લેવોકીઆ અને ઓસ્ટ્રેલિયામાં સારી સંખ્યામાં છે.

આ પ્રવૃત્તિઓ અગાઉ રામમોહનરાયે કલકત્તામાં 'આત્મીય સભા'ની સ્થાપના કરી હતી. 'આત્મીય સભા'માં હિંદુધર્મના મૂળ સિદ્ધાંતો જેનું ઉપનિષદોમાં વિવરણ કરેલું છે, તે વિશે વિદ્વાન પંડિતો અને ધર્મજિજ્ઞાસુઓ ચર્ચા કરતા. રામમોહનરાયનો મત એવો હતો કે ઉપનિષદોમાં ધર્મના સર્વોચ્ચ સિદ્ધાંતોની સ્થાપના કરવામાં આવેલી છે. જગતના સર્વ મુખ્ય ધર્મોનો ઊંડો અભ્યાસ કરીને એમણે પોતાની આ માન્યતા નિશ્ચિત કરી હતી.

'આત્મીય સભા'માં થયેલી ચર્ચાઓને પરિણામે રામમોહનરાયને એકેશ્વરવાદનો સિદ્ધાંત માન્ય કરતી હોય એવી એક ધર્મસંસ્થા સ્થાપવાનો વિચાર સૂઝયો. આને પરિણામે કલકત્તામાં બ્રાહ્મસમાજની સ્થાપના ૧૮૨૮ના ઑગસ્ટની વીસમી તારીખે થઈ. આ સમાજ શરૂઆતમાં રામમોહનરાયના મકાનમાં મળતો હતો. બે વર્ષ પછી એટલે ૧૮૩૦ના જાન્યુઆરી માસની ૧૧મી તારીખે હાલ જ્યાં આદિબ્રાહ્મસમાજનો સમાજ મળે છે, ત્યાં બ્રાહ્મ સમાજની શરૂઆત કરવામાં આવી.

બ્રાહ્મ સમાજમાં દર બુધવારે ધર્મજિજ્ઞાસુઓ અને ભક્તો મળતા. રામમોહનરાય ત્યાં ઉપનિષદનાં સૂત્રો વાંચતા અને તે વિશે વિવરણ કરતા.

૧૮૩૧માં રામમોહનરાયને દિલ્હીના બાદશાહના કામસર ઇંગ્લેન્ડ જવાનું થયું. તે દેશના અનેક અગ્રેસર સ્ત્રીપુરુષો તરફથી તેમને અપૂર્વ માન મળ્યું. ઇંગ્લેન્ડથી એમનો વિચાર અમેરિકા જવાનો હતો, પરંતુ ઇંગ્લેન્ડમાં બ્રિસ્ટલ મુકામે ૧૮૩૩ના સપ્ટેમ્બરની ૨૭મી તારીખે તેમનું અવસાન થયું. બ્રિસ્ટલમાં તેમની સમાધિ હાલ છે.

રામમોહનરાયે બ્રાહ્મસમાજની સ્થાપના કરી તેનો મૂળ પાયો ઉપનિષદના ગ્રંથો હતા. ધર્મનાં મહાન તત્ત્વો રામમોહનરાયને જ પ્રથમ સૂઝયાં, તે અગાઉ એ મહાન તત્ત્વો વિશે અજ્ઞાન હતું એવું કોઈ કહેતું નથી અને કોઈ માનતું પણ નથી. આપણા દેશમાં તો અતિ પ્રાચીન કાળથી આત્મા, પરમાત્મા, પરલોક, પરકાલ વગેરે ધર્મના ગહન પ્રશ્નો વિશે અનેક ઋષિમુનિઓ અને દ્રષ્ટાઓએ ગંભીર અને ઊંડું મનન કરેલું છે. અન્ય દેશોમાં પણ તે તે દેશની પ્રજાની બુદ્ધિશક્તિ, પરિસ્થિતિ અને સંજોગો અનુસાર ધર્મના ગહન પ્રશ્નોનો વિચાર અને ચિંતન કરવામાં આવ્યાં છે અને મહાન ધર્મસંસ્થાપકોએ અમુક સિદ્ધાંતોનું પ્રતિપાદન કર્યું છે. એ સર્વ ધર્મોના મૂળ સિદ્ધાંતોમાં ઝાઝો તફાવત નથી. માનવહૃદયમાં જે જાગ્રત જીવંત ચેતનતત્ત્વ છે, તેમાં અને સર્વ દેશમાં અનાદિ કાળથી એક જ પ્રકારની ધર્મચેતના જાગ્રત થયેલી છે. પરંતુ સમય જતાં તેમાં ફેરફાર થતો જાય છે, મૂળ સિદ્ધાંતો ભૂલી જવાય છે, બાહ્યાચારો વધતા જાય છે અને તેને જ મહત્ત્વ આપવામાં આવે છે. ધર્મના વાડા પડે છે, તેમાં મતમતાંતરના ભેદ થઈ જાય છે અને સહુ કોઈ પોતાનો જ મત સાચો છે એવો આગ્રહ રાખી બીજા મતવાદીઓ સાથે ઝઘડા કરે છે. ધર્મના વિશુદ્ધ, સનાતન, પાયારૂપ મૂળ સિદ્ધાંતોને વળગી રહેવામાં આવે તો આ જાતનું વૈમનસ્ય ઉત્પન્ન થાય નહિ.

રામમોહનરાયના અવસાન પછી બ્રાહ્મસમાજની સંભાળ લેનાર બે આગેવાનો હતા–શ્રીદ્વારકાનાથ ટાગોર અને પંડિત રામચંદ્ર વિદ્યાવાગીશ. શ્રીદ્વારકાનાથ ટાગોર તે સમયે કલકત્તામાં સહુથી આગેવાન નાગરિક ગણાતા હતા. તેમનું સ્થાન તે વખતની સર્વ જાહેર પ્રવૃત્તિઓમાં આગળ હતું; એટલે રામમોહનરાયે સ્થાપેલા બ્રાહ્મમંદિરનું કાર્ય તેમણે પ્રત્યક્ષ ધ્યાન આપીને ચલાવવાનો તેમને સમય મળતો નહિ. સતીનો કાયદો થયો તેને પરિણામે હિંદુ સમાજનો રામમોહનરાય પ્રત્યે અને તેમણે સ્થાપેલા સમાજ પ્રત્યે ભારે વિરોધ ઉપસ્થિત થયો હતો. રામમોહનરાયની હયાતીમાં જેઓ આ સંસ્થામાં ભાગ લેતા હતા, તેઓ ધીમેધીમે તેમાંથી ખરવા માંડ્યા અને છેવટે આ સંસ્થા ચલાવવાનો સઘળો ભાર પંડિત રામચંદ્ર વિદ્યાવાગીશ ઉપર જ આવી પડ્યો.

ધીમેધીમે એવી સ્થિતિ ઉપસ્થિત થઈ કે મંદિરમાં દર બુધવારે પંડિત વિદ્યાવાગીશ એકલા જ હાજર હોય, પરંતુ એમણે ધૈર્ય છોડ્યું નહિ. ૧૮૪૩ સુધી લગભગ દશ વર્ષ સુધી પંડિત વિદ્યાવાગીશ દર બુધવારે બ્રાહ્મમંદિરમાં આવે, દીપ પ્રકટાવે અને ઉપનિષદ વાંચી કાર્ય સમાપ્ત કરે. દશ વર્ષ સુધી આ ભક્તે રામમોહનરાયે સ્થાપેલી સંસ્થાનું અસ્તિત્વ જાળવી રાખ્યું. તે વર્ષે (૧૮૪૩)માં મહર્ષિ દેવેન્દ્રનાથ ટાગોરે બ્રાહ્મસમાજનું સુકાન હાથમાં લીધું અને તે પછી એ સમાજની પ્રગતિ થવી

ડી. એ પછીનો બ્રાહ્મસમાજનો ઇતિહાસ રસિક અને ધર્મજિજ્ઞાસુઓને અભ્યાસ વા યોગ્ય છે. પરંતુ રામમોહનરાયના રિત્ર સાથે એનો સંબંધ ન હોવાથી અહીં પ્રસ્તુત ગણાય નહિ.

બંગાળામાં તે વખતે સમાજમાં જે અનિષ્ટ રિવાજો હતા તે બધા સામે રામમોહનરાયે જેહાદ જગાવી. સતી થવાનો રિવાજ કાયદાથી બંધ કરાવવામાં એમની ખાસ મદદ તી. આપણા દેશમાં વ્યવસ્થિત રીતે વિદ્યા અને જ્ઞાનના પ્રચારની સંસ્થાઓ સ્થાપવા માટે કંપની સરકારે રામમોહનરાયની સલાહ લીધી હતી અને તેમની સૂચના અનુસાર પશ્ચિમનું સાહિત્ય અને વિજ્ઞાન શીખવવાની શરૂઆત કરી. પ્રાચીન પદ્ધતિથી ચાલતી પાઠશાળાઓ અને મદ્રેસાઓમાં જે પદ્ધતિથી શિક્ષણ આપવામાં આવતું હતું, તેને પરિણામે પ્રજામાં સંકુચિત મનોવૃત્તિ, વહેમ, જડ આચારોને મહત્ત્વ અને કૂપમંડૂક મનોવૃત્તિ તથા પ્રગતિમાન વિજ્ઞાનનું અજ્ઞાન તેમ જ અંધશ્રદ્ધા પ્રવર્તતી હતી. પોતાના દેશજનને જગતના બીજા પ્રગતિમાન દેશોની હરોળમાં લાવવાના શુદ્ધ હેતુથી રામમોહનરાયે પશ્ચિમની પદ્ધતિ અનુસાર શિક્ષણ સંસ્થાઓ સ્થાપવાનો આગ્રહ રાખ્યો હતો.

વાણીસ્વાતંત્ર્યનો જમાનો યુરોપમાં તે સમયે શરૂ થયો હતો. રામમોહનરાયને એ બાબતમાં ખાસ આગ્રહ હતો. લૉર્ડ હેસ્ટિંગ્સ જે વખતે ગવર્નર જનરલ હતા તે વખતે વાણીસ્વાતંત્ર્ય માટે અમુક વાજબી નિયમો ઘડાયા હતા. પરંતુ તે પછી કાઉન્સિલના કેટલાક શાહીવાદી સભ્યોએ વાણીસ્વાતંત્ર્ય લેવાનો કાયદો રજૂ કર્યો અને તે પસાર કરાવ્યો. રામમોહનરાયે આ સામે વિરોધ જગાડ્યો અને સુપ્રીમ કોર્ટ એ બાબતનો ઝઘડો લઈ ગયા. ત્યાં નિષ્ફળ થવાથી હિંમત ન હારતાં ઇંગ્લેન્ડના રાજા સમક્ષ અપીલ કરી. તેમાં પણ નિષ્ફળ થયા, પરંતુ તેમના મૃત્યુ પછી બે વર્ષે સર ચાર્લ્સ મેટકાફના સમયમાં વર્તમાનપત્રો માટે જે ઉદાર નિયમો ઘડાયા તે રામમોહનરાયે સૂચવેલી કલમો મુજબના હતા.

સ્વતંત્રતા–રાજવહીવટની, વાણીની, ધારાધોરણ ઘડવાની વગેરેની પ્રવૃત્તિઓ જે તેમના પછી લગભગ પચાસ વર્ષ પછી આપણા દેશમાં શરૂ થઈ, તે સર્વ પ્રવૃત્તિઓનો પાયો એમના જમાનામાં રામમોહનરાયે નાંખ્યો હતો. ઇંગ્લેન્ડ જતાં રસ્તામાં એક ફ્રેંચ વહાણ ઉપર ફ્રાંસના પ્રજાસત્તાક રાજ્યનો ધ્વજ જોઈ એ ગળગળા થઈ ગયા હતા અને ભક્તિભાવથી એ ધ્વજને એમણે વંદન કર્યું હતું.

પ્રજાના સામાન્ય વર્ગને શિક્ષણ પોતાની ભાષામાં જ મળવું જોઈએ, એ વિચારથી તેમણે શાળાઓ માટે બંગાળીમાં પાઠ્ય પુસ્તકો લખવાની શરૂઆત કરી. લોકોમાં સામાન્ય જ્ઞાન, જગતમાં બનતા બનાવોની માહિતી અને જીવનના અનેક પ્રશ્નો–રાજકીય, સામાજિક અને ધાર્મિકની ચર્ચા કરનારાં બંગાળી ભાષાનાં વર્તમાનપત્રો અને માસિકો પ્રગટ કરવાની તેમણે શરૂઆત કરી.

ઇંગ્લેન્ડમાં એ હતા તે દરમિયાન ૧૮૩૨-માં રિફોર્મ બીલની ભારે ચળવળ ચાલતી હતી, તે વખતે એમણે પૂર જોસથી એ ચળવળમાં ભાગ લીધો હતો અને પ્રજાશાસનનાં મૂળ તત્ત્વોનો અભ્યાસ કર્યો હતો.

'હીરોઝ એન્ડ હીરોવર્શીપ' એ પુસ્તકમાં કાર્લાઈલ મહાન પુરુષોનાં બે ખાસ લક્ષણ ગણાવે છે. કર્તવ્યનું આર્જવ–વિમલતા–શુદ્ધાત્મભાવ (અં. સીન્સેરીટી ઑફ પરપઝ) અને ઉત્કટ શ્રદ્ધા (અં. અરનેસ્ટનેસ ઑફ કન્વીકશન) આ બન્ને આવશ્યક

ગુણો સામાન્ય મનુષ્યોમાં કવચિત્ કવચિત્ અમુક પ્રસંગે નજરે પડે છે; પરંતુ મહાન પુરુષોનો આ સામાન્ય સ્વભાવ હોય છે.

આપણે કોઈ વખત કાંઈ કામ માથે લઈએ છીએ, તેમાં અવિચલ વિશ્વાસ અને શુદ્ધ હેતુથી તે કાર્ય કરીએ છીએ, પરંતુ તે તેટલી જ વખત. મહાન પુરુષો દરેક વખતે, દરેક કાર્યમાં ઉત્કટ શ્રદ્ધા અને કર્તવ્યની પરમ શુદ્ધ ભાવનાથી જ મંડ્યા રહે છે. જગતના ગમે તે મહાન પુરુષોના જીવનમાં આ બે ગુણો અવશ્ય માલૂમ પડશે. પરંતુ આ બે જ ગુણો મહત્તાને માટે બસ નથી. મહાન પુરુષોમાં એક પ્રકારની અપૂર્વતા (અં. ઓરીજીનાલિટી) હોવી જોઈએ. અર્થાત્ મહાન પુરુષોમાં એક જાતનું એવું કલ્પકત્વ હોવું જોઈએ કે જેથી તે અનંતતા અને સત્યના ગાઢ સમાગમમાં પોતાને લાવી શકે. તાત્પર્ય એ કે સામાન્ય મનુષ્યો જેને ક્ષુલ્લક ધારે એવા વિષયોમાં પણ તે પોતાની કલ્પનાશક્તિના બળ વડે અનંતતા અને સત્યના ઊંડા ગુહ્ય ભેદો જોઈ શકે અને તે વિશે કોઈ અપૂર્વ–અનેરી રીતે વિચાર કરી શકે.

આ સર્વ ઉપરાંત મહાપુરુષોમાં એક ત્રીજો ગુણ આવશ્યક છે અને તે એક પ્રકારની આકર્ષક શક્તિ. લોખંડ લોહચુંબક તરફ આકર્ષાય તેવી રીતની આકર્ષક શક્તિ (અં. મૅગ્નેટિક પાવર) નહિ, પરંતુ એક એવી શક્તિ કે જે આસપાસના મનુષ્યોમાં એ મહાપુરુષો જેવી જ થોડાઘણા અંશમાં, ઉન્નત ભાવનાઓ જાગ્રત કરી શકે–એવી શક્તિ કે જેથી સામાન્ય મનુષ્યોને પોતાના જીવનની નિરર્થકતા, ક્ષુલ્લકતા સમજાય અને પોતાના જીવનને ઉન્નત કરવાનો પ્રયાસ કરવાની ઇચ્છા થાય. આવા પ્રકારના મનુષ્યો ધનવાન હોય કે નિર્ધન હોય, વિદ્વાન હોય કે નિરક્ષર હોય, સામાન્ય જીવનમાં તેમને સફળતા મળી હોય કે નિષ્ફળ ગયા હોય, ગમે તેવી સ્થિતિમાં હોય, પરંતુ પોતાનું અને આસપાસનાં મનુષ્યોનું જીવન તે ઉન્નત કરી શકે છે. એટલું જ નહિ પરંતુ જગતના ઉન્નતિક્રમના ઇતિહાસમાં તેમનું નામ અમર રહે છે. અનેક સદીઓ અને હજારો વર્ષો સુધી દેશદેશાંતરના માનવીઓ એવા મહાપુરુષોના જીવનના ઇતિહાસના અભ્યાસથી પોતપોતાના કાર્યમાં ધૈર્ય અને શ્રદ્ધા રાખી શકયા છે અને જીવન ઉન્નત કરતા ગયા છે. રાજા રામમોહનરાયમાં આ ચારે ગુણો હતા અને તેથી જ એ આપણા દેશના મહાપુરુષ હતા અને તેમના જમાના પછીની સર્વ પદ્ધતિઓ–રાજકીય, સામાજિક, શૈક્ષણિક અને ધાર્મિક–ના એ આદ્ય પ્રવર્તક હતા.

આપણા વિદ્યાર્થીઓ પરદેશના મહાન અને મહાન ગણાતા અનેક મહાપુરુષોનાં નામ જાણે છે, તેમનાં જીવનચરિત્રો વાંચે છે, પરંતુ આપણા પોતાના દેશના આવા મહાન પુરુષોનું નામ સુદ્ધાં પણ જાણતા નથી–તેમના શિક્ષકો પણ જાણતા નથી–એ અત્યંત શોચનીય સ્થિતિ છે.

*

માર્ક્સવાદ—હિંસા= ગાંધીવાદ
ગાંધીવાદ + હિંસા= ૦
∴ માર્ક્સવાદ = ૦

— આચાર્ય વિનોબા ભાવે

×

મનુષ્યજાતિનું વ્યાકરણ

લેખક :
સ્વ. હીરાલાલ લલ્લુભાઈ કાજી
એમ. એ; બી. એસસી; જે. પી.

'અખંડ આનંદ'ના વાચકોને લેખકનું નામ સુપરિચિત હતું–ખાસ કરીને 'રામાયણ વિશેની શંકાઓ' ઉપરના એમના લેખે ઘણાનું ધ્યાન ખેંચ્યું હતું. આ લેખ અમને મળ્યા પછી થોડા જ દિવસમાં શ્રી કાજીનો સ્વર્ગવાસ થયો. કેળવણીવિષયક અને સહકારી પ્રવૃત્તિઓમાં એમણે ઘણું કાર્ય કર્યું છે. સ્વ. કાજીની મૌલિક વિચારશક્તિની સાથોસાથ એમનામાં રહેલી કુદરતી રમૂજવૃત્તિની અહીં ઝાંખી થાય છે.

આપણે વ્યાકરણમાં શબ્દવિભાગ વગેરે શીખીએ છીએ, પણ વ્યાકરણમાં મનુષ્યવિભાગ શીખવવામાં આવતો નથી. હાન વ્યાકરણવેત્તા પાણિનિની આ એક ચૂક ણાતી નથી શું? તે ઉપર વિચાર કરતાં આ લઘુ વ્યાકરણની નવી રૂપરેખા ગુજરાતી સમક્ષ રજૂ કરવાની હિંમત કરું છું. શા છે કે મારું આ સાહસ અયોગ્ય હીં લેખાય.

નામના પ્રકાર : ૧ કેટલાક મનુષ્યો જાણે યોનિમાંથી પ્રથમ જ મનુષ્યાવતાર ધારણ હોય, તેવા હોય છે. પશુની માફક વુંપીવું, ઊંઘવું, ફરવું, એમાં જ આયુષ્ય તીત કરે છે. માનસિક વિકાસ ભાગ્યે જ લૂમ પડે છે. એવા મનુષ્યોને 'ઢોરવાચક' મ સમજવા.

૨. કેટલાક મનુષ્યો કાંઈ પણ માલ વગર- -દમ વિનાના માલૂમ પડે છે. કહેલું મ કરે, તે પણ જેવુંતેવું. સ્ત્રી ધમકાવે, તો 'ચાલ બાપા, હવે એમ નહીં કરું.' રાં ખખડાવે; ઑફિસનો હેડ કલાર્ક વે; બીજા કારકુનો બનાવે; ચાલીવાળાઓ સી ઉડાવે; બપોરે ઊંઘતો હોય ત્યારે કહે- તા મિત્રો અડધી મૂછો બોડી નાખે! એવા ષ્યોને 'અલૂણવાચક' નામ સમજવા.

૩. સ્ત્રીથી પતિનું નામ દેવાય નહીં, થી પત્નીનું નામ દેવાય નહીં. 'ઈ તો ઘરે ગીયા છ;' 'તારા બાપાને પૂછ;' 'અલી સાંભળે છ કે?' 'તમારા વેવાઈ હજી આવ્યા નથી,' 'બબલીના મોટાભાઈ એમ જ કહેતા હતા.' 'ઘરમાં પૂછો,' 'અમારાં ઘરનાં પણ દરરોજ તાપીકિનારે જઈ બેસે છે,' 'તારી કાકીને બોલાવ.' આવાં મનુષ્યો, જેને માટે નામ વપરાય નહીં, તે બધાને 'સર્વનામ' સમજવા.

જાતિ : ૪. મનુષ્યમાં કેટલાક પુરુષો સ્ત્રીના જેવા ચાળાચસકા કરે, જેને આપણે લહેરકીદાસ કહીએ, બાયલા જેવા દેખાય, જરાજરામાં શરમાય અને જાણે હમણાં ઘૂમટો તાણશે, એવો ભાસ થાય, એવા પુરુષો 'નારી જાતિ' કહેવાય.

૫. કેટલીક સ્ત્રીઓને ઉપરના હોઠ ઉપર મૂછનો દોરો ફૂટ્યા હોય, ધણીને ખખડાવી નાંખતી હોય, પાડપાડોશીઓમાં મંતારો ગણાતી હોય, છોકરાંઓને બાપનો નહીં, પણ માનો ધાક હોય, એવી મર્દાનગી સ્ત્રીને 'નરજાતિ' કહેવાય.

૬. કેટલાક મનુષ્યો કોઈ પણ ચીજ નક્કી જ ન કરી શકે; આમ કરું કે તેમ કરું, સભામાં મત આપવો હોય તો કોને આપવો તે નક્કી કરી ન શકવાથી મત આપે જ નહીં. શાક લેવા જાય, તો ગુવાર લેવી કે ભીંડા લેવા? ભીંડા લઉં તો કીકાને ભાવતા નથી અને ગુવાર લઉં તો ઘરનાં સર્વનામને

ભાવતી નથી, તૂરિયાં લઉં ને કદાચ કડવાં નીકળે તો? ઑફિસેથી ઘેર આવી ખીંટી ઉપર પહેલાં ખમીસ ભેરવવું અને તેના ઉપર કોટ ભેરવવો, કે પહેલાં કોટ ભેરવવો અને તે ઉપર ખમીસ, તે શંકાનું સમાધાન સર્વનામનાં પગલાં સંભળાયા સિવાય થાય જ નહીં, એવા મનુષ્યો 'નાન્યતર' જાતિ કહેવાય.

વચન: ૭. કેટલાક મનુષ્યો કોઈ સાથે થયેલી વાતચીત કહી બતાવવામાં પોતાને માટે 'તું તાં' વાપરે છે. દાખલા તરીકે કોઈ કોઈ શિક્ષક કહે છે: 'હું આજે હેડમાસ્તર પાસે અરજી લઈ ગયો. તેણે કહ્યું કે 'તારી મરજી હોય, તો હું અરજી મોકલી આપું, પણ તેથી કાંઈ તને લાભ થવાનો નથી.' હેડમાસ્તરે કાંઈ શિક્ષકને તું તાં કર્યા જ ન હોય, છતાં શિક્ષક આમ કહી બતાવે છે. એવા મનુષ્યો 'એકવચન' કહેવાય.

૮. જેઓ પોતાને મોટા ગણે અને પોતાને માટે અમે, આપણે વગેરે વાપરે, તેઓ 'બહુવચન' કહેવાય. જેમ કે 'અમે તો નોકરને આમ ધાકમાં રાખીએ;'' 'આપણે તો એવા જોખમમાં પડીએ જ નહીં ને!' 'અમને તો એવી ચીજ ગમે જ નહીં.'

વિશેષણો: ૯. કેટલાક મનુષ્યો કોઈ મોટા માણસોના કે સંબંધીઓમાંના શ્રીમંતના ગુણ ગાતા ધરાતા જ નથી. તેમનાં પૂછડાં જેવા તેમની સાથે ભમ્યા કરે છે, તેવા મનુષ્યો 'ગુણવાચક' વિશેષણ કહેવાય; વિશેષ્ય મોટો કે શ્રીમંત માણસ. મહાન વ્યક્તિઓનાં આવાં વિશેષણો હોઈ શકે છે. મહાત્માજી જેવાનાં વિશેષણો અનેક, રાજદ્વારી નેતાઓનાં પણ અનેક, સત્તાધીશોનાં સૌથી વધારે. તેમનાં વિશેષણોને બીજાં વિશેષણો પણ હોઈ શકે.

ક્રિયાપદ: ૧૦. કેટલાક મનુષ્યો કાંઈ કાંઈ ક્રિયા કર્યા જ કરે છે. તેમનાથી જંપીને બેસાતું જ નથી. છોકરાંઓ હોય, ત્યારે બીજું કાંઈ નહીં તો ચાનાં પ્યાલારકાબી તોડે, મોટા થાય ત્યારે આને ઘેર અથડાય, તેને ઘેર જાય, બોલબોલ કરે, સભાઓમાં નકામાં-નકામાં ધતિંગો કરે, એ પ્રમાણે કાંઈ પણ ફળ વગરની ધમાધમ કર્યા કરે, તેવા મનુષ્યો 'અકર્મક' ક્રિયાપદ કહેવાય.

૧૧. કેટલાક મનુષ્યો ધમાધમ કરે ખરા; મુસાફરીઓ કરે, બોલબોલ કરે, લખલખ કરે, પણ તેનું કાંઈ પણ ફળ નીપજે એવા હેતુથી; તેવા મનુષ્યો 'સકર્મક' ક્રિયાપદ. આવા સકર્મક ક્રિયાપદની સંખ્યા ઘણી જ ઓછી હોય છે. કેટલાંક ક્રિયાપદને બે કર્મ હોય છે; પરંતુ એવા મનુષ્યો તો સ્વાભાવિક રીતે બહુ જ ઓછા હોય ને!

ભેદ: ૧૨. કાંઈ પણ કામ બીજાની સહાય વિના કરી જ ન શકે, તેવાને 'સહાયભેદ' કહેવાય.

૧૩. ગમે તે કામમાં પોતે જ ઝંપલાવવાની હિંમત કરે તેવાને 'મૂળભેદ' તરીકે સમજવા.

૧૪. પોતે પડદા પાછળ રહીને, દોરી ખેંચી નાચ નચાવે, કામ કઢાવે, તેવા 'કારકભેદ' કહેવાય.

કાળ: ૧૫. કેટલાક મનુષ્યો બની ચૂકેલી જ વાતો કર્યા કરે છે. 'મારા બાપાના વખતમાં તો અમારે ત્યાં આટલા નોકર, ભૈયા, રસોઇયા;' 'મારા દાદા તો એવા તીખા સ્વભાવના કે ન પૂછો વાત;' 'એક વખત આમ થયું ને બીજી વખત તેમ થયું.' આવા મનુષ્યોને 'ભૂતકાળ' સમજવા.

૧૬. ઘણા વિદ્યાર્થીઓ મેટ્રિક પાસ થયા પછી ભવિષ્યમાં કઈ લાઈન લેવી, એનો વિચાર કર્યા વિના, આગળ કૉલેજમાં આર્ટ્સ, સાયન્સ કે કૉમર્સમાં અભ્યાસ જારી રાખે અને ગ્રેજ્યુએટ થયા પછી ફાંફાં મારે છે,

ભૂત-ભવિષ્યનો વિચાર ન કરનારાઓને, તેવા દેવાશે'માં માનનારાઓને માનકાળ' સમજવા.

૧૭. 'અરે તું જો તો ખરો! એક-બે- મહિનામાં તો આમ કરીશ, ને તેમ પરીક્ષાને તો હજી ત્રણ મહિનાની છે. વાંચવા માંડીશ, ત્યારે જોતજોતામાં વાંચી કાઢીશ.' આ પ્રમાણે ભવિષ્યના મની જ વાતો કરનારાઓને 'ભવિષ્ય-' સમજવા.

અવ્યય: ૧૮. કેટલાક મનુષ્યો પોતે લા ન હોઈ, બીજા બોલતા હોય, ત્યારે ટાપસી પૂર્યા કરે છે. ટાપસી પૂરવાના નિરનિરાળા હોય છે. તેવા મનુષ્યો જુદી જાતનાં અવ્યય કહી શકાય.

(अ) 'હાસ્તો, વારુ, ઠીઈઈક' વગેરે નારા 'ક્રિયાવિશેષણ' અવ્યય.

(ब) 'હું, હા-હા-હા, હી-હી-હી, ારીની; શાબાશ, ઓય માળો' વગેરે નારા 'કેવળપ્રયોગી' અવ્યય.

(क) 'પછી' વગેરે બોલનારા 'ઉભ- ' અવ્યય.

(ड) 'એમ કે, એ શું બોલ્યા, શું ય, શું કહો છ?' વગેરે બોલનારા ' અવ્યય.

(ई) જે મનુષ્ય વાત કરતો હોય, તેના ના છેલ્લા બેચાર શબ્દો ટાપસીરૂપે કરવા તેવો મનુષ્ય 'અસાધારણ' કહેવાય; જેમ કે,

૧ લો મનુષ્ય: 'હું આજે ઑફિસ ગયો, ત્યારે જરા મોડો પડ્યો.'

૨ જો મનુષ્ય: 'જરા મોડો પડ્યા.'

૧ લો મનુષ્ય: 'સાહેબે મને ધમકાવ્યો અને કહ્યું કે તમે આ પ્રમાણે મોડા આવશો, તો તમારો પગાર ઓછો કરવો પડશે.'

૨ જો મનુષ્ય: 'પગાર ઓછો કરવો પડશે.'

૧ લો મનુષ્ય: 'મેં કહ્યું કે લોકલ મોડી આવી તેમાં મારો શું વાંક?'

૨ જો મનુષ્ય: 'મારો શો વાંક?'

વિરામચિહ્નો: ૧૯. કેટલાએક એવા મનુષ્યો પણ હોય છે કે જે કોઈ મિત્રને મળવા ગયા હોય, ત્યાંથી ઊઠે જ નહીં. તે મિત્રને મળવા કદાચ બીજો મિત્ર આવે, તો પણ પ્રથમ આવેલા પુરુષને ઊઠી જવાનું સૂઝે નહીં–જાણે ગુંદર લગાડી કેમ આવ્યા હોય તેમ ઊઠે જ નહીં, ચીટકી જ રહે; આવા મનુષ્યો 'પૂર્ણવિરામ' કહેવાય.

૨૦. કેટલાએક મનુષ્યો આથી ઊલટા જ હોય છે. તેઓ ક્યાંયે ટકતા જ નથી. ભમતા ભૂત જેવા એક ઘેરથી બીજે ઘેર અથડાયા કરે. મિત્ર કહે કે 'કેશવલાલ જરા બેસો તો ખરા!' પણ કેશવલાલ કહે કે 'ના રે, ભાઈ, મારે તો હજી મગનલાલને ત્યાં જવું છે. હું તો આ તરફથી જતો હતો, ત્યારે મને થયું કે લાવ જરા ડોકું ઘાલતો જાઉં.' આવા મનુષ્યો 'અલ્પવિરામ' કહેવાય.

☆

ऽऽत्मनोऽभीष्टा भूतानामपि ते तथा ।
न सर्वत्र दयां कुर्वन्ति साधवः ॥
જેવા છે વહાલા તેવા અન્યને,
બધાં પ્રાણી, જાણી સાધુ દયા કરે

क्षणे रुष्टाः क्षणे तुष्टाः रुष्टाम्तुष्टाः क्षणे क्षणे ।
अव्यवस्थितचित्तानां प्रसादोऽपि भयंकरः ॥
ક્ષણે રાજી ક્ષણે ક્રોધી, રાજી ક્રોધી ક્ષણે ક્ષણે;
ચિત્ત ચંચળવાળાની કૃપા 'પણ ભયંકર !

×

લોહીનું સિંચન

લેખક :
શ્રી જયંત વસા

[૧] રતનની આત્મકથા

ઘણી નોકરીમાં મેં હાથ અજમાવી જોયો, પરંતુ એકેય નોકરીમાં હું ચાર માસથી વધુ ટકયો નથી.

નામ લખી જાણું એટલું જ્ઞાન મેળવ્યું ન મેળવ્યું ત્યાં તો નિશાળને રામરામ કરવા પડ્યા. કરવા જ પડે ને? એક તો ફીનો ઘડો ન રહેતો. ચાલુ માસની ફી આવતે મહિને માંડમાંડ ભરી શકું એવી અમારા ઘરની સ્થિતિ! એવામાં પિતાજી બીમાર પડ્યા. તેમની દવાદારૂમાં મૂડી તો સાફ થઈ જ ગઈ, ને ઓરડું પણ ગીરો મૂકવું પડ્યું. પિતાજી જો એ માંદગીમાંથી સાજા-નરવા ઊઠ્યા હોત તો તો કર્યું યે પ્રમાણ, પણ આ તો પિતાજી યે ગયા ને ઘર પણ!

ભાઈભાંડુમાં સૌથી મોટો હું એટલે પિતાજી જતાં મારા પર બોજો વધે એ સ્વાભાવિક છે. પણ આઠનવ વરસનો ટીનિયો એવો હું કુટુંબનું શું ઉકાળી શકું? પરિણામ?

જે આવવાનું હતું તે જ તો! બાને પારકાં કામ કરવાનો વખત આવ્યો. કોઈનું પાણી ભરી દે, દળણું દળે, કપડાં ધુએ, વાસણ માંજે! ને મળતા મહેનતાણામાંથી અમારું ગાડું માંડમાંડ નિભાવે.

બાના મોં પર પડેલી કરચલીઓ, જાણે હળફેરવ્યું ખેતર! કેડચેથી વળેલી બા–જાણે કે પીઠ પર કાળનો ઘા પડી ચૂકયો. બાના દિલની વ્યથા હું જોઈ ન શકતો પણ આંખનાં આંસુ કાંઈ છૂપ્યાં રહે ખરાં? એ આંસુ હું જોઈ ન શકયો.

પરિણામે મેં નિશાળને નમસ્કાર કર્યા ને બા પરથી બોજ હલકો કરવા નોકરી કરવા માંડી. હોટલમાં એઠા ચાના કપ વીછળવાની નોકરી મને મળી. પગાર રૂપિયા ચાર ને રોજના ત્રણ કપ ચા પીવા મફત મળે એ છોગાના!

પણ એ નોકરી હું લાંબો વખત ન કરી શકયો. મનમાં હતું કે પગારના રૂપિયા ચાર બાને આપીશ, ત્યારે એ કેવી રાજી થશે? પરંતુ મહિનો પૂરો થતાં પગાર લેવા ગયો તો શેઠે કહ્યું, તેં એટલાં બધાં કપરકાબી ફોડ્યાં છે કે ઊલટાના મારા આઠ આના લેણા નીકળે છે!'

એ નોકરીને રજા આપી ને બીજી નોકરી ઘણી કરી.

ઑફિસ–પ્યૂન, મીલમજૂર, શેઠિયાના ઘરનો રામો–ફેરિયો પણ બની ચૂકયો, પણ કયાંય હું વધારે ટકયો નહિ.

હવે હું અઢાર વર્ષનો જુવાનિયો બન્યો છું. મહેનત કરી શકું તેમ છું. એક કારખાનામાં રૂપિયા ત્રીશના પગારથી નોકરી મળી. કામ ફાવતું હતું, પગાર સારો મળતો હતો. થયું કે આ નોકરી છોડવી જ નહીં.

પણ એ નોકરી જયારે ગઈ કાલે છૂટી ગઈ ત્યારે મારું મન થાકયું. બાગમાં જઈ થોડી વાર હર્યોફર્યો. નજીકમાં માળી ગુલાબના છોડને પાણી પાઈ રહ્યો હતો.

બા પણ આવી જ પોતાનાં પુષ્પોને ખીલવવા.....

હાજી, જીવન એટલે બાગ, મા એટલે માલણ; બાળકો એટલે પુષ્પો.

બા પણ પોતાનાં પુષ્પો ખીલે, સુગંધ

રે એટલે પોતાના લોહીનું સિંચન જ છે ને?

*

ગમાંથી બહાર નીકળતાં જ એક ખાનામાં નોકરી કરતા મિત્રનો ભેટો થઈ. એણે કહ્યું, 'કાલે તો ગોકળઆઠમ છે.'

'તો શું તારે ત્યાં કૃષ્ણપુરાણ માંડવાનો કે શું?'

'હા, તું આવીશ?' એણે પૂછ્યું.

આપેલા સમયે હું તેને ઘેર પહોંચ્યો. કે ચાલો, કાનને પવિત્ર તો કરીએ. ણના બે શબ્દો જો કાનમાં જાય તો નું વળી ધરમ થશે. પરંતુ......

પરંતુ મિત્રને ઘરે તો કૃષ્ણપુરાણને બદલે રપુરાણ મંડાયું હતું. મિત્રે બીજા ક મિત્રોને પણ નોતર્યા હતા ને ત્રણ માં ચાલી રહ્યાં હતાં.

નોકરીથી થાકેલું મારું મન! એને આ ઠીક લાગ્યો. ઢીલા પોચા મનને મિત્રનો ક મળ્યો એટલે શરૂ કર્યું. છેલ્લી નોકરી નો પગાર મારા ખિસ્સામાં હતો– રૂપિયા.

રાતના ત્રણ વાગે ઘર તરફના રસ્તે તો હતો ત્યારે એ રકમ બેવડાઈ ગઈ રૂપિયા ત્રીસ જીત્યો હતો. એક માસનો ર! માત્ર આઠ કલાકમાં એક માસનો ર હું મેળવી શકયો જુગારથી! રોજના કલાક કારખાનામાં કામ કરતો ત્યારે કલાકના ત્રીસ રૂપિયા મળતા. શરીર-વી મનને મારી, પરસેવે રેબઝેબ થઈ કરતો ત્યારે ત્રીસ રૂપિયા મળતા. ને ? માત્ર આઠ કલાકમાં–બિલકુલ મહે- વગર–ફીલટાનો આનંદ મળ્યો–ત્રીસ ! વાહ! આનાથી બીજો સારો ધંધો માં કયો હશે? આઠ કલાકમાં ત્રીસ તો ત્રણસો કલાકમાં રૂપિયા અગિયારસો. વાહ રે! આ ધંધો કરવા જેવો ખરો! નવાઈની વાત તો એ કે અત્યાર સુધી આ ધંધો સૂઝ્યો કેમ નહીં?

આનંદના ઓઘમાં હું ઘર તરફ ચાલતો હતો. ડેલી ખખડાવી. તરત જ ઊઘડી; એટલે બા જાગતી બેઠી હશે. પૂછ્યું, 'તું હજુ સુધી જાગતી હતી બા? ચાર થવા આવ્યા હો, બા?'

બાએ હસીને કહ્યું: 'ને તું પણ પણ હજુ સૂતો નથી. કયાં હતો અટાણુ લગી ભાઈ?'

જવાબ તૈયાર હતો, 'આજે તો બા ગોકળ આઠમ હતી ને? એક દોસ્તને ઘેર પુરાણ વંચાતું હતું ત્યાં હતો.'

ભોળીભલી મા! એણે સાચું માની લીધું.

*

બીજે દિવસે મિત્ર પોતાની મિલમાંથી છૂટ્યો એટલે મેં પૂછ્યું. 'કેમ આજ પણ પુરાણ માંડવાના છો કે શું?'

'તું આવે તો માંડીએ.'

તેને ઘેર જઈ રમત શરૂ કરી, પરંતુ...

જુગારની રમત એ કાંઈ આંબાનું વૃક્ષ નથી કે એક વાર વાવ્યા પછી ફળ મળ્યા જ કરે. તે દિવસે મેં દશ રૂપિયા ગુમાવ્યા. ખેર, આવતી કાલે પાછા જીતીશું. એમાં શું? ઘેર આવ્યો એટલે બાએ પૂછ્યું: 'કેમ આજે પણ પુરાણ હતું કે શું?'

'ના રે, આજે શાનું પુરાણ? આજ તો રાતપાળી માટે એક કારખાનામાં ગયો હતો. બે રૂપિયા મળતા હતા એટલે થયું કે શું કામ જવા દેવા?' કહેતાં મેં બાકી રહેલી શિલિકમાંથી બાના હાથમાં બે રૂપિયા મૂકયા. થયું કે હમણાં જ બાનું મોં હસી ઊઠશે; એને થશે કે પોતાનો દીકરો ભલે હમણાં નોકરી ન કરે છતાં ય માને મદદગાર થવાનો અવસર ચૂકતો નથી.

પરંતુ બા તો બોલી: 'ભાઈ, ઉજાગરા

કરવા ઠીક નહીં. શરીર પહેલાં, પછી પૈસા. દિવસની નોકરી મળે તો કરજે. રાતપાળીની આપણુને ન ફાવે.'

આ જુગારના ધંધામાં મજા આવતી હતી. પરંતુ રોજરોજ બાને બહાનું શું આપવું? મિત્રને મેં કહ્યું: 'તું કારખાનામાંથી ચાર વાગે છૂટે છે, તો પછી આપણે પાંચ વાગે જ પુરાણ શરૂ કરી દઈએ તો? કે જેથી અગિયાર વાગે ઘેર પહોંચી જઉં.'

મિત્રે હા ભણી. પાંચ વાગે જુગારનું પુરાણ શરૂ કરવું. અગિયાર વાગે એ સંકેલી લઈ ઘરભેગું થવું. બાને મેં કહી દીધું: 'દિવસની નોકરી મળતી નથી, પણ બીજી પાળીમાં આજથી મળી ગઈ છે. ચાર વાગે જઈશ રાતના બારે પાછો આવીશ.'

બાને આ વાત બહુ ગમી નહીં; બોલી, 'તોયે ભાઈ, બાર સુધીનો તો ઉજાગરો ખરો ને?'

મેં પણ એનો બરાબર જવાબ આપ્યો, 'તો એમાં શું થઈ ગયું બા? સવારે મોડો ઊઠીશ, પછી કાંઈ? આઠ વાગે ઊઠું તોયે આઠ કલાકની ઊંઘ મળે એ ઓછી છે? તું જ કહે, તેં તારી જિંદગીમાં આઠ કલાકની ઊંઘ કદી કરી છે બા? પારકું કામ કરી આવી તું રાતે દશ વાગે આવે, અમને જમાડી–સુવડાવી તું સૂએ ત્યાં બાર વાત કરતાં વાગી જતા. ને પાછી ઘંટી ફેરવવા ત્રણ વાગે ઊઠી જ હો, પરોઢ થયું ન થયું ત્યાં તો તું પાછું બીજાનું કામ કરવા જતી. આ બધું તું શું ભૂલી ગઈ બા? તારાં બાળકો પાછળ તેં લોહીનું પાણી કર્યું, હવે એ તારાં બાળકો મોટાં થઈ તારી સેવા માટે જરાક અમથો ઉજાગરો કરે એમાં એ ઘસાઈ જવાના નથી, બા! તારા માટે તો આખી રાતનો ઉજાગરો, અરે! ઉજાગરો શું, આ કાયાની ચામડી ઉતારી જોડા કરાવીએ તોયે ઓછું છે બા!'

ભોળીભલી બા! દીકરાની લાંબી લાંબી વાત સાંભળી મીઠું હસતી હસતી રસોડા તરફ ગઈ.

*

અમારું 'પુરાણ' હવે નિયમિત ચાલતું હતું. મહિના ઉપર દિવસો વીતી ગયા. કોઈ દિવસ પાંચ પંદર જીતતો તો કોઈ દિવસ હારતો. એક દિવસ તો હું બધા રમનારાઓનાં ખિસ્સાં ખાલી કરી ઘેર આવ્યો હતો ત્યારે કેવો આનંદ હતો? પણ એ તર ખિસ્સાને ખાલી થતાં વાર લાગી નહીં. બીજે દિવસે ન જાણે કેવી પનોતી બેઠી હશે કે બધા જ પૈસા ગુમાવ્યા.

આજ મારા ખિસ્સામાં બિલકુલ ઓટ હતી. ઘેર આવ્યો તો થાળી પીરસી બા બોલી: 'ભાઈ, આજે પગાર મળ્યો?'

'પગ ર?' હું બેભાનપણે બોલી ગયો. પછી તરત જ ખ્યાલ આવ્યો કે બા તો એમ માને છે કે પોતાનો દીકરો કારખાનામાં કામ કરવા જાય છે; એટલે કહ્યું: 'પગાર તો બા હજી મળ્યો નથી.'

'પણ ભાઈ, આજ મહિના પર આઠ દી થયા! ઘરમાં એક પૈસો યે નથી. દાણાવાળાને તો મેં મારો પગાર આપી દીધો. હજી દૂધવાળો બાકી છે, નિશાળની ફી નથી આપી, ઓરડાનું ભાડું આપવું બાકી છે... ..'

'કાલે લાવીશ, બા.'

બોલ્યો તો ખરો પણ કાલે ક્યાંથી લાવવાનો હતો? પગાર ન આપું ને કહું કે બા તારો દીકરો નોકરી કરતો નથી; એ તો જુગારી બન્યો છે જુગારી, તો બાને કેટલો આઘાત લાગે?

છટ્! એવું નહીં થઈ શકે! કાલે પગારના રૂપિયા ત્રીસ બાના હાથમાં મૂકવા જ પડશે.

ગાલ પર હાથ ફેરવતો હું પથારીમાં

પડ્યો હતો એ ખરું, પણ મારું મન તો... ત્રીસ રૂપિયાનો જટિલ પ્રશ્ન મનને મૂંઝવી રહ્યો હતો.

ગાલદાઢી પર ફરતા હાથને ડોકમાં પહેરેલી કંઠીનો સ્પર્શ થયો. કંઠીની સાથે સોનાનો સાથિયો હતો.

સાથિયાની કિંમત કેટલી? પાંત્રીસેક રૂપિયા આવે ખરા!

નાનપણમાં હું એક વાર તાવમાં સપડાયો હતો. દવાદારૂ કર્યા પણ તાવ કેમે ય ન ઊતરે. બા ખૂબ મુઝાઈ ગયેલી. આંસુ સારતી તે એક દિવસ મારી પાસે બેઠી હતી. એવામાં કોઈ બાવાજી લોટ માગવા આવેલા. બાની આંખમાં આંસુ જોઈ તેણે કારણ પૂછ્યું. બાએ મારી બીમારીની વાત કરી. બાવાજીએ તરત પોતાની ઝોળીમાંથી એક દોરો કાઢી બાને આપતાં કહ્યું, 'લે માઈ, સોનાનો સાથિયો કંઠીમાં પરોવી ભાઈને ગળે પે'રાવજે.'

આશ્ચર્યની વાત હતી કે કંઠી બાંધ્યા બાદ મારી તબિયત સુધરતી ગઈ હતી. કંઠીમાં બાની શ્રદ્ધા વધી. પિતાજી ગુજરી ગયા બાદ જો કે કંઠી વેચવા જેવો વખત આવી ગયો હતો, છતાં બાએ એ કંઠી–સાથિયો કદી વેચવા ન દીધાં.

એ કંઠી આજ, ભોળીભલી બાનો કપૂત બેટો હું, વેચવાની પેરવી કરી. રહ્યો છું! નીંદર નથી, દૂરના ટાવરમાં બેના ટકોરા પડ્યા.

[૨] બાની આત્મકથા:

દૂરના ટાવરમાં બારના ટકોરા પડ્યા, બહાર બિલકુલ શાંતિ છે. જળ પણ જંપી ગયું છે. પરંતુ મારું દિલ.... એને ક્યાંયે જંપ નથી.

ઉપર આકાશમાં કાળાં વાદળ છવાયાં છે. મારા દિલમાં પણ અશાંતિનાં કાળાં વાદળો છવાયાં છે.

દિવસે તપેલી ધરતીને વરસાદની ધારા શીતળતા અર્પે છે.

પરંતુ મારા હૃદયને શીતળતા અર્પે એવો મારો દીકરો ઘેર આવ્યો નથી.

ગઈ કાલે મેં રતનને કહ્યું હતું, 'ભાઈ, પગાર આવતી કાલે ચોક્કસ લાવજે હો,' પણ એ પગાર ન લાવ્યો. દૂધવાળાએ ધમકી આપી હતી કે કાલે પૈસા નહીં મળે તો દૂધ પણ નહીં મળે. છોકરાંઓ કહેતાં હતાં કે આવતી કાલે નિશાળની ફી ભરવામાં નહીં આવે તો નામ કાઢી નાંખવામાં આવશે. નાની રાજુને પેટમાં સખત ગોળો ઊપડ્યો હતો. ડૉકટર કહે કે પૈસા વગર બીજો કોઈ ડૉકટર દવા આપતો હોય તો લઈ આવો, હું તો નહીં આપું. ઘરધણીએ કહ્યું હતું કે 'દરમહિને ભાડું મોડું આપો તે નહીં ચાલે, રહેવું હોય તો પે'લી તારીખે જ ભાડું આપવું પડશે, નહીં તો બીજું ઓરડું શોધી લેજો.'

ચિંતાનો તાપ સહેવાતો ન હતો; પણ વચ્ચે એક છાંયડીનો આશરો હતો. 'મારો રતન! રતનને નોકરી મળી ગઈ હતી. મહિનો પણ થઈ ગયો હતો. એટલે આજકાલ પગાર આવશે એમાંથી બધાને સમજાવી શકાશે.'

ટાવરમાં બેના ટકોરા પડ્યા.

આમ તો રતન મોડામાં મોડો બાર વાગે તો ઘરે આવી જ જતો. પરંતુ આજે રાતના બે વાગ્યા છતાં યે ન આવ્યો ત્યારે મારું કાળજું ફફડી ઊઠ્યું.

કારખાનામાં કામ કરતાં ક્યાંક મિશીનમાં...કે પછી રસ્તામાં અકસ્માત......

સમયના વહેવા સાથે મારા કાળજાનો ફફડાટ પણ વધવા લાગ્યો. બેત્રણ વાર તો ભ્રમમાં ને ભ્રમમાં ડેલી ઉઘાડી આવી પણ રતનનો પત્તો......

બહાર વરસાદ વધતો જતો હતો.

વીજળી પણ થવા લાગી હતી. કાનને ફાડી નાંખે તેવા ગડગડાટ થવા લાગ્યા.

ક્યાં હશે મારો રતન ? કારખાનામાં જ હોય તો તો ઘણું સારું. આવા વરસાદમાં છત્રી વગરનો એવો એ જો રસ્તા પર હશે તો તો...

એક ધ્રુજારી મારા શરીરમાંથી પસાર થઈ ગઈ. આવા વરસાદમાં માણસ ભિંજાતો આવે તો...

તાવ !

નાનો હતો ત્યારે એક વાર રતનને તાવ આવ્યો હતો. મારી ચિંતાનો પાર ન હતો. તાવ પણ કેમે ય ન ઊતરે. ભલું થજો પેલા સાધુનું. કોઈ પુણ્યપ્રતાપે મારે આંગણે એનાં પગલાં થયાં ને કંઠી આપી. કંઠીમાં સાથિયો પરોવી બાંધી ને તાવ ઊતરવા લાગ્યો ત્યારથી મારી શ્રદ્ધા એ કંઠીમાં ખૂબ જ વધી ગઈ હતી. રતનના ગળામાંથી એ કંઠી હું કેમે ય હડવા ન દેતી. એટલે જ તો હું તેને નદીમાં ના'વા ન જવા દેતી. પાણીમાં તરે ને ક્યાંક જો કંઠી નીકળી જાય તો ? ના રે ! એ કરતાં ઘરે ના'વું સો વાતે સારું.

મારો રતન આવા વરસાદમાં ભિંજાતો હશે તો ?

ડેલી ખખડ્યાનો અવાજ આવ્યો. દોડી જઈ ખોલી. બહાર જોતાં જ મને તમ્મર આવ્યા જાણે ! મારો રતન વરસાદમાં ભિંજાતો બહાર ઊભો હતો. જલદી ઘરમાં લીધો. દીવાના પ્રકાશમાં જોયું તો તેનું શરીર ધ્રૂજતું હતું. હોઠ ફફડતા હતા. ઝડપથી ખાટલો ઢાળી સુવાડ્યો ને ઈસ પર હું બેઠી. કપાળ પર હાથ મૂકતાં જ મારું હૃદય એક ક્ષણ જાણે કે થંભી ગયું. લાહ્ય બળતી હતી. ત્રણેક ગોદડાં તેને ઓઢાડી હું ગીતાના શ્લોક ભણતી ત્યાં બેઠી રહી.

બહાર વરસાદ વધતો જતો હતો.

રતનને તાવ વધતો જતો હતો.

તાવ આવે ત્યારે પગને તળિયે કાંસાના વાટકા વડે ઘી ઘસવાથી આરામ થાય છે. કાંસાનો વાટકો તો ઘરમાં હતો, પરંતુ...

ગરીબોએ તેલને જ ઘી માનવું પડે છે. તેલને ઘી માની ખાવાથી મનને છેતરી શકાય, પરંતુ તેલને ઘી માની પગે ઘસવાથી તાવ ઊતરે ખરો ? મીઠાનાં પાણીનાં પોતાં મૂકવા મેં શરૂ કર્યાં.

મનને એક આશ્વાસન હતું. રતનના ગળામાં જ્યાં સુધી કંઠીનો સાથિયો છે ત્યાં સુધી...

એ આશ્વાસનથી તો મેં આંખનાં આંસુ પર કાબૂ મેળવ્યો હતો.

પોતામાંથી મીઠાનું પાણી ઝરીને રતનના ગાલ, ગળા પર ઊતરતું હતું. તે લૂછવા મેં તેને ગળે હાથ ફેરવ્યો.

હાથ ત્યાં જ થંભી ગયો. આંખ ફાટી રહી, કાળજું કંપી ગયું, હૃદયમાં ગભરાટ ઊભરાયો.

કંઠીસાથિયો ગળામાં ન હતાં!

મારો આશ્વાસનનો તાંતણો તૂટી પડ્યો. ખૂબ જ ચગાવેલ હીંચકેથી પડતા માનવીને જેવું દર્દ થાય તેવું દર્દ આશ્વાસનના હીંચકેથી પડતાં મને થયું.

દોરડાના હીંચકેથી પડેલા માનવીનું શરીર ભાંગે છે.

આશ્વાસનના હીંચકેથી પડેલાનું મન ભાંગી જાય છે. મારા દિલમાં કંઈક અદૃશ્ય બીક, અમંગળ શંકા ઘોળાવા લાગી. આશ્વાસનની પાળ વડે મેં આંખનાં પાણીને રોક્યાં હતાં, તે હવે પાળ તૂટતાં...

મારાથી ધ્રુસકું ખવાઈ ગયું. રતને આંખ ખોલી : 'બા તું રડે છે?'

આંસુ લૂછી મેં તેને પ્રશ્ન કર્યો, 'કંઠીસાથિયો ક્યાં ભાઈ?'

બોલ્યા વગર તે આંખ ઉઘાડી રાખી મારા સામે જોઈ રહ્યો. સ્થિર નજરે! આવા વર્તનથી મને બીક લાગી: 'કહે ભાઈ, કહે મારાં કંઠીસાથિયો ક્યાં?'

જવાબ ન મળ્યો. હવે તે છત સામે જોતો રહ્યો. તેનું મોં મારા તરફ. મેં કહ્યું, 'ભાઈ, કંઠી ક્યાં?'

ફરીને મારા સામે જોઈ રહ્યો; પછી બોલ્યો, 'બા, રતન તારો દીકરો થવાને લાયક નથી.'

મને બીક લાગી કે રતન બેભાનપણામાં તો નહીં બોલતો હોય?

'સાચે જ બા!' તે ફરીથી બોલ્યો, 'તારો રતન કપૂત છે, બા! તેં માલણ બની તારા પુષ્પને ખીલવવા લોહીનું સિંચન કર્યું પણ ...'

'રતન, તું જાગે છે?'

'અત્યાર સુધી ઊંઘતો હતો બા, હવે જાગ્યો છું. તારો રતન કપૂત છે બા, તારો રતન કપૂત છે. રતન એક જુગારી, અસત્યવાદી, લાગણી વિનાનો......'

'ગાંડો તો નથી થયો રતન?' હું વચ્ચે જ બોલી ઊઠી.

'સાચે જ બા રતન કપૂત છે, જુગારી છે, અસત્યવાદી, લાગણીહીન છે. તને તો એમ કે બા, મારો રતન કારખાનામાં નોકરી કરે છે. પરંતુ બા, નોકરી તો બહાનું માત્ર હતું, એ બહાના હેઠળ તારો રતન જુગાર રમવા જતો. તેં ગઈ કાલે મારી પાસે પગાર માગ્યો, પણ હું ક્યાંથી લાવવાનો હતો? પગારને નામે તારા હાથમાં ત્રીસ રૂપિયા મૂક્યા સિવાય ચાલે તેમ ન હતું.'

મને બીક લાગી. રતન વધારે બોલશે તો થાકે...મેં કહ્યું. 'રતન, તને તાવ આવે છે. અત્યારે બોલીશ નહીં.'

એ બોલ્યો. 'આજે તો બા, તને બધી વાત કહ્યા વગર છૂટકો નથી. મને કહી લેવા દે. બા, મેં કંઠી વેચી એના પૈસા તારા હાથમાં મૂકવાનું નક્કી કર્યું. કંઠી વિશે તું પૂછે તો કહેવું કે ન જાણે ક્યાં ખોવાઈ ગઈ. આમ નક્કી કરી મેં કંઠીસાથિયો વેચ્યાં. પૈસા મળ્યા એ તને જ આપવાના હતા. પણ લોભ જાગ્યો. થયું કે મળેલા પૈસાથી જુગાર રમું તો? જીતીશ તો કંઠી પણ પાછી મળશે ને તને પગારના નામે પૈસા પણ આપી શકીશ. રમવા બેઠો પણ ત્યારે વિચાર ન આવ્યો કે કંઠીસાથિયાના મળેલા પૈસા જો ગુમાવ્યા તો?'

રતનની વાત સાંભળી મારું દિલ દુભાતું હતું. મારો રતન જુગારી? છટ્! મન એ વાત કબૂલવા હા ભણતું જ ન હતું.

તે આગળ બોલતો હતો, 'જુગાર રમવા બેઠો ને બા, મેં બધા જ પૈસા ગુમાવ્યા. કંઠી ગઈ. પૈસા ગયા. તને મોઢું બતાવતાં શરમ આવતી હતી પણ આવા વરસાદમાં તું ચિંતા કરીશ એ વિચારે...' તે બીજી બાજુ મોં ફેરવી ગયો. હું જોતી નથી એમ ધારીને તે આંસુ લૂછતો હતો.

થોડી વારે તે બોલ્યો, 'બા, આ બધું તને કહેવાનું ન હતું, પણ...પણ...હું વધારે વખત મારી બાને છેતરી શકું તેમ ન હતો.'

[૩] રતનની આત્મકથા

શરીર તપતું હતું પરંતુ મન શાતા અનુભવતું હતું. કારણ?

કારણકે બાને મોઢે મેં આજ ગુનો કબૂલી લીધો હતો.

મારી વાત સાંભળી માના મોં પર ધીરે-ધીરે દુઃખની છાયા વિકસતી જતી હતી. મારા ગળામાં કંઠી ન જોતાં તે કેવી બેબાકળી થઈ ગઈ હતી?

બેબાકળી થાય જ ને? પોતાના લોહીનું સિંચન કરી વિકસાવેલાં પુષ્પોને સુગંધ વગરનાં ભાળી તેને દુઃખ થાય જ.

બાની લાગણીનો જરાયે ખ્યાલ કર્યા વગર મેં કંઠીસાથિયો વેચી નાખ્યાં! તે રાતે કાંઈ પણ બોલ્યા વગર બા મારે માથે મીઠાના પાણીનાં પોતાં મૂકતી રહી. હા, તેની જીભ મૂંગી હતી, પરંતુ હાય! એની ભાષા હવે હું સમજી શકતો હતો.

સવારે બાએ મને પૂછ્યું: 'તેં કંઠીસાથિયો કોને વેચ્યાં?'

મેં મારા મજૂરમિત્રનું નામ આપ્યું. પણ મને સમજાયું નહીં કે બા કરવા શું માગે છે? કંઠી પાછી છોડાવવા માગે છે? પરંતુ ત્રીશ રૂપિયા વગર... !

બહુ દુઃખ થયું. દળણાં કરી બાએ પાંચ-પચીની મૂડી ભેગી કરી હશે–પ્રસંગે વાપરવા માટે. એ મૂડી આજ મારે ખાતર...

થતું હતું કે ઊભો થઈ બાને ચરણે માથું ઢાળી આંસુથી તેના પગ ભીંજવી પશ્ચાત્તાપ કરી લઉં, પરંતુ...

ઊભા થવા જેટલી શક્તિ મારામાં ન હતી.

'તારા માટે દવા લેવા જઉં છું,' કહી બા ગઈ.

ને પાછી આવી ત્યારે તેના શરીરનો રંગ ફિક્કો પડી ગયો હતો, આંખ ઊંડી ઊતરી ગઈ હતી, શરીરમાં ધ્રુજારી હતી, પગ લથડતા હતા. જાણે શેરડીમાંથી રસ નિચોવાઈ ગયો ને માત્ર કૂચો...

એકાએક બાને આ શું થઈ ગયું હશે?

મેં તેના સામે જોયું. શરીર નિચોવાઈ ગયું હતું એ ખરું, પણ આંખમાં હાસ્યની ચમક હતી–ઉલ્લાસ હતો.

દવાની શીશી ખાટલા નીચે મૂકી તે ઈસ પર બેઠી. મેં પૂછ્યું: 'બા, તને શું થઈ ગયું? થોડી વારમાં આટલી દૂબળી કેમ પડી ગઈ? તારું શરીર ધ્રૂજે છે બા?'

'મારું? ના રે! મને શું થવાનું હતું?' કહી તેણે સાડલાને છેડે વાળેલી ગાંઠ છોડી ને અંદરથી કંઠીસાથિયો કાઢી મારી ડોકે બાંધ્યો. 'હાશ' કહી તેણે મારે માથે હાથ ફેરવ્યો.

'કેવી રીતે છોડાવી આ કંઠી?' મેં પૂછ્યું. બાએ જવાબ ન આપ્યો. તેને જવાબ આપવો પણ ન પડ્યો. હું સમજી ગયો. મારી નજર બાના બાવડા તરફ ગઈ, ત્યાં સોજો હતો. આખી વાત સમજાઈ ગઈ.

હમણાં હમણાં સરકારી દવાખાનામાં માણસનું લોહી લેવાનું શરૂ કર્યું હતું. બદલામાં પૈસા મળતા. ગરીબ માણસ ત્યાં જઈ લોહી આપી આવતો ને પૈસા મેળવતો. બાએ પણ...

બાએ પણ લોહી આપ્યું. પૈસા મેળવ્યા. કંઠી છોડાવી. શા માટે?

બાનો રતન તાવમાં સપડાયો હતો. રતનની બા એ કેમ જોઈ શકે? રતનની ખાતર બાએ લોહી વેચ્યું–લોહીનું સિંચન કર્યું, પરંતુ...પરંતુ...

રતને? એના કપૂતે? મમતાળુ, વાત્સલ્યની મૂર્તિ શી મા માટે એના રતને શું કર્યું? શક્તિ ન હતી પણ છતાં યે હવે બાના ચરણે ભિંજાવ્યા વગર મને ચેન પડે તેમ ન હતું.

★

'વિજયની સીડીના છેલ્લે પગથિયે પહોંચતી વખતે તમારા મનમાં કેવી લાગણી જાગે છે?' સફળ બનેલા સામાજિક કાર્યકરને કોઈએ પૂછ્યું.

જવાબ મળ્યો:

'મને ત્યારે એ સીડીનું પહેલું પગથિયું યાદ આવે છે.'

×

ઋગ્વેદકાળની સ્ત્રી

લેખક :
ડૉ. બિપિનચંદ્ર હી. કાપડીઆ
એમ. એ; પીએચ. ડી.

સમી સદીમાં સંસ્કારી કુટુંબોમાં પણ છોકરીનો જન્મ શાપ સમાન ગણાય છે. 'લક્ષ્મી અવતર્યાં છે,' એમ કહી મનાવી લેવું પડે છે. ઋગ્વેદના સમયમાં આવી સ્થિતિ ન હતી, છતાં પણ નો જન્મ આવકારદાયક તો ન જ . તેને ત્યજી દેવામાં આવતી એ અસત્ય પુત્રી માટે ઋગ્વેદમાં 'દુહિતૃ' શબ્દ છે. ર્યોની પ્રારંભિક સંસ્કૃતિમાં ગાય દોહવા રે કામ તેઓને સુપ્રત કરાયું હતું.

પુત્રી આજે છે તેમ તે સમયમાં પણ તાને માટે એક ચિંતાનો વિષય હતી. ક્ત વય પ્રાપ્ત કરતાં તેને યોગ્ય લાયક તિ જોડે પરણાવવાની હતી, જે પતિ સારો વડે કે ન પણ નીવડે. જન્મથી જ તે ચિંતાનો વિષય હતી છતાં પણ તેને પિતૃ-વાત્સલ્યનો લાભ મળતો. તેને માતા કાળ-જી ખવરાવતી, પહેરાવતી, શણગારતી. ઘણી વખત સરળ સ્વભાવ, મધુર હાસ્ય અને સભ્ય વર્તનથી તે તેઓનું પ્રેમપાત્ર પણ બનતી. તે સમયમાં તેની કેળવણીની ઉપેક્ષા ન થતી. સંસ્કારી વર્ગોમાં તેને ઉચ્ચ શિક્ષણ આપવામાં આવતું, જેથી તેને સમાજમાં યોગ્ય સ્થાન તથા માનનો ખ્યાલ રહેતો. ગ્વેદના સમયમાં સ્ત્રી–ઋષિ પણ હતાં જેઓ ઋચા રચતાં, યજ્ઞો કરતાં, દેવોને ઓ વડે પ્રાર્થના કરતાં, ઉમદા ગાયકોમાં ન્નત સ્થાન મેળવતાં અને કીર્તિમંદિરમાં શસ્યમાન ખૂણો મેળવતાં.

ઘોષા એક સુવિખ્યાત ઋષિ હતી (ઋ. ૧.૧૧૭.૧૦; ૩૧; ૪૦) તેજ પ્રમાણે લોપામુદ્રા (૧.૧૭૯); મમતા (૬.૧૦.૨); અપાલા (૮.૯૧;) સૂર્યા (૧૦.૮૫); ઇંદ્રાણી (૧૦.૧૪૫); શચી (૧૦.૧૫૯); સાર્પરાજ્ઞી (૧૦.૧૮૯) અને વિશ્વાવારા (૫.૨૮) ઋષિ–સ્ત્રીઓ હતી. વિશ્વાવારાએ અગ્નિની સ્તુત્યર્થે ઋચાઓ જ નથી રચી પરંતુ યજ્ઞમાં ઋત્વિજ તરીકે પણ કાર્ય કર્યું છે. (૫.૨૮.૧) એ કક્ષાનો પાછળથી ઈર્ષાળુ, સ્વાર્થી બ્રાહ્મણોએ નિષેધ કર્યો છે. અપાલાએ ઇંદ્રની સ્તુતિ માટે સૂક્ત રચ્યું છે, સોમ અર્પ્યું છે. ઇંદ્રની કૃપાથી તેનો ચામડીનો રોગ, જેને માટે તેના પતિએ તેને ત્યજી હતી, મટ્યો હતો, (૮.૯૧.૪). તેના પિતાના માથે તાલ પડી હતી, ખેતરમાં પાક થતો ન હતો. તેની આજીજીભરી પ્રાર્થનાથી ઇંદ્ર પિતાના માથાની તાલ સુધારી તથા ખેતરમાં ભરપૂર પાક ઉગાડાવ્યો (૮.૯૧.૫.૬).

કવચિત્ સ્ત્રી પોતાના પતિ સાથે યુદ્ધમાં જતી. રાજા ખેલની પત્ની વિશ્પલા, જેનો લડાઈમાં પગ કપાઈ ગયો હતો, તેને અશ્વિનોની કૃપા વડે લોખંડનો પગ મળ્યો હતો. (૧.૧૧૨.૧૦; ૧૧૬.૧૧; ૧૧૭.૧૧; ૧૧૮.૮; ૧૦.૩૯.૮). ઋષિ મુદ્દ્ગલની સ્ત્રી મુદ્દ્ગલાની કે ઇંદ્રસેનાએ પોતાના પતિને લૂંટારુની શોધમાં મદદ કરી હતી. લૂંટારુ તેની ગાયો ચોરી ગયા હતા. પતિ જયારે સપડાઈ ગયા ત્યારે તેણે રથ હાંકયો હતો, પતિનાં ધનુષબાણ લઈ તેઓને પરાજિત કર્યા અને ગાયો પાછી મેળવી (૧૦.૧૦૨). આ બધાં દૃષ્ટાંતો બતાવે છે કે ઋગ્વેદના આર્યોના કૌટુંબિક

તથા સામાજિક જીવનમાં સ્ત્રી મહત્ત્વનો ભાગ ભજવતી. તેઓને કેવળ ઊંચી માનસિક કે આધ્યાત્મિક કેળવણી અપાતી ન હતી; પરંતુ તેઓને પુરુષોની જેમ સખત શારીરિક કેળવણી અપાતી, જેથી તે શૂરાતનમાં, ડહાપણમાં અને ચાતુર્યમાં પુરુષોને હંફાવતી. ઋગ્વેદ (૫.૩૦.૯)માં સ્ત્રી–સૈનિકોનો ઉલ્લેખ છે. વિશ્વાવારાએ અગ્નિને ઋચા વડે પ્રાર્થના કરી છે, જેમાં પતિ–પત્નીના સંબંધને અચળ, દૃઢ અને સંગીન બનાવવા કહ્યું છે (૫.૨૮.૩). આ સૂચવે છે કે ઉદાત્ત માનસવાળી સ્ત્રીઓ સામાજિક ફેરફારો કરાવી શકતી.

આથી એમ કહી શકાય કે સામાન્યત: ઋગ્વેદના સમાજમાં સ્ત્રીનું સ્થાન ઊંચું અને માનપાત્ર હતું. લગ્ન માટે પતિની પસંદગી પુત્રીની અનુમતિથી થતી, તે પોતાની મેળે પણ પતિ શોધી શકતી; પરંતુ પિતાની સંમતિ મેળવી લગ્ન કરતી. જો તેને યોગ્ય વર ન મળે તો તે પિતાના કે પિતા ગુજરી ગયા હોય તો ભાઈના ઘરમાં અપરિણીત સ્થિતિમાં પણ આશ્રિત જીવન ગાળી શકતી. કવચિત્ અપરિણીત પુત્રીને પિતાના વારસામાંથી સ્વતંત્ર નિભાવ માટે હિસ્સો મળતો (૨.૧૭.૭). પરંતુ આથી ભાઈ તથા ભાભીથી તે ઘૃણા વડે જોવાતી. આવી પુખ્ત ઉંમરની પુત્રીઓ જેઓના પિતા તથા ભાઈ નથી તે ખોટે રસ્તે પણ ચડી જતી (૪.૫.૫). આથી ઘરમાં કન્યાનું આગમન આનંદ કરતાં વિષાદનું, કારણ બનતું. અથર્વવેદ (૬.૧૧.૩)માં પુત્ર માટે માગણી કરાઈ છે.

ઋગ્વેદના સમયમાં ઘરમાં સૌથી વધુ વડીલ પુરુષ વડો ગણાતો. તેના તાબામાં છોકરાં, છોકરાનાં છોકરાં ને પુત્રવધૂ રહેતાં. આ વડો પછીથી ધૂંસરી મોટા છોકરાને સોંપતો. પતિ અને પત્ની પર આખા કારભારની જવાબદારી રહેતી, સર્વ તેઓની આમન્યા પાળતાં, આજ્ઞામાં રહેતાં.

વિશ્વામિત્રને કૌટુંબિક સાચા સુખની ચાવી હસ્તગત થઈ હોય તેમ કહે છે: 'जाया इदस्तम्' પત્ની જ ઘર છે (૩.૫૩.૪). પત્ની ફક્ત પ્રેમાળ ન હતી, પણ આજ્ઞાકારી તથા પતિની ઈચ્છાને તાત્કાલિક માન આપનારી હતી, તેની ઈચ્છાનુસાર કાર્ય કરતી (૧.૧૨૨.૨.); તે કળામય રીતે અને સારી રીતે પોષાક સજતી (૪.૩.૨;૫૮.૯) સદા પતિને ખુશ કરવાના આશયથી હાસ્યાંકિત વદન રાખતી (૪.૫૮.૮). તે સંભાળપૂર્વક તેનું બિછાનું બિછાવતી, તેની કાળજી રાખતી (૪.૩.૨). તે પ્રેમાળ સ્ત્રી જ ન હતી પણ પ્રેમાળ માં પણ હતી. તે પુત્રને ચાહતી (૭.૮૧.૪), સારસંભાળ રાખતી અને ઉછેરતી. રમતિયાળ અને ખુશમિજાજી બાળકો ઘર માટે આનંદનાં કેન્દ્ર બનતાં. કેટલીક વખત માતાનાં સ્તન દૂધથી નીતરતાં, ત્યારે અંદરના ખંડમાં જઈ વાત્સલ્યપૂર્વક શબ્દોથી નવાજી સ્તનપાન કરાવવા બેસતી (૯.૬૧.૧૪). ૭.૪૩.૩માં માતાના ખોળામાં મૂકેલા બાળકનું સુંદર વર્ણન છે. પત્નીને ઘરનો શણગાર ગણાવ્યો છે (૧.૬૬.૩). તે વહેલી સવારે ઊઠતી, બીજાને ઉઠાડતી, નોકરોને યોગ્ય કામની સોંપણી કરતી (૧.૧૨૪.૪). તે કાર્યરત થતી, કચરોપૂંજો કાઢતી, વાસણ માંજતી, વહેલું સ્નાન કરતી, પવિત્ર અગ્નિમાં પતિ સાથે આહુતિ અર્પતી, બીજી આહુતિ મધ્યાહ્ને અને ત્રીજી સાયંકાળે (૧.૧૭૨.૨; ૩.૨૮; ૫.૪૩.૧૫; ૮.૧.૨૯; ૧૩.૧૩) આપતી. તેનું પ્રથમ કર્તવ્ય પવિત્ર અગ્નિને સળગતો રાખવાનું હતું. જેવું વાસણમાં દૂધ દોહવાઈને આવતું તેવું જ તે ગરમ કરતી, માખણ વલોવતી અને રસોઈમાં લાગી જતી. સવારના ભોજન પછી તે સારાં કપડાં પહેરતી,

ઓળતી, સાજ સજતી અને છોકરાંને કરતી (૧.૧૨૩.૧૧; ૧૨૪.૭; ૩.૨; ૫૮.૯; ૧૦.૧૧૦.૫). પછી તે મળતી, સાંજનું ખાણું બનાવતી, કરતી, છોકરાંને વહેલાં સુવાડી દેતી. અને સ્ત્રી નોકરો તેના હાથ નીચે હતાં ૦.૮૫.૪૩). તે ગાયની સારસંભાળ અને નોકરોના કાર્ય પર નજર (૧૦.૮૫.૪૪). તે કવચિત્ બીજી જોડે બહાર નીકળતી, ફૂલ તોડતી (૧. .૨). તે સસરાની આજ્ઞાંકિત હતી, -નણંદ જોડે પ્રેમાળ રહેતી (૧૦.૮૫.). તે પતિને ભક્તિપૂર્વક ચાહતી (૪. .૮), જો તેનો સત્કાર કરવામાં જરા ઢીલ ન કરતો (૧.૭૩.૩; ૨.૧૬. ૮.૨.૧૯; ૩૫.૫).

સાચું સુખ પતિ–પત્નીના જીવનના વાદમાં તથા પવિત્ર ધાર્મિક કાર્ય કરવામાં ઋ.૭.૩૧.૫.૯માં કહ્યું છે: 'હે દેવ! તિ અને પત્ની સમાન મનથી આહુતિ અર્પો. ઓને પવિત્ર કરો. દૂધ મિશ્રિત સોમથી તે ને સંતુષ્ટ કરો. તેઓને સાચું યજ્ઞખાદ્ય . તે યજ્ઞ કરી શકે તેવાં હો. તેઓને રાકની તંગી ન હો. તેઓ દેવોને આપેલા નમાંથી પાછાં ન ફરો, તમારી સ્તુતિમાંથી છાં ન ફરે, પણ આહુતિ આપે. યુવાન તતિથી બંને શરીરને સુંદર રીતે શણ- રીને જીવન સુખે પસાર કરે. યજ્ઞો કરી, છિત ધન મેળવી સંતોષકારક આહુતિ અર્પી મરત્વ માટે, વ્યક્તિગત સુખ માટે દેવોની તિ કરે.'

પતિની તે આજ્ઞાંકિત રહેતી, તેની ઇચ્છાને રહેતી છતાં પણ તેને તે યોગ્ય સન્માન પતો. તેની સાથે યજ્ઞ કરતી. પુત્ર વગરની વા પતિની મિલકત હકથી મેળવતી (૧૦.૧૦૨.૧૧). અપરિણીત યુવતી જે પિતાને ત્યાં રહેતી તે 'અમાજૂ' કહેવાતી. તેને નિભાવ માટે પૈતૃક ધન મળતું (૨.૧૭.૭). પોતે પતિ પસંદ કરતી (૧૦.૨૭.૧૨). તે સમયમાં બાળલગ્નનો રિવાજ પ્રાયઃ ન હતો. પુખ્ત ઉંમર પહેલાં તેને પરણાવવામાં ન આવતી. તે શારીરિક રીતે પૂરતી ખીલેલી હોવી જોઈએ (૧૦.૮૫.૨૧.૨૨). સૂર્યાને સોમ સાથે પરણાવી ત્યારે તે પુખ્ત થઈ હતી, યુવાન હતી અને પતિ માટે ઇચ્છાવાળી હતી (૧૦.૮૫.૯). ઘોષા યૌવનકાળ પછી પરણી હતી. કવચિત્ કોઈ છોકરી સૌંદર્ય, લાયકાત, યોગ્યતાને છોડીને પૈસાદારને પસંદ કરતી તો તેવાં લગ્નો નિંદાતાં. લાયક છોકરી જેને ચાહતી તેને પરણતી; કારણકે દંપતી–સુખનો આધાર લગ્નનું સુખ છે (૧૦.૨૭.૧૨). આંધળી કે એવી કોઈ ખોડખાંપણવાળીનાં લગ્ન કરવાં સહેલાં ન હતાં; પરંતુ કોઈ તેનો સ્વીકાર કરતો તો વાંધો ઉઠાવવામાં ન આવતો (૧૦.૨૩.૧૧). અયોગ્ય વરને કવચિત્ ભારે કિંમત આપવી પડતી (૧.૧૦૯.૨). જેઓ એક ગોત્રના ન હોય, કોઈ ભયંકર વ્યાધિગ્રસ્ત ન હોય, તો માતાપિતા વાંધો ન લેતાં. જમાઈની શોધમાં અમુક સંજોગોમાં તેઓની ઇચ્છા પ્રમાણે થતું. જો તેઓને પુત્ર ન હોય તો તેના ભાવી જમાઈને સૂચન કરાતું કે તારો પથમ પુત્ર અમને દત્તક આપવો (૧.૧૨૪ ૭; ૩.૩૧.૧). ઘણી કન્યાઓ પિતાના ઘરમાં અપરિણીત રહેતી (૧.૧૧૭.૭; ૧૦.૩૯.૩; ૪૦.૫). ઉત્સવના પ્રસંગે ચાહકોને આકર્ષવા શણગાર સજતી, ઘરેણાં પહેરતી (૧.૧૨૩.૧૧; ૭.૨.૫). યુવાન યુવતીના પ્રેમ માટે સંવનન કરતો (૧.૧૧૭.૨). ચાહક પ્રણયદાન આપતો (૧.૧૧૭.૧૮). પરસ્પર એકબીજાને ચાહતાં.

(૧.૧૬૭.૩; ૯.૩૨.૫); ૭.૫૫.૫–૮ના મંત્ર વડે આશક ઘરનાં બીજાં જનોને નિદ્રામાં નાખી દેતો અને પ્રણય કરતો. આ બધું બતાવે છે કે તેઓ પુખ્ત ઉંમરે પરણતાં.

ઋગ્વેદના સમયમાં લગ્નના ઘણા પ્રકારો માલૂમ પડે છે. એક પ્રકારમાં પરસ્પર સંમતિથી લગ્ન કરાતાં, પણ તેમાં માતાપિતા કે ભાઈની અનુમતિની અપેક્ષા રખાતી. લગ્ન કોઈની મદદથી ગોઠવાતાં (૧૦.૮૫.૧૫. ૨૩). બીજો પ્રકાર ચોરી કે ઉઠાવી જવાનો હતો. આ સામાન્ય ન હતો. વિમદ પુરુમિત્રની પુત્રીને પિતાની ઇચ્છા વિરુદ્ધ પણ કદાચ તેની સમ્મતિથી ઉઠાવી ગયો હતો (૧.૧૧૨.૧૯, ૧૧૬.૧, ૧૧૭.૨૦, ૧૦. ૩૯.૭; ૬૫.૧૨). ત્રીજો પ્રકાર આર્ષ હતો, જેમાં કોઈ જ્ઞાની અને આધ્યાત્મિક ઋષિની કન્યા અપાતી, શ્યાવાશ્વ એનું દૃષ્ટાંત છે. ચોથો પ્રકાર અતિ સામાન્ય હતો, જેમાં કન્યા યોગ્ય વરને પુષ્કળ પહેરામણી સાથે આપવામાં આવતી.

લગ્નક્રિયા સંક્ષેપમાં જોઈએ તો લગ્ન કન્યાને ત્યાં થતાં (૧૦. ૧૭.૧). વર સારી રીતે સજ્જ અને અલંકૃત થઈ (૧૦.૭૮.૭) મિત્રમંડળ સહિત કન્યાને ત્યાં આવતો. વર કન્યાને પથ્થર પર ચઢાવતો, તેનો હાથ પકડતો અને અગ્નિની પ્રદક્ષિણા કરાવતો (૧૦.૮૫.૩૬. ૩૮). આથી પતિ ‘હસ્તગ્રાહ્ય’ નામથી સંબોધાતો (૧૦.૧૮:૮). ક્રિયા સંપૂર્ણ થતાં વરઘોડો કાઢી વર કન્યાને પોતાને ઘેર લઈ જતો (૧૦.૮૫.૭; ૮.૧૦.૨૪.૨૫. ૨૬.૨૭.૪૨), જેમાં યોગ્ય ગીતો ગવાતાં, પછી સમાગમ થતો. લગ્ન સમયના મંત્રો નવપરિણીત વધૂનું સ્થાન બતાવે છે. નવા વાતાવરણ અને વર્તુળમાં તેનાં કર્તવ્યો સદા માટે પરસ્પરના હૃદયનું એકીકરણ બતાવે છે.

ઋગ્વેદના સમયમાં, એક પત્નીનો રિવાજ હતો. (૧.૧૨૪.૭; ૪.૩.૮; ૧૦.૭૧.૧. ૪; ૧૦૪.૩; ૧૦૫.૮; ૧૮૬.૭); પરંતુ વધુ પત્ની કરી શકાતી. (૧.૬૨.૧૧; ૭૧.૧; ૧૦૪.૩; ૧૦૫.૮; ૧૮૬.૭; ૪. ૫૮.૮; ૭.૧૮.૨; ૨૬.૩; ૧૦.૪૩.૧; ૧૦૧.૧૧). બહુ પત્નીમાં સુખ ન હતું અને પતિનું જીવન દુઃખી થતું (૧.૧૦૫.૮; ૧૦.૩૩.૨). ઇંદ્રાણીએ રચેલાં બે સૂક્તોમાં બહુપતિના રિવાજ દ્વારા પત્નીનું પતિત અને નિંદનીય માનસ બતાવે છે. આ રિવાજ રાજા તથા ધનાઢ્યોમાં હતો (૭.૧૮.૭; ૧૦.૯૫.૬). નીચલાં સ્તરનાં જનોમાં બહુપતિનો રિવાજ ઋગ્વેદમાં દૃગ્ગોચર નથી થતો. સામાન્ય અર્થમાં વિધવાવિવાહનો રિવાજ ઋગ્વેદમાં નથી, પરંતુ એક રિવાજ પ્રમાણે પુત્ર વગરની વિધવા પતિના મૃત્યુ પછી સ્વેચ્છાએ તેના નાના ભાઈ સાથે પુત્ર-સંતતિ પ્રાપ્ત થતાં સુધી પરિણીત જીવન ગાળી શકતી (૧૦.૪૦.૨). ઋગ્વેદ ૧૦.૧૮.૮માં મૃત પતિની સાથે સૂતેલી વિધવાને ઊઠીને ઘેર જવાનું કહેવામાં આવ્યું છે. અથર્વવેદ ૫. ૨૭.૨૮માં વિધવાવિવાહનો ઉલ્લેખ છે. મૃત પતિ સાથે વિધવા પણ અગ્નિસ્નાન કરતી એ રિવાજ તેઓની સંસ્કૃતિની પ્રાથમિક દશામાં હોઈ શકે. અથર્વવેદ ૧૮.૩.૧માં મૃત પતિ સાથે વિધવા ચિતા પર સૂતી તેનો ઉલ્લેખ છે. આ સતીનો રિવાજ અંગ્રેજ રાજ દરમ્યાન બંધ કરાયો છે.

ઋગ્વેદના સમયમાં ફક્ત સગોત્ર લગ્ન ન થતાં. પ્રણયને કંઈ મર્યાદા નથી. જ્ઞાતિ-સંસ્થા એટલી સખત ન થઈ હતી તેથી ઋષિ રાજકુંવરીને પરણી શકતો અને રાજા બ્રાહ્મણ તથા ઋષિકન્યાને પરણી શકતો. બહુપત્નીના રિવાજ અંગે તિરસ્કૃત થયેલી સ્ત્રી આડે

ચઢી જતી. પરણેલી સ્ત્રી પણ બીજા સંબંધ રાખતી તેવો પણ ઉલ્લેખ છે ૧૩૪.૩; ૪.૫.૫; ૯.૩૨.૫; ૩૮. ૫૬.૩; ૯૬.૨૨; ૧૦૧.૧૨). અને સંતતિ ગૂઢ રીતે ત્યજી દેવાતી ૨૯.૧). ઋગ્વેદ ૧.૯૨.૪માં ઉષાને વૃત સ્તનવાળી, લજ્જાવગરની વેશ્યા સરખાવી છે. તે સમયમાં નાચનારી હતી, હતી. અપરિણીત સ્ત્રી આડે રસ્તે જતી ક્વચિત્ પરિણીત સ્ત્રી પણ તેના ધણીને ન રહેતી. આથી સ્ત્રીઓ માટે કહે- છે, स्त्रिया अशास्यं मनः (૮.૩૩.૧૭). ઓનું મન શાસન કરી શકાય તેવું નથી. ણાનિ सख्यानि सन्ति सालावृकाणां हृदयान्ये (૧૦.૯૫.૧૫)—સ્ત્રીની મૈત્રી ન હોઈ તેઓનાં હૃદય શિયાળવા જેવાં છે. છે કે આવા ઉલ્લેખો સામાન્ય તી સ્ત્રીઓ પરથી કે અસંસ્કૃત સ્ત્રીઓનું ક્ષણ કર્યા પછી કરાયા હોય, જેઓ છંદી અને સુખમય જીવન ગાળતી હોય. નું સભ્ય સમાજમાં સજ્જન સ્ત્રીઓ હતી, ઓ સ્ત્રીના ગુણોમાં આદર્શરૂપ હતી અને ઓ વડે માનપાન તથા આદર પામતી. ના અમુક ઉલ્લેખો સર્વસામાન્ય ન ગણી ય. તે પરિવર્તનશીલતા બતાવે છે, જે ના સમયમાં જોઈ શકાય છે. ત્યારે સ્ત્રી- નું સ્વાતંત્ર્ય નિયમિત કરાયું. પતિની ગીમાં સ્વાતંત્ર્ય છીનવી લેવાયું, જયારે લગ્નની જવાબદારી તથા હેતુ ન સમજી તેવી કુમળી વયે પરણાવી દેવામાં આવતી. તી સામાજિક પવિત્રતા અને અનુકૂળ- ની વેદી પર સ્ત્રીત્વની આહુતિ અપાઈ, જેની માંથી પાંગળી, લૂલી, નિયન્ત્રિત અને સુકો- જાતિ ઉદ્ભવી.

ઋગ્વેદમાં સ્ત્રીઓ 'સમન'(એક મોટો)માં જતી (૧.૧૨૪.૮.), તરુણીઓ (અથર્વવેદ ૨.૩૬.૧.) અને પુખ્ત વયની સ્ત્રીઓ (૭.૨.૫) પતિની પસંદગી માટે તેમાં જતી, વેશ્યા પરિસ્થિતિનો લાભ ઉઠાવવા જતી (૪.૫૮.૮). વૈદિક સમનમાં તરુણી તથા પુખ્ત ઉંમરની સ્ત્રીઓને પતિપસંદગી માટે અનુકૂળતા હતી. આ સમનોમાં કવિઓ, કળાકારો, બાણાવલીઓ, કળામય રીતે ઘોડા ચલાવનારા વગેરે પણ એકત્ર થતા. તેમાં સ્ત્રી અને પુરુષ નૃત્ય કરતાં, વાજિંત્રો જેવાં કે મૃદંગ, વીણા, વાંસળી વગાડતાં અને આનંદ મેળવતાં.

સ્ત્રીસુલભ સ્વભાવ પ્રમાણે તે સમયની સ્ત્રીઓ પણ સુંદર પોશાક સજીને પતિને આકર્ષવા પ્રયત્ન કરતી. (૪.૩.૨;૧૦.૭૧.૪ ૧૦૭.૯) આભૂષણો સ્ત્રીઓને પ્રિય હોય છે. તે સમયે સ્ત્રીઓ વિવિધ ઘરેણાં પહેરતી: સોનાનાં, મોતીનાં, રત્નનાં વગેરે. આ આભૂષણો કાનનાં, નાકનાં, ગળાનાં, હાથનાં, આંગળીનાં, પગનાં વગેરે હતાં. માથા પર પણ કોઈ આભૂષણ રાખતી. સ્ત્રીઓ વાળને સમારતી, અંબોડા લેતી, કેટલીક વખત છૂટી ચાર લટો પણ લેતી અને તે પાછળ રાખતી (૧૦.૧૧૪.૩); કાંસકીથી વાળ ઓળતી અને તે સરખા રાખવા માટે કાંસકા ખોસતી.

તે વખતના સમાજમાં ઘરના વડા પુરુષના હાથમાં ઘરનું તંત્ર હતું. તે મરી જાય કે કાર્ય કરવા અશક્તિમાન થાય ત્યારે તે પદ વડીલ પુત્રને સોંપાતું. પિતા કે ભાઈ બહેનને પરણાવવા ઉત્સુક રહેતાં પણ જો તે ન પરણી જાય તો તેના ભરણપોષણ માટે જોગવાઈ કરાતી; પૈતૃકધન મળતું, કેટલીક વખત પૂરતી જોગવાઈ થવાના અભાવે આડે માર્ગે જવા લોભાતી, કુમારીપુત્ર (વાજ. સં. ૩૦.૬; તૈ.બ્રા. ૩.૪.૨.૧.) તથા અપ-

રિણીત સ્ત્રીનો પુત્ર 'અગ્રુ' (૪.૧૯.૯; ૩૦.૧૬.૧૯; ૨.૧૩.૧૨) એવા શબ્દો સૂચવે છે કે આ સંજોગોમાં પુત્રી કરતાં પુત્રના જન્મ માટે લોકો ઉત્સુક રહેતાં. ઐતરેય બ્રાહ્મણ ૭.૩૧.૧માં છોકરી દુઃખનું કારણ છે એમ જણાવ્યું છે.

ઋગ્વેદના કાળમાં સ્ત્રીને આ પ્રમાણે બધાં ક્ષેત્રોમાં સ્વાતંત્ર્ય હતું. પુરુષોની સાથે સમકક્ષાએ ઊભા રહેવા સગવડ હતી, અર્વાચીન સમય કરતાં વધારે સ્વાતંત્ર્ય હતું, છતાં સુયોગ્ય નિયંત્રણ પણ હતું. જે ઓરડામાં તેઓ રહેતાં તે અલાયદા હતા, જેમાં અલાયદાપણું સચવાતું. જયારે તેઓ કોઈ કાર્ય અંગે બહાર નીકળતાં, મિત્રોને મળવા જતાં ત્યારે બુરખા જેવું પહેરી જતાં (૮.૮૭.૮; ૨૬.૧૩). અને તેઓની સાથે કોઈ રહેતું, તેઓ પતિ સાથે કે ઘરના કોઈ વડીલ સાથે સભામાં જતી, પતિ સાહિત યજ્ઞ કરતી. ઘણુંખરું બીજી સ્ત્રી સાથે ફૂલ તોડવા ડુંગર પર જતી તથા સમનોમાં જતી. અજાણ્યાના ઘરમાં કે બીજાના ઘરમાં રાત્રિ ગાળવી એ નિંદનીય ગણાતું (૧.૧૨૩.૮). અત્યારની જેમ તે સમયે પણ પ્રેમમાં ઈર્ષા હતી. સ્ત્રીની અસતીત્વની શંકાથી ઘર ભંગાતું અને ક્વચિત્ પતિપત્ની જુદાં પણ થતાં, જો તેઓની નિર્દોષતા પુરવાર થતી તો પરસ્પરના મિત્રો વડે સુલેહ પણ કરાતી (૧૦.૬૮.૨).

આ પ્રમાણે ઋગ્વેદના સમયમાં સ્ત્રીઓને અનુલક્ષીને વિહંગાવલોકન કર્યું. 'ગામ હોય ત્યાં ઢેડવાડો પણ હોય' એ કહેવતને અનુસરીને સ્ત્રીઓ વિષે કેટલીક દૂષણાત્મક બાજુઓ પણ જોઈ. પરંતુ આ બાજુ કંઈ સર્વસામાન્ય ન હતી, સાંસ્કારિક તથા ઉચ્ચ કુટુંબમાં સુશિક્ષિત અને ઉચ્ચ કક્ષાની સ્ત્રીઓ જ મળતી. ઋગ્વેદનું સામાજિક જીવન કંઈ આદર્શની પરમ કોટિએ પહોંચેલું ન હતું. તેમાં નિતાંત સુંદર ચિત્ર માટે અપેક્ષા રાખવી અને ઋગ્વેદનો સમાજ એ પૃથ્વી પર સ્વર્ગ હતું એવી કલ્પના ભૂલભરેલી ગણી શકાય. તે સમાજમાં મનુષ્યસુલભ દૂષણો પણ હતાં, જેનો એક અબાધિત નિયમ તરીકે નિર્દેશ ન કરી શકાય. પ્રાયઃ આવાં દૂષણો નીચલા થરનાં મનુષ્યોમાં દગ્ગોચર થતાં. એકંદર રીતે જોતાં તે સમયમાં સ્ત્રીની સામાજિક સ્થિતિ પ્રશંસનીય, આદરણીય અને સર્વાંગસંપૂર્ણ ગણાવી શકાય.

રામ ખોવાયો

મારો હૃદય-રામ ખોવાયો...

નહિ કુંજનમાં, નહિ મધુવનમાં,
મંદિરમાં નહિ પાયો;...મારો૦

જીવન ડંખે, આતમ ઝંખે,
લોચન નીર બહાયો;
પ્રાણ-બપૈયો, ઉર-બજૈયો,
ક્યાં જઈને સંતાયો?...મારો૦

સુમન સુગંધે સાવ સુકાણી,
જીવન-દીપ ઓલાયો!
અંતર કેરું વાદ્ય ઝણેણી,
સંગીત-સૂર વિલાયો...મારો૦

ક્યાં જઈ ગોતું? કાળજું રોતું!
ચૈન-ચમન વિસરાયો;
રામ, જીવન-આરામ ખોવાયો,
ઉર-અભિરામ ગુમાયો...મારો૦

સૂનાં મારાં અંતર-આસન,
મૂકીને ક્યાં ચાલ્યો?
જનમ-જનમની પ્રીત પુરાણી,
તોડી ક્યાં પુરાયો?.. મારો૦

દેહ પુરાયો, પ્રાણ પરાયો,
પરમાતમ પરોવાયો;
બંધનનાં બંધન બંધાતાં,
પ્રાણે પ્રાણ જડાયો.. મારો૦

લાભશંકર વેણીશંકર રાવળ

વોભવનો ભૂખમરો

લેખક :
શ્રી સીતારામ જે. શર્મા

દુના નામની સામે દાક્તરે નોંધ કરી: ‘ઉમ્મર અને ઊંચાઈના પ્રમાણમાં વજન જોઈએ તે કરતાં ઓછું, દાંત, નખ ફિક્કા, વિશેષ તપાસ કરવી.’

શાળામાં તે દિવસ શારીરિક તપાસનો. તપાસ પૂરી થઈ રહ્યા પછી દાક્તર શિક્ષકની ઑફિસમાં ગયો, ત્યારે ત્રીજા ણમાં અભ્યાસ કરતા ચંદુલાલ ચિમન-ને વધુ તપાસ માટે પટાવાળાને બોલા-વા મોકલ્યો.

દાક્તર બાલમાનસના અભ્યાસી કહેવાતા. સહૃદયી માનવી એકાદ પુષ્પને એની ી પર ઝૂલતું પંપાળે, તેવી કોમળ ણીથી દાક્તરે ચંદુને પૂછ્યું: ‘ભાઈ, ને ખાવાનું બરાબર ભાવતું નથી?’

‘ભાવે છે.’

‘ત્યારે તું ધરાઈને જમે છે, ભાઈ?’

‘હા સાહેબ.’

‘ઠીક, ત્યારે ચંદુ, કહે જો, તારા પુજી છે?’

‘ના જી.’

‘બહારગામ ગયા છે?’

‘ના સાહેબ, એ જીવતા નથી.’

‘વારુ, ત્યારે ભાઈ, તું એકલો છે?’

‘ના સાહેબ, મારે બીજા બે ભાઈ ને બહેન છે.’

‘તારા કરતાં મોટાં છે કે નાનાં?’

‘બહેન મોટી છે. તે એના ઘેર રહે છે. નાના છે.’

‘ઠીક, ત્યારે ચંદુ, ખરી વાત કહેજે. બા તને બરાબર ખાવા આપે છે?’

‘આપે છે, સાહેબ.’

‘એમ! સારું. હવે ત્યારે કહે જોઉં સવારમાં તું દૂધ પીએ છે ખરો?’

‘ના સાહેબ.’

‘ત્યારે શું પીએ છે?’

‘ચા, સાહેબ.’

‘બરાબર, આજે નિશાળમાં આવ્યો ત્યારે તું શું જમ્યો હતો?’

‘રોટલો ને શાક, સાહેબ.’

‘રોટલો શાનો હતો?’

‘જારનો.’

‘અને શાક?’

‘ડુંગળીનું સાહેબ.’

‘ભાઈ ચંદુ, તું રોટલાની સાથે ઘી ખાય છે કે દૂધ?’

‘સાહેબ, રોટલાની સાથે તો શાક જ હોય ને?’

દાક્તરે હેડમાસ્તરની સામે જોઈને ગંભીર ભાવે માથું હલાવ્યું. તેમણે ચંદુને પૂછ્યું: ‘બપોરની રજામાં ઘેર જાય ત્યારે શું ખાય છે, ભાઈ ચંદુ?’

‘રોટલો અને ડુંગળી અથવા તો ચટણી સાહેબ.’

દાકતરની આંખમાં દયા, આશ્ચર્ય અને ભયની મિશ્ર લાગણીઓ તરવરી રહી. ‘કેવો ચાલાક છોકરો છે! પરંતુ કેટલો ગરીબ...!’ મનમાં એવા વિચાર ઝબકી ગયા, પરંતુ લાગણી પર સંયમ રાખીને તેમણે અનુભૂતિપૂર્વક ચંદુને માથે હાથ ફેરવીને પૂછ્યું:

‘ત્યારે હવે એ કહે તો, તમે બધાં રાતે શું ખાઓ છો?’

'રોટલો ને ડુંગળીનું શાક!'

દાક્તરે ફરી સૂચકભાવે મુખ્ય શિક્ષક તરફ જોયું. ચંદુની એકની એક વાત સાંભળી એ ભલા દેખાતા દાકતર માનસશાસ્ત્રી મટી સાદા માનવી બની ગયા. એમના મુખ ઉપર કંટાળાના ભાવ તરવરી રહ્યા. એમણે ફરીથી બોલવા માંડ્યું ત્યારે એમની વાણીમાં મૃદુતાને બદલે કંઈક કડકાઈ રણકતી હતી. 'ચંદુ, ત્યારે તું કહે છે તે પ્રમાણે રોટલો શાક કે ચટણી સિવાય તું બીજું કશું ખાતો જ નથી?'

'સાહેબ, કોક દિવસ બા છાસ લાવી હોય તો વાળુ વખતે રોટલો ને છાસ પણ ખાઈએ છીએ.'

'તે સિવાય બીજું કંઈ નહિ?'

ચંદુને એ સવાલ સાંભળી નવાઈ લાગી. તેણે જવાબમાં કહ્યું: 'સાહેબ, માનવીને એથી વિશેષ શું જોઈએ? બા કહે છે, કે 'જીવીએ ત્યાં સુધી ભગવાન શાક-રોટલો બે ટંક આપતો રહે તો પછી અમને કોઈ વાતનું દુઃખ નથી.' અને અમે રોજ બે ટંક શાક-રોટલો તો ખાઈએ છીએ!'

દાક્તરને જ નહિ પણ હેડ માસ્તરને પણ એ કંગાળ વિધવા માતાના સંતાનની નિર્વ્યાજ સરળ નિખાલસ આસ્થા અને જીવન તરફનો સંતોષ જોઈને આશ્ચર્ય થયું. પોતે આવા છોકરા સાથે જરા કડકાઈ વાપરી તે માટે દાક્તરનો જીવ કોચવાણો ય ખરો. પોતાની શાળામાં ભણતાં બાળકોનાં ઘરની આવી સ્થિતિ હશે એ બાબતની હેડ માસ્તરને ચંદુની નિર્દોષ વાત સાંભળી ત્યારે જ ખબર પડી. દયાની લાગણી ત્યારે એમના હૈયામાં ઊછળી આવી. 'શાળાનાં કેટલા ટકા છોકરાંઓની આર્થિક સ્થિતિ આવી હશે?' ટકાવારી મૂકવાને ટેવાઈ ગયેલા ચિત્તને એ પ્રશ્નાર્થનો જવાબ મળ્યો નહિ.

વિદ્યાર્થીઓની શારીરિક તપાસનો વૃત્તાંત ખાતાના વડા દાક્તરે જોયો, તે વખતે તપાસનીશ દાક્તરને મુખે ચંદુની કંગાલિયતની વાત સાંભળીને, લોકોનાં દુઃખ નિરંતર જોઈજોઈને રીઢા બની ગયેલા એ દાક્તરનું દિલ પણ દ્રવી ગયું. 'મધ્યમ વર્ગનાં નિરાધાર માનવીઓની અત્યારે ખૂબ કરુણ દશા છે.'

'દૂધ-ઘીની તો વાત જ નહિ, પણ રોટલા યે સસ્તામાં સસ્તા અનાજના! રાતડી જુવારમાં તે કેટલું સત્ત્વ? જોઈએ છે સાહેબ, આંપે?'

'જોઈ છે, કેમ નથી જોઈ? મારાં વાઈફ જરા વધારે પડતાં હ્યુમેનીટેરિયન છે. દરરોજ એ બંગલાના કમ્પાઉન્ડમાં કબૂતરોને એકઠાં કરીને ચણ નાખે છે. તેથી અમારે ઘેર એ માઈલો (લાલ જુવાર) આવે છે. બિલકુલ સત્ત્વ વગરની...'

'એવા અનાજ ઉપર ચંદુ જેવા ઊછરતા બાળકનું શરીર કેવી રીતે બંધાય? એમાંથી સમતોલ ખોરાક માટે કરેલી ગણતરી પ્રમાણે પૂરતી કેલેરીઝ કયાંથી મળે? પછી વિટામીનોનો અભાવ જ રહેને?' તપાસનીશ માનસશાસ્ત્રી દાક્તરે ચંદુ તરફની ચિંતા વ્યક્ત કરી.

મોટા દાક્તર મધુસૂદન મહેતાએ થોડીક ક્ષણો સુધી મૌનભાવે વિચાર કરીને કહ્યું: 'હું એના ઘરની તપાસ માટે જઈશ. રિપોર્ટમાં એનું સરનામું તો છેને?'

તપાસનીશ દાક્તરે કહ્યું: 'જે છોકરાંઓની કૌટુંબિક તપાસ કરવા જેવું લાગે તેમનાં નામઠામની પૂરી નોંધ હું કરું જ છું.'

દાક્તર મહેતા બીજા જ દિવસે પટાવાળાની સાથે ચંદુના ઘેર પહોંચી ગયા. ચંદુની બા મંગુ પોતાને માંડવીમાં જ કાલાં ફોલતી બેઠી હતી. પોતાને ઘેર પટાવાળો અને પાટલૂનધારી અમલદારને

જોતાં જ મંગુ સફાળી બેઠી થઈ ગઈ વેલા બારણા પાસે જઈને ઊભી રહી. ડું બેઠા ઘાટનું ઘર અંદર રહેનારાંની સ્થિતની ચાડી ખાતું હતું. દાક્તરે મંગુના ગભરાટ જોતાં જ કહ્યું : 'ચિમનલાલનું જ ઘરને ?'

'હા. પણ એ તો બે વરસ પહેલાં જ...'

'ગુજરી ગયા છે ને ?' દાક્તરે સમભાવ- મંગુના વાકયને ઉપાડી લઈને માંડવીમાં પૂછ્યો. 'તમારો ચંદુ ભણવા જાય છે ' મંગુના ગભરાટને ઓછો કરવાના થી દાક્તરે પૂછ્યું.

'મારો ચંદુ ત્રીજી ચોપડીમાં છે...',

'હું તે જાણું છું. તમે જરાયે ગભરાશો મારે થોડીક તપાસ કરવાની છે, એટલે થોડુંક બેસવું પડશે.'

'ભલે' કહી મંગુએ માંડવીમાં પડેલો લો ઢાળ્યો અને અંદર ગોદડું લેવા ગઈ.

દાક્તરે ચારે તરફ નજર ફેરવી લીધી. છતાં મંગુની સ્વચ્છતા અને સુઘડતા ની નજરે જ તરી આવતાં હતાં. પાણિ- રા પર અને ઓરડામાં કોઠી-પટારાની વ્યવસ્થિત રીતે ગોઠવેલાં તાંબાપિત્તળનાં ચકતાં વાસણોની સ્વચ્છતા જોનારનું ન ખેંચતી હતી. અંદરના ખંડમાં બે નું એક બાળક ઘોડિયામાં ઊંઘતું હતું. ખીલી પર લટકતાં કપડાં ધોએલાં-સ્વચ્છ તાં હતાં.

દાક્તરે ખાટલા પર બેઠા પછી પૂછ્યું: 'હેન, તમારું નામ ?'

'મંગુ...'

'મંગુબહેન ! હું દાક્તર છું. અમારા ખાતા ની નિશાળમાં ભણતા વિદ્યાર્થીઓની રિક તપાસ લેવામાં આવે છે. તમારો હોશિયાર છોકરો છે, પણ એની તબિયત જોઈએ તેવી નથી. એટલે તમારી પાસે એ બાબતમાં વાતો કરવાની છે.' દાક્તરની એ વાત સાંભળી એટલે મંગુનો જીવ હેઠે બેઠો.

મહેતા દાક્તરે કળેકળે વાત કરતાં ચંદુએ પોતાના ખોરાક અંગે કહેલી હકીકત મંગુના દિલને આઘાત થાય નહિ તે રીતે કહી.

મંગુ, દાક્તરની સામે, જરા દૂર, કાલાંના અને રૂના ઢગલાની પાસે, સંકોચાઈને બેઠી હતી–સાલ્લાને છેક આંખો સુધી નીચો ખેંચીને, પગના અંગૂઠાથી લીંપણવાળી જમીન ખોતરતી, નજરને અંગૂઠાના નખ ઉપર સ્થિર કરીને.

'મંગુબહેન, તમે ચંદુને બે વખત થોડું થોડું ઘી અને પાશેર અચ્છેર દૂધ આપી શકો તો જેવો એ હોશિયાર છે તેવું એનું શરીર પણ સુંદર બની રહે...'

મંગુની આંખોમાંથી તે વખતે આંસુ ટપકવા લાગ્યાં. તે જોતાં જ દાક્તર મહેતાની જીભ અટકી ગઈ.

'બહેન ! દાક્તર તરીકે માંદલાં બાળકોનાં વડીલોને એમનાં સંતાનોને લગતી શારીરિક હકીકતથી વાકેફ કરવાં તે અમારી ફરજ છે. તેથી કરીને તમને માઠું લાગે તો મને તમે...'

'સાહેબ, ના, ના. મને માઠું લાગ્યું નથી.' દાક્તર 'માફ કરો,' એવું બોલવા જતા હતા, તે સમજી ગયેલી મંગુ વચ્ચે જ બોલી ઊઠી : 'તમે તો મારા સારા માટે છેક મારા જેવી નિરાધાર, ગરીબ વિધવાના ઘર સુધી ચાલીને આવવાની તસ્દી લીધી. એનો બદલો તમને ભગવાન આપશે, પણ સાહેબ, જાણો જ છો ને ?...આજકાલ અમારા જેવાં વચલા વર્ગનાં ગરીબ માણસોને કેવી રીતે જીવવું એ જ મોટો પ્રશ્ન છે. બહારની મજૂરી કરી શકાય નહિ, એટલે ઘરમાં થઈ શકે તેવાં કામ કાલાં ટાણે આ કાલાં ફોલવાનું અને ચોમાસામાં પડિયા-પતરાળાં કરવાનું

તે થઈ શકે. એમાં અત્યારની મોંઘવારીમાં છૈયાંને દૂધ-ઘી શી રીતે ખવડાવી શકાય ?'

મંગુની આંખો ફરીથી ભિજાઈ એટલે તેણે સાલ્લાના છેડાથી આંખો ઢાંકી દીધી. અત્યારે એની ઉંમર ત્રીસ ને પાંત્રીસની વચ્ચે હશે. આટલાં દુઃખ પછી પણ એનો જે દેખાવ હતો તે યૌવનકાળના એના અપાર રૂપની સાક્ષી આપતો હતો. ચિમનલાલની સાથેનો મંગુનો લગ્નસંબંધ કોઈ પણ પ્રકારે સુખ આપનારો નહોતો. કેવળ કુળના કારણે મંગુના બાપે દીકરીનો રૂપિયો એને આપ્યો હતો. પૂરી પાંચ ચોપડી પણ એ ભણ્યો નહોતો, એટલે પટાવાળાની નોકરી લાગવગ કરીને મેળવી હતી. કુલાભિમાનના કારણે એ મંગુનો કશો હિસાબ ગણતો નહિ. એટલું હોત તો પણ ઠીક, પણ બીજા ઘણા દુર્ગુણોનો એ દાસ બની ગયો હતો. દારૂ, જુગાર, આંકફરક, ગાંજો, ભાંગ એ બધાના ભક્તોની મંડળીનો એ અગ્રિમ સભાસદ હતો. એની મા તેની ચિંતામાં ક્ષયનો ભોગ બનીને ગઈ, બાપ એને નાનો મૂકીને, દીકરાને વ્યસનનો વારસો આપીને ઘર છોડી નાસી ગયો હતો અને રવડીરખડીને અંતરિયાળ મરી ગયો હતો. મંગુમાં રૂપ અને ગુણ બન્ને હોવાથી એ પોતાની આબરૂ સાચવીને જીવતી રહી શકી હતી. ચિમનનું ચાલ્યું હોત તો જેમ વ્યસન માટે એણે ઘરવખરી વેચી તેમ મંગુના શિયળનો પણ એ સોદાગર બનતાં સંકોચાત નહિ.

એવા ધણીને સીધે રસ્તે વાળવા માટે મંગુ એની આગળ રોઈ-રતળી, ખોળા પાથરતી, પણ બધું ધખધખતા અંગારા પરના પાણી જેવું બની રહેતું ! વધારામાં ગડદા, પાટુ, લાફા ને લાકડીઓની પ્રસાદી જ પામતી! 'તું મને કહેનારી કોણ ? હું કોનો છોકરો ?' મૂછો મરડતો, મંગુ પાસે શૂરાતન દાખવવા લાતો લગાવતાં તે બોલતો: 'તારા બાપને સત્તર વખત ગરજ હતી એટલે મને શોધતો આવ્યો હતો. રાંડ, તું હજુ મને બરાબર ઓળખતી નથી. 'બાસઠ' ખંખેરું તો ય તારા જેવી તો તેર બાયડીઓ આવીને ખડી થઈ જાય !'

આવી દશામાં પણ એણે ચિમન તરફ તિરસ્કાર ન કેળવ્યો. એ ચિકાર પીને આવ્યો હોય, કપડાંમાં ઊલટીઓ કરતો હોય, ત્યારે મા દીકરાની તરફ જે ભાવ બતાવે તેવી લાગણીથી મંગુ એને નવડાવી-ધોવડાવીને સુવાડી દેતી. આવા પરિણીત જીવનમાં એ ચાર બાળકોની માતા બની! ચિમન જીવ્યો ત્યાં સુધી કોઈ દિવસ આખો પગાર લાવીને એણે મંગુને આપ્યો નહોતો. ઊલટાની એને મારીઝૂડીને તેના પિયરના દાગીના પણ એક પછી એક પડાવીને તેનો દારૂ પી ગયો અને જુગાર રમીને તેમાં પૈસા ખોઈ નાખ્યા !

મંગુના ચાંલ્લા-ચૂડલાનો એ માલિક એક દિવસ હદબહારનો દારૂ પીને આવ્યા પછી માંદો પડ્યો અને પાછળવાળાં નિર્ધનોને નિરાધાર બનાવીને ચાલી નીકળ્યો. કુટુંબનાં માણસો તો પહેલાં પણ સગાં થતાં ન હતાં, તો પાછળથી તો થાય જ ક્યાંથી?

'દાક્તર સાહેબ!' એટલી વાત કરી પતિના મૃત્યુના સ્મરણે રડી પડવાથી આંસુભીની આંખોને લૂછતાં મંગુ ગદ્‌ગદ કંઠે બોલી: 'હું તો આમ બાળોતિયાની બળેલી છું. ભગવાને છોકરાં આપ્યાં પણ એમને ઉછેરવા માટે જોઈતાં સાધનસંપત્તિ ન આપ્યાં! આ કાલાંનો મણનો ગાંસડો ઠેઠ એક ગાઉ છેટેના જીનમાંથી ઊંચકીને લાવું છું, તેમાંથી રૂ ફોલીને વળી એ ગાંસડી ઠેઠ જીનમાં નાખી આવું છું, એમાં આખો દિવસ ગૂંથાઈ રહેવાનું, ત્યારે પાંચ છ આના મળે! અને નવી ઘડી લખાવીને લાવતાં પારકા પુરુષોના તુંકારા,

[illegible] અને કોઈ વખત તો ભૂંડી ગાળો ય સાંભળવી પડે! પણ શું થાય? ફૂટ્યા પેટની ખાતર બધાય કડવા ઘૂંટડા પીને પચાવવા પડે!...'

એવામાં ઘોડિયામાંથી ઊંઘતો બાબો [illegible] અને થોડીવારમાં 'બા ખાવું છે?' [illegible] પાંચ છ વરસનો રમવા ગયેલો છોકરો દોડતો ઘેર આવ્યો. દાક્તરે એ બંને છોકરાંનાં શરીર, ફેફસાં, પેટ, આંખો, દાંત, [illegible] તપાસીને નિહાળ્યાં અને માથું હલાવ્યું.

'મંગુબહેન, શરીરને મજબૂત બનાવનારાં જે જે તત્ત્વો જોઈએ તેનો આ બન્ને ય છોકરાઓમાં અભાવ છે.' દાક્તર મહેતા એમ કહીને ઊઠ્યા.

'ભગવાન સિવાય અમારો બીજો કોઈ [illegible] નથી દાક્તર સાહેબ! એણે જે ધાર્યું હશે તે ખરું,' કહેતી મંગુ દાક્તરને વળાવવા [illegible] સુધી ગઈ. 'અમારા જેવાં ગરીબોની કાળજી કરો છો, તેનો બદલો ભગવાન આપશે!' દાક્તર જતાં જતાં સાંભળે તેવે અવાજે બોલીને ફરીથી તે કાલાં ફોલવા બેસી ગઈ.

દાક્તરના શબ્દો પળે પળે એના કાનના પડદા પર ક્રમશઃ મોટા થતા જતા અવાજથી અથડાઈ રહ્યા હતા: 'જોઈએ તેવાં તંદુરસ્તીનાં તત્ત્વોનો તમારાં છોકરાંઓમાં અભાવ છે–છોકરાંઓને ઘી તથા દૂધ આપવાની જરૂર છે–પોષક તત્ત્વોનો અભાવ–દૂધ-ઘીની જરૂર–તત્ત્વોનો અ...ભા...વ...–દૂધ-ઘીની જ...રૂ...ર...'

કાલાં ફોલતી મંગુની આંખોમાંથી ટપ ટપ આંસુડાં ટપકવા લાગ્યાં. 'દૂધ તથા ઘી ક્યાંથી લાવવાં?...બે ટંક રોટલો ને [illegible] મળી રહે, તોપણ નસીબદાર ગણાય [illegible] નિરાધાર વિધવા આવા ભૂંડા વખત[illegible] છોકરાંને દૂધ ને શાક ક્યાંથી લાવીને આપે? દાક્તર ભલા માણસ છે, એમને મધ્યમ વર્ગની નિરાધાર નિર્ધન વિધવા દોહ્યલા દહાડા કેવી રીતે કાઢતી હશે તેની શી ખબર? કાલાં ને પતરાળાંની મજૂરીમાં ચાર ચાર પેટ, બે હાથ શી રીતે ભરી શકતો હશે, તેનો દુનિયાનાં સુખી માણસોને ખ્યાલ હોત તો?...'

બાને રડતી જોઈ વચલા મધુએ મંગુના બે ગાલે હાથ મૂકીને પૂછ્યું: 'બા, તું કેમ રડે છે?'

'મને પેટમાં દુખે છે, ભાઈ!'

'તો સૂઈ જા બા, દાકતલના ઘેર જઈને દવા લૈ આય!'

મંગુના હૈયામાં મધુના આ વહાલભર્યા શબ્દે શબ્દે સળગતા કોલસા ચંપાતા હોય તેવી વેદના થઈ. પોતે છોકરાને ઠગ્યો એ વાતનું એને દુઃખ લાગ્યું હતું, તે તો ક્યાં ય દટાઈ ગયું. એણે મધુને પાસે લઈ તેને બે ચાર બોકીઓ આપી. 'બાપડાં નિર્દોષ છોકરાં! એમને માના પેટના સાચા દુઃખની ક્યાંથી સમજણ હોય?' મંગુથી નિસાસો મુકાઈ ગયો.

'મધુ, ભાઈલા, રમવા જા...'કહી, તેને માથે હાથ ફેરવીને તેને રમવા મોકલ્યો.

નાનો બચુ ઊંઘી ગયો હતો. એકલી પડેલી મંગુ પાછી વિચારે ચડી ગઈ:

'બાપડાં, મારાં અભાગિયાં છોકરાં! એમના ભાગ્યમાં દૂધ-ઘી માંડ્યાં હોત તો એના બાપને દારૂ–જુગારની લત જ શું કામ લાગત? અથવા તેઓ બીજી કોઈક નસીબવાળી માને પેટ શું કરવા ન પાકત?'

આજે મંગુના હૈયાના હોજ ખુલ્લા મુકાઈ ગયા હતા. ચોધાર આંસુ એની આંખોમાંથી વરસી રહ્યાં. 'સત્ત્વ ન હોય તો શરીર કેવી રીતે ટકે?...ભગવાને ધાર્યું હશે તે ખરું. એણે સીધે હાથે આપ્યા હશે

તો કાંઈ થવાનું નથી...હે પ્રભુ! તું નિરાધારનો આધાર છે!...'

મંગુ આમ વલોપાત કરતી, કાલાં ફોલતી હતી. દાક્તર બેઠા ત્યાં સુધી કામ થઈ શક્યું નહિ, એટલે, 'વખતે ઘડી પૂરી નહિ થાય' એ ભયથી એણે આંગળીઓની ઝડપ ખૂબ વધારી દીધી હતી.

બીજી તરફ શેરીની સન્નારીઓની કૂથલીખોર જીભલડીઓના સળવળાટનો વેગ પણ વધી રહ્યો હતો:

'પેલી મંગુડીના ઘેર કોણ આવ્યો'તો?'

'મને તો બા ખબર નથી...'

'હતો ને કોઈક પાટલૂનવાળો!'

'હશે, બા, કોક. આપણે શું જાણીએ?'

'ઘરમાં રોકાયો તો ખાસ્સી બશેરની રોટલી વણીએ તેટલો વખત!'

'એ ઓછી માયા નથી, હો...'

'ઓછી માયા શાની? બચારો ચિમન પેટમાં આટલા લાળા લઈને ગયો છે!' બોલનારીએ બે હાથ પહોળા કરી, વિકૃત લટકો કર્યો.

'સૌ સૌને પોતાનાં કર્યાં ભોગવવાનાં છે.'

'એ તો છે સ્તો! આપણે તો શું બા?' એ ડિલે બે હાથ મૂકીને તેણે આગળ ચલાવ્યું, 'આ ભવે તો આવો લકૂંબો લૂંટે છે અને આવાં કામાં કરતી હશે તો ભગવાન જાણે આવતો ભવ એનો કેવો ય જશે?'

'આપણે તો શું બા? સૌ સૌને મનફાવતું કરે! પણ આ તો બળ્યો ખરાવાદીલો જીવ એટલે નજરે જોયું તે કહ્યા સિવાય ન રહેવાય!'

'ખરું છે, બોન! મારુંય તે તારા જેવું કામ છે, પરંતુ આજકાલ સૌ પોતપોતાના ઘરનાં રાજા થઈ ગયાં છે, એટલે ખરો બોલ કોઈને સાંભળવો ગમતો નથી.'

'એમ કહોને કે જમાનો જ પલટાઈ ગયો, નહિ તો ઘરડિયાંના વખતમાં ભરી પોળમાં ધોળે દા'ડે કોઈને આમ ઘરમાં ઘાલી શકાય કે?'

'ના રે, બોન! એ શું બોલ્યાં? પેસનારનું ને પેસાડનારનું માથું ધડ ઉપર રહે જ નહિ ને!'

દાક્તર મહેતા મંગુના દુઃખમય જીવનની કરુણ કથા સાંભળીને ગયા ત્યારથી એમના દિલમાંથી એના સંસ્કાર ખસતા નહોતા. દાક્તરી ધંધામાં ઘણાએ નિરાધાર તથા નિર્ધન માણસોના પ્રસંગમાં એમને આવવું પડતું હતું. અત્યારની દુનિયામાં ચારે તરફ નિર્ધનતા ઊભરાતી જતી, એમાં કોની દયા ખાવી અને કોને સહાય કરવી? માનવતાની ભાવના દર્દી તરફ રાખી શકાય, તોપણ વર્તમાનકાળમાં ઘણું કર્યું કહેવાય. પરંતુ મંગુનાં છોકરાંઓની શારીરિક દશા જોઈને એમના દિલમાં બની શકે તેટલી મદદ કરવાની વૃત્તિ જાગી.

તે રાતે પટાવાળો મજૂરોને માથે પાંચ મણ ઘઉં, ત્રણ મણ ચોખા, બે મણ તુવેરની દાળ, એક ગોળનો રવો, દસ શેર ખાંડ અને દસ શેર ઘી ઉપડાવીને મંગુને આંગણે આવ્યો. અદેખી આંખો એ દૃશ્ય જોવા ચારે તરફ ચકળવકળ થઈ રહી. મંગુ પણ આશ્ચર્યમાં પડી ગઈ! પોતાને ઘેર આટલી બધી ચીજવસ્તુઓ લઈને મજૂરોને આવતા તેણે કોઈ દિવસ જોયા નહોતા. પણ પટાવાળાએ કહ્યું, કે 'દાક્તર સાહેબની ભલામણથી એક ભલા દિલના સખી ગૃહસ્થે આ બધી વ્યવસ્થા કરી છે. કાલથી એક માણસ સવારસાંજ શેર શેર દૂધ મહિના સુધી આપી જશે તે લેજો. તેલનો એક ડબો પણ કાલે આવશે અને હાથખરચી માટે આ દસ રૂપિયા!' કહીને તેણે દસની નોટ મંગુને આપવા માટે ધરી.

પણ એ માણસનું નામઠામ જાણ્યા કોઈ અજાણ્યા માણસની આ વસ્તુઓ ન જોઈએ,' મંગુએ નોટ લેવાની ના ાં કહ્યું.

'મને તો બધું તમારે ત્યાં મુકાવવાનું છે. માટે તમારે આ પૈસા લેવા જ ' એમ કહી, નોટ મંગુના હાથમાં પટાવાળો ચાલતો થયો.

મંગુ મૂઝવણમાં મુકાઈ ગઈ. આના- કરવાની કે ના પાડવાની તક જ નહિ. એટલે તે પૈસા લઈને ઘરમાં અંદર મૂકવામાં આવેલી સામગ્રી જોઈને ની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. તે લીવશ બનીને બેસી પડી. દીવાલ ઉપર ની છબી લટકતી હતી. તેની સામે જોઈ, હાથ જોડી, એ વિનવી રહી: 'ઓ દયાળુ ! તું નિરાધારનો આધાર છે. માનવી ળવાં ઊઠે છે પણ તું કોઈને ભૂખ્યાં ડતો નથી. પ્રભો! મને તો લાગે છે કે ા દાક્તર સાહેબે જ મારાં છોકરાંની દયા ને આ બધો ઉપકાર કર્યો છે. એ ન અને કોઈ દાનેશરીએ અમારી દયા ી હોય, પણ તેય દાક્તર સાહેબને જ મારી ને? ભગવાન! એ ભલા દાક્તર હેબનું ભલું કરજે, એમના કહેવાથી જેમણે મારી દયા ખાધી હોય તેનું ય તું કલ્યાણ જે, પ્રભો!' એમ કરગરતી મંગુ છબી મે જોઈ બેઠી હતી ત્યાં જ બે હાથ જોડી, તકને છેક જમીન સુધી નમાવીને પ્રાર્થના વા લાગી. એની આંખોમાંથી ઉપકાર- તાની લાગણી આંસુરૂપે નીતરવા લાગી.

ઘરની અંદર જયારે આ ઘટના બની ી હતી, ત્યારે બહાર પેલી અદેખી આંખો- ની ઝેગીલી જીભો, આંખોના ઇશારાની ે બકી રહી હતી: 'જોયું ને? મેં તો ું જ હતું. આજ સુધી નહિ ને આજે જ ખાસ રાતનો લાગ સાધીને આટલું બધું નવાજી નાખનારો કયાંથી નીકળ્યો? પેટ ભરવા માટે આવાં છાનાં પાપ કરવાં તેના કરતાં પેટને પાળી ખવરાવવી શી ખોટી, બાઈ? વટાવી ખાવા રૂપ-જોબન હોય ને મરે શા માટે?'

નિર્ધનતાની વેદના સ્વાનુભવ વિના સમજાતી નથી; પારાવાર કષ્ટ વેઠ્યા પછી માનવીને ક્ષણિક સુખનાં દર્શન થાય, ત્યારે એને પોતાના દુઃખનો પૂરેપૂરો ખ્યાલ આવે છે. મંગુની મનોદશા અત્યારે નિરાશાથી ઘેરાયેલા દિલમાં આશાની ઉષાનાં કિરણ ફેલાય ત્યારે થાય તેવી બની રહી હતી. આગલા દિવસ સુધી જે નિર્ધન ઘરનાં ખાલી ઠામવાસણો બગાસાં ખાતાં હતાં, તે આજે છલકાતાં હતાં. પોતાનાં બાળકો દૂધ-ઘી અને પેટ ભરીને પૌષ્ટિક અનાજ પામ્યાં, તેથી મંગુના માતૃહૃદયમાં સુખનો સાગર લહેરાવા લાગ્યો. નકશો પાથરતાં સમસ્ત પૃથ્વી નજર સામે ખડી થાય, તેમ મંગુના સ્મૃતિપટ પર એનો દુઃખઘેરો ભૂતકાળ ચિતરાઈ ગયો.

વીસેક દિવસનાં વહાણાં આ ઘટના પછી ઊગી ગયાં હતાં. મંગુનાં છોકરાંના શરીર પર દૂધ-ઘીની થોડીક અસર વરતાવા લાગી હતી. ઈર્ષ્યાખોર પડોશણોની કાતિલ જીભોની કરવતો વધારે વેગથી ચાલી રહી હતી. તેવામાં એક દિવસ દાક્તર મહેતાનો પટાવાળો મંગુને તેડવા માટે આવ્યો.

આભારની લાગણી સાથે મંગુ દાક્તરને ઘેર ગઈ, ત્યારે આશાનું આમંત્રણ આવતાં નિરાશાને થાય તેવો આનંદ એના હૈયામાં હતો. દાક્તરનાં પત્નીએ એને આવકાર આપ્યો.

ઔપચારિક વાતો પતાવી, દાક્તરે ગંભીરતાથી કહ્યું: 'મંગુબહેન, તમને એક વાત પૂછવા માટે બોલાવ્યાં છે.'

'સાહેબ! તમે જે કાંઈ વાત કરવાના હશો તે અમારા જ લાભની હશે. તમારા દિલમાં અમ જેવાં દુખિયાંને માટે ભગવાન વસેલા છે,' મંગુએ કહ્યું.

'મંગુબહેન, ભગવાન તો મોટો છે. એ સૌનો છે. એની પ્રેરણાથી કે ગમે તેમ કહો પણ જો મારી વાત તમારે હૈયે બેસે, તો તમારું સૌનું દુઃખ કાયમને માટે ટળી જાય તેમ છે.'

એવી તે શી વાત હશે તે જાણવા આતુર બનેલું એનું હૈયું તે વખતે પવનની ફૂંકે દીવાની જયોત ધ્રૂજે તેમ ધ્રૂજવા લાગ્યું. 'દાક્તર સાહેબ તમારામાં મને વિશ્વાસ છે,' અનિશ્ચિત ભાવે તે બોલી ત્યારે એની વાણીમાં કંપ હતો.

'ભલે, પણ માનવી પોતાનું હિતાહિત જેટલું સમજી શકે તેટલું બીજું કોઈ સમજી શકે નહિ.' એટલી પ્રસ્તાવના પછી દાક્તરે કહેવા માંડ્યું: 'મારી ઓળખાણના એક લક્ષાધિપતિ છે. ખૂબ ભલા તેમ જ દયાળુ છે. એમનાં પત્ની પણ ભારે આસ્થાળુ ભગવદ્ભક્ત છે. એમને કોઈ વાતનું દુઃખ નથી, માત્ર ભગવાને એમને પિંડ દેનાર એક દીકરો આપ્યો નથી. એથી એમનો વિચાર એકાદ સુશીલ છોકરો મળે તો તેને દત્તક લેવાનો છે. મેં એમને તમારા ચંદુની વાત કરી, તેથી એ જો તમે આપો તો એને દત્તક લેવા તૈયાર થયા છે. જો તમે હા પાડો તો ચંદુ લક્ષાધિપતિનો વારસ બને અને તમારાં સૌને માટે સર્વ પ્રકારની વ્યવસ્થા પણ એ ભાઈ કરી આપે.'

દાક્તરની વાત સાંભળીને મંગુ ડઘાઈ ગઈ. એના હૈયા પર વીજળી પડી. ભૂખ્યો માનવી સામે પિરસાયેલી થાળીમાંથી પહેલો કોળિયો ભરે ન ભરે તેટલામાં કોઈ પીરસેલી થાળી ખેંચી લે તે વખતે એ માનવીની થાય તેવી દશા મંગુની થઈ ગઈ. જે અગમ્ય આશાથી પ્રેરાઈને તે આવી હતી, તે આશાનો મિનારો એકાએક તૂટી પડીને તેમાંથી પડી રહેલાં ધૂળ-ઈંટોમાં તે કચડાઈ જાય, ગૂંગળાઈ જાય તેવી ગૂંગળામણ એના હૈયા પર ચડી બેઠી. નિરપરાધીની આંખમાં જ હોય તેવી હતાશા એની આંખોને ઘેરી વળી, તેની જીભ તાળવા સાથે ચોંટી ગઈ.

'મંગુબહેન, તમને મારી દરખાસ્ત ન ગમી?' મંગુને મૂઝવણમાં પડેલી જોઈને દાક્તરે પૂછ્યું.

'દાક્તર સાહેબ! અમને દૂધ-ઘી મળે તે માટે મારે પેટના સગા દીકરાને એક વાંઝિયા શ્રીમંતને વેચવો? બાપુ, ભલે અમને નિર્ધનતાની મુશ્કેલીઓ નડે, એ મુશ્કેલીઓથી હું ડરતી નથી. જિંદગીમાં મેં મુશ્કેલીઓ સિવાય કાંઈ જોયું નથી. થોડા દિવસ વધારે, પણ પેટના જણ્યાને એમ વેચવાનો ન હોય.'

'પણ તમારી નિર્ધનતા છોકરાંઓને ભરખી જાય તેવી છે. મંગુબહેન, માટે જરા વિચાર કરો. એક તરફ ત્રણે છોકરાઓને ઉગારી લેવાની સગવડ છે, બીજી તરફ કેવળ લાગણીનો ઊભરો, પરંતુ તેમાં ત્રણે છોકરાઓનાં જીવન ઝૂંટવાઈ જવાનો ભય ઝઝૂમી રહ્યો છે.'

દાક્તરની વાતો મંગુને માથાના ઘા જેવી લાગી. પ્રસૂતિની વેદના પછી સંતાનનું મુખ જોવા તલસી રહેલી જનેતાના હાથમાંથી બાળકને એકાએક કાળ ઝૂંટવી લેવા આવે, તેવો એને આંચકો લાગ્યો. 'દાક્તર સાહેબ, એ તો માનવીના હાથની વાત નથી, ભગવાનના હાથની વાત છે. એની મરજીની આડે કોઈ આવી શકતું નથી.' એટલું બોલતાં મંગુને ખૂબ કષ્ટ થયું. એની વાણી અને દૃષ્ટિમાં ત્યારે એના અંતઃકરણની તસવીર

ાઈ ગઈ.

'ત્યારે તમારી ઇચ્છા નથી, એમ જ માનવું ને?' એટલું પૂછીને નાના બાળ- વડીલ સમજાવે તેમ દાક્તરે કહ્યું: 'મંગુ-, કેવળ લાગણીવશ ન બનો, જરા હારી બનો. ભૂખમરો અને તૃપ્તિ બેમાંથી પસંદ કરવા જેવું લાગે છે?'

ભૂખમરો, દાક્તર સાહેબ! પેટનાં જણ્યાંને ને તૃપ્તિ મેળવવાની હોય તો હું એક તો નહિ પણ ભવોભવનો ભૂખમરો પસંદ' મડદામાં પ્રાણનો સંચાર થાય તેમ નિરાધાર, નિર્ધન, વિધવા નારીમાં માતૃત્વનો વિદ્યુતસંચાર થયો.

'દાક્તર સાહેબ, આટલું જ કામ હતું?'

'હા, બહેન!'

'લો, ત્યારે જે જે!...બહેન જે...જે...!' કહીને મંગુ બહાર નીકળી ગઈ. બહાર પવન વાતો હતો; વૃક્ષપત્રો તાલ દેતાં હતાં; આકાશમાં તારા નાચતા હતા; ચંદ્ર ગેલમાં હતો. એ સૌંદર્ય મંગુને ભયાનક લાગ્યું. એને લાગ્યું કુદરતે કાળો બુરખો ઓઢ્યો છે; સ્મશાનનાં પ્રેતો જેવાં વૃક્ષો અંધકારમાં ઊભાં છે; નિસર્ગ સ્થંભી ગયેલ છે. બધાં તેની તરફ તાકી રહ્યાં છે!

*

૧૯૩૯ની સાલની આ વાત છે. મારા એક મદ્રાસી મિત્ર જગન્નાથપુરી ગયેલા. સ્ટેશને તેમની કલ્પનામાં નહિ તેટલી બસો જેટલી રિક્ષાઓ (માણસને માણસ ખેંચીને લઈ જનાર વાહન) ઊભી હતી. તે એકમાં પોતાનો બિસ્તરો મૂકી પોતે તેમાં સવાર થઈ રિક્ષા હાંકવાવાળાને હરદાખંડી મઠવાળી ગ્યાએ લઈ જવા કહ્યું. રિક્ષા નિયત કરેલા સ્થળે પહોંચી એટલે મારા મિત્રે 'શું ભાડું આપવાનું છે?' રિક્ષાવાળાને પૂછ્યું. જવાબ મળ્યો: 'એક આનો.'

મારા મિત્રના મનમાં થયું કે બેઅઢી માઈલનો ધોમ તડકામાં પંથ કાપતાં પાંત્રીસચાળીશ મિનિટ તેનું ભાડું શું માત્ર એક આનો! મઠમાં જે સ્વામીને ત્યાં તે ઊતરનાર હતા તેને અંદર જઈ તેમણે કહ્યું કે 'રિક્ષાવાળો' ફક્ત એક જ આનો સ્ટેશનથી અહીં સુધી લઈ આવવાનો માગે છે તો તેમાં તેની કંઈ તો નથી થતી? કે પછી માનવી માનવતા ભૂલી ગયો છે તે વાતની તે મશ્કરી ઉડાવે છે?'

સ્વામીજીએ ઉત્તર આપતાં કહ્યું: 'હજી બીજો અરધો માઈલ પણ એક આનામાં જ જઈ શકાય અહીંના ભાડાના દર છે; એટલે એક આનો રિક્ષાવાળાએ માગ્યો તે ઓછો છે તેમ સમજવાની જરૂર . એક આનામાં તેને જેટલા મમરા મળશે તેનાથી સહેજે બે દિવસનું ભોજન તેને મળી રહેશે.'

મારા મિત્રના મનમાં આ દારુણ ગરીબાઈ અને માણસની લાચાર પરિસ્થિતિની ગડભાંજ થવા માંડી. રિક્ષાવાળાની સચ્ચાઈથી આકર્ષાઈને તેમણે એક રૂપિયો આપ્યો. રિક્ષાવાળાએ તે લેવાની આનાકાની કરતાં વ્યું કે રૂપિયો વટાવવા જતાં તેને ચોર માની લેવામાં આવશે; કારણકે રિક્ષાવાળા પાસે એક આખા જેવડી મૂડી હોઈ શકે તેમ કોઈ માનવા તૈયાર નહીં થાય. પેલા મિત્રે સ્વામીજી પાસેથી રૂપિયાના આના લઈ રિક્ષાવાળાને આપ્યા ત્યારે જ તેણે તે લીધા.

આજે દારિદ્રય તો છે જ; કદાચ પ્રમાણ વધ્યું હશે, પણ એક આનામાં બે દિવસનું ભોજન થઈ તેવી સ્થિતિ એક દિવસ હતી એ વાત આજે લોકોના મનમાંથી ભૂંસાઈ ગઈ છે અને ભવિષ્યની કદાચ તેને હસી કાઢવા જેવી લેખશે.

જયંતીલાલ સંઘરાજકા

×

ગોકુળ આવો ગિરધારી

સંપાદક :
શ્રી રમણલાલ ધીરજલાલ શાહ

આ રચના મોકલતાં સંપાદક લખે છે: 'ગોકુળ આવો ગિરધારી' છંદ અપ્રગટ હોઈ એક વૃદ્ધ બારોટના મુખેથી સાંભળ્યો હતો. એ ઘણો અશુદ્ધ ને અર્થહીન શબ્દોથી ભરેલો હતો. દાખલા તરીકે મૂળ: ફાગણ પ્રકુલીતં(ન), બેલ લલીતન, ફિર કલીતં ન, કોકિલં (ન), અને હવે એનું શુદ્ધ સ્વરૂપ: 'ફાગણ પ્રકુલ્લિતં', બેલ લલિતં', ફિર કલિતં', કોકિલં (ન): આમ આખો છંદ શુદ્ધ કર્યો છે એ છંદનો ખરો યશ એના મૂળ રચનારને છે. જેમ જેમ એક મુખેથી બીજે એ ફર્યો તેમ તેમ અશુદ્ધ થતો ગયો લાગે છે.'

શ્રી કૃષ્ણ મથુરા ગયા પછી રાધિકાજીનું આખુંય વર્ષ કેવું વીતે છે તેનું આ પિંગલ-કાવ્યમાં સરસ વર્ણન કરાયું છે. ગુજરાતી અર્થ વિના મોટેથી ગાવાથી સરલ રીતે સમજાય તેવી આ રચના છે.

કહું માસ: કાતીય મદમાતીય, દીપ લગાતી રંગ રાતી;
મંદિર મહેલાતી શાખે શોહાતી, મેડરકાતી ઝઝકાતી.
બીરહેં જલ-જાતી નિંદ ન આતી, લીખી ન પાતી મોરારી;
કહે રાધે પ્યારી હું બલિહારી, ગોકુળ આવો ગિરધારી.

માગશિર માસિ ધરમ પ્રકાશિ, ઋતુ ઉલ્લાસિ સબ ભાવિ;
મેં ફરું ઉદાશી નાખં નિશાશી, ચિત્ત ચપલાશી અકુલાશી.
નહિ અપવાસી વ્રતી અકાશી, નહિ વિશ્વાસી મીલવારી;
કહે રાધે પ્યારી હું બલિહારી, ગોકુળ આવો ગિરધારી.

પોષે પછતાઈ શશિર શોહાઈ, ઠંગ લગાઈ શરશાઈ;
મનમત્ત મુરઝાઈ રહ્યો ન જાઈ, વ્રજ દુઃખદાયી વરતાઈ.
શું કહું સમજાઈ વેદબતાઈ, નહિ જુદાઈ નરતારી;
કહે રાધે પ્યારી હું બલિહારી, ગોકુળ આવો ગિરધારી.

મહા મહિના આયે લગન લખાયે, મંગલ ગાયે રંગ છાયે;
બહુ રેન બઢાયે દિવસ ઘટાયે, કપટ કહાયે વરતાયે.
વૃજકે વનરાયે ખાવા ધાયે, વાત ન જાયે વિસ્તારી;
કહે રાધે પ્યારી હું બલિહારી, ગોકુળ આવો ગિરધારી.

ફાગણ પ્રકુલીતન બેલ લલીતન, ફિર કલીતં (ન) કોકિલં (ન);
ગાવત રસગીતં વસત વજીતં, દિન દર્શિતં દુઃખ 'દિલં'.
પહેલી કર પ્રીતં દૂર કરિતં, નાથ અનિતં નહિ સારી;
કહે રાધે પ્યારી હું બલિહારી, ગોકુળ આવો ગિરધારી.

મન ચત્ર માસં અતિ ઉદાસં, પતિ પ્રવાસં નહિ પાસં;
બનબને બિકાસં(ન) પ્રગટ પલાસં(ન), અંબ ફુલાસં(ન)ફુલ આસં(ન)
સ્વામિ સહેવાસં હ્રિયે દિલાસં, હિયે હુલાસં કુબજારી;
કહે રાધે પ્યારી હું બલિહારી, ગોકુળ આવો ગિરધારી.

વૈશાખે વદળં પવન પ્રબળં, અનળ પ્રગટ થઇ તપત અતિ;
શોહત કુસુમાવળ ચંદન શીતળ, હુઈ નદીયાં જળ મંદ ગતિ.
કીનો હમસેં છળ આપ અકળકળ.નહિ અબળાબળ બનવારી;
કહે રાધે પ્યારી હું બલિહારી, ગોકુળ આવો ગિરધારી.

જેઠે જગજીવન સુકે બનબન. ઘોર ગગનઘન સૂજત ઘટા;
ભાવત નહિ ભોજન જાત બરસદન, કરત ત્રિયા તન કામ કટા.
તલપત વ્રજકેતન નાથ નિરંજન. દિયે ન દર્શન દિલધારી;
કહે રાધે પ્યારી હું બલિહારી. ગોકુળ આવો ગિરધારી.

અષાડ ઉચારન મેઘમલારન, બની બહારં(ન) જલધારં(ન);
દાદૂર હુકારં ન) મયૂર પોકારં(ન તડીતા તારં(ન) વિસ્તારં(ન).
નાલૈ સંભારં, પ્યાસ અપારં, નંદકુમારં નિરખારી;
કહે રાધે પ્યારી હું બલિહારી, ગોકુળ આવો ગિરધારી

સાવન જલ બરસેં સુંદર સરસેં, બદદર ભરસેં અમ્બરસેં;
તરુવર ગિરહરષેં લતા લહરષેં નદીયો પરસેં સાગરસેં.
દંપતિ સુખ દરષેં સ્હેજ સમરષેં, લગત ઝહરસેં દુઃખકારી;
કહે રાધે પ્યારી હું બલિહારી, ગોકુળ આવો ગિરધારી

ભાદ્રવ હદ ભરીયા ગિરીવર ગરીયા, પ્રેમ પસરીયા તન તરીયા;
મથુરોંમેં ગરીયા ફેરન ફરીયા. કુબજા વરીયા વશ કરીયા.
વ્રજરાજ વીસરીયા કાજ ન શરીયા, મન નહિ ઠરીયા હું હારી;
કહે રાધે પ્યારી હું બલિહારી, ગોકુળ આવો ગિરધારી.

આસો મહિનારી આશ વધારી, દિન દશરારી પૂજારી;
નવનિદ્ધિ નારી ચઢી અટારી, વાટ સંભારી મથુરાંરી.
વૃખભાન દુલારી કહે પોકારી, તમે જયાજી ટકરારી;
કહે રાધે પ્યારી હું બલિહારી, ગોકુળ આવો ગિરધારી.

આસો અધિકારં(ન) ધર્મ વધારં, પ્રભુ પધારં કર પ્યારં;
સુખ એજ સુધારં તેજ વધારં નાથ નિહારં વ્રજનારં.
યુગ્ગલ અવતારં પીંગલ પ્યારં, છંદ સ્વીકારં સુખકારી;
કહે રાધે પ્યારા હું બલિહારી, ગોકુળ આવો ગિરધારી

*

એક માણસ પોતે 'દેવદૂત' છે એવો પ્રચાર કરતો હતો. રાજાએ એને બોલાવ્યો ને પૂછ્યું :

'તું દેવદૂત છે તો તને ચમત્કાર કરતાં આવડે છે કે ?'

'હા.'

'તો એક કામ કર. અત્યારે મોસમ નથી, છતાં મને એક તરબૂચ બનાવી આપ.'

દેવદૂતે ત્રણ દિવસની મુદત માગી. રાજાએ ગુસ્સે થઈ કહ્યું :

'અરે ત્રણ દિવસની તો શું, ત્રણ કલાકની પણ મુદત આપવા હું તૈયાર નથી.'

પેલાએ સહેજ ઉગ્ર બની જણાવ્યું :

'એટલે શું આપ મને દેવ કરતાંય વધુ બળવાન સમજો છો ? તરબૂચ સંપૂર્ણ તૈયાર કરતાં ઈશ્વરને ત્રણ માહના લાગે છે; અને આપ મને ત્રણ દિવસની પણ મુદત નહીં આપો ?'

રાજાએ હસીને એને જવા દીધો.

×

વહેમ!

લેખક :
શાસ્ત્રી રેવાશંકર મેઘજી પુરોહિત
મહામહોપાધ્યાય, ધર્મશાસ્ત્રાચાર્ય, પંડિતમાર્તંડ.

મનુષ્યસ્વભાવ સર્વત્ર સરખો છે. દરેક ધર્મ–સંપ્રદાયના ગ્રંથોમાં અને સામાન્ય માનવીઓમાં ચમત્કાર વિષે જે માન્યતાઓ પ્રવર્તે છે તે કેવળ વહેમ નથી એવું દર્શાવવાનો શાસ્ત્રીજીનો પ્રયત્ન છે. આધુનિક વિજ્ઞાનનો પણ આ કહેવાતા કેટલાક વહેમોને ટેકો છે. ગમે તેમ હોય, આ લેખનું વાચન રસપ્રદ, ચમત્કાર તથા વહેમ વિષે ઊંડો વિચાર કરવા પ્રેરનારું તો છે જ. શાસ્ત્રીજી પ્રાચીન પરંપરાના વિદ્વાન છે.

અશુભ અવયોગો, ગ્રહ, ભૂત, પ્રેત, પિશાચ તંત્રવિદ્યા (અં. મેસ્મેરિઝમ) વગેરેનું વર્ણન હિંદુશાસ્ત્રમાં દરેક સ્થળે મળી આવે છે. ઋ. ૧૦.૧૪.૯માં ભૂત–પ્રેત વગેરેના પણ ઉલ્લેખ છે, અથર્વવેદના 'શન્નો ગ્રહાશ્ચાન્દ્રમસા શમાદિત્યશ્ચરાહુણા !' એ મંત્રમાં રાહુનું સ્તવન કરવામાં આવે છે અને વૈદિક મંત્રોમાં ગ્રહોનો ઉલ્લેખ છે. સુશ્રુતના સૂત્રસ્થાનમાં પણ યક્ષ, અસુર, રાક્ષસ, પિશાચ, નાગ, સર્પ, ગરુડ અને પિતૃઓને બ્રહ્માએ ઉત્પન્ન કર્યા, એમ છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે હિંદુઓ તે સર્વની યોનિઓ માને છે.

શૌનક ઋષિના 'રુગ્વિધાન' ૮–૭–૧૪-માં ભૂતપ્રેત વગેરેની શાંતિની વાતો છે. તંત્રવિદ્યાવાળા અને થિયોસોફિસ્ટો પણ આ દરેક વાતને માને છે. અમેરિકા અને યુરોપના રહીશ જેવા સભ્યતાના દાવો કરનારા કરોડો લોકો પ્રેતાત્માઓનો વિશ્વાસ કરે છે; અને કેટલીક સંસ્થાઓ પણ પ્રેતાત્માના અસ્તિત્વમાં માને છે અને આંદોલનો કરે છે. અમેરિકામાં એ સંબંધી સચિત્ર પુસ્તકો છપાયાં છે. મુંબઈથી એ વિષયમાં નિષ્ણાત 'ઋષિ' નામક પં. હિંદના પ્રતિનિધિ તરીકે વિલાયત ગયા હતા. જેવી રીતે હિંદુ સમાજમાં ભૂતપ્રેત, જીન, પીર, બ્રહ્મરાક્ષસાદિ નામ ઉપર માનનારા છે તેમ વિદેશમાં પણ છે. ત્યાં પણ ભૂત, પિશાચ, શકુન, યંત્ર, મંત્ર, તંત્ર, સામુદ્રિક, ફલિત જ્યોતિષ વગેરે ઉપર એ લોકોની પણ દૃઢ શ્રદ્ધા છે.

જ્યોતિષ : જ્યોતિષ, મલિનવિદ્યા, સ્વપ્નાં, જાદુ, માનતા, હજરત, નજર લાગવી વગેરે વિદ્યામાં ચમત્કારો છે અને આજે પણ હસ્તરેખા ઉપરથી, જન્મનો બરાબર સમય લઈ કુંડલી કાઢી આપી 'ભૃગુસંહિતા' પ્રમાણે અને સામુદ્રિક શાસ્ત્ર પ્રમાણે ફળ કહેનારા અનેક વિદ્વાનો મળી આવે છે. ગ્રહણ, ગ્રહોનું વક્રી, માર્ગી, અસ્ત, ઉદયાદિ આકાશમાં પ્રત્યક્ષ રીતે આજે પણ જ્યોતિષ શાસ્ત્રથી પુરવાર થાય છે.

મેલી વિદ્યા અને ધૂણવાનું : આ કામ હંમેશાં ઢોંગભર્યું હોતું નથી. ઇસ્લામી પીરોની કબરની માનતા અને હિંદુઓમાં દેવીદેવતાઓની માનતા, પિતૃઓની બાધાઆખડી, ગોવાનાં સન્ટ ફ્રાન્સિસના શબનાં દર્શન વગેરેમાં કોઈ આત્મિક બળ કામ કરતું હોય એમ ધારી શકાય છે.

સ્વપ્નવિષય : હિંદુ શાસ્ત્રમાં સ્વપ્નાં માટે સંખ્યાબંધ પુસ્તકો છે. સ્વપ્નાં મારફત મળેલા અનુભવોના દાખલાઓની પણ ખોટ નથી. જૈન ધર્મમાં અને પારસીઓના પેગંબર અશો જરથોસ્તની માતાને આવેલાં સ્વપ્નોની અને 'શાહનામા'માં તો ઠેકઠેકાણે સ્વપ્નાંની વાતો ભરી છે. ભૂત, પ્રેત, ડાકણો વગેરેની હસ્તીને જરથોસ્તી ધર્મે પણ સ્વીકારી છે. અને તે 'વંદી દાદ' અને જુદીજુદી 'યશ્તો' ઉપરથી જણાય છે. મુસલમાનો પણ ખ્વાબ –સ્વપ્નાંમાં અને ભૂતાદિ વળગાડમાં માને છે. મીરા દાતાર વગેરે સ્થળોમાં તેના પ્રત્યક્ષ

વાઓ મળી આવે છે.

જાદુ વગેરે: આમાં તંત્રવિદ્યાને લગતા પ્રયોગો સમાઈ જાય છે. આ વિદ્યાને અવસ્થા,' 'ગાથા,' 'વંદીદાદ' અને સ્તો' તેમ જ 'શાહનામા'માં પણ હિંદુની પેઠે સ્વીકારી છે. સી. જે. એસ. સાહેબે જાદુ ઉપર 'ચમત્કારરહસ્ય' નામનું એક પુસ્તક લખ્યું છે, જેમાં પ્રાચીન મિસર, ગ્રીસ, રોમ તથા મધ્યકાલીન યુરોપમાં ચમત્કારવિષયક કેવા ઇતિહાસો હતા તેનું ઘણું વર્ણન કર્યું છે.

કોઈ શત્રુને દુઃખ દેવા તેની મીણની મૂર્તિ-પૂતળું બનાવી તેમાં ટાંકણી કે સોય ખોસીને દાટવું અને મંત્રોથી મારણાદિ પ્રયોગો કરવા આદિ ગુપ્ત વિદ્યાઓ ત્રણ હજાર વર્ષ પહેલાંની છે એવું 'ચમત્કારરહસ્ય'માં વર્ણન છે.

મંત્રેલાં દોરી–ચીઠી–યંત્ર–તાવીજ–માદળિયાં વગેરે અને ઉપરની જાદુઈ વિદ્યા વગેરે આર્યોનાં શાસ્ત્રોમાં તંત્રશાસ્ત્રમાં અને 'અથર્વવેદ' આદિમાં અતિ પ્રાચીન કાળથી છે, તેમાં લેશ પણ સંદેહ નથી. અંગ્રેજી યોગશાસ્ત્રમાં આ વિષયના પુરાવા છે. ઘોડાની નાળ, નવગ્રહોનાં કીમતી ચોખ્ખાં નંગો તેમ બીજી જાતનાં નંગો, ધાતુઓ, દાણાઓ ઉતારી દેવા વગેરે પણ ઘણી અસર કરતાં માલૂમ પડ્યાં છે. ભોજપત્રાદિ ઉપર લખાતા મંત્રો અને પત્રોની આકૃતિઓ, આંકો વગેરે હિંદુશાસ્ત્રના જેવી પારસીઓની લખેલી અસલી જૂની અને છાપેલી પ્રતો, 'જામાસ્પી' નામના પુસ્તકમાં પણ ઘણી જાદુઈ અસર કરનારી [illegible] છે.

ભારે દિવસો: ચંદ્રની રાશિ પરત્વે આ પૃથ્વી ઉપર ઘણી જ અસર માણસો અને દુનિયાની ચીજો ઉપર થાય છે. દીવાના માણસોની અને ક્ષય, દમ, હાંફણ વગેરેથી પીડાતા દર્દીઓની સ્થિતિમાં ચંદ્રની કળાઓથી ઘણો જ ફેરફાર થાય છે. આ માણસોને માટે અમાસ, પૂનમ, કાળીચૌદશ વગેરે દિવસો ભારે ગણાય છે. જો ચંદ્ર તેવા દરદીઓના શરીર ઉપર અસર કરે અને દીવાના માણસોના મન ઉપર અસર કરે તો પછી બીજા કોઈ પણ માણસોનાં શરીર કે મનને લગતાં કામકાજો ઉપર અસર કેમ ન કરે? ચંદ્ર અમુક દિવસે જે રાશિમાં હોય તે રાશિના માણસના શરીરના જે ભાગ જોડે તેનો સંબંધ હોય તે ભાગ ઉપર કોઈ પણ જાતના હથિયારથી ઈજા થતાં એ જખમ વહેલા રુઝાતા નથી પણ ઊલટા જરૂર પાક ઉપર ચડે છે. ભારે દિવસો હરેક કોમમાં જુદીજુદી રીતે માનવામાં આવે છે. અને તેઓ તેમાં શુભ કામો કરતા નથી. ભારે દિવસો માટે મી. ટેમ્સ એસ. આપર નીચે મુજબ લખે છે: 'હાલની પ્રજા પુરાતન જમાનાના લોકો અને ગ્રહોના દિવસોની ફિલસૂફી વિષે ભલે હસે અને ટકોર કરે, પણ એ બધી જમાનાઓથી ઊતરતી આવેલી સચ્ચાઈઓ છે, જેને ભવિષ્યની પ્રજા ગમે તો પસંદ કરે યા રદ કરે.'

હાઝરાત અને માનતા–માટે એનસાઈક્લોપીડીયા ઓવકેલ્ટા–'ઑકલ્ટીઝમ' નામનું પુસ્તક વાંચવા જેવું છે. 'હઝરત બેસાડવા'ને મળતી યુરોપ અને અમેરિકામાં ચાલતા 'ક્રીસ્ટલ ગેઝીંગ' અને 'હાઈડ્રોમેન્સી' નામની રીતો વિષે તેણે મનમાં ઊતરે તેવા ખુલાસા આપ્યા છે. 'સેફારીયબ'નું 'સેકંડ સાઈડ' નામનું પુસ્તક ખાસ આ વિષય ઉપર લખેલું છે. ચોરીનો પત્તો મેળવી આપવામાં હજરતની વિદ્યા, જ્યોતિષનો પ્રશ્ન અને રમલ વિદ્યાનો ભાગ ઉપયોગી પુરવાર થયાં છે. હિંદુશાસ્ત્રની પેઠે અન્ય ધર્મો પણ માનતા–મન્નતને માને છે. પારસીઓની યશ્તો:–

માં માનતા અને ભોગની વાતો આવે છે. મુસ્લિમોમાં પણ દરગાઓમાં અનેક પ્રકારની મન્નતો–માનતાઓ ચડે છે, ખ્રિસ્તીઓમાં પણ 'સેંટ ફ્રાન્સિસ' આગળ માનતાઓ ચડાવવા ગોવા સુધી હજારો લોકો જાય છે.

નજર લાગવાનો વહેમ દરેક કોમના લોકોમાં દેખાય છે. સ્વાર્થી, અદેખો અને કપટી માણસ પોતાની ખરાબદાનતથી એક ચીજ કે માણસ તરફ એકાગ્ર ચિત્તે જોઈ પોતાના વિચારનાં બળ અને આંખોમાંથી નીકળતા લોહચુંબકીય પ્રવાહની મદદથી સામા માણસને ઈજા કરી શકે છે. ડૉ. એલજર 'ઝાકપેલીસીઅર' નામના ખેડૂત માટે જણાવે છે, કે તે પોતાની નજર અને ઇચ્છાશક્તિથી સંખ્યાબંધ પક્ષીઓને એકી વેળાએ અશક્ત બનાવી દેતો યા મારી શકતો હતો. અને આ કામ તે પક્ષીઓથી પંદરવીસ કદમ દૂર રહીને તેમને સહેજ પણ હાથ લગાડ્યા વગર કરતો હતો.

આ નજર લાગવાનો વહેમ અવસ્તા લખનારના મગજમાં પણ હતો. તે માટે યજશ્નેના ૯મા હાના ૨૨૮મા ફકરામાં હોમને અરજ કરવામાં આવે છે, કે 'વીનોત્બ એષવતાંમ' ત્બ એષેવીશ વીમનો બરગરમન્નાંત. 'દુષ્ટ માણસોની ખરાબીઓથી અમોને તું દૂર લઈ જા. ઝેરી માણસોની ખરાબીઓથી મારા વિચારને તું દૂર લઈ જા.' વળી એજ હાના ૨૯મા ફકરામાં બૂરાઓની આંખની શક્તિ નાબૂદ કરવા માટે દુવા ગુજારવામાં આવે છે. તેનો અર્થ એવો છે, કે 'જે શખ્સ અમારા મનને નુકસાન કરે છે તેના બે પગને એ હોમ! તું શક્તિ આપીશ નહીં. તેના બે હાથને તાકાત આપતો નહીં. તે માણસ પોતાની બે આંખોથી જમીનને જોઈ શકે નહીં. તે માણસ પોતાની બે આંખોથી પશુઓને જોઈ શકે નહીં.'

અદી બેહસ્ત યશ્તમાં 'ખરાબ નજરવાળા–' દુજદોઇપ્રઓને જેર કરવાની બીના આવે છે. આ સઘળા ઉપરથી અદેખા કે સ્વાર્થી લોકોની નજર કેટલી બળવાન અસર ધરાવે છે તે સમજી શકાશે. મુંબઈમાં આવા અનેક બનાવો બને છે, કે જેઓ સામા માણસ ઉપર જાદુ કરીને વશ કરે છે જેથી પેલો તેને જ જુએ છે અને આંધળો બની બધું આપી દે છે ને પેલો લૂંટી લે છે યા જાતે લુટાવી દે છે.

ગ્રહણ અને કાળીચૌદશ, અમાસ: જંતુવિદ્યાના મત પ્રમાણે આ દિવસો ઘણા જ ખરાબ ઝેરી અસર ફેલાવનારા છે. જે ચોક્કસ વખતે જંતુવિદ્યાના મત પ્રમાણે મરકી, કૉલેરા અને ઇન્ફલુએન્ઝા વગેરે જંતુઓનું ઝેર વધી જાય છે, તો કાળીચૌદશ, ગ્રહણ, અમાસ વગેરેની ચોક્કસ વખતે હવાની બૂરી શક્તિઓનું જોર વધે તેમાં નવાઈ પામવા જેવું શું છે? આવીજ રીતે લગ્નની રાશ, જોડામેળો, લગ્નની પવિત્રતા, તેની અગત્ય, તેમાં અપાતા આશીર્વાદો તેમ તે વખતે અદૃશ્યરૂપે મનાતા દેવોની હાજરી, દેખાવ, જયોતિષ, શાસ્ત્રોક્ત, મેલાપક, એટલે કે રાશવિનાનો ઘણી વખતનો સંસાર, પ્રેમ, શરીર, મન અને આત્માની ઉપર અસર, શરીરનું મળતાવડાપણું, લાગણી, ખેંચાણનો પ્રકાર, પ્રથમ નજરનો પ્રેમ, ખરોખોટો પ્રેમ વગેરે જયોતિષ શાસ્ત્રથી સિદ્ધ કરી શકાય છે.

જયોતિષને નહિ માનનારા પણ અડવાડિક ભવિષ્યમાં પોતાનું રાશિફલ વાંચી જવા નજર કરે છે. જયોતિષને ખોટું માનનારા જન્માક્ષર, જન્મોત્રી બનાવે છે, છોકરાછોકરીના જોડામેળ જોવડાવતા અને ગ્રહદશા પૂછતા મારા અનુભવમાં ઘણાય આવ્યા છે. ભૂતપ્રેતમાં નહિ માનનારા પણ તેના ચમત્કારો જોતાં, તેને માનતા અને તેના

…રણ માટે પૂછવા આવે છે. યંત્ર, મંત્ર-, પૂજા, પાઠાદિના પ્રયોગો કરાવતા ઘણા …ના અનુભવમાં આવ્યા છે. ખરે વખતે ડરીને …ી જનારા, ત્રાટકથી વશ થયેલા, છેવટે …તા શિકાર બનતા પણ ઘણા લોકો …ામાં આવે છે. ધૂણીધ્રપીને ખરો જવાબ …ારા અને ખોટો વહેમ નાખી લોકોને …તારા ઢોંગીનો પણ ટોટો દુનિયામાં …છો નથી.

મંત્રપ્રભાવના અનેક દાખલા તથા અનુભવ ઘણા લોકોને છે. એક તાજેતરમાં …લો, વિશેષ અનુભવમાં આવેલો બનાવ …ણ'ના 'કુલાબા સમાચાર' તા. …-૨-'૫૨ માં છપાયેલો લેખ મરાઠી 'જયોતિ…ણ'(પૂના)માં 'મંત્રસિદ્ધિનો પ્રભાવ' …ે શીર્ષકમાં છપાયેલો છે તે આ પ્રમાણે છે: …ણ' તા. ૧૩-૨-'૫૨ના રોજ શ્રી. ગો. … વૈશંપાયનના ચિ. શ્રી. માધવરાવનો …વાહ 'પેણ'માં થયેલો, જાનીવાસો શ્રી. …ડલીકને ત્યાં હતો. તા. ૩૦ની રાત્રે ૮॥ …ાગે વરાડની કુ. સિંધુ રામકૃષ્ણ ઓગતે …ામની ૧૬ વર્ષની કન્યા ઓરડીના ખૂણામાં …ેઠી. તેટલામાં બહારથી આવેલા મનગટાસ …ામ જાતિનો સાપ આવી તેણીના જમણા …ાથમાં દંશ દઈ ચાલી ગયો. સર્પદંશથી …ે કન્યા પાંચ મિનિટમાં બેશુદ્ધ થઈ ગઈ. …રત જ 'પેણ'ના પ્રસિદ્ધ માંત્રિક શ્રી. …ષ્ણુપંત ખર્વેને બોલાવવામાં આવ્યા અને …ણે પાણી મંત્રી તેનો મારો શરૂ કરતાં …ચ જ મિનિટમાં તેણીના શરીરમાં નાગનો …ંચાર થઈ તે બોલવા માંડી. તે બન્નેનો …ોત્તર નીચે પ્રમાણે હતો. પ્ર૦ 'તું કોણ …?' ઉ૦ 'હું જાતિવંત નાગ છું.' પ્ર૦ 'તારી …ત કઈ?' ઉ૦ હું બ્રાહ્મણ છું.' પ્ર૦ 'તું શા માટે કરડ્યો?' 'ઉ૦' મારી ઉપર તેની સાવલી-સાડી (!) પડ્યાથી.' પ્ર૦ 'ફક્ત સાડી પડવાથી તું કરડ્યો માટે તું ખાસ બ્રાહ્મણ નથી; સાચે-સાચું બોલ.' ઉ૦ 'હું જાતનો મોચી છું.' તે પછી ૧૦ મિનિટમાં માંત્રિકે પાણીનો મારો ચલાવ્યો તેથી 'હું જાઉં છું, હું જાઉં છું' એમ નાગ કહેવા લાગ્યો અને છોકરી શુદ્ધિમાં આવી સારી થઈ ચાલી ગઈ. સંવાદનું તેણીને બિલકુલ સ્મરણ રહ્યું ન હતું. મંત્રોના સામર્થ્યમાં નહીં માનનારામાં ઘણા લોકો આ મંત્રપ્રભાવ જોઈને ચકિત થયા હતા.'

ગુરુએ આપેલી દીક્ષા, મંત્ર, યંત્ર, સૂર્યાદિ ગ્રહોનાં ચક્રો, યંત્રો, સર્વતોભદ્ર, 'વિશો,' 'શ્રી' વગેરેનાં ચક્રો યંત્રો, ગ્રહોનાં રત્નો પરનો મંત્રજપ, નારાયણકવચ, વીર હનુમાન-કવચ, સિદ્ધકવચ, સુદર્શનકવચ વગેરે વિધિસર યોગ્ય રીતે કરવાથી તે સિદ્ધ થાય છે. આવાનો સદુપયોગ કરવાથી બન્નેનું શ્રેય થાય છે. જ્યારે કેટલાએક લોકો સ્વાર્થ ખાતર મારણ, જારણ, ઉચ્ચાટન, મૂઠ મારવી આદિ વામ-માર્ગનાં મલિન અને અધોગતિ કરનારાં સાધનોથી લોકોને ચમત્કારિક અસર બતાવે છે; કિંતુ તે નર્કમાં લઈ જનારાં છે. ખરી રીતે મંત્રોનું સામર્થ્ય લોકોનાં અને દુઃખી જનોનાં દુઃખનિવારણ માટે વાપરવાનું છે, નહિ કે લોકોને દુઃખી કરી સ્વાર્થ સાધવા માટે બતાવવાનું છે. એવી રીતે રજસ્વલા-દૂર બેસતી સ્ત્રીઓને પહેલાના ત્રણચાર દિવસો અડકવામાં આવતું નથી અને તે દિવસોમાં તેણીની રજસ્પર્શ અને નજર અમુક ફળો, ફૂલો, અથાણાં વગેરે ચીજો અને સજીવ પ્રાણીઓ ઉપર ખરાબ અસર કરે છે તે આપણે જાણીએ છીએ.

⁂

બે કબર

અનુવાદક :
શ્રી હરીશ નાયક

'સાહેબ! જરા સંભાળીને ચઢજો...આ એ જ જગા છે કે જયાંથી લપસી જઈને મહાન વિજયી બાદશાહ મોહંમદ હસન એની જિંદગી ગુમાવી બેઠા હતા.'

એક અજાણ્યા કાશ્મીરી યુવકને મોઢેથી આ ચેતવણી સાંભળીને હું સાચે જ ગભરાઈ ગયો. ચઢાણ એકદમ સીધું હતું અને રસ્તાનું નામનિશાન ન હતું. મારી આદત પ્રમાણે હું વર્ષમાં એકાદ વાર આવું જોખમ અવશ્ય ખેડું છું. આજે પણ એકાએક હું ગગરીબલની ઊંડી ખાડીની સાથેની ટેકરી ઉપર ચઢવા લાગ્યો. એ ટેકરીની ઉપર શંકરાચાર્યનું મંદિર હતું. બે હાથ અને બે પગની મદદ વડે ચઢતો-ચઢતો હું એક એવી જગાએ આવી પહોંચ્યો, કે જયાંથી ન તો આગળ વધી શકાય તેમ હતું કે ન તો પાછળ જવાની કોઈ શકયતા હતી. ત્યારે જ પેલો કાશ્મીરી યુવક કોણ જાણે કયાંથી આવી પહોંચ્યો. મને ગભરાઈ ગયેલો જોઈને તેણે તેનો એક હાથ મારી તરફ લાંબો કર્યો અને ત્યારે હું એ હાથનો સહારો લઈ બકરીઓ દ્વારા બનાવેલા ખાડામાં પગ મૂકી સાવધાનીથી ઉપર ચઢી ગયો. જેવી મારામાં જરાક બોલવાની શક્તિ આવી કે તરત મેં તેને પૂછયું: 'આ બાદશાહ મોહંમદ હસન કોણ હતો?'

અભણ લાગતા એ કાશ્મીરી યુવકે નવાઈ પામતાં મારી સામે જોઈને સામું પૂછયું: 'તમે બાદશાહોના બાદશાહ એવા મોહંમદ હસનનું નામ નથી જાણતા?'

મને મારા અજ્ઞાન માટે જરા મૂંઝવણ થઈ આવી. ત્યારે તેણે કહ્યું: 'જુઓ, ઉપરના દેવદારની છાયામાં સફેદ રંગની પેલી જે કબર દેખાઈ રહી છે તે બાદશાહ હસનની કબર છે. તેની જરાક નીચે એક કાળી કબર છે, જે બાદશાહ અબદુલ ઉમરની છે. અબદુલ ઉમરનું નામ સાંભળ્યું છે, તમે?'

મને અજ્ઞાનસૂચક મારું માથું હલાવતો જોઈ એ કાશ્મીરી યુવકને આ વખતે નવાઈ લાગી નહિ. જે માણસ શાનદાર સફેદ કબરવાળા બાદશાહ હસનનું નામ નથી જાણતો, તે ઘૃણિત કાળી કબરવાળા અબદુલ ઉમરનું નામ કયાંથી જાણતો હોય? નવજુવાને જાણે મને દિલાસો આપતો હોય એ રીતે કહ્યું: 'બસ, થોડાક વધારે ઉપર ચઢી જાવ. એ કબરોની નજીક ઠંડી છાયા પણ છે અને ઠંડા પાણીનો પણ બંદોબસ્ત છે. ત્યાં પહોંચીને તમારો પરિચય બે એવા બાદશાહ સાથે કરાવવામાં આવશે, કે જેઓ જીવતા થવાની રાહ જોઈને જ ત્યાં દફનાવવામાં આવ્યા છે.'

અને સાચે જ પાંચછ મિનિટની ખાડાટેકરાવાળી ધરતી પસાર કર્યા પછી અમે એક અત્યંત રમણીય સ્થળે જઈ પહોંચ્યા. દેવદારનાં આઠદશ વૃક્ષોની વચમાંથી એક સ્વચ્છ પાણીનું ઝરણું વહી રહ્યું હતું. એ ઝરણાની જમણી બાજુ સફેદ રંગની એક મોટી કબર હતી, જેના એક ભાગમાં વૃક્ષોની છાયા હતી અને બીજો ભાગ સાંજના તડકામાં ચમકી રહ્યો હતો. એ કબરના જમણા ભાગની સાથે જ જાણે કોઈએ પહાડને કાપી નાખ્યો હતો. ત્યાં સેંકડો ફૂટ લાંબો ઊંડો ખાડો દેખાતો હતો. આ સફેદ કબરની આશરે વીસ ગજ નીચે કાળા રંગની એક નાની સરખી કબર હતી, જેને પેલો કાશ્મીરી નવજુવાન અબદુલ ઉમરની કબરના નામે

ળખાવી રહ્યો હતો.

કોણ જાણે ક્યારે દફનાવવામાં આવેલી એ મહત્વપૂર્ણ વ્યક્તિઓનો પરિચય મારા કાશ્મીરી મિત્રે આ શબ્દોમાં આપ્યો :

'આ તરફ જુઓ, અહીં સફેદ કબર-માં વિજયી શાહોનો શાહ મોહંમદ હસન સૂઈ રહ્યો છે. આજથી આશરે ૫૦૦ વર્ષ પહેલાંની વાત છે. ત્યારે તમારા જેવો કોઈ સહેલાણી જ્યારે મરજી ફાવે ત્યારે સો–દોઢ-સો રૂપિયા ખરચીને પણ આ સુંદર ઘાટી સુધી પહોંચી શકતો ન હતો. આજની જેમ ત્યારે ન તો કોઈએ ઊંચા પીરપાંચાલનું પેટ ચીરીને ટનલ બનાવી હતી, કે ન તો વહેતી જેલમ પર દૈત્યાકાર લોખંડી પુલ બનાવ્યો હતો. તે જમાનામાં એ લોકો જ કાશ્મીર આવી શકતા હતા, જેઓ જિંદગી સાથે રમત રમી શકતા હતા. બધો સામાન માથા પર ઊંચકી આ ચઢાણ ચઢવાં પડતાં હતાં. તે જમાનામાં બાદશાહ મોહંમદ હસન પોતાની ફોજ અને તોપખાના સાથે કોણ જાણે કેવી રીતે અને કયે રસ્તે કાશ્મીરની આ સુંદર ઘાટીમાં આવી પહોંચ્યો હતો.'

મેં વચમાં જ એને રોકતાં કહ્યું : 'પણ દોસ્ત, તેં એ તો બતાવ્યું જ નહિ કે આ મોહંમદ હસન કયા મુલકનો બાદશાહ હતો ?'

તે કાશ્મીરી નવજુવાનને મારા આ પ્રશ્નથી જરા પણ તાજુબી થઈ નહિ. તેણે પોતાની રીતથી કહેવાનું ચાલુ રાખ્યું : 'તમે એ મહાન બાદશાહનું નામ સુદ્ધાં જાણતા નથી, ત્યારે બીજી વાતો ક્યાંથી જાણી શકો ? અરે ભાઈ! એ કાશ્મીર સિવાય બાકીની સમસ્ત દુનિયાનો બાદશાહ હતો.'

મેં કહ્યું : 'ઓહ ! એમ વાત છે ત્યારે !'

કાશ્મીરી નવજુવાન હવે વધારે ઉત્સાહ-માં આવી જઈને કહેવા લાગ્યો : 'કાશ્મીર-ના બાદશાહે મોહંમદ હસનની ફોજનો સામનો ખૂબ જ બહાદુરીપૂર્વક કર્યો, પણ તે પહોંચી શકયો નહિ અને પહોંચી પણ શી રીતે શકે? જેની સ્વર્ગીય તાકાતની સામે પીર (પીરપાંચાલ પર્વત) હારી ગયો, એનો સામનો એક માણસ શી રીતે કરી શકે? ખેર ! વાત આમ બની કે બે દિવસની લડાઈ પછી ત્રીજે દિવસે સવારે બાદશાહ મોહંમદ હસને શ્રીનગર જીતી લીધું અને કાશ્મીરના બાદશાહે તેની આગળ હાર માની લીધી.

તેજ દિવસે બપોરના બાદશાહ મોહંમદ હસનનું એક શાનદાર સરઘસ શ્રીનગરની સડકો પરથી નીકળ્યું. બાદશાહને કહેવામાં આવ્યું કે આ શાનદાર શહેરનું સૌંદર્ય જોવા માટે સૌથી સારી જગા જો કોઈ પણ હોય તો તે તખ્તે સુલેમાનનું શિખર છે.

ત્યારે તખ્તે સુલેમાન સુધી જવાની પગદંડી આ તરફથી જ હતી. બાદશાહ પોતાના ખાસ પસંદ કરેલા અમલદારો સાથે એક ઘોડા પર સવાર થઈ આ જ રસ્તે થઈને શિખર તરફ જઈ રહ્યો હતો કે અચાનક એક જગાએથી ઘોડાનો પગ લપસી ગયો અને ઘોડો અને બાદશાહ બંને ઊંડા ખાડામાં જઈને પડ્યા.

આખા શહેરમાં હાહાકાર થઈ રહ્યો, કારણ કાશ્મીરના વીરપૂજક લોકોએ એ બાદશાહને પોતાના મનથી પોતાનો બાદશાહ માની લીધો હતો. ખાડામાં જઈને જોયું તો ઘોડો તો ત્યારે જ મરી ગયો હતો : બાદશાહ હજી જીવતો હતો. પાલખીમાં નાખીને બાદશાહને મહેલમાં લાવવામાં આવ્યો. કેટલીય કોશિશ કરવામાં આવી એ બાદશાહને જિવાડવા માટે, પણ બધી નકામી ગઈ, બીજે દિવસે સવારે એ મૃત્યુ પામ્યો.

મરતા પહેલાં વજીરે જયારે પૂછ્યું, ત્યારે તેણે પોતાની એક જ હાર્દિક ઇચ્છા પ્રગટ કરી કે 'હું મારા જીતેલા આ શાનદાર

શહેરને એકવાર પણ જોઈ શકયો નથી. વરસોની મહેનત પછી મેં જે કંઈ મેળવ્યું, ખુદાની મરજીથી તેને એકવાર જોવાનો મોકો પણ હું મેળવી શકયો નહિ. એટલે મારી કબર એ જ પહાડની કોઈ એવી સુંદર જગાએ બનાવજો કે જયાંથી આખું શહેર જોઈ શકાય. એટલે કયામતને દિવસે જયારે હું મારી કબરમાંથી પહેલીવાર ઊઠું કે મારી નજર પહેલી એ સુંદર શહેર ઉપર પડે કે જેને 'પૃથ્વી ઉપરનું સ્વર્ગ' કહેવામાં આવે છે.'

અને તે જ દિવસે મહાન વિજયથી બાદશાહ મોહંમદ હસનને તેની મરજી મુજબ આ જગાએ દફનાવવામાં આવ્યો અને તેની ઉપર સુંદર સફેદ કબર બનાવવામાં આવી. આજે પણ એ મહાન-બાદશાહ કબરમાં સૂઈને કયામતના દિવસની રાહ જોઈ રહ્યો છે.'

થોડી વાર માટે એ કાશ્મીરી યુવક શ્વાસ લેવાના ઇરાદાથી ચૂપ થઈ ગયો અને ક્ષણભરને માટે મને એવું લાગ્યું, કે હું કોઈ કબર આગળ નથી પણ કોઇ એવા મહેલ આગળ છું, કે જેના શાનદાર સફેદ ગુંબજની નીચે ગૌરવશાળી બાદશાહ સૂઈ રહ્યો છે અને શ્વાસ લઈ રહ્યો છે. મને વિચારવા માટે વધારે વખત આપ્યા વગર જ કાશ્મીરી નવજુવાને શરૂ કર્યું:

'હવે આવો સાહેબ, તમારો પરિચય કાળી કબરવાળા અબદુલ ઉમરની સાથે કરાવી દઉં.'

મેં કહ્યું 'ધન્યવાદ!' અને સાંભળવા માટે હું તૈયાર થઈને બેઠો.

'એવી રીતે નહિ સાહેબ, ઉમરનો પરિચય મેળવતાં પહેલાં એક કામ કરવું પડશે.'

'તે શું?'

'જરા વધારે આગળ વધીને અહીં સુધી આવી જાવ. બસ, બરાબર છે. હવે પેલી કાળી કબર બરાબર તમારી નીચે છે ને?'

'હા, બરાબર નીચે છે.'

કાશ્મીરી નવજુવાને વાત આગળ વધારી: 'ગુરેજ ઘાટીના સરદાર અબદુલ ઉમરને દ્રોહી બની ગયાને આશરે બસો વર્ષ થયાં છે. કાશ્મીરના મહારાજાએ એને સમજાવવાની કેટલીય કોશિશો કરી પણ બધી નકામી ગઈ. તેણે શ્રીનગરના સરદારોને પોતાના પક્ષમાં લેવા માટે મોટીમોટી લાલચો આપી, પણ એકે સરદાર દગો કરવા માટે તૈયાર થયો નહિ. ત્યારે એક દિવસ અબદુલ ઉમરે મહારાજા પાસે એ પેગામ મોકલ્યો કે જો એના જૂના ગુનાઓ માફ કરવામાં આવે, તો તે ફરીથી મહારાજાનો આજ્ઞાપાલક બનવાને માટે તૈયાર છે. મહારાજાએ અબદુલ ઉમરને માફી આપી, ત્યારે મોટીમોટી ભેટો લઈને અબદુલ ઉમર શ્રીનગર આવ્યો અને મહારાજાએ એક ભાઈના જેટલા હેતથી તેનું સ્વાગત કર્યું અને એકાદ અડવાડિયું શ્રીનગરમાં રહીને જયારે તે ગુરેજ તરફ જવા લાગ્યો, ત્યારે તેણે મહારાજાને ગુરેજ આવવાનું ભાવભીનું આમંત્રણ આપ્યું.

મહારાજાએ રાજી:થઈને એ આમંત્રણનો સ્વીકાર કર્યો.'

એકાએક જ કાશ્મીરી નવજુવાનને લાગ્યું કે એની વાતમાં હું પૂરતો રસ નથી લેતો. એ વાત જાણી ગયો કે મારું ધ્યાન હજી સફેદ કબર ઉપર જ છે, જયાં ૫૦૦ વર્ષ પહેલાં સૂતેલો બાદશાહ પોતાના જીતેલા નગરને જોવાની લાલસાથી દફનાવવામાં આવ્યો હતો. નવજુવાને પોતાના અવાજમાં નવો ઊભરો લાવી કહ્યું: 'ગભરાવ નહિ સાહેબ, ઉમરની વાત બાદશાહની વાત કરતાં પણ વધારે મઝાની છે. હવે વાત એવી બની કે વિશ્વાસુ મહારાજ જયારે ગુરેજની ઘાટીમાં મહેમાન બનીને ગયા,

રે અબદુલ ઉમરે તેમને ઘણી જ સહેથી કેદ કરી લીધા.

આ બાજુ શ્રીનગરના લોકોને આ સ્વપ્ને પણ ખ્યાલ ન હતો અને બધા લોકો બેફિકર બનીને બેઠા હતા. દુલ ઉમરે એકાએક જ શ્રીનગર પર કરી દીધો. તે આ શહેરને જોઈને થી મનમાં સળગ્યા કરતો હતો. શહેરઓએ ભેગા થઈને એનો જબરજસ્ત કર્યો. જ્યારે સીધી લડાઈમાં અબઉમરને સફળતા મળી નહિ, ત્યારે તેણે બહુ જ નીચ યુક્તિ અજમાવી. આજની તે જમાનામાં પણ શ્રીનગરનાં મોટા તાં મકાનો લાકડાનાં બનાવેલાં હતાં. બદમાશે શહેરને આગ લગાડી દીધી, તે આગ એકદમ ઝડપથી ચારે દિશામાં ગઈ. માઈલો દૂરથી એ આગ જોઈ તી હતી. આખું શહેર આગમાં ઘાસની ની જેમ સળગવા લાગ્યું.

આ તરફ એ બદમાશ અબદુલ ઉમર ણે ગાંડપણનું એક ભૂત સવાર થઈ હતું. તે આ સળગતા સ્વર્ગની શાનને માટે એક ઝડપી ઘોડા પર સવાર આ પહાડ તરફ દોડ્યો કે જેથી તે શહેરની બરબાદી એક નજરે જોઈ તેને પહેલેથી જ ખબર હતી કે શ્રીનગર પણે આ જ શિખર ઉપરથી જોઈ શકાય એના સાથી એની પાછળ રહી ગયા

આ બાજુ સંજોગોવશાત્ સફેદ કબર થોડાક સરદારો ભેગા મળ્યા હતા અંદરઅંદર વિચાર કરી રહ્યા હતા શું કરવું જોઈએ. એકાએક જ ના દુશ્મનને આ જ જગાએ એકલો તેમને થઈ આવ્યું કે ખુદાએ તેમનો તેમના હાથમાં સોંપી દીધો છે.

બરાબર એ જ જગાએ જ્યાં તમે ઊભા છો, કાતિલ અબદુલ ઉમરને ઘોડા પરથી ઉતારી એ સરદારોએ પહાડની નીચે ધકેલી દીધો. ૬૦ ફૂટ નીચે જ્યાં આજે એ બદમાશની કબર છે, ત્યાં ત્યારે એક અણીવાળી શિલા હતી. એ શિલા સાથે અથડાઈને એ હત્યારાનું માથું ચૂરેચૂરા થઈ ગયું.

કેટલા ય દિવસો સુધી અબદુલ ઉમરની લાશ અહીં જ સડતી રહી અને શ્રીનગરના લોકો એની લાશ પર થૂંકવા માટે અહીં આવતા રહ્યા. ત્યાર બાદ એક તરફ મહારાજાની દેખરેખ હેઠળ શ્રીનગરને નવેસરથી બનાવવાની શરૂઆત થઈ ગઈ અને બીજી તરફ આ કાળી કબર નીચે એ હત્યારાને પણ એ ઇચ્છાથી દફનાવવામાં આવ્યો કે કયામતને દિવસે જ્યારે તે કબરમાંથી ઊઠે ત્યારે તેની નજર સુવર્ણ કરતાં વધારે સુંદર અને ઝગમગતા શ્રીનગર શહેર ઉપર પડે !'

અને મને એવું લાગ્યું જાણે તે કાળી કબર વધારે કાળી પડી ગઈ છે.

કોણ જાણે ક્યાં સુધી હું એ જ જગાએ મૂઢ બનીને બેસી રહ્યો અને ક્યારેક પાસેની ધોળી કબરને અને ક્યારેક નીચેની કાળી કબરને જોતો રહ્યો, જ્યાં ક્રમશઃ ૫૦૦ અને ૨૦૦ વર્ષોથી એક વિજેતા અને એક દ્રોહી સૂતા હતા અને કયામતના દિવસની રાહ જોઈ રહ્યા હતા, જેથી ઊઠીને તેમની પહેલી નજર સુંદર શ્રીનગર શહેર ઉપર પડે.

ધીરેધીરે સૂરજ ડૂબી ગયો અને એક નાકાથી બીજા નાકા સુધી શ્રીનગર શહેર વીજળીના પ્રકાશમાં ઝગમગી ઊઠ્યું. મારા પથ-પ્રદર્શકે મારા ધ્યાનમાં ભંગાણ પાડ્યું અને કહ્યું કે અંધારું થાય તે પહેલાં ઉપરની પાકી પગદંડી સુધી અવશ્ય પહોંચી જવું જોઈએ.

★

ગુજરાતની ખેતી

લેખક :
શ્રી હીરાલાલ મગનલાલ દેસાઈ
બી. એજી; એમ. એસસી. (યુ. એસ. એ.)

આઝાદી પહેલાં મુંબઈ ઇલાકાના બ્રિટિશ ગુજરાતના પાંચ જિલ્લાઓ હતા, તે વિલિનીકરણ પછી દશ થયા છે. આમાં (૧) સાબરકાંઠા, (૨) બનાસકાંઠા, (૩) મહેસાણા, (૪) અમરેલી, (૫) અમદાવાદ, (૬) ખેડા, (૭) પંચમહાલ, (૮) વડોદરા, (૯) ભરૂચ અને (૧૦) સુરત જિલ્લાઓનો સમાવેશ થાય છે. આ દશ જિલ્લાઓ મુંબઈ રાજયના ઉત્તર વિભાગ તરીકે ઓળખાય છે.

ખેતીની દૃષ્ટિએ ગુજરાતના મુખ્ય ત્રણ ભાગ પાડી શકાય : દક્ષિણ ગુજરાત : સુરત, ભરૂચ અને વડોદરાનો થોડો ભાગ. મધ્ય ગુજરાત : વડોદરા, ખેડા, પંચમહાલ. અને ઉત્તર ગુજરાત : અમદાવાદ, સાબરકાંઠા, બનાસકાંઠા અને મહેસાણા. અમરેલી જિલ્લાનો સૌરાષ્ટ્રમાં સમાવેશ થાય છે. દરેક જિલ્લામાં વરસાદ, જમીન અને પાકની દૃષ્ટિએ જુદા જુદા વિભાગો હોય છે; જેવા કે અમદાવાદ જિલ્લામાં ભાલ, દશક્રોઈ, પંચાળ વગેરે. ખેડા જિલ્લામાં માળ, દશક્રોઈ, ચરોતર વગેરે. ગુજરાતની ખેતીનો આર્થિક, સામાજિક અને વિજ્ઞાનની દૃષ્ટિએ અભ્યાસ કરતા પહેલાં ગુજરાતમાં કેટલા પ્રદેશોનો સમાવેશ થાય છે, એનો પૂર્ણ વિચાર કરવો જોઈએ.

ગુજરાતમાં દક્ષિણમાંથી ઉત્તર તરફ જઈએ તેમ વરસાદ ઓછો થતો જાય છે. સુરત જિલ્લામાં ૪૦થી ૬૦ ઇંચ વરસાદ પડે છે. ભરૂચમાં ૩૦થી ૪૦ ઈંચ, ખેડા જિલ્લામાં ૨૫થી ૩૦ ઇંચ પડે છે. દક્ષિણ ગુજરાતમાં ટાઢ તથા તાપ ઓછાં, હિમનો ભય નહિ, ત્યારે ઉત્તરમાં તાપ તથા ઠંડી વધારે, હિમ અવરનવર પડે છે. ગુજરાતમાં વરસાદ ચોમાસાના ચાર મહિનામાં પડે છે. દક્ષિણ ગુજરાતમાં વરસાદ અરબી મહાસાગર પર આધાર રાખે છે, જ્યારે મધ્ય અને ઉત્તર ગુજરાતનો વરસાદ બંગાળ ઉપસાગર પર વિશેષ આધાર રાખે છે. વરસાદનાં વાદળાં ઉત્તર ગુજરાત સુધી જતાં કોરાં પડી જઈ ઊંચાં ચઢે છે, તેથી તે વિભાગમાં વરસાદની તૂટ હમેશાં રહે છે. ગુજરાતની ખેતી વરસાદ ઉપર જ આધાર રાખે છે, જેથી મધ્ય ગુજરાતમાં અને મુખ્યત્વે કરીને ઉત્તર ગુજરાતમાં સૂકવણાં વર્ષ વધારે હોય છે. સુરતની ખેતી મોટે ભાગે વરસાદરક્ષિત હોય છે, જયારે મધ્ય અને ઉત્તર ગુજરાત વરસાદની અનિયમિતતા ભોગવે છે.

ગુજરાતની જમીન પાણી સર્જિત હોઈ રસાળ છે. દક્ષિણ ગુજરાતની જમીન કાળી કાંપની બનેલી છે ને ભરૂચ જિલ્લામાં ભારે કાળી જમીનનું પ્રમાણ વધારે છે. સુરત જિલ્લાની તેમ જ વડોદરા જિલ્લાની થોડી જમીન પણ ચીકણી કાળી છે; જો કે ભરૂચ જિલ્લા કરતાં ઓછી. ખેડા જિલ્લાની જમીન ગોરાડુ છે, અને ઉત્તર જિલ્લાની જમીન મોટેભાગે રેતાળ છે. કાંપની જમીનની મુખ્ય ખાસિયત એ છે કે તે ઘણી જ ઊંડી હોય છે. ઊંડી કાળી જમીન પીત માટે માફક ન ગણાય. ગોરાડુ અને રેતાળ જમીન પીત માટે ઘણી સારી. જમીન કાળી અને વરસાદ સારો થયો હોય તો જુવાર, કપાસ અને ડાંગરના પાકો લેવાય. જમીન હલકી

ને વરસાદ ઓછો હોય તો બાજરી,
જરા, બાવટો વગેરે પાક માટે માફક
ણાય. આવી જમીનમાં પાણી હોય તો
યત પાક સારા થાય અને સારી માવ-
ત હોય તો પાકઉતાર સારો ઊતરે છે.

ગુજરાતના દશ જિલ્લાઓમાં લગભગ
કરોડ એકર જમીન છે. એમાં સાબર-
ઠામાં છ ટકા, બનાસકાંઠામાં પંદર ટકા,
હેસાણામાં ચૌદ ટકા, અમરેલીમાં છ ટકા,
મદાવાદમાં દસ ટકા, ખેડામાં આઠ ટકા,
ચમહાલમાં દસ ટકા, વડોદરામાં નવ ટકા,
ચમાં નવ ટકા અને સુરત જિલ્લામાં તેર
કા છે.

બે કરોડ એકર જમીનમાંથી લગભગ
કરોડ એકર જમીનમાં ખેતી થાય છે,
માં સાબરકાંઠામાં છ ટકા, બનાસકાંઠા-
પાંચ ટકા, મહેસાણામાં સત્તર ટકા,
મરેલીમાં પાંચ ટકા, અમદાવાદમાં દસ
કા, ખેડામાં અગિયાર ટકા, વડોદરામાં
ર ટકા, ભરૂચમાં આઠ ટકા અને સુરતમાં
દર ટકા જેટલી ફાળે આવે છે.

ગુજરાતમાં એક જમીનમાં બે પાક
ઓછા પ્રમાણમાં લેવાય છે. એનાં મુખ્ય
રણો છે: (૧) સારા વરસાદનો અભાવ
ને (૨) પીતનાં સાધનો–કૂવા, તળાવ,
વગેરેનો અભાવ.

ગુજરાતમાં ફક્ત પોણા ચાર લાખ
કર જમીન ઉપર બીજો પાક લેવાય છે;
માં સાબરકાંઠામાં અગિયાર ટકા, બનાસ-
માં દસ ટકા, પંચમહાલમાં બાવીસ
વડોદરામાં બે ટકા, ભરૂચમાં નહિ
અને સુરતમાં નવ ટકા જેટલી જમીન
આવે છે.

ખેડાતી જમીનમાં લગભગ દશ લાખ
જમીનમાં જંગલ છે. એમાં લગભગ
ટકા પંચમહાલ અને ભરૂચ અને

સુરત જિલ્લાઓમાં છે. અમદાવાદ અને ખેડા જિલ્લાઓમાં જંગલ નહિ જેવાં છે. જંગલનું પ્રમાણ ગુજરાત માટે ઘણું જ ઓછું ગણાય. ખેડાણમાં ન આવી શકે તેવી જમીનમાં ગામતળ, ખરાબા, તળાવો વગેરેનો સમાવેશ થાય છે. ફક્ત સાતથી આઠ લાખ એકર જમીન ખેડાણમાં આવી શકે એવી છે, જે હાલમાં ઢોરચરાણ માટે વપરાય છે. આથી જણાશે કે ગુજરાતમાં જંગલનું પ્રમાણ બહુ ઓછું છે અને ખેડાણ વધારી શકાય એવી જમીન જૂજ છે.

પાકમાં અનાજ–કઠોળ મુખ્ય પાકો છે. સિત્તેર ટકા જેટલી જમીન આ પાકો નીચે છે. ગુજરાતમાં ડાંગર આઠ લાખ એકરમાં થાય છે, જેમાંથી સાત લાખ એકર પંચમહાલ, સુરત અને ભરૂચ જિલ્લાઓમાં અને એક લાખ ખેડા જિલ્લામાં લેવાય છે.

ગુજરાતમાં ઘઉં ત્રણથી સાડા ત્રણ લાખ એકરમાં થાય છે; એમાં અમદાવાદ જિલ્લામાં લગભગ સવા લાખ એકર અને મહેસાણામાં લગભગ એક લાખ એકર છે.

જુવારનું વાવેતર ગુજરાતમાં લગભગ ૨૦ લાખ એકરમાં થાય છે. એમાં ચોમાસુ જુવાર પંદર લાખ એકરમાં અને શિયાળુ પાંચ લાખ એકરમાં થાય છે. ચોમાસુ જુવારનો પાક મુખ્યત્વે કરીને મહેસાણામાં સાડા પાંચ લાખ એકર, અમદાવાદમાં લગભગ ત્રણ લાખ એકર અને સુરત જિલ્લામાં સાડા ત્રણ લાખ એકર હેઠળ છે. શિયાળુ જુવાર દોઢ લાખ એકર વડોદરા જિલ્લામાં અને બે લાખ એકર જમીન ભરૂચ જિલ્લામાં છે. બાજરીનું વાવેતર ગુજરાતમાં ૧૧થી ૧૨ લાખ એકર ઉપર થાય છે, જેમાંથી લગભગ અડધું એકલું મહેસાણા જિલ્લામાં છે. બાજરીનું વાવેતર સાબરકાંઠામાં એક લાખ એકરમાં, બનાસકાંઠામાં બે લાખ એકરમાં,

અમરેલીમાં પોણાબે લાખ એકરમાં, અમદાવાદમાં લગભગ બે લાખ એકરમાં અને ખેડા જિલ્લામાં પોણાત્રણ લાખ એકરમાં થાય છે. ગુજરાતમાં આઠ લાખ એકર કઠોળમાં–મહેસાણામાં દોઢ લાખ એકર, ખેડામાં લગભગ લાખ એકર, પંચમહાલમાં, વડોદરામાં અને સુરત જિલ્લામાં દર જિલ્લા દીઠ એક લાખથી સવાલાખ એકર આ પાકના વાવેતર નીચે છે.

ગુજરાતમાં ત્રણ લાખ એકર જમીનમાં મગફળીનો પાક થાય છે. એમાં સાબરકાંઠામાં એક લાખ એકર, પંચમહાલમાં એક લાખ એકર અને ખેડા જિલ્લામાં અડધો લાખ એકરનો સમાવેશ થાય છે.

કપાસ ગુજરાતમાં ૧૩થી ૧૪ લાખ એકર જમીન ઉપર થાય છે. એમાંથી મહેસાણામાં એક લાખ એકર, અમદાવાદમાં સવા બે લાખ એકર, વડોદરામાં સવા ત્રણ લાખ, ભરૂચમાં પોણાત્રણ લાખ અને સુરતમાં અઢી લાખ એકરનો સમાવેશ થાય છે.

ગુજરાતમાં એક લાખ એકર જમીન ઉપર તમાકુ થાય છે, તેમાં ૭૦ ટકા ખેડા જિલ્લામાં અને પચીસ ટકા વડોદરા જિલ્લામાં છે, બીજા જિલ્લામાં તમાકુનું વાવેતર નહિ જેવું છે.

આ ઉપરથી જણાશે કે ગુજરાતમાં જ્યાં જમીન કાળી અને વરસાદ સારો ત્યાં કપાસ, જુવાર ને ડાંગરના પાકો મોટા પ્રમાણમાં થાય છે. હલકી જમીન અને સાધારણ વરસાદમાં બાજરી અને મગફળી મુખ્ય પાકો છે.

ગુજરાતની ૧૦ જિલ્લાઓની વસ્તી, ૧૯૫૧ની વસતિગણુતરી પ્રમાણે એક કરોડ ચૌદ લાખની (૧,૧૩,૮૮,૦૮૦) છે. આમાં અમદાવાદ જિલ્લામાં ૧૬,૮૫,૭૨૫; ખેડા જિલ્લામાં ૧૬,૦૪,૪૫૩; ભરૂચ જિલ્લામાં ૭,૦૫,૮૯૩; પંચમહાલ જિલ્લામાં ૧૧,૪૭,૧૮૭; સુરત જિલ્લામાં ૧૮,૨૮,૨૧૩; સાબરકાંઠામાં ૬,૮૩,૮૪૭; બનાસકાંઠામાં ૭,૪૮,૨૯૬; અમરેલી જિલ્લામાં ૩,૧૭,૧૯૯; વડોદરા જિલ્લામાં ૧૧,૯૫,૬૫૧ અને મહેસાણા જિલ્લામાં ૧૪,૭૧,૬૧૭ છે.

માથાંદીઠ ખેડાણ જમીન અમરેલીમાં બે એકર; ભરૂચ, બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં લગભગ એક એકર અને સુરત, ખેડા જિલ્લામાં લગભગ પોણો એકર જમીન આવે છે.

આ વિષયના અભ્યાસીઓનો એવો અભિપ્રાય છે કે માણસને સારી રીતે રહેવા માથાદીઠ અઢી એકર જમીન જોઈએ. આ ઉપરથી જણાશે કે ગુજરાતમાં જમીનના પ્રમાણમાં વસ્તી વધારે છે.

આપણું એકર દીઠ ઉત્પન્ન ઘણું જ ઓછું છે. ડાંગરનું ૮૦૦થી ૧૦૦૦ રતલ, બાજરીનું ૫૦૦થી ૬૦૦ રતલ, ઘઉંનું ૪૦૦થી ૫૦૦ રતલ અને કપાસનું ૩૦૦થી ૪૦૦ રતલ છે.

ઓછું ઉત્પન્ન વરસાદની અનિયમિતતાને લીધે જ છે. પાણીથી સંરક્ષિત ખેતી ગુજરાતમાં ફક્ત ચાર ટકા જેટલી જ છે. જ્યાં સુધી પાણીથી ખેતી સંરક્ષિત થાય નહિ, ત્યાં સુધી ખેતીના ઉત્પાદનમાં અનિયમિતતા રહેવાની જ. કોઈ પણ પ્રકારનો ખેતીસુધારો કુદરત ઉપર આધાર રાખતી ખેતીમાં અસરકારક રીતે દાખલ કરી શકાય નહિ એમ આ વિષયના અભ્યાસીઓ માનતા થયા છે.

ઓછા ઉત્પન્નને લીધે આપણી વસ્તીના પ્રમાણમાં ખોરાકઉત્પાદન ઓછું થાય છે. સારાં વર્ષોમાં ગુજરાતમાં લગભગ અઢારથી ઓગણીસ લાખ ટન અનાજ કઠોળનું ઉત્પન્ન થતું હશે; એમાં ડાંગર અને ઘઉંનું લગભગ પાંચ લાખ ટન, જુવાર, બાજરી અને મકાઈનું દસ લાખ ટન, અને કોદરા, બાવટો, બંટીનું અઢી લાખ ટનનું છે. કઠોળના ઉત્પા-

નો લગભગ દોઢ લાખ ટનનો અંદાજ છે. આપણી એક કરોડ ચૌદ લાખની કુલ વસ્તીને ઉમ્મરલાયકની વસ્તીમાં ફેરવીએ તો આપણી રેશનિંગ-દૃષ્ટિએ કુલ વસ્તી એક કરોડ માણસની થાય. આ વસ્તીને પોણા શેર-શેર પ્રમાણે ૧૨થી ૧૬ લાખ ટન અનાજ જોઈએ. આપણું સારા વર્ષનું ઉત્પાદન લગભગ તેટલું જ છે. જો હલકું ધાન્ય અને કઠોળ વગેરે ખાદ્ય ધાન્યનું ઉત્પન્ન લઈએ તો સારાં વર્ષોમાં બારથી ચૌદ ઔંસ જેટલું અનાજ બધું મળીને રહે. તૂટ પડે છે એનું કારણ એ છે કે સારાં વર્ષો પ્રમાણમાં ઘણાં ઓછાં હોય છે.

ગુજરાતમાં શહેરોમાં માપબંધી છે. બાકી બધે કાચી માપબંધી છે. ગુજરાતના પાંચે જિલ્લામાં વધારેમાં વધારે આયાત લગભગ અઢીથી પોણાત્રણ લાખ ટન અનાજની ૧૯૪૮-૪૯ના દુષ્કાળ વર્ષમાં થયેલી. ઓછામાં ઓછી ૫૦ હજાર ટન ૧૯૪૯-૫૦ની સાલમાં થયેલી. બાકીના વર્ષમાં લગભગ એક લાખથી દોઢ લાખ ટનની વચ્ચે થયેલી. આ ઉપરથી જણાશે કે સારાં વર્ષો કવચિત જ હોય છે. આપણે આપણું ઉત્પન્ન દોઢથી અઢી લાખ ટન વધારીએ તો અનાજની તૂટ રહે નહિ.

ગુજરાતમાં નદીનાં કોતર અને ખારવાળી જમીન સિવાય વધુ જમીન ખેતીના ઉપયોગમાં આવે તેમ નથી. કોતરની, ખારવાળી, દરિયાકિનારાની અને બીજી પડતર જમીન ચારથી પાંચેક લાખ એકર હશે એવો અંદાજ છે. પહેલાં આ જમીનની માપણી થઈ તેને ખેતીમાં લાવવાની યોજનાઓ તૈયાર થવી જોઈએ. સરકાર એમાંથી જમીન લઈ એક અખતરારૂપે પહેલી વિકસાવે. આથી સરકારને અને લોકોને એની આર્થિક દૃષ્ટિનો પૂરો ખ્યાલ આવે. જો આર્થિક દૃષ્ટિએ અનુકૂળ હશે અને સરકાર જોઈતી મદદ આપશે તો લોકો એમની મેળે આ કામ હાથમાં લેશે. નવી જમીન ખેડાણમાં લાવવા લોકોને જોઈતી બાંહેધરી આપવી પડશે. જો આ બધી બિનખેડાણ જમીન ખેડાણમાં આવે તો અડધાથી પોણા લાખ ટનનું ઉત્પાદન વધે.

આપણી અત્યારની સ્થિતિમાં ઉત્પન્ન ઓછું આવે છે. એનું મુખ્ય કારણ કુદરતી અનિયમિતતાને લીધે છે. જો ખેતી કુદરતથી સંરક્ષાય તો આપણો અનાજ-અછતનો કોયડો સહેજમાં ઊકલી જાય. આને માટે પાણીપિયત સાધનો જેવાં કે નદી, તળાવ, કૂવા વગેરે ઘણા જ મોટા પ્રમાણમાં વધારવાં જોઈએ. નદીમાંથી પેરીનિયલ નહેર કાઢવાથી જમીન મોટા પ્રમાણમાં થોડા ખર્ચે પલળે. મધ્ય અને ઉત્તર ગુજરાતમાં બનાસ, સાબરમતી, મહી વગેરે સમૃદ્ધ નદીઓ છે કે જેમાંથી નહેર સહેલાઈથી કાઢી શકાય. જમીન પણ પીતને ઘણી માફક છે. જ્યાં નહેર શકય ન હોય ત્યાં તળાવ, કૂવા અગર પાતાળકૂવા વગેરે જે શકય હોય તે વિકસાવવા જોઈએ. આ કામો માટે નાણાં નથી એમ વારંવાર કહેવામાં આવે છે.

રશિયાએ નીપર ડેમ અને ચીન દેશે મોટી નહેરો લોકોની સહાયથી થોડે ખર્ચે ટૂંક સમયમાં બાંધી છે. આપણા દેશમાં પણ સ્થિતિ અનુકૂળ છે. મોટા ભાગના ખેડૂતોને પૂરતું કામ હોતું નથી. ખેડૂતોને વખત છે પણ કામ નથી. આપણી લોકશાહી જો વેડફાઈ જતી લોકસમૃદ્ધિનો યોગ્ય ઉપયોગ કરી શકે તો ઉપર બતાવેલાં ઉત્પન્ન વધારવાનાં સાધનો સહેલાઈથી થોડે ખર્ચે વિકસાવી શકે. નાણાંની ભીડ આપણો દેશ ભાંગી શકવાનો નથી. આપણી સરકાર ને પ્રજા જો સહકારથી આવાં કામ ઉત્સાહથી હાથ ઉપર લે તો અનાજ-અછતનો કોયડો સહેજમાં

ઊકલી જાય અને ખેતી સમૃદ્ધ થાય.

જો ફક્ત આખા હિંદના હિસાબે ગુજરાતમાં ૨૦થી ૨૫ ટકા જમીન પલળે તો ઉત્પન્ન દોઢાથી બમણું થાય ને અછતને બદલે અનાજની રેલમછેલ થાય.

ગુજરાતમાં હાલ જે પડતર જમીન ખેતીમાં લાવી શકાય તેમ છે તે અને પાણીનાં સાધનો યોજવાથી ગુજરાતની ખેતી સમૃદ્ધ થાય એમ છે. ખેતી પાણીથી સંરક્ષિત થયા વગર પાકનું ઉત્પન્ન વધારવાનાં સાધનો જેવાં બી, ખાતર, સારી ખેડ વગેરેનો ઉપયોગ ખેતીવિકાસમાં થવાનો નથી.

સરકાર અને પ્રજાના સહકારથી જો કામ લેવાય તો જ આપણે રશિયા અને ચીન દેશે સંપૂર્ણપણે પાર પાડેલાં ભગીરથ કામો આપણે થોડે ખર્ચે કરી શકીએ અને તો જ આપણે આપણી સ્વતંત્રતા જાળવી રાખી શકીએ, અને દેશને આબાદ બનાવી શકીએ. ગુજરાતને અછતવાળા પ્રદેશમાંથી છતવાળા પ્રદેશમાં ફેરવી શકાય. આપણા અગ્રગણ્ય નેતાઓ હવે રાજકારણ છોડી રચનાત્મક કામમાં ભળે ને લોકોની વેડફાઈ જતી શક્તિનો પૂર્ણપણે ઉપયોગ કરવાની યોજનાઓ હાથ ધરે તો જ દેશ કંઈ સંગીન પ્રગતિ સાધી શકે.

⁂

મુંબઈમાં કૉંગ્રેસ અધિવેશન ભરાઈ રહ્યું હતું. એ સમયે ખાદી–આંદોલન જોરમાં શરૂ થયું હતું. મધુબાની(બિહાર રાજ્ય)ની ખાદી મશહૂર છે. ગાંધીજીએ રાજેંદ્રબાબુને લખ્યું કે ‘અધિવેશનમાં મુકાયેલા ખાદી–પ્રદર્શન માટે મધુબાનીના વણકરોને લેતા આવજો.’

મધુબાનીથી વણકરો બોલાવાયા. પ્રદર્શનમાં તેઓએ એમની કારીગરીના ઉત્તમ નમૂના રજૂ કર્યા. અધિવેશન સમાપ્ત થયું કે તેઓ મધુબાની તરફ રવાના થયા. રાજેંદ્રબાબુ પણ બિહાર જઈ રહ્યા હતા. તેઓ પણ વણકરોની સાથે તેમના ડબ્બામાં બેઠા અને ઉપલા પાટિયા પર લાંબા સૂઈ ગયા.

ગાડી ચાલી કે તરત જ વણકરોની વાતો શરૂ થઈ ને રાજેંદ્રબાબુને નિદ્રા આવવા લાગી.

એકે કહ્યું :

‘ચાલો ભાઈ, ખાદીને લીધે આપણે મુંબઈ તો જોયું.’

બીજાએ માથું હલાવતા કહ્યું :

‘અરે મોટા મોટા નેતાઓનાં દર્શન પણ થયાં. પંડિત મોતીલાલ ને સર ફિરોજશાહયે આવ્યા હતા.’

ત્યારે એક બુઢ્ઢો વણકર ગંભીર ભાવથી માથું ધુણાવતાં જરા ઉદાસ થતાં બોલ્યો : ‘પણ એક નેતાને આપણે જોઈ ન શક્યા. છાપાંઓમાં એમના વિષે હંમેશાં દરરોજ ઉલ્લેખ થાય છે. એને કોઈએ બોલાવેલ કે નહિ ?’

બીજા બેઠેલા બધાય વણકરો ઉત્સુકતા સહિત બોલી ઊઠયા :

‘કોણ હતા તેઓ ?’

‘નનકુ પરેશાન’ ઘરડા વણકરે ગંભીર ભાવે. કહ્યું : બધાય વણકરોને અફસોસ થયો. તેઓ અત્યંત દુઃખી થતા બોલ્યા : ‘ખરેખર, આ કેટલા દુર્ભાગ્યની વાત છે ! નનકુ પરેશાનજીને ન જોયા તો આપણે મુંબઈમાં કશું ન જોયું !’

ઉપર સૂતેલા રાજેંદ્રબાબુ વણકરોની વાત સાંભળી રહ્યા હતા. તેઓ હસી પડ્યા. હસતા હસતા તેઓ પાટિયાની નીચે ઊતર્યા. તેઓને સમજવામાં વાર ન લાગી કે ‘નૉન-કોઓપરેશન’(અસહકાર)ને આ સાદાસીધા વણકરો ‘નનકુ પરેશાન’ નામના કોઈ નેતા સમજી બેઠા હતા !

—દિનેશ સરૈયા

×

આયુર્વેદનું ષડ્રસ જ્ઞાન

લેખક :
શ્રી જટુભાઈ વૈદ્ય

नरो हिताहारविहारसेवी समीक्ष्यकारी विषयेष्वसक्तः ।
दाता समः सत्यपरः क्षमावान् आप्तोपसेवी स भवत्यरोगः ॥
मतिर्वचः कर्म सुखानुबन्धी सत्त्वं विधेयं विशदा च बुद्धिः ।
ज्ञानं तपः तत्परता च योगे यस्यास्ति तं नानुपतन्ति रोगाः ॥
(चरकसंहिता शारीरस्थान अ. २, श्लोक ४५,४६)

જે માનવી હિતકર આહાર અને વિહારનું જ સેવન કરે છે, વિચારપૂર્વક આચરણ રાખી જીવન જીવે છે, પંચેંદ્રિયના વિષયોમાં અનાસક્ત રહીને જિતેંદ્રિય બનવાને પ્રયત્નશીલ થાય છે, ઉદારતાપૂર્વક યથાશક્તિ દાન દેવામાં તત્પર રહે છે, સઘળા જીવો પ્રત્યે સમદૃષ્ટિ કેળવે છે; મન, વચન અને કર્મથી સત્યપરાયણ રહે છે, દયાદૃષ્ટિ રાખી ક્ષમાશીલ બને છે, અને જે સર્વ પ્રાણીઓનું હિત કરવાની ભાવના રાખે છે તેવા પુરુષોનો સમાગમ રાખી સેવા કરે છે તેને કદી રોગો થતા નથી.

વળી જેનાં મતિ, વચન અને કર્મ સુખાનુબંધી છે, જેનું મન પોતાને વશ છે, જેની બુદ્ધિ વિશદ છે, જે પોતે જ્ઞાનયુક્ત છે, તપસ્વી છે અને યોગમાં કુશળ છે એવા જનોને પણ રોગો સતાવી શકતા નથી.

આપણા પ્રાચીન મહર્ષિઓએ આયુર્વેદને 'स्वस्थातुरपरायण' કહ્યો છે અર્થાત્ એના જ્ઞાનનો ઉપયોગ પ્રથમ તો નીરોગી મનુષ્યે પોતાનું સ્વાસ્થ્ય–આરોગ્ય જાળવી રાખવા માટે કરવાનો છે અને ત્યાર પછી જે ઉપર બતાવેલા નિયમોનો ભંગ થાય તો જ પ્રાય: માંદગી આવે–એ ટાળવા માટેના ઉપાયો દ્વારા એનો પછી એટલે બીજો ઉપયોગ છે. એટલે જ આયુર્વેદની રચના કરતી વખતે એની વ્યાખ્યામાં 'સ્વસ્થ' શબ્દ પહેલો મૂકી અને પછી 'આતુર' શબ્દ મૂકી 'સ્વસ્થાતુરપરાયણ' એ સૂત્રમાં સ્વસ્થ એટલે નીરોગી અને આતુર એટલે રોગી એમ જણાવી–નીરોગી માટે પહેલો અને રોગી માટે પછી આયુર્વેદ છે એમ કહ્યું છે.

એટલે બને ત્યાં સુધી એના જ્ઞાનથી પરિચિત રહીને ઈશ્વરે આપેલું કુદરતી આરોગ્ય ટકાવી રાખવું એજ એનો સાચો સદુપયોગ છે.

શરૂઆતમાં જણાવેલા બે શ્લોકોમાં મહર્ષિ ચરકાચાર્યે આરોગ્યની ચાવીરૂપ ગણાય એવા સઘળા નિયમોનો સાર આપી દીધો છે. જો એનો આપણે નિત્યના જીવનમાં અમલ કરીએ તો ભાગ્યે જ શરીરમાં માંદગી આવે એવો સંભવ છે.

ઉપરના શ્લોકમાં આપેલા નિયમો પ્રત્યેક ઘરમાં મોટા અક્ષરોએ તખ્તીમાં મઢાવી ચોટાડી રાખવા જેવા છે એમાં શંકા નથી. વળી આ નિયમો આરોગ્યના જ નહિ કિંતુ સદાચારના અને ધર્માચરણના પણ છે. કદાચ કોઈ શંકા કરશે કે આરોગ્યને સદ્વર્તન અને ધર્મ સાથે શો સંબંધ છે? પણ હવે તો આપણા પ્રાચીન આર્ષદૃષ્ટિવાળા આયુર્વેદના પ્રણેતા ઋષિમુનિઓએ કહેલા આ નિયમો સાથે આધુનિક મનોવિજ્ઞાનીઓ પણ સંમત છે. એમણે શોધ્યું છે કે વિકૃત અને દુષ્ટ માનસને લીધે થતા દુરાચાર, અધર્માચરણ, અને નીતિભંગથી શારીરિક તંદુરસ્તી ઉપર ઘણી માઠી અસર થાય છે; તેમજ મનની શુભ ભાવના અને શુભ પ્રવૃત્તિથી શરીરમાં આરોગ્યની વૃદ્ધિ થાય છે. અવિકારી અને વિકારી માનસથી શરીરના રસસ્રાવી પિંડો ઉપર સારીમાઠી અસર થયા વિના રહેતી નથી.

હવે આ નિયમોમાં સર્વથી પ્રથમ તો હિતાહાર મુખ્ય છે. હિતકર અને પથ્ય ખોરાક એ મુખ્ય ગણાવ્યો છે. આ જગતના સઘળા ખાદ્ય સામગ્રીના પદાર્થો કે ઔષધીય દ્રવ્યો છ રસોથી ભરેલ છે. રસ અર્થાત્ સ્વાદ

વગરનું કોઈ જ ખાદ્ય, પેય કે ઔષધ દ્રવ્ય નથી જ. પ્રત્યેક દ્રવ્ય–પદાર્થમાં કોઈ ને કોઈ રસ તો છે જ.

હવે આયુર્વેદે દરેક દ્રવ્યમાં રહેલા આ છ રસોનું વિવેચન કરેલું છે. આપણા આહારમાં આપણે આ છ રસોથી યુક્ત અથવા એ પૈકીના કોઈ પણ રસથી યુક્ત વાનીઓ નિત્ય લઈએ છીએ અને એ રીતે જાણ્યે-અજાણ્યે એ રસો આપણા શરીરને પૂરા પાડીએ છીએ તેનાથી આપણું શરીર પોષણ મેળવે છે. એને લીધે જ શરીરમાં પ્રાણબળ અથવા જીવનશક્તિ ટકી રહે છે અને આપણે આરોગ્ય ભોગવીએ છીએ.

स्वादुरम्लोऽथ लवणः कटुकस्तिक्त एव च ।
कषायश्चेति षट्कोऽयं रसानां संग्रहः स्मृतः ॥

એટલે કે મધુર–ગળ્યો, અમ્લ–ખાટો, લવણ–ખારો, કટુ–તીખો, તિક્ત–કડવો અને કષાય એટલે તૂરો એવા છ રસો છે અને આ દુનિયામાં ઉત્પન્ન થતાં વિવિધ પ્રકારના દરેક દ્રવ્યનો આશ્રય કરીને તે રહેલા છે; અથવા એ દ્રવ્યોમાં આ છ રસોનો સંગ્રહ થયેલો છે. મતલબ કે આ છ રસો પૈકી કોઈ ને કોઈ રસ–એક અથવા એક કરતાં અધિક–વધુમાં વધુ પાંચ સુધી–રસો વિવિધ દ્રવ્યોમાં સંઘરાયેલા પડ્યા છે. કુદરતે પકવેલા પદાર્થોમાં એક સાથે વધુમાં વધુ પાંચ રસો હોય છે. ઉદાહરણ તરીકે લસણ અને હરડેમાં પાંચ રસો છે એટલે જ લસણનું નામ ‘રસોન’–એક જ રસ જેમાં ઓછો છે તે અને હરિતકી–હરડેનું ‘પંચરસા’ એવું નામ આયુર્વેદિક નિઘંટુકારોએ આપેલું છે. લસણમાં ફક્ત એક ખાટો રસ નથી અને હરડેમાં ફક્ત એક ખારો રસ નથી. છએ છ રસો જેમાં રહેલા હોય એવું કોઈ પણ કુદરતી દ્રવ્ય પાકતું નથી; પરંતુ કૃત્રિમ રીતે છ રસો એકઠા કરીને લઈ શકાય છે: જેમકે લસણમાં ખટાશ અને હરડેમાં ખારાશ મેળવીને. હવે આ પંચભૂતાત્મક સૃષ્ટિમાં કુદરતે નિર્માણ કરેલાં પાર્થિવ–વનસ્પતિજ ખનિજ કે પ્રાણીજ દ્રવ્યો–આ છ રસોનો સમુદાય જ છે, બીજું કશું નથી.

વળી આ પ્રકૃતિમય જગતનાં સઘળાં સજીવ દ્રવ્યો કે સમગ્ર પદાર્થો, પંચમહાભૂતો એટલે પૃથ્વી, જળ, તેજ અથવા અગ્નિ, વાયુ અને આકાશ એનાથી પોષણ પામી એનાં તત્ત્વોને પોતાનામાં સંઘરે છે અથવા એના ગુણોને મેળવે છે અને એ જ રીતે આ છએ રસો એ પણ પંચમહાભૂતોનાં તત્ત્વોથી ભરેલા છે. એની આયુર્વેદના મતાનુસાર આ પ્રમાણે વ્યાખ્યા થાય: પૃથ્વી, જળ, પાણી, તેજ–અગ્નિ, વાયુ, આકાશ, એ પાંચ તત્ત્વો આ છ રસોમાં નીચે પ્રમાણે વહેંચાયેલાં છે: પ્રાય: પૃથ્વી અને જળતત્ત્વ મધુર રસમાં અધિક છે. પૃથ્વી અને આગ્નેય ગુણવાળો અમ્લરસ છે. જળ અને અગ્નિ તત્ત્વવાળો ખારો રસ છે. વાયુ અને અગ્નિતત્ત્વયુક્ત કટુ–તીખો (આયુર્વેદની પરિભાષામાં કટુ એટલે તીખો એવો અર્થ થાય છે, નહિ કે કટુ એટલે કડવો–અને કડવાને માટે આયુર્વેદમાં તિક્ત શબ્દ વપરાયો છે. ફક્ત અપવાદ તરીકે એક કડુના વિશેષ નામમાં ‘કટુકી’ અને ‘તિક્તા’ એ બન્ને સમાનાર્થમાં વપરાયેલ છે; પણ રસની વ્યાખ્યામાં તો કટુ એટલે તીખો અને તિક્ત એટલે કડવો એવો જ અર્થ છે) રસ છે. વાયુ અને આકાશતત્ત્વ કડવા રસમાં વધારે છે, ત્યારે પૃથ્વી અને વાયુનાં તત્ત્વો કષાય–તૂરામાં છે; છતાં પણ આ પંચમહાભૂતોની વહેંચણી પંચમહાભૂતનાં તત્ત્વો કે ગુણોથી યુક્ત આ રસોમાં એક સરખી થયેલી નથી; પણ અસમાન ભાવે એમાં એ તત્ત્વો રહ્યાં છે. એથી એના ઘણા ભેદો ગુણવત્તાની

દૃષ્ટિએ દરેક દ્રવ્યમાં પડે છે તેમજ ભિન્નભિન્ન દોષો થાય છે, અને શારીરિક પ્રકૃતિ ઉપર અનેકવિધ જુદી અસરો થાય છે. દરેક દ્રવ્ય આ પંચમહાભૂતોથી પોષાતાં હોવા છતાં એની પોતાની જ બીજ–શક્તિ વડે જ એ તત્ત્વોને પોતાનામાં વધતેઓછે અંશે ગ્રહણ કરે છે, ખેંચે છે.

છ રસોને કેટલાક આયુર્વેદાચાર્યો, શીત અને ઉષ્ણ ગુણની દૃષ્ટિએ બે વિભાગમાં વહેંચીને એના સામર્થ્યનું સામાન્ય સ્થૂલ નિરૂપણ એ રીતે પણ કરે છે કે ગળ્યો, કડવો અને તૂરો એ ત્રણે રસો સૌમ્ય ગુણવાળા છે; એટલે શીતતાપ્રધાન છે. ત્યારે તીખો, ખાટો અને ખારો એ ત્રણ રસો આગ્નેય ગુણવાળા હોવાથી ઉષ્ણતાપ્રધાન છે. પણ હવે આપણે એની શાસ્ત્રીય ઊંડી ચર્ચામાં પડ્યા વગર આ છ રસોના સેવનથી આપણા શરીર ઉપર શી અસર થાય છે તે વિષે વિચારીશું.

આહારમાં વપરાતા ખાદ્ય કે પેય પદાર્થોમાં એક પણ દ્રવ્ય રસરહિત નથી અને એ રસોને લીધે જ આપણા શરીરમાં વૃદ્ધિ અને ક્ષય તથા આરોગ્ય અને અનારોગ્ય પેદા થાય છે.

આયુર્વેદના મત પ્રમાણે શરીરમાં વાત, પિત્ત અને કફ એ ત્રણે ય દોષો જયારે વધીને કોપે છે અથવા ઘટે છે ત્યારે જ રોગ થાય છે. આ દોષો જ્યાં સુધી કોપતા નથી પરંતુ સામ્ય જાળવે છે ત્યાં સુધી શરીર નીરોગી રહે છે. એટલે જ્યાં સુધી આ વાતપિત્તાદિ દોષો સામ્યાવસ્થામાં રહીને સ્વકાર્ય બરાબર કરતા હોય અને શરીરનું ધારણ અને પોષણ કરતા હોય ત્યાં સુધી એ 'દોષ' નહિ પણ 'ધાતુ' કહેવાય છે. 'ધાતુ'નો અર્થ 'શરીરનું ધારણ કરનાર' એવો થાય છે, પણ જ્યારે અસમાન બનીને–કોપીને શરીરને બગાડે છે, દૂષિત કરે છે ત્યારે એ દોષ કહેવાય છે. આ વાત, પિત્ત અને કફ શરીરને દૂષિત કરવાનું સામર્થ્ય ધરાવે છે, માટે એનું નામ 'ત્રિદોષ' પડ્યું છે, અને તેથી જ એ ત્રિદોષને નામે પણ ઓળખાય છે. પણ એની સામ્યાવસ્થા હોય–તે અપ્રકુપિત હોય ત્યારે તો એનાથી જ શરીર ટકે છે અને ચાલે છે. હવે આ વાતપિત્તાદિની યથાસ્થિત ક્રિયાદ્વારા જ શરીરને ટકાવનારી બીજી રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને વીર્ય એવી સાત ધાતુઓ નિર્માણ થાય છે. એટલે એના પણ શરીરને ધારણ કરવામાં ફાળો છે. તેથી એ પણ ધાતુઓ કહેવાય છે; પણ આ સાત ધાતુઓ સ્વયં દૂષિત થઈ શકતી નથી. એટલે એ સર્વનું એક જ નામ 'ધાતુઓ' પડેલું છે. પરંતુ જયારે આ વાતપિત્તાદિ દોષો અસમાન થઈને કોપે ત્યારે એ સાત ધાતુઓનું સામ્ય પણ નષ્ટ કરે છે અને તેને બગાડી નાખે છે માટે શાસ્ત્રોમાં કહ્યું છે :

धातुनां साम्यमारोग्यं वैषम्यं व्याधिरुच्यते ।

અથવા પાઠાંતર પ્રમાણે—

दोषाणां साम्यमारोग्यं वैषम्यं व्याधिरुच्यते ।

વાતપિત્તકફાદિ દોષો અને ધાતુઓની સમતા એ જ આરોગ્ય અને એની વિષમતા એ જ અનારોગ્ય.

મતલબ; કે વાતપિત્ત કફ જ્યાં સુધી શરીરમાં સામ્યાવસ્થામાં રહીને કોપ પામ્યા વગર ત્રિધાતુરૂપે શરીરને ધારણ કરી રાખવાનું કામ કરે ત્યાં સુધી શરીરની તંદુરસ્તી જળવાઈ રહે અને એમાં જયારે વિષમાવસ્થા જન્મે અને એ ત્રિદોષરૂપે કામ કરે, ત્યારે શરીરને બગાડે તેથી શરીરમાં રોગપીડાનો ઉદ્ભવ થાય.

હવે આ ઉપર જણાવેલ વાતપિત્તકફની ઉપર–આગળ ગણાવેલ છ રસોની મુખ્ય અસર છે: અને જો એ છ રસોનો આપણે સમજણપૂર્વક આપણા આહારમાં ઉપયોગ કરીએ

તો આપણા શરીરમાં તેની સામ્યાવસ્થા કાયમ ટકી રહી–તે ત્રિધાતુરૂપે કામ કરી આપણું આરોગ્ય જાળવી રાખે છે.

આહાર વિષે 'સુશ્રુત સંહિતા'(સૂત્રસ્થાન અધ્યાય ૪૬)માં કહ્યું છે કે 'પ્રાણીઓના જીવનનો મૂલ આધાર આહાર છે. વળી એનાથી જ શરીરમાં બળ, કાંતિ અને ઓજસ વધે છે. અને એ આહાર છ રસોને આધીન છે તેમજ ખોરાકના સર્વ પદાર્થોમાં તે રહેલો છે. આ સૃષ્ટિના આદિકર્તા બ્રહ્માથી માંડીને સઘળા જીવોની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનો હેતુ પણ એ જ છે. તેમજ શરીરમાં રહેલાં ત્રિદોષ કે ત્રિધાતુ અને સપ્ત ધાતુઓની વૃદ્ધિ અને ક્ષય પણ એની જ ઉપર નિર્ભર છે. વળી એનાથી જ પ્રાણબળ વધે છે, આરોગ્ય ટકી રહે છે અને ઇંદ્રિયોને સામર્થ્ય મળે છે; એટલું જ નહિ પણ અયોગ્ય આહારથી જ શરીરમાં વિષમતા પેદા થાય છે તેમજ અનારોગ્ય જન્મી અનેક રોગો થાય છે.'

હવે આ છ રસો દ્વારા ત્રિદોષ ઉપર શી અસર થાય છે તે વિષે આયુર્વેદનો મત જોઈએ:

આયુર્વેદને મતે છ રસો ને ત્રણ દોષો: એમાં એક દોષને ત્રણ રસો વધારે છે અને કોપાવે છે, ત્યારે બીજા ત્રણ રસો એ દોષને ઘટાડે છે અને એના પ્રકોપને શમાવે છે.

દા. ત. તીખો, કડવો અને તૂરો રસ વાયુને વધારી એને પ્રકુપિત કરે છે, ત્યારે ગળ્યો, ખાટો અને ખારો રસ વધેલા અને પ્રકુપિત વાયુને ઘટાડી એનું શમન કરે છે.

એ જ પ્રમાણે તીખો, ખાટો અને ખારો રસ પિત્તને વધારી પ્રકુપિત કરે છે, ત્યારે ગળ્યો, કડવો અને તૂરો રસ વધેલા અને કોપેલા પિત્તને ઘટાડીને શાંત કરે છે.

અને એ જ રીતે ગળ્યો, ખાટો અને ખારો રસ કફને વધારી પ્રકુપિત કરે છે, ત્યારે તીખો કડવો અને તૂરો રસ કફને ઘટાડી એનું શમન કરે છે.

અને એટલા જ માટે આયુર્વેદિક વૈદ્યો આ રસવિજ્ઞાનના સિદ્ધાંત અનુસાર શરદી કે કફના દર્દમાં, મોસંબી, સંતરાનો રસ, છાશ કે ગ્લુકોઝ આપતા નથી કે પ્રકુપિત પિત્તના રોગોમાં કે જ્યાં અમ્લતાની વૃદ્ધિ હોય ત્યાં દર્દીને ખટાશ ખાવાની મનાઈ કરે છે, અને પ્રસૂતા સ્ત્રીને પ્રસવવખતે રક્તસ્રાવ થવાથી જણતરનું કષ્ટ પડ્યાથી તેમજ એના શરીરમાંથી જ બાળકની રચના થતી હોવાના કારણે ધાતુઓની ન્યૂનતા થઈ હોવાથી વાતવૃદ્ધિ થાય છે; એના પ્રતિકાર માટે સ્નિગ્ધ અને ઉષ્ણ ખોરાક આપવાની ભલામણ કરે છે અને એના શરીરમાં વાયુના રૂક્ષ ગુણથી થયેલું શોષણ એ રીતે પૂરે છે.

શરદીના રોગોમાં મોસંબી કે સંતરાના રસ પાવાથી; પિત્તરોગીને છાશ, લીંબુ દેવાથી અને પ્રસૂતાને રોગ વગર ભૂખી રાખી રૂક્ષક્રિયા કરવાથી નુકસાન થાય છે એ આપણે અનુભવીએ છીએ. પ્રસૂતિગૃહોમાં પ્રસવ પછી જનેતાને સુવા, સૂંઠ, ગંઠોડાની ચોખ્ખા ઘી, ગોળની બનાવેલી ખૂબ પાતળી રાબ આપવાને બદલ ચા, કોફી ઉપર રાખવામાં આવે છે એ આયુર્વેદને મતે યોગ્ય નથી જ.

૧. મધુર અર્થાત્ ગળ્યો રસ: મધુર રસ જન્મથી જ સાત્મ્ય એટલે માફક આવે તેવો છે. બાળકને મળતું માતાનું ધાવણ મધુર રસ પ્રધાન છે. એનાથી શરીરની સઘળી ધાતુઓ–રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજજા, શુક્ર અને ઓજસની ઉત્તરોત્તર વૃદ્ધિ થાય છે. વળી આ રસ આયુષ્યને ટકાવી રાખનાર અને એની વૃદ્ધિ કરનાર છે. મન સહિત પાંચેય જ્ઞાનેંદ્રિયોની પ્રસન્નતા કરે છે. શરીરમાં બળ આપે છે. દેહની કાંતિ

ારનાર છે. પિત્તરોગ, વિષદોષ અને ુના વિકારોને હણનાર છે. તૃષા તથા ને શાંત કરે છે, ત્વચા, કેશ, કંઠસ્વર ને નેત્રોને હિતકર છે. શરીરનું પોષણ ને બૃંહણ કરે છે એટલે એનાથી વજન વધે વળી અભિઘાત પડી જવાથી કે વાગવાથી ાત-બેહોશ થયેલાને આ રસ ફાયદા-રક છે. આ રસ ખરેખર તૃપ્તિદાયક પણ શરીરના સાંધાઓને દૃઢ કરે છે-ભાંગેલાં ડકાંને સાંધનાર છે. ઘ્રાણેંદ્રિય, મુખ, ઓષ્ઠ અને જિહ્વાને આલ્હાદ દેનાર અર્થાત્ એની મીઠી સુગંધ અને સ્વાદથી ામાંથી પાણી છૂટવા માંડે છે. એનામાં ન્ય એટલે ધાવણ વધારવાનો ખાસ ગુણ એટલે આ રસ જનેતાઓને સેવવા લાયક વળી આ રસ રક્તાદિ ધાતુઓને શુદ્ધ રાખ-ર પણ છે. ઉરઃક્ષત-છાતીમાં ચાંદું પડ્યું હોય, પિત્ત-લોહી પડતું હોય શરીર ક્ષીણ થયું ય, ક્ષય થયો હોય અથવા ગમે તે કારણ-શરીર ઘસાતું જતું હોય, મૂર્ચ્છા હિસ્ટી-રિયા વગેરે વાતવ્યાધિ થયા હોય-ત્યાં આ ુર રસ ઘણો ઉપયોગી છે. વળી બાળકો, દ્ધો અને નબળા બાંધાની સ્ત્રીઓ હોય એમને પણ આ રસ સેવવા યોગ્ય છે. મત-ન કે શારીરિક બંધારણ મજબૂતઃકરવામાં આ રસ મુખ્ય છે. આ મધુર રસથી કફની દ્ધિ થાય છે. અને કફ જો અવિકારી હોય ને પ્રસાદરૂપે કામ કરતો હોય તો એના-શરીર દૃઢ થાય છે, બળવાન બને છે, ુ મેળવે છે અને બૃંહણક્રિયા થઈ ન પણ વધે છે; મતલબ કે એનાથી રિક પુષ્ટિ, તુષ્ટિ અને વૃદ્ધિ થાય છે.

મધુર રસમાં કફ અને કૃમિ ઉત્પન્ન નો સ્વભાવ છે, અને આ રસ કીડીઓ, ડાઓ અને માખીઓને અતિ પ્રિય છે. હવે મધુર રસ આવા ગુણોવાળો હોવા છતાં ય જો એનો અતિ ઉપયોગ થાય અથવા એ એક જ લેવાય તો એનાથી, અતિસ્થૂલતા, મેદવૃદ્ધિ, શરીરમાં માર્દવતા અર્થાત્ મૃદુતા અથવા કોમળતા, આલસ્ય, અતિનિદ્રા ભારેપણું, અરુચિ, અગ્નિમાંદ્ય, મુખ અને કંઠમાં માંસની વૃદ્ધિ, શ્વાસ, ખાંસી, શરદી, સળેખમ, અલસક-જમ્યા પછી જઠરમાં ખોરાક એમને એમ પચ્યા વગર પડ્યો રહેવો અને બેચેની થવી-જેને લોકભાષામાં 'અસોશી' થવી એમ કહેવાય છે તે, શીતજ્વર-ટાઢ વાઈને તાવ ચઢવો (પ્લુરિસિ, ન્યુમોનીઆ વગેરે કફના રોગોમાં ટાઢ ચઢીને તાવ આવે છે), આનાહ એટલે પેટનો આફરો અથવા કોષ્ઠબદ્ધતા, મુખમાધુર્ય, વમન, સંજ્ઞાનાશ, સ્વરભંગ-સાદ બેસી જવો, ગળાનો સોજો, કંઠમાળ, ગલગંડ, ગળાની આસપાસ થનારી મોટી ગાંઠો, હાથીપગો, ધમનીઓ ને રક્તવાહિનીઓમાં ક્લેદ, ચીકાશ ભરાવાથી લોહીનું દબાણ, કંઠમાં કફનો જમાવ, મૂત્રાશયના વિકારો, નેત્રાભિષ્યંદ, આંખો ઊઠવી કે દુખવા આવવી, નાક, ગળું કાકડા વગેરેમાં શરદી, કૃમિ, અર્બુદ-કેન્સરની ગ્રંથિઓ, શીળસ વગેરે ઉપદ્રવો થાય છે. ઝાડામાં ચીકાશ આવે છે. મોઢું ચીકણું રહે છે અને વારંવાર થૂંકવું પડે છે. એ સિવાય કફજન્ય પ્રમેહ, મૂત્રમાર્ગના વ્યાધિઓ, શિરોરોગ, ઉદરનાં દર્દો વગેરે થાય છે. વળી એનાથી મેદ વધે છે. એટલે ધમની-કાઠિન્ય થઈ પક્ષઘાત, લકવો અને સંન્યાસ એટલે મગજની નસ તૂટીને મૂર્ચ્છા આવી મરણ પણ નીપજે એવા રોગો પણ થાય છે. આ ઉપરથી સાંજ પડયે ડઝનબંધ કે કુડીબંધ ચાના પ્યાલા ઉદરમાં પધરાવી ગળપણનો અતિરેક કરનારા ચેતશે ?

મધુર રસમાં ખાંડ, ગોળ, દૂધ, ઘી,

માખણ, દરેક જાતનાં અનાજ કઠોળ માંસ, મચ્છી, ઈંડાં વગેરે પદાર્થોનો સમાવેશ થાય છે અર્થાત્ અતિ ગળ્યા અને થોડાં પણ મધુર એવાં સઘળાં દ્રવ્યોની ગણના એમાં થયેલી છે. અને પ્રાયઃ આ સર્વ ચીજો કફકારક છે, શીતવીર્ય છે અને ગુરુ ગુણવાળી હોવાથી પચવામાં ભારે છે.

પરંતુ એમાં નીચેનાં દ્રવ્યો અપવાદરૂપ છે: જૂની કમોદના ચોખા, ઘઉં, જવ, મગ, ખડી સાકર, મધ અને જંગલી પ્રાણીઓનાં માંસ વગેરે પદાર્થો મધુર હોવા છતાં કફકર્તા નથી. એ સિવાય બીજા બધા મધુરરસપ્રધાન પદાર્થો પ્રાયઃ કફ કરનાર છે. નવાં ધાન્યો કરતાં જૂનાં ધાન્યો ઓછાં કફકારક છે.

૨. અમ્લરસ–ખાટો રસ: ખાટો રસ અન્ન ઉપર રુચિ કરનાર છે. અગ્નિદીપક હોઈ જઠરાગ્નિને વધારી ભૂખ લગાડે છે અને ખોરાક પચાવે છે. શરીરની વૃદ્ધિમાં ઉપયોગી છે, ઉત્સાહવર્ધક છે, મનને ઉત્તેજિત કરનાર છે, ઇંદ્રિયોની દઢતા કરનાર છે, બલવર્ધક છે. પેટમાં જડ થઈ ગયેલા વાયુને અનુલોમન એટલે કે નીચે ગતિ કરાવનાર છે એટલે ઊર્ધ્વવાત–ગેસ ચડવો–એમાં ફાયદો કરે છે. હૃદયને તૃપ્તિ આપનાર છે. મુખમાં લાલાસ્રાવ ઉત્પન્ન કરનાર અને વધારનાર છે. ખાધેલા ખોરાકને ઓગાળી–પચાવી એને ગતિમાં મૂકી નીચે ઉતારનાર છે. ગુણમાં લઘુ, ઉષ્ણ અને સ્નિગ્ધ છે એટલે મધુર રસ કરતાં વહેલો પચી જનાર છે. વાયુને હરનાર છે. પેટમાં વિદાહ ઉત્પન્ન કરનાર છે, પરંતુ સ્પર્શમાં શીતળ છે. પણ વીર્યમાં અર્થાત્ વિશિષ્ટ ગુણશક્તિમાં ઉષ્ણ છે તેથી ગ્રીષ્મ ઋતુમાં અમ્લરસપ્રધાન ઠંડાં પીણાં પીધા પછી ઘડીક પેટમાં ઠંડું લાગે છે, પણ પછી પિત્તની વૃદ્ધિ થાય છે. મતલબ કે શીતસ્પર્શ હોવાથી ગમે છે. આયુર્વેદ તો ઉષ્ણકાળમાં છાશ ખાવાની મના કરે છે. વળી ખાટો રસ વ્યવાયી એટલે કે શરીરમાં જલદી પ્રસરી જનાર છે. અને કોઠામાં ક્લેદ–આર્દ્રતા–ભીનાશને વધારનાર છે એટલું જ નહિ પણ આ રસ પ્રાયઃ હૃદ્ય અર્થાત્ હૃદયને બળ દેનાર છે. પિત્તને વધારી કોપાવનાર છે. લોહીને બગાડનાર છે અને કફ કરનાર છે.

હવે આ ખાટો રસ ઉપર કહ્યા એવા ગુણોથી યુક્ત હોવા છતાં એનો અતિ ઉપયોગ થાય કે એ એકલો જ ખવાય તો એનાથી દાંત અંબાઈ જાય છે, આંખો ભારે ભારે લાગે છે અને મીંચાઈ જાય છે; શરીરમાં રહેલો ધાતુરૂપે કાર્ય કરતો કફ પીગળવા માંડે છે, પિત્તપ્રકોપ થાય છે. રક્તદોષ જન્મે છે. માંસમાં વિકાર અને પાક થાય છે: અતિ તરસ લાગવા માંડે છે. શરીરમાં શૈથિલ્યનો અનુભવ થાય છે. ક્ષતક્ષીણ, કૃશ-દૂબળા માણસને આ રસ સેવાથી મોળ–બકારી આવવા લાગે છે. વળી આ ખાટો રસ એના આગ્નેય સ્વભાવથી જેને ઘા વાગ્યો હોય–ચોટ લાગી હોય, હાડકું ભાંગી ગયું હોય કે સ્થાનચ્યુત થયું હોય, ઝેરી પ્રાણીઓનો દંશ કે સ્પર્શ થયો હોય કે કોઈ એવું જનાવર શરીર ઉપર મૂતરી ગયું હોય, અંગ કચરાયું હોય, મચકોડાયું હોય–છિન્નભિન્ન, થઈ ગયું હોય–સાંધાઓમાં ભાંગફોડ થઈ હોય; શરીરના ગમે તે ભાગમાં તૂટફાટ થઈ હોય–ગમે તે કારણે ક્ષત થયું હોય કે અગ્નિથી દાઝેલ હોય એને એ ભાગમાં પાક થવા માંડે છે. અને રસી ઉત્પન્ન થવા માંડે છે. મતલબ કે ગમે તે કારણે ગમે તે ભાગમાં વાગ્યું હોય કે ઘા પડ્યો હોય, ત્યારે ખાટું ખાવાથી ત્યાં પાકીને પરુ થાય છે અને પરિણામે કોઈક વાર ધનુર્વા પણ થવાનો સંભવ ઊભો થાય છે. એટલે કે ખાટા રસનો બહુ ઉપયોગ કરનારની પાકણી માટી

થઈ જાય છે. આથી પાકણી માટી-એ આ રસ ખાવા જેવો નથી. આપણે જૂના કાળથી આવી પરિસ્થિતિમાં ટાશની પરેજી પાળવાનો રિવાજ ચાલ્યો છે. ઉપરાંત આ ખાટો રસ બહુ વાથી કંઠ, છાતી અને હૃદયમાં દાહ-બળ-થાય છે. ખરજ આવે છે. ખરજવાં, દર વગેરે ત્વચારોગો થાય છે. શરીરમાં ખટાશ વધી પાંડુરોગ થાય છે. દૃષ્ટિની તા-ટૂંકી નજર થાય છે. રક્તપિત્ત-છાતી ગેરે સ્થળેથી લોહી પડવું, ચક્કર આવવાં, સામે અંધારાં આવવાં, ગડગૂમડ, વિસ્ફોટક, સર્પ-રતવા અને તાવ વગેરે રોગો ઉત્પન્ન થાય છે. ખટાશથી ક્ષતજ વિસર્પ-ઘા વાગ્યા પછી એમાં પાક શરૂ થઈ એનું વિષ આખા શરીરમાં પ્રસરી જાય છે, એવો રતવા થવાનો વધારે સંભવ હોય છે. ગમે તે સ્થળેથી શરીરમાં રક્તપાત થયો હોય તોપણ ખટાશ ન ખાવી એ હિતાવહ છે.

આ ખાટા રસમાં પણ કેટલાંક દ્રવ્યો અપવાદરૂપ છે: જેવાં કે આંબળાં, કાળી દ્રાક્ષ અને દાડમ આ ત્રણ ફળો ખાટાં હોવા છતાં ખટાશના દોષોથી મુક્ત છે. એનાથી પિત્ત વધતું નથી કે કોપતું નથી પણ શમે છે.

૩. લવણ-ખારા રસના ગુણદોષ: ખારો રસ પાચક છે. ખોરાકને ઓગાળી નાખનાર છે. જઠરાગ્નિને પ્રદીપ્ત કરે છે. એનામાં તીક્ષ્ણ, દન અને ભેદન ગુણ હોવાથી કોઠામાં રહેલા ોને પાતળા પાડી બહાર ધકેલી દે છે. ાનુલોમન-વાયુની ગતિ નીચે કરનાર છે. શારીરિક યંત્રોના જે સ્રોતો છે માં છિદ્રોનો વિકાસ કરી એના સ્રાવને ારી થયેલા અવરોધને દૂર કરે છે. વાયુને હણે છે, કાઠિન્ય મટાડે છે. ો જકડાઈ ગયાં હોય એને છૂટાં કરે વળી આ ખારો રસ બીજા સઘળા રસોના ગુણની દૃષ્ટિએ વિરોધી છે એટલે બીજા રસોનો છેદ ઉડાડનાર છે: મતલબ કે અન્ય પાંચ રસોના ગુણોને નષ્ટ કરનાર છે. એટલે જ આપણા ખોરાકમાં મીઠાનું સ્થાન રુચિ ઉત્પન્ન કરવા માટે મહત્ત્વનું હોવા છતાં ઓછામાં ઓછા પ્રમાણમાં વપરાય છે. બીજા રસો કરતાં આ ખારો રસ ઓછામાં ઓછો આપણે ખાવો જોઈએ. આ રસ મુખમાં લાલાસ્રાવને વધારે છે. કફને ઓગાળે છે. કોઠામાં રહેલા અવયવોના સ્રોતોને શુદ્ધ કરનાર છે. શરીરના સર્વ અવયવોને મૃદુ કરનાર છે. આ રસ ખરેખર રોચક છે. આ રસની મિલાવટથી ગમે તે રસવાળો ખોરાક રુચિકારક બને છે એટલે જ આપણે ત્યાં મીઠાને 'સબરસ' એવું નામ આપેલું છે. આ લવણરસ એવો છે કે સઘળા રસોમાં સરળતાથી એ મળી જાય છે. અને દરેક આહારમાં-ખોરાકમાં ઉપયોગી છે. એનો ગુણ મુખ્યત્વે ઉષ્ણ અને તીક્ષ્ણ હોવા છતાં કંઈક અંશે ગુરુ અને સ્નિગ્ધ પણ છે. વળી એના લેપન, છેદન, ભેદન વિશ્લેષણ સ્વભાવથી તે અવયવોને છૂટા કરી દે છે અને તોડી નાખે છે. શરીરમાં એ શોષણક્રિયા પણ કરે છે અને શિથિલતા લાવે છે. આ રસ વ્યવાયી અને વિકાસી હોવાથી શરીરમાં જલદી પીગળીને પ્રસરી જાય છે.

હવે આ ખારો રસ આવા અને આટલા ગુણોવાળો હોવા છતાં એનો જ અતિ ઉપયોગ થાય કે તે એકલો જ લેવાયા કરે તો એનાથી પિત્તપ્રકોપ, રક્તની અતિવૃદ્ધિ અને તેમાં વિકાર, તૃષા, મૂર્છા, તજાગરમી, અંગોમાં ચીરા પડવા, માંસપેશીઓમાં શૈથિલ્ય, કુષ્ઠ આદિ ત્વચારોગોમાં ચામડી ગળવા-ખવાવા લાગવી; શરીરમાં રહેલાં વિષોની વૃદ્ધિ-શોથ-સોજામાં ફાટીને ચીરા પડી જવા, દાંતોનાં પેઢાં પોચાં પડી દાંત હલી જવા કે પડવા, વીર્યક્ષય

થઈ પુરુષાતન નષ્ટ થવું–નપુંસકતા આવવી, પળિયાં આવવાં–વાળ અકાળે ધોળા થવા, કેશ ખરી જઈ માથામાં તાલ પડવી, ઇંદ્રિયોની પોતપોતાના કાર્યમાં નિર્બળતા થવી, ચામડીમાં વૃદ્ધ જનોની પેઠે સમય વગર વલ્લિ–કરચલીઓ પડી જવી, શરીરમાં વિવર્ણતા એટલે શારીરિક સ્વાભાવિક કાંતિમાં પરિવર્તન થઈ જવું વગેરે થાય છે. સિવાય રક્તપિત્ત, અમ્લપિત્ત, વિસર્પ, વાતરક્ત, ખરજવું, દાદર, ઉંદરી, ખરજ, શોથ–સોજા ઘચરકાવિકાર ઇંદ્રિયોનો ઉપતાપ, મુખપાક, નેત્રપાક, ખાટા ઓડકાર, કુષ્ઠરોગ, આક્ષેપ–આંચકી, ક્ષતવ્રણની વૃદ્ધિ વગેરે રોગો થાય છે. વળી બલક્ષય અને ઓજસ્–ક્ષય પણ થાય છે. નેત્રજ્યોતિ ઘટે છે. આ રસ વધારે ખાનારને મદ–નશો વધારે ચઢે છે. તેમજ સ્થાવરજંગમાદિ ઝેરની અસર પણ ઝડપથી અને જોરદાર થાય છે.

આ લવણ રસમાં પણ અપવાદ છે. પ્રાયઃ ખારો રસ પુરુષાતન હણે છે અને આંખોને નુકસાન પહોંચાડે છે, પણ સિંધવ, સિંધાલૂણ એ દોષથી યુક્ત છે. એ વાપરવાથી ઉપર જણાવેલ નુકસાન થતાં નથી. વળી કેટલાક રોગોમાં મૂત્રાશય બગડવાથી શરીરમાં જ્યારે જલીય તત્ત્વ વધી જાય છે અને સોજા થાય ત્યારે કેવળ દૂધ ઉપર દર્દીને રાખવો પડે છે. મીઠું સદંતર બંધ કરવું પડે છે. અનાજ અને પાણી પણ છોડવાં પડે છે. એવી સ્થિતિમાં દર્દી જો મીઠા વગર ન જ રહી શકે તો બહુ જ થોડા પ્રમાણમાં સિંધાલૂણ, મીઠાના બદલામાં આપી શકાય છે. અને પાણીના બદલામાં લીલા નાળિયેરનું પાણી વાપરી શકાય છે. એનાથી નુકસાન થતું નથી. મતલબ કે જે દર્દમાં મીઠું ન અપાય એમાં આયુર્વેદના મતે સિંધાલૂણ આપવામાં ઝાઝી હરકત નથી. કેટલાંક બહુ જોરદાર આવાં શોથોદરનાં દર્દોમાં તો સિંધાલૂણ પણ થોડે ઘણે અંશે હાનિકારક થાય છે. અલબત્ત, સિંધાલૂણથી આંખોનું તેજ ઘટતું નથી કે નપુંસકતા આવતી નથી.

૪. કટુ–તીખા રસના ગુણદોષ: તીખો રસ મુખની શુદ્ધિ કરનાર છે. જઠરાગ્નિને પ્રદીપ્ત કરનાર છે અને ખાધેલા ખોરાકનું પાચન કરે છે. એટલે જ આપણા ભોજનવિધિમાં જમતાં પહેલાં આદું અને સિંધવનું કચુંબર ખાવાની ભલામણ કરવામાં આવી છે, જેથી આહાર કરતાં સઘળા રસોનો સ્વાદ બરાબર આવે અને ખાધેલું પચે. એ તીખો રસ ખાવાથી આંખો અને નાકમાંથી પાણી ચૂવે છે. આ રસ ઇંદ્રિયોને ઉત્તેજિત કરે છે. વળી અલસક–અસોશી, સોજા, માંસવૃદ્ધિ, શીળસ, અભિષ્યંદ–સૂક્ષ્મ સ્રોતોમાં ચીકણો કફ ભરાવાથી અવરોધ થયો હોય તેને તે મટાડી–સ્વેદ–પરસેવો, ક્લેદ–ભીનાશ–ચીકાશ અને મલ વગેરેનો નાશ કરનાર છે, રોચક છે. કંડુ–ચળ આવતી હોય એને મટાડે છે. વ્રણ–ક્ષત–ચાંદાં ઘારાંને સૂકવે છે. કૃમિને હણનાર છે. માંસપેસીઓમાં લેખન એટલે એમાં ભરાયેલા દોષોને ખોતરીને કાઢી નાખનાર છે; રક્તના–લોહીના જમાવને તોડનારું છે. સ્રોતોવાહી પિંડોનાં છિદ્રોમાં થયેલી રુકાવટને દૂર કરે છે. એટલે કે અંતઃસ્રાવી સ્રોતોના સ્રાવમાર્ગને ખુલ્લા કરે છે. આ રસ કફઘ્ન છે અને લઘુ, ઉષ્ણ, તીક્ષ્ણ, અને રૂક્ષ ગુણવાળો છે. શરીરમાં શોધન કરી સ્થૂલતા, આલસ્ય, વિષ અને કુષ્ઠ રોગોનો નાશ કરનાર છે. સાંધા ઝલાઈ ગયા હોય તો છૂટા કરે છે. મેદવૃદ્ધિને ઓછી કરે છે. શરીરમાં રહેલી ચીકાશ અને ભીનાશને સૂકવે છે. વળી આ રસ મુખરોગ અને ગલરોગહર છે.

હવે આ તીખો રસ આવા ગુણોવાળો

[illegible] છતાં જો એનો અતિ ઉપયોગ થાય અથવા એકલો જ લેવાયા કરે તો એનાથી વીર્યનો નાશ થઈ નપુંસકતા આવે છે, ને ધાતુનો ક્ષય થાય છે. એના પ્રભાવથી મોહ, ગ્લાનિ, અવસાદ, કૃશતા–દૂબળાપણું, મૂર્ચ્છા, શરીરનાં અંગોનું વાંકા વળી જવું, આંખે અંધારાં આવવાં, ચક્કર આવવાં, ધ્રુજારી–કંપારી છૂટવી, કંઠમાં દાહ થવો, શરીરમાં ગરમી લાગ્યા કરવી, અતિ તૃષા, બલહાનિ, [illegible] બળતરા, શરીરમાં સોયો ભોંકાવા જેવી વેદના વગેરે ઉપદ્રવો થાય છે. વળી હાથ, પગ, પડખાં, વાંસો વગેરેમાં સંકોચ, ખેંચતાણ અને પીડા થાય છે. તેમજ એ સ્થાનોમાં વાતવિકારો–વાયુના રોગો થાય છે. શરીર [illegible] જતું હોય એવું કષ્ટ થાય છે. ગળું, તાળવું અને હોઠ સૂકા થઈ જાય છે. વમન પણ થાય છે. શરીરની ધાતુઓને હાનિ પહોંચે છે.

આ તીખા રસમાં પણ અપવાદરૂપ કેટલાક પદાર્થો છે. પ્રાય: આ રસથી વાયુ વધે છે અને વીર્યને હાનિ પહોંચે છે. પણ આદું, સૂંઠ, ઝીણી લીંડીપીપર અને લસણ એ [illegible] આ દોષોથી મુક્ત છે. એનાથી વાતવૃદ્ધિ થતી નથી અને ધાતુને નુકસાન પહોંચી પુરુષત્વ હણાતું નથી કે ધાવણ ઘટતું નથી.

ખાટાખારા રસમાં પણ એજ દોષ થોડેઘણે અંશે છે, માટે સ્ત્રીઓને ખારા, ખાટા, તીખા પદાર્થોની અભિરુચિ હંમેશાં વધારે હોય છે. એટલે તેઓ ચેતીને પોતાના બાળકના હિત માટે એવા રસો ટાળે; નહિ તો પરિણામે ધાવણનો ઘટાડો કે ઓછો થયા વગર રહેશે નહિ.

૫. તિક્ત–કડવો રસ : કડવો રસ સ્વયં રુચિકારક નથી જ, છતાં અરુચિનો નાશ કરી, રુચિ ઉઘાડી, ભૂખ વધારે લગાડનાર છે. વિષ–ઝેરને ઉતારનાર છે. કૃમિઘ્ન છે. મૂર્ચ્છા, દાહ, કંડુ–ચળ–ખરજ આવવી, કુષ્ઠ, ત્વચાવિકાર વગેરે રોગોને મટાડનાર છે. બહુ તરસ લાગતી હોય તેને ઓછી કરે છે. ચામડી અને માંસને દઢતા આપે છે. એનામાં દીપન, પાચન, જ્વરઘ્ન અને સ્તન્યશોધન–ધાવણને સુધારવાનો ખાસ ગુણ છે. લેખન હોવાથી કોઠામાં રહેલા બધા દોષોને ખોતરીને બહાર કાઢી નાખે છે. વળી ક્લેદ, મેદ, વસા, મજ્જા, લસિકા, પૂય, સ્વેદ અને મૂત્ર તથા પુરીષ–મળ તેમ જ કફ એ સઘળાંને સૂકવી નાખે છે. અર્થાત્ શરીરમાં વધેલા કચરાનું, ગંદકીનું શોષણ કરી લેવાનું એનામાં સામર્થ્ય છે. આ બધી ક્રિયા એના શીત, લઘુ, રૂક્ષ, છેદન અને શોધન ગુણોને લઈને થાય છે. આ રસ કંઠનું શોધન કરે છે. મેધા–બુદ્ધિ, સ્મરણ-શક્તિને પણ વધારે છે. મોળ, બકારી, ઊલટી વગેરે ઉપદ્રવોમાં પણ ફાયદો કરે છે.

આવા ગુણવાળો આ કડવો રસ પણ જો બહુ પ્રમાણમાં વપરાય અથવા એકલો જ એ લેવાયા કરે તો એના રૂક્ષ, વિશદ અને ખર ગુણોને લીધે શરીરસ્થ જરૂરી રસાદિ સાતે ધાતુઓનું શોષણ થવા લાગે છે અને છેવટે ખાસ કરીને વીર્ય–ધાતુ પણ સુકાઈ જાય છે. સ્રોતોમાં કઠિનતા, બલહાનિ પહોંચે છે. કૃશતા, ગ્લાનિ, મૂર્ચ્છા, ચક્કર, મુખશોષ એવા ઉપદ્રવો અને અનેક જાતના બીજા વાયુના રોગો થાય છે. શરીરની સ્તબ્ધતા, હન્યાસ્તંભ એટલે કે ડોક રહી જવી, આક્ષેપ–હિસ્ટીરીઆ, અર્દિતવાત–મોઢાનો લકવો, શિરદર્દ, શરીરમાં શૂળ આવવું અને ફાટી કે તૂટી જવા જેવી કે કપાઈ જવા જેવી અંગોમાં વેદના થવી, મુખ બેસ્વાદ બનવું શરીરમાં ખરબચડાપણું થવું વગેરે ઘણા ઉપદ્રવો થાય છે.

મેલેરીઆમાંથી બચવા માટે સતત કવીનાઈનના મોટા ફાકડા મારતાં અથવા ટીકડીઓ કે કેપસ્યુલ ગળતાં માણસે આ વાત ખાસ લક્ષમાં રાખવા જેવી છે.

હવે આ કડવા રસના પણ અપવાદો જોઈએ. ગળો અને કડવી પટોળના વેલા એ બન્ને વનસ્પતિઓ આ કડવા રસના દોષોથી મુક્ત છે. વળી એ બન્ને જવરઘ્ન અને પિત્તનાશક છે અને એમાં ગળો તો રસાયણ પણ છે. ગળોના રસનું નિત્ય સેવન પિત્તનું શમન કરે છે, ધાવણ શુદ્ધિ કરે છે, જવરમાંથી મુક્ત કરનાર પણ છે; વળી એનાથી વીર્યને કશું નુકસાન થતું નથી, બલ્કે તે વીર્યને વધારે છે. ગળો યાદદાસ્તની પણ વૃદ્ધિ કરે છે. ગળોના નિત્ય સેવનથી પિત્તપ્રકોપને લીધે અને રક્તવિકારથી થયેલા ચામડીના ઘણા રોગો મટે છે અને અકાળ વૃદ્ધત્વથી મુક્તિ મળે છે, નિત્ય યૌવન ટકે છે. રોગક્ષયમાંથી બચાય છે અને કશું જ નુકસાન થતું થતું નથી.

આપણે આ કડવો રસ કદી હોંશે હોંશે લેતા નથી. જ્યારે માંદગીમાં, વૈદ્ય, દાકતર ફરજ પાડે છે ત્યારે લઈએ છીએ. પણ આપણા આહારશાસ્ત્રીઓએ ખોરાકમાં છએ રસોનું સામંજસ્ય જળવાઈ રહે માટે શાકદાળમાં સૂકી મેથીના વઘારની યોજના કરી છે. અને લીલાં શાકોમાં કારેલાં, કંટોલાં, લીલી મેથીની ભાજી વગેરે દાખલ કર્યાં છે કે જેથી આ રસ પણ આપણા શરીરને જોઈતા પ્રમાણમાં મળી રહે.

૬. કષાય–તૂરો રસ: આ તૂરો રસ દોષોનું શમન કરનાર છે. ગ્રાહી એટલે કબજિયાત કરનાર છે. વળી એ રસ વ્રણનું પીડન કરી ક્ષત–ચાંદાંને રૂઝવી રોપણ કરનાર છે. સંધાનીય–સાંધનાર છે. શોષણ અને સ્તંભન ગુણયુક્ત છે. પિત્તનું અને રક્તદોષનું શમન કરે છે. શરીરના ક્લેદ–ચીકાશ અને ભીનાશ યુક્ત મળને સૂકવે છે. એ રસમાં રૂક્ષ, શીત, ગુરુ, વિશદ અને લેખન ગુણો છે એટલે વાયુની વૃદ્ધિ કરે છે. વિકૃત કે વિવર્ણ ત્વચા–ચામડીને એના સ્વાભાવિક રંગમાં લાવનાર છે. એનામાં રક્તશોધક અને મેદશોષક ગુણ પણ છે. વળી એનામાં આમસ્તંભક ગુણ હોવાથી એ કોઠાના અપક્વ દોષોને પાકવા ન દેતાં રોકી રાખે છે. આ તૂરા રસમાં ખાસ કરીને તો ગ્રાહી, રક્તસ્તંભક, રોપણ અને સંકોચક એ મુખ્ય ગુણો છે.

આવા ગુણોવાળો આ તૂરો રસ હોવા છતાં એનો અતિરેક થાય કે એ એકલાનું જ સેવન કરાય તો એનાથી મુખશોષ, હૃદયમાં પીડા, પેટનો આફરો, વાણીનો અવરોધ–અટકાયત, સ્રોતોનો અવરોધ, શારીરિક વર્ણની–રંગની શામળતા, નપુંસકતા, ખોરાક હજમ થતી વખતે પેટમાં ગુડગુડાટ, વાયુ, મૂત્ર, મળ, અને વીર્યની ગતિમાં રુકાવટ, શરીરમાં કૃશતા, ગ્લાનિ, તૃષા, સ્તબ્ધતા વગેરે ઉપદ્રવો ઊભા થાય છે. વળી એ રસ વાયુ વધારનાર અને કોપાવનાર હોવાથી એનાથી પક્ષાઘાત, અપતાનક–એક પ્રકારની મૂર્ચ્છા, મન્યાસ્તંભ–અંગોમાં સંકોચ–વિકાસ થતો હોય એવી વેદના, શરીરમાં જંતુઓ ચટકા ભરતાં હોય એવી પીડા, અંગોનું ફરકવું આંચકા આવવા વગેરે વાતવિકારો અને વ્યાધિઓ થાય છે.

આ તૂરા રસમાં પણ અપવાદ તો છે જ અને એમાં હરીતકી–હરડે એ તૂરી હોવા છતાં એના દોષોથી મુક્ત છે. કશા વાતવિકારો એનાથી થતા નથી, પણ ઊલટું એનાથી એવા ઘણા રોગો મટે છે. એ પણ ગળોના જેવી જ જીવનરસાયન છે: જો કે કોઈની વિશિષ્ટ ખાસિયત હોય છે તો એને હરડેનું સેવન પણ પ્રતિકૂળ પડે છે. વળી આયુર્વેદે કોને હરડે આપવી અને કોને ન આપવી એ પણ બતાવ્યું છે, પણ આ સ્થળે એનું વિવેચન કરવું અસ્થાને ગણાય. અહીં તો એટલું જ જાણી લેવું બસ થશે કે હરડેમાં કષાય રસ મુખ્ય હોવા છતાં એ તૂરા રસના અવગુણો કરતી નથી. અત્યારે હરીતકીનાં ઘણાં ગુણગાન ગવાય છે અને સૌ

કોઈ એનો ઉપયોગ કરે છે પણ એમાં યે વિવેકબુદ્ધિની જરૂર છે.

હવે આ તૂરો રસ આપણે તૂરાં ફળો સિવાય ખાસ કરીને વાપરતા નથી, પણ આ રસની શરીરને બહુ જ ઓછી પણ જરૂર તો છે જ, અને એટલો જ એટલે કે જરૂર પૂરતો એ રસ મળે એ માટે આપણા આહાર-વિજ્ઞાનીઓએ અને આરોગ્યશાસ્ત્રીઓએ દંતધાવનમાં બાવળના દાતણની તથા મુખવાસ તરીકે સોપારીની અને તાંબૂલમાં કાથાની યોજના કરી છે, એ તૂરો રસ મળવા માટે જ છે. અને એ રીતે આપણને જરૂર પૂરતો તૂરો રસ પણ મળે છે. તૂરા રસના અતિરેકથી વાણીનો અવરોધ થાય છે એમ ઉપર જણાવ્યું છે અને સોપારી બહુ ખાવાથી તોતડા થવાય એવી લોકોમાં પણ પ્રચલિત માન્યતા છે એનાં બીજ ઉપરના વિવેચનમાં છે.

અહીં છયે રસોનું સામાન્ય વિવેચન પૂરું થાય છે. આપણા આહારમાં આ છયે રસો આવે છે અને એનાથી આપણાં તન, મન, કર્મેંદ્રિયો અને જ્ઞાન અને જ્ઞાનેંદ્રિયો સઘળાં કાર્યક્ષમ રહે છે.

પણ એમાં મુખ્યત્વે મધુરરસપ્રધાન ખોરાક લેવો જોઈએ, પરંતુ એ રસ પચવામાં ભારે હોવાથી એની સાથે પાચન માટે બીજા રસો લેવા જોઈએ. વળી કેટલાકને ગળ્યો કે કિંચિત્ મધુર-મોળા જેવો ખોરાક ભાવતો નથી એટલે રુચિ ઉત્પન્ન થવા માટે પણ એની સાથે ખારો, ખાટો, તીખો વગેરે રસો લેવાની જરૂર પડે છે, પણ ખાસ કરીને ની તૃપ્તિ, પોષણ, બળ, ધાતુવૃદ્ધિ, અને જીવન ટકાવવામાં તો મધુર રસનો જ ફાળો છે. અત્યારે આપણા સમાજમાં ખાટું, ખારું, તીખું વગેરે ખાવાનો પ્રચાર વધવાથી સૌનાં શરીરો દિનપ્રતિદિન નબળાં પડતાં જાય છે. પુરુષોને ધાતુદોષની અને સ્ત્રીઓને પ્રદર રોગની ફરિયાદો વધી છે અને જનેતાઓના થાનેલામાં ધાવણના ઝરા સુકાવા લાગ્યા છે.

અલબત્ત, અતિ મધુરરસપ્રધાન ખોરાક બેઠાડુ માણસોને બરાબર પચી શકતો નથી. મહેનતુને એ વધારે ફાયદાકારક-ગુણકારક બને છે. વળી મધુરરસ એટલે ગોળ, ખાંડ, કે એ નાખેલાં મિષ્ટાન્નો નહિ પણ ઘઉં, ચોખા, ચોખ્ખું દૂધ, ચોખ્ખું પ્રાણીજ માખણ, એવું જ ઘી, મિષ્ટ ફળો—જેવાં કે પાકાં કેળાં, પાકી કેરીઓ, કાળી દ્રાક્ષ, બદામ ઇત્યાદિ સૂકો મેવો વગેરેનો સમાવેશ કરી શકાય. દૂધ અને એમાંયે ગાયનું દૂધ એ મધુરરસપ્રધાન, સુપાચ્ય, પૌષ્ટિક, બલ્ય, વૃષ્ય અને જીવનીય—આયુષ્ય વધારનાર છે; માટે આબાલવૃદ્ધથી માંડી યુવાન અને સ્ત્રીઓએ વધારે પ્રમાણમાં એ લેવું જોઈએ. પણ હવે તો એનાયે સાંસા પડ્યા છે. સારું અને ચોખ્ખું દૂધ મળતું નથી, અને મળે છે તે બહુ મોંઘું હોય છે, જે ગરીબોને પરવડી શકે નહિ.

ખોરાકમાં છ રસો પૈકી મુખ્ય મધુર રસવાળો આહાર ઉપર જણાવ્યા પ્રમાણે લેવો અને એમાં રુચિ ઉત્પાદન કરવા માટે લવણ--ખારો રસ ઉમેરવો અને એ ગળ્યા રસને જઠર પચાવી શકે એટલા માટે એની સાથે યોગ્ય પ્રમાણમાં ખાટો અને તીખો રસ લેવો. અને કષાય રસ તો એ ખારા, ખાટા અને તીખા રસને લીધે મુખથી આરંભી જઠર સુધીની શ્લેષ્મત્વચા ઉશ્કેરાઈને બાળી થઈ ગઈ હોય એના રોપણકાર્ય માટે શામક તરીકે લેવાનો છે, અને જમ્યા પછી મુખવાસમાં સોપારી અને કાથાવાળા પાનનો રિવાજ એ નિયમને અનુરૂપ છે. આપણા ખોરાકમાંથી હવે તો મધ સાવ ગયું છે. દવાના અનુપાન તરીકે જ એનો ઉપયોગ હજી યે થાય છે, પણ ખરી રીતે તો એ ગળ્યું હોવા છતાં એમાં કષાય રસ પણ ભરેલો

છે અને એનો કફઘ્ન ગુણ એનામાં રહેલા તૂરા રસને આભારી છે. એ મધ પણ આપણા ખોરાકમાં જયારે હતું ત્યારે એનાથી પુષ્ટિ, તુષ્ટિ થતાં અને કફ ન વધતાં દોષોનું સામ્ય સચવાતું. વળી મધમાં યોગવાહી ગુણ છે, એટલે જેવા ગુણવાળા પદાર્થો સાથે લેવાય એના ગુણને ધારણ કરે, વધારે અને સાથોસાથ પોતાના ગુણને પણ કરે. આવી મધની ખૂબી છે, પણ હવે મધ ખોરાક તરીકે ભાગ્યે જ કોઈ વાપરે છે.

આ છ રસો એવી રીતે આપણા ખોરાકમાં આયુર્વેદજ્ઞ આહારશાસ્ત્રીઓએ ગોઠવ્યા છે કે જો આપણે જિહ્‌વાલોલુપતાને વશ થયા વગર વિચારપૂર્વક સામંજસ્ય જાળવીને ખાઈએ તો એના ગુણ અને અવગુણનાં પરસ્પર છેદો ઊડી જઈ શરીરમાં ગયા પછી એ અમૃતરૂપે પરિણમે. એથી માણસ નીરોગી બને અને દીર્ઘાયુષી બની સદાકાળ કાર્યક્ષમ રહી શકે.*

હવે આ છ રસો પોષણની અને શક્તિ આપવાની દૃષ્ટિએ અનુક્રમે કેટલા ઉપયોગી છે એ આયુર્વેદ બતાવે છે તે જોઈએ :

रसाः स्वाद्वम्ललवणतिक्तोष्णकषायकाः ।
षड्द्रव्यमाश्रितास्ते च यथापूर्वं बलावहाः ॥

ગળ્યો, ખાટો, ખારો, કડવો, તીખો અને તૂરો એ છ રસો જે દ્રવ્યનો આશ્રય કરીને રહ્યા છે તે છેલ્લા રસથી ગણતાં પહેલા સુધીના ઉત્તરોત્તર એક કરતાં બીજો રસ વધારે બળ આપનારો છે.

એનો અર્થ એ થયો કે સૌથી અધિકમાં અધિક શક્તિવર્ધક તો મધુર રસ છે અને એના પછીના ખાટો, ખારો અને કડવો, તીખો અને તૂરો ઉત્તરોત્તર એક પછી એક સઘળા રસો ઓછા પોષક અને ઓછું બલ આપનાર છે; એટલે ક્રમશઃ શક્તિની દૃષ્ટિએ ઊતરતા છે. વળી આપણા આહારમાં તો કડવા, તીખા અને તૂરા રસનું પોષણની દૃષ્ટિએ મહત્ત્વ બહુ જ ઓછું છે, એ આપણે યાદ રાખવું જોઈએ; અને એટલે જ કુદરતે જગતમાં જે ખાદ્ય પદાર્થને પેદા કરેલો છે એમાં વધારે તો મધુર અને અમ્લ સ્વાદવાળાં જ દ્રવ્યો છે અને એ તૃપ્તિ પર્યંત સ્વાદથી ખાઈ શકાય છે. એ બે રસો સિવાય બીજા રસો પેટપૂર ખવાતા પણ નથી.

હવે આ સિવાય આ રસો જેનો આશ્રય કરીને રહ્યા છે એવું આયુર્વેદનું દ્રવ્યગુણવિજ્ઞાન અતિસૂક્ષ્મ અને વિશાળ છે એમાં પ્રત્યેક દ્રવ્યના ગુણો, રસો, વિપાક, વીર્ય અને પ્રભાવ વિસ્તારથી વર્ણવાયેલા છે. વળી છ રસોના જુદાજુદા યોગોથી ત્રેસઠ પ્રકારના ભેદો અને એના ગુણદોષો લખ્યા છે, પણ એમાં સમાન્ય વાચકને ગમ પડે તેવું નથી. વળી એનું જ્ઞાન તો ચિકિત્સાકાર્યમાં વૈદ્યને જ વધારે ઉપયોગી છે, એટલે એનું સ્થાન આ લેખમાં નથી.

---

* सर्वरसाभ्यासो बलीकराणाम् ।
एक रसाभ्यासो निर्बलीकराणाम् ॥

'છએ રસોનું સેવન બળ આપે છે, ત્યારે એક જ રસનું સેવન નબળાઈ લાવે છે.' चरकसंहिता

★

સુધારો

'અખંડ આનંદ'ના ઑકટોબર ૧૯૫૨ના અંકમાં 'જોયેલું અને જાણેલું' નામક વિભાગમાં 'પારસી તારો થાબર્યો' શીર્ષક હેઠળ પ્રસિદ્ધ થયેલ પ્રસંગમાં જ્યાં જ્યાં 'યથા અહૂ વૈરયો' છપાયું છે ત્યાં ત્યાં 'યથા અહૂ વઈરયો' વાંચવું.

નવેમ્બર '૫૨ના અંકમાં 'જીવનપરિવર્તન' નામે છપાયેલો પ્રસંગ અનુવાદકે 'નવનીત'માંથી લીધેલો છે, પણ તેની નોંધ મૂકવાનું રહી ગયું છે.

સાચો સ્નેહ

અનુવાદક :
શ્રી શામજી જમોડ

દિનુ એની માને એકનો એક દીકરો હતો. એના પિતા એને નાની ઉંમરમાં છોડીને મરી ગયા હતા. દિનુની ઉંમર દસ-બાર વરસની હશે. શિયાળાના દિવસો હતા. દિનુ એની માની સાથે પતરાંના છાપરા ઉપર બેઠો હતો.

સામેના છાપરા ઉપર વાંદરાઓની એક ટોળી આવી. નર વાંદરાઓમાં કોઈ મોટા મોટા મલ્લ જેવા હતા. ઘણી વાંદરીઓ પોતાનાં નાનાં નાનાં બચ્ચાંઓની સાથે આવી. કોઈનું બચ્ચું પીઠ પર સવાર હતું તો કોઈનું વળી પેટે ચોંટેલું હતું. બચ્ચાં બહુ મજાનાં હતાં. તેમનાં લાલ મોઢાં અને માથાં ઉપરની નાનકડી ભૂરી ભૂરી બાબરી અંગ્રેજોનાં બાળકોની યાદ આપતી હતી. માતાને સંતાન બહુ પ્યારાં હોય છે અને બચ્ચાંઓ પણ પોતાની માતા સિવાય બીજાંને ગણતાં નથી.

એટલામાં બધાંની પાછળ એક વાંદરી આવી. તેની ચાલ ઉપરથી લાગતું હતું કે તે બહુ દુઃખી છે. આ વાંદરી થોડાં ડગલાં આગળ ચાલતી અને અટકી જતી. વળી થોડી વાર ઊભી રહીને ચારે તરફ દર્દભરી નજરથી જોતી હતી. આ વાંદરી ત્રણ પગે ચાલતી હતી. તેના એક હાથમાં કંઈક સૂકી ચીજ હતી. તે ચીજ પર હજારો માખીઓ બણબણતી હતી. દિનુએ એની માને પૂછયું: 'મા, પેલી વાંદરીના હાથમાં શું છે?' માતાએ જવાબ આપ્યો, 'એના હાથમાં તેનું મરેલું બચ્ચું છે.' દિનુ કહે, 'મા તે એણે એની પાસે શા માટે રાખ્યું છે?' દિનુની માએ ઉત્તર દીધો, 'જયાં સુધી તે મરેલું બચ્ચું સડીને ખરી જશે નહિ ત્યાં સુધી વાંદરી તેને છોડશે નહિ.'

દિનુએ કહ્યું: 'એમ કેમ મા?' દિનુની માની આંખોમાં આંસુ છલકાઈ ગયાં હતાં. તેણે તેના દીકરા દિનુના માથા પર હાથ ફેરવતાં ગળગળા અવાજે કહ્યું, 'એનું નામ માતાનો સંતાન પ્રત્યેનો સાચો સ્નેહ.' દિનુએ આગળ કાંઈ પૂછયું નહિ.

*

દિનુની શેરીને નાકે રામજીભાઈનું ઘર હતું. રામજીભાઈ જાતના આહીર હતા. તેમની આખી શેરીમાં તેમને ત્યાંથી જ દૂધ જતું હતું. નાનાં છોકરાંઓ તેમને 'ભાભા' કહીને બોલાવતાં. રામજીભાભા તેમની સાથે હળીમળીને રહેતા હતા.

દિનુની સ્થિતિ ગરીબ હોવા છતાં તેની મા તેને રોજ અડધો શેર દૂધ પિવડાવતી. કોઈ કોઈ વાર રામજીભાભાને ત્યાંથી ઘેર દૂધ આવી જતું તો કોઈક વાર દિનુની મા દૂધ લેવા જતી. એક દિવસ સવારે દિનુ અને તેની મા દૂધ લેવા ગયાં. ખડકીમાં પહોંચતાં જ અંદર કંઈ ગડબડ થતી સંભળાઈ. અંદર જઈને જુએ છે તો થોડા આદમી ગાયને માર મારતા હતા ને ગાળો દેતા હતા, પણ ગાય ગણકારતી ન હતી. ગાય સામે શીંગડાં માંડતી હતી અને ફૂંફાડા મારતી હતી. પાટુઓના ફટકારાથી બધાના મિજાજને હરાવી રહી હતી.

આ પ્રમાણે થોડી વાર ચાલુ રહ્યું. સૌ થાકયા. છેવટે રામજીભાભાની પત્ની આવ્યાં તેમને સૌ 'ભાભુ' કહેતાં. તેમણે ખિજાયેલી ગાયની સામે એક વાછરડો લાવીને રાખી દીધો.

વાછરડાને જોતાં જ ગાય એકદમ શાંત થઈ ગઈ. તે વાછરડાને ચાટવા લાગી. પછી રામજીભાભા ગાય પાસે બેસીને સરર સરર દૂધ દોવા લાગ્યા.

વાછરડો હાલતોચાલતો નહોતો તેથી દિનુએ તેની માને પૂછ્યું, 'મા આ વાછરડો કેમ હાલતોચાલતો નથી? એને શું થયું છે?' દિનુની માએ ઉત્તર દીધો, 'આ વાછરડો જીવતો નથી, મરી ગયેલો છે.' દિનુએ ફરી વાર પૂછ્યું, 'શું ગાય સમજતી નથી કે આ મરેલો વાછરડો છે?' આ સાંભળીને દિનુની માની આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં: 'બેટા! એનું નામ માનો પ્રેમ! એ જ સાચો સ્નેહ!'

*

ક્વેટાના ધરતીકંપની વાત સૌ જાણે છે. વાતવાતમાં આખું શહેર ઊથલપાથલ થઈને ઈંટપથ્થરનો ઢગલો બની ગયું. આલીશાન અને ખૂબસૂરત મકાનો ધૂળમાં મળી ગયાં. જાનમાલની ભારે ખુવારી થઈ. આ લાંબાપહોળા ઢગલા ઉપર એક ખાસ જગ્યાએ એક રાતો કૂતરો રોજ સવારસાંજ આવતો અને રડ્યા કરતો. લોકો તેને ધુતકાર્યા કરતા પણ કૂતરો કોઈના તરફ જોતો પણ નહિ ને જતો પણ નહિ. કોઈ ખાવાપીવાનું આપતા તો સૂંઘતો પણ નહિ. તે ગાંડા જેવો થઈ ગયો હતો. હવે લોકો તેને 'ગાંડો કૂતરો' કહીને ધુતકારતા હતા, લોકોને તેના પરથી દયા પણ ઊઠી ગઈ હતી.

ગાંડા જેવી હાલતમાં પણ કૂતરો પેલા ઢગલા પર એ જ સ્થળે રોજ સવારસાંજ આવતો અને ત્યાં ઊભો રહીને હૂ...હૂ...નો કરુણ પોકાર કરતો. આમ કરતાં કરતાં એક દિવસ તે કૂતરાના પ્રાણ તે સ્થાન પર નીકળી ગયા.

જયારે ખોદાણ શરૂ થયું ત્યારે તે ખાસ સ્થાનેથી એક લાશ નીકળી આવી. આ લાશ પાસેના એક ગામડામાં રહેનાર આદમીની હતી. પેલો કૂતરો મરનાર આદમીનો પાળેલો કૂતરો હતો. પોતાના માલિકને ઘર પર ન જોવાથી તેની સ્થિતિ બગડી હતી. તેણે તેની સૂંઘવાની શક્તિથી જયાં તેનો માલિક દટાઈને પડ્યો હતો તે સ્થાનનો પત્તો મેળવ્યો.

દિવસ અને રાત કૂતરો ગામડામાં રહેતો અને સવારસાંજ તે જગ્યાએ આવીને પોતાના માલિકની અલખ જગાવી જતો. છેવટે કૂતરાએ ખાવાપીવાનું ત્યજી દઈ પરલોકમાં પોતાના માલિકને જઈને મળ્યો. આવી સાચી વાતની લોકોને જયારે ખબર પડી, ત્યારે સૌ કૂતરાની પ્રશંસા કરવા લાગ્યા અને કહેવા લાગ્યા:

'કેવો સાચો સ્નેહ!'

*

આ સાથે નીચેની એક અંગ્રેજ બાઈની કથા પણ વાંચવા જેવી છે:

'મારે રાજયની લાલસા નથી, મને મોક્ષની પણ ઇચ્છા નથી; મારે તો માત્ર એક જ વાત છે: પ્રાણીમાત્રના દુઃખમાં મદદરૂપ કેમ થાઉં?' આવો સંકલ્પ કરી એક અંગ્રેજ યુવતી મનમાં વિચાર કરવા લાગી, 'આવી જાતની સેવા કરવા માટે કયું ક્ષેત્ર પસંદ કરવું?' વિચાર કરતાં કરતાં તેને લાગ્યું કે કોઢીખાનામાં જઈને કોઢના રોગીઓની સેવા કરવી. આ પ્રમાણે નક્કી કરીને તે તુરત કોઢીખાનામાં પહોંચી ગઈ. ત્યાં રાતદિવસ રહીને રોગીઓની તનમનથી સેવા કરવા લાગી ગઈ.

રોગીઓની સેવા કરવાથી તેને સંતોષ અને આનંદ બંને મળ્યાં. તે ધારતી હતી કે

હસી કાઢજો

લેખક :
શ્રી 'પ્રસન્ન હંસ' એમ. એ; બી. ટી.

કવીશ નરસિંહરાવભાઈએ કહ્યું છે, કે 'જગ, રૂપ ધરે તું નવાં જ નવાં,' પણ મને તો લાગે છે કે 'મન, રૂપ ધરે તું નવનવાં.' ઘણીવાર આપણું મન મુશ્કેલીઓને હિમાલય કલ્પી, ગભરાઈ, મુઝાઈ, મૂંઝાઈ જાય છે. એ વખતે આપણે 'હાજર તોષી' ન રહેતાં જાતને, જગતને અને ઈને સરસ્વતી ભણીએ છીએ. એવી વખતે એક જ રામબાણ કીમિયો આપણે શીખી લેવો જોઈએં, કે 'હસી કાઢતાં શીખો.'

'આપ ભલા તો જગ ભલા,' માની આપણે ચંદન માફક ઘસાઈ કે શેરડી માફક ચુસાવાઈ, કોઈનું પણ બીનશરતે ભલું કરીએ અને એના બદલામાં બેઈમાની, નફ્રત કે નિંદા મળે તો સરસ રીત એ જ છે કે 'હસી કાઢતાં શીખો.'

જાતને આગળ ધપાવવા તમે પુરુષાર્થ કરતા હો અને એમાં પ્રારબ્ધયોગે પ્રામાણિક પ્રયાસ હોવા છતાં બહાદુરીથી પીછેહઠ કરવાનો કમનસીબ યોગ આવે તો તે વખતે ઢીલાઢબ કે ઢચુપચુ બનવા કરતાં 'હસી કાઢતાં શીખો.'

વય, વસુ, વિદ્યા કે વગમાં દુન્યવી દૃષ્ટિએ તમે મોટી વયના કે નાની ઉંમરના હો, અને આધુનિક જમાનાનું લક્ષણ–'અસમાન પ્રત્યે તોછડાઈ'–તમારા માર્ગમાં ટીકાખોરના

આવો આનંદ સ્વર્ગમાં રહેવાવાળા દેવતાઓને પણ નહિ મળતો હોય.

રોગીઓમાં એક નવયુવક ઘણો જ દેખાવડો હતો. તે યુવકના હાથેપગે કોઢ હતો. તેના હાથપગનાં આંગળાં ખવાતાં જતાં હતાં. તેના ચહેરા પર ઘારાં પડી ગયાં હતાં. અંગ્રેજ મહિલાને આ યુવક પર દયા આવી અને તે તેની ધ્યાનપૂર્વક સેવા કરવા લાગી. યુવતીનો એ ખ્યાલ હતો કે આ ચેપી રોગ છે. જો તે મટી જશે તો નવયુવક પોતાના તંદુરસ્ત શરીરથી સ્વસ્થ નાગરિક બનીને પોતાનાં સંબંધીઓ પ્રત્યેની અને દેશ પ્રત્યેની ફરજ અદા કરશે.

યુવતી જેટલી વધારે આ યુવકની સેવા કરતી હતી તેટલી જ સંકુચિત માનસવાળા લોકોના દિલમાં વધારે શંકા પેદા થતી હતી. ધીમે ધીમે અફવા ઊડી. લોકોએ ત્રણુના તેર કર્યા. લોકોનો અવાજ એટલો મોટો હતો કે યુવકયુવતીનું કાંઈ ચાલ્યું નહિ. લોકો યુવતીને સાચા માર્ગેથી હટાવવા માગતા હતા.

છેવટે માણુસ છે! કયાં સુધી સહન કરે ? યુવતીના અચળ દિલમાં એ જ ફરિયાદ હતી: 'દુ:ખની આહ નાખીએ છીએ તો બદનામ થઈએ છીએ, પણ અમારી કતલ થઈ જાય, તોપણ એ વિષે કશી ચર્ચા થતી નથી.' દુષ્ટ પ્રકૃતિવાળા લોકોનાં વચનને તે સહન કરી શકી નહિ. આ વચનો તેને ભાલાની માફક ખૂંચતાં હતાં.

બીજે દિવસે સવારે રોજની માફક તે પેલા યુવક દર્દીની પાસે આવી. તેના ઘાવને ખૂબ પ્રેમપૂર્વક ધોયા અને તે ગંદા પાણીમાં કંઈક ભેળવી ઘૂંટીને પાણી પી ગઈ. થોડી જ વારમાં આનંદથી યુવાન દર્દીના ચરણ પર માથું ટેકવીને તે સદાને માટે સૂઈ ગઈ.

★

કંટક વેરે ત્યારે ‘ મનનું ગાણું એકલ ગાતાં ’ એવા વિવેચકવૃંદને ‘ હસી કાઢતાં શીખો. ’

કદાચ તમારી પોતાની ગણતરી કે ગફલતથી તમે સાહસમાં હસાહસનું પાત્ર બનો, અને હાસ્યજનક કે હાસ્યાસ્પદ સ્થિતિમાં મુકાઈ જાઓ, ત્યારે ‘ ક્રોધ છે સ્નેહનો વેરી ’ સૂત્ર સમજીને સ્વને પણ ‘ હસી કાઢતાં શીખો. ’

અવેતન નિષ્કામ સેવા કરતા હો અને તમારા સામા પક્ષના હિતશત્રુ તમારા ધ્યેયને બનાવટી કારણોના કાદવથી કલંકિત કરવા કોશિષ કરે, ત્યારે ઇષ્ટસિદ્ધિ માટે એક જ ઉપાય છે, કે ‘ હસી કાઢતાં શીખો. ’

તમારા કામમાં તમે ઓતપ્રોત હો, એવે વખતે જગકાજીઓ કે પાડોશીઓ કે કહેવાતાં સગાં–સ્વજનો તમને ડગલેપગલે હેરાન-પરેશાન કરતાં હોય, એ સમયે એમનું અલ્પ જ્ઞાન વર્તી જઈ ‘ હસી કાઢતાં શીખો.’

અત્યારના સમયના મનાતા આરાધ્ય દેવો પૈસો કે પ્રેમ તમને દગો દઈ ચાંદલો ન કરે અને એવા સમયે તમારામાં કાંગલાપણું, પામરતા, લઘુગ્રંથિ કે એકાકી ભાવ એકચક્રે રાજ્ય કરે તે પહેલાં જ ‘ હસી કાઢતાં શીખો. ’

જનતા ગમે તે કાર્ય માટે ગમે તેવો મત વણમાગ્યે દેતી હોય, ત્યારે એવાઓનાં પૂર્વગ્રહ અને અજ્ઞાન પારખી લઈ; નર્મદ માફક ‘ મર્મ ન સમજે બકે શંખ શઠ, વાંકું ભણે બહુપણુથી,’ મત રાખી એક જ ચાવી અજમાવો: ‘ હસી કાઢતાં શીખો. ’

અતલ નિરાશા, જીવનનો શ્રમ, રાગનો અતિરેક, સ્વભાવજન્ય ઉદાસીનતા, જગ–અન્યાય અને જમાનાની હસનીય પ્રવૃત્તિ જુઓ, ત્યારે જીભને વશ રાખી ફક્ત ‘ હસી કાઢતાં શીખો. ’

જયારે જયારે ધાર્મિક ડોળ, નીતિદંભ, જ્ઞાનપ્રદર્શન અને ધનદેખાડ થતો જુઓ, ત્યારે એ માયાવી જાળને ખુલ્લા નેત્રે જોવા છતાં ‘ હસી કાઢતાં શીખો. ’

જીવનના પ્રવાસમાં મળતા આવા અનેક પ્રતિકૂળ સંજોગોમાં હસી કાઢવામાં નુકસાન શું જવાનું છે? ઊલટું એથી જીવનના ખીલ પાસા ‘ કરુણ ’માં ખૂંપી જતાં બચી શકશે. એટલું જ નહિ, પણ એકની જવાબદારી બીજાને ઓઢાડતા વિશ્વના વિષચક્રના ભોગ પણ નહીં બનાય.

હસી કાઢવાની કળા શીખવનારા ગુરુ નથી હોતા, એ તો પ્રકૃતિસાધ્ય આપકલા છે. જેમ તમને કરુણ દશ્ય જોતાં કે સાંભળતાં રડવું આવે એમ સ્વભાવનું વલણ બદલ્યું હોય તો જગતની વિકૃતિમાં ‘હસતા ફિલસૂફ’ બની શકાય.

હા, કોઈની પડતીમાં, અવદશામાં, કફોડી હાલતમાં તેને હસી કાઢવામાં માણસાઈ નથી. અને માનવતાનો દીપક પેટાવી શકીએ એવા પ્રસંગમાં હસી કાઢવું એ નર્યો આત્મઘાત છે. શુભ પ્રસંગે ખરખરો કરવો ખોટો છે, તેમ કોઈની પડતી વખતે તેને હસી કાઢ પાટુ મારીએ એ પણ અયોગ્ય જ છે.

અંતમાં જેમ બાપુજી સોમવારે મૌન પાળતા, એમ આ ‘ હસી કાઢતાં શીખો ! ’ ને માસમાં એકવાર (રવિવારે) પછી ચાર વાર (રવિવારે), પછી સપ્તાહના સાતે વાર પ્રયોગ તો કરી જુઓ, અને એનાં મિષ્ટ ફળ આવે ત્યારે આવો અમૂલ્ય ગુરુમંત્ર દેનાર આ લેખકને ‘ ભગવાન તમારું ભલું કરે ’ નો આશીર્વાદ દેશો એટલે આ લઘુ લેખ લખ્યો પરમાણુ થશે!

* * *

બુદ્ધિપ્રધાન!

લેખક:
શ્રી મધુસૂદન પારેખ
એમ. એ.

પાત્રો:

સુધીર: એક નોકરિયાત યુવાન.
સુનંદા: સુધીરની પત્ની.
મુનીમ: સુધીરના મકાનનું ભાડું ઉઘરાવનાર.
હરીફાઈના ત્રણ પ્રતિનિધિઓ, તારવાળો.
સ્થળ: એક નાનકડો બ્લોક.

[સુધીર હરીફાઈ અંગેનાં પ્રવેશપત્રો તથા તેનું સાહિત્ય લઈને બેઠા છે.]

સુધીર: (સ્વગત) હવે આડી ચાવી પંદર. (વાંચે છે) 'કેટલાક માણસો સ્વભાવથી-સુ...દર હોય છે.' અહીં કયો શબ્દ મૂકીશું? 'સુંદર' આવશે કે 'ઉંદર'? 'ગુંદર' કેમ ન આવે? કેટલાક માણસો ગુંદર જેવા સ્વભાવના નથી હોતા? અરે હાં–'બંદર' પણ બેસે છે. ચાર વિકલ્પો થયા: સુંદર, ગુંદર, ઉંદર અને બંદર–કયો શબ્દ મૂકવો? પંદરમી ચાવી કમાલ છે! હરીફાઈના વિવેચકોનો શો મત હશે? લાવ સોલ્યુશન જોઉં. પણ કે એ બખૂચકો ભાગ્યે જ સાચા પડે છે.

સુનંદા: (પ્રવેશીને) સાંભળ્યું કે? મારી પેટીની ચાવી તમે જોઈ છે?

સુધીર: (ધૂનમાં) ચાવી? ઊભી હતી કે આડી? કેટલામી હતી?

સુનંદા: (ચીડાઈને) હું તો તાળાની ચાવીની વાત કરું છું.

સુધીર: એવી ચાવી ખોળવાની મને જરૂર નથી. કોઈ વ્યૂહની ચાવી વિષે પૂછતી હોય તો વિચાર કરવા તૈયાર છું. હું બુદ્ધિપ્રધાન છું!

સુનંદા: તમારી આ જુગારની લત કોણ જાણે ક્યારે છૂટશે? દર મહિને પચીસ ત્રીસનું પાણી કરો છો અને ઘરખરચમાં ખાડો પડે છે. એ બધું તમારે ક્યાં જોવું છે?

સુધીર: તને આ જુગારની લત લાગે છે? અરે આ તો બુદ્ધિનો વ્યાયામ છે. પૂછી જો જે પ્રોફેસરોને અથવા પ્રધાનોને.

સુનંદા: ત્યારે તમારા એ પ્રોફેસરો અને પ્રધાનો કેમ બુદ્ધિનો વ્યાયામ કરતા નથી?

સુધીર: એમને જરૂર નથી.

સુનંદા: શેની? બુદ્ધિની કે વ્યાયામની? કે પૈસાની?

સુધીર: જો સુનંદા, તું બહુ ઊર્મિપ્રધાન ન બન. આ બધું તને હમણાં નહિ સમજાય. આ બુદ્ધિનું કામ છે માટે વધારે કચકચ નહિ!

સુનંદા: દર મહિને દેવું કરીને ઘર મારે ચલાવવું પડે છે. દૂધવાળી અને દાણાવાળાની દમદાટી મારે સાંભળવી પડે છે. અને તમે મારા દેખતાં દર મહિને પચીસ ત્રીસ કાગળિયાંની હોળી કરો તે મારે જોયા કરવું?

સુધીર: તું બહુ ઊર્મિપ્રધાન છે. જરા વિચાર કર. આ તો એક જાતનું વીમાનું પ્રીમિયમ ભરાય છે એમ સમજ. વીસ હજારનો વીમો પાકશે ત્યારે તને મારી વાત સમજાશે–

[બહારથી અવાજ: 'સુધીરભાઈ છે કે?' મુનીમ ભાડું ઉઘરાવવા આવે છે.]

સુધીર: જુઓ મિસ્ટર મુનીમ–

મુનીમ: એ બધી વાત પછી. આજે છેલ્લી તારીખ છે. ભાડું આપવું છે કે નહિ?

સુધીર: મારે પ્રવેશપત્રો ભરવાની પણ છેલ્લી તારીખ છે. તમે જરા બેસોને, આટલી ચાવી બાકી છે તે બેસાડી દઉં. (સ્વગત) હાં–'બંદર બેસે છે–અરે 'ગુંદર' પણ બેસે

છે. બંદર કે ગુંદર?

મુનીમ : (ચમકીને) હેં! બંદર કે ગુંદર? કોને કહો છો?

સુધીર : મુનીમજી, તમારી વાત નથી. આ તો ચાવી બેસતી નથી.

મુનીમ : એ તમારી ચાવી પછી બેસાડજો, મને વખત નથી.

સુધીર : ત્યારે સાંજે આવજો ને? નિરાંતે વાતો કરીશું.

મુનીમ : હું કાંઈ તમારો નોકર છું તે ધક્કા ખાધા કરું? છેલ્લા બાર મહિનાથી એક પાઈ પણ પરખાવી છે તમે? હું તમને સાફ સાફ કહી દઉં છું–હવે શરમ નહિ રહે.

સુધીર : (કંટાળીને) મુનીમજી, તમે મારો બધો મૂડ બગાડી નાખ્યો, આટલા બધા ઊર્મિપ્રધાન શું કામ થાઓ છો? જરા બુદ્ધિપ્રધાન બનો.

મુનીમ : મારે પ્રધાન નથી થવું. તમે તમારે ભાડાની વાત કરોને?

સુધીર : મુનીમજી, બસ એક જ ઇનામ લાગી જાય, આ હા–માઈ ડીઅર મુનીમજી–તો બસ, ત્રણ વરસનું એડવાન્સ ભાડું આપી દઉં અને તમારી પાઘડી જુદી!

મુનીમ : મારે પાઘડી નથી જોઈતી. ઇનામ આવતાં તો તમારે નવો જનમ લેવો પડશે, ત્યાં સુધી હું તમારી રાહ જોઉં? જુગારીનો ભરોસો કેવો?

સુધીર : તમે મને જુગારી કહેવાની હિંમત કરો છો?

મુનીમ : ત્યારે બીજું શું કહું? એમાં પૈસા નાખવાને બદલે ભાડું ચૂકવોને?

સુધીર : જુઓ મિસ્ટર મુનીમજી, મેં તમને મારા સલાહકાર નથી નીમ્યા. મારી પાસે અત્યારે ભાડું પણ નથી. કહેતા હો તો રોકડ પાવતી આપું. ગમે તે વ્યૂહમાં ભરશો તોય ચાલશે!

મુનીમ : તમારી રોકડ પાવતીનો હું કચુંબર કરું? છેલ્લી વાર કહી દીધું. હવે શરમ નહિ રહે.

સુધીર : (ખુશ થઈને) આવી ગયું, આવી ગયું?

મુનીમ : શું ભાડું આવી ગયું?

સુધીર : ના નાં, 'શરમ'નું જોડકું બેસી ગયું. હું વિચાર કરતો હતો કે 'શરમ' મૂકું કે 'ધરમ'? પણ તમે મુનીમજી, ઠીક મદદ કરી. આભાર, આવજો.

મુનીમ : (જતાં જતાં) કાતરિયું સાવ ગેપ થઈ જવાનું છે.

સુધીર : શું કહ્યું? મારું કાતરિયું ગેપ છે? ઊભો રહે તું!

સુનંદા : બારબાર મહિનાનું ભાડું ચડે ત્યારે આવા શબ્દો સાંભળવા પડે ને? આમ નોકરો અને વેપારીઓના અપશબ્દો કયાં સુધી સાંભળશો? મારાથી તો આ સહન થતું નથી. બે દાગીના તો ગીરો મૂકયા. આવતે મહિને ત્રીજો મૂકવો પડશે. છેવટે દ્રૌપદી જેવી મારી દશા તમારે કરવી છે?

સુધીર : તું ખૂબ ઊર્મિપ્રધાન છે. આવી નજીવી વાતમાં આટલું બધું દુઃખ લગાડવાની શી જરૂર છે? એક જ ઇનામ આવશે અને તારું ઘર ઘરેણાંથી ભરાઈ જશે. મારી બુદ્ધિનો તને વિશ્વાસ નથી?

તારવાળો : (પ્રવેશીને) સુધીરકાંત ત્રિવેદી કોણ છે? આ એમનો તાર છે.

સુનંદા : હાય બાપ, કોનો તાર હશે?

સુધીર : (વાંચીને) કોંગ્રેચ્યુલેશન્સ, વિનીંગ ફર્સ્ટ પ્રાઈઝ, ઑલરેડી સ્ટાર્ટેડ ટુ સી યુ. (પ્રથમ ઇનામ મેળવવા બદલ અભિનંદન, મુલાકાત લેવા નીકળી ચૂકયા છીએ.) સુનંદા–જો–જો તો ખરી–પહેલું ઇનામ મળ્યું. વીસ હજારનો વીમો પાકયો. સુનંદા, મેં તને શું કહ્યું હતું? મારી બુદ્ધિનો વિજય થયો!

તારવાળો : સાહેબ, કુછ બક્ષિસ...

સુધીર : અરે હાં, બક્ષિસ ચઈતા હૈ? ...લેકીન રોકડા રૂપયા તો મેરી પાસ નહિ હૈ. લો પાંચ રૂપયે કી રોકડ વતી, તુમકો ભી ઇનામ મિલેગા.

તારવાળો : એ પાવતી કો મૈં કયા કરું?

[જાય છે.]

સુધીર : સુનંદા, હવે તો તારી ખાતરી ઈને કે હરીફાઈ એ જુગાર નથી, પણ બુદ્ધિનો વ્યાયામ છે? બુદ્ધિશાળી જીતે છે–બુદ્ધુઓ' હારી જાય છે.

સુનંદા : મને શી ખબર કે તમે આટલા બુદ્ધિશાળી હશો?

સુધીર : હું તો જુગજુગથી કહેતો આવ્યો છું કે સ્ત્રી ઊર્મિપ્રધાન છે, પુરુષ બુદ્ધિપ્રધાન–પણ હાં, હવે તું ચા–નાસ્તાની વ્યવસ્થા કર–હમણાં મને મળવા... મારો ફોટો અને મારો સંદેશો લેવા પ્રતિનિધિ–મંડળ આવશે. એ લોકો નીકળી ચૂકયા છે–ને જો જરા મુનીમને બોલાવ તો.

[સુનંદા મુનીમને બોલાવી લાવે છે.]

મુનીમ : કેમ, ભાડું આપવા બોલાવ્યો? હાવો, હું પહોંચબુક લઈને જ આવ્યો છું.

સુધીર : ભાડાની વાત પછી, આ તમારા બ્લોકની કિંમત કેટલી હશે?

મુનીમ : દશેક હજાર હશે. કેમ ખરીદવા વિચાર છે?

સુધીર : તમારા બ્લોકને તો શું તમને આખા ને આખા ખરીદી શકું તેમ છું. પહેલું ઇનામ મળ્યું. વાંચો આ તાર.

મુનીમ : હેં! પહેલું ઇનામ?

સુધીર : તમે જરાક જ ધીરજ ધરી હોત તો? અમે કાંઈ ભાડું લઈને નાસી જવાના હતા. સદ્‌ગૃહસ્થના શબ્દો ઉપર તમારે વિશ્વાસ રાખવો જોઈતો હતો.

મુનીમ : સુધીરકાંતભાઈ, હું તમને કયાં નથી ઓળખતો? પણ અમે તો ચિઠ્ઠીના ચાકર. એક વરસ સુધી હું જરા ય બોલ્યો છું? આપણે ય સમજીએ ને કે આ જમાનામાં સહુ કોઈનો હાથ ભીડમાં હોય અને ભાડાના પૈસા કયાં ખોટા થવાના હતા? પણ શેઠિયા લોકોને શું કહીએ? છતાં હું શેઠને સમજાવીશ ભાડાની કાંઈ ઉતાવળ નથી.

સુધીર : તમારો શેઠ મને શું કરવાનો છે? તમે તમારે ચેક લઈ જજોને, ઉધાર મને બિલકુલ પસંદ નથી.

મુનીમ : એ તો હું આપને કયાં નથી ઓળખતો? સારું ત્યારે, જઉં છું. કામકાજ હોય તો કહેજો.

[પ્રતિનિધિ મંડળ પ્રવેશે છે.]

પહેલો પ્રતિનિધિ : આપ જ સુધીરકાંત કે? હાર્ટી કોંગ્રેચ્યુલેશન્સ !

બીજો અને ત્રીજો : અમારાં પણ અભિનંદન !

સુધીર : મેની થેંકસ ટુ યૂ. આપ પોતે જ હરીફાઈના પ્રતિનિધિ છો કે?

પહેલો : હાજી, આપના ઇન્ટરવ્યૂ માટે અમે ખાસ મોટરનો પ્રવાસ ખેડ્યો છે. આપનો ફોટો પણ આપશો ને?

સુધીર : જરૂર જરૂર, વાય નોટ? સુનંદા, જરા બહાર આવ તો.

[સુનંદા આવે છે.]

પહેલો : બેન, અમારાં અભિનંદન; આપનાં ભાગ્ય ઊઘડી ગયાં.

સુનંદા : તમારો સહુનો આભાર થયો.

બીજો પ્રતિનિધિ : સુધીરકાંત, તમે છેલ્લા કેટલા સમયથી હરીફાઈ ભરો છો?

સુધીર : છેલ્લા છ વર્ષથી. હમણાંથી તો દર મહિને નિયમિત પચીસ રૂપિયા ખર્ચું છું–કહોને વીમાનાં પ્રીમિયમ ભરું છું. આજે વીમો પાકયો.

પહેલો : વીમાનાં પ્રીમિયમ? આહા, શી મનોરમ કલ્પના? આપના ફળદ્રૂપ ભેજામાં જ આવી કલ્પના આવી શકે. કેવું સરસ

રૂપક! 'વીમાનાં પ્રીમિયમ.' આહા...

બીજો : આપની આર્થિક સ્થિતિ કેવી?

સુધીર : આપઘાત કરવા જેવી.

સુનંદા : છેલ્લા બાર મહિનાથી મકાનનું ભાડું પણ ભરતાં નથી અને તમારાં પ્રવેશપત્રો ભર્યાં છે.

બીજો : ખરેખર, સુધીરકાંત! આપની અગમબુદ્ધિ વિષે અમને ખૂબ માન ઊપજે છે. ખરેખર જે મહાપુરુષ ઘરનું ભાડું ઉધાર રાખીને હરીફાઈનાં પ્રવેશપત્રોમાં રોકાણ કરે તેની બુદ્ધિ વિષે બે મત હોઈ કેમ શકે?

સુધીર : (ઉત્સાહથી) અરે તમે માનશો, આ પ્રવેશપત્રો પાછળ તો મેં મારી પત્નીનાં ઘરેણાં પણ ગીરો મૂકયાં છે.

પહેલો : શું કહો છો? તમે તો કમાલ કરી. વૉટ એ વન્ડર! આ હા, આપના જેવા હરીફનો આખા જગતમાં ય જોટો નહિ જડે. હરીફ આલમમાં આપનું નામ સુવર્ણ અક્ષરે કોતરાઈ જશે. આપની યોગ્યતા માટે યોગ્ય શબ્દો જડતા નથી, કેવળ ધન્યવાદ જ આપીએ છીએ.

ત્રીજો : તમે વધારેમાં વધારે કેટલાં પ્રવેશપત્રો ભર્યાં હતાં?

સુધીર : ચાર હજાર છન્નું.

ત્રીજો : એમાં પણ ઇનામ તો ઠીક ઠીક લાગ્યું હશે.

સુધીર : કોન્સોલેસન પ્રાઈઝ મળેલું. એ જ વખતે મેં મારી પત્નીનું પહેલું ઘરેણું ગીરો મૂકેલું.

પહેલો : એ માટે તો આપને સ્પેશિયલ પ્રાઈઝ મળવું જોઈએ. હરીફઆલમમાં આ નવો ધડાકો છે. આપે ક્રાંતિ કરીને નવો ચીલો પાડ્યો છે. આપનું આ કાર્ય અનેક હરીફોને પ્રેરણા આપશે એવી અમારી દઢ શ્રદ્ધા છે.

બીજો : ઇનામની રકમનો શો ઉપયોગ કરશો?

સુધીર : કેળવણી, પ્રવાસ, ધર્મ, દાન સંતાન...

પહેલો : આપને સંતાન છે?

સુધીર : (હસતાં) હજી તો નજદીકના ભવિષ્યમાં...

સુનંદા : તમે ય શું? સાવ બેશરમ!

પહેલો : ઓહ આઈ સી! સમજ્યો! વન્સ અગેન અવર કોંગ્રેચ્યુલેશન્સ! (ફરીવાર અમારાં અભિનંદન.)

ત્રીજો : અમારી હરીફાઈ સંસ્થા માટે કંઈ સંદેશો આપશો?

સુધીર : સર્ટન્લી-ચોક્કસ. આપની સંસ્થા એક અજોડ અને અદ્વિતીય છે. આપની પ્રામાણિકતા હરિશ્ચંદ્રથી પણ ચડે તેવી છે. આપની સંસ્થાએ મારા જેવા અનેક યુવાનોને પુરુષાર્થની પ્રેરણા આપી છે. સાહિત્યકારો, પ્રોફેસરો અને પ્રધાન જેવી મહાન વ્યક્તિઓએ પણ જેની આરાધના કરી છે; જેને 'અન્નપૂર્ણા' માની છે અને ભાવભીની અનેક અંજલીઓ આપી છે તેમાં હું શો ઉમેરો કરું?

પહેલો : કેટલાક વિરોધીઓ આ હરીફાઈને જુગાર માને તે વિષે આપનો શો મત છે?

સુધીર : એ લોકો ઊર્મિપ્રધાન છે. માણસે બુદ્ધિપ્રધાન બનવું જોઈએ. હરીફાઈનો વિરોધ કરનારા દેશના દુશ્મન છે.

પહેલો : આપનામાં છે તેવી દેશભક્તિ બધા જ હરીફોમાં જાગશે ત્યારે દેશનો ઉદ્ધાર થઈ જશે. આપનો સંદેશો આખા જગતમાં પ્રસારવાનું મન થાય એટલું અદ્‌ભુત કાવ્ય એમાં ભર્યું છે. અમારાં ફરીવાર હાર્દિક અભિનંદન. જયહિંદ—...

[જાય છે.]

સુધીર : સુનંદા, સાંભળ્યુંને બધું? હવે આપણી છબીઓ છાપામાં આવવાની. મારો સંદેશો દેશદેશમાં ફેલાઈ જવાનો...

[પડદ. પાછળથી પોસ્ટમેનનો અવાજ : 'સુધીર-

ત ત્રિવેદી ટપાલ ..' સુધીર કાગળ લાવે છે.]

સુનંદા : કોની ટપાલ છે?

સુધીર : હું ! આ શું ?

સુનંદા : કેમ કાંઈ અશુભ સમાચાર છે?

સુધીર : સ્નાનસૂતકના !

સુનંદા : (વાંચે છે)

'પ્રિય સુધીર,

આવતી કાલે તને એપ્રિલફૂલ બનાવવાનું શાનદાર કાવતરું તારા કહેવાતા મિત્રોએ રચ્યું છે. તને એ લોકો ખરચના ખાડામાં ઉતારે તે પહેલાં જ મને બાતમી મળવાથી તને આ તાકીદનો પત્ર લખ્યો છે. સાવચેત રહેજે. પહેલી એપ્રિલ યાદ રાખજે.

સુધાકરના જયહિંદ'

સુનંદા : ત્યારે આ બધું તરકટ હતું ? આવું નિર્દય તરકટ ? હલકટ કાવતરું ? આવા તમારા મિત્રો ?

સુધીર : ગધેડાને એક ડફણાની જરૂર હતી–મળી ગયું. (ચીડમાં) સુનંદા, બસ, અત્યારે ને અત્યારે જ એક કામ કર. આ બધી હરીફાઈની મારા દેખતાં જ હોળી કરી નાખ. હરામખોરો, દેશના દુશ્મનો, તું અત્યારે જ એ અધમ સાહિત્યને સળગાવી નાખ ! મારાથી એ નહિ સહેવાય !

સુનંદા : મારા બુદ્ધિપ્રધાન પુરુષ ! આમ એકાએક ઊર્મિપ્રધાન થવાનું કારણ ?

[પડદો પડે છે]

*

ESTRELA
REGD. TRADE MARK
BATTERIES
U2
112
D
ESTRELA
REGD. TRADE MARK
BRIGHT LIGHT
LONG LIFE
ESTRELA BATTERIES LTD.
BOMBAY

એસ્ટ્રેલા બેટરીઝ
અંધારામાં તમારો
ભોમિયો

ઑફિસો :–મુંબઈ, કલકત્તા, દિલ્હી, મદ્રાસ, કાનપુર, નાગપુર

NAS
E6

સંપાદકીય

શ્રી સોપાન

'અખંડ આનંદ'ના ગયા અંક માટે સંપાદકીય નોંધ નિયમ મુજબ તા. ૧૬મીએ સાદા બૂકપોસ્ટથી રવાના કરી હતી; પરંતુ ટપાલની અવ્યવસ્થાને કારણે તે છેક તા. ૨૮મીએ અમદાવાદ પહોંચી! આ કારણે ગયા અંકમાં સંપાદકીય નોંધ આપી શકાઈ નથી. વાંચકો દરગુજર કરશે એવી આશા છે.

● ● ●

ગયા અંકથી 'અખંડ આનંદે' છઠ્ઠા વર્ષમાં પ્રવેશ કર્યો છે. પાંચમા વરસે પણ ગુજરાતના નામી લેખકો અને હજારો ગ્રાહકોના પ્રેમભર્યા સહકારથી એ સંતોષજનક પ્રગતિ સાધી શક્યું છે. 'અખંડ આનંદ'-ના પ્રથમ અંકથી આજની ઘડી સુધી તેને જે સહકાર મળી રહ્યો છે તે ઈશ્વરી કૃપાનું અને ભિક્ષુ અખંડાનંદજીના તપનું ફળ છે એમ ગણવું જોઈએ. ગુજરાતમાં કોઈ માસિકપત્રને આટલા પ્રમાણમાં લેખકોનો સહકાર મળ્યો નથી, તેમ હજારોની સંખ્યામાં ગ્રાહકો પણ પ્રાપ્ત થયા નથી. 'અખંડ આનંદ' બાવીસ હજારથી વધુ ગ્રાહકો મેળવીને ગુજરાતનું સૌથી વધુ લોકપ્રિય સામયિક બની શક્યું છે. શહેરો અને ગામડાંની સામાન્ય જનતા શિષ્ટ અને જીવનોપયોગી સાહિત્ય ઇચ્છે છે અને એ માટે પૈસા પણ ખર્ચે છે તેનો પુરાવો 'અખંડ આનંદે' આપ્યો છે. 'અખંડ આનંદ'ની આ પ્રગતિમાં હિસ્સો આપનાર લેખકો અને ગ્રાહકોનો અમે આભાર માનીએ છીએ અને સાથે ખાતરી આપીએ છીએ કે એમના સહકારને યોગ્ય રહેવા અમે સદાય જાગ્રત અને પ્રયત્નશીલ રહીશું.

માનવજાતની ચિંતા

છેલ્લા ત્રણ માસમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ઘણા અગત્યના બનાવો બની ગયા; પરંતુ એ બધાંનું તારણ કાઢીને જોઈએ તો દુનિયા એ જ ભયભીત દશામાં જીવતી હોય અને આપણો દેશ પણ એ જ મૂઝવણમાં સપડાયેલો પડ્યો હોય એમ લાગે છે. ત્રીજું વિશ્વયુદ્ધ નજીક આવ્યું છે કે દૂર ઠેલાયું છે એ કહેવું ખરેખર મુશ્કેલ છે. જગતની મહાસત્તાઓમાંથી કોઈ આજે દાવાનળ પ્રગટાવવા તૈયાર નથી એ સ્પષ્ટ છે; પરંતુ ચારે બાજુ વધુ ને વધુ અવિશ્વાસ, ઝેર અને સંહારક શસ્ત્રોનું ઉત્પાદન થઈ રહ્યું છે તેનો પણ ઇન્કાર કરી શકાય એમ નથી. કોરિયાનું યુદ્ધ તેની સીમા વટાવી શક્યું નથી; પરંતુ યુદ્ધબંધીની વાટાઘાટો અટકી પડી છે ને બંને પક્ષે વિશાળ પાયા ઉપર નવાં આક્રમણો શરૂ થઈ ગયાં છે. કોરિયાનું યુદ્ધ જીતવાનું કે હારવાનું કોઈને પોસાય એમ નથી તે બધા સમજે છે, છતાં સમાધાન થતું જ નથી. કોરિયા જ નહિ, જેટલા પ્રશ્નો ગૂંચવાયેલા છે તે બધાની એ સ્થિતિ છે. રાષ્ટ્રસંસ્થામાં રશિયા અને અમેરિકા એક થઈ શકતાં જ નથી. બંને બાજુ આક્ષેપો અને ધમકીઓ ઉચ્ચારવાનું પણ ચાલ્યા કરે છે. અણુશસ્ત્રોના ઉત્પાદનમાં હવે બ્રિટને પણ ગણનાપાત્ર સ્થાન મેળવ્યું છે. આ બધાં લક્ષણો માનવજાત માટે ચિંતા ઉપજાવનારાં છે.

કોરિયાનો સવાલ રાષ્ટ્રસંસ્થા પાસે આવ્યો છે. યુદ્ધકેદીઓને સોંપવાના સવાલ ઉપર જ

વાટાઘાટો અટકી પડી છે. અમેરિકા–બ્રિટન વગેરે કહે છે કે યુદ્ધકેદીઓને ફરજિયાત તેમના વતનમાં ધકેલી શકાય નહિ. રશિયા ને ચીન કહે છે કે એ બાબતમાં બીજો વિચાર જ થઈ શકે નહિ. બ્રિટન–અમેરિકાની દલીલમાં ન્યાય અને માનવતા દેખાય છે, પરંતુ થોડાક હજાર કેદીઓને સોંપવાના સવાલ ઉપર હજારોનો સંહાર કરતું યુદ્ધ કેમ ચાલુ રાખી શકાય? આ બાબતમાં ભારતે મધ્યમ માર્ગ બતાવ્યો છે. એને જો સફળતા મળે ને કોરિયાનું યુદ્ધ અટકે તો આજની તંગદિલી સારા પ્રમાણમાં ઓછી થાય.

બીજી મહત્ત્વની બાબત લાલ ચીનના સ્વીકારની છે. રાષ્ટ્ર સંસ્થામાં જ્યાં સુધી નૂતન ચીનની સરકારનું પ્રતિનિધિત્વ નથી ત્યાં સુધી એશિયાની ગૂંચ ઊકલવાની નથી. આ માટે પણ ભારત સરકાર મથી રહી છે. જગતમાં શાંતિ સ્થાપવી હોય તો નક્કર વાસ્તવિકતાનો સ્વીકાર કરવો જ જોઈએ.

અમેરિકાના પ્રમુખ

આખા જગતનું ધ્યાન ખેંચનારો એક બનાવ અમેરિકામાં બન્યો છે. છેલ્લાં ૨૦ વર્ષથી ત્યાં ડેમોક્રેટિક પક્ષનું શાસન હતું. હવે તેના શાસનનો અંત આવ્યો છે ને પ્રમુખપદે ઘણી મોટી બહુમતીથી રીપબ્લિકન પક્ષના પ્રતિનિધિ શ્રી આઈઝન હોવર ચૂંટાયા છે. સેનેટ અને પ્રતિનિધિસભામાં પણ તેમને કાર્યસાધક બહુમતી મળી છે.

શ્રી આઈઝન હોવરની ચૂંટણીની દેશ–દુનિયાના અર્થ અને રાજકારણ ઉપર શી અસર પડે છે તે જોવાનું રહે છે. લોકતંત્રમાં વીસ વરસે શાસન બદલાય તેમાં કશું ખોટું નહિ, પરંતુ અમેરિકાની પ્રજા વધુ પ્રગતિ દર્શાવી શકી નથી એટલું નોંધવું જોઈએ. શ્રી આઈઝન હોવર સત્તા ઉપર આવતાં શું થશે તે વિષે ઘણાં અનુમાનો વહેતાં થયાં છે; પરંતુ સમગ્ર રીતે જોતાં દુનિયાના સંયોગો એમ દર્શાવે છે કે અમેરિકાની નીતિરીતિમાં તેઓ મોટો ફેરફાર લાવી શકશે નહિ. કોરિયાનું યુદ્ધ બંધ કરી દેવાની આશા એમણે આપી છે પણ તે કઈ રીતે ફળશે તે સમજવું મુશ્કેલ છે. શ્રી આઈઝન હોવર યુદ્ધની ઉગ્રતા વધારવા ઇચ્છશે તો તેમના સાથી દેશો વિરોધ જ કરશે. ત્યારે શું તેઓ નમતું મૂકશે? એ પણ સંભવિત જણાતું નથી. શ્રી આઈઝન હોવરના કોરિયા વિષેના ઉદ્‌ગારો ચૂંટણીના પ્રચાર જેવા જ સાબિત થાય તો નવાઈ નહિ.

ઈજીપ્ત અને ઈરાન

ઈજીપ્ત અને ઈરાનમાં નવો યુગ સ્થાપવા માટે જે ક્રાંતિ શરૂ થઈ છે તે હજી ચાલે જ છે. લશ્કરી બળવા દ્વારા લોહીનું એક પણ ટીપું પાડ્યા વિના જનરલ નગીબે ઈજીપ્તમાં સત્તા ગ્રહણ કરી અને રાજા ફારૂકને પદભ્રષ્ટ કર્યો એટલેથી ક્રાંતિ પૂરી નથી થઈ. અલી મહેરપાશાનું પ્રધાનમંડળ વિખેરી નાખી સર્વ સત્તા પોતાના હાથમાં લઈ તમામ રાજકીય પક્ષો ને વહીવટમાં સાફસૂફી કરવાનું કામ એણે શરૂ કર્યું છે. જમીન અંગે મોટા સુધારાઓ કરવાની એની ધારણા છે. વફદ પક્ષ અને નહાશપાશાને તેની સામે નમી જવું પડ્યું છે. આ સાથે જનરલ નગીબ સરમુખત્યાર બન્યા છે, પરંતુ ઈજીપ્તનું રાજકારણ સ્થિર થાય નહિ અને સુએઝ તથા સુદાનની સમસ્યા સંપૂર્ણ રીતે ઉકલે નહિ ત્યાં સુધી ઈજીપ્ત સંબંધમાં ભવિષ્ય ભાખવાનું મુશ્કેલ છે. આજે તો જનરલ નગીબે નવા યુગનાં મંડાણની અને સુદાન–સુએઝની સમસ્યા ઉકેલવાની આશા પ્રગટાવી છે.

સહેજ ભિન્ન રીતે પણ ઈરાનમાં યે ડૉ. મુસાદ્દિકે સરમુખત્યારી અધિકારો પ્રાપ્ત કર્યા છે. ઈરાનના શાહે સમજી જઈ ડૉ. મુસાદ્દિકની નીતિનું સમર્થન કરવા માંડ્યું છે. ડૉ. મુસાદ્દિક ભારે નાટકી માણસ હોય એમ લાગે છે. એમના ઉદ્ગારોમાં એકવાકયતા દેખાતી નથી. ઈરાનમાંથી બ્રિટનની અસરને સંપૂર્ણપણે ભૂસી નાખવા અને રાષ્ટ્રના આર્થિક જીવનના આધારસમા તેલ–ઉદ્યોગને ઈરાનના હિતમાં વિકસાવવા એ અત્યંત આતુર છે અને તે માટે જ બધું કરે છે એમાં શંકા નથી. ઈરાનનો નિશ્ચય સ્પષ્ટ છે, પણ એની આર્થિક નબળાઈ ઘણી વધારે છે. બ્રિટન સાથેના રાજકીય સંબંધ તોડી નાખવાનું ભારે અગત્યનું પગલું ડૉ. મુસાદ્દિકે ભર્યું છે, પણ તેથી તેનો માર્ગ સરળ થાય એમ નથી. ડૉ. મુસાદ્દિક એ જાણે જ છે કે બ્રિટન–અમેરિકા સાથે શત્રુવટ કેળવીને તો રશિયાની છાવણીમાં જ જવું પડે. ડૉ. મુસાદ્દિક બોલે ગમે તે, પણ રશિયાથી એ દૂર રહેવા ઇચ્છે છે એટલે વહેલેમોડે સમાધાનકારી માર્ગ શોધ્યા વિના એમનો છૂટકો નથી. બ્રિટન પણ ઈરાન સાથે છેવટ સુધી ખેંચાવા ઇચ્છતું નથી એ સ્પષ્ટ છે. રાષ્ટ્રીયકરણનો સિદ્ધાંત એણે સ્વીકારી લીધો છે; હવે જે ઝઘડો છે તે કંપનીના બદલા અંગેનો જ છે.

દક્ષિણ આફ્રિકા

દક્ષિણ આફ્રિકામાં હિંદીઓ અને તમામ રંગીન પ્રજાઓએ રંગભેદની રાક્ષસી નીતિ સામે લડત શરૂ કરી દીધી છે. જગતનો લોકમત એમની તરફેણમાં છે. દ. આફ્રિકાની સરકારને પંપાળવા ઇચ્છતાં બ્રિટન–અમેરિકા પણ ડૉ. મલાનની વર્તમાન નીતિથી ચિંતામાં પડ્યા છે, પરંતુ મલાન સરકારની નિષ્ઠુરતામાં લેશમાત્ર ફેર પડ્યો નથી. દમનચક્રો ત્યાં શરૂ થઈ ગયાં છે. ભારત સામે ઝેર ફેલાવનારો પ્રચાર પણ પૂરજોશમાં ચાલે છે. દુનિયાભરની ગોરી પ્રજા માટે અને સમગ્ર આફ્રિકાખંડ માટે હિંદ ભયરૂપ બન્યું હોય એવો ઝનૂની પ્રચાર શરૂ થયો છે. ભારત આ સવાલનો શાંતિપૂર્વક ઉકેલ લાવવા અત્યંત આતુર છે; પરંતુ દ. આફ્રિકાના ગોરાઓ એકલા જ એ ધરતીના માલિકો હોય અને મૂળ વતનીઓ સહિત તમામ રંગીન પ્રજાઓ તેમની ગુલામ હોય એમ ડૉ. મલાનની સરકાર વર્તવા ચાહે છે. આવી હીન સ્થિતિ કોઈ સ્વમાની પ્રજા સાંખી શકે નહિ. ડૉ. મલાન આજે માનવહક્કોના એક નંબરના દુશ્મન બન્યા છે. દુનિયાનો લોકમત આવા પુરુષને કે એના પક્ષને કદી મંજૂર રાખશે નહિ. આજે નહિ તો નજીકના કાળમાં તેની દશા હિટલર–મુસોલિની જેવી જ હશે એમાં સંશય નથી. અહીં વસતા ભારતવાસીઓ તો દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહીઓને નૈતિક અને નાણાંકીય ટેકો આપી શકે અને તે તેઓએ આપવો જ જોઈએ.

દ. આફ્રિકાના પ્રશ્નમાં રાષ્ટ્રસંસ્થામાં ભારતે નૈતિક વિજય મેળવ્યો છે. રાષ્ટ્રસંસ્થાની ખાસ સમિતિએ ૪૧ વિ. ૧ મતે દક્ષિણ આફ્રિકાની વિરુદ્ધ ઠરાવ કર્યો છે. એ ઠરાવ પ્રમાણે મહાસમિતિના પ્રમુખ ત્રણે રાજ્યોનું શુભેચ્છા પંચ નીમશે. આ પંચ દક્ષિણ આફ્રિકા, ભારત અને પાકિસ્તાન સાથે આ સવાલ અંગે ચર્ચા–વિચારણા કરી સમાધાન સાધવા પ્રયાસ કરશે. આ ઠરાવમાં દ. આફ્રિકાની સરકારને કહેવામાં આવ્યું છે કે આ સમય દરમિયાન જૂથ વિસ્તારધારાનો અમલ તેણે મોકૂફ રાખવો. દક્ષિણ આફ્રિકાના પ્રતિનિધિના ઉદ્ગારો જોતાં આ ઠરાવ મલાનની સરકાર સ્વીકારે એવો સંભવ

થી, પરંતુ તેની રાજકીય અસર તો છે જ. બ્રિટન અને રાષ્ટ્રસમૂહના બીજા દેશોએ આ ઠરાવ સંબંધમાં મત આપવાથી અળગા રહીને અને જૂથવિસ્તારધારો મોકૂફ રાખવાના મુદ્દા ઉપર વિરુદ્ધમાં મત આપીને પોતાનું શાહીવાદી માનસ જ પ્રગટ કર્યું છે.

વિદેશી થાણાંઓનું ભાવિ

ભારતની સીમામાં આવેલાં ફ્રાન્સ અને પોર્ટુગલનાં વિદેશી થાણાંઓ અંગે વડા પ્રધાન શ્રી નહેરુએ છેલ્લા જે ઉદ્‌ગારો કાઢ્યા છે તે આશા અને ઉત્સાહ આપનારા છે. ફ્રાન્સે પ્રથમ લોકમતનો સિદ્ધાંત સ્વીકાર્યો હતો અને એ રીતે ચંદ્રનગરની પ્રજાએ લોકમત દ્વારા ભારત સાથેનું જોડાણ સિદ્ધ પણ કર્યું, પરંતુ તે પછી ફ્રાન્સની દાનત બગડી છે. એને આશા હતી કે આ વસાહતોની પ્રજા ફ્રાન્સમાં જ રહેવાની ઇચ્છા પ્રગટ કરશે, પરંતુ એ આશા ધૂળમાં મળી છે અને તેથી જ ત્યાં જોડાણની તરફદારી કરનારાઓ ઉપર ભૂખ્યા વરુ જેવા ગુંડાઓને છોડવામાં આવ્યા છે. આ સ્થિતિ લાંબો વખત ચલાવી લઈ શકાય નહિ. વડા પ્રધાને જાહેર કર્યું છે કે લોકમત અંગે હવે કશું વિચારવાનું રહેતું જ નથી. આ પ્રદેશ ભારતનો જ એક ભાગ છે અને એ દૃષ્ટિએ જ હવે ભવિષ્યનાં પગલાં યોજવામાં આવશે. વડા પ્રધાનની જાહેરાત પોર્ટુગલ વસાહતો અંગે પણ એ જ પ્રકારની છે. ફ્રાન્સ કરતાં પોર્ટુગલ સરકાર વધુ રીઢી, શાહીવાદી અને નિષ્ઠુર છે એટલે વહેલે મોડે ત્યાં અથડામણ થવાનો સંભવ છે જ. શ્રી નહેરુના ઉદ્‌ગારથી ફ્રાન્સ અને પોર્ટુગલના શાહીવાદીઓ ચોંકી ઊઠ્યા છે ને રોષે પણ ભરાયા છે, પરંતુ એ ઠીક જ થયું છે. લોખંડ ગરમ થયા વિના તેને ઘાટ આપી શકાતો નથી. શ્રી નહેરુની જાહેરાતને એ પ્રદેશની પ્રજા તો વધાવશે જ એમાં સંશય નથી.

કાશ્મીરનો પ્રશ્ન

કાશ્મીર અંગે ભારત-પાકિસ્તાનના પ્રધાનો વચ્ચે મંત્રણાઓ યોજી ડૉ. ગ્રેહામે છેલ્લો પ્રયાસ કરી જોયો ને તેમાં તેમને સંપૂર્ણ નિષ્ફળતા મળી. હવે આ સવાલ સલામતી સમિતિ સમક્ષ આવ્યો છે. પાકિસ્તાને એની હમેશની પદ્ધતિ મુજબ કાશ્મીરને નામે યુદ્ધનો પ્રચાર શરૂ કરી દીધો છે. વડા પ્રધાન જ. નઝીમુદ્દીને પણ 'બીજા ઉપાયો'ની ધમકી ઉચ્ચારી છે. આ સબંધમાં ભારત પૂરેપૂરું જાગૃત અને સુસજ્જ છે એટલે લેશમાત્ર ચિંતાને સ્થાન નથી. સલામતી સમિતિમાં બ્રિટન-અમેરિકાએ જે સંયુક્ત ઠરાવ રજૂ કર્યો છે તેનો ભારતે અસ્વીકાર જાહેર કરી દીધો છે. બ્રિટન-અમેરિકાનો ઠરાવ રાષ્ટ્ર સંસ્થાના આગળના ઠરાવો અને તેના પ્રતિનિધિઓના અહેવાલના સિદ્ધાંતોના ભંગ સમાન છે. આ નવો ઠરાવ સર્વાંશે ભારત-પાકિસ્તાનને એક જ કક્ષામાં મૂકી દે છે ને પાકિસ્તાનનાં રીતસરનાં દળોને પણ કાશ્મીરની ભૂમિ ઉપર રહેવાની છૂટ આપે છે. આ પદ્ધતિએ કાશ્મીરનો સવાલ કદી ઊકલી શકશે નહિ. ભારતીય સેના ત્યાં કાયદા અનુસાર છે અને પાકિસ્તાન આક્રમક છે તે સિદ્ધાંત સ્વીકાર્યા વિના આ પ્રશ્નનો નિકાલ થઈ શકશે નહિ.

આ બાજુ કાશ્મીરી પ્રજા કોઈની ચિંતા કર્યા વિના પ્રગતિને પંથે કૂચ કરી રહી છે. રાજાશાહીનો અંત આણી અને યુવરાજને પહેલા સદર-એ-રિયાસત તરીકે પસંદ કરીને કાશ્મીરે નવા યુગનું મંગળાચરણ કર્યું છે.

કુદરતની અવકૃપા

આ વરસે શરૂઆતમાં મેઘરાજાએ એવી કૃપા કરી કે આખો દેશ આનંદથી તરબોળ બની ગયો. આપણે સ્વતંત્ર થયા ત્યારથી

કુદરતે પણ કસોટી કરવા માંડી હોય એમ લાગે છે. છેલ્લા પાંચ વર્ષમાં વધુમાં વધુ વિસ્તારમાં અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ, રેલ કે તીડનાં આક્રમણો થયાં છે અને કરોડો રૂપિયાના પાકની એ રીતે બરબાદી થઈ છે. આ વરસે શરૂઆતમાં એમ લાગતું હતું કે ચોમાસું સારું જશે, મબલખ પાક ઊતરશે અને આપણા આર્થિક જીવનમાં નવો યુગ શરૂ થશે. આ વરસની અધવચ્ચે મદ્રાસ, ઉત્તર પ્રદેશ, બિહાર, સૌરાષ્ટ્ર વગેરે રાજ્યોમાં અનાજની માપબંધી દૂર કરવામાં આવી અને શક્ય તેટલા પ્રમાણમાં અંકુશો હળવા કરવાની રાષ્ટ્રીય નીતિનો સ્વીકાર થયો હતો. વરસાદ સારો હોવાથી એવી આશા પ્રગટી કે હવે આખો દેશ અંકુશોની નાગચૂડમાંથી ઘણો વહેલો મુક્ત થશે અને પંચવર્ષીય યોજનાઓનું કાર્ય પણ ઝડપી બની શકશે, પરંતુ દેશના દુર્ભાગ્યે છેલ્લે વરસાદ ખેંચાયો અને ઘણા વિસ્તારમાં તો આવ્યો જ નહિ એટલે પાકની સ્થિતિ ચિંતાજનક બની ગઈ છે. આવતે વર્ષે પણ દેશભરમાં કરોડો રૂપિયાનું અનાજ ઓછું પાકશે અને બીજા કરોડો રાહત કાર્યમાં ખરચવા પડશે. આની અસર સમગ્ર રાજવહીવટ અને પંચવર્ષીય યોજના ઉપર પડશે જ. આમ છતાં કેન્દ્રના તથા રાજ્યોના ખોરાક પ્રધાનો અંકુશો દૂર કરવા કે હળવા કરવા કટિબદ્ધ થયા છે. જે રાજ્યોમાંથી અંકુશો દૂર થયા છે ત્યાંના અહેવાલો પ્રમાણમાં ઉત્સાહજનક છે. ઉપરાંત અનાજનો મોટો જથ્થો આપણી પાસે એકઠો થયો છે અને વધુ મળી શકે એમ છે. અછતવિસ્તારો બાદ કરતાં ઉત્પાદનમાં પણ વૃદ્ધિ દેખાય છે. આવી સ્થિતિમાં ઘઉં અને ચોખા સિવાયનું અનાજ અંકુશમાંથી છૂટે તો કશું જોખમ ઊભું થાય એમ નથી. અંકુશો દૂર કે હળવા થતાં ઉત્પાદન વધવાની અને સંઘરાયેલો માલ બહાર આવવાની પણ આશા છે.

સંબંધો વધુ બગડે છે

ભારત અને પાકિસ્તાનના સંબંધો જરા પણ સુધર્યા નથી. નિર્વાસિતોની મિલકત, નહેરોનાં પાણી, લેણદેણના હિસાબો વગેરે પ્રશ્નોમાં પડેલી મડાગાંઠો કાયમ છે. આમાં પૂર્વ બંગાળમાંથી ફરી શરૂ થયેલી હિજરત અને પાસપોર્ટની પ્રથાથી ઉમેરો થયો છે. આખી દુનિયા જાણે છે કે પાકિસ્તાનના આગ્રહથી જ આમ કરવું પડ્યું છે. ભારત-પાકિસ્તાન વચ્ચે, ખાસ કરીને પૂર્વ બાજુએ આ પદ્ધતિથી ઘણી જ મુશ્કેલીઓ ઊભી થઈ છે, પરંતુ ભારત એ બાબતમાં લેશમાત્ર દોષિત નથી. પાકિસ્તાનની વેરઝેર ભરેલી નીતિને પરિણામે પશ્ચિમ પાકિસ્તાનમાંથી તો લઘુમતી સાફ થઈ ગઈ છે, અને પૂર્વ પાકિસ્તાનમાંથી પણ લાખો હિંદુઓ ભારતમાં આવી ગયા છે. આમ છતાં ત્યાં લગભગ એંસી લાખ હિંદુઓ હજી વસે છે. એમના ઉપર વિવિધ પ્રકારે ત્રાસ ગુજારવામાં આવે છે તેથી ભારત–પાકિસ્તાનના સંબંધો વધુ પ્રમાણમાં બગડતા જાય છે. પાકિસ્તાનના વડા પ્રધાન અને બીજા નેતાઓ મુખેથી તો લઘુમતીઓને સલામતીની ખાતરી આપે છે, પરંતુ વ્યવહારમાં તેમાંનું કશું દેખાતું નથી. આ પ્રશ્ન વધુ ઉગ્ર ન બને એવું ઇચ્છીએ.

નિર્વાસિતોની મિલકત સંબંધમાં ભારતે હમણાં પાકિસ્તાન સમક્ષ એક દરખાસ્ત રજૂ કરી હતી. પાકિસ્તાને તત્કાલ તે નકારી કાઢી છે. એ દરખાસ્ત નિર્વાસિતોની મિલકતનો ફેંસલો સરકારી ધોરણે કરવા સંબંધી હતી. પાકિસ્તાને ઘણીવાર એવો દાવો કર્યો છે કે ભારતમાંથી પાકિસ્તાનમાં ગયેલા

મુસ્લિમો વધુ પ્રમાણમાં મિલકતો છોડી ગયા છે. આ હડહડતું જુઠાણું જ છે. જો આ સાચું હોય તો સરકારી ધોરણે મિલકતનો ફેંસલો લાવવાનો પાકિસ્તાન ઇન્કાર શા માટે કરે? ભારતના પુનર્વસવાટ ખાતાના પ્રધાને લોકસભામાં રજૂ કરેલા આંકડાઓ પ્રમાણે કેવળ શહેરવિસ્તારના જ પાકિસ્તાનમાંથી આવેલા હિંદુ-શીખો પાંચ અબજની મિલકત મૂકી આવ્યા છે, જયારે પાકિસ્તાન ચાલી ગયેલા મુસ્લિમોની કુલ મિલકત એક અબજ જેટલી છે. આનો અર્થ એ થયો કે આજના ભારતવાસીઓની ચાર અબજ જેટલી મિલકત પાકિસ્તાનના કબજામાં પડી છે. આ માટે પાકિસ્તાન લવાદ સ્વીકારવા પણ તૈયાર નથી. જયાં સુધી આ મિલકતોનાં નાણાં મળે નહિ ત્યાં સુધી નિર્વાસિતોનો સવાલ પૂર્ણ રીતે ઊકલવાની આશા નથી. ભારત સરકારે આ સંબંધમાં વધુ કડક ઉપાયોની વિચારણા હવે કરવી જ જોઈએ.

સરહદના ગાંધી

સરહદના ગાંધી ખાન અબ્દુલ ગફારખાન ફરીને માંદા પડ્યા છે અને એમને લાહોરની ઇસ્પિતાલમાં લાવવામાં આવ્યા છે. એક પત્રકારે થોડા સમય પહેલાં એમની મુલાકાત લીધાનો અહેવાલ પ્રગટ થયો હતો. પૂજ્ય ગાંધીજીએ પ્રગટાવેલી જયોત પાકિસ્તાનની એક અંધારી જેલમાં પણ જલે છે તેનો પુરાવો એ મુલાકાતમાંથી મળે છે. પાકિસ્તાનની સ્થાપનાથી આજ સુધીમાં પાકિસ્તાનના રાજકર્તાઓએ જેટલાં બૂરાં કામો કર્યાં છે તેમાં સૌથી બૂરું ને શરમભર્યું કૃત્ય બાદશાહખાન અને તેમના સાથીઓને કારાવાસમાં રાખવાનું હશે. કેવળ ભીતિથી જ એ થઈ રહ્યું છે. બાદશાહખાન જેવા પાક અને ખુદાઈ પુરુષને કારાગારમાં રાખીને પાકિસ્તાન પ્રગતિ કરી શકે નહિ, લોકકલ્યાણનો માર્ગ એને સૂઝે જ નહિ. બાદશાહખાન તો પાકિસ્તાનમાં વિનોબાજી જેવું ભવ્ય અને ક્રાંતિકારક કાય કરે એવી શક્તિ ધરાવે છે. એ રાજકારણમાં હતા અને છે, પરંતુ એમની જીવનદૃષ્ટિ અનોખી છે. પાકિસ્તાનના રાજકર્તાઓ આ પુરુષને ઓળખી શકતા નથી તે એમનું અને પાકિસ્તાની પ્રજાનું દુર્ભાગ્ય છે. આજે તેઓ માંદગીને બિછાને છે, ત્યારે આપણે ઈશ્વરને પ્રાર્થના કરીએ કે એમના આરોગ્યની રક્ષા કરે.

ગુજરાતની ખોટ

શ્રી કિશોરલાલ મશરૂવાળાના અવસાનની નોંધ અહીં લીધી હતી. એ પછી શ્રી દુર્ગાશંકર શાસ્ત્રી અને દી. બ. હીરાલાલ લલ્લુભાઈ કાજીનું સ્મરણ કરવાનું રહે છે. આ બન્ને મહાનુભાવો 'અખંડ આનંદ' પ્રત્યે પ્રેમ ધરાવતા હતા. એમના ઘણા લેખો 'અખંડ આનંદ'માં પ્રગટ પણ થયા છે અને સ્વ૦ કાજી સાહેબનો એક લેખ સ્વીકારેલો હતો તે આ અંકમાં પ્રગટ કરવામાં આવ્યો છે. શ્રી દુર્ગાશંકરભાઈ ગુજરાતના એક પ્રખર વિદ્વાન, સંશોધક અને ઇતિહાસજ્ઞ હતા. એમણે ગુજરાતની ભાષા અને સાહિત્યની જે સેવા કરી છે તે કદી ભુલાય એવી નથી. યોગ એવો બન્યો છે કે આ વરસે એમને સાહિત્ય પરિષદના સંમેલનના પ્રમુખપદે લાવવાની વિચારણા થઈ હતી. એમના જવાથી ગુજરાતને મોટી ખોટ પડી છે. શ્રી કાજી સાહેબ શિક્ષણ અને સહકારી પ્રવૃત્તિના એક આગેવાન હતા. એમની ખોટ પુરાવી પણ મુશ્કેલ છે.

તા. ૧૬-૧૧-'૫૨

★

ઈતિહાસ પ્રસિદ્ધ હિંદ

બનારસ - પવિત્ર ભૂમિ

પ્રાચીન ઋષિઓની સંસ્કૃતિ સંપૂર્ણપણે વહાલાં ગંગાજી અને મહાન કાશીવિશ્વનાથમાં સંકળાયેલી જોવામાં આવે છે. આથી જ હિંદુ ધર્મનું જાત્રાનું ધામ બનારસ બન્યું છે.

મંદિરોના આ ધામમાં જાત્રાળુઓનો એકસરખો અનંત ધોધ વહ્યા જ કરે છે. અહીંયાં બ્રુક બૉન્ડના ઓછામાં ઓછા ચાર સેલ્સમેનોની ડીપો છે અને તેઓ અત્યંત કાળજી રાખે છે કે દરેક જાત્રાળુઓને એ સરસ અને તાજગીભરી ચાહ મળતી રહે.


તાજીજ
રહાન્દો
સ્વાદુ
રાખો
Darjeeling
Brooke Bond Tea
Blend
Brooke
Bond
Tea

બ્રુક બૉન્ડ ચ્હા

ભારતની શ્રેષ્ઠ ચ્હા ભારતના ઉત્તમ પેકેટોમાં

BBT/G 19

જોયેલું ને જાણેલું

હિંદુ-મુસલમાન

દેશના ભાગલા બાદનો પ્રસંગ છે. પાકિસ્તાનમાં હિંદુ ભાઈની સ્મશાનયાત્રામાં ભાગ લેવાનો પહેલો પ્રસંગ. 'રઘુપતિ રાઘવ રાજા રામ'ને 'રામ ભાઈ રામ'ની ધૂન સાથે અમો ચાલતા હતા. એકાદ માઈલ ચાલ્યા હઈશું એટલામાં રેલવે પર કામ કરતા મજૂરો જે બલૂચીસ્તાની મુસ- જેવા લાગતા હતા તે શબને જોતાંકને કામ દોડ્યા. બે મજૂરો આગળ દોડી આવ્યા, પણ જુદી સ્થિતિ, ઉપાડવાની જુદી રીત, જુદી જોઈ થોભ્યા ને સવાલ પૂછ્યો: 'મુસલમાન?' માથું ધુણાવીને 'ના' પાડી ને બીકના માર્યા પણ બોલ્યા વગર ઝડપ પકડી.

પેલા બે મજૂરો પાછા દોડ્યા. ને પોતાના જે દોડતા આવતા હતા તેને ના પાડી. તેમના ઇશારાથી જાણ્યું કે તે પોતાના સાથી- સમજાવતા હતા કે અમે મુસલમાન નથી, પણ પરવા કર્યા વગર જમાદાર જેવો લાગતો માણસ તરફ દોડ્યો. બીજા નવ સાથીદારો પણ તેની દોડ્યા ને અમારી સાથે થઈ ગયા. કંઈ પણ વગર વારાફરતી શબને કાંધ દઈને પોતાના કામ પર ચાલ્યા ગયા!

અમો શબને મૃત્યુદાહ દઈને પાછા ફર્યા. મારા સમસ્યા રહી ગઈ કે કાલના પ્રસંગે મજૂરોના મજૂરોને શું સમજાવીને શબને કાંધ આપવા દોડાવ્યા?

બીજે દિવસે ફરતો ફરતો રેલવે લાઈન પર ગયો. જમાદાર ને મજૂરો હતા. જમાદારને બોલાવીને શરૂ કરી. બેઉ ભાંગીતૂટી ઉર્દૂ જાણીએ. બલૂ- મુસલમાનો ઉર્દૂ જાણતા નથી. અર્ધા વાતચીત બાદ મેં ઘણી ફિલસૂફીની વાતો મહમદ જમાદારે પાછા ફરેલા મજૂરોને આપીને એમ કહેલું:

'દોસ્તો! મરણ બાદ, કોઈ હિંદુ કે મુસલમાન નથી; બધા જ ખુદાના માણસો છીએ. આપણી છે કે આપણે તેને ખુદાના ઘર પર પહોંચાડવા થઈએ.'

—ગોવર્ધન જોલાપ્રા

હરિજન કે બ્રાહ્મણ?

સવારના ચારેક વાગ્યા હશે, ત્યાં તો મારી આંખ ઊઘડી ગઈ અને મધુર ભજન સંભળાયું:

'બાયુ દેખીને બાયુ છેટે રે ચાલે,
પડી વસ્તુ તે કોઈની હાથ ન ઝાલે રાજ,
અક્ષરના વાસી વાં'લો આવ્યા અવની પર.'

ગાનારના કંઠમાં અજબ મીઠાશ હતી. તે કોણ ગાય છે તે જોવા માટે, હું પથારીમાંથી એકદમ ઊભો થઈ ગયો અને બારીમાંથી બહાર જોયું તો, એક વૃદ્ધ પુરુષ જેણે પંચિયું પહેરેલ હતું અને એક ઉપવસ્ત્ર ઓઢયું હતું, તે લાકડીને ટેકે ટેકે ચાલ્યા જતાં જતાં ગાઈ રહ્યો હતો.

'શું સુંદર અને આચરણમાં મૂકવા લાયક ભજન છે! પણ આવું ગાવું અને સાથે સાથે આચરણમાં મૂકવું બહુ જ મુશ્કેલ છે, નહિતર પૃથ્વી પર નંદનવન ઊતરે' વૃદ્ધ પુરુષને બારીમાંથી દેખાય ત્યાં સુધી જોઈ રહેતાં હું ધીમેથી બોલ્યો.

જૂનાગઢમાં જેને ત્યાં હું ઊતર્યો હતો, તે મારા સંબંધી પણ જાગી ગયા હતા અને તેમણે મને જવાબ આપ્યો કે 'આ વૃદ્ધ પુરુષ તો પહેલાં આચરણમાં મૂકે છે અને પછી ગાય તેવા છે!'

'તે કોણ છે?' મેં જિજ્ઞાસાથી પૂછ્યું.

'તે દેહે હરિજન છે, પણ કર્મે શાસ્ત્રજ્ઞ બ્રાહ્મણ છે. શ્રી સ્વામીનારાયણ સંપ્રદાયનો ચુસ્ત અનુયાયી છે. તેનું નામ છે ગોવાભાઈ, પ્રાતઃકાળે નિયમિત દામોદરજી સ્નાન કરવા જવું તે તેનો નિત્યક્રમ છે, અને શિયાળો, ઉનાળો કે ચોમાસું નિયમિત અહીંથી ચાર વાગે નીકળવું તે ઘડિયાળના ટકોરા જેવું નિયમિત છે. મંદિરની આજુબાજુનાં તમામ મકાનોને ફરતા રસ્તા ઉપર ચક્કર મારી એકાદ માઈલના અંતરની તે પ્રદક્ષિણા કરશે, કારણકે તે હરિજન હોવાથી પ્રદક્ષિણા ફરવા મંદિરની અંદર જતા નથી. પ્રદક્ષિણા પૂરી થયા પછી, તે મંદિરના ચોગાનને સાફ કરશે અને ત્યાં તો મંગળા આરતી થશે અને તે નીચે ઊભી, ત્યાંથી રણછોડરાય, ત્રિકમરાયની મૂર્તિઓનાં દર્શન કરશે.'

Cadbury-Fry

કેડબરી-ફ્રાય ભારતમાં

કેડબરીનું બોર્ન-વીટા


Cadbury's
BOURN-VITA
THE IDEAL FOOD DRINK
MADE BY CADBURYS SPECIALISTS IN FOOD DRINKS FOR 100 YEARS
16 OZ

આબાલવૃદ્ધ માટે પોષક પેય ખોરાક છે. એનાં સ્વાદિષ્ટ સત્ત્વો આપને ફાયદો કરશે!

કેડબરીનો બોર્નવીલ કોકો

ઉછરતા બાળકોને જરૂરી શકિત પૂરી પાડે છે. તેમને એની ચોકલેટની સોડમ ગમે છે.

CADBURY
Cadbury's
BOURNVILLE
COCOA

કેડબરીની રેડ લેબલ ડ્રીન્કીંગ ચોકોલેટ

પોતાની ખાંડ ધરાવતો અને ખરેખર સ્વાદિષ્ટ પેય ખોરાક છે.

CADBURY'S
Red Label
DRINKING CHOCOLATE
HALF POUND

ફ્રાઇઝ બ્રેકફાસ્ટ કોકો

FRY'S
BREAKFAST
COCOA

કરકસરભર્યો સુમધુર સોડમ ધરાવતો કુટુંબનો પેય ખોરાક છે અને તેનો ઉપયોગ સ્વાદિષ્ટ કેકસ તથા પુડીંગ બનાવવામાં થાય છે.

કેડબરીની ડેરી મિલ્ક ચોકોલેટ

ઊંચા દર્જા માટે વિશ્વવિખ્યાત છે. દરેક અર્ધા રતલમાં પૂરી તર ધરાવતું દોઢ ગ્લાસ દૂધ રહેલું છે.


CADBURY'S
DAIRY MILK
CHOCOLATE
CADBURY'S MILK

'અજબ શ્રદ્ધા !' હું આશ્ચર્ય સાથે બોલ્યો.

'ગામમાં લગ્નપ્રસંગે ક્યાંય ઢોલ વગાડવા જવું હોય ત્યારે પ્રથમ તે મંદિરમાં થોડો વખત ઢોલ વગાડી અને પછી જ જાય છે. દર પહેલી તારીખે મ્યુનિસિપાલિટીમાંથી જે પગાર મળે છે તે લઈ સાંજે તે મંદિરમાં આવે છે અને વીસ રૂપિયાના પગારના સરખે ભાગે દસ ઢગલીઓ કરી મંદિરને ઓટલે મૂકે છે. તેમાંથી એક ઢગલી ત્યાંથી પસાર થતા કોઈ ભક્તજન સાથે મંદિરમાં, દશાંશ ધર્માદા તરીકે મોકલી, બાકીની નવ ઢગલી લઈ તે ઘેર જાય છે.

'વાહવાહ !' મારાથી બોલાઈ ગયું.

'આ ઉપરાંત તેના જીવનમાંથી ઘણું જાણવાનું છે, પણ હું તમને ફક્ત એક ટૂંકો જ અને સાચો પ્રસંગ કહીશ.' મારા મિત્રે શરૂ કર્યું :

'ઘણાં વર્ષ પૂર્વેની વાત છે. જૂનાગઢમાં શ્રી મહંમદભાઈ દીવાન હતા (શ્રી. બહાઉદ્દિનભાઈના વંશજ). અને સરદાર બાગના મહેલમાં તેમનું નિવાસસ્થાન હતું. સરદાર બાગના 'કંપાઉન્ડ'ની સફાઈનું કામ ગોવાભાઈ કરતા હતા. એક દિવસ તેમના સાવરણા સાથે કંઈક અફળાયું અને રણકાર થયો. તેમણે નીચે જોયું તો એક પંદરથી વીસ તોલા સોનાની ઘૂઘરીઓવાળી જાંજરી દેખી અને તરત જ હૃદયમાંથી સ્વર ઊઠ્યો :

'પડી વસ્તુ તે કોઈની હાથ ન ઝાલે રાજ.'

ગોવાભાઈ વિચારમાં પડી ગયા અને બંગલા તરફ નજર ફરી ત્યાં શ્રી મહંમદભાઈનાં બેગમ એક પરસાળમાં દાતણ કરી રહ્યાં હતાં, તેમને જોયાં. ગોવાભાઈએ વિચાર કર્યો કે પડેલી વસ્તુ ઉઠાવવી નહિ તે ધર્મની આજ્ઞા છે તો કેમ ઉપાડાય ? અંતરઆત્માએ જવાબ આપ્યો: 'પડી વસ્તુ ઉઠાવવી નહિ એટલે ચોરી કરવી નહિ, પણ ઉઠાવી તેના માલિકને સુપ્રત કરવામાં કાંઈ ખોટું નથી.' ગોવાભાઈએ જાંજરી ઉઠાવી અને જ્યાં શ્રી મહંમદભાઈ દીવાનનાં બેગમ બેઠાં હતાં ત્યાં ગયા. નીચા નમી પ્રણામ કરી તેમની સામે જાંજરી મૂકી દીધી.

મહંમદભાઈ દીવાનની અખૂટ સમૃદ્ધિમાં આ જાંજરીની કશી ગણતરી ન હતી, પરંતુ એક હરિજન પંદર-વીસ તોલા હાથમાં આવેલ સુવર્ણમાં લોભાય નહિ અને તેના માલિકને સોંપવા આવે તેથી બેગમસાહેબાને ખૂબ જ આશ્ચર્ય થયું અને પૂછ્યું :

ગર્જના કરતો આવે છે
ચરકનો
કેસરી સુવર્ણ કલ્પ

શિયાળાની ગુલાબી ઠંડી સાથે
સનસનાટી મચાવતો આવે છે
શક્તિનો શહેનશાહ

★ પાચનશક્તિ સુધારનાર, કાયાને કંચન જેવી અને બળવાન બનાવનાર, લોહીમાં રાતા રજકણોને વધારનાર, આ ચાટણનું શિયાળામાં સેવન કરનાર બાર માસ શક્તિ સાચવી શકે છે. સપ્ત ધાતુઓમાં વધારો થઈ શરીરને નવપલ્લવિત કરે છે. આજે જ એક નમૂનાની બાટલી ટ્રાઈ કરી જુઓ.

કાયાકલ્પ માટે અદ્ભુત ચાટણ
કિંમત પાંચ રતલી બરણી રૂા. ૮૨–૮–૦
,, બે રતલી ,, રૂા. ૩૫–૦–૦
,, એક રતલી બાટલી રૂા. ૨૦–૦–૦
,, અર્ધી રતલી ,, રૂા. ૧૦–૮–૦
ટ્રાયલ સાઈઝ બાટલીના રૂા. ૫–૮–૦

હિંદભરના દવાવાળાઓ વેચે છે
વિગતવાર સાહિત્ય માટે 'ચરક ભંડાર'
મુંબઈ નં. ૭ ને લખો.

'ક્યાં પડી હતી?'

'પણે; મેંદી પાસેની રેતમાં, મા!'

'ઘેર લઈ જવી હતી ને, દાળીદર ફીટી જાત!' બેગમે મજાક કરી.

'ન ખપે, મા! ધરમમાં ના લખી છે.'

'કયો ધર્મ?'

'હું તો સ્વામીનારાયણ ધરમ પાળું છું.'

આ સવાલજવાબ ચાલતા હતા, તે બાજુના ખંડમાં બેઠેલા શ્રી મહંમદભાઈ દીવાન સાંભળી રહ્યા હતા અને આવો પ્રામાણિક માણસ કોણ છે તે જોવા માટે બહાર આવ્યા. બેગમસાહિબાએ તેમને બધી વાતથી વાકેફ કર્યા.

શ્રી મહંમદભાઈએ તેનું નામઠામ પૂછી લખી લીધું અને બંગલામાં ચાલ્યા ગયા. તે જ દિવસે ગોવાભાઈને માસિક વીસ રૂપિયાની તેમના જીવન પર્યંત રાજ્ય તરફથી 'પરવરશી' (પાલણપોષણ) આપવાનો હુકમ નીકળી ગયો.

મને આવા હરિજનનાં દર્શન કરવાની અભિલાષા થઈ અને અમે સૂર્યોદય પહેલાં મંદિરે પહોંચી ગયા.

શિયાળાનું ઉત્તમ વસાણું
ઘી
અને તે ચોખ્ખું જ જોઈએ.
મધુ દુગ્ધાલય પોતાની દેખરેખ હેઠળ દૂધમાંથી ઘી બનાવે છે. પાંચ શેર અને તેથી વધુ શહેરમાં ઘેરબેઠાં પહોંચાડાય છે.
એક વખત અજમાયશ કરી જુઓ.
બહારગામના ઓર્ડરો પણ લેવાય છે.
૧૦ રતલ અને ૩૫ રતલ ટીનમાં મોકલાય છે.
મધુ દુગ્ધાલય
ટે. નં. ૩૬૬૩
ગોમતીપુર પુલ – અમદાવાદ.

ત્યારે આ ગોવાભાઈ ભજન ગાતાંગાતાં પગથિયાં પાસે ઊભી દર્શન કરી રહ્યા હતા. મારા મિત્રે તેમને હસ્ત જોડી નમસ્કાર કર્યા અને મારું ઓળખાણ આપ્યું. મેં હસ્ત જોડી તેમના પગમાં નમવા માંડ્યું કે તરત જ તેઓ બે ડગલાં દૂર હઠી ગયા અને બોલ્યા: 'અરે! અરે! આ શું? તમે બ્રાહ્મણ મને પગે લાગો તો અપરાધ થાય!'

મેં કહ્યું: 'તમે બ્રાહ્મણ છો; ખરા ભગવાનના ભક્ત હરિજન છો.' ગોવાભાઈ કંઈ જવાબ આપે ત્યાં તો મંગળા આરતીના ઘંટારવ થયા અને અમો મંદિર ઉપર ગયા. ગોવાભાઈ નીચે ઊભી, થતી આરતીનાં દર્શન કરવા લાગ્યા.

—**વ્રજલાલ નરભેરામ મહેતા** બી. એ.

દેશની પ્રતિષ્ઠા ખાતર!

પહેલા વિશ્વયુદ્ધ પછી મારા નાના યુરોપની મુસાફરીએ ગયેલા. યુરોપથી ફરતાંફરતાં તેઓ ઇંગ્લંડ પહોંચ્યા. ત્યાં થોડા દહાડા રહીને તેઓનો વિચાર પેરિસ જવાનો હતો.

ઇંગ્લંડની રાજધાની લંડનમાં તેઓએ સૂટ બનાવનારી એક પ્રખ્યાત કંપનીને પોતાના ઇવીનીંગ સૂટ વાસ્તે માપ આપ્યું.

સૂટનું માપ આપ્યા પછી તેઓ લંડન છોડીને બીજાં શહેર જોવા ઊપડ્યા. તેઓએ કંપની જોડે, સીવેલો તૈયાર સૂટ, અમુક ઠેકાણે મળી જાય એવી ગોઠવણ કરી હતી. આ ગોઠવણ પ્રમાણે તેઓને સૂટ તો મળ્યો, પરંતુ કોટની એક બાજુ બીજી બાજુ કરતાં સહેજ ઊંચી હતી.

મારા નાના એ કપડાં સીવવાવાળી દુકાનના માલિકને પત્ર લખીને વસ્તુસ્થિતિની જાણ કરી અને કહ્યું કે તેઓને પંદર દહાડા પછી પેરિસ જવું છે. આટલા દહાડામાં કંપની કોટ ઠીક કરી આપે તો સારું, નહિ તો પછી તેઓ પેરિસમાં બરોબર કરાવી લેશે.

રજિસ્ટર્ડ પોસ્ટથી મોકલેલા પત્રનો જવાબ લગભગ ચાર પાંચ દહાડાની અંદર રજિસ્ટર્ડ પોસ્ટથી મળ્યો. પત્રમાં લખ્યું હતું:

'સૂટ વિષેની તમારી હકીકત જાણી અમને બહુ જ દિલગીરી થઈ છે. અમારી કંપનીના ઇતિહાસમાં આ લગભગ પહેલો જ બનાવ છે. આ કામ નવા આવેલા કારીગરની શરતચૂકથી થવા પામ્યું છે.

આપ આપનો સૂટ પાર્સલદ્વારા અમને મોકલી આપો, અને આપનું પેરિસનું સરનામું આપો, જ્યાં અમે એર મેઈલ દ્વારા આપનું આ પેકેટ પહોંચાડી દઈશું. ઢીલી માફ કરશો.'

મારા નાનાએ તેઓના જણાવ્યા પ્રમાણે સૂટ મોકલી આપ્યો. તેઓ જ્યારે પેરિસ પહોચ્યા, ત્યારે તેઓને માટે તદ્દન નવા જ કપડામાંથી બનાવવામાં આવેલો સૂટ હાજર હતો. અને સાથે એક પત્ર હતો જેમાં જણાવવામાં આવેલું :

'પેરિસ જેવા શાહેરમાં આપ ખોલીને ફરી બનાવેલો સૂટ પહેરીને ફરો અને આપને કોઈ સૂટ બનાવનાર કંપનીનું નામ પૂછે તો શું જવાબ આપો ? અને જવાબ આપો તો કંપની વિષે લોકો અભિપ્રાય કેવો બાંધે એ આપ સમજી શકો છો. કંપનીના લક્ષણ પરથી બીજા લોકો સારા યે દેશ માટે શું ધારે અને દેશની પ્રતિષ્ઠા ને કેટલું નુકસાન પહોંચે એ કોઈ પણ દેશનો સમજુ નાગરિક વિચારી શકે છે. દેશની પ્રતિષ્ઠા આગળ અમને થયેલું નુકસાન કંઈ જ ગણતરીમાં નથી એ વિચારી અમે નવો સૂટ સિવડાવીને મોકલ્યો છે.

'આ ખાતર અમારે તમને જે તકલીફ આપવી પડી તે માટે દરગુજર કરશો.' —ગિરીશ દેસાઈ

ઈંદુભાઈ

સિપાઈ કે સૈનિક, નાવિક કે નાગરિક, સહુ કોઈ એ સવાર પડતાં રંગૂન ખાલી કરી જવાનું હતું. રાત આખી બાંધછોડ, ભાંગાભાગ, હોળીનાં મેરાયાંની માફક મશાલોની આઘાપાછી રમતો સવાર સુધી ચાલુ રહી.

હિંદુસ્તાન જતી સ્ટીમર બંદરમાં તૈયાર હતી. માણસોની પડાપડી માતી ન હતી. આંખમાં આંસુ આવી જાય તેવી સ્થિતિ હતી. એવી ભીડમાંથી જેમ તેમ રસ્તો કરતા, ઠેબાં ખાતા, પીઠ ઉપર બીમાર માણસને ઉપાડી હાંફતા હાંફતા ઈંદુભાઈ સ્ટીમરના ડૉક્ટર પાસે 'પાસ' થવા ઊભા રહ્યા. ડૉક્ટરે વારો આવતાં બાજુમાં આવી દર્દીને એક બાજુ સુવડાવવામાં મદદ કરતાં કહ્યું : 'સેવાની પણ હદ હોય છે, ઈંદુભાઈ !'

'તમારી વાત સાચી છે, પરંતુ ટેવ પડી તેનું શું કરવું ?' આછું સ્મિત કરી પરસેવો લૂછતાં ઈંદુભાઈ બોલ્યા.

વધુ વાત કરવાનો સમય ન હતો. મુસાફરોની ધક્કામૂકી ચાલુ હતી. ડૉક્ટરે દર્દીને તપાસી તરત જ કહ્યું, 'ટાઈફોઈડ છે એટલે સ્ટીમરમાં નહિ જઈ શકે. બીમારી ગંભીર છે એટલે ખરેખર લાચાર છું.'

'આ દર્દીને આધારે એક સ્ત્રી છે. તેઓ અહીંનાં અજાણ છે. થોડા કલાક પછી શું થશે તેની કોઈને ખબર નથી. બારના ટકોરે તો શહેર છોડી બધાં યે ચાલ્યું જવું જોઈએ એથી તમે ક્યાં અજાણ છો ? ભગવાનને ખાતર એકનો અપવાદ કરો ડૉક્ટર !' ઈંદુભાઈ નો આત્મા રડમશ થઈ ગયો.

'મારી ફરજમાંથી ડગાવો નહિ. હું ખરેખર લાચાર છું, ઈંદુભાઈ !'

ડૉક્ટરે હાથમાં હાથ પકડી પ્રેમથી દબાવતાં કહ્યું.

*

'રહીમ કાકા ! તમારી મોટરની જરૂર છે.' પરસેવે રેબઝેબ ઈંદુભાઈ રહીમકાકા પાસે પાછા નહિ પડે તેની ખાતરી સાથે દોડી આવતાં કહ્યું.

'કોણ ઈંદુબાબુ ! તમને મોટરની કોણ ના પાડી શકે તેમ છે ? જરા બેસો તો ખરા. શું સમય આવ્યો છે, બાબુજી ! એક મિનિટની શાંતિ નથી. બીબી અને છોકરાં સવારનાં તરફડે છે. ક્યાં જવું તે સમજાતું નથી. આ દોમદોમ સાહ્યબી છોડતાં કોઈનું દિલ ચાલતું નથી. કુદરતને શું મંજૂર છે તે સમજાતું જ નથી. અરે ! હાં, બાબુજી તમે પણ અમારી સાથે જ ચાલો ને. સુખમાં તો સાથે હતા તો દુઃખમાં પણ સાથે જ રહીશું. સામાન પણ બંધાઈ ગયો છે; એટલે સાંકડમાંકડ બેસી જશું.' રહીમકાકા ઈંદુભાઈની હાજરીથી સ્વસ્થતા મળ્યે હિંમત રાખતા બોલ્યા.

'કાકા ! મારા માટે કોઈ દિવસ મોટર માગી છે ? એક દર્દીને અત્યારે તુરત જ ફેરવવાની જરૂર છે એટલે હું આવ્યો છું.'

'હું તમને પહેલેથી જ જાણું છું. ભલાઈ કરવા નીકળ્યા છો પરંતુ માથે મોત વરસે છે તેની ખબર છે ? થોડી વારમાં તો લૂંટાલૂંટ અને કાપાકાપી ફાટી નીકળશે. બે કલાકનો પૂરો સમય નથી. માણસોના

પ્રાણ જાય છે, ત્યારે તમને બીજાને માટે મોટર માગવાનો વિચાર કેમ આવે છે? મારાં બાળબચ્ચાંને મોતના મુખમાં મૂકી બીજાને માટે મોટર આપું એવો મને મૂર્ખો સમજો છો? આજ દિવસ સુધી તમારી એક પણ વાત ઠેલી નથી, પરંતુ અત્યારે મને ખુદાની ખાતર માફ કરો.' રહીમકાકા ગુસ્સામાં બોલ્યા.

'જરા શાંત થાઓ કાકા! અત્યારે વાત કરવાનો સમય નથી. હું અલ્લાહના કસમ ખાઈને કહું છું કે અડધા જ કલાકમાં તમારી મોટર પાછી આપીશ. દુઃખના સમયે ઈન્સાનની ફરજ દુઃખીને મદદ કરવાની છે.' રહીમકાકાનો હાથ ચૂમી ગાડી લઈ ટાઈફોડના દર્દીને શહેરથી દૂર લઈ જવા ઈદુભાઈ ચાલ્યા ગયા.

બારના ટકોરા પડતાં શહેર મૃત્યુની શાંતિ લેતું હાડપિંજર શું બની ગયું હતું. આવી ભયંકર શાંતિમાં શહેરની એક શેરીના કોઈ એકલ ખૂણે આવેલા એક નાના સરખા ઘરના ચોકમાં આંસુભરી આંખે એક માનવી ચોખાના સાથિયા પૂરી ફૂલની પુરવણી કરવામાં મશગૂલ હતો. ઘર છોડતાં પગ ઊપડતા ન હતા. ફરીને પાછા ફરાશે કે નહિ તેની તેને ખાતરી નથી. કદી ન રડનાર માનવ આજ રડી પડ્યો. બારણાં ખુલ્લાં મૂકી છેલ્લી છબી હૃદયમાં ઉતારી, ખભે થેલો ભરાવી, લથડતે પગે બળતા દાવાનળમાંથી દૂર દૂર ગામડાં ભણી ચાલવા માંડ્યો. સામેથી 'મારો! મારો! કાપો'નો નાદ કરતો, સંહારનો તાંડવ ખેલતો કાળ ચાલ્યો આવે છે, પાછળ બળબળતી આગ સળગે છે. બન્ને બાજુ મૃત્યુ છે.

'હે રામ! હવે તારો આશરો છે,' કહેતાંકને ઈદુભાઈ મોતના મુખમાં આગળ વધે છે. મનમાં રામનામની ધૂન ચાલે છે.

'ચાલો બાબુજી!' ચીં ઈ...ઈ ઈ...કરતી પાછળ જીપ ગાડી ઊભી રાખતાં શીખ ડ્રાઈવરે રાડ પાડી.

'પ્રભુ! તારા પ્રેમનો પાર નથી. શું તારા અનુગ્રહને લીધે જ આ બને છે! તારી લીલાને કોણ પામી શકે તેમ છે પ્રભુ, આ તારો સાક્ષાત્કાર તો નથી ને?' ઈદુભાઈની આંખમાંથી આંસુની ધાર ચાલી.

—જેઠુભાઈ રે. ત્રિવેદી

ધી બોમ્બે સ્ટેટ કો-ઓપરેટીવ બેંક લિ.
હેડ ઓફિસ : ૯, બેક હાઉસ લેન, કોટ મુંબઈ નં. ૧
તારનું સરનામું "ફાર્મર બેંક" :: ટેલિફોન નં. ૨૫૪૬૧—૩૧૯૮૬ પો. બો. નં. ૪૭૨
સ્થાપના સને ૧૯૧૧માં
ચેરમેન : શ્રી રમણલાલ ગૌ. સરૈયા

ભરાયેલું ભંડોળ		
શેર હોલ્ડરોએ ભરેલા	રૂા. ૩૩,૧૮,૬૦૦	
મુંબઈ સરકારે ભરેલા	રૂા. ૨૬,૦૦,૦૦૦	રૂા. ૫૯,૧૮,૬૦૦
રીઝર્વ ફંડો અને બીજાં ફંડો ...	...	રૂા. ૩૯,૨૭,૨૦૦
કુલ થાપણો ...	...	રૂા. ૭,૫૮,૦૨,૦૦૦
કામકાજનું ભંડોળ ...	...	રૂા. ૧૨,૧૭,૬૧,૦૦૦

૧૫ જિલ્લામાં એકંદરે ૬૩ શાખાઓ
ભારતનાં અગત્યનાં શહેરોમાં ચેક, હુંડીઓ વગેરે વસૂલ કરવાની વ્યવસ્થા છે.
દરેક જાતની ડીપોઝીટ સ્વીકારવામાં આવે છે. શરતો માટે રૂબરૂ મળો યા લખો:
વી. પી. વરદે, ઓનરરી મેનેજિંગ ડાયરેક્ટર



સંસ્થા સમાચાર

એક ભોળા માણસ વિષે કહેવાય છે, કે એક દિવસે તે થોડોક સામાન લઈ પોતાના ઘોડા ઉપર બેસી બહાર જતો હતો. તે ઘોડા ઉપર તેની અત્યંત પ્રીતિ હતી. સમય બપોરનો હતો અને ઋતુ ગ્રીષ્મ હતી. થોડે દૂર જતાં ઘોડાને પરસેવાથી રેબઝેબ થયેલો જોઈ તેનું હૃદય પીગળી ગયું. આવી સખત ગરમીમાં ચાલવું તો વિકટ હતું, તેથી ઘોડાનો ભાર ઓછો કરવા માટે તેણે સામાન પોતાના શિર ઉપર ઊંચકી લીધો અને પોતે ઘોડા ઉપર જ બેસી રહ્યો! ઘોડા ઉપરનો ભાર તો એટલો ને એટલો જ રહ્યો, પરંતુ મૂર્ખાએ પોતાની ડોક નકામી દુખાડી. એ રીતે બાળબચ્ચાં, ધનદોલત–બધાંનો ભાર જ્યારે માત્ર એક ઈશ્વર ઉપર જ છે, તો પછી માણસ તેનો ભાર પોતાને શિરે ઊંચકી લઈને શા માટે દુઃખી થાય છે?

આવાં સામાન્ય દૃષ્ટાંતોથી જનસમાજને બોધ આપનારાં પુસ્તકો તથા અન્ય જ્ઞાનચારિત્ર્યવર્ધક પુસ્તકો સંસ્થા તરફથી સસ્તા મૂલ્યે પ્રસિદ્ધ થાય છે.

વિવિધ ગ્રંથમાળા

ગ્રાહકોને પહેલા હપ્તાનાં પુસ્તકો (૧) જીવનસુવાસ (૨) પંચાંગ–ઑકટોબર માસમાં મોકલી આપેલાં. હવે બીજા હપ્તાનાં પુસ્તકો ડિસેમ્બર માસની અધવચે મોકલી અપાશે.

આ માળામાં વિવિધ વિષયો ઉપરનું ઉત્તમ વાચન ૧૯૦૦ પાનાંનું ૪થી ૬ પુસ્તકો દ્વારા ઘેર બેઠાં અપાય છે.

વાર્ષિક લવાજમ માત્ર રૂ. ૬–૮ ટપાલખર્ચ સાથે.

ઉત્તમ વાચન સસ્તામાં સસ્તું મેળવવા આ માળાના ગ્રાહક બની જવા ભલામણ છે. આ સિવાય :–

આ માળાના ગ્રાહકોને સંસ્થાનાં અન્ય પ્રકાશનોમાં ખાસ લાભ આપવાની યોજના નક્કી થઈ છે; તેની વિગત આ પછીના ૨૬મા પાનમાં આપેલી છે.

卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐

SWASTIK BRAND
SAT-ISABGOL
PSYLLIUM HUSK
GUARANTEED
GENUINE QUALITY
100% PURE
TRADE MARK

'સ્વસ્તિક'
છાપ સતઈસબગોલ

એટલે... ... ...
કબજીઆત, મરડો, અપચો, વીર્યવિકાર, સ્વપ્નદોષ વગેરે પેટનાં તમામ દર્દો અને સ્ત્રીઓનાં દર્દો જેવાં કે પ્રદર, ગરમી, કમજોરી વગેરે માટે એક જ **અનુભવસિદ્ધ** નિર્દોષ **રામબાણ** ઈલાજ

'સ્વસ્તિક' છાપ સતઈસબગોલ ૧૦૦%. શુદ્ધ વનસ્પતિ છે. અને ડોકટરોએ જેની મુક્ત કંઠે પ્રશંસા કરી છે. આપના કેમિસ્ટ પાસેથી ૧/૪ રતલ, ૧/૨ રતલ ને ૧ રતલના સુંદર પેકેટોમાં ખરીદી આજે જ તેના ચમત્કારિક ગુણોની ખાત્રી કરો.

ભારતમાં તથા વિદેશોમા એજન્ટો નીમવાના છે

આજે જ લખો :
શ્રી ગુજરાત સતઈસબગોલ ફેકટરી
સિવિલ કોર્ટ સામે, **સિદ્ધપુર** (ઉ. ગુજરાત)

卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐

નવાં પ્રકાશનો

વનસ્પતિવર્ણન

લે૦ સ્વ. **જયકૃષ્ણ ઈંદ્રજી ઠાકર**

પાન ૭૬૦ : : કિં. ૨૦–૦–૦

રાજશાહી આવૃત્તિ કિં. ૩૦–૦–૦

વનસ્પતિશાસ્ત્રની આ બીજી આવૃત્તિ છે. આ સુપ્રસિદ્ધ ને ઉપયોગી ગ્રંથ ઘણાં વરસોથી અપ્રાપ્ય હતો. આમાં જુદાજુદા ૯૮ વર્ગોની આશરે ૬૧૧ વનસ્પતિઓ સંબંધી માહિતી, ઉપયોગ વગેરે હકીકત આપેલી છે.

માત્ર જૂજ નકલો છપાવી છે. એટલે લાયબ્રેરીઓએ તથા આ વિષયના અભ્યાસીઓએ પોતાની નકલ મેળવી લેવી.

શ્રી. બાપાલાલ ગ. વૈદ્યે ૮૦ પાનનો અભ્યાસપૂર્ણ પ્રવેશ લખ્યો છે અને આદિથી અંત સુધી આ પુસ્તકનું સંપાદન તેમણે નવેસરથી કરી આપ્યું છે.

વનસ્પતિવર્ણન–પ્રવેશ

લે૦ **બાપાલાલ ગ. વૈદ્ય**

પાન ૯૬ : : કિં. ૨–૦–૦

સ્વર્ગસ્થ જયકૃષ્ણ ઈંદ્રજી કૃત વનસ્પતિવર્ણન ઉપર શાસ્ત્રીય આલોચના કરતું આ પુસ્તક વનસ્પતિવર્ણનનું રહસ્ય સમજાવે છે. અને અન્ય વાચકો તથા વિદ્યાર્થીઓની સગવડ માટે આ અલાયદા પુસ્તકરૂપે પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

અષ્ટાંગહૃદય

પાન ૧૦૪૦ : : કિં. ૧૨–૦

મહર્ષિ વાગ્ભટ્ટ કૃત આયુર્વેદનો મહાન ગ્રંથ. સર્વાંગ સુંદરા ટીકાના આધારે થયેલો મૂળ સાથે સરળ અનુવાદ.

આયુર્વેદના સિદ્ધાંત અને અનુભવના આધારે તૈયાર થયેલા આ અભૂતપૂર્વ ગ્રંથમાં વિશેષ સૂચના, અકારાદિ ક્રમ, પ્રકરણોની વિસ્તૃત સૂચિ, પારિભાષિક સંજ્ઞાવાળાં ઔષધો તથા રોગોનાં નામની તથા તેમના ગુણ–ધર્મની સમજૂત આપેલી છે અને આયુર્વેદપ્રેમી સજ્જનો, વિદ્યાર્થીઓ તથા વિદ્વાન અનુભવી વૈદ્યોને પણ અતિ ઉપયોગી છે.

પલટાતા રંગ

લે૦ સ્વ. હીરાલાલ લ. કાજી

પૃષ્ઠ ૨૪૦ : : કિં. ૧–૮, પાકાં પૂઠાં રૂા. ૨

આપણા ગુજરાતી સમાજે સમયના વહેવા સાથે બદલેલા રંગોની–જૂના અને ચાલુ જમાનાના રીતરિવાજોની રસપ્રદ તુલના.

મહાત્મા મસ્તરામજી

પૃષ્ઠ ૮૮ : : કિં. ૦–૬

સૌરાષ્ટ્રના પ્રસિદ્ધ સંતનું ચરિત્ર તેમનાં ઉપદેશાત્મક ભજનો સાથે.

કથાસરિત્સાગર

પૃષ્ઠ ૧૫૨ : : કિં. ૧–૦

ખાસ બાળકો માટેની આવૃત્તિ. મોટા અક્ષરોમાં, સચિત્ર. ગંધર્વ સમ્રાટ નરવાહનદત્તનાં રોમાંચક પરાક્રમોની રસમય વાર્તાઓ.

મોટર તેમજ ઑઈલ એન્જીનના રીપેરીંગ માટે ગુજરાતને ખૂણેખૂણે એકજ નામ:
ધી ગુજરાત મોટર રીપેરીંગ સરવીસ
.... અમદાવાદ.
દીપક ચેમ્બર્સ, રેલ્વેપુરા........

રાજર્ષિ : (શ્રેયસ્)

પૃષ્ઠ ૩૦૪ :: કિં. ૨–૦

કવિવર શ્રીરવીંદ્રનાથ ટાગોર કૃત પ્રખ્યાત બંગાળી વાર્તા 'રાજર્ષિ'નો બાળકો માટે મોટા અક્ષરોમાં સારરૂપ સંક્ષેપ.

શ્રીશિવમહાપુરાણ

પૃષ્ઠ ૧૨૩૬ : કિં. ૧૨–૦ : ટ. ખ. ૧–૧૨

સાતેય સંહિતાઓનું ગુજરાતી સરળ ભાષાંતર, પ્રાસંગિક ૯ ચિત્રો સાથે બે મોટા ગ્રંથોમાં.

પુનરાવૃત્તિઓ

યોગવાસિષ્ઠ મહારામાયણ–ભાષાંતર

પૃષ્ઠ ૧૮૮૪ :: કિં. ૧૪–૦

આવૃત્તિ ૫મી; બે ગ્રંથોમાં

આ ગ્રંથમાં વેદાંતના આધ્યાત્મિક સિદ્ધાંતો સામાન્ય માણસ પણ સમજી શકે એ રીતે દૃષ્ટાંતો સહિત ગૂંથેલા છે.

સંતની વાતો

પૃષ્ઠ ૨૬૪ :: કિં. ૧–૮

આધ્યાત્મિક જ્ઞાનને રોજિંદા વાર્તાલાપ દ્વારા સમજાવતું બોધપ્રદ છતાં રસદાયી પુસ્તક. આવૃત્તિ ૩જી

નીતિશતક (આમ૦)

પૃષ્ઠ ૮૦ :: કિં. ૦–૪

ભર્તૃહરિકૃત વ્યવહાર–નીતિમાર્ગનું યોગ્ય માર્ગદર્શન કરાવતું પુસ્તક : મૂળ સાથે સરળ ગુજરાતી અનુવાદ.

હાસ્યતરંગ (સર્વો૦)

પૃષ્ઠ ૧૩૬ :: કિં. ૦–૧૨

લે. જ્યોતીન્દ્ર દવે. બીજી આવૃત્તિ. જીવનના રોજિંદા પ્રશ્નો પર કટાક્ષ વેરતા હાસ્યલેખો.

જેસલ–તોરલ ને જાલંધર–ગોપીચંદ

પૃષ્ઠ ૬૪ :: કિં. ૦–૪

સ્વ. કલાપી કૃત બે રસમય ને બોધક સંવાદોની ૪થી આવૃત્તિ.

આફ્રિકાના ગ્રાહકબંધુઓને

જે ગ્રાહકબંધુઓનાં લવાજમ પૂરાં થાય છે તેમને અંક સાથે છાપેલું સૂચનાપત્ર મોકલી અપાય છે. તેના પરથી ઘણા ગ્રાહકબંધુઓએ પોતાનાં લવાજમ મોકલી આપ્યાં છે. જેમણે લવાજમ ન મોકલ્યાં હોય તેઓ હવે શિ. ૧૬)ના પોસ્ટલ ઑર્ડર મોકલી આપે એવી વિનતિ છે.

જેમને અનુકૂળતા હોય તેઓ (૧) શ્રી. હરમાનભાઈ ઝવેરભાઈ પટેલ (℅. ઈસ્ટ આફ્રિકન કસ્ટમ્સ એન્ડ એકસાઈઝ ડિપાર્ટમેન્ટ પો. ઑ. નં. ૬૧ **મોમ્બાસા**) (૨) બાબુભાઈ એ. પટેલ તથા ગોવર્ધનભાઈ યુ. પટેલ (પો. ઑ. નં. ૬૨૩૬ **નૈરોબી**) (૩) તથા શ્રી. છોટાભાઈ એલ. પટેલ(પો. ઑ. નં. ૧૨, **લીરા**)ની મારફત લવાજમ મોકલાવી શકશે.

શ્રી. હરમાનભાઈ હાલ દેશમાં છે તેમ છતાં તેમણે મોમ્બાસા ખાતે લવાજમ વાની વ્યવસ્થા પોતાને ત્યાં ગોઠવી છે.

વ્યવસ્થાપક

071557

માત્ર 'વિવિધ ગ્રંથમાળા'ના ગ્રાહકોને
નવાં પ્રકાશનોમાં પણ ૨૦) ટકા વળતર

માળામાં અપાય છે તે સિવાય બીજા પણ મોટા ગ્રંથો સારી સંખ્યામાં દર વરસે પ્રકટ થાય છે. તે ગ્રંથોની તથા **સર્વોપયોગી સાહિત્યશ્રેણી** ને **આમ સાહિત્યશ્રેણી**માં પ્રસિદ્ધ થતાં નાનાંમોટાં પુસ્તકોની માહિતી 'અખંડ આનંદ'માં વખતોવખત આપવામાં આવે છે.

આ બીજાં પ્રકાશનોમાં 'વિવિધ ગ્રંથમાળા'ના ગ્રાહકોને તા. ૩૧-૧-'૫૩ સુધી નીચેનાં પુસ્તકોમાં ૨૦) ટકા વળતર આપવામાં આવશે. દરેક પુસ્તકની એકેક નકલ જ આ રીતે મળશે.

પુસ્તકો મંગાવતી વખતે પોતે 'વિવિધ ગ્રંથમાળા'ના ગ્રાહક છે એમ જણાવવું અને સાથે પોતાનો ગ્રાહક નંબર પણ લખવો. જોઈતાં પુસ્તકોની કિંમત ટપાલખર્ચ સાથે મોકલી આપવી. વી. પી.થી મંગાવનારે ¼ રકમ અગાઉથી મોકલવી. તા. ૩૧-૧-'૫૩ પછી આ વળતરનો લાભ અપાશે નહિ. એટલે નીચેનામાંથી જોઈતાં પુસ્તકો વેળાસર મંગાવી લેવાં.

અષ્ટાંગહૃદય-વાગ્ભટ્ટ	૧૨-૦
શ્રી શિવમહાપુરાણ	૧૨-૦
પુરુષાર્થબોધિની ગીતા (બે ગ્રંથો)	૧૨-૮
સનાતન ધર્મ ...	૧-૦
મનુષ્યધર્મ ...	૨-૦
આખ્યાનમાળા (૧લો)	૩-૦
આદર્શ દૃષ્ટાંતમાળા (બે ગ્રંથો)	૫-૦
સો ઉપનિષદો...	૫-૦
બૃહદારણ્યક ઉપનિષદ	૨-૦
એકાદશ ઉપનિષદ	૩-૦
એકનાથી ભાગવત	૫-૦
પંચીકરણ ...	૨-૦
નિત્યાનંદ ...	૦-૮
બૂકર ટી. વોશિંગ્ટન	૧-૮
મહર્ષિ દયાનંદ	૧-૮
રમણ મહર્ષિ	૨-૦
શારદામણી દેવી	૦-૮
મીરાંદાસી જનમજનમકી	૦-૧૨
શ્રીમત્ શંકરાચાર્ય	૦-૧૦
અવધૂતગીતા	૧-૪
અષ્ટાવક્રગીતા	૦-૮
મનુસ્મૃતિ ...	૪-૮
મોહમુદ્ગર ને બીજાં દશ રત્નો	૧-૦
શતશ્લોકી ને બીજાં ચાર રત્નો	૦-૧૨
સર્વવેદાંત-સિદ્ધાંત-સારસંગ્રહ	૧-૪
સ્તોત્રસંગ્રહ ...	૦-૧૦
મોક્ષમાળા ...	૧-૪
વિદુરનીતિ ...	૧-૦
વિવેકચૂડામણિ	૦-૧૨
વેદાંતરસબિંદુ	૦-૧૨
શુભસંગ્રહ (બીજો)	૩-૦
સંતગુરુનો પરિચય	૧-૮
સૂર્યકાંત ...	૨-૦
સ્વર્ગનો પ્રકાશ	૨-૦
હિતોપદેશ ...	૧-૪
શ્રી ચંડીપાઠ ...	૧-૪
વેદાંતમાર્ગદર્શિની	૧-૮
તુલસી રામાયણનાં મહાવાક્યો	૦-૮
મહાભારતની નીતિકથાઓ ...	૧-૪
નિત્યપાઠ ...	૦-૧૨
સાહિત્ય પ્રવેશિકા	૨-૮
વનરાજ ચાવડો	૨-૮
ગુલાબસિંહ ...	૪-૦
બળવાન બનો	૦-૮
આરોગ્યરક્ષા	૦-૧૨

સંતવાણી-ભજનો

કબીર સાહેબની સાખીઓ	૦-૪
શામળના છપ્પા	૦-૧૨
તુલસીદાસની સાખી	૦-૪
નરસિંહ મહેતાનાં ભજનો	૦-૧૨
ભક્ત સૂરદાસનાં પદો	૦-૫
મીરાંબાઈનાં ભજનો	૦-૧૨
સો ભજનો ...	૦-૬

વિશ્વજ્યોતિ ...	૦-૪
ભક્તકવિ રહીમ ને જમાલ	૦-૪
કવિ દીનદયાળગિરિ	૦-૪
સંત કવિ નઝીર	૦-૮
સંત દાદુ ...	૦-૪
ગિરિધર કવિરાય	૦-૩

વાર્તા સાહિત્ય

પુણ્યચરિત્ર (નાટક)	૧-૮
અક્ષયપાત્ર ...	૧-૮
માણસાઈની વાતો	૨-૦
ભરતીઓટ ...	૨-૦
સંગમ ...	૨-૦
અંતરના દીવા	૧-૮
રંગ અને દીવા	૧-૮
સંસારના રંગ	૧-૦
જીવનસુવાસ ...	૧-૮
રંગમેળો ...	૧-૮
અંધારી રાતે	૦-૧૨
વૈતાળની વાતો	૧-૮
માટીની મૂર્તિઓ	૦-૧૨

સર્વોપયોગી શ્રેણી

ગ્રામરચના ...	૧-૪
ઈન્સાન મિટા દૂંગા	૧-૪
ગુજરાતનાં લોકગીતો	૧-૪
કોઈને કહેશો નહિ	૧-૪
આરોગ્યની બારમાસી	૧-૮
પૃથ્વીની કથા ...	૦-૧૨
મહાત્મા ટોલ્સ્ટોય	૧-૪
જગન્નાથપુરી ને ઓરિસાના પુરાતન અવશેષો	૦-૧૦
શાકભાજી ને બીજા લેખો	૦-૧૨
જનવગડામાં વસનારાં	૦-૧૨

ઇતિહાસને અજવાળે	૦-૧૨
ભીમનાં પરાક્રમો	૧-૮
ગુજરાતના સેવકો	૦-૧૨
આંખનું આરોગ્ય	૧-૪
અદાલતને આંગણે	૧-૮
રશિયા ...	૧-૮
અમેરિકા ...	૧-૮
સૌભાગ્યસુંદરી	૧-૮
સાહસકથાઓ	૦-૧૨
જગતમાં જાણવા જેવું	૦-૧૨
ધર્મકથાઓ ...	૧-૮
ગદાધારી ભીમ	૨-૪
બાળક ...	૧-૪

આત્મસાહિત્ય શ્રેણી

કાકાનો સંજય	૧-૧૨
અમ.રા માધવકાકા	૦-૬
સત્સંગમાળા ...	૦-૬
ગુજરાતની રંગભૂમિ	૦-૬
બાળકોની રીતભાત	૦-૩
સમીસાંજની વાતો	૦-૬
ખોરાકમાં ઝેર	૦-૪
વિચારસૂર્યોદય	૦-૪
એ ડોસાની જાત્રા	૦-૪
સ્વપ્નાં ...	૦-૮
જ્ઞાનલહરી ...	૦-૮
પરવાળાં ...	૦-૩
બાળકોના વિવેકાનંદ	૦-૪
વ્યવહારમાળા	૦-૮
બોધવાણી ...	૦-૨
સદ્ગુણી બાળકો	૦-૧૦
ધ્રુવાખ્યાન ...	૦-૬
વસંતનું આગમન	૦-૪

આકાશના તારા	૦-૬
કમળકુમાર ...	૦-૧૨
સતી સાવિત્રી...	૦-૪
ઉચ્ચ જીવન ...	૦-૩
શ્રી શુકદેવજી ...	૦-૪
જડભરત ...	૦-૩
ભક્ત પ્રહ્લાદ ...	૦-૪
બાળકોનો આનંદ	૦-૩
સિંદબાદનાં સાહસો	૦-૮
સદ્બોધવાટિકા	૦-૩
ગજેન્દ્રમોક્ષ ...	૦-૬
માંદાનો આહારવિહાર	૦-૪
ઠંડા પહોરની વાતો	૦-૧૨
હરડે ...	૦-૬
ઝેર ઉતારવાના તાત્કાલિક ઉપાયો	૦-૧૦
ચંદ્રહાસ ...	૦-૩
મેનાવતી ને ગોપીચંદ	૦-૩
નાનક ...	૦-૬
પ્રૌઢ વાચનપોથી	૦-૪
હિંદુસ્તાની સંગીત	૦-૮
સાંઈ દીનદરવેશ	૦-૪
રામકૃષ્ણ ઉપદેશ	૦-૫
દેશપાઠો ...	૦-૪
ભક્ત અંબરીષ	૦-૪
પ્રૌઢ વાચનપૂર્તિ	૦-૪
વિચારમાળા ...	૦-૮
ભક્ત રોહિદાસ	૦-૩
વીર હનુમાન ...	૦-૩
સુદામાચરિત્ર ...	૦-૩
ગંગામાતા ...	૦-૬
ઉખાણાં ...	૦-૪

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય } ભદ્ર પાસે, **અમદાવાદ** ને
કાલબાદેવી રોડ, **મુંબઈ-૨**

"હું મારી ચામડીની રક્ષા લક્સ ટૉયલેટ સાબુથી કરું છું"

અનુવા ગુપ્તા કહે છે


LUX
LUX TOILET SOAP

આ સુરમ્ય સુવાસિત સફેદ
તથા શુદ્ધ સાબુથી આપની
ચામડીને પણ સુરમ્ય રાખો!

ચિત્ર-તારિકાઓનો સૌંદર્ય સાબુ

LTS. 335-X30 GJ

મેલેરીયા દર વર્ષે આ ઉપખંડમાં ૨૦ લાખથી વધુ માણસોનો ભોગ લે છે

આ ભયાનક આંકડા મેલેરીયાથી સીધાં નિપજતાં મૃત્યુથી અલગ રીતે વિચારવામાં આવે તો વિશેષ મહત્વ ધરાવે છે કારણકે આ રોગ જેમને લાગુ પડેછે તેમને એટલા બધા કમજોર બનાવી દે છે કે તેઓમાંના ઘણા બીજી માંદગીઓના સપાટામાં સપડાઇ જાય છે. મેલેરીયાનો ભય સતત હસ્તી ધરાવે છે કારણકે આપને તેનો ચેપ લાગુ પડવાને મચ્છરનો ડંખ પુરતો થઈ પડે છે.

આજે 'પેલ્યુડ્રીન' મેલેરીયા સામે આપને રક્ષણ આપે છે. એક આનાની કિંમતની આ એકજ ટીકડીનું દર અઠવાડીયે સેવન રોગને દૂર રાખેછે. માણસ દીઠ દર અઠવાડીયે માત્ર એક આનાના તદ્દન નજીવા ખર્ચમાં આપ અને આપનું કુટુંબ સુરક્ષિત રહે તે જોવાની જવાબદારી આપની છે. સેવન કરવાનું પ્રમાણ નીચે આપ્યું છે તે જુઓ.

આ ભયસૂચક ચિન્હોથી સાવધ રહો

પ્રથમ આપને ટાઢ ચઢી તાવ આવે છે. તાવ ચઢવાની સાથેજ શરીરે પસીનો છૂટે છે. શરીરમાં બધે દુઃખાવો થાય છે. આવાં લક્ષણો પ્રત્યે કદી દુર્લક્ષ કરશો નહિ–વગર વિલંબે ડોકટરની સલાહ લો. તે આપને 'પેલ્યુડ્રીન' કેવી રીતે થોડાક દિવસમાં (જો મેલેરીયા થયો હોય તો) તાવને સારી હઠાવશે એટલુંજ નહિં પરંતુ પણ તે કેવી રીતે આપનું ભવિષ્યમાં સંરક્ષણ કરશે એ સારી રીતે સમજાવશે.

અસલ 'પેલ્યુડ્રીન' આરોગ્ય શાસ્ત્રની દૃષ્ટીએ બંધ કરેલાં પારદર્શક કાગળનાં પડીકામાં મળે છે. તેની એક ટીકડીનો માત્ર એક આનો પડે છે.

'પેલ્યુડ્રીન'

મેલેરીયાને સારી હઠાવે છે

દવા લેવાનું પ્રમાણ

સારવાર માટે : પુખ્ત વયનાં મનુષ્યો અને ૧૨ વર્ષ ઉપરનાં બાળકો માટે એક ટીકડી; ૬ થી ૧૨ વર્ષ સુધીનાં બાળકો માટે અર્ધિ ટીકડી અને ૬ વર્ષ નિચેનાં બાળકો માટે ચોથા ભાગની ટીકડી તાવ નાબુદ થાય ત્યાં સુધી દરરોજ.

સંરક્ષણ માટે : સારવાર માટે દર્શાવેલા દવા લેવાના પ્રમાણ અનુસાર પરંતુ દર અઠવાડીયે એકજ વખત નિયત દિવસે.

PALUDRINE
PALUDRINE
PALUDRINE
PALUDRINE
PALUDRINE

યાદ રાખો કે 'પેલ્યુડ્રીન' રોજ જમ્યા પછી લેવી જોઇએ અને તેની ઉપર પીવાય તેટલું પાણી અથવા દૂધ પીવું જોઇએ.

ICI

ઇમ્પીરીયલ કેમીકલ ઈન્ડસ્ટ્રીઝ (ઈન્ડીયા) લીમીટેડ

ICP 75


FLIT
ESSO
KILLS
FLIES, ROACHES, MOTHS,
MOSQUITOES, BEDBUGS,
ANTS, AND MANY OTHER
HOUSEHOLD INSECTS

માગો

નવિન
લાલ, સફેદ
અને વાદળી
ટીનમાં

દુનીયાનુ અત્યન્ત લોકપ્રિય જન્તુનાશક

ફ્લીટ

જેમાં ૭ તીવ્ર જન્તુનાશકો છે

હા, ફ્લીટ નવિન લાલ-સફેદ-અને વાદળી રંગનુ ટીન આપના માટે ખરીદવા લાયક ઉત્તમ જંતુનાશક છે કારણ કે તેમાં ૭ તીવ્ર જંતુનાશક દવાઓ છે! અને તેની પ્રાણઘાતક અસર ઘણાં અઠવાડીયાં સુધી ટકે છે જેથી આપને તે વારંવાર છાંટવું પડતુ નથી.. નવિન લાલ-સફેદ-અને વાદળી રંગના ટીનમાં મળતા ફ્લીટથી આપના આરોગ્યનું રક્ષણ કરો-જે ૭ રીતે સંરક્ષણ આપતું એક માત્ર જંતુનાશક છે!


ફ્લીટ
આપના ખર્ચેલા પ્રત્યેક
આનાના બદલામાં વિશેષ
જંતુઓ મારી નાખે છે

મચ્છરનો નાશ કરો-તે રોગ ફેલાવે છે

સ્ટેન્ડર્ડ-વેકયુઅમ ઓઇલ કંપની (કંપનીના સભ્યોની જવાબદારી મર્યાદિત છે)

ધી ડન એલ્યુમિનિયમ ફેકટરી

ે. નં. ૪૧૬૧૮ ... ૨૨૫, તાડદેવ રોડ, મુંબઈ.૭.


ટેઈનલેસ
સ્ટીલ
લ્યુમિનિયમ
તાંબા પીત્તળ
જરમન સીલ્વર

LALLUBHAI AMICHAND
GUARANTEED PURE
TRADE MARK
BOMBAY. No. 9

LALLUBHAI AMICHAND
QUEEN BRAND
TRADE MARK
BOMBAY. No. 2

એલ્યુમિનિયમ,
જરમન સીલ્વર,
તાંબા, પીત્તળ તેમજ
સ્ટેઈનલેસ સ્ટીલનાં વાસણોની
ખરીદી માટે એક અને અનોખું વિશ્વાસ પાત્ર સ્થાન...

લલ્લુભાઈ અમીચંદ લી.

નં.૨૨૨૨૦ · ૫૫૪, કંસારા ચાલ, પાયધોણી મુંબઈ-પો.બો.૨૧૦૦

AKHAND ANAND" Registered No. B. 5144.

079537



૫,૦૦૦ ટન એ. સી. સી. સીમેન્ટ મુંબઈ સ્ટેટનું આરે મીલ્ક કોલોની (દૂધ કેન્દ્ર) બાંધવામાં વપરાયો
ચિરકાળ ટકવા માટે એ. સી. સી. સીમેન્ટ વાપરીને બાંધેલું

ધી સીમેન્ટ માર્કેટિંગ કંપની ઓફ ઇન્ડિયા લિ૦

[illegible]

Compiled
1999-2000